# લોકગુર્જરી

## સળંગ અંક : છવ્વીસ

### (ત્રૈમાસિક : પ્રથમ વર્ષ, તૃતીય અંક)

: સંપાદક :

**ડૉ. બળવંત જાની**

**શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ-૫

**'Lok Gurjari-26'**
Quartely Journal of Oral Traditional folk Literature of Gujarat,
Edited by Dr. Balvant Jani, Published by 'Shri Zaverchand Meghani Loksahitya Kendra' and Gujarat Sahitya Academy,
Gandhinagar-382017

ISSN : 2320-8872

પ્રત : ૫૦૦

પૃષ્ઠ : ૧૦+૧૬૬=૧૭૬

મૂલ્ય : છૂટક કિંમત રૂ. ૧૦૦-૦૦
(વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦૦-૦૦
વિદેશમાં રૂ. ૬૦૦-૦૦)

આવરણ ચિત્ર : **પ્રતાપસિંહ બારહઠ** - રાજકોટ

પ્રકાશક :
**ડૉ. અંબાદાન રોહડિયા**
માનદ્ નિયામક,
શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

મુદ્રક :
**ક્રિષ્ના ગ્રાફિક્સ**
૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૦૭૯-૨૭૪૯૪૩૯૩

## સંપાદકીય.....

'લોકગુર્જરી' ત્રૈમાસિકને ભારે મોટો પ્રતિસાદ, પ્રોત્સાહન અને પ્રભાવ પ્રાપ્ત થયેલ છે. સો એક જેટલા નવા ગ્રાહક-વાચકોના લવાજમ આ ત્રણ-ચાર માસમાં પ્રાપ્ત થયા. અભ્યાસલેખો અને પ્રકાશન માટે વિવિધ પ્રકારની સામગ્રી પણ ઘણાં બધા અભ્યાસીઓ દ્વારા પ્રાપ્ત થઈ છે. પ્રકાશન સામગ્રી માત્ર અધ્યાપનક્ષેત્રે સંકળાયેલાઓ તરફથી મળે છે એવું નથી, અમને ક્ષેત્રકાર્યમાં રત, કલા પ્રસ્તુતિમાં કાર્યરત કલાધરો દ્વારા પણ કંઠસ્થપરંપરાના સાહિત્યની રચનાઓ પ્રાપ્ત થાય છે. લોકસાહિત્યનું આ નિમિત્તે એકત્રીકરણ થાય છે અને આપણી કંઠસ્થપરંપરાની સામગ્રીમાં ઉમેરણ થાય છે. અવનવા નૂતન ઉદાહરણો અભ્યાસીઓ અને ભાવકોની સક્રિય સામેલગિરીથી હાથવગા થાય છે. લોકસાહિત્ય માટે અભ્યાસીઓ અને કલાધરો એમ ઉભયપક્ષથી સાંપડતો સહકાર આપણાં ઊજળા ભવિષ્યની નિશાની છે. આ સામયિકને ભારત સરકારશ્રી તરફથી ISSN નંબર પણ પ્રાપ્ત થયેલ છે.

બીજી એક ઉલ્લેખનીય બાબત એ છે કે, લોકસાહિત્ય કેન્દ્રને જનભાગીદારી પણ સાંપડી રહી છે. સમાજને આ પ્રવૃત્તિ પોતીકી લાગે અને એની પ્રતીતિ રૂપે પોતાની સક્રિય સામેલગિરિ ઉપરાંત આર્થિક યોગદાન અને વિવિધ પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન સાંપડે એ મહત્ત્વની બાબત છે. રાજકોટ મુકામે યોજાયેલ 'પુષ્કર ચંદરવાકરનું લોકસાહિત્ય ક્ષેત્રે પ્રદાન' પરિસંવાદમાં એમના પરિવારમાંથી ઉપસ્થિત રહેલા અનુરાધા ચંદરવાકરે આવી પ્રવૃત્તિ માટે એકાવન હજાર રૂપિયાનું અનુદાન અર્પણ કરેલું અને રજૂ થયેલા નિબંધોના પ્રકાશન માટે અગિયાર હજાર રૂપિયાની નિધિ સમર્પિત કરેલ. વલસાડ ખાતેના લોકસાહિત્યમાં મેઘાણીના પ્રદાનના કાર્યક્રમ પછી લોકસાહિત્યના પ્રસ્તુતીકરણ માટેના જાહેર કાર્યક્રમના આયોજન માટે દાતાઓ રણજીતસિંહ દેસાઈએ રૂપિયા પચાસ હજારનું અનુદાન જાહેર કરેલું. વળી એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ દેસાઈ તરફથી પણ પચાસ હજારનું અનુદાન જાહેર થયું. આગામી ચોથી મેના રોજ વલસાડ મુકામે અભેસિંહ રાઠોડ અને મીનાબહેન પટેલનો કાર્યક્રમ નક્કી થયો છે. આ ઉપરાંત રણજીતસિંહ દેસાઈ તરફથી એમ.ફિલ્.ના ૫ વિદ્યાર્થીઓને સંશોધનકાર્ય માટે શોધનિબંધને રૂપિયા અગીયાર-અગીયાર હજારની ફેલોશીપ પણ જાહેર થઈ. મેઘાણીના સંશોધન માટે પીએચ.ડી. માટે ભરતભાઈ દેસાઈ તરફથી એક લાખની સ્કોલરશીપ જાહેર કરાઈ. આ રીતે લોકસાહિત્ય કેન્દ્રને સમાજમાંથી બહોળા પ્રમાણમાં સ્વીકૃતિ પ્રાપ્ત થઈ રહી છે. વિશેષ પ્રમાણમાં જાહેર પ્રસ્તુતિના કાર્યક્રમો માટે આયોજન પણ થઈ રહ્યાં છે.

આ ત્રીજો અંક અભ્યાસીઓ પાસેથી પ્રાપ્તિ સામગ્રીને કારણે ભારે મૂલ્યવાન બન્યો છે. **ચારણી સંસ્કૃતિ** અને **લોકસંસ્કૃતિ**નો પરિચય કરાવતા નવ લેખો અહીં પ્રકાશિત છે. ગ્રંથાર્પણ કરતા ચારણ સંતકવિ ઈસરદાસજીની છબી અંકનું મુખપૃષ્ઠ ચારણી સાહિત્યના અભ્યાસી અને સુખ્યાત ચિત્રકાર **પ્રભાતસિંહ બારહઠ** દ્વારા પ્રાપ્ત થયું છે. બીજું લોકચિત્ર પણ એમના દ્વારા જ પ્રાપ્ત થયું છે.ચારણી સંતકવિશ્રી ઈસરદાસ દ્વારા રચાયેલ **'હરિરસ'** સ્વયં કવિ પોતે દ્વારિકામાં દ્વારિકાધીશ ભગવાન કૃષ્ણને અર્પણ કરવા ગયેલા એ પ્રસંગ કવિની શ્રદ્ધાનું ઉત્તમ દૃષ્ટાંત છે. જેમના વિશે ગ્રંથ રચાયો હોય એને હાથો હાથ આપવાની ભાવના કવિચિત્તમાં જાગે, ભાવનાને કવિ અનુસરે અને કવિને પ્રતીતિ થાય કે હરિએ મારા ગ્રંથનો હાથોહાથ સ્વીકાર કર્યો છે, એ ભારતીય સાહિત્ય સર્જન-ભાવન પરંપરાનો કવિસમય કવિશ્રી ઈસરદાસ ખાતે પ્રચલિત છે. ચારણ સમાજનું ઉન્નત શિખર ઇસરદાસનું વ્યક્તિત્વ અને વાઙ્મય છે. કંઠસ્થપરંપરાના સાહિત્યના કલાધર, ચારણીસાહિત્ય પરંપરાના ઊંડા અભ્યાસી, એકનિષ્ઠ આસ્વાદક અને સૂઝપૂર્ણ સંપાદકશ્રી **જીતુદાન ગઢવી** પાસેથી **'આદ નરો ઈસરો'** લેખ પ્રાપ્ત થયો, એ કારણે પરંપરાનું એક મોટું સત્ય સંગ્રહિત થયું. આપણી કંઠસ્થ પરંપરાની કહેણીનું સત્ય અને તથ્ય પ્રગટાવતા આવા લેખો 'લોકગુર્જરી' નિમિત્તે પ્રાપ્ત થાય છે એનું ભારે મહત્ત્વ ગણાશે. ગુજરાતમાં શ્રીમાળ-ભિન્નમાળ રસ્તે જ આગમન થયું છે એવી એક માન્યતામાં બીજી દિશામાંથી પણ આગમનના એંધાણ આવા લખાણો દ્વારા મળી રહે છે : એ દૃષ્ટિથી પણ શ્રી જીતુદાન ગઢવીના લેખનું ઘણું મૂલ્ય છે. પેનસિલ્વેનિયા જેવી વિશ્વની સુખ્યાત યુનિવર્સિટી કે જ્યાંથી કાર્ડોના જેવા વિદ્વાને ગુજરાતી ભાષાનું વ્યાકરણ રચવાનો પ્રશસ્થ પ્રયાસ કરેલો. ત્યાં એમની નીચે પીએચ.ડી. પદવી મેળવીને ત્યાં જ સાઉથ એશિયન વિભાગમાં સંશોધન અધ્યયનમાં સેવારત વિદ્વાન

**ડૉ. બાબુ સુથાર**ને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંના ચારણી હસ્તપ્રત ભંડાર અને એના પ્રકાશનમાં રસ પડ્યો છે. અહીંના બધા પ્રકાશનો પ્રસાર ભાવનગરના માધ્યમથી તેમની યુનિવર્સિટીમાં ખરીદાયા છે. તેમણે ચારણ ભાષાના ડિંગળ-છંદમાં અને ભાષા રૂપમાં રસ લેવાનું શરૂ કર્યું છે. તાજેતરમાં પ્રકાશિત થયેલા ભાવનગરના રાજ્યના મહત્ત્વના રાજવી વખતસિંહજી ઉર્ફે આતાભાઈના જીવન-કાર્યને અભિવ્યક્તિ અર્પતા **'વખત બલંદ'નો અભ્યાસ** આરંભ્યો છે. એનો પ્રથમ પ્રતિભાવ સમીક્ષા રૂપે પાઠવેલો એ લેખ અહીં સામેલ કર્યો છે : ચારણી ગુજરાતી ઇતિહાસમૂલક રચનાઓ ગુજરાતના ઈતિહાસમાં પણ અને ભાષાકીય સાહિત્યિક ઇતિહાસમાં પણ કઈ રીતે મહત્ત્વની છે એ એમણે સમજાવ્યું છે. એક ભાષાવિજ્ઞાની વિદેશ નિવાસી વિદ્વાનનું અવલોકન ચારણી સાહિત્ય સંદર્ભે થાય એ વિદ્યાજગતની મહત્ત્વની ઘટના છે.

**ડૉ. અંબાદાન રોહડિયા** દ્વારા **'ચારણી સાહિત્ય : મુદ્દા અને મહત્તા'** નામથી સુદીર્ઘ સ્વાધ્યાયલેખ સાંપડ્યો છે. એમના રાજસ્થાની ચારણી સાહિત્યના સતત સંપર્કને કારણે અને આજ સુધીના ચારણી સાહિત્યના અભ્યાસને કારણે ઘણી બધી મહત્ત્વની સામગ્રી લેખમાંથી પ્રાપ્ત થાય છે. આ ધારાનું સાહિત્ય શા કારણથી આગવું અને અનોખું રૂપ ધારણ કરે છે તે એમણે વિપુલ દૃષ્ટાંતોને આધારે તારવી બતાવ્યું છે. અલગ-અલગ મુદ્દાઓને પણ ખૂબ વિગતે અને સુરેખ રીતે તેમણે ચર્ચ્યા છે. અવનવા સાહિત્ય સ્વરૂપો અને સર્જકોથી આ ધારાનું સાહિત્ય કઈ રીતે મહત્તા ધારણ કરે છે એ મુદ્દો પણ અહીંથી ઉપસતો હોઈને અભ્યાસીઓને આ સ્વાધ્યાયલેખ ખૂબ જ ઉપયોગી બની રહેશે.

**ડૉ. બળવંત જાની**એ 'ચારણી હસ્તપ્રતવિદ્યા' કઈ રીતે ભારતીય હસ્તપ્રતવિદ્યાથી અલગ અને આગવી ઓળખ પ્રગટાવનારી છે એ દૃષ્ટાંતો આપીને દર્શાવ્યું છે. ચારણી હસ્તપ્રતનું લેખન, જતન જુદી રીતે થતું એની પાછળના સાંસ્કૃતિક કારણો પણ તેમણે તારવી બતાવ્યા છે. છંદ-અલંકાર અને ભાષા સંદર્ભે પોતિકી ઓળખ. રજૂઆતનું આગવું રૂપ. રચનાની કૃતિની નકલો ઓછી અથવા નહીંવત હોય. ચારણી હસ્તપ્રતવિદ્યાના આ બધા ઘટકો પ્રાચીન ભારતીય હસ્તપ્રતવિદ્યાથી તદ્દન અલગ તરી આવે છે. અહીં પ્રથમ વખત જ આ પરંપરાની-હસ્તપ્રતવિદ્યા-મેન્યુસ્ક્રિપ્ટોલોજીનું સ્વરૂપ સ્પષ્ટ રીતે, સૈદ્ધાન્તિક સ્વરૂપે આલેખાયું છે. હવે ધીરે-ધીરે ક્રમશઃ સંપાદન પદ્ધતિ, અર્થઘટન, ભાષાકીય સ્વરૂપ જેવા ઘટકો પણ ચર્ચાશે.

ચારણી સાહિત્યને અને સંસ્કૃતિને કેન્દ્રમાં રાખીને લખાયેલા આ ચારેયલેખો ચારણી સાહિત્યની ખરી ઓળખ પ્રગટ કરે છે. એના લેખકોનું આ પરંપરા સંદર્ભે ઊંડું જ્ઞાન ચારણી સંસ્કૃતિના પાયાના મૂળભૂત સ્વરૂપને આકાર અર્પે છે. ભાષાપરંપરા, વ્યવસાયિક પરંપરા, લેખનપરંપરા અને સામાજિક પરંપરામાંથી સંસ્કૃતિ ઘડાતી હોય છે, આકારિત થતી હોય છે. એના પાસાઓની ઓળખ-ઉઘાડ કરતા કરાવતા આ સ્વાધ્યાય લેખોનું ઘણું મહત્ત્વ રહેવાનું.

આ અંકમાં બીજો વિભાગ છે **લોકસંસ્કૃતિ અને સાહિત્ય** વિશેનો. લોકસંસ્કૃતિના ઊંડા અભ્યાસી અને વૈશ્વિક પ્રવાહોના પણ જાણીતા **ડૉ. હસુ યાજ્ઞિકે 'લોકવિદ્યા અને જાતિગત મનોવિજ્ઞાન'**માં લોકજાતિઓની વિશિષ્ટ તાસીરની તસ્વીર રજૂ કરેલ છે. લોકજાતિઓની પોતાની કેટલીક આગવી માન્યતાઓ હોય છે એને ન છોડી શકવાની કે છોડવાની વૃત્તિ જ એને લોકજાતિની સંજ્ઞા પ્રાપ્ત કરાવે છે. ડૉ. હસુભાઈએ ખૂબ જ વિગતે આ લોકજાતિવિજ્ઞાનના વિગતે આલોચના કરી છે. આ કારણે આપણને લોકજાતિના અભ્યાસની શાસ્ત્રીય પદ્ધતિ પણ પ્રાપ્ત થાય છે.**'ગુજરાતની લોકસંસ્કૃતિ : પરંપરા અને પ્રશ્નો'** નામનો લોકસાહિત્ય અને લોકસંત સાહિત્યના મરમી અને માલમી **ડૉ. મનોજ રાવલ**નો લેખ ભારતીય લોકસંસ્કૃતિ સંદર્ભે મહત્ત્વનો છે. તેમણે ભારતીય લોકજાતિઓ, ભિન્ન ભૂભાગ-ભાષાભાગને પ્રગટાવતી હોવા છતાં એમાંની સાંસ્કૃતિક એકતા ભારતીય સંસ્કાર જગતની વાહક છે. ઘણાં બધા પ્રશ્નો ઊભા કરે એવું આ લોકવૃંદ પરંપરાને જાળવનારું હોવાને કારણે આપણે ત્યાં જાતિભેદ-વિગ્રહો અસ્તિત્વમાં ન આવ્યા. ડૉ. મનોજ રાવલે વિપુલ ઉદાહરણને અનુસંગે પોતાનો સ્વાધ્યાય ઘણાં બધા સંદર્ભોનો પરિચય પણ કરાવે છે. આવા કલ્ચરલ સ્ટડીઝનો અને લોકની પાર્શ્વભૂમાં ચર્ચા-પરિચર્ચા પ્રસ્તુત કરવાનો મનોજ રાવલનો ઉપક્રમ આવકાર્ય બની રહેશે.

**શ્રી રાજુલ દવે** લોકસાહિત્ય, સંતસાહિત્ય અને ચારણી સાહિત્યની વિપુલ સામગ્રી ધરાવતા હોવાને કારણે આજ સુધી ઓછી ધ્યાનમાં આવેલી બાબત તેમની નજરે ચઢે છે. મનુભાઈ જોધાણી ગુજરાતી લોકસાહિત્યમાળાના મણકાના સંપાદક, 'સ્ત્રીજીવન' સામયિકના સંપાદક તરીકે આરંભના સમયગાળામાં ઘણું મહત્ત્વનું પ્રદાન કરી ગયા. એ બધી વિગતો એમના પરિચય લેખમાંથી પ્રાપ્ત થતી હોઈને એનું દસ્તાવેજી મૂલ્ય છે.

મદારી સમાજ એ રખડતી ભટકતી ગુજરાતની લોકજાતિ છે. લોકમનોરંજન માટે સુખ્યાત આ સમાજમાં પ્રચલિત લગ્નગીતો આપણાં અભ્યાસી **ભીખુ કવિ**એ

એકત્ર કરીને અત્રે અવલોક્યા છે. મદારી સમાજની લોકસંસ્કૃતિનો આ પરિચય લેખમાંથી ગુજરાતી મદારી સમાજની વિગતો પ્રથમ વખત જ પ્રાપ્ત થઈ રહી છે. ભીખુ કવિએ મીર મુરાદ અને બારોટ સમાજના લોકસાહિત્યને પણ એકત્ર કર્યું છે.

**ડૉ. નિરંજન રાજ્યગુરુ** લોકસાહિત્ય-સંતસાહિત્યના અને લોકસંસ્કૃતિના અભ્યાસી-સંશોધક છે. આ સાહિત્યના ઊંડા અભ્યાસી પણ છે. એમને કશુંક વિપરિત નજરે ચઢે અને એમાં ક્ષતિ જણાય કે ભિન્ન મત દૃષ્ટિગોચર થાય તો એ પરત્વે ધ્યાન દોરવાનું તેઓ ચૂકતા નથી. નરોત્તમ પલાણ જેવા મોટા ગજાના સંશોધક એમના લખાણમાં પુરોગામીનું પ્રકાશિત પ્રદાન જ પુનઃ મુદ્રિત કરીને પોતાના નામે અભ્યાસલેખ રૂપે ગુજરાતનાં દીપોત્સવી અંકમાં પ્રકાશિત કરે. એ લખાણમાં કેટલાક તથ્યોની જાળવણી ન જણાય ત્યારે એના પ્રતિભાવ રૂપે એક આખો સંશોધનમૂલક દૃષ્ટિબિંદુઓને પ્રગટાવતો **'જેસલ-તોરલ અને રૂપાંદે-માલદે રામદેવપીરના અનુયાયી ?'** એવાં શીર્ષકથી લેખ મળે. એ સંતસાહિત્યના સંશોધકોને ઘણું ભાથુ પુરું પાડનારો બની રહેશે. ડૉ. નિરંજન રાજ્યગુરુએ ઐતિહાસિક અને લોકસાંપ્રદાયિક પ્રમાણોને આધારે કરેલી તથ્યપૂર્ણ તપાસ અભ્યાસીઓને ઘણી સામગ્રી એક સાથે સંપડાવી આપતી હોઈને આ પ્રતિભાવ - પ્રતિકાર અભ્યાસલેખનું લોક-સંત સંસ્કૃતિ સંદર્ભે પણ ભારે મહત્ત્વ છે.

'લોકગુર્જરી'-૨૬ના માધ્યમથી લોકસંસ્કૃતિવિમર્શ નિમિત્તે મહત્ત્વના પાંચ લખાણો પ્રાપ્ત થયા. ચારણી અને લોકસંસ્કૃતિનો વિશેષ સંદર્ભ સ્પષ્ટ કરી આપતા આ નવ લેખો સાંપ્રત સમયે સૈદ્ધાંતિક પીઠિકા ઘડી આપે છે, સાથોસાથ મહત્ત્વના પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને થયેલી - અવલોકાયેલી ચર્ચા-વિચારણાનો સુંદર પરિચય કરાવે છે, એ આજની આપણી અભ્યાસી-અભ્યાસની ગતિ-વિધિનું દ્યોતક છે.

તા. ૨-૨-૨૦૧૩

**બળવંત જાની**
balwantraijani@yahoo.com

## 'લોકગુર્જરી' - ત્રૈમાસિક

* **'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર'** દ્વારા પ્રકાશિત ત્રૈમાસિકના એક વર્ષમાં કુલ ચાર અંકો જૂન, સપ્ટેમ્બર, ડિસેમ્બર અને માર્ચ માસમાં પ્રગટ થશે.
* **'લોકગુર્જરી'**નું વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦-૦૦ છે, વિદેશ માટે રૂ. ૬૦૦-૦૦ છે. લવાજમ ચેક દ્વારા સ્વીકારવામાં નહીં આવે. લવાજમ રોકડેથી અથવા મ.ઓ. દ્વારા મોલકવું, ડ્રાફ્ટ **ગુજરાત સાહિત્ય અકાદમી**ના નામે જ મોકલવા વિનંતી.
* **છૂટક અંકો મેળવવા માટે** પણ ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૨૩૨૫૬૭૯૭-૯૮નો જ સંપર્ક કરવો.
* **'લોકગુર્જરી'**માં પ્રગટ થતાં લખાણોની પસંદગી બાબતે સંપાદકનો નિર્ણય આખરી ગણાશે. પ્રગટ થતાં લખાણોની રીતિ અને વિચાર સાથે કેન્દ્ર તેના સંપાદક, નિયામક, સલાહકાર સમિતિની સહમતિ અનિવાર્ય નથી. જવાબદારી જે તે લેખકની રહેશે.
* લોક, સંત એ ચારણી સાહિત્યના વિવેચન, મુલાકાતો ઇત્યાદિ પ્રકારની સામગ્રી ગુણવત્તાના ધોરણે સ્વીકારવામાં આવશે. ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર માટેના પુસ્તકો પણ આવકાર્ય છે.
* **લેખકોએ પ્રત્યેક કૃતિ કે લખાણ નીચે પોતાનું નામ-સરનામું તથા ફોન નંબર અવશ્ય જણાવવાં.**
* સ્વીકૃત કે અસ્વીકૃત કૃતિની જાણકારી મેળવવા અથવા કૃતિ પાછી મેળવવા પોતાનાં નામ સરનામાવાળું પોસ્ટકાર્ડ કે પરબીડિયું જોડવું અનિવાર્ય છે. એ સિવાય પ્રત્યુત્તર આપી શકાશે નહીં.
* **સાહિત્યિક કૃતિઓ મોકલવાનું સરનામું :**
  **ડૉ. બળવંત જાની,** 'તીર્થ', ૨૬૪, જનકપુરી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫
* અંકો રવાના થયા પછી કોઈ અંક ગ્રાહકને ન મળે તો કેન્દ્રની જવાબદારી રહેતી નથી. ગ્રાહકનંબર સાથે પત્ર લખવાથી અંક ઉપલબ્ધ હશે તો અકાદમીના કાર્યાલય દ્વારા મોકલવામાં આવશે.
* અંક તેમ જ લવાજમ અંગેનો સઘળો વ્યવહાર **ગુજરાત સાહિત્ય અકાદમી ખાતે જ કરવો.**
* **હર્ષદ ત્રિવેદી**, મહામાત્ર, અને સાથે **શ્રી ઝવેરચંદ મેઘાણ લોકસાહિત્ય કેન્દ્ર**, ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૩૨૩૫૬૭૯૭-૯૮

# અનુક્રમણિકા

*વિભાગ : ૧ ચારણીસંસ્કૃતિ અને સાહિત્ય*


૧. ચારણી હસ્તપ્રતવિદ્યા : સ્વરૂપવિમર્શ **ડૉ. બળવંત જાની** ૩

૨. ચારણી સાહિત્ય : મુદ્રા અને મહત્તા **ડૉ. અંબાદાન રોહડિયા** ૩૦

૩. ચારણી સમાજ દર્શન : 'આદ નરો ઈસરો' **જિતુદાન ગઢવી** ૪૮

૪. ચારણી કથાકાવ્યનું નમૂનેદાર સંશોધન : 'વખત બલંદ' **બાબુ સુથાર** ૫૯


*વિભાગ : ૨ લોકસંસ્કૃતિ અને સાહિત્ય*


૫. લોકવિદ્યા અને જાતિગત મનોવિજ્ઞાન **ડૉ. હસુ યાજ્ઞિક** ૬૭

૬. ગુજરાતની લોકસંસ્કૃતિ : પરંપરા અને પ્રશ્નો **ડૉ. મનોજ રાવલ** ૧૩૫

૭. લોકસાહિત્યના સંગ્રાહક - મનુભાઈ જોધાણી **રાજુલ દવે** ૧૪૦

૮. મદારી સમાજમાં પ્રચલિત લગ્નગીતો **ભીખુ કવિ** ૧૪૩

૯. જેસલ-તોરલ રામદેવપીરના અનુયાયી ? **ડૉ. નિરંજન રાજ્યગુરુ** ૧૪૯

❑ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર - કાર્યવૃત્ત **ડૉ. અંબાદાન રોહડિયા** ૧૫૯




વિભાગ : ૧

# ચારણીસંસ્કૃતિ અને સાહિત્ય



## ૧

# ચારણી હસ્તપ્રતવિદ્યા : સ્વરૂપવિમર્શ

ડૉ. બળવંત જાની

અમદાવાદ જેવા મેટ્રોપોલીટન સિટી (પચરંગી શહેર)ની અનેક આધુનિક સગવડોથી સંપન્ન નગરમાં નરી—ખરી જ્ઞાનની આરાધના, ઉપાસના માટે તમે સહુ હસ્તપ્રતવિદ્યાની તાલીમ માટે સમય ફાળવી રહ્યા છો, એ એક બહુ મોટું આશ્વાસન છે. અત્યારે જે કામ કરી રહ્યા છો એ અમને હસ્તપ્રતવિદ્યામાં ક્રિયાશીલ મિત્રોને— એક બહુ મોટું બળ પણ પૂરું પાડે છે. રજાઓ મોટેભાગે આરામદાયી બને, સુખસુવિધાઓ, ઉત્તમ વ્યંજનો—ખાદ્યસામગ્રી, સિનેમા એમ કેટલી બધી લલચામણી, લોભામણી, ચીજો આપણી આસપાસ પ્રસરેલી છે, એ બધી ચીજોને બાજુ પર રાખીને જે મળે તે આહાર અને માત્ર જ્ઞાનની જ આરાધના કરવી એ મારી દૃષ્ટિએ આજના સમયનું—એકવીસમી સદીના આધુનિક સમયનું નવા પ્રકારનું તપ છે. એ રીતે તમે બધા તપસ્વીઓ છો.

ભારત સરકારના 'મેન્યુસ્ક્રિપ્ટ મિશન' ન્યુ-દિલ્હીની પ્રાચીન હસ્તપ્રતો સંદર્ભે આરંભાયેલી આ યોજના મને બહુ જ મહત્ત્વની લાગે છે. આ એક એવો પ્રદેશ છે કે જેનું પદવીકેન્દ્રી પ્રશિક્ષણ કયાંય અપાતું નથી. તમે એમ.એ, એમ.ફિલ., પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરો, એમાં પ્રાચીન હસ્તપ્રત વાચન, સંપાદન, મૂલ્યાંકનની આખી પરંપરાનો કયાંય સમાવેશ થતો નથી. તત્ત્વદર્શન અને સાહિત્ય, ભાષાવિજ્ઞાન, લોકસાહિત્ય, આધુનિકસાહિત્ય, એમ અનેક પ્રકારના વૈકલ્પિક વિષયોનાં પ્રશ્નપત્રો હોય છે પણ એમાં મેન્યુસ્ક્રિપ્ટોલોજી-હસ્તપ્રતવિદ્યાનો એમ.એ., એમ.ફિલ. કે એ પછીના પી.જી. ડીપ્લોમા, જેવા કોઈ કક્ષાએ એના અભ્યાસક્રમો નથી, છતાં અધ્યાપક પાસેથી અપેક્ષા એવી રાખવામાં આવે કે એણે કંઈક નવું કરવું જોઈએ. નવું કરવા માટેની એને સજ્જત્તા મળી રહે એવી જોગવાઈ કોઈ



યુનિવર્સિટીમાં નથી એ પરિસ્થિતિમાં ૪૦-૪૫ દિવસના કોર્સની એક સુવિધા ઊભી થઈ છે. આવા બે-ત્રણ કોર્સ થશે એટલે નવપેઢીના ઘણાં સંશોધકો, અધ્યાપકો હસ્તપ્રતવિદ્યાથી દીક્ષિત થશે. અમારા સમયમાં આવા અધ્યયન માટે થોડો સમય રહેતો એ સમરસ્કૂલ તરીકે ઓળખાતી. સમરસ્કૂલનો બહુ મહિમા હતો. જે અધ્યાપકને પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં, ડેકકન કૉલેજમાં કે હૈદરાબાદમાં પ્રવેશ મળે એ બહુ મોટી ઉપલિબ્ધ ગણાતી હતી. સમરસ્કૂલમાં ખૂબ સ્વાધ્યાયકાર્ય કરવાનું રહેતું.

આગમ પ્રભાકર મુનિશ્રી પૂણ્યવિજયજીએ પોતાના પ્રત્યક્ષ અનુભવ, અભ્યાસ અને ચિંતનને આધારે 'જૈનહસ્તપ્રતવિદ્યા' સંદર્ભે સમગ્ર ભારતીય હસ્તપ્રત વિદ્યા માટે ઉદાહરણરૂપે નિર્દેશી શકાય એવો અભ્યાસમૂલક ગ્રંથ **'ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકલા'** (ઈ.સ. ૧૯૨૫) પ્રકાશિત કરેલો. એને કારણે જૈન શ્રમણસંસ્કૃતિ, હસ્તપ્રતલેખન, સંરક્ષણ અને જતનની એક વિશિષ્ટ પરંપરાનો પરિચય પ્રાપ્ત થયો.

મને આવી એક આગવી-અનોખી પરંપરા ચારણી સંસ્કૃતિમાં જણાઈ છે. જૈન શ્રમણ સંસ્કૃતિની હસ્તપ્રતવિદ્યા પ્રકારથી તદ્દન ભિન્ન રીતની આગવી અનોખી હસ્તપ્રતવિદ્યા ચારણી સંસ્કૃતિની જળવાઈ છે. નથી એમાં કયાંય જૈન જૈનેતર પરંપરાની સુવર્ણાક્ષરે કે રૂપેરી-રંગીન શાહીથી થયેલું લેખન, કે સુશોભન, નથી એના જેવા કાગળ-પૃષ્ઠો. એમની પાસે નથી હોતી કાષ્ટપટ્ટિકા કે ઘૂંટો. નથી પોથીઓ કે એને સાચવવાના દાબડા.

વહીવંચા બારોટ કે વાણિયા વેપારીના ચોપડા આકારના ચામડાના પૂંઠાથી રક્ષિત ચોપડાની મધ્યે દોરીથી બાંધેલા ઊભા ચોપડામાં આડા અક્ષરે હસ્તપ્રત માફક આડી લીટીમાં એમાં લેખન થયેલું હોય છે. પડીમાત્રા, અગ્રમાત્રા, સાંખ્યનિર્દેશક અંકલેખન પદ્ધતિ, ગ્રંથલેખન સામગ્રી, પ્રશસ્તિ અને નામછાપ આદિ પ્રાચીન ભારતીય હસ્તપ્રતવિદ્યાના અનુસંધાનરૂપ ચારણી હસ્તપ્રત લેખન પરંપરા છે. અહી અભ્યાસલેખમાં મેં ચારણી હસ્તપ્રતવિદ્યા કઈ રીતે લેખન, જતન, સંરક્ષણ અને પ્રસ્તુતીકરણ સંદર્ભે અનોખી છે અને એની વિષયસામગ્રી કેવા પ્રકારની છે તે અંગેની ચર્ચાને કેન્દ્રમાં રાખી છે.

*॥ ૧ ॥*

### *૧. ચારણીસાહિત્ય પરંપરા પરિચય*

ચારણી હસ્તપ્રતલેખન પરંપરા સંદર્ભની મારી સમજને, સ્વાધ્યાય અને મારાં નિરીક્ષણોને આધારે એ બધી આગવી વિગતોને એક સૈદ્ધાંતિક માળખા સ્વરૂપે આ અભ્યાસ લેખમાં મુકવાની મેં મથામણ કરી છે.

**૧.૧:** ચારણી સાહિત્ય સ્વરૂપોમાં સામગ્રીનું માત્ર નિરૂપણ નથી હોતું એનો એક નિશ્ચિત નિયતક્રમ હોય છે એમનું પોતીકું પ્રદાન ગણાય. જેમ સોનેટની ૧૪ પંક્તિમાં એક નિશ્ચિત આકાર ખરો પણ એમાં અમુક-તમુક ક્રમે સામગ્રી નિરૂપાઈ એને કારણે ચોકકસ અર્થ સંક્રમિત થતો હોય છે. એવું જ ચારણીસાહિત્યમાં ગીત સ્વરૂપોનું પણ છે. ચિત્તમાં નિહિત આકારને શબ્દના, નાદના માધ્યમથી પ્રસ્તુત કરવાની આવડત.

મૂળમાં પરંપરામાંથી પ્રગટેલો હેતુ છે, ઉદ્દેશ છે. અર્થાત પ્રયોજન છે. હેતુ કોઈ સ્વરૂપમાં ઢાળે છે અને એ સ્વરૂપને ઉપસાવતાં-પ્રગટાવતાં તત્ત્વો છે, ક્રમબદ્ધ ક્રમશઃ કથન એની સંરચના તથા એનું માધ્યમ એવી ભાષા, ભાષામાં પણ શબ્દચયન અને પંક્તિક્રમ મુખ્ય છે.

**૧.૨:** ચારણેત્તર કૃતિઓ છાંદસ હોય, ન પણ હોય અને એમાં બહુધા નાદતત્ત્વ અનિવાર્ય હોતું નથી. જ્યારે અહીં ચારણીસાહિત્યમાં તો છંદ અનિવાર્ય, છંદો પણ પાછા નાદ ઉપસાવનારા-પ્રગટાવનારા. ચારણીસાહિત્ય એ મૂળભૂત રીતે આમ છંદાશ્રિત-નાદાશ્રિત સાહિત્ય છે.

વર્ણનાનુપ્રાણિત કથન એ ચારણીસાહિત્યની બીજી એક વિશિષ્ટતા જણાઈ છે. એમાં ભાવજગત પ્રમુખ અને એ જ રીતે જ્ઞાનજગત પણ પ્રમુખસ્થાને હોય છે. ભાવનાસૃષ્ટિ અને જ્ઞાનસૃષ્ટિ એ ચારણીસાહિત્યના બે પક્ષ છે.

આપણા સમયના પ્રમુખ ભાષાવિજ્ઞાની ચોમ્સ્કીએ માનવચિત્તને બહુ મહત્ત્વનું મોડયુલર સ્થાનક ગણ્યું. એમાં પાર વિનાની અભિવ્યક્તિની પદ્ધતિઓ નિહિત છે. એમાં એક ભાષા છે. આ ભાષાનો પ્રયોગ બાહ્ય જગતમાંથી શીખીને નહીં પણ ચિત્ત દ્વારા ઝીલાયેલો પ્રભાવ અને આનુવંશિક જિનેટીક એન્ડોર્સમેન્ટને કારણે થઈ જતો હોય છે. વારસામાં મળેલી આનુવંશિય અભિવ્યક્તિની આવડત એના સર્જકની આગવી ઓળખ પ્રગટાવનારી હોય છે.

બીજા એક મોટાગજાના ભાષાવિજ્ઞાની યાકોબ્સને પણ ભારે સૂચક રીતે ‘ધ સિકસ લેકચર્સ ઓન સાઉન્ડ એન્ડ મિનિંગ’માં શબ્દના ઘટકોના વિનિયોગમાંથી ઉપસતા સાઉન્ડ-ધ્વનિ-નાદને પણ એક અર્થના સંદર્ભે અવલોકેલ છે. ચારણીસાહિત્યમાંથી ઉપસતો નાદ માત્ર-સંવાદિતા-નાદતત્ત્વ જ પ્રગટાવનારો નથી પરંતુ એનો એક અર્થ પણ, વર્ણન પણ અને એને અનુષંગે કથન અભિષ્ટ છે. ચોમ્સ્કી અને યાકોબ્સનની આ વિગતોને તારણને ઇંગિત માનીને આગળ ઉપર વિગતે ચારણીસાહિત્ય સંદર્ભે સૈદ્ધાંતિક વિગતો પ્રસ્તુત કરી શકાય. કારણ કે ચારણી—



ભાષા સાહિત્ય આ બન્ને બાબતથી સંપન્ન છે.

**૧.૩ :** આ સાહિત્ય પરંપરાને એની ભાષા સંદર્ભે કોઈએ પડકારી નથી અને બહુ પોંખી પણ નથી. તો એની સામે દાંતિયાવેડા કે છાસીયાં પણ કોઈએ બહુ કર્યાં નથી. અને વાંધાવચકાય પાડ્યા નથી. મેઘાણીએ એનો મહિમા કર્યો. રતુદાન રોહડિયાએ બધું ભેગુ કરી આપીને ઇતિહાસ મૂકી આપ્યો, એ બધું અવલોકવાની અને અભ્યાસવાની તક મળી અને મને લાગ્યું કે ચારણી સારસ્વતોનું સર્જન એક માળખામાં બદ્ધ ભલે હોય, પણ એ નર્યું અનુકરણ જ માત્ર નથી. એ આ કારણે વિભાવનાના ચોકઠામાં બંધાઈ ગયું નથી. અને સાવ સરળ ચીજ નથી, પણ સંગીતની પરિભાષામાં જેને ‘ચીજ’ કહે છે એવી ચીજ ચારણી સાહિત્ય છે. આ સાહિત્ય પરંપરાના ભાવકો, દ્વારા શ્રવણપાન, ભાવન જે રીતે થતું એ એની ઉચ્ચાવચતાનું પરિચાયક છે. કશુંક સાંભળવા સ્થિરમતિ બનીને બેઠેલા ભાવકો દ્વારા જ્યારે ભાવન થતું હોય એમાં કશુંક સમજવાની, પામવાની સંભાવના નિહિત હોય, એવા ભાવકવૃંદ સમક્ષ રજૂ કરવા માટે રચાયેલું આ સાહિત્ય છે. એને સાવ છાપાળવું, ધારાવાહિક, કુતૂહલ નીપજાવનારું ન ગણી શકાય કે, માત્ર મનોરંજન, આનંદ પ્રગટાવનારું પણ નહી કહી શકાય. આ બધું એમાંથી પ્રાપ્ત થતું હોય છે એ ખરું પરંતુ એની ઓથે કે પાર્શ્વભૂમાં તો જ્ઞાન અને ભાવ હોય છે જેને પામવાની—પામી શકવાની ઉચ્ચકક્ષાના ભાવકોની પણ એક ફોજ ખડી થઈ. એ રીતે ચારણીસાહિત્ય ભાવના વ્યાપારને ઘડનારું, કેળવનારું છે.

## ૨. ચારણીસાહિત્ય પરંપરા સાથે અનુસંધાન

**૨.૧** ‘ચારણો અને ચારણીસાહિત્ય’ (ઈ.સ. ૧૯૪૩)માં ઝવેરચંદ મેઘાણીએ નિવેદનમાં જ નોંધ્યું કે, ‘વિષયનો પ્રદેશ નવો છે, મારી પૂર્વે કોઈએ એને સળંગ સમગ્ર રીતે અભ્યાસાર્થે હાથ ધર્યો હોવાનું જણાતું નથી, એટલે મારે મારા વાચક-સમૂહની આ વિષય પરત્વેની લગભગ કોરી સ્લેટ જેવી મનોભૂમિકાને લક્ષ્યમાં રાખીને લખાણને વિવેચનપ્રધાન કરતા પણ સવિશેષ માહિતીપ્રધાન રાખવું પડ્યું છે. સૂક્ષ્મ આલોચન અને મૂલ્યાંકનનો તબકકો તો હવે પછી જ આવશે ને તે પણ મારા કરતાં વધુ અધિકારીજનોના હાથમાં.’

*‘મીતર કિજે ચારણા, અવરાં આળ પંપાળ*
*જીવતડાં જશ ગાવશે, અને મૂવાં લડાવણહાર’*

ચારણ હૃદયની વિશાળતા અને સચ્ચાઈનાં ભરપૂર ઉદાહરણો છે.

સાહિત્યની ઉપાસનામાં ચિંતન, લેખન, મનન અને કંઠસ્થ પ્રસ્તુતીકરણ આ પરંપરાની ભારે મોટી વિશિષ્ટતા છે. આ વિશિષ્ટતાઓ જ એને આગવું–ઇન્ડિજિનસ–રૂપ અર્પનારી છે. એ અન્ય પરંપરાથી કઈ રીતે અલગ તરી આવે છે અને પોતીકી વ્યકિતમત્તા સ્થાપે છે એ તારવવાથી ચારણી સાહિત્ય પરંપરા કેવી આગવી અને કેટલી અનોખી છે એનો ખરો પરિચય મળી રહેશે.

૨.૨ ઈ.સ. ૧૯૭૭ થી ચારણી હસ્તપ્રત ભંડાર સાથે મારે સંકળાવાનું બન્યુ છે. એના સૂચિપત્રના પ્રથમ ભાગના સંપાદનમાં સહાયભૂત થવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. ચારણી હસ્તપ્રતપ્રાપ્તિ માટે અનેક સ્થાને કવિ દાદ પછી બાપુભાઈ ગઢવી સાથે હું પણ રતુદાનજી સાથે સહપ્રવાસી હતો. અધુનાતન રીતે હસ્તપ્રતોની જાળવણી માટે 'એલ.ડી.ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજી', અમદાવાદ જેવી પરંપરા અહીં સ્થાપવામાં નિમિત રહ્યો. 'નેશનલ આર્કાઇવ્ઝ ઓફ ઇન્ડિયા' દ્વારા જાળવણી માટેની અનુસહાય મેળવીને અમુક તાપમાનમાં તપાવીને રંગ ચડાવેલા ખાસ ગેજના સ્ટીલના કબાટ કરાવરાવ્યા. સાગના લાકડાની રજકણ, ધૂળ પણ ન પેસે એવી ખાસ ડિઝાઈનવાળી સાગના લાકડાની પેટીઓ સંપાદિત કરાવરાવી, એમાં ચારણી હસ્તપ્રતોની જાળવણીનો પ્રારંભ કર્યો. એના સૂચિપત્રનો બીજો ભાગ તૈયાર કર્યો. આગળના ભાગે વિસ્તૃત ભૂમિકારૂપ લખાણ ઐતિહાસિક અભિગમથી તૈયાર કર્યુ. ચારણી કંઠસ્થપરંપરાના દુહાઓ એકત્ર કરવા ક્ષેત્રકાર્ય કર્યું. અંબાદાન રોહડિયા અને અન્યને ચારણી સાહિત્યમાં સંશોધન કરાવીને એ ક્ષેત્રમાં જ ક્રિયાશીલ રાખ્યા, ચારણી હસ્તપ્રતોનાં સંપાદનો, કંઠસ્થ ચારણી પરંપરાના દુહાગીર પાલરવભા પાલિયાનું વ્યકિતત્વ અને વાઙ્‌મય શોધ્યું અને ચારણ સાહિત્યના કાવ્યશાસ્ત્રનું સોંદર્યશાસ્ત્રનું આગવાપણું પ્રમાણ્યું. અનેક રચનાઓનાં મૂલ્યાંકનો કર્યાં. ચારણી સાહિત્ય પેટ્રોનેજ હોવા છતાં તથ્યપૂર્ણ અને સત્યપૂત છે એ સ્થાપિત કર્યું. ચારણી સાહિત્ય વિષયક એમ.ફિલ., એમ.એ.ના અભ્યાસક્રમો તૈયાર કરીને યુનિવર્સિટીમાં માન્ય કરાવ્યા. આરંભ પણ કરાવ્યો. આમ, સંશોધન, અધ્યાપન અને અધ્યયન ક્ષેત્રે ચારણી સાહિત્યની સ્થાપના કરાવવામાં મારાથી જે કંઈ થોડાં કાર્યો થયાં એ આ વિદ્યાશાખાની તેજસ્વીત્તાને કારણે થયા છે. એમાં ગુણવતા, સત્ત્વશીલતાનો સુભગ સમન્વય મેં ભાળ્યો અને એ તેજથી અંજાયા વગર, પૂરી તટસ્થતાથી એ પરંપરાને મૂલવવા માટે છેલ્લા ત્રણેક દાયકાથી નિરંતર ક્રિયાશીલ છું. એ સંદર્ભે અહીં ચારણી હસ્તપ્રતલેખનના આગવા પોતનો, આગવી પ્રતિભાનો પરિચય કરાવતી સૈદ્ધાંતિક પીઠીકા રચવા ધારી છે.



## ૩. હસ્તપ્રતવિદ્યા પરંપરામાં ચારણી પરંપરા

**૩.૧:** છેલ્લા બે–ત્રણ દાયકાથી કદીક કોઈ સેમિનારમાં મારી વાત રજૂ કરવા કે અવારનવાર ગ્રંથાલયમાં પુસ્તકો લેવા વાંચવા માટે અહીં 'એલ.ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી' આવતો રહ્યો છું. જ્યારે આવ્યો હોઉ ત્યારે જૈનોલૉજી, જૈન, મેન્યુસ્ક્રીપ્ટની વાત જ કરી છે. 'મેન્યુસ્ક્રીપ્ટ ડિવિઝન–નેશનલ આર્કાઇવ્ઝ', આર્કયોલૉજી સર્વે ઑફ ઇન્ડિયા, ભારત સરકાર સાથે સંવાદ કરતો રહ્યો છું. હંમેશા તમામ વિભાગ સાથે મારી ચર્ચાનો મુદ્દો એ જ રહ્યો કે જે રીતે જૈન હસ્તપ્રસ્ત પરંપરા છે, બુદ્ધિસ્ટ હસ્તપ્રત પરંપરા છે, દક્ષિણ–ભારતીય હસ્તપ્રત પરંપરા છે, એ જ પ્રકારે એક બાર્ડિક–ચારણી હસ્તપ્રતલેખન પરંપરા પણ છે. બાર્ડ–ચારણી હસ્તપ્રતપરંપરા સ્વતંત્ર, સ્વાયત્ત પરંપરા છે. એ વિશે એક સંપૂર્ણ શાસ્ત્રીય સૈદ્ધાંતિક પીઠિકા અને એનો પરિચય આપણી પાસે હોવો જોઈએ. જૈન પરંપરાથી એ ફંટાયેલી (ડેવિયેટેડ) છે અને ગુજરાતની જે નોન-જૈન (જૈનેત્તર) પરંપરા છે, એનાથી પણ ફંટાયેલી છે. ગુજરાતમાં બુદ્ધિસ્ટ પરંપરા તો ખૂબ પ્રાચીન સમયથી રહી છે. જૈન, જૈનેતર અને બુદ્ધિસ્ટ (બૌદ્ધ) પરંપરા અહીં પોષાઈ હતી. પરંતુ એ સમયે સમાન્તરે પ્રચલિત–પ્રવાહિત ચારણીપરંપરાના અસ્તિત્વના આધારો પ્રાપ્ય ન હતા. ચારણી હસ્તપ્રતલેખન પરંપરા તો મારા મતે ૧૨મી ૧૩મી શતાબ્દીથી આપણે ત્યાં શરૂ થઈ, પરંતુ એની હસ્તપ્રતો એટલી પ્રાચીન સમયની નથી મળતી જેટલી જૈન અને બૌદ્ધ પરંપરાની મળે છે. જૈનેતરની પણ બહુ પ્રાચીન હસ્તપ્રતો નથી મળતી. જૈન પરંપરાની શાલીભદ્રસરિકૃત, 'ભરતેશ્વર બાહુબલિરાસ' ગુજરાતી રચના મળે છે.

**૩.૨:** એ સમયે 'ગુજરાતનું સ્વતંત્ર અસ્તિત્વ તો હતું નહીં પરંતુ સાંસ્કૃતિક ગુજરાતનો સંબંધ રાજસ્થાન સાથે હતો. રાજસ્થાન અને ગુજરાતના વિવિધ વિસ્તારમાં–પ્રદેશમાં ચારણ, બારોટ, ભાટ લોકો રહેતા હતા. એ કવિ હતા ને કવિ હોવાને નાતે નિજ હસ્તાક્ષરમાં પોતાની કવિતા લખતા હતા, સંગ્રહિત પણ કરતા હતા. એના લેખનનું ફોર્મેશન (રૂપરચના) જૂદું આગવું રહેતું. તો એ દૃષ્ટિએ ચારણી સાહિત્ય લેખન પરંપરા હસ્તપ્રતવિદ્યામાં એક અનોખી પરંપરા છે. Indegeneous Tradition છે. એનું પોતાનું એક autonomous status (સ્વાયત્ત મોભો) છે. એની લખવાની રીતિ, હસ્તપ્રતની સાઈઝ, માપ, લખવાની પદ્ધતિ એને રાખવાની સાચવવાની, જાળવાની પદ્ધતિ, વાંચવાની રીતભાત કે પદ્ધતિ, રજૂ કરવાની પદ્ધતિ, એની રીતિ, છંદ-અલંકાર રચના, પદાવલિ, પણ બિલકુલ આગવી અને અલગ છે. જૈન પરંપરામાં, બૌદ્ધ પરંપરામાં કે જૈનેતર પરંપરામાં,

ગુજરાતમાં આજ સુધી આ ત્રણે પરંપરાની હસ્તપ્રતલેખન–સંરક્ષણ વિચારણા થતી રહી છે. આજ સુધી એને વિશે ઘણું કહેવાયું છે, Oriental Institute, વડોદરા, ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ, દ્વારિકાધીશ સંસ્કૃત એકેડમી–દ્વારકા અહીંના L.D. Institute of Indology આ દરેક સ્થાનોએ જે હસ્તપ્રતો છે, તે કાં તો જૈન છે, કાં તો જૈનેતર છે, પ્રેમાનંદની બ્રાહ્મણ પરંપરાની કે એવી જૈનેતર કવિઓની હસ્તપ્રતો છે. કાં તો સંસ્કૃત, પ્રાકૃત પરંપરાની હસ્તપ્રતો છે. કયાંય ચારણી હસ્તપ્રતોનો સંગ્રહ (Collection) હોય, હસ્તપ્રતભંડાર હોય એવું જાણમાં નથી. રાજસ્થાનમાં છે. રાજસ્થાનમાં એને ડિંગળી સંબોધીને એ અંગે થોડીઘણી વિચારણા થતી રહી છે. પરંતુ રાજસ્થાનમાં પણ ડિંગળી એક આગવી અને કોઈ અનોખી ફંટાયેલી પરંપરારૂપે સ્થાપિત કરાઈ નથી. ત્યાં પણ જૈનસત્તા આધિપત્ય (Domination) છે. જૈન પરંપરાનું જ આધિપત્ય હતું. બૌદ્ધ પરંપરા ત્યાં નહોતી. પરંતુ ત્યાં પણ જૈન પરંપરાનો એટલો પ્રભાવ હતો કે ચારણીસાહિત્યની આગવી પરંપરાની હસ્તપ્રતો વિપુલ માત્રામાં હોવા છતાં, એનો સંગ્રહ વિપુલ પ્રમાણમાં હોવા છતાં પણ એનો કોઈ અન્ય પરંપરા સાથે તુલનાત્મક અભ્યાસ કરીને કોઈ અભ્યાસી દ્વારા અનોખો-આગવો જુદો મોભો રાજસ્થાનમાં અપાયો નહીં. આવો સ્વાયત્તા મોભો અપાવવા માટે કોઈએ પ્રયત્ન પણ કર્યો નથી માત્ર હસ્તપ્રતની વિગતો જ અને સૂચિપત્રોના ગ્રંથો પ્રકાશિત થતાં રહ્યાં. અગરચંદ નાહટા, ભંવરલાલ નાહટા, વિજયદાન દેથા વગેરે તરફથી થોડીક વિગતો કપિલા વાત્સ્યાયન સમક્ષ 'ઇન્દિરા ગાંધી સેન્ટર ફોર આર્ટ્સ'માં મૂકાઈ.

૩.૩ : હું theorist (મીમાંસક) છું, theory (સિદ્ધાંત)ની વાત થોડી સમજું છું. ઈ.સ. ૧૯૭૮-૭૯થી મારો એ પ્રયત્ન રહ્યો છે કે જૈન પરંપરાની સાથે-સાથે ચારણી પરંપરાની હસ્તપ્રત લેખનની–સંરક્ષણની વાત અલગથી થવી જોઈએ, અલગથી કરવી જોઈએ. અને એનું વિશિષ્ટ પાસું, આગવાપણું-જુદાપણું કે ફંટાયેલું રૂપ છે તે શોધી તારવી બતાવવું જોઈએ. તેથી આ વિષયે સતત વિગતો એકત્ર કરતો રહ્યો.

પ્રોફે. ડોલરરાય માંકડ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અમારા પ્રથમ કુલપતિ હતા. તેઓ તો મોટાગજાના ઓરિએન્ટાલિસ્ટ હતા. તેઓ રામાયણના શાસ્ત્રીય સંપાદનમાં વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના પ્રાચ્યવિદ્યામંદિરના સહયોગી હતા. એમણે વિચાર્યું, નક્કી કર્યું કે આ સૌરાષ્ટ્ર વિસ્તારમાં અનેક રાજા-રજવાડા હતા અને એમને ત્યાં કેટલાય ચારણ કવિઓ થઈ ગયા છે, તેમણે ચારણી ભાષામાં કાવ્યો



લખ્યાં છે એમાં સમાજ, ઇતિહાસ અને પુરાણના અંશો સચવાયા છે, તો આપણે એ કાવ્યોની, એમની રચનાઓની હસ્તપ્રતો આપણી યુનિવર્સિટીમાં એકઠી કરવી જોઈએ. આપણી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચારણીસાહિત્યનો હસ્તપ્રતભંડાર ચારણોએ રચેલ સાહિત્યના અભ્યાસ માટે ઊભો કરવો જોઈએ. આવું વિચારીને એમણે આ વિગતને અમલમાં મૂકી. હસ્તપ્રતો એકઠી કરવાનું કામ શરૂ થયું. ઈ.સ. ૧૯૬૨ થી ૭૭ સુધી એકત્રીકરણનું કાર્ય થતું રહ્યું. ચારણ કવિકુટુંબોને અપીલ કરતા, અમુક સમય પછી પ્રાપ્તિનું કામ પૂરું થતું.

૩.૪ : અહીં ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં ઈ.સ. ૧૯૭૪માં એમ.એ.ના અભ્યાસ માટે હું જોડાયેલો ત્યારે દિવાળીની અને ઉનાળાની રજાઓમાં મને અમારા અધ્યક્ષ ડૉ. ઈશ્વરલાલ ર. દવે અહીંના ચારણીસાહિત્યના હસ્તપ્રત વિભાગના નિરીક્ષક મૂક–બધિર રતુદાન રોહડિયા સાથે મદદનીશ તરીકે પ્રવાસમાં મોકલે. ભાડા-ભથ્થાની આવક તો ખરી પરંતુ આ કારણે રતુદાન રોહડિયાની નિકટ રહેવાનું બનતું, કયારેક કવિ 'દાદ' અને પાછળથી વીરવદરકાના બાપુભાઈ ગઢવીનો પણ સહવાસ રહેતો. અમારે ઘેરે પણ દાદાજીનો પ્રાચીન હસ્તપ્રતોનો સંગ્રહ. મારા દાદાજીના દાદાજી તો વ્યવસાયે જ લહિયા હતા. હસ્તપ્રત ઉકેલવાની, એને સાચવવાની, પકડવાની તાલીમ દાદાજી પાસેથી બાલ્યાવસ્થાથી અનૌપચારિક રીતે મળેલી. એ જ પ્રકારની અનૌપચારિક રીતની તાલીમ વધુ વિશદ્ રીતે મળી રતુદાન રોહડિયાના સાનિધ્ય અને સહવાસથી.

**૩:૫.** ચારણી સંસ્કૃતિ સાથેનો મારો અનુબંધ પણ મારી દશેક વર્ષની વયથી બંધાયાનું સ્મરણ છે. અમારા ગામ કમળાપુર (તા. જસદણ)થી તદ્દન નજીકનું ગામ પારેવાળામાં ચારણ પરિવારોની વસ્તી સવિશેષ. મારા દાદાજીને ચારણ મહાનુભાવો સાથે અંગત અને ભારે નિકટના સંબંધો, તેઓ બળદના વેપારે ગયા હોય ત્યાંથી મારા દાદાજીને મનીઓર્ડરથી પૈસા મોકલે. આ પૈસા આપવા મારે ઘણી વખત પારેવાળા જવાનું બન્યું હોય, વળી આ ચારણો અમારા યજમાનો એટલે અવારનવાર પિતાશ્રી સાથે પણ પ્રસંગોપાત પારેવાળા જવાનું બને. બિલેશ્વર મહાદેવના દર્શનાર્થે ગયા હોઈએ ત્યારે ભોંયરા અને ખડકાણા જેવા ચારણોના ગામે પણ કયારેક ચારણ પરિવારોમાં ગયાનું મને તીવ્ર સ્મરણ છે. આ કારણે જ સહજ રીતે ચારણ સમાજ એની ભાષા, સંસ્કૃતિ અને સંનિવેશથી પૂરો પરિચિત થયેલો.

૩:૬: ચારણી હસ્તપ્રતોના એકત્રીકરણ માટે અમારો પ્રવાસ મોટેભાગે દશ–પંદર દિવસનો હોય. ચારણી હસ્તપ્રતોને જે રીતે તેઓ પટારામાંથી કઢાવે, પગેરું

શોધે, પટારામાંના પોટલાં ખોલે, ચોપડાના મેળવણાં કરે આ બધાનો હું સાક્ષી અને દ્રષ્ટા હોઉં. અસંપ્રજ્ઞાતપણે આ બધું મારામાં ઢબૂરાયેલું રહેલું. એમ.એ. પછી મારુ હસ્તપ્રત વિભાગ સાથેનું જોડાણ વિશેષ રહ્યું, અને બે એક વર્ષની આવી ત્રૂટક-ત્રૂટક સેવાઓ પછી ઈ.સ. ૧૯૭૭ થી તો હું હસ્તપ્રત નિરીક્ષક તરીકે ચારણી હસ્તપ્રત વિભાગમાં પસંદગી પામેલો અને જોડાયેલો. ત્યારથી હસ્તપ્રતોનું એકત્રીકરણ, સંરક્ષણ, જતન, સૂચિકરણ-વર્ગીકરણ, સંપાદન એમ વિવિધ પ્રકારની કામગીરીમાં વિશેષરૂપે સંકળાવાનું બનતું રહ્યું. ઈ.સ. ૧૯૭૯થી ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે અહીં નિયુકિત પામ્યા પછી પણ મારું હસ્તપ્રત વિભાગ સાથે જોડાણ તો અવિરતપણે રહ્યું જ. એ કારણે ચારણી હસ્તપ્રતોનો વધારે નિકટથી પરિચય થયો. ચારણી હસ્તપ્રતોના સૂચિપત્ર (કેટલોગ) તૈયાર કર્યા. ચારણી સાહિત્ય કૃતિઓનાં સંપાદનો કર્યા. ત્યારે પેલો એકત્રીકરણ વખતનો જાત અનુભવ, ક્ષેત્રકાર્ય દરમિયાન ચારણ પરિવારો પાસેથી હસ્તપ્રત સંબંધે મળેલી જાણકારી મને ખૂબ ઉપયોગી નીવડેલી. ચારણી હસ્તપ્રતો કઈ રીતે જૈન-જૈનેતર હસ્તપ્રતલેખન, જતન અને સંરક્ષણ સંદર્ભે અલગ પડે છે, આગવી મુદ્રા અને અનોખું સ્વાયત રૂપ ધરાવે છે, એ ઘટકોનો ખ્યાલ મનમાં ભંડારાયેલો હતો. આજે અહીં ચારણી હસ્તપ્રતોનું લેખન કઈ રીતે જૈન-જૈનેતર પરંપરાથી અનોખું છે અને ચારણી હસ્તપ્રતોની જાળવણી-જતન પણ કઈ રીતે આગવા-અનોખા છે એ બધું દર્શાવીને ચારણી હસ્તપ્રતોનું એક સ્વાયત્ત એવું આગવું સ્થાન અને માન ભારતીય હસ્તપ્રતવિદ્યામાં કેવા કારણથી છે. એ સ્વરૂપલક્ષી સૈદ્ધાંતિક ચર્ચા પ્રસ્તુત કરવાનો ઉપક્રમ છે. આ રીતે લગાતાર પંદર વર્ષો સુધી એકત્રીકરણનું કામ ચાલ્યું. અને ફળ સ્વરૂપે ગુજરાતનો એક માત્ર આ ચારણી હસ્તપ્રત ભંડાર અને સ્થાપિત કર્યો જે પોતાની રીતે આમ બે-ત્રણ બાબતે વિશિષ્ટ રહ્યો છે. ચારણી સર્જકો ગુજરાતમાં ખૂબ હતા. રાજસ્થાન અને ગુજરાતનો સંબંધ હતો. ગુજરાતમાં સૌથી વધુ State/રાજ્યો રજવાડાં સૌરાષ્ટ્રમાં હતાં. જામનગર સ્ટેટ, જૂનાગઢ સ્ટેટ, એમ આખા સૌરાષ્ટ્રના જેટલાં રાજ્યો હતાં એના કવિઓના નામની સૂચિ તૈયાર કરી. કવિના વંશજો કોણ છે, કયાં રહે છે, શું કરે છે એ તપાસ આદરી. એમને મળ્યા, સમજાવ્યા અને કરોડોની કિંમતથીએ વધુ અમૂલ્ય હસ્તપ્રતો, ભંડાર માટે સંગ્રહ માટે આ રીતે અમને દાનમાં મળ્યો. આ સહુથી મોટો હસ્તપ્રત ભંડાર છે જેમાં ૨૦,૦૦૦ થી વધુ કૃતિઓ (હસ્તપ્રતો) સ્વરૂપે છે. રાજા-રજવાડા પાસેથી દાન સ્વીકારનારાઓએ એક વિદ્યાસંસ્થાને એમની શબદસાધનાનું દાન કર્યું એ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું એક મહત્ત્વનું અનુદાન પ્રકરણ છે.



॥ ૨ ॥

### *૪. ચારણી હસ્તપ્રતવિદ્યા—લેખન—સંરક્ષણનું સ્વરૂપ*

**૪:૧.** સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા—સાહિત્ય ભવનના ચારણી હસ્તપ્રત ભંડારમાં રહેલી હસ્તપ્રતોને મેં ખૂબ નિરાંતે અવલોકી, મને જણાયું કે ચારણી સાહિત્યકૃતિનું હસ્તપ્રતસ્વરૂપે લેખન કે નકલ કરવાનું કાર્ય બહુધા રચયિતાના સ્વહસ્તે અન્યથા કુટુંબીજનો દ્વારા જ થયું છે. મેં સંપાદિત કરેલા 'ચારણીસાહિત્ય પ્રદિપ ભાગ-૨'માં અગિયારેક હજાર ચારણીપ્રતોની નોંધણી છે. રાજસ્થાનના કેટલાંક સૂચિપત્રો અને હસ્તપ્રત ભંડારો પણ મેં અવલોકયા છે. આ બધા અવલોકન પછી મને ચારણીસાહિત્ય હસ્તપ્રતલેખન પરંપરા આગવી જણાઈ છે. એ પરંપરામાં પૈસાથી લેખનકાર્ય, લહિયાકાર્ય થયું જણાતું નથી પરંતુ વંશજો તરીકે પૂર્વજોની સાહિત્ય-શબ્દસાધના અવિચળ રહે, એવા શુભાશયથી એ શબ્દને સાચવ્યો છે.

વળતર આપીને કોઈ પાસે લખાવવાની-લહિયા દ્વારા લેખનકાર્ય કરાવવાની ચારણકવિઓ પાસે પરંપરા ન હોવાને કારણે જ્ઞાતિગત કહેણી, ભાષાકીય લઢણ કે કથનને મર્મપૂર્ણ, ટોણાપૂર્ણ, કલાત્મક રીતે કથવાનું ભાષા-રૂપ અકબંધ રહ્યું, એમાં પાઠભેદ-શબ્દભેદનું ભેળાણ થતું અટકી ગયું. પ્રાચીન હસ્તપ્રતલેખન પરંપરામાં લેખનની આ પદ્ધતિ ચારણ કવિઓ પાસે પોતીકી આગવી રહી. આવા કારણે પોતાના દ્વારા રચાયેલી, ચારણકવિના હસ્તાક્ષરવાળી પ્રતો પણ ઘણી મોટી સંખ્યામાં ઉપલબ્ધ છે. સ્વહસ્તે અથવા પુત્ર, ભત્રીજા કે ભાણેજ દ્વારા થયેલી નકલ પ્રાપ્ત થતી હોય છે. અન્ય હસ્તપ્રત પરંપરામાં સારસ્વતના સ્વહસ્તાક્ષરમાં લખાયેલી અથવા કુટુંબીજનો દ્વારા નકલ થઈ હોય એવી બહુ હસ્તપ્રતો મળતી નથી.

**૪:૨.** આ હસ્તપ્રતો સ્વ પઠનાર્થે હતી, પોતા પૂરતી જ એક નકલ હોય, પરિવાજનોને આવશ્યકતા ઊભી થાય તો નકલ કરવાનું બને. આવા કારણે આ હસ્તપ્રતોનું સંરક્ષણ-જતન જાળવણી પણ પોતાની આગવી રીતે-ભાતે થયું, ચારણ સિવાયની જૈન-જૈનેતર પરંપરામાં મોટેભાગે હસ્તપ્રતો ધર્મક્ષેત્રના-સ્થાનકમાં કે સમાજના આગવા જૂથ પાસે સમૂહમાં જળવાતી, રખાતી કે એકત્ર થતી. એટલે આવા કારણે એનું જતન ભારે વ્યવસ્થિત રીતે થતું હોય એ સ્વાભાવિક છે. જ્યારે અહીં તો કુટુંબીજનો પાસે જ પ્રત વારસારૂપે જળવાઈ હોય, એ શબ્દનું જતન કયારેક તો પરિવારમાં જમીનની, પૈસાની વહેંચણી થાય એમ પ્રતના પાનાની પણ વહેંચણી થાય. આ કારણે ત્રુટક રૂપે એ રીતે એ પ્રત વિવિધ સ્થાને જળવાઈ, સચવાઈ, અને સચવાયેલી જ રહેત પણ એ સૂઝ્યું ચારણને ઓળખનારા, યુનિવર્સિટી

દ્વારા એમનું સન્માન ગોઠવનારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આદ્ય કુલપતિશ્રી ડોલરરાય માંકડને કે એમણે ચારણી હસ્તપ્રત ભંડારની યોજના ઘડી. રતુદાન રોહડિયા જેવા મૂક-બધીર ચારણ વિદ્યાપુરુષને ધુનાના ગામના ખેતરમાંથી ખોળી કાઢીને યુનિવર્સિટીના વિદ્યાધામમાં એમની ખાસ કિસ્સામાં સેવાઓ લીધી. ઠેકઠેકાણેથી ચારણ કવિ દ્વારા રચાયેલી, લખાયેલી, પારિવારિક પરંપરામાં જળવાયેલી હસ્તપ્રતોમાં સંગ્રહિત રચનાઓનો સંગ્રહ યુનિવર્સિટીમાં કર્યો અને કરોડોની કિંમતનો વીશેક હજાર ચારણી હસ્તપ્રતોમાં સંગ્રહિત રચનાઓનો સંગ્રહ ગુજરાતના એક આગવા ચારણી હસ્તપ્રત ભંડાર તરીકે પ્રસ્થાપિત થયો. આમ ચારણી હસ્તપ્રતો ધર્માશ્રિત-સમાજાશ્રિત ન હતી પણ પરિવારાશ્રિત હતી. પરંપરાગત રીતે એનું સંરક્ષણ-જતન હતું. આ એક એનું ભારે આગવું-અનોખું રૂપ છે. આમ ચારણી પરંપરાની આગવી એવી લેખન પરંપરા અને સંરક્ષણ પરંપરા દૃષ્ટિગોચર થાય છે.

### *૫. ચારણી હસ્તપ્રતવિદ્યાઃ આકાર, નકલ અને જતનનું સ્વરૂપ*

**૫:૧.** કુલ વીશેક હજાર જેટલી રચનાઓ ૧૧૦૦ થી વધુ હસ્તપ્રતોમાં સંગ્રહિત છે. સંપૂર્ણ ભંડાર દાનમાં મળેલો છે. અમે એનું સૂચિપત્ર બનાવવાનું કેટલોગિંગનું કામ શરૂ કર્યું. એનું Preservation & conservation નું ભારે ચીવટથી કર્યું.

ચારણ કુટુંબોમાં એમના વડવાઓ દ્વારા રચાયેલી રચનાઓની મૂળપ્રત અથવા તો નકલ કરેલી સચવાયેલી આ હસ્તપ્રતો છે. સહુથી મોટી વિશિષ્ટતા જ એ છે કે જૈન, જૈનેતર કે બૌદ્ધ પરંપરાની સાહિત્યિક હસ્તપ્રતો ધાર્મિક સ્થળોએ, ગચ્છ, મઠ આદિમાં સંગ્રહાયેલી હતી. જ્યારે આ તો કુટુંબમાં, કુટુંબીજનો દ્વારા સચવાયેલી. ધાર્મિક સ્થળેથી સરસ રીતે સચવાયેલો કોઇ એક હસ્તપ્રતોનો મોટો ભંડાર હોવો અને મેળવી લેવો એ પ્રમાણમાં સરળ છે. એલ.ડી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડોલોજીનો હસ્તપ્રત ભંડાર કઇ રીતે બન્યો છે ? નાનાં નાનાં દેરાસરોમાં જે હસ્તપ્રતોનો ભંડાર હતો એ બધું પુણ્યવિજયજી મહારાજ લઈ આવ્યા. બૌદ્ધોનું પણ એવું જ હતું. જૈનેતરનું પણ એવું જ છે. રવિભાણ પરંપરાનાં, નાથ પરંપરાનાં નિશ્ચિત સ્થળો હતાં, ધાર્મિક મઠો હતા, મોટાં મોટાં કેન્દ્રો હતાં જેમાં એ સચવાતું. એ બધું એક સ્થાનેથી એકત્ર કરીને હસ્તપ્રત ભંડાર સ્થપાયા, જ્યારે ચારણી હસ્તપ્રત ભંડાર તો સહસ્ત્રાધિક ચારણ પરિવારના ભારે મોટા સમર્પણભાવનું ઉદાહરણ છે.

**૫:૨.** જૈન, જૈનેતર અને બૌદ્ધ પરંપરાના સ્થાને તો ત્યાં તેમની પાસે લખાવવાવાળા-લહિયાઓની સગવડ પણ હતી. એ ધર્માશ્રિત હોવાથી બધી સુવિધા



મળતી જો કોઇ ઉપવાસ વ્રત કે આર્થિક અનુદાન ન કરી શકતા હોય તોય કંઈ નહીં, ધર્મ સ્થળે આવો, બેસો ને હસ્તપ્રત લેખ-નકલ લખીને લહિયાની સેવા આપો. આમ હસ્તપ્રતલેખન માટે શાહી, કલમ, કાગળ અને લખનારા લહિયાને વેતનમાં દાન આપે તેનો મહિમા હતો. આમ આવી જ્ઞાન આરાધના પણ તપ સાથે જોડાઈ. બૌદ્ધોમાં પણ એ પરંપરા રહી, ચર્યાપદોમાં સરહપાદ સુધીના એ પરંપરાના દૃષ્ટાંતો ઉપલબ્ધ છે. ચર્યાપદો, ગાથાઓ લખવામાં આવતી હતી, સાચવવામાં આવતી હતી. એ લખાય માટે એમને પ્રોત્સાહિત કરવા, શાહી બનાવી આપવી, વિશેષ કાગળો આપવા, લખવા માટે લાકડાનું ટેબલ આપવું, જેવી સુવિધાઓ એમને દાનમાં મળતી હતી. જ્યારે ચારણોને તો આમાની આવી કોઈપણ પ્રકારની સુવિધાઓ પ્રાપ્ત નહોતી. એ લોકો તો રાજ્યાશ્રિત હતા. ધર્માશ્રિત નહોતા. ને એમનું મૂળ કામ તો કાવ્યપાઠ રચવાનું લખવાનું, અને પ્રસ્તુત કરવાનું હતું. લખતા ને ચોપડાની નકલ પોતાની પાસે જ રાખતા. અન્ય કોઈ પાસે ન પહોંચે એની કાળજી રાખતા. મોટાભાગની ચારણી હસ્તપ્રતો એના લેખકના હસ્તાક્ષરોમાં મળે છે. ચારણ કવિઓ તો જાતે જ લખતાંબહુ બહુ તો પુત્ર, ભત્રીજો, ભાણેજ કે ભગિની પાસે નકલ કરાવે. ભાઈ પાસે પણ નહીં. એની પોતાની એ અસ્કયામત હતી. એને આધારે જ લાખપસાવ કે કરોડ પસાવ દાન પોતે પ્રાપ્ત કરવા સમર્થ બની રહેતો. રચનાનું સર્જન અને લેખનકાર્ય પણ પોતે જ કરતો પોતે જ નકલ પણ કરી લેતો. જ્યારે જ્યાં ત્યાં સમય મળે લખવા બેસી જતો. આ કારણથી એમની હસ્તપ્રતનું કદ અને રૂપ પણ જૂદું છે. અનોખું છે. મોટેભાગે ચારણ કવિઓ હસ્તપ્રતના લખાણનો ચોપડો વેપારીના ચોપડા જેવો રાખતા એ ઊભો ખૂલતો અને એમાં લખાણ આડું લખતા, પોતાની પાસે જ થેલા કે ખડિયામાં એ ચોપડો સતત સાથે રાખતા. જ્યાં સમયની અનુકૂળતા મળે ત્યાં રચનાને આગળ ચલાવતા, લખી લેતા.

**૫:૩.** એમને તો પોતાનું સાહિત્ય કંઠસ્થ જ રહેતું ચારણી હસ્તપ્રત પરંપરાનું ત્રીજું અન્ય વિશિષ્ટ તત્ત્વ એ છે કે પ્રમુખતયા કવિના હસ્તાક્ષરમાં મળતી હોવાને કારણે એમાં પાઠભેદ નહીંવત મળે છે. બીજી પ્રત મળે ખરી પણ ત્યારે જ, કે જો બે કે વધુ ભાઈ હોય તો બંનેને પોતપોતાના પાઠ માટે ચોપડો જોઈએ. કદીક પુત્ર, પૌત્ર, ભાણેજ કે ભગિની જેવા પરિવારજનને ચોપડો જોઈતો તો તેઓ ઉતારો કરી લેતા. એ નકલ પરિવારમાં જ થતી. કોઈકનું સાંભળ્યું ને લખી લીધું એવી નકલ નહીં અને આવા કારણથી એમાં પાઠભેદને બહુ અવકાશ નથી. પાઠભેદ બહુ ન

હોવાનું બીજું એક કારણ એ છે કે ચારણી રચનાઓનો છંદોબદ્ધ પાઠ મળે છે. આ કારણે રચનામાં પાઠમાં ચુસ્ત રીતે છંદો પ્રયુક્ત થયેલા હોવાના લીધે એમાંથી એકાદ શબ્દ પણ આગળ-પાછળ કરી શકાય તેમ નથી હોતો. શબ્દ શું, એક વર્ણ પણ આઘો-પાછો ન થઈ શકે.

આ માટે કોઈ રેણકી છંદનું ઉદાહરણ સીધું સ્મરણમાં ચઢે છે. એમાં કશું બદલી ન શકાય એમાંની છંદચુસ્તી એની વિશેષતા છે. છંદો તેઓ કંઠસ્થ જ કરી લેતા અને એ માપ મિટર અનુસાર કોઈ અન્ય વર્ણ, શબ્દ એમાં પ્રવેશી જ ન શકે. જેમણે નકલ કરી હોય એમના દ્વારા પણ એમાં આ કારણે પાઠભેદ પ્રવેશેલ નથી. આમ એમાં કંઈપણ પ્રકારનું interpollation થયું નથી. હા કયાંક ખૂબ લાંબુ લાગ્યું તો એ આંશિક ભાગ પ્રસ્તુતીકરણ વખતે સમુચિત રીતે પ્રમાણમાં રદ કરે પણ પાઠભેદ કર્યો હોય તેવું બનતું નથી. તેઓ પાઠનું ગાન કરતા. એમ કરતાં વિવેકપૂર્વક થોડો ભાગ છોડી દેતા.

## ૬. *હસ્તપ્રતવિદ્યા : બહુઆયામી રૂપ*

**૬:૧.** જૈનો હસ્તપ્રતને પોતાની પાસે રાખતા, હસ્તપ્રતને કઈ રીતે રાખવી, પકડવી એ પણ બતાવતા હતા. બૌદ્ધ, જૈનેતરમાં આખ્યાનકાર પણ પ્રત સામે રાખતા અને પઠન કરતા કે ગાન કરતા હતા. ચારણી સાહિત્યની રજૂઆતની રીત જૈન, બૌદ્ધ, જૈનેતરથી જુદી છે. ચારણી સાહિત્ય બિલકુલ કંઠોપકંઠ રજૂ થતું, મૌખિક રૂપે રજૂ થતું. ભાવકોની આંખોમાં આંખ પોરવીને ગાવું. ચારણ કવિઓનું ધ્યાન કયારેય પણ ચોપડા કે હસ્તપ્રત પર હોય એવું નથી. કંઠસ્થપરંપરા સાથે એમનો ગાઢ સંબંધ રહ્યો. આ સંદર્ભે મૌખિક પરંપરા સાથે એમનું સામ્ય છે. તો ભિન્નતા એ છે કે મૌખિક પરંપરાના સાહિત્યમાં ફેરફારો (variations) મળે છે. પણ ચારણી મૌખિક પરંપરામાં આવો ભેદ મળતા નથી. આ રીતે ચારણી સાહિત્ય આગવું અને કંઈક અલગ છે. ચારણી પરંપરામાં હસ્તપ્રત અને રજૂઆતમાં બે વિશેષો ભારે મહત્ત્વના છે. એમાં સંગમ છે. કંઠસ્થ પરંપરાનો, લખવાની પરંપરાનો ઉપરાંત લિખિત પરંપરાની કવિતા (text) ને કંઠસ્થ સ્વરૂપે રજૂ કરવાની ચારણી હસ્તપ્રત પરંપરા તદ્દન અનોખી બાબત છે. પોતાની કે અન્ય કોઈની પણ કવિતા જોઈને નહીં, ગાઈને રજૂ કરવી એ એમની ખાસિયત હતી. અન્ય પરંપરામાં તો સાથે વાજિંત્રો પણ રખાતા જ્યારે ચારણી પ્રસ્તુતીકરણમાં વાજિંત્રોની સહાય નથી બુલંદનાદ અવાજ સાથેનું પ્રસ્તુતિકરણ એ ચારણી કવિની અલગ વિશિષ્ટ ઓળખ



છે. સર્જક છે એ જ રજૂકર્તા પણ છે. જૈનેતર પરંપરામાં જુઓ નાકર રચના કરે છે, પણ તેઓ રજૂ કરતા નથી. જ્યારે અહીં તો બધા જ સર્જક રજૂકર્તા પણ છે. અન્ય પરંપરામાં લખવાની આવડત હોય એટલે શિષ્યો માટે લોકો માટે લખ્યું. ચારણી હસ્તપ્રત પરંપરાનું એક આવશ્યક અંગ છે એ કે જે લખે એને રજૂ કરતાં પણ આવડવું જ જોઈએ. પાઠ રજૂ કરતાં આવડે એને અનિવાર્યતા મનાય છે. ચારણી હસ્તલેખન પરંપરાના લેખન પરંપરાનું આ ચાર-પાંચ રીતે આગવું, અનોખું, એવું નિજી રૂપ છે. એ વંશ પરંપરાગત રીતે સચવાયેલી પ્રતો છે. પરિવારમાં ભાઈ-ભાઈ, પુત્ર-પૌત્ર પાસેથી મળેલી છે. એ કર્તાના સ્વહસ્તાક્ષર અથવા પરિવારજનો દ્વારા નકલ થયેલી છે, અને એમાં કશા કોઈ પણ ફેરફાર પાઠભેદ નથી મળતા. અને એનું પ્રસ્તુતીકરણ સાજીંદાની સહાય વગર સ્વમુખે થતું હોય છે.

**૬:૨.** તાજેતરમાં હું ચારણી હસ્તપ્રત 'વખત બલંદ' સંપાદિત કરી રહ્યો છું. 'વખત બલંદ' એ ભાવનગરના મહારાજા વખતસિંહજી બાપુનો બલંદ-પવાડો છે. એને હું પ્રોફે. પી.જી. કોરાટના ઇતિહાસગ્રંથ 'ભાવનગર રાજયના ઇતિહાસ'ની સાથે રાખીને અવલોકી રહ્યો હતો. ત્યારે ખ્યાલ આવ્યો કે ઇતિહાસમાં કેટલીય એવી વિગતો પણ છે જે અનુલેખિત છે અને એના આધાર પ્રાપ્ય નથી. અહીં એ બધી વિગતો ઉલ્લેખ પામી છે. 'વખતબલંદ'માં છે, ગંગા સ્થાનનો પ્રવાસ વખત સિંહબાપુએ અનેક માણસો સાથે, આ તિથિએ આઠ વખત કર્યો હતો. જ્યારે ઇતિહાસ કહે છે વખતસિંહબાપુએ અનેકવાર ગંગા પ્રવાસ કર્યો હતો. આમ, તદ્દન સાચી તથ્યપૂર્ણ પ્રમાણિક, નકકર વિગતો આ ચારણી હસ્તપ્રતોમાંથી મળી રહે છે. ઉપરાંત એમના દ્વારા સામાજિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષને માટે જે પ્રવૃત્તિઓ થતી એના પણ નિર્દેશો છે. એ રીતે અહીં માત્ર યુદ્ધને લગતી રાજકીય જ નહીં પણ એ ઉપરાંતની સામાજિક-સાંસ્કૃતિક વિગતો સમાવિષ્ટ થઈ છે. ચારણી સાહિત્ય કૃતિઓમાંની ઇતિહાસમૂલક સામગ્રી અંગે એક આગવી વિશિષ્ટતા છે.

**૬:૩.** અમારે ત્યાં ફ્રાન્સથી સિંધી પ્રજા અને સાહિત્યના અભ્યાસી પ્રોફેસર મિશેલ બોવિન આવ્યા હતા. ચારણી હસ્તપ્રતનો આકાર, કદ, અને સ્વરૂપ જોઈને એમણે કહ્યું, "I can't say that it is a manuscript. It's a one kind of old books Prof-Jani." મેં કહ્યું, "You know the science of manuscripts, but you don't know the real total theory of Indian manuscripts. Manuscripts means not only pages. Manuscripts means this type of binding books also." એમણે કહ્યું, "No-one scholar said this. Even Maxmuller, even

Ramanujan'' મેં કહ્યું, ''Yes Professor, you are totally right, but Prof-Bhayani says that some trader's poet like bard's have this type of Formatation.'' હસ્તપ્રતનું વિશ્વમાન્ય સ્વરૂપ છે તે કરતાં આ જુદું જ છે. આ ચારણી હસ્તપ્રતો વધુમાં વધુ ૪૦૦-૫૦૦ વર્ષ પ્રાચીન છે. એ ચોપડાના રૂપમાં છે કારણ કે એને તેઓ સાથે રાખતા, એટલે મૌખિક પ્રસ્તુતીકરણ માટે યથાવકાશે એનો પાઠ કરવો એને કંઠસ્થ કરવાની સુગમતા રહે. થેલામાં, કે ખડિયામાં પ્રવાસમાં સાથે રાખવા માટેની આ હસ્તપ્રતનું રૂપ વણિક વેપારીના ચોપડા જેવું વચ્ચેથી સીલાઈવાળું. પણ બાંધવાની રીત અલગ છે. ખોજાઓના ગિનાન સાહિત્યની ખોજકી ભાષામાં લિખિત ગુજરાતી હસ્તપ્રતો પણ આવા કારણથી આ પ્રકારનું કદ અને સ્વરૂપ ધરાવે છે.

૬:૪: બૌદ્ધ, જૈન અને જૈનેતર હસ્તપ્રતો એક જ સમયપટ પર સુવિધાપૂર્ણ સ્થાને બિલકુલ ઠીકઠાક રીતે, શણગારપૂર્વક લખાતી. જૈન, જૈનેતર અને બૌદ્ધ હસ્તપ્રત પરંપરાની પ્રતો સૌંદર્યાત્મક હોય છે. જ્યારે ચારણી પ્રતોમાં એવું રંગથી શણગારાયેલું કશું રૂપ દષ્ટિગોચર થતું નથી. સમય મળે ત્યારે લેખનમાં ટેકાની વ્યવસ્થા ન હોય, તો પોતાના જ ઘૂંટણ વાળી તેનો ટેકો લઈ ચારણ કવિ પ્રવાસમાં સાથે રાખેલા ચોપડા આકારની હસ્તપ્રતમાં લખવા બેસી જતા. ભારે તાપ તડકો હોય, પરસેવાનો રેલો ઊતરી રહ્યો હોય તો ય લખતા રહે. જ્યાં બેસવા મળ્યું ત્યાં આનંદ સાથે લખવા બેસી જાય છે. એ રીતે ચારણ લેખકો પરિવ્રાજક લેખકો હતા એમ કહી શકાય. અહીં તહીં હરતા ફરતા રહેતા, લખવા મળે ત્યાં લખવા બેસી જતા. એમના પરિભ્રમણનો આખો માર્ગ પણ એમાંથી ઉલ્લેખ સાથે મળતો રહે છે. રસ્તામાં કેટલા ગામ આવ્યાં, એ ગામનું વર્ણન. ભૌગોલિક વિસ્તારો, પ્રાચીન માર્ગોનો એ પરથી ખ્યાલ આવે છે. કયારેક તો કયા સ્થળે કોને મળ્યાએ બધી જ વિગતો એમાંથી મળે છે. કયા ગામથી પ્રવાસ શરૂ કર્યો, એ સમયે એનું નામ (એ સ્થળનું નામ) શું હશે એ જાણવા મળે છે. પ્રવાસ દરમિયાન લોકોએ શું ખવડાવ્યું, દાનમાં શું આપ્યું એ વિગતો પણ એમાં નોંધાયેલી જોવા મળે છે. આ બધુ કૃતિ રચના ઉપરાંતનું વર્ણન એ વધારાના ભાગ રૂપે હસ્તપ્રતમાં જોડાયેલું હોય, એને સંબંધિત કથન વખતે કૃતિનાં અંશ તરીકે સાંકળવાનું ન હોય. એટલે ચારણી કૃતિની હસ્તપ્રતોમાંની આવી વિગતો કૃતિનો ભાગ નથી એ બાબત સંપાદન સમયે ધ્યાનમાં લેવાની અને કાળજી રાખવાની હોય. ચારણેતર હસ્તપ્રતોના લેખનમાં આવા કોઈ પ્રશ્નો સંકળાયેલા જોવા મળતા નથી. એ રીતે આ ચારણી હસ્તપ્રતલેખન માત્ર સાહિત્યિક નથી પરંતુ એ સમયની સાંસ્કૃતિક માહિતી પણ એ પૂરી પાડે છે. એવી વિગતો



હાંસિયામાં લખતા, એ મૂળ પાઠનો ભાગ નહોતી પણ પાઠ સાથે સંબંધિત જરૂર રહેતી. જેમ લખતા કે કોણે એમને પાઘ પહેરાવી. અડધી કવિતા સાંભળીને પાઘ પહેરાવી. પાઘ સાથે અહીંથી યજમાન સમાજ સાથેનો સંબંધ (interaction), પ્રશંસા કરવાની સમાજના લોકોની સૂઝ, પાઠ અને સંદર્ભ (Text અને context) બંને આ ચારણી હસ્તપ્રતોમાંથી પ્રાપ્ત થાય છે. ચારણી હસ્તપ્રત લેખન સાથે સંબંધિત એવું આ આગવું-અનોખું પાસું છે.

### *૭. ચારણી હસ્તપ્રતવિદ્યા : આગવી છંદ-અલંકાર યોજના*

૭:૧. સમયાંતરે સમયે સમયે લાંબાગાળા સુધી લેખનકાર્ય ચાલ્યું હોય છે. મોટાભાગની હસ્તપ્રતોમાં કોઈ પણ રચના મને એવી જોવા નથી મળી કે જે એક જ સ્થાને એક જ શાહીથી લખાયેલી હોય. એનો અર્થ એ થયો કે સતત પરિભ્રમણ ચાલતું હોય. તેઓ તો પરિવ્રાજક હતા. ભ્રમણ એમની નિયતિ હતી. અને આ પ્રાપ્ત પરિસ્થિતિ વચ્ચે રચનાસર્જન અને પ્રતલેખન તેમનું એક વિશિષ્ટ પાસુ છે.

બીજું મહત્ત્વનું પાસું એ છે કે આખ્યાન કે રાસ તો એક જ ઢાળમાં લખાતાં અહી એવું નથી. છંદવૈવિધ્ય પુષ્કળ મળે છે. પાછો એ છંદ ચાર કે છ પંકિતનો જ રહેતો. આવી ૪-૪ કે છ-છ પંકિતવાળી, છંદને અનુરૂપ ભાવવાળી કવિતા મળે છે. બીજું બીજા છંદમાં, કયાંક કવચિત્ ભાવસામ્ય આવે તો જ છંદનું પુનરાવર્તન જોવા મળે છે, એ સિવાય કયાંય છંદનું પુનરાવર્તન જોવા મળતું નથી. એથી ખ્યાલ મળે છે કે કયા ભાવ માટે કયો છંદ પ્રયોજાતો. યુદ્ધની વાત કરવી હોય તો 'નારાચ' ચર્ચરી, કે રેણકી' છંદનો પ્રયોગ થતો. શાંતિની વાત કહેવી હોય તો 'મોતીદામ' છંદનો વિનિયોગ કરતા. એકાધિક હસ્તપ્રતોમાંથી પસાર થયા પછી સૈદ્ધાંતિક રૂપે ચોકકસ સ્વરૂપે કહી શકાય કે વિષયસામગ્રીને, ભાવાનુરૂપ છંદ, છંદપ્રયોજનની સૂઝ સમજ એમને હતી. વીપ્ર વોળાવળ' ચારણી આખ્યાનના ઉપાદ્ઘાતમાં તથા 'ગુજરાતી ચારણી સાહિત્યવિમર્શ' નામના મારા ગ્રંથમાં મેં આ અંગે વિગતે ઉદાહરણ સહિત ચર્ચા કરી છે. ચિત્તમાં નકકી જ રહેતું હશે કે આ વાત આ છંદમાં જ કહીશ. જૈન, જૈનેતરમાં તો એક ઢાળ પસંદ કરી લીધો ને એમાં જ કર્તાને આગળ વધવાનું રહેતું, જ્યારે ચારણી હસ્તપ્રત પરંપરા દષ્ટિએ છંદ વૈવિધ્યપૂર્ણ છે, છંદાશ્રિત છે. એકેય પ્રત એવી નથી જેમાં ૨૦-૩૦થી ઓછા છંદો પ્રયોજાયા હોય. સહુથી વધુ પ્રયુકત થયેલો જોવા મળે છે દોહાબંધ. ચારણી હસ્તપ્રતોમાંથી અમે દોહા સંગ્રહિત કરી રહ્યા છીએ. કલ્પના પણ ન કરી શકીએ એટલી માત્રામાં દોહા અમને મળ્યા

છે. તો એમ પણ કહી શકાય કે ચારણીકૃતિ દોહાશ્રિત છે. 'હોથલ પદમણિ' આદિ કથાઓ તો સંપૂર્ણપણે દોહાબંધમાં હોય છે. દોહાથી કથા બિલકુલ ક્રમબદ્ધ રૂપે સાંકળીરૂપે (sequence) રૂપે (theme) યાદ રહે છે. તો આ છંદાશ્રિતતાને લીધે બે મુદ્દાઓ તારવી શકાય છે. એક તો એથી પાઠભેદ નથી આવતો, બીજી મોટી વાત એ છે કે છંદવૈવિધ્ય એટલું વ્યાપક માત્રામાં મળે છે કે એ આપણા છંદશાસ્ત્રમાં પણ નથી સ્થાપિત થયેલા એવા છંદો ઉપરાંત અન્ય નવા નવા છંદોનો પ્રયોગ, છંદસર્જન આ બધા કવિઓએ કર્યું છે. પીંગળ છંદશાસ્ત્રના ગ્રંથ 'રઘુનાથ રૂપક ગીતા રો', 'હરિપીંગળ', 'લખપતપીંગળ', 'હરિજનશનામમાળા' જેવા શબ્દકોશ પ્રકારના ગ્રંથોને આના ઉદાહરણ તરીકે નિર્દેશી શકાય.

૭:૨. કોઈ મહત્ત્વના એવા કવિઓ પણ છે કે જેમણે પોતાના તરફથી કોઈ નવો છંદ ઉમેર્યો હોય. એને નામ પણ આપી દેતા. એવું પણ બન્યું છે કે કોઈ દોહો બનાવ્યો અને દોહો છંદમાપમાં નથી બેસતો તો એને 'દુમેળિયો' એટલે કે મેળ-માપ વગરનો છંદ, જેનો કોઈ મેળ નથી તે લખ્યું છે, હવે એ 'દુમેળિયો દૂહો સાંભળો, દુહામાં નિરૂપાયેલ ભાવ એવો છે જેને છંદના માપમાં બાંધી શકાતો નથી. ભાવાનુરૂપ શબ્દ મને મળી રહ્યો નથી માટે મેં દુમેળિયો દૂહો લખી કાઢયો. તો દૂહાનો એ એક પ્રકાર બની ગયો. છંદના માપ સાથે સંબંધ ન હોય તેવા દૂહા તે દૂમેળિયા દૂહા. દૂહાના પણ એકવીસ કે ત્રેવીસ જેટલાં પ્રકારો મળે છે. રા.વિ.પાઠકના 'પિંગળદર્શન'માં પણ નથી દૃષ્ટિગોચર થતા. આવા અનેક વિવિધ પ્રકારના છંદો, દૂહાના પ્રકારો ચારણીહસ્ત પ્રતોમાં છે. ચારણી છંદશાસ્ત્ર ગુજરાતી છંદશાસ્ત્ર કરતાં બે ગણું, ચાર ગણું નહી દસગણું મોટું છે. ગુજરાતીમાં મિશ્ર છંદોમાં ઇન્દ્રવજા, ઉપેન્દ્રજા, જેવા બે-ત્રણ છે તો અહીં એવા બાર મળે છે. છંદ એક જ હોય ને માત્રા ઓછી પડી તો નવું નામ આપી દીધું હોય. ચારણી હસ્તપ્રતલેખનને આધારે આ છંદ વૈવિધ્યનું સત્ય તારવી શકાય તેમ ચારણી છંદ શાસ્ત્ર વિપુલ અને સત્ત્વશીલ જણાયું છે.

શાસ્ત્રીય રાગ પ્રદેશ આધારિત છે. સોરઠો-સોરઠ પ્રદેશમાં ગવાતો રાગ પ્રચલિત છે. જ્યારે અહીં ચારણી સાહિત્ય પરંપરામાં એવી કોઈ પ્રાદેશિકતા જોવા નથી મળતી. ચારણી છંદશાસ્ત્રની વિશેષતા એ છે કે એનો સંબંધ પ્રદેશ નહીં પણ આભૂષણ સાથે છે. આભૂષણની આકૃતિ સાથે એનો સંબંધ છે. 'મોતીદામ' મોતીની માળા જેવો, 'કટારી' છંદ કટારીની આકૃતિ જેવો. 'ખડગ પ્રબંધ' તલવાર જેવો હોય અને 'નાગ પ્રબંધ' સર્પના આકારનો હોય તો 'ધ્વજ પ્રબંધ' અને 'ચક્ર પ્રબંધ'ને



પણ આ સંદર્ભે અહીં ઉદાહૃત કરી શકાય તેમ છે. છંદ સંદર્ભે આ મને ખૂબ અનોખી બાબત લાગી છે, ચારણી છંદશાસ્ત્ર એ હકીકતે તો ગુજરાતી છંદશાસ્ત્રનો વિસ્તાર (extention) છે. 'પ્રવીણસાગર' ગ્રંથ ચારણી પરંપરાનો ગુજરાતનો સહુથી વધુ જાણીતો ગ્રંથ છે. થોડા સમય પૂર્વે મેં મારા સ્વાધ્યાયને આધારે એની વિશેષતા વિશે વ્યાખ્યાનમાં જણાવ્યું ત્યારે બધાને ખ્યાલ આવેલો કે આવું તો આપણી બહુ મોટી સિદ્ધિ કે પ્રાપ્તિ ગણાય.

૭:૩. આ સંદર્ભે હું એક બીજો સિદ્ધાંતલેખ વૈકલ્પિક કાવ્યશાસ્ત્ર વિશે તૈયાર કરી રહ્યો છું. 'વૈકલ્પિક કાવ્યશાસ્ત્ર' (alternative poetics) આપણી પાસે છે. પોસ્ટ–જગન્નાથ (જગન્નાથ પછીનો) સમય જુઓ, ૧૭મી સદી પછી સંસ્કૃતમાં લખવાનું સાવ બંધ થઈ ગયું એવું નથી કયાંક છૂટુંછવાયું નવા રૂપે રંગેરૂપે એ પરંપરા જળવાઈ છે.

૩. જગન્નાથ પછીના અલંકારિકો વિશે ડૉ. અજીત ઠાકોરે વિશદ્ પરિચય આપ્યો છે પણ એમાં કોઈ એવો મોટો કાવ્યશાસ્ત્રી આપણને દૃષ્ટિગોચર થતો નથી, એ હકીકતની પાછળનું કારણ, આ વૈકલ્પિક કાવ્યશાસ્ત્ર છે. ૧૭મી સદી પછી પ્રાદેશિક ભાષાઓ સ્થિર થઈ ગઈ હતી. પ્રાદેશિક ભાષાઓનું જોર વધ્યું, સંસ્કૃત મોટેભાગે હાંસિયામાં ધકેલાઈ ગયું અને એ જે-તે પ્રાદેશિક ભાષાના કવિઓ પ્રાદેશિક ભાષાના છંદોમાં, પ્રાદેશિક અલંકાર શાસ્ત્રોના વિનિયોગથી પોતાની પ્રાદેશિક ભાષામાં પોતાની રચના, પોતાનો પાઠ લખી રહ્યા હતા. એમાંથી પ્રગટતું જોવા મળે છે. ગુજરાતી ભાષા સાહિત્યનું વૈકલ્પિક કાવ્યશાસ્ત્ર, જેના ઉદાહરણો ચારણી–રાજસ્થાનીમાં પ્રચુર માત્રામાં મળે છે. આ વૈકલ્પિક કાવ્યશાસ્ત્ર વિશે આપણે વિગતે અભ્યાસ કરવો જોઈએ. એ સિદ્ધાન્તોના સ્વરૂપને સમજાવીને કહેવું જોઈએ કે જગન્નાથ પછી કાવ્યશાસ્ત્ર કેવી રીતે કેવા પ્રકારે આગળ વધ્યું. એ શતાધિક પ્રાદેશિક ભાષામાં ભારતમાં ફેલાયેલું છે. એક ભાષામાંથી અનેક ભાષામાં આવી ગયું છે, પ્રદેશાનુરૂપ છે. ચારણી સાહિત્યમાં અલંકારપ્રયોગ જુઓ. અહીં આ યમક છે તો એક જ છે જ્યારે ચારણીમાં મધ્યમ યમક, કનિષ્ઠ યમક, ઉત્તમ યમક ત્રણ પ્રકાર મળે છે. એમ કહે છે કે પ્રથમ પંકિતનો પ્રથમ વર્ણ 'હા' હોય તો દરેક અંતિમ શબ્દમાં 'હ' આવવો જોઈએ. કયાંક 'હ' નો 'હા' થઈ ગયો હોય તો મધ્યમ યમક દા.ત.

*'હરખ નથી તોય હાલવું, હરમત નથી તોય હા*
*નો કેવાય ના, (તારા) સંદેશાને શામળા'*

એમ લાગે છે કે અલંકાર નિરૂપણમાં ઉત્કૃષ્ટતાના માપદંડો જાળવવામાં ચારણી સાહિત્યના સર્જકો બહુ કડક, શિસ્તપાલનના આગ્રહી હતા. પોતાના જ આલોચક પણ હતા. પોતાની કૃતિના ટીકાકાર પણ હતા. આ બાબતે તેઓ પ્રામાણિક હતા. ગુજરાતીમાં હીનોપમા, ઉપમા અલંકાર પછીનો એક જ પ્રકાર મળે છે, જ્યારે ચારણીમાં તો ઉપમાના ૧૮ પ્રકાર મળે છે. દેવત્વ અને પ્રકૃતિની સાથે ઉપમાનો પ્રકાર એમણે હિમાલયોપમા કહ્યો. આમ અલંકારોના નામકરણ પણ ખૂબ કર્યો. છંદપ્રયોગ જેટલા વિપુલ માત્રામાં કર્યો એટલા જ વિપુલ માત્રામાં અલંકારપ્રયોગો પણ કર્યા. ચારણી છંદશાસ્ત્રના અને અલંકારશાસ્ત્રના સ્વરૂપના વિપુલમાત્રામાં સ્વતંત્ર ગ્રંથો પણ રચાયા છે.

૭:૪. ચારણી સાહિત્યનું અલંકારશાસ્ત્ર અને છંદશાસ્ત્ર આગવું છે અને જુદું છે. એમાં માત્ર લેખન કૌશલ્ય, સર્જક માટે મહત્ત્વનું કે પૂરતું નથી પરંતુ માત્ર પાઠ કરતા કે વાંચતા આવડે એ એ પૂરતું નહોતું. રજૂ કરવાની પણ તાલીમ અપાતી. છંદના ઉચ્ચારણ કરતા ન આવડે તો મારપીટ થતી. પિતા પુત્રને મારતો કે, તેને છંદ રજૂ કરતા નથી આવડતું – એ તો શીખવું જ પડે. કેટલાય કવિઓએ લખ્યું છે, કબુલ્યું છે કે, મારું તાડન થયું છે. લાઠીથી માર્યો, ભોજન પણ ન મળ્યું, માત્ર મધુપ્રાશ કરો, દૂધ સાથે હળદરનું સેવન કરો એવી સજા આપવામાં આવતી. બીજું કશું જ ખાવાનું નહીં, સીતોફલાદિનો શીરો જ ખાવાનો, બીજું કંઈ નહીં. વાસ્તવમાં એ સજા નહોતી, કવિને, રજૂ કરવાની ઘડવાની, અવાજ કેળવાય એ માટેની એ રીત હતી. વંશ પરંપરાગતથી પ્રસ્તુત કરવાની કળાશકિત પ્રાપ્ત કરાવવાની આ સ્વાયત્ત પરંપરા હતી.

### ૮. ચારણી હસ્તપ્રતવિદ્યાઃ કાવ્યલેખન, પ્રસ્તુતીકરણની વિદ્યા

૮:૧. એક રીતે શાસ્ત્રીય સંગીતના ઘરાના જેવું જ આ ચારણી ઘરાના છે. શ્રોતાનુરૂપ રજૂઆત એની વિશેષતા છે. ચારણી 'ઓખાહરણ' પ્રેમાનંદના 'ઓખાહરણ'થી તદ્દન જુદું છે. એ કોની સામે રજૂ કરવાનું છે, એ ધ્યાનમાં રાખીને રચનાનું સર્જન અને તેની રજૂઆત કરવામાં આવતી. કચેરીમાં, રાણીવાસમાં, રાજકુંવર સમક્ષ એમ જુદા-જુદા સંબંધે સંદર્ભોને વણી લઈને રજૂઆત થતી, એટલે કે (audience Oriented Presentation) શ્રોતાનુરૂપ રજૂઆત એ એની મહત્તા છે. આમ ચારણી સાહિત્ય એ ભાવકકેન્દ્રી Text છે.



૮:૨. ચારણી સર્જકોએ સર્જન કૌશલ્ય કઈ રીતે પ્રાપ્ત કર્યું ? લેખક કઈ રીતે લખતા હતા. જૈનમુનિઓ ઘણા હતા એમાંથી જેમને લખવાની રુચિ હોય એવા જ મુનિઓને લખવાની તાલીમ અને સગવડ અપાતી. જ્યારે આથી તદ્દન જુદી રીત કે પદ્ધતિ ચારણી લેખકને તૈયાર કરવાની હતી. સર્જન માટે દીક્ષિત કરવા માટે દરેક રાજયની એક પાઠશાળા રહેતી. સહુથી પ્રખ્યાત તો ભૂજની 'રાઓ લખપત વ્રજભાષા કાવ્યશાળા' આ પાઠશાળા–૨૫૦ વર્ષ સુધી અહી ક્રિયાશીલ હતી. હમણાં છેલ્લા ૬૦ વર્ષથી બંધ થઈ છે. બ્રહ્માનંદ અને દલપતરામે કવિ તરીકેની તાલીમ અહીં પ્રાપ્ત કરેલી. એટલે કે સાહિત્ય સર્જન પ્રસ્તુતીકરણના શિક્ષણની સંસ્થાકીય માળખાગત જોગવાઈ ચારણોને મળી હતી.

મોટેભાગે ચારણ કુટુંબોના સભ્યો ત્યાં જતા, ત્યાં જ રહેતા. નિત્યવાસ, રસોઈ કરવી, પીરસવું, રોજ સવારે સાહિત્ય કંઠસ્થ કરવું, રાત્રે ભણવું, અચાનક પરીક્ષણના ભાગરૂપે પૂછાય કે ચતુર્થ સત્રની ૨૫ કડીનો દૂહો બોલો તો બોલવો પડે આવી એમની પરીક્ષા પદ્ધતિ હતી. પાઠશાળાની પરીક્ષણ પદ્ધતિ શીખવવાની પદ્ધતિ, કઈ ભાવની કવિતા (Text) માટે કયું કથન કરવું, શું બતાવવું – બધું બહુ સારી માત્રામાં ઉદાહરણ સાથે યાદ રાખવાનું પણ એમાં હતું. ચારણી સર્જકનું સર્જકત્વ રૂપ ખીલે તે માટે દરેક રાજય પાસે પોતાની પાઠશાળાઓ હતી. કવિતા રચતા શીખવું જ પડે. એ આજીવિકાનું અને વિદ્યોપાસનાનું સાધન હતું. શીઘ્રકવિત્વની દીક્ષા પણ અપાતી. સમસ્યાવાદી કવિતા પણ ખાસ શીખવાતી.

૮:૩. 'રાઓ લખપત વ્રજભાષા પાઠશાળા'માં જૈન મુનિ કુશળલાભ, કનકકુશળ, લક્ષ્મી કુશળ, કુંવરકુશળ વગેરે, આઠ શિષ્યોની પરંપરાએ પેઢીએ–શિક્ષક તરીકે સેવાઓ આપી. ત્યાર પછી ચારણ કવિઓ આચાર્યપદે આવ્યા. એમાં આચાર્ય શંભુદાન અયાચી છેલ્લા. અહીં શિક્ષાર્થીઓને અનેક કોશ કંઠસ્થ કરાવતા. પ્રાસાનુપ્રાસના કોશ કંઠસ્થ કરાવતા. 'વર્ણકસમુચ્ચય' કંઠસ્થ કરાવાતો. છંદોના ગ્રંથો કંઠસ્થ કરાવાતા, 'રીસ્ટસમુચ્ચય' (શુકન-અપશુકનની વાતનો કોશ) બિલકુલ વર્ણનાત્મક, વિશ્લેષણાત્મક જ્ઞાન સાથે કવિઓને તૈયાર કરવામાં આવતા. દ્વયાશ્રયી પ્રકારના હમીરજી રત્નુકૃત 'હરિજશ નામમાળા' જેવી ચારણીગ્રંથો આ પાઠશાળાનું ભારતીય કાવ્યશાસ્ત્ર વિષય સંદર્ભે સાહિત્યને પ્રદાન છે.

૮:૪. ભકિતકવિતા પણ ચારણી સાહિત્યનો એક મહત્ત્વનો પ્રદેશ છે. ઈસરદાનજી, સાંયાજી ઝૂલા, હરદાસ મિસણ, લાંગીદાસ મહેડુ અને કરશનદાસ બાલિઆ જેવા અનેક ભકત કવિઓ છે. ચારણી હસ્તપ્રત પરંપરામાં

આખ્યાનકાવ્યની પરંપરા પણ જોવા મળે છે. જેમાં રાજા વિશેની ઉપરાંત પુરાણકાવ્યોની પ્રસંગકથાઓ પણ મળે છે. આશાજી રોહડિયા રાજ્યાશ્રિત કવિ હતા. તેમણે વ્યકિતનિષ્ઠ કવિતાઓ આપી છે. Patronage પરંપરામાં પણ ચારણી સાહિત્યનો બહુ મોટો ફાળો છે. તેમણે રચેલ જોધપુર નરેશ રાવ કલ્યાણમલજી પાછળસતી થયેલા ‘ઉમાદે ભાટિયાણીના કવિત’ રચના ભારે વિશિષ્ટ છે.

જૈન, બૌદ્ધ, જૈનેતર પરંપરામાં ચારણીસાહિત્યનું સ્થાન આગવું છે. એ જૈન જેવું સામાજિક સાહિત્ય છે, બૌદ્ધ જેવું ધાર્મિક સાહિત્ય છે, કે પછી જૈનેતર જેવું સાહિત્યિક પ્રકારનું છે ? મને ચારણી સાહિત્યકૃતિઓનો ઊંડાણથી અભ્યાસ કરતાં જણાયું છે કે ચારણ સાહિત્ય યા ત્રણેય ધારાને અતિક્રમી જનારી ધારા છે. એમની ધર્મપરંપરા તો દેવીપૂજાની, શાકત પરંપરા છે. ચારણ સર્જકોએ ઘણું લખ્યું છે. પણ જે સાહિત્યિક ભાષા પરંપરા મળી એને ડિંગળ નામ મળ્યું. એ સાહિત્યિક રીતિ છે, રજૂઆતની તરાહ છે. બારોટ, ભાટ, મીર અને મોતીસર આ ચાર સમાજના લોકો મૂળે ચારણી સાહિત્યના (પરફોર્મર) પ્રસ્તુતકર્તા છે. જેમણે ચારણી સાહિત્યને જીવંત રાખ્યું.

૮:૫: વિશ્વમાં પથરાયેલાં Gypsis (જીપ્સીસ) મૂળે ચારણો હતા. કચ્છ-સૌરાષ્ટ્રનાં ચારણી જૂથનાં Cultural, study અભ્યાસ માટે જૈન અને બૌદ્ધ માફક ખૂબ Scope છે. સાંસ્કૃતિક અભ્યાસ માટે કેટલીય અવધારણાઓ એની સાથે જોડાયેલી છે. એટલે કે મૂળે તો મારે એ કહેવું છે કે ચારણ રાજસ્થાનથી અહીં આવ્યા અને અહીં રહેવા લાગ્યા એવી માન્યતા પ્રચલિત છે પરંતુ હકીકતે એવું નથી તેઓ અહીના જ છે. એના પણ દસ્તાવેજી આધાર, પ્રમાણ છે. મેં હસ્તપ્રતોનો અભ્યાસ કરી એ આધારો શોધ્યા છે. લાખા ફુલાણી જ્યારે રાજા હતા, તેના રાજકવિ માવલ વરસડાની રચનાઓ ઉપલબ્ધ છે. ત્યારની હસ્તપ્રત, સિદ્ધરાજ પહેલાની મળી છે. એટલે કે ૧૩મી-૧૪મી સદીથી પ્રતો મળી રહી છે. એ સમયે અહીઆ મારુ ચારણ હતા, અને સોરઠીયા પણ હતા. એ બધાનું કામ જ રાજવી કુળ સાથે સંબંધો રાખવાનું હતું. મહત્ત્વની રાજકીય ઘટનાઓને પોતાની પાસે રાખવી અને યથાસમયે એ ઘટનાઓના દુહા કે પવાડા બનાવી રજૂ કરવા. આવા દુહાઓ કંઠસ્થ પરંપરામાં પ્રચલિત પણ થયા.

### *૯. ચારણી હસ્તપ્રતવિદ્યા : બહુમુખી કવિપ્રતિભાની પરિચયાત્મક*

૯:૧. ચારણી દુહા સાહિત્ય વિપુલ માત્રામાં જૂના સમયથી ઉપલબ્ધ છે.



હેમચંદ્રાચાર્યના અપભ્રંશ વ્યાકરણમાં પણ ઉદાહરણ સ્વરૂપે એ મળે છે. ‘ઇન્ડિયન ફોકલોર કોંગ્રેસ’માં જ્યારે મેં ‘સિદ્ધહેમ વ્યાકરણ’ વિશે પેપર વાંચ્યું હતું, ત્યારે કહેલું કે (ફોક) લોકપરંપરાના પ્રથમ વૈશ્વિક કક્ષાના સંપાદક શ્રી હેમચંદ્રાચાર્ય છે. ૧૪મી સદી, ૧૫મી સદીથી યુરોપ, ફિનિક્સ, ફિનલૅન્ડમાં લોકપરંપરા પ્રચલિત થયેલી જોવા મળે છે. ફોકલોર (Folk-Lore) નામ પણ ત્યારથી જ આવ્યું. પરંતુ એ સંજ્ઞાપૂર્વે, સિદ્ધાંત રચાયા પૂર્વે હેમચંદ્રાચાર્ય જે સાહિત્યિક વ્યાકરણના ઉદાહરણ માટે લીધા એમાંથી કેટલીક કવિતાઓના સર્જક છે તો કેટલીકના સર્જકનો ખ્યાલ નથી. કેટલાક ચારણીપરંપરાના અને કેટલાક લોકપરંપરામાં પ્રચલિત છે. તો આ લોકકવિતા, દુહા એમણે ૧૨મી-૧૩મી સદીમાં સંપાદિત કર્યા. પણ આપણે ત્યાં એનું સાહિત્યિક વિવેચન ન થયું, મોડું થયું. જેમકે કવિ હાલની ગાથાઓ છે તો કેટલાકે સાચવી રાખી હશે, કોઈએ ઉદાહરણ રૂપે મૂકી હશે. ને આપણી પાસે તે પાઠરૂપે આવી. તેવી રીતે ચારણી દુહાઓનો પ્રથમ વખત મૂળ ચારણી પાઠ, પ્રથમવાર હેમચંદ્રાચાર્યના વ્યાકરણમાં ઉદાહરણરૂપે સંપાદિત થઈને સચવાયો. આ દૃષ્ટાંત ચારણી સાહિત્યની પ્રાચીનતાનું પરિચાયક છે.

હેમચંદ્રાચાર્યના બે પ્રભાવી શિષ્યો જેમણે નાટ્યશાસ્ત્રના ગ્રંથો રચ્યા હતા તે રામચંદ્ર અને ગુણચંદ્ર વિશે એવી એક માન્યતા પણ પ્રચલિત છે કે તેઓ ચારણો હતા રામચંદ્ર કરમાણંદજીના ભાઈ અને આણંદ મિસણના પુત્ર હતા. આણંદ-કરમાણંદને સિદ્ધરાજે ‘મમ્માણાં ગામ આપેલું. તેમની પ્રતિભાથી પ્રભાવિત થઈને હેમચંદ્રાચાર્યએ રામચંદ્રને શિષ્ય બનાવીને સંસ્કૃતમાં પારંગત બનાવેલા. કેટલાય એવા જૈન મુનિઓ છે જે પૂર્વાશ્રમમાં ચારણ હતા. જે રીતે સ્વામિનારાયણ સંપ્રદાયમાં બ્રહ્માનંદ, અને પૂર્ણાનંદનું ભારે મોટું પ્રદાન છે, એ જ રીતે મુનિ હિરાણંદ, મેઘાણંદ, વિજાણંદ એ ચારણી પરંપરાના જૈન કવિઓ છે. ચારણી કવિઓના નામ છે. પછી એ જ નામ રાખવાનું, એ મૂળ નામે જ ઓળખવાનું ચાલુ રાખ્યું હશે. તો એમણે જૈન પરંપરામાં લખતી વખતે પણ ચારણી શૈલી જ પ્રયોજી. હિરાણંદસૂરિકૃત ‘વસ્તુપાલ રાસોમાં ‘વચનિકા’ છે, એ ડિંગળ છંદ છે. કેટલાય જૈન મુનિઓ પૂર્વાશ્રમમાં ચારણી કવિ તરીકે પ્રસિદ્ધ હતા. તે કારણે જૈન સાહિત્ય પરંપરામાં ચારણી સાહિત્ય પરંપરાની પ્રસ્તુતીકરણની કલાનું પ્રમાણ પણ સારી એવી માત્રામાં છે. રામચંદ્ર-ગુણચંદ્ર તો છે જ. એમને વિશે કે.કા.શાસ્ત્રીએ જણાવ્યું છે કે જૈન સાહિત્યમાં લખવાવાળા કોણ આવ્યા, બ્રાહ્મણો આવ્યા જૈનો અને બીજા આવ્યા. જેને પ્રસ્તુત કરતાં આવડતું હતું તે આવ્યા. બધા જ પ્રસ્તુતકર્તા સર્જક ન હોય તેવું બની શકે પણ કોઈ ચારણી સર્જક પ્રભાવક પ્રસ્તુતકર્તા ન હોય એવું નથી. પ્રભાવી

ઢંગથી પ્રસ્તુત કરવાની કળા ચારણને હસ્તગત, સિદ્ધહસ્ત છે. આ કારણે પ્રસ્તુતીકરણ કરનારી જાતિઓ મીર, મોતીસર, ભાટ અને બારોટ પણ ચારણી સાહિત્ય પરંપરામાં લખવામાં પ્રવૃત્ત થઈ ગઈ. ચારણી લેખન પરંપરા આ રીતે ચારણેત્તર પરંપરામાં પ્રવેશી અને જે—તે પરંપરાને સમૃદ્ધ કરી એ વિસરાવું ન જોઈએ.

**૯:૨:** કેટલાક ચારણ કવિઓ ભકતકવિ પણ છે. કેટલાકે કથાકાવ્યનું સર્જન કર્યું છે. કચેરીમાં તો કથા કરી ન શકતા. ભકતકવિનું કામ કોર્ટમાં ન હોય. એકેય ભકતકવિને દાન મળ્યું હોય એવું પ્રમાણ નથી. એને બહુ નિમંત્રિત પણ ન કરાતા. ચારણ ભકતકવિ બહુ સંખ્યામાં છે. ઐતિહાસિક કથાકાવ્યોના રચયિતા કવિ જેટલા જ ચારણ ભકતકવિઓ પણ છે, પણ એ ભકતકવિઓને લાખપસાવ મળ્યા હોય, કરોડપસાવ મળ્યા હોય, ગામ મળ્યું હોય, જાગીર મળી હોય એવું પ્રમાણ નથી મળતું. એમનું સ્થાન તો સમાજમાં હતું. જ્યાં ભાગવત હોય ત્યાં તેઓ સહજ રીતે ઉપસ્થિત થઈ જતા. ઈસરદાન, આશાજી પછીના તૂર્ત જ સ્મરણે ચડે છે. ગોદડ મહેડુનું ‘છાંયા ભાગવત્’ ભારે મહત્ત્વનું છે. કરશનદાસ બાલિયા, મહત્ત્વના છે. પણ આ બધામાં હરદાસ મિશણનું મહત્ત્વ પણ ખૂબ છે. ‘‘જાલંધરપુરાણ’’ મહત્ત્વની કથા કૃતિ છે. શૌર્યકવિતાને સમાજમાં લઈ જનારા તેઓ છે. ભકિતકવિતાને પણ તેઓ સમાજમાં લઈ ગયા. શંકરદાન દેથા, ગગુભાઈ લીલા, દુલા કાગ, પિંગળશી મેઘાણંદ, ભીખુદાન ચારણી પરંપરાના કવિ-કથક છે. આ કલાકર્મી કથકો આટલા પ્રભાવક પ્રસ્તુતકર્તા છે તો મૂળ સ્વર, સૂર અને અવાજવાળા કવિકર્તાઓ કેવા પ્રભાવક નીવડયા હશે ? આ કથાઓએ અને ભક્તિકવિતાએ પણ ચારણીસાહિત્યને ભારે વિત્તવાળું અને નિરૂપણ-કથન કલાથી સભર કર્યું.

### *૧૦. ચારણી હસ્તપ્રતવિદ્યા : આગવું વિશિષ્ટ રૂપ*

**૧૦:૧** એ વાત પણ વિસરાવી ન જોઈએ કે ચારણી સાહિત્ય જો રાજયાશ્રિત ન હોત તો એમની પાસેથી આટલી બધી રચનાઓ પ્રાપ્ત થઈ હોત નહી. અધિકાંશ ચારણીસાહિત્ય કોઈને કોઈ રાજયના રાજવીના ગુણ કે પ્રશસ્તિનું સાહિત્ય છે. ચારણીસાહિત્ય બીજી વિશેષતા એ કે ઇતિહાસ સાથે આ કવિઓએ કદી ચેડાં કર્યા નથી. કદી ખોટી માહિતી તેઓ પ્રસ્તુત કરતા ન હતા. સત્ય જ કહ્યું, વર્ણન કર્યું તે અતિશયોકિત સાથે કર્યુ ને એમ કર્યુ ત્યારે કબુલ્યું પણ ખરું કે આ વર્ણન અતિશયોકિત અલંકારવાળું છે. ઉપર લખતા કે આ ‘અતિશયોકિત અલંકાર’.

નવ્યઇતિહાસવાદના અભ્યાસીઓ માને છે કે ચારણી સાહિત્ય



ઇતિહાસલેખન માટે આધારભૂત પાઠ ગણાવું જોઈએ. ‘કાન્હડદે પ્રબંધ’, ‘રણમલ્લ છંદ’ ઐતિહાસિક છે. એમાં ચારણી ધારાની રચનાઓ પણ ખપમાં લેવાવી જોઈએ. જૈનસાહિત્ય પરંપરાની રચનાઓમાં શ્રાવકના ગુણગાનને અભિવ્યકિત અર્પતી શતાધિક રચનાઓ છે. એ પરંપરાના સર્જકો કઈ રીતે સત્ય સાથે કામ પાડે છે, એ વિગતનો મેં થોડો અભ્યાસ કર્યો છે. એટલે મને લાગ્યું છે કે ઐતિહાસિક વિષયસામગ્રી સાથે કામ પાડવું કઠિન છે. વળી એક સ્થિર થયેલી ઈમેજને આધારે સાહિત્યકૃતિ રચાઈ હોય તો એને વિશે કામ કરવું પણ કઠિન છે. હેઝિયોગ્રાફી અને લિજન્ડને નવ્ય ઇતિહાસવાદીઓ મહત્ત્વ આપી રહ્યા છે, એ બન્ને એટલા માટે મહત્ત્વની છે કે દંતકથા કહીએ છીએ પણ જે સમય સાથે એ જોડાયેલી હોય છે એ સમયમાં એ જુઠ ન હોઈ શકે. જેને દંતકથા કહીએ છીએ તે જે સમય પર આધારિત છે એ સમયના કોઈક તો હોત જે એનો પ્રતિવાદ કરત કે આ ખોટું છે. આપણે જીવંત છીએ, આ ભાઈ જીવંત છે ને હું કહું કે એ આવા છે, તેવા છે તો બીજા લોકો શું કહેશે, તમે જુઠા છો આ ભાઈ તો એવા નથી. હું ખોટું બોલ્યા કરીશ એ શું બધા જ એ માની લેશે.

ચારણી સાહિત્ય મૂળે ઇતિહાસ છે ને માટે જ નવા ઇતિહાસકારો રસેશ જમીનદાર, મકરંદ મહેતા, ડૉ. એસ.વી. જાની અને પી.જી. કોરાટ પણ ચારણી કૃતિઓને ઇતિહાસલેખન માટે આધારભૂત સામગ્રી માને છે. તેઓ ‘કાન્હડદેપ્રબંધ’ તે ઐતિહાસિક કૃતિ અને સાથે-સાથે સાહિત્યિક કૃતિ માને છે. ચારણીસાહિત્યને સાહિત્યિક ઉપરાંત તીવ્ર-દૃઢરૂપની ઐતિહાસિક કૃતિ તરીકે સ્વીકારવી જોઈએ. આવી કૃતિઓ વિશે કામ થવું જોઈએ.

**૧૦.૨** પરંપરા, સંસ્કૃતિ અને સભ્યતામાં કશુંક ઉમેરાયા કરતું હોય છે. આજે ભાષાની કેટલીક પરંપરાઓ તો લુપ્ત થવામાં છે. રાજસ્થાની ભાષા પર હિન્દીનું એટલું આક્રમણ છે કે કદાચ રાજસ્થાની પચાસ-સો વરસ પછી નહીં રહે. પશ્ચિમ ભારતની કોંકણી પર મરાઠીનું એવું જ આક્રમણ છે. એ જ રીતે ત્રીજી છે કચ્છી ભાષા, સિંધી પણ હવે બહુ પ્રચલિત નથી રહી. આજથી ૫૦ કે ૧૦૦ વર્ષ પછી રાજસ્થાની, કોંકણી કે કચ્છીનું અસ્તિત્વ જ કદાચ નહી રહે. એ સ્થગિત થઈ જશે. સ્થગિતતા નિધનની, અંતની નિશાની છે. એમાં કશુંક ઉમેરાતું રહેવું જોઈએ. પરંપરા, સંસ્કૃતિ અને સભ્યતાનો ભાગ બની રહે, નિરંતર એમાં કશુંક સર્જન થયા કરે તે જરૂરી છે. ચારણી સાહિત્ય એવી પરંપરા છે. જૈન પરંપરા આજે પણ છે. બૌદ્ધ પરંપરા જતી રહી. પરંપરામાં જ્યાં સુધી કશુંક ઉમેરાતું રહે ત્યાં સુધી એ ટકે.

ચારણી પરંપરાનું કાવ્યશાસ્ત્ર છે અને સર્જન પરંપરા જીવંત હોવાથી અને ટકી રહી છે. એમાં દર્શાવેલ કાવ્યદોષ Moral Value પર આધારિત છે. ભારતીય સંસ્કૃતિની સાથે બિલકુલ સમાંતર સમાજ, સંસ્કૃતિ, સાથે મળીને ચારણી પરંપરાએ ૧૧ કાવ્યદોષ આપ્યા છે. આ અભ્યાસનો મોટો વિષય છે, સંશોધનનો વિષય છે. મેં તો એ ગ્રંથોમાં વિદ્વાનોએ કહ્યા એમાંથી મારો સિદ્ધાંત મૂકવા ખપમાં લીધા છે. પણ એના ઉપર વિગતે કામ થવું જોઈએ. તેઓ Moralist હતા, Pural હતા, સત્યવક્તા હતા. તેમણે ઉક્તિ ૪ પ્રકારની ગણી છે. પરમુખ, સન્મુખ, પરામુખ, શ્રીમુખ. પણ જે કસબ જાણે છે ચાર સર્જક એક જ ખંડમાં આ ચારને પ્રયુકત કરી શકે છે. કવિતાનો મિશ્ર ઉક્તિ આ ચારણી પરંપરાની દેણગી છે. એક કાવ્યખંડ એક જ ઉકિતનો હોય તો તે સિદ્ધિ ન ગણાતી એ દોષ ગણાતો. સૌંદર્યનો ભાગ ન ગણતા. ત્યાં કહેતા, 'ઉકિત વૈચિત્રયમ્', 'મિશ્રઉકિત'નો પાંચમો પ્રકાર ભારે મહત્ત્વનો જણાયો છે. આવી કાવ્યશાસ્ત્ર સંદર્ભે ઘણી બધી અને બહુ મોટી વાત ચારણી હસ્તપ્રત પરંપરાના સાહિત્યને આધારે પ્રાપ્ત થાય છે.

ચારણો તો ખરો કવિ એમને જ કહેતા કે જેની દરેક પંકિત અલંકૃતા હોય. માત્ર પંકિત નહી પંકિતનો પૂર્વાર્ધ, ઉતરાર્ધ પણ અલંકૃત હોય તે જરૂરી. વર્ણસગાઈ સુદઢ હોવી જોઈએ. તેઓ મિશ્રણમાં, સંમિશ્રણમાં માનતા હતા. પણ વર્ણસગાઈ અલંકાર તો અનિવાર્યપણે હોવો જ જોઈએ એવું માનતા. અહી ઉદાહરણરૂપે માવલ, વરસડાકૃત 'વીપ્રવોળાવળ'ની હસ્તપ્રત એની વાચના અને અનુવાદ પરિશિષ્ટમાં મૂકયા છે. તેમાંથી છંદ, અલંકાર, અને મિશ્રઉકિતના ઉદાહરણો છે.

**૧૦.૩** વર્ણસગાઈ એ ચારણી સાહિત્યની ઓળખ (Identity) છે. એમનું શબ્દભંડોળ સમૃદ્ધ હતું, હોવું અનિવાર્ય મનાતું. કયાંય કોઈ અનુચિત રીતે પ્રયોજાયેલ શબ્દ મળતો નથી એ એમની સહુથી મોટી સાર્થકતા જણાઈ છે. શબ્દ સમુચિત રીતે ચારણી સાહિત્યમાં વિનિયોગ પામ્યો છે.

**૧૦:૪** ચારણી સાહિત્યનો જન્મ-પ્રભવસ્થાન કચેરી, વાદ-પ્રતિવાદના વાતાવરણમાં કે યુદ્ધભૂમિમાં થયો. એ ઉપરાંત એનું કાર્ય સંવાદિતા સ્થાપવાનું પણ રહ્યું. સત્ય સાથે-સાથે રહીને સર્જન ચારણી સાહિત્યની મોટી અગત્યતા છે. They are not born poet. They are made poet by teaching. તેઓ આનુવંશિક રીતે અને સ્વભાવગત કવિ હતા. સ્મૃતિ દ્વારા બધું સંચિત કરવું, ભણવું ને રજૂ કરવું. કવિપદ પ્રાપ્તિની મહત્ત્વાકાંક્ષાએ તેમને પ્રેર્યા. કવિ થવું હોય તો રિયાઝ કરવો પડે. કાયરતા અને કંજુસાઈના તેઓ વિરોધી હતા. આનું કારણ એ કે તેઓ



દાન પર નિર્ભર હતા. અને સ્વયં દાન કરી જાણતા. આથી તો કહેવાયું છે કે ચારણ લ્યે લાખ, આપે સવા લાખ. વીરરસની વાત નેરેશનથી, વર્ણનથી લઈ વીરાંગના સ્ત્રી વડે રજૂ કરાઈ. ચારણ કવિઓ હતાશ થતા—પરાજિત થયેલા રાજવીને-યોદ્ધાને ઉતેજિત કરનારા, સજીવન કરનારા છે. ચારણી સાહિત્ય એ સમરાંગણપ્રતિ પ્રેરિત કરનારું સાહિત્ય છે. શબ્દના માધ્યમથી શૌર્યનું પાન કરાવનારું સાહિત્ય ચારણી સાહિત્ય છે. આ એની ભારે આગવી અને અનોખી છબી છે.

**૧૦:૫** જૈન પરંપરામાં રાસ, પ્રબંધ, સજ્જાય જેવા પચાસ-સો જેટલાં સ્વરૂપો છે. બૌદ્ધ પરંપરામાં ગાથા, ચર્યા, કથા જેવાં વિવિધ સ્વરૂપો છે. જૈનેતર પરંપરામાં આખ્યાન, પદ્યવાર્તા જેવાં ઘણાં સ્વરૂપો છે. તો ચારણી પરંપરામાં વિપુલમાત્રામાં દુહા છે. ચારણી સાહિત્યનો પદબંધ દુહા છે. 'પુરાણ' સંજ્ઞા ધરાવતી અનેક રચનાઓ પણ મળે છે. ધર્મ સાથે જોડાયેલ કથાને કદાચ તેઓ 'પુરાણ' નામે ઓળખાવે છે. દા.ત. 'જાલંધરપુરાણ', પરંતુ સાવ રચનાઓ આખ્યાન જેવી લાગે છે. 'વાત' સંજ્ઞા ધરાવતી કૃતિઓ પણ મળે છે. દા.ત. 'ચંચ રાઠોડની વાત', 'સૂઅર સાવજ રિ વાત', 'સદેવંત સાવલિંગા વાત,' 'ઢોલામારુની વાત'. અહીં વાત એટલે ઈતિહાસ, ધર્મ, પુરાણ, લૌકિક કથાનકની સાથે જોડાયેલી વાત. એમાં પદમાળા સદશ બારમાસી છે. કવિત છે. મહાકાવ્ય 'પવાડા' એમ વિવિધ સ્વરૂપોથી ચારણી સાહિત્ય ભારે સમૃદ્ધ છે. 'વખત બલંદ અને વિભાવિલાસ', એનાં ઉદાહરણો છે.

**૧૦:૬** ચારણી કવિઓ મને logical Poets જણાય છે. તર્ક સાથે, ભાવક ચિત્તમાં કથાસાહિત્ય, ભાવવિશ્વ સ્વીકૃત થઈ રહે એ રીતે સર્જન અને કથન કરવું એ ચારણી સાહિત્યનું વિશિષ્ટ પાસું છે. આમ અલંકારાશ્રિત, કાયરતાને નકારતી, હતાશી વ્યકિતમાં પ્રાણશકિતનો સંચાર કરતી ભારે તાર્કિક અને વિવિધ સ્વરૂપો, કાવ્ય પ્રકારોથી સમૃદ્ધ ચારણી સાહિત્ય પરંપરા છે. ચારણી હસ્તપ્રતવિદ્યા અભ્યાસ નિમિત્ત આ બધી મુદ્દા ઓળખવાનું અને એની આગવી ઓળખ પ્રસ્તુત કરવાનું બન્યું.

★ ★ ★

ચારણી હસ્તપ્રતવિદ્યા સંદર્ભે પરંપરામાંથી પ્રાપ્ત વિગતોના દૃષ્ટાંતોમાંથી હસ્તપ્રતપ્રાપ્તિના જાત અનુભવમાંથી અને હસ્તપ્રત અંતર્ગત કથિતવર્ણિત સામગ્રીમાંથી ચારણી હસ્તપ્રતના લેખન-જતન, સંરક્ષણ, વિષયસામગ્રી અને પ્રસ્તુતીકરણનું જે આગવું સ્વરૂપ નિષ્પન્ન થાય છે, તે સ્વરૂપ ભારતીય હસ્તપ્રતવિદ્યા

અંતર્ગત ચારણી હસ્તપ્રતવિદ્યા વિષયક વિચારણામાં આગવા અને નૂતન અંશનો પરિચય કરાવતું હોઈને ભારતીય હસ્તપ્રતવિદ્યાની સૈદ્ધાંતિક વિચારણામાં એક મહત્ત્વનું ઉમેરણ બની રહે છે. આવા કારણથી ચારણી હસ્તપ્રતવિદ્યાનું આ સ્વરૂપ ભારતીય હસ્તપ્રતવિદ્યા સંદર્ભે ઉલ્લેખનીય બની રહેશે. આ ઉલ્લેખનીય બાબત જ ચારણી હસ્તપ્રતવિદ્યાની મહત્તા અને મહિમાની પરિચાયક છે.

❑

૨

# ચારણીસાહિત્ય : મુદ્રા અને મહત્તા

ડૉ. અંબાદાન રોહડિયા

ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિનો ઊંડાણથી અભ્યાસ કરીએ તો તેમાં વિવિધતામાં એકતાનો અહેસાસ થાય છે. સાંસ્કૃતિક ધરોહર એને એકસૂત્રમાં બાંધે છે અને સમગ્ર ભારતવર્ષનું યથાર્થ પ્રતિબિંબ આ ભારતીય સાહિત્યમાંથી પ્રગટે છે. ભારતીય સાહિત્યમાં વૈદિક સાહિત્ય, બૌદ્ધ સાહિત્ય, જૈન સાહિત્ય અને લોકસાહિત્ય એ ચાર મુખ્ય ધારાઓ દૃષ્ટિગોચર થાય છે. આમાંથી વૈદિક સાહિત્ય અને લોકસાહિત્યનો સુભગ સમન્વય ચારણી સાહિત્યમાં થયો છે. ખરા અર્થમાં આ ઉભય ધારાઓ વચ્ચે રહેલી ભેદની ભીંત્યોને ભાંગીને તેને જોડનાર સેતુબંધનું કાર્ય કર્યું છે ચારણી સાહિત્યએ. આ ચારણી સાહિત્ય મુખ્યત્વે ગુજરાત અને રાજસ્થાનમાં વિકસ્યું-વિસ્તર્યું હતું. અલબત્ત, ઉભય રાજ્યોની આસપાસના પ્રદેશોમાં પણ તેનો પ્રવેશ-પ્રસાર અવશ્ય થયો હતો. વળી, ચારણી સાહિત્ય મુખ્યત્વે મધ્યકાળે ફૂલ્યું-ફાલ્યું હતું, એ સમય જાણે એનો સુવર્ણયુગ હતો. આથી આજની નહીં પણ મધ્યકાળની રાજકીય સરહદો-સીમાઓને આપણે ધ્યાનમાં રાખીને વાત કરવી જોઈએ. આથી એમ કહી શકાય કે મધ્યકાળે પશ્ચિમ ભારતીય સાહિત્યમાં એક મહત્ત્વની અને સ્વાયત્ત ધારા તરીકે ચારણી સાહિત્ય ઉપસી આવ્યું હતું. તેની કેટલીક આગવી મુદ્રા અને મહત્તા વિશે અહીં વાત કરવાનો ઉપક્રમ સેવ્યો છે.

ગુજરાત અને રાજસ્થાનમાં આ ધારા માટે ચારણી સાહિત્ય, ચારણ સાહિત્ય અને ડિંગળ સાહિત્ય સંજ્ઞા પ્રયોજાય છે, પરન્તુ આ સાહિત્ય ખરા અર્થમાં કોઈ જ્ઞાતિ વિશેષનું નહીં પણ શૈલીવિશેષનું સાહિત્ય છે. એમાં ચારણો ઉપરાંત ચારણી શૈલીને અપનાવનારા ચારણેતર વિદ્વાનોનું પણ વિશેષ યોગદાન છે. અલબત્ત,

આ ધારામાં ચારણકવિઓની સંખ્યા વિપુલ માત્રામાં છે, એટલું જ નહીં એમાં ચારણ પરંપરાનું ઉજ્જ્વળ અનુસંધાન થયું છે, આથી એને ચારણી સાહિત્ય સંજ્ઞા મળી છે. આથી આ ધારાના સાહિત્યને સમજવા માટે પ્રારંભે ચારણો અને ચારણત્વનો પરિચય મેળવવો અત્યંત જરૂરી છે.

**ભારતીય ઋષિ પરંપરાનું અનુસંધાન :**

સત્ય, શક્તિ અને સરસ્વતીની એકનિષ્ઠ ઉપાસના કરનાર ચારણો ભારતીય ઋષિ પરંપરાનું ઊજળું અનુસંધાન છે. પ્રારંભે હિમાલય, કૈલાસ અને ગંધમાદન પર્વત પર વસનારા ચારણો અરણ્યવાસી છે. વિવિધ પુરાણો, રામાયણ, મહાભારત અને જૈનગ્રંથોમાં ચારણોનાં ઉલ્લેખો મળે છે. કુરુક્ષેત્રનું યુદ્ધ આરંભાયું એ પૂર્વે શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે, 'તું વિજય માટે શક્તિ ઉપાસના કર. ચારણો પણ એ દેવીની ઉપાસના કરે છે.' ચારણોની 'શક્તિ ઉપાસના'ની પરંપરાનો અહીં સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. તો દશરથનંદન ભગવાન રામના રાજ્યાભિષેક સમયે ચારે વેદ ચારણોનું રૂપ ધરીને આવ્યા અને રઘુકુળભૂષણ રામચંદ્રજીના ગુણાનુવાદ કર્યા તેવો ઉલ્લેખ મળે છે. 'શ્રીમદ્ ભાગવત'માં ચારણોને દેવસર્ગમાં સમાવિષ્ટ કર્યા છે. ચારણની વિશિષ્ટ અને વિલક્ષણ ઓળખ આપતાં કોઈ વિદ્વાને કહ્યું છે કે, 'चारयन्ति कीर्ति इति चारण ।' જે સ્વયં ધર્મના પથ પર આરૂઢ થઈને અન્યોને પણ ધર્મોત્થાન માટે પ્રવૃત્ત કરે તે સિદ્ધ ચારણ. 'ચારણ'માં કાવ્યપ્રતિભા અને સિદ્ધિ સમ્પન્નતાનો ભાવ નિહિત હોવાનું વિદ્વાનો માને છે. 'પદ્મપુરાણ'માં ઉલ્લેખ મળે છે કે પૃથુ રાજાએ કરેલ મહાયજ્ઞમાં દેવો સાથે ચારણો ભૂલોકમાં આવ્યા અને તેમને તેલંગ પ્રદેશ દાનમાં આપ્યો. 'પ્રબંધ ચિંતામણિ'માં ઉલ્લેખ છે કે શ્વેતામ્બર સંપ્રદાયમાં દીક્ષિત આચાર્ય વજ્રસેનનો જન્મ ચારણકુળમાં થયો હતો. જૈનધર્મમાં 'ચારણો' માટે 'વિદ્યાચારણ' અને 'જંઘા ચારણ' નામની ઉપલબ્ધિઓ અને તેની આગવી લાક્ષણિક વિશિષ્ટતાઓ વિશે પણ માહિતી મળે છે. શિવ મહિમન સ્તોત્રના રચેયતા પુષ્પદંત પણ ચારણમુનિ હોવાની માન્યતા છે. જૈન સાહિત્ય ક્ષેત્રે પણ ચારણકવિઓએ મહત્ત્વનું યોગદાન આપ્યું હોવાનો સ્પષ્ટ મત પ્રિ. નરોત્તમ પલાણ વ્યક્ત કરે છે.[૧] તેમની આ વાતને ડૉ. બળવંત જાની[૨] અને સમર્થ સંશોધક રતુદાન રોહડિયાનું[૩] પણ સમર્થન છે.

**ભારતય જીવનમૂલ્યોનું જતન કરનાર-સંસ્કૃતિમૂલક સાહિત્ય :**

સાહિત્ય ક્ષેત્રે મુખ્યત્વે 'કલા ખાતર કલા' અને 'જીવન ખાતર કલા' એવા બે વિભાગ જોવા મળે છે. બન્ને ધારાની પોત પોતાની વિશિષ્ટતા અને



મર્યાદાઓ છે, એટલું જ નહીં ઉભય ધારા વિશે વિભિન્ન મતમતાંતરો જોવા મળે છે અને તેને અનુસરનારા સમર્થ સર્જકો તેમજ મિમાંસકોની દીર્ઘ પરંપરા જોવા મળે છે, એ અંગે વિશેષ વાદ-પ્રતિવાદ કરવાને બદલે અહીં એટલું જ નોંધવું ઉપયુક્ત છે કે, ચારણોએ ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિની પરંપરાને આત્મસાત્ કરી તેને લોકો સુધી પહોંચાડવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. કવિશ્રી કાગે 'એ ચારણનું કર્મ હતું' કાવ્યમાં કહ્યું છે કે :

'ઈશ્વરથી ડરતા, પરદુઃખ હરતા, માતૃભૂમિ માટે મરતા;
સાચું કરતાં, મુખ ઉચ્ચરતાં, મન મહિપતિથી જરા ન ડરતા;
ત્રંબાળ ગગડતાં, સન્મુખ મરતા, મન એનું કાયર ન હતું;
સત્ ઉચ્ચરવાનું, તપ કરવાનું, એ ચારણનું કર્મ હતું;
જી એ ચારણનું કર્મ હતું.[૪]

પદ્મશ્રી દુલા કાગે આ કાવ્યમાં ચારણોની જીવનશૈલી અને તેમના ગુણગ્રાહી વ્યક્તિ વિશેષોનો સુપેરે પરિચય આપ્યો છે. દીર્ઘકાળથી સાહિત્યના માધ્યમથી ભારતીય જીવનમૂલ્યોની પાવનધારાને રાજદરબારે અને લોકદરબારે પહોંચાડનારા ચારણોને સમાજે પૂરા આદર સાથે દેવીપુત્ર-સરસ્વતીપુત્ર તરીકે સ્વીકાર્યો છે. તો ચારણે પોતાની જીવનશૈલી દ્વારા પ્રાણાંને પણ એ બિરુદનું ગૌરવ જાળવ્યું છે.

**વ્યક્તિ નહીં સમષ્ટિના કલ્યાણની ભાવના :**

આજે પાશ્ચાત્ય સંસ્કૃતિના આક્રમણે આપણે ત્યાં પણ ભૌતિકવાદ અને ભોગવાદનો વ્યાપ વધ્યો છે, વ્યક્તિ 'સર્વને' બદલે 'સ્વ' નો વિચાર કરે છે, તેને સમુદાય માટે બલિદાન આપવાનો કે લોકકલ્યાણાર્થે ત્યાગ કરવાનો વિચાર આવતો નથી. આમાં 'મારું શું' ? અન્યથા 'મારે શું ?' એવી વિચારધારા ફેલાવા લાગી છે, ત્યારે ચારણી સાહિત્યમાં વ્યક્ત થયેલી વાતોને સમજવી અને સમજાવવી મુશ્કેલ છે, કેમકે, અહીં તો વ્યક્તિ નહીં સમષ્ટિના કલ્યાણની વાતનો મહિમા ગવાયો છે. પ્રજાને ત્રાસ આપનારા આતતાયીઓ સામે લડીને બલિદાન આપનારા નવલોહિયાને પ્રેરવાનું કામ ચારણકવિઓએ કર્યું છે. તેમણે વીરોને 'સ્વ' માટે નહીં પણ 'સર્વ' માટે જીવવાનો અને પરકાજે મરવાનો મહિમા સમજાવ્યો છે, એટલું જ નહીં એને અમરત્વ અપાવ્યું છે. આથી તો એક દુહામાં કહેવાયું છે કે :

*'અમર હુઆ રી ઓખદી, શોધી જુઓ સંસાર;*
*બાપો કે બીજી નહીં, કાં કવિ અને કાં કિરતાર.*[૫]

**ધર્મ અને ધરા માટે સર્વસ્વનો ભોગ આપવો :**

મધ્યકાળ ચારણી સાહિત્યનો સુવર્ણયુગ હતો. અલબત્ત, એ સમયની રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિથી આપણે સૌ વાકેફ છીએ. ધર્મ અને ધરા માટે અનેક નરસંહારો થયા છે. સત્તા અને સંપત્તિના બળે દુઃશ્મનોએ લોકસમુદાયો પર અત્યાચાર કરવામાં માઝા મૂકી હતી. તેમણે કરેલાં અત્યાચારો અને અનાચારોની વિગતો ઇતિહાસકારોએ પણ ગાળી ચાળીને મૂકી છે. કહો કે, એ ઇતિહાસગ્રંથો પણ અર્ધસત્ય છે, પણ કંઠસ્થ પરંપરાના સાહિત્યમાં-લોકસાહિત્યમાં તેનું આછું ચિત્ર મળે છે. રાજ્યાશ્રિત કવિઓ અને ઇતિહાસકારોએ જ્યારે મૌન ધારણ કર્યું હોય ત્યારે ચારણોએ પોતાનો ધર્મ નીભાવ્યો છે. તેમણે ધર્મ અને ધરા ખાતર બલિદાન આપનારા વીરોને લાડલડાવ્યાં છે, તેમની શહાદતોને એમણે જિહ્વાગ્રે જાળવી છે. આતતાયીઓએ મંદિરો, ગ્રંથાલયો અને શહીદોના સ્મારકોને તોડ્યા, સળગાવ્યા અને નષ્ટ કર્યાં, પણ ચારણકવિઓની જીભે, તેમનાં હૃદયમાં ખોડેલી ખાંભીઓ અવિચળ રહી અને પેઢી દર પેઢી જીવંત રહી. આથી તો કોઈ કવિએ કહ્યું છે કે :

*‘‘માત પિતા સુત મેહળા, બાંધવ બિસારેહ;*
*શૂર દત્તા સતિયાં ચરિત, ચારણ ચિતારેહ.’’*[૬]

આ નાશવંત સંસારમાં જેનો જન્મ છે એનું મૃત્યુ અવશ્યંભાવી છે તો મૃત્યુ પછી ધીમે ધીમે માતા-પિતા, પુત્ર, પત્ની અને ભાઈઓ પણ ભૂલી જાય છે, પરન્તુ શૂરવીરો, દાતારો અને સતીઓનાં યશૌજ્વલ્લ ચરિત્રોને ચારણો સદા યાદ રાખે છે.

ચારણોએ ધર્મ અને ધરા માટે બલિદાન આપનારા રાજા-મહારાજાઓથી માંડીને સમાજના છેવાડાના લોકોને પણ બિરદાવ્યા છે, અનેક લોકનાયકોની યશૌગાથા ચારણી સાહિત્યમાં મળે છે.

**સ્વમાન, ચારિત્ર્ય, ત્યાગ અને શૌર્યને પ્રાધાન્ય :**

ચારણી સાહિત્યનો અભ્યાસ કરતાં એ વાતની પ્રતીતિ થાય છે કે આ ચારણકવિઓએ એવા વીરોને બિરદાવ્યા છે કે જેમણે સ્વમાન માટે સંઘર્ષ કર્યો હોય. જેમકે મોગલકાળમાં શહેનશાહ અકબર સામે સ્વમાન માટે ઝૂઝનારા મહારાણા પ્રતાપને તેઓએ છેક દિલ્હીમાં અકબરની સન્મૂખ બિરદાવ્યા હતા. શિરોહીના રાજકવિ દુરસા આઢાએ રચેલ ‘બિરુદ છહુતેરી’ના દુહાઓ કાલજયી રચના રૂપે



આજે પણ લોકમુખે ગવાતા રહે છે. તેમાંથી મહારાણા પ્રતાપની સંઘર્ષગાથા અને અકબરે સત્તાને બળે આચરેલ અત્યાચારની વાત આ રીતે પ્રગટે છે :

*‘અકબરે ઘોર અંધાર, ઊંઘાણા હિન્દુ આવર.*
*જાગે જગતાધાર, પોહર આઠે પ્રતાપસી.’*[૭]

એ કાળે માત્ર મુસ્લિમો અને હિંદુઓ વચ્ચે જ સંઘર્ષ હતો એવું નથી. ખરા અર્થમાંતો સત્તા, સંપત્તિ અને સૌંદર્યની ભૂખ અનાચાર-અત્યાચારની ગંગોત્રી છે. આથી તો અનેક હિંદુ રાજવીઓ સામે ક્ષાત્રત્વના ઉપાસક વીરોએ બહારવટા ખેડયા છે. તેમાંનાં કેટલાંક વીરોની સ્વમાન પ્રીતિ, દૃઢ ચારિત્ર્યશીલતા, ત્યાગ અને ઉદારતાને ચારણોએ નિર્ભિકતાથી સરાહી છે. ભાવનગર સામે બહારવટે ચડનાર જોગીદાસ ખુમાણ કે અંગ્રેજો સામે બહારવટે ચડનાર જોધા માણેક-મુળુ માણેકને કવિઓએ અમર કર્યા છે.

**પરોપદેશે પાંડિત્ય નહીં પણ કહેણી અને કરણીમાં સામ્ય :**

ચારણકવિઓએ વીરોને બલિદાનનો રાહ ચીંધી બતાવ્યો છે. તેમને પરોપકારાર્થે પ્રાણ દેવાની કે સ્વમાન, ચારિત્ર્ય, ત્યાગ અને શૌર્યની વાતો તેણે ગળથીથીમાં પીવડાવી છે. અલબત્ત, એ બધી વાતોનો પ્રભાવ પડતો. વીરો પ્રાણાંત સુધી ઝૂઝતા, એની વાણીમાં આવી તાકાત હોવાનું કારણ એ હતું કે ચારણ સવાયો શૂરવીર હતો. એ વીરોની બિરદાવળીઓ ઘરે બેસીને રચવાને બદલે સમરાંગણમાં સાથ નીભાવતો હતો. અવસર આવ્યે કલમ છોડીને કિરપાણ ધારણ કરતો. ખાંડાના ખેલ ખેલવાની વાત કરનારા ચારણોએ યુદ્ધભૂમિમાંથી પારોઠનાં પગલાં નથી ભર્યાં. ઉદારતા અને દાનવીરતાનો મહિમા ગાનાર ચારણ દાન લેનારો ખરો, પણ દાન આપવામાં પણ અગ્રેસર રહેતો. આથી તો કહેવાનું કે, ‘ચારણ લ્યે લાખ, આપે સવાલાખ’. ચારિત્ર્યશીલતાનો મહિમા ગાનાર ચારણ પોતાની સંયમી-દૃઢવૃત્તિને કારણે રાણીવાસમાં બેન-દીકરીઓને કશી જ રોકટોક વગર મળી શકતો. રણવાસ અને રાણીવાસમાં સંયમ જાળવનાર ચારણોને ત્યાં સંકટ સમયે ક્ષત્રિયાણીઓને આશ્રય અપાયાના પણ ઉદાહરણો મળે છે. ભલભલ્લા લોકો વિવેકચૂકે પણ ચારણની કહેણી અને કરણીમાં ફેર ન પડે. આથી તો કોઈક કવિએ કહ્યું છે કે :

*ગુંજ બહેરા દ્રવ્ય આંધળા, ઝૂઝણ વેળ આનંદ;*
*કાછદ્રઢા કર બરસણા, સૌ લખણ કવિચંદ.*[૮]

**સમરાંગણ-જીવનસંગ્રામમાં સાથ ન છોડવો :**

મધ્યકાળે ચારણોને રાજદરબાર અને લોકદરબારમાં ખૂબ જ માન-પાન મળ્યા છે. ચારણોને અનેક રાજવીઓએ રાજ્યાશ્રય આપ્યો છે. અલબત્ત, રાજ્યાશ્રિત કવિઓની રચનાઓમાં પણ માત્ર રાજ્યાશ્રિતતાને બદલે તથ્યાશ્રિતતાનો અહેસાસ થાય છે. ચારણોએ ક્ષત્રિયોને યુદ્ધભૂમિનો મહિમા સમજાવ્યો છે, તેને રણભૂમિમાંથી પારોઠનાં પગલાં ભરવાને બદલે કેસરિયાં કરવાની સોનેરી શિખામણ આપી છે, એટલું જ નહીં પણ એણે સુખમાં રાજવૈભવ માણ્યો છે તો દુઃખમાં ક્યારેય સાથ છોડ્યો નથી. ક્ષાત્રત્વ અને ચારણત્વનો આ સુભગ સમન્વય ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયો છે, પરન્તુ બૌદ્ધિકોનું ધ્યાન ત્યાં ગયું નથી. ખરા અર્થમાં તે ક્ષત્રિયની સાથે ખંભેખંભો મેળવીને સાથી બની ઊભો છે. વિપત્તિ વેળાએ સ્વજનો સાથ છોડી દયે, કે મોહાંધ બનેલા પિતા-પુત્ર કે ભાઈ-ભાઈ પણ દુઃશ્મન બની જાય એ વેળાએ ચારણે પોતાનો ચારણધર્મ નીભાવ્યો છે. આથી તો ચારણો અને ક્ષત્રિયને ભાઈ કહ્યા છે, પરન્તુ જેનામાં ક્ષાત્રત્વ રૂપી વીરત્વ અને ઉદારતા હોય તેને જ તેણે સ્વીકાર્યા છે. જ્યારે ડાયરો અને કંજુસો પર તો તેણે વાણીનાં કોરડા વિંજ્યાં છે. આથી તો કહેવાયું છે કે :

*'ચારણ ખત્રિયાં ભાઈયાં, જા ઘર ખાગ અરુ ત્યાગ;*
*ખાગાં ત્યાગાં બાહીરાં, જાસું ન લાગ ભાગ.'* ૯

ભારતવર્ષનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે, ચારણોએ ક્ષત્રિયોને સમરાંગણ રૂપી યજ્ઞકુંડની આહુતિમાં ઓરી દીધા નથી, પરન્તુ ધર્મ, ધરા, સ્વાતંત્ર્ય, સ્વમાન અને ચારિત્ર્ય માટે તે પણ સાથે હોમાયો છે.

**યુગધર્મ-ચારણધર્મ નીભાવવો :**

ક્ષાત્રત્વનું જતન કરે તે ક્ષત્રિય, બ્રાહ્મણત્વનું જતન કરે તે બ્રાહ્મણ અને ચારણત્વનું જતન કરે તે ચારણ, ખરા અર્થમાં એ પરંપરાનું-તત્ત્વનું જતન કરવાનું કાર્ય ખૂબ જ કપરું અને દુષ્કર છે. ચારણ તરીકે લોકો આદર આપે, દેવીપુત્ર કહીને આબાલ-વૃદ્ધ સૌ અભિનંદે, રાજસભામાં માન-સન્માન પામે ત્યારે ચારણની એ ફરજ ગણાય કે તે અવસર આવ્યે પોતાનો યુગધર્મ-ચારણધર્મ નીભાવે. કેમકે, કટોકટીની પળે આમ વર્ગ તો મૌન ધારણ કરી લ્યે કે આતતાયીની શરણાગતિ સ્વીકારી લ્યે, પણ ચારણે પ્રાણાંતે પણ પોતાનો ચારણધર્મ નીભાવવો રહ્યો. એણે એ પળે પોતાની ફરજ યથોચિત રીતે નીભાવી છે. આથી તો પિતાની હત્યા કરાવનાર જોધપુર નરેશ અભેસિંહ અને પુત્રની હત્યા કરનાર જયપુરના રાજવીને



પુષ્કર તીર્થમાં જ કવિરાજ કરણીદાન કવિયા દુહો કહે છે કે :

*''પત જૈપુર જોધપુર, દોનો થાપ ઉથાપ;*
*કૂરમ માર્યો ડિકરો, કમધ્વજ માર્યો બાપ.''* ૧૦

એ જ રીતે સમરાંગણમાં પારોઠનાં પગલા ભરનાર જોધપુરના રાજવી જસવંતસિંહજીને ભક્તકવિ નરહરદાસજી બારહટ ઉપાલંભ કાવ્યો સંભળાવી ચારણધર્મ નીભાવે છે.

**સત્ય માટે સર્વસ્વનો ભોગ આપનાર-સત્યાગ્રહી :**

આદિકાળથી માનવજીવનમાં સત્ય પાલન અને વચનપ્રીતિનો મહિમા ગવાયો છે, પરન્તુ જગતનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે સત્યવાદી થવું કેટલું દુષ્કર છે. રાજા હરિશ્ચંદ્ર અને તારામતી હોય કે શેઠ સગાળશા અને ચંગાવતી હોય એમણે વેઠેલ દુઃખ ખૂબ જ દોહ્યલું છે. અલબત્ત, ત્યાં એક વ્યક્તિ કે પરિવારે કરેલ સંઘર્ષની વાત છે. જ્યારે અહીં એક સમાજ પેઢી દર પેઢી સત્યાગ્રહી બનીને પ્રાણાંત સુધી ઝઝૂમ્યો છે. અન્યાય, અનીતિ અને અનાચાર રોકવા માટે એ સદા બલિદાનની રાહ પર આગળ ચાલ્યો છે. તેણે કોઈના પ્રાણ હરવાને બદલે પ્રાણ અર્પણ કરવાની સોનેરી શિખામણ આપી છે. ગાંધીજીએ જે રીતે આચરણ દ્વારા સત્યનો મહિમા સમજાવ્યો છે, તે રીતે ચારણોએ ધરણાં, ત્રાગા અને બલિદાન દ્વારા સત્યનું પાલન કરાવ્યું છે.

મધ્યકાળે રાજા-મહારાજાઓને સત્તાનો સદુપયોગ કરવા પ્રેરનાર, મદોન્મત્ત હાથી સમાન સત્તાંધ રાજવીઓને પોતાની દઢતાથી અંકુશમાં રાખનાર ચારણોનું આ કાર્ય ખૂબ જ સરાહનીય છે. સત્તા અને સંપત્તિ માટે અનાચાર આચરનાર રાજવીઓ સામે ધરણાં-ઉપવાસ કરનાર ચારણો આખરે ત્રાગા કરીને પોતાનાં બલિદાનો આપતાં. એ વેળાએ તેને રાજસત્તા કે સંપત્તિથી ઝૂકાવી શકાતા નહીં. આઉવાના ધરણામાં અપાયેલ બલિદાનો કદાચ વિશ્વની સૌથી મોટી બલિદાન ઘટના છે. તો બીજી તરફ સૌંદર્યાનુરાગી વ્યક્તિ બેન-બેટીની ઇજ્જત લૂંટે કે તેના પર જૂલ્મ આચરે ત્યારે તેનો પ્રતિકાર કરવા માટે ચારણોની બેન-દીકરીઓએ આપેલ બલિદાનોની શતાધિક ઘટનાઓ બની છે. એ પળે પોતાની જીજીવિષા ત્યજીને મોહાંધ વ્યક્તિ પર લોહી છાંટીને કે પોતાના હાથે જ દેહના કટકાં કરીને તેને પડકારવામાં આવતો. આ રીતે પોતાની ચારિત્ર્ય રક્ષા માટે પ્રાણની આહુતિ આપનાર એ ચારણસ્ત્રીઓની સમાજે આઈ તરીકે પૂજા કરી છે, એટલું જ નહીં આવા વ્યભિચારી કે લંપટ શાસકોને આઈઓએ મૃત્યુ દંડ પણ આપ્યો છે, સરધારમાં

બાકરશેખને મારીને પોતાનો પ્રાણ અર્પનારા આઈશ્રી જીવણીનું મંદિર સરધારમાં હયાત છે. લોકો તેને સિંહમોય તરીકે પૂજે છે. તો પૃથ્વીરાજ રાઠોડના પત્નીની લાજ બચાવવા ડોલીમાં બેસીને દિલ્લી જનારા આઈશ્રી રાજલે અકબરને સિંહણ રૂપે ડરાવીને નવરોજ બંધ કરાવેલો, તેમનું મંદિર મોરબી પાસે ચરાડવામાં છે.

**ચારણી સાહિત્યની લાક્ષણિક વિશેષતા :**

ભારતીય સાહિત્યને પોતાની અનેકવિધ વિશિષ્ટતાઓને કારણે સમૃદ્ધ કરનાર ચારણી સાહિત્યની સાચી રિદ્ધિ-સિદ્ધિનો વિદ્વાનોને યથાર્થ પરિચય નથી. આ સાહિત્યને રાજ્યાશ્રિત કે વીરરસપ્રધાન ગણી તેની અવહેલના કે ઉપેક્ષા કરવામાં આવી છે. રામાયણકાળમાં જે રીતે ઊર્મિલાજીની ઉપેક્ષા કરવામાં આવી છે, તેજ રીતે આ સાહિત્યને યથાર્થ રીતે જોવા, જાણવા, માણવાને બદલે તેને દૂરથી જ સાહિત્ય પ્રદેશમાં પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આજે જ્યારે નવ્ય ઇતિહાસવાદીઓ દ્વારા ઇતિહાસ વિષયક નૂતનવિચારધારા પ્રચલિત બની છે, એમાં તળપદી-નેટિવિટિ પરંપરાને વિશેષ સ્થાન અને માન મળ્યું છે, ત્યારે આપણે ચારણી સાહિત્યનું યથાર્થ મહત્ત્વ સમજીને તેમાં સચવાયેલી સામગ્રીને સાહિત્યિક સાંસ્કૃતિક અને ઐતિહાસિક અભિગમથી તપાસીએ તે અત્યંત જરૂરી છે.

**ચારણો અને ચારણેતરોનું પ્રદાન :**

ચારણી સાહિત્ય સંજ્ઞાથી ઓળખાતું આ સાહિત્ય ચારણો અને ચારણેતર વિદ્વાનોનું સાહિત્ય છે, તેના સર્જનમાં ચારણો ઉપરાંત ક્ષત્રિયો, બારોટ, રાવળ, મીર, બ્રાહ્મણ, નાગર અને અન્યજ્ઞાતિના સર્જકોનું પ્રદાન છે. રાજસ્થાની શબ્દકોશના લેખક પદ્મશ્રી સીતારામ લાળશ કહે છે કે, 'ચારણી સાહિત્યનું તાત્પર્ય અહીં ચારણશૈલીમાં લખાયેલ સાહિત્ય છે.'[૧૧]

છેલ્લા હજારેક વર્ષમાં આ ક્ષેત્રે અનેક ચારણકવિઓએ પ્રદાન કર્યું છે. તેમાંથી શતાધિક ચારણકવિઓ અને તેમની સહસ્ત્રાધિક રચનાઓ આજે કંઠસ્થ પરંપરામાં અને હસ્તપ્રતોમાં જળવાઈ છે. તેમજ ચારણેતર કવિઓમાં ક્ષત્રિયો, બારોટો, મીર, ઢાઢી, બ્રાહ્મણો અને અન્ય જ્ઞાતિઓનું પણ નોંધપાત્ર પ્રદાન છે. જેમાં કચ્છના રાઓ, લખપતસિંહ, રાજકોટના રાજવી મહેરામણજી, જોધપુરના રાજવી જશવંતસિંહજી, બીકાનેરના રાજવી પૃથ્વીરાજજી રાઠોડ, કવિ મંછ, વીરભાણ ઢાઢી, રિણા મોતીસર, કવિ નંદદાસ, ગીગા બારોટ, ઉનડ બારોટ અને ગોદડ બારોટ, કાનદાસ મહેડુના શિષ્ય મીર મુરાદ, શ્રીધર વ્યાસ, નાગરકવિશ્રી હરખજી મહેતા, કવિથી લાલ ભટ્ટ, મુળજી ભટ્ટ તથા નારણજી ભટ્ટ ઇત્યાદિ



કવિઓએ ચારણી સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

**શક્તિ ઉપાસના અને આઈ પરંપરા :**

ચારણકવિઓને દેવીપુત્રનું બિરુદ મળ્યું છે. આપણે ત્યાં શક્તિ ઉપાસના-દેવીભક્તિની પ્રાચીન પરંપરા છે. જેમ બ્રહ્મા, વિષ્ણુ અને શિવની આરાધના કરવામાં આવે છે, તે રીતે જ સરસ્વતી, લક્ષ્મી અને મહાકાળી-રુદ્રાણીની પણ ઉપાસના કરવામાં આવે છે. ચારણોએ મહદ્અંશે ભગવતી સરસ્વતીની એકનિષ્ઠ ઉપાસના કરી છે ! બીજી તરફ પૌરાણિક લોકમાન્યતા અનુસાર ચારણો નાગકુળના ભાણેજ અને ડાડા મહેશના સંતાનો છે. આજે પણ તેઓએ કંઠોપકંઠ જાળવેલી માહિતીમાં કહેવાય છે કે 'મહેશ ડાડો અને શેષ નાનો.' વળી ચારણકુળમાં અનેક લોકદેવીઓએ જન્મ ધારણ કર્યો છે. આજે અઢારેય વરણ અને વિવિધ પ્રદેશોમાં કેટલીક ચારણઆઈઓ કુળ દેવી તરીકે પૂજાય છે. જેમાં આઈ આવડ, આઈ ખોડલ, આઈ બૂટ, આઈ બલ્લમ, આઈ બહુચરાજી, આઈ કામળાઈ, આઈ જાનબાઈ અને ૧૯૭૪ સુધી હયાત હતા તે આઈશ્રી સોનબાઈ માતાજીનું નામ સૌથી મોખરે છે. તેમના તો હાલ મઢડા અને કાઠડા (માંડવી, કચ્છ)માં ભવ્ય મંદિરો બંધાયા છે.

ચારણકુળમાં જન્મેલાં આ બધા આઈઓ વિશે ભરપૂર રચનાઓ ચારણી સાહિત્યમાં મળે છે. અલબત્ત આ બધા આઈઓના ગુણિયલ અને પરોપકારી વ્યક્તિત્વને કારણે લોકો તેની પૂજા કરે છે. મધ્યકાળે ક્ષત્રિયોને પ્રોત્સાહિત કરવાનું, તેને યોગ્ય માર્ગે વાળવાનું અને વિપત્તિ વેળાએ તેને પ્રેરવાનું કામ ચારણ કવિઓ કરતા એજ રીતે ચારણો માટે પ્રેરણા પૂરી પાડવાનું કામ ચારણ આઈઓ કરતા. ખરા અર્થમાં તેને નીતિને માર્ગે ચાલવામાં મદદ કરવામાં અને આપત્તિ વેળાએ ધૈર્ય ધારણ કરાવવાનું કામ ચારણ આઈઓ કરતા.

**ચારણો દ્વારા વિદ્યાની ઉપાસના :**

સમાજે ચારણને દેવીપુત્રનું બિરુદ આપ્યું છે, પરન્તુ ચારણોએ એકનિષ્ઠભાવે વિદ્યાની ઉપાસના કરીને એ વાતની પ્રતીતિ કરાવી છે કે તે ખરા અર્થમાં સરસ્વતીપુત્ર છે. ચારણોએ પોતાની સ્વાતંત્ર્યપ્રીતિને કારણે સ્વાવલંબી જીવનશૈલી અપનાવી છે. એ કારણે તે રાજ્યાશ્રિત હોવા છતાં તેણે પોતાનો સ્વતંત્ર વ્યવસાય પશુપાલન, ખેતી અને વ્યાપાર છોડ્યા નથી. તેની આસપાસ સંકળાયેલા પરિવારજનો પણ પરાવલંબી બનવાને બદલે પ્રકૃતિને ખોળે રહીને સ્વતંત્ર રીતે જીવવાનું વલણ ધરાવે છે. વળી, આઝાદી આવી ત્યારે પણ માંડ પાંચસોથી થોડાં

વધારે રાજ્યો હતા, તો રાજકવિઓની સંખ્યા તો સ્વાભાવિક રીતે એથી પણ ઓછી હોવાની. એટલે બધા ચારણકવિઓ ક્યારેય રાજ્યાશ્રિત હોઈ શકે નહીં. વસ્તુતઃ વિદ્યાપ્રીતિ ચારણોને લોહીમાં મળેલ સંસ્કાર હતો. મેઘાણીજીએ 'ચારણો અને ચારણી સાહિત્ય' ગ્રંથમાં યથાર્થ જ નોંધ્યું છે કે, ''સાહિત્ય સર્જન એ ચારણોનો વ્યવહાર કે વ્યવસાય નહીં પણ સંસ્કાર હતો, જે પેઢાન પેઢી લોહીમાં સંચરતો.'

મેઘાણીજીની આ વાત પ્રતીતિ કરાવે છે કે ચારણો આજીવિકા કે જીવનનિર્વાહ માટે ભલે ગમે તે વ્યવસાય કરતા હોય પરન્તુ લોહીમાં મળેલ સંસ્કારોને કારણે તેઓ શબ્દસાધના - સાહિત્યની ઉપાસના અવશ્ય કરે છે, અરે ! સંસાર છોડીને સંન્યાસ લીધા પછી પણ તેઓ સાહિત્યસાધના છોડી શક્યા નથી, લોહીના સંસ્કારે તેમની સર્જનયાત્રા ચાલુ રાખી છે, તે માટે અહીં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો સદ્‌ગુરુશ્રી બ્રહ્માનંદ સ્વામી, શ્રી દેવાનંદ સ્વામી, શ્રી પૂર્ણાનંદ સ્વામી અને જૈનધર્મ સ્વીકારનારા ચારણમુનિ હરદાન મહારાજની વાત ઉદાહૃત કરી શકાય તેમ છે.

ભગવતી શારદાની એકનિષ્ઠ ઉપાસના કરનારા ચારણોએ ચારણી સાહિત્યને એક સ્વતંત્ર અને સ્વાયત્ત વિદ્યાશાખાની ઓળખ અપાવી છે. આ ધારાનું આગવું છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, શબ્દકોશ, પર્યાયવાચી શબ્દકોશ અને કાવ્યરીતિ વિષયક ગ્રંથો મળે છે. તેમાં પણ ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી છે. એટલું જ નહીં આ બધા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કરાવતી વ્રજભાષા પાઠશાળા પણ કચ્છ-ભૂજમાં હતી. ત્યાં આ દ્વારા વિષયક ગ્રંથોનો અભ્યાસ કરાવાનો એટલું જ નહીં અહીં વિદ્યાભ્યાસ કરાવવા માટે આવશ્યક ગ્રંથોની રચના પણ આચાર્ય હમીરજી રત્નુ અને અન્ય વિદ્વાનોએ કર્યાનાં ઉદાહરણો પ્રાપ્ત થાય છે.

ચારણી સાહિત્યની સુદીર્ઘ પરંપરા ઘણી જૂની હોવાની પ્રતીતિ થાય છે. અલબત્ત, પ્રારંભે કંઠસ્થ પરંપરામાં જળવાયેલી રચનાઓ આજે ઉપલબ્ધ થતી નથી, આથી તેના આરંભ અંગે કોઈ નક્કર આધારો આપી શકાય તેમ નથી, પરન્તુ ચારણી સાહિત્યના મૂળ 'ગાથાકાળ' સુધી વિસ્તરેલાં છે. 'ગાથા સપ્તશતી'માં જળવાયેલ અનેક રચનાઓ સુધી ચારણી સાહિત્યના મૂળ પહોંચે છે. સિંધમાં ઉનડ જામે સુધમલ્લ શામળને સિંધનું રાજ્ય દાનમાં આપ્યાનો દુહો મળે છે, કે :

*'માઈ એહડા પુત જણ, જેહડા ઉનડ જામ;*
*સમપ્યો સાતો સિંધડી, જ્યું દીજે હિક ગામ.'* [૧૨]



એ સમયે ચારણો સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન, થરપારકર અને આજના પાકિસ્તાનમાં છેક બલુચિસ્તાન સુધી રહેતા હોવાના પ્રમાણો મળે છે. પાકિસ્તાનમાં આવેલી આદ્ય શક્તિપીઠ હિંગળાજ તો ચારણોની ઉપાસ્યા દેવી છે. તો આઈ આવડે પણ સિંધના સુમરાઓને હરાવીને સમા સટ્ટાનો પ્રદેશ ભયમુક્ત કરી યાદવો-જાડેજાઓને અપાવ્યાની વાત કંઠોપકંઠ મળે છે. છેક દસમી સદીમાં થયેલ કચ્છના રાજવી રા'લાખા ફુલાણી (વિ.સં. ૯૧૧ થી ૧૨૩૫)ના રાજકવિ માવલ વરસડા એ રચેલા દુહાઓ મળે છે, તેમાંથી એક દુહો જોઈએ :

*'તાહરો ફૂલ તણા, લાખા જસ અંબર લગૌ;*
*ઉપરિ જગતિ અથાહ, જિગિઓ કરણાપતિ જિહિ.'*[૧૩]

તો પાટણ પતિ સિધ્ધરાજ જયસિંહની રાજયસભામાં રાજકવિ તરીકે આલાજી વરસડાને સ્થાન મળેલું. તેમને લાખપશાવ સાથે મળેલ હાથી પર સોનાની ઝૂલ બિછાવી હોવાથી તેમની ઉપશાખા ઝૂલા પડી. આ શાખામાં પ્રસિધ્ધ ભક્તકવિ સાંયાજી ઝૂલા થયા, જે ઈડરના રાજકવિ બનેલા. તો આલાજીના જમાઈ કરમાણંદ અને તેના પિતા આણંદ પ્રસિધ્ધ કવિ હતા. વિદ્યાવાદમાં પિતા-પુત્રીની આ બેલડીએ કંકાળણ ભાટ જેવી વિદુષિને પરાસ્ત કરેલા. આથી સિધ્ધરાજે તેમને મમ્માણા ગામ દાનમાં આપેલું, ત્યાં તેમના વંશજો આજે પણ વસે છે. આણંદ-કરમાણંદ દુહાવિદ્યામાં અજોડ ગણાયા છે. તેમની રચનાઓ હસ્તપ્રતોમાં અને કંઠસ્થ પરંપરા મળે છે. તો આચાર્ય હેમચંદ્રજીના એક શિષ્ય રામચંદ્રજી એ સંસ્કૃત નાટકોની રચના કરી હોવાના પ્રમાણો પ્રિ. નરોત્તમ પલાણે તેમના લેખમાં રજુ કર્યાં છે.[૧૪] મારી શોધયાત્રા દરમ્યાન મને મમ્માણાના મીસણ ચારણોની વંશાવળી મોરમર ગામેથી ભીમજી ભારમલ દેવ પાસેથી પ્રાપ્ત થઈ છે. તેમાં પણ રામચંદ્ર અને કરમાણંદજીને આણંદજીના પુત્રો દર્શાવ્યા છે. વળી, મમ્માણા ગામ મળ્યાની નોંધ પણ છે. આલાજી વરસડાના પુત્રી તેજલબાના લગ્ન કરમાણંદ સાથે થયેલા. તેજલબા એ રચેલ કવિત પણ મને શોધયાત્રા દરમ્યાન મળેલ છે.[૧૫]

આચાર્ય હેમચંદ્રજીએ અપભ્રંશ વ્યાકરણમાં ઉદાહરણાર્થે આપેલ દુહાઓ પણ ચારણી સાહિત્યની પરંપરાની પ્રાચીનતા પૂરવાર કરે છે. સોરઠના રાજકવિ લુણપાડ મહેડુએ રચેલ ઢોલા મારુની દુહાબધ્ધ કથાના કેટલાંક દુહા પણ આ ગ્રંથમાં પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત 'પ્રભાવક ચરિત', 'પ્રબંધ ચિંતા મણિકોશ', 'પુરાતન પ્રબંધ સંગ્રહ', 'કુંમારપાલ પ્રતિબોધ' અને 'ઉપદેશ સપ્તશતિ' એ રચનાઓમાં પણ એમના રચનારાઓએ એ સમયના અન્ય કવિઓમાં રચેલ પ્રચલિત એવાં

અનેક પદ્યોને ઉદાહૃત કર્યા છે. આમ, ગાથાકાળ પછી પ્રબંધકાળમાં ચારણોની સાહિત્ય ઉપાસનાની ઐતિહાસિક વિગતો પ્રાપ્ત થાય છે.

ચારણીસાહિત્યને વિદ્યાના મણિમંડપમાં યોગ્ય સ્થાન-માન આપવાના હિમાયતી સમર્થ સંશોધક-ઇતિહાસવિદ્ પ્રિ. નરોત્તમ પલાણે આ ધારાને હેમચંદ્રાચાર્યથી પણ પૂર્વાત્તર કહીને તેનું ગૌરવ કર્યું છે. તો મહામહોપાધ્યાય કે.કા.શાસ્ત્રીજીનો અભિપ્રાય છે કે, ગુજરાતી ભાષાનું પારણું ચારણોની જીભે ઝૂલ્યું છે. આથી એમ કહી શકાય કે ચારણોએ દીર્ઘકાળથી વિદ્યાની ઉપાસના કરી છે.

**ચારણીસાહિત્ય અને સંસ્કૃતિ :**

ચારણીસાહિત્યમાં સચવાયેલ સામગ્રી સાંસ્કૃતિક દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વની છે. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ આ સામગ્રી વગર અધૂરો છે. ખરી વિગતો અહીં સ્થાન પામી નથી. કેમકે, રાજદરબાર અને લોકદરબારને જોડનાર ચારણીકવિઓએ ઘણી બધી એવી વિગતોને કાવ્યાંકિત કરી છે, જેનો ઇતિહાસમાં ક્યાંય ઉલ્લેખ મળતો નથી. રાજા-મહારાજાઓ કે વિદ્વાનોથી દૂર વસેલ ગ્રામજનો, અરણ્યમાં વસતા માલધારીઓ કે છેવાડાના માનવીઓએ દાખવેલ શૌર્ય, ત્યાગ, બલિદાન, ચારિત્ર્યશીલતા અને માનવતાના ભરપૂર ઉદાહરણો મળે છે. માતૃભૂમિ, સ્વધર્મ, અબળા અને નિર્બળના રક્ષણ માટે ક્ષત્રિયોની જેમ સમાજના અન્ય લોકો પણ લડ્યા છે, તેમની શહાદતને ચારણોએ અવશ્ય લાડ લડાવ્યા છે. આથી તો ચારણકવિઓએ કહ્યું છે કે :

*'ઘર જાતાં, ધર્મ પલટતા, ત્રિયા પડન્ત તાવ;*
*એ તીનો ટાણા મરણ રા, કોણ રંક કોણ રાવ.'*[૧૬]

અવસર આવ્યે ખાંડાના ખેલ ખેલીને ધર્મ, ધરા અને અબળાનું રક્ષણ કરનારા શૂરવીરોને ચારણે નાત-જાત, ધર્મ કે સંપ્રદાયના ભેદભાવ વગર બિરદાવ્યા છે, એ વેળાએ તેમણે 'ગાયને વાળે (બચાવે) તેજ અરજણ' અર્થાત્ ગાયને કસાઈ વાડે જતી બચાવે તે જ અર્જુન એવી વિશાળદૃષ્ટિ દાખવી છે.

ચારણી સાહિત્યમાં આથી તો જોગડા ઢોલીની ઉદારતા અને વીરતાને, કાનિયા ઝાંપડાની શૂરવીરતાને, વીરમાયાએ પાટણમાં લોકહિતાર્થે આપેલ બલિદાનને, સાંગા ગોડે આપેલ કામળીના કોલને કે દાદુ પઠાણે ચારણકવિ આસાજી-ઈસરદાસજીને કરેલ મદદને સરાહી છે. ચિત્તોડના લાખપશાવ ન સ્વીકારનારા કવિએ દાદુને અમર કરી દીધો છે, જુઓ :



*ચિત્તોડે મન ચળ્યું નઈ, દેતાં લાખો દામ;*
*બાંધ્યું બાલાગામ, દાણો પાણી દાદવા.*[૧૭]

અરે ! એક જત કન્યાને આશ્રય આપીને મોતને મીઠું કરનારા મૂળીના પરમારો હોય કે કાંધલજી મેરને આશ્રય આપી બલિદાનના રાહપર ડગ ભરનારા વંથલીના નાધારીઓ હોય ચારણી સાહિત્યમાં તેની કથાઓને ચારણે કાળજે કંડારી છે, સાંપ્રદાયિક કે ધાર્મિક વિવાદોની સામે માનવતાનો મહિમા વ્યક્ત કરતી આવી રચનાઓ આપણી સાંસ્કૃતિક એકતાનું યશોજ્જ્વલ ઉદાહરણ છે.

**ચારણીસાહિત્યનું દસ્તાવેજી મૂલ્ય :**

ચારણ કવિઓએ સમયના નિડર, નિર્ભીક અને નિષ્પક્ષ પત્રકારો હતા. અભિનય સમ્રાટ, લોકજીવનના માલમી-પરખંદા, શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી તો ચારણોને લોકસમાજના માનવ અધિકારીતાના સ્વનિયુક્ત વકિલ કહે છે, માનવતાના હિમાયતી ચારણોએ સમાજોત્થાનનું કાર્ય સ્વેચ્છાએ સ્વીકાર્યું અને પારાવાર સંઘર્ષ કરીને પ્રાણાંતે પણ તેનું જતન કર્યું. એ સત્યનાં ઉપાસકો હતા. આથી સમાજમાં જ્યાં જ્યાં ઉત્તમ માનવીય ગુણોનું દર્શન થયું તેની તેણે ભરપેટ સરાહના કરી અને જ્યાં જ્યાં અન્યાય, અનીતિ અને અનાચાર જોયા તેની સરાજાહેર નિંદા કરી તેને મુખોમુખ કડવું સત્ય સંભળાવ્યું. એ વખતે તેને પોતાના પરિવારજનો કે સ્થાવર-જંગમ સંપત્તિની ચિંતા કે મોતનો ભય ન લાગ્યો.

ચારણી સાહિત્યની મોટાભાગની રચનાઓ પ્રાસંગિક છે, તેમાં આંખે દેખ્યો કે સ્વ પ્રમાણ્યો પ્રસંગ કાવ્યાંકિત બન્યો હોય છે. વળી, આ રચના એકાંત-ખૂણે બેસીને નહીં પણ જાહેરમાં રાજસભામાં કે લોકસભામાં કહેવાતી હતી. આથી એમાં સમાજના વિદ્વાનોની અને ભાવકોની સહભાગીતા રહેતી, એ દૃષ્ટિએ પણ એનું દસ્તાવેજી મૂલ્ય છે. કેમકે, અહીં શૂરવીરો, દાનવીરો, ધર્મવીરો, શીલવંતોની યશોગાથાઓ છે. તો રાજ્ય માટે પિતા, ભાઈ કે મિત્રની હત્યા કરનારાઓ, રણમેદાનમાં પારોઠનાં પગલાં ભરનાર કાયરો, બેવચનીઓ અને વિશ્વાસઘાતીઓ પર વાણીના કોયડાઓ વિંઝાયા છે. આથી સદ્-અસદ્થી બનેલ આ સમાજનું યથાર્થ ચિત્ર મળે છે. અલબત્ત, અહીં મહિમા તો સદ્ગુણોનો જ થયો હોય એ સ્વાભાવિક છે, કેમકે, એને તે આદર્શ રૂપે રજૂ કરવા માગે છે, પરન્તુ તેણે સમાજની વિરૂપતા પર ઢાંક પીછોડો કર્યો નથી, તેનાથી દૂર રહેવાની સોનેરી શિખામણ પણ અહીં મળે છે. એ દૃષ્ટિએ ચારણી સાહિત્ય આપણાં મધ્યકાલીન સમાજનું દસ્તાવેજી ચિત્ર અંકિત કરતું હોવાથી તેનું દસ્તાવેજી મૂલ્ય છે.

### ભાષાકિય વિશેષતા :

ચારણ કવિઓ ખરા અર્થમાં યાયાવર જીવન જીવ્યા છે. પશુપાલન, વ્યાપાર અને સ્વાતંત્ર્ય પ્રીતિએ તેમને નિરંતર સ્થળાંતરો કરાવ્યા છે. કહો કે સ્થાયી જીવન તેની નિયતિ પણ નથી અને પ્રકૃતિ પણ નથી. આથી તે પશ્ચિમ ભારતના વિવિધ પ્રદેશો સાથે સંકળાયા છે. વળી છેલ્લા હજારેક વર્ષથી તો તેની સાહિત્ય-યાત્રાના સગડ પણ મળે છે. આથી તેમાં અપભ્રંશકાલીન ભાષાની ગતિવિધિની વિગતો મળી શકે. વળી, તેણે ગુજરાતી, રાજસ્થાની, વ્રજ, કચ્છી અને સિંધી ભાષાનો પ્રયોગ કર્યો છે. આથી વિવિધ ભાષાઓની એક હજાર વર્ષની પરિવર્તન યાત્રા કે વિકાસયાત્રાની સામગ્રી તેઓના સાહિત્યમાં મળી રહે છે. જે તેણે હસ્તપ્રતોમાં કે કંઠસ્થ પરંપરામાં જાળવી છે.

ચારણકવિઓએ નગરમાં પંડિતો સાથે અને અરણ્યમાં લોકસમુદાય સાથે નાતો જોડ્યો છે ! આથી તેને માન્ય ભાષા ઉપરાંત વિવિધ પ્રદેશોની લોકબોલીઓ અને સમાજના વિભિન્ન વર્ગમાં બોલાતી લોકબોલીઓની આગવી લાક્ષણિકતાઓનો પરિચય થયો છે. આથી તેની રચનાઓમાં લોકબોલીનો વિશિષ્ટ પ્રયોગ પણ થયો હોય છે. એ બધી બાબતોનો ભાષાવૈજ્ઞાનિકો જો અભ્યાસ કરે તો ઘણી બધી સામગ્રી મળી આવે.

### સ્વરૂપ વૈવિધ્ય :

ચારણી સાહિત્યમાં અપાર સ્વરૂપ વૈવિધ્ય જોવા મળે છે. ચારણી સાહિત્યમાં પદ્યમાં વેલિ, સાકો, રાસો, પ્રકાસ, રૂપક, સરોજ, આખ્યાન, સલોક, ઝમાળ, ઝૂલણા, કવિત, નિશાણી અને ગીત ઇત્યાદિ મળે છે. તો ગદ્યમાં વચનિકા, દવાવેત, ખ્યાત, ઈતિહાસ, પ્રસંગ, પટ્ટા, વિગત, હકીકત, પિઢયાવલી, હાલ, વાર્તા અને વાકિયા ઇત્યાદિ સ્વરૂપો મળે છે.

ચારણી સાહિત્યમાં વિપુલ માત્રામાં છંદો મળે છે. આ બધી છંદોબદ્ધ રચનાઓ માટેનું આગવું છંદશાસ્ત્ર છે અને છંદશાસ્ત્ર વિષયક ગ્રંથોને દ્વયાશ્રયી અભિગમથી રજૂ કર્યા છે. તેમાં ૧૨૦ જેટલાં ડિંગળ ગીતો છે. અલબત્ત, એના અનેક પેટા પ્રકારો પણ મળે છે. જેમકે, ચારણી સાહિત્યમાં દુહાના ૨૧ પ્રકારો મળે છે. ચારણી છંદશાસ્ત્રના પ્રકાંડ પંડિત આસાજી રોહડિયાએ સ્થાપેલી પરંપરા ગોદડ મહેડુ કૃત 'ચોવીસ અવતારનાં ગીત', રામચંદ્ર મોડકૃત 'હરિપિંગળ' અને હમીરજી રત્નુ કૃત 'હરિજસ પિંગળ' આદિ રચનાઓમાં દૃષ્ટિગોચર થાય છે. ચારણી છંદશાસ્ત્રમાં ૮૪ પ્રકારના ચારણી છંદોનું વિવરણ મળે છે. ઉપરાંત અન્ય



૨૪ ગીતો જેનાં લક્ષણો અને ઉદાહરણો આપ્યાં નથી તેનાં નામ મળે છે. એ રીતે ભૂતકાળમાં ૧૦૮ પ્રકારના ગીત-છંદો ચારણી સાહિત્યમાં પ્રચલિત હોવાની માહિતી મળે છે. 'ચારણી સાહિત્યમાં પદ્યાત્મક શૈલીમાં રચાયેલ શબ્દકોશમાં હમીરજી રત્નુ કૃત 'હરિજસ નામમાળા', નાથા વરસડા કૃત 'અભિધાન કોશ', ખેતા મોડ કૃત 'બુદ્ધિવિલાલ', વજમાલ મહેડુ કૃત 'વિજય પ્રકાશ કોસ' તેમજ ઉદયરામ રોહડિયા કૃત 'અવધાન માળા', 'એકાક્ષરી નામમાળા' અને 'અનેકાર્થી નામમાળા' ઈત્યાદિ રચનાઓ સવિશેષ ઉલ્લેખનીય છે.

ચારણી સાહિત્યમાં ડિંગળ ગીતો તરીકે ઓળખાવેલ છંદોનો કલાત્મક વિનિયોગ કરીને તેમાં પણ વૈવિધ્ય લાવવાનો પ્રયાસ થાય છે. આથી અહીં છંદ પરક, સંખ્યાપરક અને વિષય પરક ભેદથી કૃતિનું સ્વરૂપ બંધાય છે. જેમકે, સંખ્યા પરક રચનામાં વીસી, પચીસી, બત્રીસી, છતીસી, બાવની, બહુતેરી, છહુતેરી, શતક અને સતસઈ વગેરે મળે છે. જેમાં એક જ વિષય પર નિશ્ચિત સંખ્યામાં દુહા કે અન્ય છંદો પ્રયોજાય છે. તો એક જ વિષય પર એક જ છંદમાં કે એકાધિક છંદમાં કૃતિ પ્રયોજાય છે. જેમકે, ઈસરદાસજી કૃત 'હાલા-ઝાલા રા કુંડળિયા', આસાજી કૃત 'રાવ ખેંગાર રી બિયાખરી', કરણીદાન કવિયા કૃત 'સુરજપ્રકાશ', વીરભાણ રત્નું કૃત 'રાજરૂપક' અને જગમાલ મહેડુ કૃત 'રાયસિંહ માનાણી રા કવિત' અહીં ઉદાહૃત કરી શકાય.

### સર્જકોની દીર્ઘપરંપરા :

ચારણી સાહિત્યને સવિશેષ ગૌરવ અપાવ્યું છે ચારણકવિઓની દીર્ઘ પરંપરાએ. પોતાની કુળ પરંપરાથી સાહિત્ય સાધનાને સ્વીકારનારા ચારણ સમાજમાં પેઢી દર પેઢી કવિઓ થયા છે, તેનું કારણ એ છે કે તેને પૈતૃકવારસા તરીકે સ્વીકારનાર આ સમાજમાં સાહિત્ય શિક્ષણ પરંપરાગત રૂપે મળતું. પોતાને ત્યાં લગ્ન પ્રસંગ હોય કે મરણનો પ્રસંગ હોય પણ ત્યાં એકત્ર થયેલ ડાયરામાં વાતોનો સાહિત્યની જ થાય. અરે ! કવિની ડેલીએ નિત્યના ડાયરામાં પણ આવી જ સંસ્કૃતિમૂલક વાતો અને કાવ્યોના પાઠ થાય. એટલે નવી પૈઢીના બાળકોનું ઘડતર કે કાવ્યશિક્ષણ અહીં જ થાય. વડિલો તેને કાવ્ય પાઠની ભિન્ન ભિન્ન તરાહો અને રજૂઆતની તાલીમ પણ આ રીતે જ આપે. બીજી સમાજના સારા ભલા પ્રસંગે કે રાજકચેરીમાં પણ સમાજને પ્રબોધવાનું કામ તો આ ચારણકવિઓનું જ, આથી અવનવી રચનાઓ તૈયાર કરી તેને જાહેરમાં પ્રસ્તુત કરી ઈનામ-અકરામ મેળવવા માટેનું પ્લેટફૉર્મ પણ તેના માટે સહજ રીતે જ ઉપલબ્ધ રહેતું. રાજા અને પ્રજા પણ

તેમાં રસપૂર્વક ભાગ લેતા. આ બધા પરિબળોને કારણે ચારણકવિઓની એક સુદીર્ઘ પરંપરા આપણને મળી છે, જેમાં માવલ વરસડા, આણંદ-કરમાણંદ મીસણ, આસાજી રોહડિયા અને ભક્તકવિ ઈસરદાસજી રોહડિયા, ભક્તકવિ સાંયાજી ઝૂલા, શિવભક્ત હરદાસ મીસણ, પીઠવાજી મીસણ, દુરસાજી આઢા, લાંગીદાસ મહેડુ, ગોદડ મહેડુ, હમીરજી રત્નુ, કાનદાસ મહેડુ, બાંકિદાસ આશિયા, સૂર્યમલ્લજી મીસણ, નરહરદાસ બારહટ્ટ, કેસરીસિંહ બારહટ્ટ, પદ્મશ્રી દુલા કાગ અને કવિથી 'દાદ' જેવા સમર્થ કવિઓ સમાવિષ્ટ છે. ચારણી સાહિત્યમાં શતાધિક કવિઓ એવા છેકે જેને પ્રથમ હરોળમાં સ્થાન આપવું પડે અને તેમની સહસ્રાધિક રચનાઓ કાલજયી બનીને લોકપરંપરામાં જીવે છે. અલબત્ત, આ પ્રથમ પંક્તિના સર્જકો ઉપરાંત એક વર્ગ એવો હતો કે જેમનામાં સર્જનાત્મક શક્તિ પ્રમાણમાં અલ્પ હોય, આમ છતાં નિત્ય સાધના કરવાને કારણે તેઓ મધ્યમસ્તરની રચનાઓ કરી શકતા અને પોતાના પૂર્વસુરિઓની રચનાઓને જિહવાગ્રે રાખીને તેને પ્રસ્તુત કરતા હતા. આ રીતે પેઢીદર પેઢી વારસા રૂપે ઝીલાયેલ સાહિત્ય અન્ય ધારાથી અલગ પડી જાય છે.

**વિષય વૈવિધ્ય :**

'મહાભારત' માટે એમ કહેવાય છે કે આ દુનિયામાં જે કાંઈ છે તેની વાત એક યા બીજા પ્રકારે 'મહાભારત'માં થઈ છે, પરન્તુ 'મહાભારત'માં નથી તે બીજે ક્યાંય નથી. આજ વાત જરા જુદી રીતે ચારણી સાહિત્ય માટે કહી શકાય તેમ છે. કેમકે, ચારણી સાહિત્યમાં સમાજનું યથાતથ ચિત્ર ઉપસ્યું છે. તેમાં સંતો, શૂરવીરો, દાતારો, સતીઓ, શીલવંતો અને જીવનમૂલ્યોની વાતો જળવાઈ છે. તેમાં માત્ર માનવ જ નહીં પણ જીવ માત્રનો મહિમા વ્યક્ત થયો છે. આથી તો તેમાં પશુ, પંખી, પ્રાણી અને પહાડો, સરિતાઓ તેમજ ઋતુઓના મનભાવન રૂપોનું સુંદર વર્ણન થયું છે. વિવિધ સંપ્રદાયો, લોકદેવી-દેવતાઓ, પીરો અને સ્થાનકો, વિવિધ ધર્મોની વાત થઈ છે. ખરા અર્થમાં તો સાંપ્રદાયિક સદ્ભાવની સોનેરી શિખામણ પણ અહીં છે તો ધાર્મિક કટ્ટરતાવાદથી દૂર રહેવાની સલાહ પણ છે. એ રીતે ધાર્મિકતા સન્દર્ભે 'સર્વધર્મસમ્ અને સર્વ ધર્મ મમ્'નો સંદેશ અહીંથી પ્રસરાવ્યો છે ! તો દુષ્કાળની દારુણ પરિસ્થિતિનું કે પૂર હોનારતનું આલેખન પણ અહીં થયું છે.

યુદ્ધ વગરનું જગત જરૂરી છે, પણ એ અસંભવ છે કેમકે, જ્યાં સત્તા અને સંપત્તિ આવે ત્યાં બાકીના દુષણો અવશ્ય આવવાના. આપણો પ્રયાસ તો



આવા યુદ્ધોની ભયાનકતાનું નિદર્શન કરીને તેનાથી સમાજને ચેતવવાનો હોય છે. ચારણોએ વિપુલ માત્રામાં યુદ્ધ વિષયક કાવ્યો રચ્યાં છે. તો યુદ્ધ બંધ કરીને સૌનું કલ્યાણ થાય, વિશ્વશાંતિનો સંદેશ સૌને મળે એવા પ્રયાસો પણ આ સાહિત્યના માધ્યમથી થયા છે.

પૌરાણિક કથાઓ માટે અહીં અઢારેય પુરાણો, રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભગવતગીતા અને અન્ય ધાર્મિક ગ્રંથોનો સુપેરે વિનિયોગ કરીને ચારણી દીર્ઘકથામૂલક રચનાઓ કરવામાં આવી છે. જેમાં પાંડવયશેન્દુ ચંદ્રિકા, અવતારચરિત્ર, વીરવિનોદ અને જાલંધરપુરાણ, ભૃંગીપુરાણ વગેરે ગ્રંથોની રચના કરવામાં આવી છે. આ બધી રચનાઓને કારણે અહીં અપાર વિષય વૈવિધ્ય જોવા મળે છે.

**ઈતિહાસનું જતન :**

ચારણ કવિઓ અનેક રાજા-મહારાજા સાથે સંકળાયેલા હતા. આથી તેમણે સ્વાભાવિક રીતે જ જેને રાજ્યનો કાવ્યાંકિત ઈતિહાસ આલેખ્યો છે. એટલું જ નહીં એ રાજ્ય દ્વારા થયેલ યુદ્ધો, બંધાવેલ વાવ-તળાવ, મહેલો, નગરો અને દેવાલયોની વાત સ્થાન પામી છે. આજે નવ્ય ઈતિહાસકારો સ્પષ્ટ પણે માને છે કે ઈતિહાસમાં માત્ર રાજા-મહારાજાઓની જ વંશાવળી, તેણે બાંધેલ મહેલો, આપેલ દાન અને ખેલેલ યુદ્ધો જ નહીં, પરન્તુ આમ જનતાએ દાખવેલ શૂરવીરતા, દાતારી, માનવતા અને શીલવંતતાની સીલસલાબંધ ૬૭ વિગતો. આજે પ્રસરેલી આ વિચારધારાને વર્ષો પૂર્વે ચારણોએ સુપેરે સ્વીકાર કર્યો છે અને તેને ચારણી સાહિત્યમાં ચરિતાર્થ કર્યો છે.

મધ્યકાળે દરેક રાજ્ય કે રાજવંશ સાથે કોઈને કોઈ ચારણ કવિનો વંશ પરંપરાગત રીતે રાજકવિ તરીકે સંકળાયેલા છે. તેમણે જેને રાજવંશ વિશે વિગતે કાવ્યસર્જન કર્યું છે. ગુજરાત અને રાજસ્થાનના રાજ્યોના આરંભથી માંડીને સાંપ્રત સમય સુધીની ઘણી વિગતો અહીં સચવાઈ હોય છે. આપણે સંશોધનાત્મક દૃષ્ટિકોણથી આ બધી વિગતોનો ઉપયોગ કરીએ તો ઈતિહાસની ઘણી બધી ખૂટતી કડીઓ તેમાંથી મળી શકે તેમ છે. અલબત્ત, એ માટે તેમણે નિરક્ષીર વિવેકથી સત્યની શોધ કરવી જોઈએ. તેમજ તેને આંતર વિદ્યાકીય અભિગમથી વિવિધ વિદ્યાશાખા સાથે મૂલવીને સત્ય તારવવું જોઈએ. જો આમ થશે, તો આપણે ભારતીય ઈતિહાસની ખૂટતી કડીઓ મેળવીને તેને ભારતીય અભિગમથી આલેખી શકીશું.

ચારણી સાહિત્ય અને ચારણ સમાજ વિષયક આ બધી વિગતોમાંથી

પસાર થનાર સંશોધકે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈશે. કેમકે, અહીં દર્શાવેલી વિગતોનો જો પૂર્ણ સમજણપૂર્વક અભ્યાસ ન થાય તો અહીં દર્શાવેલી વિગતોનો અતિરેક તેની મર્યાદા પણ બની જાય. કેમકે, દરેક સમાજ અને સાહિત્યમાં કેટલીક ક્ષતિઓ અવશ્ય હોવાની જ. એક કાવ્ય પંક્તિ છે કે, 'જે પોષતું તે મારતું' એ ન્યાયે કેટલીક વિશિષ્ટતા જ મર્યાદા બની જાય. જેથી સંશોધકે આ બધી કાચી સામગ્રીમાંથી અતિશયોક્તિપૂર્ણ વિગતોને સાહિત્યિક ઉપમા માત્ર ગણીને તેને ગાળી ચાળી નાખવી પડે. ઇતિહાસ વિષયક ગ્રંથોને વિવિધ સમકાલીન ગ્રંથો સાથે મૂલવીને તેમાંથી તથ્ય તારવવું જોઈએ. કંઠોપકંઠ સચવાયેલી સામગ્રીમાં સેળભેળ થયેલી વિગતોને અલગ તારવવી પડે, પાઠાંતરોને કારણે થતો વિગતદોષ નિવારવા માટે મૂળ પાઠ કે શુદ્ધ પાઠ મેળવવા પડે, હસ્તપ્રતવિદ્યાનો સમુચિત વિનિયોગ કરવો પડે, છંદશાસ્ત્રનું જ્ઞાન મેળવવું પડે, તત્કાલીન ભાષા, બોલી, ખાનપાન અને રીતરિવાજો જાણવા પડે, એટલું જ નહીં પુરાણ, ઇતિહાસ અને લોક પરંપરાનું જ્ઞાન મેળવી નિરક્ષીર વિવેકથી કાર્ય કરીએ તો જ ચારણી સાહિત્યની સાચી મુદ્રા અને મહત્તા સમજાશે.

**સંદર્ભ નોંધ**


૧. પ્રિ. નરોત્તમ પલાણ : 'પરબ' અંક ૮, ૧૯૯૯, ગુજરાતી સાહિત્ય પરિષદ.
૨. ડૉ. બળવંત જાની : 'ગુજરાતી ચારણી સાહિત્ય વિમર્શ', પૃ. ૪૦
૩. રતુદાન રોહડિયા : 'ગુજરાતના ચારણી સાહિત્યનો ઇતિહાસ', પૃ. ૬૨
૪. દુલા કાગ : 'કાગવાણી' ભાગ - ૨, પૃ.૧૦૪
૫. અંબાદાન રોહડિયા : 'ચારણી સાહિત્ય વિમર્શ', પૃ. ૧૩
૬. અંબાદાન રોહડિયા : 'અસ્મિતા અને અનુસંધાન, પૃ. ૧૧
૭. એમ. આઈ. પટેલ, અંબાદાન રોહડિયા : ચારણસર્જક પરિચય-૧, પૃ. ૭૪
૮. પિંગળશી પાયક : 'માતૃદર્શન', પૃ. ૨૦
૯. હીરાલાલ માહેશ્વરી : બારહઠ ઈસરશન, પૃ. ૪
૧૦. સંદર્ભનોંધી ૫ પ્રમાણે, પૃ. ૫
૧૧. સીતારામ લાળશ : 'રાજસ્થાની શબ્દકોશ', પૃ. ૮૪
૧૨. સંદર્ભનોંધ ૬ પ્રમાણે, પૃ. ૧૧
૧૩. એજન, પૃ. ૨
૧૪. સન્દર્ભ નોંધ ૧ પ્રમાણે
૧૫. રાજસ્થાનની શોધયાત્રા દરમ્યાન સોહાગી ગામના શ્રી છત્રદાનજી જવાહરદાનજી મહેડુ પાસેથી મળેલ કવિત.
૧૬. જયમલ્લ પરમાર : 'દુહો દસમો વેદ', પૃ.
૧૭. સંદર્ભ નોંધ ૭ પ્રમાણે, પૃ. ૨૬


૩

# આદ નરો ઈસરો

**જિતુદાન ગઢવી**

મારૂ... પરજિયા...?...!!...?!?

- આ મલકના ચારણોમાં પ્રવર્તતા સાડા-ત્રણ પાડા/પાળા/પ્હાડા બાબત સ્વતંત્ર પહેલાંના કાળે અને આઝાદી મળ્યા બાદના, વર્તમાનકાળે પણ, આ બાબત કોઈ નક્કર વાત-વિગત નથી. આજ મારી ૭૬ વરસની અવસ્થાયે. હું આ બાબતે (ચિલાચાલુ-પરંપરાગત-અધૂરપે) અસ્વસ્થ છું...અસમંજસ છું.
- અર્થવગરના પ્રાદેશિક ભેદ (૧) મારૂ (૨) સોરઠિયા બાદ ''પરજ'' અને ''તુંબેલ'' બાબત ખોટેખોટા વર્ણભેદ રચાયા છે. ત્યારે મારા પૂર્વ સુરીયોયે ક્યા વિચારે (૧) ઢેઢાળનાં બાટી...મારૂ ચારણ (૨) બાબરિયાતનાં બાટી... સોરઠિયો ચારણ (૩) ચુલી ગામનાં બાટી...પરજીયો ચારણ—ના ભેદને જાળવ્યા, જગાડ્યા અને જોખમાવ્યા ? (આવા ઉદાહરણો અનેક છે. તે જાણ ખાતર...)
- તો...જેના પાસે આવી અનેક હૈયા-ઉકલતો છે..તેવા વિશ્વાસુ ચારણ લાભુભા ભાંચળિયા સાવ (પણ સતર્ક) ભેદ સમજાવે છે...(૧) નરા ચારણ (૨) ચારોડા ચારણ (૩) ચવા ચારણ અને અડધો પાળો તુંબેલ ચારણ...નો. પણ... તુંબેલ ચારણના ઉદ્ભવ બાબતનો ''ચમત્કાર'' વિજ્ઞાનીક માન્યતા પ્રમાણે અડધો...અપૂર્ણ...અવ્યવહારૂ લાગે.
- એકવાત કહું તો..ચારણ બોર્ડિંગ/ભાવનગરના વહિવટ બાબત, વ્યક્તિગત ઈર્ષ્યા, (૧) પિંગળશી પાયક (૨) હરિદાનજી દેયા વચ્ચેના મનસ્વીપણાંથી

થયેલા વાતાવરણે પરજીયા-મારૂ લોબીના તિરસ્કાર ઉપડ્યા. ત્યાર પહેલાં આવા ભેદ (રોટી-બેટીના વ્યવહાર) આટલા ક્લુષિત ન હતા... ખૈર ! આ વિગતો અહિંયા આપ્રસ્તુત છે.

॥ૐ॥ ચારણો અનાર્ય છે.

- આપણે ચારણો ''અનાર્ય'' છીયે. આ ''અનાર્ય'' શબ્દ, આર્યોથી અલગ હોવાનો પરિચય છે. તેમાં કોઈ હિણપ નથી. આપણે ચારણો, એ વેદકાળથી પણ અનાદિ છીયે. આપણો આદિ વસવાટ, આજના માનસરોવર... કૈલાશી કંદરાના ક્ષેત્રમાં, ભગવાન ''શિવ''નો મહિમા સ્વીકાર નારા (૧) પ્રમત (૨) સાંબ (૩) નાગ (૪) નંદી (૫) ભૂત સાથે (૬) ચારણના અસ્તીત્વના ઉદાહરણો પ્રાપ્ય થઈ શકે તેમ છે.
- સ્વર્ગલોક સ્વભોમ તરીકે, ચારણના દૈવી-સંબંધો કાવ્યાત્મક રીતે ગવાયા છે. (દા.ત. - ''મહેશ ડાડો...શેષ નાનો'' - વરવડી છંદ.) સ્વર્ગલોકનું એક સંબોધન (નામ) ''ત્રિ-વિષ્ટપ'' છે. જે આજનો તિબેટ વિસ્તાર, ઐતિહાસિક રીતે પણ સ્વીકારાયું છે. આ ત્રિવિષ્ટપમાં ચારણન પિતૃ પરિચય ''માહેશ'' હોય, તો...તે સંભવ છે. ''શેષ'' નાનો હોય, તે પણ સ્વીકાર્ય લાગે છે... કારણકે ત્યાં આ સિવાય (અગાઉ ગણાવાયેલા સાંબપ્રમત વગેરે વિના) કોમો વસવાટ હતો ? (ખ્યાલ રહે, ત્યારે ''સ્વતંત્ર'' સહચર્ય સહજ હશે.)
- ભગવાન શિવની પ્રજા (કે આશ્રિત), એક સંસ્કાર તરીકે હતા. (જ્ઞાતિ તરીકે નહિં.) (૧) પ્રમત્ત : શૌર્યવંત (૨) નાગ : ઉદ્યમી (૩) નંદી : કૃષિકાર (૪) સાંબ : ભક્તિ (૫) ભૂત : આજ્ઞાકિંત અને (૬) ચારણ : વાણી-વિહારી. (નરેટેર). સતત વિચરણ કરતો ચારણ પોતાની કાવ્યાત્મક બાની (લિરીકલ થિયરી) થકી, સ્વતંત્ર સાથે સ્વછંદ પણ હશે જ...નહિંતર આ ચારણ, સ્વર્ગલોક મુકી મૃત્યુલોક સુધી ક્યાંથી વિચરે ?
- સ્વર્ગ ગણાતા શિવલોકની કંદરા નીચેના ઢોળાવ વિસ્તાર ''મૃત્યુલોક'' તરીકે પુરાણ પ્રસિધ્ધ છે. (ત્યારે ''બદ્રીનાથ'' બાબત વિચારવું પડે...પણ, ''કેદારનાથ'' બાબત હકારાત્મક વલણ દાખવવું પડે.
- આજનાં ગંગા વિસ્તાર (હાલનાં હિમાચલ પ્રદેશ)માં (૧) ગૌરવર્ણ = આધ્યાત્મિક દેવ માનસ (૨) શ્યામવર્ણ = ભૌતિકતાવાદી સમૂહ (૩)



પિત્તવર્ણ : આ બંને સમૂહના (૧) આધ્યાત્મિકતના ''આચરણ'' (૨) ભૌતિકવાદીયોની ''શાંતિ''ના ધ્વંસક હતા.

**નાગ ઉપાસકો**

- ઉપરોક્ત દેવ સમૂહ (ગૌર) તથા શ્યામ સમુહો. દૈવી ઉપાસના, આરાધના, આશ્રિતપણાના સ્વીકાર સાથે, અલગ-અલગ તરીકે ઓળખાતા હતા. (૧) વરૂણ ઉપાસકો-જળનો દેવતા વરૂણ છે. (૨) પર્વત ઉપાસકો. પર્વતને ''નગ'' કહેવાય છે. તે નાગ સંસ્કાર (૩) અગ્નિ-ઉપાસકો.. સૂર્ય પૂજક (૪) વૃક્ષ ઉપાસકો : ત્યારે આશ્રય સ્વરૂપ ઝાડ હતા. (વસવાટના મકાન ન હતા.) (૫) વાણી ઉપાસકો : ચારણ. (ચારણે દેવલોક તજ્યો...તે હવે પછી આગળ.)
- શિવભૂમિ સ્વર્ગ તથા મૃત્યુલોકના અસ્તિત્વની પરસ્પર પિછાણ હતી.. પણ આ ભિન્નતા (વસવાટીયા) વચાળે કોઈ દ્વૈષભાવ ન હતો. બલ્કે... આવન-જાવનનો પણ સંભવ હોવાનું અનુમાની શકાય. ત્યારે—
- કઈ ''ભાષા'' હતી...કઈ ''બોલી'' હતી, તે ભાષા-શાસ્ત્રીનો ''વિષય'' છે. પરંતુ ''કોમ્યુનિકેશન'' માટે ઉચ્ચાર-વિચાર તો હતાં જ. (હશે જ.) કારણકે પ્રકૃત્તિને (ઝાડ-જળ-પવન-પક્ષી-પશુ-વગેરેને) કાયમ કલકલતી રાખવામાં જ પ્રકૃત્તિકર્તા આનંદ માણતો હશે ને ! ...હા ફક્ત માનવ-દેહને જ, બોલી ઉપરાંત હાસ્ય (મુખ કિલ્લોલ)ની પણ લ્હાણી (ઈજાફો) કરી છે.
- આવા (અનાદિના આદિકાળે) ''ચારણ'' પોતાની અક્ષરી-ઉન્માદકતાના કારણે, સ્વર્ગના સિમાડા ચાતરી ગયો. આધ્યાત્મિક વલણમાંથી ભૌતિકતાના ભૂ-સ્તરમાં પ્રવેશી ગયો. દેવલોકનો એક ''ચારણ'' સંસ્કાર, મૃત્યુલોકના મોહમાં પડી ગયો. ત્યારે
- શિવલોકના ''નાગ-સંસ્કાર''માં પોતાવટ દાખવનારો, ચારણ, મૃત્યુલોકમાં પણ નાગ-આરાધકોના સમૂહમાં ભળી ગયો. પર્વતોમાં પોતાવટ દાખવનારા નાગલોકોને ચારણ પોતાનો લાગ્યો. નાગલોકો પર્વતના પ્રશસ્તિકારો હતા. કારણ કે....
- કૈલાશી કંદરાઓમાં વસતા (શાસક) ''શિવ'' સ્વયં પ્રકૃતિ હતા. તેથી તેમની અક્ષર આરાધના ''સમાધિ'' માં પણ ગુંજતી હતી. આવા

પ્રસંગોપાતના ગુંજનને નાગ-સંસ્કારે ઝિલેલું. આ નાગ-સંસ્કારે જ પોતાના સાથીદાર ચારણ-સંસ્કારને પ્રકૃતિગાનના પાન કરાવેલા. તેથી તે ભૌતિક-પરંપરામાં ''ચારણ''નું ચિત્ત લાગી ગયું.

- નાગથી ઝિલાયેલા પ્રકૃત્તિગાનના ''પિંગલ''ને ચારણે પચાવેલું.. તેથી જ ભૌતિક-નાગ-સમૂહ-તથા અન્ય સહયોગી સમૂહમાં ''ચારણ સંસ્કાર''મટી ''પિંગળ''નામે પરિચય પામ્યો. ચારણ સંસ્કાર પિંગલ તરીકે ઓળખાયો. આમ નાગ સંસ્કાર+ચારણ સંસ્કારના સંબંધે ''નાગ-પિંગલ'' શબ્દ વ્યવહારૂ બની ગયો.

॥ૐ॥

**નરો ચારણ... ઉર્વરી.. ઈ જ –**

- ડૉ. બળવંત જાની ! મૃત્યુલોકમાં ''ચારણ'' જન્મીને નથી આવ્યો...પણ, અવતરીને આવ્યો છે. ઉપરોક્ત (આગળ) દર્શાવ્યા પ્રમાણે, સ્વર્ગલોકની સરહદને, પોતાની વાણી-વિચરણમાં, સાવ નિર્દોષતાથી તજી દેનારો ચારણ (જે સંસ્કાર હતો...તે), મૃત્યુલોકમાં પ્રવેશી, મોહવશ થઈ, નાગલોકોના સમૂહમાં, એક આરાધક બની જતાં,
- તે ચારણ ''નાગ-ચારણ'' તરીકે નામાભિધાન બન્યો. આમ સ્વર્ગમાંથી અવતરી ''ચારણે'' મૃત્યુલોકમાં ''જીવ'' સ્થાપ્યો. ડૉ. જાની ! આ નરો-ચારણ ઈ જ સમસ્ત ચારણ સમૂહોનો આદિ પુરૂષ... ઈ જ મુળ પુરૂષ... ઈ જ કુળપુરૂષ.
- આ નરા-ચારણના સહચારમાં નાગ-કન્યા (જેનું નામ) ''ઉર્વરી''આવી. ચારણ વંશવૃધ્ધિ કમાયો. (જો કે તે સમયે આ નાતો સરજાયો નથી.) આ નાગ કન્યા... ઉર્વરી ઈ જ બોલીભેદ થકી...અવ્વરી, અરવરી, અવલ્લી, અવડ્ય અને છેલ્લે આવડ (જેની હસ્તી બિનહરિફ છે...તે અવલ્લા)
- આ ''આવડ'' ઈ ચારણની પહેલી-વ્હેલી વહુઆરૂ. (જે તત્કાલિને સ્વીકાર્ય કે વ્યવહારીક ન ગણાયું.) કારણકે ''માનવ''પોતાની ભૌતિકતા (શરીરભાવો) ભય-આહાર-નિદ્રા-મૈથુન પુરતા સ્વતંત્ર હતા. છતાંપણ–
- ચારણનો ઉદ્ભવ ઈતિહાસ વિચારીયે, ત્યારે... ચારણોયે કે ''ચારણ''ના સંશોધકોયે આદિ ચારણ ''નરાં ની, કે આદિ નારી તરીકે આવડને સ્વીકારવી જ પડશે.



- નરાં ચારણ ઈ સ્વર્ગમાં શિવના આશ્રિત હતાં.. તેમાંથી મૃત્યુલોક પામ્યા, તેની સાબિતી રૂપ ફક્ત એક જ ''દોહરો'' મને પ્રાપ્ય છે.. જે સ્વૈરવિહારી ગણાતા લાભુભા ભાંચળિયાયે મને લખાવેલો (હાલ કંઠસ્થ).

॥ દોહરો ॥

આદ નરો ઈસરો..... વિષ્ણુ ચોરાડો કીધ.
બ્રહ્માયે ચવ્વો થપ્પિયો. ત્રે પ્હાડા પરસિધ્ધ.

॥ ૐ ॥

**અચરજ...'ને આઘાત.**

- માણસને મૃત્યુલોકમાં ''પ્રશસ્તિ''થી અમર કરવા. અવતારી પુરૂષ પૃથુરાજા, ચારણને માનવલોકમાં નોતરીને વસાવ્યા.. તેવી માન્યતા પ્રચલિત છે. તેથી ''ચારણ'' સદાચારીયોનો પ્રશસ્તિકાર બનીને કંઈક (અન્ય) પેઢીને કંઠસ્થ કરી. પરન્તુ -
- ચારણના તથા ચારણત્વના મર્મી પુરૂષ રૂપાલાજી (રાજકિય પુરૂષ - શ્રી પુરૂષોત્તમ ખોડાભાઈ રૂપાલા) મર્મ કરે છે...કે, ''ચારણ'' પોતાનાથી સાવ અ-પરિચીત રહ્યો.'' પોતાવટને પાળનારો ચારણ, પોતાના ઉદ્ભવ... ઉદ્ગમ પ્રત્યે અ-લક્ષ (અલખ્ખ) રહ્યો...તે અચરજ છે કે આઘાત ?
- ''માહેશ ડાડા''નો તથા શેષ ''નાના'' નો સગો ચારણ, શિવ સંસ્કારના પ્રમત્ત જેવો લડવૈયો નથી. નંદી સંસ્કાર જેટલો ઉદ્યમી નથી. નાગ સંસ્કાર જેટલો સહનશિલ નથી. સાંબ સંસ્કાર જેટલો શ્રધ્ધાળુ નથી. ભૂત સંસ્કાર જેટલો કહ્યાગરો નથી. ચારણ તો ચરેવૈતિ...ચરેવૈતિના ન્યાયે અક્ષર-ઉચ્ચારક-શબદ સાધક...વર્ણોની સરવાણી માફક સતત વિચારશીલ.
- ''વખાણ પોતાના કરે, ઈ પણ એક ગમાર''ના ન્યાયે કદાચ અતિરેક થતો હોય...પણ, દિ' વચ્ચે સૂર્ય પ્રકાશે...સમયોચિત્ત સિંહ ડણકે, જરૂર પડ્યે નાગ ફેણ ફેલાવે, ઈ સ્વ-વખાણના પ્રાગટ્ય નથી. પરંતુ સ્વ''ની સમજવાની સાધના છે.
- કારણકે, છેલ્લા ૧૦૦ વરસના ગાળામાં, મારા પૂર્વ સુરિયો, (નામાધારી રતુ ગઢવી-મારા પ્ર. પિતા શ્રી રતનસંગ લખાભાઈ ટાપરિયા ચારણ, રાજદસોંદી વાંકાનેર સ્ટેટ : પિંગળશી પાતાભાઈ નરેલા, ભાવનગર : રામદાનજી ટાપરિયા, પોરબંદર રાજ્યાશ્રિત : પરબતજી મ્હેડુ, જામનગર :

માવદાનજી રત્નુ-જામનગર/કાલાવડ : શંકરદાનજી જેઠીભાઈ દેયા, લિંબડી : શંભુદાનજી અયાચી, ભુજ/કચ્છ : તથા પિંગળશી પાયક, કવિ કાગ, ખાદીધારી પિંગળશી લીલા ઉપરાંત પ્રખર વાર્તાકાર મેઘાણંદ લીલા...વગેરે નામવરોયે ''સાડાત્રણ પ્હાડા'' બાબત મગનું નામ મરી નથી પાડ્યું.

- કદાચ યુવાન (હવે પ્રૌઢ) લખમણ ગઢવી (લીલા) જામનગર, ''ચારણની અસ્મિતા'' બાબત ઉલ્લેખે...તો, કડાઈના શિરાને થાળીમાં પિરસવાથી (એક ગ્રન્થ થકી બીજા ગ્રન્થમાં પ્રદર્શન કરવાથી), સ્વાદ નથી બદલતો. ખૈર ! । વિવાદને જતો કરવાની માટી ''નેમ'' છે...
- મળે છે છે..છંદની એક પંક્તિ (ચરણ)...માહેશ ડાડો...શેષ નાનો જેવી માહિતી. મળે છે એક દોહરો....

॥ દોહરો ॥

આદ નરો ઈશરો, વિષ્ણુ ચોરાડો કીધ.
બ્રહ્માયે ચવો થપ્પીયો, ત્રે પા'ડા પરસિધ્ધ.

આ દોહરો આપે છે...સંકેત. એક દિશા, જે રહસ્યનો ઉકેલ પણ હોઈ શકે.

- ભલુ થાજો કોટા (રાજસ્થાન) વાળા કૃષ્ણસિંહજી સૌદા બારહટ્ટનું...કે, જેણે ''ચારણોંકા ઈતિહાસ'' લખી (કદાચ પ્રથમવારનું પ્રકાશન) ''ચારણ''ને વેદ-પુરાણના ચારણોનો પરિચય આપ્યો. (વિશેષ વિગત : અત્યારના ચારણ મહિલાઓમાં - જે ઈન્દીરાજી (વડાપ્રધાન)ના ખાસ અંગત સ્વજન હતા, તે નગેન્દ્રબાલાજી (અન્ય બે બ્હેનો ચંદ્રબાલાજી..સૂર્યબાલાજી)ના પિતાશ્રી —

પરમ દેશપ્રેમી કેશરીસિંહજી ના પિતાશ્રી એટલે કૃષ્ણસિંહજી (ચારણોંકા ઈતિહાસના લેખક/પ્રકાશક. આ કૃષ્ણસિંહજીના પિતાશ્રી — ઔનાડસિંહજી એટલે શ્યામલદાનજી દધિવાડીયાના ભાણેજ. આ શ્યામલદાનજી દધિવાડીયા થકી જ, ભારતમાં ''પ્રથમ'' ચારણ છાત્રાવાસ— જે તે સમયે પુષ્કરમાં - નિર્માણ પામ્યું... આ વિગત એક અલગ વિષય છે...એટલે માફ -)

॥ ૐ ॥

**ચારણનો પ્રસ્તાર...વિસ્તાર... સાડાત્રણ પ્હાડા.**

- આ હિમાલય પર્વતની જાહોજલાલી, પરમ પ્રકૃતિ સ્વરૂપ શિવ, સંસ્કારીલક્ષી (સાંબ-પ્રમત-ચારણ વગેરેનો) સહયોગ, કૈલાશી કંદરા, માન-સરોવર



વગેરેના આકર્ષણ, સતત વિચરતા - સ્થળાંતરકર્તાઓ માટે આશ્રય રૂપ લાગ્યા. અને...આ કૈલાશી કંદરા તથા નીચાણે ઢોળાવના વિસ્તારમાં ''આર્યા'' આગમન પામ્યા. આર્યો સંસ્કાર-લક્ષી અને સાધક-દક્ષી તરીકે સ્થિર થયાં.

- પ્રગતિ/વિકાસના પ્રથમ પાયા તરીકે, સ્થળાંતર આવશ્યક અને અનિવાર્ય છે. તે ન્યાયે ઉત્તરાખંડી/હિમાચલ નિવાસી ચારણ, તેના કાફલા સાથે સ્થળાંતર ચડ્યો. ત્યારે-
- આજના ખૈબરઘાટ... કાકાકોરમની ખીણ તરફ પ્રસ્થાન પામનારા ચારણ સમૂહ સિવાય, વિશેષ જુથો આજના ભારતની દક્ષિણ દિશા તરફ આકર્ષાયા. અધવચ્ચેથી બે ફાંટા ફંટાયા. આજના દિલ્હીક્ષેત્રથી (૧) સમૂહ ''અર્બુદાચલ'' તરફ વળ્યો (૨)જો સમૂહ (''રેવતાચલ'' તરફ આગળ વધ્યો.
- આ રેવતાચલ એટલે આજનો ગિરનારી વિસ્તાર (મતલબ કે આજનું સૌરાષ્ટ્ર). આ સમગ્ર વિસ્તારમાં અન્ય પર્વતો પણ આશ્રય જોગ લાગ્યા. આ અર્બુદાચલ એટલે આજનો રાજસ્થાની તથા થોડો મધ્યપ્રદેશનો વિસ્તાર... (જે ગઈકાલે મારવાડ ક્ષેત્ર.. મેવાડ ક્ષેત્ર... માળવા ક્ષેત્ર તરીકે ઓળખાતો.)
- આમ ચારણો ત્રણ પ્હાડા (૧) હિમાચલ (૨) રેવતાચલ (૩) અર્બુદાચલ-માં ભિન્નતા પામી વ્હેંચાયા. (કે વ્હેંચાઈ ભિન્નતા પામ્યા). ત્યારબાદ ''અડધો પ્હાડો'' શબ્દ સંકેત છે. તે વિષયે -
- અગાઉ લખાયા પ્રમાણે એક વધુ સમુહ ખૈરબઘાટ, કાકાકોરમ પર્વતની ખીણ, બલુચિસ્તાન, પાકિસ્તાન, સિંઘ થઈને ઠેઠ કચ્છ લગી પથરાયો. આમ હિમાચલથી કચ્છ સુધીના આ પ્રવાસમાં ક્યાંય (આજે ય) પર્વત નથી. આ વિસ્તાર ડુગરી વિસ્તાર (હિલી એરીયા) તથા ટેકરીયાળ વિસ્તાર છે. આવા ડુંગરાળ-ટેકરાળ પર્વત ત્યારે ''અધ્ધ-પ્હાડા'' તરીકે ઓળખાતા.।
- આ અધ્ધ પ્હાડા વિસ્તારના ચારણો, હિમાચલના (મૂળ) સંસ્કાર સાથોસાથ પોતાની ઓળખમાં હજુપણ ''ઓરીજીનાલીટી'' સાચવી શક્યું છે. આજપણ બાડમેર પ્રદેશ (રાજસ્થાન), બન્ની પ્રદેશ (ગુજરાત) તથા સિંઘ (પાકિસ્તાન)નાં શાસન તથા વિસ્તારો ભિન્ન છે...પરંતુ જીવન-શૈલીમાં ઘણી સામ્યતા છે.

•❋• ખાસ નોંધ : ઉપરોક્ત લખાણમાં દર્શાવેલ નામો-પ્રદેશ પરિચય - હાલના છે. તત્કાલિન નામો ભૂગોળ-ઈતિહાસનો વિષય છે. સાથોસાથ આ પ્રદેશનામો પુરાણોમાં પ્રાપ્ય પણ હોઈ શકે. જરૂરિયાત છે, અભ્યાસીની....

॥ ૐ ॥

**અન...આર્યોનું આગમન.**

•❋• ઘણાંબધાં પ્રાકૃતિક પ્રદર્શનોથી પ્રાદેશિક આકર્ષણ, રક્ષણાત્મક કટિબંધોથી સહ્ય (મૌસમી) વાતાવરણ, માનવિય પ્રદુષણો વગરના જીવન વ્યવહારો, આગંતુકોને અપનાવી લેવાની ઉદાર ભાવના... વગેરે સંતોષ થકી, આર્યો આ મલકમાં આગમન્યાં.

•❋• આર્યો તેમની વૈષ્ણવી સાધના સાથે લાવેલાં. ત્યારે આશ્રિત થવાના પ્રદેશમાં (આ ભૂ-ખંડમાં) શિવના શાસન, ૬ (નાગ-નંદી વગેરે) સંસ્કારના અનુશાસન સાથે આરાધના પ્રબળ હતી.

•❋• આર્યોના સમુહોયે આશરો પામવા, સ્થાનિક વાતાવરણ-શાસન-ને સ્વીકારી લીધું. જીવતરની સાવ સાદગીવાળા, આ ગૌરવર્ણ સમજો, શ્યામવર્ણ સમાજો કે પીતવર્ણી સમાજો કશીય મહત્ત્વકાંક્ષાથી પર હતા. અને સહજ જીવનના ચાહક હતા. ત્યારે-

•❋• આર્યો સ-હેતુક આગંતુક હતા. તેમને સ્થિર થવા માટે સઘળી મહત્ત્વકાંક્ષાઓ હતી. (૧) સલામતી (૨) શ્રમ (૩) સાધના (૪) શાંતિ - એ માનવજીવની પ્રથમ જરૂરિયાત પ્રમાણે... આર્ય સમુહોયે ''શિવ'' સાધના સ્વીકારી. ત્યારે વૈષ્ણવી આરાધના-સાધનાના પ્રત્યે ઘરોબો કેળવાતા, શિવ-વૈષ્ણવ માન્યતા ઐક્યતામાં પરિણમી. આ ઐક્યતા થકી (નાભિ) વિચારના કારણે ''બ્રહ્મ'' પ્રગટાવ્યા. ડૉ. જાની ! આ બ્રહ્મ ઈ જ, બે સહિષ્ણુતાનું નાભિપુષ્પ. જેમાં શિવ-વૈષ્ણવ ઉપરાંત અસરકારક દિવ્ય-ચેતનાની પ્રાણ-પ્રતિષ્ઠા થઈ. આવી આવા વાતાવરણમાં ''ચારણ'' પણ ઉમેરાયો.

•❋• વૈષ્ણવી-આર્યો-પાસે પણ (૧) દિવ્યતા = દેવ (૨) સ્થપિત કળા = યક્ષ (૩) ગીત-સંગીત કળા = ગાંધર્વ (૪) સુશ્રુષા-સેવા = કિન્નર (૫) નર્તન/ તાલની કળા = અપ્સરા... તેમાં આર્યોયે (૬) સાહિત્ય-શબ્દ સાધના-અક્ષર આરાધના માટે ''ચારણ''ને આવકાર્યો.

•❋• હવે આપણા દોહરાના બીજા ચરણની ''સાંકળ'' સંધાય છે... કે ''વિષ્ણુ



ચોરાડો કીધ'' ... શિવપુત્ર, નાગનો ભાણેજ ગણાતો ચારણ વૈષ્ણવી આરાધનામાં ભેળવાયો. ચારણ ''વૈષ્ણવ'' દિક્ષા પણ પામ્યો. છતાંપણ આ બંનેની વિવિધતા ત્યારે વૈમનસ્યકારી ન બની. કારણકે આ ''સમન્વયૈ સૌ માટે સુ-સંગત હતો.. સાનુકુળ હતો.... સ્વૈચ્છિક હતો... નાભિસ્થ હતો. આમ ચારણ, ''સંસ્કાર'' સાથે ઋષીપદ પામ્યો.

॥ ૐ ॥

•❋• માણસની બુધ્ધિ જ્યાં સુધી નિજ-શાંતિ માટે કાર્યરસ્ત હોય ત્યાં લગી કશુંય વાહિયાત નથી લાગતં. પણ...બુધ્ધ જ્યારે મહત્વકાંક્ષાને પાર પાડવા કાર્યરસ્ત બને, ત્યારે...બુદ્ધિ છળ બને છે. ''પીતવર્ણ'' આવા છળ થકી ''યવન'' હતાં...આતંકવાદી હતા.

•❋• શિવ-વૈષ્ણવના સમન્વયે પ્રતિષ્ઠા પામેલા બ્રહ્મ સમૂહ થકી, માનવ-જીવનની યાચના પ્રગટી (ઋગ્વેદ). કળા-સુશ્રુષા-માટે વૈદિક ગાન રચાયું... બ્રહ્મવિદ્યા સાથે લોકવિદ્યાનું ગાન થયું. (સામવેદ). કર્મકાણ્ડ તથા યજ્ઞ-યજ્ઞાદિના નિયમો રચાયા. (યજુર્વેદ..અથર્વવેદ.) ઋગ્વેદની યાચના તથા સામવેદની કળાના ગાનમાં, ચારણ પણ લૌકિક રહ્યો. સહપાઠી બન્યો. બ્રહ્માજી થકી બ્રાહ્મણો પ્રસ્થાપિત મનાયા. ત્યારે બ્રહ્મવાદિની સરસ્વતીજીયે ચારણને બિરદાવ્યો. પણ...

•❋• આ વિદ્યા... કંઠસ્થ ગાન... વેદોનું હરણ થયું. ઈ સ્થળ એટલે આજના બેટ-ધારકાનો વિસ્તાર. આ ભૂ-ખંડમાં પ્રથમ ઐશ્વર્ય પ્રગટ થયું...ઈ આપણો મત્સ્યાવતાર. આ વેદહારી ઈ શંખાસુર... શંખચુડ... જાલંધરના નામો થકી એક છે...કે અલગ અલગ ! ઈ સંશોધન માંગે છે. જાલંધર એટલે જળ-ઈન્દ્ર. પર્યાયનામોમાં શંખચૂડ...કે શંખાસુર સામ્યતા ધરાવે છે. આ આસુરીબળોનો પ્રકોપ આજના દ્વારકાથી માંડી આજના દિવ પ્રદેશ લગણ પ્રજ્જળતો હતો. ચુર ઉપરથી જ ચૌરા શબ્દ સંભવી શકે છે. આ ચૌરા સમાજની પ્રવૃત્તિ ''ચાંચિયાગીરી'' હતી. તે ચાંચમાં આશરો પામતા. (ચાંચ બંદર પણ આપણું જ છે.) તે દિવમાં શાસન કરતા. અને બેટમાં તેમનું સૈન્ય રાખતા. (સૈન્ય એટલે કે સાથીદારો.).

•❋• થોડીક લાંબી પળોજણ લાગી હશે... પણ જે વાત ખિલે બાંધવી છે, તે માટે આ ટુંકી (ગ્રન્થ જોગી) વાત દર્શાવવી અનિવાર્ય છે. કારણે ''વિષ્ણુ ચોરાડો કીધ''માં ''ચોરાડા'' શબ્દ વૈષ્ણવી ચારણની શાખ પુરે છે. ડૉ.

જાની ! કેટલી ચારણોને, કે...''ચારણ'' વિષયના નિષ્ણાંતો ગણાનારાતે, ''ચોરાડા'' શબ્દની વ્યુત્પત્તિ માટે કોઈ વિચાર ઘુંટાયો છે.... વિષ્ણુયે ચોરાડા...ચૌ રદા.. (ચાર મુખવાદી / બ્રહ્મજ્ઞાની) તરીકે સ્થાપ્યો. આમ નરા ચારણની પરંપરા ઉપરાંત, ચૌરદા (ચોરાડા) સંસ્કાર ઉમેરાયા. (ચારણ એ ઋષિ પરંપરા છે... તે અલગ વિષય છે.. અસ્તુ.)

॥ ૐ ॥

**બ્રહ્માયે ચવો થપિયો.**

- આપણા વિષયના દોહરાના ચરણ ''બ્રહ્માયે ચવો થપ્પિયો'' એ પ્રથમ અવતાર મત્સ્યા અવતારની લીલા તરીકે, શંકચુડ (શંખાસુર)ને તાબે કરી, વેદોનું પરત લાવવાનું અવતારી કાર્ય છે.
- પૌરાણિક ઘટનાનું સંક્ષિપ્ત કરીયે તો, મત્સ્યાવતારના હાથે મરાયેલા શંખાસુરે પોતાની અંતિમ ઈચ્છા પ્રગટાવી..કે, હે પરમ ઐશ્વર્ય ! તમારા હાથે થયેલા માર મોતને ''અમર'' બનાવો. અવતારી જળચરે વરદાન આપ્યું....કે, અમારી વૈષ્ણવી પુજામાં તમારૂં સ્થાન અગ્રપદે રહેશે. પણ તે પહેલાં તમારે ''દેહશુધ્ધિ'' પામવી પડશે.
- ટુંકમાં કહીયે તો...આ દેહશુધ્ધિ બાદ તેનું પ્રક્ષાલન (વિંછળામણ) સ્વીકારવા ધરતી... સાગર... ઋષિ મુનિયો વગેરેમાંથી કોઈ તૈયાર ન થયું... ત્યારે ચારણને આ પ્રક્ષાલન સ્વીકારવા આહ્વાન થયું.
- ચારણે જાણ્યું કે... આ પ્રક્ષાલન (વિછંળામણ) છે આતંકવાદી શંખાસુરનું, પણ જેને પેટમાં (ગર્ભમાં) વેદો સાચવ્યા હોય...તો પછી તેમાં આસુરી તત્વ કેમ હોઈ શકે !
- અને... ચારણે વેદ-વિંછળામણ સ્વહસ્તે... મલપતા મનથી મોંઢે માંડ્યું. વેદયુક્ત વિંછળામણ જઠરમાં પહોંચતા જ્યોત પ્રગટી. વેદનું ગાન અને પ્રચંડ (આસુરીબળ યુક્ત) કંઠનો સંયોગ રચાયો. (આજપણ ચારણી કંઠ થકી રચનાઓ ઘેઘુર બની માણસના મનને મૌજ કરાવે છે...).
- ડૉ. બળવંત જાની ! આમ શંખના સીધા વિંછળામણના પાન બાદ, પરમ ઐશ્વર્યના વરદાન પ્રમાણે, વૈષ્ણવી પૂજામાં પ્રથમ જળઅર્ધ્ય શંખ મારફત આપવામાં આવે છે. આ પ્રણાલિકાનું પ્રથમ પાન (પ્રક્ષાલન) ચારણે કરેલું. (કદાચ આ વિગત બ્રહ્મપુરાણ કે પદ્મપુરાણમાં હોવાો સંભવ છે.). (વિષ્ણુ પુરાણમાં નથી..તેવો મારો ખ્યાલ છે.)



- આમ આ દોહરાના ત્રીજા ચરણ ''બ્રહ્માયે ચવો થપ્પીયો''ના ન્યાયે, વૈષ્ણવે સ્વીકારેલા ચોરાડા (ચૌ-રદા) સંસ્કાર ઉપરાંત ત્રીજો સંસ્કાર ''ચવ્વા'' તરીકે સ્થાપિત થયો.
- મારી અલ્પ બુધ્ધિ તથા અભ્યાસે સ્વીકારૂં તો, બ્રહ્મા એ સ્વતંત્ર ''શક્તિ'' નથી. બ્રહ્મા ઈ શંકરી તથા વૈષ્ણવી માન્યતાના સહયોગે... સંમતિયે પ્રગટેલો ''નાભિ-બ્રહ્મ'' (વૈચારિક સત્ય) છે. વિષ્ણુ એ પરમ સત્ય છે અને રૂદ્રે શિવસત્ય (સનાતન સત્ય) છે...શિવ મસ્તક છે (સાયન્સ). વિષ્ણુ હૃદય છે (કોમર્સ). અને બ્રહ્મ એ ''નાભિ'' (આર્ટ) છે. તેમાં ચારણ ત્રણેય પરિબળોનો આરાધક છે... સાધક છે... વાહક છે.
- ફક્ત ચવા સંસ્કાર બાબત, સાડા પાંચસો વરસ પહેલાંના ચારણ મહાત્મા ઈસરદાસજીયે દેવિયાણમાં ફોડ પાડ્યો છે.

॥ છંદ ॥

દેવી મચ્છ રે રૂપ તું શંખ મારે, દેવી શંખ રે રૂપ તું વેદ હારે.
દેવી વેદ શુધ્ધ વાર રૂપે કરાયા, દેવી ચારણાં વેદ તેં વાર પાયા.

- ત્યારબાદ ''ચવા'' શબ્દનો ઉપયોગ કરી, અવતાર ચરિત્રમાં મહાત્મા નરહરદાસજીયે સ્વીકાર્યું છે. તે દોહરો -

ચવ મુખ સો જલચારણાં, દયા યુક્ત લે દીન.
પ્રિત સહિત તિંહી પાન કિય, બાઢત બુધ્ધિ પ્રબિન.

૪

# ‘વખત બલંદ’ : નમૂનેદાર સંશોધન

**ડૉ. બાબુ સુથાર**

કવિશ્રી ફૂલ વરસડાકૃત ‘વખત બલંદ’ કૃતિને સંપાદકો (ડૉ. બળવંત જાની, રતુદાન રોહડિયા અને ડૉ. તીર્થંકર રોહડિયા) એ એક ‘ઇતિહાસમૂલક ચારણી કથાકાવ્ય’ તરીકે ઓળખાવેલ છે. દેખીતી રીતે જ આમ કહીને તેઓ આ કૃતિનાં બે પાસાં પર ભાર મૂકી રહ્યા છે. એક તે એની ઐતિહાસિકતા પર અને બીજો તે એની કથનાત્મકતા પર. આમાંના એકને ઇતિહાસ સાથે જ્યારે બીજાને સાહિત્યતત્ત્વ સાથે સંબંધ છે. એનો અર્થ એ થયો કે આ પ્રકારની કૃતિનું મૂલ્યાંકન કરનારે આ કૃતિની હસ્તપ્રત સંપાદકોએ કઈ રીતે મેળવી છે, એનું કઈ રીતે વાંચન કર્યું છે અને એ વાંચનની કેવી પ્રકારે રજૂઆત કરી છે, તેમ જ એનું ઐતિહાસિક અને સાહિત્યિક મૂલ્ય શું છે - જેવા પ્રશ્નો ધ્યાનમાં રાખવા પડશે.

સંપાદકો કહે છે એમ એમણે આ કૃતિની હસ્તપ્રત કવિશ્રી ફૂલ વરસડાના વંશજો પાસેથી મેળવી છે. બીજા શબ્દોમાં આપણે એમ કહી શકીએ કે એમણે આ કૃતિની હસ્તપ્રત કોઈ સત્તાવાર આર્કાઈવ્ઝમાંથી મેળવી નથી. સપાટી પર સરળ લાગતી આ ઘટના વાસ્તવમાં તો આપણે ઐતિહાસિક જ્ઞાનનાં અને ઐતિહાસિક સંભારણાંનાં સાધનોનો કઈ રીતે સંચય કરીએ છીએ એના પર પ્રકાશ પાડે છે. હું માનું છું કે કોઈ પણ પ્રજા આ પ્રકારનાં સાધનોનો સંઘટિત અને અ-સંઘટિત એમ બે સ્વરૂપે સંચય કરતી હોય છે. આમાંનાં સંઘટિત સ્વરૂપ સચવાયેલાં સાધનો આપણને સત્તાવાર આર્કાઈવ્ઝમાંથી મળી આવતાં હોય છે. જો કે, એ સાધનો પણ ક્યારેક નોકરશાહી કે બીજાં કેટલાંક કારણોસર સંશોધકોને સરળતાથી ઉપલબ્ધ બનતી નથી હોતી. અ-સંઘટિત સાધનો વેરવિખેર સ્વરૂપે પડેલાં હોય છે. એટલે



સુધી કે જેની પાસે એ સાધનો હોય છે એમને પણ એના સંશોધનાત્મક મૂલ્યની જાણ નથી હોતી. ક્યારેક તો તેઓ માલિકીપણા કે સાંપ્રદાયિક ગુપ્તતાના એક ભાગરૂપે બીજાઓને એ સાધનોના વપરાશમાં સહભાગી થવા દેતા નથી હોતા. આ પ્રકારનાં સાધનો મોટે ભાગે તો અકસ્માતે જ હાથ લાગતાં હોય છે અને એની પ્રાપ્તિ માટે અંગત સંબંધો વધારે જવાબદાર હોય છે.

એક વાર હસ્તપ્રત મળી જાય પછી એની વાચના નક્કી કરવાનું કામ આવે. સંશોધકોને આ હસ્તપ્રત પ્રમાણમાં ઠીક ઠીક સારી અને સુવાચ્ય સ્વરૂપની હાલતમાં મળી આવી છે. એને કારણે એમને એની વાચના નક્કી કરવામાં ઝાઝી મુશ્કેલી નથી પડી. જો કે, એનો અર્થ એવો નથી કરવાનો કે આ હસ્તપ્રતની રજૂઆત સંદર્ભે સંપાદકોને પડકાર્યા નથી. જો આપણે એ સંપાદનની રજૂઆતને ધ્યાનથી જોઈશું તો આપણને સમજાશે કે સંપાદકોએ આ કૃતિને યોગ્ય ઐતિહાસિક તેમ જ સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં મૂકવા માટે ઘણા બધા પડકારોનો સામનો કર્યો છે.

એક પરિશિષ્ટ સહિત ચાર ભાગમાં વહેંચાયેલી સ્વાધ્યાયપૂર્ણ રજૂઆતના પહેલા ભાગમાં ડૉ. બળવંત જાનીએ આ કૃતિનાં આંતરિક તેમ જ બાહ્ય લક્ષણોની વિગતે ચર્ચા કરી છે અને એમને આધારે ઇતિહાસને લગતા તથા સાહિત્યને લગતા પણ કેટલાક પ્રશ્નો ઉપસ્થિત કરી એના જવાબ આપવાનો પ્રયાસ કર્યો છે. ‘વખત બલંદ : તથ્યપૂર્ણ કથાનક અને તર્કપૂત અભિવ્યક્તિ’ શીર્ષક હેઠળ લખવામાં આવેલા આ લેખને ડૉ. બળવંત જાનીએ સાત મુદ્દાઓમાં વહેંચી નાખ્યો છે. એમાંના પહેલા મુદ્દામાં એમણે એક ખૂબ જ મહત્ત્વના ઐતિહાસિક પ્રશ્નને હાથમાં લીધો છે અને એ પ્રશ્ન છે વખતસિંહ રાજવીના કુળને લગતો. ડૉ. જાની એમના લેખમાં જણાવે છે કે, કેટલાક વિદ્વાનો એમને સૂર્યવંશી માને છે જ્યારે કેટલાક ચંદ્રવંશી માને છે. ડૉ. જાનીએ આ ચર્ચાનું સત્યાસત્ય ચકાસવા માટે વંશાવળીથી માંડીને લોકમાન્યતા અને લોકવિદ્યાઓનો પણ સહારો લીધો છે. એટલું જ નહીં, વંશાવળીની અયોગ્ય પ્રકારની ચકાસણી પણ ક્યારેક કેવા પ્રશ્નો ઊભા કરે છે એની પણ એમણે વાત પોતાના અનુભવથી કરી છે. ક્યારેક વંશાવળીનાં કેટલાંક પાનાં ઉધઈ ખાઈ જાય ત્યારે કાગળ પર જે કંઈ શબ્દો બચ્યા હોય એમની પુનઃ રચના કરવાનું કામ કેટલું અઘરું બની જતું હોય છે અને એ કામ કઈ રીતે ઈતિહાસને પડકાર ફેંકતું હોય છે એની ચર્ચા પણ એમણે અહીં કરી છે અને અંતે નિષ્કર્ષ રૂપે વખતસિંહ રાજવી કુળ ચંદ્રવંશી છે એવું તારણ પણ રજૂ કર્યું છે. ત્યાર પછીના ખંડોમાં એમણે કવિશ્રી ફૂલ વરસડાના જીવન અને કવનની, ‘વખત બલંદ’ની

કથાસૃષ્ટિની, એની ચરિત્રસૃષ્ટિની, એ કાવ્યમાં પ્રયોજાયેલા છંદની, અલંકારની અને રસનિષ્પત્તિની તથા ઐતિહાસિક તથ્યોના સાહિત્ય વિનિયોગ અને કથનકળા સાથેના એના સંબંધ-અનુબંધની ચર્ચા કરી છે. એમાંનો છેલ્લો મુદ્દો ડૉ. બળવંત જાનીના પરિશિષ્ટમાં પ્રગટ થયેલા 'ચારણી સાહિત્ય : રાજ્યાશ્રિત છતાં તથ્યાશ્રિત' લેખની સાથે ઊંડો સંબંધ ધરાવે છે. પરિશિષ્ટમાં પ્રગટ કરવામાં આવેલા લેખોમાં ડૉ. જાનીએ ચારણી સાહિત્ય રાજ્યાશ્રિત હોવા છતાં ક્યારેક એ કઈ રીતે રાજ્યની સત્તાને પણ પડકારતું હોય છે એના અનેક દષ્ટાંતો ઉદાહૃત કરીને એ પ્રકારના સાહિત્યને કેવળ રાજ્ય પ્રભાવિત પણ પ્રમાણિત સત્યના સાહિત્ય તરીકે જોવાની અને અવલોકવાની સામે લાલબત્તી ધરી છે. આ સંશોધનાત્મક અને વિવેચણાત્મક અભ્યાસલેખમાંથી ડૉ. બળવંત જાનીના આ વિષયના તલસ્પર્શી જ્ઞાન અને માહિતીનો પરિચય મળે છે.

ત્યાર પછી સંપાદકોએ 'વખત બલંદ' કૃતિની સંપૂર્ણ વાચના આપી છે. એમાં એમણે મૂળ કૃતિ ઉપરાંત એનો અર્વાચીન ગુજરાતીમાં અનુવાદ પણ આપ્યો છે. આ વાચના એક બાજુ ઈતિહાસકારોને તો બીજી બાજુ સાહિત્યકારોને પણ ખૂબ જ ઉપયોગી બની શકે એવી છે. તદ્ઉપરાંત, એ ભાષાવિજ્ઞાનીઓને પણ, ખાસ કરીને બોલીવિજ્ઞાનીઓને પણ ઘણી ઉપયોગી બની શકે એવી છે. ગુજરાતીમાં આમ તો પ્રાદેશિક તેમજ લોકબોલીના ક્ષેત્રમાં ઠીક ઠીક સંશોધનો થયાં છે પણ ચારણી ભાષા/બોલીના ક્ષેત્રમાં, ખાસ કરીને એ ભાષા / બોલીના ઈતિહાસ પર ઝાઝું કામ થયું નથી એ સંજોગોમાં અહીં આપવામાં આવેલી વાચના અને ડૉ. તીર્થંકરે તૈયાર કરેલો આ કૃતિનો શબ્દકોશ ખૂબ ઉપયોગી બને તેવો છે. આ શબ્દકોશની સંરચના પરંપરાગત સંરચના કરતાં જુદા પ્રકારની છે. ડૉ. તીર્થંકરે કક્કાવારી પ્રમાણે અકારાદિક્રમે શબ્દો અને એના અર્થો ગોઠવ્યા તો છે જ પણ સાથોસાથ એ શબ્દો કૃતિની કઈ કડીમાં આવે છે એની પણ માહિતી આપી છે એને કારણે એ શબ્દોના સંદર્ભો સમજવાનું કામ સરળ બની જાય છે. જો કે, અહીં જે તે શબ્દોની વ્યાકરણગત કોટિની પણ માહિતી આપી હોત તો સારું થાત. એમ છતાં જો કોઈએ ચારણી ભાષા / બોલીનો શબ્દકોશ બનાવવો હશે તો આ શબ્દો ચોક્કસ કામ લાગશે. એટલું જ નહીં, ચારણી ભાષા / બોલીનાં કેટલાંક પાસાં ગુજરાતી ભાષાનાં જ એ પાસાં સાથે સરખાવવા માટે પણ આ શબ્દકોશ ઘણો ઉપયોગી બને એવો છે.

કૃતિની ઐતિહાસિક વિગતોના પ્રશ્નની થોડીક ચર્ચા આગળ કરી છે. ડૉ. બળવંત જાનીએ આપણે જોયું એમ ચારણી સાહિત્યમાં તથ્ય પણ હોય છે અને એમ



હોવાથી એનું ઐતિહાસિક મૂલ્ય પણ હોય છે એવી દલીલ પ્રસ્તાવનામાં તર્કપૂર્ણ રીતે કરી છે. આ મુદ્દાને આમ જુઓ તો આપણી ઇતિહાસ વિશેની સમજ સાથે ગાઢ સંબંધ છે. ઘણા વિદ્વાનો ચારણી સાહિત્યમાં આવતા ઇતિહાસને ઐતિહાસિક મૂલ્ય આપવાની કે ઘટાવવાની-ગણવાની તરફેણ કરતા નથી. તેઓ માને છે કે ચારણી સાહિત્ય મોટે ભાગે રાજ્યાશ્રિત હોવાને કારણે એમાં ઐતિહાસિક તથ્ય પ્રમાણમાં નહીંવત્ હોય છે. ડૉ. બળવંત જાની આ માન્યતા સાથે સંમત થતા નથી. તેઓ કહે છે કે, ચારણી સાહિત્યમાં આવતા ઇતિહાસને તથ્યના અભાવના બહાને બાજુ પર મૂકી શકાય એમ નથી. કેમકે, એ પ્રકારના સાહિત્યમાં ઘણા બધાં ઐતિહાસિક તથ્યો પણ કુશળતાપૂર્વક વણી લેવામાં આવ્યાં હોય છે. આ પક્ષાપક્ષીનાં મૂળ હકીકતમાં તો ઈતિહાસ વિશેની આપણી સમજમાં પડેલાં છે. ઇતિહાસની પરંપરાગત વિભાવના એવું માને છે કે સત્ય કથનની બહારના વિશ્વમાં પડેલું હોય છે અને કથન એ સત્યનું નિરૂપણ કરતું હોય છે. જો કે, સંરચનાવાદ અને અનુસંરચનાવાદ પછી ઇતિહાસ વિશેની આ સમજ બદલાઈ ગઈ છે. એ બન્ને પરંપરાથી પ્રભાવિત થયેલા વિદ્વાનો માને છે કે જેમ નવલકથા એક કથન હોય છે એમ ઇતિહાસ પણ એક કથન જ હોય છે. એમ હોવાથી બન્ને પરંપરા સત્યનું કઈ રીતે નિર્માણ કરે છે એ જ મહત્ત્વનું હોય છે. સત્ય શું છે એ પ્રશ્ન અહીં ગૌણ બની જતો હોય છે. આ વિદ્વાનોના મતે 'પોસ્ટ ઑફિસ' (લેખક : ધૂમકેતુ) વાર્તા અને 'ગુજરાતની કીર્તિગાથા' જેવાં પુસ્તકોની વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ હોતો નથી. એ બન્ને ય અંતિમે તો કથન જ હોય છે. જો એમ હોય તો એનો અર્થ એ થયો કે, 'વખત બલંદ' કૃતિને પણ એક ઐતિહાસિક કથન તરીકે જોવું-અવલોકવું જોઈએ. ડૉ. બળવંત જાનીએ એ દલીલ અહીં, અલબત્ત જુદા સૈદ્ધાન્તિક માળખામાં રહીને કરી છે.

કેટલાક વિદ્વાનો એમ પણ કહે છે કે જેમ સાહિત્ય સત્યનું નિર્માણ કરતું હોય છે એમ ઇતિહાસપણ સત્યનું નિર્માણ કરતો હોય છે. એમ હોવાથી સાહિત્ય અને ઇતિહાસ જેવા ભેદ સ્વીકારી શકાય તેમ નથી. ફ્રેન્ચ ફિલસૂફ દેરિદાએ જ્યારે જે કંઈ છે એ બધું જ પાઠસ્વરૂપે છે એમ કહ્યું ત્યારે એનો અર્થ એ થયો કે સંકેતિક જ નહીં, સંકેતિત પણ પાઠસ્વરૂપે જ હોય છે અને આપણે ક્યારેય પણ પાઠસ્વરૂપે ન હોય એવા સંકેતિતને પામી કે અનુભવી શકીએ નહીં. એ જ વાત 'વખત બલંદ'ના સંદર્ભમાં પણ કરી શકાય. 'વખત બલંદ'નો જે પાઠ આપણી સમક્ષ છે એ પોતે એક સંકેતિક સ્વરૂપે છે અને એ જે સત્યનું નિર્માણ કરે છે એ પણ આપણી સમક્ષ સંકેતિક સ્વરૂપે જ રજૂ થતું હોય છે. એમ હોવાથી ઐતિહાસિક સત્યનો પ્રશ્ન


પરંપરાગત આધિભૌતિકવાદની નીપજ બની જતો હોય છે, જેનો સંરચનાવાદ અને અનુસંરચનાવાદ સ્વીકાર કરતા નથી.

ચારણી સાહિત્યની બીજી કૃતિઓની જેમ જ આકૃતિ પણ કથનશાસ્ત્ર, પાઠત્ત્વ, આંતરપાઠત્ત્વ જેવા અનેક મુદ્દાઓની ચર્ચા માટે જરૂરી સામગ્રી પૂરી પાડે એવી છે. ડૉ. બળવંત જાનીએ પરંપરાગત કથનશાસ્ત્રની સીમારેખામાં રહીને આ કૃતિનાં ઘણાં બધાં પાસાં આપણને સ્પષ્ટ કરી આપ્યાં છે. આશા રાખીએ કે એનો ઉપયોગ કરીને ભવિષ્યમાં સાહિત્યિક સિદ્ધાન્તને વરેલો કોઈક અભ્યાસુ આ કૃતિના આધારે સાહિત્યિકતત્ત્વ સાથે સંકળાયેલા બીજા પ્રશ્નો પણ ચર્ચશે. અહીં ઐતિહાસિક ચારણી-કથાકાવ્યની સંપૂર્ણ વાચના, એનો અર્વાચીન ગુજરાતીમાં અનુવાદ, અર્થ નિર્દેશતો શબ્દકોશ તથા અભ્યાસપૂર્ણ ઉપોદ્‌ઘાત અને સંશોધનમૂલક પરિશિષ્ટ સમાવિષ્ટ છે. આ કારણે ભાષાના, ઇતિહાસના, સાહિત્યના અને સંસ્કૃતિના અભ્યાસીઓને આ સંશોધનપૂર્ણ સંપાદન ખૂબ જ ઉપયોગી બની રહેશે. સંપાદક ત્રિપૂટીને આવું નમૂનેદાર અભ્યાસમંડિત સંપાદન તૈયાર કરવા બદલ અભિનંદન.

હું માનું છું કે, 'વખત બલંદ' અનેક રીતે મહત્ત્વની કૃતિ છે. એ એક બાજુ ચારણી સાહિત્યની કૃતિ છે તો બીજી બાજુ ઐતિહાસિક કૃતિ પણ છે. એ જ રીતે, એ એક બાજુ ચારણી ભાષા કૃતિ છે તો બીજી બાજુ ગુજરાતી ભાષાની પણ કૃતિ છે. આ કૃતિ ઐતિહાસિક, સાહિત્યિક, ભાષાવૈજ્ઞાનિક અને કલ્ચર સ્ટડીઝ જેવાં ક્ષેત્રોમાં વધુ સંશોધન માટે ખૂબ ઉપયોગી બની રહે એવી છે. એટલું જ નહીં, આ કૃતિ ગુજરાતી સાહિત્યના પરંપરાગત ઢબે લખાયેલા અને હજી પણ લખાતા ઇતિહાસ માટે પણ એક મોટો પડકાર છે. હજી આપણે સન્ત સાહિત્ય, ચારણી સાહિત્ય અને બારોટી સાહિત્ય જેવાં હાંસિયામાં રહી ગયેલાં સાહિત્યનો ઇતિહાસમાં સમાવેશ કરતા થયા નથી. એ આપણી સૌથી મોટી દરિદ્રતા છે. આશા રાખીએ કે આ કૃતિનું સંપાદન આપણને એ દિશામાં વધુ ક્રિયાશીલ બનવા માટે મજબૂર કરશે. વિશ્વભરમાં અત્યારે હાંસિયામાં રહેલા સાહિત્યને થયેલો અન્યાય દૂર કરવાની વિદ્યાકીય પ્રવૃત્તિ થઈ રહી છે તો ગુજરાતી સાહિત્ય એમાંથી શા માટે બાકાત રહી જાય ?

**બાબુ સુથાર**
ડિપાર્ટમેન્ટ ઑફ સાઉથ એશિયા સ્ટડીઝ,
યુનિવર્સિટી ઑફ પેન્સિલવેનિયા, ફિલાડેલ્ફિયા, યુ.એસ.એ.





વિભાગ : ૨

# લોકસંસ્કૃતિ અને સાહિત્ય



## ૫

# લોકવિદ્યા અને જાતિગત મનોવિજ્ઞાન

ડૉ. હસુ યાજ્ઞિક

લોકવિદ્યાનો અભ્યાસ જ વિવિધ વિદ્યાઓ અને શાસ્ત્રોની સાથે અવિયુક્ત રૂપમાં સંકળાયેલો છે. લોકવિદ્યા પોતે જ બહુપાર્શ્વી એવા નિશ્ચિત પરંપરા ધરાવતા સામાજિક એકમની સાંસ્કૃતિક રૂપની ઉપલબ્ધિ છે. વિચાર, વસ્તુ કે પદાર્થ, વાણી તથા વિધિવિધાન જેવાં મુખ્ય ત્રણ કે ચાર એવાં માધ્યમ દ્વારા જ લોકવિદ્યાનો પરંપરાપ્રાપ્ત સ્રોત સતત વહેતો રહે છે અને સમય અને સ્થળનાં પરિવર્તન સાથે એમાં સમયસમયે સ્થૂલ-સૂક્ષ્મ ફેરફાર થતા રહે છે – કેટલુંક લુપ્ત થાય, તો કેટલુંક પરિવર્તન પામે, તો કેટલુંક તદ્દન જુદું કે નવું પણ આવે ! અને આવાં સ્થૂલ-સૂક્ષ્મ એવાં સ્થિત્યંતરનાં પણ પદચિહ્નો ક્યાંક પ્રગટ તો ક્યાંક સૂક્ષ્મ રીતે અંકિત થયેલા હોય છે. પરંતુ એને પામવા માટે અભ્યાસીએ વિશેષ પ્રયત્ન કરવો પડે છે અને ભાષાવિજ્ઞાન, બોલી, સમાજશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, અનુવંશ શાસ્ત્ર, જીવવિજ્ઞાન, સંસ્કૃતિ અને મનોવિજ્ઞાન આ બધાં જ શાસ્ત્રોના પાયાના સિદ્ધાંતની જાણકારીને જ લોકતાત્ત્વિક અધ્યયન કરનારે ઉપયોગમાં લેવા પડે છે. આ બધાં જ અભ્યાસોપયોગી સંલગ્ન શાસ્ત્રો વિજ્ઞાનોમાંથી અહીં મનોવિજ્ઞાનની જ એક પેટા શાખા એવી જાતિગત મનોવિજ્ઞાન – Racial Psychology ની દૃષ્ટિએ ગુજરાતની કેટલીક લોકકથાઓ સંદર્ભે વિચાર કરવાનો ઉપક્રમ છે.

ભારત અને યુરોપ બન્ને પ્રદેશમાં વસવાટ કરતી તથા ઈરાનમાં પણ સ્થિર થયેલી આર્ય પ્રજાઓનાં લોકસાહિત્ય અને સાહિત્યમાં, ભાષાઓ અને સાહિત્ય ઉપરાંતની અન્ય કલાઓના પાયાના સિદ્ધાંતો, કલાવિભાવના, તેના પ્રકારો-જાતિઓ-સ્વરૂપો વગેરેમાં સામ્ય છે. એનું કારણ આ જાતિસમુદાયોના



કુળમૂળની એકતામાં છે. સભ્યતા અને સંસ્કૃતિના નિશ્ચિત વિકાસ પછી જ મધ્ય એશિયાના આર્યજૂથોએ ઈરાન, અફઘાનિસ્તાન, ભારત, ગ્રીસ અને યુરોપના અન્ય દેશોમાં સંક્રમણ કર્યાં અને તે તે પ્રદેશોમાં વસવાટ કરી 'આર્ય' એટલે કે પશુપાલક ઉપરાંત 'ઈર્ય' એટલે કે કૃષિકાર પણ બન્યા. વસવાટના આ તબક્કે બધા પાસે મૂળ ભાષાનો અને એમાં રહેલાં બધાં જ અંગોનો સમાન કે એક જ ગણી શકાય એવો વારસો હતો. આ પછીના તબક્કે વિવિધ સ્થળે વસવાટ કરવાને કારણે કાળક્રમે તેમની માતૃભાષા- Spoken Language માં પરિવર્તન થયાં, પરંતુ તેમાં તેમના સમાન વારસાનાં ગીતો, કથાઓ વગેરે પણ જળવાયાં. એક જાતિના ભિન્ન ભિન્ન વસવાટનાં સ્થાન અને પરિસ્થિતિ બદલાતાં આજીવિકા બદલાઈ, કેટલીક માન્યતાઓ અને કેટલાંક ધોરણો બદલાયાં; સંગીત, નૃત્ય, સાહિત્ય, ચિત્ર જેવી કલાઓના લોકપ્રવૃત્ત લોકવિદ્યાકીય રૂપો બદલાયાં; સહુએ પોતપોતીકો એવો કલાવિકાસ સિદ્ધ કર્યો, પરંતુ તેમની પાયાની કલાવિભાવના અને પ્રકારો - જાતિઓ - સ્વરૂપો એક જ હતાં એ કારણે જે કંઈ હવે નવું-નવું આવ્યું તેમાં પણ કેટલુંક સમાન રહ્યું. સંગીતનો જ વિચાર કરીએ તો ગ્રીક પાયથાગોરસ અને ભારતીય ભરતમુનિ – બન્નેએ સપ્તકની ૧૨ શ્રુતિઓ જ મુખ્ય રૂપમાં નિશ્ચિત કરી. સ્વરલગાવ, અલંકાર, ભાવાભિવ્યક્તિ માટેના મ્યુઝિકલ મોટીફ (જેમાં બે અવાંતરિત સ્વરોના ઉપયોગે સિદ્ધ થતું માધુર્ય, રે-પની સંગતિ, ગમરેસા જેવા સ્વરના વક્રપ્રયોગો, કોઈ એક સ્વરને અન્ય શ્રુતિઓના લગાવથી અલંકૃત કરવાની પદ્ધતિ એ બધું સમાન છે) તથા સંગીત તથા નૃત્યમાં ત્રણ આવર્તનની તિકાઈ, નૃત્ય માધ્યમે પણ ભાવાભિવ્યક્તિ, નાટ્યરૂપ એમ અનેક સમાન રૂપમાં છે.

આવી ભારત-યુરોપીય કલાઓનું સામ્ય તેમની લોકમહાકાવ્ય folk epic પરંપરામાં અને રાસડા balladમાં જોવા મળે છે. ભારતના કે યુરોપના બધાં જ પ્રશિષ્ટરૂપ પામેલાં મહાકાવ્યોમાં કેન્દ્રમાં કાં તો જાતિ-જાતિ વચ્ચેનો અથવા તો એક જ વંશના વારસો વચ્ચેનો સંઘર્ષ છે. આ જાતિગત સંઘર્ષનાં મૂળ ક્યાં છે, કેવાં છે, શાથી છે તે આરંભે તપાસીએ.

### જાતિજાતિ વચ્ચેના દ્વેષ અને હીનભાવનાં મૂળ

વિશ્વના વિવિધ દેશોમાં વસવાટ કરતી જાતિઓમાં મધ્ય એશિયાની આર્ય જાતિ વિશેષ પ્રાચીનતમ સંસ્કૃતિ ધરાવે છે અને તે ભારત, ઈરાન અને યુરોપના વિવિધ દેશોમાં વસવાટ કરે છે. આ જાતિએ ધર્મ, કલા, નગરરચના અને

સત્તા વિસ્તરણ અને વિભાજનની વિકસિત એવી વ્યવસ્થાને કારણે વિશ્વમાં પ્રભુત્વ જમાવ્યું અને અનેક જાતિઓ પર વર્ચસ્વ કર્યું. આ કારણે આ જાતિમાં યુગો સુધી પોતે જ સર્વશ્રેષ્ઠ, શુદ્ધ અને સંસ્કૃત છે એનું આત્મગૌરવ ગર્વની કક્ષાએ પહોંચ્યું હતું અને વસ્ત્ર ન પહેરનાર કે ઓછાં પહેરનાર તથા જેમની બોલીને પ્રશિષ્ટ ભાષાનું સ્વરૂપ અને લિપિસિદ્ધ થયાં ન હતાં એવી જાતિઓને અસંસ્કૃત, વન્ય કે અર્ધસંસ્કૃત માનવામાં આવી. જોકે સમાજવિદ્યા અને સંસ્કૃતિની વિભાવનામાં વિકાસ થયા પછી તો હવે સર્વત્ર વિદ્વાનો સ્વીકારે છે કે જે જાતિઓ મનુષ્યભક્ષી છે, કાચું રાંધ્યા વગરનું માંસ કે અન્ન ખાય છે અને લંગોટી પણ પહેરતી નથી, તેવી જાતિઓને પણ અસંસ્કૃત કે અર્ધસંસ્કૃત ન કહી શકાય. દરેકને પોતાનાં સ્થળ, સમય, રૂઢિ, પરંપરા પ્રમાણેનું જીવન હોય છે અને અસંસ્કૃત કે અર્ધસંસ્કૃત મનાતી જાતિઓમાં પણ જન્મ અને મૃત્યુ શું છે, એ પ્રસંગે શું કરવું કે ન કરવું, આ જગત કોણે બનાવ્યું અને તેનું સંચાલન કોણ, કઈ રીતે કરે છે એ વિશેની ધારણાઓ-માન્યતાઓ હોય ને એને આધારે જ જેમના જીવનની અને સમાજની વ્યવસ્થા ગોઠવાયેલી હોય તેવી કોઈ પણ પ્રજાને અસંસ્કૃત કે અર્ધસંસ્કૃત કહી ન શકાય. દરેકને પોતપોતાની રીતની જ સંસ્કૃતિ છે અને એવી સંસ્કૃતિઓ વચ્ચે કેટલોક ભેદ છે, એટલું જ અને આ ભેદ સાપેક્ષ હોય છે, તેથી ક્યારેક એવું જે પોતાને ઉચ્ચ ને શ્રેષ્ઠ માને તે જ સંસ્કૃતિ ગણાય; આવો માપદંડ સ્વીકારી ન શકાય.

આમ વિચારમાં તો જગત વિશાળ ને વ્યાપક બન્યું છે, પરંતુ આંતર કે બાહ્ય એવા વિચાર અને આચરણમાં તે ઊતર્યું નથી. કોઈ પણ ગોરો પોતાને અન્ય કોઈ પણ કાળા,પીળા કે ઘઉંવર્ણાથી ઉચ્ચ જ માને છે. વિદેશમાં જે લોકો કાયમ માટે વસે છે તેવા કોઈ પણ આફ્રિકન કે એશિયનને ત્યાંની ગોરી પ્રજા તો પોતાના કરતાં હીન, ઊતરતી અને સંસ્કારહીન જ માને છે. થોડા વખત માટે પણ જે કોઈ યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા કે કૅનેડા જાય છે તેમને પણ આનો અનુભવ થશે જ ! તમે જોશો કે જો તમે એશિયન હશો તો ભાગ્યે જ કોઈ અંગ્રેજ કે અન્ય યુરોપિયન, અમેરિકનને હવાઈયાત્રામાં તમારી બાજુમાં સીટ આપે ! નાછૂટકે જ, બીજો ઉપાય ન હોય ત્યારે જ આવું કલબીંગ એશિયન-યુરોપિયનનું થાય છે ને ત્યારે પણ ભોગ જોગે કોઈને એશિયન,ચાઈનીઝ, જપાનીઝ કે આફ્રિકનનો સાથ મળ્યો તો એનું નાક ચડી જવાનું ને મન ચેરાઈ જવાનું ! બ્રિટિશ કે અમેરિકન એરવેઝમાં ગોરા અને કાળાને અપાતી સેવા અને દાદમાં ભેદભાવ જોવા મળે છે. ગાંધીજીને થયેલો પ્રિટોરિયાનો અનુભવ કંઈ જૂનો ને છેલ્લો જ નથી. આજના પણ



મોહનદાસને ખુલ્લો નહીં તો આડકતરો તિરસ્કાર ને અવહેલના સહન કરવાં જ પડે છે. ઑસ્ટ્રેલિયા વગેરેમાં જે જાતીય હુમલાઓ થાય છે એનાં મૂળમાં અનેક કારણો છે, પરંતુ એમાંનું જાતિભેદ-વર્ણભેદ મુખ્ય છે જ ! અને જગતમાં આ સ્થિતિ એટલે સુધી વકરવા લાગી છે કે સંભવ છે કે આફ્રિકન સમેત એશિયનને જાતિ અને ધર્મગત ભેદ ભૂલીને ભવિષ્યમાં એકતા સિદ્ધ કરવી પડે ને ભયંકર એવી સ્થિતિ-ખંડીય જાતિગત યુદ્ધની-સહન કરવાની થાય. એક કાળ લાંબા ભવિષ્યના સમયે પણ એવો જરૂર આવશે કે આફ્રિકન, પાકિસ્તાની, ભારતીય, ચીની, જાપાનીને એક થવું પડે ! ઇચ્છીએ, વિશ્વયુદ્ધથી પણ ભયંકર એવી આ સ્થિતિ ન થાય, પરંતુ નગ્ન વાસ્તવિકતા તો એ છે કે, ગોરી સત્તાઓ બિનગોરી પર કશા જ ડર કે નિયંત્રણ વગર હાવી થઈ ગઈ છે. દાખલો ઉઘાડો છે, પરંતુ દેવા જેવો નથી આ તબક્કે !

ક્યાં છે આ ગોરી મહિમ્નગ્રંથિનાં મૂળ ? એ સંભવતઃ જાતિગત સંપ્રજ્ઞતામાં-રેસિયલ કોન્શ્યસનેસમાં છે. જાતિમૂળ એક પ્રકારનું ગર્વ અને દ્વેષનું કારણ બની ગયો છે. આ ગ્રંથીનું મૂળ ઓગણીસમી સદીની વિશ્વની પ્રગતિમાં જ બંધાયું છે અને જાતિઓ વિશેની શોધથી જ કેટલાંક અનર્થ જન્મ્યાં જણાય છે.

વિશ્વની જાતિઓના મુખ્ય બે પ્રકારો છે, એક ઈર્ય અને બીજી આર્ય - એટલે કે કૃષિ જેવી આજીવિકા ધરાવતી અને કોઈ એક સ્થાને વસવાટ કરતી જાતિ અને પશુપાલન જેવો વ્યવસાય કરતી અને ઘાસચારા-આજીવિકાની શોધમાં ફરતી રહેતી - યાયાવર જાતિ.

આ બીજી જાતિ વિશ્વમાં અનેક સ્થળે વસવાટ કરતી થઈ અને એમાંથી ગોરી પ્રજાના મનમાં ગુરુતાની ગ્રંથી બંધાઈ તે આગળ જોઈશું. પુરાતત્ત્વ અને નૃવંશવિદ્યાના વિકાસથી સભ્યતા અને સંસ્કૃતિનો તબક્કાવાર ઇતિહાસ દૃષ્ટિમાં આવ્યો અને તેને મુખ્ય ત્રણ તબક્કામાં વહેંચવામાં આવ્યો.

(૧) ઈસવીસન પૂર્વેના એક લાખથી ૫૦,૦૦૦ વર્ષનો પ્રારંભનો ગાળો તે આદિમ કે પ્રાકૃત એટલે કે Savage (૨) એ પછીના ૫૦,૦૦૦ થી ૧૦,૦૦૦ વર્ષનો ગાળો બર્બર અને Barbarian તે પછી (૩) ઈ.પૂ. ૧૦,૦૦૦થી આજ સુધીનો સભ્યતા અને સંસ્કૃતિના વિકાસનો ગાળો. એન્થ્રોપોલોજીની સહાયથી આમ માનવનાં સભ્યતા અને સંસ્કૃતિના વિકાસનું ચિત્ર સ્પષ્ટ થયું.

આ સાથે જ વિશ્વમાં મુખ્ય છ જાતિઓ છે, એ ધ્યાનમાં આવ્યું અને (૧) ચામડીનો વર્ણ (૨) આંખનો રંગ (૩) વાળનો રંગ અને જાડા-પાતળાપણું,

સીધા-ગૂંચળાં પણું (૩) હોઠનું જાડાપાતળાપણું (૪) નાકનું બૂચામણું, તીણાપણું (૫) બાવડા અને જાંઘના હાડકાનું લાંબા-ટૂંકાપણું (૬) શરીરનું કદ : આવાં મુખ્ય દૈહિક લક્ષણો પછી લોહીનું પણ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું. આ બધાના અંતે જાતિનાં મૂળ એની દૈહિક વિશિષ્ટતા અને લક્ષણો, એ જાતિઓનાં સમ્પ્રસારણ અને સ્થાયીકરણ, એમણે કરેલો સભ્યતા અને સંસ્કૃતિનો વિકાસ એ બધુ નિશ્ચિત થયું. માણસ જાતિની ઉત્પત્તિ Ape એપ જાતિના વાનરમાંથી ઉત્ક્રાંતિના રૂપમાં થઈ છે, એ ડાર્વિનની થિયરીથી બધા પરિચિત છે અને આ થિયરી સાચી નથી એની પણ સંશોધનયુક્ત ચર્ચા-વિચારણા-સ્થાપના થયાં છે. એ બધી જ વિગતોના ઊંડાણમાં ન ઊતરીએ તો પણ એટલું તો નિશ્ચિત છે જ કે માણસની જાતિ શરીરના વર્ણની દૃષ્ટિએ કાળી, પીળી, ધોળી અને રતુંબડી છે અને એના જ પૂર્વજ લાગે તેવા એપની પણ ભિન્ન-ભિન્ન જાતિઓ આજે પણ જગતમાં જોવા મળે છે ત્યારે કહેવું જોઈએ ડાર્વિન સંપૂર્ણ ખોટો હોઈ ન શકે ! ઉત્ક્રાંતિવાદનો સમૂળગો છેદ ઉડાડવો મુશ્કેલ છે અને માણસ તથા માનવેતર પ્રાણીની ચામડીના વર્ણ અને વાળ પર જે અસર છે તે સૂર્યનાં સીધાં, ત્રાંસા અને નહિવત્ એવાં મુખ્ય ત્રણ પ્રકારના કિરણોનાં જ કારણે છે એ વૈજ્ઞાનિક તથ્ય છે. જે જાતિઓ વિષુવવૃત પરની હતી અને સૂર્યનાં સીધાં કિરણોના ક્ષેત્રમાં હતી તે કાળી બની. દા.ત., આફ્રિકાના હબસીઓ, દ્રવિડો, મૂળ ભીલ પ્રજા વગેરે. જે જાતિઓ એનાથી ઉપરના અક્ષાંશમાં જન્મી તેનાં વર્ણ પીળાં અને કદ ટૂંકા થયાં. દૃષ્ટાંત તરીકે તિબ્બટ્ટી, ચીની, જપાની, બર્મીઝ-એમનાં આંખનાં પોપચાં પણ ઉપસેલાં. એના ઉપરના ક્ષેત્રમાં શ્વેત પ્રજા ને રતુંબડી પ્રજાઓ. આમાં શ્વેતના નાક તીક્ષ્ણ, હોઠ પ્રમાણમાં પાતળા, હડપચી ઊપસેલી, વાળ ભૂરા આની ઉપર રશિયા વગેરેમાં ગોળમટોળ ચહેરા, નાક-હોઠ પણ પ્રમાણમાં પુષ્ટ !

વિવિધ જાતિઓ જન્મી તે તો અક્ષાંશમાં પરંતુ એમણે સંક્રમણ કર્યાં. રેખાંશમાં ! એટલે કે જે સંક્રમણ થયાં તે કંઈ પૂર્વથી પશ્ચિમ દિશામાં જ મર્યાદિત ન રહ્યાં પરંતુ ઉત્તર-દક્ષિણ ભણી પણ થયાં.

આ બધામાં મૂળ આર્ય એટલે કે પશુપાલક જાતિઓનાં સંક્રમણ વિશેષ થયાં. એનો આરંભ પણ ચારેક લાખ વર્ષ જેટલો જૂનો. આમાં પણ ઈસવીસન પૂર્વેના ત્રણેક હજાર વર્ષ પહેલાં એટલે કે આજથી લગભગ પાંચેક હજાર વર્ષ પહેલાં આર્યોનાં સંક્રમણ યુરોપ, ઈરાન અને ભારતમાં થયાં તેનો તો સ્પષ્ટ ઈતિહાસ પણ વૈદિક સંસ્કૃત, પહેલવી અને ગ્રીક-લૅટિન જેવી ભાષાઓના પ્રાચીનતમ



સાહિત્યથી જાણી શકાયો છે. ઈંગ્લૅન્ડના કેલ્ટ લોકો, અન્ય સ્થળના હિટ્ટી, મિતાન્ની, કન્નાની અને સપ્તસિંધુના આર્યો વગેરેનો ઈતિહાસ દૃષ્ટિમાં આવ્યો.

પશ્ચિમના વિદ્વાનોએ વેદ વગેરેના અભ્યાસથી દર્શાવ્યું કે, ભારતમાં બોલાતી વૈદિક સંસ્કૃત, શિષ્ટ સંસ્કૃતને તેમાંથી જન્મેલી પ્રાકૃત-અપભ્રંશ અને નવી આર્ય ભાષાઓ તથા પર્શિયન, ગ્રીક, લૅટિન વગેરે ભાષાઓનું મૂળ એક જ છે : આર્યભાષા અને બધી જ ભાષાઓ તેની પુત્રીઓ છે. આરંભના સંસ્કૃત ભાષાના વિદ્વાનો માંહેના મોટા ભાગના તો જર્મનીના હતા અને તેમણે પ્રસ્થાપિત કર્યું કે, આર્ય જ પ્રાચીનતમ શુદ્ધ અને સુસંસ્કૃત જાતિ છે. આના અનુસંધાને જ હિટલર જેવાએ પ્રસ્થાપિત કરવાની મથામણ કરી કે આ આર્ય જાતિમાં પ્રશુદ્ધ માત્ર જર્મન પ્રજા જ છે. બીજાં આર્યો અન્ય જાતિમાં ભળી ગયા હોવાથી વિશુદ્ધ આર્ય નથી. આમ કહેવું, માનવું વિશેષ ઘાતક ન હતું, પરંતુ એ યહૂદીઓના તિરસ્કાર અને એમની હત્યા સુધી પહોંચ્યું. એનાં અનિષ્ટો જાણીતાં છે.

**વિવિધ જાતિઓનાં સંક્રમણો અને સંસ્કૃતિબોધ :**

ભારત, ઈરાન અને યુરોપની ભાષાઓ કોઈ એક જ મૂળ ભાષાની જ પુત્રીઓ છે, તે તથ્ય બહાર આવતાંની સાથે જ આ એક મૂળભાષા બોલનારી જાતિ કઈ અને તે વિશ્વના વિવિધ દેશોમાં સંક્રમણ કરીને શા માટે અને ક્યારે સ્થાયી વસવાટ કરતી થઈ, એ દિશામાં નક્કર પ્રમાણો સાથેનાં તારણો બહાર આવ્યાં. લૅટિન-વૈદિક સંસ્કૃત-પહલવી ભાષાઓમાં સંબંધસૂચક, દિશાસૂચક, વાર અને માસસૂચક વગેરે જેમ અનેક પ્રકારના શબ્દો સમાન હતા તેનાં મૂળ શબ્દની ધ્વનિશાસ્ત્રને આધારે વ્યુત્પત્તિ શોધવામાં આવી અને તે ભાષાને આર્યભાષા એવું નામ અપાયું. એના શબ્દકોશને આધારે જાણમાં આવ્યું કે તે ભાષાના શબ્દોમાં સમુદ્રને લગતાં મૂળ શબ્દો નથી. આને આધારે એવું તારવવામાં આવ્યું કે આર્ય નામે જે જાતિને ઓળખવામાં આવે છે તે સમુદ્રથી દૂર એવી કોઈ સપાટ ભૂમિ પર વસતી હોવી જોઈએ, એથી જ સમુદ્ર સાથે સંકળાયેલા મૂળ શબ્દો મળતા નથી. આથી મોટાભાગના વિદ્વાનોએ મધ્ય એશિયાને આર્યોની મૂળ ભૂમિ માની. તિલક જેવા વિદ્વાને આર્યોનું મૂળ વતન ઉત્તર ધ્રુવ હોવાનું કલ્પ્યું, કોઈકે આર્યો ભારતના જ મૂળ વતની છે, એમ દર્શાવ્યું. જોકે આ અનુમાન જાતિગત લક્ષણો અને પ્રાકૃતિક પરિબળને નજરમાં રાખતાં સ્વીકારી ન શકાય. આર્યો જો ભારતના જ હોત તો એમનાં નાક-નકશો, હોઠ-હડપચી જુદાં જ હોત ! હા, ભાષાવિજ્ઞાનના પ્રમાણોને આધારે આર્યોના ભારતમાં થયેલા આગમનને ઈસુ પૂર્વેની ત્રીજી સદીની સાથે

સાંકળી શકાય. કેમકે, સો માટેના મૂળ આર્ય ભાષાના એક શબ્દના ઉચ્ચાર 'શત', 'સેન્ટ', 'કેન્ટ' એવા થતાં શતમ જૂથની ભાષાઓ અને કેન્ટુમ જૂથની ભાષાઓમાં વિભક્ત કરી શકીએ. પરંતુ આર્યન માઇગ્રેશન હજારો જ નહીં, લાખેક વર્ષ પુરાણા કાળથી આરંભાયેલું હોવું જોઈએ, એથી ઇસુ પૂર્વેની ત્રીજી સદીના ગાળામાં ઈરાન થઈને જે આર્યજૂથો ભારતમાં આવ્યાં તે પહેલાં જ કેટલાંક જૂથો ભારતને બદલે સીધા ભારતમાં જ નર્મદાકાંઠે સ્થાયી થઈ ચૂકેલાં હતાં, જેમનો ઉલ્લેખ આર્થવણ તરીકે મળે છે અને એમની ધર્મપરંપરાને અથર્વવેદ નામક ચોથા વેદના રૂપમાં સ્વીકારવામાં આવી છે. આની વિગત હિન્દુધર્મના આધાર સ્તંભો નામના મારા પુસ્તકમાં અથર્વવેદ તથા ભારતીય આર્ય ધર્મ સંદર્ભે તે તે પ્રકરણોમાં કરી છે અને સમીક્ષિત શિવપુરાણના ગ્રન્થમાં પણ તેની વિગતે ચર્ચા કરેલી છે.

ઈરાનમાં વસેલા આર્યોના પારસ્પરિક ઘર્ષણ, વિખવાદ અને ભારતના સપ્તસિંધુના આગમનની ઘટનાને યમ અને જલપ્રલયની મહા ઘટનાની સાથે છે. મનુના પુત્ર યમશીદે પોતાને ઈશ્વર જાહેર કર્યો અને મહાવિવાદ જન્મ્યો. આથી ભારત આવીને સ્થાયી થયેલા આર્યોએ યમશીદને 'યમ' એવું નામ આપ્યું અને જે માણસ પોતે જ પોતાને ઈશ્વર તરીકે જાહેર કરે અને પોતાને પૂજાવે તે જીવતો હોવા છતાં મરેલો જ ગણાય : એમ માનીને યમને પ્રથમ મૃત્યુ પામીને દેવરૂપ બનેલા પાત્ર તરીકે દર્શાવ્યો. યમશીદ અને યમ વચ્ચે જે સંબંધ છે તે અંગ્રેજીના વિદ્વાન પ્રોફેસર દાવરસાહેબ ઈરાનના ચિરાગ નામના પુસ્તકમાં દર્શાવ્યું છે. મારા પુસ્તક ફિરદૌશીના શાહનામા આધારિત ફારસી કથાધનમાં, બીજી પર્શિયન અને સંસ્કૃત-પ્રાકૃત કથાઓના આધારે પણ આ બાબત ચર્ચી છે.

આ દૃષ્ટિએ મારા તારણ પ્રમાણે મોહેન-જો-દરો, લોથલ, ધોળાવીરા વગેરેના જે પાંચેક હજાર વર્ષની પુરાતન સંસ્કૃતિના અવશેષો છે તે બિન આર્ય સંસ્કૃતિ નથી, પરંતુ સપ્તસિંધુના આર્યો ને ભારતીય બનેલા આર્યોની સાથે જે સંઘર્ષ થયાં તેનું પરિણામ છે. આમ, આર્ય વિરુદ્ધ બિનઆર્ય નથી પરંતુ ઈરાનિયન આર્ય વિરુદ્ધ ભારતીય આથર્વણ પાશુપત આર્ય વચ્ચેના ઘર્ષણની વાત છે.

છેક મહાભારતકાળ સુધી પણ ભારતીય આર્યોને કાબુલ, કંદહાર, અફઘાનિસ્તાન, ઈરાન અને અન્ય ભૌગોલિક વિસ્તારના આર્યોની સાથે યુદ્ધસહાય અને લગ્ન જેવાં નિમિત્તે સંબંધ હતો. ગાંધારી અને શકુની ગંધારવાસી આર્ય કુળના હતાં, એ સહુ કોઈ જાણે છે. આ અંગેના અનેક ઉલ્લેખો અથર્વવેદ, સામવેદના વંશબ્રાહ્મણ, ઐતરેય બ્રાહ્મણ, શતપથ બ્રાહ્મણ, મહાભારતાદિ પુરાણો, મનુસ્મૃતિ, રામાયણ, રઘુવંશ, કથાસરિત્સાગર ને તે કુળના કથાગ્રન્થો, મુદ્રા રાક્ષસ વગેરેમાં મળે છે.



સાહિત્યના વિવિધ સંદર્ભોમાં આર્યજાતિનો જે ઇતિહાસ મળે છે તેને આર્કિઓલોજીના પ્રમાણેથી પુષ્ટિ મળે છે. દક્ષિણ ઉઝબેગીસ્તાનની અમુ-વેલી, સમરકંદના ઉત્તરપૂર્વ છેડાના પ્રદેશો, તૂર્કમેનીસ્તાન, કઝાકસ્તાન, કિરગીઝસ્થાનનું Tak-Mak વગેરેના પુરાતાત્ત્વિક ઉત્ખનનથી મધ્ય એશિયાથી ભારત સુધીના ભૌગોલિક વિસ્તારોમાં થયેલા આર્યોના સમ્પ્રસારણની વિગતો મળે છે. પ્રાચીનકાળના સાહિત્યના સંદર્ભો અને આર્કિયોલોજી ઇસુ પૂર્વેના આર્ય-માઇગ્રેશનની વિગત આપે છે. પછીના ઇતિહાસના યુગના સમ્પ્રસારણમાં બીજી સદીના કુશાસ-અમ્પાયરમાં મળે છે.

મધ્ય એશિયાથી ભારત સુધીનું આર્યોનું સમ્પ્રસારણ આરંભાયું તેનાં મૂળ તામ્રયુગ-બ્રોન્ઝ એજ-માં છે. લોહયુગમાં કુશાન-સામ્રાજ્યનો વિસ્તાર આરંભાયો આમાં એક જૂથ તે ઇન્ડો-સીથિયન અને બીજું બેક્ટ્રીઆ થઈને ઇન્ડો-ગ્રીક. આ કાળે મધ્યપૂર્વમાં તો ઇસ્લામિક વર્ચસ્વ ને પ્રભાવ છવાયો. હિંદુકુશ ઓળંગી આર્યો પંજાબના સપ્તસિંધુમાં વસ્યા અને ગંગાવિસ્તારમાં વિસ્તર્યા. મધ્ય એશિયામાંથી આ બાજુ આવનારામાં શક, યવન, કામ્બોજ, પહલવ વગેરે પણ હતા, જે ભારતીય આર્યમાં ક્ષત્રિયની જ્ઞાતિમાં ભળી ગયા. શાક્યદ્વીપમાં શકનો ઉલ્લેખ પુરાણોમાં પણ થયો છે. કામ્બોજ અને પહલવ પૂર્વ ઈરાનમાં સ્થાયી થયા. રીષિકા ગોદાવરી અને તાપીમાં, પૂર્વમાં નાસિકમાં અને ઉત્તરમાં વિદર્ભમાં વસ્યા. આમ, બીજી સદીમાં વિવિધ જાતિના જૂથનાં ભારતમાં આગમન થયાં.

જેમ્સ ટોડના મતાનુસાર મધ્ય એશિયાની આ જાતિઓ અશ્વપાલક હતી. અશ્વ જ એમની શક્તિ અને પ્રભાવનું તથા સ્થાયી વસવાટ પ્રાપ્ત કરી આપતું પાલતૂ પ્રાણી. પાણિનિના સૂત્રોમાં પણ અશ્વક કામ્બોજ, આશ્વાયન, અશ્વકાયન એવા પર્યાયો જોવા મળે છે. આરી-આરપી-આસિયો વગેરે પરમ કામ્બોજ તરીકે ઉલ્લેખાયા છે અને મહાભારત પ્રમાણે તેઓનું મૂળ વતન શકદ્વીપ છે. શકમાં સીથિયન, પાર્થિયન અને ઈરાનિયન એ ત્રણેનું સમ્મિશ્રણ જોવા મળે છે.

પછીના તબક્કે કુશાન, હૂણ, તૂર્ક, મોન્ગોવ, પશ્તુન વગેરે મધ્ય એશિયામાંથી ભારતમાં આવ્યા. આ બધી જ જાતિઓ કાળક્રમે ભારતીય સમાજમાં ભળી ગઈ. વેદ વગેરેના ઉલ્લેખો પર દૃષ્ટિપાત કરીએ તો અથર્વવેદમાં એમાં ગાન્ધારી, મુજવત અને બાહલિકનો ઉલ્લેખ થયો છે. રામાયણની કથામાં આ

જાતિઓનું પુરાકથાકીય રૂપ બાંધવામાં આવ્યું. મહાભારત પ્રમાણે રાજસૂય યજ્ઞમાં કમ્બોજના રાજવી અને તુષાર ઉપસ્થિત હતા. એમને યુદ્ધવીર દર્શાવવામાં આવ્યા છે. નકુલે હૂણ, પહલવ, શકનો પરાજય કરેલો. અર્જુનનો સંબંધ હિમાલયમાં વસતી જાતિઓ સાથે દર્શાવ્યો છે. રાજા દ્રુપદે યુધિષ્ઠિરને કામ્બોજને નિમંત્રણ આપવા જણાવેલું. ભીષ્મપર્વમાં ઉત્તરની પાર યવન, મ્લેચ્છ, કામ્બોજ, દરુણ, કિરાતના ઉલ્લેખ છે.

આખરે શું શીખવે છે જાતિગત આવા ઉદ્‌ભવો, સમ્પ્રસારણો, સ્થાયીકરણો અને અંતે સિદ્ધ થતાં સમિશ્રિત સામાજિક એકતાનો આપણી સભ્યતા અને સંસ્કૃતિનો આ ઇતિહાસ ? માણસ જ્યાં જન્મ્યો કે આજીવિકા મેળવવા વસ્યો એ જ એની માતૃભૂમિ ને નથી કોઈ મૂળ નિવાસી, આદિવાસી કે એકમાત્ર સાચો અધિકારી ! નથી કોઈ એક જાતિ જ બધાથી ઉચ્ચ કે સહુથી નિમ્ન ! આથી જ સુર અને અસુર, દિતિ અને અદિતિ એ સગી બહેનનાં સંતાનો દર્શાવ્યાં છે. કમનસીબી એ છે કે જાતિગત ઇતિહાસમાંથી જે સમજવાનું છે તે સમજતા નથી, ભૂલવાનું છે તે ભૂલતા નથી !

**જાતિગત મનોવિજ્ઞાન :**

૧૯મી સદીમાં જે નવી વિદ્યાશાખાઓના ઉદ્‌ભવ વિકાસ થયાં અને તેનાં શાસ્ત્રો રચાયાં તેમાં ફોકલોર, બાયોલૉજી અને સાયકોલૉજી એ ત્રણ મુખ્ય છે. એમાં સાયકોલૉજી એટલે કે મનોવિજ્ઞાન તો એક તદ્દન નવા જ એવા વિજ્ઞાન કે શાસ્ત્ર અને તેની વિદ્યાશાખાની શોધ છે. આનો અર્થ એ નથી જ કે પ્રાચીન અને મધ્યકાળમાં મનોવિજ્ઞાન-માણસના મનનાં આંતર-બાહ્ય અને સ્થૂળ-સૂક્ષ્મ સંચલનો અને લાગણીની ઉત્કટતા અને એનાં રૂપાન્તરણની જાણકારી જ ન હતી. મનનાં કાર્યો, Functions of the minde લાગણીઓ અને મનોગ્રન્થિઓ, મનોરોગો, એના ઉપચારો વગેરેનું પણ આજ આપણને સહુને છે એટલું જ સૂક્ષ્મ ને વ્યાપક જ્ઞાન હતું જ. પરંતુ એ પ્રયોજિત હતું. છૂટક હતું, વેરાયેલું હતું. એને જ ૧૯મી સદીના મનોવૈજ્ઞાનિકોએ સંકલિત કર્યું. કેટલાક નિયમો તારવ્યા અને એનું શાસ્ત્ર બાંધ્યું.

અહીં કોઈને પણ એવો પ્રશ્ન જરૂર થાય કે પ્રાચીનકાળે અને મધ્યકાલીન સમયે પણ મનોવિજ્ઞાનનું પ્રયોજિત સ્વરૂપનું જ્ઞાન હતું જ એમ શા આધારે માની કે કહી શકાય ?

આના ઉત્તરમાં વેદકાળ, પુરાણકાળ અને મધ્યકાળના સાહિત્યના કેટલાંક



દૃષ્ટાંતો જોઈએ. પ્રાચીનતમ સાહિત્ય તે વેદ અને ઋગ્વેદ તથા અથર્વવેદ. બંનેમાં યાજ્ઞવલ્ક્યકૃત મનનાં લક્ષણ અને કાર્યોને સૂક્ષ્મ રૂપમાં દર્શાવતું અંગ છે, એના મંત્રો છે. જે શિવસંકલ્પમસ્તુ એટલે કે મારું આ ચંચળ એવું મન શિવ એટલે કે કલ્યાણકારી વિચારવલણોવાળું, સંકલ્પવાળું બનો એવી પ્રાર્થનાના ઉત્તમ એવા ૬ મંત્રોમાં દર્શાવ્યું છે. એમાં કહેવામાં આવ્યું છે કે જે મારું મન હું સૂતો હોઉં ત્યારે પણ હું જાણે જાગ્રત હોઉં એમ દૂર દૂર પહોંચી જાય છે અને જેના વડે ટાઢું-ઊનું, સ્વાદિષ્ટ કે સ્વાદ વગરનું, નજીક કે દૂર, નાનું કે મોટું, કાળું કે ધોળું વા બીજા રંગોનું છે તે જાણ થાય છે તે મારી આંખ, કાન, જીભ, ત્વચા જેવી પાંચે જ્યોતિરૂપ ઇન્દ્રિયોની પણ જ્યોતિ છે, જ્યોતિષામ જ્યોતિ છે તે, મન શિવસંકલ્પવાળું થાવ. વિશ્વનો, અન્ય કોઈ પણ બાહ્ય પદાર્થનો બોધ પાંચ ઇન્દ્રિયો દ્વારા થાય છે તેથી તે જ્યોતિરૂપ છે, પરંતુ ઇન્દ્રિયોને પણ જે કંઈ જાણ-ભાન-સંવેદન થાય છે તે મનની જ શક્તિના કારણે થાય છે. માણસને જો ક્લોરોફૉર્મથી બેભાન કરીએ કે એની સંવેદનાને જૂઠી પાડી દઈએ તો એ અવસ્થામાં સુખ દે દુઃખની કોઈ અનુભૂતિ થતી નથી. જે કંઈ જાણીએ-માણીએ-સમજીએ એનાં મૂળમાં આપણું મન છે. એના વડે જ બાહ્ય જગતનો બોધ થાય છે, સંવેદના જાગે છે. ‘મન’ અને એની શક્તિનું, એનાં તત્ત્વનું પૂર્ણ જ્ઞાન યાજ્ઞવલ્કયના આ મંત્રમાં છે. પછીના મંત્રમાં મનનાં કાર્યો, ‘ફંકશન ઑફ માઇન્ડ’ વર્ણવાય છે. એમાં કહેવાયું છે કે આ મન જ એવું છે જેના વડે મનીષિણો પોતાનાં કર્મો કરી શકે છે. અને આ મન ‘અપૂર્વમ’ છે, એટલે કે ઇન્દ્રિયો જન્મી એ પહેલાંનું છે, અન્તઃ એટલે કે અંદર છે, શરીરના હાથ, પગ, આંખ વગેરેની જેમ બહાર નથી. આ મન જ ચેતનાપૂર્ણ, ઉત્કટ જ્ઞાન અને ધૈર્યવાળું છે. એ ન હોય તો ક્યારેય કશું જ થઈ ન શકે. ‘ન ઋતે યસ્માત કિંચન કર્મ ક્રિયતે.’ એ ન હોય તો કોઈ જ કાર્ય થઈ ન શકે.

કેવું છે આ આંતરિક, અરૂપ ને સૂક્ષ્મ એવું મન ? એના ઉત્તરમાં કહેવાયું છે આ એક મન જ એવું છે જેમાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણેય અનુસ્યૂત છે. બાહ્ય અવયવો ને ઇન્દ્રિયો તો માત્ર વર્તમાનને ઝીલી શકે,સમજી શકે, અનુભવી શકે છે. જે આગળ થયું એની સાથે કે ભવિષ્યમાં પણ જે થશે એની સાથે આ ઇન્દ્રિયોને કોઈ પ્રત્યક્ષ સંબંધ નથી પરંતુ મનની સ્થિતિ જુદી છે. એ તો ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેને ‘અમૃત’ રૂપમાં અનુભવે છે. ગૃહિતમ યેન મનેન અમૃતમ સર્વમ. અને આ મન રથચક્રના કેન્દ્ર જેવું છે. રથચક્રની નાભિમાં જેમ બધા જ આરાઓ પરોવાયેલા હોય છે ને એ આરાઓ જ રથના ચક્રમાં ગતિનું સંક્રમણ કરે છે, તે રીતે જ, મન પણ એવું રથચક્રનાભિ છે કે એમાં ઋગ્વેદ,

યજુર્વેદ અને અથર્વવેદ-એટલે કે તમામ પ્રકારનું જ્ઞાન- એમાં પરોવાયેલું છે. એ જ તો એને ગતિ આપે છે.

આ મન જ બધાં જ કાર્યોનું મૂળ છે તે દર્શાવતાં કહેવાયું છે કે જેમ રથિક અશ્વને લગામ બાંધી, એને વશમાં રાખીને, ઇચ્છા પ્રમાણે દોરી શકે છે તેમ આપણું આ મન પણ બધાં જ કર્મ માટે પ્રેરે છે અને દોરે છે. આ શ્લોકમાં અંતે કહ્યું છે તે તો અદ્‌ભૂત છે.

આ મન હૃદ્ધપ્રતિષ્ઠ એટલે કે હૃદ્ધદયમાં સ્થિર થયેલું છે, અવિષ્ઠમ એટલે કે અતિવેગવાળું છે અજિરમ એટલે કે દેહ અને એના અવયવોની જેમ ક્યારેય જરાવસ્થા-વૃદ્ધાવસ્થા ને ક્ષીણતા ન પામે એવું છે ! મૃત્યુઆસન્ન અવસ્થામાં, જ્યારે અવયવોની બધી જ શક્તિ પૂરી થઈ હોય છે, ઊર્જા સંપૂર્ણરૂપમાં લુપ્ત થતી હોય છે ત્યારે મનની પોતાની ચેતના તો સાબૂત જ હોય છે.

કોણ કહેશે મન, એનું સ્વરૂપ, એનાં કાર્યોની પ્રાચીનકાળે જાણકારી ન હતી. એક પ્રચલિત ઉક્તિ સર્વવિદિત છે.

'મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ'

મન જ માનવનાં બંધન અને મોક્ષનું મુખ્ય કારણ છે.

પ્રાચીનતમ એવા વેદકાળ પછીના પ્રાકૃત ભાષાના તબક્કાનો દૃષ્ટાંત સાથે વિચાર કરીએ. જૈનધર્મસ્રોતમાં પ્રાકૃતમાં 'ઉપદેશપદ' નામનો અદ્‌ભુત દૃષ્ટાંતકથાઓ સાથેનો ગ્રન્થ લખાયો છે. ઉપદેશ માટેનાં પદો, એનાં મૂળ-મુખ્ય સિદ્ધાંતોને એમાં નાનાં નાનાં કથાનકોનાં દૃષ્ટાંત આપીને સ્પષ્ટ કરવામાં આવ્યા છે. આમાં બુદ્ધિના મુખ્ય ચાર પ્રકારો દર્શાવ્યા છે : (૧) ઔત્પત્તિકી (૨) વૈનયિકી (૩) કાર્મિકી અને (૪) પારિણામિકી. એટલે કે ઉત્પત્તિ, વિનય, કર્મ અને પરિણામ ચાર સાથે સંકળાયેલી બુદ્ધિ અને તેનાં દૃષ્ટાંતો. કોઈ અકળ, સંકુલ, અશક્ય, મુશ્કેલ એવી પરિસ્થિતિ જન્મે છે ત્યારે માણસની ચાર પ્રકારની બુદ્ધિ એમાં કારક-સહાયક બને છે. આ ચારે પ્રકારો અને તેનાં વિવિધ દૃષ્ટાંતો અત્યંત રસપ્રદ છે. તેની વિગતમાં ઊતરવું જરૂરી નથી. પરંતુ એ સાથે જ, અહીં એક દૃષ્ટાંત મનોવિજ્ઞાનની દૃષ્ટિએ મહત્ત્વનું હોવાથી તેનો નિર્દેશ કરીએ. એ મનોગ્રન્થિ વિશે છે. ક્યારેક કોઈક વ્યક્તિ, કોઈ વહેમ કે ભ્રમનો ભોગ બને છે અને અકારણ સતત માનસિક પીડા અનુભવતી હોય છે, આવા મનોરોગીને જો કહીએ કે વાસ્તવિક રૂપનું કોઈ જ દુઃખનું કારણ નથી, મૂળ કારણ તો તારા મનનો વહેમ છે કે ભ્રમ



છે, તો એ માણસ કંઈ ગ્રન્થિથી મુક્ત થતો નથી. આથી ચાતુર્યથી કોઈ એવો ઉપાય કરવો જરૂરી બને, જેથી પીડિત માણસ મનોગ્રન્થિથી મુક્ત થાય. આના દૃષ્ટાંતમાં કથા એવી છે કે એક માણસે ખુલ્લામાં દિશા-જંગલે જતાં એક કાંચિડાને પોતાની નીચેથી પસાર થતો જોયો. એણે શૌચ કરતાં પાછું વળીને જોયું તો કાચંડો ગાયબ ! એ માણસને થયું : નક્કી એ કાચંડો મળદ્વારથી પેટમાં પેસી ગયો ! આ વહેમે અસહ્ય ભય અને પેટના દર્દનો ભોગ બન્યો. એ વૈદ્ય પાસે ગયો. વૈદ્ય મનોવૈજ્ઞાનિક – એ જમાનાની ભાષામાં કહીએ તો 'જમાનાનો ખાધેલો. એ સમજી ગયો કે આ ભાઈને 'આ તો તારો ભ્રમ છે' એમ કહેવાનો કોઈ અર્થ નથી. એથી મનોગ્રન્થિમુક્તિનો એણે નુસખો અજમાવ્યો. એણે કહ્યું : 'ભાઈ ! તારી વાત તો સાચી છે. તને દવા પાઈને પેટમાં કૂદાકૂદ કરતા કાચિંડાને તો મારી નાખવો પડશે ને મળમાં એને બહાર કાઢી નાખવો પડશે !' આમ કહી એણે તે વહેમીને નેપાળો પાયો ને રેચ લાગે ત્યારે એક માટલીમાં મળત્યાગ કરવા કહ્યું. ચતુર વૈદ્યે એ માટલામાં જ એક મરેલો કાંચિંડો નાખી દીધેલો ! નેપાળાનો રેચ લાગ્યો, માટલામાં મળત્યાગ કરાવ્યો ને માટલું ઊંધું વાળી મરેલો કાચિંડો બતાવ્યો ત્યારે દર્દી મનોગ્રન્થિથી મુક્ત બન્યો.

મહાભારતાદિ કથાઓમાં તથા એની લોકપરંપરાની કથાઓમાં આ રીતે જ પ્રયોજિત મનોવિજ્ઞાન Applied Psychology છે તે વિશે તથા સામાન્ય મનોવિજ્ઞાન, ટોળાનું મનોવિજ્ઞાન વગેરેથી જાતિગ્રત મનોવિજ્ઞાન ક્યાં જુદું પડે છે,

**ભૂખથી વ્યાકુળ ગાંધારી :**

મહાભારતની મુખ્ય કથા અને એમાં આવતાં અનેક કથાનકો જ મનોવિજ્ઞાનનું પ્રયોજિત રૂપ અને તેનું ઊંડું જ્ઞાન પ્રગટ કરે છે. પાંડવ અને કૌરવો વચ્ચેના વંશનાશના પરિણામે પહોંચાડતા યુદ્ધની પરિસ્થિતિના નિર્માણમાં જ વ્યક્તિ-વ્યક્તિની અનેક ગ્રન્થિઓ છે. નિર્મર્યાદ કામુકતા અને દ્યૂત જેવાં અનિષ્ટો કેટલાં વિઘાતક બને છે, એની જ કથા વ્યાસ કહે છે. એમાં ભલે કહેવાયું હોય : ય તો ધર્મ ત તો જય ને ધર્મ પાંડવ પક્ષે જ હતો, પરંતુ પરિસ્થિતિ એ નથી. સૂક્ષ્મ દૃષ્ટિએ તપાસતાં, ખાસ તો શાન્તિપર્વ સુધી પહોંચતાં જ ખાતરી થાય છે કે પાંડવો પણ ખરેખર વિજેતા સુખ પામ્યા નથી. એમના જ પક્ષે સર્વત્ર ધર્મ જ ન હતો.વંશના વિકાસમાં જ અમર્યાદ, નિરંકુશ કામુકતા જોવા મળે છે. એડમિસ્ટ્રેટર કિંગના વારસદારો જ પોતાને વાસ્તવિક ગાદીવારસ માનતા થયા છે. 'અંધસ્યપુત્ર અંધ' જેવી દ્રૌપદીની ઉક્તિનું કામ બળતામાં ઘી હોમવા જેવું છે !

માંડીને વાત કરવાનું શક્ય નથી. માત્ર કેટલાક અંશોનું વિહંગાવલોકન. અમર્યાદ કામસહિત, લોલુપતા આ વંશના મૂળમાં છે ! કમને ચાહતી દેવયાનીને પરિસ્થિતિવશ રાજા યયાતીને પરણવું પડ્યું છે ! યયાતી એટલો તો કામલોલુપ છે કે અવસ્થાજન્ય સાહજિકતા સ્વીકારવાને બદલે પુત્રના રુધિરથી સ્નાન કરીને પણ પોતાની યુવાવસ્થાની શક્તિને ટકાવવા મથે છે. કામવૃત્તિની અદમ્ય, ઉત્કટ ને વરવી એવી સ્થિતિને પ્રગટ કરવાનું આ કથાનું રૂપ છે ! ગંગાને સાથ-સહવાસ માન્ય છે, સંતતિ નહીં ! મત્સ્યગંધાના મોહે પુત્રનું યૌવન આ વંશના નરેશ છીનવે છે ! મત્સ્યગંધાને પણ લગ્નપૂર્વ કે બાહ્ય એવી સંતતી છે ! કૃષ્ણ દ્વૈપાયનની કથા જાણીતી છે.કુંતાને થયેલાં સંતાનો એના પતિથી થયેલાં નથી. સૂર્ય વગેરેને અપાયેલું પિતૃત્વ તો એક કથાકીય રૂપ છે. ભોગાતિરેકે ક્ષીણ થયેલો પાંડુ સંયમ જાળવી શકતો નથી અને મૈથુને મૃત્યુ પામે છે.

'ઋષિએ આપેલો શાપ' તો કથાનું એક શિષ્ટ રૂપાન્તરિત એવું કથાશ્રયી નિરૂપણ, અર્થદર્શન છે ! એક સતી ને પાંચ પતિ, ભારતીય આર્યસંસ્કૃતિને માન્ય એવી પરિસ્થિતિ, નીતિ, ધર્મ નથી. તિબેટીય પરંપરા જ છે. માતાની આજ્ઞાએ પાંચ ભાગ પડ્યા : એ કથાનું કથાત્મક એવું રૂપ છે. આમ, મૂળ કથા, એની પાછળ પડેલો પુરાતન ઇતિહાસ, વિવિધ વ્યક્તિઓના સ્વભાવ અને સ્પર્ધા-વૈર-ભાવનાથી આ બધાંના પરિણામે જ મહાભારતનું મહાયુદ્ધ આવી પડ્યું. વંશવિનાશનું નિમિત્ત બન્યું ને અંતે જીવતા રહી જવાને કારણે જ જિતાયેલા માનવા પડે એવા પાંડવોને પણ અંતે મનનાં સાચાં શાંતિ અને સુખ ન મળ્યાં. બાહ્ય કે સ્થૂલ જે કંઈ ઘટનાઓ બની તેના પાયામાં માણસનાં પોતાનાં જ મનમાં પડેલાં કયાં કારણો છે, કઈ-કેટલી માનસિક ગ્રન્થિઓ છે, તે વ્યાસ આંગળી મૂકીને બતાવે છે ને તેની પાછળ મનોવિજ્ઞાન છે. કેવળ મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો, સ્થાપનાઓ, તારણોને જ દૃષ્ટિમાં રાખીને મહાભારતનો અભ્યાસ કરવમાં આવે તો આવું ઘણું બધું તારવી શકાય અને તેના આધારે પ્રાચીનકાળે પણ આપણા મેધાવી સર્જકો, ઋષિમુનિઓને માનસશાસ્ત્રનું કેટલું વાસ્તવિક, ઊંડું જ્ઞાન હતું, તે જોવા મળે છે. મહાભારતમાં દૃષ્ટાંતરૂપે જે જે નળ-દમયંતી વગેરેની કથાઓનાં ઉપાખ્યાનો છે, તેમાં પણ આવાં જ મનોવૈજ્ઞાનિક તથ્યો પડેલાં જોવા મળે છે. ભાગવતનિરૂપિત કૃષ્ણચરિત અને કૃષ્ણગોપી સંબંધને તપાસતાં જોઈ શકાશે કે એમાં પણ મુખ્ય ઉપક્રમ તો સ્થૂલ એવી રાગમૂલક ઉત્કટતમ અદમ્ય લાગણીને સાધન બનાવીને ભક્તિના માધ્યમે સ્થૂલ વાસનાનું ઊર્ધ્વીકરણ કેવી રીતે થઈ શકે છે, તેનું જ નિદર્શન છે.



રામચરિત, કૃષ્ણચરિત, પાંડવકથા એ ભારતની ત્રણ મહાન સાંસ્કૃતિક ગાથાઓ છે. લિખિત પ્રવાહમાં સંસ્કૃતમાં એનાં રૂપ રામાયણ, ભાગવત, મહાભારત વગેરેનાં કૃતિરૂપમાં બંધાયાં એ પહેલાં, એ સાથે અને એ પછી પણ ભારતનાં વિવિધ રાજ્યો-પ્રદેશોમાં, તેમાં વસવાટ કરતી વિવિધ જાતિઓના કંઠપરંપરાના લોકસાહિત્યમાં આ બધી જ કથાઓનાં વિવિધ રૂપાન્તરો અસ્તિત્વમાં હતાં. એનું જ કેટલુંક પ્રતિબિંબ બૌદ્ધ અને જૈનધર્મના પાલિ અને અર્ધમાગધ જેવી પ્રાકૃત ભાષાઓની કથાઓમાં જોવા મળે છે. લોકોના કંઠપ્રવાહમાં પણ આ મહાકથાઓ કહેવાતી આવી એમાં પણ અનેક સ્થળે આધુનિક મનોવિજ્ઞાનના સિદ્ધાંતોનાં મૂળ જોવા મળે છે. આના દૃષ્ટાંતરૂપે અહીં માત્ર એક જ કથાનક તપાસીએ.

અઢાર અઢાર દિવસ સુધી મહાવિનાશકારી યુદ્ધ ચાલ્યું છે. આ ભયંકર યુદ્ધમાં ગાંધારીએ સતત ભય અને ભૂખનો અનુભવ કર્યો છે. રોજેરોજ એને તો પોતાના પુત્રોના ને પૌત્રોના સુદ્ધાં મોતના સમાચાર જ સાંભળવા મળ્યા છે. આ સ્થિતિમાં કઈ માતા ધરાઈને ધાન ખાઈ શકે ? યુદ્ધના અંતે ભૂખી, દુઃખી ગાંધારી કુરુક્ષેત્રની યુદ્ધભૂમિમાં પહોંચી છે. એ એકલી ભેંકાર યુદ્ધભૂમિમાં અથડાતી, કુટાતી ફરે છે. હવે જ્યારે શોક કરવાની, દુઃખ અનુભવવાની પણ એનામાં શક્તિ નથી રહી, બધું જ ગુમાવી બેઠી છે ત્યારે અંતે સાહજિક પ્રેરણા જેવી ભૂખ જાગે છે. ખોરાક મેળવવા એ વ્યાકુળ બને છે. કાયમ આંખે પાટા બાંધીને જીવવાને ટેવાયેલી ગાંધારીની ઘ્રાણેન્દ્રિય સતેજ છે. એક આંબા નીચે પહોંચતાંની સાથે જ એને જાણ થઈ કે એની ડાળ પર પાકેલી કેરી છે. એ કૂદી કેરી લેવા. ડાળ એટલી ઊંચી કે પહોંચી ન શકી. એણે વિચાર્યું : પથ્થર મળે તો ઢગલો કરી, એના પર ચડીને કેરી તોડી લઉં ! પરંતુ રણભૂમિમાં પથ્થર તો ક્યાંથી મળે ? પડ્યાં હતાં યોદ્ધાઓનાં શબ ! ભૂખની વ્યાકુળતા એટલી કે બીજો કોઈ ઉપાય ન રહેતા ગાંધારીએ શબ ઉપર શબ ખડકીને નીચેની જમીનની ઊંચાઈ વધારી તેના પર ચડી, પરંતુ કેરી હાથ કરી ન શકી. ઘ્રાણશક્તિની કેળવણીના જોરે તે જાણી શકી કે એકાદ વધારાનું શબ ગોઠવી એના પર ચડતાં કેરી હાથ ધરી શકાશે. વધારાનું શબ શોધ્યું પરંતુ હાથ ફેરવતાં લાગ્યું કે એ શબ પોતાના જ પુત્રનું હતું. ગાંધારીનું રડેલું અંતર ચચરી ઊઠ્યું. હવે તો રડી શકે તેમ પણ ન હતી. ભૂખની વ્યાકુળતા, ઉત્કટતા એટલી હતી કે છેવટે એણે પોતાના જ પુત્રનું શબ એ ઢગલા પર મૂક્યું, એના પર ચડી કેરી હાથ કરી અને પોતાની ક્ષુધા તૃપ્ત કરી !

કેટલી વેધક છે આ ભૂખની વૃત્તિની ઉત્કટતા અને અદમ્યતાને વ્યક્ત

કરવા માટે ! અંતે સહજવૃત્તિઓ જ માણસને જીવન ટકાવવા પ્રેરે છે. એ જરૂરી નથી કે ખરેખર વાસ્તવિક રીતે આવું બન્યું જ હોય. આ કથા આપનાર પણ એ જાણે છે. એના કેન્દ્રમાં તો છે વૃત્તિની ઉત્કટતા, અદમ્યતા કેવી-કેટલી છે, માણસના વર્તનને તે કેવી-કેટલી હદ સુધી લઈ જાય છે, તે સમજાવવા માટે જ આવી કથા કલ્પવામાં આવી છે. બ્રહ્મા પોતાની પુત્રી સરસ્વતી પ્રત્યે કે શિવજી સામાન્ય એવી વનવાસી ભીલડી પ્રત્યે મોહ પામ્યા એવી જે પુરાકથા છે, તેની પાછળ પણ રૂપકના બીજા હેતુઓ ઉપરાંત સહજવૃત્તિની ઉત્કટતા દર્શાવવાનો છે. અભિનવ એવા માનસશાસ્ત્રે માણસમાં રહેલી મૂળભૂત વૃત્તિ-ઇન્સ્ટિન્કટ, જે પછી સહજ પ્રેરણાના રૂપમાં ઓળખાવવામાં આવી-એ વિશેની સ્થાપના કરી એ પહેલાં પણ, છેક પ્રાચીનકાળે, એનું પ્રયોજિત રૂપનું જ્ઞાન કે પૂરી જાણકારી હતી જ, એ સ્પષ્ટ થાય છે. આથી આથી જનક-જન્ય વચ્ચેનો યૌનાકર્ષણ માટે ગ્રીક પુરાકથાને આધારે જ એડિયસ કોમ્લેક્સ એવું નામ અપાયું છે. સાયકીની અને બીજી ઘણી ગ્રીક પુરાકથાઓના આધારે વિવિધ ગ્રન્થિઓના આધુનિક મનોવિજ્ઞાનમાં નામ પડાયાં છે.

માણસના કેટલાક બાહ્ય આવરણોની નીચે પણ કવચિત કેટલોક દંભ કે કૃતકતા જ છુપાયેલા હોય છે, કોઈ પળે માણસ વૈરાગ્ય અનુભવે અને સાધુ બને ત્યારે એનું એ વલણવૃત્તિ સાચાં હોય છે, પરંતુ એવાં જ્ઞાન-વૈરાગ્ય-સાધુત્વ પણ કંઈ કાયમ બધાંના ટકી જ રહે છે, એવું નથી. દૂધના ઊભરાની જેમ આવો વૈરાગ્યનો ઊભરો પણ શમી જાય તે પછી તો મોટાભાગના સાધુઓને કેવળ શરમવશ પોતાનો દંભ છુપાવવો પડે છે. આ વાત કે ભારતીય આદર્શના સાંસ્કૃતિક ભારણે કોઈ નારી પોતાના જ પતિને ચાહે એ પણ બધે સાચું નથી, મોટેભાગે તો એની પડછે પણ દંભ જ હોય છે ને એ રીતે કોઈ પોતાના દાનધર્મને પુણ્યમાં ખપાવે પરંતુ એની પાછળ પણ કોઈ અંગત સ્વાર્થ જ હોય છે : આ વાત ભગવાન બુદ્ધે જાતકકથામાં વારાણસીના શ્રેષ્ઠી, એની પત્ની અને તપનિષ્ઠ સંયમી સાધુની કથામાં માર્મિક સચોટતાથી કહી છે.

લોકપરંપરામાં પણ નાની-મોટી અનેક લોકકથાઓમાં, જાતિજાતિ વચ્ચેના કે વંશના વેરની કથાઓનાં લોકમહાકાવ્યોમાં પણ કેટલાંક મનોવૈજ્ઞાનિક તથ્યો પડેલાં હોય છે. આથી, સ્પષ્ટ થશે જ કે મનોવિજ્ઞાન એક શાસ્ત્રના રૂપમાં અને વિદ્યાશાખા તરીકે સિદ્ધ ૧૯મી સદીમાં થયું પરંતુ એમાં જે કંઈ સિદ્ધાંતો-સ્થાપનાઓ-ચર્ચાઓ એકત્ર થયાં તે જ્ઞાનનાં મૂળ તો પ્રાચીનકાળમાં બંધાયેલાં હતાં. સામાન્ય મનોવિજ્ઞાનથી જાતિગત મનોવિજ્ઞાન ક્યાં જુદું પડે છે તે જાણીએ.



**જાતિગત મનોવિજ્ઞાન :**

સામાન્ય મનોવિજ્ઞાનના સિદ્ધાંતો જેટલા વ્યક્તિને લાગુ પડે છે, તેટલા ટોળાને લાગુ પડતાં નથી. માણસ જ્યારે કોઈ એક હેતુએ ટોળે મળે છે અને બધાં જ કોઈ એક હેતુના કોઈ એક કાર્ય માટે એકઠા થાય છે, ત્યારે એનું વ્યક્તિગત મન કામ કરતું અટકી જાય છે અને ટોળાનું જ માનસ એને પ્રેરે છે. આથી, સામાન્ય મનોવિજ્ઞાન-જનરલ સાયકોલૉજી કે ઇન્ડી વિચ્યુઅલ સાયકોલૉજીથી ટોળાનું મનોવિજ્ઞાન-મોબ સાયકોલૉજી પ્રવર્તે છે. સામાન્ય રીતે હું કે તમે, ને એ રીતે ટોળામાં રહેલી કોઈ પણ વ્યક્તિ બસ, ઘર, દુકાન કે માણસો પર પથ્થરમારો કરવા કે એને સળગાવવા, બીજાં નુકસાન પહોંચાડવા તૈયાર હોતી જ નથી. એમ કરવું અયોગ્ય, અનિચ્છનીય, અનૈતિક, ગુનાઈત છે એમ લગભગ બધા જ માનતા હોય છે. પરંતુ જ્યારે આવા જ માણસોનો સમૂહ ટોળે મળે છે અને ઉશ્કેરાટ અનુભવે છે ત્યારે એનું વ્યક્તિગત માનસ શૂન્ય ને શિથિલ થઈ જાય છે અને ટોળાનું માનસ જ એટલું પ્રભાવક-ડૉમિનન્ટ-બને છે કે તે પોતે વ્યક્તિ-ઇન્ડી વિચ્યુઅલ મટી જાય છે અને ટોળું બની જાય છે ! આવું જ પરિસ્થિતિનું છે. કેટલાંક અપવાદ બાદ કરો તો કોઈ પણ માણસ ક્યારેય પોતાનો જ ઘાત કરવા માગતો નથી. જિજીવિષા એટલી પ્રબળ હોય છે કે માણસ હવાતિયાં મારીને પણ પોતાની જાતને જીવતી રાખવા મથે છે. બીજાનો ઘાત કરતો નથી. પરંતુ સ્થિતિ, પરિસ્થિતિ, મનોદશા-કાયદાની ભાષામાં Men's Rea બદલાતાં કોઈ પોતે જ પોતાનો ઘાત કરે છે, કોઈ સામાને મોતને ઘાટ ઉતારે છે. માણસ કશું જ નથી, શાશ્વત ને સ્થિર રૂપમાં, છે તે ક્ષણ છે, મનોદશા છે. આથી આર્તેગા જેવો તત્ત્વજ્ઞ કહે છે, આઈ, આઈ પ્લસ માય સર્કમસ્ટન્સીઝ, હું તે હું વત્તા મારા સંજોગો ! આથી કાયદાએ પણ મનુષ્ય વધના ગુનામાં બે ભેદ પાડ્યા છે — કલ્પેબલ હૉમિસાઈડ અને નોન કલ્પેબલ. ખૂનના ગુનામાં પણ કેટલાક અપવાદો રાખ્યા છે : સડન ઍન્ડ ગ્રેઈવ પ્રોવોકેશન એટલે કે એવી સ્થિતિ કે જેમાં કોઈ પણ સ્વસ્થ ગણાય એવો માણસ પણ તાત્કાલિક અને ઊંડા ઉશ્કેરાટમાં આવીને ઘાત કરે તો તે અપવાદરૂપ અને ઓછી સજાને પાત્ર છે.

સેલ્ફ ડિફેન્સ-એટલે કે પોતાના ઘાતના નિવારણ માટેના સંરક્ષણથી સામી વ્યક્તિનો ઘાત કરે કે કોઈ સ્ત્રી પોતાના શિયળની રક્ષા માટે સામાનો ઘાત કરે, તો એ પણ ખૂનના ગુનાનો અપવાદ મનાય છે.

પરંતુ, જનરલ સાયકોલૉજી જેમાં પ્રવર્તક નથી એવી મોબ સાયકોલૉજી

જુદી પડે છે તે જ રીતે એ બન્નેથી રેસિયલ સાયકોલૉજી, એટલે કે જાતિગત મનોવિજ્ઞાન એ બન્નેથી ભિન્ન છે. માણસના આઘાત-પ્રત્યાઘાત, એનાં કેટલાંક મહત્ત્વનાં વૃત્તિ-વલણ ને વર્તનનો સંબંધ એના જાતિગત જન્મ-ઉછેર-વાતાવરણની સાથે હોય છે. કોઈ કેન્દ્રવર્તી બનાવ કે ઘટના એક જ હોય કે સમાન હોય, છતાં એની સામેના વર્તન અને પ્રત્યાઘાતમાં મોટો તફાવત હોય છે. જાતિગત મનોવિજ્ઞાનને વિશેષ સંબંધ લોકવિદ્યા-ફોકલોર સાથે છે. એ વિદ્યાશાખાએ જાતિગત વર્તન અને એ પાછળનાં કાર્યકારણો પર વિશેષ પ્રકાશ પાડ્યો. આથી, એક લોકસ્રોતના ટુચકાથી આ વાત સ્પષ્ટ કરીએ :

ગામનો વાણિયો પરગામથી ઉઘરાણી કરીને આવતો હતો ને નદી આવી એથી ઘોડીને પાણી પીવા માટે કાંઠે દોરી ગયો. બન્યું એવું કે એ જ વખતે ગામનો એક માથાભારે કોળી ઘોડું પાવા આવ્યો ને બોલ્યો :

'હઠ્ હીંગતોળ, પહેલાં આ તારા બાપને એનું ઘોડું પહેલાં પાઈ લેવા દે, પછી તારું ઘોડું પાજે...!

વાણિયો હઠી તો ગયો પણ એણે જોયું તો ગામના બાપુ રવુભા એમનો ઘોડો પાવા આવતા હતા...!

આથી એ બોલ્યો :

'હું તો મારું ઘોડું હટાવી દઉં છું પરંતુ આ સામે તારો બાપ આવે છે એનું ઘોડું પાવા...!'

આ સાંભળતાં જ કોળી બોલ્યો :

'અરે... શેનો મારો બાપ...! એનો બાપ તો હું...!'

આ રવુભા સાંભળી ગયા ને કોળી સાથે એમને ઠેરી ગઈ ને બન્ને એવા બાથંબાથ આવી ગયા ને વાણિયો એનું ઘોડું પાઈ રવાના થઈ ગયો...!

છે તો આ એક ટુચકો.

પણ એમાં જાતિગત મનોવિજ્ઞાન છે. કેટલાંક વેણ-કવેણ કેટલીક જાતિના માણસો માટે સહન કરવા સહેલાં હોય છે તો એ જ વેણ બીજી જાતિના માણસ માટે મરું કે મારું જેવાં હોય છે...! આનું કારણ એ છે કે જાતિગત જીવનમાં જ વર્તનનાં બીજ વવાયેલાં હોય છે. જાતિ પોતે એક એથનિક ગ્રૂપ છે. દરેકને પોતાની આગવી પરંપરા છે. ને એની રૂઢ એવી માન્યતાની મનોગ્રન્થિ હોય છે. એ ક્યારેય છૂટતી નથી. 'વાણિયા મૂછ નીચી, તો લે, સાતવાર નીચી' જેવી



લોકોક્તિ આવા જાતિજ્ઞાતિગત વર્તનભેદ, ધોરણ વ્યક્ત કરે છે.

ગયા વર્ષની એક ઘટનાનો વિચાર કરીએ. આપણા પશ્ચિમ ભારતના ગુજરાતના જ નિકટના પ્રદેશમાં સગોત્ર લગ્ન કરનાર યુવક-યુવતીને જાહેરમાં રહેંસી નાખવામાં આવ્યાં. આ સ્વગોત્ર લગ્ન કરનાર ટોળામાં નવ વર અને વધૂની સાથે લોહીનો સંબંધ ધરાવનારા પણ સામેલ હતા ! ક્યારેક બાપને, ભાઈને કે કાકાને પોતાનાં જ પુત્ર-પુત્રી, બહેન, ભત્રીજા-ભત્રીજીને મોતના ઘાટ ઉતારતાં કચવાટ નથી થતો, એટલું જ નહીં પરંતુ માન્યતાની જાતિગત મનોગ્રન્થિ જ એટલી સબળ હોય છે કે આવું આચર્યા બદલ પશ્ચાત્તાપ પણ નથી થતો ! ઊલટું, આવું બન્યા પછી, આવેગ અને આવેશ ઓસરી ગયા છે તે સમયે પણ આવું આચરણ કરનાર કહેતાં હોય છે.

આવું પાપ કરનારને તો આવી જ સજા થાય...!

મને કે તમને, જાતિગત એવા મનોવિજ્ઞાનમાં જેમનો સમાવેશ થતો નથી, એવા કોઈને પણ, આ વાત નહીં સમજાય ! જાતિગત માનસની ગ્રન્થિ જ એવી દૃઢ હોય છે કે માણસને ક્યારેય પોતાનાં દુષ્કૃત્ય ને દુષ્ટતાનો અહેસાસ નથી થતો.

કોઈ પણ પ્રજાનું જ્યારે સર્વ સામાન્ય એવા સાહજિક સામાજિક નાગરિકમાં રૂપાન્તરણ કરવું હોય, ત્યારે કોઈ, પણ વિચારકે, શાસકે આ રેસિયલ સાયકોલૉજી સમજવી જોઈએ. એ પૂરી ને સાચી સમજાય ત્યારે જ એક સ્વસ્થ સમાજના નાગરિકના માનસનું ઘડતર થઈ શકે છે. બ્રિટિશકાળમાં અનેક જાતિઓને ગુનેગાર જાહેર કરવામાં આવી. એના પર નિયંત્રણો લાદવામાં આવ્યાં. ઠગ, પિંજારા અને અન્યથી અનેક એટલા ત્રાસેલા હતા કે બ્રિટિશરોનું આ વલણ જનસામાન્યને ઉચિત લાગેલું. પરંતુ આઝાદી પછી, આ જ કાર્ય, થોડી જુદી રીતે ને રેસિયલ સાયકોલૉજીને ધ્યાનમાં રાખીને કરવા જેવું હતું. આમ ન થયું આથી આજે પણ કેટલીક એવી જાતિઓ છે, જેમને મન લૂંટફાટ ધાડ, છેતરપિંડી, ચોરી વગેરે સાહજિક છે. એક સમય હતો જ્યારે કેટલીક પ્રજા માટે આવું કરવું એમના પેટ ભરવા માટે અનિવાર્ય હતું. એમની આજીવિકા હતી. આથી, આવું કરવું તે અસામાજિક, અનૈતિક, અધાર્મિક છે અનુચિત છે, એવું ક્યારેય ન લાગ્યું. દરેકને એની આજીવિકાને ધર્મ અને જાતિનો રંગ આપવો પડે છે ! ઝવેરચંદ મેઘાણીનું 'માણસાઈની દીવા' વાંચતાં સ્પષ્ટ થશે કે અમુક જાતિને મન બાપને-માને-સ્ત્રીને મન ધાડફાડ ન કરે તે 'મોળિયો' ને 'કપાતર' હતો ! કેમ કે એમને મન તો એ

આજીવિકા હતી એથી એમ કરવું તે સ્વીકૃત, ધર્મ્ય, નૈતિક મૂલ્ય હતું. પરંતુ રવિશંકર મહારાજે પૂરી સમજ અને સહાનુભૂતિ સાથે એમાં પરિવર્તન સિદ્ધ કર્યું ! પરંતુ એમના પછી આ પંથે કોઈ ન પળ્યું ને પરિણામે આજે પણ...

અંતે, જાતિગત મનોવિજ્ઞાન શું છે તેની એક વાત-જે આ લખનારે એના ‘દીવાલ પાછળની દુનિયા’ સંગ્રહમાં આપી છે. બે ભાઈઓ પર એક વાઘરણે બળાત્કાર કરવાનો ગુનો સાબિત કરી એમને જેલમાં નાખ્યા. જાગ્રત જેલરે જોયું તો નાનો ભાઈ કાયમ ઉશ્કેરાયેલો રહેતો. જેલરે કહ્યું : ‘‘આમાં તને ખોટી સજા થઈ હશે પણ એનો હવે આટલો ઉશ્કેરાટ ? આવા બીજા ગુના તો કર્યા જ હશે ને.... ?’

‘એની ક્યાં ના છે જેલરસાબ !’ નાનો ભાઈ બોલ્યો, ‘કંઈક ધાડપાડી ને ધોલધપાટ પણ કરી એમ બે ભાઈઓએ ! પણ હું તો મારા મોટાભાઈની હાજરીમાં મારા પંડના છોકરાને પણ તેડી-રમાડી ન શકું ને આમન્યા રાખું ! એવા અમે કંઈ નાનો-મોટો મળીને બળાત્કાર થોડા કરીએ....?’

— આ વાત જેલરને સ્પર્શી ગઈ. એમને આ કૉલમમાં લાભ લઈને એમણે હાઈકોર્ટમાં અપીલ કરી જણાવ્યું આ એવી કોમ છે જેમાં નાનો ભાઈ પોતાના વડીલની હાજરીમાં પોતાનાં સંતાન પણ ન રમાડે. બે ભાઈઓ સાથે મળી મારફાડ, ધોલધપાટ, ચોરી કે ખૂન સુદ્ધાં કરે પરંતુ ક્યારેય સાથે મળીને બળાત્કાર ન કરે...!’

અપીલ હાઈકોર્ટના ગળે ઊતરી. એના ન્યાયાધીશ પોતે સૌરાષ્ટ્રના નાગર અને આ કોમની પરંપરા, એની મર્યાદાને જાણે ! એથી કેઈસ રિ-ઓપન થયો અને બન્ને ભાઈ છૂટી ગયા...!

**વર્ગદ્વેષનાં મૂળ :**

કોઈ પણ દેશ અને તેના સંલગ્ન પ્રદેશની સંસ્કૃતિ એમાં વસતી વિવિધ જાતિઓની પરંપરા, જેમાં એનાં ખાનપાન, વસ્ત્રાભૂષણ, ઉત્સવ પર્વ, ધાર્મિક આસ્થાઓ, સામાજિક નીતિ-નિયમો વગેરેનો સમાવેશ થતો હોય એ બધાંનો સમાવેશ થાય છે તેનું જ પ્રગટ રૂપ હોય છે. કોઈ દેશ અને પ્રદેશની મૂળભૂત ને મુખ્ય સંસ્કૃતિ એક જ હોય એવું લાગે છે, પરંતુ હકીકત એ છે કે એમાં પ્રગટ અને પ્રચ્છન્ન એવા કેટલાક મહત્ત્વના ભેદ પણ હોય છે. જે પ્રદેશમાં જે જાતિની બહુમતી અને વર્ચસ્વ હોય એને જ મોટાભાગની બીજી જાતિઓ સ્વીકારી લેતી



હોય છે પરંતુ એમાં ક્યારેક એવું પણ બને કે જેમાં જાતિગત માન્યતા અને એમાંથી જન્મતા પ્રત્યાઘાત જુદા જ નહીં પરંતુ પારસ્પરિક રીતે વિરુદ્ધ હોય અને ઉગ્ર પણ હોય છે. જાતિ-જાતિ વચ્ચેની તિરાડમાં દ્વેષમાં, એમાંથી ફાટી નીકળતા વર્ગવેરના ધીંગાણાં કે હુલ્લડમાં આ બાબત જ કેન્દ્રમાં હોય છે અને તે સ્થિતિમાં સામાજિક સંવાદ ટકતો નથી, સંબંધ સ્વસ્થ રહેતા નથી અને કાયદો તથા તંત્ર પણ ક્યારેક આવી પરિસ્થિતિમાં લાચાર બની જાય છે અને શાન્તિના પુનઃ સ્થાપનમાં નિષ્ફળ જાય છે. ક્યારેક તંત્રને વધારે સખ્તાઈ વાપરવાની જરૂર પડે છે. આવું બને છે ત્યારે કેટલાક તટસ્થ બૌદ્ધિક, ઉદારમત ધરાવતા સાધુસંતો, યુવાન પેઢીના કર્મનિષ્ઠ યુવાનો આગળ આવે છે. પરસ્પર ઝઘડતાં બે પક્ષોને સમજાવવા મથે છે. સમભાવ અને સંવાદનું પુનઃસ્થાપન કરવા પ્રયત્ન કરે છે.

તત્કાળ તો આવાં પ્રયત્નો પણ કેટલાંક સારા પરિણામ લાવી શકે છે અને શાન્તિનું પુનઃસ્થાપન કરવામાં સફળતા પ્રાપ્ત કરે છે. પરંતુ આમ થવાથી પણ કંઈ સમભાવ અને સમજનો વિકાસ થતો નથી. મનમાં ધૂંધવાતું હોય એ તત્કાળ દબાઈ જાય છે પરંતુ જેવી કોઈ એવી પરિસ્થિતિ અને એમાં જવાબદાર સંયોગો પેદાં થાય કે તરત જ ધૂંધવાતી આગ ફરી ભડકવા લાગે છે...!

આ સમજણ અને સમભાવની ન્યૂનતામાંથી જન્મતું જાતિગત ધિક્કારનું મૂળ કારણ જો દૂર થાય તો આવો વર્ગદ્વેષ દૂર થાય. મધ્યકાળના સંતો વર્ગદ્વેષ અને અસહિષ્ણુતાના મૂળ કારણ સુધી પહોંચી શક્યા અને તે દૂર કરતી સીધીસાદી છતાં મર્મસ્પર્શી વાણી પ્રચારમાં મૂકી. ઈશ્વરને કોઈ પણ નામ આપીને કે આપ્યા વગર જ એનાં સ્વરૂપને કલ્પીને કે અરૂપ, નિરંજનને નિરાકાર માનીને, સગુણ કે નિર્ગુણ રૂપમાં ભજી શકાય છે, આ વાત આ સંતોએ સમજાવી અને લોકોને ગળે પણ ઉતરાવી. તમે મૂર્તિમાં ન માનો એથી એમને માનનારનો દ્વેષ કરવાની કે એમની મૂર્તિઓનું ભંજન કરવાની જરૂર નથી, ઈશ્વર એક છે, જીવમાત્રની સેવા જ સાચી ભક્તિ અને ઉપાસના છે : આ બધી વાત સંતોએ એમની વાણીમાં સમજાવી. કબીરે વિશેષ સચોટ અને સફળ રૂપમાં દર્શાવી. નરસિંહે આરાધ્યા શિવને, ભજ્યા ને ગાયા કૃષ્ણને પરંતુ અંતરમાં રાખ્યું એ તત્ત્વનું નિરંજન, નિરાકાર બ્રહ્મસ્વરૂપને, જે ‘નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યું’ જેવાં પદભજનમાં જોવા મળે છે.

આમ મૂળ દ્વેષના કારણમાં, લોકમાનસની દૃષ્ટિએ સગુણ કે નિર્ગુણ ઉપાસના નથી, એ તો આમ વર્ગના અદનામાં અદના માનવીને પણ મધ્યકાળથી

સમજાઈ હતી. બીજું જે કારણ છે તેનો સંબંધ આહાર વિષયક કેટલીક બાબતો સાથે સંકળાયેલો છે. ખાસ કરીને ગૌમાંસ વિશે ભિન્ન અભિગમ-માન્યતા એનાં મૂળમાં છે. એક પક્ષને મન ગૌવંશ પણ માત્ર પ્રાણી છે, એનું માંસ પણ અન્ય પ્રાણી જેમ ગ્રાહ્ય છે, બીજા યક્ષને મન એ દૈવી પ્રાણી છે, અભક્ષ્ય જ નહીં અવધ્ય છે, પૂજ્ય છે. એનો વધ કરીને ન જ શકાય. આનો અર્થ એ નથી કે જેમના માટે ગૌમાંસ અભક્ષ્ય ને અધાર્મિક નથી એ બધાં જ ગૌવંશ દ્વેષી છે ! હકીકત તો એ છે કે એમાં પણ અનેક ગાયને પાળનારા-પોષનારા છે, પૂજ્ય કે દૈવી ભલે નથી પરંતુ પાલતૂ અને ઉપયોગી તો છે જ! વળી, સામિષ આધાર પણ જેમને માન્ય છે એ ગૌમાંસભક્ષણ અધર્મ નથી એ માંહેના મોટાભાગને તો આ આર્થિક રીતે પરવડતું નથી અને બીજી એ પણ હકીકત છે કે એવો પણ સંવેદનશીલ એક વર્ગ છે, જેને મન પોતાની પાળેલી ચાહેલી મુર્ગી પણ અભક્ષ્ય છે ! આ દૃષ્ટિએ જો વિચારીએ તો સમાજના આવા આમવર્ગમાં પણ એવા લોકો બહુમતિ ધરાવે છે જે આવા માન્યતા ભેદનું નિરાકરણ લાવી શકે ! કેટલીક જાતિઓ મધ્યકાળમાં અછૂત મનાવા લાગી તેના મૂળમાં પણ તેમનો આ સાથે સંકળાયેલો મૃત ઢોર ચીરવાનો, એના દેહાવયવો-માંસ, ચામડી, ચરબી, હાડકાં, શિંગડાં-નો ઉપયોગ કરવાનો વ્યવસાય છે. વેદોત્તરકાળમાં પણ જ્યારે કેટલીક નવી-નવી જાતિઓનાં ભારતમાં આગમન થયાં ત્યારે પણ આવી માન્યતા અને ધર્મના સંઘર્ષની પરિસ્થિતિ ઊભી થઈ હોવાના નિર્દેશો કેટલીક કથાઓમાં મળે છે. આવી બધી જ જાતિઓ આર્યેતર જ હતી એવું પણ ન હતું ! મૂળ પશુપાલક એવી આર્યજાતિમાં ગૌવંશ સાથે આવી ધાર્મિક માન્યતા સંકળાયેલી ન હતી ! યુરોપમાં જઈને જે આર્યો વસ્યા એ 'બીફ'નો ઉપયોગ કરે જ છે. પ્રાચીન કથાઓમાં પણ અનિવાર્ય જરૂરત ઊભી થતાં માંત્રિક વિધિઓ કર્યા પછી ગૌવધ કર્યાના નિર્દેશો મળે છે. ગૌવંશને દૈવી માનવાનું વલણ માત્ર ભારતીય આર્યમાં જ જોવા મળે છે.

ગૌવંશને દિવ્ય માની અવધ્ય-અભક્ષ્ય માનવાની ધર્મદૃષ્ટિ ક્યારે પ્રગટી, કેમ પ્રગટી, એ જાણવાનું શક્ય તો નથી પરંતુ આર્યજાતિની સંસ્કૃતિમાં એ કેન્દ્રસ્થાને હતી એ તો 'દુગ્ધતરા', 'દોતર', ડૉટર (એની Daughter એવી જોડણીમાં દૌગ્ધતર' જોઈ શકાય છે) એવા 'દીકરી' માટેના શબ્દમાં જોવા મળે છે. 'ગોત્ર'નો સંબંધ પણ ગાયના વાડા સાથે છે. એક જ મૂળ સ્ત્રી-પુરુષના નિક્ટનો લોહી સબંધ ધરાવતી વ્યક્તિઓનું ગૌધન એક જ 'ગોત્ર' એટલે કે ગાયોને બાંધવાના વાડામાં રાખવામાં આવતું હતું. આથી જ એક મુખ્ય સ્ત્રી અને પુરુષના લોહીનો સંબંધ



ધરાવતાં સ્ત્રી પુરુષોના કૌટુમ્બિક એકમને 'ગોત્ર'નું નામ અપાયું અને કાળક્રમે સગોત્ર દેહસંબંધ અને લગ્ન પ્રતિબંધિત મનાયાં. એની પાછળનાં કારણમાં પણ વિજ્ઞાન છે. એક જ ગોત્રનાં સંબંધને કારણે એક જ ગોત્રનાં નર અને નારીનાં નબળાં અને પ્રગટ ન હોય એટલે કે રેસીસીવ ફૅક્ટર એમની સંતતિમાં પ્રભાવક એટલે કે 'ડોમિનન્ટ' બનતાં હતાં અને કાળક્રમે વંશનો નાશ થતો હતો. આવાં ભયંકર પરિણામને જાણીને જ એક જ ગોત્રની વ્યક્તિઓ વચ્ચેનાં લગ્ન અધર્મ છે એવું મનાયું અને પ્રતિબંધ આવ્યો. આ કારણે જ રશિયાના રાજવંશનો નાશ થયેલો, એક વંશ પૂરો થઈ ગયેલો ! આનાં વૈજ્ઞાનિક કાર્ય કારણોની ચર્ચા ઇ.એમ. વિંચેસ્ટર નામના અનુવંશશાસ્ત્રના વિદ્વાને હેરીડીટી ઍન્ડ યૉર લાઈફ નામના પુસ્તકમાં કરી છે. અહીં એ વાતના વિશેષ ઊંડાણ અને વિગતમાં ન જઈએ ને એટલું નોંધીએ કે મધ્ય એશિયાની કેટલીક જાતિઓની મુખ્ય આજીવિકા અશ્વપાલન હતી ને એના પ્રભાવે તેમણે જમીન અને સત્તા પ્રાપ્ત કર્યા તેમ ગૌવંશનું પશુપાલન કરનારા આર્યોએ કૃષિનો વિકાસ કર્યો, આર્ય-એટલે કે પશુપાલનની આજીવિકા પર નભતી પ્રજા મટીને 'ઇર્ય' એટલે કે કૃષિની આજીવિકા પર નભતી પ્રજા બની અને આ કૃષિ સંસ્કૃતિએ ગૌવંશને દિવ્ય માન્યો, ઈશ્વરની કૃપાનું સાક્ષાત રૂપ માન્યું.

સાબરકાંઠાના ભીલોની મહાકાવ્યની કથામાં એવું દર્શાવ્યું છે કે સાલોર નામની દિવ્ય ગાય સ્વર્ગમાં હતી એ કોઈ કારણસર પાતાળમાં પડી અને શિંગડાના દિવ્ય તેજથી ચરવા લાગી. આ ગાય સોના, રૂપા, લોઢાનાં પગથિયાં ચડીને પૃથ્વી પર આવી અને સૂરજ આથમતાં પહેલા જે પહોંચી તે સાલોરના ધણની ગાયોને વાડામાં બાંધવામાં આવી. પરંતુ જે ગાય સૂરજના અસ્ત પછી પહોંચી અને વાડામાં ન બંધાઈ તે ગાય વનમાં જ રહી ગઈ અને નીલગાય બની ગઈ ! આથી તે પ્રાણી અવધ્ય મનાય છે. રાજસ્થાનની બિશ્નોઈ જાતિ માટે હરણ પણ અવધ્ય અને પવિત્ર છે. વાળા કાઠીઓ માટે પણ હરણ અવધ્ય છે. એનોવધ કરનાર માત્ર ગુનેગાર મનાય અને દુષ્કૃત્ય, પાપ બદલ એને શિક્ષા થાય એવી કથા છે. હરણનો વધ કરનાર બ્રિટિશ કપ્તાનના માણસોને કાઠીઓએ કેદ કરેલા અને અંગ્રેજ સામે યુદ્ધ કરવા એકઠાં થયેલા ત્યારે બ્રિટિશ અમલમાં શાસકને મોઢામાં તરણું પકડવું પડેલું !

આમ, ધર્મના મુખ્ય સિદ્ધાંત એના માન્યતાની ભેદના કારણે જે જાતિદ્વેષ જન્મે છે એની સાથે અનેક બાબતો એવી સંકળાયેલી છે કે તેનું નિરાકરણ ન તો

માત્ર ધર્મ સુધારણા કરતી સંતવાણી કરી શકે કે ન તો કાયદાનું તંત્ર. આ સ્થિતિમાં ક્યાંક જો સમાજસુધારકને, કાયદાને ઘડનાર અને એનો અમલ કરનાર શાસનને સહાયક બનશે તો તે જાતિગત મનોવિજ્ઞાનનું જ્ઞાન. એને આધારે જ અમુક જાતિ કે જાતિઓમાં અમુક દૃઢ એવી માન્યતાઓ શા કારણે છે, એના ઉદ્ભવ અને વિકાસની પાછળ કયાં પરિબળો છે એનો તાગ લઈને જ પછી સામાજિક પરિવર્તન શક્ય બને.

આ દૃષ્ટિએ ફોકલોરનું અધ્યયન અત્યંત મહત્ત્વનું છે. જાતિગત પરંપરા અને સંસ્કૃતિનું છૂટક કાર્ય વિપુલ થયું પરંતુ કોઈ એક નિશ્ચિત જાતિને કેન્દ્રમાં રાખીને એનું સમગ્રદર્શી અધ્યયન ઓછું થયું છે. મેઘાણીએ અનેક જાતિઓ, એમની પરંપરા, સંસ્કૃતિ પર દૃષ્ટિપૂર્ણ કાર્ય કર્યું. આ પછી પ્રો. ડૉ. પુષ્કર ચંદરવાકરે જાતિગત લોકસાહિત્યનો અભ્યાસ એમના છાત્રો પાસે કરાવ્યો. જામનગરના ડૉ. સૂચેતા ભાડલાવાળાએ પુષ્કરભાઈના માર્ગદર્શનમાં દ્વારકા પંથકના રબારીઓ પર અને ડૉ. પ્રહ્લાદ પટેલે ઓખામંડળના વાઘેરો પર કામ કર્યું. ગુજરાતની ૨૫ જેટલી આદિવાસી જાતિઓમાંથી ભીલ, ચૌધરી, દૂબળા, કુણબી વગેરે... પર સારું એવું કામ થયું છે જેની પૂર્ણ વિગત આ લખનાર આદિવાસી લોકસાહિત્યના ઈતિહાસમાં આપી છે. સૌથી ઉત્તમ કાર્ય ડૉ. ભગવાનદાસ પટેલે ડુંગરી ભીલ પર કર્યું ને એમાંથી પ્રેરણા પ્રોત્સાહન મેળવી વીરચંદભાઈ પંચાલ અને નવજીભાઈ ડાભીએ સાબરકાંઠાના સોખલા ગરાસિયા ભીલ પર કર્યું. ઓખા પંથકના વાઘેર વિશે, એમની જવામંર્દી, જાતિગત ખાસિયત અને સાહિત્ય વિશે થયેલાં કેટલાંક મહત્ત્વનાં કાર્યો પર દૃષ્ટિપાત કરીએ. આમાં દૃષ્ટાંતરૂપે વાઘેરજાતિ વિશે કેટલુંક વિચારીએ.

**વાઘેર :**

જામનગરના હાલાર અને કચ્છના સંધિપ્રદેશમાં દ્વારકા-ઓખા મંડળનો જે પ્રદેશ છે એ માટે ઉક્તિ છે 'ઓખો જગથી નોખો.' ને એની બ્રિટિશરોને પણ હંફાવનારી શક્તિશાળી પ્રજા તે વાઘેર ! પ્રાચીન-મધ્યકાલીન કાળથી તે છેલ્લા કેટલાક દશકાઓ સુધી પરિસ્થિતિ એવી હતી કે સૌરાષ્ટ્રમાં વસનાર માટે પણ કચ્છના આખાત સાથે જોડાયેલો ઓખામંડળનો પ્રદેશ આવાગમન માટે મુશ્કેલ હતો. એના પૂર્વ અને દક્ષિણ દિશાની સીમા પર ઓખારણ એને હાલારથી જુદો પાડે છે ને કચ્છથી પણ ! પશ્ચિમના કુરંગા ગામથી શંખોદ્ધાર બેટ સુધીનો પ્રદેશ તે ઓખામંડળ. ૬૮ થી ૫૫ના અક્ષાંશ અને ૬૯.૧૫ પૂર્વ દિશાના રેખાંશ વચ્ચેના



આ પશ્ચિમે ૨૫ કિલોમીટર જેટલો પહોળો તો દક્ષિણે માત્ર ૬.૪ કિલોમીટર જેટલો ૭૦૩.૭ ચોરસ કિલોમીટરનો આ પુરાણ પ્રસિદ્ધ પ્રદેશ. જરાસંધના ભયથી યાદવો આ પ્રદેશમાં આવીને વસ્યા અને કૌલ લોકોને પરાજિત કરીને આ પ્રદેશ કબજે કરીને દ્વારકાની સ્થાપના કરી ! ત્યારે પણ અહીંની મૂળ પ્રજાની આજીવિકા લૂંટફાટ હતી અને તે કેવા એમાં સમર્થ હતા કે આજે પણ 'કાબે અર્જુન લુંટિયો' એ ઉક્તિ ને એની પાછળની કથામાં દસ્તાવેજીકૃત છે. હકીકતે પૃથ્વીના સર્જન પછીની ભૂપૃષ્ટની રચનાની ભૌગોલિક પ્રક્રિયા આની આ પ્રદેશ પર અસર છે. જે દ્વારિકા ડૂબી ત્યારથી આરંભીને તે ઈસવીસન પૂર્વેની પાંચ હજારની ધોળાવીરાની સંસ્કૃતિ પર આવેલી નગરવિનાશની ઘટના સુધી દસ્તાવેજી પ્રમાણ સાથે જાણી શકાય છે. અંજારના અને અનુગામી એવા એકવીસમી સદીના સમગ્ર કચ્છ પરના ભૂકંપની ઘટનાઓના તો આપણે સાક્ષી છીએ ! આજની વૈજ્ઞાનિક પરિભાષામાં કહીએ તો એપિક પૉઈન્ટ પરનો આ પ્રદેશ, જેની ભૂમિ કાળક્રમે, આંતરે આંતરે પણ કરવટ બદલતી રહે અને નદી તથા નગરની સ્થિરતા મેળવી શકેલી સંસ્કૃતિના પ્રમાણમાં આંતરે-આંતરે વિનાશ અને નવસર્જનની અસરોનો વિશેષ ભોગ બને. આમાં વસતી જાતિ અને જાતિઓને ખડતલ ને બધી પરિસ્થિતિ સામે બાથ ભીડવાની આંતરિક હિંમતવાળા બનવું જ પડે અને બીજી સ્થિર એવી જીવન સંસ્કૃતિ જીવનારી જાતિઓનાં આક્રમણ અને અન્યાય બંનેનો પ્રતિકાર કરતા શીખવું પડે !

આ પ્રદેશની મૂળ જાતિઓમાં કાળા, કાબા અને મોડા મુખ્ય છે. એમને આજીવિકા માટે, પોતાના સ્વાતંત્ર્ય માટે સતત લડવું પડ્યું, સંઘર્ષ કરવો પડ્યો, માથાભારે બનવું પડ્યું ને એમાંથી જ કહેવાતું થયું : ઓખો જીવનો નોખો ! એટલે કે ઓખામંડળમાં જવું, પ્રવેશવું, સ્થિર થવું એટલે જીવનનું જોખમ વહોરી લેવું.

આથી જ વાઘેર લોકોનું જીવન વિશિષ્ટ એવી જીવનભાવના અને સંસ્કૃતિને વરેલું છે. એમને સતત પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે, પોતાનું રક્ષવા માટે, અન્યાયી અત્યાચારોનો સામનો કરવા માટે આભીરો-યાદવો સામે, સમુદ્ર માર્ગે ચડી આવતા ઈરાનીઓ સામે, કચ્છની ઉપરના પ્રદેશમાંથી ચડી આવેલા યવનો સામે, મુસ્લિમો ને મોગલો સામે, હાલારી જામસત્તા સામે, ગાયકવાડી સત્તા સામે અને બ્રિટિશરોએ કરેલા પક્ષપાતી અન્યાયો સામે લડવું પડ્યું છે. 'ના છડિયા હથિયાર, મૂળુભા બંકડા' ગીત તો ઘણાએ સાંભળ્યું હશે, જોધા માણેક-મૂળુ માણેકના અંગ્રેજો સામેના બળવા અને જામનગર-જૂનાગઢ-અમરેલી સામેના બહારવટાં અને દિલેરી અને જવામર્દીની કથાઓ પણ કેટલાકે વાંચી હશે, પરંતુ આ બધો ઈતિહાસ

આજે પણ આપણને ક્યાં, કેટલો ખપનો છે, તેની સાચી સમજ નથી. ઇતિહાસ માત્ર ગઈકાલની બનેલી ઘટનાઓનો અહેવાલ નથી, આજે શું છે અને પછી શું આવવાનું છે, એનો અંદાજ આપતો અરીસો છે. આજની આપણી ભારતની અનેક સમસ્યાઓ અને કૂટપ્રશ્નોને જો ક્રોનિક બનતાં અટકાવવા હોય, સાચું નિરાકરણ લાવવું હોય, જાતિગત-પ્રદેશગત-ધર્મગત વિસંવાદોમાંથી જન્મતી કૂટ સમસ્યાઓને હલ કરવી હોય, તો આ ઇતિહાસને જાણી, સમજી માર્ગદર્શન મેળવવું પડે ! આઝાદી પછી રાજ્યોનાં નવનિર્માણમાં ભાષાવાર પ્રાન્ત-રાજ્યની રચનાનું વિચાર્યું, મુંબઈ કોનું નો પ્રાણપ્રશ્ન જન્મ્યો, તેલંગણાને એની સ્વતન્ત્ર એકમ તરીકેની સ્વાયત્તા જોઈએ છે તેવી સમસ્યા ભારતના લગભગ બધાં જ રાજ્યોમાં ધૂંધવાય છે, પાકિસ્તાનની પણ એ જ સ્થિતિ છે : આ બધાનાં મૂળમાં શું છે ? જેમને પણ જન્મગત પ્રાદેશિક આજીવિકાગત સંબંધ છે ને તેમના અધિકારનું આગન્તુકોને મળે છે ને ઝૂંટવાતું લાગે ત્યારે આવી સ્વાયતત્તાની માંગ ઊઠે છે. જાતિ, પ્રદેશ અને આજીવિકાગત મૂળ પ્રવૃત્તિ એ ત્રણેને ધ્યાનમાં રાખ્યા વગર જ્યારે કંઈ પણ શાસકીય નિર્ણય થાય, અન્યાય થયો છે એવું લાગે, ત્યારે પ્રજામાનસની ધૂંધવાતી આગનો ભડકો થાય છે અને રાષ્ટ્રીય એકતાની ભાવનાના મૂળ આદર્શનો લોપ થાય છે !

આવું મૂળ પ્રજાને સહન કરવાનું થયું ને કોઈ એકની પ્રદેશ અને સત્તાની ભૂખ પ્રબળ બની ત્યારે જ મધ્યકાળમાં શાસકીય સત્તાની સ્થિતિ ડામાડોળ બની, પ્રજા પ્રજા વચ્ચેનાં વેરનાં મૂળ બંધાયાં, રાજપૂત શાસકો પરસ્પર લડી નબળાં પડ્યાં ને મુસ્લિમ આક્રમકોનો સામનો કરી ન શક્યા, મુગલો વર્ચસ્વી બન્યા અને બ્રિટિશરો અંતે ફાવી ગયા. આઝાદી પછીની પરિસ્થિતિમાં આ જ વસ્તુ જુદાજુદા સંદર્ભમાં બની.

અહીં મૂળ વાત તો વિવિધ જાતિઓ અને જાતિગત મનોવિજ્ઞાનને સ્પષ્ટ કરવાની છે, એથી, વર્તમાન સ્થિતિની વાતના વિશેષ ઊંડાણમાં ન જતાં, કેવળ વાઘેરોને આધારે આ વાત સમજવા પ્રયત્ન કરીએ. શ્રીકૃષ્ણની દ્વારિકા ડૂબી, યાદવાસ્થળી થઈ, આહીરો-યાદવો નબળા પડ્યા પછીનો ઇતિહાસ અંધકારમાં છે પરંતુ અંતે આ પ્રદેશની જે મૂળ જાતિ અને શાસકો હતા એ મોડાઓનું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. સિરિયાના સક્કર બેલીમે એમને પરાજિત કર્યા ને મહેમ ધ્રુકાએ ફરી સત્તા પ્રાપ્ત કરી. આઠમી સદીના સૈંધવોએ આરબોના ત્રાસે પોતાનું વતન છોડ્યું ને ઓખામંડળ હાથ કર્યું. તેરમી સદીમાં જોધપુરથી આવેલા વેરાવલજી



વાઢેરે સત્તા હાથ કરી. સોળ-સત્તરમી સદીથી ગોહિલવાડના જામે સત્તા જમાવી. આ સ્થિતિમાં એક વખતના સત્તાધીશ એવા વાઘેરો માટે એક માત્ર બદલો લેવાનું અને આજીવિકાનું સાધન જામનગર, પોરબંદર અને ગોંડલ એમ ત્રણ રાજ્યોમાં લૂંટફાટ કરવાનું રહ્યું. આ પછી ત્રણે રાજ્યોએ સાથે મળી જામનગરના કારભારી મેરુ ખવાસ અને પોરબંદરના પ્રેમજીની રાહબારીમાં વાઘેરોને ગુરગઢના રણવિસ્તાર સુધી હાંકી કાઢ્યા. અમરેલી પાસે સત્તા આવી ને ગાયકવાડી હકુમત ચાલતી થઈ ત્યારે પણ વાઘેરો પર સતત અન્યાય થયો અને ઈ.સ. ૧૮૦૯માં ઓખામંડળ પર બ્રિટિશ ફોજ આવી ને યુદ્ધના અંતે વાઘેરો પાસે માત્ર પાંચ કિલ્લા અને સત્યાવીશ ગામડાં જ રહ્યાં. ઈ. ૧૮૧૭માં ઓખામંડળનો વહીવટ ગાયકવાડને સોંપાતાં ઓખામંડળ અમરેલીનો જ પ્રાંત ગણાવ્યો.

અહીં જોઈ શકાશે કે જે જાતિ અને તેના રાજવંશ, ભાયાત, જમીનદાર અને પ્રજાની બહુમતિનો કોઈ એક પ્રદેશ પર પરંપરાગત અધિકાર હોય, સ્વાયતત્તા હોય, આજીવિકા હોય એમાં બીજાં ભૂમિ અને સત્તાની ભૂખને કારણે આક્રમણ કરે છે ત્યારે કોઈ પણ સ્વમાની પ્રજાને લડાયક બનવું જ પડે છે, ધાડ ને લૂંટફાટનો આધાર લેવો પડે છે. પશુપાલન અને કૃષિ જેવી સર્વસામાન્ય અને સ્વીકૃત આજીવિકાની સ્થિરતા, નિશ્ચિતતા, અધિકાર બધું ગુમાવવું પડે છે. આ સ્થિતિમાં જ કલ્ચરલ એન્વાર્યમેન્ટ ડિસ્ટર્બન્સ ઊભું થાય છે અને જાતિને ગુનાઈત અને અસ્થિર એવી આજીવિકા મેળવવાનું જરૂરી બની જાય છે. વિશ્વની અનેક જાતિઓના સાંસ્કૃતિક પર્યાવરણના લોપમાં વિશ્વ પરનું મોટામાં મોટું અનિષ્ટ યુરોપનું — જેમાં અંગ્રેજ, ફ્રૅન્ચ, ડચ-પોર્ચ્યૂગીઝ વગેરે બધાં જ સામેલ છે. આફ્રિકન નિગ્રો જાતિ આનો વધારેમાં વધારે ભોગ બની. ઓછેવત્તે અંશ ભારતની આદિવાસી સેંકડો જાતિઓ-જેમાં ગુજરાતની ૨૫ આદિવાસી જાતિઓ સામેલ છે- તે પણ સાંસ્કૃતિક પર્યાવરણીય ભંગનો ભોગ બની છે. બ્રિટિશરોએ એમના શાસનકાળમાં જ વનસંરક્ષણ અને દારૂબંધી જેવા રૂપાળાં ને ન્યાયી લાગતાં ઓઠાં તળે આનો આરંભ કર્યો ને આઝાદી પછી જળસંચય, ખનિજ અને ઔદ્યોગિક વિકાસના નામે આ અનિષ્ટ જ આદિવાસી જાતિઓ માટે ઘાતક બન્યું. જર્મનોએ ભલે વિશેષ કૉલોની જમાવવાનું અનિષ્ટ ન કર્યું હોય પરંતુ ધર્મના નામે જેમ મધ્ય પૂર્વની કેટલીક જાતિઓએ વિશ્વના અનેક પ્રદેશની અનેક જાતિઓને એમનાં સાંસ્કૃતિક મૂળથી અલગ કરવાનું પાપ કર્યું તેમ, જર્મનોએ ધર્મ અને જાતિદ્વેષથી યહૂદીઓને અન્યાય કર્યા !

વિશ્વના અનિષ્ટનું, જે પ્રજાગત સાંસ્કૃતિક કટોકટીનું મૂળ ધર્માંધતામાં છે.

મૂર્તિપૂજામાં ન માનવું કે એને ન અનુસરવું તે સહુસહુનો અધિકાર છે. પરંતુ એ જ વાત, વિચાર, વલણ સાચાં માની અન્ય પર આક્રમણ કરવું, લૂંટફાટ કરવી, ધર્માંતરણ કરવું કેટલું વાજબી ? ધર્મને નામે અને બહાને જ જાતિદ્વેષનાં મૂળ બંધાયાં ને વકર્યાં ! સત્તરમી સદીના ધર્મવડાએ જાહેર કર્યું, વિશ્વ પર એમના જ ધર્મનો અધિકાર છે ને સહુએ પોતપોતાના ભાગમાં જાતે જ વિશ્વના વિવિધ ભાગોની વહેંચણી કરી લીધી અને યુરોપીય જાતિઓની કૉલોની અસ્તિત્વમાં આવી- મધ્યપૂર્વ, આફ્રિકા, એશિયાઈ ભારત, ચીન, જપાન સમેતના અનેક પ્રદેશોમાં રાજસત્તા હાથ ધરી તે તે પ્રજાની સાંસ્કૃતિક પર્યાવરણમાં કાયમી ક્ષતિ પહોંચાડી.

આનું જ દૃષ્ટાંત વાઘેર ને રાજપૂત વંશનાં જ રાજ્યો અને બ્રિટને કરેલા અન્યાયનું છે. બ્રિટને જેમને બહારવટિયા ચીતર્યા એ જોધા માણેક અને મૂળુ માણેક સ્વાતંત્ર્યવીર હતા.

**મૂળુ માણેક :**

અંગ્રેજો સામે બહાદુરીથી લડનાર માણેકશાખાના વાઘેરો ગુજરાતના સ્વતંત્ર્યવીરો છે. આ શાખા 'માણેક' તરીકે ઓળખાઈ તેની પાછળ રસિક ઈતિહાસકથા છે. જોધપુરના રાઠોર કુમારો વેરાવલજી અને વિજલજી ઝાલાવાડમાં ઉછરતા હતા તે કોઈ આંતરિક કલહને કારણે ઓખામંડળમાં આવ્યા. આ સમયે ઓખામાં હેરોલ અને ચાવડાઓ વચ્ચે વેર હતું. રાઠોર કુંવરોએ ચાવડાઓનો આશ્રય લીધો અને હેરોલોને દૂર કરવાની યોજના કરી. ચાવડા સાથેની સુલેહ માટે આવેલા હેરોલોની છુપાયેલા ચાવડાઓએ હત્યા કરી અને આવી અંધાધૂંધ સ્પર્ધાનો લાભ લેવા રાઠોડ કુંવરોએ ચાવડાઓનો નાશ કર્યો. વાઢેર તરીકે સત્તાધીશ બન્યા. હેરોલો અને ચાવડાઓમાંથી જે બચ્યા તે વાઘેરનો આશ્રય લઈ એમાં ભળી ગયા. આમ, આશ્રિત બનેલા ચાવડા વાઘેર બન્યા ને એમણે ઓખાના આરંભડામાં ગાદી સ્થાપી. વેરાવલજીના પુત્ર જીયાજી કચ્છના રાવ બન્યા. કચ્છના રાવ જીઆજીના પુત્ર હમીરજી જાડેજાએ મલણકારાની દત્તકપુત્રી હેરોલકુંવરી હમુબા સાથે લગ્ન કર્યાં ને ગરાસ પામ્યા. આમ હવે હમીરજી વાઘેરોના સરદાર બન્યા અને એનો પુત્ર માણેક જેવો તેજસ્વી હોવાથી અનુગામી વંશજો માણેક શાખાના વાઘેર તરીકે ઓળખાયા. આ કારણે ઓખામંડળમાં વાઘેરસત્તા અને વાઢેરસત્તામાં વહેંચાયા. આ વંશનું તેજસ્વી રત્ન તે મૂળુ માણેક.

ઓખામંડળના સત્તાધીશ માણેક દરિયાખેડુ હતા. આ સમયે સમુદ્રના



ધાડુપાડુ, ચાંચિયાનું જોર ! બહારથી આવતા યવનનાં વહાણોને પત્રામલ માણેક લૂટતો. આથી મહંમદ બેગડો ચડી આવ્યો. એણે દ્વારિકા અને શંખોદ્ધારમાં મંદિરના ખજાના લૂંટ્યા, મૂર્તિઓ ભાંગી અને બળજબરીથી ધર્માંતરણની પ્રવૃત્તિ પોષી. આથી ઈસ્લામ ધર્મ પાળતા વાઘેરના વંશ અસ્તિત્વમાં આવ્યા પરંતુ તેમાં મૂળ પરંપરા જળવાઈ. મહંમદ બેગડા આતંક ફેલાવી પાછો ફર્યો ત્યારે ભીમજી વાઢેરે મુસ્લિમ સરદારને પરાસ્ત કરી સત્તા હાથ ધરી. ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફરને વાઢેર અને વાઘેરાએ આશ્રય આપતાં અકબરે જૂનાગઢના નવરંગખાનને ઓખામંડળ હાથ કરવા મોકલ્યો. પરંતુ વાઘેરોએ એને પરાસ્ત કર્યો. આથી જૂનાગઢના નવાબની મોટી સહાય લઈ અઝીઝ કોકા ચડી આવ્યો પરંતુ વાઘેરોએ એમને પાછા ભગાડ્યા. દ્વારકાના રાજા શામળા માણેકે ઓખામંડળમાંથી મુસલમાનોને કાઢી આરંભડાની સત્તા સ્થિર કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ સતત આક્રમણ થતાં રહ્યા, સતત અસ્થિરતા રહી. રાણા ભોજરાજે આરંભડાનો કિલ્લો બંધાવ્યો, બેટનો કિલ્લો સમારાવ્યો પરંતુ પછીના ગાળે વાઘેરો દ્વારા કચ્છી વહાણો પણ લૂંટાતાં હોવાથી કચ્છના રાવ વચ્ચે અણબનાવ થયો. આથી ફતેહમહમ્મદ જમાદારની મદદથી ઓખામંડળના વરવાળા ગામ પાસે કચ્છી ગઢનો કિલ્લો ચણાયો. આ કચ્છી કિલ્લો જ વાઘેરોને નાસી છૂટીને સલામત બનવામાં સહાયક બન્યો. ગાયકવાડી ગુનેગારોને આ કિલ્લામાં આશ્રય મળતો. આથી અંતે કર્નલ શિવરાજસિંહે કચ્છી ગઢમાં રહેતા વાઘેરોને સમજાવી બહાર કાઢ્યા અને જમીન આપી ઈ.૧૬૬૧માં નવાનગર પર કુત્બુદ્દીન ચડી આવ્યો ને નવાનગરનું નામ ઈસ્લામનગર કરેલું ત્યારે પત્રામલ માણેકના પુત્ર થાર્યા માણેક જામ રાયસિંહના પુત્રો જામ તમામી અને ફલજીને આશ્રય આપ્યો. નવાનગર પાછું મૂળ નામ પામ્યું. ઈ.સ. ૧૮૦૪માં વાઘેરોએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું એક વહાણ લૂંટ્યું. બ્રિટિશરોએ નૌકા કાફલો મોકલ્યો પણ વાઘેરો ન ઝૂક્યા. ઈ.સ. ૧૮૦૭માં કર્નલ વૉકર નુકસાનીનું વળતર આપવાનું વાઘેરોને સમજાવવા આવ્યા અને એક લાખ પંદર હજારનું વાઘેરોએ વળતર આપવું તેમ નક્કી થયું. એ લેવા અમરેલીનો આસિસ્ટન્ટ રેસિડેન્ટ કેપ્ટન બેલૅન્ટાઈન આવ્યો. આખરે વાઘેરોએ વળતર ચૂકવ્યું, પરંતુ એ પછી ચાંચિયાગીરી ચાલુ રાખી. ઈ. ૧૮૧૭માં બ્રિટિશરોએ અમરેલીની ગાયકવાડી સત્તાને ઓખામંડળ સોંપ્યું. ઈ. ૧૮૨૦માં દ્વારકાનો કિલ્લો અંગ્રેજો હાથ કરી શક્યા પરંતુ કેપ્ટન મેરિયેટ મરાયો.

કથા અને દંતકથામાં આ આખો ઈતિહાસ એવો દટાયેલો અને વિકૃત થયેલો છે કે મૂળુ માણેક અને અન્ય વાઘેરોને માત્ર બહારવટિયા જ દર્શાવાયા. ઝવેરચંદ

મેઘાણીએ આખી વાતનો તાગ કાઢવા માટે અથાક પ્રયત્નો કર્યા, પ્રવાસ કર્યા, અનેકને મળ્યા અને વીરોનું સાચું ચિત્ર આપ્યું છે. વાઘ જેવા આ વીર લોકોની સ્વાતંત્ર્યસેનાની અને શહીદ તરીકેની ઓળખમાં આપણી કેટલી મોટી ભૂલ થાપ ખાઈ રહ્યા છીએ એ એમણે દર્શાવ્યું છે. પ્રો. ડૉ. પુષ્કર ચંદરવાકરના માર્ગદર્શનમાં પ્રો. ડૉ. પ્રહલાદ પટેલે વાઘેર પર પીએચ.ડી.ના અભ્યાસ નિમિત્તે કાર્ય કર્યું ત્યારે એમણે પણ વાઘેરોના ઇતિહાસને તથા મૂળુ માણેક વગેરે વિશે સ્થાનિક લોકોનો સંપર્ક કરી કંઠપરંપરામાં સચવાયેલા ઇતિહાસને જાણવાનો પ્રયત્ન કર્યો છે. આપણા જે કંઈ અંગ્રેજી કે ગુજરાતી રાજકીય ઇતિહાસો લખાયા છે એમાં ક્યાંક કોઈ મહત્ત્વની માહિતી એના લખનારને મળી હોતી નથી, તો ક્યાંક હેતુના આરોપણથી અને મનગમતા અર્થદર્શનથી ભળતી જ વિગતનું લિખિત ગ્રંથોમાં આલેખન થાય છે. ૧૮૫૭નો સ્વાતંત્ર્યસંગ્રામ જેમ માત્ર સિપાઈઓએ કરેલા બળવાના રૂપમાં રજૂ થયો, તેમ લુટારા અને માથાભારે વાઘેરોને બ્રિટિશ હકૂમતે વશ કર્યા એવું આલેખાયું અને સ્વાતંત્ર્ય માટે લડનારને ધાડપાડુ, લુંટારા, પ્રજાપીડક માની લેવામાં આવ્યા. ગાયકવાડી અમલની ભ્રષ્ટાચારી નીતિરીતિ અને અંગ્રેજ સત્તાએ એમને આપેલા સાથને કારણે ઈ.સ. ૧૮૨૦માં કર્નલ સ્ટેનહોપે દ્વારકાનો કિલ્લો કબજે કર્યો અને બહાદુર વાઘેરોને કૂટનીતિથી હરાવ્યા. તે પછી અંગ્રેજોએ દેશી અમલદારોને વહીવટ સોંપ્યો ને એમની જ લાંચિયાવૃત્તિ, ટૂંકી બુદ્ધિ અને વાઘેરોની જમીન હડક કરી લેવાની વૃત્તિને કારણે ઈ.સ. ૧૮૪૫ થી ૧૮૪૭ના બે વર્ષોમાં ફરી વાઘેરોએ વિદ્રોહ કર્યો, શાસનના અન્યાય સામે અવાજ ઉઠાવ્યો અને કારુ, ભૂટો, રાણો અને રણમલને બહારવટિયા ઠરાવી જાગીરવિહોણા કર્યા. આવી સતત અસ્થિરતાની અંગ્રેજ સત્તાએ તપાસ કરાવી ત્યારે કર્નલ વાલેસ નામના વડોદરાના અધિકારીએ રિપોર્ટ આપ્યો કે વાઘેરોને અંધાધૂંધ અન્યાય થયો છે તેથી વાઘેરોમાં રોષ જન્મ્યો છે. પરંતુ બીજા લાંચિયાઓને કારણે તેના પર ધ્યાન ન અપાયું અને વિઘો માણેકની જીવાઈ પણ ગાયકવાડી સત્તાએ બંધ કરતાં તે બહારવટે ચડ્યો. અને ભીંસમાં લઈ પકડી કાળાપાણીની સજા થઈ, પરંતુ પાંચ વર્ષે તે જેલ ભાંગી છૂટી ગયો ને ઓખા આવ્યો. ઈ. ૧૮૫૩માં ગોંડલના સદિયા આહેર નામના ગુનેગારને વાઘેરોએ આશ્રય આપ્યો ને શરણાગતને ન સોંપ્યો તેથી ગોવિંદરાવે વસઈ પર હુમલો કરી આગ ચાંપી. વાઘેરોએ રાજકોટ એજન્સીને ફરિયાદ કરી પણ ન્યાય ન મળ્યો. ઈ. ૧૮૫૭માં સિપાઈઓના વિદ્રોહના સમયમાં રેસિડેન્ટ બાર્ટનને મોકલ્યા, ને કાર્યવાહી શરૂ થઈ. વાઘેરો પરના અન્યાય દૂર ન થયા ને અસંતોષનો અગ્નિ ધૂંધવાતો રહ્યો ને બાર્ટને વાઘેરોને વશ કરવા આગબોટ મોકલી તો તેના કેપ્ટનનો વાઘેરોએ વધ કર્યો. આવા ધીંગાણા અને લૂંટફાટ અમરાપુરના જોધા માણેકને અનુચિત



લાગ્યાં એથી એમણે બાર્ટન સાથે સમાધાન કર્યું, પરંતુ ગાયકવાડ સખારામ બાપુને અંગ્રેજો અને વાઘેર વચ્ચેનું સમાધાન પસંદ ન હતું એથી એમણે વસઈ પર હુમલો કરી વાઘેરોની જીવાઈ બંધ કરી. આથી વાઘેરો ભેગા થઈ ગયા અને લડત આપવા, સુરક્ષિત રહેવા માટે દ્વારકાનો કિલ્લો કબજે કર્યો. ઈ. ૧૮૫૯માં મુંબઈ, અમદાવાદ અને રાજકોટથી કંપની સરકારની ત્રણ લશ્કરી ટુકડીઓ નૌકાસૈન્ય સાથે ઓખામંડળ આવી, તોપનો મારો ચલાવ્યો અને વાઘેરોને સંધિ કરીને કિલ્લો સોંપવા જણાવ્યું પણ વાઘેરો ન ઝૂક્યા. પૂરી તાકાતથી લડી અંતે રાતોરાત બેટ છોડી ભાગ્યા. અંગ્રેજોએ જૂનાગઢ, પોરબંદર અને ગોંડલની ફોજની સહાય લઈ બરડામાં છુપાયેલા વાઘેરોને ઘેર્યા. આ યુદ્ધમાં દેવો માણેક ખપી ગયા. મૂળુ માણેક ભાગી છૂટ્યા ને ગિરનો આશરો લઈ જૂનાગઢ સામે બહારવટુ કર્યું. જોધા માણેકનું તાવથી મૃત્યું થયું. છેવટે મૂળુ માણેક અમરેલી કોર્ટમાં હાજર થયા. અંગ્રેજોને સમજાયું કે વાઘેરોને ગાયકવાડી શાસને અન્યાય કરીને છંછેડ્યા છે. આથી ઈ. ૧૮૬૧માં જોનસ્ટને પુખ્ત વયના વાઘેરને સલામીનો એક રૂપિયો લઈને ૪૮ વીઘા જમીન આપવાનું ઠરાવ્યું. પરંતુ જોનસ્ટનની બદલી થતાં કૅપ્ટન રાઈસ આવ્યો ને એના સમયમાં બલોચ પલટણે બહેન-દીકરીઓની લાજ લૂંટી.

વાઘેરોને અડોશ-પડોશના શાસકોએ કરેલા અન્યાયો અને અંગ્રેજોએ આપેલો અન્યાયકારીઓને સાથ : આ કારણે જ ઓખામંડળમાં અસ્થિરતા જન્મી અને સ્વાતંત્ર્યસંગ્રામના પ્રથમ જુવાળના કાળમાં વાઘેરોએ અંગ્રેજોનો વીરતાથી સામનો કર્યો. લખાયેલા તૂટક-છૂટક ઇતિહાસ, લોકકંઠે વહેતી દંતકથાઓ, ચારણ-બારોટ-મીર વગેરેએ લખેલા દુહાઓ આવી બધી જ સામગ્રી મેળવીને આરંભડાથી બેટનો પ્રવાસ કરીને વાઘેર-બળવાના પ્રત્યક્ષ સાક્ષી એવા રતનશીભાઈ ભાટિયાને મળ્યા અને ગાયકવાડી અન્યાય, વસઈના કેટલાક ખૂટલોની સ્વાર્થીવૃત્તિ અને અંગ્રેજોની બે બિલાડીઓના આંતરિક ઝઘડો પતાવવા ન્યાય તોળતા વાંદરાની લુચ્ચાઈ ખુલ્લી પડે છે. ઉપર જે માત્ર વિગતો લખી છે તે તો માત્ર અરસિક એવી વિગતોની નોંધ છે. એ ઘટનાઓનો પૂરો મર્મ પામવો હોય એમણે મેઘાણીનું સોરઠી બહારવટિયા ભાગ-૨માં અપાયેલી કથા તથા ખાસ તો 'પરકમ્મા' નામના પુસ્તકમાં લખેલું 'કીર્તિલેખ કોના લખાય ?' એ અચૂક વાંચવું. અન્યાયથી ભીંસમાં આવેલા વાઘેરોએ ગાયકવાડી શાસન અને અંગ્રેજ અત્યાચાર સામે ઝઝૂમવા માટે કિલ્લો હાથ કર્યો ને જે જવાંમર્દી બતાવી એની ક્યાંય નોંધ નથી, પરંતુ આ કિલ્લાને હાથ કરવા માટે અંગ્રેજ ધાડું ચડી આવ્યું ને ગઢને હાથ કરવા નિસરણી માંડીને ચડેલા અંગ્રેજ હેન્રી મેરીઅટનો કીર્તિસ્તંભ રચાયો !

— આ છે આપણું પ્રજામાનસ ને એની ગુલામી ! ઈ. ૧૮૫૭ની સાલના કાળનાટકના પરદા ઉખેડવા મેઘાણી ઈ. ૧૯૨૮માં આ પ્રદેશમાં ગયા અને લોકકંઠે રહેલો ઈતિહાસ મેળવ્યો છે. આગળ જેનો ઉલ્લેખ કર્યો છે, બલોચી પલટણે કરેલા અત્યાચારો અને સ્ત્રીઓની છેડતીથી વાઘેરબાઈએ ટોણો માર્યો : 'અસાંજા લૂગડાં પેટી ગીનો !' (અમારાં લૂગડાં પહેરો - એ સાથે સૂતેલાં સ્વમાન અને જવાંમર્દી જાગી ઊઠ્યા. 'પરકમ્મા'ની વિગતો જોશો તો જ ધ્યાનમાં આવશે કે અંગ્રેજોએ પણ મંદિરો લૂંટ્યાં હતાં, મંદિરો ભાંગ્યાં હતાં !

**આદિવાસી જાતિ :**

ભારતના બંધારણમાં જે અનુસૂચિત જનજાતિ અને પછાત જાતિઓનું પરિશિષ્ટ અપાયું તેમાં ટ્રાઇબમાં જેનો સમાવેશ થાય છે તેને સામાન્ય રીતે આદિવાસી જાતિ તરીકે ઓળખવામાં આવે છે. મુખ્યત્વે તો ભારતનાં લગભગ બધાં જ રાજ્યોના સીમાન્ત પહાડી પ્રદેશમાં વસતી જાતિઓનો સમાવેશ થાય છે, જેની કુલ સંખ્યા સેંકડોમાં છે. ગુજરાત પ્રદેશના પશ્ચિમોત્તર પ્રદેશથી આરંભીને છેક દક્ષિણ દિશાના છેડા પર આવેલા ડાંગ-વિસ્તારના મુખ્યત્વે પહાડી એવા પ્રદેશોમાં આ વનવાસી તરીકે પણ ઓળખાતી પ્રજા રહેતી આવી છે. વનપેદાશ અને આછીપાતળી ખેતી અને શિકાર, મચ્છીમારી, મજૂરી વગેરે એમની પરંપરાગત આજીવિકાઓ છે. ભારતમાં છેક વૈદિકકાળ, રમાયણકાળ અને મહાભારતકાળથી છેક બ્રિટિશ શાસનકાળ સુધી આ લોકોને શાસન તરફથી સંરક્ષણાદિ જેવા અધિકારોથી, 'પ્રજા' તરીકેના અધિકારથી વંચિત રાખવામાં આવેલા એ કારણે જ ભારતમાં આ જાતિને કેટલાક વિશેષ લાભ-અધિકાર અપાયા છે. એ સંપૂર્ણ ન્યાયી અને ઉચિત છે.

ગુજરાતમાં આદિવાસીઓમાં સામાન્ય રીતે અઠ્યાવીસેકની સંખ્યા દર્શાવવામાં આવી છે, પરંતુ ગૂજરાત-વિદ્યાપીઠે જે શ્રદ્ધેય યાદી આપી છે તેમાં કુલ ૨૫ આદિવાસી જાતિઓનો સમાવેશ થાય છે. આ ૨૫માં કાથોડી, કોટવાડિયા, કોલચા, કુણબી, ગામીત, ગોંડ, ઘોડિયા, ચૌધરી, ગીરના ચારણ, તડવી, નાયક, પોમલા, પટેલિયા, ભાલના પઢાર, પારઘી, બાવચા, સીદી, ભરવાડ, ભીલ, રાઠવા, ગીરના નેસના રબારી, વારલી અને દૂબળા એટલે કે હળપતિનો સમાવેશ થાય છે. આમાં પઢાર, રબારી ભરવાડ અને સીદીને બાદ કરીએ તો શેષ બધી જ જાતિઓનો પરંપરાગત ભૌગોલિક સંબંધ અને વસવાટ ગુજરાત રાજ્યના સીમાડાના પહાડી વિસ્તારોમાં છે. આ સીમાન્ત પ્રદેશને રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર-ખાનદેશ સાથે નિકટતમ સંબંધ છે, એથી તે તે જાતિઓની બોલી,



વસ્ત્રાભૂષણ, ખાનપાન, ધાર્મિક-સામાજિક વિધિવિધાન વગેરેમાં અન્ય રાજ્યોની પણ કેટલીક અસર જોવા મળે છે.

ભારતની જાતિગત અને સાંસ્કૃતિક વિવિધતામાં જે ભાતીગળ સંસ્કૃતિની એકતા જન્મી છે, તેનાં મૂળમાં પણ સીમાન્ત પ્રદેશ પર વસવાટ કરતી આ જાતિઓ છે. સાંસ્કૃતિક આદાન-પ્રદાનની મુખ્ય અને મધ્ય કડી આદિવાસીઓ છે. છેક વેદિકાળથી જ ઋષિમુનિઓ પણ વનમાં વસતી આ જાતિઓના પ્રત્યક્ષ સંપર્કમાં હતા અને એમની જ કેટલીક સિદ્ધિઓનો પણ આર્ય સંસ્કૃતિને લાભ મળ્યો. સામવેદમાં અરણ્યગાન અને ગ્રામગાન એવા બે પ્રકારો છે, ધારા છે. આ અરણ્યગાન તે જ ભારતનું આદિવાસી લોકસંગીત ! એ રીતે જ નૃત્યમાં, નાટકમાં, અસ્ત્રશસ્ત્રના કૌશલ્યની વિદ્યાઓ, ધાર્મિક વિધિવિધાનો જેવાં અનેક આર્યસંસ્કૃતિના કૌશલ્યની વિદ્યાઓ, ધાર્મિક વિધિવિધાનો જેવા અનેક આર્યસંસ્કૃતિનાં અંગો પર આદિવાસી સંસ્કૃતિની અસર પડી છે. શિવના શતરૂપ, દેવીનાં અનેક સ્વરૂપ અને શક્તિઓનાં પુરાણસાહિત્યમાં જે કલ્પનો બંધાયાં તેનાં પણ મૂળમાં આદિવાસી સંસ્કૃતિ છે. આર્યસંસ્કૃતિનું જે રૂપ ભારતીય આર્યસંસ્કૃતિરૂપે બંધાયું તેના મૂળમાં જ ભારતની આદિવાસી સંસ્કૃતિ છે. આમ, જે જાતિઓને પ્રજાના રૂપમાં સ્વીકારવામાં ન આવી કે એના આર્થિક-સામાજિક આયોજનમાં, આજીવિકામાં, સંરક્ષણમાં કોઈ પણ શાસને પોતાની જવાબદારી અદા ન કરી એ જ જાતિઓની સાંસ્કૃતિક કેટલીક સિદ્ધિઓ, કૌશલ્ય વગેરેનો તો ઉપયોગ કરવામાં આવ્યો. મધ્યયુગમાં રાજપૂતોએ, મોગલોએ, મરાઠાઓએ-કહો કે બધાંએ ભીલોનાં રાજ અને સ્વાયતત્તાનો ભોગ લીધેલો અને યુદ્ધ વગેરેમાં તો જ્યારે પણ જરૂર પડી ત્યારે એ બધાંનો ઉપયોગ કરેલો-સાથ લીધો એમ પણ કહી ન શકાય - પણ એમના પ્રજા તરીકેના વેલફેરની, સંરક્ષણની, ન્યાયની કોઈએ પણ કશી જ દરકાર ન કરી એ હકીકત છે. આઝાદી પછી એમને કેટલાક પ્રજાકીય વિશેષ નાગરિક અધિકારો અપાયા છે, શિક્ષણ, આરોગ્ય વગેરેની સુવિધાઓ આપી, એમનું જીવનધોરણ સામાન્ય પ્રવાહની હરોળનું બને તે માટે નોકરી વગેરેમાં અગ્રતાના કેટલાક લાભ અપાયા. તેમ છતાં, જળાશયના નામે, ખનીજ સંપત્તિને પ્રાપ્ત કરી વિકાસ સાધવાના બહાને, ઉદ્યોગના જ વિકાસને લક્ષમાં રાખીને, આઝાદી પછી પણ આ જાતિઓને અન્યાય થયો જ છે, એ તટસ્થ ભાવે, શુદ્ધબુદ્ધિએ સમજવા જેવું છે !

અહીં પ્રશ્ન એ થાય કે આ જાતિઓ માટે, ટ્રાઇબ્સ માટે, આદિવાસી જાતિઓ એવો પર્યાય કેમ અપાયો અને સર્વવ્યાપની દૃષ્ટિએ એ કેટલો વાજબી કે વાસ્તવિક કહી શકાય ?

**ટ્રાઈબ પર્યાય :**

આ પ્રશ્નના ઉત્તર માટે માનવજાતિના સામાજિક એકમના સમૂહ માટે ‘રેઈસ’ અને ‘ટ્રાઈબ’ એવા જે મૂળ પર્યાયો છે, તેની વ્યુત્પત્તિનાં ઊંડાણમાં ઊતરવું જોઈએ. Race એ શબ્દના મૂળમાં લૅટિન ભાષાનો Radix એટલે કે મૂળ છે. તેનો અર્થ લાઈનએજ, ફેમિલિપ્રોગેની જાત, ઓલાદ, વંશ, નસ્લ, કુળ એવો છે અને ‘આદિવાસી’ માટે જે મૂળ અંગ્રેજી શબ્દ Tribe છે તેના મૂળમાં લૅટિન શબ્દ Tribus એટલે કે ત્રણ. આ સંખ્યાવાચક શબ્દ જાતિવાચક બન્યો એની પાછળ રોમન સામ્રાજ્યનો ઇતિહાસ છે. રોમન લોકોનું સામ્રાજ્ય સ્થિર થયું તેમાં ત્રણ જાતિઓના નાયકોએ વિશેષ સહયોગ આપ્યો. એ માટે Tribus એટલે કે ‘ત્રણ મુખ્ય સરદારોની જોડી’ એવો પ્રયોગ થયો. આ ત્રણે નાયકો તે પ્રદેશની જુદી જુદી જાતિઓના હતા. આ કારણે આવી જાતિઓના પર્યાય તરીકે ‘ટ્રાઈબ્સ’ શબ્દ પ્રયોજાવા લાગ્યો.

પરંતુ યુરોપીય શ્વેત પ્રજાઓ તો પોતાને જ સર્વોચ્ચ જાતિ માનતી ગુરુગ્રન્થિ ધરાવે છે. આથી અશ્વેતજાતિઓ માટે જ Tribes શબ્દ પ્રયોજાયો, એમનાં ક્ષેત્રો માટે Tribal શબ્દ પ્રયોજાયો અને શબ્દકોશમાં અસંસ્કૃત કે જંગલી જાતિઓ એવો અર્થ અપાયો. Race એટલે સુસંસ્કૃત ને વિકસિત અને Tribes એટલે અર્ધસંસ્કૃત કે અસંસ્કૃત અને અવિકસિત જાતિઓ મનાવા લાગી. આમાં આલ્પાઈન, આડ્રીઆટીક, ટ્યૂટોનિક, નિગ્રો, મેડિટરેનિયમ વગેરેનો સમાવેશ થયો. મૂળ આર્યજાતિના યૂથો યુરોપમાં સંક્રમણ કરી ગયા, સ્થિર વસવાટ કરતા થયા ત્યારે તે તે દેશો-પ્રદેશોમાં આવી જાતિઓ પરંપરાગત રીતે જ, ઐતિહાસિક યુગના પણ આરંભની પહેલાં વસવાટ કરતી હતી, એથી એમને પ્રિહિસ્ટોરિક રેઈસિસ, એબઍરિજીલન રેઈસ માનવામાં આવી. આથી ભારતમાં પણ જેમને બંધારણથી વિશેષ અધિકાર અપાયા તે વનવાસી પ્રજા માટે ‘આદિવાસી’ એવો પર્યાય પ્રયોજાતો થયો છે.

અહીં જોઈ શકાશે કે રેઈસ અને ટ્રાઈબ્સ એ બંને શબ્દોના મૂળમાં તો મૂળભૂત પ્રજા એવો જ વ્યુત્પત્તિગત અર્થ છે. આથી, જે કોઈ આદિવાસી તે જ મૂળ વસવાટ કરતી જાતિ અને શેષ આયાતી જાતિ-આવો સંકુચિત અર્થ કરીએ તો તે ખોટો છે. આદિવાસીઓમાં જેટલી જાતિઓ-પેટા જાતિઓ છે તે જ આદિવાસી એટલે મૂળભૂત વસવાટ કરનારી ? શેષ આયાતી કે આગન્તુક ? બંધારણના ઘડનારાઓને જો એવું જ અભિપ્રેત હોત તો ચારણ, ભરવાડ, રબારી, પઢાર વગેરેનો પણ શિડ્યૂલમાં સમાવેશ કરત ? આ માંહેની તો મોટાભાગની જાતિઓનો સીધો સંબંધ આર્યજાતિ સાથે જ છે. મોટાભાગની આ જાતિઓ પણ ક્ષાત્રમૂળની



જ છે. એ જ રીતે કાથોડી, ગામીત, ચૌધરી, તડવી વગેરે જે જે પેટા જાતિઓ છે તે પણ ક્ષાત્ર મૂળની આર્યજાતિઓ છે. પ્રાચીનકાળે અને વિશેષ તો મધ્યકાલીન યુગમાં રાજપૂત રાજવંશો વચ્ચેના આંતરયુદ્ધો તથા મોગલ વગેરે સાથેની અથડામણોમાં હારેલા સૈન્યના સૈનિકો જ ભીલ બનીને વનમાં વસી ગયા અને તેમાંથી જ આ બધી પેટા જાતિઓ આવી. રાજસ્થાનના કેટલાક ક્ષાત્રવંશોને આંતરિક કલહને કારણે રાજસ્થાન છોડી અંબાજીની ટેકરીઓમાં વસવું પડ્યું, ભીલી સંસ્કૃતિ અને ભાષા અપનાવ્યાં. એનાં પદચિહ્નો ખેડબ્રહ્માના ગરાસિયા, ભલ અને ડુંગરી ભીલની અનેક કથાઓમાં જોવા મળે છે. એ જ રીતે મધ્યપ્રદેશ, ખાનદેશ-મહારાષ્ટ્રમાંથી પણ કેટલાક આજીવિકા અર્થે ગુજરાતના આદિવાસી વિસ્તારમાં વસી ગયા અને આદિવાસી બની ગયા. એની વિગતો પણ એમની કથાઓમાં મળે છે. વિશેષ વિગત આ લખનારના ‘ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો ઇતિહાસ’માં આપી છે.

**આર્યોની આજીવિકા :**

કોઈ જાતિનું બૃહદ પ્રજામાનસ એની જાતિગત આજીવિકા માટેનો વ્યવસાયના અનુભવ અને અભિગમે ઘડાય છે. આ દૃષ્ટિએ શિકાર, વનોત્પત્તિ, મચ્છીમારી, પશુપાલન અને કૃષિ મુખ્ય આજીવિકાઓ છે. દરેક જાતિનું લોર પણ જાતિગત આજીવિકા સાથે સંબંધ ધરાવે છે. આપણી લોકવિદ્યાઓનો સંબંધ આર્યપરંપરા સાથે હોઈ તેની કેટલીક વિગત જોઈએ.

આર્ય જાતિએ પોતાના જાતિગત વંશની શુદ્ધિ માટે જેમ આગ્રહ રાખ્યો અને તે માટે પોતાની આગવી પરંપરા ઊભી કરી છે, તેમ આ જાતિ મૂળ તો પશુપાલક હોવાને કારણે તેમનાં પશુઓની ઓલાદની પણ પરિશુદ્ધિ માટે કેટલીક નોંધપાત્ર પરંપરાઓ ઊભી કરી છે. આર્યોના પશુપાલનમાં ગૌવંશ અને અશ્વપાલન એ બે મુખ્ય છે. ઘેટાં, બકરાં વગેરેનાં ઉછેર ને પશુપાલન એમની આજીવિકામાં છે પરંતુ એનાં સ્થાન પ્રમાણમાં ગૌણ છે અને દૂધ તથા માંસની પ્રાપ્તિથી વિશેષ એની બીજી એવી ઉપયોગિતા નથી, એથી એ પ્રાણીઓ સાથે બકરું અને પાડું માતાના બલિદાન માટે ઉત્તમ મનાયાં, એથી વિશેષ સ્થાન આ પ્રાણીઓને આર્યપરંપરામાં ધાર્મિક-સાંસ્કૃતિક દૃષ્ટિએ નથી. પરંતુ ગૌવંશ અને અશ્વ એ બે એવાં પ્રાણીઓ છે જે એમને મન માત્ર આજીવિકાનાં સ્થૂળ સાધનો જ નથી, એથી એમનાં, એટલે કે ગાયના અને અશ્વની સાથે ધાર્મિકતા પણ સંકળાયેલી રહી. પશુપાલનમાં ભેંશનું પણ સ્થાન છે, પરંતુ પાડો યમરાજનું વાહન છે અને પાડો

માતાને પસંદ એવું બલિદાન છે, એથી વિશેષ કોઈ જ ધાર્મિક માન્યતા ભેંશ સાથે સંકળાયેલી નથી. પાડાને બળનું, વીર્યનું પ્રતીક માનવામાં આવે છે, એથી જ ભેંશાસુર નામે બલિષ્ઠ એવા અસુરની કથા છે. પરંતુ ભેંશની ઉત્પત્તિને દૈવી માનવામાં આવી નથી.

આની સામે ગાય અને અશ્વ બંનેને દૈવી માનવામાં આવ્યાં છે. બંનેની ઉત્પત્તિ દૈવી રૂપમાં થયેલી મનાય છે. સમુદ્રનું મંથન કર્યું ત્યારે તેમાંથી ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ પ્રગટ થયો. એ દિવ્ય અશ્વ જ અશ્વજાતિનો મૂળ પુરુષ, આદિપુરુષ માનવામાં આવે છે. જો કે સમુદ્રના મંથનમાંથી એની પ્રાપ્તિ થઈ, એનો વાસ્તવિક અર્થ એ પણ થાય કે અન્ય જાતિ દ્વારા અશ્વપાલન થતું હતું તે આર્યોએ અપનાવ્યું. મધ્યપૂર્વની જાતિઓ અશ્વપાલક હતી. આથી તાર્તાર વગેરે અશ્વશક્તિની વિશેષતાને કારણે આક્રમણ કરીને આર્યોને પરાજિત કરી શક્યા. એ ઉપરાંત, ગજથી વાગતાં વાદ્યોની કાંડીમાં, ઘોડાની પૂંછડીના વાળનો ઉપયોગ થાય છે તેથી મધ્યપૂર્વની આર્યેતર જાતિઓમાં જ ગજથી વાગતાં તંતુવાદ્યો શોધાયાં ને અસ્તિત્વમાં આવ્યાં. આર્યોએ આવાં વાદ્યોનું જ્ઞાન મધ્યપૂર્વની આર્યેતર જાતિઓ પાસેથી મેળવ્યું એથી વંશ એટલે કે વાંસળી અને તંતુવાદ્યના વીણા પછી જ બીજી ભૂમિકાએ ગજથી વાગતાં વાદ્યો આર્યોની સંગીતની પરંપરામાં આવ્યાં : આવા સંદર્ભોને લક્ષમાં રાખીને જ અશ્વપાલન આર્યજાતિમાં પ્રાચીનકાળે ન હતું એવી માન્યતા પ્રવર્તે છે.

પરંતુ આની સામે બીજા પણ એવા કેટલાંક પ્રમાણો પણ મળે છે જેને લક્ષમાં લેતાં અશ્વપાલન આર્યોમાં પણ પ્રાચીનકાળે અસ્તિત્વ ધરાવતું હોવાનું કહી શકાય. વેદમાં તથા વિશેષતઃ તો મહાભારતમાં આવા સંદર્ભો જોવા મળે છે. મધ્ય એશિયામાંથી આર્યો ઇરાન અને ભારતમાં ઊતરી આવ્યા તેના નિર્દેશ અથર્વવેદ, સામવેદ, ઐતરેય બ્રાહ્મણ, વ્યાસકૃત મહાભારત, વાલ્મીકિ-કૃત રામાયણ, મનુસ્મૃતિ, પુરાણ, મુદ્રારાક્ષસ-રઘુવંશ-રાજતરંગિણી-ક્ષેમેન્દ્રકૃત બૃહતકથા-સોમદેવકૃત કથાસરિત્સાગર જેવી પ્રશિષ્ટ સંસ્કૃતિની કૃતિઓમાં મળે છે. એમાં જેમ્સ ટોડ અને બીજા પણ પશ્ચિમના વિદ્વાનો એવા છે જેમણે દર્શાવ્યું કે મધ્ય એશિયામાં વસવાટ કરતા આર્યો અશ્વપાલક હતા. પ્રાચીન સાહિત્યમાં કંબોજના અશ્વકા, વગેરેનો ઉલ્લેખ છે. પાણિનિ અશ્વાયન તથા અશ્વકાયન જેવા ઉલ્લેખ કરે છે, તેનો સંબંધ અશ્વપાલક આર્યજાતિ સાથે હોવાનો સંભવ છે. આમ, બંને અંતિમ છેડાઓની સંભાવનાઓ ધ્યાનમાં લઈએ તો પણ આર્ય જાતિમાં અશ્વનું પણ સ્થાન ગાય જેટલું જ દૈવી અને મહત્ત્વનું છે.



ગાયમાં તેત્રીસ કરોડ દેવતાઓના વાસ છે અને તે સંપૂર્ણ અવધ્ય અને પૂજ્ય છે, એ વૈદિક ધર્મની વ્યાપક અને સર્વસ્વીકૃત એવી નીતિ છે. એની ઉત્પત્તિ દૈવી છે, સ્વર્ગમાંથી જ ગાય પૃથ્વી પર આવી તેની સવિગત કથા આદિવાસીઓમાં મળે છે એટલું જ નહીં પરંતુ સાલોર નામની દૈવી ગાયે તેના નવ લાખના ધણની સહાયથી એના મૂળ પાલકના કુળનો વિનાશ કરનાર શત્રુનો નાશ કરે છે અને ગયેલું રાજ્ય પાછું અપાવે છે. જગતના કથાસાહિત્યની આ એક અદ્‌ભુત અને અભૂતપૂર્વ એવી ઘટના છે જેમાં ગાય એના પાલકનું રાજ્ય પાછું મેળવી આપે ! ટૂંકમાં, આ કથા આવી છે :

સાલોર નામની ગાય વૈકુંઠમાં વસતી હતી. પરંતુ કોઈ કારણસર એને સ્વર્ગલોક છોડીને અંધકાર ઘેર્યા પાતાળમાં વસવાટ કરવો પડ્યો. આ દિવ્ય ગાયનાં શિંગડાં પર મણિ હતો એથી એના અજવાળે તે અંધારિયા ખંડમાં પણ ચરી શકતી હતી. આ પછી, ગૂર્જરો પર ભગવાન પ્રસન્ન થયા અને એમણે ગૂર્જરોને સાલોર અને એની નવ લાખ ગાયોનું ધણ આપ્યું. આથી સાલોર પાતાળ ખંડ છોડીને પૃથ્વી પર આવી. પરંતુ ઈશ્વરની શરત એવી હતી કે સૂર્યનો અસ્ત થાય એ પહેલાં જ ગાયોએ ગૂર્જરોના વાડામાં પહોંચી બંધાઈ જવું. નવ લાખના ધણમાંથી મોટાભાગની ગાય સૂર્યાસ્ત પહેલાં જ વાડામાં પહોંચી ગઈ, પરંતુ કેટલીક મોડી પડી અને વનમાં રહી ગઈ તે નીલ ગાય બની ગઈ. ગૂર્જરોને રાણાઓ સાથે ઝેળુ નામની એક સ્ત્રી માટે યુદ્ધ થયું અને તેમાં ભોજા ગૂર્જર અને તેના ભાઈઓનો સંપૂર્ણ નાશ થઈ ગયો. પરંતુ ભોજાની એક રાણી સગર્ભા હતી એણે પુત્ર દેવનારાયણને જન્મ આપ્યો. સાલોર ગાયે દેવનારાયણનું રક્ષણ કર્યું, પાલન-પોષણ કર્યું અને એ જ્યારે વયસ્ક થયો ત્યારે સોલાર ગાયના નેતૃત્વ હેઠળ નવ લાખ ગાયોના વિશાળ ધણે રાણાઓ પર હુમલો કર્યો અને દેવનારાયણને એનું રાજ્ય પાછું અપાવ્યું.

આ કથાની પાછળ પણ છે તો ઇતિહાસ જ. એનું તાત્પર્ય એ છે કે ગૂર્જરોનો ઉત્કર્ષ ગોપાલનથી થયો. આજીવિકા ઉપરાંત એમને જે જમીન અને સત્તા મળ્યાં તે ગૌવંશના પાલન માટે ! આમ, સમગ્ર આર્યજાતિના ઉત્કર્ષ સાથે, એના ધર્મ સાથે ગાયનો સંબંધ છે.

આ જ રીતે અશ્વ પણ માત્ર આજીવિકા અને આવાગમન માટેનું સાધન જ નથી, એ પણ દિવ્ય અને પવિત્ર છે. અશ્વની સાથે પણ દિવ્યતા, વફાદારી વગેરેની અનેક માનતાઓ અને કથાઓ સંકળાયેલી છે એટલું જ નહીં પરંતુ આર્યો દ્વારા અશ્વ પર તો ૧૨,૦૦૦ શ્લોકોમાં શાલિહોત્ર સંહિતા લખાઈ છે અને અશ્વની

અનેક જાતિ, પ્રજાતિ, એનાં લક્ષણો, રોગો અને ઉપચારો, પરીક્ષા વગેરે વિશે વૈજ્ઞાનિક અભિગમથી લખાયું છે. અશ્વવિદ્યા કે શાલિહોત્રશાસ્ત્રના જ્ઞાનને કારણે જ દક્ષિણના ચૌલુક્યો ગુજરાતના સત્તાધીશો બન્યા, એની દંતકથા જાણીતી છે. એવું કહેવાય છે કે રાજ, બીજ અને દંડક નામના ત્રણ ચૌલુક્ય રાજકુમારો કોઈ કારણવશ નિરાધાર અવસ્થામાં ગુજરાતના પાટણમાં આવ્યા. આમાં બીજ અંધ હતો ને અશ્વવિદ્યામાં પારંગત હતો. ચાવડાવંશનો ગુજરાતનો ઉદંડ રાજા સગર્ભા ઘોડી પર બેસી અને પાણી પાવા આવ્યો ને ઘોડીના પેટ પર ચાબૂક મારતાં અંધ બીજ બોલ્યા : 'હાં, હાં, ગજબ કર્યો અનર્થ સવાર !' ઉદંડ રાજા બોલ્યો : 'ઘોડી મારી ને ચાબૂક મેં માર્યો એમાં અનર્થ શાનો આંધળા ?' બીજ બોલ્યો : 'આંધળો હું નહીં, અસવાર તું છે ! તું જે જોઈ જાણી નથી શકતો તે હું જોઈ જાણી શકું છું ! ઘોડીના પેટમાં તો દુર્લભ એવો પંચકલ્યાણી ઘોડ છે ને તારા ચાબૂકથી એની આંખ ફૂટી ગઈ છે !' – ઘોડીએ વછેરાને જન્મ આપ્યો ને બીજની વાત સાચી પડી, તેથી રાજ સાથે ચાવડા રાજાની કુંવરીનાં લગ્ન થયાં, મૂળરાજનો જન્મ થયો અને તે મૂળરાજ સોલંકી નામે પાટણનો રાજા બન્યો : આ કથા રોચક-રસિક છે, પરંતુ અહીં વિસ્તાર શક્ય નથી એથી બીજ સાથે સંકળાયેલી બીજી ઘટના જાણીએ.

આ સમયે કચ્છમાં લાખા ફુલાણી નામે વીર રાજા હતો. એની પાસે અત્યંત જાતવાન ઘોડો હતો. પરંતુ અચાનક આ ઘોડો પગ ઊંચો કરી લંગડાવા લાગ્યો. અશ્વવિદ્યાવિદ બીજને નિદાન કરવા વિનંતી કરી. બીજે જાતવાન ઘોડાને તપાસી જણાવ્યું 'માણસને જેમ સપનાં આવે છે અને કાલ્પનિક ભડકનો ભોગ બને છે, એવું ઘોડામાં પણ બને છે. તમારા આ ઘોડાને પણ એવું સ્વપ્ન આવ્યું લાગે છે કે એ યુદ્ધમાં ગયો ને એનો પગ કપાઈ ગયો ! સ્વપ્નજન્ય આ ભ્રમણાનો ભંગ થાય એવો પ્રપંચ કરવો પડશે !'

આથી બીજની સૂચના પ્રમાણે કૃત્રિમ યુદ્ધની રચના થઈ. ઢોલ, નગારાં, ત્રાંસાં વાગ્યાં. બૂંગિયા ફૂંકાયા ! હોકારા-પડકારા થયા, શસ્ત્રો ખખડવા લાગ્યાં એ સાથે જ જાતવાન ઘોડાનું શૌર્ય પ્રગટ્યું અને તે સ્વપ્નજન્ય ભ્રમથી મુક્ત બની દોડવા લાગ્યો !'

– વંશશુદ્ધિનો, પશુની પણ ઓલાદ શુદ્ધિનો આર્યોનો આદર્શ કેવો છે, એના વિશે એક દંતકથા જોઈએ. આ કથાને સંબંધ છે અશ્વપાલક કાઠી દરબાર ખાચર સાથે ! એક વખત ઠાણિયાએ કહ્યું : 'બાપુ ! ગજબ થયો ! હું પહોંચીને અટકાવું એ પહેલાં જ એક ટાયડું ઘોડી ટપી ગયો !' બાપુ વિચારમાં પડ્યા ને અંતે



શાંત રહી બોલ્યા : 'હવે એને જુદી જ રાખ !' યોગ્ય કાળે ઘોડીએ વછેરાને જન્મ આપ્યો. બાપુએ કહ્યું : 'ગૂડી નાખ !' પરંતુ ભાણેજનું મન લોભાયું ને એણે કહ્યું : 'મને આપી દો ! મને વછેરો ગમે છે. બાપ ભલેને ટાયડું રહ્યું, મા તો જાતવાન છે ને !' મામાએ સમજાવ્યો : 'ભાણુભા ! એ ખરે ટાણે દગો દેશે ! એનામાં કજાતનું લોહી છે !' પણ, ભાણેજ ન માન્યો ને વછેરાને લઈને પળોટ્યો. વછેરો મોટો થયો. મામા-ભાણેજ નીકળ્યા પ્રવાસે. સામે મળી ધાંગધ્રાના કુંવરને લઈને શોભાયાત્રા ! મામા બોલ્યા : 'ભાણુભા ! થાવ સાબદા ને હવે કરો પારખું ઘોડાની જાતનું !' ને કુંવરનું અપહરણ કરી, ઘોડે બેસાડી ભાગ્યા ! પાછળ ધ્રાંગધ્રાનું સિપાઈદળ ! ભાણેજને થયું : ખરી કરી મામાએ ! ને ભાગતા જ આવ્યો મોટો ટેકરો. મામાની ઘોડી તો નિર્ભય બની, જાતની હોડ લગાવી છાતી સમાણી ધાર ચડી ગયો પણ ભાણેજનું ઘોડું ભયભીત બની ઊભું રહી ગયું !

– કેવી સૂચક ને અર્થવાહક છે આ કથા ! આથી તો, જાતવાન ઘોડાની પણ, કુળ ને વંશની જેમ વંશાવળી લખાતી અને એમાં એનાં માતાપિતાનાં નામ-જાતની નોંધ લેવાતી હતી.

**વંશશુદ્ધિ :**

વંશશુદ્ધિ એ વિશ્વની અનેક જાતિઓનો સ્વીકૃત આદર્શ છે. એની સાથે જ જાતિગત માનસની અનેક સમસ્યાઓ ઊભી થઈ, ઘટનાઓ બની અને કથાઓ-ગીતો અસ્તિત્વમાં આવ્યાં. આર્યજાતિ માટે તો વંશશુદ્ધિ કે લોહીશુદ્ધિ – પરંપરાગત સર્વસ્વીકૃત એવો ખ્યાલ છે. આમાંથી જ અનેક પ્રકારનાં મર્યાદા અને બંધનોની એક ચુસ્ત વાડ ઊભી થઈ અને લગ્નસંબંધ-દેહસંયોગના અનેક ધોરણો પણ અસ્તિત્વમાં આવ્યાં. ભારતના જ આર્યોમાં આ વલણ ચુસ્ત ને અફર છે એવું નથી, યુરોપમાં પણ એનો પ્રભાવ લાંબા સમય સુધી રહ્યો છે. ત્યાં વર્ગભેદ અને જાતિજ્ઞાતિના સંકુચિત વાડાઓનાં અનિષ્ટ ન આવ્યાં એનું કારણ એ છે કે તે પ્રદેશને વિજાતિઓ અને વિધર્મીઓના આક્રમણનું અને એમના સ્થાયીકરણના ભોગ બનવું પડ્યું નથી, જેવું ભારતમાં બન્યું ! પરંતુ વંશશુદ્ધિ અને કુલીનતાનો દૃઢ આગ્રહ તો ત્યાં પણ રહ્યો છે. 'બ્લ્યૂ બ્લડ'એ શબ્દ અને એની વિભાવનાનાં મૂળ અને વ્યાપ તપાસતાં જ સ્પષ્ટ થાય છે કે અમુક સમાજ એકમો ત્યાં પણ એવાં છે જેઓ પોતાની જ જાતિને, પોતાના જ વંશને, સર્વોત્તમ, સુશિક્ષિત, સંસ્કારી અને ઉચ્ચ માને છે, અને લગ્ન સંબંધ એવા જ વંશમાં માન્ય ગણાતાં હતાં. ખાસ તો યુરોપમાં જે રાજવંશો, સુભટો, અમીર-ઉમરાવોનાં કુટુંબો હતાં તે પોતાના

વંશને જ પૂર્ણ શુદ્ધ, ઉચ્ચ અને કુલીન માનતાં હતાં. આથી જ, જ્ઞાતિ અને પેટા જ્ઞાતિ કે, જાતિગત ઉચ્ચતા અને નિમ્નતા ત્યાં નથી એવું ભલે લાગે પરંતુ મધ્યયુગની કથાઓ, ઈતિહાસ, રાજવંશો વગેરેની વિગત જો લક્ષમાં લઈએ તો જાણ થશે કે ત્યાં પણ અમુક કુટુંબને જ ઉચ્ચ, કુલીન માનવાનું વલણ છેક ૧૯મી સદી સુધી પ્રવર્તતું રહ્યું. આથી જ, ખાસ તો રાજકુટુંબોનાં લગ્ન યુરોપમાં, આંતરરાષ્ટ્રીય કક્ષાનાં જ રહ્યાં. અમીર-ઉમરાવ કે રાજવંશનાં હોય તે કેવળ પોતાની હરોળનાં જ કુટુંબો,વંશો સાથે લગ્ન સંબંધ બાંધતાં હતાં. ભારતમાં પણ આ જ વલણ જોવા મળે છે. ગુજરાત, રાજસ્થાનના કે મધ્ય પ્રદેશના રાજકુટુંબોને આથી જ પારસ્પરિક રોટી-બેટી વ્યવહારનો સંબંધ છેક નેપાળ સુધી રહ્યો ! આવા આત્યંતિક વલણને કારણે જ રશિયાના ઝારનો વંશનાશ થયો હોવાનું તો અનુવંશશાસ્ત્રી ઈ.એમ. વિંચેસ્ટરે પણ દૃષ્ટાંત ને વિગત સાથે નોંધ્યું છે. બ્લ્યૂબ્લડને પસંદ કરવાની નીતિરીતિને કારણે જ રશિયાના ઝારના કુટુંબોમાં સગોત્રી લગ્ન વ્યાપક બન્યાં ને એમાં એક દુષ્પરિણામ રોગ હેમોફિલિયાનું આવ્યું ! આ રોગ એવો છે કે જેમાં વ્યક્તિને જો કોઈ નાની પણ ઈજા થાય અને લોહી નીકળે પછી બંધ ન થાય ! રોગના કારણે લોહીનું કુદરતીરૂપે જ ક્લોટિંગ થવું જોઈએ તે ન થાય ! નાનો એવો ઘા પ્રાણઘાતક બને. વંશમાં કોઈ બે વ્યક્તિમાં આ રોગનાં લક્ષણો બિનઅસરકારક-રેસેસીવ-હતાં, પરંતુ તેમનાં લગ્નથી થયેલા સંતાનમાં બે રેસેસીવ ભળતાં તે ડોમિનન્ટ એટલે કે પ્રભાવક બન્યાં ને એ જ પછી વંશાનુક્રમે ઊતરતા મૃત્યુનો આંક વધતો ગયો ને એથી જ રશિયન રાજવંશમાં રાસપુતીન જેવા ધૂતારાનું વર્ચસ્વ વધી ગયેલું ! આવાં લગ્નથી એક જાતિના સર્વનાશની વિગત પણ ઈ. એમ. વિંચેસ્ટરે આપી છે. આમ, એક બાજુથી વંશશુદ્ધિનો આગ્રહ તો બીજી બાજુથી બહુ જ નજીકનો સંબંધ ધરાવતા હોય, સગોત્રી હોય તેના લગ્નનો નિષેધઃ અસ્તિત્વમાં આવ્યો.

આની પાછળ માણસનો યુગોનો અનુભવ ને એનાં તારણો છે. મનુષ્ય અને મનુષ્યેતર પ્રાણી સૃષ્ટિમાં ભિન્ન ભિન્ન જાતિ-પ્રજાતિ વચ્ચેના યૌનસંબંધો બેધારી તલવાર જેવા છે. ક્યાંક બહુ સારું પરિણામ મળે ! એક જ રંગના બદલે અનેક રંગની છાંટ ધરાવતું પુષ્પ મળે ! ક્યાંક નવી જાતિ સિદ્ધ થાય – એલ્શેસિયન જેવી ! કાઠિયાવાડી ઘોડીમાં એ જ થયું. દેશી ઘોડીને કોઈ સંયોગોમાં દરિયાઈ કાંઠે આવેલા અરબી ઘોડાનો સંયોગ થયો ને વિશિષ્ટ જાતિ ઉપલબ્ધ બની જે વિશેષ સમર્થ અને ઉપયોગી બની. જાતિ જાતિ વચ્ચેના સંયોગને કારણે જ કેટલીક ઉત્તમ



ને આદર્શ લડાયક એવી પેટા જાતિ-જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી છે એનું સદૃષ્ટાંત ચિત્ર ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રની રસધારના પહેલા જ ભાગની પ્રસ્તાવનામાં આલેખ્યું છે.જો પારસ્પરિક પૂરક-ઉપકારક ગુણલક્ષણો સંક્રાન્ત થઈ એક રૂપ બને તો એમાંથી એક વિશેષ સશક્ત, સબળ પ્રજાતિનો આરંભ થાય અને જો નબળાંનો સંયોગ થાય તો રશિયાના ઝારના વંશ જેવું ભયાનક પરિણામ આવે !

પ્રાણીસંયોગનાં આવા પરિણામને અંતે જ વિશ્વની મોટાભાગની જાતિઓમાં કેટલીક વિશિષ્ટ પરંપરાઓ અસ્તિત્વમાં આવી અને કુળ કે વંશને, એના ઈતિહાસને કાયમીરૂપમાં જાળવવાની પદ્ધતિ અસ્તિત્વમાં આવી.

**વહીવંચા બારોટ :**

સામાન્ય રીતે પશ્ચિમના વિદ્વાનો કહેતા ને માનતા આવ્યા અને આપણા માંહેના પણ એમની વાત સ્વીકારીને કહેતા રહ્યા : ભારતીય સમાજને એના ઈતિહાસનું સાચું મહત્ત્વ સમજાયું નથી ! હકીકત તો એ છે ભારતમાં ભૂતકાળને સાચવી લેવાની જે પ્રાચીનતમ દૃષ્ટિ અને પદ્ધતિ છે તે વિશ્વમાં અન્યત્ર ક્યાંય પણ નથી. એક જ ઉદાહરણ જોઈએ તો કોઈ પણ વેદનું કોઈ પણ સૂત્ર કે એનો મંત્ર જ એકલો બોલાતો નથી. એ સૂત્ર કે મંત્ર કયા ઋષિએ રચેલાં છે, કયા છંદમાં છે, એ કહીને પછી જ મૂળ સૂક્ત કે મંત્રનું પઠન કે ગાન થાય છે. લગ્ન થાય છે ત્યારે ગોત્રોચ્ચાર થાય છે. વંશ સંલગ્ન આઠ બાબતો એમાં સમાવિષ્ટ થાય છે. વિશ્વના બીજા કોઈ પણ દેશમાં નથી એવી કુળ કે વંશને જાળવવાની પ્રાચીનતમ મૂળ ધરાવતી પદ્ધતિ ભારતમાં હતી ને એનું જ અનુસંધાન તે વહીવંચો બારોટ ! રાજા અને રાજવંશોના જ કુટુંબોની નોંધ નહીં, પ્રત્યેક જાતિ-જ્ઞાતિ, એના એક એક શ્રીમંત કે સામાન્ય વા ગરીબ માણસના વંશના ઈતિહાસને જાળવવાની પદ્ધતિ આ દેશમાં જ હતી, જે આજે લુપ્ત છે !

ભારતીય પરંપરામાં રાજવંશોની વંશાવળી સૂત દ્વારા લખવામાં આવી અને તેમાં જેની અસર યુગવ્યાપી હતી, એવી વંશવિનાશક મહાયુદ્ધો પર મહાકાવ્યો અને લોકસાહિત્યની કંઠપરંપરામાં વીરગાથાઓ તથા બિરદાવલિ, લોકમહાકાવ્ય જેવી રચનાઓ થઈ. ગ્રેઈટર ટ્રેડિશનમાં આના પરિણામે પુરાણો-રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યો અસ્તિત્વમાં આવ્યાં અને લિટલ પરંપરામાં ગુજરાંનો અરેલો, રાઠોર વાર્તા-પાબૂજીકથા-ગલાલેંગ જેવી રચનાઓ અસ્તિત્વમાં આવી. વાસ્તવની ઘટનાઓએ એમાં કથાનું રસવાહક સ્વરૂપ લીધું એથી સ્વાભાવિક રીતે જ એમાં કલ્પનાનું તત્ત્વ, ચમત્કાર વગેરે પણ ભળ્યાં, પરંતુ એની પાછળ મૂળ

તથ્ય ને એનો વાસ્તવ તો જળવાયો જ છે. તથ્યમૂલક ઘટના પર જ્યારે રસવાહક કથાની રચના થાય છે ત્યારે એમાં વાસ્તવ સાથે ક્યાંક છૂટછાટ લેવામાં આવે છે, પરંતુ એથી કંઈ મૂળ તથ્યનો સંપૂર્ણ હ્રાંસ થતો નથી. તથ્ય પાછળના સત્યને એમાં કથાના માધ્યમને નવનીતરૂપે તારવી લેવામાં આવ્યું છે. આથી આવા પુરાણો, લોકપ્રચલિત વીરગાથાઓ અને મહાકાવ્યો પણ સૂક્ષ્મ રીતે ઇતિહાસ જાળવે જ છે.

રાજવંશ જેવા ઉચ્ચ વર્ગ સિવાયની જાતિઓની સર્વસામાન્ય કે આમ વર્ગના કુટુંબના ઇતિહાસને જાળવવામાં (૧) વહીવંચા બારોટ અને (૨) કુલગોર એ બે મુખ્ય છે. એ માત્ર વ્યવસાય જ નથી, પરંતુ સામાજિક માળખાની સંસ્થાઓ છે. એ બન્ને ગતકાલીન જીવનની ઘટનાઓને, વ્યક્તિના જન્મ-મૃત્યુ-જીવનમાં બનેલી મહત્ત્વની ઘટનાઓ-યાત્રા, પ્રવાસ, દાન-ધર્મની પ્રવૃત્તિ વગેરેનો ઇતિહાસ જાળવે છે.

આ બન્ને સમાજોપયોગી સંસ્થાઓનો વર્તમાન જીવનપદ્ધતિમાં લગભગ લોપ જ થઈ ચૂક્યો છે. મોટાભાગની વંશાવળીઓ આ બે સંસ્થાઓના વિલયની સાથે જ લખાતી લુપ્ત થઈ ગઈ છે અને આગળ લખાતું અટકી ગયું એટલું જ નહીં પરંતુ અનેક વહીવંચા બારોટોની વંશાવળીઓ નાશ પામી, જે કંઈ બચી એનો ઉપયોગ ન થયો એથી સંરક્ષણ ન થયું, આવી વંશાવળીઓ ખાસ સંક્ષેપ માટેની લિપિમાં લખાતી એ ઉકેલનારા પણ ન રહ્યા ! યાત્રાએ જનાર માણસને હવે યાત્રાધામે નિરાંતે રહેવાનો અવકાશ નથી ને ઊડતી કહેવાતી મુલાકાતમાં હોટેલ વગેરેનો આશ્રય લેવામાં આવે છે, એથી યાત્રાળુઓને હવે ભોજન, નિવાસ, ક્રિયાકાંડ, માર્ગદર્શન વગેરે માટે યાત્રાધામના કુળગોર એવા પંડાની કોઈ જરૂરત રહી નથી, પોતાના વંશના-કુટુંબના-જ્ઞાતિના કયા વડીલો યાત્રાધામે આવેલા તે જાણવાની, વિગતો મેળવવાની પડી નથી એથી કોઈ યાત્રાધામે જાય અને ચોપડા સાથે કુળગોર એવો પંડો પણ મળે તો અને ધુત્કારે છે ! પરિણામે હવે પંડાઓને બીજો જ વ્યવસાય અપનાવવો પડે છે ને આ સંસ્થા લુપ્ત થવા લાગી છે.

વહીવંચા બારોટ અને તેમની વહીઓનો આધુનિક પદ્ધતિએ અભ્યાસ કરવાનું પહેલું મહત્ત્વ મનુભાઈ પંચોલી 'દર્શક'ને સમજાયું, કેમ કે એ મેધાવી સર્જક ઇતિહાસનું મહત્ત્વ જાણતા હતા. આના પરિણામે ગુજરાત સાહિત્ય અકાદમીએ ખાસ પ્રૉજેક્ટ હાથ ધર્યો, પરિસંવાદો યોજ્યા, બે ગ્રન્થ પ્રગટ થયા. આ બે સંસ્થા ગુજરાત-રાજસ્થાનમાં હજુ ધબકે છે. આથી રાષ્ટ્રીય કક્ષાએ વંશાવલી સંરક્ષણ એવં સંવર્ધન સંસ્થાનની સ્થાપના થઈ અને રાવ મહેન્દ્રસિંહ બોરાજના



અધ્યક્ષસ્થાને જયપુરની આ સંસ્થાએ સક્રિય કાર્યક્રમ અને યોજના હાથ ધર્યા તેનાં પરિણામે જુલાઈ '૧૧માં સોમનાથ ખાતે વહીવંચા બારોટોનું મહાસંમેલન મળ્યું. વહીની પદ્ધતિ કેવી હતી, એના કેટલા પ્રકારો છે તે વિશે વિચારણા થયેલી. આ વિષય પર ગુજરાત સાહિત્ય અકાદમીએ પ્રો. ડૉ. બળવંત જાની અને પ્રો. નરોત્તમ પલાણના સંપાદનમાં બે ગ્રન્થો પ્રગટ કર્યા છે અને વંશાવલિ સંરક્ષણ-સંવર્ધન સંસ્થા દ્વારા કેટલાક વિશેષ અંકો પણ પ્રગટ થયા છે. જાતિગત ઇતિહાસને જાળવતી આ ભારતીય પદ્ધતિ પણ લોકવિદ્યા અને જાતિગત મનોવિજ્ઞાન સંદર્ભે જાણવી જરૂરી છે, એથી, એની કેટલીક મહત્ત્વની વિગત તપાસીએ.

**વંશાવળીની વહીઓ અને પ્રકારો :**

પ્રત્યેક પુરાણમાં સંબંધિત રાજવંશની વંશાવળી આપવામાં આવે છે. પુરાણનો આ અંશ જ આપણો યુગવ્યાપી ઇતિહાસ છે, તે પણ પ્રાચીનતમ ! પુરાણનાં મુખ્ય લક્ષણોમાં (૧) સર્ગ (૨) પ્રતિ સર્ગ (૩) વંશ (૪) મન્વંતર અને (૫) વંશાનુચરિત એમ પાંચનો સમાવેશ થાય છે. આમાં સર્ગ એટલે પૃથ્વીનું નિર્માણ કેમ થયું, ક્યારે થયું તેની ઉત્પત્તિની કથા. ઉપસર્ગ એટલે ઉત્પન્ન થયેલી પૃથ્વી પર જળપ્રલય થયો, જીવસૃષ્ટિનો મહાવિનાશ થયો એ પછી એમાં જીવસૃષ્ટિનો ફરી આરંભ કેવી રીતે થયો તેની કથા. મનવન્તર એટલે એ પછીના કાલની ગણના. કેટલા યુગો વીત્યા તેનું સ્પષ્ટ આલેખન, પ્રાચીન યુગવિભાજન. તે પછી સંબંધિત વંશની ઉત્પત્તિ અને રાજવંશનો સૂર્ય કે ચંદ્ર જેવાં દૈવી તત્ત્વો સાથેનો જ જન્ય-જનક સંબંધ અને વંશાનુચરિત એટલે કે તે પુરાણ કે મહાકાવ્યના નાયકના મૂળ વંશની ભાવક વ્યક્તિઓની મહત્ત્વની જીવન ઘટનાઓનું આલેખન સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રલય પછીના જીવસૃષ્ટિના પુનર્જીવન અને સ્થાપન ભારતીય ઇતિહાસ દૃષ્ટિનો મુખ્ય પાયો છે, એથી ધર્મની મહત્ત્વની બધી જ ક્રિયાઓ - વિધિઓમાં સર્ગ-પ્રતિસર્ગથી જ આરંભ થાય છે. રુદ્રાષ્ટાધ્યાયીમાં ગણનાથવંદન, મનની શિવસંકલ્પનની તત્ત્વ વિચારણા પછી તરત જ બીજા અધ્યાયમાં સહસ્રશીર્ષ મહાપુરુષનું, પૃથ્વી, સમાજવ્યવસ્થા સ્થાપનનું વર્ણન છે. આદિવાસી તથા ગ્રામીણ બંનેની પાટપૂજામાં સંતવાણીમાં પણ એનું અનિવાર્ય સ્થાન છે. કબીરપંથમાં પણ રમેણીમાં પૃથ્વીની ઉત્પત્તિની કથા છે. સ્ટીથ થોમ્પ્સનની મોટીફ-ઇન્ડેક્સમાં પણ આરંભ પૃથ્વીની ઉત્પત્તિ વિશેની કથાઓના ઘટકોના વર્ગીકરણથી, કહો કે 'સર્ગ'થી જ થાય છે. વિશ્વની બધી જ જાતિઓ પોતપોતાની રીતે જ પૃથ્વીની ઉત્પત્તિ કેમ થઈ એમાં જીવનસ્થાપન કેવી રીતે થયું એ વિશેની પુરાકથા સ્વીકારી છે. આ જ

ક્રમે વંશાવળી રાખતો બારોટ પણ પોતાના યજમાન-વંશની જાતિના મૂળ પુરુષની ઉત્પત્તિ કેવી રીતે થઈ તેની પુરાકથા આપે છે, વંશોત્પત્તિને દિવ્ય સાથે જોડે છે. ચૌલુક્ય (સોલંકી) બ્રહ્મના કે યજ્ઞપુરુષના મુલૂક એટલે ખોનામાંથી પેદા થયેલા આદિપુરુષની કથા આપે છે. એક જ વંશમાંથી જુદી જુદી શાખા-પ્રશાખા અસ્તિત્વમાં કેવી રીતે આવી તેની કથા આપે છે. એક જ મૂળ પુરુષમાંથી ખાચર, ખુમણ અને વાળા જેવા ભિન્ન-ભિન્ન કાઠી દરબારોના વંશ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યા અને સૌરાષ્ટ્રમાં, કાઠિયાવાડમાં, ભિન્નભિન્ન સ્થળે એમણે સત્તા સ્થાપી કાયમી વસવાટો કર્યો તેની વિગત કાઠીકુળના વહીવંચા આપે છે.

ભરવાડ,રબારી, મુખ્ય ૨૫ જાતના ગુજરાતના આદિવાસીઓ, રાજસ્થાન-ગુજરાતના ગૂર્જરો વગેરેમાં ક્ષાત્રવંશી શાખાઓ કેવી રીતે અસ્તિત્વમાં આવી, કુળનામ-વંશનામ-અટક-શાખાનાં નામ કેવી રીતે આવ્યાં તેની વ્યુત્પત્તિમૂલક કથાઓ આપે છે. કપાળના બદલે કંઠ પર ચાંદલા થતાં કોટિલા અસ્તિત્વમાં આવ્યા, તેની કથા મેઘાણીએ સૌરાષ્ટ્રની રસધારના પ્રવેશકમાં આપી છે. મસ્તક કપાતાં ખેરના લાકડાના ખીલાથી લબડતું માથું સાંધવામાં આવ્યું એની ખેરવંશની કથા આદિવાસી બારોટી સ્રોતમાં મળે છે. લોકસાહિત્યના અભ્યાસની દૃષ્ટિએ વિચારીએ તો આ બધી જ કથાઓ વ્યુત્પત્તિમૂલક દંતકથાઓના જ વર્ગની છે અને હાડિયાનો દેહ કાળો પણ પૂંઠ ગુલાબી કેમ, ખિસકોલીના શરીર પર ત્રણ પટ્ટા કેવી રીતે, અમુક પ્રાણીને અમુક તરફ વેરવૃત્તિ કેમ છે - વગેરેની પ્રાણી કથાઓ, સિંહ ઊડતો - ઘોડા ઊડતા - પર્વતો ઊડતા તેમની પાંખ કોણે ક્યારે કાપી, શ્રીફળમાં માનવમુખ જેમ બે નેત્ર-હોઠ-નાક જેવાં ચિહ્નો કેમ છે અને દેવબલિમાં કેમ વપરાય છે : જેવી ‘આવું કેમ’ તથા ‘આવું ક્યારથી, કેવી રીતે બન્યું’ પ્રકારનાં જે વિવિધ કથાનકો છે, તેનાં જ કુળનાં વંશોત્પત્તિનાં કથાનકો છે. ક્યાંય કોઈ કથાનક લોકકથા તરીકે જ જન્મ્યું-પ્રવર્ત્યું હોય ને વંશોત્પત્તિમાં પ્રયોજાતું થયું હોય કે પછી મૂળ વંશની ઉત્પત્તિ સાથે જ જન્મેલું કથાનક પછીના તબક્કે લોકકથા રૂપે સંપ્રસારણ પામ્યું હોય, એવો સંભવ જણાય છે. કાનજી ભૂટા બારોટની વંશોત્પત્તિ અંગેની કથાના અનુસંધાને આ લખનારે ચર્ચા કરી છે. લોકકથાના અભ્યાસની દૃષ્ટિએ પણ વંશોત્પત્તિની કથાઓ અભ્યાસવા જેવી છે.

ગતકાલીન જમાનામાં વકીવંચો બારોટ પોતાના ઘોડા પર બેસી એકાદ રાંધી આપે ને બીજાં કાર્ય કરે તેવા સાથીને લઈ ‘રામ રામ’ કહેતો યજમાન પાસે પહોંચતો, સ્વાગત પામતો, એની પોથીની પૂજા થતી. વંશાવળીનું ‘વાંચન’ થતું.



અહીં પાટપૂજામાં જેમ ‘વચન’નો વિશિષ્ટ અર્થ છે, સંતવાણી-ભજનમાં ‘શબદ’નો વિશિષ્ટ અર્થ છે વકીના વાંચનનો છે. એનો અર્થ માત્ર Reading નથી. ધર્મશ્રદ્ધા, પૂજ્યભાવ સાથેનું વાંચન-શ્રાવણ છે. પાબૂજીના પટમાં જે ધર્મસંયુક્ત ષડવાચનનો અર્થ છે, તે અહીં છે. યજમાન વંશના વડવાઓનાં નામ વંચાય, એનાં સદ્‌કર્મોની યાદ અપાવાય, એમણે કરેલા દાન-પૂર્ણ-યાત્રાદિની વિગતો કહેવાય અને નવજાત સંતાનોની નોંધ થાય. રાત્રે કુટુંબ, જ્ઞાતિજનો, ગ્રામજનો સામે બારોટજી કથાવાર્તા માંડે ! એની જીભ પર સરસ્વતી હોય, પ્રવાહ, જોશ, માધુર્ય, હસાવવા-રડાવવાની શક્તિ હોય. અંતે બારોટજીને વસ્ત્રાદિની શીખ અપાય. આવો વહીવંચો બારોટ વટ-વચન-વ્યવહાર માટે બલિદાન પણ આપે અને ગમે તેટલાં પ્રલોભનો આપવા છતાં કોઈ છેકછાક ન કરે, તથ્યને વિકૃત ન કરે ! આથી જ તો મધ્યયુગમાં રાજકુટુંબના અંગત વિવાદમાં બારોટ જામીન થતાં, મરાઠા, સલતનત, મુગલ અને બ્રિટિશકાળમાં પણ કોઈ પણ વિવાદમાં બારોટની શાખ, એની વહી, એની સાક્ષીની બાંયધરીને સત્તાધીશો માન્ય રાખતા હતા. આથી વંશાવળીનું લેખન, વાંચન જાળવણી માત્ર આજીવિકાની પ્રવૃત્તિ જ નહોતાં, એક સામાજિક સંસ્થારૂપ હતાં.

છેક વેદકાળથી તે વીસમી સદી સુધી આ સંસ્થા કાર્યરત રહી. યજ્ઞ તથા વિવાહાદિ સંસ્કારક્રિયાઓમાં કુળ, વંશ, ગ્રામ, અવટંક, કુળદેવી, ફુળદેવી, શિવ,ગણેશ વગેરેનો ‘ગોત્રોચ્ચાર’ થતો. પ્રત્યેક મંત્ર-સૂક્તમાં આરંભે તેના રચનાર ઋષિ, છંદ વગેરે કહેવામાં આવતાં હતાં. વંશ અને કેટલીક મહત્ત્વની ઘટનાઓ માટેનો જે લિખિતરૂપના દસ્તાવેજો છે તેમાં શાસન દ્વારા અપાતાં તામ્રપત્ર, બીજી અભિલેખ, પ્રશસ્તિ માટેની રચનાઓ, શિલાલેખ, હસ્તપ્રતના રૂપમાં પોથી, વહી, ગુટકા, ખરડા, જ્ઞાતિપત્રક વગેરેનો સમાવેશ થાય છે. વંશાવળીના દસ્તાવેજી રૂપોને વંશાવળી, ખ્યાત, વાત, વિગત, કુટુંબ આંબો કે વંશવૃક્ષ, પાટનામા, જનસ્રોતની ગુર્વાવલિ, પટ્ટાવલી, હાલ-હકીકત, યાદદાસ્ત, શાખ, નામ વગેરે વિવિધ પ્રકારો છે. શાસકીય વંશાવલિ મુખ્ય રાજવંશ સાથે તેના સામંત, સુભટનાં નામ આપે છે. જાતીય વંશાવલિઓમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરેની જાતિ-જ્ઞાતિ-પેટા જ્ઞાતિની નોંધ મળે છે. ધાર્મિક દસ્તાવેજ ગુર્વાવલિમાં ગુરુશિષ્ય પરંપરા નોંધાયેલી હોય છે, નાથસંપ્રદાય, જાંભોજી, જસનામી, રામસનેહી, દાદૂપંથી, નિરંજની, લાલદાસી અલખિયા, ગૂદડ તથા જૈન ગચ્છ વગેરેની વંશાવલિઓ મળે છે.

મોટાભાગની વંશાવળી લિખિત હોય છે, પરંતુ કેટલીક ઉત્કીર્ણ કોતરાયેલા

અભિલેખના રૂપમાં, શિલાલેખના રૂપમાં પણ મળે છે. વિવિધ રાજવીઓ અને વીરોની પ્રશસ્તિ બિરદાવલિ પણ નામ તથા ઘટનાની વિગત આપે છે. હસ્તલિખિત વંશાવળી પોથી, વહી, ગુટકા, ખરડા કે પત્રકના રૂપમાં હોય છે. પોથી વચ્ચે દોરીથી બાંધેલી હોય, વહી લાંબી હોય, ગુટકાનું કદ નાનું હોય, ખરડો જૂની જન્મપત્રિકા-પંચાંગની જેમ ટિપ્પણ રૂપમાં વાળેલો હોય,પત્રક છૂટાં પૃષ્ઠ પર હોય છે. રાજસ્થાનના વિવિધ રાજવંશોની વંશાવળી, મહાજનોની પણ વંશાવળી મળે છે. 'ખ્યાત'માં રાજાનો વંશ અને પ્રશસ્તિ 'વાત'માં ઐતિહાસિક વ્યક્તિ અને જીવન-ઘટના હોય, 'વિગત'માં નામ સાથે સંબંધિત ઘટના પણ હોય, વંશવૃક્ષ, પેઢીનામા, પાટનામાં, પટ્ટાવલિ, ગૂર્વાવલિ,યાદદાસ્ત, શાખ, નામ-વગેરે પ્રકારે પણ આવી વંશાવલિઓ ઓળખાઈ છે, લખાઈ છે. કેટલીક પ્રકાશિત થઈ છે.

પંડાનો ચોપડો તો જીવતું-જાગતું કમ્પ્યૂટર ! નવરાશ-કળવાશના પળે એ બધું વાંચે, પેઢી દર-પેઢી યાદ રાખે ! કોઈ યાત્રિક ગામનું, જ્ઞાતિનું નામ બોલ્યો નથી કે પંડાના ટોળા માંહેનો કોઈ એક ફટોફટ તમારા સંબંધીઓ, સગાંઓ, બાપદાદાનાં નામ બોલવા લાગે ! આ પરંપરા આજે લુપ્ત છે.

વહીવંચા બારોટોએ પણ મૂલ્ય, આદર્શ અને વફાદારીથી કેવાં-કેટલાંક બલિદાનો આપ્યાં છે તેની કેટલીક ઘટનાઓ એનેકડોટમાંથી લિખિતરૂપ પામતી લોકકથાના પરિવેશમાં પણ આલેખાયેલી છે.

**બારોટના બલિદાનની કથાઓ :**

ઉઘડતા પાને જે દંતકથા મળે છે સોલંકી રાજા કુમારપાળના વહીવંચા બારોટની ! સિદ્ધરાજ સોલંકીના મૃત્યુ પછી કુમારપાળ પાટણની રાજગાદી પર આવ્યો. એનાં લગ્ન ઉદયપુરના રાણાની કુંવરી સાથે થયાં. લગ્ન કરીને આવેલાં નવો રાણીને કુમારપાળે જૈન સાધુને વંદન કરવા કહ્યું. રાણીએ કહ્યું, 'કુળધર્મે હું શૈવ છું. ભગવાન શિવ આપણા આરાધ્ય છે. જૈનધર્મ વેદને સ્વીકારતો નથી, એથી હું એમને વંદન નહીં કરું !'

વાત વધી પડી. રાજહઠ અને સ્ત્રીહઠની ટક્કર થઈને અંતે રાણી રિસામણે પિયર ચાલ્યાં ગયાં. સમય જતાં કુમારપાળને લાગ્યું કે ધર્મની બાબતમાં પોતાને રાણી પર જોહુકમી ચલાવવી ન જોઈએ. આથી એમણે રાણી સાથે સુલેહ કરી પાછાં આવવાનો પ્રસ્તાવ મોકલ્યો. રાણીએ કહ્યું : 'આપણે બંને આપણી વાત પર મક્કમ છીએ. છતાં, આપ જો આપનો દુરાગ્રહ છોડવા તૈયાર હો તો એની



બાંયધરી આપો અને એમાં આપણા બારોટને મધ્યસ્થી તરીકે રાખો. જો બારોટજી બાંયધરી લેશે તો જ હું પાટણ આવીશ.'

કુમારપાળે રાજના બારોટજીને વાત કરી. બારોટજીએ કહ્યું, 'આપ જો મને વચન આપો કે આપ ફરી રાણીમાં પર ખોટું દબાણ નહીં કરો તો હું મધ્યસ્થી થઈને રાણીમાને લઈ આવું.' કુમારપાળે બાંયધરી આપી. બારોટજી રાજસ્થાન ગયા અને પોતાના વચન પર રાણીને પરત લાવ્યાં, પરંતુ રાણી આવતાં જ કુમારપાળે ફરી મમત પકડી, 'તમારે મારા ગુરુને વંદન તો કરવાં જ પડશે !' ફરી વાત વટે ચડી !

આમ થતાં જ કહેવાય છે કે, પોતાની મધ્યસ્થી તરીકેની જવાબદારી સ્વીકારી બારોટજીએ પોતાનું બલિદાન આપ્યું. આથી જ મધ્યકાલના અંત સુધી શાસકો વચ્ચેની સંધિ કરારમાં બારોટની સાક્ષી લેવામાં આવતી હતી અને બ્રિટિશ અમલમાં પણ બારોટની સાક્ષી માન્ય રહેતી. મરાઠાઓ સાથે જે કરાર થયેલા તેમાં પણ બંને પક્ષને માન્ય એવા બારોટની સાક્ષી અને બાંયધરી લેનાર તરીકે સહી લેવામાં આવી છે, એના દસ્તાવેજ જળવાયા છે ! અંગ્રેજોની ન્યાયની કોર્ટે પણ બારોટની બાંયધરીને સ્વીકારી હતી. કોઈ પણ જો બારોટને ફોડવાનો અને મોટી નોંધ કરવાવવાનો પ્રયત્ન કરે, શામ-દામ-દંડ-ભેદનો આધાર લે તો પણ બારોટ ક્યારેય અસત્યનો આશ્રય નહોતો લેતો અને જરૂર પડ્યે બલિદાન આપતો.

બારોટનું સ્થાન ધર્મનું રક્ષણ કરતા પુરોહિત જેવું જ પવિત્ર હતું અને તેથી તે યુદ્ધમાં પ્રત્યક્ષ ભાગ લેતો ન હતો, પરંતુ શસ્ત્ર ચલાવવામાં બારોટ પાછા ન પડતા. બારોટની કટારી શિખ ધર્મના કિરપાણની જેમ અનિવાર્ય સંલગ્ન અંગ છે. ઈ. ૧૮૪૬માં એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસ અંગ્રેજી વહીવટી અધિકારી તરીકે જોડાયા અને મરાઠી તથા ગુજરાતી શીખ્યા. કેટલીક સહીમાં એમણે કટારીનું ચિત્ર જોતાં આશ્ચર્ય થયું ને સહી કરનાર બે બારોટોને બોલાવ્યા. ગુજરાત-રાજસ્થાનના લોકપરંપરાના સાહિત્યનું જે લિખિતરૂપ બંધાયું તેમાં આ બારોટ સાથેનો ફાર્બસનો આ રીતનો પરિચય જ મૂળ કારણરૂપ છે. આ બંને ભાઈઓની પાસે બારોટી પરંપરાના હસ્તલિખિત ચોપડા હતા, એમાં ઘટનાશ્રયી વીરગાથાઓ-રાસડા હતા. ફાર્બસે એના આધારે જ ઈ. ૧૮૫૬માં અંગ્રેજીમાં 'રાસમાળા' પ્રગટ કરી. આથી જ લોકસાહિત્યનાં આગળ ઉપર જેટલાં લેખન-સંપાદન થયાં તેમાં વીરગાથા જ કેન્દ્રમાં રહી. બારોટી અને ચારણી સ્તોત્રમાં જેમ ક્ષાત્રધર્મી વીરોના જીવનની શૌર્યપૂર્ણ, સાચી બનેલી ઘટનાઓ છે, તેમ બારોટોએ પણ અન્યાય અને અધર્મ

સામે માથું ઊંચક્યું અને પોતાના યજમાન માટે બલિદાન આપ્યાં તેની પણ અનેક ઘટનાઓ આજે દંતકથારૂપે જળવાઈ છે. આવી કથાઓ તો અનેક છે. પરંતુ તા. ૧૭-૭-૨૦૧૧ના સોમનાથ ખાતેના વહીવંચા બારોટના અધિવેશનમાં રાજુલાના અમરૂભાઈ બારોટ તથા નટુદાન બારોટના 'રંગ છે બારોટના વેણને' (ઈ. ૨૦૧૦) નામના પુસ્તકમાં જે કથાઓ મને મળી છે તે માંહેની કેટલીક કથાઓ અહીં આપું છું.

અમરૂભાઈ બારોટે અમરેલીના દૈનિક રવિવારપૂર્તિમાં પ્રકાશિત થયેલી કથાઓ આપી છે. એમાં નોંધણી બાપુ અને સુરાપુરા રામ બાપુની કથા છે. પાંચાળની કાઠી દરબારના ત્રણ પુત્રથી વાળા, ખુમાણ અને ખાચર એમ ત્રણ કાઠી દરબારની શાખાઓ થઈ અને તેમણે સૌરાષ્ટ્રમાં ચોટીલા, ભાવનગર, બાબરીયાવાડ, જૂનાગઢ-બીલખા અને રાજકોટ-કાલાવાડમાં સત્તા સ્થાપી વસવાટ કર્યો તે કથા જાણીતી છે. આમાં જ્યારે ભાગ-બટાઈના વિવાદથી વંશયુદ્ધ થયું ત્યારે તેમના બારોટે મધ્યસ્થી કરી બલિદાન આપ્યું તેની કથા છે. પાંડવ-કૌરવના વંશયુદ્ધમાં જોનાર, આંખ ઉઘાડતું પરિણામ તારવનાર સંજય છે. ગૂર્જરોનાં તથા રાઠોડોનાં પણ કુટુંબ વેર, એના કારણ અને અનિષ્ટ પરિણામ દર્શાવતી કૃતિઓના રચનારા એની પરંપરા ચલાવનારા પણ બારોટ છે, એ ખાસ નોંધવા ને લક્ષમાં લેવા જેવું છે. વિશ્વના મોટા ભાગનાં મહાકાવ્યોનાં કેન્દ્રમાં યુદ્ધ છે અને તેના પર કૃતિ રચનાર બારોટ છે. આમ ફોક એપિક, સેમિલિટરરી એપિક વગેરે મૂળભૂત રીતે Bardic Literatureનો ભાગ છે.

નટુદાન બારોટે દેનિકના કસુંબા નામની કોલમમાં તથા 'થાવાદ્યો દેવ વાતડિયું'ના ૧ થી ૩ ભાગમાં તથા 'હાટી ક્ષત્રિય ને વરુ આહિરની રખાવટ' નામના તથા 'રંગ છે બારોટના વહેણને' નામના બે સંગ્રહોમાં બારોટી-કથાઓ આપી છે. જેતપુરમાં રહેતા અને વંશાવલી સંરક્ષણ એવં સંશોધન પ્રકલ્પમાં પણ સક્રિય એવા નટુદાને હાટી ક્ષત્રિય કાઠી, આહીર, ખાંટ, મૈયા, રાયજીદા, જાડેજા, પરમાર, કણબી, કુંભાર, ભગત, ચારણ, બારોટ એમ વિવિધ જાતિજ્ઞાતિઓની કથાઓ આપી છે. એમનો મુખ્ય સ્ત્રોત તે તે જાતિ-જ્ઞાતિઓના વહીવંચા બારોટના ચોપડા છે. ગુજરાત અને વિશેષતઃ તો સૌરાષ્ટ્ર અનેક જાતિ જ્ઞાતિઓની ભાતીગળ સંસ્કૃતિ ધરાવતો, વિવિધતામાં એકતા સંવસિદ્ધ કરતો પ્રદેશ છે. આ બધી જ જાતિજ્ઞાતિઓને તેમના વહીવંચા બારોટ હોય છે. બારોટોની વહી માત્ર વંશાવળીની વિગત જ નોંધતી નથી પરંતુ એમાં એમની ખુદના જીવનની તથા યજમાનના



જીવનની પણ કેટલીક બની ગયેલી ઘટનાઓની નોંધ હોય છે. આવી કેટલીક ઘટનાઓ તેમના સ્મૃતિકોશમાં જળવાઈને દંતકથારૂપે કહેવાતી હોય છે અને કેટલાંક વીર-વીરાંગનાઓના બલિદાનની સાક્ષી આપતાં પાળિયા અને સ્થાનકો પણ રચાયાં હોય છે. આ બધું જ આપણો વહી ગયેલો કાળના સમાજનો સાચુકલો ઇતિહાસ છે. આથી જ જાતિગત મનોવિજ્ઞાનના અભ્યાસ માટેનો બહુ મોટો શ્રદ્ધેય સ્રોત તે આ બારોટી સ્રોતની કથાઓ છે. વંશાવળી માત્ર સ્થૂલ યાદી નથી, પરંતુ એ જે રાખે છે તેમના માટે તથા સંબંધિત એવા વંશ અને કુળ બંને માટે એક શ્રદ્ધેય ને પવિત્ર એવું અનુસંધાન છે. આ વહીઓ એમાં નોંધાયેલી વિગતો અને સૂરાપૂરાનાં ચરિત્રો જેમ સંબંધિત વંશના માટે પૂજનના, શ્રદ્ધાનાં સ્થાન છે, તેમ એ બધું જ આ લખનાર માટે પણ માત્ર આજીવિકાનું જ સાધન નથી. સાચી-ખોટી-અતિશયોક્તિભરી યજમાનના પૂર્વજોની યશોગાથા ગાઈને વિશેષ પુરસ્કારની ઈચ્છા સંતોષવાનું કાર્ય નથી, પરંતુ વહીઓ પણ ઉભયપક્ષે ધર્મગ્રંથ જેવી જ પવિત્ર શ્રદ્ધાનું જીવંતરૂપ છે. પાબૂજીની કથાનાં ચિત્રોનું જેમાં આલેખન થયું હોય અને આ પટનું વાંચન કરતાં ભોપા-ભોપી મશાલને અજવાળે કથાનાં કથનગાન કરતાં હોય તે ચિત્રપટ પણ કંઈ માત્ર આજીવિકાનું જ સ્થૂળ સાધન નથી, ભોપા-ભોપી તથા આરાધકો બંને માટે એ પૂજ્ય ને પવિત્ર એવાં દેવમૂર્તિ અને દેવસ્થાન જેવાં હોય છે ! પટની પાસે જે પણ જાય તે કોઈ દેવમંદિરમાં પ્રવેશ કરતો હોય એવા શુદ્ધપવિત્ર ભાવથી, પગરખાં ઉતારીને જાય છે ! ચિત્રપટની પાબૂજીના પટની પણ પૂજા થાય છે, એની બાધા-આખડી રખાય છે, દેવમૂર્તિ અને દેવમંદિર જેવી જ એની આમન્યા રાખવામાં આવે છે ! પટ જ્યારે ચિતારો તૈયાર કરતો હોય, એમાં રંગ અને રેખાઓ પૂરતો-દોરતો હોય છે ત્યારે એ 'સાધન' છે ઘડાતી નિષ્પ્રાણ-અપૂજ મૂર્તિ છે. સમયે એના પર બેસીને પણ રંગ પૂરી શકાય, પરંતુ એ પટમાં આંખ ચીતર્યા પછી એ હવે જેનામાં પ્રાણપ્રતિષ્ઠા થઈ છે, એવી મૂર્તિરૂપ છે. સાક્ષાત્ પૂજ્ય અને પવિત્ર તત્ત્વ છે, વસ્તુ નથી. મૂર્તિ ખંડિત થાય, અપવિત્ર થાય, અપૂજ રાખવાની થાય ત્યારે જેમ એને પૂજ્યભાવ સાથે નદીમાં પધરાવવામાં આવે છે તેમ પાબૂજીનો પટ પણ જીર્ણ થાય, ઉપયોગમાં ન લેવાય ત્યારે એ રીતે જ નદીમાં પધરાવવામાં આવે છે. જાપાનમાં લખેલો કાગળ માત્ર પવિત્ર મનાય છે, રસ્તે ન ફેંકાય, પગે ન કચડાય, જો એવો ટુકડો કે કે પત્તું મળે તો રાહદારી એને વૃક્ષ પર ભરાવી દે છે જેથી પવિત્રતા જળવાય ! વહી પણ આ પ્રકારની છે, એની એક સૂચક ઘટના નટુદાને આપી છે.

સામાન્ય રીતે સુખી અને સંપત્તિ ધરાવતા કુટુંબને માટે ત્રણ હક્કદાર યાચકો હોય છે, જેમાં બારોટ, દશોંદી, ગોર અને ઢાઢીનો સમાવેશ થાય છે, એમાં આહીર વાહણ ડાંગરને એના વહીવંચા સાથે કંઈક મનઃદુખ થયું. એ બારોટ યજમાનની ખોટી પ્રશંસા માટે તૈયાર ન હતા. કેટલાક સમય પછી આહિર-પિતૃમુક્તિ યજ્ઞ માટે ગયાજી ગયા. વિધિ કરી પંડાએ ગોત્રના પૂર્વજો અને પૂજ્યોનાં નામ પૂછ્યાં. આહિરને એની જાણ ક્યાંથી હોય ! ને બારોટને સાથે નહોતા લીધા ! અંતે પંડાએ રસ્તો બતાવતાં કહ્યું, 'મનથી તમે તમારા બારોટને અને એમની વહી તથા તમારા પૂર્વજો-પૂજ્યોને યાદ કરી પિંડદાન કરો તો એ પિંડ તરશે !

આથી વહાણ આયરે ભક્તિભાવ શ્રદ્ધાપૂર્વક એની સ્મૃતિ સાથે પિંડદાન કર્યું અને પિંડ સ્વીકારાયા. અહીં જોઈ શકાશે કે વહી અને એ રાખનાર સાથે કેવી ભાવના જોડાયેલી છે.

ગુજરાતના લોક સાહિત્યના દસ્તાવેજીકરણ અને સંપાદનનો આરંભ જ જેમ્સ ફોબર્સ અને એલેકઝાંડર કિન્લોક ફાર્બસ દ્વારા ચારણી-બારોટી સાહિત્યના જ લિખિતરૂપના દસ્તાવેજોના આધારે થયેલો છે, એ વિશે આગળ જોઈ ગયા. એ રીતે જાતિગત મનોવિજ્ઞાન અને વલણને જાણવામાં પણ સત્યઘટનામૂલક Anecdotને આધારે જે દંતકથાઓ લોકકથાના રૂપમાં આલેખવામાં આવી તે સહાયક બને તેવી છે. આમાં બારોટનો એક જાતિવિશેષ તરીકેનો અભ્યાસ કરવો હોય તો તેમાં બે પ્રકારનાં પુસ્તકો સહાયક બને તેમ છે. આમાં પડેલો પ્રકાર એવો છે, જેમાં એના સંપાદકે માહિતીદાતારૂપે કોઈ બારોટની સહાય લીધી હોય. આવા સંપાદકોમાં જેમ્સ ફૉર્બ્સ, એલેકઝાંડર ફૉર્બ્સ, ફ.બ. વગેરે અનેક છે. વીરો, વીરાંગનાઓ અને રાજરજવાડાની અનેક દંતકથાઓના આરંભમાં જે અનેક સંચયો થયા તેમાં ચારણી અને બારોટી સ્રોતની કથાઓ જ વિશેષ પ્રમાણમાં છે. આ પછી મેઘાણીએ પણ આ બે મુખ્ય સ્રોતનો ઉપયોગ કર્યો અને દાદાજીની વાતો, ડોશીમાની વાતો જેમ 'રંગ છે, બારોટ !'માં બારોટી કથાઓ આપી. બીજા વર્ગમાં જેના લેખકો-સંપાદકો ખુદ બારોટ છે એનો સમાવેશ પાત્ર છે, એમાં જૂનાગઢના કેશુભાઈ બારોટ કે ખ્યાતનામ એવા કાનજી ભૂટા બારોટથી માંડીને તે છેક નટુદાન બારોટ જેવા અનેક સંપાદક-લેખકોનો સમાવેશ થાય છે. બારોટના સ્રોતમાંથી આમ બે પ્રકારનાં જે સંપાદનો મળે છે તેમાં પણ ત્રણેક વર્ગની કથાઓ મળે છે.

આમાં પહેલો વર્ગ છે મનોરંજક લોકકથાઓનો - એમાં વિક્રમ-વેતાળથી



માંડીને અનેક પ્રકારની કથાઓનો સમાવેશ થાય છે, જે માંહેની અનેક કથાઓ સંસ્કૃત-પ્રાકૃતમાં પણ મળે છે અને વિશ્વના અનેક દેશોમાં પ્રચાર-પ્રસાર પામી છે. જાતિગત મનોવિજ્ઞાનની દૃષ્ટિએ નહીં પરંતુ લોકકથાના લોકતાત્ત્વિક અધ્યયનની દૃષ્ટિએ આ પ્રકારની કથાઓ ઉપયોગી છે. બીજા પ્રકારની શૂરાપૂરા-સતી-દાતા વગેરેના જીવનમાં બનેલી કથાઓ નોંધી છે તે સાથે આવો વહીવંચો જે જાતિ-જ્ઞાતિનો બારોટ હોય, એમના વિશેની અનેક નાની-મોટી વાસ્તવિક રીતે બનેલી મનાતી ઘટનાઓ નોંધી છે. ત્રીજો એવો પ્રકાર છે જેમાં બારોટોએ પોતાના જીવનની પણ કેટલીક ઘટનાઓ નોંધી છે. ક્યાંક કવિત્વનું કોઈ મૂલ્યવાન પારિતોષિક મળ્યું હોય, ઘોડા વગેરેનાં દાન મળ્યાં હોય, ખાનદાની-ખુમારી-વટ-વહેવાર-આદર્શના કારણે યજમાન સાથે ક્યાંક સંઘર્ષ થયા હોય કે યજમાનના સંકટને પોતાનું અંગત સંકટ ગણીને બલિદાન વહોર્યું હોય, આવી અનેક ઘટનાઓનો એમાં સમાવેશ થાય છે. ચૌલુક્ય કાળ, સૌરાષ્ટ્રના મધ્યકાલીન રાજપૂત શાસકો, સલતનતકાળ, મરાઠાકાળ અને મુગલકાળ તથા બ્રિટિશ કાળની પણ અનેક ઘટનાઓ એમાં મળે છે. આ છેલ્લા બંને પ્રકારો જાતિગત મનોવિજ્ઞાન ઉપરાંત પ્રજાગત ઇતિહાસ અને પ્રજાના બૃહદ્ માનસને જાણવામાં સહાયક છે.

**કથાસાહિત્ય અને ગુજરાતની જાતિઓ :**

ગુજરાતી ભાષાના કથાસાહિત્યમાં, લિખિત તથા કંઠ પ્રવાહમાં બંનેમાં, મનોરંજક અને કાલ્પનિક તથા કેટલીક સાચી બનેલી મનાતી ઘટનાઓ પરથી લોકદંતકથા રૂપે કહેવાતી આવતી કેટલીક એવી પણ કથાઓ છે, જે ખાસ જાતિના માનસને, જીવન પ્રત્યેના એના અભિગમને અને તેના સાનુકૂળ કે પ્રતિકૂળ એવા વર્તન પાછળના માનસને સમજવામાં ઉપયોગી બને છે. આમ તો કોઈ પણ ઘટના જ્યારે કથાનું રૂપ ધારણ કરે છે ત્યારે એ સર્વાંશે કલ્પિત હોય કે પછી એના પાયામાં, આધારરૂપ કોઈ સાચી ને વાસ્તવિક ઘટના હોય એ બંને સ્થિતિમાં ઓછોવત્તો કલ્પનાનો અંશ હોય, વાસ્તવ સાથે લીધેલી છૂટછાટ હોય - કથાનો પ્રાણ જ Striking element છે, આથી એવા ચમત્કારના તત્ત્વને આમ કરવું જ પડે, આ સ્થિતિમાં અમુક ઘટનાનો સંબંધ અમુક જાતિ, જ્ઞાતિ કે વ્યવસાયના પાત્ર સાથે હોવાથી કથાના માધ્યમે જે કઈ કહેવાયું કે સિદ્ધ થયું હોય તે સંબંધિત જાતિ અને તેના માનસનો અંશ જ હોય, એવું ન બને. એમાં કેટલુંક સર્વસાધારણ પણ હોય, જેનો સંબંધ કોઈ પણ જાતિજ્ઞાતિ કે વ્યવસાયના પાત્ર સાથે હોવાથી કથાના માધ્યમે જે કંઈ કહેવાયું કે સિદ્ધ થયું હોય તે સંબંધિત જાતિ અને તેના માનસના

અંશ જ હોય, એવું ન બને. એમાં કેટલુંક સર્વસાધારણ પણ હોય, જેનો સંબંધ કોઈ પણ જાતિ-જ્ઞાતિ કે એની પરંપરા સાથે હોય છે. આ મર્યાદા લક્ષમાં લેવી જ જોઈએ. તેમ છતાં, એક પ્રાચીનતમ કાળથી આરંભીને તે અદ્યતન સમય સુધીના લગભગ બધા જ કથાકારોના ચિત્તમાં જાતિ-જાતિના અભિગમનું કેટલુંક પરંપરાગત જ્ઞાન હોય છે. આવી જે પરંપરાગત ધારણાઓ બંધાયેલી હોય તે બધી જ કંઈ માત્ર કપોળકલ્પિત હોતી નથી, એની પાછળ પ્રજાના બૃહદ માનસનો અનુભવ પડેલો છે. આથી અમુક જાતિના સત્યનિષ્ઠા, નિર્ભયતા ગમે તેવાં પરિણામ અને કષ્ટોને પણ સહન કરવાની તત્પરતા, સામનો કરવાની નીડરતા વગેરે વિશેષ હોય અને તે જ આવા પ્રજામાનસની સાધારણકૃત ધારણાઓમાં હોય છે. એક જ કે સમાન એવી પરિસ્થિતિમાં પ્રત્યેનો પ્રત્યાઘાત સમાન નથી હોતો. Action અને Reaction બંનેમાં ક્યાંક ધરમૂળ તફાવત હોય ને એવા તફાવતનું મૂળ જ જાતિગત મનોવિજ્ઞાન અને એમાંથી જન્મતા વર્તન અભિગમમાં જોવા મળે છે.

આથી કેટલીક આધુનિક એવી નવલકથા અને ટૂંકી વાર્તામાં તથા મધ્યકાલીન સાથે જ જેનો સીધો અનુબંધ છે તેવી લોકકથાઓ, જેમાં ગુજરાતના જ કોઈ વિશેષ પ્રદેશ અને એમાં વસતી જાતિ વિશે લખાયું હોય તેનો આ દૃષ્ટિએ અભ્યાસ થઈ શકે. આની પૂરી સ્પષ્ટતા થાય એ માટે મેઘાણીના સાહિત્યમાં આ દૃષ્ટિએ અભ્યાસ થઈ શકે. આની પૂરી સ્પષ્ટતા થાય એ માટે મેઘાણીની સાહિત્યનાં આ દૃષ્ટિએ જે મહત્ત્વનું છે, તેના પર દૃષ્ટાંત દાખલ દૃષ્ટિપાત કરીએ.

લોકવિદ્યાવિદ તરીકેની અભૂતપૂર્વ સફળતા મેઘાણીને મળી એનું એક મહત્ત્વનું કારણ તેમનામાં રહેલી લોકમાત્રમાં રહેલી તળપદી પરંપરાગત દૃષ્ટિની સમભાવપૂર્વની તટસ્થ એવી સમજ છે. એ પોતે વ્યાપક અને ઉદાર દૃષ્ટિ ધરાવે છે. પોતે જેમાં માને છે તે જ ધર્મ, અને નીતિ સાચાં છે, અને અનુકૂળ ન હોય એવાં દૃષ્ટિબિંદુ, અભિગમ એમાંથી જન્મતી પરંપરા અનુચિત, નિરર્થક, નિંદ્ય, અસ્વીકાર્ય છે, એવી ગ્રંથિથી એ સંપૂર્ણ મુક્ત રક્ષા અને પોતાની દૃષ્ટિ છોડી, ધૂમકેતુના વિધાનને અનુલક્ષીને કહીએ તો બીજીની દૃષ્ટિએ જોતા થઈ શક્યા. એમનો તળપદા લોકો એ સંસ્કૃતિ પ્રત્યેનો ક્યારેક અહોભાવપૂર્વકનો પણ પક્ષપાત લાગે એના મૂળમાં પણ એમનાં સમજ સહાનુભૂતિ સહાનુકંપા છે. કોઈ પણ સમાજસુધારક, સમાજશાસ્ત્રી, મનોવૈજ્ઞાનિક કે લોકવિદ્યાવિદ માટે આ તત્ત્વ જ મહત્ત્વનું છે અને એ ન હોય તો ક્યારેક એમને એમનાં કાર્યમાં આવી આટલી સફળતા મળી ન હોત ! ગાંધીજીના અનુયાયી જેવા એમના યુગના ઠક્કર બાપા,



રવિશંકર મહારાજ, જુગતરામ દવે, ઈન્દુલાલ યાજ્ઞિક વગેરે હોય કે પછી એ યુગના લોકવિદ્યાવિદ મેઘાણી અને આપણા યુગના ભગવાનદાસ પટેલ જેવા સફળતા સિદ્ધિ મેળવનારા હોય તેમાં બધે જ એમની સહાનુભૂતિ અને સમજપૂર્વક સામેના સમાજના લોકોને જોવાની દૃષ્ટિ છે. એ કેળવીને મળતી નથી. મન-ઝૃદ્ધદયમાં ઊંડો-સાચો પ્રેમ, સહાનુકંપા હોય તો જ મળે છે. આવી જ વ્યક્તિ પછી પોતાના ચિત્તનું, ભાવ વિશ્વનું અનુસંધાન એના સંબંધિત ક્ષેત્રના લોકોના જીવન, દૃષ્ટિબિંદુ અને સંસ્કૃતિ સાથે સિદ્ધ કરી શકે અને તેમની જ સંસ્કૃતિ-જીવનના ધબકારને પોતે અનુભવી નિરૂપી શકે, એ માંહેના જ બની શકે !

આ જ તત્ત્વ મેઘાણીમાં ઉત્કટતમ કક્ષા અને માત્રામાં છે. આથી આહિર, મેર, કાઠી, ચારણ જેવી અનેક જાતિઓના મનોજગતને સમજીને તેનું આલેખન કરી શક્યા અને જે જે લોકો અને તેમની બોલી બચપણ અને કિશોરાવસ્થાના અનુભવથી આત્મસાત નથી એને પણ પોતાના બનાવી શક્યા. તળપદી કાઠિયાવાડી બોલી, એના જ પેટા પ્રકારો જેવી મેર-કાઠી-આયર-ચારણ વગેરેની બોલી ઉપરાંત જેનો નજીકનો પરિચય નહોતો એવા કચ્છના વાઘેરો કે ચરોતરના ધારૈયા-બારૈયા-પાટણવાડિયાની બોલીમાં એના માનસને આલેખી શક્યા છે.

'માણસાઈના દીવા'માં એમણે રવિશંકર મહારાજે ધારૈયા-બારૈયા-પાટણ વાડિયાની કરેલી ઝૃદ્ધદય પરિવર્તનની સાચી ઘટનાઓ આપી તેમાં એ જાતિની બોલી અને માનસને સરસ ને સચોટરૂપમાં આલેખી શક્યા છે.

'પરકમ્મા' વાંચતા એમના વાઘેરી માનસ અને બોલીને સમજીને આલેખવાની શક્તિનાં દર્શન થાય છે.

પહાડના આ બાળકને તો કાઠી, મેર, આયર વગેરે કોમોનો તો અત્યંત નજીકનો સંબંધ છે. બાળપણથી જ એ બોલી અને પરંપરાના સંસ્કારો એમણે ઝીલ્યા છે. આથી ત્રણ જાતિઓ-સમર્થ જાતિઓનો, એમના પ્રજાકીય વલણોનો પરંપરાઓનો જો જાતિગત મનોવિજ્ઞાનની દૃષ્ટિએ અભ્યાસ કરવો હોય તો મેઘાણીની સૌરાષ્ટ્રની રસધારના ૧ થી ૫ ભાગ, સોરઠી બહારવટિયાના ત્રણ ભાગ વગેરેમાંથી પુષ્કળ સામગ્રી મળી શકશે.

કાઠીઓ વિશે જાણવું છે તેમને મેઘાણીના 'રંગ છે બારોટ'માં ક્રમાંક ૭ કાઠી કુળ, રસધાર ભાગ ૧માં ૯ ભોળો કાત્પાલ, ૧૮ ઓઢો ખુમાણ, ૧૯ વાળાની હરણપૂજા, ૨૦ ચાંપરાજવાળો; ભાગ : ૨માં દીકરો ! ૧૨ કરપડાની શૌર્યકથાઓ, ૧૫ કાળો મરમલ; ભાગ-૩માં ૧ ઘોડીને ઘોડેસવાર, ૨ કલોજી

લૂણસરિયા ૬ ઘોડાની પરીક્ષા, ૭ કાઠિયાણીની કટારી, ૮ આલેક કરપડો, ૧૦ રાઠો, ધાધલ, ૧૧ આઈ ! ૧૨ મહેમાની ૧૩ ધણીની નિંદા ! ૧૪ હનુમભાઈ ૧૮ ઝૂમણાની ચોરી; ભાગ-૪માં ૩ વરજાંગ ધાધલ, ૮ દૂધ-ચોખા, ૧૨ દુશ્મનોની ખાનદાની, ૧૪ વાલેરા વાળો, ૧૮ માણસિયો વાળો; ભાગ - ૫માં ૫ હીપો ખુમાણ ખાસ વાંચવા જેવી છે. કાઠીની જાતિજ્ઞાતિગત પરંપરા અને મનોવિજ્ઞાનની દૃષ્ટિએ સર્જનાત્મક સાહિત્યમાં ચુનીલાલ મડિયા, મોહમ્મદ માંકડ અને દિલીપ રાણપુરાની કેટલીક કૃતિઓ તપાસવા જેવી છે.

મેર પણ સૌરાષ્ટ્રની સમર્થ જાતિ છે. એ મૂળ મીડિયાથી આવેલી જાતિ છે. મેઘાણીએ જે લોકગીતો આપ્યાં તેમાં મેર પરંપરાનાં ગીતો છે કેમ કે ઢેલીભાઈ મેર પાસેથી મળ્યા હતાં.

સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૨માં ૧૬ કાંધલજી મેર, ૧૭ કાળુજી મેર ભાગ-૩માં ૨૦ મેર જેતમાલ ભાગ-૪ની વાર્તા જ ઓળિયો વગેરે અભ્યાસવા જેવી છે એ જ રીતે ચારણ, આહિર, વાઘેર વગેરેના જાતિગત પરિચયમાં લોકકથાના સંગ્રહો વિશેષ સહાયક બને છે. જાતિજ્ઞાતિના વાડા, ઉચ્ચ-નિમ્નની માન્યતા, સંકુચિતતા વગેરે સામાજિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ ભૂતકાળમાંની દફનાવીએ પરંતુ જે જાતિગિત પરંપરા અને સંસ્કૃતિએ 'ગુજરાતની લોકસંસ્કૃતિને બોધી લોકજીવનને ઊંચું અને રસસભર તથા મૂલ્યનિષ્ઠ બનાવ્યું એ ભૂલવા જેવું નથી. આ દૃષ્ટિએ સાહિત્યનો ખાસ તો લોકસાહિત્યનો જાતિગત મનોવિજ્ઞાનની દૃષ્ટિએ નવા અને જુદા જ દૃષ્ટિકોણથી અભ્યાસ થાય એ જરૂરી છે.

**પિતૃવંશના ઘાતકને ચાહતી નાયિકાઓ :**

કોઈ પણ દેશની અને કોઈ પણ સમયની કથામાં વિશેષ રસ, ચમત્કાર અને અસાધારણપણાનું આશ્ચર્ય ઉમેરવા માટે એવી ઘટનાઓનું આરોપણ કરવામાં આવે છે, જે ક્યારેક અસંભવિત-અશક્ય પણ લાગે તો ક્યારેક કેવળ કપોળ કલ્પિત અને આલેખનમાં અતિરેક-અતિશયોક્તિનો આધાર લેતી હોય છે. પરંતુ માનવમનની ગૂઢતા અને સંકુલતાનો વિચાર કરીએ તો આવી ઘટનાઓ ક્યાંક તો વાસ્તવિકતાનો વિચાર કરીએ તો આવી ઘટનાઓ ક્યાંક તો વાસ્તવિકતાનો અંશ ધરાવતી પણ હોય છે. ક્યારેક, કોઈ વિશિષ્ટ સંજોગ કે પરિસ્થિતિમાં આવી ઘટના કોઈકના જીવનમાં કેટલેક અંશે ક્યારેક તો બનેલી હોવાનો પણ સંભવ રહેલો છે.

પોતાના જ પિતાનો કે પિયરપક્ષના વંશનો જેણે સર્વનાશ કર્યો હોય તેવી વ્યક્તિને પણ પ્રેયસી અને પત્ની તરીકે ચાહનારી નાયિકાઓની કથાઓ આ



પ્રકારની છે. અહીં એવી ચાર-પાંચ કથાઓ ચર્ચવાનો ઉપક્રમ છે.

પુરાણની કે મહાકાવ્યની આવી કેટલીક કથાઓ છે, એના પરના દેવકથા કે 'મીથ' તરીકેનાં કેટલાંક આવરણો ચડેલાં હોય છે, તેને દૂર કરીને, આવી કથાઓની ઘટનાઓ કોઈ સર્વસાધારણ માનવીના જ જીવનમાં કોઈક કાળે બનેલી હોવી જોઈએ, એ તથ્યને જો સમજવામાં આવે તો એની પાછળ રહેલી માનવીય જીવનની જ વાતને આપણે બરાબર પ્રમાણી શકીએ છીએ અને તે પાછળ રહેલી વાસ્તવિક એવી માનવીય ઘટના અને એ પાછળના મનોવિજ્ઞાનને યોગ્ય રૂપમાં જાણી શકીએ છીએ.

એક તથ્ય બરાબર લક્ષમાં રાખવા જેવું એ છે કે જે કલ્પનાશ્રયી અને કથારસનો જ ઉત્કર્ષ કરનારું લાગે છે, એના મૂળમાં પણ ક્યાંક જીવનની જ વાસ્તવિક ઘટના પડેલી હોય છે.

આ સંદર્ભમાં આરંભમાં શિવ-પાર્વતીની પુરાણ-કથાનો વિચાર કરીએ. શિવકથામાં સતી અને પાર્વતી એમ બે ભવની કથાઓ સંકળાયેલી છે. આ બંને ભવની કથાઓમાં કેન્દ્રમાં પિયરપક્ષ અને સાસરી પક્ષ વચ્ચેનો સંઘર્ષ છે. સતીના ભવમાં આ સંઘર્ષ અત્યંત તીવ્ર છે અને ઘાતક-વિનાશક પરિણામ લાવે છે. કથા પરના પૌરાણિક દેવકથાના પરિવેશને, આવરણને દૂર કરતાં જ સ્પષ્ટ થાય છે કે એમાં જાતિગત અને સ્થિતિગત ભેદ કેન્દ્રમાં છે. દક્ષ પ્રજાપતિ અત્યંત સમૃદ્ધ અને પોતાને જ સમર્થ અને સર્વોચ્ચ માને છે. એને પોતાની વહાલી પુત્રી સતી શિવને પતિ તરીકે પસંદ કરે તે માન્ય સ્વીકાર્ય છે. એનાં કારણનાં મૂળમાં જતાં જ સ્પષ્ટ થશે કે એમાં આર્યોના કુળગૌરવનો, ગર્વનો અભિગમ મુખ્ય છે. હકીકતે આ સંઘર્ષના મૂળમાં આર્યોનું ભારતમાં આગમન-સ્થાયીકરણ અને તે સમયની પરિસ્થિતિ છે. મધ્ય-પૂર્વમાંથી ચારેક લાખ વર્ષ પહેલાં આર્યોએ સામૂહિક સંક્રમણ કર્યા અને તેની જુદી જુદી ટોળીઓ ભારત, ઈરાન, અફઘાનિસ્તાન અને મધ્ય-યુરોપના કેટલાક ખંડોમાં ઊતરી આવી, સત્તાધીશ બની. આ સમયે જ કેટલાક આર્ય જૂથો ઈરાનમાં સ્થિર થવાને બદલે ભારતમાં નર્મદાકાંઠે સ્થિર થયાં, આથર્વણ તરીકે સત્તાધીશ બન્યા. એમને સ્થાનિક ભારતીય જાતિઓ સાથે સંઘર્ષ થયા, અનેક યુદ્ધો થયાં. પરંતુ કાળક્રમે આ આથર્વણ આર્ય જૂથે ભારતીયપણું સ્વીકાર્યું અને સ્થાનિક જાતિઓ સાથે સમન્વય કર્યો. કેટલીક નવી ઉપાસનાપદ્ધતિ સ્વીકારી. ધર્મમાં પરિવર્તન આવ્યું. ભગવાન શિવ તે આ યૂથના જ પ્રતિનિધિ.

બીજે તબક્કે ઈરાનમાં વસેલા આર્યો વચ્ચે આંતર-સંઘર્ષ થયો. યમે

પોતાને દેવ જાહેર કર્યો. આથી કેટલાક આર્યજૂથો એની સત્તાનો અસ્વીકાર કરીને ભરતના સપ્તસિંધુના પ્રદેશમાં વસી ગયા. એમને અહીં અનેક જાતિઓ સાથે સંઘર્ષ થયો તે જ રીતે, જે આર્ય જૂથો પહેલાં ભારતમાં આવીને વસેલાં અને ભારતીય આર્ય બની ગયેલા તેની સાથે સંઘર્ષ થયો. યક્ષ પ્રજાપતિ આ સપ્તસિંધુ સ્થિત આર્યોના પ્રતિનિધિ.

કાળક્રમે આ બંને આર્યજૂથો વચ્ચે સમાધાન થયું, સમન્વય થયો. અથર્વવેદનો ચોથા વેદ તરીકે સ્વીકાર થયો અને આ બંને જૂથોનાં યુવક-યુવતીઓ વચ્ચે પ્રેમ અને લગ્ન સંબંધ બંધાયો. પરંતુ દક્ષ પ્રજાપતિને પોતાની પુત્રી આ બીજા અને પોતાનાથી ઊતરતા મનાતા જૂથના નિશ્ચય પાસે પિતાનું ન ચાલ્યું અને સતીનાં શિવની સાથે લગ્ન થયાં. સમય પસાર થયો એમ સતીને લાગ્યું કે પિતાનો શિવ પ્રત્યેનો દ્વેષ કે હીનભાવ લુપ્ત થયો છે અને એમણે પુત્રીની પસંદગીને સ્વીકારી લીધી છે. હકીકતે પરિસ્થિતિ જુદી જ હતી. દક્ષ પ્રજાપતિના મનમાં ભારોભાર દ્વેષ-ડંખ હતો. એથી પુત્રી, જમાઈનું નીચું દેખાડવા જ એમણે મહાયજ્ઞનું આયોજન કર્યું. શિવ શ્વસુરનું મન અને હેતુ જાણતા હતા અને પોતાનું દામ્પત્યજીવન પ્રસન્ન રહે તેમ ઇચ્છતા હતા. પરંતુ સતી એ સમજી ન શક્યાં અને દક્ષ યજ્ઞમાં ગયાં. પોતાનાં તથા પતિના અવહેલના-અપમાન સહન કરી ન શક્યાં અને અગ્નિકુંડમાં પોતાનું બલિદાન આપ્યું. શિવથી એ સહન ન થયું અને એમણે તથા એમના ગણોએ દક્ષ પ્રજાપતિ અને એમના યજ્ઞનો વિનાશ વહોર્યો ! અંતે, ભગવાન વિષ્ણુની મધ્યસ્થીએ પરિસ્થિતિને થાળે પાડી.

આવી કરુણતમ અને યુગ વ્યાપી અસર ઊભી કરતી આ ઘટનામાં પિતૃવંશના નાશમાં પુત્રી સતીનું કોઈ સીધું કતૃત્વ નથી. એ નિર્દોષ છે. કારણના મૂળમાં, અનિષ્ટ પાયામાં દક્ષ પ્રજાપતિનો જ દ્વેષ છે, દંશ છે. આથી, અહીં પુત્રીને કારણે પિતૃપક્ષના વંશનો વિનાશ થયો છે, પરંતુ એમાં સતી માત્ર નિમિત્ત છે.

બીજા પાર્વતી તરીકેના અવતારની કથામાં પણ જાતિગત, સ્થાન-સ્થિતિગત ભેદ કેન્દ્રમાં છે. હિમાલય પર્વતરાજ નથી ઇચ્છતા કે પોતાના જે ઉચ્ચ, સમૃદ્ધ અને વર્ચસ્વીની કન્યા પાર્વતી શિવને પતિ તરીકે પસંદ કરે ! એ વિરોધ કરે છે. પરંતુ પુત્રીની મક્કમતા પાસે એ અંતે લાચાર બને છે. સતીની કથામાં વંશનાશનું જે અનિષ્ટ છે, તે અહીં નથી. પરંતુ ભારતીય કન્યાના આદર્શનું અહીં ઉત્તમ દૃષ્ટાંત છે. દામ્પત્યનો મહિમા છે. ગમે તેટલા ઉચ્ચ અને સમૃદ્ધ મનાતા પરિવારની કન્યા જ્યારે સ્વેચ્છાએ જ જીવનના બધા જ ભોગો, પરિગ્રહોનો ત્યાગ કરે ત્યારે એ



પ્રત્યેક પરિસ્થિતિને મનઃઋદ્ધદયથી અપનાવીને દામ્પત્યના આદર્શને સિદ્ધ કેમ કરી શકા છે તે આ પાર્વતીખંડની કથામાં છે, એટલે તો શિવ-પાર્વતીના દામ્પત્યને ઉત્તમ અને આદર્શ માનવામાં આવ્યું. લગ્નવિધિમાં શિવ-પાર્વતી વિવાહને સ્થાન મળ્યું. અનેક રોચક કથાઓ-ગીતો-લોકસ્રોતમાં ગવાતા થયાં.

આમ, પિતૃવંશના ઘાતનું એક કરુણ-દારુણ આલેખન શિવકથામાં જોવા મળે છે. સતી અને પાર્વતી એ બંનેનાં ચરિત્રોમાં દામ્પત્યનું પૂર્ણ ને ઉજ્જ્વળ ચિત્ર મળે છે.

ભારતીય કથા સાહિત્યમાં આ પછી જ પિતૃવંશ નાશની વિવિધ કથાઓ રચાઈ. જોગીઓ અને અન્ય લોકકલાકારો દ્વારા ગવાતી થઈ. આવી ઇતિહાસનો સંદર્ભ લઈને આવતી પીરોજાની કથા જોઈએ.

**વીરમદે :**

જોગી તથા ચારણ-બારોટાદિ કવિઓ-કથાકારોએ સ્થાનિક ઇતિહાસની કેટલીક ઘટનાઓને આધારે જે રાસડાઓ, લોકમહાકાવ્યો વગેરેની રચનાઓ કરી તેમાં પ્રેમશૌર્ય-શિવલરીનું તત્ત્વ જ મુખ્ય કેન્દ્રમાં રહ્યું છે અને આવી બધી જ રચનાઓમાં મુખ્યત્વે વીરગાથાઓની રચનાઓનું પ્રમાણ વિશેષ રહ્યું છે, તેમાં સુંદરી વીરને જ પસંદ કરતી હોય છે. આવો વીર ક્યારેક તે સુંદરીના પિતૃવંશ માટે મારક-ઘાતક હોય છે, તેમ છતાં આવા યુવાનને જ પ્રેમી-પતિ તરીકે પસંદ કરે છે. આમ કરવાના વલણના પાયામાં એક પ્રાકૃતિક તથ્ય રહેલું છે. એ તથ્ય એ છે કે પ્રાણીસૃષ્ટિની હરકોઈ માદા પોતાના સાથી તરીકે માત્ર સુંદર અને આકર્ષકને જ નહીં પરંતુ વીર અને સંઘર્ષ સામે માથું ઊંચકનારને જ પસંદ કરે છે. હિંસક અને ક્રૂર મનાતાં પ્રાણીઓની વન્યસૃષ્ટિમાં કોઈ એક માદા માટેનો સંઘર્ષ એટલો તો તીવ્ર બનતો હોય છે કે કોઈ એક સ્પર્ધકને લોહીલુહાણ થઈને અંતે મૃત્યુને વશ થવું જ પડે ! આવું થયા પછી માદા તો જાણે કશું જ બન્યું નથી, એવા ભાવ સાથે પસંદગીના નરની સાથે સંયોગ માણવા તૈયાર થઈ જતી હોય છે. સશક્ત સંતતિ પ્રાપ્તિ માટેની માદા માત્રની આ એક સાહજિક મનોવૃત્તિ છે અને માનવ પણ કંઈ તેમાં અપવાદ નથી, એવું વીરગાથાઓમાં આલેખાયું હોય છે. કદાચ, આ જ પાયાનું તથ્ય છે જેના કારણે સુંદરી સ્વ-વંશ ઘાતકને પણ પ્રેમી-પતિ તરીકે પસંદ કરે છે.

આ કથાનું એક ઐતિહાસિક રૂપ જોઈએ. કર્ણ વાઘેલાનો મંત્રી માધવ ખૂટલ બન્યો અને વેરની આગમાં એ દિલ્હીના સુલતાન અલાઉદ્દીનને મળ્યો અને

ગુજરાતના પાટણ પર આક્રમણ લાવ્યો. અલાઉદ્દીનના ભાઈ અને સેનાપતિ ઉલૂઘઆને પાટણ પર ચડાઈ કરી પાટણ જીતી લીધું અને સોમનાથના મંદિરનો નાશ કરી લૂંટફાટ ચલાવી, હજારો કેદીઓ પકડી પાછો ફર્યો અને જાલોરના રાજા કાન્હડદેના રાજ્યમાંથી પસાર થયો. જવાંમર્દ કાન્હડદેએ યવન સેના પર હુમલો કરી સોમનાથની મૂર્તિ છોડાવી અને પકડાયેલા કેદીઓને મુક્ત કર્યા. આથી યવનસેના પરાજિત બની.

આ સમાચાર સાંભળીને અલાઉદ્દીને નાહર મલિકને મોટા લશ્કર સાથે જાલોરનો નાશ કરવા મોકલ્યો, પરંતુ જેવી આ યવન સેના મારવાડમાં પ્રવેશી કે સમિયાણા ગઢના રાજા અને કાન્હડદેના ભત્રીજા સાંતલદેએ નાહર મલિકને રહેંસી નાંખ્યો અને યવન સેનાનો ભયંકર બીજો પરાજય થયો. આથી વિશેષ રોષે ભરાયેલા અલાઉદ્દીનને પાટણના સૂબા અને બીજા ખંડિયા રાજાઓની વિશાળ સેના દ્વારા સમિયાણા ગઢ પર આક્રમણ કર્યું. વર્ષો સુધી ઘેરો ચાલ્યો. રાજપૂત વીરોએ મચક ન આપી. આથી દુષ્ટ યવનોએ તળાવનાં પાણીને ગૌમાંસથી ભ્રષ્ટ કર્યું. વીરોએ અંતે કેસરિયાં કર્યાં. સમિયાણાગઢનું પતન થયું. સમિયાણા જીતી સુલતાન જાલોરગઢ પર ચડી આવ્યો, પરંતુ વીર કાન્હડદે અને તેના પુત્ર વીરમદેએ પ્રચંડ સામનો કરીને વીર કાન્હડદે અને તેના પુત્ર વીરમદેએ પ્રચંડ સામનો કરીને યવન સેનાને ફરી હરાવી. સુલતાન દિલ્હી પાછો ફર્યો અને વિશેષ સેના લઈ ફરી જાલોરને ઘેરો ઘાલ્યો, છતાં રાજપૂતો ન ઝૂક્યા. અંતે યવનોએ દુષ્ટ નીતિ અજમાવી. વીકા સેજયાલ નામનો રાજપૂત બેવફા બન્યો. એણે ગઢનો ગુપ્ત માર્ગ શત્રુઓને બતાવ્યો. અંતે ઝાલોરગઢનું પતન થયું. રાજપૂત વીરોએ કેસરિયાં કરી બલિદાન આપ્યાં.

આ ઐતિહાસિક ઘટના બન્યાના ૧૪૪ વર્ષ પછી પદ્મનાભ નામના વીસનગરા નાગર કવિએ ચાર ખંડમાં અને દુહા-ચોપાઈની હજાર પંક્તિમાં ઐતિહાસિક કૃતિ 'કાન્હડદે-પ્રબંધ'ની રચના કરી છે. પદ્મનાભે આ ઐતિહાસિક ઘટના સાથે અલાઉદ્દીનની પુત્રી પિરોજાના કાન્હડદેના પુત્ર વીરમદે પ્રત્યેના પ્રેમની કથા પણ આલેખી છે. કવિના નિરૂપણ પ્રમાણે અલાઉદ્દીન ખલજીએ જ્યારે જાલોરગઢને ઘેરો ઘાલ્યો ત્યારે એની શાહજાદી પિરોજા પર સાથે હતી અને વીરમદેના એકપક્ષી પ્રેમમાં પડી. પિતાની રજા મેળવીને પિરોજા જાલોરગઢમાં ગઈ અને વીરમદેને મળી પ્રેમનો એકરાર કર્યો અને પોતે ભવોભવના સંબંધ વીરમદે સાથે જોડાયેલી હોવાનું કહ્યું. ચારિત્ર્યવાન વીરમદેએ એના પ્રેમને ઠુકરાવ્યો.



યુદ્ધમાં અંતે કાન્હડદે, વીરમદે અને અન્ય રાજપૂતો ખપી ગયા. પિરોજાએ દરબારમાં વિરમદેનું કપાયેલું મસ્તક મંગાવ્યું. એક તાસકમાં વીર વીરમદેનું કપાયેલું મસ્તક પિરોજાની સામે રજૂ કરવામાં આવ્યું. તાસક પરનું વસ્ત્ર હટાવવામાં આવ્યું. પોતાના પ્રિયતમનું મસ્તક જોતાં જ પિરોજા ચોધાર આંસુએ રડી પડી, પરંતુ વીરમદેના કપાયેલા મસ્તકે પણ પિરોજા સામેથી કપાયેલું મોઢું ફેરવી લીધું.

પિરોજાએ મૃત પ્રેમી પાછળ યમુનામાં જળસમાધિ લીધી.

ઐતિહાસિક ઘટના સાથે રજૂ થયેલી આ પ્રેમકથા કલ્પિત જણાય છે. આવી ઘટનાનો કોઈ નિર્દેશ ઇતિહાસમાં મળતો નથી. કથાને વિશેષ રોચક બનાવવા માટે આવી કથા ઉમેરાઈ હોવાનો સંભવ જણાય છે. રાજસ્થાન ગુજરાતમાં બારોટી સ્રોતમાં જે ઐતિહાસિક રાસની રચનાઓ થઈ છે, તેમાં આ પ્રકારની અનેક રોચક-રોમાંચક કથાઓ ઉમેરાયેલી જોવા મળે છે. પિતાના શત્રુને ચાહતી પુત્રીની અત્યંત જાણીતી કથા ઉષા-અનિરુદ્ધની છે. બાણ અસુરની પત્ની એના વૈરી-શ્રીકૃષ્ણના પુત્ર અનિરુદ્ધના પ્રેમમાં પડી. મહાસંઘર્ષ થયો અને બાણનો નાશ થયો, એ ઘટના જાણીતી છે. ઇતિહાસનાં પૃષ્ઠોમાં પણ પૃથ્વીરાજ-સંયુક્તા જેવી અનેક કથાઓ-દંતકથાઓ મળે છે એને અનુસરીને જ પોતાના પિતાના શત્રુને ચાહતી રાજકુમારીની અનેક પ્રેમકથાઓ અસ્તિત્વમાં આવી છે.

**પાબૂજીકથા :**

પિતૃવંશનાશની દારુણકથા પાબૂજીમાં છે, એ પાબૂજીકથા પિયરપક્ષ અને શ્વસુરપક્ષ વચ્ચે જ્યારે પણ સંઘર્ષ રચાય છે, ત્યારે ભારતીય નારી હંમેશ શ્વસુરપક્ષનું જ હિત જોતી હોય છે. દામ્પત્યનો આ સ્વીકૃત આદર્શ છે, પરંપરા છે પરંતુ ક્યારેક કોઈ સ્વભાવદુષ્ટ પતિ સ્ત્રીનું ચતુરાઈથી શોષણ પણ કરે છે. સ્ત્રીની કોઈ દુઃખતી રગ પકડીને તે તેને પોતાના જ પિયરના પક્ષનું અહિત કરવા પ્રેરે છે ને પરાકાષ્ટા તો ત્યારે આપે છે જ્યારે આવા ઈમોશનલ બ્લૅકમેઈલિંગનો ભોગ બનેલી સ્ત્રી પોતાના જ પિતૃવંશના મહાવિનાશનું પણ કારણ બને છે.આવું બન્યા પછી કોઈ તબક્કો એવો આવે છે જ્યારે આવી સ્ત્રીને સમજાય છે કે, સ્વભાવદુષ્ટ પતિએ લુચ્ચાઈપૂર્વક પોતાને પાપની ભાગીદાર બનાવી છે. આવી સ્થિતિ પછી સ્ત્રી અચાનક જાગે છે, પશ્ચાત્તાપ અનુભવે છે અને દુષ્ટ પતિ પર ઠંડી ક્રૂરતા અજમાવી બદલો પણ લે છે.

આવું જોવા મળે છે. પાબૂજી રાઠોડની કથામાં, પાબૂજીની જ બહેન તેમાના પાત્રમાં આખી કથા જ ભયંકર દારુણ કરુણતાભરી છે. રક્તરંજિત છે.

ઇતિહાસના પૃષ્ઠ પર બનેલી છે. અત્યંત સંક્ષેપમાં આ કથાની મહત્ત્વની ઘટના જોઈએ.

રાજસ્થાનના રાજપૂત યુગના ઇતિહાસમાં જયચંદ્ર રાઠોડ ભયંકર દેશદ્રોહી તરીકે કુખ્યાત છે. એણે દગો કર્યો ને અંગત સ્વાર્થ ખાતર યવનોમાં ભળી ગયો અને રાજપૂત રાજવંશનું પતન થયું, મુસ્લિમ શાસન અસ્તિત્વમાં આવ્યું, પરંતુ લોકોએ દેશદ્રોહી જયચંદને ક્યારેય માફ ન કર્યો. એનો ભયંકર તિરસ્કાર થયો. ઉત્તરાવસ્થામાં જયચંદ એટલો પસ્તાયો કે એને આપઘાત કરવો પડ્યો. આમ બન્યા પછી પણ લોકોએ એના વંશના રાઠોડોનો તિરસ્કાર કર્યો ! આથી લોકોના તિરસ્કારનો ભોગ બનેલા જયચંદ્રના વંશજોને કનોજ છોડવું પડ્યું અને મારવાડના પાલીમાં પોતાનું રાજ્ય સ્થાપવું પડ્યું. કુળનાકલંકનો ડાઘ ધોવા માટે જયચંદના વંશજ આસનાથ અને તેના પુત્ર ધૂહડ તથા ધાંધલને ખૂબ પ્રયત્નશીલ બની વીર અને ટેકી તરીકેની પોતાની છાપ દૃઢ કરવી પડી, એમાં અંતે આ વંશને સફળતા પણ મળી અને આ વંશના પાલૂજી રાઠોર લીલા તોરણે ગાયોની રક્ષા કરતાં હણાયા અને લોકદેવ તરીકે પૂજાયા. આજે ગુજરાત, મારવાડ, રાજસ્થાન, કચ્છ, સૌરાષ્ટ્ર એમ અનેક પ્રદેશમાં પાબૂજી લોકદેવ તરીકે પૂજાય છે અને એમનાં પડનું પૂજન થાય છે. જોધપુર અને રણુંજા વચ્ચેના કોલુમઢમાં પાબૂજીનું ભવ્ય સ્થાનક છે.

પાબૂજીની કથાની સાથે જ એની બહેન તેમાં અને બનેલી જીંદરાવ ખીંચીની દગાખોરીની કથા સંભળાયેલી છે. ખાંચી અને રાઠોર વચ્ચે વંશપરંપરાગત મહાવૈર હતું, એના મૂળમાં સૂવરના શિકારનો વિવાદ હતો. ખીંચીઓએ રાઠોડોના વિસ્તારમાં પ્રવેશીને જંગલી સૂવરનો શિકાર કર્યો અને એનો વિવાદ એટલો વકર્યો કે, ધીંગાણામાં રાઠોડોના હાથે ખીંચીનો વધ થયો. આ ઘટના પછી તો રાઠોર અને ખીંચીઓ વચ્ચે નાનાં-મોટાં ધીંગાણા થતાં ગયાં અને વેર વધતું ગયું.

પરંતુ જેવા પાબૂજી રાજસત્તા પર આવ્યા કે, એમણે નિરર્થક વેરના વળામણાં કરવાના પ્રઋદ્ધદયપૂર્વકના પ્રયત્નો કર્યા. એ વીર હતા, ઉદાર હતા, દૂરંદેશી હતા. એ જોઈ શક્યા કે રાજપૂતોના આવા નહિ જેવા કારણ માટેના વેરને કારણે જ તો રાજપૂતની રાજ્યસત્તા નબળી પડી અને મુસ્લિમો ફાવી ગયા. આથી ખીંચીઓ સાથેના વેરનો કાયમી સુખદ નિવેડો લાવવા માટે પાબૂજીએ પોતાની બેન તેમાનાં જીંદરાવ ખીંચી સાથે લગ્ન કર્યાં, બીજી તરફ, દુષ્કાળ પડવાને કારણે વાઘેલાઓએ પોતાના ભીલ સરદારોને છૂટા કરેલા, તેમને પણ દૂરંદેશી ઉદારચેતા પાબૂજીએ પોતાની સેનામાં સમાવી લીધા અને ચાંદોજી ભીલને મુખ્ય સરદાર



બનાવ્યો. આના કારણે જ રાઠોરનું રાજ્ય પાલીમાં સ્થિર અને અજેય બન્યું.

રાઠોડોને તેમજ ખીંચીઓને પણ જીંદરાવ ખીંચી અને પાબૂજીની બહેન તેમાનો લગ્ન સંબંધ મનથી સ્વીકાર્ય ન હતો. બંને પક્ષના મનમાં તો હજુ પણ વેરની આગ જ બળતી હતી. જીંદરાવ ખીંચીની માતા રાઠોડોના પ્રત્યે ઊંડું વેર રાખતી હતી અને તેમાનો સતત દ્વેષ કરતી હતી. આ સમયે જ રાઠોરોને બહેનનું આણું કરવાનું હતું. આ તો સમૃદ્ધ રાજરજવાડાનું આણું ! આ યુગ જ એવો હતો કે રાજા માટે પણ જરૂર પડે ત્યારે લૂંટફાટ, ધાડ, સીમચોરી કરવામાં નાનપ ન હતી. રાજ્ય સ્થિર કરવા, સેનાને નભાવવા અને રાજ્યની નાનીમોટી આર્થિક જરૂરત પૂરી કરવા વાઘેલાઓ અને રાઠોરો લૂંટફાટ કરતા. સમૃદ્ધનું ધન હરતા, પ્રજા પાસે વેઠ કરાવતા. એમાં ભીલ સેનાના સરદારોની જ મુખ્ય મદદ રાજાને મળતી. તેમાનું આણું કરવા માટે પાબૂજી અને ચાંદાભીલે વણઝાર લૂંટી. ખીંચીની માતાને તો તેમાને નીચું જોવડાવવાનું મોટું કારણ મળી ગયું ! એણે તેમાને કહ્યું : ‘તારા બાપના રાજ્યમાં તો ધનની કોઈ અછત નથી. એ ધન પર કંઈ તારા ભાઈ પાબૂજીનો એકલાનો અધિકાર નથી, તારો પણ છે. રોજ ભંડારમાંથી આણું કરવાને બદલે તો તારો ભાઈ વણઝાર લૂંટી લાવ્યો !’

તેમા ભોળવાઈ ગઈ.

એને લાગ્યું કે, પાબૂજી જ એકલો રાજભંડાર ભોગવે છે. પોતાના ભાગનું પણ આપતો નથી. જીંદરાવ ખીંચીને તો હવે તેમાને એના ભાઈ વિરુદ્ધ ઉશ્કેરવાનું કારણ મળી ગયું. એમાં બીજી ઘટના બની. અવળચંદ ! જીંદરાવે રાઠોરના વનમાં ભૂંડનો શિકાર કર્યો. ફરી જૂનાં વેર તાજાં થયાં ને રાઠોરો તથા ખીંચીઓ વચ્ચે ધીંગાણું થયું. ચાંદોજીએ જીંદરાવ ખીંચીને ભાલે ચડાવ્યો, પરંતુ પાબૂજીએ બચાવ્યો !

આ ઘટનાથી જીંદરાવે તેમાને ફરી ઉશ્કેરી; ‘તારો ભાઈ તો તારા રાજના ભૂંડ ખાતર મારો જીવ લેવા તૈયાર થઈ ગયો હતો !’ તેમા બોલી ; ‘એ વન ને ભૂંડ કંઈ પાબૂજીનાં જ નથી, મારાં પણ છે !’

આ ઘટના પછી તેમા પતિને પાબૂજી વિરુદ્ધ સાથ દેવા લાગી. એમાં બીજી ઘટનાએ બળતામાં તેલ ઉમેર્યું. દેવલ ચારણની પાસે દેવાંશી કાળવી ઘોડી હતી. ખીંચીએ તે હાથ કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ચતુર દેવલે દિવ્ય ઘોડીને દુષ્ટના હાથમાં જતી બચાવવા માટે પાબૂજીને ભેટ આપી. આથી ખીંચી વધારે ગુસ્સે થયો. તેમાને પણ પોતાના ભાઈ પ્રત્યે અણગમો થયો અને રાઠોરોને પાઠ ભણાવવાની જીંદરાવ ખીંચીની યોજનાને ટેકો આપવા તૈયાર થઈ.

પાબૂજી લગ્ન કરવા ગયો અને જીંદરાવ ખીંચીને જોઈતી તક મળી ગઈ. રાઠોરોની ગેરહાજરીમાં ખીંચીએ રાઠોરનું ગામ ભાગ્યું અને દેવલ ચારણના ધણને વાળ્યું. આ સમાચાર મળતા જ મીંઢળબંધો પાબૂજી રાઠોર દેવલ ચારણના ધણને બચાવવા ગયો અને યુદ્ધમાં ખપી ગયો ! ખીંચીઓએ રાઠોરોને સુલેહના બહાને ભોળવીને બોલાવ્યા અને દારૂ પાઈને રાઠોરની કતલ કરી.

પાબૂજીના એક માત્ર વારસ જેદરાને દેવલ ચારણે છૂપી રીતે ઉછેર્યો અને વંશનાશના વેરને વાળવા માટે તૈયાર કર્યો. દેવલ ચારણ દ્વારા જેદરાએ જાણ્યું કે, પોતાના પિતૃવંશનું નિકંદન નીકળી ગયું, એમાં પોતાના સગા ફૂવા જીંદરાવ ખીંચીનો હાથ છે તેમ એની સગી ફોઈ તેમાનો પણ એમાં સાથ છે. આથી વેશપલટો કરીને જેદરો ખીંચીના રાજ્યમાં આવ્યો. તેમા તો તરત જ પોતાના ભાઈના દીકરાને ઓળખી ગઈ અને જણાવ્યું : ‘તારા ફૂવાએ જ મને ઉશ્કેરી-ઉશ્કેરીને એના પાપમાં ભાગીદારી બનાવી અને દગાથી એણે મારા જ પિયરનો નાશ કર્યો છે. એ વેર હું ગળી શકી નથી. ખીંચીઓના પાપનો ઘડો ભરાઈ ગયો છે ! એમણે જે રીતે ભોળા, વીરને દિલસોજી રાઠોરોનું નિકંદન કાઢ્યું એ જ રીત અજમાવીને તું ખીંચીઓનો નાશ કર ને મારા પિયરની ઉજ્જડવાડીને ફરી લીલી કર !’

ખીંચી જેવા દુષ્ટ પતિને કેવી રીતે ભોળવી વશ કરવો તે તેમા જાણતી હતી. એણે ખીંચીઓની જ ચાલ અજમાવી. મશકના એક ખાનામાં દારુ ભર્યો અને બીજા ખાનામાં સાદુ પાણી ભર્યું. એણે પતિને કહેવડાવ્યું; ‘મારા પિયરનું તો તમે નિકંદન કાઢ્યું પણ છેલ્લો વંશજ જેદરો તમારા આશ્રયે આવ્યો છે !’

જીંદરાજ ખીંચી ભોળવાયો. પોતાના સાળાના પુત્રને આવકારવા ખીંચી સરદારોને બોલાવ્યા. જેદરાએ ખીંચીઓને દારૂ પાઈ મદહોશ કર્યા અને બધાનો અંતે વધ કરી વંશવેર લીધું !

- એક સ્ત્રીની ભાવનાનો પતિ જ જ્યારે ગેરઉપયોગ કરે છે ત્યારે એનું પરિણામ કેવું ભયંકર આવે છે તે અહીં તેમાના પાત્રમાં જોવા મળે છે.

પિતાના શત્રુને પણ પ્રેમ કરી અનુમૃત્યુને વરનારી નારીની એક ઘટના ગત સદીમાં પણ નોંધાઈ છે. એ જોઈએ.

**ગેલાલેંગ કથા :**

પિતાની સામે યુદ્ધ ચડેલા અને વીરગતિ પામેલા વાગડ કડાણાના



ગલાલસિંહની પાછળ ફૂલકુંવર કુંવારી સતી થઈ અને એણે ઈ. ૧૭૦૩-૧૭૩૦ના અઢારમી સદીના આરંભના ગાળામાં અમરા નામના જોગી પાસે ‘ગલાલેંગ’ નામની સત્તર ખંડમાં વહેંચાયેલી ૧૩૩૦ કડીની વીરગાથાની રચના કરાવી. આ વીરગાથા રાજસ્થાનના ભરથરી જોગી ‘કેન્દ્રો’ નામના રાવણહથ્થા જેવા તંતુવાદ્ય પર ગાય છે. આ કુંવારી સતીનું થાનક પણ વાગડમાં આવેલું છે, પરંતુ ઈતિહાસમાં આ ઘટનાનો કોઈ નિર્દેશ મળતો નથી. જોકે એ કારણે આ ઘટના ઐતિહાસિક નથી જ, એવું માની લઈ ન શકાય. તો બીજી બાજુ લિખિતરૂપની કૃતિ મળે છે અને ખાસ થાનકને આ સતીની દેહરી તરીકે ઓળખાવવામાં આવે છે, એથી એની ઐતિહાસિકતા આપોઆપ સિદ્ધ પણ થતી નથી, એનું કારણ એ છે કે કેવળ કલ્પનાશ્રયી હોય કે બહુધા જેના પર કલ્પનાના રંગ ચડ્યા હોય એવી કથાની સતીની દેહરી કે થાનક પછીથી પણ અસ્તિત્વમાં આવ્યાં હોય છે. રોણકની દેહરી વઢવાણના ભોગાવા નદીના કાંઠે દર્શાવાય છે. તેમ છતાં રાણક કે જશમાની ઘટના ઐતિહાસિક હોવાનું પુરવાર થતું નથી. આમ, કંઠપ્રવાહના ઈતિહાસ, દંતકથા, સતીનાં થાનક વગેરેને આધારે ઈતિહાસને તારવવાનું બહુ મુશ્કેલ છે. આમ છતાં, વીરતાના એક આદર્શ તરીકે પ્રેમના બૃહદમાનસમાં આવી વ્યક્તિઓનું જે ભાવનાયુક્ત ચિત્ર અંકિત થયેલું હોય છે, એ કંઈ નગણ્ય કે અલ્પમૂલ્ય નથી જ. વીરતાની પૂજાનો આદર્શ પ્રજાના માનસમાં કેટલો ઊંડો હોય છે, તે આવી કથામાં જોવા મળે છે.

આનું કથાનક અત્યંત સંક્ષેપમાં આ પ્રમાણે છે : ‘વીર વિનોદ’ નામના મેવાડના ઈતિહાસમાં વિગતો મળે છે તે પ્રમાણે ઈ. ૧૬૮૧માં મહારાણા જયસિંહના સમયમાં અલિગઢનો પૂરબિયો ચૌહાણ રાજપૂત લાલસિંહનો પુત્ર ગુલાલસિંહ આજીવિકા માટે ચિતોડમાં આવ્યો અને તેનાં વીરતા અને કાર્યકુશળતા જોઈને મહારાણાએ મગરા નામના જિલ્લામાં બમ્બોરા, સિયાડ, માંડકલ અને બોરી નામના ચાર ગામની જાગીર મેળવી.

મહારાવે નાહર મગરના ડુંગરામાં એક ખૂંખાર જંગલી સૂવરનો પીછો કર્યો, પરંતુ તે વનમાં છુપાઈ ગયો. ગુલાલસિંહે આ સૂવરનો શિકાર કર્યો અને મિજબાની યોજી તે ગોટમાં મહારાણાને નિમંત્રણ આપ્યું. આ વાગડ પ્રદેશમાં પીવાના પાણીની અછત હતી એટલે મહારાણાએ ગોમતી અને ઝાંબેરી નદીઓનાં પાણી રોકીને ઢેબર નાકામાં તળાવ કરવાનું કાર્ય ગુલાલસિંહને સોંપ્યું. કામ થવા લાગ્યું, પરંતુ સરકારી તંબુ રીપેર કરવા માટે ગુલાલસિંહે ઓડ અને સલાટો પાસે

એક એક રૂપિયાનું ઉઘરાણું કરવાનું નક્કી કર્યું, પરંતુ તેનો વિરોધ થયો અને મહારાણાની સામે ફરિયાદ થતાં ગુલાલસિંહની સત્તા છીનવી લેવાઈ અને તેને દેશનિકાલ કરવામાં આવ્યો. ગુલાલસિંહની બહેનનાં લગ્ન ડુંગરપુરના રાવલ રામસિંહ સાથે થયાં હતાં. આથી ગુલાલસિંહ એમના આશ્રયે ગયો. ડુંગરપુરના રાવલોને કડાણાના પરમારો સાથે દુશ્મનાવટ હતી. કડાણાનો પરમાર કાળુ દુષ્ટ અને લૂંટફાટ કરનારો હતો. એને ફૂલકુંવર નામની સુંદર કન્યા હતી. ગુલાલસિંહે પચલાસાના જીવા પટેલની જમીન છીનવી લીધી અને ત્યાં મેડી ચણાવી. આથી જીવા પટેલે ગામ છોડ્યું અને કડાણાના પરમારોને રાવલ અને ચૌહાણ વિરુદ્ધ ઉશ્કેર્યા.

ડુંગરપુરમાં ગલાલસિંહને બનેવીનો આશ્રય અને જાગીર મળ્યા. કડાણામાં આવેલા જીવા પટેલે કડાણાના રાજવી કાળુસિંહ અને તેના દીકરા અનૂપસિંહને કુવા ગામ ભાંગવા ઉશ્કેર્યા. દશેરાની સવારીમાં ડુંગરપુરના બધા જ જાગીરદારો રોકાયેલા હતા ત્યારે કડાણાના પરમારોએ કુંવા ગામ ભાંગ્યું. આ સમાચાર ડુંગરપુર પહોંચ્યા.ગલાલસિંહે કડાણાના પરમારોને પાઠ ભણાવવાનું બીડું ઝડપ્યું અને પચલાસા પહોંચ્યો. પરંતુ આ જ સમયે ઝાલા અને મેણતણીનાં માગાં આવ્યાં. એ સ્વીકારી ગલાલસિંહ લગ્ન કરવા તૈયાર થયો અને કડાણા પર ચડવાની મહેતલ માગી. રાવળજીએ લગ્ન માટે નવ દિવસની મહેતલ માગી અને દશમા દિવસે યુદ્ધમાં સામેલ થવા જણાવ્યું. મહેતલ પ્રમાણે ગલાલસિંહ હાજર ન થતાં મહારાવે ગલાલસિંહની જાગીર રદ કરી અને કડાણા પર વાર કરવા સેનાને તૈયાર કરી.

ગલાલસિંહ તરત જ પ્રયાણ કરી ચૂકેલી સેનાની પાછળ ગયો. સેના તો આગળ નીકળી ચૂકી હતી. ગલાલસિંહ પોતાના કાકાના દીકરા વખતસિંહના સાથમાં એકલે હાથે કડાણા પર વિજય પ્રાપ્ત કરવાનો નિશ્ચય કર્યો અને પ્રયાણ કરી ચૂકેલી સેનાની આગળ નીકળી ગયો. મહારાવલની ફોજે ઓબટી ડેચાં થઈ નાગરિયા તળાવે મુકામ કર્યો. બીજા લોકોએ મહારાવલના કાનભંભેરતા એમણે ગુલાલસિંહની જાગીર જપ્ત કરી અને દેશવટાનો હુકમ કર્યો. લગ્નની સુહાગરાત તજીને ગલાલેંગ તો કડાણા જવા ઊપડી ચૂક્યો હતો. ગુલાલસિંહ અને વખતસિંહ મહિસાગર થઈ કડાણા પહોંચ્યા. હજુ મહારાવલની સેના અહીં પહોંચી ન હતી. ગલાલસિંહ અમરગર બાવાના મઠમાં પ્રવેશ્યો અને મઠ લૂંટ્યો. બંને કડાણાના કોટ પાસે પહોંચ્યા. કડાણામાં આની જાણ થતાં ભાગદોડ મચી ગઈ. ગલાલસિંહે ગામમાં આગ ચાંપી. બંદૂકોના ભડાકા થવા લાગ્યા. વખતસિંહ મરણતોલ ઘવાયો.



ગલાલસિંહ પણ ગોળીઓથી ઘવાયો હતો. કાળુસિંહ અને તેના દીકરાએ કિલ્લો બંધ કર્યો અને બંને ભોંયરામાં છુપાયા. ગલાલસિંહે પોતાના ઘોડાને અડી મારી કિલ્લો કુદાવ્યો. ઘોડો કોટ તો કૂદી ગયો પરંતુ એનું મૃત્યું થયું.

કાળુસિંહ અને અનૂપસિંહ મહેલના ભોંયરામાં છુપાયા હતા. અનેક ઘામાંથી ટપકતા લોહીથી ભયંકર લાગતો ગલાલસિંહ મહેલમાં પહોંચ્યો. કાળુસિંહની પુત્રી ફૂલકુંવર આ વીર પર વારી ગઈ એણે પોતાના કાયર પિતા અને ભાઈને આ વીરનો સામનો કરવા લલકાર્યા. કાળુસિંહે આડશમાં છુપાઈને ગલાલસિંહની છાતીમાં ગોળી ધરબી. ગલાલસિંહ નીચે પડી તરફડ્યો. આ જોતાં ફૂલકુંવર વીફરી. તે બહાર આવી અને મરવા પડેલા વીરનું મસ્તક પોતાના ખોળામાં લીધું અને તેનું ખાંડુ પકડી લગ્નના પાંચ ફેરા ફરી. મરણાસન્ન ગલાલસિંહે એને સમજાવી પણ ફૂલકુંવર બોલી :

'તું મારો ભવભવનો ભરથાર છે.'

ગલાલસિંહને મરેલો જાણીને બાપ-બેટો બહાર આવ્યા. એ સાથે જ ગલાલસિંહે ખડગથી બંનેનાં માથાં ઊતાર્યાં અને લાંબી સેડ તાણી.

મહારાવલ સેના સાથે કડાણા પહોંચ્યા અને એમણે એકલવીરને માન સાથે અગ્નિદાહ આપ્યો. ફૂલકુંવર પણ એની પાછળ સતી થઈ. મહારાવલે અમરજોગી પાસે આ ઘટના પર ગલાલેંગ નામની વીરગાથાની રચના કરાવી.

અમરજોગીની આ કથા પરથી પન્નાલાલ પટેલે નવલકથા લખી છે.

**જાતિગત શ્રદ્ધા અને કથારૂપાન્તર :**

આદિવાસી મહાભારથની કથામાં અનેક પાત્રો, એમના જીવનની ઘટનાઓ વગેરે મૂળ મહાભારતથી અનેક રીતે જુદાં પડે છે. આપણું લિખિતસ્રોતનું જે મૂળ મહાભારત છે તેમાં કૌરવો એકસો છે, આદિવાસી કથામાં અઠ્યોતેર ! આદિવાસી કથામાં કુંતા અને ગાંધારી બન્ને બહેનો છે, એક જ સવાશક્તિના હાડકાં અને માંસથી જન્મેલી-બનેલી છે. અહીં દ્યૂત અને વસ્ત્રાહરણ નથી. દ્રૌપદીનો સ્વયંવર પણ નથી. કુંતા અને દ્રૌપદી બન્ને ડાકણની દેવીઓ છે ! અહીં અભિમન્યુનો વધ શ્રીકૃષ્ણના કારણે થાય છે. અહીં યુદ્ધ પણ અઢાર દિવસનું નથી. શાથી એક જ કથામાં આટલા મોટા અને આટલા બધા ફેરફાર થયા હશે, એ પ્રશ્ન વિચારવા જેવો છે. અભ્યાસ માટે ખાસ તો સંસ્કૃત અને વિવિધ ધર્મપંથના ઇતિહાસની દૃષ્ટિએ

આ વિચારવા જેવો અને રસપ્રદ છે.

જાતિ અને ધર્મ બદલાતાં જ ભારતની રામચરિત, કૃષ્ણચરિત અને પાંડવકથા – આ ત્રણે મહાકથાઓનાં કથાનકો બદલાયાં છે. આ ત્રણેનાં જે મુખ્ય અને બહુમતીને માન્ય, સ્વીકાર્ય જે કથા છે તે બૌદ્ધ, જૈન અને આદિવાસી એ ત્રણે સ્રોતોમાં બદલાય છે. આ ત્રણેના ધર્મના સિદ્ધાંતો અને લોકમાન્યતા-ફોકબિલીફ-જુદાં છે અને એથી જ આ ત્રણે સ્રોતમાં આ ત્રણ મહાકથાઓમાં કેટલાંક રૂપાન્તર થયાં છે. જાતકકથામાં દશરથજાતકમાં જે બૌદ્ધ ધર્મને માન્ય એવી રામકથા છે કે જૈનધર્મના પદ્મચરિતમાં રામકથા છે તે ઘણે અંશે ભિન્ન છે. રૂપાન્તરિત છે. આવું જ આદિવાસી ભાષાઓમાં જોવા મળે છે. ખેડબ્રહ્માના ડુંગરી ભીલોની રામકથા અને મહાભારતકથા જુદી છે, એ રીતે ડાંગ વિસ્તારના કુંકણાની જે રામકથા છે તે પણ જુદી છે. આનું કારણ શું ?

આના પર પૂર્ણ તાટસ્થ્યથી વિચાર કરીએ તો કેટલાંક કારણો સ્પષ્ટ થશે. એ આ પ્રમાણે છે. એમાં પહેલું જ કારણ એ છે કે આ ક્ષેત્રોની ધર્મ વિષયક માન્યતામાં કેટલોક ભેદ છે. જેનો સમાવેશ આપણે ભારીતય ધર્મ કે હિંદુ ધર્મમાં કરીએ છીએ એમાં સનાતન ધર્મ-વેદધર્મ-બ્રાહ્મણધર્મ તરીકે જેને ઓળખીએ છીએ એ કરતાં બૌદ્ધમત અને જૈનમતમાં કેટલોક સૂક્ષ્મ, મહત્ત્વનો અને પાયાનો ભેદ છે. બૌદ્ધ અને જૈન કર્મસિદ્ધાંતને જ સ્વીકારે છે, અવતારવાદ માનતો નથી. આદિવાસીઓ દેવ-દેવીઓ, એના વિધિ-વિધાનો-કેટલાક અવતારો વગેરેમાં માને છે. તેમ છતાં, એમની મૂળભૂત કેટલીક માન્યતાઓ જુદી છે, એની જ અસર કથાઓ પર પણ વ્યાપક રૂપમાં પડી છે. બીજા શબ્દોમાં કહીએ તો પ્રાચીનતમ અને આદિમમૂળની જે કંઈ ધર્મવિષયક કે અન્ય માન્યતાઓ એટલે કે ફોક-બિલીફ હોય, એની મૂળભૂત વિભાવના હોય, એમાંથી જ જન્મેલાં કલ્પનોને મૂર્ત કરતી કથાઓ, વિધિવિધાનો હોય તેનો ક્યારેય પૂર્ણરૂપમાં લય થતો નથી પરંતુ એ બધું જ નવા ધર્મ, એની આસ્થા વગેરેમાં રૂપાન્તરિત થઈને આવે છે. એ જ રીતે કેટલીક લોકકથાઓ પોતે જ એવી ચમત્કારપૂર્ણ હોય ને લોકમાનસ એને એક વખત બની ચૂકેલી સાચી-વાસ્તવિક ઘટનાના રૂપમાં સ્વીકારતાં હોય ત્યારે તેવી લોકકથાઓ પણ ક્યારેય વિસ્મૃત બનીને લુપ્ત થતી નથી પરંતુ સમયાનુરૂપ રૂપાન્તરણ પામે છે.

આ સિદ્ધાંતને દૃષ્ટિમાં રાખીને આદિવાસી સ્રોતમાં થયેલાં મહાભારતનાં રૂપાન્તરો વિચારીશું તો તરત જ ધ્યાનમાં આવશે કે ડાકણ વિશેના જે કંઈ રૂઢ ખયાલો હતા, એ વિશેનાં કલ્પનો અને કથાનકો હતાં એ જ રૂપાન્તરણ પામ્યાં છે. આદિમ



સંસ્કૃતિ પછીના તબક્કે વિશ્વની બધી જ જાતિઓને લાગ્યું છે કે જે કંઈ વિવાદો થાય છે, એમાંથી યુદ્ધો ફાટીને અંતે વંશનાશમાં પરિણમે છે તેનાં મૂળમાં તો એક સ્ત્રી માટેનો જ વિવાદ હોય છે. આથી જ જર, જમીન, જોરુને કજિયાનાં મૂળ માન્યાં. વળી, કોઈ એક સ્ત્રીના કારણે વંશનાશ થાય એમાં પણ ઈશ્વરની જ કોઈ ગૂઢ લીલા કામ કરતી હોય છે. માનવજાતિનાં પાપનાં કર્મોનો ઘડો છલકાઈ જતો લાગે છે ત્યારે ઈશ્વર જ કોઈ એવી સ્ત્રીનું સર્જન કરે છે જે તેમના આંતરયુદ્ધનું મૂળભૂત કારણ બને અને વંશનો નાશ થાય. મોટા ભાગના બધાં જ લોક મહાકાવ્યો અને એમાંથી જન્મેલા-સિદ્ધ થયેલાં વિશ્વનાં મહાકાવ્યમાં આ વાત જ કેન્દ્રમાં રાખવામાં આવી છે.

આદિમ માનસે આ વિશ્વનું સર્જન, પોષણ, સંવર્ધન અને વિનાશના મૂળ કારણરૂપે જ ઈશ્વરને માન્યો છે. મોટાભાગની બધી ટ્રાઈબ્સની દૃષ્ટિએ દેવી-દેવતાઓ ક્રૂર પણ છે. માણસ જો કંઈક પણ ભૂલ કરે કે સંબંધિત દેવ-દેવી નાખુશ થાય એવું આચરણ કરે છે ત્યારે એ તત્ત્વ ક્રોધ પામે છે અને સર્વનો વિનાશ કરે છે. આ આદિમકાળની માન્યતા છે. આવી માન્યતા વિશ્વની લગભગ બધી જ ટ્રાઈબ્સમાં પ્રચલિત બની એનું પણ મૂળભૂત કારણ એ છે કે આદિમ કાળે મનુષ્યે કુદરતના જ કોપનો ધરતીકંપ, જ્વાળામુખી, વાવાઝોડાં, અતિવૃષ્ટિ, દુષ્કાળ વગેરે અનુભવ કર્યા અને ધારણા બાંધી કે એમને સર્જનારું અને પોષનારું તત્ત્વ જ એવું છે કે એ જો રૂઠે તો બધું જ ખેદાન-મેદાન કરી નાખે છે. હતું ન હતું કરી દે છે. જળ હોય ત્યાં સ્થળ કરી દે છે. વિશાળ ભૂમિના ભાગ કરી નાખે છે. પર્વતની દિશાઓ અને નદીઓનાં વહેણને બદલાવી નાખે છે. કોઈ અકળ લોક હજારો જીવોને મારી નાખે છે. આવું કોણ કરે છે, શા માટે કરે છે, એના પર બર્બર અવસ્થા પછી સેવેજ અવસ્થામાં માણસે વિચાર કર્યો અને સભ્યતા-સંસ્કૃતિના આરંભમાં આ વિચાર દૃઢ થયો ને કથા, પુરાકથાના રૂપમાં મૂર્ત થયો. વેદની અનેક પુરાકથાઓ, મિસર અને ગ્રીકની પુરાકથાઓ વગેરેમાં એ જોઈ શકાય છે.

વિશ્વની કેટલીક જાતિઓ જેમને કુદરતની અનિશ્ચિતતાનો અતિશય ઠંડી કે ગરમીનો અનુભવ પ્રમાણમાં ઓછો હતો અને પશુઓને પાળીને જીવનની કેટલીક નિશ્ચિતતા ધરાવવાનું નસીબ ધરાવતી હતી એવી જાતિઓની સભ્યતાનો, સંસ્કૃતિનો, તર્કશક્તિનો, કુનેહ-કલબનો વિશેષ વિકાસ થયો. આવી જાતિમાં મુખ્ય તીક્ષ્ણ નાસિકા અને સ્વચ્છ વર્ણ ધરાવતી આર્ય જાતિનો સમાવેશ થાય છે. આ આર્યો જ પશુપાલક હોવાને કારણે ચાર લાખ વર્ષ પૂર્વે જ મધ્ય એશિયામાંથી નીચે ઊતરી આવ્યા, ઈરાન, અફઘાનિસ્તાન, ભારત, ગ્રીસ વગેરેમાં વસ્યા અને

વર્ચસ્વી બન્યા. આ પ્રજા પાસે કોઈ વ્યક્તિસ્થાપિત ધર્મ ન હતો, પરંતુ નિશ્ચિત ને ઉદાર એવી દૃષ્ટિ હતી. આવો વર્ગ ભારતમાં આવ્યો અને આદિવાસીઓ પર વર્ચસ્વ ધરાવતો થયો અને કાળક્રમે ભારતીય આર્ય ધર્મનું નવું જ સ્વરૂપ બંધાયું. આર્યોએ એમને એમ ન કહ્યું કે તમે જે દેવ-દેવીમાં માનો છો એ ખોટું છે અને તે ક્રૂર નથી જ એવું પણ ન કહ્યું, પરંતુ એમની ધાર્મિક માન્યતાને પરિષ્કૃત કરીને જણાવ્યું કે દેવ-દેવીઓ તમે માનો છો તેમ ઉગ્ર છે, ક્રૂર છે પરંતુ તે એમને ભજનાર માટે નહીં, અન્ય માટે ક્રૂર છે. ઈશ્વરનું રૂપ તો શિવ છે. આનું દૃષ્ટાંત ઋગ્વેદ યજુર્વેદમાં આવતું શતરુદ્રના મંત્રનું છે. વિવિધ જાતિઓ જેમને પણ માને છે તે બધી દેવીઓ સતી-પાર્વતીનાં જ રૂપ છે એવી વિભાવના સતી કથા અને શક્તિપીઠની વ્યુત્પત્તિની પુરાકથામાં છે. આની ચર્ચા દૃષ્ટાંત સાથે મારા 'વિશ્વના પ્રાચીન ધર્મો' તથા 'હિંદુ ધર્મના આધારસ્તંભો' નામના પુસ્તકમાં છે, તેથી અહીં એની વધારે વિગતમાં ન ઊતરીએ.

એક ધર્મની મૂળભૂત કથાનાં રૂપાન્તરનું બીજું તાત્ત્વિક કારણ પૂર્વે દેવરૂપનું સ્વીકૃત નવ ધર્મના દેવરૂપમાં થતું રૂપાન્તરણ છે. એની વિગત પણ પુસ્તકોમાં છે. શિવપરિવારમાં કાર્તિકેય અને ગણેશ મુખ્ય છે. આ બે દેવમાં વિવિધ જાતિઓના પૂર્વ પ્રચલિત દેવનું રૂપાન્તરણ થયું ને હવે એ જાતિની પરંપરામાં પણ હવે એ દેવો કાર્તિકેયનાં અને ગણેશનાં રૂપમાં પૂજાતા થયાં. પરંતુ એ સાથે જ તે તે જાતિઓની તે દેવના મૂળરૂપની જે કથાઓ છે તે પણ હવે આ પ્રક્રિયાને કારણે કાર્તિકેય અને ગણેશની સાથે રૂપાન્તરિત થઈને જોડાઈ. વિવિધ દેવ-દેવીઓ વિશે પુરાણોમાં જે કથાઓ મળે છે તેનાથી કેટલાક અંશે જુદી જ નવી નવી કથાઓ આ દેવ-દેવીઓ વિશે મળે છે, તેનું આ કારણ છે.

છેલ્લે, બૌદ્ધ અને જૈન સ્રોતમાં રામકથા, કૃષ્ણકથા અને પાંડવકથામાં અનેક રૂપાન્તરો મળે છે તે ધર્મસિદ્ધાંત, માન્યતા અને બીજા કેટલાક પ્રગટ-અપ્રગટ હેતુઓના કારણે છે. આથી આ સ્રોતોની, એમાં પણ વિશેષ તો જૈન સ્રોતની કથાઓની પણ કેટલીક અસર આદિવાસી કથાઓ પર પડી છે. જૈન સાધુઓના વિહાર માર્ગે ગુજરાત-રાજસ્થાન-મધ્યપ્રદેશને જોડે છે અને તે આદિવાસી વિસ્તારમાંથી પસાર થાય છે. જૈન સાધુઓ આ વિસ્તારોમાં પણ વિશ્રામ અને રાતવાસો કરતા. આથી એમણે કહેલી કથાઓની અસર આદિવાસીઓના કંઠપ્રવાહ પર પડી.

આમ, જાતિગત મનોવિજ્ઞાન અને જાતિગત ઇતિહાસ વગેરેની જાણકારી લોકવિદ્યાકીય અભ્યાસમાં વિશેષ ઉપયોગી છે.

૬

# ગુજરાતની લોક-સંસ્કૃતિ.....

**ડૉ. મનોજ રાવલ**

સામાન્ય રીતે આજે જેને ગુજરાત તરીકે ઓળખવામાં આવે છે તે એક રાજ્યની સીમા સંદર્ભે ઓળખ છે. પરન્તુ સંસ્કૃતિના અનુસંધાને ગુજરાતની વાત કરીએ તો પરિપ્રેક્ષ્ય વિશાળ બને છે. પ્રથમ તો ગુજરાતની આજની સંસ્થા કચ્છના અખાત અને ખંભાતની વચ્ચેનો કે આસપાસના ભૂ-ભાગનો પટ્ટો જે ઉત્તર દિશા તરફ આગળ વધતો જાય તે ચારસો-પાંચસો કિ.મી.નો વિસ્તાર ગુજરાત તરીકે ઓળખાય છે. આજના આ ગુજરાતની લોક-સંસ્કૃતિ વિશે વાત કરતા પહેલા ૧૬૦૦ કિ.મી.નો દરિયાકાંઠામાં વાપી-વલસાડથી લઈ મુદ્રાના લોકજીવનને અલગ ઝાંય છે. તે યાદ રાખવું પડે. ઉપરાંત- કાઠિયાવાડ-એકવેળાનું સૌરાષ્ટ્ર-રાજ્ય, કચ્છ, તથા આનર્ત, ભૃગુ-કચ્છના પ્રજાજીવનને, તેની પરંપરાને સ્મરણમાં રાખવી ઘટે.

લોકનો સોદો અર્થ થાય છે સમાન રીતે - પરિસ્થિતિને જોનારા, જાણનારા, માણનારાનો મનુષ્ય સમૂહ તે લોક. ડૉ. હસુભાઈ યાજ્ઞિક તથા જોરાવર સિંહજાદવ અને શ્રી થોમસ પરમાર દ્વારા આ અંગે વાચન-સામગ્રી પ્રાપ્ત થાય છે. તેમાં સંસ્કૃતિ ચિંતન પણ સમાવેશ પામેલ છે.

સંસ્કૃતિ શબ્દ એક વિશાળ અર્થચ્છાયા ધરાવતી સંજ્ઞા છે. આ વિશ્વમાં અનેક સંસ્કૃતિનો પ્રાદુર્ભાવ થયો છે. તેમાંથી કેટલીયે વિકાસપામી, વિનાશ પામી, બદલાવ પામી પરન્તુ જે કેટલીક બાબતો જળવાય રહીને સાંસ્કૃતિક લોક-પરંપરા અનુસંધાને જોવાનો અહીં ઉપક્રમ છે. પ્રથમ તો સિંધુ તથા સરસ્વતી નદી કિનારા પર વિકાસ પામેલી સંસ્કૃતિ ગુજરાતની ઉપર નિકટવર્તી પણાને હિસાબે અસર દર્શાવે તે સ્વાભાવિક છે. તેમાં ખાસ કરી કૃષિ-સંસ્કૃતિ તથા પશુપાલકો ગણાતી પ્રજાની સંસ્કૃતિનો પ્રભાવ નોંધપાત્ર છે. આના પરિણામ સ્વરૂપ માતૃસતાક સમાજ વ્યવસ્થા તથા પિતૃસતાક સમાજ વ્યવસ્થાની અંશો દૃષ્ટિ ગોચર થાય છે.

ગુજરાત અનેક જાતિ, જ્ઞાતિ, પેટાજાતી, વર્ણથી ભાતીગળ દિશે છે. તેમાં ખાસ ભાગ ભજવે છે કુળ અને વંશ. કુળ પરંપરા માતૃસતાક છે. વંશપરંપરા પિતૃસતાક છે. દા.ત. નવકુળ નાગ, તો નાગ જાતિ એ માતૃસતાક હતી. એમ દા.ત. રઘુવંશી-ચંદ્રવંશી એ પિતૃપ્રધાન સમાજ વ્યવસ્થા છે. આ બાબતોએ આપણી સંસ્કૃતિ અને લોક પર ધાર્યા કરતા વિશેષ પ્રભાવ પાડ્યો છે. તેમાં પ્રથમ છે લગ્ન વ્યવસ્થા, લોક-સંસ્કૃતિમાં લગ્નપ્રથાનો સંસ્કાર પોતાની વિવિધતાથી ઉત્સવ કક્ષાએ છે તેના કારણો તપાસવા જેવા છે.

ઋતુ-ચક્રની અસર જીવનચક્ર પર પૂર્વેના સમયમાં વિશેષ હતા. તેવું જ પ્રકૃતિના તત્ત્વો આધારિત દેવી-દેવતાના જગતથી ધર્મનું એક અસરકારક પરિબળ હતું. ગુજરાતની લોક-સંસ્કૃતિમાં વિવિધ ધર્મોના પ્રભાવ-વિવિધ પ્રજા સમૂહના સ્થળાંતરો-આવાગમનથી જરા વિશેષ ઝીલાયા.

માતૃસત્તાક વ્યવસ્થાના ભાગરૂપ પાટ-ઉપાસના, રામદેવપીર, નાથ-સંપ્રદાય, ભક્તિ આંદોલનના ભાગરૂપ ભાગવત-ધર્મ, શક્તિ-ઉપાસના, ઇસ્લામના વિવિધ ધારા, ધર્માન્તરિતપ્રજા, આ બધાને ગુજરાતની લોક-સંસ્કૃતિની આબોહવામાં સ્થાન હતું. પરન્તુ હવેની લોક-સંસ્કૃતિમાં ધર્મ તત્ત્વ-સંપ્રદાયમાં પરિણમ્યું છે. રજનીશ, ગાયત્રી, સ્વાધ્યાય, પ્રજાપિતા બ્રહ્મકુમારી, સ્વામિનારાયણ, પ્રણામી, સાંઈબાબા, રવિ-ભાણ સંપ્રદાય, પુષ્ટિ, ઉપરાંત - અવતારવાદની પરંપરામાં રામ-કૃષ્ણ, શિવ, જેવા દેવો ઉપરાંત હાલમાં ગણેશ તથા નવરાત્રિમાં દેવીના ગોડ-માર્કેટિંગનો પરિવેશ જોવા મળે છે. યોગ અને મેડિટેશન તથા આચાર્ય-ગુરૂ પરંપરા કબીર ઉપરાંત બહારમાં ઉભા છે. આ બધાના ઉત્સવ પણ છે. લોક-ધર્મ અને ધર્મલોકનું વિશાળ જગત છે.

ગુજરાતની લોક-સંસ્કૃતિમાં ધર્મ ઉપરાંત ખોરાક - પહેરવેશ, નૃત્યો, કલા અભિગમમાં ખાસ કરી પોપ્યુલર આર્ટનો ઉલ્લેખ કરવો પડે.

રાજસત્તામાં મધ્યકાલમાં કેસરિયા કરવા વાળો એક વર્ગ હતો. આ શબ્દ મૂળમાં તો કેસરી પુત્ર હનુમાનની વિભાવના વ્યક્ત કરે છે. પરાર્થે જીવન સતના સાથી. સત માટે સમર્પણ, કેસરી વસ્ત્રો, ઉપરાંત સફેદ વસ્ત્ર (જૈન) ભગવાવસ્ત્ર, જુદા-જુદા સંદર્ભમાં હતા. પરન્તુ ઇસ્લામના આક્રમણ અને શાસનના પ્રભાવથી

જેમણે ‘જામા’ પહેરવાનું સ્વીકાર્યું તે ‘જામ’ કહેવાયા. તથા ધર્મ પરિવર્તનમાં જેમણે ‘ઈજાર’ સ્વીકારી નહીં તે ‘નિજારી’ રહ્યા. ધર્મ વિધાનમાં કાંચળી ત્યાગ તે કાંચળિયા. આમ તો મોટે ભાગે આજકાલ પશ્ચિમનો પહેરવેશ ચલણ ધરાવે છે. તેમાં આગવી ઓળખ લુપ્ત થતી જાય છે. ૧૮મી સત અને ૧૯મી સદીના આરંભમાં ફક્ત પાઘડી ઉપરથી પહેરનાર કયા મૂલકનો, કઈસાતિનો, તથા કયા કામે જાય છે તે અંદાજ આવારે. પરન્તુ હવે શહેરીકરણમાં સમાનતાના ધોરણે આ ઓળખ લુપ્ત થતી જાય છે. ગુજરાતની લોક-સંસ્કૃતિમાં કલા પરત્વેના અભિગમ પણ આ તબક્કે તપાસતા રસ પડે તેવું છે. દા.ત. દક્ષિણના કથક, કુચુપુડી નૃત્યો, ગાંધાર શૈલિના શિલ્પો, હિન્દુસ્તાની કે કર્ણાટકી સંગીતની ધરાના પરંપરા કે કાંગડા શૈલિના ચિત્રોની અહીં પરંપરા નથી. તેનો મતલબ એમ નથી કે કલાની અહીં ઊણપ છે. હકીકતમાં અહીં કથન-કળાનો મહિમા છે. મધ્યકાળના માણ ભટ્ટોથી લઈ રાજ દરબારના ચારણ કવિની કથનકળા ઉપરાંત જે-તે જ્ઞાતિના બારોટ, મીર, વગેરે વર્ગની પ્રભાવક કથન-શૈલી આજના પ્રચાર-પ્રસારના સમૂહ માધ્યમોમાં પણ સુપેરે વ્યક્ત થાય છે. દા.ત. ભારતના પ્રખ્યાત ત્રણ વાગ્ગેયકાર માન. મોરારિબાપુ, આ. રમેશભાઈ ઓઝા, મહામના કનકેશ્વરીદેવીજી આ કલાને નવો અર્થ આપી રહ્યા છે. ઉપરાંત ‘ડાયરા’ના કથકોએ સમાજ પરિવર્તનમાં મોટોભાગ ભજવ્યો છે. દા.ત. આઝાદી પૂર્વે ગુજરાતના લોકજીવનમાં સામંતશાહી વલણો હતા. તેનું પરિવર્તન કરી રાષ્ટ્રિય પ્રવાહમાં પ્રજાજીવનને પલટાવવાની કામ આ કથનકળાના મરમીઓએ ડાયરા દ્વારા કર્યું છે. અસ્પૃશ્યતા નિવારણ, વ્યસન-મુક્તિ, દારૂબંધી, મહિલા સ-શક્તિકરણ, રાષ્ટ્રપ્રેમ - ઐક્ય, સામાજિક સમરસતા માટે ગુજરાતની લોક-સંસ્કૃતિ ઉત્સુક રહી છે.

નૃત્યકલામાં ગુજરાતના દાંડિયા રાસ પ્રખ્યાત છે. તેમાં ગરબી-ગરબાની પરંપરા તો ખરી. પરન્તુ સીદીના ધમાલ નૃત્ય, હૂડા, ટિપ્પણી નૃત્યોનું એક વિશાળ જગત હતું. આજે ‘ડિસ્કો’ રોક-એન્ડ-રોલ ભાંગડા, વ. અપનાવાઈ રહ્યા છે. ભવાઈ જવા બેઠી છે. ગુજરાતની લોક-સંસ્કૃતિ હોય કે કોઈપણ પ્રજાની સંસ્કૃતિ હોય તે આદર્શ નથી. પરન્તુ વાસ્તવ છે. પરન્તુ કઠોર વાસ્તવિકતાને સહય આદર્શમાં પરિણમવા માટે સભ્યતાનું કવચ પહેરાવવામાં આવતું હોય છે. દા.ત. ગુજરાતમાં-દિકરીને દૂધપીતી કરવાનો રિવાજ હતો. આ સમયે પણ ભૃણહત્યાના આંકડાઓ ચોંકવનારા છે. આ આપણું કલ્ચર છે. પરન્તુ સિવિલાઈઝેશન માટે બેટીબચાવ આંદોલન જરૂરી બન્યું છે. તે રાજસત્તાના સમર્થનથી સફળ થતું પણ લાગે છે. આમ સંસ્કૃતિ-સભ્યતાના માપદંડો સમયે-સમયે બદલાતા



રહે છે. કેટલીક વેળા ભ્રામક પ્રચાર પણ થતો હોય છે. જેમકે ખોરાક મામલામાં. કહેવાય છે કે ગુજરાતી દાળભાત ખાનારી પ્રજા છે. હકીકતમાં મીડિયા પર વાત મૂકનાર વ્યક્તિ-શાકાહારી છે. તેથી આવું ચિત્ર ઉપસે છે. વાસ્તવમાં ૧૬૦૦ કિ.મી.ના દરિયાકાંઠે રહેનારી કાંઠાથી ૧૦ કી.મી. દૂરના અંતરવાળી પ્રજા, તથા કાંટિયુવરણ, અને ૧૫% મુસ્લિમો, તથા રજપૂત, કાઠી, અમુક દલીત વર્ગ, આદિવાસી સમૂહને માંસાહાર વર્જ્ય નથી.

પરન્તુ પ્રજાનો હીરો છે તે ધનિક છે. જે વ્યાપાર સંબંધો હિસાબે જૈન-પ્રભાવ જાણે છે. તેથી તેની ઈમેજ શાકાહારી છે. વળી વૈષ્ણવ આચાર્ય પ્રભાવ પણ જાહેર-જીવન પર હોય ૫૦% ઉપરની પ્રજા માંસાહાર કરતી હોય છતાં શાકાહારી દેખાય છે. લોક-સંસ્કૃતિમાં કેટલીક વખત ન હોય તે દેખાય તથા હોય તે ન દેખાય તેવું બનતું હોય છે. દા.ત. એક વેળા બૌદ્ધ પ્રભાવ ધરાવનારી આ લોક-સંસ્કૃતિમાં હવે બૌદ્ધ-પ્રભાવના બહીર પુરાવાને બદલે આંતરિક પુરાવાથી ચલાવવાનું રહે. દા.ત. ચર્પાગાન, ભિક્ષા, વગેરે ભજન તથા રામરોટીમાં રૂપાંતર પામ્યા. લોક-સંસ્કૃતિનો મહિમા જે-તે પ્રજાની શબ્દ-સંપદામાં નિહીત હોય છે. આ અંગે પ્રથમ નોંધનીયકામ આચાર્ય હેમચંદ્રાચાર્ય કર્યું. તેમણે ‘દેશી નામ માલા’ની રચના કરી. જે તળની સંસ્કૃતિને જાળવી રાખનારો અગત્યનો પ્રયાસ છે. ગત સદીમાં ગુજરાતની લોક-સંસ્કૃતિના અભ્યાસમાં અંગ્રેજ પ્રજાના શાસ્ત્રોએ પ્રભાવ પાડેલો તેના આધારે લોક-સંસ્કૃતિના ત્રણ સ્તર નગર સંસ્કૃતિ, ગ્રામીણ સંસ્કૃતિ તથા આદિવાસી સંસ્કૃતિ એમ ઓળખ સ્થાપિત બની. બાદમાં યુરોપની અભ્યાસ પદ્ધતિ સિવાયની અમેરીકન સ્કૂલ અભ્યાસ પદ્ધતિ, નોર્વે-ફિનિશના ‘કાલેવાલા’ના સંપાદકોની અભ્યાસ પદ્ધતિનો પ્રભાવ પડ્યો.

જોકે ભારતમાં સ્વાતંત્ર્ય સંગ્રામના ભાગ તરીકે ટાગોરે ‘ધરતી તરફ પાછાવળો’નું આહ્વાન આપ્યું. ગુજરાતમાં મેઘાણીજી જેવી ચેતના તેને ઝીલે છે. જોકે તે લોક-સંસ્કૃતિ કરતા વિશેષ લોક-સાહિત્યની સાથે વિશેષ નિસ્બત ધરાવતા હોવા છતાં આપણાં આ પાસાને ઉજાગર કરવામાં નિમિત બને છે. કાકાસાહેબ કાલેલકર ‘માણસાઈના દીવા’ને લોક-સંસ્કૃતિના દસ્તાવેજ તરીકે આવકારી એક નવી ભૂમિકા આ અભ્યાસમાં ઉમેરે છે. દર્શક-જયમલ્લ પરમાર જેવા અનુગામીઓ વ્યક્ત-ગત કાર્ય કરનારામાંથી એક ટીમનું સર્જન કરે છે. વિશ્વ-વિદ્યાલયકક્ષાએ અભ્યાસક્રમમાં આના કેટલાક ઘટકો અભ્યાસ માટે ધ્યાનમાં લેવાય છે.

લોક-સંસ્કૃતિમાં ગુજરાતના સંદર્ભમાં ફક્ત જીવન જ આગવું છે તેવું

નથી. મૃત્યુ બાદ પણ સ્મૃતિ ચિહ્ન, તેની વંદના, વ. ની પરંપરા છે. સૌરાષ્ટ્રમાં પાળિયાઓ એ મૃતકોના સ્મૃતિ ચિહ્નો છે. મોહનપુરી ગોસ્વામી, નરોત્તમ પલાણ, મુરાદખાન ચાવડા જેવાના આ અંગે અભ્યાસો જે તેના આધારે, કયા મૂલ્ય માટે પોતાનું જીવન અને મૃત્યુ સ્વીકારતા તેનો ખ્યાલ પ્રગટે છે. સતીના પાળિયામાં ડાબો હાથ કોતરાએલો છેકે જમણો હાથ કોતરાએલો છે તેના આધારે તે મહિલાની એક નિષ્ઠા - સ્થાપિત થતી. પાળિયા, ખાંભી, ડેરી, સમાધિ, ઓટા, વાવ, કૂવા, તળાવ, દ્વારા પ્રાપ્ત થતા સ્મારકમાં પણ લોક-સંસ્કૃતિના અંશો જોવા મળે છે.

લોક-સંસ્કૃતિના અંશોના નવા અભ્યાસીઓ ડૉ. બળવંત જાની, ડૉ. અંબાદાન, ડૉ. નિરંજન રાજ્યગુરુ, કનુભાઈ જાની આ બધા આધારે 'લોક'ની પ્રાચીન ઓળખ સાચી લાગે છે. જે નાસ્તિક છે તે. મતલબ એક લોકાયત-મત હતો. જે સ્વાતંત્ર હતો. આમ ગુજરાતની લોક-સંસ્કૃતિ પ્રથમથી જ સ્વતંત્ર ઓળખની પ્રતીક રહી છે.

૭

# લોકસાહિત્યના સંગ્રાહક - સંપાદક મનુભાઈ જોધાણી

**રાજુલ દવે**

મનુભાઈ જોધાણીના નામ સાથે ઝવેરચંદ મેઘાણીની યાદ સદા માટે જોડાઈ રહેલી છે. ૧૯૩૦માં ખેલાયેલા ધોલેરા સત્યાગ્રહ સંગ્રામનાં ચાર મુખ્ય મથકો : રાણપુર, બરવાળા (ઘેલાશા), ધોલેરા અને ધંધુકા. એમાં ઝવેરચંદ મેઘાણી રાણપુર અને મનુભાઈ જોધાણી બરવાળા છાવણીમાં હતા. બન્ને વ્યક્તિઓ સત્યાગ્રહ આંદોલનમાં સક્રિય. મનુભાઈ જોધાણીએ અંગ્રેજ સરકાર વિરુદ્ધ ભાષણ કર્યું અને સરકારે નામની ભૂલથી પકડ્યા મેઘાણીભાઈને. ધંધુકામાં ન્યાયાધીશ ઈસરાનીની કોર્ટમાં કેસ ચાલ્યો. મેઘાણીભાઈને પ્રજાને ભડકાવતું ભાષણ કરવા બદલ અઢી વર્ષની કેદ થઈ. અદાલતમાં તેમણે 'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ' એ ગીત ગાયું ને ઈતિહાસપ્રસિદ્ધ બની ગયું.

આજના અમદાવાદ જિલ્લામાં આવેલા બરવાળા (ઘેલાશા)માં મનુભાઈ જોધાણીનો જન્મ થયો, તા. ૨૮-૧૦-૧૯૦૨ના. પ્રાથમિક શિક્ષણ બરવાળામાં અને માધ્યમિક શિક્ષણ લીંબડીમાંથી મેળવ્યું. ૧૯૨૦માં બરવાળાની શાળામાં શિક્ષક તરીકે જોડાયા. ૧૯૩૦માં સત્યાગ્રહની લડતનાં મંડાણ થતાં રાજીનામું આપી છૂટા થયા. ગાંધીજીએ દેશની ઉન્નતિ માટે વિવિધ રચનાત્મક કાર્યક્રમો આપેલા, તેમાં - એક કાર્યક્રમ મહિલા ઉન્નતિનો પણ હતો. આજથી આઠ દાયકા પહેલાંના સમયમાં સ્ત્રીઓની સ્થિતિ સમાજમાં 'સેકન્ડ સિટિઝન'ની હતી. મનુભાઈ જોધાણીને ગાંધી પ્રબોધ્યા મહિલા ઉન્નતિના કાર્યક્રમમાં રસ પડ્યો અને પોતાનું જીવન તેમણે એ માટે ખર્ચી નાખ્યું. સ્ત્રીજીવનની ઉન્નતિના તેઓ પ્રખર હિમાયતી બની રહ્યા. ૧૯૩૫થી અમદાવાદમાં 'સ્ત્રીબોધ' માસિકના સહતંત્રી બન્યા. સાત વર્ષ એ જવાબદારી

સંભાળી અને ૧૯૪૧-૪૨થી ‘સ્ત્રીજીવન’ માસિકરૂપે જીવનના અંત સુધી મનુભાઈએ મહિલા ઉન્નતિની જ્યોતને જલતી રાખી.

સાહિત્યના અભ્યાસી રસિયા જીવ એટલે સંશોધન-સંપાદનમાં પ્રીતિવાળા. યુવાનીના સંસ્કાર લોકસાહિત્યના એટલે એમની સંશોધન, લેખન અને સંપાદન પ્રવૃત્તિમાં લોકસાહિત્યના રંગો ઊતરતા આવેલા. ‘સ્ત્રીજીવનના અંતે અને મનુભાઈએ લખેલ વાર્તાઓ, ઘટના-પ્રસંગો, ગ્રામચિત્રો તથા પક્ષી અને વનસ્પતિની પુસ્તિકાઓમાં એ સંસ્કાર તાદૃશ્ય થતા આવેલા. એમના વિશાળ સંપર્કો વડે ‘સ્ત્રીજીવન’ માસિકને તેઓ ચેતનવંતુ રાખતા. ‘સ્ત્રીજીવન’માં લોકસાહિત્યના વિવિધ વિષયો ઉપરના લેખો, લોકગીતો, લગ્નગીતો, ગરબા વગેરે નિયમિત પ્રસિદ્ધ થતા. મનુભાઈ પોતે લખતા. તે ઉપરાંત, કવિ નાનાલાલનાં લખાણો ‘સ્ત્રીજીવન’માં પ્રસિદ્ધ થતા. મંજુલાલ મજમુદાર, પુખકર ચંદરવાકર, પુરુષોત્તમ સોલંકી, દોલત ભટ્ટ જેવા લેખકો આ સામયિકના માધ્યમ વડે લોકસાહિત્યની સામગ્રી રજૂ કરતા રહેતા.

‘સ્ત્રીજીવન’ માસિકે ૧૯૬૬ થી ૧૯૭૬ સુધીના ૧૧ વર્ષ, પ્રત્યેક વર્ષે નવરાત્રિ ઉપર ‘ગરબા વિશેષાંક’ પ્રસિદ્ધ કરેલા. તેમાં અભ્યાસલેખો અને રાસ-ગરબા પ્રગટ થતા. આ ઉપરાંત, ‘કલાપી જન્મશતાબ્દી વિશેષાંક’, ‘સરદાર વલ્લભભાઈ જન્મ શતાબ્દી વિશેષાંક’ ‘મીઠુબેન પીટીટી અમૃત મહોત્સવ અંક’, ‘કાકાસાહેબ કાલેલકર અભિનંદન અંક’ જેવા વિશેષાંકો પણ ‘સ્ત્રીજીવન’ માસિકે મનુભાઈ જોધાણીના સંચાલન તળે આપેલા. (આ બધા વિશેષાંકો લેખકના સંગ્રહમાં સચવાયા છે.)

ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિના મનુભાઈ પ્રથમ સભ્ય અને પછી પ્રમુખ તરીકે રહેલા. ‘લોકસાહિત્યમાળા’ના ૧૪ મણકા અને ‘લોકગુર્જરી’ વાર્ષિક અંકના સંપાદનમાં તેમણે સારી એવી જહેમત ઊઠાવેલી. મંજુલાલ મજમુદાર સાથે ‘ગોરમાનાં ગીતો’ અને વસંત જોધાણી સાથે ‘રાંદલનાં ગીતો’ નામક પુસ્તકોના સંપાદન પણ તેમણે કરેલા.

તેમના પુસ્તકોનાં નામ જોઈએ તો, ‘સુંદરીઓનો શણગાર’ - બે ભાગ, સોરઠી જવાહીર, ખાટીમીઠી બાળવાતો, સોરઠી વિભૂતિઓ, સોરઠી શૂરવીરો, શૌર્યનાં તેજ, સતી રૂપામા, પ્રજ્ઞાચક્ષુ, પાદરની વનસ્પતિ - બે ભાગ, આંગણાની વનસ્પતિ - બે ભાગ, આંગણાનાં પંખી, વણઝારી વાવ, વગેરેનો સમાવેશ થાય છે. તેમના ઉક્ત પુસ્તકો બહુધા લોકસાહિત્ય ઉપર આધારિત છે. જો કે આજે મનુભાઈના જૂજ અપવાદને બાદ કરતાં બાકીનાં પુસ્તકો બજારમાં ઉપલબ્ધ નથી.



અમદાવાદમાં રિલીફ રોડ ઉપર ઝવેરીવાડમાં આવેલું ‘સ્ત્રીજીવન’નું કાર્યાલય સાહિત્યમાં સમાન રસ ધરાવતા મિત્રો માટે મિલનસ્થળ બની રહેલું. ૧૯૭૮ના જાન્યુઆરી માસમાં તેમનું અવસાન થયું. અમદાવાદમાં તેઓ જ્યાં રહેતા તે નવા શારદામંદિર પાસેના એક માર્ગનું ‘મનુભાઈ જોધાણી માર્ગ’ નામકરણ કરવામાં આવ્યું છે. સ્વાતંત્ર્ય સૈનિક, મહિલા ઉત્કર્ષના હિમાયતી સમાજસેવક અને લોકસાહિત્યના સંશોધક તરીકે ગત સદીમાં પાંચ દાયકા પર્યંત મનુભાઈએ નોંધપાત્ર પ્રવૃત્તિ કરી હતી.

★

૮

# મદારી સમાજમાં પ્રચલિત લગ્નગીતો

## ભીખુ કવિ

મદારી જ્ઞાતિના લગ્નગીતોમાં ડોકિયું કરતા પહેલાં એમની વસ્તી-વિસ્તાર અને વિશિષ્ટતાઓ પર એક નજર નાખી લઈએ. ભારતમાં દરેક રાજ્યોમાં મદારી જ્ઞાતિ વસે છે પણ સૌથી વધારે રાજસ્થાન અને ગુજરાતમાં એમનું પ્રમાણ ખૂબ છે. મદારીની પેટા જ્ઞાતિઓ ચૌહાણ, સોલંકી, રાઠોડ, ચાવડા, દેવડા, પવાર, પરસાર, ભાટી, બામણીયા અને ખારીયા ભાટી છે. મદારીના ખેલ કરી પોતાનું ગજરાન ચલાવે છે.

ખેડબ્રહ્મા તાલુકાના ચાંપલપુર વિસ્તારમાં મદારી જ્ઞાતિની મોટી વસ્તી વસે છે ને મદારીના ખેલ કરી ગુજરાત અને ભારતમાં એમના પ્રયોગોથી વિખ્યાત થયા છે. ધનાનાથ ભેરુનાથ મદારી, પોપટનાથ હવેજુનાથ મદારી અને હજારીનાથ મોતીનાથ મદારીએ મદારીઓમાં આગવી ઓળખ ઊભી કરી છે. મદારીઓના લગ્ન વિશે અનોખી વિશેષતાઓ મારાથી અજાણ નહોંતી... તેમના લગ્નગીતો કર્ણપટે પડ્યા છે ને લોકમનોરંજન કરાવનારી મદારી કોમના લગ્નગીતો માણવાંપ હેલાં યાને કે લગ્ન પહેલાંની રીતિગીતિએ અલગ ચાલો ચાતર્યોછે.

લગ્ન પહેલાં દસ-પંદર વ્યક્તિઓ છોકરીવાળા ને ઘરે જાય છે ત્યાં રાત્રે 'ચા' કરાવે છે પછી બધા ઘરના માણસોને ભેગા કરી તે છોકરીની ''હર'' પાકો કરે છે. 'હર' એટલે કે મદારી રીતરિવાજ મુજબ છોકરીવાળાને ઘેર છોકરાએ રહેવાનું. છોકરો પોતાના સસરાને ત્યાં છ માસ સુધી રહે છે. તે છોકરો સસરાને ત્યાં રહે ત્યાં સુધી ટેબલ, ખુરશી કે ખાટલા પર બેસી શકતો નથી. છોકરીના ઘરે રહે ત્યાં સુધી મારો ફાળિયું બાંધવું પડે છે, સસરાના ઘરનું કામ કરવું પડે, રસોઈ



બનાવવી પડે, કમાઈને આવવું પડે, સસરાના સુખે સુખી ને દુઃખે દુઃખી એમ સસરાના ઘરમાં દૂધમાં સાકરની જેમ ભળી જવું પડે ને સસરો કહે ત્યાં સુધી છોકરાએ છોકરીવાળા ને ઘેર ઘરજમાઈ થઈને રહેવું પડે....! આ તે કેવી વિચિત્રતા મદારીઓના લગ્ન પહેલાંની...!!

છોકરો 'હર પકાઈને' એટલે કે સસરાને ત્યાં છ મહિના રહીને બરાબર એકમેક થઈ ગયો છે તેની ખાસી કરાવે તે પછી પોતાની સગાઈ માટે સસરાની આજ્ઞાથી પોતાના સગાસબંધીઓને લેવા જાય છે.

પોતાના પરિવારને લઈને છોકરો સસરાના ઘરે લઈને આવે છે પછી વર અને કન્યા પક્ષના મદારી ભેગા મળી સગાઈ કરવામાં આવે છે. છોકરા અને છોકરીને કંકુનો ચાંલ્લો, રોકડા રૂપિયાથી અથવા સોના કે ચાંદીની વીંટી પહેરાવવાનો રિવાજ છે. ચાંલ્લો થઈ જતાં સગાઈ થઈ ગયેલી માનવામાં આવે છે. સગાઈ થઈ ગયા બાદ બે ત્રણ મહિનામાં લગ્ન ગોઠવાય છે.

મદારી જ્ઞાતિના લગ્નનો પ્રારંભ લાડા-લાડીને પાટે બેસાડી સાત દિવસ સુધી પિડી કરીને કરવામાં આવે છે. લગ્નના દિવસોમાં દરરોજ ત્રણ વખત લાડા-લાડીની આરતી સવાર-બપોર અને સાંજે ઊતારવામાં આવે છે અને પિઠી સમયે...!

મદારીઓના લગ્નવિધિ માટે બ્રાહ્મણની કોઈ જરૂર પડતી નથી. માટીના ગણેશની મૂર્તિ બનાવીને ગણેશને વધાવીને... કુંભ વધાવી... લગ્નની તમામ ચીજવસ્તુઓ કંકુ-ચોખાથી વધાવ્યા બાદ વાપરવામાં આવે છે. લગ્નના શુભકાર્યમાં વિધવા - કે નાતરું કરેલ સ્ત્રીનો હાથ લગ્નની ચીજ-વસ્તુઓને ન અડવો જોઈએ તેવી માન્યતા ધરાવે છે.

ગણેશ બનાવતી વખતે લગ્નના શુભકાર્યમાં ગણેશજીના સ્થાપના માટે મદારણો ગણેશને 'હૂં હૂંડાળો બાબો' સંબોધીને ગણેશનું લગ્નગીત છેડે છે.

### ગણેશનું લગ્નગીત

હૂંડે હૂંડાળો બાબો
    ઓછી પીંડીયોનો કામણગારો
સૂંડે સૂંડાળો બાબો
સૂંઢ સૂંઢાળો બાબો
ઓછી પીંડીયાનો કામણગારો
    આજે વધાવો મારે આવીયો....

ગણેશની સ્થાપના વિધિ ધામધૂમથી કરીને લાડા-લાડીની પિડીની પ્રવૃત્તિમાં થઈ જાય છે. જવ અને મગના લોટની પિઠી બનાવવામાં આવે છે તેમાં તેલ વગેરે નાખીને સુગંધિત ધાર પિઠી બનાવ્યા બાદ લાડા-લાડીને પિઠી લગાવવા માટે બેસાડવામાં આવે છે.

પહેલાં ગણેશનું નામ લઈને ગણેશની પિઠી કરવામાં આવે છે. પછી વિનવિંધણી (વર-વહુ)ના નામની પીઠી કરવામાં આવે છે.

**પિઠી લગ્નગીત**

પિહોડી ભિજોઈ તારી બેનડીયો
તારી માવડીયો
પિઠોડી ભિજોઈ તારી ભાભીઓ
પિઠીમાં નાખ્યો ચંપેલીનો તેલ
આજે લાડાને પિઠડીનો રંગ
અંગે ચડેસે....
ઈટોકીટો લાડીના અંગે ચડેસે
ઈટોકીટો લાલ લાડેના અંગે ચડેસે
પિઠોડી ભિજોઈ તારી...

સૂરજ ઊગે ત્યારે તેને વધાવીને લાડા-લાડીને પાટે બેસાડવામાં આવે છે ત્યારે મદારણો સૂરજની વધામણીનું લગ્નગીત ગાય છે.

**સૂરજ વધામણીનું લગ્નગીત**

સૂરજ ઉગ્યો રે મગરાનો ખૂડકમાં
સૂરજ ભલે રે ઊગે રે મગરા ખૂડકમાં...
સૂરજ ભલેરે ઊગિયો જાગો... જાગો રે લાલ...

સૂરજની વધામણી થાય પછી જ લાડા-લાડીને પોતપોતાના માંડવે પાટે બેસાડવામાં આવે છે ને ત્યારે ગાય છે.

**ગણેશ વધામણીનું લગ્નગીત**

પાટે બેહાડો લાડેણ (કન્યા)ને પાટે બેહાડો
કોઈ બાબુલ હારી કો થાં રે...
બાપો લાડેણ હે પાટે બેહાડો....
આવા ચાંદરણે, બેનડી આરતી ઉતારી....



આ મદારણો લાડાને શીખ ચેતવણી આપતું લગ્નગીત છેડે છે.

**ચેતવણી આપતું લગ્નગીત**

બના સડક સડક થૈ તો જાણે
બના દારૂ છોડો, દૂધ પીઓ...
બના કોણ છોટો ન કુણ મોટો...
બનડીથી બનેલો મોટો....
બના કુણ કાળો ને કુણ ગોરો...
બનડી સે બનડો ગોરો જી... મારી બનડીને....

બનલાને દારૂ છોડી, દૂધ પીવાની શીખ આપે છે ને કાળા-ગોરા બના-બનલી, નાના-મોટા બના-બનલીના ભેદભાવો ભૂલી સુસંસ્કારોનું જતન કરવા મદારણો આવા લગ્નગીતો ગાઈને મજાક સાથે શીખ આપે છે.

આ લગ્નગીતો લાડા-લાડણીના માંડવે એક સરખા ગવાય છે.

પછી જાનૈયાઓ જાન જોડીને વરરાજા યાને કે ''લાડણા'' ને લઈને પરણાવવા જાય છે લાડા-લાડીને એ દિવસે નવડાવી-ધોવડાવીને સુંદર પોષાકો પહેરાવી, સુગંધીદાર અત્તરો છાંટીને તૈયાર કરવામાં આવે છે. લાડાનો ખાસ પહેરવેશ માથે લાલ ચૂંદડીનું ફાળિયું, સફેદ ધોતી, લાલ પગ સુધીનું લાંબુ ખમીશ, પગમાં લાલ મોજડી, ખભા પર લાલ ખેસ નાખી ઠમકઠમ ઠમ ઠમક ઠમ થૈ લાડણો ઘૂમે છે. લાડણીનો પહેરવેશ (પોષાક) તારવાળી ચૂંદડી, કાંચડી, પગે લાલ મોજડી, ઓઢણી અને આભૂષણોથી અનોખી લાડણી દિપી ઊઠે છે.

જાનૈયાઓ જાનને વધાવવાનું લગ્નગીત જાનડીઓ ગાય છે.

**વધાવવાનું લગ્નગીત**

ભમરો રે રાંણે જાણે કરતો...
ભમરો ભલે ઊડો...
ભમરો રે જાયે બેઠો નાળેલો રે...
ઝાડખે...
વીરા રે એતરા રે નાળેલા રે કાંઈ કરે
વીરા રે મારે લાલ બની રે ફૂલ બનીરે
માંડવડે પહોંચાવો...

મદારીઓનું પ્રભાતિયું લગ્નગીતોમાં આગવું લગ્નગીત છે.

## પ્રભાતિયું

લાડલાજીઓ થાને હરતા ફરતા દેખિયા...
લાડલાજીઓ થાને લાડી રે ભેળા દેખિયા...
લાડલાજીઓ થાને રોટરી કરતાં દેખિયા...
લાડલાજીઓ થાને સાસુથી વાતો કરતા દેખિયા...

જાનૈયાઓ લાડણાને પરણાવવા જતી વખતે મદારી યુવક-યુવતિઓ ડાન્સ કરે છે. જાનના દિવસે લગ્ન સુધી કોઈ પણ મદારી નશો કરી શકતો નથી તેવો મદારી જ્ઞાતિના મોવડીઓએ કાયદો ઘડ્યો છે.

છોકરાવાળા જાન લઈને લાડીના ઘેર જાય છે ત્યારે ફેરા ફરતી વખતે માંડવાપક્ષની મદારણો જાત-જાતના રમુજી ગીતો ગાય છે.

## ઠઠ્ઠા મશ્કરી લગ્ન ગીતો

ગોરી જેવો પેટ બ્રાહ્મણ ઝટપટીયો
બ્રાહ્મણ ફોકી તારી મોટી
બ્રાહ્મણ ઝટપટીયો...
અરે ગરીરી ફોકી રે... મહેંદી ચોળો રે
બ્રાહ્મણ ઝટપટીયો...

## ઠઠ્ઠા મશ્કરી લગ્ન ગીતો

કંચન બાગ મેં કંચન ચેકરી
તારી કાળી ફોકી રે...

## ફેરા-ફરતી ગવાતું લગ્નગીત

મા...થારી પાતળ
બેન મારી ભગતણ
મા... થારી છેનાળ...
ભગતણ શે જોયો રે...
પાતાળનો જાયો રે...
મલામણ કોડે કેરો...

લગ્નધામ ધૂમથી પૂર્ણ થાય ત્યારે એ પ્રસંગે મદારણો લગ્નનો શુભ પ્રસંગ સુખરૂપ પૂર્ણ થયા બાદ લગ્નગીત ગાય છે.



## લગ્નના સમયે ગવાતું લગ્નગીત

આહી જારીઓ મારે અરણવજીરે સારે-
આહી જારી રે... મારે ચાંપલડીયો રે ડોલે...

ને કન્યા ને વિદાય વેળાએ માંડવાની મદારણો વિદાય ગીતના દર્દીલા કંઠે લગ્નગીત છેડે છે.

## કન્યા વિદાય ગીત

આયો રે ધોરાં રે જોગી
લાખીણીલાડી લે ચલો.

કન્યા વિદાય ટાણે બધા મદારીઓ ભેગા થઈ એકબીજાને ભરે છે. સામ-સામા ગુલાલ છાંટે છે તથા માથા ઉપર સુગંધી દ્રવ્યો છાંટે છે. ને પછી કન્યાને વિદાય કરવામાં આવે છે.

આમ મદારી જ્ઞાતિના લગ્નો ધામધૂમથી ઊજવવામાં આવે છે.

ખેડબ્રહ્મા ચાંપલપુર વિસ્તારની સુવાબેન ભેરુનાથ મદારી, જસ્માબેન બાબુનાથ મદારી, સુવાબેન ભગતનામ મદારી અને ઢોલાબેન જફરનાથ મદારણો પાસેથી મદારી જ્ઞાતિના લગ્નવિધિ પ્રસંગે ગવાતા લગ્નગીતો તેમના કંઠે ગવડાવીને મદારી જ્ઞાતિના લગ્નગીતોની લોક-સંસ્કૃતિને શબ્દસ્થ કરવા નમ્ર પ્રયાસ કર્યો છે.

છેલ્લે આ મદારીઓ અને મદારણોએ કહ્યું કે મદારીઓમાં અંદર અંદર જ લગ્ન થાય છે. બીજી જ્ઞાતિમાં લગ્ન થતા નથી અને મદારી બીજી જ્ઞાતિમાં લગ્ન કરે તો અમારો મદારી સમાજ તેને નાત બહાર મૂકે છે.

હા... મદારી ક્યારેય ચોરી નહિ કરે, દારૂ પીને ઝઘડો નહિ કરે, મદારી ક્યારેય પોલીસ સ્ટેશન જોવા નહિ મળે... તેમનો ઝઘડો મદારીજ્ઞાતિનું પંચ ન્યાય કરી પતાવે. પંચ સજા કરે તેને મદારીઓ માથે ચડાવે છે. મદારીના ખેલ કરી પેટના માટે સાચુ-જુઠું બોલીએ પરંતુ મદારી ક્યારેક ચોરી ન કરે. મદારીઓની આ એક વિશિષ્ટતા છે.

મદારીજ્ઞાતિના લગ્નગીતો એક લોકસંસ્કૃતિને શબ્દસ્થ કરવા મારો પ્રયત્ન છે. જેથી મદારી જ્ઞાતિનાવિવિધ વિસ્તારોના વિવિધ લગ્નગીતો હોઈ શકે. આ લેખમાં ખંડબ્રહ્મા વિસ્તારના મદારીઓના લગ્નગીતો આપ્યા છે.

# ૯

# જેસલ-તોરલ અને રૂપાંદે-માલદે રામદેવપીરના અનુયાયી ?

ડૉ. નિરંજન રાજ્યગુરુ

'ગુજરાત' દીપોત્સવી વિ.સં. ૨૦૬૭ ના પૃ. ૪૫ થી ૪૭ ઉપર આપણા મુરબ્બી-આદરણીય ઈતિહાસકાર-સંશોધક શ્રી નરોત્તમ પલાણ દ્વારા ઈ.સ. ૧૯૭૭માં મોહનપુરી ગોસ્વામી દ્વારા પ્રકાશિત 'જેસલ-તોરલ' નામની પુસ્તિકાને આધારે જ 'મધ્યકાલીન કવયિત્રી તોરલ, એક પુનર્વિચાર' નામે સંશોધન લેખ પ્રકાશિત થયો છે. એમાં આપણે જે તારણો આપ્યાં છે તેનો પુનર્વિચાર કરવાનો આ અભ્યાસ લેખમાં ઉપક્રમ દાખવ્યો છે. પ્રથમ આદરણીય પલાણસાહેબનાં તારણો એમના જ શબ્દોમાં જોઈએ –

(૧) 'તોરલનો ઈતિહાસ માન્ય સમય ઈ.સ. ૧૪૫૦-૧૫૫૦ છે. ૧૪૫૦ પછી તેનો જન્મ છે, અને ૧૫૫૦ પહેલાં તેણે સમાધિ લઈ લીધી છે.'

(૨) ઈ.સ. ૧૫૪૦-૪૪માં આ બધા (જેસલ, તોરલ, સાસતિયો, સધીર વાણિયો) હયાત છે.

(૩) ઈ.સ. ૧૫૩૦ આસપાસ કચ્છનો અખાત ઓળંગી તોરલે, જેસલ સાથે અંજારમાં નિવાસ કર્યો છે.

(૪) ઈ.સ. ૧૫૪૫ અને ૧૫૫૦ વચ્ચે એક પછી એક બંને એ અંજારમાં સમાધિ લીધી છે.

(૫) સાસતિયાએ સૌરાષ્ટ્રમાં ધ્રોલ પાસે અને સધીરે અંજારમાં, જેસલ-તોરલ પછી સમાધિ લીધી છે.



(૬) જેસલ-તોરલ અને માલદે-રૂપાંદે આ બંને યુગલો રામાપીરના મહાપંથ સાથે કોઈને કોઈ રીતે સંકળાયેલા છે.

(૭) માલદે વિશે 'મેવાડુના રાય' અને 'જોધા માલદે' એમ પરસ્પર વિરોધી ઉલ્લેખો ભજનોમાંથી મળે છે.

(૮) મેવાડનો માલદે તે અલ્લાઉદ્દીન ખલજીનો સુબો માલદે છે, સુબો માલદે ઈ.સ. ૧૩૧૦માં છે, જે તોરલ સાથે મેળમાં પડી શકે તેમ નથી. સુબો માલદે તો રામાપીરના જન્મ પૂર્વે અવસાન પામ્યો છે, વળી આ સુબો છે, 'મેવાળનો રાય', નથી, તેમજ 'જોધા માલદે' પણ નથી. જ્યારે મારવાડનો માલદે જોધપુર વસાવનાર જોધાનો પ્રપોત્ર ઈ.સ. ૧૫૩૨માં ગાદીએ આવનાર 'જોધા માલદે' છે.

(૯) જેસલ-તોરલ તથા રૂપાંદે-માલદે ઈ.સ. ૧૪૫૯માં સમાધિ લેનાર રામદેવપીરના અનુયાયી અનુગામી છે. રામાપીર પછી જેસલ-તોરલ અને માલદે-રૂપાંદે છે અને રામાપીરના પંથ સાથે સંબંધ ધરાવે છે.

(૧૦) આપણા અમુક અભ્યાસીઓ ભાટી મલ્લીનાથ સાથે આ યુગલો (જેસલ-તોરલ તથા રૂપાંદે-માલદે)નો મેળ જોડે છે. તે તો માત્ર પરંપરાગત ઉતરી આવેલી અને 'કાંચલિયા' આદિ જુદા જુદા ધર્મપંથોના સાહિત્યમાં ગવાતી વિકૃત થયેલી કથાઓના આધારે છે.

(૧૧) રૂપાંદેની કોઈ રચનામાં મલ્લીનાથ શબ્દ મળતો નથી. જ્યારે 'જોધા માલદે' શબ્દ મળે છે.

(૧૨) રામાપીરની પાટ પૂજાના આરંભે, જેસલ જ્યોત પેટાવવાની જે પ્રથા છે તેના ઉપરથી કહી શકાય કે જેસલ-તોરલે પ્રથમ 'જ્યોત' પ્રગટાવી હોય અને હરજી ભાટી દ્વારા તેનો વધુ વિકાસ થયો હોય.

* * *

આપણે ત્યાં ગુજરાતના હસ્તપ્રતભંડારોમાં સચવાયેલી સંતસાહિત્યની હસ્તપ્રતો વિશે જેટલું સૂચિકરણ-સંશોધન-અધ્યયન-પ્રકાશનકાર્ય સંશોધકો દ્વારા થયું છે તેના પ્રમાણમાં અનેકગણું કાર્ય રાજસ્થાનના હસ્તપ્રતભંડારોમાં સચવાયેલી હસ્તપ્રતોમાંથી મળતા સંતસાહિત્ય વિશે રાજસ્થાની વિદ્વાન અભ્યાસીઓ દ્વારા થયું છે એ હકીકત છે. રાજસ્થાનમાંથી શતાધિક પ્રમાણભૂત ઈતિહાસગ્રંથો, સંશોધનગ્રંથો, મહાનિબંધો પ્રકાશિત થયા છે. માત્ર રાજસ્થાની સંતસાહિત્યને

કેન્દ્રમાં રાખીને જ એકસોથી વધુ મહાનિબંધો પ્રકાશિત થયા છે. એમાંથી પ્રાપ્ય સર્વે સંદર્ભોનો ઉપયોગ કરીને આજસુધીમાં માત્ર ગુજરાતી ભાષામાં જ નહીં પરંતુ સમગ્ર ભારતીય ભાષાઓમાં સર્વ પ્રથમવાર રૂપાંદે-માલદે તથા જેસલ-તોરલ અને રામદેવપીરના સંબંધો તથા ઐતિહાસિક દૃષ્ટિએ સમયચર્ચા કરતો સંશોધન-અભ્યાસલેખ આ લખનાર દ્વારા ૧૭ માર્ચ ૨૦૦૧ ના રોજ સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા જૂનાગઢ મુકામે આયોજિત પરિસંવાદ 'પાટ ઉપાસના અને રામદેવપીર'માં વક્તવ્યરૂપે અને ત્યારબાદ 'જ્યોતને માટે પ્રગટ્યા અલખધણી' (સં. નાથાલાલ ગોહિલ, પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, આ. ૧, ૨૦૦૩, પૃ. ૧૧૭ થી ૧૩૬) ગ્રંથમાં પ્રકાશિત થયો. એ પછી ડૉ. બળવંત જાનીના 'ગુજરાતી સંતસાહિત્યવિમર્શ' (આ.૧, ઈ.સ. ૨૦૧૦) ગ્રંથની પ્રસ્તાવનામાં અને મારા 'મરમી શબ્દનો મેળો' (પ્રકા. ગુ.સા.અકાદમી, ગાંધીનગર, આ. ૧, ૨૦૧૧) પુસ્તકમાં મેં રૂપાંદે-માલદે, જેસલ-તોરલ અને રામદેવપીરના સંબંધો અંગે ચર્ચા કરેલી, અને સર્વપ્રથમવાર સ્થાપિત કરેલું કે રામદેવપીરે સમાધિ લીધી તેના ૫૯ વર્ષ પહેલાં માલદે-રૂપાંદેએ તથા જેસલ-તોરલે ઈ.સ. ૧૩૯૯-૧૪૦૦માં સમાધિ લીધી છે. એને ધ્યાનમાં રાખીને મુ. શ્રી પલાણસાહેબ 'આપણા અમુક અભ્યાસીઓ ભાટી મલ્લિનાથ સાથે આ યુગલો (જેસલ-તોરલ તથા રૂપાંદે-માલદે)નો મેળ જોડે છે. તે તો માત્ર પરંપરાગત ઉતરી આવેલી અને 'કાંચલિયા' આદિ જુદા જુદા ધર્મપંથોના સાહિત્યમાં ગવાતી વિકૃતિ થયેલી કથાઓના આધારે છે.' જેવું વિધાન કરે છે. એમાંથી ફલિત તો એટલું જ થાય છે કે કોઈ જાતના પ્રમાણભૂત ઐતિહાસિક સંદર્ભઆધારો વિના માત્ર દંતકથાઓના આધારે જ આ મેળ જોડવામાં આવ્યો છે. ઉપર જણાવેલા સંશોધનલેખમાં દર્શાવેલા ઐતિહાસિક સંદર્ભગ્રંથોના, હસ્તપ્રતો સહિતના પ્રમાણો તરફ દૃષ્ટિપાત કર્યા વિના જ અથવા તો એને નગણ્ય માનીને જ્યારે એક ઈતિહાસકાર આવું વિધાન કરે ત્યારે આપણને આશ્ચર્ય થાય.

શ્રી હરિવલ્લભ ભાયાણીસાહેબ તથા શ્રી જયંત કોઠારી પાસેથી મધ્યકાલીન સાહિત્યના સંશોધનમાં જાળવવી જોઈતી અનિવાર્ય એવી શિસ્તના જે પાઠ મને ભણવા મળ્યા છે એને આજ લગી વફાદાર રહેવા હું કોશીશ કરતો રહું છું. એ રીતે પુનર્મૂલ્યાંકન, પુનઃચકાસણી, પુનર્તપાસ, પુનર્વિચાર કે ક્રોસવેરિફિકેશન કરીને જે પ્રમાણભૂત તથ્ય આપણી સામે આવે એને જ સ્વીકારવાનું મારું વલણ રહ્યું છે. કારણ કે આપણે ભવિષ્યની પેઢીના સંશોધકો માટે એક સ્વચ્છ-તાટસ્થ્યપૂર્ણ કેડી કંડારી જવાની છે. કોઈપણ તથ્યની સામે આપણા ગમા-અણગમા, આગ્રહો-



પૂર્વગ્રહોને કોરાણે મૂકીને જે સત્ય સાંપડે એને જ ઉજાગર કરવાનું હોય, પરંતુ અગાઉથી જ પોતાને અભિપ્રેત હોય એવાં તારણો સ્વિકારીને અન્ય હકીકતો-માહિતી તરફ દુર્લક્ષ્ય દર્શાવવું એ સાચા સંશોધક કે ઈતિહાસકારનો ધર્મ નથી જ. આપણી સામે જે માહિતી-સંદર્ભો આવ્યા હોય તેનાથી આપણું સંશોધન એક ડગલું આગળ વધવાનું હોય ત્યારે પણ અગાઉના સંશોધનના એક એક મુદ્દાઓનું ખંડન અનિવાર્ય બની રહે. કોઈ પ્રમાણને માત્ર બનાવટી કે કાલ્પનિક કહી દીધાથી સત્યને ઢાંકી શકાતું નથી. એક સત્યાન્વેશી સંશોધકનો ધર્મ એ જ છે કે પ્રાપ્ય તમામ પ્રમાણોની ચકાસણી કરીને તારણ આપવું.

* * *

રાવ મલ્લિનાથ/માલદેના સંત જીવન વિશે માહિતી આપતી અગણિત હસ્તપ્રતો રાજસ્થાનના હસ્તપ્રતભંડારોમાં સચવાયેલી છે. જેમાં ખાસ કરીને સમયની દૃષ્ટિએ પ્રાચીન મનાતી (૧) 'મલ્લિનાથ રાવલ રી નિસાંણી' (રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુર, હસ્તપ્રત ક્રમાંક : ૪૦૬૭૨), (૨) 'રાવલ મલ્લિનાથજી રો ગીત' (અનુપ સંસ્કૃત લાયબ્રેરી, બીકાનેર, હસ્તપ્રત ક્રમાંક : ૧૯૨). જ્યારે પ્રકાશિત ઈતિહાસ ગ્રંથોમાં - 'મુંહણૌત નૈણસી રી ખ્યાત', રામકરણ આસોપા કૃત 'મારવાડકા મૂલ ઈતિહાસ', વિશ્વેશ્વરનાથ રેઉ કૃત 'મારવાડકા ઈતિહાસ' ભાગ-૧, પૃ. ૫૪ (ઈ.સ. ૧૯૪૦), રાવ શિવનાથસિંહ કૃત 'કુંપાવત રાઠોડોં કા ઈતિહાસ', 'રાજપૂતાના ગેજેટિયર' ભાગ-૩/એ, (ઈ.સ. ૧૯૦૯, પૃ. ૧૯૯) ઉપરાંત 'ધારૂ માલ રૂપાંદેકી બડી બેલ', 'રૂપા રાણીકી બડી બેલ', 'માલજી રી મહિમા' (હસ્તપ્રતોના આધારે સંશોધન-સંપાદન : અગરચંદ નાહટા તથા શિવસિંહ ગોયલ 'મરૂભારતી' વિ.સં. ૨૦૦૬ અષાઢ અંક, તથા 'શોધપત્રિકા' ભાગ-૨, પૃ. ૮૪-૮૬), 'રાજસ્થાની સાહિત્યના ઈતિહાસની રૂપરેખા', લેખક : હીરાલાલ મહેશ્વરી, સાહિત્ય અકાદમી નવી દિલ્હી, ગુજરાતી અનુવાદ ઉપેન્દ્ર પંડ્યા (આવૃત્તિ ૧, ૧૯૮૪, પૃ. ૧૯૮ થી ૨૦૨), બાબા રામદેવ : જીવની ઔર સાહિત્ય (મહાનિબંધ) - ડૉ. સોનારામ બિશ્નોઈ, પ્રકા. રાજસ્થાની ગ્રંથાગાર, જોધપુર, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૧, 'રાજસ્થાન કી ભક્તિપરંપરા એવં સંસ્કૃતિ' - દિનેશચંદ્ર શુક્લ અને ઓમકાર નારાયણ સિંહ, પ્રકા. રાજસ્થાની ગ્રંથાગાર, જોધપુર પહેલી આવૃતિ ઈ.સ. ૧૯૯૬, 'રાજસ્થાની ભાષા ઔર સાહિત્ય' (વિ.સં. ૧૫૦૦-૧૬૫૦) - હીરાલાલ માહેશ્વરી પ્રકા. આધુનિક પુસ્તક ભંડાર, કલકત્તા, પહેલી આવૃત્તિ, સં. ૨૦૧૭, 'રાજસ્થાનકે પ્રમુખ સંત-સંપ્રદાય' (લેખમાળા)

સૂર્યશંકર પારીક, 'રાજસ્થાન ભારતી' (ભારતીય વિદ્યામંદિર શોધ પ્રતિષ્ઠાન, બીકાનેર) ભાગ-૧૭, ૧૮ અંક : ૨, ૩ એપ્રિલ-જુલાઈ ૧૯૭૫, પૃ. ૧૫-૨૪ જેવા પ્રમાણભૂત મનાયેલા ગ્રંથો તથા સંશોધનલેખોમાંથી (જો આ ગ્રંથોમાંની સામગ્રીને પલાણસાહેબ પરંપરાગત ઊતરી આવેલી અને 'કાંચલિયા' આદિ જુદા જુદા ધર્મપંથોના સાહિત્યમાં ગવાતી વિકૃત થયેલી કથાઓ માનતા હોય તો મારે કાંઈ જ કહેવાનું નથી.) સંશોધન તથા ચકાસણી કરીને જે તથ્યો મને પ્રાપ્ત થયેલાં તે સંક્ષેપમાં આ જાતનાં હતાં.

સિદ્ધ મલ્લિનાથજી ઉર્ફે રાવલ માલદેનો જન્મ મારવાડના રાવલ સલખાજીને ત્યાં રાણી જાણીદેની કૂખે ઈ.સ. ૧૩૨૮ (વિ.સં. ૧૩૮૫)માં થયો હતો. ઈ.સ. ૧૩૭૮-૭૯ (વિ.સં. ૧૪૩૫)માં ફિરોજશા તુગલકના માળવા સુબેદાર નિજામુદ્દિનની સેનાને માલદેએ ભગાડેલી. માલદે માત્ર વીર યોદ્ધો જ નહોતો પરંતુ પોતાની રાણી રૂપાંદેની પ્રેરણાથી ઈ.સ. ૧૩૮૯માં ઉગમશી ભાટી પાસે સંતસાધનાની દીક્ષા લઈ યોગસાધનામાં પણ પારંગત થયેલો. ઈ.સ. ૧૩૯૯માં રાવ માલદે/રાઓળ માલો/રાવ મલ્લિનાથે મારવાડના તમામ પંથ-સંપ્રદાયોના સિદ્ધ સંતો-ભક્તોનો મોટો મેળો ભરેલો. જેમાં ગુજરાતમાંથી પણ સંત-સાધુઓ ગયેલા. એ જ વર્ષે ચૈત્ર સુદી બીજના દિવસે એમણે જીવતાં સમાધિ લીધી. લૂણી નદીના કાંઠે આવેલા તિલવાડા (બાડમેર) ગામે એનું સમાધિમંદિર આજે પણ છે. જ્યાં દર વરસે ચૈત્ર સુદી ૧ થી ચૈત્ર સુદી ૧૧ સુધી સંતો-ભજનિકોનો મોટો મેળો ભરાય છે અને વિરાટ પશુમેળાનું આયોજન પણ થાય છે. જોધપુરના પશ્ચિમ પરગણા-બાડમેરનું નામકરણ માલદેના નામથી આજે પણ માલાણી તરીકે જાણીતું છે.

પાટઉપાસનાની એક શાખામાં આજે લોકદેવતા કે પરગટ પીર તરીકે પૂજાતા રામદેવપીર પરંપરિત પાટઉપાસનાના એક અનુયાયી માત્ર હતા. પરંતુ તેની પરંપરામાં પાછળથી બેસો બેતાલીશ વરસ પછી થયેલા હરજી ભાટી જેવા પ્રચારક કવિ ભક્તો દ્વારા સર્જાયેલા સાહિત્યના બહોળા પ્રચાર-પ્રસાર અને લોકપ્રિયતાને કારણે રામદેવપીર પાટઉપાસનામાં આજે દેવતા તરીકે, અવતાર તરીકે પૂજાવા લાગ્યા છે. રામદેવપીરની પાટઉપાસનાનો સંબંધ નાથપંથી સાધના ધારા સાથે સંકળાયેલો છે. એમના ગુરુ તરીકે બાળનાથ નામના નાથપંથી સિદ્ધનું નામ મળે છે. રામદેવપીર દ્વારા રચાયેલી મનાતી રાજસ્થાની રચનાઓમાં ખાસ કરીને 'ચૌબીસ પ્રમાણ' મુખ્ય છે. તેમાં મહાધર્મ, આદુધર્મ, નિજારધર્મ, નિજિયાધર્મ, સતધર્મ, નેમધર્મ, અલખધર્મ, અખેધર્મ, ગુરુગમધર્મ, નિજધર્મ વગેરે શબ્દોનો



પ્રયોગ એક જ અર્થમાં વારંવાર રામદેવપીર દ્વારા થયો છે, જે રામદેવપીરની પોતાની સાધનાધારાને વર્ણવતા પંથ-સંપ્રદાય વિષયક સંબંધનોનો ખ્યાલ આવે છે. રામદેવપીર સાથે ત્રણ સાધનાધારાઓનું અનુસંધાન જોડાયું છે. (૧) રામદેવપીરના ગુરુ બાવા બાળનાથની નાથપંથી યોગસાધનાની ધારા. (૨) રાવ મલ્લિનાથ દ્વારા મળેલી, ભાટી ઉગમશી દ્વારા પ્રચાર પામેલી બાલા પદ્ધતિ તંત્ર-જ્યોત ઉપાસના અને (૩) પીર શમ્સ દ્વારા ઈસ્લામ પરંપરા પ્રમાણેની રહસ્યવાદી સાધના ધારા.

રાજસ્થાન-મારવાડનો ઈતિહાસ લખનારા ગૌરીશંકર ઓઝા, જગદીશસિંહ ગહલૌત, રામકરણજી આસોપા અને વિશ્વેશ્વરનાથજી રેઉ જેવા લેખકોએ રામદેવપીર વિશે કશી જ પ્રમાણભૂત સંપૂર્ણ ઐતિહાસિક એવી પ્રમાણિત વિગતો નથી આપી. જ્યારે માલદે/રાવ મલ્લિનાથ/રાવળ માલા વિશે બહુધા ઈતિહાસ ગ્રંથોમાં ઐતિહાસિક નોંધો પ્રાપ્ય છે.

ઈ.સ. ૧૩૨૫ (વિ.સં. ૧૩૮૨)માં દિલ્લીની ગાદીએ ઉલુગખાં આવ્યો. જેમણે પોતાનું નામ મહંમદ તુગલક રાખ્યું. એના અવસાન પછી ઈ.સ. ૧૩૫૧ (વિ.સં. ૧૪૦૮) દિલ્લીની ગાદીએ ફિરોજશાહ તુગલક આવ્યો. જેણે ૩૮ વર્ષ દિલ્લીની ગાદીએ રાજ્ય કર્યું. હજારો હિંદુ સાધુઓની હત્યા કરી. મંદિરો તોડ્યા અને પોતે કટ્ટર સુન્ની પંથી હોવાને કારણે અનેક શિયા પંથના ઉપદેશકોની પણ કતલ કરી. આ સમયગાળા દરમ્યાન એટલે કે ઈ.સ. ૧૩૫૦ થી ૧૪૦૦ એટલે કે વિ.સં. ૧૪૦૬ થી ૧૪૫૬ ના ૫૦ વર્ષોમાં ઈરાનથી શિયા પંથના પીર શમસ/સમસુદીન કાશ્મીર અને ગુજરાતમાં આવ્યા.

પીર શમ્સના ત્રીજા શિષ્ય તે પીર પીર સદરૂદીન. જેની નિમણૂક ઈ.સ. ૧૪૩૦ (વિ.સં. ૧૪૮૬)માં ઉપદેશક તરીકે થયેલી અને તેમણે શાહજી/શંભુજી/સહદેવ/શંકરજી જેવાં નામ ધારણ કરેલાં.

યદુ વંશના ભાટી રાજપૂત જે પોતાની આગળ 'રાવળ' પદવી લગાડતા હતા તે રાવળ સલખાજીનો જન્મ વિ.સં. ૧૩૬૫ (ઈ.સ. ૧૩૦૯)માં થયો, અને રાજસ્થાનના મેહવાની રાજગાદીએ વિ.સં. ૧૪૧૪ સુધી રહ્યા, તેનો પુત્ર રાવળ માલદે/રાવળ મલ્લિનાથ (જન્મ : ઈ.સ. ૧૩૨૮) ઈ.સ. ૧૩૬૧ (વિ.સં. ૧૪૧૭)માં મેહવાનો રાજા થયો. જેણે ઈ.સ. ૧૩૭૯ (વિ.સં. ૧૪૩૫)માં મુસ્લિમ સત્તા લડાઈ કરેલી અને જીત મેળવેલી. (તેરહ તુંગા ભાંગિયા માલે સલખાણી) જેમણે વિ.સં. ૧૪૩૫માં મંડોર, આબુ, મેવાડા, સિંધ વચ્ચે લૂંટફાટ કરી મુસ્લિમોને

તંગ કરેલા વગેરે વિગતોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. એક ઐતિહાસિક રાજપુરુષ તરીકે તેને તમામ ઈતિહાસગ્રંથોમાં સ્થાન મળ્યું છે. જેમના જગમાલ, જગપાલ, જેહો, કુંપો, અડવાલ વગેરે આઠ વીર પુત્રોની શૌર્યગાથાઓ ઈતિહાસ ગ્રંથોમાં નોંધાયેલી છે. ઈ.સ. ૧૩૮૪ (વિ.સં. ૧૪૪૦)માં માલદેવે ૫૬ વર્ષની વયે ભાટી ઉગમસી અને મેઘ ધારૂ પાસે 'કાંચળિયા' કે 'વીસા' પંથની દીક્ષા લીધી. આ મેઘ ધારૂ રૂપાંદેનો ગુરુભાઈ હતો, ખીંવણજીનો સંબંધી હતો અને રામદેવના દાદા રણસીનો મિત્ર હતો. ભાટી ઉગમસી પણ પીર શમ્સના પંથના અનુયાયી હતા. ઈ.સ. ૧૩૨૮ (વિ.સં. ૧૩૮૫)માં જન્મેલા રાવળ મલ્લિનાથ પછી ૨૪ વર્ષે વિ.સં. ૧૪૦૯ (ઈ.સ. ૧૩૫૩) અથવા તો ૨૨ વર્ષે વિ.સં. ૧૪૦૭ (ઈ.સ. ૧૩૫૧)માં રામદેવપીરનો જન્મ થયો. રામદેવજીની બાલ્યવયે રામદેવપીરના પિતા અજમલજીએ રાવળ મલ્લિનાથ પાસેથી ભૈરવા નામના અસુર દ્વારા છિન્ન ભિન્ન થયેલી નગરી પોકરણનો ટીંબો મેળવ્યો અને રામદેવે ભૈરવાનો નાશ કરી પોકરણગઢ ફરી વસાવ્યો.

નાથ પંથી સિદ્ધ બાળનાથ પાસે દિક્ષા લઈને રામદેવપીરે યોગ-સિદ્ધિ મેળવેલી. એ સમયે એટલે કે વિ.સં. ૧૪૪૦ (ઈ.સ. ૧૩૮૪)માં રામદેવની ૩૧ વર્ષની ઉંમરે અને રાવ મલ્લિનાથની ૫૬ વર્ષની ઉંમરે રૂપાંદેના પરચાનો પ્રસંગ બન્યો.

રામદેવ પીરે તે પછી મેઘ ધારૂના ભાભી દેવુબાઈ પાસે પાટની દીક્ષા લીધી છે. જે દેવુબાઈ વિ.સં. ૧૪૫૬ (ઈ.સ. ૧૩૯૯-૧૪૦૦)માં મલ્લિનાથ પોતાના આયુષ્યના પાંસઠમાં વર્ષે જીવતાં સમાધિ લે છે ત્યારે તેની સાથે જ જીવતાં સમાધિમાં બેસી જાય છે. રામદેવપીરે સમાધિ લીધી તેના ૫૯ વર્ષ પહેલાં માલદે-રૂપાંદેએ સમાધિ લીધી છે. સૌથી અગત્યની વાત તો એ છે કે રૂપાંદે-માલદેનાં નામ સાથે જ જેનું નામ જોડાય છે તે કચ્છનાં જેસલ-તોરલનાં ભજનોમાં અને રૂપાંદે-માલદેનાં નામ સાથે જ જેનું નામ જોડાય છે તે કચ્છનાં જેસલ-તોરલનાં ભજનોમાં અને રૂપાંદે-માલદેનાં ભજનોના જૂના પાઠમાં ક્યાંય રામદેવપીરનું નામ મળતું નથી. જેસલનો સમય કચ્છના ઈતિહાસ મુજબ વિ.સં. ૧૪૬૦ (ઈ.સ. ૧૪૦૪) આસપાસનો છે. જે રાવળ મલ્લિનાથ અને જેસલની સમકાલીન ખ્યાતિ અને મૈત્રીનું સૂચન કરે છે. જેસલ તોરલની સમાધિ વખતે માલદેની હાજરી પણ અંજારમાં છે, માલદેએ 'જેસલનો ઉમાવો' નામક 'ઉમાવ' રચના આપી છે. જે જેસલની સમાધિ પછી જ એના વિરહમાં ગુણસંકીર્તન કરવા રચાયેલી છે. રાવ



મલ્લિનાથે વિ.સં. ૧૪૫૬ ઈ.સ. ૧૪૦૦માં સમાધિ લીધી તે પહેલાં જ આ ઘટના જેસલ-તોરલની સમાધિની બની છે. એટલે જેસલની સમાધિ ઈ.સ. ૧૪૦૦ વિ.સં. ૧૪૫૬ પહેલાં લેવાઈ હોવાનું પ્રમાણિત થાય છે.

અગરચંદ નાહટા જેવા પ્રાચીન રાજસ્થાની સાહિત્યના મૂર્ધન્ય પંડિત-સંશોધક દ્વારા જે હસ્તપ્રતોમાં છુપાયેલી સામગ્રીની શોધખોળ કરવામાં આવેલી અને સામયિકોમાં સંશોધિત સામગ્રી તરીકે પ્રકાશિત કરવામાં આવેલી તેમાંની સંપૂર્ણ પ્રમાણભૂત વિગતો દર્શાવતી માહિતી મુજબ 'રૂપાવેલ'ના પાઠાંતરો જૂની હસ્તપ્રતોમાંથી સાંપડ્યા છે. અને તેમાં રૂપાંદેનો મોજડી પ્રસંગ દર્શાવતી ઘટના વિ.સં. ૧૪૪૦ાં બનેલી તેવી ચોક્કસ સમય દર્શાવતી એક રચના પણ અગરચંદ નાહટા દ્વારા પ્રકાશિત થઈ છે. જે રાવ મલ્લિનાથના રાજસ્થાની ઈતિહાસોમાં નોંધાયેલા સમયને પુષ્ટિ આપે છે. રામદેવપીર માટે ઈ.સ. ૧૩૫૧/વિ.સં. ૧૪૦૭ જન્મ વર્ષ અને ઈ.સ. ૧૪૫૯/વિ.સં. ૧૫૧૫ સમાધિવર્ષ એ સમય બહુધા લોકકંઠે સચવાયેલો અને સંપ્રદાય સ્વીકૃત સમય છે. એ મુજબ રામદેવપીરનું ૧૦૮ વર્ષનું આયુષ્ય મનાયું છે.

ઈ.સ. ૧૪૩૦ (વિ.સં. ૧૪૮૬)માં પીર સદરૂદીનની નિમણૂક થઈ. જેણે શંભુજી કે સહદેવ જોશીના નામે રચનાઓ આપી; જેને 'ગિનાન' તરીકે ઓળખવવામાં આવે છે. તે રચનાઓ રાવળ મલ્લિનાથ / માલદેની ભજન રચનાઓમાં પોતાનું નામાચરણ મૂકીને પ્રસારિત કરેલી એવી નોંધ ખોજા જ્ઞાતિના ઈતિહાસોમાં મળે છે. આ સદરૂદીન / શંભુજીનો શિષ્ય તે દેવાયત પંડિત. જેનો 'દેલમી આરાધ' પાટ-ઉપાસકોમાં આદરથી ગવાય છે; અને એમાં નિઝારી મતની દશાવતારની માન્યતાનું આલેખન થયું છે. રાજસ્થાનના કૂંડાપંથ કે કાંચળિયા પંથના પ્રવર્તક ભાટી ઉગમશી અને ધારૂ મેઘવાળ હતા, જ્યારે રામદેવજી દ્વારા કામડ પંથનું પ્રવર્તન થયેલું

સૈકાઓથી કંઠસ્થ પરંપરામાં જળવાયેલા અને આંતરરાષ્ટ્રિય ખ્યાતિપ્રાપ્ત સંશોધક શ્રી ભગવાનદાસ પટેલ દ્વારા સંપાદિત થયેલાં ભીલ-આદિવાસી લોકાખ્યાનોમાં રૂપાં રાણી, તોળી રાણી, સતિયો ખાતું, હાલો-હૂરો વગેરેનાં સંત-ચરિત્રોમાં ક્યાંય રામદેવપીરનું નામ નથી આવતું તે બાબત ઘણી સૂચક છે. તે દર્શાવે છે કે રામદેવપીર લોકદેવતા તરીકે ઘણા પાછળના સમયમાં પ્રચાર પામ્યા છે. આદિવાસીઓમાં થતા 'ધૂળાના પાટ' કોબરિયા પાટની ઉત્પત્તિ જ રૂપાંદે-માલદેની કથાથી થઈ છે; મેહવાના રાજા માલદેવની કથા સાથે આદિવાસી કંઠસ્થ

પરંપરામાં પ્રાચીનતમ મંત્ર પાઠો પણ સચવાયા છે. તો તોળીરાણીની કથામાં પણ રામદેવપીરને કશું જ સ્થાન નથી. રામદેવપીર કૃત મનાતા 'મહિમા પ્રમાણ'માં 'સુણજ્યો મહિમા કહ દરશાવું, સંત સમાગમ પર ઉપકારી, બિડદ સંતા રા ગાવં...' એમ કહી દેવાયત પંડિત, પુંજલદે, મેઘધારુ, મેવો માંગલિયો, ખીંવણ મેઘ, અધીરો મહાજન, ભાટી ઉગમશી, હરભુજી સાંખલો, પાલુ રાઠોડ, ધરમો, સ્વારથિયો ખાતી અને સમશ ઋષિ નામના સંતોની બિરદાવળી ગવાઈ છે. એમાં પ્રથમ પંક્તિમાં જ સંત માલદે અને રૂપાંદે રાણી તથા જેસલ અને સતી તોળાંદેને યાદ કર્યા છે. આમ આજ સુધી રામદેવપીરના અનુયાયીઓ તરીકે રૂપાંદે-માલદે, જેસલ-તોરલ વગેરેનાં નામ ગણાવાય છે તે સર્વે રામદેવજી પહેલાં આ ઉપાસના સાથે જોડાયેલા છે અને રામદેવજીના પૂર્વસમકાલીન સંતો છે.

* * *

આપણા આધ્યકવિ મનાતા નરસિંહના સમય માટે આપણે એકમાત્ર 'હારમાળા'ની હસ્તપ્રતમાં મળતી વિ.સં. ૧૫૧૨ વૈશાખ સુદી ૭ ને સોમવારની સાલને પ્રમાણિત માનીએ છીએ, જ્યારે રાજસ્થાનમાં હસ્તપ્રતોમાં મળતી 'રૂપાવેલ'માં રાવ મલ્લિનાથ / માલદે તથા રૂપાંદેના જીવનમાં બનેલા મોજડીના પ્રસંગ માટે વિ.સં. ૧૪૪૦ની સાલ મળે છે, જેને રાજસ્થાનના વિશ્વમાન્ય સંશોધકો તથા ઈતિહાસકારો પ્રમાણિત માને છે એને આપણે માત્ર વિકૃત દંતકથા તરીકે ઓળખાવીએ !

મૂળ રાજસ્થાનીમાંથી ગુજરાતીકરણ પામીને અનેક પીઠાંતરો ધરાવતાં કંઠસ્થપરંપરામાં રૂપાંતરિત થયેલાં અને જળવાયેલાં રૂપાંદેના માત્ર ગુજરાતી ભજનોમાંથી સાંપડતા 'જોધા માલદે' કે 'મેવાડનો રાય' શબ્દને કેન્દ્રમાં રાખીને, (આ 'જોધા માલદે'નામ રૂપાંદેના રાજસ્થાની ભજનોમાં નથી મળતું.) જેને પલાણસાહેબ જેસલ-તોરલનો મિત્ર અને રૂપાંદેનો પતિ માને છે, જે ઈ.સ. ૧૫૩૨માં જોધપુરની ગાદીએ આવ્યો, ઈ.સ. ૧૫૬૧માં અકબરે હરાવ્યો. ઈ.સ. ૧૫૬૩/૧૫૭૩માં જેનું અવસાન થયું. તે જોધાના પ્રપૌત્ર માલદે (કે જે રામદેવપીરે ઈ.સ. ૧૪૫૯માં સમાધી લીધી છે ત્યારે જનમ્યો પણ નથી.) એના વિશે જૈનસાહિત્યમાં ક્યાં ક્યાં ઉલ્લેખો થયા છે એના તરફ પણ જરા નજર માંડીએ.

(૧) પાર્શ્વચન્દ્રસૂરિ (જન્મ સં. ૧૫૩૭, અવ. સં. ૧૬૧૨) એ જોધપુરમાં મારવાડના રાજા રાવ ગાંગજી તથા યુવરાજ માલદેવજીને પ્રબોધેલા. ('જૈનગુર્જરકવિઓ' ભાગ : ૧, પૃષ્ઠ : ૨૮૮)



(૨) કુશળલાભ વાચકના 'માધવાનળ કથા પ્રબંધ ચરિત્ર / માધવાનલ કામ કુંદલા ચોપાઈ રાસ' (ર. સં. ૧૬૧૬ જેસલમેરમાં)ની છેલ્લી પંક્તિમાં : 'રાઉલ માલ સુપાદ ઘર, માનપટોધરૂ કૂંયર શ્રી હરિરાજ, વિરચ્યા એહ સિણગાર રસ્સ, તાસ કુતુહલ કાજ'. એમ રાઉલ માલ શબ્દ મળે છે. ('જૈગુક' ભાગ : ૨, પૃષ્ઠ : ૮૦).

(૩) જિનચન્દ્રસૂરિ જન્મ : ૧૫૯૪, અવ. ૧૬૭૦. (જેમને 'યુગપ્રધાન' એવું બાદશાહ અકબરે બિરૂદ આપેલું) સં. ૧૬૧૨ (ઈ.સ. ૧૫૫૬) ભાદરવા સુદ ૯ ના દિવસે આચાર્યપદ. ત્યારે જેસલમેરના રાજા માલદેવે ઉત્સવ કરેલો. ('જૈગુક' ભાગ:૨, પૃષ્ઠ : ૧૧૮),

(૪) લબ્ધિકલ્લોલ કૃત 'શ્રી જિનચન્દ્ર સૂરિ અકબર પ્રતિબોધ રાસ' (ઐતિહાસિક) (રચ્યા સંવત ૧૬૪૮/૧૬૫૮ ! જેઠ વદ ૧૩ અમદાવાદમાં.) આ કૃતિની શરૂઆતમાં જ - (જિનચન્દ્રસૂરિને સં.૧૬૧૨ (ઈ.સ. ૧૫૫૬)માં માલદે દ્વારા આચાર્યપદ મળેલું તેની હકીકત આ રીતે મૂકવામાં આવી છે.) સંવત સોલ બારોત્તરઈ જેસલ મેરૂ મઝાર શ્રી જિનમાણિકસૂરિને થાપિઉ પાટ ઉદાર, માનિઓ રાઉલ માલદે ગુણ ગિરૂઓ ગણધાર, મહીયલિ જસુ યશ નિરમળો, હોય ન લોપઈ કાર તે જિ તપાઈ જિમ દિનમણિ શ્રી જિનચન્દ્ર સૂરીશ ('જૈનગુર્જરકવિઓ' ભાગ:૨, પૃષ્ઠ:૨૪૮)

કોઈ પણ સંશોધક-ઈતિહાસવિદ્ જે વિધાનો કરે એમણે પૂર્ણ પ્રમાણભૂત સંદર્ભો કે ઉલ્લેખો નોંધવા જોઈએ. ઈ.સ. ૧૯૭૭માં પ્રકાશિત થયેલી પુસ્તિકાને જ આધારભૂત માનીને એ પછી આજસુધીમાં થયેલાં સંશોધનોની ઉપેક્ષા કરીને અધ્ધરતાલ વિધાનો કરવાથી ભવિષ્યની સંશોધક પેઢીને આપણે કેવો ગુમરાહ કરીએ છીએ એનો ખ્યાલ કર્યા વિના, પ્રથમથી જ જવાબ લખીને પછી દાખલો ગણવાની પદ્ધતિ આપણી વિશ્વસનિયતા ગુમાવે છે. વાત માત્ર એટલી જ છે કે રામદેવપૂરના સમયમાં કશો જ ફેરફાર શક્ય નથી એટલે એને પૂરોગામી ગણાવવા માટે જ રૂપાંદ-માલદે કે જેસલ-તોરલના સમયને પાછળ ધકેલવાની ચેષ્ટા કેટલી વ્યાજબી ગણાય ? રામદેવપીરના પાટમાં પ્રથમ જેસલજ્યોત પ્રકટાવવામાં આવે છે એ શું બતાવે છે ? આદરણીય પલાણસાહેબ અહીં અપાયેલા તારણો તથા તમામ સંદર્ભો (જે આનંદ સંતસાહિત્ય સંદર્ભ ગ્રંથાલયમાં સચવાયાં છે.) વિશેના એક એક શબ્દ સંપૂર્ણ વાંચીને વિગતવાર પ્રતિભાવ આપશે એવી નમ્ર અપેક્ષા છે.

★

# મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર - કાર્યવૃત્ત

**દશમો કાર્યક્રમ : 'ઉત્તર ગુજરાતનાં લોકગીતો વિવિધ સંદર્ભે'**

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ અને ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ડીસા (જિ. બ.કાં.)ના સંયુક્ત ઉપક્રમે 'ઉત્તર ગુજરાતનાં લોકગીતો વિવિધ સંદર્ભે' વિશે પરિસંવાદ તા. ૧૭-૯-૧૨ ના રોજ યોજાયો હતો. આરંભમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ. અમૃત પટેલે આવકાર પ્રવચન કર્યું હતું. કેન્દ્રના નિયામક ડૉ. અંબાદાન રોહડિયાએ ભૂમિકા બાંધી હતી. ડૉ. જીતુભાઈ પંચોલી (પૂર્વ ઉપકુલપતિશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ), શ્રી ટી.જે. પટેલ (મેને. ટ્રસ્ટી સરદાર પટેલ એજ્યુકેશનલ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ડીસા), અને શ્રી કનુભાઈ જાનીએ (પૂર્વ અધ્યક્ષ, મ.દે. સમાજસેવા ભવન, ગૂજરાત વિદ્યાપીઠ) દીપ પ્રગટાવી પરિસંવાદ ખુલ્લો મૂક્યો હતો.



આ પછી મળેલી પ્રથમ બેઠકમાં શ્રી કનુભાઈ જાનીએ 'ઉત્તર ગુજરાતનાં લોકગીતો' વિશે બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. જ્યારે સર્વશ્રી ડૉ. અમૃત પટેલ, ડૉ. પિનાકીની પંડ્યા, ડૉ. ભગવાનદાસ પટેલ, ડૉ. પરમ પાઠક, ડૉ. રાજેશ મકવાણા, ડૉ. પ્રેમજી પટેલ, ડૉ. ભરત પંડ્યા અને શ્રી ઘનશ્યામ ગઢવીએ 'ઉત્તર ગુજરાતનાં લોકગીતો : વિવિધ સંદર્ભે' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. વિવિધ કૉલેજોમાંથી આવેલા ત્રીસેક જેટલા અધ્યાપકોએ ત્રણ જગ્યાએ યોજાયેલ સમાંતર બેઠકમાં પેપરો રજૂ કર્યાં હતાં. વિવિધ કૉલેજનાં અધ્યાપકો, લોકસાહિત્યના મર્મિઓ અને વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં રસપૂર્વક ભાગ લીધો હતો.



**અગિયારમો કાર્યક્રમ : કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યના સંશોધક : મેઘાણી**

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ અને શ્રી જે.બી. ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરતના સંયુક્ત ઉપક્રમે સદર કૉલેજમાં તા. ૨૨-૯-૧૨ના રોજ એક પરિસંવાદ ડૉ. દક્ષેશભાઈ ઠાકર (કુલપતિશ્રી, વી.ન.દ.ગુ. યુનિ., સુરત)ના અધ્યક્ષ પદે યોજાયો હતો. તેમણે મેઘાણીને લોકસાહિત્યના મર્મી તરીકે ઓળખાવ્યા હતા. કૉલેજના પ્રિ. ડૉ. ડી.એલ.વરસાણીએ આ અવસરે કૉલેજમાં આ પરિસંવાદનું આયોજન થયું તે માટે મહાનુભાવોનું સ્વાગત કરી તેમનો આભાર માન્યો હતો. લોકસાહિત્યની ઉપાસના એ જ મેઘાણીની મોટી સાહિત્ય સેવા રહી છે એમ કહીને ડૉ. અંબાદાન રોહડિયાએ મેઘાણીને લોકોના માણસ તરીકે ઓળખાવ્યા હતા અને પરિસંવાદની ભૂમિકા સ્પષ્ટ કરી હતી તેમજ રાજ્ય સરકારે લોકપરંપરા માટે જે હકારાત્મક વલણ દાખવ્યું, તે આવકાર્ય લેખ્યું હતું.

સમારંભના મુખ્ય મહેમાનશ્રી કે.ડી. વાઘાણીએ મેઘાણીને લોકસાહિત્યના પિતામહ તરીકે ઓળખાવ્યા હતા અને ઉમેર્યું હતું કે મેઘાણી ગુજરાતમાં જ નહિ, હિન્દુસ્તાનમાં પણ અજોડ લોકસાહિત્ય સંશોધક છે. લોકસંસ્કૃતિ અને લોકસાહિત્ય સંદર્ભે પ્રથમ બેઠકનું આયોજન થયું હતું. પ્રથમ બેઠકના પ્રથમ વક્તા ડૉ. રાજેશ પંડ્યાએ મેઘાણીની લોકસંસ્કૃતિએ દેશી, તળપદી હોવાનું જણાવ્યું હતું. 'કંકાવટી' લોકસાહિત્યનું પ્રતીક બની જાય છે. પ્રિ. ડૉ.જગદીશ ગૂર્જરે 'સોરઠી સાહિત્યકાર' મેઘાણીની લોકકથાઓનો ખ્યાલ આપ્યો હતો. ડૉ. ભરત મહેતાએ મેઘાણીને માટીના સર્જક ગણાવ્યા હતા અને એમણે કેટલાંક જીવનચરિત્રો અંગે વાત કરી હતી. પ્રથમ બેઠકના અધ્યક્ષશ્રી ડૉ. આર.પી.પટેલે રાષ્ટ્રીય શાયર મેઘાણીને લોકસાહિત્યના પાયોનિયર લેખાવ્યા હતા તેમજ મેઘાણીએ લોકડાયરાઓ કરીને પ્રજાને લોકસંસ્કૃતિ તરફ અભિમુખ કર્યાનું કહ્યું હતું.



**બારમો કાર્યક્રમ : 'ગુજરાત અને રાજસ્થાનનું લોકસાહિત્ય અને સંતસાહિત્ય'**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અને રાજસ્થાની ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ અકાદમી (બીકાનેર)ના સંયુક્ત ઉપક્રમે 'ગુજરાત અને રાજસ્થાનનું લોકસાહિત્ય અને સંતસાહિત્ય' વિશે બે દિવસની સંગોષ્ઠિનું જૂનાગઢ ખાતે ભારતી આશ્રમમાં આયોજન થયું હતું. બે દિવસની આ સંગોષ્ઠિમાં મોટી સંખ્યામાં વિદ્વાનો, રસિકજનો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંગોષ્ઠિના વક્તાઓએ ગુજરાત અને રાજસ્થાન વચ્ચે સંત પરંપરા તેમજ લોકસાહિત્ય ક્ષેત્રે નિકટનો નાતો હોવાનું સમાનપણે જણાવ્યું હતું.



દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ ભારતી આશ્રમના મહંત ભારતીબાપુએ કર્યો હતો. તેમણે આ પ્રકારના કાર્યક્રમ થકી સમાજમાં સાંસ્કૃતિક ચેતના જાગૃત થતી હોવાનું કહ્યું હતું. ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના સલાહકાર મંડળના બે સભ્યો શ્રી દરબાર પુંજાવાળા અને શ્રી ભીખુદાન ગઢવીએ મીરાંબાઈ અને ચારણ કવિ ઈસરદાસનાં ઉદાહરણો આપી ભક્તિરસનો પરિચય આપ્યો હતો. રાજસ્થાન એકેડેમીનાં પ્રમુખ ડૉ. શ્યામ મહર્ષિએ બે પ્રાંતો વચ્ચેનો સૈકાઓ જૂનો સબંધ સ્પષ્ટ કર્યો હતો. કેન્દ્રના નિયામક ડૉ. અંબાદાન રોહડિયાએ કાર્યક્રમની ભૂમિકા, બીજ વક્તવ્ય સંતસાહિત્ય મર્મજ્ઞ ડૉ. નિરંજન રાજ્યગુરુએ આપ્યું અને બન્ને પ્રદેશોનાં સંતસાહિત્યમાં દૃષ્ટિગોચર થતિ સમાનતા દર્શાવી હતી. સંચાલન ડૉ. રમેશ મહેતાએ કર્યું હતું.

લોકસાહિત્ય વિષયક બીજી બેઠકમાં રાજસ્થાનના ડૉ. ભંવરસિંહ સામોર અને ડૉ. મદન સેનીએ રાજસ્થાનના લોકસાહિત્ય વિશે તેમજ રાજુલ દવેએ ગુજરાતનું લોકસાહિત્ય અને ડૉ. મનોજ રાવલે ગુજરાતની લોકસંસ્કૃતિ વિશે વક્તવ્ય આપ્યા હતા. અંતે છ ચર્ચકોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. સંચાલન ડૉ. રવજી રોકડે કર્યું હતું. રાત્રિના ૮ થી ૧૦ની બેઠકમાં સૌરાષ્ટ્રની વિવિધ



કોલેજોનાં ૨૪ અધ્યાપકોએ નિયત સમયમર્યાદામાં રહીને લોકસાહિત્ય અને સંતસાહિત્ય વિષયક પેપરોનું વાંચન કર્યું હતું. આ બેઠકમાં ડૉ. બિપિન આશર, ડૉ. અંબાદાન રોહડિયા અને ડૉ. એસ.પી.શર્માએ તજ્જ્ઞ તરીકે સંશોધકોને માર્ગદર્શન આપ્યું હતું. બીજા દિવસે સંતસાહિત્ય વિશે ડૉ. નાથાલાલ ગોહિલ અને ડૉ. હસમુખ વ્યાસે અનુક્રમે રવિભાણ સંપ્રદાય અને નાથ તથા મહાપંથની પરંપરાનો પરિચય કરાવ્યો હતો. રાજસ્થાનનાં ડૉ. શક્તિદાન કવિયા અને ડૉ. મધાવસિંહ ઈન્દાએ રાજસ્થાની સંતસાહિત્ય વિશે વક્તવ્ય આપ્યું હતું. સંચાલન ડૉ. બી.આર.ખાચરિયાએ કર્યું હતું. સમાપન બેઠકમાં બન્ને સંસ્થા વતી ડૉ. અંબાદાન રાહડિયાએ સૌનો આભાર માન્યો હતો. વિવિધ કોલેજોના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને લોકમર્મિઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**તેરમો કાર્યક્રમ : 'મારી સંશોધનયાત્રા'**

તા. ૧૧ ઓક્ટોબર, ૨૦૧૨ ગુરુવારના રોજ સાહિત્યવર્તુળ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર અને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે 'મારી સંશોધનયાત્રા' વ્યાખ્યાનનો કાર્યક્રમ યોજાયો. જે અંતર્ગત ગુજરાતી ભાષા-સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ સર્જક, વિવેચક અને સંશોધક પ્રો. હસુ યાજ્ઞિકે પોતાની સમગ્ર સંશોધનયાત્રા વિશે વિસ્તૃત પ્રમાણમાં રસમય વ્યાખ્યાન કર્યું. તેમના વ્યાખ્યાનમાં કેન્દ્રવર્તી વિચાર તરીકે મધ્યકાલીન સાહિત્યનો અભ્યાસ, સંગીતકલા વિશે તેમના શાસ્ત્રીય ખ્યાલો તથા લોકસાહિત્યના સંપાદન-સંશોધનકાર્યનું અધ્યયન રહ્યા., તેમણે ખૂબ ઉત્સાહ અને ઊર્જાથી પોતાના સમગ્ર સંશોધનકાર્ય વિશે વાત કરી તથા વિદ્યાર્થીઓના પ્રશ્નોને પણ ન્યાય આપ્યો.



વક્તવ્ય પૂર્વે ડૉ. વિનોદ જોશીએ સ્વાગત, સર્જક પરિચય અને કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. જેથી વિષયપ્રવેશ સરળ બન્યો હતો. આભારદર્શન કેન્દ્રના નિયામક શ્રી અંબાદાન રોહડિયાએ કર્યું હતું. જેમાં તેમણે ઋણસ્વીકાર અને કેન્દ્ર દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ, આગામી આયોજનો અને 'લોકગુર્જરી' ત્રૈમાસિક વિશે પણ વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શક્તિસિંહ પરમારે કર્યું હતું.

**ચૌદમો કાર્યક્રમ : 'કવિ દાદ' સાથે સંવાદ**

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ અને ડૉ. સુભાષ મહિલા કૉલેજ ઓફ એજ્યુકેશન, જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦-૧૦-૧૨ના રોજ ડૉ. સુભાષ એકેડેમી ખાતે ચારણી સાહિત્યના લબ્ધ પ્રતિષ્ઠિત કવિશ્રી દાદુદાન પ્રતાપદાન ગઢવી 'દાદ' સાથે સંવાદ યોજાયો હતો.

કાર્યક્રમનો આરંભ પ્રાર્થનાથી થયો. શ્રી બી.જે.વાટલિયાએ સહુને આવકારી સંસ્થાની પ્રવૃત્તિનો પરિચય આપ્યો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. મહેન્દ્ર પાડલિયાએ દીપ પ્રાગટ્ય કર્યું અને મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિનો પરિચય ડૉ. અંબાદાન રોહડિયાએ આપી કવિ 'દાદ'ની સર્જનયાત્રાની કેડીએ સૌને વિહાર કરાવ્યો. કવિ 'દાદે' પોતાના ભાવસભર વક્તવ્યમાં સર્જનની ક્ષણોને સ્ફુટ કરી કેટલીક રચનાઓનું ગાન કર્યું હતું, અને એમાં સુર પુરાવ્યો કવિના પુત્ર જીતુદાનજીએ એમના બુલંદ કંઠે શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા.




અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન કરતાં કુલપતિશ્રી ડૉ. પાડલિયાસાહેબે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી લોકસાહિત્યના પ્રચાર-પ્રસાર અર્થે લોકોની વચ્ચે જશે અને લોકસાહિત્યને પ્રોત્સાહન આપશે. અતિથિ વિશેષ રાજ ચાવડાએ લોકસાહિત્ય



કેન્દ્રની પ્રવૃત્તિને બિરદાવી, પૂ. પેથલજીભાઈના જીવન ઉદ્દેશને શ્રોતાઓ સમક્ષ મૂક્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોને મોમેન્ટો અને શાલ ઓઢાડીને સન્માન્યા હતા. ઋણ સ્વીકાર કૉલેજનાં પ્રો. રાજ્યગુરુ સાહેબ કર્યો. આ કાર્યક્રમમાં એકેડેમી સંલગ્ન સંસ્થાઓના આચાર્યો, અધ્યાપકમિત્રો, લોકસાહિત્યશ્રોતાઓ તથા વિદ્યાર્થીબહેનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. બલરામ ચાવડાએ કર્યું હતું.

**પંદરમો કાર્યક્રમ : 'લોકકથા : સંશોધન-સંપાદન'**

અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે શ્રી ઝવરેચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સહયોગથી ''લોકકથા : સંશોધન-સંપાદન'' વિષય પર રાજ્યકક્ષાનો દ્વિદિવસીય પરિસંવાદ તા. ૨, ૩ ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ યોજાઈ ગયો. પ્રથમ દિવસે ડૉ. નરેશ વેદે ''લોકકથા : સંશોધન-સંપાદનની પ્રસ્તુતતા'' અંગે વક્તવ્ય આવ્યું હતું. આ પ્રસંગે જાણીતા લોકકલાકાર જીતુદાન ગઢવીએ લોકકથાઓની પ્રસ્તુતિ કરી હતી. બીજી બેઠકમાં ડૉ. હસુ યાજ્ઞિકે ''લોકકથા : સિદ્ધાંત ચર્ચા'' વિશે, ડૉ. ભગવાનદાસ પટેલે ''આદિવાસી લોકકથા પ્રવૃત્તિ : સ્વાનુભવ'' વિશે અને ડૉ. અમૃત પટેલે ''લોકકથા : સંશોધન પ્રવૃત્તિનો ઇતિહાસ'' વિશે વક્તવ્યો આપ્યા હતા. પરિસંવાદના બીજા દિવસે (તા. ૩-૨-૧૩) ડૉ. નિરંજન રાજ્યગુરુએ ''લોકકથાની કથનકળા : સોરઠી લોકકથા સંદર્ભે'' વિષય પર; ડૉ. વિક્રમ ચૌધરીએ ''લોકકથાની કથનકળા : ડાંગી લોકકથા સંદર્ભે'' વિષય પર અને ડૉ. અંબાદાન રોહડિયાએ ''લોકકથાની કથનકળા : દુહાબદ્ધ લોકકથા સંદર્ભે'' વિષય પર વક્તવ્ય



આપ્યા હતા. આ પ્રસંગે ડૉ. બળવંત જાનીએ ''લોકકથા સંશોધન : શક્યતા અને ક્ષમતા'' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. પરિસંવાદમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

**સોળમો કાર્યક્રમ : 'સંશોધક-સંપાદક મેઘાણી : કૃતિલક્ષી અભ્યાસ'**

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ અને શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કૉલેજ, વલસાડના સંયુક્ત ઉપક્રમે 'સંશોધક-સંપાદક મેઘાણી : કૃતિલક્ષી અભ્યાસ' પરનો એક દિવસીય સેમિનાર સંસ્કાર કેન્દ્ર, કૉલેજ કેમ્પસ, વલસાડ ખાતે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. એન.એચ. કોમર્સ કૉલેજના આચાર્ય ડૉ. જે.એમ.નાયકના હસ્તે દિપ પ્રાગટ્ય કરી સેમિનાર ખુલ્લો મુકાયો હતો. આર્ટ્સ કૉલેજના આચાર્ય ડો. બુટાણીએ ઉપસ્થિત મહેમાનોને શબ્દોથી સન્માનિત કર્યા હતા. પરિસંવાદની ભૂમિકા કેન્દ્રના નિયામક ડૉ. અંબાદાન રોહડિયાએ આપી હતી. વક્તા તરીકે ડૉ. ઉષા ઉપાધ્યાય, પ્રા. મુદિતા મહેતા, ડૉ. બળવંત જાની, ડૉ. જગદીશ ગૂર્જર, ડૉ. અંબાદાન રોહડિયા અને ડૉ. જયાનંદ જોશી ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગ વલસાડના રણજીતસિંહ દેસાઈએ મેઘાણી અને કવિ કાગ પર એમ.ફિલ. કરનાર પાંચ સંશોધકોને દરેકને રૂા.૧૧,૦૦૦/- સ્કોલરશીપ તથા ભરતભાઈ દેસાઈએ મેઘાણી પર પીએચ.ડી. કરનાર એક સંશોધક વિદ્યાર્થીને રૂા. ૧,૦૦,૦૦૦/- આપવાની જાહેરાત કરી હતી. આ પરિસંવાદમાં વિવિધ કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. રાષ્ટ્રીય કવિ ઝવેરચંદ મેઘાણી પ્રત્યે શિક્ષણ જગતની અપાર લાગણી અને આદરના આ સમારોહમાં દર્શન થયાં હતાં. આ રીતના સેમિનારો યોજવાથી આપણી ગુજરાતની અસ્મિતાનું જતન થતું હોવાનું પ્રતીત થતું હતું.






**સત્તરમો કાર્યક્રમ :** 'લોકસાહિત્ય ક્ષેત્રે પુષ્કર ચંદરવાકરનું પ્રદાન'

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપક્રમે ''લોકસાહિત્ય ક્ષેત્રે પુષ્કર ચંદરવાકરનું પ્રદાન' વિશે એક પરિસંવાદ કણસાગરા મહિલા કૉલેજ ખાતે યોજાઈ ગયો. પરિસંવાદનું ઉદ્‌ઘાટન પુષ્કર ચંદરવાકરના સુપૂત્રી અનુરાધા ચંદરવાકર અને જમાઈ ડૉ. જે. પી. મૈયાણી તથા યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મહેન્દ્ર પાડલિયા અને કૉલેજના આચાર્ય ડૉ. રાજેશ કાલરિયાએ દીપ પ્રગટાવીને કર્યું. કૉલેજની વિદ્યાર્થીનીએ મેઘાણી સંપાદિત ''ચૂંદડી''માંથી મૂળ ઢાળમાં લોકગીત રજૂ કરેલું. ત્યારબાદ કાર્યક્રમની ભૂમિકા અને સ્વાગત વક્તવ્ય કેન્દ્રના નિયામક ડૉ. અંબાદાન રોહડિયાએ રજૂ કરીને કેન્દ્ર દ્વારા ચાલતી પ્રવૃત્તિમાં જનભાગીદારી પ્રાપ્ત થઈ છે અને વિદ્યાકીય વાતાવરણનું નિર્માણ સમગ્ર પ્રાંતમાં થઈ રહ્યું છે, તે વાત વિગતે કરી હતી.




અતિથિ તરીકે ડૉ. મૈયાણીએ આ પ્રકારના કાર્યક્રમના આયોજનથી પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને એમના તરફથી અનુરાધાબહેન વત્તી રૂપિયા ૫૧ હજારની રાશી વ્યાખ્યાન યોજવા માટે અનુદાન સ્વરૂપે અર્પણ કરેલી અને આ પરિસંવાદના નિબંધોના પ્રકાશન પેટે રૂપિયા ૧૧ હજારની રકમનો ચેક કુલપતિને અર્પણ કર્યો હતો. ડૉ. જે.એમ.ચંદ્રવાડિયાએ પુષ્કર ચંદરવાકરના ''ચારણી સાહિત્ય વિષયક સંપાદનો'', ડૉ. કીર્તિદા શાહે ''પુષ્કર ચંદરવાકરની લોકસાહિત્યલક્ષી સ્વરૂપ વિચારણા'' અને ડૉ. હસુ યાજ્ઞિકે ''પુષ્કર ચંદરવાકરની લોકસાહિત્યલક્ષી સૈદ્ધાંતિક વિચારણા'' સંદર્ભે વિગતે વાત કરી હતી. તો અનુરાધાબહેને પિતાના વ્યક્તિત્ત્વનાં વિવિધ પાસાંઓનું સ્મરણ કર્યું હતું. સેમિનારમાં કૉલેજના અધ્યાપકો ડૉ. સુદર્શના માંગુકિયા, ડૉ. હિમાંશુ ભટ્ટ, ડૉ. બાબુભાઈ ઢોલરિયા, વડોદરાથી ડૉ. ભરત પંડ્યા અને ડૉ. જયેશ ભોગાયતા તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આ અંકના લેખકો

**બળવંત જાની,** 'તીર્થ', ૨૬૪, જનકપુરી, આકાશવાણી સ્ટાફ ક્વાર્ટસની પાછળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫

**ડૉ. અંબાદાન રોહડિયા,** 'રવેચીકૃપા', ૪, હરિનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૮૦ ૦૦૫

**જિતુદાન ગઢવી ,** ૩૫/૨૮૭, વિદ્યાનગર ફલેટ્સ, ગેટ નં. ૧ હિંમતલાલ પાર્ક, ૧૩૨ ફૂટ રીંગ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

**બાબુ સુથાર,** અધ્યાપક, સાઉથ એસિયન વિભાગ, પેનસિલ્વેનિયા યુનિર્વર્સિટી, ફિલાડેલ્ફિયા, યુ.એસ.એ.

**ડૉ. હસુ યાજ્ઞિક,** ૧, પદ્માવતી બંગલો, ભાવિન વિદ્યાવિહાર સામે, પાનેતર પાર્ટી પ્લોટ પાછળ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪

**ડૉ. મનોજ રાવલ,** ન્યાયાલય પથ, જોમજોધપુર-૩૬૦૫૩૦, જિ. જામનગર

**રાજુલ દવે,** 'વરદ ભૂમિ', ૧૧-બી, કૈલાસનગર, બેંક ઓફ બરોડાવાળી શેરી, કોટેચા ચોક, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

**ભીખુ કવિ,** મુ.પો. કડિયાદરા, તા. ઇડર, જિ. સાબરકાંઠા

**ડૉ. નિરંજન રાજ્યગુરુ,** આનંદ આશ્રમ, ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટ-૩૬૦૩૧૧

ISSN : 2320-8872


# લોકગુર્જરી

અંક : અઠ્ઠાવીસ

(ત્રૈમાસિકઃ દ્વિતીય વર્ષ, પ્રથમ અંક)

સંપાદક

ડૉ. બળવંત જાની



શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

રાજકોટ-૫

ISSN : 2320-8872

# લોકગુર્જરી

અંક : અઠ્ઠાવીસ

(ત્રૈમાસિકઃ દ્વિતીય વર્ષ, પ્રથમ અંક)

સંપાદક

ડૉ. બળવંત જાની



શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

રાજકોટ-૫

# લોકગુર્જરી

**સળંગ અંક : અઠ્ઠાવીસ**

॥ પરામર્શી સામયિક ॥

**(ત્રૈમાસિક : દ્વિતીય વર્ષ, પ્રથમ અંક)**

: સંપાદક :

**ડૉ. બળવંત જાની**

**શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**

*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫*


**'Lok Gurjari-28'**
Quartely Reffered Journal of Oral Traditional folk Literature of Gujarat, Edited by Dr. Balvant Jani, Published by 'Shri Zaverchand Meghani Loksahitya Kendra' and Gujarat Sahitya Academy, Gandhinagar-382017

ISSN : 2320-8872

પ્રત : ૫૦૦

પૃષ્ઠ : ૧૨+૧૪૦=૧૫૨

મૂલ્ય : છૂટક કિંમત રૂ. ૧૦૦-૦૦
**(વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦૦-૦૦, પંચવાર્ષિક રૂ. ૧૦૦૦-૦૦, વિદેશમાં રૂ. ૬૦૦-૦૦)**

આવરણ ચિત્ર : **પ્રતાપસિંહ બારહટ્ઠ** - રાજકોટ

પ્રકાશક :
**ડૉ. અંબાદાન રોહડિયા**
માનદ્ નિયામક,
શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦૦૦૫
ફોન : ૯૪૨૬૫ ૩૦૦૦૫

મુદ્રક :
**ક્રિષ્ના ગ્રાફિક્સ**
૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૦૭૯-૨૭૪૯૪૩૯૩

## સંપાદકીય.....

સંતસાહિત્ય વિશેના જ એક વિશેષ અંકની યોજના ઘણાં સમયથી ચાલતી હતી. મોટાભાગના અભ્યાસીઓના લેખો મળી ગયા. હજુ બે-ચાર લેખોની રાહ છે. તેને યથાવકાશે પ્રકાશિત કરીશું. બીજા વર્ષથી **'લોકગુર્જરી'**ને **પરામર્શી સામયિક**નો દરજ્જો મળે એવી યોજના પણ પાર પડી. એટલે આ અંકથી 'લોકગુર્જરી' આપણી ભાષાનાં રિફર્ડ જર્નલ (Reffered Journal) તરીકે પ્રકાશિત થાય છે. આપણી ભાષાના કંઠસ્થ પરંપરાના સાહિત્યના સંન્માન્ય વિદ્વાને લેખોને તપાસવાનું માનદ્‌સેવાકાર્ય સ્વીકાર્યું એટલે એમના પરત્વે ઋણભાવ પ્રગટ કરું છું. 'લોકગુર્જરી' ઉત્તમ ગુણવત્તાવાળું સામયિક બની રહે એવા પ્રયત્નોમાં મેઘાણી લોકસાહિત્યકેન્દ્રના માનદ્‌ નિયામકશ્રીનો, કુલપતિશ્રીનો અને સર્વે સદસ્યશ્રીઓનો સક્રિયતાપૂર્ણ સહયોગ પ્રાપ્ત થાય છે. ફળસ્વરૂપે 'લોકગુર્જરી'એ ગત વર્ષે ISSN નંબર મેળવ્યો અને હવે આ વર્ષથી અઠ્ઠાવીશમા અંકથી રિફર્ડ જર્નલ તરીકેનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે.

આ અઠ્ઠાવીસમા અંકથી 'લોકગુર્જરી' ત્રૈમાસિક બીજા વર્ષમાં પ્રવેશે છે. છેલ્લા વર્ષ દરમિયાન ચારેય અંક નિયમિત પ્રકાશિત થયા. આ વર્ષે પણ બીજા વર્ષનો પ્રથમ અંક જુલાઈમાં પ્રકાશિત થાય છે. આ સળંગ અઠ્ઠાવીસમો અંક છે. આ અંક વિશિષ્ટ રીતે સંતસાહિત્યના આપણા સ્વાધ્યાય, સંશોધન અને અધ્યયનના સુફળ સ્વરૂપ સહુ કોઈને જણાશે. અંકમાંના કુલ નવ લેખો બે વિભાગમાં વિભાજિત છે. પ્રથમ વિભાગના લેખો **'સંતવાણી : આસ્વાદ અને અવબોધ'** શીર્ષક હેઠળ



મૂક્યા છે અને બીજા વિભાગનું શીર્ષક છે **'ગુજરાત : ભક્તિ પરંપરા અને કબીરપરંપરા'**. આમ બે વિભાગમાંથી ગુજરાતની ભક્તિપરંપરાનું, કબીરપરંપરાનું અને સંતવાણીના સ્વાધ્યાયનું ઐતિહાસિક ચિત્ર ઉપસે છે.

**ડૉ. નરેશ વેદ** ભારતીય અધ્યાત્મવિદ્યાના ઊંડા અભ્યાસી છે. આ અધ્યાત્મ-યોગવિદ્યા આપણી તળપદી સંતવાણીમાં સહજ રીતે રૂપકાત્મક અભિવ્યક્તિ પામી. મકરંદ દવે, કાન્તિલાલ કાલાણી, પુષ્કર ગોકાણી, રાજેન્દ્રસિંહ રાયજાદા આદિએ આ વિશે થોડા લેખો લખ્યા છે. નિરંજન રાજ્યગુરુ અને નાથાલાલ ગોહિલ આદિના ગ્રંથોમાં પણ રૂપકાત્મક ભજનવાણીના મર્મને અને મહત્તાને ચીંધી બતાવાયેલ છે. નરેશભાઈએ અહીં રૂપકાત્મક-રહસ્યાત્મક ગૂઢવાણી સંતોએ શા માટે પ્રયોજી? એવો પ્રશ્ન ઉપસ્થિત કરીને એનો તળપદી સંતવાણીના ગૂઢજ્ઞાન અને ગૂહ્યવિદ્યા અપરિપક્વ વ્યક્તિ પાસે - ખોટી વ્યક્તિ પાસે આપણું અધ્યાત્મજ્ઞાન ન પહોંચે એટલે આ પ્રદેશના-પંથના પથિકોને જ સહજ સરળ રીતે સમજાય એવા રૂપકોને આશ્રયે આપણી યોગવિદ્યાના નીજ અનુભવની અભિવ્યક્તિ સ્વીકારી એવો તર્કપૂર્ણ અને અનુભવપૂત અભ્યાસપૂર્ણ ઉત્તર એટલે સળંગ લેખ. તેમણે પચાસ જેટલાં પ્રચલિત અને પરંપરિત રૂપકોને એના ગર્ભિત અર્થ સાથે અહીં ખોલ્યા છે. ભજનવાણીના દૃષ્ટાંતો આપીને એ રૂપકમાં પ્રગટતા અર્થ ધ્વનિથી આપણને સુપરિચિત કર્યા છે. કેટલાંક રૂપકો પ્રતીકની કક્ષાએ પહોંચ્યા છે એ પણ સ્પષ્ટ કર્યું છે. ઘણાં અર્થો તો એમણે જ અહીં પ્રથમ વખત પ્રસ્તુત કર્યાં છે. ભજનના ઊંડાણથી અધ્યયન કરવા માટેની તેમણે પીઠિકા રચી આપી છે. 'લોકગુર્જરી' આવા લેખોથી રળિયાતપણાનો અનુભવ કરે છે. બીજો લેખ **ડૉ. હસુ યાજ્ઞિક**નો છે. તેમણે અહીં ઈસ્માઈલી પરંપરાના મહત્ત્વના પીર શમ્સ દ્વારા રચાયેલ ગોપીચંદ વિશેની આખ્યાનરચનાના ડૉ. બળવંત જાનીના સંપાદનની વિગતપૂર્વકની સમીક્ષા કરી છે. આ નવા વિષયની, મહત્ત્વની ધારાની ઈસ્માઈલી ખોજાના ધાર્મિક સાહિત્યની મધ્યકાલીન ગુજરાતની કથા રચનાનો પરિચય કરાવીને આપણાં મધ્યકાલીન સાહિત્યમાં એ કઈ રીતે ઉમેરણરૂપ છે એની વિગતો પણ અભ્યાસપૂર્વક કહી છે. સમીક્ષાત્મક અવલોકનની સાથે-સાથે એમણે ભૂમિકા રૂપે પણ ઘણી વિગતો લખી છે. આ સંપાદનથી મધ્યકાલીન સમયના -કંઠસ્થપરંપરાના કથાસાહિત્યની ભાળ મળે છે. ડૉ. હસુભાઈએ નાથપરંપરાના ઈસ્માઈલી-નીજારીઓ સાથેના અનુસંધાન તરફ પણ અંગુલિનિર્દેશ કર્યો છે. આવા બધા કારણથી આ અભ્યાસલેખ આ વિષયના અભ્યાસીઓને ઉપયોગી બની રહેશે અને મૂળ સંપાદનના

અભ્યાસ પરત્વે ભાવકોને દોરી જશે.

નાથપરંપરાના અભ્યાસમાં સતત રત રહેતા **ડૉ. મનોજ રાવલે** 'ગોપીચંદ ભરથરીની વારતા' નામના વનવાસી-સાહિત્યની રચનાને આધારે નાથપરંપરાના ઘણાં સંદર્ભો ખોલ્યા છે. કઈ રીતે નાથસંતો સાથે સંકળાયેલા સંદર્ભો અક્ષુણ્ણ રહ્યા, અબોટને અણીશુદ્ધ રહ્યા. એના અનુસંધાનના પ્રાચીન પરંપરિતરૂપના અંકોડા સાથે ડૉ. રાવલ આ સુદીર્ઘ અભ્યાસના માધ્યમથી જોડી આપે છે. મનોજભાઈનું દીર્ઘસૂત્રીપણું સકારણ છે, કેટલુંક પરંપરિત પ્રકારનું હોઈને એને લંબાણથી સ્પષ્ટ કરવાનું પણ આવશ્યક હોય છે. ડૉ. મનોજ રાવલનો આ અભ્યાસલેખ આપણાં નાથપરંપરાના અભ્યાસલેખો સંદર્ભે પણ ઘણો મહત્ત્વનો બની રહે એ કક્ષાનો હોઈ એને અહીં પ્રકાશિત કરતાં પ્રસન્નતા અનુભવું છું.

**ડૉ. બળવંત જાનીએ** સોરઠી પરંપરાની સંતવાણીના ગિરનારી સંત વાઘનાથના શિષ્ય વેલનાથની શિષ્ય પરંપરાના સંતોની ભજનવાણીનો અહીં ક્રમશઃ રચનાના દૃષ્ટાંત સાથે વિગતથી આસ્વાદ કરાવેલ છે. આ નિમિત્તે મેઘાણીના અને મુખપાઠ પરંપરામાં પ્રચલિત દંતકથા સમાન ઘણી બધી વિગતો એક સાથે મળે છે. ભજનરચના સાથે સંકળાયેલા સંદર્ભો પણ સ્પષ્ટ થાય છે. એ કારણે ભજનસર્જન-રચના ઉદ્ભવનું પરંપરિત કારણ આપણને પ્રાપ્ત થતું હોઈને રચનાના આસ્વાદ અને અર્થઘટનમાં પણ ભાવકોનો પ્રવેશ શક્ય બને છે. આ પૂર્વે બળવંત જાનીએ 'પરબ પરંપરા સાથે સંકળાયેલા સંતોની ભજનવાણી'નો ઐતિહાસિક ક્રમે આસ્વાદ કરાવેલો. આ પરંપરામાં રવિભાણ, મહાપંથ, રામાનંદી, સ્વામીનારાયણ આદિ મહત્ત્વની સૌરાષ્ટ્રની સંતવાણીની પરંપરાનો પરિચય પ્રાપ્ત થશે. અને પંથનું દર્શન, સંતમતનું દર્શન પરંપરામાં કેવી-કેવી રીતે વિકસીને વિલસતું રહ્યું એનો પરિચય પ્રાપ્ત થશે.

પાંચમો લેખ **ડૉ. દીપક પટેલ**નો છે. એમણે પણ ડૉ. હસુભાઈની માફક કૃતિલક્ષી સમીક્ષા દ્વારા એમનો અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. મેઘાણી સંપાદિત 'સોરઠી સંતવાણી'ની વિગતે વિવેચના તેમણે અહીં મૂકી છે. મેઘાણીના 'સોરઠી સંતવાણી'ના પ્રારંભે મુકાયેલા લેખનું તત્ત્વ, તંત્ર અને તત્ત્વાભિનિવેશને તેમણે સ્પષ્ટ કરીને ચર્ચ્યો છે. મેઘાણીનો ઉદ્દેશ, મેઘાણીનું ક્ષેત્રકાર્ય અને મર્મીઓ સાથેના મેળાપને કારણે આ ભજનસંપાદનને કેવું રૂપ પ્રાપ્ત થયું એની પણ તેમણે વિશદ્ રીતે તે ચર્ચા કરી હોઈને એમનો આ સમીક્ષાલેખ સંતસાહિત્યના તેમજ મેઘાણીસાહિત્યના અભ્યાસીઓને ખૂબ ઉપયોગી થશે. છઠ્ઠો લેખ સ્વામિનારાયણ સંત પરંપરાના



ચારણી સંતો બ્રહ્માનંદ અને દેવાનંદની ભક્તિમૂલક રચનાઓમાં પ્રયોજાયેલ ચારણી છંદો, ચારણી કાવ્યબાની અને ચારણી મૂલ્યનિષ્ઠાને કારણે કેવું આગવું રૂપ મળ્યું એ વિશેનો છે. એ પરંપરાના સંતોમાં આ બન્ને સંતોની વાણી વિશિષ્ટ રીતે ઉપસે છે એનો અહીં આસ્વાદ કરાવાયો હોઈને આપણને સ્પર્શી જાય છે. **પ્રા. દેવેન્દ્ર ગઢવીએ** અહીં પસંદ કરેલી રચનાઓ, ચારણી કાવ્યબાની અને કાવ્યપદાર્થની આ સંતોની અભિજ્ઞતાની પણ ઓળખ બની રહે છે.

આમ પ્રથમ વિભાગના આ છ લેખો ખરા અર્થમાં ગુજરાતી સંતવાણીના સંપાદનોની આલોચના, ઓળખ અને આસ્વાદ તથા અવબોધ કરાવતા હોઈને સાંપ્રત અભ્યાસીઓને ઘણું વિચારભાથુ પૂરું પાડનારા છે. અહીં ગીરનારી અને નાથપરંપરા વિશે પ્રમાણમાં વધુ લેખો છે. રૂપકાશ્રિત ભજનવાણીમાં પણ નાથ અને કબીર પરંપરાના દૃષ્ટાંતો વિશેષ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે. આપણી સંતવાણીનું સત્વ, તત્ત્વ આ નિમિત્તે સ્પષ્ટ થાય છે. એ ભજનવાણીનું ભાવવિશ્વ કેવું અર્થપૂર્ણ, મર્મપૂર્ણ અને હૃદયસ્પર્શી છે એનો પરિચય પણ પ્રાપ્ત થાય છે. આ સંતવાણીમાં કેવા સનાતન પ્રશ્નો અને શાશ્વતમૂલ્યો પ્રયોજાયા છે એની આપઓળખ આપણી અસ્મિતાનું ગૌરવભાન કરાવે છે. આ સંતવાણીનું અનુસંધાન આપણી પ્રાચીન જ્ઞાન સંકલ્પના સાથે અને વિભાવના-વિચારધારા સાથે કેવું તીવ્રતાથી જકડાયેલું અને જળવાયેલું છે તેનો ખ્યાલ પણ આ અભ્યાસલેખોમાંથી પ્રાપ્ત થતો હોઈને આપણાં અધીતની ઓળખ કરાવતા આ લેખો અને એના અભ્યાસી લેખકો પરત્વે મારી પ્રસન્નતા પુનઃ પ્રગટ કરું છું.

બીજા વિભાગનું શીર્ષક છે **'ગુજરાત : ભક્તિપરંપરા અને કબીરપરંપરા'** અહીં કુલ ત્રણ અભ્યાસલેખો સંપાદિત કર્યા છે. પહેલો અર્થાત્ સાતમો લેખ સંતસાહિત્યની ભક્તિપરંપરાના સાહિત્યના મોટા સંગ્રાહક, સંવાહક અને અભ્યાસી **ડૉ. હસમુખ વ્યાસ**નો છે. તેમણે દ્રવિડમાંથી ઉદ્ભવ પામીને ભક્તિ પરંપરાના થયેલા પ્રસરણની વિગતોને એકસાથે અહીં સંકલિત કરીને મૂકી આપી છે. આ કારણે ભક્તિ પરંપરાના મૂળ અને કુળથી પરિચિત થવાય છે. ડૉ. વ્યાસ પાસેથી ભારતીય પરંપરાના સઘળા સંદર્ભો અહીં એક સાથે હાથવગા બની રહીને સુલભ થાય છે. મોનિયર વિલિયમ્સથી માંડીને આપણા ઉપનિષદો, અને પરંપરામાં પ્રચલિત મતનું વિવરણ પણ ડૉ. વ્યાસે કર્યું હોવાને કારણે એ દોહાના મૂળ સ્વરૂપથી અને એના પછીના રૂપાંતરણનો પણ આપણને ખ્યાલ અહીંથી પ્રાપ્ત થાય છે. ત્રીસ-ચાલીસ જેટલા સંદર્ભગ્રંથોના ઉલ્લેખથી આ વિશેના વિવિધ મતના

અને વિચારધારાની પ્રકાશિત સામગ્રી સંપ્રાપ્ત થાય છે. આવા બધા કારણે આ સ્વાધ્યાયલેખ પણ ઘણી મહત્તા ધારણ કરે છે.

**ડૉ. નિરંજન રાજ્યગુરુ**નો લેખ કબીરસાહેબની શબદ સરવાણી ગુજરાત સાથે કેટલી ગાઢ રીતે સંકળાયેલી અને સંદર્ભાયેલી છે તે વિશેનો છે. કબીર વડથી માંડીને કંઈ કેટલીય સાખીઓ, ભજનો અને દસ્તાવેજી આધાર સાચવતા સ્થાનોની વિગત પણ અહીં સ્થાન પામી છે. ડૉ. નિરંજનભાઈએ કબીરથી પ્રભાવિત થઈને અહીં ગુજરાતમાં ખૂબ જ લોકપ્રિયતા પ્રાપ્ત કરેલા રવિ ભાણ પરંપરાનો ઉલ્લેખ પણ મુક્યો છે. આ બધી સામગ્રીનું માત્ર સાહિત્યિક કે સાંપ્રદાયિક જ નહીં પરંતુ સાંસ્કૃતિક અને ઐતિહાસિક મૂલ્ય પણ ઘણું છે.

નવમો લેખ **ડૉ. નાથાલાલ ગોહિલ**નો છે. તેમણે ખૂબ જ વિગતથી કબીર અને રવિ-ભાણ સંપ્રદાયનો ગુજરાત સાથેનો પ્રગાઢ સંબંધ ચર્ચ્યો છે. ડૉ. નાથાલાલભાઈ જાતે પ્રત્યક્ષ મુલાકાત લઈને કબીર પરંપરાના ગુજરાતના તમામ સ્થાનકોથી પૂરા પરિચિત થયા છે. રવિસાહેબ અને ભાણસાહેબ તથા ત્યાર પછીના સંતપરંપરાના સંતોના જીવન અને કવનથી પણ તેઓ પૂરા પરિચિત છે. આ સાહિત્યમાં કયા-કયા ઘટકો નિહિત છે તે બધું પણ તેમણે અહીં લેખમાં સમાવિષ્ટ કરેલ છે. આમ દસ્તાવેજી આધારસામગ્રી, અધિકૃત સંદર્ભો અને સાહિત્યકૃતિના સંતવાણીના વિપુલ દૃષ્ટાંતોને કારણે ગુજરાત સાથેનો કબીર અને ભાણ-રવિસાહેબની શિષ્યપરંપરાનો કેવો દૃઢ અનુબંધ અકબંધ રીતે જળવાઈ રહ્યો એની માહિતી અને જ્ઞાન અહીંથી પ્રાપ્ત થાય છે. આવા કારણથી આ અભ્યાસલેખ પણ પૂરી મહત્તા ધારણ કરે છે.

ભક્તિ પરંપરા, કબીર અને રવિ-ભાણપંથની શિષ્યપરંપરાના ગુજરાત સાથેના ભાવાનુસંધાનની વિગતોને વિષય બનાવીને લખાયેલા આ ત્રણેય અભ્યાસલેખો ભક્તિપરંપરા સાથે ગુજરાતનો પ્રાચીન-મધ્યકાલીન સંદર્ભ સ્પષ્ટ કરે છે. અહીં ભક્તિપરંપરાના મૂળ અને કુળની આલોચના છે તો સાથે-સાથે કબીર અનુપ્રાણિત સંતસાહિત્ય સંદર્ભે ગુજરાતનો પ્રતિઘોષ પણ સંભળાય છે. ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું તેજસ્વી પ્રકરણ કબીર અને રવિ-ભાણ પરંપરા છે. અધ્યાત્મવિદ્યાની તળપદી લોકસંત સંસ્કૃતિએ કરેલી જાળવણી, જતન અને સંરક્ષણ સંદર્ભે પણ ગુજરાતે કેવી ખેવના દાખવી એના સબળ દૃષ્ટાંત આ ત્રણેય અભ્યાસલેખો છે. અધિકૃત સંદર્ભો, પ્રત્યક્ષ મુલાકાત અને ક્ષેત્રકાર્ય આધારિત સત્ય. તથ્યપૂર્ણ દસ્તાવેજી આધારસામગ્રી અને શ્રદ્ધેય પ્રકારની સંતવાણી એમ



ત્રિવિધ પ્રકારની સામગ્રીની સમીપ આપણો સંપર્ક રચાવી આપતા આ અભ્યાસલેખો આ કારણે આપણાં અભ્યાસનો વિષય બનતા રહેશે.

* * *

સંતસાહિત્ય સંદર્ભે સાંપ્રત ચર્ચા-પરિચર્ચા આ નવેય લેખોના કેન્દ્રમાં છે. આપણી તળપદી લોકસંત સંસ્કૃતિના મૂળ કેટલા ઊંડા છે અને શાખા કેવી ઊંચાઈ ધરાવે છે એનો વિશ્વસનીય રીતે સંદર્ભ સૂચવતા આ બધા લેખો આપણાં આજના અતીતના પરિચાયક છે. આપણો સ્વાધ્યાય, આપણા સંશોધનો, આસ્વાદ, અર્થઘટન અને અવબોધ આપણને આજના વિદ્યાતપમાં ક્રિયાશીલ તપસ્વીઓ પરત્વે ઊંડી શ્રદ્ધા જન્માવે છે. આપણી આજ ઘણી ઊજળી છે, આવતીકાલ વધુ ઊજળી બની રહેશે તેવી શ્રદ્ધા છે. રાજકોટની પ્રાદેશિક માહિતી કચેરીના સંયુક્ત માહિતી નિયામકશ્રી નટુભાઈ પરમારે કેન્દ્રના આખા વર્ષની પ્રવૃત્તિનો પરિચય કરાવતો અહેવાલ તૈયાર કર્યો અને લોકસાહિત્ય-ચારણીસાહિત્યના અભ્યાસી સનંદી અધિકારી અને તાજેતરમાં ગુજરાતના માહિતી કમિશ્નર (આર.ટી.આઈ.) તરીકે નિયુક્તિ પામેલાં વસંતભાઈ ગઢવીએ રાજસ્થાનના કાર્યક્રમનો પ્રતિભાવ 'ફૂલછાબ'માં પ્રસિદ્ધ કરેલ એ બન્ને લેખો અહીં સાભાર પુનઃમુદ્રિત કર્યા છે. આ સંતસાહિત્ય ચર્ચા-પરિચર્ચા એક શ્રદ્ધેય મોરારિ બાપુના સત્ય, પ્રેમ અને કરુણા સંપન્ન હૃદયથી-હાથથી લોકાર્પિત થાય છે એનો ખૂબ આનંદ છે. અસ્તુ.

ગુરુપૂર્ણિમા, ૨૩-૭-૨૦૧૩

**ડૉ. બળવંત જાની**
email : balvantjani9@gmail.com

## 'લોકગુર્જરી' - ત્રૈમાસિક

* **'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર'** દ્વારા પ્રકાશિત ત્રૈમાસિકના એક વર્ષમાં કુલ ચાર અંકો જૂન, સપ્ટેમ્બર, ડિસેમ્બર અને માર્ચ માસમાં પ્રગટ થશે.
* **'લોકગુર્જરી'**નું વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦-૦૦ છે, પંચવાર્ષિક રૂ. ૧૦૦૦-૦૦ છે અને વિદેશ માટે રૂ. ૬૦૦-૦૦ છે.
  લવાજમ ચેક દ્વારા સ્વીકારવામાં નહીં આવે. લવાજમ રોકડેથી અથવા મ.ઓ. દ્વારા મોલકવું, ડ્રાફ્ટ **ગુજરાત સાહિત્ય અકાદમી**ના નામે જ મોકલવા વિનંતી.
* **છૂટક અંકો મેળવવા માટે** પણ ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૨૩૨૫૬૭૯૭-૯૮નો જ સંપર્ક કરવો.
* **'લોકગુર્જરી'**માં પ્રગટ થતાં લખાણોની પસંદગી બાબતે સંપાદકનો નિર્ણય આખરી ગણાશે. પ્રગટ થતાં લખાણોની રીતિ અને વિચાર સાથે કેન્દ્ર તેના સંપાદક, નિયામક, સલાહકાર સમિતિની સહમતિ અનિવાર્ય નથી. જવાબદારી જે તે લેખકની રહેશે.
* લોક, સંત અને ચારણી સાહિત્યના વિવેચન લેખો, મુલાકાતો ઈત્યાદિ પ્રકારની સામગ્રી ગુણવત્તાના ધોરણે સ્વીકારવામાં આવશે. ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર માટેના પુસ્તકો પણ આવકાર્ય છે.
* **લેખકોએ પ્રત્યેક કૃતિ કે લખાણ નીચે પોતાનું નામ-સરનામું તથા ફોન નંબર અવશ્ય જણાવવાં.**
* સ્વીકૃત કે અસ્વીકૃત કૃતિની જાણકારી મેળવવા અથવા કૃતિ પાછી મેળવવા પોતાનાં નામ સરનામાવાળું પોસ્ટકાર્ડ કે પરબીડિયું જોડવું અનિવાર્ય છે. એ સિવાય પ્રત્યુત્તર આપી શકાશે નહીં.
* **સાહિત્યિક કૃતિઓ મોકલવાનું સરનામું :**
  **ડૉ. બળવંત જાની,** 'તીર્થ', ૨૬૪, જનકપુરી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫
* અંકો રવાના થયા પછી કોઈ અંક ગ્રાહકને ન મળે તો કેન્દ્રની જવાબદારી રહેતી નથી. ગ્રાહકનંબર સાથે પત્ર લખવાથી અંક ઉપલબ્ધ હશે તો અકાદમીના કાર્યાલય દ્વારા મોકલવામાં આવશે.
* અંક તેમ જ લવાજમ અંગેનો પત્ર વ્યવહાર **ગુજરાત સાહિત્ય અકાદમી** અથવા **ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર** ખાતે કરવો.
* **હર્ષદ ત્રિવેદી**, મહામાત્ર, અને **શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**, ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૩૨૩૫૬૭૯૭-૯૮



## અનુક્રમણિકા


***વિભાગ - ૧ : સંતવાણી : આસ્વાદ અને અવબોધ***

૧. રૂપકાશ્રિત ભજનો : આસ્વાદ અને અવબોધ — ડૉ. નરેશ વેદ — ૩

૨. 'પીર શમ્સકૃત રાજા ગોવરચંદનો આખિયાન' : આસ્વાદ અને અવબોધ — ડૉ. હસુ યાજ્ઞિક — ૧૨

૩. 'ગોપીચંદ ભરથરીની વારતા' : આસ્વાદ અને અવબોધ — ડૉ. મનોજ રાવલ — ૨૬

૪. ગિરનારી લોકસંત પરંપરાની ભજનવાણી : આસ્વાદ અને અવબોધ — ડૉ. બળવંત જાની — ૪૧

૫. 'સોરઠી સંતવાણી' : આસ્વાદ અને અવબોધ — ડૉ. દીપક પી. પટેલ — ૬૨

૬. બ્રહ્માનંદ અને દેવાનંદ સ્વામીની ચારણીશૈલીની સંતવાણી : આસ્વાદ અને અવબોધ — પ્રા. દેવેન્દ્ર એ. ગઢવી — ૮૪

***વિભાગ - ૨ : ગુજરાત : ભક્તિપરંપરા અને કબીરપરંપરા***

૭. ભક્તિપરંપરા : મૂળ અને કુળ — ડૉ. હસમુખ વ્યાસ — ૯૩

૮. કબીર સાહેબની શબદ સરવાણી અને ગુજરાત — ડૉ. નિરંજન રાજ્યગુરુ — ૧૧૦

૯. ગુજરાતની પ્રમુખ સંતસાહિત્ય પરંપરા : કબીર-રવિ ભાણ સંપ્રદાય — ડૉ. નાથાલાલ ગોહિલ — ૧૧૯

❑ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર - સંસ્થાવૃત્ત — અંબાદાન રોહડિયા — ૧૩૯

## વિભાગ-૧

# સંતવાણી : આસ્વાદ અને અવબોધ





૧

# રૂપકાશ્રિત ભજનો : આસ્વાદ અને અવબોધ

## 'સોરંગા સાધુના શબદ'

ડૉ. નરેશ વેદ

'એવી ઝણણ ઝાલર વાગી, મેં તો જોયું તખત પર જાગી', 'રવિએ રમતાં દીઠો રે, બાવો છે ઝીણો ઝીણો', 'ઘૂંઘટ કા પટ ખોલ તોહે પિયા મિલેંગે', 'કોઈ રેહંદા રે ઉનમુની મુદ્રા માંઈ', 'નવેકાંકરીથી ન્યારો, પ્યારો, નવે કાંકરીથી ન્યારો', 'અબ મેં ક્યા કરુન મેરા ભાઈ ? મરઘલા ગયા ખેત સબ ખાઈ', 'અચરત નજરે આયા સંતો, જલમેં જ્યોતિ જગાયા' – જેવાં ભજનો વાંચતાં કે સાંભળતા સામાન્ય વાચકો કે શ્રોતાઓ એને સમજવામાં મૂંઝવણ અનુભવે છે. 'એવી ઝણણ ઝાલર વાગી' એટલે કઈ ઝાલર ? ક્યાં વાગી ? 'મેં જોયું તખત પર જાગી' તખત એટલે શું ? કોણ ત્યાં જાગીને શું જુવે છે ? 'રવિએ રમતાં દીઠો રે, બાવો છે ઝીણો ઝીણો' આવો ઝીણો બાવો એટલે કોણ ? ઘૂંઘટનો પટ એટલે કોનો અને શાનો ઘૂંઘટ ? એ ખોલવાથી ક્યો પિયા મળે ? કોઈ ઉનમુની મુદ્રામાં રહે છે એટલે શું ? કોણ એ મુદ્રામાં રહે છે ? નવ કાંકરી એટલે શું ? એનાથી ન્યારો અને પ્યારો કોણ છે ? 'મરઘલા ગયા ખેત સબ ખાઈ' એટલે ક્યા મરઘલા, ક્યું ખેતર ખાઈ ગયા ? જલમાં જ્યોતિ જગાવે છે કોણ ? કોનો એ અચરજયુક્ત ખેલ છે ? એવા પ્રશ્નો એમના મનમાં ઊઠવા લાગે છે. આવા પ્રશ્નો ઊઠે એ સ્વાભાવિક છે, કેમકે આ બધાં ભજનોમાં 'સપાટ બયાની' નથી. મતલબ કે વાત સીધી રીતે કહેવાઈ નથી,



આડકતરી રીતે કહેવાઈ છે. શબ્દની અભિધાશક્તિવડે નહીં પણ લક્ષણાશક્તિ કે વ્યંજનાશક્તિ દ્વારા કહેવાઈ હોય છે. એટલે વાચક કે શ્રોતાને પ્રથમ વાંચને કે શ્રવણે હાથ લાગતો વાચ્યાર્થ બંધ બેસતો થતો નથી, તેમણે ભજનનો લક્ષ્યાર્થ કે વ્યંગ્યાર્થ લક્ષમાં લેવો પડે છે.

અંતરની ગૂઢ અનુભૂતિઓ અને સૂક્ષ્મ સંવેદનાઓને વાણીના માધ્યમથી પ્રગટ કરવી એ જરાય સહેલું નથી. એવી અનિર્વચનીય અનુભૂતિ કે અકથ્ય સંવેદનાઓને વાણીના વાઘા પહેરાવીને શબ્દમાં મૂર્ત કરવાનું કામ ઘણું કપરું હોય છે. પણ એ અનુભૂતિ અને સંવેદનાઓ જ એટલી પ્રબળ હોય છે કે તે એમનું યથાયોગ્ય વાણીસ્વરૂપ આપોઆપ ખોળી લે છે. મહદંશે એવું યથાયોગ્ય વાણીસ્વરૂપ એટલે રૂપકાત્મક કે પ્રતીકાત્મક પદાવલિ. સંતો પોતાની ગૂઢ અને ગુહ્ય અનુભૂતિઓ અને સંવેદનાઓને રૂપક કે પ્રતીકનો સહારો લઈ મૂર્ત કરતા હોય છે. એટલે જ્યાં સુધી જે તે ભજનમાં આવતાં રૂપકો કે પ્રતીકો સમજવામાં ન આવે ત્યાં સુધી એ ભજન સમજવું અઘરું થઈ પડે છે.

આટલી ભૂમિકા પછી રૂપક અને પ્રતીક વચ્ચેનો ભેદ સમજી લઈએ. રૂપકમાં જે વાત, વિચાર કે ભાવ પ્રગટ કરવા હોય તેના ઉપર કોઈ અન્ય વસ્તુ કે પદાર્થનું રૂપ ઓઢાડવાની પ્રવૃત્તિ હોય છે, જ્યારે પ્રતીકમાં જે વાત, વિચાર કે ભાવ રજૂ કરવા હોય તેને અધ્યાહાર રાખી, તેનો સંકેત, ઈંગિત કે ઈશારો આપે તેવાં સૂચક, વાચક કે પ્રતિનિધિ વાત, વિચાર કે ભાવને રજૂ કરવામા આવતાં હોય છે. રૂપકાત્મક પદાવલિમાં, જે નિરૂપ્યમાણ ભાવ, અનુભૂતિ કે સંવેદના હોય તેનું પ્રતીકાત્મક પદાવલિની માફક સાવ તિરોધાન કરવામાં નથી આવતું; માત્ર એની સરખામણી એને મળતા કે ભળતા કોઈ પદાર્થ સાથે કરવામાં આવે છે. જ્યારે પ્રતીકાત્મક પદાવલિમાં નિરૂપ્યમાણ ભાવ, અનુભૂતિ કે સંવેદનાનું સાવ તિરોધાન કરી એની જગ્યાએ એને મળતા કે ભળતા કોઈ પદાર્થ દ્વારા આડકતરી રીતે નિરૂપણ કરવામાં આવે છે. એટલે કે એમાં પ્રસ્તુતનું તિરોધાન અને અપ્રસ્તુતનું વિધાન કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે 'બીન ધાગે કી સૂઈ યહ જિંદગી, સિયે ન કુછ બસ ચુભ ચુભ જાયે / કટી પતંગ સમાન પૃથ્વી યહ, લલચાયે પર હાથ ન આયે' એમાં જિંદગીની સોય સાથે અને સંસારની કપાયેલા પતંગ સાથે સરખામણી કરી એના અર્થની ગડ તુરત બેસાડી શકાય છે. પણ 'ઝીની ઝીની રે બીની ચદરિયા' એમાં ઝીણા વણાટથી વણેલી ચાદર એટલે શું એનો અર્થ બેસાડવામાં એના પ્રતીયમાન અર્થને લક્ષમાં લેવો પડે છે. પહેલું દૃષ્ટાંત રૂપકાત્મક પદાવલિનું

છે અને બીજું દૃષ્ટાંત પ્રતીકાત્મક પદાવલિનું છે એ સમજાશે.

કેટલાક લોકોના મનમાં એવો પ્રશ્ન ઊઠે કે શા માટે સંતોએ આવી રૂપકાત્મક કે પ્રતીકાત્મક પદાવલિ યોજી હશે ? એનો ઉત્તર એ છે કે સંતોને કેવળ સંસારની અસારતા, જીવનની ભંગુરતા કે ભગવાનની ભક્તિની જ વાત કરવાની નથી હોતી. એમને એ ઉપરાંત આતમજ્ઞાન અને જીવ-બ્રહ્મના યોગની વાત પણ કરવાની હોય છે. એટલે સ્વાભાવિક રીતે જ અધ્યાત્મવિદ્યા અને યોગવિદ્યાની પારિભાષિક સંજ્ઞાઓ પણ એણે યોજવી પડે. એ સંજ્ઞાઓ પાછળ અધ્યાત્મની કે યોગની કોઈ અવધારણા (concept) રહેલ હોય છે. તેથી તેમને એ અનુભૂતિઓનું એ પરિભાષા અને સંપ્રત્યય સાથે સમાયોજન સાધી અભિવ્યક્તિ સાધવી પડે.

એનો બીજો ખુલાસો એ છે કે સંતોએ કવિકર્મ દાખવી કાવ્ય રચવા આવી ભજન રચનાઓ કરી નથી હોતી. જે વિદ્યા કે જે જ્ઞાન ગુપ્ત છે, કેવળ ગુરુગમ્ય જ છે એ જેઓ પાત્રતા ધરાવતા અધિકારી શિષ્યો અને મુમુક્ષો હોય છે એમને એ વિદ્યા કે એ જ્ઞાન આપવા માટે કરી હોય છે. આવી ગૂઢ વિદ્યા કે ગુહ્ય જ્ઞાન એ ગુરુના ચરણોમાં આર્તભાવે અને શ્રદ્ધાપૂર્વક બેસીને સાધક શિષ્ય ગુરુની વાત સાંભળી, સમજી, આત્મસાત કરીને એને આચરણમાં ઉતારવાની હોય છે. એટલે ભજન એ ગાવાની કે ગાયકીની ખૂબીઓ દેખાડવાની વસ્તુ નથી, આચરણમાં ઉતારેલ વિદ્યા કે જ્ઞાનવડે જીવન જીવવાની ક્રિયા છે. તત્ત્વતઃ ભજન એ આરાધના છે. એમાં મુખ્ય તત્ત્વ (core element) આરાધ છે. ગઝલનું હાર્દ તેમાં વ્યક્ત થતો 'મિજાજ' છે તેમ ભજનનું હાર્દ તેમાં વ્યક્ત થતું 'આરાધ'નું તત્ત્વ છે. જેમ ઈસ્લામી દેશોમાં ગઝલ એ ગાવાનું કે સમારંજનનું કાવ્યસ્વરૂપ ન હતું; જીવન જીવવાની શૈલી હતી તેમ હિંદુ રાષ્ટ્રોમાં ભજન પણ ગાન કે શ્રોતૃરંગત/સંગત માટેનું કાવ્યસ્વરૂપ નથી; એ પણ સાધકે જીવન જીવવા અને જોગવવાની એક લઢણ છે, જીવનતરાહ (life style) કે જીવનરાહ (way of life) છે. આ રાહ કે તરાહ સૌને માટે સુગમ કે સુલભ નથી, પાત્રતા ધરાવતા અધિકારી શિષ્યસાધક માટે છે. એ માત્ર આવા અધિકારી શિષ્યસાધકો સમજી અને આચરી શકે એ માટે સંતોની વાત સીધીસાદી વાણીને બદલે રૂપકાત્મક કે પ્રતીકાત્મક પદાવલિમાં વ્યક્ત થાય છે.

આટલી ચર્ચા પછી આપણે સંતવાણીમાં વપરાતાં રૂપકો વિશે વાત કરીએ. ડૉ. નાથાલાલ ગોહિલે એમના 'ભજન રૂપદર્શન' નામક પુસ્તકમાં રૂપકાત્મક ભજવાણીની વિશદ ચર્ચા કરી છે. એમાં એમણે રૂપક પ્રકારનાં **ભજનોમાં માનવદેહ માટે વપરાયેલાં રૂપકો** - બંગલો, કિલ્લા-ગઢ, ચૂંદડી, પટોળી, એકતારો, તંબૂરો, સતાર, જંતર, મંજીરા, ચરખો, રેંટિયો, એરણ, ખલકો; **જીવ અને આત્મા માટે વપરાયેલાં રૂપકો** - મોરલો, વણઝારો, હંસલો, હાટડી, શેઠ, **અનહદ નાદને સમજાવતાં રૂપકો** - ઝાલરી, બંસરી, વાંસળી, મોરલી, ડંકા-ટકારો, નોબત વગેરે, **માનવદેહ અને પ્રકૃતિને ઓળખાવતાં રૂપકો** - આંબો, ખેતર, વાડી, જળ, વરઘોડો, માંડવો; **ભજન અમલનાં રૂપકો** - જ્ઞાન હોક્કો, ગાંજો, ભાંગ. **શબદ જ્ઞાન સમજાવવા વાપરેલાં રૂપકો** - પ્યાલો, કટારી, બાણ વગેરે અને **ગૂઢ રહસ્યોને સમજાવવા** - મોતી, વચન, શબદ, નામ-જેવાં રૂપકોની ઉદાહરણો સાથે દ્યોતક ચર્ચા-વિચારણા કરી છે. એ ઘણી ઉપયોગી અને માર્ગદર્શક છે.



આવાં બીજાં અનેક રૂપકો ભજનોમાં યોજાયાં છે. એમાં કેટલાંક સરળ હોવાથી, કેટલાંક જાણીતાં હોવાથી તો કેટલાંક રૂપકો સંદર્ભ ઉપરથી સમજાઈ જાય છે. જેમ કે, તખત (આસન), સરવર તીર (માન સરોવર), કચ્ચી માટી કા કુંભ (મનુષ્ય શરીર), સપ્ત ધાત કાયા (અસ્થિ, માંસ, નાડી, ત્વચા અને રોમ જેવી સાત ધાતુનું બનેલું મનુષ્ય શરીર), જીવભમરો (અહીં તહીં ભટકતો જીવ), દયાકફની (દયા અને કરુણાનો ભાવ), ખમાખલકો (ક્ષમાભાવવાળો વેશ), ચક્રભેદન (ગ્રંથિભેદ), જ્ઞાન કા ગેંદ (જ્ઞાનનો દડો), સુરત કા દંડ (સુરતાની ગેડી), લેહ લગામ (લગનીની લગામ), જ્ઞાન કા ઘોડા (જ્ઞાનરૂપી અશ્વ), સુરત-નિરત ચટકા (આત્મરાગ અને વૈરાગ્યનો સ્વાદ), નાદ એરણ (નાદમયી સુષુમણારૂપી એરણ), બુંદ હથોડા (જ્યોતિબિંદુનો પ્રહાર કરતો હથોડો), કાચી હાંડી (સ્વત્ત્વ જાણ્યા વિનાનું જીવન), બારબીજ (બારરાશિમાં જન્મ પામતો મનુષ્ય), બાર બીજનો ધણી (વિશ્વવિધાતા), સરભંગી (સર્વાંગી, સાવધાન, સત્યનિષ્ઠ, સારગ્રાહી ગુરુ), કાયા હમારી નાલિ (શરીર બંદૂકની નાળરૂપ છે), શીલલંગોટ (ચારિત્ર્યનો કચ્છ), કરણીકૂંડી (આચરણરૂપી પાત્ર), નેકુર કરવા (નેકી, ઈમાનદારી રૂપ લોટો), ફૂલફકીરી (ફૂલ જેવું સ્વચ્છ જીવન જીવતો યોગી), સૂરતાની સાણસી (લયકારી, લગનીની પકડ), હીરો (આત્મતત્ત્વરૂપ હીરો), માણેક — (તત્ત્વપદવારા પરમતત્ત્વ), ચતુર ચંદનનું લાકડું (ચિત્તરૂપી સુખડનું લાકડું), શબદવાંસલે છોલું (ગુરુમંત્રથી ઘાટ આપવો) ભક્તિ શૂરાની, શિરને સાટે, શબદોને બાણે, ભજનનો ભાલો, ખાંડાની ધારે ખેલવું, ભાંગ્યું ભ્રમનું તાળું, જ્ઞાનગરીબી, હરિનામનું હાટ, ભક્તિનો વેપાર, ધીરપની ઢાલું, સતની તરવાર, શીલસંતોષનાં બખ્તર, કાયા કાગળ કેરી કોથળી, સતની કમાનું, સ્વર્ગનાં સામૈયા, સતની એરણ, સાસ-ઉસાસની ધમણ, ઓહં અંચળો, સોહં ચીપિયો, વચનવિભૂતિ, જ્ઞાનગણેશિયો, શબદગલોલા, ભવકો

બુરજ, સતનો ચરખો, પ્રેમનું પીંજણું, સતની સારડી, જેવાં રૂપકો. ભજનમાં આવતી આવી રૂપકાશ્રિત વાણીનો અર્થ બેસાડી શકાય છે.

પણ ભજનોમાં કેટલાંક એવાં રૂપકો પ્રયોજાયાં હોય છે કે એમનો અર્થ સમજવા મથામણ કરવી પડે છે. જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ, કર્મમાર્ગ અને યોગમાર્ગની જાણકારી હોય અને સંતવાણીનું સતત સેવન કર્યું હોય તો આવાં રૂપકોનો અર્થ સ્પષ્ટ થાય છે. જેમ કે, બાવન બજારું (આ વ્યક્ત જગત), ચૌરાસી ચૌટા (લખ ચોરાશીરૂપ અનેક જન્મના ફેરાઓ), તલભર તાળાં (રહસ્ય સંઘરી રાખતી આંખની કીકી), રજભર કૂંચી (ગુરુચરણની રજ), જલ બિચ અગન (જલમયી પ્રકૃતિમાં પ્રાણાગ્નિની હયાતી), અગન બિચ પવના (શ્વાસ-ઉચ્છવાસ), જલ કેરી મછલી (નિમ્નગામી વૃત્તિઓમાં પ્રવૃત્ત રહેતો જીવાત્મા), થલ મેં વિયાણી (પ્રાણની કેવળ કુંભક અવસ્થામાં નવચૈતન્યનો થતો જન્મ), ઈંડા અધર જમાયા (નિરાલંબ ચૈતન્યનું પ્રગટીકરણ), ભમ્મર ગુફા (ભૂમધ્ય, ભ્રકૃટિ), પંખી એક વહાઁ ચણ ચુગતા હૈ, ચાંચ પાંખ નહીં કાયા (આત્મપુરુષ), ઊલટા પથ (મન, વાણી અને પ્રાણને ઊલટાવવાની યૌગિક પ્રક્રિયા), ત્રિવેણીનો ઘાટ (જ્યાં મન, બુદ્ધિ અને અહંકાર મળે છે તે બે ભ્રૂમધ્યેનું સ્થાન), ઉનમુન સ્થિતિ (મનથી પર અવસ્થા), ગગન મેં રહના (ચિદાકાશના પ્રદેશમાં પહોંચ), બ્રહ્મસૂરતકી ઠોર (મન, બુદ્ધિ અને અહંકાર ત્રણેયનો ભેદ થતાં જે આંતરિક પ્રકાશનું પ્રાગટ્ય એટલે કે પરમ જ્ઞાનરૂપ બ્રહ્મભાવનો થતો અનુભવ), અમર ઘટા / પ્રેમઘટા ઉમળ આયી (નામજપના રસાયણથી મર્ત્ય પિંડની મર્યાદાઓ તૂટતાં ચિદાકાશમાં પ્રસરતી આનંદામૃતની સરવાણી, રતનિયા વેરાય અનુભવની ભીતરના અનુભવરૂપ અનુભૂતિના ચમકારા પમાયા, રણઝણ બાજાં (અનાહત નાદ શ્રવણગોચર થતાં અનુભવાતા આનંદના સૂર), ઝલમલ જ્યોતિ (પ્રજ્ઞાનના પ્રકાશથી અનુભવાતી દ્યુતિ), નવ દરવાજા વશ કર લીના (ઇન્દ્રિયોના વિષયોને નાથવા), સૂનમાં સમાય (અહંનો સર્વથા લોપ), ઊલટ સાધના/ઊલટી ધારા/ઊલટીવીળ ઈડા અને પિંગળામાં શ્વાસની સમઅવસ્થા અને સુષુમણાનો મૂર્ધા ભણી ઊર્ધ્વ પ્રવાહ વહેવો), શૂરાપુરા (મહા બળવાન ઇન્દ્રિયો અને પૂર્ણ સામર્થ્યવાળો આત્મા) તીન શોધો (મનુષ્ય પ્રકૃતિમાં રહેલા સત્ત્વ, રજસ અને તમસ ગુણોનું શોધન કરવું), પાંચ બાંધો (મનગમતા વિષયો તરફ ખેંચાતી આંખ, કાન, નાક, જીભ અને ત્વચા જેવી પાંચ ઇન્દ્રિયોને સંયમિત કરવી), જુગત સે નર જીવે (આહાર-વિહાર) નિદ્રા, જાગૃતિ અને પ્રવૃત્તિમાં યથાયુક્તરૂપે રહેતો યોગી), નવ દુવારા નગરી (બે આંખ, બે કાન, બે નાસિકા, એક મુખવિવર, પાયુ અને ઉપસ્થ મળીને નવ દ્વારવાળા બનતું શરીર), અચવ્યો રસ (જે કદી એંઠો નથી



થયો તેવો નિત્ય તાજો અને અબોટ પૂર્ણ આનંદનો પ્રેમ રસ), સ્વાંગ કા પૂરા, ડિંભકા સૂરા (વેશમાં પૂરો પારંગત અને દંભ / આડંબરમાં પાવરધો ધૂર્ત ગુરુ), હંસગાયત્રી (શ્વાસ અને ઉચ્છ્વાસ સાથે અનાયાસ અને અવિરત ઊઠતો 'સોઽહં' નો ધ્વનિ), ગૌરીપુત્ર ગણેશ (પ્રથમ વાક્સ્ફોટ એટલે ગૌરી અને તેનો ધ્વનિ તે ગણેશ મતલબ કે આદિ ધ્વનિ ૐકાર), ઊલટી લહેર સમાણી (વૃત્તિઓનું બહિર્મુખતા ત્યજી અંતર્મુખ થઈ પરમ તત્ત્વભણી વહેવું), નિર્મળ પાણી (શુદ્ધ આનંદ), પાની મેં દો પર્વત (હું અને તુંનો, મારા ને તારાનો, મોહને માયાનો દ્વંદ્વરૂપી એક અને જીવ અને શિવરૂપ દ્વૈતનો બીજો અવરોધ), ઉપજન લાગા (જીવમાંથી શિવભાવની ઉત્પત્તિ અથવા સીમમાંથી અસીમની ઝાંખી થવી), પાંચ ચોર (આત્મધનની ચોરી કરતી આંખ, કાન, નાક, જીભ અને ત્વચાની પાંચ ઇન્દ્રિયો), પચીસને બસ કર (ધરતી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ જેવાં પાંચ મહાભૂતની પાંચ પાંચ પ્રકૃતિને વશ કરવી), કચ્ચી ઘડી (કાયાના સંકજામાં અને કાળના ઓછાયા નીચે રહેલી ઘડી, મતલબ કે મનુષ્ય અવતાર, કેમકે મનુષ્યનો શ્વાસ કાચો છે, જિંદગી કાચી છે, કાયા કાચી છે, બિંદુ પણ કાચું છે), પક્કી ઘડી (મનુષ્ય જીવનમાં આવતી નિર્વિચાર, નિર્વિકલ્પ અને નિસ્પંદ સ્થિતિ અને મનુષ્ય એ ઘડીએ મનથી પર લઈ જઈ, અનંતનો સ્પર્શ આપતી, ક્ષણમાં શાશ્વતીનો બોધ કરાવતી ઘડી), મૂળ રે વિનાનું કાયા ઝાડવું (મનુષ્ય શરીર; માટીમાંથી પેદા થયેલું અને માટીમાં ભળી જતું ઊન્મૂલિત વૃક્ષ, મતલબ કે નાશવંત શરીર), મીન માર્ગ (પ્રાણની ઊર્ધ્વધારા મતલબ કે પ્રાણ સુષુમ્ણામાં પ્રવેશી સહસ્રારચક્ર તરફ ઊંચે મસ્તક ભણી જે ગતિ કરે તે માર્ગ), એકમાં અનેક, અનેકમાં એક હે, તે અનેક નિપાયા (જેમાંથી આ બ્રહ્માંડના સૌ સત્ત્વો-તત્ત્વોનો ઉદ્‌ભવ છે અને એ સૌ જેમાં સમાઈ લીન થાય છે તે બ્રહ્મતત્ત્વ), અગમ ભૂમિ (સચ્ચિદાનંદની, અસ્તિ, ભાતિ અને પ્રિયની ભૂમિ), અમરઘર (પાગર અવસ્થામાંથી પરમ અવસ્થામાં ગતિ કરી જ્યાં અહોનિશ આનંદ છે એવું પરમ પદરૂપી નિવાસસ્થાન), તિન લોક પર ચોથા દેશ (ભૂર, ભુવર, સ્વરલોક પછીનો શાશ્વતીનો દેશ), ચોથા ઘરમેં કિયા પ્રવેશા [મનુષ્ય એના સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ નામક ત્રણ શરીરરૂપી ઘરમાં રહે છે એને બદલે મહાકારણ (અક્ષય) શરીરમાં પ્રવેશ], મીન ભયા જલ પાની (શ્વાસ-ઉચ્છ્વાસરૂપી માછલાંવાળા જીવનો શુદ્ધ આનંદમાં પ્રવેશ), એકવીશ હજાર દમ શિકાર ખેલી (મનુષ્ય રોજ એકવીસ હજાર છસ્સો શ્વાસ લે છે, પ્રત્યેક શ્વાસે જીવન ટૂંકું થતું જાય છે તેથી શ્વાસરૂપી શિકારીનો ખેલ ચાલી રહ્યો છે), દેખા હોય સો કહી બતલાવો મોતી કૈસા રંગા ? (જો તમે જોયું હોય તો કહી બતાવો આત્માનું સ્વરૂપ કેવું છે ?),

ગુરુગમ કરીને ગોતો ગગનમાં, વાં હે ગુપતિગંગા (ગુરુદ્વારા સાચું જ્ઞાન પામી તમારા બ્રહ્મરન્ધ્રમાં વહેતી ચંદ્રની વિમલ અને શીતલ ધારામાં આત્માનો મર્મ સમજાઈ જશે, કેમકે ત્યાં વહે છે અખંડ આનંદની ગુપ્ત ગંગા), નવ કાંકરીથી ન્યારો (ઇન્દ્રિયો-આંખ-કાન-નાક-જીવ-ત્વચા, મન-બુદ્ધિ-અહંકારના વિષયોથી ન્યારો એવો આત્મા), બારે બારે બછડા, સોરે સોરે ગાઈ, દોતે ગોરખનાથ રેન વિહાઈ (બારકળાવાળો સૂરજરૂપી વાછડો અને સોળકળાવાળી ચંદ્રરૂપી ગાય. બ્રહ્મરન્ધ્રમાંથી થતો અમૃતસંચાર મૂલાધારમાં રહેલ સૂર્ય શોષી જતો હોય છે. પણ ગોરખનાથની જેમ જ્ઞાની પુરુષ ગગનમાં રહેલી આ ચંદ્રરૂપી ગાયને દોહીને એનું દૂધ પીએ તો એની અજ્ઞાનની રાત વદાય લે અને બ્રહ્માનંદનો અનુભવ થાય), વીંધ્યા એટલાં મોતી રામ, બીજાં પથ્થર કહાવે, સમજુ નર તો સમજી બેઠા, ગાફલ ગોથાં ખાવે (આત્માવડે પરમાત્માને પિછાણનારનું જીવન જ સાર્થક, બાકી બીજાનું જીવન નિરર્થક સમજવું), સાત સાયર વચ્ચે બેટ, લખ આવે લખ જાવે (સાત સાગર વચ્ચેના એકાકી બેટ જેવું માયાના અનંત વિસ્તારવાળું જીવન, લાકો લોકો આવ્યા-ગયા પણ માયાના અદલરૂપની ઓળખ પામી શક્યા નહીં), બત્રીસ ગામકા જંતર બનાયા, નવસો તાર લગાયા (બત્રીસ કોઠાં અને નવ સો નાડીવાળું મનુષ્ય શરીર), સોળસહસ્ર રાણીનો રાજા, એણે જંતર બજાયા રે (બધી નાડીઓમાં પ્રધાન એવી સુષુમ્ણા નાડીનો સ્વામી એટલે કે શિવરૂપી આત્મા આ શરીરરૂપી વાજિંત્ર વગાડે છે), અધર તખત પર આપ બિરાજે (અન્ય આસને પરમાત્મા બિરાજે છે, મતલબ કે જ્યાં નિરાલંબ શૂન્યતા વ્યાપેલી છે એવા સહસ્રાર ચક્રમાં બિરાજે છે તે પરમાત્મા), પરદેશી પરોણો (જીવ), ગુપત ગોટકા (સુષુમણાને માર્ગે જતો પ્રાણ), સોકલડી ધૂતારી (અવિદ્યા), ધર (પંચભૂતનું બનેલું મનુષ્યશરીર), અધર (નિરાલંબ બ્રહ્મતત્ત્વ), જત (શારીરિક સંયમ), સત (હૃદયનો દઢભાવ), અહંસોહં (જીવ અને બ્રહ્મ), આંકડે આસન (ક્ષણભંગુર સુખની અવસ્થા), અગમ આસન (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંની પહોંચ ત્રિકૂટી સુધી હોય પરંતુ તેને ભેદીને સુરતા બ્રહ્મરન્ધ્રમાં પહોંચે અને ત્યાં અંતઃકરણો પહોંચી શકતાં નથી માટે એને અગમ દેશ કે આસન કહે છે), તખત ત્રિવેણીના તીરમાં સરવે તંત રે તોળું (ત્રિકૂટિ પર ધ્યાન લગાવી મનની બધી તાણખેંચને મિટાવી પ્રાપ્ત થતી સમત્વની અવસ્થા), સૂનમાં સમાય (અહંનો સર્વથા લોપ), સજાતિ-વિજાતિની યુક્તિ (આત્માભિમુખ અને સંસારાભિમુખ સાધનાની પ્રણાલી), વિશૂલ ચક્ર (નિત્ય સત્ત્વસ્થની ભૂમિકા), મૂળમંત્ર (ૐકાર), શિવશક્તિ મિલન/યોગ (મૂલાધારમાંથી ઉદ્‌બુધ થઈ કુંડલિની શક્તિનું સહસ્રદલ કમલરૂપી મનુષ્ય બુદ્ધિ બ્રહ્માંડમાં રહેલ ચૈતન્યરૂપ શિવ સાથે



સધાતો યોગ), વચન છે ભક્તિનું જોને અંગ/વચનના પૂરા તે તો નહિ રે અધૂરા / વચન જાણ્યું તેણે સર્વે જાણ્યું / સદ્‌ગુરુ વચનના થાઓ અધિકારી / જાણવો વચનનો મરમ રે / રાખવો વચનુંમાં વિશ્વાસ / વરતવું માંય રે / મેળવો વચનનો એક તાર / વચન થકી વરસે સાચા નૂર રે / વચને થાય અને વચને ઉથાપાય - આ બધાં દૃષ્ટાંતોમાં 'વચન' એટલે (ગુરુનું વચન, એણે આપેલો મંત્ર, એ મંત્ર એટલે 'सोऽहम्'નો મંત્ર), રજકર્મથી સદા દૂર રહેવું (યૌનસંબંધોથી વેગળા રહેવું), પાંચે પ્રાણને એક ઘરે લાવવા (શરીરના જુદા જુદા ભાગોમાં કાર્યરત પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન અને સમાન નામક પ્રાણોને હૃદયમાં એકત્રિત કરવાની યૌગિક પ્રક્રિયા), ગુપતરસ (સ્વરૂપાનુ સંધાનનો આનંદ), અમર અગોચર રસ (બ્રહ્માનુભૂતિનો આનંદ), પવન ઊલટાવવો (પ્રાણનું ઊર્ધ્વારોહણ કરવું), ચતુર નરનો ચેલો (શુદ્ધ ચિત્તરૂપી ચતુર નર અને તેનો ચેલો એટલે વિચાર), અમર વસ્તુ (આત્મા), ઘટોઘટ બારી મેલી રે, પંદરમી બારી ઉઘાડી (પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને ચાર અંતઃકરણ મળીને ચૌદનાં કાર્યો -વિકારોને અટકાવી નાભિસ્થાનમાં રહેલી સ્ફુરણા નામની પંદરમી બારી ઉઘાડી), પાંચ મહેલ તો પાછળ મેલો, છઠ્ઠે મહોલે છબીલો (પાંચ મહોલ એટલે પંચ પ્રાણ, પંચકોશ, પંચવિષય વગેરે વિકારી હોવાથી એ પાંચને છોડીને છઠ્ઠા મહોલમાં પ્રવેશવું એટલે તુર્યાવસ્થામાં પ્રવેશ), એવી ઝણણ ઝાલર વાગી, મેં તો જોયું તખત પર જાગી (યોગસાધનામાં સફળ થતાં અનાહત નાદનો ધ્વનિ સંભળાતા જીવનું મોહનિદ્રામાંથી જાગ્રત થવું), બાવો છે ઝીણો ઝીણો રે (આ સચરાચર સૃષ્ટિમાં રમણા કરતો અલખ પુરુષ), ઘૂંઘટકા પટ ખોલ તો હે પિયા મિલેંગે (અહંતા અને મમતા નામક બે પડદાને કારણે રુંધાયેલી દૃષ્ટિ એ આવરણો દૂર થતા સ્વરૂપ જોડે અનુસંધાન પામે), કોઈ રેહંદારે ઉનમૂની મુદ્રા માંઈ (જે વિશુદ્ધ મનની, એટલે, મનાતીત, ભૂમિકાએ પહોંચી ત્યાં સ્થિર થાય છે તેવો સાધક), દશ દરવાજા બાવન ખડકી, પચાસ લક્ષ પ્રેમી, મેરુ શિખર પર રહેવે ઓલિયા, નવલક્ષ નામધારી (દશ છિદ્રોવાળું શરીર, એમાં પંચમહાભૂત, પંચ તન્માત્રા, પંચ ક્લેશ, પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય, પંચકોશ, પંચપ્રાણ, પંચ ઉપપ્રાણ, ચાર અંતઃકરણ, ત્રણ ગુણ, ત્રણ દેહ, જીવાત્મા અને ચૈતન્યરૂપ આત્માવાળી બાવન બારી, પચાસ એટલે પચાસ કોટી, મેરુશિખર એટલે કરોડજજુની ટોંચે સહસ્રારમાં નવલક્ષ નામધારી બ્રહ્મતત્વ). એમ સંતોની વાણી અનેક રૂપકો નિપજાવતી જાય છે. ધીરો, ભોજો, અકલદાસ, ભવાનીદાસ, આત્માનંદ, નારણદાસ, કેશવ, રવિદાસ, રતનદાસ, કબીર, ગોરખનાથ, ભાણફોજના સંતો વગેરેની વાણી મોટે ભાગે આવી રૂપકાશ્રિત છે. નરસિંહ

મહેતાની રચનાઓ, જેવી કે, 'ઊંચી મેડી તે મારા સંતની રે', 'બાલા રે વરની પાલખી', તેમ મીરાંની 'દવ તો લાગ્યો ડુંગરિયે', 'ચાલો વાહી દેશ' વગેરે રચનાઓ પણ આવી રૂપકાશ્રિત છે.

મીરાંની 'જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું' એ રચનામાં દેવળ અને હંસલાનું રૂપક સાદ્યંત વિકસતું જાય છે અને જે કહેવી છે એ મૂળ વાતને સીધી રીતે કહેવાને બદલે આડકતરી રીતે કહેવાઈ છે. એટલે એ રચના રૂપકાત્મક રહેવાને બદલે પ્રતીકાત્મક બની છે. પણ એણે ખપમાં લીધેલાં પ્રતીકો જાણીતાં છે એટલે અર્થબોધમાં અગવડ પડતી નથી, પરંતુ જેમાં કેન્દ્રીય રૂપક વિકસતું વિસ્તરતું પૂર્ણપણે પ્રતીકમાં ઢળે છે એવી ધીરાની 'સંશયરૂપી સર્પનું રે' એ રચના, ભોજાની 'કીડીબાઈની જાન', ગંગા સતીની 'વીજળીને ચમકારે મોતી પરોવવું પાનબાઈ !' એ રચનાઓ રૂપકોની સરહદો વળોટી પ્રતીકના પ્રદેશમાં પહોંચી ગયેલી છે.

સંતોને આમ, કાં તો રૂપકોનો આશ્રય લઈને અથવા પ્રતીકોનો આશ્રય લઈને પોતાની અનુભૂતિને વાચા આપવી પડી છે. કારણ કે એમને જે અનુભૂતિ વ્યક્ત કરવી હતી એ ઘણી ગૂઢ, ગહન, સૂક્ષ્મ અને વેધક હતી, જે વાત કહેવી હતી એ 'અકથ કહાની'ની હતી. છતાં સંતો એ બધી અનુભૂતિઓ અને કહાણીઓને અભિવ્યક્ત કરવામાં સ્હેજેય ઊણાં ઊતર્યા નથી. કેમકે લાલની લાલીમાં લાલચોળ થઈ ચૂકેલા, હરિપ્રેમમાં પૂર્ણપણે રંગાઈ ચૂકેલા **'સોરંગા સાધુના શબદ'** છે. આ એના શબદ એવા વેધક છે અને સૂર એવા ભેદક છે કે આપણા ઉર-અંતરના ભોગળ અને આગળાને ભેદીને આપણામાં લખ લખ ભરી દે છે અદીઠા અંબાર.

**સંદર્ભ સ્રોત :**


(૧) 'સત કેરી વાણી' - સંપાદક : મકરંદ દવે

(૨) 'ભજન રસ' - સંપાદક : મકરંદ દવે

(૩) 'ગંગા સતીનું અધ્યાત્મ દર્શન' - લેખક : ભાણદેવજી

(૪) 'યોગ અને જ્ઞાનનાં ભજનો' - ફાજલ પ્રધાન વકીલ

(૫) 'ભજન રૂપદર્શન' - ડૉ. નાથાલાલ ગોહિલ

(૬) 'સંતવાણી : તત્ત્વ અને તંત્ર' - સંપાદક : ડૉ. બળવંત જાની

(૭) 'ગુજરાતી સંતસાહિત્ય વિમર્શ' - ડૉ. બળવંત જાની

(૮) 'મૂળ રે વિનાનું કાયા ઝાડવું' - ડૉ. બળવંત જાની

२

# પીર શમ્સકૃત 'રાજા ગોવરચંદનો આખિયાન' : આસ્વાદ અને અવબોધ

ડૉ. હસુ યાજ્ઞિક

પીર શમ્સકૃત 'રાજા ગોવરચંદનો આખ્યાન'નું સંપાદન મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની ખૂટતી કડીની પૂર્તિરૂપ જણાયું છે. અહીં બળવંત જાની સંપાદિત પીરશમ્સકૃત 'રાજા ગોવરચંદનો આખિયાન' : આસ્વાદ અને અવબોધ નિમિત્તે નાથપરંપરા વિશે ઐતિહાસિક અભિગમથી ભૂમિકા આલેખીને પછી કૃતિલક્ષી સમીક્ષા કરવાનો હેતુ જાળવ્યો છે.

ગુજરાત સમેત ભારતીય રાજ્યોનાં મધ્યકાલીન સાહિત્યના ઇતિહાસોમાં એક મહત્ત્વની અધૂરપ એ છે કે રાજ્યની મુખ્ય ભાષાની લિખિત પ્રવાહની કૃતિઓનો જ એમાં પરિચય મળે છે, સંબંધિત પ્રદેશ કે રાજ્યના સાહિત્યનો ઇતિહાસ મળતો નથી. આથી આજે આપણે ગુજરાતી ભાષાના સાહિત્યનો ઇતિહાસ જાણી શકીએ છીએ, પરંતુ ગુજરાત પ્રદેશના સાહિત્યનો ઇતિહાસ પામી શકતા નથી. એનું કારણ એ કે ગુજરાત પ્રદેશનું સાહિત્ય ગુજરાતીના લિખિત પ્રવાહ ઉપરાંત કંઠપ્રવાહમાં પણ સાતત્યપૂર્વક જળવાતું-કહેવાતું, ગવાતું, મુદ્રિત દસ્તાવેજીકરણ પામતું રહ્યું, આ બધું જ ઓગણીસમી સદીના પૂર્વાર્ધ પહેલાંનું, એટલે કે મધ્યકાળનું જ છે અને જે કંઈ શિષ્ટ મનાતું લિખિત સ્રોતનું સાહિત્ય છે, એને સીધો જ અનુબંધ, આદાન-પ્રદાન - સંબંધ પણ લિખિત સ્રોતના પ્રશિષ્ટ મનાયેલા સાહિત્ય સાથે છે. કંઠપ્રવાહની અનેક કથાઓ, પદ્યાત્મક અને ગેય એવી કૃતિઓની સાહિત્યિક



જાતિઓ અને સ્વરૂપોને પણ સીધો જ સંબંધ આવા પ્રશિષ્ટ મનાતા લિખિત સ્રોતના સાહિત્ય સાથે છે. અને ગુજરાતી મધ્યકાલીન સાહિત્ય તો ગુજરાતપ્રદેશના જ વિવિધ અન્ય પ્રાદેશિક બોલીઓના લિખિત તેમજ દસ્તાવેજીકૃત એવા કંઠપ્રવાહના સાહિત્ય સાથે જ સીધો સંબંધ ધરાવે છે. આ દૃષ્ટિએ ગુજરાતના ચારણી, કચ્છી અને ભીલીકુળની વિવિધ બોલીઓના કંઠપ્રવાહના સાહિત્યની સાથે જ અનુબંધ છે, આદાન-પ્રદાનાદિનો સંબંધ છે. આથી પરિસ્થિતિ એવી સર્જાઈ કે આપણા મધ્યકાલીન સાહિત્યના ઇતિહાસના પ્રયાસોમાં કેટલીક પાયાની જ ઊણપો રહી.

અન્ય ભાષા કે બોલીગત સાહિત્યને એ ગુજરાતીભાષા અંતર્ગત ન હોવાથી આપણા મધ્યકાલીન સાહિત્યના ઇતિહાસમાં ન સમાવીએ તો એમાં તાર્કિક કારણ છે જ, એ નકારવું થોડું મુશ્કેલ પણ ગણાય. પરંતુ જે સાહિત્યને કેટલુંક લિખિત પ્રવાહનું રૂપ પણ મળ્યું છે, જે લોકોના ગણ્ય પ્રમાણના એકમોમાં પણ પ્રવર્તક રહ્યું છે, તેને તો ધ્યાનમાં લેવું જ જોઈએ. આમાં અત્યાર સુધી જે તથ્યો ઊભરી આવ્યાં છે તેને દૃષ્ટિમાં રાખીને તપાસીએ તો એક સંત સાહિત્ય અને બીજું ધર્માંતરિત પ્રજાના એકમોનું ગુજરાતી ભાષાની સાહિત્ય પ્રણાલિ સાથે જ સીધું સંકળાયેલું છે તે ઇસ્માઈલી ખોજકી સાહિત્ય આ બે મુખ્ય છે. સંતવાણીના ધારાના ભજનાદિ પર તો શ્રી મેઘાણી દ્વારા જ એક સાહિત્યિક જણસ તરીકેના અભ્યાસનો સમર્થ પાયો બંધાયો, એ પછી પણ આપણા મધ્યકાલીન સાહિત્યના ઇતિહાસોમાં પૂરતું ધ્યાન ન અપાયું. અછતા ઉલ્લેખો જ થતા રહ્યા. પરિષદે તૈયાર કરાવેલ સંવર્ધિત આવૃત્તિમાં આ ન્યૂનતા કંઈક હળવી બની, કેમ કે એના નવસંપાદકે આ ક્ષેત્રના જ અનુભવી એવા ડૉ. નિરંજન રાજ્યગુરુ પાસે લખાવ્યું. 'લૌકિક' સાહિત્ય એવા પ્રકાર નિર્દેશે પદ્યાત્મક મનોરંજક કથાઓ વિશે પણ શ્રી કે. કા. શાસ્ત્રી, પ્રો. ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ખાસ તો પ્રો. ડૉ. હરિવલ્લભ ભાયાણી જેવા વિદ્વાનોએ સારો પ્રકાશ પાડ્યો અને પ્રો. અનંતરાય રાવલ જેવા જાગૃત અભ્યાસીએ આ અંગ પણ એમના મધ્યકાલીન સાહિત્યના ઇતિહાસમાં સમાવ્યું. પરંતુ કંઠપ્રવાહના સાહિત્ય તથા લોકસાહિત્યનો સમાવેશ ઉચિત રૂપમાં થયો નથી. એમાં લોકસાહિત્યની વિભાવના પર લાંબાં લાંબાં વાક્યો, વિશેષણો જ અપાયાં, ને મહત્ત્વની કથાઓ, ગીતપ્રકારો વગેરેના પ્રવાહનો જે સઘન ને પર્યાપ્ત પરિચય મળવો જોઈએ તે નથી મળ્યો ! સાહિત્યનો ઇતિહાસ જ એવો હોવો જોઈએ જેમાં સંક્ષેપમાં ગુજરાતમાં બોલાતી વિવિધ બોલીઓ - જેનો સીધો જ સંબંધ ગુજરાતી સાથે જ છે - તેના કંઠપ્રવાહનું સાહિત્ય, એનો લિખિત સ્રોત સાથેનો અનુબંધ, કંઠ્ય અને લિખિત બન્ને મધ્યકાળના Discourses જ છે, પરંતુ એ શું છે, કેવી રીતે બન્ને સંકળાય છે,

પારસ્પરિકરૂપમાં અનુરૂપ ને અનુકૂળ બને છે : આ બધું બૃહત્ ઈતિહાસમાં આવવું જોઈએ. ચારણી અને વાગડીની પણ કેટલીક મુદ્રિત તો કેટલીક કંઠપ્રવાહમાંથી સંપાદિત કરેલી એવી કૃતિઓ છે જેનો કુળમૂળગત સંબંધ ગુજરાતી સાથે જ, ગુજરાતી મધ્યકાલીન ગુજરાતી ભાષા અને સાહિત્યિક પરંપરા છે.

આ અભ્યાસ લેખમાં પ્રારંભમાં જરૂરી જણાતો આ મુદ્દો ભૂમિકા સ્વરૂપે ચર્ચીને હવે અહીં મુખ્ય છે. ચર્ચા વિષય ખોજકી ભાષા, લિપિ અને સાહિત્યનો છે. આ ધારા મધ્યકાલીન ગુજરાતી ભાષાની જ છે. જે દુહા, ચોપાઈ, હરિગીત, ઉલ્લાળા, ઝૂલણા લિખિત સ્રોતના સાહિત્યમાં છે, તેનું જ અહીં સાતત્ય છે. નરસિંહની રચનાઓ સાથે જ બેસે - તત્ત્વ અને શબ્દદેહે, સ્વરદેહે - એની રચનાઓ અહીં છે. ગુજરાતની પાટપૂજા ઉપાસના સાથે, નાથ અને કબીરપંથ, નિજારી સાથે સંલગ્ન જ્ઞાન, યોગ, ભક્તિનાં મુખ્ય કેન્દ્રો છે, રવેણી-આગમવાણી-અગમવાણી - સાધના પ્રયોજિત યૌગિક પ્રક્રિયા-ષડ્ચક્રભેદન વગેરે અહીં છે. મારી જાણકારી પ્રમાણે ખોજકી સાહિત્યના આવા બધા જ પ્રકારો, સ્વરૂપો, કૃતિઓ અને તેના પાઠસંપાદનમાં મુખ્ય યોગદાન ડૉ. બલવંત જાનીનું જ છે. અહીં એક બીજી પણ મહત્ત્વની બાબત મધ્યકાલીન સાહિત્યમાં રસ ધરાવનારાઓના લક્ષ્ય પર મૂકવા જેવી એ છે કે ભક્તિ સાહિત્ય અને કંઠપ્રવાહની કૃતિઓ, એનાં સ્વરૂપો, પ્રકારો, પ્રવાહો વગેરે પર વિશ્વક્ષેત્રે કામ કરી આ નવી દિશાઓ ઉઘાડવામાં મુખ્ય યોગદાન ન્યૂ ઈન્ડો આર્યન લેન્ગ્વેજીઝ એન્ડ લિટચરના વિદેશી વિદ્વાનોનું છે. આ વર્ગ નવ કે અભિનવ ભારતીયવાદીઓનો છે. વિશ્વકક્ષાની એની પરિષદોમાં જ oral tradition, Bhakti literature, Heigcology વગેરે પર અભ્યાસ થયા, શોધપત્રો લખાયા, વંચાયા અને પ્રકાશિત પણ થયા. ડૉ. હરિવલ્લભ ભાયાણીની પ્રેરણાએ આ લખનારને તથા ડૉ. બલવંત જાનીને NIA કોન્ફરન્સમાં ભાગ લેવાનું બન્યું, આ ક્ષેત્રના વિદ્વાનો અને તેમનાં કાર્યો તથા નવા જ દૃષ્ટિબિન્દુઓની જાણકારીનો લાભ મળ્યો. અહીં એ પણ ઉમેરવું જરૂરી છે કે આવાં અધ્યયનમાં ઊંડાણ અને અભ્યાસનિષ્ઠા સિદ્ધ થયાં તેનાં મુખ્ય બે કારણો છે : એક તો આ વિદેશીઓએ સમય સમયે ભારતમાં વસવાટ કર્યો, વિવિધ તબક્કે મુલાકાત લઈ ક્ષેત્રકાર્ય હાથ ધર્યાં અને બીજું મૂળ ભારતીય મૂળના જ કેટલાક વિદેશની યુનિવર્સિટીની ભાષા-સંસ્કૃતિ-ઈતિહાસ જેવી વિદ્યાશાખાઓમાં કાર્યરત થયાં. આથી જ, ગુજરાતમાં જ વસનાર ભાષા સાહિત્યનો અધ્યાપક પણ એમનાં જ ભાષા-પ્રદેશની આવી અભ્યાસેય સંપદા વિશે આ શોધપત્રોના માધ્યમે જાણી શક્યો, એ હકીકત છે. ખોજકી સાહિત્યની કૃતિઓ, એમનાં ગિનાન, આગમવાણી



અને આખ્યાન સુદ્ધાં ડૉ. બલવંત જાનીએ તો એમના શૈશવકાળે જ પ્રત્યક્ષ રૂપમાં સાંભળ્યાં, આસ્વાદ્યા અને ગ્રહણ કર્યા. લંડનમાં વસતા જવાહીર મોઈર તથા અન્ય પોતે જ નિજારી પાટપૂજાપૂજક પરિવારમાં ઉછરેલાં. એમની સાથે પણ બળવંતભાઈ દાયકા જૂનો સંબંધ. આથી જ ગુજરાતના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના જ એક અંગ એવા ખોજકી સાહિત્યની અભ્યાસ માટે આ રીતે શ્રદ્ધેયને શાસ્ત્રીય સામગ્રી બળવંત જાની દ્વારા યુનિવર્સિટીની મુંબઈ ઠક્કર વસનજી વ્યાખ્યાનમાળામાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના વિદ્વાન સંશોધક ડૉ. બળવંત જાનીએ આ વિષયે ત્રણ વ્યાખ્યાનો આપેલાં, જેમાં કૃતિપાઠ સંપાદનનો પણ સમાવેશ કરેલો. એ સંશોધનમૂલક સંપાદન 'ચીર શમ્સકૃત રાજા ગોવરચંદનો આખિયાન' તાજેતરમાં પ્રકાશિત થયું છે. અહીં મૂલ્યાંકન માટે ખપમાં લીધેલી પીર શમ્સની ગોપીચંદના આખ્યાનની પ્રસ્તુત સંપાદિત કૃતિ બે દૃષ્ટિએ મહત્ત્વની છે : એક તો, આખ્યાન પદ્ધતિએ અહીં મુખ્ય નાથકથા છે. આથી આખ્યાન પણ ક્યાં કયાં વિસ્તરેલું તે તથ્ય ઉજાગર થાય છે. બીજું લિખિતરૂપની આખ્યાનકૃતિને આધારે અહીં લોકપરંપરાની નાથપંથની કૃતિનું કથાનક નિશ્ચિત સમયમાં કેવું છે, તેનો આ દસ્તાવેજ છે. આ સંશોધન મૂલક સંપાદન દ્વારા ખ્યાલ આવે છે કે ગુજરાત તથા રાજસ્થાન બન્નેમાં ગોપીચંદ અને ભરથરીની કથાનાં ભિન્ન ભિન્ન રૂપાન્તરો કંઠપ્રવાહમાંથી મળે છે. આ કથાઓમાં જે કથાનક છે, તે ખરેખર જૂનામાં જૂનું ક્યા સમયનું છે, એ આપણે કહી શકીએ તેમ નથી, કેમ કે, કંઠપ્રવાહની કથાનું સમયનિર્ધારણ શક્ય નથી. પરંતુ અહીં કર્તા અને કૃતિ, બન્નેના સમય જાણમાં છે તેથી આ ગાળામાં, આ એકમમાં, આ કથાનું કથાનક કેવું છે, તે આપણે નિશ્ચતરૂપમાં કહી શકીએ એવી સ્થિતિમાં છીએ.

ગુજરાત અને રાજસ્થાન, આ બન્ને મારુ-ગુર્જર ક્ષેત્રોમાં ગ્રામીણ તથા આદિવાસી બન્નેના કંઠપ્રવાહોમાં ભરથરી અને ગોપીચંદની કથાઓનાં વિવિધ રૂપાન્તરણો મળે છે. આ બન્ને પ્રદેશની કંઠપ્રવાહની કથા પ્રમાણે ગોપીચંદ ભરથરીની જ બહેનનો પુત્ર છે. એટલે કે ભરથરી-ગોપીચંદ મામા-ભાણેજ છે. ભરથરીએ પત્નીના મૃત્યુ કે પછી બેવફાઈ કે અન્ય કારણે ગોરખનાથ પાસે દીક્ષા લીધી, એવું કથામાં નિરૂપાયું છે. રાજસ્થાન અને ગુજરાત બન્નેમાં ભરથરી ઈન્દ્રનો પુત્ર/પૌત્રે દર્શાવ્યો છે, પરંતુ તેની કોઈ કથા જાણમાં આવી નથી. પરંતુ મધ્યકાલીન ગુજરાતી કવિ શામળે બત્રીશપૂતળી અંતર્ગત વેતાળપચીસી'માં ભરથરીની ઉત્પત્તિની કથા આપી છે તેમાં નિશ્ચિત પ્રસંગનું આલેખન છે. ઈન્દ્ર પુત્રને એના અવિનય બદલ પૃથ્વી પર ગધેડાના રૂપમાં અવતરવાનો શાપ આપે છે અને પુત્રની વિનંતિથી

શાપમાં રાહત આપે છે; 'રાત્રે દેવરૂપ થશે, દૈવીશક્તિ પ્રાપ્ત થશે, અને તારી વાત પ્રગટ થયે તું ફરી ઈન્દ્રપુત્ર રૂપે સ્વર્ગમાં પાછો ફરીશ.' આથી ઈન્દ્રપુત્ર ગર્ધવસેન તરીકે જન્મ્યો, તાંબાના કોટવાળું ત્રંબાવટી વસાવ્યું, રાજકુંવરીને વર્યો, તે સગર્ભા બનતાં સાસુ મહેલમાં આવી, રાત્રે દેવરૂપ બનેલા ગધેડાનો દેહ બાળ્યો, ઈન્દ્રપુત્ર સ્વર્ગમાં ગયો, ત્રંબાવટી ભૂમિમાં દટાયું ને ઈન્દ્રપુત્ર તરીકે ભરથરી અને વિક્રમનો જન્મ થયો, ભરથરીએ પિંગળાની બેવફાઈને કારણે ભેખ લીધો, વિક્રમ ઉજ્જૈનનો રાજી થયો : આવું કથાનક શામળ આપે છે. પરંતુ અહીં એની બહેન મૈનાવતી અને એના પુત્ર ગોપીચંદનો કોઈ નિર્દેશ શામળે આપેલી કથામાં નથી.

ગોપીચંદની બે સુદીર્ઘ એવી કંઠપ્રવાહની કથાઓનું પહેલું જ મુદ્રિત સંપાદિતરૂપ ફરામજી બહમનજી તેમના 'ગુજરાત તથા કાઠીઆવાડ દેશની વારતા' ભાગ : ૨, ત્રીજી આવૃત્તિ ઈ. ૧૯૩૫ (મૂળ પ્રકાશન ઈ. ૧૯૨૮)માં પૃ. ૧ થી ૩૨માં આપે છે. એમનો માહિતીદાતા તૂરીઓ છે. બન્ને કથાનકોમાં મહત્ત્વનાં રૂપાન્તરણો પણ છે. પરંતુ સમયની દૃષ્ટિએ ગોપીચંદકથાનું મધ્યકાળનું જ કથાનક છે. આ પછીની આ કથાનું પ્રકાશન શ્રી. જયમલ્લ પરમાર 'ગોપીચંદના રાસડા' રૂપે આપે છે, જે ડૉ. બલવંત જાની તથા શ્રી. રાજુલ દવેના વિષયાનુસારી પુનઃ સંપાદનોમાં છે. આ પછીનું મહત્ત્વનું આદિવાસી સ્રોતનું કથાનક ખેડબ્રહ્માના ડુંગરી ભીલોની કંઠપ્રવાહનું છે, જેનું સંપાદન ડૉ. ભગવાનદાસ પટેલે કર્યું છે. આ બધી જ કથાઓની વીગતે ચર્ચા આ લખનારે એના 'ધર્મ અને વિધિસંલગ્ન ગુજરાતી અને રાજસ્થાની કથાઓ : એક તુલનાત્મક અધ્યયન'માં નાથકથાના પ્રકરણમાં કરી છે, તેથી અહીં માત્ર સંદર્ભ જ આપ્યો છે.

બળવંત જાની દ્વારા સંપાદિત આખ્યાનની ગોપીચંદની કથાનું જો મુખ્ય ગતિકેન્દ્ર જ તપાસીએ તો સ્પષ્ટ થશે કે નશ્વર દેહનાં યૌવન અને એની અમરતાની શોધની ઝંખના છે. માતા મૈનાવતી સ્નાન કરતા સુંદર યુવાન પુત્ર ગોપીચંદનો દેહ જુએ છે અને આવો સુંદર યુવાન દેહ પણ અંતે નાશ પામશે, એ વિચારે આંસુ સારે છે. આંસુ પુત્રની પીઠ પર પડે છે. એ માતાને આંસુ પાડવાનું કારણ પૂછે છે. અને એમાંથી જ અમરતાની શોધનો આરંભ થાય છે, જે અંતે ભેખમાં પરિણમે છે, અને સાચી અમરતા શામાં છે એની પ્રતીતિમાં આધ્યાત્મિક ઉત્કર્ષના રૂપમાં સિદ્ધ થાય છે. ગોપીચંદ નાથકોટિએ પહોંચ્યા નથી. નવનાથમાં ભરથરીનો સમાવેશ સાતમાં ક્રમે છે, ગોપીચંદનો નથી. નાથ પછીની કક્ષા 'સિદ્ધ'ની છે. નાથસિદ્ધોની યાદીમાં ગોપીચંદ એવા જ નામે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી.



ગોપીચંદકથાના મુખ્ય ગતિકેન્દ્રની આટલી સ્પષ્ટતા પછી, પીર શમ્સની કૃતિની ચર્ચા કરતાં પહેલાં ભૂમિકારૂપે યોગમાર્ગ + નાથપંથ + નિજારી પાટોપાસના આ ત્રિવેણી સંગમની પણ કેટલીક વીગતો જોઈએ. આર્ય વૈદિક ધર્મથી બૌદ્ધ અને જૈનની જેમ યોગમાર્ગ પણ કંઈક અંશે ભિન્ન અને સ્વતંત્ર છે. અહીં તત્ત્વતઃ કોઈ જ ઈશ્વર નથી, નથી કોઈ અવતાર ! કેન્દ્રમાં અહીં પોતાને પોતાની ઓળખ, આત્મસાક્ષાત્કાર, આત્મપ્રતીતિ કે સ્વનિયંત્રિત એવી ચેતના તત્ત્વની જ પ્રાપ્તિ છે. આમાં પોતાએ પોતાને ઓળખવાનો છે. એક નિશ્ચિત સ્વ-નિયંત્રિત એની સ્થિતિ, એવી મનોદશા કેળવીને કાળને ઓળંગી અકાલને અનુભવવાનો છે, અરૂપને, અલખને પામવાનો છે, કાલને વશ કરી કાળના દાસ મથી, નાથ બનવાનું છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવા કૃતક માયાવી, કાલવિભાજનથી વિમુક્ત બની એ ત્રણેને એક જ કાળમાં, એટલે કે 'સકાળ'માં અર્થાત્ સર્વકાળમાં જ પ્રતીત કરવાના છે. આ ત્યારે જ શક્ય બને જ્યારે મન સ્વસ્થ હોય, નિર્વિકાર-નિર્વિકલ્પ હોય. એ માટે ઈડા-પિંગળા - સુષુમ્ણા પર સ્વ-નિયંત્રણ જોઈએ, નાડી શુદ્ધિ જોઈએ, રૂપકાર્થી દેહચક્રોની પ્રતીતિ જોઈએ : આ માટેની પ્રક્રિયા તે અષ્ટાંગયોગ ! એમાં નથી કોઈ ઈશ્વર, કોઈ જીવ ને કોઈ શિવ, છે અજસ્ર અમર ચેતનાતત્ત્વ. છતાં નાથમાં 'શિવ' આદિનાથ મનાયા. એ કોઈ જ રૂપમાં નહીં, સ્થાનમાં નહીં, કાલમાં નહીં પરંતુ એક તત્ત્વના રૂપમાં ! અને અહીં ઉમાપાર્વતી પણ સ્વીકારાયાં, પરંતુ તે પણ આ શિવતત્ત્વની ઊર્જારૂપે. આથી કોઈ બાહ્યરૂપ કે લિંગને અભિષેક પણ નહીં. આથી આ એક એવો સાધના પંથ હતો જેમાં જાતિભેદ નથી કે નથી ધર્મભેદ ! વૈદિક, બૌદ્ધ, જૈન, શૈવ, શાક્ત, વૈષ્ણવ કે ઇસ્લામ વગેરેમાં પણ રહીને આ સાધનાપંથ ગ્રહી શકાય. આથી જ કાનિફાનાથ પણ અહીં નવનાથમાં સ્થાન પામ્યા.

ગોરખનાથની નાથપંથનો વિશેષ પ્રભાવ મધ્ય અને પશ્ચિમ ભારતમાં વિસ્તર્યો. રાજસ્થાન-ગુજરાતમાં તે મુખ્ય પ્રવર્તક બન્યો. અહીં નાતજાત, વર્ણભેદ ન હતો કે ન હતી સગુણ એવી મૂર્તિપૂજા. આથી વૈદિક બ્રાહ્મણધર્મમાં જેમને વિશેષ સ્થાન ન હતું, એના વિધિવિધાન પણ જેમને પોષાય તેમ ન હતા એવા એક બૃહત્ સામાજિક એકમને મહાધર્મ, ધૂનોધર્મ કે નિજારપંથ અને પાટપૂજાને સ્વીકારતો હતો. આથી આ વર્ગને નાથપંથ પોતાનો લાગ્યો. ગ્રામીણ અને આદિવાસી બન્ને સામાજિક એકમોમાં એ સ્વીકૃત બન્યો.

નાથનો પ્રભાવ વૈદિક ધર્મના જ અનુયાયી એવા ઉચ્ચ વર્ગ પર પણ પડ્યો. શૈવ અને શાક્ત બન્નેને એમા શ્રદ્ધા બેઠી. આથી ગૂર્જર-મારુક્ષેત્રના રાજવંશોએ

પણ નાથપંથ સ્વીકાર્યો, દીક્ષિત બન્યા, આ સમૂહ જ કાળક્રમે 'રાજકુલ' તરીકે ઓળખાયો, જેમાંથી જ કેટલાક રાજવંશોના પૂર્વગમાં રાજકુલ-રાઉલ-અઅલોરાવ લાગ્યું. મારી ધારણા પ્રમાણે જૂનાગઢના ચૂડાસમા રાજવંશમાં રા'નવઘણ, રા'ખેંગારના મૂળમાં પણ આવી નાથદીક્ષા હોઈ શકે. રાજવંશમાં પણ નાથપંથનો પ્રભાવ વધવાને કારણે જ ઉચ્ચ મનાતા રાજસ્થાન અને ગુજરાતમાં અન્ય જાતિ-જ્ઞાતિસમુદાયે પણ નાથપંથ સ્વીકાર્યો.

આ જ ગાળામાં બીજી બે મહત્ત્વની પ્રક્રિયા થઈ. નાથ દીક્ષિત એવા ઉચ્ચ રાજકુળમાં પણ નિમ્ન મનાતી જાતિ-જ્ઞાતિઓ પ્રત્યેની અનુકંપા જાગી, કર્તવ્યભાન થયું. આમાં આ ભાવનું જ ધર્મપંથાવલંબિત એવું રૂપ રાજસ્થાની ઉગમસિંહ ભાટીએ બાંધ્યું. એમણે એક વિશિષ્ટ વ્રતનિયમની પદ્ધતિનો આરંભ કર્યો. જે કોઈ એમને ગુરુ તરીકે સ્વીકારે, કાંડુ બંધાવે એણે એક નિયમ લેવાનો : બીજાદિ પવિત્રતિથિએ જાતે જ પકવાન્ન લઈ સમાજમાં નિમ્નાતિનિમ્ન મનાતા સમુદાયને ભગવાનને ભોગ ધરતા હોય એ રીતે જાતે જ તેમના વાસમાં જમાડવા ! આમાં પણ અન્નદાન કરું છું એવું સૂક્ષ્મ અભિમાન પણ ન જાગે તે માટે પોતાનું રાંધેલું ઉપરાંત અન્ય પાસેથી પણ માગેલું પક્વ અન્ન લઈને જવું. આવું ભોજન સંભવતઃ કાવડમાં લઈને લઈ જવાતું હોવાથી આવો નિયમ લેનાર પોતે કાવડિયા પંથનો કહેવાયો, જેને કામડિયા તરીકે પણ ઓળખાવાયો. આ માત્ર સંભાવના છે. બીજું કારણ પણ હોઈ શકે. રૂપાંદે પોતે જે એક રૂપાન્તર પ્રમાણે ક્ષાત્રવંશી હતી. બીજાં પ્રમાણે સમાજના નિમ્નસ્તરની હતી એણે કામડિયાપંથ અપનાવ્યો અને મલ્લીનાથ ઉર્ફે માલદેની રાણી બન્યા પછી પણ જારી રાખ્યો પરિણામે નાથપંથી પતિ સાથે સંઘર્ષ થયો, પરંતુ અમુક પ્રતીતિ પછી માલદેએ પોતે એ સ્વીકાર્યો. ડૉ. બળવંત જાનીએ આ વિશે અગાઉ રૂપાવેલ રસ્તા સંપાદિત કરીને એના લોકસંતમૂલક સંદર્ભને મૂલવેલ. ઉગમસી ભાટીના જ પટ્ટશિષ્ય મેઘવાળ ધારુ ! આ ગાળાના નાથદીક્ષિત રામદેવે પણ આનો સ્વીકાર કર્યો અને એમના એ કાળે નિમ્ન સ્તરના મનાતા પંથાનુગામી કામડિયા કહેવાયા, મેઘવાળ રિખિયા એટલે કે ઋષિઓ તરીકે ઓળખાયા. કેટલાક રાજવંશોએ પાટપૂજા+નાથનું અનુસરણ ન કર્યું અને મૂળ નાથપરંપરાને જ યોગ માર્ગે વધારી. એમાં રામદેવના અનુકાલીન જસનાથજી મુખ્ય છે, જેમને અમર મનાતા ગુરુ ગોરખનાથનો સાક્ષાત્કાર થયો અને એમના અનુયાયીઓ સિદ્ધ/સિધ (સીધ) તરીકે ઓળખાયા.

આ એક મુખ્ય પ્રક્રિયાની સાથે જ બીજી પ્રક્રિયા જોડાયેલી છે. મુસ્લિમ શાસકોએ હિંદુઓ પર અત્યાચાર કર્યા, મૂર્તિ-મંદિરનો નાશ કર્યો, તેમ સુન્નીપંથના



શાસકોએ જે લોકો શિયાપંથના હતા એમને પણ અન્યાય કર્યો, અત્યાચાર કર્યો, ઘાત પણ કર્યો, આથી ઈરાનથી પીરોનું પ્રતિનિધિ મંડળ આવ્યું. એમનું મિશન ભારતના શિયાપંથીઓની ધર્મશ્રદ્ધાને ટકાવી રાખવાનું હતું. આથી, એમણે દીર્ઘ ને મુક્ત દૃષ્ટિ અપનાવી. હિંદુશાસ્ત્રો, પુરાણો, વિધિવિધાનોનો અભ્યાસ કર્યો અને એમણે પ્રતીત કર્યું કે આ ધર્મમાં પણ એવાં કેટલાંક તત્ત્વો છે, વિધિઓ છે, શ્રદ્ધાઓ છે જેના પરિચાલનમાં મૂળ ઇસ્લામધર્મનો કોઈ જ વિરોધ નથી. ઇસ્લામ સ્વીકાર્યા પછી પણ આવી શ્રદ્ધા જ એમના લોહીના સંસ્કારમાં પડેલી છે, જેને પોષવી જોઈએ. આથી જ હિંદુ ધર્મશાસ્ત્રોના કેટલાક અંગો, કથાઓ, વિધિવિધાન, અથર્વવેદ વગેરે સ્વીકાર્યા. હરિશ્ચન્દ્ર-તારામતી, કુંતા અને પાંડવો જેવા પૂર્વજોને શ્રદ્ધેય અને પૂજ્ય ગણ્યા. આથી નાથપંથનો જે સંયોગ નિજારીપંથ અને પાટપૂજામાં થયો એ જ આ પીરોના રચેલા સાહિત્યમાં પણ સ્થાન-મહત્ત્વ પામ્યો. આટલી ભૂમિકા પછી જ પીર શમ્સકૃત 'રાજા ગોવરચંદનો આખિયાન' (રાજા ગોપીચંદનું આખ્યાન) યોગ્ય પરિપ્રેક્ષ્યમાં તપાસી શકાશે.

સંપાદનની ભૂમિકામાં ડૉ. બલવંત જાનીએ પહેલા વ્યાખ્યાનમાં ગુજરાતની ધર્માંતરિત મુસ્લિમ પ્રજા, ઇસ્માઈલી ખોજા અને પીર પરંપરાની વિશદ ચર્ચા આપી છે. બીજા વ્યાખ્યાનમાં ઇસ્માઈલી ગિનાન (જ્ઞાન) સાહિત્ય, કથામૂલક સાહિત્યની સ્પષ્ટતા કરી પીર શમ્સના વ્યક્તિત્વ અને વાઙ્મયની ચર્ચા કરી છે. જે આપણી કંઠસ્થ અને મધ્યકાલીન પરંપરામાં પ્રથમ વખત ઉમેરાય છે. ત્રીજા ખંડમાં કૃતિનો મૂળ પાઠ આપ્યો છે અને એની ભૂમિકામાં એમણે પૂર્વમુદ્રિત પાઠ અને પરંપરાગત એનું પઠન-પરફોર્મન્સ-એ બે નવી, જુદી પરંતુ ઉપયોગી અને દૃષ્ટિપૂર્ણ પદ્ધતિ અપનાવી છે, તે સંદર્ભે આગળ વીગતે ચર્ચવા ધાર્યું છે. અહીં એટલું જ પ્રથમ બે ખંડ કે વ્યાખ્યાન પ્રકરણ સંદર્ભે નોંધવું જરૂરી છે કે સતપંથ, પીરપરંપરા અને એના સાહિત્ય અંગે અહીં જ સર્વપ્રથમ વિશદ ચર્ચા અને વીગત મળે છે. અહીં આરંભમાં જ આ લખનારે NIAL conferances, એનાં શોધપત્રો અને ગ્રન્થસ્થ સંચયોનો સંદર્ભ ચર્ચ્યો છે તેની વિશેષ ઉપયોગી સંદર્ભની યાદી સંપાદકે પ્રસ્તુત પુસ્તકના પૃષ્ઠ ૯૮ પર આપી છે, જેમાં સર્વશ્રી તાઝીમ આર. કાસમ, ડોમિનિક સીલાખાન, અઝીઝ ઇસ્મિલ, ફરકાદ દફતરી, અલી એસ. અસાની, સી.શેકલ-ઝવાહીર મોઈર, ફ્રાન્કવા માલિઝોં, હાઈડીપૌવિસ, એમ.વાસમ વગેરેનાં કુલ ૧૦ શોધપત્રોની યાદી આપી છે. ખોજાના ધાર્મિક સતપંથી સાહિત્યાદિના કોઈ પણ અભ્યાસી માટે આ પૂર્ણ એવી યાદી છે. ઈરાનના ઈમામ દ્વારા નિયુક્ત ગુજરાતમાં કાર્યરત બનેલા મુખ્ય પાંચ પીરનો સંક્ષેપમાં ઇતિહાસ

પણ આપ્યો છે તથા કથામૂલક ગિનાન સાહિત્યની કથાશ્રયી કુલ આઠ તથા મીર શમ્સકૃત ગોપીચંદ આખ્યાન, પીર અને કાનીફા સંવાદ તથા હંસ-હંસલીની એમ ત્રણ કથાઓની યાદી આપી છે. અંતે પીર શમ્સના જીવનકાળ તથા રચનાઓની વીગત આપી છે. આ બધું ડૉ. જાનીના આ વિષયના ઊંડા અભ્યાસનું ઘોતક છે.

**પાઠસંપાદનની પદ્ધતિ**

મુખ્ય કૃતિનો પાઠ પૃષ્ઠ ૨૮ થી ૫૮માં આપ્યો છે અને તેની કુલ ૩૮૯ કડીઓ છે. ૨૯૩ કડી સુધીની રચના કથાનો પૂર્વાર્ધ છે, જે ગોપીચંદના આખ્યાનરૂપે ઓળખાયો અને ૨૯૪ થી ૩૮૯ ક્રમાંકનો કુલ ૯૬ કડીનો ઉત્તરાર્ધ પરંપરામાં ગોપીચંદની બહેનના આખ્યાન તરીકે ઓળખાતો અને ગવાતો હતો. આમ, કૃતિના ગોપીચંદનું આખ્યાન અને ગોપીચંદની બહેનનું આખ્યાન એવી બે ઓળખસંજ્ઞા હોવા છતાં સંપાદક દર્શાવે છે તેમ આ બન્ને સંલગ્ન છે અને કૃતિ તરીકે તો એક જણાય જ છે.

આપણે ત્યાં સામાન્ય રીતે લિખિત સ્રોતની મધ્યકાલીન કૃતિને ઉપલબ્ધ એવી હસ્તપ્રત કે હસ્તપ્રતોને આધારે જ પાઠસમેત સંપાદિત કરી મુદ્રિત કરવામાં આવે છે, અને કંઠ પરંપરાની કૃતિ હોય તો એને લિખિત નોંધ કે ધ્વનિમુદ્રિત સામગ્રીને આધારે જ લિપિબદ્ધ કરી સંપાદિત કૃતિના પાઠનું મુદ્રણ કરવામાં આવે છે. આ મુખ્ય બે જ સંપાદિત પદ્ધતિ છે. મેઘાણી, શાંતિભાઈ આર્યો અને ભગવાનદાસનાં સંપાદનો આનાં ઉદાહરણ છે. પણ કંઠસ્થપરંપરાના વિશ્વકક્ષાએ થતા સંપાદન કાર્યથી અભિજ્ઞ એવા ડૉ. બળવંતજાનીએ અહીં નવી, જુદી અને ત્રીજી જ પદ્ધતિ અપનાવી જણાય છે. આ પદ્ધતિમાં હસ્તપ્રત કે ધ્વનિમુદ્રિત વા લિખિત પાઠના બદલે પૂર્વમુદ્રિતપાઠને વિશિષ્ટ રીતે સંપાદિત કરવામાં આવે છે. આવા મુદ્રિત પાઠનું પણ પુસ્તકોને છાપવાનું શક્ય બન્યું તે પછી તો મુદ્રિત પાઠ આપતાં સંપાદક કે મુદ્રક પાસે પણ કોઈ હસ્તલિખિત પ્રત તો હોય જ છે. પરંતુ જૈન કે વૈદિક સ્રોતની પ્રાચીન-મધ્યકાલીન કૃતિની જેમ કોઈ વ્યક્તિ કે સંસ્થા જ્યારે કોઈ ધાર્મિક કે મનોરંજક એવી મધ્યકાલીન કૃતિનું પ્રકાશન કરતા ત્યારે એમને તો કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા ચોપડાના રૂપમાં કે બીજી કોઈ પણ રીતે મધ્યકાલીન સાહિત્યની કૃતિ મળતી તેનું જ મુદ્રણ કરતા હતા. આવી સંસ્થાગત કે વ્યક્તિગત ચોપડાઓ કે હાથનોંધ લખનારા તાલિમબદ્ધ લહિયા ન પણ હોય. આથી ભાષાકીય શુદ્ધિનો, નિશ્ચિત એવી પદ્ધતિનો અભાવ હોય, એટલું જ નહીં પરંતુ ચોરામાં, ગાદીમાં કે કોઈ વ્યાવસાયિક દ્વારા જ્યારે આવી મોટા ચોપડામાં કૃતિનોંધ-લેખન



થાય ત્યારે એમાં આવી કૃતિના કથન કે ગાનમાં પણ કાળાનુસારી જે કંઈ પરિવર્તનો થયાં હોય, સુધારા-વધારા વગેરે થયા હોય, એનું પણ ઠીકઠીક પ્રમાણ હોય. એટલે કે શાસ્ત્રીય શુદ્ધિની દૃષ્ટિએ કહીએ તો એના મૂળ પાઠ ક્યાંક કેટલેક અંશે બદલાયાં હોય, ભ્રષ્ટ થયાં હોય. આ સ્થિતિમાં નિવારણરૂપે સૂરતના (જે આવી મુદ્રિત સાહિત્યના પ્રચાર-પ્રસારમાં અગ્રગામી હતું) 'ગુજરાતી' પ્રેસ કે એથી પણ આગળના પેસ્તનજી જેવા પ્રકાશકો ખાસ જાણકાર શાસ્ત્રીઓને રોકતા, એમની પાસે ચોપડાની કૃતિની ભાષાની એના નિરૂપિત અંશોની, કડીઓના ક્રમની ચકાસણી પણ કરાવતા અને ભરૂચના પેસ્તનજીએ તો શિવદાસકૃત હંસાઉલીને શિલાછાપમાં પ્રગટ કરતાં શીર્ષકમાં જ નોંધ્યું છે કે તેની હસ્તપ્રત (વાર્તાની ચોપડી) જાણકારો પાસે શુદ્ધ કરાવીને છાપી છે ! આવા પ્રકાશકો એ સમયગાળામાં તો સ્થળે-સ્થળે ફરીને પણ આવા હસ્તલિખિત ચોપડાઓ ખરીદેલા અને તેના આધારે જ બૃહત્ કાવ્યદોહન જેવી ગ્રન્થશ્રેણી પ્રકાશિત થયેલી.

આ પ્રકારની પૂર્વ મુદ્રિત એવી પ્રતના આધારે પાઠનું પુનઃસંપાદન કરવાનો ડૉ. બલવંત જાનીને પૂરતો અનુભવ છે અને તેમણે આ અંગે પ્રશ્નો થયા ત્યારે ડૉ.ભાયાણી કે પ્રો.કે. કા. શાસ્ત્રી જેવાનો સંપર્ક પણ કરેલો અને આ પુનઃસંપાદિત પાઠને ચકાસવાની દૃષ્ટિ કેળવી હતી. આનો લાભ અહીં છે. ગોપીચંદના આખ્યાનનો પાઠ એમણે શ્રી નકલંકશાસ્ત્ર ભાગ : ૨ માંથી આપી છે. સ્પષ્ટતઃ એ ધાર્મિક હેતુએ થયેલું પ્રકાશન છે. એના પાઠને કઈ આધારભૂત સામગ્રીને આધારે છાપવામાં આવ્યો છે, તે અહીં સંપાદકે આપ્યું નથી. સ્વાભાવિક રીતે સંભવ છે કે મૂળગ્રન્થમાં જ આવી કોઈ વીગત આપી ન હોય. ધર્માર્થ કૃતિઓનાં મુદ્રિતરૂપમાં પ્રકાશકો આવી કોઈ વીગત આપતા નથી, એવી એમના વાચકવર્ગની દૃષ્ટિએ જરૂર પણ ન હોય, એ સમજી શકાય એવું છે. વૈદિક કે જૈનસ્ત્રોતની આવી ધર્માર્થ કૃતિઓનાં વ્યાવસાયિક પ્રકાશકો દ્વારા તથા મુખ્યત્વે ધર્મના કોઈ ટ્રસ્ટના ઉપક્રમે અનેક મુદ્રણો થયાં હતાં, આજે પણ થાય છે. વૈદિક સ્રોતમાં પ્રેમાનંદનાં ઓખાહરણ, નળાખ્યાન જેવી કૃતિઓનો તથા જૈનસ્રોતમાં વિવિધ પૂજાઓ, સ્તવનો, સઝાય વગેરેનો સમાવેશ થાય છે. આમાં પણ ક્યાંય, છાપનાર ક્યા આધારે પાઠ છાપે છે, એની સ્પષ્ટતા હોતી જ નથી.

પ્રસ્તુત કૃતિના પૂર્વમુદ્રણમાં પણ આ જ પરિસ્થિતિ જણાય છે. સંસ્થાએ/ વ્યક્તિએ ધર્મહેતુએ આ રચનાના પાઠનું મુદ્રણ ખોજાખાનામાં રહેતા ચોપડાને આધારે અથવા તો જે મુખી કામડિયા દ્વારા આનું પઠન-ગાન થતું હોય એને આધારે થયું છે. એનો અર્થ એ કે અહીં પીર શમ્સના જ પાઠ-આધારિત પરંપરિત

મૌખિક એવો પાઠ છે. મૂળપાઠ Original taxt અને એનો જ મુખ્ય આધાર લેતી traditional taxt વચ્ચે મહત્ત્વનો ભેદ એ છે કે પરંપરાગત એવો પાઠમાં મૂળ પાઠના શબ્દોનાં રૂપ બદલાય છે, ક્યાંક એમાં સમયાનુસારી નવું પણ ઉમેરાતું જાય છે અને એમાં કેટલીક લાક્ષણિકતા હોય તો એ હવે પાઠ-સ્થ અંગ બને છે, ગાનાર પ્રમાણે ગાનઢાળ-રાગમાં પણ પરિવર્તન આવે છે, નવાં જ લયાત્મક લટકણિયાં પણ મૂળ રચનામાં ઉમેરાય છે. કંઠસ્થ પરંપરાથી રજૂ થયેલ પાઠને મુદ્રિત પાઠ સાથે મેળવીને એમાંથી કંઠસ્થપાઠ તર્કપૂતરીતે પણ કૃતિના અર્થનો વાચક હોઈને એને સ્વીકારીને કૃતની વાચના તૈયાર કરવાનું વલણ સમુચિત છે. આપણે કંઠસ્થપરંપરાનાં ભજનો અને મુદ્રિત પાઠની મેળવણી કરીને વાચના નિશ્ચિત કરી શકીએ. બળવંત જાનીની આ પાઠ નિયત કરવાની રીતને કારણે પણ આ સંપાદન ઘણું મહત્ત્વનું બન્યું છે. આપણી પરંપરાના એક માત્ર લોકપ્રિય ધાર્મિક પ્રકાશનના ઓખાહરણને જ તપાસતા સ્પષ્ટ થશે કે કડવાંની સંખ્યા, મૂળ ઢાળના સૂચિત રાગ અને તાલ વગેર કેટકેટલું બદલાયું છે ? આવાં ઉમેરણમાં ક્યાંક મધ્યકાળના છેલ્લા કવિ દયારામનું પણ કેટલુંક વિષયસંગત હોવાનું સંશોધકોને જણાયું છે. પરંપરિત નામછાપ રચનાઓમાં પણ સ્પષ્ટ બે પ્રવાહો છે : એક, મૂળ રચના નરસિંહ-મીરાં-કબીર કે એની પણ પહેલાના ગોરખનાથની હોય અને બીજી એવી રચનાઓ જે મૂળ કર્તાની ન હોય, અનુગામીની હોય અને નામછાપ જ મૂળ કર્તાની હોય, આ દૃષ્ટિએ જ તપાસતાં આ રચનાનો મૂળ આધાર તો શમ્સની કૃતિનો જ લેવાયો છે, કેટલાક અંગો, શબ્દરૂપો જ પરંપરામાં બદલાયાં છે. સ્વરૂપની ચર્ચામાં એની વિશેષ સ્પષ્ટતા આગળ કરવામાં આવી છે. અહીં મૂળપાઠ બદલાયો છે, પરંપરાગત પરિવર્તનો ધરાવે છે, એની સ્પષ્ટતા અને આધાર માટે શમ્સના સમયને લક્ષમાં લઈએ.

સંપાદકે વિવિધ મતને આધારે શમ્સનો સમય (૧) પ્રો. ડબલ્યૂ ઈવનોવ પ્રમાણે ઈ. ૧૧૬૫-૧૨૭૬ છે. (૨) ગુલઝારે શમ્સના કર્તા પ્રમાણે ઈ. ૧૨૧૭-૧૩૫૬ છે. આમાંથી કોઈ પણ એક અભિપ્રાય-નિર્ણયનો સ્વીકાર કે અસ્વીકાર ન કરીએ તો આ સમયગાળો મોડામાં મોડો ચૌદમી સદીના પૂર્વાર્ધ-ઉત્તરાર્ધનો છે. આ સંદર્ભે ભાષા-અંગને તપાસો. સ્પષ્ટ થશે કે અહીં જે ગુજરાતી ભાષાનું રૂપ છે તે જે હસ્તપ્રતોમાં કર્તા-કૃતિનો સમય નિશ્ચિત છે, તેવું તો નથી જ. પ્રમાણમાં ઘણું જ જુદું છે. ખોજકી ગુજરાતીના ઉચ્ચારભેદને દૃષ્ટિમાં રાખો તો પણ ચૌદમી સદીનું આ ગુજરાતી નથી. અહીં કડી ૬૧-૧માં 'રંગ' માટે અંગ્રેજી શબ્દ 'કલર' પ્રયોજાયો છે !



## આખ્યાન અનોખું સ્વરૂપ

અહીં કૃતિના શીર્ષક કે ઓળખઅંગમાં જ 'આખિયાન' એટલે કે 'આખ્યાન' છે, પરંતુ એવો કથા-પ્રકાર-સ્વરૂપવાચક પ્રયોગ મૂળ કૃતિમાં પ્રયુક્ત જણાતો નથી. એમાં તો આરંભે જ 'રાજા ગોવરચંદના ગુણ સાંભળો રે ગુણવંતા' છે. ધાર્મિકકથાઓ પછીના સમયગાળામાં 'આખ્યાન' તરીકે ઓળખાતી હોવાથી જ ગુજરાતી ભાષા-સંસ્કૃતિના જ એક અંગ એવા લોકોએ આ રચનાને 'આખ્યાન' તરીકે ઓળખાવી. દેશીમાં ગવાતો કડવાનો બંધ અહીં નથી, અહીં મૂળમાં 'ચરિત્ર' જ છે. જૈન સ્રોતમાં એ કાળક્રમે 'રાસક' એવી સંજ્ઞા પામ્યું. 'રાસક'માં પણ અક્ષરમેળના ગેય ઢાળ હોય છે. શમ્સનો જે સમય છે એ ગાળામાં એનું જ પ્રવર્તન ધર્મરૂપ ચરિત્રમાં તથા ધર્મમુક્ત, મનોરંજક - Secular એવી કથાઓ અને પવાડામાં છે. ત્યાં દુહા-ચોપાઈનો જ પાયો હોય છે. અહીં ખંડપાડીને, દ્વિતીય ચરણના શબ્દપદોની દ્વિરુક્તિએ નવો ગાનઢાળ બંધાયો છે. આખ્યાનનું મહત્ત્વનું અંગ આરંભની ગણેશ-સરસ્વતી વંદના અને અંતિમ ફલશ્રુતિ છે. અહીં પહેલું અંગ વંદનાનું ન હોય એ સાહજિક છે, પરંતુ ફલશ્રુતિમાં એવું નથી. આનો અર્થ એ કે અહીં અપભ્રંશ-પ્રચલિત 'આખ્યાન' અને કડવકબંધનું વલણ-ઊથલા સાથેનું જે નવું ગુજરાતીરૂપ બંધાયું તે નથી, તેમ જ સળંગબંધ છે, ઘટના કે પ્રસંગ-આધારિત ખંડ નથી. આથી આખ્યાન નહીં પરંતુ ગેય ચરિત્રાશ્રયી કથાકાવ્ય અને પદ્યવાર્તાની સાથે જ આનો અનુબંધ જણાય છે. સંપાદકે પણ ઉચિત રીતે પ્રસ્તુતકૃતિને આખ્યાનથી અનુપ્રાણિત એવી સળંગબંધની કથાકૃતિ તરીકે નિર્દેશ કરેલ છે. આ દૃષ્ટિએ પણ શમ્સનો સમય મોડામાં મોડો પંદરમી સદીનો છે, નરસિંહની આસપાસનો.

## કથાનકનો પરિચય અને કથનકળાનું સ્વરૂપ

ગોપીચંદની કથા અને નાથપંથ સાથેના અનુબંધની ચર્ચા આગળ કરી છે અને કથાનક સંદર્ભે પણ સંદર્ભો દર્શાવ્યા છે. અહીં ડૉ. બળવંત જાનીએ પણ ફ.બ.થી આરંભીને ગોપીચંદના રાસડાના કથાનકની ચર્ચા કરી છે તથા કથાના તથા પાત્રના અર્થદર્શનના પણ પીર શમ્સની જે સંયમિત અને સંસ્કારી દૃષ્ટિ છે, એની પણ સંપાદકે સારી ચર્ચા કરી છે. આથી કથાનક સંદર્ભે અહીં એટલું જ નોંધવાનું કે ગોપીચંદકથાનું ગુજરાત પ્રવર્તિત જૂનું કથાનક અહીં ઉપલબ્ધ બને છે. ફ.બ.ના સંપાદિત કથાનક સાથે જ એ બંધ બેસે છે એટલું જ નહીં પરંતુ કેટલાક પાત્રસંલગ્ન પ્રસંગોને અહીં વિશેષ પરિષ્કૃત અને સંયમી સંસ્કારી રૂપ અપાયું છે.

અહીં બીજી વિશેષતા છે તે કાનીફાનાથના સંદર્ભની જાલંધર અને ગોરખ ઉપરાંત કાનીફાનાથનો આવો - આટલો સક્રિય એવો કથાસંબંધ અહીં છે, જે ફ.બ.ના બીજા રૂપાન્તરણને બાદ કરતાં અન્યત્ર ઈસ્લામથી ઈતર એવી પરંપરામાં નથી. ગોપીચંદે જાલન્ધરનાથને કૂવામાં કે ગુંફામાં લાદથી દાટ્યાથી કથા અન્યત્ર છે તેમાં બે-ત્રણ મહત્ત્વનાં રૂપાન્તરણ છે. ક્યાંક ગોપીચંદની રાણી જ આ કૃત્ય કરે છે કેમ કે નાથસંગના કારણે એમને પતિના સાથસંગ મળતા નથી. અન્ય રૂપાન્તરણમાં ગોપીચંદ ખુદ આવું કાર્ય કરે છે તેમાં બે કારણો છે : ૧. ગોપીચંદને પણ લોકપવાદથી એવી શંકા છે કે નાથગુરુની સેવામાં રત રાણીને અનુચિત લગાવ/સંબંધ છે. ૨. રાણીઓએ જ જાલંધરનાથને કૂવામાં નાખી દીધા છે તેથી ગલકીનું પાણી લઈને પાછા ફરતા ગોપીચંદને લાગે છે કે ઢોંગી ગુરુ અમર બનાવવાનું કહીને નાશી ગયા છે. આની સામે પીર શમ્સે આપેલી કથા વિશેષ પરિષ્કૃત, શુદ્ધ ને રોચક છે. કુપિત ગોપીચંદ જાલંધરનાથને લાદનું ભોજન કરાવતા ‘જૈસા મુઝે ખિલાયા, સબ ખાવ’ કહી નગર આખું લાદથી ભરી દે છે તેથી વિશેષ ગુસ્સે થયેલો ગોપીચંદ જાલંધરનાથને લાદથી ગુંફામાં ગુંગળાવે છે. નાથના નામમાં ગુજરાતની પાછોતરી કથાઓમાં કેટલીક સેળભેળ છે, તે અહીં નથી. અહીં જાલંધરનાથ ગોરખ અને કાનીફાનાથ સ્પષ્ટ અને સુનિશ્ચિત છે.

સૂઝપૂર્ણને વિશેષ સૂક્ષ્મ એવું શમ્સ ‘પાણી’ના સંદર્ભે દર્શાવે છે. મૂળ નાથકથામાં ગુરુ વર્ષાનું કે જળાશયનું ન હોય તેવું જળ, પ્રાણી જ ન હોય એવું માંસ મગાવે છે જેમાં શ્રીફળ અંગેની સમસ્યા છે. અહીં ગુરુ ગોપીચંદને પાણી લેવા મોકલે છે. વાવમાં પોતાના નામની, જળાશય બંધાવ્યાની તખ્તી જોતાં ગોપીચંદ પોરસાય છે ! હજુ એનો અહમ્ નાશ નથી પામ્યો. આથી પાત્રમાં પાણી ભરાતું નથી. જ્યાં સુધી નામનો યશનો મોહ છે, અહમ્‌નું અસ્તિત્વ છે ત્યાં સુધી નાથત્વની સિદ્ધિ દૂર છે, એ બહુસૂચક રીતે, કહો કે કશી જ મુખરતા વગર, સૂક્ષ્મ રીતે દર્શાવ્યું છે. બહેનને મળવા જતા ગોપીચંદની કથામાં પણ અહીં ક્યાંય કથાને રોચક બનાવતી, મરેલાં માછલાંને સજીવન કરતી કે નદીનાં માછલાને કાંઠે બોલાવી પાછાં નદીમાં વહેતાં કરવાની કથાજન્ય ચમત્કૃતિ નથી. ભાઈ રાજગાદી તજી સાધુ બને એની જે વેદના બહેનને થાય કે પત્નીને થાય એનું જ ભાવાશ્રયી અહીં આલેખન છે. ભીલ આદિવાસી બહેન તો નિર્દોષ પતિ અને ધાવણાં બાળકનો પણ છળથી ભોગ લઈ જોગણ બને છે એવો કોઈ ક્રૂર અંશ પણ અહીં નથી. આમ કથાનું અને પાત્રનું એક નિશ્ચિત ને પરિશુદ્ધ રૂપ અહીં છે.



**ગાનઢાળ અને અન્ય જાતિગત પરંપરા**

મધ્યકાળની કોઈ પણ રચના કે પછી લોકકંઠે વહેતી રચનાનું અત્યંત મહત્ત્વનું અંગ એના ગાનઢાળ છે. ડૉ. બલવંત જાનીએ ખૂબ જ સૂક્ષ્મ સમજ અને કુનેહથી આ કૃતિનું એના જાણકાર પાસે કથન-ગાન કરાવ્યું અને તેનો પાઠ નિર્ધારણમાં આધાર લીધો એ ખાસ નોંધવા જેવું છે. પરંતુ આ સાથે જ જો એમણે ત્યારે કે હજુ પણ શક્ય હોય તો હવે આવા પ્રસ્તુતીકરણનાં ધ્વનિમુદ્રણ કરાવી એના ઢાળના જાણકાર પાસે સ્વરાંકન (નોટેશન), પૃથક્કરણ કરાવવા જોઈએ. આપણા અભ્યાસની આ બહુ મોટી ન્યૂનતા છે. અહીં ખાસ ધ્યાન પર લાવવા જેવી હકીકત એ છે કે વિદેશના વિદ્વાનો, જેમના માટે આપણી ભાષા અને આપણાં સંગીત અજાણ્યાં છે, તેઓ એમનાં સંપાદનમાં આવા સાંગિતિક પાસાં પણ આમેજ કરે છે. મધ્યકાલીન કે કંઠપ્રવાહના સાહિત્યના સંપાદનમાં મલ્ટી ડિસિપ્લીનથી એપ્રોચ થાય એ જરૂરી છે. ચિત્ર, નાટક-રંગભૂમિ કે અન્ય કલાઓના તદ્‌વિદોનો લાભ શક્ય ન હોય તો પણ સાંગિતિક પાસાંનો સમાવેશ વિદેશીઓ કરે જ છે. હિતહરિવંશરાય, પર કાર્ય કરનાર વિદેશી વિદ્વાન રૂપર્ટસ્નેલ કે પાબૂજીની કથા સંપાદન કરનાર ડૉ. જહોન સ્મિથે પણ એમનાં ધ્વનિમુદ્રણો સંગીતશાસ્ત્રીઓને સંભળાવ્યાં અને પોતાનાં સંપાદનોમાં વેસ્ટર્ન મ્યુઝિકની પદ્ધતિએ ગાનઢાળનાં નોટેશન પણ આપ્યાં છે. આ નિમિત્તે આ દિશામાં આટલું સૂચન.

અંતે, અહીં એક નવી જ દિશાનો, જેનો નિર્દેશ તો સંપાદકે માહિતી રૂપે કર્યો જ છે તેવા દી.બ. કૃષ્ણલાલ મો. ઝવેરીએ સૂરત ખાતેની ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં તથા અંબાલાલ બુલાખીરામ જાનીએ પણ હરિલીલા ષોડ્શકલા’ (ઈ. ૧૯૩૦)માં કરેલો તે કામ આગળ વધ્યું અને આ પરંપરાથી પરિચિત એવા અભ્યાસી સંપાદક દ્વારા આવું, નાના-મોટા એકમોનું હજુ પણ એવું પરંપરાગત સાહિત્ય છે, જે પ્રકાશમાં આવ્યું નથી, એ આવ્યે જ આપણા મધ્યકાલીન સાહિત્યનો પૂરો ચહેરો જોઈ-જાણી શકાય. ડૉ. બળવંત જાની મધ્યકાલીન કથા સાહિત્યમાં ખૂટતી કડીરૂપના ભાગથી સંશોધનાત્મક સૂત્રથી પૂર્તિ કરવા માટે આ સંપાદનથી આપણાં સૌના અભિનંદનના અધિકારી બને છે. એમને અભિનંદન.

‘પરશમ્સકૃત રાજા ગોવરચંદનો આખિયાન સંપાદક : ડો બળવંત જાની (ઈ.સ. ૨૦૧૨) ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૦૪, કાચુ પૂઠું કિંમત - રૂ. ૧૫૦-૦૦, પ્રકાશક : ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ.

વિતરક : પાર્શ્વ પ્રકાશન, ઝવેરીવાડ, નિશાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧

## ૩

# 'ગોપીચંદ ભરથરીની વારતા' : આસ્વાદ અને અવબોધ

ડૉ. મનોજ રાવલ

'ગોપીચંદ ભરથરીની વારતા' ખેડબ્રહ્માના ભીલોમાં પ્રચલિત કંઠપ્રવાહનાં લોકાખ્યાનોનો સંગ્રહ છે. આ લોકાખ્યાનોમાં ગોપીચંદ - ભરથરી ઉપરાંત રામદેવ-હંસદેવ, જગદેવ પરમાર, કોબરિયો ઠાકોર અને દેવરાની વારતા તથા ગોરખવાણી અને કબીર વાણીનો સંગ્રહ છે.[૧]

અહીં શોધપત્રમાં મુખ્ય ઉપક્રમ ભરથરીની કથાનાં કેટલાંક પાસાં ચર્ચવાનો છે. આરંભમાં આ લોકાખ્યાનો વિશે વાત કરતાં પહેલાં સ્વરૂપ સમજીએ. આ સ્વરૂપનાં મહત્ત્વનાં લક્ષણો પ્રગટ એ હેતુએ પ્રથમ તો એ વિચારીએ કે વાત કરનાર કથક કોણ છે ? એ કોને કહે છે ? શા હેતુએ અને કયા સંદર્ભે કથન-ગાન કરે છે ? આનો એક ઉત્તર છે કે એનો કથક ભીલોના સાધુ છે અને સાંભળનારા ખેડબ્રહ્માના આદિવાસી ડુંગરી ભીલો છે. અહીં પ્રશ્ન એ વિચારવાનો છે કે આજનો આ કથક અને શ્રોતા બન્ને આદિવાસી છે, કે પછી એ જૂની ઓળખ આજે બદલાઈ છે ને પરંપરા પૂરતો જ સંદર્ભ આદિવાસીઓ છે ? આજે આપણે પણ આદિવાસી વિશે વાત કરતા ફ્રાંસના પ્રમુખ ચાર્લ્સ-દ-ગોલે પત્રકારો સમક્ષ વાત કરી તે જાણવા જેવી છે. ચાર્લ્સ-દ-ગોલે કહેલું : 'અમારે ત્યાં કોઈ આદિવાસી નથી.' આ ઘટના તો ૨૦મી સદીના ૬ઠ્ઠા-૭મા દાયકાની છે. આજે ભારતમાં ૨૧મી સદીના બીજા દશકામાં આદિવાસીની ઓળખ આ પરંપરા બાદ કરતાં બચી છે ખરી ?



લુપ્ત પરંપરાના અભ્યાસનો હેતુ શો ? પ્રસ્તુતતા કેટલી ? આ પ્રશ્ન વિશ્વમાં ઊઠ્યો પણ છે. અને લુપ્ત પરંપરાના અભ્યાસ સામે નવું આહવાન - ચેલેન્જ - પણ થઈ રહી છે, કારણ કે આજે ખુલ્લો બજારવાદ - ટૅકનોલૉજીયુક્ત પ્રચાર-પ્રસારનાં માધ્યમોની અસરે કોઈ પણ પ્રજાતિની આઈડેન્ટીટી જાળવવી મુશ્કેલ છે. એના પરિણામે યુરોપિયન દેશોમાં આરંભાયેલું આદિવાસી પ્રજાનું લુપ્તીકરણ આજે એશિયન રાષ્ટ્રોમાં ક્યાં જઈ પહોંચ્યું હશે, તે ધારી લેવાનું છે. આ ઑપન-માર્કેટ અને માસમીડિયાના વ્યાપક પ્રભાવની દૃષ્ટિએ છ કરોડ ગુજરાતી સમાજ માંહેના ભીલી ભાષકોની સંસ્કૃતિ અને સભ્યતા ધરાવતા આ સાહિત્યનું મહત્ત્વ કેટલું અને કેવું તે પ્રશ્નો પણ ચર્ચવાના રહે.

બીજું, અત્યારે આપણી અભ્યાસ પદ્ધતિ આદિવાસી કે વનવાસી લોકો અંગે એવી છે કે આ પ્રશ્નની વિગતો ફોક-લોર કે ફોક લિટરેચરના મથાળે અંકિત કરવામાં આવે છે. આપણી લોકસાહિત્યના અભ્યાસની પદ્ધતિ પણ મહદંશે તો પશ્ચિમમાં વિકસેલી ફોકલોર-સ્ટડી-મેથડના પશ્ચિમી સંશોધકો દ્વારા નિશ્ચિત બની ગયેલા ઢાંચામાં ઢળી ગઈ છે.

પ્રારંભમાં યુરોપિયન સંશોધકો- પછી નોર્વે - અમેરિકાની યુનિ.ના સંશોધકોએ અપવાનેલ રીતિ અનુસાર આગળ વધ્યો અને પશ્ચિમે કંડારેલી એ જ કેડી પર આપણો સંશોધક કામ કરતો દેખાય છે. હવે આજે અમેરિકાની યુનિ.માં 'ફોક'ના અભ્યાસક્રમો બંધ થવા લાગ્યા. આ સ્થિતિ લક્ષમાં લેતાં આ સાહિત્યની પ્રસ્તુતતાના પ્રશ્નો થવાના જ. કારણ એક જમાનામાં વેદ ભણાવતી પાઠશાળાઓ હતી. પરન્તુ આજે આપણાં ઉચ્ચ કેળવણીના યુનિ.ના ઢાંચામાં તે વિદ્યા-શાખાનું મહત્ત્વ નથી. કારણમાં એટલું જ પશ્ચિમના બજારવાદને આ અભ્યાસ કે સંશોધનમાં રસ નથી. ખેર. આપણે જે સામગ્રી છે તેની પ્રાપ્તિનો હર્ષ અનુભવ પૂરો કરીએ ત્યાંજ પાછા ભાવનના બીજા પ્રશ્નો થાય છે. કારણ આનો કથક છે તેનું આસ્થા જગત જુદું છે. તે-તો માને જ છે કે ગુરુ ગોરખનાથ અજર-અમર છે. શ્રદ્ધાના મામલે ભાવક તરીકે આપણે તાદાત્મ્ય સાધવાને બદલે તાટસ્થ્યથી વર્તીશું તો પ્રાપ્ત કૃતિના આનંદબોધ-સૌન્દર્ય બોધથી વંચિત રહેશું. આજે મધ્યકાલીન કૃતિઓનાં ભાવનના પ્રશ્નો છે જ. સર્જાતા સાહિત્યની કલાકૃતિ તરીકેની સ્થાપનામાં પણ અન્ય, કલાથી ઈતર હેતુ પ્રવેશી જાય છે. તો ઑરલ ટ્રેડિશનમાં જળવાયેલાં આ 'લોકાખ્યાનો' નજીક જતાં આપણે શું અનુભવીએ છીએ તે જોવું રસ પડે તેવું છે.

પ્રથમ તો મધ્યકાળમાં 'આખ્યાન' સ્વરૂપ ગુજરાતીમાં હતું. કથાને આદિ-

અંતથી ગદ્યમાં બાંધતાં જ મહાકાવ્ય, વીરગાથા, આખ્યાન વગેરેના સ્વરૂપો બંધાતાં ગયાં. વીરગાથાઓમાંથી જ કાળક્રમે વીરચરિતનું સ્વરૂપ બંધાયું, એમાં કથાનું પૂર વધતું ગયું, વિવિધ આડકથાઓ ઉપકથાઓ ઉમેરાતી ગઈ ને આવી ગાથાઓનાં જ કંઠપ્રવાહે ફોક એપિકનું રૂપ બાંધ્યું, સૂત-ચારણી-બારોટી પ્રવાહે એનું સેમિલિટરરી સ્વરૂપ બાંધ્યું જેમાંથી જ અંતે લિટરરી એપિક, સાહિત્યિક મહાકાવ્યો સર્જાયાં અને એપિક ઑવ ગ્રોથમાં અનેક ઉપાખ્યાનો સંકળાતાં અને ફરી એનાં સ્વતંત્ર આખ્યાનકાર જેમ ફેરફાર કરતાં કૃતિરૂપ બંધાતા, સાહિત્યિક પરંપરામાં, લિખિત પરંપરામાં 'આખ્યાન' સિદ્ધ થયાં અને તેમ અહીં એવું શું બને છે તેનો ડેટા તો અત્રે છે. લોક પરંપરામાં ગદ્ય-પદ્યાશ્રયી લોકાખ્યાન સિદ્ધ થયાં. એપિકરૂપ મહાગ્રન્થના જ અંગો પરંતુ આપણે તપાસ કરવાની છે કે આમ શા માટે કરે છે? ફરી પાછા પોતાનાં મૂળ રૂપમાં આવ્યાં ને એનું મુખ્યકથાસૂત્ર કે 'ડેટા' એમાં ટકી ગયા પરંતુ એમાં કેટલુંક ધરમૂળ બદલાયું અને નવું આવ્યું. પરંતુ કેટલીક કથાઓ, ખાસ તો આદિવાસી પરંપરાનાં લોકાખ્યાનો તો કોઈ મહાકાવ્ય સંલગ્ન ઉપાખ્યાનને બદલે સ્વતંત્ર રૂપમાં આવ્યાં અને તે પરંપરા આદિવાસી કંઠપ્રવાહમાંથી આપણે સંપાદિત કરી. આથી ડૉ. ભગવાનદાસ પટેલનો 'આદિવાસી સભ્યતાની શોધ ભણી' નામે દીર્ઘલેખ, જે પુસ્તકના પ્રારંભમાં છે, તે આના સ્વરૂપના નિર્ધારણમાં સહાયક બને તેવો છે. આ લેખ આદિવાસી સભ્યતા (સિવિલાઇઝેશન) સંદર્ભમાં અપાયો છે. આ જગત જોવાનો ઢાંચો તેમના સાડાત્રણ દાયકા તપને આધારે પ્રાપ્ત થયો છે. પૃ. ૭ થી ૫૧ સુધીના આ પાનાં માત્ર આપ્યા હોત ને તો પણ ડૉ. ભગવાનદાસનું મહત્ત્વ આદિવાસી-અભ્યાસ જૂથમાં સ્થાપિત થઈ જાત, એટલી મહત્ત્વની સ્થાપના આપી છે : ગુજરાતના એક નાનકડા-ભૂ-ભાગમાં રહેનારી આ પ્રજાએ, એની સભ્યતાના ધારકોએ વૈશ્વિક ઘટનાના દસ્તાવેજ પોતાની કંઠસ્થ પરંપરામાં પ્રાચીન સમયથી જાળવી રાખ્યા હશે તેનો અંદાજ આપવા પ્રયત્ન કર્યો છે. લિખિત પરંપરા અને ભૂસ્તરશાસ્ત્રીય પુરાવા ઑરલ ટ્રેડીશનમાં કઈ રીતે જળવાયા છે તેની મોટે ભાગે ભારતીય દૃષ્ટિકોણથી - વૈશ્વિક વિચારકોની અનુમોદનાથી કેટલીક બાબતો સ્થાપી આપી છે. દા.ત.,

પૃથ્વીની ઉત્પત્તિકથા, જળપ્રલયની કથા, માતૃસત્તાક સમાજવ્યવસ્થા, નારીનો વ્યક્તિ તરીકેનો સ્વીકાર તેમાં દૈવીપણું અને ડાકણ હોવાની સંભાવના, સાથોસાથ ધર્મ અનુસંધાને મહામાર્ગના યુગલધર્મ દ્વારા રી-વાઈવ થઈ જીવંત પરંપરામાં નારી-ગૌરવ આજે પણ કેવી રીતે વ્યક્ત થાય છે તેની વાત મૂકી આપી છે.



જીવન વિશેના આ પ્રજાના અભિગમો ઉપરાંત મરણોત્તર વિધિ-વિધાન-સમાધિ-પૂર્વજપૂજા, નર્ક-સ્વર્ગ વિશેની માન્યતા રજૂ કરતા-કરતા, વેદ-પુરાણ-ઉપનિષદના હવાલા દ્વારા આ આદિવાસી કોણ ? તથા તેમનું હિન્દુ-આર્ય હોવું તથા આર્ય-અનાર્યના સંઘર્ષ - સંમિલનની વિશાળ સંભાવનાઓ આપે છે.

ધર્મ જગતમાં લિંગ પૂજા, સર્પ પૂજા, રાક્ષસ, અસૂર, દૈત્ય, પિશાચ જગતની શક્તિનો સ્વીકાર તથા તેની નજીક જવાનો ઉપક્રમ પ્રસ્તુત ભૂમિકામાં છે.

આ બધી વાતો એટલા માટે કે; ડૉ. ભગવાનદાસની સંશોધન પદ્ધતિ-સંશોધિત સામગ્રી, તે સામગ્રીની તપાસમાં રહેલા અભિગમની સ્પષ્ટતાઓ નજીક આપણે જઈ શકીએ. આ સંશોધકનો અભિગમ વિધાયક છે. તેમની આદિવાસી સભ્યતા અંગે જે ધારણાઓ છે તેને અનુસાર ગોપીચંદ ભરથરીની વારતા છે કે કેમ એ આપણી તપાસનો વિષય છે. પ્રથમ થોડી મર્યાદાઓ ધ્યાનમાં લઈએ તો ભીલી - કંઠસ્થ પરંપરાની જે કૃતિ આપણને પ્રાપ્ત થાય છે તેનાં અન્ય રૂપાન્તરો-પાઠાંતરો આપણી પાસે ભાગ્યે જ હોય છે. સદભાગ્યે ગોપીચંદ-ભરથરી વાર્તાનું મધ્યપ્રદેશના આદિવાસીમાં પ્રચલીત કથાનક હિન્દીમાં ડૉ. બળવંત જાનીના સૌજન્યથી વાંચવા મળેલ તથા ડૉ. હસુ યાજ્ઞિકે 'શામળકૃત વેતાળ પચ્ચીસી'ની ૨૫મી કથામાં આવતી ઈન્દ્રના પુત્રની કથા, જે ઈન્દ્રના શાપથી ગધેડા તરીકે જન્મી ગર્દભસેન રાજા - થયો, અને તેનો પુત્ર ભરથરી થયો તે સ્પષ્ટ કર્યું છે.

તેથી પ્રસ્તુત રચનાને સ્ટાન્ડર્ડ માનવી પડે. બીજું ડૉ. ભગવાનદાસ જે ડેટા લાવવાનું કામ ફિલ્ડવર્ક દ્વારા કરે છે, તેનું અર્થઘટન પણ એમને જ આપવું પડે છે. સંકલન-સંપાદનની કામગીરી પણ તેમને જ નિભાવવી પડે છે... તેઓ દ્વારા અપાતી ટૅક્સ્ટમાં કેટલાક ભીલી શબ્દોના ગુજરાતી અર્થો સૂચિમાં અપાય છે. પરન્તુ સામાન્ય વાચકે તેમને આપેલા સારથી ચલાવવું પડે છે. પણ આનંદ એ વાતનો છે કે; આ સંશોધકના માહિતીદાતા અધિકૃત છે.

આટલી વાંચનાર અને સંપાદકની પૂર્વભૂમિકા પછી ગોપીચંદ-ભરથરીની વારતા નજીક જતા આપણને થોડા હવે વિચારવાના થાય છે, તે જોઈએ.

પ્રથમ ભારતભરમાં નાથપંથ વિસ્તર્યો છે તેમાં ગોરખનાથ-મછંદરનું સવિશેષ મહત્ત્વ છે. અહીં ગોપીચંદ-ભરથરી કેમ ? બીજું પૃ. ૪૦ પર ડૉ. ભગવાનદાસ નોંધે છે —

નાથ સમ્પ્રદાયની સાધના રીતિ આર્યેતર જાતિઓની જેમ શૈવ દર્શન પર આધારિત છે. એમાં શાક્ત અને બૌદ્ધ દર્શનના અંશોનો સમન્વય થયો છે. અને

પાતંજલિ હઠયોગથી તેનું જીવન દર્શન અને સાધના પદ્ધતિ વધુ પુષ્ટ બન્યા છે....

આમાંથી એક આદિલોકધર્મ-મહામાર્ગ આવિર્ભાવ પામ્યો છે. જે આજે પણ આદિવાસી અને ગ્રામ પ્રદેશના 'લોક'ની જીવન રીતિમાં 'જલ-મીન' જેમ ઓતપ્રોત છે....

આ વિધાન નાથ સમ્પ્રદાય સંદર્ભમાં થોડું ચિન્ત્ય છે. કારણ ભારતમાં જેમ જ્ઞાનમાર્ગ - ભક્તિમાર્ગ વગેરે સાધના પથ છે, તેમ યોગમાર્ગ પણ એક અલગ સાધના પંથ છે. ભારતીય દર્શનમાં જે સાન્ખ્ય છે તેનો જ વિકાસ યોગમાર્ગ રૂપે થયો છે. મૂળમાં નાથપંથની આધારશિલા જ યોગમાર્ગ છે. (યોગ શબ્દનો અર્થ સમાધિ છે. પરન્તુ પતંજલિ તેનો અર્થ ચિત્તવૃત્તિનો નિરોધ એવો કરે છે.) સાન્ખ્યમાં ઈશ્વર નથી. યોગ માર્ગ અને તે પ્રેરિત નાથમાં છે. અહીં આદિવાસી કથાનકમાં પણ છે.

વાર્તાનો આરંભ ઉજ્જયની નગરીના દેવીસિંહ રાજાથી થાય છે. તેના પ્રજાજન કુંભારનો ગધેડો જાદૂઈ છે, તે રાજકુંવરીને પરણવાની ઇચ્છા કરે છે. તે માટેની શરતો પૂરી કરે છે. ફૂલકુંવરીને પરણે છે. દિવસે ગધેડો રાતે પુરુષ બને છે... તેના ગધેડા ખોળિયાને સળગાવી દેવાય છે. અમીનો કૂંપો અને કણિયોરની કાંબથી ભગવાન દ્વારા સજીવન થાય છે. આ કથાના ત્રણ અભ્યાસીના મન્તવ્યો આ સંદર્ભમાં જોવા જેવા છે. એક ડૉ. જશવંત શેખડીવાલા એમ માને છે કે, કથાની પ્રથમ પાંખડી અને બીજી પાંખડી વચ્ચે અનુબંધ નથી. બીજા અભ્યાસી ડૉ. બળવંત જાની રાજા ગોવરચંદનો આખિયાનમાં ગધેડાના સંદર્ભને અવલોકે છે અને આલોચે છે.

કનુભાઈ આચાર્ય તો ગધેડાના સંબંધને આધારવિહીન ગણે છે. ત્રીજા અભ્યાસી ડૉ. હસુભાઈ યાજ્ઞિક આ કથાને ૩૨ ઘટકમાં વહેંચી પુરાણમાં ઇન્દ્રના પુત્ર જયંતનો શાપ, તથા તે ગધેડો અને પછી કઠિયારો સાધુ બને તે સંભાવના રજૂ કરે છે. શ્રી કનુભાઈને પુરાણ કથા સામે કશો વાંધો નથી. પરન્તુ પ્રસ્તુત કથાનકમાં આદિવાસીઓ આ ઉલ્લેખ નથી કરતા તેવું જણાવે છે. ડૉ. હસુ યાજ્ઞિકે શામળે આપેલી વેતાળ પચીશીની ભૂમિકા કથામાં આવતી ભરથરીની ઉત્પત્તિ કથાના આધારે અનુગામી સંશોધનમાં સ્પષ્ટ કર્યું છે કે ભરથરી ગદર્ભસેનનો પુત્ર છે અને ગુજરાતી ભરથરી-મહાકાવ્ય, જેની ત્રણ પાંખડી સંપાદિત થઈ છે તેમાં આવતાં ગીતમાં પણ 'ઘણું જી વો ઇન્દર રાજાના પૂતર' એવી જ ધ્રુવ પંક્તિ છે અને રાજસ્થાની બારોટી પરંપરામાં પણ તે જ વાત છે.



ગધેડો પુરુષ બને તે કથાનક ફક્ત આપણે ત્યાંજ નથી. પશ્ચિમમાં પણ આવી વાત છે. જોકે તેમાં ગધેડો કુંવરીને નહીં રાજકુંવરી નથી એવી સુંદરીને પરણે છે. તથા ગુલાબ ખાવાથી પુરુષ બને છે. તેવી કથા આધારે કહેવત પણ છે કે 'રોઝીઝ ફૉર ડોન્કી'.

પ્રથમ અનુમાન આપણે એવું કરીએ કે, આ કથા અરેબિયન નાઇટ્સના માધ્યમથી ભારતમાંથી, અરબ દ્વારા પશ્ચિમમાં પહોંચી હશે. પરન્તુ એ વાત સ્વીકૃત થવાનું કારણ જુદું હોવા સંભવ છે. આપણે જાણીએ છીએ. આપણો આદિમ સમાજ 'ટોટમ'થી પોતાની ઓળખ જાળવતો. ઘુવડ, હાથી, સિંહ, બળદ વગેરે પ્રાણી-પક્ષીઓ જે-તે પ્રજા સમૂહના જે-તે વિસ્તારના લોકોની ઓળખ રૂપ ટોટમ હતા. મૂળમાં ગધેડો પણ ટોટમ હોઈ શકે છે. પરંતુ રાજસ્થાની ચારણી પરંપરાના મહાકવિ મોડજી આશિયાકૃત 'પાલ પૌરસાતન' (પાબુપ્રકાશ)માં એના સંપાદક પણ ભરથરીને ઇન્દરના પૂતર જણાવે છે અને નવનાથમાં સાતમા નાથ તરીકે ભરથરીને દર્શાવે છે. પાબૂજી દૈવી છતાં ખીંચી પરમારના હાથે મરાયા એના કારણમાં પણ જીંદરાવ ખીંચી પર રહેલી ગોરખનાથની કૃપા દર્શાવી છે. પરંતુ જીંદરાવે પાબૂજીના મોટાભાઈ બૂડાજીને વચન આપતાં ગોરખના સોગંદ લીધેલા તે ન પાળ્યા ને દગાથી પાબૂજીનો વધ કર્યો તેથી ગોરખનાથની અવકૃપા થઈ અને બૂડાજીના પુત્ર ઝરડાને ગોરખનાથે આશિષ આપ્યા અને જીંદરાવનો ઝરડાએ વધ કર્યો.

ખેર, કથાસૂત્રની આટલી સ્પષ્ટતા પછી અન્ય કથા-પાંખડી સાથે પ્રથમ પાંખડીનો અનુબંધ કેવી રીતે જળવાય છે તે તપાસતા ખ્યાલ આવે છે કે પ્રાચીન સમાજની પરંપરા જાળવતો આપણો કથક કેટલો ડહાપણ ધરાવતો; સર્જક પ્રતિભાનો માલિક છે. કારણ ભરથરીરાજા શિકારે જાય. મૃગલાને હણે પાછા ભગવાન જોગી વિશે સજીવન કરે.

આ ઘટનાથી પ્રભાવિત ભરથરી ભગવાન (જોગી)નું સાન્નિધ્ય ઇચ્છે. અને તેનો સમય આવશે એ ધારણા આપે છે.

મૂળમાં ગધેડો - માણસ બનેલો - તેનું મૃત્યુ પછી તેની કાઠ-સમાધિ બને. તે કાઠનો કઠિયારો થાય. તે ગુરુ - ગોરખનાથનો ચેલો બને છે. કથા આગળ વધે છે. ગુરુ ઢાકા-બંગાળ આપતા સત્યનું દૂધ આપનાર રાણી મેનાવતીને ત્યાં પાટવીચેલો (કઠિયારો) કુંવર રૂપે અવતરે છે. જે ગોપીચંદ છે. અહીં કથાના તંદ સિફ્ત જોડાઈ છે. સાથોસાથ નાથ-સમ્પ્રદાય વિષયક માન્યતાઓ, તેની પ્રતીકાત્મક, રહસ્યાત્મક

અને સંકેતાત્મક પરિભાષાના પણ અણસાર મળે છે. હસુ યાજ્ઞિક સ્પષ્ટ કરે છે કે મૂળ કથકની આ ચૂક છે અને ભરથરી કથા ગોપીચંદમાં ભળી ગઈ છે. મૃગના શિકારની વાત ગદ્યમાં છે તેમ આપણા મલકમાં ભરથરીના પૂર્વભવ રૂપે પદ્યમાં પણ સારી રીતે ગાયકો રજૂ કરે છે. દા.ત., પહેલા-પહેલા જુગમાં રાણી પિંગલા અને ભરથરી અનુક્રમે પોપટ, મૃગની યોનિમાં હતા. તે વાતો છે. અહીં તે ઉપરાંત મેનાવતી સંદર્ભે ગોપીચંદકથામાં સાધનાત્મક સંકેતો પણ મળે છે. કૂવા કે નદીનું પાણી નહીં, ગાય કે ભેંસ જેવા પ્રાણીનું દૂધ નહીં, પાડા કે બકરાનું માંસ નહીં. તેવું ગુરુના સત્યને ડૂબતું બચાવવા લાવવા માટે સવાસો ચેલાને આજ્ઞા કરે. રાણી મેનાવતી તે આપે. કૂવા કે નદીનું પાણી નહીં. હસુ યાજ્ઞિકે આ વિશે સ્પષ્ટતા કરી છે ગુરુ સમસ્યાથી શ્રીફળ મંગાવે છે, જેમાં પાણી નથી વાવ કે તળાવ જળસ્રોતનું કે વરસાદનું. આ શ્રીફળ વધ્યની અવેજીમાં હોમાતું થયું એની પાછળ કથા એવી છે કે વિશ્વામિત્રે વૃક્ષ પર માનવ પેદા કરવાનું તપ કર્યું, સાધના ફળતાં પાડા કે બકરાનું માસ નહીં (જાત અર્પવાની) લાવો. ઊંચા વૃક્ષ પર મનુષ્યનું મસ્તક બંધાયું પરંતુ બ્રહ્માની ઉત્પત્તિ શક્તિનો જ લોપ થશે એવા ભયથી આ ઇન્દ્રે વિશ્વામિત્રના તપનો ભંગ કરાવ્યો ને વૃક્ષ પરના માનવની ખોપરીના આંખ, નાક જ બંધાયેલા રહ્યા. આથી માનવબલિના બદલે શ્રીફળ બલી તરીકે ચડાવવાનું સ્વીકાર્ય બન્યું. અહીં નાથસંપ્રદાયની સાધનાના સંકેતો છે, એવું પણ અર્થદર્શન કરી શકીએ. કથાના આવા સંદર્ભો અને સાધના સંકેતો જો જાણી ન શકીએ તો ચમત્કાર કથા જ લાગે. હકીકતમાં આદિવાસી પ્રજાએ કંઠસ્થ પરંપરામાં આ રીતે પણ પુરાકથા અને સાધના પંથના સંકેતોનું રહસ્ય જાળવી રાખ્યું છે, તેનું મહત્ત્વ છે. ગોપીચંદની માતા મેનાવતી છે જે ભરથરીની બહેન છે આથી ગોપીચંદના મામા ભરથરી છે. ગોપીચંદની બેન જશોદા છે. આ પછી નિરૂપાતી ઘટનાઓમાં આટલું મહત્ત્વનું છે :

ખેજરી ખેતનું સ્થળ, ઉજ્જૈનનગર તથા ઢાંક બંગાળનું સ્થળ અને ચિતોડના રાજા કુંભારાણાને ત્યાં લાલકુંવર તરીકે આવવું. મામા-ભાણેજ-બેનનું તપ કરવા માનસરોવર જવું, ત્યાંથી આબુ આવવું. મધદરિયે તપ કરવા બેસવું, જન્મ અને પુનર્જન્મમાં નાથના કાળ પરના વિજયની વાત રજૂ થાય છે, કેમકે અહીં કથામાં ગોપીચંદ લાલકુંવર તરીકે અવતરે છે. આમ, ગધેડો-પુરુષ, કાઠ બને. તે કઠિયારો બને. એ કઠિયારો મેનાવતીને ત્યાં ગોપીચંદ તરીકે જન્મે એવું કથાવલણ અહીં અપાયેલા પાઠની કથામાં છે. અને પછી ગોપીચન્દ લાલકુંવર રૂપે જન્મે છે, જેમાં મૂળ જન્મ અને દોર જાળવીને પણ કાળને વશ કરનાર રૂપાન્તરે બીજો જન્મ ધરી



શકે છે, એવો સંદર્ભ છે. પરની આ કથામાં આપણને નાથ અને નારીના મુદ્દાને સ્પર્શવાની તક મળે છે....

નાથ સમ્પ્રદાયની માન્યતા છે કે જેટલી સ્ત્રીનો સંગ કર્યો હોય તેટલી યોનિમાંથી પસાર થવું પડે. તે સંદર્ભ છે કે અન્ય એ પ્રશ્નો પણ થાય. કારણ જો માતૃસતાક સમાજ વ્યવસ્થા હોય તો ઇડિપસ ગ્રંથિનો સવાલ નથી. પરન્તુ નાથ તો ૧૦મી સદીમાં આવ્યા. માતૃસતાક વ્યવસ્થા પ્રાચીન હતી. તો અહીં કેમ ? તેના કારણમાં એવી સંભાવના રજૂ કરી શકાય કે વૈદિક દર્શન સામે બૌદ્ધ-દર્શન હતું. બૌદ્ધોની પહેલા કે સમકાલીન જે સિદ્ધ-પરંપરા હતી તેના ઉત્તમ અંશો બૌદ્ધોએ બચાવ્યા. બૌદ્ધના લુપ્ત થતા ઉત્તમ અંશો નાથે બચાવ્યા. આમ, સાંસ્કૃતિક સમન્વયની પ્રક્રિયા દ્વારા આ કથાનકો આપણી સમક્ષ કણ્ઠસ્થ પરંપરા દ્વારા જળવાઈને આવે છે. તેનું મહત્ત્વ છે.

પ્રારંભમાં બૌદ્ધ-ધર્મમાં નારીનો પ્રવેશ સંઘમાં ન હતો. જૈન-દર્શનમાં પણ નારીને મોક્ષની અધિકારી ગણવામાં આવતી ન હતી. હકીકતમાં આ કોઈ માતૃસતાક વ્યવસ્થાનો વિરોધ ન હતો. પરન્તુ સંસારને પોષનાર નારી જ જો વૈરાગી બને તો ભાવિ પ્રજા-સંસાર-બાળકોનો ઉછેર કેમ થાય ? માટે સંસાર ચલાવવા નારીને વૈરાગી-પ્રવૃત્તિથી દૂર રાખવામાં આવતી. તેની જો માયાળુ પ્રકૃતિ ન હોય તો જગત પુષ્ટ ન બને.

ગોરખ-મછંદરના કથાનકમાં કામરૂ દેશમાં ચેતવણી આપતા ગોરખ આદિવાસી કથાનકમાં નથી. બીજું પિંગલા-ભરથરીની કથા છે. અહીં પિંગલાની હાજરી આદિવાસી સમાજ નોંધતો નથી. મેનાવતી છે તે ગુરુના ડૂબતા સતને બચાવે છે તે નારી મહિમા છે. અમરફળ - અશ્વપાલના કથાનક અંગે હકીકતમાં એક માન્યતા એવી છે કે; પિંગલા બૌદ્ધ મતની અનુયાયી હતી. સાધિકા ગંગિનીનું જે મહત્ત્વ તેના સમ્પ્રદાયમાં હતું તેનું લોકકથાનકો દ્વારા વિરૂપ ચિત્રણ મળે છે. તેમાં હકીકત તો અન્ય મતનો ઉપહાસ કરવાનો અભિગમ હોય છે પાછળથી પિંગલાનું ચરિત્ર આવું બનાવ્યું હોય. ભારતમાં સંપ્રદાય ભેદે રહેલી અસહિષ્ણુતા, શાસકો-તેના અનુયાયીઓના વલણોમાં પ્રસંગોપાત જોવા મળતા જ રહે છે. ભગવાનદાસની જે થિયરી છે કે આદિવાસી સમાજમાં નારી ગૌરવ છે. એ પૂર્વ-ધારણા સાચું ઠેરવતું ગોપીચંદ-ભરથરીનું કથાનક આપણી ભવ્ય સભ્યતાના ઇંગિત આપે છે.

આ તબક્કે ગોપીચંદ-ભરથરી વાર્તા અનુસંધાને ગોરખવાણી જે કંઠસ્થ પરંપરામાં રહેલ છે તે ભજનવાણી પણ સંપાદકે આપી છે. તેનો ઉલ્લેખ કરી

લઈએ. કુલ તેંત્રીસ (૩૩) રચના ગોરખનાથ પંથના અનુસંધાનમાં આપવામાં આવી છે, પરંતુ તેમાં સંકલન મામલે શિસ્ત કરતા સ્વતંત્રતાનું તત્ત્વ વિશેષ જોવા મળે છે. દા.ત., ગોરખનાથની વાણી અપાયેલ છે તેમાં પદ - ૫, ૧૧-૨૩-૨૭, ૨૯માં નામા ચરણ નથી. ગોરખનાથનું કે અન્યનું નામ નથી. તો કથક પર જ ભરોસો રાખવાનો કે, આ ગોરખનાથની વાણી છે. બીજું રાવળ-માલદેને સંબોધતા ગોરખનાથ હોય તેમ પદ - ૧૦ અપાયું છે. સ્વાભાવિક જ આ ક્ષેપકથી આપણે જાણીએ છીએ કે ગોરખના નામે મળતી બધી રચના ગોરખનાથની નથી. તેમ ગોરખનાથની કેટલીક અસલી રચના લુપ્ત પણ થઈ હોય. અહીં સર્જક ગોરખનાથ પદમાં છે. પણ લોકાખ્યાનમાં સર્જક પદ જોવાતું નથી. આવું જ ભરથરી મામલે શિષ્ટ સાહિત્યમાં સંસ્કૃત સર્જક તરીકે ક્યાંક ઓળખાવાય છે. અહીં તે પ્રતિભા નથી. ડૉ. હસુ યાજ્ઞિકે વાતચીતમાં જણાવેલ કે ''રાજસ્થાની પરંપરાની નવનાથની યાદીમાં ભરથરી સાતમા નાથ છે. ગોપીચંદ નથી.'' રાજસત્તા અને ધર્મસત્તાના સંયોજક ઈચ્છુકોએ ગોપીચંદનું કથાનક આપણાં સુધી પહોંચાડ્યું હશે તેમ આ હકીકતથી આપણે માનવું રહ્યું. 'પ્યાલા' સંદર્ભના લેખમાં પણ હસુ યાજ્ઞિકે સ્પષ્ટ કર્યું છે કે આદિવાસી ગોરખવાણીમાં જે 'ગુરુપ્રતાપે ગોરખ બોલિયા' એવું ચરણ ધરાવતી ભજન-રચનાનો સંબંધ પણ ભીલસાધુ બીજમાર્ગી ઉપાસના સાથે જ જોડે છે અને ગોરખવાણીમાં ગોરખ ઐતિહાસિક રીતે ઘણા જ પાછળ એવા રૂપાંદે-માલદેનો પણ ઉલ્લેખ કરે છે !

મધ્યકાલીન ભારતીય સાહિત્યના અભ્યાસીઓ જાણે છે કે, કબીર ગોરખનાથના ખભા ઉપર ઊભેલા દેખાય છે. અહીં કબીરવાણીનાં ૩૩ પદો અપાયા છે. તેમાંથી પદ - ૬, ૧૧, તથા ૧૩ પદ અને પદ નં. ૨૦, ૨૭, ૩૧-૩૨ પણ કબીરનું નામા ચરણ નથી ધરાવતા. બીજું, ૧૬મું પદ જે કબીર અનુસંધાને છે 'મારું ખેતર મૃગલા ખાઈ ગયા' તે ભાવનું પદ અન્યત્ર ગોરખના નામે મળે છે. આ ઉપરાંત ૧૮મું પદ કબીરની ચેલી કમાણીના નામાચરણથી છે.

૨૮મું પદ કબીરવાણી વિભાગમાં છે તે ગોરખનાથના નામા ચરણ વાળું છે. આ સામગ્રીની ચકાસણી નિરાંતે કરી હવેની પછીની આવૃત્તિમાં જરૂરી સુધારા થાય તેવી આપણી અપેક્ષા છે. ફરીથી, સંસ્થા કે સરકારે કરવા જેવા મહત્ત્વકાંક્ષી કામ શિવશંકર ચૂનિલાલ જોશીની સહાયથી એકલે હાથે કરનાર ડૉ. ભગવાનદાસ આ પાઠ અને 'સકાળ ખેલવે રાજા ભરથરી'ના આસ્વાદ આપી આપણાં અભિનંદનના અધિકારી બને છે. અને બીજા અધિકારી 'રાજા ગોવરચંદનો



આખિયાન'ના સંપાદક ડૉ. બળવંત જાની છે. આનું કારણ એ છે કે ડૉ. ભગવાનદાસ પટેલે આદિવાસી કંઠસ્થપરંપરાને સંપાદિત રૂપમાં લિપિબદ્ધ કરી એ કારણે જ તો ગુજરાતની ગ્રામીણ પરંપરામાં કેટલુંક જે મહત્ત્વનું પણ લુપ્ત હતું, લોકગીતોએ ભરથરીને ઈન્દરનો પૂતર શા કારણે દર્શાવ્યો, એની સંપાદિત સામગ્રીની કથાઓમાં કે ગીતોમાં જે સ્પષ્ટતા ન હતી, કેટલીક ગુંચવણો હતી, તે આદિવાસી પરંપરાની લોકાખ્યાનની કથાઓની સહાયે વિશેષ સ્પષ્ટ બની છે. ગોપીચંદ અને ભરથરી વચ્ચે તથા ભરથરી અને મૈનાવતી વચ્ચે કોઈ સંબંધ હતો કે કેમ, એવો પ્રશ્ન પણ ઊઠ્યો છે અને ચર્ચાયો છે. પરંતુ આ વિષયની રૂબરૂ ચર્ચા કરતા હસુ યાજ્ઞિકે જણાવ્યું કે ગોપીચંદ અને ભરથરી વચ્ચેનો સંબંધ માત્ર ભીલસ્રોતમાં જ છે, એવું નથી, રાજસ્થાની ચારણીસ્રોતમાં પણ આવો, સંબંધ છે. એમાં ચારણી સ્રોતમાં એવી કથા છે કે બંગાળની રાણી મૈનાવતી ઉજ્જૈનના રાજા ભરથરીની બહેન હતી. આ સંદર્ભે ભરથરી ગોપીચંદના મામા છે. ગુજરાતનું ભરથરી કથાનું જૂનામાં જૂનું દસ્તાવેજીકરણ શામળે આપેલી ભરથરી-ઉત્પત્તિકથાનું છે. એમાં પૂરી કથા છે. પુત્રના અવિનયથી ઈન્દ્ર ગુસ્સે થયો ને શાપ આપ્યો : 'જો, પૃથ્વી પર ગધેડો થઈને અવતરીશ.' પુત્રે ખૂબ વિનંતિ કરી ત્યારે ઈન્દ્રે શાપમાં રાહત આપી : 'દિવસે ગધેડો રહીશ પરંતુ રાત્રે દેવરૂપ પામીશ !' આથી ગધેડાએ બધું ખેદાન-મેદાન કરવાની રાજાને ધમકી આપી રાજકુંવરીના હાથની માગણી કરી. માનવવાણી બોલતા ગધેડાથી રાજા ગભરાયો અને તેણે સામી શરત કરી : રાતોરાત તાંબાનો ગઢ અને સોનારૂપાની નગરી બનાવે તો મારી કન્યા પરણાવું. રાત થતાં દેવરૂપ પામેલા ઈન્દ્રના પુત્રે ત્રાંબાનો ગઢ અને સોનારૂપાનો મહેલ ચણ્યો, ત્રંબાવતીનો રાજા ગર્દભસેન બન્યો, રાજકુંવરીની સાથે લગ્ન કર્યાં. રાણી અને બે દાસી સગર્ભા બનતા માતા મહેલમાં આવી. ગર્દભસેન રાતે દેવરૂપ થયો ત્યારે માતાએ પુત્રીના સુખ ખાતર ગધેડાના ખોળિયાને બાળી નાખ્યું આથી દેવરૂપ બનેલો ઈન્દ્રપુત્ર ગધેડાના દેહમાં પ્રવેશી ન શક્યો, શાપ મુક્ત થયો, સ્વર્ગમાં ગયો, ત્રંબાવટી જમીનદોસ્ત થઈ અને સગર્ભા રાજકુંવરી તથા તેની બે સખીઓ વનમાં દોડી ગયાં અને તે ત્રણે ભરથરી, વિક્રમ અને વેતાળભાટને જન્મ આપ્યો. ભરથરી ઉજ્જૈનના રાજા થયો પરંતુ પિંગલાની બેવફાઈ જોઈ વૈરાગી બન્યો, વિક્રમ ઉજૈનનો રાજા બન્યો. ડૉ. બળવંત જાનીએ ઈસ્માઈલી પાઠ આપ્યો.

આમ ઈસ્માઈલી, ચારણી, બારોટી અને મધ્યકાલીન દસ્તાવેજી પ્રમાણ ધરાવતી શામળની કૃતિ, આ ત્રણે સ્રોતમાં ભરથરી જ ઈન્દર પૂતર (પૌત્ર) છે, ગધેડાનો સંદર્ભ ભરથરી સાથે જ છે. આ પાઠમાં માહિતીદાતાની ચૂકનો જ સંભવ

છે અને આગળ નાથ-ગુરુએ સમસ્યામાં શ્રીફળાદિ મગાવ્યા તેનો યોગ્ય વળાંક પણ કથકની જાણમાં નથી. વળી, આદિવાસી પ્રસ્તુત કથાનકનો હેતુ પણ ગોપીચંદને જે ખરેખર સાધનાસિદ્ધ એવો નાથ પણ નથી કે સ્પષ્ટતઃ એ નામે ૮૩ સિદ્ધમાં પણ નથી - એને કેન્દ્રમાં લાવવા ધારે છે, આ બધું જ લક્ષમાં લેતાં અહીં આપેલી કથાનો પાઠ કેટલેક અંશે ખૂટતો પણ છે.

બીજી બાબત પણ એ લક્ષમાં લેવાની છે વિક્રમના મોટા ભાઈ રૂપે ભરથરીને સ્વીકારતા એનો સમય વિક્રમ સંવતના આરંભનો ગણાય. ગોરખનાથનો સંબંધ ૮-૯ સદીથી આગળ નથી જણાતો. રાજસ્થાની ચારણી પરંપરા તો ગોરખને પંદરમી સદીમાં મૂકે છે ! આવી સમયની વિસંગતિનું કારણ ગોરખનાથના અમરત્વની માન્યતામાં જોઈ શકાય. આ નાથ સ્મરતા જ હાજરાહજૂર થાય એવી માન્યતા છે. આથી પંદરમી અને પછીની સદીઓની કથાઓમાં કથાના નાયકને ગોરખનાથ પ્રત્યક્ષ થાય, કોઈ વરદાન આપી સહાયભૂત થાય એવી ઘટનાઓ વર્ણવવામાં / આલેખવામાં આવી છે. આગળ ચર્ચ્યું તેમ જીંદરાવ ખીંચી અને ઝરડાને પાબૂકથામાં ગોરખનાથે પ્રત્યક્ષ રૂપમાં સહાય કરી એવી ઘટનાઓ નિરૂપવામાં આવી છે. આમ, આ કથાને એના પાત્રના અસ્તિત્વને ઐતિહાસિક હોવાનું સ્વીકારીએ તો પણ નાથકથાને સમયની સંગતિ-વિસંગતિને આધારે તપાસી ન શકાય. નવનાથ લોકશ્રદ્ધાએ અમર છે, કાળજયી છે. કાળના સ્વામી છે, નાથ છે.

નાથના કાળ પરના જ વર્ચસ્વને આ કથાએ, લોકાખ્યાને સરસ રીતે વ્યક્ત કર્યું છે. હસુ યાજ્ઞિકે ભરથરી કથાની પાંખડી 'સકાલ ખેલવે રાજા ભરથરી'માં વિગતે ચર્ચ્યો છે. એ કાળને વશ કરી આગળ પાછળ કરી શકે છે અને સર્વકાળ (સકાલ)નું નિર્માણ કરી શકે છે.[૫] આથી જ ગોપીચંદ કુંભારાણાના પુત્ર તરીકે જન્મે, યુવાન થાય અને ફરી ભરથરીની ગોપીચંદને એમનું મૂળ ધડ દરિયામાં ફેંકી દેવાની ધમકી આપે ત્યારે ગોપીચંદ ફરી આ પોતાના દેહમાં પ્રવેશે, આ ઘટના સર્વકાલ (=સકાલ)ની છે. 'અકાલ' અને 'સકાલ'નો મહત્ત્વનો ભેદ હસુ યાજ્ઞિકે એ રીતે દર્શાવે છે કે 'અકાલ' એ કાલતત્ત્વથી વિમુક્ત એવી સ્થિતિ છે અને 'સકાલ' એ એવી સ્થિતિ છે, જેમાં ભવિષ્ય, વર્તમાન અને ભૂત એ ત્રણે કાળો એક જ કાળની પરિધિમાં પારસ્પરિક રૂપમાં ઓતપ્રોત થઈ જાય છે, અને આ જીવન તબક્કાના મૂળ કાળને સિદ્ધ એવા નાથ સ્થગિત કરી રાખે છે. 'અકાલ' અને 'સકાલ' વચ્ચેના ભેદને સ્પષ્ટ કરતાં હસુ યાજ્ઞિકે શ્રીકૃષ્ણ અને અર્જુનની એક ઘટનાની ચર્ચા કરતાં જણાવ્યું છે કે માતા રસોડામાં રોટલી તાવડી પર નાખે છે અને



એક બાજુ રોટલો સેકાઈ રહેતાં ઉથલાવી બીજી કોર સેકે છે — આટલા સમયની પરિધિમાં તો કૃષ્ણ અને અર્જુન જાય છે અને અર્જુન ડૂબકી મારતા જ શ્રીકૃષ્ણની માયાથી સમયને પણ ખેલવવાની સિદ્ધિથી ગરીબ બ્રાહ્મણ તરીકે જન્મે છે, યુવાન થાય છે, લગ્ન કરે છે, છોકરાં થાય છે અને આ સંસારની પરોજણથી મુક્ત થવા અર્જુન જેવો સંસારનો ત્યાગ કરે છે તે સાથે જ પોતાના મૂળરૂપમાં અર્જુન પોતાના મૂળ સમયમાં ડૂબકીમાંથી બહાર આવે છે અને જુએ છે તો કૃષ્ણ સામે મરક-મરક હસે છે ! બન્ને ઘરે જાય છે ત્યારે જ હવે માતાના ચૂલા પરના રોટલાની બીજી બાજુ ચડી ગઈ છે અને બન્ને જમવા બેસે છે. આમ રોટલાની બન્ને બાજુ ચૂલા પર સેકાતાં જેટલો સમય લાગે અથવા તો માણસ નાહવા માટે વહેતી નદીના પાણીમાં ડૂબકી મારી ફરી પોતાનું માથું ઊંચું કાઢે એટલામાં તો આવી સમયની સાંકડી સીમાની ક્ષણોમાં ઘણું બધું બની શકે છે — એક માણસ જન્મી, યુવાન થઈ, લગ્ન કરી, સંતાનો પેદા કરી પાછો મૂળ સ્થાને અને મૂળ સમયના ક્ષેત્રમાં પ્રવેશ છે. આ છે 'સકાલ'નું સ્વરૂપ નાથકથામાં ! ડૉ. નાથાલાલ ગોહિલ સંપાદિત નાથવાણી વિશેના જૂનાગઢ પરિસંવાદ નિમિત્તે વંચાયેલો અને સંપાદનમાં પ્રગટ થયેલો હસુ યાજ્ઞિકનો નાથના કાળતત્ત્વ પરના અભ્યાસલેખની ચર્ચા, અહીં આપેલી ચર્ચા તથા ગોપીચંદ કુંભારાણાના પુત્ર તરીકે જન્મ્યો, જીવનનો અમુક તબક્કો એમાં પસાર કર્યો અને ફરી પોતાના ખોળિયામાં પ્રવેશ કર્યો ત્યારની ઘટના : ભરથરી લોકમહાકાવ્યની પાંખડી : આ બધું જ લક્ષમાં લઈએ ત્યારે જ આવી નાથકથાની ઘટનાઓને, એ પાછળના રહસ્યને ઉકેલી શકીએ. હકીકતે તો આ બધી જ Time element and its dimension of mind ની જ છે, માનસિક સમયની Mental timeની છે. એને જ યાજ્ઞવલ્કય 'શિવસંકલ્પ મસ્તુ'ના પાંચ મંત્રોમાં 'યત્ જાગૃતો દૂરમ્ ઉદૈતિ તથા ઇવ સુપ્તસ્ય'માં જે મન જાગતાં તો સ્થળકાળથી ક્યાંનું ક્યાં દૂર હોય છે એ શ્લોકમાં છે. અને એ જ પાંચ મંત્રોમાં મનને 'અગર્ભધમ્' કહ્યું છે, એટલે કે બીજા રોપણથી દેહનો ગર્ભ બંધાયો એ પહેલાં તે જે જન્મી ચૂક્યું છે અને ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે જેમાં સંકળાયેલા છે તેવું 'મન' શિવ સંકલ્પવાળું બને તેવી પ્રાર્થના છે. મન અને કાળતત્ત્વની આવી અકળ સંયોજના જ નાથકથાના કેન્દ્રમાં છે. ભારતીય યોગ અને અન્ય સાધનાપંથ અને તેની સ્થાપનાઓ જો યથાર્થરૂપમાં અભ્યાસી જાણતો ન હોય અને કાળતત્ત્વના સ્થૂલ માપદંડો લઈને જ અભ્યાસ કરે તો મૂળ તત્ત્વ એ ક્યારેય પામી ન શકે.

આ રીતે લોકધારામાં, તંત્રમાં કે આદિવાસી સાધનાપંથની ધારાઓમાં જે આવી અધ્યાત્મ્યક્ષેત્રના જ તત્ત્વજ્ઞાન અને અનુભૂતિની કથાઓ છે તે અનેક તત્ત્વજ્ઞાન

સિદ્ધાંતો, સ્થાપનાઓ લઈને ચાલે છે, એની સાથે અનેક સાંકેતિક અર્થો અને આજે આપણને ન સમજાય તેવા પ્રતીકો આવી કથાઓમાં પ્રયોજાયેલાં હોય છે.

આથી આ અભ્યાસ-લેખના આરંભે કહ્યું તેમ જે લોકો-ગ્રામીણ તથા આદિવાસી બન્ને- નવ નાથ અમર છે એવી શ્રદ્ધાના પાયા પર જ આવી કથાઓ માંડે છે તેમની કૃતિને, જે તેમની આંતર ચેતનાનો વિસ્તાર છે તેને, કેવળ સાહિત્યિક કે લોકતાત્ત્વિક ઉપકરણોને જ્ઞાન વા ધારણાથી પામી ન શકીએ.

બીજી વાત આરંભે પ્રશ્નરૂપે મૂકી હતી. સ્વરૂપ વિશે તો અહીં સ્પષ્ટ થશે કે આપણા લિખિત સાહિત્યમાં જે 'આખ્યાનો' છે તેથી આ 'લોકાખ્યાનો' અને તેના જ વિશિષ્ટ પ્રકાર કે સ્વરૂપ 'પજન-વાર્તા' ભજનવાણીના જ માધ્યમે વહેતી કથા એ બે વચ્ચે મહત્ત્વનો તાત્ત્વિક ભેદ છે. મધ્યકાલીન કથાઓમાં તો જે 'આખ્યાનો' આવ્યાં તે ભાગવત-મહાભારતાદિ મહાપુરાણ કે Epic of Growthનાં ઉપાખ્યાનો તરીકે સાહિત્યમાં સિદ્ધ થયેલાં જ મધ્યકાલમાં ઊતરી આવ્યાં. પરંતુ આવાં ઉપાખ્યાનોની કથાઓ પણ ઉદ્‌ભવમૂળે તો લોકપ્રવર્તિત કંઠધારાના આખ્યાનો જ હતા જે મેધાવિ સર્જકના સ્પર્શે પ્રશિષ્ટ સાહિત્યિક રૂપમાં આવ્યાં. પરંતુ જે પુરાણ કથાઓ, લોકકથાઓ, નાથકથાઓ ભરથરી, તૂરી, આદિવાસી સાધુ ભોપાઓ દ્વારા કંઠપ્રવાહમાં આગળ વધી તે આવી 'લોકાખ્યાન'ની ધારાનું સ્વરૂપ ધરાવે છે. એટલે કે એનું પ્રશિષ્ટીકરણનું દ્વૈતીયીકરૂપ બંધાયું નથી, પરંતુ કંઠ પ્રવાહમાં જ એનું રૂપ બંધાયું છે. આમ, આ કથાઓ આસ્વાદવી, સમજીને ઉકેલવી અને એનાં રહસ્યો પામવાં તે કેટલીક વિશેષ સજ્જતા માગી લે છે.

### પાદટીપ

૧. શિવશંકર ચુનિલાલ જોશી ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા પ્રકાશિત થયું છે. પ્રાપ્તિ સ્થાન : સારાભાઈ ધર્મશાળા, માન સરોવર સામે, અંબાજી-૩૮૫૧૧૦ છે. આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ ૨૦૦૫માં થઈ. તેમાં કુલ ૫૧૫ પૃષ્ઠ છે. મૂલ્ય : રૂા. ૨૫૦/- છે.

૨. હસુ યાજ્ઞિકના આ કથાના પ્રથમ અભ્યાસ જે તેમના 'ગ્રામીણ અને આદિવાસી કંઠપરંપરા' (૨૦૦૫) પુસ્તકમાં પૃ. ૧૦૭ થી ૧૨૧માં છે તેમાં તેમણે કુલ ૩૨ ઘટકો તારવી વિગતે ચર્ચા કરી અને ગધેડાના ભવની પણ કેટલીક સ્પષ્ટતા કરી તથા ગુજરાતી ગ્રામીણ સ્રોતમાં પણ ભરથરી અને ગોપીચંદ વચ્ચેનો સંબંધ છે તે શ્રી જયમલ્લભાઈ પરમારે આપેલા ગોપીચંદના રાસકની 'મામો ભાણેજ ભેખ ધરશે રે', ૨૩મી કડીના પૂર્વાર્ધના દૃષ્ટાંતમાં બતાવ્યું છે. પરંતુ ગધેડાનું ખોળિયું, એમાંથી પ્રગટ થયેલું મનુષ્યનું રૂપ અને કાઠી એ ત્રણ બળ્યાં તેનાં કથામૂળની સ્પષ્ટતા કરી નથી. પરંતુ એમણે 'ભીલી સાહિત્ય : એક અધ્યયન' (૨૦૦૯) સંપાદન કરી ૭ થી ૨૮ પૃષ્ઠની સુદીર્ઘ પ્રસ્તાવના આપી તેમાં પૃ. ૧૭માં પ્રો. જશવંત શેખડીવાલાએ ઉઠાવેલા બે પ્રશ્નો ૧. મામા-ભાણેજના સંબંધ વિશે, ૨. બોલતા ગધેડા વિશે ઉઠાવેલા તેમાં સ્પષ્ટ કર્યું છે કે પદ્યવાર્તાકાર શામળે સિંહાસન બત્રીશીની ૩૨મી કથામાં વેતાળ-પચીસીની કથા આપી તેના ભૂમિકાકથામાં આનો સંદર્ભ ગર્દભસેન જે ઇન્દ્રનો શાપિત પુત્ર છે તેની કથામાં છે. ડૉ. બળવંત જાની સંપાદિત પીર શમ્સકૃત રાજા 'ગોવરચંદનો આખ્યાન'માં પણ ગધેડાનો સંદર્ભ ચર્ચાયો છે. અંબાજીમાં ૨૦૧૩નો જે પરિસંવાદ થયો તે સમયે ચર્ચામાં ડૉ. યાજ્ઞિકે જણાવ્યું કે વિશેષ વિગત એમણે મ્હૈસૂરના અંગ્રેજી શોધપત્રમાં કરી છે. આ નિમિત્તે તેમણે દર્શાવ્યું કે આમાં ત્રણ બાળવામાં આવ્યાં : ૧. ગધેડાનું શબ, ૨. ગર્દભસેન રૂપે ઇન્દ્રના પુત્રનો માનવદેહ અને ૩. લાકડાની કાઠી કે નનામી. આ ત્રણેને પછી ભગવાને અમૃત છાંટીને સજીવન કર્યા તેમાં જે માનવરૂપ હતું તે તેની રાણીના પતિ તરીકે શેષ આયુમાં જીવ્યું, ગધેડો હવે એક પશુના રૂપમાં ગયો અને કાઠીનો જન્મ કઠિયારા તરીકે થયો, જે નાથશિષ્ય બન્યો અને સંભવતઃ તેને જ નાથે મૈનાવતીના પુત્ર ગોપીચંદ તરીકે જન્મ થયો. આમ મૂળ ઇન્દ્ર પુત્ર તો શાપમુક્ત બની સ્વર્ગમાં ગયો પરંતુ એનું બે ખોળિયામાંથી ગધેડાનું ખોળિયું જીવિત બનતાં હવે તો ખરેખર પશુયોનિનો જ છે એવો કુંભારનો ગધેડો બન્યો. માનવદેહ ધરેલો એ ગર્દભસેન રાજા અને કાઠીમાંથી પ્રભવેલો કઠિયારો તે નાથકૃપાએ મેનાવતી પુત્ર ગોપીચંદ.

૩. ગુજરાત-રાજસ્થાનની વિધિ મૂલક કથાઓના સામ્યમૂલક અભ્યાસ નિમિત્તે ડૉ. હસુ યાજ્ઞિક હાલ કામ કરી રહ્યા છે અને તેમણે ચારણીસ્રોતની મહાકવિ મોડજી આશિયાની કૃતિ 'પાલ પૌરસાતન' જેનું સંપાદન શ્રી શંકરસિંહ આશિયાએ ઈ. ૨૦૦૯માં કર્યું છે તેના વિવરણમાં સંપાદકે ગોરખનાથને ૧૫મી શતાબ્દીમાં મૂક્યા છે અને રાજસ્થાની પરંપરા પ્રમાણે ૯ નાથમાં ૧. મત્સેન્દ્રનાથ ૨. ગોરખનાથ ૩. જલન્ધરનાથ ૪. કાનીફાનાથ ૫. ચપૅટીનાથ ૬. નાગનાથ ૭. ભરથરી નાથ ૮. રેવણનાથ ૯. ગકિનીનાથનો સમાવેશ થાય છે. (પાબુપ્રકાશ, હિંદી, પૃ. ૧૦૧) રાજસ્થાનમાં પણ ભરથરી-ગોપીચંદ મામા-ભાણેજ છે.

૪. 'પ્યાલા'ના સ્વરૂપ સંદર્ભે 'ગુજરાતી સંતસાહિત્યવિમર્શ'માં ડો. બળવંત જાનીએ વિગતે આલોચના કરી છે. ઉપરાંત પ્યાલા ભજનની સ્વરૂપ સંરચના વિશે હસુ યાજ્ઞિકે વ્યાખ્યાન આપેલું, લેખ અપ્રકાશિત છે તેમાં નાથવાણીની ચર્ચા કરતાં આદિવાસીનાથવાણી વિશે દર્શાવેલું કે આદિવાસી નાથવાણીમાં માત્ર ચરણ જ 'ગુરુ પરતાબે ગોરખ બોલિયા' એવું ગાવાની પરંપરા છે, હકીકતે તો આ

રચનાઓ બીજ માર્ગી ભજનોની છે. ગોરખવાણી રૂપે આદિવાસી રચના ક્રમાંક ૧૦, પૃષ્ઠ ૩૯૨નો આરંભ જ 'મતી કરો એણા નુગરાના સંગ રાવળ માલદે' એ રીતે થયો છે. ગોરખ અહીં માલદેને ઉપદેશ આપે છે.

૫. અહીં હસુ યાજ્ઞિકની 'અકાલ' અને 'સકાલ' ભેદની જે ચર્ચા છે તે તેમના મ્હૈસૂર ખાતે રજૂ થયેલા ૨૦૧૩ના અંગ્રેજી શોધપત્ર 'ફોકએપિક ટ્રેડિશન ઑવ્ ગુજરાત'માં ચર્ચવામાં આવી છે. ડૉ. નાથાલાલ ગોહિલના સંપાદન તથા આ અંગ્રેજી લેખ તથા અહીં આપેલી સંક્ષિપ્ત ચર્ચા નાથસાધના-તત્ત્વજ્ઞાન અને કાલમીમાંસા વિશે મહત્ત્વની સ્પષ્ટતા અને અર્થદર્શન આપે છે.

૪

# ગિરનારી લોકસંત પરંપરાની ભજનવાણી : આસ્વાદ અને અવબોધ

**ડૉ. બળવંત જાની**

સૌરાષ્ટ્રની લોકસંત પરંપરાની ભજનવાણીનો સ્વાધ્યાય પંથ પરંપરાના સંદર્ભે આરંભ્યો છે. વચ્ચે 'પરબની લોકસંત પરંપરાની ભજનવાણી'નો અભ્યાસલેખ તૈયાર કરેલો. ત્યાર પછી વેલાબાવાના ગિરનારી લોકસંતોની પરંપરાની ભજનવાણી અવલોકવાનું બનેલું. હવે દેવાયત પંડિત - દેવતણખી - લીરલબાઈનો મહાપંથી સંત પરંપરાનો અને રવિ-ભાણ પરંપરાના લોકસંતના ભજનવાણી વિશે પણ અભ્યાસ કરવાનું નિર્ધાર્યું છે. સૌરાષ્ટ્રમાં પ્રચલિત મહત્ત્વની પાંચ સાત પરંપરા એવી છે કે એમાં લોકસંતની શિષ્ય પરંપરાએ ભજનો રચ્યાં. આ ભજનોમાં પંથની સાધનાધારાનો પડઘો છે અને પોતીકું ઉમેરણ પણ છે. લોકસંતોની ભજનવાણીમાંથી ઉદ્‌ઘાટિત થતાં ભાવબોધને, ઉપદેશબોધને અવલોકવાથી રચનાનું મૂલ્યાંકન અવશ્ય થાય, સંતનો વૈયક્તિક પરિચય પણ પ્રાપ્ત થાય. પરંતુ આખી પરંપરામાં શિષ્યો દ્વારા રચાયેલી રચનાઓને એકસાથે અવલોકવાથી પંથનું સ્વરૂપ, શિષ્યનું વૈયક્તિક જોડાણ અને ભાવનું અનુસંધાન પણ પ્રાપ્ત થતું હોય છે. અહીં ગિરનારીસંત તરીકે સુખ્યાત વેલનાથ અને તેની શિષ્ય પરંપરાના વ્યક્તિત્વને અને વાઙમયને પરંપરા સંદર્ભે અવલોકવાનો અને આસ્વાદ કરવવાનો ઉપક્રમ છે. અહીં ઉદાહૃત કરેલી ભજનરચના ઓ જીવંતપરંપરામાં આજે પણ ગવાય છે તે મેં પ્રત્યક્ષ સાંભળીને એ



વાચનાને અભ્યાસ માટે ખપમાં લીધી છે.

વાઘનાથના તેજસ્વી-તપસ્વી શિષ્ય વેલનાથ અને એની સમગ્ર શિષ્ય પરંપરાની સાધનાભૂમિ ગિરનાર છે. ગિરનારની ગોદમાં આ લોકસંતોએ તપથી સાધનાથી એવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી કે લોક સમુદાયમાં અને સમાજમાં એને ભારે માન-પાન પ્રાપ્ત થયાં. શ્રદ્ધાનું કેન્દ્ર બની ગયા. ઝવેરચંદ મેઘાણીએ આ લોકસંતોના જીવન-ક્વન વિશે વિગતે સ્વાધ્યાય કર્યો. નિરંજન રાજ્યગુરુ અને નાથ પરંપરાના ઊંડા અભ્યાસી મનોજ રાવલ તથા હસમુખ વ્યાસ પાસેથી પણ કેટલીક વિશેષ વિગતો મળી. એ બધાનું બહુ મોટું ઋણ મારા સ્વાધ્યાયમાં આરંભે જ વ્યક્ત કરું છું. ગિરનાર સ્થાનક અનેક પરંપરાનું આશ્રયસ્થાન છે. નાથપરંપરાના સ્થાનકો અહીંની પ્રાચીનતાના પરિચાયક છે. આ પરંપરાનો લૌકિક રૂપાંતરણ સ્વરૂપે અહીં મધ્યકાળથી પ્રચાર-પ્રસાર થયો જણાય છે : વેલનાથ - વેલાબાવાના વીરડા તો ગિરનારનું યાત્રા સ્થાનક ગણાય છે. ભૈરવનાથના શિખરની સમીપે આવેલા વેલાબાવાના વીરડાઓમાંથી શિવરાત્રીના મેળા સમયે પ્રથમ આચમન ગ્રહણ કરવાનો અધિકાર વેલનાથે એમની જ્ઞાતિનું ઋણ સ્વીકારીને કણબી પટેલોને આપેલા છે. આ પરંપરા આજ સુધી જળવાયેલી જોવા મળે છે.

### □ ગિરનારી લોકસંત વેલનાથ :

બંગાળી નાથપરંપરાની સમાંતરે ગિરનાર-સોરઠમાં પણ નાથસંતપરંપરાનું પગેરું મળે છે. એમાં વેલનાથનું ચરિત્ર ભારે પ્રખ્યાત છે. વેલોબાવો, વેલો એમ નામછાપથી ઘણાં ભજનો આજે પણ જીવંત પરંપરા રૂપે જળવાયેલાં છે. વેલનાથના ગુરુ તરીકે વાઘનાથનું નામ મળે છે. ગિરનારમાં ગુરુ દત્તાત્રેયની ટૂંક સાથે અનેક નાથસંતો વિષયક વિગતો સંકળાયેલી છે. ગિરનારી - સોરઠી નાથ સંતોની પરંપરામાં પણ બંગાળી નાથસંતોની માફક આકરી તપસ્યા, સરળ જીવન અને યોગસાધના શક્તિ સાથે સંકળાયેલા જણાય છે. અનેક પરચા પણ પરંપરામાં સચવાયેલા સાંભળવા મળે છે. સંતસાહિત્યમાં આ સોરઠી નાથપરંપરા વિષયક બહુ અભ્યાસ થયો નથી.

વેલનાથના ગુરુ વાઘનાથ વિષયે બહુ વિગતો મળતી નથી પણ વેલનાથનું ચરિત્ર ભારે પ્રખ્યાત છે. આજે પણ તમે ગિરનાર યાત્રાએ ગયા હો અને વેલાબાવાની જગ્યાનાં દર્શન વગર પરત થાઓ તો યાત્રા અધૂરી ગણાય, એવી માન્યતા પ્રચલિત છે. કંઠસ્થપરંપરામાં આજે પણ એમના જીવનના પરચાની અનેક વિગતો સાંભળવા મળે છે.

એક માન્યતા પ્રમાણે તેઓ એક સામાન્ય ખેતમજૂર શ્રમિક તરીકે જસમત પટેલના ખેતરમાં ખેતમજૂરી કરતા-કરતા એકાંતે સાધનામાં રત રહેતા, વેલાની સાધના-સિદ્ધિની જસમતને જાણ થઈ એટલે વેલો જસમતની વિદાય લઈને ગિરનારમાં નીકળી પડેલો. બનેલું એવું કે વેલો સાધનામાં રત હતો ત્યારે કોદાળી અને પાવડો વેલાની સાધનાના બળે આપમેળે ક્રિયાશીલ રહેતા અને ખેતરનું કામ આપમેળે ચાલતું. જસમતને સમજાઈ ગયું કે વેલો કોઈ સામાન્ય શ્રમિક નથી પણ ભારે મરમી સંત છે, જસમતે ખોળો પાથર્યો અને સંતપુરુષ પાસે મજૂરી કરાવવા બદલ પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો. વેલો પછીથી વિદાય જ થયો, એને થયું કે મારી સમર્થ સંત તરીકેને છબીને કારણે હવે અહીં સરળતાથી સહજતાથી રહી શકાશે નહીં અને સાધના પણ થઈ શકશે નહીં. પણ જતા-જતા જસમતને કશુંક માગવા કહ્યું. જસમતને વેલાબાબાએ કહ્યું કે તમારો કોઈ પણ વંશજ મારા સમાધીસ્થાને ગિરનારે આવશે અને ત્યાં વીરડા પાસે શિવરાત્રીએ ભજન કરશે એટલે હું પાણી રૂપે આવીને તેમને મળીશ.

કહેવાય છે કે પછી બાર વરસ સુધી વેલા બાવાએ ગિરનારની પરિક્રમા કર્યા કરી અને માત્ર કંદમૂળ કે ફળનો જ આહાર કર્યા કર્યો. ગુફાઓમા વસતા અનેક સાધુસંતોની સેવા કરી. એમાં ગુરુ વાઘનાથનો ભેટો થઈ ગયો. તપ હતું, સાધના હતી, પણ વાઘનાથ પ્રતાપે એવું ગૂઢ જ્ઞાન જીવનરહસ્ય પ્રાપ્ત થયું કે પછીથી 'વેલનાથ'ના નામછાપથી ભજન રચનાઓ રચાવા લાગી. એમણે ત્રણસો જેટલા ભજનો રચેલા, એમ કહેવાય છે પણ એટલા બધા પ્રાપ્ત નથી. મોટે ભાગે શિવરાત્રીના જૂનાગઢના મેળામાં કોઈ રાવટી એવી નહીં હોય કે જ્યાં તેમને વેલનાથનું ભજન સાંભળવા ન મળે.

એમને જે જ્ઞાન પ્રાપ્ત થયું, જે કંઈ જીવનરહસ્ય સમજાયું એ ભજનના માધ્યમ દ્વારા પ્રગટ થયું છે. મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી ધારામાં સમાવેશ કરવો પડે એવી કેટલીક ભજનરચનાઓ તો આજે પણ પરંપરામાં જીવંત છે. એમનો મૂળભૂત મુદ્દો છે તત્વદર્શનને સમજાવવાનો. ભારે માર્મિક રીતે વેલનાથ આ બધું સમજાવે છે. રૂપકાત્મક પરિભાષા, તત્વદર્શન અને વેદ ઉપનિષદના આધારો એમના ભજનોની વિશિષ્ટતા છે. સંત વેલો અહીં યોગી વેલનાથ તરીકેની મુદ્રા પ્રગટાવે છે. એમની એક ખૂબ જ પ્રખ્યાત ભજનરચના દ્વારા એમના વ્યક્તિત્વની એ ઓળખને મેળવીએ.

*બાજી કેમ આવે હાથ, બાજી કેમ આવે હાથ રે*
*લાગી રે લડાયું કાયા શે'રમાં જી રે !*



*સમજે વાતું સમજાય, વેદે વાતું વદાય રે !*
*મૂરખ નરને ક્યાં જઈને કેવું રે જી..... – બાજી... ટેક*
*હે વીરા ! સાચી વસતુ હે તારા શે'રમાં જી રે,*
*દુનિયા અંધી મ થાવ ! દુનિયા ભૂલી મ જાવ રે !*
*કરો દીપક ને ઘર ઢૂંઢીએ રે જી..... – બાજી... ટેક ૧*

*હે વીરા ! તરકસ તીરડાં ભાથે ભર્યા જી રે,*
*થોથાં કાયકું ઉપાડ ! થોથાં કાયકું ઉડાડ રે*
*મરઘો ચરે છે તારા વનમાં રે જી..... – બાજી... ટેક ૨*

*હે વીરા ! તખત તરવેણીના તીરમાં જી રે,*
*ધમણ્યું ધમે છે લુહાર ! ધમણ્યું ધમે છે લુહાર રે*
*નૂર ઝરે ધણીનાં, શૂરા પીવે રે જી..... – બાજી... ટેક ૩*

*હે વીરા ! સાતમે સૂન મારો શ્યામ વસે જી રે,*
*કસ્તૂરી છે ઘરમાંય ! કસ્તૂરી છે ઘરમાંય રે*
*અકળ અવિનાશીનાં રાજ છે રે જી..... – બાજી... ટેક ૪*

*હે વીરા ! વાઘનાથ ચરણે વેલો બોલિયા જી રે,*
*ગુરુ દશ્યુનો દાતાર ! ગુરુ મુગતીનો આધાર રે*
*અધમ ઓધારણ ગુરુને ધારવા રે જી..... – બાજી... ટેક ૫*

વેલનાથ કહે છે કે જીવનરૂપી બાજી કેવી રીતે જીતી શકાશે ! કાયા રૂપી શહેરમાં લડાઈ-ઘમસાણ યુદ્ધ ચાલે છે. જો સમજવા ધારીએ તો રહસ્ય અવશ્ય સમજાય કારણ કે વેદમાંથી તમામ વિગતો મળે છે પણ મુરખાઓને ક્યાં સમજાવવું ?

હે વીરા-ભાઈ સાચી વસ્તુ તો તારી આ કાયા રૂપી શહેરમાં જ છે. આંધળા થઈને દુનિયામાં ભૂલ્યા-ભટક્યાનો કશો અર્થ નથી. દીવારૂપી જ્ઞાનદીપક પ્રગટાવીને એને ઓળખવાનો છે. હે વીરા-ભાઈ તીરકામઠા રૂપી સાધના માટેની તમામ આવશ્યક વસ્તુ તો તારી પાસે જ કાયામાં જ છે. શા માટે થોથા ઉથલાવીને રહસ્ય પામવા પ્રયત્નશીલ બને છે. મરઘા રૂપી ચેતન તત્ત્વ તો તારા આ કાયારૂપી વનમાં જ ચરે છે.

તરવેણી-લલાટમાં-શ્વાસોશ્વાસરૂપી ધ્યાન લગાવીને-ધમણથી-પ્રાણાયમથી કોઈ શૂરવીર-અટલ પુરુષ સાધક - એ અમરસ્થાન, ઝરણાનું ભજન કરી શકવા સમર્થ બને છે. હે વીરા, સાતમે શિખરે બ્રહ્મરંધ્રમાં - અવિનાશીનો નિવાસ છે ત્યાં સુધી

સાધના દ્વારા પહોંચવાનું છે. એ જ તો કસ્તૂરી છે. કાયાફળ ઘરમાં જ છે. ગુરુ વાઘનાથની દયાથી વેલનાથ કહે છે કે આ બધુ ગુરુકૃપાથી જ શક્ય બન્યું છે. ગુરુ જ મુક્તિ માટેનો આધાર છે. અધમ અવસ્થામાંથી ઉગારનારા આવા સમર્થ ગુરુને અવશ્ય ધારણ કરવા.

વેલનાથે અહીં ગુરુ મહિમાની અને ષટ-ચક્ર ભેદનની ક્રિયાનો નિર્દેશ કરીને એમની સાધનાધારા સમજાવી છે. વેલાબાવાની વાણીમાંથી આમ યોગ-સાધનાનું રહસ્ય અને માર્ગરેખા બિંદુઓ પ્રાપ્ત થાય છે જે એના વ્યક્તિત્વનું પરિચાયક છે. સંતવાણીમાંથી પ્રાપ્ત યોગ-સાધનાના રહસ્યની મીમાંસા આપણી વેદવાણી સાથેનો સંબંધ સ્થાપી આપનારી છે. વેદવાણીનું તેજસ્વી અનુસંધાન સંતવાણી છે, એ હકીકતના આધારરૂપ આવાં અનેક ભજનો વેલનાથ પાસેથી મળે છે. લોકસંતોની ભજનવાણી નાથસાધના ધારાના લૌકિક રૂપાંતરણોને પોતીકી રીતે પ્રયોજે છે. ઘડે છે અને એ અનુભૂત સત્યને બળકટ અભિવ્યક્તિ અર્પે છે. વેલનાથ સંતના ચરિત્રને ઉદ્‌ઘાટિત કરતી એમના નારણ માંડલિયા નામના શિષ્યની રચના આસ્વાદીએ.

**□ વેલનાથના ચરિત્રને આલેખતું નારણકૃત પ્રભાતિયું :**

ભજનોમાં ચરિત્રાત્મક ભજનોનો ભારે મોટો ભાગ છે. ચરિત્રાત્મક ભજનો પરંપરામાં સતત વહેતાં રહેતાં હોવાને કારણે એને એક રીતે ઐતિહાસિક દસ્તાવેજી વિગતોનો ભંડાર પણ કહી શકાય. પરંપરામાં વહેતું થયેલું ભજન મૂળ ચરિત્રના સમય પછી તૂર્ત જ વહેતું થયેલું હોય છે. એટલે ચરિત્રની વિગતોમાં જો કંઈ અતિશયોક્તિભરી વિગતો હોય તો તુરતના અનુગામીઓ વિરોધ કરે, એવું બને. પરંપરામાં જળવાયેલી વિગતો આવી તથ્યપૂર્ણ માહિતીને કારણે દસ્તાવેજી મૂલ્ય પણ ધરાવતી હોય છે.

વેલનાથના ચરિત્ર સાથે સંકળાયેલી ગિરનારની અને વીરડાની વિગતનો ખ્યાલ એમના શિષ્ય નારણ માંડલિયા કૃત ભજન રચનામાંથી મળી છે. વેલનાથના ચરિત્ર સાથે ગિરનાર દામોકુંડ કેટલા અને કેવા જડાયેલા છે અને એનો કેટલો મોટો પ્રભાવ છે એનો ખ્યાલ પણ અહીંથી પ્રાપ્ત થાય છે. આમ, વેલનાથ શિષ્ય પરંપરા દ્વારા પ્રાપ્ત ભજનોનું દસ્તાવેજી મૂલ્ય પણ ઘણું છે. વેલનાથ શિષ્ય પરંપરામાં જૂનાગઢની આસપાસના કોઈ એક કણબી પટેલ નારણ માંડળિયાની વિગતો પણ પ્રાપ્ત થાય છે. આ નારણ માંડળિયાની ભજન રચનાઓમાં પ્રભાતિયાં ભારે પ્રખ્યાત છે. નરસિંહનાં પ્રભાતિયાંની પરંપરા સાથે આ પ્રભાતિયાઓને પણ



કોઈએ જોવા અને તપાસવા જોઈએ.

દામાકુંડની સાથે ભવનાથ અને ભૈરવનાથની સાથે વેલનાથ પણ સંકળાયેલા છે. ભૈરવ શિખરની નજીક જે સાત વીરડાઓ છે તેને ‘વેલાબાવાના વીરડા’ તરીકે ઓળખવામાં આવે છે. મહાશિવરાત્રીના મેળા સમયે ત્યાં કણબી-પટેલને ભજન ગાવાનો, જળ પીવાનો અધિકાર પરંપરાથી જ વેલાબાવાએ આપેલો છે. આજે પણ ત્યાં કણબી-પટેલનું આદરભર્યું માન-સન્માન છે. અહીં કણબી ભગત નારણ માંડળિયો એની પ્રભાતી રચનામાં ભૈરવની ટૂંકને યાદ કરે એ સ્વાભાવિક છે.

વેલનાથ ભારે મોટા ગજાના સંત જણાયા છે. એના શિષ્યો પણ શબદ સાધનામાં ક્યાંય પાછા પડ્યા નથી. પછી એ નારણ માંડળિયો હોય કે રાણીંગ, જસોમા હોય કે રામૈયો. ગુરુની વ્યક્તિમત્તાનો મહિમા ગાતા આ ભજનો વેલનાથના પ્રભાવી વ્યક્તિત્વના પરિચાયક જણાયા છે.

સોરઠી પ્રભાતિયાંની પરંપરામાં દામાકુંડને પણ ભારે મોટું સ્થાન મળેલું છે. કહેવાય છે કે નરસિંહ મહેતા દામોદરકુંડ સ્નાન માટે જાય ત્યારે રામગરી ગાતા ગાતા જાય, વળતા સમયે પ્રભાતી ગાતા ગાતા પરત થાય અને ઘેરે પહોચીને પૂજા કરતાં પહેલાં પ્રભાતિયાં ગાય. આમાંથી સમયનો સંદર્ભ પણ પ્રાપ્ત થાય છે અને પ્રભાતિયા પૂર્વે પ્રભાતી તથા રામગરી પ્રકારની રચનાઓનો ખ્યાલ મળે છે. આપણે નારણ માંડળિયાની પ્રભાતિયા રચનાને અવલોકીએ.

*‘જાગો ને ગરવાના રે રાજા !*
*જાગો ને ગરનારી રાજા !*
*તમે જાગો પરભાત ભયા .... (ટેક)*

*દામો રે કૂંડ ગુરુ ! વાડી તમારી*
*ટાઢાં રે જળ એ કરિયાં,*
*દામા કૂંડમાં નાતાંધોતાં*
*પંડનાં પ્રાછત દૂર થિયાં... જાગો ને... ૧*

*ભવનાથજીમાં મેળો ભરાણો,*
*કુળ તેત્રીસ દેવ જોવા મળ્યા*
*ભવનાથમાં રે ભજન કરતાં*
*લખ ચોરાશીના ફેરા ટળ્યા.... જાગો ને.... ૨*

*ઊંચું રે શિખર કાળ ભૈરવનું કહીએ*
*નીચા વાગેશરીના મોલ રે;*
*વેદિયા નર ત્યાં વેદ જ વાંચે*
*મુનિવર તમારું ધ્યાન ધરે.... જાગો ને..... ૩*
*તાલ પખાજ વેલા ! જંતર વાગે*
*ઝાલરીએ ઝણકાર ભર્યો*
*વેલનાથ ચરણે ગાય નારણ માંડળિયો*
*શરણે આવીને તમારે રિયો... જાગો ને..... ૪*

વેલનાથ શિષ્ય નારણ અહીં ભૈરવના શિખરને સ્થાને બિરાજતા ગરવા ગિરનારના રાજા સમાન ગુરુને જાગૃત થવાનું વિનવે છે. નારણ ભગત કહે છે કે હે ગુરુદેવ ! તમારી વાડી દામોદર કૂંડ છે એના શીતળ જળમાં સ્નાન કરીને પોતાના પાતકોને દૂર કરી શકાય છે.

ભવનાથની તળેટીમાં મેળો ભરાયો છે અને તેત્રીસકોટિ દેવતાઓ ત્યાં પધાર્યા છે. આ સ્થાને ભજન કરતા લખચોર્યાસીના ફેરા ટળી જતા હોય છે. કાળભૈરવના ઊંચા શિખર ઉપર તમારાં બેસણાં છે. નીચે વાગેશ્વરીનું સ્થાનક છે. ત્યાં વેદના પારંગત વેદપાઠી-વેદિયા પંડિતો વેદપાઠ કરતા હોય છે. અને મોટા મુનિવરો તમારું ધ્યાન-આરાધન કરતા હોય છે.

હે વેલનાથ ત્યાં જંતર, તાલ-પખવાજ વાગતાં હોય છે અને ઝાલરીનો ઝણકાર થતો સંભળાતો હોય છે. ગુરુ વેલનાથને ચરણે બેસીને નારણ માંડળિયો કહે છે કે હે ગુરુદેવ ! હું તો સદાય તમારે શરણે જ રહેવા આવી ગયો છું.

અહીં ભજનમાં વેલનાથના પ્રભાવી વ્યક્તિત્વની અને પ્રચંડ તપસ્વીપણાની વિગતો નિરૂપાઈ છે. ગિરનારી-સોરઠી વાતાવરણમાં ગિરનાર જેના ગરવા ગઢના રાજવી-અધિપતિ વેલનાથની શરણાગતિનું નિરૂપણ એના દેવકક્ષાના સ્થાનનું પરિચાયક છે.

વેલનાથના ચરિત્રને અને ચારિત્ર્યને, તપને અને તાપને તથા સમાજલક્ષીતા અને સંતપરાયણતાને નિર્દેશતું આ ભજન ચરિત્રાત્મક પ્રકારનાં ભજનોમાં ભારે મહત્તા પ્રાપ્ત કરીને આજ સુધી જીવંતપરંપરામાં વહેતું રહ્યું છે. આવા ચરિત્રાત્મક ભજનો દ્વારા સંતચરિત્ર જનસમાજના ચિત્તમાં અંકાઈ રહે છે. સંતોના વ્યક્તિત્વને-અસ્તિત્વને જાળવનારાં આવા ભજનો એક રીતે કંઠપરંપરામાં જળવાતા ઈતિહાસનું



ઓરલ હિસ્ટ્રીનું પણ ઉદાહરણ છે. આપણાં સાંસ્કૃતિક ઈતિહાસ માટેની સામગ્રી પણ આવા ભજનો બની શકે. પણ આ માટે સાહિત્યના અભ્યાસીઓએ ઈતિહાસ અને લોકસંસ્કૃતિથી અભિજ્ઞ બનવું અનિવાર્ય બની રહે. એ જ રીતે સામે પક્ષે ઈતિહાસવિદોને પણ આ પ્રકારની સાહિત્યકૃતિઓથી અનભિજ્ઞ રહેવું પાલવશે નહીં. જગતમાં હવે ઈન્ટર ડિસિપ્લીનરી સ્ટડીઝ ખૂબ થાય છે. આપણે એ ક્ષેત્રે આ અભિગમથી સ્વાધ્યાય કાર્ય કરીને વેલનાથના અભ્યાસ દ્વારા આપણાં અધીતને પ્રગટાવીએ. વેલોબાવો જેવું લોકોનું સંબોધન જેમને સાંપડ્યું છે એવા આ લોકસંતનું ચરિત્ર કેવું તપસ્વી અને તેજસ્વી છે એનો ખ્યાલ પણ અહીંથી મળી રહે છે. વેલનાથના બીજા એક સમર્થ શિષ્ય અને સુખ્યાત લોકસંત રાણીંગ ભગતની આત્મચરિત્રાત્મક ભજનરચનાનો આસ્વાદ લઈએ.

**□ રાણીંગ ભગતનું આત્મચરિત્રાત્મક ભજન :**

વેલનાથની ગિરનારી લોકસંત શિષ્યપરંપરામાં ભારે સમર્થ શિષ્યો જોવા મળે છે. નારણ માંડળિયો તો ભારે સમર્થ શિષ્ય છે, પરંતુ બીજા એક રાણીંગ ભગત નામના ગરાસિયાના પણ ઘણાં ભજનો પ્રચલિત છે. તેઓ જૂનાગઢ જિલ્લાના મયારી ગામના મૂળ વતની હતા. જ્ઞાતિએ ગરાસિયા હતા ને સંત વેલનાથનો સત્સંગ થયો. સત્સંગના રંગથી, સંતની સંગતથી પછી એની પંગતમાં ભળવાના ઓરતા જાગ્યા અને વેલનાથને ગુરુ ધારણ કરીને એમની સંતસેનામાં ભળી ગયા.

રાણીંગ ભગતના રાણીંગદાસ નામછાપથી જે કેટલાક ભજનો મળે છે એમાં પણ મહિમા તો ગુરુ વેલનાથનો જ ગવાયેલો જોવા મળે છે. ગુરુ પરંપરામાં ગુરુને દેવતુલ્ય માનીને એના શરણે-ચરણે નિત્ય નામસ્મરણ કરવું, આવી પણ એક પરંપરા પ્રચલિત છે. રાણીંગદાસ આવી પરંપરાનું ઊજળું ઉદાહરણ છે. બીજું ભજન પરંપરામાં ગુરુચરિત્રની વિગતોને અને આત્મચરિત્રોની વિગતોને પણ ઘણું બધું સ્થાન પ્રાપ્ત થતું હોય છે. રાણીંગદાસનાં ભજનો આવી ચરિત્રાત્મક વિગતોથી પણ સભર જણાયાં છે. રાણીંગદાસ એકમના અને ટેકીલા શિષ્ય તરીકે પણ ઉદાહૃત થતા રહ્યા છે. માત્ર ગુરુ ચરણે જ પોતાને સમર્પિત કરીને, એમાં શ્રદ્ધા રાખીને પોતાનું જીવન વ્યતીત કરવાનું વલણ રાણીંગદાસમાં દૃષ્ટિગોચર થાય છે.

વેલનાથ ભારે મોટા યોગી અને મોટા ગજાના સાધક બની નાથયોગીની હરોળમાં સ્થાન-માન પામ્યા, પણ એની શિષ્ય પરંપરામાં કોઈને નાથ એવી નામછાપ પ્રાપ્ત થઈ નથી. રવિભાણ પરંપરામાં 'સાહેબ' નામની નામછાપ મોટાભાગના શિષ્યોની સાથે જોડાઈ. એવી રીતે અહીં નામછાપ જોડાઈ જણાતી

નથી. નારણ, રાણીંગદાસ અને એવા જ બીજા એક છે રામૈયો. આ બધા સંતોએ વેલનાથની વાણી પ્રવાહ પરંપરાને વહેતી રાખી છે, જીવતી રાખી છે. પરંપરાને જીવંત રાખવી એ પણ મહત્ત્વનું પ્રદાન છે. સંતપરંપરામાંના આવી પરંપરાને જીવંત રાખનારા સંતોને ગૌણ ગણીને ઉવેખી શકાય નહીં. આજ સુધી મોટે ભાગે પરંપરાનો આરંભ કરનારા કે પરંપરાને સમૃદ્ધ કરનારા સંતોને જ વધુ ને વધુ મૂલવવામાં આવ્યા છે. પણ આવા કેડીને સાફસુથરી રાખનારાની કે નાજુક નમણાં વહેળાની તરફ બહુ ઓછાની નજર ગઈ છે. એને અવગણવાને બદલે એની વાણીનું અવગાહન કરીને એમાંથી ગુરુ પરંપરાના જ્ઞાનને દૃઢ કરનારાં તત્ત્વો અને સત્ત્વોને ચીંધી બતાવવા જોઈએ. એક ગરાસિયો સંત બને, એ પરંપરા છે, એક ગરાસિયો ભજનિક બને એ પણ પરંપરા છે. મારી દૃષ્ટિએ આ પરંપરાને પણ રાણીંગ ભગતે જીવતી રાખી છે એટલે રાણીંગદાસ પણ માત્ર વેલનાથ દર્શનને અને ગીરનારી સંત પરંપરાને જીવંત રાખનારા સંત નથી પણ એ તો ગરાસિયા જ્ઞાતિની ગરવાઈ ગણાવાય એવી પરંપરાના પણ મણકા છે. આવા મણકાઓથી જ માળા બનતી હોય છે. માળાને અખંડ, અક્ષુણ્ણ રૂપ મળે છે પરંપરાના આવા રખોપિયાઓ અને છડી પોકારનાર છડીદાર જેવા સંતના પ્રદાનથી. રાણીંગદાસ આવા અહાલેક જગાડનારા સંત છે. એમની વાણીમાંથી પ્રાપ્ત થાય છે ચરિત્રાત્મક વિગતો. એક છેડે છે ગુરુ વેલનાથની ચરિત્રાત્મક વિગતો અને બીજા છેડેથી પ્રગટે છે આત્મચરિત્રાત્મક વિગતો. એમનું એક ખૂબ જ પ્રચલિત એ ચરિત્રાત્મક ભજન જ અવલોકીએ.

*‘રાણીંગદાસ સરભંગી સાહેબના ચેલા,*
*રાણીંગદાસ ગિરનારી સાહેબના ચેલા.*
*મેલી મયારી ને મેલી રે મમતા,*
*હુવા ગરાસિયા ઘેલા. — રાણીંગદાસ... ૧*

*ગરવેથી ગેબી જોર બજાવે ને*
*પાયા પિયાલા લઈ પૂરા. — રાણીંગદાસ... ૨*

*પિયા પિયાલા મગન ભયા મન*
*છૂટી સેનામાં ગજ ગેલા. — રાણીંગદાસ... ૩*

*શબદે મારે ને શબદે જિવાડે ધણી*
*શબદે સૂકાંને કરે લીલાં. — રાણીંગદાસ... ૪*



*વેલનાથ ચરણે બોલ્યા રાણીંગદાસ*
*માતા મીણાંને પિતા વેલા.— રાણીંગદાસ... ૫’*

અહીં વેલનાથને સરભંગ ઋષિ સાથે અને ગેબી ગિરનારી સાહેબ સંત તરીકે સંબોધે છે જે ગુરુની મહત્તાનું પરિચાયક છે. આવા પ્રભાવક વ્યક્તિત્વ ધરાવનાર ગુરુને કારણે પોતાનું વતન મયારી તથા જ્યાં મમતા-માયા હતી એને છોડીને એમાં ઘેલા થવાને બદલે ગુરુ વેલનાથમાં ઘેલા થઈને ગુરુ ભજનમાં લીન થયાની વિગતો નિરૂપાઈ છે.

ગુરુ વેલનાથ ગરવા ગિરનારેથી ભજનોની અને સાધનાની જીક બોલાવે છે. આવા ગુરુએ પ્રેમથી પૂરો પ્યાલો પાયો છે. શિષ્યત્વ પ્રાપ્ત થયા પછીના આનંદનો ઉદ્‌ગાર આ ભજનરચના છે એટલે આગળ ઉપર કહે છે કે ગુરુએ પીવડાવેલો જ્ઞાન પ્યાલો પીને પછી મન મગ્ન થયું. ગુરુ ભક્તિમાં લીન થવું અને છુટ્ટી સેનામાં હાથી ગર્વથી ઘૂમે એમ સંતોની મંડળીમાં ઘૂમવા માંડવું.

શબદ-ભજન-જ્ઞાનવાણીથી જે જીવાડે છે - જીવતદાન આપે છે અને મોક્ષ પમાડે છે, મારે છે એ જ સુકાને લીલા કરે છે. એટલે કે પ્રાણવાન અને ચૈતન્યવાન બનાવે છે એ શબદ મહિમાની વિગત અહીં નિરૂપાઈ છે.

આવા સમર્થ ગુરુ વેલનાથના ચરણે બીરાજમાન શિષ્ય રાણીંગ અહીં દાસ શબ્દ ભારે સાર્થક રીતે પ્રયોજે છે. કહે છે કે વેલનાથ ગુરુ છે પણ એ જ પિતા અને મીણાંદેવીને માતા તરીકે સંબોધન અહીં થયેલ છે.

પ્રથમ દૃષ્ટિએ સાવ જ સામાન્ય લાગે પણ અહીં ગુરુ અને શિષ્યની ચરિત્રાત્મક વિગતો પ્રગટતી હોઈને એનું દસ્તાવેજી દૃષ્ટિએ અને લોકસંસ્કૃતિની દૃષ્ટિએ પણ અત્યંત મહત્ત્વનું ગણી શકાય એવું એનું સ્થાન અને માન છે. સંતવાણી એ સામાન્ય નહીં પણ આવા કારણે અસામાન્ય બની રહેતી હોય છે. એને લોકસંસ્કૃતિની સરવાણી ગણવામાં આવે છે. આવી સરવાણીથી જ મૂળ પ્રવાહ વધારે ગતિશીલ જીવંત અને સુદૃઢ બનતો હોય છે. રાણીંગ ભગત આવી સરવાણીનું એક નાજુક નમણું વહેળું છે. એનું આ આત્મચરિત્રાત્મક ભજન ગુજરાતી લોકસંત પરંપરાની ભજનવાણીનું અમૂલ્ય આભરણ છે. આ પરંપરાના સંતોને શિષ્યોએ અને ગુરુએ પણ ગિરનારી તરીકેની ઓળખ આપી છે એટલે આ લોકસંત વેલનાથ પરંપરાને ગિરનારી લોકસંત પરંપરા તરીકેનું આગવું - અનોખું નામકરણ આપવાની, સંબોધવાની સ્પૃહા થઈ આવે. ભલે કોઈ પંથ નથી પણ આ પંથનું સ્થાનક ગિરનાર છે. ગિરનારી લોકસંત ભજનવાણી તરીકેની ઓળખ આપવી ઉચિત

લેખાશે. આ પરંપરાના એક બીજા ભારે સમર્થ લોકસંત રામૈયાની આરાધ ભજન રચના અવલોકીએ.

**□ વેલનાથ શિષ્ય રામૈયાકૃત આરાધ :**

વેલાબાવાનું શિષ્યમંડળ પણ ભારે સમર્થ હતું. ગુરુ વેલનાથના પરચાઓથી અનેક લોકો એ સમયમાં હિંસા, ચોરી અને બીજા દુર્ગુણોમાંથી મુક્ત થઈને ગુરુ વેલનાથની કંઠી બાંધીને પછી ગુરુ જેવા જ શિષ્ય તરીકે નામ કમાયા છે. વેલનાથ શિષ્ય પરંપરામાં રામૈયા નામછાપથી ભજન રચના કરી ગયેલા પૂર્વાશ્રમના રામ ઢાંગડ નામના ખાંટ પણ ભારે પ્રખ્યાત છે.

બનેલું એવું કે કોઈ એક કુંભાર ભગત વેલનાથ પાસે જતા હતા, ત્યાં રસ્તામાં સાંજ પડી ગઈ એટલે રામ ઢાંગડને ઘેર ઉતારો કર્યો. ત્યાં તો કોઈ લોકદેવીમૂર્તિની મેલી આરાધના ચાલતી હતી. બકરાના ભોગ ધરાતો, શરાબ પીરસાતો અને માંસાહાર થતો. કુંભાર ભગતે જોયું કે આ બધુ ભૂવાઓના કહેવાથી મૃતક પુત્રને જીવતો કરવાની લાલચમાં ફસાઈને રામ ઢાંગડ કરી રહ્યા છે. સવાર સુધી બધી વિધિ ચાલી પણ કંઈ પુત્ર જીવંત થયો નહીં. એટલે પછી એની ઠાઠડી બંધાતી હતી, ત્યાં કુંભાર ભગતે કહ્યું કે ભાઈ જીવ મારવાથી કંઈ જીવને ઉગારી શકાતો નથી. જીવને ઉગારવાથી જ જીવતદાન મળતું હોય છે. રામ ઢાંગડનો અહમ્ તુર્ત જ ઓગળી ગયો અને કુંભાર ભગતને પગે લાગ્યો.

કુંભાર ભગતે કહ્યું કે આ વાત સમજાણી હોય તો આ બંદૂક મૂકી દે અને આ કંઠી-માળા ધારણ કરી લે.

રામ ઢાંગડ કહે કંઠી કોના નામની છે !

કુંભાર ભગત કહે ગુરુ વેલનાથના નામની.

કુંભાર ભગતની સાથે ખાંટ રામ ઢાંગડ પણ આવે છે વેલનાથ ચરણે. વેલનાથના પગમાં પડી ગયો. વેલનાથે બે જ શબ્દોનાં વચનો સાંભળાવતા કહ્યું કે,

વીરા ! 'હવેથી જીવહિંસા કરીશ નહીં'

રામ ઢાંગડ ઘેરે આવ્યો. થોડા દિવસો પસાર થયા ત્યાં ગામની સીમમાં એક ભારે મોટા રોજડાને જોયું. બધાએ રામને વિનંતી કરી કે રોજડું મારો તો આખું ગામ ધરાશે. પણ રામ માન્યો નહીં. પુનઃ ઘરના પરિવારજનોએ પણ વિનંતી કરી



અને રામે બંદૂક હાથમાં લઈને સીમમાં જઈને રોજડાને નિશાન તાકીને ગોળી છોડી. એક પછી એક નવ ગોળી છોડી પણ રોજડું છટકી ગયું. રાત પડી ગઈ હતી. કાલે ઘવાયેલા રોજડાને ખોળી કાઢીશું. માનીને રામ ઘર તરફ નીકળ્યો. રસ્તામાં ગુરુ વેલનાથની નાદુરસ્ત તબિયતના સમાચાર મળતા ગુરુની ખબર પૂછવા નીકળ્યો. ગુરુને પથારીમાં પડેલા જોયા, શરીર લોહીલુહાણ જોયું. રામે પૂછ્યું, 'ગુરુ તમારી આ સ્થિતિ કોણે કરી ?' ગુરુએ કહ્યું 'રામ ! કાં અજાણ્યો થાય છે ! નીમ તોડીને હાથમાં હથિયાર લીધાં. તને દયા ન આવી. લે આ નવે-નવ ગોળીઓ'. રામે બંદૂકનો ઘા કર્યો. બંદૂકના કટકા થઈ ગયા. પોતાના હૃદયના પણ જાણે કે કટકા થઈ ગયા. ગુરુ વેલનાથના પગમાં પડીને ચોંધાર આંસુએ રડવા લાગ્યો. આખી રાત પગમાં પડી રહ્યો.

ગુરુએ કહ્યું, 'રામ ! સવાર પડી, ઘેર જાઓ'. રામ ઢાંગડ કહે, 'બાપજી હવે આ ઘરની માથે બીજું ઘર નથી. મારુ ઘર તો આંય જ.' કહેવાય છે કે વેલનાથે ખૂબ આકરા થઈને કહેલું પણ રામ તો રહી ગયો વેલનાથની મઢીએ. ગિરનારી સંતસ્થાનકે. રામે 'રામૈયા' નામછાપથી ગુરુ વેલનાથની વ્યક્તિમતાને ઉપસાવતા, ગુરુપ્રાપ્તિની પ્રસન્નતાની અનુભૂતિને અભિવ્યક્ત કરતા શતાધિક ભજનો રચેલા મનાય છે. તે આજે પણ પરંપરામાં જીવંત છે એમનાં ભજનો ખૂબ માર્મિક છે. પણ એમાં આરાધ ઢંગનું એક ભજન તો ભારે લોકપ્રિય છે.

આજે પણ ભૈરવજપની સમીપમાં વેલાબાવાના વીરડા તરીકે ઓળખાતી જે જગ્યા છે, ત્યાં શિવરાત્રીએ રામૈયાનો રચેલો આ આરાધ અવશ્ય સાંભળવા મળે. ગિરનારી વાતાવરણમાં એક શિવરાત્રીએ સન્મિત્ર નિરંજન રાજયગુરુની સંગાથે કોઈ હેમંતગરના ભારે ભાવપૂર્ણ ભજનિકના કંઠે સાંભળેલું એ ભજન હૃદયમાં અકબંધ છે.

*'આવો તો આનંદ થાય, ના'વો તો પત જાય રે;*
*ગરવાવાળા નાથ વેલા ! આરે અવસર આવજો ! (ટેક.)*

*અનહદ વાજાં વાગિયાં સ્વામી ! જોઉ તમારી વાટ રે;*
*હું સુવાગણ સુંદરી, મારે તમારો વિશવાસ રે. — આવો તો. ૧*

*કાયામાં કાળીંગો વ્યાપ્યો, થોડે થોડે ખાય રે;*
*ભવસાગરમાં બેડી બૂડતાં, બાવે પકડેલ બાંય રે. — આવો તો. ૨*

*સામસામાં નિશાન ધરે ધણી ! ધારે પડઘાયે જાગ રે,*
*ખડગ ખાંડું હાથ લીધું, ભાગ્યો કાળીંગો જાય રે. — આવો તો. ૩*

*વેલનાથ તમારા હાથમાં, બાજીગરના ખેલ રે;*
*વેલા-ચરણે બોલ્યા રામૈયો, ફેર મનખ્યો લાવ્ય રે. — આવો તો. ૪'*

કહેવાય છે કે પહેલાના વખતમાં આ ભજન ગવાય એટલે પાણીસ્વરૂપે સરવાણી પ્રગટે અને વીરડા છલોછલ ભરાઈ જઈને ભજનને હોંકારો ભણતા. પણ એ દિવસો તો હવે ગયા. પાણી જ ક્યાં છે, હવે તો પાણીના પાઉચના પ્લાસ્ટિક ઠેર-ઠેર રઝળતા-ઊડતા નજરે પડતા હોય છે.

ભજનમાં રામૈયો કહે છે કે ગુરુ તમે પધારો તો પરમાનંદ થશે. અન્યથા મારી આબરું જશે. આ અવસર છે, ખરો સમય છે આરે - વીરડાને-કિનારે - આપ પધારો.

રૂપકાત્મક રીતે વરવાની વાત અહીં કહેવાઈ છે. રામૈયો પોતે સુહાગુ સુંદરી છે અને ગુરુની વાટ જુએ છે. વિશ્વાસ છે કે અવશ્ય સ્વામીનાથ પધારશે. અનહદની અનુભૂતિના વાજિંત્રો વાગી રહ્યાં છે. ગુરુને સમર્પિત થવાની વિગત અહીં સ્થાન પામી છે.

કાયામાં કળિયુગ પ્રસરી ગયો છે. અને ધીમે ધીમે શરીરને કોરી રહ્યો છે. ભવસાગરમાં મારું નાવડુ ડૂબી રહ્યું હતું પણ સમર્થ ગુરુ વેલનાથે મને ઉગાર્યો.

કળિયુગની સામે લડતા વેલનાથની છબી અહીં આંકી છે, એને કહે છે કે ગુરુ વેલનાથના ખડગ પ્રહારથી કળિંગો-કળિયુગ સંતથી દૂર છે. ગુરુ વેલનાથના હાથમાં જ બધો એમનો આધાર છે. એ બહુ મોટો બાજીગર છે અને એમણે જ આ મનુષ્યઅવતાર સુધારી દીધો છે. આમ, ગુરુને ચરણે રામૈયો બોલ્યા છે.

રામૈયાએ ગુરુને પ્રગટવાની વિનંતી કરી છે અને પુનઃ નહીં પ્રગટો તો પોતાની આબરુ જશે માટે ભક્તની ભેરે થવાનું વિનવે છે. સંતવાણીમાં ગુરુમહિમા અપાર છે. પણ અહીં તો ગુરુને જ પરમતત્વ રૂપે માનીને એની અકળ-અપાર લીલાની વાત કેન્દ્રમાં છે. રામૈયાની રચના દ્વારા સંતવાણીની પ્રકૃતિનો નીકટથી પરિચય થાય છે. એને શરણે-ચરણે જ પોતાનું સર્વસ્વ સમર્પીને અભિપ્રેત-ઇચ્છીત પ્રાપ્ત કરનાર ભક્તનું હૃદય અહીંથી વીરડામાં ફૂટતા જળની પેટે ફૂટે છે અને આપણને પણ તૃપ્ત કરે છે, શ્રદ્ધાવાન બનાવે છે. સંતવાણીએ સમાજને શ્રદ્ધાવાન બનાવવામાં ભારે મોટું યોગદાન આપ્યું છે. એની પ્રતીતિ કરાવતી અને વેલનાથના વ્યક્તિત્વને ને ઉદ્ઘાટિત કરતી આ વાણી આજે પણ એટલી જ હૃદયસ્પર્શી અને અર્થપૂર્ણ લાગે છે. આરાધમાંથી આર્તનાદે પ્રગટતી શબ્દચેતના ભાવકને આર્દ્ર



બનાવે છે અને ભજનમાં ભીના રાખે છે. 'ભજનમાં ભીના રહેજો' એવું આ કારણે જ લોકસંત દ્વારા ગવાઈ જતું હશે. ભાવકને ભજનમાં લીન બનાવનારું તલ્લીન બનાવનારું, ભીના રાખનારું તત્ત્વ આરાધની ભાવસામગ્રી અને પ્રસ્તુત કરવાની રીતિ છે એની પ્રતીતિ આવા આરાધ ભજનો દ્વારા થાય છે. રામૈયાએ રચેલી આગમવાણી આગમ ભજન પરંપરામાં ખૂબ જ પ્રચલિત છે. એનો આસ્વાદ પણ લઈએ.

**☐ રામૈયાકૃત આગમવાણી**

આપણે જોયું કે વેલનાથને સમર્પિત થયેલા, ઘર, સંપત્તિ અને બળના મોહમાંથી છૂટા પડી ગયેલા રામ ઢાંગડ વેલનાથનો સમર્થ શિષ્ય છે. ગુરુકૃપાએ એની રસના-જીહ્વાથી-સરી પડતી ભજનરચનાઓનું ગિરનારી લોકસંતવાણીમાં ભારે મોટું માન છે. કહેવાય છે કે રામૈયાએ ગુરુપ્રાપ્તિની અનુભૂતિને અભિવ્યક્ત કરતી શતાધિક રચનાઓ રચેલી પણ આમાંની બધી જળવાઈ નથી. રામૈયો પોતે પૂર્વાશ્રમનો અતિક્રૂર ઘાતકી શિકારી હોવા છતાં એનું જ હૃદયપરિવર્તન થયું એ ઉદાહરણ લોકસંતચરિત્ર પરંપરામાં ભારે મોટી ઘટના છે.

જે રીતે ભારતીય લોક સંત પરંપરામાં પૂર્વજીવનમાં વાલ્મીકિ વાલિયા લૂંટારા હતા. જેસલ જગતના ચોરટા હતા એમ રામ ઢાંગડ ભારે મોટા શિકારી હતા, ગુરુ ઉપદેશથી જે હૃદયપરિવર્તન થયું એ સંત ચરિત્રની પરંપરાનું ઉજ્જ્વળ અનુસંધાન છે. હાથમાંની બંદૂકને પથ્થર પર પછાડીને તોડી નાખી, ટુકડે ટુકડા થયા એ ઘટના ભારે બળુકી અને પ્રતીકાત્મક લાગે છે. હકીકતે એના આસુરી વૃત્તિના ટુકડેટુકડા થઈ ગયા. એમના હૃદયરૂપી પાષાણના ચૂરેચૂરા થઈ ગયા. પથ્થરને ફાડીને પછી જળ નીકળે એમ રામૈયાના હૃદયમાંથી સરવાણ ફૂટ્યા છે અને સ્વયં સરસ્વતી એની જીહ્વા-રસના-પર જાણે કે બિરાજ્યા હોય એમ જણાય છે.

ગુરુ વેલનાથને રામૈયો માત્ર ગુરુ નથી માનતો. ગુરુને પરમાત્માના અવતાર માને છે. ભારે મોટી શ્રદ્ધા પ્રગટી જણાય છે રામૈયાના હૃદયમાં. અન્યથા એ ગુરુને જ કૃષ્ણાવતાર ન માને. એણે એક ભજનમાંગાયું છે કે,

*'ગિરનારી ભેરવમાં રમનારો, ગિરનારી વાંસગીનો રમનારો;*
*અધર તખતને અમર ગાદી, ગિરનારી ગગનામંડળ દરસાણો.'*

ગુરુને વાસુકિ નાગ સામે ખેલનારા કૃષ્ણ તરીકે કલ્પીને એમને આકાશગામી - આકાશે વિહરનારા કહેવામાંથી જ એની બળુકી શ્રદ્ધાનો સુંદર પરિચય મળી રહે

છે. રામૈયાને શ્રદ્ધા છે કે ગુરુ કોઈ ગેબી છે, બરડામાંથી ગુપ્તગંગા રૂપે પ્રગટ્યા છે અને ભારે સમર્થ છે. ચોર્યાસી સિદ્ધોમાંના એક છે. ભૈરવજપ જેવી જગ્યાએ જેમણે સ્થાનક બનાવ્યું છે અને એ અર્થમાં માત્ર ભાવનાના ભોગી છે એને બીજી કોઈ કામના નથી, અપેક્ષા પણ નથી.

રામૈયાની ભજનરચનાઓમાં આરાધ અને આગમ ધ્યાનાર્હ છે. એમની મોટાભાગની ભજનરચનાઓ ગુરુ વેલનાથના વ્યક્તિત્વને ઉદ્ઘાટિત કરે છે, ક્યાંક તત્ત્વદર્શનને પણ સ્થાન આપ્યું છે. ગુરુ સેવા દ્વારા જ જાણે કે એને જીવન વ્યતીત કરવું હતું. પણ સાથે-સાથે સત્સંગ થયો, તત્ત્વદર્શનની વિગતો પ્રાપ્ત થઈ અને સાધના દ્વારા યોગની ઊંચાઈ અને ઊંડાઈ પણ અનુભવી, એટલે આવા અનુભવમૂલક ઉદ્ગારો એમની ભજનવાણીમાં દૃષ્ટિગોચર થાય છે. રામૈયો ભારે આજ્ઞાંકિત શિષ્ય જણાય છે. સંતવાણીમાં ગુરુ-શિષ્યના જે કેટલાંક ઉત્તમ ઉદાહરણો છે એમાં આદર્શ તરીકે મૂકી શકાય એવાં સમર્પિત શિષ્ય છે રામૈયો. ગુરુને સમર્પિત થઈને, વૈરાગ્ય કેળવીને આજીવન એની જ ઉપાસના કરી.

એમણે રચેલા આગમમાંથી પરંપરાનો બોધ અને ગુરુજ્ઞાન દ્રવે છે. એને ઊંડી શ્રદ્ધા છે કે આ કળિયુગનો અવશ્ય નાશ થશે અને એ સમયે અડગ-અટલ એવો ગિરનાર પર્વતરાજ પણ ધણધણી ઊઠશે. એ આગમ જોઈએ.

*‘ગરવો ધણેણ્યો વાજાં વાગશે હો જી !*
*વાગે અનહદ તૂર*
*વાગે ત્રાંબાળુ તૂર રે*
*ગરવો ધણેણ્યો વાજાં વાગશે હો જી ! ...... ૧*

*સતીઉ સંદેશા તમને મોકલે રે જી,*
*વેલા ! સૂતો હો તો જાગ !*
*ઓલિયા સૂતો હો તો જાગ રે*
*એવા એવા સૂતા નરને જગાડજો હો જી ! ...... ૨*

*જુઓ અવિયો કાળિંગો એ જી*
*ગરવે નેજા ઝળેળ્યા*
*ગરવે નેજા ઝળેળ્યા રે*
*આવ્યા કળુને હવે ઓળખો રે હો જી ! ...... ૩*

*પછમ દશાએ સાયબો આવશે એ જી !*



*ગરવે હુકાળ્યું મચાવે રે*
*ગરવે હુકાળ્યું મચાવે રે*
*તેર તેર મણાંની તીરડાં ચાલશે હો જી ! ...... ૪*

*કાળિંગા મારવા રે એ જી*
*મણ ત્રીસની કમાન*
*મણ ત્રીસની કમાન*
*એવા એવા જોધા દળમાં જાગશે એ હો જી ! ......૫*

*ગઢ ગરવેથી ગેબી જાગશે એ જી !*
*ગઢ ઢેલડીએ મેલાણ*
*ગઢ ઢેલડીએ મેલાણ*
*જો જો રે તમાશા રવિ ઊગતે એ હો જી ! ...... ૬*

*એક એક નર સૂતો ગઢની પ્રોળમાં એ જી !*
*જાણે નવહથો જોધ*
*જાણે નવહથો જોધ રે*
*એવા એવા સૂતા નરને જગાડજો એ હો જી ! ...... ૭*

*તખત તરવેણીના તીરમાં એ જી !*
*ધમણ્યું ધમે છે લુવાર રે*
*ધમણ્યું ધમે છે લુવાર રે*
*અવચળ અવિનાશી એનાં રાજ રે હો જી ! ...... ૮*

*વેલનાથ ચરણે રામૈયા બોલિયા રે એ જી !*
*જુગ પંચોરો આવે*
*જુગ પંચોરો આવે*
*જુગના પતિ હવે જાગજો એ હો જી ! ...... ૯*

*વેલાના ચરણે રામૈયો બોલિયા રે એ જી*
*ગુરુ દશ્યુંનો દાતાર*
*ગુરુ મુગતિનો આધાર રે*
*જુગના સ્વામી રે હવે જાગજો રે હો જી ! ...... ૧૦’*

રામૈયો અહીં આગમમાં વેલા બાવાને ઉદ્દેશીને ગાય છે કે સતીઓના સંદેશા આવ્યા છે કે ગરવો ગિરનાર ધણેણી ઊઠશે – અનાહતનાદ સંભળાશે એ સમયે

કળિયુગનો અંત આવશે. જે સાધના દ્વારા સંભળાતું હતું એ પ્રત્યક્ષ સંભળાશે. હવે જે કોઈ સૂતા હોય એને બધાને જાગૃત કરો.

પશ્ચિમ દિશાએથી જગતનો સ્વામી આવશે. ગિરનારમાં હાહાકાર મચી જશે. એ સમયે તેર મણના વજનના તીરનો મારો ચાલશે. ત્રીસ મણના વજનની કમાનો હશે. મહાયોદ્ધાઓ એ દળમાં લડતા હશે. ગઢ ઢેલડીએ આ બધું ધમસાણ મચશે. સૂર્યોદયની સાક્ષીએ આ તમાસો જોવાનું બનશે.

એક નવ હાથ ઊંચો યોદ્ધો ગઢની પરસાળમાં સૂતો હશે તેને જગાડશો એ જ તને વિજય અપાવશે. અહીં આગમમાં રામૈયો યોગ સાધનાની વિગતોને પણ સ્થાન આપે છે. ત્રિવેણીમાં તખ્તમાં -લલાટમાં જોવાનું, શ્વાસોશ્વાસની-પ્રાણાયમની ક્રિયાનો અનુભવ કરવાનો, એથી અચળ અવિનાશીનું દર્શન ત્યાં થશે. વેલનાથને ચરણે રામૈયો બોલ્યા છે કે હવે ચાર યુગ પછીનો પાંચમો યુગ આવવાનો જ છે એ યુગના અધિપતિ જે બનવાના છે એ તમામને વહેલાસર જાગૃત કરવાનું - સાબદા થવાનું રામૈયો અહીં સૂચવે છે.

આગમ પરંપરામાં રામૈયાનું આગમ વિશિષ્ટ જણાય છે. માત્ર શું થશે ? એની વાત જ નથી. પણ એ થાય ત્યારે એમાં યોગ-સાધનાને જોડીને એના યોગદાનનો પણ મહિમા ગાય છે. અહીં આગમ પરંપરામાં સાધનાનો મુદ્દો ભળે છે.

મૂળે તો માનવીને-જનસમુદાયને હવે પછી આવનારા કપરાકાળની એંધાણી આપીને સદ્‌માર્ગે વાળવાનું સૂચવતી આગમવાણી પ્રકારની રચનાઓ સમાજને સાબદો કરતી હોય છે. અહીં પણ સમાજને સાબદો કરતી આગમવાણીનું દર્શન થાય છે, એના રચયિતા રામૈયાની યોગ-અનુભૂતિનો રણકો પણ એમાં સંભળાતો હોઈ ને એનો મહિમા સવિશેષ છે. કપરા સમયમાં દુરિતનો નાશ યોગસાધનાના બળથી શક્ય બનશે એવી શ્રદ્ધા પણ આ ગિરનારી લોકસંતની આગમ રચનામાં નિહિત છે. આગમ ભજન પરંપરામાં આવા કારણે પ્રસ્તુત આગમનું અનેરું-અનોખું મહત્ત્વ છે. ગિરનારી લોકસંતોની ભજનવાણીમાં આરાધ ભજનો વિશેષ રૂપે દૃષ્ટિગોચર થાય છે. વેલનાથનાં સતીપત્ની અને શિષ્યાસમાન જશોમા પણ જનસમુદાયમાં ભારે સુખ્યાત છે. એમના જીવનની એક ભારે પ્રચલિત ઘટના સાથે સંદર્ભથી સંકળાયેલી આરાધ રચનાનો પણ આસ્વાદ લઈએ.

**વેલનાથની સમક્ષ જસોમાનો આરાધ :**

ગિરનારી લોકસંત વેલનાથના જીવનની સાથે સંકળાયેલા કંઈ કેટલીય



દંતકથાઓ જનસમુદાયમાં સાંભળવા મળે છે. એક માન્યતા પ્રમાણે જસમતથી વિદાય થઈને વાઘનાથને ગુરુ ધારીને ગિરનારમાં જ સાધનામાં રત વેલાબાવાએ જૂનાગઢમાં ગૃહસ્થજીવન પણ આરંભેલું. પત્ની તરીકે જસોમા અને મીણલમા એમ બે સતી સ્ત્રીઓ હતી. વેલનાથ ગૌસેવા કરે, સાધના કરે અને ગૃહસ્થજીવન વ્યતિત કરે, શિષ્યોને સાધના માર્ગે પ્રબોધે. ગિરનારની આસપાસના પ્રદેશમાં પણ ભારે મોટો પ્રભાવ પ્રસરેલો.

એક વખત કોઈ સંત મંડળી અને લોકસમુદાયની યાત્રા મંડળી ગિરનારની પરિક્રમાએ નીકળેલી. રસ્તામાં 'જય ગિરનારી' — 'જય વેલનાથ' એમ બોલે. આવો 'જય વેલનાથ'ના નામનો અહાલેક સાંભળીને નાથજોગીની જમાત ગુસ્સે થઈ ઊઠી. નવનાથમાં આ દશમો વેલનાથ વળી કોણ છે ? અને ક્યાંથી ભળ્યો ? યાત્રામંડળીએ જવાબ આપ્યો. જૂનાગઢમાં જ વસે છે, બાપજી. જોગીઓ તો ભારે ગુસ્સે થયા. ચીપિયા ખખડાવતા ખખડાવતાં વેલાબાવા પાસે પહોચ્યાં અને કહે કે 'તું વેલનાથ ! સંસાર સુખને ભોગવનારો, નાથ કહેવડાવે છે !' વેલાબાવો કહે, 'ના, બાપજી, મને તો કંઈ ખબર નથી.' હું તો નાથજોગીના પગની રજોટી છું. મારાથી થાય એટલું કરું છું.''

ખાખીઓ કહે છે, 'તું ઢોંગી છે ! ચાલ દત્તની ટૂંકે, ત્યાં તારી ખબર લેશું.' કહીને ચીપિયા અને ટોકરાથી પ્રહાર કરવા લાગ્યા. બન્ને સ્ત્રીઓ આડા ઘા ઝીલે. ચાલતાં-ચાલતાં ગિરનાર દરવાજે પહોંચ્યા, ત્યાં વાણિયાના જુવાનજોધ પુત્રનું શબ. વાણિયો વેલનાથના પગમાં પડ્યો, અને કહેવા લાગ્યો, 'બાપજી, મારી આંધળાની એક આંખ હતી એ ગઈ. તમે એને હાથ અડાડો.' વેલાબાવાએ કપાળે હાથ મૂક્યો. માથે હાથ ફેરવ્યો અને છોકરો આળસ મરડીને ઊભો થયો. પણ ખાખીઓની જમાતની બીકે પછીથી વેલનાથે હડી કાઢીને દોડ મૂકી. ભૈરવનાથની ટૂંકે ચઢી ગયા. પાછળ જસોમા અને મીણલમા પણ દોડ્યાં.

ગિરનારમાં ભૈરવનાથની એક ટૂંકની તીરાડમાં જાત છુપાવવા ઊતરી ગયા. પાછળ મીણલમાં પણ ઊતરી ગયા. પરંતુ જસોમાને થોડું છેટું રહી ગયું. પોતાના નાથને શોધતા રહ્યા અને આમતેમ ફાંફાં મારતા ભટકતા રહ્યાં. તીરાડની બહાર મીણલમાની સાડીઓ છેડો રહી ગયેલો એને ફરફરતો જોઈને ત્યાં ટૂંકે પહોંચ્યા. જેમની સાથે સહજીવન હતું. સેવા-સાધના થતી હતી એમનાથી વિખૂટું પડવાનું આવ્યું. આ વિરહ અને તપ પછી ભજનવાણી દ્વારા પ્રગટ્યાં. જસોમાએ ગાયેલું ભજન આજે પણ ગિરનારી ભજન પરંપરામાં જીવંત છે. કહેવાય છે કે જસોમાની

વાણી સાંભળીને વિદાય થયેલા વેલનાથ મધરાતે બહાર આવેલા અને જસોમાને પણ ભૈરવનાથની ટૂંકે પોતાની સાથે સમાવી લીધેલા. જસોમાના ભજનમાંનો આર્તનાદ એવો છે કે વેલનાથને બહાર આવવું પડે છે, વહાલાનો વિયોગ દૂર કરવા માટે સમર્થ નીવડેલી ભજન વાણીનો ભારે મોટો મહિમા હોય એ સ્વાભાવિક છે. જસોમાની એ વિરહની વેદનશીલતાને પ્રગટાવતી પહેલવારુકી આરાધ ભજન વાણીનો આસ્વાદ લઈએ.

*'અમસું ગરનારી ! અંતર કર્યો વાલે !*
*અંતર કર્યો રે !*
*પડદા-પોસંગી વેલો રમવા ગિયો,*
*એ ... ખાવંદ જાતો રિયો રે !*
*ભોળવીને ભૂલવાડી ગિયો ........ અમસું.* ૧

*હો... સગડ હોય તો ધણીના, સગડ કઢાવું રે*
*સગડ કઢાવું રે*
*ત્રણે ભુવનમાંથી બાળુડાને લાવું ........ અમસું.* ૨

*હો.. થડ રે વાઢીને ધણી, પીછાં દઈ ગિયો રે*
*પીછાં દઈ ગિયો રે*
*રસ પવનમાં ગેબી રમવા ગિયો ........ અમસું.* ૩

*હો ગનાનની ગોળી ને, મેરુનો રવાયો રે*
*મેરુનો રવાયો રે*
*નખશિખ નેતરાં લઉ તાણી ........ અમસું.* ૪

*હો...મથણાં મથી, દીનાનાથને બોલાવું રે*
*નાથને બોલાવું રે*
*ત્રણે ભુવનમાંથી બાળુડાને લાવું ........ અમસું.* ૫

*હો વેલનાથ ચરણે, બોલ્યાં રે જસોમા*
*બોલ્યાં રે જસોમા*
*અખંડ ચૂડો મારે વેલનાથ ધણી ........ અમસું.* ૬'

જસોમા આર્તનાદે ગાય છે કે હે ગિરનારી સંત વેલનાથ ! તમે મારાથી અંતર રાખ્યું. પડદો રાખીને - મને દૂર રાખીને મારો સ્વામી અનંતની રમતમાં-લીલામાં-રમવા નીકળી. ગયો. મારો ખાવંદ જતો રહ્યો. મને ભોળવીને મારો



વાલો મને ભૂલી પાડીને જતો રહ્યો. જો એના પગલાંને શોધવાની સગવડ હોય તો ત્રણે લોકમાંથી એના સગડ શોધી કાઢીને એને મળું. મારો સ્વામીનાથ થડ વાઢીને એના પીંછા-આંકડાં મને આપી ગયો અને પોતે તો કોઈ ગેબી રમત રમવા નીસરી ગયા. જ્ઞાનની ગોળીમાં પરમતત્વનો રવાયો લઈને એ જે અચલ અટલ છે એ મેરુનો રવાયા દ્વારા નખશિખ નેતરા તાણીને એને મથીશ. હું મંથન કરીને મથીને કોઈ પણ રીતે દીનાનાથને શોધીને બોલાવીને એને ત્રણે ભુવનમાંથી બોલાવી લાવીશ.

વેલનાથને ચરણે બેસીને જસોમા બોલે છે, ગાય છે, મારો અખંડ ચૂડલો તો વહાલો વેલનાથ છે. જે અમરત્વને પામેલો છે. આમ એ ખરા અર્થમાં અમર અને અવિનાશી છે.

અહીં જસોમાનો વલવલાટ-વિરહ લોકસ્ત્રીસંત ભજનવાણી દ્વારા પ્રગટ થયો છે. એમનો આ આરાધ સાંભળીને વેલનાથને પ્રગટ થવું પડ્યું અને પોતાનામાં સમાવી લીધા. આરાધનો પ્રભાવ અજીબોગજબ છે. આરાધનો ઢંગ અને આરાધના વચનો સમાધીમાં સુતેલાને જાગૃત કરે છે, વિખૂટા પડી ગયેલાને ગળે વળગાડે છે, જોડે છે. આરાધના ક્યારેક ખાલી ગઈ હોય એવા ઉદાહરણો મળે છે. આરાધનામાં કસોટી થાય, પણ આરાધગાન-ભજનવાણી-ખાલી ગયાનું કોઈ ઉદાહરણ મળતું નથી.

આરાધ ઢંગ પણ ભારે હૃદયદ્રાવક છે. એમાં ભાવક તણાય છે. જાણે કે આરાધગાને ગત્યગંગા પ્રગટે છે અને એ ભાવગંગામાં ભાવકને, ભજનિકને પણ તણાવાની અનુભૂતિ થાય છે. આવી અનુભૂતિમાં એક વખત સંગાથ સાંપડેલો ભાયાણી સાહેબનો. નંદીગ્રામમાં એક સંધ્યાએ અમારી સાથે હતા, ડૉ. હસુ યાજ્ઞિક, નાથાલાલ ગોહિલ, નિરંજન રાજ્યગુરુ અને સન્મિત્ર મનોજ રાવલ. કોઈ વનવાસી ભજનિક એકતારાનો ઝણઝણાટી સાથે રણઝણતી વાણીમાં મકરંદભાઈના ચરણે બેસીને તોળીરાણીનો આરાધ ગાઈ રહ્યો હતો અને અમે તણાયા હતા એ આરાધ ભાવપૂરમાં. ભાવઓધમાં અંઘોળ એક સાથે કર્યાનું તીવ્ર સ્મરણ આજે ગિરનારી લોકસંતોની ભજનવાણીનો સ્વાધ્યાય આરંભ્યો છે ત્યારે પણ અકબંધ છે. ભારે બળુકી છે આરાધ ભજન રચના. જસોમાના આરાધ નિમિત્તે અતીતનો પણ પુનઃ સાક્ષાત્કાર થયો એના પરમાનંદ સાથે ગિરનારી લોકસંત વેલનાથ ચરણે ભાવવંદના કરવાનું સ્ફુરે છે. સ્વાધ્યાય, અધ્યયન અને ભજન અભ્યાસ-શ્રવણપાન દ્વારા એ થોડું ઘણું શક્ય બન્યું એનો ખૂબ આનંદ છે.

ગિરનારી લોકસંત પરંપરામાં વાઘનાથ શિષ્ય વેલનાથ, એમના શિષ્યો નારણ માંડળિયો, રાણિંગભગત, રામૈયો અને જસોમા – આ પાંચ લોકસંતોની આરાધ, પ્રભાતિયાં કે આગમ પ્રકારની ભજનરચનાઓનું ભાવવિશ્વ તથા એમના રચયિતાઓના લોકસંત વ્યક્તિમત્તા પરમતત્ત્વ, અલખની સાધના-ઉપાસનાનું અનોખું-પોતીકું ખરું રૂપ પ્રગટાવતું હોઈને આ લોકસંતોનું વૃંદ મને ગિરનારી પરંપરાની ભજનવાણીના જનક જણાયા છે. એમાં ગિરનાર માત્ર પરિસર નથી, સ્થાનક નથી, કૃતિનું કર્તાનું સાંસ્કૃતિક અને સમતાનું ધારક રૂપ છે, સ્વરૂપ છે. એ બધા લોકસંતોની ભજનવાણીને એકસાથે અવલોકીએ એટલે એક ભજનપરંપરાનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે. અને નાથની સાધ્ય સાધનધારાના તેજસ્વી અનુસંધાનરૂપ આ સંતવૃંદની ભજનવાણી એક પ્રકારની પરંપરા જણાઈ છે. આવી આગવી પરંપરાના નાનકડા - નાનકડા ઝરણાઓ, વહોળાઓથી ભજનપ્રવાહ સમૃદ્ધ, ગતિશીલ અને વૈવિધ્યપૂર્ણ રૂપ ધારણ કહે છે. ભજનપ્રવાહને સમૃદ્ધ કરનારી આવી વિવિધ પરંપરાઓને તારવીને એ સંતોના વ્યક્તિત્વનો, કર્તૃત્વનો અને કૃતિત્વનો પરિચય પ્રસ્તુત કરવાથી આપણી ભજનવાણીના ખરા સત્ય અને નર્યા સૌંદર્યની સમીપ પહોંચી શકાશે. ગિરનારી લોકસંતોના વૃંદ દ્વારા રચાયેલા અને આજ સુધી જનસમુદાયમાં જળવાયેલી ભજનવાણી એમાંના શાશ્વત અને સનાતન એવા ભારતીય મૂલ્યોની માવજતને કારણે આપણાં આસ્વાદ અને અભ્યાસનો વિષય બની રહ્યાં છે અને બનતા રહેશે.

૫

# સોરઠી સંતવાણી' : આસ્વાદ અને અવબોધ

ડૉ. દીપક પી. પટેલ

સંતસાહિત્યની વાત કરવી હોય ત્યારે આપણા સાહિત્ય પર નજર દોડાવીએ તો મધ્યકાળ આખો સંતસાહિત્યથી છલોછલ છલકાય છે. નરસિંહ, મીરાં, અખો, દયારામ, દાસીજીવણ, નિરાંત, ભોજલરામ, પ્રીતમ, ધીરો કોઈ પણ ભક્તકવિની વાત કરો બધા જ સંતો છે. એમનું સાહિત્ય સંતસાહિત્ય છે. સાથે સાંપ્રદાયિક પરંપરાઓ પણ આ સંતસાહિત્યનો હિસ્સો બની રહે છે. વૈષ્ણવ, પુષ્ટિમાર્ગ, રવિભાણ, સ્વામિનારાયણ, નિજીયા, મહાપંથ, નાથપંથ, નિજાર વગેરે અસંખ્ય પંથ પરંપરાઓમાં રહેલું સાહિત્ય એ સંતોની અનુભવવાણીનો અર્ક રજૂ કરે છે. સંતોની આ વાણીમાં પરમતત્ત્વની પ્રાપ્તિનો મહિમા-આનંદનો ઉલ્લાસ પ્રગટ થયેલો છે. નિજસુખની પરમતત્ત્વના અતિન્દ્રિય સુખની પ્રાપ્તિનો ઉમળકો એમાં સહજ રીતે ઝિલાયો છે. કંઠસ્થ પરંપરાની લોકવિદ્યાના અનેક વિભાગો પડે છે. એમાં જીવનના આનંદથી લઈ પરમતત્ત્વની પ્રાપ્તિ સુધીની વ્યાપ્તિ સમાયેલી છે. એટલે જ તો લોકસાહિત્યના વિશાળ વટવૃક્ષમાં સંતવાણી એનાં મીઠાં મધુરાં ફળ છે. લોકજીવનમાં જીવનના આનંદની માધુરી છે તો બીજી તરફ લોકજીવનમાં સંતવાણીનો મહિમા થયેલો છે. લોકવાણીના અંતિમ પરિપાક રૂપે જો કોઈ હોય તો તે ભજનવાણી છે.

: ૧ :

કંઠસ્થ પરંપરા એ લોકવિદ્યાની વિશેષ ઓળખ છે. આપણી સાહિત્યિક પરંપરાઓને તપાસતાં જણાય છે કે એક ગ્રેટ-ટ્રેડિશન અને બીજી લીટલ ટ્રેડિશન મળે છે. 'ગ્રેટ ટ્રેડિશન : જે સંસ્કૃત ભાષાના લિખિત ગ્રંથોની પરંપરા અને બીજી

લીટલ ટ્રેડિશન : એટલે કે પ્રાદેશિક - રિજિયોનલ કે વર્નાક્યુલર - ભારતીય ભાષાઓની મૌખિક પરંપરા-કંઠસ્થ પરંપરાની રહી છે. બીજી પરંપરામાં લોકજીવનનું વિશેષ પ્રાગટ્ય થયેલું છે. જેથી આપણી પ્રાચીનતા, ધાર્મિકતા કે નૃવંશશાસ્ત્રીય અભ્યાસો આ લીટલટ્રેડિશનના સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. આ સંદર્ભમાં નવ્ય ઈતિહાસવાદની સાથે જોડીને સાહિત્યના ઈતિહાસમાં આપણી સાંસ્કૃતિક મહત્તાનાં પાસાંનો સમાવેશ થવો જોઈએ, તો જ ભાષા-સાહિત્યનો ઈતિહાસ એનું પૂર્ણરૂપ પામી શકે. કંઠસ્થપરંપરાનું લોકસાહિત્ય આ સંદર્ભમાં 'કોલેબરેટિવ' અને 'કોમ્બિનેટિવ' એવી મુદ્રામાં રહેલું જણાય છે.'[૧]

સાહિત્યનો સંબંધ સમાજની પરંપરા - માન્યતા કે ધાર્મિકતાઓ સાથે જોડાયેલો હોય છે. કંઠસ્થપરંપરાના સાહિત્ય માટે અંગ્રેજીમાં 'ઓરલ ટ્રેડિશન લિટરેચર' અને 'ફ્લોટિંગ લિટરેચર' જેવી સંજ્ઞાઓ પ્રયોજાઈ છે. આ સંજ્ઞા માટે ગુજરાતીમાં હરિવલ્લભ ભાયાણીએ 'મુખપાઠ પરંપરાનું સાહિત્ય' અને કનુભાઈ જાનીએ 'કંઠસ્થપરંપરાનું સાહિત્ય' જેવી સંજ્ઞાઓ પ્રયોજી છે.

'લોકવાઙ્મય'નું સ્વરૂપગત વિભાગીકરણ કરતાં કનુભાઈ જાનીએ 'કંઠસ્થ લોકવિદ્યા'નાં શાબ્દીક કે અશાબ્દીકથી લઈ કથ્યરૂપોનું વર્ગીકરણ કર્યું છે. આ વર્ગીકરણમાં તત્ત્વજ્ઞાન અને ધર્મગત સંબંધ ધરાવતા સાહિત્યને બળવંત જાનીએ ઉમેરીને વ્યવસ્થાગત વર્ગીકરણ કર્યું છે.

'૧. વિવિધ સંપ્રદાયના પ્રવર્તક સંતોનું અને અનુયાયીઓનું ભજન સાહિત્ય-સંત સાહિત્ય.
૨. નારી-વૃંદ દ્વારા પ્રસ્તુત થતું ધોળ-કીર્તન અને પદનું સાહિત્ય.
૩. ચારણી-બારોટ-રાવળોનું સાહિત્ય.
૪. વિધિવિધાનોનું સાહિત્ય
૫. ધર્માંતરિત પ્રજાનું સાહિત્ય.'[૨]

સંતસાહિત્ય એ કંઠસ્થપરંપરાનો એક ભાગ છે. આ અંગે કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ઈ.સ. ૧૯૨૫માં ભારતના તત્ત્વજ્ઞાનીઓની પ્રથમ પરિષદના અધ્યક્ષસ્થાનેથી 'ધ ફિલૉસોફી ઑફ અવર પીપલ' શીર્ષકથી વ્યાખ્યાન આપીને બંગાળના બાઉલોની કંઠસ્થ પરંપરાની વાણીમાંથી પ્રગટતા તત્ત્વજ્ઞાનના મુદ્દા તરફ ધ્યાન દોર્યું હતું.

આપણા સાહિત્યમાં લોકવાઙમયના સંતસાહિત્ય વિશે ઝવેરચંદ મેઘાણી, જયમલ્લ પરમાર, મોહનલાલ રાયાણી, જોરાવરસિંહ જાદવ કે મકરંદ દવેએ આ સાહિત્ય માટે પ્રયાસો કર્યા છે. જેમાં બળવંત જાની, નાથાલાલ ગોહિલ, હસુ



યાજ્ઞિક, નિરંજન રાજ્યગુરુ, દલપત પઢિયાર વગેરે અભ્યાસીઓએ પણ કાર્ય કર્યું છે.

: ૨ :

મેઘાણીના સંતસાહિત્યના પ્રદાનની વાત કરવાની છે ત્યારે કંઠસ્થ પરંપરાનું મેઘાણીનું સાહિત્ય બે તબક્કામાં વહેંચાયેલું છે. ઈ.સ. ૧૯૨૪-૨૫ થી ૧૯૩૨-૩૩ સુધીના પ્રથમ તબક્કામાં લોકસાહિત્યનું એમણે સંશોધનકાર્ય - ફિલ્ડવર્ક કરી એકત્ર કર્યું. ઈ.સ. ૧૯૩૭ થી ૧૯૪૭ સુધીનાં બીજા તબક્કામાં આ કંઠસ્થ સાહિત્યને વિવેચનાત્મક અભિગમથી તપાસી સેળભેળ થયેલ સામગ્રીની શુદ્ધિ-વૃદ્ધિ અને સિદ્ધાંતોની સ્થાપના તરફ વળ્યા.

ઝવેરચંદ મેઘાણીના લોકસાહિત્યનો અંતિમ મુકામ એટલે 'સોરઠી સંતવાણી'. આ પુસ્તક આખું છપાઈ ગયું તેનો પ્રવેશક તૈયાર કરી આપીને છાપખાનામાંથી એ પ્રવેશકનાં પ્રૂફ જોવા આવ્યાં તેને આગલે દિવસે જ મેઘાણીજી આ દુનિયા છોડી ચાલ્યા.

મેઘાણી એક તરફ લોકસાહિત્યના સંશોધક - સંપાદક અને વિવેચક તરીકે કાર્ય કરે છે તો બીજી તરફ એમના સંશોધન દ્વારા પ્રાપ્ત કંઠસ્થ લોકસાહિત્યમાં લોકજીવન - ચારણ - બારવટિયા અને સંતસાહિત્ય જેવી ત્રિવિધ પાંખ જોવા મળે છે.

આ ગ્રંથના નિવેદનમાં મહેન્દ્રભાઈ મેઘાણીએ નોંધ્યું છે કે - 'છેલ્લા થોડા મહિનાઓ દરમિયાન એમનું ચિત્ત સંતોની ભજનવાણી ભણી વધુ ને વધુ ઢળતું ગયેલું એ, એક સ્નેહીજને હવે એમના સંસ્મરણોમાં લખ્યું છે તેમ પોતે નવાં કાવ્યો લખતા ન હોતા કારણકે આ ભજનવાણીમાં જ એમની લાગણીઓના પડઘાએ સાંભળતા હતા.'૩

ઈતર સાહિત્યના લેખનની સાથે ભજન માટેનો મેઘાણીનો અનુરાગ ઘણાં વર્ષોથી જીવંત હતો. એ લેખન પ્રવૃતિની આંતસ્થગંગામાં એ પ્રવાહ સતતપણે વહેતો રહ્યો. ઈ.સ. ૧૯૩૨ના ઓક્ટો. - ડિસેમ્બરના 'બુદ્ધિપ્રકાશ'માં એમણે 'સૌરાષ્ટ્રના ભજનિક સંતો' નામે લેખ લખેલો, ત્યારથી એનો સ્પષ્ટ પડઘો એમના મનમાં 'સંતસાહિત્ય' પ્રત્યેના લગાવને રજૂ કરે છે. મેઘાણીની પહેલી માસિક પુણ્યતિથિએ આ પુસ્તક બહાર પડે છે.

'સૌરાષ્ટ્રના ભજનિકસંતો' લેખમાં સોરઠી ભજનિક સંતો અને તેમની

કાવ્યવાણીને 'સંતસાહિત્ય'ના પ્રવેશદ્વાર રૂપે એમણે 'સોરઠી સંતવાણી'માં ૭૮ પાનામાં લાંબો પ્રવેશક લખ્યો છે.

'ધણી' કોણ છે ? ધણી શબ્દની સમજ આપતાં બાર-બીજના ધણી-નકળંક નેજાધારીને, સર્જનહારને ? પરમ આતમતત્ત્વને ? સતને ? કોને ? ગણવો ?

સોરઠી સંતવાણીમાં આરાધ્યદેવ 'નકળંક નેજાધારી'નું પ્રતીક બીજનો ચંદ્ર છે. સોરઠી ભજન પરંપરાની એક લાક્ષણિકતા છે કે આ 'બારબીજના ધણી' એવા નકળંક નેજાધારીને માટે 'ધણી' શબ્દ જ ભજનોમાં સંબોધાય છે.

આ 'ધણી'ને ગુરુસ્વરૂપ ધારણ કરીને કહે છે એનો પાર પમાતો નથી. એની અકળકળા જણાતી નથી. એ અખૂટ વિસ્મયનો વિષય બનીને આરાધ્ય છે. પછી આ સૃષ્ટિના ઘડવૈયા આ 'ધણી'એ પૃથ્વી રચી. મૂળ વગર પૃથ્વી-આકાશને રોપ્યાં. તમે તો થંભ વગર વિરાટ ગગનને ઠેરાવ્યું. આ અખંડ-ધણીની સાચી ઓળખાણ માટે, આ ભજન ભડાકાની અંદર મથામણ ચાલે છે. આ પરમતત્ત્વનો પાર પામવાની લોકની તાલાવેલી, મથામણ અંગેનો નિર્દેશ કર્યો છે. આ 'અખંડધણી'ની ઓળખાણ તો અનેક લોકસંતોએ કરાવી છે.

*'કાયાના ઘડનારાને તમે ઓળખો રે,*
*રામ અભીઆગતને નરખો રે*
*રામજીને બનાયા પવન ચરખો...' (પૃ. ૧૨)*

*ધૂડના ઢગામાંય જી*

*જ્યોત જલત હૈ.*
*અંધાર મટ્યોં કાળા દલકો*
*એને અજવાળે રામ, અગમ ન સૂઝ્યો તેને*
*ભેદ મળ્યો નૈ એના ઘર કો*
*રામજીને બનાયા પવન-ચરખો. (પૃ. ૧૩)*

સોરઠિયા સંત રવિસાહેબને થયેલા અભેદનું દર્શન અહીં સચોટ રીતે આલેખન પામ્યું છે. ભગવાને બનાવેલા આ અમૂલ્ય દેહને 'સરખો' 'ચરખો' કરીને ઉઆરવામાં આવે છે. પવન ચરખો આ દહેને 'જિયાં જુઓ તિયાં સરખો' કહી, રવિદાસ અભેદનું દર્શન કરાવે છે. એ દેહના દેવળે દેવળે રામ પોતે જ હોંકારા દે છે. જ્યોતિ જલે છે - પણ ક્યાં !

સંતવાણીમાં દષ્ટિસમીપના વાસ્તવની મજબૂત પકડ હતી. જૂઠ, પાખંડ



અને પ્રતિમાવાદના હદ છાંડી ગયેલા અજ્ઞાનબંધ પર એ જ બીજ ચંદ્રની રાત્રિએ ભજન-ભડાકા અફળાય છે.

મૂર્તિપૂજાને નહિ, પણ જાગતા નરને સેવીએ, તો જ તે નિરંજન દેવને મળી શકાય. મૂર્તિપૂજાની આવી વેધક વિડમ્બના નાથ-સંપ્રદાયમાં છેલ્લા નવ વિધાયક અને લોકસંત ગોરખનાથે ઉડાવી પણ ભજનવાણી એકદેશીય નથી. ગોરખ, દેવાયત, રવિ, મોરાર, જેઠીરામ, લાખો-લોયણ આ બધાં ભજનોએ અલગ અલગ વાદ વચ્ચે પણ વિતંડા માંડતી કૃતિઓની રચના કરી. એ સંતોની વાણીનું એક સમુચ્ચય સારૂપ છે. એ શબ્દોમાં સમષ્ટિનાં આત્મમંથનો સાકાર થયાં છે. આ સંતવાણીની બહુલતા અનેક રીતે એમાં પ્રગટે છે.

દા.ત., સર્જનહાર પરમેશ્વરનાં સ્તોત્રો, ગુરુશરણાગતિ, ગુરુપ્રશસ્તિ, ગુરુવિરહ, પ્રેમલક્ષણા ભક્તિના પ્રકારો, આત્માને ચેતવનારાં ભજનો : મનખાદેહનાં મૂલ્ય દાખવતાં પદો, યોગસાધના, વૈરાગ્ય, બ્રહ્માનંદની મસ્તી, આગમનાં, અવળવાણી, આખ્યાયિકાઓ, પ્રભાતિયાં, આધાર-રવેણી, સાવળ કેટકેટલી બાબતો આ સંતવાણીમાં વિધવિધ રીતે સમાવિષ્ટ થઈ છે.

મેઘાણીજીએ આ સંતવાણીની સમર્થ અભિવ્યક્તિના મૂળની શોધ આદરતાં તેઓ એ ભજનિકોના જીવનનો ખ્યાલ પણ અહીં સંશોધનાત્મક રીતે આપે છે. દા.ત., ભાણસાહેબના જીવન અને ક્વનનો નિર્દેશ થયો છે. એ જ રીતે ખીમ સાહેબ, રવિ, મોરારસાહેબ, સંતહોથી, ત્રિકમ સાહેબ, દાસીજીવણ વગેરેના જીવન અને જીવનસાધનાના પરિપાકરૂપ સંતવાણીને મેઘાણી સાધાર ટાંકે છે.

એટલું જ નહીં પણ ભારતીય તત્ત્વજ્ઞાનની ધારા સાથે આ ભક્ત કવિઓની મૂળધારાને અનુસંધિત રીતે જોવાની એમની સંશોધક તરીકેની કુનેહ નોંધપાત્ર રહી છે. ભક્તિરસના આ અખંડ ઝરાની શોધ કરતા સંશોધક મેઘાણી પ્રોફે. રાનડે આ વિધાનને તર્કબદ્ધ રીતે જોડે છે. 'હિસ્ટરી ઓફ ઇન્ડિયન ફિલોસોફી' નામના ગ્રંથોને ફંફોરે છે. રહસ્યવાદ, ઉપનિષદની ભક્તિસાધના, 'હિન્દી સાહિત્ય કા ઇતિહાસ' - રામચંદ્ર શુકલે કહ્યું વિધાન ટાંકીને શ્રી હજારીપ્રસાદ દ્વિવેદીએ 'સૂર સાહિત્ય'માં રામચંદ્રના મતનું ખંડન વગેરે બાબતોનો સાથે ગ્રિયર્સ વગેરેનાં વિધાનોને સાધાર ટાંક્યાં છે. સાથેસાથે બૌદ્ધ ધર્મ, નાથપંથ, દક્ષિણભારતમાં શ્રી રામાનુજની ભક્તિપરંપરા વગેરેની સાથે કબીર અને બંગાળની ભક્તિ પરંપરામાં રહેલા સંતસહિત્યનાં મૂળિયાંની તપાસ આદરે છે. પરસ્પર ભારતના વિવિધ ભક્તિ સંપ્રદાયો કે સંતો પર પડેલા એકબીજાના પ્રભાવની અસરો કેવી રીતે કારગત બની

છે તે ખૂબ જ સૂક્ષ્મ રીતે મેઘાણીએ તપાસ્યું છે.

વ્યાપક રીતે સંતસાહિત્ય તરીકે ઓળખાયેલું આ ભજનસાહિત્ય આપણે ત્યાં લિખિત કરતાં કંઠસ્થ પરંપરામાં વિશેષ ઉપલબ્ધ છે. આવું સંતસાહિત્ય કે સંતવાણી કંઠસ્થ પરંપરાનું આભરણ છે. એમાં મોટેભાગે કર્તાની નામ છાપ પણ મળે છે. વિવિદ સંપ્રદાયના પ્રવર્તકો - સંતોએ કે તેમના અનુયાયીઓએ આ ભજનો રચ્યાં છે. જેમાં સંપ્રદાયની વિશેષતાઓ, સાધનાપદ્ધતિ વગેરે એમાં જોવા મળે છે. એમાં પાઠભેદ થતો નથી પણ નિશ્ચિત પાઠની આ રચનાઓ મળે છે.

અહીં સગુણ અને નિર્ગુણ એમ બન્ને પ્રકારની ભક્તિમાર્ગની આરાધના છે. આપણી પ્રાચીન પરંપરામાં રહેલી નવધાભક્તિની રીતિ છે તો ક્યાંક પરમેશ્વરના માત્ર ગુણગાન ગવાયા છે. તો ક્યારે પરમેશ્વર રૂપ હરિ એવા સંતોનાં વર્ણનો પણ મળે છે. આ ભજન રચનાઓમાં સંપ્રદાય, જાતિ, જ્ઞાતિ અનુસાર પાઠભેદની શક્યતાઓ રહેલી છે.

'ઊર્મિના આવેશ અનુભવી અપાર્થિવ મસ્તીમાં 'એક્સ્ટસી'માં ચડી જઈ એ ભજનિકો કાવ્ય રચતા. અલખ, અગમ, ગગન-જ્યોત, બ્રહ્મ-ઝાલરી વગેરે તત્ત્વોનું ચિંતન કરનારા એ શોધકો અને સાધકો હતા..' (પૃ. ૩૪) આ સંતકવિઓમાં આત્મસમાધિની સૂરાવલિ પ્રગટે છે. 'એમાં જીવનનો નર્યો વૈરાગ્ય નથી, કે અસારતા ન હતી પણ એમાં આત્માની સમાધિના સૂર પ્રધાન ભાવે સંભળાતા...' (પૃ.૩૮)

: ૩ :

'સોરઠી સંતવાણી'ના સંપાદનમાં આટલા લાંબા પ્રવેશક પછી મેઘાણીએ છ વિભાગો પાડીને સંતવાણીને મૂલવવા એના પ્રધાનસૂર મુજબ વર્ગીકરણ કર્યું છે. પ્રથમખંડનો 'ધણી અને ધરતી' શીર્ષક આપવામાં આવ્યું છે. આ ખંડની આરંભમાં મંગલાચરણ રૂપ પદને બાદ કરતાં અગિયાર ભજનો સંગ્રહવામાં આવ્યાં છે. જેના આરંભે સાખી મૂકવામાં આવી છે. આદ્યશક્તિ ભવાની પછી પાંચ દેવ, ગણપતિની યાચના કરીને પદો અહીં ક્રમબદ્ધ મૂક્યાં છે.

'મનવા જપી લે !'માં 'હરિ'ના રટણનો મહિમા યોગમાર્ગની સાધનાથી પરમેશ્વરીની પ્રાપ્તિનો મહિમા બતાવ્યો છે. સૃષ્ટિ સમગ્ર પાંચ તત્ત્વોની બનેલી છે. સુરતા અર્થાત આંતરદૃષ્ટિ શૂન્યના સર્વોચ્ચ મુકામે ચડી જાય જ્યારે પરબ્રહ્મની પ્રાપ્તિ થાય ત્યારે -

*ઈંગલા રે પિંગલા સેવા સાધની,*
*સુખમણા નાડી તોરી સેજે ખડી;*



*ત્રિકૂટી-મ્હેલમેં હુઆ ઉજલાવી,*
*જલમલ જલમલ જ્યોત જલી –*
*રે મનવા ! જપીલે હરિ ! હરિ.'* (પૃ. ૫)

ઈંગલા, પિંગલા ને સુષુમ્ણા નાડીઓ સેવામાં ઊભી છે. લલાટે જાણકે-ત્રિકૂટિ મહેલનાં અજવાળાં થાય છે. ઝલમલ ઝલમલ જ્યોત જલે છે. દેવારામને રામગુરુ મળ્યા ને એને સાચી જડીબુટ્ટી હાથ લાગી ગઈ.'

'શબદ' માં બ્રહ્માંડની ઉત્પત્તિ 'શબ્દ' વડે થઈ છે એવો નિર્દેશ થયો છે. આ ભજન કબીરને નામે કાઠિયાવાડમાં ગવાય છે. 'રવેણી' તરીકે જાણીતી આ રચના છે.

*આદ્દુની રવેણી કહું વિસતારી જી,*
*સુણો ગુરુ રામાનંદ કથા અમારી જી.*
*પેલે પેલે શબદે હુવા રણુંકારા,*
*ત્યાંથી રે ઉપન્યા જમી અસમાના.* (પૃ. ૭)

આ જગતમાં પ્રથમ 'શબ્દ'નો રણકાર થયો ને પછી 'ૐ' પેદા થયો પછી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ધીમે ધીમે સૃષ્ટિ ઉત્પન્ન થઈ.

સોરઠની સ્ત્રીસંત લોયણ શિષ્ય લાખાને પ્રબોધતાં 'મૂળ વચન' ભજનમાં આ સૃષ્ટિ વચનના આધાર પર ટકેલી છે. આદિપુરુષ - પરમાત્માનું એ વચન ચૌદલોકમાં રમે છે.

*'જીરે લાખા ! આદને અનાદમાં વચન છે મોરું જી*
*એને જાણે વિવેકી પૂરા હાં.'* (પૃ. ૧૦)

સંવાદાત્મક આ પદમાં 'આદિવચન'નો મહિમા અને પરમેશ્વરી એ આદ્યવાણીનું મહામૂલ જીવનનો - સૃષ્ટિનો આધાર છે.

'ઓળખો'માં ગુરુજીને ઓળખવાની વાત છે. આવા પરમાત્મસ્વરૂપને કોઈ વિરલા જાણે છે. ગુરુનો પાર કોઈ પામી શકતો નથી. ગુરુ જ પરમેશ્વરનું રૂપ છે. દેવાયત પંડિતનું આ પદમાં શૂન્ય શિખર પર અલખ અખાડાનો મહિમા પ્રગટ કરે છે. જ્યાં સવાયું નૂરી-તેજ વસે છે.

*હાં રે હાં ! સુન રે શિખર પર અલખ અખેડા જી-હોજી જી.*
*એ જી વરસે નૂર સવાયો*
*એ વારી ! વારી ! વારી....* (પૃ.૧૧)

'સ્વયંભૂ' રચનામાં આ સૃષ્ટિમાં એકેય તત્ત્વ ન હતું ત્યારે ઈશ્વર કર્તા ધણીનું પ્રાગટ્ય થયું. તેનો સંકેત છે. એમણે આ સાચો મહાધર્મ પ્રગટ કર્યો છે. મૂળદાસના આ પદમાં માનવની ભીતરથી જાગૃતિ હોય તો તે મહાધર્મને પામે છે.

*શબદ નિત હોઈ અને ઉનમૂલ રેનાજી,*
*ત્યારે જાત વરણ નવ ભાસો રે જી.*
*મૂલદાસ કે' જે નર ભીતર જાગ્યા રે જી,*
*તમે મહા રે ધરમ ને પાળો રે જી.* (પૃ. ૧૪)

'મહાભક્તિનાં મૂલ' રચનામાં સૃષ્ટિઉત્પત્તિ પછી ઉમિયા શિવને મહાભક્તિનું રહસ્ય પૂછે છે. એકલા પુરુષની પાસે જ એ રહસ્ય ન રહે એટલે સ્ત્રી પણ એમાં ભાગીદાર બને એ આશય એમાં જણાય છે. પરમેશ્વરે શિવને મહાસંહિતનું રહસ્ય સમજાવ્યું ને પછી ઉમિયાને એ પ્રાપ્ત થયું એમ મહાપંથની ઉપાસનામાં પુરુષ-સ્ત્રી બન્ને સાધકોને એની સાધના માટે મોકળાશ પ્રાપ્ત થાય છે.

'મહિમા' પદમાં ભક્તિના મહાપંથને 'નિજાર' ધર્મ તરીકે પૂજવાની ભૂમિકા પ્રગટ થઈ છે. જ્યોત સ્વરૂપ પ્રભુને ભજવાનો ધર્મ એ પુરાતનથીયે પુરાણો છે. અહીં પરમેશ્વરની જ્યોતરૂપે ઉપાસના થાય છે.

આ નિજાર - ને બીજધર્મ પણ કહે છે. એ ભક્તિમાર્ગના ઉપાસ્ય ધણી ઈશ્વર છે. 'ચાલો નમે નિર્મળા' પદમાં આ માર્ગની આગવી દૃષ્ટિથી પ્રાપ્ત થયાની વાત થઈ છે. 'ધૂનો ધરમ'માં પણ પુરાતનધર્મનો મહિમા જ પ્રગટ થયો છે. અહીં પૃથ્વીલોક સાથે પાતાળલોકનો અને વાસુકિ વગેરેનો ઉલ્લેખ પણ થયેલો છે. 'માતા ધરતી' પદમાં ધરતી માતાની મહાનતા બતાવી છે. ધરતી દેવીની મૂર્તિરૂપ છે. એ સઘળાને પાળે છે. દયાવાન છે. જન્મ-મરણમાંથી મુક્ત પણ કરે છે. 'પીરનો પુકાર' રચનામાં જેસલ નામના સંતે પોતાની તોળલ નામની સ્ત્રી ગુરુના મૂર્છિત દેહને સજીવન કરવા માટે, જ્યોતપૂજનના રાત્રિ સમારંભમાં એક ભજન ગાયું હતું એવી કથા આ પદમાં વર્ણવાયેલી છે. અહીં સૃષ્ટિઉત્પત્તિના સંદર્ભથી આરંભાયેલી આ ભજન રચનામાં શૂન્યમાં ધણી વિશ્વંભર આપોઆપ સર્જાયા હતા. એવા ગુરુનો મહિમા પ્રગટ કર્યો છે. એવા ખાવંદ ધણીનું સ્વરૂપ કેવું હતું તે કાળે ? તેનો નિર્દેશ છે એને શ્વાચ્છોશ્વાસ પણ ન હતો, કોઈ એનું રૂપ ન હતું. એવા સૂક્ષ્મરૂપી પરમેશ્વરે જેસલની વિનંતીથી ગુરુ તોરલદેને સજીવન કર્યાનો ચમત્કાર આ પદમાં શ્રદ્ધા ભક્તિના મૂલ્યને બળવાન બનાવે છે.



પ્રથમખંડની આ સંતવાણીની રચનાઓમાં —

- સૃષ્ટિઉત્પત્તિના સંકેતો મળે છે.
- પરમેશ્વરે આ સૃષ્ટિની રચના કેવી રીતે કરી છે તેની મહત્તા
- આ સૃષ્ટિ પર મહાપંથની ઉપાસના પદ્ધતિનાં મૂળ કેવી રીતે નંખાયાં.
- યોગમાર્ગની આરાધના.
- મહાપંથમાંથી વિવિધપંથની ઉત્પત્તિ
- પંચતત્ત્વોથી બનેલી આ સૃષ્ટિનું પ્રાગટ્ય
- પરમેશ્વરના આદિવચનનું મહત્ત્વ
- ગુરુનું સ્થાન પરમેશ્વર સાથે જોડાયેલું છે એમ પણ અધિક છે.
- 'મૂળ વચન' અને 'પીરનો પુકાર'માં શૈલીગત - અભિવ્યક્તિની લાક્ષણિકતા પ્રગટે છે. પ્રથમ પદમાં લોયણ-લાખાને ઉદ્દેશીને 'આદિવચન'નું રહસ્ય - મહત્ત્વ સમજાવે છે તો 'પીરનો પુકાર'માં જેસલ તોરલને જ્યોતની પૂજા દ્વારા અંતરના બળથી સજીવન કર્યાનો પ્રસંગ ચમત્કાર પ્રગટાવે છે.
- પરમેશ્વરના સૂક્ષ્મરૂપ અને સૃષ્ટિમાં વ્યાપ્તિનો મહિમા પ્રગટ થયો છે.
- આ ભક્તકવિઓ સમાજના લોકોને ઉદ્દેશીને પરમેશ્વરનું એ રહસ્ય સમજાવવાનો પ્રયત્ન કરે છે.

: ૪ :

'ભક્તિનો માર્ગ' વિષયક બીજા ખંડમાં અગિયાર રચનાઓ મૂકવામાં આવી છે. એમાં ભક્તિનો મહિમા અને ભક્તિમાર્ગની વિલક્ષણતા દર્શાવી છે.

જેઠીરામ કૃત 'ફૂલ કેરી પાંખડી' ભજન રચનામાં ભક્તિમાર્ગનો મહિમા પ્રગટાવ્યો છે. શૂરા-કાયરનો ભેટ દર્શાવ્યો છે. ભક્તિનો માર્ગ વૈરાગ્ય ઉપજાવે છે. એનો સ્વાદ તો અણમોલ છે.

*'સ્વાદને સુંધ્યા રે ગોપીચંદ ભરથરી રે*
*જેને વનમાં ઉપજ્યો વેરાગ...'* (પૃ. ૩૩)

ભક્તિમાર્ગને 'થોડે થોડે પિયો !' રચનામાં રૂપકાત્મક વાણીમાં રજૂ કર્યો છે.

*'તન ઘોડો મન અસવાર,*
*તમે જરણાંનાં જીન ધરોનેજી.*
*શીલ બરછી સત હથિયાર,*
*તમે માયલાસે જુદ્ધ કરો ને હાં.'* (પૃ. ૩૪)

શરીર રૂપી ઘોડામાં રહેલા અહમને સદાચારની બરછી અને સતના હથિયારથી કાઢવા માટે જાત સાથે યુદ્ધ કરવાની હાકલ કરી છે.

એકતરફ ભક્તિના માર્ગને ફૂલો સાથે સરખાવી તેની કોમળતાની વિશિષ્ટતા બતાવી છે તો રાજ અમર નામના સંતને મતે ભક્તિ ખડ્ગની ધાર સમાન છે.

*'ભગતી છે ખાંડા કેરી ધારજી*
*ભગતી છે ખાંડાની ધાર*
*તેમાં કોઈ વિરલા સમજે સાર.'* (પૃ. ૩૬)

ભક્તિનો માર્ગ કઠણ છે. એનો ભેદ ન્યારો છે. સંત-ભક્તને મળેલી આ અમૂલ્ય ચીજ ન્યારી છે. અનન્ય છે. તેનો મહિમા આ રચનામાં સરળ રીતે પ્રગટ કર્યો છે. સાચી ભક્તિ તો માનવની વૃત્તિઓથી પર છે. માયા, મમતા, મોહથી એ પર છે. આ માર્ગમાં કોઈ ગુરુ કે કોઈ ચેલો હોતો જ નથી. ભક્તના હૃદયમાં રહેલું આત્મતત્ત્વ જ તેનું ગુરુપદ પ્રાપ્ત કરે છે.

*'ભક્તિ ભેદ હે ન્યારા*
*સંતો ! ભક્તિ ભેદ હે ન્યારા રે....*
*કોણ ગુરુ કોણ ચેલા તેરા,*
*ઘટમેં જ્ઞાન ઉતારો રે...'* (પૃ. ૩૯)

'ગુરુ થા તારો તું જ' અખાની આ અનુભૂતિનો રણકો આ પદમાં સંભળાય છે. ઘટભીતરમાં જ્ઞાન ઉતારવાની વાત થઈ રહી છે.

ભક્તિનો માર્ગ કેવો કઠણ છે તે 'બોત રે કઠણ છે' પદમાં સતી લોયણે - લાખાને સંભળાવ્યું છે. આવી સંતવાણીની પરંપરામાં તોળલદે -જેસલ, રૂપાંદે-માલદે, ડાળભદે - રાવત રણશી આ બધાં સંત-ભક્ત યુગ્મોમાં નારીનું આસન સદા ઊંચું, બળવાન અને ભક્તિમાર્ગના સાચા આરાધક બન્યા છે.

'અબળા એમ ભણે'માં આ બ્રહ્મની નિગૂઢ વિદ્યાનાં રહસ્યો કેવાં છે તેનો નિર્દેશ થયો છે. ભક્તિનું અંતિમ ફળ તો આત્માનું પરમાત્મા સાથેનું મિલન છે. પરમાત્મ તત્ત્વમાં વિલિન થવાનું છે. ભક્તિમાર્ગમાં પરમાત્માની ઓળખાણ જ એનું સાચું ધ્યેય છે. 'કરો ને ઓળખાણ' પદમાં પરમતત્ત્વની સાથે ઓળખનો મહિમા - ઉલ્લાસ પ્રગટે છે. 'ધ્રુપતી-પ્રબોધ'માં દ્રોપદી યુધિષ્ઠિરને બીજધર્મની કઠિનતા વિશે જણાવે છે. વિષયોની નજીક હોવા છતાં સાચા ભક્તો વિષય-વિકારમાં લોપાતા નથી.



*'કમોદની રે'વે જળની માંય*
*પુષપ જળમાં ડૂબે નહિ;*
*એમ જતિ રે'વે સતીયુંની સાથ*
*વિષયની વાસના વ્યાપે નહિ'* (પૃ. ૫૩)

સાચા ભક્ત વિષયના વિકારોથી નિર્લેપ બની, મહાસુખની હેલીમાં રમમાણા બને છે. ભક્તિમાર્ગમાં મન મરી જાય પછી કશું કરવા-પણું રહેતું નથી. ભક્તિમાં શબ્દનાં બાણ જેને વાગ્યાં તે નર તો જીવી ગયા. આવા સાચા ભક્તની સ્થિતિ વિરહીણી નાયિકા જેવી હોય છે. પાણીથી બહાર પાણી માટે તડપતી માછલી જેવી બની રહે છે. અહર્નિષ હરિની સાથે એનો તાર મળેલો હોય છે.

આ રચનાઓમાં ભક્તિમાર્ગની પ્રબોધના રજૂ થઈ છે.

- ભક્તિમાર્ગની કઠોર તપસ્યા
- ભક્તિ કરતાં મન પરનો વિજય અને વિષયોની નાબૂદી
- ભક્તિમ માર્ગમાં સ્ત્રી-પુરુષના ભેદ મટી જવા.
- શબ્દના બાણથી વિંધાયેલો ભક્ત પરમાત્મતત્ત્વની સાથે સૂરતા જોડે છે.
- ભક્તિ સંસારમાં છતાં અંતરથી સંસારથી પર
- આ પ્રકારની ભક્તિમાર્ગની વિલક્ષણતાઓ આ રચનાઓમાં પ્રગટે છે.

**: ૫ :**

ત્રીજાખંડમાં 'નવધાભક્તિ'નો મહિમા બતાવ્યો છે. ભક્તિના માર્ગે ચાલવા માટે ગુરુનાં વચનોમાં વિશ્વાસ, સત્સંગ, સતત ગુરુનો સંપર્ક, શીલ, સંયમ, વૃત્તિપર લગામ, મિત વ્યવહાર, જગતના લોકો સાથે વિવેકથી વર્તવું, લોકસંગત કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાને રાખવી, યોગક્રિયા કરવી એ દ્વારા ચિત્તને સ્થિર રાખવું, મન ઉપર કાબૂ રાખવો જેવી અસંખ્ય બાબતો ગંગાસતીએ પોતાની શિષ્યા પાનબાઈને સમજાવેલી. જેથી આ ભક્તિમાર્ગનાં ગૂઢ રહસ્યોને પામવા, તેમજ પામ્યા પછી નિત્ય એની આરાધના કરવી તથા તેમાંથી ક્યારેય વિચલિત ન થવું એવો બોધ આપ્યો. આવી શિષ્યાને પરમપંથનું દર્શન કરાવીને ગંગાસતીએ દેહત્યાગ કર્યો.

'મન નો ડગે' આ પદમાં મહાપંથના મારે મનની અડગતાની વાત કરી છે. અંતરના અહંકારને મટાડવા મનને સ્થિર કરવું જોઈએ.

*'સતગુરુ વચનમાં શૂરા થઈ ચાલે,*
*જેણે મેલ્યાં અંતરનાં માન રે*
*ભાઈ રે ! - નિત્ય રે'વું સંતસંગમાં ને*
*જેને આઠે પો'ર આનંદ રે,*
*સંકલપ વિકલપ એકે નહી ઉરમાં*
*જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદરે...'* (પૃ. ૬૧)

'સાધુની સંગ'માં શીલવંતા સાધુનો મહિમા પ્રગટ કર્યો છે. જેની ચિત્તની વૃત્તિ નિર્મળ બને તેની ઉપર મહારાજ - પરમાત્મા મહેરબાન થાય છે. પછી તો એની સાથેનું તાદાત્મ્ય અને સતગુરુના વચનોને જીવનનો આધાર બનાવવાનો રહે છે.

'ગુરુજીનું ધ્યાન' માં સાધકે ગુરુનાં વચનોને કેવી રીતે આરાધવાં તે દર્શાવ્યું છે. વચનની શક્તિ મહાન હોય છે. 'વચનનો વિવેક'માં વચનની વિલક્ષણતા પ્રગટ કરી છે.

*'વસ્તુ વચનમાં છે પરિપૂરણ પાનબાઈ !*
*વચને છે ભક્તિનું જોને અંગ;*
*ગંગા રે સતી એમ બોલિયાં રે,*
*કરવો વચન વાળાનો સંગ - વચન - વિવેકી.'* (પૃ. ૬૫)

'જુક્તિની જાણ'માં જુગતી કરનારને અનાદિથી ન મળેલ વસ્તુ પણ મળે.

*'ભાઈ રે ! -જુગતીથી સેજે ગુરુપદ જડે પાનબાઈ !*
*જુગતીથી તાર જોને બંધાય,....*
*જુગતીથી ત્રણ ગુણ નડે નહિ*
*જુગતી જાણે તો પાર પોંચી જાય - જુગતી'* (પૃ. ૬૬)

જગતમાં અસંખ્ય પ્રલોભનોની વચ્ચે અસંખ્ય આકરી પરિસ્થિતિમાં પણ 'મરજીવા થઈને' રહેવામાં મજા રહેલી છે. 'મરજીવા થૈ ને કાયમ રમવું'ને આમ થવાથી જીવનમુક્તની દશા પ્રગટશે, આપણામાં લાભ-હાનિની ભ્રમણા ભાંગી જાય. સંસારમાં રહીને સંસારથી પર રહી જીવનને મુક્તિથી પ્રમાણવાની વાત અહીં કરે છે. આવી દૃઢતા રાખવાથી તો નકળંકરાય રીઝી જશે. પછી મરજીવાનું પ્રમાણ ગંગાસતી આપે છે. આ મરજીવા કેવા હોય છે -



*'ભાઈ રે ! પોતાનું શરીર માને નહિ મનમાં,*
*શરીરનાં ધણી મટી જાય,*
*સતગુરુ ચરણમાં શીશ નમાવે,*
*ત્યારે પૂરણ નિજારી કે'વાય...'* (પૃ. ૬૮)

જ્યારે સમતા આવે ત્યારે જગતના તમામ ભેદ-ભૂલાઈ જાય છે. અભેદબુદ્ધિનો જન્મ થાય છે.

*'ભાઈ રે ! સતગુરુ વચનમાં સુરતાને રાખો,*
*તો તો હું ને મારું મટી જાય,*
*નિંદા ને સ્તુતિ જ્યારે સમતુલ્ય ભાસે*
*ત્યારે અભય ભાવ કે' વાય....'* (પૃ. ૬૯)

આમ કરતાં સાધકના જીવનમાં અકર્તાભાવ પ્રગટે છે. કર્તાપણું મૂકી દેવામાં આવે તો સઘળા પ્રપંચનો અંત આવે. જ્યારે આવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે -

*'નવધા ભગતિમાં નિરમળા રે'વું,*
*એમ કહે છે વેદને સંત...'* (પૃ. ૭૦)

'મન જ્યારે મરી જાય' રચનામાં સતગુરુના વચનને સમજવાના અધિકારી થઈએ ત્યારે અંતરનું માન-અહંકાર છૂટી જાય છે. જગતના તમામ ભાવો અને માનવની આંતરવૃત્તિઓનો પરિહાર થાય છે ત્યારે આત્માની શુદ્ધિ પ્રગટ થાય છે. આથી 'હું અને મારું' મનમાંથી નીકળી જાય છે.

આ ભક્તિના ચમત્કારો અને એની પરિષ્કૃતિ કેવી છે તે 'છાનામાં છાની' પદ રચનામાં પ્રગટ છે. જયદેવે જ્યારે શુદ્ધભાવથી ગોવિંદની ભક્તિ કરી ત્યારે ભક્તિરસ પ્રગટ્યો ને પદમાવતી સજીવન થઈ. જયદેવની આ ભક્તિ આરાધનાનો મહિમા અને ઈશ્વરનું પ્રાબલ્ય આ પદમાં મુખ્ય વિષય બનીને રજૂ થાય છે.

ભક્તિના મહાનમાર્ગને 'ગુપ્તરસ' પદમાં એની કઠિનતા કેવી છે તે બતાવી છે. એનું એક એક પ્રમાણ આપે છે. છેવટે આ માર્ગમાં તો ગંગાસતી કહે છે 'વરસાવો નિરમળ નૂર' આ નિર્મળતાનો માર્ગ છે. તમારું નૂર નિર્મળ બને તે જ સાચો શૂર બની શકે છે.

કેટલાંક દૃષ્ટાંતો પણ અહીં છે. 'ગજવાનો લાડવો' એનો રસ અગમ-અગોચર છે. પણ જ્યાં સુધી અધિકારીપણું કેળવાય નહીં ત્યાં સુધી એ પમાતો નથી. આથી કહે તે -

*ભાઈ રે ! આ તો ગુંજાનો લાડવો પાનબાઈ,*
*અહંભાવ ગયા વિના નો ખવાય,*
*કોટિ રે જનમની મટાડો કલપના ત્યારે*
*જાતિ રે પણું વયુ જાય...* (પૃ. ૭૪)

આ માર્ગ જાતને મિટાવી દેવાનો છે. દેહ છતાં વિદેહી દશાનો માર્ગ છે. એમાં જાતિ, જ્ઞાતિ, વર્ગ, વર્ણ, શરીર સઘળાથી બહાર નીકળીને માત્ર અંતર-આત્મા તરફ દૃષ્ટિ-મીટ મંડાય ત્યારે આ અમૂલખ વસ્તુની પ્રાપ્તિ થાય તેમ છે.

જે અગમ અગોચર છે. એવા 'અગમદેશ'નું દર્શન 'દેખાડું' એ દેશ ભજનમાં ગંગાસતીએ કર્યું છે. આ ગુપ્તરસનો ખેલ અને સ્વાદ અટપટો છે. આયુષ્ય તો વીજળીના ચમકારા જેવું છે. એમાં આ અમરત્વની પ્રાપ્તિ કેવી રીતે થાય ત્યારે –

*'ભાઈ રે ! પિંડ બ્રહ્માંડથી પર છે ગુરુ પાનબાઈ !*
*તેનો દેખાડું હું તમને દેશ.'* (પૃ. ૭૫)

પછી વચનનાં સાચાં બાણ ગંગાસતી પાનબાઈને મારે છે. આ બાણ વાગ્યાથી સૂરતા ચડે આસમાનમાં ત્યારે દેહદશા મટી જાય છે અને વિદેહીપણું વર્તાય છે. એનાથી પરિપૂરણ વચનમાં વર્તાય છે.

મનુષ્યજીવન જ આ પરબ્રહ્મને પામવાની દશાનું સાચું ઠેકાણું છે. પછી પસ્તાવો કર્યે કાંઈ વળે નહી. આ જન્મે જે કંઈ કરવાપણું છે તે તો જાતે જ કરવાનું છે. ભક્તિ તો જીવે પોતે જ કરીને શિવમાં ભળવાનું છે. મનુષ્યયત્નનો આધાર એમાં રહેલો છે.

*'ભાઈ રે ! આપ રે મુવા વિના અંત નહિ આવે પાનબાઈ !*
*ગુરુગમ વિના ગોથાં મરને ખાવે;*
*ખોળામાં બેસાડી તમને વસ્તુ આપું જેથી*
*આપાપણું વળી તરત જાવે....'* (પૃ. ૭૭)

આ અગમ અગોચર રસ અધિકારી બન્યા વગર મળે નહીં. અધકચરાને આપીએ તો એ ઢોળાઈ જાય.

*'ભાઈ રે ! આ અજર રસ કોઈ થી જરે નહિ પાનબાઈ !*
*અધૂરાને આપ્યે ઢોળાઈ જાય,*
*પીઓને પિયાલો પ્રેમ કરી પાનબાઈ !*
*ત્યારે લેરમાં લેર સમાય.'* (પૃ. ૭૮)



ભક્ત નરસિંહ મહેતાની પંક્તિમાં 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મની પાસ' અહીં ગંગાસતી 'લેરમાં લેર સમાય' આત્માનું પરમાત્માનાં ભળી જવાનો આ માર્ગ પાનબાઈને બતાવે છે. 'જ્યોતમાં જ્યોત સમાણી' જેવી પંક્તિઓ પણ અન્ય ભજનિક સંતોની રચનામાં મળે છે તે મૂળે તો બતાવે છે પરમાત્મમાં ભળીને આત્માનું સાચું રૂપ પામવાની વાત છે.

'રહેણીમાં રસ' આ વચનો પ્રમાણે ચાલવાથી જ હરિ-પદની પ્રાપ્તિ થશે. પૂર્ણસ્વરૂપની અનુભૂતિ થશે.

*'મેલ ટળે ને વાસના ગળે ને*
*કરો પૂરણનો અભિયાસ રે*
*ગંગા સતી એમ બોલિયાં ને*
*થાય મૂળ પ્રકૃતિનો નાશ રે'* (પૃ. ૮૦)

જીવ ભાવ મટીને શિવભાવ પેદા થાય ત્યારે પ્રકૃતિ નાશ થઈ પૂર્ણ પુરુષોત્તમ રૂપની સંપૂર્ણ ઝાંખી પામે છે.

'હરિનો દેશ'માં ગંગાસતી પાનબાઈને અગમદેશનું દર્શન કરાવે છે. જ્યાં વર્ણ ને વેશ નથી. સ્ત્રી કે પુરુષના ભેદ નથી એવા આ દેશમાં સ્થૂળ જીવનથી મુક્ત એવું સૂક્ષ્મ જીવન છે. પણ સૂક્ષ્મતાથી પણ ન્યારું એવું એ સ્થાન પરમાત્માનું નિવાસસ્થાન છે. ત્યાં પહોંચેલાની સ્થિતિ કેવી છે ?

*સૂક્ષ્મ સૂવું ને સૂક્ષ્મ ચાલવું ને*
*સૂક્ષ્મ કરવો ને'વાર રે,*
*શરીરની સ્થિરતામાં ચિત્ત જેવું કાયમને*
*વરતી ન ડોલે લગાર રે.'* (પૃ. ૮૧)

વૃત્તિઓની સ્થિરતા વ્યાપી વળે ત્યારે ઇન્દ્રિયો જીતાઈ જાય છે. ને સ્થૂળતા વચ્ચે પણ સૂક્ષ્મતાનો અનુભવ થાય તેવો આ હરિનો દેશ અગમ છે. વૃત્તિઓ અંતરમુખ બની જાય છે ને રોજ નિત્ય નવો રંગ આત્મા પર ચઢે છે. એ જ રસના ભોગી થવાની વાત આ ભજનમાં કરવામાં આવી છે.

આવાં 'ગુરુમુખી કોણ ?' તેની સમજ પણ ગંગાસતી આપે છે. જેની આશાઓ, વૃત્તિઓ નિર્મળ બની હોય, જેને કશાની - કોઈ વસ્તુની પ્રાપ્તિની ખેવના ન હોય તે જન ગુરુમુખી બને છે. પરમપથમાં અનેક સિદ્ધિઓ મળે પણ

એ સિદ્ધિની પણ જેને તમા ન હોય, કોઈ ના માટે એની સિદ્ધિનો ઉપયોગ નહીં સ્વ કે પર ત્યારે ગુરુમુખી બનાય છે. ગુરુના વચનોનો પૂરો આદર કરવો. ધન, વૈભવ કે લાલસાને ત્યાગવી.

*'ભાઈ રે ! આ લોક પરલોકની આશા તજવી ને*
*રાખવું અભ્યાસમાં ધ્યાનરે*
*તરણા સમાન બહુ સિદ્ધિઓને ગણવી ને*
*મેલવું અંતરનું માન રે....'* (પૃ. ૮૨)

ગુરુમુખી બને ત્યારે નાડીની શુદ્ધિ થાય છે. તે પણ કેવી રીતે થાય તે આ ભજનમાં દર્શાવ્યું છે. આ નાડી શુદ્ધિનો ખેલ પણ અગમ-અપાર છે. આવી સ્થિતિમાં 'ત્રિગુણની પાર' જઈ સત્ત્વગુણી બનવું જેથી વિદેહદશા પ્રગટે એ ત્રણ ગુણોથી એ પર થાય. જે તૂર્યાતીત બની જાય. પછી 'ક્રિયાશુદ્ધિ' બતાવી છે ગુરુશિષ્યનું એકત્વ સધાય, બર્હિચક્ષુ-આંતરચક્ષુ બની જાય. નિજનો આનંદ અલખની ઓળખ સાથે રમમાણ થાય છે. આવી સ્થિતિ પ્રાપ્ત થાય ને તાર પરમેશ્વરમાં લાગે ત્યારે કોઈ મિત્ર નહીં કોઈ શત્રુ નહીં સર્વે સાથે પ્રીતિનો દોર બંધાય છે. જીવમાત્રની મૈત્રી પમાય છે. 'સાંગોપાંગ' આ વસ્તુને પામીને આઠે પહોર આનંદની પ્રાપ્તિ કરવી. પ્રપંચોને ત્યાગવા, 'આચરણની રીત' માં જીવ શિવનું એકત્વ મળે છે ત્યારે નિરવાણની સ્થિતિ, જીવતાં મરી જવાની સ્થિતિ પ્રાપ્ત થાય છે. સતનો માર્ગ એની મહત્તા બતાવતાં ગંગાસતી ક્યારે પાનબાઈને 'એ વિવેકીગુરુ'થી બચવા જણાવે છે. એનો બોધ પણ આપ્યો છે. સાચા ગુરુ અને બની બેઠેલા ગુરુનો ભેદ કરી બતાવતાં ગંગાસતી કહે છે.

*'વચનલંપટ ને વિષય ભરેલાં ને*
*એવાં ની સાથે મેળવવો નહિ તાર રે.'* (પૃ. ૯૨)

'સુપાત્ર ગુરુ'માં ગુરુની પ્રાપ્તિ કરવા શું કરવું ? કેવી રીતે મેળવાય તેવી રીત ગંગાસતી આ ભજનમાં બતાવે છે.

આ માર્ગ અગોચર છે, 'બેપરવાઈ'નો નહીં. એટલે કુપાત્રને આ વસ્તુ કહેવી નહીં. જે એનો અધિકારપાત્ર ન હોય તેને આ વાત કરવી નહીં એવું સ્પષ્ટ જણાવે છે.

અધિકારી જીવના 'સંસ્કાર જોવા' આ માર્ગ અનેક જન્મોના પુણ્યરૂપ પૂર્વની સતની કમાઈ કરનારા જીવોને મળે છે. એટલે જ તો કહે છે -



*'જો પુરવનું પુરુષારથ હોય એહનું ને*
*તો મેળવવો વાતનો એકતાર રે.'* (પૃ. ૯૫)

'શિષ્ય કોને કરવો' કે 'ઉપદેશનું પાત્ર' કોને બનાવી શકાય તેની 'છેલ્લી શિખામણ'માં કોને ઉપદેશ કરવો તેની વાત ગંગાસતીએ કરી છે. 'હરિ સાથે એકતાર' આટલી શિખામણ આપી પદમાસન વાળીને ચિત્તના સર્વે સંવેદનો મટાડી અખંડ સમાધી લગાડો તો -

*'મહાદશ પ્રગટાવી તે ઘડીને*
*હરિને જોયા તે પંડ બ્રહ્માંડ રે.'* (પૃ. ૯૯)

છેવટે હરિમાં તાર મળી જાય છે. એનો ઉલ્લાસ કેવો છે.

ગંગાસતીએ જાણે કે મૂળ અવિદ્યાનો નાશ કર્યો છે.

*'ભાઈ રે ! અવિનાશી મેં અખંડ જોયા ને*
*જ્યાં નામ રૂપનો નાશ ને*
*સચ્ચિદાનંદ પૂરણ સદા સ્વામીની*
*તેને જોઈને થયો ઉલ્લાસ રે.'* (પૃ.૧૦૦)

જ્યારે બેહદનો અનુભવ થાય અને અનહદનાં તૂરાં વાગે ત્યારે છેવટે બ્રહ્માનંદની હેલીમાં મ્હાલતાં ગંગાસતી કહે છે.

*'જ્યારે જોવે ત્યારે હરિહરિ ભાળ્યા,*
*રસ તો પીધો અગમ અપાર રે,*
*એક નવધા ભક્તિને સાધતાં*
*મળી ગિયો તુરિયામાં તાર.'* (પૃ.૧૦૧)

હરિ સાથેનું ગંગાસતીનું આ મિલન આત્માનું પરમાત્મામાં ભળી જવું એ આનંદનો ઓઘ આ રચનામાં જોવા મળે છે. પાનબાઈને ઉદ્દેશીને ગંગાસતીએ રચેલાં આ ભજનોમાં ગંગાસતીનું સાધકપણું પ્રગટે છે. પરમાત્મતત્ત્વનો અનહદ પ્રેમ એની પરમજ્યોત પ્રાગટ્ય અનુભવાય છે. ગુરુ - સાધના - સાધનાપદ્ધતિ, સાચું-ખોટું સર્વે વાતને પાનબાઈને સ્પષ્ટરૂપમાં ગંગાસતી સમજાવી પરમજ્યોતમાં ભળે છે.

: ૬ :

ચોથાખંડમાં મેઘાણીએ આ ભજનવાણીની પરંપરામાં ગુરુનું મહત્ત્વ દર્શાવ્યું

છે. ગુરુની પ્રાપ્તિથી સઘળી માયાજાળ માંથી મુક્તિ મળે છે.

ગુરુને દેખતાં જ કેવો આનંદ વ્યાપી વળે છે.

*'અંગનાં ઓશીકાં ને પ્રેમનાં પાથરણાં*
*ગુરુજીને દેખી હું તો હરખી રે.'* (પૃ. ૧૦૫)

સાચા-સદ્ગુરુની પ્રાપ્તિ થાય તો તે કેવા હોય ?

*'સદ્ગુરુ એસા કીજિયે, જેસો પૂનમ ચંદ*
*તેજ કરે ને તપે નહિ, ઉપજાવે આનંદ.'* (પૃ. ૧૦૫)

જ્યારે જીવને સાચો પંથ બતાવનારા ગુરુ મળે છે ત્યારે તેનો આનંદ કંઈક અનેરો છે.

*'કોટિક ભાણ ઊગિયા દિલ ભીતર*
*ભોમ સઘળી ભાળી,*
*સૂન-મંડળમાં મારો શ્યામ બિરાજે,*
*ત્રિકોટીમેં લગી મુંને તાળી ! મારી બાયું રે.'* (પૃ.૧૦૭)

ભક્ત પોતાની જાતને ગુરુની આગળ ગભરુ ગરીબ શરણાગત તરીકે સ્વીકારે છે.

*'પાંચ તંતરા બન્યા તંબૂરા તેને*
*ખૂંટા લગાયા તિન ગુણકા...જી*
*ગુરુકી ગમસે ગગન સૂઝે તો*
*તાપ બુઝાયા તનકા...* (પૃ. ૧૧૦)

સાચા ગુરુને મળતાં તેમના નયનમાંથી વરસતાં નેહથી મારી આંખ ઠરે છે. 'ભે ભાગી' માં

*'વૃત્તિ મારી સંતચરણમાં લાગી રે,*
*સુરતા મારી સાધુચરણમાં લાગી રે,*
*તેણે મારી જો ભાંગી ભે ભાંગી,'* (પૃ. ૧૧૬)

સંત એ હરિનું રૂપ છે. તેના ચરણે ગયા પછી ચિંતા શાની હોય ?' 'કોઈ નૂરીજન નજરે આવે !' માં એવા કોઈ સંતની શોધ છે.



*'સત કી, રોટી, સબસે મોટી, પ્યાસ હોય સો પાવે,*
*દોઈ કર જોડી જેઠીરામ બોલ્યા, કર્યાં કરમ કહી જાવે;*
*કોઈ એવા નૂરીજન નજરે આવે.'* (પૃ.૧૧૯)

એક ભજનમાં સદ્ગુરુએ આ ભક્તજનને લોઢાને કડે બાંધી લીધા છે હવે દુર્બુદ્ધિના ઘોડા પર ચડવાનું હોય નહિ. એમ ભક્તે સ્વયં સંતની આજ્ઞાનું આરાધન કરવાનું રહે છે. 'કીધાં અમને લોહને કડે' પદમાં આ બંધન એકવાર બંધાયું પછી એ છોડાય નહીં.

'આ દેહમાં બેઠા' એ જ સાચા ગુરુજન છે. સાચા નિરંજનધારી છે. આથી ભક્ત કહે છે -

*'નાથ નિરંજન ધારી રે અલખ તારી ભાઈ રચના ન્યારી ન્યારી,*
*આ દેવળમાં મારો સતગુરુ બેઠા-નાથ નિરંજનધારી !* (પૃ. ૧૨૨)

આ સૃષ્ટિમાં હરિ - સદ્ગુરુનું રૂપ છે. તેના સિવાય કોઈ આ દુનિયામાં હવે દશ્યમાન થતું નથી. ભક્તને સઘળે હરિનું જ દર્શન થાય છે. રવિદાસના આ ભજનમાં સઘળે સચરાચરમાં વ્યાપ્ત એવી આ મહાશક્તિનું વર્ણન કર્યું છે. જ્યાં મન, બુદ્ધિ પહોંચે નહી, વાણીથી એ વર્ણવાય નહી, સ્થૂળ અને સૂક્ષ્મથી એ પર છે. નિર્ગુણ - નિર્મોહી નિશ્ચલ તત્ત્વસ્વરૂપમાં એ સમાયેલા એવા પરમાત્માને વંદન કરવાની વાત અહીં તો હરિની સકળ વ્યાપ્તિમાં જોવા મળે છે.

: ૭ :

ખંડ પાંચમા 'માનવ-અવતાર'ની વાત કરવામાં આવી છે. માનવજીવનની નશ્વરતા અને જીવનમાં કરવા જેવું એક કાર્ય તે પરમેશ્વરની પ્રાપ્તિનો મહિમા પ્રગટ કર્યો છે. જીવનક્ષણભંગુર છે. જીવનની લાક્ષણિકતાનો નિર્દેશ કરીને એમાં વિશેષે માનવમાં રહેલા પરમાત્મરૂપી મોરલાને પામવાની વાત છે. ક્યારેક આ કાયાનગરી નષ્ટ થઈ જશે. જીવ એ તો વણિક-વાણોતર છે. કેમકે આપણે એ ન ભૂલવું જોઈએ કે તારો શેઠ-માલિક તો ભગવાન-પરમેશ્વર પોતે છે. 'આવડાં તે રૂપ' ભજનમાં 'મોરલા'નું રૂપક અને ભરતલોકમાં તેના આગમનનો આનંદ છે. પરંતુ પ્રાપ્તિ તો હરિવરની કરવાની છે. આ કાયાનગરીમાં શેઠ-ભગવાન છે. તો 'પવન ચરખો'માં કાયાના ઘડનારની ઓળખ માટેની મથામણ છે. આવી પાંચતત્ત્વની અદ્ભુત કાયા જેણે બનાવી તે સર્જનહાર કેવો મહાન છે. રવિસાહેબ આ 'પવન-ચરખા'માં કહે છે કે કોઈ આ કાયાનો ગર્વ કરશો નહીં કેમકે તે તો ભગવાને ઘડેલો

દેહ-ચરખો છે. એ સદાકાળ સરખો નહીં રહે, એ તો ગમે ત્યારે બગડશે. 'અમર આંબો'માં આંબો ઉત્તમ જમીનમાં ઊગે છે. એમ ભક્તિરૂપી અમર-આંબો તો આવા કોઈ કોઈ વિરલાની ફળદ્રુપ ભૂમિમાં જ ઊગી શકે. આંબાના રૂપક દ્વારા ભક્તિનો મહિમા મોરાર સાહેબે સમજાવ્યો છે. આંબાની રોપણી કરતાં જ આપણે ધ્યાનમાં રાખવું જોઈએ. 'પ્રેમનું ખેતર'માં પરમેશ્વર સાથે આ પ્રેમના ખેતરને ખેડવાની વાત છે. પરમેશ્વરના પ્રેમ વિના આ ખેતર પડતર ન રહે તેની હાકલ છે. ભક્તિ કર્યા વિના જેમ માનવીનો જન્મારો નિરર્થક બની જશે માટે જીવનરૂપી આ ખેતરને પરમેશ્વરના પ્રેમથી ખેડવાની વાત થઈ છે. 'વાડીનો ચોર' માં પણ આ જીવનમાં છેતરાયા વિના જ આપણે આપણું પ્રભુકાર્ય કરવાની શિખામણ આપી છે. માનવીના જીવનમાં સંસારના આ ચક્રમાં માયા-લોભ-મોહ-ઈર્ષા-અસુયા અસંખ્ય ચોર એની મોલાતને ચોરશે, પણ છેતરાશો તો ભ્રાંતિમાં જીવન ચાલ્યું જશે.'સોદાગર હંસાજી' માં જીવરૂપી વણઝારો છે તો હે સોદાગર આત્મા હંસ ! આ સંસારવનમાં તું મને એકલો મૂકીને જઈશ નહીં. નહીં તો આ જીવનનો કોઈ ભરોસો નથી. મનુષ્યે-જીવે આ જીવનમાં કરવા જેવો કોઈ સોદો હોય તો આત્મા-હંસને ઓળખવાની વાત છે. જીવને 'વણઝારા' ને આત્માને 'હંસ'રૂપે કલ્પના કરીને હંસની ઓળખાણ કરવી એ જ જીવનનું સત્ય છે. 'હંસ' ચાલ્યો જાય તે પહેલાં એની ઓળખાણ સોદો કરવાની વાત છે. 'ચાર અવતાર' ભજનમાં ગુરુજીનાં દર્શન થકી ઉત્તમ થવાની ભાવના છે. પીઠાભગતનું 'લાભ સવાયા લેજો' પદમાં ગુરુ મળ્યાનો મહિમા અપાર છે. સાચા ગુરુનો લાભ લઈને જીવનને સાર્થક કરી પરમાત્મા સુધી પહોંચવાનો રસ્તો બતાવ્યો છે. 'જેસલ કરી લે વિચાર'માં તોરલરાણીએ જેસલને માનવ જીવનનું સાચું રહસ્ય સમજાવ્યું છે.

આમ, આ ભજન રચનાઓમાં માનવજીનનું ચરમલક્ષ સમજાવ્યું છે. જીવરૂપી આત્માનું પરમાત્મા સાથેનું મિલન, સંસારના ભવારટણમાંથી મુક્તિનો માર્ગ તો માત્ર પરમેશ્વરના પંથે પડવાથી જ મળી શકે. જીવનની ક્ષણભંગુરતાનું ભાન અને માનવની વૃત્તિઓથી છેતરાયા વિના સાચું રૂપ જોવાની દૃષ્ટિ કેળવવા માટે હંમેશાં તત્પર રહેવા અહીં અનુરોધ પણ છે.

: ૮ :

છઠ્ઠા ખંડમાં 'પ્રેમલક્ષણા ભક્તિ'ની રચનાઓ મૂકવામાં આવી છે. આપણી મધ્યકાલીન દાસભાવની ભક્તિ પ્રેમલક્ષણા ભક્તિમાં પ્રગટ થાય છે. પરમેશ્વર પુરુષ છે અને ભક્ત એની દાસી છે. પ્રિયતમ અને પ્રિયતમાની અહીં કલ્પના



કરવામાં આવી છે. આ દાસ્યભાવ આ પદ રચનાઓમાં વિવિધ રીતે ખીલ્યાં છે. જીવનના સ્થૂળભાવોમાંથી પ્રગટ થતી સૂક્ષ્મતા આ પદરચનાઓની એકલાક્ષણિકતા બની રહે છે.

'સેજલડીના સ્વાનુભવ'માં હરિવર સાથે વળ્યા પછી એ સુખની પ્રાપ્તિ કેવી હશે તેની કલ્પના કરવામાં આવી છે.

*પિયુ રે પિયુ તમે શું કરો સજની !*<br>
*રવિ રે ઊગે દનદન રે,*<br>
*પરણ્યા રે પછી તું ને પ્રેમરસ મળશે ઈ તો*<br>
*મીઠપ દેશે માયલું મનઃ'* (પૃ. ૧૪૯)

આ ભક્તિમાં પ્રતીક્ષાનું પણ મહત્ત્વ છે. હરિની રાહ જોતા એના ભક્તો ક્યારેક એને પત્ર લખી બોલાવવા ઈજન આપે છે. 'કાગળ' ભજનમાં -

*'લાવો લાવો કાગળ ને દોત, લખીએ હરિને રે,*<br>
*એવો શિયો રે અમારલો દોષ, ન આવ્યા, ફરિનેરે.'* (પૃ. ૧૫૨)

હરિમિલનની તાલાવેલી, કાગડોળે રાહજોતા ભક્તની આ વેદના, પોતાનામાં રહેલા દોષ તરફ દૃષ્ટિ કરી એનું નિવારણ શોધે છે.

'પૂર્વની પ્રીતિ'માં પૂર્વજન્મના સ્નેહની વાત છે. કોઈ એવું પૃષ્ણ પૂર્વન આવ્યું કે હરિની સાથે પ્રીતિબંધાણી આવા અસંખ્ય ભાવસંવેદનો પ્રેમલક્ષણાભક્તિની આ રચનાઓમાં ઝિલાયા છે.

: ૯ :

સમગ્ર રીતે 'સોરઠીસંતવાણી'ના સંપાદક - સંશોધક મેઘાણીની વાત કરીએ તો નીચેના મુદ્દાઓ ધ્યાનમાં આવે છે :

૧. મેઘાણીએ કંઠસ્થ પરંપરાના લોકવાઙ્મયમાં સંતસાહિત્યની કેડી કંડારી.
૨. સંતસાહિત્યમાં વિવિધ પરંપરાઓનો પરિચય કરાવી ને તર્કબદ્ધ રીતે ભારતીય સંતસાહિત્ય સાથેનું અનુસંધાન સાધી, ગુજરાતી સંતવાણીનું પગેરું શોધવાના પ્રયાસરૂપે શ્રીગણેશ કર્યા.
૩. રવિભાણ સંપ્રદાયના સંતકવિઓના જીવનની વિગતોને મેળવીને અહીં સંકલિત રીતે મૂકી જેવી કરીને ભવિષ્યના સંશોધકોને એક નવો રાહ ચીંધી બતાવ્યો.

૪. કેટલાક સંતકવિઓના જીવનની કેટલીક હાથવગી વિગતો પણ તેમણે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

૫. સંતસાહિત્યને ભક્તિમાર્ગના વિવિધ પ્રકારો સાથે વર્ગીકૃત કરવાનો પ્રયત્ન થયો છે.

૬. ગુજરાતમાં સંતપરંપરામાં મહાપંથની વ્યાપકતા અને મહાપંથનું રૂપ રજૂ કર્યું.

૭. સંતવાણીનાં ઘણાં પદો - ભજનોનો એમણે સાર રજૂ કર્યો છે. એટલું જ નહીં એમાં ચાવીરૂપ - સંતવાણીના કેટલાક મહત્ત્વના શબ્દોના અર્થ પણ રજૂ કર્યા છે.

૮. છતાં ક્યારેક વિગત દોષ થયેલો જણાય છે. જેમકે ગંગા-સતી અને પાનબાઈને સાસુ-વહુના સંબંધે દર્શાવે છે.

'સોરઠી સંતવાણી'ને જોતાં એમાં મેઘાણીનો અભિગમ સંતસાહિત્યની એક મહત્ત્વની ધારાને આપણી સમક્ષ મૂકીને કંઠસ્થપરંપરાના લોકસાહિત્યમાં રહેલી આ સામગ્રીને ભવિષ્યના સંશોધકો માટે સંકેતરૂપે રજૂ કરી છે.

**સંદર્ભ**

૧. ડૉ. બળવંત જાની, 'સ્વાધ્યાય અને સંશોધન', પૃ. ૯૦
૨. ડૉ. બળવંત જાની, 'સ્વાધ્યાય અને સંશોધન', પૃ. ૯૩
૩. ઝવેરચંદ મેઘાણી, 'સોરઠી સંતવાણી', પૃ. ૫

**સંદર્ભ પુસ્તકોની યાદી**

૧. સ્વાધ્યાય અને સંશોધન, ડૉ. બળવંત જાની
૨. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર
૩. સોરઠી સંતવાણી, ઝવેરચંદ મેઘાણી
૪. સેવા ધરમનાં અમરધામ, જયમલ્લ પરમાર
૫. સંતવાણી : તત્ત્વ અને તંત્ર, સં. ડૉ. બળવંત જાની

૬

# બ્રહ્માનંદ અને દેવાનંદ સ્વામીની ચારણીશૈલીની સંતવાણી : આસ્વાદ અને અવબોધ

**પ્રા. દેવેન્દ્ર એ. ગઢવી**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અનેકાનેક સંતભક્ત કવિઓએ મુક્તકંઠે ઈશ્વરની આરાધના કરતા પદ, આખ્યાન, છપ્પા અને ગરબીઓ લખી છે. સહજાનંદ સ્વામીએ 'સ્વામિનારાયણ' સંપ્રદાયની સ્થાપના કરી. સ્વામિનારાયણ સંપ્રદાયનું માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ નહીં, પરંતુ સાહિત્યિક દૃષ્ટિએ પણ ઘણુંબધું મૂલ્ય છે. તેમાં અષ્ટકવિમંડળના મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ, દેવાનંદ, દયાનંદ, ભૂમાનંદ તથા મંજુકેશાનંદે સાહિત્યને પોતાની વિપુલ કાવ્યરાશિથી સમૃદ્ધ કર્યું છે. અહીં આ અષ્ટકવિમંડળમાંથી બ્રહ્માનંદ અને દેવાનંદ એ બે ચારણ કવિઓની રચનાઓમાંથી પ્રગટતી ચારણીશૈલી અને ચારણત્વની પ્રગટતી મુદ્રાનો પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

કોઈપણ સંત, ફકીર કે ઓલીયાને કોઈ એક ભાષા, પ્રદેશ કે સંપ્રદાયના વાડામાંથી બાંધીને કે સરહદના સિમાડામાં બાંધીને ન જોઈ શકાય, ન મૂલવી શકાય. આમ છતાં જે સંતો સમષ્ટિ માટે જીવન જીવી ગયાં તેઓનાં ઉપદેશો, આચરણો આજે પણ વિશ્વની પ્રજા માટે પ્રેરક અને પોષક બળ બની રહ્યા છે. તેવા આદર્શ સંતોમાંના શ્રી બ્રહ્માનંદ સ્વામી અને દેવાનંદ સ્વામીના જીવન અને કવનનો અહીં આસ્વાદ કરાવવાનો ઉપક્રમ છે, વસ્તુતઃ તો અહીં વિષય વ્યાપને મર્યાદિત કરીને તેમનાં કાર્યોમાંથી લોકોને પ્રેરણા મળી રહે, એ માટે તેમનો સંક્ષિપ્ત પરિચય આપવાનો આશય છે.

બ્રહ્માનંદ સ્વામીનો જન્મ ગુજરાત અને રાજસ્થાનના સિમાડે આવેલા 'ખાણ' ગામમાં વિ.સં. ૧૮૨૮ ના મહાસુદ-૫, તારીખ : ૮-૨-૧૯૭૨ના મંગલમય દિવસે થયો હતો. તેમનું બાળપણનું નામ 'લાડુદાન' હતું, તેમના પિતાશ્રીનું નામ શંભુદાન હતું. અને માતુશ્રીનું નામ લાલુબા હતું. તેમનું સગપણ બાળપણમાં જ બહુ જ પ્રખર ચારણ વિદ્વાન સ્વરૂપદાનની પુત્રી ખીમબાઈ સાથે થયેલું. તેઓએ ભુજની રા'ઓ લખપત વ્રજભાષા પાઠશાળામાં અભ્યાસ કર્યો હતો. કેટલાક લેખકોએ બ્રહ્માનંદજીને બારોટ ગણાવ્યા છે, પરન્તુ તેઓ આશિયા શાખાના ચારણ હોવાના અનેક પ્રમાણો દર્શાવીને સંશોધકોએ આ સમસ્યા હલ કરી છે, એટલું જ નહીં ખુદ બ્રહ્માનંદ સ્વામીએ પોતાનો પરિચય તેઓએ રચેલ 'બ્રહ્મ વિલાસ' ગ્રંથમાં આપતાં કહ્યું છે કે :

*''જ્ઞાતિ ચારણ ઓડક આસિયુંકી, આબુ છાંય ભયો ખાણ ગામમે જી;*
*તાકે નામ શંભુદાન તાત હુકો, માત લાલુબાઈ ધર્યો ઠામ મેં જી;*
*લાડુ મેટ કે શ્રીરંગ નામ ધરયો, દોઉ લિન બ્રહ્માનંદ નામ મેં જી;*
*ચિત્ત ધાર સહજાનંદ શામ છબી, જગ જીત ગયો નિજ ધામ મેં જી...''*[૧]

નાનપણથી જ કવિપ્રતિભા ધરાવતા લાડુદાને ભૂજમાં લખપત વ્રજભાષા પાઠશાળામાં અભ્યાસ દરમ્યાન 'પિંગળ વિદ્યાચાર્ય', 'સહસ્રાવિધાન', 'કવિશ્વર' જેવા ખિતાબો મેળવ્યા હતા, સાથો સાથ ગજવિદ્યા, સામુદ્રિક શાસ્ત્ર તેમજ સિતાર, નરઘાં, ડંકા, મૃદંગ જેવા વાજિંત્રોનાં વાદનમાં પણ પ્રવીણતા મેળવી લીધેલી. બ્રહ્માનંદ સ્વામીએ ઝૂલણા, સવૈયા, મનહર, ભૂજંગી ઈત્યાદિ ૨૭ જેટલાં વિવિધ છંદો અને ૭૨ જેટલાં રાગોમાં કાવ્ય-પદોનું સર્જન કર્યું છે. કોઈ એક જ વ્યક્તિની કૃતિઓમાં આટલા મોટા પ્રમાણમાં છંદ અને રાગ વૈવિધ્ય ભાગ્યે જ જોવા મળે છે. સામાન્ય જનસમાજથી માંડી વિદ્વાન જનસમુદાય સુધી આસ્વાદ્ય બનેલી તેમની કાવ્યકૃતિઓ મધ્યકાલીન ગુજરાતી કવિઓમાં બ્રહ્માનંદને ઊંચા આસને આરૂઢ કરે છે.

તેઓએ 'બ્રહ્માનંદ કાવ્ય'માં ૨૫૦૦ જેટલા પદો આપ્યાં છે. જેમાં ૨૨૦૦ પદો ગુજરાતીનાં, ૩૦૦ પદો હિન્દીના અને બાકીના વીસથી પચ્ચીસ જેટલાં પદો કચ્છી, મારવાડી ભાષાનાં છે. ત્યાર બાદ સ્વામિનારાયણ સંપ્રદાયમાં આગવું સ્થાન ધરાવતી કૃતિ 'બ્રહ્મ વિલાસ'માં કવિએ જુદા જુદા વિષયો પર પોતાની જ્ઞાનવાણી પ્રગટ કરી છે. ગુરૂ, ઉપદેશ, કાળ, વિશ્વાસ, નારી, અશક્તિ, નિંદા, મન, વચન, વિવેક, સાધુ અને સાંખ્ય જેવા વિષયો પર કવિએ આશરે ૩૮૦ છંદ



રચનાઓનું સર્જન કરેલ છે. 'નીતિપ્રકાશ'માં બ્રહ્માનંદ સ્વામીએ ભાગવતમાંની વિદુરનીતિનો સરળ ભાવાર્થ વ્યક્ત કર્યો છે.

બ્રહ્માનંદ સ્વામીના અન્ય ગ્રંથો જેવા કે 'છંદ રત્નાવલિ', 'ધર્મવંશ પ્રકાશ', 'સંપ્રદાય પ્રદીપ', 'સતી ગીતા', 'શિક્ષાપત્રી', 'ઉપદેશ રત્નદીપક', 'ઉપદેશ ચિંતામણિ', 'ધર્મકુલધ્યાન', 'દશાવતાર ચરિત્ર' વગેરે રચનાઓ દ્વારા બ્રહ્માનંદ સ્વામીની સમર્થ કવિત્વ શક્તિનો પરિચય કરાવે છે. તેમાંથી પ્રગટતા ચારણત્વના થોડાક દૃષ્ટાંતો અવલોકીએ.

બ્રહ્માનંદ સ્વામી જ્યારે સહજાનંદ સ્વામીનાં દર્શન કરવા ગઢડા જાય છે. ત્યારે તેઓ ચાર સંકલ્પો લે છે, અને તે સંકલ્પો સિદ્ધ થતાં ચારણ સહજ ઈશ્વરની આરાધના ફળી હોય તેમ નરદેહધારી સ્વયં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ એવા સહજાનંદ સ્વામીનાં દર્શન થતાં કવિ ચારણી શૈલીમાં એક છંદ રચે છે :

*''એહિ મચ્છ, એહિ કચ્છ, એહિ સૂકર તનું ધાર્યો;*
*એહિ બને નરસિંહ, દુષ્ટ હરનાકંસ માર્યો;*
*એહિ વામન વપુ કીન, લીન પદ તીન ભુવં ત્રીય;*
*એહિ ફરશીધર રામ, એહીં રઘુપત કિય જગજય;*
*એહિ કૃષ્ણ, બદ્ધ, નિકળંક એહિ, તેહી ભેટત ભવાભ્રમ ટલ્લે;*
*કિતનેક રૂપ 'લાડુ' કહે, સો યહ સહજાનંદ મિલે."*[૨]

બ્રહ્માનંદ સ્વામીએ નૃત્ય કલામાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણની રાસલીલાનું રેણંકી છંદમાં વર્ણન કર્યું છે. તે અદ્ભૂત છે એનો આસ્વાદ લઈએ.

*સરસર પર સધર અમરતર અનુસર, કરકર વરઘર મેલ કરે;*
*હરિહર સુર અવરઅછર અતિ મનહર, ભરભર અતિ ઉર હરખ ભરે;*
*નિરખત નર પ્રવર પ્રવર ગણ નીરજર, નિકટ મુગટ શિર સવર નમે;*
*ધણણ પટ ફરર ધરર પદ ધૂધર રંગભર સુંદર શ્યામર રમે....*[૩]

બ્રહ્માનંદ સ્વામીએ પ્રભુની રાસલીલામાં વ્રજનારીઓએ કરેલો શણગાર, તેમની તાલ-ચાલ અને હાવભાવનું આહલાદ્ક વર્ણન કર્યું છે. ભગવાન નટરાજ પણ રાસલીલાના દર્શન કરીને પ્રફુલ્લીત થાય છે અને અન્ય દેવી-દેવતાઓ આ રાસલીલા નિહાળવા લાગ્યા, એ જોઈને વ્રજવિહારી પોતાનાં શરીરને ફૂદડી ફેરવતા નટરાજ-કૃષ્ણ નૃત્ય કરવા લાગ્યા કવિ ચારણી કાવ્યબાનીમાં કહે છે :

*'એક નિશિ શશિ અતિ ઊજાસ પ્રૌઢ શરદ પ્રકાશ,*
*રમન રાસ જગનિવાસ, ચિત્ત બિલાસ કિને;*
*મોરૂલિ ધુન અતિ રસાલ, ગેહરે સુર કલ ગોપાલ;*
*તાન માન સુભગ તાલ, મન મરાલ લિને;*
*વ્રજત્રિય સુન ભર ઉછાવ, બન ઠન તન અતિ બનાવ;*
*ચિત્તવત ગત નૃત ઉઠાવ, હાવભાવ સારો,*
*હરિહર અજ હેર હેર, વિકસત સુર બેરબેર;*
*ફરગટ ધર ફેર ફેર, નટવર નાચે....*[૪]

જ્યારે માનવનો અંત સમય આવે છે ત્યારે તેમણે પોતાના સાંસારિક સગા સંબંધીને છોડીને જવાનું જ છે, માટે આ ભવસાગરની ઘટમાળમાંથી મુક્તિ મેળવવા માટે સંતનું શરણ અનિવાર્ય છે. તે વાત સમજાવતાં કવિ કહે છે કે :

*ધર ધંધે અંધ કીધા, ફીરત હૈ ભયા ફજેત;*
*જ્ઞાન ન સમજત જીવ કા, ચેત ચેત નરચેત...*[૫]

બ્રહ્માનંદસ્વામીએ સહજાનંદ સ્વામીના શિષ્ય બન્યા બાદ ઘણા ધાર્મિક કાર્યો કરેલા, તેઓએ ઘણા મંદિરો પણ બંધાવેલા. સહજાનંદ સ્વામી ક્યારેક બ્રહ્માનંદ સાથે એકબીજાને દુહામાં જ સંકેતાર્થ રજૂ કરતા તેનું એક ઉદાહરણ પણ મળે છે. તેમાં બ્રહ્માનંદ સ્વામી સહજાનંદ સ્વામીને દુહામાં કહે છે હે નાથ ! તમે સ્વયં લક્ષ્મીનાં પતિ છો. હે પ્રભુ તમે જ અખિલ બ્રહ્માંડના પાલક છો. આપના નામની હૂંડી તો નવખંડમાં ચાલે છે. આપ મારા પ્રભુ છો તો મારે વળી શેની ચિંતા હોય ? વડતાલમાં મંદિરના વિશાળ જગ્યામાં પાયા ગળાવ્યા તે સમયે સહજાનંદ સ્વામીએ કહેલ વાતને દુહામાં અપાયેલો ઉત્તર કેવો સૂચક છે તે અવલોકીએ.

- સહજાનંદ સ્વામી કહે છે :

***"આપકી પહોંચ બિચાર કે કરીએ તેતી દોડ,"***
***તેતા પાંવ પસારીએ, જેતી લંબી સોડ....***

- બ્રહ્માનંદ સ્વામી કહે છે :

***"સાહેબ સરિખા શેઠીયા, બસે નગર કી માંહી;***
***તાકો ધનકી કયા કમી, જાકી હુંડી ચાલે નવખંડ માંહી...***[૬]

બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજની આજ્ઞાથી જૂનાગઢમાં મંદિર બંધાવ્યું. ત્યારે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ વખતે ભગવાન સિદ્ધેશ્વર મહાદેવની સ્તુતિ ત્રિભંગી



છંદમાં કરી છે. આ છંદો આજે પણ લોકકંઠે સંભળાતા રહે છે. તેમાંથી એક પંક્તિ જોઈએ, જેથી કવિની ચારણી અભિવ્યક્તિકલા અને સર્જનાત્મક શક્તિનો પરિચય પ્રાપ્ત થાય :

*કૈલાસ નિવાસી, જોગ અધ્યાસી, રિદ્ધિ સિદ્ધિ દાસી પતિ કાસી;*
*ચિદ વ્યોમ વિલાસી, હિત જૂત હાસી રીત પ્રયાસી સુખરાસી;*
*મુનિ સહસ્ર અઠયાસી કહિ અવિનાસી, જે હિ દુખ માહી ઉપદેશ;*
*જય દેવ સિદ્સા હરન ક્લેસા, મગન હંમેશા માહેશા....* [૭]

આમ બ્રહ્માનંદ સ્વામીનાં પદો અને કૃતિઓ માત્ર એમનાં સંપ્રદાયનું જ નહીં પણ ચારણી ભાષાનું અભિન્ન અંગ બની રહેલ છે. એટલે જ તેમનો પદોમાં નૈસર્ગિકતા, બુદ્ધિમત્તાનાં અને તર્કશક્તિનાં દર્શન થાય છે. તેમની કવિતા નિર્મળ શીતળ ઝરણાની માફક ભાવકની તૃષા તૃપ્ત કરે છે.

**દેવાનંદ સ્વામી :**

દેવાનંદ સ્વામીનો જન્મ વિક્રમ સંવત ૧૮૫૯ ના કારતક સુદી પૂનમના દિવસે ધોળકા નજીકના બળોલ ગામમાં થયો. જ્ઞાતિએ રત્નુ શાખાના ચારણ હતા. પિતાનું નામ જીજીભાઈ અને માતાનું નામ બહેનજીબા હતું. દેવાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ દેવીદાન હતું. તેમના પિતા શિવના ઉપાસક હતા. તે સંસ્કારો દેવીદાન પર પણ પડ્યા અને ભગવાનની કૃપાથી જ એક વખત બળોલ ગામમાં સહજાનંદ સ્વામી પધારે છે. ત્યારે દેવીદાન એમને સેવામાં સ્વીકારવાનું કહે છે, તે સમયે સહજાનંદ સ્વામી કહે છે : 'અમો તમોને તેડવા જ આવ્યા છીએ'. આમ કહીને સહજાનંદ સ્વામી દેવીદાનનો સ્વીકાર કરે છે અને તેની સોંપણી બ્રહ્માનંદ સ્વામીને કરે છે. બ્રહ્માનંદજી દેવીદાનની ભક્તિ જોઈને તેમના મહાદીક્ષા આપે છે અને નામ આપે છે. દેવીદાનમાંથી 'દેવાનંદ સ્વામી' બનેલ આ કવિ બ્રહ્માનંદ સ્વામી પાસે કાવ્યનો અભ્યાસ કરે છે, અને તેમની પાસે વિવિધ રાગ-રાગિણીઓમાં રચાયેલાં સુંદર કાવ્યો પ્રાપ્ત થાય છે. બ્રહ્માનંદ સ્વામી અક્ષરનિવાસી થયા પછી દેવાનંદ સ્વામી મૂળી મંદિરના મહંત બને છે. અને વિક્રમ સંવત ૧૯૧૦ના શ્રાવણ વદ દશમના દિને અક્ષરનિવાસી થાય છે.

દેવાનંદ સ્વામીનાં કાવ્યોનું સાહિત્યિક અને સાંપ્રદાયિક બંને દૃષ્ટિએ ઘણું જ મૂલ્ય છે. મધ્યકાળમાં પ્રજા મોટે ભાગે અંધશ્રદ્ધા, વહેમ જેવાં સામાજિક દૂષણોમાં ફસાયેલ હતી. દેવાનંદ સ્વામી મનુષ્યને સામાજિક દુષણોથી પર રહીને ઈશ્વર પ્રત્યે

અભિમુખ બનવા પ્રેરતા કાવ્યોનું સર્જન કરે છે. તેમના અનેક કાવ્યોમાં પ્રભુ પ્રત્યે પ્રેમ રાખીને મિથ્યાતત્ત્વોને છોડવાનો બોધ આપે છે, જુઓ :

*'મિથ્યા માયામાં મગરુર, પુર જોબન ધનના જોરમાં રે,*
*ગાફલ થઈને ગાંડોતૂર, ચાલ્યો નાતીલાના તોરમાં રે...'*[૮]

દેવાનંદ સ્વામી યોગ્ય પાત્રને દાન આપવું, તેમ કહેતાં પોતાનાં કાવ્યમાં માર્મિક રીતે કહે છે, જુઓ :

*''વિવેકી નરને એમ વિચારીને જોવું,*
*કૃપાતરને દાન દેવું જે બીજ ખારમાં બોવું રે,*
*કામી ક્રોધી લોભ લંપટ કૂડા બોલા કાળે,*
*અન્ન ધન વસ્ત્ર તેને આપે તે શેકીને વાવે રે...'* [૯]

દેવાનંદ સ્વામીએ પ્રભાતિયાં સ્વરૂપમાં પણ કાવ્યોનું સર્જન કર્યું છે. તેમના આ પ્રકારનાં કાવ્યો પ્રભાતિયાં પરંપરાને વધુ સમૃદ્ધ કરનારા બની રહે છે.

*''જાગો મારા જગના જીવનપ્રાણ વાલ્યમ વેલા જાગો રે,*
*માત જસોદા કાન જગાવે, ભાવ કરી ભગવાન ઊઠો,*
*મારા અબલેબા કુંવર, ભુધર ભીને વાન...''* [૧૦]

બ્રહ્માનંદ સ્વામી પાસેથી ચારણી પરંપરાના બારમાસી પ્રકારની રચનાઓ મળે છે. તેમ દેવાનંદ સ્વામી પાસેથી પણ ચારણી બારમાસી પ્રકારની રચના પ્રાપ્ત થાય છે. જુઓ :

*આવન કહી ગયે અજહું ન આયો,*
*અધિક માસ ગયો,*
*અતિ વિલખાયે, દેવાનંદ ધરત હરિ ધ્યાન,*
*વીત અવધ રહત જો પ્રાન, સો લેખ લાખારી....*[૧૧]

દેવાનંદ સ્વામીએ પદો વિપુલ માત્રામાં રચ્યા છે. તેમની એ પદ રચનાઓ અને કેટલાંક છંદોમાં ચારણી શૈલીની પ્રતીતિ અવશ્ય થાય છે. પરમાત્માનું અનુપમ સૌંદર્ય કેવું પ્રભાવી છે, એ વર્ણવતા કવિ કહે છે કે :

*''હસત વદન સુખ સદન શોભ નિધિ, ગુણિયલ કામણગારી રે;*
*અંગ અંગ ભુખન બસત બિરાજત, નૌતમ છબી જગ ન્યારી રે''* [૧૨]

બ્રહ્માનંદ સ્વામીનું પાવન સાંનિધ્ય અને બાળવયે જ પ્રાપ્ત થયેલ ચારણી કાવ્ય પરંપરાના સંસ્કારે તેમની સર્જનાત્મક કલાને ખૂબ જ પ્રભાવિત કરી છે. તો



પ્રગટ પુરુષોત્તમ શ્રીજી મહારાજનું મંગલકારી દર્શન તેમને અધ્યાત્મને માર્ગે આગળ વધારે છે. અલૌકિક લીલાઓનું નિત્ય દર્શન તેમને જગતમાં ન્યારું લાગે છે. એટલું જ નહીં જે હરિભક્તો-સંતો તેમના ચરણોમાં સ્થાન મેળવે છે, તેઓનું જીવન ધન્ય છે. એમ કહી કવિ પોતાની ભાવોર્મિને શબ્દાંકિત કરે છે :

*''ભરત ખંડ મેં નરતન પાયો, હરિ ભજન અધિકારી હૈ,*
*હે સહજાનંદ કે ચરન ઉપાસી, સૌ ધન્ય નરનારી હૈ''*[૧૩]

આમ, દેવાનંદ સ્વામી ચારણ હોવાને કારણે ચારણી છંદો પર પ્રભુત્વ હોય તે સ્વાભાવિક છે. જો કે નૈસર્ગિક કાવ્ય પ્રતિભા તો તેમનામાં હતી જ, તેમાં બ્રહ્માનંદ સ્વામી જેવા મેધાવી પ્રતિભા ધરાવતા સંતકવિના સાંનિધ્યથી તે વધુ પ્રજ્જવલિત બની. તેમનાં કાવ્યોમાં ભાષાનું સૌંદર્ય અને ભાવની નિર્મળતાની સાથે કાવ્યત્વ અને સંગીત તત્વનો પણ સમન્વય થયેલો જોઈ શકાય છે. જે દેવાનંદ સ્વામીની સંપ્રદાય નિષ્ઠ સુબોધકવિ તરીકેની છાપ આપણા ચિત્તમાં ઉપસાવે છે, એટલું જ નહીં ઉભય સંતોની રચના આજે પણ પ્રસ્તુત જણાય છે અને સાહિત્ય મર્મજ્ઞો તેમજ હરિભક્તોના હૃદયમાં ગૂંજતી રહે છે. તેમની ચારણી શૈલીની રચનાઓને ક્યારેય કાળનો કાટ નથી લાગ્યો. તેવા દિવ્ય પ્રતિભાવંત ઉભય સંતોનું નામ સાહિત્ય જગતમાં ચારણીનાદતત્ત્વ અને સ્વામિનારાયણીય તત્ત્વદર્શનને કારણે સંતવાણીમાં સદા સ્મરણીય રહેશે.

**સંદર્ભ**

૧. નવિનદાનજી માવદાનજી રત્નુ, સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી જીવન દર્શન, પૃ. ૨૪૨
૨. નવિનદાનજી માવદાનજી રત્નુ, સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી જીવન દર્શન, પ્ર.આ., પૃ. ૧૧૭
૩. નારાયણ સેવાદાસજી, બ્રહ્માનંદ છંદ રત્નાવલિ, ભાગ-૩, પૃ. ૩૪
૪. એજન, પૃ. ૩૮
૫. નારાયણ સેવાદાસજી, સંપ્રદાય પ્રદિપ, પૃ. ૨
૬. નારાયણ સેવાદાસજી, નીતિ પ્રકાશ, પૃ. ૧૫૯
૭. નારાયણ સેવાદાસજી, બ્રહ્માનંદ છંદ રત્નાવલિ, ભાગ-૩, પૃ. ૯૦
૮. દેવાનંદ કાવ્ય સં., ઘનશ્યામ સ્વરૂપદાસજી, આ.૧, પૃ. ૨૮૯
૯. એજન, પૃ. ૩૧૧
૧૦. એજન, પૃ. ૩૧૮
૧૧. એજન, પૃ. ૩૮૮
૧૨. એજન, પૃ. ૩૭
૧૩. એજન, પૃ. ૨૦૬

## વિભાગ-૨

# ગુજરાત : ભક્તિપરંપરા અને કબીરપરંપરા



૭

# ભક્તિ દ્રાવિડ ઉપજી...
# (વૈષ્ણવ સંપ્રદાયના પરિપ્રેક્ષ્યમાં ભક્તિનો ઉદ્‌ભવ અને વિકાસ)

## ડૉ. હસમુખ વ્યાસ

ભક્તિના ઉદ્‌ભવ અને વિકાસ અંગે પર્યાપ્ત મતભેદ હોવા છતાં સહજ અને પ્રમાણિક રૂપે કહી શકાય કે આસ્તિકભાવથી ઈશ્વરોપાસના કરનારા આર્યોમાં ભક્તિનાં મૂળ-બીજ વિદ્યમાન હતાં અને ભક્તિના વિવિધ પ્રકારોનો એમણે વૈદિકકાળમાં જ કોઈ ને કોઈ સ્વરૂપે સ્વીકાર કર્યો હતો. વાસ્તવમાં વૈદિક યુગ કર્મકાંડનો યુગ હતો. પ્રત્યેક પ્રાકૃતિક તત્ત્વ કે ઘટનામાં કોઈ ને કોઈ દેવતાની પરિકલ્પના તેઓ કરતા હતા ને તેમને પ્રસન્ન રાખવા-કરવા વિવિધ પ્રકારના યજ્ઞાદિ અનુષ્ઠાન કરતા રહેતા હતા. આમાં પ્રાર્થના-અનુનય શ્રદ્ધાપૂર્વક કરતા. આ અનુષ્ઠાનોમાંથી જ આગળ જતાં ક્રમશઃ શ્રદ્ધા-ભક્તિનો ઉદ્‌ભવ થયો અને આર્યોના પ્રારંભિક બહુદેવવાદ (Monotheist) એકેશ્વરવાદમાં પરિણત થવા લાગ્યો. આરંભમાં જ્યારે મનુષ્યે પ્રકૃતિને વિસ્મયથી જોઈ ત્યારે કોઈ એક સર્વવ્યાપક અને નિયામક સત્તા હોવી જોઈએ એવા મૂક તારણ પર અવશ્ય પહોંચ્યો અને કૃતાર્થ અને કૃતજ્ઞ અવશ્ય થયો હોવો જોઈએ. વૈદિક ઋષિઓ વિષે ધારણા છે કે તેમણે જે જોયું ને કહ્યું-વર્ણવ્યું છે. યાસ્ક કહે છે : साक्षात्कृत धर्माणः ऋषयो बभुवुः । અર્થાત્ ઋષિઓએ ધર્મ અથવા જ્ઞાનનો સાક્ષાત્કાર કર્યો - થયો હતો. એ વિરાટ સત્તા - પરમ તત્ત્વોને જોવા-જાણવા-સમજવાની ઇચ્છા થાય એ સહજ છે. એટલું જ નહિ તેના પ્રત્યે શ્રદ્ધા હોવી પણ સ્વાભાવિક છે. આથી એ પરમતત્ત્વની ખોજ ત્રણ



માર્ગે આરંભાઈ : જ્ઞાન, ભક્તિ અને કર્મ. વૈદિક ભક્તિના પ્રમુખ ઉપાંગ ત્રણ છે : સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના, જે આગળ જતાં ભાગવત ભક્તિમાં નવધા સ્વરૂપ પામ્યાં.

એ ખરું છે કે વૈદિક સંહિતામાં 'ભક્તિ' શબ્દનો ઉલ્લેખ નથી પણ 'ભક્ત' શબ્દનો છે. ઋગ્વેદમાં દેવોપાસક માટે 'ભક્ત' અને ઉપાસના-વિરોધી માટે 'અભક્ત' શબ્દ પ્રયોજાયેલ છે. સંભવતઃ 'ભક્ત' શબ્દ યજ્ઞીય ઉપાસના-વિધિમાં શ્રદ્ધા રાખનાર માટે પ્રયુક્ત થયો પ્રતીત જણાય છે : ઋગ્વેદમાં એક જગ્યાએ કહ્યું છે કે અગ્નિદેવ ભક્ત અને અભક્ત બન્નેનો વિવેકથી ભક્તોની રક્ષા કરે છે : भक्तमभक्तमवो व्यन्तो अजरा अकयो व्यन्तो अजराः । (૧.૧૨૬.૫) આ ઋચામાં અગ્નિના ઉપાસકને 'ભક્ત' કહ્યા છે. તો ભક્તિ શબ્દનો સર્વપ્રથમ પ્રયોગ શ્વેતાશ્વક્ષર ઉપનિષદમાં ઋષિ તેના આધ્યાત્મિક પ્રવચનના અંતે કહે છે તેમાં થયો છે :

**यष्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ !**

- જેવી ઈશ્વરમાં અનન્ય ભક્તિ છે, તેવી જ ગુરુમાં.....

(શ્વે. ઉ. ૬.૨૩)

### ભક્તિની વ્યાખ્યા

ભજ સેવાયામ ધાતુથી પણિનિના સૂત્ર સ્યાં क्तिन (અષ્ટાધ્યાયી ૩.૩.૯૪) અનુસાર 'क्तिन' પ્રત્યય લાગી 'ભક્તિ' શબ્દની વ્યુત્પત્તિ થાય છે. મૂળમાં ભજ ધાતુ સેવા કરવાના અર્થમાં પ્રયોજાયેલ છે. 'क्तिन' પ્રત્યયના યોગથી નિષ્પન્ન 'ભક્તિ' શબ્દનો સમુચિત અર્થ થાય છે : 'તત્પરતાપૂર્વક સેવા કરવી. આ સેવાને ભગવાન પ્રતિ પરમ અનુરાગ કહે છે.' તેનું સ્વરૂપ જ 'પ્રેમરૂપા' છે. આરાધ્ય વિષયમાં અનુરાગ અથવા ઈશ્વરમાં અંતઃકરણની વૃત્તિ જ પરાનુરાગ કહેવાય છે અને એ જ ભક્તિ છે. नहीष्टदेवात् परमष्ति किञ्चित् । ઈષ્ટદેવથી ઉત્તમ કંઈ જ ન હોવાથી ચિત્તવૃત્તિનું નામ જ ભક્તિ છે. મધુસૂદન સરસ્વતી અનુસાર દ્રવિત ચિત્તની ભગવાનમાં તન્મયતારૂપ સંતત વૃત્તિ કે સર્વિકલ્પ વૃત્તિને ભક્તિ કહેવાય છે. (નારદ ભક્તિ સૂત્ર ૧.૧.૨). એક અન્ય મતાનુસાર ભક્તિ મનનો એક ઉલ્લાસ વિશેષ છે. નારદ ભક્તિ સૂત્રમાં ભક્તિની વિશદ વિવેચના કરાઈ છે.

પ્રસિદ્ધ આંગ્લ કોશકાર મોનિયર વિલિટમસનો મત નોંધીએ :

ભક્તિ-ધાતુ ભજ = વિભાજન કરવું વિતરણ કરવું અથવા 'भाग' પર નિયુક્ત કરવું. આથી જ ઋગ્વેદમાં 'ભાગ' શબ્દ ધન ભાગ્ય અને અંશ જેવા

અર્થમાં પ્રયોજાયેલ છે. પરંતુ આ પછીથી આર્યોના આધ્યાત્મિક-દાર્શનિક વિચારોમાં વિકાસ થયા બાદ ક્રમશઃ ઉપાસ્યા દેવતા-ભગવાનના ઐશ્વર્ય કે મૂળતત્ત્વમાં ભાગ લેવો (ભજ = ભાગ લેવો, વહેંચવું) એવો અર્થ વ્યક્ત કરતાં વ્યાપક અર્થભાવમાં પરિણમ્યો.[૧]

સારાંશ એ કે ભક્તિના મૂળમાં પ્રકૃતિના કોઈ પરમતત્ત્વ પ્રત્યેની આસ્થા રહી હોવાનું કહીએ તો તે આસ્થા અંતતઃ તેની (પરમતત્ત્વની) ઉપાસનામાં પરિણમે છે. પરંતુ તેની પૂર્વે ભક્તિની ભૂમિકામાં સ્તુતિ અને પ્રાર્થના આવે છે. સ્તુતિમાં પ્રભુ કે પરમ તત્ત્વના ગુણોનું કીર્તન થાય છે. ઋગ્વેદ 'ઋક' અર્થાત્ સ્તુતિ પ્રધાન છે. આર્યો મૂળતઃ આસ્થાવાન હોઈ તેઓની તે આસ્થા સતત વેદ ઋચાઓમાં સ્તુતિ સ્વરૂપે વહી છે.

**ભક્તિનો ઉદ્ભવ-વિકાસ**

ભક્તિના ઉદ્ભવ અને વિકાસ અંગે તત્ત્વચિંતકો અને ઇતિહાસકારોમાં મતૈક્ય નથી. આગળ નોંધ્યું એ મુજબ વેદમાં ભલે 'ભક્તિ' શબ્દ (વિશષતઃ) પ્રયોજાયો ન હોય તો પણ કોઈ પરમતત્ત્વ પ્રત્યેની શરણાગતિનો ભાવ જોઈ શકાય છે. ઋગ્વેદ આર્યસંસ્કૃતિનો પ્રથમ ને પ્રધાન (વિશ્વનો પણ) પ્રમાણ ગ્રંથ હોઈ તેમાં રહેલ સ્તુતિ પ્રાર્થના 'ભક્તિ'નું પ્રથમ ઐતિહાસિક પ્રમાણ ગણી શકાય. પ્રાર્થના અને આત્મનિવેદનના છ અંગ તેમ જ 'નારદ ભક્તિ સૂત્ર'માં વર્ણિત એકાદશ આસક્તિઓ (સૂત્ર ૮૨)માંથી અધિકાંશ વેદોમાં મળે છે.[૨] અહીં એક મહત્ત્વની વાતની નોંધ લેવી જ રહી : આ દેશના મૂળ નિવાસીઓ(અનાર્ય-દ્રવિડ)માં આર્યોની અપેક્ષાએ ભક્તિનું તત્ત્વ પ્રથમથી જ વિદ્યમાન હતું જ. તે તેમના પ્રિય દેવતાઓ (કે જે આર્યોથી ભિન્ન હતા) ને શ્રદ્ધા - પૂજા ભેટ ચડાવ્યા કરતા હતા.[૨] આ વેદોત્તર દેવતાઓએ સંપ્રદાય-દેવતાઓ (Cult Gods)ને[૩] વિશેષ સદાય કથી છે. આર્ય ધર્મ તો પ્રધાનતયા કર્મકાંડ અને યજ્ઞબલિ પ્રધાન રહેલ. તેની આ કર્મ-યજ્ઞાદિ ભાવનાઓમાં વેદોત્તર ધર્મની શ્રદ્ધા ભાવનાનો સમન્વય થયો.

આગળ નોંધ્યું તેમ ભક્તિના ઉદ્ભવ અને વિકાસ અંગે તત્ત્વિદોમાં પર્યાપ્ત મતભેદ છે. વેબર ગ્રિયર્સન લાસેન જેવા પાશ્ચાત્ય પંડિતો સગુણ ભક્તિમાં અનુરાગની પ્રધાનતાના કારણે તેને ઈસાઈ ધર્મની દેણ માને છે અર્થાત્ આ (સગુણ ભક્તિ) વિદેશી પ્રભાવ (ઈસાઈ)થી અનુપ્રેણિત હોઈ તેને અભારતીય હોવાનું કહે છે. વેબરના મતે વિષ્ણુની ભગવાન રૂપેની કલ્પના (gmage)નું ક્ષેય ક્રાઈષ્ટ છે. તેમના મતાનુસાર મહાભારતમાં વર્ણિત શ્વેત દ્વીપ સમુદ્રપાર સ્થિત યુરોપ છે, જે બેક્ટેરિયાના



ઈસાયી મતાનુયાયી શ્વેતાંગ પ્રજાનો ઉપનિવેશ હતો. જેનો પ્રચાર વિભિન્ન સંપ્રદાયોના ધર્મગુરુઓએ કરેલ ગ્રિયસનના મતાનુસાર ઈસુની બીજી ત્રીજી સદી દરમિયાન મદ્રાસ પ્રાન્તમાં નેષ્ટોરિયન ચર્ચની સ્થાપના થઈ ગઈ હોઈ તેના પ્રભાવથી હિન્દુઓમાં ભક્તિમાર્ગ પ્રચલન થયો. રામાનુજાચાર્યે કાપણ્ય, પ્રપતિ અને ઈશ્વરમિલનની ભાવનાઓને આ ઈસાઈ ભક્તો દ્વારા માન્ય પર્ગેશન, ઈલ્યુમિનેશન અને યૂનિયન નામની અવસ્થાઓનું અનુકરણ કરી વૈષ્ણવભક્તિમાં પરિવર્તિત કરી.[૪]

પરંતુ આ મત ઉચિત નથી. કેમકે : મસીહી રહસ્યવાદ અને વૈષ્ણવ ભક્તિમાં રૂપગત અને તાત્તિક ભેદ એટલો બધો છે કે તેને કોઈ પણ રીતે વૈષ્ણવભક્તિનો સ્રોત માની શકાય નહીં. બન્ને ધર્મમાં જે સામ્ય જોવા મળે છે તેનું કારણ એ છે કે બૌદ્ધોએ પશ્ચિમમાં જઈ અહિંસાના માર્ગે યહૂદી ધર્મના થેરાપડતી અને એસેનીજ સંપ્રદાયો તેમજ ઈસાઈ ધર્મને પણ પ્રભાવિત કરેલ. સ્પ્રિગટ આ તથ્યનું સમર્થન કરતાં કહે છે, પશ્ચિમ જગત બૌદ્ધોથી અત્યંત પ્રભાવિત હતું. હકીકત એ છે કે ભારતમાં ભક્તિનો ઉદ્ભવ ઈસાઈ ધર્મની ઉદ્ભવ પૂર્વેનો છે. ડૉ. કીથે, પણ ગ્રિયર્સનના મતનું ખંડન કર્યું છે.

તો તારાચન્દ્ર, હુમાયુ કબીર, બાર્થ આબિદ, હુસૈન જેવા વિદ્વાનો ભારતીય ભક્તિધારાનું મૂળ ઈસ્લામ ધર્મ હોવાનું દર્શાવે છે. બહુ પ્રાચીન સમયથી આરબોએ દક્ષિણ ભારતના સાગર કિનારે તેનો સંપર્ક અને સંબંધ સ્થાપિત કર્યો હોઈ તેની અસરના કારણે દક્ષિણ ભારતમાં શંકર રામાનુજ, આનન્દ તીર્થ, મધ્વ, વલ્લભ ઈત્યાદિ આચાર્યોનું ભક્તિ આંદોલન ઉદ્ભવ્યું. ડૉ. હુસૈનના મતે સંપૂર્ણ ભક્તિ આંદોલન મુસ્લિમ સંસ્કૃતિની દેણ છે, તેમજ બધા જ આચાર્યો તેમજ સંપ્રદાયોની દાર્શનિક માન્યતાઓ મુસ્લિમ પ્રભાવિત છે.[૫] તારાચન્દ્રના કથનાસુર ભક્તિમાર્ગના એક સ્વરૂપ ઘટક એકેશ્વરવાદ તેમજ પ્રપતિ સિદ્ધાન્ત ઈસ્લામ ધર્મના વિશિષ્ટ તત્ત્વ છે. ઈસ્લામનો અર્થ જ પ્રપતિ - શરણાગતિ થાય છે.[૬] મુસ્લિમ રાજ્યની ભારતમાં સ્થાપના પૂર્વે જ મુસ્લિમ ફકીરો દરવેશોના માધ્યમથી ઈસ્લામનો પ્રભાવ ભક્તિ આંદોલન પ્રવર્તકો પર પડી ચૂક્યો હતો.[૭]

પરંતુ આ મત પણ ગ્રાહ્ય રહી શકતો નથી : પ્રારંભમાં આવેલ ગણ્યાં-ગાંઠ્યા મુસ્લિમની ફકીર-દરવેશોના પ્રભાવથી ભક્તિ આંદોલનનો સૂત્રપાત માની શકાય નહિ. વિશેષતઃ શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય પર પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ પણ પ્રકારના ઈસ્લામી પ્રભાવનું કોઈ નિશ્ચિત પ્રમાણ છે જ નહિ. વળી, મહત્ત્વની બાબત તો એ છે કે દેવાલય પૂજા વૈષ્ણવ ધર્મનો પ્રાણ છે તો મુસ્લિમો આના કટ્ટર

વિરોધી હતા. વળી, પ્રપતિ અને સગુણીય ઈશ્વરની પૂજાના મૂળભૂત તત્ત્વ ભારતની પ્રાચીન પરંપરામાં આરંભથી જ વિદ્યમાન હતા. એક બીજી વાત, સ્વયં સૂફીમત ભારતીય વેદાન્તથી પ્રભાવિત હોવાનાં ઐતિહાસિક પ્રમાણ છે. ઈલ્લાજ, અરબી તથા જિલી જેવા સૂફી ફકીરો ભારત આવ્યા હતા અને તેઓએ વેદાન્તથી પ્રભાવિત થઈ ઈસ્લામમાં આનો સમાવેશ કર્યો. સૂફીઓની ઈસાનુલકામિલની પ્રતિષ્ઠા જે ઈસ્લામ (મોહમ્મદી) ધર્મની પ્રતિકૂલ છે; સંભવતઃ તે ભારતીય પુરુષોત્તમ અથવા પૂર્ણપુરુષનું જ રૂપાન્તર મનાય છે.

## સગુણ-નિર્ગુણ અને વૈષ્ણવ ભક્તિ

સાધનાના બે સ્વરૂપ છે : જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ. આ પરસ્પર વિરુદ્ધ નથી પણ સમ્બદ્ધ છે. જ્ઞાનની અનુભૂતિ જ ભક્તિ છે. આ બન્ને માર્ગ ઉપરાંત ઉપાસના ભેદના આધારે પણ તેના (સાધનાના) બે ભેદ પડે છે : સગુણ ભક્તિ અને નિર્ગુણ ભક્તિ. સગુણમાં લીલાવતારનો આરાધ્ય દેવ તરીકે સ્વીકાર હોય છે તો નિર્ગુણમાં માત્ર બ્રહ્મ-અનુભૂતિનો.

અધિકાંશ પૂર્વવતી ઇતિહાસ લેખકોની એ સામાન્ય ધારણા રહી છે કે સગુણ ભક્તિ સાધના-સાહિત્ય માત્ર વૈષ્ણવ ધર્મની જ ઊપજ છે. જેને તેની ભાગવત શાખાથી વિશેષ પ્રેરણા, પ્રશ્રય અને પ્રોત્સાહન મળેલ છે. પરંતુ આ સર્વથા ખરું નથી. આની પૂર્વવર્તી તથા પાશ્વવર્તી અનેક વૈષ્ણવોત્તર ભક્તિમાર્ગ છે જ. આમાં શૈવ, શાક્ત અને શ્રમણની વિશેષ ગણના કરી શકાય. અલબત્, ભક્તિમાર્ગનો વૈષ્ણવ સમુદાય અન્યના પ્રમાણમાં બહોળો છે.

પ્રસ્તુત ઉપક્રમ સગુણ વૈષ્ણવી ભક્તનો હોઈ હવે બંનેના વિષે તપાસીએ અર્થાત્ વૈષ્ણવી ભક્તિના આરાધ્ય દેવ વિષ્ણુના પરાપૂર્વ સંદર્ભ જોઈએ.

વૈદિક ભાષામાં વિશ્વની સંજ્ઞા છે. 'પ્રજા' (અથવા 'रुद्रम् सर्वम्') જેનો પતિ છે 'પ્રજાપતિ' (અથવા चतुस्पाद ब्रह्म). સર્ગ સૃષ્ટિ-રચનાની કામના કરતાં સ્વયંભૂ 'પુરુષ' અર્થાત્ પ્રજાપતિ તેની 'સ્વધા'થી તેમની જ અંદર 'आर्यः' (માતૃતત્ત્વ)ની સૃષ્ટિ કરે છે, આમ નર (સંચાલક પ્રાણ) દ્વારા સૂર્જિત હોવાના કારણે आयः ની સંજ્ઞા 'નાર' થઈ. આના બે અર્થ થાય છે : સલિલરાશિ (आयः) અને નર-પુત્ર. (आर्यो नारा इति प्रोक्ता आर्यो ये नरसूनयः) નર-પુત્ર (નાર) 'નર'થી ભિન્ન હોતો નથી : आत्मा वै जायते पुत्रोः । સૃષ્ટિ પૂર્વે 'નાર' નામનો સલિલ-રાશિ જ 'નર'નો આશ્રય (અયન) થયો હોઈ તે 'નારાયણ' કહેવાયા. પુરુષ (બ્રહ્મ-નર) જ્યાં સુધી એકાકી હતો ત્યાં સુધી તેમાં વ્યાપ્ત-વ્યાપક ભાવ ન હતો. તેના એકાંશમાંથી



જ્યારે અંડ (બ્રહ્માંડ) બન્યું ત્યારે તેમાં પુરુષ સ્વયં અનુપ્રવિષ્ટ હોઈ તેમજ વ્યપનશીલ ગુણના કારણે તેની વ્યાખ્યા 'વિષ્ણુ' થઈ.[૮]

આચાર્ય યાષ્કે ઋગ્વેદના વિભાગત્રય અનુરૂપ જ વૈદિક દેવતાઓનું પૃથ્વી-સ્થાનીય, મધ્ય સ્થાનીય (અંતરક્ષીય) અને દ્યુષ્થાનીય એમ ત્રણ વર્ગમાં વર્ગીકરણ કર્યું છે. વૈદિક દેવતાઓમાં વિષ્ણુ, દ્યુસ્થાનીય દેવતા છે. આથી તે સૌર દેવતા છે. સમગ્ર સંસારને વ્યાપ્ત (આચ્છાદિત) કરી લેવા તેમજ તમામ વસ્તુઓમાં વ્યાપ્ત (પ્રવિષ્ટ) રહેવા-હોવાના કારણે સૂર્યને વિષ્ણુ કહ્યો છે :

**विष्णातेर्विशतेर्वा स्यात् वेवेष्टेर्व्याप्तिकर्मणः ।**
**विष्णुर्निरुच्यते सूर्यः सर्वः सर्वान्तरस्व यः ॥**

(બૃહદદેવતા ૨.૬૯)

વળી, વિષ્ણુશબ્દની વ્યુત્પત્તિથી જ તે સૌરદેવતા હોવાનું સિદ્ધ થાય છે :

**अथ यद् विषितो भवतति तद विष्णुर्भवति ।**
**विष्णुर्विशतवा व्यश्नोतेर्वा ॥**

યાષ્ક નિરુક્ત ૧૨.૧૯

આમ, વિષ્ણુ સૂર્યનો જ અન્યતમ પ્રકાર છે. ઋગ્વેદમાં વિષ્ણુના પાંચ પૂર્ણ અને અનેક સૂક્તાંશ મળે છે. ઋગ્વેદમાં વિષ્ણુનું નામ લગભગ ૧૦૦ (એક સો) વાર પ્રયોજાયેલ છે. સૂક્તોની સાંખ્યિક દષ્ટિએ ઋગ્વેદમાં વિષ્ણુ ચતુર્થ ક્રમે છે. વૈદિક ઈન્દ્ર વિષ્ણુની અપેક્ષા અધિક શક્તિસંપન્ન છે. આગળ નોંધ્યુ એ મુજબ વૈદિક વિષ્ણુ સૌર દેવતા છે. તેની ગણના આદિત્ય ગણમાં થયેલ છે. પરંતુ પછીથી બહુ ઝડપથી સંહિતાઓ બ્રાહ્મણ ગ્રંથો અને આરણ્યો વગેરેમાં તેનો દેવત્વ અને સ્વરૂપનો નિરંતર ઉત્કર્ષ થતો ગયો. અંતતઃ લોકસ્વીકૃત પામે છે : विष्णुः देवानां श्रेष्ठइति । ડૉ. આર.જી.ભાંડારકર વૈષ્ણવધર્મનો વિકાસ ત્રણ તત્ત્વોના સંયોગથી થયાનું માને છે : વૈદિક વિષ્ણુ (જે સૂર્યવાચક પણ છે), નારાયણ અને વાસુદેવ. વૈષ્ણવ ધર્મ વિશુદ્ધ વૈદિક ધર્મ છે. ઋગ્વેદમાં તેની ઉપાસના છે પણ ત્યાં તે પ્રમુખ દેવ નથી. ઋગ્વેદનો પ્રમુખદેવ ઈન્દ્ર છે. અલબત્ત, બહુઝડપથી ઉત્તરવતી સાહિત્યમાં વિષ્ણુ પ્રભાવી, શક્તિશાળી, સૃષ્ટિની સ્થિતિનું કારણ બની રહે છે. આ અંતે તે ઈન્દ્રથી પણ મહાન બની જાય-રહે છે. એટલું જ નહિ પુરાણોમાં તે પરમ બ્રહ્મનું સ્વરૂપ છે. (વિષ્ણુ ૬.૭.૬)

વેદમાં રહેલ 'ભક્તિ' અને 'વિષ્ણુનું' બીજ આગળ જતાં ક્રમશઃ કઈ રીતે

વિકસ્યું - ફૂલ્યું ફાલ્યું તેના વિભિન્ન તબક્કા આ રીતે પાડવામાં આવ્યા છે. અલબત્તે, સમજવા - વ્યવસ્થા માટે જ આમ કરવામાં આવેલ છે. વાસ્તવમાં એની 'વૃદ્ધિ અને વિકાસ એ સહજ પ્રક્રિયા છે :

મહાભારત કાળ સુધી પહોંચતાં - પહોંચતાં વૈષ્ણવ ભક્તિનો પર્યાપ્ત વિકાસ થઈ ગયો હતો. એટલું જ નહિ વિષ્ણુની નારાયણ સ્વરૂપે ઉપાસના પણ થવા લાગી હતી. મહાભારતમાં વિષ્ણુ અને વાસુદેવમાં તાદાત્મ્ય સ્થપાયું છે. પાણિનિ (ઈ.પૂ.૬ સદી) સૂત્ર वसुदेवार्जुनाभ्र्याः वनु । અને તેના પર લખાયેલ પતંજલિના ભાષ્યના આધારે કહી શકાય કે વાસુદેવની ઉપાસના ઈસુની લગભગ ૭-૮ સદી પૂર્વે પ્રચલિત અને વિકસિત થઈ ગઈ હતી. આ પછી પુરાણકાળમાં તો તેની પ્રૌઢાવસ્થા (પરિપક્વ)માં પહોંચી પુરાણોમાં વિષ્ણુનું વિશેષ મહત્ત્વ જોઈ શકાય છે. અહીં તેની અર્થાત્ વિષ્ણુની શક્તિઓ અને પ્રાધાન્યનું ભાગવત પુરાણનો વિશેષ સંદર્ભ આપી શકાય. આ પુરાણ ઉપરાંત વિષ્ણુ, બ્રહ્મવૈવર્ત અને પદ્મપુરાણમાં પણ વિષ્ણુના આધ્યાત્મિક રૂપ અને માહાત્મ્યનું વ્યાપક અને સર્વાંગ સુન્દર વર્ણન કરાયેલ છે. પૂર્વે મધ્યકાળ દરમિયાન રાજકીય સ્તરે શૈવ ધર્મ વિશેષ માન્ય થયેલ તો પણ જન સામાન્યમાં ગુપ્તકાલીન વૈષ્ણવ પરંપરા અક્ષુણ્ણ રૂપથી વહેતી રહી હતી.

**દક્ષિણના આલવાર**

અશોકના શાસનકાળ બાદની શતાબ્દીઓમાં વૈદિક યજ્ઞાદિ અનુષ્ઠાનો - જેમાં વિશેષતઃ પશુબલિ અપાતી - જનસામાન્યમાં અલોકપ્રિય થઈ ગયા હતા. અંતતઃ સામાન્યજન ભક્તિ આધારિત મૂર્તિપૂજક સંપ્રદાય તરફ આકૃષ્ટ થવા લાગ્યો હતો. જૈન-બૌદ્ધ તેમજ અન્ય શાસ્ત્ર વિરોધી ધાર્મિક સંપ્રદાયોના પ્રહારોએ વૈદિક પ્રથાઓ - પરંપરાઓ અને બ્રાહ્મણોની પ્રતિષ્ઠા તેમજ પ્રભુત્વને પારાવાર નુકસાન પહોંચાડ્યું હતું. આ સ્થિતિમાં યજ્ઞ-યજ્ઞાદિ કમ થવા માંડ્યા. પરિણામસ્વરૂપ બ્રાહ્મણોની આર્થિક સ્થિતિ પણ દયનીય થઈ જતા તેઓએ આમાંથી ઉગરવા માટે જનજાતીય અને અવૈદિક દેવતાઓની ઉપાસના પ્રત્યે ધ્યાન આપ્યું. તેઓએ મુખ્યત્વે બૌદ્ધ ધર્મનો પ્રતિરોધ કરવા અને બ્રાહ્મણ ધર્મના સામાજિક વ્યવહારને ટકાવી રાખવાના ઉદ્દેશ્યથી જનસાધારણમાં વ્યાપક સ્વરૂપે પ્રચલિત લોકપ્રિય દેવતાઓની ઉપાસનાના ઉપાયો પર ભક્તિ-ભાવનાનો રંગ ચઢાવી એક નવી પરિસ્થિતિમાં ઢાળવાના પ્રયત્ન કર્યા.

ઈ.સ. પૂર્વે તેમજ બાદની પ્રારંભિક સદીઓમાં વિદેશી જાતિઓના ભારત



પ્રવેશે પણ વૈષ્ણવ તેમજ શૈવ દેવતાઓની ઉપાસના વિષે અનુકૂળ વલણ અપનાવ્યું. આ જાતિઓએ તેને સમર્થન આપ્યું. યવનોએ કૃષ્ણને હેરાકલીજનું સ્વરૂપ માન્યું. વેસનગરના અભિલેખમાં ગ્રીકદૂત હેલિયોડોરસનું વર્ણન 'ભાગવત' રૂપે થયેલ છે. એમણે ભગવાન વાસુદેવનો ગરુડધ્વજ સમર્પિત કર્યો હતો. આ પછીના શક-ક્ષત્રપ-કૃષાણ-ગુપ્ત રાજ્યોએ પણ બ્રાહ્મણ ધર્મ પ્રત્યે આદરભાવ રાખ્યો હતો. આ વિદેશી જાતિઓમાંથી કેટલીકે તો વિષ્ણુ પ્રત્યે ભક્તિ સૂચવતા સંસ્કૃત નામ પણ ધારણ કર્યાં હતાં. જેમકે, સૌરાષ્ટ્રના રાજ્યપાલ પર્ણદત્ત મૂળતઃ તે ઈરાની નામ ફાર્નદાતનું ભારતીય રૂપ છે. આ જ રીતે જૂનાગઢના સ્કન્દગુપ્તના શિલાલેખમાં ઉલ્લેખિત ચક્રપાલિત. શક-કુષાણ-ગુપ્ત રાજાઓના અભિલેખો સિક્કાઓ શિલ્પો વગેરેમાં પ્રાપ્ત વૈષ્ણવ ધર્મનાં પ્રમાણો વૈષ્ણવધર્મની તત્કાલીન લોકપ્રિયતા સૂચવે છે.

પરંતુ ૬-૭ સદી દરમ્યાન બૌદ્ધ-જૈન ધર્મે પણ તેના સૈદ્ધાંન્તિક માળખાને હળવું બનાવતા તે પણ જનપ્રિય થયો. આદિ શંકરાચાર્યે ૭૮૮-૮૨૨ દ્વારા આ બન્ને ધર્મને શાસ્ત્રાર્થમાં 'નાસ્તિક' સિદ્ધ કર્યા પછી અદ્વૈતવાદનો પ્રચાર થયો. આ પછી ''અહં બ્રહ્માસ્મિ'' અને ''સર્વમ ખલુ ઇદમ્ બ્રહ્મ્''ના સૂત્રના આધારે સંસારને મિથ્યા અને ક્ષણભંગુર માનનાર ૭-૮મી સદીના આચાર્યોની સાથો-સાથ કેટલાક અજ્ઞાની અને નિરક્ષર બ્રહ્મવાદી પણ ઊભા થયા હતા. નિર્ગુણ બ્રહ્મની વાત કરનારા ને કહેવાતા અજ્ઞાની સાધુ-સંન્યાસી ન તો કોઈ બ્રહ્મ-વિદ્યાથી પરિચિત હતા કે ન તેને કોઈ તત્ત્વજ્ઞાનનું જ્ઞાન હતું. વૈરાગ્ય અને માયાવાદનો અંચળો ઓઢેલ આ સાધુ-સંન્યાસીઓએ એક ક્ષણભંગુરતા અને વૈરાગ્યનું વાતાવરણ ઊભું કરી દીધું. આવા નિર્ગુણીયા દંભી સાધકોથી જનસામાન્યને બચાવવા અને સંસારને સારયુક્ત માની ભગવત ભક્તિના માર્ગે લાવવા માટે સગુણ-સાકાર અવતારી વિષ્ણુની ભક્તિનું રામાનુજ નિમ્બાર્ક, મધ્વ આદિ દાક્ષિણાત્ય આચાર્યો દ્વારા પુનઃ પ્રવર્તન કર્યું. આ આચાર્યો દ્વારા શંકરાચાર્યના અદ્વૈતવાદનો તાત્ત્વિક વિરોધ કરી ભક્તિમાર્ગીય ઉપાસનાનો પ્રશ્ન આપી એક નૂતન અદ્વૈતે દર્શન સ્થાપિત કર્યું ?

આની સમાન્તર દક્ષિણમાં આલવાર 'નામના ભક્તોની પણ એક જબરદસ્ત લહેર આવી. ભક્તિને સર્વજનપ્રિય બનાવવામાં દક્ષિણના વૈષ્ણવ આલવાર-આડવારોનું વિશેષ યોગદાન રહ્યું છે. ભાગવતમાં ભવિષ્ણવાણી રૂપે લખ્યું છે : કળિયુગમાં નારાયણ ભક્ત દક્ષિણમાં થશે. (ભાગ. બીજો સ્કંધ, અધ્યાય-૫, શ્લો. ૩૮). વૈષ્ણવ ભક્તિનું પ્રારંભિક રૂપ આલવારોની રચનાઓ (તેવારમ અને

પ્રબંધમ્)માં મળે છે.[૯]

'આલવાર' શબ્દનો સામાન્ય શાબ્દિક અર્થ ડૂબેલ, મગ્ન થાય છે : આલ = ડૂબવું, મગ્ન થવું. અર્થાત્ જે ઈશ્વર ભક્તિમાં ડૂબેલ-મગ્ન છે તે. દક્ષિણ ભારતના તમિલભાષા ક્ષેત્રમાં છઠ્ઠીથી નવમી સદી દરમ્યાન વિષ્ણુભક્ત અલવારો અને શિવભક્ત નાયમારોએ હિન્દુત્વનું નવીનીકરણ કરેલ. તેઓના પ્રભાવથી દક્ષિણ ભારતમાં ભક્તિનું પૂર આવ્યું એમ કહી શકાય. તેઓ અત્યંત ભાવુક ભક્તો હતા અને ભક્તિમાં ઊંચ-નીચ, સ્ત્રી=પુરુષ, બ્રાહ્મણ-ક્ષુદ્ર જેવો કોઈ ભેદભાવ સ્વીકારતા નહીં. ભગવાનની દિવ્ય લીલાઓનું પ્રેમપૂર્વક ભજન-કીર્તન કરતા ને ભગવાનના કૃપાભાજન બનવાનું તેઓનું એક માત્ર લક્ષ્ય-ધ્યેય રહેતું. તેઓ તેમનાં પદો દ્વારા જનતાના હૃદયમાં પ્રભુનો આવિર્ભાવ કરતા હતા. દ્રવિડ ભાષામાં લખાયેલ તેના લગભગ ૪૦૦૦ પદોનું પછીથી શ્રીનાથજીમુનિ - શ્રીરંગનાથ મુનિ (ઈ.સ. ૮૨૪-૯૨૪)એ 'નાલિયાર પ્રબંધ'માં સંકલન કર્યું છે. આ પદાવલી અત્યંત સરલ, મધુર અને પવિત્ર છે. આમ તો આલવાર ભક્તોની સંખ્યા ઘણી હતી તો પણ તેમાં ૧૨ (બાર) પ્રમુખ મનાય છે. આમાં સમાજના તમામ વર્ગનો સમાવેશ થાય છે. આલવારોનાં આ પ્રેમ-ભક્તિનાં ગીતોની સાથે આમાં તેની અનેક ધાર્મિક ઉક્તિઓ - વચનોનો પણ સંગ્રહ છે. આના મહત્ત્વ અને પવિત્રતાના કારણે તેને 'વૈષ્ણવ વેદ' કહેવાય છે. વિશેષ ધાર્મિક ઉત્સવો પર શ્રદ્ધા-ભક્તિપૂર્વક આજે પણ આનું ગાન થાય છે. અલવારોની પ્રતિમાઓ પણ દક્ષિણ ભારતનાં અનેક મંદિરોમાં પૂજિત દેવ પ્રતિમાઓ સાથે સ્થપાયેલ છે ને તેનું પણ વિધિવત પૂજન થાય છે, એ તેની મહત્તા ને શ્રદ્ધેયતા દર્શાવે છે. આલવારનો આર્વિભાવ વૈષ્ણવધર્મના ક્રમિક વિકાસ અને પ્રચાર-પ્રસારની દૃષ્ટિએ મહત્ત્વનો છે. તેઓએ પ્રાચીનકાળના વૈદિક અને અવૈદિક એમ બન્ને પ્રકારની ભક્તિધારાનો પ્રવાહ સમાંતર વહાવ્યો. તેની વિચારધારા સ્પષ્ટ રહી : પ્રભુના દરબારમાં પ્રવેશ પામવાનો સહુ કોઈને સમાન અધિકાર છે. બ્રાહ્મણ-શુદ્ર, સ્ત્રી-પુરુષ, બાળક વૃદ્ધ સૌના માટે એકમાત્ર આવશ્યકતા છે ભક્તિમય હૃદયની

### ઉત્તર ભારતમાં ભક્તિ પ્રચાર

ભક્તિ આંદોલનનાં પરિબળોમાં એક સામાજિક સમાનતાને પણ ગણવામાં આવેલ છે. દરેક મનુષ્ય કર્મ-ભક્તિથી શ્રેષ્ઠ હોય છે, જન્મથી નહિ. ભક્તિનું આ આંદોલન જનતાનું આંદોલન બની ગયું હતું જે સદીઓથી સામન્તો અને તેના સહયોગી પુરોહિત વર્ગના અત્યાચારો અને અનાચારોથી પીડિત રહેલ. આ



આંદોલનને અને તેની ચિંતન પરંપરાને મધ્યકાળના નવાં પરિવર્તનોથી અત્યાધિક બળ મળ્યું. અહીં માયાવાદી ચિંતનધારાનો ઉગ્ર વિરોધ મળે છે. જગતને મિથ્યા બતાવતી પ્રમુખ ધારા આમાં ક્ષીણ થઈ જાય છે. ભક્ત કવિઓએ લૌકિક જીવન અને મનુષ્ય પ્રતિ આકૃષ્ટ કરતી ભાગ્યવાદી ચિંતન પરંપરા સામે પ્રશ્ન ચિહ્ન લગાવી દીધું. ભક્તિકાળની મૂળ ચિંતનધારામાં મનુષ્યની શ્રેષ્ઠતા કર્મથી હોય છે, વર્ણથી નહીં એ સ્વર સતત સંભળાયા કરે છે.

ઉત્તર ભારતમાં ૧૪ થી ૧૭ સદી પર્યન્ત વ્યાપ્ત ભક્તિની ઉદામ લહર સમાજના વર્ણ, જાતિ, કુળ અને ધર્મની પરિસીમાને અતિક્રમી સંપૂર્ણ જનમાનસની ચેતનોમાં છવાઈ ગઈ હતી. સદીઓથી ચાલી આવતી વૈદિક પરંપરાઓ - માન્યતાઓ અને સિદ્ધાન્તોને સંત-ભક્તોએ દૂર કરવાના પ્રયત્ન કર્યા. મુખ્યત્વે બ્રાહ્મણો અને ઉચ્ચકુલીન લોકો દ્વારા સ્થાપિત સમાજના નિમ્ન સ્તરના લોકોને પણ આત્મજ્ઞાન અને ભક્તિનો રાહ દેખાડનારા રામાનંદ, નિમ્બાર્ક, વલ્લાભાચાર્ય જેવા આચાર્યો તેમજ પ્રાણીમાત્રમાં મૌલિક એકતા કે એકાત્માની સૈદ્ધાન્તિક વિચારધારાના વાહક કબીર, દાદુ, રહીમ જેવા ભક્ત કવિઓ પણ સમાજના વિભિન્ન વર્ગોમાંના જ હતા.

### ભક્તિ દ્રાવિડ ઊપજી....

ભક્તિ આંદોલનના ઉદ્ભવ સંદર્ભે પરંપરાગત એક ઉક્તિ (દોહો) પ્રચલિત છે :

*ભક્તિ દ્રાવિડ ઊપજી લાયે રામાનંદ,*
*પરગટ કિયો કબીરને, સાત દ્વીપનો ખંડ.*[૧૦]

આવો જ એક સંસ્કૃત શ્લોક 'ભાગવત મહાપુરાણ'ના આરંભે ભાગવત માહાત્મ્ય અંતર્ગત મળે છે. આદ્ય ભક્તિનો નારદજી સાથે થયેલ સંવાદ દરમ્યાન ભક્તિ નારદજીને કહે છે :

**उत्पन्ना द्राविडे साहं वृद्धि कर्णाटके गता ।**
**क्वचित्क्वा चिन्महाराष्ट्रे गुजर्रे जीर्णतां गता ॥ ॥**

અર્થાત્ હું (ભક્તિ) દ્રવિડ દેશમાં ઉત્પન્ન થઈ; કર્ણાટકમાં વૃદ્ધિ પામી. મહારાષ્ટ્રમાં ક્યાંક-ક્યાંક સમ્માનિત થઈ; પરંતુ ગુજરાતમાં જતાં વૃદ્ધ થઈ ગઈ.

ઉક્ત બન્ને અવતરણના પ્રથમ ચરણમાં ભક્તિ દ્રવિડમાં ઉત્પન્ન થયાનું સ્પષ્ટ કથન છે. અર્થાત ભક્તિ સૌથી પ્રથમ દ્રવિડદેશમાં ઉદ્ભવી અને ત્યાંથી પછી અન્ય

પ્રદેશોમાં આગળ વધી.

પ્રથમ તો પ્રથમ હિન્દી અવતરણની પ્રમાણિકતા કેટલી ? કેટલાકના મતે કોઈ કબીરપંથી સંતકવિએ તે બનાવ્યાનું મનાય છે. કેમકે તેમાં કબીરજીને પ્રધાનતા અપાઈ છે. આમાં ગુરુ અને ગુરુના પણ ગુરુનું દર્પોક્તિ સાથે પ્રતિપાદિત થયું છે. અહીં ગુરુ રામાનંદથી અધિક કબીરજીનું મહત્ત્વ સ્પષ્ટપણે જણાય છે.★ પરંતુ ભાગવત માહાત્મ્યના ઉપરોક્ત ૧૨.૨.૧૧ શ્લોકમાં ભક્તિ મુખે કહેવાયેલ નીજ સ્વરૂપવિકાસ એ આજના ભારતીય ભાષાઓ વિકાસ મધ્યકાલીન ભક્તિવિકાસના ઇતિહાસ સાથે સંકળાયેલ હોવાનો પણ કેટલાક વિદ્વાનોની મત છે (એ.કે. રામાનુજ). આની ચર્ચા કરીએ એ પૂર્વે થોડું મૂળ અર્થાત્ 'ભક્તિ' સંદર્ભનો વિકાસ તપાસીએ.

પ્રસ્તુત પ્રસિદ્ધ ઉક્તિ અનુસાર ઉત્તર ભારતમાં ભક્તિમાર્ગના પ્રચાર-પ્રસાર કરનારા વૈષ્ણવ સાધનાના મૂળ પ્રવર્તક સ્વામી રામાનંદ (સં. ૧૩૫૬-૧૪૬૭ સં) હતા. મૂળ દક્ષિણના રામાનંદે તીર્થાટન દ્વારા નીજ દૃષ્ટિકોણને યુગધર્મ અનુકૂળ બનાવ્યો. તેઓ તીર્થાટનથી પાછા ફર્યા બાદ ગુરુમઠમાં તેના ગુરુ ભાઈઓએ તેની સાથે ભોજન કરવામાં આપત્તિ કરી હતી. તેઓનું માનવું હતું કે તીર્થયાત્રામાં તેમણે (રામાનન્દે) અવશ્ય ખાન-પાનમાં છૂઆછૂતનો વિચાર કર્યો નહિ હોય. શિષ્યોનો આ આપત્તિજન્ય આગ્રહ જોઈ ગુરુ રાઘવાનંદે રામાનંદને એક નવો સંપ્રદાય ચલાવવાનો આદેશ આપતા રામાનંદે બ્રાહ્મણ શ્રેષ્ઠતાને સુરક્ષિત રાખીને ભક્તિના દ્વાર સર્વજન માટે ખોલી દીધા. આ માટે તેમણે લોકભાષાને મહત્ત્વ અને પ્રાધાન્ય આપ્યું. તેઓ ભક્તિમાર્ગમાં કોઈ જાતિવિષેશને મહત્ત્વ આપતા ન હતા પરંતુ ''જાતિ-પાતિ પૂછે ના કોઈ ! હરિ કો ભજે સૌ હરિકા હોઈ ।।'' માનનારા હતા. અર્થાત્ ભક્તિમાર્ગમાં સમાનભાવથી સહુ કોઈનો સમાન અધિકાર હોવાનું માનતા. કોઈ પણ જાતિ વર્ગની વ્યક્તિને તેમણે રામ-મંત્ર આપવામાં સંકોચ કરેલ નહિ. આ માટે તેમણે મુક્તિના સાક્ષાત્ સાધન તરીકે ભક્તિ માર્ગ સ્વીકાર્યો. આગળ સંદર્ભના પરિણામસ્વરૂપ તેઓ દક્ષિણમાંથી ઉત્તર ભારતમાં આવી કાશી (વારાણસી)માં પોતાનો સ્વતંત્ર મઠ સ્થાપી સ્વતંત્ર જારી શ્રીસંપ્રદાય પ્રવર્તાવ્યો. આ સંપ્રદાય 'રામાનન્દી' કે 'વૈરાગી સંપ્રદાય' તરીકે પણ ઓળખાય છે. તેઓ સમત્વવાદી હતા. તેમના પ્રમુખ બાર શિષ્યો વિવિધ વર્ણ-જાતિ લિંગના હતા. તેમણે અભૂતપૂર્વ, સામાજિક ક્રાન્તિના શ્રીગણેશ કરી સમાજ અને સંસ્કૃતિની સમજપૂર્વક - કાળજીપૂર્વક રક્ષા કરી. તેઓ તત્કાલીન હિન્દુસમાજની નિરાશાભરી

★ આની વિશેષ ચર્ચા આગળ કરવામાં આવશે.



રાત્રિમાં સદાશાનાં કિરણ સમ હતા. એટલું જ નહિ, તત્કાલીન સમયની પરિસ્થિતિ અનુસાર વૈરાગી સાધુ-સમાજને અસ્ત્ર-શસ્ત્રથી સજ્જિત કરી-સંગઠિત કરી તીર્થસ્થાનોની રક્ષા માટે ધર્મનું સક્રિય મૂર્તિમાન સ્વરૂપ પ્રત્યક્ષ કર્યું. આ આંદોલનનાં પરિબળોમાં એક સામાજિક સમાનતાનો સ્વીકાર કરાયો હતો. મનુષ્ય કર્મ-ભક્તિથી શ્રેષ્ઠ હોય-બને છે, જન્મથી નહિ★ આ પછીથી આ આંદોલન જન-આંદોલન બની ગયું હતું. જેથી આ આંદોલન અને તેની ચિંતન પરંપરાને મધ્યકાળના નવાં પરિવર્તનોથી અત્યાધિક બળ અર્પ્યું. અહીં માયાવાદી ચિંતનધારાનો ઉગ્ર વિરોધ થયો છે. જગતને મિથ્યા (ब्रह्म सत्य जगन्मिथ्या !) ધરાવતી પ્રમુખ ધારાઓમાં ક્ષીણ-નહિવત્ થઈ જાય છે. ભક્ત કવિઓએ લૌકિક જીવન અને મનુષ્ય પ્રતિ આકૃષ્ટ કરતી ભાગ્યવાદી ચિંતન પરંપરા સાથે પ્રશ્નચિહ્ન લગાવી દીધું. આમાં - ભક્તિકાલીન મૂળ ચિંતનધારામાં મનુષ્યની શ્રેષ્ઠતા કર્મથી હોય છે, વર્ણથી નહિ. એ સ્વર સતત સતત સંભળાયા કરે છે. આના માટે રામાનંદાચાર્ય અને તેની શિષ્ય-અનુયાયી પરંપરા જ પ્રેરક અને આધારબળ રહેલ છે. આમ, તેઓ માત્ર ધર્માચાર્ય જ નહિ પણ પ્રખર સમાજ સુધારક અને રાષ્ટ્રીય એકતાના સજાગ પ્રહરી બની રહ્યાં. આમ, મધ્યકાલીન ભક્તિઆંદોલન ભારતીય ઇતિહાસની એક અન્યતમ ઘટના કે આંદોલન બની રહ્યું. તેનું ધાર્મિક મહત્ત્વ માત્ર નથી પરંતુ સાંસ્કૃતિક અને સામાજિક દૃષ્ટિથી પણ તેણે ભારતીય જીવનને નવી દિશા બતાવી.

હવે, ભાષાના વિકાસના સંદર્ભે આને તપાસીએ :

પૂર્વ ઉદ્ધરિત શ્લોકમાં ભક્તિ આંદોલનના જન્મ અને તેના ભૌગોલિક વિકાસને દર્શાવ્યો છે, પરંતુ પ્રસ્તુત શ્લોકની અર્થનિષ્પતિ ભૌગોલિક વિકાસથી કૈંક અધિક હોવાનું પણ મનાય છે. ભક્તિના ઉદ્‌ભવ અને તેની ભૌગોલિક યાત્રાનો સંબંધ દેશી ભાષાઓના ઉદ્‌ભવ અને વિકાસ સાથે હોવાનો પણ એક મત છે.[૧૧] તમિલ એક દેશી ભાષા રહી છે જેની પરંપરા છેક ઈ.પૂ ૫-૬ સદી પર્યન્ત રહી છે, તો ઉત્તર ભારતમાં ગુપ્ત સામ્રાજ્યના અંત સુધી (૫મી સદી) સંસ્કૃત જ લગભગ એક માત્ર સાહિત્યિક ભાષા રહી હતી. ધર્મ અને સાહિત્યમાં સંસ્કૃતનો અદ્વિતીય પ્રભાવ હતો. એમ કહી શકાય કે સંસ્કૃત સંસ્કૃતિની, ભાષા રહી હતી-છે. અહીં કબીરજીની પ્રસિદ્ધ પંક્તિ નોંધીએ. ''સંસ્કીરતિ હૈ કૂપજલ, ભાષા બહતા ની[૨૨].'' સંસ્કીરતી અર્થાત્ સંસ્કૃત અને ભાષા અર્થાત લોક (દેશી) ભાષા.

★ અહીં આ સૂત્ર નોંધીએ :

जन्मना जायते शूद्रः संस्कारात् द्विज उच्यते ।

ભાગવત માહાત્મ્યના શ્લોકમાં સર્વ પ્રથમ ઉલ્લેખ દ્રાવિડ દેશનો છે. દ્રવિડ દેશથી સમગ્ર 'દક્ષિણ' પ્રદેશનો તાત્પર્ય હોઈ-થઈ શકે પરંતુ સ્પષ્ટતયા અહીં તેનો અર્થ તમિલદેશ છે; કેમકે જો સંપૂર્ણ દક્ષિણ દેશનો અર્થ હોત તો આગળ કર્ણાટકનો ઉલ્લેખ ન હોત. આમ, ભક્તિ જન્મે છે દ્રવિડ દેશમાં અર્થાત્ તમિલ દેશમાં અને તેની વાહક બને છે દેશી ભાષા તમિલ. આ પછી તેનો વિકાસ કર્ણાટકમાં થાય છે. તમિલ પછી જે બીજી દેશી ભાષા સર્વ પ્રથમ સાહિત્યિક રીતે વિકસિત થઈ તે કન્નડ છે. કન્નડમાં લિખિત સાહિત્યિક કૃતિઓ ઈ.સ. ૫-૬ સદીથી મળવા લાગે છે. લોક ચેતનામાં વિકસિત ભક્તિ સૌ પ્રથમ દક્ષિણમાં દેશીભાષા તમિલના માધ્યમથી વિકસિત થઈ.[૧૨] ૧૦મી સદી સુધીમાં કન્નડ એક સાહિત્યિક ભાષા સ્વરૂપે પૂર્ણ વિકસી જાય છે. અતઃ એમ માનવું સ્વાભાવિક છે કે કર્ણાટકમાં ભક્તિ યુવાવસ્થાને પ્રાપ્ત થઈ !

કાળક્રમ દૃષ્ટિએ કન્નડની સમીપવર્તી (પડોશી) ભાષા મરાઠી હોઈ તે તેના (કન્નડ) પછી ભક્તિ આંદોલનની વાહક બની પરંતુ મરાઠીના સંદર્ભે ભાગવતકારે 'क्वचित्वकचिन्महाराष्ट्र' (ક્વચિત-ક્વચિત) કહી મહારાષ્ટ્રમાં ભક્તિનો વિકાસ સીમિત દર્શાવ્યો છે. અહીં એ યાદ રહે કે ઉક્ત શ્લોક સમગ્ર ભક્તિની વિકાસ પરંપરાનો નિર્દેશ કરતો નથી પણ કૃષ્ણભક્તિની ભૌગોલિક યાત્રાનો માત્ર નિર્દેશ કરે છે. આ સમયે મહારાષ્ટ્રમાં સમાન્તરે અદ્વૈત સિદ્ધાન્ત અને તેના સંદર્ભે નિર્ગુણ ભક્તિનો પ્રભાવ સવિશેષ હોઈ એમ કહી શકાય કે મહારાષ્ટ્રમાં એ સમયે નિર્ગુણભક્તિ અને સગુણ કૃષ્ણ (વૈષ્ણવ) ભક્તિ વચ્ચે પ્રભુત્વ સ્થાપિત કરવા સંઘર્ષ ચાલી રહ્યો હતો.અને આમાં નિર્ગુણનું પલ્લું ભારે રહ્યું હતું.

તો ભક્તિ કહે છે ગુજરાતમાં આવતા હું દુર્બળ અને વૃદ્ધા થઈ ગઈ. ગુજરાતી ભાષાનો આરંભ પ્રાયઃ બારમી સદી મનાય છે. જ્યારે દક્ષિણમાં વૈષ્ણવ આંદોલન તેની ચરમસીમાએ હતું ત્યારે ગુજરાતમાં આ દરમ્યાન જૈન ધર્મ સર્વાધિક પ્રભાવક હોઈ વૈષ્ણવ ધર્મનું તેની સામે ટકવું-વિકસવું મુશ્કેલ હતું. આથી જ તો ૧૫મી સદી પૂર્વે ગુજરાતમાં કોઈ વૈષ્ણવભક્ત કવિ થયો જણાતો નથી. ગુજરાતનો સર્વ પ્રથમ ઉલ્લેખનીય વૈષ્ણવ ભક્ત કવિ નરસિંહ મહેતા ગણાય છે, જેનો સમય (સન ૧૪૧૪-૧૪૮૦) ૧૫મી સદી છે તેને શ્રી ઉમાશંકર જોશીએ 'ભક્તિ-આંદોલનનો પ્રતિનિધિ ઉદ્ગાતા કહ્યો છે[૧૩] એ યથાર્થ જ છે.

હવે, હિન્દી દોહાની 'ભક્તિ દ્રવિડ ઉપજી' વિષે થોડું નોંધીએ :

આગળ નોંધ્યું એ મુજબ પ્રસ્તુત દોહો કોઈ કબીરપંથી સંત કવિએ બનાવ્યાનો



મત છે. આમાં કબીરજીને પ્રધાનતા અપાઈ છે. એટલું જ નહિ અહીં ગુરુ અને ગુરુના પણ ગુરુનું દર્પોક્તિ સાથે પ્રતિપાદિત થયું છે. અહીં ગુરુ રામાનંદથી વિશેષ કબીરજીનું મહત્ત્વ સ્પષ્ટતયા જણાય છે.

ભક્તિના દાક્ષિણાત્ય સ્રોત વિષે વિચારતા પ્રસ્તુત દોહાનો વારંવાર સંદર્ભ અપાય છે. ભા.મા.ના શ્લોકનું પ્રથમ ચરણ ''उत्पन्ना द्राविंड साहं'' તેમજ દોહાનું 'ભક્તિ દ્રવિડ ઉપજી'માંનો એક જ અર્થ થતો હોવાનું સામાન્ય તારણ છે પરંતુ સૂક્ષ્મતાથી જોતાં - તપાસતાં સ્પષ્ટ થાય છે કે શ્લોકમાં 'દ્રાવિડનો' અર્થ માત્ર તમિલ પ્રદેશ છે જ્યારે હિન્દી દોહામાં 'દ્રાવિડ'માં અર્થ સંપૂર્ણ દક્ષિણ ક્ષેત્ર. આ સિવાય ભા.મા.ના શ્લોક અને પ્રસ્તુત દોહામાં અન્ય કોઈ સામાન્ય બાબત નથી. દોહો ઉત્તર ભારતમાં રામાનન્દ અને કબીરે પ્રસારેલ ભક્તિના મુખ્ય ઘટના તથ્યને દર્શાવે છે. ભા.મા.ના શ્લોકમાં વિષ્ણુભક્તિનો અર્થાત્ સગુણ ભક્તિનો અર્થ રહેલ છે. તો, દોહામાં રામાનન્દ અને તેના શિષ્ય કબીરનો ઉલ્લેખ ઉત્તર ભારતમાં નિર્ગુણ ભક્તિનો પ્રસાર સૂચવે છે. અલબત્ત, રામાનન્દ રામભક્ત રૂપે પ્રસિદ્ધ છે, એટલું જ નહિ ઉત્તર ભારતમાં રામભક્તિના પ્રસારનું શ્રેય પણ એમને અપાતું હોવા છતાં નિર્ગુણ ભક્તિ પ્રત્યે તેમનું મૂળભૂત વલણ હતું જ તો કબીર તો વિશુદ્ધ અને નિર્ગુણ ભક્ત જ હતો. સગુણ ભક્તિનું ખંડન એમણે સબળપણે કરેલ છે.

હવે જો એ માની લેવામાં આવે કે હિન્દી દોહો ભા.મા.ના શ્લોક આધારિત નથી તો તેમાં ભક્તિ દ્રાવિડ દેશમાં ઉત્પન્ન થયાનું શા માટે કહેવાયું ? સંભવતઃ રામાનંદનો કાશીના આચાર્ય રામાનુજના શ્રીસંપ્રદાય સાથે સંબંધ હતો અને દ્રવિડ દેશમાં શ્રીસંપ્રદાયનું સ્વરૂપ સ્વીકારાયેલ. રામાનંદ કાશીમાં રહી ત્યાંથી એમણે ઉત્તરભારતમાં ભક્તિનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. તેમના ગુરુ રામાનંદ દક્ષિણના વૈષ્ણવ સંપ્રદાય સાથે રામાનંદથી વિશેષ પ્રત્યક્ષ સંપર્કને સંબંધ રહ્યો હતો. આગળ જતાં શ્રીસંપ્રદાય તેન્કલૈ અને વડકર્લૈ એમ બે સંપ્રદાયમાં વિભાજિત થઈ ગયેલ. આમાંનો તેન્કર્લૈ દક્ષિણમાં અધિક પ્રસર્યો તો વડકર્લૈ ઉત્તર ભારતમાં વધુ પ્રભાવશાળી રહ્યો. વડકર્લૈ સંપ્રદાયના વિકાસમાં રાઘવાનંદનું વિશેષ યોગદાન રહ્યું છે. આ પછી તેમના પર ઉત્તરના નાથપંથની પણ વિશેષ અસર થઈ હતી. આમ, રાઘવાનંદ અને તેના શિષ્ય રામાનન્દ બન્ને દક્ષિણના શ્રીસંપ્રદાયના મૂળ સ્થાપના વિભાવના અને ધારણાથી ખૂબ જ દૂર થઈ ગયેલા; ત્યારે પણ એમણે શ્રીસંપ્રદાય સાથે ઔપચારિક સંબંધ જાળવી રાખ્યો હતો. શક્ય છે આ દોહો સંબંધ વિચારમૂલકથી વિશેષ સંપ્રદાયમૂલક રહેલ.[૧૪]

હિન્દી દોહો કબીરને વિશેષ મહત્ત્વ આપે છે. એમ કહી શકાય કે આમાં તેની પ્રશસ્તિ કરાઈ છે. કબીર એક નિર્ગુણ ભક્ત હોઈ પ્રસ્તુત દોહાના 'ભક્ત'નો તાત્પર્યાર્થ સ્પષ્ટતયા નિર્ગુણ જ હોવાનો કરી શકાય. નિર્ગુણ સંપ્રદાયની આ ભક્તિ રામાનુજાચાર્યના શ્રીવૈષ્ણવસંપ્રદાય અને તેના પણ પૂર્વવતી આલવાર સંતોની ભક્તિથી ભિન્ન હોઈ 'હિન્દી દોહાનો 'દ્રાવિડ' શબ્દ કબીર અને રામાનંદ વચ્ચેનો ગુરુસંબંધ તેમ જ રામાનન્દના દક્ષિણના શ્રી ''વૈષ્ણવસંપ્રદાયનો સૂદૂર સંપર્ક પણ સૂચવે છે.

ભાગવત માહાત્મ્યમાં ભક્તિરૂપી સ્ત્રી વિવિધ ક્ષેત્રોમાં તેમના અનુભવોની જે વાત કરે છે : ક્યાં જન્મી, ક્યાં યુવાવસ્થા પામી, કર્યા વૃદ્ધત્વ પામી વગેરેનું સમાપન વૃન્દાવનના ઉલ્લેખ સાથે થાય છે; જ્યાં તે પુનઃ સૌન્દર્યમંડિત યૌવન પ્રાપ્ત કરે છે !

ભારતીય સાધનાની એક વિશેષ ધારા પ્રારંભથી જ અવિરત વહેતી રહી હતી/છે જેમાં અનેકાનેક વિભિન્ન નાના-મોટા પ્રવાહો સમ્મિલિત રહેલ. આ સાધના કાં તો જ્ઞાનના આધારે ચાલે છે કે ભક્તિનો આશ્રય લઈ કરાય છે. અતઃ ભક્તોના વિભિન્ન સંપ્રદાયોની વિવિધ સાધનામાં સમયાન્તરે સ્તુતિમૂલક શ્રદ્ધા, યજ્ઞાત્મક ભક્તિ, તંત્રોપચારમૂલક ભક્તિ, જ્ઞાનાત્મક ભક્તિ કે શુદ્ધ રાગાત્મક ભક્તિના અંશ પ્રવિષ્ટ, થતાં ગયાં અને એ એક સમયે માનવ-પ્રેમમાં પણ સમાઈ. પ્રાયઃ વિક્રમની બીજી શતાબ્દીથી ચૌદમી સદી પર્યન્તના દીર્ઘકાળ દરમિયાન ભક્તિએ અનેક રૂપ ધારણ-ગ્રહણ કરેલ જેનો પછીથી આગળ પણ વિભિન્ન પ્રાન્ત-પ્રદેશમાં વ્યાપક પ્રચાર-પ્રસાર થયો.

## પાદટીપ

૧. વૈષ્ણવધર્મ. આચાર્ય પરશુરામ ચતુર્વેદી. વારાણસી : ૧૯૭૭ બી.આ.) પૃ. ૬
૨. ભક્તિ કા વિકાસ. શર્મા, મુન્શીરામ. ૧૯૭૮, પૃ. ૫૩૪.
૩. Development of Hindu Inconography. Benergee. p. 335.
૪. જર્નલ ઑફ રૉયલ એશિયાટિક સોસાયટી. ૧૯૧૭, પૃ. ૩૧૧
૫. હિન્દી સાહિત્ય-યુગ ઔર પ્રવૃત્તિયાં શર્મા, શિવકુમાર દિલ્હી : ૧૯૭૯ પૃ. ૯૬
૬. ધિ સીક્રેટ સેક્ટર્સ ઑફ સીરિયા એન્ડ લેબનાન. સ્પિગેટ, બર્નાડ. લંડન : ૧૯૪૩, પૃ. ૯૫.
૭. ઇન્ફલૂઅન્સ ઑફ ઇસ્લામ ઑન ઇંડિયન કલ્ચર. ડૉ. તારાચન્દ ૧૯૫૬, પૃ. ૧૦૭
૮. શ્રી વિષ્ણુ ઔર ઉનકે અવતાર. કૃષ્ણનારાયણ પ્રસાદ 'માગધ' નવી દિલ્હી : ૨૦૦૧, પૃ.



૧૧-૧૨.
૯. હિન્દી સાહિત્ય કા ઇતિહાસ. સં. ડૉ. નગેન્દ્ર. નવી દિલ્હીઃ ૧૯૭૮, પૃ. ૧૯૦-૧૯૧.
૧૦. પાઠાંતર : કબીરને પરગટ કરી, સાત દીપ નવખંડ. (સાખી ગ્રંથ, પૃ. ૧૦૭, દોહા-૧)
૧૧. ભક્તિ આંદોલન : ઇતિહાસ ઔર સંસ્કૃતિ સં. કુંવરપાલ સિંહ. નવી દિલ્હી : ૧૯૯૫, પૃ.૧૫૧
૧૨. એજન, પૃ. ૧૫૧
૧૩. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથઃ૨ ખંડઃ૧ (૧૪૫૦-૧૬૫૦). અમદાવાદ : ૨૦૦૩ (બીજી શોધિત-વર્ધિત આવૃત્તિ); પૃ. ૧૦૪
૧૪. ભક્તિ આંદોલન : ઇતિહાસ ઔર સંસ્કૃતિ, સં. કુંવરપાલ સિંહ. નવી દિલ્હી : ૧૯૯૫, પૃ. ૧૫૬-૧૫૭

### આધાર ગ્રંથો :

(ક) ગુજરાતી

૧. વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ. શાસ્ત્રી, દુર્ગાશંકર, મુંબઈ ૧૯૩૯
૨. નરસિંહ મહેતા - અધ્યયન. શાસ્ત્રી, કે.કા.અમદાવાદ : ૧૯૭૧
૩. ભક્તિ કવિતાનો ગુજરાતમાં ઉદ્‌ગમ અને એનો વિકાસ, શાસ્ત્રી, કે.કા., રાજકોટ : ૧૯૯૧
૪. વૃંદાવન મોરલી વાગે છે. સં. પટેલ ભોળાભાઈ, અનિલા દલાલ. અમદાવાદ : ૨૦૦૭

(ખ) હિન્દી

૫. સંસ્કૃતિ કે ચાર અધ્યાય રામાધારીસિંહ દિનકર. દિલ્હી : ૧૯૫૬ (પ્રથમ સંસ્કરણ).
૬. ભક્તિ કા વિકાસ. શર્મા મુંશીરામ વારાણસી : ૧૯૫૮
૭. હિન્દી કાવ્ય મેં નિર્ગુણ સંપ્રદાય. બડથ્થાલ, પીતામ્બરદાસ લખનૌ : ૧૯૬૮
૮. વૈષ્ણવધર્મ ચતુર્વેદી, પરશુરામ, વારાણસી : ૧૯૭૭. (ત્રી.આ.)
૯. ઉતરી ભારત કી સંત-પરમ્પરા. ઈલાહાબાદ : ૨૦૧૦
૧૦. હિન્દી સાહિત્ય કા ઇતિહાસ શુકલ, રામચન્દ્ર આચાર્ય કાશી : ૧૯૭૯ (૧૮મું પુર્નમુદ્રણ).
૧૧. વૈષ્ણવ સમ્પ્રદાયો કા સાહિત્ય ઔર સિદ્ધાંત. ઉપાધ્યાય, આચાર્ય બલદેવ વારાણસી : ૧૯૭૯
૧૨. હિન્દી સાહિત્ય કા આદિકાલ દ્વિવેદી, હજારીપ્રસાદ. પટના : ૧૯૮૦ (ચતુર્થ સંસ્કરણ)
૧૩. શ્રીમઠ સ્મારિકા. પ્રધાન સમ્પાદક : ડૉ. રામકુમાર દાસ વારાણસી : ૧૯૮૯
૧૪. ભક્તિ આંદોલન : ઇતિહાસ ઔર સંસ્કૃતિ સં.કુંવરપાલસિંહ નવી દિલ્હી; ૧૯૯૫

૧૫. ભક્તિ તત્ત્વ દર્શન - સાહિત્ય કલા. સં. લોઢા, કલ્યાણમલ. કોલકાતા : ૧૯૯૫

૧૬. વૈષ્ણવ ધર્મકા ઉદ્‌ભવ ઔર વિકાસ. જયસ્વાલ, સુવીરા. નવી દિલ્હી : ૧૯૯૬, (સંશોધિત - પરિવર્દ્ધિત દ્વિતીય સંસ્કરણ).

૧૭. ભક્તિ કા સંદર્ભ. અવસ્થી, દેવશંકર. નવી દિલ્હી : ૧૯૯૭

૧૮. ભક્તિ આંદોલન કે સામાજિક આધાર. સં. ગોપેશ્વરસિંહ નવી દિલ્હી : ૨૦૦૨

**(ગ) અંગ્રેજી**

૧૯. ભક્તિ કલ્ટ ઇન એન્શયન્ટ ઇન્ડિયા. ગોસ્વામી, બી.કે. કોલકાતા : ૧૯૨૨

૨૦. ધ દ્રાવીડિયન એલીમેન્ટસ્ ઇન ઇન્ડિઅન કલ્ચર. સ્લેટર, ગિલ્બર્ટ. લંડન : ૧૯૨૪

૨૧. ધ વૈષ્ણવ્ઝ ઑફ ગુજરાત. થૂથી, એન. એ. ૧૯૩૫.

૨૨. ઇન્ફ્યુલન્સ ઑફ ઇસ્લામ ઓન ઇન્ડિયન કલ્ચર. ડૉ. તારાચન્દ અલ્હાબાદ : ૧૯૬૩ (બી.આ.)

૨૩. અર્લી હિસ્ટ્રી ઑફ વૈષ્ણવ સેક્ટ. રાયચૌધરી, એચ.સી. દિલ્હી : ૧૯૭૫ (બી.આ.)

૨૪. સ્પ્રેડ ઑફ વૈષ્ણવીઝમ ઈઇ. ગુજરાત અપ ટુ ૧૬૦૦. રંગરાજન, હરિપ્રિયા, ૧૯૯૬

૨૫. ભક્તિ એન્ડ ધ ભક્તિ મુવમેન્ટ : એ ન્યૂ પ્રિસ્પેક્ટીવ. શર્મા, કૃષ્ણ એ. દિલ્હી : ૨૦૦૨

૮

# કબીર સાહેબની શબદ સરવાણી અને ગુજરાત

**નિરંજન રાજ્યગુરુ**

## ગુજરાત અને કબીરસાહેબ

મધ્યકાળમાં દેશના શકિતશાળી પંથ તરીકે સર્વ સ્વીકૃતિ મેળવીને કબીર પંથે સમગ્ર ભારતીય સંત-પરપરામાં એક આગવી પ્રતિભા ઊભી કરેલી. કબીરના પ્રખર વ્યકિતત્વ અને વાણીથી ઉત્તર ભારતના સંતો તો રંગાયા પણ સાથેસાથ ગુજરાતના સંતો-ભકતો ઉપર પણ તેનો પ્રભાવ વ્યાપક પ્રમાણમાં પડ્યો હતો. સાહિત્યના અભ્યાસી વિદ્વાનો માને છે કે પંદરમી સદીનું સંપૂર્ણ ગુજરાત સ્વામી રામાનંદની વિચારધારાથી પ્રભાવિત હતું; તેમાં કબીર, પીપાજી અને રૈદાસ જેવા રામાનંદના શિષ્યોનો ફાળો અગત્યનો હતો.ગુજરાતમાં સંતમત, નિર્ગુણ ભક્તિ અને સહજસાધનાનો સૌથી વધુ પ્રચાર કબીરપંથની અનેક શાખાઓ દ્વારા જ થયો. કબીરે દેશવ્યાપી ધર્મ-ભકિતની ચેતના પ્રગટાવી, પર્યટનો કર્યાં અને અનેક શિષ્યો (પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે) દ્વારા પોતાની આગવી વિચારધારાનો ફેલાવો કર્યો.

'કબીરપંથ'ની સ્થાપના કબીરજીના જીવનકાળ દરમ્યાન કબીરજીના હાથે જ થઈ હશે કે કબીર સાહેબના મૃત્યુ પછી એમના શિષ્યોએ કરી હશે એ મુદ્દો પણ વિચારણીય છે. ગુજરાતમાં કબીરસાહેબના નામ સાથે બે સંપ્રદાયો જોડાયેલા જોવા મળે છે. સત કબીરપંથ અને રામ કબીર પંથ. શ્રી કાંતિકુમાર ભટ્ટ એમના 'કબીર પરંપરા'(ગુજરાત કે સંદર્ભેમાં) મહાનિબંધમાં 'કબીર પંથની' સ્થાપના વિશે કહે

છે. સત કબીર પંથનો પ્રારંભ કબીરના મૃત્યુ પછી કેટલાક સમયે થયો હતો પણ એમના શિષ્ય જ્ઞાનીજીએ ગુજરાતમાં 'રામકબીર સંપ્રદાય'ની સ્થાપના કબીરજીના સમયમાં જ કરી હતી.' 'રામ કબીર સંપ્રદાય'માં કબીરને રામનો અવતાર માનીને પૂજવાની પરિપાટી છે. ભગવાં વસ્ત્રો ધારણ કરીને, માથે ટોપી ઓઢીને, કાનમાં શ્રવણીઓ નાખે, ડોકમાં માળા પહેરે અને કબીરની સહજસાધનાનું નિર્ગુણ બ્રહ્મ ઉપાસનાનું અનુસરણ કરે એવા રામકબીર પંથના સોરઠી આદ્યભકત તરીકે ભાણસાહેબનું નામ લેવાય છે. કબીર સાહેબના ત્રીજા શિષ્ય પદ્મનાભથી આ પરંપરા ચાલી આવી છે. પદ્મનાથના શિષ્ય થયા નીલકંઠદાસ, તેમના શિષ્ય રઘુનાથદાસ એ પછી થયા યાદવદાસ. યાદવદાસના શિષ્ય છઠ્ઠાબાબા તરીકે ગુજરાતમાં જાણીતા ષટપ્રજ્ઞદાસ કે ષષ્ટ્મદાસ ..... ષષ્ટ્મદાસના બે શિષ્યો છે. એક લબ્ધરામદાસ અને બીજા ભાણદાસ.આ ભાણદાસ તે જ 'રવિ-ભાણ પંથ'ના આદ્યપ્રર્વતક અને 'ભાણ કબીર' તરીકે ઓળખાતા ભાણસાહેબ. એવી રીતે આ સંપ્રદાયની સાંપ્રદાયિક વંશાવળી આપવામાં આવે છે. ભાણ સાહેબને કબીરનો અવતાર માનીને એમના અનુયાયીઓએ 'ભાણ કબીર 'એવું નામ આપેલું અને ગુરુ ષષ્ટમદાસ તરફથી એમને દીક્ષા વખતે 'સાહેબ' બિરુદ મળેલું.

કબીર સાહેબની સહજ સાધનામાંથી પ્રેરણા લઈને 'રવિ ભાણ પંથ'ના પ્રવર્તક ભાણસાહેબે એક વિશિષ્ટ પ્રકારની ભજન અને સત્સંગપ્રધાન ઉપાસના પ્રણાલી રજૂ કરી છે. ભાણસાહેબે રચેલાં ભજનોમાં કબીરની નિરંજની ઉપાસનાની સ્પષ્ટ અસર દેખાય છે.ભાણસાહેબના ચાલીશ જેટલા શિષ્યોમાં મુખ્ય છે રવિસાહેબ તથા ભાણસાહેબના પુત્ર ખીમસાહેબ.એ સિવાય કલ્યાણદાસ, રતનદાસ, રાધાદાસ, બાદલસાહેબ, તિલકદાસ વગેરે સંતો મુખ્ય છે. ભાણસાહેબ પછી એમની શિષ્ય પરંપરામાં બે શાખાઓ ચાલી, નાદ શિષ્ય રવિસાહેબ દ્વારા ચાલેલી શાખામાં મોરાર, હોથી, વગેરે રત્ન સમા શિષ્યો થયા તો બુંદ શિષ્ય ખીમસાહેબ દ્વારા ચાલેલી શાખામાં ત્રિકમ, ભીમ, દાસી જીવણ વગેરે સંતોએ કબીરજીના વિચારોનો પ્રચાર ગુજરાતમાં કર્યો. રવિભાણ પરંપરાના અનુયાયીઓ અધિકતર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં જોવા મળે છે, આ પંથના કેટલાયે શિષ્યોએ પોતાનાં નામ પાછળ 'સાહેબ'શબ્દ નથી લગાડ્યો. અને છતાં યે કબીર સંપ્રદાયની વિચારધારાનો પ્રચારકો રહ્યા છે.

રવિભાણ સંપ્રદાયની આખી ભકિત પ્રણાલી ભજન અને સંત્સંગ પ્રધાન હોવાને કારણે એ લોકસમાજમાં ખૂબ જ લોકપ્રિય બની ગયેલી. કબીરજીનો મત



સ્વીકારીને આ સંપ્રદાયના બધા જ અનુયાયીઓએ પોતાની સાધના પ્રણાલીનો વિકાસ સાધ્યો છે.

આપણા મરમી કવિશ્રી મકરન્દભાઈ દવેએ લખ્યું છે : 'કબીરના નામ સાથે એક વિશાળ વડ ગુજરાતમાં પાંગર્યો. કબીરની 'બીજક'વાણી એથી યે વિશેષ રૂપે શાખા-પ્રશાખા ફેલાવતી અને વડવાઈઓ ઝુલાવતી ગુજરાતને પાવન કરતી રહી. કબીરે વાવેલાં અને ભાણ-રવિએ જીવતરમાં ઝીલેલાં એ બીજ કેવાં તો વાઙ્મય-વડલો બની કોળી ઊઠયાં છે એનું સુપેરે દર્શન થાય છે.'

કબીરસાહેબની વિચારધારા સમગ્ર ગુજરાતમાં ફેલાયેલી જોવા મળે છે.'કબીરપંથ' અને 'કબીર સંપ્રદાય' તરીકે તથા એની સત્ કબીર, રામકબીર, ઉદાપંથ, રવિ-ભાણ સંપ્રદાય, ઊગાપંથ વગેરે નામથી ઓળખાતી અનેકાનેક શાખા-પ્રશાખા રૂપે સુરત, અમદાવાદ, વડોદરા, જામનગર, જૂનાગઢ, ભરૂચ, અંકલેશ્વર, લીંબડી, ઉત્તરસંડા, મોરબી, ભુજ, સાંઝાપુર, સાવરકુંડલા વગેરે સ્થળે આવેલાં અનેક સ્થાનકો આજે પણ કબીરસાહેબની સાધના અને સેવાની જ્યોતને અખંડિતપણે ઝળહળતી રાખવાનો ઉદ્યમ કરી રહ્યાં છે. કબીર સાહેબે ગુજરાત-સૌરાષ્ટ્રમાં વિ.સં.૧૫૬૪ આસપાસ પરિભ્રમણ કર્યુ હશે એવું કબીરના જીવન અને સાહિત્યના અભ્યાસી વિદ્વાનોએ સ્વીકાર્યું છે.

કબીરસાહેબ... એક એવું નામ, જે સમસ્ત વિશ્વમાં મરમી સાધક-સંતો માટે કાયમ આદરણીય બની રહ્યું છે. એમની વાણી ભાષા-પ્રાન્તના સીમાડાઓ ઓળંગીને સર્વદિશીય- સર્વકાલીન સત્ય તરીકે પ્રસરતી રહી છે. આ સંત તો હતા શબ્દના સાધક, શબદના સોદાગર, વાણીના પરખંદા વેપારી. અને એ વાણી પણ આપણી વૈખરી વાણી નહી. આપણા વ્યવહારની ખોખલી ભાષા નહી પણ અસલ સતનો રણકાર ને ટંકાર કરતી પરાવાણી. શબદ ખરો પણ એ શબદ 'સતનો શબદ'. એનો શબ્દ તે બ્રહ્મવાક્ય. લોઢામાં લીટો. તમે એને વાણી કહો, વચન કહો કે શબ્દબ્રહ્મનો સાક્ષાત્કાર.

કબીરસાહેબના વ્યક્તિત્વના અનેક પાસાંઓ છે. કવિ, ભક્ત, સંત, સિદ્ધપુરુષ, યોગી, સમાજસુધારક, ક્રાન્તિકારી, લોકપુરુષ, ઓલિયા, પીર અને કબીરપંથી અનુયાયીઓમાં અવતાર તરીકે પુજાતા દૈવી પુરુષ. જેમની કથની અને કરણી વચ્ચે અભેદ હતો. કબીર સાહેબની જીવનસાધના વક્તવ્ય કે વાણીનો વિષય નથી. એમણે વારંવાર ગાયું છે કે;

**સાહબકા ઘર શિખર પર, જહાં સિલ હિલી ગૈલ**
**પાંવ ન ટિકે પિપિલિકા, તહાં પંડિત લાદૈ બૈલ...**

પરમાત્માનો નિવાસ ઊંચા શિખરની એવી ટોચ પર છે જ્યાં પહોંચવા માટે કરોળિયાના તાર જેવો સૂક્ષ્મ અને લપસણો માર્ગ છે.એ મારગ ઉપર કીડીના પગ પણ ટકી શકતા નથી, આશ્ચર્યની વાત એ છે કે એવા શિખર ઉપર પહોંચવા માટે પંડિતો જ્ઞાન, અને અહંકારના પોટલાં લાદીને પોતાના બુદ્ધિરૂપી બળદને એ રસ્તા પર ચડાવવાના નિરર્થક અને હાસ્યાસ્પદ પ્રયાસો કરતા જ રહે છે. કબીરસાહેબની સ્વાનુભૂતિ અને આત્મપ્રતીતિ એમની વાણીમાં વ્યક્ત થઈ છે. તેઓ કાગજ કી લેખી નહીં આંખોકી દેખીની જ વાત કરે છે.... 'જો જારે ઘર આપના ચલે હમારી સાથ...' પછી તો -

**કબીર મન નિર્મલ ભયા, જૈસો ગંગા નીર;**
**પીછે પીછે હરિ ફિરે, કહત કબીર કબીર.**

કબીર પોતાની સહજસાધના વર્ણવતાં ગાય છે કે, 'હે અવધૂત ! હે જોગી ! હે હઠાળા જોગંદર ! ભજનનો મર્મ અનોખો છે. ભજનનો ભેદ પામવો દુષ્કર છે. જેણે મરમ નથી જાણ્યો એ ભરમમાં જ રહે છે ને જગતને ભરમાવે છે. મારે તો શું ગાવું કે શું લખી બતાવવું ? ભજનનો ભેદ ગાવાથી, ભજન સાંભળવાથી, ભજન સંભળાવવાથી કે ભજન લખવાથી પ્રાપ્ત નહીં થાય. એ માટે તો ભજનને ઝીલવું પડશે, ભજનમાં જ જીવવું પડશે.'

**અવધુ ! ભજન ભેદ હૈ ન્યારા, ક્યા ગાયે, ક્યા લિખ બતલાયે;**
**ક્યા ભરમાયે સંસારા... અવધુ ! ભજન ભેદ હૈ ન્યારા...**
**ક્યા સંધ્યા તરપન કે કિન્હે, જો નહીં તત્ત્વવિચારા,**
**મુંડ મુંડાયે શિર જટા બઢાયે, ક્યા તન લાયે છારા...અવધુ !**
**ભજન ભેદ હૈ ન્યારા...**

અગમ દેશના મરમી મુસાફર કબીરસાહેબ બાહ્ય ક્રિયાકાંડ, પૂજાપાઠ, તીરથવ્રત ને કઠિન કાયા-તપ-સાધન કરનારા હઠયોગીઓને ઉદ્દેશીને સાચી ભક્તિ, સાચી સાધના કે સાચું ભજન કોને કહેવાય તેની સ્પષ્ટતા કરતાં ગાય છે : 'હે જોગી ! હે અવધૂત ! સંધ્યા, તર્પણ, નિત્યનિયમ મુજબના બાહ્ય ક્રિયાકાંડ, માળા, તિલક, છાપાં, મુંડન કે પંચકેશ રાખવાથી, દાઢી- જટા વધારવાથી શું થયું ? જો પરમતત્ત્વને જાણો નહીં, તત્ત્વનો વિચાર ન કરો તો પછી આખા શરીરે ગમે તેટલી



ભસ્મ લગાવશો એ વ્યર્થ છે.'

**ક્યા પૂજા પાહનકી કી જૈ, ક્યા ફલ કિયે અહારા,**
**બિન પરચૈ સાહિબ હો બૈઠે, વિષય કરે વ્યૌપારા...અવધુ !**
**ભજન ભેદ હૈ ન્યારા...**

'પથ્થરની મૂર્તિઓ પૂજવાથી, ભૂખ્યા રહીને ફળાહાર કરવાથી કશું જ વળવાનું નથી, તમારો પ્રચાર થશે ને તમે પરમતત્ત્વના પરિચય વિના જ સાહિબ-માલિક-ગુરુ થઈને વિષયનો વેપાર માંડી દેશો.'

**જ્ઞાન ધ્યાન કા મર્મ ન જાનૈ, બાદ કરે અહંકારા,**
**અગમ, અથાહ, મહા, અતિ, ગહરા, બીજ ન ખેત નિવારા...અવધુ !**
**ભજન ભેદ હૈ ન્યારા..**

'જ્ઞાન, ધ્યાનનો મર્મ જાણ્યા વિના અહંકારી બની જશો અને આ અહંકારનું બીજ જે અગમ-અથાગ મનના અતિ ઊંડા સૂક્ષ્મ તળિયે બેઠેલું છે ને સમય આવ્યે તુરત જ ફૂટી નીકળે છે એ બીજના વાસના-અહંકાર ને મમતારૂપી અંકુરો જ્યાં લગી નષ્ટ નહીં થાય, તમારા અંતરખેતરમાં ઊંડે ઊંડે જ્યાં સુધી એ બીજ પડ્યાં હશે ત્યાં સુધી ભજન કે ભક્તિના ક્ષેત્રમાંથી તમો મિષ્ટ મધુર ફળોનો પાક નહીં લઈ શકો. તમારો પ્રવેશ જ એ ખેતરમાં નહીં થઈ શકે.'

**મહંત સો ધ્યાન મગન વ્હૈ બૈઠે, કાટ કરમ કી છારા,**
**જિનકે સદા અહાર અંતર મેં, કેવલ તત્ત્વવિચારા..અવધુ ! ભજન ભેદ હૈ ન્યારા...**

'તમે તો મહા ને મહંત થઈ બેઠા છો, પણ મહંત કોને કહેવાય ? જે અહર્નિશ ધ્યાનમગ્ન દશામાં જીવી શકતા હોય, પોતાના કર્મનાં બંધનો જેમણે કાપી નાંખ્યાં છે ને કેવળ તત્ત્વવિચારનો જ આહાર અંતર દ્વારા કરે છે તેને જ સાચા મહંત તરીકે ઓળખાવી શકાય.

**કહે કબીર સુનો હો ગોરખ, તારૌં સહિત પરિવારા,**
**શબદસાધના અમર નિશાની, પૂરન ખેપ હમારા...અવધુ !**
**ભજન ભેદ હૈ ન્યારા...**

કબીરસાહેબ કઠિન તપશ્ચર્યા ને બાહ્ય ક્રિયાકાંડોમાં બદ્ધ, પંથસંપ્રદાયોનાં બંધનોમાં બંધાઈને પરંપરિત વિધિવિધાનોનું આંધળું અનુસરણ કરનારા, અનુસરણ કરાવનારા સાધુ- સંન્યાસીઓને શીખ આપે છે કે સંસારનો, માયાનો ને બ્રહ્મનો

ભેદ-ભરમ જાણવો હશે તો બધું જ છોડીને માત્ર ને માત્ર ભજનનો આશરો લેવો પડશે. ભજન એટલે જીવનસાધના, ભજન એટલે જીવતરનો મરમ, ભજન એટલે અક્ષરાતીતમાં ઓગળી જવું તે.

**શબ્દ કહાં સે ઉઠત હૈ, કહાં જાત સમાઈ,**
**હાથ પાંવ જિનકો નહીં, ઉસે કૈસે પકડ્યો જાઈ..**
**શબ્દ નાભિસે ઉઠત હૈ, શૂન્યમેં જાત સમાઈ,**
**હાથ પાંવ વા કો નહીં, ઉસે સુરતા સે પકડ્યો જાઈ.**

કબીરસાહેબ શબદસાધના એટલે શું તેનું પ્રમાણ આપતાં ગાય છે :

**સાધો ! શબદ સાધના કિજૈ...**
**જેહી શબદ તે પ્રગટ ભયે સબ...**
**સોઈ શબદ ગ્રહી લિજૈ... સાધો !**
**શબદ ગુરુ સુન શિખ ભયે હૈ, શબદ સો વિરલા બૂઝૈ,**
**સોઈ શિષ્ય સોઈ ગુરુ મહાતમ, જેહિ અંતરગતિ સૂઝૈ...**
**સોઈ શબદ ગ્રહી લિજૈ... સાધો !**
**શબદે વેદ પુરાન કહત હૈ, શબદે સબ ઠહરાવૈ,**
**શબદે સુર મુનિ સંત કહત હૈ, શબદ ભેદ નહીં પાવૈ...**
**સોઈ શબદ ગ્રહી લિજૈ... સાધો !**
**શબદે સુન સુન ભેખ ધરત હૈ, શબદે કહે અનુરાગી,**
**ષડ્દર્શન સબ શબદ કહત હૈ, શબદ કહે વૈરાગી...**
**સોઈ શબદ ગ્રહી લિજૈ... સાધો !**
**શબદે કાયા જગ ઉતપાની, શબદે કેરી પસારા,**
**કહે કબીર જંહ શબદ હોત હૈ, ભવન ભેદ હૈ ન્યારા...**
**સોઈ શબદ ગ્રહી લિજૈ... સાધો !**

અલગારી, મસ્ત, ઓલિયા બનીને સંસાર-વ્યવહારમાં રહેવા છતાં એનાં તમામ વળગણોથી મુક્ત બનીને સાધક નિરપેક્ષભાવે બધું જ જોયા કરે એને કશું જ સ્પર્શતું નથી. કેવળ તત્ત્વચિંતન કરીને, જે આદિ શબ્દ-આદિ ધ્વનિ-આદિ સ્વરથી આ સમસ્ત બ્રહ્માંડનું સર્જન થયું છે એ મૂળ શબ્દની પિછાન કરે અને એના મરમ લગી જાય છે એ યાત્રાનું નામ સાચું ભજન.અને એ માટેના અનેક માર્ગો છે : જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગ, તત્વચિંતન કે શરણાગતિ-ગુરુશરણભાવ. કબીર સાહેબના મતે સૌ અધ્યાત્મમાર્ગી સાધનમાર્ગો પનિહારીઓ જેવા છે.



**કબીરા કૂવા એક હૈ, પનિહારી હૈ અનેક;**
**બરતન ન્યારે ન્યારે ભયે, પાની સબમેં એક.**

**સાધનાની ચાર ધારાઓ**

કબીરસાહેબની સાધનાધારા વિશે આછો વિચાર કરીએ ત્યારે તુરત જ આપણી નજર સામે ચાર શ્રેણીની સાધના પરંપરાઓ પોતપોતાનાં આગવા સિદ્ધાંતો લઈને આવે છે. આ ચારે પ્રકારની સાધનાનો સંબંધ છે માનવીના પિંડ સાથે. અને આ ચારેનો સમન્વય થાય ત્યારે જ આત્મસાક્ષાત્કાર થાય : (૧) વાણી (૨) મન (૩) પવન (૪) શુક્ર. એ ચારે બાબતો સાથે સંકળાયેલી વિવિધ સાધના પદ્ધતિઓ આપણને સંતવાણીમાં જોવા મળે.

**કબીર સાહેબ દ્વારા સહજ સાધના :**

ગુજરાતમાં કબીર સંપ્રદાય-પંથની અનેકાનેક શાખાઓએ પોતપોતાની સાધના પરંપરાઓ વિકસાવી છે. એમાં 'શબ્દ સૂરતયોગ' હોય કે 'નામ-વચનની સાધના'. 'નૂરત-સૂરતની સાધના' કહેતા હોય કે 'સહજ યોગ' પણ મુખ્ય સાધના વાણી, શુક્ર, મન અને પવન સાથે સંબંધ ધરાવે છે. ગુજરાતના ગામડાંઓમાં કંઠસ્થ પરંપરાથી લોકભજનિકોના કંઠે સચવાતી અને પેઢી દર પેઢી ગવાતી રહેલી કબીર સાહેબની કેટલીયે રચનાઓ જુદા જુદા સાધનામાર્ગોની ઓળખ કરાવે છે.

**નાભિ કમલ સેં પવન ચલાવો, હૃદય કમલમાં મન સમુજાવો,**
**ઉનમુનિ તાળી લાવો મનમેં, બ્રહ્મ અગ્નિ પરઝાળો તનમેં,**
**નિરભય નામ નિરંજન કેરો, ભવસાગર કી મિટ હિ ફેરો,**
**સત્ય શબદકું દૃઢ કરુ ગ્રહીએ, કામ ક્રોધ કો સંગ ન લહીએ,**
**બાહિર જોતાં ભીતર હેરો, ગગન મંડલમેં નિશદિન ઠેરો,**
**મિટ ગઈ મમતા, મિટ ગઈ આશા, સહજ હી ખેલે કબીરા દાસા.**

ઊંડો શ્વાસ લેવો, મૂલાધાર-સ્વાધિષ્ઠાનના વાયુને ખેંચી રાખી, નાભિ કમળથી પ્રાણને ઊંચો ચડાવવો, હૃદય કમળ સુધી આવે અને ત્યાંથી મૂર્ધા સુધી જાય ત્યાં સુધીના પૂરક શ્વાસ સાથે પ્રણવ 'ૐકાર' કે 'ઓહમ્'નો નાદ મનમાં ગુંજતો કરવો. ત્યાં શ્વાસ સ્થિર કરી-કુંભક કરી, પાછા વળતાં મલિન પ્રાણને ઉચ્છ્‌વાસ સાથે મનના સંકલ્પો-વિકલ્પો કે માયાના કચરા સાથે બહાર ફેંકતી વખતે 'સોહમ્' ધ્વનિનું આવર્તન કરવું. જેથી બ્રહ્મ અગ્નિ પ્રગટ થશે. જે પિંડની તમામ અશુદ્ધિઓને

બાળી નાખશે અને નિર્ગુણ-નિરાકાર- નિરંજન સાથે અતૂટ નાતો જોડી દેશે. બહારના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધની મન ઉપર શું અસર થાય છે તે તટસ્થપણે- દ્રષ્ટા બનીને જોતાં રહેવાથી ધીરે-ધીરે બહારની છાપથી મુકત થતું જવાશે, અને ચિદાકાશમાં નિર્મળ-નિર્લેપ-નિશ્ચલ રહી શકાશે. એનાથી આશા-તૃષ્ણા, મોહ- માયા અને મમતા અદશ્ય થશે અને સહજ અવસ્થાની પ્રાપ્તિ થશે. સામાન્ય બુદ્ધિને અર્થહીન જણાતી અને ગૂંચવી નાખતી આ વાણી એના મરમી સાધકો માટે સાધનાની કૂંચી બની જાય છે. એને સમજવા માટે ભાવકની ચોક્કસ ભૂમિકા જોઈએ.

'નાવ મેં નદિયા ડૂબી જાય...' કે 'ચિંટી કે મુખ હસ્તિ સમાઈ...' જેવી ઉક્તિઓમાં એક અનાદિ અનંત સ્વરૂપ આત્માના નિર્મળ ધ્યાનરૂપી નૌકામાં અનેકવિધ સાંસારિક વૃત્તિઓ રૂપ નદીઓ ડૂબી જતી હોય કે હાથી જેવડા અતિ બળવાન પ્રાણી જેવું મન કીડી જેટલી ક્ષુદ્ર વૃત્તિઓ અને વાસનાઓના મુખમાં સમાઈ જતું હોય એવો સાધનાત્મક અર્થ તો છે જ પણ વ્યવહારમાં પણ હાથી જેવડા વિશાળ વડનું બીજ નાનકડા કણ કે કીડી જેવડું જ હોય એમાંથી જ વિશાળ વટવૃક્ષ ઊગી ને પાંગરી શકે. આપણી વિષયતૃષ્ણારૂપી વાસનાઓનું બીજ તો નાનકડું જ હોય પણ એને તક મળતાં તો તે હાથી જેવડું બની જાય ને હાથી જેવા સમર્થ મનને તથા પ્રાણને ખાઈ જાય.

પરંપરિત સાધનાત્મક પરિભાષા જાણ્યા વિના આવી અવળવાણીનો સાચો અર્થ ન સાંપડે. જીવ, જગત, માયા, બ્રહ્મ, બ્રહ્માનુભૂતિ, વૈરાગ્ય, ભક્તિ, યોગ અને આત્મા વિશે આપણા સંતોએ પ્રતીકાત્મક રીતે ગૂઢ-રહસ્યમય વાણીમાં ઘણું ચિંતન આપ્યું છે. એક એક શબ્દ સંતો માટે જીવનસાધના હતો, શબ્દબ્રહ્મની ઉપાસના કરતાં કરતાં જે નવનીત આ સંતોને મળ્યું તે પોતાની વાણીમાં વ્યક્ત કર્યું છે. 'સમજ્યા સોઈ નર પાયા...' જે આ રહસ્યને સમજી શક્યા છે તે જ પૂર્ણ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શક્યા છે, તેમ કબીરજીએ અમસ્તું નથી કહ્યું. કવિઓની. શબ્દલીલા સામે સંતોની શબ્દસાધના એનું પ્રમાણ છે.

**અવધૂ, સો યોગી ગુરુ મેરા, જો યા પદ કૌ કરે નિબેરા,**
**તરવર એક પેડ બિન ઠાઢા, બિન ફૂલાં ફલ લાગા,**
**સાખા-પત્ર કછુ નહિં વાકૈ, અષ્ટ ગગન મુખ બાગા.**
**પૈર બિન નિરતિ, કરાં બિન બાજૈં જિભ્યા હીણા ગાવૈં.**
**ગાવણહાર કે રૂપ ન રેખા, સતગુરુ હોઈ લખાવૈ,**



**પંખી કા ખોજ મીન કા મારગ, કહૈ કબીર વિચારી,**
**અપરંપાર પાર પરસોત્તમ વા મૂરતિ કી બલિહારી.**

પરમ તત્ત્વ વિષે શું બોલવું ? બોલી બાલીને તો આપણે સત્ તત્ત્વનો નાશ કરીએ છીએ. અથવા તો સતને આઘું ભગાડીએ છીએ. બોલવાથી વિકાર વધે અને ન બોલવાથી જ કંઈક વિચારી શકીએ.

**બોલનાં કા કહિયે રે ભાઈ, બોલત બોલત તત્ત્વ નસાઈ..**
**બોલત બોલત બઢૈ બિકારા,**
**બિન બોલ્યાં કછુ હોઈ બિચારા .. બોલનાં કા કહિયે રે ભાઈ..**
**સંત મિલૈ કછુ કરિયે કહિયે**
**મિલૈ અસંત મુષ્ટિ કહિ રહીએ.. બોલનાં કા કહિયે રે ભાઈ..**
**ગ્યાની સૂં બોલ્યા હિતકારી,**
**મૂરિખ સું બોલ્યાં ઝખ મારી.. બોલનાં કા કહિયે રે ભાઈ..**
**કહે કબીર આધા ઘટ ડોલૈ**
**ભર્યા હોઈ તો મુખાં ન બોલે... બોલનાં કા કહિયે રે ભાઈ..**

હા, કોઈ સંત મળે તો કંઈક બોલવું પડે પણ અસંત મળે ત્યારે તો ચૂપ જ રહેવું. કોઈ જ્ઞાની સાથે વાત કરવાથી લાભ થાય. પણ અજ્ઞાની સાથે બોલવું એ તો તદ્દન વ્યર્થ છે. કબીર કહે છે કે ઘડો અર્ધો ભરેલો હોય ત્યાં સુધી બૂડબૂડ એવો અવાજ કરે. પૂરો ભરાઈ જાય પછી અવાજ આવતો નથી. કબીરસાહેબે સાધુ, સંતો ભાઈ, ગોરખ, મુનિયા, જોગીયા, મૂરખ, ફકીરા, પંડિત..એમ વિવિધ પાત્રોને જુદા જુદા સંબોધનથી વાત કરી છે.

## ૯

# ગુજરાતની પ્રમુખ સંતસાહિત્ય પરંપરા : કબીર-રવિ ભાણ સંપ્રદાય

**ડૉ. નાથાલાલ ગોહિલ**

'સંત' એક પદવી છે. જે સર્વોચ્ચ પદવી છે તેની ઉપર કોઈ પદવી નથી. જેમ કે પીએચ.ડી, ડી.લીટ. એટલે ત્યાં પૂર્ણવિરામ; તેમ ભક્ત, જોગી, જતી, સતી સાધ વગેરે આ સિદ્ધ કરેલી પદવીઓ છે. તેમાં સર્વોચ્ચ પદવી 'સંત' ની છે. સંત એ ગિરનારની સાતમી - દત્ત ટૂંકે બેઠો છે. આ સાતનો આંકડો પણ સૂચક છે. ષટ્ચક્ર ભેદન પછીનું આ સાતમું સંતસ્થાન છે. ત્યાંથી સંતોનો સત્લોક આરંભાય છે. આ સ્થાને જે પહોંચ્યા તે વાદ-વિવાદ, પરંપરાઓથી મુક્ત હોય છે આ સંતચેતનાઓનો સ્થૂળદેહ છૂટી જાય તે પછીથી તેમના શિષ્યો અને સેવક સમાજ દ્વારા પંથ પરંપરા સ્થાપિત કરવામાં આવે છે. આ સંતોએ તો વાણીમાં ગાયું છે કે —

*'પંથ હુતા સો થયા પરિપૂરણ, નવધા નામ મિટાયો;*
*દશમ દશા આવી દિલભીતર, એક મેં અનેક સમાયો.'*

— ભાણ સાહેબ

સંતો પરમસત્લોકના વાસી છે. આપણી આ દશ્યમાન સૃષ્ટિ કરતાં એ દિવ્યદેશની સૃષ્ટિ અદ્ભુત છે. ત્યાં બુદ્ધિ, મન, વાણી પહોંચી શકે તેમ નથી. સ્થૂળ, સૂક્ષ્મ, સગુણ, નિર્ગુણના ભેદ રહેતા નથી. આ પરમસત્ કે જેને 'અલખ'



(ન લખી શકાય, ન કહી શકાય) કહેવામાં આવે છે તે તેજ સ્વરૂપે વિલસી રહે છે કારણ કે તેને રૂપ, રંગ, આકાર, નામ, ગુણ કશુંય નથી. છતાં તે બાહિર-ભીતર સબઘટ રમી રહેલ છે. તેની અનુભૂતિ વાણી દ્વારા અભિવ્યક્ત થઈ શકે તેમ નથી. રવિસાહેબ કહે છે કે 'કોઈ કેહંદા રે કહત ન આવે મોઈ' જો કોઈ કહી શકનારા હો તો કહો, મારાથી તો કહી શકાય તેમ નથી. આ દિવ્ય અનુભૂતિને અભિવ્યક્ત કરવા ખૂબ મથો પણ ભાષા ત્યાં કામ લગશે નહીં. આ સંતોનો દેશ-અલખધામ અનિર્વચનીય છે.

આપણે જ્યારે સંતસાહિત્યનો અભ્યાસ કરવા મથામણ કરીએ છીએ ત્યારે ગુજરાતી સંતસાહિત્યની પ્રમુખ ત્રણ સંતપરંપરાઓ છે :

૧. મહાધરમી સંતપરંપરા
૨. નાથપંથી સંતપરંપરા
૩. સંતમારગી સંતપરંપરા

મારે અહીં 'કબીર-રવિ-ભાણ' સંત પરંપરા વિશે વાત કરવાની છે ત્યારે આ સંતપરંપરાને જ ઉકેલવાનો પ્રયાસ કરીશ આ સંતપરંપરા બે ધારામાં વહેતી ચાલી છે.

(૧) નિર્ગુણ સંત પરંપરા
(૨) સગુણ સંત પરંપરા

સગુણ સંત પરંપરાના સંતો સાકારરૂપધારી ને અવતારી પરમાત્માને નવધાભક્તિ : શ્રવણ, કીર્તન, સ્મરણ, પદ સેવનમ, પૂજન, અર્ચન, વંદન દ્વારા ભગવાનને દાસભાવે, સખાભાવે પોતાની જાતને સમર્પિત કરી ભક્તિ કરે છે. તેમાં મુખ્ય વિષ્ણુ-કૃષ્ણ ભક્તિ છે જેનાં મુખ્ય સંતો સુરદાસ, મીરાં, નરસિંહ છે. બીજી રામ ભક્તિ છે જેમાં મુખ્ય સંતકવિ તુલસીદાસ છે.

નિર્ગુણ સંતપરંપરામાં કોઈ સાકાર રૂપ ધારી દેવની ઉપાસના બાહ્ય ભક્તિભાવથી થતી નથી. આ નિર્ગુણ નિરાકાર પરમેશ્વરને ઘટભીતર અનુભૂતિની કરવાની સાધના છે ! તેમાં પણ બે ધારાઓ છે

૧. જ્ઞાનમાર્ગી સંતસાધના ધારા
૨. પ્રેમમાર્ગી સંતસાધના ધારા

ભક્તિમાર્ગ પ્રેમલક્ષણા ભક્તિનો જ રહ્યો છે. કૃષ્ણ માટે, રામના વિરહ માટે ભક્તનો મિલન માટેનો તલસાટ રાધા - ગોપીભાવમાં અનેક સંતોએ પ્રગટ કર્યો

છે ને તે લોકહૈયે સ્વીકાર્યો ને હેતથી ગાયો પણ છે. આ નિર્ગુણ પ્રેમલક્ષણા ભક્તિમાં પણ નિર્ગુણ પરમેશ્વરને પામવા સાધક એટલી જ મથામણ કરે છે. જે આત્માને પરમાત્મામાં એક રૂપ થવાની ઝંખના છે. તેમાં મલિક મુહમદ જાયસીને યાદ કરવા જ પડે. સૂફીસંતોને આ નિર્ગુણ પ્રેમભક્તિના મારગી કહી શકીએ.

જ્ઞાનમાર્ગી સંતસાધનામાં કબીરસાહેબ સંતશિરોમણિ છે. સંતસાધનાને સૌ પ્રથમ વાણીમાં વહેતી કરનાર કબીરસાહેબ છે. કબીર સહજ સિદ્ધયોગી, દાર્શનિક અને સમાજસુધારક સંત, ભક્ત ને વળી પાછા કવિ હતા. કબીરસાહેબની સંતધારામાં અનેક મતોનો સુભગ સમન્વય જોવા મળે છે. ગુરુરામાનંદ સ્વામી હોવાથી વૈદિક સિદ્ધાંતો, શંકરાચાર્યનો અદ્વૈતવાદ, વૈષ્ણવોની દાસ્યભક્તિથી તેઓ જાણકાર હતા. કબીરનો ઉછેર વણકર મુસ્લિમ પરિવારમાં થયો હતો તેથી ઈસ્લામનો એકેશ્વરવાદ અને સૂફીઓનો ફકીરી હાલ તેમનામાં આવ્યો હતો. કબીરનો જે સમયકાળ છે ત્યારે નાથજોગીઓની જમાતોનો પડાવ ગામડેગામડે થતો હતો. આ નાથયોગીઓના ચમત્કારોની લીલા ને તેમણે ફેલાવેલા ભયના વાતારણથી તે અજ્ઞાત ન હતા. ગોરક્ષનાથની સિદ્ધયોગ સાધના અને હઠયોગી ક્રિયાના તેઓ જાણકાર હતા પરંતુ ભગવાન તથાગત બુદ્ધના શૂન્ય નિરંજનવાદથી કબીર પ્રભાવિત થયા હતા. આ વિવિધ દાર્શનિક વિચારધારાઓના અભ્યાસ-અનુભવ પછી તેઓએ આ સંતસાધનાનો માર્ગ દર્શાવ્યો છે.

કબીરની સંતસાધના ધારા ભારતવ્યાપી બને છે. જેમાં સંત રૈદાસ, નાનકસાહેબ, ધની ધરમદાસજી, યારીસાહેબ, દાદૂદયાલ, જગજીવન, દરિયાસાહેબ, મલૂકદાસ, બુલ્લાસાહેબ, ચરનદાસ, દૂલનદાસ, દયાબાઈ, સહજોબાઈ, ભીખાસાહેબ, પલટૂસાહેબ, તુલસીસાહેબ અને રવિ-ભાણ સંપ્રદાયના સંતો જાડાયેલા છે.

કબીરસાહેબનો સમય (જન્મ : ૧૩૯૯ મૃત્યુ ઈ.સ. ૧૫૧૯) રહ્યો છે. કબીરસાહેબના આ સમયમાં કબીરદર્શન, સંતસાધના ને તેમની વાણી સતત વિસ્તરતી રહી છે. લોકપ્રિય બની લોકોને હૈયે ગુંજતી રહી છે એટલે સંત પરંપરા વ્યાપક બની હતી પરંતુ કબીરનો સ્થૂળદેહ છૂટ્યા પછી તેમના શિષ્યોએ, સેવકોએ, લોકોએ કબીરસંત વિચારધારાને જીવતી રાખવા માટે ઠેરઠેર કબીર આશ્રમો બંધાવ્યા, કબીરવાણી પ્રકાશિત કરીને તેનો પ્રચાર કરવામાં આવ્યો. કબીર દર્શનને સાધના વિશેના ગ્રંથો લખાયા. આથી, જુદા જુદા પંથોમાં તેનો પ્રભાવ ઝીલાયો. તેમાંથી કબીરમંદિરો બંધાયાં, કબીરસાહેબની ગુરુગાદી સ્થાપવામાં આવી ને કબીરપંથ



ઊભો થયો. કબીરપંથની પરંપરાઓ ગુરુવંદના, નિત્યપાઠ, સંધ્યાસાખી, જ્ઞાનગોદડી થવા લાગી. આ તેનું પરંપરાગત રૂપ બંધાયું તેની વિગતો મારે આપવી નથી. મારે કબીરદર્શન, કબીરસાધના, કબીરવાણીના આધારે જણાવવી છે.

કબીર ભારતવ્યાપી સંતધારા છે તો તેનું જ રૂપ ગુજરાતમાં રવિ-ભાણ સંપ્રદાય નામે વિસ્તર્યું છે. રવિ-ભાણ સંપ્રદાયના સ્થાપક ભાણસાહેબ (જન્મ ઈ.સ. ૧૬૯૮, મૃત્યુ ઈ.સ. ૧૭૫૫) ગુજરાતના ચરોતર પ્રદેશના કનકીઠોડ ગામે જન્મ્યા ને વીરમગામ પાસેના કમિજલા ગામે સમાધિ લઈ ગયા. આ ભાણને લોકો કબીરસાહેબનો અવતાર માની 'ભાણકબીર' નામે પૂજે છે. તેનો એક બીજો અર્થ એ પણ કરી શકાય કે કબીરસાહેબે જે દર્શન ને સંતસાધના આપી તે ભાણસાહેબે સૌરાષ્ટ્ર, કચ્છ ને સમગ્ર ગુજરાતમાં વિસ્તારી તે ભાણપંથ નામે ઓળખાણી.

ભાણસાહેબના સમર્થ મરમીસંત રવિસાહેબ (જન્મ ઈ.સ. ૧૭૨૭ મૃત્યુ ઈ.સ. ૧૮૦૪) ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના તણછા ગામે થઈ ગયા. રવિસાહેબે 'ભાણગીતા', 'મનસંયમ તત્ત્વસાર નિરૂપણ', 'છપ્પય-૧,૨', 'સાખીગ્રંથ', 'બારમાસી', 'ગુરુમહિમા', 'રામગુંજાર ચિંતામણિ' જેવી અનેક રચનાઓ લખીને એક મરમી સંત તરીકે મોટી નામના મેળવી. પૂ.મકરન્દભાઈ કહે છે કે ભારતભરના મરમી સંતોના મેળામાં ગુજરાતમાંથી કોઈ સંતને મોકલવાના થાય તો તે પદના અધિકારી રવિસાહેબ છે. આવી સંત પ્રતિભાને કારણે 'ભાણપંથ'ની આગળ 'રવિ' શબ્દ ઉમેરાઈને 'રવિ-ભાણ સંપ્રદાય' નામ ધારણ કરે છે જે કબીર પરંપરાનું જ રૂપ છે.

રવિ-ભાણ સંપ્રદાય 'કબીરપંથ'ની પરંપરાઓ સ્વીકારે છે તેમાં જે રામાનંદે જે પરંપરા સ્થાપી હતી તે 'જાતિ-પાંતિ પૂછે નહીં કોઈ, હરિ કો ભજે સો હરિકા હોઈ' એટલે જ રામાનંદે પછાતજ્ઞાતિના લોકોને આવકાર્યા ને શિષ્ય બનાવ્યા. કબીર-વણકર, રૈદાસ-ચમાર, ધન્ના-જાટ, સેનાભગત - હજામ વગેરે. તે પ્રમાણે રવિ-ભાણ સંપ્રદાયમાં ભાણસાહેબના બુંદ શિષ્ય ખીમસાહેબ (જન્મ ઈ.સ. ૧૭૩૪ મૃત્યુ - ઈ.સ. ૧૮૦૧) દરિયા સ્થાને રાપરમાં તેઓએ જગ્યા સ્થાપી અને અછૂત સમાજના ગોરડા (ગુરુ બ્રાહ્મણ) જ્ઞાતિના ત્રિકમને શિષ્ય બનાવી આ સમાજમાં રવિ-ભાણ સંપ્રદાયના તેજસ્વી સંતોની એક હારમાળા આપી જેમાં ત્રિકમસાહેબ - ભીમસાહેબ - દાસીજીવણ અને નથુરામ, લક્ષ્મીસાહેબ, બાળકસાહેબ, કરમણભગત, પીઠાભગત જેવા સંતો પ્રગટ થયા. સંતકબીરની શિષ્ય પરંપરા ગુજરાતમાં આવી તેની યાદી ખીમસાહેબે 'ખીમ ચિંતામણિ'માં આપી છે -

*'સત્ગુરુ સત્કબીર હૈ કિરતારા, તાકા પદ્મનાભ અવતાર,*
*તાકા નીલકંઠ ભરપૂર, તાકા રઘુરામ નિરમલ નૂર.*
*તહાં જહુરામ જગદીશ, તાકા છઠ્ઠા (ષષ્ટમ) પૂરણ પ્રીત.*
*તાકા ભાણસાહેબ સોય, તાકા રવિરામ ખેમ હોય.'*

કબીર-રવિ-ભાણ સંતપંથપરંપરાનું દર્શન, સાધના અને વાણી સમાન રહી છે. આ વાણીના આધારે તેમની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

**(૧) નિર્ગુણ અલખ આરાધના :**

કબીર અને રવિ-ભાણ સંપ્રદાયના સંતો દેવી-દેવતા, અવતાર, સાકાર રૂપધારીની આરાધનાને સ્વીકારતા નથી. તેઓ પરમસત્ પરમેશ્વરને રૂપ, રંગ, આકાર રહિત, નામ-રૂપ-ગુણથી પર માને છે સગુણ-નિર્ગુણ, દ્વૈત-અદ્વૈતથી પર પરમાત્મા રહ્યા છે. પુષ્પની સુગંધથી પણ પાતળો છે જે કોઈની કલ્પનામાં આવી શકે તેવો નથી. છતાં સંતો, ભક્તો, સિદ્ધો તેને કેમ પામી શકાય ? ! કબીરસાહેબ કહે છે :

***'જ્ઞાન કા ગેંદ કર સુરતાકા દંડ કર,***
***ખેલ ચોગાન - મેદાન માંહી,***
***જગતકા ભરમના છોડ દે બાલકે.'***

જ્ઞાનનો દડો લઈને, સુરતિનો દંડ પકડીને પૂરા આકાશમાં ગગનમંડળમાં - ચિદાકાશમાં ગેડીદડે રમવાની આ રમત છે. તેમાં કામ, ક્રોધ જીતીને શેષના માથા પર ચરણ રાખવાના છે. આ જગતની બધી જ ભ્રમણાઓ છોડી, ભીતરમાં પડેલી મહાશક્તિ-કુંડલિની શક્તિનું આ ઊર્ધ્વપ્રયાણ છે. જે કોઈ સંતવીરલા હશે તે આ ગેડીદડાની રમત રમી શકે છે. આ માર્ગે ચાલવાનું કાચા-પોચાનું કામ નથી.

કબીર નિર્ગુણ અલખ નિરંજનને જે ભાવે નિરખ્યા, અનુભવ્યા, જે તેમને અનુભૂતિનું દર્શન થયું તેનું વર્ણન કરતાં કહે છે :

*'બરનહુ કૌન રૂપ ઔર રેખા, દૂસર કૌન આય જો દેખા,*
*સૌ ૐકાર આદિ નહિં વેદા, તા કર કહીં કૌન કુલ ભેદા.*
*નહિં તારાગુણ, નહિં રવિ ચંદા, નહિં કછુ હોત પિતા કે બિંદા,*
*નહિં જલ, નહિં થલ, નહિં સ્થિર પવના, કો ઘર નામ હુકમ કો બરના.*
*નહિં કછુ હોત દિવસ અરુ રાતી, તા કર કહું કૌન કુલ જાતી.*



*શૂન્ય સહજ મન સુરતિ તે પ્રગટ ભઈ એક જ્યોતિ,*
*બલિહારી તા પુરુષ છબિ નિરાલંબ જો હોતિ.'*

રવિસાહેબને આ દર્શન થયું છે. રવિરામે સચરાચરમાં રમતા રામને દીઠા છે. એ અતિસૂક્ષ્મ છે. અનેક રૂપે-રંગે વિલસી રહેલ છે છતાં તે સર્વથી નિર્લેપ ને ન્યારો છે. આ પાંખ વિનાનું પંખી છે છતાં ગગનમંડળમાં સર્વત્ર ઊડી રહેલ છે ને છતાં તે ચૌદલોકથી પર છે તે પરમતત્ત્વને રવિસાહેબને રમતાં રમતાં દીઠો છે :

*'રવિએ રમતાં દીઠો રે, બાવો છે ઝીણો છે ઝીણો,*
*લીલો ને પીળો, લાલ બેરંગી, સફેદ રંગ સારો,*
*એ પંખીડાને પાંખ જ નહીં, ચૌદ ભુવનથી ન્યારો.'*

પ્રથમ જો તમે 'હું' પણું છોડો તો આ રમતારામનો રણુંકાર - અનાહતનાદ સંભળાશે.

*'રોમ-રોમ મેં અનંત બ્રહ્માંડ, રગ રગમાં રહી બોલે,*
*આપા ખોયા તબ આપ પારસમણી, ખબર વિના દૂર ખોળે.*
*નિરાધાર નિરલેપ નિરંજન, લેખા વિના અલેખા,*
*રવિરામ ગમ ગ્રહી સત્ગુરુ કી, જ્યું કા ત્યાં હરિ પેખા.'*

**(૨) ઘટમાં પરિપૂરણ દર્શન :**

નિર્ગુણરામને સંતકબીર સાહેબ, રવિ-ભાણ સંપ્રદાયના સંતો અને અન્ય સંતકવિઓએ ઘટમાં પરિબ્રહ્મને પરિપૂર્ણ રૂપે દર્શન કર્યાં છે. સંતોએ કહ્યું છે, બહાર શોધવા જશો તો ભટકી મરશો. બાહ્યાચાર, બાહ્યક્રિયાકાંડ, વ્રત, તીર્થયાત્રાથી આ પરમાત્માની અનુભૂતિ થશે નહીં તેમજ આ બુદ્ધિ, તર્ક, જ્ઞાન ને મનનો પણ વિષય નથી. સંત, ભક્ત, સાધક, જતિ-સતીને આતમરામ ઘટભીતર દર્શાયો છે. કબીરસાહેબ કહે છે :

*'તેરા સાંઈ તુજમેં જ્યોં પહુપનમેં બાસ,*
*કસ્તૂરીકા મિરગ જ્યોં ફિર ફિર ઢૂંઢે ઘાસ.*
*જા કારક જગ ઢૂંઢિયા સો તો ઘટ હી માહિ,*
*પરદા દીયા ભરમકા તાતે સૂઝે નાહિં.'*

નિર્ગુણરામ પુષ્પમાં સુગંધ વસેલી છે તેમ ઘટભીતર સમાયેલો છે. જેમ અજ્ઞાનથી કસ્તૂરીમૃગ પોતાની અંદર-નાભિમાં કસ્તૂરીની સુગંધ પડી છે છતાં તે ઘાસમાં શોધી રહ્યો છે તેમ આપણી અંદર રહેલા રામને અજ્ઞાનથી મંદિર,

મસ્જિદમાં, પૂજા-પાઠથી, બાહ્યકર્મકાંડથી શોધી રહેલ છે.

*'પૂરન બ્રહ્મ રહે ઘટમેં, સઠ તીરથ કાનન ખોજન જાઈ,*
*નૈન દિયે હરિ-દેખનકો, પલટૂ સબમેં દેત દિખાઈ.'*

ડુંગરપુરી જાણે સંતપલટૂની વાણીને અનુમોદન આપતાં કહે છે : 'દલ દરિયામેં ડૂબકી દેણા, મોતી લેણા ગોતી.' વિલાયત સાહેબ કહે છે :

*'ઘટમાં પરિપૂરણ બ્રહ્મ, તેની ભલી ભાંગજો ભ્રમ,*
*સાંભળો આ વિલાયતનાં વચન...'*

કબીરસાહેબ ઘણાં ઉદાહરણો, પ્રતીકો આપીને પોતાની વાત દૃઢ કરાવે છે :

*'જ્યોં તિલ માહીં તેલ હૈ, જ્યોં ચકમક મેં આગિ,*
*તેરા સાંઈ તુજ મેં જાગિ સકૈ તો જાગિ.'*

*

*'સાહેબ તેરી સાહેબી, સબ ઘટ રહી સમાય,*
*જ્યોં મેહંદી કે પાનમેં, લાલી લખી ન જાય.'*

રવિ-ભાણ સંપ્રદાયના સંતોની વાણી તેમાં સાખ પૂરે છે :

*'ભીતર ખોજો રામકું, બાહર કાં ધાવો ?*
*બાહર ખોજો નહીં, ભીતર હરિ પાવો'*

- રવિ સાહેબ

*'સાંસ ઉસાસેં સમરીયેં, અહોનિશ લીજે નામા,*
*નૂરત સૂરત સેં નીરખીયેં તો ઘટોઘટ આતમરામા.'*

- ખીમ સાહેબ

*'દેખો ખાવિંદકા ખેલ, દર્શન મેં તો દેખ્યા રે,*
*બાહીર દેખ્યા, ભીતર દેખ્યા, દેખ્યા અગમ હમારા રે.'*

- ત્રિકમ સાહેબ

દાસીજીવણ તેને 'બોલે બોલાવે સબઘટ બોલે' તેમ કહે છે તો લખીરામ 'બેની મુને ભીતર સત્ગુરુ મળ્યાનું જણાવે છે. અમરશી ભગત કહે છે :

*'ગુરુજી મળ્યા છે રે ઘટડાની માંઈ, સુરતા શૂન્યમાં સમાઈ;*
*હાં....રે તમે કાં રે ભટકો છો ભાઈ, જુઓ આપ શરીરમાં જાઈ.'*

આ ઘટભીતર હરિનું દર્શન કરવાનું છે.



અહીં બીજો પ્રશ્ન જાગે કે એ દર્શન કેવું છે ? કારણ કે આગળ આપણે નિર્ગુણ - નામ, રૂપ, ગુણ રહિત કહ્યા છે તો આ દર્શન કેવું છે ?

પરમાત્માનું સ્વરૂપ પ્રકાશમય છે. આધ્યાત્મિક જગતના પ્રવાસીઓએ, સાધુ, સંત, ફકીરોએ પરમાત્માને જ્યોતિસ્વરૂપે નીરખ્યા છે. કબીર સાહેબે આ જ્યોતસ્વરૂપના જ ગુણગાન ગાયા છે ને સંતોએ તેમાં સાખ પૂરી છે. કબીરસાહેબે પરબ્રહ્મને જ્યોતિ સ્વરૂપ કહી તેનાં દર્શન ઘટમાં - બ્રહ્મરન્ધ્રમાં સ્થિર થયેલા માનસરોવરમાં એક અનુપમ કમળ - સહસ્રદલ પદ્મમાં ઉપર પરમપ્રકાશ - જ્યોત સ્વરૂપે પ્રકાશી રહ્યો છે એ જ પરમસત્ અલખધણી છે :

*'શરીર સરોવર ભીતર હૈ, આ છૈં કમલ અનુપ;*
*પરમ જ્યોતિ પુરુષોત્તમોં, જા કૈ રેખ ન રૂપ.'*

આ જ્યોતરૂપી બ્રહ્મનો પ્રકાશ એટલો બધો છે કે તેને વર્ણવી શકાય નહીં. શબ્દાતીત છે. જ્યોતિ સ્વરૂપી બ્રહ્મને નૂર (તેજ) તરીકે કબીરસાહેબ ઓળખાવીને કહે છે :

*'અલ્લા એ કૈ નૂર ઉપજાયા, તા કી કૈસી નીંદા,*
*તા નૂર થે સબ જગ કીયા, કૌન ભલા કૌન મન્દા.'*

રવિ-ભાણ સંપ્રદાયના સંતોએ પરમાત્માને જ્યોતિ સ્વરૂપે નિહાળ્યા છે :

*'જી રે સંતો ! જ્યોત સ્વરૂપી ધરમ ચલાવ્યો જી,*
*એવા આદ્યપુરુષ અવિનાશી હાં.'*

- રવિસાહેબ

*'દેખ તુજમેં તખ્ત બિરાજે, અગમ ભૂમિ પર આયા,*
*જલકે જ્યોત નૂર અપારા, મેરમ માંહી દર સાયા.'*

- ખીમ સાહેબ

*'નિરખ્યા નૅણે પરખ્યા પુરા, સુરતેં મુરત સારા,*
*વરસે મોતી જલકે જ્યોતિ અખંડ અમૃત ધારા.'*

- મોરાર સાહેબ

*'જીવણ જીવને જ્યાં રાખીએ, વાગે અનહદ તૂરા,*
*જ્યોતિ અખંડ ત્યાં જળહળે, વરસે નિરમળ નૂરા.'*

- ભીમ સાહેબ

*'ઓહંગ સોહંગની જલમલ જ્યોતિ,*
*ચાંદો સૂરજ ઝાંય દીપક ઝરે !'*

**(૩) ગુરુ આધીનતા :**

સંતસાધના સહજ, સરળ હોવા છતાં ગુરુ વિના તેનો ભેદ મળે તેમ નથી. કબીરસાહેબ તો ગુરુથી ગોવિંદને અધિક માને છે. પ્રથમ જો સદ્‌ગુરુ મળે તો ગોવિંદ દિયે બતાય. સંતકવિ દિન દરવેશ કહે છે :

*'ગુરુ બિન જ્ઞાન ન ઉપજૈ, ગુરુ બિન મિલૈ ન ભેદ;*
*ગુરુ બિન સંશય ન મિટૈ જય જય જય ગુરુદેવ.'*

જ્ઞાન અને વાણીના અમૃત ખજાનાની ચાવી સદ્‌ગુરુના હાથમાં છે સદ્‌ગુરુની કૃપા વિના અંતરનાં તલભર તાળાને રજભર કૂંચીનો ભેદ મળતો નથી. ગરવા ગુરુજી જ્યારે જ્ઞાન અને વાણીનાં તોળાં ખોલી દે છે ત્યારે અંદર અજવાળું ઝોંકાર થઈ જાય છે. દાસીજીવણે સત્તર સત્તર ગુરુ ધાર્યા છતાં અગમનો ભેદ જણાયો નહીં, ગુરુ ભીમસાહેબ ભેટ્યા ને ભીતરના ઉજાસના ફૂવારા ઊછળે છે ને તેમનાથી ગવાઈ ગયું :

*'અજવાળું હવે અજવાળું*
*ગુરુ આજ તમ આવ્યે રે મારે અજવાળું,*
*સત્‌ગુરુ શબ્દ જ્યારે શ્રવણે સુણાવ્યો*
*ભેટ્યા ભીમ ને ભાંગ્યું ભ્રમનું તાળું.'*

કબીર સાહેબે વ્યાકુળભાવે સત્‌ગુરુને મળવા તલસે છે કોઈ એવો ગુરુ મળી જાય કે જે મારી કાયાના ઘડનારાની, ઘટભીતરના અંજવાસની ઓળખ આપે :

*'કોઈ રે મિલાવો અમને જોગિયો જી;*
*જોગી મારી કાયા રે તણો આધાર,*
*સુરતા મિલાવો મારા શ્યામ સું જી.*
*મેં તો હરણી ને ગુરુ મારા પારાધી જી,*
*માર્યા મુને શબદુંનાં બાણ રે,*
*ઘાયલ કીધાં રે મારાં પાંજરાં જી;*
*વીંધાણાં તન મન ને પ્રાણ રે*
*કોઈ રે મિલાવો અમને જોગિયો જી.'*



સત્‌ગુરુ શબ્દબાણથી તન, મન, પ્રાણને વિંધે છે. સુરતા શ્યામ સાથે જોડી આપે છે. મનના સંશયો ટળી જાય છે. જ્ઞાનનો સૂરજ ઊગે છે. આવા સત્‌ગુરુનો મહિમા અનંત છે, તેના ઉપકારનો પાર નથી, આંતરદૃષ્ટિ ખોલી આપે છે ને અનંતનાં દર્શન કરાવી આપે છે. આવા ગુરુની કૃપાનો બદલો વાળી શકાય નહીં.

*'યહ તન વિષ કી બેલરી, ગુરુ અમૃત કી ખાન,*
*સીસ દિયો જો ગુરુ મિલેં તો ભી સસ્તા જાન'*

ગુરુ શિષ્યનો ઘડવૈયો છે. જેમ કુંભાર માટલું ઘડે ત્યારે ઉપરથી ટપલાની ચોટ મારે ને અંદરથી હાથનો સહારો આપે છે. જેમ સરાણિયો દાસી ઘસી ધાર કાઢે તેમ ગુરુ આપણી અંદર રહેલી મલિનતાઓ, મનની ચંચળતાઓ કાઢીને દિલનું દર્પણ નિર્મળ બનાવે છે. ગુરુ તો પારસમણિ છે. તેમના પાવન સ્પર્શથી આપણે લોઢા જેવાને કંચન બનાવે છે. ચંદન સમાન સુગંધિત અને શીતલ બનાવે છે.

રવિ-ભાણ સંપ્રદાયના સંતોએ પણ ગુરુમહિમા ગાયો છે :

*'સત્‌ગુરુ મળિયા સહેજમાં, જેણે સત્‌નો શબ્દ સુનાયો;*
*ચોરાસીનો રાહ ચુકાવી, અખંડ ધામ ઓળખાયો.'*

— ભાણ સાહેબ

*'સત્‌ગુરુ કે શબ્દો સેં સંતો, હમ પહુંચે ઉન દેશ,*
*સાસ ઉસાસ રહિત હૈ, ઉલટા ગુરુગમ ગેલ,*
*મનવાણી પહુંચે નાહિ, અલખ પુરુષ એક.'*

— રવિસાહેબ

*'મુને ભેટ્યા સત્‌ગુરુ ભાણા, દિયા મોર છાપ પરવાના;*
*અમ્મર પટા લીખ દીયા અગમરા, ગગન ઘરમેં જાના,*
*જલમલ જ્યોતિ અખંડ અજવાળાં, ઠીક તિયાં ઠેરાયા.'*

— ખીમ સાહેબ

'જળી ન બાંધું, ગૂટી ન ખાઉં, નાડી વૈદ ન દીખલાઉંગા,
પૂરણ વૈદ મિલ સતગુરુ મેં, નીત ઉઠકર દીખલાઉંગા.'

— ત્રિકમ સાહેબ

*'મારા ગુરુજીની બલિહારી, મેં સત્‌નામ પર વારી,*
*વચનભેદ મારા ગુરુએ બતાયો, જોયું તત્ત્વ વિચારી,*

*ગુરુ વચન રહ્યો ઘટભીતર, ભેદ જડ્યો મુને ભારી.'*

— દાસી જીવણ

*'દેખા હોય સો કહી બતલાવો, મોતી કેસા રંગા ?*
*ગુરુગમ કરીને ગોતો ગગનમાં વાં હે ગુપતિ ગંગા.'*

— દાસ અરજણ

ગુરુમુખી વાણીમાં 'પ્યાલાં'નાં ભજનો આવે છે. ગુરુ જ્યારે શિષ્યને ગુરુમંત્ર આપે છે, અભિમંત્રિત પ્યાલો પીવડાવે છે. આ પ્રતીકાત્મક પ્યાલો પીવડાવવાની ક્રિયા થાય છે પણ ખરું તો શબદસાન, નામરસનો પ્યાલો પીવડાવવામાં આવે છે. કબીરસાહેબ કહે છે :

*'હિરદે મેં મહબૂબ હૈ, હરદમ કા પ્યાલા,*
*પિયેગા કોઈ જૌહરી ગુરુમુખ મતવાલા;*
*પિયત પિયાલા પ્રેમકા સુધરે સબ સાથી,*
*આઠ પ્રહર ઝૂમત રહૈ જસ મૈગલ હાથી.''*

આ મતવાલા પિયાલાનો અમલ એવો છે કે સાધકની સુરતા શૂન્યમાં ઠેરાઈ જાય છે. પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ નામ, અહમ્ મટી જાય છે. રવિસાહેબ કહે છે :

*'એવો પ્યાલો મેં પીધો રે, લીધો હરિ લગન કરી;*
*એવા પરબ્રહ્મ ભાળ્યા રે, અદ્વૈત સભર ભરી.*
*સત્ગુરુએ શ્રવણ રસ રેડિયો, ચોંટ્યો રૂદિયા માંઈ,*
*સંઘે સંઘે રસ સંચયોં, ઉનમુન રહ્યો ઠેરાઈ*
*એવી સુરતા જેની સૂન થઈ રે, ઊતરે નહીં ફરી.'*

તન્મયતાથી પીધેલો હરિરસનો, પ્રેમનો પ્યાલો નિરાલંબ અવસ્થા સિદ્ધ કરે છે તે સમયે ગુરુ સત્નામ સ્મરણની દીક્ષા આપે છે.

નામ સ્મરણ સાધનાને કબીર સાહેબ સ્વીકારે છે. આ નામે પાતક છૂટીએ, નામે નાસે રોગ, નામ સમોવડ કાંઈ નહીં જપ, તપ, તીરથ યોગ' આ નામે એ સત્નામ, સોહમ્ નામ, નિજનામ વગેરે નામોથી ઓળખાય છે.

*'આદિનામ નિજ મૂલ હૈ ઔર મંત્ર સબ ડાર;*
*કહ કબીર નિજનામ બિનુ બૂડી મૂઆ સંસાર.'*

આદિનામ - જે નામે, શબદે આ સૃષ્ટિનું સર્જન થયું છે જે નિજરૂપ છે.



બીજામંત્રો તો ડાખળાં છે. નિજનામ જાણ્યા વિના ડૂબી મૂઆ સંસાર. આ નામને 'સત્નામ' થી ઓળખવામાં આવે છે. તેનું નિત્ય સ્મરણ કરવાનું સંતો કહે છે. સંતોની વાણીમાંથી કેટલાક પ્રમાણ :

*'અક્ષર એક સે જુગ ઉપાયા, સોહં નામ સવાયો;*
*અકળ પુરુષ અવતાર ધરૈ ત્યાં, ભાણ દેવ ભેદ પાયો.'*

— ભાણ સાહેબ

*'સત્નામનું સુમરણ સાચું, કાચું નહીં લગરા રે ભાઈ;*
*સહસ્ર ફેણે શેષનાગ જપે, રસનાએ ઝંકાર રે ભાઈ.'*

— રવિસાહેબ

*'સુન લે સુષમ્ણા નારી મેં અજબનામ પર વારી;*
*અજબનામ સબસે ન્યારા, ખોજ ખોજ સંસારી.'*

— ભીમ સાહેબ

*'કોઈ રૂપ રંગ સે ન્યારા, ઉસમેં કયા જાને સંસાર રેજી,*
*ઓહં સોહમ્‌ની ઉપર નીરખો બારઆંગલ છે બારા;*
*મતિ મૂરતિ નેણે નીરખો, નિજનામ છે ન્યારા.'*

— દાસીજીવણ

### (૪) સહજ સિદ્ધયોગ - સહજ સમાધિ :

સંતો સંસાર વચ્ચે રહ્યા છે, ગૃહસ્થાશ્રમ નિભાવ્યો છે. પરિવાર નિભવવા માટે ખેતી, પશુપાલન, દરજી, મોચી, વણકરી, ચમાર વગેરે કોઈ ને કોઈ કામ કર્યું હતું. સંતો ભગવાં ધારણ કરીને જંગલમાં જઈ સાધના કરવા બેઠા નથી. છતાં તેઓ સહજ સિદ્ધયોગ અને સહજ સમાધિના જાણકાર હતા. તેમની આ સાધના નામસ્મરણની હતી. ગુરુએ આપેલો મંત્ર જાપ કરતા રહેવાનું નીતિધર્મ પાળવો, સત્વચન બોલવું, મારું-તારું રાખવું નહીં, માયલા અહમ્ ને મારી નાખવો, કોઈ નાનું નથી, કોઈ મોટું નથી. આ જીવન પદ્ધતિએ, નામ થકી તેમને સહજયોગ સાધના સિદ્ધ થઈ હતી.

સંતોનો યોગ એટલે ચિત્તની વૃત્તિઓ ઉપર કાબૂ મેળવવો. જો કે સંતકબીર સાહેબની વાણીમાં ષટ્ચક્રભેદના સાધના, કુંડલિની શક્તિ જાગૃતના ક્રિયાયોગની સૂક્ષ્મ ચર્ચા થયેલી છે પણ તે હઠયોગીઓની કે તંત્રયોગીઓની ક્રિયા નથી. કબીરે અખિલ બ્રહ્માંડમાં વ્યાપ્ત જે ચેતના છે તે ઘટમાં - દેહમાં ક્યાં છે તેની શોધ આદરી તે તેમનો યોગ છે. નામસાધનાએ મનસ્થિર થાય છે, ધ્યાન, સુરતા શૂન્યમાં ઠેરાય

છે ને એક પછી એક ચક્રો સિદ્ધ થતાં જાય છે. સંતોના મતે સહસ્રાર ચક્રની ઉપર સુરતી કમળ છે, ત્યાં પહોંચવાનું છે. ત્યાં સત્‌સાહેબની વાણી સંભળાય છે. અહીં પહોંચ્યા પછી સહજ જાપ ચાલ્યા કરે છે. આ અનુભવોને વર્ણવતાં કબીરસાહેબ કહે છે :

*'ઉન્મુનિ ચઢા ગગન રસ પીવૈ,*
*ત્રિભુવન ભયા ઉજિયારા.*
*અરધ - ઉરધ કી ગંગા જમુના, મૂલ કેવલ કૌ ઘાટ,*
*ષટ્‌ચક્ર કી ગાગરી, ત્રિવેણી સંગમ બાટ.*
*બંકનાલ કે અન્ત હૈ, પશ્ચિમ દિસકી બાટ,*
*નીઝર ઝરૈ રસ પીજિએ, તહાં ભઁવર ગુફા કે ઘાટ.'*

ભાણસાહેબે 'હેલી' નામની ભજન રચનાઓ રચી છે. આ હેલી ત્યારે જ રચાય કે જ્યારે સાધક મૂળઘરને પામી ગયો છે. આ વાણી પણ ગમે તેને કહેવાની નથી જે સમકક્ષાની સાહેલી તેને આ વાત કરવાની છે :

*'હે મારી હેલી ચડી શૂન્ય શિખર,*
*જોઈ લ્યો બેહદકા પ્રમાણ.*
*દોહી કમલ કી બીચમે, ભમરા કરત ગુંજાર,*
*સુગંધ બેહેકે ફૂલની, ફૂલ ખીલ્યા અપાર.*

હે મારી સાહેલી ! મારી સુરતા મૂલાધારથી ચાલીને શૂન્યશિખર બ્રહ્મરન્ધ્રમાં પહોંચી. આ સ્થાને કોઈ સીમાઓનાં બંધન નથી. ત્યાં આ બેહ્‌દનો તમાશો - નજારો તમને જોવા મળશે. બે આંખની વચ્ચે ત્રીજું સૂક્ષ્મનેત્ર છે ત્યાં ધ્યાન કેન્દ્રીત કરવાનું છે. જે ક્ષણે ધ્યાન લાગી જશે તેના પ્રમાણ તરીકે અનાહતનાદ સંભળાશે, બાગ વિનાની ફૂલવાડીની મ્હેકનો અનુભવ થશે, ભ્રમરનો ગુંજારવ સંભળાશે. આ ભમરાને (હવે અહીં ભમરાની અર્થછાયા બદલાઈ જાય છે.) કોઈ રૂપ, રંગ કે આકાર નથી, વિના પાંખે તે ઊડી રહ્યો છે :

*'મારી હેલી ઉન સરોવરને પાળ નહીં, નહીં સરોવરકા રૂપ,*
*વિના પાળે ત્યાં નીર ભર્યાં, એસા ખેલ અનુપ.'*

આ અમૃત સરોવરનું નીર પીતાં જે તૃપ્તિ થાય છે, વર્ણવી શકાય નહીં. ભાણ સાહેબ પછી અન્ય રવિ-ભાણ સંપ્રદાયના સંતોની વાણીનાં પ્રમાણ :



*'નાભિસે સુરતા ચાલી, શૂન્યમાં કિયો મુકામ,*
*પછમ ઘાટથી પરવરી, નિરખ્યા નિર્ગુણરામ',*

— રવિસાહેબ

*'નાભી કમળથી ઉલટ્યો આવે, ગગન ધૂન ગરજાના,*
*ઈંગલા પિંગલા સુષુમ્ણા સાંધી ત્રિવેણી તાર મિલાના.'*

— ત્રિકમ સાહેબ

*'તપ્ત ત્રિવેણી અલોપ છે, ગંગા જમુનાને ઘાટે,*
*સુષમ્ણામાં જીવણ સાધજો, વળી જજો એ વાટે.'*

— ભીમસાહેબ

*'નાભી કમળથી નટવર ચડિયા, પવન પુરુષ પલટાયોજી;*
*વંક નાળકી ખડકી ખોલી, ઉલટા રાહ ચલાયા રે જી'*

— દાસી જીવણ

કબીરસાહેબ સંતસાધના દ્વારા સહજ સમાધિ લાધ્યાનો અનુભવ કહે છે. યોગની બાહ્ય ક્રિયાથી અલગ આ સહજસાધના પદ્ધતિ છે :

*'સાધો, સહજ સમાધિ ભલી.*
*ગુરુપ્રતાપ જા દિનસે ઉપજી, દિન દિન અધિક ચલી.*
*આંખ ન મૂંદો, કાન ન રુંધો, તનિક કષ્ટ ન ધરો;*
*ખુલે નૈન પહિચાનો હંસિ હંસિ, સુન્દર રૂપ નિહારો.'*

અન્ય રવિ-ભાણ સંપ્રદાયના સંતોએ આ સહજસમાધિનો અનુભવ કહ્યો છે :

*'સહજ સમાધિ સહજ સ્વરૂપા, સકલ નિરંતર વસ્તુ અનુપા;*
*રવિરામ ત્યાં છાયા ન ધૂપા, મેરા ગુરુ હે ભાણા હે ભાણા'*

— રવિસાહેબ

*'સહજ સુન કે માંહી પરમ હંસકા હૈ વાસા,*
*નિરાધાર નિરવાણ કબહુ કોઈ ન નાશા.'*

*— ખીમ સાહેબ*

*'અગમ અગોચર અદ્‌ભુત લીલા, નેતિ નેતિ નિગમ નિરાના રે;*
*રજ મોરાર રવિકે ચરણો, સેજ સેજે સમાના રે.'*

— મોરાર સાહેબ

*'આસન ઉન્મુનિ માંહી, સહેજે સુખમણાં તાંહી,*
*થક ગયે પવન બ્રહ્માંડા, સહેજે ભયા આનંદા.'*

— જીવાભગત

**(૫) શબદ સુરિત યોગ :**

કબીરસાહેબનું સંતસાધનામાં સૌથી મોટું પ્રદાન 'શબદ સુરતિ યોગ'નું રહ્યું છે. કબીરસાહેબ સૌપ્રથમ વાત કરે છે : 'હે સાધુ ! શબદ બ્રહ્મની સાધના કરો. જે શબદમાંથી આ સૃષ્ટિનું સર્જન થયું તે શબદને ગ્રહી લો. ઋષિમુનિઓ, સંતો, જોગી-જતીઓ, સાધકોએ શબદના ગુણગાન ગાયાં છે છતાં આ શબદનો ભેદ જાણવો અઘરું છે. ગુરુકૃપાએ, કોઈ વીરલાસંત મળે તો શબ્દબ્રહ્મને પામી શકાય છે.

*'શબ્દ હિ દષ્ટ અનદષ્ટ ઓમકાર હૈં,*
*શબદ હિ સકલ બ્રહ્માંડ જાઈ.'*

આ શબ્દ જ પ્રગટરૂપ છે ને આ શબ્દ જ અપ્રગટ ૐ કાર છે. આ શબદ એ જ નિજનામ કે સત્‌નામ છે. આ નામ સાથે સુરતાને જોડવાની છે. સુરિત એટલે તલ્લીનતા સુરતિ સાથે નિરતિ શબ્દ પણ સંતો જોડતા હોય છે. આ 'નિરતિ' એટલે વૈરાગ્ય. સુરતિને સહજમન, સહજવૃત્તિ પણ કહે છે. તેને બ્રહ્મજ્ઞાન તરફ ઉન્મુખ કરી નિરતિમાં પહોંચવાનું છે. કબીરસાહેબ સુરતિ-નિરતિને શિવ-શક્તિના પ્રતીક તરીકે પણ ઓળખાવે છે. સુરતિ-નિરતિનું મિલન એટલે શિવ-શક્તિનું મિલન. કબીરસાહેબ કહે છે :

*'સુરતિ સમાની નિરતિમેં, અજપા માહીં જાપ;*
*લેખ સમાના અલેખ મેં, આપા માહીં આપ.'*

સુરતિ, આત્મા જ્યારે નિરતિમાં - પરમાત્માના પ્રેમસાગરમાં તલ્લીન થઈ જાય, એકરૂપ થઈ જાય પછી બાહ્ય જાપની જરૂર નથી અંતરમાં ચાલતો અખંડ અજપાજાપ અલખમાં સમાઈ જાય છે. 'હું' પણું રહેતું નથી. લેખ - આમ, અલેખ - અલખમાં અદ્વૈત બની જાય તેને શબદ સુરતિ યોગ કહેવામાં આવે છે.

રવિસાહેબ કહે છે : 'સુરત સખી જેની ચડી અસમાને, આપેં વાત સત્‌ગુરુ જાને.' ત્રિકમસાહેબે કહ્યું : 'જેની સુરતા નામ સે લાગી કોઈ વીરલા સાચા વેરાગી'. દાસહોથીનો અનુભવ પણ સાંભળવા જેવો છે :



*'સુરતી મારી સંત ચરણમેં લાગી રે, તેણે મારી ભે ભાંગી રે;*
*સત્‌ગુરુવે મુને શબદ સુનાવ્યો, રણુંકાર અનુરાગી રે,*
*તખત ત્રિવેણીના તીર ઉપરે, મોહન મોરલી વાગી રે.'*

**(૬) મૃત્યુવિજેતા :**

સંતસાધનાની સિદ્ધિ સંતો મૃત્યુને જીતી શક્યા છે. આ પીંડમાંથી ચેતનતત્ત્વ જવાનું થાય તે પૂર્વેની નિશાનીઓ તે જાણે છે. આથી મૃત્યુનો સમય આવે તે પૂર્વે તે સમયની જાણ કરી સાધુ, સંતો, ચાહકગણ - ગતગંગાને બોલાવી જણાવ્યા પ્રમાણેના સમયે સમાધિસ્થાનમાં બેસી પ્રાણને સ્થિર કરી સમાધિ લઈ આ સ્થૂળદેહને છોડી જાય છે. કબીરપરંપરાના સંતો અને રવિ-ભાણ સંપ્રદાયના સંતોએ સમાધિ લઈ આ સ્થૂળદેહને છોડ્યો છે.

સમાધિની ત્રણ ભૂમિકાઓ આ સંતોને સિદ્ધ હતી.

૧. મૃત્યુની અવધ આવી ન હતી ને સત્‌વચનને આધીન દેહ છોડવો પડે ને કમિજલામાં ભાણસાહેબે સમાધિ લીધી.

૨. મૃત્યુની અવધ આવી ગઈ હોય, સંતસમાધિમાં બેસવા જતા હોય ત્યાં વચન આપ્યા પ્રમાણેનું કામ બાકી રહ્યું હતું તેની યાદી આપવામાં આવી એટલે મોરારસાહેબે મૃત્યુને બાર મહિના પાછું ઠેલ્યું.

૩. સમાધિ લીધા પછી, ચેતનતત્ત્વને બ્રહ્મરન્ધ્રમાં સમાવી લીધા પછી ફરી જાગૃત થયાની ક્રિયા ત્રિકમસાહેબે સિદ્ધ કરી આપી હતી. સમાધિ પછી જાગૃત થયા ને ચાલીને ગુરુની સમાધિએ જઈ ફરી સમાધિ લીધી.

**(૭) સમાજ સુધારક :**

સંતો સમાજ વચ્ચે રહ્યા હતા એટલે સમાજની મર્યાદાઓ, તેમનું માનસ, અંધશ્રદ્ધા, અજ્ઞાનતાથી જાણકાર હતા. આ સંતો સમાજ વચ્ચે ભ્રમણ કરતા રહ્યા છે. જેને વસતી ચેતાવતી કહેતા હતા.

કબીર અને રવિ-ભાણસંપ્રદાયના સંતોનો જે સમય હતો ત્યારે રાજકીય સ્થિતિના પલટાઓ પણ જોવા જેવા છે. ઈ.સ.ની ચૌદમી-પંદરમી સદીનો રાજકીય ઈતિહાસ મારકૂટનો અને ધાર્મિક અંધશ્રદ્ધા, અજ્ઞાનતા ફેલાવવાનો રહ્યો છે. દિલ્હી ઉપર તૈમુરલંગે દિલ્હી ઉપર આક્રમણ કરી મોટી કત્લેઆમ કરી હતી. ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનતસત્તાનો આરંભ થયો હતો. સૌરાષ્ટ્રના નાના-મોટા

રાજપૂત રજવાડાઓ ખંડિયા બની નામના સત્તાધીશો રહ્યા હતા. સોળમી સદીમાં દિલ્હી ઉપર અકબર બાદશાહ સ્થિર સત્તા સ્થાપી હિન્દુઓ તરફ સહિષ્ણુતા દર્શાવે છે પરંતુ ઔરંગઝેબ આવતાં ફરી કટ્ટરતા સ્થપાઈ છે. મુસ્લિમો ધર્મપરિવર્તન કરાવી રહ્યા હતા ને પરંપરાવાદી રૂઢિવાદી હિન્દુ પંડિતોએ ધર્મના નામે કર્મકાંડ એટલા બધા વધારી દીધા કે સમાજ ભયભીત હતો. ધર્મના નામે જ અછૂતો ઉપરનો ત્રાસ અસહ્ય હતો તેવા કપરા સમયમાં ભારતીયધર્મ, સંસ્કાર ને સમાજને બચાવી રાખવાનું કામ સંતોએ કર્યું હતું. સંતો સમાજના ધારકબળ બની સમાજજાગૃતિનું કામ કરે છે.

ધર્મના નામે સમાજ અનેક અંધશ્રદ્ધાઓ અને અજ્ઞાનતાથી પિડાતો હતો. સમાજમાં કોમવાદ, જ્ઞાતિવાદ, અસ્પૃશ્યતા અને કુરિવાજોથી છિન્ન-ભિન્ન થઈ ગયો હતો. સમાજમાં ધર્મના નામે નારીને નરકની ખાણ બનાવી દીધી હતી. આવા સંજોગોમાં સંતોએ સામાજિક ક્રાંતિ સર્જી હતી. માનવજીવનમાં પ્રેમ, કરુણા, દયા, દાન, શીલ, સદાચાર, સત્ય, અહિંસા, સ્થાપવા ભજન ને સત્સંગનો માર્ગ સંતોએ લીધો હતો. કબીરસાહેબને ક્રાંતિકારી સંત તરીકે તપાસવા જેવા છે.

*'જબ લગ નાતા જાતિકા, તબ લગ ભક્તિ ન હોય;*
*નાતા તૌડે હરિ ભજૈ, ભક્ત કહાવે સોય.'*

જ્યાં સુધી જ્ઞાતિના વાડામાં બંધાયેલા રહેશો ત્યાં સુધી ભક્તિ નહી થાય. હરિના દેશમાં કોઈ પણ જાતના ભેદ ભરમ નથી. કોમવાદ સામે કહે છે :

*'જો તૂં બાંમન બમની જાયા, તો આન વાટ હૈવિ કયી નહી આયા ?*
*જો તૂં તૂરક, તૂરકની જાયા, તો ભીતર ખતના ક્યોં ન કરાયા ?'*

જો તું બ્રાહ્મણનો પુત્ર બ્રામણ છે તો તારો જન્મ જનોઈ સાથે કેમ ન થયો ? બીજી કોઈ રીતે તું કેમ ન જન્મ્યો ? જો તું મુસલમાન મુસલમાની સ્ત્રીનો દીકરો છો તો ગર્ભમાંથી જ સુન્નત કરાવીને કેમ ન આવ્યો ? આટલી કઠોરવાણી સંતોએ ઉચ્ચારી છતાં કોમવાદ છૂટ્યો નથી.

ભારતીય સમાજ રચનાનું સૌથી મોટું કલંક અસ્પૃશ્યતા છે. જન્મથી તો બધા જ શૂદ્ર છે. પોતે શૂદ્ર ન કહેવાય એટલે બનાવટી જનોઈ ઘાલીને પોતાને સર્વશ્રેષ્ઠ સ્થાપે છે ને બીજાને હલકો, અછૂત બનાવે છે. કબીર સાહેબ અસ્પૃશ્યતા ઊભી કરનાર બ્રાહ્મણ પંડિતોને કહે છે :

*'પંડીતો, દેખા મન મોં જાની,*
*કહુ ધોં છૂત કહાં તે ઉપજિ તબહી છૂત તૂમ માની.*



*નાદરુ બિંદુ રુધિર એક સંગૈ ઘટ હી મેં ઘટ સજ્જૈ,*
*અષ્ટ કમલ કો પુહુમી આઈ કહાં યહ છૂત ઉપજજૈ.'*

આ આભડછેટ કયાંથી ઊપજી ? ને તમે વળી ક્યારથી એને માનતા થયા ? નાદ, બિંદુ અને રુધિર (વાયુ, વીર્ય, રજ) ના સંગમથી ગર્ભ રૂપે નવું શરીર સર્જાય છે. ત્યાંથી અષ્ટકમળની નીચે ઊતરીને જન્મ લઈ પૃથ્વી ઉપર આવે છે. આ દરેક જીવને માટે સરખું છે તો પછી અસ્પૃશ્યતા કેમ પેદા થઈ ?

કબીરના સામાજિક ક્રાંતિના આ મતને સંતોની વાણીમાં અનુમોદન મળ્યું છે તેનો અર્થ એ થયો કે સંતો માને છે : જાતિ પાંતિ પૂછે નહીં કોઈ, હરિકો ભજે સો હરિકો હોઈ.

સમાજમાં ધર્મના નામે બાહ્યક્રિયાકાંડ ને અંધશ્રદ્ધાઓ વધી ગઈ હતી તેની સામે આ સંતોએ કહ્યું :

*'તપસી કાહેકું તપ આદરે, તપસે નિજ તંત હે ન્યારા,*
*પંચ મુખે અગ્નિ પરજાળે, ઊધિ મસ્તક ખાયે ઝૂલારા,*
*બહોત કષ્ટ દેવે કાયાકું, કબહું ન રીઝે કિરતારા.'*

**— રવિસાહેબ**

*'જોગી હોકર જટા વધારે, અંગ લગાવે વિભૂતા,*
*દમડી કારણ દેહી જલાવે, જોગી નહિ પણ જગ ધૂતા.'*

— દાસી જીવણ

*'નાઈ-ધોઈને કરે અસ્નાના, માયલાનો મેલ તારો નંઈ જાવે,*
*ધ્યાન વિનાનો ધૂન મચાવે, ત્યાં સાહેબ મારો નંઈ આવે.'*

— કરમણ ભગત

સત્તા, સંપત્તિ ને સુન્દરી પાછળ દોડતા સમાજને, કામ, ક્રોધ, લોભ, મોહ, માયાથી ઘેરાયેલા સમાજને સંતોએ માનવજીવનની ક્ષણભંગુરતા અને સંસારની અસારતા દર્શાવી સત્‌ને માર્ગે ચાલવાની વાણી ઉચ્ચારી છે.

*'કૂડી છે કાયા ને કૂડી છે માયા, જૂઠડો આ જગ જાણે;*
*સાચો નામ સાહેબકો જાણો, ભણે લુહાણો ભાણો.'*

### (૮) સાહેબ પરંપરા :

કબીરપંથી સંતપરંપરામાં સંતને 'સાહેબ' વિશેષણથી નવાજવામાં આવ્યા છે. આ સાહેબ એટલે 'સર' નહીં. સાહેબની ઓળખ આપતાં કહે છે :

*'તેહિ સાહબ કે લાગો સાથા,*
*દુઈ દુઃખ મેટિ કૈ હોહુ સનાથ.'*
*દશરથ કુલ અવતરિ નહિ આયા,*
*નહિં લંકા કે રાય સતાયા,*
*નહિં દેવકી કે ગર્ભહિં આયા,*
*નહિં યશોદા ગોદ ખિલાયા.'*

કબીરનો સાહેબ દશરથપુત્ર રામ નથી. લંકાના રાજા રાવણ સાથે યુદ્ધ કરનાર નથી. એ સાહેબ દેવકીના ગર્ભમાંથી પ્રગટ્યા કે યશોદાના ખોળામાં રમેલા નથી. તો આ સાહેબ શું છે ?

*'જન્મ મરણ સે રહિત હૈ, મેરા સાહેબ સોય;*
*બલિહારી વહિ પીવકી જિન સિરજા સબ હોય.'*

આ સાહેબ જન્મ-મરણથી રહિત છે. જેણે આ સૃષ્ટિનું સર્જન કર્યું છે. છતાં, એ અકર્તા છે. એ ક્યાંય નથી, છતાં ક્યાં નથી ?! આ પરમતત્ત્વ સર્વવ્યાપી, ઘટઘટ વાસી છે તે સાહેબ છે. જે સંતને આ સાહેબની પરમસતની અનુભૂતિ થઈ છે, સાક્ષાત્કાર થયો છે તેવા સંતને સાહેબ વિશેષણથી ઉદ્‌બોધવામાં આવે છે. આ પરંપરા રવિ-ભાણ સંપ્રદાયના સંતોને પણ 'સાહેબ'ની પદવી આપવામાં આવી છે.

**(૯) મરમી દર્શન :**

જે અનંતની સાધના કરે છે, સત્યની પ્રાપ્તિ માટે મથામણ કરે છે એ જાણે છે કે જગતમાં બધું જ ચંચળ છે, ગતિશીલ છે, પરિવર્તનશીલ છે અને પરમસત્ય સ્થિર, શાષવત અને અરૂપ છે. કબીરનું લક્ષ્ય આ જગતની સમસ્ત અસ્થિર રૂપરાશિની અંદર રહેલા સ્થિર અરૂપ તત્ત્વની શોધનું રહ્યું છે. આ નાશવંત દુનિયામાં એકમાત્ર અવિનાશી તત્ત્વ સોહ્‌મ બ્રહ્મ - અલખ છે, એ અસીમ અને અરૂપને પામવા માટે સંતો-ભક્તો, જોગી-જતી, સિદ્ધ-સાધકની આ મથામણ છે. કબીરને તેની અનુભૂતિ થઈ છે એટલે જ કહ્યું :

*'બાહર કહૌ, તો સત્‌ગુરુ લાજૈ, ભીતર કહૌ તો ઝૂઠા લો;*
*બાહર - ભીતર સકલ નિરંતર ગુરુ પરતાપૈ દીઠા લો.*
*દૃષ્ટિ ન મુષ્ટિ ન અગમ અગોચર પુસ્તક લિખા ન જાઈ લો;*
*જિન પહિચાના તિન ભલ જાના કહૈં ન કો પતિ ચાઈ લો.'*

સંતોની મરમીવાણીમાં આ પરમસત્‌ની અનુભૂતિ વિશે કહેવાયું છે. જે



રવિ-ભાણ સંપ્રદાયના સંતોએ પણ ગાયું છે. આ સંતોની વાણીના મરમ ઉકેલવા માટે સત્સંગો ચાલે છે, ગુરુવાણી તેનાં મરમને ઉકેલી આપે છે. આપણી આ દૃશ્યમાન સૃષ્ટિ કરતાં સંતોના સત્‌લોકની સૃષ્ટિ અદ્‌ભુત છે. ત્યાં બુદ્ધિ, મન, વાણી પહોંચી શકે તેમ નથી. સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણથી પણ પર છે. વળી, આ અનિર્વચનિય છે. વેદ, કિતાબને ગમ પડે તેમ નથી. બુદ્ધિ બિચારી ત્યાં બાપડી છે. પંડિતો અને જ્ઞાનીઓના જ્ઞાનના અહમ્‌ને ટપો પડશો નહીં. જ્ઞાની, ધ્યાની, વિજ્ઞાની થક ગયે, એવી અકથ કહાની છે. મારી આ વાતને રવિસાહેબની એક વાણીથી પૂર્ણવિરામ મૂકીશ.

*'મેં વલુંભું ત્યાં કોઈ જઈ વલું ભે*
*એના આવા ગમન મટી જાવે રે.*
*સ્થૂળ સૂક્ષ્મ કારણ નહિ, મહાકારણ સે ન્યારા;*
*પંચ કોસથી પાર વસત્ હૈ, ચાર અવસ્થાથી બારા રે.*
*જાપ અજંપ કબુ નહિ જપું મેં, ઓહંગ સોહંગ સે ન્યારા;*
*કર્મ ક્રિયા કશું નહિ સાધું, એબ ગેબસે ન્યારા રે.*
*લક્ષ વિના લહે અણલેખે, હું, તું, તે નહિં રે;*
*પવનના પાર છે, નૂર નજરમાં, અગમ અગોચરમાંહી રે.*
*કહે રવિરામ મૈં કયા સમજાવું, વસ્તુ અગોચર માંહી રે;*
*ભાણ ગુરુવે ભેદ બતાવ્યો, અનલ ન પોંચે ત્યાંહી રે.*
*મેં વલુંભું ત્યાં કોઈ જઈ વલુંભે.*

આમ, ગુજરાતની પ્રમુખ સંતસાહિત્ય પરંપરામાં કબીર-રવિ-ભાણ સંપ્રદાયનું સ્થાન અગ્રજ રહ્યું છે. કબીર અને રવિસાહેબ તો ભારતીય સંત સાહિત્યના પણ અગ્રણી છે. ગુજરાતમાં કબીર લોકહૈયે ને હોઠે રમતો સંતકવિ છે.

* * *

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને રાજસ્થાની ભાષા, સાહિત્ય એવં સંસ્કૃતિ અકાદમી, બીકાનેરના સંયુક્ત તત્ત્વાવ્‌ધાન મેં લોકસાહિત્ય-સંતસાહિત્ય પરંપરા : ગુજરાત એવં રાજસ્થાન કે સંદર્ભમાં રાષ્ટ્રીય સંગોષ્ઠિ. તા. ૬-૭ ઑક્ટોબર, ૨૦૧૨; સ્થળ : જૂનાગઢ, ભવનાથ-ભારતી આશ્રમ.

# શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર - સંસ્થાવૃત્ત

અંબાદાન રોહડિયા

**એકવીસમો કાર્યક્રમ : તા. ૪-૫-૨૦૧૩ના રોજ વલસાડમાં ‘મેઘાણી વંદના’**

વલસાડમાં રાષ્ટ્રીય શાયર અને શબ્દના સાધક ઝવેરચંદ મેઘાણી રચિત સંપાદિત લોકગીતો, ભજનો, સંત સાહિત્ય, ચારણી સાહિત્ય અને લોકસાહિત્યનો રસવૈભવ અને રંગકસુંબલના યોજાયેલા કાર્યક્રમમાં લોકસાહિત્યના સદાબહાર કસબીઓ અભેસિંહ રાઠોડ, મીનાબેન પટેલ અને હરેશદાન ગઢવીએ લોકગાયકીથી







અને સાહિત્ય રસિક શ્રોતાઓને ડોલાવી, મંત્રમુગ્ધ કરી આનંદથી હૈયા ભીંજવ્યા હતા. નિયામક રોહડિયાએ વલસાડના જાણીતા સમાજસેવકો અનાવિલ શ્રેષ્ઠી ભરતભાઈ દેસાઈએ મેઘાણીના સાહિત્ય પર સંશોધન કરનાર પીએચ.ડી.ના સંશોધક વિદ્યાર્થીઓને ૧ લાખ રૂપિયાની ફેલોશીપ અને રણજીતસિંહ દેસાઈએ ચારણી સાહિત્યમાં એમ.ફીલ. કરનાર માટે રૂ. ૧૧૦૦૦ હજારની ફેલોશીપ આપવાની તાજેતરમાં કરેલી આકર્ષક જાહેરાતને બિરદાવી હતી. કાર્યક્રમનું સંચાલન વલસાડના જાણીતા ઉદ્‌ઘોષક અમૃતભાઈ દેસાઈએ કર્યું હતું.

**બાવીસમો કાર્યક્રમ :**

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને રાજસ્થાની ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિ અકાદમી, બીકાનેરના સંયુક્ત ઉપક્રમે ઉદેપુર (રાજસ્થાન) ખાતે તા. ૧૫/૧૬-૬-૨૦૧૩ના રોજ ગુજરાતી અને રાજસ્થાની લોકસાહિત્ય અને સ્વાતંત્ર્ય સંગ્રામ વિશે બે દિવસના રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિસંવાદમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. મહેન્દ્ર પાડલિયા, બળવંત જાની તેમજ મુખ્ય વક્તા કવિ, કથાકાર અને વિવેચક ડૉ. ચેતન સ્વામીએ પ્રવચન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન સચિવશ્રી પૃથ્વીરાજ રત્નુએ કર્યું હતું.

પૂર્વ અગ્ર સચિવશ્રી વી.એસ.ગઢવીની અધ્યક્ષતામાં યોજાયેલ ગુજરાતી-



રાજસ્થાની ડિંગળ અને સંત સાહિત્ય વિષયક દ્વિતીય બેઠકમાં રાજસ્થાની સંત સાહિત્ય વિશે ડૉ. શ્યામસુંદર ભારતીયએ, રાજસ્થાની ડિંગળ સાહિત્ય વિશે ડૉ. ગજાદાન ચારણે, ગુજરાતી સંત સાહિત્ય વિશે ડૉ. મનોજ રાવલે અને ગુજરાતી ચારણી સાહિત્ય વિશે ડૉ. અંબાદાન રોહડિયાએ સ્વાતંત્ર્ય સંગ્રામ સંદર્ભે વક્તવ્યો રજૂ કર્યાં હતાં. શ્રી વી.એસ. ગઢવીએ વક્તા અને ચર્ચકોને સાંભળીને પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે, સંશોધકો અને નવ્ય યુવાનો ખેવના અને રસથી કાર્ય કરી રહ્યા છે, એટલે સાહિત્યસુરક્ષાની કોઈ ચિંતા નથી.

બીજા દિવસે ગુજરાતી-રાજસ્થાની લોકસાહિત્ય અને સ્વાતંત્ર્ય સંગ્રામ વિષયક ત્રીજી બેઠકમાં વક્તાશ્રીઓ ડૉ. બળવંત જાનીએ 'ગુજરાતી લોકકથાઓ', ડૉ. હસુ યાજ્ઞિકે 'ગુજરાતી લોકગીતો', ડૉ. શ્રીકૃષ્ણ જુગનુએ 'રાજસ્થાની લોકકથાઓ' અને ડૉ. કિરણ નાહટાએ 'રાજસ્થાની લોકગીતો'ને સ્વાતંત્ર્ય સંગ્રામ સંદર્ભે મૂલવ્યાં હતાં. અધ્યક્ષ ડૉ. આઈદાનસિંહ ભાટીએ લોકપરંપરાનું લોકસાંસ્કૃતિક મહત્ત્વ સમજાવી ગુજરાત-રાજસ્થાનની સાંસ્કૃતિક એકતા સંદર્ભે વાત કરી હતી.

**ત્રેવીસમો કાર્યક્રમ :** તા. ૧૮-૭-૨૦૧૩, રાજકોટ




પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ અને મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે 'લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ અને સમૂહમાધ્યમો' વિશે એક પ્રેસ પરિસંવાદનું આયોજન ડૉ. એમ. કે.પાડલિયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું બીજ વક્તવ્ય માહિતી કમિશ્નર શ્રી વી.એસ.ગઢવીએ આપ્યું હતું.



**ચોવીસમો કાર્યક્રમ :** તા. ૨૨-૭-૨૦૧૩ને ગુરુપૂર્ણીમાનાં પાવન દિવસે



શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા ડૉ. હસુ યાજ્ઞિકે પૂર્ણ કરેલ સંશોધન પ્રોજેક્ટ ''ધર્મ-વિધિ-સંલગ્ન ગુજરાતી અને રાજસ્થાની કથાઓ : તુલનાત્મક અધ્યયન'' વિશે એક વક્તવ્ય તેમજ કુલપતિશ્રી અને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ચારે ભાષાઓના અધ્યાપકોની ગુરુવંદનાનો કાર્યક્રમ યોજાયો. કુલપતિશ્રીએ આ કાર્યક્રમની સરાહના કરતા કહ્યું કે 'ગુરુપૂર્ણિમા એ જ્ઞાનવૃદ્ધિ અને વિદ્યાતપનું પર્વ છે.' ડૉ. હસુ યાજ્ઞિકે પોતાના સંશોધન કાર્યથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને માહિતગાર કરી આ પ્રકારના પ્રોજેક્ટનું મહત્ત્વ સમજાવ્યું હતું.

# શ્રી ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્ય કેન્દ્રની પ્રવૃત્તિ વિશે વિદ્વાનોનાં પ્રતિભાવો

## ૧. મેઘાણીજીએ આદરેલા અને અધૂરા કાર્યોને આગળ વધારતી સંસ્થા

**નટુભાઈ પરમાર**

આપણી લોકકલા- લોક સાહિત્ય અને લોક સંસ્કૃતિને સતત ધબકતી રાખવા જેમણે ભેખ લીધો હતો એવા આપણા રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિ રૂપે તથા તેમણે આદરેલા ને અધૂરા રહેલા કાર્યોને આગળ ધપાવવા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગવી કલા-સાહિત્ય સૂઝ અને પરખને લઈને, ગુજરાત સરકાર દ્વારા, ગુજરાત સાહિત્ય અકાદમી અંતર્ગત **'શ્રી ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર'**ની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - રાજકોટ ખાતે સ્થાપના તારીખ ૧૨-૦૩-૨૦૧૨ ના રોજ સંત શ્રી મોરારિબાપુના વરદહસ્તે અને માન. શ્રી રૂપાલાજીની પ્રેરક ઉપસ્થિતિમાં ગૌરવપૂર્ણ રીતે થઈ હતી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એમ.કે.પાડલિયાના અધ્યક્ષપદે અને લોકસાહિત્યના અભ્યાસુ ડૉ. અંબાદાન રોહડિયાના નિયામક પદે આ કેન્દ્ર શરૂ થયેલ છે. જેની કાર્યવાહક સમિતિમાં ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદી ઉપરાંત આ યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને હિસાબી અધિકારીશ્રીનો સમાવેશ છે. સાથે ચાર નિયુક્ત સભ્યોમાં દરબારશ્રી પૂંજા વાળા, ડૉ. બળવંત જાની, શ્રી વી.એસ.ગઢવી અને શ્રી ભીખુદાન ગઢવી સેવાઓ આપી રહ્યા છે.

હજી એની સ્થાપનાને માંડ એકાદ વર્ષ વિત્યું છે, ત્યાં સંખ્યાબંધ કાર્યક્રમો - પરિસંવાદોનું આયોજન સફળતાપૂર્વક કરીને, આ કેન્દ્રને તેના સંવાહકોએ એક નવી ઉંચાઈએ લઈ જવાનો નિષ્ઠાભર્યો પ્રયાસ આદર્યો છે.

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અંતર્ગત પ્રતિવર્ષે લોકસાહિત્ય, સંત સાહિત્ય અને ચારણી સાહિત્ય ક્ષેત્રે કાર્ય કરનાર સંશોધકોને રૂ.૧ લાખનો એવોર્ડ આપવામાં આવે છે, જે આદિવાસી સાહિત્ય કલાના અભ્યાસુ એવા ડૉ. ભગવાનદાસ પટેલ અને અગ્રીમ સાહિત્યકાર-સંશોધક ડૉ. હસુ યાજ્ઞિકને સંતશ્રી મોરારિબાપુના વરદ્હસ્તે અર્પણ થયા છે.

કેન્દ્ર દ્વારા લોકસાહિત્ય, સંત સાહિત્ય અને ચારણી સાહિત્યના ત્રિવિધ ક્ષેત્રોના સંશોધકોને રૂ. ૫૦,૦૦૦ની મર્યાદામાં સંશોધન પ્રોજેક્ટ અપાય છે. જે અંતર્ગત જાણીતા અભ્યાસુઓ સર્વ શ્રી ડૉ. હસુ યાજ્ઞિક (રૂ.૫૦,૦૦૦/-) ડૉ. નૂતન જાની (રૂ. ૪૫,૦૦૦/-) ડૉ. ભરત પંડ્યા (રૂ. ૪૫,૦૦૦/-), ડૉ. અમૃત પટેલ (રૂ. ૩૦,૦૦૦/-) અને ડૉ. રવજી રોકડ (રૂ. ૩૦,૦૦૦/-) મળી કુલ રૂપિયા ૨ લાખની રાશિ ફાળવવામાં આવેલ છે.



કેન્દ્ર દ્વારા પુસ્તક પ્રકાશન માટે રૂ. ૧૦,૦૦૦/- ની સહાય મંજૂર કરવામાં આવે છે. તદ્ અનુસાર 'સાંસ્કૃતિક વડલાની સક્ષમ વડવાયું' - ડૉ. ઈન્દુબેન પટેલ, 'સંતવાણી કંઠસ્થ થી ગ્રંથસ્થ : એક સમીક્ષા' - ડૉ. એન.યુ.ગોહિલ, 'લોકવિદ્યાના મોતી' - ડૉ. મહેશચંદ્ર પંડ્યા, 'ધન્ય ધરા - ધન્ય લોક' - શ્રી પૂંજલ રબારી, 'રુકિમણી હરણ : એક સાંસ્કૃતિક અભ્યાસ' - ડૉ. ભીમજી ખારચિયા અને 'ડુંગરી ગરાસિયાઓ : સામાજિક, લોકજીવન, લોકવાઙ્મય' - ડૉ. પ્રભુદાસ પટેલ, 'સાંયાજીકૃત નાગદમણ' - શ્રી જયેશ જીતુદાન ટાપરિયા, 'બારમાસી કાવ્યો' (અંગ્રેજી અનુવાદ) - શ્રી પ્રવીણ ગઢવી અને 'લોકગીતની પરિભાષા' - ડૉ. જે.વી.જીવરાજાની, પ્રત્યેકને રૂ. ૧૦,૦૦૦/- ની રાશી ફાળવાયેલ છે.

લોકસાહિત્ય, સંત સાહિત્ય અને ચારણી સાહિત્ય વિષયક મહત્ત્વના ગ્રંથો પ્રકાશિત કરવાની વિશેષ યોજના હેઠળ 'સ્વાતિનાં સરવડાં' (ડૉ. નિરંજન રાજયગુરુ) અને 'લોકવાર્તાની લ્હાણ' (શ્રી રાઘવજી માધડ) ગ્રંથો પ્રકાશિત થઈ ચૂક્યા છે.

મેઘાણી લોકસાહિત્યની એક ધારી આગેકૂચમાં તેના દ્વારા યોજાતા પરિસંવાદો પણ મોખરે છે. જેમાં 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ : વિવિધ સંદર્ભો', (શ્રી ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ, મહેસાણા), 'શ્રી જયમલ્લ પરમાર : શતાબ્દી સંગોષ્ઠી' (ગુજરાતી ભવન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર), 'ચારણી-સાહિત્ય : સિધ્ધાંત-સ્વરૂપ-વિચારણા' (ગુજરાતી ભવન, કચ્છ યુનિવર્સિટી, ભૂજ) 'લોકસાહિત્ય અને પર્યાવરણ' (ગુજરાતી ભવન, એસ.એન.ડી.ટી. મહિલા યુનિવર્સિટી, મુંબઈ), 'સ્વાતંત્ર્ય ચળવળ અને સમાજોત્થાનમાં ગુજરાતના કવિઓ અને સંતોનું પ્રદાન' (ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ), 'ઉત્તર ગુજરાતનાં લોકગીતો' (આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા-બનાસકાંઠા), 'કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યના સંશોધક મેઘાણી' (ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કોલેજ, સુરત), 'લોકસાહિત્ય-સંત પરંપરાઃ ગુજરાત એવમ્ રાજસ્થાન કે સંદર્ભ મેં રાષ્ટ્રીય સંગોષ્ઠિ' (રાજસ્થાની ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ અકાદમી, બીકાનેર-રાજસ્થાન),'લોકકથાઃ સંશોધન અને સંપાદન' (ગુજરાતી ભવન,

એસ.પી.યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર), 'સંશોધક-સંપાદક મેઘાણી : કૃતિલક્ષી અભ્યાસ', (જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ) 'લોકસાહિત્ય ક્ષેત્રે પુષ્કર ચંદરવાકરનું પ્રદાન' (કણસાગરા મહિલા આર્ટ્સ કોલેજ, રાજકોટ), જયમલ્લ પરમાર જન્મ શતાબ્દી' (અક્ષરા, વડોદરા), 'શ્રી દુલેરાય કારાણી : લોક-સાહિત્ય ક્ષેત્રે પ્રદાન' (શિવશક્તિ સ્ટડી સર્કલ, ભૂજ), 'ઉત્તર ગુજરાતનું આદિવાસી લોક સાહિત્ય' (ગુર્જરી ટ્રાઈબલ ફાઉન્ડેશન, અંબાજી), 'ગુજરાત-રાજસ્થાનનું લોકસાહિત્ય અને સ્વાતંત્ર્ય સંગ્રામ' વિશે (રાજસ્થાની ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ અકાદમી, બીકાનેર, ઉદયપુર-રાજસ્થાન) અને 'લોકસાહિત્ય, લોક સંસ્કૃતિ અને સમૂહ માધ્યમો' (પ્રાદેશિક માહિતી કચેરી, માહિતીખાતુ, રાજકોટ) તેમજ સંશોધન પ્રોજેકટ પ્રસ્તુતીકરણ અને ગુરુ વંદના જેવા લોકસાહિત્ય - સંસ્કૃતિને સમર્પિત વિષયો પર સફળ પરિસંવાદો આ કેન્દ્ર દ્વારા ગુજરાતના વિવિધ સ્થળોએ સંપન્ન થયા છે.

આ કેન્દ્ર દ્વારા 'સંશોધક સાથે સંવાદ' અને 'મારી સંશોધન યાત્રા' હેઠળ સોરોબન યુનિ.નાં પ્રો. ફ્રાંસ્વા માર્લિઝો, પ્રા. કનુભાઈ જાની, ડૉ. હસુ યાજ્ઞિક અને કવિ શ્રી 'દાદ' પર કાર્યક્રમો સંપન્ન કર્યા છે.

મેઘાણીજીની સ્મૃતિમાં તેમના પ્રદાનને વધુ યશસ્વી બનાવવા આરંભાયેલા આ કેન્દ્ર દ્વારા મેઘાણીજીની ૧૧૬ મી જન્મ જયંતી નિમિત્તે તા. ૨૮/૦૮/૨૦૧૨ ના રોજ મેઘાણી લોકસાહિત્ય ભવનમાં 'મંગલ પ્રવેશ' સહ આ કેન્દ્રના મુખપત્ર 'લોકગુર્જરી' ના લોકાર્પણ કાર્યક્રમની સાથે 'મેઘાણી વંદના' પણ યોજાઈ હતી.

મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રને જનભાગીદારી દ્વારા ખૂબજ સારો પ્રતિભાવ પ્રાપ્ત થઈ રહ્યો છે. વલસાડ ખાતે તા. ૦૪/૦૫/૨૦૧૩ ના રોજ 'મેઘાણી વેદના' નો જાહેર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો રૂપિયા ૧,૫૦,૦૦૦/- નો ખર્ચ વલસાડના લોકસાહિત્ય પ્રેમી શ્રી ભરતભાઈ દેસાઈ અને શ્રી રણજીતસિંહ દેસાઈએ સરખા ભાગે ઉપાડી લીધો હતો. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્યશ્રી, મેયરશ્રી, ડેપ્યુટી કલેકટરશ્રી અને પ્રબુધ્ધજનોએ પણ ભાગ લીધો હતો. તદ્અનુસાર મેઘાણીજી પર પીએચ.ડી. કરનારા સંશોધકોને રૂ. ૧ લાખ અને ચારણી સાહિત્યમાં એમ.ફીલ.કરનારા પાંચ વિદ્યાર્થીઓને રૂ. ૧૧,૦૦૦/- નું આર્થિક અનુદાન આપવામાં આવશે તેમજ પુષ્કર ચંદરવાકર વ્યાખ્યાન માટે રૂ. ૫૧,૦૦૦/- નું અનુદાન પણ મળ્યું છે. ઉલ્લેખનીય છે કે 'લોકગુર્જરી' નું પ્રકાશન જે વાર્ષિક હતું, તેને હવે ત્રૈમાસિક બનાવાયું છે. તેના ચાર અંકો પ્રકાશિત થઈ



ગયા છે. કેન્દ્રની પ્રવૃત્તિઓને ઉત્સાહભેર આગળ ધપાવવાનું કાર્ય કુલપતિશ્રી ડૉ. એમ.કે. પાડલીયા અને કાર્યવાહક સમિતીના વરિષ્ઠ સદસ્યોનાં માર્ગદર્શનથી આ કેન્દ્ર દ્વારા થઈ રહ્યું છે.

આપણી લુપ્ત થતી જતી કંઠસ્થ પરંપરાને અને તેની સામગ્રીને સાચવી રાખવાના સફળ અને પ્રશસ્ય પ્રયાસોના ભાગરૂપે તેનું દસ્તાવેજીકરણ કરવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય આ કેન્દ્ર દ્વારા થઈ રહેલ છે. જેમા સર્વ શ્રી લાભુભાઈ ભાંસળિયા, પી.પી.બોક્ષા, ડૉ. શક્તિદાન કવિયા, લાખાભાઈ ગઢવી, દરબાર પૂંજા વાળા, ભીખુદાન ગઢવી, હેમંત ચૌહાણ, શ્રી ઈન્દુબેન ગઢવી, ડૉ. ઈન્દુબેન પટેલ (કોટા, રાજસ્થાન) અને શાહબુદિન રાઠોડ જેવા લોકકલા-સાહિત્યના મોભીઓને આવરી લેવાયા છે. આ ઉપરાંત ચારણી પંરપરાના છંદોનું રેકોર્ડીંગ, દુર્લભ સંદર્ભ સાહિત્યનું ગ્રંથાલય, દશ્ય-શ્રાવ્ય સામગ્રીનું ગ્રંથાલય, દુર્લભ હસ્તપ્રતોનું સ્કેનિંગ અને ડિજિટીલાઈજેશન, ત્રિવિધ કોશ નિર્માણ, તાલીમ વર્ગોનું આયોજન, લોકસાહિત્યના સંશોધકોને એવોર્ડ જેવા મહત્ત્વપૂર્ણ આયોજનો પણ આ કેન્દ્ર દ્વારા હાથ ધરાયા છે, જે એનું પ્રમાણ છે કે, મેઘાણી સાહેબ જો આજે વિદ્યમાન હોત, તો આ સઘળાં કાર્યો અને આયોજનો, બેશક એમના અઢળક પ્રદાનમાં અચૂક સ્થાન પામેલા જ હોત.

મેઘાણી સાહેબની જ આ ધરોહર અને કાર્યશૈલીને, સૌરાષ્ટ્રની ગુણી પરંપરા અનુસાર આગળ ધપાવી રહેલ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અને તેના સંવાહકો સૌ આપણા અભિનંદનના હકકદાર છે.

સંયુક્ત માહિતી નિયામક, રાજકોટ.

## ૨. સાહિત્યનો સહિયારો ઉત્સવ

**શ્રી વી. એસ. ગઢવી**

ગુજરાત તથા રાજસ્થાન બન્નેને જેના પર સરખુ જ ગૌરવ અને મમતા છે તેવા સાહિત્યની એક સુઆયોજિત સંગોષ્ઠિ ઉદેપુર મુકામે ૧૫ અને ૧૬ જૂન ૨૦૧૩ના રોજ યોજવામાં આવી, તે સાહિત્ય પ્રેમીઓ માટે આનંદની, ગૌરવની બાબત છે. સંગોષ્ઠિનું સમગ્ર આયોજન શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ તથા રાજસ્થાની ભાષા, સાહિત્ય તથા સંસ્કૃતિ અકાદમી, બીકાનેર તરફથી સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. વિષયની પસંદગી પણ દાદ માગી લે તેવી રસિક તથા સમયોચિત હતી. 'રાજસ્થાની તથા ગુજરાતી લોકસાહિત્યની પરંપરામાં સ્વતંત્રતાની અલખ' જેવા ધબકતા વિષયને લઈને તજજ્ઞોએ જુદા જુદા દષ્ટિકોણથી આ વિષયને પોતાની આગવી રીતે રજૂ કર્યો હતો. રાજસ્થાન અકાદમીના

અધ્યક્ષ શ્રી શ્યામ મહર્ષિ તેમજ અકાદમીના સચિવ શ્રી પૃથ્વીરાજ રત્નુએ કાર્યક્રમને સફળ બનાવવા તનતોડ પ્રયાસો કર્યા હતા. ગુજરાતમાં જે રીતે ગુજરાતી સાહિત્ય અકાદમી સાહિત્યના વિવિધ સ્વરૂપોની બાબતોમાં વિવિધ પ્રવૃત્તિઓ કરે છે તે જ પ્રકારે રાજસ્થાન અકાદમીના અધ્યક્ષશ્રી શ્યામ મહર્ષિ તેમજ અકાદમીના સચિવ શ્રી પૃથ્વીરાજ રત્નુએ કાર્યક્રમને સફળ બનાવવા તનતોડ પ્રયાસો કર્યા હતા. ગુજરાતમાં જે રીતે ગુજરાતી સાહિત્ય અકાદમી સાહિત્યના વિવિધ સ્વરૂપોની બાબતમાં વિવિધ પ્રવૃત્તિઓ કરે છે તે જ પ્રકારે રાજસ્થાની ભાષા, સાહિત્ય તથા સંસ્કૃતિ અકાદમી, બીકાનેર પણ રાજસ્થાનમાં સાહિત્યના વિવિધ સ્વરૂપો તથા તેની ખૂબીઓને ઉજાગર કરે તેવી બાબતો અંગે સક્રિય રીતે કામ કરે છે. રાજસ્થાન-ગુજરાતની સાહિત્ય અંગેની ઘણી કૃતિઓ તેમજ કેટલાક નામધારી સર્જકો બન્ને રાજ્યની સહિયારી વિરાસત સમાન છે. તે રીતે આવા સંયુક્ત કાર્યક્રમનું એક વિશિષ્ટ મહત્ત્વ પણ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એમ.કે.પાડલિયાએ સમારંભની શરૂઆતમાં જ યુનિવર્સિટી તથા લોકસાહિત્ય કેન્દ્રના સક્રિય પ્રયાસોથી સાહિત્યની આ વિશિષ્ટ ધારાને જીવંત રાખવા માટે યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાની વાત વિગતવાર કરી, ડૉ. પાડલિયાની વાતમાંથી એ સ્પષ્ટ રીતે જોઈ શકાતું હતું કે, યુનિવર્સિટી માટે લોકસાહિત્યની જીવંત ધારાને વિશેષ સુસમૃદ્ધ બનાવવાની બાબત અગ્રસ્થાને છે. આ માટે જે પ્રયાસો થયા અને થઈ રહ્યા છે તેની વિશદ્ છણાવટ તેમણે કરી તેથી સાહિત્યની આ ધારા જરૂરથી સંવર્ધિત થશે તેવી લાગણી હાજર રહેલા સૌ કોઈને થઈ હતી. ગુજરાતના પ્રતિનિધિઓને એ બાબતની પણ ચોક્કસ પ્રતીતિ થઈ હતી કે રાજસ્થાની અકાદમી પણ સંપૂર્ણ નિષ્ઠાથી સાહિત્યના સંશોધન તેમજ સંવર્ધનના વિષયોમાં નોંધપાત્ર કામગીરી કરે છે.

સામાન્ય રીતે એક એવી લાગણી જોવા મળે છે કે લોકસાહિત્ય-ચારણી સાહિત્યની આ ઉજવણી પરંપરાનો પ્રવાહ ક્રમશઃ મંદ થતો જાય છે. ખાસ કરીને યુવા વર્ગને તે ધારા સાથે કેવી રીતે જોડી શકાય તે પ્રશ્ન સૌના મનમાં છે. અલબત્ત, તે દિશામાં વિવિધ સક્રિય પ્રયાસો પણ થાય છે. પરંતુ આ સેમિનારમાં હાજર રહીને યોગદાન આપતા કેટલાક યુવાન પ્રાધ્યાપકો તથા વિચારકોને જોયા પછી તેમના વિચારોને સાંભળ્યા પછી આ સમસ્યાના નિરાકરણ માટે ઘણી હૈયાધારણ મળી રહે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડૉ. અંબાદાન રોહડિયા તથા ડૉ. મનોજ રાવલના મંતવ્યો સાંભળ્યા પછી આવી પ્રતીતિ થયા સિવાય રહે નહિ એ જ રીતે રાજસ્થાનમાં અધ્યાપન કાર્ય સાથે જોડાયેલા ડૉ. ગજાદાન ચારણ તથા ડૉ. શ્યામ



સુંદર ભારતીને સાંભળ્યા પછી આ બાબત વિશેષ દઢ થાય છે. કેટલાક યુવા અધ્યાપકોનો રાજસ્થાન તેમજ ગુજરાતનો સમૂહ પણ આ સેમિનારને વિશેષ સફળ બનાવવામાં નિમિત્ત બન્યો હતો. વિશેષ કરીને તેમની વિષય પ્રત્યેની ધગશ તથા પ્રતિબદ્ધતા ઉજવળ આવતીકાલની ઠોસ પ્રતીતિ કરાવે છે. સ્વાભાવિક રીતે જ ડૉ. હસુ યાજ્ઞિક તેમજ ડૉ. બળવંત જાની જેવા વટવૃક્ષ સમાન વિદ્વાનો તેમજ તજજ્ઞોની ઉપસ્થિતિને તથા તેમના સમયોચિત માર્ગદર્શનને કારણે સેમિનાર સાર્થક થયો હતો. શ્રી હર્ષદ ત્રિવેદીએ ગુજરાત સાહિત્ય અકાદમીની સંપૂર્ણ પ્રતિબદ્ધતા અને વિષય સાથેના સંપૂર્ણ જોડાણની વાતનો પ્રતિધ્વનિ સહજ-સ્વાભાવિકતાથી પડ્યો હતો. આ તમામ સર્જકોના ઉત્સાહને જોતા તેમજ સંશોધન તરફની તેમની નિષ્ઠાને જોતા આ પ્રાણવાન સાહિત્યને વિશેષ બળ મળી રહેશે તેમ ચોક્કસ માની શકાય. લોકસમૂહની જ વિવિધ લાગણીઓને વ્યક્ત કરતું આ સાહિત્ય તથા તેનાં વિવિધ પાસાંઓ તથા ખૂબીઓ સાથે લોકો સુધી લઈ જવાના આવા પ્રયાસો સૌની પ્રશંસાને પાત્ર છે. આ પ્રકારના તેમજ અન્ય રીતે પણ સંશોધન ક્ષેત્રે વિશેષ પ્રયત્નો કરીને આપણી આ મોંઘેરી વિરાસતને આપણે ચોક્કસ સંવર્ધિત કરી શકીએ તેવી શ્રદ્ધા બેસે છે.

આમ જોઈએ તો મધ્યકાલીન યુગમાં સંત સાહિત્ય-લોકસાહિત્યનો દબદબો રહેલો છે. સમગ્ર લોકસમૂહને નિજ ઓળખ કરવા માટે તેમજ તેમનો સમૃદ્ધ વારસાનું પ્રતિબિંબ પાડીને તેમને ગૌરવાન્વીત કરવામાં તથા ભાવિ પડકારો. ઝીલવામાં સમર્થ બનાવવામાં આ સાહિત્યનો સિંહ ફાળો રહેલો છે. આઝાદીની લડતમાં પણ લોકકવિઓએ પોતાની સબળ રચનાઓના માધ્યમથી સ્વતંત્રતા સંગ્રામનો પાવન ચીનગારીને સર્વદા જ્વલત રાખવામાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. માત્ર પ્રાચીન છે માટે જ તે પ્રશંસાને પાત્ર છે કે સ્વીકારને પાત્ર છે તેવી વાત નથી. આ સાહિત્યમાં જીવનને સમૃદ્ધ કરવાની, પ્રજા સમૂહની તાકાતને વ્યાપક બનાવવાની અનેક મૂલ્યવાન વાતો તથા પ્રસંગો સંગ્રહાયેલા પડેલા છે, અનેક પ્રભાવી પાત્રો તેમાં છે જેનો સીધો કે આડકતરો પ્રભાવ યુગ પર પડ્યો હતો. આથી જ રાજસ્થાન તેમજ ગુજરાતના ગરવા લોકસાહિત્યના આ હેતપૂર્ણ સેમિનાર થકી સાહિત્ય સંવર્ધનની દિશામાં એક મહત્ત્વનું મંડાણ થયું છે તેમ ચોક્કસ કહી શકાય.

(તા. ૧૮-૭-૨૦૧૩ની ફૂલછાબ'ની પૂર્તિમાંથી સાભાર)

માહિતી કમિશ્નરશ્રી, (RTI),
માહિતી આયોગ, ગુજરાત



## શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર તરફથી નીચેની યોજનાઓ માટે હસ્તપ્રતો, સંશોધન પ્રોજેક્ટની દરખાસ્ત અને આવેદનપત્રો મંગાવવામાં આવે છે.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્ય સરકાર અંતર્ગત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની સ્થાપના ગતવર્ષે કરવામાં આવી છે. આ કેન્દ્ર દ્વારા લોકસાહિત્ય, ચારણીસાહિત્ય, સંતસાહિત્યના સંશોધન, સંપાદન, વિવેચન, ક્ષેત્રકાર્ય અને દસ્તાવેજીકરણ વિષયક વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તો આ ક્ષેત્રે કાર્ય કરવા ઈચ્છનાર લોકપરંપરાના સંશોધકો-વિદ્વાનોએ પોતાની દરખાસ્ત મોકલી આપવી.

૧. આ ત્રિવિધધારા વિષયક સંશોધન પ્રોજેક્ટ રૂ. ૫૦,૦૦૦ની મર્યાદા.
૨. આ ત્રિવિધધારાના સંશોધન, સંપાદન, વિવેચન અને ક્ષેત્રકાર્ય વિષય ગ્રંથોના પ્રકાશનાર્થે રૂ. ૧૦,૦૦૦ની આર્થિક સહાય.
૩. આ ત્રિવિધધારા વિષયક પરિસંવાદો, તાલિમ શિબિરો, વર્કશૉપ અને લોકસાંસ્કૃતિક ડાયરાઓનું આયોજન.
૪. આ ત્રિવિધધારા વિષયક મહત્ત્વના ગ્રંથોના અનુવાદ માટે આર્થિક સહાય.
૫. લોકપરંપરા-મૌખિક પરંપરાની સામગ્રીનું ઓડિયો-વિડિયો દ્વારા દસ્તાવેજીકરણ કરવા માટે આર્થિક સહાય.
૬. 'લોકગુર્જરી' ત્રૈમાસિક-સામયિક માટે લેખો મોકલવા અંગે.

ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રવર્તમાન નિયમાનુસાર કુલ ખર્ચના ૭૫ ટકા કે યોજના સામે દર્શાવેલ રકમમાંથી ઓછી હશે તે રકમ ચૂકવાશે. દરખાસ્ત મોકલવાનું સરનામું નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

**અંબાદાન રોહડિયા**
નિયામક, શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
ગુજરાતી ભવન, બિલ્ડીંગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦૦૦૫



# આ અંકના લેખકો

**ડૉ. નરેશ વેદ,** 'કદંમ' બંગ્લોઝ, ૩૫, પ્રોફેસર સોસાયટી, સૌરાષ્ટ્ર કૉલોની પાસે, મોટા બજાર, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦, જિ. આણંદ

**ડૉ. હસુ યાજ્ઞિક,** ૧, પદ્માવતી બંગલોઝ, ભાવિન સ્કૂલ - મહાલક્ષ્મીધામ સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯

**ડૉ. મનોજ રાવલ,** ન્યાયાલય પથ, જોમજોધપુર-૩૬૦૫૩૦, જિ. જામનગર

**ડૉ. બળવંત જાની,** પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

**ડૉ. દીપક પી. પટેલ**, આસિ. પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦૦૦૫

**પ્રા. દેવેન્દ્ર ગઢવી,** ગુજરાતીના અધ્યાપક, આર્ટ્સ-કોમર્સ કૉલેજ, થાન, જિ. સુરેન્દ્રનગર

**ડૉ. હસમુખ વ્યાસ,** 'શ્રીખંભલાવ', ગુરુકૃપાનગર-૨, ટેલિફોન ક્વાર્ટસની પાછળ, ચિત્તલ રોડ, અમરેલી

**ડૉ. નિરંજન રાજ્યગુરુ,** આનંદ આશ્રમ, ઘોઘાવદર, તા. ગોંડલ,

જિ. રાજકોટ-૩૬૦૩૧૧

**ડૉ. નાથાલાલ ગોહિલ,** જગદીશ પાર્ક, એરોડ્રામ રોડ, કેશોદ, જિ. જૂનાગઢ

# લોકગુર્જરી

## સળંગ અંક : એકત્રીસ

### (ત્રૈમાસિક : દ્વિતીય વર્ષ, ચતુર્થ અંક)

: સંપાદક :

**ડૉ. બળવંત જાની**

**શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**
*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી*
*રાજકોટ-૫*

**'Lok Gurjari-31'**
Quartely Journal of Oral Traditional folk Literature of Gujarat,
Edited by Dr. Balvant Jani, Published by 'Shri Jhaverchand Meghani Loksahitya Kendra' and Gujarat Sahitya Academy,
Gandhinagar-382017

ISSN : 2320-8872

પ્રત : ૫૦૦

પૃષ્ઠ : ૮+૧૫૨=૧૬૦

મૂલ્ય : છૂટક કિંમત રૂ. ૧૦૦-૦૦
(વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦૦, પંચવાર્ષિક લવાજમ રૂ. ૧૦૦૦
વિદેશમાં રૂ. ૬૦૦)

આવરણ ચિત્ર : **ખોડિદાસ પરમાર**

પ્રકાશક :
**ડૉ. અંબાદાન રોહડિયા**
માનદ નિયામક,
શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

મુદ્રક :
**ક્રિષ્ના ગ્રાફિક્સ**
૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૦૭૯-૨૭૪૯૪૩૯૩

## સંપાદકીય.....

'લોકગુર્જરી' ત્રૈમાસિક આ અંક સાથે બે વર્ષ પૂર્ણ કરે છે. આજ સુધીમાં દશ-બાર નૂતન અભ્યાસીઓએ આ ત્રૈમાસિકના માધ્યમથી લોકસાહિત્યક્ષેત્રે પ્રવેશ કર્યો. લગભગ પ્રત્યેક અંકે એકાદ-બે લેખ તો નવોદિત અભ્યાસીઓના મુકવાનું બન્યું છે. વાક્યરચનાઓ અને જોડણી સંદર્ભે પણ એમાં વિશેષ સમય ફાળવવો પડે છે. પણ મને આનંદ છે કે આ ક્ષેત્રમાં આજે પચીસ-ત્રીસ નવ્ય લેખકો-સંશોધકોને જોડવાનું શ્રેય જાય છે 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર' સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને. વર્ષમાં દશ-બાર પરિસંવાદો યોજે એમાં પણ નવા અભ્યાસીઓને પ્રવેશ મળે. આદિવાસી લોકસાહિત્ય વિષયમાં હવે વિશેષ માત્રામાં અભ્યાસીઓ પ્રવેશી રહ્યા છે. એક બાજુ છોટાઉદેપુરના મિત્રો અને બીજી તરફ ડૉ. આનંદ વસાવા અને મિત્રો સામયિકના માધ્યમથી - સંસ્થાના માધ્યમથી ક્રિયાશીલ છે. પરિસંવાદો - પ્રકાશનો તેમના દ્વારા સતત થતા રહે છે. આ પરિસ્થિતિને કારણે 'લોકગુર્જરી'ને પણ લેખો મળતા રહે છે. શાંતિભાઈ આચાર્ય, શંકરભાઈ તડવી અને ભગવાનદાસ પટેલના કાર્ય પછી પણ અવનવા વિષયે સાંપ્રત સમયે દશ-બાર મિત્રો ભારે નિષ્ઠાથી ક્રિયાશીલ છે. એમાં પણ નવા અભ્યાસીઓ ભળી રહ્યા છે. કંઠસ્થપરંપરા વિષયક 'લોકગુર્જરી' 'મેઘાણી કેન્દ્ર'થી ભારે ચેતનવંતુ જણાય છે.

આ એકત્રીશમાં અંકમાં ત્રણ વિભાગમાં કુલ તેર લેખો સમાવિષ્ટ છે. સંત, ચારણી અને લોકસાહિત્ય વિશેના ગ્રંથોના અવલોકનો - સમીક્ષાઓ પણ આવકાર્ય છે. આ અંકથી એનો ખાસ એક વિભાગ આરંભ્યો છે. આ માટે ગ્રંથો પણ મેઘાણી કેન્દ્રને પાઠવવા માટે પ્રકાશકો અને લેખકોને વિનંતી છે. અમને સતત પ્રતિભાવો ફોનથી મળતા રહે છે. લેખિત પણ મળે છે એમાંથી થોડાને આવતા અંકમાં



સમાવ્યા છે.

સંત સાહિત્ય સંદર્ભના પહેલા વિભાગમાં કુલ ચાર અભ્યાસ લેખો છે. પ્રથમ લેખ **ડૉ. નરેશ વેદ**નો છે. એમણે 'સંત ગણપતની ષટચક્ર લાવણી' લેખમાં સંતસાહિત્યમાં પ્રયોજતા ષટચક્ર ભેદનના ભાવવિશ્વ સંદર્ભે એમનો અભ્યાસ તથા રચનાઓમાં પ્રગટ થયેલ વિષય સામગ્રીનો ટૂંકમાં પણ મર્મપૂર્ણ આસ્વાદ કરાવ્યો છે. 'સંતસાહિત્ય'ના અવનવા પ્રદેશો આ નિમિત્તે અભ્યાસનો વિષય બને છે અને આપણને વિવિધ પ્રકારની સંદર્ભ સામગ્રી પણ ઉપલબ્ધ બને છે. **નરોત્તમ પલાણ** પણ સંત સાહિત્યના ઊંડા અભ્યાસી છે. તેમણે બહુ સાચી રીતે સંત સાહિત્ય સંપ્રદાયપરક છે કે પર છે જેવા મહત્ત્વના વિષયની ચર્ચા આરંભી છે. સંતસાહિત્ય સંપ્રદાયથી પર છે. એની પાછળની ભૂમિકા સમજાવતા-સમજાવતા આ સંપ્રદાયના ઉદ્‌ભવના ઘટકો પણ સમજાવ્યા છે. પલાણ સાહેબ પાસેથી વધુ વધુ લેખોની અપેક્ષા રહે છે. આ નિમિત્તે એમનું સંદર્ભજગત, ચિંતનજગત અને અનુભવજગત ઉદ્‌ઘાટિત થાય છે. **ડૉ. એસ.વી. જાની** સૌરાષ્ટ્રના ઇતિહાસના ઊંડા અભ્યાસી છે. એમણે સ્વાતંત્ર્ય પ્રાપ્તિના કાર્યમાં સંતોએ ભજવેલી ભૂમિકાને ઐતિહાસિક આધારો સાથે અત્રે પ્રસ્તુત કરી છે. **ડૉ. તીર્થંકર રોહડિયા**એ પરબ સ્થાનકના સાધુચરિત અમરબાઈના જીવન-કવન સંદર્ભે ક્ષેત્રકાર્ય કરીને સામગ્રી પ્રસ્તુત કરી છે.

સંતસાહિત્ય સંદર્ભના અહીં પ્રકાશિત ચાર લેખો એમાની ચર્ચા-પરિચયમૂલક વિષય સામગ્રીને કારણે આપણાં આસ્વાદનો જ નહીં પરંતુ આપણાં અભ્યાસનો પણ વિષય બનશે.

'લોકસાહિત્ય સંદર્ભ' નામના બીજા વિભાગમાં કુલ છ લેખો છે. **ડૉ. હસુ યાજ્ઞિકે** અહીં લોકકથાના અભ્યાસ નિમિત્તે એમાં પ્રયોજાયેલા મળતા મામી-ભાણેજના અવૈદ્ય સંબંધના કથાનકનો લોકસંસ્કૃતિ સંદર્ભે ખૂબ જ ઊંડાણથી, તલાવગાહી અને તુલનાત્મક અભ્યાસ આલેખ્યો છે. **ડૉ. ભગવાનદાસ પટેલે** એશિયામાં ઉપલબ્ધ લૌકિક અને પ્રશિષ્ટ રામકથા સંદર્ભે પરિચયાત્મક આલેખ પ્રસ્તુત કર્યો છે. **ડૉ. દર્શના ઓઝા**એ 'લોક-ઉત્સવગીતોમાં પર્યાવરણ કેન્દ્રી વિચાર-વિવાય' કેવો સહજ સ્વરૂપે પ્રયોજાયો છે એની ઉદાહરણ સહીત આલોચના કરી છે. નારીચિત્તના ભાવજગતમાંથી સ્ફૂરેલા પર્યાવરણ જાળવણીના અનેક સંદર્ભો એમણે હાથવગા કરાવી આપ્યા.

**કૌશિકકુમાર કોરાલી**એ રબારીમાં પ્રસ્તુત થતી મૈયારીની હેડી પ્રકારની રચનાઓનો પાઠ સુલભ બનાવ્યો છે. રેગડી, સરજૂ અને મૈમાટીનો વિગતે અભ્યાસ

કરવા માટે ધીરેધીરે આધાર સામગ્રી પ્રાપ્ત થઈ રહી છે.

**ડૉ. જશવંત જીવરાજાની**એ પ્રોફે. પુષ્કર ચંદરવાકર પાસે તાલીમ મેળવેલી. તેમણે અહીં લોકનામ અને લોકકહેવતો સંદર્ભે એમનો અભ્યાસ ટૂંકમાં પ્રસ્તુત કર્યો છે. એ જ રીતે **ડૉ. સુરેશ પવારે** ડાંગી-કુંકણા બોલીમાંથી પ્રાપ્ત લોકોક્તિઓ અને એમાંથી પ્રગટતું ચિંતન તારવીને આદિવાસી ટૂંકા લોકસાહિત્ય સ્વરૂપનો પરિચય કરાવ્યો છે. એમના આ અભ્યાસને કારણે ગુજરાત સાથેની આદિવાસીઓની નીકટતાનો દસ્તાવેજી આચાર પ્રાપ્ત થાય છે.

ત્રીજો વિભાગ સમીક્ષાલોક છે. એમાં ત્રણ ગ્રંથ સમીક્ષા છે. રાઘવજી માધડના 'લોકવારતાની લ્હાણ' વિશે **ડૉ. બળવંત જાની**એ, હસુ યાજ્ઞિકના 'લોકસાહિત્ય વિજ્ઞાન' વિશે **ડૉ. અરુણ કક્કડે** અને જયમલ્લ પરમારકૃત ભલ ઘોડા વલ વંકડા' વિશે **ડૉ. ચેતના પાણેરી**એ પોત-પોતાના નિરીક્ષણો એમાં નિર્દેશ્યા છે.

ડૉ. સુનીલ જાદવનો મેઘાણી એવૉર્ડ અર્પણવિધિનો અહેવાલ, ડૉ. કિરીટ શુક્લની ત્રૈમાસિકના બીજા વર્ષના ચાર અંકોની સૂચિને કારણે અંકની લોકાભિમુખતાની મુદ્રાનો પરિચય પ્રાપ્ત થાય છે.

'લોકગુર્જરી' નિમિત્તે અવનવી સામગ્રીમાંથી પસાર થવાનું બને છે, પ્રતિષ્ઠિત વિદ્વાનો અને નવોદિત અભ્યાસીઓના લોકશબદ સાધનાના પરિચાયક સ્વાધ્યાયથી ગુજરાતનું કંઠસ્થપરંપરાનું સંદર્ભજગત સમૃદ્ધ બનીને એવી શુભ ભાવના સાથે....

૧૭-૩-૨૦૧૪ **બળવંત જાની**

ધૂળેટી balvantjani9@gmail.com



# 'લોકગુર્જરી' - ત્રૈમાસિક

* **'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર'** દ્વારા પ્રકાશિત ત્રૈમાસિકના એક વર્ષમાં કુલ ચાર અંકો જૂન, સપ્ટેમ્બર, ડિસેમ્બર અને માર્ચ માસમાં પ્રગટ થશે.
* **'લોકગુર્જરી'**નું વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦-૦૦ છે, પંચવાર્ષિક રૂ. ૧૦૦૦-૦૦ છે અને વિદેશ માટે રૂ. ૬૦૦-૦૦ છે.
  લવાજમ ચેક દ્વારા સ્વીકારવામાં નહીં આવે. લવાજમ રોકડેથી અથવા મ.ઓ. દ્વારા મોલકવું, ડ્રાફ્ટ **ગુજરાત સાહિત્ય અકાદમી**ના નામે જ મોકલવા વિનંતી.
* **છૂટક અંકો મેળવવા માટે** પણ ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૨૩૨૫૬૭૯૭-૯૮નો જ સંપર્ક કરવો.
* **'લોકગુર્જરી'**માં પ્રગટ થતાં લખાણોની પસંદગી બાબતે સંપાદકનો નિર્ણય આખરી ગણાશે. પ્રગટ થતાં લખાણોની રીતિ અને વિચાર સાથે કેન્દ્ર તેના સંપાદક, નિયામક, સલાહકાર સમિતિની સહમતિ અનિવાર્ય નથી. જવાબદારી જે તે લેખકની રહેશે.
* લોક, સંત અને ચારણી સાહિત્યના વિવેચન લેખો, રચનાઓ, લોકવિદ્યા વિશેના લેખો, મુલાકાતો ઇત્યાદિ પ્રકારની સામગ્રી ગુણવત્તાના ધોરણે સ્વીકારવામાં આવશે. **ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર માટેના પુસ્તકો અને વિનિમય માટે સામયિક પણ આવકાર્ય છે.**
* **લેખકોએ પ્રત્યેક કૃતિ કે લખાણ નીચે પોતાનું નામ-સરનામું તથા ફોન નંબર અને ઈ-મેઈલ એડ્રેસ અવશ્ય જણાવવાં.**
* સ્વીકૃત કે અસ્વીકૃત કૃતિની જાણકારી મેળવવા અથવા કૃતિ પાછી મેળવવા પોતાનાં નામ સરનામાવાળું પોસ્ટકાર્ડ કે પરબીડિયું જોડવું અનિવાર્ય છે. એ સિવાય પ્રત્યુત્તર આપી શકાશે નહીં.
* **સાહિત્યિક કૃતિઓ મોકલવાનું સરનામું :**
  **ડૉ. બળવંત જાની,** 'તીર્થ', ૨૬૪, જનકપુરી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫
* અંકો રવાના થયા પછી કોઈ અંક ગ્રાહકને ન મળે તો કેન્દ્રની જવાબદારી રહેતી નથી. ગ્રાહકનંબર સાથે પત્ર લખવાથી અંક ઉપલબ્ધ હશે તો કાર્યાલય દ્વારા મોકલવામાં આવશે.
* અંક તેમ જ લવાજમ અંગેનો પત્ર વ્યવહાર **ગુજરાત સાહિત્ય અકાદમી** અથવા **ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર** ખાતે કરવો.
* **હર્ષદ ત્રિવેદી**, મહામાત્ર, અને **શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**, ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૨૩૨૫૬૭૯૭-૯૮

# અનુક્રમણિકા

### *: સંતસાહિત્ય સંદર્ભ :*


| | | |
|---|---|---|
| સંત ગણપતની 'ષટ્ચક્ર લાવણી' | **ડૉ. નરેશ વેદ** | ૩ |
| સંત સાહિત્ય : સંપ્રદાયપરક કે પર ? | **નરોત્તમ પલાણ** | ૧૫ |
| સ્વાતંત્ર્ય ચળવળ અને સમાજોત્થાનમાં સંતોનું યોગદાન | **પ્રા. ડૉ. એસ.વી. જાની** | ૨૩ |
| સંત કવિયત્રી અમરબાઈ | **ડૉ. તીર્થંકર રતુદાન રોહડિયા** | ૩૪ |



### *: લોકસાહિત્ય સંદર્ભ :*


| | | |
|---|---|---|
| મામી-ભાણેજના અવૈદ્ય સંબંધની લોકકથાઓ | **હસુ યાજ્ઞિક** | ૪૩ |
| એશિયામાં લોક અને પ્રશિષ્ટ રામકથા : પરંપરા અને પરિચય | **ડૉ. ભગવાનદાસ પટેલ** | ૫૯ |
| 'લોક-ઉત્સવગીતોમાં પર્યાવરણ કેન્દ્રી વિચાર-વિવાય' | **ડૉ. દર્શના ઓઝા** | ૭૦ |
| મૈયારીની હેડી : રચના અને રૂપ | **કૌશિકકુમાર કોરાલી** | ૮૪ |
| લોકનામો અને લોકકહેવતો | **પ્રા. જશવંત વી. જીવરાજાની** | ૯૨ |
| ડાંગની કુકણાબોલીની લોકોક્તિઓમાં પ્રગટતું લોકચિંતન | **ડૉ. સુરેશ કે. પવાર** | ૯૬ |


### *: સમીક્ષાલોક :*


| | | |
|---|---|---|
| ઇતિહાસમૂલક લોકજીવનનું અર્થપૂર્ણ અને શ્રદ્ધેય કથન-આલેખન : 'લોકવારતાની લ્હાણ' | **બળવંત જાની** | ૧૦૭ |
| વાણીની વિદ્યા અને તેની શાખાઓનો ફેરવિચાર : 'લોકસાહિત્ય વિજ્ઞાન' | **– ડૉ. અરુણ જે. કક્કડ** | ૧૧૪ |
| ભલ ઘોડા વલ વંકડા : લોકસંસ્કૃતિ દસ્તાવેજ | **ડૉ. ચેતના પાણેરી** | ૧૨૩ |
| મેઘાણી લોકસાહિત્ય ઍવોર્ડ સમારોહનો અહેવાલ | **ડૉ. સુનીલ જાદવ** | ૧૩૦ |
| મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રનું કાર્યવૃત્ત | **ડૉ. અંબાદાન રોહડિયા** | ૧૩૪ |
| લોકગુર્જરી : વાર્ષિકસૂચિ (દ્વિતીય વર્ષ) | **ડૉ. કિરીટ એચ. શુક્લ** | ૧૪૧ |



# વાણીની વિદ્યા અને તેની શાખાઓનો ફેરવિચાર : 'લોકસાહિત્ય વિજ્ઞાન'

– ડૉ. અરુણ જે. કક્કડ

લોકસાહિત્યમાળાના મણકા ૧ થી ૧૪ના અભ્યાસ, વિષયાનુસારી પુનઃસંપાદન, સૂચિકરણ, વર્ગીકરણ વગેરેનું કામ કરતાં કરતાં હસુભાઈ યાજ્ઞિકના મનમાં ગુજરાતની જીવતી જાગતી કંઠપરંપરાનું પૂર્ણ કદનું ચિત્ર સ્પષ્ટ થયું અને પ્રતીતિ થઈ કે ગુજરાતના લોકસાહિત્યને પશ્ચિમનું જ શાસ્ત્ર અને તેના સિદ્ધાંતો, વિવિધ થિયરી બેઠેબેઠાં અપનાવવામાં અનેક ભયસ્થાનો અને દોષ રહેલાં છે. લોકસાહિત્ય વિશે અગાઉ જે કહેવાયું છે તે તાટસ્થ્યપૂર્વક ફરી ચકાસવા જેવું છે. અને એ રીતે લોકસાહિત્યની ફેરવિચારણા કરવાનું આરંભે છે. અને પ્રમાણે છે કે : ''લોક એટલે ધારી લેવામાં આવ્યું છે તેમ કેવળ આદિવાસી, ગ્રામીણ કે તળપદો સમાજ જ નહીં પરંતુ જેમનો જીવન-જગતને જોવાનો અભિગમ સમાન છે તેવો એકમ. જેમાં નાગરિક અને શિક્ષિત પણ બાકાત નથી.'' (પૃ. ૬). 'લોર' બધે જ પ્રવર્તે છે, માનવેતરમાં પણ, એ માન્યતા દૃઢ થઈ અને એ ગાળામાં ગુજરાતી લોકવિદ્યા પર 'લોકવિદ્યા વિજ્ઞાન' પુસ્તક લખાયું. 'લોકવિદ્યાવિજ્ઞાન'ની સંવર્ધિત આવૃત્તિ કરવાની માંગણી થતાં હસુભાઈ યાજ્ઞિકે જણાવ્યું કે મારો વિચાર 'લોકસાહિત્ય-વિજ્ઞાન' લખવાનો છે. લોકવિદ્યા વિજ્ઞાનમાં તો લોકસાહિત્યનાં ઘણાં અંગોનો માત્ર નિર્દેશ કરીને અટકી જવું પડે. તેથી 'લોકસાહિત્ય-વિજ્ઞાન' લખવાનું જ યોગ્ય માન્યું. લોકસાહિત્ય વિશે પણ હસુભાઈ યાજ્ઞિકે જે કંઈ માન્યું, વિચાર્યું, લખ્યું હતું તેમાં પણ તેઓને કેટલુંક નવેસરથી તપાસવા જેવું લાગતું હતું.



લોકસાહિત્ય એક નવી વિકસતી શાખા છે. એનાં વિવિધ પાસાંઓની ચર્ચા 'લોકસાહિત્ય-વિજ્ઞાન' પુસ્તકમાં કરવામાં આવી છે. આ નવી પરંતુ રસપ્રદ અને સમર્થ શાખા છે. લોકસાહિત્યની મૂળ જણસ ક્યાંથી આવી, કેમ આવી, તરતી અવસ્થામાં લોકોએ એ જણસને પોતાના વિશેષ ઉપયોગમાં આવે તે માટે એમાં જ પુનર્સર્જન કેમ કર્યું, કેવી રીતે કર્યું, કઈ રીતે કેવળ પાઠાન્તરની લોકરચના જ્ઞાતિગત-પ્રદેશગત પાઠ તાત્ત્વિક રીતે ભિન્ન પ્રમાણવાની જરૂર છે, માત્ર કહેણી જ નહીં પરંતુ પરાપૂર્વથી જ આરંભાયેલું લેખન પણ લોકરચનાને રૂપ આપે છે, લિખિત રૂપ પામ્યા પછી પણ મૂળ સ્રોતની કૃતિનો મૂળભૂત પાઠ પણ લોકોની કંઠપરંપરામાં કેમ ટકે છે, કેટલો ટકે છે, આવા આવા અનેક પ્રશ્નો હસુભાઈ યાજ્ઞિકના મનમાં ઊઠ્યા છે. અને તેથી જ બધું ફરીથી લખવા પ્રવૃત્ત બને છે. કેટલીક માન્યતાઓ અને ધારણાઓ બદલવા જેવી લાગી છે તેની વાત પણ કરી છે. આ કારણે 'લોકસાહિત્ય-વિજ્ઞાન' લોકસાહિત્યનાં મહત્ત્વનાં લગભગ બધાં જ પાસાંઓની સઘન ચર્ચા કરે છે. વિશ્વક્ષેત્રે તથા ભારતક્ષેત્રે લોકસાહિત્ય પર જેટલાં કાર્યો થયાં છે તેની અહીં વિશદ ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત વીસમી સદીના અંત સુધી ગુજરાતમાં કંઠપરંપરા, લોકસાહિત્ય વગેરે પર જે દસ્તાવેજીકરણો, સંપાદનો અને સંશોધનો થયાં તેનો પણ સવિગત ઇતિહાસ આપવામાં આવ્યો છે.

'લોકસાહિત્ય-વિજ્ઞાન' કુલ છ પ્રકરણમાં વહેંચાયેલું છે. પુસ્તકને અંતે શબ્દસૂચિ આપવામાં આવી છે. પ્રથમ પ્રકરણમાં લોકસાહિત્યની વિભાવના, લક્ષણો, પ્રકાર વગેરેની ચર્ચા કરવામાં આવી છે. લોકોની કંઠપરંપરામાં રહેલું, જેનો કોઈ નિશ્ચિત કર્તા નથી તેવું પરંપરાગત સાહિત્ય એટલે લોકસાહિત્ય એવો સીધો સાદો અને સર્વગ્રાહ્ય અર્થ છે. પરંતુ લોકવિદ્યાના એક સમર્થ અને વિશેષ વ્યાપક પ્રકાર તરીકે વિચારતાં આ પરિચયમાં ઘણું ખૂટે છે. આ એક લોકવિદ્યાનો વાણીના માધ્યમે પ્રગટ થતો પ્રકાર છે. અઢારમી સદીના અંત ભાગથી જેની વિભાવના બંધાતી આવી અને સાહિત્યથી અલગ પાડીને 'લોકસાહિત્ય' એવો નવો પર્યાય યોજાતો થયો એના પર દૃષ્ટિપાત કરાવીને; લોકસાહિત્યના વિજ્ઞાન એટલે કે તેનાં વિવિધ અંગો, પાસાઓની જાણકારી અને તેનો અભ્યાસ કરવાની ક્રમશઃ વિકસેલી પદ્ધતિઓ અને અસ્તિત્વમાં આવેલી થિયરીઓ, સિદ્ધાંતો, કારણો-

તારણો આપી; લોકસાહિત્યવિજ્ઞાનનો વાસ્તવિક પરિચય આપવાનો પ્રયત્ન અહીં થયો છે.

વીસમી સદીના સાતમા દાયકામાં ભારતમાં લોકસાહિત્ય વિજ્ઞાનને સ્પષ્ટ કરવાના, આલેખવાના પ્રયત્નો થયેલા. ડૉ. સત્યેન્દ્રનું પુસ્તક એનું દૃષ્ટાંત છે. પરંતુ તે સમયે લોકવિદ્યા અને લોકસાહિત્ય વચ્ચેનો તાત્ત્વિક ભેદ હજુ પ્રગટ થયો ન હતો. હસુભાઈ યાજ્ઞિક નોંધે છે કે : ફોકલોર એ મૂળ કે મુખ્ય કુળ છે. અને ફોકલિટરેચર એ મુખ્ય પ્રકારનો જ એક પ્રકાર છે. લોકવિદ્યાનો જે પ્રકાર વાણીના માધ્યમે પ્રગટ થાય છે તે લોકસાહિત્ય છે અને તેનાં મૂળભૂત અંગો, અંશો, ઘટકતત્ત્વો વગેરેની જેમાં ચર્ચા થાય છે અને તે દ્વારા તેની સાથે સંકળાયેલી પદ્ધતિઓનું પ્રાપ્ત થતાં વલણ કે સિદ્ધાંતનું સ્વરૂપ જેમાં ચર્ચાય છે તે લોકસાહિત્ય વિજ્ઞાન છે. લોકવિદ્યાના મૂળભૂત કુળમાં સમાવેશ પામતા લોકસાહિત્ય ઉપરાંત લોકસંગીત, લોકનૃત્ય, લોકનાટ્ય, લોકચિત્ર, લોકશિલ્પ-સ્થાપત્ય, લોકકલા વગેરેનો સમાવેશ લોકવિદ્યાવિજ્ઞાનમાં થાય છે. લોકસાહિત્યવિજ્ઞાનના કેન્દ્રમાં વાણીના માધ્યમનું જ 'લોર' છે. 'લોર' એટલે વગર શીખ્યે-ભણ્યે જ, વાતાવરણમાંથી જ, ઉછેરની સાથે જ, જે પરંપરાગત એવું જ્ઞાન પ્રાપ્ત થાય છે તે.

લોકભાષા કે બોલીમાં, ગદ્ય અને પદ્યમાં રચનાઓ થતી અને લોકોમાં તે ઝિલાતી હતી એનો નિર્દેશ 'કાવ્યાનુશાસન'માં મળે છે. નાટકથી ભિન્ન એવા રૂપક પ્રકારનાં ડોમ્બિક, ભાણ, પ્રસ્થાન, શિંગક, ભાણિકા, પ્રેરણ, રામક્રીડા, હલ્લીસક, રાસક, ગોષ્ઠી, શ્રીગદિલ અને રાગકાવ્યની ચર્ચા છે તે પણ તત્કાલીન લોકપરંપરાના પ્રકારો છે. હસુભાઈ યાજ્ઞિકના મતે રાગના નામમાં, લેખન-રજૂઆત વગેરેની શૈલીનાં લક્ષણોમાં, ગુર્જરી ગૌડી પાંચાલી વગેરેનાં પ્રાદેશિક સૂચનો છે તે ભારતનાં વિવિધ પ્રદેશોની જ પ્રવર્તિત લોકપરંપરાઓ છે. લોકપરંપરાઓનાં મહાયજ્ઞસત્ર નિમિત્તે નિદર્શનો થતાં. મીમાંસકો તેનો અભ્યાસ કરી નિયમબદ્ધ કરતા અને લોકકલાઓનું લોર મટીને શિક્ષણ લઈ-આપી શકાય એવી વિદ્યામાં રૂપાંતર કરતા. આમ, લોરમાંથી જ પ્રશિષ્ટ નિયમબદ્ધ શાસ્ત્રો અસ્તિત્વમાં આવ્યાં.

'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'માં ઋષભદેવના લગ્નવર્ણનના આલેખનમાં હેમચન્દ્રાચાર્ય ફટાણાઓને પણ આલેખે છે. નવમી સદીમાં ગવાતાં ફટાણાંનું આ કૃતિમાં દસ્તાવેજીકરણ છે : જ્વરવાળો માણસ જેમ સમુદ્રને શોષણ કરવાની શ્રદ્ધાવાળો હોય તેમ અણવર લાડવા ખાવાને લાલચુ થયો છે. જન્મથી લઈને અગાઉ ક્યારેય જોયા ન હોય તેમ ગરીબનાં બાળકની પેઠે વડાં ખાવા અણવર



લલચાય છે. યાચક જેમ પૈસામાં અનુરાગ રાખે છે તેમ અણવર સોપારીની લાલચ રાખે છે. આમ, સર્જનનાં એક મહત્ત્વના સ્રોત તરીકે લોકપરંપરાની સ્વીકૃતિ તો વર્ષોથી મળેલી જ હતી. સાહિત્યસર્જન માટે મમ્મટે 'લોક'ના અભ્યાસને મહત્ત્વનો ગણેલ છે. લોકવ્યવહાર, લોકરીત, લોકમાન્યતાના જ્ઞાનને મહત્ત્વનું ગણેલ છે. લોકવર્ગની વાણીમાં લઢણો, રૂઢપ્રયોગો છે તે બોલીનું જ એક અંગ હોવા છતાં 'ભાષા'માં સ્વીકારાયું છે. લોકવિદ્યાગત વાણીનાં અંગો લિખિત પ્રવાહને વિશેષ પ્રેરક-પોષક બન્યાં છે. પ્રાચીનતમ કાળથી જ કંઠપ્રવાહની લોકકથાઓ પણ લિખિત દસ્તાવેજીકરણ પામી છે. વાર્તાની કહેણીનું રૂપ પણ લિખિત રચનાની શૈલીમાં જળવાયું છે.

પુરુરવા-ઉર્વશી કથામાં સ્ત્રીનું અંતર ભૂખ્યા વરુ જેવું છે તે દર્શાવવામાં આવ્યું છે. મૂળ આર્ય પરંપરાની આ પ્રાચીનતમ લોકકથા છે, જે માનવ અને અપ્સરાના પ્રેમસંબંધના કથાચક્રમાં વિશ્વસ્તરે ફેલાયેલ છે અને એ જ કથા ગુજરાતમાં ઓઢાઝામ-હોથલકથામાં અને આદિવાસી સ્રોતની હીરાપથની કથામાં જોવા મળે છે. ઋગ્વેદની યમ-યમી કથામાં એક લોહીનો સંબંધ ધરાવતા નરમાદાના દેહ-સંયોગ ઉચિત નથી એ મૂલ્યને દૃઢાવવામાં આવ્યું છે. ભાઈ-ભગિની દેહસંબંધ પુષ્પચૂલ-પુષ્પચૂલાની પ્રાકૃત કથામાં તથા આદિવાસી કથામાં જોવા મળે છે. આ બધી ચર્ચા દ્વારા હસુભાઈ યાજ્ઞિક એ સ્પષ્ટ કરે છે કે : લોકવિદ્યા અને તદન્તર્ગત લોકસાહિત્યની વિભાવના જન્મી તો છે છેલ્લાં ૨૦૦ વર્ષ પહેલાં, પ્રાચીન-મધ્યકાલીન સમયે સાહિત્ય અને લોકસાહિત્યને અલગ પાડીને ઉલ્લેખાયા-તપાસાયા કે વિચારાયા નથી, પરંતુ તે સમયે પણ લોકતત્ત્વ અને તેની પોતાની શાસ્ત્રબંધનથી મુક્ત અને આગવી પરંપરા પ્રાચીનોને પણ દૃષ્ટિમાં રહેલી જ હતી. અને તેનો પ્રશિષ્ટ મનાતી લિખિત પરંપરામાં દસ્તાવેજીકૃત વિનિયોગ પણ થયો છે.

લોકસાહિત્ય ભલે લોકવિદ્યાનાં મુખ્ય કુળનો એક પ્રકાર ગણાતો હોય, પરંતુ લોકવિદ્યાની નવી વિભાવના જન્મી એમાં મુખ્ય ફાળો તો લોકસાહિત્યનો જ છે. પશ્ચિમમાં સર્જકો અને ભાવકો પ્રશિષ્ટ સાહિત્યના એકધારા અને નીરસ બનતા જતા ગાંભીર્યથી મુક્તિ પામવા ઈચ્છતા હતા. એ સમયે ઈ.સ. ૧૭૬૫માં પુરાણી હસ્તપ્રતોને આધારે થોમસ પર્સીએ બહારવટિયા, ધૂર્ત, વેશ્યા વગેરેની રોમૅન્ટિક કથાઓ આપી. આ બધી પ્રેમશૌર્યની ગાથાઓમાં રહેલાં રંગદર્શીતત્ત્વો અને ગતકાલની નિર્ભાર જીવનશૈલીએ લોકોનાં મન-હૃદય જીતી લીધાં. તેથી હસ્તપ્રતોમાં અને કંઠપરંપરાઓમાં સંઘરાયેલી કથાઓ લિખિતરૂપમાં સંપાદિત

થઈને બહાર પડવા લાગી. ગુજરાતમાં પણ મોટેભાગે સ્થાનિક એવી ઘટનાઓનાં પ્રેમનાં, શૌર્યનાં, વફાદારીનાં, આશ્રિતની પ્રાણાન્તે પણ રક્ષા કરવાના મૂલ્યના ટુચકાને જ લોકકથાના પરિવેશમાં પ્રસ્તુત કરવામાં આવ્યાં. થોમસ પર્સી પછીના સંશોધકો ગતયુગની માનવચેતના અને સંસ્કૃતિના બંધાયેલા રૂપ તરીકે આ કથાઓને તપાસે છે. ઈ.સ. ૧૮૧૨માં ગ્રિમ બંધુઓએ જર્મનીની પુરાકથાઓ, લોકકથાઓનો સંગ્રહ પ્રગટ કર્યો. આ બધાના કેન્દ્રમાં 'લોક' હતો. સંસ્કૃત 'લોક', જર્મન 'વોક' અને અંગ્રેજી 'ફોક' આ ત્રણેય શબ્દો એક જ ઇન્ડો યુરોપીય આર્યભાષાના જ છે. લોકવિદ્યાના મુખ્ય પ્રકારોમાં લોકમાન્યતા, લોકસાહિત્ય, લોકસંગીત, લોકનાટ્ય, લોકનૃત્ય, લોકકલા, લોકમનોરંજન વગેરે છે. લોકસાહિત્યથી આરંભાયેલી યાત્રા લોકવિદ્યા સુધી વિસ્તરી.

૧૭મી સદીમાં ચિંતકો અને સર્જકોનાં કેન્દ્રમાં આમવર્ગ આવે છે. લોકોની કથાઓ, ગીતો વગેરેને કલા-સાહિત્યમાં આદરપૂર્ણ પ્રવેશ મળે છે. યુરોપના સંસ્થાનવાદના વિસ્તાર સાથે લોકવિદ્યાનો અભ્યાસ વિસ્તરે છે. ઇન્ડોલૉજીનો જન્મ થાય છે. લોકવિદ્યાશાખામાં ભારતીયવાદી ફોકલોરીસ્ટ આવ્યાં. ઇન્ડોલૉજીનાં આ વિદ્વાનોએ દર્શાવ્યું કે યુરોપમાં પ્રચલિત અનેક કથાઓ, પ્રથાઓ, કલાઓનાં મૂળ ભારતમાં છે. અંગ્રેજી Folk Loreના પર્યાય માટે ગુજરાતીમાં લોકવિદ્યા તથા લોકજીવનવિદ્યા જેવા પર્યાય છે. FOLK નો અર્થ 'લોકસમૂહ' એવો થાય છે. અને LORE એટલે જે મૌખિક પરંપરાથી અથવા તો રીતરિવાજ અને વિધિવિધાનરૂપ ક્રિયાઓથી ઊતરી આવે છે તે વિદ્યા. શબ્દ રૂપે વહેતી પરંપરાઓ લોકસાહિત્ય ગણાય. વાણીના માધ્યમે પોતાની પરંપરા ધરાવતી, કંઠ માધ્યમની લોકવિદ્યા એટલે લોકસાહિત્ય. લોકસાહિત્યનું માધ્યમ બોલી છે, જ્યારે સાહિત્યનું માધ્યમ ભાષા છે. કળાનું મૂળ સૌન્દર્યબોધમાં છે. પ્રાણીમાત્રમાં સૌન્દર્યબોધ પરાપૂર્વથી હોવાનું નૃવંશ અને મનોવિજ્ઞાને સ્વીકાર્યું છે. સૌન્દર્યને પામવાની ઝંખનાએ જ લોકકળાઓનાં વિવિધરૂપ બાંધ્યાં અને પ્રશિષ્ટકલાઓ વિકસી. લોકસાહિત્ય નૃવંશવિજ્ઞાન, સંસ્કૃતિ, ભાષાવિજ્ઞાન, મનોવિજ્ઞાન વગેરેને પણ સહાયક બન્યું છે. નૃવંશવિજ્ઞાને જાતિઓનું નિર્ધારણ વગેરે અનુષંગે શોધ આદરી.

વિષુવવૃત્ત પરનાં સીધા કિરણો પડે છે તે ભૂમિભાગમાં કાળા વર્ણવાળી, એથી ઉપર જતાં પીળા વર્ણવાળી અને એની ઉપરના શીતળ વિસ્તારોમાં શ્વેત, રતુંબડી વગેરે વર્ણવાળી જાતિઓ અસ્તિત્વમાં આવી. આવી છ જાતિઓ નિશ્ચિત થઈ અને તેમાં ચામડીનો વર્ણ, વાળ, આંખની કીકીઓના રંગ, નાક-હોઠ વગેરેની લાક્ષણિકતા વગેરેને આવાં વર્ગીકરણમાં ધોરણરૂપે રખાયાં અને બ્લડગ્રૂપના પરીક્ષણની



વૈજ્ઞાનિક કસોટી કામે લગાડવામાં આવી. પૃથ્વીની ઉત્તર-દક્ષિણ દિશામાં ઉત્પન્ન થયેલી મુખ્ય છ જાતિઓનાં સ્થળાંતર રેખાંશમાં થયાં. આવા જાતિગત સ્થળાંતરનાં સંશોધનો થયાં. આર્યજાતિના મૂળસ્થાન વિશે સંશોધનો થયાં. લોકમાન્ય તિલકે ઉત્તરધ્રુવ આર્યોનું મૂળસ્થાન હોવાની સંભાવના વ્યક્ત કરી તો અન્ય મતે આર્યોનું મૂળ વતન સ્કેન્ડેનેવિકા (જેને પુરાણોમાં સ્કંધપ્રદેશ કહ્યો છે) ઠરાવ્યું. કેટલાકે કોકેસસ તો કેટલાકે મધ્યએશિયા હોવાનું વલણ સ્વીકાર્યું. કેટલાકે ભારત જ મૂળવતન હોવાનું દર્શાવ્યું.

સભ્યતાનાં આરંભથી માંડીને તે સંસ્કૃતિના વિકાસના વિવિધ તબક્કાઓમાં માણસ જાતિગત કુલસમૂહમાં, વાડામાં રહેતો હતો. ઈર્ય એટલે કૃષિ અને આર્ય એટલે કે પશુપાલન જેમની આજીવિકા હતી એવી જાતિઓ અને શિકાર તથા વનમાંથી મળતી ખાદ્ય અને જીવન જરૂરત પૂરી પાડતી આજીવિકા મુખ્ય હતી તેવો વનવાસીઓનો જાતિસમૂહ. આ ત્રણ આજીવિકાની સાથે જ જીવન અને જગતને જોવાની બંધાયેલી દૃષ્ટિમાંથી લોકવિદ્યાઓ જન્મી. લોકવિદ્યાની દૃષ્ટિએ સભ્યતાની આદિમ કે બર્બર, સભ્યતાની સિદ્ધિરૂપ સેવેજ અને સંસ્કૃતિભણી તેની ગતિ જેવી સંસ્કૃત - એ ત્રણ અવસ્થા છે.

ઉદ્‌ગાર, મંત્ર, કહેવત આદિ વિશેના પ્રકરણમાં આરંભે લેખકે જણાવ્યું છે કે ઉદ્‌ગારાદિ પ્રકારને વાણીના લોર તરીકે સ્વીકારી શકીએ. કેમ કે, પરંપરાએ એમાં નિશ્ચિત ભાવનું વહન કરવાની ક્ષમતા ઊભી કરી છે. પરંતુ એમાં કલા બનવાની પૂર્ણ ક્ષમતા નથી. લોકસાહિત્ય વાણીગત લોકવિદ્યા છે, પરંતુ બધી જ વાણીગત લોકવિદ્યા લોકસાહિત્ય નથી. બીજમંત્રો પણ ઉદ્‌ગાર જેવા જ છે. દેવી ઉપાસનાની પદ્ધતિ, મંત્રો, વિધિવિધાન, કથાઓ જે લોર રૂપે હતાં તે માર્કણ્ડેય ઋષિએ દેવીપુરાણમાં પ્રશિષ્ટ સંસ્કૃતરૂપમાં આલેખ્યાં. લોકમંત્રનો ઘણો ભાગ ગુપ્ત લોકવિદ્યા રૂપે છે. તન્ત્ર પણ મંત્રનું જ વાણીમુક્ત પરંતુ ચિત્ર કે પદાર્થને પ્રતીકના રૂપમાં પ્રયોજતું સાધન છે. ૐ, શ્રી, લાભ, શુભ, વગેરે શબ્દ રૂપ; શ્રી૧ા અંકરૂપ; સ્વસ્તિક, ત્રિકોણ, તારાના આકારનાં યન્ત્રો; જેવાં અનેક પ્રતીકો મન્ત્ર સાથે સંકળાયેલાં છે. સરજૂમાં હા-હે-હો અક્ષરની વચ્ચે ગોઠવીને ગવાય છે તે બૌદ્ધચર્યાપદના બીજમંત્ર હ્રામ - હ્રૈં વગેરેનાં જ દેશીય રૂપો છે. ઉદ્‌ગાર અને મંત્ર પછીનું વાણી દ્વારા વહેતા લોરનું ત્રીજું મહત્ત્વનું અંગ કહેવત છે. લોકમાનસ, લોકસંસ્કૃતિ અને લોકવાણીની માર્મિક અભિવ્યક્તિ છટાની દૃષ્ટિએ કહેવત એ લોકસાહિત્યનું પૂરક અંગ છે.

લોકકથા વિશેના પ્રકરણમાં લોકકથાના ઉદ્‌ભવની વિગતો ચર્ચવામાં આવી છે. વીરગાથા, ટુચકો, દંતકથા, પુરાકથા, પરીકથા, પશુકથા, નીતિબોધકથા, સંતચરિતકથા, કામકથા, પ્રેમકથા, હાસ્યકથા, શૌર્યકથા, પ્રેતકથા, વ્રતકથા વગેરે પ્રકારો દર્શાવવામાં આવ્યા છે. વંશ કે જાતિના વીરો, સતીઓ, પ્રભાવક પુરુષોની જીવનઘટનાનું લોકકથામાં રૂપાન્તર થતું અને તેના જોગી, બારોટ દ્વારા લિખિત રૂપ બંધાતા. જોગી, બારોટ, ભરથરી વગેરે વ્યાવસાયિકો ગાતા. આ પ્રક્રિયા ૧૮મી સદીના અંત સુધી ચાલતી હતી. અમરાજોગીએ રચેલી ગલાલેંગ જેવી કૃતિ તેનું દૃષ્ટાંત છે. બીજો પ્રકાર તે કોઈ અસાધારણતા ધરાવતો સ્થાનિક કિસ્સો કે ઘટના. ‘‘સૌરાષ્ટ્રની રસધાર’’ની મોટાભાગની કથાઓ આ પ્રકારની છે. સ્થાનિક ટુચકામાંથી સોરઠ-વીસુ જેવી કથા કહેવાતી થઈ અને તે કોઈ તબક્કે રાણક-રાખેંગારની કથા રૂપે સિદ્ધરાજ સાથે જોડાઈ. કોઈ ઉચ્ચ આદર્શની ઘટનાને કોઈ વંશની સાથે, એના વીરની સાથે સાંકળીને તેની કીર્તિગાથા રચવી એ એક પ્રચલિત પદ્ધતિ રહી છે. બારમી સદી પછી જ્યારે વિક્રમના પરદુઃખભંજક રાજવી તરીકેના કથાચક્રનું નિર્માણ થતું ગયું ત્યારે આ રીતે સ્વતંત્ર મૂળની ટુચકારૂપ કથાઓ વિક્રમ સાથે સંકળાતી ગઈ. ઐતિહાસિક હોવાનું મનાતા પાત્રની સાથે સંકળાયેલી કંઠોપકંઠ કહેવાતી કથાને દંતકથા કહેવામાં આવે છે. જશમા ઓડણ, જગદેવ પરમાર વગેરેની કથાઓ આ પ્રકારની છે. ગ્રામ, નગર વગેરે રચાયા, સ્થિર થયા, કોઈ એક નાયક કે રાજવીનું શાસન અસ્તિત્વમાં આવ્યું તે બીજા તબક્કામાં દંતકથાને જોડી શકાય. ટુચકા અને પુરાકથાનો સંબંધ તો આદિમ સંસ્કૃતિ સાથે હોય છે. વીરગાથામાં નાયકનો સ્વીકાર લોકદેવરૂપે થયો ન હોય ત્યાં તેને દંતકથા જ કહી શકાય. પુરાકથા એક પ્રાચીનતમ અને સંકુલ એવો પ્રકાર છે. કલ્પિત અને મનોરંજકકથાઓ પરીકથા કહેવાય છે. કથાના મુખ્ય અંગને - તત્ત્વને સમજવામાં આ બધા પ્રકારો - પેટાપ્રકારો મહત્ત્વના છે.

‘લોકકથા : સંપાદન અને સામ્યમૂલક અભ્યાસ’નામના પ્રકરણમાં હસ્તપ્રત રૂપે સચવાયેલી કથાકૃતિઓ મોટે ભાગે પરંપરાગત લોકકથાઓ જ હતી તેમ હસુભાઈ યાજ્ઞિક નોંધે છે. આ કથાઓને સાંકળી લેવાની બે પદ્ધતિ હતી. કોઈ એક નાયકના સાહસ-પરાક્રમના રૂપમાં કથાઓને સાંકળી લેવી અને બીજી પદ્ધતિ, કોઈ એક વિષયને કેન્દ્રમાં રાખી કથાઓને સાંકળી લેવી. કથાસરિત્સાગરમાં નરવાહનને નાયકપદે સ્થાપીને સાહસશૌર્યની કથાઓ સાંકળી લેવામાં આવી છે. વિષયને કેન્દ્રમાં રાખીને-ધર્મના સિદ્ધાંતને કેન્દ્રમાં રાખીને આરણ્યકો, પુરાણોમાં કથા સાંકળવામાં આવી છે. ૧૯મી સદીનાં છેલ્લાં વર્ષોમાં કંઠ પ્રવાહની લોકકથાઓનાં



સંપાદનનો આરંભ થયો. વિશ્વની કથાઓને કથાબિંબમાં સાંકળી લેવામાં આવી. કથાચક્ર, કથાબિંબ અને કથાઘટક લોકકથાનાં સામ્યમૂલક અભ્યાસમાં વિશેષ ઉપયોગી છે.

‘લોકગીત : વિભાવના, સ્વરૂપ, પ્રકાર’ નામના પ્રકરણના આરંભે જણાવાયું છે કે ઈ.સ. ૧૯૦૫માં રણજિતરામ વાવાભાઈએ ‘લોકગીત’ પર્યાય વાપર્યો. લોકગીતના કેન્દ્રમાં ભાવ છે, માત્ર અર્થ નહીં. એનું ખરું રૂપ તેના ગાનમાં છે. ગુજરાતમાં જે લગ્નગીતો છે તે માંહેનાં કેટલાંક તો કોઈ નાગર, ઔદીચ્ય, પ્રશ્નોરા આદિએ લાવેલાં જણાય છે. આરંભે એમનાં ગીતો એમનાં પોતાનાં જ કુળકુટુંબમાં ગવાતાં, પછી જ્ઞાતિમાં ગવાતાં થયાં અને લોકોને ગમ્યાં અને કંઠે ચડ્યાં. આવી રચનાઓનો સંબંધ સાહિત્ય સાથે ગણાય. ગુજરાત, સિંધ, પંજાબ, હરિયાણા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ વગેરે શૌરસેની અને મહારાષ્ટ્રી પ્રાકૃતમાંથી જન્મેલી આર્યકુળની ગ્રામીણ અને આદિવાસી ક્ષેત્રની ભાષાઓને નિકટનો સંબંધ રહ્યો છે. લોકવિદ્યાકીય નકશાની દૃષ્ટિએ વિચારતાં ભારતનું આ એક પશ્ચિમોત્તર બૃહદ્ ક્ષેત્ર જ છે. પ્રાચીનકાળથી જ તેમાં આદાનપ્રદાન થતું રહ્યું છે. ગુજરાતમાં રોગોપચાર અને કષ્ટ નિવારણ માટે તથા સ્તુતિ સ્તોત્રગાનના રૂપમાં સરજૂ, રેગ્ડી વગેરે ગવાય છે. દ્વારકાના ભોપારબારીઓમાં લગ્ન સમયે પુરુષો દ્વારા ‘કીતો’ ગવાય છે. ગુજરાતી લોકગીતોને બે પ્રકારોમાં વર્ગીકૃત કરવામાં આવ્યાં છે : (૧) જીવનચક્ર અંતર્ગત ગવાતી રચનાઓ (૨) ઋતુચક્ર અંતર્ગત ગવાતી રચનાઓ. જન્મથી માંડીને મૃત્યુ સુધીની જીવનચક્રની યાત્રા સંસ્કારવિધિ અને તબક્કા સાથે સંકળાયેલાં ગીતો છે. ઋતુચક્ર એટલે પૃથ્વીના આયુષ્યના એક વર્ષનું ચક્ર. કારતકથી આસો સુધીના બારમાસની છ પેટા ઋતુઓ અને મુખ્ય ત્રણ ઋતુઓ. કૃષિ, પશુપાલન, વનોપજીવન, શિકાર અને માછીમારી વગેરે આજીવિકાઓ પણ પૃથ્વીના જ ઋતુચક્ર સાથે સીધો સંબંધ ધરાવે છે. જેમાં મેઘનાં મનામણાં-રિઝવણાનાં ગીતો, દુકાળનાં ગીતો, હોળી ગીતો વગેરે સંકળાયેલાં છે. રાજકુટુંબો અને ભાયાતો - તાલુકદારો - જમીનદારોનાં લગ્નોમાં ગાન કરતા મીર, લંઘા વગેરે વ્યાવસાયિક લોકકલાકારો ઇત્યાદિના કારણે ગુજરાતનાં લોકગીતોમાં શાસ્ત્રીયરાગની પાયાની છાયા રહી છે. લોકકથાની જેમ લોકગીત પણ કંઠસ્થ પરંપરાની લોકવિદ્યા છે.

ગુજરાતનાં લોકસાહિત્યના સંપાદનની સમસ્યાથી આરંભીને ગુજરાતમાં લોકસાહિત્ય પર સૈદ્ધાંતિક દૃષ્ટિએ જે ચર્ચા-વિચારણા થઈ છે તેની વિગત અંતિમ પ્રકરણમાં આપી છે. ઈ.સ. ૧૭૬૬માં જેમ્સ ફૉર્બ્સ ભારત આવ્યા અને ગુજરાતના

ભાટ, ચારણ વાર્તાકારોને મળ્યા. અને રસ પડતાં લોકવિદ્યાકીય કાર્યોનો પ્રારંભ કર્યો. આ કાર્યની શરૂઆત ઈ.સ. ૧૭૮૧માં કરી હોય એમ નાની હસુભાઈ યાજ્ઞિક ''અઢારમી સદીના નવમા દશકાથી આ પ્રદેશની કંઠસામગ્રીના દસ્તાવેજીકરણના ક્ષેત્રકાર્યનો આરંભ થઈ ચૂક્યો હતો'' એમ ધારે છે. બે સદીથી વધુ સમયગાળામાં થયેલા લોકવિદ્યાકીય કાયનું સરવૈયું કાઢવાનો અહીં પ્રયત્ન કર્યો છે. પશ્ચિમની મોટા ભાગની બધી જ કથાઓનાં મૂળ ભારતમાં છે તેવું માનવામાં આવ્યું અને લોકકથાનો વૈશ્વિકસ્તરે અભ્યાસ થયો. ગુજરાતમાં તો એના કંઠપ્રવાહમાં જ છેક ઓગણીસમી સદીના અંતભાગ સુધી ભારતીય લોકકથાધનની આ સામગ્રી ધબકતી રહી. હસુભાઈ યાજ્ઞિક આનાં મુખ્ય બે કારણો આપે છે : એક તો ગુજરાતના જૈનસ્રોતના રાસ અને કથાકોશોમાં આ બધી જ કથાઓ સમયે સમયે ગુજરાતી ભાષાની કૃતિઓમાં કહેવાતી રહી અને ઉપાશ્રયોનાં 'વખાણો'માં પણ કહેવાતી રહી. મધ્યકાલીન ગુજરાતીના શામળ સુધીના પદ્યવાર્તાકારો અને આખ્યાનકારો દ્વારા કથ્યપ્રવાહની વાર્તાઓ પણ કૃતિના રૂપમાં બંધાતી ગઈ. અને લોકપ્રવાહમાં ધબકતી રહી. ચારણ, બારોટ જોગી, ભરથરી, તૂરી, મીર, લંઘા, ભાંડ, ભવાયા, તરગારા, આદિવાસી ભોપા વગેરે અનેક વ્યાવસાયિક કલાવંત જાતિ-જ્ઞાતિઓનાં કથકો-ગાયકો દ્વારા પણ કથાનકો કહેવાતાં રહ્યાં. અંગ્રેજો તેમ જ દેશ જ સંપાદકોએ પણ જ્યારે કંઠપ્રવાહનું લિખિત રૂપમાં સંપાદન કર્યું, ત્યારે પણ આવા વ્યાવસાયિકો જ મુખ્ય માહિતીદાતા હતા.

લોકવિદ્યાના દસ્તાવેજીકરણનો મહત્ત્વનો વળાંક ઈ.સ. ૧૯૨૩માં પ્રસિદ્ધ થયેલ મેઘાણીકૃત 'સૌરાષ્ટ્રની રસધાર' છે. લોકસાહિત્યની જણસનું સર્વપ્રથમ અર્થદર્શન, વિવરણ, તેના પ્રકારો વગેરેની ચર્ચાનો આરંભ પણ મેઘાણી દ્વારા જ થયો છે. ડૉ. જવાહર હાંડુ નોંધે છે તેમ ''મેઘાણી આ બાબતમાં માત્ર ભારતમાં જ નહીં પરંતુ એશિયામાં પણ પહેલા છે.'' (પૃ. ૧૫૬). વીસમી સદીના ત્રીજા દશકાથી જ ગુજરાત લોકવિદ્યાના અભ્યાસની પૂર્ણતાના પંથે ચડ્યું, આમ છતાં, બે સદી પછી પણ આ ક્ષેત્રે હજુ કેટલાક પ્રશ્નો છે, જેનો ઉકેલ શોધવા પ્રવૃત્ત થવું જરૂરી છે. આ વિદ્યાશાખાનો અભ્યાસ હજુ પણ ધબકે છે એ આનંદની વાત ગણાય. એક નવી, જુદી જ અને વિકસતી વિદ્યાશાખા વિશેનો અભ્યાસ ''લોકસાહિત્ય-વિજ્ઞાન''માં છે. લોકસાહિત્યની વિદ્યાશાખાનો ફેરવિચાર કરી તપાસવાનો પ્રયત્ન અહીં થયો છે. વાણીનું માધ્યમ ધરાવતી વિદ્યા અને તેની શાખાઓનો ફેર વિચાર કરતું આ પુસ્તક છે.

(લોકસાહિત્ય-વિજ્ઞાન – હસુ યાજ્ઞિક, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨, પ્રકાશક : ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, મૂલ્ય રૂા. ૧૫૦., પૃષ્ઠ સં. ૨૦૪)

# મૈયારીની હેડી : રચના અને રૂપ

**– કૌશિકકુમાર કોરાણી**

**ભૂમિકા :**

હિન્દુ ધર્મમાં ગાયનું અનેરું મહત્ત્વ છે. ગાયમાં તમામ દેવી દેવતાઓનો વાસ હોય છે અને તેના કારણે જ ભગવાન શ્રીકૃષ્ણ યાદવ કુળમાં જન્મ લઈને ભરવાડના ભાણેજ બનીને જાતે ગાયો ચરાવીને ગોવાળ અને તેના કારણે ભગવાન સાથે રહેવાનો અને ગાયો ચરાવવાનો અને તેમની સેવા પૂજા કરવાનો લહાવો ભરવાડ સમાજને મળ્યો છે. ભરવાડ સમાજ હંમેશાં ગાયોની સેવા, પૂજા અને ભરણ પોષણ કરતો આવ્યો છે તેથી ભરવાડ સમાજ ભગવાન શ્રીકૃષ્ણને પ્રિય છે. ભગવાન અને ભરવાડ સમાજ વચ્ચેનો નાતો અનન્ય રીતે ભક્તિભાવથી જોડાયેલો છે અને ભરવાડ સમાજને ધન્ય બનાવી દીધો છે. તેમના આશીર્વાદથી ભરવાડ સમાજમાં ગમે તેવી આફત આવે તો તેમને યાદ કરવાથી ટળી જાય છે અને તમામ વિઘ્નો હરે છે. અને તેની વિરલ ગાથાઓ ઇતિહાસમાં અનેક જગ્યાએ રજૂ થઈ છે અને અનુભવી પણ છે.

અહીં રામસીંગભાઈ ભરવાડની સાથે બનેલ વિરલ ઘટના રજૂ કરવામાં આવી છે. રામસીંગભાઈ ભરવાડ કાયમ વગડામાં ગાયો ચરાવવા જતા હતા. એક

દિવસ કોઈ અજુગતું થવાનું હોવાથી તેમને મૈયારી નામની ગાય, માતાજી અને ભગવાન અપશુકન દ્વારા ચેતવે છે. તેમ છતાં રામસીંગભાઈ ભરવાડ ગાયોના ધણને લઈને ચરાવવા નીકળી પડે છે. આખો દિવસ ધણમાં રહેવાનું હોવાથી સાથે જમવાનું લઈ જતા હતા. અને તે દિવસે તેમની બહેને જમવામાં લાડુ આપ્યા હતા. તે બપોરે જમવા બેઠા ત્યારે તેમની પાસેથી ચોરો ગાયો ચોરવા આવ્યા હતા ત્યારે ચોરો સાથે મારામારી થઈ હતી અને ચોરોનો સામનો કરતાં કરતાં રામસીંગભાઈ ભરવાડ લોહીલુહાણ થઈ ઢળી પડ્યો હતો અને તે વખતે તેને તરસ લાગી ત્યારે મૈયારી નામની ગાયને બોલાવી હતી અને મૈયારી નામની ગાયે તેના માથા ઉપર ઊભી રહીને દૂધની ધાર મૂકી હતી અને રામસીંગભાઈ ભરવાડની તરસ છિપાવી હતી અને ત્યાર બાદ આ મૈયારી નામની ગાય લોહીવાળાં શીંગડાં કરીને દોડતી દોડતી ઘરે આવી ત્યારે ગામ લોકોએ ગાયનાં શીંગડાં લોહીવાળાં જોઈને કાંઈક અજુગતુ થયાનું અનુભવ્યું હતું અને ગાય પાસે ગામ લોકો ભેગા થયા ત્યારે ગાય જે દિશામાં ઘટના બની તે દિશામાં દોડવા લાગી અને ગામ લોકો પણ ગાય પાછળ દોડતા ગયા હતા. જ્યારે બધા દાદુર ગામની સીમમાં પહોંચ્યા ત્યારે રામસીંગભાઈ ભરવાડનું મૃત્યુ થયું હતું.

આ દાદુર ગામમાં તેમના નામનો પાળિયો બનાવવામાં આવ્યો છે અને માતાજી તથા ભગવાન શ્રી કૃષ્ણના અંશ તરીકે તે હાલમાં પણ સાક્ષાત્ છે અને ભરવાડ સમાજ (રવાળા પરગણાં)નું રક્ષણ કરે છે અને ગમે તેવી વિપત્તિ આવી હોય તો તે દૂર કરે છે તેમજ કોઈ પણ માનતા રાખી હોય તો તે અવશ્ય પૂરી કરે છે.

દર વર્ષે આસો વદ ચૌદસના દિવસે ગામ-પરગામના લોકો ભેગા થઈ ભગવાન શ્રીકૃષ્ણ, માતાજી તથા રામસીંગભાઈ ભરવાડના નામનો હવન કરે છે અને લાડુનો પ્રસાદ બનાવે છે પછી આઠ દસ જણ સામસામે બેસી તેમની હેડી ગાઈ તેમને સાક્ષાત હાજર થવા વીનવે છે પછી રામસીંગભાઈ ભરવાડ સાક્ષાત્ હાજર થઈ દુઃખી લોકોનાં દુઃખનું નિવારણ કરી આવતું નવું વર્ષ સુખ અને શાંતિથી પૂર્ણ થાય તેવા આશીર્વાદ આપે છે. આશીર્વાદ લઈ દુઃખી લોકોએ માનતા રાખી હોય તે મનોકામના પૂરી થઈ હોવાથી તેઓ તેમની રાખેલી માનતા છોડે છે અને ગામ લોકોએ બનાવેલ લાડુનો પ્રસાદ આખા ગામમાં વહેંચાય છે અને આ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી બધા હર્ષ અને આનંદથી વિખૂટા પડે છે.



## માતાજીની હેડી

શ્રી ગણેશાય નમઃ

**સાખી**

હણ જો માતાને ચઢે ગડગડીયાં નારોળા,
હણ જો માતાને ચઢે તળ્યા વળ્યાના ભોગે,
હણ જો દેવને ચઢે બાધરીયાં બોકેડા,
હણ જો દેવને વળાવુ ભોળા ગોધરા શહેરે,
હણ જો માતાને વળાવું હીમાળે ડોંગોરે.

**હેડી**

હણ હરતુ ને ફરતુ રે જોગીડુ આવે, જો દૈડાવાદી ખેડે.
હણ ઊઠોને લુંડી રે તમેને આજે, જો જોગીને ભસ્યાં આલો.
હણ લુંડીના હાથોએ રે ભસ્યાં નહીં લેવે, જો હાંડીને ભસ્યાં હાથોએ.
હણ જેનારે હાલોયેરે માતાજી નાવે, જો તેના હાલોયે ભસ્યાં.
હણ સોનાની થાળે રે મોતીડા ભર્યા, જો જોગીને ભસ્યાં આલો.
હણ માતાજી નાવે તુળસી કીયારે, જો માના ચાડુવે.
હણ એઈએ રે ભસ્યા રે નઈએને લેવે, જો ઉતામે જળે આલો.
હણ ગુંજેડા માર્યા બારે વરસો હુવા, જો કૂખેની વાંજેણી.
હણ નવસે ને લવારી પાનસે બાખેડી, જો તુંબે નઇએ ભરાય.
હણ દૂધેને રેડેને દઈએને રેડે, જો તુંબે નઇએ ભરાય.
હણ દૂધની તળાયે ભીસ્તીયાં જોડાયા, જો તુંબે નઇએ ભરાય.
હણ એવુને જોગીડુ કળાને ધારી, જો તુંબે નઇએ ભરાય.
હણ અડધીને રાતેરો સામોને હુવો, જો માતાને સમણાં મેલે.
હણ તમેને જાજોરે માતાજી આજે, જો તમાચરી વાવે.
હણ સોનાની સુમેળી રૂપા બેડુંલા, જો માતા પાણી જાવે.
હણ ફાટકતાં બેંડા રે, માતાજી લેવે, જો માતા ચાડુવે.
હણ શીળીને નજરે રે માતાજી જુએ, જો બાળે રમીરાંયા.
હણ કમળના ફૂલેમાં બાળાને રમે જો કલોલે.
હણ હેલેને હેલેરે બાળાને જાવે, જો બાળે પરાં જાવે.
હણ સામેને રાયોએ રે આલ્યાને હોય તો, બાળે ઓરાઆવે.
હણ આડેને ખોળે રે બાળાને લેવે, જો માતા ચાડુવે.

હણ સુથાર્યા ઘરે નાખુદાજી વેઠે, જો પાલેણાં ઘડાવો.
હણ લોહાર્યા ઘેરે નાખુદાજી વેઠે, જો પાલેણાં જડાવો.
હણ રંગાર્યા ઘેરે નાખુદાજી વેઠે, જો પાલેણાં રંગાડો.
હણ દરજીડા ઘેકે નાખુદાજી વેઠે, જો પાલેણા સિવાડો.
હણ હીરનો ને હીંડોળે બાળાનો હીંચે, જો કરે કલોલે.
હણ રાણાની રાણેમાં હાણેનો હુવે, જો બાળે કોને જન્મ્યાં.
હણ રાણાનો દાંતેરે ચોખેલા ચઢે, જો ઢોલ્યા હાલો ભાગે.
હણ રાણાની રાણમાં હાણેનો હુવે, જો ઘોડા ગધા નો રાય.
હણ લીંબોજી લીંબોજી હકીએને આજે, જો લીંબો પણીઆરે.
હણ તમોને જાજોરે લીંબાજી આજે, જો ખેડાની ખબરેલાવો.
હણ ખેડામાં વેરીરે જાગ્યો ને આજે, જો ખેડામાં વેરી જાગ્યો.
હણ ભજતાનો ભજતા રે જામાનો પેરે, જો લીંબો પણી આરે.
હણ સુરમાળી સુતેણાં પેરેને આજે, જો લીંબો પણી આરે.
હણ લપેટી પાંગ્યા રે બાંધેને આજે, જો લીંબો પણી આરે.
હણ ભમરીયો ભાલોને લેવેને આજે, જો લીંબો પણી આરે.
હણ કટાળી લગામે ભીડેને આજે, જો લીંબો પણી આરે.
હણ ઇડરીયા પલેણાં ભીડેને આજે, જો લીંબો પણી આરે.
હણ ભમીને અસવાર કરેને આજે, જો લીંબો પણી આરે.
હણ તઈથોનો ઘોડોરે મરડેનો આજે, જો રાયે આંગણમાં.
હણ તમેને જાજોરે લીંબાજી આજે, જો ખેડાની ખબરે લાવી.
હણ લીંબોજી લીંબોજી કહીયેને આજે, જો લીંબો પણીઆણે.
હણ કનખાંરે મનખાંરે કુતીને બોલાવું, જો ખેડાની ખબરે લાવો.
હણ આંકડાના દૂધેનો ધાયેનો છાર્યા, જો બાળાને ધવડાયાં.
હણ બચળ બચળ બાળોજી ધાવે, જો બાળો રાવેજી.

## જેલ્યા ગોવાળની હેડી

શ્રી ગણેશાય નમઃ

**સાખી**

એડાં... એ... એ... એંડાં
હણ જો પહેલા સમરુ ભોળાદેવ ગણેશે,
હણ જો દેવને ચડે ગડગડીયા નારોળા,



હણ જો માતાને ચડે તળ્યા વળ્યાના ભોગે,
હણ જો દેવને ચડે બાધરીયા બોકેડા,
હણ જો દેવને વળાવુ ભોળા ગોધરા શહેરે,
હણ જો માતાને વળાવુ હીમાળે ડુંગરો.

**હેડી**

૧. હણ દીવાળી દશરા હેના દાડા આયા, જો જેલ્યાને સમણાં મેલે.
૨. હણ જેલ્યા માડી બડા ચતુરે, જો ગોબરની મઈએ ઘૂમે.
૩. હણ જેલ્યાની નારે બડા ચતુરે, જો ઠાલા વેડે બારે.
૪. હણ બારે રે ગામોની સીમેને દાબે, જો સાંજેનો ઘરે આવે.
૫. હણ અરધીને રોતેરો સામોને હુવો, જો જેલ્યાને સમણાં મેલે.
૬. હણ તમેને જાજોરે જેલ્યાજી આજે, જો ભગા તળાઈ એ.
૭. હણ કંકુને લેજોરે કંકાવટી, જો ચોકલીયા કણે લેજો.
૮. હણ સલરીને સાંગેણે ચઢીને જુએ, જો બગેડી ભમી રાયાં.
૯. હણ જઈને જેલ્યોજી જુએને આજે, જો વાંછેડી ગડી રાયાં.
૧૦. હણ રુમાલે રુમાલે કોરીને કરે, જો જેલ્યો ગોવાળ્યો.
૧૧. હણ થાળીનો રણકારે દઈએને આજે, જો પછાડી મતી જુએ.
૧૨. હણ પછાડી ફરીને જુઓ તો આજે, જો લાખેણો લાજી મરે.
૧૩. હણ નવ લાખ એંશી હજારે, જો ધને જેના ધમક્યા.
૧૪. હણ શીંગોના શીળા રે થાયાને આજે, જો પીડીયુના માંસે ચુંટાય
૧૫. હણ જેલ્યોજી જેલ્યોજી કહીયેને આજે, જો જેલ્યો ગોવાળ્યો.

## મૈયારીની હેડી

શ્રી ગણેશાય નમઃ

**સાખી**

હણ જો પહેલાં સમરુ ભોળા દેવ ગણેશે,
હણ જો દેવને ચડે ગડગડીયા નારોળા,
હણ જો દેવને ચઢે બાધરીયા બોકેડા,
હણ જો માતાને ચઢે તળ્યા વળ્યાના ભોગોએં,
હણ જો દેવને વળાવુ ભોળા ગોધરા શહેરેં,
હણ જો માતાને વળાવુ હીમાળે ડુંગરેં.
એંડા.... એ.... એ.... એંડા.

### હેડી

હણ દિવાળી દશરા હેના દાડા આયા, જો મંદવાને સમણા મેલે.
હણ ધીંગણ ઘરે હારે મારે, ધરતી જો કાસબ ઘરે બાળાને.
હણ કાસબ ઘરે હારે તારા બાણે, જો મંદવા ઘર મૈયારીને.
હણ મંદવા ઘરે હારે મૈયારી, જો દેવે ઘરે લીલોને.
હણ દેવે ઘરે હારે મારે લીલો, જો મંદવા ઘર મૈયારીને.
હણ દેવે ઘરે હારે મરઘો બોલે, જો વાણુલાતોં વાયાને.
હણ સૂરજ ઊગ્યો સુરા ડોંગેરે, જો પતીયા પાને લાગ્યાને.
હણ ઊઠો વહુઓ હારે મારે આજે, જો વવારીનો રથેને.
હણ ધોળી કહું શું હારે ધમારોળી, જો વાછરું ચુકાવેને.
હણ હાથમાં લેવે હારે સાસર છેલો, જો વાછરું ચુકાવેને.
હણ ભાટીવાળા હેના પામણાં, જો સાસરીના લોકેને.
હણ આમા સામા હારે ઢોલ્યા ઢાળે, હુકલીયાની મનવારેને.
હણ પીતોળી હુકા હારે મારે લેવે, જો હુકલીયાની મનવારેને.
હણ જાંબુ દાતણ હારે મારે ભાગે, જો પામેણા ઉઠાડેને.
હણ નાનુ કહું શું હારે નાનુ બેના, જો ગેવારીયો તો ગેરેને.
હણ ગેવરીયોનો હારે મારે ગેર્યો, જો કરડો કંચારેને.
હણ હાથમાં લેવે હારે રુપા ઝારી, જો પામેણાં ઉઠાડેને.
હણ આગળ ચાલે હારે પામેણાં, જો પાછળ રામેસીગ્યોને.
હણ જીમણીયાનો હારે જીમી ચુક્યા, જો કરડો કંચારેને.
હણ રામેસીંગ્યો હારે માનેસીંગ્યો, જો હાડા જોડે કરેને.
હણ મોટા વીરા હારે તને કહું છું, જો ધણ માં તો જાવોને.
હણ એવા એવા હારે તારા ધણે, જો મને નઈએ માનેને.
હણ નાનુ કહું શું હારે નાનુ બેના, જો બફોર્યા તો લાડુને.
હણ ફૂલે ફાળીયા હારે લાડુ બાંધે, જો બફોર્યા લાડુને.
હણ રામસીંગ્યો હારે રીહનો ઝોંજાળ, જો પડાળમાંથી ખેચેને.
હણ ગુંજેગુંજા હારે ગાતર ભીડે, જો લાલે ગોવાળ્યોને.
હણ સાટે સરીયા હેનો તરગો લેવે, જો લાલે ગોવાળ્યોને.
હણ જીવતો આવુ હારે જગ માંડુ, જો મુવો નામે કરુને.



હણ રામા રામી હારે ગોવાળ્યો ભજે, જો છેલ્લી રામા રામીને.
હણ ધુગરીયાળો તારો ઝાંપો, જો સાંકળીયાળા વેઢેને.
હણ સાંકળીયાળા હારે તારા ઝાંપા, જો ટૂંકીયાળી વાધેણેને.
હણ તઈયા ધાનો હારે મારે જાવે, જો ગામોનેનો ગોંદરેને.
હણ સામા મળે હારે કાઠી ભારા, જો શુકન મારા હુવાને.
હણ સામા મળે હારે ઘીના ધડવા, જો શુકન મારા હુવાને.
હણ ડાળી બોલે કાળી કાગે, જો જમણી રૂપા રેલેને.
હણ કાબરો કહું શું હારે મારે આજે, જો નાડે ધંધોળેને.
હણ તઈયા ધાનો હારે મારે જાવે, જો લાખીએ પીપરેને.
હણ તમોને સારુ આંકલીયાળો સારો, જો પરનાળે તો પાણીને.
હણ તઈયા ધાનો હારે મારે જાવે, જો દાદુર તણે વગડેને.
હણ રેલાઈ રેલાઈ હારે ધાનો સરે, જો હેની રેલોમાને.
હણ ધોળી કહું શું હારે ધમારોળી, જો પાછો ગમરો રાળેને.
હણ તને મારે હારે સોરાળ્યા ચોરે, જો પાછી ગમરો રાળેને.
હણ તઈયા ધાનો હારે મારે, જાવે જો હેની માવડીયેને.
હણ ફૂલે ફાલીયા હારે લાડુ છેડે, જો હેની મવડીયેને.
હણ ખરી બપોરે હારે માજમ વેળા, જો બપોર્યાનો લાડુને.
હણ એંકે કોળે હારે દુજે કોળે, જો ઢેડીયા આવી લોમ્યાને.
હણ પડ્યો પડ્યો હારે બૂમ્યો રાળે, જો મૈયારી બોલાવેને.
હણ ઉતર દિશા હેનો વાવલ વાગે, જો કાને દઈને સુણેને.
હણ તઈયા ધાનો હારે મારે ધમકે, જો હેની મવડીયેને.
હણ માતા કહું શું હારે મૈયારી, જો તરસ્યો જીવ જાવેને.
હણ માતા કહું શું હારે મૈયારી, જો ઝરી પાનો મેલેને.
હણ પડ્યો પડ્યો હારે દૂધ પીવે, જો દૂધે જેના પીવેને
હણ પડ્યો પડ્યો હારે કાબન રાળે, જો લોહીયાળી તો કરેને,
હણ તઈથી મૈયા (ગાય)હારે મારે આવે, જો ગામોને તો ગોંદરેને.
હણ નાનુ કહું શું હારે નાનુ બેનાં, જો રૂપા દોણા દોવેને.
હણ તને મારે હારે વનનો વાંધે, જો વીરો ક્યાં ગુમાયોને.
હણ બારસે બાર હારે સંધે ચડ્યા, જો વારે ચંધાયાને.

હણ આગળ ચાલે હારે મૈયારી, જો પાછળ હેની વારેને.
હણ તઈથી લાશે હારે મારે લેવે, જો ગાંગીયે મસાણેને.
હણ ચંદન ચંદન હારે કાઠી વેણે, જો રોળી ચંચાડેને.
હણ સોના વરણી હોર તારી ઝાળે, જો રૂપા ધોવાડોને.
હણ જેને ગાયા હારે ગવરાયા, જો તેનો વૈકુંઠ વાસેને.
હણ નઈએ ગાયા હારે નઈએ સુણ્યા, એનો ભોરેંગી અવતારેને.

*



# લોકનામો અને લોકકહેવતો

**– ડૉ. જશવંત વી. જીવરાજાની**

લોકરચિત અને લોકકલ્પિત નામોને લોકનામો કહી શકાય. તે લોકોએ જ પાડેલાં હોવાથી ‘હુલામણા નામ’ પણ ગણી શકાય. લોકનામનો સર્જક વ્યક્તિ નથી, પરંતુ સમષ્ટિ છે. સમાજમાં આવા સર્જકો અજ્ઞાત રૂપે વિલસે છે. જેમ લોકગીતનો કર્તા અજ્ઞાત હોય છે, તેમ લોકનામનો કર્તા પણ સમાજમાં અંધારપછેડો ઓઢીને સૂતો હોય છે. પરિણામે લોકનામ પાડનાર કોણ હશે ? તે કોઈ જાણતું નથી.

લોકનામનું સર્જન કોઈ વિશિષ્ટ પ્રસંગે જ થાય છે. ગામને ખૂણે બેસીને લોકનામ પાડી શકાય નહીં, અને તેમ કરીએ તો એ લોકસ્વીકૃતિ પામે જ નહીં. વળી લોકનામની ખૂબી એ છે કે તેના સર્જન વેળાએ સર્વના મનમાં એ જ નામ રમતું હોય, પછી જ તે શબ્દનો એકના મુખે આવિષ્કાર થાય અને સર્વ જનો તેને મંજૂરીની મહોર મારે.

લોકનામો એ શબ્દકોશ બહારની સૃષ્ટિ છે. તેથી લોકસાહિત્ય સિવાય એવા શબ્દોને સ્થાન મળતું નથી. તેમ છતાં લોકજીવનમાં લોકનામોનું મહત્ત્વ ઓછું ન આંકવું જોઈએ. જેમ કે જેતપુરના ઘોડાગાડીવાળાને ‘મધ્ય ચોક’માં લઈ જવાનું કહેશો, તો કંઈ નહીં સમજે. પરંતુ ‘ઇસ્ટાંડે’ લઈ જવાનું કહેશો તો તુરત

જ સમજી જશે. તેને 'સ્ટેન્ડ' શબ્દ પણ અપરિચિત લાગશે, માટે પ્રચલિત શબ્દથી જ કાર્ય સાધી શકાય છે.

લોકનામો કંઠોપકંઠ અને કર્ણોપકર્ણ પ્રચાર-પ્રસાર પામે છે કારણ છે લોકસાહિત્યનો જ એ એક ભાગ છે. લોકજીવન લોકતત્ત્વથી સભર રહે જ, અને લોકનામો લોકતત્ત્વના નિદર્શક છે. તેથી રાજકોટને રાજાણું, જેતપુરને જેતાણું, ભાવનગરને ભાવેણું અને જૂનાગઢને જૂનાણું શબ્દોથી લોકો સંબોધે છે. આવાં નામો પોસ્ટ અને રેલવેને ચોપડે નથી, છતાં પોસ્ટમૅન અને સ્ટેશન માસ્તર આવાં નામોથી ટેવાઈ જાય છે.

લોકનામો શા માટે લોકો પ્રયોજે છે ? તેનો પ્રત્યુત્તર આ રીતે આપી શકાય. જ્યારે લોકોને અંગ્રેજી નામ કે ગુજરાતી નામ જીભે ચડાવવું મુશ્કેલ લાગે, ત્યારે પોતાની કલ્પનાથી લોકો નામ પાડી દે છે. અને એ શબ્દસંકેતો વખત જતાં રૂઢ થઈ લોકનામ બની જાય છે. જેમ કે 'મોટરકાર' શબ્દ બોલવો અઘરો પડે છે. એટલે લોકજીવનમાં તેને 'ભૂંકણગાડી' નામાભિધાન મળ્યું. હેલીકૉપ્ટરને અધ્ધરિયું, પંખાને ફરફરિયું અને ફ્લેગ સ્ટેશનને 'પાટિયું' શબ્દથી લોકો ઓળખે છે. એ જ રીતે ખેતરો, નદી, પર્વતોનાં નામો પણ લોકો પોતાની રીતે જ પાડી દે. જે ખેતરમાં ખીજડાનું વૃક્ષ હોય, તેને ખીજડિયું ખેતર નામ આપી દે, અને સરકારી ચોપડે પણ આવું નામ જ રાખવું પડે. ભદ્રાવતીને ભાદર બનાવનાર આ લોકો જ છે, અને હિમાલયને હેમાળો કહેનાર પણ જનતા જનાર્દન જ છે.

લોકનામો ધરાવનાર લોકદેવતાઓ કેવી રીતે સર્જાય છે ? રૂખડિયા હનુમાન પાસે વૃક્ષ હોવાનું જ. લીંબડિયા હનુમાન લીમડાના ઝાડ નીચે જ બિરાજતા હોય.

મોરબીના ઘંટીવાળાએ હડતાલ પાડી. એક સેવાભાવી કાર્યકરે ગામથી દૂર ઑઈલ એંજિન મુકાવી ઘંટી શરૂ કરવાનું આયોજન કર્યું. લોકો અનાજ દળાવવા ભેળાં થયાં. પરંતુ એંજિન ઊપડે નહીં. એન્જિનિયરોએ હાથ ધોઈ નાંખ્યા. એવામાં ઓચિંતા એક મોટો પથ્થર દૂરથી આવ્યો. તે એન્જિનને અથડાયો અને એન્જિન ચાલુ થઈ ગયું. લોકોએ ચમત્કાર જોયો, કે આ પથ્થરમાં રહસ્ય છે. નહીંતર આપણે ભૂખ્યા રહેવું પડત. તેથી તે પથ્થરને સિંદૂર ચડાવી હનુમાન તરીકે સ્થાપ્યા. શ્રીફળ વધેરાયાં. દેરી ચણાવી. અને નામ પાડ્યું ''ઘંટીલા હનુમાન''.

ઉપર્યુક્ત સત્ય ઘટના સૂચવે છે કે લોકદેવતા અને લોકનામોના સર્જન પાછળ કોઈ હેતુ અવશ્ય રહેલો હોય જ. આમ, લોકનામના આગમન પાછળ લોકેષણા, લોકેચ્છા, લોકરુચિ કામ કરે છે.



લોકજીવનમાં પ્રચલિત રહેલી લગભગ દરેક કહેવતમાં કંઈક રહસ્ય તો હોય જ. મેં અહીં જ્યોતિષની દૃષ્ટિએ કહેવતોમાં શું રહસ્ય છુપાયેલું છે ? તે શોધવાનો ઉપક્રમ રાખ્યો છે. જેમ કે – **''એ વાતમાં 'મીન-મેખ' નહીં.''** આ કહેવત જ્યોતિષશાસ્ત્રની મીન (દચઝથ) અને મેષ (અલઈ) રાશિઓના નામ ઉપરથી પડી છે. મેષનું અપભ્રંશ 'મેખ' થયું છે. મીન રાશિનો ક્રમાંક - ૧૨ છે. મેષ રાશિનો ક્રમાંક : ૧ : છે. તેથી ૧૨ નો ૧ ન થઈ જાય ! એટલે કે (બાર મહિનાનું) 'વર્ષ' બોલવાને બદલે 'માસ' ન બોલાઈ જાય, તેવી સંકેતાત્મક વાત અહીં ગુપ્ત રીતે કહેવાઈ છે. ટૂંકમાં, મીન-મેખ નહીં; એટલે મીન રાશિ અને મેષ રાશિ વચ્ચે જે લાંબો તફાવત (બાર માસ જેટલો) છે, તેવી લાંબી-ટૂંકી વાત નહીં થઈ જાય ! અર્થાત્ ચોક્કસ સમય નિર્દેશ કરવામાં આવે છે. આ સમયે હું હાજર રહીશ જ. તેમાં મીન-મેખ નહીં !' અર્થાત્ તેમ કરવામાં કંઈ બાર મહિના જેટલો તફાવત નહીં રાખું !

બીજી એક કહેવત છે – **'તેને ને મારે બારમો ચંદરમા છે !'** આ કહેવતનું મૂળ જ્યોતિષશાસ્ત્રમાં પડ્યું છે. જ્યોતિષની દૃષ્ટિએ 'બારમો ચંદ્ર' કુંડલીમાં અશુભ ગણાય છે. જન્મ રાશિ જે હોય, તે રાશિમાં ચંદ્ર પડ્યો હોય છે. દા.ત. 'દલસુખભાઈ'ની મીન રાશિ થઈ. મીન રાશિ ૧૨મી છે. ૧૨મી રાશિમાં ચંદ્ર પડ્યો હોય, અને દલસુખભાઈના જન્મ વખતે મેષ રાશિ પૂર્વમાં ઉદિત થતી હોય, તો તેમની જન્મ કુંડલીમાં મેષ લગ્ન' આવે; અર્થાત્ પ્રથમ ભુવનમાં (તનુ ભાવે) મેષ રાશિ (૧) આવે. હવે 'અમૃતલાલ' નામના માણસની મેષ રાશિ થઈ. તેથી 'અમૃતલાલ' અને દલસુખભાઈને ન બને ! કારણ કે, બન્નેની રાશિ જુદી છે, એક નંબરની મેષ રાશિથી, દલસુખભાઈની બારમી રાશિમાં ચંદ્ર પડ્યો છે. 'અમૃતલાલ'ને પહેલી રાશિમાં ચંદ્ર પડ્યો છે. જ્યારે દલસુખભાઈને બારમે ચંદ્ર છે. તેથી અશુભ ચંદ્ર ગણાય ! આમ, બારમો ચંદ્ર વ્યય સ્થાને, અશુભ સ્થાને પડ્યો હોય ત્યારે 'મનોનાશ' થાય છે. મનમેળ રહેતો નથી. તેથી આ કહેવત ખૂબ જ અનુરૂપ અર્થ સારે છે, તેમ કહી શકાય.

એક ત્રીજી કહેવત – **''મગશિર વાયુ ના વાયા, રોણ્ય તપે નૈ જેઠ,**
**ગોરી વિણે કાંકરા, ખડી ખીજડા હેઠ્ય.''**

અર્થાત્ રોહિણી નક્ષત્ર તપે નહીં, અને મૃગશીર્ષ નક્ષત્રમાં પવન વાય નહીં, તો વરસાદના અભાવે ખેડૂત-પત્નીએ ખીજડા નીચે બેસી, અનાજને બદલે કાંકરા વીણવા પડે ! (રોહિણી નક્ષત્ર ૨૫મી મેથી બેસે છે. જ્યારે મૃગશીર્ષ નક્ષત્ર

૭મી જૂનથી બેસે.)

**'રોણ્ય ગાજે, તો બોંતેરું છાજે'**
**'રોણ્ય ચૂવા, તો બળદિયા મૂવા'**

અર્થાત્ રોહિણી નક્ષત્ર ગાજે તો બહોંતેર બાજુથી છાયા મળે, તેટલી વનસ્પતિ થાય, પરંતુ જો રોહિણી ચૂક્યા, તો તો બળદિયા પણ મરી જાય, તેવો દુર્ભિક્ષ પડે !

**'આર્દ્રાના વા, જવાય તેટલે જા'**

અર્થાત્ આર્દ્રા જો વરસે નહીં અને પવન જ વાયા કરે, તો હે માનવી, તું રોજી-રોટી કમાવા માટે જેટલા દૂર જઈ શકાય, તેટલા દૂર-પરદેશ જતો રહેજે.

**'જો વરસે આર્દ્રા તો, બારે માસ પાધરા'**

અર્થાત્ આર્દ્રા નક્ષત્રથી વર્ષારંભ થાય, તો બારેય માસ સુખથી પસાર થઈ શકે.

**''જો વરસે સ્વાંત, તો થંભી જાય તાંત''**

અર્થાત્ જો સ્વાતિ નક્ષત્ર વરસે તો કપાસ અલ્પ પ્રમાણમાં થાય, પરિણામે પીંજારાની તાંત થંભી જાય ! (-પરંતુ ઘઉં અને ચણા સારા પાકે.)

**''ઘેલી શિતળા ને પિયુ પાતળા !''**

અર્થાત્ ચિત્રા નક્ષત્ર તો ઘેલું છે. વરસે એટલે એલી પડે ! પછી પિયુએ શા માટે પાતળા રહેવું જોઈએ ?

**''વખ ને પખ બેઉ ભાઈલા !''**

અર્થાત્ વસુ = પુનર્વસુ અને પુષ્ય બેઉ નક્ષત્ર ભાઈબંધ છે. જો બન્ને વરસે તો વરસે, અથવા કોરા જાય ! એક વરસે, તો બીજું પણ વરસે અને એક કોરું જાય, તો બીજું પણ કોરું જાય; તેથી ભાઈબંધ કહ્યાં છે.

**''જો વરસે હાથિયો, તો મોતીએ પૂરો સાથિયો !''**

અર્થાત્ હસ્ત નક્ષત્રમાં વર્ષા શરૂ થાય તો આનંદ મંગળ વરતાવો; સાથિયા મોતીના પૂરો, કારણ કે અનાજ ખૂબ જ પાકશે.

**''પખમાં બાજરી, ને પૂરવામાં તલ,**
**સંવાતમાં જારૄય, ને હાથિયે ભલ.''**

અર્થાત્ પુષ્ય નક્ષત્રમાં બાજરો વાવવો, પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં તલ વાવવા, સ્વાતિમાં જુવાર વાવવી અને હસ્તમાં ભાજી લાવવી જોઈએ.



# સ્વાતંત્ર્ય ચળવળ અને સમાજોત્થાનમાં સંતોનું યોગદાન

– ડૉ. એસ.વી. જાની

સૌરાષ્ટ્ર પ્રદેશની વિશેષતા દર્શાવતાં કહેવાયું છે કે –

**'સૌરાષ્ટ્ર દેશ સોહામણો, ચંગા નર ને નાર**
**જાણે સ્વર્ગથી ઊતર્યો, દેવદેવી અણસાર'**

તો કવિ લલિતે સૌરાષ્ટ્રવાસીઓની લાક્ષણિકતા વર્ણવતાં કહ્યું છે કે –

**'અમે તો કાઠિયાવાડી, સરલ સૌરાષ્ટ્રવાસી**
**રેલી કસુંબલ રંગ નયને, ચેતના જ જગાવીએ.'**

સૌરાષ્ટ્રનો પ્રદેશ પ્રાચીનકાળથી સંત અને શૂરાઓની ભૂમિ તરીકે પ્રસિદ્ધ રહ્યો છે. સૌરાષ્ટ્ર તો સંતોનું પિયર ગણાય છે. સૌરાષ્ટ્રમાં સંતો અને તેમનાં સ્થાનકો પથરાયેલાં પડ્યાં છે. અહીં અનેક ધર્મ અને જાતિઓનો સાંસ્કૃતિક સમન્વય થયેલો છે અને એમાંથી લોકજીવનના સંસ્કાર ઘડાયા છે. અહીંનું લોકજીવન એ સારગ્રહી હતું એટલે લોકો પોતાના જીવનને અનુરૂપ સાર તેમાંથી તારવી લેતા હતા.[૧]

સૌરાષ્ટ્રના લોકજીવનનું ઘડતર કરવામાં સંતોનું પ્રદાન અત્યંત મહત્ત્વનું રહ્યું હતું. તેમણે સૌરાષ્ટ્રની વિવિધ પ્રજાઓની વચ્ચે ભાવાત્મક એકતા સ્થાપી

સૌરાષ્ટ્ર પ્રદેશને સમાન સંસ્કૃતિ ધરાવતો સમરસ પ્રદેશ બનાવી દીધો હતો.

બ્રહ્માનંદ સ્વામીએ સંતનાં લક્ષણો જણાવતાં કહેલું કે –

**ઐસે સંત વચ્ચે જંગમાં હી ફરે,**
**નહિ ચાહતહ રામકુજી,**
**સદા શીલ સંતોષ રહે ઘટ ભીતર,**
**કૈદ કિયે ક્રોધ કામકુજી,**
**અરૂ જીભહુંસે કબૌ જૂઠ ન ભાખત,**
**ગાંઠ ન રાખત દામકુજી,**
**બ્રહ્માનંદ કહે સચ બારતા કુ,**
**ઐસે સંત મિલાવત રામકુજી.**[૨]

સૌરાષ્ટ્રમાં માનવસેવા એ જ પ્રભુસેવા છે એમ માનનારા સંતોનું પ્રાબલ્ય હતું. ભજન અને ભોજનના માધ્યમ દ્વારા સેવા કરી સમાજોત્થાનની એક નવી પદ્ધતિ તેમણે શોધી હતી. એ રીતે તેમણે સૌરાષ્ટ્રના સમાજમાં સાંસ્કૃતિક સમન્વય સાધવાનો એક મહત્ત્વનો પ્રયાસ કર્યો હતો. આ સંતોએ સ્થાપેલાં સ્થાનકોને માનવીય તીર્થો કહી શકાય. તે સૌરાષ્ટ્રનાં તથા ભારતીય સંસ્કૃતિનાં ગૌરવ સમાન છે.

મધ્યયુગમાં જ્યારે વિલાસ, લોલુપતા, દુરાચાર, અધર્મ, ઊંચ-નીચના ભેદભાવ અને સ્વાર્થપરાયણતાનું ઝેર રાષ્ટ્રના અંગેઅંગમાં પ્રસરી ગયું હતું, ત્યારે આ સંતોએ જ ભારતીય સંસ્કૃતિના ગૌરવને જાળથી રાખવાનું પરમ પુનિત કાર્ય કર્યું હતું.[૩] સૌરાષ્ટ્રમાં સંતોની જે હારમાળા પ્રગટી એની એક વિશેષતા એ હતી કે તેમાંના ઘણા આહિર, રબારી, કોળી, કણબી, હરિજન, ચમાર, લુહાર જેવા સમાજના નીચલા થરમાંથી આવતા હતા. તેમાંથી કેટલાકે અન્નક્ષેત્રો ખોલ્યાં હતાં. તેમાં નાતજાતના ભેદભાવ વિના સર્વેને એક પંગતે ભોજન કરાવતા હતા. આમ તત્કાલીન અસ્પૃશ્યતાની પરંપરાને પરિવર્તન દ્વારા ધીમી ગતિએ પણ નાબૂદ કરવાની દિશામાં તેમણે પહેલ કરી હતી. ભજન અને ભોજનના માધ્યમથી તેઓ માર્મિક ઉપદેશ આપી સમાજમાં વ્યાપેલી બદીઓ ઉપર પ્રહાર કરી સમાજોત્થાન કરવા પ્રયત્નશીલ રહ્યા હતા. ભક્તિ આંદોલનના મહત્ત્વના સાધક એવા કબીરના નીચેના સિદ્ધાંતની આ સંતો ઉપર અસર થઈ હતી.

**'કબીર કહે કમાલકુ, દો બાતાં શીખલે,**
**કર સાહેબકી બંદગી, ઔર ભૂખ્યોં કો અન્ન દે'.**



કબીરની જેમ જ સંત તુલસીદાસના એ ઉપદેશને તેમણે સ્વીકાર્યો હતો કે –

**દેનેકો ટુકડા ભલા, ઔર લેને કો હરિનામ.**[૪]

તો વીરપુરના ભક્ત જલારામ પણ ''રોટી મેં રામ'' અને ''ભોજનમાં ભગવાન'' સૂત્રમાં માનતા હતા. આમ અન્નક્ષેત્રોના માધ્યમથી સંતોએ સમાજમાં ભાવાત્મક એકતા લાવવામાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. આ અન્નક્ષેત્રોમાં કાઠી, કણબી, કોળી, બ્રાહ્મણ, વાણિયા, લોહાણા, હરિજન, સુથાર, લુહાર, કુંભાર, મુસલમાન, ઈસાઈ વગેરે જેવી બધી કોમોના લોકો એકસાથે એક પંગતમાં બેસી કોઈ ભેદભાવ વિના જમે છે. આમ આ ધર્મસ્થળો ખરેખર તો ધર્મનિરપેક્ષતાનાં આદર્શ પ્રતીકો બન્યાં છે. આજે જ્યારે સમાજમાં કોમકોમ વચ્ચે સંઘર્ષ થઈ રહ્યા છે, પરસ્પર અવિશ્વાસનું વાતાવરણ ફેલાઈ ગયું છે, રાષ્ટ્રની એકતા ભયમાં મુકાઈ ગઈ છે, ત્યારે આ ધર્મસ્થળો અને તેના સંતોએ સમાજમાં ભાવાત્મક એકતા લાવવામાં આપેલ યોગદાન અનુકરણીય છે.[૫] તત્કાલીન સામાજિક પરિસ્થિતિની પાર્શ્વભૂમિમાં સંતોના આ કાર્યને ક્રાંતિકારી સુધારા ગણાવી શકાય.

સૌરાષ્ટ્રમાં અનેક સંતો થયા તેમાંથી કેટલાક મહત્ત્વના આ પ્રમાણે ગણાવી શકાય - નરસિંહ મહેતા, ભોજલરામ, જલારામ, દાસી જીવણ, મૂળદાસ, સહજાનંદ, દયાનંદ, પ્રાણનાથ, વાલમરામ, મીઠો ઢાઢી, આણદા બાવા, ભાણ, રવિ, ભીમ, ત્રિકમ, મોરાર, ગંગા સતી, નિરલબાઈ, લીરીબાઈ, લોયણ, મહમદશા, જાદરાબાપુ, દાનાબાપુ, ગીગાબાપુ, વિસામણ બાપુ વગેરે.

સૌરાષ્ટ્રનું મધ્યકાલીન સમાજજીવન લડાઈઓ, ધાડ, રક્તપાત વગેરેથી વિકટ બની ગયું હતું. તેથી લોકો ધર્મ દ્વારા શાંતિ મેળવવા માટે તે તરફ સહેલાઈથી વળ્યા હતા.[૬]

સૌરાષ્ટ્રના સંતોએ સમાજોત્થાન માટે જે મહત્ત્વનાં કાર્યો કર્યાં હતાં, તે હતાં - (૧) ગૌસેવા (૨) માંદાઓની સારવાર (૩) અન્નદાન (૪) પ્રકૃતિના કોપ સમાન દુકાળ, પૂર કે ભૂકંપ સમયે માનવ તથા પશુ રાહતનાં કાર્યો, (૫) વહેમો-અંધશ્રદ્ધાની નાબૂદી, વ્યસનોમાંથી મુક્તિ વગેરે. આ સંતો દ્વારા સમાજસુધારાના પ્રયત્નો કરાયા હતા. એ રીતે તેમને ક્રાંતિકારી સમાજસુધારકો કહી શકાય.

સત્તરમી સદીમાં જામનગરમાં દીવાનપદે રહી ચૂકેલા મિહિરરાજ કેશવ ઠક્કર પછીથી સંત પ્રાણનાથ (૧૬૧૯-૧૬૯૫) તરીકે પ્રસિદ્ધ થયા છે. ગુરુ

દેવચંદ્રજીએ સ્થાપેલ નિજાનંદ (પ્રણામી) સંપ્રદાયના તેઓ મુખ્ય પ્રવર્ધક હતા. સામાજિક ક્ષેત્રે તેમણે ઊંચ-નીચના, જાતિ-પાંતિના, સ્ત્રી-પુરુષના કે હિંદુ-મુસ્લિમના ભેદ નાબૂદ કરીને દરેકને સમાન ગણી નિજાનંદ સંપ્રદાયમાં પ્રવેશ આપ્યો. આમ તેમણે જાતિભેદ નાબૂદ કરી દલિતો પ્રત્યે સમદૃષ્ટિ દાખવી હતી. તેમણે કહેલું કે—

**'જાત એક ખસમકી, ઔર ન કોઈ જાત;**
**એક ખસમ એક દુનિયા, ઔર ઉડ ગઈ દૂજી બાત.'**[૭]

હિંદુ અને મુસલમાનો વચ્ચે ઐક્ય સ્થાપવા તેમણે દૃષ્ટાંતો આપી કહેલું કે –

**જો કુછ કહા કતેબને, સોઈ કહ્યા વેદ;**
**દોઉ બંદે એક સાહેબકે, પર લડત બિના પાયે ભેદ.**[૮]

આમ હિંદુ ધર્મ અને ઈસ્લામ ધર્મ વચ્ચે સમાનતા દર્શાવી તેમણે એ બંને ધર્મો વચ્ચે સામંજસ્ય સ્થાપવા પ્રયત્ન કર્યો હતો. તેથી જ તેમના પરમ શિષ્ય બુંદેલખંડના શાસક છત્રસાલની રાજધાની પન્નામાં પ્રણામી મંદિરમાં તેમણે દીવાલોની એક બાજુ તારતમ મંત્ર અને બીજી બાજુ ઈસ્લામના કલમા લખાવ્યા હતા. આમ તેમણે હિંદુ-મુસ્લિમ વચ્ચે ભેદભાવ-વેરભાવ દૂર કરવા પ્રયત્ન કર્યા હતા. સમન્વયવાદી વિચારોનો તેમણે પયગામ (સંદેશ) આપ્યો હોવાથી તેમને તત્કાલીન ભારતના 'પયગંબર' કહેવામાં આવે છે.[૯]

અઢારમી સદીમાં ગોંડલ પાસેના ઘોઘાવદરમાં જન્મેલા જીવણભાઈ જગાભાઈ દાફડા ઉર્ફે દાસી જીવન (૧૭૫૦-૧૮૨૫) એક દલિત સંત અને સુધારક થયા. તેમણે તત્કાલીન સમાજમાં પ્રવર્તતા અંધવિશ્વાસ, દંભ, પાખંડ, વહેમો, ધર્માંધતા, સામાજિક અસમાનતા તથા બાહ્યાચાર નાબૂદ કરવા ભજનના માધ્યમથી પ્રયાસ કર્યા હતા. તેમણે સમાજમાં સંવાદિતા અને સમરસતા સ્થાપવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું હતું. સૌરાષ્ટ્રના પ્રેમલક્ષણા ભક્તિમાં આ સંત તરબોળ હતા. ઉપરાંત તત્કાલીન સમાજનાં દૂષણોને પોતાની ભજનવાણી મારફત દૂર કરી સમાજનું ઉત્થાન કરવાનો પ્રયાસ કરનારા તે એક મહત્ત્વના સમાજસુધારક હતા.[૧૦]

જેતપુર પાસેના દેવકીગાલોળ નામના ગામમાં ઈ.સ. ૧૭૮૫માં ભોજલરામ જન્મ્યા હતા. તેઓ ભોજા ભગતના નામથી જાણીતા હતા. તેઓ નિરક્ષર હતા પરંતુ સંતોના સહવાસથી તેમને વિશિષ્ટ જ્ઞાન મળ્યું હતું. ધીમે ધીમે તેમનાં કાર્યોથી તેમની એક પૂજ્ય સંત તરીકેની સુવાસ સૌરાષ્ટ્રભરમાં પ્રસરી



ગઈ.[૧૧] ભોજો ભગત અખાની જેમ દંભ અને પાખંડના વિરોધી અને આખાબોલો અને સાચાબોલો હતો. તેથી તેમનાં પદો 'ચાબખા' તરીકે ઓળખાય છે. પોતાની વાણીથી તેમણે ખોટા લોકો ઉપર કોરડા વીંઝ્યા તેથી તે 'ચાબખા' ગણાય છે. આ ચાબખાની વાણી વહાલી માતાની લપડાક જેવી છે, જે વાગે છે પણ વેદના થતી નથી.[૧૨] ઢોંગી બાવાઓને ઉઘાડા પાડતાં તેમણે રચના કરેલી કે –

**દુનિયા ભરમાવા ભોળી રે, ચાલ્યો બાવો ભભૂતિ ચોળી રે,**
**દોરા ધાગા ને ચિઠ્ઠી કરે, બાવો આપે ગુણકારી ગોળી રે...**
**ચેલા ચેલીને ભેગા કરી, બાવો ખાય ખીર, ખાંડ ને પોળી રે**
**ભોજો ભગત કહે ભવસાગરમાં બાવે માર્યા બોળી રે.**[૧૩]

આમ તેમણે પાખંડી બાવા-સાધુઓને નિર્ભીક રીતે ખુલ્લા પાડ્યા હતા. જાતિ અને કુળના ભેદભાવ દૂર કરવા તેમણે ઉપદેશ આપ્યો અને સાચો હરિનો જન કે વૈષ્ણવ કોને કહેવાય તે અંગે કહેલું કે –

**હરિજન હોય તેણે હેત ઘણું રાખવું,**
**નિજ નામ ગ્રહીને નિર્માન રહેવું.**[૧૪]

તેમના 'ચાબખા' તેમની હયાતીમાં જ કસ્તૂરીની મહેકની જેમ ચોતરફ ફેલાઈ ગયા હતા.[૧૫] કેટલાક સમીક્ષકોએ ભોજા ભગતને 'ગુજરાતના કબીર' કહ્યા છે. તેમનું કાચબા-કાચબીનું ભજન ગાંધીજીને પણ ગમતું. તેથી તે આશ્રમ ભજનાવલીમાં સમાવાયું હતું. ઉપરાંત 'હાલો કીડીબાઈની જાનમાં' એ ભોજા ભગતની એક વિશિષ્ટ કૃતિ છે. 'પ્રાણિયા ભજી લેને કિરતાર, આ તો સપનું છે સંસાર' ભજન ગાંધીજીના આફ્રિકાના ફિનિક્ષ આશ્રમમાં સામૂહિક રીતે ગવાતું.[૧૬]

આમ ભોજા ભગતે તત્કાલીન વહેમો, રૂઢિઓ, પાખંડો, દંભો, ધર્માંધતા, સંપ્રદાયોની સંકુચિતતા, જડતા, ઢોંગી ગુરુઓની સ્વાર્થલોલુપતા, અંધવિશ્વાસો, સામાજિક અસમાનતા ઉપર પોતાના 'ચાબખાઓ' દ્વારા પ્રહાર કરી સમાજને શુદ્ધ કરી તેના ઉત્થાનના પ્રયત્ન કર્યા હતા. આમ સૌરાષ્ટ્રમાં સમાજસુધારાના ક્ષેત્રે તેમનું પ્રદાન અજોડ ગણાવી શકાય.

પરબવાવડીનું સ્થાનક જુવાન વયે ભેખ લેનાર આહિરાણી અમરબાઈ અને રબારી સંત દેવીદાસે સ્થાપ્યું હતું. ત્યાં કોઢિયા અને રક્તપિત્તિયાની સેવા પ્રેમપૂર્વક કરાતી હતી. આ બંનેને સેવાવ્રતના યોગી ગણાવી શકાય. સેવાની આ બધી જગ્યાની વિશેષતા એ હતી કે તેમણે અપરિગ્રહી બનવાનું હતું. સંગ્રહ,

સંચય કે ગામ ગરાસ તેમણે સ્વીકારવાનાં ન હતાં.[૧૭] ભાણવડની દેવારામની જગ્યામાં પણ માંદાઓની સારવાર નિષ્ઠાપૂર્વક કરવામાં આવે છે.

ઓગણીસમી સદીના પ્રારંભે સ્વામી સહજાનંદે (૧૭૮૧-૧૮૩૦) પ્રણાલિકાગત હિંદુ માળખામાં રહીને પરિવર્તન લાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમનું કાર્યક્ષેત્ર મોટેભાગે સૌરાષ્ટ્રમાં રહ્યું હતું. સૌરાષ્ટ્રમાં તેમણે છોકરીઓને દૂધ પીતી કરવાનો વિરોધ કરી તેને ત્રિહત્યા (સગાની હત્યા, બાળકની હત્યા અને સ્ત્રીની હત્યા) કહી હતી.[૧૮] ઉપરાંત તેમણે સતીની પ્રથા દૂર કરવા પ્રયાસો કર્યા હતા અને લોકોને વહેમો તથા મંત્રતંત્રમાં આસ્થા ન રાખવા ઉપદેશ આપ્યો હતો.[૧૯] મોરબી પાસેના ટંકારામાં જન્મેલા મૂળશંકર ત્રિવેદી ઉર્ફે સ્વામી દયાનંદ સરસ્વતી (૧૮૨૪-૧૮૮૩)એ આર્યસમાજની સ્થાપના કરી તેના મારફત મૂર્તિપૂજા, બાળવિવાહ, સ્ત્રીઓની દયનીય સ્થિતિ, જન્મજાત અસ્પૃશ્યતા વગેરે સમાજના દોષો દૂર કરવા પ્રયત્ન કર્યા.[૨૦] ગુરુકુળો સ્થાપી તેમણે કેળવણી-ખાસ કરીને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યું. હરિદ્વાર અને કાંગડીનાં ગુરુકુળો પ્રખ્યાત છે. સ્ત્રીઓ તેમજ દલિતોની સ્થિતિ સુધારવાના પ્રયાસો કરી તેમણે સમાજોત્થાનમાં મૂલ્યવાન ફાળો આપ્યો છે.[૨૧]

કચ્છમાં પણ સત્તરમી સદીમાં હાટી રાજપૂત સંત મેક(ર)ણે પોતાના મોટાભાઈ[૨૨] જે પતંગશા પીર કહેવાતા તેને ઉદ્દેશીને કહેલું –

**'પીર પીર કુરો કર્યો, નાંય પીરેજી ખાણ,**
**પંચ ઇંદ્રિય વસ કર્યો, (ત)પીર થિંદા જાણ.'**[૨૩]

'કચ્છના કબીર' ગણાતા મેકરણે લાલિયો ગધેડો અને મોતિયો કૂતરો પાળ્યા હતા. કચ્છના રણમાં કોઈ મુસાફર પાણીના અભાવે મરવા ન પામે એવા શુભ હેતુથી તેમણે તેમનો ઉપયોગ કર્યો હતો. પાણી માટે તલસતા મુસાફરો માટે જાણે કે આ પશુઓ 'રણના ફરિસ્તા' બન્યા હતા. આમ તેમનું મુખ્ય ધ્યેય માનવસેવાનું હતું. દલિતો પ્રત્યે જ્યારે ચારે તરફથી તિરસ્કાર દાખવાતો હતો ત્યારે સંત મેકણે ગરવા નામના પોતાના એક દલિત ભક્તને ઈ.સ. ૧૭૩૦માં પોતાના અન્ય દસ શિષ્યો તથા બે પશુઓ સાથે જ સમાધિ લેવા પરવાનગી આપી હતી. તેમણે કહેલું કે –

**'કે કે વલિયું કોરિયું, કે કે વલા વેઢ,**
**વલે કના વલા મુંકે, ઢાઢી બેંઆ ઢેઢ.'**



(કોઈને કોરીઓ તો કોઈને વેઢ વીંટીના દાગીના વહાલા છે, પણ મને તો સૌથી વહાલા એ ઢાઢીઓ અને ઢેઢ છે.) ઉપરાંત કહેલું :

**'પીપરમેં પણ પાણ, નાંય બાવરમેં બ્યો,**
**નિયમ ઉ નારણ, પોય કંઢે મેં કયો ?'**૨૪

સૌરાષ્ટ્રમાં ૧૮મી અને ૧૯મી સદીમાં કેટલાક મુસ્લિમ સંતો પણ થયા. તેમાંથી મહત્ત્વના હતા – લીંબડીના સંત મીઠો ઢાઢી, જૂનાગઢ જિલ્લાના બાલાગામના દાદવો (દાદુ) દાતાર. લીંબડીના ઠાકોર હરભમજીએ મીઠા ભગતને પોતાની પ્રશંસાનાં પદ બનાવવા કહ્યું ત્યારે તેણે તેનો ઇન્કાર કર્યો હતો. ત્યારે રાજાએ તેમને લીંબડીની બહાર ભજન ગાવા ન જવા હુકમ કરેલો. પરંતુ અંતે રાજાએ તેમને સતાવવાનું બંધ કરેલું. મીઠા ભગત અભણ હતા, મુસ્લિમ હતા પરંતુ કૃષ્ણભક્તિમાં લીન હતા. તેમનાં કૃષ્ણભક્તિનાં કાવ્યો સૌરાષ્ટ્રને ગામડે ગામડે પ્રસિદ્ધ છે. રાજાની પ્રશસ્તિ ગાવાનો ઇન્કાર કરવા અંગે સૌરાષ્ટ્રમાં ગવાય છે કે –

**કાંધ રવાજ કરી, ગઢપતિને ગાયો નહિ,**
**ઢાઢી ધ્યાન ધરી જ, મોહન ગાયો મીઠીએ.**

ગરીબ મુસલમાન દાદુ ભગતે કોમ કોમ વચ્ચેની ભેદરેખા કરવા પ્રયાસ કરેલો. તેના કાર્યથી પ્રસન્ન થઈ આસાજી રોહડિયાએ દુહો કહ્યો કે :

**સવરણ કવરણ ન હોય, ભલે કવરણ ઊછર્યો હરણ,**
**કોયલ કસદ ન હોય, ભલે કસદે પાળી દાદવા.**[૨૫]

દાદુ દયાળના શિષ્યોમાં પઠાણવંશના રજ્જબખાનનું સ્થાન મહત્ત્વનું મનાય છે.

સૌરાષ્ટ્રમાં માત્ર પુરુષ સંતો જ નહિ પરંતુ સ્ત્રી સંતોએ પણ સમાજોત્થાનમાં મહત્ત્વનું પ્રદાન કર્યું હતું. તેમાં પણ સૌથી વધુ સ્ત્રી સંતો ચારણ જ્ઞાતિમાં થઈ હતી. આઈ નાગબાઈએ ચારણ જ્ઞાતિમાં સૌ પ્રથમ બીજાં લગ્ન કરી તત્કાલીન સમાજની રૂઢિઓ ભેદી હતી. તેઓ જૂનાગઢના શાસક રા' માંડલિકની સામે મક્કમ આત્મબળ દાખવી ઝઝૂમ્યાં હતાં અને પછીથી એકાત્મતાના ભાવથી હરિજન દંપતીના ગાડામાં બેસીને હેમાળો ગાળવા ગયા હતા. હિમાલયમાં જનાર પાંડવો પછી માત્ર આઈ નાગબાઈનું જ ઉદાહરણ મળે છે.[૨૬] ભાવનગરના રસ્તે આવેલ દેરડી ગામમાં આઈ જાનબાઈએ એ શરતે વાવ બંધાવી હતી કે સમાજના બધા

વર્ગના લોકો કોઈ ભેદભાવ વિના એક સાથે ત્યાંથી પાણી ભરી શકે. સામાજિક સુધારાની દૃષ્ટિએ તત્કાલીન સમાજમાં આ એક ક્રાંતિકારી પગલું હતું. ગિરના સરાકડિયા નેસનાં આઈ સોનબાઈએ લગ્નમંડપમાંથી ઊઠી જઈને લગ્નબંધનો ફગાવી દઈ અંતરાત્માના અવાજ પ્રમાણે પ્રભુભક્તિમાં લીન થઈ ભૂખ્યાં અને દુખિયાની સેવામાં જીવન ગાળ્યું હતું. પીપાભગતનાં પત્ની સીતાબાઈ, નરસિંહ મહેતાનાં પત્ની માણેકબેન, અને જલારામ બાપાનાં પત્ની વીરબાઈ માએ પોતાના સંત પતિને તેમના સેવાકાર્યમાં પૂરતો સહકાર આપ્યો હતો. તેથી તે સંતોનાં કાર્ય દીપી ઊઠ્યાં હતાં.

મોરબીનાં ચમાર જ્ઞાતિનાં સ્ત્રી સંત દાડલદેએ મોરબીના રાજા રણશીને કામમુક્ત કરી ભક્ત બનાવ્યો હતો. વાંટાવદરની આહિરાણી રામબાઈ દુકાળિયા બાળકોને જોઈ દ્રવિત બન્યાં હતાં. તેમણે દુકાળમાં સપડાયેલાં આ બાળકો માટે ઘેર ઘેર ભીખ માગી તેમના માટે વવાણિયામાં અનાથાશ્રમ અને અન્નક્ષેત્રો ખોલ્યાં હતાં. રાજકોટમાં બેડીના નાકે આવેલી નકલંકની જગ્યામાં વાંકાનેર પાસેના લુણાસરિયા ગામની રબારણ રાણીમાએ સાધુ સંતોની સેવા કરવાની શરૂઆત કરી ભૂખ્યાંને અન્નદાન આપવાનું શરૂ કર્યું હતું. પરબવાવડીના રબારી સંત દેવીદાસની સુપ્રસિદ્ધ શિષ્યા આહિરાણી અમરબાઈ રક્તપિત્તિયાની સેવા કરીને અમર થઈ ગયાં. આપાદાનાનાં પ્રથમ શિષ્યા ચલાળાનાં મૂળીબાઈ એમનાં કાર્યોથી મીરાંબાઈ કહેવાયાં.

સૌરાષ્ટ્રમાં સ્ત્રી સંતોની પરંપરામાં ગંગાસતીનું (૧૮૪૩-૧૮૯૪) વિશિષ્ટ સ્થાન છે. તેમણે પોતાની સાથે લગ્ન પછી આવેલી બાળપણની સખી અને સેવિકા પાનબાઈને ઉદ્દેશીને રોજના એક પ્રમાણે બાવન ભજનોની રચના કરી હતી. તેમણે એક ભજનમાં સંગત કોની કરવી તે વિશે જણાવેલું કે –

**નામને રૂપ જેણે મિથ્યા કરી જાણ્યું ને, સદાય ભજનનો આહાર,**
**સંગત્યુ તમે એવાની કરશોને, ત્યારે ઊતરશો ભવ પાર.**

વળી સાચા હરિના જન અંગે તેમણે ભજનમાં કહેલું કે –

**મેરૂ ડગે ને જેનાં મન નો ડગે, મર ને ભાંગી પડે ભરમાંડ રે,**
**વિપદ પડે પણ વણસે નહિ, ઈ તો હરિજનનાં પરમાણ રે.**[૨૭]

તેમની જેમ જ પોરબંદરના બોખીરાના લુહાર જ્ઞાતિનાં સ્ત્રી સંત નિરલબાઈ અને સંત લોયણ તથા ઘેડ બરડાના મેર જ્ઞાતિનાં સ્ત્રીસંત લીરીબાઈએ પણ સમાજમાં સમરસતા લાવવાના પ્રયાસો કર્યા હતા.



સૌરાષ્ટ્રનાં આ સંતોએ અજ્ઞાન અને ધર્મ જડતામાં સબડતી પ્રજાને વ્યવહારુ ધર્મનો ઉપદેશ આપ્યો. તેમના ઉપદેશોનો સાર આ પ્રમાણે હતો –

(૧) નાત-જાત કે ઊંચ-નીચના ભેદભાવ દૂર કરવા
(૨) દોરા, ધાગા વહેમ, અંધશ્રદ્ધા વગેરે દૂર કરવા.
(૩) જીવનમાં સાદગી અને નીતિમત્તાને પ્રાધાન્ય આપવું.
(૪) માનવસેવાને જ પ્રભુસેવા ગણવી વગેરે.

આમ તેમણે સમાજનું સદાચાર અને નીતિમત્તાનું ધોરણ ઊંચું લાવવાના પ્રયત્નો કર્યા હતા. સમાજસેવા દ્વારા તેઓ સમાજનું પુનરુત્થાન કરવા ઉત્સુક હતા. કેટલાક સંતોએ તો પોતાના ભાવિકો પાસેથી દારૂ ન પીવો, માંસાહાર ન કરવો, જુગાર ન રમવો જેવી પ્રતિજ્ઞાઓ લેવડાવી વ્યસનમુક્તિ અભિયાન શરૂ કર્યું હતું. આમ સૈકાઓ સુધી આ સંતો પ્રજાજીવનના નીતિ અને આચારધર્મની આધારશિલા હતા. કોમ, જ્ઞાતિના, ઊંચ-નીચના ભેદો તથા ધર્મના નામે ચાલતા પાખંડોનો પ્રતિકાર આ સંતોએ જોરશોરથી કર્યો ન હોત તો શક્ય છે કે ત્યાર પછીના સમાજસુધારકોનું કાર્ય ઘણું કપરું બની રહેત. તેથી આ સંતોએ સાચા અર્થમાં સમાજ અને સંસ્કૃતિની જાળવણી કરનારા રખેવાળો હતા. આ મધ્યયુગીન સંતોને સંસાર સાગરમાં ભૂલા પડેલા માનવજીવોને સાચો માર્ગ દર્શાવનાર દીવાદાંડી સમાન ગણાવી શકાય.[૨૮]

સૌરાષ્ટ્રના સંતોએ સમાજ ઉત્થાનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તો સૌરાષ્ટ્રના કવિઓ અને સાહિત્યકારોએ પોતાની રચનાઓ દ્વારા સ્વાતંત્ર્ય ચળવળને વેગ આપનાર જોમ અને જુસ્સો પૂરાં પાડી પ્રજાનાં વાહ અને ચાહ મેળવ્યાં હતાં. સ્વતંત્રતા પૂર્વે સૌરાષ્ટ્ર તો ૨૨૨ દેશી રજવાડાંઓનો પ્રદેશ હતો. સામાન્ય રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે ભારતની રાષ્ટ્રીય ચળવળનો ઉદય અને વિકાસ મુખ્યત્વે બ્રિટિશ ભારતમાં જ થયો હતો. પરંતુ આ વિધાન ભૂલભરેલું છે કારણ કે જ્યારે પણ બ્રિટિશ ભારતમાં રાષ્ટ્રીય ચળવળ જોર પકડતી ત્યારે તેની પાડોશમાં આવેલાં દેશી રાજ્યોમાં તેના પડઘા પડ્યા વિના રહેતા નહિ.[૨૯] જોકે એ હકીકતને નજર અંદાજ ન કરી શકાય કે સૌરાષ્ટ્રમાં રાષ્ટ્રીય ચળવળ મોડી શરૂ થઈ હતી અને તેની ગતિ ધીમી હતી. તેનું કારણ એ હતું કે સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યો તો 'પ્રતિક્રિયાવાદના ગઢ' સમાન હતાં અને તે દમામ, શોષણ અને ખટપટની ખાણ સમાન હતાં.[૩૦] આ દેશી રાજ્યો રાષ્ટ્રીય ચળવળને ખફાભરી નજરે નિહાળતાં હતાં અને તેમણે પ્રજાને શાસનમાં ભાગ લેવાનો અધિકાર આપ્યો ન હતો.[૩૧]

### સંદર્ભો


૧. પરમાર, જયમલ અને દવે રાજુલ – સેવા ધરમનાં અમરધામ, અમરેલી, ૧૯૯૦, પૃ. ૭૦-૭૧
૨. 'કલ્યાણ' સંતવાણી અંક, ગીતાપ્રેસ, ગોરખપુર, પૃ. ૪૨૭
૩. પંડિત, દેવેન્દ્ર કા. – સૌરાષ્ટ્રનાં સંતો, અમદાવાદ, ૧૯૬૫, ભૂમિકા, પૃ. ૫
૪. ઠક્કર, કેશવલાલ અંબાલાલ – આધુનિક ગુજરાતનાં સંતો, વડોદરા, ૧૯૬૬, પૃ. ૯૨
૫. જાની, ડૉ. એસ.વી. – ઇતિહાસની આરસીમાં સૌરાષ્ટ્ર, રાજકોટ, ૨૦૦૪, પૃ.૨૯
૬. મેઘાણી, ઝવેરચંદ – સોરઠી સંતો, અમદાવાદ, ૧૯૬૨, પૃ. ૯
૭. પ્રાણનાથ – સનન્ધ, પ્રક.૩૭, ચોપાઈ-૧૭
૮. પ્રાણનાથ – ખુલાસા, પ્રકરણ ૩-૧૨, ચોપાઈ-૪૨.
૯. જાની, ડૉ. એસ.વી.નો લેખ – મહામતિ પ્રાણનાથ પ્રજ્ઞાના ઐતિહાસિક આયામ (અધ્યક્ષીય વ્યાખ્યાન) - પરીખ, પ્રવીણચંદ્ર (સંપા.) - શ્રી પ્રાણનાથ પ્રજ્ઞા ગ્રંથ-૨, જામનગર, ૨૦૦૫, પૃ. ૩૧
૧૦. જાની, ડૉ. એસ.વી. – ઇતિહાસની અનોખી વાતો, રાજકોટ, ૨૦૧૧, પૃ. ૩૪
૧૧. પરીખ, ડૉ. વસંત – અમરવલ્લીનાં સંતપુષ્પો, રાજકોટ, ૧૯૯૪, પૃ. ૯
૧૨. સાવલિયા, મનસુખલાલ – ભોજા ભગતના ચાબખા, રાજકોટ, ૨૦૦૩, પૃ. ૩૬
૧૩. સાવલિયા, મનસુખલાલ – ભક્તિ શૂરવીરની સાચી, રાજકોટ, ૧૯૯૪, પૃ. ૬૨
૧૪. પુરોહિત, ડૉ. નીતા જે. – સૌરાષ્ટ્ર ઇતિહાસ તરંગ, જામનગર, ૨૦૦૯, પૃ. ૨૦
૧૫. જાની, ડૉ. એસ.વી. – સૌરાષ્ટ્રનો ઇતિહાસ, અમદાવાદ, ૨૦૦૩, પૃ. ૪૧૩
૧૬. ગાંધી, પ્રભુદાસ – જીવનનું પરોઢ, પ્રકરણ-૧૫, પૃ. ૧૬૦
૧૭. પંડિત, દેવેન્દ્ર કા. – પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૧૯૮
૧૮. Bhalji, Manilal L. – Swami Sahajanand, Ahmedabad, 1960, p. 32
૧૯. Mashruwala, Kishorlal – Swami Sahajanand, Ahmedabad, 1940, pp. 57-62.





૨૦. આચાર્ય, જાવડેકર – આધુનિક ભારત, પૃ. ૨૨૪
૨૧. Majumdar, R. C. – An Advanced History of India, Calcutta, p. 883
૨૨. કાલિદાસ મહારાજ – સોરઠના સિદ્ધો, અમદાવાદ, ૧૯૬૭, પૃ. ૩૫.
૨૩. મેઘાણી, ઝવેરચંદ – પુરાતન જ્યોત, ભાવનગર, ૧૯૭૬, પૃ. ૧૨૧
૨૪. મેઘાણી, ઝવેરચંદ – સંત મેકરણ, ભાવનગર, ૧૯૮૬, પૃ. ૨૫
૨૫. પરમાર, જયમલ્લ અને દવે, રાજુલ – પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૩૩૨
૨૬. એજન, પૃ. ૭૨
૨૭. જાની, બળવંત – મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા, અમદાવાદ, ૧૯૯૦, પૃ. ૭૫ થી ૮૦.
૨૮. કારાણી, દુલેરાય – કચ્છનાં સંતો અને કવિઓ, સોનગઢ, ૧૯૫૯, પ્રવેશક, પૃ. ૭
૨૮. જાની બળવંત, ગુજરાતી 'સંતસાહિત્યવિમર્શ', અમદાવાદ, ૨૦૧૨, પૃ. ૮૨
૨૯. Handa, R. L. – History of freedom Struggle in Princely States, New Delhi, 1968, p. 2
૩૦. ઢેબર, ઉછરંગરાય – દરબાર ગોપાળદાસ, મુંબઈ, ૧૯૭૪, પૃ. ૬
૩૧. Jaffery, Robin (Edi.) – People, Princes and Paramount Power, o.u.p. New Delhi, 1978, p. 241

# સંત કવયિત્રી અમરબાઈ

ડૉ. તીર્થંકર રોહડિયા

**પ્રસ્તાવના :**

આર્યાવર્તની પરંપરા સંતોને લીધે ઊજળી બની રહી છે, દુનિયામાં કોઈ દેશમાં ન હોય તેવી સંત અને સંત સાહિત્ય પરંપરા ભારતમાં ઊતરી આવી છે. પ્રાચીન કાળથી લઈને અત્યાર સુધી સંતોએ આયુર્વેદ, વિજ્ઞાન, દ્વારા લોકસેવાનાં કાર્યો કરીને લોકોને જનસમાજને પોતાના ઓશિંગણ બનાવ્યા છે.

ગુજરાતના મધ્યકાળ પર નજર નાખતાં અશાંતિ, અરાજકતા, અંધાધૂંધીને સતત પરિભ્રમણમાં પિસાતી પ્રજા દેખાય છે. આ બધા વચ્ચે ખારા રણમાં મીઠી વીરડી સમાન કોઈ રહ્યું હોય તે સંત છે, આ સંતો કવિ પણ ખરા જ હોં ! જૈન હોય કે જૈનેતર સંત તેમણે પ્રભુભજન-ભક્તિ સાથે જનસમાજને ધર્મ અને લોકસેવા દ્વારા શાંતિ આપવાનું કામ કર્યું છે, ધર્મ તરફ વળ્યા છે, સમાજસેવાનું કાર્ય કર્યું છે.

મધ્યકાળમાં ઘણા ખરા સંપ્રદાયનું ઉદ્‌ગમ બિંદુ ગુજરાત બન્યું છે, આમ ગુજરાતના સંતો સાંપ્રદાયિક અને બિનસાંપ્રદાયિક બની રહ્યા હતા, જે સંતો બિનસાંપ્રદાયિક બની રહ્યા, અને ગ્રામ્ય વસ્તીના નીચામાં નીચા પડ સુધી ઊતરેલા ઈશ્વરપ્રેમી સેવાભાવિ ને સામાન્ય સંતોને ''લોક સંત''[૧]નું બિરુદ આપોઆપ મળી જતું.



આજના યુગમાં જે કાર્ય ખ્રિસ્તી સંત મધર ટેરેસાએ કર્યું છે, તેવું કામ અઢી દાયકા પૂર્વે પરબ (જૂનાગઢ)ની જગ્યાના સંત દેવીદાસ બાપુ તેમના શિષ્યા અમરમા તથા અન્ય શિષ્ય શાર્દૂળ ભગતે કર્યું છે, આમ આ સંતો ભજનભક્તિ ને લોકસેવા કરતાં કરતાં કવિ પણ બની ગયા હતા, એવા જ એક લોકસંત અને સંત કવયિત્રી એટલે અમરબાઈ.

**અમરબાઈનું જીવન :**

વિસાવદર તાલુકાના શોભાવડલા ગામમાં આહિર જ્ઞાતિનાં ખોરડાં છે, જે મચ્છોયા શાખામાં આહિર છે, તેમા ડવ અટકના એક આહિર આગેવાનને બે દીકરા અને એક દિકરી હતાં. એ દીકરીનું નામ અમરબાઈ હતું.[૨]

અમરબાઈનાં લગ્ન જેતપુર તાલુકાનાં પીઠડિયા ગામના આહિર આગેવાનના દીકરા રાયધણ સાથે થયાં હતાં. લગ્ન બાદ પિયર આવેલ અમરબાઈને આણું તેડવા તેનાં સાસુ વેલડું જોડીને આવે છે. સવારના શોભાવડલા ગામથી નીકળ્યા એટલે બપોર થયા ત્યાં પરબની જગ્યા પર પહોંચ્યા.

પરબની જગ્યા પ્રાચીન હોવાનું કહેવાય છે, આપણા પ્રાચીન ઋષિ સરભંગ ઋષિ ત્યાં આશ્રમ બનાવી, ધૂણો ધખાવીને રહેતા હતા, ત્યાર બાદ આ જગ્યા પર અનેક સંતો-ઋષિજનો આવ્યા ને ગયા છેલ્લે દાદા મેકરણ કાપડી સુધી આ આવન-જાવન ક્રિયા ચાલી વચ્ચે વચ્ચે આ જગ્યા અચેતન પણ રહેતી.

મુંજિયાસરના દેવા રબારીએ પોતાના ગુરુના આદેશથી પરબની જગ્યા પર આવી આશ્રમ સ્થાયીને જગ્યાને ચેતનવંત બનાવી, ત્યાં રહીને અન્નસેવા અને રક્તપિત્તના રોગીઓની સેવાની આહલેક જગાવેલી. આ કારણે દેવો રબારી દેવીદાસ તરીકે, તથા આ જગ્યા બન્ને આજુ-બાજુના પંથકમાં જાણીતા બની ગયા હતા.

આમ પરબની જગ્યા પર બપોરે પહોંચતાં અમરબાઈનાં સાસુએ બળદને પોરો ખાવાનું તથા માણસોને જમી તથા થોડો આરામ કરવા કહ્યું, અમરબાઈ આવી સરસ વનરાઈ જોઈને આંટા મારવા લાગ્યાં, થોડે આગળ જતાં વૃદ્ધ સ્ત્રીનો પીડાદાયક રવ સંભળાય છે, એ સાંભળી અમરબાઈ ત્યાં જઈ ને જુએ છે. દેવીદાસ બાપુ એક વૃદ્ધ સ્ત્રીના રક્તપિત્તના ઘાવ ધુએ છે, લોહી, પરુને સાફ કરીને પાટાપિંડી સાથે શાબ્દિક આશ્વાસન આપતા નજરે ચડે છે, આ દશ્ય જોઈ અમરબાઈ સ્તબ્ધ થઈ જાય છે, ત્યાં ને ત્યાં જ તેનું હૃદય પરિવર્તન થાય છે. ઘરેણાં વગેરે વસ્તુ તેનાં

સાસુને આપીને ત્યાં જ રોકાઈ જાય છે. દેવીદાસ બાપુ તથા તેનાં સાસુ દ્વારા સમજાવવા છતાં તે એકના બે ન થયાં.

આશ્રમમાં એક નવી વ્યક્તિના આવવાથી દેવીદાસ બાપુ તેને આશ્રમનું કામકાજ સોંપી તેનું નિરીક્ષણ કરતા રહે છે, થોડા દિવસ બાદ દેવીદાસ બાપુ અમરબાઈને પોતાના પટ્ટ (પ્રથમ) શિષ્ય બનાવે છે ત્યારથી તે અમરમા તરીકે, અન્નપૂર્ણાનાં અવતાર તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરે છે. થોડા સમય બાદ ભેંસાણના કાઠી દરબાર શાર્દૂલ ખુમાણને દેવીદાસ બાપુ દીક્ષા આપી શિષ્ય તરીકે સ્વીકારે છે. ગુરુભાઈ-બેન, અમરમા તથા શાર્દૂળ ભગત આશ્રમનું કામકાજ પોતાના પર ઉપાડી લે છે.

અમરમા શરૂ-શરૂમાં આજુબાજુનાં ગામોમાં તથા બાદમાં દૂર-દૂર સુધીનાં ગામોમાં જઈ રામરોટી ઉઘરાવીને આશ્રમમાં રહેલા અભ્યાસગતો તથા આવેલ સાધુજનોને પ્રેમથી જમાડે છે ને સાથે-સાથે રોગીની સેવા પણ કરે છે.

અમરમાના જન્મવિષયક તથા તેમના માતા-પિતાવિષયક કોઈ જ માહિતી મળતી નથી. પરંતુ દેવીદાસ બાપુનો જન્મ ઈ.સ. ૧૭૩૬ ને ચૈત્ર સુદ નોમના[૩] થયો હોવાનું હરસુરભાઈ ગઢવી કથે છે, જ્યારે પરબના સાધુ શ્રી સુતિક્ષણદાસજી દેવીદાસ બાપુનો જન્મ વિ. સં. ૧૭૩૬માં[૪] થયાનું કથે છે. દેવીદાસ બાપુ તથા અમરમા વચ્ચે પિતા-પુત્રીના સ્નેહનો તાંતણો મજબૂત બંધાઈ ગયો હતો જેથી દેવીદાસ બાપુ સમાધ લેવાનું કહે છે, ત્યારે અમરમા ‘‘તમારા વિના હું એકલી થઈ જઈશ’’નું રટણ લઈને તેમની સાથે જ સમાધિ લેવાની જીદ કરે છે. આમ આ ગુરુ-શિષ્યાએ વિ.સં. ૧૮૩૯ અષાઢ સુદ બીજને દિવસે પરબ ખાતે સમાધી લીધી.[૫] હરસુરભાઈ ગઢવીના મતાનુસાર બન્ને ગુરુ-શિષ્યાએ પરબ ખાતે ઈ.સ. ૧૭૮૩ અષાઢ સુદ બીજને દિવસે સમાધિ લીધી,[૬] અહીં બન્ને વ્યક્તિઓ જુદો-જુદો સમય આપે છે, આમ જોઈએ તો હરસુરભાઈ ગઢવીના કથાનાનુસાર જોતાં દેવીદાસ બાપુ ૪૭ વર્ષ જીવ્યા છે, સામે સંત સુતિક્ષણદાસજીના મતાનુસાર દેવીદાસ બાપુ ૧૦૩ વર્ષ જીવ્યા. અહીં હરસુરભાઈની સાલવારીનો છેદ ઊડતો જણાય છે, કેમ કે દેવીદાસ બાપુ લગભગ ૨૫-૩૦ વર્ષની આયુમાં પરબ પધાર્યા ત્યાં આશ્રમ બાંધી રક્તપિત્તના રોગીની સેવા આદરી. તેના કારણે તેઓ શ્રી સુખ્યાત બન્યા જે જોતાં તેમનું આયુષ્ય ૪૭ વર્ષ કલ્પી ના શકાય, કેમ કે ખરાબ વાત જેટલી ઝડપથી લોકોને ખબર પડે છે, તેટલી જ મંદ ગતિથી સારી વાત લોકો સુધી પહોંચે છે.

આમ દેવીદાસ બાપુનું આયુ ૪૭ વર્ષ કરતા ઘણું વધારે રહ્યું હશે, બની



શકે કે ૧૦૩ વર્ષનું આયુષ્ય પણ ભોગવ્યું હોય. અહીં આ ચર્ચા કરવાનો આશય અમરમાની જન્મ સાલ નક્કી કરવાનો છે. અમરમાનાં લગ્ન ૧૮-૨૦ વર્ષે થયાં હોય ત્યારે દેવીદાસ બાપુ કદાચ ૪૦ વર્ષના હોવાનું અનુમાન કરી શકાય, એ અનુમાને અમરમાની જન્મ સાલ વિ.સં. ૧૭૫૫-૫૬ માનીને ચાલવું રહ્યું. બાકી બન્નેએ સમાધ એક સાથે ને એક જ દિવસે લીધી હતી. સમાધનો દિવસ દર વર્ષે ધામધૂમથી પરબ ખાતે ઊજવાય છે.

**અમરમાની ગુરુ-શિષ્ય તથા વંશપરંપરા**

મધ્યકાલીન ગુજરાત સંત પરંપરામાં અનેક સ્ત્રી સંત કવયિત્રીની ઊજળી પરંપરા છે, તેમાંનાં એક એટલે અમરમા, સૌરાષ્ટ્ર પંથકમાં અમરમાનું નામ ખૂબ જ પ્રખ્યાત છે, તેમની ગુરુ પરંપરા જોઈએ તો, અમરમાના ગુરુ સુખ્યાત સંત શ્રી દેવીદાસ બાપુ હતા. એવું કહેવાય છે કે દેવીદાસ બાપુ ગુરુદત્તાત્રેયનો અવતાર હતા. દેવીદાસ બાપુના ગુરુ જૂનાગઢના જંગલના રામનાથ મહાદેવના તપસ્વી ઋષિ જેરામભારથી હતા. જેરામભારથીના ગુરુ મુસ્લિમ ફકીર શ્રી નૂરશાહપીર હતા, જેઓ ગધેસરના ડુંગર પર પોતાની સાધના કરતા હતા, આમ અમરમાની ગુરુપરંપરા નુરશાહપીર સુધી જઈને અટકી જાય છે.[૭]

અમરમા દેવીદાસ બાપુનાં પટ્ટશિષ્યા હતાં, પરંતુ અમરમાએ કોઈને દીક્ષા નહોતી આપી એટલે તેમની શિષ્ય પરંપરા અમરમા સુધી સીમિત રહે છે.[૮]

અમરમાની વંશ પરંપરા પણ ત્યાંથી જ અટકી જાય છે. રાયધણ આહિર સાથે તેનાં લગ્ન થયાં હતાં ને પ્રથમ આણેજ તેઓએ સંસાર છોડીને માનવસેવામાં જીવ લગાડી દીધો, જેથી તેમની વંશપરંપરા અહીં જ અટકી જાય છે. શોભાવડલા ગામ રૂબરૂ જઈ તપાસ કરતાં તેમના ભાઈના વંશજો હાલ અન્યત્ર રહેવા ગયાનું જાણવા મળ્યું.[૯] હા ત્યાં અમરમાનું મંદિર બનાવવામાં આવ્યું છે, પિઠડિયા ખાતે રૂબરૂ જઈ તપાસ કરી અમરમાનાં લગ્ન થયાં હતાં તે રાયધણ આહિર વિશે જાણવા મળ્યું કે તેનાં બીજાં લગ્ન ધંધુસર મુકામે કરાયાં હતાં, હાલ તેના વંશજો ગામમાં રહેતા નથી.[૧૦]

આમ અમરમાની શિષ્ય તથા વંશપરંપરાનો વેલો અટકી ગયો, પરંતુ તેમની ગુરુપરંપરા ઉજ્જ્વળ રહી હતી.

**અમરમાનું કવન તથા તેની સૂચિ :**

ભારતી સંતોની એ ભવ્ય પરંપરા રહી છે કે તેઓ પ્રભુભક્તિ કરતા

ભજન ગાતા અનાયાસે જ કવિની પંક્તિમાં સરી પડે છે. જૈન તથા જૈનેતર સંતોમાં આ બાબત સમાનતા ધરાવે છે.

દેવીદાસ બાપુ, અમરમા, શાર્દૂલ ભગત વગેરે પણ એ જ પરંપરાના ભક્ત કવિ રહ્યા છે. અમરમા રચિત ૭-૮ ભજનો જ મળે છે. પરંતુ તેમણે ૮૦ જેટલાં ભજનો રચ્યાં હોવાનું જાણવા મળ્યું છે.[૧૧] અમરમાનાં જે ૮ જેટલાં ભજન મળી આવે છે, તે કંઠસ્થ પરંપરા સચવાઈને ઊતરી આવેલ છે. બાકીનાં ભજનોની વિગત જ મળતી નથી, આ ભજનો કંઠસ્થ પરંપરામાંથી મેઘાણીજીએ[૧૨] તથા સંત શ્રી સુતિક્ષણદાસજીએ[૧૩] સંગૃહીત કર્યાં છે. અમરમાના કવનમાં ભજન સિવાય કશું જ પ્રાપ્ત થતું નથી. વસ્તુતઃ તેમણે ભજત સિવાય કશું રચ્યું નહીં હોય, તે સ્વભાવિક છે. અમરમાના ભજનોની પ્રથમ પંક્તિની સૂચિ આકારાદિ પ્રમાણે નીચે મુજબ છે :

૧. અમે પરબના ઓળગું....[૧૪]
૨. કોણ રે જાણે રે બીજું કોણ તો જાણે રે....[૧૫]
૩. દે જો રે દેવંગી ચૂંદડી રે....[૧૬]
૪. ધન્ય રે કમાયુ જેને ગુરુજી મળ્યા....[૧૭]
૫. પારસ જાણીને તમને પૂજ્યા તમારી નજરુ માં....[૧૮]
૬. બાવાજી તમારા હશે તે તમને ભજશે....[૧૯]
૭. મારી આંખ્યુનાં સકજ ચોઘડિયાં....[૨૦]
૮. મેં તો સિદ્ધ રે જાણીને તમને સેવીયા....[૨૧]

હાલ પૂરતાં આ ૮ ભજન મળે છે તેનાથી જ સંતોષ માનવો રહ્યો.

**અમરમાના કવનનો ભાવપક્ષ તથા કલાપક્ષ**

અમરમાએ ફક્ત ભજનો ગાયાં છે તે પણ અનાયાસ હૃદયની સ્ફુરણા પ્રગટતાં પ્રસ્તુત ભજનોમાંથી પસાર થઈએ એટલે ખ્યાલ આવે છે કે આ ભજનોમાં અમરમાએ ખાસ કરીને પોતાના ગુરુ દેવીદાસબાપુનો વિવિધ સ્વરૂપે મહિમા ગાયો છે, તેમને મહત્ત્વ આપ્યું છે. અને ગુરુભક્તિ દ્વારા પ્રભુભક્તિ કરી છે, આમ અમરમાના ભાવપક્ષમાં ગુરુમહિમા સિવાય અન્ય કોઈ બાબત ઇંગિત થતી નથી, મહત્તમ સંતોએ પોતાની રચનામાં ગુરુમહિમા ગાયો છે, કોઈએ ઓછી માત્રામાં તો કોઈએ વધારે.



અમરમાનાં ભજનોમાં કલાપક્ષ જોઈએ તો અમરમા કે તેમના ગુરુ કે અન્ય મધ્યકાલીન અધિકતર સંતોએ શિક્ષણ મેળવ્યું નથી. એટલે તેમના ભજનની શૈલી તળપદી રહી છે, જેને લોક માનસે સ્વીકારી છે. આખો દિવસ રોગીની સેવા કરી, રામરોટી ઉઘરાવી સાંજે ભજન-કીર્તન થતાં આમ અમરમાએ કલમ નહીં પણ રામ સાગર હાથમાં લીધો છે, જે સ્ફુરણા હૃદયમાં થઈ તેને શબ્દદેહ આપ્યો, આ ભજનને સેવકોએ ઝીલ્યાં ને કંઠસ્થ પરંપરામાં સાચવ્યાં છે. ખાસ કરીને આ ભજનો લોકઢાળનાં રહ્યાં છે, ક્યાંક શબ્દાનુપ્રાસ તો ક્યાંક માત્રામેળ છે, આમ અલંકારિતાનું પ્રમાણ તેમની આવડત પ્રમાણેનું રહ્યું છે, એટલે કલાપક્ષની દૃષ્ટિએ ભજન કદાચ નબળાં લાગે પણ શ્રદ્ધાના ભાવથી તે સર્વસ્વીકૃત છે.

**અમરમાનાં કવન પર સાધનાત્મક અને પરિભાષાની દૃષ્ટિએ પડેલી અસર :**

ભારત દેશના સંતોની સંખ્યા અગણિત છે. ઘણા પુરોગામી સંતોની અસર ઝીલીને ચાલનાર સંત વર્ગ પણ છે, જે તેના સાહિત્ય-ભજનાદિમાં જોવા મળે છે. સાધનાત્મક દૃષ્ટિકોણથી જોતાં સંતોના કવનમાં ગુરુમહિમા, પ્રભુભક્તિ, અધ્યાત્મ, કથાત્મક વગેરે બાબતો આવે છે, પરંતુ વધુ પડતા સંતોએ પોતાના કવનમાં પ્રભુમહિમા અધ્યાત્મ અને ખાસ કરીને ગુરુમહિમા ગાયો છે. પોતાના ગુરુને મરતલોકનો મોરલો, વૈતરણીનો નાવિક, ભવસાગર પાર કરાવનાર, ધણી, મોક્ષદાતા, સાહેબ ધણી વગેરે પ્રતીકો-રૂપકોથી નવાજ્યા છે.

આ જ પરંપરાને અમરમા પણ અનુસર્યાં છે, તેમણે પોતાના ભજનમાં પોતાના ગુરુનો મહિમા ગાયો છે, તેમણે પોતાના ગુરુ દેવીદાસને બાવાજી, દેવંગી, સિદ્ધ પુરુષ, પારસ વગેરે શબ્દોથી હારતોરા કર્યા છે, આમ, અમરમાએ જાણતાં કે અજાણતાં પોતાના પુરોગામી, સમકાલીન સંતોની અસર ઝીલી છે.

**અંત :**

દરેક સંતોની પોતાની આગવી પ્રણાલી ને પ્રકૃતિ રહી છે. પોતાની મસ્ત મોજે ફકીરીથી જીવ્યા છે, તેને તેવા જ સ્વીકારાયા છે, એવો જ લોકસેવાનો ભેખ પહેરીને જીવી ગયેલા સંત કવિ અમરમાનું સ્થાન સૌરાષ્ટ્રની સ્ત્રી ભક્ત અને સ્ત્રી કવયિત્રીમાં અગ્રિમ હરોળનું રહ્યું છે, અહીં અમરમાના પૂર્વાશ્રમની દિશા તથા તેમને ગુરુના દાદા ગુરુ નુરશાહપીરની ગુરુપરંપરા તથા હિન્દુ-મુસ્લિમ એકતાની દિશા સંશોધકની રાહ જોઈ રહી છે.

### સંદર્ભ સૂચિ :


૧. ''સોરઠી સંતો'', ઝવેરચંદ મેઘાણી.
૨. શોભાવડલા ખાતે રૂબરૂ મુલાકાત – ભગુભાઈ આહિર.
૩. ''અમર સંત દેવીદાસ'' - હરસુરભાઈ ગઢવી
૪. ''પરબની પીરાઈ'' – સંતાશ્રી સંતિક્ષણદાસજી.
૫. એજન.
૬. એજન - ૩
૭. એજન - ૪
૮. કરશનદાસબાપુ મહંતશ્રી પરબ વાવડી ધામ
૯. રૂબરૂ મુલાકાત શોભાવડલા ગામ
૧૦. રૂબરૂ મુલાકાત પીઠડિયા ગામ
૧૧. એજન - ૮
૧૨. ટેલિફોનિક વાતચીત ડૉ. નિરંજન રાજ્યગુરુ
૧૩. ''પરબ ભજનાવલી'' સંત શ્રી સુતિક્ષણદાસજી
૧૪. ''સોરઠી સંતો'' - ઝવેરચંદ મેઘાણી
૧૫. 'મૂળ રે વિનાનું કાયા ઝાડવું' – ડૉ. બળવંત જાની
૧૬. ''પરબ ભજનાવલી'' – સંત શ્રી સુતિક્ષણદાસજી
૧૭. એજન - ૧૬, પૃ. ૧
૧૮. એજન - ૧૬, પૃ. ૬૪
૧૯. એજન - ૧૪, પૃ. ૨૦૧
૨૦. એજન - ૧૪, પૃ. ૨૦૩
૨૧. એજન - ૧૬, પૃ. ૪
૨૨. એજન - ૧૨
૨૩. એજન - ૧૬




# ઉત્સવગીતોમાંથી પ્રગટતી પર્યાવરણકેન્દ્રી નારી સંવેદના

**ડૉ. દર્શના ઓઝા**

લોકસાહિત્યનું અસ્તિત્વ ખૂબ જુનું ગણાય છે. લોકસાહિત્યને સાંસ્કૃતિક માનવશાસ્ત્રના વિષય તરીકે જોઈ શકાય છે. લોકસાહિત્યમાં લોકગીતને કંઈકેટલાંય દૃષ્ટિબિંદુથી અવલોકી શકાય. તેના અંતઃસ્તલનો આ કારણથી ખરો સાક્ષાત્કાર થઈ શકે છે.

લોકગીતની આંતરબાહ્ય શબ્દ સંઘટના અને તેના ગેયરૂપ કે સાંગીતિક સ્વરૂપનો વિચાર કરતાં લોકગીતનાં આ પાસાંનાં સ્વરૂપ, એની પરંપરા, પ્રવાહ, સ્વરૂપ લક્ષણો ઘણે મુદ્દેથી ચર્ચા કરી શકાય પરંતુ અહીં આપણે ગુજરાતી લોકગીતની સમૃદ્ધિમાં વિશેષે ઉત્સવગીતો અને તેમાંથી પ્રગટતા પર્યાવરણકેન્દ્રી નારીસંવેદનાના સંદર્ભે મારો સ્વાધ્યાય રજૂ કરવાનો ઉપક્રમ છે.

લોકગીત મુખપાઠની અને પ્રસ્તુતિકરણની પરંપરા ધરાવે છે. સ્વાભાવિક સરળતા અને સર્વગ્રાહ્યતા એમાં અનિવાર્ય છે. માનવ હંમેશાં જીવનની મુશ્કેલીમાંથી તોડ કાઢવા સંશોધન કરતો રહ્યો. પ્રકૃતિનાં રહસ્યોને પામતો રહ્યો. આ જ માનવીએ સૂર્ય, ચંદ્ર, તારાઓની ગતિ વિશે કલ્પના કરી, ઋતુઓ વિશે વિચારે છે. ઉત્પત્તિ-સ્થિતિ-લય અંગે, જન્મ-મરણ વિશે પણ વિચારે છે. અને આવા કંઈ કેટલાય વિચાર કરતાં હૃદયના ભાવ અને કલ્પનાનો મેળ મળતાં એમાંથી ગીતો

જન્મ્યાં. આવાં ગીતો જીવનની આધારશિલા, માનવસંબંધોને જોડનારાં, દુઃખોને હળવાં કરનારાં, મૂલ્યસંરક્ષક, ભાવાત્મક એકતાના પુરસ્કર્તા બન્યાં જે આપણી ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે.

લોકસાહિત્યનો આવિર્ભાવ લોકગીત સ્વરૂપે છે એટલે જ માનવજીવન સાથે સંદર્ભાયેલો ઘણો મોટો ભાગ આ લોકગીતોનાં સ્વરૂપોમાં સહજતાથી ગૂંથાયેલ છે. આ સ્વરૂપોમાં હાલરડાં-બાળગીતો, ગોરમાનાં ગીતો, લગ્નગીતો, રાંદલ ગીતો, તુલસીવિવાહનાં ગીતો, ઉત્સવ-મેળાનાં ગીતો, મરસિયા, સંતવાણી મુખ્ય છે. આ સાહિત્ય તમામ જાતિ-ધર્મ-સંપ્રદાયનાં સ્ત્રી-પુરુષો દ્વારા સંઘગાન - સમૂહગાન રૂપે અવતરેલું છે. એક વ્યક્તિનું ઊર્મિસંવેદન સાર્વજનિક સમસંવેદન બનીને હજારો કંઠની માધુરી મેળવીને અવનવા ઘાટ પ્રાપ્ત કરતું જાય છે.

લોકસાહિત્ય અને પર્યાવરણનો સંબંધ વિચારીએ ત્યારે તૂર્ત જ ખ્યાલ આવે કે પર્યાવરણ સાથે માનવજીવનનો અનુબંધ જીવસૃષ્ટિ સાથે, પશુ, પક્ષી, વનસ્પતિ, હવા, પાણી, પ્રકાશ. બધાંની સાથે થાય છે. એટલે જ્યારે જ્યારે પર્યાવરણ સંતુલન જોખમાય ત્યારે ત્યારે જીવનસૃષ્ટિનું જીવન પણ જોખમાય છે. તેનો જેમ બીજી વિદ્યાશાખાઓમાં અભ્યાસ થાય છે. તેમ --- (તુણના ગ્રહ રૂપી સજીવસૃષ્ટિના ઘર રૂપ એવા વ્યર્થના રૂપમાં થતો અભ્યાસ)માં પણ થયો. અને લોકસાહિત્ય સાથે પણ તેનો અભ્યાસ થવા લાગ્યો. અહીં આપણે ગુજરાતી લોકગીતને ધ્યાનમાં રાખી તેમાં પર્યાવરણકેન્દ્રી નારીસંવેદનાના સંદર્ભે તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે.

લોકગીતમાં પર્યાવરણનો સંબંધ જોઈએ તો પ્રકૃતિ સાથેનો સંબંધ-અનુબંધની દૃષ્ટિએ પ્રગટે તેમજ તેના કારણે લોકપ્રવાહમાં આપણને મળે છે. વિશિષ્ટ અર્થદર્શનો, પ્રતીકો અને રૂપકો.

એમ તો આદિમકાળથી આપણે વનસ્પતિપૂજા, પશુપૂજા, - પિતૃના રૂપમાં પૂજીએ છીએ. તો સૂર્યની પત્ની રન્ના કે મેઘને વીજળી કહીએ જ છીએ. વિશ્વમાં ભારત જ એવો દેશ છે જેમાં આટઆટલા પર્વો અને ઉત્સવો છે. ઉત્સવો, પર્વો અને મેળાઓ એકબીજા સાથે સંકળાયેલા છે. દિવાળી, ભાઈબીજ, દેવદિવાળી, મકરસંક્રાતિ, વસંતપંચમી, હોળી, ધુળેટી, અખાત્રીજ, અષાઢીબીજ, શ્રાવણિયા સોમવાર, જન્માષ્ટમી, નવરાત, દશેરા, શરદપૂનમ ગુજરાતના ધાર્મિક પર્વના દિવસો છે. એનું મહત્ત્વ ધાર્મિક છે પરંતુ એ સાચે જ ઉત્સવો સંકળાયેલા છે. નવરાત્રિ એટલે માતૃસ્તવનનો ઉત્સવ, દિવાળી એટલે મિલન અને દીપનો ઉત્સવ,



હોળી એટલે રંગોત્સવ આનંદનો ઉત્સવ, મકરસંક્રાન્તિ દાનધર્મપુણ્યનો ઉત્સવ, પતંગનો ઉત્સવ, જન્માષ્ટમી ઉત્સવ જેવો લોકોત્સવ આ સર્વે ભારતીય જનસામાન્યના ઉત્સવો બન્યા છે.

પર્વની સાથે ઉત્સવ જોડાયા છે તેમ મેળાઓ પણ આ ઉત્સવનો એક ભાગ બની ગયા છે. આ મેળાઓ ધાર્મિકમેળા ઉત્સવના લોકમેળા અને બજાર-હટાણાંના મેળા - આ ત્રણ પ્રકારે મળે છે. માનવમાત્રના કલ્યાણ, આનંદ, સંયમ, ઉદાતભાવના, કળાભાવના, ભરેલા આ લોકોત્સવો છે. જે આજે પણ લોકસંસ્કૃતિનું ધબકતું અંગ છે.

મહાકવિ કાલિદાસે શાંકુતલમાં સાચું કહ્યું છે કે : 'उत्सव प्रिया: खलु जना: ।' માનવીને ઉત્સવ અત્યંત વહાલો છો. વિવેકયુક્ત ઉત્સવ ધર્મરક્ષક, ભાવનાપોષક, અને સાંસ્કૃતિક પ્રતીક છે. ઉત્સવ શબ્દ 'उद् + स्' ધાતુમાંથી બન્યો છે. માનવજાતને સાર્થક કરે છે એનું નામ ઉત્સવ. ઉત્સવ એટલે આનંદ અને ઊર્મિનો ઊભરો. દુનિયાની કોઈપણ પ્રજા ઉત્સવવિહોણી નથી. લોકજીવનનું દૈવત એના સાંસ્કૃતિક લોકોત્સવમાં દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતની સાંસ્કૃતિક એકતાના મૂળ લોકો ઉત્સવોમાં પડેલા છે.

**લોકઉત્સવનાં ત્રણ સ્વરૂપો — વ્રત, પર્વ અને તહેવાર :**

સંયમપ્રધાન વ્રતો આધ્યાત્મિક ભાવનાથી ભરેલાં છે. માનવમાત્રના કલ્યાણ અર્થે આયોજ્યાં છે.

પર્વ એ ઉત્સવનો બીજો પ્રકાર છે.

વ્રતો - લોકનારીઓ એકલી પણ કરે છે ને સમૂહમાં પણ કરે છે. જ્યારે પર્વની ઉજવણી હરહંમેશ - સામૂહિકસ્વરૂપે જ થતી હોય છે. અને તેથી જ મેળા જેવાં પર્વોનો સંબંધ તીર્થસ્થાનોની સામે વધુ નિકટનો હોવાને કારણે જ એની આગવી વ્યાપકતા અને ભવ્યતા જોવા મળે છે. લોકઉત્સવનો ત્રીજો પ્રકાર તે તહેવારો છે.

લોકસમાજમાં વ્યાપક બનેલાં વ્રતો, પર્વો અને તહેવારો વચ્ચે ભેદરેખા આંકવી અત્યંત મુશ્કેલ છે.

પર્વો - લોકોની સમૂહ શ્રદ્ધાથી પ્રચલિત થયાં છે. તહેવારો - પ્રકૃતિ અને પરિસ્થિતિ પ્રમાણે માનવહૃદયમાં ઊભરાતાં આનંદોલ્લાસમાંથી સ્વયં પ્રગટ થયો છે. પણ ત્રણેયમાં એકબીજાના અંશો ઓતપ્રોત થયેલા જોવા મળે છે. તેથી આપણે

અહીં આ બધાંને લોકોત્સવો તરીકે જ ઓળખીશું.

લોકોત્સવ એટલે આનંદ સાથે સંયમનું સંયોજન. લોકોત્સવોની પ્રણાલિકા ઋતુઓના રંગો સાથે ગાઢ સંબંધ ધરાવે છે. હોળી અને વસંતપંચમી એ ઋતુઓનો રંગોત્સવ છે. દિવાળી એ નવી ફસલનો ઉત્સવ છે. દશેરા એ પ્રસંગનો ઉત્સવ છે. રક્ષાબંધન અને ભાઈબીજ એ ભાવનાનો ઉત્સવ છે. મેળા એ ફુરસદના ઉમંગનો ઉત્સવ છે. જ્યારે નવરાત્રિ, જન્માષ્ટમી એ ભગવાન શ્રી કૃષ્ણની આરાધના કરવાનો ઉત્સવ છે. આમ ધર્મની સાથે જોડાયેલા લોકોત્સવો માનવીનો થાકોડો (થાક) ઉતારીને એના હૈયાને હળવું ફૂલ બનાવે છે. આ ઉત્સવો માનવીને ઈશ્વર તરફ અભિમુખ કરે છે. લોકજીવનમાં કળાભાવનાને ખીલવે છે.

પ્રાચીન સમયમાં સપ્તસિંધુના પ્રાંતોમાં આર્યો સ્થિર થયા તે પહેલાં ત્યાં આદિવાસીઓ વસ્યા હતા. અસુર, પતિ, શેડિક, રાક્ષસ ઈત્યાદિના નામે ઓળખાતી. તેમાંથી દ્રવિડ, કલિ વગેરે જાતિઓ ઉદ્‌ભવી. આ જાતિઓની પોતાની ધાર્મિક માન્યતાઓ હતી. તેમાંથી જ ધર્મો ઉદ્‌ભવ પામ્યા. તેઓ અષ્ટકા વ્રત, માઘ-પૂર્ણિમા પછીની આઠમનો, ખેતીના કામને ઉત્સવનું રૂપ આપ્યું. આ સિવાય હસ્થિમંગલ (જાતકકથાના) સૂરા નકખતનો ઉત્સવ એ સમયમાં જાણીતો છે. કૌમુદીઉત્સવ પણ ઊજવાતો. આ ઉપરાંત ઋતુવાર ઉત્સવો ઊજવતા.

(૧) દેવતાઓની પૂજા માટેના ઉત્સવ – ઈન્દ્રપૂજા, નાગપૂજા.

(૨) કોઈ વીર પુરુષ/મહાનપુરુષના આત્માને કાયમી યાદમાં ઊજવાતો ઉત્સવ – રામદે પીરનો જન્મદિન.

(૩) પ્રકૃતિની પૂજામાંથી સર્જાયેલા ઉત્સવો – વર્ષાની પૂજા.

સંસારીઓએ એમના ઉત્સવોને દૃષ્ટિ સમક્ષ રાખી જીવનમાં ગોઠવ્યા.

(૧) જન્મ, લગ્ન, મૃત્યુના કારણે ઊજવાતા ઉત્સવો.

(૨) નદી, પર્વત, વૃક્ષપૂજન ઈત્યાદિના ઉત્સવો.

(૩) જાતિ કે પ્રજાની મહત્ત્વાકાંક્ષાની પદ્ધતિના ઉત્સવો કે મહાવિનયના ઉત્સવો.

**લોકગીતોમાં નારી ગીતોનાં કારણો :**

સ્ત્રીઓના મનોભાવ લોકગીતોમાં વધુ ભાગે વ્યક્ત થયા છે, કારણ કે લાગણીઓના - ઊર્મિઓના આઘાતો સહન કરતી સ્ત્રીના ક્ષણ ક્ષણના સંસારજીવનને



લોકગીતોમાં ચિત્રિત કરી દીધું છે. સમાજનાં તમામ અંગોનું જેટલું સમાજમાં જીવનવૈવિધ્ય છે એટલું જ વૈવિધ્ય આ ગીતોમાં છે. સ્ત્રીજીવનનું વૈવિધ્યથી લોકગીત છલોછલ ભરેલાં છે. દીકરી સાથે મા-બાપની વાત્સલ્યભાવના, કુટુંબજીવનનું મમત્વ, કિશોરી બનતાં સંસારની પ્રત્યેક ક્રિયા, યુવાનીમાં આવતા લગ્નજીવનના પ્રગલ્ભભાવો, સ્ત્રીજીવનની જટિલતા, સ્ત્રીજીવનની સુરૂપતા સોહાગ, શૃંગાર અને સૌંદર્ય ભાવની છોળો છલકાય છે. તેની ઉદારતાથી જીવન અધિક રૂપાળાં બને છે. તે પ્રતિકૂળતાને અનુકૂળતામાં ફેરવી નાખે છે. દુઃખને સુખમાં પલટી નાખે છે ને જીવન ઉદાત્ત ભાવોથી અપરૂપ બનતું જાય છે. આ લોકગીતોમાં સ્ત્રીના સૌંદર્ય, કરુણા, પ્રેમના, ત્યાગના, સમર્પણનાં અમી સીંચ્યાં છે. સ્ત્રીજીવનના આ શિવત્વે - આ કલ્યાણ ભાવનાએ લોકગીતોના અમીકૂપ સર્જ્યા છે. અછતમાંથી ઔદાર્ય સર્જ્યું છે. જીવન હર્ષ ને શોક, સુખ ને દુઃખ, આશા ને નિરાશા, વહેમ અને અજ્ઞાન, ભક્તિ અને શ્રદ્ધા વચ્ચે ઝોલાં ખાતું રહ્યું છે અને એના આર્વિભાવ રૂપે આવાં સ્ત્રીસંવેદના લોકગીતોના ધોધ રૂપે વહેતી રહી છે.

લોકગીતમાં વ્રતવરતુલા દ્વારા લલિતકલા અને જીવનનું શિક્ષણ કન્યાને અપાય છે.

લોકરૂઢિ પ્રમાણે દરેક જ્ઞાતિની દીકરીએ સાસરે જતાં ગીત, રાસ, ગરબા, હીંચ, ખેતી કાર્ય શીખવું પડે. ગ્રામકન્યાની લૌકિક કેળવણી.

ખેડવાયા, માલધારી, કાંટિયાવરણ, વરતવાળામાં દીકરી જન્મે તો ઉત્સવ મનાવે છે. તેથી દીકરીને રૂડી પેરે લાડ લડાવયા.

**'જાઈ રૂડી રે જાઈ રૂડી !**
**જાઈને હાથે ચાર ચૂડી.**

જાઈબાઈ ખોરડાનું રતન, આંગણાનું રૂપ છે. મા, કુટુંબકબીલો, સહિયર, પશુપંખી, પ્રકૃતિ, સીમપાદર, ઋતુઋતુના અંબાર, અહીંથી કેળવણી શરૂ થાય છે. આમ લોકસાહિત્યની પરંપરાથી એકડો ઘૂંટે છે. મોળાકા, નાગલો, ગોર્યમા.

**'ગોર્યમા, ગોર્યમા રે, સાસરી દેજો સવાદિયો'**

ગોરમા પાસે ભાવિસંસારની સુયમયતા માગ્યા પછી વર્તમાન પિયરની ચડતી કળા અને ભાઈને સમૃદ્ધિ વાંચ્છે છે.

**મકરસંક્રાન્તિ** - ખીટરથી કન્યા અને સ્ત્રીઓ છ મહિના માટે કુટુંબકલ્યાણ અને કાયાકલ્યાણ માટે ઉત્સવ શરૂ કરે છે.

કન્યાના 'ટીલીવ્રત' એક કંકુની ટીલી બારસાખ પાસે કરી, તેર કન્યાઓને ચાંદલા કરી શિરામણી કરાય છે. પરિણીત સ્ત્રીઓ બારસાખે ઘોડિયાનું ચિત્ર કરી રોજ ચાંદલો પૂરો કરી અખોવનનું વરદાન માગે છે. વૃદ્ધાઓ 'સ્વર્ગની નિસરણી' દોરી તેને પૂજી સંસારનો ફેરો ટાળવા ઇચ્છે છે.

**બીજવ્રતનો ઉત્સવ :**

સૂર્ય ધરતીનું પોષણ અને બીજ ધરતીનું ધારણ ગણાયું હોવાથી બારે માસની શુદ બીજનું વ્રત કરે છે.

**''બીજ માવડી, ચૂલે તાવડી,**
**બે ગોધા અને એક ગાવડી.''**

ઇહજીવનમાં પેટપૂર રોટલો, પુત્રોપુત્રીનો પરિવાર, એક સાંતીની જમીન, ગાયની ઇચ્છા સાથે ક્ષેમકુશળતા માંગે છે.

'સૂરજ-પાંદ્દુ' - વ્રતઉત્સવ — આ પુરુષ અને પ્રકૃતિનો વ્રતોત્સવ છે. 'સૂરજ' પુરુષ અને 'પાંદ્દું' એ પ્રકૃતિ — આ ઉત્સવ દ્વારા કન્યાઓ માગે છે કે સૂર્યની ધરતી પર અહોનિશ કૃપા વરસ્યા કરો.

'સૂરજ પાંદ્દું' ઉત્સવવ્રતકથાનું વળું (Motif) 'મુએ જો ડેરો' અને 'લોથલ'ની તળપદી સંસ્કૃતિનાં શીલ-માદળિયાના શિલ્પ પણ ઉદાહરણીય છે.

આ સંસ્કૃતિ માતૃપ્રધાન સમાજની હતી. ભગવતી માતૃકાને માતૃત્વ-તત્ત્વની દેવી તરીકે પૂજતા. તેની સાથે સહકારી પુરુષ રૂપે દિવસ ભાનુ-સૂર્યની પૂજા કરતી દેવી કુંભ રૂપે માતૃત્વ ધારણ કરનારી ધરતીરૂપ અને ભાનુરૂપ સૂર્ય પુરુષબીજ ધારણ કરાવનાર ગણાતો. રયણી અને રાતની જેમ ભાનુ-ભગવતીના પ્રતીક તરીકે મળે છે.

ભાનુ-સાંઢડો. વૃષભ તરીકે પૂજાય અને ધરતીમાતા-સ્ત્રી. જેમ સૂર્ય અને રાંદલ હાલ લોટી અને દીપ રૂપે પૂજાય છે એ રીતે —

**''સૂરજનારાયણની સાખે કરીશ,**
**ધરતીમાતાના ધ્યાને કરીશ,**
**પીપળાના પાને કરીશ.''**

આ પ્રાચીનકથાઘટક, લોકાચાર અને સમાજવિકાસની ગવાહી આપી લોકસંસ્કારના ઇતિહાસનું દર્શન કરાવે છે.



**ગીત/રાસડા :**

મનની ઊર્મિ અને શરીરને હેલ્લારે ચડાવી ઘૂમતાં ઘૂમતાં રાસડે રંગત માંડે છે' કોઈ સપરા સાદવાળી ગવરાવે, સહુ ઝીલતા જાય.

**'ચકલી, તારા ખેતરમાં, મેં ઝીંઝવો વાવ્યો,**
**ઝીંઝવે ચડી જોઉં રે, કોઈ માનવી આવે.''**

કે ફરતાં ફરતાં ત્રણ ત્રણ તાલી પાડીને ગવાતા ઉલાળિયા રાસડા.

**''લીલી લીંબડી રે લીલો નાગરવેલનો છોડ**
**આજ મારે આંગણે રે પ્રભુજી ઉતારા કરતા જાવ.**
**ઉતારા નૈ કરું રે જાવું સીતાને દરબાર**
**સીતા એકલા રે જુવે રામ-લખમણની વાટ.''**

દસ-બાર વર્ષની થનગનતી કન્યાઓ શરીરબળ અને કૂદકાના ઠેકડે રમતરાસડા ચગાવે છે. રાસડા રમીને કૂદણિયાં શરૂ કરે.

દસ-પંદર છોકરીઓની હારબંધ બે પંક્તિઓ સામસામે ઊભી રહે છે ફુદણિયું શરૂ થાય. એક ડાબી પંક્તિ તરફ કૂદે ને બીજી પંક્તિ જમણી તરફ ઠેકે કે પછી,

**'ઢોલીડા, ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે.'**

સ્ત્રીઓ લોકગીતમાંથી રંગ-પરખનું સંસ્કારશિક્ષણ પ્રકૃતિમાંથી મેળવે છે. લોકવરના મુખ્ય રંગો લાલ, લીલો, પીળો, કથ્થાઈ, ધોળો, કાળો વગેરે લોકવરણના કપડાંના મુખ્ય રંગો જ વિશેષ વપરાય છે.

ભોં કાળી, આભ નીલું, વગડો ઋક્ષ હોવાથી ધરતીના લોકરંગ મઢ્યા તેજસ્વી ફૂલો જેવા લાગે છે. જીવનવ્યવહારમાં લાલરંગ પ્રેમ અને શુભાશયનો, લીલો પ્રજનનશક્તિનો, પીળો કૌમાર્યનો, ભગવો-ગેરુ વૈરાગ્યનો, ધોળો શાંતિનો, કાળો - શોકનો પ્રતીક રૂપે લોકગીતમાં જોવા મળે.

ગાતાં ગાતાં, રમતાં રમતાં પહેરવા ઓઢવાની સમજણ ઉત્સવ દ્વારા કંઈ રીતે મળે છે.

**''નવ નોરતાની રાત રળિયામણી રે લોલ,**
**નાર જોવા ન નીસરે, અભાગણી રે લોલ.**

**હું તો સોળે સજીને રમવા નીસરી રે લોલ,**
**મેં તો ફૂલફગરનો પહેર્યો ઘાઘરો રે લોલ.**

શરીર સજ્યાની જે મહેચ્છાની ગમે તેનું વર્ણિત દર્શન. માથાથી પગ સુધીનાં ઘરેણાં – કપડાં કેવાં પહર્યા છે તેનું વર્ણન લોકગીત.

**'સોના વાટકડી રે, કેસર ઘોળ્યાં વાલમિયા !**
**લીલો છે રંગનો છોડ, રંગમાં રોળ્યાં વાલમિયા.**

લોકસમાજનાં ઝાડપાનનાં ગીતો છે. લગ્નના ઉત્સવમાં આણાવળોટ દીકરી સાસરે જાય છે, ત્યારે તેને ગામનું કૂતરું, સીમાપાદરનાં ઝાડવાંય પિયરના પાડોશી જેવાં લાગે છે.

આવી લીલવણ પ્રકૃતિને તો ગ્રામવાળાઓએ નાનપણથી મનભર માણી-પ્રમાણી છે. ફૂલ, ફળ આપતાં ઝાડ, વનવેલીને તેણે લોકગીતોમાં ગાઈને ગૂંથી છે.

આંબુ, જાંબુ, દાડમ, ઝમરૂખ, કેળા, પપૈયા, સીતાફળ ચોરી ચપાટીને ખાધા પછી સ્વાદ ભુલાયો નથી.

રૂખડા જેવા ઘેઘૂર અને ઘટાળાં ઝાડવાંમાં કુટુંબના પ્રતીક જેવો આંબો, દાદાના ખોળા જેવો વડલો, કુળ ગોરની ઉપમાવાળો પીપળો, ભૂતના થાનક જેવી ખાટી આંબલી, કડવો લીંબડો –

**"કડવી હોય લીંબડી, પણ શીતળ તેની છાંય,**
**બંધવા હોય અબોલડે, પણ તોય પોતાની બાંય"**

આવળ, બાવળ, બોરડી, જેવાં કંટાળાં ઝાડ માટે પણ ગ્રામલોકોએ વારોતારો નથી કર્યો, તેને પૂજ્યા છે. ગુણીજન ગણ્યા છે. હેતપ્રીતથી પોષ્યા છે જેમાં –

**બોરડીએ શીતળા બિરાજે**
**ખીજડે મામાનું થાનક**

રૂખડે બેસીને ગ્રામવાસીઓ ઉધરસ માટે માનેલા ફાફડા ખાઈને ઉજાણી માણે છે.

વૃક્ષ-પોષણને ધર્મની પાળ બાંધીને પર્યાવરણની સહુએ રક્ષા કરી છે.

પ્રકૃતિનાં લાડકવાયાં ચકી-ચણે, ટપુરચલી, કાબર, હોલું, કાળી કોયલ, રૂપાળો મોર, ઢળકતી ઢેલ, પ્રેમી પારેવાં, પંડિત પોપટ, વ્રત ભંગી ટીટોડી, ઠગબગલાં, સમળાં, ખેરો, ગીધ. ચીબરી, આ બધાંય પંખી શુકન –



માન શુકન આપીને સ્ત્રી સાથે ઘરોબો બાંધે છે.

સંસાર સર્જન - વેલ અને સંસ્કારની વૃદ્ધિ માટે નર-નારીનું મિલન સનાતન ક્રમ છે.

વિદાય લેતી દીકરી કહે છે –

**"સંપત હોય તો દેજો દાદા મોરા નકર જીભડીએ જશ લેજો,**
**જીભડીએ જશ લેજો દાદા મોરા, હાથ જોડી ઊભા રહેજો."**

લોકગીતોમાં કન્યાઓ જીવનઘડતરની કેળવણી કઈ રીતે ઉત્સવગીતો દ્વારા મેળવે છે, ઘરસંસારીનાં સુખદુઃખમાં આ લોકગીતો તેનું સમાશ્વન બની જાય છે.

લલિતકલા, લૌકિક સંસ્કાર, મનોરંજનની શિક્ષાદીક્ષા તેની જીવનવાટને હરિયાળી બનાવે છે.

**નવા અન્નનો ઉત્સવ હોળી**

**'ગામને પછવાડે લીલી લીમડી રે લોલ**
**લીમડીના મોટેરા પાન મુંજા વાલમજી લોલ**
**ફાગણ મઈને હોળા હેલો રે લોલ.**

ફુલફટાયો ફાગણ એ શૃંગાર, મસ્તી અને ઋતુસૌંદર્યનો લોકોત્સવ છે. ઋતુપરિવર્તનનો રંગોત્સવ એટલે હોળીનો તહેવાર. આ લોકોત્સવો લોકજીવનનું મહત્ત્વનું અંગ બની ગયા છે. ઉત્સવો વ્યક્તિ અને કુટુંબ વચ્ચેની કડીને વધુ મજબૂત બનાવે છે.

**એક કણબણ બાળકુંવરી, ધોળા વસ્તર પૈ"રે બાઈ;**
**કાનજી મા'રાજે હઠ લીધી ઈ કણબણ પરણાવો બાઈ."**

શ્રાવણ વદિ આઠમ એ ગોકુળ આઠમ. આ તહેવાર જન્માષ્ટમીના નામે વધુ જાણીતો છે. જન્માષ્ટમી એટલે લોકનાયક ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ. ગોપસંસ્કૃતિનો આ ઉત્સવ રાધાકૃષ્ણની રસમસ્તીનું સ્મરણ કરાવે છે. મોકળા મને દોડિયારાસ, ગરબા, ગરબીયુંની છાકમછોળ ઊડે અને ધરતી ધ્રોપટ ધ્રૂજવા માંડે' રબારી, ભરવાડ, કણબીનો આ મોટો ઉત્સવ ગણાય છે.

શક્તિ અને ભક્તિનો ઉત્સવઃ નોરતા, વિજયનો ઉત્સવ દશેરા, પ્રાચીન લોકોત્સવ દિવાળી, જળઝીલણી અગિયારસનો ઉત્સવ, દરિયાપીરનો ઉત્સવ, રબારીઓનો પૂંજનો ઉત્સવ, તુલસીવિવાહનો ઉત્સવ, ઉંદરા કાઢવાનો ઉત્સવ

વગેરે એવા ઘણા ઉત્સવો જાણીતા છે.

**એક મેઘરાજાને મનાવવા માટે ઉત્સવ પણ મનાય છે.**

પ્રાચીન સમયમાં વર્ષાઋતુમાં વરસાદ વરસતો નહીં ત્યારે યજ્ઞયાગ કરતાં, વરસાદને મનાવવા માટે વિધવિધ ઉપાયો લોકજીવનમાં જાણીતા છે. ગુજરાતમાં વસતા હળપતિ, મારવાડી, વાઘરી, રાવળ વગેરે જાતિની સ્ત્રીઓ વરસાદ વરસતો નથી ત્યારે ઇન્દ્રદેવની માટીની મૂર્તિ બનાવી પાટલા ઉપર મૂકી અને પરવળ, ગીલોડાં, કારેલાંના વેલા ઓઢાડી ગાતી ગાતી ઘરોઘર ફરે છે.

**'તારી ધરતી ધણિયાણી જુવે વાટ મેવલિયા;**
**તમે વરહો રે વરહો રે આજ મેવલિયા**
**તારી ખેડૂના હાળી જુવે વાટ મેવલિયા**
**તમે વરહો ને દુનિયાના દેવ મેવલિયા.**

સ્ત્રીઓ જે ઘેર જાય છે તે ઘરની સ્ત્રીઓ મેઘરાજા પર પાણીનાં બેડાં રેડે છે. આથી વરસાદ વરસે છે એવી લોકમાન્યતા છે.

દુબળાજાતિનો દિવસો : દિવાહા એટલે કે દિવસો એ ગુજરાતના દુબળાજાતિઓનો મોટો તહેવાર છે. ખેતીકામમાંથી પરવાર્યા પછી જૂન મહિનામાં આ ઉત્સવ ઊજવાય છે.

**'નદી તારી માસી રે ઢીંગલી,**
**દરિયો તારો દાદો રે ઢીંગલી.'**

કુંવારી કન્યાઓ ઢીંગલા-ઢીંગલીનાં લગ્ન યોજે છે. ગામ આખાની રાતા કપડાંમાં ઢીંગલીઓ અને સફેદ કપડાનાં ઢીંગલાઓના લગ્નનો ઉત્સવ ઊજવાય છે. લગ્ન પછી ઢીંગલાઢીંગલીને કેળના થડિયા ઉપર બેસાડીને પાણીમાં વહેતા મૂકવામાં આવે છે. તે પ્રસંગે સ્ત્રીઓ ઉપર્યુક્ત ગીત ગાય છે. ઢીંગલીને દરિયાદેવને ત્યાં સાસરે મોકલવા માટે ગામ આખું ભેગું થાય છે અને નાચગાનનો ઉત્સવ યોજાય છે. તેથી જ કહેવાય છે કે, મારવાડીની હોળી ને દુબળાનો દિવાસો.

ભીલોના જીવનમાં તહેવારો અને ઉત્સવોનું મહત્ત્વ ઘણું છે. તેઓ ઉત્સવસમયે મસ્ત બની આનંદ લૂંટે છે. આવો આનંદ કોઈ સુસંસ્કૃત પ્રજા ભાગ્યે જ માણી શકતી હશે. તેઓ હોળી દિવાળી અખાત્રીજ, દિવાસો, પિઠોરો, આંબલી અગિયારસ, જન્માષ્ટમી, ગોળગધેડા વગેરે તહેવારો ઊજવે છે. ધનતેરસ અને કાળી ચૌદશની રાત્રે ભીલો દસબારની ટુકડીમાં નીકળી 'સલો' ગાઈ અનાજ



ઉઘરાવે છે :

**'હડી હીગે નીપ્યા થાપ્યા ઓરડા, વખાણ બોલો નીપનારીએ**
**થાંમે થાંમે દીવા બળે રંગમેલામાં ઈજવાળાં એ**
**... બાઈ ફટુડી મારી બેનડી અમને મધેડો ભરી આલો એ.'**

ભીલોના ચાર મુખ્ય તહેવારો હોળી, ગોકળઆઠમ, દશેરા, દિવાળી હિંદુ ધર્મના છે. એમની મરણને લગતી ધાર્મિક ક્રિયાઓ તેમજ લગ્નના મંગળ ફેરા વગેરે રિવાજો પણ આપણા સંસ્કારનું જ સ્મરણ આપે છે.

(આનંદશંકર ધ્રુવ 'દિગ્દર્શન' પૃ. ૩૪૮)

ઉપરાંત ૪૮ મેળાઓ હોળી વખતે, ૩૯ મેળાઓ શ્રીકૃષ્ણ સંબંધી, ૩૧ મેળાઓ શિવસંબંધી, ચૈત્રી આઠમનો ચાંપાનેરનો મેળો, નદીનાથનો મેળો માથ-કાંટાલમાં અને ગોલગધેડાનો મેળો જેસાવાડા તાલુકામાં ભરાય છે.

– આ ઉત્સવોમાં લોકજીવનનું દૈવત જોવા મળે છે.
  આ ઉત્સવો આનંદ અને સંયમનું સંયોજન છે.
  આ ઉત્સવો લોકજીવનની કળાભાવનાને ખીલવતા ઉત્સવો છે.
  આ ઉત્સવો ઉદાત્ત ભાવનાથી ભરેલા છે.

– Primitive આદિમાનવ જેની સંસ્કૃતિ સાદી છે. જીવનવ્યવહાર સરળ છે, શાસ્ત્ર પણ સરળ છે. આથી તેના ઉત્સવો પણ સરળ બન્યા. તેમાં જીવનો રસ પણ હતો.

આ ઉત્સવો આદિમાનવના જીવનની પેદાશ છે અને પછીથી તેણે પરંપરાનું રૂપ લીધું છે. નવા અજાનો ઉત્સવ : **હોળી** શૃંગાર, મસ્તી અને ઋતુસૌંદર્યનો લોકોત્સવ. ઋતુપરિવર્તનનો રંગોત્સવ. ખેડૂતોનો માનીતો ઉત્સવ અખાત્રીજ.

**હોળી :**

પ્રાચીન કાળમાં વસંત આગમનનાં વધામણાં આપવા હોલિકાત્સવ પ્રતીકરૂપે શરૂ થાય છે. ઉત્સવ પાછળની માન્યતા : હોળી માતાનાં દર્શન કરી હોળીમાં ધાણીચણા ખજૂર નાખે.

નવા પરણેલા હોળીની પાંચ પ્રદક્ષિણા ફરી હોળીમાં નારિયેળ નાખે છે.

અનુભવી હોળીનો પવન જોઈ વરસાદના વરતારા કહે છે.

**દિવાળી :**

પ્રારંભમાં ઋતુઉત્સવ, દીવડાનું પરબ. ધાર્મિક ભાવના મોડી મળી.

શ્રી, શક્તિ, સરસ્વતી - ત્રણે મહાશક્તિઓનું પર્વ ત્રણેના સમન્વયથી જીવનનું કલ્યાણ.

ઠાકોર જાતિની સ્ત્રીઓ પોતાની ભેંસોને શીંગડાં રંગીને એના શરીર પર ગેરુવાળી ઇંઢોણીથી છાપો આ જ દિવસે પરોવે. ગામડાની સ્ત્રીઓ ઘરમાંથી અળશ કાઢે છે. હાથાનાં કાળું ફૂટેલું હાંડલું કે તાવડી કટકા કરી ઉકરડે નાખવા જાય છે અને બોલે છે.

**અળશ જાય ને લક્ષ્મી આવે.**
**અળશ જાય ને લક્ષ્મી આવે.**

અળશ એટલે આળસ ને દરિદ્રતા જાય નેં પુરુષાર્થ વડે ઘરમાં મહેનતની કમાણીની લક્ષ્મી આવે તેવી ભાવના વ્યક્ત થાય છે.

**ઇન્દ્રરાજાની છડીનો લોકોત્સવ :** અષાઢ સુદ દસમને દિવસે ઇન્દ્રરાજાની છડીનો ઉત્સવ.

**લોકવિશ્વાસનું રૂપાળું પ્રતીક રૂપાલની પલ્લી :** ગાંધીનગર જિલ્લાના રૂપાલગામમાં આવેલા વરદાયિની માતાના મંદિરમાં દર વર્ષે આસો સુદ નોમ દિવસે પલ્લી મહોત્સવ ઊજવાય છે. જે પંચબલિની પૂજા સૂચવે છે. ધાર્મિક એકતા અને અસ્પૃશ્યતા નિવારણનું અજોડ ઉદાહરણ.

ઘોઘારાવની છડી, દરિયાપીરનો ઉત્સવ (કોળીનો ઉત્સવ) - સામાજિક પ્રશ્નો ઉકેલે છે. રબારીપૂંજનો ઉત્સવ, તુલસીવિવાહનો ઉત્સવ.

મેળો એટલે હળવું-મળવું. ઘણો પ્રાચીન છે. તેની પ્રાચીનતાનો ઇતિહાસ છે. માનવહૃદયના ઉલ્લાસનું મોંઘેરું પર્વ-મેળા. જે પ્રાકૃતિક સૌંદર્યના ઉપાસકોની આપણને દેણ છે. ઋતુરંગો સાથે જોડાયેલા મેળા, લોકજીવનમાં ઉત્સવ જેટલા જ મહત્ત્વના છે. દા.ત. દેવદેવીઓ, સંતોમહંતો, પીરની યાદમાં યોજાતા મેળા.

આદિવાસીના મેળા, ભગતભૂવાનો મેળો, ગોળ ગધેડાનો મેળો, ગળદેવનો મેળો, માધવપુરનો મેળો, રંગપંચમીનો મેળો. માનવેતર મેળા મળે છે. આ લોકમેળાઓ લોકજીવના ઉલ્લાસનું મોંઘેરું પર્વ જ નહીં, પણ લોકસંસ્કૃતિનું સંગમસ્થળ પણ છે. જે તે પ્રદેશમાં વસતિ વિવિધ જાતિઓ કોઈ પણ જાતના ભેદભાવ વિના મેળામાં ભેગી થાય છે. ત્યાં લોકજીવનનો સંસ્કાર વિનિમય થાય છે. આ મેળાઓમાં



લોકજીવનની કૈં કેટલીય કળાઓ ઠલવાય છે આથી લોકજાતિઓના અભ્યાસ માટે મેળા અત્યંત ઉપયોગી બની રહે છે. આ મેળાઓ ભક્તિ, શક્તિ, સૌંદર્યનો ત્રિવેણી સંગમ છે. લોકઊર્મિની અભિવ્યક્તિનું સહિયારું સ્થાન છે.

માનવજીવનના અને સમાજજીવનના વિકાસનો આખો ઇતિહાસ આ લોકગીતોમાં સંકળાતો આવે છે. લોકજીવનની પ્રત્યેક ગતિવિધિ લોકગીતોમાં પ્રતિબિમ્બિત થયા કરે છે. લોકજીવનની વ્યાપકતાને કોઈ શાસ્ત્રોમાં બાંધી શકાય તેમ નથી. તેમ લોકગીતની વ્યાપકતાને કોઈ ધર્મ, સમાજ, સાહિત્ય સંસ્કૃતિ કે સંગીતના બધાં શાસ્ત્રો મળીને પણ બાંધી શક્યા નથી. સૃષ્ટિના વિકાસથી આજસુધી માણસે જે કાંઈ વિચાર્યું, અનુભવ કર્યો અને જીવનના અનેક સંઘર્ષોમાંથી પસાર થઈ પોતાના અસ્તિત્વને પુરવાર કર્યું. એના અનંત જીવનપ્રવાહથી લોકહૃદય ચેતનામય બનતું રહ્યું છે. એમાંથી નવી ને નવી સ્ફૂર્તિ મેળવતું રહ્યું ને નવા ને નવા ભાવો એનામાં જાગતા રહ્યા છે. લોકગીતો અખૂટ રસવંતા ને અખૂટ આનંદ આપતાં રહ્યાં છે.

આ ઉત્સવોનો હેતુ શો હતો ? દેવોના ઉત્સવો પાછળ પૂજા-અર્ચનાનો વિચાર હતો. ધાર્મિક ઉત્સવોમાં સાથે આનંદ અને ઉલ્લાસને પ્રગટાવવાનો વિચાર મનમાં હતો. આ જ વિચારથી સંસારના ઉત્સવોને યોજ્યા હતા. તેમાં સમાજજીવનનું ચિત્ર મૂકીને પ્રગટાવવાનો હતો આનંદ. આ સર્વ ઉત્સવોમાં આનંદ, ઉલ્લાસ પ્રગટાવવા માટે તેઓએ સંગીત, નૃત્ય અને વાણી ભાષાને નોતર્યા. વાણી દ્વારા તેમના હૈયાના ભાવને પ્રગટ કર્યા અને આમાંથી ઉત્સવગીતોનો જન્મ થયો.

ટૂંકમાં પ્રકૃતિ અને જીવનનો સંબંધ ગૂઢ અને રહસ્યાત્મક છે. મનુષ્ય જન્મની સાથે જ પ્રકૃતિની સાથે જોડાઈ જાય છે. પ્રકૃતિનાં તમામ તત્ત્વો સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહ, રાત-દિવસ, જળ, પર્વત, વન-વેલી આદિ પ્રત્યક્ષ કે અત્પ્રત્યક્ષ રૂપે માનવચેતના સાથે જોડાયેલ છે.

લોકના જીવનમાં ઓતપ્રોત પ્રકૃતિમાત્ર ઉપયોગિતાઓ પૂર્ણ કરવાનું સાધન નથી પરંતુ ચૈતન્યમયી સૃષ્ટિનું અવિભાજ્ય અંગ હતી. તેનો ખ્યાલ આ ગીતોમાંથી પસાર થતાં અનુભવ્યો. માનવજાતિનો ઇતિહાસ એના પ્રાકૃતિક પર્યાવરણ સાથેના સંબંધનો ઇતિહાસ છે. સ્ત્રીઓ દૈવી સંસ્કૃતિના પુરાકલ્પનો અને સંકેતોથી પ્રભાવિત થઈ છે. એમના મતે આ બ્રહ્મો સ્ત્રીશક્તિની નીપજ છે અને પૃથ્વી આદરપાત્ર વસ્તુ છે.

આ લોક ઉત્સવગીતોમાં સ્ત્રીઓનો પ્રકૃતિ સાથેનો સંબંધ, નવીન

અભિગમથી તપાસવાનો અહીં પ્રયાસ છે. ટૂંકમાં મનુષ્ય અને પર્યાવરણનો સર્વાંગીણ સંબંધ રહ્યો હોવો જોઈએ, શા માટે તેવો હોવો જોઈએ વિશ્લેષણાત્મક ખ્યાલ પર્યાવરણકેન્દ્રી વિવેચનવિચારણા આપે છે.

પર્યાવરણકેન્દ્રી સભાનતા જગાવતી આ વિચારણાનો વ્યાપ ઘણો મોટો છે, સર્વમાં છે. સ્વકેન્દ્રિતા નહીં પરસ્પરકેન્દ્રિતાનું સંવર્ધન થાય તેનો પ્રયાસ અહીં છે ને વિવેચકો પણ કરી રહ્યા છે. પર્યાવરણ જાળવણી પરત્વેની સહજ પ્રકારની સભાનતા અને સમતુલા એમાં દૃષ્ટિગોચર થાય છે. નારી સંવેદન વિશ્વ કેટલું પ્રકૃતિ અભિમુખ છે તેના પરિચાયક પણ આ લોકગીતો છે.

# મામી-ભાણેજના અવૈધ સંબંધની લોકકથાઓ

હસુ યાજ્ઞિક

ભારતની મોટા ભાગની લોકકથાઓમાં તથા લોકગીતોમાં મામી-ભાણેજના આડ સંબંધોનાં આલેખન થયાં છે. સામાજિક સમસ્યાઓ, એની જનક પરિસ્થિતિ, મનોવૈજ્ઞાનિક અને સામાજિક કારણો વગેરે સમજવામાં લોકસાહિત્યની આવી રચનાઓ મહત્ત્વની અભ્યાસસામગ્રી પૂરી પાડે છે. લોકોમાં એમના કંઠપ્રવાહમાં, જે કંઈ જે રીતે કહેવાતું હોય એનું એ જ રૂપમાં, કૃતકતા, પ્રશિષ્ટતા, નીતિ, ધર્મ, આદર્શ વગેરેના કોઈપણ ઢાળ ચડાવ્યા વગર કે છોછ કે સૂગ પણ રાખ્યા વગર આવી સામગ્રીનું વાસ્તવિક અને તટસ્થ રીતે જ સંપાદન કરવું જોઈએ. આ બાબત પણ પોતાનો જ દાખલો આપીને મેઘાણીએ સહુનું પહેલું ધ્યાન ખેંચ્યું હતું. આ સંદર્ભે બન્યું હતું એવું કે પ્રો. ધૂર્યએ મરાઠી ભાષાના લોકસાહિત્યના અભ્યાસી પત્રથી પુછાવ્યું, 'તમારા લોકસાહિત્યમાં મામી-ભાણેજના આડ સંબંધો કે પ્રેમસંબંધની કથાઓ કે ગીતો મળે છે ? તમે એની વિગત મોકલો. મારે મારા આ પ્રકારની મનોગ્રન્થિ અને સામાજિક પરિસ્થિતિ વિશે અભ્યાસ કર્યો છે.' એના જવાબમાં મેઘાણીએ આવા મતલબનું જણાવેલું, 'મને એવી કેટલીક સામગ્રી મળેલી પરંતુ લોકસાહિત્ય આપવાનો મારો હેતુ તો પ્રજાનાં સંસ્કાર અને સંસ્કૃતિનું ઘડતર કરવાનું હોવાથી મેં આવા અંશો ગાળી નાખેલા.' આ સંદર્ભે મેઘાણી કબૂલ કરે છે કે આવું કરવામાં પોતાની ભૂલ હતી. આપણું લોકસાહિત્ય જેમ સંસ્કાર-



સંસ્કૃતિનું વાહક છે, તેમ આપણી કેટલીક સામાજિક સમસ્યાઓ અને પરિસ્થિતિના સામાજિક-મનોવૈજ્ઞાનિક અભ્યાસ માટેની સાચી સામગ્રી પણ છે.' - આ બાબતને સ્પષ્ટ કરવા માટે અહીં આપણા ગુજરાતી લોકસાહિત્યની તથા તેના વિવિધ સ્રોત અને રૂપાન્તરની રાણક અને રાખેંગારની કથા તથા એ જ કુળની ભોજપુરી તથા રાજસ્થાનની સોરઠ-વીસૂની પ્રેમકથા વિશે કેટલીક ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

આ બે કથાઓની અને તેમની વચ્ચેના પારસ્પરિક સંબંધની ચર્ચાના આરંભમાં પહેલો જ એનો પ્રશ્ન ઉઠાવીએ કે લોકસાહિત્યમાં આવી કથાઓ આવી ક્યાંથી ?

આ પ્રશ્નનો સ્પષ્ટ સીધો જ ઉત્તર એ છે કે તે સમયમાં આપણા જ સમાજમાં બનેલી કેટલીક વાસ્તવિક ઘટનાઓમાંથી આવી લોકસાહિત્યમાં તો મુખ્યત્વે સમાજમાં જે કંઈ હોય છે, એનું જ આલેખન થાય છે. શિષ્ટતા-અશિષ્ટતા શ્લીલ-અશ્લીલ એવી કોઈ પણ છોછ વગર થાય છે. આથી આવું ક્યાંક બન્યું તે કથાના રૂપમાં આવ્યું.

હવે બીજો પ્રશ્ન એવો થાય કે આવું શાથી બન્યું ? કેમ બન્યું ? આ પ્રશ્ન જ મહત્ત્વનો છે. એવી તે કઈ સામાજિક પરિસ્થિતિ છે કે આવું બન્યું ? કાકી-ભત્રીજાની કથાઓ વિશેષ નથી ત્યારે મામી-ભાણેજની જ કેમ ? આદિવાસીસ્રોતમાં ફોઈ-ભત્રીજાના સંબંધની કેટલીક કથાઓ છે ત્યાં પણ કાકી-ભત્રીજાના સંબંધની નથી. મામી-ભાણેજના સંબંધની કથાનાં મનોવૈજ્ઞાનિક કારણો કયાં ? સામાજિક એવી કઈ પરિસ્થિતિ ?

આવા પ્રશ્નો વિચારીએ અને આપણી સામાજિક પદ્ધતિ અને રૂઢિઓની જો તપાસ કરીશું તો તરત જ આવી પરિસ્થિતિનાં કારણો સ્પષ્ટ થશે. આમાં પહેલું કારણ એ છે કે જ્યાં મામા-ફોઈનાં સંતાનોનાં લગ્નને પ્રાધાન્ય અપાતું હોય છે ત્યાં કેટલીક વખત એવું બને છે કે કન્યા પોતે કોઈ અન્યના પૂર્વ પ્રેમમાં હોય અને એને એની ખુદની ઇચ્છા વગર જ લગ્ન કરવાં પડે અને એનો મનનો માનેલો જો પતિનો ભાણેજ હોય તો છાનાંછૂપાં પણ મળતાં રહે, ચાહતાં રહે. બીજું કારણ એ છે કે પતિ વૃદ્ધ હોય, બીજી પણ એને પત્નીઓ હોય. ત્યારે આવી પરિણીતા પતિના આશ્રિત એવા ભાણેજના પ્રેમમાં પડે, સંબંધ બંધાય ! ત્રીજી પરિસ્થિતિ એવી છે કે કોઈ આશ્રિત એવો ભાણેજ કોઈ રૂપસુંદરીના પ્રેમમાં હોય અને એ વાત જાણીને જબરો મામો પોતે જ બળજબરીથી એ કન્યા સાથે લગ્ન કરી લે અને આશ્રિત એવો ભાણેજ આવી પરિસ્થિતિ પાસે લાચાર-અસહાય બની જાય. વિરોધ કરી ન શકે,

પરંતુ પ્રેયસી આવી રીતે બળજબરીથી પરણનારને તનથી કે મનથી પોતાનો પતિ ન જ માને અને તે પોતાના મૂળ પ્રેમીને, પતિના સગા ભાણેજને પામીને રહે. આવી જ ઘટનાઓને લોકકથાઓએ પ્રેમકથા તરીકે જ અપનાવી છે. આસ્વાદી છે અને એમાં આવા સંબંધને લોકોએ અનુચિત પણ નથી માન્યો. સોરઠ-વીસૂ તથા જલાલ-બૂમનાની કથામાં પણ એ જ છે. આ બંને કથાઓ ક્રમશઃ પછી વિગતે જોઈશું. અહીં આરંભમાં ગુજરાતમાં પ્રચલિત છે તે રાણક- રા'ખેંગારની કથા જોઈએ. રાણકની કથા વિશે બે-ત્રણ રાસડાઓ છે, તે મારા 'ગુજરાતી લોકસાહિત્યમાં કથાગીતો' (ઈ. ૧૯૪૯)ના સંગ્રહમાં કથા ગીતક્રમાંક ૪૭ થી ૫૦માં છે. આ રાસડાઓમાં આવતી રાણકની કથા આ પ્રમાણે છે.

ક્રમાંક ૪૭ના 'વાગ્યા વાગ્યા રે કાંઈ જાંગીના ઢોલમાં કથા એવી છે કે રાજાની કુંવરી જન્મી, ઢોલ વાગ્યા ને જોશીને બોલાવ્યા. જોશીએ કહ્યું, 'આ કન્યા એવા અવજોગમાં જન્મી છે કે પહેલે જ વાસે દાદાને ભારે પડશે, બીજે વાસે મોસાળને, ત્રીજે વાસે કાકાને, ચોથા વાસે કાકીને, પાંચમે વાસે ભાઈને, છઠ્ઠે વાસે ભાભીને ભારે પડશે.' રાજાને લાગ્યું કે આ કન્યા તો કુળનો નાશ કરાવે એવી અપશુકનિયાળ છે, તેથી જમીનમાં દાટી દીધી. માટી ખોદતાં કુંભારે બાળકીને બહાર કાઢી. એ નિઃસંતાન હતો. એણે આ રાજકુંવરીને રાણક તરીકે ઉછેરી. એ અત્યંત સ્વરૂપવાન હતી. જૂનાગઢનો રાજા રા'ખેંગાર એના પ્રેમમાં પડ્યો અને રાણક-રા'ખેંગારનાં લગ્ન થયાં.

ક્રમાંક ૪૮ના ગીતમાં જુદું જ છે. એમાં રાણક પોતે રા'ખેંગારની શાપિત કન્યા તરીકે જન્મે છે અને તેને ત્યજી દેતાં કુંભાર ઉછેરે છે એવી કથા છે. કાળક્રમે યુવાન થયેલી રાણકને ખેંગાર પોતાની પત્ની બનાવે છે. બાપ પંડની દીકરીને પરણ્યો એથી જૂનાગઢ પણ ધ્રૂજી ઊઠ્યો અને બાવન હાથની શિલા સરકવા લાગી. આથી રાણકે શિલાને રોકી કહ્યું, 'ખરેળ મા, ખરેળ મા ગરવા ગિરનાર, તારી શલ્યા કોણ ચડાવશે ?' આમ કહી સતીએ હાથનો થાપો માર્યો અને શિલા પડતી અટકી ગઈ.

ક્રમાંક ૪૯ના ગીતમાં રાજાએ અવજોગમાં જન્મેલી બાળકીને ત્યજી દીધી, કુંભારે એને રાણક દેવડી તરીકે ઉછેરી એ કથા છે. અને રાણક-રા'ખંગારને પરણે છે. પછીના ૫૦મા ગીત પ્રમાણે રાણક કચ્છ દેશના હડમતિયા નામના કુંભારને વનમાં તજાયેલી બાળકી મળે છે. એનું નામ રાણક દેવડી રાખી હડમત ઉછેરે છે - રાણક મોટી થઈ. ભુજનો રાજા મોહ પામ્યો ને રાણકનો હાથ માગ્યો. રાણકના



પાલક પિતાને આ મંજૂર ન હતું એથી એણે કચ્છમાંથી ઉચાળા ભર્યા અને સોરઠમાં વસવા લાગ્યો. પાટણના રાજા સિદ્ધરાજ સોલંકીનો ભાટ કન્યાને શોધવા નીકળ્યો, સોરઠમાં આવ્યો, રાણકને જોઈ માગું નાખ્યું. હડમત કુંભારે સ્વીકાર્યું. ભાટ વધામણી દેવા માટે પાટણ પહોંચ્યો એ દરમિયાન જૂનાગઢના રાજા રા'ખેંગારે રાણકને જોઈ અને પોતાના ભાણેજ દેશળને માગું લઈને મોકલ્યો. કુંભારે જણાવ્યું કે રાણકનું સગપણ તો પાટણના રાજા સિદ્ધરાજ સાથે થઈ ગયું છે તેથી માગું સ્વીકારી ન શકાય. આ સાંભળી ખેંગારનો ભાણેજ દેશળ ગુસ્સે થયો, રાણકને જૂનાગઢ ઉઠાવી લાવ્યો, રા'ખેંગાર-રાણકનાં લગ્ન થયાં.

સિદ્ધરાજ આ સાંભળી કોપ્યો. એણે જૂનાગઢ પર હુમલો કર્યો, ગઢને ઘેરો ઘાલ્યો. બાર બાર વર્ષ સુધી ઘેરો ઘાલ્યો પરંતુ ગઢ ન જિતાયો. આમાં બીજી ઘટના બની. એક રાતે રા'ખેંગાર અને દેશળ - મામા - ભાણેજ દારૂ પીવા બેઠા. નશામાં ચકચૂર થયેલા રા'ખેંગારે દેશળને દારૂ લઈ રાણકને પાવા મોકલ્યો. રાણક અને દેશળ, મામી અને ભાણેજ નશામાં મદહોશ બની એક જ પલંગમાં પોઢી ગયાં. નશો ઊતરતાં રા'ખેંગાર રાણીવાસમાં આવ્યો. મામી-ભાણેજને એક પલંગમાં પોઢેલાં જોતાં ગુસ્સે થયો. દેશળને દેશવટો આપ્યો. ભાણેજ અન્યાયથી ગુસ્સે થયો. એ સિદ્ધરાજને મળ્યો. ગઢના છૂપામાર્ગની માહિતી આપી. સિદ્ધરાજે જૂનાગઢમાં પ્રવેશ કર્યો. ખેંગારને માર્યો. રાણક-રા'ખેંગારના બાળપુત્રોનો પણ વધ કર્યો. રાણકને બળજબરીથી પાટણ લઈ જવા નીકળ્યો પરંતુ રાણક વઢવાણના ભોગાવા પાસે સતી થઈ. ક્રમાંક ૫૦ના દીર્ઘ રાસડાની કથા જ વિશેષ પ્રચલિત છે.

ઐતિહાસિક દૃષ્ટિએ તપાસીએ તો સિદ્ધરાજને જે યુદ્ધ થયેલું તે રા'નવઘણ સાથે. ખેંગાર તો સિદ્ધરાજનું મૃત્યુ થયું ત્યારે હજુ બાર વર્ષનો જ હતો ! આમ, આ કથાનો હેતુ સિદ્ધરાજને કલંકિત કરવાનો જ હોવાનું સ્પષ્ટ છે. રાણક સતી મનાય છે. આવી રાજપૂતાણી મદ્યપાન કરે ? તે પણ ભાણેજ સાથે ? વળી નશામાં જ ભાણેજ સાથે સહશયન કરે ! આ જ મોટી કથાની વિસંગતિ છે. હકીકતે તો ભોજપુરીમાં સોરઠ-વીસૂની જે પ્રેમકથા છે તે જ કોઈ તબક્કે રાણકની કથા સાથે જોડવામાં આવી છે. આગળ જે રાણક વિશેનાં લોકગીતો છે તેમાં ક્યાંય સિદ્ધરાજ સાથેના યુદ્ધની, દેશળ સાથેના મદ્યપાનની વાત નથી. સોરઠ એવા નામના કારણે જ ભોજપુરી-રાજસ્થાની કથા કોઈ તબક્કે કોઈ રીતે રાણક-કથામાં ઉમેરાઈ હોવાનું લાગે છે.

**સોરઠ-વીસૂની પ્રેમકથા :**

વીસૂ કે વિંઝાવણ નામનો એક સુંદર અને સશક્ત યુવાન પોતાના મામાના આશ્રિત તરીકે રહેતો હતો. એ સોરઠ નામની એક નવયુવાન સુંદર કન્યાના પ્રેમમાં હતો. બંને એકબીજાંને લગ્નનાં વચન આપી ચૂક્યાં હતાં. પરંતુ મામાની જાણમાં આ વાત આવી. એમણે સોરઠને જોઈ અને પોતે જ સુંદર કન્યા પર એટલો મુગ્ધ બની ગયો કે એણે સોરઠી સાથે લગ્ન કરી લીધાં !

સોરઠ અને વીસૂ હવે આ નવા સંબંધે તો મામી-ભાણેજ બન્યાં. પરંતુ એ બંને તો મનથી જ પરસ્પરને વરી ચૂક્યાં હતાં. બંને એકબીજાં માટે ઝૂરવા લાગ્યાં. પરંતુ આ પ્રેમીઓ મામી-ભાણેજના સંબંધથી સંકળાયેલાં હોવાથી એકબીજાને મળી શકતાં હતાં. આથી સોરઠ-વીસૂ પરસ્પરને મળતાં રહ્યા. પરંતુ આવી વાત છૂપી ક્યાં સુધી રહે ? અંતે મામાને આ પ્રેમસંબંધની જાણ થઈ. એમણે વીસૂને દેશવટો આપ્યો અને સોરઠને જણાવ્યું કે વીસૂનું મૃત્યુ થયું છે. આ સાંભળતાં સોરઠ બોલી ઊઠી —

**હાલ હડા જીરાણ મેં શેણાને કરીએ સાદ**
**જીવતા હશે તો બોલશે, નીકર હોંકારા દેશે હાડ !**

— આ સાથે મારીને દાટેલા વીસૂના હાડે હોંકારો દીધો અને સોરઠ સતી થઈ.

મારી ધારણા એવી છે કે આ કથાનક જ મૂળભૂત છે, જેની અસર પછી રાણકની કથા પર પડી અને રાણકનો જન્મ અવજોગમાં થતાં એનાં જ્યાં જ્યાં પગલાં પડશે ત્યાં ત્યાં વિનાશ થશે, એવી જ્યોતિષીએ કરેલી આગાહીની અને ખેંગાર સાથેનાં લગ્નની કથાની ભૂમિકા પણ રાજસ્થાનમાં કહેવાતી. સોરઠ-વીસૂની પ્રેમકથા પર થઈ. આમ પહેલાં સોરઠ-વીસૂની અસર રાણકકથા પર પડી અને પછી રિવર્સિયલ પ્રોસેસથી રાણકકથાના પણ જે ચમત્કારમૂલક ઘટક અંશો હતા એ પણ સોરઠની સાથે જોડાયા અને એક નાનકડી એવી ભોજપુરી કથા આ બીજે તબક્કે રાણકકથાની અસરમાં આવી અને તેનું રૂપ બદલાયું, જે હિંદી સાહિત્યના બૃહદ ઇતિહાસના સોળમા ભાગમાં પૃષ્ઠ ૧૦૦ પર મળે છે તથા ડૉ. કૃષ્ણબિહારી સકલે આપેલા રાજસ્થાન લોકગાથા કોશમાં આપેલી સોરઠની કથા પર પડે છે. કથાનું રૂપાન્તરણ થાય છે ત્યારે એમાં અનેક એવાં સંજોગો અને કારણો હોય છે. એકની એક મૂળ લોકકથા જે કેટલુંક નવું લઈને ફરી કહેવાતી થાય છે.



સોરઠ-વીસૂનું મૂળકથાનક કેવું હતું એ કહેવાના કોઈ વિશેષ આધાર નથી, પરંતુ ગુજરાત તથા રાજસ્થાનની લોકકથાઓના મારા વિશેષ પરિચય અને અભ્યાસને આધારે મને એવી શક્યતા લાગે છે કે ભોજપુરી અથવા તો અન્ય કોઈ તળગુજરાતની બહારના ભાગમાં આ કથા અસ્તિત્વમાં આવી તેની મૂળ ઘટના જેમનાં પણ જીવનમાં રાજસ્થાનની ભૂમિ પર ઘટી એમનો પણ કોઈક સંબંધ ગુજરાતની સાથે જ છે. ચારણાદિ કોઈ પશુપાલક જાતિની સાથે જ છે. ગુજરાતમાં જ્યારે પણ લાંબા દુકાળ પડતા ત્યારે પશુપાલકો કચ્છ સૌરાષ્ટ્રમાંથી પણ પોતાનું પશુધન લઈને ઘાસપાણી મળે તેવા પ્રદેશોમાં જતો. આમાં ખાસ તો રાજસ્થાનના પૂર્વ દિશાના વિસ્તારમાં, મધ્ય પ્રદેશમાં વિશેષ પ્રમાણમાં સંક્રમણ થયું, કેમ કે રાજસ્થાનનો એ ભૌગોલિક ભાગ પ્રમાણમાં સારી વૃષ્ટિ પામે છે, ફળદ્રુપ જમીન ધરાવે છે. બંગાળની ખાડીના વરસાદી પ્રવાહનો પણ લાભ મળે છે અને ક્યારેક અરબી સાગરની આવી સિઝનલ મુવમેન્ટ અરબીના પ્રવાહને રોકે કે પાછો પાડી ઉત્તરમાં વાળે છે ત્યારે પણ એને વૃષ્ટિનો ઓછોવત્તો લાભ મળે છે.

આથી હાલ પણ કચ્છના બન્ની વગેરે વિસ્તારના માલધારીઓ ઘાસચારાની શોધમાં પોતાનાં ઊંટ, બકરાં, ઘેટાં, ગાય વગેરે લઈને રાજસ્થાન-મધ્યપ્રદેશમાં જાય છે. દેશમાં વરસાદ આવે ત્યારે પાછાં ફરે છે. આવા માલધારી ચારણ જે મૂળ ભૂમિના હોય તે નામે ઓળખાય છે. પાબૂજી રાઠોડે જેને ધર્મની બહેન બનાવી અને પાબૂજીને પોતાની ગૌરક્ષ એવી ઉમદા ઘોડી આપી અને જીંદરાવ ખીંચીએ, પાબૂજીના જ સગા બનેવીએ દેવલચારણીની ગાયોનું હરણ કર્યું. જેને પાબૂજીએ બલિદાન આપી પાછું મેળવેલું તે દેવલ ચારણ પણ ત્યાંના સાહિત્યમાં 'દેવલ કાછડી' એટલે કે કચ્છ પ્રદેશમાંથી આવેલી ચારણ એ નામે જ ઓળખવામાં આવી છે. આ જ રીતે સોરઠની કોઈ માલધારી ચારણ પણ આ પ્રદેશમાં પોતાનું ગૌધન લઈને ગઈ હોય તે સોરઠની હોવાને કારણે સોરઠી તરીકે ઓળખાતી હોય. આ માલધારી સમુદાયમાં જ વીસૂ એટલે કે વિસામણ, જેને વીઝૂ પણ કહ્યો છે તે યુવાન આ સોરઠનો પ્રેમી હોય ! ચારણ સામાન્ય રીતે રાજપૂતને મામા કહે છે. એની પાછળનું કારણ એવું છે કે રાજપૂતો શંકરની પત્ની સતીના ભાઈઓ મનાય છે જ્યારે ચારણો પુરાકથા પ્રમાણે સતીના જ પુત્રો છે. આથી સતીના પુત્રો માટે શક્તિપૂજક રાજપૂત મામા છે. આ કારણે કોઈ પણ ચારણ માટે રાજપૂત ઠાકોર કે રાજા અથવા મોટા ભાગદાર જમીનદાર મામા ગણાય છે. આ રીતે જ સ્થાનિક કોઈ રાજપૂતે બળજબરીથી સોરઠને પત્ની બનાવીને મર્યાદાનો ભંગ કર્યો હોય અને વીસૂએ બલિદાન આપ્યું હોય અને સોરઠ એની પાછળ સતી હોય એવી જ ઘટના આ

કથાના મૂળમાં હોવાની સંભાવના છે. કોઈ સાચો રાજપૂત ચારણ પ્રત્યે આંખ બગાડતો નથી અને કોઈ એવો મર્યાદભંગ કરે તો ચારણ સ્ત્રી સાંખતી નથી અને જાતનું બલિદાન આપે છે. સોરઠ-વીસૂની કથામાં પણ જે છેલ્લો મર્મસ્પર્શી 'દુહો' છે : 'હોંકારો દેશે હાડ !' પણ ગુજરાતી ચારણી ભાષાનો જ છે. આથી આ એક મૂળભૂત ઉત્તમ પ્રેમકથા છે, મૂલ્યને વરેલા માનવીની કથા છે જેનાં રૂપાન્તરણથી મૂળકથા ભ્રષ્ટ થઈ.

રાણકકથા પણ આવી જ શુદ્ધ પ્રેમકથા છે. એકનિષ્ઠા અને સતીત્વની છે. 'મા પડ મારા આધાર, ચોસલા કોણ ચઢાવશે, ગયા ચઢાવણકાર, જીવતા જાતર આવશે !' એવો જે મર્મસ્પર્શી દુહો છે તે પણ એવો જ મર્મસ્પર્શી છે. પરંતુ આ પછી કોઈ હેતુએ સિદ્ધરાજના ચારિત્ર્યની અપકીર્તિ કરવાના પ્રયાસો થયા અને રાણક તથા જસમાની સ્વતંત્ર કથાઓ એની સાથે સંકળાઈ. એવું અહીં થયું અને રાણકની કથા પણ પૂર્વાર્ધ અને આંશિક રૂપે ઉત્તરાર્ધે રાજસ્થાની સોરઠીની કથામાં સંકળાઈ.

## રાજસ્થાની સોરઠીની કથા

ગુજરાતી રા'ખેંગાર કથા અને ભોજપુરી સોરઠ-વીસૂકથાનાં સંમિશ્રણે યાત્રાધામ સોરઠ જ રહ્યું પરંતુ કથા મુખ્યત્વે રાણક-રા'ખેંગારની રહી. રાજસ્થાની સોરઠ કથાનું આ બીજું રૂપાન્તર અહીં આપ્યું છે, તેની કથા આ પ્રમાણે છે :

સિદ્ધરાજ જયસિંહના સમયમાં સોરઠપુરમાં રામચન્દ્ર દેવડા નામનો રાજા હતો. નિઃસંતાન રાજવી રામચન્દ્ર દેવડાની પત્ની રાજાના તપના અંતે સગર્ભા બની, મૂળ નક્ષત્રમાં કન્યાને જન્મ આપ્યો, જોશીએ ભવિષ્યવાણી ઉચ્ચારી કે આ કન્યા પિતૃવંશ માટે ઘાતક છે. રાજાએ રણવાસમાં જઈને જોયું તો નવજાત બાળકીના માથા પર સર્પ ફેણ ચડાવી બેઠો હતો. આ જોતાં જ રાજાને જોશીની ભવિષ્યવાણી સાચી લાગી. આથી રાજાએ સેવકોને બોલાવ્યા અને કહ્યું : 'આ શાપિત બાળકીને છૂપી રીતે કોઈ વાંઝિયા ધનવાનના બારણે મૂકી આવો !'

સોરઠપુરમાં છાંગા નામનો કુંભાર નિઃસંતાન અને ધનવાન હતો. સેવકો રાજકુંવરીને તેનાં બારણે મૂકી ગયા. છાંગા અને તેની પત્નીને લાગ્યું કે ભગવાને તેમને સંતાન આપ્યું છે. બાળકીને તેઓએ પ્રેમથી ઉછેરી એનું નામ સોરઠી પાડ્યું. કાળક્રમે સોરઠી મોટી થઈ, ૧૪ કલા અને ૬૪ વિદ્યામાં પારંગત બની. એનું સૌન્દર્ય સ્વર્ગની અપ્સરા જેવું મનમોહક અને મુગ્ધ કરે એવું હતું.



એક દિવસ સિદ્ધરાજનો ચારણ સોરઠપુર આવ્યો અને છાંગાકુંભારનો અતિથિ બન્યો. એક વખત અચાનક એની નજર સોરઠી પર પડી અને એનું રૂપ જોતાં મૂર્ચ્છા પામ્યો. ઝાંગાએ એની પર પાણી છાંટ્યું, ભાનમાં આવેલા ચારણને કહ્યું : 'મારી પુત્રી આવી ચમત્કારી અને મોહક છે એની વાત કોઈને ન કહેતા.' ચારણે હા કહી પરંતુ તે તરત જ પાટણ પાછો ફર્યો અને કહ્યું : 'પાટણના રાજાનું રણવાસ અજવાળે એવી સોરઠપુરના છાંગા કુંભારની કન્યા સોરઠી છે.' આથી સિદ્ધરાજે માગું મોકલ્યું પરંતુ છાંગાએ તેનો અસ્વીકાર કરતાં કહ્યું : 'લગ્નસંબંધ તો બરોબરિયા વચ્ચે જ હોય. મારી પુત્રીનાં લગ્ન કરું તો પણ બીજી રાણીઓ તો એને કુંભારની દીકરી કહીને ઉતારી પાડે, તિરસ્કાર કરીને અપમાન કરે !'

સિદ્ધરાજે બાર ગામ આપવાની તૈયારી બતાવી છતાં છાંગાએ સંબંધ ન સ્વીકાર્યો.

કેટલોક સમય પસાર થયો તે પછી લખ્ખી વણઝારો (લાખો વણઝારો) બળદ (વણઝારની પોઠ) લઈને સોરઠપુર આવ્યો. એ અત્યંત સમૃદ્ધ હતો. સમોવડિયો હતો એથી છાંગાએ સોરઠીનાં લગ્ન લખ્ખી વણઝારા સાથે કર્યાં. વણઝારાને તો સતત એક સ્થળેથી બીજે સ્થળે જવાનું હોય, આવી સુંદર પત્નીને કોઈ એક સ્થળે કેમ રાખી શકાય ? એનો વિયોગ કેમ વેઠાય ? આથી વણઝારાએ સોરઠ માટે એક પૈડાવાળો મહેલ બનાવ્યો. (અહીં એકદંડિયા મહેલના છટકનું નવું જુદું રૂપ છે) લખ્ખી જ્યાં જાય ત્યાં સોરઠ પણ એની સાથે જ એના એક પૈડાવાળા મહેલમાં સાથે જ જાય ! બન્યું એવું કે જૂનાગઢના રાજા ખેંગારે પણ છાંગા કુંભારની પુત્રીનાં રૂપની વાત સાંભળેલી અને તે પોતે પણ એને રાણી બનાવવા ઇચ્છતો હતો. સોરઠી તો વણઝારાને પરણી ગઈ એ સાંભળતાં ખેંગારને આઘાત લાગ્યો અને એણે વિચાર કર્યો કે ગમે તેમ કરીને સોરઠીને રાણી બનાવી દેવી ! અને આ મનસૂબો પાર પાડવાનો મોકો પણ મળી ગયો.

લખ્ખી વણઝારાની પોઠ ફરતી ફરતી જૂનાગઢ પહોંચી. ખેંગારે વણઝારા સાથે ભાઈબંધી બાંધી દીધી અને વણઝારને બધી છૂટ આપી, લખીને મહેલમાં ભોજન માટે નિમંત્રણ મોકલ્યું. દોસ્તી ગાઢ બની ત્યારે ખેંગારે તો પોતાના મહેલ સામેના જ ઉપવનમાં વણઝારને રહેવાની વ્યવસ્થા કરી. સોરઠી ખેંગારના મહેલને એના એક પૈડિયા મહેલના ઝરૂખામાં બેસીને ઉત્સુકતાથી જોતી. એમાં એક દિવસ સોરઠીની નજર ખેંગારના યુવાન ભત્રીજો વીંઝા પર પડી ! વીઝો અત્યંત સુંદર અને કસાયેલા દેહવાળો યુવાન હતો. સોરઠી એના પ્રેમમાં પડી.

ખેંગારે એક દિવસ લખ્ખીને નિમંત્ર્યો અને જુગાર રમવા બેસાડ્યો. વણઝારો તો એના ધંધામાં પાવરધો પણ પાસાની રમતમાં સાવ કાચો ! એ તો એક પછી એક દાવ હારવા લાગ્યો. 'હાર્યો જુગારી બમણું રમે'ના કારણે એની ચડસ વધતી ગઈ. એક પછી એક બધું ગુમાવી હાથે પગે થઈ ગયો ને પહેર્યે લૂગડે જૂનાગઢ છોડવાની પરિસ્થિતિ થઈ ત્યારે ખેંગારે છેલ્લો દાવ અજમાવ્યો ને કહ્યું : 'તું બધું જ હારી નથી ગયો ! હજુ સોરઠી તારી જ છે ! એને છેલ્લા દાવમાં મૂકે અને દાવ જીતે તો તેં જે કંઈ ગુમાવ્યું છે તે બધું જ દોસ્તીના દાવે તને પાછું આપીશ.'

વણઝારો લલચાયો, છેલ્લા દાવમાં ફસાયો ને સોરઠીને દાવમાં મૂકી હારી ગયો ! બધું ગુમાવી લખ્ખી વણઝારો ચાલ્યો ગયો. સોરઠી હવે ખેંગારની રાણી બની. પરંતુ આ દરમિયાન તો વીંઝો અને સોરઠી એકબીજાનાં બની ગયેલાં એથી વીંઝાએ બીજો દાવ અજમાવ્યો ને કાકાને કહ્યું : 'ગમે તેવી સુંદર પરંતુ સોરઠી તો અંતે વણઝારી જ ગણાય ! એ તીર્થયાત્રા કરીને દેહશુદ્ધિ કરે તે પછી જ એને રાજરાણી તરીકે રણવાસમાં રાખી શકાય.

ખેંગારને આ વાત સાચી લાગી. આથી એણે પોતાના ભત્રીજાને જ યાત્રા કરાવવા સોરઠી સાથે મોકલ્યો. પ્રેમીઓને તો યાત્રાના બહાને પૂરી સ્વતંત્રતા મળી ગઈ. સોરઠી અને વીઝો યાત્રાના બહાને પ્રિયા-પ્રિયતમ તરીકે રહેવા લાગ્યાં, આનંદ-ઉપભોગ કરવા લાગ્યાં. આવો આડસંબંધ કંઈ છૂપો રહે ? વાત ખેંગારના કાને પણ પહોંચી. યાત્રાએથી સોરઠી-વીંઝૂ પાછાં ફર્યાં, ખેંગારે પૃચ્છા કરી પરંતુ એને લાગ્યું કે બંને નિર્દોષ છે, પવિત્ર છે ! સોરઠી હવે રણવાસમાં સ્થાન પામી. અહીં તો વીંઝાને પ્રવેશ પણ ક્યાંથી મળે ? બંને પ્રેમીઓ ઉત્કટ વિયોગમાં બળવા લાગ્યાં. ચતુર સોરઠીએ પેટના અસહ્ય દુઃખાવાની ફરિયાદ કરી, વૈદ્યો આવ્યા, ઓસડિયાં પાયાં પરંતુ દર્દ ન ગયું. દર્દથી ચિત્કારતી સોરઠીએ કહ્યું : 'યાત્રામાં પણ આવો દુઃખાવો ઊપડેલો તે વીંઝાએ કોઈ ઓસડિયા પાઈને દૂર કર્યો !' ખેંગારે તરત વીંઝાને બોલાવ્યો. વીંઝાએ કહ્યું : 'ઓસડિયા તો છે પરંતુ એ તાજી વિયાયેલી સિંહણના દૂધમાં ઘસીને આપીએ તો જ દર્દ મટે !'

ખેંગાર જાતે જ ગીરમાં તાજી વિયાયેલી સિંહણનું દૂધ લેવા ઊપડી ગયો ! એમ તે સિંહણ થોડી મળે ? તેય વિંયાયેલી ! ને એનું દૂધ ! ખેંગાર તો દિવસોના દિવસો વનમાં આથડતો રહ્યો. આ બાજુ સોરઠી અને વીંઝૂને તો મોકળું મેદાન મળી ગયું ! દિવસો ગયા ને ખેંગાર પાછો ન ફર્યો ત્યારે અંતે સોરઠી અને વીંઝૂએ



માની લીધું કે કોઈ સિંહણે જ ખેંગારને ફાડી ખાધો છે. આથી બંને પ્રેમીઓ નિરંકુશ બની ગયાં. રંગરાગમાં ડૂબી ગયાં. એવામાં અચાનક એક રાતે ખેંગાર આવી ચડ્યો ! સોરઠી અને વીંઝૂને એક જ પલંગ પર પોઢેલા જોતાં આગઆગ થઈ ગયો ! એને થયું કે વીંઝૂનું માથું વાઢી નાખું ! પરંતુ ગોત્રઘાત કેમ થાય ? આથી અંતે ખેંગારે ભત્રીજા વીંઝાને દેશવટો આપ્યો.

દેશવટો પામેલો વીંઝૂ દિલ્હીના બાદશાહ પાસે પહોંચ્યો અને બાદશાહને જૂનાગઢ હાથ કરવા પ્રેર્યો. બાદશાહને વીઝૂએ કહ્યું : 'ખેંગાર લખ્ખી વણઝારાની બધી જ સંપત્તિ છળથી મેળવી લીધી અને એની પરણેતરને રાણી બનાવી છે તેથી પ્રજા ખેંગારની વિરુદ્ધ છે. કોઈ રાજાને સાથ નહીં આપે.'

દિલ્હીનો બાદશાહ જૂનાગઢ પર ચડી આવ્યો. ત્રણ પ્રહર ભયંકર યુદ્ધ ચાલ્યું. ખેંગાર વીરતાથી લડ્યો. પરંતુ હાર્યો. ધન સંપત્તિ લૂંટી સોરઠીને લઈ બાદશાહ પોતાની રાજધાનીમાં પાછો ફર્યો. વીંઝાએ બધું ગુમાવ્યું. એણે હતાશામાં સોરઠીના મહેલની સામે જ આત્મહત્યા કરી. સોરઠીએ ઝરૂખામાંથી આ જોયું, તે મૂર્ચ્છા પામી. બાદશાહ દોડી આવ્યા. સોરઠીની સારવાર કરાવી. મુખ્ય બેગમ બનાવવાની વાત કરી. પરંતુ સોરઠી તો પ્રેમી વીઝૂનું જ રટણ કરતી રહી. અંતે બાદશાહે સોરઠને વીંઝના અંતિમ સંસ્કારની પરવાનગી આપી સુવિધા કરી ત્યારે સોરઠી પ્રેમીની બળતી ચિતામાં કૂદી પડી અને પ્રેમી સાથે સંચરી.

અહીં બે કથાનકોનાં સંયોજને વાર્તાતત્ત્વમાં વૃદ્ધિ આવી પરંતુ બંને મૂળકથાનકોના આત્માનો લોપ થયો છે. મૂળ સોરઠ-વીસુ શુદ્ધ પ્રેમકથા છે, અહીં તે અન્યકામા છે. મૂળ રાણક ચારિત્ર્યોજ્વલ સતી છે, એનું પાત્ર અહીં નીચું ઊતર્યું છે, કલુષિત બન્યું છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે અહીં સિદ્ધરાજ અંતભાગમાં નથી, બાદશાહ છે. એનું કારણ પણ સ્પષ્ટ છે, આ રાજસ્થાની પરંપરામાં સિદ્ધરાજના અપયશનો કોઈ જ હેતુ નથી. બીજું મહત્ત્વનું પરિવર્તન એ છે કે અહીં દેશળ જેવા ભાણેજને બદલે વીંઝાને ખેંગારના ભત્રીજા તરીકે દર્શાવ્યો છે !

**જલાલ-મૂમનાની પ્રેમકથા :**

મામી-ભાણેજના પ્રેમસંબંધની દૃષ્ટિએ રાજસ્થાનની અત્યંત મહત્ત્વની અને લોકપ્રિય પણ એવી કથા જલાલ અને બૂબનાની છે. આ કથાને પણ કોઈક અનુબંધ સોરઠ-વીસૂની જ મૂળકથા સાથે છે અને મામી-ભાણેજનો પ્રેમસંબંધ પણ અહીં કથાના આસ્વાદમાં નીતિબાધક બનતો નથી, કેમ કે, આશ્રયદાતા એવા મામાએ અહીં પોતાની સત્તાના જોરે જ પોતાની આશ્રિતની પ્રેયસીને પોતાની

પત્ની બનાવી છે. એની કથા આવી છે :

બલ્ખના બાદશાહ ફુલનહસીબનું મૃત્યુ થતાં શત્રુએ રાજ્ય પર કબજો કર્યો. બાદશાહની બેગમ પોતાના બે નાના પુત્રોને લઈ જીવ બચાવીને ભાગી અને થટાભખર રાજ્યમાં આવી. અહીં એના ભાઈ મૃગતમાયચી બાદશાહ હતો. ભાઈએ બહેન અને બે ભાણેજોને પ્રેમાદરથી આશ્રય આપ્યો અને પૂરી સંભાળ લઈને ભાણેજોને ઉછેર્યા, અસ્ત્રશસ્ત્ર વગેરેની તાલીમ અપાવી. બાદશાહની બહેનનો મોટો પુત્ર જલાલ અત્યંત ખૂબસૂરત, કસાયેલો, કુશળ યોદ્ધા અને વસ્ત્રાભૂષણ, સંગીત, અત્તર વગેરેનો શોખીન હતો. બાદશાહ પણ જલાલ પર ખુશ હતા. એ યુવાન થયો. લોકોમાં એની વાહવાહ બોલાવા લાગી ત્યારે એક દિવસે તે રાજદરબારમાં આવ્યો અને અરજ ગુજારતો મક્કમ સ્વરે બોલ્યો, ‘બાદશાહ સલામત મામુજાન, હું હવે યુવાન થયો છું અને બધી જ વિદ્યામાં પારંગત થયો છું. આપ મને રાજ્યમાં કોઈ જવાબદારીભર્યા કામની સેવા અને હોદ્દો સોંપો ! એ શક્ય ન હોય તો હું બીજે જઈને મારું નસીબ અજમાવું !’

બાદશાહ વિશેષ કુશળ ને પ્રેમાળ હતો. જલાલની શક્તિનો પણ એને ખયાલ હતો. આવા કુશળ યોદ્ધા અને નમકહલાલ એવા ભાણેજના સીધા પ્રસ્તાવથી બાદશાહ ખુશ થયો અને જલાલને ખાસ દરબારીનો હોદ્દો આપી મહેલનો મુખ્ય સંરક્ષક બનાવ્યો. એને અલગ મહેલ, નોકર-ચાકર, યોદ્ધાઓની ટુકડી, હાથી, ઘોડા વગેરે અપાયા. થોડા જ વખતમાં જલાલ સમગ્ર નગરમાં વીર અને રસિક નવયુવાન તરીકે લોકપ્રિય બની ગયો. એ કુશળ યોદ્ધો અને વહીવટકર્તા હતો તેમ વસ્ત્રાભૂષણ અને અત્તરનો ખૂબ શોખીન હતો. નાચમુજરા, સંગીતની મહેફિલ કરતો અને ઊંચામાં ઊંચા અત્તરનો ઉપયોગ કરતો એ જ્યાં પણ જાય ત્યાં એના અત્તરની ખૂશબૂ ફેલાઈ જતી અને એ ચાલ્યો ગયો હોય, દેખાતો ન હોય, તો પણ લોકો કહી દેતા : ‘અહીંથી જલાલ પસાર થયો લાગે છે !’ એની રસિકતાને કારણે એના મિત્રોની સંખ્યા પણ વિશેષ ને વિશેષ થતી ગઈ ! રાજ્ય બહાર પણ રસિક યોદ્ધા જલાલની કીર્તિ પ્રસરી ગઈ. એની વીરતા અને રસિકતાની મુલ્કભરમાં ચર્ચા થવા લાગી.

જલાલની આ કીર્તિ થરાભાખર રાજ્યની સીમાથી આરંભાતા સિંધમાં પણ પહોંચી. અહીં ભંવર નામનો બાદશાહ રાજ્ય કરતો હતો. અને મૂમના અને બૂબના નામની બે ખૂબસુરત કન્યાઓ હતી. બૂબના મોટી અને વિશેષ રસિક અને સુંદર હતી. એણે જલાલની કીર્તિ સાંભળી અને પ્રેમમાં પડી. જલાલે પણ મોટી



શાહજાદી બૂબનાના મોહક સૌન્દર્યની વાત સાંભળી હતી અને તે પણ પ્રેમમાં પડ્યો અને યોગ્ય નિમિત્ત શોધવા લાગ્યો.

સિંધના બાદશાહ પોતાની બંને નવયુવાન શાહજાદીઓનાં લગ્ન સાથે જ થાય એવું ઇચ્છતો હતો અને એને લાગ્યું કે બંને માટે થરાભખરના બાદશાહ અને એનો ભાણેજ જલાલ યોગ્ય છે. આથી માગું મોકલ્યું. માગું લઈને જનારને સાધીને બૂબનાએ કહ્યું, ‘હું ભલે મોટી છું પરંતુ બાદશાહને નહીં, એના ભાણેજ સરદાર જલાલને ચાહું છું. એથી એની સાથે જ મારા નિકાહ થાય અને મૂમનાનાં લગ્ન એ નાની છે તો પણ બાદશાહ સાથે જ થાય એવું ગોઠવજે !’

માગું લઈ જનારે એવું ગોઠવવાનું વચન આપ્યું પરંતુ એ જ્યારે થરાભાખરના બાદશાહના દરબારમાં ગયો ત્યારે એનું ન ચાલ્યું. મોટી બૂબનાના નિકાહ બાદશાહ સાથે કરવાનું અને નાની મૂમનાના નિકાહ ભાણેજ જલાલ સાથે કરવાનું નક્કી થયું. આથી બૂબના અને જલાલ બંનેને દુઃખ થયું. પણ બંને કરે શું ? અંતે બૂબના બાદશાહને પરણી અને મૂમના જલાલને ! પરંતુ સાસરે જતાં જ જલાલ અને બૂબનાનું એક તંબુમાં મિલન થયું અને બંનેએ પ્રેમનો એકરાર કર્યો અને એકબીજાનાં જ બની રહેવાના કોલ આપ્યા. બંનેનાં આવાં છૂપાં મિલન અને એકરારની મૂમનાને જાણ થઈ ! એનો જ પતિ એનો ન હતો મનથી ! પોતાની જ સગી બહેન અને બાદશાહની બેગમ જ એના માટે શોક્ય બની ! આ કહેવું કોને ? મૂમના નિરૂપાય બની. બૂબના બેગમ બન્યા પછી પણ બાદશાહને મળવાનું ટાળતી ગઈ અને મહેલના મુખ્ય સંરક્ષક જલાલ સાથે રંગવિલાસ ભોગવતી ગઈ ! આ તો એના માટે સહેલું હતું ! બાદશાહને એટલી બેગમ કે આ નવી બેગમનો વારો ક્યારે આવે ? ને આવે ત્યારે તે કોઈ બહાનું કાઢીને મિલન ટાળતી અને બાદશાહ માટે તો નવી બેગમ બૂબના અને ભાણેજ જલાલ બંને માનીતાં હતાં. બંને પર વિશ્વાસ હતો ! આથી જલાલ અને બબૂના રંગરાગ ખેલતાં રહ્યાં.

આવી વાત અંતે તો ફૂટે જ ને બાદશાહના કાને પણ પહોંચે ! પરંતુ બાદશાહને તો બંને પર અંધવિશ્વાસ ! બંને એવાં ચતુર કે પકડાય તોય બહાનું કાઢે ને છટકે ! બાદશાહની આંખમાં ધૂળ નાખે ! પરંતુ એક વખત જલાલના અત્તરે બધો ફંડો ફોડ્યો ! બાદશાહને શંકા પડી. આઘાત લાગ્યો. પરંતુ બંને પર પ્રેમ ને વિશ્વાસ ! પરંતુ અંતે બાદશાહને લાગ્યું કે કોઈનો ઘાત તો કરી ન શકે પણ મળે જ નહીં, એવું તો ગોઠવી શકાય ! આથી બાદશાહે જલાલને ખૂબ દૂરના સ્થળે સેવા સોંપી. આમ છતાં જલાલ તો વાયદા પ્રમાણે બેગમના મહેલમાં રાતોરાત

પવનવેગી અશ્વ પર પહોંચી જતો અને પરોઢ પહેલાં પોતાની છાવણીમાં આવી જતો ! પરંતુ લોકો જોઈ જાય ને વાત તો ફૂટે જ ! બાદશાહે અંતઃપુરના આવાસે એવા ચકોર અંધની વ્યવસ્થા કરેલી કે સ્પર્શમાત્રે એ સ્ત્રીવેશી પુરુષને પણ ઓળખી કાઢે ! ફૂલના કરંડિયામાં છુપાઈને જતા જલાલને પણ એણે પકડી પાડ્યો.

એક નિશ્ચિત વાયદાની રાતે તો બાદશાહ જાતે જ જલાલની છાવણીમાં ગયા. સાથે રહ્યા. તો પણ જલાલે એનો વાયદો પાળ્યો. બાદશાહ ઊંઘતા રહ્યા અને તે પવનવેગી અશ્વ પર બૂબનાને મળી આવ્યો. સવારે બાદશાહ જાગ્યા ત્યારે થયું : લોકો ખોટી વાત કરે છે ! જલાલ તો ઊંઘે છે ! પરંતુ ચાડિયાતે કહ્યું, ‘હજૂર ! એના ઘોડાને જોઈ આવો !' બાદશાહે જોયું તો ઘોડો પરસેવે નીતરતો હાંફતો હતો ! બાદશાહને થયું : ‘આનો હવે શો ઉપાય ?'

બાદશાહે આનું નિવારણ શોધ્યું. એણે બૂબનાને સમાચાર પહોંચાડ્યા કે જલાલ બાદશાહ સાથે શિકાર કરવા ગયેલો ત્યારે એને વાઘે ફાડી ખાધો છે ! આ સમાચાર સાંભળતાં જ બૂબનાએ પ્રાણત્યાગ કર્યો ! બાદશાહને આ વાત પહોંચાડવા ખેપિયો આવ્યો. એણે બૂબનાના મૃત્યુના સમાચાર કહ્યા. આ સાંભળતાં જ જલાલે બૂબના-બૂબના કરતાં પ્રાણત્યાગ કર્યો.

બંનેના મૃત્યુથી નગર વ્યાકુળ બન્યું. જલાલની માતા અને પત્નીને આઘાત લાગ્યો. અહીં મામી-ભાણેજનો પ્રેમસંબંધ છે. પરંતુ લોકોએ આ પ્રેમકથાને મનહૃદયથી માણી છે એટલું જ નહીં પરંતુ –

**‘મ્હે તો થારા ડેરા નિરખણ આયા**
**હો મ્હારી જોડી રા જલાલ'**

જેવાં લોકગીતો ગવાય છે અને ભગવાન શંકરે પાર્વતીના કહ્યાથી જીવતાં કર્યાં એવો પણ કથાનો સુખાન્ત દર્શાવાય છે. શિવ-પાર્વતી ફરવા નીકળ્યાં ત્યારે અત્તરના શોખીન એવા જલાલની કબરમાંથી સુવાસ આવતી હતી અને ભમરા ગુંજારવ કરતા હતા. ત્યારે પાર્વતીએ આનું કારણ પૂછતાં શિવે બે કબરોમાં પોઢેલા બે પ્રેમીઓની કથા કહી, કરુણામયી માતા પાર્વતીના આગ્રહે ભગવાન શિવે કમંડળમાંથી પાણીની અંજલિ છાંટી. એ સાથે જલાલ અને બૂબના સજીવન થયાં અને કબરમાં દટાયા પછી પણ સદેહે મહેલમાં આવ્યાં. એમને આવેલાં જોતાં જ બાદશાહનું પ્રાણપંખેરું ઊડી ગયું અને જલાલ બાદશાહ બન્યો. બાદશાહ બનેલા જલાલે બૂબના અને મૂમના બંનેને પોતાની માનીતી બેગમો બનાવી અને થરાભાખરનું રાજ્ય કર્યું.



**મામી-ભાણેજ પ્રેમસંબંધ અને માતૃવંશદ્વેષ ગ્રન્થિ :**

મામી અને ભાણેજ વચ્ચેના અવૈધ પ્રેમસંબંધની આવી ચારેક કથાઓ જોઈ તેમાં સંજોગ કે પરિસ્થિતિનો કેવો-કેટલો હિસ્સો હોય છે તે જોયું અને જ્યારે મામાના પક્ષે અન્યાય, અત્યાચાર, બળજબરી હોય છે ત્યારે લોકો આવા સંબંધને બદલે પ્રેમને જ મહત્ત્વ આપે છે અને આવી ઘટનાઓને વિષય કરતી કથાઓને પણ શુદ્ધ પ્રેમકથા તરીકે માણે છે. અહીં હવે છેલ્લો પ્રશ્ન વિચારવા જેવો એ છે કે આ પ્રકારની કથાઓ સમાજનો જે ચિતાર આપે છે, તેની પાછળ કોઈ સૂક્ષ્મ-સંકુલ મનોગ્રન્થિ પણ કામ કરતી હશે ?

આ પ્રશ્નનો વૈજ્ઞાનિક ઉત્તર તો મનોવિજ્ઞાનના વિદ્વાનો જ આપી શકે, પરંતુ આ પ્રકારનાં વિવિધ કથાનકોનો અભ્યાસ કરતાં મને જણાયું છે કે ક્યાંક ક્યાંક માતૃવંશદ્વેષની ગ્રન્થિ પણ કારણભૂત સંભવી શકે છે. ‘માતૃવંશદ્વેષ-ગ્રન્થિ' આવા એક નવા જ મનોવૈજ્ઞાનિક મનોગ્રન્થિ પ્રકાર પ્રયોજવાનો મારો અર્થ એ છે કે કેટલીક કથાઓમાં એવું લાગે છે કે ખાસ સંજોગોમાં ઉછરનાર સંતાનના માનસમાં તેની માતાના વંશ પ્રત્યે દ્વેષની, દંશની ભાવના જન્મે છે. ખાસ તો જ્યારે કોઈ માતાને નિરાધાર બનતાં પોતાના પિયરમાં આવવાનું બને છે ત્યારે સાથે આવેલાં સંતાનને વિવિધ સંદર્ભે એના માતૃવંશીઓના મુખેથી, ખાસ તો મામા અને મામીના મુખેથી પોતાનાં જ પિતૃવંશ વિશે ઘસાતું બોલાતું સાંભળવું પડે છે, પોતે આશ્રિત અને અસમર્થ હોવાના કારણે આવું કડવું વિષ પણ ગળી જવું પડે છે, અને એ રીતે જ દબાયેલી લાગણી ક્યારેક ગ્રન્થિ બાંધે છે અને તે ઘાતક બનીને કે બીજી રીતે વેર વાળે છે. અનાથ બનેલાં સંતાન પર મામીના જે અત્યાચાર થયાં છે, તેનાં તો ગીત મળે જ છે પરંતુ સાહિત્યમાં તથા લોકસાહિત્યમાં કેટલીક એવી પણ ઘટનાઓ આલેખાતી હોય છે, જેમાં આવી મનોગ્રન્થિ જણાતી હોય !

સાહિત્યકૃતિમાંથી, વિશ્વસાહિત્યની અને ગુજરાતી સાહિત્યની કૃતિમાંથી આવું દૃષ્ટાંત ‘લામિઝારેબલ'માં એવી કથા વાંચ્યાનું સ્મરણમાં છે કે એક ધનવાનને પોતાની પુત્રીને ધનવાન પિતાની દૃષ્ટિએ મુફલિસ અને ઊતરતી કક્ષાના ગણાય એવા યુવક સાથે લગ્ન કરવા સંમત થવું પડે છે, પરંતુ પછી સ્થિતિ એવી સર્જાય છે કે આ પુત્રીને પોતાનાં સંતાનને લઈને પિયરમાં આવવાનું, કાયમી વસવાટ કરવાનું થાય છે. સાથે આવેલું સંતાન સતત મનોદબાણ અનુભવે છે, કેમકે, એના ધનવાન નાના એના મુફલિસ જમાઈને ઉતારી પાડવાની એક પણ તક જવા દેતા નથી. આનો સતત ડંખ આ પાત્ર અનુભવે છે, લાચાર હોઈએ બધું ગળી જાય છે

પરંતુ કથાઘટનાના ઉત્તરાર્ધમાં એનું દબાયેલું સ્વમાન જાગે છે, છંછેડાય છે અને ઉગ્ર પ્રતિક્રિયા આપે છે. આવી જ ઘટનાનું બીજ ખ્યાત લેખિકા ધીરુબહેન પટેલની 'વાંસનો અંકુર'નામની નવલકથામાં પણ મધ્યમવર્ગીય ગુજરાતી કુટુંબના સંદર્ભમાં આલેખાયું છે. નવલકથાના થીમ અને કથાઘટક અંગેના પ્રો. ડૉ. બાબુભાઈ દાવલપુરાના કોઈ સંચય માટે આ અંગેનો લેખ પણ મેં કર્યાનું સ્મરણમાં છે, પરંતુ તેના સંબંધિત પુસ્તકના સંદર્ભો હાથવગા નથી !

દંતકથામાં, એટલે કે ઐતિહાસિક વ્યક્તિઓ પરની લોકપ્રચલિત કથાઓમાં પણ આનું ઉત્તમ, ધારદાર ઉદાહરણ મૂળરાજ સોલંકીનું છે. એની કથાપ્રમાણે રાજ, બીજ અને દંડક નામના દક્ષિણના રાજવંશી યુવાનો ગુજરાતમાં આવ્યા ત્યારે ચાવડા વંશનો છેલ્લો રાજા સગર્ભા ઘોડીને પાણી પાવા આવ્યો અને પેટ પર ચાબુક માર્યો એ સાથે જ શાલિહોત્રશાસ્ત્રમાં નિષ્ણાત એવો રાજ જે અંધ હતો તે બોલ્યો : 'હાં હાં સવાર અનુચિત કર્યું તે !' આ સાંભળી રાજા બોલ્યો : 'આંધળા, મારી ઘોડીને હું મારું એમાં તને શું થયું ?' નિર્ભીક રાજ બોલ્યો : 'અંધ હું નહીં તું છે સવાર ! તારી સગર્ભા ઘોડીના પેટમાં પંચકલ્યાણી વછેરો છે, તારા ચાબુકે એની આંખ ફોડી નાખી છે !' રાજાને આશ્ચર્ય થયું, એ બોલ્યો 'ઘોડી સભર છે તે તો વાત સાચી પણ એના પેટમાં પંચકલ્યાણી વછેરો છે એની ખાતરી થાય તો તને રાજભાગ ને સ્થાન આપું ને મારી બહેન પરણાવું !'

ઘોડીએ પંચકલ્યાણી વછેરાને જન્મ આપ્યો. એની ડાબી આંખ ફૂટેલી હતી. સોલંકી સાથે ચાવડા કુંવરીનાં લગ્ન થયાં. અહીં કથાએ કથાત્મક રીતે પ્રસંગ આલેખ્યો છે તેમાં રહેલા અવાસ્તવિક લાગે તેવા ચમત્કારના અંશને ગાળી નાખીએ તો પણ એટલું તો તથ્ય નીકળે છે કે દક્ષિણના સોલંકીઓનો અશ્વવિદ્યાની જાણકારી કે એવા કોઈ પ્રાવીણ્યના કારણે ચાવડાવંશના રાજાએ અણહિલપુરમાં આશ્રય આપ્યો. અને તેનું સંતાન મૂળરાજ સોલંકી, જે ગુજરાતનો પ્રથમ સોલંકી વંશનો રાજા.

ચાવડાની ગાદી મૂળરાજે મેળવી એ વિશેની દંતકથા આવી છે : મૂળનક્ષત્રમાં જન્મેલો ચાવડાનો ભાણેજ મૂળરાજ અત્યંત વીર અને તેજસ્વી યોદ્ધો હતો. મામાના જીવને એણે બચાવેલો કોઈ કપરા શિકારના પ્રસંગે ! દારૂમાં ચકચૂર મામા ક્યારેક મૂળરાજને રાજગાદી પર બેસાડી, આગ્રહ કરી બેસાડે ને નશો ઊતરતાં કહે : 'આ ગાદી તારા બાપ સોલંકીની થોડી છે તે બેઠો છો ? આથી કુશળ મૂળરાજે કુનેહથી બધા સરદારોને હાથ કરી એક દિવસ શરત કરી : 'મામા ! તમે મને પરાણે



ગાદીએ બેસાડી અપમાન કરી ઉતારો છો ! આજે એક ખાસ વિનંતી. મને લીંબુ-ઉછાળ સમય માટે ગાદીએ બેસાડો. હું લીંબુ ઉછાળું ને એ નીચે ન આવે ત્યાં સુધી રાજ મારું ! 'મામા કબૂલ થયા. મૂળરાજે પોતાના લોહીથી લીંબુ રંગી આકાશમાં ઉછાળ્યું ! રોજ એ આ રીતે માંસ ઉછાળતો ને ગીધ તે લઈ જતા ! ગીધનું ટોળું આવ્યું, લાલ લીંબુને માંસ માની લઈ ગયું, લીંબુ નીચે ન આવ્યું. મૂળરાજ કાયમી રાજા બન્યો. એણે મામાના સમગ્ર વંશનો, બાળકોને સગર્ભા રાણીઓના ગર્ભનો પણ નાશ કર્યો ! અહીં માતૃવંશ વેરની ગ્રન્થિ જોઈ શકાશે.

મૂળરાજને આવાં માતૃવંશઘાતનો અંતે પશ્ચાત્તાપ થયો. એણે મહાયજ્ઞસત્ર યોજ્યું. આ માટે અયાચક બ્રાહ્મણો જ જોઈએ, જે ગુજરાતમાં ન હતા. સોલંકીઓ મૂળ ઉત્તર ભારતના અને એમના વેદજ્ઞ અયાચક પુરોહિતો વેદજ્ઞ હતા. દક્ષિણમાં આ બ્રાહ્મણો અય્યર તરીકે ઓળખાયા. એ જ રીતે ગુજરાતમાં અયાચક બ્રાહ્મણોને બોલાવ્યા અને ગામ આપ્યાં તે ઔદીચ્ય સહસ્ર તરીકે ઓળખાયા. ભીમદેવના વખતમાં આવેલા ઉત્તરના અયાચક બ્રાહ્મણોને સુરત પાસેનાં ગામડાં આપ્યાં જે અનાવીલ તરીકે ઓળખાયા.

મૂળરાજ વિશેની દંતકથા તથા ઔદીચ્યોની કથાને લક્ષમાં લઈએ તો મૂળરાજે કરેલા માતૃવંશવધની ઘટનામાં પણ એ જ સંજોગ, એ જ ગ્રન્થિ છે ! આધુનિક સમયમાં પણ જે સંતાનોને અકારણ આ રીતે પિતૃવંશના ઊતરતાપણાનાં મહેણાંનો સામનો કરવાનો થાય છે તેનાં મનમાં પણ સૂક્ષ્મરૂપે આ ગ્રન્થિ જન્મે છે, તે હકીકત છે. છોકરાં તો બાપના અથવા તો આ સંદર્ભની બીજી કહેવતો અને રૂઢિપ્રયોગો છે, તેમાં પણ આવો જ એક ખયાલ પડેલો જોઈ શકાશે. સંભવ છે કે મામી-ભાણેજના સંબંધ વિશેની કથાઓનો પણ ક્યાંક કેટલોક સંબંધ આ પ્રકારની મનોગ્રંથિ સાથે છે.

# સંત ગણપતની 'ષટ્ચક્ર લાવણી'

ડૉ. નરેશ વેદ

સંતોની, વિશેષ કરીને નાથપંથની અને રવિભાણપંથની ભજનવાણીમાં અવારનવાર ગંગા-જમના-સરસ્વતી, તરવેણી, ત્રિકુટી, નાભિ, પવન, નૂરત-સૂરત, અષ્ટકમળ, ગગન, પાંચ પ્રાણ, સૂર્ય-ચંદ્ર વગેરે સંજ્ઞાઓ વપરાયેલી જોવા મળે છે. ત્યાં એ સંજ્ઞાઓ યોગવિદ્યાની પારિભાષિક સંજ્ઞા તરીકે યોજાયેલી હોય છે, અને તેથી તેનો ત્યાં સામાન્ય વાચ્યાર્થ નહિ પણ વિશેષ લક્ષ્યાર્થ કે વ્યંગ્યાર્થ ધ્યાનમાં લેવાનો હોય છે. આપણે થોડાં ઉદાહરણો જોઈએ : 'ગંગા જમુના સરસ્વતી, તરવેણી નિજ ધામ/શૂર હોય તો સન્મુખ રૈવે, નહિ કાયરનાં કામ' (ગોરખનાથ), 'નૂરત સૂરત કી નળીયું મિલાઈ, ઉલ્ટા પવન ચલાયા/મેરા સતગુરુજીએ એરણ અજબ બનાયા' (ગોરખનાથ), 'નાભિ-કમળ સે નીરખી જુઓ, કાયા કેવી ખીલી પડી / છત્રીશ વાગે શહેરમાં, ગગનમંડળ પર ધૂન પડી' (ગોરખનાથ), 'નૂરત સૂરત કા કર લે ભલકા, મરઘેકુન માર હઠાઈ / અષ્ટ કોટ ઓર દશ દરવાજા, ઘેરી ગઢકી ખાઈ' (ગોરખના), 'ડાબી ઈંગલા, જમણી પિંગલા, નૂરત-સૂરત કર જોતી' (ડુંગરપુરી), 'નાભિ પવન કા મૂળ, મન અષ્ટકમળ માંહી / ત્રિકુટી પાકો અસ્થાન, દોઈ મીલ તીયાં સમાઈ' (રવિસાહેબ), 'નાભિકમલથી ઉલટ્યો આવે, ગગન ઘુન ગરજાના / ઈંગલા પિંગલા સુષુમણા સાંધી, ત્રિવેણી તાર મિલાના' (ત્રિકમદાસ), 'ગંગા જમુના સરસ્વતી, તરવેણીને ઘાટે રે / સુખમન સુરતા રાખીએ, વળગી



રઈયેં ઈ વાટે રે' (ભીમસાહેબ), 'પવનરૂપી ઘોડો પલાણ્યો, ઉલટી ચાલ ચલાયો રે, ગંગા જમના ઘાટુ ઉલંઘી, જઈને અલખ ઘરે ધાયો રે' (દાસી જીવણ), 'નાભિ કમળથી ઊડ્યો મોરલો, બેઠો શીતળ છાંય / સુરતા સુવારણ સુંદરીએ સુનો શહેર જગાડ્યો / ઈંગલા ને પિંગલા અરજુ કરે, મારો નાથ હજુ કેમ ન આવ્યો' (નારણદાસ), 'પાંચ પ્રાણને એક ઘરે લાવવા, શીખવો વચનનો વિશ્વાસ રે/ 'ભાઈ રે ! ડાબી ઈંગલા ને જમણી પિંગલા, રાખવું સ્વરભેદમાં ધ્યાન રે / સૂર્યમાં ખાવું ને ચંદ્રમાં જળ પીવું રે, એક કાયમ રાખવું વ્રતમાન રે' (ગંગાસતી), 'ભાઈ રે ! નિત્ય પવન ઉલટાવવો ને, રમવું સદા હરિને સંગ રે' (ગંગાસતી), 'ભાઈ રે ! પાંચ પ્રાણની ગતિ એણે જાણી રે, ભાળિયા ત્રિગુણાતીત અવિનાશ' (ગંગાસતી). આ બધાં ભજનોમાં યોગવિદ્યાની આ વિશિષ્ટ સંજ્ઞાઓ યોજાયેલી છે.

અધ્યાત્મવિદ્યામાં આત્મા સુધી પહોંચવાના અનેક માર્ગોનો નિર્દેશ છે; એમાંનો એક માર્ગ છે યોગ. યોગવિદ્યાના અનુયાયીને મતે આપણા શરીરમાં ચાર ચંચળ તત્ત્વો છે. એ છે : વાણી, પ્રાણ, બુંદ અને મન. આ ચારેયને વશ કરી એમના પર નિયંત્રણ રાખવાનું હોય છે. એવું નિયંત્રણ યોગના ચાર પ્રકારો વડે થઈ શકે છે. એ ચાર યોગ છે : મંત્રયોગ, હઠયોગ, લયયોગ અને રાજયોગ મંત્રયોગથી વાણી, હઠયોગથી પ્રાણ, લયયોગથી બુંદ અને રાજયોગથી મન વશ થઈ શકે છે. ૐકાર અને સોઙહં મંત્રોથી વાચા અને પ્રાણ સુષુમણામાં પ્રવેશે છે. આ મંત્રોના નાદાનુસંધાનથી માણસની મલિન વાસનાઓ દૂર થાય છે અને તેથી તે પોતાના શુદ્ધ અને અસલ સ્વરૂપને પામે છે. હઠયોગ પ્રાણનિરોધની સાધનાપ્રક્રિયા છે. હકાર એટલે સૂર્ય અને ઠકાર એટલે ચંદ્રના, મતલબ કે પ્રાણ અને અપાનના સંયોગને હઠયોગ કહે છે. લયયોગ એકાક્ષરી મંત્ર ૐકારની સાધના છે. અ, ઉ, મ-એ ત્રણ ભૌતિક અને અર્ધી દિવ્ય માત્રા, એમ સાડા ત્રણ માત્રાના બનેલા આ ૐ મંત્ર વડે વ્યક્તિના સૂક્ષ્મ, સ્થૂળ અને કારણ - ત્રણેય દેહનો પરમતત્ત્વમાં લય થાય છે. જ્યારે રાજયોગ મનને મન વડે વશ કરે છે. આ ચાર યોગ પૈકી હઠયોગ દ્વારા કુંડલિની જાગરણ અને ષડચક્ર ભેદનની પ્રક્રિયા થઈ શકે છે. ઉપર નિર્દેશ કર્યો છે એ બધાં ભજનોમાં આ પ્રક્રિયાના ઉલ્લેખો છે. યોગસાધના દ્વારા ચિત્તવૃત્તિનો નિરોધ તથા ઈડા, પિંગળા અને સુષુમણા-વચ્ચે સમતા સ્થપાય છે. વાણી, પ્રાણ, બુંદ અને મન જેવાં ચંચળ તત્ત્વો વશ થતાં પ્રકૃતિને અતિક્રમીને પ્રકૃતિથી પર થઈ શકાય છે. મતલબ કે જાગૃતિ, સ્વપ્ન અને સુષુપ્તિની અવસ્થામાંથી તુરિયાવસ્થામાં અને સાત્ત્વિક, રાજસી અને તામસી ગુણોની પ્રકૃતિમાંથી નીકળી ગુણાતીત અવસ્થામાં પહોંચી શકાય છે.

અહીં આપણે કુંડલિની એટલે શું, કુંડલિની જાગરણ શા માટે અને કુંડલિની જાગરણ માટેનો ઉપાય શો - એ સમજી લઈએ. કુંડલિની એટલે માનવના શરીરમાં સુષુપ્ત અવસ્થામાં રહેલી ચૈતન્યશક્તિ. સામાન્યતઃ માણસ શરીર, ઈન્દ્રિયવ્યાપારો, અને મન બુદ્ધિ ચિત્તની વૃત્તિઓ - પ્રવૃત્તિઓમાં જ રત રહે છે. તેથી તેની અંદર રહેલી ચૈતન્યશક્તિનો પૂરો ઉપયોગ એ કરી શકતો નથી. પરંતુ જો મનુષ્ય પોતાની આ શક્તિને ઓળખી એનો મહત્તમ વિનિયોગ કરવા ઈચ્છતો હોય તો તેણે સુષુપ્ત રહેલી આ શક્તિને જાગ્રત કરવી પડે. જો એને એ જાગ્રત કરે તો એ શક્તિનું ઊર્ધ્વીકરણ કરી પરમ ચૈતન્ય સાથે સંયોગ સાધી શકે. કુંડલિનીના જાગરણ અને ઊર્ધ્વીકરણમાં યોગસાધના વડે ષડચક્ર ભેદન કરી સાધક ચેતનાની ઉચ્ચોચ અવસ્થામાં પ્રવેશી શકે છે. માનવદેહમાં ચેતનાના સાત સ્તરો છે. આ સાતેય સ્તરોનું શરીરમાં જે અધિષ્ઠાન છે તેમને યૌગિક ભાષામાં ચક્ર કે કમળ કહે છે. આવાં સાત ચક્રો છે : (૧) મૂલાધાર ચક્ર, એનું સ્થાન પાયુ (ગુદા)ની જગ્યાએ છે (૨) સ્વાધિષ્ઠાન ચક્ર, એનું સ્થાન ઉપસ્થ (લિંગ/યોનિ)ની જગ્યાએ છે. મણિપુરચક્ર, એનું સ્થાન નાભિ (ડૂંટી)ની જગ્યાએ છે. અનાહતચક્ર, એનું સ્થાન હૃદયની જગ્યાએ છે. વિશુદ્ધ ચક્ર, એનું સ્થાન કંઠની જગ્યાએ છે. આજ્ઞાચક્ર, એનું સ્થાન આંખ ઉપરની બે ભ્રમરની વચ્ચે છે. સહસ્રાર ચક્ર, એનું સ્થાન બ્રહ્મરન્ધ્રની જગ્યાએ તાળવામાં છે. સામાન્ય રીતે આ ચક્રો નિષ્ક્રિય હોય છે, પણ કુંડલિની શક્તિના જાગરણ અને ઉત્થાનને કારણે એ સક્રિય બને છે, પરિણામે મનુષ્યનું ઊર્ધ્વચેતના ભણી આરોહણ થાય છે. આ આખી વાતને મધ્યકાલીન સંત ગણપતે 'ષડ્ચક્ર લાવણી'નામક પોતાની રચનામાં સમજાવી છે. તેથી તેનો આસ્વાદમૂલક અવબોધ કરીએ. જરૂર જણાય ત્યાં એમાં પૂરક વિગતો પણ ઉમેરતા જઈએ.

## 'ષટ્ચક્ર લાવણી'

૧.

**પ્રથમ ચક્ર આધાર પિછાનો, ગુદાસ્થાન ઉનકા કહાવે;**
**રક્ત બરન ગણપતિ દેવતા, સિદ્ધિ શક્તિ સોહાવે.**

**કમ ઋષિને મૂષક વાહન, અપાન વાયુ વાં રહેતા;**
**ઉરમિ-કળા સીલોક્ય મોક્ષતા, સંકોચન મૂળબંધ હતા.**

**ચતુર્દળને ચતુર માત્રા, વંસંશંષં હે વરના;**
**આનંદ યોગાનંદ કહાવે અજપા જપ ઉનકા કરના.**



**છસેં તેર મંત્ર સોહાવે, એસા ધ્યાન ધરે કોઈ;**
**ગણપતિ ગણપતિ દેવકું દેખે, સદા સુખમેં રહે સોઈ.**

'ષટ્ચક્ર લાવણી'ના આ પ્રથમ પદમાં મૂલાધાર ચક્રનો પરિચય અપાયો છે. આ ચક્રનો વર્ણ (રંગ) રક્ત (લાલ) છે. એનું આસન ચાર પાંખડીવાળા કમળમાં છે. એને ચાર દલ અને ચાર માત્રા છે. આ કમળદળના બીજાક્ષરો છે વંસંશંષં. એનો બીજમંત્ર છે 'લગ્'. આ ચક્ર કુંડલિની શક્તિનું અધિષ્ઠાન છે, જ્યાં શિવ-શક્તિ આદિનાથ અને લાસ્યેશ્વરી રૂપે બિરાજે છે. એના દેવ છે ગણપતિ અને શક્તિ છે રિદ્ધિ-સિદ્ધિ. એનું વાહન છે મૂષક. એનું સ્થાન છે ગુદા (પાયુ) એટલે કે કરોડરજ્જુનો છેડો; જેને અંગ્રેજીમાં perineum, Endrocrine Gland - Adrenal cortex, Plexus coccygeal કહે છે. એનું તત્ત્વ (ભુવન) પૃથ્વી છે. એનો ગુણ ગંધ છે. એની જ્ઞાનેન્દ્રિય નાસિકા છે અને કર્મેન્દ્રિય ગુદા છે. એની ધાતુ અસ્થિ છે. એનો વાયુ અપાન પ્રાણ છે. હાથની હથેળીના છેડે એનું સંકેત સ્થાન છે. લાલપ્રવાળ એનું રત્ન ચિહ્ન છે. એની સાથે સંબંધિત ગ્રહ છે મંગળ અને વાર છે મંગળવાર. એનો લોક ભૂલોક છે. એનું મંડળ ચોરસ છે. એનું પ્રતીક સ્વસ્તિષ્ક છે. એનો સંબંધ અન્નમયકોશ સાથે છે. સનાતન શૈશવ, નિર્દોષતા અને પવિત્રતા એના ગુણધર્મો છે. આ ચક્ર નિમ્નસ્તરના મનોભાવો અને વૃત્તિઓનો નિર્દેશક છે. આ ચક્રનો સંબંધ આપણી શક્તિમત્તા અને તંદુરસ્તી સાથે તેમ જ જડતા અને નીરસતા છે; એટલે કે તમોગુણ સાથે છે. આ ચક્રમાં કુંડલિની શક્તિ સ્વયંભૂ એવા લિંગ ફરતી સાડાત્રણ આંટા લઈને સુષુપ્ત અવસ્થામાં પડી રહે છે. અહીંથી જ ઈડા, પિંગળા અને સુષુમણા નાડીઓ નીકળે છે, અને જીવનના આવેગોને નિયંત્રિત કરે છે. અપાન વાયુ ત્યાં રહી પોતાનું કાર્ય કરે છે. અર્ધસ્વરો અને ઉષ્માક્ષરોની વરણી કરી કોઈ સાધક એનો જે બીજમંત્ર છે એનો છસ્સો તેર મંત્રો વડે અજપા જપ કરે અને એના બીજાક્ષરો પર ધ્યાન કરે તો તે પોતાના શરીર, શ્વાસ અને મનને નિયંત્રિત કરી શકે છે, તે વાણીનો સ્વામી બને છે, શારીરિક વેદનાઓ અને પીડાઓથી મુક્ત રહી ખુશમિજાજ રહી શકે છે. 'ઉ' (ય) સ્વરના 'સી' (C) સ્કેલમાં સૂરાવલિ છેડવાથી તથા ડ્રમના આદિમ, એકધારા અને તદાકાર સંવાદી લયથી આ ચક્રના ઉદ્દીપનમાં સહાય થાય છે. રાગ બિલાવલ અથવા શંકરાભરણ આ ચક્રસાધના માટે ઉપયુક્ત રહે છે.

૨.

**દ્વિતીય સ્વાધિષ્ઠાન કહાવે, લિંગ સ્થાન ઉનકા બાસા;**
**પિત બરન ને રજોગુણ હે, અકાર માત્રા હે ખાસા.**

**બ્રહ્મ ઉસકા દેવ ભનિ જે, સાવિત્રી શક્તિ શાતા;**
**વરુન રસી કામાગ્નિ કહેતા, ઉદાન વાયુ વાં રહેતા.**
**સ્થૂળ દેહ જાગ્રત અવસ્થા, વૈખરી વાચા હે સાચી;**
**રઘુવેદનો લિંગભૂમિકા, સાયુજયમોક્ષ વદો વાતી.**
**હંસા વાહન ખટ દલબરના, બંભંમંયંરં લંકા;**
**ખટ હજાર સત બત્તિસ મંત્ર, ગણપતિ ઉસમે નહિ શંકા.**

લાવણીના આ બીજા પદમાં સ્વાધિષ્ઠાન ચક્રનો પરિચય અપાયો છે, આ ચક્રનો વર્ણ નારંગી કે સિંદૂરી છે. એનું આસન છ પાંખડીવાળા કમળમાં છે. એના બીજાક્ષરો છે બં ભં મં યં રં. એનો બીજમંત્ર છે 'વ્'. એના દેવતા છે બ્રહ્મા અને શક્તિ છે સાવિત્રી. એનું વાહન મગર છે. આ ચક્ર મનુષ્યના અર્ધચેતન (Sub conscious)નું નિર્દેશક છે. ત્યાં શિવ-શક્તિ સમવર્તેશ્વર અને સ્મયમ્ભા રૂપે બિરાજે છે. શરીરમાં એનું સ્થાન લિંગમાં, જેને અંગ્રેજીમાં Pelvis કહે છે ત્યાં છે. મતલબ કે Endrocrine Glands-Gondas and overies પાસે છે. એનું તત્ત્વ આપ (જળ) છે. એનો ગુણ રસ છે, એની ધાતુ મેદ છે. એની જ્ઞાનેન્દ્રિય રસના (જીભ) છે અને એની કર્મેન્દ્રિય લિંગ (ઉપસ્થ) છે. એનો સંબંધ ભૂવર્ લોક સાથે છે. એનો કોશ પ્રાણમય કોશ છે. એનો સંબંધ ચંદ્ર ગ્રહ અને સોમવાર સાથે છે, એને અનુકૂળ રત્ન મોતી છે. હાથમાં એનું સંકેત સ્થાન અંગૂઠામાં છે. એનો ગુણ તમોગુણ છે. આ ચક્ર વડે સ્થૂળ દેહ અને જાગ્રત અવસ્થા અને વૈખરી વાણીનો પ્રભાવ રહે છે. આ ચક્રનો સંબંધ શરીરનાં લિવર, કિડની, સ્પ્લીન, પેનક્રિયાસ અને યુરેટસ જેવાં અંગો સાથે છે. ઉદાન વાયુ ત્યાં વસે છે. એનું કામ મળ-મૂત્રના ઉત્સર્ગ અને પ્રજનન પ્રક્રિયા સાથે છે. પૂર્વભવનાં કર્મો અને સંસ્કારોનો આ ચક્ર પર પ્રભાવ રહે છે. ભય, લાલસા, ચિંતા અને ઈર્ષ્યા જેવા મનોભાવો તથા અંગત સંબંધો અને ભોગકર્મ સાથે એનો નાતો છે. આ ચક્રનું મુખ્ય કામ અંતઃસ્રાવો (hormones)નું સર્જન કરવાનું છે. આ સ્રાવો મનુષ્યની સંવેદનાઓ અને મિજાજને અસરકર્તા બને છે. આ ચક્રમાં રહેલી શક્તિનું ધ્યાન ધરતાં માણસ કામ, ક્રોધ, લોભ જેવા આંતરિક શત્રુઓના ભયથી મુક્ત થઈ જાય છે. જો મૂલાધાર ચક્રનો સંબંધ સાલોક્ય મોક્ષ સાથે છે, તો આ ચક્રનો સંબંધ સાયુજ્ય મોક્ષ સાથે છે. ૐકારની 'અ' માત્રા એને માટે ખાસ અગત્યની છે. સંવૃત્ત 'ઉ' સ્વર 'ડી' (D) સ્કેલમાં વગાડવાથી એનું ઉદ્‌બોધન થાય છે. રાગ યમન અથવા રાગ કલ્યાણી આ ચક્ર માટે સાનુકૂળ છે. સાધકે એની સાધના 'વં' મંત્રના એક હજાર એકસો બત્રીસ જાપ કરીને કરવાની હોય છે.



૩.

**તૃતીય ચક્ર તો મણિપુર કા, નાભિસ્થાનક મેં રહેના;**
**કપિલ બરના ઉકાર માત્રા, સત્ત્વગુણ ઉસકા કહેના.**
**વિષ્ણુ દેવતા લક્ષ્મી શક્તિ, ગરુડ વાહન ગુણ લેના;**
**વાયુ રસી સમાન વાયુ હે, લિંગ દેહ ઉસકુ કેહના.**
**સ્વપ્નાવસ્થા મધ્યમ વાચા, યજુર્વેદ અધ્યાન ખરા;**
**સ્થિતિભોગી સ્વસ્વરૂપ મોક્ષતા, દસ દલકુ તું દેખ ખરા.**
**સ્થિતિ ઠંડંઢંણંતંથંદંધંકું, નંપંફંકું ફિર પેખો;**
**ખટ હજાર શત બત્તિસ મંત્ર, ગણપત વાકું ગુણ દેખો.**

લાવણીના આ ત્રીજા પદમાં મણિપુર ચક્રનો પરિચય અપાયો છે. આ ચક્રનો વર્ણ પીળો અથવા લીલો છે. એનું આસન દસ પાંખડીવાળા કમળમાં છે. કમળદલના બીજાક્ષરો છે ડંઢંણંતંથંદંધંનંપંફં, બીજમંત્ર છે 'રં'. શિવશક્તિ એમાં માહેશ્વર અને સૌદામિની રૂપે બિરાજે છે. એના દેવતા વિષ્ણુ અને શક્તિ લક્ષ્મી છે. એનું વાહન ગરુડ છે. એનું તત્ત્વ અગ્નિ છે અને ગુણ રૂપ છે. એની ધાતુ માંસ છે, એની જ્ઞાનેન્દ્રિય આંખ (ચક્ષુ) છે અને કર્મેન્દ્રિય છે ચરણ (પગ). હાથમાં મધ્યમિકા (વચલી આંગળી)માં એનું કેન્દ્ર છે એનો ગ્રહ સૂર્ય છે અને વાર રવિ છે. એનો સંબંધ સ્વર્ લોક સાથે શરીરના મનોમય કોશ સાથે છે. એનો દેહ સ્થૂળ કે સૂક્ષ્મ નહિ પણ લિંગ દેહ છે અને એનો પ્રાણ સમાન છે. એનો ગુણ સત્ત્વ છે અને એનો સંબંધ ૐકારની 'ઉકાર' માત્રા સાથે છે. નાભિમાં એનો વાસ છે. મનુષ્યની જુદી જુદી શારીરિક અવસ્થાઓમાંથી સ્વપ્નાવસ્થા સાથે અને વાણીના જુદા જુદા પ્રકારોમાંથી મધ્યમા વાચા સાથે એનો સંબંધ છે. સ્વાધિષ્ઠાન ચક્રનો સંબંધ જો ઋગ્વેદ સાથે છે તો આ ચક્રનો સંબંધ યજુર્વેદ સાથે છે. જો મૂલાધારનો સંબંધ સાલોક્ય મોક્ષ સાથે, સ્વાધિષ્ઠાન ચક્રનો સાયુજ્ય મોક્ષ સાથે છે તો આ ચક્રનો સંબંધ સ્વસ્વરૂપ મોક્ષ સાથે છે. એના મંડળનો આકાર ત્રિકોણાકાર છે. રત્નમાં એનો સંબંધ માણેક સાથે છે. ન્યાય, ધર્મ અને લોકકલ્યાણ એના ગુણધર્મો છે. પ્રાણવાયુ અને અમાન વાયુનું ત્યાં સંગમ સ્થાન છે. આ ચક્રનો નાતો માનવ શરીરનાં લિવર, ડાયાફ્રામ, પેનક્રિયાસ, સ્ટમક્ અને લંગ્સ સાથે છે. મનુષ્ય શરીરની ઉષ્ણતા અને પાચનક્રિયાનું સંચાલન એ કરે છે. તે જોમ, ગતિશીલતા, અંગત ઈચ્છા અને અંગત સિદ્ધિઓને પોષનારું છે. એ મનોબળનું કેન્દ્ર છે. મૂળ શક્તિકેન્દ્રનું સ્વામી હોવાથી આ ચક્ર સ્ત્રી-પુરુષોને શારીરિક અને માનસિક રીતે ઉત્તમ કાર્યશક્તિ પ્રદાન કરે છે. આ ચક્ર મનુષ્ય અસ્તિત્વને ખરો ઘાટ આપે છે.

એનો સીધો સંબંધ માણસની પોતાની ક્રિયાશીલતા, આત્મવિશ્વાસ અને અધિકાર સાથે છે. સંગીતની વિવૃત 'ઊ' (oo) અને 'ઇ' (E) સ્કેલમાંની સૂરાવલિ તથા માલકોશ અથવા હિન્દોલમ રાગ એને માટે સાનુકૂળ છે.

૩.

**ચોથા ચક્ર અનાહત જાનો, શામ બરન ઉનકા કહાવે;**
**તમો ગુણ ને મકાર માત્રા, શિવ દેવતા સોહાવે.**
**ઉમાશક્તિ હિરણ્યગરભ હે, પ્રાણ વ્યાન વાહન કહેતા;**
**સુવોપતિ પશ્યંતિ વાચા, સામ વેદકા સુખ લેતા.**
**સત્ત્વાપત્તિ ભોમિકા સેહેલી, દ્વાદશ દલમે દરસાવે;**
**કં ખં ગં ઘં ઙં ચં છં જં ઝં ટં ઠં સોહાવે.**
**ખટ હજાર છાસેટ મંત્ર ત્યાં, જપ લેના મેરે ભાઈ;**
**ગણપત ખોજ કરો ઘટ માંહિ, ગુરુને ગુરુગમ બતલાઈ.**

લાવણીનું આ ચોથું પદ અનાહત ચક્રનો પરિચય આપે છે. એનો વર્ણ શ્યામ છે. એનું આસન બાર પાંખડીઓવાળા કમળમાં છે. એના બીજાક્ષરો છે કંખંગંઘંઙંચંછંજંઝંયંટંઠં છે. એનો બીજમંત્ર છે 'યં'. શિવ-શક્તિ એમાં હંમેશ્વર અને હંમેશ્વરી રૂપે બિરાજે છે. એના દેવતા શિવ છે અને એની શક્તિ છે ઉમા. પ્રાણવ્યાન (સંકેતરૂપે મૃગ) એનું વાહન છે. એનું તત્ત્વ વાયુ છે. એનો ગુણ સ્પર્શ છે. એની ધાતુ રક્ત (લોહી) છે. એની જ્ઞાનેન્દ્રિય ચામડી (ત્વચા) છે અને કર્મેન્દ્રિય છે હાથ. ડાબી અને જમણી હાથની ટચલી આંગળીઓમાં એનો નિર્દેશ પમાય છે. એનો સંબંધ તમોગુણ સાથે અને ૐકારની મકાર માત્રા સાથે છે. શરીરની સુષુપ્ત અવસ્થા, વાણીની પશ્યંતિ ભૂમિકા અને વેદોમાં સામવેદ સાથે એનો નાતો છે, દ્વાદશ દલમાં સાર્ષ્ટિ મુક્તિ અપાવે. શરીરમાં એનું સ્થાન હૃદયમાં છે. એનો સંબંધ મહ્‌રલોક અને વિજ્ઞાનમય કોશ જોડે છે. એના મંડળનો આકાર ષટ્કોણી છે. શનિ ગ્રહ અને શનિવાર સાથે એને સંબંધ છે. એને સાનુકૂળ રત્ન છે આસમાની રંગનો નીલમ. આ ચક્ર મર્ત્ય અને અમર્ત્ય વચ્ચેની સીમારેખા છે. એ હૃદય અને ફેફસાંને નિયંત્રિત કરે છે. સજ્જનતા, કોમળતા, માયાળુતા, પ્રસન્નતા, કરુણા, ધૈર્ય અને પ્રશાંતિ જેવા મનોભાવોનું એ કેન્દ્ર છે. આ ચક્રથી પ્રભાવિત વ્યક્તિ 'સામી વ્યક્તિને પોતાનાં વાણીવર્તન કેવાં લાગશે, એ શું અનુભવશે' એવા ખ્યાલથી હંમેશાં પ્રેરાયેલી રહે છે. આવી વ્યક્તિને કવિત્વની, અતીન્દ્રિય દૃષ્ટિ અને શ્રુતિ શક્તિની બક્ષિસ હોય છે. જો સાધક આ ચક્રને સક્રિય કરે તો તે અત્યંત સંવેદનશીલ બની જાય છે. અન્યોને એની પીડામાંથી સ્પર્શ વડે



કે શક્તિપાત કરી શાતા આપી શકે છે. અનાહતની જાગૃતિ સાથે સાધકને શંખ, ઘંટ, બંસી, કરતાલ, સિતાર, મૃદંગ, મેઘગર્જના જેવા આંતરનાદો સંભળાય છે. આવી વ્યક્તિ આશાવાદી હોય છે અને દુન્યવી વહેવારોની એ તમા નથી રાખતી. ચેતનાની આ ભૂમિકાએ પહોંચેલી વ્યક્તિ જ્ઞાન અને ક્રિયાનાં અનેક ક્ષેત્રોમાં સહાયક, સલાહકાર તરીકે ઉપયોગી થઈ શકે છે. 'અઃ' (વઃ) સ્વર અને 'ફ' (?) સ્કેલવાળી સૂરાવલિ અને રાગ ભૈરવ એના ઉદ્દીપનમાં અનુકૂળ રહે છે. એના સાધકે સોહંનો મંત્ર એક હજાર છાસઠ વખત જપવો રહે.

૫.

**પંચમ પદ્મ બિશુદ્ધિ પરમો, કંઠસ્થાન કહો સારા,**
**ધ્રૂમ બરન ને જીવો દેવતા, અવિદ્યા શક્તિ સો દારા.**
**ઋષિ વિરાટ ને વાયુ વાહન, ઉદાન વાયુ કો જાના;**
**મહા કારણ દેહ ઉનકા, તુરિયાવસ્થા મેં રહના.**
**અથરવેદને પરાહે વાચા, સોલ બરન ઉસકા સચ્ચા;**
**અ. આં ઇ ઈ ઉં ઊ ઋ ૠં, લ લૃં, સો નહિ રે કચ્ચા.**
**એ ઐ ઓ ઔ અં અઃ તો, ગણપત સબ ગુરુકે જ્ઞાના;**
**ખર હજાર છાસેટ મંત્રકા, વાંહિ ધર લેના ધ્યાના.**

લાવણીના આ પાંચમા પદમાં વિશુદ્ધ ચક્રનો પરિચય આપવામાં આવ્યો છે. એનો વર્ણ ધૂમ્ર છે. એનું આસન સોળ પાંખડીવાળા કમળમાં છે. એ કમળદળમાં બીજાક્ષરો છે. અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, લ, લૃ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ. એનું સ્થાન કંઠમાં છે. એના દેવતા છે જીવ ઉર્ફે સદાશિવ અને એની શક્તિ છે અવિદ્યા ઉર્ફે શાકિતની. એના ઋષિ વિરાટ છે અને એનું વાહન વાયુ અથવા મોર છે. એમાં શિવ-શક્તિ વ્યોમેશ્વર અને વ્યોમેશ્વરી રૂપે વસે છે. એનું શરીર સ્થૂળ, સૂક્ષ્મ કે કારણરૂપ નહિ, પણ મહાકારણરૂપ છે. સુરતા ત્યાં તુરિયાવસ્થામાં રહે છે. આ ચક્રમાં મુખ્યત્વે ઉદાન પ્રાણ કાર્યરત રહે છે. એનું દ્રવ્યતત્ત્વ આકાશ છે અને એનો ગુણ શબ્દ છે. એનો સંબંધ અથર્વવેદ અને પરાવાણી સાથે છે. એનો નાતો શ્રવણેન્દ્રિય ઉર્ફે કાન સાથે છે અને જ્ઞાનેન્દ્રિયમાં મુખ સાથે છે. હાથમાં એનો સંકેત તર્જની (પહેલી આંગળી) સાથે છે. એના મંડળનો આકાર વર્તુળાકાર ગોળ છે. એનો બીજમંત્ર ગુપ્તવચન કે અજપાજાપ છે. એના બીજમંત્રનો ગુંજાર 'હં' છે. આ ચક્ર ખુલ્લાપણાનો નિર્દેશ કરનારું છે, જીવનમાં જે કાંઈ બને, જે કાંઈ અનુભવો મળે એને મુક્તપણે સમજવાની સહજ

લીલા સર્જનારું છે. આ ચક્રની સાધનાથી વ્યક્તિ કળાત્મક કે સાંગીતિક શક્તિઓ પ્રત્યે આકર્ષાય છે અને ઉમદા મનુષ્ય બનાવે છે. સાધક આ સ્તરે પહોંચે ત્યારે તેનું મન આકાશની માફક શુદ્ધ અને વિશાળ બને છે. આ ચક્રનો સંબંધ મનુષ્યની વાણી, એની પ્રત્યાયનક્ષમતા, સર્જનાત્મક વિચાર અને લેખન તરફ છે. આવો માણસ શાણો વક્તા અને મનની શાંતિનો સ્વામી બને છે. એનો જનલોકની ચેતના સાથે નાતો છે. એનો કોશ છે આનંદમય કોશ. એનો શુક્રગ્રહ સાથે, શુક્રવાર સાથે અને રત્નમાં હીરા સાથે સંબંધ છે. સૌ આત્મા તરફ ભાઈ બહેન જેવો ભાવ, જીવનના બધા અનુભવો પવિત્ર જણાવા અને જીવનમાં અમૃતનો અનુભવ કરાવનારું આ સ્તર છે. 'અઃ' એવા સ્વરની અંદર સંગીતના 'G' સેલની અંદર સંગીત દ્વારા એનો અનુભવ થઈ શકે છે. જયજયવંતી અને દ્વિજવંતી રાગો એને વિશેષ અનુકૂળ છે.

૬.

**જ્ઞાનચક્ર છઠ્ઠી હે જ્ઞાની, ત્રિકુટી સ્થાન બાદલ બરના;**
**અગ્નિદેવતા સુષુમણા શક્તિ, હંસ રસીકા હે સરના.**
**ચેતન વાહન જ્ઞાન દેહ, વિજ્ઞાન અવસ્થા ઉપર અગ્નિ;**
**અનુપમા વાચા કી બાની, સૂક્ષ્મ બેદલ હો જાની.**
**અરધ માત્રા દ્વિદલ બરના, હેક્ષં અક્ષર કુ બોલો;**
**એક હજાર છાસટ જપ ત્યાંહી, અપને દિલમાંહી ખોલો.**
**આસન બાંધી સુરતા સાંધી, જાખ અજપા કા કરના;**
**ગણપત ગુરુને જ્ઞાન બતાયા, ઓડી ધ્યાન નિશદિન ધરના.**

લાવણીના આ છઠ્ઠા પદમાં આજ્ઞાચક્રનો પરિચય આપવામાં આવ્યો છે. એનો વર્ણ ગળી જેવો (indigo) છે. એનું આસન બે પાંખડીવાળા કમળમાં છે. એના કમળદળના બીજાક્ષરો છે ૐકારની અર્ધમાત્રા તથા હંક્ષં જેવા દ્વિદલ વર્ણો. એના દેવતા છે અગ્નિદેવતા અને શક્તિ છે સુષુમણા શક્તિ. અન્ય પરંપરામાં એના દેવતા છે અર્ધનારીશ્વર ઉર્ફે પરા શિવ અને શક્તિ છે હાકિની. એના ઋષિ હંસ છે. એનું વાહન ચેતન ઉર્ફે રાજહંસ છે. એનો દેહ જ્ઞાનનો છે. એની અવસ્થા વિજ્ઞાનની છે. એનું નિવાસસ્થાન બે ભ્રમરો વચ્ચે છે, જ્યાં ઇડા-પિંગળા અને સરસ્વતીનો સંયોગ થાય છે. તેથી જેને ત્રિકુટી કહે છે. લોકભાષામાં એને ત્રીજું નેત્ર કહે છે; જે હેય-ઉપાદેય નક્કી કરી આપતું નિરીક્ષાકેન્દ્ર છે. એનો સંબંધ વૈખરી, મધ્યમા, પશ્યંતી અને પરા પછીની વાણીની અનુપમા નામની ભૂમિકા



સાથે સંબંધ છે. એને ગુરુ ગ્રહ અને ગુરુવાર સાથે નાતો છે. એનું અનુસંધાન રત્નમાં પોખરાજ સાથે છે. એનું તત્ત્વ છે અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત, અહં અને મહત્) એનો ગુણ છે સત્ત્વ ગુણ. ત્યાં ઉદાન પ્રાણનું કાર્ય છે. એનો સંબંધ અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન અને આનંદ - એમ પાંચેય કોશો સાથે છે - ક્ષમા અને નવજીવન એના ગુણધર્મો છે. એની ધાતુ મજ્જા છે. એના બીજાક્ષરો છે હં અને ક્ષં. એના બીજમંત્રનો ગુંજાર છે ૐ. એનો સંબંધ તપલોક સાથે છે. આ ચક્ર કલ્પના, આંતરપ્રેરણા, આંતરદૃષ્ટિ અને માનસિક શક્તિ જોડે સંબંધ ધરાવે છે. ઐન્દ્રિય અને અતીન્દ્રિય જગત વચ્ચે કડી જોડવાનું એનું કામ છે. સર્જનાત્મકતા, આવિર્ભાવ, આમુષ્મિક યોજનાઓ અને માનસિક વિકાસ સાથે આ કેન્દ્ર સંકળાયેલું છે. પ્રત્યેક ઘટના દૃશ્યોની પાછળ રહેલ સત્ત્વાંશને પ્રગટ કરી આપતી આ ચેતના છે. એના ઉરમાં રહેલો અગ્નિ વ્યક્તિને એવી સૂક્ષ્મ દૃષ્ટિ પ્રદાન કરે છે જેના વડે એ આંતરજ્યોતિ અને પરમ ચેતનાને પામી શકે છે. આ કેન્દ્રની અનુભૂતિ 'ઈ' સ્વરને 'A' સ્કેલમાં રજૂ કરતા સંગીત દ્વારા થઈ શકે છે. એને માટે સાનુકૂળ રાગ છે બાગેશ્રી.

૭.

**બ્રહ્મરંધ્રકા ભેદકું દેનો, મૂર્ધની સ્થાનક કે માંહી;**
**અહંબ્રહ્મ બોલો દિલ ભીતર, બ્રહ્મ દેહ દરસે ત્યાંહી.**
**સુષુપ્તિ અવસ્થા સારી, એક હજાર ત્યાં દલ દરસે;**
**ગુરુ દેવતા ચેતન શક્તિ, પરમ જ્યોતિ કું વા પરસે.**
**સાક્ષી સર્વત્મા હે જીનકા, તુર્યાવસ્થા યાં દેખો;**
**સગુણાતીત ચેતન આત્મા, સબી બરન સરખા પેખો.**
**સ્થિતિ અવસ્થા પર હે વાચા, સોહં રામ રમે જ્યાંહી;**
**અનુપમા સ્થાનક આનંદી, ગણપત ગોપ રહ્યા સાંહી.**

લાવણીના આ સાતમા પદમાં સહસ્રાર ચક્રનો પરિચય અપાયો છે. એનો વર્ણ જાંબુડી (violet) છે. એનું આસન છે ૧૦૦૦ કે ૧૦૦૮ પાંદડીવાળું કમળ. એના કમળદળના બીજાક્ષર છે. અં થી ક્ષં સુધીના એકાવન અને પ્રણવ મળી બાવન બીજમંત્રો આના દેવતા છે. પરમ શિવ અને શક્તિ છે નિર્વાણશક્તિ. એનો લોક સત્ય લોક છે. એનો નિવાસ ગળામાંની મૂર્ધા (ulva) અને ખોપડીના બ્રહ્મરંધ્રની વચ્ચે મસ્તકમાં છે. મગજના ઉપરના ભાગમાં અને જમણી આંખમાં એનો અહેસાસ થાય છે. હાથમાં હથેળીની વચ્ચેના કેન્દ્રમાં એનો સંકેત મળે છે. એના દેવતા ગુરુ અને એની શક્તિ ચેતના છે. હૃદયની ભીતર એ બ્રહ્મ (આત્મા)

વસે છે. પરમ જ્યોતિનો ત્યાં સ્પર્શ છે. એ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એવી ત્રણ અવસ્થાથી પર તુર્યાવસ્થામાં અને સત્ત્વ, રજસ અને તમસ - એ ત્રણ ગુણોથી પર ગુણાતીત એવી ચોથી અવસ્થા અને ગુણસ્થિતિમાં છે. ત્યાં આતમરામ રૂપી બ્રહ્મ રમે છે, સર્વાત્મા તેના સાક્ષીરૂપ છે એ અનિર્વચનીય સ્થિતિવાળી અવસ્થા છે. એ આનંદનું અનુપમ સ્થાન છે. એનો બીજમંત્ર તત્ત્વાતીત સોહં છે અને વાહન બિંદુ છે. એની ધાતુ શુક્રાણુ ઉર્ફે રેતસ્ છે અને એનું યંત્ર છે પૂર્ણ ચંદ્ર. એનો કોશ છે આત્મા ઉર્ફે બ્રહ્મ. બુધ (મર્ક્યુરી) ગ્રહ અને વાર બુધવાર એને અનુકૂળ છે. તો લીલમ રત્ન એને અનુકૂળ છે. સહસ્રારના સ્તરે સ્થળ અને કાળ એકાકાર થઈ જાય છે. આ ચક્ર આપણને આપણા સ્વ જોડે સાંકળે છે. આધ્યાત્મિક જાગૃતિ, શાણપણ, ધ્યાન, સમાધિ, સંબોધિ, રહસ્યાનુભૂતિ અને ઐક્ય જેવી મનોદશા અને ભાવદશા સાથે આ ચક્ર સાંકળે છે, જ્યારે સાધકની સુરતા અહીં સુધી પહોંચે છે ત્યારે પરમ ચૈતન્ય સાથે સમાગમ થાય છે. એ વખતે એને આત્મા-પરમાત્માની એકતાનો અહેસાસ થાય છે. મતલબ કે અહં બ્રહ્માસ્મિનો અનુભવ થાય છે. એ ચૈતન્યનો, સત્યનો અને બ્રહ્માનંદનો અનુભવ કરાવે છે. સાયુજ્યની એ ક્ષણ પ્રેમની, પ્રકાશની અને પ્રસન્નતાની હોય છે. આ ચક્રના જાગરણમાં 'M' ધ્વનિનો સંગીત 'B' સ્કેલ સાથેનો સંયોગ ઉદ્દીપનનું કામ કરે છે. રાગ દરબારી કે કાનડાની નિતાંત શાંતિમાં છેડાતી સૂરાવલિ આ ચક્રના જાગરણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

પ્રાણ વાયુ ઊર્ધ્વગામી છે અને અપાન વાયુ અર્ધગામી. અપાન વાયુનું નિવાસકેન્દ્ર નાભિ છે. પ્રાણ વાયુને નીચે ઉતારી અપાન વાયુ અને અન્ય બધા પ્રાણરૂપોને એકઠા કરી પાંચ પ્રાણને અધોગામીને બદલે ઊર્ધ્વગામી બનાવી, મૂલાધાર ચક્રથી માંડી છયે ચક્રોને સક્રિય કરી સહસ્રાર સુધી પહોંચાડવાની પ્રક્રિયાને સંતવાણીમાં પવનરૂપી ઘોડો પલાણી ઊલટી ચાલ ચલાવ્યાના રૂપકથી વર્ણવવામાં આવી છે. કરોડરજ્જુમાં રહેલી સુષુમણા (સરસ્વતી), ડાબી ઇડા (ગંગા) અને જમણી પિંગલા (યમુના)એ ત્રિવેણીનો સંગમ જ્યારે આજ્ઞાચક્રમાં થાય છે ત્યારે ત્રિકુટી સધાય છે. મૂલાધાર શક્તિનું સ્થાન છે, જ્યારે સહસ્રાર શિવનું સ્થાન છે. પ્રાણાયામ, યોગાસન, બંધ અને મુદ્રાઓ વડે મૂલાધારમાં સુષુપ્ત અવસ્થામાં રહેલી શક્તિ સુષુમણાને માર્ગે ષડચક્રોનું ભેદન કરતી કરતી સહસ્રારમાં પહોંચે છે. જ્યારે સહસ્રારમાં શિવ અને શક્તિનું મિલન થાય છે ત્યારે સાધકની ચેતના સર્વોચ્ચ અવસ્થામાં પહોંચે છે અને તે રસ-આનંદ અને તૃપ્તિની સમાધિમાં લીન થાય છે. સંતો આ આખી પ્રક્રિયાને 'સુરતા સુવારણ સુંદરીએ સુનો શહેર જગાડ્યો' એમ



કહીને વર્ણવે છે. અને જ્યારે ચેતનાની સર્વોચ્ચ અવસ્થાએ સમાધિનો અનુભવ થાય છે તેને સંતો 'છત્રીસ વાજા વાગે શહેરમાં, ગગનમંડળ પર ધન પડી' કહીને વર્ણવે છે. જેમણે પાંચ પ્રાણની ગતિ જાણી છે અને જેમણે નિત્ય પવન ઉલટાવ્યો છે તેની વાત સંત આ રીતે કરે છે : 'ભાઈ રે ! નિત્ય પવન ઉલટાવવો ને, રમવું સદા હરિની સંગ રે', 'ભાઈ રે ! પાંચ પ્રાણની ગતિ એણે જાણી રે, ભાળિયા ત્રિગુણાતીત અવિનાશ.'

**સંદર્ભસૂચિ :**


૧. 'ભજનસાગર', ભાગ-૧

૨. 'અધ્યાત્મવિદાય' - ભાણદેવજી

૩. 'Hindu Beliefs & Rituals' - by Dr. Puneet Chawla

૪. 'Kundalini : The Anakening of Chakras' - by Uma Mohan

૫. 'સૌરાષ્ટ્રનું સંત સાહિત્ય' - ડૉ. નિરંજન રાજ્યગુરુ

# ઇતિહાસમૂલક લોકજીવનનું અર્થપૂર્ણ અને શ્રદ્ધેય કથન-આલેખન : 'લોકવારતાની લ્હાણ'

**બળવંત જાની**

'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર' સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને પ્રકાશનાર્થે જાણીતા લેખક અને જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરની શૈક્ષણિક સેવાઓમાં રત રાઘવજી માધડ તરફથી 'લોકવારતાની લ્હાણ' હસ્તપ્રત પ્રાપ્ત થયેલી. આ પૂર્વે એમની લોકકથા સંપાદનની પ્રવૃત્તિમાંથી પસાર થવાનું બનેલું નહીં એટલે એમની કથન-આલેખન રીતિ અને કથાનક સંદર્ભે થોડું વિશેષ કુતૂહલ પણ હતું. થોડો વખત જતાં એમણે ફોનમાં કહ્યું કે 'પ્રથમ પ્રૂફ તપાસાઈ ગયાં છે અને મારી ઇચ્છા છે કે તમે આની પ્રસ્તાવના લખી આપો'. આ નિમિત્તે અભ્યાસ કરવાનું બન્યું. એમનાં અન્ય કાર્યોમાંથી પણ પસાર થવાનું બન્યું.

રાઘવજી માધડ ગુજરાતી સાહિત્યમાં વાર્તાકાર અને નવલકથાકાર તરીકે બહુધા મૂલવાયા છે. 'ઝાલર', 'સંબંધ', 'જાતરા' અને 'અમરફળ' જેવા ચાર વાર્તાસંગ્રહો અને 'જળતીર્થ', 'તરસ એક ટહુકાની' અને 'કૂખ' જેવી નવલકથાઓ મને પણ વિષયસામગ્રીને કારણે મહત્ત્વની જણાઈ છે. સૌરાષ્ટ્રની જળસમસ્યા, હીરાઘસુની વિધવાસ્ત્રીની સમસ્યા અને સેરોગેટ મધર જેવા મુદ્દાઓને નવલકથાના માધ્યમથી બળકટ રીતે તેમણે મૂકેલા. 'ફૂલછાબ'માં એનું ધારાવાહી પ્રકાશન એ



દિવસોમાં મને પણ સ્પર્શી ગયેલું. પણ હું એમની લોકકથાનકમૂલક ઐતિહાસિક, સામાજિક તથ્યમૂલક રચનાઓના સંચય **'લોકવારતાની લ્હાણ'**માંથી પસાર થયો અને મને એમના આ પૂર્વે પ્રકાશિત લોકકથા સાહિત્યમાંથી પણ પસાર થવાની સ્પૃહા થઈ એથી **'ધીંગી ધરાના જોમ'**, **'ઇતિહાસનું સોનેરી પાનું ભાગ ૧-૨'** અને **'લોકવાણી'**માંથી પણ પસાર થયો. આટલાં વર્ષોથી ઇતિહાસ-સમાજ અને લોકસંસ્કૃતિકેન્દ્રી લોકકથામૂલક વિષયસામગ્રીનું પુનઃ કથન કરીને રસપ્રદ વાર્તાઓ પ્રકાશિત કરતા રહ્યા પણ કોઈ અભ્યાસીએ એમના આ ક્ષેત્રના કાર્યની બહુ નોંધ લીધી જણાઈ નથી.

* * *

ગુજરાતીમાં લોકકથાઓના આલેખનની સુદીર્ઘ પરંપરા છે. બ્રિટિશ, પારસી અને ગુજરાતી અભ્યાસીઓ દ્વારા ઘણા સંચયો પ્રાપ્ત થયા છે. આમાં મોટાભાગનાઓએ અધિકૃત માહિતીદાતા પાસેથી સાંભળીને પોતાની રીતે રિટોલ્ડ 'કરવાનું કાર્ય કર્યું છે. અલબત્ત એ સમયે લોકબોલી, લોકસંસ્કૃતિ અને લોકવાતાવરણ સંદર્ભે ઘણી કાળજી પણ રખાયેલી જોવા મળે છે. શાંતિભાઈ આચાર્ય જેવાઓએ યથાતથા જેમ સાંભળી હોય એ જ રીતે લિપિબદ્ધ કરીને ભારે શાસ્ત્રીય રીતે લોકકથાઓ પ્રકાશિત કર્યાનાં ઊજળાં દૃષ્ટાંતો પણ છે.

લોકકથાઓ કંઠસ્થપરંપરામાં જીવંત રહેતી હોય છે, કહેવાતી રહેતી હોય છે અને એને આધારે પુનઃકથિક કે આલેખિત થતી હોય છે. આમાંની કેટલીક લોકકથાઓ ચારણ કે બારોટ સારી રીતે લોકકથાકથનનું કૌશલ્ય ધરાવતા હોવાને કારણે એમાં વર્ણન છટા, મૂલ્યબોધ ચિત્તાકર્ષક રીતે અભિવ્યક્તિ પામે. કેટલીક લોકકથાઓ માત્ર હકીકતને કેન્દ્રમાં રાખીને કથારસ પ્રગટાવનારી જોવા મળે છે. કેટલીક લોકકથાઓ કલ્પના, લૌકિક મૂલ્યનિષ્ઠા – નીતિમત્તાનાં દૃષ્ટાંતોને કથાપ્રસંગને અનુસંગે પ્રસ્તુત કરનારી જોવા મળે છે. ગુજરાતીમાં પુનઃકથિત-આલેખિત લોકકથા સંપાદન-આલેખન પરંપરામાં લોકવાર્તાના કુશળ કથક દ્વારા કહેવાયેલી કથાબોધમૂલક અને લોકજીવનના મૂલ્યનિષ્ઠ પ્રસંગોને આલેખતી લોકકથાઓ જોવા મળે છે. કાનજી ભૂટા બારોટ, કેશુભાઈ બારોટ, દરબારશ્રી પૂંજા વાળા એમાં પ્રમુખ છે. પુનઃકથનનું લેખનનું રિટોલ્ડનું પણ એક શાસ્ત્ર છે. પુનઃલેખન માટેની સામગ્રી કોની પાસેથી મેળવી એ બહુ મહત્ત્વનું છે. માહિતીદાતા માત્ર પ્રસંગ કહે અને પુનઃકથન કરનાર એમાં પોતાની રીતે ઉમેરણ કે કાંટછાંટ કરીને લોકકથાનું આલેખન કરતો હોય છે. કથાબીજને એક નવું રૂપ પ્રાપ્ત થતું હોય છે. અતીતનો નાનકડો પ્રસંગ

ભારે ભાવ સાથે ઉદ્ઘાટિત થતો હોય છે. આવા લોકકથા આલેખકોની બહુ મોટી પરંપરા આપણે ત્યાં છે. બીજો એક એવો આલેખક વર્ગ છે કે જે કથાપ્રસંગને અનુરૂપ-અનુકૂળ બોલી, લ્હેકા, લોકસંસ્કૃતિની અને પ્રાદેશિક વિશિષ્ટતાની અભિજ્ઞતાને કારણે એનું વર્ણન, કથન, સંવાદનું પોતપોતાની રીતે આલેખિત કરીને શ્રદ્ધેય પરિમાણ એના પુનઃકથન દ્વારા પ્રગટાવતો હોય છે. લોકસંસ્કૃતિથી અનભિજ્ઞિત કોઈ અભ્યાસી આવો પ્રસંગ સાંભળીને એનું પુનઃકથન ન કરી શકે. એ ક્ષમતા પ્રાપ્ત થતી હોય છે, આલેખકના ગ્રામીણ-લોકજીવનના પ્રત્યક્ષ સાક્ષાત્કારમાંથી. ઉછેર, લોકજીવનનો સતત સંપર્ક, ઊંડું લોકનિરીક્ષણ જો આલેખક ધરાવતો હોય તો એમના દ્વારા કથાયેલી કથાઓ આપણી લોકકથા પરંપરામાં, લોકકથાના સંપાદન ઇતિહાસમાં ઘણી અગત્યતા ધારણ કરે. લાખાભાઈ ગઢવી, જયમલ્લ પરમાર, જોરાવરસિંહ જાદવ, ખોડીદાસ પરમાર, જિતુદાન ગઢવી, ભીખુદાન ગઢવી, દોલત ભટ્ટ આનાં ઉદાહરણો છે. એ પરંપરામાં હવે એક નામ ઉમેરાય છે રાઘવજી માધડનું.

આપણે હજુ ખોડીદાસ પરમાર અને દોલત ભટ્ટના કાર્યનો વિગતે અભ્યાસ નથી કર્યા એટલે એની મહત્તા અને વિશિષ્ટતાથી પૂરા પરિચિત નથી. પણ રાઘવજી માધડના આજ સુધીના સંગ્રહો અવલોકતાં ખ્યાલ આવે છે કે તેઓ એમને પ્રાપ્ત લોક પ્રસંગમૂલક ઘટનાને વફાદાર રહીને એમાં કશું પોતીકું વાર્તારસ માટે ઉપકારક એવું ઉમેરણ કરતા નથી. તેઓ જે રીતે કથન-આલેખન કરે છે એમાં લોકજીવનના નિરીક્ષણનો પરિચય કરાવતાં વર્ણનો, સંવાદો અને કથન પણ ધ્યાનાર્હ બની રહે છે. એમની વિષયસામગ્રી સૌરાષ્ટ્રના અમરેલી આસપાસના કાઠી, કણબી પટેલ પ્રજાના ખમીરને અને મૂલ્યનિષ્ઠાની ખુમારીને પ્રગટાવે છે. થોડી કથાઓ હાલાર, ગીર, જીરા, ભાવનગર, પાળિયાદ, પંચાળ વાંકાનેર-જસાપર જેવા વિસ્તારને સંદર્ભે છે. પણ આ વિસ્તારનાય કાઠી, કણબી, ચારણ, બારોટ, મેઘવાળ જેવી પ્રજાની સાથે સંકળાયેલ કે સંદર્ભાયિલ પ્રસંગને તેઓ વિષયસામગ્રી તરીકે પસંદ કરતા જણાય છે. એ રીતે **'લોકવારતાની લ્હાણ'** એ ઐતિહાસિક અને સામાજિક તથ્યમૂલક લોકવારતાનો સંચય છે. કોઈ આધાર, દસ્તાવેજી-પુરાવાવિહીન કથાઓ અહીં નથી. આજે પણ એ સો-દોઢસો વરસના પ્રસંગો કંઠસ્થ પરંપરામાં જીવંત છે. રાઘવજી નજીકના ઇતિહાસ-સમાજના પ્રસંગો મેળવી શક્યા અને હૃદયસ્પર્શી રીતે આલેખી શક્યા એ કારણે આ લોકવારતાઓ હકીકતનિષ્ઠ, તથ્યનિષ્ઠ અને મૂલ્યનિષ્ઠ પ્રસંગોની પરિચાયક બની રહી છે. રાઘવજીનું વતન દેવળિયા-અમરેલી. વડિયામાં અભ્યાસ અને એને આસપાસમાં ગ્રામીણ પ્રદેશમાં જ તરુણવય સુધીનો



વસવાટ. વડીલો, જાણકારો પાસેથી આ પ્રદેશની મૌખિક પરંપરામાં જીવંત રીતે પ્રવાહિત કથા પ્રસંગોને પોતે પોતાની રુચિને કારણે ટપકાવી રાખેલા. એ રીતે આ લોકવારતાઓ મૌખિક પરંપરામાં પ્રચલિત પ્રાદેશિક ઇતિહાસને ઉદ્ઘાટિત કરતી કથાઓ છે.

* * *

મોટાભાગની લોકવારતાઓ પ્રાદેશિક ઇતિહાસના કોઈ ને કોઈ પ્રસંગને-હકીકતને ઉદ્ઘાટિત કરે છે. **'મોટાઈ'** લોકવારતા જેવી અનેક વારતાઓ આનું ઉદાહરણ છે. આજે પણ અમરેલી અને ચિત્તળ પાસેનું ગામ **'ખીજડિયા-રાદડિયા'** તરીકે ઓળખાય છે પણ આ નામકરણ પાછળ આપણાં મૂલ્યનિષ્ઠ સાંસ્કૃતિક-સામાજિક ઇતિહાસનું ઊજળું પ્રકરણ નિહિત છે. રામ રાદડિયા નામના કણબી પટેલના આતિથ્યની એક સમયે એ આખા પંથકમાં ખ્યાતિ હતી. કુંડલા પંથકનો ખુમાણ ડાયરો ચિત્તળથી પસાર થયો છે. ચિત્તળ દરબારશ્રી હમીર વાળાની ડેલી સુધી આવીને થંભ્યા અને પરસ્પર નક્કી કરવા લાગ્યા કે કોની મહેમાનગતિ માણવી છે. દરબારની કે રામ રાદડિયાની. એક બટકબોલા કાઠીએ કહ્યું કે 'કઢી ને રોટલા ખાવા હોય તો દરબારને ત્યાં ને ઘી-દૂધના જમણ કરવા હોય તો રામ રાદડિયાને ત્યાં'. ડેલીમાં બેઠેલ ડાયરાએ અને રામ રાદડિયાએ પણ આ વાતચીત સાંભળી. રામ ભોંઠપ અનુભવતો નીચે જોઈ ગયો. દરબારે જ બેઠા-બેઠા ત્યાંથી હાકલ માણતાં કહ્યું કે 'હા, બા રામને ઘેર જાવ, મારે ઘેર તો કઢી ને રોટલા છે. 'ખુમાણ કાઠી ડાયરો તો પહોંચી ગયા રામ રાદડિયાની ઓંસરીમાં. ઘોડાને બાજરાના પાવરાનું, ડાયરાને સાકરના ખુમચા ને ઘી-દૂધનાં જમણ પીરસાયાં. ત્યાં રામ રાદડિયો ડેલીએથી આવી પહોંચ્યો. ફરી તાણ કરીને જમાડ્યા. આગ્રહ કરીને બે-ત્રણ દિવસ રોક્યા. ત્રીજે દિવસે સવારના પોરમાં દરબારશ્રી હમીર વાળા રામ રાદડિયાને ફળિયે આવી પોગ્યા. ને બોલ્યા. 'આજ તો સહુ ડાયરો રોકાઈ જાવને બા.' તમ જેવો ડાયરો છે તો મારે રામ રાદડિયાને એની મેમાનગતિના ઘર ખરચ માટે આ ખીજડિયા દેવું છે. તાંબાના પતરે લખત કરી આપ્યું , 'રામ રાદડિયાના ઘર ખરચ માટે ખીજડિયું ગામ આપું છું' ત્યારથી ખીજડિયા-રાદડિયા તરીકે એ ગામ ઓળખાતું થયું. આપણી આતિથ્ય ભાવનાના મૂલ્યબોધને પ્રગટાવતી લોકકથાઓ માત્ર રામ રાદડિયાની પરોણાગત જ નહીં પણ કાઠી દરબારની ઉદારતા, સદ્ભાવનાને પણ ઉદ્ઘાટિત કરે છે. કાઠી-દરબારોની બહારવટાની કથાને બદલે આવી કાઠીની મૂલ્યનિષ્ઠા, મહાનતા અને સદ્ભાવને પ્રગટાવતી કથા રાઘવજી

માધડના આલેખન એ કારણે આપણી લોકવારતામાં એક ઉમેરણ થયું ગણાશે. **'રાજવીની દિલાવરી'** પણ આવી જ આતિથ્ય ભાવનાની વારતા છે. શાખપર ગામ પાલિતાણાના રાજવી પ્રતાપસિંહ ગોહિલે પોતાના જીગરજાન દોસ્ત શાર્દૂલ ખુમાણને ભોગવટે આપેલું. શાર્દૂલ ખુમાણે એ આવકમાંથી સદાવ્રત ખોલ્યું. દાળ-રોટલો બધાને ખવડાવે. એથી એની નામના આખા પંથકમાં થઈ. પ્રતાપસિંહના કારભારીએ કાન ભંભેરણી કરી કે ગામ તમે આપ્યું ને નામના એ કમાય છે. માળા શાર્દૂલનું ઈ સદાવ્રત બંધ કરાવો. પ્રતાપસિંહ પોગ્યા, શાખપુર આપા શાર્દૂલની ડેલીએ. ડાયરો ભરાયો તે પ્રતાપસિંહે વચન માગી લીધું. કે 'મારી એક વાત રાખવી પડશે.' શાર્દૂલ ખુમાણ કહે. આપણી આવી ભાઈબંધી એમાં વચન માગવાનું હોય. તમે આદેશ કરો. એમ જ થાશે. કારભારી પ્રેર્યા પ્રતાપસિંહે કહ્યું, આપા આ દાળ રોટલો બંધ કરાવો.' શાર્દૂલ ખુમાણે કહ્યું 'ભલે બા આજથી દાળ-રોટલો બંધ' ને એને બદલે ઘી ને લાપસીનાં જમણ.' પ્રતાપસિંહના ઈર્ષ્યા ભાવનો ડહાપણ નીતરતો હકારાત્મક પ્રતિભાવ. ડાયરાના વખાણની વાતચીતમાં પ્રતાપસિંહની પ્રજાને લાપસીનું જમણ પીરસાવવાની પ્રેમની ભાવના પણ ભળી હશે. લોકજીવનના આવા-નાનકડા પ્રસંગો આપણી આતિથ્ય ભાવનાની સંસ્કૃતિના પરિચાયક છે. આતિથ્યભાવનાની સંસ્કૃતિનો સુંદર પરિચય કરાવતી વારતા **'ચકલીને ચણ'** પણ છે. સનાળીના ચારણ કવિરાજ ગગુભા લીલાને ત્યાં હડાળાના વાજસુર વાળા અને લાઠીના રાજવી કવિ કલાપીની બેઠકો થતી હતી. એની ઇતિહાસમાં નોંધ છે પણ હડાળાના ત્રીજા રાજવી નાના રામવાળા, મૂળા વાળાની બેઠક ઉઠક પણ ચારણકવિ ગગુભાને ત્યાં. ગગુભાએ 'ચકલીને માળે ગરુડ પધાર્યા' એવી ઉપમા આપેલી પણ દરબારે જાણ્યું કે ઓણસાલ ઘઉં નહીં જેવા થયા છે એટલે ખારી ગામના ઘઉં ગગુભાને ત્યાં સનાળી મોકલવાનો આદેશ કરેલો. આપણાં સાંસ્કૃતિક ઇતિહાસનાં ઉત્તમ દૃષ્ટાંત જેવો પ્રસંગ 'ચકલીને ચણ' લોકવારતામાં ગૂંથાયો છે.

લાઠીની નજીક પ્રતાપગઢ ગામનામકરણની પાછળનો પ્રસંગ **'યુવરાજ'** વારતામાં નિહિત છે. પ્રજાની ખબર લેવા નીકળેલા યુવરાજ-પ્રતાપસિંહને ગાંગડિયા નદીની કોરના ખેતરને શેઢે બેસી પટેલને રડતો જોઈને દરબારે કારણ જાણ્યું. અંતરમાં વાવણી કરવાની ઓરણી ને એના દાંડ્યા કો'ચોરી ગ્યું. રાજવીએ ગઢમાંથી ઓરણી અને દાંડ્યા સાથે બિયારણ પણ મોકલેલું. ઓરણીના ચોરને પટેલે માફ કરવા કહ્યું. પ્રજાવત્સલ લાઠી યુવરાજ રાજવી પ્રતાપસિંહજીની સ્મૃતિ લાઠીથી ચારેક કિલોમીટરને અંતરે પ્રતાપગઢ નામે ગામ આજે પણ અકબંધ જાળવી રહ્યું છે.

* * *



આપણી ઉદારચિત આતિથ્ય ભાવના ઉપરાંત કેટલીક લોકવારતાઓ નારીચરિત્રની ખુમારીને ખાનદાનીને અમે શીલને ઉદ્‌ઘાટિત કરે છે. **'હૈયાના હેત'**ની વાલીનું ચરિત્ર અને ચારિત્ર્ય **'જીવતરના ભેખ'**ની પુનબાઈ **'પટલાણીનો વટ'**ની સેજુ પટલાણી **'રાસડો'**ની કલુ પટલાણી અને **'બાપ'**ની લાડુ પટલાણી જે રીતે વાલા નામોરી જેવા બહારવટિયાની પાસેથી આખા વડાળ ગામની રક્ષા મેળવી લે છે. એ પ્રસંગો લોકજીવનમાં નારીનું સ્થાન, એનું ડહાપણ અને એના ખુમારી કે ખમીરના દ્યોતક બની રહે છે. આજના નારીકેન્દ્રી અભ્યાસીઓને આ દૃષ્ટાંતો એમના અધ્યયનમાં જુદી રીતે ખપમાં લાગશે.

કેટલીક લોકવારતાઓ જ્ઞાતિના બંધનમુક્ત ઇતિહાસમૂલક તથ્યને જાળવતી હોઈને એનું પણ ઘણું મૂલ્ય છે. **'હૈયાનાં હેત'**માં અમરેલી જિલ્લાના સરધારપુર ગામના પાદરમાં આહિર, વાણિયાની ખાંભી સાથે લાખા મેઘવાળ અને આહીરની ખાંભી છે. **'ભાઈબંધ'**માં નિરૂપાયેલ અભેસંગ બારોટ અને રૂખડ ભંગીના પાળિયા ખેગારવાવ જૂનાગઢ નજીક છે. આજે પણ અભાણી બારોટ અછૂત ગણાતાં ચરિત્રો સાથેના સમાજની સમરસતા-સામંજસતાનાં આ સાચુકલાં દૃષ્ટાંતો સૌરાષ્ટ્રના ઇતિહાસનું ખરું ઊજળું પૃષ્ઠ છે. બહુધા અહીં સંગૃહીત લોકવારતાઓમાં આપણા ઇતિહાસ અને સમાજલક્ષી લોકજીવનની અર્થપૂર્ણ અને શ્રદ્ધેય અભિવ્યક્તિના અહીં દર્શન થાય છે.

રાઘવજી માધડે પ્રસ્તુત સંપાદનનું શીર્ષક પણ ભારે સમુચિત આપ્યું જણાય છે. આપણે ત્યાં પધારેલા સમુદાયને ગળ્યું મોઢું કરાવતા ખાસ પદાર્થને **લ્હાણ** કહેવાય છે. એમાં ગળચટો સ્વાદ, આપવાનું વલણ અને મીઠપની વહેંચણીનો ભાવ છે. આ સંપાદનમાં સંગૃહીત લોકવારતાઓ એ ભાવની દ્યોતક છે.

* * *

વિવિધ લોક જ્ઞાતિ-જાતિના જીવનની ઇતિહાસમૂલક અને સમાજલક્ષી પ્રસંગકેન્દ્રી લોકવારતાઓમાં રાઘવજી માધડે તત્કાલીન લોકબોલી અને લોકમાન્યતાનો પરિચય કરાવતી શબ્દાવલિ પણ સમુચિત રીતે સાચવી લીધી છે. વર્ણનોના માધ્યમથી પ્રગટતી, કવચિત પાત્રોના સંવાદોમાંથી ઊપસતી આ લોકબોલીનો વિનિયોગ લોકવારતાને શ્રદ્ધેય પરિમાણ પૂરું પાડે છે.

'પેટમાં વીઘા જેવડી ફાળ પડી' ('વતનના જતન'),
'પેટમાં ખળાવાડ જેવડી ફાડ પડી' ('કોને વખાણું')
ભોંઠપના ખડ કોંટા કાઢવા લાગ્યા. ('ભવ તરી જવાય')
'ભરોસાને ભોંઠપ લાગી' ('પસ્તાવો')

અહીં પ્રયોજાયેલા 'વીઘો' શબ્દ જમીનના માપનું-લંબાઈનું દ્યોતક છે અને 'ફાળ' શબ્દ ઉચાટ-બીક ભયને લક્ષે છે.

'ખળાવાડ' શબ્દ પણ પાકને લણી લીધા પછી જ્યાં એકત્ર કર્યો હોય એ સ્થાનકની વિશાળતાનો સૂચક છે.

ભોંઠપના ખડ કોટા કાઢવા લાગ્યા માનું કલ્પનનિષ્ઠ ગદ્ય શરમને કારણે ચહેરા ઉપર જે ભાવ છવાય એનો નિર્દેશ કરે છે. ભરોસાને ભોંઠપ લાગી પણ વ્યંજનાશક્તિનું દૃષ્ટાંત છે. લોકભાષામાં કેવી સર્જનાત્મકતા છે એનો સુંદર પરિચય અહીંથી પ્રાપ્ત થાય છે. એનું એક વધુ દૃષ્ટાંત અવલોકીએ.

'રપટિમાં ફેરવ્યા પછી જમીન સાવ સાફ ને નરાળવી થઈ જાય તેવું માથું થઈ ગયું હતું.' (જૂનવટ')

'લાહૂ લપટ' (જૂનવટ)

કૃષિજીવનના કેટલાક પારિભાષિક શબ્દો પણ સાર્થ રીતે પ્રયોજાયા છે.

ઉકનિયા બળદિયા ('આશરાનો ધરમ')

લીલવણી બાજરાના પળી-પળી ઘી સમાઈ જાય એવા ગાભરા ધીંગા રોટલા' (મોટાઈ)

સાકરના ખૂમચા ('મોટાઈ')

'અંદેહો' ('હૈયાનાં હેત')

લોકભાષામાં બોલતા આવા અનેક શબ્દપ્રયોગો અહીં લગભગ તમામ લોકવારતાઓમાં પ્રયોજાયા છે. લોકસંસ્કૃતિ અને ગ્રામીણ પરિવેશથી પરિચિત ભાવકને આવા પ્રયોગો ભાવનમાં વ્યવધાનરૂપ નથી નીવડતા ઊલટાના શ્રદ્ધેય પરિમાણને પ્રગટાવનારા જણાય છે. વારતાના વાસ્તવને કલાત્મક અને સાચુકલી અભિવ્યક્તિ અર્પનારા પણ જણાય છે, પરંતુ અન્ય વિસ્તારના અભ્યાસીઓ કે ભાવકોને ઘણા શબ્દોના અર્થ ન સમજાય તેથી વારતા ખરી રીતે - પૂરી રીતે ભાવકચિતમાં યથાતથ ભાવ ન પ્રગટાવે એ શક્ય છે. આ બધા શબ્દોના અર્થનિર્દેશો રાઘવજી માધડ મૂકશે તો અભ્યાસીઓ એમના વધુ ઓશિંગણ બનશે.

લોકવારતા ક્ષેત્રે ઘણા સમયથી ક્રિયાશીલ રાઘવજી માધડની આ ક્ષેત્રના સેવાકાર્યની - પ્રદાનની - વિગતે નોંધ લેવા માટે લોકસાહિત્યના અભ્યાસીએ ઉદ્યુક્ત થવું પડે એ કક્ષાનું ઝીણું કામ એમણે કર્યું છે. મીરાંની માફક ઝીણું કાંતનારા આવા સન્નિષ્ઠ, લોકવારતા-કથા આલેખકના કાર્યને તપાસવાનું બન્યું અને એમને પોંખવાનું - વધાવવાનું શક્ય બન્યું એની પ્રસન્નતા સાથે રાઘવજી માધડને ધન્યવાદ.



# એશિયામાં લોક અને પ્રશિષ્ટ રામકથા : પરંપરા અને પરિચય

ડૉ. ભગવાનદાસ પટેલ

અહીં આપણો અભિગમ ઉત્તર ગુજરાતના ખેડબ્રહ્મા દાંતા તાલુકા અને રાજસ્થાનના કોટડા તાલુકામાં વસતા ડુંગરી ભીલ આદિવાસીઓમાં કંઠસ્થ રૂપે પ્રચલિત રામકથા - 'રૉમ-સીતમાની વારતા'૧ને કેન્દ્રમાં રાખી એશિયામાં લોક અને પ્રશિષ્ટ રામકથા પરંપરામાં કેટલાક પ્રસંગો-ઘટનાઓની સમાનતા છે તે તરફ ફક્ત અંગુલિનિર્દેશ કરવાનો છે.

## રૉમ-સીતમાની વારતાની રજૂઆતનાં બે સ્વરૂપો :

ભીલ વિસ્તારમાં રામકથા ઋતુચક્ર પ્રમાણે આવતા બે જુદા જુદા માસમાં ગાવા અને કહેવામાં આવે છે. એક તો ભાદરવા માસમાં ધૂળાનો પાટ[૨] (મહામાર્ગી પાટ) માંડતી વેળાએ રામકથા તંબૂર પર ગાવા અને કથવામાં આવે છે જ્યારે મહામાસમાં કૉબરિયા ઠાકોરની 'કોળી[૩]'ના પ્રસંગે સાંગો (ઘેરથી નાનું થાળી જેવું ચર્મવાદ્ય) પર રામકથા નૃત્ય સાથે ફક્ત ગાવામાં આવે છે. બંને પ્રસંગો ભીલોના ધાર્મિક અનુષ્ઠાન સાથે જોડાયેલા છે. ધૂળાનો પાટ તેમનું ચોખ્ખું અને પવિત્ર અનુષ્ઠાન છે. જ્યારે કૉબરિયો પાટ તેમનું મેલું ધાર્મિક અનુષ્ઠાન છે.

ભાદરવા માસમાં નદી-નાળાં જળથી ઊભરાય છે. સારા પાકથી લોકો પણ સંતૃપ્ત થાય છે. આ બધી સમૃદ્ધિ ધૂળાના ઠાકોર કે પરમાત્માની અસીમ કૃપાને લીધે આવી હોવાના કારણે ભીલ સમાજનાં સામૂહિક મન કૃતજ્ઞભાવથી ભરાઈ જાય છે. ધીમે ધીમે વન પ્રાન્તરોમાં અધ્યાત્મ અને ભક્તિનું વાતાવરણ ફેલાય છે. આથી રૉમ-સીતમાની વારતાના રામના પૂર્વ જીવનના શાન્તરસ સભર પ્રસંગો સાધુ મંડળી દ્વારા તંબૂર અને મંજીરાની સંગતમાં મોટે ભાગે ગાવા અને કથવામાં આવે છે.

ધૂળાનો ઠાકોર એ ચોખ્ખો દેવ છે જ્યારે કૉબરિયો ઠાકોર એ મેલો ક્રોધી દેવ છે. જે લોકો ચોરી કરે કે હરામનું લૂંટી લે તેમની પાછળ ભોપો (ભૂવો) માલ પાછો વાળવા કાબરિયો ઠાકોર મૂકે છે. આથી કૉબરિયા પાટના અનુષ્ઠાન પ્રસંગે ગુનેગાર વ્યક્તિ કે કુટુંબનો ભય અને કૉબરિયા ઠાકોરનો કોપ જોડાયેલો હોય છે. આથી રૉમ-સીતમાની વારતાના સીતાહરણ પછીના રાવણવધ અને અમર જ્યોત જેવા ઓજ-વીરરસ પ્રધાન બલિને પોષક પ્રસંગો ભોપા મંડળી દ્વારા સાંગ, વાંસળી, મંજીરા, સારંગી પર ગાવામાં આવે છે. આમ એક જ સમાજના લોકસમુદાયનું ચિત્ત બંને નોખા નોખા પ્રસંગોએ જુદીજુદી મનઃસ્થિતિ ધરાવે છે. આથી બંને પ્રસંગે ગવાતી મૌખિક રામકથાની રજૂઆત અને સ્વરૂપમાં ઘણો તફાવત હોય છે. ધૂળાના પાટના પવિત્ર અનુષ્ઠાન પ્રસંગો શ્રોતા-દર્શકોનાં ચિત્ત શાન્ત રસથી તરબોળ બને છે જ્યારે કૉબરિયા ઠાકોરના અનુષ્ઠાન પ્રસંગે શ્રોતા-દર્શકોનાં ચિત્ત ઓજથી ભરેલાં હોય છે.

ધૂળાના પાટ સમયે ભક્તિનું વાતાવરણ હોવાથી તંબૂર પર જે રામકથા ગવાય છે તે ખાસ કરીને બેઠકિયા ભજન તરીકે વિલંબિત સ્વરે ગવાય છે. સાધુ કે બાણિયા (રાગિયા)ના માથે દેવ ઊતરતો ન હોવાથી રામના પૂર્વ જીવનના પ્રસંગો-ઘટનાઓને શાન્ત ચિત્તે વિસ્તારીને ગાય છે. પરિણામે ભજનના સ્વરો નાભિમાંથી ફૂટતા લાગે છે.

જ્યારે કૉબરિયા પાટની કોળી સમયે ક્રોધી કૉબરિયો દેવ માથે ઊતરે છે. આથી રામકથા ભોપાઓના આવેશમાંથી જન્મે છે. દારૂ આ આવેશને વધુ પોષે છે અને આવેશ ક્રોધ અને દર્પમાં બદલાય છે. સાંગ જેવાં ચર્મવાદ્યો, સારંગી જેવાં તંતુવાદ્યો, વાંસળી અને શંખ જેવાં સુષિરવાદ્યોની સંગત આ ક્રોધ અને આવેશને વધુ સહાયક અને પોષક બને છે, તથા નૃત્યના ઠેકાને વધુ બળ આપે છે. આમ લોકવાદ્યોની સંગતથી રામકથા નૃત્ય સાથે દ્રુત સ્વરો ધારણ કરે છે. આ કથા ઝડપી



અને આવેશપૂર્ણ હોવાથી સીતાહરણ પછી રાવણવધ અને અમરજ્યોતના પ્રસંગોની સાથે સાથે રામના ઉત્તર જીવનના વીરરસ સભર પ્રસંગો ઓજપૂર્ણ સ્વરોમાં ગાવામાં આવે છે.

આ પ્રસંગોને બ્રાહ્મ મૂહુર્તમાં કરવામાં આવતી વિધિઓ વધુ સહાયક નીવડે છે. રાંધેલા ચોખાના મેરુ-સુમેરુ અને ધૂનાગર પર્વતોની રચના, પહાડો પર કોડિયા જેવાં ખામણાં કરી ઘી ભરી અનેક જ્યોતોથી રચના, રાવણવધની સાથે મૂર્ચ્છિત લક્ષ્મણ માટે અમરજ્યોત લેવા જતા બાવાના વેશમાં રહેલા હનુમાનની મેરુ-સુમેરુ તરફ દોટ મૂકવી અને રાંધેલા ચોખાનો પહાડ આરોગવો, ભોપાના દેહમાં આધિભૌતિક તત્ત્વ કૉબરિયાનું અવતરણ થવું અને પીઠ પર કાંટાળી ગદા જેવા ગુરુજ અને સાંકળો મારવી — આવા વિશેષ ધાર્મિક વાતાવરણ વચ્ચે રામકથા એક લાક્ષણિક નાટ્યાત્મક રૂપ ધારણ કરે છે અને નૃત્ય અને સંગીતથી તેની રજૂઆત વધુ દ્રુત અને બળવાન બને છે.

**ઉત્તર ગુજરાત અને ભારતવર્ષના અન્ય આદિવાસીઓની રામકથાની સમાનતા**

ગુજરાતના ખેડબ્રહ્મા અને દાંતા તાલુકા તથા રાજસ્થાનના કોટડા તાલુકામાં વસતા ભીલ આદિવાસીઓમાં કંઠસ્થ રૂપે પ્રચલિત રૉમ-સીતમાની વારતાની જેમ ભારતનાં અન્ય રાજ્યોમાં વસતા આદિવાસીઓમાં રામકથા પ્રચલિત હશે પણ ભારતની આ અત્યન્ત પ્રાચીન પ્રજાતિઓની મૌખિક પરંપરાની રામકથા અંગે કોઈએ સઘન ક્ષેત્રકાર્ય કરી લિખિત રૂપ આપ્યું ન હોવાથી એક સળંગ રામકથા પ્રાપ્ત થતી નથી. આમ છતાં ભારતનાં અન્ય રાજ્યોમાં આદિવાસીઓ અંગે થયેલાં કેટલાંક સમાજશાસ્ત્રીય અને નૃવંશશાસ્ત્રીય સંશોધનોના અનુસંધાને ખપ પૂરતા સ્પર્શવામાં આવેલા કંઠસ્થ પરંપરાના સાહિત્ય અને રામકથા અંગેના થયેલા પ્રકીર્ણ લેખોના આધારે આપણે જાણી શકીએ છીએ કે આ વિસ્તારની ભીલી રામકથાની જેમ ભારતનાં અન્ય રાજ્યોમાં વસતી કેટલા આદિવાસી પ્રજાઓમાં પણ પરંપરિત મૌખિક રામકથાના પ્રસંગો સમાન રીતે પ્રચલિત છે.[૪]

સીતાની શોધ કરતી વખતે ખિસકોલીએ રામને સીતાહરણની ભાળ આપી આથી રામે તેના શરીર પર આશીર્વાદ રૂપે આંગળીઓથી સોના જેવી રેખાઓ કરી. આ પ્રસંગ ગુજરાત અને રાજસ્થાનના ભીલોની જેમ જ બિહારના બિર્હોર, બંગાળના સંથાલ અને છોટા નાગપુરના અસુર આદિવાસીઓમાં સમાન ઘટના રૂપે પ્રચલિત છે.

બીજો પ્રસંગ બિર્હોર અને અસુર આદિવાસીઓમાં, બગલાએ સીતાની

ભાળ નહીં આપતાં રામ અને લક્ષ્મણનો તિરસ્કાર કર્યો આથી ગુસ્સે થયેલા રામે તેની ડોક ખેંચીને લાંબી કરી. ભીલી રામકથામાં બગલાના સ્થાને આવળ અને ખાટી નેંબો (ચોમાસામાં થતી એક જંગલી વેલ) છે. તેઓ પણ રામને આપેલા ઉપાલંભના કારણે લગ્ન સમયે જ કરમાઈ જવાનો શાપ પામ્યાં.

હનુમાન સમુદ્રની મધ્યમાં રામ દ્વારા ચલાવેલા બાણ પર વિશ્રામ કરીને લંકા પહોંચે છે. આ ઘટના ભીલોની જેમ બિર્હોર અને સંથાલ આદિવાસીઓમાં પણ સમાન રીતે પ્રચલિત છે.

લક્ષ્મણ દ્વારા રાવણને મારવાની ઘટના ભીલ અને બિર્હોર આદિવાસીઓમાં પ્રચલિત છે. રૉમ સીતમાની વારતામાં રાવણનો જીવ સૂરજના રથમાં રહેલા ભમરામાં હતો. લક્ષ્મણ ઊકળતા તેલમાં ભમરો પાડીને રાવણને મારે છે જ્યારે બિર્હોર આદિવાસીઓની ઘટના પ્રમાણે રાવણનો જીવ તેના મહેલમાં રહેલી એક મંજૂષામાં હતો. લક્ષ્મણ અને હનુમાન બંને સાથે મળીને મંજૂષા ખોલીને રાવણના જીવને મુક્ત કરી રાવણનો વધ કરે છે.

વૈદિક સાહિત્યમાં વર્ણિત સીતાની જેમ મધ્યપ્રદેશની બૈગા અને ભૂમિયા અને ગુજરાતના ખેડબ્રહ્મા-દાંતા તથા રાજસ્થાનના કોટડા-ગોગુંદા તાલુકામાં વસતા ભીલોની સીતા કૃષિની અધિષ્ઠાત્રી દેવી સાથે સંબંધ ધરાવે છે. બૈગા અને ભૂમિયા આદિવાસીઓની કથા પ્રમાણે સીતાને છ આંગળીઓ હતી. એક કાપીને જમીનમાં રોપી. તેનો વાંસ થયો. તેની ગાંઠો (કાંડ)માં બધા પ્રકારનાં બીજ હતાં. આ વિસ્તારની રૉમ-સીતમાની વારતા પ્રમાણે સીતા પિતા પાસેથી કન્યાદાનમાં ફક્ત ફૂલ-છોડનાં બીજની જ માગણી કરે છે, જે વનમાં રોપી 'હરિયો' બાગ બનાવે છે.

બિર્હોર આદિવાસીઓની રામકથા પ્રમાણે રાવણના બળાત્કારથી બચવા સીતાએ જાદુથી પોતાના શરીર પર ફોલ્લા ઉત્પન્ન કર્યા. જ્યારે ભીલી રામકથા પ્રમાણે સીતા બળાત્કારથી બચવા અને સતીત્વ જાળવવા નાભિ સુધી પથ્થર ગોઠવી તેમાં સમાય છે.

ભીલોની રૉમ-સીતમાની વારતાની જેમ બૈગા અને ભૂમિયા આદિવાસીઓના હનુમાન શિવના વીર્યથી ઉત્પન્ન થયા હતા.

**વાલ્મીકિ રામાયણ અને ભીલી રામકથાની સમાનતા :**

લિખિત પરંપરાની સૌથી પ્રાચીન પ્રશિષ્ટ વાલ્મીકિ રામાયણ અને અનેક વર્ષોથી મૌખિક પરંપરામાં સચવાયેલી ભીલોની રૉમ-સીતમાની વારતાની ઘણા



બધા પ્રસંગ-ઘટનાની સમાનતા આંખે ઊડીને વળગે એવી છે.

રૉમ-સીતમાની વારતામાં આરંભે આવતી ઇન્દ્ર અને ગૌતમની પાંખડીની જેમ વાલ્મીકીય બાલકાંડમાં અહલ્યાની ઉત્પત્તિ તથા ઇન્દ્ર અને ગૌતમના વિષયમાં એક વૃત્તાંત પ્રાપ્ત થાય છે.

બ્રહ્માએ બીજાં પ્રાણીઓનાં સર્વશ્રેષ્ઠ અંગ લઈને એક એવી સ્ત્રીનું નિર્માણ કર્યું જેમાં હલ (કુરૂપતા)નો સંપૂર્ણ અભાવ હતો. આથી તેનું નામ અહલ્યા રાખ્યું. ભીલી રામકથાની પાંખડી (પ્રસંગ)માં અહલ્યાને 'હલિયાદે રૉણી' કહી છે. આ ઉપરાંત તેનો 'સતની રૉણી' (સત્યની રાણી) તરીકે પણ ઉલ્લેખ થયો છે. જે શબ્દ તેની નિર્મળતાનો સૂચક છે. ઇન્દ્રની અહલ્યાને પ્રાપ્ત કરવાની અભિલાષા અને રચેલા તરકટની કથા બંનેમાં સમાન ઘટના રૂપે આગળ ચાલે છે.

વાલ્મીકિના બાલકાંડના વૃત્તાંતમાં અગ્નિ જેવા તેજસ્વી (દીપ્યમાનં ઈવ અનલં.) ગૌતમ ઇન્દ્રને નપુંસક બનવાનો શાપ આપે છે. આ શાપથી ઇન્દ્રનું વૃષણ ભૂમિ પર પડ્યું (સર્ગ-૪૮)[૫]. ભીલી રામકથાના વર્ણન પ્રમાણે જમીનમાં ઊંડે ઊતરતા ઇન્દ્રને ગૌતમ અગન પછેડો ઝાપટે છે. તેની બધી ઇન્દ્રિયો બળી જાય છે. તે કાળો પડી જાય છે. જ્યાં ઇન્દ્ર પડ્યો છે ત્યાં તેની આગળની ઇન્દ્રી (ગુપ્તાંગ) દૂજે છે. જાર કર્મ કરવા બદલ અહીં ઇન્દ્ર કે હલિયાદે ઋષિનો શાપ પામતાં નથી. દાવો (પાકેલા અનાજનો ચોથ ભાગ) લઈને ગૌતમ ઇન્દ્રને મુક્ત કરે છે. અહીં અહલ્યા ઉદ્ધારનો પ્રસંગ એટલા માટે નથી કે ભીલી કથામાં રામને ક્ષત્રિય વીર કુમાર સિવાય વિષ્ણુના અવતાર તરીકે માનવામાં આવ્યા નથી. વાલ્મીકિના બાલકાંડના રચનાકાળ સુધી રામને પણ વિષ્ણુના અવતાર માનવામાં આવ્યા નથી.

બંને રામકથા રામ-લક્ષ્મણનાં બાળપણ, ધનુર્વિદ્યા કે બાળલીલા અંગે લગભગ મૌન છે.

વાલ્મીકિ રામાયણના અરણ્યકાંડમાં લક્ષ્મણને સ્પષ્ટ શબ્દોમાં અવિવાહિત કહ્યો છે.[૬] 'રૉમ-સીતમાની વારતા'માં આ અવિવાહિત લક્ષ્મણે બાર વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું. માટે તે રાવણને મારવા સમર્થ બન્યો હતો.

બંને રામકથામાં સીતા સ્વયંવર અને ધનુર્ભંગના પ્રસંગો પ્રાપ્ત થાય છે.

વાલ્મીકિ રામાયણના ઉત્તરકાંડ (સર્ગ-૧૭)માં વેદવતીની કથા અને ભીલીની પદ્મજા સીતમા તથા દસમા ગ્રહની રાવણ સાથે વેર લેવાની કથામાં

સમાનતા છે.

અકંપન રાવણની પાસે જઈને રામ દ્વારા ખર રાક્ષસના વધના સમાચાર સંભળાવે છે, અને સીતાના સૌંદર્યની પ્રશંસા કરી તેનું હરણ કરવા માટે પ્રેરે છે. આ કામ ભીલી કથામાં દસમો ગ્રહ કરે છે.

ભીલી રામકથાની જેમ 'આદિ રામાયણ'ʼમાં શૂર્પણખાના વિરૂપણનો પ્રસંગ નથી.

રૉમ-સીતમાની વારતાની જેમ આદિરામાયણમાં સીતા-લક્ષ્મણ સંબંધ અત્યન્ત પૂજ્ય ભાવ સિવાયના સ્વાભાવિક માનવીય સંબંધો છે. બંનેમાં રામ-લક્ષ્મણ અને સીતા નિઃસંકોચ વાતચીત તથા વ્યવહાર કરે છે. અરણ્યકાંડમાં એક સ્થાને રામ લક્ષ્મણને આજ્ઞા કરે છે કે તે સીતાને ઊંચકી નાવ પર ચડાવે (સીતાં ચારોપયાન્વક્ષં પરિગૃહ્ય મનસ્વિનીય્).

ભીલી રામકથાની જેમ આદિરામાયણમાં પંચવટી (ભીલી કથામાં વનનો જ ઉલ્લેખ છે, પંચવટીનો નથી)માં એક જ પર્ણશાલા બનાવવાનો ઉલ્લેખ છે; જેમાં ત્રણે સાથે નિવાસ કરે છે.

સીતાહરણ સમયનું વાતાવરણ બંને કથામાં સરખું છે. બંને કથામાં લક્ષ્મણ સીતાના એક જ પ્રકારના કટુ શબ્દો સાંભળીને રામની સહાયતા કરવા જાય છે.

અહીં રામ-લક્ષ્મણ અને હનુમાનની યેરિયા વાનરા સાથેની લડાઈ રામ-વાલિ યુદ્ધની યાદ આપે છે. રામ-વાલિ યુદ્ધ એ યેરિયા-વાનરા અને હનુમાનની લડાઈનું વિકસિત રૂપ લાગે છે. અહીં યેરિયો વાનરો હનુમાનની પત્નીનું હરણ કરે છે. રામ-લક્ષ્મણ યેરિયા વાનરા સાથે લડાઈ કરી હનુમાનની પત્નીને છોડાવે છે. આગળ જતાં હનુમાનમાંથી સુગ્રીવના અને યેરિયા વાનરામાંથી વાલિના ચરિત્રમાં રૂપાન્તર થયું હોવાની સંભાવના છે.

બંને રામકથામાં હનુમાનની સીતા શોધના અનુસંધાને સરખું વર્ણન પ્રાપ્ત થાય છે. વાલ્મીકિ રામાયણમાં હનુમાને મુખ્ય રાક્ષસોના મહેલોમાં તથા રાવણના અંતઃપુરમાં સીતાની નિષ્ફળ શોધ કરી હતી (સર્ગ-૯, ૧૦, ૧૧). ભીલી કથા પ્રમાણે હનુમાન રાવણના વાદળ મહેલનો ખૂણે ખૂણો, અગાસી-અગાસી અને બારી-બારી જોઈ વળે છે પણ કોઈ સ્થાને તેને સીતા દેખાતી નથી. સીતાની શોધ માટે એક મહેલથી બીજા મહેલે અને બીજા મહેલથી ત્રીજા મહેલે ભટકી ભટકીને થાકે છે.



બંને રામકથામાં મુદ્રિકા અર્પણ અને લંકાદહનના વર્ણનમાં ખાસ તફાવત નથી.

ભીલી રામાયણની જેમ આદિરામાયણ પણ મંદોદરી વિલાપ, સીતાની અગ્નિપરીક્ષા અને પુષ્પક વિમાનની ઘટના માટે મૌન છે. એ. વેબર જેવા વિદ્વાનો આ ઘટનાઓને પાછળથી ઉમેરેલી માને છે. વાલ્મીકિ કૃત આ મૂળ સ્રોતમાં સીતાત્યાગનો કરુણ પ્રસંગ નહોતો. રામકથા સુખાન્ત હતી. ભીલી રામકથામાં રામની સેના વૈકુંઠપુરીમાંથી આવેલા દડા પર બેસીને લંકામાં આવે છે, અને જતી વખતે 'જળનો જોધો' (હનુમાન પુત્ર) પોતાની પીઠ પર બેસાડી રામની સેનાને સમુદ્ર પાર કરાવે છે.

ભીલી રામકથામાં સીતાનો ત્યાગ અયોધ્યામાં આવ્યા પછી માતા કૌશલ્યા અને સીતા – સાસુ-વહુના 'કજિયા'ના કારણે થાય છે. માતાના આદેશથી રામ સીતાનો ત્યાગ કરે છે, અને લક્ષ્મણ તેને વનમાં મૂકી આવે છે. વાઘ વળી તેને ધર્મની બહેન બનાવી સાતઋષિ (સપ્તર્ષિ)ની ધૂણીએ મૂકી આવે છે. રામ સીતાની શોધ વનમાં બે ઘોડા મોકલીને કરે છે. રામાયણના ઉત્તરકાંડમાં વર્ણિત અશ્વમેધનો પ્રસંગ ભીલી કથાના બે ઘોડાના પ્રસંગમાંથી વિકાસ પામ્યો હોય એવી શક્યતા છે. આ બે ઘોડાના પ્રસંગના અંતે રામનું પોતાના પરિવાર સાથે પુનર્મિલન થાય છે અને સીતા લોકસમુદાય સાથે વનમાંથી વાજતેગાજતે ગૃહપ્રવેશ કરે છે.

અહીં તાડકા, મંથરા, શૂર્પણખા, વિશ્વામિત્ર, વાલિ, સુગ્રીવ, અંગદ, મારીચ, સુબાહુ, અકંપન, મેઘનાદ જેવાં શક્તિશાળી ચરિત્રોની વિશિષ્ટ સૃષ્ટિનો અભાવ છે. અહીં જટાયુ અને રાવણ કે રામ-રાવણના યુદ્ધનું કવિ કલ્પના પ્રચુર ભયાનક અને અદ્ભુત વર્ણન નથી. નથી તો દશરથનો પુત્રેષ્ટિ યજ્ઞ કે નથી તો રામનો અશ્વમેધ યજ્ઞ.

**પરવર્તી રામકથા અને ભીલી રામકથાની સમાનતા :**

વાલ્મીકિ રામાયણની જેમ-પૂર્વ-અગ્નિ એશિયા સુધી વિસ્તરેલી તેની લિખિત પરંપરાની રામાયણોમાં પણ ભીલી રામકથાના કેટલાક પ્રસંગોનું સાદૃશ્ય જોઈ શકાય છે.

થાઈલૅન્ડની 'રામકિયેન' અને 'સેરીરામ'ના પોતાની પાઠમાં પદ્મજા સીતાને રાવણ પદ્મ પર બેઠેલી જુએ છે અને પોતાના ત્યાં લઈ જાય છે. એક લક્ષ્મણજ્ઞ મંત્રી

તેને સાવધ કરે છે કે તે કન્યા તેના મૃત્યુનું કારણ બનશે. આ સાંભળી રાવણ તેને સમુદ્રમાં ફેંકાવી દે છે. કન્યા બચી જાય છે અને જનકને પ્રાપ્ત થાય છે. રૉમ-સીતમાની વારતામાં જોશીઓ રાવણના સીતા સાથે 'ઘરવાસો'નું ભવિષ્ય કથન કરે છે. આથી રાવણ તેને મારી નાખવાનો આદેશ આપે છે. પણ સૈનિકો તેને પારણા સમેત નદીમાં વહેવડાવે છે; જે જનકને પ્રાપ્ત થાય છે. ઈ. ૮૦૦-૯૦૦માં લખાયેલ ગુણભદ્રના જૈનરામાયણ 'ઉત્તરપુરાણ'માં પણ આવો પ્રસંગ પ્રાપ્ત થાય છે. ઉત્તરપુરાણમાં કુંવરીનું ભવિષ્ય જોતાં જ્યોતિષી રાવણને કહે છે કે આ કુંવરી તમારો નાશ કરશે. આથી ભયભીત રાવણ કન્યાને અજ્ઞાત સ્થળે મૂકી આવવાનો આદેશ કરે છે. મારીચિ કન્યાને મંજૂષામાં બંધ કરી મિથિલાની સીમમાં ખાડો ગોડી મૂકી આવે છે. જે કન્યા જનકને મળે છે.

૧૬મી શતાબ્દીમાં રચાયેલા એકનાથના ભાવાર્થ રામાયણના અરણ્યકાંડના આઠમા અધ્યાય પ્રમાણે રામ કોઈ એક દિવસે સીતાને લક્ષ્મણની રક્ષામાં છોડીને બહાર ગયા હતા. સીતાને નિદ્રા આવી જાય છે. આ સમયે સીતાનાં કપડાં અસ્તવ્યસ્ત થઈ જાય છે. જેથી તેનું શરીર અનાવૃત્ત થઈ જાય છે. સાધનામાં લીન લક્ષ્મણે તે તરફ ધ્યાન આપ્યું નહીં. પાછા ફરેલા રામ લક્ષ્મણને પૂછે છે, ''સ્ત્રીનું રૂપ જોઈને કોનું મન સ્થિર રહી શકે ?'' લક્ષ્મણ ઉત્તર આપે છે, ''રામભક્તનું મન આનાથી પ્રભાવિત થતું નથી.''

ભીલી રામકથા પ્રમાણે રામ જ્યારે વનફળ લેવા જાય છે ત્યારે મઢી બનાવતાં શ્રમિત થયેલાં સીતા અને લક્ષ્મણ શરીર પર સાગ પાન ઓઢી નિદ્રાધીન બને છે. પવન પાનને ઉડાડે છે અને બંને અનાવૃત થઈ જાય છે. રામ આવે છે. બંનેને અનાવૃત જોઈ ગુસ્સે થયેલા રામ લક્ષ્મણને મારવા ધસે છે. પગરવથી જાગ્રત થયેલી સીતા જ્ઞાનની વાણીએ સમજાવે છે, ''તું એક હાથે તાળી પાડ અને એક લાકડે આગ પાડ.'' રામના પ્રયત્નો નિષ્ફળ જતાં સીતા તેને કહે છે, ''રામ, એક હાથે તાળી નહીં પડે; એક લાકડે (સામે ઘસવા બીજું લાકડું ન હોવાથી) આગ નહીં પડે; તેમ એક શરીરમાંથી કંઈ નહીં થાય !''

'મૈરાવણ ચરિતમ્' પ્રમાણે લંકાદહન પછી સમુદ્રમાં સ્નાન કરતા હનુમાનનો સ્વેદ પીવાથી માછલી ગર્ભવતી થઈ. આથી હનુમાનને એક પુત્ર ઉત્પન્ન થયો. આવી ઘટના ભીલી રામકથામાં સમુદ્ર ઓળંગતાં બને છે. મધદરિયે હનુમાન થાકે છે ત્યારે રામના છોડેલા બાણ પર વિશ્રામ કરે છે. આ સમયે હનુમાનની ઇંદ્રી 'ખલે' છે અને વીર્ય સમુદ્રમાં પડે છે. સમુદ્રમાં પડેલ વીર્ય એક માછલી ગળી જાય છે, અને તેનો જળનો યોદ્ધો જન્મે છે. 'મૈરાવણ ચરિતમ્'માં તે મત્સ્યરાજ તરીકે ઓળખાય છે.



કથા સરિત્સાગર (સોમદેવકૃત ૧૧મી શતાબ્દી), રામકિયેન (થાઈલૅન્ડ-સિયામ રામાયણ, ૧૭મી શતાબ્દી) અને મૌખિક લોક પરંપરાની ભીલી રામાયણમાં પારણામાં બાળકને નહીં જોતાં ઋષિએ કુશ નામના ઘાસમાંથી મંત્રો દ્વારા બાળક ઉત્પન્ન કરવાની ઘટના આવે છે. કુશમાંથી બાળક સર્જવાની સમાન ઘટનામાં કથાસરિત્સાગરમાં વાલ્મીકિનો ઉલ્લેખ છે જ્યારે ભીલીમાં સાત ઋષિ (સપ્તર્ષિ)નો ઉલ્લેખ છે.

ચૌદમી શતાબ્દીમાં રચાયેલા 'શિવમહાપુરાણ'ની શતરુદ્રસંહિતા (અધ્યાય-૨૦) પ્રમાણે વિષ્ણુને મોહિનીના રૂપમાં જોઈને શિવનું વીર્યપતન થયું. સપ્તર્ષિએ આ વીર્યને ગૌતમપુત્રી અંજનાના કાનમાં દાખલ કર્યું જેથી અંજનાએ હનુમાનને જન્મ આપ્યો. આવી જ ઘટના અહીં ભીલી રામાયણ રૉમ-સીતમાની વારતાની પાંખડી-૨માં બને છે. દુષ્કાળ પછી સુકાળ આવતાં ભગવાન અને શિવ પૃથ્વીની પ્રદક્ષિણાએ નીકળે છે. એક-બીજાની પરીક્ષા લેવાની ઇચ્છાથી ભગવાન સુંદર સ્ત્રીનું રૂપ લે છે. 'અડધી પૃથ્વીના રૂપ' જેવી સ્ત્રીને વનમાં એકલી જોઈને કામાસક્ત થયેલા શિવ તેને વરે છે. વર્યા પછી હાથમાં ઝીલેલું વીર્ય શિવ ચેલી બનાવવાના બહાને વાંસની ભૂંગળીથી અંજનાના કાનમાં દાખલ કરે છે. આથી હનુમાનનો જન્મ થાય છે.

**રૉમ-સીતમાની વારતાનો ઐતિહાસિક સંદર્ભ :**

આમ ગુજરાતમાંથી મૌખિક પરંપરાની સર્વ પ્રથમ ભીલ આદિવાસીઓની રામકથાનો સંશોધિત પાઠ આ સંશોધક દ્વારા પ્રાપ્ત થાય છે ત્યારે તેનું ભારતનાં અન્ય રાજ્યોમાં વસતા આદિવાસીઓની કંઠસ્થ પરંપરાની રામકથાના મળતા કેટલાક પ્રસંગો કે ઘટનાઓ સાથે તથા લિખિત પરંપરાની પ્રશિષ્ટ વાલ્મીકિ રામાયણ અને પરવર્તી લિખિત સામગ્રી સાથે તુલનાત્મક વિહંગાવલોકન કરીએ છીએ ત્યારે ભીલી 'રૉમ-સીતમાની વારતા'ના ઘણા બધા પ્રસંગો અને ઘટનાઓનું સાદૃશ્ય ભારતથી માંડી-પૂર્વ-અગ્નિ એશિયા સુધી ફેલાયેલી રામકથાઓમાં પણ જોઈ શકાય છે.

ભીલ, સંથાલ, બૈગા, ભૂમિયા અને અસુર જેવી ભારતમાં વસતી અત્યન્ત પ્રાચીન આદિવાસી જાતિઓમાં પ્રચલિત કંઠસ્થ લોકપરંપરાની રામકથા અંગે અલ્પ પ્રમાણમાં થયેલાં સંશોધનો પણ એટલો તો સાધાર નિર્દેશ આપે છે કે વાલ્મીકિએ

ઈ.પૂર્વે બીજી-ત્રીજી સદીમાં રચેલી લિખિત પરંપરાની રામાયણ પહેલાં પણ રામકથા અંગે 'રૉમ-સીતમાની વારતા' જેવાં બીજાં કંઠસ્થ પરંપરાનાં લોકાખ્યાનો અને લોકમહાકાવ્યો ભારતના જુદાજુદા પ્રદેશોમાં પ્રચલિત હતાં.[૮] આ આખ્યાનો કે લોકમહાકાવ્યો હજી સુધી આદિવાસીઓના આજના જિવાતા જીવનનાં મેલાં-ચોખ્ખાં ધાર્મિક અનુષ્ઠાનો અને વિધિ-વિધાનો સાથે જોડાયેલાં હોવાથી મંત્રોની જેમ તેના સ્વરૂપમાં ખાસ પરિવર્તન આવ્યું નહીં હોય. વાલ્મીકિના આદિ રામાયણ અને ભીલોની રૉમ-સીતમાની વારતાના ઘણા-બધા પ્રસંગો-ઘટનાઓની સમાનતાના આધારે અનુમાન કરી શકીએ છીએ કે વાલ્મીકિ લોકમાં પ્રચલિત મૌખિક પરંપરાના રામ વિષયક અને 'ઇંદ્ર અને ગૌતમ' જેવાં આખ્યાનો અને મહાકાવ્યોથી પરિચિત હશે અને તેઓએ પોતાની લિખિત પરંપરાની આદિ રામાયણમાં ઘણા-બધા પ્રસંગ-ઘટનાઓનો વિનિયોગ કર્યો હશે. રામાયણના દક્ષિણાત્ય પાઠમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે નારદ પાસે કથાવસ્તુ સાંભળીને વાલ્મીકિએ રામકથાનું સંશોધન (અન્વેષણ) કર્યું. (વ્યક્તમન્વેષતે ભૂયો યદ્ વૃત્તમ્). બાલકાંડના ચતુર્થ સર્ગના આધારે કામિલ બુલ્કે નોંધે છે કે 'વાલ્મીકિનું આદિરામાયણ કુશીલવો (ગાયકો) દ્વારા પહેલાં જનતામાં લોકપ્રિયતા પ્રાપ્ત કરવા લાગ્યું અને પાછળથી રાજ-દરબારોમાં તેનો પ્રવેશ થયો.[૯] આ બાબત પણ તે સમયે પ્રચલિત કંઠસ્થ પરંપરાની રામકથા અને લોકાખ્યાનો તરફ અંગુલિનિર્દેશ કરે છે.

આશરે ૨૫૦૦ વર્ષ અગાઉ લખાયેલા આ ગ્રંથમાં આજ દિન સુધી (છેક મોરારિ બાપુની રામાયણ સુધી) અનેક સુધારા-વધારા થયેલા છે. સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીને વાલ્મીકિ રામાયણના મૂળ પાઠને સંશોધિત કરવા માટે જે જૂનામાં જૂની પોથી મળે છે તે અને રામાયણના મૂળ ગ્રંથ વચ્ચે પંદરસો વર્ષનો ગાળો છે.[૧૦]

ભીલોની ૧૦ હજાર વર્ષ પૂર્વકાલીન ધાર્મિક પૂજા-વિધિઓ અને આ સમયે ગાવામાં અને કથવામાં આવતી 'પૃથ્વીની ઉત્પત્તિ કથા', 'કૂર્મ-મચ્છ' જેવી અવતારકથા, 'ગોતમરખી નં ઈન્દરની કથા' જેવી કૃષિ સાથે સંબંધ ધરાવતી કથાઓનો પ્રભાવ તેઓના સામાજિક અને ધાર્મિક જીવનમાં અત્યારે પણ એટલો જ પ્રબળ છે. લોકપરંપરાની રામાયણ પરંપરા પણ અવલોકવી રહે.[૧૧]

આવા સંજોગોમાં અનેક વર્ષોથી જીવની માફક જતન કરેલી રૉમ-સીતમાની વારતા'નું મૂલ્ય અનેક ગણું વધી જાય છે અને ભવિષ્યના રામકથાના મૂળગામી અને તલસ્પર્શી સંશોધનની એક નવી અને નક્કર દિશા ઉઘાડી આપે તેમ છે.



## સંદર્ભ

૧. રૉમ-સીતમાની વારતા, સંપા. ડૉ. ભગવાનદાસ પટેલ, બીજી આવૃત્તિ ૨૦૧૧, ભારતીય ભાષા સંસ્થાન, મૈસૂર અને ભાષા સંશોધન કેન્દ્ર, વડોદરા.
૨. ધૂળાના પાટની માહિતી માટે જુઓ તોળી રૉણીની વારતા, ડૉ. ભગવાનદાસ પટેલ, પ્ર.આ. ૧૯૯૩, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ-૧
૩. કૉબરિયા ઠાકોરની કોળીની માહિતી માટે, એજન
૪. રામકથા (ઉત્પત્તિ ઔર વિકાસ) ફાદર કામિલ બુલ્કે, પૃ. ૨૨૫-૨૨૬, બીજી આવૃત્તિ ૧૯૯૯, હિન્દી પરિષદ, પ્રયાગવિશ્વવિદ્યાલય.
૫. એજન, પૃ. ૩૦૦
૬. એજન, પૃ. ૩૪૨
૭. બાલકાંડ અને ઉત્તરકાંડ સિવાયની રામકથાને વિદ્વાનોએ 'આદિરામાયણ' નામ આપ્યું છે. જે વાલ્મીકિએ સ્વયં રચ્યું હોવાનું મનાય છે.
૮. આદિવાસી સિવાયના ગુજરાતના અન્ય સમાજોમાં પ્રચલિત મૌખિક પરંપરાની રામકથાઓ માટે જુઓ લોકગીતોમાં રામચરિત અને પાંડવ કથા, ડૉ. હસુ યાજ્ઞિક
૯. રામકથા (ઉત્પત્તિ ઔર વિકાસ), કામિલ બુલ્કે, પૃ. ૧૩૪
૧૦. રામાયણની અંતરયાત્રા, નગીનદાસ સંઘવી, પૃ. ૩૭, પ્ર.આ. જૂન, ૧૯૮૬
૧૧. 'રામવળા' (કંઠસ્થપરંપરાની લોકરામાયણ) ડૉ. બળવંત જાની, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પૃ. ૧૮

# સંત સાહિત્ય : સંપ્રદાયપરક કે પર ?

**નરોત્તમ પલાણ**

શ્રીયોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી (જિ. અમરેલી) પોતાના આંગણે 'સંતસાહિત્ય અને સ્વામિનારાયણના સંત કવિઓ' વિશે ચર્ચા આરંભે છે ત્યારે, આપણી સંતવાણીને અનુરૂપ સ્થાનદેવતા ધારીને અને ધારીના સંત યોગીજી મહારાજને વંદન કરીને આપણે સીધા જ વિષય ઉપર આવી જઈએ છીએ. આપણી ચર્ચા 'સંત સાહિત્ય' અને 'સ્વામિનારાયણી સંત કવિઓ' એવા બે વિભાગોમાં વેંચાયેલી છે. આ બન્નેને જોડતા ગોરખનાથ, આનંદઘન અને ઈસરદાન જેવા કવિઓની ચર્ચા પણ આપણે કરવાની છે. ગુજરાતી ભાષાના સંતસાહિત્યને સમજવા માટે સહુ પ્રથમ તો આપણે ભારતીય ભાષાઓનો અને એના પ્રાચીનકાળનો વિચાર કરવાનો રહેશે.

સંત સાહિત્યનો ઉદ્‌ભવ ક્યારથી ? ભારતની કઈ કઈ ભાષાઓમાં એનો વિકાસ નોંધી શકાય છે અને ગુજરાતી ભાષામાં એનું સ્વરૂપ કેવું બંધાણું ? આ અને આવા અન્ય પ્રશ્નો પર દૃષ્ટિક્ષેપ કરીએ તો 'સંત સાહિત્ય' એવી સંજ્ઞામાં જે 'સાહિત્ય' છે તે 'વાણી'ના અર્થમાં હોવાનું સમજાય છે. અહીં 'વાણી'નું મહત્ત્વ 'સંત'થી સ્હેજ પણ ઓછું નથી. 'ભાષા' અને 'બોલી' વચ્ચે જે ભેદ છે, તેવો જ કંઈક ભેદ 'સાહિત્ય' અને 'વાણી' વચ્ચે છે. અતિ પ્રાચીનકાળમાં ઉપનિષદો 'સાહિત્ય' છે, જ્યારે તેની સામે બુદ્ધ અને મહાવીરની 'વાણી' છે. મને એમ લાગે



છે કે આ 'વાણી' સંતસાહિત્યનું ઉદ્‌ભવ સ્થાન છે. મહાવીરની તુલનામાં બુદ્ધની વાણી વધારે આમવર્ગની રહી છે, વળી મહાવીરની વાણી પાર્શ્વનાથને અનુસરે છે, સંત સાહિત્યને માટે આ બે મુદ્દાઓ પ્રથમથી જ નોંધી રાખવા જેવા છે. એક, તે વધારેમાં વધારે આમવર્ગ સાથે રહે છે અને બે, તે કોઈ મત, પંથ કે સંપ્રદાયને અનુસરતું નથી. અતઃ સંતવાણી સામાન્યજનની બોલચાલના લય-લોકોમાં વહે છે. અહીં 'બોલચાલ'માં 'બોલ' લોકવર્ગની બોલીના સંદર્ભે છે અને 'ચાલ' તેની 'શૈલી' પરત્વે છે. આ 'ચાલ'ને આપણે 'રજૂઆતની લઢણ' અથવા 'અભિવ્યક્તિની તરાહ' કહી શકીએ. આમ 'બોલચાલ' 'ભાષાશૈલી' જેવું શબ્દયુગ્મ છે.

હવે અહીં 'સંત' શબ્દ સમજી લેવો જરૂરી જણાય છે. હું એવી વ્યાખ્યા બાંધું છું કે 'શાસ્ત્રદત્ત કરતાં અનુભવજન્ય સત્‌દર્શન જેણે આચરણમાં મૂક્યું છે તે સંત છે. 'મારી આવી વ્યાખ્યાને બૌદ્ધવિદ્વાન ધર્માનંદ કોસામ્બીનો ટેકો મળી રહે છે. પોતાના 'બુદ્ધ ચરિત' (૧૯૩૭)માં કોસામ્બી કહે છે કે – 'અર્હતપદની પ્રાપ્તિ બીજાનો ઉપદેશ સાંભળીને થાય છે, જ્યારે બુધપદની પ્રાપ્તિ સ્વપ્રયત્નથી છે.' (પૃ. ૨૫૦ વગેરે) દેશકાળના અનુભવે જેણે પોતાનું દર્શન તારવ્યું છે અથવા સંપ્રદાયમાં હોવા છતાંય જેણે સંપ્રદાયથી પર પોતાનું નિજીદર્શન તારવ્યું છે તે સંત છે. 'સંત' એવી સંજ્ઞા અને 'સંત સાહિત્ય'નું સ્વરૂપ, સંપ્રદાયથી પર છે. બીજાનો મત, પંથ કે સંપ્રદાય લાંબો કૂદકો મારવાનું પાટિયું (સ્ટૅન્ડ) બની શકે પણ સંતસાહિત્યના સીમાડામાં પહોંચવાનું તો નિજી પ્રતિભાથી જ સિદ્ધ થતું હોય છે. ભારતીય પરંપરામાં આવા પ્રથમ સંત ભગવાન બુદ્ધ છે અને 'બૌદ્ધસાહિત્ય' ભારતવર્ષનું આદિ સંત સાહિત્ય છે.

સંત સાહિત્યનો પ્રથમ ઉદ્‌ગાતા ભગવાન બુદ્ધ છે અને તેનો આગળનો વિકાસ ઈ.સ.ની આરંભના તમિળ ભાષાના સંત તિરુવલ્લુવરમાં પકડી શકાય છે. 'ધમ્મપદ' બૌદ્ધ સાહિત્યમાં કેન્દ્રસ્થાને રહેલો ગ્રંથ છે, તેમ 'કુરલ' તમિળભાષાના ધર્મ યા 'સંઘ સાહિત્ય'નો મુખ્ય ગ્રંથ છે. 'ધમ્મપદ'માં આશરે ૪૨૪ જેટલી ગાથાએ છે અને 'કુરલ'માં ૧૩૦૦ જેટલા દોહાઓ છે. સિક્કમ વગેરે પૂર્વનાં રાજ્યોમાં અને આંધ્ર વગેરે દક્ષિણનાં રાજ્યોમાં ધમ્મપટ્ટ અને કુરલ, આપણી ભજનવાણીની માફક આજે પણ રાતભર ગાવાની પ્રથા છે. દલપત પઢિયાર અને નિરંજન રાજ્યગુરુ જેવા ભજનના રાગતાલ નિષ્ણાત મિત્રોએ સિક્કિમ-આંધ્રની યાત્રા કરીને આ ગાન પરંપરા સાથે ભજનનો તુલનાત્મક અભ્યાસ આપવો જોઈએ.

'કુરલ'ના દોહાઓની માફક ઈ.સ.ના આરંભમાં બંગાળ-નેપાળમાં પણ

દોહા-ગાન છે. બંગાળી વર્ણમાલા ભલે દશમી સદી પછીનું સર્જન હોય, તેની મૌખિક પરંપરા સિદ્ધાચાર્યો અને નાથમુનિઓ દ્વારા ઘણા પ્રાચીનકાળથી છે. ગાથા, આર્યા, દોહા અને ખાસ તો પેલા બૌદ્ધ પંડિત ધર્મદાસે કરેલો ‘અવળવાણી’નો સંચય પણ ગાઈ શકાય તેવા ‘પયાર’ છંદમાં છે. ભોળાભાઈ કહેતા કે બંગાળી ‘પયાર’નો સગોત્રી શબ્દ આપણા ‘કન્હડદે પ્રબંધ’ વગેરેમાં મળતો ‘પવારુ’ છે. નેપાળ-બંગાળની પ્રાચીન પરંપરામાં જે રહસ્યમય આગમો’ છે, તેની તુલના પણ આપણી ‘આગમવાણી’ સાથે કરવાની અદ્યાપિ બાકી છે. નાથાલાલ ગોહિલે અને રવજી રોકડે પોતાના અભ્યાસો હવે આ દિશામાં વિસ્તારવાની જરૂર છે. સંત સાહિત્યમાં જોવા મળતો રહસ્યવાદ, આકાશમાંથી મોજડી ઊતરે અને અગ્નિકુંડમાંથી ચૂડલાવાળો હાથ પ્રગટે, કાળા કપડાના પડદા ફૂલની ચાદર બની જાય અને ચાર મહિનાનો ગર્ભ ભવિષ્યવાણી ભાખે વગેરે અતિ સ્થૂળ ઘટનાઓમાં વણાઈને ઘણું વરવું રૂપ પામેલો છે, ખાસ કરીને ઉગમશી ભાટી અને મેઘ ધારુ આદિની કથાઓમાં, તિબેટ વગેરેની તંત્રકથાઓના પરિપ્રેક્ષ્યમાં આની સ્પષ્ટતા કરીને આપણે આપણા સંતસાહિત્યની વિભાવના વિશદ્ કરવી ઘટે. મકરંદ દવે અને રાજેન્દ્રસિંહ રાયજાદા જેવા સાધક અને અનુભવી તજ્જ્ઞોએ આની ચર્ચા કરી છે.

★

બિહારમાં બુદ્ધ, દક્ષિણ ભારતમાં તિરુવલ્લુવર અને નાયન્મારો, તિબેટ-નેપાળ-બંગાળમાં સિદ્ધો-નત્થો-બાઉલો અને એનાં ચર્યાગીતો, દુહાઓ, બાઉલગાન, પશ્ચિમમાં સૂફીઓ, ઉત્તર ભારતમાં રામાનંદ અને કબીર, રાજસ્થાનમાં રામાપીર અને ઘરે આંગણે રવિભાણ, માર્ગી તથા જીનામ- એમ લાગે છે કે ગુજરાતી સંતવાણી, ભારતીય સાહિત્યમાં દઢમૂળ અને લગભગ અદ્વિતીય છે. ‘ભજન’ જેવું કાવ્યસ્વરૂપ તો નિઃશંક, ભારતની અન્ય ભાષાઓમાં નથી. આવા સમૃદ્ધ સંતસાહિત્યના પ્રમાણમાં આપણી કમનસીબી એ છે કે એના અભ્યાસીઓની સંખ્યા આંગળીના વેઢા પૂરા થાય એટલી પણ નથી !

સંતસાહિત્ય પરત્વે આપણા ઇતિહાસ ગ્રંથોનું વલણ પણ એકંદરે નિરાશાજનક રહ્યું છે. ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત ‘ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ’ ગ્રંથ-૨ની મૂળ આવૃત્તિમાં સંતસાહિત્ય વિશે કશું જ નથી. ૨૦૦૪ની સંવર્ધિત આવૃત્તિમાં ‘સંત કવિતા ધારા’નામનું એક પ્રકરણ મુકાયું છે, પણ લેખક-સંપાદક એના પ્રતિ ગંભીર જણાતા નથી. આ પ્રકરણમાં સંત કવિતાધારાની અને એના મુખ્ય કાવ્યસ્વરૂપ ‘ભજન’ની ચર્ચા માત્ર સંપ્રદાયો અને કવિઓની નામાવલી



પૂરતી જ છે. કહો કે મૂકવું જોઈએ એટલે મુકાયેલું આ પ્રકરણ છે. સંત સાહિત્ય પરત્વેનો આ અનાદર હવે સત્વરે દૂર કરવા જેવો છે.

અસ્તુ. સંત સાહિત્યના હાર્દ સમા કાવ્યસ્વરૂપ ‘ભજન’ વિશેનાં મારા બેક નિરીક્ષણો રજૂ કરીને સ્વામિનારાયણી સંત સાહિત્યની ચર્ચામાં હું મારું વક્તવ્ય પૂર્ણ કરીશ. મિત્રો, મધ્યકાલીન સાહિત્યનું સૌથી વિશેષ લોકપ્રિય કાવ્યસ્વરૂપ અને સૌથી વિશેષ ખેડાયેલું તથા સૌથી વિશેષ સમૃદ્ધ ‘ભજન’ અર્વાચીન યુગમાં પણ ઘણા સામર્થ્ય સાથે ખેડાતું રહ્યું છે. નરસિંહ અને તોરલથી માંડીને નજીકના ભૂતકાળના દામોદર ભટ્ટ ‘સુધાંશું’ (૧૯૧૩), મનુભાઈ ત્રિવેદી ‘સરોદ’ (૧૯૧૪), વેણીભાઈ પુરોહિત (૧૯૧૬), બાલમુકુન્દ દવે (૧૯૧૬) અને મકરંદ દવે (૧૯૨૨) વગેરેએ ઉત્તમ ભજન રચનાઓ આપી છે. આટલા લાંબા કાળપટ પર જીવંત રહેલું આ એક જ કાવ્યસ્વરૂપ છે. કહો કે આ એક અનસ્ત કાવ્યસ્વરૂપ છે અને એ જ એની શ્રેષ્ઠતા પુરવાર કરે છે.

ભજનનો ભાવપક્ષ ગોરખનાથથી અને કલાપક્ષ રામાનંદથી ક્રમશઃ બંધાતો આવ્યો છે. જરા જુઓ, ગોરખનાથમાં ‘શબદી’ અને ‘ગોષ્ઠિ’ છે, રામાનંદમાં અને રામાનંદીમાં ‘ભજન’ છે, કબીરમાં ‘પદ’ અને મિશ્રભજન રચના છે, નરસિંહ-મીરાંમાં પણ ‘પદ’ અને મિશ્ર ભજન સ્વરૂપ છે, મહાપંથમાં પહેલીવાર આપણને શુદ્ધ ‘ભજન’ મળે છે, રવિભાણમાં ભજનનું સ્વરૂપ વધારે કલાત્મક બને છે, માર્ગીમાં સમય-સમયની ભજન રચના આવે છે. મૂળદાસ, શીલદાસ, લોયણ ગુજરાતી ભજન સ્વરૂપનાં શિખરો છે. મેં મારી આ વાત ‘લોચન’ (૧૯૮૫), ‘ચૂંટેલાં ભજન’ (૨૦૦૪) અને ‘સરવંગા’ (૨૦૦૭)માં મૂકી છે. જે બે મુદ્દા વિચારવાના બાકી રહે છે તે હું આપની સમક્ષ મૂકવા માગું છું.

પહેલો મુદ્દો જે સ્વરૂપ પરત્વેનો છે તે એ કે ભજનનો ‘હે-જી-હાં’ પ્રથમ કોના દ્વારા અને કઈ રચનામાં પ્રયોજાયો છે ? ગઈકાલ સુધી ‘ગાયકી’ના કોઈ પુરાવા નો’તા અને આ ‘લટકણિયાં’ ગાયકી મુજબ યોજાતા રહ્યાનું સુવિદિત છે, જોકે ‘ભજન’ સ્વરૂપની તે અનિવાર્યતા પણ લાગે છે. આપણે હાલ પ્રાપ્ત મુદ્રિત ભજન સંગ્રહોને કાળક્રમ મુજબ ગોઠવીને ‘હે-જી-હાં’ પ્રથમ કયાં મુદ્રિત થયું છે તે તારવવું ઘટે, પછીના તબક્કે હસ્તપ્રતોની તપાસ કરવી જોઈએ.

બીજો મુદ્દો ભજનવાણીની રજૂઆતનું આજે જે ‘ફૉર્મેટ’ છે, સમય સમય મુજબ જુદા જુદા રાગોની ‘ગોઠવણી’ તે ક્યારથી અમલમાં આવ્યું છે ? મારું અનુમાન મૂળદાસ (૧૬૫૦-૧૭૭૯)ની આજુબાજુ કેન્દ્રિત થાય છે. મૂળદાસની

પૂર્વે સાખી, આરાધ, પરજ, પ્રભાતી, પ્રભાતિયાં છે, પણ ભજનવાણીની રજૂઆતમાં એનું જે સંયોજન થયું છે તે ક્યારથી અને કોના દ્વારા છે ? યાદ રહે : પરજ, પ્રભાતીની સ્વતંત્ર રચના એક વાત છે અને ભજનવાણીની રજૂઆતમાં તેની 'ગોઠવણી' બીજી વાત છે. આપણે આ 'બીજી વાત'ને સ્પષ્ટ કરી શકીએ તો 'ભજન' સ્વરૂપ માટે તે એક ઉપલબ્ધિ ગણાશે.

★

ગુજરાતી ભાષામાં વહેતી બે મુખ્ય વૈષ્ણવ કવિતા ધારા તે વલ્લભસંપ્રદાય અને સ્વામિનારાયણ સંપ્રદાય છે. બન્ને સંપ્રદાયો કૃષ્ણપૂજક વૈષ્ણવ સંપ્રદાયો છે અને બન્ને સંપ્રદાયોના કવિઓની કૃષ્ણભક્તિની કવિતા લગભગ સમાન અંશો ધરાવે છે. આમ છતાંય વલ્લભસંપ્રદાયના ગોપાળદાસ અને દયારામાદિ કવિઓની રચનાઓને આપણી વિવેચના 'સંતસાહિત્ય' કહેતી નથી અને સ્વામિનારાયણી નંદકવિઓની રચના 'સંતસાહિત્ય' તરીકે ઉલ્લેખાય છે. મને એમ લાગે છે કે સંત સાહિત્યના અભ્યાસીએ હવે આ 'સ્થાપિત પરંપરા'નો પુનર્વિચાર કરવો જોઈએ. શું આપણી વિવેચનાએ કંઈ કાચું તો કાપી નાખ્યું નથીને ?

ધર્મની નજરે આ ભેદનું કારણ વલ્લભીકવિઓનાં શ્વેત વસ્ત્રો અને નંદકવિઓનાં ભગવાં વસ્ત્રો જણાય છે. આપણી સનાતન પરંપરામાં ભગવાંધારી 'સંત-સાધુ' તરીકે ઓળખાય છે. રૂઢ થઈ ગયેલી આ સામાન્ય ઓળખાણનો આમ જ, સંતની વિભાવના સમજ્યા વિના નંદકવિઓ માટે વિનિયોગ ચાલુ થઈ ગયો જણાય છે. વાસ્તવમાં સંપ્રદાયપરક કોઈ રચના સંત સાહિત્યમાં આવી શકે નહિ. જો આવી શકે તો ધર્મરંગ્યું બધું જ સાહિત્ય 'સંત સાહિત્ય' કહેવાય ! કહો કે સમગ્ર મધ્યકાલીન સાહિત્ય 'સંત સાહિત્ય' છે ! પણ ના, 'સંત' એક અલગ સાધના છે અને 'ભજન' એક વિરલ સ્વરૂપ છે. સંપ્રદાયની સડક ઉપર કે પંથની પગદંડીએ સંત કે ભજનની ગતિ નથી. કબીર કહે છે તેમ તેની ગતિ વિહંગમ છે. ત્રિકમસાહેબ 'વેદ-કુરાનનું કામ નઈં મારે' એવું કહે એમાં સંપ્રદાયથી પર એવા એક 'રણુંકાર'નો, કહો કે 'સંત'નો નિર્દેશ છે. પોતાના સંપ્રદાયથી ઊંચે ઊઠીને આનંદઘન 'રામ કહો, રહેમાન કહો કોઉ, કાન્હ કહો મહાદેવરી' — એમ કહે ત્યારે ત્યાં સંત સાહિત્ય સિદ્ધ થાય છે.

આ વસ્તુસ્થિતિ સમજવા માટે આપણે બ્રહ્માનંદ અને દયારામની તુલનામાં નરસિંહ-મીરાંનો વિચાર કરવો ઘટે. સંત હંમેશાં ખુલ્લામાં શ્વાસ લેતો હોય છે, તે લગભગ સર્વતંત્ર સ્વતંત્ર છે. સંપ્રદાયના યમ-નિયમ અને વિધિ-વિધાનથી તે



મુક્ત છે, આવી મોકળાશ બ્રહ્માનંદ-દયારામ કરતાં નરસિંહ-મીરાંમાં વિશેષ અનુભવાય છે. સંત સાહિત્ય વિશે આપણે આટલું સ્પષ્ટ સમજી લેવું ઘટે કે તે સંપ્રદાયપરક નહિ, પર છે. દરેક સંત અગમનો યાત્રી છે અને દરેક ભજન ચિત્તની વણખેડાયેલી અનુભૂતિ છે.

★

અહીં 'સંપ્રદાય', 'માર્ગ' અને 'પંથ' વચ્ચેના ભેદો ધ્યાન રાખવા જેવા છે. 'સંપ્રદાય'નો કોઈ એક સ્થાપક હોય છે, જ્યારે 'માર્ગ' અને 'પંથ' એક પછી એકની અવરજવરથી કાળક્રમે ઊભા થતા હોય છે. સંપ્રદાય પાસે પોતાનું દર્શન, આચાર્ય પરંપરા અને નિશ્ચિત આચાર હોય છે, જ્યારે માર્ગ અને પંથ આવાં બંધનોથી મુક્ત હોય છે. રણમાં કોઈ એક માણસથી રસ્તો બનતો નથી, જે આગેવાન હોય છે તેના પગલે પગલે આખો કારવાં ચાલે છે અને રસ્તો બને છે. કબીર, રામાપીર અને રવિભાણ આવા આગેવાનો છે. કબીર પછી ધર્મદાસ, રામાપીર પછી હરજી ભાટી, ભાણ પછી રવિ — આ એક પરંપરા છે. પરંપરામાં બધા જ સંત હોય એવું નથી. પરંપરામાંથી સ્થળ-કાળ મુજબ નવી કેડીઓ પડતી-ભૂંસાતી રહે છે. આમાં કોઈ કોઈ સમર્થ વ્યક્તિ પોતાની સ્વસૂઝથી સ્વસાધનાથી સંત બને છે.

ગુજરાતી ભાષાના સંતસાહિત્યમાં કેન્દ્રસ્થાને રહેલો મહાપંથ, એના નામ મુજબ એકથી વિશેષ પંથોના સમન્વયથી 'મહા' બનેલો છે. એમાં યજ્ઞ-યાગ અને પાટપૂજાની પ્રાચીન પરંપરા, નાથ-સિદ્ધોનો હઠયોગ-રહસ્યયોગ, કબીરની શબદ સાધના તથા ચૌદમી-પંદરમી સદીમાં જેની જરૂરત ઊભી થઈ છે તે કોમી એકતાના અંશો સમન્વય પામેલા છે. મહાપંથને પ્રાચીન માનતા મિત્રોએ આ સમજી લેવું ઘટે કે કોમી એકતાની ભાવના 'મહાપંથ'નું એક લક્ષણ હોય તો તે મધ્યકાળમાં જ સંભવી શકે છે.

સંપ્રદાય અને પંથની તુલનામાં સ્વામિનારાયણ સંપ્રદાય, એક ઉપસંપ્રદાય છે, તે આચાર-વિચાર પરત્વે મૌલિક નથી, તેણે આચાર વલ્લભસંપ્રદાયમાંથી અને વિચાર શ્રીસંપ્રદાયમાંથી ગ્રહણ કરેલ છે. આ તકે આપણે સ્વામિનારાયણ સંપ્રદાયના આદિકાળ અને મધ્યકાળ વિશે પણ વિચાર કરવો ઘટે. મુક્તાનંદથી દલપતરામ સુધીના કવિઓમાં આદિકાળ સમા સ્વામી રામાનંદ તથા તેના 'ઉદ્ધવ સંપ્રદાય' વિશે ઠીક ઠીક માહિતી છે. ૧૮૨૪માં રચાયેલી સ્વામી મુક્તાનંદની 'ઉદ્ધવ-ગીતા', ૧૮૩૧ની નિષ્કુળાનંદ કૃત 'ભક્ત ચિંતામણિ' અને કવિશ્રી

દલપતરામ દ્વારા તેમના ઉત્તરવયમાં લખાયેલી 'હરિલીલામૃત' – હવે નવેસરથી વિચારણા માગે છે.

મુક્તાનંદ-નિષ્કુળાનંદ આદિના સંતસાહિત્યની આધારશિલા, સ્વામિનારાયણ સંપ્રદાયનું આદિકાળનું સંત સાહિત્ય છે. સ્વામી સહજાનંદના ગુરુ સ્વામી રામાનંદ અને રામાનંદના ગુરુ આત્માનંદની એક અલગ પરંપરા પણ હરબાઈ-વાલબાઈ નામની બે બહેનોથી ચાલી છે. ખુદ મુક્તાનંદ અને નિષ્કુળાનંદ પણ સ્વામી આત્માનંદના પરિચયમાં હતા ! સહજાનંદની માફક રામાનંદ પણ પૂર્વાશ્રમના અયોધ્યાના રાજા શર્મા છે. નીલકંઠ વર્ણી સૌરાષ્ટ્રમાં લૉજ (જિ. જૂનાગઢ) ગામે આવે છે, કારણ કે એમને ખબર છે કે 'અમારા સગા યા સંબંધી અહીં છે !' બીજી બાજુ 'ડુગડુગી વગાડનારો તો હવે આવી રહ્યો છે' એમ રામાનંદ કહે એમાં ચમત્કાર કે આગમવાણી નહિ, પૂર્વપરિચય છે. આ રામ શર્મા, જેમનો જીવનકાળ ૧૭૩૫ થી ૧૮૦૧નો છે, સૌરાષ્ટ્રમાં આવીને બ્રહ્મનિષ્ઠ ગિરનારી મુનિ આત્માનંદ પાસે દીક્ષા લઈને રામાનંદ બન્યા છે. આત્માનંદ પૂર્વાશ્રમના જામનગર પંથકના વિશ્વંભર ભટ્ટ છે. ૧૯૮૫માં અમે જામનગર-રાજકોટ જિલ્લાની વેણુનદીનો પગપાળા પ્રવાસ કરતા હતા, ત્યારે વેણુકાંઠાના મેખાટીંબી (જિ. રાજકોટ)ના એક સાધુ પાસેથી જે માહિતી મળી તે મુજબ વિશ્વંભર ભટ્ટ પ્રથમ મેખાટીંબી આવેલા અને પછી ગોપનાથ (જિ. જામનગર)ના ગોપાળ બ્રહ્મચારી પાસે દીક્ષા લઈને આત્માનંદ બન્યા હતા. આ નોંધ 'વેણુનાં વહાલ' (૧૯૮૭) નામની પુસ્તિકામાં મેં કરેલી છે. કવિશ્રી દલપતરામ પણ આવી જ માહિતી આપે છે. તેમના મનમાં તળાજા પાસેનું ગોપનાથ છે, 'હરિલીલામૃત' કળશ-૪, વિશ્રામ-૧૩માં દલપતરામ એવું પણ નોંધે છે કે સ્વામી આત્માનંદના દાદાગુરુ અને આદ્યકવિ નરસિંહ મહેતા ગુરુભાઈ હતા ! સ્વામી આત્માનંદના સંદર્ભે દલપતરામે 'મહાપંથ'ની નોંધ પણ લીધી છે.

સ્વામી આત્માનંદ નિર્ગુણવાદી સંત હતા. રામાનંદને આ પસંદ આવ્યું નથી એટલે દક્ષિણ ભારતમાં શ્રીરંગમ્ જઈને ત્યાં રામાનૂજનો વિશિષ્ટાદ્વૈત સ્વીકારીને સગુણ ઉપાસક બન્યા. આ પછી સૌરાષ્ટ્રમાં પાછા આવીને 'ઉદ્ધવ સંપ્રદાય'ની સ્થાપના કરી. આ 'ઉદ્ધવ સંપ્રદાય' સ્વામી સહજાનંદના હાથે જેતપુર મુકામે ૧૮૦૧માં 'રામકૃષ્ણગોવિંદ' એવી ધૂનના બદલે 'સ્વામિનારાયણ' મંત્રના કારણે 'સ્વામિનારાયણ સંપ્રદાય' બન્યો.

૧૮૦૧થી સ્વામિનારાયણ સંપ્રદાયનો આરંભ ગણીએ તો ૧૯૦૧ની આજુબાજુ તેનો મધ્યકાળ ગણાય, બરાબર આ જ સમયે વડતાલ-ગાદીથી



યજ્ઞપુરુષદાસજી પોતાના સાધુઓ લઈને બોચાસણ આવ્યા અને 'અક્ષર પુરુષોત્તમ'નો પ્રવાહ શરૂ થયો. આ પ્રવાહના સાહિત્ય વિશે આપણી પાસે શી જાણકારી છે ? 'અક્ષર પુરુષ' પ્રેરિત સંત સાહિત્ય, જેમાં મૂળના 'શિક્ષાપત્રી' આદિ ગ્રંથોનાં અંગ્રેજી ભાષાંતરો પણ છે, તેમજ ૧૯૦૩થી વધુ એક વિભાજન થયું તે અમદાવાદ-મણિનગરનું 'સ્વામી બાપા' પ્રેરિત સાહિત્ય, સ્વામિનારાયણ સંપ્રદાયના સંત સાહિત્યનો અર્વાચીન વિકાસ છે. આ વિકાસના અભ્યાસ માટે 'બોચાસણ જજમેન્ટ' (૧૯૧૭), 'યોગીજી મહારાજ અમૃતપર્વ ગ્રંથ' (૧૯૬૭) અને 'સંત સાગર' (રમણલાલ સોની, ૧૯૮૫) આદિ છે.

ખુદ સંપ્રદાયના અને સંપ્રદાયના સાહિત્યના મૂલ્યાંકન માટે લગભગ અસ્પૃશ્ય રહી જતા આ સાહિત્યનો નિર્દેશ કરીને હું મારી વાત પૂરી કરું છું. સાંપ્રદાયિક સાહિત્ય બહુધા ખંડન-મંડન અને તાણખેંચનું સાહિત્ય છે, તેણે ધર્મને શોભે નહિ એવા ઝઘડાઓ પણ ઊભા કર્યા છે, જ્યારે સંત સાહિત્ય આત્મવિકાસ સિવાય અન્ય કોઈ હેતુનું કારણ બન્યું નથી. 'સંત સાહિત્ય' સાહિત્યની આંખ છે, એને વારેવારે આંજતા રહીએ તો સાહિત્ય, ધર્મ અને સમાજ નિર્મળદૃષ્ટિ રહે.★

★ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અને શ્રીયોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી આયોજિત 'સંત સાહિત્ય અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતકવિઓ વિષયક પરિસંવાદમાં તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ ધારી મુકામે અપાયેલું બીજ રૂપ વ્યાખ્યાન.

# અહેવાલ

**ડૉ. સુનીલ જાદવ**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના ઉપક્રમે મેઘાણી લોકસાહિત્ય ઍવૉર્ડ અર્પણ તથા બે ગ્રંથોનો લોકાર્પણ સમારોહ યોજાયો.**

ગુજરાત રાજ્ય સરકારના યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્થાપવામાં આવેલ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર - રાજકોટ દ્વારા તા. ૨૬-૧૨-૨૦૧૩ ને ગુરુવારના રોજ બપોર પછી ૩ થી ૫ વાગ્યાના ગાળામાં એન.એફ.ડી.ડી.હૉલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે પ્રતિવર્ષ અપાતો રૂપિયા એક લાખનો 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય ઍવૉર્ડ' આ વર્ષે (૨૦૧૩) મૂર્ધન્ય સંશોધક અને જાણીતા સારસ્વત પ્રોફેસર કનુભાઈ જાનીને શ્રદ્ધેય સંતશ્રી મોરારિબાપુના શુભ હસ્તે અર્પણ કરવાનો તથા 'સૌરાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંઘર્ષ' (લેખક : વિષ્ણુ પંડ્યા - આરતી પંડ્યા) તથા 'લોકગુર્જરી-૩૦' (સં. બળવંત જાની) એ બે પુસ્તકોનો લોકાર્પણ સમારોહ યોજાઈ ગયો.

'શુભ મંગલ હો... શુભ મંગલ હો...' એ શબ્દો સાથે મનોજ જોશીએ ગાયેલી પ્રાર્થનાથી આરંભાયેલા આ મેઘાણી ઍવૉર્ડ અર્પણ અને ગ્રંથ લોકાર્પણ સમારોહની શરૂઆતમાં કેન્દ્રના નિયામક ડૉ. અંબાદાન રોહડિયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવો તથા આમંત્રિતોનું હૃદયના ઉમળકાથી શાબ્દિક સ્વાગત કર્યું હતું અને સાથે સાથે મેઘાણી કેન્દ્રની છેલ્લા ત્રણ વર્ષની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોની જાણકારી આપી લોકસાહિત્ય અને સંતસાહિત્યના સંશોધકોને સંશોધન માટેની કેન્દ્રની વિવિધ યોજનાઓના લાભ લેવા તથા લેખો દ્વારા અને લવાજમ દ્વારા 'લોકગુર્જરી' સાથે જોડાવા અનુરોધ કર્યો હતો.

'લોકગુર્જરી'ના સંપાદક ડૉ. બળવંત જાનીએ પ્રોફેસર કનુભાઈ જાનીનો વિગતે પરિચય આપી તેના સંશોધન તપને ઉજાગર કરવાની સાથે સાથે લોકાર્પિત થનારા બન્ને ગ્રંથોનો પણ વિગતે પરિચય કરાવી વિષ્ણુભાઈના ગ્રંથની વિગતે



છણાવટ કરી હતી તથા 'લોકગુર્જરી'ના વિવિધ વિભાગોમાં સમાવિષ્ટ લેખોનો આછેરો પરિચય કરાવ્યો હતો અને આ આખા ઉપક્રમને આપણા સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતી એક ઐતિહાસિક ઘટના ગણાવી હતી.

ત્યારબાદ લોકવિદ્યા અને લોકસાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર સંશોધક-સંપાદક-વિવેચક પ્રોફેસર કનુભાઈ જાનીને મોરારિબાપુના વરદ્‌હસ્તે શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય ઍવૉર્ડ સાથે રૂપિયા એક લાખનો ચેક અને શાલ અર્પણ કરી તેમની શબ્દસાધના અને સરસ્વતી ઉપાસનાની વંદના કરવામાં આવી હતી. આ ક્ષણને ઉપસ્થિત સૌ કોઈએ તાળીઓના ગડગડાટથી અને હર્ષોલ્લાસથી વધાવી લીધી હતી. સાથે સાથે મોરારિબાપુ અને ડાયસ પર ઉપસ્થિત સૌ મહાનુભાવોના હસ્તે શ્રી વિષ્ણુ પંડ્યા અને આરતી પંડ્યા લિખિત ગ્રંથ 'સૌરાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંઘર્ષ' ગ્રંથ તથા ડૉ. બળવંત જાની સંપાદિત 'લોકગુર્જરી-૩૦' અંકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પ્રતિભાવ આપતાં વિષ્ણુ પંડ્યાએ સૌરાષ્ટ્રમાં ૧૮૫૭ અને ૧૯૪૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં બનેલી ઘટનાઓનો ઉલ્લેખ કરી વાઘેરોની શૂરવીરતાનાં ઉદાહરણો આપવાની સાથે સાથે આમ આદમીની આ સ્વાતંત્ર્યસંગ્રામમાં કેવી ભૂમિકા રહી હતી તેની વિગતો આપી હતી.

ઍવૉર્ડ મેળવનાર પ્રોફે. કનુભાઈ જાનીએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, હું રાજકોટમાં ઊછર્યો છું અને મેઘાણી પણ રાજકોટમાં ઊછર્યા હતા. મેઘાણી જેવો માણસ મેં ક્યાંય જોયો નથી. ૨૫ વર્ષમાં ૧૦૮ જેટલાં પુસ્તકો આપનાર મેઘાણીમાં વેગ, વ્યાપ અને વિવિધતા આદરપાત્ર હતાં. કવિ ઉમાશંકર જોશીએ કહ્યું હતું કે, 'મેઘાણી કલમને પકડીને ચાલતા કે દોડતા નથી પણ ધૂણે છે. આપણે વિવેચનનાં ચશ્માંથી સાહિત્યને મૂલવીએ છીએ, સીધી રીતે જોતા નથી. મેઘાણી પાસેથી એ પણ જાણવા જેવું છે કે લોકસાહિત્યકાર અને સંપાદકનો ધર્મ શું છે. ગમે તેવા મોટા માણસનો પણ લેખ જો નબળો હોય તો મેઘાણી સ્વીકારતા નહીં. ઢેબરભાઈ અને મોરારજી દેસાઈ જેવા દિગ્ગજોના લેખો ન સ્વીકારીને તેમણે સંપાદક તરીકેની પોતાની ખુમારી બતાવી હતી.

યુવક, સેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ અને જાણીતા કવિશ્રી ભાગ્યેશ જહાએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે લોકસાહિત્ય અને લોકવાણી મૂળ તો પ્રજાની નાડને પકડે છે. મોબાઈલ અને ઈન્ટરનેટના આ આધુનિક જમાનામાં SMSની સાથે હવે આપણે વૉઇસ મેસેજ પણ મોકલતા-સાંભળતા

થયા છીએ. આ વૉઈસ મેસેજ દ્વારા આપણને લોકવાણી સાંભળવા મળવાની છે. લોકવાઙ્મય પ્રજાજીવનનો રિંગટોન છે. આ એસ.એમ.એસ.ના જમાનામાં આપણને ઉપનિષદોની જરૂર પડી છે ત્યારે તાજમહેલની જેમ લોકસાહિત્યને પણ આપણને હેરીટેઈજની માફક સાચવવું પડશે.

શિક્ષણમંત્રી શ્રી વસુબહેન ત્રિવેદીએ ગુજરાત સરકારની આ પ્રવૃત્તિ લોકસંસ્કૃતિ અને લોકસમાજના જતનાર્થે થઈ રહી હોવાનો આનંદ વ્યક્ત કરી આ ક્ષેત્રે સૌ વિદ્વાનો એકત્રિત થઈને આ પરંપરાને સમાજમાં વધુ ને વધુ વ્યાપક બનાવે તેવા પ્રયત્નો કરવાની પ્રેરણા આપી હતી અને પ્રોફે. કનુભાઈ જાની તથા વિષ્ણુ પંડ્યાને અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમના અધ્યક્ષ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મહેન્દ્ર પાડલિયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આંગણે પૂજ્ય મોરારિબાપુના હસ્તે મેઘાણી ઍવૉર્ડ સ્વીકારવા ઋષિતુલ્ય પ્રોફે. કનુભાઈ જાની આવ્યા તેનો રાજીપો વ્યક્ત કરી જણાવ્યું હતું કે, કનુભાઈએ જીવનપર્યંત લોકસાહિત્યની સાધના કરી છે. વિવિધ યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં લોકવિદ્યા-લોકસાહિત્યને સ્થાન મળે, સંશોધનની પ્રવૃત્તિ માટે યુવાનોની ટીમ તૈયાર થાય તે માટે ગુજરાત સરકાર પ્રયત્નશીલ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની સદ્ભાવના તથા તેમની લોકસાહિત્ય પ્રત્યેની પ્રીતિને કારણે જ ગુજરાત સરકારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આ કેન્દ્રની સ્થાપના કરી છે એ બાબતે રાજીપો વ્યક્ત કર્યો હતો.

આ મેઘાણી ઍવૉર્ડ અર્પણ સમારોહમાં દર વર્ષે આવવાનું વચન આપી તેને છેલ્લા ત્રણ વર્ષથી નિભાવનારા આદરણીય સંતશ્રી મોરારિબાપુએ પોતાનો રાજીપો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, લોકોના મેઘાણી, લોકો માટેના મેઘાણી અને લોક તથા શ્લોક બન્ને દ્વારા સ્થાપિત મેઘાણીના નામ સાથે જોડાયેલ આ ઍવૉર્ડ કનુબાપા જેવા વિદ્યાપુરુષને અર્પણ કરીને હકીકતે તો આપણે આ વિદ્યાપુરુષની વંદના કરી છે, કરવી રહી, કરી શકાય એનો આપણને આનંદ છે. મહાભારતમાં વંદના કોની કરવી ? તે માટેનો એક સરસ પ્રસંગ છે. શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું કે આ ભીષ્મરૂપી જ્યોતિ હોલવાઈ જાય એ પહેલાં કાંઈક જાણવું હોય તો જાણી લે. ઘણા બધા પ્રશ્નો પૂછવામાં આવે છે અને ભીષ્મ એના જવાબ આપે છે. એમાં એક પ્રશ્ન યુધિષ્ઠિર એ પૂછે છે કે, 'દાદા ! અમારે પૂજા કોની કરવી ?' ઍવૉર્ડ તો અંગ્રેજી શબ્દ છે. આપણે ઍવૉર્ડ વડે પૂજા કરવા ભેગા થયા છીએ ત્યારે પૂજા કોની કરવી તેનો જવાબ આપતા કહ્યું કે, ભક્ત હોય, યોગી હોય, જ્ઞાની હોય વગેરે



વગેરે અનેક અર્થો આપ્યા છે પરંતુ એમાંથી પાંચ લક્ષણો હું અહીં કહું - (૧) તપોધની (૨) વેદવિધ (૩) જે પોતાની આત્મશ્લાઘા ક્યારેય કરતો નથી તેવી વ્યક્તિ (૪) જેને સત્તા કે પદનું પ્રલોભન ન હોય તેવી વ્યક્તિ અને (૫) જેણે હેતુ વગર કેવળ હેત માટે સમાજ માટે કંઈક સર્જન કર્યું છે તેવી વ્યક્તિ. આવાં પાંચ લક્ષણો ધરાવતી વ્યક્તિની સમાજે હરહંમેશ ઉપાસના કરવી જોઈએ. ઉપેન્દ્રભાઈએ કહેલું કે, જેને માટીની ઍલર્જી હોય તે લોકો લોકસાહિત્યને જાણી શકતા નથી. કચ્છના એક સંશોધકે તો ત્યાં સુધી કહ્યું છે કે મેઘો તો પાણી આપે, પણ મેઘાણી તો વાણી અને પાણી બેય આપે. લોકો આજે સત્ય બોલે છે પણ બીજાના સત્યને સ્વીકારવા તૈયાર થતા નથી. આપણે નાની નાની ભૂલો કરી છે જે સદીઓ સુધી દેખાવાની છે. આજે આ એક તેજસ્વી અને તપસ્વી વિદ્યાપુરુષ ડોકાકાની ભૂમિ પર કનુબાપા જેવા વિદ્વત્વજનની વંદના દ્વારા આપણે આજે સંધ્યા આરતી કરી છે. આજે હું સંધ્યા આરતી કરીને નથી આવ્યો પણ બહુ દિલથી કહું છું કે આવા કાર્યક્રમોમાં આવું છું ત્યારે આપોઆપ મારી સંધ્યા થઈ જાય છે. એમ કહી મોરારિબાપુએ પોતાનો હરખ વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમનું સુંદર સંચાલન મનોજ જોશીએ કર્યું હતું અને આભારવિધિ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર હર્ષદ ત્રિવેદીએ કરી હતી.

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સિન્ડિકેટ સદસ્યો ડૉ. ભાવિન કોઠારી, ડૉ. ગિરીશ ભીમાણી, ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ, ડૉ. વિજય ભટાસણા, ડૉ. નિદત્ બારોટ, ડૉ. વર્ષાબહેન છીછીયા ઉપરાંત સંત સાહિત્યના સંશોધકો નિરંજન રાજ્યગુરુ, નાથાલાલ ગોહિલ, લોકગાયક નીતિન દેવકા, આકાશવાણીના ભરત યાજ્ઞિક અને રેણુબહેન યાજ્ઞિક, શિક્ષણવિદ્ પ્રવીણભાઈ મણિયાર, નિયામક ડૉ. કલાધર આર્ય, 'ફૂલછાબ'ના તંત્રી કૌશિક મહેતા અને મૅનેજર નરેન્દ્ર ઝીબા, કવિશ્રી અનિલ ખંભાયતા, નીતિન વડગામા, અતુલ ઓટોના જયંતીભાઈ ચાંદ્રા, રાષ્ટ્રીય શાળાના શ્રી ધીરુભાઈ ડોબરિયા, પિપલ્સ બૅન્કના શ્રી શામજીભાઈ ખૂંટ, મુંબઈના ખેતસિંહ ગઢવી, ગાયકકલાકાર વિનોદ પટેલ, રજિસ્ટ્રાર શ્રી રમેશ પરમાર, રામભાઈ જામંગ, પ્રવીણદાન રોહડિયા, કિશોર ઉધાસ, ડૉ. બી.કે. કલાસવા, ડૉ. પ્રફુલ્લાબહેન રાવલ, ડૉ. બિપિન આશર ઉપરાંત લોકસાહિત્ય અને સંતસાહિત્યના અનેક અભ્યાસુઓ, સંશોધકો, ગાયકો, વિવિધ ભવન અને કૉલેજોમાંથી આવેલા અધ્યાપકો, શોધ છાત્રો અને કલારસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લોકસંસ્કૃતિનો દસ્તાવેજ : ‘ભલ ઘોડા વલ વંકડા’

ડૉ. ચેતના એ. પાણેરી

**“વાતડિયું વીગતાળિયું મુંજા ઘટમાં ઘણેરીયું
હકડી તડ નો પોગિયું ત્યાં દુજી ઉપડિયું”**

લોકસાહિત્યનાં સંશોધન-સંપાદન ક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન કરીને આ દુહાના શબ્દોને ચરિતાર્થ કરનાર જયમલ્લ પરમારે મેઘાણીભાઈએ સર્જેલી પરંપરાની સરવાણીને વહેતી રાખી. ઈ.સ. ૧૯૬૭ના ઑગસ્ટ માસમાં ‘ઊર્મિ-નવરચના’ની ધુરા સંભાળી ત્યારે તેમની દૃષ્ટિ સમક્ષ સ્પષ્ટપણે લોકસાહિત્ય હતું. ‘ધરતીની અમીરાત’ના પ્રસ્તાવનારૂપ લેખમાં જયમલ્લ પરમાર લખે છે, ‘‘આજના વિકસતા જતા વિશ્વમાનવ વિકાસનું આધારબીજ આ લોકસંસ્કૃતિ જ છે, એટલે કે નવા માનવીના જીવનચણતરનો પાયો આ લોકસંસ્કૃતિ છે.

પિંગળશીભાઈ ગઢવી, મેરૂભા ગઢવી, દુલા, કાગ, મેઘાણીભાઈ, જયમલ્લ પરમાર — કોઈનો કંઠ તો કોઈની કહેણી, કોઈનું લેખન તો કોઈનું સંશોધન-સંપાદન, કોઈની વાર્તા તો કોઈની કવિતા. વ્યક્તિઓ આવી અને ગઈ પણ વિવિધરૂપે એ શક્તિઓ વિવિધ વ્યક્તિઓમાં વિલસતી રહી. જયમલ્લ પરમારનાં છએક પુસ્તકો લોકસાહિત્ય અને સંસ્કૃતિને લગતાં, છએક પુસ્તકો લોકવાર્તાનાં અને છએક પુસ્તકો લોકસાહિત્યને લગતાં સંશોધન-સંપાદનનાં મળી કુલ એકાવન



જેટલાં પુસ્તકોં પ્રકાશિત થયેલાં છે. એમાંનું એક અશ્વ વિષયક સંશોધન-સંપાદનનું પુસ્તક ‘ભલ ઘોડા વલ વંકડા’ને લોકસાહિત્યના ઐતિહાસિક દસ્તાવેજ તરીકે મૂલવવાના પ્રયાસ થકી જયમલ્લ પરમારના સંશોધન-સંપાદનનાં ઊંડી સૂઝ અને નિસબત ધરાવતા કાર્યને પણ મૂલવીએ.

વેદકાળમાં પશુધન એ માનવીની મહામૂલી સંપત્તિ ગણાતી. પશુઓ જ સમૃદ્ધિનો પર્યાય ગણાતાં. વેદકાળના આર્યોને પોતાનાં પાલતુ પશુઓ ઉપર અનહદ પ્રેમ હતો. સામવેદની ઋચાઓમાં રજૂ થયેલી પ્રાર્થનામાં આનાં પ્રમાણો મળે છે. જેમ કે, ‘‘સતત દૂધ આપનારી ગાયો, ભાર વહન કરનારાં તાકાતવંત બળદો, વેગીલા ઘોડાઓ, દુશ્મનોની સામે યુદ્ધ કરનારી વીરાંગના યુવતીઓ, સભાઓને શોભાવનાર અને રથવિદ્યામાં પારંગત એવા યજ્ઞોના કરનારાઓ, વીર યુવાનો ઉત્પન્ન થાઓ.’’

વેદકાળથી લઈ આજ સુધી લોકજીવનમાં અશ્વ પૂર્ણ પુરુષાતનના પ્રતીક રૂપે પૂજાય છે. આપણા શાસ્ત્રકારોએ દેવાંશી અશ્વને ગાયના જેટલો જ પૂજનીય ગણાવ્યો છે. ભગવાનના ચોવીસ અવતારોની કથામાં ‘હયગ્રીવ’ની કથા લોકપ્રચલિત છે. અશ્વનીકુમારો નામે ઓળખાતા દેવોના ડૉક્ટરો પણ અશ્વની યોનિમાં જન્મ્યા ગણાય છે. પાંચ પાંડવોમાંના નકુળ અને સહદેવ અશ્વનીકુમારોના પુત્રો હતા. અશ્વશિરોમણિ ‘ઉચ્ચૈઃશ્રવા’ નામનો સૂર્યના રથનો ઘોડો એ દેવો અને દાનવોએ કરેલા સમુદ્રમંથનમાંથી નીકળેલાં ચૌદ રત્નોમાંનું એક રત્ન ગણાય છે. અશ્વની અદ્‌ભુત તાકાત અને પરાક્રમશીલતાને કારણે જ ભગવાન શ્રી કૃષ્ણે ગીતાજીના ‘વિભૂતિયોગ’માં કહ્યું છે, ‘અશ્વાનામ્ ઉચ્ચૈઃશ્રવાહમ્’’ અશ્વોમાં હું ઉચ્ચૈઃશ્રવા (ઊંચા કાનવાળો અશ્વ) છું.’

આવા અદ્‌ભુત અશ્વો વિશેના સંશોધન-સંપાદનના લેખોનો સંગ્રહ કરી જયમલ્લ પરમારે ઈ.સ. ૧૯૭૦નો ‘ઊર્મિનવરચના’નો દીપોત્સવી અંક ‘લોકસાહિત્યમાં અશ્વ’ એ નામે પ્રગટ કરેલો. એમાં પ્રસિદ્ધ થયેલી સામગ્રીનું વર્ગીકરણ, શુદ્ધીકરણ કરી તેને ગ્રંથસ્થ કરવાનો ભાઈશ્રી રાજુલ દવેનો પ્રશસ્ય પ્રયાસ એટલે ‘ભલ ઘોડા વલ વંકડા.’

અભ્યાસની સરળતા ખાતર આ પુસ્તકને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યું છે. (૧) અશ્વ વિષયક લોકવાર્તાઓ (૨) અશ્વ વિષયક દુહા, કાવ્યો, લગ્નગીતો અને મરશિયા (૩) અશ્વ પરિચય અને (૪) અશ્વ વિષયક અભ્યાસલેખો.

અશ્વની શક્તિ અને સ્વામીભક્તિ, સમજણ તથા વફાદારીની વાતો

લોકસાહિત્યમાં, લોકવાર્તાઓમાં, દુહાઓમાં ઠેર ઠેર વેરાયેલી પડી છે. એ બધાને સુસંકલિત કરી જે રીતે 'ભલ ઘોડા વલ વંકડા'નું પ્રકાશન થયું છે એ શ્રી જયમલ્લ પરમારની સંશોધન-સંપાદનની સૂઝ અને શ્રી રાજુલ દવેની સંકલન સૂઝને આભારી છે.

'ભલ ઘોડા વલ વંકડા'ના પ્રથમ વિભાગમાં નાની મોટી અશ્વ વિષયક ૩૮ લોકવાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રી રાજુલ દવેના શબ્દોમાં કહીએ તો ''આ કથાઓ જેમ એકલા અસવારની નથી તેમ એકલા અશ્વની પણ નથી. માનવીની તેમજ ઘોડાની વીરતા, ધીરતા, ઊર્મિલતા અને સૂઝબૂજ એકાકાર કરતી આ વાર્તાઓ છે. એમાં ક્યાંક અસવાર તેજીને ટકોરો મારે તો ક્યાંક ઘોડાં માનવીને મરદ બનાવે છે.''

આવી કથાઓમાં 'હાલા તારા હાથ વખાણું, કે પટ્ટી તારા પગ વખાણું'ના સંદર્ભવાળી કાનજીભાઈ બારોટની 'મહેરામણજી અને પટ્ટી ઘોડી', પિંગળશીભાઈ ગઢવીની 'માણકીનાં મૂલ ન હોય', પૂંજા વાળાની 'ગરો લીધોને ત્રાટક્યો બોલ્યો', હિંગોળદાન નરેલાની 'કરાફાત કાળૂડી', દાદાભાઈ જે. વાળાની 'પીરાણી તાજણ', જયમલ્લ પરમારની 'ઘોડીનો અસવાર', પૂંજા વાળાની 'ભલ ઘોડા વલ વંકડા', હરસુરભાઈ ગઢવીની 'વેલર અને ભૂતડીની વફાદારી', બાપલભાઈ ગઢવીની 'કાળુડી કજાત !', કાશીરામ વ્યાસની 'વફાદાર ખચરી', વગેરે કથાઓ અશ્વોના પરાક્રમની કે વફાદારીની સાથે સાથે જે તે સમયની પ્રજાઓમાં કે શાસકોમાં રહેલાં ભારતીય મૂલ્યોનાં કે ખાનદાની તેજસ્વિતાનાં દર્શન કરાવી રહે છે. 'માણકીનાં મૂલ ન હોય'માં જામબાપુ ભાણવડના આયર ગોલણ ભૂંકણની અને એની માણકી ઘોડીની શૂરવીરતાને બિરદાવતા - રાજનો લૂંટારો હોવા છતાં — તેને સોનાની મૂઠવાળી તલવાર અને શિરપાવ આપે છે. વળતું ગોલણે પણ ત્રણ ત્રણવાર જામનગર રાજમાં લૂંટ કર્યા પછી હવે ત્યાં લૂંટ ન કરવાનું વચન આપ્યું. 'ગરો લીધો ને ત્રાટક્યો બોલ્યો'માં તાજણ ઘોડીની શૂરવીરતા તેના અસવારને લઈને ઝાંખી પડે છે ત્યારે અસવાર બદલાતાં જ તાજણ જે પરાક્રમ દાખવે છે ત્યાં તેના અસવારની પરાક્રમશીલતાને પણ બિરદાવવી પડે છે. પૂંજા આહિર જેવો બીકણ અસવાર તાજણના વેગને સહન કરી શકતો નથી. એથી જ કહ્યું છે,

**''કોઈ ઘોડો, કોઈ પરખડો, કોઈ સુરંગી નાર**
**સરજનહારે સરજિયા, તીનું રતન સંસાર.''**

અશ્વોની અનુપમ સુંદરતાનું વર્ણન પણ આ વાર્તાઓમાંથી મળે છે.



જેમકે, 'લાખા ફૂલાણીનો ઘોડો પબુપસર'માં ઘોડાનું વર્ણન કરતાં દુલેરાય કારાણી લખે છે, 'પીઠ પર હાથ ફેરવતાં હાથ સરકી જાય, અરે એના પર બેઠેલી માખી પણ લપસી જાય એવી મુલાયમ, સુંવાળી અને રેશમી ચામડી હતી. ''જામ રણજિતનું પિતૃતર્પણ'માં રાજુલ દવે લખે છે તે મુજબ વિશ્વમાં અત્યારે અશ્વની અંદાજે ૧૪૫ જાતો અસ્તિત્વ ધરાવે છે તે પૈકી અરબી અને કાઠિયાવાડી જાતો સૌથી પ્રાચીન છે. વિશ્વમાં અરબી, કાઠિયાવાડી અને ઑસ્ટ્રેલિયાની વેલર જાતિના અશ્વો શ્રેષ્ઠ માનવામાં આવે છે. કાઠિયાવાડી અશ્વની કુલ એકાવન જાતો જાણકારો જણાવે છે. અશ્વની બાર બાબ ઉપરથી એને કાઠિયાવાડી અશ્વ ગણવામાં આવે છે. જો કે સૌરાષ્ટ્રમાં છેલ્લા પાંચ-સાત દાયકામાં સંપૂર્ણ કાઠિયાવાડી અશ્વ નથી થયા તેવું નિષ્ણાતોનું મંતવ્ય છે. અત્યારે મહત્તમ ૧૧ બાબવાળો કાઠિયાવાડી અશ્વ મળે છે. પૂરેપૂરા ૧૨ બાબવાળો અંતિમ અશ્વ જામનગરના જામ રણજિતનો 'અશ્વિનીકુમાર' હતો જેનું શિલ્પ કંડારવા જામ રણજિતે તેને દરિયાઈ માર્ગે સ્ટીમરમાં જામનગરથી ફ્રાન્સ મોકલેલો. જામ રણજિત જેને દેવાંગી માનતા એ 'અશ્વિનીકુમાર' અશ્વનું શિલ્પ હર્બટ હેઝલ્ટાઇને તૈયાર કરેલું તે આજેય જામનગરમાં લાખોટા તળાવ મધ્યે શોભી રહ્યું છે.

પ્રસ્તુત સંપાદનના બીજા વિભાગમાં 'અશ્વના દુહા' અંતર્ગત અશ્વ વિષયક ૮૫ દુહા સમાવવામાં આવ્યા છે. તો 'વીરવિનોદ'માંથી 'ઘોડા અને ઘોડીનાં નામ મૂકવામાં આવ્યાં છે. પિંગળશીભાઈ ગઢવીએ 'અશ્વનામ પરિચય'માં અશ્વનાં આટલાં નામો મૂક્યાં છે, વાજી, તુરંગ, તુરગ, હય, સૈંધવ, અર્વ, કેકાન, તુરંગમ્, પવંગ, હરિ, ભીડજ, ગંધર્વ, હંસ, ઘોટક, સ્યંદનપત્ર, શભયાન, દેવયાન, નરપતવાહન, રેવત, વિમાનક્ષિતિ, સપ્તી. તે સિવાય ચારણી કે લોકસાહિત્યમાં તૂરી, તોખાર, ઘોડો, ચડણ, ખેંગ, ટટ્ટુ અને તિરસ્કારની ભાષામાં ટારડું. આમાંથી પંદરેક અશ્વનામો વિષયક દુહાઓ પણ અહીં મળે છે. જયમલ્લ પરમારે સંપાદિત કરેલાં અશ્વ વિષયક લગ્નગીતો અહીં 'લગ્નગીતોમાં અશ્વ' એ શીર્ષક હેઠળ રજૂ થયેલાં છે. લગ્નમાંગલ્યને પ્રગટાવતાં લગ્નગીતોમાં ગણેશ બેસાડવાથી લઈ કન્યાવિદાય સુધીનાં ગીતોમાં ઘોડાના ઉલ્લેખ દ્વારા આપણી લોકસંસ્કૃતિમાં અશ્વની મહત્તા રજૂ કરવામાં આવી છે. થોડાં દૃષ્ટાંતો જોઈએ,

**''પરથમ ગણેશ બેસારો રે**
**મારા ગણેશ દુંદાળા !**
**ગણેશ દુંદાળા ને મોટી ફાંદાળા !**
**ગણેશજી વરદાન દેજો રે**

**મારા ગણેશ દુંદાળા !**
**કૃષ્ણની જાને રૂડા ઘોડલા શણગારો**
**ઘોડલે પિતળિયા પલાણ રે મારા ગણેશ દુંદાળા !''**

**x x x**

**''કુંવર ઘોડે ચડ્યા ને જોવા જગ મળ્યું,**
**મારી શેરીમાં હાટ નો માય કુંવર ઘોડે ચડ્યા...''**

**x x x**

**''કેસરિયા ! ચડો વરઘોડે**
**ચડો વરઘોડે ને લાલ અંબોડે-કેસરિયા...''**

**x x x**

**''પરશાળેથી કેસર ઊડે ઘોડવેલું આવે રે ઉતાવળી**
**ઘોડવેલે બેસી બેની કેસરબા ચાલ્યા**
**દાદા તે મોતીલાલ વળામણે....''**

લગ્નગીતો બાદ કેસરીસિંહ બારહઠનું 'ચેટક કી મૃત્યુ ઔર મહારાણા પ્રતાપ કા શોક' નામક અશ્વનું શોકાંજલિ કાવ્ય મૂકવામાં આવ્યું છે તો બીજા વિભાગના અંતે કાનજીભાઈ બારોટ સંપાદિત 'અશ્વ ચેતકનો મરશિયો' મૂકવામાં આવ્યો છે. મહારાણા પ્રતાપે ચેતકના મૃત્યુથી માત્ર અશ્વ નથી ગુમાવ્યો પણ ભાઈ, બાપ, અને પુત્ર જાણે ગુમાવ્યો છે ! અશ્વ નથી મર્યો જાણે રાણા પ્રતાપનું મન મરી ગયું છે. (આ અશ્વ અસલ કાઠિયાવાડી ઓલાદનો હતો એમ માનવામાં આવે છે.)

સંપાદનનો ત્રીજો વિભાગ 'અશ્વપરિચય'નો છે. ઘોડાનાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ડિંગળી અને પ્રાદેશિક બોલીઓનાં અસંખ્ય નામોમાંથી થોડાં નામો અહીં આપવામાં આવ્યાં છે. ઘોડાનાં અંગોમાંથી મળતાં શુભ-અશુભ સંકેતો, અશ્વનો શણગાર (ચિત્ર સહિત) ઘોડાની ૧૧ જાતોનાં નામ, પ્રદેશ ઉપરથી ઓળખાતા અશ્વો જેમ કે, કાઠિયાવાડી, મારવાડી, માળવી ઉપરાંત અરબી-અરબસ્તાન, બર્માપેગુ-બર્મા, મણિપુર ટાંઘન, મણિપુર, કાફરી ગુંટ ભુતાન, નેપાલી ટાંઘન - નેપાળ, તુર્કી ટાંઘન - તુર્કસ્તાન, યારકન્દી ટાંઘન- યારકંદ વગેરે... અશ્વના જાતિ, ગુણ, લક્ષણ અને પરખ ઉપરાંત કાઠી ઘોડાની ૩૬ જાતો કયા ગામમાં કોની પાસે હતી તેની વિગત ઉપરાંત 'શાલિહોત્રશાસ્ત્ર' પ્રમાણે અશ્વનો ઉછેર, અશ્વપરીક્ષા, રોગનિદાન વગેરે બાબતો આ વિભાગમાં સમાવવામાં આવી છે જે અશ્વવિષયક ઝીણામાં ઝીણી વિગતોથી સભર છે.



પુસ્તકના છેલ્લા ચોથા વિભાગમાં ૧૦ જેટલા અશ્વવિષયક અભ્યાસ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વજુભાઈ વ્યાસનો લેખ 'ઘોડાની ઉત્ક્રાંતિ'થી લઈને અશ્વમેધ યજ્ઞ' — હરસુર ગઢવી, 'લોકજીવન અને સંસ્કૃતિમાં ઘોડો' — ખોડીદાસ પરમાર, 'લોકગીતોમાં અશ્વ' — જયમલ્લ પરમાર, 'યુરોપના જગવિખ્યાત કલાકારોની કૃતિઓના અશ્વ' — એન.ટી. ખેર સુધીના તમામ લેખોમાં અશ્વોનાં સંસ્કારવર્ણનો મળે છે. 'લોકભાષામાં ઘોડો' — જયમલ્લ પરમારનો લેખ અત્યંત રસપ્રદ છે. 'બે ઘોડે ચડવું', 'દરદઆવે ઘોડા વેગે અને જાય કીડી વેગે', 'ગધેડે મુલક લેવાતો હોત તો ઘોડાનો ભાવ કોઈ પૂછત નહીં', 'ઘરડી ઘોડી ને લાલ લગામ', 'વહુ વછેરા ને છોકરાં નીવડિયાં પરમાણ', 'તીન હી ચીલે ના ચલે, અશ્વ, શેર, સપૂત', 'ગધેડીને ગંગામાં નવરાવો એથી કાંઈ ઘોડી ન થઈ જાય', 'બાયડીને બલોયાં નહિ અને પબો ઘોડાનાં સાટાં કરે', 'વ્યાજ તો ઘોડા છોડાવે', 'વિચારનાં ઘોડાં મનમાં હમચી ખૂંદે', 'વિચારોના ઘોડાપૂર' મનમાં ઊમટે ત્યારે મનને સંબોધીને ગવાતું ભજન યાદ આવે,

**''ઘોડા હો તો લગામ લગાવું**
**ઉપર જીન કસાવું**
**હોય સવાર તેરે પર બેઠું**
**ચાબૂક દેકે ચલાવું**
**મન તોહે કેહિબિધ કર સમજાવું ?''**

એ સિવાય 'દશેરાને દિવસે જ ઘોડું ન દોડ્યું', તેજીને ટકોરો, ગધેડાને ડફણાં' આવી તો કેટલીયે કહેવતો અને રૂઢિપ્રયોગો લોકભાષામાંથી ધીમે ધીમે લુપ્ત થવા લાગ્યા છે. આ સંદર્ભે આ જ લેખમાં જયમલ્લ પરમારનું સંસ્કૃતિચિંતન યથાર્થ શબ્દોમાં આ રીતે રજૂ થયું છે, ''કાળ સંસ્કૃતિની કરવટ બદલી રહ્યો છે. જૂની સંસ્કૃતિના અવશેષ માથે નવી સંસ્કૃતિના ભણકારા વાગી રહ્યા છે. જૂની સંસ્કૃતિના અવશેષોમાં રહેલું બળ નવી સંસ્કૃતિનું ધારક બને તો જ ખમીરવંતી પ્રજા પેદા થાય. બુદ્ધિ, જ્ઞાન અને વિચારોનાં વલખાં નહિ, પણ સત્ત્વ-સંશુદ્ધિ જ કોઈ પણ પ્રજાની ધારક — પોષક બની શકે. સંસ્કૃતિનું સર્જન તો હજારો વર્ષના માનવજીવનના રસાયણમાંથી નિર્માણ થાય છે.''

લોકભાષામાંથી જ નહિ, વ્યવહાર જગતમાંથી પણ અશ્વોનો ઉપયોગ લુપ્ત થઈ ગયો છે એ સમયમાં અશ્વ વિષયક 'ભલ ઘોડા વલ વંકડા' પ્રકારનું શ્રી જયમલ્લ પરમારનું આ સંશોધન-સંપાદન માત્ર અશ્વ પરિચય આપતો જ નહિ

પરંતુ આપણી સામાજિક-સાંસ્કૃતિક, ઐતિહાસિક ધરોહર સમેતનો એ દસ્તાવેજી ગ્રંથ બની રહે છે જેનું સાહિત્યિક મૂલ્ય નિઃશંક અદકેરું છે.

**સંદર્ભ ગ્રંથો**

૧. 'ભલ ઘોડા વલ વંકડા' — જયમલ્લ પરમાર
૨. 'ધરતીની અમીરાત' — જયમલ્લ પરમાર
૩. 'ધરતીની મહેંક' — જયમલ્લ પરમાર
૪. 'ધરતીની સોડમ' — જયમલ્લ પરમાર
૫. 'લોકસંસ્કૃતિમાં પશુઓ' — જોરાવરસિંહ જાદવ
૬. ગુજરાતી લોકસાહિત્ય વિમર્શ — બળવંત જાની



# ડાંગની કુકણાબોલીની લોકક્તિઓમાં પ્રગટતું લોકચિંતન

**ડૉ. સુરેશ કે. પવાર**

માનવીય સંસ્કૃતિની પવિત્ર પ્રગતિની પ્રતીતિ કરાવતું શિષ્ટ સાહિત્યનું મૂળ અને કુળ મૂળભૂત રીતે લોકકંઠે રમતા લોકસાહિત્યમાં પડેલું છે. એ લોકસાહિત્ય આમ તો ગદ્ય અને પદ્ય એમ બંને સ્વરૂપે રમતું-વહેતું રહ્યું છે, પરંતુ એ બંને સ્વરૂપો તદ્દન નિર્વ્યાજપણે માનવહૃદયમાંથી નીપજી આવીને પેઢી-દર પેઢી સુધીની સફર કરતું રહ્યું છે. એમાં કથાઓ, વાર્તાઓ, બિરદાવલીઓ, સાહસકથાઓ, વ્રતકથાઓ, ગીતકથાઓ, કથાગીતો, દુહાઓ, રૂઢિપ્રયોગો અને લોકોક્તિઓ સુધીનાં વિભિન્ન સ્વરૂપોના ગંજ પડેલા છે. કથાઓ હોય કે લોકોક્તિઓ, જો એને ધ્યાનસ્થ દૃષ્ટિએ નિરખીએ તો એમાં માનવમન, માનવસ્વભાવ, માનવઈતિહાસ, માનવવિકાસ અને માનવસંસ્કૃતિનો આખો આલેખ પડેલો દેખાશે.

એમાંનું જ એક અત્યંત રમણીય, મનોરમ અને લોકપ્રિય સ્વરૂપ તે લોકોક્તિઓ છે. એ લોકોક્તિઓમાં માનવસ્વભાવના રોજબરોજના વાણીવ્યવહાર અને માનવીય સંબંધો સાહજિક રીતે ગૂંથાઈને પડ્યા છે. આમ તો લોકોક્તિ એટલે લોકહૃદયમાંથી સહજભાવે નીપજી આવેલી ઉક્તિ. એમાં જીવન અને જગતનો આંખે દેખ્યો સચ્ચાઈનો રણકો અવશ્ય હોવાનો. એ લોકોક્તિ માનવજીવનના વિવિધ સંબંધો જીવંતરૂપે હાજરાહાજૂર જોવા મળે છે. અનુભવની સચ્ચાઈ જ એને

પેઢી-દર પેઢી સુધી અમરરૂપ ધારણ કરીને ટકી રહેવાની તાકાત બક્ષે છે.

આવી લોકોક્તિઓમાં લોકજીવનની વાસ્તવિક અનુભૂતિનો નિચોડ પડેલો હોય છે. માનવીના જિવાતા જીવનનું સૂક્ષ્મ નિરીક્ષણ અને એ નિરીક્ષણમાંથી સ્થાપિત થયેલી સચ્ચાઈ અત્યંત મનોરમ સ્વરૂપે લોકકંઠે જીવે છે. આમ તો જગતના કોઈ પણ ખૂણાની ભાષા કે બોલીનું પોતીકું રૂપ-સ્વરૂપ હોઈ શકે છે. પરંતુ એમાં માનવસંબંધ અને માનવસ્વભાવની સચ્ચાઈ તો લગભગ સમાન હોવાની. ભાષા કે બોલી બદલાઈ શકે, જીવનને જોવા અને જીવવાની રીતમાં બહુ મોટો તફાવત હોતો નથી. તેથી અહીં વિષય અને ઉપક્રમ ભલે દક્ષિણ ગુજરાતનાં ‘ડાંગ પ્રદેશની કુકુણાબોલીની લોકોક્તિઓમાં પ્રગટતું લોકચિંતન’ હોય, છતાં એમાં પ્રગટ થતી અનુભૂતિઓ કેવી વૈશ્વિક (Universal) હોઈ શકે, તેને નીચે મુજબ ચકાસી જોઈએ :

અહીં મૂકવામાં આવનારી લોકોક્તિઓ ભલે ડાંગપ્રદેશના કુકણા બોલીની હોય, પરંતુ એમાં રહેલો ગૂઢાર્થ (Power of Meaning) અને માનવીય અનુભવો વિશ્વની કોઈ પણ ભાષા કે બોલીના ભારઝલ્લાપણાને પહોંચી વળવામાં જરાય ઊણી ઊતરે તેવી નથી. એ લોકોક્તિઓ અત્યંત અલ્પપરિચિત એવી ‘કુકણાબોલી’ જેવી લોકબોલીમાં હોઈ, છતાં એમાં માત્ર શબ્દરમત કે શબ્દાળુતાની ઝડઝમક જ નથી, પરંતુ એમાં એક આખી પ્રાદેશિક લોકસંસ્કૃતિ અને લોકજીવનની વિરાસત કેવી જીવંતરૂપે પડેલી છે, તે ઉદાહરણ સહિત ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે. જેમ કે -

**‘ઘરલા ઘર ખાઉલા[૧] પન હિસાબલા નીટ[૨] રહુલા[૩]’**

અર્થાત્ : પડોશી પાસેથી માગવું પડે તો માગી લેવું, પરંતુ એનો હિસાબ સમયે ચૂકવી દેવો. વ્યવહાર જીવનમાં આપણે સાંભળતા અને અનુભવ કરતા આવ્યા છીએ કે, ‘પહેલો સગો પડોશી’ હોય છે. પરંતુ એ જ લોકવ્યવહારની નીતિ કહે છે કે, પડોશી સાથે રૂપિયા કે અન્ય કોઈ ચીજ-વસ્તુની લેવડ-દેવડ કરી હોય તો એનો શક્ય એટલો વહેલો હિસાબ-કિતાબ ચોખ્ખો કરી દેવો જોઈએ. કારણ કે, પડોશી કે સગા-સંબંધીઓ સાથે થયેલી નાની-નાની લેવડ-દેવડની સમયે સરભર ન કરીએ તો નાનાં-નાનાં મનદુઃખો ઊભાં થાય છે, અને એ મનદુઃખો અંતે સંબંધોને ભરખી જાય છે. જીવનના એ લોકાનુભવને ઉપરોક્ત લોકોક્તિ અત્યંત

૧. ખાઉલા - ખાવું, જમવું, ૨. નીટ - સીધો, ચોખ્ખો, ૩. રહુલા - રહેવું



સૂત્રાત્મક અને સચ્ચાઈપૂર્ણ રીતે વ્યક્ત કરી જાય છે.

ડાંગપ્રદેશની કુકણા બોલી એવી તો અનેક લોકોક્તિઓ દિલની દિલદારીથી વાતે વળગેલા વડીલજનોના મુખે અનાયાસ સાંભળવા મળી જતી હોય છે. એમાંની જ એક ચિંતનીય લોકોક્તિ જોઈએ :

**‘આંધળા કર ગોઠી[૪]ની બિહરાં[૫] જા ઊઠી’**

અર્થાત : ‘આંધળો બેસીને વાતો કરે અને બહેરો ઊઠીને ચાલતી પકડે.’ કારણ કે, આંધળો જોઈ શકતો નથી, એટલે એ વાતો કર્યે જાય છે. જ્યારે બહેરાને સંભળાતું નથી એટલે એ ઊઠીને ત્યાંથી ચાલતી પકડે છે ! આમ તો આંધળા અને બહેરાને પરસ્પરને માટે કોઈ તિરસ્કાર કે અભાવ હોતો નથી, એ તો બિચારા કુદરતના માર્યા એકબીજાની અજાણતાં જ અવગણના કરી બેસે છે, પરંતુ વ્યવહારજીવનમાં તો ઘણા લોકો છતી આંખે અને કાને પેલા આંધળા અને બહેરા જેવું સ્વાર્થી અને વાહિયાત વર્તન કરતા હોય છે. એવા ખોટી ખટપટિયા વાતો કરનારા લોકો ટીકાખોર અને કૂથલીશૂરા હોય છે. તેથી એવી વજૂદ વિનાની વાતો કરનારા લોકોનું મહત્ત્વ ઉપરોક્ત લોકોક્તિમાં વર્ણવાયેલા આંધળા અને બહેરા વ્યક્તિ જેટલુંય રહેતું નથી. એવી વાતોને આપણે શિષ્ટ ગુજરાતીમાં ‘મિથ્યા પ્રલાપ’ કે ‘વાહિયાત વાતો’ કહીએ છીએ. એવી જ ઉમદા વ્યંજના ધરાવતી બીજી એક લોકોક્તિ પણ મમળાવવા જેવી છે :

**‘સરડાની[૬] ધાંવ[૭] કુપ[૮] સુધી’**

અર્થાત : ‘કાચિંડાની દોડ વાડ સુધી’ આ લોકોક્તિમાં પણ જનસ્વભાવ પ્રાદેશિક કુકણાબોલીમાં પણ અત્યંત બળકટ રીતે વ્યક્ત થયો છે. અહીં છીછરા માનવીઓનો સ્વભાવ વ્યક્ત થયો છે. કેટલાક માણસોનાં મન અને વર્તન જ છીછરાં અને નકામાં હોય છે, આવા માણસને વેદ-ઉપનિષદ કે ઋષિ-મનુઓની વાતો પણ બદલી શકતી નથી. કારણ કે એવા માણસોની વિચારદૃષ્ટિ જ ટૂંકી હોય છે. એવા છીછરા માણસો માટે ઉપદેશવાણી પણ ‘શેઠની શિખામણ ઝાંપા સુધી’ જેવી હોય છે. તેથી તેઓ મન, વચન અને કર્મથી કાચિંડા જેવા હોય છે. કાચિંડો ગમે તેટલો દોડે તો પણ જેવી વાડ આવે કે એની દોટ અટકી જ જતી હોય છે !

આ જગત અનેક અજાયબીઓ અને વિચિત્રતાઓથી ભરેલું છે. તેમાં

૪. ગોઠી - વાતો ૫. બિહરાં - બહેરો માણસ, ૬. સરડા - કાચિંડો, ૭. ધાંવ - દોડ, ૮. કુપ - વાડ

માનવસ્વભાવની વિચિત્રતા તો બ્રહ્મા-વિષ્ણુ-મહેશથી માંડીને રામ-કૃષ્ણ જેવા દૈવી અને અવતારી પુરુષો પણ પૂર્ણપણે સમજી શક્યા નથી ! એ જ માનવ સ્વભાવની વિચિત્રતાને આબેહૂબ રીતે વ્યક્ત કરતી કેટલીક લોકોક્તિઓ મળે છે.

અહીં વૈશ્વિક (Universal) માનવ સ્વભાવની વિચિત્રતા અને પામરવૃત્તિ લૌકિક વાણીમાં છતાં વેદવાણીની જેમ વ્યક્ત થયેલી જણાશે. આ લોકોક્તિમાં શિષ્ટ ગુજરાતી ભાષાની 'જેનું ખાવું તેનું જ ખોદવું' થી માંડીને ક્રાંતિકારી ભારતીય કવિ કબીરજીની -

**"દુનિયાં કટણી કૂતરી, કાટે સબકે પાઁવ,**
**કર લાઠી કે જ્ઞાન કી, નિરભે હરિ ગુન ગાઁઉ"**

સુધીની શિષ્ટોત્તમ અનુભૂતિ સુધી પહોંચવાની ક્ષમતાનાં દર્શન થાય છે. અનુભૂતિની સચ્ચાઈ અને લોકસ્વભાવની વાસ્તવિકતાને લીધે પ્રાદેશિક એવી કુકણા બોલીમાં પણ એટલી ધારદાર રીતે ઊતરી આવે છે. અહીં બોલી કે ભાષા કોઈ કોઈનાથી ચઢિયાતું કે ઊતરતી કક્ષાનું નથી. જે કંઈ પણ ચઢિયાતું દેખાય છે તે જીવંત જીવનની સુવાસ છે.

માનવી વિજ્ઞાન અને ટેક્નોલૉજીની ચકાચૌંધ વચ્ચે ભલે મંગળ ગ્રહ પર જઈને સ્પેશહોટેલ બનાવે, પરંતુ જે પણ કાર્ય એને અશક્ય લાગશે ત્યાં પ્રારબ્ધ પર જ છોડી દેશે ! કેમ કે, માણસ હંમેશાં પ્રારબ્ધને આગળ કરીને જીવતો આવ્યો છે. એટલે જ એ માતા-પિતા, ભાઈ-બંધુ કે ગુરુથી ભલે ન ડરતો હોય પણ પ્રારબ્ધથી હંમેશાં ડરતો રહ્યો છે ! માણસની એ જ પ્રારબ્ધવાદી વિચારસરણીને રજૂ કરતી એક મનનીય લોકોક્તિ કુકણાબોલીમાં મળે છે કે -

**'બાપ છોડીલ પન પાપ ની છોડ'**

અર્થાત : 'બાપ (પિતા) માફ કરી દેશે પણ પાપ કદી માફ નહીં કરે'

આવી પ્રારબ્ધવાદી પાપ-પુણ્યની માન્યતાઓએ માનવીને ઘણાં પાપકર્મો કરતાં અટકાવ્યો છે, એ આપણે ક્યાં નથી જાણતા !

માનવી સામાજિક પ્રાણી (Social animal) તો છે જ, એની સાથે-સાથે એ ગણતરીબાજ (Acountable) પ્રાણી છે. માનવીને મળેલું પ્રાકૃતિક જીવન અને જરૂરિયાતોને સંતોષવા માટે એને જે પણ કર્મ કરવું પડે છે, એ એની પવિત્ર ફરજ ગણાય. પરંતુ એથી વિશેષ જ્યારે યેન-કેન પ્રકરણ રૂપે તે અન્યના ભાગનું પણ છીનવીને ભેગુ કરવા માંડે ત્યારે એ સામાજિક પ્રાણી મટી જાય છે. એવા



ગણતરીબાજ માણસો પોતાની લુચ્ચાઈ છુપાવવા ચોખ્ખાં વસ્ત્રોથી માંડીને, દાન-દક્ષિણા આપીને ધર્માત્મા દેખાવાનો પ્રયત્ન કરે છે. છતાં મન-હૃદય-કર્મથી તો એ સ્વાર્થી અને મેલો જ હોય છે. એની બાહ્યરૂપે દેખાતી ચોખ્ખાઈ 'બગલા જેવી' ઠગારી હોય છે. માણસના આવા સ્વભાવને વ્યક્ત કરતી કુકણાબોલીની એક મર્માળી લોકોક્તિ જુઓ -

**'ઠગ[૯]ની બગ[૧૦] દોની ધવળા[૧૧]'**

અર્થાત : 'ઠગ માણસ અને બગલો બંને સફેદ (સ્વચ્છ) દેખાવાનો પ્રયાસ કરે છે'

ઠગ માણસ 'ધોળાં કે ભગવાં વસ્ત્રો' ધારણ કરીને સંત કે સાધુ જેવી વ્યક્તિનો વેશ ધારણ કરી પોતાની બૂરાઈઓ છુપાવવાનો પ્રયત્ન કરે છે, તો બગલો હંસસમાન દેખાવ કરીને ભોળી માછલીઓને છેતરે છે ! 'ધોળો બગલો એક પગે પાણીમાં ઊભો હોય તેથી કંઈ તેને તપસ્વી ન કહેવાય' તેમ સમાજમાં સફેદ પોસ ઠગભગત માણસો પોતાની જાતને ગમે તેટલા ઊજળા દેખાડવાનો પ્રયત્ન કરે, છતાં એની નિયત તો બગભગત (!) ની જ હોવાની.

માનવપ્રકૃતિ બહુ અળવીતરી. એને નાની વાતને ખેંચી-ખેંચીને લાંબીલચક કરીને મૂકવાની રોગિષ્ટ આદત પડેલી છે. એ રોગિષ્ટ માનવીયવૃત્તિને વર્ણવતી કુકણા લોકોક્તિ જોઈએ -

**'સૂય જા તઠ[૧૨] મૂસળ ઠકાટુલા[૧૩]'**

અર્થાત : 'સોય જઈ શકે ત્યાં મૂસળ ઘુસાડવું. આ લોકોક્તિમાં માણસની 'રાઈનો પહાડ' કરવાની કે 'રજનું ગજ' કરવાની વૃત્તિ વ્યક્ત થઈ છે.

માનવજીવનના કેટલાક સંબંધો અણમોલ હોય છે. એ એક વાર નંદવાઈ જાય પછી એને સિંચી કે સાંધી શકતા નથી. એમાં બે સંબંધો તો ખાસ : એક, પારિવારિક સંબંધ અને બીજો પતિ-પત્નીનો (દામ્પત્ય) સંબંધ. એ બંને સંબંધોને અત્યંત મનનીય રીતે રજૂ કરતી બે લોકોક્તિઓ કુકણાબોલીમાં મળે છે :

**'ચીચીને[૧૪] પાના[૧૫] વાની[૧૬] ઘર ની સીવાયજ[૧૭]'**

અર્થાત : 'આંબલીના પાનાથી ઘરનું છાપરું ન બનાવી (ઢાંકી) શકાય.' અને

---

૯. ઠગ - લુચ્ચો માણસ, ૧૦. બગ - બગલો, ૧૧. ધવળા - સફેદ, શ્વેત, ધોળો, ૧૨. તઠ - ત્યાં, ૧૩. ઢકાટુલા - ઘુસાડવું. ૧૪. ચીચી - આંબલી, ૧૫. પાના-પાંદડાં, ૧૬. વાની - વડે, દ્વારા, ૧૭. સીવાયજ - સીવવું, સાંધવું.

**'પહેલા જોડા[૧૮] તો સાકરી[૧૯] પૂડા'**

અર્થાત : 'પહેલી વારનું દામ્પત્ય જોડકું એ સાકર જેવું મધમીઠું હોય છે.'

આપણે જાણીએ છીએ કે માતા-પિતા-ભાઈ-બહેન એમ પરસ્પરના સંસ્કાર-સન્માનરૂપી પલાસ કે સાગના પાંદડાની છત્રછાયા હેઠળ ઘર પરિવાર બને છે. (પલાસ અને સાગના પાનથી ઘરની છત સીવીને ઢાંકી શકાય) જો એ પારિવારિક ભાવનામાં કોઈ વિખવાદ ઊભો થાય તો પલાસ અને સાગના પાંડદાના છત્રમાં છીદ્રો પડે છે, એને પછી આબલીના પાંદડે ગમે તેટલાં થીંગડા દઈએ તો પણ એને સીવવું મુશ્કેલ થઈ પડે છે. તો બીજી લોકોક્તિમાં ભારતીય સંસ્કૃતિ મુજબ પતિ-પત્નીનો સંબંધ સાત જન્મનો સંબંધ માનવામાં આવ્યો છે. એ જ સાત જન્મોના સંબંધની ભાવનાનું મૂલ્ય ઉપરોક્ત લોકોક્તિમાં વ્યક્ત થયું છે. જીવનમાં પવિત્ર લગ્ન તો એક જ વખત થાય. દામ્પત્ય જીવનનું પવિત્ર જોડકું તો એક જ વાર જોડાય. એવા પવિત્ર જોડાને લોકબોલીમાં 'સાકરી પૂડા' કહીને મધમીઠું કહ્યું છે.

એ જગતમાં 'સૌથી સમજદાર પ્રાણી (!) કહેવાયેલા, માનવી જેવું સ્વાર્થી બીજું ભાગ્યે જ કોઈ પ્રાણી મળશે. માણસે તદ્દન ચાલાકીથી પ્રાપ્ત કરેલા કેટલાક દુર્ગુણો ઘણી વાર માનવીની 'શ્રેષ્ઠ પ્રાણી' તરીકેની ઓળખ ઉપર શંકા ઊભી કરવા માટે મજબૂર કરે છે. માનવપ્રકૃતિમાં રહેલી આવી લુચ્ચાઈ અને દગાખોરીને તારસ્વરૂપે રજૂ કરતી એક લોકોક્તિ કુકણાબોલીમાં મળે છે કે -

**'દગા કદી કોઈના સગા ની હુય[૨૦]'**

અર્થાત : 'દગાખોર વ્યક્તિ કદી કોઈનો સગો હોતો નથી.'

અવો દગાખોર વ્યક્તિ પછી ભલે કોઈનો પુત્ર, પિતા, દોસ્ત, પતિ-પત્ની કે ભાઈ-ભોજાઈ હોય. તો વળી, કેટલાક માણસોનો બદસ્વભાવ અને દાનત રણની રેત જેવા શુષ્ક અને વિસ્તારવાદી હોય છે. એ ધીમે પગલે પોતાનો વ્યાપ વધારતા રહે છે. એવા માણસો સાથ દેનાર અને લેનારને અંતે પસ્તાવાનો જ વારો આવે છે. માનવ પ્રકૃતિમાં રહેલી આવી બૂરાઈને વ્યક્ત કરનારી એક ઉત્તમ કુકણા લોકોક્તિ મળે છે કે -

**'દીધી વસરી[૨૧] પન આખા ઘરમાં ગે પસરી[૨૨]'**

૧૮. જોડા - જોડી (પતિ-પત્નીની જોડી), ૧૯. સાકરીપૂડી - સાકર (ખાંડ) જેવું મીઠુ પડીકું, ૨૦. હુય - થાય. ૨૧. વસરી - ઓસરી, ૨૨. પસરી - પ્રસરી જવું, ફેલાઈ જવું, વિસ્તરી જવું.



અર્થાત : 'ઓસરીમાં પડી રહેવાની જગ્યા આપી, પણ આખા ઘરમાં પ્રસરી ગયા !' આ પ્રકારનો સ્વભાવ ધરાવનાર વ્યકિતઓ નફ્ફટિયાના છોડ જેવા નફ્ફટ અને અમરવેલ જેવા નમકહરામ હોય છે.

પ્રેમ ચાહે કોઈ પણ પ્રકારનો હોય, જો એ સમજણ અને પાત્રતા વિના મળે તો દુશ્મનથી કમ નથી હોતો ! એ વાત માતા-પિતાના સંતાન માટેના પ્રેમ-વાત્સલ્યને તો ખાસ લાગુ પડે છે. કહેવાય છે કે, માતા-પિતાએ સંતાનને એક આંખે ડારવાનું અને બીજી આંખે વહાલ વરસાવતા રહેવું જોઈએ. બંને આંખો ભીડીને વરસાવેલો આંધળો પ્રેમ બાળકને બહેકાવી દઈને આંધળા અને પાંગળા બનાવી દે છે. એ જ વાત કુકણાબોલીમાં કેવી બળકટ રીતે કહેવાઈ છે ! તે જોઈએ–

**'ધર[૨૩] કાન તાહાં[૨૪] જ યીલ[૨૫] ભાન[૨૬]'**

અર્થાત : 'જરૂર પડે તો કાન આમળીને પણ (બાળકને) સચ્ચાઈનું ભાન કરાવવું જોઈએ.' એ વાતની અનુભૂતિ જશોદા માતાજીના કહાના(કૃષ્ણ)થી માંડીને પ્રત્યેક નાના બાળકને એનાં માતા-પિતાએ અવશ્ય કરાવ્યો છે.

આ ઉપરાંત ડાંગ પ્રદેશની એ પ્રાદેશિક કુકણાબોલીમાં મોતીશી ચમકતી અનેક લોકોક્તિઓ લોકમુખે સચવાયેલી પડી છે. એ લોકોક્તિઓ એક આખા લોકજીવનના અનુભવ જગતને સમેટીને બેઠી છે. નારિકેલપાક જેવી એ લોકોક્તિઓના મર્મને પામવાનો લ્હાવો મથીને પણ લૂંટવા જેવો છે. એમાની કેટલીક લોકોક્તિઓ જોઈએ -

**'ટેટુ[૨૭] ની પાપડી મોઠી[૨૮] પન ખોટી'**

અર્થાત : 'ટેટુ (વૃક્ષ)ની પાપડી બહુ લાંબી(મોટી) હોય છે પણ કોઈ કામની હોતી નથી.'

**'વળી[૨૯] નકો વાસલા[૩૦]'**

અર્થાત્ : 'ધડ માથા વિનાનું'

૨૩. ધર - પકડવું, ૨૪. તાહાં - ત્યારે, ૨૫. યીલ - આવશે. ૨૬. ભાન-અક્કલ, ૨૭. ટેટુ - એક વૃક્ષની જાત, જેની પાપડી એકાદ મીટર લાંબી થાય છે, પણ એને માણસ કે પશુ પણ ખાતા નથી. ૨૮. મોઠી - મોટી, લાંબી. ૨૯. વળી - ઘર બાંધવામાં વપરાયેલી લાકડાની પાટલી, ૩૦. વાસલા - સુથારનું ઓજાર.

**'જોડા[૩૧] ભોગ તોડા[૩૨] રોગ'**

અર્થાત : 'જેટલું વધુ ભોગવવાની વૃત્તિ તેટલી શારીરિક-માનસિક વધુ વ્યાધિ'

**'ચોસ્ટે[૩૩] વગર ચકમકના કાય[૩૪] કામ !'**

અર્થાત : 'આગ પકડવાનું (ચોસ્ટે)ન હોય તો ચકમકનું શું કામ !'

**'ગળહ[૩૫] તાહાં કળહ[૩૬]'**

અર્થાત : 'ગળવાનું શરૂ થાય ત્યારે ખબર પડે કે છત તો તિરાડવાળી છે !'

**'માંજરાંના[૩૭] પીલાં[૩૮] સાત ઘર ફીરતાં[૩૯]'**

અર્થાત : 'બિલાડીના બચ્ચાં સાત ઘર ફર્યા પછી સ્થિર થાય છે !'

જેવી અનેક લોકમુખે રમતી-ફરતી લોકોક્તિઓનો ગંજ પડેલો છે. અહીં તો એનું આચમન માત્ર મૂક્યું છે. આ લોકોક્તિઓ પરાપૂર્વથી પેઢી-દર પેઢી લોકનું કંઠાભરણ બનીને જીવતી રહી છે. આપણે જાણીએ છીએ કે કોઈ પણ ભાષા કે બોલીની એક પોતીકી અને સ્વકીય શિસ્ત હોય છે. એનો પોતીકો ઠસ્સો અને લય-ઢાળ હોય છે. તેથી ઉપરોક્ત લોકોક્તિઓ જેમાં લય-ઢાળ-પ્રાસ અને કાકુઓની કમાલ દેખાય છે તે કોઈ વ્યાકરણશાસ્ત્ર કે ભાષાશાસ્ત્રની મોહતાજ નથી. એ તો એના આરંભકાળથી અભણજનના મુખેથી જેવી છે તેવી જ સ્થિતિમાં પ્રયોજાતી-પોષાતી આવી છે. એ લોકોક્તિઓ ભલે અભણ લોકોના મુખે મમળાવાતી રહી હોય, પરંતુ એમાં ડાંગ પ્રદેશના આદિવાસી જનજીવનનો લૌકિક અનુભવ, લોકસંસ્કૃતિ, લોકમાન્યતા અને લોકજીવનની જીવતી-જાગતી સાંસ્કૃતિક વિરાસતનાં દર્શન થાય છે. એટલું જ નહિ, એમાં સનાતન માનવસ્વભાવની સોગાત પણ એટલી જ મનોહર રૂપે પડેલી જણાશે.

ડાંગની કુકણાબોલીમાં મમળાવતી રહેલી ઉપરોક્ત લોકોક્તિઓ કોઈ પણ પ્રકારના શિષ્ટતા અને મિષ્ટતાના વાઘા પહેર્યા વિના પણ વેદ-ઉપનિષદની જ્ઞાનવાણીથી માંડીને નીતિશતક અને ઉપદેશચિંતામણિની રમણીયતાનો અહેસાસ કરાવે છે. આજે પણ કોઈ ગરવા ગુજરાતી (!) ને ડાંગપ્રદેશ અને કુકણાબોલી

૩૧. જોડા - જેટલા, ૩૨. તોડા - તેટલા, ૩૩. ચોસ્ટેં - આગ સળગાવવાનું પ્રાદેશિક ઓજાર, ૩૪. કાય - શું, ૩૫. ગળહ - પાણીનું ટપકવું, ૩૬. કળહ - સમજ પડવી તે, ૩૭. માંજરાં - બિલાડી, ૩૮. પીલાં - બચ્ચાં (બિલાડીના બચ્ચાં), ૩૯. ફીરતાં - રખડતા, ફરતા.



વિશે પૂછીએ તો વિસ્ફારિત આંખે અને અચરજભાવે જોતો રહી જાય, એટલું એનું ગુજરાતમાં જ આવેલા ડાંગ પ્રદેશ વિશેનું જ્ઞાન છે ! એમને ડાંગ, ડાંગની કુકણાબોલી અને એ પ્રદેશમાં વસવાટ કરનાર આદિવાસી જનસમુદાય વિશે વાત કરીએ તો જાણે કોઈ દૂર-સદૂર આવેલા આફ્રિકાઈ કબીલાની વાત થતી હોય એવા અજાણ અને અભણ ભાવે જોયા કરશે ! ભલું થજો અભિનય સમ્રાટ અમિતાભ બચ્ચનનું કે જેમણે ગુજરાત પ્રવાસન વિભાગના એમ્બેસેડર બનીને 'આંખો કા તારા સાપુતારા' કહીને ડાંગપ્રદેશને વિશ્વસમુદાય સમક્ષ લાઇમલાઇટમાં લાવી દીધો. કારણ કે સાપુતારા મૂળ તો ડાંગજિલ્લાનું જ ગુજરાતને મળેલું એક માત્ર ગિરિમથક છે ને ! એક સમયે ડાંગ એટલે અડાબીડ જંગલ સમૃદ્ધિથી ભરપૂર એવો મુલક - એવી ઓળખ મળતી હતી. પરંતુ હવે તો એ અડાબીડ જંગલ પણ લુપ્ત થતું જાય છે. એને જ કારણે એ ડાંગ 'ગુજરાતનું ચેરાપુંજી' તરીકેની ઉપમા પણ લગભગ ગુમાવી ચૂક્યું છે. એ બધું છતાં ડાંગ પ્રદેશના આદિવાસી જનસમુદાય પાસે હજુય પ્રકૃતિદત્ત અને નિર્વ્યાજ એવું સહજ-સાહજિક રીતે પેઢી-દર-પેઢીથી પ્રાપ્ત થયેલી વન-વનસ્પતિ, જીવસૃષ્ટિ, ઔષધિ, વન્યસંપત્તિના ઉપયોગ અને એની રહસ્યમય સમજ વિરાસતરૂપે પડેલી છે. એની બોલી અને એ બોલીનું પોતીકું જોમ પણ એટલું જ સાંસ્કૃતિક મિરાત બનીને પડેલું છે. કોઈ રસભર્યો જાણતલ એમની પાસે જાય તો ખાલી હાથે અને નિરાશહૈયે તો પાછો ન જ આવે, એની પ્રતીતિ ઉપરોક્ત આચમનરૂપે મૂકેલી લોકોક્તિઓથી અવશ્ય થશે.

# લોકગુર્જરી : વાર્ષિકસૂચિ (દ્વિતીય વર્ષ)

**સંકલન : ડૉ. કિરીટ એચ. શુક્લ**

**(અંગ્રેજી આંકડા અંક નંબર અને ગુજરાતી આંકડા પૃષ્ઠ નંબર સૂચવે છે.)**

## લેખક સૂચિ


**અંટાળા નયના,** લોકવાદ્યો : ઉત્પત્તિ અને વર્ગીકરણ, 29 - ૮૭

**આશર બિપિન,** લોકવાર્તાની નેપથ્યે બોલતી બોલીઓ : 'અમે બોલીઓ છીએ', 30 - ૬૭

**ઓઝા દર્શના,** ઉત્સવગીતોમાંથી પ્રગટતી પર્યાવરણકેન્દ્રી નારી સંવેદના, 31-૭૦

**કક્કડ અરુણ જે.,** વાણીની વિદ્યા અને તેની શાખાઓનો ફેરવિચાર 'લોકસાહિત્ય વિજ્ઞાન', 31 - ૧૧૪

**કવિ ભીખુ,** ગુજરાતી મીર કોમના સંતો ને સાહિત્ય, 30 - ૨૧

**કોરાણી કૌશિકકુમાર,** મૈયારીની હેડી : રચના અને રૂપ, 31 - ૮૪

**ખાચરિયા ભીમજી,** કંઠસ્થ પરંપરામાં ધોળ, 30 - ૪૦

**ગઢવી દેવેન્દ્ર એ.,** બ્રહ્માનંદ અને દેવાનંદ સ્વામીની ચારણીશૈલીની સંતવાણી : આસ્વાદ અને અવબોધ, 28 - ૮૪





**ગોહિલ નાથાલાલ ,** ગુજરાતની પ્રમુખ સંતસાહિત્ય પરંપરા : કબીર-રવિ ભાણ સંપ્રદાય, 28 - ૧૧૯

**ચૌધરી વિક્રમ,** લોકવાદ્ય માદળ અને કથાગીત, 29 - ૯૧; લોકવાદ્ય ડોવળુ : પરિચય અને પ્રસ્તુતિ, 30 - ૫૯

**જાદવ સુનીલ,** મેઘાણી લોકસાહિત્ય ઍવોર્ડ સમારોહનો અહેવાલ, 31- ૧૩૦

**જાની એસ. વી.,** સ્વાતંત્ર્ય ચળવળ અને સમાજોત્થાનમાં સંતોનું યોગદાન, 31- ૨૩

**જાની પુલકેશી,** ચારણ કરોને ન્યાય, 29 - ૧૦૦; ચારણની ચતુરાઈ કથા : કાશી પંડિતના ગર્વગંજન ગગાભા, 30 - ૫૯

**જાની બળવંત,** ગિરનારી લોકસંત પરંપરાની ભજનવાણી : આસ્વાદ અને અવબોધ, 28 - ૪૧; લોકવિદ્યાકીય ક્ષેત્રે ડૉ. હસુ યાજ્ઞિકનું આગવુ પ્રદાન, 29 - ૫૬; અનુભવજન્ય તથા અભ્યાસપૂત દૃષ્ટિબિંદુ અને કોઠાસૂઝની નીપજ : જયમલ્લ પરમારનું લોકવિદ્યાકાર્ય, 30 - ૩૧; ઇતિહાસમૂલક લોકજીવનનું અર્થપૂર્ણ અને શ્રદ્ધેય કથન-આલેખન : 'લોકવારતાની લ્હાણ', 31 - ૧૦૭

**જીવરાજાની જશવંત વી.,** લોકનામો અને લોકકહેવતો, 31 - ૯૨

**દવે રાજુલ,** લોકસાહિત્યમાં પર્યાવરણ જાણવણીનું કથન, 29 - ૮૧

**પટેલ દીપક પી.,** સોરઠી સંતવાણી : આસ્વાદ અને અવબોધ, 28 - ૬૨

**પટેલ બાબુ,** સંતસાહિત્યમાં સંત સદારામનું પ્રદાન, 29 - ૯

**પટેલ ભગવાનદાસ,** એશિયામાં લોક અને પ્રશિષ્ટ રામકથા : પરંપરા અને પરિચય, 31 - ૫૯

**પલાણ નરોત્તમ,** સંત સાહિત્ય : સંપ્રદાયપરક કે પર ?, 31 - ૧૫

**પવાર સુરેશ કે.,** ડાંગની કુકણાબોલીની લોકોક્તિઓમાં પ્રગટતું લોકચિંતન, 31 - ૯૬

**પાણેરી ચેતના,** ભલ ઘોડા વલ વંકડા : લોકસંસ્કૃતિ દસ્તાવેજ, 31 - ૧૨૩

**પુરોહિત લાભશંકર,** 'હેમર હાથીડો' : વ્યંજનાબલિષ્ઠ લોકકલ્પન, 29 - ૭૩

**મહેતા રમેશ,** કંઠસ્થ પરંપરા અને મધ્યકાલીન પરંપરાના સંનિષ્ઠ સંશોધક ડૉ. બળવંત જાની સાથે સાક્ષાત્કાર (સંયુ.), 30 - ૭૭

**યાજ્ઞિક હસુ,** ચારણી અને સંતસાહિત્ય ક્ષેત્રે જયમલ્લ પરમારનું આગવું પ્રદાન, 29 - ૪૧; 'પીર શમ્સ કૃત રાજા ગોવરચંદનો આખિયાન' : આસ્વાદ અને અવબોધ, 28 - ૧૨; મામી-ભાણેજના અવૈદ્ય સંબંધની લોકકથાઓ, 31 - ૪૩

**રાજ્યગુરુ નિરંજન,** કબીર સાહેબની શબદ સરવાણી અને ગુજરાત, 28 - ૧૧૦.

**રાવલ મનોજ,** 'ગોપીચંદ ભરથરીની વારતા' : આસ્વાદ અને અવબોધ, 28 - ૨૬

**રોકડ રવજી,** કંઠસ્થ પરંપરા અને મધ્યકાલીન પરંપરાના સંનિષ્ઠ સંશોધક ડૉ. બળવંત જાની સાથે સાક્ષાત્કાર (સંયુ.) 30 - ૭૭

**રોહડિયા અંબાદાન,** શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર - સંસ્થાવૃત્ત, 28 - ૧૩૯; 29 - ૧૦૩; 30 - ૧૧૪; 31 - ૧૩૪. હરદાસ મિસણ : પોતીકી કથનકળા, 29 - ૨૫

**રોહડિયા તીર્થંકર રતુદાન,** સંત કવિયત્રી અમરબાઈ, 31 - ૩૪

**વેદ નરેશ,** મધ્યકાલીન અધ્યાત્મસાધના પરંપરા અને ગુજરાતી સંત સાહિત્યની પૃષ્ઠભૂમિકા, 30 - ૩; રૂપકાશ્રિત ભજનો : આસ્વાદ અને અવબોધ, 28 - ૦૩; સંત ગણપતની 'ષટ્ચક્ર લાવણી', 31 - ૩; સંતવાણીના રૂપકો, 29 - ૩

**વ્યાસ હસમુખ,** ભક્તિપરંપરા : મૂળ અને કુળ, 28 - ૯૩

**શાહ હર્ષદાબહેન,** લોકસાહિત્યના સંપાદનક્ષેત્રે ઉમાશંકર જોશીનું આગવું પ્રદાન, 29 - ૪૬

**સાવલિયા રામજી,** ભારતીય સંસ્કૃતિમાં સંત, ભક્ત પરંપરા અને સાહિત્ય, 30 - ૧૨



# લેખ સૂચિ

અનુભવજન્ય તથા અભ્યાસપૂત દષ્ટિબિંદુ અને કોઠાસૂઝની નીપજ : જયમલ્લ પરમારનું લોકવિદ્યાકાર્ય, 30 - ૩૧

ઈતિહાસમૂલક લોકજીવનનું અર્થપૂર્ણ અને શ્રદ્ધેય કથન - આલેખન : 'લોકવારતાની લ્હાણ' 31 - ૧૦૭

ઉત્સવગીતોમાંથી પ્રગટતી પર્યાવરણકેન્દ્રી નારી સંવેદના, 31 - ૭૦

એશિયામાં લોક અને પ્રશિષ્ટ રામકથા : પરંપરા અને પરિચય, 31 - ૫૯

કબીર સાહેબની શબદ સરવાણી અને ગુજરાત, 28 - ૧૧૦

કંઠસ્થ પરંપરા અને મધ્યકાલીન પરંપરાના સંનિષ્ઠ સંશોધક ડૉ. બળવંત જાની સાથે સાક્ષાત્કાર (સંયુ.), 30 - ૭૭

કંઠસ્થ પરંપરામાં ધોળ, 30 - ૪૦

ગિરનારી લોકસંત પરંપરાની ભજનવાણી : આસ્વાદ અને અવબોધ, 28 - ૪૧

ગુજરાતની પ્રમુખ સંતસાહિત્ય પરંપરા : કબીર-રવિ ભાણ સંપ્રદાય, 28 - ૧૧૯

ગુજરાતી મીર કોમના સંતો ને સાહિત્ય, 30 - ૨૧

ગોપીચંદ ભરથરીની વારતા : આસ્વાદ અને અવબોધ, 28 - ૨૬

ચારણ કરોને ન્યાય, 29 - ૧૦૦

ચારણની ચતુરાઈ કથા : કાશી પંડિતના ગર્વગંજન ગગાભા, 30 - ૧૦૯

ચારણી અને સંતસાહિત્ય ક્ષેત્રે જયમલ્લ પરમારનું આગવું પ્રદાન, 29 - ૪૧

ડાંગની કુકણાબોલીની લોકોક્તિઓમાં પ્રગટતું લોકચિંતન, 31 - ૯૬

પીર શમ્સ કૃત રાજા ગોવરચંદનો આખિયાન : આસ્વાદ અને અવબોધ, 28 - ૧૨

બ્રહ્માનંદ અને દેવાનંદ સ્વામીની ચારણીશૈલીની સંતવાણી : આસ્વાદ અને અવબોધ, 28 - ૮૪

ભક્તિ પરંપરા : મૂળ અને કુળ, 28 - ૯૩

ભલ ઘોડા વલ વંકડા : લોકસંસ્કૃતિ દસ્તાવેજ, 31 - ૧૨૩

ભારતીય સંસ્કૃતિમાં સંત, ભક્ત પરંપરા અને સાહિત્ય, 30 - ૧૨

મધ્યકાલીન અધ્યાત્મસાધના પરંપરા અને ગુજરાતી સંત સાહિત્યની પૃષ્ઠભૂમિકા, 30 - ૩
મામી-ભાણેજના અવૈધ સંબંધની લોકકથાઓ, 31 - ૪૩
મૈયારીની હેડી : રચના અને રૂપ, 31 - ૮૪
રૂપકાશ્રિત ભજનો : આસ્વાદ અને અવબોધ, 28 - ૦૩
લોકનામો અને લોકકહેવતો, 31 - ૯૨
લોકવાર્તાની નેપથ્યે બોલતી બોલીઓ : અમે બોલીઓ છીએ, 30 - ૬૭
લોકવાદ્ય ડોવળુ : પરિચય અને પ્રસ્તુતિ, 30 - ૫૯
લોકવાદ્ય માદળ અને કથાગીત, 29 - ૯૧
લોકવાદ્યો : ઉત્પત્તિ અને વર્ગીકરણ, 29 - ૮૭
લોકવિદ્યાકીય ક્ષેત્રે ડૉ. હસુ યાજ્ઞિકનું આગવું પ્રદાન, 29 - ૫૬
લોકસાહિત્યના સંપાદનક્ષેત્રે ઉમાશંકર જોશીનું આગવું પ્રદાન, 29 - ૪૬
લોકસાહિત્યમાં પર્યાવરણ જાળવણીનું કથન, 29 - ૮૧
વાણીની વિદ્યા અને તેની શાખાઓનો ફેરવિચાર : 'લોકસાહિત્ય વિજ્ઞાન', 31 - ૧૧૪
સંત કવિયત્રી અમરબાઈ, 31 - ૩૪
સંત ગણપતની 'ષટ્ચક્ર લાવણી', 31 - ૩
સંતવાણીના રૂપકો, 29 - ૩
સંતસાહિત્યમાં સંત સદારામનું પ્રદાન, 29 - ૯
સંત સાહિત્ય : સંપ્રદાયપરક કે પર ?, 31 - ૧૫
સોરઠી સંતવાણી : આસ્વાદ અને અવબોધ, 28 - ૬૨
સ્વાતંત્ર્ય ચળવળ અને સમાજોત્થાનમાં સંતોનું યોગદાન, 31 - ૨૩
શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સંસ્થાવૃત્ત, 28 - ૧૩૯; 29 - ૧૦૩; 30 - ૧૧૪; 31 - ૧૩૪
હરદાસ મિસણ : પોતીકી કથનકળા, 29 - ૨૫
હેમર હાથીડો : વ્યંજનાબલિષ્ઠ લોકકલ્પન, 29 - ૭૩



## કાર્યક્રમ સૂચિ

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે આયોજિત થયેલ કાર્યક્રમોની યાદી...

૧. તા. ૪-૫-૨૦૧૩ના રોજ મેઘાણી વંદના કાર્યક્રમ વલસાડ ખાતે લોકગીત, ભજનોનો કાર્યક્રમ.

૨. તા. ૧૫/૧૬-૦૬-૨૦૧૩ દરમ્યાન રાજસ્થાની ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિ અકાદમી, બીકાનેરના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી અને રાજસ્થાની લોકસાહિત્ય અને સ્વાતંત્ર્ય સંગ્રામ વિષયક રાષ્ટ્રીય પરિસંવાદ બીકાનેર ખાતે.

૩. તા. ૧૮-૭-૨૦૧૩ના રોજ પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ અને સમૂહમાધ્યમો વિષયક પ્રેસ પરિસંવાદ કાર્યક્રમ રાજકોટ ખાતે.

૪. તા. ૨૨-૭-૨૦૧૩ના રોજ રાજકોટ ખાતે ડૉ. હસુ યાજ્ઞિકે પૂર્ણ કરેલ સંશોધન પ્રોજેક્ટ - ધર્મ-વિધિ-સંલગ્ન ગુજરાતી અને રાજસ્થાની કથાઓ : તુલનાત્મક અધ્યયન વિશે વક્તવ્ય તેમજ કુલપતિશ્રી અને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓના અધ્યાપકોની ગુરુવંદના કાર્યક્રમ.

૫. તા. ૨-૮-૨૦૧૩ના રોજ ડૉ. હસુ યાજ્ઞિકને મેઘાણી ઍવૉર્ડ અર્પણ તથા લોક સાહિત્યના ત્રણ ગ્રંથોના લોકાર્પણ સમારંભનો કાર્યક્રમ રાજકોટ ખાતે.

૬. તા. ૧૪-૮-૨૦૧૩ના રોજ ડૉ. ભરત પંડ્યાએ પૂર્ણ કરેલ સંશોધન પ્રોજેક્ટ 'મધ્યકાલીન ગુજરાતી ચારણી સાહિત્ય : સાંસ્કૃતિક સ્વાધ્યાય' વિશે વક્તવ્ય આપ્યું.

૭. તા. ૧૭-૮-૨૦૧૩ના રોજ અખિલ ભારતીય સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે લોકસંસ્કૃતિ અને સંતસંસ્કૃતિ વિશે વિદ્વતગોષ્ઠિ કાર્યક્રમ રાજકોટ ખાતે.

૮. તા. ૧-૧૦-૨૦૧૩ના રોજ કચ્છ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે 'કચ્છનું સંત સાહિત્ય' વિષયક પરિસંવાદ ભુજ ખાતે.

૯. તા. ૨૬-૧૦-૨૦૧૩ના રોજ ગુજરાતી વિશ્વકોશના સંયુક્ત ઉપક્રમે જોરાવરસિંહ જાદવનું 'મારી સંશોધનયાત્રા' વિષયક વ્યાખ્યાન અમદાવાદ ખાતે.

૧૦. તા. ૬-૧૨-૨૦૧૩ના રોજ [illegible]

૧૧. તા. ૦૬/૦૧/૨૦૧૪ના રોજ [illegible]

૧૨. તા. ૧૧-૧૨/૦૧/૨૦૧૪ના રોજ [illegible]

૧૩. તા. ૨૧-૨૩/૦૧/૨૦૧૪ના રોજ [illegible]

૧૪. તા. ૨૮/૦૧/૨૦૧૪ના રોજ [illegible]

૧૫. તા. ૨૯/૦૧/૨૦૧૪ના રોજ [illegible]

૧૬. તા. ૩૧/૧/૨૦૧૪ના રોજ [illegible]

૧૭. તા. ૨૧/૦૨/૨૦૧૪ના રોજ [illegible]

૧૮. તા. ૨૪-૨૫/૦૨/૨૦૧૪ના રોજ [illegible]



**[illegible] : [illegible]**

**[illegible] :**

[illegible]

૧. તા. ૨૬-૫-૨૦૧૩ના રોજ [illegible]

૨. તા. ૧-૧૦-૨૦૧૩ના રોજ [illegible]

૩. તા. ૧-૧૦-૨૦૧૩ના રોજ [illegible]

૪. તા. ૦૯/૦૨/૨૦૧૪ના રોજ [illegible]

૫. તા. ૨૩/૦૨/૨૦૧૪ના રોજ [illegible]

# મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રનું કાર્યવૃત્ત

**ડૉ. અંબાદાન રોહડિયા**

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા વિવિધ સાહિત્યિક-શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી કરેલ પ્રવૃત્તિનો સંક્ષિપ્ત અહેવાલ નીચે પ્રમાણે છે.

**❑ મેઘાણી એવોર્ડ અર્પણ અને ગ્રંથ લોકાર્પણ સમારોહ :**

મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા પ્રતિવર્ષ અપાતો મેઘાણી એવોર્ડ આ વર્ષે મૂર્ધન્ય-સંશોધક પ્રોફે. કનુભાઈ જાનીને સંતશ્રી મોરારિબાપુના હસ્તે તા. ૨૬-૧૨-૨૦૧૩ના રોજ અર્પણ કરાયો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એમ.કે. પાડલિયાની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં ઉદ્‌ઘાટક સ્થાને સંતશ્રી પૂજ્ય મોરારિબાપુ, મુખ્ય અતિથિ તરીકે માન.શિક્ષણમંત્રીશ્રી વસુબહેન ત્રિવેદી અને સુખ્યાત સાહિત્યકાર-સચિવશ્રી ભાગ્યેશ જહાની પ્રેરક ઉપસ્થિતિ હતી.

આ સમારોહમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પ્રકાશિતગ્રંથ 'સૌરાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંઘર્ષ' (શ્રી વિષ્ણુ પંડ્યા - ડૉ. આરતી પંડ્યા) અને 'લોકગુર્જરી-૩૦' (સં. ડૉ. બળવંત જાની)નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લોકસાહિત્યના મર્મજ્ઞો, વરિષ્ઠ સંશોધકો, સિન્ડિકેટ સભ્યો, વિવિધ ભવનોના અધ્યાપકો અને વિદ્યાર્થીઓની બહોળી ઉપસ્થિતિમાં ભવ્ય કાર્યક્રમ યોજાયો. (આ સમારોહ અંગેનો વિગતવાર અહેવાલ આ અંકમાં સમાવિષ્ટ છે.)



**❑ પુષ્કર ચંદરવાકર વ્યાખ્યાનમાળા :**



પુષ્કર ચંદરવાકર વ્યાખ્યાનમાળાનું પ્રથમ વ્યાખ્યાન તા. ૬-૦૧-૨૦૧૪ના રોજ 'સાહિત્ય વર્તુળ', ગુજરાતી ભવન, ભાવનગર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ''પુષ્કર ચંદરવાકરનું સૈદ્ધાંતિક લોકસાહિત્ય વિવેચન' વિશે ડૉ. હસુ યાજ્ઞિકે આપ્યું. મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ડૉ. અનુરાધા ચંદરવાકરે તેમના પિતાશ્રીની સંશોધન પ્રીતિ વિશે વાત કરી. ડૉ. વિનોદ જોશીએ સ્વાગત, ભૂમિકા ડૉ. અંબાદાન રોહડિયાએ, સુચારું સંચાલન ડૉ. વિપુલ પુરોહિતે અને આભારવિધિ ડૉ. મહેન્દ્રસિંહ પરમારે કરી. વિવિધ ભવનના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં રસપૂર્વક ભાગ લીધો.

**❑ 'સંતસાહિત્ય અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતકવિઓ' વિશે પરિસંવાદ :**

શ્રી યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી ખાતે તા. ૧૧-૧૨/૦૧/૨૦૧૪ના રોજ ઉપર્યુક્ત વિષયે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટન સત્રના અધ્યક્ષ પૂજ્ય શાંતિભાઈ પટેલ અને ઉદ્‌ઘાટક પૂજ્ય વલકુબાપુની પાવન નિશ્રામાં યોજાયેલ કાર્યક્રમનું બીજભાષણ પ્રિન્સિપાલ નરોત્તમ પલાણે આપ્યું. સ્વાગત પ્રિન્સિપાલ ડૉ. રાજેશ દવેએ, ભૂમિકા ડૉ. અંબાદાન રોહડિયાએ અને સંચાલન ડૉ. હર્ષા ચોવટિયાએ કર્યું. પ્રથમ બેઠકમાં ડૉ. નિરંજન રાજ્યગુરુએ 'સંતસાહિત્ય સંજ્ઞા અને સ્વરૂપ' વિશે તેમજ ડૉ. નાથાલાલ ગોહિલે 'સંત સાહિત્ય અને વિવિધ સંપ્રદાયો' વિશે વક્તવ્ય આપ્યું. સંચાલન ડૉ. જે. એમ. ચંદ્રવાડિયાએ કર્યું.





શ્રી લાભશંકર પુરોહિતની અધ્યક્ષતામાં યોજાયેલ દ્વિતીય સત્રમાં ગોરખનાથ વિશે ડૉ. મનોજ રાવલે, ભાણદાસ વિશે ડૉ. દલપત પઢિયારે, ઈસરદાસ વિશે ડૉ. ભરત પંડ્યાએ અને આનંદઘન વિશે લાભશંકર પુરોહિતે સંશોધનમૂલક વક્તવ્યો આપ્યાં.

ડૉ. મનોજ સોનીની અધ્યક્ષતામાં યોજાયેલ ત્રીજા સત્રમાં નિષ્કુળાનંદ સ્વામી વિશે પૂજ્ય શાંતિભાઈ પટેલે, પ્રેમાનંદ સ્વામી વિશે ડૉ. રવજી રોકડે, બ્રહ્માનંદ સ્વામી વિશે શ્રી પ્રફુલ્લ ગઢવીએ, દેવાનંદ સ્વામી વિશે ડૉ. ભીમજી ખાચરિયાએ અને મુક્તાનંદ સ્વામી વિશે ડૉ. મનોજ સોનીએ સ્વાધ્યાયમૂલક વક્તવ્યો આપ્યાં.

ડૉ. સુભાષ મોરીની અધ્યક્ષતામાં યોજાયેલ ચોથા સત્રમાં વિવિધ કોલેજોમાંથી આવેલા પંદર જેટલા અધ્યાપકોએ પોતાના સંશોધન પેપરો રજૂ કર્યાં. લોકસાહિત્યના મર્મજ્ઞો, અધ્યાપકો અને વિદ્યાર્થિની બહેનોએ કાર્યક્રમમાં ખૂબ રસપૂર્વક ભાગ લીધો.



### ❑ 'ભારતીય લોકનાટ્ય : પરિસંવાદ અને પ્રસ્તુતિ' વિશે રાષ્ટ્રીય પરિસંવાદ :

તા. ૨૧-૨૩/૦૧/૨૦૧૪ના રોજ ગુજરાતી અનુસ્નાતક વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર અને વેસ્ટઝોન કલ્ચરલ સેન્ટર, ઉદયપુર (રાજસ્થાન)ના સંયુક્ત ઉપક્રમે 'ભારતીય લોકનાટ્ય : પરિસંવાદ અને પ્રસ્તુતિ' વિશે એક રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો. તા. ૨૧/૦૧/૨૦૧૪ના રોજ ઉદ્‌ઘાટન બેઠકમાં ઉદ્‌ઘાટક તરીકે કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ અને અતિથિવિશેષ તરીકે ડૉ. હર્ષદ ત્રિવેદીની ઉપસ્થિતિમાં ડૉ. સિતાંશુ યશચન્દ્રએ 'નાટક અને લોકનાટક' વિશે બીજ વક્તવ્ય આપ્યું. સ્વાગત ડૉ. પિનાકિની પંડ્યાએ કર્યું.





દ્વિતીય બેઠકમાં 'ભારતીય લોકનાટ્ય સ્વરૂપ અને પ્રકાર' વિશે રાજુ બારોટે, 'ગુજરાતી લોકનાટ્ય ભવાઈ : અસાઈતની અને આજની' વિશે નિસર્ગ ત્રિવેદી અને 'રાજસ્થાની લોકનાટ્ય ખ્યાલ : સ્વરૂપ ચર્ચા અને ડેમોસ્ટ્રેશન' વિશે ડૉ. લઈક હુસેને વક્તવ્યો આપ્યાં. તૃતીય બેઠકમાં 'ગુજરાતી ભવાઈ સ્વરૂપ વિશેષ' વિશે ડૉ. વિનાયક રાવલે અને 'મરાઠી લોકનાટ્ય 'તમાશા' : સ્વરૂપ

વિશેષ અને ડેમોસ્ટ્રેશન' વિશે ડૉ. પ્રકાશ ખાણકેએ વક્તવ્યો આપ્યાં. ચતુર્થ બેઠકમાં વિવિધ પ્રદેશોમાંથી આવેલા સંશોધકોએ લોકનાટ્ય પરંપરા વિશે વક્તવ્યો આપ્યાં. આ લોકનાટ્ય મહોત્સવ દરમ્યાન ત્રણેય દિવસ સાંજે ૬:૩૦ કલાકે વેસ્ટઝોન કલ્ચરલ સેન્ટર, ઉદયપુરના કલાવૃંદ દ્વારા લોકનાટ્ય પ્રસ્તુતિ કરવામાં આવી. લોકપરંપરાના વાહકો, મૂર્ધન્ય વિદ્વાનો અને વિદ્યાર્થીઓએ આ ત્રિદિવસીય લોકનાટ્ય મહોત્સવને ખૂબ રસપૂર્વક માણ્યો.

**❑ 'લોકસંસ્કૃતિ, કંઠસ્થ પરંપરાનું સાહિત્ય અને ઐતિહાસિક તથ્યો' વિશે પરિસંવાદ :**

તા. ૨૮/૧/૨૦૧૪ના રોજ ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે ઉપર્યુક્ત વિષયે એક પરિસંવાદ યોજાયો. કુલપતિશ્રી ડૉ. સુદર્શન આયંગરના અધ્યક્ષસ્થાને યોજાયેલ ઉદ્‌ઘાટન બેઠકમાં બીજભાષણ ડૉ.બળવંત જાનીએ અને સ્વાગત ડૉ. રાજેન્દ્ર ખીમાણીએ કર્યું.






પ્રથમ બેઠકમાં ડૉ. અંબાદાન રોહડિયાએ 'ચારણી સાહિત્ય', ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટે 'લોકરિવાજોમાં ઈતિહાસ', ડૉ. હેમંત દવેએ 'નવ્ય ઈતિહાસવાદ : ઓરલ કલ્ચર' અને ડૉ. વિભૂતી શાહે 'કોળી પ્રજાનો કંઠસ્થ ઈતિહાસ' વિશે વક્તવ્યો આપ્યાં.

દ્વિતીય બેઠકમાં ડૉ. મહેબુબ દેસાઈએ 'સંસ્કૃતિમૂલક ઈતિહાસ', શ્રી વિષ્ણુ પંડ્યાએ 'ઈતિહાસ : સીમા બહારનો ઈતિહાસ', ડૉ. હસુ યાજ્ઞિકે 'કથાગીતોમાં ઈતિહાસ' અને હસુતાબેન સેદાણીએ 'લોકવિધિમાં ઈતિહાસ' વિશે વક્તવ્યો આપ્યાં.

વિવિધ કૉલેજોના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ આ પરિસંવાદમાં ઉલટભેર ભાગ લીધો.

**❑ 'લોકકથાની કથનશૈલીનું નિદર્શન' વિશે સાભિનય વક્તવ્ય :**



તા. ૨૯/૧/૨૦૧૪ના રોજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીએ 'લોકકથાની કથનશૈલીનું નિદર્શન (ઝવેરચંદ મેઘાણી સંપાદિત 'રાંકનું રતન' વાર્તા સંદર્ભે) ખૂબ જ રસપ્રદ સાભિનય વક્તવ્ય, દૃશ્ય-શ્રાવ્ય માધ્યમના સહયોગથી આપ્યું. આ ધારાના વાહકો અને મૂર્ધન્ય વિદ્વાનોએ ઉપસ્થિત રહીને આ કાર્યક્રમનો ભાવપૂર્વક રસાસ્વાદ લીધો.

### ❑ 'લોકવાઙ્મયના સ્વરૂપો' વિશે પરિસંવાદ :



તા. ૩૧/૦૧/૨૦૧૪ના રોજ શ્રી વી.એમ. સાકરિયા મહિલા આર્ટ્સ કૉલેજ, બોટાદના સંયુક્ત ઉપક્રમે 'લોકવાઙ્મયના સ્વરૂપો' વિશે એક પરિસંવાદ યોજાયો. ઉદ્‌ઘાટન સત્રમાં ઉદ્‌ઘાટક ડૉ. વિનોદ જોશીએ બીજભાષણરૂપ વ્યાખ્યાન આપ્યું અને ડૉ. એસ.કે. ધાનાણીએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું. સ્વાગત પ્રિન્સિપાલ ડૉ. શારદા પટેલે, ભૂમિકા ડૉ. અંબાદાન રોહડિયાએ અને સંચાલન ડૉ. ગુણવંત વાજાએ કર્યું.



પ્રથમ બેઠકમાં ડૉ. મહેન્દ્રસિંહ પરમારે 'લોકનાટ્ય ભવાઈ', ડૉ. બિપિન આશરે 'લોકકહેવતો અને રૂઢિપ્રયોગો' તેમજ ડૉ. હસુ યાજ્ઞિકે 'લોકગીત' વિશે વક્તવ્યો આપ્યાં.

દ્વિતીય બેઠકમાં ડૉ. સતીસ વ્યાસે 'લોકવાર્તામાં કથનકલા' અને શ્રી રાજુલ દવેએ 'લોકવાર્તા' વિશે વક્તવ્યો આપ્યાં. ત્રીજી બેઠકમાં કુ. પ્રથમા આચાર્યે લોકગીતોનું ગાન કર્યું અને શ્રી જગદીશ બારોટે લોકવાર્તાનું પ્રસ્તુતિકરણ કર્યું. આ પરિસંવાદમાં ઉપસ્થિત વીસ જેટલાં અધ્યાપકોએ ત્રણ સમાંતર કક્ષમાં પોતાના સંશોધન પેપરોનું વાંચન કર્યું. પરિસંવાદમાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને લોકસાહિત્ય મર્મજ્ઞોએ રસપૂર્વક ભાગ લીધો.

### ❑ 'લોકગીત : વિવિધ સંદર્ભે' રાષ્ટ્રીય પરિસંવાદ :

તા. ૨૧/૦૨/૨૦૧૪ના રોજ શ્રીમતિ જે.પી. શ્રોફ આર્ટ્સ કૉલેજ, વલસાડના સંયુક્ત ઉપક્રમે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટન સમારોહમાં અધ્યક્ષ ડૉ. બળવંત જાની, ઉદ્‌ઘાટક પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અને અતિથિવિશેષ શ્રી હર્ષદ ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં.

પ્રથમ બેઠકમાં ઉપેન્દ્ર ત્રિવેદીએ મેઘાણી સંપાદિત 'રાંકનું રતન' લોકવાર્તાનું સાભિનય નિદર્શન કર્યું. જેને લોકોએ તાલીઓથી વધાવ્યું. પરિસંવાદની પ્રથમ બેઠકમાં ડૉ. બળવંત જાનીએ 'લોકગીત અને લોકસંસ્કૃતિ', ડૉ. હેતલભાઈ બારોટે 'ગુજરાતી અને મરાઠી લગ્નગીતો' અને ડૉ. ભારતી દેસાઈએ 'ગુજરાતી અને મરાઠી હાલરડાં' વિશે વક્તવ્યો આપ્યાં. દ્વિતીય બેઠકમાં ડૉ. અંબાદાન રોહડિયાએ 'સૌરાષ્ટ્રનાં લોકગીતો', ડૉ. પરમ પાઠકે 'ચરોતરનાં લોકગીતો', ડૉ. વિક્રમ ચૌધરીએ 'આદિવાસી લોકગીતો' અને દિનકર ટંડેલે 'સાગરખેડુનાં લોકગીતો' વિશે વક્તવ્યો આપ્યાં. સમાંતર તૃતીય સત્રમાં વિવિધ કોલેજોના ચોવીસ જેટલાં અધ્યાપકોએ લોકગીત, લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ વિશે સ્વાધ્યાય પેપરો રજૂ કર્યાં. વિવિધ કોલેજોના અધ્યાપકો, નગરજનો અને વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં રસપૂર્વક ભાગ લીધો.

### ❑ 'લોકસાહિત્યક્ષેત્રે સૌરાષ્ટ્રના સંશોધકો-સંપાદકોનું પ્રદાન' વિષયક પરિસંવાદ :

તા. ૨૪-૨૫/૦૨/૨૦૧૪ના રોજ શ્રી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, જોષીપુરા, જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે ઉપર્યુક્ત વિષયે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સુપ્રસિદ્ધ લોકગાયક શ્રી ભીખુદાનભાઈ ગઢવીની અધ્યક્ષતામાં

યોજાયેલ ઉદ્ઘાટન સમારોહમાં ઉદ્ઘાટક તરીકે શ્રી રામભાઈ ગઢવી (પ્રમુખ, ગુજરાતી સાહિત્ય અકાદમી, ઉત્તર અમેરિકા) ઉપસ્થિત રહ્યાં. આ બેઠકમાં બીજવક્તવ્ય ડૉ. બળવંત જાનીએ, ભૂમિકા ડૉ. અંબાદાન રોહડિયાએ, સ્વાગત ડૉ. હરિભાઈ ગોધાણીએ અને સંચાલન ડૉ. જીવરાજ પારઘીએ કર્યું.




પ્રથમ બેઠકમાં અધ્યક્ષસ્થાને ચારણી પરંપરાના સુખ્યાત કવિશ્રી 'દાદ' ઉપસ્થિત રહ્યાં. જેમાં દરબાર પૂંજાવાળાએ 'મેઘાણી સંપાદિત લોકકથા અને સંતકથા', ડૉ. ચેતના પાણેરીએ 'મેઘાણી સંપાદિત લોકગીતો' અને ડૉ. દીપક પટેલે 'લોકસાહિત્ય : વિવેચનના સિદ્ધાંતો' વિશે વક્તવ્યો આપ્યાં.

દ્વિતીય બેઠકમાં ડૉ. નિરંજન રાજ્યગુરુએ 'સંતસાહિત્યના સંશોધક-કવિ મકરન્દ દવે', રાજુલ દવેએ 'લોકસાહિત્યના સંશોધક જયમલ્લ પરમાર' અને શ્રી રામભાઈ બારોટે 'લોકવાર્તાકાર કાનજી ભુટ્ટા બારોટ' વિશે વક્તવ્યો આપ્યાં. સમાંતર સત્રની બેઠકોમાં અધ્યક્ષ ડૉ. નાથાલાલ ગોહિલ અને ડૉ. મનોજ રાવલની ઉપસ્થિતિમાં વિવિધ કૉલેજોના સત્તર અધ્યાપકોએ પોતપોતાના સ્વાધ્યાય પેપરો રજૂ કર્યાં. લોકસાહિત્ય મર્મજ્ઞો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ખૂબ રસપૂર્વક ભાગ લીધો.



**કલા મર્મિઓની કલાયાત્રા :**

★ તા. ૦૯/૦૨/૨૦૧૪ના રોજ સુરેન્દ્રનગર ખાતે લોકસાહિત્ય અને સંત-સાહિત્યના મર્મજ્ઞ-મૂર્ધન્ય વિદ્વાન શ્રી પૂંજલભાઈ રબારીની મુલાકાત ડૉ. બળવંત જાનીએ લીધી.



★ તા. ૨૩/૦૨/૨૦૧૪ના રોજ જૂનાગઢ ખાતે ચારણી સાહિત્ય અને લોકસાહિત્યના અભ્યાસુ વિદ્વાન શ્રી રામભાઈ ગઢવી (ન્યૂજર્સી, અમેરિકા)ની મુલાકાત શ્રી ભીખુદાનભાઈ ગઢવીએ લીધી.



# આ અંકના લેખકો

**ડૉ. નરેશ વેદ,** 'કદંમ' બંગ્લોઝ, ૩૫, પ્રોફેસર સોસાયટી, સૌરાષ્ટ્ર કૉલોની પાસે, મોટા બજાર, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦, જિ. આણંદ

**નરોત્તમ પલાણ,** ૩, વાડી પ્લોટ, 'દર્શન', પોરબંદર-૩૬૦ ૫૭૫

**ડૉ. એસ. વી. જાની,** ૫, સેતુબંધ સોસાયટી, સ્વામિનારાયણ મંદિર પાસે, કાલાવડ રોડ, રાજકોટ

**તીર્થંકર રોહડિયા,** 'તીર્થ', સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે, મુ. મુંજકા, રાજકોટ-૩૬૦૦૦૫

**ડૉ. હસુ યાજ્ઞિક,** ૧, પદ્માવતી બંગલોઝ, ભાવિન સ્કૂલ - મહાલક્ષ્મીધામ સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯

**ભગવાનદાસ પટેલ,** ૩૦૪, મિથિલા એપાર્ટમેન્ટ, વિજયા બેંકની ઉપર, જજીસ બંગલા ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૧૫.

**ડૉ. દર્શના ઓઝા,** અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, એસ.એન.ડી.ટી. મહિલા યુનિ., એન.ડી.ટી. રોડ, ચર્ચગેટ, મુંબઈ.

**કૌશિકકુમાર કોરાલી,** ગાંધીનગર

**જશવંત વી. જીવરાજાની,** ૧, જસાણી પાર્ક, બંગલા નં. ૮-બ, એરપોર્ટ વિસ્તાર, નંદિગ્રામ

**ડૉ. સુરેશ કે. પવાર,** ગુજરાતી વિભાગ, મ્યુનિ. આર્ટ્સ કૉલેજ, મહેસાણા


**ડૉ. બળવંત જાની,** પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

**અરુણ જે. કક્કડ,** બી-૪૦૩, મોતી પેલેસ, પેટ્રોલ પંપ સામે, વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ-૩૬૨૦૧૫

**ડૉ. ચેતના પાણેરી,** ગુજરાતી વિભાગ, બહાઉદ્દીન આર્ટ્સ કૉલેજ, જૂનાગઢ

**ડૉ. અંબાદાન રોહડિયા,** 'રવેચીકૃપા', ૪, હરિનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૮૦ ૦૦૫

**ડૉ. કિરીટ એચ. શુક્લ,** બ્લોક નં. ૫/૫૬, એચ.આઈ.જી., સરદાર પટેલ કૉલોની, સેક્ટર-૧૪,ગાંધીનગર-૩૮૨૦૧૬



‘લોકગુર્જરી-૩૫’માં ઘણાબધાં નવઅભ્યાસીઓ તરફથી મળેલી લેખસામગ્રી પ્રકાશીત થઈ રહી છે એનો આનંદ છે. પ્રસાદ બ્રહ્મભટ્ટ જેવાં પીઢ અભ્યાસીએ પ્રત્યેક અંકે એક લોકગીતનો આસ્વાદ લેખ આપવાનું સ્વીકાર્યું છે એમનું સ્વાગત છે. ‘લોકગુર્જરી’ને કંઠસ્થ પરંપરાની ક્ષેત્રકાર્ય દ્વારા મેળવાયેલી નૂતન સામગ્રીની ખૂબ રાહ છે. અમને શ્રદ્ધા છે કે લોકગીતો, લોકકથાઓ, કહેવતો અને વનવાસી પ્રજાની પણ પરંપરિત સામગ્રી મળી રહેશે તો એને પ્રસિદ્ધ કરતાં પ્રસન્નતા થશે. નવા વહીવટી વર્ષથી શિક્ષણ સંસ્થાઓને એમના આગામી બજેટમાં ‘લોકગુર્જરી’ના લવાજમનો ખર્ચ ફાળવવાં માટે કેન્દ્રના નવા વરાયેલા કુલપતિ-ચેરમેનશ્રી ડૉ. પ્રતાપસિંહ ચૌહાણે આગ્રહ સેવ્યો છે. અમને શ્રદ્ધા છે કે કુલપતિશ્રી-ચેરમેનશ્રીની અપેક્ષાનો સમુચિત પડઘો વિદ્યાજગત અવશ્ય પાડશે.

ડૉ. અંબાદાન રોહડિયા

લોકગુર્જરી • સળંગ અંક : પાંત્રીસ

ISSN : 2320-8872

# લોકગુર્જરી

## સળંગ અંક : પાંત્રીસ


(ત્રૈમાસિક : ત્રીજું વર્ષ, ચોથો અંક, માર્ચ-૨૦૧૫)


સંપાદક : ડૉ. બળવંત જાની





શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫


## લોકગુર્જરી - ત્રૈમાસિક


















## શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રનાં પ્રકાશનો





પૃ. ૩૮૩, કિં. : રૂ. ૧૯૫
વર્ષ : ૨૦૧૩



પૃ. ૩૨૮, કિં. : રૂ. ૧૭૦
વર્ષ : ૨૦૧૩




પૃ. ૧૬૮, કિં. : રૂ. ૮૦
વર્ષ : ૨૦૧૪




પૃ. ૪૦૮, કિં. : રૂ. ૨૧૦
વર્ષ : ૨૦૧૪





# લોકગુર્જરી

## સળંગ અંક : પાંત્રીસ

**(ત્રૈમાસિક : ત્રીજું વર્ષ, ચોથો અંક, માર્ચ-૨૦૧૫)**

: સંપાદક :

**ડૉ. બળવંત જાની**

**શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ-૫

**'Lok Gurjari-35'**
Quartely Journal of Oral Traditional folk Literature of Gujarat,
Edited by Dr. Balvant Jani, Published by 'Shri Jhaverchand Meghani Loksahitya Kendra' and Gujarat Sahitya Academy,
Gandhinagar-382017

ISSN : 2320-8872

પ્રકાશન : ત્રીજું વર્ષ. ચોથો અંક : માર્ચ-૨૦૧૫

પ્રત : ૫૦૦

પૃષ્ઠ : ૮+૧૩૬=૧૪૪

મૂલ્ય : છૂટક કિંમત રૂ. ૧૦૦-૦૦
(વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦૦, પંચવાર્ષિક લવાજમ રૂ. ૧૦૦૦
વિદેશમાં રૂ. ૬૦૦)

પ્રકાશક :
**ડૉ. અંબાદાન રોહડિયા**
માનદ્ નિયામક,
શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

મુદ્રક :
**ક્રિષ્ના ગ્રાફિક્સ**
૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૦૭૯-૨૭૪૯૪૩૯૩

*સંપાદકીય.....*

## આજની અભ્યાસી પેઢી માટે આદર્શ વ્યક્તિમત્તા : ડૉ. શાંતિભાઈ આચાર્ય

આપણા સમયના ભારે ઊંડા અભ્યાસી અને મોટા ગજાના સન્નિષ્ઠ સંશોધક ડૉ. શાંતિભાઈ આચાર્યને ઝવેરચંદ મેઘાણી એવૉર્ડથી પૂજ્ય મોરારિ બાપુના હસ્તે સન્માનિત કરાયા. એમના જૂના વિદ્યાર્થીઓ દૂર-દૂરથી સમારંભ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા. ગૂજરાત વિદ્યાપીઠમાં વર્ષ સુધી એકધારી એમણે અધ્યાપનકાર્ય સંદર્ભે સેવાઓ આપી અને સાથોસાથ અત્યંત શાસ્ત્રીય પદ્ધતિનું, કોઈ પુરોગામીઓએ ન કર્યું હોય એ પ્રકારનું સંશોધનકાર્ય પણ કર્યું. શાંતિભાઈ તો પૂરા માર્મિક અને મરમી. ખૂબ જ લાઘવથી એક વાક્યમાં એમણે પ્રતિભાવ પ્રસંગે પોતાની પીડાને પ્રારંભમાં જ પ્રસ્તુત કરી જણાવેલું કે 'ગુજરાતી વિવેચન સાહિત્યમાં અને ભાષાવિજ્ઞાની મને લોકસાહિત્યનો માણસ ગણીને બહાર રાખે. ભાષાવિજ્ઞાનીઓ મને લોકસાહિત્યનો ગણે અને લોકસાહિત્યવાળા મને ભાષાવિજ્ઞાની કહીને છેટો રાખે.' આપણાં સમયના આવા ખૂબ જ ઊંડાણથી, ઝીણવટથી મહત્ત્વનું સંશોધનકાર્ય કરી ગયેલા વિદ્વાન સંશોધકને સન્માનિત કરી શક્યા એ 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર'નું ભારે સાચુકલું વિદ્યાકાર્ય ગણાશે.

આ પ્રસંગે એમનો પરિચય આપવાનું મારે ભાગે હતું. મને વિદ્યાર્થીકાળથી એમના સંશોધનલક્ષી પ્રકાશનોનાં ક્લોઝ રિડીંગમાંથી પસાર થવાનું બનેલું. ઘણાંના અવલોકનો પણ પ્રકાશિત થયેલા. એમના બધા જ ગ્રંથો એ સમયથી વસાવતો રહેલો. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિપદે હતો ત્યારે એમનું 'ઉત્તર ગુજરાતી ભાષા' જેવું ક્ષેત્રકાર્યની નીપજરૂપનું કથનાત્મક બોલચાલની લોકકથાઓને આધારે કરેલું ભાષાવૈજ્ઞાનિક વિશ્લેષણને અધિકૃત ગ્રંથ પ્રકાશિત કરેલો. ઉત્તર ગુજરાતની લોકકથાઓના સંપાદનો અભ્યાસલેખમાં મેં એમના વિશે વિગતે મારા નિરીક્ષણો નોંધેલા. મનમાં એમના પરત્વેના આદરભાવને ઉમળકાથી પ્રસ્તુત કરવાનું બનેલું. મારી ફાઈલમાં રહેલી ઘણી નોંધમાંથી પસાર થવાનું બનેલું. ડૉ. ભાયાણીસાહેબ, રઘુવીર ચૌધરી અને ડૉ. હસુભાઈ યાજ્ઞિક જેવા અભ્યાસીઓએ નોંધેલા નિરીક્ષણો પણ ધ્યાને હતા. ગુજરાત યુનિવર્સિટીના ભાષાવિજ્ઞાન વિભાગ દ્વારા યોજાયેલી ભાષાવિજ્ઞાનની સમરસ્કૂલ અને કોશવિદ્યાથી સમરસ્કૂલમાં મારી અધ્યાપકીય કારકિર્દીના આરંભે જ પ્રતિભાગી બનીને એમની પાસેથી પ્રત્યક્ષ તાલીમની દિશા પ્રાપ્ત કરવાની મને તક પ્રાપ્ત થયેલી. એનો પરમ સંતોષપ્રદ અનુભવ પણ મને ખપમાં લાગ્યો.

ગુજરાતી લોકકથા સંપાદન-આલેખનમાં અત્યંત શાસ્ત્રીય અભિગમ અપનાવીને લોકકથાઓ મેળવનારા, સંપાદિત-પ્રકાશિત કરનારા અને વિશ્લેષણ કરનારા માત્ર ને માત્ર શાંતિભાઈ આચાર્ય. એમની પદ્ધતિએ એમના વિદ્યાર્થીઓ ગણાતા ભગવાનદાસ, અમૃત અને પ્રેમજી આદિએ સામગ્રી મેળવી. પણ એમનું લિપ્યંતરણ શાંતિભાઈ કક્ષાનું નહીં અને વિશ્લેષણ પરત્વે તો એ કોઈ બહુ વળ્યા જ નહીં પણ બોલાયેલા શબ્દને શાસ્ત્રીય રીતે ધ્વનિમુદ્રિત કરવાનું એમનું વલણ ઘણું પ્રશસ્ય છે. એનું પણ ભારે મૂલ્ય છે, કોઈને વિશ્લેષણ કરવાની, અધ્યયન કરવાની શ્રદ્ધેય સામગ્રી સંપડાવી એનું પણ અદકેરું મૂલ્ય કાયમ રહેવાનું. ભાષક કથનને ધ્વનિમુદ્રિત કરવું, ખરો-સાચો ભાષક શોધવો એ પણ ઘણી મોટી વાત છે. શાંતિભાઈ જે ભાષકને શોધે એ મોટેભાગે ખરેખર અભણ હોય, અથવા ઓછું ભણેલો હોય. એને જ ખરો લાયક માહિતીદાતા ગણે. એના પરિચયમાં પાછા લખે પણ ખરા કે 'એને રેડિયો સાંભળવાનું બનતું નહોતું અને કોઈ શિષ્ટ ભાષક સાથે સંવાદના સંજોગો પણ નથી સાંપડ્યા.' આંતરિયાળ ગામડાના નિવાસી, નખશીખ પરંપરિત બોલીના આવા જ્ઞાતા પાસેથી સમગ્રી ધ્વનિમુદ્રિત કરી, એમના રહેઠાણ સ્થાને સરળતાથી મુસાફરી કરીને પહોંચવાની વ્યવસ્થા ન હોય ત્યાં દુર્ગમ પ્રવાસ ખેડીને પહોંચીને દસ-બાર વર્ષ સુધી સતત ક્ષેત્રકાર્ય કરતા રહ્યા. બે-ત્રણ ટૂંક (નાનકડી પતરાની બૅગ) ભરાય એટલી કેસેટ્સ એ જ એમનો અસબાબ કે સમૃદ્ધિ. પોતે જ એમનું અત્યંત ધીરજથી લિપ્યંતરણ કરે. ભાષાવૈજ્ઞાનિક લહેકા કે વિવૃત્ત સંવૃત્ત ધ્વનિ માટે નવી સંજ્ઞાઓ શોધે. ફોન્ટ માટે પ્રેસને પણ પ્રેરે અને મુદ્રણદોષ ન રહે એની ચીવટ માટે પોતે જ પ્રૂફસ તપાસવાનો આગ્રહ સેવે. સામગ્રી મેળવવી, એનું લિપ્યંતરણ કરવું એ ઉપરાંત એનું વ્યાકરણ-વિશ્લેષણ, એમની સામગ્રીના કથાઘટકો, કથાનકનું ગોત્ર શોધીને લોકસાંસ્કૃતિક અભિગમથી વિશ્લેષણ

કરવાનું વલણ સાદ્યંત જાળવતા રહ્યા. ક્યારેક તો તુલનાત્મક અભિગમથી મૂલવણી પણ કરે. એમનું ક્ષેત્રકાર્ય કોઈ એક પ્રદેશવિસ્તારમાં સીમિત નહીં. ભારે વ્યાપક રૂપનું. કચ્છ, હાલાર, ઉત્તરગુજરાત. આદિવાસીઓ ઉપરાંત પટેલો, સીદીઓ, કચ્છીઓ એમ વિવિધ પ્રકારના જ્ઞાતિના-જાતિના ભાષકો-માહિતીદાતાઓ. આટલું વ્યાપક અને વૈવિધ્યપૂર્ણ ક્ષેત્રકાર્ય પણ અન્ય કોઈનું નહીં.

એમના વ્યાપક અને વૈવિધ્યપૂર્ણ ક્ષેત્રકાર્યની નીપજરૂપ લોકકથા સંપાદનો ગુજરાતી લોકસાહિત્યની બહુમૂલ્ય સંપદા છે.

કચ્છી બોલી વિશેના શાંતિભાઈના પાયાના પુરાણની પૂરી નોંધ લેવાઈ નથી. કચ્છને હવે તો યુનિવર્સિટી અને ગુજરાતી ભાષાનો સ્વતંત્ર વિભાગ પ્રાપ્ત છે. શાંતિભાઈએ ઈ.સ. ૧૯૬૬માં **'સેગ્મેન્ટલ ફોનિમ્સ ઑફ કચ્છી'** નામનો સ્વાધ્યાય પ્રકાશિત કરેલો. એ પછી તૂર્ત જ **'કચ્છી શબ્દાવલિ'** પ્રકાશિત થયેલું. પ્રબોધ પંડિત જેવા વિદ્વાને એ સમયે નોંધેલું કે 'શાંતિભાઈનું આ કામ પહેલા તબક્કામાં છે. આ પછીના તબક્કામાં વ્યાકરણી રૂપરેખા અને બોલીભેદો આવે. આટલું થતા કચ્છી વિશે આધારભૂત માહિતી આપણી પાસે આવી ગણાય.' ડૉ. પ્રબોધ પંડિતની અપેક્ષાને ડૉ. શાંતિભાઈએ **'કચ્છી ગદ્ય (લોકકથાઓ) અને તેનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન'** (૧૯૮૯) ગ્રંથ દ્વારા પૂરી કરી. ખડી બોલીની એની લિપિમાં વાચિક રૂપને તેના ગુજરાતી ભાષાંતર સાથે અને વ્યાકરણ અને ભાષાવૈજ્ઞાનિક રૂપોથી પરિચિત કરતો ગ્રંથ આપ્યો. આમાં કુલ ત્રણ ભાષકો પાસેથી મેળવેલી બાર લોકકથાઓ છે. એમના આ સંપાદન, અધ્યયનની પૂરી નોંધ ભાષાવિજ્ઞાન કે લોકસાહિત્યના અભ્યાસીઓએ લીધી નથી. એમને સંદર્ભો તરીકે ખપમાં લેતા પણ કોઈ જણાયા નથી. એ જ પરંપરાનું **'સીદી કચ્છી વાર્તાઓ અને તેનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન'** (ઈ.સ. ૧૯૮૮) પણ ભારે મહત્ત્વનું છે. એમાંની ત્રણ લોકકથાઓ તો ભારે રસપ્રદ જણાઈ છે. એમના દ્વારા પ્રાપ્ત પંદર કચ્છી લોકકથાઓ ખરા અર્થમાં કચ્છના લોકસાંસ્કૃતિક સમાજનું પ્રતિનિધિત્વ કરે છે.

ઉત્તર ગુજરાતના પૂરા વૈવિધ્યપૂર્ણ લોકકથાધનને પણ એમણે લોકસાંસ્કૃતિક અને ભાષાવૈજ્ઞાનિક અભિગમ સાથે સંપાદિત કર્યું. **'ચૌધરી શબ્દાવલિ'** (૧૯૬૯), ઉત્તર ગુજરાતની લોકકથાઓ **'હેંડો વાત માંડીએ'** (૧૯૯૦), **'ઉત્તર ગુજરાતની ભાષા'** (૨૦૦૧), જેવા ગ્રંથો લોકસાહિત્યના અભ્યાસીઓને દિશા નિર્દેશક છે. અત્યંત શાસ્ત્રીય અભિગમથી થયેલું તેમનું આ સંશોધનમૂલક સ્વાધ્યાય ગુજરાતની બહુમૂલ્ય સંપદા છે.

ગુજરાતની આદિવાસી સાહિત્યના સંશોધન-સંપાદન ક્ષેત્રે એમનું કાર્ય અદ્વિતીય કક્ષાનું છે. **'સાબરકાંઠાની ભીલી વાર્તાઓ'** (૧૯૯૨), **'લવઘણાંની વારતા', 'કૂંકણા વાર્તાઓ'** (૨૦૦૧), **'ગૂજરાંનો અરેલો'** (૨૦૦૨), **'દેવકનસરીની કથા'** (૨૦૦૩), **'ભીલી શબ્દકોશ'** (૨૦૦૬), **'અમે બોલીઓ છીએ'** (૨૦૦૯) જેવા વિશદ્ અભ્યાસ દૃષ્ટિબિંદુથી પ્રકાશિત કરેલા ગ્રંથો ભારતીય આદિવાસી સાહિત્યના સ્વાધ્યાયમાં શાસ્ત્રીય સંપાદન પદ્ધતિ, તુલનાત્મક વિશ્લેષણ અને બોલી વૈજ્ઞાનિક રૂપોની તારવણીને કારણે આદર્શ રૂપ પૂરું પાડનારા છે.

કંઠસ્થપરંપરાના સાહિત્યના ખરા રૂપને ખોળવું અને શાસ્ત્રીય રીતે સંપાદિત કરવું, લોકસાંસ્કૃતિક અને ભાષાવૈજ્ઞાનિક ઘટકો તારવવા-તપાસવા અને તુલનાત્મક અભિગમથી સમાન કથાઘટકો કે પ્રસંગોને મૂલવવાની તેમની રીતે ગુજરાતનું માત્ર ભારતને નહીં પણ વિશ્વને પ્રદાન છે.

ગુજરાતના વિવિધ ભાષાકીય ભૂ-ભાગની લોકકથાઓના સંપાદન, ગુજરાતી આદિવાસી લોકકથા સંપાદનનાં મહત્ત્વનાં સંશોધન-સંપાદન ઉપરાંત કોશકાર્યમાં સૂઝપૂર્વકનું શાંતિભાઈનું પ્રદાન ઘણું જ પાયાનું અને મૂળભૂત સ્વરૂપનું છે. એમણે ગુજરાતી ભાષાવિજ્ઞાન ક્ષેત્રે બોલીવિજ્ઞાનમાં પણ પાયાનું પ્રદાન કર્યું. **'હાલારી બોલી'** (૧૯૭૭), **'કચ્છી બોલી'** (૧૯૬૬) ગુજરાતી તેમજ અંગ્રેજીમાં પણ હોવાને કારણે સુનીતિકુમાર ચેટરજી, રાલ્ફ ટર્નર, એમ. એમ. ઘાટગે, ડૉ. મહેન્દળે, ટી. એન. દવે, ડૉ.ભાયાણી અને ડૉ. પ્રબોધ પંડિત જેવા વિદ્વાનોએ અત્યંત પ્રમાણભૂત કાર્ય તરીકે ઓળખાવેલ છે. એમના ભાષાવિજ્ઞાન વિષયના **'ભાષાવિવેચન'** (૧૯૭૩), **'બોલીવિજ્ઞાનના પ્રશ્નો'** (૧૯૮૪) અભ્યાસીઓને માટે હાથપોથી રૂપ ગણાય છે.

આવા સંન્નિષ્ઠ અને શાસ્ત્રીય સંશોધકના કંઠસ્થપરંપરાના ગુજરાતી લોકકથા સાહિત્ય, આદિવાસી લોકકથા સાહિત્ય, કોશસાહિત્ય અને ભાષાવિજ્ઞાન ક્ષેત્રના પ્રદાનથી નવીપેઢી અવગત થશે તો એમને આદર્શરૂપનું માળખું, દિશા-દૃષ્ટિબિંદુ અને વ્યાપકતાથી સભર ઊંડાણવાળી અધ્યયનસામગ્રીનું અભ્યાસ સામગ્રીનું ચિત્ર પ્રાપ્ત થશે. આજની અભ્યાસી પેઢી સમક્ષ જે થોડાં ઘણાં આદર્શ વિદ્યાપુરુષ વ્યક્તિમત્તાઓનું સાન્નિધ્ય સૂચવવા જેવું છે એમાંનું એક ધન્યનામ જણાય છે, ડૉ. શાંતિભાઈ આચાર્ય.

૨-૨-૨૦૧૫

**બળવંત જાની**

## અનુક્રમણિકા

*: સંતમત :*


૧. તંત્રસાધના અને ભક્તિ **હસમુખ વ્યાસ** ૩

૨. પશ્ચિમ ભારતની સંતપરંપરા અને રાજસ્થાની સંતવાણી **ડૉ. નાથાલાલ ગોહિલ** ૧૪

૩. ગુજરાતી મીર સૂફીસંતો, પીર, ઓલિયા, ભક્તોની દંતકથાઓ **ભીખુ કવિ** ૩૫

૪. ભક્તિ, પ્રેમ અને જ્ઞાનનું સંગમતીર્થ : દેવાનંદ સ્વામી **ડૉ. ભીમજી ખાચરિયા** ૪૬

૫. મહત્ પુરુષ : રામદેવપીર **ડૉ. મુકુન્દચંદ્ર નાગર** ૫૮


*: લોકકળામત :*


૬. ઉત્સવોના છડીદાર : રંગોળી, માંડણાં, આલેખ અને ભીંતચિત્રો **જોરાવરસિંહ જાદવ** ૭૫

૭. સૌરાષ્ટ્રની લોકકલા-કારીગરીનાં કલાઘટકો-પ્રતીકો **ખોડીદાસ પરમાર** ૮૯


*: લોકસાહિત્યમત :*


૮. ગુજરાતી લોકગીતો : આસ્વાદ અને અર્થઘટનની પ્રક્રિયાનું સ્વરૂપ **ડૉ. બળવંત જાની** ૧૦૧

૯. 'ભડલી તો એમ જ ભણે' – ભડલીવાક્યો વિશે **ભરત ખેની** ૧૧૦

૧૦. લોકગીત આસ્વાદ અને અવબોધ શ્રેણી : લોકગીત-ગુંજન મણકો-૧ દામ્પત્યની દુર્દાન્ત દાહકતાનું દારુણ ગાન **ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ** ૧૧૭

૧૧. મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર કાર્યવૃત્ત **ડૉ. અંબાદાન રોહડિયા** ૧૨૩




# : સંતમત :





**૧**

# તંત્રસાધના અને ભક્તિ

**હસમુખ વ્યાસ**

ભારતીય દાર્શનિક વિચારપદ્ધતિમાં તંત્રસાધનાનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. 'તન્ત્ર' શબ્દની નિષ્પતિ તન ધાતુને ષ્ટ્રન પ્રત્યય લાગી થયેલ છે. तन्यते विस्तार्यते ज्ञातमनेन इति तन्त्रम् । અર્થાત્ જેના દ્વારા જ્ઞાનનો વિસ્તાર થાય તે શાસ્ત્ર તે તંત્ર. 'કામિક આગમ' અનુસાર તન્ત્ર શબ્દની નિરુક્તિ તન (વિસ્તાર કરવો) અને ત્રૈ (રક્ષણ કરવું) આ બે ધાતુઓના યોગથી થયેલ છે. અર્થાત્ જ્ઞાનના વિસ્તાર સાથોસાથ તન્ત્ર તેના સાધકોનું ત્રાણ-રક્ષણ પણ કરે છે.

**तनोति विपुलानयान् तन्त्रमन्त्रसमन्वितान ।**
**त्राणं च कुरुते यष्मात् तन्त्रमित्यभिधीयते ॥**

આમ, 'તન્ત્ર'નો વ્યાપક અર્થ શાસ્ત્ર, સિદ્ધાંત, અનુષ્ઠાન, તથા વિજ્ઞાન ઇત્યાદિ થાય છે. મહાભારતમાં ન્યાય, ધર્મશાસ્ત્ર, યોગ વગેરેના અર્થમાં તન્ત્ર શબ્દ પ્રયોજાયેલ છે. स्मृतिस्व तन्त्राख्या परमर्षिप्रणीता । પરંતુ લોકવ્યવહારમાં તંત્ર શબ્દનો સંકુચિત અર્થમાં પ્રયોગ કરાય છે : જે મંત્ર, કીલ, કવચ ઇત્યાદિથી સંબદ્ધ એક વિશિષ્ટ સાધનાપથ તે તન્ત્ર.

તમામ સંપ્રદાયોમાં સાધનાના બે પ્રકાર સ્વીકારાયા છે : બહિરંગ અને અંતરંગ. બાહ્ય સાધનામાં વિધિ-વિધાનોનું પ્રાધાન્ય હોય છે. આનો અધિકારી



સામાન્ય જન હોય છે અને તેના માટે વિશેષ યોગ્યતાની અપેક્ષા રહેતી નથી. તો, અંતરંગ સાધનાના વિધિ-વિધાનમાં વિશિષ્ટ અધિકારીની અપેક્ષા રહે છે. આની સાધના માટે તમામને અનુમતિ હોતી નથી. અધિકારીની પાત્રતા-યોગ્યતા પારખી-ચકાસીને જ સાધનાની સ્વીકૃતિ અપાય છે.

તન્ત્રના બે પ્રકાર છે : વેદાનુકૂલ અને વેદબાધ્ય. મોટાભાગના તંત્રોના સિદ્ધાંત તથા આચારનું મૂળ વેદ જ છે. પાંચરાત્ર તથા શૈવાગમના કેટલાક સિદ્ધાંત વેદમૂલક હોવા છતાં પ્રાચીન ગ્રંથોમાં આને વેદબાધ્ય કહ્યાં છે. તો, શાક્તતન્ત્રના સપ્તવિધ આચારોમાં કેવળ વામાચાર સિવાય શેષ વેદમૂલક જ છે. વેદબાહ્ય તંત્રોમાં આચાર અને પૂજાના પ્રકાર વૈદિક પદ્ધતિથી ભિન્ન હોય છે. તંત્રોપાસનાની મૂળભૂત માન્યતા આ છે - ઉપાસ્ય દેવ અને ઉપાસકમાં અભેદભાવસ્થાપન - देवा भूत्वा यजेद देवम् (અનુસાર શાક્તસાધનામાં અભેદભાવ રહે છે. અહીં યાદ રહે કે તંત્રોમાં પરમતત્ત્વ માતૃ રૂપે સ્વીકારાયેલ છે. તંત્રના મુખ્યત્વે ત્રણ પ્રકાર છે : બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન.[૧]

ભક્તિના ઉદ્ભવ અને વિકાસ અંગે પર્યાપ્ત મતભેદ હોવા છતાં સહજ અને 'પ્રામાણિક રૂપે કહી શકાય કે આસ્તિકભાવથી ઈશ્વરોપાસના કરનારા આર્યોમાં ભક્તિનાં મૂળ-બીજ વિદ્યમાન હતાં અને ભક્તિના વિવિધ પ્રકારોનો એમણે વૈદિકકાળમાં જ કોઈ ન કોઈ સ્વરૂપે સ્વીકાર કર્યો હતો. વાસ્તવમાં વૈદિક યુગમાં પ્રત્યેક પ્રાકૃતિક તત્ત્વ કે ઘટનામાં કોઈ ને કોઈ દેવતાની પરિકલ્પના તેઓ કરતા હતા ને તેમને પ્રસન્ન રાખવા - કરવા વિવિધ પ્રકારનાં યજ્ઞાદિ અનુષ્ઠાનો કરતાં રહેતા હતા. આ અનુષ્ઠાનોમાંથી જ આગળ જતાં ક્રમશઃ શ્રદ્ધા-ભક્તિનો ઉદ્ભવ થયો અને આર્યોના પ્રારંભિક બહુદેવવાદ (Monotheist) એકેશ્વરવાદમાં પરિણત થવા લાગ્યો. આરંભમાં જ્યારે મનુષ્યે પ્રકૃતિને વિસ્મયથી જોઈ ત્યારે કોઈ એક સર્વવ્યાપક અને નિયામક સત્તા હોવી જોઈએ એવા મૂક તારણ પર અવશ્ય પહોંચ્યો અને કૃતાર્થ અને કૃતજ્ઞ અવશ્ય થયો હોવો જોઈએ. વૈદિક ઋષિઓ વિષે ધારણા છે કે તેઓએ જે જોયું તે કહ્યું-વર્ણવ્યું છે. યાષ્ક કહે છે : साक्षात्कृत धर्माणः ऋषयो बर्भुवुः । અર્થાત્ ઋષિઓએ ધર્મ અતવા જ્ઞાનનો સાક્ષાત્કાર કર્યો હતો. એ વિરાટ સત્તા-પરમતત્ત્વને જોવા-જાણવા-સમજવાની ઇચ્છા થાય એ સહજ છે. એટલું જ નહિ, તેના પ્રત્યે શ્રદ્ધા હોવી પણ સ્વાભાવિક છે. આથી એ પરમતત્ત્વની ખોજ ત્રણ માર્ગે આરંભાઈ : જ્ઞાન, ભક્તિ અને કર્મ-વૈદિક ભક્તિનાં પ્રમુખ ઉપાંગ ત્રણ છે : સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના. આમ ભારતવર્ષની અધ્યાત્મસાધના

ત્રિપથગામી. જે આગળ જતાં ભાગવત્ ભક્તિમાં નવધા સ્વરૂપ પામ્યા.

તંત્ર અને ભક્તિ બન્ને ઉપાસના જગતના વિપરીત છેડા છે. ભક્તિવિહીન તંત્રનું પ્રક્રિયા-વિજ્ઞાન સફળ થઈ શકે છે. જો તેની સાથે ભક્તિ પણ સંલગ્ન હોય તો તેનો કોઈ વિરોધ નથી તોપણ ભક્તિ તેની પ્રક્રિયાને વિશેષ અનુકૂળ કરી શકે છે. હા, એ ખરું છે કે તંત્રની પ્રક્રિયામાં જ જો કોઈ ખામી-ત્રુટિ રહેલ હોય તો ભક્તિનો સંયોગ પણ તેને સફળ બનાવી શકતી નથી. તંત્ર ભક્તિથી સ્વતંત્ર છે. આમ હોવા છતાં તંત્રમાં કોઈ પણ રીતે ભક્તિ પ્રવેશી જ છે. ભારતીય ઇતિહાસના મધ્યકાળ દરમ્યાન જ્યારે વૈષ્ણવ ભક્તિ દક્ષિણથી આગળ - વિશેષતઃ ઉત્તર તરફ - સ્પબાધિત ગતિએ વિસ્તરી-પ્રસરી રહી હતી ત્યારે તેના પ્રભાવથી ઉપાસનાનું કોઈ ક્ષેત્ર અછૂતું રહેત નહીં. ભક્તિનો વિશ્વાસ ચમત્કારમાં છે; તો તંત્રનો પ્રક્રિયા વિજ્ઞાનમાં. અન્ય ઉપાસનાક્ષેત્રોની સાથોસાથ ભક્તિએ તંત્રને પણ પ્રભાવિત કરેલ છે. પરંતુ ત્યાં તેનું સ્વરૂપ અલગ છે; જેને જોઈને નક્કી કરી શકાય નહીં કે તંત્રે ભક્તિને પ્રભાવિત કરેલ છે કે ભક્તિ તંત્રમાં આત્મસાત્ થઈ ગયેલ છે. આની ચર્ચા આગળ કરીશું એ પૂર્વે તંત્ર અને ભક્તિના મૂળ સ્રોત આપણી ચેતનામાં ક્યાં છે તેના વિષે થોડું વિચારીએ.

તંત્રવિદ્યા આત્મજગતના સ્વના નિરીક્ષણનું પ્રતિફળ છે. મન ત્યાં ઉપસ્થિત હોતું નથી. મન વ્યવહારજગતની સત્તાનું સંચાલન કરે છે તો પારમાર્થિક સત્તાનો આશ્રય વ્યવહારિક સદાચરણ ભક્તિને પ્રકટાવે છે. કોઈ પણ પરોક્ષ સત્તાની વ્યવહારિક ખરાઈ-કસોટીએ પ્રકરાન્તરે સાત્ત્વિક સેવા તેની ભક્તિ જ છે અને આ બધું મન કરે છે. મન તમામ પ્રકારે પ્રપંચકર્મા છે, પરંતુ ઈશ્વરના નામે પ્રપંચ ત્યજી જ્યારે તે એની સેવામાં લીન-એકાકાર થાય છે ત્યારે તે દરેક બાજુએથી સાત્ત્વિક વૃત્તિઓના અનુસંધાનમાં લાગી જાય છે. અને એ વૃત્તિઓથી જ ઈશ્વરની સેવા કલ્પે છે જે બાહ્ય સ્વરૂપે તેનું ભજન છે પરંતુ એ છે તેની ભક્તિ. પાણિનીય શિક્ષાનુસાર આત્મા બુદ્ધિથી અર્થોનું ચયન કરી મનને તેને પ્રકટ કરવા કહે છે ત્યારે મન શરીરના અગ્નિ પર દબાણ કરતાં તે હૃદયાકાશમાં વાયુને પ્રેરિત કરે છે. વાયુ હૃદયમાં ફરી સહજ રીતે ધીમેથી સ્વરને જન્મ આપે છે અને એ સ્વર જ ઉચ્ચરિત થતાં બાહ્ય સ્ફુટ ધ્વનિ અર્થાત્ વૈખરી સ્વરૂપે સંભળાય છે. આના પૂર્વે વાણીના ત્રણ સ્વરૂપ હોય છે : પરા, પશ્યન્તી અને મધ્યમા. પરા-પશ્યન્તી વાણી માત્ર યોગીઓની હોય છે, પરંતુ મધ્યમા વાણીની સ્થિતિ કેવળ આત્મા અને બુદ્ધિની વચ્ચેની હોય છે. જ્યાં તંત્રના બીજાક્ષર ઉદ્ભવે છે. તંત્રમાં પણ જ્યારે મન પ્રવેશે



છે ત્યારે તે બીજાક્ષર દેવતાના એ વ્યવહારિક સ્વરૂપને દર્શાવે છે, જે સ્વરૂપ પ્રતિ આકૃષ્ટ થવાથી ભક્તિપૂર્ણ વાણી સ્ફુરવા અને ફૂટવા લાગે છે. અહીં યાદ રહે — આ મનનું જ પરિણામ છે. મન એ ભક્તિમાં પ્રાયઃ દેવતાના કામ - મોહન સૌન્દર્યનું દર્શન કરે છે. આત્મા અને બુદ્ધિ તંત્રને જન્મ આપે છે તો મન ત્યાં પ્રવેશી ભક્તિને વધુ ખીલવે છે. અલબત્ત, આનાથી તંત્રને નુકસાન થયું છે અને તંત્ર-માર્ગનું સરલીકરણ પણ થયેલ છે. બૌદ્ધ અને જૈન આ ભક્તિમિક્ષિત તંત્રના ઉપાસક હતા. પરંતુ શુદ્ધ તંત્ર સ્વયં સ્વતંત્ર અને શક્તિમાન હોય છે. તેને ભક્તિની જરૂરિયાત કે અપેક્ષા હોતી-રહેતી નથી; પરંતુ મને તંત્રશક્તિઓનું ભક્તિપૂર્વક એવું ધ્યાન કર્યું કે એ શક્તિઓનું સૌન્દર્યદર્શન અને પરાક્રમની પ્રશંસા તંત્રના પ્રયોગ પૂર્વે ધ્યાન રૂપે થવા લાગ્યા. એટલું જ નહિ, પરવર્તી તંત્રગ્રંથોમાં આ ધ્યાન આવશ્યક-અનિવાર્ય બની રહ્યું.

એમ કહેવાય છે કે પ્રારંભમાં કેવળ ૐકારનો ધ્વનિ બ્રહ્માંડમાં ઉદ્ભવ્યો એ પછી આ સમગ્ર સૃષ્ટિ રચાઈ-સર્જાઈ. આમ સ્વરથી જ સૃષ્ટિનું સર્જન થયેલ છે. શૈવ પ્રત્યભિજ્ઞા-દર્શનમાં સમસ્ત વર્ણ-સમામ્નાય (સ્વર-વ્યંજનમાત્ર) શિવ-પાર્વતીનું જ રૂપ મનાય છે. અથર્વવેદના મંત્રો - જે તમામ પ્રકારની વ્યાધિઓનો નારા કરી પરોક્ષ શક્તિઓનું દર્શન કરાવે છે. સિદ્ધિઓ આપે છે. અથવા મનુષ્યને દીર્ઘાયુષ્ય બનાવે છે તો મંત્રોની રચનામાં કરાયેલ વર્ણ-વિન્યાસ વર્ણ-સમાનાયના એક ચોક્કસ તંત્રનું પાલન કરે છે. ક્યારેક એવું પણ બને કે મંત્રનો અર્થ તો કંઈક બીજો જ થતો હોય તોપણ તંત્ર-પ્રયોગમાં તેનું કોઈ અનુસંધાન હોતું નથી ત્યારે તેમાં તંત્રની ક્ષમતા વર્ણ-વિન્યાસથી આવે છે. આવા અનેક મંત્ર છે. આથી જ તો વેદને શબ્દ-પ્રધાન શાસ્ત્ર પણ કહેલ છે. અર્થાત્ તેના વર્ણો અને માત્રાઓના ઉચ્ચારણમાં અપ્રત્યક્ષ શક્તિ રહેલ છે.

વેદની મંત્રશક્તિ સર્વવિહિત છે. શક્તિઓના બીજાક્ષરો - ઐંકલીં હ્રીં શ્રીં રં - ઇત્યાદિના મંત્રાત્મક પ્રયોગ, પૂજા-હવન પણ શક્તિનું એવું જ પ્રદાન કરે છે. સિદ્ધિ અને ફળની દૃષ્ટિએ તમામ વર્ણ-સમામ્નાયના બીજાક્ષર પ્રયોગ અનેક રૂપે વિભક્ત થાય છે. પરંતુ આ સ્વરૂપોમાં અ-ઈ-ઉ-ઋ-લૃ-એ-ઓ વગેરે સ્વર-પ્રધાન બની રહે છે. તો વ્યંજનોમાં ક્-મ્-ય્-ર્-લ્-વ્-હ્-સ્ની પ્રમુખતા જોવા મળે છે. વેદના મંત્રદર્શનની સમાન્તર જ તંત્રના બીજાક્ષરોમાં દેવતા કે શક્તિનું ધ્યાન કરાયું છે એ કહી શકાતું નથી અથવા બીજાક્ષરોનું અસ્તિત્વ પાછળથી ઉદ્ભવ્યું કે કેમ એ પણ નિશ્ચિતપણે કહી શકાતું નથી. અલબત્ત મધ્યકાળ દરમ્યાન વૈષ્ણવ,

શાક્ત, પાંચરાત્ર ઇત્યાદિએ પોતપોતાના સંપ્રદાયોની અવધારણાઓ પ્રમાણે જ બીજાક્ષર મંત્રોની પ્રતિષ્ઠા કરી લીધેલ. પરંતુ આ મૂળ વિદ્યા શિવ-શક્તિના ઉપાસકોની હોઈ આમાં શૈવ પ્રત્યભિજ્ઞાદર્શન તેમજ બીજાક્ષરની મન્ત્રવિદ્યાનું મૂળ પણ ચોક્કસપણે ક્યાંક એક જ છે. આ સંદર્ભે તુલસીદાસે કહ્યું છે -

અનમિલ આખર અરથ ન જાપૂ ।
પ્રકટ પ્રભાઉ મહેસ પ્રતાપૂ ॥

શિવ-શક્તિની ઉપાસનાથી જ બીજા ક્ષરતંત્ર ઉદ્ભવ્યું અને પરંપરાથી માન્ય સ્વરૂપે સ્વીકારાયેલ છે. આચાર્ય શંકર તમામ સિદ્ધિઓના મૂર્તરૂપ આ પ્રસ્તુત તંત્રના જનક શિવ-શક્તિનો મહિમા વર્ણવે-ગાય છે :

**चतुः षष्ट्या तन्त्रैः सकलमभिधाय भुवनं**
**पुनस्तत्तत्सिद्धिप्रसव परतत्रः पशुपतिः ।**
**पुनस्त्वन्तिर्बन्धायखिलपुरुषोर्थक घटना-**
**स्वतंत्रं ते तंत्रं क्षिति तलमवातीतरदियम् ॥**

(સૌન્દર્યલહરી, ૩૧)

અર્થાત્

તે તે (નિયત) સિદ્ધિ (જ) ઉત્પન્ન કરવા પરતંત્ર ચોસઠ તંત્રો વડે સારાયે બ્રહ્માંડને મોહ પમાડીને શિવ નિરાંતે બેઠા હતા, ત્યારે ફરી આપના આગ્રહથી બધા પુરુષાર્થોને સિદ્ધ, કરવા માટે સમર્થ આપનું આ તંત્ર પૃથ્વીપટ પર અવતારિત કર્યું.

અલબત્ત તંત્રની સર્વ સફળતા એની ક્રિયા-પ્રક્રિયામાં જ છે તોપણ શિવ-શક્તિ આના જનક મનાય છે, વિશેષ રૂપે શક્તિ (ભવાની)ની કૃપાથી જ આ વિદ્યા પૃથ્વી પર ઉદ્ભવી-અવતરિત થયેલ છે. અહીં એ યાદ રહે કે તંત્રમાં ક્રિયાની સમાન્તર શક્તિ પ્રત્યે તાન્તિક ભક્તિને પણ જન્મ આપે છે. તાન્ત્રિક ભક્તિનો તાત્પર્યાર્થ પ્રત્યેક તંત્રવર્ગના મંત્રોના દેવતા, શક્તિની જ વિભિન્ન શક્તિઓ રૂપે કલ્પાઈ; તંત્રની સાધનામાં તેનું ધ્યાન અને પૂજન કરવા ઉપરાંત જે-તે તંત્ર-મંત્રોની સિદ્ધિમાં પ્રવૃત્ત થવું ઇત્યાદિ. તંત્રસાધનામાં ભક્તિના આ પુરને અનિવાર્ય કરાયેલ છે. અલબત્ત સિદ્ધિ ભક્તિમાં નહિ પણ સાધનાની ક્રિયાની પરિણિતીમાં જ રહેલી છે.તંત્રમાં ભક્તિનો આ પ્રવેશ મધ્યકાળ અર્થાત્ ૭મી સદી પછીનો મનાય છે. ભક્તિના આ પ્રવેશમાં વૈષ્ણવ પ્રભાવ નિતાંત સહાયક થયેલ છે.



પરંતુ એ હકીકત છે કે તંત્રસાધકોએ ભક્તિના પ્રવેશને સ્વતંત્ર રહેવા દીધેલ નથી; તેઓએ ભક્તિનું પણ તંત્રીકરણ કરી નાખ્યું હોવાનું તેમના ધ્યાન માટે રચાયેલ સ્તુતિઓથી સિદ્ધ થાય છે. એટલું જ નહિ, ધ્યાનની આ સ્તુતિઓમાં તંત્ર-સાધનાના મૂળ સ્વરૂપ દેવીના ભુવનમોહનસ્વરૂપ સૌન્દર્યના વર્ણનની આવશ્યકતા રહે છે. અર્થાત્ તંત્રમાં શક્તિ-દેવીનું નામીના યૌવના સ્વરૂપનું સૌન્દર્ય-દર્શન અનિવાર્ય મનાય છે. તંત્રમાં સાધક માતૃસ્વરૂપ ભવાનીના જે લાવણ્યમય સૌન્દર્યનું ઉન્મુક્ત દર્શન કરે છે એ તેની ભવાની (શક્તિ) પ્રત્યેની ઉત્કૃષ્ટ ભક્તિની અભિવ્યક્તિ જ છે. મંત્ર માત્રમાં સ્વીકારેલ-અપનાવાયેલ આ ભક્તિ વિલક્ષણ છે. શક્તિના આવા અનુપમ સૌન્દર્ય-લાવણ્યનું એક ચિત્ર-દર્શન નોંધીએ :

**कर्णे स्वर्ण विलोले कुण्डल धरामापीन वक्षोरुहां**
**मुक्ताहारविभूषणां परिलसद्धम्मिल्ल सन्मल्लिकाम् ।**
**लीलालोलितलौचनां शशिमुखीमाबद्धकांचीस्त्रजं**
**दीव्यन्ती भुवनेश्वरीमनुदिनं वन्दामहे मातरम् ॥**

ધ્યાનમાં વર્ણિત દેવીના નારીસ્વરૂપ લાવણ્ય-સૌન્દર્યનું વર્ણન કરતી ભુવનેશ્વરીમહાસ્તોત્રનો પ્રસ્તુત શ્લોક તંત્રસાધનામાં માતૃશક્તિની સિદ્ધ ઉપાસના સંદર્ભે છે.

આચાર્યે શંકરરચિત સૌન્દર્યલહરી (ભવાનીસ્તુતિ)માં શિવપત્ની પાર્વતીના આધ્યાત્મિક અને સૃષ્ટિ-વિધાત્રી પ્રકૃતિના રૂપાત્મક સૌન્દર્યનું લોકોત્તર વર્ણન છે. પ્રસ્તુત ગ્રંથની સ્તુતિઓ તન્ત્ર-મંત્રની સાધના અને ભાવ-ભક્તિની એકાકાર અભિન્નરૂપ રચના પણ છે. આમાં તંત્ર અને ભક્તિ દૂધ-સાકરની જેમ ભળી ગયાં છે. ભવાની સૃષ્ટિની વિધાત્રી છે. સૌન્દર્યના મહોદધિ છે. કાલકૂટનો કોળિયો કરી જનાર શિવને કાળનું ઓસાણેય નથી તેનું કારણ દેવીના કર્ણાભરણનો મહિમા છે :

**करालं यत्क्षवेडं कवलितवतः काल कलना ।**
**न शम्भोस्तन्मूलं जनति तव ताटक महिमा ॥** (સૌ.લ.૨૮)

એક વધુ શ્લોક નોંધીએ :-

**क्वणत्कांचीदामा करिकलभ कुम्भस्तनभरा**
**परिक्षीणा मध्ये परिणत शरच्चन्द्रवदना ।**
**धर्नुबाणान्पारां सृणमपि दधाना करतलैः**
**पुरस्तादास्तां नः पुरमयितुराहो पुरुषिका ॥** (સૌ.લ.૭)

અર્થાત્

રણકાર કરતી કટિમેખલા, હાથીના બચ્ચાનાં કુંભસ્થળ જેવાં સ્તનથી નમેલ, કેડમાં પાતળાં, શરદપૂનમના ચન્દ્ર જેવા મુખધારી, હાથમાં ધનુષ્ય, બાણ, પારા અને અંકુશ ધારણ કરનાર ત્રિપુરારિ (મહાદેવ)ની અહંકારરૂપી મહાબલવતી શક્તિ, આ મારી આગળ ને આગળ (દરેક પ્રવૃત્તિમાં) નિયામિકા હો !

ઉક્ત છંદમાં ભવાનીનું વીર સ્વરૂપ વર્ણવતાં કવિ પ્રથમ બે પંક્તિઓના તેના મોહિનીરૂપનું પણ ચિત્રણ કરે છે - વિશેષતઃ करिकलभ कुम्भस्तनभरानुं સ્વરૂપવર્ણન. અહીં તાંત્રિક કવિને પોતાની માતા ભવાનીના શૃંગારની પ્રશંસા નિજવાણીમાં કરવી ગમે છે. માતાના ઉદ્ધમ શૃંગાર-વર્ણન દ્વારા જ જાણે તેના તંત્રની સિદ્ધિ ન હોય ! આની પાછળ સાધનાનાં રહસ્યાત્મક કારણ છે. તંત્ર કે તપસ્યાની કોઈ પણ સિદ્ધિમાં કામ સૌથી મોટી બાધા બની રહે છે. લોભ-ક્રોધ-મદ-મોહ-ઈર્ષ્યા ઇત્યાદિ ભાવો પર તો સાધક કોઈ ને કોઈ પ્રકારે તપસાધનાથી વિજય મેળવી લે છે. અલબત્ત આ વિજય આસાન હોતો નથી જ. આના માટે પણ સાધકે સાધના-તપનો દુર્ગમ પંથ પસાર કરવો પડે છે. આમ છતાં આ પંથ પાર તો અવશ્ય કરી શકાય છે. પરંતુ કામ-વિજય માટે ઉક્ત દુર્ગમ પથથી નહિ પણ સ્વાતંકરણના ખળભળાહટથી બચવાનું હોય છે. અને એ ખળભળાટ ક્યારે થઈ આવે એ કદી જાણી શકાતું નથી ! ગૌતમ બુદ્ધના નિર્વાણની પ્રતિષ્ઠા અને આચાર્ય શંકરના અદ્વૈતવાદની સ્થાપના પછી પરમતત્ત્વના ચિંતન-મનન અને ભજનના ક્ષેત્રે સર્વત્ર કામ પર આક્રોશ વ્યક્ત થવા લાગ્યો અર્થાત્ કામ ન હોત તો સાધક સરળ-સહજ ને સીધા માર્ગ દ્વારા જીવનનાં તમામ દુઃખોથી છુટકારો મેળવી પરમાત્માના અનંત આનંદમય લોકમાં પહોંચી શકત. કામ-વિજય માટે કેટકેટલા પ્રયત્નો કરાયાં - અન્નનો ત્યાગ કરાયો, જંગલમાં વસવાટ કરાયો, સ્ત્રીનું પ્રત્યક્ષ દર્શન પાપ મનાયું ઇત્યાદિ વિધિ-નિષેધો કરાયા છતા કામથી છુટકારો ન જ મળ્યો ! અને જ્ઞાન-ભક્તિ એમ બન્ને માર્ગના સાધકો કામના કારણે જ મુક્તિ-પરમતત્ત્વના માર્ગથી સતત લપસતા રહ્યા !

આના સંદર્ભે તંત્રસાધકોએ એક જુદો જ માર્ગ-પંથ અપનાવ્યો. એટલું જ નહિ, તેઓનું લક્ષ્ય પણ બીજું જ રહ્યું હતું. તેઓ કામ પર વિજય મેળવવા ઇચ્છતા ન હતા. કામના અકાટ્ય આક્રમણથી પોતાને રક્ષવા-બચાવવા ઇચ્છતા હતા - વિશેષ તો જ્યારે સાધનામાં લીન હો ત્યારે. આથી જ્યારે તેઓ સાધનામાં લીન હોય ત્યારે કામ તેની તલ્લીનતા-એકાગ્રતાને ભંગ કરી દે અને લક્ષ્યપ્રાપ્તિ ન



કરી શકે એટલા માટે તેઓ ધ્યાન દરમ્યાન દેવીના ઉદ્દામ શૃંગારનાં સ્વરૂપ પ્રત્યક્ષ રાખતા; ફલતઃ દેવીનું એ સ્વરૂપ તેઓનું રક્ષણ કરતું. જે સ્વરૂપદર્શનથી કોટિ કામનું સર્જન થઈ શકતું અને સર્વનાશ પણ થઈ શકતો એ દર્શનની આવી સૂઝ-બૂઝ મધ્યકાળમાં જ તાંત્રિકોને આવી હતી.

આચાર્ય શંકરના આવિર્ભાવ પૂર્વે અને પછી ઉપરની વિભાવના પાછળ બૌદ્ધ અને જૈન તાંત્રિકોની શાસિકા દેવીઓનો પ્રભાવ હોવાનો પણ એક મત છે. તંત્રસાધનામાં સાધક ભાવનીના ઉદ્દામ શૃંગારનું ધ્યાન તો અવશ્ય કરતો-ધરતો પણ સાધનાની સફળતા અર્થાત્ સિદ્ધિ માટે એમણે બ્રહ્મચર્યવ્રત, ભૂમિશયન, વાણી પર સંયમ, સાત્ત્વિક ભોજન ઇત્યાદિ નિયમોનું પાલન કરવું પણ એટલું જ આવશ્યક રહેતું. (ભુવનેશ્વરીસ્તોત્ર).

શત્રુ પર ચડાઈ કરતાં; તેના પર વિજયની કામના રાખતા પૂર્વે પોતાનો ગઢ (કિલ્લો) સલામત અને સુદૃઢ હોવો જરૂરી છે. નિશ્ચિત રૂપે કામ સાધકનો કટ્ટર શત્રુ છે. સાધક પોતાના દેહરૂપી કિલ્લામાં કામથી સુરક્ષિત રહી શકતો નથી; કેમ કે કામે તેના કિલ્લામાં ગુપ્ત રૂપે નિયતિ કરેલ હોય છે. સાધક બહાર લડતો રહે ત્યાં સુધીમાં કામ તેની અંદર જ બધું ખતમ કરી શકે છે અથવા કરતો હોય છે. આથી કામ વિજય માટે સાધકે યુદ્ધના આ અત્યંત ગૂઢ પક્ષને જાણી-સમજી તેનાથી બચવા એક બીજો જ ઉપાય વિચાર્યો : આ ઉપાય તે દેવી-ભવાનીના ઉદ્દામ શૃંગારનું ધ્યાન : જે બીજા સમયે નહિ તો કમસેકમ ઉપાસના સમય દરમ્યાન તો અવશ્ય હોવું જોઈએ. પ્રકારાન્તરે કામના ગઢમાં જ (દેવીના ઉદ્દામ શૃંગારના ધ્યાન દરમ્યાન) નિવાસ કરવો. જે મૂળ તો કામનો હોવો છતાં એના પર તેનો અધિકાર ન રહેતાં હવે ત્યાં ભવાનીશક્તિની સત્તા રહે છે. સાધક દેવીના શૃંગારના ધ્યાનમાં લીન થઈ કામના વજ્રઘાતથી પોતાનું રક્ષણ કરે છે; ભવાનીના શૃંગાર સ્વરૂપની આ ઉપાસના જ સાધકની તાંત્રિક ભક્તિ મનાય છે.

તંત્રાગમ શાક્ત-શૈવ ચિંતનની દેણગી છે. 'પ્રત્યભિજ્ઞાદર્શન' જેવું શાસ્ત્ર તેના પારમાર્થિક પક્ષની મીમાંસા છે. શાબર તંત્ર આની એ સાધના છે જેમાં તેનો વિશુદ્ધ પક્ષ (અત્યંત લૌકિક) સુરક્ષિત રહેતો આવેલ છે. આમાં સન્નિવિષ્ટ થયેલ ધ્યાન અને ભક્તિનું તત્ત્વ ક્યાંક ને ક્યાંક તો વૈષ્ણવ પ્રભાવના કારણે હોવાનો મત છે. પરંતુ આ પ્રભાવ કેવળ પદ્ધતિ સુધી જ સીમિત રહેલ છે, ક્રિયા-પ્રક્રિયામાં નહીં તંત્રની ક્રિયા સ્વતંત્ર શક્તિ-ઉપાસના છે; શૈવ ઉપાસના પણ આનાથી ભિન્ન નથી કેમ કે એ પણ આમાં જ સન્નિહિત છે. મધ્યકાળ દરમ્યાન વૈષ્ણવોની ભક્તિ-

ધારાએ ઉપાસનાનાં તમામ ક્ષેત્રોને પ્રભાવિત કરેલ. પ્રાયઃ તમામ ઉપાસનાઓમાં ભક્તિનો પ્રવેશ કોઈ ને કોઈ સ્વરૂપે થતો ગયો-રહ્યો. આ રીતે તંત્રાગમમાં પણ થયો. પરંતુ તંત્રની શાક્ત ઉપાસનાનું પોતાનું અલગ જ ક્ષેત્ર હતું. તેને આત્મસાત્ કરવા માટે વૈષ્ણવ ચિંતને તેની કલાનો વિનિયોગ કર્યો. અલબત્ત આમ છતાં તે તેને આત્મસાત્ તો કરી શક્યું નહિ, કેમ કે તંત્રાગમની ક્રિયા વૈષ્ણવ ચિંતનથી તદ્દન વિપરીત અને તેની સીમાથી બહાર હતી. તોપણ વૈષ્ણવ ચિંતને તેને હઠપૂર્વક અપનાવવા ઈચ્છ્યું જેનો પ્રભાવ દુર્ગાસપ્તશતીની કથાઓ અને સ્તુતિઓમાં સ્પષ્ટ વર્તાય છે. આનાથી તંત્રના મૂળ સ્વરૂપને નુકસાન થયું એટલું જ નહિ, તેમાં ભેળસેળ પણ થઈ. દુર્ગાસપ્તશતીનો જ આવો એક સંદર્ભ જોઈએ - દુર્ગાસપ્તશતીની શાક્ત સાધનાને વૈષ્ણવ તંત્રનું સ્વરૂપ આપવા તેમાં વધતા-ઓછા પ્રમાણમાં ફેરફાર કરાયા છે. આનાથી સપ્તશતી સંબંધિત મૂળ સ્વરૂપ સાવ જ બદલાઈ જવા પામ્યું. અનેક અધ્યાયોના છંદના છંદ બદલી નખાયા. ખાસ તો મધ્યકાળ દરમ્યાન વિષ્ણુનું સ્થાન કૃષ્ણે લીધું. વિષ્ણુપુરાણમાં વિષ્ણુ પ્રધાન છે પણ ભાગવત મહાપુરાણમાં પ્રતિપાદ્ય શ્રીકૃષ્ણ છે. સપ્તશતીમાં પણ વિષ્ણુના પર્યાયમાં કૃષ્ણનો પ્રયોગ થયેલ છે :

**चक्रं च दत्तवान कृष्णः समुत्पाद्य स्वचक्रतः ।**
**शंखं च वरुणः शक्ति ददौ तस्यै हुताशनः ॥** (દસ.શ.૨.૧૧)

અહીં થયેલ કૃષ્ણનો પ્રયોગ વૈષ્ણવ સાધકોએ શક્તિને વિષ્ણુનાં બધાં સ્વરૂપોની શક્તિ નિરૂપિત કરવામાં અભિરુચિ હોવાનું સિદ્ધ કરે છે.

દુર્ગાસપ્તશતીને ત્રણ ચરિત્રોમાં વિભાજિત કરાયેલ છે : મહાકાલી-મહાલક્ષ્મી-મહાસરસ્વતી ચરિત્ર. આ વિભાજનમાં પણ વૈષ્ણવોની પરિકલ્પના હોવાનું મનાય છે. તેઓ અર્થાત્ વૈષ્ણવો મહાકાલી ચરિત્રથી આ તાંત્રિક ગ્રંથને સમાપ્ત કરવા ઈચ્છતા ન હતા. સપ્તશતીના અધ્યાય ૫-૧૦ સુધી જે કથાનક છે : રક્તબીજના બુંદ બુંદ રક્તને મહાકાલી પીતા જાય છે જેથી એમાંથી કોઈ બીજો અસુર ઉત્પન્ન ન થાય. આ સિવાય આખી કથા યુદ્ધની છે, જે કાલીની પ્રકૃતિને અનુકૂળ છે. ખરેખર અહીં પ્રથમ ચરિત્ર મહાસરસ્વતીનું હોવું જોઈએ કેમ કે આમાં બ્રહ્મયોગ નિદ્રાની સ્તુતિ દ્વારા વિષ્ણુને જગાડાય છે, જેથી તે મધુકૈટભનો વધ કરે પણ પ્રસ્તુત ચરિત્રોની સંજ્ઞા અને વિનિયોગ જ બદલી નખાયાં ! મહાકાલીને સરસ્વતી ચરિત્રની સંજ્ઞા આપી તેની સ્તુતિમાં કહેવાયું : હે માતા ! તમે અનન્ત બળસમ્પન્ન વૈષ્ણવી શક્તિ (શિવની શક્તિ નહીં) વિશ્વ-ઉત્પત્તિના કારણરૂપ છો;



તમે જ પરા માયા છો; તમે જ સમગ્ર વિશ્વને મોહમય બનાવ્યું છે; તમો પ્રસન્ન થઈ મોક્ષ પ્રદાન કરો છો —

**त्वं वैष्णवी शक्तिरनन्त वीर्या**
**विश्वष्य बीजं परमासि माया ।**
**सम्मोहितं देवि समस्तमेतत**
**त्वं वै प्रसन्न भुवि मुक्ति हेतुः ॥** (દુર્ગા.૧૧.૫)

મુક્તિ કે મોક્ષ વૈષ્ણવની ઓળખ છે. દુ.સ.શ.માં તંત્ર ઓછું અને વૈષ્ણવી શક્તિની ભક્તિસાધના વિશેષ હોવાનું તત્ત્વિદોનું માનવું છે.

મધ્યકાળ દરમ્યાન સરસ્વતીની ઉપાસના અને સાધના માટે તંત્ર-ગ્રંથ સ્વીકારવામાં તો આવ્યા પરંતુ આમાં પણ ધ્યાનના સ્વરૂપે ભક્તિનો સન્નિવેશ છે જ; એટલું જ નહિ, તંત્રનું વિશુદ્ધ સ્વરૂપ પણ તેમાં છે. શ્રીધરાચાર્ય-રચિત મહાભુવનેશ્વરીસ્તોત્ર આવી જ એક તંત્રરચના છે. આમાં સરસ્વતીના સ્વરૂપનું ધ્યાન વર્ણ-સમામ્નાય રૂપે કરાયેલ છે.

અ = મસ્તક
આ = મુખ
ઇ-ઈ = નેત્રયુગ્મ
ઉ-ઊ = કર્ણયુગ્મ
ઋ-ૠ = નાસિકા યુગ્મ
ૢ - ૣ = નેત્રયુગ્મ ઉપરના કપાળ
એ - ઐ = ઉપર-નીચેની દંતાવલી
ઓ - ઔ = ઓષ્ઠ અને અધર
અનુસ્વીર = જિહ્‌વામૂળ
વિસર્ગ = ગ્રીવા (ડોક)
કવર્ગ = જમણી ભુજા
ચવર્ગ = ડાબી ભુજા
ટવર્ગ = જમણો પગ
તવર્ગ = ડાબો પગ
પ = જમણી છાતી
ફ = ડાબી છાતી

બ = ઉદર (પેટ)

ભ = નાભિ

મ = હૃદય (કમળ)

યરલવશસહ = સપ્ત ધાતુઓ

ક્ષ = બ્રહ્મરંધ્ર

વર્ણમય સ્વરૂપના આ (ઉક્ત) ધ્યાનથી તમામ વિદ્યાઓ સ્વતઃ સાધકની સામે હાથ જોડી ઉપસ્થિત થઈ જાય છે.

આમ, ભક્તિ ધ્યાનતંત્રમાં જ આત્મસાત્ થઈ જતી હોય છે અથવા થઈ ગયેલ છે. તેના આ સ્વરૂપથી ભક્તિને કોઈ પ્રકારની ક્ષતિ પહોંચતી નથી. ઊલટાનું તેની સાધનાનો માર્ગ સુગમ થઈ જાય છે.

૨

# પશ્ચિમ ભારતની સંતપરંપરા અને રાજસ્થાની સંતવાણી

ડૉ. નાથાલાલ ગોહિલ

**(યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન પૂના, કે. ઓ. શાહ મ્યુ. કૉલેજ ધોરાજી તથા સંતનિર્વાણ ફાઉન્ડેશન - ઘોઘાવદરના સંયુક્ત ઉપક્રમે 'ભારતીય સંતસાહિત્ય : તત્ત્વ અને તંત્ર' વિષયનો પરિસંવાદ - ધોરાજી - તોરણિયા મુકામે ૮,૯ ફેબ્રુ. '૧૩)**

**પશ્ચિમ ભારતની ઓળખ :**

ભારતમાં પશ્ચિમ ભારત અન્ય પ્રદેશોથી કઈ રીતે વિશિષ્ટ છે ? નર્મદાનદીની નીચેનો ભાગ દક્ષિણ-દ્રવિડિસ્તાન કહેવાય છે જ્યારે નર્મદાના પૂર્વભાગ અને ઉત્તરભારતને આર્યાવર્ત કહે છે. ભારતનો પશ્ચિમ તરફનો ભાગ સમુદ્ર, પર્વતો, રણ અને અરણ્યથી ઘેરાયેલો છે તેથી તેમાં વસતા લોકો જુદા સાંસ્કૃતિક અભિગમવાળા છે; જેમ કે પશ્ચિમ ભારતનો પશ્ચિમ કિનારો સમુદ્રથી જોડાયેલો છે. આ દરિયાઈ માર્ગે વિદેશી પ્રજાઓ, વેપારીઓ સહેલાઈથી આવતા; જ્યારે પૂર્વમાં હિમાલય હોવાથી અન્ય પ્રજાનો સંપર્ક પ્રમાણમાં ઓછો રહેતો.

પશ્ચિમ ભારતમાં અખાત, ભૂશિર, બેટ વગેરે હોવાથી તેની ભૂમિનો મિજાજ અલગ હોય છે. એટલે તેની સાંસ્કૃતિક આબોહવા સ્વાભાવિક ફરકવાળી હોય.

ભારતમાં વેદ ધર્મ, બૌદ્ધ ધર્મની મુખ્ય ધારા હતી. જૈન ધર્મ બિહારમાંથી

ઓરિસા, બંગાળ થઈને મદ્રાસ (ચેન્નાઈ), કેરાલા, કર્ણાટક થઈને ગુજરાત, રાજસ્થાનમાં પ્રચલિત થયો ને સ્થાયી થયો. આમ પશ્ચિમ ભારતમાં વેદ, બુદ્ધ, જૈન ત્રણેય મુખ્ય ધર્મનો પ્રભાવ હતો. આ પશ્ચિમ ભારતની ભૌગોલિક, સાંસ્કૃતિક પરંપરા હતી.

પશ્ચિમ ભારત ઉત્તર-પૂર્વ ભારત અને દક્ષિણ ભારતથી કઈ રીતે જુદું પડે છે તે જોઈએ.

પશ્ચિમ ભારતમાં ભારતની મોટાભાગની પ્રજાનો વસવાટ છે. નૃવંશ-શાસ્ત્રની દૃષ્ટિએ સમગ્ર માનવજાતિનું તે પ્રતિનિધિત્વ કરે છે. ભારતની સૌથી પ્રાચીન સંસ્કૃતિનાં સ્થાનકો આ પ્રદેશમાંથી મળી આવ્યાં છે એટલું જ નહીં, પણ માનવજાતિનું ઉદ્‌ભવસ્થાન આ વિસ્તાર સાથે જોડાયેલું છે. આ પ્રદેશમાં વિદેશી પ્રજાઓ આવી તેમની સાથે સંઘર્ષ સહેજે થાય ને અંતે એ પ્રજા સાથેનો સમન્વય આ પ્રજાનો ગુણ છે.

સંતસાહિત્યની ધરોહર ભક્તિઆંદોલનમાં છે જે દક્ષિણ ભારતથી પ્રભાવિત છે. જ્યારે સંતો સિંધુ અને સરસ્વતી નદીકિનારે હતા... એથી વિશેષ ગંગા અને જમુના નદીના કિનારે પથરાયેલા રહ્યા છે. આ ભક્તિનો પ્રભાવ અને સંતોનો પ્રભાવ આ પ્રદેશોમાં ઝિલાયા છે. ઘણી વખત ભક્ત ને સંત એકબીજામાં સમાઈ જતા અનુભવાય છે.

પશ્ચિમ ભારતમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્રનો કેટલોક પ્રદેશ અને આજના પાકિસ્તાનના કેટલાક ભાગનો સમાવેશ થાય છે. હવે આ પ્રદેશને તેનાં આંતરપ્રદેશો ને તેની આંતર ઓળખવાળા અલગ ભૂભાગ છે. જેમ કે ગુજરાતમાં કચ્છ, સૌરાષ્ટ્ર. રાજસ્થાનમાં મારવાડ, મેવાડના જુદા ઈલાકા છે. મહારાષ્ટ્રમાં જૂનું દંડકારણ્ય ને વિદર્ભ છે. આવી વિવિધતા ને વિશાળ પ્રદેશ તેમજ તેમાં રહેતી વિવિધ માનવજાતિઓ, તેમની વિવિધ વિચારધારા, ભાષા, સંસ્કૃતિ સમૃદ્ધ છે અને તેથી તેના દરેકના રંગ અલગ દેખાશે.

મારે અહીં પશ્ચિમ ભારતની સંતપરંપરા વિશેની વાત કરવાની છે. આ સંતોનો મહિમા પ્રસ્થાપિત કરવાને એ સંતો વિશે ને તેમના દ્વારા રચિત કે તેમનું અનુપ્રાણિત સાહિત્ય જોવાનો ઉપક્રમ રાખ્યો છે. જેમ કે રામદેવપીર પરંપરામાં રામદેવપીરે લખેલ સાહિત્ય 'ચોવીસ પ્રમાણ' એ અલગ દર્શન ને મહિમા છે; જ્યારે હરજી ભાટીએ લખેલ સાવળ, ભજન વધારે લોકપ્રિય છે. સંતસાહિત્યમાં રસ લેનારા માટે હરજી ભાટી અગત્યનું નામ ગણાય પરંતુ આમજનતામાં 'દલુ



વાણિયાનો હેલો' જ પ્રખ્યાત છે. આ સંતથી અનુપ્રાણિત સાહિત્ય છે.

અજમલ રાજાનો પાટવીકુંવર કેવી રીતે ધર્મપુરુષ બને છે, આ ધર્મપુરુષ નાથસંપ્રદાયના બાળનાથથી દીક્ષિત થાય, મહાપંથમાં ડાલીબાઈ સાથે દીક્ષિત થઈ તેમાંથી મુક્ત થઈ કેવી રીતે સંત બને છે ને આ સંતનું રૂપાંતર અવતારમાં કેવી રીતે થાય છે તે જોવા માટે આ સંતસાહિત્યની નજીક જવું પડે.

હવે એ જ પ્રમાણે મહારાષ્ટ્રમાં સંત જ્ઞાનેશ્વર, તુકારામ, નામદેવ, રામદાસ, મુક્તાબાઈની પરંપરા ચાલી છે. પરંતુ સમર્થ સ્વામી રામદાસે જો શિવાજીને માન્યતા ન આપી હોત તો શિવાજી હિન્દુપદ પાતશાહી ન કહેવાત પરંતુ ઈતિહાસમાં તે એક લૂંટારાની ઓળખ પામ્યો હોત.

ગુજરાતમાં સગુણ-નિર્ગુણના ભેદ વિના ભક્તને, આચાર્યને, સંતને વ્યક્તિવિશેષના સ્વરૂપમાં ઓળખ અપાય છે, એવું લાગે છે. પરંતુ કચ્છના દાદામેકરણ એના જનસેવાના કાર્યથી જે પ્રતિમાન રચાયું તેની આભા સાવ અલગ જ છે, એટલું જ નહીં પણ આ આભામાંથી જે સાહિત્ય રચાયું તેને તેના દૃષ્ટિકોણથી તપાસવું બાકી છે.

સૌરાષ્ટ્રના સંત મૂળદાસ આજે સૌરાષ્ટ્રના આદ્ય સંત ગણાય છે. પણ તેમની રચનારીતિ જરા જુદી છે. એ લોકભાષામાં ગુજરાતી તથા વ્રજભાષામાં તે લખતા હતા. અહીં એક નિર્દેશ આપવાની ઈચ્છા થાય છે કે સમગ્ર ભારતમાં સૌરાષ્ટ્રના સંતની પરંપરા અલગ તાસીર ધરાવે છે તેનાં અનેક કારણોની ચર્ચા થઈ શકે તેમ છે. પશ્ચિમ ભારતના રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રના સંતોના સાહિત્યમાંથી પસાર થયા પછી આ સંતોનો જે સાહિત્યિક વૈભવ છે, જે સાધનાનું અનુભૂતિ-દર્શન છે તે ભારતના જ નહીં પણ વિશ્વની કોઈ પણ પ્રજાના સંતસાહિત્યના મુકાબલે સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કરી શકે છે.

પશ્ચિમ ભારતની સંતપરંપરા વિશે વાત કરવા જઈ રહ્યો છું ત્યારે સંતસાહિત્યના કેટલાક પ્રશ્નોની મૂંઝવણ પ્રથમ મૂકું છું.

૧. પ્રાપ્ય સંતસાહિત્યની હસ્તપ્રતોની શ્રદ્ધેયતા તપાસવી બાકી છે. અન્યના નામે, પંથપરંપરાના ગુણગાન માટે ઘણું લખાયું છે. એક જ ભજનમાં પાઠાંતરો, નામાચરણની સત્યતા તપાસવી બાકી છે.

૨. મહાધરમમાં કવયિત્રીઓનું ઝૂમખું છે : રૂપાંદે-માલદેવ, તોરલ-જેસલ, લોયણ લાખો, દેવલદે-દેવાયત, ડાળલદે-ખીમરો આ જતિ-સતિ પરંપરાનાં મૂળ શું

છે ? આ પરંપરા રાજસ્થાન ને ગુજરાત બન્નેમાં પથરાયેલી છે.

૩. સંતસ્થાનકો-જગ્યાઓ તેમજ સમાધિ-સ્થાનકોનું સંતસાહિત્યમાં સ્થાન, માન, પ્રભાવ મૂલવવાં રહ્યાં.

૪. વારકરી સંપ્રદાયનું પ્રતીક ઉકેલવું રહ્યું.

૫. નરસિંહ અને મીરાં સંપ્રદાયમુક્ત છે. સગુણ ભક્તિના ઉપાસકો નિર્ગુણ દર્શન પામ્યા એ પ્રક્રિયા શું ?

૬. ગુજરાતી મધ્યકાલીન કવિઓ : ધીરો, નિરાંત, બાપુસાહેબ ગાયકવાડે સંતધારાની અલગ ભૂમિકા બાંધી તે શું ?

૭. આધુનિક સંતસાહિત્યની રચનાઓના સર્જકકવિ મકરંદ દવે અને મનુભાઈ 'સરોજ'ની રચનાઓના સંતવાણી સાથેના અનુબંધને તપાસવો રહ્યો.

ઉપરની અનેક મથામણોને બાજુ ઉપર રાખીને અહીં રાજસ્થાની સંતો, તેમની સંતપરંપરા ને વાણી, ગુજરાતના સંતો, તેમની પરંપરા ને વાણી, મહારાષ્ટ્રના સંતો, તેમની પરંપરા ને વાણીના આધારે પશ્ચિમ ભારતની સંતપરંપરાની એક રૂપરેખા બાંધવાનો અહીં પ્રયાસ કર્યો છે.

ભારત એક ઉપખંડ છે. તેનાં પશ્ચિમ ભાગમાં રાજસ્થાન એક એવો ભૂખંડ છે કે જેમાં ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને સભ્યતાનાં બીજ છેક પ્રાગૈતિહાસિક સમય સુધીના મળી આવે છે. રાજસ્થાન તેની પ્રાકૃતિક, ભૌગોલિક, રાજનૈતિક, સામાજિક અને સાંસ્કૃતિક, ધાર્મિક, આધ્યાત્મિક દૃષ્ટિકોણથી વિશિષ્ટ રહેલ છે. રાજસ્થાની વીરોનું શૌર્ય, બલિદાન આજે પણ સલામને પાત્ર રહ્યું છે. રાજસ્થાની લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય અને લોકકલા વિશ્વખ્યાત છે. આવા રાજસ્થાનના પશ્ચિમ ભાગે રેતીનો સાગર વિસ્તરેલો છે જે અસાધારણ આંધી ઉડાડતો રહ્યો છે. આ પ્રદેશને નદીઓ અને જલનો અભાવ છે. ધરામાં પાણી ઓછું પણ તેનો પાણીદાર ને પ્રેમાળ માનવમહેરામણ જોવા મળે છે.

રાજસ્થાનના પૂર્વભાગમાં લીલાંછમ મેદાનો, પર્વતો ને નાની નદીઓ તેની વનરાશિની પ્રકૃતિ પાથરી રહી છે. આ પ્રદેશ મરુભૂમિથી ઓળખાયો છે. અટપટી સૂકી પર્વતમાળાઓને કારણે બહારના કોઈ પણ આક્રમણકારો થાકીને ભાગ્યા છે. આ આક્રમણકારો સામે રાજસ્થાની વીરોએ શૌર્ય દાખવી શહાદત વહોરી છે જેની અમરગાથાઓ આજે પણ ગવાઈ રહી છે. ગુજરાત અને મધ્યપ્રદેશના શ્રેષ્ઠીઓને પોતાના ધનની સલામતી આ પ્રદેશમાં જણાઈ તેથી ઘણા શ્રેષ્ઠીઓએ



પોતાનો વસવાટ રાજસ્થાનમાં કર્યો છે.

મારે અહીં વાત કરવાની છે રાજસ્થાની સંતસાહિત્યની. ભારતના કોઈ પણ પ્રદેશના સંતસાહિત્યની વાત કરીએ તો આ દેશમાં વૈદિક સંસ્કૃતિ, જૈન, બુદ્ધ, સિદ્ધ, નાથ ધર્મસંસ્કૃતિ રાષ્ટ્રવ્યાપી રહી છે. દરેક પ્રદેશમાં તેની નાનીમોટી સંત-પંથપરંપરાઓ પણ રહી છે. મુસ્લિમ સત્તાને કારણે ઇસ્લામ ધર્મ આવ્યો, સૂફીસંત પરંપરાને પીર પરંપરા આવી તેની સાથે જ ભારતના દરેક પ્રદેશને તેનું ભક્તિ ને સંતસાહિત્ય રહ્યું છે.

ભક્તિ અને સંતસાહિત્યનો ઉદ્ભવ ક્યારથી ? તે સમય નિશ્ચિત કરવો કઠીન છે. કારણ કે ભક્તિ ભાવ સાથે જોડાયેલી છે, સંતભૂમિકા માનવીના ચિત્તમાં પડેલી છે ને તે આતમાના ઓળખની એક પક્રિયા છે એ ક્યારથી ? તેનો સમય કેમ આપવો ? એટલે એટલું કહી શકાય કે માનવમાં જે કાળે ભક્તિભાવ પ્રગટ્યો ત્યારથી ભક્તિ ને સંતસાહિત્યનો જન્મ થયો. તેમ છતાં સંતસાહિત્યના અભ્યાસીઓએ ભક્તિ ને સંતસાહિત્યનાં કુળ ને મૂળ શોધવાની મથામણ કરી છે. આ મથામણને વેદ અને ઉપનિષદ સુધી પહોંચાડે છે. શ્લોકો પણ ટાંકે છે ને તેમાં ભક્તિનાં મૂળ હોવાનો અણસાર છે તેવી ધારણાઓ પણ બાંધે છે છતાં પ્રશ્ન તો એ જ રહે છે કે તેમાં ભક્તિ કે સંતભૂમિકા છે ખરી ? જવાબ 'ના'માં પણ હોઈ શકે છે.

ભારતના સાંસ્કૃતિક અને ધાર્મિક જનજીવનમાં જ્યોતિર્મય નક્ષત્રનો ઉદય ચૌદમી સદીમાં સ્વામી રામાનંદ સ્વરૂપે થયો. સ્વામી રામાનંદે ભારતની ધર્મસાધના અને ભક્તિધારાને એક નવો જ વળાંક આપ્યો. ખાસ કરીને તેમણે જ્ઞાનમાર્ગી ભક્તિની અનોખી ધારા વહેતી મૂકી. આ ચૌદમી સદીમાં મુસ્લિમ આક્રમણકારો સત્તાધીશ થયા હતા. મુસ્લિમ સત્તાની સાથે ઇસ્લામ ધર્મનો પ્રચાર-પ્રસાર પણ થાય છે. મુસ્લિમ ધર્મજનૂની કટ્ટરવાદ પણ આવ્યો તેની સાથે મસ્ત ફકીરીહાલ દર્શાવતી સૂફી સંતપરંપરા પણ આવી. તે સમયે ભારતીય વૈદિક ધર્મના રક્ષણ માટેના પ્રયત્નો પણ થયા તેમાં બ્રાહ્મણવાદી કર્મકાંડ ધર્મના નામે વિસ્તર્યો. અનેક દેવ-દેવીદેવતા આવ્યાં, તેનું પૂજન-અર્ચન, વ્રત, તીર્થ-યાત્રા, હોમ-હવન, ક્રિયાવિધિ આવી ને જો તેમ નહીં કરો તો ? લોકસમાજમાં ધર્મના નામે ભય પણ આવ્યો. વર્ણવાદ જ્ઞાતિવાદમાં પલટાયો, વરવી અસ્પૃશ્યતા આવી, ઊંચ-નીચના ખ્યાલો જડ બન્યા... તેવા સમયે ભારતમાં રામાનંદ અને તેમના સમર્થ શિષ્યો જેવા કે કબીર, રૈદાસે ભક્તિ, સંતસાધનાધારાને વિસ્તારી.

રામાનંદ શ્રીસંપ્રદાયના સ્વામી રાઘવાનંદને પોતાના ગુરુ માનતા હતા. તેઓએ રામાવત સંપ્રદાય સ્થાપ્યો હતો. શ્રીસંપ્રદાયમાં બે શાખાઓ શરૂ થઈ : શ્રીસંપ્રદાય બડકલૈ અને શ્રીસંપ્રદાય તૈન્કલૈ. આ બડકલૈ શાખા સંસ્કૃત ભાષાને મહત્ત્વ આપે છે ને તેમાં નિમ્નજાતિના લોકોને બ્રાહ્મણથી નીચા માની સ્થાન ન આપ્યું જ્યારે તૈન્કલૈ સંપ્રદાયે લોકભાષાનો સ્વીકાર કરી નિમ્નજાતિને સંપ્રદાયમાં સમાન સ્થાને સ્થાપી. રામાનંદનું સૂત્ર રહ્યું છે :

*'જાતિ-પાંતિ પૂછે નહીં કોઈ,*
*હરિકો ભજે સો હરિકા હોઈ.'*

આ મૂળતંત્રને પરિણામે રામાનંદના બાર શિષ્યો : કબીર (વણકર), રૈદાસ (ચમાર), ધરણ (જાટ), સેના (વાણંદ), પીપા (રાજપૂત), અનંતાનંદ, સુખા (નંદ), સુરાસુર (સુરાનંદ), સુરાની પત્ની પદ્માવતી, નરહરિ - આ સૌ કોઈ લોકભાષાના માધ્યમે ભક્તિઆંદોલન ચલાવી લોકોના હૈયામાં સ્થાન પામે છે. રામાનંદે સગુણ સાકાર રામને સ્થાને નિર્ગુણરામ, અગમ, અગોચર, બ્રહ્મસ્વરૂપ રામને આરાધ્યસ્થાને સ્થાપિત કર્યા છે.

રાજસ્થાનમાં આ જ્ઞાનભક્તિની ક્રાંતિકારી ધારા પ્રચાર પામે છે. સંત પીપાજી-રચિત 'પીપાપરચી'માં નોંધ્યુ છે કે સ્વયં રામાનંદ રાજસ્થાનના ગાગરોન કસબામાં આવ્યા હતા ને કેટલોક સમય રોકાણ કર્યું હતું. તેઓ દ્વારકા જવા નીકળ્યા ત્યારે રાજસ્થાનમાં રામાનંદી વિચારધારાનાં અનેક કેન્દ્રો ઊભાં થયાં તેમાં મુખ્ય હતા : કૃષ્ણદાસ પયહારી (ગલતા-જયપુર), અગ્રદાસ (રેવાસા-જયપુર). રાજસ્થાનમાં સંત કબીરસાહેબની સંતપરંપરાના સમર્થ સંતો થયા તેમાં સંત દાદૂદયાલ, દરિયાવજી, સુન્દરદાસ મુખ્ય છે.

રાજસ્થાની ભક્તિ અને સંતસાહિત્યની ચર્ચા ઘણા વિસ્તારથી થઈ શકે. અહીં રાજસ્થાનના પ્રમુખ સંતો ને તેમના સંપ્રદાયનો માત્ર પરિચય જ આપીશ.

**રાજસ્થાનના પ્રમુખ સંતો અને સંપ્રદાયો :-**

૧. વિશ્નોઈ સંપ્રદાય
૨. જસનાથી સંપ્રદાય
૩. દાદૂપંથ
૪. લાલદાસી પંથ
૫. ચરણદાસી પંથ



૬. રામસ્નેહી સંપ્રદાય
૭. હરિદાસી પંથ - નિરંજની સંપ્રદાય
૮. લોકદેવતા રામદેવજી અને મહાપંથ
૯. રાજસ્થાની સૂફી સંતપરંપરા
૧૦. રાજસ્થાની સંત-કવયિત્રીઓ

**(૧) વિશ્નોઈ સંપ્રદાય :** આ પંથના પ્રવર્તક સંત જાંભોજી રહ્યા છે. જાંભોજીનો જન્મ વિ.સંવત ૧૫૦૮માં નાગોર પરગણાના પીપાસર ગામે પરમાર શાખાના રાજપૂત સમાજમાં થયો હતો. માતા-પિતાનું એ એકમાત્ર સંતાન હતા ને નાનપણમાં જ તેમનાં માતા-પિતા અવસાન પામ્યાં. આ સ્થિતિમાં જાંભોજી બીકાનેર પાસેના સમ્ભરથ સ્થાને રહી હરિભજન કરે છે. તેઓ આજીવન બ્રહ્મચારી રહ્યા. તેમને સંત-સાધનાએ જે દર્શન થયું તે લોકોને આપ્યું જે વિશ્નોઈ સંપ્રદાય નામે ઓળખાય છે. ધર્મક્ષેત્રે જે દર્શન આપ્યું એટલું જ સામાજિક વિષમતા દૂર કરવાનું તેમનું કાર્ય રહ્યું છે. વિ. સંવત ૧૫૯૧માં તેમનો દેહાંત થયો. તેમની સમાધિ નોખાની પાસે તાલવા ગામે આવેલી છે. આજે આ સમાધિ ઉપર મંદિર બંધાયું છે.

**વિશ્નોઈ સંપ્રદાયનું દર્શન અને આચરણના નિયમો :** જાંભોજીએ સંત-જીવન જીવીને, હરિનામસ્મરણ કરીને, ઈશ્વર, આત્મા, મોક્ષ, સ્વર્ગ-નર્ક, જીન, મન, જન્મ-મરણ વિશેના પોતાના વિચારો પ્રગટ કર્યા છે. મોક્ષપ્રાપ્તિ માટે ગુરુ ધારણ કરવા અનિવાર્ય કહ્યા છે. વિષ્ણુનામજપ એ તેમનો ગુરુમંત્ર હતો. એટલું જ સંતસમાગમ, સત્સંગને મહત્ત્વ આપ્યું છે. પરમેશ્વરને અનેક નામો છે ને છતાં તેને કોઈ નામ, રૂપ નથી તેને 'વિસન' નામ આપી વિષ્ણુનામસ્મરણનો મહિમા ગાયો છે.

સંત જાંભોજીએ વ્યક્તિના નૈતિક જીવન, આચરણને મહત્ત્વનું ગણાવી સમાજમાં વ્યક્તિને પાળવાના ૨૯ નિયમો આપ્યા જેમાં તેઓએ કહ્યું : તેમાં પ્રતિદિન સ્નાન, સ્મરણ કરવું, સંસારીએ ઋતુમતિ સ્ત્રીને ગૃહકાર્યમાંથી મુક્ત રાખવી, શીલ, સંતોષનું પાલન કરવું. સન્ધ્યા સમયે આરતી ને હરિગુણનું ગાન કરવું. વાણીસંયમ, ક્ષમા-દયા ધારણ કરવી, ચોરી ન કરવી, કોઈની નિંદા ન કરવી, જૂઠું ન બોલવું, વાદ-વિવાદમાં ન પડવું, જીવદયા રાખવી, કેફી દ્રવ્યોનું સેવન ન કરવું વગેરે કઠોર જીવનના નિયમો આપ્યા હતા જે એક આદર્શ માનવસમાજ ઊભો કરવાનો હેતુ દર્શાવે છે.

વિશ્નોઈ સંપ્રદાયમાં નામસ્મરણ છે છતાં તેમાં કોઈ મૂર્તિપૂજા કરવામાં આવતી નથી. આ સંપ્રદાયમાં કોઈ જાતિ-પાંતિનાં બંધનો નથી. કોઈ પણ જ્ઞાતિ કે પંથના આ સંપ્રદાયના દીક્ષિત થઈ શકે છે. આ સંપ્રદાયની સંતવાણીમાં જ તેમનું દર્શન સમાયેલું છે.

(૨) **જસનાથી સંપ્રદાય :** આ સંપ્રદાયના સ્થાપક સંત જસનાથજી રહ્યા છે. તેમનો જન્મ વિ. સંવત ૧૫૩૮ કારતક સુદિ અગિયારસને દિવસે બીકાનેર પાસેના કતરિયાસર ગામે પિતા હમીરજી જાટ અને માતા રૂપાંદેને ત્યાં થયો હતો. જસનાથજીને દશ વર્ષની ઉંમરે માતા-પિતાએ લગ્ન કરવાનું ગોઠવ્યું ત્યારે જ એ ઘર છોડી સાધાનાને માર્ગે વળી જાય છે. એક જનશ્રુતિ એવી છે કે જસનાથીને ગોરખનાથ પાસેથી દીક્ષા મળી હતી. ગોરખનાથનો સમય નવમી સદીનો હોવાથી આ બાબત સ્વીકાર્ય બનતી નથી. કોઈ ગોરખનાથી શિષ્ય પાસેથી દીક્ષા મળી હોવાનું સ્વીકારી શકાય. જસનાથીએ બાર વર્ષ સુધી બીકાનેર પાસેના ગોરખમાલિયા સ્થાને નાથપંથી સાધના કરી હતી. તેમના નામે અનેક ચમત્કારો કહેવામાં આવે છે. દિલ્હીનો સુલતાન સિકંદર લોદી જસનાથીના ચમત્કારોથી પ્રભાવિત થયા હતા. માત્ર ચોવીસ વર્ષની ઉંમરે જસનાથીએ કતરિયાસરમાં જીવિત સમાધિ લઈ દેહ છોડી દીધો.

**જસનાથી સંપ્રદાયનું દર્શન :** આ સંપ્રદાય નિર્ગુણ-નિરાકાર અલખની સાધના કરે છે. જસનાથીની વાણીમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, રામ, કૃષ્ણનાં નામો આવે છે. પરંતુ તે અવિનાશી નિર્ગુણ બ્રહ્મનું સાકાર મનુષ્યરૂપ ધર્યું હોવાનું જણાય છે. તેમની વાણીમાં સૃષ્ટિની ઉત્પત્તિ, ઈશ્વર, મોક્ષ, સંસાર, મૃત્યુ વિશેની વિસ્તારથી ચર્ચા કરી છે. સાધનામાં ગુરુનું માર્ગદર્શન સતત મળવું જોઈએ તેમ કહે છે. જસનાથજી કર્મવાદના સિદ્ધાંતને સ્વીકારે છે. દરેક વ્યક્તિને તેનાં કર્મફળ ભોગવવાં જ પડે છે. આ સંપ્રદાય નામસાધના અને યોગસાધનાને વિશેષ મહત્ત્વ આપે છે.

જસનાથી સંપ્રદાય માનવીના નૈતિક જીવનને આવકારે છે. ધાર્મિક પાખંડો, તાંત્રિકો ને ફકડનાં પાખંડોનો વિરોધ કરે છે. આ સંપ્રદાયમાં અઢારમી સદીમાં સિદ્ધ રામનાથ થયા તેમણે સંપ્રદાયને નામે જીવનમાં પાળવાના ૩૬ નિયમો આપ્યા. આ સંપ્રદાયની પ્રમુખ ગુરુગાદી કતરિયાસર (બીકાનેર)માં આવેલી છે. આ સંપ્રદાયમાં હારોજી, પાલોજી, ટોડાજી મહત્ત્વના સિદ્ધસંતો મનાયા છે. આ સંપ્રદાયની વાણીને 'સબદી' કહે છે. આ સંપ્રદાયમાં ગૃહસ્થી, ખેતી કરનારા, પશુપાલકો ને મજૂરો ને મોટે ભાગે જાટ જ્ઞાતિના સદસ્યો રહ્યા છે. આ અનુયાયીઓ ગળામાં



કાળા ઉનનો દોરો પહેરે છે. સાદું, સરળ ને સંયમી જીવનને શ્રેષ્ઠ ગણે છે.

(૩) **દાદૂપંથ :** દાદૂપંથના સ્થાપક સંત દાદૂદયાલ થયા. દાદૂનો જન્મ ગુજરાતના અમદાવાદ નગરમાં વિ.સંવત ૧૬૦૦ ફાગણ સુદ આઠમને ગુરુવાર (ઈ.૧૫૪૫); માતા રૂડીબાઈ, પિતા દયાળ; વણકર જ્ઞાતિના પિંજારાનો ધંધો કરતું કુટુંબ; આજીવિકા માટે રાજસ્થાનમાં આવી વસવાટ કરે છે ને રાજસ્થાન તેમની કર્મભૂમિ સાધનાભૂમિ બની જાય છે.

દાદૂ રાજસ્થાનમાં કરડાલામાં આવી વસવાટ કરી પિંજારાનો ધંધો કરે છે. બીજા એક મત પ્રમાણે દાદૂ મુસ્લિમ હોવાનું કહેવાય છે. તેમને બે પુત્રો ગરીબદાસ ને મિસ્કીનદાસ ને બે પુત્રીઓ શોભાકુંવરી ને રૂપકુંવરી થાય છે. બીજા મત પ્રમાણે બે પુત્ર કિશન ને કૃષ્ણ, બહેન ઝવેર. આ નામો સૂચવે છે કે દાદૂ મુસ્લિમ ન હતા. દાદૂને બૂઢન નામના કોઈ અજ્ઞાત સંત મળી ગયા જેમણે ગુરુબોધ આપ્યો હતો. દાદૂ સંતપરંપરાના મેરુ કબીરસાહેબની સંતધારાને અનુસરતા જોવા મળ્યા છે. તેમનાં પદોમાંથી આ વાત વિગતે થઈ શકે. વિ. સંવત ૧૬૬૦માં તેઓએ દેહત્યાગ કર્યો.

સંત કવિ દાદૂ ઉચ્ચકોટિના સંતસાધક મહાત્મા હતા. તેમની 'દાદૂવાણી' અનેક હસ્તપ્રતોમાં લખાયેલી મળે છે. શબદ, સાખીમાં દાદૂપંથનું દર્શન સમાયેલું છે. સંત દાદૂ નિર્ગુણ પરબ્રહ્મની ઉપાસના કરવાનું જણાવે છે. જીવ, જગત, માયા, સંસારની અસારતા, નામસ્મરણ ને સાધના, ગુરુમહિમા સાથે સરળ ભાષામાં તેમની ભજનવાણીમાં વિગતે દર્શાવે છે. આ સંપ્રદાય પરમેશ્વરને નિરંજન, નિર્ગુણ ને સ્વયંભૂ પરમજ્યોતિ સ્વરૂપે આરાધે છે. સદ્‌ગુરુ વિના આ જ્યોતિપ્રકાશનું દર્શન શક્ય નથી તેમ ઠોકી ઠોકીને કહે છે.

સંતકવિ દાદૂએ પોતાના પંથ ને વાણી દ્વારા સામાજિક સુધારણાનું કાર્ય પણ કર્યું છે. જ્ઞાતિવાદ-ઊંચનીચના ખ્યાલો ઉવેખી નાખ્યા, બાહ્ય આડંબર ને ઢોંગી સાધુ, સવિગતે ન્યાસીનો વિરોધ કર્યો. મંદિર અને મસ્જિદના બાહ્યાચારનો પણ તેમણે વિરોધ કર્યો. દરેક ધર્મ, સંપ્રદાય ને પંથ પ્રતિ સમભાવ રાખ્યો. દાદૂના અનેક શિષ્યો થયા જેમની નામાવલિ રાઘવદાસકૃત 'ભક્તમાલ' અને લાલદાસકૃત 'નામ માલા'માં જોવા મળે છે. આ પંથ રાજસ્થાનથી વિસ્તરી ગુજરાત અને પંજાબમાં પહોંચે છે. દાદૂના પુત્ર ને શિષ્ય **ગરીબદાસ** અને સમર્થ શિષ્ય **સુન્દરદાસ** તેમની વાણી ને કાર્યથી ભારતીય સંતોમાં તેમનું સ્થાન સ્થાપી શક્યા છે.

દાદૂપંથી ચાર પ્રકારના ઊભા થયા છે. દાદૂબ્રહ્મ લીન થયા પછી તેમની

ગુરુગાદી પુત્ર ગરીબદાસે સંભાળી જેને દાદૂપંથી 'ખાલસા' કહે છે. બીજા દાદૂપંથી સંસારથી વિરક્ત રહી સમાજમાં દાદૂપંથનો ઉપદેશ ને વાણીનો પ્રચાર કરે છે જે 'વિરક્ત' નામે ઓળખાય છે. ત્રીજા દાદૂપંથી સાધુ રાજસ્થાન છોડી ઉત્તર ભારતમાં ગયા જે ઉત્તરાદે કે સ્થાનીધારી કહેવાયા. હરિયાણા ને પંજાબમાં આવા દાદૂપંથી સાધુ છે. ચોથા ખાખી દાદૂપંથી કહેવાય છે જે શરીર ઉપર ભસ્મ લગાવે છે, માથે જટા રાખે છે, જે સતત ભ્રમણ કરતા રહે છે... તેમાંનો એક વર્ગ નાગાસાધુનો પણ છે. આ સાધુ શસ્ત્ર રાખતા. જરૂર પડ્યે રાજ્ય માટે દુશ્મનો સામે યુદ્ધ પણ લડતા.

દાદૂદયાલની વાણીમાંથી તેમની સંતસાધના ને દર્શન વિગતે ખોલી શકાય. તેમના સમર્થ શિષ્ય **સંત સુન્દરદાસ** ઘોસાનગર જયપુર પાસેના ગામે બૂસર જ્ઞાતિમાં વિ. સંવત ૧૬૫૩માં પિતા પરમાનંદ ને માતા સતીબાઈની કૂખે જન્મ્યા હતા. સુન્દરદાસની વાણી દાદૂદયાલની વાણીને અનુસરે છે ને કબીરસંતસાધના-ધારાને અનુમોદે છે.

દાદૂદયાલમાં બીજા સમર્થ શિષ્ય **સંત રજ્જબજી** થયા તેમનું કાર્યક્ષેત્ર પણ સવિશેષ રાજસ્થાન રહ્યું છે. સંત રજ્જબજીનો જન્મ મુસ્લિમ પઠાણ જ્ઞાતિમાં ઈ.સ. ૧૫૬૭માં રાજસ્થાનના સાંગાનેર ગામે થયો હતો. તેમના પિતા જયપુરના રાજાના અંગત રક્ષક હતા. આ સંતની વિશેષતા એ રહી છે કે લગ્નને માંડવેથી ભાગીને વૈરાગ્ય લીધો હતો.

*'રજ્જબ તૈ ગજ્જબ કિયા, સિર પર બાંધા મૌર;*
*આયા યા હરિ ભજન કું, કરે નરક કો કૌર.'*

વરઘોડે બેઠેલા રજ્જબના ઘોડાની લગામ ખેંચી કોઈ દિવ્ય સંત આવી તેની આંખોમાં આંખ મિલાવે છે ને રજ્જબ ઘોડેથી ઊતરી ચાલી નીકળે છે. આ રજ્જબ ગુરુ દાદૂદયાલ પાસેથી દીક્ષા મેળવે છે ને ઈ.સ. ૧૬૮૩માં નારાયણગ્રામમાં સમાધિ લે છે. રજ્જબની વાણીમાં સંતદર્શન, ઘટભીતરનું દર્શન, બાહ્યાચારને બદલે ઘરમાં વિલસી રહેલા જ્યોતિરૂપની ઓળખ આપે છે.

**(૪) લાલદાસી પંથ :** સંત દાદૂદયાલના સમકાલીન લાલદાસ થયા. લાલદાસે પૂર્વ રાજસ્થાનમાં વિશેષ કરીને મેવાત પ્રદેશમાં તેમની વાણી ને સંતઉપદેશ આપ્યો તે લાલદાસીપંથ નામે ખ્યાત થયો. કબીરસાહેબે જેમ નિર્ગુણ સાધના, ધાર્મિક આડંબરો અને સામાજિક કુરિવાજો ને માન્યતાઓનું ખંડન કર્યું તેમ લાલદાસની વાણી એટલી જ ધારદાર ને પ્રભાવક રહી છે.



**સંત લાલદાસ**નો જન્મ વિ. સંવત ૧૫૨૭ શ્રાવણ વદ પંચમીના દિવસે મેવાત પ્રદેશના નાનકડા ગામ ધોલીદૂબમાં મેવ-મુસ્લિમ જ્ઞાતિમાં થયો હતો. અતિ ગરીબ પરિવાર હોવાથી લાકડાવિગતે કાપી વેચીને ગુજરાન ચલાવતા હતા. નાનપણથી એકાંતપ્રિય, મિત્ત ભાષી ને ભગવદ્ ભક્તિમાં રત રહેતા હતા. તેમને તિજારા-નિવાસી ફકીર ગદન ચિશ્તીએ ગુરુદીક્ષા આપી હતી. લાલદાસ પોતાનું ગામ છોડીને બાધોલી (અલવર) ગામ પાસેની પહાડીમાં કુટિર બનાવી સાધના કરે છે. ત્યાં અનેક લોકો આવવા લાગ્યા, તેની સામે પણ ઘણા વિરોધો થયા. આથી આ સ્થાન છોડી નગલામાં વસવાટ કર્યો જ્યાં ૪૦ વર્ષ રહ્યા.

સંત લાલદાસ ગૃહસ્થી હતા. તેમના અનેક શિષ્યો થયા ને ૧૦૮ વર્ષનું આયુષ્ય ભોગવી વિ. સંવત ૧૭૦૫માં દેહ છોડી દે છે. તેમની કબર ઉપર મકબરો બનાવવામાં આવ્યો છે. સંતકવિ લાલદાસની વાણી હસ્તલિખિત ગ્રંથોમાં મળે છે જે 'લાલદાસની વાણી' નામે પ્રકાશિત થયેલ છે. 'લાલદાસ કી ચેતાવની' નામે હસ્તલિખિત ગ્રંથ જોધપુરના પ્રાચ્યવિદ્યાભવનમાં રખાયેલ છે.

લાલદાસની વાણીમાં નિર્ગુણ સાધના, બ્રહ્મ, જીવ, જગત, મન, માયા, મોક્ષ આદિ વિષયો પર વિવરણ લખાયેલું છે. તેઓ સબકા માલિક, સર્વશક્તિમાન પરમેશ્વર સર્વવ્યાપી છે ને તેને નામસ્મરણથી પામી શકાય છે. સદ્ગુરુની અનિવાર્યતા દર્શાવી સાધુ-સંતોનો મહિમા ગાયો છે. માનવજીવનમાં સદાચાર, શીલ, અપરિગ્રહ ને જરૂરી માને છે. માનવમાત્ર સમાન છે. કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી. આ પંથમાં સૌ કોઈને આવકાર મળ્યો છે. આ પંથના અનુયાયીઓને લાલદાસી કહેવામાં આવે છે. તેમાં મુસ્લિમ લોકો વધારે હોવા છતાં નિર્ગુણ રામનામનું સ્મરણ કરે છે. આ પંથમાં લાલદાસની વાણી પૂજાય છે.

**(૫) ચરનદાસી પંથ :** આ પંથ **સંત ચરનદાસ**ના નામે સ્થપાયો છે. ચરનદાસનો જન્મ વિ. સંવત ૧૭૬૦ માં ભાદરવા વદ ત્રીજના દિવસે રાજસ્થાનના મેવાત પાસેના ડેહરા ગામે ઢૂસર જ્ઞાતિમાં રણજિતસિંહ નામે થયો હતો. ૧૯ વર્ષની ઉંમર મુનિ શુકદેવજી સાધુવેશે આવી શબદદીક્ષા આપી ગયા ને તેમનું નામ ચરણદાસ રખાયું. ચરણદાસે ૧૪ વર્ષ સુધી દિલ્હીમાં રહી યોગસાધના કરી અને પીળા રંગનાં વસ્ત્રો પહેરીને શ્રીમદ્ ભાગવતને પોતાનો ધર્મગ્રંથ માને છે. તેમની સાધનાએ અનેક સિદ્ધિઓ મેળવી હતી. કેટલોક સમય જયપુરમાં રહ્યા ને મોટાભાગનો સમય દિલ્હીમાં વિતાવી વિ. સંવત ૧૮૩૯માં દેહ છોડી ગયા. ચરણદાસની પદરચનાઓના ગ્રંથો પ્રકાશિત થયા છે.

સંત ચરનદાસીવાણી અને તેમના નામનો પંથ પ્રસ્થાપિત થયો તેના દર્શનમાં બ્રહ્મનાં બે રૂપ સગુણ ને નિર્ગુણનો સ્વીકાર કરી તેની ઉપાસના દર્શાવી છે. શ્રીકૃષ્ણલીલાને આ પંથમાં ઘણું મહત્ત્વ અપાયું છે. શ્રીકૃષ્ણને પરબ્રહ્મ યોગેશ્વર સ્વરૂપે ભક્તિભાવે, નવધા ભક્તિએ ઉપાસવાનો માર્ગ દર્શાવ્યો છે. આ પંથમાં નિર્ગુણ સંતસાધના પણ દર્શાવી છે. ચરણદાસ કહે છે :

*'ભંવર ગુફા મેં હૈ તિરબેની, સુરતિ નિરતિ લૈ ધાવૌ,*
*દયા નમ્રતા, દીનતા, છિયા શાલ સંતોષ*
*દાન કું લૈ સુમિરન કરૈ, નિસ્યૈ પાવૈ મોક્ષ'*

આ પંથમાં યોગસાધના, ગુરુમહાત્મ્ય, નામસ્મરણ, સદાચારી જીવનને મહત્ત્વ અપાયું છે. આ સંપ્રદાયની મુખ્ય ગુરુગાદી દિલ્હીમાં છે. આ સંપ્રદાયમાં ગૃહસ્થી અને વિરક્ત એમ બે પ્રકારના સાધુ હોય છે. વિરક્ત પીળા રંગનાં કપડાં પહેરે છે. કપાળમાં ગોપીચંદનનું તિલક કરે છે. ગળામાં તુલસીની માળા પહેરે છે જે તેમની સુમરની છે. 'રાધાકૃષ્ણ' એ તેમનું નામસ્મરણ છે. આ સંપ્રદાય નિમ્બાર્ક સંપ્રદાયથી નિકટ જણાય છે.

(૬) **રામસ્નેહી સંપ્રદાય :** રાજસ્થાનમાં રામસ્નેહી સંપ્રદાયનું સ્થાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. રામસ્નેહી સંપ્રદાય રામાનંદી સંપ્રદાયના પ્રવર્તક રામાનંદની શિષ્યપરંપરા સાથે જોડાયેલો છે. રાજસ્થાનમાં રામસ્નેહી સંપ્રદાયનાં પ્રમુખ ત્રણ સ્થાનકો છે. ૧. સિંહથલ - ખેડાપા, ૨. રૈણ, ૩. શાહપુરા. ખેડાપાના મૂળ આચાર્ય **શ્રી જૈમલદાસ મહારાજ** રહ્યા છે. રૈણના મૂલાચાર્ય શ્રી દરિયાવજી મહારાજ રહ્યા છે અને શાહપુરાના મૂલાચાર્ય **શ્રી રામચરણજી મહારાજ** રહ્યા છે. આ ત્રણેય આચાર્યનું દર્શન, સાધના, સિદ્ધાંત સમાન રહ્યાં છે. ત્રણેય વચ્ચે આંશિક ભેદરેખા રહી છે.

સિંહથલ-ખેડાપા સંપ્રદાયનો ઉદ્‌ગમ રામાનંદના શિષ્ય અનંતાનંદની શિષ્યપરંપરા સાથે જોડાયેલો છે. આ પરંપરાના દીક્ષિત **માધોદાસજી**એ રામોપાસનાનો આરંભ આ પ્રદેશમાં કરાવ્યો છે. માધોદાસજી મહારાજ 'મૈદાની'નું પૂર્વજીવન માલદેત ભાટી રાજપુત માધોસિંહજી હતા. જેસલમેર પાસેના બાસટેકરા ગામે રહ્યા હતા. તેમનું કામ આ પંથકમાં ચોરી, લૂંટ, રાહદારીઓને ત્રાસ આપવાનું હતું. આ ક્રૂર માનવીના જીવનમાં કોઈક એવી ઘટના ઘટી કે તે સંતમાર્ગે વળી ગયો. ઉપરનાં ત્રણેય સ્થાનકોના સંતો રામસ્નેહી સંપ્રદાયના પ્રવર્તક રહ્યા છે.



રામસ્નેહી સંપ્રદાય રામને આરાધ્યદેવ માને છે પરંતુ આ રામ દશરથપુત્ર નહીં, ઘટોઘટવાસી, નિર્ગુણરામને ઉપાસે છે. શંકરનો અદ્વૈત, રામાનુજનો વિશિષ્ટાદ્વૈત, નાથસિદ્ધોનો યોગ, વૈષ્ણવી ભક્તિ, સૂફીઓના પ્રેમમાર્ગને પણ સ્વીકાર્યો છે. સંત વિરોધમાં નહિ, સમન્વયમાં માને છે. તેમ છતાં બાહ્યાચારની સગુણભક્તિ, મૂર્તિપૂજા, તીર્થયાત્રા આદિ ક્રિયાકાંડનો વિરોધ કરે છે. રામસ્નેહી 'બ્રહ્મસત્ય જગન્મિથ્યા' ને સ્વીકારે છે. આ સંપ્રદાય સવિશેષ સંતકબીરની ધારાને અનુસરે છે. આચાર્ય રામદાસજી કહે છે :

*'રામા માયા ડાકિણી, ઢકણાયા સંસાર*
*કાઢ કલેજી ખાયગી, જાકી સુદ્ધ ન સાર*
*માયાપાસી રામદાસ, સબ નાચ્યા ફંદ માય*
*તીન લોગ કું ઘેર કર, હરિ સૂં લિયા તુડાય'*

માયા વિશે જે કબીરનો મત છે એ અહીં આ સંપ્રદાયનો પણ છે. કબીરે સંતસાધનામાં 'સુરતિ શબદયોગ' આપ્યો છે જે આ સંપ્રદાયની સાધનાપદ્ધતિ રહી છે. રામસ્નેહી સંપ્રદાયની વાણીમાં સુરતિ-નિરતિ શબ્દોનો વિશિષ્ટ પ્રયોગ થયેલ જોવા મળે છે. સુરતિનો અર્થ આપે છે : સુરતિ ચિત્તની વિશેષ વૃત્તિ છે જે રરંકાર ધ્વનિ સાથે અબાધ રૂપમાં એકાગ્ર થઈ જાય, તેમાં સમાઈ જાય તે સ્થિતિ અને નિરતિ એટલે સહજાવસ્થા કે જ્યાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર આદિ લય પામી જાય તે સ્થિતિ. આ સુરતિ શબદ યોગ કહેવાય છે.

આ સંપ્રદાયમાં નામસ્મરણ મહત્ત્વનું છે તે નામસ્મરણ મુખથી, હોઠથી ને અંતે નાભિથી સહજ રટણની પદ્ધતિ આપે છે. કુંડલિની જાગ્રત કરવાની ક્રિયા પણ દર્શાવી છે. કુંડલિની મેરુદંડના ૨૧ મણિઓને છેદી શબદને ઊર્ધ્વગતિએ ત્રિકુટીમાં પહોંચાડે છે જ્યાં માયાનો પ્રવેશ નથી. જીવ-શિવ એક થઈ જાય છે. સહજ સમાધિ પ્રાપ્ત થાય છે એ તેમનું મુખ્ય દર્શન છે.

(૭) **નિરંજની સંપ્રદાય :** રાજસ્થાનમાં નિરંજની સંપ્રદાય ક્યારે ને કોણે સ્થાપ્યો તેમાં મતભેદો રહ્યા છે. બહુસંખ્ય વિદ્વાનો સ્વીકારે છે કે નિરંજની સંપ્રદાય રાજસ્થાન-મારવાડના નાગૈર પાસેના ડીડવાના નગર પાસેના નાનકડા પાડોદ ગામે સોળમી સદીમાં થઈ ગયેલા **સંત હરિસિંહ** દ્વારા પ્રસ્થાપિત થાય છે.

સંત હરિસિંહજીનો જન્મ વિ. સંવત ૧૫૧૨માં થયો. તેમણે વિ. સંવત ૧૫૫૬માં નિરંજની સંપ્રદાય સ્થાપ્યો અને વિ. સંવત ૧૫૮૫માં દેહ છોડ્યો. આ સંપ્રદાયના અનુયાયીઓ નિરંજની કહેવાય છે. ડીડવાના નજીક 'ગાઢા' સ્થાનમાં

આ પંથીની ગુરુગાદી આવી છે. આ પંથ પૂર્ણ રૂપે નિર્ગુણવાદી છે. આ પંથ નાથપંથી-પ્રેરિત હોવાનું વિશેષ જણાય છે. રાઘોદાસકૃત 'ભક્તમાળા'માં બાર નિરંજની ભક્તોની નામાવલિ દર્શાવી છે.

નિરંજની સંપ્રદાય નાથપંથી ગોરખનાથના યોગ ને દર્શનને સ્વીકારે છે. સાથે જ તે કબીરપંથથી પ્રભાવિત રહ્યા છે ને કબીરના સંતમતને અનુસરે છે. નિરંજની સંપ્રદાય સાદગી અને વિરક્તભાવે સાધારણ જીવન જીવતો સાધુ સમાજ છે. જે બધું જ ત્યાગીને એકમાત્ર ગોદડીને ધારણ કરીને રહે છે. આપણે જેને **'ગોદડીયા સાધુ'** નામે ઓળખીએ છીએ ને તેમનો ગોદડીયા સંપ્રદાય ગુજરાતમાં જોવા મળે છે. રાજસ્થાનમાં તેને **'નિરંજની નિહંગ'** કહે છે. બીજો એક ગૃહસ્થી સાધુનો વર્ગ છે જે ભિક્ષામાંગી જીવનનિર્વાહ ચલાવે છે. જ્યારે લોકસમુદાયના કેટલાક લોકો આ સાધુના ઉપદેશને અનુસરી જીવન વિતાવે છે.

અહીં **રાજસ્થાની નાથસંપ્રદાયની** આછી રૂપરેખા આપવાનું જરૂરી માનું છું. સમગ્ર ભારતમાં નાથસંપ્રદાય અને ગોરખવાણી પ્રચલિત છે. એક પણ પ્રદેશ નાથ અખાડાથી વંછિત નથી તો રાજસ્થાનમાં નાથસિદ્ધોથી અલિપ્ત રહી શકે જ નહીં. રાજસ્થાનના રાજપરિવારો શૈવધર્મ સાથે જોડાયેલ રહ્યા છે જેને કારણે રાજસ્થાનમાં શિવમંદિરો બંધાયાં. ઉદયપુરના મહારાણાઓએ એકલિંગજીનું મંદિર બંધાવ્યું. જોધપુર, કોટા, બાંસવાડા, જયપુર, કિશનગઢ, બીકાનેરમાં ભવ્ય શિવમંદિરો તેની સાક્ષી પૂરે છે. બીજું રાજસ્થાનમાં સિદ્ધ નાગાઓના અનેક અખાડા આવેલા છે. એટલા જ રાજસ્થાનમાં સિદ્ધનાથ યોગી થયાની નામાવલિ મળે છે. ઝાલોરના ચૌહાણ, આબુના પરમાર ને રાવલ શાખાના રાજપૂત રાજવીઓએ નાથ પંથના યોગીને ધર્મગુરુ સ્થાપ્યા હતા. કેટલાકે ગેરુઆ રંગના ઝંડા પોતાના રાજ્યના રાખ્યા હતા. રાજસ્થાનમાં નાથ સંપ્રદાયનો પ્રવેશ નવમી સદીના બાપા રાવલથી મેવાડમાં થયાનું માને છે. જેસલમેરના દેવરાજે બાર વર્ષ રાવલ રતનનાથની સેવા કરી હતી. આ નામે રાવલનાથ પંથ સ્થપાયો. ક્ષત્રિયો નામની આગળ રાવલ વિશેષણ મૂકવા લાગ્યા. રાવલના નામની ધૂણીઓને અખાડા સ્થપાયા.

મેવાડ પોકરણગઢના રાજવી રામદેવજી મહારાજ નાથયોગી બાલનાથના શિષ્ય થયા. આ બાલકનાથ નામે ભૈરવનાથનું મંદિર બંધાવ્યું. જેસલમેરમાં ધનીનાથ મઠ સ્થપાયો. સોઢાણા ક્ષેત્રમાં સેજનાથ અખાડો સ્થપાયો. મહારાજ મૂલરાજે જેસલમેરમાં ઈ.સ. ૧૭૯૭માં ગોરખનાથનું મંદિર બંધાવ્યું. રાજાઓ તરફથી નાથ



જોગીઓને જમીન-ગરાશ અપાયા. નાથયોગી જાલંધરનાથ મારવાડમાં રહ્યાનું અને જોધપુરના મહારાજા માનસિંહ તેમની કૃપાએ ઘણી સિદ્ધિઓ મેળવ્યાનું જણાવે છે. જોધપુરગઢની સ્થાપના ચિડિયાનાથજીએ કર્યાનું મનાય છે. ભીમનાથ, ભેરવનાથ એટલા જ ખ્યાત નાથજોગીઓ છે.

રાજસ્થાની સંતસાહિત્ય-અંતર્ગત વાત થઈ રહી છે ત્યારે રૂપાંદે સાથે જોડાયેલા માલદેવને કેમ ભૂલી શકાય. રાવ સલખાના પુત્ર રાવમાલા વિ. સંવત ૧૩૭૪ મહેવાના રાજવી સિદ્ધપુરુષ જેનો જન્મ નાથયોગીની કૃપાએ થયેલો તેથી તેને મલ્લીનાથ પણ કહે છે. તે વિ. સંવત ૧૪૦૦માં મેહવાની ગાદીએ બેસે છે ને રાણી રૂપાંદે સાથે મહાપંથથી દીક્ષિત થયા. આમ રાજસ્થાનની ભવ્યનાથ પરંપરા રહી છે જે લોકસમાજનો અભિન્ન ભાગ રહ્યો છે.

**(૮) લોકદેવતા રામદેવજી અને મહાપંથ :** રાજસ્થાનમાં લોકદેવી-દેવતાઓની મોટી પરંપરા રહી છે. લોકસમાજ અને આદિવાસી સમાજમાં વીર, સિદ્ધ મહાપુરુષોને લોકદેવતાના રૂપમાં પૂજવામાં આવે છે. આવા મુખ્ય લોકદેવતાઓમાં મલ્લિનાથજી, દેવજી, હરભૂજી મુખ્ય છે. ગોગાજી, તેજાજી, પાબૂજી, દેવજી (દેવનારાયણ), રામદેવજી, કેસરિયાજી લોકપ્રિય દેવ તરીકે આજે પણ ભાવથી પૂજાય છે ને આ દરેકના લોકમેળાઓ ભરાય છે. લોકકલ્યાણ માટે, ધરતી-રાજના રક્ષણ માટે, ગાયોના રક્ષણ માટે જે વીરયોદ્ધાઓ શહીદ થયા તે વીર-પીર રૂપે પૂજાય છે. તેમાં લોકવાણીમાં નીચેના પાંચ પીર-લોકદેવતાઓ નો મહિમા ગવાયો છે.

*'પાબૂ, હરભૂ, રામદે, માંગલિયા મેહા*
*પાંચૂ પીર પધારજ્યો, ગોગાદે જે હા.'*

**– ગોગાજી**નો સમય દશમી સદીનો ગણાવ્યો છે. મુસ્લિમોને ગોગાજીના ભાઈઓ અર્જન, સુર્જને મદદ કરી ગાયોનું ધણ વાળી ગયા તે ગાયોને પાછી લાવતાં યુદ્ધમાં વીરગતિ પામ્યા. તેની પત્ની મેનલ સતી થઈ તે ગોગાજી સાપના રૂપે પૂજાય છે. ભદરવા વદી નવમી કે જેને ગોગાનવમી કહે છે. તે દિવસે ગંગાનગરમાં ગોગાજીનો લોકમેળો ભરાય છે. કહેવત છે : 'ગાઁવ ગાઁવ ખીજડી ને ગાઁવ ગાઁવ ગોગા'.

**– તેજાજી**નો જન્મ ઈ.સ. ૧૦૭૪માં ખડનાલ (નાગૌર)માં તાહડ઼જી ને રામકુંવરને ઘેર થયો હતો. એ પણ ગાયોના રક્ષણ માટે અત્યંત ઘાયલ થયા ને તેમાં સાપ કરડ્યો. તેમનો દેહાંત સુરસરા - કિશનગઢમાં થયો, તેની પત્ની પેમલ સતી

થઈ. તેજાજીનો લોકમેળો દેહાંતની સ્મૃતિમાં ભાદરવી વદ દશમીનો પર્બતસર (નાગૌર)માં ભરાય છે.

**— પાબૂજી**નો જન્મ ઈ.સ. ૧૨૩૯માં ધાંધલજી રાઠૌડને ઘેર થયો હતો. તે નાનપણથી પરાક્રમી હતો. લગ્ન પછીના થોડા જ દિવસોમાં દેવલ ચારણની ગાયો તેમનો પ્રતિદ્વન્દ્વી રાજા જીંદરાવ લઈ જાય છે તેને છોડાવવા પાબૂજી ગયા ઈ.સ. ૧૨૭૬માં આ ઘોર યુદ્ધમાં વીરગતિ પામે છે. તેની પાછળ તેની પત્ની સતી થઈ. પાબૂજીને ઊંટોના દેવતાના રૂપમાં પૂજા થાય છે ને કોલૂ (ફલૌદી)માં મેળો ભરાય છે.

— હડ઼બૂજી - હરભુજી રામદેવજીના અનુયાયી, ભક્ત. પૂર્વના તે રણવીરયોદ્ધા, મહારાજ સાઁખલાના પુત્ર, જોધપુરના રાવજોધાજીના સમકાલીન હતા. રામદેવજી સાથે મહાપંથી સંતસાધનામાં જોડાયા ને અસ્ત્ર-શસ્ત્ર છોડી ગુરુ બાલનાથજી પાસેથી દીક્ષા લીધી. હરભુજીને રામદેવજી સાથે જ પૂજામાં સ્થાન મળ્યું છે.

રાજસ્થાની વીર, પીર પરંપરામાં રામદેવજી મહારાજની ખ્યાતિ રાજસ્થાનથી વિસ્તરી ગુજરાતના આરાધ્યદેવ મનાયા છે. અલખજ્યોત પાટ ઉપાસનામાં રામદેવજીને અલખના અવતારી તરીકે પૂજવામાં આવે છે. ગુજરાતને ગામડે ગામડે લોકસમાજના ઘેર ઘેર રામદેવજી પૂજાઈ રહ્યા છે. મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં પણ રામદેવજીની ખ્યાતિ વિસ્તરી છે. આજે રામદેવરા-રણુંજામાં ભાદરવી નોમથી અગિયારસનો રામદેવનો મેળો ભરાય છે તેમાં રાજસ્થાનના લોકો તો આવે જ પરંતુ મોટાભાગના શ્રધ્ધાળુ ગુજરાતમાંથી આવે છે. ઉપરાંત મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર ને ઉત્તરપ્રદેશના લોકો જોવા મળે છે.

બાબા રામદેવજી દ્વારકાધીશ કૃષ્ણના અવતારી મનાયા છે. મૂળે તે ચંદ્રવંશી તુંવર રાજપૂત પરિવારના દિલ્હીથી રાજસ્થાનમાં આવી વસવાટ કર્યો ને સત્તાધીશ થયા. એક માન્યતા પ્રમાણે પાંડવપુત્ર અર્જુનની ૭૨મી પેઢીએ રામદેવજી થયાનું કહેવાય છે. તેમનો સમય :

*'સંવત ચતુર્દશ સાલ નવ મેં, શ્રી ભુજ આપ જગાયો;*
*ભણૈં રામકે સંત સદ પાંચ અજમલ ઘર મેં આયો.'*

વિ. સંવત ૧૪૦૯ ચૈત્ર સુદિ પાંચમનો જન્મ રાજા અજમલરાય ને માતા મીણલદેને ઘેર થયો. પત્નીનું નામ નેતલદે જે અમરકોટના સોઢા વંશના પરમાર



રાજપૂતની પુત્રી હતી. તેમના સાત પુત્રો હતો સાદોજી, દેવરાજ, ગરરાજ, મહારાજ, ભીવોજી, બાંકોજી અને જેતીજી.

રામદેવજી મહારાજે નાથયોગી બાળનાથ પાસેથી ગુરુદીક્ષા લઈ યોગ-સાધના કરી હોવાનું સ્વીકારી શકાય. તે સમયે રાજસ્થાનમાં અલખજ્યોતપાટ ઉપાસના મહાપંથ પ્રવર્તમાન હતો. રામદેવજી મહારાજ આ પંથપરંપરામાં જોડાયા તે પૂર્વે મહાપંથી સંતધારા રાજસ્થાનમાં હતી. જોધપુરના રાજવી જોધામાલદેવ ને તેમની ધર્મપત્ની સતી રૂપાંદે. સતીરૂપાંદે મહાપંથી ગુરુ ઉગમશીની શિષ્યા હતી. મહાપંથી મેઘવાળ સંત મેઘધારુને તેમની સાથે પોતાના રાજમાં લાવે છે ને દર અજવાળી બીજની રાત્રે અલખજ્યોત વધાવવા માટે આવે છે. જોધામાલદેવ પણ આ પરંપરામાં જોડાય છે. રાજસ્થાનમાં તે સમયે લખમોમાળી મહાપંથી સંત હતા તેમની ગુજરાતી ભજનરચનાઓ પણ મળે છે. તે સમયે મેવાડનો યશસ્વી મહારાણા રાણોકુંભો થઈ ગયા જે મહાપંથી હતો ને રામદેવજીનો પૂજક હતો :

*'કીધી સેવા રાંણૈ કુંભે, આગૈ ને કરિ જોડૈ ઉભૈ.'*

લખમામાળીકૃત 'ઋષિ પ્રમાણ'માં રાણાકુંભા વિશેનો લિખિત આધાર છે :

*'કુંભલગઢ રાણો કુંભોજી હોતા, રિખ નરાણ પાંચા કી લાગ્યા લાર;*
*જમા જમાયા ધણિયાં નૈ ધ્યાય, સત રિખ ભક્તિ ઉતરયા પાર.'*

રામદેવજી મહારાજ, હરભુજીની રાજસ્થાની અને ગુજરાતી ભજન-રચનાઓ છે. રામદેવકૃત '૨૪ ફરમાન' (પ્રમાણ) એ પ્રસિદ્ધ ને પ્રમાણ ગ્રંથ છે. રાજસ્થાન અને ગુજરાતને જોડતી પરંપરા મહાપંથની રહી છે. આજે ભલે રાજસ્થાન અને ગુજરાત અલગ પ્રદેશો છે. પરંતુ બન્ને પૂર્વે એક ભાષા ધરાવતા હતા. ધાર્મિક, સાંસ્કૃતિક જોડાણ ધરાવતા હતા. આ બન્ને પ્રદેશ ભારતની પશ્ચિમધરાના છે. રામદેવજી મહારાજને પશ્ચમધરાના પીર દેવ કહ્યા છે :

**'દેશ દેલમ, પાટ મુરધર, ધરા પછિમ ધામ'** — અલખ પ્રમાણ
**'પરચો દિયો પિછમ કા પીર'** — રૂપાંવેલ
**'સંગ મેં ચઢિયા પિછમ કા પીર'** — રૂપાંવેલ
**'પછિમ ધરા મેં પીર પ્રગટ્યા, કુલ તુંવરા કે'** — રામદેવ વિવાહ
**'પછિમ દિશા મેં મેલો મંડસી'** — રામદેવ વિવાહ
**'પિછમ દેશ મુરધર કે માંહી, ગઢ રુણીચા ધામે'** — અલખ પ્રમાણ

રામદેવજી મહારાજે દલિતો, સ્ત્રીઓને સમાનતાનો અધિકાર અપાવ્યો. અઢારે વરણને એક કરી. મુસ્લિમો સાથે સમન્વ્ય કર્યો ને મુસ્લિમો રામદેવજી મહારાજને હિન્દવાપીર નામે પૂજે છે. ભવિષ્ણવાણી જે ભાખવામાં આવી છે તેમાં રામદેવજી નકલંક રૂપે જન્મી સત્‌જુગ સ્થાપશે. આવા લોકહૃદયમાં બિરાજતા, ગવાતા, પૂજાતા દેવ રામેદવજી મહારાજ છે.

**(૯) રાજસ્થાની સૂફી સંતપરંપરા :** સૂફી સંતપરંપરા ઇસ્લામ સાથે જોડાયેલી છે. ઈ.સ. ૮૫૦માં કુરાનની કેટલીક આયાતોને રહસ્યાત્મક અર્થ આપી કેટલાક લોકો ફકીરી હાલમાં ફરતા થયા તે સૂફી સંત કહેવાયા જે સમાજ વચ્ચે ગરીબીમાં જીવે છે. માંગવું નહીં, જે મળે તેમાં જીવવું. માત્ર અલ્લા તરફ પ્રેમભાવે સાધના કરતા રહેવું તેમાં પ્રમુખ સૂફી ઇમામ હસન બસરી, ઇબ્રાહિમ બિન આધમ, અબૂ હાસિમ તથા રાબિયા બસરી છે. સૂફી સંત માને છે કે ઈશ્વરની કૃપાએ જ સર્વકાંઈ બની રહ્યું છે. માણસ તેમાં કશું જ કરી શકતો નથી. આ ઈશ્વરને પ્રેમ દ્વારા સાધના કરો. દશમી સદીમાં સૂફી સંતસાહિત્ય પ્રગટ થાય છે. બારમી સદીના અંતથી સૂફી મતનો પ્રચાર થવા લાગ્યો. ભારતમાં તેરમી સદીમાં સૂફી સંતો આવે છે. એક મત એવો છે કે ઈ.સ. ૭૧૨માં મુહમ્મદ બિનકાસિમ ભારતમાં આવ્યો, સિંધમાં વિજય મેળવ્યો ત્યારે તેની સાથે વેપારીઓ અને સૂફીસાધકો આવ્યા હતા ને ભારતમાં વસવાટ કર્યો હતો. ભારતમાં લાહોર, મુલતાન, હાંસી, દિલ્હી, પાણીપત સૂફી મતનાં કેન્દ્રો બને છે. રાજસ્થાનમાં અજમેર તેનું મોટું કેન્દ્ર સ્થપાય છે. તેનો અર્થ એમ પણ થાય કે ભારતમાં મુસ્લિમો સત્તાધીશ થયા તે પૂર્વે સૂફી પરંપરા આવી ચૂકી હતી.

**શેખમુઈનુદીન ચિશ્તી**એ ભારતમાં આવી 'ચિશ્તી સંપ્રદાય'ની સ્થાપના કરી. તેમનો જન્મ સિજિસ્તાનમાં સંજર ગામે ઈ.સ. ૧૧૪૧માં થયો હતો. શેખ ઉસ્માન પાસેથી તેમને આધ્યાત્મિક દીક્ષા મળી. અનેક સૂફીસંતોના તે પરિચયમાં આવ્યા ને ભારતમાં આવે છે. થોડો સમય લાહોરમાં રોકાયા ને તે પછી અજમેરમાં કાયમી વસવાટ કરે છે. અજમેરમાં તે સમયે ચૌહાણ રાજપૂતોનું રાજ હતું. શેખસાહેબે લોકસેવા ને ચમત્કારોથી લોકોનાં દિલ જીતી લીધાં ને 'ગરીબનવાજ'નું બિરુદ પામ્યા. આજે અજમેરમાં તેમની મોટી દરગાખ આવેલી છે. ભારતના દરેક કોમના લોકો ત્યાં શ્રદ્ધાથી માથું ટેકવે છે.

રાજસ્થાનમાં સૂફી મતનું બીજું સ્થાન નાગૌર થાય છે જ્યાં ખ્વાજા મુઈનુદીનના શિષ્ય હમીબુદીન નાગૌરી સૂફી મતનો પ્રચાર કરે છે. જયપુરમાં સૂફી



મતનો પ્રચાર મિસ્કીન શાહ અને મૌલાના જિયાઉદ્દીન દ્વારા થાય છે. રાજસ્થાનના હાડૌતી પ્રદેશોમાં શોખ હમીદૂદીન ગાગરૌની દ્વારા સૂફી મત પ્રચાર પામે છે. આમ સૂફી પરંપરા રાજસ્થાનમાં વિસ્તરી.

રાજસ્થાનમાં **મુસ્લિમ સંતકવિઓનું** અનેરું પ્રદાન રહ્યું, જેમાં સંતકવિ દાદૂદયાલ, સંતલાલદાસ, સંત રજ્જબજી, સંત ગરીબદાસજી વિશે વિગતે આગળ જોઈ ગયા છીએ. ઉપરાંત બખનાજી, મસકિનદાસ, વાજીંદજી, બાલકરામ, દરિયાવજી નોંધપાત્ર છે.

**(૧૦) રાજસ્થાની સંતકવયિત્રીઓ :** સંતસાહિત્યમાં સંતકવિઓ સાથે સંતકવયિત્રીઓનું સ્થાન, માન, સર્જન, સેવા ઉચ્ચસ્થાને સ્થાપિત થયેલ છે. રાજસ્થાની સંતકવયિત્રીઓમાં મીરાંબાઈ, સહજોબાઈ, દયાબાઈ, સતી રૂપાંદે, સોઢીનાથી, ફૂલીબાઈ, સમાનબાઈ, ગરીબબાઈ, રાનાબાઈ, આંભાબાઈ, સ્વરૂપાબાઈ અને સુખીદેવીનું સંતસાહિત્યમાં મહત્ત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે અહીં દરેક વિશે વિગતે વાત લખવી શક્ય નથી.

ભારતીય સંતસાહિત્યમાં જેમનું સ્થાન છે અને રાજસ્થાન તથા ગુજરાત બન્નેની **સંતકવયિત્રી મીરાંબાઈ** વિશે અઢળક લખાયું છે. મીરાંનો જન્મ રાજસ્થાન મેડતા પાસેના કુડકી ગામે ઈ.સ. ૧૪૯૯માં રાજપૂત રાજવી પરિવારમાં જન્મ થયો. મહારાણા સંગ્રામસિંહના પુત્ર ભોજરાજ સાથે લગ્ન થયાં. સંસારની માયા છોડી ભગવો વેશ ધર્યો, કૃષ્ણને પોતાના આરાધ્યદેવ માન્યા, રૈદાસ પાસેથી ગુરુબોધ લીધો. તેમની અનેક રાજસ્થાની ગુજરાતી પદરચનાઓ મળે છે તેમાં સગુણ કૃષ્ણભક્તિ, નિર્ગુણ ભક્તિ, ગુરુમહિમા ને અનુભૂતિનું દર્શન જોવા મળે છે.

**સંત કવયિત્રી રૂપાંદે** મારવાડ (રાજસ્થાન)ના દૂધવા ગામે વિ.સં. ૧૩૯૫માં રાજપૂત પઢિયાર શાખાના વાલસંગને ઘેર જન્મ. મેહવાગઢના રાજવી માલદેવ સાથે લગ્ન. મહાપંથી ગુરુઉગમશી પાસેથી દીક્ષા. તેમની સંતવાણી રાજસ્થાનથી વિશેષ ગુજરાતમાં પ્રચલિત છે.

**સંતકવયિત્રી સહજોબાઈ** વિ.સંવત ૧૭૭૫માં ઢૂસર જ્ઞાતિમાં પિતા હરિપ્રસાદને ઘેર જન્મ. ગુરુ ચરણદાસ. દિલ્હીમાં ચરણદાસની જગ્યામાં સેવા કરતાં રહ્યાં. તેમની સંતવાણીમાં નિર્ગુણ સાધના, નામસ્મરણ, ગુરુમહિમા વિશેષ છે. તેમની સાથે દયાબાઈ થઈ ગયાં. ચરણદાસ પાસેથી દીક્ષા લઈ સાથે જ રહ્યાં. આ ગુરુબહેનોની ભજનરચનાનો ભાવ પણ સમાન છે. આ સંતોને જન્મસ્થળ ને

કાર્યપ્રદેશથી રાજસ્થાની દર્શાવ્યા પરંતુ ખરું તો ભારતીય સંતો, માનવમહેરામણના સંતો છે.

**રાજસ્થાની સંતસાહિત્યની પ્રમુખ વિશેષતાઓ :**

ભારતીય સંતસાધનાના પ્રવર્તક કબીરસાહેબ અને રૈદાસે જે ઉન્મેષો પ્રગટ કર્યા તે સમગ્ર ભારતીય પ્રદેશમાં વિસ્તર્યા છે. આ સંતોની વાણી-ભાષા, અભિવ્યક્તિ-અનુભૂતિની, ભૂમિકા જુદી જુદી હોવા છતાં ભીતરી ભજનરંગ, સિદ્ધરસનો સ્વાદ, આનંદાનુભૂતિ એક જ જણાય છે. પરમસત્ - બ્રહ્મ - અલખ વિશે રૈદાસજી કહે છે :

*'સલિલ ગવન કિયો લહર મહોદધિ જલ કેવલ જલ માહીં'*

આ દર્શનને કબીરસાહેબ કહે છે :

*'જલ મેં કુંભ, કુંભ મેં જલ હૈ, બાહર ભીતર પાની;*
*ફૂટા કુંભ જલ જલ હિ સમાના, યહ તત કથ્યો ગિયાની.'*

બીજું સત્ય એ પણ જણાયું છે કે આ સંતો પરિભ્રમણ કરતા રહ્યા છે. જે અન્ય સ્થાનેથી સત્ય લાધ્યું તેનો સ્વીકાર કર્યો છે એટલું જ નહીં, પણ પોતાની વાણીમાં તે સત્યને વણી લીધું છે. પરિણામસ્વરૂપ સિદ્ધનાથ યોગીઓની વાણી, નાનકની ગુરુવાણી, સૂફીઓની વાણી, બંગાળી બાઉલોની વાણી, મરાઠી સંતો કે આપણી ભારતીય ભાષાના સંતો એક જ પરમસત્ સાથે જોડાયા છે તેમનું દર્શન અને ચિંતન એક રહ્યું છે.

રાજસ્થાની સંતોની વાણીમાંથી પસાર થતાં નીચેના સમાનગુણો જણાયા છે.

૧. નિર્ગુણ સંતસાધના : આ સંતો સાકારરૂપધારી રામના નહીં, જે ઘટોઘટ વાસી, જ્યોતિસ્વરૂપી અલખ કે જે નિર્ગુણ, નિરાકાર, નિરંજન છે તેના સાધકો રહ્યા છે ને તેની સંતસાધના સમાન છે.

૨. નામસ્મરણસાધના : દરેક સંતોએ નામસ્મરણસાધના કરી છે ને તે શિષ્યોને આપી છે. આ હરિનામસ્મરણ સહેજે સહેજે કરતા રહેવાનું. સંસારથી ભાગીને નહીં, સમાજ વચ્ચે રહીને, સેવાસાધનાએ નામસ્મરણ કરવું.

૩. ગુરુમહિમા : આ સંતોની વાણી ગુરુને પરબ્રહ્મસમાન ગણે છે. ગુરુને તન, મન, ધન અર્પણ કરી આધીન રહી જીવતાં હરિ મળ્યાનાં પ્રમાણ આપે છે.



એટલે જ સંત-સાધુ-સત્ગુરુ સાથેનો સત્સંગનો મહિમા ગાયો છે.

૪. સ્વાનુભૂતિ - ઘટભીતરદર્શન : દરેક સંતને પોતાની સ્વાનુભૂતિ છે તેનું નિજીદર્શન છે. પરિબ્રહ્મતત્ત્વને બહાર નહીં, ઘટભીતર જોયાં છે - બ્રહ્માંડે સો પિંડેનું દર્શન કર્યું છે.

૫. જાત-પાંત, વર્ણવ્યવસ્થા ને અસ્પૃશ્યતાનો વિરોધ : આ સંતોએ વર્ણવ્યવસ્થા સ્વીકારી નથી, જાત-પાંતનાં બંધનો તેમને માન્ય નથી ને અસ્પૃશ્યતા એક માનવસમાજ સાથે તેને તે પાપ ગણે છે. દરેકમાં સમાન આતમરામ વસે છે. સંતોએ કડવી વાણીથી આ ભેદભાવનો વિરોધ કર્યો છે. તેમને હિંદુ-મુસ્લિમ કોમવાદ પણ સ્વીકાર્ય નથી.

૬. ધર્માડમ્બર અને અંધવિશ્વાસોનું ખંડન : ધર્મના નામે ચાલતા કર્મકાંડ, કુરિવાજ, વ્રત, ઉપવાસ, જાત્રા, મૂર્તિપૂજાને નામે બ્રાહ્મણ-પુરોહિતો ને મુલ્લાઓને ખુલ્લા પાડી અંધશ્રદ્ધાઓ છોડાવી. તેમજ બાહ્ય ભેખધારી, ટીલાં-ટપકાં ધારી, ધર્મના નામે ભય ફેલાવનારાને બરાબરના ઝાટકી નાખ્યા છે.

૭. માનવઉત્થાન : સંતોનું સૌથી મોટું કામ જ્યારે માણસ થાકી જાય, હારી જાય, દિશાશૂન્ય બની જાય, ધર્મના નામે ત્રાસી જાય, રાજસત્તાથી ત્રાસી જાય; બહારના આક્રમણોથી પોતાની જાતને બચાવી ન શકે તે સમયે સંતોએ માનવસમાજને જીવતો રાખ્યો છે. બીજું માણસ વ્યવસની ઘેરાયો હોય, લોભ, લાલચ, કામ, ક્રોધમાં ફસાયો હોય ત્યારે આ સંતોની વાણી તેમને માર્ગદર્શક બની છે. આમ રાજસ્થાની સંતોની વાણી જે વિશેષતાઓ દર્શાવે છે એ જ ભારતીય સંતસાહિત્યની માનવસમાજને દેન છે.

૩

# ગુજરાતી મીર સૂફીસંતો, પીર, ઓલિયા, ભક્તોની દંતકથાઓ

**ભીખુ કવિ**

ડૉ. બળવંત જાનીસંપાદિત 'લોક ગુર્જરી' સળંગ અંક : ૩૦ના વિભાગ-૧ : સંતસાહિત્ય વિમર્શ લેખ' ભારતીય સંસ્કૃતિમાં સંત-ભક્ત પરંપરા અને સાહિત્યના લેખક ડૉ. રામજી સાવલિયા પૃ. ૧૭-૧૮ પર નોંધે છે... ''આવા નવા વિકસેલા ઐતિહાસિક સાહિત્ય-સંશોધનને લઈને કેટલાય સંતો, ભક્તો, ઓલિયા, સૂફીઓ વિશે હજુ પણ ઐતિહાસિક દષ્ટિબિંદુયુક્ત, અધ્યયન-સંશોધનકાર્ય કરવાનું બાકી છે. આ સંદર્ભમાં ગુજરાતના હિંદુ અને મુસ્લિમ ભક્તો અત્યંત લોકપ્રિય અને કોમી એકતાની ભાવનાને સમગ્ર ગુજરાતમાં ફેલાવવાના પ્રયત્નો કરનાર 'સૂફી ઓલિયા, પીર, ફકીર, સંતો, ભક્તોનાં જીવન-કથન વિશે તુલનાત્મક અધ્યન-સંશોધન થવું જરૂરી છે. આ વાત મને સ્પર્શી ગઈ અને આ લેખ લખવા પ્રેરક રહી. મારી ગુજરાત મીર કોમમાં આ વિષય પર તત્વ અને તંત્રમાં પ્રકાશ પાથર્યો છે, ઠીક ઠીક લખ્યું છે. ડૉ. બળવંત જાનીએ સંતવાણી તેથી લોકસાહિત્યકારો આવી વણખેડાયેલી મીર કોમની સંસ્કૃતિક વિરાસતને ગુજરાતના પ્રબુદ્ધ વાચકો સમક્ષ મૂકવાની ખેવના રાખું છું. જોકે 'ગુજરાતના મીર કોમના કવિઓ' તથા 'ગુજરાત મીર કોમના સાંસ્કૃતિક વારસો' મારા પુસ્તકમાં આછો પ્રકાશ પાથરવા



નમ્ર પ્રયાસ કર્યો છે. ત્યાં 'લોકગુર્જરી'ના સામયિક થકી ગુજરાતના લોકસાહિત્યકારોને રસિક વાચકોને આ લેખ લખતાં આનંદ અનુભવું છું. ને અનુરોધ પણ કરું છું કે ગુજરાત મીર કોમના આવા વણખેડાયેલા સાહિત્યને પ્રકાશમાં લાવવા પ્રયાસ કરે અને મને હું 'મીર' કોમનું કરજંદ હોવાનું ગૌરવ છું. પરંતુ મેં કોઈ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી નથી. ખૂબ ઊંડા વાચન-અધ્યયનના કારણે આ દિશામાં લખવા પ્રેરાયો છું. તો મને માર્ગદર્શન-પ્રોત્સાહન આપવા નમ્ર પ્રયાસ કરશો તો હજી વધુ સારી રીતે આ ક્ષેત્રમાં કામ કરવાનું જોમ મળે.

ડૉ. ચન્દ્રકાન્ત મહેતાએ સંશોધન, મુલાકાતો અને મીર કોમના વ્યક્તિઓને મળીને મીર કોમના ચીંથરે વીંટેલા એક છૂપા રત્નસમા મીર મુરાદના કવિઓ પર સને ૧૯૬૯માં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. મીર કોમના છૂપા રત્નને પ્રકાશમાં લાવવાનું એમણે મહામૂલું કાર્ય કર્યુ ત્યારે 'મીર' વિશેની આગવી ઓળખ પ્રસ્થાપિત થઈને મારા જેવા લેખકને એમણે કરેલા સંશોધનને પ્રેરણા પૂરી પાડી. તેઓએ 'ગુજરાતના મીર કોમના કવિઓ' મારા પુસ્તકની પ્રસ્તાવના 'મીર કવિઓની સ્મૃતિ-વંદના'માં ટાંક્યું છે : 'સંશોધનકાર્ય સંશોધનનું પૂર્ણવિરામ નહીં, અલ્પવિરામ સૂચવે છે. નવા સંશોધકો એ કામ આગળ ચલાવે.' ને એમના આ પ્રેરણાત્મક અંગુલિનિર્દેશે અને 'મીર' કોમના સાહિત્યને ઉજાગર કરવા મારામાં ચેતનાનો સંચાર થયો છે તેમજ 'લોકગુર્જરી'ના નિયામક ડૉ. અંબાદાન રોહડિયા સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન પાઠવી રહ્યા છે ત્યારે મને આશા છે કે 'મીર કોમના સાહિત્યને ખૂબ ઉજાસ મળશે એવી પૂર્વભૂમિકા બાંધ્યા પછી આ લેખનો આરંભ કરું છું.'

અઢારમી સદીમાં મીર મુરાદ થઈ ગયા કે જે લીમડીના કવિ મીઠા ભગતના સમકાલીન હતા. ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના પિલવાઈ ગામે સને ૧૮૨૩માં મીર મુરાદનો જન્મ થયો હતો. પિતાનું નામ ગુલાબ ને મુસલમાન પરિવારમાં થયો હતો તે તેમના જ કવિતમાં છે.

**: ગુલાબ :**

*ગુનીજન પિતા ગુલાબ જાતિ મિરાસી જાની !*
*સબ કવિ કે પરતાપ આપ કયે મુખ બાની.*


કવિનાં પૌત્રવધૂ લાલુબાઈના મતાનુસાર કવિ મીર મુરાદનું લગ્ન પંદર વર્ષની ઉમરે હીરાબાઈ સાથે થયું હતું. કવિને 'સાલુ' અને 'સરદાર' નામે બે પુત્રો હતા. આ મીર મુરાદની વંશાવલીમાં, 'મીર મુરાદ' મારા માતૃપક્ષે ચોથી પેઢીએ

નાના થાય છે. ને તેથી મન મીર હોવાનું ગૌરવ છે. ને એ નાતે મીર સમાજનું વણખેડાયેલું સાહિત્ય બહોળા વાચકો સુધી પહોંચે તેવો હેતુ રહ્યો છે.

'લોકગુર્જરી' સળંગ અંક ૩૦માં ગુજરાતી મીર કોમના સંતોને સાહિત્ય મીર મુરાદ તથા સંત ફતામીર, સંત અલુ મીર, સંત નાનાભાઈ મીર વગેરે વિષે આછો પરિચય ને દંતકથાઓ આપી છે.

હવે આ લેખમાં કવિ મીર સરદાર, કવિ મીર ગુલાબ વગેરે વિશે માહિતી-સભર વાતો મૂકી રહ્યો છું પણ આવે તે પહેલાં મીર મુરાદની વંશાવળી જોઈએ.

**વંશાવળી**






**સૂફી સંત પીર-ઓલિયા કવિ મીર સરદાર**

મારી માતાનું નામ મીર રમા, ને તેમના પિતા મીર અમથા, તેમના પિતા મીર સદરાર સંત પીર - ઓલિયા થયા તે વિશે વિગતે વાત કરું છું ને દંતકથા જણાવું છું.

કવિ મીર સરદારનો જન્મ ઉંચાદ ખાતે ૧૮૫૦માં થયો હતો. પિતાનું નામ મીર મુરાદ. કવિ મીર મુરાદનો વારસો પુત્ર સરદારને મળે જ ને... એમ પિતાના વારસાગત સંસ્કારો ઊતર્યા. મીર સરદારને એક પુત્ર મીર ગુલાબ અને બે પુત્રી મીર લાલુબેન અને મીર અમુબેન.

પિતા કવિ મીર મુરાદના હાથે ઉછેર થયો હોવાથી પિતાના લક્ષણો મીર સરદારમાં દેખાવા લાગ્યા હતા પરંતુ પિતાની આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે શાળામાં જઈ ભણતર જોઈએ તેવું મેળવી શક્યા નહિ. તેનો ચિતાર આપનાં મીર મુરાદે કવિતામાં લખ્યું છે.

**—કવિત—**

*રહેં દિન ચાર તો વિદાર હુએ ભૂખહુસે,*
*છોટે છોટ બાલ પંછી, દિલમેં ધબરાયો હૈ,*
*તો એક રેખ્તામાં*
*મીર મુરાદ જણાવે છે.*

**—કવિત રેખ્તા—**

*મેરે બાલ બચ્ચોં કે બેલી તુમ્હીં*
*કરો દિલકા ચાહા, જો તુમકો લગે.*
*ને*
*''માગ્યા બિના કોઈ દેત નહીં.*
*ઘર ખેત નહિં મૈં સો ખેતી કરાઉં*
*વટ નહિ સો વેપાર કરું,*
*પગ ચેત નહીં સો વિદેશ ફિરાઉં*
*રાંડ નહિ મેં તો રોય કે રહું*
*ભાંડ નહીં મૈં ફજેત બનાઉં*
*કહત મુરાદ ખુદાવિંદ ખાવિંદ*
*મૈં કે પેર ઘર-બાર ચલાઉં ?''*

મીર મુરાદની આર્થિક સ્થિતિના ચિતારના આધારે કહી શકાય કે મીર સરદાર ખૂબ જ ઓછું ભણ્યા હશે. પિતાને પગલે ચાલી મીર સરદારના કવિતોના તારીફ - રંગના છપ્પા કવિત (કુંડળિયા) ૧ થી ૧૪ રહ્યા છે તેથી તેમના વ્યક્તિત્વમાં મુસ્લિમ ધર્મસંસ્કારો વધુ ઝિલાયા હોય એવું લાગે છે.

**કવિ મીર સરદાર રચિત છપ્પા - કવિત - કુંડળિયા**

કવિ મીર મુરાદના પુત્ર કવિ મીર સરદારે ખુદા પાકની તારીફ, રંગના છપ્પા - કવિતા અને કુંડળિયા રમ્યા છે જેમાં અલ્લાહ પાક, રસુલિલ્લાહ, હસન - હુસેનના પિતા તથા પુત્રો હસન - હુસેનને તેમની માતા જોહરા, બડેપીર બાવા દસ્તગીર, ખાલીના ઓલિયા ખ્વાજા ગરીબનવાજ, વીરપુરવાળા દરિયાઈ દુલા તથા મીરાંદાતાર વગેરેનાં ભરપેટ વખાણ કર્યાં છે.

(૧)

*અવલ રંગ અલ્લાહકું, ઓ રાજક રહેમાન*
*ન્યામત દેના ખલકકું, ખાલક કુલ જહાન*
*બાલક કુલ જહાન, સોઈ સત્તાર કહાયા*
*કીના પરદામીમ અહમ અહેમત બીચ આયા*
*કહે મીર સરદાર ઘડી પલ ભુલન વાકું*
*ઓજ રાજક રહેમાન, અવલ હૈ રંગ અલ્લાહકું.*

(૨)

*રસુલ્લીલ્લાકું રંગ હૈ, રંગ હૈ ચારૂ યાર*
*પાંચુ તન બી પાક હૈ, ઉમ્મત કે સરદાર*
*ઉમ્મત કે સરદાર, ઈમામ બાર કહાયે*
*પીર ચૌદ કે ચાર, ગીરો હૈ સાત ગીનાયે*
*કહે મીર સરદાર, ઘડી પલ ભુલન વાકું*
*ચાર ચારકું રંગ, રંગ હૈ રસુલ ખુદાકું.*

(૩)

*હિન્દુવલીકું રંગ હૈ, ખ્વાજા મહીયો દીન*
*ડુબત હી છત્ર સાલકી, નાવ પાર તુમ કીન,*
*નાવ પાર તુમ કીન, આપ રસુલ અનાયા*



*આયા જો કર આસ, મોરાદે મનકી પાયા*
*કહે મીર સરદાર ખીલા દિલકી જોકલી*
*કું ખ્વાજા મહીયોદીન, રંગ હૈ હિન્દુ વાલીકું.*

*(૪)*

મીરા દાતાર

*સૈયદ અલીકું રંગ હૈ, સો મીરા દાતાર*
*દુલ્લેકી દરગાહ મેં, આવત લોક અપાર,*
*આવત લોક અપાર, રંક અરૂ આવત રાઈ*
*ડાકન સાકન ભૂત જન્દકું દેત જલાઈ,*
*ઉનાવે મે આય, છોડ ઘરબાર પલીકું*
*સો મીરી દાતાર, રંગ હે સૈયદ અલીકું.*

'ગુજરાતના મીર કોમના કવિઓ' મારા પુસ્તકમાં મીર સરદારના ૧ થી ૧૪ તારીફ રંગના છપ્પામાંથી અહીં ચાર છપ્પા મૂક્યા છે. મીર સરદારના કવિતોની ખાસિયતો નીચે મુજબ તારવી શકાય છે.'

(૧) કવિ મીર મુરાદના પુત્ર હોવાથી પિતાનો કવિત્વશક્તિનો વારસો ઊતર્યો હોય એવું એમના કવિતો જોતાં લાગે છે.

(૨) કવિ મીર સરદાર પણ શીઘ્ર કવિ તરીકે જનસમાજમાં ઓળખાયા છે.

(૩) કવિ મીર સરદાર છપ્પા, કવિતો, કુંડળિયા જોતાં લાગે છે કે તેમનામાં ફક્ત મુસ્લિમ સંસ્કારો જ વધુ ઊતર્યા છે.

(૪) કવિ મીર સરદારે મુસ્લિમ રાજા-બાદશાહોની તહેનાતમાં રહી મુસ્લિમ-ધર્મી - કવિતો રચ્યાં છે.

(૫) કવિ મીર સરદારે રચેલ ખુદા પાકની તારીફ રંગના છપ્પા, કવિત - કુંડળિયા જોતાં લાગે કે તેમના વ્યક્તિત્વમાં મુસ્લિમધર્મી સંસ્કારો વધુ ઝિલાયા હોય તેવું લાગે છે. તથા તેમને મુસ્લિમ ધર્મ તથા તેના ધર્મગ્રંથો કુરાને શરીફ વગેરેનું ઊંડું જ્ઞાન હોય તેવું જણાઈ આવે છે.

(૬) કવિ મીર સરદારે પોતાના કવિતોમાં 'કહે મીર સરદાર' દ્વારા પોતાનું નામ કવિતોમાં મૂક્યું છે તથા 'કહે કવિ સરદાર' કવિતમાં મૂકી કવિ તરીકેની ઓળખ આપી છે.

૨૪ એપ્રિલ - ૨૦૦૧ના રોજ મીર મુરાદના પૌત્રવધૂ લાલુબહેનની લેખના લેખક ભીખુ કવિએ હિંમતનગર ખાતે મુલાકાત લીધી હતી. તે વખતે તેમણે જણાવ્યું કે ''મીર સરદારને ઉંચાદ, જિ. વડોદરા નાળિયેર ચઢતા હતા. તેઓને ઘણા કુદરતના ચમત્કારો થયાનું સાંભળ્યું છે.''

તા. ૪-૫-૨૦૦૧ શુક્રવારે ફિંચોડ ખાતે મીર અમતબહેન તથા મીર કમુબહેનની મુલાકાત મેં લીધી ને મીર સરદારની વધુ વિગતો જાણવા પ્રયાસ કર્યો છે. તેઓએ મીર સરદારના ચમત્કારોની દંતકથા કહી છે જે નીચે મુજબ છે.

**'મીર સરદારની દંતકથા'**

મીર સરદારબાપુ ઉંચાદ ગામની એક ગુફામાં ઈબાદત કરતા હતા. સરદાર બાપુનાં પત્ની ઊજીબહેન સાંજના મગરીબ સમયે જમવાનો સમય થયો હોવા છતાં ઘરે ન આવ્યાં હોવાથી ઈબાદતની ધૂનમાં જમવાનું ભૂલી ગયાં હશે એમ માની ભાત આપવા આવ્યા ને ઈબાદત કરતા ગુફામાં જોયું તો સરદાર બાપુ એકલા જ નમાજ પઢતા નહોતા તેમની સાથે બીજા પાંચ ઓલિયાઓ નમાજ પઢતા હતા. તે જોઈ ઊજીબા ઊભાં રહ્યાં ને વિચારવા લાગ્યાં, હું ભાત તો તેમના એકલા પૂરતું લાવી. આ પાંચ જણને કેમ પહોંચશે એમ માની તે જમણનો થાળ ત્યાં જ કપડામાં ઢાંકી દીધો. જોયું તો ગુફામાં બે વાઘ જોયા ને ઊજીબહેન ડરના માર્યાં ઘરે નાઠાં. જ્યારે સરદારબાપુ ઘરે આવ્યા ત્યારે તેમની પત્ની ઊજીબહેનને કહ્યું 'હું તમારા એકલાનું ભાત આપવા આવી હતી પરંતુ ત્યાં પાંચ જણ નમાજ પઢતા જોઈ ભાત મૂકીને પરત આવતી હતી ત્યાં ગુફા આગળ બે વાઘ જોઈ ડરની મારી ઘરે આવતી રહી.'

ત્યારે સરદારબાપુએ કહ્યું, 'નમાજ સમયે તારે ભાત આપવા આવવું નહિ.'

**મીર સરદારની બીજી દંતકથા**

અમૃતબહેન કહેવા લાગ્યાં,

'એક વાર ઊંચાદમાં એક બાઈ આવીને સરદાર મીરને કહેવા લાગી, 'બાપુ, હું શ્રીફળ તમારા માથામાં વધેરવાની બાધા લઈને આવી છું.' ત્યારે મીર સરદારે કહ્યું, 'બહેન, તો તારી બાધા પૂરી કર ને મારા માથામાં શ્રીફળ વધેર.' અને ચમત્કાર થયો. એ શ્રીફળ એ બાઈના હાથમાં એમ ને એમ વધેરાઈ ગયુ હતું. આમ સરદાર મીરના આવા તો અનેક ચમત્કારો થયાના દાખલા છે.'



અમૃતબાએ જણાવ્યું કે સરદાર બાપુને દફનાવવામાં આવ્યા નથી. તેમના મૃત શરીરના ફૂલના ઢગલા થઈ ગયા હોવાથી તેમને આજે પણ લોકો તેમના નામની બાધા-આખડી રાખે છે.

મીર સરદાર સારું એવું પઢેલા હતા તેથી ઊંચાદના બાદશાહ તેમના પુત્રોને પઢાવવા માટે લઈ ગયા હતા ને તેમના ઘર - તથા ખેતરો આપી આજીવિકા પૂરી પાડી હતી.

લોકકવિ મીર મુરાદના વારસ આ કવિ સરદારે પણ પોતાના કવિતો રચેલા ને રાજા બાદશાહોને ત્યાં પોતાની કવિત્વશક્તિનાં દર્શન કરાવતા હતા.

મીર સરદારની વૃદ્ધાવસ્થાએ સને ૧૯૧૦માં તેમનું અવસાન થયું હતું.

**પીર ઓલિયા મીર વલી મહંમદ**

જૂની રંગભૂમિના માસ્ટર અશરફખાન વિખ્યાત કલાકાર થઈ ગયા ને જેમ ઊંચી અદાકારીએ પહોંચ્યા તો સાથે સાથે ઈબાદતમાં એટલા આગળ વધી ગયા કે અભિનેતામાંથી 'ઓલિયા-પીર' થઈ ગયા. આજે પણ અમદાવાદ દાણીલીમડામાં એમની મઝાર એની સાક્ષી પૂરે છે. તો તેવા જ વલી મહંમદ મીર, મૂળ વતન ભાલુસણા (જિ. મહેસાણા)માં થયા. જૂની રંગભૂમિનાં દેશી નાટક સમાજમાં તથા અન્ય અનેક નાટક કંપનીઓમાં અભિનયનાં અજવાળાં પાથરતાં પાથરતાં, અલ્લાહની ઈબાદત કરતાં કરતાં તેઓ 'પીર-ઓલિયા' થઈ ગયા છે. મુંબઈ, ગુજરાત અને ઠેકઠેકાણેથી એમના મુરિદો ભાલુસણામાં આવેલ તેમની મઝાર પર દર વર્ષે ઉર્સના દિવસે શંદર - ચાદર ચઢાવવા આવે છે. મીર-હિન્દુ-મુસ્લિમ સમાજના સૌ સાથે મળી ઉર્સના દિવસે ધામધૂમપૂર્વક - રોશની કરીને કવ્વાલીનો જલસો પણ કરે છે. આ લેખના લેખક ખુદ ભાલુસણામાં એમની મઝાર પર દિદાર કરી આવ્યા છે.

**પીર - ઓલિયા મીર ભીખાભાઈ લાલુભાઈ :**

ગુજરાત મીર કોમમાંથી મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણાસણા ગામની વતની લાલુભાઈ મીરના સુપુત્ર ભીખાભાઈ મીર જૂની રંગભૂમિ અને રામલીલા નાટક મંડળીના અચ્છા અદાકાર હતા જેઓ સને ૧૯૧૦ ની આસપાસ જન્મેલા; ચોક્કસ તારીખ મળતી નથી. પરંતુ તેઓનું મૃત્યુ તા. ૨૨-૩-૧૯૭૧ (મુ. ચાંદ ૨૪, મહોરમ)ના રોજ થયેલું. જેઓને આ લેખકે ખુદ નિહાળેલા છે. મૃત્યુ વખતે તેની ઉંમર આશરે સાઠ આસપાસ હશે. તે કાળી લુંગી, કાળો ઝભ્ભો

ને ખભે લીલો ખેસ નાખતા. માથે ટોપી પહેરતા. સદાય ખુદાની ઈબાદતમાં રહેતા હતા. પ્રાંતિજના રહીમભાઈ મલમપટ્ટાવાળા તથા તેમના સુપુત્ર ઈરફાનભાઈ વગેરે તેમના મુરીદો છે, જેઓ આજે પણ તેની મૃત્યુતારીખે બાયડ ખાતે દફન કર્યા હતા ત્યાં દર વર્ષે ઉર્સ ભરે છે ને આજે પણ શંદર-ચાદર ચઢાવે છે. તેઓના સુપુત્ર શ્રી કાસમભાઈ મીર નિવૃત્ત શિક્ષક છે. તેઓએ મારી મુલાકાત દરમિયાન તેમની વંશાવળી આપતાં જણાવ્યું કે પ્રાંતિજમાં મુસલમાન ભાઈઓ તેમનામાં ખૂબ શ્રદ્ધા અને આસ્થા ધરાવે છે. તેઓનું નામ લઈને બાધા-આખડી માને છે ને એમની મનોકામના પૂર્ણ થતી હોવાથી ભીખાભાઈ મીર જેઓ પીર થઈ ગયાનું અનુમાન ધરાવે છે. હજુ તેઓ પર સંશોધન કરવામાં આવે તો ઘણી વિગતો મળે તેમ છે. પરંતુ અત્યારે તેમના માટે આ લેખમાં આટલું પૂરતું છે. તેઓનું સાહિત્ય-ક્ષેત્રે પ્રદાન જણાતું નથી.

**ભગત મીર વલીભાઈ**

ભીખાભાઈ મીરના વંશમાં નૂરભાઈના સુપુત્ર સ્વ. વલીભાઈ મીર ભગત થઈ ગયા હતા. જીવનભર કુંવારા રહ્યા હતા. રણાસણ અને વિજાપુરની આજુબાજુની ભક્ત મંડળીઓમાં એમની સંતવાણી વખણાતી. વલીભાઈ મીર પણ મારા હિરાબહેનના જેઠ હોવાના નાતે ને મારા બનેવી મીર બકાભાઈ (કવિ)ના કાકા હોવાથી તેમની સાથે સગા હોવાને નાતે આ બંને મહાનુભાવોને મળ્યો છું. વલીભાઈ મીરને માથે ટાલ હતી, સફેદ ખમીસ અને લેંઘો પહેરતા; માથે કાળી ટોપી પહેરતા ને એમની સાથે ભજનોમાં જતો ને સંતવાણીનો લાભ મેં લીધો છે. તેઓને જીભ સામાન્ય ચોંટતી હતી છતાં ભજનો ખૂબ સારા ગાતા હતા.

આમ મીર સમાજમાંથી આ પરિવારમાંથી પીર થયેલા સ્વ. મીર ભીખાભાઈ અને મીરમાંથી ભક્ત-સંત-ભક્ત થયેલ અને ભક્તિરસમાં લીન બનેલા સ્વ. વલીભાઈ મીર સર્વધર્મ સમાન-કોમી એખલાસના મસીહા સમાન રહ્યા છે.

ડૉ. ચન્દ્રકાન્ત મહેતાના સંશોધન થકી 'મીર મુરાદ' પ્રકાશમાં આવ્યા, શબ્દસ્થ અને ગ્રંથસ્થ થયા ને ભારતમાં 'મીર મુરાદ'ની રચનાઓ - કવિતો તથા 'મીર કોમ'ની ને એમાંય ગુજરાત મીર કોમની સાચી ઓળખ બની રહી ને સાહિત્યકારો - લોકસાહિત્યકારો-લોકવાહકો-કલાકારોમાં મીર મુરાદ મીર કોમના ચીંથરે વીંટેલા છૂપા રત્ન સમા અને એમનાં કવિતો, રેખતાઓ - છપ્પા - કુંડળિયા - રાસ- રાસડા અને એમની અન્ય રચનાઓ નીચે મુજબ ગ્રંથસ્થ કરી છે.

(૧) બોધ બહત્તરી



(૨) ગુરૂડ હનુમાન સંવાદ
(૩) બંદગીબંધ
(૪) સૂમ-દાતાર સંવાદ
(૫) ગુણ-વાણી વિલાસ
(૬) જ્ઞાન-ચેતાવની
(૭) કનક બત્તીસી
(૮) કવિતસંગ્રહ
(૯) પદસંગ્રહ
(૧૦) ભગવાન કો ઉલ્લાહના એવમ્ અન્ય સ્ફુટ રચનાઓ

આમ દસ કૃતિઓનું લોકકવિ મીર મુરાદ પુસ્તકમાં 'મુરાદવાણી'માં ડૉ. ચન્દ્રકાન્ત મહેતાએ સંપાદન કર્યું છે. ને 'મીર કાવ્ય પરંપરા એવમ્ ગુજરાત કા જન કવિ મીર મુરાદ' વિષય પર પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી સુંદર કામ કર્યું છે ને તેમાં મીર મુરાદનાં જીવન-કવન, કૃતિઓ વગેરેની વિગતો આપી છે. 'મીર મુરાદ' પણ સંત જેવું જીવન જીવ્યા ને એમની રચનાઓમાં કોમી એખલાસની ભાવનાની કૃતિઓ ધ્યાન ખેંચે છે. મુસલમાન હોવા છતાં પણ આ ઉદારદિલ કવિએ હિન્દુઓની વિવિધ દેવોની ભાવપૂર્ણ વંદના કરી છે. પ્રસિદ્ધિમાં આવવાની પરવા કર્યા સિવાય આમીર કવિ મુરાદે લખ્યું છે. ખુદા પર ભરોસો રાખીને જીવન ગુજાર્યું, ખુદાની બંદગી કરતાં કરતાં મુરાદની વાણીમાં સચ્ચાઈનો રણકો છે. મમસ્પર્શિતા છે, તેથી તેમની કવિતા સહૃદય વાચક કે શ્રોતાના મનને સ્પર્શી જાય છે ! રહીમ, રસખાન વગેરેની કવિતામાં જેવી અને જેટલી મધુરતા છે તેનાથી પણ વધુ મધુરતા ક્યાંક ક્યાંક મુરાદ વાણીમાં દૃષ્ટિગત થાય છે. તેવું ડૉ. ચન્દ્રકાન્ત મહેતાએ લખ્યું છે.

ગુજરાત મીર કોમના જૂની રંગભૂમિના વિખ્યાત અભિનેતા અને સંગીત-માસ્ટર દેશી નાટક સમાજ ભાંગવાડી (મુંબઈ) ખાતે હમીરજી મીર ઉસ્તાદ પણ અશરફખાનબાવાની જેમ જૂની રંગભૂમિના અદાકાર હતા ને પીર - ઓલિયા થયા તેમ હમીરજી મીર પણ 'પીર ઓલિયા' થયા છે તેવું સૌરાષ્ટ્રના લીંમડીના ભગુભાઈ મીરે એક મુલાકાતમાં જમાવ્યુ ને તેમની પણ મઝાર છે. હજી આ અંગે વધુ સંશોધન થાય તો ઘણું, સાહિત્ય ને વિગતો મળે તેમ છે. ''રંગભૂમિ : રિદ્ધિ અને રોનક'' ધીરેન્દ્ર સોમાણી સંપાદિત પુસ્તકમાં હમીરજી મીર વિશેની માહિતી ઉપલબ્ધ થાય છે.

આ લેખમાં શક્ય તેટલા ગુજરાત મીર કોમના સૂફી સંતો, પીર, ઓલિયા ભક્તોની દંતકથાઓ ને તેમની રચનાઓનો આછો પરિચય આપવા નમ્ર પ્રયાસ કર્યો છે. મીર મુરાદના વંશના મીર બાદર અને મીર ગુલાબ તેમજ અન્ય મીર કોમના પ્રસિદ્ધિ ખાસ પામ્યા નથી તેવા કવિઓની કૃતિઓ 'ગુજરાત મીર કોમના કવિઓ' મારા પુસ્તકમાં આપી છે. ગુજરાતના લોકસાહિત્યકારો દ્વારા 'વણખેડાયેલી મીર કોમની સાંસ્કૃતિક વિરાસત' પર એક સંશોધન-વર્કશોપ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા યોજાય તો મીર કોમની વિશેષ લાક્ષણિકતાઓ - વિશિષ્ટતાઓનું ખૂબ મોટું કામ થાય તેમ છે.

અસ્તુ.

**સંદર્ભ સાહિત્ય**

(૧) લોકકવિ મીર મુરાદ — ડૉ. ચન્દ્રકાન્ત મહેતા
(૨) મુરાદ વાણી — ડૉ. ચન્દ્રકાન્ત મહેતા
(૩) સંતવાણી તત્ત્વ અને તંત્રક્ષ — ડૉ. બળવંત જાની
(૪) વહીવંચા બારોટ - પરિચય અને પ્રદાન — ડૉ. બળવંત જાની
(૫) ગુજરાત મીર કોમના કવિઓ — ભીખુ કવિ
(૬) ગુજરાત મીર કોમનો સાંસ્કૃતિક વારસો — ભીખુ કવિ
(૭) રંગભૂમિ : રિધિ અને રોનક — ધીરેન્દ્ર સોમાણી
(૮) લોકગુર્જરી અંક ૩૦ — ડૉ. બળવંત જાની

૪

# ભક્તિ, પ્રેમ અને જ્ઞાનનું સંગમતીર્થ : 'દેવાનંદ સ્વામી'

**ભીમજી ખાચરિયા**

'સંતસાહિત્ય અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતકવિઓ' વિષયના પરિસંવાદમાં આ સંપ્રદાયના નંદસંતો, કવિઓમાંના 'સ્વામી દેવાનંદ' વિષે આપને થોડીક વાત કરવાની છે.

સર્વવિદિત વાત તો એ છે કે માત્ર દેવાનંદ જ નહીં, આ સંપ્રદાયના લગભગ સંતકવિઓ વિષે અત્યાર સુધી ખૂબ લખાયું, વંચાયું અને ચર્ચાયું છે. ઈન્ટરનેટના માધ્યમે તપાસ કરતાં વીકીપિડિયા, સ્વામિનારાયણ સંપ્રદાયની જુદી જુદી વેબસાઈટ ઉપર ખાસ કરીને દેવાનંદ સ્વામી વિષે અઢળક સામગ્રી મળે છે. દેવાનંદ અને અન્ય સંતકવિઓનાં પદોને વર્તમાન સ્વરકારોએ સ્વરબદ્ધ કરીને ગાયકી રૂપે પણ એ પદો મૂક્યાં છે, સાથે સાથે આ સંપ્રદાય અને સંતકવિઓ ઉપર થયેલા સંશોધન, Ph.D.ના શોધનિબંધો પણ છે. આ બધી સામગ્રી તેમજ સંપ્રદાયના પદોની વિવિધ પદમાળાઓ, કીર્તનાવલિઓ, જૂનાગઢ, અમદાવાદ, ભૂજ, મૂળી, સુરેન્દ્રનગર વગેરે જ્ઞાનપીઠો તરફથી પ્રગટ થયેલી કીર્તનાવલિઓમાં પણ દેવાનંદની કવિતા વિષે સામગ્રી મળે છે. આમ મારે જ્યાં સુધી દેવાનંદનાં પદો કે કવિતા-વિષયક વાત કરવાની થાય છે ત્યારે આ સર્વ શોધકાર્ય, લેખન, સંપાદનને સામે રાખીને, સર્વ વિગતોને જોઈ-વાંચીને દેવાનંદ-વિષયક વાત કરવાની બને છે. એમ

પણ બને કે દેવાનંદ-વિષયક ઘણી સામગ્રી મારા જોવામાં ન પણ આવી હોય.

પ્રસ્તુત અભ્યાસલેખમાં 'શ્રી દેવાનંદ કાવ્ય', પ્રકાશક : સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન, સુરેન્દ્રનગર, બીજી આવૃત્તિ ૨૦૦૬ પ્રગટ થયેલ છે, એ પુસ્તકને મુખ્ય આધાર રાખેલ છે.

આ લેખના મથાળે દેવાનંદ સ્વામી સાથે ભક્તિ, પ્રેમ અને જ્ઞાનનો સમન્વય, એમ સંજ્ઞાઓ મૂકી છે. અહીં ભક્તિ અને પ્રેમની સંજ્ઞાનો અર્થ પ્રેમલક્ષણા ભક્તિ એટલે પ્રેમમાર્ગ અને ભક્તિનો બીજો માર્ગ એટલે જ્ઞાનમાર્ગ... આપણે જાણીએ છીએ કે મધ્યકાલમાં પ્રેમલક્ષણા ભક્તિ ખાસ કરીને ૧૬મા સૈકામાં નરસિંહ આદિથી શરૂ થઈને ૧૯મા સૈકામાં દયારામ સુધી કાવ્યસ્વરૂપ પામી છે. કૃષ્ણનાં વિવિધ રૂપો અને લીલાનાં વર્ણનો ભાગવતનો મુખ્ય આધાર લઈને મધ્યકાલના સર્વ કવિઓએ જુદા જુદા રૂપમાં કાવ્યો રચી પોતાનો કૃષ્ણપ્રેમ પુષ્ટ કર્યો છે. કે. કા. શાસ્ત્રી જેને આદિભક્તિ યુગના કવિઓ કહે છે એ ભીમ, કર્મણમંત્રી, જનાર્દન ત્રવાડી, વીરસિંહ, માંડણ બંધારો, શ્રીધર અડાલજો, કીકુ વસહી અને દેહલ વગેરે કવિઓએ જૂની ગુજરાતીમાં વિધવિધ રાગરાગિણીમાં કૃષ્ણ અને રામવિષયક પ્રેમલક્ષણાભક્તિની કવિતા કરી છે. આ આદિભક્તિયુગના અંતે આદિકવિ નરસિંહની પ્રેમલક્ષણાભક્તિ કે પ્રેમભક્તિ પ્રગટે છે. ઉમાશંકર જોશી કહે છે : 'ભક્તિસ્રોતના મૂળમાં અવતાર એક આલંબન તરીકે જોઈ શકાય છે. કૃષ્ણાવતારની ચરિત્રકથા, ખાસ કરીને બાળકૃષ્ણની કથા અને તેમાં પણ વૃંદાવનમાં ગોપીઓ સાથેની કૃષ્ણની રાસલીલા, એનું સૈકાઓથી આકર્ષણ હતું. ભાગવતના સમય સુધીમાં એ વશીકરણ સમાન બની જાય છે.'[૧] નરસિંહની કવિતાનો ભક્તિપ્રવાહ પ્રેમમાર્ગી કવિ દયારામનું અવસાન ઈ.સ. ૧૮૫૨માં થયું ત્યાં સુધી આગળ વધે છે. આ પ્રવાહમાં જ સ્વામિનારાયણ સંપ્રદાય અને નંદસંતોની વાણીનો ઉદય થાય છે જે અવતારવાદને પોષી શ્રીજીમહારાજનાં ગુણસંકીર્તન અને સ્વરૂપમહિમાના પદો ગાય છે, લખે છે. આમ એક વાત એ સ્પષ્ટ થાય છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ કવિઓની પ્રેમલક્ષણાભક્તિનાં મૂળ ભારતીય ભક્તિયુગ, ગુજરાતના આદિભક્તિ યુગ અને અવતારવાદમાં જોઈ શકાય. અહીં દેવાનંદનાં પદોમાં પ્રગટ થતી પ્રેમલક્ષણાભક્તિ એ એમાંનો એક ભક્તિપ્રવાહ કે પ્રેમપ્રવાહ. સાકારવાદ કે સગુણ ઉપાસનાને આગળ વધારતાં દેવાનંદનાં પદો. સહજાનંદ-સ્વરૂપ અને સંપ્રદાયના શાસ્ત્રીય મતોને પ્રગટ કરતા કરતા મધ્યકાલીન સાહિત્યસ્વરૂપો જેમ કે કક્કો, તિથિ, આરતી, મહિના, બારમાસી, ગરબી,



ગરબો અને પદો વગેરેમાં રચાતી દેવાનંદની સહજાનંદ અને કૃષ્ણ વિષેની રચનાઓ અહીં ભક્તિ પ્રેમ અને જ્ઞાન સ્વરૂપે મળે છે.

**(૧) દેવાનંદ સ્વામીનો જન્મ અને સમયકાળ :** સંવત ૧૮૫૯ના કારતક સુધી પૂનમના દિવસે ભાલ પ્રદેશમાં ધોળકાથી દૂર બળોલ ગામે રત્નુ શાખાના મારુ ચારણ ગઢવી પિતા જીજીભાઈ તથા માતુશ્રી બહેનજીબાને ત્યાં દેવીદાનનો જન્મ થયેલ. બે બહેનો, મધુબા અને બાઈજીબાના ભાઈ દેવીદાનનું મોસાળ મૂળી ગામ હતું. પિતા જીજીભાઈ શિવભક્ત હતા. પરિણામે બાળક દેવીદાન રોજ પિતા સાથે મંદિરે જતા. દેવીદાસના બાળપણ સાથે અનેક દંતકથાઓમાંની એક, 'ભગવાન પ્રગટ પુરુષોત્તમ તમારે ગામે તમને લેવા આવશે. તમે એનું શરણ સ્વીકારજો. એમના એક શિષ્ય મહાન કવિ સદ્‌ગુરુનો તમને મેળાપ થશે અને તમે મહાકવિ તરીકે પ્રસિદ્ધ થશો' એવી અનેક દંતકથાઓ મળે છે. આમ દેવીદાન સહજાનંદ અને બ્રહ્માનંદને પામ્યા અને દેવાનંદ તરીકે સંપ્રદાયમાં રહી શાસ્ત્ર, ધર્મ અને કાવ્યનો અભ્યાસ પામ્યા. પદકાર અને સંગીતકાર તરીકે સંપ્રદાય અને રાજદરબારોમાં ખ્યાતિપ્રાપ્ત દેવાનંદ કવીશ્વર દલપતરામના કાવ્યગુરુનું પદ પણ પામ્યા.

આ દેવાનંદે બ્રહ્માનંદ પાસેથી કાવ્યશિક્ષણ પામીને જે પદોની રચના કરી એ પદો એટલે સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રખ્યાત પદસંગ્રહ દેવાનંદ કાવ્ય. બ્રહ્માનંદ સ્વામીના પટ્ટશિષ્ય તરીકે પંકાયેલા દેવાનંદ મૂળી મંદિરની મહંતાઈ પણ જીવનના અંત સુધી કરીને સં. ૧૯૧૦માં આ જગત છોડી અક્ષરધામ વસે છે. આજે મૂળ ગામમાં નદીકાંઠે આ ગુરુશિષ્યની એટલે કે બ્રહ્માનંદ અને દેવાનંદની સ્મૃતિ રૂપે છત્રીઓનાં દર્શન છે.

દેવાનંદ સ્વામીનો સમય ૧૯મા સૈકાનો મધ્યાહ્ન છે. આ સમયમાં ભારત તેમજ ગુજરાતમાં પશ્ચિમી સંસ્કૃતિનાં પગરણ થવા લાગ્યાં હોય છે અને સ્વામિનારાયણ સંપ્રદાયની જેમ દાદુપંથ, કબીરપંથ, પુષ્ટિસંપ્રદાય, રવિભાણ સંપ્રદાય એમ અનેક નાનામોટા સાંપ્રદાયિક વિચારોનો ફેલાવો થયો હોય છે. આ સમયે ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદજીના સમયમાં અને સદ્‌ગુરુ બ્રહ્માનંદજી પાસે કાવ્યશિક્ષા પામેલા દેવાનંદ સ્વામી સગુણ ઉપાસનાની સાથે સાથે જ્ઞાનની ઉપાસના તરફ પણ વળે છે. એમનાં આશરે બારસો પચાસ (૧૨૫૦) પદોમાંથી મોટા ભાગનાં પદો પ્રેમભક્તિનાં પદો છે. આ પદોમાં દેવાનંદ સ્વામીએ સહજાનંદ સ્વરૂપનો મહિમા, અવતાર મહિમા, અવતાર કર્મ, સહજાનંદનું

બ્રહ્મસ્વરૂપ, કૃષ્ણભક્તિ, કૃષ્ણ સાથેનો દાસભાવ, સખીભાવ, પ્રેમભાવ વગેરે છે. આ પદોમાં બાલકૃષ્ણની લીલાઓ, ગોકુળ, વૃંદાવન, મથુરા વગેરે પ્રદેશની લીલાઓ, કૃષ્ણના સ્વરૂપમાં રહેલ બંસરી, કટારી, પીતાંબર, યમુનાજલ, રાસ, રાધા, પિચકારી, ગૌધન, હિંડોળા, ફૂલડોલ વગેરે અનેક સ્વરૂપોથી કૃષ્ણને પ્રેમમાર્ગે, પ્રેમભક્તિથી ભજીને દેવાનંદે પદરચનાઓ કરેલ છે. આ પદરચનાઓની સંખ્યા આઠસોથી સાડાઆઠસો જેટલી ગણી શકાય. દેવાનંદનાં પદોનું બીજું સ્વરૂપ જ્ઞાન, વૈરાગ્ય, મર્યાદા અને સમાજસુધારાનાં પદોનું પણ છે. શીલ, સંયમ અને સદાચારના ગુણોનું સમર્થન કરતાં દેવાનંદનાં પદો મનુષ્યવાદની સ્થાપના કરવા માટે મથતા હોય એવું લાગે છે. ગુજરાતની જ્ઞાનમાર્ગી કવિતા અને પ્રીતમદાસ, નિરાંત, બાપુસાહેબ ગાયકવાડ, ધીરો અને ભોજા ભગતની કવિતા અંગે ભૂપેન્દ્ર ત્રિવેદી કહે છે : 'બ્રહ્મ, જીવ, જગત, માયા, મોક્ષ જેવા પરંપરાગત વિષયો એમના કથનમાં સહજભાવે આમેજ થયા છે. સગુણ અને નિર્ગુણ એમ બન્ને ભક્તિની ઉપાસના જીવબ્રહ્માના અભેદના ઉપદેશ સાથે જ એમણે ઉપદેશી છે. માયા જાતજાતનાં આકર્ષક રૂપો ધારી અજ્ઞાની જીવને છેતરે છે. કાળના પંજામાંથી કોઈ છટકી શકતું નથી તેથી સદ્‌ગુરુને શરણે જઈ તેના ઉપદેશને આચરણમાં મૂકી હરિભજનને પ્રતાપે જગતની જંજાળમાંથી છૂટી આત્મસ્વરૂપને પામો એવો એકધારો ઉપદેશ, વૈવિધ્યની જેમાં ખામી વરતાતી નથી એવી પ્રેરક વાણીમાં આ કવિઓએ કર્યો છે અને મુક્તિનો માર્ગ ચીંધ્યો છે.[૨] આમ પ્રેમ અને જ્ઞાન દેવાનંદની કવિતામાં કઈ રીતે છે ? તે તપાસવાનો પ્રયત્ન કરીએ.

* * *

પ્રેમલક્ષણાભક્તિથી આગળ જ્ઞાનમાર્ગને પોષતી દેવાનંદની પદરચનાઓ સંપ્રદાયના અનેક ગ્રંથોમાં ગ્રંથસ્થ છે. ગોરધનદાસ સોરઠિયા, ચંદ્રકાન્ત શેઠ, બળવંત જાની જેવા વિદ્વાનોથી માંડીને સંપ્રદાયના અનેક સંતોએ જુદા જુદા સંતોનાં કીર્તનોની સાથે દેવાનંદનાં કીર્તનો મૂકી અનેક કીર્તનાવલિઓ તૈયાર કરી છે. આ સર્વ ગ્રંથોમાં દેવાનંદનાં પદો વિષેનો મુખ્ય ગ્રંથ 'શ્રી દેવાનંદ કાવ્ય' ગણાય છે. જે ગ્રંથના આધારે આપણે દેવાનંદ પ્રેમમાર્ગથી જ્ઞાનમાર્ગ તરફ સાધુતાને સાથે રાખીને, સંપ્રદાયની શિસ્ત, શાસ્ત્રના સિદ્ધાંતો તેમજ સહજાનંદના જ ગુણ ગાવાને ધ્યાનમાં રાખીને આગળ વધે છે, તે જોઈએ.

દેવાનંદ એ સમયના સાક્ષર હતા. એટલે કે અક્ષરજ્ઞાન પામ્યા છે એમ માની શકાય. દેવાનંદનું સાંપ્રદાયિક શિક્ષણ સહજાનંદ સાથેનાં વચનામૃતોની



પ્રશ્નાવલિમાં અને અન્ય નંદસંતોનાં ચરિત્રો સાથે પણ જોઈ શકાય છે. સાંસારિક ધર્મમાં તેઓ ચારણ હોવાને કારણે સૂરગાનના સંસ્કાર જન્મથી જ હોઈ, કાવ્યગુરુ બ્રહ્માનંદે એમનામાં કાવ્યગાનના સંસ્કાર સિંચ્યા જણાય છે. દેવાનંદનાં પદો ગુજરાતી, હિન્દી, વ્રજ અને ડિંગળની છાંટવાળી ગુજરાતીમાં માટે ભાગે છે. લયમેળ છંદ ધરાવતાં આ પદોમાં શબ્દ, શબ્દયુગ્મ, સમાસ અને પંક્તિઓનું પુનરાવર્તન સહજ છે. મૂર્તિપૂજા તેમજ સ્વરૂપપૂજાને કારણે મંગળાથી શયન સુધીનાં દર્શનોની લીલા, સહજાનંદના હૈયાત સ્વરૂપની લીલા અને પૂર્ણપુરુષોત્તમની લીલા એમનાં પદોમાં ગવાઈ છે. સંપ્રદાયમાં ઊજવાતા તહેવારો તેમજ ઉત્સવવિષયક પદોમાં અન્નકૂટ, હોરી, રક્ષા, વસંત, વર્ષા, બીજ, અગિયારસ, દીવાળી વિષયક આદિ પદો વિશેષ છે. બ્રહ્માનંદ સ્વામીને આપેલ વચન મુજબ દરરોજ ચાર પદની ચોસર લખવાની-ગાવાની ટેક હોવાથી દેવાનંદે ચારની ચોસરમાં લગભગ પદો લખ્યાં છે. દેવાનંદ પોતે સંગીતજ્ઞ હોવાથી એમનાં પદો જુદા જુદા રાગમાં અને લોકઢાળમાં લખાયા-ગવાયા છે. સોહની, પરજ, જંગલો, કાફી, કલ્યાણ, ધનશ્રી, સારંગ, રાયસો, ગુઢ મલ્હાર, સોરઠ મલ્હાર, બિહાગ, નાઈકી, અડાણો, દરબારી કાનડો, વસંત આદિ અનેક રાગમાં એમનાં પદો મળતાં હોવાથી એમનું સંગીતજ્ઞાન સંપ્રદાયમાં અધિક મનાયું છે.

* * *

(૩) **દેવાનંદ સ્વામીનાં પ્રેમભક્તિનાં પદો :** દેવાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમને, કૃષ્ણને પ્રેમમાર્ગથી ભજે છે. એમના પદોમાં પુરુષોત્તમને અર્થાત્ કૃષ્ણને ઘનશ્યામ, ગિરધર, નાથજી, વનમાળી, શામળિયો, નટવર, વ્રજકુંવર, કુંવર, મોહન એમ વિશેષ ભાવો બંસીવારો, જાદુગારો, દીવાનો ડોલરિયો, માવો, પાતળિયા એમ અનેક સંબોધનથી લાડ લડાવે છે. દેવાનંદનાં આ પદોમાં ગોપીનું કામણ અને વિરહ, પ્રેમનો તલવાર અને સખીભાવની પૂર્ણતા પમાય છે.

દેવાનંદ સ્વામીનાં આ પ્રેમમાર્ગી પદોમાં જેમ ગોપી-કૃષ્ણ તરફ આખો સંસાર ખંખેરીને દોડી જાય એમ ભક્ત દેવાનંદની ચેતના કૃષ્ણ તરફ દોડી જાય છે. દેવાનંદની આ પ્રભુપ્રીતિ પ્રેમરૂપ ગોપીભાવે સખીભાવે નવધા ભક્તિથી ઉપર ઊઠીને વ્યક્ત થઈ છે. એમનાં આ પદોમાં પ્રભુ સાથેના રહસ્યવાદી સંબંધનો તાગ પણ મળે છે અને ભક્તોના રક્ષણાર્થે જ પ્રભુનું પ્રાગટ્ય થયું છે એ અનુભવ પણ મળે છે. મધ્યકાલના અન્ય મુખ્યકવિઓ કે સંપ્રદાયના અન્ય કવિઓની જેમ દેવાનંદનાં પદોમાં પ્રેમભક્તિનું શુદ્ધ અલૌકિક રૂપ મળે છે. દેવાનંદે ગોપીભાવે

કૃષ્ણભક્તિનાં પદો ગાયાં છે, જે પણ ગુજરાતી-હિન્દી ભાષામાં કૃષ્ણપ્રેમના શૃંગારની વિવિધ અવસ્થાઓનાં પદોને આ મુજબ જોઈ શકાય છે.

*કાનુડાની ફરીએ કેડ્યે અમે...કાનુડાની...*
*લટકાળા નંદલાલકુંવરની, એ છબી અંતર ધરીએ...*
*પાઘલડીના પેચ મનોહર, જોઈ જોઈ ચિત્તમાં ઠરીએ...*
*મનમોહનને મળવા સારુ, કામલડું પરહરિએ...*
*દેવાનંદ કહે મુખડું જોતાં, દુરિજનથી નહીં ડરીએ...*

રાગ પરજ, પદ-૮૫, પા. ૩૯

પરજ રાગમાં ગવાતું આ પદ કૃષ્ણના સન્મુખ દર્શન થતાં રાક્ષસથી પણ અમો ડરવાના નથી...અહીં રાક્ષસ એટલે ષટ્‌રિપુને પણ ઈશ્વરની આરાધનાથી આપણે મારી શકીશું એ ભાવ છે. સૌરાષ્ટ્રની લોકબોલીમાં ગવાતું આ પદ કાનજીને લાડવાચક પ્રત્યયથી કાનુડો, વિશેષણમાં લટકાળો અને નંદનો લાલ, કુંવર; પાઘને નમણીય રૂપ આપવા પાઘલડીના પેચ એટલે કે આંટીઓને જોઈ જોઈ એક ને એક ક્રિયાનું બે વખત આવર્તન થતાં કાનુડાનું એ મનોહર એકચિત્તમાં 'ઠરીએ' અને સ્થિર થઈ જાય છે.

દેવાનંદ ગોપીભાવે કૃષ્ણ સાથે પ્રીત થતાં પસ્તાવો અનુભવે છે. કારણ; કૃષ્ણને વિયોગ છે. કૃષ્ણનો વિયોગ સખીભાવે અનુભવી દેવાનંદની ગોપી સોહની રાગમાં ઉદ્ધવને ઓધો સંબોધી આમ કહે છે.

*ઓધો રે કપટી કાન ઠગારો... ઓધો રે...*
*લોકલાજ ઘરકાજ છોડી કે, કર દીનો જગ ખારો...*
*હાસ વિનોદ મોદ મનોરંજન, હર ગયો પ્રાન હમારો*
*વાટ ઘાટ મટીક મૈં લૂંટત, માનત નહીં મનવારો*
*દેવાનંદકો નાથ નવલ પિયા, દિલકી જાનનહારો...*

રાગ સોહની, પદ-૧૧૯, પા. ૪૯

વ્રજભાષામાં લખાયેલું આ પદ કૃષ્ણપ્રીતિનો વિયોગશૃંગાર અને ગોપીનો વિરહભાવ પ્રગટ કરે છે. હે ઓધાજી, મારા વ્હાલાને વઢીને કહેજો રે.. જેવા પદનું સ્મરણ આ પદની સાથે તરત જ થાય. ગોપીનું ચિત્ત ક્યાંય ચોંટતું નથી. જગત ખારું ઝેર થઈ ગયું છે. જીવનનો આનંદ, પ્રેમ, રસ, અને દેવાનંદની વિનંતિ 'નાથ નવલ પિયા'નું સંબોધન પદમાં મિલન અને વિરહના તલસાટનું પ્રમાણ આપે છે.



મધ્યકાલની ભક્તિકવિતામાં અને લોકજીવનમાં પરંપરાગત રીતે ગવાતાં પદોમાં પ્રભુમિલનની ઝંખના દેવાનંદનાં પદોમાં વિશેષ છે. આપણી કંઠસ્થ પરંપરાએ પણ આ પ્રકારનાં પદો હજુ જાળવી રાખ્યાં છે અને લોકગીતોમાં ગવાતા ધોળનો આનંદઉત્સવ લઈ મહાથાળ જ્યારે પુરુષોત્તમ પ્રભુને ધરાય છે ત્યારે આજે પણ ઘણાં મંદિરોમાં આ પંચાવન કડીનું પદ ગવાય છે.

*મંદિરિયે પધારો મારે જમવા જીવનપ્રાણ વાલા...*
*શેરી વળાવી ફૂલડાં વેર્યાં શામળિયા સુજાણ વાલા...*
*મલિયારથી મંદિરિયાં લીંપાવીને લેર્યા વાલા...*
*દાસ મળ્યા છે દરશન કરવા પીતાંબર તે પેર્યા વાલા...*
*ચાખડિયું પેરીને આવો ચતુર પિયા ચિતચોર વાલા...*
*ઓરડિયે બિરાજો આવી જાદુગારા જોર વાલા...*
*બાજોઠે સોનાને બેસો ચરનકમલને ધોશું વાલા...*
*પાવ તમારા પ્રીત કરીને નવે દુશાલે લોશું વાલા...*

રાગ લોકઢાળ, પદ-૬૩૭, પા. ૨૬૨

આ પદમાં પ્રભુને 'બત્રીસ જાતના પકવાન ને તેત્રીસ જાતના શાક' એ લોકબોલીના પ્રયોગ જેવા જ મેવા-મીઠાઈ ને શાકભાજી, મનગમતા મુખવાસ, ષટ્‌રસ ભોજન કરાવીને પ્રભુને લવિંગની ખીલીવાળું તાંબુલ અને ફૂલડાંની સેજ બિછાવી પાસે બેસી પગને ચાંપી દુઃખડા કાપવાની આરત દેવાનંદ સ્વામી કરે છે. પ્રભુનો ખ્યાલ રાખવો, એમને મનગમતાં ભોજન, મુખવાસાદિ કરાવવાં એટલે એમના જીવનનો સર્વાંગી સ્વીકાર કરવો. અહીં સખી અને પ્રભુ બન્ને એકમેક માટે જ છે.

દેવાનંદનાં પદોમાં સંપ્રદાયની શિસ્ત પ્રમાણે ગવાતા ઉત્સવોનાં પદોમાં પણ એટલી જ પ્રેમલક્ષણાભક્તિ મળે છે. વસંતઋતુમાં ગવાતાં પદો વસંત રાગમાં દેવાનંદે ગાઈને બારેક પદો રચ્યાં છે. નવલ શબ્દના આવર્તનને લઈને વસંતઋતુમાં બાગમાં નવલ ફૂલો, વન અને વનરાઈ ખીલે છે એમ ચારેય તરફ નવલ નવલ જ દીસે છે.

* *નવલ વસંત નવલ ભક્તિમાત, ધર્મ ભુવન પ્રગટ્યો*
*નવલ પ્રેમ ભરી ભક્તિમાત, નિત નવલ વર પાયો*

રાગ વંસત, પદ-૮૬૯, પા. ૩૫૩

* *વસંત અલૌકિક સંત અલૌકિક, કૃષ્ણ અલૌકિક આયે,*
*પ્રીત અલૌકિક રીત અલૌકિક, ગીત અલૌકિક ગાયે...*
રાગ વસંત, પદ-૮૭૦, પા. ૩૫૩

* *સુંદર વસંત સુંદર જગજીવન, સુંદર સબ હી વ્રજનાગરી*
*સુંદર વસન તન સુંદર આભૂખન, સુંદર ધરની ગિરધારી*
રાગ વસંત, પદ-૮૭૨, પા. ૩૫૪

* *ચાલ સખી વૃંદાવન જઈએ તહાં, કાનકુંવર નિત્ય ખેલ કરે,*
*ગોપી ગ્વાલ મનોહર મંડલી, અરસપરસ અંગરંગમેં ભરે.*
રાગ વસંત, પદ-૮૭૬, પા. ૩૫૪

પુષ્ટિમાર્ગીય હવેલીમાં વસંતધમાર અને સ્વામિનારાયણ સંપ્રદાયના વસંતધમારનાં પદોની ગાયકી અને પદપરંપરા અહીં સમાંતરે ચાલે છે. અષ્ટછાપ સખાઓમાં સૂરદાસ, નંદદાસ, છીતસ્વામી, ગોવિંદસ્વામી આદિએ જેમ વસંતનાં પદો ગાયાં છે એમ દેવાનંદ આદિએ પણ પ્રભુને રીઝવવા, સખીભાવે વસંતનાં પદો ગાયાં છે.

**૩.૧ હિંડોરાનાં પદો :** ભારતીય ભક્તિસાહિત્યમાં જન્માષ્ટમી પૂર્વે ભગવાન કૃષ્ણને હિંડોરે ઝુલાવવાનાં પદો ગવાય છે. અને ભગવાનની હિંડોરાલીલાનાં દર્શન પણ થાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સહજાનંદજીને અને પ્રગટ પુરુષોત્તમને જુદા જુદા શુંગાર કરાવી હિંડોરે ઝુલાવાય છે. આ ઝુલાવામાં પુરુષોત્તમ સાથે રાધિકાને પણ ઝુલાવાય છે. હિંડોરામાં કંચનજડિત હિંડોરા, ફૂલના હિંડોરા, કુંજના હિંડોરા, સૂકામેવાના હિંડોરા એમ ભાવજગતથી વિવિધ શોભા કરી સહજાનંદને ઝૂલે ઝુલાવી પદોનું ગાન થાય છે. પ્રસ્તુત સંપ્રદાયમાં નંદસંતોએ હિંડોરાનાં પદો ખૂબ ગાયાં છે એમ દેવાનંદ સ્વામીએ પણ હિંડોરાનાં પદો ગાઈ ભગવાનની લીલા વર્ણવી છે. વિવિધ રાગમાં ગવાતાં આ પદો વિષે ટૂંકમાં જોઈએ :

* *હિંડોરે કી શોભા માઈ બરની ન જાવે...*
*કંચન જડિત હિંડોરો કીનો, ગજ દોઉ રંગીન સોહાવે*
*તાપર થંભ દોઉ મનિયમ; રાજત, ડાંડી ચાર કહાવે...*
રાગ સોરઠી, પદ-૯૭૭, પા. ૩૯૫

* *હિંડોરે ઝુલાવત કે પિયા પ્યારી...*
*મંદ મંદ મુખ હસન મરમ કરી...હેય મેં હેત ખુમારી*



*શ્રી વૃષભાનકી કુંવરી રાધિકા... રેશમ ડોરી કરધારી...*
રાગ સોરઠી, પદ-૯૭૮, પા. ૩૯૫

* *નવલ હિંડોરે માઈ ઝૂલત કનૈયા...*
*આસપાસ સખિઅનકી મંડલી, નયે નયે ગીત ગવૈયા...*
*સોરઠ રાગ મલાર આલાપત તાલ મૃદંગ બજૈયા...*
રાગ સોરઠી, પદ-૯૭૯, પા. ૩૯૬

* *શામરો હિંડોરે માઈ ઝૂલત પ્યારો...*
*નયે નયે ભૂષન બસન પૈરોં કે, મોર મુગટ બંસીવારો...*
*નયન કી સયનમેં નેહ જનાવત, કુંજબિહારી કાન કારે...*
રાગ સોરઠી, પદ-૯૮૦, પા. ૩૯૬

આમ દેવાનંદ સ્વામીએ હિંડોરાનાં પદ ગાઈ કૃષ્ણભક્તિ પ્રગટ કરી છે. હિન્દી ભાષામાં રચાયેલ આ પદો સોરઠી રાગમાં સંગીત સાથે મંદિરોમાં આજે પણ ગવાય છે.

**૩.૨ હોરીનાં પદો :** વૈષ્ણવ ભક્તિમાં હોરી ઉત્સવ ઈષ્ટદેવ સાથે ખેલ ખેલીને, રંગે રમીને પ્રેમ પ્રગટ કરવાનો ઉત્સવ છે. રાજસ્થાન અને ઉત્તર ભારતનાં કૃષ્ણમંદિરોમાં હોરીના ઉત્સવ જેમ ઊજવાય છે એમ જ સ્વામિનારાયણ સંપ્રદાયમાં હોરીના ઉત્સવ રંગે રમીને, ફૂલડોલના ઉત્વસ ઊજવાય છે. આ ઉત્સવમાં પ્રગટ પુરુષોત્તમ સાથે રંગે રમવાની અને પદગાનની પરંપરાને હોરીનાં પદો કહે છે. દેવાનંદ સ્વામીના હોરીના પદો સંપ્રદાયમાં હરિભક્તોને અધિક પ્રિય છે.

* *ગિરધારી ડગર બીચ્યા ખેલ કરી, રંગ રંગ ગયો મેરી સારી...*
*ગ્વાલ બાલ સંગ આઈ અચાનક, બૈયા પકરકે પિછારી...*
રાગ દીપચંદી, પદ-૮૧૩, પા. ૩૩૩

* *હોરી ખેલત કાન સુજાન સખી, મુખચંદ લખી લલચૈયા હો...*
*પાગ વસંતી ગુલાબ કે તોરા, મુનિમન મધુપ વસૈયા હો...*
રાગ દીપચંદી, પદ-૮૧૪, પા. ૩૩૩

* *હોરી ખેનલ આયો વ્રજને બનવારી*
*કટી પર પીત બસન કસલી નૌતમ વેશ બનાયો*
*શોભિત હે શિર પાગ વસંતી અંગ અંગ મેં રાગ છાયો...*
રાગ દીપચંદી, પદ-૮૧૪, પા. ૩૩૪

* *શામરે સંગ ધૂમ મચાઈ ખેલત નૌતમ હોરી રે...*
*ચૂવા-ચંદન અબીર અગરજા કેસર ગાગર ગોરી રે...*
રાગ દીપચંદી, પદ-૮૧૪, પા. ૩૩૫

* *ગેલ મેં ગિરધર સંગ ડોલત, નવ જોબન વ્રજનારી રે...*
*કરકંચન પિચકારી ભરી, છરકત પ્રીતમ પ્યારી રે...*
રાગ દીપચંદી, પદ-૮૧૪, પા. ૩૩૬

દેવાનંદનાં આ પદોમાં પુરુષોત્તમ સાથેની હીરાલીલાનું સાદશ્ય અનુભવાય છે. ચાર ચાર પંક્તિઓમાં લખાયેલાં આ પદોમાં ગોપીભાવે, સખીભાવે દેવાનંદ પૂર્ણ ભક્તિ પામ્યા છે.

**૩.૩ દાણલીલાનાં પદો :** શ્રીમદ્ ભાગવતને આધાર લઈને, પૂર્વ સંતોએ રચેલાં પદોની પ્રેરણા લઈને દેવાનંદ સ્વામી સખીભાવે પ્રેમભક્તિને પુષ્ટ કરવા દાણલીલાનાં પદો રચે છે. ભારતીય અધ્યાત્મ અને ભક્તિસાહિત્યમાં દાણલીલા એ કૃષ્ણ અને ગોપીઓની, ગોપસખાઓની વડછડ છે. ગોકુલમાં બાળકૃષ્ણ, નટખટ કૃષ્ણ ગોરસ વેચનારી ગોપીઓ અને ગોપસખા સાથે દાણલીલા કરી અંતે તો પ્રગટ લીલા જ કરે છે. ભગવાનની આ લીલાનું ગાન ભક્ત માટે અનુપમ સૌંદર્ય અને ભક્તિનો પદારથ છે. અહીં દેવાનંદ સ્વામી પણ વિવિધ મંદિરોમાં પ્રગટ પુરુષોત્તમ સામે બેસી સારંગીનું સંગીત રેલાવીને દાણલીલાનાં પદો ગાય છે, લખે છે. જેને આ મુજબ અનુભવી શકીએ. એકસાથે સળંગ એકથી વીસ પદ સુધી દાણલીલાનું ગાન કરી દેવાનંદ ગોકુલ દર્શન અને રાધિકાનો ભાવ પામે છે.

* *એક સમે શ્રી રાધા ગોરીજી, શ્રી વૃષભાનકી કિશોરી કુંવરજી...*
*મહીં વેચ્યાનું મનર્યે ધારીજી, દધિ પય માટ ભરી ભરી ભારીજી...*
રાગ ચાતુરી, પદ-૬૦૦, પા. ૨૩૯

* *નવ જોબત વદન દેખી નારીજી, ઘેલા નવ થાયે કુંજવિહારીજી,*
*કંસનું રાજ જારાવર જાણીજી, જેલન કરીયે મૈના દાણીજી ઢાળ...*
રાગ ચાતુરી, પદ-૬૦૧, પા. ૨૩૯

* *અમે વ્રજવાસી સરવે એવડેજી,*
*તમારે કોય દિ કામ તેનું પડેજી...* રાગ ચાતુરી, પદ-૬૦૨, પા. ૨૪૦

* *આડું શાને બોલો અલવ્યમાં ભીનાજી,*
*અમે શું તમને જાદુ કિનાજી...* રાગ ચાતુરી, પદ-૬૦૩, પા. ૨૪૧



* *કૈયાનું તમને નથી કેવાતુજી,*
*નાથજી કૈયા વિના નથી રે'વાતુજી...* રાગ ચાતુરી, પદ-૬૦૪, પા. ૨૪૧

* *ગુજર જાતી ન ગણ્યામાં તમારેજી,*
*રાજનો મદ નહીં માન અમારેજી...* રાગ ચાતુરી, પદ-૬૦૫, પા. ૨૪૨

* *મારગ જાતાં મુજને ભાળીજી રે,*
*વનમાં રોકી રયા વનમાલી જીરે...* રાગ ચાતુરી, પદ-૬૦૮, પા. ૨૪૪

* *માન તજી તમે માવને વારોજી રે,*
*એને લીધો અતિ કેડ મારોજીરે...* રાગ ચાતુરી, પદ-૬૦૯, પા. ૨૪૫

દેવાનંદનાં આ પ્રેમભક્તિનાં પદોને તપાસતાં મહત્ત્વની લાક્ષણિકતાઓને આ મુજબ તારવી શકાય છે :

* દેવાનંદનાં પ્રેમભક્તિનાં પદો ઘનશ્યામ અને કૃષ્ણની ભક્તિ અને લીલાગાનનાં જ રહ્યાં છે.

* આ પદોમાં ભક્તિપરંપરા મુજબ, શાસ્ત્રના સિદ્ધાંતો મુજબ કથન, વર્ણન છે.

* આ પદો મોટે ભાગે હિન્દી, વ્રજભાષામાં અને રાગ-આધારિત છે.

* આ પદોમાં લયમેળ છંદ, અંત્યાનુપ્રાસ, વર્ણાનુપ્રાસ અલંકાર વિશેષ છે.

* રે, લોલ, જી, હા, રે...હા...હા... લટકણિયાનો પ્રયોગ વિશેષ થયો છે.

* આ પદોમાં શબ્દોને લય પ્રમાણે તોડવા-છોડવાના પ્રયોગો છે જે ભક્તિ-સહજ છે.

* દેવાનંદ સ્વામી સંગીતજ્ઞ હોવાથી ગરબી અને ગરબાના તેમજ રાગ અને તાલના લય જળવાયેલા છે.

* આ પદોમાં શૃંગારની વિવિધ અવસ્થાનો ભાવ રહેલો છે.

* દરેક પદોની ભાષાને તપાસતાં શબ્દ અને પંક્તિઓનાં સતત પુનરાવર્તન મળે છે.

* સંપ્રદાયના વિવિધ ઉત્સવ અને શ્રીજીમહારાજ, બ્રહ્માનંદજીની હૈયાતી અને મંદિરનિર્માણ, ધર્મપ્રવાસ, અક્ષરનિવાસ જેવી ઘટનાઓને આધારે પણ ઘણાં પદો રચાયા છે.

આમ છતાં આધુનિક સમયના પ્રારંભે, ભક્તિ-આંદોલનમાં દેવાનંદ

સ્વામીનાં આ પદો ગુજરાતી ભક્તિમાર્ગની કવિતામાં જ્ઞાન અને પ્રેમનો સમન્વય પણ ગણાય છે.

### સંદર્ભસૂચિ


૧. જોશી, ઉમાશંકર, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ-૨, ખંડ-૧, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, બીજી આવૃત્તિ, પા. ૧૧૦

૨. ત્રિવેદી, ભૂપેન્દ્ર, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ-૨, ખંડ-૧, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ, બીજી આવૃત્તિ, પા. ૪૪૭


**૫**

# મહત પુરુષ : રામદેવપીર

ડૉ. મુકુન્દચંદ્ર નાગર

રામદેવપીર એક દિવ્ય વિભૂતિ છે. તેમનો આવિર્ભાવ, પૃથ્વીલોકની પરિભાષામાં પરમપુરુષનિર્મિત દિવ્ય કર્મો પરિપૂર્ણ કરવાના શુભાશયથી થયો છે. મધ્યકાળમાં ભારતના વિવિધ પ્રાન્તોમાં અનેક સંતપુરુષોનાં ઋત અને તેજ સતત સમાજમાં વહેતાં રહ્યાં છે. આ બધી પુણ્ય પ્રતિભાઓમાં રામદેવપીર ''તેજ નક્ષત્ર'' સમાન છે. લોકહૃદયમાં કૃષ્ણના અંશાવતાર તરીકે પ્રતિષ્ઠિત આ મહામાનવે, માનવીય અખિલાઈને કેન્દ્રસ્થ રાખી, સમાજમાં હરિ અને હરિહર ઉપર સર્વને સમાન અધિકારનો સુયોગ્ય માર્ગ પ્રદાન કર્યો છે. તેમણે વરસાવેલ ભક્તિની પુષ્ટિથી ભવાટવિમાં અટવાતા અને સાંસારિક ભોગોમાં આસક્ત બનેલા અનેક માનવો આત્મકલ્યાણ સાધવામાં અગ્રેસર થયા છે. ભારતના અનેક પ્રાન્તોમાં તેમનાં સ્થાનકો, મંદિરો સ્થપાયાં છે. પરંતુ રાજસ્થાન અને ગુજરાતમાં તેમનું સવિશેષ માહાત્મ્ય છે. રાજસ્થાન તેમની જન્મ અને કર્મભૂમિ છે. જ્યારે ગુજરાત તેમની આધ્યાત્મિક યાત્રાની પૃષ્ઠભૂમિ છે. ગુજરાતનાં અધિકાંશ ગામો અને નગરોમાં તેમનાં મંદિરો તથા સ્થાનકો સ્થપાયાં છે. તેમના જીવન અને ભક્તિપરત્વે જનસમુદાયમાં અનેક કતિપય ભ્રાન્ત ધારણાઓ દૃઢ થઈ છે. અત્રે તેમના જીવનથી અવગાહત થઈએ.

પ્રથમ, તેમના જન્મ સંબંધી વિગતો તપાસીએ, તેમના જન્મકુળ બાબતે વિવિધ મતો પ્રવર્તે છે. લોકકથા મુજબ, ''શ્રીકૃષ્ણએ અજમલજીને આપેલ વરદાનના ફળ રૂપે, તેઓ અજમલજીને ત્યાં પારણામાં પ્રકટ થયા.''

સ્વામી રામપ્રકાશચાર્યના મત મુજબ, ''રામદેવજીનો જન્મ 'જૈપાલ' મેઘવાળ કુળમાં થયો હતો. તેમના પિતાનું નામ સાયર અને માતાનું નામ મગનીબાઈ હતું.''[૧]

ઐતિહાસિક દૃષ્ટિએ, ''તોમર વંશના પ્રવર્તક મહારાજ તુંગની ચોત્રીસમી પેઢીએ મહારાજા અનંગપાલ (બીજા) થયા. તેઓ પોતાના શાસનકાળમાં ચક્રવર્તી સમ્રાટ હતા. અનંગપાલને કોઈ પુત્ર નહોતો. એ કારણે તેમણે પોતાના દોહિત્ર પૃથ્વીરાજ ચૌહાણને પોતાના રાજ્યના અધિકારી બનાવ્યા. ત્યારબાદ, અનંગપાલ તોમર પાટણ આવીને વસ્યા. વૃદ્ધાવસ્થામાં તેમને ત્રણ પુત્રો અજજી, સરવણ અને તોરણપાલ અવતર્યા. અજજી પાટણ છોડી પશ્ચિમી રાજસ્થાનમાં આવીને રહ્યા. તેમની સાતમી પેઢીએ અર્થાત્, મહારાજા અનંગપાલની આઠમી પેઢીએ (કુંતીપુત્ર અર્જુનની બોત્તેરમી પેઢીમાં) રામદેવજી અવતરિત થયા.''[૨]

રામદેવજી પોતાના પ્રાકટ્ય અંગે ''માયા પ્રમાણ'' નામની તેમની રચનામાં કહે છે :

*''ઘર તંવરારે જામો પાયો, કુલમેં કંવર કહાયા,*
*અજમલ સુત રામદેવ ભાખે, મેટી ત્રિગુણી માયા.''*

અર્થાત્, તંવરોના ઘેર અમે ઓળખ મેળવી, તે કુળમાં કુંવર કહેવાયો. અજમલ પુત્ર રામદેવ કહે ત્રિગુણી માયાપુરી થઈ.

આમ લોકકથા મુજબ, રામદેવજી મીનળદેવીની કૂખે જન્મ્યા નથી. તેમની જન્મદાત્રી કોણ ? તેના કોઈ શાસ્ત્રીય કે અન્ય કોઈ આધાર-પુરાવાઓ સાંપડતા નથી. પરંતુ તેમનો ઉછેર અજમલજી તુંવરના ત્યાં થયો તે બાબતને ઉક્ત સાખી દ્વારા સમર્થન મળે છે.'' 'તોમરવંશ' પ્રત્યક્ષ રૂપથી ચંદ્રવંશીય 'કુરુકુળ'થી સંબંધિત છે. કુરુવંશમાં કુન્તીપુત્ર અર્જુનની બત્રીસમી પેઢીએ 'તુંગ' નામક પ્રભાવી રાજા થયા. તેમના નામથી જ 'તોમર' વંશનું પ્રવર્તન થયું જે લોકબોલીમાં 'તુંવર' કે 'તંવર' તરીકે પ્રસિદ્ધ છે.''[૩]

આમ, રામદેવજીના પ્રાકટ્યકુળ અંગે રહસ્ય છે. પરંતુ તેમનો ઉછેર અજમલજીને ત્યાં થયો તે હકીકત નિર્વિવાદ છે.



**રામદેવજીનું વંશવૃક્ષ**[૪]

**અનંગપાળ (બીજા)**

અમજી — તોરણપાલજી — સરવણજી

અખેરાજ
|
ભીંવરાજ
|
જોગરાજ
|
રણશી
|
અજમલજી રાજશી સલારશી ગજોજી મોહરાજ કેશપાલ નૈણપાલ રૂપજી
|
વિરમદેવ રામદેવ
|
સાદોજી દેવરાજ ગરરાજ મહારાજ ભીંવોજી બાંકોજી જેતોજી

**પ્રાકટ્ય કાળ અને સ્થળ :**

રામદેવપીરના પ્રાકટ્યકાળ તેમજ સ્થળ વિશે જુદા જુદા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તેમના પ્રાકટ્ય કાળ અંગે, વિ.સં. ૧૪૦૭, ૧૪૦૯, ૧૪૬૧, ૧૪૬૨, ૧૪૬૪, ૧૪૬૫ અને ૧૪૭૫ એમ વિવિધ આઠેક જેટલા સમયો મળે છે. આ સમયની નોંધ મૂકનાર કોઈ વિદ્વાન તેના સમર્થનમાં કોઈ પુરાવો રજૂ કરતા નથી.

જનસમુદાયમાં તેમની જન્મતિથિની બે માન્યતાઓ જોવા મળે છે. ૧. ભાદરવા સુદ બીજ અને ૨. ચૈત્ર સુદ પાંચમ

'ભાદરવા સુદ બીજ'ને મારવાડમાં 'બાબારી બીજ' તરીકે ઊજવવામાં આવે છે. યાદ રહે કે, રામદેવજી મહાધર્મના અનુયાયી છે. મહાધર્મમાં અજવાળી બીજનું વિશેષ મહત્ત્વ છે. બીજના દિવસે અલખધણીનો પાટ કરવામાં આવે છે. મહાધર્મના અનુયાયીઓ રામદેવજીને 'બારબીજના ધણી' તરીકે સ્મરે છે. ભાદરવા સુદ બીજે રામદેવજીનો જન્મ થયો હોય તેવો કોઈ શાસ્ત્રીય પુરાવો પ્રાપ્ત થતો નથી. પરંતુ 'ચૈત્ર સુદ પાંચમ' આ સમયે રામદેવજી-રચિત 'ભાવપ્રમાણ' નામની રચના

દ્વારા સમર્થન મળે છે. જુઓ,

*''સંવત ચતુર દસ સાલ સાત મેં, શ્રીમુખ આપ જગાયો;*
*ભણે રામદેવ ચૈત્ર સુદ પાંચમ, અજમલ ઘર મેં આયો.''*[૫]

ઉક્ત સાખીમાં કેટલીક જગ્યાએ, 'સંવત ચતુર દસ સાલ નવ મેં'નો ઉલ્લેખ પણ મળે છે. પરંતુ વિવિધ અભ્યાસો દ્વારા વિ.સં. ૧૪૦૭ની સાલને પ્રબળ માન્યતા પ્રાપ્ત થયેલ છે.

આમ, વિ.સં. ૧૪૦૭ ચૈત્ર સુદ પાંચમના દિવસે તેમનું પ્રાક્ટય થયું તેમ હાલના તબક્કે માનવું સયુક્ત રહેશે. ઉક્ત સમયની ગણતરી કરતાં અંગ્રેજી તારીખ ૨૧/૩/૧૩૫૦ અને શનિવાર આવે છે.

**જન્મસ્થળ :**

રામદેવજીના જન્મસ્થળ અંગે પાંચ સ્થળોના ઉલ્લેખ મળે છે :

''૧. તુંવરાવટી ૨. દિલ્હી ૩. ઉંડુ-કાહમીર ૪. પોકરણ ૫. રામ દેવરા (રણુંજા)''[૬]

૧. તુંવરાવટીમાં તેમનો જન્મ થયો હોય તેવા કોઈ જ આધારો પ્રાપ્ત થતા નથી.
૨. દિલ્હીમાં પણ તેમના જન્મ થયા અંગેની કોઈ વિગતો મળતી નથી.
૩. ઉંડુ-કાહમીર જન્મસ્થાન અંગેની જનશ્રુતિ છે. પરંતુ તેનો કોઈ શાસ્ત્રીય આધાર મળતો નથી.
૪. પોકરણ : અજમલજી દ્વારિકાથી વરદાન લઈ પોકરણમાં આવ્યા અને પોકરણમાં જ રામદેવજી પારણામાં પ્રકટ થયાની જનશ્રુતિ પ્રચલિત છે.
૫. રણુંજા (રામદેવરા)માં આવેલ 'રીડમલજીની હવેલી' રામદેવપીરનું જન્મસ્થાન હોવાની પ્રબળ માન્યતાઓ છે. આ હવેલીની બહાર મંદિર ઉપર એક શિલાલેખ છે. આ શિલાલેખમાં આ મુજબની હકીકત અંકિત થયેલ છે :

''શ્રી રામદેવજી મહારાજકા જન્મસ્થાન
શ્રી રામદેવજી મહારાજકા પાલના
શ્રી રામદેવજી મહારાજ કે વંશજ તંવર ટીકાયત પાટગાદી સ્વ. રીડમલજી''

રામદેવજીના અનન્ય ભક્ત કવિ હરજી ભાઠી કહે છે : ''રામદે રૂણીચે આયા, રમતા પીર પોકરણ પધાર્યા''



**રામદેવપીરનું વ્યક્તિત્વ :**

રામદેવપીરનું વ્યક્તિત્વ વૈશિષ્ટ્ય સભર હતું. તેમના વ્યક્તિત્વનો ચિતાર બૃહદ ગ્રંથમાં જ આપી શકાય. પરંતુ અભ્યાસ ખાતર તેમના વ્યક્તિત્વનાં મહત્ત્વનાં ચાર પાસાં દર્શાવી શકાય. ૧. ગૃહસ્થ ૨. વીર યોદ્ધા ૩. સમાજસુધારક અને ૪. અલખના આરાધક.

૧. ગૃહસ્થ : રામદેવજીના જીવનનું અગત્યનું પાસું 'ગૃહસ્થ' તરીકેનું છે. તેમણે માનવીય વ્યવહારવત અને દામ્પત્યભાવયુક્ત ગૃહસ્થાઈભરેલી જવાબદારીઓનું વહન કર્યું છે. તેમના દામ્પત્યજીવન ઉપર એક ઊડતી નજર નાખીએ તો, ''તુંવરોના ભાટોની વહી અનુસાર તેમને ત્રણ રાણીઓ હતી : ૧. રાણી તારાદે ૨. રાણી કલુકુંવર અને ૩. રાણી નેત્રલ દે''

''રાણી તારાદે, નાગોર પરગણાના ગામ 'બસવાણી'ના દૈયા સંગ્રામસિંહજીની કુંવરી હતાં. કહેવાય છે કે, રાણી તારાદેએ રામદેવજીના ખૂબ પૂર્વે જીવંત સમાધિ લીધી હતી. રામદેવજી અને રાણી તારાદેના દામ્પત્યજીવનથી કોઈ સંતાન થયેલ નહીં. રાણી કલુકુંવર, અમરકોટના રાણા કંવરપાલજી સોઢાની કુંવરી હતાં. રામદેવજી અને તેમના દામ્પત્યજીવનથી પાંચ પુત્રો અવતરેલ : ૧. ગજરાજજી, ૨. મહરાજજી, ૩. ભીંવોજી, ૪. બોંકોજી અને ૫. જેતોજી. રાણી નેત્રલદે, તનોટના રાવ પાઉભાટી પર્બતસિંહજીનાં કુંવરી હતાં. તેમને સંતાનમાં બે પુત્રો ૧. સાદોજી અને ૨. દેવરાજજી અને દીકરી ચાંદકુંવર. સાદેજીએ 'સાદા' ગામ વસાવ્યું. અને દેવરાજજી પોકરણમાં રહ્યા. દેવરાજજીના બે પુત્રો થયા : રાણોજી અને ભાણોજી. રાણોજીના વંશજો હાલ રામદેવરામાં રામદેવપીરના સમાધિ મંદિરનો વહીવટ કરે છે. અને ભાણોજીના વંશજો મંદિરની આવકમાંથી ભાગ મેળવે છે.''[૭]

રામદેવપીરે ગાર્હસ્થ્યધર્મની ફરજોમાં દામ્પત્યજીવન, સંતાનોનાં લગ્ન તથા બહેનોનાં લગ્ન અને સામાજિક વ્યવહારોમાં હાજર રહી ગૃહસ્થ દાયિત્વનું અનુશીલન કરે છે.

**સમાજસુધારક :**

રામદેવજી એક મહાન સમાજસુધારક હતા. સમાજમાં સમાનતા, ભાઈચારો, પ્રેમ, વિશ્વાસ, દયા વગેરે માનવીય મૂલ્યોની પ્રતિષ્ઠા માટે એકલપંડે સતત પ્રયત્નશીલ રહેલ. તેમના સમયમાં રાજકીય, ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે

અંધાધૂંધી સર્જાયેલ હતી. એ કપરા કાળમાં તેમણે ધર્મ, જાતિ અને લિંગના ભેદભાવોનો સખ્ત વિરોધ કરી હિન્દુ તથા મુસલમાનો વચ્ચેના વૈમનસ્યને દૂર કરવા અથાગ પ્રયત્ન કરેલ. તેમના સમકાલીન ખોજાઓના ધર્મગુરુ પીર સદરૂદીન, ચાર મુસ્લિમ પીરો સાથે રામદેવજી સાથે ધર્મચર્ચા કરેલ. આ ચર્ચાથી પ્રભાવિત પીર સદ્‌રૂદીને પોતાનો 'પીર'નો લકબ (પદવી) રામદેવજીને આપતાં રામદેવજી, રામદેવપીર બન્યા. સામે પક્ષે રામદેવજીએ સદરૂદ્દીનને 'દેવ'નો ઈલકાબ આપેલ. પીર સદરૂદીન, સદરૂદીનદેવ તરીકે ઓળખાયા. રામદેવજીએ અછૂતોદ્ધારના મહાન ઉદ્દેશ્યની પ્રાપ્તિ અર્થે રાજપૂત સમાજનો વિરોધ અવગણી, જાતિગત ભેદભાવોનો સખ્ત વિરોધ કરી, સમાજમાં દાખલો પ્રતિષ્ઠિત કરવા મેઘવાળ કન્યા ડાલીબાઈને પોતાની ધર્મની બહેન બનાવી સમાજમાં સમાનતાનો સંદેશો ફેલાવેલ. જ્યારે પણ તેઓ પાટોત્સવમાં જતા ત્યારે ડાલીબાઈને સાથે રાખતા.

સમાજસુધારક તરીકે રામદેવજીએ તેમની રચનાઓમાં આ બાબતનો ઉલ્લેખ કરે છે.

**વીર યોદ્ધા :**

રામદેવજી બાલ્યવયથી જ શોર્ય અને કોર્યના પ્રતિનિધિ રહ્યા છે. બાલ્યવયમાં  તેમણે ભૈરવનો સંહાર કરી પોતાની વીરતાનો પરચો આપી દીધો હતો. તેઓ જીવનપર્યન્ત અબળા, અબોલ જીવ અને દીનદુઃખિયાના બેલી રહ્યા છે. તેઓ કર્તવ્યચૂક વ્યક્તિઓને પણ પાઠ ભણાવતા. તેમના લગ્નપ્રસંગે બહેન સગુણાને તેડવા રત્ના રાયકાને પુંગલગઢ મોકલેલ. સગુણાના સાસરિયા પઢિયારો રામદેવજી અછૂતો સાથે ભજનભાવ કરતા તેથી નારાજ હતા. તેથી સગુણાને રામદેવજીના લગ્નમાં જવાની મનાઈ ફરમાવી રત્ના રાયકાને કેદ કરેલ. આ વાતની રામદેવજીને જાણ થતાં તુરંત પુગલગઢ જઈ પઢિયારો સાથે યુદ્ધ કરેલ. તેમનું દૈવિક પરાક્રમ નિહાળી પઢિયારોએ આત્મસમર્પણ કરી, સગુણાને લગ્નમાં મોકલેલ. આવા અનેક પ્રસંગો તેમના જીવનમાંથી રજૂ કરી શકાય. સારાંશ કે, રામદેવજીમાં બાલ્યવયથી જ ક્ષાત્રવટના ગુણ પ્રકટેલ હતા. તેમણે સમાજમાં શાંતિ સ્થાપવા જરૂર પડ્યે આયુધ ઉઠાવી આતતાયીઓનો નાશ કરી સમાજમાં શાંતિ સ્થાપી છે.

**અલખના આરાધક :**

રામદેવજીને બાલ્યવયથી જ ભક્તિના સંસ્કારો સીંચન કરવાનું સદ્‌ભાગ્ય



પ્રાપ્ત થયું હતું. તેમના કુલગુરુ સિદ્ધયોગી બાળનાથ દ્વારા તેમનામાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થયું છે. જનશ્રુતિ મુજબ બાળનાથના આદેશે તેમણે સતત બાર વર્ષ પર્યંત કચ્છના 'હબાઈ ડુંગર' ઉપર યોગસાધનામાં રત રહ્યા. યોગાભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓ દ્વારિકાધીશના દર્શનાર્થે બેટદ્વારકા તાથ દ્વારિકાનગરી આવેલ. ત્યાંથી તેમણે સોમનાથ તથા જૂનાગઢની પણ યાત્રા કરેલ. આ યાત્રા દરમ્યાન તેઓ મહાધર્મી સંતો-ભક્તોના સંપર્કમાં આવેલ અને મહાધર્મની વિચારધારાથી પ્રભાવિત થયેલ તેમજ યાત્રા પૂર્ણ કરી તેઓ નિજસ્થાને ગયેલ. ફરી શિવરાત્રિના પર્વ પ્રસંગે તેઓ જૂનાગઢ પધારેલ. આ સમયે હાલના ગિરનાર દરવાજેથી ભવનાથ જવાના રસ્તે જમણે હાથે આવેલ ઉપલા સવરામંડપ (ટેકરી ઉપર)માં પરંપરિત મહાધર્મનો ગુપ્ત પાટ હતો. પાટે ધંધુસરના પીર ઉગમશી ગુરુગાદીએ અને કોટવાળપદે મોરબીનો ખીમળિયો કોટવાળ હતો. અને તે સમયની જતિ સતિની અનેક જોડીઓ પાટમાં સંમિલિત હતી. રામેદવજી પાટે ગયેલ પરંતુ તેઓ મહાધર્મી ન હોઈ જ્યોતનાં દર્શન કરી શકેલ નહીં. પરંતુ જ્ઞાનચર્ચામાં સહભાગી બની શકેલ અને જૂનાગઢની ધરતીમાં જ તેમનામાં મહાધર્મના અનુયાયી બનવાની ભાવના ઉદાત્ત થયેલ. ત્યારબાદ રામદેવજીને પોકરણ જઈ રાણી નેત્રલદેને પાટે સાથે દીક્ષા લેવા જણાવેલ, પરંતુ નેત્રલદે રાજપૂતાઈ રસમ મુજબ ઓઝલમાં રહેતાં હોઈ અસમર્થતા દર્શાવેલ. આખરે મેઘવાળકન્યા ડાલીબાઈએ રામદેવજી સાથે પાટે દીક્ષા લેવાની તૈયારી દર્શાવતાં રામદેવજીએ તેમને ધર્મનાં બહેન બનાવી 'બાંટવી' ગામે અલખધણીનો પાટ કરવાનું નક્કી કરી, મોરબીથી ખીમડિયા કોટવાળને તેડાવી સર્વે ગતગંગાના સંતો-ભક્તોને પાટનું વાયક મોકલેલ. પાટે મેઘધારૂએ તેમનાં કાંકણ બાંધ્યાં અને ડાલીબાઈ તેમનાં નિજનાં ગુરુ બન્યાં. મહાધર્મી બન્યા બાદ તેમણે લીલો અંચળો ધારણ કરી, માનવકલ્યાણ અને ધર્મોપદેશમાં પોતાનું જીવન અર્પિત કર્યું. તેમને જ્યારે પાટનું વાયક મળતું ત્યારે વાયક વધાવી તેઓ ડાલીબાઈ સાથે જતા. મારવાડનાં સતી રૂપાંદે આ બાબતની પુષ્ટિ કરતાં કહે છે, ''નગર રૂણીચે સૂં રામદૈ પધારિયા, ડાલીબાઈ વારૈ સાથ''

મહાધર્મમાં દીક્ષિત થયા બાદ તેમની ખ્યાતિ ચોમેર પ્રસરી ગઈ હતી. તેમની ખ્યાતિ સાંભળી પીર સદરૂદીન તથા મુસ્લિમ મહાત્માઓ તેમને મળવા આવેલ. તેમના અલૌકિક જ્ઞાનથી પ્રભાવિત પીર સદરૂદીને તેમનો 'પીર' તરીકેનો ખિતાબ રામદેવજીને અર્પિત કરતાં કહેલ કે આપ તો પીરો કે ભી પીર હો. સામે રામદેવજીએ સદરૂદીનની ધાર્મિક સહિષ્ણુતાની કદર કરી તેમને 'દેવ'ની ઉપાધિથી

નવાજેલ. ભારતવર્ષના ધાર્મિક ઇતિહાસમાં આ ઘટના અવિસ્મરણીય છે. આ ઘટના બાદ રામદેવજી જનસમુદાયમાં રામદેવપીર તરીકે પ્રસિદ્ધ થયા અને સદરૂદ્દીનપીર, સદરૂદ્દીનદેવ તરીકે પ્રચલિત થયા.

જનશ્રુતિ મુજબ, ગતગંગાના આરાધકોએ રામદેવજીની વિશિષ્ટ અલૌકિક શક્તિના પ્રભાવથી તેમને પીરપદે આરૂઢ કર્યા.

**રામદેવપીરનું અધ્યાત્મદર્શન :**

મહત પુરુષ રામદેવપીરનું નિજી દર્શન, ગંગાના પવિત્ર પ્રવાહ સમું ધસમસતું અને તે પ્રવાહમાં ડૂબકી મારનાર મરજીવાને અજર બનાવનારું છે. તેમના દર્શનમાં ભારતીય સંસ્કૃતિનો પડઘો અને મૂળ ધર્મની પરિવહતા છે. તેમનાં દર્શનનું મુખ્ય આલંબન નીચે મુજબ તારવી શકાય.

૧. અનેકેશ્વરવાદ, મૂર્તિપૂજા અને કર્મકાંડ એ ભોળા માનવીઓમાં અંધશ્રદ્ધાને પોષનાર છે તેને સ્થાને તેમણે નિર્ગુણ-નિરાકાર બ્રહ્મની ઉપાસના ઉપર ભાર મૂક્યો છે.

૨. પરમની પ્રાપ્તિ અર્થે સંસાર ત્યાગવાની જરૂરત નથી પરંતુ જીવનમાંથી અસ્તેય, ચોરી, વ્યભિચાર, અનીતિ, અને જીવહત્યાનો ત્યાગ કરવો જરૂરી માન્યો છે.

૩. તેમનાં દર્શનમાં મહત્ત્વની બાબત સમાનતાનો ગુણ છે. હરિ અને હરિહરની પ્રાપ્તિ અર્થે સૌ કોઈને સમાન અધિકાર છે.

૪. ભક્તિ કરવા પ્રથમ અગમભેદ જાણવા જરૂરી માન્યા છે. આ માટે તેમણે ‘પાટપૂજા’ને માધ્યમ બનાવી ઘટ ભીતર સાથે તેનું અનુસંધાન રચ્યું છે.

૫. ગુરુમહિમા, સદ્‌ગુરુનું સાંનિધ્ય સાંપડ્યા વિના ભક્તિના ભેદ ઉકેલી શકાય નહીં. તેમ માની ગુરુસેવાનું માહાત્મ્ય સ્વીકારાયું છે.

૬. ગુરુમંત્ર અને સાધનાની ગુપ્તતા છે.

૭. પરમ સાથે એકતાર થવા ‘અજપાજાપ’ અનિવાર્ય મનાયા છે.

૮. બીજ, એકાદશી અને પૂનમ આ ત્રણેય તિથિઓના ઉપવાસનું વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક અનુસંધાન રચી મહત્ત્વ સ્વીકારાયું છે.

૯. સ્ત્રીનું સન્માનનીય સ્થાન. પાટપૂજામાં સ્ત્રીનું સહભાગી બનવું અનિવાર્ય મનાયું છે. નિઝારી સ્ત્રીને ‘સતી’ તરીકે સંબોધવામાં આવે છે.

૧૦. બ્રહ્મચર્ય - નિજારીવસ્થા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. નર-



નારીના રજ-વિરજનો ફક્ત સંતાનોત્પત્તિ અર્થે ઉપયોગ ન કરતાં, શરીરના આ ચૈતન્યપ્રવાહને કુંડલિની જાગરણ અર્થે કરવાનો મર્મ સ્વીકારાયો છે.

૧૧. અચકન (લીલા રંગનું રેશમી વસ્ત્ર)ને ભેખ - ભગવાન માની બાના તરીકે ધારણ કરવામાં આવે છે.

૧૨. જીવંત સમાધિ. જીવનના ઉત્તરાર્ધે જીવનદીપની ઓજસ્વિતા, પરમતત્ત્વીય જ્યોત સાથે એકાકાર થવાની ઘડીએ, યૌગિક ક્રિયાથી શ્વાસોશ્વાસની ગતિને વિરામ આપી, સ્થૂળદેહનો ત્યાગ કરવાની ઉત્કૃષ્ટ ક્રિયા અને જીવનદીપની ગતિ થંભી જતાં શરીરને પદ્માવસ્થામાં ભૂમિદાહ આપવાની બાબત સ્વીકારાઈ છે.

આમ, બારબીજના ધણી રામદેવપીરનું બાવન બારનું દર્શન, સ્વ-સ્વરૂપને પામવાની અનુભૂતિ છે. કોઈ વિરલા જ આ દર્શનને આત્મસાત્ કરવા ભાગ્યશાળી બને છે. મીઠાની પૂતળી દરિયામાં ઓગળી જાય, પછી અનુભવ કોણ કહે ? એમ રામદેવપીરનું અધ્યાત્મદર્શન એ અનુભૂતિનો વિષય છે. તેનું વર્ણન કોણ કરી શકે ?

**રામદેવપીર-વિષયક સાહિત્ય :**

રામદેવપીર-વિષયક સાહિત્ય અલગ-અલગ ભાષાઓમાંથી મળી આવે છે. પરંતુ મારવાડી અને ગુજરાતી આ બે ભાષાઓમાં વિશેષ રૂપે સંપ્રાપ્ત થાય છે. આ સાહિત્ય બે પ્રકારે પ્રચલિત છે. ૧. પેઢી-દર-પેઢી કંઠોપકંઠ લોકજીવનમાં ચાલ્યું આવતું મૌખિક સાહિત્ય અને ૨. સ્વયં રામદેવપીર-રચિત અને તેમના અનેક ભક્તો દ્વારા રચાયેલ લેખિત સાહિત્ય.

મૌખિક સાહિત્યમાં, રામદેવપીરનાં મંત્રો, આખ્યાનો અને દંતકથાઓ.

મુદ્રિત સાહિત્યમાં, રામદેવપીર-રચિત ચોવીસ પ્રમાણ, ઉપપ્રમાણો, ભજનો વગેરે. ચોવીસ પ્રમાણનાં શીર્ષક નીચે મુજબ છે :

૧. ગુરુ પ્રમાણ
૨. નિજ પ્રમાણ
૩. સાખી પ્રમાણ
૪. મૂલારંભ પ્રમાણ
૫. આગમ પ્રમાણ
૬. નિઝાર પ્રમાણ
૭. મુક્તિ પ્રમાણ

૮. ઈંડ પ્રમાણ
૯. માયા પ્રમાણ
૧૦. નિકલંગ પ્રમાણ
૧૧. બુદ્ધ પ્રમાણ
૧૨. જ્ઞાન પ્રમાણ
૧૩. ભાવ પ્રમાણ
૧૪. ભક્તિ પ્રમાણ
૧૫. લક્ષ પ્રમાણ
૧૬. પદ્મ પ્રમાણ
૧૭. નિજધર્મ પ્રમાણ
૧૮. અલખ પ્રમાણ
૧૯. અભય પ્રમાણ
૨૦. મહેંદી પ્રમાણ
૨૧. મેઘડી પ્રમાણ
૨૨. અન્ન પ્રમાણ
૨૩. યોગ પ્રમાણ
૨૪. અવતાર પ્રમાણ

આ પ્રમાણોમાં તેમનું સૂક્ષ્મ ચિંતન નીરખવા મળે છે. સાહિત્યિક દૃષ્ટિએ, બહુધા પ્રમાણોમાં પ્રથમ સાખી કે ચોપાઈ પછી હરિગીત કે સવૈયાની ચાલમાં રચાયેલાં છે. ભાષાલઢણ સંદર્ભે આ રચનાઓની વિશેષતા તેની 'સધુકડી' બોલી છે. વ્રજ, હિંદી, મારવાડી અને ગુજરાતી તળપદા શબ્દોથી રચનાઓના પિંડ રચાય છે. રૂપકો, પ્રતીકો અને કહેવતો દ્વારા સાધનામાર્ગનું ભીતરી દર્શન રજૂ થાય છે. ભક્તનો મુખ્ય સૂર ધરાવતાં ચોવીસ પ્રમાણોમાં સતગુરુનાં લક્ષણો, નિજની ઓળખ, સૃષ્ટિની રચના, વૈરાગ્યનો મહિમા, આત્મશુદ્ધિનું મહત્ત્વ, યૌગિક ક્રિયાઓની સમજ, આગમ તેમજ પાટપૂજાનું પ્રગટીકરણ વગેરે વિષયોનું ચિંતન જોવા મળે છે. પરમતત્ત્વીય અનુભૂતિને આવિષ્કારતી ચોવીસ પદમાળાઓ ભારતીય સાહિત્યમાં વિશિષ્ટ પદમાળા રૂપે શોભી રહે છે. ચોવીસ પ્રમાણ ઉપરાંત તેમનાં અન્ય પદોમાં આંતરિક અનુભૂતિ અને ઉપદેશાત્મક પદો મુખ્ય છે.

રામદેવપીરના અનેક ભક્તોએ ભક્તિપદો રચી તેમને અર્ઘ્ય ચઢાવ્યો છે. આ પદોમાં મુખ્યત્વે સાવળો, ભજનો, આરતી, થાળ, હેલો અને સાખીઓ છે.



તેમના ચકતોમાં સવિશેષ, હરજી ભાટી, મહારાજા, માનસિંહ, લખમો માળી, વિંજોજી સાંણી, હીરાણંદ માળી, માનોજી મેઘવાળ, દલુ વાણિયો વગેરેનાં પદો સાહિત્યિક દૃષ્ટિએ મહત્ત્વનાં છે.

આ સાહિત્ય, ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ અતિ મૂલ્યવાન છે.

**સ્વધામગમન :**

રામદેવપીરના સ્વધામગમનના વર્ષ તરીકે, વિ.સં. ૧૪૪૨, ૧૪૬૧ અને ૧૫૧૫ એમ ત્રણ વર્ષો મળે છે. રામદેવપીરનું જન્મવર્ષ વિ.સં. ૧૪૦૭ લઈએ તો વિ.સં. ૧૪૬૧માં ૫૪ વર્ષ થાય. અને વિ.સં. ૧૫ ૧૫માં ૧૦૮ વર્ષનું આયુષ્ય થાય. રામદેવપીરે સમાધિ લીધી ત્યારે અજમલજી તથા મીણલદેની હાજરી છે. વિ.સં. ૧૫૧૫ લઈએ તો અજમલજી અને મીણલદેની ઉંમર કેટલી ? આમ, સમયની દૃષ્ટિએ વિ.સં. ૧૫૧૫ બંધબેસતી નથી. પરંતુ રામદેવપીર ઉપર પીએચ.ડી. કરનાર ડૉ. સોનારામ બિશ્નોઈએ વિવિધ મતો તપાસી વિ.સં. ૧૪૪૨માં રામદેવપીરે સમાધિ લીધાનું પ્રતિપાદિત કરેલ છે. આમ, ડૉ. બિશ્નોઈના મત મુજબ રામદેવપીરનો સ્વધામગમનનો સમય વિ.સં. ૧૪૪૨ના ભાદરવા સુદ અગિયારશનો નક્કી થાય છે. ગણતરી કરતાં આ દિવસે અંગ્રેજી તારીખ ૧૩/૯/ ૧૩૮૬ અને બુધવાર આવે છે.

જનશ્રુતિ મુજબ, રામદેવપીરે મહાપ્રયાણનો સમય ભાદરવા સુદ નોમનો નક્કી કરી, ગતગંગાના આરાધકોને વાયક મોકલેલ. રામદેવપીર મહાપ્રયાણની દિશામાં પગલાં માંડી રહ્યા છે તે વાત વાયુવેગે સર્વત્ર પ્રસરી ગઈ. પોતાના શ્રદ્ધેય માનવેન્દ્રની અંતિમ વિદાયને નજરોનજર નિહાળવા, ભાદરવા સુદ નોમના દિવસે રામદેવરામાં માનવગણનો મેળો ઊભરાયો. સૌના મુખ પર વિષાદની ઘેરી છાયા પ્રસરી ગઈ હતી. શુભ મુહૂર્તમાં રામદેવપીરની ફૂલડોલી કાઢવામાં આવી. સમાધિ ખોદાવવાની ચાલુ થઈ. આ વાતની ડાલીબાઈને જાણ થતાં તુરંત સમાધિસ્થળે આવી રામદેવપીરને કહ્યું, 'આ સમાધિ મારી છે.' રામદેવજીએ આ અંગે ડાલીબાઈને પ્રમાણ આપવાનું કહેતાં, ડાલીબાઈએ કહેલ કે, હવે આ સમાધિ ખોદતાં અંદરથી આંટી, દોરી અને કાંસકી નીકળે તો આ સમાધિ મારી માનજો. સમાધિનું ખોદકામ કરતાં આ ત્રણેય વસ્તુઓ નીકળેલ. ડાલીબાઈનું કથન સત્ય નીકળતાં રામદેવપીરે ઉપસ્થિત મેદનીને સંબોધતાં કહ્યું, ડાલીબાઈ સતધર્મનાં અમર યાત્રી છે તેમણે આ વાતની પુષ્ટિ આપ સર્વ સમક્ષ કરી છે. ડાલીબાઈ આપ મહતધામમાં સુખેથી

સિધાવો. ઉપસ્થિત જનમેદની તથા સર્વે સંતો-ભક્તોને સીતારામ કરી ડાલીબાઈ સમાધિમાં ઊતરી સ્વધામગમન કરી ગયાં. જનમેદનીએ ડાલીબાઈ તથા રામદેવપીરના જયજયકારથી સમગ્ર વાતાવરણ ગજવી મૂક્યું. રામદેવપીરે ડાલીબાઈની સમાધિ પાસે ધર્મનો નેજો રોપી, ડાલીબાઈની સમાધિ પાસે જ પોતાની સમાધિ ખોદાવરાવી અગિયારશના દિવસે જીવંત સમાધિ લીધી. આમ, ડાલીબાઈએ વિ.સં. ૧૪૪૨માં ભાદરવા સુદ નોમના દિવસે જીવંત સમાધિમાં પ્રવેશ્યાં. ગણતરી કરતાં આ દિવસે અંગ્રેજી તારીખ ૧૧/૯/૧૩૮૬ અને સોમવાર આવે છે.

રામદેવપીરના જન્મસ્થાનની સત્યતા અંગે વિવાદો છે જ, પરંતુ તેમનું સમાધિસ્થાન રામદેવરા (રણુંજા) છે તે નિર્વિવાદ સ્થાપિત સત્ય છે. રામદેવપીરના સમાધિસ્થળ ઉપર ચાર હાથ પહોળી અને પાંચ હાથ લાંબી, ચાર સ્તંભ ઉપર જે તે સમયે છતરી બનાવવામાં આવેલ. સને ૧૯૩૨માં બીકાનેરના મહારાજા ગંગાસિંગે છતરી જેમની તેમ રાખી તેના ઉપર હાલનું મંદિર બંધાવ્યું. રામદેવપીરની સમાધિની સામે પૂર્વ દિશામાં અખંડ જ્યોત પ્રજ્જ્વલિત રહે છે. રામદેવપીરની સમાધિની બાજુમાં અજમલજી તથા મીણલદેવીની અને જમણી બાજુ ડાલીબાઈની સમાધિ છે. તથા જગ્યામાં આજુબાજુ તેમના વંશજોની સમાધિઓ છે. દર વર્ષે ભાદરવા સુદ બીજથી એકાદશી સુધી અહીં ભવ્ય મેળો ભરાય છે. દૂર દૂરથી દર્શનાર્થીઓ અહીં પોતાની આસ્થા પૂર્ણ કરવા આવે છે.

**રામદેવપીરનાં સ્થાનકો :**

સતધર્મની પાવક જ્યોતને ઉજ્જવલ કરનાર, મહત પુરુષ રામદેવપીરનાં મંદિરો તથા સ્થાનકો સાચા અર્થમાં માનવચેતનાનાં ઊર્જાકેન્દ્રો છે. આ કેન્દ્રોમાં સ્વાન્તસુખાય, સામાજિક સદ્ભાવ અને સત ધર્મની અખિલ આહલેક સદા ગુંજતી રહે છે. આ કેન્દ્રો સેવાભાવી શ્રદ્ધાળુઓ, યાત્રાળુઓ અને મુમુક્ષુઓથી સર્વદા ધમધમતાં રહે છે. આ કેન્દ્રો દેશ-વિદેશમાં કાર્યરત છે. પરંતુ રાજસ્થાન અને ગુજરાત આ બે પ્રાંતોમાં સવિશેષ કાર્યાવિન્ત છે.

રાજસ્થાનમાં મુખ્યત્વે, રામદેવરા, પોકરણ, પંડિતજી કી ઢાણી, સુજાન દેસર, મસૂરીયા અને બરાંઠિયા આદિ સ્થળોએ તેમનાં સ્થાનકો આવેલાં છે.

**રામદેવરા :**

રામદેવપીરનાં સઘળાં સ્થાનકોમાં 'રામદેવરા' અગ્રસ્થાને છે. અહીં રામદેવપીર તથા તેમના વંશજો, ભક્તો આદિની સમાધિઓ તેમજ પર્ચાવાવ,



રામ સરોવર, રાવત સરિયા તળાવ, ઘોડી ડન્ડી, ડાલીબાઈની જાલ, રીડમલજીની હવેલી અને રામદેવપીરનો ગુરુદ્વારો વગેરે દર્શનીય સ્થળો આવેલાં છે. અહીં નિત્ય લાખો શ્રદ્ધાળુઓ દેશ-પરદેશથી યાત્રાએ આવે છે.

**પોકરણ :**

આ પુરાતન ઐતિહાસિક નગરી છે. જનશ્રુતિ મુજબ અહીં અજમલજીની રાજધાની હતી. બાળનાથનો આશ્રમ અહીં આવેલ છે. આશ્રમમાં અખંડ ધૂણો, વાવ તથા શિવાલય જોવાલાયક છે. પોકરણથી થોડે દૂર રામદેવજી એ ભૈરવનો સંહાર કર્યાની લોકોક્તિ પ્રચલિત છે.

**પંડિતજી કી ઢાણી :**

''આ ગામનું મૂળ નામ 'બેઠવાસીયા' છે. પરંતુ આ ગામમાં જોધપુરના રાજા વિજયસિંહે ભક્ત હરજી ભાઠીને જાગીરીમાં આપેલ. હરજી ભાઠી આ ગામમાં પોતાનું શેષ જીવન વ્યતીત કરેલ તેથી આ ગામ 'પંડિતજી કી ઢાણી' તરીકે ઓળખાય છે. આ ગામમાં રામદેવપીરનું પુરાતન મંદિર આવેલું છે. અહીં, દર વર્ષે માઘ તથા ભાદરવા મહિનામાં મેળો ભરાય છે. યાત્રિકો આ સ્થળની અવશ્ય મુલાકાત લ્યે છે.''

**મસુરીયા :**

મસુરીયા ગામનું નામ અહીં આવેલ 'મસુરીયા' પર્વત ઉપરથી પ્રચલિત થયેલ છે. આ પર્વત ઉપર હરજી ભાઠીએ સાધના કર્યાની બાબત પ્રચલિત છે. એક વાર જોધપુરનરેશ વિજયસિંહે, હરજી ભાઠીની પરીક્ષા કરવા કાપડના ઘોડાને દાણા ખવરાવવા કહ્યું, હરજી ભાઠીએ તેમની વાતનો અસ્વીકાર કરતાં તેમને કેદખાનામાં પૂરવામાં આવેલ. કેદમાં હરજી ભાઠી સ્મરણ કરતા રહ્યા પરંતુ રામદેવપીર પ્રત્યક્ષ ન થતાં તેમણે કટાર વડે પ્રાણત્યાગ કરવા કટારવાળો હાથ ઊંચો કરતાં તેમનો હાથ હવામાં સ્થિર થઈ ગયેલ. પાછળથી આ હકીકતની જાણ વિજયસિંહને થતાં તેમને કેદમુક્ત કરેલ. આ ગામમાં ત્રણસો વર્ષ જૂનું રામદેવપીરનું મંદિર આવેલ છે. અહીં દર વર્ષે ભાદરવા સુદ ૧૧નો ભવ્ય મેળો ભરાય છે.

**સુજાન દેસર :**

આ ગામમાં રામદેવપીરના ભક્ત હીરાણંદ થયા. તેમનું સ્થાનક જોવાલાયક છે. અહીં માઘ તથા ભાદરવામાં મેળો ભરાય છે.

ગુજરાતમાં અનેક જગ્યાએ રામદેવપીરનાં સ્થાનકો તથા મંદિરો સ્થપાયાં

છે. તે પૈકી જૂનાગઢ, જૂના-નવા રણુંજા, પીંપળી, મજાદર, રંગપુર, હળવદ, નકલંગ રણુંજા વગેરે સ્થળો છે.

**જૂનાગઢ :**

ગિરનાર દરવાજાથી ભવનાથ જવાના રસ્તે, જમણી બાજુ વાઘેશ્વરી માતાના મંદિરની સામેની ટેકરી ઉપર રામદેવપીરનું સ્થાનક આવેલું છે. એમ કહેવાય છે કે, અહીંની એક ગુપ્ત ગુફામાં ચાર જુગના ચાર પાટ થયેલ. ચોથા જુગના માટીના પાટે અજીયાની (બકરી) બલિ આપતાં અજીયા બેઠી થયેલ નહીં. તેના પ્રતીક રૂપે અહીં પથ્થરની અજીયા ગુફામાં રાખવામાં આવેલ છે.જનશ્રુતિ મુજબ, રામદેવપીરને મહાધર્મમાં દીક્ષિત થવાની પ્રેરણા અહીંયાં થયેલ. આ સ્થળે રામદેવજીનું પુરાતન મંદિર આવેલ છે.

**જૂના-નવા રણુંજા :**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના દેવપુર ગામમાં (અત્યારે આ ગામ જૂના રણુંજાના નામે પ્રચલિત છે.) બે વિશાળ રામદેવપીરનાં મંદિરો આવેલાં છે. આ બે મંદિરો પૈકી એક જૂનું રણુંજા અને બીજું નવા રણુંજા નામે પ્રચલિત છે. જૂનું મંદિર છપ્પનિયા દુષ્કાળ સમયે હીરા ભગતે બંધાવેલ. અગાઉ વોડસિંગ નામનો ભરવાડનો નેસ હતો.

નવું રણુંજા, ઈ.સ. ૧૯૬૦ માં ખુશાલદાસ નામના વેપારીએ રામેદવપીરનું ભવ્ય મંદિર બંધાવ્યું છે. આ બન્ને સ્થાનકોમાં અન્નક્ષેત્ર ચાલુ છે.

**પીપળી :**

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં આ ગામ આવેલું છે. આ ગામમાં પ્રજાપતિ ભક્ત સવારામ થઈ ગયા. તેમને રામદેવપીર સદેહે મળ્યા હતા તેવી લોકોક્તિ પ્રચલિત છે. સવારામ ભગતના પૌત્ર બળદેવ ભગતે અહીં ભવ્ય મંદિરનું નિર્માણ કરાવી પદ્માસનસ્થ રામદેવપીરની ભવ્ય સંગેમરમરની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી છે. જગ્યામાં આવનારને દરેકને ટુકડો આપવામાં આવે છે.

**મજાદર :**

બનાસકાંઠા જિલ્લામાં આવેલ મજાદર ગામ રામદેવપીરના મંદિરના કારણે ખ્યાત છે. અહીં દર ભાદરવા મહિનામાં અગિયારશના દિવસે ભવ્ય મેળો ભરાય છે.

**રંગપુર :**

લીંમડી તાલુકામાં આવેલ 'રંગપુર' ગામમાં 'રામગીરીબાપુ'એ અહીં



દીર્ઘકાળ સુધી સાધનામાં પ્રવૃત્ત રહી, વિ.સં. ૧૮૯૭માં જીવંત સમાધિ લીધેલ. અહીં રામદેવપીરનું ભવ્ય મંદિર આવેલ છે. દર્શનીય સ્થળ છે.

**હળવદ :**

દલસુખરામ તથા ગુણવંતલાલ નામના બે ભક્તોએ રામદેવપીર પ્રત્યેની આસ્થા પ્રકટ કરવા હળવદથી ૫ કિ.મી.ના અંતરે બોલો ડુંગરની ગોદમાં રામદેવપીરનું ભવ્યાતિભવ્ય નિર્માણ કરાવેલ છે.

**નકલંગ રણુંજા :**

જામનગર જિલ્લાના 'શેખપાટ' ગામ પાસે નાગજી ભગતે રામદેવપીરનું ભવ્ય મંદિર બધાવ્યું છે. નાગજી ભગતની ભક્તિ અહી જાગતી જ્યોત સ્વરૂપે પ્રકટી છે.

ઉક્ત ગામો સિવાય પણ ગુજરાતનાં અનેક ગામો અને નગરોમાં રામદેવપીરનાં મંદિરો નિર્માણ પામ્યાં છે.


આમ, ભારતની પુણ્યવંતી ધરા ઉપર યુગે યુગે સમયોચિત અનેક પ્રતાપી પુરુષોનાં ઋત અને તેજ સતત વહેતાં રહ્યાં છે. એ પ્રજ્ઞાવાન પ્રતિભાઓની માનવીય અખિલાઈના પ્રભાવે, ભારતનું લોકજીવન સતત ધબકતું રહ્યું છે. આ પુણ્ય પ્રતિભાવંતોમાં રામદેવપીર શૌર્ય, ભક્તિ અને માનવીય મૂલ્યોનો ત્રિવેણી-સંગમ રચી અક્ષયકીર્તિને વર્યા છે. જીવનપર્યંત લોકોની ઉન્નતિ, રક્ષા અને ભક્તિની સરવાણી પ્રસરાવનારા આ સિદ્ધ પુરુષનાં દર્શન આંખને ટાઢક અને હૃદયને ભાવાન્વિત કરનાર છે. આત્મજ્યોતના ઉપાસક મહત પુરુષ રામદેવપીર, ધર્મ-સંસ્કૃતિના ભવ્યોજ્જ્વલ કીર્તિમાન સ્તંભ છે. તેઓ જીવનભર તેમના દિવ્યાતિદિવ્ય જીવનની તેજસ્વી આભાએ જનજીવનમાં જાગતી જ્યોતિ સ્વરૂપે ''દેવકોટી''ને પામ્યા છે. વંદન બાવન ગજની ધજાના ધણીને....

**સંદર્ભગ્રંથ**

૧. સ્વામી રામપ્રકાશ આચાર્ય : ''રામદેવ બ્રહ્મપુરાણ'', પૃષ્ઠ ૫૯
૨. બિશ્નોઈ ડૉ. સોનારામ : ''બાબા રામદેવ : ઇતિહાસ એવં સાહિત્ય'', પૃષ્ઠ ૧૧
૩. ----એજન-----
૪. -----એજન-----
૫. સ્વામી ગોકુલદાસ મહારાજ : ''શ્રી રામદેવજી મહારાજકૃત ચૌબીસ પ્રમાણ'', પૃષ્ઠ ૩૭
૬. બિશ્નોઈ ડૉ. સોનારામ : ''બાબા રામદેવ : ઇતિહાસ એવં સાહિત્ય'', પૃષ્ઠ ૨૧
૭. બિશ્નોઈ ડૉ. સોનારામ : ''બાબા રામદેવ : ઇતિહાસ એવં સાહિત્ય'', પૃષ્ઠ ૧૪

# : લોકકળામત :





**૬**

# ઉત્સવોના છડીદાર : રંગોળી, માંડણાં, આલેખ અને ભીંતચિત્રો

**જોરાવરસિંહ જાદવ**

ભારતીય સંસ્કૃતિ સદાય ઉત્સવ અને કલાપ્રિય રહી છે. ઉત્સવોની છાબ લઈને આવતી પ્રત્યેક ઋતુ માનવીના અંતરમાં અનેરો આનંદ પ્રગટાવે છે. સંસ્કૃતિનો સર્જક માનવી, આર્ય સંસ્કૃતિના સમયથી ચાલ્યા આવતાં આ ઉત્સવો, તહેવારો અને પર્વોને વિધવિધ રીતે માણે છે. ડુંગરાની ગાળિયું ને જંગલ-ઝાડિયુંમાં વસનાર વનવાસીઓથી લઈને વાહનોના જંગલમાં વસનારા માનવીઓ ઉત્સવ ટાણે ગીત, સંગીત, નૃત્ય, ચિત્ર, રંગોળી, માંડણાં, આળેખચિત્રો, ભીંતચિત્રો જેવાં લોકકલાના માધ્યમો દ્વારા અંતરના આનંદની અભિવ્યક્તિ કરે છે. આ બધી કલાઓ માનવીના સંસ્કૃતિ, સંસ્કાર અને રસિકતાને પણ રજૂ કરે છે.

વર્ષાઋતુને વિદાય આપીને આવતા પર્વઝૂમખાનો દેશી હિસાબ આ રીતે આપી શકાય :

*'નવ નોરતાં, દસે દશેરો*
*વીસ વજૈયા (ખાલી દિવસ)*
*અને પછી દિવાળી.'*

દિવાળી એ દીવડાઓના પ્રકાશપુંજનું પર્વ છે. રંગોનાં પ્રસન્ન રૂપો



પ્રગટાવનારું અને માનવહૈયાંને હેલે ચડાવનારું પર્વ છે. દિવાળીના સમયના દિવસોમાં ઘર-ઓરડાની સાફસૂફી કરવી, ઓસરી અને આંગણાને લીંપીગૂંપીને આળેખચિતર દોરવાં, બારણે તરિયાં તોરણ બાંધવાં, શેરી, ચોક અને ચૌટા શણગારવાં તથા રૂડા રંગો વડે શુભકામનાઓ વ્યક્ત કરતી રંગોળી સજાવવી સૌને ગમે છે. નવા વર્ષના આગમનને વધાવતી આ રંગોળી માનવીના અંતરમાંયે આનંદના રંગસાથિયા પૂરે છે.

ઊર્મિશીલ નર-નારીઓની કલાપ્રિયતાનું દર્શન કરાવી સૌંદર્યનો સાક્ષાત્કાર કરાવતી અને ઉત્સવના આનંદની છડી પોકારતી 'રંગવલ્લી' અર્થાત્ રંગોળીનો ઉપયોગ ક્યાં, ક્યારે અને કેવી રીતે થયો હશે એ વિષય આજેય સંશોધકોને સાદ પાડી રહ્યો છે. એટલું તો અવશ્ય કહી શકાય કે ધર્મનું અવલંબન લઈને ઉદ્ભવેલી આ એક ઉત્સવલક્ષી અને આગવી લોકકલા છે. 'કામસૂત્ર'માં વાત્સ્યાયને ૬૪ કલાઓ ગણાવી છે, એમાં રંગોળીની કલાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ચિત્રકલા કરતાંયે આ શુભ આલેખનોની શુકનવંતી કલા વધુ પ્રાચીન મનાય છે. સમાજના પ્રત્યેક સ્તર સુધી એ વ્યાપેલી છે.

કણમાંથી મણ અનાજ આપતી અને ધનધાન્યના ભંડારો છલકાવી દેતી, માનવી અને પશુ-પ્રાણીઓને પોષતી પૃથ્વી-ધરતીમાતા પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ અને ઋણ અદા કરવાના યત્કિંચિત્ પ્રયત્નો રૂપે આરંભાઈને સમયાનુસાર આગવી કલા રૂપે રંગોળીનું પ્રાગટ્ય થયું હોવાની કલ્પના કરી શકાય. રંગોળીની સૌપ્રથમ કલ્પના અને તેજસ્વી રૂપાળા રંગો અને ઉગમણા આભમાં ઊગતા કે આથમણી દિશામાં આથમતા સૂરજના સમયે ખીલતી મનોહર સંધ્યાના રૂપસૌંદર્યમાંથી સાંપડી હોવાનું સહેલાઈથી સ્વીકારી શકાય એમ છે.

રંગોળીની કલા સાથે અનેક રંગીન પરિકલ્પનાઓ, માન્યતાઓ અને કથાઓ જોડાયેલી જોવા મળે છે. એમ કહેવાય છે કે આદિમાનવ ધૂળ ધરતીની ધૂળ પર આંગળી કે સાંઠીકડા વડે ચીતર દોરતો. સંસ્કૃતિના વિકાસના કેડે ચડેલા માનવીએ એમાંથી આજની રંગોળી વિકસાવી, પણ તે પૂર્વે પાષાણયુગના માનવીએ ધૂળ પર ચિત્રો દોરતાં દોરતાં ગુફાની દીવાલો પર દોરવાના શરૂ કર્યાં. મધ્યપ્રદેશમાં ભોપાલથી ૪૫ કિ.મી. દૂર આવેલી ભીમબેટકાની ગુફાઓમાંથી જાણીતા પુરાતત્ત્વવિદ શ્રી વાંકણકરે આવાં ચિત્રો શોધી કાઢ્યાં છે. કદાચ એમાંથી આપણને રંગોળીનો ઈતિહાસ મળી આવે !

રંગોળીની લોકકલાનું રૂપસૌંદર્ય ભારતના પ્રત્યેક પ્રાંતમાં પથરાયેલું જોવા

મળે છે. 'ચિત્રલક્ષના' નામના સંસ્કૃત ગ્રંથમાંથી રંગોળી અંગેની કિંવદંતી પણ સાંપડે છે. એક રાજાના કુંવરનું મૃત્યુ થયું. રાજાએ બ્રહ્માજીને પ્રસન્ન કર્યા. બ્રહ્માજીએ રાજાને દીકરાનું મોઢું દોરવા કહ્યું. પુત્રવત્સલ કલાપ્રેમી રાજાએ દીકરાનું મુખ આબેહૂબ દોરી આપ્યું. કહેવાય છે કે ત્યારથી રંગોળીનું પ્રથમ પ્રકરણ આરંભાયું.

આજે શુભ પ્રસંગે, વારતહેવારે અને વરતવરતોલાની ઉજવણીના અવસરે સ્ત્રીઓ રંગોળી દોરી ઘરઆંગણાના વાતાવરણને મંગલમય બનાવી દે છે. લોકનારીના હૃદયના ભાવો જેટલા ઋજુ અને રંગીન હોય છે તેટલી જ રંગોળી રંગમય હોય છે. પરણીને સાસરે આવતી કન્યા પતિના ઘર અને કુટુંબમાં જીવનરંગ ભરી દે છે. દિવાળી જેવું પરબ (પર્વ) આવતાં રંગોળી વડે આંગણું શણગારે છે. આનંદ અને ઉલ્લાસનું પ્રતીક મનાતી રંગોળી દ્વારા નવયૌવના ધનધાન્યની અધિષ્ઠાત્રી મહાલક્ષ્મીને આવાહન આપે છે. એમ કહેવાય છે કે રંગોળીની આ પરંપરા મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં ઊતરી આવી છે.

રંગોળીમાં બે શબ્દો મળે છે. 'રંગ' અને 'ઓળી' - આ ઓળી શબ્દ મરાઠી છે જેનો અર્થ થાય છે લીટી. રંગો વડે લીટી દોરી ઉપસાવવામાં આવતી આકૃતિ એટલે રંગોળી. ગુજરાતમાં સાથિયા તરીકે ઓળખાતી રંગોળી બંગાળમાં 'અલ્પના', રાજસ્થાનનાં માંડણાં-મધ્યપ્રદેશમાં 'ચોકપુરના', આંધ્રમાં 'મૂગ્ગુ' અને તામિલનાડુમાં 'કોલમ'ના નામે ઓળખાય છે. કુમાઉ પ્રદેશમાં રંગોળી ઐપણ અને કેરળમાં 'પૂવિડલ'ના નામે જાણીતી છે.

હિંદુ, જૈન અને પારસીઓ રંગોળીને અશુભનિવારક ગણે છે. ધાર્મિક, માંગલિક કે કૌટુંબિક પ્રસંગ રંગેચંગે ઊજવાય અને કુટુંબનું શુભમંગલ થાય તે માટે રંગબેરંગી રંગોળીઓની રચના કરવામાં આવે છે. પરણીને આવતી પુત્રવધૂ આંગણામાં કંકુવાળાં પગલાં પાડે તેને શુભ-મંગલ માનવામાં આવે છે. ઘણી જ્ઞાતિઓમાં આજેય આ રિવાજ જોવા મળે છે. રંગોળી વિનાનું આંગણું અશુભ ગણાતું હોવાથી જૂના કાળે સાધુ-સંન્યાસીઓ રંગોળી વગરના ઘરની ભિક્ષા લેવાનું પસંદ કરતા નહોતા. ઘરઆંગણામાં, ઉંબરા પાસે, યજ્ઞવેદીની આસપાસ, વરઘોડિયાની ચોરી કે લગ્નમંડપ આગળ અને ધાર્મિક વિધિ વખતે કરેલા સ્થાપન પ્રસંગે રંગોળી તો હોય જ.

ધરતીનાં વધામણાં રૂપે થતી રંગોળી ઘઉં, કઠોળ, ચોખા, મગ, અડદ, તલ, મસૂર, જુવાર, મકાઈ, બાજરી ઇત્યાદિ ધાન્યોમાંથી તૈયાર કરવામાં આવતી. ઈ.સ.ના ત્રીજા શતકમાં ધનધાન્યની રંગોળીની રચનાના અનેક ઉલ્લેખો ઉપલબ્ધ



થાય છે. એ કાળે ધનધાન્ય ઉપરાંત રંગબેરંગી રૂપાળાં વગડાઉ ફૂલોની પણ રંગોળીઓ રચવામાં આવતી. સરસ્વતીનાં મંદિરોમાં તેમજ કામદેવ અને શિવની પૂજા પ્રસંગે વિવિધરંગી પુષ્પો વડે ભાતીગળ અને ચિત્તાકર્ષક રંગોળીઓ રચવામાં આવતી. સાતમા શતકમાં 'વારાંગરચિત'માં પંચરંગી ચૂર્ણ ધાન્ય ને ફૂલોની રંગોળીનો ઉલ્લેખ મળે છે. દસમા શતકના 'નલચંદ્ર' માં ઉત્સવ પ્રસંગે ઘરઆંગણે રંગોળી પૂરવાના ઉલ્લેખો મળે છે.

૧૧મા શતકના 'વાદિમસિંહ'ના 'ગદ્યચિંતામણિ'માં ભોજન-સમારંભ સમયે 'મંગલચૂર્ણ રેખા' આલેખવાનો ઉલ્લેખ મળે છે. હેમચંદ્રાચાર્યે 'દેશી નામમાલા'માં ચોખાની લોટની રંગોળી રચવાની વાત નોંધી છે. બારમી સદીના 'માનસોલ્લાસ' ગ્રંથમાં 'ધૂલિચિત્ર' અને શ્રીકુમારના 'શિલ્પરત્ન'માં ક્ષણિક ચિત્ર તરીકે રંગોળીનો ઉલ્લેખ મળે છે. ભાસ્કર ભટ્ટના 'શિશુપાલવધ' કાવ્યમાં રંગોળીની પરંપરાનું પગેરું બે હજાર વર્ષ પૂર્વે સુધી તો પહોંચે છે.

*'સૂરજ ઊગ્યો રે કેવડિયાની ફણસે*
*કે વા'ણેલાં ભલે વાયા રે'*

આમ ગાનારી ગામડાંગામની ગોરીઓ અને પ્રકૃતિપ્રેમીઓ જાણે જ છે કે પૂર્વમાં સૂરજનારાયણ ઉદિતમાન થાય એ પહેલાં ઉષાના કેસૂડાવરણા રંગો આકાશમાં રેલાય છે. આવી સૌંદર્યમઢી વહેલી સવારે રંગોળી આલેખી, ઘરનો ઉંબરો પૂજી રોજિંદાં કાર્યોમાં પરોવાતી ભારતીય નારીનું સુભગ દર્શન ભારતના ગ્રામપ્રદેશોમાં સહજ રૂપે જોવા મળે છે. આ સંસ્કાર અને સંસ્કૃતિનો જોટો જગતભરમાં જડવો મુશ્કેલ છે. આંગણમાં વેરાયેલા રંગોના સૌંદર્યની સાથે દેવતાઓને પ્રસન્ન કરવાની શ્રદ્ધા અને ભાવના ભળી છે. છીંક આવે એવા સ્વચ્છ આંગણામાં રંગોનાં અનેરાં રૂપોમાંથી પ્રસન્ન સૌંદર્ય સાદ પાડી ઊઠતું હોય ત્યાં દેવોનેય દોડી આવવાનું અને રમવાનું મન થાય છે.

રંગોળીનાં વિવિધ ચિત્રો, આકૃતિઓ અને ભાતો આશ્ચર્ય પમાડે છે. ચિત્રકારની નજરે નિહાળીએ તો રંગોળી એ ભૂમિતિ ચિત્રો જ છે. તેમાં ભૌમિતિક ભાતોની સાથે પ્રતીકો અને મનોહર ચિત્રોના ભૂમિમાંડણાં હોય છે. આર્યો મૂળે પ્રકૃતિના પૂજક હતા. એની પ્રચ્છન્ન છાંયા રૂપે આર્યનારીઓ ઘરઆંગણે અથવા પૂજાસ્થાનોમાં હળદર, કંકુ, અનાજ, ફૂલો વગેરેમાંથી રંગોળી આલેખી તેમાં શુભસંકેત રૂપે શંખ, પદ્મ, સ્વસ્તિક, સૂર્ય, ચંદ્ર, માછલી, રથ, મંદિર, દેવોની આકૃતિઓ ઉમેરાતી ગઈ. પછી એમાં હાથી, ઘોડા, હંસ, ગાય જેવાં પ્રાણીઓ

ઉમેરાતાં ગયાં. એ પછી રંગોળીમાં દેવ-દેવીઓનાં પ્રતીકો અને તાંત્રિક સંકેતોવાળા આકારો દાખલ થયા.

રંગોળી સાથે રંગોનો સંબંધ પણ મહત્ત્વનો રહ્યો છે. રાતો રતુંબલ રંગ માંગલિક અને શુકનવંતો મનાય છે. લીલો રંગ શાંતિ અને સમૃદ્ધિનું સૂચન કરે છે. કાળો રંગ ઘરની સમૃદ્ધિ અને સુખને કોઈની નજર ન લાગી જાય એને માટે અને લાગી હોય તો એના નિવારણ અર્થે વપરાય છે.

ભારતીય રંગોળીમાં સ્થળભેદે કેટલીક લાક્ષણિકતાઓ પણ આપણું ધ્યાન ખેંચે છે. રાજસ્થાન, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારત, ઉત્તર પ્રદેશ વગેરે રાજ્યોમાં આકૃતિપ્રધાન અને અમુક પ્રમાણબદ્ધતાવાળી રંગોળી જોવા મળે છે. જ્યારે પૂર્વભારતની રંગોળી લયપ્રધાન હોઈ એનાં ફૂલપાન, વૃક્ષવલ્લરી, પશુપંખી વગેરેના કલાત્મક આકારો નજરે પડે છે. આવાં ચિત્રોમાં રંગોળીની રેખા ક્યાંય તૂટે નહીં તેનું પૂરું ધ્યાન રખાય છે. રંગોળીની રચના વખતે રેખાનું તૂટવું અશુભ મનાય છે. રેખાની વચ્ચે ખુલ્લી જગા પણ રાખવામાં આવતી નથી.

દિવાળીના અવસરે ગુજરાત-મહારાષ્ટ્રનો ભૂમિશણગાર રંગોળી, એમ ધોરારી ધરતી રાજસ્થાનનો ભીંતડાં અને ભૂમિનો શણગાર એટલે માંડણાં. મારવાડ અને માલવા પંથકમાં ભરપટે જોવા મળતી માંડણાંની રંગોળીઓ લોકનારીનાં હૈયાંના સૌંદર્યની મનોહર અભિવ્યક્તિ છે. માંડણાં પ્રસંગ અને સ્થળની શોભાવૃદ્ધિ કરી, વાતાવરણને પ્રસન્ન અને રસમય બનાવી દે છે. દામ્પત્યપ્રેમમાં અભિવૃદ્ધિ કરે છે.

*''પગલ્યાં માંડ્યાં, પાટલા બાગડિયા નારેર,*
*લાગી ગ્યાં અતરાંકમેં ગજમોત્યાંકા ઢેર.''*

રાજસ્થાનની રમણી લીંપ્યાગૂંપ્યા આંગણામાં માંડણાં આલેખી રહી છે. એનો ચતુરસુજાણ સ્વામી મીટ માંડીને માંડણાં અને એની માંડનારીને અમીટ નજરે નિહાળી રહ્યો છે. મારવણીએ ચોકના ચાર ખૂણાની વચમાં પાટલા, માંડા અને મોર-ઢેલ માંડ્યાં, ત્યાં તો આંગણું આખું સૌંદર્યરૂપી ગજમોતીના ઢગલાથી જાણે અરઘી ઊઠ્યું.

રાજસ્થાનમાં દિવાળી ઉપરાંત હોળી, રક્ષાબંધન, શાદી-વિવાહ તથા બહેન-દીકરીની વિદાય અને વહુરાણીના આગમન વખતે માંડણાં દોરવાની પ્રાચીન પરંપરા છે. ભૂમિ અને દેવપૂજનના પ્રતીક ગણાતાં માંડણાં શુભ અવસર અને



શુકનનું પ્રતીક ગણાય છે. કુંવારી ધરતીનો શણગાર ગણાય છે એટલે માંડણાંનો મંગલ પ્રારંભ કુટુંબની સુવાસણ (અખંડ સૌભાગ્યવાળી) નારીના હાથે જ કરવામાં આવે છે. માંડણાંનો એકવાર પ્રારંભ કર્યો પછી એને પૂરા કર્યા વગર અધૂરાં છોડવાં એ અપશુકન ગણાય છે. માલવા અને રાજસ્થાનના વિવિધ પ્રાંતોમાં દોરાતાં માંડણાંની બે વિશેષતાઓ ઊડીને આંખે વળગે છે. માંડણાં આલેખવાનો પ્રારંભ હંમેશાં સ્વસ્તિક અને દીવાનાં આલેખનો દોરીને જ રૂઢિગત રીતે કરવામાં આવે છે. દીવાના ખાનાં પણ એકી સંખ્યામાં એકવીસ જ હોય છે. આ વિશિષ્ટ ભૂમિચિત્રોની સૌપ્રથમ માંડણી બાહ્ય સફેદ રેખાઓ દ્વારા જ કરાય છે.

માંડણાં સાથે મનોહર માલવી લોકકથા જોડાયેલી છે. વહુ પરણીને સાસરે આવી. દિવાળીના દિવસોમાં આંગણામાં માંડણાં પૂર્યાં. ઘરમાં દીવડા પ્રગટાવ્યા. એ રાત્રે લક્ષ્મીજી લોહીલુહાણ હાલતમાં ત્યાં આવ્યાં. સ્વચ્છ, ઊજળું અને રંગોળીવાળું ઘર જોઈને રોકાઈ ગયાં. વહુએ લક્ષ્મીજીના પગ કપડાંથી સાફ કર્યાં. લોહિયાળ પગલાં ફરતાં સફેદ રંગથી આલેખનો કર્યાં. પોતે આ કામ પૂરું ન કરે ત્યાં સુધી લક્ષ્મીજીને રોકાઈ જવા વિનંતી કરી. લક્ષ્મીજી સમજી ગયાં કે આ ચતુર વહુ પગલાં પૂરવાનું કોઈ દિવસ પૂરું નહીં કરે.આથી પ્રસન્ન થયેલાં લક્ષ્મીજીએ એને આશીર્વાદ આપીને કહ્યું કે, ''તારા ઘરમાં જ્યારે આ માંડણાં રૂપી પગલાં દોરાશે ત્યારે હું હાજર થઈ જઈશ.'' ત્યારથી કહેવાય છે કે દીકરો ભલે કુંવારો રહે પણ આંગણું કુંવારું ન રખાય.

ભારતીય ઉત્સવો સાથે ભીંતચિત્રોની સમૃદ્ધ અને રંગીન પરંપરા જોડાયેલી છે. આ પરંપરાને પ્રત્યક્ષ રૂપે નિહાળવી હોય તો તમારે દશેરાથી માંડીને દિવાળી ને બેસતા વર્ષના અન્નકૂટ સુધી શ્રીનાથજીના મંદિરના ઉત્સવો માણવા જીવનમાં એકાદ વાર તો અવશ્ય જવું પડે. અહીં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની મુખ્ય પીઠમાં બિરાજતા ભગવાન શ્રીકૃષ્ણના શ્રીનાથજીના સ્વરૂપે દર્શન થશે. સાથોસાથ ત્યાંની ઉત્સવ-પરંપરા, આ ઉત્સવો માટે ખાસ તૈયાર કરાયેલી મોંઘા મૂલની પિછવાઈઓનાં કલાપૂર્ણ પટ્ટચિત્રો અને રાજસ્થાનની ભીંતચિત્રોની સમૃદ્ધ કલાપરંપરાના સૌંદર્યનું સાચું દર્શન સાંપડશે.

ઉદેપુરથી ૪૮ કિ.મી.ના અંતરે અરવલ્લીના પહાડી ઈલાકામાં 'સિંહાડ' નામના ગામમાં આવેલા શ્રીનાથજીના મંદિરમાં દિવાળીના દિવસોમાં ઉત્સવનો એક અનોખો માહોલ ઊભો થાય છે. દશેરા પછી મંદિરના પરિસરમાં આવેલાં તમામ ભીંતચિત્રો પર સફેદ રંગ લગાવીને જૂનાં ચિત્રો ભૂંસી નખાય છે અને તેની

જગ્યાએ નવાં ચિત્રો દોરવામાં આવે છે. આ કામ માટે પેઢી પરંપરાથી ચિતારાનું કામ કરતા ગૌડ જાતિના ચિત્રકારો કામે લાગી જાય છે. નવાં રંગબેરંગી મનોહર ચિત્રો તૈયાર થતાં મંદિરની દીવાલો પર પ્રચ્છન્ન સૌંદર્ય પ્રગટ થાય છે.

ઉદેપુરમાં વર્ષોથી વસવાટ કરતા આ ગૌડચિત્રકારો આ કામ ધન કે યશકીર્તિ માટે નહીં પણ ભક્તિ અને સમર્પિત સેવાભાવનાથી કરે છે. આ કામની અવેજીમાં એમને મંદિર તરફથી બાર મહિનાનું સીધુંસામાન પ્રસાદ રૂપે મળી જાય છે. આમ ત્યાંના ચિત્રકારો શ્રીનાથજીને પ્રસન્ન કરવા સ્વાર્પણ ભાવથી આ ચિત્રો દોરી અંતરનો આનંદ અભિવ્યક્ત કરે છે.

શ્રીનાથજીના મંદિરની પરિસરની ભીંતો અને દરવાજાની કોરે મોરે ગોપીઓ અને હાથી-ઘોડાનાં કલાત્મક ચિત્રો દોરનાર લબ્ધપ્રતિષ્ઠિત ચિત્રકાર શ્રી બી. જી. શર્મા ઉદેપુરમાં રહે છે. શર્માનું ઘર પરંપરાથી ચિત્રકારોનું ઘર રહ્યું છે. એમના પિતા, દાદા અને પૂર્વજો પણ ચિત્રકાર હતા. તેઓ રાજસ્થાની અને નાથદ્વારાની ચિત્રશૈલીના અચ્છા જાણકાર છે. દિવાળીના અવસરે નાથદ્વારામાં આલેખાતાં ગોપીઓનાં ચિત્રોની જાણકારી આપતાં તેઓ કહે છે કે, ''નાથદ્વારાના કમલચોકના દ્વાર પાસે દર વર્ષે દોરાતી બે ગોપિકાઓ માંગલિક ભાવનાથી ત્યાં ઊભી છે. એકના હાથમાં આરતીનો થાળ છે, અને બીજીના મસ્તક પર મંગલ ઘટ અર્થાત્ ઘડો છે. આ બંને શુભશુકનના પ્રતીક રૂપે અહીં દોરવામાં આવે છે. શ્રીનાથજી આ નંદાલય (મંદિર)માં ભાવાત્મક સ્વરૂપે બિરાજે છે.

''શ્રીનાથજી-ગોપાલકૃષ્ણ નિજમંદિરથી નીકળીને રોજ સવારે ગોચારણ માટે પ્રસ્થાન કરે છે અને સંધ્યા સમયે ગોધૂલિના ટાણે ગાયો સાથે પાછાં ફરે છે. આમ આવતા-જતા ગોપાલકૃષ્ણનું ગોપિકાઓ ભાવાત્મક રૂપે સ્વાગત કરે છે. એમની આરતી ઊતારે છે. મંગલ ઘડા વડે એમની પધરામણીને આવકારે છે. મંદિરના દ્વારે જોવા મળતી આ ગોપીઓ દશેરા સુધી રહે છે. ત્યારબાદ આ બે ગોપીઓ જ નહીં પણ શ્રીનાથજીના મંદિરના ચારેય દરવાજા પરના સમગ્ર ચોક અને નવનીતપ્રિયાજીના મંદિર સહિત તમામ ભીંતચિત્રોનું વિસર્જન કરી દેવામાં આવે છે. તેની જગાએ પ્રતિવર્ષે નવાં ચિત્રો બનાવાય છે.''

શ્રી નંદકિશોર મિત્તલ નોંધે છે કે ''માનવકદની આ બે ગોપિકાઓ ચિત્રાંકિત થઈ છે તે જાણે કે અનાદિકાળથી અહીં ઊભી છે. આ ગોપિકાઓને તમે જેટલી વાર જુઓ એટલી વાર પહેલાં કરતાંયે વધુ સુંદર અને સજીવ લાગે છે.



જાણ્યે-અજાણ્યે અહીંથી પ્રસાદ, ફૂલ, દૂધ વગેરે લઈને પસાર થતાં પૂજારીઓના હાથના ડાઘ લાગવા છતાં એ ચિત્રો અધિક સજીવ અને સ્વાભાવિક લાગે છે. ગોપીઓના ભાતીગળ અને ચમકતા રંગોની સજીવતાનું સનાતન ઐશ્વર્ય આશ્ચર્ય પમાડનારું રહ્યું છે. જેને જોતાં જ કલા અને સંસ્કૃતિપ્રેમી વિદેશીઓ તથા પર્યટકોના અંતરના આનંદમોરલા ટહુકી ઊઠે છે.''

વારતહેવારે અને મંગલ પ્રસંગે ઘરનાં ભીંતડાં પર કરવામાં આવતાં આળેખ અને ચિતર ગુજરાતની લોકનારીનો તળપદ અને વૈભવવંતો કલાવારસો છે. ગુજરાતની ગામડાંગામની અભણ ગોરીઓ સોળપ લીંપેલી માટીની ભીંતો ઉપર ખડી કે ખડીથી ધોળેલી સફેદ ભીંતો પર ભાતીગળ રંગો વડે ચિતરામણ કરી પોતાની ઊર્મિઓને અભિવ્યક્ત કરે છે. આ ચિતરામણ લોકબોલીમાં 'આળેખ'ના નામે ઓળખાય છે. પોરબંદર પંથકની મેર જાતિ, ઘોઘાથી માંડીને મહુવા પંથકમાં વસતા ખરક, પંચોળી, પલેવાળ, બ્રાહ્મણ, ભાલપંથકના કણબી, કોળી, ભરવાડ, કાઠિયાવાડના કારડીઆ રાજપૂત, આહિર, રબારી તથા પંચમહાલ, સૂરત, ડાંગ અને વડોદરા વિસ્તારના આદિવાસીઓમાં આળેખની પરંપરા જોવા મળે છે. ગોહિલવાડ (જિ. ભાવનગર) વિસ્તારમાં વસતા ખરક અને પલેવાળ બ્રાહ્મણોની બહેનો પાસે પણ આળેખનો સમૃદ્ધ વારસો ધબકતો પડ્યો છે. ગોહિલવાડના આળેખના શોભનપ્રતીકોમાં મતવાલો મોરલો. વનવગડાની શોભા બનતા વાઘ, દીપડા, હાથી, હરણ, સોનેરી મૃગ, આંબો, પોપટ, કાનગોપીનું વલોણું, રેલગાડી, ઘોડેસવાર યોદ્ધો, સાઈકલ, બલૂન, ટોપાવાળો ગોરો અંગ્રેજ ઉપરાંત ફૂલવેલની ભૌમિતિક ભાતો જોવા મળે છે.

ગુજરાત-સૌરાષ્ટ્રના લોકજીવનમાં ધર્મનું અવલંબન લઈને જે જે કલાઓ વિકાસ પામી છે તેમાં પ્રતીકચિત્રોનો પણ સમાવેશ થાય છે. આળેખચિત્રોનો સંબંધ લગ્ન કે વારતહેવારના ઉત્સવની સાથે જોડાયેલો છે જ્યારે પ્રતીકચિત્રોનો સંબંધ યાત્રા, ધાર્મિક, ઉત્સવ અને વરતવરતોલાની સાથે જોડાયેલો જોવા મળે છે. આળેખમાં ખડી, ગેરુ અને રાતા, પીળા, લીલા, વાદળી જેવા વિવિધ રંગો વપરાય છે. જ્યારે પ્રતીકચિત્રોમાં મોટે ભાગે પલાળેલું કંકુ, કે ઘીમાં કાલવેલું સિંદૂર જ વપરાય છે. દેવદેવતાઓને ચડાવાતો સિંદૂરિયો રંગ શુભકારી મનાયો છે.

વૈશાખ સુદ ચોથનો દિવસ સૌરાષ્ટ્રના ખેડૂતોમાં ગણેશચોથ તરીકે જાણીતો છે. આ દિવસે ઘરમાં ગણપતિબાપાનું સ્થાપન કરી દૂધે નવરાવી, ઘીમાં કાલવેલું સિંદૂર લગાડી, લાડુનું નૈવેદ્ય ધરાવે છે. એ વખતે વધેલું સિંદૂર લઈને પુરુષો ઘરની

બારશાખ, ખડકી કે ડેલીનાં કમાડિયાં ઉપર 'શ્રી', 'શ્રીલાભ', 'શુભ', 'શ્રી સવાયા લાભ', દાણાની ચડતી દેવડી વગેરે પ્રતીકો આલેખે છે. શ્રાવણ વદિ પાંચમ અર્થાત્ નાગપાંચમે લોકનારીઓ નાગદેવનું વ્રત કરી, નાહી-ધોઈને કંકાવટીમાં કંકુ ઘોળી આંગળી કે દાતણના કૂચાથી પાણિયારે નવકુળ નાગનું આલેખન કરે છે. તેમાં મુછાળા નાગદેવતાનો ગઢ, ગઢના ચાર દરવાજા બનાવી વચમાં રાતા કે કાળા રંગ વડે નાગનાં નવ પ્રતીકચિત્રો આલેખે છે. આ લોકનારીઓ ચૈત્ર વદ તેરસે બળિયાકાકાના સ્થાનકે ઉજાણી કરવા જતાં પહેલાં ઘેર બળિયાદેવના પ્રતીક રૂપે આ દેવની જોડી ચીતરી પડખે ઘોડિયું, સાથિયો અને ટીલાંટપકાંનાં સુશોભન-પ્રતીકો દોરે છે. રાજપૂત, દરબારો અને કાઠી કોમની સ્ત્રીઓ બળિયાકાકાના પ્રતીકચિત્રો પાણિયારે ન આલેખતાં ઘરના ઓરડાનાં કમાડિયાં પાછળ આલેખે છે. ઘરના આદમીને લડાઈ-ધીંગાણે જવાનું થતાં માથું કપાયેલા બળિયાદેવનાં દર્શન અપશુકનરૂપ ગણાય છે. જૂના કાળે ઘરનાં વડીલો જાતરા કરવા જતાં ત્યારે ઘરની નવવધૂ દિવસોની ગણતરી માટે ઓશરીની ભીંતે ચાકળો આલેખી જતા-આવતાનાં પગલાં દોરી જેટલા દિવસની જાતરા હોય તેટલાં ખાનાં દોરી ગણતરી માટે રોજ કંકુનો એક સાથિયો દોરે છે. અભણ બાઈઓની કોઠાસૂઝ અને કલાસૂઝ તો જુઓ !

ગુજરાતમાં ધર્મનું અવલંબન લઈને ખીલેલી લોકચિત્રણકલાની વાત કરીએ ત્યારે પંચમહાલ અને વડોદરા વિસ્તારમાં વસતા રાઠવા વનવાસીઓના ધાર્મિક અને વિશિષ્ટ એવા પિઠોરાનાં ભીંતચિત્રને પણ યાદ કરવાં પડે. આ આદિવાસીઓ પોતાનાં કુટુંબ અને સંતાનોની સુખાકારી માટે દેવ-દેવીઓની બાધા-માનતા રાખે છે એ મુજબ ''બાબા પિઠોરા'ની માનતા રાખે છે. પિઠોરો તેમનો મોટો અને મહત્ત્વનો દેવ ગણાય છે. બાધા પૂરી કરવા ઘરની ભીંત પર પિઠોરાનાં ચિતર દોરાવે છે. આમ જોઈએ તો પિઠોરો વનવાસીઓની જીવનવ્યવસ્થાને આલેખતી એક ધાર્મિક કલાકૃતિ છે. કોઈના ઘેર પારણું ન બંધાતું હોય અર્થાત્ એ ઘરની બાઈને બાળક ન થતાં હોય, કોઈનો વહાલસોયો દીકરો માંદો પડી ગયો હોય, કોઈ કુટુંબમાં બાળકો ન ઊછરતાં હોય ત્યારે પિઠોરાની માનતા રાખે છે. ઇચ્છિત કાર્યમાં સફળતા મળે, ખેતીવાડીમાં બરકત આવે ત્યારે આ દેવનું સ્થાપન કરી ઘરની ભીંતો પર પિઠોરાનાં રંગબેરંગી કલાપૂર્ણ ચિત્રો દોરવાનું કાર્ય કરવામાં આવે છે.


આ ચિત્રો દોરનારા લખારા (ચિતારાઓ) પેઢી-પરંપરાથી આ કાર્ય કુશળતાપૂર્વક કરતા આવ્યા છે. પાલ વિસ્તારમાં આવા પાંચસાત ચિતારાઓ આ



કામમાં અત્યંત નિપૂર ગણાય છે. એમાંના એક વડોદરા જિલ્લાના મલાજા ગામના માનસિંહ રાઠવાને ગણાવી શકાય. થોડાં વરસો પૂર્વે એમને પિઠોરાની કલાના કસબી તરીકે ગુજરાત સરકારનો હસ્તકલાનો એવૉર્ડ પણ પ્રાપ્ત થયો છે.

બાબા પિઠોરાની લોકકથા પણ આદિવાસીઓમાં ખૂબ પ્રચલિત છે. 'ઇંદરાજાને સાત બહેનો હતી. તેમાંની એક બહેન કાળી કોયલ કુંજુરાણા સાથેના અનૈતિક સંબંધથી સગર્ભા થઈ. ઇંદરાજાના ક્રોધથી બચવા કુંજરાણીએ પોતાના બાળકનો જન્મ થતાં જ એને નદીમાં વહેતો મૂકી દીધો. એ બાળક ઇંદરાજાની બીજી બહેન કાજલના હાથમાં આવ્યું. એણે બાળકને ઉછેરીને મોટું કર્યું. બાળક મોટું થતાં એનાં લગ્ન લેવાનાં આવ્યાં. ઇંદરાજાએ બાળકના સાચા બાપને શોધવા માટે દેવોની સભા બોલાવી. આ સભામાં બાળકે કુંજુરાણી (એની સગીમા)નું નાક પકડ્યું. બાળક ભાણેજ બન્યો એટલે ઇંદરાજાએ પિઠોરી સાથે તેનું લગ્ન કરાવ્યું.' આમ પિઠોરાનું ભીંતચિત્રનું કથાવસ્તુ લગ્નના ઉત્સવનું છે.

લખારો ગણેશજીના ઘોડાથી પિઠોરો ચીતરવાનો પ્રારંભ કરે. પછી પિઠોરા દેવનો ઘોડો, પિઠોરાની રાણી, એની માતા અને ગામદેવના રંગબેરંગી રૂપાળા અને કલાપૂર્ણ ઘોડા દોરાય. એક દીવાલનું ચિત્રકામ પૂરું થતાં બીજી દીવાલ ઉપર લગ્નનાં વાજાં વગાડનાર સવારી સાથે નગારીવાળા, ઘોડાં, ગધેડાં, સિમોણી રાણી, નકટી અને ભૂતણની ઘોડેસવારીવાળાં ચિત્રો સાથે નરનારીનાં મૈથુન, ગાય, વાઘ, વાંદરા, મધપૂડો, જેવાં ૮૦ થી ૧૦૦ જેટલાં ચિત્રો દોરવામાં આવે છે. પિઠોરાની ત્રીજી હારમાં કૂકડો, કૂકડી, તાડ પર ચડેલો માણસ, ટિડિયો જોષી, બાર માથાંનો રાવણ, કયડો કણબી, વલોણું, વાવ-ખેર, હળ હાંકતો આભો કણબી આલેખાય છે. આ ચિત્રોમાં રંગબેરંગી કલાત્મક ઘોડા, વીંછી પકડતો મોર, શિકાર કરતા ડામોર દેવ, પનિહારી, ઘડિયાળ, ટેબલ-ખુરશી પર બેસીને જમનાર યુગલનું આલેખન સાદગીભરી પ્રાકૃતિક અને રમતિયાળ શૈલીમાં કરવામાં આવે છે. તેમાં આદિવાસીઓની પ્રકૃતિ અને સંસ્કૃતિનું સુપેરે દર્શન થાય છે. પિઠોરાની ચિત્રકલા સાથે ગાયન, વાદન અને નર્તન અર્થાત્ લોકનૃત્યોની રમઝટ પણ ભળે છે. રાતવરતના છંદની બાધા ચાલે ત્યારે સ્ત્રીપુરુષો અને છોકરાં-છોકરીઓનું નૃત્ય આખી રાત ચાલે. અહીં એ વિસ્તારના સઘળા રાઠવા આદિવાસીઓના મેળાનો માહોલ જામે. આમ પિઠોરાની ચિત્રકલા એક અનોખો અને યાદગાર ઉત્સવ બની જાય છે. આમ આપણે ત્યાં લોકચિત્રણ કલાની અનોખી સૃષ્ટિ છે જે લોકજીવનને આનંદથી ભર્યુંભર્યું રાખે છે.



ચાકળો ને પૂતળી



ખરકભીંત ચિત્રકળામાં દીપડો






આલેખમાં દીપડો




લોકદેવ કાકાબળિયાનાં પ્રતિક તથા વંશવેલો વધારનાર બાળારાજાની સંજ્ઞારૂપ ઘોડિયું.




વૈષ્ણવધર્મની રંગોળીમાં રાધાકૃષ્ણ




ગોહિલવાડનાં દેવલી ગામના એક ઘરની પછીત
ઉપર દોરેલાં આલેખ ચિત્રોમાં આંબો અને



ગ્રામનારીએ આલેખેલો ચિત્તો




તળપદ આલેખમાં છોડવાં, મોરલાની જોડી






રંગોળીમાં નર્તન કરતો મયૂર



રંગોળીના તળપદ રૂપો




ગણપતિ



ભાતીગળ રંગોળીઓ



રંગોળીની ભૌમિતિક ભાત



ખરક જાતિના આલેખમાં ગોપી અને ચાકળાનું આલેખન

# સૌરાષ્ટ્રની લોકકલા-કારીગરીનાં કલાઘટકો-પ્રતીકો

ખોડીદાસ પરમાર

**પ્રાસ્તાવિક :**

ભારતના - ગુજરાત રાજ્યમાં સમાવિષ્ટ સૌરાષ્ટ્ર પ્રદેશ પોતાની વિશિષ્ટ કલાકારીગરી, લોકસંસ્કૃતિ અને લોકસંસ્કારનો ઉજ્જવળ વારસો ધરાવે છે.

ગુજરાત રાજ્ય અંતર્ગત સૌરાષ્ટ્ર, કચ્છ તેમજ મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતને સમાવિષ્ટ કરીને ઈ.સ. ૧૯૬૦માં ''ગુજરાત રાજ્ય''નું નિર્માણ થયું છે.

આ ગુજરાત રાજ્યમાં સમાવિષ્ટ એવા સૌરાષ્ટ્રની સીમાઓમાં પશ્ચિમે દ્વારકાધીશ-જામનગર જિલ્લો, અરબી સમુદ્રને અડીને તેમજ ગીરના જંગલવાળો જૂનાગઢ જિલ્લો, રાજકોટ અને ભાવનગરની સરહદો વચ્ચે અમરેલી જિલ્લો જેની આસપાસ સાવરકુંડલા, જસદણ, બાબરા જેવા કાઠીઓની વસાહતના પંથકો, ખંભાતના અખાતને અડીને ભાવનગર જિલ્લો, સૌરાષ્ટ્રના મધ્યભાગે રાજકોટ જિલ્લો અને અમદાવાદ, રાજકોટ અને ભાવનગરની સીમાને અડતો સુરેન્દ્રનગર જિલ્લો આવેલો છે.

આ રીતે સૌરાષ્ટ્રના આ છ જિલ્લાઓ ''ગુજરાત રાજ્ય'' અંતર્ગત સંલગ્નિત છે.



સૌરાષ્ટ્રના લોકભરતમાં ગણેશ અને રિદ્ધિ-સિદ્ધિના આલેખો



પ્રાચીન તેમજ મધ્યકાળે સૌરાષ્ટ્રના આ વિવિધ જિલ્લાઓમાં જુદી જુદી શાખા ધરાવતા નાનામોટા રાજા-ઠાકોરોની ઘણી રિયાસતો હતી. ઈ.સ. ૧૯૪૮માં સૌરાષ્ટ્રના આ રાજવીઓએ પ્રજાને જવાબદાર રાજતંત્ર સોંપી દીધું, ત્યારથી સૌરાષ્ટ્ર પ્રદેશ પ્રજાસત્તાક બન્યો, એ પછી ઈ.સ. ૧૯૬૦માં ''ગુજરાત રાજ્ય''નું એકમ થતાં, સૌરાષ્ટ્ર ''ગુજરાત રાજ્ય''માં સમાવિષ્ટ થઈ ગયું.

મધ્યકાળે મરાઠાઓએ સૌરાષ્ટ્રને ''કાઠિયાવાડ'' એવું નામાભિધાન આપેલ - એ સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓની રચનામાં પણ અનેક નાનામોટા ''પંથકો'' આવેલા છે.

જામનગર જિલ્લામાં ''ઓખામંડળ'' અને ''હાલારપંથક'', જૂનાગઢ જિલ્લામાં ''સોરઠ'', ''ગિર'', ''ઘેડ વિસ્તાર'', ''નાઘેર'' અને ''ભાદરકાંઠો''.

અમરેલી જિલ્લામાં ''બાબરિયાવાડ'', ''ખુમાણ પંથક'', ભાવનગર જિલ્લામાં ''ઘોઘાબારું'', ''વાળાંક પંથક'', ''કંઠાળ'', ''ડુંગરવાળો'', ''ઊંડ સરવૈયાવાડ'' છે. રાજકોટ જિલ્લામાં ''મચ્છુ કાંઠો'', મધ્ય સૌરાષ્ટ્ર, સુરેન્દ્રનગર જિલ્લામાં ''પાંચાળ પંથક'', ''જતવાડ'' અને ''ઝાલાવાડ'' કહેવાય છે.


સૌરાષ્ટ્રમાં પ્રલંબ દરિયાકાંઠો, ખેતીને લાયક ફળદ્રુપ જમીન, ચરાણ માટે વિશાળ બીડો, ગીરનું જંગલ, નદી-નહેરો, ડુંગરા અને સમધાત વાતાવરણવાળો આ દ્વીપકલ્પ હોવાથી પ્રાચીન કાળે અહીં રેવંતગિરિમાં આનર્તપ્રજાનું સામ્રાજ્ય હતું.

મથુરામાંથી યાદવો દ્વારકામાં આવ્યા તે પહેલાં કાબા અને વાઘેર અહીંના મૂળ રહેવાસી હશે. જૂનાગઢમાં મૌર્ય, શુંગ, કુશાન, શક વગેરે આવી વસ્યા તે પછી મધ્યકાળે રાહ ચુડાસમા અને પછી નવાબની હકૂમત હતી.

પોરબંદરમાં જેઠવા, બરડામાં મેર, ભાવનગર જિલ્લામાં મૌર્ય, શક ક્ષહરતો, મૈત્રકો, ગુપ્ત, મિહિર વાળા અને ગોહિલો આવીને વસી ગયા.

અમરેલી પંથકમાં કાઠી, આભીર, સથવારા, અને મધ્યકાળે મરાઠી વસાહત સ્થપાઈ.

રાજકોટ અને મોરબીમાં જાડેજા, જામનગરમાં પણ જાડેજા, માળિયામાં મીયાંણા, સોરઠમાં આભીર, ગીરમાં રબારી, ભરવાડ, ચારણ, આયર જેવા માલધારી કારડિયા, કણબી, વઢવાણમાં ઝાલા, કારડિયા, સથવારા, ભરવાડ એમ અનેક જાતિપાતિના રાજાઓ, માલધારી, કાંટિયોવરણ, ખેડવાયા, તળપદા જળપદા



કાઠીભરત, મોચી-પરંપરામાં વલોણું



કોળી વસવાયા વગેરે આવીને વસી ગયા.

પ્રાચીનકાલીન સૌરાષ્ટ્રમાંથી હરપ્પન સંસ્કૃતિની પરંપરાની વસાહતોના લોથલ, રંગપુર, રોઝડી, નગરા, હાથબ વગેરેમાંથી અવશેષો મળ્યા છે. એ કાળે અહીં ખેતી, પશુપાલન, દરિયાખેડનો ઉદ્યોગ વિકસેલો હતો. અહીં વસતા કોલ, રબારી, ખારવા અને કૃષકોમાં વિવિધ કલાકારીના સંસ્કાર પણ હતા.

આ ભૂમિ ફળદ્રુપ અને ત્રણ બાજુથી દરિયા વડે રક્ષિત હોવાથી મૌર્યકાળથી અનેક પ્રકારની આર્ય તેમજ આર્યેતર જાતિઓનાં જૂથો અહીં તરી તેમજ ખુશ્કી માર્ગે ઊતરી આવ્યાં છે.

આ જાતિઓમાં મુરીઅ, મિહિર, કાઠી, આભીર, મૈત્રક વગેરે ઈસુની સદી પહેલાં આવી વસ્યા, એ પછી ઈસુની સદીઓ વળોટ ગુર્જર, સમા, ચાવડા, વગેરે આવ્યા, તો પેલી મેરથી આર્યેતર શક, ક્ષહરથ, કૃષાન, સાતવાહન કણબી વગેરે આવ્યા અને કણબી નારીઓએ ભરતકામની સુંદર કલા વિકસાવી.

બ્રાહ્મણો, સોમપુરા, મગબ્રાહ્મણો, કપોળવાણિયા વગેરે ઉજળિયાતો આવ્યા, મધ્યકાળની શરૂઆતમાં ખત્રી, લોહાણા, ભાટિયા, સિંધી વગેરે આવ્યા, તો મધ્યકાળે, મુસ્લિમો, આરબો, સિપાઈ, મરાઠા, મેમણ, પારસી અને અંગ્રેજ વગેરેએ સૌરાષ્ટ્રની ભૂમિમાં વસવાટ કર્યો છે.[1]

સદીઓના અંતે આઘાત-પ્રત્યાઘાત સહન કરતાં તળપદ અને આવેતું પ્રજાસમૂહ સાથે ભળી લોહીનું મિશ્રણ થતાં સહુએ અહીંની સંસ્કૃતિના રીતરિવાજો અપનાવી લીધા. આમ છતાં બહારથી આવનારાં પ્રજા જૂથોએ પોતપોતાની કલા સંસ્કૃતિનો તાંતણો પણ સંમાર્જી રાખ્યો, જેથી આ પ્રજાજૂથોમાંથી જે અનેક મિશ્ર જાતિઓ થઈ તેઓમાંથી કલાકાર વસવાયા રૂપે સૌરાષ્ટ્રમાં ઊપસી આવ્યા. આ રીતે કલાસંસ્કારના આદાનપ્રદાનમાંથી સૌરાષ્ટ્રને ભવ્ય લોકકલાવારસો સાંપડ્યો છે.

**રાજવીઓ, શાહુકારો, ખેડવાયા અને માલધારીઓની પાછળ કારીગરો અને વસવાયા આવી વસ્યા :**

રાજ રજવાડા, શ્રેષ્ઠીઓ, બ્રાહ્મણ, વાણિયા તેમજ સોની મહાજનોની વસ્તીવાળાં ગામોમાં પોતાનો ધંધો વિકસાવવા માટે વણકર, સોની, માળી, ખત્રી, કંદોઈ, સલાટ, ઓડ, રંગરેજ, ઘાંચી વગેરે આવીને સૌરાષ્ટ્રમાં વસી ગયા.

ખેડવાયાની પાછળ ખેતીના ધંધામાં સાથીપણું કરવા માટે કોળી, તેમજ

હરિજન આવ્યા, ખેતીનાં ઓજારો ઘડવા-સમારવાવાળા લુહાર, સુથાર, સઈ-મેરાઈ, વગેરે આવ્યા.

માલધારીઓ ગાય-ભેંસ, ઘેટાં-બકરાં જેવાં ઢોર રાખતા હોવાને લીધે મરેલા ઢોરનાં ચામડાંમાંથી વિવિધ વસ્તુ બનાવતાં મોચી, ચમાર પણ અહીં આવી વસ્યા.

આવા લોકકલા-કારીગરીની પરંપરાના ધંધાદારી લોકો અહીં આવી વસ્યા. ઉપરાંત લોકનારીઓએ સાંઘિક સૂઝતી ભરતકામ, કટાવકામ, મોતી પરોણું, માટીના ઘાટઘડતર, તેમજ શોભન-આલેખનોનો કસબ વિકસાવ્યો. આ રીતે કલાકારીગરો અને નારીસમૂહની સર્જનાત્મકતાથી સૌરાષ્ટ્રમાં લોકકલા-કારીગરીનું સુશોભન સર્જાયું છે.

પ્રાચીન તેમજ મધ્યકાળે લોકપ્રજાઓમાં બહુતઃ સાંઘિક રીતે પ્રયોજાતી લોકકલા-કારીગરીનો ઉપયોગ સુશોભન, મંડન, ધાર્મિક પરંપરા અને વ્યવહારમાં થતો હતો. આવી પરંપરિત કલાકારીગરીને ૧૯મી સદીની શરૂઆતમાં અહીં આવેલ અંગ્રેજોએ ''Folk art'' લોકકલા-કારીગરી એવું નામાભિધાન આપ્યું.

આમ પરંપરિત કલાકારીગરીના બે પ્રભેદો થયા : લોકકલા કારીગરી અને શિષ્ટ કલાઓ. આ પછી સૌરાષ્ટ્રની કલાકારીગરી ''લોકકલાઓ'' કહેવાવા લાગી, અને સાંઘિક રીતે આવી કલાકારીગરી કરનારા ''લોકકલાકારો'' નામે જાણીતા થયા.

લોકકલાકારીગરીનો ઉપયોગ માત્ર ગામડાંઓમાં જનસમૂહમાં વિશેષ રૂપે થતો હોવાથી આ લોકકલાઓનું ઉદ્‌ભવસ્થાન અને સર્જન ગામડાં તેમજ કસ્બાતી શહેરોમાં થયેલ છે. એના કલા-કારીગરોએ ચિત્રણ, ઘડતર, જડતર, ભરત, સુશોભન વગેરેને ગ્રામપ્રજાની રુચિને ધ્યાનમાં રાખીને પેઢી-દર-પેઢીઉતાર ચાલુ રાખ્યું છે જેનો પરંપરાસ્રોત હજી પણ સચવાઈ રહ્યો છે.


''વિષ્ણુધર્મોત્તરપુરાણ''માં ઉલ્લેખ છે :

**कलानाम्  प्रवरंचित्रं धर्मकामार्थ मोक्षदम ।**
**मांगल्यम् प्रथमं ह्येतद गृहे यत्र प्रतिष्ठितमे ॥**

(ચિત્ર સૂત્ર - ખંડ ત્રીજો, ૪૩/૩૮)

''અર્થાત્ બધી કલાઓમાં ચિત્રકલા ઉત્તમ છે, ચિત્રકલાની સાધનાથી





સૌરાષ્ટ્રમાં બાઈઓએ પાણિહારે કરેલાં નાગપંચમીના આલેખો.

ધર્મ, અર્થ, કામ, અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. ઘરમાં ચિત્રાલેખની સમાન બીજું કોઈ મંગલદાયક નથી.''

આ સૂક્તને ધ્યાનમાં રાખી રાજાથી માંડીને રાંકે પોતપોતાની સૂઝ પ્રમાણે આવાસો શણગાર્યા છે. લોકનારીઓએ ઘરને ભરત તેમજ ગારમાટીના લીંપણથી સુશોભિત કર્યાં. અને લોકકલાકારીગરોએ મહેલ, મંદિર, હવેલી, ચોરા વગેરેમાં વ્યવસાયી રીતે કૃષ્ણલીલા, રામકથા, મહાભારત, દેવીદેવતા, લોકકથાઓ, પશુ, પંખી, પ્રકૃતિ વગેરેનાં ચિત્રો દોરી ગ્રામ-બાળકોને ધર્મ અને કલા પ્રત્યે ભાવના થાય એવાં ચિત્રો-શિલ્પો કર્યાં છે.

**કલાના પ્રકારો :**

ભરતમુનિએ પરંપરિત એવી દશ્ય-શ્રાવ્ય કલાઓને ''ભરતનાટ્યશાસ્ત્ર'' ગ્રંથમાં ત્રણ વિભાગમાં વહેંચી છે.

(૧) આકૃતિ, (૨) ઘાટ અને (૩) રૂપ

**આકૃતિ :**

રંગ, રેખા અને પીંછી દ્વારા ભીંત, વસ્ત્રપટ, તાડપત્ર, કાગળ, લાકડું, ચામડું વગેરે થતી આલેખ્ય એવી ચિત્રકલા.

**ઘાટ :**

માટી, લાકડું, પથ્થર, લોખંડ તથા અન્ય ધાતુઓ, સિમેન્ટ કૉંક્રીટ, પ્લાસ્ટિક વગેરે જડ વસ્તુઓમાંથી કંડારાતી એવી ઘાટ-ઘડતરની શિલ્પકલા.

**રૂપ :**

માનવ, દાનવ, પશુ, પંખી અને તિર્યંચ જેવા સજીવ જીવોને સ્વાંગ ધરી, રજૂ કરતી દશ્ય-શ્રાવ્ય પ્રયુક્ત કલાઓ જેમાં નાટ્ય, નૃત્ય, રાસક જેવી કલાઓ.

''આકૃતિ'' અને ''ઘાટ''ની લોકકલાનાં કલાઘટકોનું બાહુલ્ય, લોકકલા-કારીમાં વિશેષ છે. ''રૂપ''ની દશ્યકલા—નાટ્ય, નૃત્ય, રાસક વગેરેમાં મર્યાદિત રૂપે કલાઘટકો ઉપલબ્ધ થાય છે. જેવા કે બે મુખોમૃગ, સંયોજિત વ્યાલ, રૂંડભેરુંડ, અર્ધનારીશ્વર વગેરે જેવા કલાઘટકો રૂપદર્શી છે.

અંગ્રેજોના આગમન પહેલાં આપણી દશ્યકલાઓમાં ''લોકકલા'' કે ''શિષ્ટકલા'' જેવા પ્રભેદો નહોતા, પણ અંગ્રેજી અમલ દરમ્યાન ઓગણીસમી સદીની શરૂઆતના દાયકાઓથી ગ્રામકલાકારીગરીને ''લોકકલા'' અને ''શિષ્ટ





સૌરાષ્ટ્રનાં સ્ત્રી-પુરુષોના છુંદણાં

કલા'' જેવા બે પ્રભેદ પાડવામાં આવ્યા એ પછી ગ્રામસમૂહોમાં પ્રચલિત સાંઘિક કલાકારીગરી ''લોકકલા''ઓ તરીકે ઓળખાવા લાગી.

**લોકપરંપરાની દશ્યકલાઓ :**

સુથારી-લાકડું તક્ષણ, સોનીનું ઘાટઘડતર, પ્રજાપતિનાં ઠામવાસણ, લુહારી લોહકામ, છુંદણાં, મેંદી સજાવટ વગેરે.

લોકપરંપરાની રીતે ચિત્ર-શિલ્પ કરનારા કારીગરો દરેક ગામડામાં ન હોવાથી ગામમાં ચિત્ર કે શિલ્પકામ કરાવવું હોય ત્યારે એ કલાકારીગરો જે ગામમાં રહેતા હોય ત્યાંથી નિમંત્રવામાં આવે છે.

ગ્રામપરિસરમાં ખેડવાયા તેમજ અન્ય જાતિઓમાં ભરત ભરેલું પહેરવાનો રિવાજ હોવાથી ભરત ચિતરને આળેખનાર અમુક બાઈઓ તેમજ મોચી કારીગર તો ગામેગામમાં મળી રહે છે. તેઓ સહુ ભરી શકે એવી સરળ શોભનભાતો તેમજ ભૌમિતિક ભાતો ચીતરી આપતા હોવાથી ગામડાંમાં ભરતનો કલાકસબ ખૂબ વિકસ્યો હતો.

સુથારો લાકડું કોતરકામ, સોની ઘરેણાં ઘડતર, પ્રજાપતિનું માટીનાં ઠામવાસણ ઘડતર, મોચીની પગરખા સિલાઈ, દેવીપૂજક (વાઘરી બાઈઓનાં છુંદણાં)નાં મંડન, ગામેગામ થતાં હતાં.

ખેડવાયા, માલધારી તેમજ અન્ય માટે રોજબરોજની વપરાશી ચીજો બનાવનાર વણકર, લોકબરનાં કપડાં, રંગનારી ખત્રી તેમજ ચૂડા બનાવનારા મણિયારા પણ કસ્બાતી ગામોમાં હોય ખરા.

પરંપરિત કલાકારીગરી કરનારા આ કારીગરો તેમજ વસવાયાના કામમાં જમાનાની રીત પ્રમાણે કંઈ કંઈ નવીન તત્ત્વ પણ ઉમેરાતું જાય. વળી જુદા જુદા જિલ્લા અને પંથકમાંની કલાકારીગરીમાં કશોક નવો વળોટ પણ જોઈ શકાય, ગ્રાહકોની તત્કાલીન ફૅશનની માગ પ્રમાણે થતી કલાકારીગરીમાં વ્યવસાયી કારીગરોની કોઠાસૂઝ પણ ઉમેરાતી જાય ખરી. આ લેખનાં ચિત્રોમાં લોકકલા-કારીગરીના કેટલાંક પ્રતિકચિત્રો આપ્યાં છે.

**— પ્રગટ થનાર ગ્રંથ ''સૌરાષ્ટ્રની લોકકલા-કારીગરીના કલાઘટકો''માંથી સાભાર**



# *: લોકસાહિત્યમત :*



૮

# ગુજરાતી લોકગીતો : આસ્વાદ અને અર્થઘટનની પ્રક્રિયાનું સ્વરૂપ

બળવંત જાની

અર્વાચીન ગુજરાતી સાહિત્યના વિવેચન માટે સૈદ્ધાન્તિક અવધારણા અને પુરોગામીઓના પ્રત્યક્ષ વિવેચનકાર્યનો ઊંડો અભ્યાસ પૂરતો ગણાય. જ્યારે લોકસાહિત્યના વિવેચન માટે આટલું પૂરતું નથી એમ મને જણાયું છે. આપણે લોકસાહિત્ય એનાં વિવિધ સ્વરૂપો સંદર્ભે પશ્ચિમના અને ભારતીય વિદ્વાનોની સિદ્ધાન્તલક્ષી વિચારણાથી પરિચિત હોઈએ; ગુજરાતના મેઘાણી, ભાયાણી, જયમલ્લ પરમાર, પુષ્કર ચંદરવાકર, કનુભાઈ જાની, જોરાવરસિંહ જાદવ, ખોડીદાસ પરમાર, ડૉ. હસુ યાજ્ઞિક આદિના સ્વરૂપલક્ષી અને કૃતિલક્ષી મૂલ્યાંકન-કાર્યથી પરિચિત હોઈએ; એનો ઊંડો અભ્યાસ કર્યો હોય એટલેથી લોકસાહિત્યના મૂલ્યાંકન માટે સક્ષમ બની નથી. પરંતુ મને સમજાયું છે કે આ બધા ઉપરાંત લોકસાહિત્યની રચનાઓના મૂલ્યાંકન માટે પ્રદેશની વિવિધ વિસ્તારલક્ષી તળપદી સંસ્કૃતિની અભિજ્ઞતા, લોકમાન્યતા, રીત-રિવાજોનો નિકટનો પરિચય અને ઈતિહાસ, નૃવંશવિદ્યા તથા પરંપરિત સમાજની વિવિધ જાતિઓ સાથેનો - એના પ્રાચીન-મૂળ નિવાસસ્થાનેથી સહજ રીતે કેળવેલો ઊંડો પરિચય ન હોય તો એ લોકગીતો એક કૃતિ તરીકે આપણામાં પૂરો ઉઘાડ પામતાં હોતાં નથી. એ તો જ સમજાય જો

આપણી જાતને આપણે આ બધા ઘટકો સાથે જોડી હોય - સાંકળી હોય.

લોકગીત-આસ્વાદ, અર્થઘટન-વિવેચનક્ષેત્ર આપણે ત્યાં બહુ નથી ખેડાયાં એની પાછળ આવી અભિજ્ઞતાનો અભાવ કારણભૂત છે. કાવ્યાસ્વાદો હજાર મળે છે પરંતુ લોકગીતના આસ્વાદો પૂરા એકસો પણ ઉપલબ્ધ નથી. મારી પોતાની અનેક અભિગમોને પ્રયોજવાની વૃત્તિ છતાં હું એમ બહુ કરી શક્યો નથી. આ વીસેક જેટલાં લોકગીતો પસંદ કરતાં, પાઠ મેળવતાં, એના અર્થને ખોલતા મને દશેક વરસ લાગ્યાં, પણ મનમાં ધારણાં બાંધેલી કે યથાસમયે લોકગીતની રચનાને મમળાવવી. હાંસિયામાં બધું નિર્દેશવું, પછી લખવું. આ પ્રક્રિયા પૂર્ણ થયા પછી મેં અપનાવેલા અભિગમનો પરિચય પ્રસ્તુત કરીને આસ્વાદ અને અર્થઘટનની પ્રક્રિયા નિમિત્તે સૈદ્ધાન્તિક અવધારણા રજૂ કરવી એવા કરેલા નિરધારનું આ પરિણામ છે.

લોકગીતના આસ્વાદની પ્રક્રિયામાં મોટે ભાગે મારે ત્રણ ડગલાં દરેક રચનામાં ભરવાનાં આવ્યાં. આ ત્રણ ડગલાંના સ્વરૂપની મેં દાખવેલી-અપનાવેલી વિભાવનાને અહીં સમજાવવા ધારી છે. આ ઉપરાંત પણ અર્થઘટનના મારા પોતાના મુકાબલાને, મારી પોતાની મથામણને પણ અહીં મેં આલેખી છે. એમાંથી લોકગીતના આસ્વાદ કે વિવેચનપ્રક્રિયાનું એક રૂપ બંધાય છે, એક માળખું રચાય છે.

પુષ્કર ચંદરવાકરના ઘણાં આસ્વાદોમાંથી હું પસાર થયો. એમાં પ્રગટતી - આલેખાઈ જતી પ્રાસંગિકતા કે કટારલેખનને કારણે પ્રવેશી જતું લાઘવ કૃતિને પૂરું ખોલતું અનુભવાયું નથી. છતાં કહેવું પડે કે અનેક ઉત્તમ આસ્વાદો પણ એમની પાસેથી જ મળ્યા છે. જયમલ્લ પરમારનાં અર્થઘટનો ભારે પ્રમાણભૂત અને કવિગત. ભાયાણીસાહેબ અને હસુ યાજ્ઞિકનાં ઇતિહાસલક્ષી, શાંતિભાઈ આચાર્યનાં ભાષાલક્ષી. અહીં આરંભે આપણે ત્યાંના આ વિદ્વાનોનાં કાર્યની મહત્ત્વના પ્રદાન-રૂપ ટૂંકી વિગતો રજૂ કરીને એમાંથી પણ એક પદ્ધતિનો આલેખ મળી રહે છે એનો સ્વીકાર કરવો રહ્યો. આ ઉપરાંત જવાહરલાલ હાંડુ, પ્રોફેસર બાજવા, ગુરુ ભગતસિંગ કે સુરજિતસિંઘ જેવા ભારતીય વિદ્વાનોના આવા નિકટના પરિચય પછી ફોર્માલિસ્ટિક કે સ્ટ્રક્ચરાલિસ્ટિક અભિગમથી એમણે કરેલા લોકસાહિત્ય-કૃતિઓના મૂલ્યાંકનમાંથી પસાર થયા પછી પણ મને ગુજરાતી લોકગીતને મૂલવવા માટે કોઈ અભિગમ સીધેસીધા ખપમાં ન લાગ્યા. ડૉ. હસુ યાજ્ઞિકે ભારે શાસ્ત્રીયતાથી મૉટિફલક્ષી અભિગમથી વનવાસી મહાકાવ્યને મૂલવ્યાં. પશ્ચિમના સિદ્ધાન્તો ઉપરાંત આપણે ત્યાંનાં લોકમહાકાવ્યોની રચનાઓને આધારે ભારતીય લોકમહાકાવ્ય-



પરંપરાને ગુજરાતી લોકમહાકાવ્ય કઈ રીતે સમૃદ્ધ કરે છે એ વિગતે સમજાવ્યું.

મેઘાણીએ વિવિધ પ્રાંતનાં લોકગીતો સાથે તુલનાવીને ગુજરાતી લોકગીતમાંથી પ્રગટતા સમાન પ્રવાહને ચીંધી બતાવ્યો. વિવિધ વિધિ-વિધાનલક્ષી ગીતોના સંચય અને સુદીર્ઘ ઉપોદ્‌ઘાત દ્વારા લોકગીતસ્વરૂપની કૃતિઓની વિશિષ્ટતાઓ પણ તારવી.

ભાયાણીસાહેબે લોકગીતના સંપાદનના પ્રશ્નોને આપણી સંપાદનપ્રવૃત્તિને અનુષંગે ચર્ચ્યા એટલું જ નહીં, તેમણે ધોળ-લોકગીતના મૂળ ઢાળ સ્વરાંકિત કરાવ્યા અને એનું પ્રાચીન કથન કે ઇતિહાસપરંપરા સાથે અનુસંધાન પણ જોડીને કથનકળાના રૂપને ખોલી બતાવ્યું. કનુભાઈ જાનીએ લોકગીતના સંપાદનનો ઇતિહાસ આલેખ્યો. લોકગીતના વિવેચનને પણ પ્રમાણ્યું. અમૃત પટેલે જ્ઞાતિકેન્દ્રી વિધિ-વિધાનો, લોકકલ્પના વૈભવને લોકગીતનાં અર્થઘટન માટે ખપમાં લીધાં.

જયમલ્લ પરમારના લોકગીત-આસ્વાદલેખોમાંથી બહુધા સૌરાષ્ટ્રના પરંપરિત લોકગીતને એમાંની વિષયસામગ્રી અને ઢંગ-ઢાળની પરંપરા તથા જાતિગત-પ્રદેશગત વિશિષ્ટતાને અનુષંગે મૂલવવાની પોતીકી રીતનો પરિચય મળી રહે છે. ખોડીદાસ પરમારે બહુધા ગોહિલવાડ અને મધ્ય ગુજરાતની લોકગીત સામગ્રીને સંપાદિત કરી અને જયમલ્લભાઈ પરમારની પદ્ધતિએ મૂલવી.

સૌથી વિગતે અને અભ્યાસનિષ્ઠાથી, શાસ્ત્રીય સભાનતાથી લોકગીત મૂલ્યાંકનનું મોટું કામ કર્યું પુષ્કર ચંદરવાકરે. 'નવો હલકો', 'ચંદર ઊગ્યે ચાલવું' અને 'વાંસળી વાગી વાલમની'માં નવાં વિશેષ લોકગીતો ક્ષેત્રકાર્ય કરીને મેળવ્યાં, સંપાદિત કર્યાં. અર્થો-સંદર્ભો સ્પષ્ટ કર્યા અને નૃવંશવિદ્યાકીય અભિગમથી ક્યાંક વિષયલક્ષી ધોરણે, ક્યાંક વર્ણનાત્મક રીતિની પદ્ધતિએ લોકગીતસાપેક્ષ બનીને સમુચિત રીતે મૂલ્યાંકન પણ કર્યું. પ્રોફે. ચંદરવાકરના લોકગીત-સંપાદન અને મૂલ્યાંકનક્ષેત્રની એમની આ શાસ્ત્રીય સેવાઓનું બહુ મૂલ્યાંકન આપણે ત્યાં થયું નહીં. અભ્યાસીઓએ પણ એ લક્ષમાં ન લીધું. પુષ્કર ચંદરવાકર પાસે પશ્ચિમી સિદ્ધાન્તોનો અભ્યાસ, સમકાલીન ભારતીય વિદ્વાનોના સંશોધન-સંપાદન-લેખનકાર્યનો સંપર્ક અને નિજી ક્ષેત્રકાર્ય-પ્રવાસ એમ બધી જ બાબતો ભાથામાં. એનો સીધો લાભ આ ત્રણેય સંપાદનો અને બીજા આસ્વાદલેખોના સંચયરૂપ લોકવિદ્યાવિષયક વિવેચનગ્રંથોમાંથી મળે છે.

મારી પાસે ભાથામાં મેઘાણી, ભાયાણી, કનુભાઈ જાની, જયમલ્લ પરમાર, ખોડીદાસ પરમાર, પુષ્કર ચંદરવાકર અને હસુ યાજ્ઞિકના લેખનના-સંપાદનના

ગ્રંથો છે. એમાંના મોટા ભાગના સાથે નિકટનો સંપર્કસંબંધ આ વિષયમાં ક્રિયાશીલ બન્યો છે. પશ્ચિમના અને ભારતના જે.ડી.સ્મિથ, એ. કે. રામાનુજનથી માંડીને હાંડુ-બાજવા અને નરેશ વેદ, નિરંજન રાજ્યગુરુ સુધીના અનેક વિદ્વાનોના કાર્ય ઉપરાંત એમની પ્રત્યક્ષ મુલાકાતોથી મળેલ વિગતો મારા આ કાર્યની દિશામાં મને ભારે મદદરૂપ જણાઈ છે. કહો કે મારા કાર્યને જે રૂપ પ્રાપ્ત થયું એની પાછળ અભ્યાસ-વાચન ઉપરાંત આ બધા વિદ્વાનોની પ્રત્યક્ષ મુલાકાત સમયની મુલાકાત, વાતો, વિમર્શ અને સંવિવાદોનો પણ ભારે મોટો ફાળો છે.

* * *

મારી પાસે પાઠભેદથી, ક્ષેત્રકાર્યથી મેળવેલા - એકત્ર કરેલાં શતાધિક લોકગીતો છે. એમાંથી મેં વીસેક લોકગીતોના આસ્વાદ અહીં પ્રસ્તુત કર્યા છે એમાંથી (૧૧, ૧૪, ૨૪, ૨૫) ચાર થોડાં ગીતો ક્ષેત્રકાર્ય દરમ્યાન મળેલા એના આસ્વાદ અહીં મૂક્યા છે. બે ગીતો (૮, ૧૬)ના મારી પાસેના પાઠને અહીં સંપાદિત કરીને પ્રસ્તુત કરેલ છે. આમ, છ લોકગીતો સાવ નવા અર્થાત્ ગુજરાતી લોકગીતપરંપરામાં ઉમેરણરૂપ છે.

આપણી લોકગીતપરંપરામાંથી અભ્યાસીઓને બહુ નજરે નહીં ચઢેલા અને 'ઊર્મિ-નવરચના', 'સ્ત્રીજીવન', 'લોકગુર્જરી' જેવાં જૂનાં સામયિકમાંથી મેળવેલાં લોકગીતો વિષયસામગ્રીને કારણે મને મહત્ત્વનાં જણાયેલાં. સાત ગીતો (૫, ૬, ૭, ૯, ૨૦, ૨૧, ૨૨) આગવા-અનોખા લોકગીતો તરીકે આસ્વાદ માટે પસંદ કર્યા છે. ભારે પ્રચલિત લોકગીતોમાંથી અર્થઘટન સંદર્ભે મારે પોતાને કશુંક વિશેષ કહેવાનું થતું હતું - લાગતું હતું એવાં આઠ લોકગીતો (૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૩) અહીં આસ્વાદ માટે પસંદ કર્યાં છે.

પ્રારંભે નિર્દેશેલ લોકસાંસ્કૃતિક પરિવેશથી પરિપ્લાવિત વ્યક્તિમત્તા ધરાવતી અભ્યાસી વ્યક્તિએ કેવી રીતે ત્રણ ડગલાં ભરીને લોકગીતને માપવાનું-પામવાનું અને પમાડવાનું હોય એની અવધારણા મારા અભ્યાસ અને અનુભવ-જગતને અનુષંગે અત્રે પ્રસ્તુત કરવા ધારી છે. આસ્વાદ અને અર્થઘટનનું સ્વરૂપ આ નિમિત્તે એમાંથી કેવુંક પ્રગટે છે એ પણ અવલોકવું હતું. ભિન્ન ભિન્ન પ્રકારનાં અને પ્રકૃતિનાં લોકગીતો પસંદ કરીને એના કૃતિલક્ષી આસ્વાદ માટે કૃતિને અનુરૂપ-અનુકૂળ અભિગમ અપનાવીને કૃતિના હાર્દને સમજવાનો-સમજાવવાનો ઉપક્રમ અને એમાંથી પ્રાપ્ત થતી અર્થઘટનની પ્રક્રિયાનું સ્વરૂપ અહીં પ્રસ્તુત કરવા ધાર્યું છે.



### ❑ લોકભાવવિશ્વની ઓળખ

લોકગીત અંતર્ગત નિરૂપાયેલ ભાવવિશ્વની ભાળ મેળવવી કે ભાવસંદર્ભ મેળવવો એ લોકગીત-આસ્વાદ માટે પ્રથમ ડગલું છે. એમાંનું ભાવવિશ્વ એને લગ્નગીત અને લગ્નગીતમાંથી પણ કોઈ વિધિ સાથે સંબંધ જોડી આપે. લોકગીત ગૃહજીવનનું છે, દામ્પત્યજીવનનું છે, નારીકેન્દ્રી છે કે વ્યાપક સમાજલક્ષી સમસ્યાને ચીંધે છે. 'કે ઝરૂખડે દીવા બળે રે લોલ' જેવું ગીત લોકમાં નિહિત વીરભાવને જગાવતું-પુરસ્કારતું ગીત છે. પ્રારંભે એમાંના ભાવથી જ જો અનભિજ્ઞ હોઈએ તો એને મૂલવવાની રીત પણ હાથમાં ન આવે. ભાવવિશ્વ સાથે સ્થળવિશેષના સંદર્ભો પણ સમજવાના રહે. આવા બધા ભાવસંદર્ભોથી અવગત થવાને કારણે ગીતને મૂલવવાની, એનો અર્થ પકડવાની દિશા મળી રહે.

'જો પૂજ્યા હોય મોરાર' પરિવાર ભાવનાના ભાવને પ્રગટાવતું લગ્નગીત છે. એમાંના સંદર્ભો ન સમજીને ગણેશસ્થાપન અને પછીના સંદર્ભો પારિવારિક-કૌટુંબિક ઐક્યના વાચક છે એ ભાવ જો ન પકડાયો હોય તો એને માત્ર લગ્નગીત અને એની સાથે સંકળાયેલી આ બધી વિધિઓ રૂપે કોઈ ઓળખાવે છે. મને ભાવવિશ્વ અને ભાવસંદર્ભથી અવગત થવાને કારણે એની કથનકળાનું સ્વરૂપ સમજાયું. આમ, લોકભાવની સમજ લોકગીતના અર્થકોશભણી દોરી જતી કેડી છે.

શ્રમહારી ગીતો પણ એમાંના લોકનારી કે સમાજને કેવી કરુણ પરિસ્થિતિનો મુકાબલો કરવાનો છે એ ભાવને પ્રગટાવે છે એની ભાળ ન મળી હોય તો સાવ સામાન્ય નિરૂપણરીતિનાં ગીત લાગે. અહીં પ્રિયપાત્ર સાથે સંવાદ, ભારે શ્રમ અને પોતાને પક્ષે તો કઠોર-વરવું વાસ્તવ ભોગવવાનું છે એનું ભાન ભાવકને કરાવતાં નારીપાત્રના સૂરને-સ્વરને-ટોનને ભાવવિશ્વની ઓળખને કારણે સમજીને એમાંના કરુણને ખોલવાનું-મૂલવવાનું શક્ય બને છે.

આણાંના ગીતને કે વિરહભાવના ગીતને પણ એના ભાવસંદર્ભે ન અવલોકીએ તો જુદા જ અર્થઘટન પ્રતિ ચાલવાનું બને. લોકગીતના ભાવવિશ્વને ધીરજથી, નિરાંતે બે-ચાર વખત વાંચીને પછી જ સમજી-પામી શકાય. અપાર ધીરજ, ચિંતન અને વિમર્શથી જ ખરું ભાવવિશ્વ સમજમાં આવે. આમાં ઉતાવળ ન ચાલે. જલદીથી પતાવવાનું - પૂરું કરવાનું વલણ હાનિકારક છે.

### ❑ લોકમાનસની મુદ્રાની ઓળખ :

લોકગીત હકારાત્મક-વિધેયાત્મક, વાસ્તવિકતા, કઠોર-કરુણ પરિસ્થિતિ

સામે પ્રતિકાર નહીં પણ સહન કરીને એને જીરવવાની-જીવવાની વૃત્તિ-પ્રકૃતિ લોકમાનસમાં નિહિત છે, એનું પરિચાયક છે. જો આ વિધેયાત્મક દૃષ્ટિબિંદુ આપણી સમજણમાં ન હોય તો લોકગીતનો મર્મ પકડાય નહીં. 'મારા હીરાગર મોરલા ઊડી જાજે' ગીત આનું ખરું ઉદાહરણ છે.

લોકગીત લોકનારી-માનસનું ભારે બળકટ ઉદાહરણ છે. જે કલેજાની કોર છે, જે ચિત્તડાનો ચોર છે એને ઊડી જવાનું ખરું પણ નજર સમક્ષ રહેવાનું કહે છે. પોતાનાં કડલાં, ચૂડલા, હારલાં જેવા અલંકારો જેને આપ્યાં છે એ અલંકારો સાથે રાખીને નજર સામે મોરને રહેવાનું કહેતી નાયિકાનો પૂર્વપ્રેમી માત્ર નજર સમક્ષ, દૃષ્ટિ સમક્ષ રાખીને પ્રસન્ન રહેવાનો ભાવ નિરૂપાયો છે. એમાં અન્યને સમર્પિત થવું પડ્યું છે ત્યાં વફાદારી દાખવીને પણ પૂર્વપ્રેમી પરત્વેના અભિગમને હકારાત્મક અભિવ્યક્તિ અર્પી જણાય છે.

એવો જ હકારાત્મક ભાવ 'તારી શીશીમાં ભરિયલ તેલ', 'રાજારામ', 'ચાલ્યા રે વનવાસ', 'આજ મેં તો સપનામાં', 'હોલાની બોલી મને મીઠી-મીઠી લાગે', 'ભોગાવો ગાજે છે' જેવાં લોકગીતોમાંથી તારસ્વરે નહીં પણ મંદ્રસ્વરે પ્રગટે છે. લોકગીતની આ જ વિશિષ્ટતા છે. હકારાત્મક અભિગમ પણ મંદ્રસ્વરમાં ધીમેથી જનાન્તિકે પ્રબોધવાની-પ્રગટાવવાની વાત અહીં નિહિત છે - લોકગીતની આ મુદ્રા ન સમજ્યા કે પામ્યા હોઈએ તો 'મારા હીરાગણ મોરલા'માંનો ભાવ કે 'હોલાની બોલી મને મીઠી-મીઠી લાગે'માંથી પ્રગટતો પૂર્વપ્રેમી પરત્વેનો નૈતિક અને નૈષ્ઠિક ભાવસંદર્ભ પામી ન શકીએ.

'કોયલ બેઠી આંબલિયાની ડાળ'માં તો અન્યની ઉત્તમ કે મહત્ત્વની જણાતી બાબતનો કશો અર્થ નથી. અન્યના ઉત્તમ સ્થાનનો કશો મહિમા નથી. હોલાને એનો તરફકડો વહાલો છે. કોયલને આંબલિયાની ડાળ. નિયતિના બળે ભાગ્યવશાત્ નિજને પ્રાપ્ત સ્થાને રહીને મજામાં જીવવાનો એક મહિમા આ લોકમાનસમાંથી પડઘાય છે. પોતે જ વિપરીત પરિસ્થિતિમાં પણ પોતાનો રસ્તો કાઢવાનો હોય છે આવું સૂચવતી આ લોકગીત-પાત્રસૃષ્ટિનું લોકમાનસ સમજીએ તો જ એના મર્મને ઉદ્‌ઘાટિત કરી શકીએ. લોકગીતના મર્મકોશમાં પહોંચવા માટે લોકમાનસની મુદ્રાને જાણવી-માણવી અને સમજવી અનિવાર્ય છે. અન્યથા લોકગીતના ધ્વનિને બદલે વિપરીત અર્થસંદર્ભ નીપજી આવતો હોય છે.

**❑ તળપદી સંસ્કૃતિની અભિજ્ઞતાની ઓળખ**

તળપદા શબ્દો, તળપદા રીત-રિવાજો, વિધિ-વિધાનો અને તળપદી



સંસ્કૃતિના સંદર્ભોથી અનભિજ્ઞ અભ્યાસી આ લોકગીતોનો ખરો-પૂરો આસ્વાદ ન લઈ શકે એ હકીકતનો ખરો મર્મ હું સમજી શક્યો. એટલે મારી દૃષ્ટિએ લોકગીતના આસ્વાદ માટે એના અર્થઘટન પરત્વેની અનભિજ્ઞા અવરોધરૂપ બની રહે. લોકગીતના વિવેચન-આસ્વાદમાં કવિતાના આસ્વાદ-વિવેચનથી એક વિશેષ પ્રકારનું આવું કૌશલ્ય અનિવાર્ય છે. અહીં જોઈ શકાય છે કે કરો કે પછીત જેવા શબ્દોના સંદર્ભનો-અર્થનો ખ્યાલ ન હોય, ચૂડલા, ચૂંદડી, કાપડું અને આણાના વિધિ-સંદર્ભોની સમજ ન હોય કે સૂડા પક્ષીના ખરા સંદર્ભથી અવગત ન હોય એ અભ્યાસ લોકગીતમાં પ્રયોજાયેલા શબ્દ, સંદર્ભ કે રૂપકને પ્રમાણીને મૂલવી ન શકે - માણી પણ ન શકે. આમ, લોકગીતમાં નિરૂપાયેલ - પ્રયોજાયેલ તળપદી સંસ્કૃતિથી અભિજ્ઞિત હોવું લોકગીતના આસ્વાદ-વિવેચન-અર્થઘટન માટે અનિવાર્ય આવશ્યકતા બની રહે છે. આવા અભિગમથી ભળેલા વિવેચનને-આસ્વાદને ટ્રેડિશનલ-એથનિક કલ્ચરલ એપ્રોચ, તળપદા-ગ્રામીણ સંસ્કૃતિમૂલક અભિગમથી ઓળખવામાં આવે છે. કલ્ચરલ સ્ટડિઝમાં આ અભિગમનું પણ ભારે મહત્ત્વ છે. ભૂંસાતી - લય પામેલી કે હ્રાસ પામેલી તળપદી સંસ્કૃતિનું દસ્તાવેજીકરણ લોકગીતમાં હોય છે. એ આસ્વાદ રૂપે અભ્યાસી દ્વારા જ્ઞાનની પરંપરામાં ભળે છે અને આપણી સુસમૃદ્ધ જ્ઞાનપરંપરાની પરિચાયક બની રહે છે. પાશ્ચાત્ય પ્રભાવથી પ્રયોજાતા શબ્દોના વિકલ્પે આપણે ત્યાં કેવા-કેવા વૈવિધ્યપૂર્ણ અર્થસંદર્ભ ધરાવતી પરિભાષાઓ અસ્તિત્વમાં હતી એનો પણ એમાંથી પરિચય મળી રહે છે.

આપણે ત્યાં લોકગીતોમાં પશુ કે પક્ષી એની પ્રવૃત્તિઓ, પ્રકૃતિને કારણે કેવા અર્થવ્યંજક બની રહે છે એનો ખ્યાલ કોયલ, મોર, સૂડો, પોપટ, હીરાગર મોરલો, પારેવું, હોલું, ચકલી, બળદ, હરણી, ઘોડીના લોકગીતમાં થયેલા નિરૂપણથી આવે છે. એની તળપદી ઓળખ ન હોય તો એ બધું લોકગીતના આસ્વાદમાં અવરોધરૂપ બને છે. કોયલ, હરણી, પારેવું, હોલું જેવા પક્ષીના સંદર્ભો લોકગીતને રૂપકાત્મક પરિમાણ અર્પનારા છે. માત્ર કોઈ પશુ-પંખીને એમ ને એમ પ્રયોજ્યા નથી. ભારે અર્થપૂર્ણ એવો આ ઉપક્રમ લોકગીતમાંથી ઊપસતો હોય છે. એને ખોલવાથી-મૂલવવાથી અર્થ-ધ્વનિ પ્રગટ થાય. હોલા જેવા અપરિચિત પક્ષીની પ્રકૃતિ-પ્રવૃત્તિ લોકગીતને આગવું પરિમાણ અર્પનારી છે. હોલાના નિરૂપણવાળું આખું લોકગીત અહીં આસ્વાદ માટે આવા કારણથી પસંદ કર્યું છે અને એનાં રહસ્યો ખોલીને લોકગીતના અર્થનો તથા એમાંના કરુણનો આસ્વાદ કરાવ્યો છે.

મને 'લોકસાહિત્ય શબ્દકોશ', 'ભગવદ્‌ગોમંડળ', 'વિશ્વકોશ' કે

‘પર્યાયકોશ’ પણ ઘણી વખત ખપમાં નથી લાગ્યા, એવા સમયે ભાયાણીસાહેબ, જયમલ્લ પરમાર, પ્રભાશંકર તેરૈયા, નરેશ વેદ, નિરંજન રાજ્યગુરુ, હસુ યાજ્ઞિક કે મારા દાદાજી સાથે લાંબી વાતો કરીને માહિતી મેળવવાનું બન્યું છે. જયમલ્લભાઈ પરમાર અને ભાયાણીસાહેબ સાથેની ચર્ચાનોંધો ક્યારેક વાંચું છું ત્યારે ખ્યાલ આવે છે કે કેવી-કેવી ચર્ચાઓ લોકકથા કે લોકગીતના સંદર્ભે આ બધા વિદ્વાનો સાથે મારે થયેલી.

મારો પોતાનો ગ્રામીણ સંસ્કૃતિ સાથેનો ગાઢ અનુબંધ, વાચન-મનન-અભ્યાસ પણ અહીં અર્થઘટનમાં મને મદદે આવ્યા છે. આમ તળપદી ગ્રામીણ પરિવેશથી મુકુરિભૂત માનસ મને આ આસ્વાદ-લેખનમાં સહાયભૂત થયું છે, એટલે મને લાગે છે કે અભ્યાસવાચનથી અર્વાચીન કાવ્ય-સાહિત્યના વિવેચક-આસ્વાદ તરીકે આપણી જાતને ઘડી શકાય પરંતુ લોકસાહિત્યનાં આસ્વાદ-અર્થઘટન માટે તળપદા-ગ્રામીણ પરિવેશનો જાતઅનુભવ અનિવાર્ય છે.

આ અનુભવજગત સીમિત હોવાનું. મને જેટલો ગાઢ અનુભવ હાલારનો-સોરઠનો, ઝાલાવાડનો હોય એટલો ઉત્તર ગુજરાતનો ન હોય, દક્ષિણ ગુજરાત કે વનવાસી પ્રજાનો ન હોય. આમ, મારા પરિચિત વિસ્તારના લોકસાહિત્યને જેટલું તીવ્ર રીતે હું માણી-પ્રમાણી શકું એટલું તીવ્રતાથી-નિકટતાથી મારા અપરિચિત પ્રદેશના સાહિત્યને હું પ્રમાણભૂત રીતે મૂલવી ન શકું. તળપદા સીમિત ગ્રામીણ સંસ્કારોથી પરિચિત વ્યક્તિ સમગ્ર લોકસાહિત્યના આસ્વાદ માટે અધિકૃત બની જતી નથી. લોકસાહિત્ય સાથે એક વિદ્યાશાખા રૂપે જ આ મર્યાદા વળગેલી છે. એ હકીકતને નજર સમક્ષ રાખવાની રહે. મેં અહીં ભીલી ગીતો, દક્ષિણ ગુજરાતનાં ગીતો આવા કારણથી આસ્વાદ માટે લીધાં નથી. મારી પોતાની ક્ષમતા, અધિકૃતતા જેટલી સીમામાં વિહરી શકવા સમર્થ છે એ વસ્તુ નજર સમક્ષ રાખવાની જ રહે. અન્યથા આપણે ધાર્યું પરિણામ મેળવીને આપણાં મૂલ્યાંકનને સમુચિત પરિમાણ ન અર્પી શકીએ.

* * *

લોકગીતના આસ્વાદ-અર્થઘટન કે મૂલ્યાંકનનું સ્વરૂપ આખરે તો લોકગીત-સાપેક્ષ બની રહે. જે પ્રકારનું લોકગીત હોય એ પ્રકારનું એનું આસ્વાદનું રૂપ આંકવાનું રહે - ઊભું કરવાનું રહે. એમાં આપણું પોતાનું જે-તે પ્રદેશવિશેષ સાથેનું નિજી જોડાણ અનિવાર્ય છે. એ ઉપરાંત આપણે ત્યાં થયેલા કાર્યનો અભ્યાસ પણ અનિવાર્ય છે. એ પછી ભરવાના થતાં ત્રણ ડગ અને સંદર્ભગ્રંથો કે જાણતલ



વ્યક્તિવિશેષ-મહાનુભાવોનો સંપર્ક કરવાનું વલણ જ લોકગીતના હૃદય-ગહ્વરમાં પ્રવેશ શક્ય બનાવે છે. મારી એ યાત્રા, યાત્રામાં મેં અપનાવેલ અભિગમનો એક નકશો ટૂંકમાં અહીં સમજાવ્યો છે. લોકવિદ્યાક્ષેત્રે અનેક નવા તરુણ અભ્યાસી ક્રિયાશીલ બની રહ્યા છે. એ બધા આપણે ત્યાંના કામમાંથી પસાર થઈને આ દિશામાં ક્રિયાશીલ બનશે તો કંડારાયેલી કેડી રાજમાર્ગ બનશે અને ભવિષ્યની પેઢીને તળપદી પેઢીના દસ્તાવેજી આધાર સાંપડશે.*

* પ્રકાશનાધીન ‘કોયલ બેઠી આંબલિયાની ડાળ’ નામના લોકગીતના આસ્વાદ-પુસ્તકનો ભૂમિકાલેખ.

## ૯

# ‘ભડલી તો એમ જ ભણે’ – ભડલીવાક્યો વિશે

### ભરત ખેની

ઇન્ડિયા મિટિઓરોલૉજિકલ ડિપાર્ટમેન્ટ / IMDના નિયામક સર એચ.એફ. બ્લેનફૉર્ડે આજથી લગભગ સવાસો વર્ષ અગાઉ ભારતીય ચોમાસાની સૌપ્રથમ વાર આગાહી કરી તે પહેલાંનો જમાનો જોઈએ. વર્ષાઋતુ કેવી રહેશે તેનું અનુમાન લગાવવા માટે આજે સહાયક બનતાં સાયન્સ-ટેક્નૉલોજી તે સમયમાં ન હતાં. ભારતમાં નહિ તેમ પશ્ચિમના દેશોમાં પણ નહિ. તેથી કુદરતના નિર્દેશાત્મક સંજોગોને તેમજ સજીવોની વર્તણૂકને આગામી વર્ષાના સંકેતો ગણીને ધ્યાનમાં લેવામાં આવતી. પશ્ચિમી દેશોમાં જેમ કે બ્રિટન-અમેરિકામાં વર્ષાના આગમન તથા અભાવ વિષે અમુક લોકોક્તિઓ તેમજ ઘણાં પ્રાસ મેળવેલાં વિધાનો છે.[૧]

આપણે ત્યાં પણ વર્ષા-વર્તારા માટેનાં ભડલીવાક્યો રીતસર લોકસાહિત્ય સાથે વણાયાં છે. સ્વરૂપે ગદ્યને બદલે પદ્યમાં છે. પણ તે ‘વાક્યો’ તરીકે ઓળખાય છે. ખરું જોતાં તો તે વાક્યો નહિ પણ કાવ્યો છે પણ આપણે ત્યાં ‘ભડલીવાક્યો’ એવો શબ્દપ્રયોગ વધારે જાણીતો બન્યો છે. વાદળ, પવન, વીજળી, ઝાકળ, નક્ષત્ર તથા અમુક સજીવોના રંગ, ઢંગ અને વર્તનને ચોમાસાનાં ચોક્કસ ચિહ્નો ગણીને દરેક ભડલીવાક્ય અતિવૃષ્ટિ, ઇષ્ટવૃષ્ટિ કે અનાવૃષ્ટિને ભાખે છે. આ વાક્યો રચાયાં તેને આજે લગભગ ૯૦૦ વર્ષ થયાં, તે છતાં હજી ગુજરાતના ઘણા ખેડૂતોને તે કંઠસ્થ છે. કોઈ ભડલીવાક્ય રચવા માટે દેખીતી રીતે વિજ્ઞાનનો સહારો લેવાયો



નથી. છતાં અમુક વાક્યોને નમૂના તરીકે સામે રાખીને વિજ્ઞાનના સંદર્ભે તેમનો ખુલાસો આપી શકાય તેમ છે.

ભડલીનાં કાવ્યમય વિધાનોની વાત કરતાં પહેલાં એટલું જાણવું યોગ્ય છે કે ભડલી સંવત ૧૨૦૦ના અરસાના સુપ્રસિદ્ધ જ્યોતિષ હુદડ / દૂદડની દીકરી હતી. આ જોષી સિદ્ધરાજ જયસિંહના સમયમાં મારવાડમાં રહેતા હતા. સંતાનોમાં તેને ફક્ત પુત્રી જ હતી જેને જ્યોતિષ વિદ્વાન હુદડે પોતાની વિદ્યા શીખવી હતી. હુદડ જાણતલ જ્યોતિષ ખરા, પણ તેનો મોટાભાગનો સમય ઘેટાં-બકરાં પાળવામાં વીતતો હતો. ખેતર, પહાડ, ચરિયાણ તેમજ પહાડોની ગાળીઓમાં અને પર્યાવરણની વચ્ચે રહીને તેણે નિસર્ગ સાથે અહર્નિશ મૈત્રી સાધી. પ્રાદેશિક વાતાવરણ, તેનાં પાંચ અંગો - પૃથ્વી, વાયુ, તેજ, પાણી અને અગ્નિ ઉપરાંત આકાશી ગ્રહો, ઉપગ્રહો, નક્ષત્ર, વાદળ, વાયુ, ગરમી, ઠંડી, વાર, તિથિ, યોગ, કરણ, ઝાકળ તથા અમુક સજીવોના રંગઢંગ અને વર્તનનું નિરીક્ષણ કરી અને કુદરતી પરિબળો અને પાસાંઓ સાથે આત્મીય સંબંધ બાંધી તથા હવામાનની લીલાના નિયમો અનુભવી અને પછી અભ્યાસપૂર્ણ નિરીક્ષણો તારવ્યાં. અંતે તે સઘળું જ્ઞાન પોતાની પ્રિય દીકરી ભડલી સમક્ષ મૂક્યું. જેણે આ જ્ઞાનને કાવ્યબદ્ધ રીતે લોકભાષામાં ઢાળીને રજૂ કર્યું. ભડલીએ ભાખેલાં વાક્યો વરસાદના વર્તારા સંબંધે મહામૂલી ભેટ ગણાય છે. ચોમાસું કેવું નીવડે છે અને તે મુજબ કયો કયો પાક લેવાય તે અંગે ખેડૂતો ચાર-પાંચ મહિના પહેલાં કયા આધારોથી જાણી શકે તે ભડલીએ અવનવી સાખી, દોહરા અને ચોપાઈ દ્વારા રજૂ કર્યું. આ ભડલીવાક્યો ઘણે અંશે યથાર્થ નીવડતાં રહ્યાં છે, પરિણામે વર્ષાઋતુ પર જીવનનો આધાર રાખતા ખેડૂતો માટે તે આધારરૂપ માર્ગદર્શક બન્યાં છે. આ વાક્યોમાં ઘણા શબ્દો જૂની ગુજરાતી ભાષાના હોવાને કારણે આજે જરા અજાણ્યા લાગે, માટે અર્થ સહિત અમુક વાક્યો જોઈએ.

*વાદળ વાયુ વીજ વરસંત*
*કડકે ગાજે ઉપલ[૨] પડંત*
*ધનુષ અને પરિવેશે ભાણ*
*હિમ પડે દશ ગરભ પ્રમાણ.*

કારતક-માગશરથી વરસાદનો પિંડ બંધાવા લાગે છે, જેનાં લક્ષણો જાણીને ૧૩૫ દિવસ પછી ચોમાસે કેટલો અને કેવો વરસાદ થાય તેની આગાહી કરી શકાય છે. ઉપરોક્ત ભડલીવાક્યમાં જણાવ્યા પ્રમાણે અનુક્રમે વાદળ, વાયુ, વીજળી,

વરસાદ, આકાશી કડાકા, ઝાકળ પડવું મેઘધનુષ, સૂર્ય ફરતે પરિવેશે કૂંડાળું રચાવું અને હિમ પડવું એ દસ લક્ષણો વરસાદી ગર્ભનાં છે.

*કાર્તક સુદ બારસે દેખ,*
*માગશર સુદ દશમી તું પેખ,*[3]
*પોષ સુદ પાંચમ વિચાર,*
*માગ સુદ સાતમ નિરધાર;*
*તે દિન જો મેઘો ગાજંત,*
*ચાર માસ અંબર વરસંત,*
*ફાગણી પાંચમ, ચૈત્રી ત્રીજ,*
*વૈશાખી પડવો ગણી લીજ;*[4]
*એહ દિન જો ગાજે મેહ,*
*લાભ સવાયો નહિ સંદેહ.*

વિક્રમ સંવત મુજબ કારતક સુદ બારશે, માગશર સુદ દશમે, પોષ સુદ પાંચમે અને મહા સુદ સાતમે જો મેઘ ગાજે તો ચોમાસાના ચારેય માસ અંબર એટલે કે આકાશ વરસે છે. એવી જ રીતે ફાગણની પાંચમે, ચૈત્રની ત્રીજે અને વૈશાખી પડવાના દિવસે જો મેઘગર્જના સંભળાય તો સવાયો લાભ આપતો વરસાદ થાય છે એમાં સંદેહ નહિ.

કારતકથી શરૂ કરી કરીને ભડલીએ દરેક માસનાં વર્ષાસૂચક ચિહ્નો ગણાવ્યાં છે. આ ચિહ્નોમાં પવનનો પણ સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે ફાગણ સુદ પૂનમે કરાતી હોળીની જ્વાળા અવલોકીને પવનના રંગઢંગ જોવાનો રિવાજ બહુ જૂનો છે. પવનના આધારે સુકાળનું કે દુકાળનું સૂચન ભડલીના મતે નીચે મુજબનું છે :

*હોળી દિનનો કરો વિચાર,*
*શુભ અને અશુભ ફળ સાર;*
*પશ્ચિમનો વાયુ જો વાય,*
*સમય એ જ સારો કહેવાય.*
*વાયુ જો પૂરવનો વાય,*
*કોરો ને કંઈ ભીનો જાય;*
*દક્ષિણ વાયુ ધનનો નાશ,*
*એ સમય ન ઊપજે ઘાસ.*



*ઉત્તરનો વાયુ બહુ હોય,*
*પૃથ્વી પર પાણી બહુ જોય;*
*જો વંટોળો ચારે વાય,*
*પ્રજા દુઃખમાં ઝૂરે રાય.*

હોળી પ્રગટાવ્યા બાદ પવન જો તેની અગ્નિજવાળાને પશ્ચિમ તરફ વાળે તો ચોમાસું સારું વીતે છે. જ્યારે પવન જો પૂર્વનો હોય તો અમુક દિવસો સાવ કોરા અને કેટલાક દિવસો વરસાદી નીવડે છે. ટૂંકમાં, વર્ષાનું પ્રમાણ બહુ વધુ નહિ તેમ બહુ ઓછું પણ નહિ. દક્ષિણનો વાયુ પશુધનનો નાશ કરી નાખે છે, કેમ કે ઘાસ પેદા થાય એટલો પણ વરસાદ પડતો નથી. હોળીની ઝાળ ચારેબાજુ ઘુમરાય તો ભડલીના કથન મુજબ પ્રજા અને રાજા (રાય) બન્નેના માથે દુઃખ આવી પડે છે. ઉપરાંત હોળી માટે સપ્તાહના અમુક જ દિવસો શુભ છે, જેમ કે ભડલી વાક્ય અનુસાર :

*'હોળી રવિવારી શનિવારી કે મંગળવારી હોય,*
*ચાક ચડાવે મેદિનીને*[5]*, વિરલા જીવે કોઈ.'*

સપ્તાહના વાર પછી તિથિને લગતું ભડલીવાક્ય જોઈએ.

*કાર્તિક સુદ એકાદશી, વાદળી વીજ્ય*[6] *હોય;*
*અષાઢે ભડલી કહે, વરખા*[7] *સારો જોય.*

કારતક માસની બરાબર અગિયારસે વાદળમાં જો વીજગર્જના થાય તો આષાઢ મહિને સારો વરસાદ પડે છે. સ્વાભાવિક રીતે જ તે મહિનો ખેડૂતો માટે અગત્યનો મહિનો છે.

ભડલીનાં કેટલાંક વાક્યોમાં તિથિ અને વારની જેમ નક્ષત્રો પણ ખૂબ જ મહત્ત્વનાં ગણાયાં છે. ચંદ્રના અવકાશી ભ્રમણમાર્ગની પશ્ચાદ્ભૂમિકામાં આવતા તારાના વિવિધ સમૂહોને નક્ષત્રો કહેવાય છે, જે પૈકી દરેકને આકાર મુજબ નામ અપાયું છે. પૃથ્વી ફરતે ચંદ્ર ૨૭.૩ દિવસે તેનો એક આંટો પૂરો કરે છે, માટે પશ્ચાદ્ભૂમિકાના તારકપુંજ સમાન નક્ષત્રો ૨૭ માનવામાં આવ્યાં છે. બીજી રીતે કહીએ તો ચંદ્રના ક્રાંતિવૃત્તના ૨૭ ભાગ પાડવામાં આવ્યા છે. અલબત્ત, વરસાદનો આધાર સૂર્ય પર રહે છે, માટે સૂર્ય જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રમાં વરસાદ થાય છે તેને વર્ષાનક્ષત્ર કહે છે. એક નક્ષત્રનું ભ્રમણ કરવામાં સૂર્ય ૧૩ થી ૧૪ દિવસ લે છે. સરેરાશ કાઢીએ તો ૧૩ + ૧૪ ÷ ૨ = ૧૩.૫ x ૨૭ નક્ષત્રો એટલે ૩૬૫.૫

દિવસોનું સૌરવર્ષ બને, પણ હકીકતે સૂર્યના ભ્રમણસમયની જરાક લાંબી અવધિને કારણે ભારતીય પંચાંગ મુજબ સૌર વર્ષ ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૮ મિનિટ અને ૪૬ સેકન્ડનું એટલે કે ૩૬૫.૨૪૨૧૯૦ દિવસોનું હોય છે. હવે ભડલીના કથન મુજબ વરસાદ સાથે નક્ષત્રોનો સંબંધ જુઓ :

*કૃતિકા કરશે કરવરૂં, રોહિણી કરે સુકાળ;*
*કર્મયોગે મૃગશર મળે, નિશ્ચય પડે દુકાળ.*
*શ્રાવણ શુક્લા સપ્તમી, સ્વાતિ ઊગે સૂર;*
*પર્વત કોરી ઘર કરો, પાદર વહેશે પૂર.*

પહેલો વરસાદ કૃત્તિકા નક્ષત્રમાં પડે તો વર્ષ કરવરું એટલે કે ઓછી વર્ષાવાળું જાય છે. જ્યારે નક્ષત્ર જો રોહિણી હોય તો ખેતરોમાં સારું ધાન્ય પાકે છે. બીજી તરફ મૃગશીર્ષ નક્ષત્રમાં મેઘ ગાજે તો દુકાળ પડવો નક્કી સમજવો. ભડલીના મતે શ્રાવણ માસની સાતમે સૂર્ય (સૂર) જો સ્વાતિ નક્ષત્રમાં હોય તો ઘર પર્વતીય ઊંચાણે હોવું ઉત્તમ છે. કેમ કે ગામમાં અને પાદર સુધી જળબંબોળ થાય છે અને પૂર આવે છે. નક્ષત્રોના અનુસંધાનમાં બીજી આગાહી :

*અશ્વિની ગળતાં અન્નનો નાશ,*
*રેવતી ગળતાં નવ જળ આશ;*
*ભરણી નાશ તૃણનો સહી,*
*વરસે જો કદી કૃત્તિકા નહીં.*

અશ્વિની નક્ષત્રમાં વરસાદ પડે ત્યારે અન્નનો નાશ થાય અને રેવતી નક્ષત્રમાં વરસાદ પડે તો પાણીની આશા રાખવી નહિ. ભરણી નક્ષત્રમાં પડેલો વરસાદ ઘાસનો નાશ કરે, છતાં એટલું ખરું કે કૃત્તિકા નક્ષત્ર ન વરસે તો જ આવાં બધાં ખરાબ પરિણામો મળે છે. ધારો કે કૃતિકા નક્ષત્રમાં છાંટા થાય તો અશ્વિની, રેવતી અને ભરણી એ ત્રણેય નક્ષત્રોના દોષ મટી જાય છે.

અંતે એવું ભડલીવાક્ય કે જે વરસાદની આગાહી માટેનો આધાર ગણાતા ઘણાબધા સંકેતોને આલેખે છે. પક્ષી, કીટક, પ્રાણી, ધાતુ, ખાદ્ય ચીજો વગેરેને… એક જ વાક્યમાં આવરી લે છે. અહીં પણ કેટલાક શબ્દો જૂની ગુજરાતીના છે. જુઓ :

*જળચર જળ ઉપર ભમે, ગોનભ ભણી જોવંત;*
*ભડલી તો એમ જ ભણે, જળઘર જલ મેલંત. (ક)*



*પિત્તળ કાંસા લોહને, જે દિન કાળપ હોય;*
*ભડલી તો તું જાણજે, જળઘર આવે સોય. (ખ)*

*હોય પાણી કળશે ગરમ, ચલ્લીઓ ધૂળે ન્હાય;*
*ઈંડાળી કીડી દીસે, તો વરષા બહુ થાય. (ગ)*

*પવન થક્યો તેતર લવે, ગુડ રસી દે નેહ;*
*ભડલી તો એમ જ ભણે, તે દિન વરસે મેહ. (ઘ)*

*બોલે મોર મહાતુરો, હોય ખાટી છાશ;*
*પડે મેઘ મહી ઉપરે, રાખો રૂડી આશ. (ચ)*

સરોવર-નદીની સપાટી પર જળચરો આમતેમ ભમવા માંડે, ગાયો આકાશ ભણી તાકી રહે એ ભડલીના મતે તુરતમાં વરસાદ પડવાની નિશાની છે. (ક). પિત્તળ, કાંચા અને લોખંડને કાળાશ (કાટ કે મેલ) ચડે ત્યારે પણ જાણવું કે મેઘવર્ષા થવાને બહુ વાર નથી. (ખ). કળશિયાનું પાણી સહેજ ગરમ જણાય, ચકલીઓ ધૂળમાં નહાય અને ઈંડાંવાળી કીડીઓ દેખાય એ મુશળધાર હેલી થવાનાં ચિહ્નો છે. (ગ). પવન લગભગ પડી જાય, તેતર પક્ષી ચીસો નાખે અને ગોળ રસીને (ઓગળીને) ચીકણો (નેહ) બને તે દિવસે ભડલીના મતે વરસાદ થવો જોઈએ. (ઘ). મોર વારંવાર બોલે અને છાશ ખટાશ પકડે ત્યારે પણ આશા રાખી શકાય કે મહી (પૃથ્વી) પર વરસાદ પડવાનો છે. (ચ).

આમ, પ્રકૃતિમાં થતા ચોક્કસ ફેરફારો પરથી વાતાવરણ અને વિશેષ વરસાદની સ્થિતિ સંબંધે થતાં અનુભવ-સિદ્ધ અનુમાનો કે વરતારાને આપણે 'ભડલીવાક્ય' તરીકે ઓળખીએ છીએ. વર્ષાઋતુની સમગ્ર સ્થિતિ વિશે અપાયેલાં આ ભડલીવાક્યો ખેડૂતોને ઘણાં ઉપયોગી થતાં હોવાથી એમને 'ખેડૂતોનું પુરાણ' પણ કહેવામાં આવે છે. આ ભડલીવાક્યોમાંથી કેટલાંક સમય જતાં પાછળથી કહેવતરૂપ બની ગયા છે જેમ કે :

*જો વરસે આર્દરા, તો બારે પાધરા.*

* * *

*જો વરસે મઘા, તો ધાનના ઢગા.*

* * *

*જો વરસે હાથિયો, તો મોતીએ પુરાય સાથિયો.*

વગેરે….

ગુજરાતીમાં આવાં ૯૩ જેટલાં ભડલીવાક્યો વડોદરાની પ્રાચ્યવિદ્યામંદિરની હસ્તપ્રતમાંથી ઉપલબ્ધ થાય છે.

આજથી લગભગ ૯૦૦ વર્ષ અગાઉ હુદડ જોષીની દીકરી ભડલીએ કાવ્ય રૂપે રચેલાં આવાં વાક્યો ફક્ત ગુજરાતમાં જ નહિ પણ ભાષાકીય ફેરફારો સાથે રાજસ્થાનના અને પંજાબના લોકસાહિત્યનું પણ અંગ બન્યાં છે. વિજ્ઞાન સાથે તેમનો કેવી રીતે અને કેટલા અંશે મેળ બેસે છે તે અંગે દુર્ભાગ્યે આપણે ત્યાં ચીવટપૂર્વકનું સંશોધન થયું નથી, માટે લોકસાહિત્યનાં આવાં મહામૂલાં વાક્યો લોકસાહિત્યમાં જ રહ્યાં છે. વિજ્ઞાનમાં તેમને પ્રવેશ મળ્યો નથી. હવામાનની આગાહી કરવા માટેનાં એકેય ઉપકરણો નહોતાં ત્યારે આપણા ખેડૂતો ભડલીવાક્યોના આધારે વરસાદનો આગોતરો વર્તારો તારવતા આવ્યા છે. આ લાંબા સમયગાળા દરમિયાન ભડલીવાક્યો ફક્ત નરી વાયકામાં નથી ખપી ગયાં એ બતાવે છે. અને એકંદરે તે ખેડૂતોને માટે આધારભૂત જણાતાં આવ્યાં છે.

### પાદટીપ

૧. When windows won't open
And salt clogs the shakar.
The weather will favour
the Umbrella Maker.
જ્યારે બારી જલ્દીથી ખોલી શકાય નહિ, શીશીમાં ભરેલું મીઠું ભભરાવી શકાય નહિ. ત્યારે ભેજને કારણે વરસાદ આવવાની વકી છે તેથી છત્રી બનાવતા કારીગરો ખાટી જાય છે.

૨. ઉપલ = સંસ્કૃતમાં રત્ન પણ અહીં તે શબ્દ મોતી જેવા ઝાંકળબિંદુઓ માટે વપરાયો છે.

૩. પેખ = દેખ; દેખવું, જોવું, અવલોકવું.

૪. ગણી લીજ = ગણી લેજે.

૫. મેદિની = પૃથ્વી.

૬. વીજ્ય = વીજળી સાથેની મેઘગર્જના, ગાજવીજ.

૭. વરખા = વરસાદ, વર્ષા.

### સંદર્ભગ્રંથો

૧. 'સફારી' અંક નં. ૨૨૯, જૂન ૨૦૧૩
૨. 'ભગવદ્ગોમંડલ', ભાગ-૭(બ-મા), ભગવતસિંહજી, પ્રવીણ પ્રકાશન, રાજકોટ
૩. 'બૃહદ્ ગુજરાતી કોશ', ખંડ-૨, સં. કે. કા. શાસ્ત્રી, પૃ. ૧૭૫૩
૪. 'ગુજરાતી સાહિત્યકોશ', ભાગ-૧ (મધ્યકાળ), સં. જયંત કોઠારી વગેરે.
૫. 'ગુજરાતી વિશ્વકોશ', ખંડ-૧૪ (બો-ભ્રુ), ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ-૧૩.

૧૦

# લોકગીત આસ્વાદ અને અવબોધ શ્રેણી : લોકગીત-ગુંજન

### મણકો - ૧

## દામ્પત્યની દુર્દાન્ત દાહકતાનું દારુણ ગાન

ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

લવિંગ કેરી લાકડિયે રામે સીતાને માર્યાં જો !
ફૂલ કેરે દડૂલિયે સીતાએ વેર વાળ્યાં જો !
રામ ! ત્હમારે બોલડિયે હું પરઘેર બેસવા જઈશ જો !
ત્હમે જશો જો પરઘેર બેસવા, હું વાતુડિયો થઈશ જો !
રામ ! ત્હમારે બોલડિયે હું પરઘેર દળવા જઈશ જો !
ત્હમે જશો જો પરઘેર દળવા હું ઘંટુલો થઈશ જો !
રામ ! ત્હમારે બોલડિયે હું પરઘેર ખાંડવા જઈશ જો !
ત્હમે જશો જો પરઘેર ખાંડવા હું સાંબેલું થઈશ જો !
રામ ! ત્હમારે બોલડિયે હું જળમાં માછલી થઈશ જો !
ત્હમે થશો જો જળમાં માછલી હું જળમોજું થઈશ જો !
રામ ! ત્હમારે બોલડિયે હું આકાશવીજળી થઈશ જો !
ત્હમે થશો જો આકાશવીજળી હું મેહુલિયો થઈશ જો !
રામ ! ત્હમારે બોલડિયે હું બળીને ઢગલી થઈશ જો !
ત્હમે થશો જો બળીને ઢગલી હું ભભૂતિયો થઈશ જો !

લોકગીત મુખ્યત્વે પ્રજાની મજિયારી સંપત્તિ છે. એમાં સમાજની સામૂહિક ચેતના લયાન્વિત શબ્દ રૂપે પ્રતિબિંબિત થતી જણાય છે. પ્રસ્તુત લોકગીત ગુજરાતી ભાષામાં સર્જાયું છે પણ તેમાં માત્ર ગુજરાતની જ નહીં, ભારતવર્ષની શતાબ્દીઓથી સંચિત સમૂહચેતનાએ શબ્દરૂપ ધારણ કર્યું છે.

વિશ્વની અન્ય સંસ્કૃતિઓની સરખામણીમાં ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રી-પુરુષના દામ્પત્યસંબંધને ગૌરવાન્વિત કરવામાં આવ્યો છે. સીતારામને ભારતીય સંસ્કૃતિમાં દામ્પત્યનો ઉચ્ચ આદર્શ ગણવામાં આવ્યો છે. આદિકવિ વાલ્મીકિએ વિશ્વસાહિત્યના પ્રથમ મહાકાવ્ય 'રામાયણ'માં આ આદર્શની પ્રસ્થાપના કરી છે.

રામાયણ કે રામસીતાનો દામ્પત્યભાવ શતાબ્દીઓથી સમગ્ર ભારતીય સાહિત્યમાં ગવાતો રહ્યો છે. લોકસાહિત્ય પણ તેનાથી અછૂતું ન રહે એ સમજી શકાય. ગુજરાતી લોકસાહિત્યમાં રામકથા ભિન્ન ભિન્ન રૂપે અભિવ્યક્ત થઈ છે. લોકગીત લોકસાહિત્યનું વિશેષ પ્રચલિત, લોકપ્રિય સ્વરૂપ છે. ગુજરાતી લોકગીતોમાં રામસીતાસંબંધી જે રચનાઓ સાંપડે છે તેમાં આ રમ્ય રચના સંભવતઃ સર્વાધિક લોકપ્રિય, પ્રચલિત છે.

પતિપત્નીના દામ્પત્યજીવનના સઘળું સુષ્ઠુ સુષ્ઠુ, સુમધુર, સુસંવાદી હોય એ સંભવિત નથી. સ્ત્રી અને પુરુષ, પ્રકૃતિ અને પુરુષ સમાન નથી. તેમની વચ્ચે મૂળભૂત ભિન્નતા છે. આ ભિન્નતા તેમની વચ્ચે વિરોધ-વિસંવાદને જન્મ આપે છે. વિરોધ-વિસંવાદ સંઘર્ષના ઉદ્‌ભવને અવકાશ પૂરો પાડે છે. સંઘર્ષની અભિવ્યક્તિ શાબ્દિક હોય, ક્વચિત્ શારીરિક પણ હોઈ શકે. જગતભરના સાહિત્યમાં સ્ત્રીપુરુષ, પતિપત્ની વચ્ચેના સંબંધમાં સ્નેહ-સંવાદની સાથે સંઘર્ષ-વિસંવાદ પણ આલેખાયો છે.

પ્રસ્તુત લોકગીતની પ્રથમ - ઉપાડની કડીમાં જ રામસીતાના સંઘર્ષનું આલેખન થયું છે. સંઘર્ષ-વિસંવાદનું કારણ શું છે એ લોકકવિએ દર્શાવ્યું નથી. એ દર્શાવવું એને આવશ્યક લાગ્યું નથી. સ્ત્રીપુરુષ, પતિપત્ની વચ્ચે મતભેદ, સંઘર્ષ, વિસંવાદ સહજ બાબત છે. કોઈ પણ કારણથી, ગંભીર કે તુચ્છ, સામાન્ય કે અસામાન્ય કારણથી આવો સંઘર્ષ સંભવી શકે. સ્ત્રી-પુરુષની મૂળભૂત પ્રકૃતિમાં ભેદ હોવાથી, તફાવત હોવાથી આવા સંઘર્ષની સંભાવના રહેતી હોય છે. કોઈ પણ યુગલ, દંપતી એમાં અપવાદ ન હોઈ શકે, પછી તે દામ્પત્યના આદર્શ ગણાયેલ સીતારામ હોય, ગૌરી-શંકર હોય કે રાધાકૃષ્ણ ! સર્વત્ર સંઘર્ષની સંભાવના છે જ. અનેક કવિઓ, લોકકવિઓએ પોતાની રચનાઓમાં આ સંઘર્ષનું સુચારુ, સુરેખ આલેખન કર્યું છે.



આ લોકગીતની પ્રથમ કડીમાં લોકકવિ જે સંઘર્ષ આલેખે છે એ શાબ્દિક નથી પણ શારીરિક છે. આ લોકગીત જે સમયગાળામાં સર્જાયું હશે એ ગાળામાં ગુજરાતના લોકજીવનમાં સ્ત્રીપુરુષ, પતિપત્ની વચ્ચે શારીરિક સંઘર્ષ સામાન્ય હશે એવું અનુમાન કરી શકાય. પરંતુ લોકકવિ એ શારીરિક સંઘર્ષની પુષ્ટિ કરવા ઇચ્છતો નથી. એને અનુમોદન આપવા ઇચ્છતો નથી. તેથી રામસીતાના સંબંધમાં - સંઘર્ષમાં તે શારીરિક ક્રિયાપ્રતિક્રિયા નિરૂપે છે પણ તેને ગૌણીકૃત કરી, પ્રતીકાત્મક રીતે નિરૂપે છે.

પ્રસ્તુત લોકગીતના સર્જન સમયે સમાજમાં સ્ત્રીપુરુષસંઘર્ષનું સ્વરૂપ સંભવતઃ હિંસાત્મક - ઉગ્ર હશે. તેમાં છુટ્ટા હાથની મારામારી થતી હશે. હિંસાનો આરંભ સ્વાભાવિક રીતે જ શારીરિક રીતે સબળ પુરુષ કરતો હશે અને અબળા ગણાયેલી સ્ત્રી નાછૂટકે જ પ્રતીકાત્મક પ્રતિકાર કરતી હશે. રામસીતાના સંઘર્ષમાં જે નિરૂપણ થયું છે એ એનું સૂચક છે. પુરાકલ્પન(મિથ)નો વિનિયોગ મોટે ભાગે પોતાના સમયની સમસ્યાને સઘન રીતે, સુપેરે સમજવા માટે થતો હોય છે. લોકકવિ કહે છે કે રામ પોતાની પત્ની સીતાને લાકડીથી મારે છે, ફટકારે છે. મધ્યકાળના મદમત્ત, મદહોશ પુરુષો પોતાની પત્નીઓને લાકડીથી જ ફટકારતા હશે. એ સમયે સંભવતઃ એ સહજ ગણાતું હશે. તેથી તો મધ્યકાળના મોટા ગજાના રામકથાના ગાયક કવિ તુલસીદાસે લખ્યું હશે : 'ઢોર ગમાર પશુ અરુ નારી, એ સબ તાડન કે અધિકારી.' અહીં તુલસીદાસ જેવા ભક્તકવિ પણ સ્ત્રીને અન્ય ત્રણ તુચ્છ તત્ત્વોની સાથે મૂકી 'તાડન'-માર-ની અધિકારી ગણાવે છે ! વાલ્મીકિ આવું નથી લખતા. ઋષિ વાલ્મીકિના કાળથી સંત તુલસીદાસના સમય સુધી આવતાં ભારતીય સમાજે કેટલી 'પ્રગતિ' - ઉન્નતિ કે અવનતિ ? - સાધી એનો અંદાજ સુરી સુહૃદયો સહેજે લગાવી શકે.

મધ્યકાલીન માનસિકતા જો સંતહૃદયી કવિ તુલસીદાસ પાસે ઉપર્યુક્ત ઉક્તિ લખાવી શકતી હોય તો મધ્યકાળનો લોકકવિ રામ દ્વારા સીતાને લાકડીથી મારવાનું લખે એ સ્વાભાવિક ગણવું રહ્યું. તુલસીદાસે સ્ત્રીને તાડનની અધિકારી ગણાવી છે, કેવી રીતનું કેટલું તાડન થતું હશે એ દર્શાવ્યું નથી. લોકકવિ લાકડી વડે તાડન થતું દર્શાવે છે. હા, આ લાકડી કાષ્ઠની કે ધાતુની કડક, કઠોર લાકડી નથી પણ 'લવિંગ કેરી લાકડી' છે ! અર્થાત્ પ્રતીકાત્મક લાકડી છે. મારવાની ક્રિયા પણ સ્થૂળ ઓછી; સૂક્ષ્મ, પ્રતીકાત્મક વિશેષ છે.

જે હોય તે, રામ દ્વારા સીતાને, પતિ દ્વારા પત્નીને મારવામાં આવી એ હકીકત છે. માર ખાનાર પત્ની સાધારણ સ્ત્રી હોય કે મહારાણી સીતા, સતી સીતા

હોય... પ્રતિકાર કરવા સમર્થ છે. તે પોતાની શક્તિ-મતિ મુજબ પ્રતિકાર કરે છે, વેર વાળે છે. તેના હાથમાં કદાચ લાકડી નથી, (રસોડામાં નહીં હોય તેથી વેલણ પણ નથી.) દડૂલિયો-દડો છે. પતિ સામે એના ઘા કરી તે પ્રતિકાર કરે છે. હવે લાકડી લવિંગની હોય તો દડો પણ રબ્બનો, લાકડાનો કે ધાતુનો ન જ હોય - અહીં ફૂલનો દડૂલિયો છે. શરણાગતિ, સમર્પણ નથી. અહીં પતિ-પત્નીનો સંબંધ છે. ભગવાન-ભક્તનો સંબંધ નથી. તે પોતાની રીતે પોતાની શક્તિ મુજબ પ્રતિકાર તો કરે છે જ. Tit for tat – જેવા સાથે તેવા થતાં ભારતીય સ્ત્રીને આવડે છે. પ્રાચીનકાળથી આધુનિક કાળ સુધી ભારતીય સ્ત્રીએ પોતાની અસ્મિતા ટકાવી રાખી છે. તે ક્યારેય પુરુષની દાસી, બાંદી બની નથી. પત્નીનો અધિકાર તેણે અકબંધ રાખ્યો છે. પતિના જુલ્મનો પ્રતિકાર કરવાનો પોતાનો ધર્મ તેણે ક્યારેય ત્યજ્યો નથી.

પોતાના આક્રમણનો પત્ની દ્વારા પ્રતિકાર થતાં પુરુષ - પછી તે ભલે ને ભગવાન રામ કેમ ન હોય - સમજી જાય છે, સાવધ થઈ જાય છે. સંઘર્ષનું સ્વરૂપ પછી હળવું બને છે. શારીરિક સંઘર્ષ શાબ્દિક સંઘર્ષમાં પરિણમે છે. ગીતની બાકીની કડીઓમાં શારીરિક નહીં, શાબ્દિક સંઘર્ષ નિરૂપાયો છે. કહો કે રામસીતાનો - સ્ત્રીપુરુષનો સંબંધ હવે અભિજાત બને છે, નાગરિક બને છે.

રામેસીતાને માર્યા પછી (કે પહેલાં) કંઈક એવા બોલ કહ્યા છે જેનાથી સીતાને માઠું લાગ્યું છે. તે પોતાનું - પતિનું ઘર છોડી પરઘેર - બીજા કોઈના ઘરે બેસવા જવાનું કહે છે. રામ અને સીતા, પતિ અને પત્ની લડે-ઝઘડે પણ એક-મેક વિના રહી ન શકે. એમાંય સ્ત્રી સહનશક્તિનો અવતાર હોવાથી વિરહ વેઠી શકે, પરંતુ પુરુષ બહારથી ગમે તેટલો રુક્ષ, કઠોર જણાતો હોય પણ અંદરથી તો નાળિયેરના ગર્ભ જેવો પોચો, મુલાયમ હોય છે. તેને માટે પત્નીનો વિરહ સહેવો કપરો, દુષ્કર હોય છે. તેથી સીતા જ્યારે પતિને પોતે પરઘેર બેસવા જઈશ એમ કહે છે ત્યારે તરત રામ કહે છે કે જો સીતા એવું કરશે તો પોતે વાતુડિયો થશે અર્થાત્ સીતા જ્યાં જશે અને વાતો કરશે (સ્ત્રી વાતો કર્યા સિવાય - બોલ્યા સિવાય તો રહી જ ન શકે.) ત્યારે તેની સાથે વાતો કરનાર - વાતુડિયો - રામ જ હશે.

ત્રીજી કડીમાં સીતા પતિ રામને કહે છે કે તમારાં વચનોથી વ્યથિત થઈ પોતે પરઘેર - પારકા ઘેર દળવા જશે. તરત જ રામ જવાબ આપે છે કે જો સીતા પરઘેર દળવા જશે તો પોતે ત્યાં ઘંટુલો - ઘંટી થશે અર્થાત્ એ રીતે તે સીતાનું સાંનિધ્ય સંપ્રાપ્ત કરી લેશે.

ચોથી કડીમાં રામ પરઘેર ખાંડવા જવાની વાત કરે છે ત્યારે રામ સાંબેલું



થવાનો સંકેત કરે છે. ચતુર ચબરાક સીતા એ પછી પોતે પાણીમાં માછલી થવાનો મનસૂબો વ્યક્ત કરે છે. હાજરજવાબી રામ ત્યારે પણ પોતે જળમોજું થઈ સીતાનું સામીપ્ય પામવા ઇચ્છે છે.

જળ પંચ મહાભૂતો પૈકીનું એક મહાભૂત છે. સૌથી સૂક્ષ્મ અને વ્યાપક મહાભૂત છે. આકાશ રામના બોલથી ઘવાયેલી સીતા આકાશવીજળી થઈ દૂર-સુદૂર સરકી જવાની ઇચ્છા વ્યક્ત કરે છે. વીજળીનું સામીપ્ય પામવું, અનુભવવું હોય તો મેઘ બનવું પડે એ સમજનાર રામ એ સંજોગોમાં પોતે મેહુલિયો થશે એમ કહે છે.

પોતે જળ-થળ-નભમાં જ્યાં પણ જશે, જે કંઈ રૂપ ધારણ કરશે તેનું અનુસરણ કરી રામ-પતિ પોતાનો પીછો કરશે, એમને એકલી રહેવા દેશે નહીં એની ખાતરી થયા પછી રોષે ભરાયેલી સીતા શિવની અર્ધાંગિની દક્ષપુત્રી સતીની પેઠે બળીને - પંચ મહાભૂત પૈકીના દાહક તત્ત્વ અગ્નિને સમર્પિત થઈ રાખની ઢગલી થવાની, રૂપને બાળીને અરૂપ થવાની મહેચ્છા પ્રગટ કરે છે. સતીએ અગ્નિસ્નાન કર્યા પછી વ્યથિત - ક્રોધિત થયેલા શિવે પત્નીના મૃત-દગ્ધ દેહને ઉઠાવી તાંડવનૃત્ય કર્યું હતું એ કથા જાણીતી છે. અહીં રામ-સીતા જો બળીને રાખની ઢગલી થઈ જાય તો પોતે ભભૂતિયો થશે એમ જણાવે છે. પત્ની સીતાની રાખને પોતે શરીરે ચોળી એ રૂપનું પણ એનું સાનિધ્ય સંપ્રાપ્ત કરીને જ રહેશે એમ જ્યારે રામ કહે છે ત્યારે સીતારામનો પ્રેમ શરીરની સીમાઓને અતિક્રમી અશરીર - આત્મિક પ્રેમમાં પરિણમે છે એમ સમજી શકાય.

આ રીતે બાહ્ય રીતે, સ્થૂળ રીતે જે લોકગીત રામસીતાના સંઘર્ષનું, કલહનું નિરૂપણ કરતું જણાય છે તે વાસ્તવમાં તેમની વચ્ચેના ઉત્કટ અનુરાગનું, પ્રબળ પ્રેમનું પ્રાગટ્ય કરતું બની રહે છે.

સાહિત્યમાં સ્ત્રીપુરુષ વચ્ચેના શૃંગારને મુખ્યત્વે બે રૂપે આલેખવામાં આવે છે : સંયોગશૃંગાર અને વિપ્રલંભશૃંગાર. સંયોગશૃંગાર કરતાં વિપ્રલંભશૃંગારમાં પ્રેમનું ઉત્કટ પાસું પ્રતિબિંબિત થતું હોય છે. શિષ્ટ સાહિત્ય હોય કે લોકસાહિત્ય, તેની સફળતા તે રસનિરૂપણ કેવી કુશળતાથી, ઉત્કટતાથી કરે છે એના પર અવલંબિત હોય છે. આ લોકગીતમાં આપણે જોયું એમ દામ્પત્યની દુર્દાન્ત દાહકતા સહજ સરળ બાનીમાં વેધક વ્યંજક અભિવ્યક્તિ પામી છે. સ્ત્રીપુરુષનો પ્રેમ સ્નિગ્ધ સૌમ્ય શીતળ હોવાની સાથે દુર્દાન્ત દારુણ દાહક પણ બની શકે છે એ સંભાવના આ લોકગીતમાં સુપેરે વ્યક્ત થઈ છે, વ્યંજિત થઈ છે.

સાત કડીના આ લોકગીતમાં ઉપાડની કડીમાં રામસીતાના - પતિપત્નીના

સ્થૂળ સંઘર્ષનું નિરૂપણ કોઈ 'માર્યાં જો' અને 'વાળ્યાં જો'નો અંત્યાનુપ્રાસ યોજાયો છે. પછીની છ કડીઓમાં સંઘર્ષનું સ્વરૂપ શારીરિકમાંથી શાબ્દિક બને છે તેથી પ્રત્યેક કડીના અંતે 'થઈશ જો' પદ પ્રયોજાયું છે. પ્રથમ ત્રણ કડીઓની પ્રથમ પંક્તિમાં અંતે 'જઈશ જો' પદ પ્રયોજાયું છે અને અંતિમ ત્રણ કડીઓમાં બંને પંક્તિના અંતે 'થઈશ જો' પદ જ પ્રયુક્ત થયું છે. ગીતની પ્રત્યેક પંક્તિના અંતે આવતો 'જો!' શબ્દ ક્રિયાપદ છે. લોકકવિ લોકને-ગીતને માણતા પ્રત્યેક ભાવકને ઉદ્દેશી કહે છે કે 'જો !' અર્થાત્ કવિ સહૃદય ભાવકોને ગીતમાં નિરૂપિત દામ્પત્યની દાહકતા જોવા-સમજવા અનુરોધ કરે છે. દામ્પત્યજીવનમાં સંઘર્ષ કેવું દારુણ દુષ્પરિણામ લાવી શકે એ કવિ આ ગીત દ્વારા સામાન્યજનને-લોકને સમજાવવા માગતા જણાય છે.

# મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર કાર્યવૃત્ત

**ડૉ. અંબાદાન રોહડિયા**

## ❑ ડૉ. શાંતિભાઈ આચાર્યને મોરારિબાપુના હસ્તે મેઘાણી લોકસાહિત્ય એવૉર્ડ - ૨૦૧૪ એનાયત :

ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા વર્ષ-૨૦૧૪નો મેઘાણી લોકસાહિત્ય એવૉર્ડ મૂર્ધન્ય સંશોધક ડૉ. શાંતિલાલ આચાર્યને પૂજ્ય સંતશ્રી મોરારિબાપુના હસ્તે તા. ૭ ડિસેમ્બરના રોજ એનાયત કરવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રતાપસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં આત્મીય કૉલેજના સભાગૃહમાં યોજાયેલ આ કાર્યક્રમમાં, સૌરાષ્ટ્ર-ગુજરાતના લોકકલામર્મીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને વિદ્યાપ્રેમીઓની બહોળી ઉપસ્થિતિ રહી હતી. એવોર્ડ અર્પણવિધિના આ સમારંભમાં ઊર્જામંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ, સ્વામીશ્રી ત્યાગવલ્લભદાસજી, પૂર્વકુલપતિશ્રી મહેન્દ્ર પાડલિયા, સંશોધક-સંપાદક ડૉ. બળવંત જાની અને રજિસ્ટ્રાર ડૉ. ધીરેનભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના આરંભે દીપ પ્રાગટ્ય બાદ, કેન્દ્રના નિયામક ડૉ. અંબાદાન રોહડિયાએ કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી હતી. ડૉ. રોહડિયાએ કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ વિશેની માહિતી આપી હતી. ડૉ. બળવંત જાનીએ સન્માર્થીનો પરિચય આપતા જણાવ્યું હતું કે, ડૉ. શાંતિભાઈ આચાર્યએ અલિયાબાડામાં ડોલરરાય



માંકડના માર્ગદર્શન હેઠળ સાહિત્યની કપરી સફર શરૂ કર્યા બાદ એવા ક્ષેત્રમાં કામ કર્યું જ્યાં, ખ્યાતિ બહુ ઓછી મળે અને ધૂળ ધોયાનું કામ કરવું પડે. તેમણે ઉમેર્યું કે, ખરા અર્થમાં ઝવેરચંદ મેઘાણી એવૉર્ડ આજે ધન્ય થયો છે.

ડૉ. શાંતિભાઈ આચાર્યએ જણાવ્યું હતું કે લોકસાહિત્યનું કામ લોકો પાસે ગયા વગર થઈ શકે નહીં, લોકસાહિત્ય સંશોધન માટે લોકજીવનને આત્મસાત કરવાની જરૂર છે, લોકો જે બોલે તેને યથાતથ રીતે ઉતારો તે લોકસાહિત્ય કહેવાય. તેને જરાપણ આઘુંપાછું કરી શકાય નહીં. ભાષાવિજ્ઞાન મારે ભાગે આવેલું છે તેથી એ ક્ષેત્રે સંશોધન કરીને મારું કર્તવ્ય પૂરું કર્યું છે.







માન. મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં આ કેન્દ્ર દ્વારા લોકગાયકો/લોકવાર્તાકારોને વર્ષ - ૨૦૧૫થી લોકગાયક હેમુ ગઢવી એવૉર્ડ આપવાના નિર્ણયની રાજ્ય સરકારવતી ઘોષણા કરતાં કહ્યું હતું કે આ ખૂબ જ પાયાનો નિર્ણય છે. તે માટે કેન્દ્રની કાર્યવાહક સમિતિને અભિનંદન પાઠવું છું અને કેન્દ્રને જરૂરી વિશેષ આર્થિક સહાય પણ પૂરી પાડવામાં આવશે, તેની ખાત્રી આપું છું.

આ પ્રસંગે આશીર્વાદાર્થે સંતશ્રી પૂજ્ય મોરારિબાપુએ જણાવ્યું હતું કે, પૂણ્ય શ્લોક ઝવેરચંદ મેઘાણીના નામ સાથે આ એવૉર્ડ અપાય છે ત્યારે જેને એવૉર્ડ મળ્યો છે તેમને વંદન કરવા જોઈએ. ડૉ. શાંતિભાઈએ મેઘાણીની પરંપરાનું જતન કર્યું





છે. આ લોકપૂજિત વ્યક્તિત્વ આપણી પાસે વિદ્યમાન છે. નાભિથી ઊઠેલો શબ્દ તેના સ્થાને પહોંચે ત્યારે ચાર કેન્દ્રો પસાર કરે છે. જે ચાર લક્ષણોવાળા શબ્દોમાં ભક્તિ, પ્રતાપ, તેજ અને બળ હોય તે જ શબ્દો બળવાન બનતા હોય છે. મેઘાણી કેન્દ્ર દ્વારા લોકગાયકો/લોકવાર્તાકારો માટે એવૉર્ડ આપવાનો નિર્ણય આવકાર્ય છે, તેની સાથે લોકગાયક હેમુ ગઢવીનું નામ જોડવાનો વિચાર સમુચિત છે. એ નિર્ણય કરનારાઓને ધન્યવાદ.

આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે. પ્રતાપસિંહ ચૌહાણે કેન્દ્રની પ્રવૃત્તિઓ અવિરતપણે લોકસાહિત્યકારો તેમજ સામાન્યજન સુધી પહોંચી છે તે બાબતની પ્રશંસા કરી હતી. યુનિવર્સિટીના રજિસ્ટ્રાર શ્રી ધીરેન પંડ્યાએ સૌ મહેમાનો તેમજ સભાખંડમાં ઉપસ્થિત લોકમર્મજ્ઞો, લોકસાહિત્યકારો, લોકગાયકો, હાસ્યકલાકારોનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમનું સુચારું સંચાલન ડૉ. શૈલેષ ટેવાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ❑ શ્રી મણિબેન નાણાવટી વિમેન્સ કોલેજ, મુંબઈ ખાતે પરિસંવાદ

શ્રી મણિબેન નાણાવટી વિમેન્સ કૉલેજ, વિલેપાર્લે ખાતે, તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ લોકકથામાં તથ્યો અને પ્રેમતત્ત્વનું નિરૂપણ' વિષય પર એકદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સત્રમાં સ્વાગત પ્રિ. હર્ષદા રાઠોડે, ભૂમિકા અંબાદાન રોહડિયાએ અને ડૉ. બળવંત જાનીએ 'લોકકથાઓનું ઐતિહાસિક સંશોધન, પ્રશ્નો અને પડકારો' વિષય પર બીજ વક્તવ્ય આપ્યું. પરિસંવાદની અન્ય બેઠકોમાં વિવિધ વક્તાઓના વ્યાખ્યાનો





યોજાયા હતા. જેમાં ડૉ. પરમ પાઠકે 'લોકકથા : સંજ્ઞા, સ્વરૂપ અને પ્રકારો', ડૉ. અંબાદાન રોહડિયાએ 'લોકકથામાં પર્યાવરણ અને પ્રેમતત્ત્વનું નિરૂપણ', ડૉ. રાજેશ મકવાણાએ 'દલિત કથાઓ અને વનવાસીની કથાઓ', ડૉ. દર્શના ઓઝાએ 'વ્રતકથાઓ અને પૌરાણિક કથાઓ' અને ડૉ. અભય દોશીએ 'ચારણી અને બારોટી કથાઓ' વિષય પર વક્તવ્યો આપ્યા હતા. અગિયાર જેટલા અધ્યાપકોએ પરિસંવાદના વિષય સંદર્ભે સમાન્તર બેઠકમાં સંશોધનપત્રો પણ રજૂ કર્યા. મુંબઈની વિવિધ કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ તથા ગુજરાતની કૉલેજના અભ્યાસુઓ



સહિત કાર્યક્રમના શ્રોતા-સમુદાયની બહોળી ઉપસ્થિતિ રહી.

❑ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અને મુંબઈની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે લોકસાહિત્ય વિષયક વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા. જેમાં તા. ૧૫-૧-૨૦૧૫ના રોજ એસ.એન.ડી.ટી. મહિલા યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં ડૉ. બળવંત જાની, ડૉ. સત્યન્દ્રે ત્રિપાઠી, ડૉ. અંબાદાન રોહડિયા અને ડૉ. દર્શના ઓઝાએ વક્તવ્યો આપ્યાં હતાં.

તા. ૧૬-૧-૨૦૧૫ના રોજ રાત્રે 'ઝરૂખો' - સાંઈવીલા ટ્રસ્ટ દ્વારા ડૉ. બળવંત જાની અને અંબાદાન રોહડિયાના વક્તવ્યો યોજાયાં હતાં અને તા. ૧૭-૧-૨૦૧૫ના રોજ કે.જે. સૌમેયા કોલેજ, વિદ્યાવિહાર અને બોમ્બે યુનિવર્સિટી ખાતે પણ ઉભય વક્તાએ લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય વિષયક વ્યાખ્યાનો આપ્યાં હતાં.

### ❑ વલ્લભવિદ્યાનગર ખાતે દ્વિ-દિવસીય પરિસંવાદ

ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ખાતે તા. ૩૦-૩૧ જાન્યુ., ૨૦૧૫ દરમિયાન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે 'લોકકળાઓનો આંતરકળાકીય સંબંધ' વિષય પર દ્વિ-દિવસીય પરિસંવાદ યોજાયો. આરંભે એસ.પી. યુનિવર્સિટીના કુલપતિશ્રી હરીશ પાઢની અધ્યક્ષતામાં યોજાયેલ ઉદ્‌ઘાટન બેઠકમાં સ્વાગત ડૉ. પિનાકિની પંડ્યાએ ભૂમિકા, ડૉ. અંબાદાન રોહડિયાએ, બીજરૂપ વક્તવ્ય ડૉ. નરેશ વેદે આપ્યું. બીજી અને ત્રીજી બેઠકમાં સત્યદેવ ત્રિપાઠી







('લોકકળા અને પદ સ્વરૂપો'), ડૉ. અંબાદાન રોહડિયા ('લોકકલા અને ગદ્યસ્વરૂપ સંદર્ભે'), ડૉ. પારૂલ શાહ ('નૃત્યકળા અને લોકનૃત્યકળા'), કનુ પટેલ ('ચિત્રકળા અને લોકચિત્રકળા'), અભિજિત વ્યાસ ('ફિલ્મકળા અને લોકકળા') અને રતિલાલ કાંસોદરિયા ('શિલ્પકળા અને લોકશિલ્પકળા')ના અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો યોજાયા. બહોળી સંખ્યામાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને કલારસિકોએ રસપૂર્વક ભાગ લીધો.

### ❑ શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કૉલેજ, વલસાડમાં 'મેઘાણી અને લોકસાહિત્ય' વિશે પરિસંવાદ :

શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કૉલેજ, વલસાડ અને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તા. ૪-૨-૨૦૧૫ના રોજ 'મેઘાણી અને લોકસાહિત્ય' વિશે એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. વિનોદ જોષીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ઉદ્‌ઘાટક તરીકે ભારતીય જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ શ્રી પરષોત્તમ રૂપાલાજી અને અતિથિ વિશેષ તરીકે





સંસદ સભ્યશ્રી ડૉ. કે.સી. પટેલ અને ડૉ. જગદીશ ગૂર્જર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની ભૂમિકા ડૉ. અંબાદાન રોહડિયાએ અને સ્વાગત પ્રવચન પ્રિ. ડૉ. ઘનશ્યામ બુટાણીએ કર્યું હતું.

પ્રથમ બેઠકમાં ડૉ. અમૃત પટેલે 'લોકકથા : સંજ્ઞા, સ્વરૂપ અને પ્રકારો', ડૉ. બિપિન આશરે 'લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્ય', ડૉ. રેખા ભટ્ટે 'લોકકથામાં જીવનમૂલ્યો' અને ડૉ. અંબાદાન રોહડિયાએ 'લોકસાહિત્યના સંશોધક-સંપાદક મેઘાણી' વિશે વક્તવ્યો આપ્યાં હતાં.

દ્વિતીય બેઠકમાં ડૉ. નાથાલાલ ગોહિલે 'સંતચરિત્રમૂલક લોકકથાઓ', ડૉ. ડાહ્યાભાઈ વાઢુએ 'કુંકણા કથાઓ' અને ડૉ. ભરત ઠાકોરે 'ગામીત દંતકથાઓ' વિશે વક્તવ્યો આપ્યાં હતાં.

તૃતીય બેઠકના ત્રણ સમાંતર સત્રોમાં વિવિધ કોલેજમાંથી આવેલા ત્રીસ જેટલા અધ્યાપકોએ લોકસાહિત્ય વિષયક શોધપત્રો રજૂ કર્યા હતા. વિવિધ કોલેજોના અધ્યાપકો, લોકસાહિત્ય મર્મજ્ઞો અને વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને પરિસંવાદને રસપૂર્વક માણ્યો હતો.

### ❑ લોકસંગીત સપ્તાહ :

લોકસંસ્કૃતિનું જતન અને સંવર્ધન થાય તથા યુવાનોમાં લોકસંસ્કારો પ્રત્યે રુચિ જન્મે એ હેતુથી મેઘાણી કેન્દ્રના દ્વારા ચાલુ વર્ષથી 'લોકસંગીત સપ્તાહ'ના નૂતન ઉપક્રમનો આરંભ થયો. આ સપ્તાહ નિમિત્તે તા. ૯-૨-૨૦૧૫ થી ૧૩-૨-૨૦૧૫ સુધીમાં પ્રતિદિન રાજકોટની વિભિન્ન કોલેજો ખાતે ગુજરાતના સાત્ત્વિક-સંસ્કારપૂર્ણ લોકસંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી. સુપ્રસિદ્ધ લોકગાયક નિલેશ પંડ્યા અને તેમના સંગીતવૃંદે સમગ્ર સપ્તાહ દરમ્યાન લોકગીત, દુહા-છંદ, લગ્નગીતો વગેરેની પ્રશંસનીય રજૂઆત કરી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી



પ્રોફે. પ્રતાપસિંહ ચૌહાણે સપ્તાહનો પ્રારંભ કરાવ્યો હતો. રાજકોટની સાત શિક્ષણ સંસ્થાઓ - આત્મીય કોલેજ, આર. આર. પટેલ મહિલા કૉલેજ, કણસાગરા મહિલા કૉલેજ, પી.ડી. માલવિયા કૉલેજ, મીનાબહેન કુંડલિયા મહિલા કૉલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કૅમ્પસ તથા વીરબાઈમા મહિલા કૉલેજ ખાતે થયેલી લોકસંગીત સપ્તાહની ઉજવણી વિદ્યાર્થી સમુદાયમાં ખૂબ જ પ્રશંસા પામી. આ પ્રસંગે કેન્દ્રના નિયામક ડૉ. અંબાદાન રોહડિયાએ આ લોકસંગીત-સપ્તાહની ઉજવણી પ્રતિવર્ષ કરવાની ઘોષણા પણ કરી.

**૧. આત્મીય કોલેજ**



**૨. આર. આર. પટેલ મહિલા કૉલેજ**





૩. કણસાગરા મહિલા કોલેજ



૪. પી.ડી.એમ. કોમર્સ કૉલેજ





૫. એમ.જે. કુંડલિયા મહિલા કોલેજ



૬. યુનિવર્સિટી કેમ્પસ



## ૭. શ્રી એમ. વી. એમ. મહિલા કૉલેજ





### ❑ આણંદ આર્ટ્સ કૉલેજ ખાતે 'ચરોતરનું લોકસાહિત્ય' વિશે પરિસંવાદ

આણંદ આર્ટ્સ કૉલેજ અને ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭-૩-૨૦૧૫ના રોજ 'ચરોતરનું લોકસાહિત્ય' વિશે એક દિવસીય પરિસંવાદ કૉલેજના ભાઈકાકા હૉલ ખાતે યોજાયેલ. સેવા મંડળના માનદ્ મંત્રી જ્યોત્સનાબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે ડૉ. બળવંત જાની અને ડૉ. હસુ યાજ્ઞિક ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. હસુ યાજ્ઞિકે કહ્યું હતું કે 'લોકસાહિત્યમાં સંશોધનની અપાર શક્યતાઓ પડેલી છે ત્યારે એ શક્યતાઓ તાગવાની કોશિષ કરનારા આવા પરિસંવાદો ઉપકારક નીવડશે.' ડૉ. બળવંત જાનીએ ચાવીરૂપ વક્તવ્યમાં જણાવ્યું કે 'ગુજરાતના લોકસાહિત્ય સંશોધન, સંપાદન, વિવેચનનું ક્ષેત્ર ચરોતરના અભ્યાસીઓ, સંશોધકો, સંપાદકોનું પ્રગટ અપ્રગટ ધ્યાનપાત્ર રહેશે. આ પ્રસંગે ડૉ. હસુ યાજ્ઞિકના પુસ્તક 'લોકસાહિત્યની નૂતન દિશાઓ'નું વિમોચન થયું. બે બેઠકોમાં વિભાજિત પરિસંવાદમાં ડૉ. હસુ



યાજ્ઞિક (લોકસાહિત્ય તત્ત્વ વિચારણા), દલપત પઢિયાર (ચરોતરનું સંત સાહિત્ય), હરેન્દ્ર ભટ્ટ (ચરોતરની લોકકથાઓ), ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ (ચરોતરમાં લોકગીતો), ડૉ. ગુણવંત વ્યાસ (ચરોતરના લગ્નગીતો), ડૉ. આર.પી. પટેલ (ચરોતરનું કહેવત સાહિત્ય) અને ડૉ. પરમ પાઠક (ચરોતરના સાહિત્યના સંપાદન-સંશોધન પ્રવૃત્તિ)ના વ્યાખ્યાનો યોજાયા.





# આ અંકના લેખકો

**હસમુખ વ્યાસ**, 'શ્રીખંભલાવ', ગુરુકૃપાનગર, ટેલિફોન ક્વાર્ટર્સ પાછળ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧. ફોન : ૦૨૭૯૨-૨૨૪૦૦

**ડૉ. નાથાલાલ ગોહિલ,** ૪, જગદીશ પાર્ક, એરોડ્રામ રોડ, કેશોદ. મો. - ૯૪૨૯૨૧૭૧૮૫

**ભીખુ કવિ,** સી-૨૦૩, મંગલમૂર્તિ એપાર્ટમેન્ટ, મુ.પો. પેથાપુર, તા.જિ. ગાંધીનગર

**ભીમજી ખાચરિયા,** શિવગંગા શામનાથ મંદિર, જેતપુર. મો ૯૯૧૩૩૪૩૫૩૩

**મુકુન્દચંદ્ર ડી.નાગર,** આસી. પબ્લીક પ્રોસીક્યુટર, ન્યાયમંદિર, જૂનાગઢ

**જોરાવરસિંહ જાદવ,** ૨, પ્રોફેસર્સ કોલોની, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯

**ખોડિદાસ પરમાર,** C/o. કિરણકુમાર ખો. પરમાર, પરમાણંદ ભવન, કાળુભા બસ સ્ટેન્ડ સામે, કાળ-નાળા, મુ. ભાવનગર - ૨

**ડૉ. બળવંત જાની,** 'તીર્થ', ૨૬૪, જનકપૂરી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫

**ભરત વી. ખેની,** C/o. વલ્લભ કે. ખેની, પરવડી - ૩૬૪૨૭૫, બસ સ્ટોપ સામે, તા. ગારિયાધાર, જિ. ભાવનગર. મો. ૯૯૨૫૬ ૬૦૬૪૬

**પ્રસાદ બ્રહ્મભટ્ટ,** ૧૦, શુકન વિલાઝ, બકેરી સિટી, ટાગોરમાર્ગ, વેજલપુર, અમદાવાદ - ૩૮૦ ૦૫૧. મો. ૯૯૨૫૧૫૯૭૫૧

**ડૉ. અંબાદાન રોહડિયા,** 'રવેચીકૃપા', ૪, હરિનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૮૦ ૦૦૫

**ડૉ. રાજેશ મકવાણા,** ગુજરાતી વિભાગ, મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ અર્બન સાયન્સ કૉલેજ, મહેસાણા. મો. ૯૮૨૪૪૨૬૫૬૨

**સ્વામી મુકેશપુરી હીરાપુરી,** ૩૦૪, દર્શન ફ્લેટ, ચિંતામણી ફ્લેટની સામે, કોલેજ રોડ, પાટણ-૩૮૪૨૬૪

**ડૉ. નિરંજન રાજ્યગુરુ,** આનંદ આશ્રમ, મુ.પો. ઘોઘાવદર, તા.ગોંડલ-૩૬૦૩૧૧ ફોન. ૦૨૮૨૫-૨૭૧૫૮૨, ૨૭૧૪૦૯. મો. ૯૮૨૪૩ ૭૧૯૦૪

**ડૉ. હસુ યાજ્ઞિક,** ૧, પદ્માવતી બંગલોઝ, ભાવિન સ્કૂલ - મહાલક્ષ્મીધામ સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯

# લોકગુર્જરી

## સળંગ અંક : સાડત્રીસ

**(ત્રૈમાસિક : ચોથું વર્ષ, બીજો અંક, સપ્ટેમ્બર-૨૦૧૫)**

: સંપાદક :

**ડૉ. બળવંત જાની**

**શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**

*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી*

*રાજકોટ-૫*

**'Lok Gurjari-37'**
Quartely Journal of Oral Traditional folk Literature of Gujarat,
Edited by Dr. Balvant Jani, Published by 'Shri Jhaverchand Meghani
Loksahitya Kendra' and Gujarat Sahitya Academy,
Gandhinagar-382017

ISSN : 2320-8872

પ્રકાશન : ચોથું વર્ષ. બીજો અંક : સપ્ટેમ્બર-૨૦૧૫

પ્રત : ૫૦૦

પૃષ્ઠ : ૧૦+૧૫૮=૧૬૮

મૂલ્ય : છૂટક કિંમત રૂ. ૧૦૦-૦૦
(વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦૦, પંચવાર્ષિક લવાજમ રૂ. ૧૦૦૦
વિદેશમાં રૂ. ૬૦૦)

પ્રકાશક :
**ડૉ. અંબાદાન રોહડિયા**
માનદ્ નિયામક,
શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

મુદ્રક :
**ક્રિષ્ના ગ્રાફિક્સ**
૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૦૭૯-૨૭૪૯૪૩૯૩
E-mail : krishnagraphics1980@yahoo.co.in

# સંપાદકીય.....

## હેમુ ગઢવીની પ્રસ્તુતિ : ધ્રુવપદની સાધના

હેમુ ગઢવી નામથી પરિચિત થયેલો તેર-ચૌદ વરસની વયથી. દાદાજીનો રેડિયો સવારે 'અર્ચના'થી શરૂ થાય. ધ્યાનથી પથારીમાં બેઠા-બેઠા ભજનો સાંભળતા એ મુદ્રા મારા ચિત્તમાં અકબંધ છે. હું તો પથારીમાં પડ્યો-પડ્યો અર્ધો ઘેનમાં-ઊંઘમાં, તંદ્રામાં હોઉં. રાત્રે પણ 'ગાતા સરવાણ', 'સોના વાટકડી' એમના માનીતા કાર્યક્રમો. એક સવારે 'અર્ચના'માં માત્ર હેમુ ગઢવીના ભજનો સાંભળીને રડેલા. પારેવાળા ગામે રામભાઈ આલગાને મોઢે ખરખરે ગયેલા. ભોંયરા-પારેવાળા અને ખડકાણાના ચારણો સાથે અમારે પરિવારના સંબંધો.

પછીથી રાજકોટમાં એમ.એ. અભ્યાસકાળ દરમ્યાન સન્મિત્ર જવાહર ગઢવી, નિરંજન રાજ્યગુરુ પાસેથી હેમુ ગઢવીની ઘણી રચનાઓ અનેક વખત સાંભળવાનું બનતું. વિશેષ વિગતો તો જ્યારે-જ્યારે આકાશવાણી રાજકોટ કેન્દ્રમાં જવાનું થયું હોય ત્યારે નાટ્યનિર્માતા હસમુખ રાવળ કંઈ ને કંઈ દૃષ્ટાંત કહે. જયમલ્લ પરમારની સંગાથે થયેલા વાર્તાલાપમાં સર્વાધિક ઉલ્લેખ હેમુ ગઢવીનો મળે. પછી તો એમનું પ્રસ્તુત થયેલું ઘણું બધુ સાંભળ્યું. એકત્ર કર્યું હતું. એમના કંઠનિર્વાણની પચાસમી પુણ્યતિથિની ઊજવણી સમિતિમાં પણ સક્રિય થવાનું બન્યું અને એક પરિસંવાદમાં સમયની સીમામાં બદ્ધ રહીને કેટલીક મહત્ત્વની વિગતો કહેવાનું બનેલું.

'લોકગુર્જરી'ના સંપાદકીયના માધ્યમથી હેમુ ગઢવીના પ્રદાનના,



બહુકળાવિદ્ વ્યક્તિત્વના અને એમના તેજસ્વી પૂંજ જેવા થોડાં દૃષ્ટાંતો કહીને કંઠસ્થ પરંપરાના એક પ્રખર પ્રસ્તુતકર્તા એક દાયકા જેટલી ટૂંકી અવધિમાં પણ કેટલું બધું કાલજયી પ્રદાન કરી ગયા એનો નિર્દેશ કરવાનું પ્રસંગોચિત બની રહેશે.

* * *

કંઠસ્થપરંપરાના ચારણી, સંત અને લોકસાહિત્યની કૃતિઓને મૂળ ઢાળ, ઢંગથી પ્રસ્તુત કરીને સમગ્ર વિશ્વમાં વસતા ગુજરાતીઓ અને ભજનવાણી-લોકવાણીના રસિક ભાવકોના ચિત્તમાં છેલ્લા સાંઠ વરસથી જેમનું ચિરંજીવ સ્થાન અને માન છે તે **ધન્યનામ હેમુ ગઢવી.** ૪-૯-૧૯૨૯ એમનો જન્મદિવસ. પિતાશ્રીનું નામ નાનભા રત્નુ. માતુશ્રીનું નામ બાલુબા. એમનું વતન પાંચાળનું ઢાંકણિયા જેવું સાવ નાનકડુ ગામ. ત્યાં બાલ્યાવસ્થા પૂરી કરીને તરુણ વયમાં પ્રવેશે એ પૂર્વે અગિયાર વરસની ઉંમરે, મામા પથુદાન બારહઠ્ઠ હેમુભાની અભિનયશક્તિ કે ક્ષમતાને પામી ગયા હશે તેથી એમના હસ્તકની નાટક મંડળીમાં સામેલ કર્યા. 'મુરલીધર' નામનું પ્રથમ નાટક અને નટખટ કનૈયાનું પાત્ર એટલું અસરકારક રીતે ભજવ્યું કે એમને પછીથી લગભગ ઘણાં મહત્ત્વના નાટકોમાં મહત્ત્વના ચરિત્રનો અભિનય કરવાનું સદ્ભાગ્ય એમને પ્રાપ્ત થયેલું.

એકાદ દાયકા સુધી નાટક મંડળીમાં ચરિત્રનો અભિનય, ગાન, દુહા અને ભજનોની પ્રસ્તુતીથી કાઠિયાવાડથી મુંબઈ સુધી એમની નામના પ્રસરેલી. સૌરાષ્ટ્રની તળપદી વાણીની જાણકારી, એને મૂળ ભાવ અને ઢાળ સાથે રજૂ કરવાનું કૌશલ્ય અને તત્કાલીન સમયના લોકસાહિત્યના વિદ્વાનો જયમલ્લ પરમાર, દુલા કાગ, યશકરણ રત્નુ, મેરુભા, આદિને હેમુભાઈની તળપદા અસલ ઢાળ-ઢંગવાળા કંઠનો પરિચય. આ કારણથી ૧૯૫૫માં હજુ તો આકાશવાણીનું કેન્દ્ર શરૂ થાય અને એમાં સંત, ચારણી, લોકવાણીના માલથી-મરમી હેમુ ગઢવીને આકાશવાણીના રાજકોટ કેન્દ્રમાં નિયુક્તિ મળે. સાથે-સાથે સૌરાષ્ટ્ર રાજ્યની 'સંગીત નાટક અકાદમી'માં લોકસંગીતના પ્રશિક્ષક તરીકે પણ સેવાઓ આપવાનું બને. અહીં માત્ર લોકસંગીતનું શિક્ષણ આપવા સુધી જ એમની સેવામાં સિમિત ન રહી. 'શેતલને કાંઠે' અને 'ધન્ય ધન્ય સૌરાષ્ટ્ર ધરણી' જેવા અત્યંત લોકપ્રિય નાટકોમાં અભિનય, દિગ્દર્શન સહાય, ગાન પ્રસ્તુતિ વગેરે ક્ષેત્રે સેવાઓ આપવાનું બનેલું. એ સમયના ઊર્મિલા, ક્ષત્રિય, માર્કંડ ભટ્ટ, બાપાલાલ રાવળ, રામજી વાણિયા, અમૃત જાની આદિએ હેમુ ગઢવીના નાટ્યક્ષેત્રના બહુવિધ પ્રદાનના

સંભારણાં અનેક સ્થાને પ્રસ્તુત કરેલા છે. દુર્ભાગ્યે આપણાં નાટકઅભિનય પ્રદાનની ઐતિહાસિક તવારીખ અને દસ્તાવેજી વિગતો જળવાઈ નથી પણ પ્રવીણ જોશી પૂર્વેના પૂરા કદના પ્રબળ પુરોગામી તરીકે હેમુભાઈને જ ગણવા પડે એવું એમનું પ્રદાન જણાય છે. એમણે બાપાલાલ રાવળ, માર્કંડ ભટ્ટ જેવા દિગ્ગજો સાથે કામ કર્યું અને દાઉદ શેખ - દેવેન શાહ, ઈલા માંકડ, રસિલા વોરા, ભરત યાજ્ઞિક જ્યા નાટ્યકલાકારોને ખોળયા અને ઘડ્યા.

જેમ નાટ્યક્ષેત્રના મોટાગજાના દિગ્ગજોના સબળ સક્ષમ સમકાલીન એમ લોકસંગીત, ચારણી અને સંતવાણીના પણ એમના સમકાલીનોમાં જબ્બરદાન ઝીબા, પીંગળશીભાઈ, રેવાદાન ગઢવી, કનુભાઈ બારોટ, લાખાભાઈ, દીનાબહેન ગાંધર્વ જેવા મહત્ત્વના નામો. હેમુભાઈની આ તમામ સાથે એવી સંવાદિતા સ્થપાયેલી કે લોકસંગીતના સુવર્ણકાળના એ બધા સાક્ષી બની રહ્યા. આકાશવાણીના તત્કાલીન અધિકારીઓ ગિજુભાઈ વ્યાસ, ચંદ્રકાન્ત ભટ્ટ, ઉપેન્દ્ર ત્રિવેદી, જયમલ્લ પરમાર, પણ હેમુભાઈના કંઠ અને કહેણી - રજૂઆતકળાના સાચા પારેખ-પરબંદા બની રહીને અનેક નિર્માણકાર્યમાં એમનો પ્રમુખ સહયોગ લેતા રહેલા.

* * *

લોકસાહિત્યના વિવિધ સ્વરૂપોનું એમનું અભિજ્ઞાન, લોકસંગીતની ઊંડી સૂઝ અને વિવિધ ફૉર્મનું રેકોર્ડિંગ કરીને એમણે આકાશવાણીના રાજકોટ કેન્દ્રને સુસમૃદ્ધ કરેલું. તરણેતરના મેળાને, જૂનાગઢના શિવરાત્રીના ભવનાથના મેળાને અને માધવપુરના મેળાને વિશ્વમાં પ્રસિદ્ધ અપાવનારા હેમુ ગઢવી. એઓ રેકોર્ડિંગ, એનું ડબીંગ પણ એવી સૂઝ દાખવીને કરે કે એ કૃતિ ખરા અર્થમાં પરિશુદ્ધ બની રહે. ક્યાંય ઈન્ટરપોલેશન - ઈમ્પ્રોવાઈઝેશન કરીને કવિને - રચનાને અશુદ્ધ ન કરે. નખશિખ શુદ્ધતા, બલ્કે પરિશુદ્ધિને પ્રતિબદ્ધ હતા હેમુ ગઢવી.

હેમુ ગઢવીના ભાથામાં રંગભૂમિનું ઓડિયન્સ. પ્રેક્ષકનું-શ્રોતાનું ભાવજગત હતું. એમની પાસે પરિશુદ્ધ લોકસંગીત અને લોકગીતો હતા. ભજનની હલક હતી. અને ચારણી છંદનું પરજના ઢંગનું પોતીકું ગળુ હતું. એ કારણે આજ સુધી એમના મૃત્યુના પચાસ વરસ પછી પણ હેમુ ગઢવીની પ્રસ્તુતિને કાળનો કાટ ચઢ્યો નથી.

કેટલીક રચનાઓ એની પ્રસ્તુતિથી કાળજયી બની જતી હોય છે. રચનામાં રહેલા આંતરતેજને, ભાવને, ગાયક વાજીંત્ર, સૂરની મદદથી એવી



રીતે શ્રોતા સમક્ષ મૂકે કે એનું ભાવવિશ્વ યથાતથ - પૂરેપૂરું ઉઘડે-ખૂલે. સૂર-સ્વરની કૂંચીના માલમી-મરમી હતા હેમુભાઈ. આજે પણ

*'પહેલા-પહેલા જુગમાં રાણી'*
'મેરુ તો ડગે પણ જેના મનડાં ડગે નંઈ'
'રોઈ રોઈ કોને સંભળાવું તોળાંદે'
*'સાંયાજી અમને ડર તો લાગ્યો સેઈ દનકો.'* ની હલક હૈયામાં

અકબંધ છે.

હેમુભાઈ 'આરાધ'ના ગાયક હતા, પ્રભાતિયા- રામગરી આજે પણ ફ્રાંસના માલિંઝો સાંભળે છે. ફ્રેંચ વિદુષીની ઇચ્છા છે, હેમુભાઈના લોકગીતો-ભજનો સાંભળતા-સાંભળતા અંતિમ શ્વાસ લેવાની.

*'મારું વનરાવન છે રૂડું', 'જોબનિયું આજે આવ્યું ને કાલે જાશે.'*
*'મન મોર બની થનગનાટ કરે.'*

કરુણનો ભાવ, પરજનો ઢંગ, ગળાની ખરજ-ખટક હેમુભાઈની મૂડી હતા, તાનપુરાએ અને કંઠે અનેકને રોવડાવલા અને એમના વહેલા ઊઠી જવાથી ખરા રોયા.

છંદ, ગીતને સોરઠા જેમ મેઘાણી પછી એમ હેમુભાઈ પછી ભજન, લોકગીત, સોરઠા, રાતે પાણીએ રોયા.

હેમુભાઈ મણિયારા રાસને જે હલકથી ગાતા એ હલક આજે અકબંધ રીતે જળવાયેલી છે, કવિ દાન અલગારી, તખતદાન રોહડિયાના ગળામાં. 'કસુંબીનો રંગ'માં એમણે ગાયેલું *'હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ'* આજે પણ દરેક કલામરમીનું માનીતુ ગીત-સંગીત, ઢાળ-ઢંગ છે. આ ગીતે એમને ગુજરાતી ફિલ્મ જગતનો શ્રેષ્ઠ પાર્શ્વ ગાયક તરીકેનો એવોર્ડ અપાવેલો. ગૌરવ પુરસ્કારથી એમને પુરસ્કૃત કરવામાં આવેલા.

* * *

એમણે ગાયેલા કથાગીતો આજે પણ એટલા જ પ્રસ્તુત જણાય છે એ જૂના થયા નથી. એના રાગ-ઢાળમાં કોઈ પ્રયોગ કરીને અન્ય રાગ-ઢાળમાં ઢાળી શક્યું નથી.

*'બારબાર વરસે નવાણ ગળાવ્યા'*
*કે'સોનલા વાટકડી ને રૂપલા કાંગસડી'* સાંભળતા જ ભાવકની આંખમાં

અશ્રુધારા વહે જ.

એમણે લોકસંગીત આધારિત રૂપકોનું નિર્માણ કર્યું એ ભાવ, ભાષા અને અભિવ્યક્તિ એમ ત્રિવિધ રીતે આકાશવાણી પ્રસારણ જગતમાં ચિર સ્મરણીય અને સતત ઉલ્લેખનીય છે. *'પગલીનો પાડનાર', 'માધાવાવ'* અને *'વર્ષાવર્ણન'* તો આપણી સમક્ષ વરસાદનું વાતાવરણ ખડુ કરી દે છે.

ડૉ. વિનોદ જોશીએ રેડિયો નાટકના સ્વરૂપના અભ્યાસ કરીને મહાનિબંધ લખીને પીએચ.ડી.ની પદવી મેળવી. એમાં 'રાંકનું રતન', 'શેણી વિજાણંદ', પદ્માવતી-માંગડાવાળાને ભારે મહત્ત્વના સંગીતનાટક તરીકે મૂલવ્યા છે. અને એમની 'કવળા સાસરિયા' રચના તો મને પણ ખૂબ જ મહત્ત્વની જણાઈ છે.

અહીં સંગીતનાટિકામાં પ્રચલિત લોકગીતોને ગુંથી લઈને એમાં દુહાને સંયોજીને દુઃખી ગૃહિણીની હૃદય વ્યથાને અભિવ્યક્તિ અર્પી છે એટલે કહી શકાય કે - કથનકળાના સ્વરૂપ સંદર્ભે ખરેખર લોકસંગીત-લોકગીત આધારિત સંગીતનાટિકા કે રૂપકોનું નિર્માણ એ હેમુભાઈનું નીજી પ્રદાન ગણાશે. એક ભારે મહત્ત્વનું સાવ અનોખું એવું ઈનોવેટિવ ફૉર્મ એમણે આકાશવાણીને આપ્યું.

'કવળા સાસરિયા'માં તત્કાલીન સામાજિક વાસ્તવનું કઠોરરૂપ, કડવું સત્ય. માનવસંવેદનની ઘેરી વેદનશીલ પ્રસ્તુતિ આ રચનામાં સ્થાન પામી છે.આવા કારણે 'કવળા સાસરિયા'એ દુર્નિવાર વેદનશીલ ક્ષણને શાશ્વત બનાવતી રચના છે. એવું કથનકળાનું સ્વરૂપ - પ્રસ્તુતિની રીત પણ ધ્યાનાર્હ બની રહે છે.

પ્રારંભનો દુહો 'ભલે ઊગ્યા ભાણ'થી આરંભમાં બંસરી, રાગ કાલીંગડો અને અંતિમ દુહો 'ડુંગર માથે દવ બળે'.

તાનપુરા-વાયોલીનના કરુણ સ્વરો, રામસાગર દેશી વાજિંત્રના સૂર સાથે પૂર્ણ.

કાલિંગડાથી કરુણ અને બંસરીથી વાયોલીન-રામસાગર દ્વારા પ્રગટતા સૂર સંવાદિતા સાથે ભાવક ચિત્તમાં ભળી જાય છે.

વચ્ચે માત્ર **પાંચ** જ લોકગીત અને **આઠેક** દુહા. એમાંથી નિર્માણ પામેલી 'કવળા સાસરિયા' એમની કાલજયી રેડિયો સંગિતિકા છે.

એમાંના ગીતો તો લોકપ્રિય હતા. પણ એ અહીં એવી રીતે સંયોજાયા સામેલ કર્યા કે એમાંય એક અર્થભાવ નિષ્પન્ન થાય. પાંચ ગીતોની પ્રથમ પંક્તિ આ પ્રમાણે છે. વચ્ચે-વચ્ચે દુહા છે.



૧. *'હો મોરા શ્યામ'*
૨. *'દાદા હો દીકરી'*
૩. *'વાલો મારો વેનમા ચારે ધેનું'*
૪. *'વેલુ છૂટિયુ વાડીના વડ હેઠ.'*
૫. *'સખના દાડા વીરા વયા ગયા રે લોલ'*
*'પછવાડે ઊભી નણંદી સાંભળે રે'*
*'વહુએ વગોવ્યા મોટા ખોરડા રે લોલ.'*

*વચ્ચે તાલ કહરવામાંથી ત્રિતાલમાં બદલાય.* ચાર આ-વર્તન ત્રિતાલના સિતાર સાથે વગાડીને કરુણ વાતાવરણનું નિર્માણ પામે.

* * *

માંડ છત્રીશ વર્ષનું આયુષ્ય. એમાં એકદાયકો રંગભૂમિને અને એક દાયકો આકાશવાણીને સમર્પિત રહીને ખરુ પુરુષાર્થ, કલામરમી વ્યક્તિત્વ પ્રસરાવી ગયા. હેમુ ગઢવી આ કારણે એક માનદંડ બની ગયા. એ ઊંચાઈ, ઊંડાઈ મેળવવા એની પછીની પેઢી ખરી-નરી સૂઝ-સમજ અને શક્તિથી ક્રિયાશીલ છે પણ એમને આંબી શક્યાની પ્રતીતિ કોને થઈ હશે ? આ એક મોટો પ્રશ્ન છે.

હેમુ ગઢવી સો ટચનું સોનું હતા એમ નહીં એ ખરા પારસમણી હતા. જેને સ્પર્શ્યા, એ ખરા અર્થમાં સુવર્ણમૂલ્યવાળા કલામરમી અને પ્રસ્તુતકર્તા બની રહ્યા. એમની પ્રસ્તુતિ એ માત્ર પ્રસ્તુતિ ન હતી પણ ધ્રુવપદ પ્રાપ્ત કરવા માટેની સાધના હતી. એમની એ સાધના ફળી પણ જણાય છે. એમણે સ્થિર ધ્રુવપદ લોકકંઠની પ્રસ્તુતિથી પ્રાપ્ત કર્યું છે. એમણે જે કંઈ નિર્માણ કર્યું. પ્રસ્તુત કર્યું એ પણ હેમવરણું - સુવર્ણમય તેજવાળું બની રહ્યું. સંગીતની પરિભાષામાં જેને 'ચીજ' કહેવામાં આવે છે એવી કંઈ કેટલીય ચીજની ભેટ ધરી ગયા હેમુ ગઢવી. આવા કારણથી હેમુ ગઢવી એ આપણું ગુજરાતને કે ભારતને નહીં પણ વિશ્વને પ્રદાન છે. જેમના હોવાથી ગૌરવ અનુભવતા, ગરિમા પ્રાપ્ત કરતા એવા વ્યક્તિત્વ આજે અનુપસ્થિતિથી પણ આપણને એવું જ ગૌરવ અને ગરિમા બક્ષે છે. આવા ધન્યનામ હેમુ ગઢવીના પ્રદાનનો થોડો પરિચય, 'લોકગુર્જરી'ના માધ્યમથી મૂકી શકાયાનું મને ગૌરવ છે.

**બળવંત જાની**
Email: balvantjani9@gmail.com
M.9428207000

# અનુક્રમણિકા

## *વિભાગ : ૧*
## *સંતસાહિત્ય અને ચારણી સાહિત્ય*


૧. પૂર્વ ભારતની સંત પરંપરા : આછી રૂપરેખા ડૉ. નિરંજન રાજ્યગુરુ ૩

૨. સ્વામિનારાયણ સંપ્રદાયના
નિષ્કુળાનંદ સ્વામીની રચનામાં ગુરુભક્તિ
ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા ૧૪

૩. 'ગુજરાતી સંતસાહિત્ય વિમર્શ' :
નૂતન સ્થાપના અને અવધારણા ડૉ. દીપક પટેલ ૨૪

૪. ભૂચર મોરીના સંગ્રામની ચારણી કવિતા ડૉ. બળવંત જાની ૩૫

૫. ચારણી સાહિત્યમાં ઐતિહાસિક અજવાળાં શિવદાન ગઢવી ૩૯

૬. પર્યાવરણનો પરિચય કરાવતું
ચારણી સાહિત્ય ડૉ. અંબાદાન રોહડિયા ૪૫


## *વિભાગ : ૨*
## *કચ્છી સાહિત્ય અને લોકસાહિત્ય*


૭. બન્ની - કચ્છ : લોકસાંસ્કૃતિક અભ્યાસ ડૉ. ભરત પંડ્યા ૬૧

૮. કચ્છી લોકસાહિત્ય અને ઇતિહાસના
ઉદ્‌ગાતા : દુલેરાય કારાણી હરેશ ધોળકિયા ૮૨

૯. કચ્છના સંતકવિ : ડાડા મેકરણ રાજેન્દ્ર બાંભણિયા ૯૪


૧૦. લોકસાહિત્ય સંશોધક-સંપાદક
શ્રી નરોત્તમ પલાણ સાથે સાક્ષાત્કાર ડૉ. રમેશ મહેતા,
ડૉ. રવજી રોકડ ૧૦૩

૧૧. અભ્યાસસજ્જ વિવેચક અને લોકસાહિત્ય
મીમાંસક : જશવંત શેખડીવાળા ડૉ. આર. પી. પટેલ

૧૨. લોકગીત આસ્વાદ અને અવબોધ શ્રેણી :
લોકગીત ગુંજન - મણકો : ૩ ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ ૧૪૩

૧૩. મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર કાર્યવૃત્ત ડૉ. અંબાદાન રોહડિયા ૧૪૯



# સંતસાહિત્ય અને ચારણી સાહિત્ય



૧

# પૂર્વ ભારતની સંત પરંપરા : આછી રૂપરેખા

ડૉ. નિરંજન રાજ્યગુરુ

'ભારતીય સંતસાહિત્ય : તત્ત્વ અને તંત્ર' વિષયક પરિસંવાદમાં ચતુર્થ બેઠકના અધ્યક્ષશ્રી ડૉ. હસુ યાજ્ઞિકસાહેબ, મારા સાથી વક્તા ડૉ. નાથાલાલ ગોહિલસાહેબ, ભારતીય સંતસાહિત્ય તથા ગુજરાતી સંતસાહિત્યના સંશોધન તથા અભ્યાસના ક્ષેત્રે જેમણે વિવિધ પ્રકારે યોગદાન આપ્યું છે. એવા આદરણીય વિદ્વાનો અને અધ્યાપક ભાઈ-બહેનો તથા વિદ્યાર્થીમિત્રો. આજે 'પૂર્વ ભારતની સંત પરંપરા' વિષયે મારે થોડીક પાયાની વાતો કરવી છે.

ભાષા, પ્રદેશ, ધર્મ, જાતિ, વર્ણ, પોષાક, રીતરિવાજો અને જીવન રીતિઓમાં અસંખ્ય ભિન્નતા હોવા છતાં સમગ્ર ભારત વર્ષની પ્રજામાં ઊંડી તલસ્પર્શી મૂલગત એકતા જોવા મળે છે, અને એ છે ભારતીય સંસ્કૃતિની એકતા.

ગઈ કાલે આપણે ભારતીય સંત પરંપરાઓ વિશે વિદ્વાનોનાં વક્તવ્યો સાંભળ્યાં છે. જેમાં ભારતની ભાવાત્મક અને સાંસ્કૃતિક એકતા ઓખાથી આસામ સુધી અને કાશ્મીરથી કન્યાકુમારી સુધીના ભારતની અનેક પાસાંવાળી અને રંગવાળી છતાં શ્રી ઝવેરચંદ મેઘાણી કહે છે તેમ ભાતીગળ ચૂંદડી જેવી, વિશિષ્ટ ભાત પડતી રહી છે.

ભારતનો ધર્મચિંતન પ્રવાહ, અધ્યાત્મ સાધનાનો પ્રવાહ કાયમને માટે રાજકીય સંઘર્ષો કે સાંપ્રદાયિક કટ્ટરતાથી મુક્ત રહ્યો છે. જગતના સૌથી પ્રાચીનતમ



સાહિત્ય એવા આપણા ઋગ્વેદમાં એક જ સત્યને કવિઓ અને વિચારકો જુદી જુદી રીતે, જુદી જુદી ભાષામાં અભિવ્યક્ત કરે છે. એના વસ્તુમાં કે ગુણમાં ફેર નથી માત્ર નામ રૂપમાં ફેર છે એમ જે ચિંતન અપાયું છે તે ભારતીય લોકસમાજમાં અને અધ્યાત્મ પરંપરાઓમાં સિદ્ધ થયું છે.

અનેક નદીઓના પ્રવાહ જેમ જુદે જુદે સ્થળે સમુદ્રમાં વિલીન થઈ જાય છે એમ તમામ ભારતીય ભાષાઓના સંત ભક્ત કવિઓનું અંતિમ ગંતવ્યસ્થાન તો શુદ્ધ અધ્યાત્મ છે. પછી એ સગુણ - સાકારનો ઉપાસક હોય, નિર્ગુણ - નિરાકારનો ઉપાસક હોય કે સગુણ-નિરાકાર અથવા તો નિર્ગુણ - સાકારનો સમન્વયવાદી ઉપાસક હોય. રાજકારણ જેને તોડે છે તેને સંત સંસ્કારો તથા સંસ્કૃતિથી સાંધવા મથે છે.

હિમાલયથી સેતુબંધ સુધીના ભારતવર્ષના ધર્મ, દર્શન, વિજ્ઞાન, આયુર્વેદ – ચિકિત્સા વગેરે વિષયોની ભાષા કેટલાક સૈકાઓ પહેલાં એક જ હતી. એ ભાષા હતી સંસ્કૃત. ભારતવર્ષનું જે શ્રેષ્ઠ ઉત્તમ સાહિત્ય છે તે સંસ્કૃત ભાષામાં જ રચાયેલું છે. છ હજાર વર્ષથી આ ભાષામાં નિરંતર સાહિત્યનું સર્જન થતું આવ્યું છે.

અંદાજે ઈ.સ. ૧૦૦૦ના સમયના અરસામાં ભારતનો વિવિધ પ્રદેશોમાં ઈન્ડો-આર્યન ભાષામાંથી ઊતરી આવેલી પ્રાદેશિક ભાષાઓનું કલેવર બંધાવા માંડ્યું અને પરિણામે બંગાળી, આસામી, ઓડિયા, મૈથિલી, ભોજપુરી, વ્રજ, કોશલી, પહાડી, રાજસ્થાની, માળવી, ગુજરાતી, મરાઠી, કોંકણી, પંજાબી, સિંધી અને કાશ્મીરી જેવી વિવિધ બોલીઓ અસ્તિત્વમાં આવી અને ધીરે ધીરે ભાષાનું સ્વરૂપ પામતી ગઈ, પરંતુ એમાં પ્રાચીન ભારતીય સાહિત્ય પરંપરાઓનું સાતત્ય અખંડ અને અવિરત જળવાતું રહ્યું. એમણે આ વારસાને જાળવ્યો તો ખરો પણ પોતાની ભાષામાં સવાયો કરી દેખાડ્યો.

તમામ અર્વાચીન ભારતીય ભાષાઓના ઉદ્‌ગમ કાળે ધર્મ અને અધ્યાત્મ, ચિંતન અને સાધના, જ્ઞાન અને ભક્તિ, કર્મ અને યોગ જેવાં તત્ત્વો સાહિત્યના અનેક પ્રકારોમાં વર્ણવાતાં રહ્યાં, જેમાં અધ્યાત્મમાર્ગી સંત ભક્ત કવિઓ દ્વારા પદ-ભજન જેવાં ઊર્મિગીતો અને કથાત્મક આખ્યાનો, મહાકાવ્યો, ગદ્ય-પદ્યાત્મક પુરાકથાઓ, દંતકથાઓ તથા લોકાખ્યાનોનું સર્જન થતું રહ્યું.

ભારતીય ચિંતનધારાના પ્રવાહ મુજબ - હજારો વર્ષથી ભારતમાં થયેલી વેદ ધર્મની સનાતન ધર્મની સ્થાપના, અને એ વૈદિક ચિંતન ધારામાંથી સમયે સમયે જે નવા અંકુરો ફૂટ્યા તે બૌદ્ધ, જૈન, શૈવ, શાક્ત, વૈષ્ણવ વગેરે સંપ્રદાયોમાં

વિકસિત થતા રહ્યા.

ઐતિહાસિક દૃષ્ટિએ ભક્તિ આંદોલનનો વિકાસ બે તબક્કાઓમાં વિભાજિત કરી શકાય. પ્રથમ ચરણમાં દક્ષિણ ભારતમાંથી જેના અંકુર ફૂટ્યા ત્યારથી શરૂ કરીને ૧૩મી શતાબ્દી સુધીનો સમયગાળો આવે. જ્યારે બીજા ચરણમાં ૧૩મી શતાબ્દીથી લઈને ૧૯મી શતાબ્દી સુધીનો સમયગાળો આવે છે. જેના ઉપર સૂફી – ઈસ્લામી એકેશ્વરવાદની છાયા પણ દેખાઈ આવે છે અને સાર્વત્રિક ભક્તિ આંદોલન ભારતની તમામ પ્રાંતોમાં પ્રસરતું રહ્યું.

આદ્ય શંકરાચાર્યજીના શાંકર અદ્વૈત વેદાન્તની સામે રામાનુજાચાર્ય (વિશિષ્ટાદ્વૈત વાદ), મધ્વાચાર્ય, (દ્વૈત વાદ), વિષ્ણુ સ્વામી (શુદ્ધાદ્વૈત વાદ) અને નિમ્બાર્કાચાર્ય (દ્વૈતાદ્વૈત વાદ) એ ચાર વૈષ્ણવ સંપ્રદાયોએ નિર્ગુણ ઉપાસનામાંથી ધીરે ધીરે ક્રમશઃ સગુણ સાકારની ઉપાસનાની કેડીઓ કંડારી.

આચાર્ય ક્ષિતિમોહન સેન તેમના 'બાંગ્લાની સાધના' પુસ્તકમાં જણાવે છે તેમ ભારતવર્ષના તમામ અધ્યાત્મમાર્ગી સંતો – ભક્તોએ ઉપાસના કરી છે. સત્‌ની – સત્યની... સત્ય એ જ એમની જીવનસાધના. કબીરસાહેબ ગાતા હોય 'સાચ બરાબર તપ નહીં, જૂઠ બરાબર પાપ, જાકે હિરદે સાચ હૈ, તા કે હિરદે આપ.' તો ભક્ત સાધક દાદુ કહે છે.

*'સૂધા મારગ સાચકા, સાચા હોઈ સો જાઈ,*
*ઝૂઠા કોઈ ના ચલે, દાદુ દિયા દિખાઈ.'*

તમામ ધર્મ, પંથ, સંપ્રદાય અને એની વિવિધ સાધના ધારાઓમાંથી સંત કબીરસાહેબે સમન્વયની સાધનાનું સર્જન કર્યું, શૈવ, શાક્ત, વૈષ્ણવી પ્રેમસાધના, ઈસ્લામ કે સૂફી, જ્ઞાનમાર્ગી, યોગમાર્ગી, ભક્તિમાર્ગી, જૈન, બૌદ્ધ, તંત્ર એમ તમામ પ્રકારની ભક્તિ / સાધના કે સંત સાધનાની સરવાણીઓ આપણને કબીર સાહેબ પછીના વિધ વિધ ભારતીય ભાષાઓના સંત / ભક્ત કવિઓની વાણીમાં જોવા મળે છે.

જૈનોના 'પાહુડ દોહા' સર્જક મુનિ રામસિંહે બંગાળમાં (ઈ.સ. ૧૦૦૦ આસપાસ) ગાયેલું 'એત્થુ સે સુર સરિ જમુના, એત્થુ સે ગંગા સાગરુ, એત્થુ પઆગવના રસિ, એત્થુ સે ચંદ દિવાઅરું. આ દેહમાં જ ગંગા-જમુના, આ દેહમાં જ પ્રયાગ અને વારાણસી અને આ દેહમાં જ છે ચંદ્ર તથા સૂર્ય.

કબીરસાહેબ ત્યાર બાદ ગાતા હોય

*યા ઘટ ભીતર સપ્ત સમુંદર, યાહી મેં નદિયા નારા,*
*યા ઘટ ભીતર કાશી દ્વારકા, યા ઘટ ભીતર ચંદ સૂરા.*



**પૂર્વ ભારતની સંત પરંપરા**

મારે આજે વાત તો પૂર્વ ભારતના સંતસાહિત્યની કરવાની છે. એટલે સૌપ્રથમ પૂર્વ ભારત એ સંજ્ઞા વિશે, ભારતની પૂર્વ દિશામાં આવેલા પ્રદેશો વિશે પ્રાથમિક જાણકારી મેળવવી આવશ્યક છે.

આજના ભારતનો નકશો જોઈએ તો આસામ, નાગાલૅન્ડ, મણિપુર, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, ત્રિપુરા, બંગાળ, ઓરિસા, બિહાર, ઝારખંડ, બાંગ્લાદેશ, મિઝોરમ, મલયેશિયા, થાઈલૅન્ડ, મ્યાનમાર, લાઓસ, કંબોડિયા વગેરે પ્રદેશો પૂર્વ દિશામાં આવેલા છે. ચીન, મ્યાનમાર, બાંગ્લાદેશ અને ભૂતાન એ ચાર દેશની વચ્ચેનો ભારતીય પ્રદેશ એટલે પૂર્વ ભારત.

ભાષાની દૃષ્ટિએ પૂર્વ માગધી ભાષામાંથી માગધી અપભ્રંશ અને તેમાંથી બંગાળી, અસમિયા અને ઓડિયા એ ત્રણે ભાષાઓનો વિકાસ થયો છે. આ ત્રણે ભાષાના લોકો પોતપોતાની ભાષાના પ્રાચીનતમ સાહિત્ય તરીકે સિદ્ધ કાન્હપા વગેરે બૌદ્ધ સિદ્ધોના ચર્યાપદોને ચીંધે છે. જેમાં ગુહ્ય સાધનાની અભિવ્યક્તિ જોવા મળે છે. આસામમાં બારાહી, ચુટિઆ, મારન અને ભૂયાન જેવી જાતિઓ પહાડી ઈલાકાઓ તથા સપાટ મેદાનમાં વસવાટ કરે છે.

આર્યોના રામાયણ, મહાભારત અને અન્ય પ્રાચીન પુરાણ ગ્રંથોમાં આસામના નિવાસીઓને મ્લેચ્છ, કિરાત કે ચીના તરીકે પણ ઓળખાવવામાં આવ્યા છે. આસામમાં આર્ય અને મોંગલ સંસ્કૃતિનું સંમિશ્રણ જોવા મળે છે.

ભારતના ઉત્તર પૂર્વી પ્રદેશો જે મહાભારત કાળમાં પ્રાગ્‌જ્યોતિષ પ્રદેશ તરીકે ઓળખાતા. પ્રાગ્‌જ્યોતિષ પ્રદેશનું પાટનગર પ્રાગજ્યોતિષપુર હતું. કામરૂપ પ્રદેશ જે પુરાણોમાં વર્ણવાયો છે અને મધ્યકાળમાં આસામ તરીકે જાણીતો છે તેને પ્રાચીન સમયના ભારત વર્ષમાં સાહિત્યની ભાષામાં લાલ નદી અને બ્લ્યૂ પર્વતોના પ્રદેશ તરીકે લોહિત કે નિલાંચલ તરીકે પણ ઓળખાવાયો છે. બ્રહ્માએ આ પ્રદેશમાં સૌપ્રથમ નક્ષત્રો ઉત્પન્ન કર્યા, નક્ષત્રોનો પૂર્વ પ્રદેશ અને જ્યોતિષવિદ્યાના ઉદ્‌ભવસ્થાન તરીકે પણ આ ધરતીનું માહાત્મ્ય વર્ણવાયું છે. નવમી સદીના કાલિકાપુરાણ તથા યોગિનીતંત્રમાં પણ પ્રાગ્‌જ્યોતિષ શબ્દ મળે છે. લંકાપતિ રાવણે ગૌહત્તિ નજીકના બ્રહ્મપુત્ર નદી પરના પ્રખ્યાત શિવ મંદિરમાં ભગવાન શિવની પૂજા કરેલી અને કામરૂપમાં યજ્ઞ કરેલો.

ભગવાન શ્રી કૃષ્ણે કુંડિનપુરની રુક્મિણી સાથે વિવાહ કરેલા. તેના પિતા રૂક્મિ કૃષ્ણવિરોધી હતા. એ પછી શોણિતપુરના બાણસુરની પુત્રી ઉષા સાથે શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધે વિવાહ કરેલા અને દ્વારકા લાવેલો.

કુરુક્ષેત્રના યુદ્ધ સમયે રાજા ભગદત્ત (કામરૂપનો રાજા) કૌરવ પક્ષે હતો. જ્યારે હિરમ્બાપુર(દીમાપુર)નો ભાણેજ ઘટોત્કચ (ભીમપુત્ર) પાંડવપક્ષે હતો. અર્જુને મણિપુરની રાજકુંવરી ચિત્રાંગદા સાથે વિવાહ કરેલા. અને તેનો પુત્ર બભ્રુવાહને અશ્વમેધ યજ્ઞ સમયે પિતા અર્જુન સાથે યુદ્ધ કરેલું. કાશ્મીરના રાજા મેઘવાહનને કામરૂપની રાજકન્યા અમૃતપ્રભાએ સ્વયંવરમાં પસંદ કરેલો. આમ કાશ્મીર અને કામરૂપ વચ્ચે રાજદ્વારી સંબંધો બંધાયેલા.

મહાકવિ કાલિદાસે 'મેઘદૂત'માં આ પ્રદેશની ભૌગોલિક સંપત્તિનું વર્ણન કર્યું છે. કામરૂપનો રાજા ભાસ્કર વર્મન સાગર હર્ષવર્ધનનો પ્રિયમિત્ર હતો. તેમણે હર્ષવર્ધનના પ્રયાગ-મહોત્સવમાં હાજરી આપેલી.

**પૂર્વોત્તરનાં આઠ રાજ્યો :**

અરુણાચલ પ્રદેશ, નાગાલૅન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, મેઘાલય, આસામ અને સિક્કિમ તથા પાડોશી દેશ નેપાળમાં કુલ ૧૦૮ જેટલી આદિમ જનજાતિઓ વસે છે. જેમાં આદિ, ખામતી, આપાતાની, મિશ્મી, શેરતુકપેન, મોન્યા, સિંફો, બુગુન, મિરિ વગેરે મુખ્ય છે. જેની અનેક ઉપજાતિઓ થઈ છે. ધાર્મિક દૃષ્ટિએ જે ત્રણ મુખ્ય વિભાગોમાં વહેંચાયેલી છે, (૧) પ્રકૃતિપૂજક સૂર્ય-ચન્દ્ર (દોન્યો-પોલો)ની ઉપાસક. જે પરસ્પર મળતી વખતે 'ન્યાન તોપે દાન્યી પિલ્યો' (હે સૂર્ય અને ચન્દ્ર ! અમને શક્તિ પ્રદાન કરો.') એમ કહે છે. (૨) બૌદ્ધ ધર્મ સાથે સંકળાયેલી જનજાતિઓ. (૩) અન્ય ધર્મ-પંથ સાથે સંકળાયેલી જનજાતિઓ. ઇસાઈ, મુસ્લિમ વગેરે....

**પૂર્વ ભારતની સંત પરંપરાઓ અને સાહિત્યસર્જન :**

પૂર્વ ભારતનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં વિવિધ ધર્મ, પંથ, સંપ્રદાયો, સંત પરંપરાઓ, ભક્તિ પરંપરાઓ, ધર્મસ્થાનકો, સંતો, ભક્તો અને તેમના દ્વારા રચાયેલું સાહિત્ય આપણને પ્રાપ્ત થાય છે. એમાંથી કેટલાક મહત્ત્વના પ્રવાહોનું અવગાહન કરીએ તો –

ભાષાવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી તપાસીએ તો પૂર્વ ભારતનું સંતસાહિત્ય આગ્નેયદેશી અથવા તો આસ્ટ્રોએશિયાટિક ભાષાનું સાહિત્ય છે, જેના બે વિભેદો પાડવામાં આવ્યા છે. માનખ્મેર તથા મૂંડા કે કૌલ ભાષાઓ. જેમાં મુંડા ભાષા કૌલ, શબર અને મૂંડ જનજાતિ સાથે સંકળાયેલી ભાષા છે. શબર શબ્દ અતિ પ્રાચીન છે. જેનો પ્રયોગ ઐતરેય બ્રાહ્મણમાં મળે છે, જ્યારે મુંડા શબ્દ પુરાણોમાં અને કૌલ શબ્દ તંત્રગ્રંથોમાં મળે છે.

પૂર્વોત્તર ભારતના સંતસાહિત્યમાં તાંત્રિક વિધિવિધાનો, યોગસાધના,



શ્વાસનિરોધ, આત્મનિગ્રહ, ભીતરી ચક્રો અને નાડીઓની સ્થિતિ, અંતર્મુખ સાધનાનું મહત્ત્વ અને વૈરાગ્ય ઉપદેશ જેવાં તત્ત્વોનું સાંપ્રદાયિક શિક્ષણ અપાયું છે. નાદ, બિન્દુ, સુરતિ, નિરતિ વગેરે શબ્દાવલી એમાં આવે છે, જે પરિભાષાનો ઉપયોગ પાછળથી ભારતવર્ષના તમામ નાથપંથી યોગીકવિઓ અને નિર્ગુણમાર્ગી સંતકવિઓએ પોતાની સંતવાણી રચનાઓમાં કર્યો છે.

અરુણાચલ પ્રદેશ વિશે શ્રી સાંવરમલ્લ સાંગાનેરિયા દ્વારા પોતાનાં યાત્રાનાં સંસ્મરણો વિશે દિલ્હીના શિલ્પાયન પબ્લિશર્સ મારફત ઈ.સ. ૨૦૦૮માં 'અપના ક્ષિતિજ અપના સૂરજ' નામે ગ્રંથ પ્રકાશિત થયો છે. આજના અરુણાચલ વિસ્તારને અંગ્રેજોના સમયમાં નેફા વિસ્તાર તરીકે ઓળખાવવામાં આવતો. ત્યાંના સોળ જિલ્લાઓનાં નામકરણ વિવિધ નદિઓના નામથી થયાં છે. જેમ કે – લોહિત, દિવાંગ, સિયાંગ, સુવર્ણશિરી, પાયુમપારે, કામેંગ, ચાંગલાંગ વગેરે... આ પ્રદેશનો ૮૫ ટકા ભૂભાગ પર્વતીય વિસ્તાર છે. જ્યાં પ્રાચીન કાળના કુંડિન કે કુંડિલ, વિદર્ભ, ચેદિ વગેરે શિવપૂજા કરનારાં રાજ્યો હતાં.

**અસમિયા સંતસાહિત્ય :**

આસામ પ્રદેશનું ખરું નામ અસમ છે, જે પ્રદેશ સમ નથી પણ વિષમ છે. તેની પ્રજા પોતાની ભાષાને અસમિયા ભાષા જ કહે છે. અસમિયા ભાષાનું પ્રાચીન સાહિત્ય કંઠસ્થ પરંપરાનાં લોકગીતોમાં જળવાયું છે. જેમાં વિવિધ ઉત્સવો સમયે નૃત્ય સાથે ગવાતાં બિહુ ગીતો, બિયાનામ એટલે વિવાહગીતો નાયિકોનાં 'નાવરિયા' ગીતો, માલિતા (પ્રાચીન રાસડા) જ્યાં મણિકુંવર ગીત, ફુલકુંવર ગીત, ડાકર વચન (મહાપુરુષોનાં વચનો) તથા ભડલી વાક્યો વગેરે આવે છે.

બૌદ્ધ સિદ્ધોનાં ચર્યા પદો – 'બૌદ્ધ ગાન ઓ દોહા' ગ્રંથમાં કામરૂપ નિવાસી સિદ્ધ મીનનાથનું પદ મળે છે – કહન્તિ ગુરુ પરમાર્થર બાટ, કમલ વિકાસિલા કહિલાના જમરા કર્મ કુરંગ સમાધિક પાટ, કમલ મધુ પિબિલિ ધોકેના ભમરા.

વજ્રયાની સિદ્ધોનું લીલાસ્થળ ભારતનો પૂર્વભાગ હતું. પટણાની નાલંદા તથા ભાગલપુરની વિક્રમશિલા વિદ્યાપીઠો તેમનાં થાણાં હતી. ચોરાશી બૌદ્ધ સિદ્ધોમાં સરહપા, સબરપા, ભુસૂકપા, દારિકપા, કમરિપા, ધામપા, કણ્હપ્પા જેવા સિદ્ધો પૂર્વી ભારત સાથે જ સંકળાયેલા છે, જ્યારે ગોરખનાથે પોતાના નાથપંથનો પ્રચાર-પ્રસાર ભારતના પશ્ચિમ ભાગો રાજપૂતાના, પંજાબ, સિંધ અને ગુજરાતમાં કર્યો. 'બૌદ્ધ ગાન ઓ દોહા' ગ્રંથમાં કાન્હપ્પા, સરહપા જેવા સિદ્ધોની સાંધ્ય ભાષામાં ગવાયેલી વાણી છે.

બૌદ્ધ સિદ્ધોમાં સહુથી પ્રાચીન એવા વિ.સં. ૬૯૦માં થયેલા સંતકવિ સરહપાદ કે સરોજવજ્રે ગાયું છે :

*પંડિઅ સઅલ સત્ત બક્ખાણઈ*
*દેહઈ બુદ્ધ બસંત ન જાણઈ*
*અમણમગમણ ણ તેન બિખંડિઅ*
*તો વિ લિણજ્જ ભણઈ હઉં પંડિઅ.*

(આ ઘટ-શરીરમાં જ બુદ્ધ છે તેને જાણતો નથી, આવાગમનને ખંડિત કર્યું નથી, સત્યને જાણ્યા વિના તેના ગુણગાન ગાય છે, છતાં તે નિર્લજ્જ કહે છે કે હું પંડિત છું.)

અસમિયા સાહિત્ય લિખિત સ્વરૂપમાં તેરમી સદીના કવિ હેમ સરસ્વતીના 'પ્રહલાદ ચરિત્ર'થી શરૂ થયેલું માનવામાં આવે છે. એ સમયના બીજા કવિ હરિહર વિપ્ર 'બભ્રુવાહનર યુદ્ધ' તથા 'લવકુશર યુદ્ધ' જેવાં આખ્યાનો આપે છે. આ યુગનો સૌથી મોટો કવિ માધવ કંદલિ છે. જેણે રામયણનું અસમિયા ભાષામાં રૂપાંતર કર્યું છે. તો દુર્ગારામ કાયસ્થ 'ગીતિ રામાયણ'માં ૫૮ જેટલાં પદોમાં રામકથા આપે છે.

સર્પ પૂજા અને સર્પદેવતાની આરાધના વ્યક્ત કરતાં મનસા દેવીનાં કાવ્યો અને અનેક કથાઓ અસમિયા ભાષામાં મળે છે. કારણ કે આ પ્રદેશ મૂળમાં અનાર્ય ગણાતી નાગ જાતિનો પ્રદેશ છે.

**શંકરદેવ** (ઈ.સ. ૧૪૪૯-૧૫૬૯)

અસમિયા સાહિત્યના અતિ મહત્ત્વના કવિ સર્જક તે મહાપુરુષ શંકરદેવ. જે પંદરમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં થયા. તેઓ સંગીતકાર, કવિ, ચિત્રકાર, નાટ્યકાર, તત્ત્વજ્ઞાની અને સમાજસુધારક હતા. ઈ.સ. ૧૫૦૦ થી ૧૬૨૦ના સમયગાળા દરમિયાન રચાયેલ અસમિયા સાહિત્યને વૈષ્ણવકાળનું કે શંકરયુગનું સાહિત્ય કહેવામાં આવે છે.

શંકરદેવના જન્મ સમયે અસમ શાક્ત અને તાંત્રિક ઉપાસનાનું કેન્દ્ર હતું. શંકરદેવે તે સમયે પ્રચલિત શાક્તમત, પંચમકારની સાધના, પશુબલિ, નરબલિ, જાદુવિદ્યા, મંત્ર તંત્રનો વિરોધ કરીને શ્રીમદ્ ભાગવત આધારિત વૈષ્ણવ ધર્મનો પુરસ્કાર કરેલો. એમની વિચારધારાને 'મહાપુરુષિયા ધર્મ' તરીકે ઓળખાવવામાં આવે છે. શંકરદેવ અને એમના પટ્ટશિષ્ય માધવદેવે અનેક ગીતો, નાટક, પદ્યવાર્તાઓ અને સાહિત્યના વિવિધ પ્રકારોમાં રચનાઓ આપી જેમાં શંકરદેવનાં 'કીર્તન ઘોષા' ગ્રંથ ઉપરાંત ત્રીસેક રચનાઓ તથા માધવ દેવનો 'નામ ઘોષા' ગ્રંથ મુખ્ય છે.



શંકરદેવ પછીના અસમિયા સાહિત્યમાં આજ સુધી શ્રીમદ્ ભાગવત આધારિત વૈષ્ણવ ધર્મનો પુરસ્કાર થતો રહ્યો છે. આસામના શંકરદેવનો 'મહાપુરુષિયા મત' વૈષ્ણવ ભક્તિ ધારા સાથે સંકળાયેલો હોવા છતાં સામાજિક દૃષ્ટિએ અતિ ઉદાર છે. તમામ જાતિ-વર્ણના લોકો તેમના શિષ્યો હતા. વળી દેવ-દેવીની પૂજા. મંદિર-મૂર્તિ ઉપાસના, પ્રસાદ - ભોજન વગેરે મિથ્યાચારોનો વિરોધ એમણે કરેલો. એ પરંપરામાં બ્રાહ્મણોએ પણ દલિત સંતો પાસેથી દીક્ષા લીધેલી.

**બંગાળી સંત સાહિત્ય :**

ભારતીય સંતસાહિત્યને આદિસંતકવિ કબીરસાહેબે, કવિવર રવીન્દ્રનાથે, આચાર્ય ક્ષિતિમોહન સેને તથા ગુજરાતના મરમી કવિશ્રી મકરન્દ દવેએ 'બહુતન્ત્રી વીણાના ઝંકાર' તરીકે ઓળખાવ્યું છે. ક્ષિતિબાબુની 'બાંગલેર સાધના' પુસ્તિકામાં બંગાળની વિવિધ સંત-પરંપરાઓ વિશે ઊંડાણથી અભ્યાસ અપાયો છે.

બંગાળ એ ભારતના કિનારે આવેલો પ્રદેશ છે. બંગ કે વંગ જાતિમાંથી પ્રદેશવાચક 'બંગ' નામની ઉત્પત્તિ થઈ છે. બંગ જાતિ કે શબ્દનો સૌથી પ્રાચીન ઉલ્લેખ ઐતરેય ઉપનિષદમાંથી મળે છે. ભ્રમણશીલ એવી બંગ જાતિ ઉપરાંત બંગાળમાં જૂના સમયમાં રાઢ તથા સુક્ષમ નામની જાતિઓ પણ વસતી. સંભવતઃ આ ત્રણે જાતિઓ આર્યેતર હતી. એ પછી ચીની-તિબેટી પરિવારના લોકો વસ્યા, અને ત્યાર બાદ આર્ય સંસ્કૃતિનો પ્રવેશ બંગાળમાં થયો. પુંડ્ર, વરેન્દ્રભૂમિ અને ગૌડ પ્રદેશ તરીકે પણ બંગાળને ઓળખાવવામાં આવતું.

અક્ષયકુમાર દત્તે બંગાળી ભાષામાં 'ભારતવર્ષીય ઉપાસક સંપ્રદાય' નામે ગ્રંથ લખ્યો છે. એમાં બંગાળમાં પ્રવર્તમાન કેટલીયે સંત પરંપરાઓ અને સંપ્રદાયોનો પરિચય અપાયો છે. જેમાં દરવેશી મત, સાંઈ સંપ્રદાય, ખુશી વિશ્વાસી, ચૈતન્ય મત, કર્તા ભજા સંપ્રદાય, આઉલ રામ વલ્લભ સંપ્રદાય, સાહેબધની સંપ્રદાય, બલરામી સંપ્રદાય, નેડા સંપ્રદાય, સરજિયા મત, જગમોહની સંપ્રદાય, ઉપાસક સંપ્રદાય વગેરેની વાણીનો અભ્યાસ મળે છે.

પ્રાચીન બંગાળી સાહિત્યને કાવ્ય સ્વરૂપની રીતે ત્રણ ધારાઓમાં વહેંચવામાં આવે છે. પદાવલિ અથવા ગેય ઊર્મિકાવ્યો, પાંચાલી અથવા ગેય આખ્યાનકાવ્યો અને પાઠ કાવ્ય.

વિષયની રીતે રામાયણ – મહાભારતના આધારે લખાયેલી પૌરાણિક સાહિત્ય, વૈષ્ણવ સાહિત્ય અને દેવ-દેવીઓનું માહાત્મ્ય ગાતાં મંગલ કાવ્યો એમ ત્રણ વિભાગ થઈ શકે. પ્રાચીન બંગાળી સાહિત્યના મહત્ત્વપૂર્ણ સર્જકો તરીકે ચંડીદાસ નામધારી બે કવિઓ – બંડુ ચંડીદાસ અને વૈષ્ણવ પદ કર્તા ચંડીદાસ એમ

બે નામ મળે છે. એ સિવાય માલાધર બસુ, કાશીરામ, કૃત્તિવાસ, વિપ્રદાસ, (કેતકાદાસ) ક્ષેમાનંદ, વિજયગુપ્ત, કંકણચંડી (મુકુન્દરાય ચક્રવર્તી) તથા ગૌરાંગ મહાપ્રભુ ચૈતન્યદેવના ભક્તિભાવની અસર નીચે વિદ્યાપતિ, જ્ઞાનદાસ, ગોવિંદદાસ, કવિ વલ્લભ, જેવા વૈષ્ણવ પ્રેમલક્ષણા ભક્તિના ગાયક કવિઓ ઉપરાંત શક્તિ ઉપાસક / કાલિ ઉપાસક શાક્ત કવિઓમાં રામપ્રસાદ સેન મુખ્ય છે. આ ઉપરાંત અઢારમી સદીના કવિ ભારત ચન્દ્રનું ગદ્ય – પદ્ય સાહિત્ય મધ્યકાલીન બંગાળી સાહિત્યની સમૃદ્ધ પરંપરા જાળવી રાખે છે.

બંગાળી ભાષામાં રામ પ્રસાદ, દીવાન રામલોચન અને કમલાકાંતના શાક્ત ગાનો ગવાય છે. એને માલસી, આગમની અને વિજયા કહેવામાં આવે છે. બંગાળના બ્રહ્માનંદ અને પુરણાનંદે આસામ તથા મણિપુરમાં તંત્રશાસ્ત્રનો પ્રચાર કરેલો.

બંગાળનો એક વિશિષ્ટ લોક સંપ્રદાય બાઉલ છે. પોતાની આત્મસાધના અને અધ્યાત્મની દુનિયામાં મસ્ત રહેનારા આ સંતકવિઓએ દિવ્યપ્રેમનું ગાન કર્યું છે. બાઉલ એટલે બાંવરો, પાગલ - સમાજનાં કે સંસ્કૃતિનાં, ધર્મનાં કે સાધના પરંપરાનાં કોઈ જ બંધનોને સ્વીકાર્યા વિના અભેદ દર્શનથી તેઓ માત્ર શરીરની / દેહની જ પ્રતિષ્ઠા કરીને પોતાનાં ગાન ગાય છે. ગાવું અને નાચવું એ તેમની સાધનાનું પ્રમુખ અંગ છે. બાઉલગીતોની કોઈ લિખિત પરંપરા મળતી નથી પરંતુ કંઠસ્થ પરંપરાએ આ ગીતો જળવાતાં રહ્યાં છે. આચાર્ય ક્ષિતિમોહન સેન તથા કવિવર રવિન્દ્રનાથે લાલન ફકીર તથા અન્ય કેટલાક બાઉલ કવિઓનાં બાઉલગાનો એકત્રિત કરેલાં છે. ક્ષિતિબાબુ કહે છે તેમ, દ્વૈત-અદ્વૈત, સાકાર-નિરાકાર, સગુણ-નિર્ગુણ વગેરેની માથાકૂટ બાઉલો કરતા નથી. બંગાળના બાઉલોમાં હિન્દુ-મુસલમાનનો ભેદ નથી. હિન્દુનો શિષ્ય મુસ્લિમ બને અને મુસ્લિમ ગુરુનો શિષ્ય હિન્દુ પણ હોય. એમાંથી જ દરવેશ, સાંઈ, કર્તા ભજા અને આઉલ વગેરે સંપ્રદાયોના બે પ્રકારની બાઉલો પૂંથ્યા – પોથીવાળા અને તથ્યા - તથ્યવાળા બંગાળમાં જોવા મળે છે.

બંગાળમાં આદિનાથ, મીનનાથ, ગોરખ, મૈનાવતી, ગોપીચંદ, પ્રભૃતિ વગેરેની વાણી આજે પણ ગવાય છે.

**પૂર્વ ભારતના તમામ પ્રદેશોમાં વ્યાપ્ત વિવિધ પંથ - સંપ્રદાયો :**

ઉત્તર પૂર્વ ભારતના બંગાળ તથા ઓરિસા વગેરે પ્રદેશોમાં 'નિરંજન પંથ' નામે પ્રાચીન યોગસાધના મૂલક અધ્યાત્મ સાધના પરંપરા પ્રચલિત હતી, જેનો પ્રભાવ આજે પણ છે. અને મધ્ય ભારત સુધી છેક પંજાબ, રાજસ્થાન, કચ્છ,



સિંધ સુધી 'નિરંજન પંથ'ના અનુયાયીઓ જોવા મળે છે.

નિરંજન પંથ, મહિમા પંથ, મુકુન્દ દેવ સ્થાપિત કુંભી પટિયા મત વગેરે પરંપરાઓ મૂર્તિ, મંદિર, બ્રાહ્મણોના વિરોધી હોઈ કોઈ પણ જાતિ-જ્ઞાતિની શ્રેષ્ઠતાને સ્વીકારતા નથી. માત્ર જ્ઞાન-સાધનાને શ્રેષ્ઠ ગણે છે. અને કોઈ પણ જ્ઞાતિનો ગુરુ કોઈ પણ જ્ઞાતિના શિષ્યને દીક્ષા આપે છે. એ સિવાય ખુશી વિશ્વાસી, સાહેબધની, રામ વલ્લભી, જગમોહની, બલરામી, ન્યાડા, સહજી, અઉવ, સાંઈ, સંયોગી, જદપતિયા, કર્તાભજા વગેરે દળો – પંથોમાં હિન્દુ-મુસ્લિમ કે જાતિ/પાંતિના ભેદ વિના દરેકને સમાન ભક્તિ સાધનાના અધિકારો અપાય છે.

**ઓરિસાનું સંતસાહિત્ય :**

પ્રાચીન સમયમાં કલિંગ અને ઉત્કલ નામે ઓળખાતા પ્રદેશને ઓડિશા કે ઓરિસા તરીકે આજે આપણે જાણીએ છીએ. એક સમયે આ પ્રદેશમાં ઓડ્ર જાતિનું આધિપત્ય હતું. ઓરિસા ભગવાન જગન્નાથની ભૂમિ છે. જગન્નાથ મૂળે તો શબર નામની આદિવાસી પ્રજાના દેવતા ગણાય છે પણ ધીરે ધીરે જૈન, બૌદ્ધ, તાંત્રિકો અને વૈષ્ણવોએ તેને અપનાવી લીધા. આર્ય અને દ્રવિડ સંસ્કૃતિનો સંગમ આ પ્રદેશમાં થયો છે અને શાબરી વિદ્યાનો પ્રચાર પ્રસાર આ ભૂમિમાંથી સમગ્ર ભારતવર્ષમાં થયો છે. ઓરિસા પ્રદેશની ચારે દિશાએ હિન્દી, બંગાળી અને તેલુગુ ભાષાઓ બોલાય છે. ઓડિયા ભાષા પણ બંગાળીની જેમ પૂર્વ અપભ્રંશમાંથી ઊતરી આવી છે.

ઓડિયા ભાષા-સાહિત્યના આદિકવિનું નામ છે સારળાદાસ. તેઓ સારળાદેવીના ભક્ત હતા તેથી પોતાનું નામ સારળાદાસ રાખેલું. તેમણે ઓડિયા ભાષામાં રામાયણ, મહાભારત અને ભાગવતના ત્રણ ગ્રંથો લખ્યા છે. એ પછી માર્કંડદાસ કેશવ નામના કવિએ 'કોઈલિ' પ્રકારનાં કાવ્યો લખ્યાં. સંસ્કૃત દૂતકાવ્યોની જેમ કોયલને મુખ્ય પાત્ર બનાવીને 'કેશવ કોઈઈ' ગ્રંથ દ્વારા ઓડિયા ભાષામાં તેમણે કોયલકાવ્યોની પરંપરા શરૂ કરી જે આજ સુધી ચાલુ રહી છે. એમાં જગન્નાથદાસનું શ્રીમદ્ ભાગવતનું અર્થઘટન આપતી ગ્રંથરચના 'અર્થકોઈલિ' મુખ્ય છે. એ સિવાય બલરામદાસ, જગન્નાથદાસ, અનંતદાસ, યશોવંતદાસ અને અચ્યુતાનંદદાસ જેવા પાંચ સખા સંત-ભક્ત કવિઓ ઉપરાંત રાધાકૃષ્ણના પ્રેમસંબંધને વર્ણવતાં કાવ્યો લખનાર વૈષ્ણવ કવિ રામાનંદરાવ તથા અલખધર્મની દીક્ષા લઈને નિર્ગુણ ઉપાસના કરનારા આદિવાસી સૂરદાસ પ્રજ્ઞાચક્ષુ ભીમ ભોઈની રચનાઓ આજે પણ ભજનમંડળીઓમાં ગવાય છે. તો કવિ ઉપેન્દ્રભંજ દ્વારા 'બૈદેહીશવિલાસ' નામનો રામાયણ આધારિત ગ્રંથ પણ ગવાય છે.

**સંતાલી ભાષાનું સંતસાહિત્ય :**

ભારતની પ્રાચીન ભાષાઓમાંની એક ભાષા તે સંતાલી ભાષા. એના સાહિત્યના બે વિભાગો વિદ્વાનો દ્વારા પાડવામાં આવ્યા છે. એક શિષ્ટ સાહિત્ય અને બીજું લોકકંઠે મૌખિક રીતે સચવાયેલું લોકસાહિત્ય. જે છેલ્લાં દોઢસો વર્ષથી બાંગલા, રોમન, ઓડિયા અને દેવનાગરી લિપિમાં લિપિબદ્ધ થતું રહ્યું છે. એમાં ધાર્મિક, નૈતિક, સામાજિક અને આર્થિક વિષયો પર આલેખન થયેલું જોવા મળે છે.

**મણિપુર રાજ્યનું સંતસાહિત્ય :**

મણિપુર ભારતના સુદુર ઉત્તરપૂર્વમાં વસેલું એક નાનકડું રાજ્ય છે. જે ઈ.સ. ૧૮૯૧ પહેલાં એક સ્વતંત્ર રાજા દ્વારા શાસિત દેશ હતો પણ એ પછી બ્રિટિશ સામ્રાજ્યમાં ભળ્યું અને ઈ.સ. ૧૯૪૭ થી ભારતીય ગણરાજ્યનું એક રાજ્ય બન્યું.

મણિપુરી ભાષા તિબ્ટો-બર્મન ભાષા પરિવારની એક સમૃદ્ધ ભાષા છે. જે બહુસંખ્યક મૈતે જનજાતિની માતૃભાષા છે. એમની પોતાની મૈતે લિપિ છે પણ અત્યારે બહુધા બાંગલા લિપિમાં તેનું સાહિત્ય પ્રકાશિત થાય છે. પ્રાચીન મણિપુરી સાહિત્ય શાસ્ત્રો-પુરાણો આધારિત ધાર્મિક ગીતો તથા કથાઓ અને ધાર્મિક વિશ્વાસો પર આધારિત છે. જ્યારે મધ્યકાલીન મણિપુરી સાહિત્ય હિન્દુ-ધર્મની વિવિધ સંત-પરંપરાઓ તથા ભક્તિસાધનાથી પ્રભાવિત છે. જેમાં કવિ કમલ, ચાઓબા, અડાહલ જેવા સર્જકો મુખ્ય છે.

**નેપાળી તથા બોડો જાતિનું સંતસાહિત્ય :**

નેપાળી ભાષા ભારતના ગોરખા સમાજની ભાષા હોવાને કારણે ભારતની સંવૈધાનિક માન્યતા પ્રાપ્ત એક આધુનિક ભારતીય ભાષા છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધીનાં વિવિધ રાજ્યોમાં વસતા ગોરખા-ગુરખાઓ દ્વારા બોલાતી ગોરખા ભાષામાં પણ જ્ઞાન, યોગ, ભક્તિ અને ઉપદેશનાં તત્ત્વો ધરાવતી કંઠસ્થ પરંપરાની સંતવાણી ગવાય છે. જ્યારે બોડો જનજાતિનું સાહિત્ય બોડો ભાષામાં મૌખિક પરંપરામાં અને છેલ્લાં પચાસેક વર્ષથી લિખિત રૂપમાં દેવનાગરી લિપિમાં પ્રકાશિત થતું રહ્યું છે.

અત્યારે સમયનો અભાવ હોઈ પૂર્વ ભારતના વિવિધ પ્રદેશોના સંતસાહિત્યની માત્ર આછેરી રૂપરેખા જ અહીં પ્રસ્તુત કરી છે, રચનાઓના ઉદાહરણ કે દરેક સર્જકનો પરિચય નથી આપી શકાયો તો ક્ષમાયાચના સાથે મારી વાણીને વિરામ આપું છું. ધન્યવાદ....

૨

# સ્વામિનારાયણ સંપ્રદાયના નિષ્કુળાનંદ સ્વામીની રચનામાં ગુરુભક્તિ

**ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા**

રાગ અને ત્યાગ વચ્ચે ઝોલાં ખાતા વિશ્વમાં માત્ર સ્વામી સહજાનંદનો રાગ અને જગતનાં સર્વ સુખસંપત્તિ પ્રત્યેનો વૈરાગ્ય કેળવેલ એક સંતપુરુષ થઈ ગયા જેમનું નામ નિષ્કુળાનંદ સ્વામી (પૂર્વાશ્રમનું નામ લાલજી) હતું. ''આ લાલજીનો જન્મ જામનગર પાસે શેખપાટ ગામે સંવત ૧૮૨૨માં વસંતપંચમીના શુભ દિવસે પિતા રામભાઈ સુથાર તથા માતા અમૃતબાને ત્યાં થયેલો.''[૧] આ કુટુંબ કારીગર અને ખાનદાન હતું. ઘર સાધારણ હતું, પણ સંસ્કારથી નીતરતું હતું એટલે છીપમાં મોતી જન્મે એ સ્વાભાવિક છે. પિતા રામભાઈ ગુર્જર સુતાર હતા અને રામાનંદ સ્વામીના ભક્ત હતા. એમને ત્યાં પુત્રજન્મ થયો હતો. તેનું નામ કૃષ્ણના વહાલસોયા નામ 'લાલજી' જેવું 'લાલજી' રાખવામાં આવ્યું. લાલજી મોટો થતાં પિતાની કોઢ(દુકાન)માં સુતારી કરવા લાગે છે ને કારીગર તરીકે પંકાય છે અને રામનું રટણ પણ કરે છે. આ લાલજીના હાથમાં સમય જતાં માળા અને ઝોળી હશે એ કોને ખબર હતી ? તેમની કારીગરીથી સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરો શોભતાં હશે એવા ભાવિના ભીતરના ભદ કોણ ખોલી શક્યું હતું ? સુતારીકામ કરતાં આ પરિવાર પાસે દસ-બાર ભેંસો, ગાડું-બળદ અને ઘોડી પણ હતાં. આવા સમૃદ્ધ ઘરમાં મોટા થતા લાલજીને પિતાએ યોગ્ય વય થતાં કંકુબાઈ સાથે પરણાવી

દીધા અને ત્યાર પછી લાલજીને ઘરે સંવત ૧૮૫૬માં પ્રથમ અને સંવત ૧૮૫૯માં બીજા પુત્રનો જન્મ થયો. તેમનાં નામ અનુક્રમે માધવજી અને કાનજી રાખ્યાં, પરંતુ પૂર્વજન્મના કોઈક કર્મે યુવાન લાલજીમાં વૈરાગ્યનાં લક્ષણો પ્રગટ થવા લાગ્યાં. કામમાંથી નવરાશ મળતી ત્યારે પ્રભુસ્મરણમાં મન પરોવતા. રાત્રે શેખપાટથી દૂર એક મહાદેવના મંદિરે જતા. ત્યાં મૂળજી શર્મા (પાછળથી ગુણાતીતાનંદ સ્વામી તરીકે પ્રસિદ્ધ થયા) પણ આવતા. બન્ને આખી રાત ભગવદ્ સ્વરૂપોનું સ્મરણ કરતા અને મળસ્કે પોતપોતાના ઘરે જઈ કામે વળગી જતા. લાલજીનું કુટુંબ સ્નેહભીનું હતું. આવા વાતાવરણમાં લાલજીના યુવાન હૈયામાં લાકડું ઘડતાં ઘડતાં વૈરાગ્યનું ઘડતર પણ થતું જતું હતું. તેની ગણના એક ડાહ્યા અને જ્ઞાની માણસ તરીકે થવા લાગી હતી. આમ છતાં લાલજીનું મન કોઈ વાતે સંસારમાં માનતું ન હતું.

લાલજીને બધું જ ત્યાગીને વૈરાગ્ય ધારણ કરવાની લગની લાગી હતી. ત્યારે તેઓ વિચારતા કે જો હું મારી ત્યાગભાવનાને વૈરાગ્યનો પાકો રંગ નહિ ચઢાવું તો 'બાવાના બેય બગડશે; નહિ રહું સુતાર કે નહિ બનું સાધુ. અંતે લાંબા મનોમંથન બાદ તેમણે વૈરાગી બની પરમતત્ત્વને પામવાની મનમાં ગાંઠ બાંધી. આ માટે તેઓ વૈરાગ્યવાન સાધુની શોધમાં લાગ્યા. એ સમયે રામાનંદ સ્વામી એના શિષ્યમંડળ સાથે સૌરાષ્ટ્ર-કચ્છમાં ફરી જનતાને ઉપદેશ આપતા હતા. એક દિવસ લાલજી અને મૂળજી શર્મા (ગુણાતીતાનંદસ્વામી) એમનાં દર્શને ગયા. ત્યારે રામાનંદસ્વામીએ બન્નેની સાત્ત્વિક ભાવના જોઈ એમને ગુરુમંત્ર આપી વૈષ્ણવી કંઠી બાંધી. લાલજીએ સ્વામીને તેમની સેવામાં રાખવાની વિનંતી કરી, પણ સ્વામીએ કહ્યું ધીરજ રાખો, સમય આવ્યે બોલાવી લઈશું. એમ કહી ઘરે પાછા વાળ્યા. ત્યાર બાદ રામાનંદ સ્વામીના સ્વધામગમન બાદ લાલજી ભક્તના આમંત્રણથી સહજાનંદ સ્વામી સંવત ૧૮૬૦ના વસંતપંચમીના શુભ દિવસે શેખપાટ લાલજી ભક્તના ઘરે પધારી ત્યાં વસંત મહોત્સવ ઊજવ્યો. ત્યાંથી સહજાનંદ સ્વામીને કચ્છ તરફ જવું હતું, પણ કચ્છનો રસ્તો તેમનાથી અજાણ્યો હતો એટલે તેને ભોમિયાની જરૂર હતી, એ માટે લાલજી ભક્ત પોતે જ તેના ભોમિયા તરીકે જોડાયા છે. આ પ્રવાસ દરમિયાન સહજાનંદ સ્વામી લાલજી ભક્તની વારંવાર કસોટી કરે છે, પણ વૈરાગ્યને વરેલા લાલજી ભક્ત ચલિત થયા નહિ. અણધાર્યું કરાવે અને અણચિંતવ્યું આપે એ જ દિવ્યપુરુષ કહેવાય. આખરે આ ભક્તની મુમુક્ષતાની કસોટીથી પ્રસન્ન થઈ સહજાનંદ સ્વામીએ એમની મૂછ અને ચોટલી કાતરી નાખી, જૂનાં લૂગડાં ઉતરાવી કૌપીન અને અલફી ધારણ કરાવી માથે ટોપી પહેરાવી તેનું રૂપ બદલાવ્યું. એમ કહેવાય છે કે ''સંવત ૧૮૬૦ના માઘ સુદી



પંચમીએ શેખપાટમાં વસંતોત્સવ કરી સહજાનંદ સ્વામી અધોઈ પધાર્યા હતા અને ત્યાં જ કસોટીમાંથી પાર ઊતરેલા લાલજીને દીક્ષા આપી હતી. તેથી લાલજીનો દીક્ષાજન્મ પણ આ જ માસમાં છે એ નિશ્ચિત છે''[૨] લાલજીનું રૂપ બદલાયું. હવે નામ પણ બદલવું જોઈએ એટલે સહજાનંદ સ્વામીએ તેમનું નામ નિષ્કુળાનંદ સ્વામી પાડ્યું. ઘરે કોઈને કહેણ પણ મોકલ્યા વિના લાલજી કુળ ત્યજી નિષ્કુળ થયા. એમની કસોટી હજી અધૂરી હોય તેમ સહજાનંદ સ્વામીએ એમને એમના સસરાને ત્યાં જ ઝોળી લઈ ભિક્ષા માગવા મોકલ્યા, નિષ્કુળાનંદ સ્વામી એ પણ કરે છે. નિષ્કુળાનંદ સ્વામીનો સાધુપણાનો અલૌકિક આનંદ આ સંપ્રદાયના સાધકોને સદાકાળ પ્રેરણા આપતો રહેશે. લાલજીએ આમ અંતરિયાળ ભેખ ધરી લીધો. બધું જ ત્યાગીને સહજાનંદ સ્વામીની સેવામાં લાગી ગયા. થોડો સમય તેમનાં સગાં-સંબંધીઓએ નિષ્કુળાનંદને ભેખ છોડાવી પુનઃસંસારમાં ખેંચવાના પ્રયાસ કર્યા, પણ તેઓ સફળ ન થયા. નિષ્કુળાનંદ સ્વામી સહજાનંદ સ્વામીથી ૧૫ વર્ષ મોટા હતા, છતાં તેમણે પોતાના જીવનકાળ સુધી દીક્ષાગુરુ સહજાનંદ સ્વામીની પરમેશ્વર રૂપે આરાધના કરી અને સહજાનંદ સ્વામીના અક્ષરધામગમન પછી પણ અઢાર વર્ષ સુધી તેમના જીવનસંદેશનો પોતાની વાણી અને વ્યવહાર દ્વારા પ્રચાર કર્યો. આયુષ્યના છેલ્લા સમયમાં તેઓ બીમાર પડ્યા. અંતે ૪૧ વર્ષ સુધી સંસારી અને ૪૧ વર્ષ સુધી વૈરાગીનું ભર્યુંભર્યું ૮૨ વર્ષનું જીવન જીવી નિષ્કુળાનંદ સ્વામીએ સંવત ૧૯૦૪માં ધોલેરામાં દેહત્યાગ કર્યો.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં અષ્ટનંદ કવિઓમાં સ્થાન પામેલા વૈરાગ્યમૂર્તિ કવિ નિષ્કુળાનંદ સ્વામીનાં સઘળાં સર્જનમાં શંકરાચાર્યના જગતમિથ્યાના માયાવાદનું જાણે આબેહૂબ પ્રતિબિંબ પડે છે. ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ઈશ્વરની ઉપાસનાના ત્રણ રાજમાર્ગો છે, તે ત્રણેયની સાચી સમજ તેમણે પદો, ભજનો, ધોળ અને અન્ય કૃતિઓમાં વૈવિધ્યસભર રીતે આપી છે. નિષ્કુળાનંદની ભક્તિકવિતા માત્ર તેના સંપ્રદાયમાં જ નહિ, પણ સમગ્ર ગુજરાતી ભક્તકવિતાની પરંપરામાં નોંધપાત્ર સ્થાન મેળવે તેવી સબળ અને સમર્થ છે. જગતની માયાજાળમાં સપડાયેલા અને સંકુચિતતાનો ભોગ બનેલા માનવમનમાં ધાર્મિકતાની સાચી તેજરેખા પ્રગટાવવા મથતી તેમની કવિતા સાત્ત્વિકતાની દીવડીની જેમ પ્રકાશે છે. તીવ્ર વૈરાગ્યભાવનું પ્રગટીકરણ એ જ જાણે કે તેમની કવિતા છે. તે મનુષ્યને સન્માર્ગે ચઢાવી સત્યધર્મનો પરિચય કરાવી જાય છે. નિષ્કુળાનંદ સ્વામીનો વૈરાગ્યભાવ અને પ્રભુપ્રીતિ પવિત્ર અને કલાત્મક વાણીના માધ્યમથી વ્યક્ત થાય છે. તેમની કાવ્યબાની વારેવારે વાંચવી, વિચારવી અને આચારમાં ઉતારવી ગમે એવી છે. આ કવિએ અખાની જેમ અવરને તેમ જ સત્સંગીઓને પણ ઠીક સપાટામાં લીધા છે. આડંબર-દંભ પર

તેમનાં અરુચિ અને આક્રોશ ઘણાં પદોમાં પ્રગટે છે.

**નિષ્કુળાનંદ સ્વામીની કૃતિઓ :**

| | |
|---|---|
| (૧) નિષ્કુળાનંદ સ્વામીનાં પદો | (૧૪) અવતારચિંતામણિ |
| (૨) યમદંડ | (૧૫) ધીરજાખ્યાન |
| (૩) મનગંજન | (૧૬) લગ્નશુકનાવલિ |
| (૪) સ્નેહગીતા | (૧૭) સારસિદ્ધિ |
| (૫) અરજ વિનય | (૧૮) હૃદયપ્રકાશ |
| (૬) ભક્તચિંતામણિ | (૧૯) હરિબળગીતા |
| (૭) ગુણગ્રાહક | (૨૦) પુષ્પચિંતામણિ |
| (૮) હરિવિચરણ | (૨૧) ચિહ્નચિંતામણિ |
| (૯) વચનવિધિ | (૨૨) વૃત્તિવિવાહ |
| (૧૦) કલ્યાણ નિર્ણય | (૨૩) શિક્ષાપત્રી ભાષા |
| (૧૧) ચોસઠ પદી | (૨૪) વ્રેહના બાર મહિના |
| (૧૨) પુરુષોત્તમ પ્રકાશ | (૨૫) ભક્તિનિધિ |
| (૧૩) હરિસ્મૃતિ | |

ભારતવર્ષના સ્વધર્મો અને સંપ્રદાયો ‘ગુરુમુખી’ અને ગુરુને જ પરમદેવ માનવાવાળા છે. આપણે ત્યાં પરમતત્ત્વ કે પરમપદ પ્રાપ્ત કરવાનો માર્ગ ગુરુગમ્ય છે એમ સામાન્યતઃ સ્વીકારાયું છે. જેણે એ તત્ત્વ કે પદ પામ્યું છે - અનુભવ્યું છે તે બીજાને પ્રાપ્ત કરાવી શકે-કરવામાં મદદ કરી શકે એ સદ્‌ગુરુ છે. આવા પરમપદની પ્રાપ્તિમાં અગત્યનું સ્થાન ભોગવી શકે એ આપણી ગુરુપરંપરા છે. એ રીતે આપણા બધા સંપ્રદાય એ ગુરુ સંપ્રદાય છે. આમ તો હિન્દુ ધર્મ પ્રમાણે આખું જગત ઈશ્વરે સર્જેલું છે, અણુ અણુ પ્રભુપ્રેરિત છે, પણ જે સ્થાનકમાં એનું સારામાં સારું દર્શન થાય એ સ્થાનક ગુરુમૂર્તિ છે. જગતમાં સૌથી વિકસિત પ્રાણી મનુષ્ય છે એ ખરું હોય કે ન હોય, પણ મનુષ્યમાં વિકાસને શિખરે પહોંચેલો પુરુષ ગુરુ જ હોઈ શકે, આ રીતે ઈશ્વરભક્તિ માટે ગુરુ એ પરમ દૈવત છે એટલે જ આપણે ત્યાં સર્વ ધર્મો અને સંપ્રદાયોમાં ગુરુમહિમા ખૂબ જ શ્રદ્ધા અને ભક્તિભાવથી સ્વીકારાયો છે અને એટલે જ ગુરુમહિમા વ્યક્ત કરતાં પદો-ભજનો-કૃતિઓ પણ વ્યાપક પ્રમાણમાં સર્જાયાં છે. જૈનકવિઓ, કબીરપંથી કવિઓ, નાથપંથ, મહાપંથના સંતો, પરબ પરંપરાના સંતો, ગંગાસતી, તોરલદે અને અન્ય સંતકવિઓનાં સર્જનોમાં ગુરુમહિમા ભાવપૂર્વક ગવાયો છે.

સ્વામિનારાયણ સંપ્રદાય પણ આ રીતે મૂળ તો ગુરુ-સંપ્રદાય જ છે, પણ



કિશોરલાલ મશરૂવાળા નોંધે છે કે —

‘‘પ્રત્યેક ગુરુ સંપ્રદાયમાં જે રીતે આદિગુરુ કે ભૂતકાળના અવતારોને અથવા બીજા દેવને ઇષ્ટ તરીકે સ્વીકારેલા જોવામાં આવે છે એમ જ ઇષ્ટદેવનો સંપ્રદાય બન્યો ત્યારથી દીક્ષાગુરુ હોવા છતાં, સહજાનંદ સ્વામીને જ સત્સંગીઓએ-સાધુઓએ ઇષ્ટદેવ સ્વીકાર્યા.’’

(સ્વામિનારાયણ સંપ્રદાય- પૃ. ૧૦, કિશોરલાલ મશરૂવાળા)

આ સંપ્રદાયના નિષ્કુળાનંદ, બ્રહ્માનંદ, નિત્યાનંદ, પ્રેમાનંદ, દેવાનંદ આદિ નંદસંતોને સહજાનંદ સ્વામીએ દીક્ષા આપી પોતાના શિષ્યમંડળમાં સ્થાન આપેલું, પણ આ સંતોએ સહજાનંદ સ્વામીને પોતાના દીક્ષાગુરુ હોવા છતાં કિશોરલાલ મશરૂવાળાએ કહ્યું તેમ તેને ઇષ્ટદેવ સ્વરૂપે જ નિહાળ્યા અને પોતે જે વિપુલ કાવ્યસર્જન કર્યું તેમાં સહજાનંદ સ્વામીનો ભગવાન સ્વરૂપે જ મહિમા ગાયો.

નિષ્કુળાનંદ સ્વામી પોતાની ‘ચોસઠ પદી’ નામની રચનામાં સંતનાં લક્ષણો જણાવી સાચા સંતનો સમાગમ કરવાનો બોધ આપે છે. તેમાં સહજાનંદ સ્વામીને સાચા સંત ગણાવી પ્રત્યક્ષ પ્રભુ ગણાવ્યા છે. આ રચનાની કેટલીક પંક્તિઓ જોઈશું તો આપણને એ વાતનો ખ્યાલ આવશે.

*એવા સંતતણી ઓળખાણ, કહુ સાંભળો*
*પછી સોંપી તેને મન પ્રાણ, એ વળે તેમ વળો.*

* * * * *

*એવા સંત મળ્યે સ્વામી, ખામી કોયે ના રહી*
*કહે નિષ્કુળાનંદ શિશ નામી, સાચી સહુને કહી.*

* * * * *

*ઘણાં મોંઘાં જે ઘનશ્યામ, નાવે નજરે ન મળે કોઈને રે,*
*અક્ષરવાસી આહુ જામ, જેને રહ્યા છે અખંડ જોઈને રે.*
*એવા મળ્યા છે મહારાજ, જે કોય સર્વના શ્યામ છે રે,*
*વળી રાજ એ અધિરાજ છે, જે કોય સર્વના શ્યામ છે રે.*

* * * * *

આમ નિષ્કુળાનંદ સ્વામી સહજાનંદ સ્વામીને સાચા સંતની કક્ષાએથી ભગવાન સ્વરૂપે વર્ણવે છે. અને ઘણા મોંઘેરા એવા ઘનશ્યામ (સહજાનંદ સ્વામી)ને શ્યામનું સ્વરૂપ ગણાવે છે. માત્ર નિષ્કુળાનંદ સ્વામીને જ નહિ, પણ આ સંપ્રદાયના

બધા જ નંદ સંતોએ દીક્ષાગુરુ સહજાનંદ સ્વામીની ભગવાન સ્વરૂપે જ આરાધના કરી એનો મહિમા ગાયો છે. 'હરિબળગીતા'માં પણ નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના ગુરુ સહજાનંદ સ્વામીએ હરિરૂપે સ્વીકારી જીવનમાં તેનું જ બળ રાખવાનો બોધ આપ્યો છે.

**નિષ્કુળાનંદ સ્વામી રચિત 'હરિબળગીતા'**

નિષ્કુળાનંદ સ્વામી રચિત 'હરિબળગીતા' એ ૪૪ કડવાં અને ૧૧ પદના કુલ મળીને ૪૦૦ ચરણમાં લખાયેલી છે. આ કૃતિને વિષયસામગ્રીની દૃષ્ટિએ સાહિત્યિક દૃષ્ટિએ તપાસીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે આ કૃતિ સ્વામિનારાયણ સંપ્રદાય અને તેના ઇષ્ટ આરાધ્ય સહજાનંદ સ્વામીની ભાવના વ્યક્ત કરતી રચના છે, જે મધ્યકાલીન ભક્તિકવિતાની પરંપરાને જ અનુસરે છે. જે તફાવત પડે છે તે નિષ્કુળાનંદ સ્વામીની કાવ્યકલાનો જ છે. અહીં કવિએ અન્ય સર્વ સાધનો કરતાં પ્રભુનાં આશ્રય અને ઐશ્વર્યનું શ્રેષ્ઠત્વ સમજાવ્યું છે. પ્રથમ કડવામાં જ તેઓ આ રીતે –

*નામ નિર્ભય નિગમ કહે, જે સમરતાં સંકટ ટળે,*
*દુષ્કૃત જેહ દેહધારીનાં, તેહ પાપનાં પુંજ પળ,*
*પુરુષોત્તમ પ્રગટનું, નામ નિર્ભય નિસાણ,*
*જે જન જીભે ઉચ્ચરે, તે પામે પદ નિર્વાણ.* (કડવું - ૧)

એમ કહી અજામિલ આદિનો ઉલ્લેખ કરી નામસ્મરણથી પતિત પણ ભવપાર પામે છે તે સમજાવે છે. અહીં કવિ નિષ્કુળાનંદ પોતાના દીક્ષાગુરુ સહજાનંદ સ્વામીને પ્રગટ પુરુષોત્તમ ગણાવી તેને ઈશ્વરનું સ્વરૂપ માને છે. માનવીના હૃદયને સ્વચ્છ, નિર્મળ અને માયારહિત કરવાનો કવિનો હેતુ છે, એટલે કે સર્વ સાધનોમાંથી ઉપાયબુદ્ધિનો ત્યાગ કરી એકમાત્ર ભગવાનમાં જ ઉપાયબુદ્ધિ રાખવી એ જ 'હરિબળગીતા'નો ગૂઢાર્થ છે. ભગવાન મારા સમર્થ સ્વામી છે. તે પરમ ઉદાર અને ભક્તવત્સલ છે. તે રક્ષણ કરશે જ તેવા મહાવિશ્વાસ સાથે ઈશ્વરોપાસના કરવી એવી ભાવબોધ યુક્ત વિષયસામગ્રી કવિએ નિરૂપી છે. શ્રુતિ અને સ્મૃતિમાં જે વિધિનિષેધો છે એ જ ભગવાનની આજ્ઞા છે માટે વિધિ પ્રમાણે વર્તવું અને નિષેધથી નિવૃત્ત થયેલું. આ સિવાય ભગવાનને અનુકૂળ બીજું કશું નથી. કલિયુગમાં ભગવાન નામની મહત્તા સર્વથી અધિક રહેલી છે. તેમને જ ઉપાયપણે માનવા તેને બળ કે શરણાગતિ કહેવામાં આવે છે, એટલે કવિએ કૃતિનું શીર્ષક 'હરિબળગીતા' એવું રાખ્યું છે.

પરમપ્રાપ્ય વસ્તુ જેમ પરમાત્મા છે, તેમ તેમની પ્રાપ્તિનો મુખ્ય ઉપાય



પણ પરમાત્મા જ છે, તેથી એ ઉપાયની અતિશ્રેષ્ઠતા છે. કળિયુગમાં ભગવાનના નામની મહત્તા સર્વથી અધિક છે એમ શાસ્ત્રો પણ કહે છે. અન્ય ઉપાયો તો તૈયાર નથી, એટલે સિદ્ધ કરવા પડે, પણ હરિનું નામ તો તૈયાર જ છે, સુલભ છે, સર્વાધિકાર અને સર્વફળ આપનારું છે. માટે માનવીએ પોતાના રક્ષણ માટે અન્ય કોઈ પણ ઉપાય કરવાને બદલે ભગવાનની સમીપ જઈને 'મારે તો તમો એક જ ઉપાય છો, બીજો કોઈ નથી' એવા મહાવિશ્વાસ સાથે પ્રાર્થના કરવી અને ઈશ્વરની સંપૂર્ણપણે શરણાગતિ સ્વીકારવી, પણ જેમ યોગમાર્ગમાં સમાધિનાં આઠ અંગ કહ્યાં છે તેમ અહીં પણ કેટલાક નિશ્ચય સાથે પ્રભુને શરણે જવાની વાત કવિ કરે છે.

એક તો શરણપણે સ્વીકારેલા ભગવાનની મરજી પ્રમાણે જ કરવું અને બીજું તેમની મરજી વિરુદ્ધ કાંઈ ન કરવું. જો આ પ્રમાણેનું અનુસરણ ન થાય, તો શરણાગતિનો ભંગ થાય, માટે શરણ્ય સ્વામીની વદરૂપી આજ્ઞા શરણાગત સેવકે અનુસરવી જ જોઈએ. ત્રીજું ભગવાનનો મહાવિશ્વાસ રાખવો, એટલે કે ''મેં અપાર પાપો તથા અપરાધો કર્યા છે અને મોક્ષ તો બહુ દુર્લભ છે - અસાધ્ય છે, માટે મારું રક્ષણ ભગવાન કઈ રીતે કરશે ?'' એવો સંશય થવાનો છે. આવો સંશય થાય તોપણ શરણાગતિનો ભંગ થાય. માટે જ કવિ આ રચનામાં વારેવારે માત્ર હરિનું જ બળ રાખવાનો બોધ આપે છે. જુઓ –

*સમજે બળ સાધનનું, તો સુખ ન રહે કાંય*
*માટે બળ મહારાજનું રાખવું રુદિયામાંય*
*તેહ વિના અપરાધ ટાળવા, અન્ય નથી ઉપાય.* (કડવું - ૭)

*ભરી ગોળી વારિ વલોવતા રે, ઊતરે નહિ માખણ કાંય,*
*માટે મનમાં મોટો માનવો રે, પ્રગટ પ્રભુનો પ્રતાપ,*
*નિષ્કુળાનંદ તેહ નરનાર, ટળી જાય અંતરતાપ.* (પદ - ૨)

*કાયરની સહિત બોલવું, નાવે શૂરાતન સોય*
*નપુંસક નરથી નારને, પુત્રની પ્રાપ્તિ ન હોય*
*માટે હૈયે હિંમત ધરો અને કરો ખરો ખેલ*
*નિષ્કુળાનંદ નાથજી, થાશે રાજી અલબેલ.* (કડવું - ૯)

*મેલી પ્રતાપ મહારાજનો અને ગાયો પોતાનો ગુણ*
*આજ પહેલાં પડ્યા કંઈ, કહોને તે તર્યા કુણ*
*માટે ભરોસો ભગવાનનો રાખવો અતિશય ઉર*
*નિષ્કુળાનંદ એહ વારતા, અચલ જાણો જરૂર.* (કડવું - ૧૬)

આમ નિષ્કુળાનંદ સ્વામી વારેવારે દૃઢતાપૂર્વક જણાવે છે કે ભગવાન સમર્થ, ઉદાર અને ભક્તવત્સલ છે તે રક્ષણ કરશે જ, પણ ઉચિત પ્રાર્થનાની તે અપેક્ષા રાખે છે અને જે કોઈ એના આશરે ગયા છે તેનો તેમણે ઉદ્ધાર કર્યો છે, જુઓ –

*જે જે જન એને આશર્યા, તે સર્વ થયા ધન્ય ધન્ય*
*ગોપીને ગોવાળબાળ, ગાય ગોધાને વત્સ વળી*
*અને...*
*કુબજા વળી કંસ આદિ શાલવ ને શિશુપાળ*
*એવાને અભયપદ આપ્યું બીજો કોણ એવો દયાળ.* (કડવું - ૧૭)

આમ ગોપીઓ ને ગોવાળો તો ખરા જ, પણ અઘાસૂર, બકાસૂર, શિશુપાલ જેવા પાપીઓનો ઉદ્ધાર પણ ભગવાને કર્યો છે. કવિ કહે છે કે આત્મનિક્ષેપ એટલે આત્મા આત્મીયનો સર્વભાર ભગવાનને અર્પણ કરી દેવો અને બીજું કૃષણપણું-દીનપણું રાખવું. હું 'અકિંચન-અનન્યગતિ અસમર્થ' છું એવું અનુસંધાન રાખવું. આવાં અંગો-નિશ્ચયો સિદ્ધ થાય ત્યારે જ શરણાગતિ સિદ્ધ થાય.

અહીં એવો પ્રશ્ન થાય-આશંકા જન્મે કે જેમણે બહુકાળથી પાપનો સંચય કર્યો હોય તે શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્તાદિ કર્યા વિના કેવળ પ્રાર્થના માત્રથી દૂર કેમ થાય? આ શંકા અને પ્રશ્નના નિરાકરણ રૂપે અહીં કહેવાયું છે કે પ્રથમ તો શાસ્ત્રોમાં કહેલાં સાધનો કેવી રીતે ફળ આપે છે તેનો વિચાર કરવો જરૂરી છે, કેમ કે હરિ સિવાયનાં સર્વ સાધનો અચેતન, અસર્વજ્ઞ અને અસમર્થ હોવાથી સ્વયં ફળ આપવા સમર્થ નથી એટલે તેમાં કોઈ સર્વજ્ઞ ફળ આપનારા ચેતનની જરૂર પડે છે અને એ ચેતન છે શ્રી હરિ. સર્વ સાધનો તેની પ્રસન્નતાથી જ સફલિત થાય છે, એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે મુખ્ય ઉપાય ભૂત ભગવાન જ છે. ભગવાન તો નિરવિધ અને કરુણાનિધિ છે. તે અકિંચન શરણાગતને પ્રસન્ન થઈને પોતાનું પદ આપી દે છે. બધાં જ સાધનો કરતાં 'હરિ'નું માત્ર 'નામસ્મરણ' જ બળવાન છે. આના દૃષ્ટાંત રૂપે તેઓ કહે છે –

*ગજ ગણિકા અજામિલ આદિ, ભજી નામ થયા ભવપાર,*
*પતિત પાવન નામ હરિનું, એથી પામ્યા અનેક ઉદ્ધાર.*
*ધ્રુવ પ્રહ્લાદ ને દ્રૌપદી, થયા નામ ભજીને નિશંક,*
*પાણી ઉપર પાષાણ તર્યા, તે પણ નામ ને અંક.* (કડવું - ૩૨)

આમ નિષ્કુળાનંદ ભગવાનના નામસ્મરણનો મહિમા સમજાવી આશંકિતની શંકાનું સમાધાન કરે છે. સંસારરૂપ દાવાનળથી અત્યંત ભય પામેલા અને પોતાના



જ એકમાત્ર શરણે આવેલા ભક્ત પર ભગવાન પ્રસન્ન કેમ ન થાય ? અને કેમ પોતાનું પદ ન આપે ? શું પોતે અસમર્થ છે ? સર્વજ્ઞ નથી ? ભક્તવત્સલ નથી ? ભગવાન તો સમર્થ, સર્વજ્ઞ અને ભક્તવત્સલ છે જ - તે પરમપદ આપશે જ, પણ એ છે કે મનુષ્યે માત્ર તેમનું જ બળ રાખવું જોઈએ.

પ્રભુના પ્રભુત્વ પર પ્રકાશ પાથરવામાં નિષ્કુળાનંદ સ્વામીએ પોતાનું હૃદય ઠાલવ્યું છે, તેમ તેનું ભક્તપણું પણ કૃતિમાં તાણાવાણાની જેમ સુશ્લિષ્ટ વણાટમાં વણાઈ એક પટ બની ગયું છે. માનવીના જીવનમાં બાહ્ય શત્રુઓ કરતાં રાગ, દ્વેષ, મોહ, માયા જેવા આંતરશત્રુઓનો નાશ કરવા માટે હરિનું નામ અને હરિનું બળ જ આવશ્યક છે. ''હરિબળગીતા'' અજિત આંતરશત્રુઓને જીતવા માટે હરિ એ જ બળ છે એવું પ્રતિપાદન કરતી અને સ્વરૂપનિષ્ઠા પર ભાર મૂકતી કૃતિ છે.''[૩]

સ્વામિનારાયણ સંપ્રદાયે એ સમયે સમાજસુધારાની ઝુંબેશ ચલાવેલી. 'હરિબળગીતા'માં કવિ માત્ર હરિનું જ બળ રાખવાની વાત કરી સંકટોમાંથી મુક્ત થવાના અન્ય ઉપાયો જેવા કે દોરા-ધાગા-મંત્ર-તંત્રનો આશરો લેવો... વગેરેથી દૂર રહેવાનું સૂચવે છે. એ બધા ઉપાયો તો ઈશ્વરથી દૂર થવા સમાન છે. માનવીને અજ્ઞાન અને વહેમમાંથી મુક્ત થવાનો બોધ આપતા નિષ્કુળાનંદ સ્વામી એ રીતે સમાજના જાગ્રત પ્રહરી અને સુધારક લાગે છે. પોતાની દલીલની પુષ્ટિ માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે જ્યાં સુધી દ્રૌપદીને એમ હતું કે મારા મહારથી અને સમર્થ પતિઓ મારી રક્ષા કરશે, પણ અંતે એમને હરિના બળનો આશરો લેવો પડ્યો હતો.

ગજેન્દ્રને પણ પોતાના બળનો ગર્વ હતો તેથી તેને કષ્ટ સહન કરી અંતે હરિના બળનું શરણ લેવું પડ્યું. આવાં અનેક દૃષ્ટાંતો આપી નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે જીવાત્માએ હરિ સિવાય કોઈનું બળ રાખવું નહિ.

'હરિબળગીતા'ને ભાષાની દૃષ્ટિએ જોઈએ તો કવિએ સાવ સાદા છતાં સચોટ અને હૃદય સોંસરવા ઊતરી જાય એવા શબ્દો પ્રયોજ્યા છે. સામાન્ય ભાવક પણ પામી શકે એવી સરળ છતાં સરળ ભાષા એ નિષ્કુળાનંદ સ્વામીની ખાસિયત છે. તેમનું લક્ષ્ય હરિના નામ માત્રનો પ્રભાવ વર્ણવવાનું છે. એ માટે તેમણે....

*ભવજળ તરવા ઘનશ્યામ નામ નાવજી,*
*આવી બેસે એમાં કોઈ રંક કે રાવજી.*
*પામે ભવપાર સે જે સ્વભાવજી,*
*તેહ વિના તરવા અન્ય ન ઉપાયજી.* (કડવું - ૩)

એવી સાવ સરળ છતાં અસરકારક બાનીનો આશ્રય લીધો છે. પરિણામે

સામાન્ય માનવી સુધી પોતાની વાત પહોંચાડવાનું કવિનું લક્ષ્ય સિદ્ધ થાય છે. ઉપમા આદિ અલંકારો, ઘરેલું તેમજ પૌરાણિક દૃષ્ટાંતો આ કૃતિના પદ્યને અસરકારક બનાવે છે. તો –

*જાણો જન સમર્થ ભગવાન,*
*એ જીવનું જોર ન જાણવું રે, અમથું કરે અભિમાન.*
*કર્યું ન થાઈ કોઈનું રે, નર નિર્જરથી નિદાન.* (પદ - ૬)

જેવા પદમાં તો નિષ્કુળાનંદની ભાષા દયારામ અને સ્વામિનારાયણ સંપ્રદાયના જ કવિ પ્રેમસખી પ્રેમાનંદની ભાષા જેવી મંજુલ-મધુર છે. કૃતિમાં આવતાં પદો ધનાશરી, ધોળ, બિહાગડો, રામગીરી, સોરઠો, સામેરી, પરજ, મારું અને મેવાડો જેવા પ્રચલિત રાગોમાં આલેખાયા છે. બંધબેસતા શબ્દોમાં અને ચોક્કસ ભાવને અનુકૂળ રાગો જ કવિએ પ્રયોજ્યા છે જેથી કૃતિને લયબદ્ધતા પ્રાપ્ત થાય છે.

'હરિબળગીતા'નું સમાપન નિષ્કુળાનંદ સ્વામી મધ્યકાલીન ભક્તિ સાહિત્યની ચાલી આવતી પરંપરા અનુસાર જ 'ફલશ્રુતિ'થી કરે છે. જુઓ –

હરિબળગીતા હેતે સાંભળશેજી, તેહના સર્વ શોક-સંશય ટળશેજી, સમજી સાંભળતા પાપ ટળશેજી, નિરબળને બળ મળશેજી.

અને-

*સંવત અઢાર અઠાણુંનો માસ પુરુષોત્તમ પુન્યમ દને,*
*નિષ્કુળાનંદ જનહિત અર્થે, કર્યો ગ્રંથ સમજી મને.* (કડવું - ૪૪)

સંસારસાગરનાં કષ્ટોમાંથી સફળતાપૂર્વક બહાર આવવા માટે હરિની નામરૂપી નાવ એ એકમાત્ર સાધન છે એવો ભાવગર્ભ લઈને રચાયેલી આ રચના સાંપ્રદાયિક મહત્ત્વ ધરાવતી કૃતિ છે. અન્ય કૃતિઓની જેમ આ રચનાને સર્જનના પાછળ પણ કવિનું મુખ્ય લક્ષ્ય 'વૈરાગ્યોપદેશ' આપવાનું છે. વિજયરાય વૈદ્ય નિષ્કુળાનંદ સ્વામીની આવી રચનાઓ વિશે નોંધ છે કે – ''આ જગત પરથી મન હઠાવી તીવ્ર દૃઢ અને શુદ્ધ તાત્ત્વિક વૈરાગ્યને હૃદયમાં સ્થાયી કરનાર નિષ્કુળાનંદનાં પદો આજે પણ શ્રોતા-વક્તા અને વાચકના મન પર તેવી જ અસર કરે છે.

### પાદટીપ

૧. નિષ્કુળાનંદ કાવ્યમ્ - સં. શાસ્ત્રી હરજીવનદાસ, પૃ. ૪
૨. ગુજરાતી વિશ્વકોશ (ખંડ-પૃ.)
૩. ગુજરાતી સાહિત્યની રૂપરેખા, વિજયરાય વૈદ્ય, પૃ. ૯૪
૪. કડવાં અને પદની પંક્તિઓ - 'હરિબળગીતા'
૫. 'રે સગપણ હરિવરનું સાચું', ડૉ. બળવંત જાની.

૩

# 'ગુજરાતી સંતસાહિત્ય વિમર્શ' : નૂતન સ્થાપના અને અવધારણા

ડૉ. દીપક પી. પટેલ

આપણી પ્રાચીન સાંસ્કૃતિક વિરાસતનો કોઈ અક્ષુણ ઝરો હોય તો તે આપણું સંતસાહિત્ય છે. હિન્દુસંસ્કૃતિના ચાર મહાનપુરુષાર્થોમાંનો અંતીમ પુરુષાર્થ મોક્ષ છે. માનવજીવનનું અંતિમ ધ્યેય તો આત્મપ્રાપ્તિ જ રહ્યું છે. કોઈ પણ યુગની પ્રજા વૈયક્તિક જીવન ધ્યેયોને પામીને આત્મકલ્યાણનો હેતુ જ સાધે છે. જગતની નિષ્ઠુરતા કે ભૌતિકતામાંથી નીકળીને માનવ જ્યારે સાચી આત્મવિશુદ્ધિને પામે છે ત્યારે જ તેને સ્વસ્વરૂપની સાચી ઓળખ મળે છે. હિન્દુધર્મની માન્યતા અનુસાર જન્મજન્માન્તરોથી સાધના કરતો સાધક જગતના સરેરાશ માનવોના સાપેક્ષમાં જન્મથી જ જીવન નિવૃત્તિના માર્ગે વળીને આત્મતત્ત્વનો મહામાર્ગ અપનાવે છે. આવા વિરલપુરુષો આત્માનંદની સહજ લહેરખી માણે છે. નિજાનંદનો અનુભવ કરનારા આ સાધકોની સાધના ક્યારેક ઊર્મિનું રૂપ ધારણ કરી પોતાના આરાધ્ય એવા ઈશ્વરના ગુણગાન ગાય છે તો ક્યારેક સાધક ઈશ્વરને કાલાવાલા કરીને ઈશ્વરમાર્ગના પ્રયાણની આરાધના કરે છે. આ માર્ગની ઉપાસના કરતાં કરતાં ઈશ્વરનો પરમસાક્ષાત્કાર થાય ત્યારે સાધક કે સંતની ઊર્મિઓના હૃદયમાંથી ઝરણ ફૂટી નીકળે છે. આ સહજસુખની ઊર્મિ જ જગતને કલ્યાણનો રાહ ચીંધે છે. આ અર્થમાં આપણું સંતસાહિત્ય ઈશ્વરાનુભૂતિનું કે સંપ્રદાયના સાધનાપથનું રહસ્ય દર્શાવનારું બની રહે છે.

ડૉ. બળવંત જાની મધ્યકાલીન સાહિત્યના સંશોધક તરીકે જાણીતા છે. તેઓ સંતસાહિત્ય, ચારણી સાહિત્ય, જૈનસાહિત્ય અને ધર્મન્તરિત પ્રજાના સાહિત્ય વિશે પણ સતત શોધ-સંશોધન કરતા રહ્યા છે. રવીન્દ્રનાથ ટાગોરે સંતસાહિત્ય વિશે જે અંગુલિનિર્દેશ કર્યો તેને પગલે આપણે ત્યાં ગુજરાતી સંતસાહિત્યમાં મેઘાણીએ 'સોરઠી સંતવાણી' આપી. એ પછી અનુક્રમે સંતસાહિત્યના સંશોધકો, સંપાદકોએ બહુવિધ રીતે સંતવાણીમાં કાર્ય કર્યું છે. પરંતુ છેલ્લાં પચ્ચીસ વર્ષોમાં સૌરાષ્ટ્રમાં મુખ્યત્વે મકરંદ દવે, નિરંજન રાજયગુરુ, નાથાલાલ ગોહિલ, બળવંત જાની અને મનોજ રાવલનું વગેરેનાં નામો જાણીતાં રહ્યાં છે. આ સંશોધકોમાં બળવંત જાની જીવનપર્યંત જેના માટે મથામણ કરીને સંતસાહિત્યને વિશેષ રીતે સાહિત્યનો દરજ્જો મળે એ માટે તેઓ સતત પ્રવૃત્ત રહ્યા. તેમની આ શોધસંશોધના અને સંતોની વાણીને સાહિત્ય ઘણાવવાને, સાહિત્યની એક વિશિષ્ટ ધારા રૂપે ધણાવવા માટે મથામણ કરતા રહ્યા છે. સંત સાહિત્ય વિશે પરિસંવાદો યોજીને એમાં રહેલા નવનીતને પામવા પ્રયત્ન કરતા રહ્યા છે. એમણે 'પદ-ભજન સૂચિ', 'સંતવાણીઃ તત્ત્વ અને તંત્ર', 'મૂળ રે વિનાનું કાયા ઝાડવું' અને 'ગુજરાતી સંતસાહિત્યવિમર્શ' જેવાં સંશોધન, સંપાદન મૂલક, અભ્યાસમૂલક સાહિત્યિક વિવેચનાથી સભર સંતસાહિત્યનાં પુસ્તકો આપ્યાં છે. મુખ્યત્વે છેલ્લા એક-દોઢ દાયકામાં એમણે અલગ અલગ સમયે પરિસંવાદ નિમિત્તે કે અભ્યાસલેખ નિમિત્તે કે સ્વાધ્યાય નિમિત્તે લેખો તૈયાર કર્યા હોય તેમાંથી પસંદ કરાયેલા ૧૩ લેખો અહીં ગ્રંથસ્થ છે. આ લેખોમાંથી પસાર થતાં પ્રથમ દૃષ્ટિએ અભ્યાસીઓને બે મુદ્દા દૃષ્ટિગોચર થાય છે. તેઓ પુરોગામીઓ દ્વારા થયેલી વિચારણામાં થોડુંઘણું ઉમેરણ કરીને નૂતન સ્થાપના કરે છે અને વિષયને એક-બે ડગલાં આગળ લઈ જાય છે અને ક્યાંક તેઓ નૂતન અવધારણા બાંધે છે. રવેણી, પ્યાલો પ્રકારની સંતવાણીની સ્વરૂપ વિમર્શમાં કૃતિમાંથી નિષ્પન્ન થતા સૈદ્ધાંતિક ઘટકો અને લક્ષણો તેઓ તારવે છે. તો 'તોળી રાણી' અને 'રૂપૉ રાણી' વિષયક લેખોમાં તેઓ નૂતન અવધારણાબાંધે છે કે વનવાસી પ્રજાની આ રચનાઓને કંઠસ્થ પરંપરાની પ્રિટેક્સટ્ ગણી શકાય. આ તો પ્રથમ દૃષ્ટિએ ધ્યાનાર્હ બની રહેતું આ અભ્યાસ લેખોનું પાસું છે. અન્ય લેખોમાં પણ વત્તે-ઓછે અંશે આ બન્ને બાબતો જળવાયેલી જોઈ શકાય છે. જોકે આ લેખોનું એકબીજું આગવું તરી આવતું પાસું ધર્માન્તરિત હિન્દુ - ઈસ્માઈલી ખોજ પ્રજાના ભક્તિસાહિત્યની આલોચના સંદર્ભે જોવા મળે છે. અહીંયાં નૂતન સ્થાપના અને અવધારણા એમ બન્ને મુદ્દાઓ જોવા મળે છે.

અહીં પ્રકાશિત કુલ ૧૩ લેખોને કુલ ચાર ખંડોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. પ્રથમ ખંડના પાંચલેખો મુખ્યત્વે સંત સાધનાધારા અને પરંપરાને અનુલક્ષે સ્વાધ્યાયપરક રહ્યા છે. તેમાંના બે લેખો ભજનના પ્રકારની સ્પષ્ટતા અંગેના છે. બીજા



ખંડમાં આદિવાસી સાહિત્યમાં મળતી તોળીરાણીની અને રૂપૉરાણીની કથાકાવ્યમૂલક રચનાઓને વ્યાપક દૃષ્ટિકોણથી અભ્યાસી છે. ત્રીજાખંડમાં સંતમેકરણના જીવનનો પરિચય અને તેમના દુહાઓમાં સામાજિક સમરસતાનું દર્શન જીવસેવા એ જ પ્રભુ સેવા એવો વ્યાપક સંદેશો એમાંથી પ્રગટ થાય છે. એ પછીના ત્રણ લેખોમાં ઇસ્માઈલ સંતો અને સાહિત્યનો મહિમા ભારતીય સંતવાણીના સંદર્ભે તપાસ્યો છે. ચોથાખંડમાં લોકસંત સંસ્કૃતિનું યોગદાન અને રામદેવપીર ને સામાજિક સમરસતાના પ્રતીક તરીકે દર્શાવ્યા છે.

'સંત સાધના પરંપરા' લેખના આરંભમાં ડૉ. બળવતં જાનીએ આનંદઘનજીનો નિર્દેશ કરીને તેમના ભક્તિસાહિત્ય અને તત્ત્વદર્શનમૂલક સાહિત્યની ચર્ચા કરી છે. કોઈ પણ સાધના પરંપરાનો સંબંધ સાધક સાથે હોય છે. કોઈ પણ સાધકની સાધના પરંપરા કેવી રીતે બનતી હોય છે ? તે બાબત અહીં રજૂ કરી છે. ડેવિએશન ફંટાવાની વાતનો અહીં મહિમા થયો છે. પરંતુ એમાં અહમ્ ભળ્યો તો એ આંદોલન પરંપરા બનતું નથી. વ્યક્તિગત મહત્તા પણ કેન્દ્રમાં હોય તો યે સાધનાધારા તરીકે એને સ્વીકૃતિ મળતી નથી. સાધક જ્યારે શુદ્ધભાવના - અનુરાગથી ભક્તિ કરે છે ત્યારે 'સાધકનું સત્ય, સાધનાની ક્રિયાપદ્ધતિ સ્વીકારાય અને એક આગવી થોડી અનોખી સાધના પરંપરા અસ્તિત્વમાં આવે છે.' (પૃ. ૨) કોઈ સંતની સાધના સાધનાપરંપરા કેવી રીતે બને છે તે બાબત અહીં સ્પષ્ટ કરીને, ક્ષિતિમોહન સેનના દૃષ્ટાંતનો ઉલ્લેખ કર્યો છે. આવી સાધનાપરંપરાની ધારાઓમાં કેન્દ્રસ્થ બાબતોના સન્દર્ભે હિન્દુત્વ અને બૌદ્ધ-જૈનનો ઉલ્લેખ કર્યો છે. આ બધી જ સાધના પરંપરાઓ અંતે માનવીને શ્રેષ્ઠમાનવ બનાવવાનું મહામાનવનું મૂલ્ય રજૂ કરે છે. અન્ય સાધના પરંપરાઓમાં વૈષ્ણવસાધના પરંપરા અને તેમાં પ્રણામીધારા અને પછી તે 'પ્રણામીપંથ' તરીકે અસ્તિત્વમાં આવે છે. તેજ રીતે સ્વામિનારાયણ સંપ્રદાય આ વૈષ્ણવધારા માંથી જ અલગ થયેલ છે. આ ઉપરાંત શ્રીસંપ્રદાય, હંસ સંપ્રદાય, બ્રહ્મ સંપ્રદાય, રુદ્ર સંપ્રદાય એ ચારેય સાધના પરંપરામાં કૃષ્ણભક્તિનું બહુવિધરીતે પ્રવર્તન થતું રહ્યું છે.

આ ચર્ચાને આગળ વધારતાં પંજાબી શીખગુરુઓની સાધના પરંપરાનો નિર્દેશ કરીને પશ્ચિમમાં મધ્યકાળમાં જે મુક્તિ ન હતી તે અહીં આપણે ત્યાં મધ્યકાળમાં મુખ્યત્વે જોવા મળી છે. મરમીઓ - સાધનાધારાના સાધકોના પરિપ્રેક્ષ્યમાં યુરોપના ખ્રિસ્તી મરમીઓના સન્દર્ભે મધ્યકાલીન ભારતીય સાધના પરંપરા કેટલી અને કેવી વિકાસશીલ છે તેનું આ ઉદાહરણ સમન્વયવાદી માનસ, ઈસ્લામી સંસ્કૃતિને કેવો હકારાત્મક પ્રતિભાવ મળ્યો તેના પરથી જોઈ શકાય છે.

આ સાધનાપરંપરામાં કબીર અને દાદુની પરંપરાનો ઉલ્લેખ કરી

નાથપરંપરાની વાત પણ રજૂ કરી છે. આમ ગુજરાતી સંતસાહિત્યમાં સાધક દ્વારા સાધનાપરંપરા અસ્તિત્વમાં આવી હોય તેવી સાત ધારાઓ મુખ્ય ગણાવી છે.

પ્રસ્તુતલેખ સંત સાધનાપરંપરામાં કોઈ સંતના વિચાર એની આચાર પ્રણાલી કેવી રીતે તેના તાત્ત્વિક વિચારો કે પરંપરાનું રૂપ ધારણ કરે છે તે બાબત અહીં રજૂ થઈ છે. વૈયક્તિક સાધના પરંપરાનું રૂપ ધારણ કરે છે તો કઈ કઈ બાબતો એમાં મહત્ત્વની હોય છે તે રજૂ થયું છે.

'ગુજરાતી સંતવાણી : પોત અને પ્રતિમા' શીર્ષકવાળા બીજા લેખમાં ગુજરાતી સંતવાણીના પોતાનો પરિચય આપ્યો છે. પ્રસ્તુત લેખ વિગત સભર છે અહીં લેખના પ્રથમખંડમાં વિષયસામગ્રી - ભાવસામગ્રીની દૃષ્ટિએ આપણા વેદો-ઉપનિષદને જુદા જુદા તત્ત્વદર્શનોનો બોધ એમાં વિષયગત ભિન્ન ભિન્ન રીતે વણાયેલો છે. એમાં આવતા બહુવિધ વિષયોની વાત ચર્ચા સભર છે. એ પછી લોકધર્મપરંપરાનો સંદર્ભ આપતાં ગુજરાતી સંતકવિતા એ લોકધર્મપરંપરાની સાધનાધારા, સિદ્ધાંત અને સાધનાપદ્ધતિ તથા ક્રિયાકાંડોથી પરિચિત થવું અવગત થવા ઉપર ભાર મૂક્યો છે. અન્યથા અર્થઘટન સન્દર્ભે પાયાના પ્રશ્નો ઊભા થાય છે.

સંતવાણીને પ્રસ્તુતિ કરણના કલાસ્વરૂપ સન્દર્ભે તપાસતાં સંતકવિતાએ માત્ર કવિતા નથી પરંતુ એ ચોક્કસ ઢાળ-ઢંગમાં રજૂ થતી હોય છે ઉપરાંત ભજનની પ્રસ્તુતિ એના નિશ્ચિત સમય સાથે અનુબંધ ધરાવે છે. તો આજે આધુનિક વાજીંત્રોનો ઉપયોગ પણ આ પ્રસ્તુતિમાં થવા લાગ્યો છે.

અભિવ્યક્તિનું સ્વરૂપ અને પ્રકારો સન્દર્ભે પણ 'આરાધ' વગેરેની ચર્ચા કરતાં 'તોળીરાણીનો આરાધ'નો ઉલ્લેખ દૃષ્ટાંત લેખે કર્યો છે. 'આરાધ શ્રવણ એક અનુભૂતિનો વિષય છે.' (પૃ. ૨૭) આરાધસિવાયનાં અન્ય ઉપાસનાનાં સ્વરૂપોમાં સંદેશા, પત્ર વગેરેનો ઉલ્લેખ કરીને ગુરુપાસેથી દીક્ષા પ્રાપ્તિ પછીની અનૂભૂતિને સાચવતી 'પ્યાલો' પ્રકારની રચનાઓ પણ ખૂબ જ મહત્ત્વની છે. આવાં લઘુભજનના વિવિધ પ્રકારોનો ઉલ્લેખ કરતાં તેમાં રહેલી ભેદકતાનો અછડતો નિર્દેશ કર્યો છે.

સંતકવિતાના સર્જકો અને આરાધકોમાં સર્વે જનસમુદાયની આ સર્વગ્રાહી વાણી છે એમ જણાવ્યું છે. સ્ત્રી-પુરુષ, જ્ઞાતિ-જાતિ કોઈ ભેદભાવ એમાં રહેતો નથી.

હિન્દુપ્રજા સિવાયની અન્ય પ્રજાના આવા સાહિત્યનો વિચાર કરતાં ઈસ્માઈલી ખોજા તથા સિંધી સંત કવિઓ વિશે સાધાર ચર્ચા કરી છે.

આ સંતવાણીમાં યોગસાધના અને સેવાપ્રવૃત્તિ દ્વારા સંવાદિતાસમરસતાને વિષય સન્દર્ભે તપાસવામાં આવ્યો છે.'માનવસેવા એ જ પ્રભુસેવા' આ સન્દર્ભમાં



સામાજિક સમરસતા કેળવવામાં સંતોનું મૂલ્યવાન પ્રધાન રહ્યું છે. દેવીદાસ એનું ઉત્તમ દૃષ્ટાંત છે. તેનો ઉલ્લેખ કરતાં એમનો મૂળ ધૂણો વૈષ્ણવ પરંતુ પરંપરામાં દીક્ષા મેળવેલ દેવીદાસ પોતાની મૂળ પરંપરાથી ફંટાઈને મહાપંથની આરાધનામાં ભળે છે. આમ સાધનાધારાનું આવું મિશ્રણ પણ આવા કેટલાક સંતોમાં જોઈ શકાય છે.

ગુજરાતી સંતકવિતાને તેના રચયિતાઓના સન્દર્ભે અહીં અવલોક્ના માટેની ભૂમિકારૂપ સાત બાબતોની ચર્ચા કરી છે. સાથે સાથે રવિભાણ પરંપરાના દાસી જીવણ તરીકે સુખ્યાત સંત હકીકતે કેવા મહાન હતા તેની વિગતો અહીં રજૂ કરી છે. તેઓએ ભીમસાહેબ પાસેથી દીક્ષા લીધા હતી. આ વિગતો ભજનના આરાધ સાથે રજૂ કરીને તેમની ગુરુતપ તેજથી અંજાઈને કેવો મહિમાગાયો છે તે દર્શાવ્યું છે. દાસી જીવણે ભક્તિ ભાવના અને સાધનાક્રિયા, જ્ઞાનપ્રાપ્તિ માટે ભીમસાહેબને ગુરુપદે સ્થાપ્યા હતા. દાસીજીવણના જીવનમાં ભીમસાહેબ ગુરુ બનીને આનંદનું અજવાળું પાથરે છે.

લેખના ચોથા વિભાગમાં 'પ્યાલો' ભજન પ્રકારની ખાસ નામાભિધાવાળી રચનાઓની વિગતો રજૂ કરી છે. ભજનસાહિત્યના અભ્યાસી જયમલ્લ પરમારે રજૂ કરેલી ચર્ચાને ખપમાં લઈ રવિભાણ સંપ્રદાયમાં ભીમ સાહેબે દાસી જીવણને આપેલી દીક્ષાનો મહિમા રજૂ કર્યો છે. અહીં ગુરુમંત્રનો મહિમા રજૂ થયો છે.

આમ ગુજરાતી સંતકવિતાનાં આવાં અનેક ઉદાહરણો દર્શાવીને એમાં રહેલા ભાવવિશ્વ અને અભિવ્યક્તિના સૌંદર્યને તથા તેમાં પ્રગટતા વિશેષોને તપાસવામાં આવ્યા છે. આપણી સંતવાણીને વિષય અને અભિવ્યક્તિના સન્દર્ભે તપાસી તેના પોત અને પ્રતિમાનો તાગ મેળવવા પ્રયત્ન કર્યો છે.

'રવેણી ભજન પ્રકારનું સ્વરૂપ અને ભજનો' ત્રીજા લેખમાં આરંભે 'રવેણી' શબ્દનો વિવિધભાષામાં કોશગત અર્થઆપીને રવેણી-વ્યાપ અને વિસ્તારનો મહિમા કર્યો છે. આપણી સંતવાણીમાં જુદા જુદા સંપ્રદાય અને પંથોમાં કંઠસ્થ પરંપરામાં જળવાયેલી રવેણી વિશેનો ઉલ્લેખ કર્યો છે. 'રવેણી' રચનાઓને ડૉ. જાની ભજન સ્વરૂપમાંનો જૂનામાં જૂનો કાવ્યપ્રકાર ગણાવે છે.

રવેણીના આદ્ય રચયિતાઓમાં ધર્મરાજા અને માર્કંડઋષિ એ બે નામો ઉલ્લેખાયાં છે. અહીં વિવિધ સંપ્રદાયમાં 'રવેણી'નું મહત્ત્વ 'રવેણી'માં સૃષ્ટિઉત્પત્તિ, દેવ ઉત્પત્તિ વગેરેનો સન્દર્ભ જોવા મળે છે. આપણા સંતસાહિત્યમાં રવેણીની સમૃદ્ધ પરંપરા મળે છે. કબીર, રવિસાહેબ, મછંદર, જેસલ, લોયણ, મૂળદાસ, મેઘજીવો વગેરે સંતો-ભક્તોએ રવેણીઓ રચેલ છે. બહુવિધ સંપ્રદાય સાથે જોડાયેલી રવેણી અહીં ઉલ્લેખનીય બની છે.

માર્કંડઋષિએ રચેલી ત્રણ રવેણીનો પાઠ અહીં મૂકી તેને વિગતે સમજાવ્યો છે. આ રવેણીઓમાં દેવ પ્રગટ થયા, પ્રથમ પાટ, સૃષ્ટિની અને ધર્મની સ્થાપના, ચંદ્ર, સૂરજ, પાણી પછી શ્વાસ અને ઉચ્છ્વાસનો ઉલ્લેખ વગેરે બાબતો મુખ્યત્વે જોવા મળી છે. મહાપંથના ઉદ્ભવનાં મૂળ તથા ધર્મરાજાના નામછાપવાળી અત્યંત પ્રચલિત રવેણી રચના પણ અહીં રજૂ કરી છે. ધર્મરાજા એના રચયિતા છે. એ પછી કબીર, રવિસાહેબ, મછંદર, જેસલપીર, લોયણ, મૂળદાસની આ રવેણીઓમાં સૃષ્ટિના આદ્યકાળની વિગતો તથા મહાધર્મની વિગતો મળે છે.

અહીં અભ્યાસની દૃષ્ટિએ તપાસતાં ડૉ. બળવંત જાનીને મેઘજીવાની રવેણી લૌકિક કલ્પનાવાળી જણાયી છે. ઋષિ રામદાસની કથામાં મહાપંથ બીજમાર્ગ આરંભાયાની વિગતો રજૂ થઈ છે. ખીમડિયો કોટવાળ રવેણીમાં સૃષ્ટિ ઉત્પત્તિ તથા મહાપંથી બીજમાર્ગી પાટ ઉપાસનાની ચાર યુગની પરંપરા બતાવે છે. મેઘધારુંની રવેણી મહાપંથી બીજમાર્ગી પાટ ઉપાસના ચારયુગોનું વર્ણન એમાં થયેલું છે. અજ્ઞાત કર્તાની રવેણી પણ પ્રચલિત છે તેનો પાઠ અને સમજૂતિ મૂકવામાં આવી છે.

સૃષ્ટિની ઉત્પત્તિનું કથાનક ઉપરાંત તે સમયનું વાતાવરણ પણ વિષય-સામગ્રી તરીકે અહીં સ્થાન પામ્યું છે. મહાપંથની ઉત્પત્તિને વિષય બનાવીને ઉપરાંત તેનો આરંભ તેની પ્રાચીનતા, વિધિ-વિધાન વગેરેનો ઉલ્લેખ જોવા મળે છે. દેવ-દેવતાઓની ઉત્પત્તિ પણ અહીં નોંધપાત્ર રીતે લગભગ રવેણીમાં મોજૂદ છે.

આપણા સંતસાહિત્યમાં 'રવેણી'નો વિચાર કરતાં અભ્યાસી ધર્માંતરિત પ્રજા - ઈસ્માઈલ ખોજાના પીર શમ્શના એક ગિનાનમાં રવેણી રચના જેવો જ સન્દર્ભ મળે છે. એમાં આદિનો ખ્યાલ પ્રગટ કર્યો છે. આ ગિનાનને સાધાર ટાંકીને ભારતીય દર્શનનું સીધું પ્રતિબિંબ આ ધર્માંતરિત પ્રજાના ભક્તિસાહિત્યપર પણ ઝીલાવેલું જણાય છે. 'બ્રહ્મ ગાવંત્રી' પણ આવી જ એક રચના છે. આ રચનાનો પ્રાચીન ભારતીય પરંપરાની જણાય છે. આમ એટલે અન્યધર્મના ભક્તિસાહિત્યનો સમાંતરે વિચાર કર્યો છે.

આ લેખ ખૂબ જ વિસ્તૃત છે. અહીં 'રવેણી' રચનાઓની વ્યક્તિને આ લેખમાં પ્રગટ કરી છે. 'રવેણી' રચનાઓનો વિષયગત અને તુલનાત્મક દૃષ્ટિએ પણ અભ્યાસ કરવા અંગે અંગુલિ નિર્દેશ કર્યો છે. બહુવિધ ધર્મોમાં મળતી આવી આદ્યવાણીમાં રહેલી સમાનતા જોવા તપાસવા અંગેનું ડૉ. જાનીનું મંતવ્ય નોંધપાત્ર બની રહે છે.

'પ્યાલો' ભજન પ્રકારનું સ્વરૂપ અને ભજનો વિષયક ચોથા લેખમાં ભજનના પ્રકાર-લેખે 'પ્યાલો' સ્વરૂપની ચર્ચા રજૂ કરી છે. ભજનવાણીનો સાધનાપદ્ધતિ અને ક્રિયાકાંડ સાથે ગાઢ સંબંધ છે. ભજનવાણીમાં અનેક બાબતો સમાવિષ્ટ થયેલી છે. આ સન્દર્ભે ચર્ચા કરતાં 'પ્યાલો' એક ખાસ પ્રકારની ભજનરચના છે. પ્યાલો પાવાની



ક્રિયા એ સંસ્કાર છે. ગુરુ તરફથી શિષ્યને દીક્ષિત કરવા માટે પ્રીતિના રૂપમાં વિધિવિધાનના રૂપમાં પ્યાલો પ્રતીકાત્મક રીતે પાવામાં આવે છે. ડૉ. જાનીએ અહીં 'પ્યાલો' વિષયક ભજનરચનાઓની જયમલ્લ પરમારે કરેલી ચર્ચા તથા ડોલરરાય માંકડે કરેલી ચર્ચાને ખપમાં લઈ, રવિભાણ સંપ્રદાય અને મહાપંથમાં આવતા વિશેષ ઉલ્લેખ અને લખીરામનો પ્યાલોનું વ્યાપક દૃષ્ટાંતની અહીં ચર્ચા કરવામાં આવી છે. પ્યાલામાં ક્યારેક યોગસાધના પદ્ધતિનાં સોપાનો નોંધાયા છે. તો રવિસાહેબનો પ્યાલો, દાસી જીવણની પ્યાલો રચનાઓ અને ગુરુ ભીમસાહેબે જે ભેટ આપી તેનો નિર્દેશ કર્યો છે. અરજણદાસનો પ્યાલો વગેરે મહત્ત્વની પ્યાલો રચનાઓ રચનારા આપણા સંતોની વાણી અંગે સ્વરૂપ મૂલક વિચારણા હાથ ધરી છે.

એક પદ-ભજન પ્રકારની રચના કોઈએ પ્યાલો રૂપમાં રચી છે તો દીર્ઘ પ્રકારની આવી કૃતિઓ પણ અહીં અભ્યાસમાં સમાયેલી છે. એમાં વિભિન્ન પંથની સાધનાધારા અને અભિવ્યક્તિની દૃષ્ટિએ એમાં વૈવિધ્ય જોવા મળે છે આ બધી બાબતો અહીં અભ્યાસનો વિષય બની છે.

'સંતવાણીમાં ઉપનિષદવાણીનું અનુરણન' વિષયક પાંચમા લેખમાં આરંભે રવીન્દ્રનાથ ટાગોરે બાઉલગીતોમાં વેદ, ઉપનિષદના તત્ત્વનો મહિમા પ્રગટ કર્યો તેની ચર્ચા કરીને જુદા જુદા સંપ્રદાય-પંથોમાં આપણી વેદ-ઉપનિષદનું જ્ઞાન કેવું વણાયેલું છે તેની ચર્ચા કરી છે. આપણા ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન સમજાવીને બ્રાહ્મણ, આરણ્યક ગ્રંથોના, વેદના આધારો રજૂ કરીને સંતવાણીમાં રહેલા તે તત્ત્વોનો મહિમા જુદાં જુદાં ભજનવાણીનાં લઘુ-દીર્ઘ સ્વરૂપોમાં કેવી રીતે વિનિયોગ થયો છે તે દૃષ્ટાંત સાથે બતાવ્યું છે. આ ભજનો સમયકાલમાન સાથે તેની રજૂઆત વિશે તથા તેમાં રહેલું સત્વ-તત્ત્વ જુદા જુદા સંપ્રદાયમાં જનસમુદાય સુધી કેવી રીતે પહોંચ્યું છે તેના સન્દર્ભે મુંડકોપનિષદ, કઠોપનિષદ શ્વેતામ્બર ઐતરેય વગેરે ઉપનિષદો તથા ગીતા વગેરેમાં રહેલું તત્ત્વાવધાન આપણી સંતવાણીમાં સંતો એ સહજ રીતે ગાયું છે. આ સન્દર્ભોમાં રવિસાહેબની રચનાઓને સાધાર અહીં મૂકી છે. વેદ, ઉપનિષદ સીધે સીધા લોકસમુદાય સમક્ષ, અભણ પ્રજા સુધી કદાચ નથી પહોંચ્યું પરંતુ આ ભજનવાણીના માધ્યમથી એ જ તત્ત્વધાન લોક સુધી પહોંચ્યું છે.

'તોળી રૉણીની વારતા' અનોખું સંતચરિત્ર - લોકકથાકાવ્ય વિષયક છઠ્ઠાલેખમાં ડુંગરીભીલ આદિવાસીઓમાં મળતી તોળી રૉણીની વારતા મૂળે એક સંતચરિત્રની કથા છે. ડૉ. ભગવાનદાસ પટેલ દ્વારા તેનું સંશોધન-સંપાદન કાર્ય થયું છે. આ લોકકથાકાવ્ય પ્રકારની કૃતિ વિશે ડૉ. બળવંત જાનીએ આ રચનાના કથાનક અને કથનકળાના સ્વરૂપ વિશે અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. કંઠસ્થ પરંપરાની લૌકિક કથાનકવાળી આ કાવ્ય કૃતિની સ્વરૂપગત વિચારણા કરી છે. સાથે સાથે

ભારતીયભાષાની કૃતિઓના સન્દર્ભે અહીં મહત્ત્વના ગ્રંથોનો નામોલ્લેખ કરી બતાવ્યો છે. વિદેશી સંશોધક ડૉ. જે. ડી. સ્મિથે કરેલા પાબુજીની કથાના સંશોધન પુસ્તકની ચર્ચા કરીને લોકમહાકાવ્યના સ્વરૂપોની ચર્ચા તથા અન્યવિદ્વાનોનાં મંતવ્યોની ચર્ચા હાથ ધરી છે. 'તોળી રાણીની વારતા'નું આ રૂપ લોકમહાકાવ્યથી લોકકથાકાવ્ય કેવી રીતે બને છે તે દર્શાવ્યું છે. અહીં કૃતિના કથાનકનો પરિચય આપીને કથનપદ્ધતિનો નિર્દેશ વિગતે કર્યો છે. આ કથા આદિવાસી જનસમુદાય સુધી કેવી રીતે પહોંચી ? કથા સાથે જોડાયેલ બીજનો સન્દર્ભ પાટઉપાસના પદ્ધતિની બાબતે પણ કથાની ચર્ચા કરવામાં આવી છે. સાથે અન્ય સમાન કથાનકો સાથે આ કૃતિની તુલના સૌરાષ્ટ્ર કચ્છમાં મળતી કથાઓ, પાટપૂજાનો મહિમા વગેરેના સન્દર્ભો સાધાર મૂક્યા છે. આ કથાની કથનકળાના સ્વરૂપ વિશે વિચારણા પણ હાથ ધરી છે. અહીં કથાનો નાયક જ કથક બને છે. પોતે જ કચેરી ભરીને બેઠો છે એક પછી એક કથાની પાંખડીઓ ખૂલતી જાય છે. કથનકેન્દ્ર કથામાં સતત જેસલ પર જ રહ્યું છે. આવા બહુવિધ સન્દર્ભોને કેન્દ્રમાં રાખીને વ્યાપક સંદર્ભે થયેલો આ અભ્યાસ દષ્ટિસમ્પન્ન જણાયો છે.

'રૂપાં રૉણીની વારતા અને અન્ય રૂપાંતરો : પરિચય અને પરીક્ષણ'ની ચર્ચા કરતા સાતમા લેખમાં ડુંગરી બીલોમાં પ્રચલિત લોકકથાકાવ્ય સ્વરૂપની 'રૂપાં રૉણીની વારતા' કંઠસ્થપરંપરાના સાહિત્યના અધ્યયન માટે મહત્ત્વની કૃતિ છે. આ કથાકાવ્યમાં ભિન્ન ભિન્ન રીતે સચવાયેલા કથાંશોનો અભ્યાસ અહીં રજૂ થયો છે. સાથે સાથે બહુવિધ પરંપરાઓને એક સાથે જોડવાથી આ કથાનું પૂર્ણરૂપ કેવું બને છે તેનો અભ્યાસ અહીં કરવામાં આવ્યો છે. આરંભે રૂપૉ રૉણીની વારતાનો કથા પરિચય મૂકવામાં આવ્યો છે. એ પછી તે કથામાં રહેલી મહાપંથની પ્રાચીનતા, રૂપાંદે વિષયક વિવિધ દંતકથાઓની વિગતો ગુજરાત અને રાજસ્થાની લોકપરંપરામાં રચવાયેલી છે જેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. સાથે રૂપાવેલ અને રૂપાવેલ ભજન રચનાઓ અહીં મૂકી તેનો સાર આપવામાં આવ્યો છે. તેની પાઠ વૃદ્ધિની કડીઓના સન્દર્ભે સંશોધનાત્મક પરિપાટિ રચી છે. ગુજરાતી 'રૂપાવેલ' કથાપરિચય, રૂપાંદે વિષયક ગુજરાતી લોકગીત તેમાં આવતું પરિવર્તનનો તુલનાત્મક અભ્યાસ રજૂ કર્યો છે. ખૂબ જ વિગતસભર, સંશોધનાત્મક, અભિગમથી થયેલો આ અભ્યાસ નોંધપાત્ર અને સંશોધકોને પ્રેરણાદાયી બની રહે તેવો છે.

'કચ્છી સંત મેકરણ : સામાજિક સમરસતાના સાધક' સંતચરિત્ર અને સંતનાં જીવનકાર્યો આમજનતા માટે પરોપકાર રૂપ બનતાં હોય છે એની ચર્ચા અહીં આઠમા લેખમાં કરવામાં આવી છે. કચ્છમાં લોકસેવા દ્વારા સામાજિક સમરસતા લાવનારા આ સંત મેકરણ દત્તાત્રેયના શિષ્ય છે. ગુરુ દત્તાત્રેય પાસેથી દીક્ષા લઈને કચ્છ-સિંધના રણમાં પોતે સેવાધામની સ્થાપના કરે છે. ત્યાંથી પસાર થનારા લોકોને માટે અન્ન



પાણીની વ્યવસ્થા કરવામાં તેમના સેવકો લાલારામ ગધેડો અને મોતીરામ કૂતરો બન્ને હાજર રહેતા. આ પ્રાણીઓએ કરેલી માનવસેવા કેવી અદ્‌ભુત છે તે દુહાઓમાં અહીં લેખમાં સમજૂતિ અપાયી છે. ધર્મના-ક્રિયાકાંડોના વિરોધી, ક્રિયાકાંડોથી ત્રસ્ત પ્રજા જ્યારે ધર્મ પરાયણ બની હશે એટલે મેકરણે માનવમનની અગાધતાને આલેખતા દુહા રચ્યા હશે. આ દુહાઓમાં તત્ત્વાવધાનની વાત પણ જોવા મળે છે. આ લેખમાં સંત મેકરણની માનવસેવા અને તેમણે રચેલા દુહામાં માર્મિકતત્ત્વાવધાન બન્ને બાબતોને સામાજિક સમરસભાના સન્દર્ભે તપાસવામાં આવી છે આવી નરી માનવસેવા માટે જાણે કે કાવડમાં પાણી લઈ દૂર સુદૂર સુધી લોકહિત માટે નીકળી પડનારા સંત મેકરણે સામાજિક સમરસતા પ્રગટાવી છે. એમને મન સૌથી મોટો ધર્મ તે માનવસેવા ધર્મ રહેલો જણાય છે.

'દાસ સત્તાર : માનવીય અને એકતાના ઉપાસક' વિશેના નવમા લેખમાં મુસ્લિમ સંતોનું ગુજરાતી સંત સાહિત્યમાં પ્રદાન રહેલું છે તે બાબતને ટેકો પૂરે છે. આ સંતોએ માનવ એકતા અને અખંડિતતાનો મહિમા ગાયો છે. સાચા સંત કોઈ પંથ કે જાતિ કે ધર્મના હોતા નથી એમનું જીવન માનવએકતાનો મહિમા ગાનારું બની જાય છે. આવા સંતો માનવમાત્રનું હિતવાંછનારા પરોપકારી બનતા હોય છે. આ અર્થમાં દાસ સત્તારનાં ભજનો આપણી સંતવાણી સાથે કેટલું સામ્ય ધરાવે છે તે બતાવીને તેમાં રહેલી માનવ એકતાની ઉપસાનાનો સન્દર્ભ સ્પષ્ટ કર્યો છે. સત્તારશાહે એમને પિયાલી પાઈને પછી એમનું હૃદય ગુરુભક્તિમાં સરી પડે છે. એમણે ગુરુભક્તિ કરી તેમ જાતિ, જ્ઞાતિના ભેદ પણ ભૂલવા વિશે ૨૦૦ થી વધુ ભજનોમાં બોધ-ઉપદેશ તથા હિન્દુપરંપરાનાં ધર્મચરિત્રોને ઉદ્દેશીને પદો રચ્યાં છે. જેમાં માનવીય એકતાનો સૂર પ્રગટે છે. આ બાબતે દાસ સત્તારનાં પદો અહીં સાધાર મૂક્યાં છે. આ ભક્તે કૃષ્ણભક્તિ કરી છે. આમ મધ્યકાલીન પ્રેમલક્ષણા ભક્તિથી તેઓ અળગા રહ્યા નથી. સાથે જ્ઞાનમાર્ગીધારા સાથે પણ જોડાયેલા રહ્યા છે. આમ માનવીય એકતાનો મહિમા કરનારા દાસ સત્તાર સાચા અર્થમાં મહાન છે.

'ઇસ્માઈલી ગિનાન અને મહાપંથી રવેણી' લેખ દસમાં 'રવેણી' ભજન રચના વાળા ત્રીજા લેખને અન્ય પરંપરાના સંદર્ભે અહીં તુલનાત્મક અભિગમથી જોવા તપાસવાનો ઉપક્રમ રહ્યો છે ઇસ્માઈલી પરંપરામાંથી નીજારી ઇસ્માઈલી પંથની ગિનાન રચનાઓ માંહેની 'જુગેશરની ગિનાન' પ્રકારની રચનાઓનું મહાપંથ ભજન રચનાઓને 'રવેણી' પ્રકારની ભજનરચનાઓ સાથે સૃષ્ટિઉત્પત્તિની કથા નિરૂપણ સન્દર્ભે તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. ઈમામશાહકૃત 'જુગેશરના ગિનાન'નો મહાપંથી પરંપરાની 'રવેણી' પ્રકારની રચનાઓનાં અર્થઘટનો કરવામાં આવ્યાં છે. હિન્દુ અને મુસ્લિમ પરંપરામાં સૃષ્ટિઉત્પત્તિના સન્દર્ભો વિશેની વિગતોનો

તુલનાત્મક અભ્યાસ અહીં રજૂ કર્યો છે.

'ઇસ્માઈલી ઘટપાટ ઉપાસના : તંત્ર અને મંત્ર' વિષયક અગિયારમા લેખનું હાર્દ વિધિવિધાનલક્ષી અભિગમની સમાનતા અંગેનું છે. 'જમાત' શબ્દનો એક અર્થ ઇસ્માઈલી જમાતખાનું અને નાથસિદ્ધ પંથમાં 'જોગીની જમાત' એવો તાર્કિક અર્થ કાઢીને ડૉ. બળવંતજાનીએ આરંભમાં બાળપણમાં પોતાના અનુભવો અને વતનમાં રહેલા ખોજાઓની વિગતોનો પરિચય આપ્યો છે. બીજા પ્રસંગમાં વર્ષો પછી વતનમાં આવેલા નીમજી આણંદજીના પરિવારે પોતાના વડવાઓની કબર શોધીને ત્યાં ગયેલાનો એક પ્રસંગ અહીં રજૂ કર્યો છે. ખોજાઓના 'ખોજાવૃત્તાંત' ગ્રંથમાંથી ઉપલબ્ધ વિગતો અને હિન્દુધર્મ પરંપરા સાથેનું તેમનું જોડાણ તથા સામ્ય દર્શાવ્યું છે. ઇસ્માઈલી ધર્મના જે બે તડાપડ્યા તેનો નિર્દેશ તથા ખોજાઓનું પૂર્વ વૃત્તાંત જે જ્ઞાતિ સાથે હતું તેને કારણે પાટપૂજાની પરંપરાનો નિર્દેશ એમાં જોવા મળે છે. ખોજાપીરના ગિનાનોમાં ઘટપાટ ઉપાસના અંગેના અનેક નિર્દેશો છે જેમાં જ્યોત, કળશ સ્થાપના વગેરેનો સમાવેશ થયો છે. ઘટપાટ ઉપાસનાની પ્રાચીન પરંપરામાં પવિત્ર પાણીનો પણ મહિમા ગિનાન રચનાઓમાં જોવા મળે છે. ઘટપાટમાં શુક્રવારી બીજ જોડાયેલ છે. જમાતખાનામાં ઉપાસના કરવાની રીત તથા તેમાં ઘટપાટ ઉપાસના વિધિવિધાનોનો ક્રમ તથા મંત્રોની પણ અહીં ચર્ચા કરવામાં આવી છે. ઇસ્લામી સંપ્રદાયમાં પાટઉપાસના અંગેની વિધિનો મહિમા અહીં લેખમાં રજૂ થયો છે.

'લોકસંતસંસ્કૃતિનું યોગદાન' અંગેના બારમા લેખમાં આપણી સંસ્કૃતિને ઘડવામાં જે મહાનવ્યક્તિઓએ યોગદાન આપ્યું છે તેનો ચિતાર રજૂ કર્યો છે. ધર્મનો જય અને પાપનો ક્ષય એ હિન્દુ સંસ્કૃતિની એક સનાતન મુદ્રા રહી છે. આ પૃથ્વી પર જ્યારે જ્યારે અધર્મ વધ્યો હોય ત્યારે ધર્મને સ્થાપવા માટે અવશ્ય ઈશ્વર અવતાર લઈને આ પૃથ્વી ઉપર જન્મ ધારણ કરે છે. રામ અને કૃષ્ણાવતાર તેનાં દૃષ્ટાંતો છે. વેદ, ઉપનિષદ અને પુરાણોમાં પણ આ પ્રકારનાં અનેક દૃષ્ટાંતો મળે છે. ઋષિમુનિઓ પ્રાચીન સમયે જ્યારે શાસ્ત્રોનું અધ્યયન કરાવતા ત્યારે સાથે તેમને શસ્ત્ર ચલાવતા પણ શિખવવામાં આવતું. જ્યારે પણ પ્રાણરક્ષા કે ધર્મરક્ષાની જરૂર પડે ત્યારે અવશ્ય દેશપ્રેમ કે રાષ્ટ્રપ્રેમ માટે દરેક નાગરિક પોતાનું કર્તવ્ય બજાવી શકે. આ સન્દર્ભે અહીં ચાણક્યનું દૃષ્ટાંત રજૂ કર્યું છે. ચાણક્યએ રાષ્ટ્રનો જે મનોવૃત્તિ ઘડી, દૃઢ બનાવી તેનું મહત્ત્વ દર્શાવ્યું છે. ભારતની યુદ્ધનીતિ ઘડવામાં તેનો ફાળો અમૂલ્ય છે. આ ઉપરાંત પ્રાણનાથસ્વામી, રામદાસસ્વામી વગેરે તથા અણહિલવાડનો પ્રણેતા વનરાજ ચાવડાને જૈન મુનિ હીરવિજયસૂરિએ જે પ્રેરણા આપી તેને સાધાર દૃષ્ટાંતરૂપે રજૂ કરી છે. શીખ સંપ્રદાયમાં પણ ગુરુ તેગબહાદુર સ્વનું બલિદાનકરનારા મહારાષ્ટ્ર ભક્ત બન્યા. આઝાદીની લડતમાં સૂર્યમલ્લ ચારણી સંત-ભક્ત કવિએ રાજયસત્તાને વીરરસ સભર



કવિતા સંભળાવી આવી સમાજ-સેવાની પ્રવૃત્તિ કરનારા સંતોમાં સંત દેવીદાસ પણ મહાન છે. રક્તપીતિયાઓની સેવા કરીને સમાજને સેવાધર્મનો પ્રેરણા પૂરી પાડી છે. આમ પ્રસ્તુત લેખમાં સંતોનું યોગદાન સેવાકાર્ય રહ્યું છે. સંતો વીર, બલિદાન અને પરોપકારની ભાવના-વાળા રહ્યા છે.

તેરમો લેખ 'રામદેવપીર : હિંદુ સંસ્કૃતિની સમરસતાનું પ્રતીક' અંગેનો છે. હિન્દુસંસ્કૃતિમાં પીર પરંપરાનું મિશ્રણ એની સમરસતાનું ઉજ્જવળ ઉદાહરણ બને છે. અનેક સંતોને પીરનું સ્થાન-માન પ્રાપ્ત થયેલું છે. એ પૈકીના રામદેવપીર અંગે અહીં ચર્ચા કરવામાં આવી છે. રામદેવપીર તુંવરવંશી રાજપૂત હતા. રાજસ્થાનમાં તેમનો જન્મ થયો તેમના જન્મ અને જીવનનો પરિચયાત્મક ખ્યાલ આપીને, હિંદુસંસ્કૃતિમાં જે સમરસતા છે તેનું તે ઉજળું ઉદાહરણ બન્યા છે.

મહાપંથ અને નાથપંથ સાથેના સંબંધે નાથપંથનું લોકધર્મમાં જે રીતે ઉતરાણ થયેલું અને એ કારણે ગિરનાર આસપાસ નાથપરંપરાનો પ્રચાર-પ્રસાર ચાલ્યો. નાથપરંપરામાં સિદ્ધયોગી પરંપરાનું મહત્ત્વ રહેલું છે. મહાપંથમાં જતી-યોગીનું આવું અને આગવું મહત્ત્વ દૃષ્ટિગોચર થાય છે આ બાબતની ચર્ચા કરીને રામદેવપીરને નામે મળતી એક રચનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં માનવજાતના કલ્યાણનો મહિમા રજૂ થયો છે. લિંગ અને ઊંચ-નીચના ભેદ ભૂલીને એ બધામાંથી બહાર નીકળીને જીવન જીવવાની પ્રેરણા આપી છે. તત્ત્વમીમાંસા કે ગૂઢજ્ઞાનની અન્ય વિગતોમાં ન સરી પડતાં મહાપંથે જે રીતે માનવીને યોગસાધના તરફ વાળ્યા એ ખૂબજ મૂલ્યવાન બાબત બની રહે છે.

સમગ્ર રીતે 'ગુજરાતી સંતસાહિત્યવિમર્શ'માં ગ્રંથસ્થ અભ્યાસમૂલક લેખોમાંથી પસાર થતાં આપણા સંતસાહિત્યનો વિશાળતાનો અને વ્યાપકતાનો ખ્યાલ પ્રાપ્ત થાય છે. આ ભજનસંતસાહિત્યમાં રહેલી વિશાળતા એમાં રજૂ થયેલા અનેક વિષયો, બહુવિધપંથ તેની પરંપરાઓ, આ પરંપરાઓનો એકબીજા સાથે અનુબંધ, એમાં રહેલી માનવકલ્યાણની ભાવના, જીવનમુક્તિનો મહિમા, વિધિ-વિધાનમૂલક અનુષ્ઠાનો જેવી અનેકબાબતો અહીં અભ્યાસમાં રજૂ થયેલી છે. હિન્દુધાર્મિક પરંપરાઓનો ઈસ્લામિક પરંપરા સાથે સમાનતા જેવા અનેક મુદ્દાઓને ધ્યાનમાં રાખી અહીં સ્વાધ્યાય થયો છે. આ પુસ્તક આપણા સંતસાહિત્યમાં એક નવી કેડી કંડારવાનું કાર્ય કરે છે. આ અર્થમાં સંતસાહિત્ય વિમર્શ પુસ્તક આપણી તત્ત્વદર્શી કવિતાને મૂલવે છે. સાથે સાથે સંતસાહિત્યના નૂતન આયામોની સ્થાપના કરી, સંતસાહિત્યની અવધારણાને બાંધી આપે છે.

[ગુજરાતી સંતસાહિત્ય વિમર્શ - ડૉ. બળવંત જાની, પ્ર.આ. ૨૦૧૦, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, કિં. ૧૩૦/-]

૪

# ભૂચર મોરીના સંગ્રામની ચારણી કવિતા

ડૉ. બળવંત જાની

ચારણ કવિઓની ઈતિહાસ વિષયક રચનાઓનો આપણે ત્યાં બહુ અભ્યાસ થયો નથી. હકીકતે રાજકીય-સાંસ્કૃતિક ઈતિહાસ માટે ખૂટતી કડીરૂપ કે પૂર્તિરૂપ ઘણીબધી વિગતો આ ચારણી કાવ્ય સાહિત્યમાંથી સાંપડે પણ આપણે ત્યાં એના પરત્વે બહુ લક્ષ અપાયું નથી. ગુજરાતના ચારણી સાહિત્યની એક ઉજ્જ્વળ પરંપરા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં વીસેક હજાર જેટલી પ્રાચીન દુર્લભ હસ્તપ્રતોનો સંગ્રહ છે. એ હસ્તપ્રતોના સૂચિપત્રના બે ખંડો પ્રકાશિત થયા છે. એમાંના એક દુરસાજી આઢા મને ખાસ મહત્ત્વના જણાયા છે. એમણે સૌરાષ્ટ્રના શૌર્યપૂર્ણ સંગ્રામ ભૂચર મોરીના મહાયુદ્ધને કાવ્યવિષય બનાવીને 'કુમાર આજા જામની ભૂચર મોરીની ગજગત' નામની ગજગત છંદમાં ૭૨ છંદોનું સર્જન કર્યું છે. દ્વારિકા પ્રવાસે જઈ રહેલા દુરસાજી આઢા રસ્તામાં જામનગર મુકામે રાજા જામ સતાજીને પુત્ર અજાજીના વીર મૃત્યુમાં ઝૂરતા દુઃખી જોઈને પુત્રની વીરતાને બિરદાવતું કાવ્ય એમની સમક્ષ પ્રસ્તુત કરીને પુત્રના શૌર્યપૂર્ણ શહીદીના ઉદાહરણરૂપ ગણાવીને રાજવીને શહીદ યુગના પિતાનું ગૌરવભાન કરાવીને રાજવીના શોકને દૂર કરવા પ્રયત્ન કરેલો.

ભૂચર મોરી નામના સ્થાને ખેલાયેલા જંગને વિષય બનાવીને મેઘાણીએ 'સમરાંગણ' નામની નવલકથા રચી છે. મધ્યકાળમાં અનેક રચનાઓ આ યુદ્ધ

સંદર્ભે મળે છે. એ બધીનો તુલનાત્મક અભ્યાસ કરવા જેવો છે.

અકબરે વિ.સં. ૧૬૨૯માં મુઝફરશાહ બીજા પાસેથી ગુજરાત જીતી લીધું, મુઝફરશાહ રાજપીપળાનાં જંગલોમાં નાસી ગયો અને ત્યાંથી અમદાવાદ પર આક્રમણ કરતો રહ્યો. છેવટે અકબરે મીરજા અઝીઝ કોકાને મોકલ્યો અને તેણે મુઝફરને કેદ કર્યો. વિ.સં. ૧૬૩૯માં જેલ તોડીને એ ભાગ્યો અને તેને જામનગરના રાજા સતાજીએ આશ્રય આપ્યો. આથી અઝીઝે મુઝફરશાહને સોંપી દેવાનો સંદેશો મોકલ્યો, પરન્તુ શરણાગતનું રક્ષણ કરવું એ ક્ષત્રિય રાજપૂતનો ધર્મ હોવાથી સતાજીએ મુઝફરને સોંપ્યો નહીં. આથી બાદશાહી લશ્કરે જામનગર પર આક્રમણ કર્યું. આ વખતે જામનગરની મદદે જૂનાગઢના નવાબ દોલતખાન તથા કુંડલાના કાઠી લોમા ખુમાણ પોતાના સૈન્ય સાથે આવ્યા. ધ્રોળથી વાયવ્ય ખૂણામાં એકાદ કિલોમીટરને અંતરે આવેલ ભૂચર મોરી નામની પર્વત ધાર પાસે આ યુદ્ધ થયું. આથી લોકો તેને ભૂચર મોરીના યુદ્ધ તરીકે ઓળખે છે. બે-ત્રણ માસની લડાઈ પછી જામનગરનો વિજય હાથવેંતમાં હતો, ત્યારે દોલતખાન અને લોમા ખુમાણે ભવિષ્યની ચિંતાથી જામસતાજી નિરંકુશ બની જાય તો ભવિષ્યે આપણી સામે પણ લડે એથી અઝીઝની સાથે ભળી જવાનો નિર્ણય કર્યો. બીજા દિવસે ચાલુ યુદ્ધે બંને પોતાના સૈન્ય સાથે દુશ્મનદળમાં ભળી ગયા. આથી જેશા વજીરે જામ સતાજીને જામનગર મોકલીને મોરચો સંભાળ્યો. જામનગરમાં જામ સતાજીનાં કુંવર અજાજીએ જણાવ્યું કે, પિતાશ્રી સમરાંગણમાંથી પાછા આવ્યા છે અને સૈન્ય નેતૃત્વ વિહોણું છે ત્યારે રાત્રે જ અજાજી પોતાના ૫૦૦ યુવાન સાથીદારોને સાથે ઊપડ્યા. જેસા વજીરને મળીને વ્યૂહરચના ગોઠવી અને સવારે પુનઃ યુદ્ધ આરંભાયું. જેમાં વીરતાથી લડીને કુંવર અજાજી; જેસા વજીર તથા અનેક શૂરવીરો શહીદ થયા. અજાજીનાં રાણી કુંવરની પાઘડી ખોળામાં લઈ સતી થયાં. જ્યાં ભૂચર મોરીનું યુદ્ધ થયું એ જગ્યાએ આજે પણ જામ અજાજીની દેરી છે, અને તેમાં પાળિયો છે, તેમજ તે દેરીની દક્ષિણ બાજુ તરફ અજા જામનાં રાણીશ્રી સતી થયાં તેની ખાંભી છે. પાળિયા પરનું લખાણ હાલ અવાચ્ય છે, પરન્તુ આ પાળિયાઓ ઉપર દેરી ચણાવી જામશ્રી વિભાજીએ શિલાલેખ મુકાવ્યો છે, તે મુજબ આ યુદ્ધ વિ.સં. ૧૬૪૮માં થયેલું અને કુંવર અજાજી શ્રાવણ સુદ-૭નાં રોજ યુદ્ધમાં ખપી ગયા. આ વિગત એક દુહામાં મળે છે અને આ દુહો શિલાલેખમાં પણ કોતરેલ છે :

*સંવત સોળ અડતાળમેં, શ્રાવણ માસ ઉદાર;*
*જામ અજો સૂરપુર ગયા, વદ સાતમ બુધવાર -*

અહીં કુંવર અજા જામની ભૂચર મોરીની ગજગત'માં દુરસાજીએ ચારણી



પરંપરાનુસાર વીર મૃત્યુને લગ્નપ્રસંગ સાથે સાંકળી લીધું છે. કુમારશ્રી અજાજી કેસરીએ વાઘે, મીંઢોળબંધ કામ આવ્યા, ને જાણે કાબુલી કન્યા સાથે લગ્ન કરવા ચડ્યા હોય તેવું વર્ણન છે. આમ, કવિએ રૂપકાત્મક શૈલીમાં વીર અને શૃંગારરસયુક્ત કાવ્ય રજૂ કર્યું. જેમાંની કેટલીક પંક્તિઓ :

*'રણ તોરણ ચડ્યાજી, પડપંથ ઊપડી,*
*આયત અડમડીજી, રૂપ શરોહડી,*
*બેહરૂપ પખ્ખર પેર્યં બગતર, જરદ કંઠ કંચુ જડી;*
*દસ્તાન કંકણ કરગ દીપે, કમર જર બંધે કડી,*
*શહેરો શરબંધ કમળશોહે, રૂપ ટોપસ રાખડી,*
*શત્રશાલ રો પરણવા સ્વયંવર, ચાલ રણ તોરણ ચડી.'*

કુંવર અજોજી જ્યારે સમરાંગણરૂપી લગ્નમંડપમાં જવા તોરણે ચડ્યા ત્યારે આકાશમાં અપ્સરાઓ પણ શણગાર સજવા લાગી. યુદ્ધમાં જવા વીરોએ બખ્તર પહેર્યાં; જ્યારે અપ્સરાઓએ આભૂષણો સજ્યાં અને કંચુકીબંધ બાંધ્યા. તેમણે ધારણ કરેલાં કંકણો દીપી ઊઠ્યાં, તો વીરોએ કમરબંધ બાંધ્યા. વીરો મસ્ત પર મોડ-શેહરો ધારણ કર્યો તો અપ્સરાઓએ મસ્તક પર રાખડી બાંધી. આમ, એ વેળા બન્ને પક્ષે તૈયારીઓ થઈ.

*'પટહથ પાખરીજી, ખેહાં ડમ્મરી,*
*ઘોડાં ઘુમ્મરીજી, થગનગ થરહરી,*
*થરહરે થગનગ, અળા થરકે, મંડળ ખેહાં ડમ્મરી,*
*ગરવરે ડીયા, અવર ગઢપત, સબલ ત્રી મો સુત્રરી,*
*મદમસ્ત કાબલ ઘણાં ભુંગલ, પછટ દેહથ પાઘરી,*
*અજમાલ બરવા કાજ આવી પવંગ પટહથ પાખરી.'*

(હાથીઓ પર પાખર બિછાવી, ધૂપ વડે આકાશને આચ્છાદિત કરી, અશ્વના ડાબલાઓ વડે પૃથ્વીને ધ્રુજાવતી શત્રુસેના રૂપી સુંદરી આવી. અનેક ગઢપતિ ભયભીત થયા. એના મદોન્મત કાબુલી અને મોગલ સૈનિકો સીધા પ્રહાર કરનારા છે. આવા હાથી અને અશ્વોથી સુસજ્જ શત્રુસેનારૂપી સુંદરી અજમાલને વરવા માટે આવી.)

જામ અજાજીનાં રાણી શ્રી સૂરજકુંવરબા સતી થયાં હોવાની વિગતને સમર્થિત કરતી ખાંભી ભૂચર મોરીમાં મળે છે, તેમજ અનેક ઐતિહાસિક ગ્રંથોમાં તેનો ઉલ્લેખ છે તેમજ આ અંગેનું એક કાવ્ય હસ્તપ્રતમાં મળે છે, તેની અંતિમ પંક્તિમાં વીરતાથી લડીને મૃત્યુ પામેલ અજાજી અને સતી થયેલ રાણીનું સ્વર્ગમાં

મિલન થતું દર્શાવ્યું છે :

*'આપ નાથ અજમાલ, સાથ ચલ સતિ સખાંહિ,*
*મેલ મોલ મૃતલોક, શાંમસ્રગ ધ્રમ પ્રમ સાહિ,*
*દેહ માનવ દાહવિ, અમરદેહી ફિર આઈ,*
*અમરહુવો આનંદ, વધે નિશાણ વધાઈ,*
*ભડથારલિયો સહ ગણભરી, સિત, ગંગ, ઉમિયા જસિ,*
*અજમાલસંગ સૂરજ અચલ, વેહવાસ સુરપુર વસિ.'*

સમરાંગણમાં વીરગતિ પામેલા પોતાના પતિ અજાજીની સાથે તેમનાં રાણી સૂરજકુંવરબા સતી થઈને ચાલ્યાં. માનવલોકના રાજમહેલોને ત્યજીને તેમણે પોતાનો પરમધર્મ-સતીત્વ જાળવીને સ્વર્ગમાં પતિને મળ્યા. માનવદેહને પ્રજાળીને-ચિતાગ્નિમાં ઝંપલાવીને તેમણે દેહ ત્યજ્યો, પરન્તુ સ્વર્ગમાં અમરદેહ ધારણ કરીને આવ્યાં. સતીત્વને કારણે અમરત્વ પામવાનો આનંદ અને વધાઈ તેમણે ઢોલ અને નિશાણો વગડાવીને માણ્યો. તેમણે સતી સીતાજી, ગંગાજી અને ઉમા-પાર્વતીજીની જેમ અમરત્વ પામીને પોતાના પતિ અજાજીને મળ્યા. આમ, અજાજીની સંગે રાણી સૂરજકુંવરબા પણ અમરત્વ પામ્યાં અને તેમણે કાયમ માટે પતિ સહવાસે સ્વર્ગમાં વાસ કર્યો.

સૌરાષ્ટ્રના ઇતિહાસની રાજકીય વિગતે તત્કાલીન ચારણ કવિએ પોતાની રીતે શ્રુતપરંપરાની સામગ્રીને ખપમાં લઈને યુદ્ધવર્ણનની કવિતા રચી તે ભારતીય રૂપકાત્મક કાવ્ય પરંપરામાં અભિવ્યક્તિને પામ્યું છે એમાં ઐતિહાસિક તથ્યો પણ સમાવિષ્ટ છે. કંઠસ્થ પરંપરામાં જળવાયેલી હસ્તપ્રતમાં સુરક્ષિત આ રચના આજે પણ કોઈ ચારણ કલાકાર બુલંદ નાદે ગજગતિ છંદનો પાઠ પ્રસ્તુત કરે ત્યારે આપણી નજર સમક્ષ યુદ્ધનું દશ્ય અને કુમાર અજાજીની શૌર્યપૂર્ણ શહીદીનું શબ્દચિત્ર ખડું થતું હોય છે. ચારણી સાહિત્યના પ્રસ્તુતીકરણને અને સાહિત્યને પામવા - માણવાની દષ્ટિસભર શ્રોતાઓ અને કલાકારોનું સાયુજ્ય રચાય તો વાતાવરણમાં અને એ નિમિત્તે સમાજમાં પણ દેશપ્રેમ, ધરતીપ્રીતિ અને એના માટે મરી ફીટવાની વૃત્તિ ભળે. આપણને રાહ છે આવા વિરલ પ્રાચીન દશ્યની.

૫

# ચારણી સાહિત્યમાં ઐતિહાસિક અજવાળાં

## શિવદાન ગઢવી

ચારણો અને ચારણી સાહિત્યનાં તળિયાં સુધી જેમણે અભ્યાસ કર્યો છે, એમના ભીતરનો તાગ મેળવેલ છે એવા સાહિત્યકારો પૈકી સ્મૃતિએ આપે છે. ઝવેરચંદ મેઘાણી, ગોકુળદાસ રાયચૂરા, જયમલ્લભાઈ પરમાર, પુષ્કર ચંદરવાકર, ઉમાશંકર જોષી, મહાકવિ ન્હાનાલાલ, પ્રાધ્યાપક અને વિવેચક અનંતરાય રાવળ, મનુભાઈ પંચોળી વગેરે; આધુનિકોમાં ડૉ. બળવંતભાઈ જાની, ડૉ. હસુભાઈ યાજ્ઞિક, દોલત ભટ્ટ, નરોત્તમ પલાણ, જોરાવરસિંહ જાદવ, આ સહુએ એકી અવાજે ચારણોની ચારણી સાહિત્યની વિશિષ્ટતા નોંધી છે કે, 'ચારણોએ ઇતિહાસનાં રખવાળાં કર્યાં છે, રાજવીઓનો ખોફ વહોરીને કડવાં સત્યો સંભળાવ્યાં છે. પ્રજાજીવનના ઉલ્લાસનાં નીરને ખળખળ નાદે વહેતાં રાખ્યાં છે. માતૃભૂમિ માટે મરી ફીટવાનો મંત્ર ચારણોએ આપ્યો છે. ક્ષત્રિયોને રણસંગ્રામે શૌર્યના કસૂંબા પાયા છે.

મારે વાત કરવી છે આ પૈકીની એક બાબતની તે છે ઇતિહાસની. કઈ રીતે એણે ઇતિહાસને જીવંત રાખેલ છે ?

મોટા ભાગનાં રજવાડાંમાં ચારણ રાજકવિ હતા, રાજપુરોહિત કે રાજના દીવાન એવી એક એક વિશિષ્ટ વ્યક્તિ પણ હતી. ગુજરાત-સૌરાષ્ટ્રમાં તો અંદાજે

બસો બાવીસ જેટલાં રાજ્યો હતાં. ચારણ કવિઓ, માત્ર આટલા જ ન હતા. પશુપાલન, ખેતી ઉપર નિર્વાહ કરતા ચારણો તો ગામ વચાળે ડાયરો કરી પ્રજા-જીવનમાં ઉલ્લાસની ઊર્મિઓ ઊભરાવતા હતા.

ઇતિહાસનું અર્થઘટન 'આમ હતું' તે મતલબનું છે. જ્યારે ચારણ કવિઓ કે વાર્તાકારો તો નજરે નિહાળેલ ઘટનાઓને કાવ્યમાં વણી લેતા, યુદ્ધ કે કોઈ વિશિષ્ટ ઘટના, દરબારગઢનું ચિત્ર, લગ્ન, મરણ વગેરે પ્રસંગોને નજરે નિહાળી તાદૃશ છબી ખડી કરતા, મતલબ કે જે તે સમયનાં ચિત્રો શ્રોતા સામે મૂકતા. એ બધી સત્ય ઘટનાઓ જ સાચો ઇતિહાસ છે તેમાં કંઈ પણ ક્ષતિ હોય તો લોકજીભે તે બહાર સંભળાય. રાજકવિઓની કેટલીક મર્યાદાઓ હોવા છતાં એણે કહેવા યોગ્ય વચનો ઉચ્ચારીને આપણી સામે સત્યો જીવંત રાખ્યાં છે.

જે તે સમયે પ્રજાની સ્થિતિ, સંવત, મહિનો, તિથિ, વાર વગેરેને કાવ્યબાનીમાં એવી રીતે 'ગુંજ્યાં છે કે કાવ્યનો પ્રવાહ અસ્ખલિત વહેતો જણાય.

રાજકવિ સિવાયના ચારણોએ પ્રજાની વિટંબણા, ખુશી, ગમગીનીને વાચા આપી છે. તેથી તે લોકાદર પામ્યો. કંઈક વિશિષ્ટ કે અજુગતું ભાળે ત્યારે એને વાચા આપ્યા વિના ચારણને શાંતિ થતી નહિ !

આઝાદી અગાઉ કે જ્યારે પ્રેસ પણ ન હતા ત્યારે પણ ચારણોએ કંઠોપકંઠ ઇતિહાસને અજવાળ્યો છે.

ચારણીસાહિત્ય મહદ્ અંશે ડિંગળમાં લખાયું છે, બોલાતું આવ્યું છે. ઈ.સ.ની પંદરમી સદીના પ્રારંભ પહેલાં તો ગુજરાતી ભાષાનો જન્મ થયો ન હતો ! જૈન મુનિઓએ હામ, દામ અને ઠામના કારણે હસ્તપ્રતોમાં તેમનું જાળવ્યું, ચારણો પાસે તે શક્ય ન હતું પરંતુ એમની વાણીનો પ્રવાહ સંભળાતો રહ્યો છે જ.

કોઈ ઐતિહાસિક ઘટનાને ચારણ રજૂ કરે ત્યારે એણે ઉપરની બાબતો લક્ષમાં લેવી જરૂર છે. ચારણ માત્ર કવિ, વાર્તાકાર, યુદ્ધના મેદાનમાં શૌર્ય સીંચતો યોદ્ધો જ નથી. એણે ઇતિહાસનાં રખવાળાં કરવાનાં છે. પછી તે ચારણ કવિઓ, સંતો કે રાજકવિઓને સ્પર્શતો હોય તો પણ અન્યની બાબતને સેળભેળ કરવાની નથી. ચારણ લેખક, ડાયરાના વક્તા, કવિ, જ્યારે કંઈ પણ બાબત પ્રજા સમક્ષ મૂકે ત્યારે એવી ઘટનાને યોગ્ય રીતે તપાસવી અનિવાર્ય છે, એમ નહિ બને તો ભવિષ્યની પેઢી દ્વિધામાં મુકાઈ જશે ! એક ઘટનાનું બીજી ઘટનામાં મિશ્રણ ન કરાય.



આ સંદર્ભમાં કેટલીક નાની બાબતો, અહીં નોંધું છું :

'ચારણ'' ત્રિમાસિક પછી 'ચારણ સંસ્કૃતિ' નામાભિધાન ધરાવતું સામયિક રાજકોટ સોનલ ટ્રસ્ટના નામે શરૂ થયું. એના પાંચ વર્ષના લેખોમાંથી એના મૅનેજિંગ ટ્રસ્ટી રામભાઈ જામંગ તેમજ મિત્રોએ ૨૧૬ પાનાં ધરાવતો વિવિધ સાહિત્યકારોના લેખોના બહુ જ રસપ્રદ ગ્રંથ બહાર પડતાં અમારા જેવા સાહિત્યકારને હર્ષ થાય તે સ્વાભાવિક છે. ગ્રંથના કેટલાક લેખ ફરી વાર ઝીણવટથી જોઈ ગયો. આપણા પ્રતિભાવંત કવિ 'દાદ'ની કાવ્યવાણી-રચના ગૌરવવંતી છે. એમની યુવાવયે ડાયરાઓમાં મેં તેમને નિમંત્રેલ, તેમની ફાગણી ફોરમ જેવી રચનાઓએ કેટલાયે શ્રોતાઓ પ્રફુલ્લિત કર્યા છે તો સમાજજીવનની હૃદયસ્પર્શી કાવ્યધારાએ શ્રોતાઓને હીબકાં ભરતા ઘણાંયે જોયા હશે !

એમણે ''ચારણ સંસ્કૃતિ''ના એ ગ્રંથના પાન ૩૩-૩૪ ઉપર ચારણકવિની દાતારીના સંદર્ભમાં હરદાસ મીસણનો ઉલ્લેખ કર્યો છે. મૂળ તો મનહરદાન મીસણના પુસ્તકનો એમણે આધાર લીધો જણાય છે. ડૉ. અંબાદાન રોહડિયા તેમજ અમોએ પણ અમારા ગ્રંથ'કવિરાજ કહે' તેમાં હરદાસ મીસણના અનુસંધાને એ દુહો હોવાનું જણાવ્યું છે.

મારા વતન નજીક મોઢેરા ગામના વતની ચારણી સાહિત્ય સંશોધક તેમજ રાજસ્થાનમાં તે વખતે પ્રગટ થતા ''ચારણ'' સામયિકના ગુજરાતી વિભાગના તંત્રીશ્રી ખેતસિંહજી મીસણના તેમના સમયના સાહિત્ય-સંદર્ભમાં થયેલ પત્રવ્યવહાર (અપ્રગટ) પૈકી એક પત્ર તાજેતરમાં વાંચતાં આખું ચિત્ર પલટાઈ ગયું !

**શું છે એ પત્રમાં ?**

ખેતસિંહજીએ તે સમયના ચારણ વિદ્વાનો, અન્ય સાહિત્યકાર સાથે ઘણો ત્રણ વ્યવહાર કરેલ છે. આ પત્ર ચારણીસાહિત્યને જાણીતા સાહિત્યકાર-વિવેચક પીંગળશીભાઈ પાયકને સંબોધીને લખાયેલ છે. પ્રારંભમાં કાગવાણી ભાગ-૪, ચારણ અંક વગેરે અંગે ટૂંકું લખીને જયમલ્લદાન પાયકના 'ચારણ રત્નમાળા' કાવ્યમાં રચનાની દૃષ્ટિએ એને ઊંચી કૃતિ તરીકે આવકારી છે. તે પછી એમણે જણાવ્યું છે કે, (એમના જ શબ્દો મૂકું છું.)

''એ ગીતમાં હરદાસ મીસણ વિશે જે હકીકત આપવામાં આવી છે તે ભ્રામક છે. શ્રી મહેશદાન મીસણે તે વિશે વધુ પ્રકાશ પાડ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે તે મૂળ હકીકતને વધુ ગૂંચવે છે !

એ ગીતમાં હરદાસ મીસણના નામે જે ઇતિહાસ આપવામાં આવ્યો છે

તે તેમનો નહિ પણ અકબરના દરબારી કવિ નરહરિ બ્રહ્મભટ્ટના પુત્ર કવિ હરિનાથજીનો છે. આમેર નરેશ રાજા માનસિંહે નીચેના બે દોહા સાંભળી લાખ પસાવ આપ્યા હતા.

*બલિ બોઈ કીરતિલત્તા, કર્ણકરીદૈપાત;*
*સીંચી માન મહીપતે, જબ દેખી કુમ્હિલાત. ૧*

*જાતિ જાતિ તે ગુન અધિક, સૂન્યૌ ન કબહૂ કાન;*
*સેતૂ બાંધી રઘુવીર તરે, હેલી દૈ નૃપ માન. ૨*

લાખ પસાવ લઈને હરિનાથ કવિ પોતાના ઉતારે જતા હતા ત્યાં રસ્તામાં એક બ્રાહ્મણ કવિ મળ્યો તેણે નીચેનો દોહો કહ્યો :

*દાન પાઈ દોઈ બઢે, કીં હરિ કીં હરિનાથ;*
*ઉન બઢિ ઊંચો પગ કિયો, ઉન બઢિ ઊંચો હાથ.*

આ દુહાથી પ્રસન્ન થઈને હરિનાથે પોતાને મળેલ લાખ પસાવ બ્રાહ્મણ કવિને આપી દીધેલા. એ કવિનું નામ કવિઓમાં ''કુલંગ''નામથી જાણીતું છે.

શ્રી મહેશદાનજી મીસણે 'હરદાસ મીસણને જોધપુર મહારાજાએ કરોડ પસાવ આપતી વખતે અભિમાનભર્યા શબ્દો ઉચ્ચાર્યા અને કરોડ પસાવનો સ્વીકાર ન કર્યો તે બાબત જણાવી છે પરંતુ તે હકીકત પીઠવાજી મીસણ કવિની છે (હરદાસ મીસણની નહિ). પીઠવાજી મીસણને ઉદેપુરના મહારાણાએ કરોડ પસાવ વખતે ગર્વોકત વેણ કહ્યાં તેથી પીઠવાજીએ અસ્વીકાર કરતાં જણાવેલું કે, 'મહારાણા કરોડ પસાવ આપનારા તો મળી રહેશે પરંતુ ન સ્વીકારનારા મારા જેવા ઓછા મળશે.' આ પીઠવાજી મીસણને અજમેરના વચ્છરાજ ગૌડે બાંધીવાડા પરગણા સાથે અરબ પસાવ આપેલા.

છેક સિદ્ધરાજ જયસિંહના સમયને આણંદ-કરમાણંદ નામના પિતા-પુત્રની કવિ બેલડીએ આલેખ્યો છે. સંસારજીવનના નિતાન્ત સત્ય સમા દુહાઓ કંઠોપકંઠ હજુ જીવંત છે.

*આણંદ કહે કરમાણંદા, ભેદૂ કયું ભૂસંત;*
*દી ઊઠે દશા ફરે, અવળા ખોપ કરંત.*
*બિંબાહરિ તણુ રયણવણ, કિઠ ઠિઉ સિરિ આણંદ,*
*નિરૂપમ રસુપિએ, પિઅપિજણુ, સેસ હોદિણ્ણીખુદ.*

હેમચંદ્રાચાર્યે પ્રાકૃત વ્યાકરણમાં આપેલ આ દુહો ઉપરોક્ત કવિઓનો છે.

(હે આણંદ ! બિંબ (ફૂસ) જેવા હોઠ ઉપર દાંતે કરેલ ઘા કેવો શોભે છે ?



જાણે કે પિયુએ નિરૂપમ રસ પીને બાકીના (રસ) ઉપર બીજો કોઈ પી ન જાય તે માટે મ્હોર મારી છે.)

તે સમયના એટલે કે સિદ્ધરાજ જયસિંહના સમયની આ ગુજરાતી ભાષા જ છે. (સિદ્ધરાજ એ નામ નથી, બિરુદ છે તેનું નામ જયસિંહ હતું. શાસનકાળ (ઈ.સ. ૧૦૯૪-૧૧૪૩).

બનાસકાંઠાના વાવ તાલુકાનું મમ્માણા ગામ સિદ્ધરાજે આ કવિઓને ભેટ આપેલું, જેનું તામ્રપત્ર તેમના વંશજો પાસે છે એ સત્ય ઘટના-ઇતિહાસ છે.

મહેસાણા જિલ્લાના દેવરાસણ ગામના કવિ ડુંગરશી, કડીના મલ્હાવરાવ ગાયકવાડ સમયે થઈ ગયેલા કટોસણના અજબાજી ક્ષત્રિયના રાજદરાબરનું વર્ણન ચારણકવિ વિક્રમશીએ કરેલાની હસ્તપ્રતો મુંબઈ ફાર્બસ સભા પાસે છે. ચુંવાલીસ ગામો ધરાવતા ક્ષત્રિય કાનજીરાવ, ભૂપતસંગની કેટલીયે ઐતિહાસિક ઘટનાઓને એણે કાવ્યમાં સાચવી છે. (ચુંવાલીસ ગામના કારણે એ પરગણું ચુંવાળ કહેવાયું).

વ્રજલાલ મહેડુનો ૬૭૬ પાનાંનો કાવ્યમય ગ્રંથ ''વિભાવિલાસ'' જામનગરના રાજવીઓના સમયને ઉજાગર કરે છે. આમોદના રાજકવિ જશુરામ વરસડા, દુલા કાગના વડવા બીજલ કાગના દુહાઓ (ઈ.સ. ૧૦૧૦) જામનગરના રાજકવિ માવદાનજીએ યદુવંશ પ્રકાશ અને જામનગરનો ઇતિહાસ આધારભૂત રીતે કંડાર્યો. જેમાં રામાયણ-મહાભારતકાળથી-કૃષ્ણના વંશવારસોની યાદી આપી આઝાદી સમય સુધીની ઝીણવટભરી ઘટનાઓનાં તાદશચિત્રો રજૂ કર્યાં છે એટલું જ નહિ, ચારણી સાહિત્યનાં ઝૂંઝાર નગારાંનો અવાજ પણ સંભળાય છે.

રાજસ્થાનનાં વિવિધ રાજ્યોના રાજકવિ સૂર્યમલ્લજી ખીસણે તો વંશભાસ્કરના આઠ દળદાર ભાગોમાં રાજવીઓ, પ્રજાજીવન, મુસ્લિમ આક્રમણ, ક્ષત્રિયોની નેક ટેકને જીવંત રાખી છે. શાસનકર્તાઓની પ્રશંસા યોગ ઘટનાની પ્રશંસા જરૂર કરી છે તે સાથે તેમની નબળાઈઓ માટે ચોડેધાડ છબોડવામાં બાકી રાખ્યું નથી !

ઇતિહાસની આવી છબી કંડારનાર ચારણો દ્વારા જીવંત રહેલ ઘટનાઓમાં અત્યારે સેળભેળ કરીએ તે સ્વીકારવાપાત્ર નહિ બને.

શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઈ જેમના પૂર્વજો મોગલાઈ રાજ્યથી સોરઠમાં અગત્યનું સ્થાન ભોગવતા હતા. હરપ્રસાદ બાહોશ પોલીસ અધિકારી હતા. શંભુપ્રસાદે ચારણો, જૈન ગ્રંથો, મુસ્લિમ ગ્રંથોનો ઝીણવટભર્યો અભ્યાસ કરી ''સૌરાષ્ટ્રના ઇતિહાસ'' નામે ગ્રંથ આપ્યો. જેને સૌરાષ્ટ્ર ઇતિહાસ સંશોધન મંડળે

ઈ.સ. ૧૯૫૭માં પ્રકાશિત કરેલ છે. ચારણોની હસ્તપ્રતો અને કંઠોપકંઠ માહિતી મેળવી તેમણે આ પુસ્તકના પાન ૨૧૯ ઉપર આંગળી ચીંધતાં જણાવ્યું છે કે, 'ભાટ ચારણોએ જેટલા હિંદુ રાજાઓ આપ્યા તે સિદ્ધરાજ, મુસલમાનોને મહંમદ બેગડો કહ્યા. કર્ણોપકર્ણ કથાઓમાં આવું બને તે સ્વભાવિક છે. જોકે શંભુપ્રસાદ દેસાઈ જેવા વિદ્વાને પણ ''ભાટચારણ'' શબ્દ એક સહ દર્શાવી તેમની ઊંડી જાણકારીનો અભાવ છતો કર્યો છે. ભાટ અને ચારણ ભિન્ન જ્ઞાતિ છે. એ બંનેને કોઈ સામાજિક વ્યવહારેય નથી ! આ બધા છબરડા વાળવામાં ''સાર્થ જોડણીકોષ'' મૂળ પાયામાં છે ! જેને આપણે સહુ આધારભૂત માનીએ છીએ ! એમની રૂઢિગત પ્રથાના કાને ક્યારે આ અવાજ સંભળાશે ?

શંભુપ્રસાદના અંગૂલીનિર્દેશનને ચારણી સાહિત્યના લેખકો જ નહિ, લોક ડાયરાઓ કરનારેય ધ્યાનમાં રાખવું જરૂરી છે. ત્રીજી એક નાનકડી ઘટના જોઈએ.

જૂનાગઢના ડી.વાય.એસ.પી. મૂળુભાઈ પાસિયા બાહોશ અધિકારી હતા. ભૂપતના સમયે તેમને સ્પેશિયલ ઑફિસરની ફરજ સોંપેલ. તે જ રીતે જીવાભાઈ ગઢવી બાહોશ પોલીસ અધિકારી હોવાથી તેમને પણ ભૂપતને પકડવામાં મહત્ત્વનો ભાગ ભજવેલો, ''ભૂપત પ્રકરણની ભીતરમાં''એ શીર્ષક નીચે દૈનિક પત્રોમાં આવતા લેખોમાં જીવાભાઈ અને ભૂષણ સાથેના સંઘર્ષની વિગતો બહાર આવેલી. ચારણ સંસ્કૃતિ (માર્ચ-૨૦૧૫)ના અંકમાં ગોવિંદભાઈ ધાંધણિયાએ એક ઘટના નોંધી છે જેમાં ભૂપતને પકડવા નીકળેલ જીવાભાઈ ફોજદાર જૂનાગઢના ગઢડા ગામે આઈ સોનલના આશિષ મેળવવા ગયેલાનું જણાવ્યું છે.

તા. ૨૧-૨-૧૫ થી તા. ૧-૩-૧૫ના રોજ કાગધામ ખાતે યોજાયેલા રામકથામાં ડાયરાના એક પીરસણહારે આ ઘટનામાં ''મૂળુભાઈ પાલિયાનુ'' નામ આપેલું. કંઠોપકંઠ કથાઓ જ્યારે જાહેરમાં પીરસવામાં આવે ત્યારે ઇતિહાસને નજર સમક્ષ રાખવો અનિવાર્ય છે એ વાતનો સ્વીકાર કરવો પડે.

કંઠોપકંઠ ચાલી આવતી ઘટનાઓમાં ક્યાંક ક્યાંક આવી ક્ષતિઓ રહેવા સંભવ હોવા છતાંયે ચારણોએ ઇતિહાસનું મજબૂત કાઠુ જીવંત રાખેલ છે. ચારણ કવિઓનાં કાવ્યો, દુહાઓ, હસ્તપ્રતો, ગામ ગરાસ આપ્યાનાં તામ્રપત્રો ચારણોની જામીનગીરી, અંગ્રેજ શાસનનાં ગેઝેટિયરો, ન કેવળ પોતાના એકલા માટે પરંતુ ગામસમૂહનાં જોખમાતાં હીર-ચીરના સંદર્ભમાં આપેલાં આત્મબલિદાનો ઐતિહાસિક સબળ પુરાવા છે. એની કોઈ ના નહિ કહી શકે.

૬

# પર્યાવરણનો પરિચય કરાવતું ચારણી સાહિત્ય

ડૉ. અંબાદાન રોહડિયા

## ભૂમિકા

વિશ્વ આજે સતત અણુયુદ્ધ અને ગ્લોબલ વોમિંગના ભય તળે જીવે છે. એક તરફથી વિશ્વની મહાસત્તાઓ પોતાનું આધિપત્ય સ્થાપવા માટે પરમાણું શસ્ત્રો વિકસાવે છે, શાસ્ત્રોની હોડમાં એવા એવા ન્યુક્લીયર બોમ્બ વિકસાવે છે કે, પળવારમાં જ કરોડો જીવોનો સંહાર કરી શકાય. આજે વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં વિચારવાને બદલે સ્વકેન્દ્રી બનેલા લોકોએ એટલા બધા શસ્ત્રો વિકસાવ્યા છે કે, આ સૃષ્ટિનો એક નહીં પણ એક હજાર વખત સર્વનાશ કરી શકાય. અલબત્ત, આ શસ્ત્રો પર નિયંત્રણ અવશ્ય છે, પરંતુ યંત્ર તો આખરે યંત્ર જ છે, એ જ્યારે કોઈ હિંસક આતતાયી-સરમુખત્યારના હાથમાં આવે ત્યારે તેનું પરિણામ કેટલું ભયાનક આવે એ તો આપણે મુંબઈમાં બનેલ હિંસક ઘટનામાં અનુભવ્યું છે.

એક તરફથી આ વૈજ્ઞાનિક શસ્ત્રોનો ભય છે, તો બીજી તરફથી ગ્લોબલ વોર્મિંગને કારણે હિમાલય અને કૈલાસના બરફના પહાડો પીગળી રહ્યા છે, એ કારણે સાગરની જળસપાટી ઊંચી આવવાની પૂરી સંભાવના છે, એમ થાય તો સાગર કિનારે વસેલ અનેક મહાનગરો સમુદ્રમાં ગારદ થઈ જશે એવી વાત ભૂસ્તર વૈજ્ઞાનિકો કહી રહ્યા છે. ત્રીજી તરફ ધરતીના પેટાળમાં રહેલ ખનીજ તત્ત્વોનો બેફામ ઉપભોગ ધરતીકંપ અને સુનામી માટે જવાબદાર છે, એનું ભયાનક પરિણામ

ભારત, જાપાન, ઈન્ડોનેશિયાએ જોયું છે. આ બધી વિપરીત પરિસ્થિતિએ ઋતુચક્રને સદંતર બદલી નાખ્યું છે. ક્યાંક વાવાઝોડું અને ક્યાંક અતિવૃષ્ટિ થાય છે. તો રણ વિસ્તારમાં મૂશળધાર વર્ષા થાય છે અને ચેરાપુંજી-મેઘાલય જેવા પ્રદેશમાં જ્યાં ૩૫૦-૪૦૦ ઈંચ વર્ષા થાય છે ત્યાં ગત વર્ષે પાણીની તંગીને કારણે ઓક્ટોબર માસમાં વેકેશન પાડવું પડયું હતું.

પર્યાવરણ પ્રત્યે દુર્લક્ષ સેવતા લોકોએ અનેકવિધ ક્ષેત્રે પ્રશ્નો ઊભા કર્યા છે. એક તરફથી મહાનગરોમાં સીમેન્ટ-કોંક્રીટની ભરમાર છે, તો બીજી તરફથી વૃક્ષો કાપીને જંગલો-પહાડોને ધરાશાયી બનાવાય છે. લાખો ટન કચરો અને ગંદકી નદીઓ વાટે સમુદ્રમાં ઠલવાય છે, જમીન મેળવવા સમુદ્રને પાછો હટાવવા પ્રયાસો કરાય છે અને રાસાયણિક કચરો સમુદ્રમાં ઠલવાતા સમુદ્રીય જીવસૃષ્ટિ અને વનસ્પતિ ઉપર પણ ખતરો ઊભો થાય છે. પ્રતિ વર્ષ કારખાનાઓ અને ખેતીવાડી માટે પાણીનો બેફામ ઉપયોગ થાય છે, આથી જળસ્તર ઊંડાને ઊંડા જઈ રહ્યા છે, આજે ૨૦૦૦ થી ૨૫૦૦ ફૂટ ઊંડેથી પાણી ખેંચવામાં આવે છે, એ કારણે એ પાણી ખારા અને ગરમ હોવાથી ધરતીની ફળદ્રુપતા ઘટે છે. આથી રાસાયણિક ખાતરો નાખીને પાક મેળવાય છે, આમ કરવાથી ધરતી રસ-કસ ગૂમાવે છે. તો પશુપાલકો વધુમાં વધુ દૂધ મેળવવાની વૃત્તિથી દૂધાળા પશુઓના હાડ-માંસ નીચોવતા ઈન્જેકશનો આપે છે. પશુઓની મૂળ જાતિ સાથે ચેડા કરીને શંકર-ગાય-ભેંસ બનાવાય છે, જે દૂધ વધુ આપે છે, પણ તેમાં સત્ત્વ કે ગુણવત્તા હોતી નથી.

સ્વાર્થાંધ બનેલા માનવો વસુકી ગયેલ ગાય, ભેંસ અને વૃદ્ધ બળદને કતલખાને મોકલે છે. લાખો પશુઓની આ રીતે થતી કતલ પણ પર્યાવરણ પર વિપરીત અસર કરે છે. નાના-નાના જીવજંતુઓ અને પશુ-પંખીઓ પર અવનવા વૈજ્ઞાનિક અખતરા કરીને જીવસૃષ્ટિ પર જોખમ ઊભું કરવામાં આવી રહ્યું છે. તો સ્વાદેન્દ્રીયનો ચટકો તેને ભયાનક સંહાર કરાવે છે. માછલી, તેતર, સૂવર, સસલા, મોર, હરણ અને અન્ય અબોલ જીવોની હત્યા સહજ બની ગઈ છે. અરે સ્ત્રીઓ વિશ્વ સુંદરી બનવાની ઐષણામાં અવનવા સૌંદર્ય પ્રસાધનો ખપમાં લ્યે છે અને એ માટે પણ આવા અબોલ જીવોની હત્યા કરાય છે. એટલું જ નહીં દૈહિક સૌંદર્ય-શરીર સૌષ્ઠવ માટે માતૃત્વ કે સંતાન સુખથી દૂર રહે છે કે પછી પુત્રૈષણાને કારણે દીકરીની ભૃણહત્યા કરાય છે. સરકારે ગર્ભપરીક્ષણ પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં સ્ત્રી-પુરુષનાં બાળજન્મ દરમાં એ તફાવત દેખાય જ છે. કુદરતી પ્રક્રિયા સામે માનવના આ કરતુતો સંસારને દોજખ કે નર્કાગાર બનાવી રહ્યાં છે. એ સ્થિતિમાં



સૌ જાગૃત બની શક્ય એટલું પર્યાવરણનું જતન કરે તે જરૂરી છે. એ સંદર્ભે વિચારણાર્થે યોજાયેલ આજના આ પરિસંવાદમાં મેં ચારણી સાહિત્ય અને એમાંથી પ્રાપ્ત પર્યાવરણ સંદર્ભે મારા વિચારો રજૂ કરવા વિચાર્યું છે.

**પર્યાવરણકેન્દ્રી પરંપરા :**

મધ્યકાળે પશ્ચિમ ભારતમાં પ્રગટેલી ભારતીય સાહિત્યની અનેકવિધ ધારાઓમાં એક મહત્ત્વની ધારા છે, ચારણી સાહિત્ય. ગુજરાત અને રાજસ્થાનમાં વિશેષરૂપે પ્રવર્તેલ આ ધારાનો પ્રારંભ ઈ.સ.ની નવમી સદીથી દ્રષ્ટિગોચર થાય છે. અપભ્રંશ ભાષાની સાહિત્યિક પરંપરાથી ભિન્ન તરી આવતી આ ધારાના સર્જકો મુખ્યત્વે ચારણો હોવાથી તેને ચારણી સાહિત્ય સંજ્ઞા મળી છે, રાજસ્થાનમાં તેના માટે 'ડિંગળી સાહિત્ય' સંજ્ઞા પણ પ્રયોજાય છે. અલબત્ત, એ જ્ઞાતિ વિશેષનું નહીં પણ શૈલીવિશેષનું સાહિત્ય છે અને તેમાં ચારણો તેમજ ચારણેતર સર્જકોનું પ્રદાન જોવા મળે છે. અપભ્રંશ અને મારુ ગુર્જર ભાષાથી આરંભાયેલ આ ધારામાં ગુજરાતી, રાજસ્થાની અને વ્રજ આદિ ભાષાઓ તેમજ વિવિધ લોકબોલીઓનો પ્રયોગ થાય છે. તેમાં પ્રયોજેલ અનેકવિધ સ્વરૂપોમાં આખ્યાન, વાર્તા, પ્રબંધ, વચનિકા, દવાવેત, કવિત, રાસો, ઝમાળ, નિશાણી અને કુંડળિયાને પ્રાધાન્ય મળ્યું છે. એમાંયે ડિંગળમાં તો ૧૨૦ જેટલાં છંદો-ગીતો અને તેના પેટા પ્રકારો વિપુલ માત્રામાં મળે છે. એમાં 'હાલા ઝાલા રા કુંડળિયા', 'રાવ, ખેંગાર રી બિયાખરી', 'રાધાજીની નિશાણી', છંદ રાવ જેતસી રો' જેવી છંદ પરક રચનાઓ અને 'વ્રજવનમાળીની વીસી', 'કારગીલ પચીસી', 'કૃપણ બતીસી', 'સુર છતીસી', 'સોનલ બાવની', 'પ્રતાપ બહુતેરી', 'છત્રછાલ છહુતેરી', 'હાડી રાણી શતક' અને 'વીર સતસઈ' જેવી સંખ્યા પરક રચનાઓ મળે છે.

વિષય સામગ્રીની દ્રષ્ટિએ ચારણી સાહિત્યમાં શૂરવીરો, દાતારો, સંતો, શીલવંત નારીઓ, જાતવંત પશુઓ, અલબેલા પંખીઓ-પ્રાણીઓ, પૌરાણિક કથાઓ, લોકદેવ-દેવીઓ અને પ્રકૃતિના રમ્ય અને રૌદ્ર રૂપોનું મનહર અને મનભર નિરૂપણ થયું છે. અરણ્યમાં રહીને ઋષિમુનિઓ જેવું જીવન જીવનારા ચારણો ભગવતી શારદાના ઉપાસકો હતા. ખરા અર્થમાં તો એ કોઈ જ્ઞાતિ વિશેષ નહીં પણ સંસ્કૃતિ વિશેષનું પ્રતિનિધિત્વ કરે છે, તેથી તો કહેવાયું છે કે, 'સાહિત્ય સર્જન એ ચારણોનો વ્યવહાર કે વ્યવસાય નહીં પણ સંસ્કાર છે, જે પેઢી દર પેઢી પૈતૃક વારસામાં મળે છે.' વળી આ ધારા સ્વનો નહીં પણ સર્વનો મહિમા ગાનાર સંસ્કૃતિમૂલક સાહિત્યિક પરંપરા જણાય છે.

ચારણી સાહિત્યમાં વૈદિક સાહિત્ય અને લોકસાહિત્યનો સુભગ સમન્વય થયો છે, એટલું જ નહીં એમાં ભારતીય સંસ્કૃતિનું ગૌરવ ગાન છે, અલબત્ત, આજે આપણે ભારતીયતા શબ્દને સંકૂચિત અર્થમાં પ્રયોજવા લાગ્યા છીએ, પણ ભારતીયતા એ માત્ર કોઈ એક સીમિત પ્રદેશ, પ્રજા કે ધર્મના વાડામાં કેદ થયેલ નથી, એ તો વિશ્વની સૌથી પ્રાચીન અને જીવંત સાંસ્કૃતિક ધારા છે. અરણ્યવાસી આદિ માનવો ધીમે ધીમે સામાજિક બન્યા, યુગોના અનુભવો પછી તેમણે પશુતા ત્યજી અને એક સભ્ય સમાજનું નિર્માણ કરવા પ્રેરાયા. વ્યક્તિક સુખ અને ઉપભોગ છોડીને વસુદેવ કુટુંબની વિચારધારાને અપનાવી, વૃત્તિઓને સંયમિત બનાવીને સઘળી કામનાઓ-ઐષણાઓ પર આવશ્યક નિયંત્રણોની ચોકી બેસાડી. જીવો અને જીવવા દયોનો વણ લખ્યો નિયમ અપનાવ્યો. માત્ર માનવો જ નહીં પણ પશુ, પંખી, પ્રાણી અને સકલ સૃષ્ટિના અસ્તિત્વનો સ્વીકાર કરીને તેનું જતન કરવા એ કૃત સંકલ્પ બન્યાં. એ માટે તેણે અપનાવેલાં જીવનમૂલ્યોનું જેમાં યથાર્થ પાલન થાય છે, તે ભારતીય સંસ્કૃતિ. તેમજ આ સાંસ્કૃતિક વિચારધારાનું સમુચિત નિરુપણ થાય તે ભારતીય સાહિત્ય. આથી પ્રતીતિ થાય છે કે અહીં સાહિત્ય અને સંસ્કૃતિ એકમેકના પૂરક અને અવિનાભાવિ બન્યા છે, તેનું યથાર્થ પ્રતિબિંબ ચારણી સાહિત્યમાં ઝીલ્યું છે. પર્યાવરણના લગભગ તમામ ઘટકોનો-અંશોનો પરિચય જેમાંથી પ્રાપ્ત થાય છે એવા ચારણી સાહિત્યમાંથી થોડાં દૃષ્ટાંતો પ્રસ્તુત કરીને એની મહત્તા અને મૂલ્યવત્તા સમજાવવાનો ઉપક્રમ છે.

ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય અને લોકપરંપરાનો પર્યાવરણ સંદર્ભે વિચાર કરતાં એ વાતની પ્રતીતિ થાય છે કે અહીં પ્રકૃતિના વિવિધરૂપો અને સકલ સૃષ્ટિને પૂર્ણ સમાદર મળ્યો છે, અહીં સૂર્ય અને ચંદ્ર માત્ર ગ્રહ નથી, પણ એ સૂરજદાદા રાણી રન્નાદેના ભરથાર અને કશ્યપમુનિના પુત્ર છે. તો ચંદ્ર એ દક્ષનો જમાઈ, શિવભક્ત અને ચાંદામામા છે. અહીં સરિતા માત્ર જળવાહિની નથી, પણ એ લોકમાતા, પતિત પાવની અને મોક્ષદાતા છે, એનું સ્તવન છેક ઋગ્વેદમાં મળે છે એટલું જ નહીં તે વિશ્વામિત્રની વિનંતીને ગ્રાહ્ય રાખીને માતૃભાવે તેને માર્ગ પણ આપે છે. અહીં કૈલાસ, હિમાલય કે ગિરનાર એ માત્ર પર્વત નથી, પણ સૌની આસ્થાનું કેન્દ્ર છે, કૈલાસ-માનસરોવરની યાત્રા હોય કે ગિરનારની પરિક્રમા-લીલી પરિક્રમા હોય એ લોકસમુદાયને એક તાંતણે બાંધે છે. ભગવતી સતીના અંગો જ્યાં જ્યાં પડ્યા ત્યાં ત્યાં એક શક્તિપીઠ બનાવી, એ બાવન શક્તિપીઠો અખંડભારતની સીમાનું સીમાંકન છે, એ માત્ર ધરતીનો વિસ્તાર જ નથી, એ તો આપણી સાંસ્કૃતિક ઐક્તાનો, માનવતાનો, હિંદુ, મુસ્લિમ, શિખ, ઈસાઈ અને



અઢારે વર્ણને આજાનબાહુમાં સમાવતો હૃદય વિસ્તાર છે. સીમાડાઓ તો વિસ્તરે અને તૂટે પણ ખરા, પરંતુ સૌને જોડનાર સંસ્કારનું જ બંધન અખંડ અને અતૂટ છે. વિવિધ પ્રદેશોની પ્રજાને સાંસ્કૃતિક એકતાથી જોડનારા ઉત્સવો, યાત્રા સ્થળો અને સાહિત્ય બહુવિધ આયામી અને બહુ પરિમાણી જણાય છે.

ભારતીય ઋષિમુનિઓએ બહુ વિચક્ષણ રીતે પર્યાવરણનું જતન કર્યું છે, તેને ધાર્મિકતા સાથે એવી રીતે સાંકળ્યું જેથી તેનું પાલન અવશ્યમય થાય. જેમ કે આંગણામાં તુલસીક્યારો, રાંધણછઠ્ઠના દિવસે ચૂલા ઠારવા અને પ્રત્યેક ઘરે એક છોડ વાવવો. છોડમાં રણછોડની વાત તો પૂજ્ય પાંડુરંગદાદાએ હમણાં કરી, જ્યારે આ વિચાર ઘણો જૂનો છે, નાગપાંચમે કરાતી નાગપૂજા કે શીતળા સાતમની વાર્તામાંથી પ્રગટતો સમાજોપયોગીતાનો સૂર અને ઘરો આઠમે પીપળાની, ઘરોની, બોરડીની અને અન્ય વૃક્ષોની પૂજાનો મહિમા માત્ર વાણીમાં જ નહીં આચારવિચારમાંથી મળશે.

**દુહા અને છંદોમાંથી પ્રગટતો પર્યાવરણવિચાર**

ભારતીય સંસ્કૃતિની આ પાવન વિચારધારાનું ગળથુથીમાં પાન કરનારા ચારણો પહાડનું બાળક છે, પ્રકૃતિને ખોળે એનો ઉછેર, લાલનપાલન અને વસવાટ છે. ધરતીપુત્ર તરીકે ખેતી કે પશુપાલન કરનારા ચારણો નગર સંસ્કૃતિનું નહીં પણ અરણ્ય સંસ્કૃતિનું જ સંતાન છે. આથી તો એક દુહામાં કહેવાયું છે કે :

*સિંહ સિંધર અને સુગંધ મૃગ, ચારણ અરુ સિદ્ધ;*
*એતા નગરાં ન નીપજે, (સૌ) પહાડામાં જ પ્રસિદ્ધ.*

ચારણોએ પ્રકૃતિના રમ્ય અને રૌદ્ર રૂપને પ્રત્યક્ષ અનુભવ્યું છે, પરંતુ એનામાં શ્રધ્ધા અને ભક્તિનો સુભગ સમન્વય થયો છે. આથી તો વીરતાના ઉપાસક ચારણોએ સૂર્યદેવતાનું સ્તવન કરીને યુધ્ધભૂમિમાં પોતાની લાજ રાખવાની વાત આ રીતે કરી છે :

*'સામ સામા ભડ આફળે, ભાંગે કેતા રા ભ્રમ;*
*ત્રણ વેળા કશ્યપ તણા, સૂરજ રાખો શરમ.'*

વીરતા અને શૃંગાર અવિનાભાવે સંકળાયેલા છે. પુરુષના વીરત્વ પર નારીત્વ ઓળઘોળ થાય, સર્વસ્વ ન્યોચ્છાવર કરવા પ્રેરાય એ વાત સૌ જાણે છે, પરંતુ એની કાવ્યાત્મક અભિવ્યક્તિ એક દુહામાં સુપેરે પ્રગટી છે. મન ભાવન વર્ષાઋતુનો આરંભ થયો છે. પ્રથમ વર્ષાએ ભીંજાયેલ ધરતીની મનોહારી સૌરભથી વાતાવરણ પિયુમિલનોત્સુક વ્યક્તિને ગતિ પ્રેરે છે. ઝરુખામાં ઊભેલી બે સખીઓ

ઘોડેસ્વારની તીવ્રગતિને જોતી જ રહે છે, પોતાની સખીને પ્રશ્ન પૂછે છે આવી ઋતુમાં, આટલા વેગથી એ ક્યાં જતો હશે ? તેની સખીએ આપેલો ઉત્તર કેવો સૂચક અને મર્મસ્પર્શી છે, જુઓઃ

*'ભોં ભીની ઘોડા ભલાં, ઉતાવળે ડાબા ઉપડિયા;*
*કાં મરઘાનેણી માણવા, કાં ખડ્ગ વાવા ખડિયા.'*

વર્ષાઋતુ તો પિયુમિલનની ઋતુ. કાલિદાસે લખેલ 'મેઘદૂત' કે મોહન રાકેશકૃત 'આષાઢ કા એક દિન'ની યાદ અપાવે તેવો એક દુહો લોકપરંપરામાં મળે છે. આભામંડળમાં ચમકતી વીજળી અને વર્ષાનો પ્રારંભ પ્રિયજનની યાદ તો અપાવે છે, વળી અષાઢી બીજ કચ્છી પ્રજાનું નવું વર્ષ-પણ મિલન ઝંખનાને તીવ્ર બનાવે છે, જુઓ :

*'આભે ઘારાળા મેલ્યા, વાદળ ચમકી વીજ;*
*મારા રુદાને રાણો સાંભર્યો, આવી અષાઢી બીજ.'*

અષાઢનું આગમન થતાં આકાશમાં કાળાડિંબાગ વાદળાઓ ચડી આવે, મેઘગર્જના ધરતીના પડ ધ્રૂજાવે અને પિયુ વિયોગી વીજળી જાણે પતિ મેહૂલ્યાની ખબર લેવા ગિરનારના પહાડો પર ત્રાટકે, વર્ષાની ઝડી મંડાય અને એવી ઋતુમાં વિયોગીની મનોસ્થિતિ કેવી હોય ? ભાવનગરના રાજકવિ પિંગળશી નરેલાએ એક 'બારમાસી' કાવ્યમાં રાધાજીની વિરહાવસ્થાનું સુંદર વર્ણન કર્યું છે, જુઓ :

*અષાઢં ઉચારં, મેઘ મલારં, બની બહારં જલધારં;*
*દાદૂર ડકારં, મયૂર પુકારં, તડિતા તારં વિસ્તારં;*
*ના લહી સંભારં, પ્યાસ અપારં, નંદકુમાર નિરખ્યારી;*
*કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી... ગોકુળ...*

ભક્તકવિશ્રી દુલા કાગે રવીન્દ્રનાથ ટાગોરને ચારણી પરંપરાના છંદમાં વર્ષા વર્ણન નિમિત્તે પિયુ વિયોગી નારીનું વર્ણન કરતું કાવ્ય સંભળાવેલું. તેની પંક્તિઓ જુઓ :

*સાંકળા ભાંગી, મોર ઘનદળ, ગગન નીરખી ગેકિયા,*
*મળરાત કાળી કઠઠ માજમ પિયુ ટૌકયા બાપિયા;*
*સુણિ ભણક કાને, કંથ શોધણી, નમી ઘર પર નર મળી;*
*અષાઢ ધમધમ, ધરા ધમધમ, વરળ ચમચમ વીજળી*
*જીય વરળ ચમચમ વીજળી...*



ચારણકવિઓએ દુહાબધ્ધ વાર્તાઓ લખીને પોતાની સર્જનકલાની પ્રતીતિ કરાવી છે. 'હોથલ-પદમણી'ની વાર્તામાં કનરાના ડુંગરમાં હોથલ અને ઓઢો બેઠા છે, પાસે જેસલ અને જખરો બે પુત્રો રમે છે, અચાનક આભમંડળમાં રીંછડીઓ દોડવા લાગી, મેઘ ગર્જના થવા લાગી અને વીજળી સળાવા લેવા મંડી, મોરલાઓએ ગહેકાટ કર્યા. એ ક્ષણે ઓઢાને કચ્છ સાંભર્યું. કવિએ એની મનોસ્થિતિ માટે મોરલાના ટહુકાને નિમિત્ત બનાવ્યો, હોથલે બાણ ચડાવ્યું અને ઓઢાએ તેને સમજાવ્યું કે આતો ગાળીએ ગાળીએ ગહેકશે, તું કેટલાક મોરલાને મારીશ, આ તો વર્ષાઋતુનો પ્રભાવ છે.

ઓઢો, હોથલ અને મોર એ ત્રણેના મુખમાં મૂકાયેલ આ દુહાઓ પ્રકૃતિ મહિમાનું મનોહારી ચિત્ર અંકિત કરે છે, જુઓ :

*'છિપર ભીંજાણી છક હુઓ, ત્રંબક હુઈ વહ્યા નેણ;*
*અમથી અવલ ગોરિયા, તોકે સાંભરી શેણ...૧*

*મત લવ્ય મત લવ્ય મોરલા, લવ તો આઘો જા;*
*એક તો ઓઢો અણોહરો, મથે દુજી તોં જી ઘા...૨*

*અસા ગિરિવરજા મોરલા, કાંકર ચૂન પેટ ભરાં;*
*અમાણી રત આયે ન બોલાં, (તો) હૈયડા ફાટ મરા...૩*

*કરાયેલ કો ન મારીજેં, જે જાં રતા નેણ;*
*તડ વિઠા ટોકા કરે, નિત સંભારે શેણ...૪*

વર્ષાઋતુ તો ચાર માસ ચાલે, પરંતુ પ્રકૃતિને ખોળે રહેતાં લોકોને તો એ ચારે માસના વરસાદની ભિન્નતાનો પરિચય છે. આથી શ્રાવણ માસના સરવડાને કારણે વૃક્ષ પરથી ધીમે ધીમે પણ વારંવાર ટપકતાં જળ નાયિકાને મિલનોત્સુક બનાવે છે. તો બીજી તરફ તહેવારો પણ શ્રાવણ માસમાં આવતા હોવાથી નવોઢાને પિયરનું તેડુ આવે છે, તે તો સ્ત્રી સહજ લજ્જાથી ના નથી પાડી શકતી, પરંતુ પતિ પણ વિરહ સહન કરવા માટે કાળજુ કઠણ કરી રજા આપે છે. અનિચ્છાએ સહેવા પડતા વિયોગની વાત કરતી સ્ત્રી પોતાની સરખી સમક્ષ વેદના ઠાલવે છે કે :

*'શ્રાવણ આયો હે સખી ! ઝાડવે નીર ઝરંત;*
*ઈણ રત મહિયર મોકલે, મારો કઠણ હૈયા રો કંત.'*

મહિયરના ઝાડવા પણ સ્ત્રીને વ્હાલા લાગે, પણ વર્ષાઋતુમાં પતિનો વિયોગ અસહ્ય બની જાય એ વાત કેટલી મર્મસ્પર્શી બની છે. તો આકાશમાં ક્ષણાર્ધ

ઝબકી જતી વીજળી સ્ત્રીને વેરણ લાગે છે. પણ એ તો સ્ત્રી સહજ ઈર્ષા ભાવ દાખવે, પરંતુ મેઘરાજા તો પુરુષ છે, એણે તો અબળાની એકલતા પર દયા દાખવવી જોઈએને ? તેણે નિર્લજ્જ બનીને મેઘગર્જના કરવાને બદલે મધરો-મધરો ગાજ કરવો જોઈએ. નાયિકાએ મેઘને કરેલી વિનંતી કેવી હૃદયસ્પર્શી છે, જુઓઃ

*'વીજળી ! તો વેરણ થઈ, મેહુલા, તું ય ન લાજ;*
*મારો ઠાકર ઘરે નહીં, મધરો મધરો ગાજ.'*

મયુરનો ગહેકાટ તો પ્રિયજનની સ્મૃતિ જગાડનારો અને વર્ષાને વધાવનારો છે, પરંતુ જેનો પતિ પરદેશ ગયો હોય, એ વેરણ ચાકરીને કારણે ઝૂરતા દંપતીની વ્યથાને વાચા આપતી આ પંક્તિમાં નાયિકાની મનોવ્યથા સુપેરે પ્રગટી છે. જુઓઃ

*'મોર મારે મદઈ થિયો, વહરાં કાઢે વેણ;*
*જેની ગહકે ગરવો ગાજે, સૂતાં જગાડે શેણ.*

અલબત્ત, વર્ષા જ વિયોગની વેદના પ્રગટાવે છે તેવું નથી. લોકજીવનમાં તો વર્ષા ન આવે તો પણ દુઃખ છે. કેમકે, માલધારીઓએ પોતાના પશુઓને નીભાવવા માટે સ્થળાંતર કરવું પડે છે. એ સ્થળાંતર કર્યા પછી અકાળે આવેલી વર્ષા કેવી દુઃખદાયી જણાય છે, એ વાત આ દુહામાં પ્રગટી છેઃ

*'ખડ ખૂટ્યા, ગોરલ વસુકિયા, વાલા ગિયા વદેશ;*
*અવસૂર ચૂક્યા મેહુલિયા, વરસી કાંઉ કરેશ.'*

દુષ્કાળની ભયાનકતા અને સકલ સૃષ્ટિની બેહાલીની વેદના આમજનતાને વિશેષ થાય. એવો જ એક દુષ્કાળ હજારેક વર્ષ પૂર્વે કચ્છમાં પડેલો. એ સમયની દારૂણ સ્થિતિ એવી હતી કે તણખલા ઘાસ માટે ટળવળતી ગાયો ધરતી ચાટતી, મંકોડા જેવી જીવાતોને ખાતી અને સ્ત્રીઓ પોતાના બાળકોને ત્યજી દેવા માંડી હતી. એ સમયનો ચિતાર રજૂ કરીને કવિ રાજવી લાખા ફુલાણીને યુધ્ધભૂમિમાંથી કચ્છમાં પાછો આવવા કહે છે :

*'ગાયે મકાંડા ભરખિયા, સ્ત્રીએ છાંડ્યા બાળ;*
*વહેલો વળને લાખા ફૂલના, (તારા) દેશમાં પડ્યો દુકાળ.*

કચ્છની ધરાની આ અવદશા માનવીનું કાળજું કંપાવે એવી છે, વળી કચ્છમાં તો એક વખતે વૈદિક સરસ્વતીના નીર વહેતા, શિવાલિકની પહાડીઓમાંથી વહેતી સરસ્વતી કચ્છમાં તો વીસેક કિલોમીટરની પહોળાઈમાં વહેતી. ભૂસ્તરીય પરિવર્તનને કારણે આ પ્રવાહ બદલાયો, પાકિસ્તાન તરફ સિંધુના જળ વહી નીકળ્યા, તેને લોકોએ 'અલ્લાજો બંધ' કહ્યો.આ બે નદીઓને કાંઠે વિકસેલી સંસ્કૃતિ



સરસ્વતી-સિંધુ સંસ્કૃતિ તરીકે ઓળખાય છે અને તેના પુરાવશેષો સિદ્ધપુર અને ધોળાવીરામાંથી મળે છે. ચારણોએ એક દુહામાં આ વાતને સાચવી છે, જુઓ :

*શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત;*
*ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ.*

ગુજરાતના વિવિધ પ્રદેશોની લાક્ષણિકતાઓને કવિઓએ સૂક્ષ્મ નિરીક્ષણ દ્રષ્ટિથી અવલોકી છે. અહીંની ધરતીની ફળદ્રુપતા, વહેતી નદીઓ, પહાડો, વનસ્પતિ, પશુ, પંખી અને પ્રાણીની વાત આ દુહાઓમાં મળે છે. એ પ્રદેશમાં વસતામાનવોના ખમીર, વીરતા, ઉદારતા અને નારી સૌંદર્ય તેમજ તેમના વિશિષ્ટ પહેરવેશની વાત પણ આ દુહાઓમાં પ્રગટી છે. પંચાળ, હાલાર, ભાલ, સોરઠ, નાઘેર, ગોહિલવાડ અને કચ્છના સમગ્ર પરિવેશને આબેહુબ આલેખતા આ દુહાઓ અવલોકીએ :

*કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ;*
*નટ પટાધર નીપજે, ભોંય દેવકો પંચાળ...૧*

*કુકડકંધા મૃગ કૂદણા, નીલા પીળા લાલ;*
*નવરંગા તોરી નીપજે, પડ જોવો પંચાળ...૨*

*ગુઢે વસ્તર ગોરિયા, પગ પીંડીનો તાલ;*
*પનઘટ પર પરવરે, પડ જોવો પંચાળ...૩*

*સોરઠ દેશ સોહામણો, ચંગા નર ને નાર;*
*જાણે સ્વર્ગથી ઉતર્યો, દેવ દેવી અણસાર...૪*

*અંબવન ને આંબલી, મીઠા મયુર મલાર...*
*હરિયાળી ભરી ભોમકા, ને રઢિયાળો ગિરનાર...૫*

*નદી ખળુકે નીર વહે, મોર કરે મલાર;*
*જ્યાં સાતે રસ નીપજે, ભોંય ધરા હાલાર...૬*

*ભાદરકાંઠાની ભેંસ ભલી, વેણુ વખાણુ ગાય;*
*કાઠિયાવાડની કામની, બરડા હંદો જુવાન...૭*

*ઝાઝાં ઝાળાં ઝાંકરા, આળિગારો દેશ;*
*ભોમાં ભાલાં નીપજે, જોયો ઝાલા દેશ...૮*

*નહીં છાશ, છમકો ને છાંયડો, એવા કેતાક અવગુણ કહું;*
*પણ ભૂંડામાં ભલુ એટલું, કે ભાલ નીપજે ઘઉં...૯*

*મચ્છુ કાંઠો ને મોરબી, વચમાં વાંકાનેર;*
*ચંગા માડુ નીપજે, પાણી હુંદો ફેર...૧૦*

*વાજા ઠાકોર અંબવન, નાર પદમણી ઘેર;*
*રેંટ ખટૂકે વાડીએ, ભોંય લીલી નાઘેર...૧૧*

*આંક અરિઠા આમલી, ઓખા મેળો એહ;*
*એક ન હોત શ્રીનાથજી, તો દીઠા જેવો દેહ...૧૨*

*ભલ ઘોડા કાઠી ભલા, પેનીઠંક પહેરવેશ;*
*રાજા જાદવ વંશ રા, ડોલરિયો કચ્છ દેશ...૧૩*

*તળ ઊંડા જળ છીછરાં, કામન લંબે કેશ;*
*નર પટાધર નીપજે, કોડીલો કચ્છ દેશ...૧૪*

*ઝાઝા બાવળ બોરડી, ઝાઝા કેર, કથીર;*
*પણ મરદાહંદી ભોમકા, કાંટાળો કાંકરેજ...૧૫*

વિવિધ પ્રદેશના પરિવેશની આછી ઝલક પ્રગટાવતા આ દુહાઓ પર્યાવરણની દૃષ્ટિએ એટલા માટે મહત્ત્વના છે કે એમાંથી તત્કાલીન સમયનું ચિત્રાત્મક દૃશ્ય ખડું થાય છે, આજે બદલાયેલ પરિવેશની સામે આ જૂનું ચિત્ર મૂકવાથી એ વાતની પ્રતીતિ થશે કે આજે આ બધી લાક્ષણિકતાઓ જોવા મળે છે ખરી ? કેમ કે, આ પરિવર્તનશીલ યુગમાં ઘણી બધી વસ્તુઓ ધરમૂળથી બદલાઈ ગઈ હોય છે. જે રીતે પ્રદેશોની આગવી ઓળખ મળી છે , એ જ રીતે સરિતાઓની પણ વિશિષ્ટ ઓળખ આ દુહાઓમાં મળે છે. જેને લોકમાતા કહી છે, એ સરિતાને કિનારે વસેલી પ્રજા, તેના સુખ-દુઃખ અને ભક્તિભાવનું અહીં, કલાત્મક નિરુપણ થયું છે. જયમલ્લ પરમારે તો ‘ઊર્મિ નવરચના’નો નદી વિશે વિશષાંક જ તૈયાર કર્યો હતો. તેને ગ્રંથરૂપે રાજુલ દવેએ ‘પતિત પાવની સરિતા’ શીર્ષકથી પ્રગટ કરેલ છે. તેમાં ગંગા, ગોમતી, નર્મદા, ભાદર, શેત્રુંજી, મચ્છુ અને અન્ય નદીઓ વિશે ભરપૂર સામગ્રી છે. વિદ્વાનોનું સ્પષ્ટ માનવું છે કે આપણી લોકસંસ્કૃતિનું પારણું નદીને કિનારે ઝૂલ્યું છે. કૈલાસ અને હિમાલયના ગિરિશિખરો પરથી વહેતી નદીઓને કાંઠે કાંઠે યાત્રાધામ શરૂ થયા હશે. પહાડોમાં જીવન પાગર્યું પછી મેદાન તરફ નીકળેલ એક સમુદાય બ્રહ્મપુત્રાને કાંઠે અને બીજો સમુદાય સરસ્વતીને કાંઠે કાંઠે આગળ વધ્યો હોવાની પ્રમાણભૂત માહિતી અને આધારો મળે છે. ઉભય નદીને કાંઠે વસેલ વનવાસી પ્રજાના રીત રિવાજો, ખાન-પાન, પહેરવેશો, ભૌતિક



સાધન સામગ્રી અને સાંસ્કૃતિક પરંપરામાં ઘણું સામ્ય જોવા મળે છે. તો ગંગા તો લોકોને જોડનાર શ્રધ્ધાનું કેન્દ્રબિંદુ છે, તેને ધરતી પર લાવવાની અનેક કથાઓ મળે છે, જે આપણાં પૂર્વજોની વૈચારિક ક્ષમતા અને કાર્યશીલતાનો પરિચય કરાવે છે.

શિવજીની જટામાંથી વહેતી ગંગા-અલકનંદાને કઠોર તપ-પુરુષાર્થ કરીને ભગીરથ રાજા ધરતી પર-મેદાની પ્રદેશમાં લઈ આવ્યા. એ ગંગા પ્રત્યે લોકોની અનન્ય શ્રધ્ધાનું યથાર્થ પ્રતિબિંબ આ દુહામાં પડ્યું છે :

*‘હેકણ કટકો હાડ રો, તટ ગંગા જો જાય;*
(તો) - *માનવીયાં કુળ માંય, ભૂતેય ન સરજે ભાગીરથી.’*

લોકમાતા ગંગા પ્રત્યે અનન્ય શ્રદ્ધા ધરાવતા પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ પોતાના વીલમાં નોંધ્યું છે કે, ‘‘ખાસ કરીને ગંગા ભારતીયજનોની વધુ વહાલી સરિતા છે, કારણ કે ગંગા આસપાસ એનાં જાતિકુલોના હજારો વરસનાં જ્વલંત સંસ્મરણો સંઘરાયેલા છે, એનાં ભય અને આકાંક્ષાઓનાં, એના વિજયગાનના, એના હાર અને જીતનાં. ગંગા એ ભારતની યુગોની સંસ્કૃતિ અને સભ્યતાનું પ્રતિક બની ગયેલ છે, સદાય પરિવર્તનશીલ, સતત પ્રવાહશીલ અને છતાંય શ્વેતશિકરો ઉછાળતી એની એ જ ગંગા ભૂતકાળની ભવ્યતા, વર્તમાનની ગતિશીલતા અને ભાવિમાં વહેતો પ્રેરણા સ્રોત છે.’

કોઈ ઋષિમુનિએ કહેલી વાત પરંપરામાં દ્રઢ થઈ ગઈ છે, કે ‘ગંગા સ્નાનનો, યમુના પાનનો, સરયુના ગાનનો અને નર્મદાના દર્શનનો મહિમા છે.’ લોકો આ વાતને જીવનમાં આચરે છે ! એટલે તો નર્મદાજીની પરિક્રમા યોજાય છે. એવી પરંપરાથી મોક્ષાદાયિની ગણાયેલી ‘સુરસરિ ગંગાજી’ વિશે ‘ગંગા અવતરણ’ કાવ્ય ભક્તકવિ ઈસરદાસે રચ્યું છે, તેની એક પંક્તિ જોઈએ.

*‘ચલી વ્રસન રા પગાંહુત, બ્રહ્માંડ હુત ચલી;*
*બંમરા કમંડળમાં હુત, ચલી મહાબાહુ;*
*મેરકાછરંગા બિચ પધારી સહસ મુખી;*
*પહાડાંઓનાકાં વચ્ચે ગંગારા પ્રવાહ...૧*

ભગવાન વિષ્ણુના ચરણાવિંદમાંથી પ્રગટેલી ગંગા બ્રહ્માંડથી નીકળી, એ લાંબા હાથવાળી ગંગા બ્રહ્માજીના કમંડમાંથી પુનઃ વહી નીકળી અને હજારો મુખવાળી ગંગા મેરુ પર્તવમાંથી આગળ વધી વિવિધ પર્વતોને વીંધતી ચાલી. એ ગંગા ચારેય જુગના દેવો, માનવો અને નાગલોકોની પૂજનીય છે અનેક દેવોએ

તેના કિનારે વાસ કર્યો છે. ઈસરદાસે અહીં ગંગા મહિમાનું સુપેરે ગાન કર્યું છે.

ઈસરદાસે સ્થપાયેલી, પરંપરાનુસાર રવિરાજ સિંહઢાયચે પણ નર્મદાજીનો મહિમા વર્ણવવા 'નર્મદાલહેરી'નું સર્જન કર્યું છે. નર્મદાની પવિત્રતા અને મહિમાને કવિએ આલેખેલ છે.

*રેવા તું મહેશ દેવ ભીલન કો બેસ ધરી,*
*કૌતુક કરત આપ ચાનોદ કનાલી મેં,*
*નગન સરૂપ શીશ મગન તરૂકી ડાલી,*
*નાચત મગન કર તાલ દેત તાલી મેં,*
*કહે રવિરાજ લોક હસ હસ ઘેર રહે,*
*ફીરત ચહ ફેર મુખ વક્ર આંખ લાલી મેં,*
*બોલત જ્યું અકબક ડોલત દીવાના જૈસે,*
*ખોલત પલક ખ્યાલ ગાવત ખુશાલી મેં....*

કવિશ્રી દુહા કાગે અનેક અન્યોક્તિ કાવ્યોમાં વૃક્ષ, સરિતા, પશુ, પંખી અને પ્રાણીની વાત કરી છે. વર્ષાઋતુમાં બેફામ બનતી સરિતા સૌને ડરાવે, કોઈને પાણી પીવા ન દયે, પણ છેવટે તેણે સમુદ્રને મળવું પડે, પોતાનું સમગ્ર અસ્તિત્વ સમર્પિત કરવું પડે અને એ સ્થિતિમાં તેના જળમાં મગર મચ્છો મોજ કરે, એ વાત તેમણે અન્યોક્તિ દ્વારા સમજાવી છે.

*નદીએ પીવા ન દીધું પાણી રે...જી.*
*ચોમાસામાં હદ છાંડીને ગઈ ઘણાને તાણી... જી.*
*વાદળનાં વારિથી વીફરી, જળ પોતાનું જાણી;*

*પોતે ન પીધું પીવા ન દીધું, 'કાગ' કે જુઓ કમાણી, રે જી;*
*મરતાં સુધી હઠ ન મેલ્યો, છેવટે દરિયે સમાણી... નદીએ...*

તો એ જ પરંપરાના સમર્થ કવિ 'દાદે' - દાદુભાઈ પ્રતાપદાન ગઢવીએ પોતાની રચનાઓમાં પ્રકૃતિને સુપેરે આલેખી છે. ગીરની હિરણ નદીનું તેમણે કરેલું વર્ણન ચિત્રાત્મક છે. હિરણને કાંઠે નીપજતાં સિંહ ભારતમાં અન્યત્ર થતાં નથી. કવિએ હિરણને કાંઠેથી પ્રભાત, બપોર, સાંજ અને પૂનમના ચંદ્રનું અદ્‌ભૂત વર્ણન કર્યું છે. જુઓ :

*સાંઢ ઢળે સરિતાના તટમાં, ધીમા પવન ઝકોળે,*
*બેઠાં બેઠાં ઝાડ પરે કોઈ, પંખીડા રસ ઘોળે.*



*જાતાં જાતાં એક નજર, મીઠી સૂરજની થાતી,*
*પાલવને સંકોરી સરિતા, ઘૂંઘટમાં શરમાતી...*

હિરણમાં નારીના મનોભાવોનું આલેખન કરી કવિએ તેના ગાલે પડતાં ખંજનની પણ વાત કરી છે. તો પહાડોમાંથી નીકળતી હિરણનું અલકકિશોરી જેવું રૂપ તો નાદ વૈભવયુક્ત બાનીમાં ખૂબ જ જીવંત રીતે તાદશ્ય કરી આપ્યું છે, જુઓ :

*ડુંગરથી દડતી, ઘાટ ઉતરતી, પડતી પડતી આથડતી,*
*આવે ઉછળતી જરા ન ડરતી, હરતી ફરતી મદઝરતી,*
*કિલકારા કરતી ડગલાં ભરતી, જાય ગરજતી જોરાળી,*
*હીરણ હલકાળી, જોબનવાળી, નદી રૂપાળી નખરાળી...*

ચારણોએ સરિતાને જીવંત માની છે, ભારતીય પરંપરામાં સરિતા સાથે લગ્નના ઉદાહરણો મળે છે, તેવી બે ઘટના ચારણી પરંપરાના કાવ્યોમાં પણ મળે છે. જેતપુરના કાંઠે વહેતી ભાદર નદીના અનુપમ સૌંદર્યથી અભિભૂત કમરહંસે ભાદર સાથે લગ્ન કર્યાની ગવાહી પૂરતો દુહો મળે છે કે :-

*ભાદર જેવી ભામની, કમરહંસ જેવો કંથ;*
*હંસલી જેવી હોય તો, કમરહંસ વિવા કરે...*

તો ભોળા લાદીતે મહેણાના માર્યા શેત્રુંજી સાથે જ લગ્ન કરવાની હઠ લીધી. તેણે લગ્ન કરીને રચેલ કાવ્યો સાચે જ સ્મરણીય છે, જુઓ :-

*આભ ચંદ્રવો આભલા, ઘર પર માંડવ ધરા;*
*શેણ શેતલ ભોળો પિયુ, એનું પિયર પરમેશરા...૧*

*ભેંસુ ચારી ને મદ્ય પીએ, વહેલા કરીએ વલોણાં;*
*રૂદામાં ભોળો કે રાત દી, આવે શેતલનાં સોણાં...૨*

પર્યાવરણકેન્દ્રી અભ્યાસ હમણાં-હમણાંથી વિશેષમાત્રામાં થઈ રહ્યા છે. પણ પ્રકૃતિના ખોળે રહેનારા, પ્રકૃતિના પૂજક અને પ્રકૃતિનું આ કંઠ પાન કરનારા રચયિતાઓનું ચારણ પરંપરાનુ સાહિત્ય અભ્યાસનો વિષય બને એવી ક્ષમતા ધરાવતું મને જણાયું છે, અહીં રજૂ થયેલ થોડાં દૃષ્ટાતોમાંથી એનો પરિચય મળી રહે છે. કેવા-કેવા અવનવા સંઘર્ષો અને પરિચયના પરિમાણ પ્રગટાવતું અને પરિચય કરાવતું ચારણી સાહિત્ય સત્ત્વશીલ અને હૃદયસ્પર્શી પણ એટલું જ છે, એ એની સૌથી મોટી મહત્તા જણાય છે.

# કચ્છી સાહિત્ય અને લોકસાહિત્ય





૭

# બન્ની - કચ્છ : લોકસાંસ્કૃતિક અભ્યાસ

## ડૉ. ભરત પંડ્યા

કચ્છનો બન્ની વિસ્તાર લોકસાંસ્કૃતિક સંદર્ભે ખૂબ મહત્ત્વનો છે. પુરોગામીઓના અભ્યાસ અને સંશોધન અનુષંગે અહીં લોકસંસ્કૃતિનો સંક્ષિપ્ત પરિચય પ્રસ્તુત કરવા ધાર્યો છે. લોકસંસ્કૃતિને સમજવા પ્રથમ તો આપણે 'લોક' અને 'સંસ્કૃતિ' – આ બન્ને શબ્દોની પરિભાષા વિશે પરિચય મેળવીએ.

**'લોક' એટલે શું ?**

લોકસંસ્કૃતિમાં રહેલી 'લોક' શબ્દની વ્યુત્પત્તિ છેક પુરાણકાળથી જોવા મળે છે. વેદ ને ઉપનિષદોમાં 'લોક' શબ્દનો ઉલ્લેખ મનુષ્યલોક, પિતૃલોક એવો જોવા મળે છે. જે ભુવન અથવા સ્થાનનો નિર્દેશ કરે છે. મહાભારતમાં લોક શબ્દ મનુષ્યલોકના માનવીઓ માટે વપરાયો છે. તો ભગવદ્‌ગીતામાં દેવ અને અસુર બન્નેની લોકમાં ગણતરી કરી છે. સંસ્કૃત સાહિત્યમાં 'લોક' શબ્દ સાથે અનેક અર્થો સંકળાયેલા છે. જેમ કે ઇહલોક, પરલોક, ત્રિલોક આદિ. અહીં 'લોક' શબ્દ વિસ્તૃત અર્થમાં જોવા મળે છે. આ રીતે શાસ્ત્રમાં 'લોક' શબ્દ જુદી જુદી અર્થચ્છાયા રૂપે પ્રયોજાયેલા છે. જનસમુદાય અથવા તો જનસાધારણ એવો વ્યાવહારિક અર્થ પણ નોંધી શકાય.

૧. 'લોક' (Folk) એટલે ભોળું ગ્રામીણ, કૃષિપ્રધાન, નિરક્ષર, મૌખિક વ્યવહાર



ચલાવતું, હાથ કારીગરીવાળું નવીન જીવનરીતિઓ અને ખ્યાલોની દૃષ્ટિએ પછાત લાગતું, વહેમી તંત્ર-મંત્ર, જાદુ વગેરેમાં આસ્થાવાળું, ધર્મશ્રદ્ધાળુ, પરંપરાગત વિધિવિધાનો પાળનારું, એક કોરાણે રહેતું એવું.''[૧]

**– લેવી સ્ટ્રોસ**

૨. ''એકબીજાનું જોઈ જોઈને અને મૌખિક રીતે જે વ્યવહાર ચલાવે, રહેઠાણ-કપડાં-લત્તાં, ખાવા-પીવાથી માંડીને વાણી, વિચાર, આચાર, માન્યતા, રીતિ-રિવાજ, ધર્મશ્રદ્ધા, વિધિવિધાનો સુધી બધામાં પોતાના સમૂહ કે સમાજના એક અવિચ્છિન્ન ભાગરૂપે બનવામાં જે ગૌરવ લે તે લોક.''[૨]

**સાહિત્યકોશ ભાગ -૩**

૩. '' 'લોક' અને 'લૌકિક' શબ્દ વેદના વખતથી વપરાતા આવ્યા છે. તેમના મત મુજબ ''લૌકિક એ ઉપેક્ષાના અર્થમાં પ્રયોજાયો છે. વેદથી ઇતર બધી વાતો બૌદ્ધિક ગણાઈ. પણ અહીં 'લોક'નો અર્થ માનવજીવનનો સમૂહ જે ખેતી અને તેના આનુષંગિક ધંધા સાથે સંકળાયેલો છે. અને જે પુરાણી પરંપરાના પ્રવાહમાં જીવે છે. તેમાં રાજા, રજવાડા, ઠાકોરને તાલુકદારથી માંડીને વાણિયા, બ્રાહ્મણ, સઈ-સુથાર, તેલી, તંબોલી, સંતો, બહારવટિયા ને આદિવાસી એવી તમામ કોમો સમાઈ જાય.''[૩]

**જોરાવરસિંહ જાદવ**

આમ, 'લોક' એટલે વિસ્તૃત માનવસમૂહ અને આ સમૂહ કોઈ એક જ ભૌગોલિક સીમામાં કે સાંપ્રદાયિક વાડામાં બંધાયેલો નથી. એમાંનો અનેક જુદી જુદી જગ્યાએ રહેતા હોય અને છતાં એક જ પારંપરિક તાંતણે સંધાયા હોય છે, બંધાયા હોય છે. એમાં કોઈ એક સ્થળ કુળ કે ધર્મ કે કોમનું વર્ચસ્વ હોતું નથી, હોવું જરૂરી પણ નથી... તો પછી આપણને પ્રશ્ન થાય કે લોક એટલે ખરેખર કયો વર્ગ ? ગ્રામજન ? ગિરિજન ? નાગરિક ? આનો ઉત્તર આપણને હસુભાઈના પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે : ''આરંભમાં તો જનજાતિ, ટ્રાઇબલ ફોક એ પછી ગ્રામજન - કન્ટ્રીમૅન સુધી વિસ્તર્યો. અને આદિજાતિ એટલે કે અર્ધ કે સંપૂર્ણ નિરક્ષર અને નાગરિક એટલે મુખ્યત્વે શિક્ષિત અને ભદ્ર અને સાથે કેટલોક અશિક્ષિત એવો નિમ્નવર્ગ. પરંતુ નૃવંશશાસ્ત્રીઓએ પ્રશાંત મહાસાગરના ઑસ્ટ્રેલિયા, અમેરિકા, આફ્રિકા વગેરેનાં દ્વીપોની આદિવાસી જાતિઓનું અધ્યયન કરી તારણ આપ્યું કે જન્મ, લગ્ન અને મૃત્યુ નિમિત્તે જુદી જુદી ચોક્કસ પરંપરાગત વિધિઓ થાય. સંસ્કાર એ પોતીકા ટાંચા ન્યૂનતમ સાધનો-સિદ્ધિઓને કારણે પછાત ગણાય, અસંસ્કૃત નહીં. અત્યાર સુધી મનાતું રહ્યું છે કે અક્ષરજ્ઞાનથી સંસ્કૃતિ સિદ્ધ થાય.

પછી સમજાયું જ્ઞાન મળે સંસ્કૃતિ નહીં. સંસ્કારથી માણસ સુસંસ્કૃત બને છે, માત્ર જ્ઞાનથી નહીં. એ પછીના તબક્કે સમજાયું કે સંસ્કૃતિમાં પ્રકારો નથી, સ્તરો છે. દરેક ચોક્કસ એવા માનવસમૂહને પોતાની સંસ્કૃતિ છે. જેને વિવિધ સ્તરો છે. જેમ જેમ સ્થળ અને સમય બદલાય. સામાજિક, રાજકીય, આર્થિક પરિસ્થિતિ બદલાય. અવનવા સંપર્ક થાય તેમ પુરાણા પર નવા નવા સ્તર ચડતા જાય. એટલે કોઈ જાતિની મૂળ સંસ્કૃતિ ન બદલાય. નીચેના સ્તરે જે મૂળ સંસ્કૃતિ હોય છે તે કાયમ રહે છે. જે આધુનિક અને નાગરિક છે. તેનાં સાંસ્કૃતિક સ્તરોમાં નીચે આદિમ, આદિજાતિ અને ગ્રામીણ સંસ્કૃતિના સ્તર રહેવાના. આ પ્રકારની સમજ સાથે 'લોક'ની વિભાવના બદલાઈ. મનોવિજ્ઞાનના વિકાસ સાથે ટોળાનું મનોવિજ્ઞાન અને જાતિગત મનોવિજ્ઞાન પણ પ્રકાશમાં આવ્યું. એક જ સંસ્કૃતિના ક્ષેત્રના લોકોનો કોઈ એક ચોક્કસ પરિસ્થિતિમાં સમાન એવો પ્રતિભાવ હોય છે. પરંતુ આવા સાધારણ પ્રત્યાઘાતોમાં પણ જાતિગત ભેદ રહે છે અને તેનું મૂળ જાતિગત મનોવિજ્ઞાનમાં છે. દા.ત. લડાયક અને બિનલડાયક જાતિઓના પ્રત્યાઘાતો ક્યાંય જુદા પડે છે. એકને મન ગાળ ગળી જવાની બાબત બને અને જાતિફેરે એ ગાળ બીજાને 'મારું કે મરું' એવું પ્રેરે. આ રીતે જ જાતિ, પ્રદેશ, રાષ્ટ્ર, ધર્મ વગેરેની પણ અસર પડતી હોય છે. આ જાતિગત મનોવિજ્ઞાન છે. આમ, આ 'લોક' એ સંકુલ એવો માનવકુલ-સમૂહ છે. એ નથી માત્ર આદિવાસી, નથી માત્ર ગ્રામીણ, નથી માત્ર નાગરિક, નથી સર્વથા ભદ્ર કે નથી માત્ર સર્વાંશે અભદ્ર ડૉ. હરદ્વારીલાલ શર્મા 'લોકવાર્તા વિજ્ઞાન' પુસ્તકમાં કહે છે તેમ ''જેને તમે જુઓ અને જે તમને જુએ છે તે 'લોક' ''[૪]

### સંસ્કૃતિ એટલે શું ? :

માનવ અરણ્યજીવન જીવતો ત્યારે પશુતુલ્ય હતો. જ્યારે પશુઓના શિકાર કરવાને બદલે તેને પાળવા લાગ્યો ત્યારે જ સંસ્કૃતિનો ઉદય થયો હશે તેમ માની શકાય. જંગલિયતમાંથી માનવીયતા તરફનું પ્રયાણ તે જ સંસ્કૃતિનો વિકાસ કહી શકાય. આદિમાનવમાંથી આધુનિક માનવમાં થયેલું પરિવર્તન એકાએક થયું નથી. ધીમે ધીમે પ્રગતિ કરતાં આજ તો માનવી જે મુકામે પહોંચ્યો તે જોઈ આશ્ચર્યમાં પડી જવાય. ડૉ. હસમુખ સાંકળિયાના મતે માનવજીવનનાં મૂળ ઓછામાં ઓછાં વીસ લાખ વર્ષ ભૂતકાળમાં પહોંચે છે. ઈ.સ. પૂર્વે ૫૦૦૦ વર્ષ પહેલાં પશુપાલન પ્રવૃત્તિ શરૂ થઈ હતી. ત્યારથી વિકાસશીલ માનવસંસ્કૃતિ અસ્તિત્વમાં આવી હશે તેવું માની શકાય. દરેક દેશ-ભૂમિને પોતાની આગવી સંસ્કૃતિ હોય છે. આ રીતે જે તે ભૂમિખંડોની ભિન્ન ભિન્ન સંસ્કૃતિ, સમગ્ર પૃથ્વી પર અવનવા રૂપે ફેલાયેલી છે. અહીં આપણે સમજૂતી દ્વારા સંસ્કૃતિ શબ્દની પરિભાષા જોઈએ :



૧. "The quality in a person or society that arise from a concern for what is regarded as excellent arts, letters, manners, Scholarly pursuit etc." ગ્રીક વ્યાખ્યા મુજબ "It is a particular form or stage of artificial as that of a certain nation or period."

– *Google dictionary.com*

૨. ''કોઈ પણ રાષ્ટ્ર, રાજ્ય, પ્રદેશ અને એમાં વસતો માનવસમૂહ એક જ સંસ્કૃતિના છત્ર નીચે પણ પોતાની રીતે ભિન્ન એકમ પણ હોય છે. સર્વ સામાન્ય સંસ્કૃતિ આનો જ સમાસ બનતું બહુકેન્દ્રી વર્તુળ છે. એમાં વિવિધતા સાથે એકતા છે. આવું સંકુલ છત્ર ધરાવતી સંસ્કૃતિ તે 'લોક'ની બનેલી છે.''[૬]

**– હસુ યાજ્ઞિક**

૩. ''શીલને ખાતર હસતે મોઢે અફીણ ઘોળી જનારી સ્ત્રીશક્તિ, આતિથ્ય ધર્મે પેટના જણ્યાંના અંઘોળ કરનારી દિલાવરી, શીલની સાથે જ જીવનના જોખ કરનારી મસ્ત-મિજાજી અને સુખદુઃખનાં ઝેર નિતારીને પરંપરાગત વારસો આપ્યે જતી જીવનને જાણનારી, માણનારી અને નાણનારી સંસ્કૃતિને આપણે લોકસંસ્કૃતિ કહીએ છીએ.''૭

**– જયમલ્લ પરમાર**

૪. ''કોઈ પણ પ્રજાની લાક્ષણિકતાઓ કે જીવનરીતિ આચારમાં અને વિચારમાં પેઢી દર પેઢી ઊતરતી રહેતી હોય તે એમની સંસ્કૃતિ ગણાય. જોકે લોકસંસ્કૃતિ તો લોકોના જીવનસમગ્રને આવરી લેતી હોય છે.''[૮]

**– હસુતા સેદાણી**

૫. ''લોકસંસ્કૃતિ સાથે લોકધર્મ, લોકકળાઓ અને લોકનૃત્યો અવિચ્છિન્નપણે સંકળાયેલ હોય છે. આ બધું લોકસાહિત્ય સાથે અવિનાભાવિપણે જોડાયેલ હોય છે. લોકસાહિત્ય એ આખરે તો લોકસંસ્કૃતિનું એક અંગ છે. પણ સંસ્કૃતિનાં અન્ય ઘણાં અંગો લોકસાહિત્ય સાથે સંકળાયેલ હોય છે. લોકસાહિત્યના ઉદ્ભવ પાછળ આ સાંસ્કૃતિક પરિબળો કારણભૂત જણાયાં છે. આમ, લોકસંસ્કૃતિ એટલે મૂળ તળપદ ગુણસંસ્કારે ઓપતો પરંપરિત સંસ્કારવારસો.''[૯]

**– બળવંત જાની**

મોટા ભાગે અરસપરસના સામાજિક મધુરતાવાળા સંબંધોને આપણે સંસ્કૃતિ તરીકે ઓળખીએ છીએ. સંસ્કૃતિ આપણી સેંકડો વર્ષોના સહિયારા પ્રયત્ન

પછી વિકાસ પામેલો સભ્યતા અને સંસ્કારોનો સરવાળો છે. 'સંસ્કાર' શબ્દ પરથી જ સંસ્કૃતિ શબ્દ આવ્યો છે. સંસ્કારમાં સામાન્ય રીતે નૈતિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક ઉન્નતિનો સમાવેશ કરવામાં આવતો હોવાનું જોવા મળે છે. ઇતિહાસના તજ્જ્ઞો દેશના બૌદ્ધિક અને કલાત્મક વિકાસને સંસ્કૃતિ કહે છે.

સંસ્કૃતિનો અર્થ સમજ્યા પછી સંસ્કૃતિની લાક્ષણિકતા જોઈએ. સંસ્કૃતિ ચોક્કસ સ્થળના લોકોની જીવવાની પદ્ધતિ છે. દરેક પ્રજાજીવનના રંગોએ આ ભાતીગળ સંસ્કૃતિ ઊભી કરી છે. આ લોક સંસ્કૃતિ લોકજીવનનો આયનો છે. લોકોના જીવનના રંગો સંસ્કૃતિ રૂપે ઊપસી આવ્યા હોય છે. એટલે જ લોકસાહિત્યના અભ્યાસીઓ માને છે કે સંસ્કૃતિને જેવી છે તેવી રીતે અને સ્વરૂપે સમજવી જોઈએ. એટલે કે સંસ્કૃતિનું ક્ષેત્ર વિસ્તૃત છે. છતાં દરેક વ્યક્તિમાં એનું અનોખું રૂપ પ્રગટતું હોય છે. સંસ્કૃતિનાં લક્ષણો નીચે મુજબ નોંધી શકાય :

સમાજીકરણની પ્રક્રિયા દરમિયાન સંસ્કૃતિનો વિકાસ થાય છે. તેમજ સતત ચાલતા સમાજીકીકરણને કારણે તેમાં કાળક્રમે પરિવર્તન દાખલ થાય છે.

સંસ્કૃતિ એક પેઢીમાંથી બીજી પેઢીમાં વહન થાય છે.

સંસ્કૃતિનું પરિવર્તન ધીમી ગતિએ થાય છે. તેમજ દરેક સમાજમાં એક સરખું થતું નથી. જે તે સમાજના વિશિષ્ટ ગુણધર્મો મુજબ સાંસ્કૃતિક પરિવર્તન થાય છે.

સાંસ્કૃતિક પરિવર્તનની દિશા અને સ્વરૂપ એકસમાન રહેતું નથી.

સમાજની જૈવિકતા, માનસિકતા અને સામાજિકતાનો સમાવેશ સંસ્કૃતિમાં થાય છે.

સંસ્કૃતિ જીવનની આદર્શ રીતિ ગણાય છે. મનુષ્ય વર્તન અને વ્યવહારમાં જીવનના આદર્શ રૂપે સંસ્કૃતિને જોવામાં આવે છે.

લોકસાહિત્ય, લોકકળા, લોકાચાર, ધર્મ, રૂઢિઓ, માન્યતાઓ આદિનો સમાવેશ સંસ્કૃતિમાં થાય છે.

સંસ્કૃતિમાં વ્યક્તિગત વિચારો કે ભાવોનો સમાવેશ થતો નથી.

સંસ્કૃતિમાં લોકપ્રવાહને અનુકૂળ થવાનો ગુણધર્મ રહેલો છે.

વ્યવહારમાં રૂઢ થયેલા નિયમો સંગઠિત બને છે. ધીમે ધીમે તેમાંથી જ નવા સાંસ્કૃતિક પ્રવાહો દાખલ થાય છે.


એક સંસ્કૃતિની અસર બીજી સંસ્કૃતિ પર પડતી જોવા મળે છે.



સંસ્કૃતિનો પ્રવાહ પરિવર્તિત થાય છે, છતાં તેનો સંપૂર્ણ નાશ થતો નથી.

સંસ્કૃતિ આદિમ અવસ્થાથી માનવીય અવસ્થા તરફની ગતિ છે. જેનું ધ્યેય ધર્મ અને નૈતિક મૂલ્યોની જાળવણી છે.

આમ, લોકસંસ્કૃતિ એ સેંકડો વર્ષોના આપણા સહિયારા વિકાસની નીપજ છે. સંસ્કૃતિની વિકાસરેખા કોષ્ટકમાં આ રીતે દર્શાવી શકાય :




**સંસ્કૃતિનો ક્રમિક વિકાસ :**

સંસ્કૃતિનું ઘડતર એ લાંબા ગાળાની ક્રમિક પ્રક્રિયા છે. આ બાબતનો નિર્દેશ કરતાં ડૉ. હસમુખ સાંકળિયાના સાબરમતીના ખીણમાં કરાયેલા સંશોધનને ઉદાહરણ રૂપે જોઈ આ વાત સ્પષ્ટ સમજીએ.

દા.ત. ''મોહે-જો-દડોની નગરસંસ્કૃતિનો વિકાસ થયો એની પૂર્વે અહીં ભટકતી જાતિઓની સંસ્કૃતિ પાંગરેલી હતી. સાગરકાંઠે વસવાટ કરતી અને માછીમારનું કામ કરતી નિષાદ પ્રજાએ ઈ.સ. પૂર્વે પાંચમી-છઠ્ઠી સદીમાં અહીં એમની સંસ્કૃતિ... હતી એ પછી શ્રીકૃષ્ણ સાથે મથુરા - વૃંદાવનથી દ્વારકા આવી વસેલા યાદવોએ ગોપાલકોની ગોપ-સંસ્કૃતિ પ્રસરાવી હશે અને ત્યાર બાદ કૃષિસંસ્કૃતિએ અહીં પગરણ માંડ્યાં હશે.''[૧૦]

આ પ્રજાએ આદિકાળથી લોકસંસ્કૃતિનું ઘડતર-સંવર્ધન કર્યું. એમના દેવ-

દેવતાઓ, રીતિ-રિવાજો, રહેણી-કરણી, ઉત્સવમેળાઓ, કળાકારીગરી, ભાષા-વેશભૂષા વગેરેની વિશિષ્ટતાઓએ સાંસ્કૃતિક પ્રવાહને વેગવાન બનાવ્યો. વિભિન્ન જ્ઞાતિઓમાં આ સંસ્કૃતિ પ્રવાહ કઈ-કઈ બાબતોમાં કેવી રીતે દૃષ્ટિગોચર થાય છે તેની સમજ હસુતાબેન સેદાણી તેમના પુસ્તક 'ગુજરાતી લોકસંસ્કૃતિ'માં આ રીતે આપે છે. ''શિકારી અવસ્થામાંથી પશુપાલન અવસ્થામાં પ્રવેશતા સંક્રાન્તિકાળ દરમિયાન ઘેટાં, બકરાં, ઊંટ, ગાય, ભેંસ વગેરેના પાલન ઉપર સ્થિર થતાં વર્ગોની સંસ્કૃતિની ઝાંખી ગુજરાતમાં ભરવાડ તથા રબારી કોમનાં વસ્ત્રો, આભૂષણો અને ખાસિયતોમાં જોવા મળે છે. તે કાળે ગોત્રનો અર્થ જુદો હતો. ગોપાલકોના વસવાટો 'ગોત્રો' તરીકે ઓળખાતા. ગોત્રના માલિકનું નામ સાથે જોડવાની પરંપરા વિકસી. આ પછી ક્રમશઃ ગોપસંસ્કૃતિમાંથી કૃષિ સંસ્કૃતિના અંકુર ફૂટ્યા. બંને સંસ્કૃતિ એકબીજાને પૂરક થઈ સમૃદ્ધિના માર્ગે વળી.''૧૧

આ નિરીક્ષણ પરથી નોંધી શકાય કે વાઘરી, ગારુડી, રબારી, ભરવાડ, આહિર, કોળી, મેર જાતિની સંસ્કૃતિમાં આપણી જૂની સંસ્કૃતિના અંશો જળવાયેલા છે. દરેક જ્ઞાતિમાં ક્યાંક ને ક્યાંક તે કાળની સમાજરચનાની લાક્ષણિકતાઓ જોવા મળે છે. આદિ માનવના પથ્થરયુગમાંથી આજના વાઈ-ફાઈ સંસ્કૃતિ સુધી પણ આ અંશો વંશ પરંપરાગત વહન થતા રહ્યા છે. આ સંસ્કૃતિની ખાસિયતો આજે પણ આપણી અનેક જાતિઓમાં જોવા મળે છે. આ રીતે લોકસંસ્કૃતિમાં પેઢી દર પેઢી અનેક સંસ્કારો સંવર્ધિત થતા રહે છે. આપણને થાય કે ભણેલા વિદ્વાનોથી માંડી સાવ અબુધ લાગતા આદિવાસી દરેકમાં આ સંસ્કૃતિપ્રવાહ કેવી રીતે વહેતો રહેતો હશે ? તો તેનો જવાબ છે કે આ સંસ્કૃતિનું વહન વિવિધ લોકકળા અને લોકસાહિત્ય દ્વારા થતું રહ્યું છે. વાર્તાઓ, ભવાઈ, નાટક, લોકનાટક, વ્યાખ્યાન, કથા, ચારણી સાહિત્ય દ્વારા બાળપણથી જ માણસની અંદર સંસ્કારોનું સિંચન કરે છે. ગીતો, પ્રભાતિયાં, ભજનો, કાફી લોકકંઠે વહેતાં વર્ષો પછી પણ યથાતથ લોકસંસ્કારોને જાળવી રાખ્યા છે. ગમે તેટલા આધુનિક વિચારો સમાજમાં જે — તે સમયે દાખલ થવા છતાં આપણી ગ્રામ્યસંસ્કૃતિ જીવંત રહી છે. આજે પણ યુગપુરાણાં વસ્ત્રો, ઘરેણાં ભરતગૂંથણ, ઉત્સવોમાં આપણી પ્રાચીન સંસ્કૃતિ ધબકતી રહી છે. આ રીતે લોકોના મુખમાં વહેતાં ગીતો કે કથાઓ કે પ્રથાઓ આપણી લોકસંસ્કૃતિનું જતન કરે છે.

લોકસંસ્કૃતિનું વહન અનેક રીતે થતું હોવાનું જોવા મળે છે. અહીં આપણી લોકસંસ્કૃતિ વ્યક્ત કરતા વિવિધ પાસાંઓ જોઈએ તો : ૧. લોકનૃત્ય, ૨. લોકસંગીત, ૩. લોકકથા, ૪. લોકગીત, ૫. ચિત્ર, ૬. શિલ્પ, ૭. ભરતગૂંથણ, ૮. હસ્તકળા, ૯. વસ્ત્રો અને ૧૦. અલંકારો આદિ દ્વારા લોકજીવન વ્યક્ત થાય



છે. સુંદરતા અને શૃંગારને ઉપરોક પાસાં દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. વળી માનવીના સુખદુઃખ, ઉલ્લાસ આવા માધ્યમથી અભિવ્યક્તિ પામે છે. લોકજીવન વ્યક્ત કરતા સંસ્કૃતિવાહક માધ્યમોની આપણે સારાંશમાં વાત કર્યા બાદ હવે બન્નીના લોકજીવન અને સંસ્કૃતિનું નિદર્શન જોઈએ.

માલધારી સંસ્કૃતિની વ્યાવર્તકતા તેને અન્ય સંસ્કૃતિથી વિશિષ્ટ બનાવે છે. બન્નીયરોની ભાતીગળ જીવનશૈલી, એમનો પહેરવેશ, હસ્તકળા, રહેવાના ભૂંગા, લોકસંગીત, તેમની મહેમાનગતિ અને પોતાના માલ-ઢોર, પશુપ્રેમ (ગાય-ભેંસ) આદિને કારણે આ સંસ્કૃતિની નોખી ભાત પડે છે.

બન્ની વિશિષ્ટ ભૌગોલિકતા ધરાવતો પ્રદેશ છે. બન્નીમાં એક બાજુ કચ્છના રણનો અફાટ વિસ્તાર છે. બીજી બાજુ કાળો ડુંગર છે. અને તેની વચ્ચે ઘાસિયા મેદાનમાં આ સંસ્કૃતિ પાંગરી છે. કુદરતી વાતાવરણમાં ખીલેલી પશુપાલકોની સંસ્કૃતિમાં પૂર્વના ગોપજીવનના સંસ્કારો જળવાયા છે. તો સિંધ, રાજસ્થાન જેવા વિસ્તારોમાંથી આવેલી સ્થળાંતરિત જાતિઓની સંસ્કૃતિ પણ તેમાં સમ્મિલિત થઈ છે. રણપ્રદેશની વિષમ આબોહવા અને ઓછા વરસાદને કારણે જનજીવનમાં પરિસ્થિતિઓ સામે ઝઝૂમવાની આદત ખૂબ વિકસિત થઈ છે. ગમે તેટલી ખરાબ પરિસ્થિતિમાં પણ પોતાનું ખમીર ટકાવવાની આ પ્રજામાં સાહસિકતા અને સ્વદેશપ્રેમ ભારોભાર ભરેલો છે. દુલેરાય કારાણી એથી જ કહે છે :

*''કચ્છડો ખેલે ખલક્યે જી મહાસાગરમેં મચ્છ,*
*જિત હિકડો કચ્છી વસે ઊતે ડીયાણી કચ્છ.''*

શૌર્ય, ત્યાગ, બલિદાન અને ટેકના કિસ્સાઓ લોકજીભે રમતા હોય તેવી આ બન્નીની ભૂમિ છે. ત્યાં રણકાંઠામાં ઊગતી આવળ-બાવળ જેવી વનસ્પતિ છે. બીજી બાજુ રણની કાંધને અડીને ફેલાયેલા મેદાનો છે.

બન્નીના લોકો પોતાના આ સૂકા લાગતા વતનને દિલથી ખૂબ ચાહે છે. વતન માટે જાન દેવામાં પણ અચકાતા નથી. સ્ત્રીઓ, ગાયના રક્ષણ અર્થે અનેક લોકોએ હસતા મુખે જાતની કુરબાની આપેલી છે. બન્નીયરો રણની પારાવાર મુશ્કેલી વચ્ચે ઊછરેલા હોવાથી સાહસવૃત્તિ તેમની રગેરગમાં છે. વ્યાપાર-ધંધાથી લઈ દુષ્કાળ દરમિયાન પોતાનું પ્યારું વતન છોડી જવાની હિંમત પણ તેઓ ધરાવે છે. રણમાં રહેવાને કારણે બન્નીયરોમાં સાહસિકતાની સાથે જોમ, અક્કડપણું, જીદ, ઝઝૂમવાની તાકાત આપોઆપ ખીલી છે. તેમની ભાષામાં પણ કડકાઈ-વજન જોવા મળે છે. આ વલણ કચ્છી પ્રજાની તાસીર દેખાડે છે.

જોકે ઉપરથી બરછટ લાગતા બન્નીયરોની અંદર તો મીઠાશનું ઝરણું

વ્હેતું રહ્યું છે. તેથી જ કારાણીએ લખ્યું છે :

*''મોતીડા અમોલ એડા બાબાણી બોલી જા બોલ,*
*જગમે જુડે ન જોડ, જાડેજી જબાનજી.''*

આ રીતે બન્નીયરો સંવેદનશીલ-પ્રેમાળ અને વિશાળ હૃદયના છે. ખારા રણની અંદર પણ મીઠા વીરડા જેવો પ્રેમભાવ તેમના હૈયામાં છે. રણની વિષમ સ્થિતિમાં પણ જંગલમાં મંગલ કરીને રહેનારી આ પ્રજા છે. કુદરતી પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે બન્નીનો માલધારી રાતદિવસ મહેનત કરે છે. પશુપાલન માટે ઠેર ઠેર ભટકે છે. અને પોતાનાં પશુઓને પંડના જણ્યાની જેમ ચાહે છે. ગોપાલક સંસ્કૃતિના ઘણાખરા અંશો તેમનામાં સંવર્ધિત થયા છે. વળી રણકિનારે વસતા હોવાથી આગવું ખમીર પણ તેમનામાં પ્રગટેલું અનુભવી શકાય છે.

હવે બન્નીના લોકજીવનની આગવી વિશેષતા વ્યક્ત કરતાં વિવિધ પાસાંઓ જોઈએ, તો બન્નીયરોના લોકસંસ્કારો તેમના લોકમેળાઓ અને લોકોત્સવો, લોકમાન્યતાઓ, લોકાચાર અને ધાર્મિક વિધિવિધાનો, તેમના વિશિષ્ટ વસવાટ, વસ્ત્રાલંકાર, ભરતગૂંથણ, તેમની હસ્તકળા, છૂંદણાં આદિમાં તેમની વિશિષ્ટ સાંસ્કૃતિક ભાત પ્રગટે છે. તેમનાં લોકગીતો, લોકનૃત્ય, લોકસંગીત અને લોકસાહિત્યમાં જે અલગ મહેક અનુભવાય છે તે રણની તપેલી ધરતી પર પડેલી વરસાદની પહેલી બુંદ જેવી છે.

બન્નીમાં મુખ્યત્વે હિન્દુ અને મુસ્લિમ, બન્ને પ્રજા વસવાટ કરે છે. બહુમતી મુસ્લિમો વસતા હોવા છતાં સોઢા જેવી જ્ઞાતિમાં તો હિન્દુ-મુસ્લિમ રિવાજોની મિશ્ર સંસ્કૃતિ જોવા મળે છે. ૧૯મી સદી સુધી તો હિન્દુ-મુસ્લિમોનો પહેરવેશ સરખો જ હતો. જે સમય જતાં અલગ થયો. છતાં રજપૂત ગરાસિયા અને ખવાસ બહેનોનાં વસ્ત્રોમાં ઘણું સામ્ય જોવા મળે છે. બન્નીમાં હિન્દુ-મુસ્લિમ બન્ને પ્રજા પરસ્પર ભાઈચારાથી રહે છે. બન્નીયરોના જન્મથી મૃત્યુ સુધીના લોકસંસ્કારો સારાંશમાં જોઈએ.

- બન્ની હિન્દુઓમાં બાળકના જન્મ પહેલાં સીમંત વિધિ કરવામાં આવે છે. જેમાં માતા બનવા જઈ રહેલી સ્ત્રીને શુકનના ભાગ રૂપે ઘરેણાં આપવામાં આવે છે. બાળકના જન્મ પછી છઠ્ઠીની વિધિ કરવામાં આવે છે. તેમાં ફઈ નામ પાડે અને ફઈને પહેરામણી કરવામાં આવે છે.
- બાળકને ઉછેરતાં ઉછેરતાં માતા હાલરડાં ગાય છે. હાલરડાંમાં પાણી ભરવા જવાના તેમજ ઘરેણાંના ઉલ્લેખો જોવા મળે છે. જે જનજીવનનું પ્રતિબિંબ પાડે છે. બાળક મોટું થાય ત્યારે માતા તેને સોળે શણગારે સજાવે છે. કેડિયું, ચોયણી, ટોપી પહેરેલો નાનકડો માલધારી કે પછી ટીકા, દામની, કર્ણમાળ પહેરેલી ઘરેણાંથી લથબથ નાનકડી બન્નીની દીકરી — તે સંસ્કૃતિની સોડમ પ્રસરાવે છે. પછી બાળકો સમૂહમાં તાવડા પકાવવા, પાંચિકા, અધડ-ગધડ જેવી રમતો રમે છે. બાળકને રમાડતી વખતે :

*''વા વા રે નગારા વા રે વા,*
*વા વા રે નગાડા કિડા વજધા*
*જિડા છોકરો ઘોડો ચડે ઈધા વજધા.''*



જેવાં ગીતો ગાવામાં આવે છે. જોડકાં અને ઉખાણાં બાળકો જાતે બનાવીને પણ પૂછતાં હોય છે. આજે તો શાળાશિક્ષણ મળવાનું શક્ય બન્યું છે. બાકી અગાઉ તો જોડકણાં, રમતો અને બાળગીતો દ્વારા જ બાળકોનું ઘડતર થયું હતું. બન્નીયરોમાં ભણતર કરતાં ગણતરને વિશેષ માન મળે છે. આ રીતે બાળકો મોટાં થાય છે. જંગલમાં, ચરિયાણમાં જઈ પશુપાલનને લગતાં કામો શીખે છે. અને સ્ત્રીઓ પોતાની પુત્રીઓને ઘરકામ તેમજ ભરતગૂંથણ શીખવે છે.

- બન્ની લોકો ઉત્સવપ્રિય છે. તેમાં પણ મેળામાં મ્હાલવા તો બન્ની યુવક-યુવતીઓ તલપાપડ હોય છે. મેળામાં ખૂબ જ તૈયાર થઈ યુવક-યુવતીઓ મ્હાલવા જાય છે. પરસ્પરની વિવાહસંબંધી વાતો પણ આવા મેળામાં જ નક્કી થાય છે.
- રબારી કોમમાં જન્માષ્ટમી એટલે કે કૃષ્ણનો જન્મદિવસ સૌથી સરસ દિવસ. આ દિવસે વણજોયા મુહરતની માફક સમૂહ લગ્ન થાય છે. જેને ગોકુળિયા લગ્ન તરીકે ઓળખવામાં આવે છે.
- મુસ્લિમ માલધારીઓમાં બાળકના જન્મસમયે મૌલવી 'અજાન' (જમણા કાનમાં) અને 'તકબીર' (ડાબા કાનમાં) કહે છે. બાળકના જન્મના સાતમા દિવસે 'અકીકો'ની વિધિ થાય છે. જો પુત્રજન્મ થયો હોય તો બકરો વધેરી ઉલ્લાસ મનાવવામાં આવે છે. મુસ્લિમો લગ્નસંબંધ સગાસંબંધીમાં જ નક્કી કરે છે. સગાઈ નક્કી થતાં કન્યાને આર્થિક સ્થિતિ મુજબ સોના-ચાંદીનાં ઘરેણાં ચડાવવામાં આવે છે. તેમજ કન્યા પક્ષ તરફથી છોકરાને સાલ અપાય છે જે 'રેટો' તરીકે ઓળખાય છે. સગાઈ પછી લગ્ન ન થાય ત્યાં સુધી કન્યાને સાસરી પક્ષ તરફથી વારે-તહેવારે કપડાં અને ભેટ મોકલવામાં આવે છે.
- લગ્નપ્રસંગે વનાઈ બેસે, અખિયો બંધાવવો, સાંજી, પીઠી, નિકાહ અને

વિદાય જેવા પ્રસંગો યોજવામાં આવે છે. લગ્ન વખતે મહેંદીની રસમ મુસ્લિમ માલધારીઓમાં ખાસ મહત્ત્વ ધરાવે છે.

- જત માલધારીઓ મુસ્લિમ ધર્મ પાળે છે. પણ તે મુસ્લિમ ધર્મ અંગીકાર કરેલી મૂળભૂત હિન્દુ પ્રજા જ છે. આને કારણે હિન્દુ-મુસ્લિમ બન્ને જાતિના રિવાજો આ લોકો લગ્ન સમયે અનુસરતા હોય છે. તેઓ હિન્દુઓની માફક લગ્ન પહેલાં ગણેશસ્થાપના, પીઠી ચોળવાની વિધિ કરે છે. વળી તેઓ મંડપ પણ બાંધે છે. તેમજ મુસ્લિમ વિધિ મુજબ નિકાહ પણ કરે છે. નિકાહ સમયે મસ્જિદમાં વરરાજાના પિતા અને કન્યાના ભાઈ અથવા પિતાને બેસાડવામાં આવે છે. કન્યા પાસે પણ નિકાહ કબૂલ કરાવવામાં આવે છે. ત્યાર બાદ વરપક્ષ તરફથી કન્યાને 'મહેર' રૂપે ચાંદીનું ઘરેણું આપવામાં આવે છે. નિકાહના બીજા દિવસે જમણવાર હોય છે. કન્યાની વિદાય એટલી બધી દુઃખદાયક રહેતી નથી કારણ કે સગા-સંબંધીમાં અંદર-અંદર જ કન્યાને પરણાવવામાં આવી હોય છે.
- આ બાજુ હિન્દુમાં, રબારીના ગોકળિયા લગ્નમાં મોટેભાગે હિન્દુ ધર્મના સર્વસામાન્ય રિવાજો મુજબ પીઠી ચોળવાની, જાન જોડવાની વિધિ, સામૈયું, હસ્તમેળાપ, મંગળ ફેરાની વિધિ કરવામાં આવે છે. કાઠી રજપૂતોના લગ્નમાં ઢોલીઓનું ખૂબ મહત્ત્વ હોય છે. ઢોલીના તાલે જાનૈયા ખૂબ નાચે છે. ઢોલીને પણ દાદ રૂપે પાઘડી પહેરાવવામાં આવે છે. વળી, લગ્ન સમયે બન્નીની વાંઢો ને ચાકડા, ચંદરવાથી શણગારી રૂડી પેરે લગ્નપ્રસંગ કરવામાં આવે છે. હાલનાં લગ્ન જેવો ભભકો તેમાં હોતો નથી... પરંતુ પ્રસંગ માણવાનો ઉત્સાહ ખૂબ હોય છે. લગ્નગીતો-ફટાણાં અને ઢોલીના તાલે લગ્નનો પ્રસંગ રંગેચંગે પૂર્ણ થાય છે.
- હવે સંસારજીવનનો બીજો તબક્કો શરૂ થાય છે. પતિ-પત્ની વચ્ચેનાં રિસામણાં-મનામણાં, આરતો લોકગીતોમાં વણાઈ જાય છે. કૂવાકાંઠે સરખી સહિયરો ભેગી થઈ પાણી સિંચતાં પોતાનું હૈયું ખાલી કરે છે. સાસુ-વહુ, નણંદ-ભોજાઈની વાતો થતી રહે છે. બન્નીયરો પાણીની તંગીમાં જીવતા હોવાથી પાણીને લગતા પ્રશ્નો તેમના જીવનમાં મુખ્ય ભાગ ભજવે છે. બાળઉછેર કરતાં કરતાં બન્ની સ્ત્રીઓ પોતાની જાતને ભરતગૂંથણ, ઢોરઢાંખરમાં વિતાવી દે છે.
- મરણ સમયે હિન્દુ માલધારીઓ ગૌમૂત્ર છાણથી લીંપી 'સાથરો' તૈયાર કરી તેના પર ઉત્તરાભિમુખ મૃતદેહને રાખવામાં આવે છે. વૃદ્ધ માટે લાલ રંગ, યુવાન માટે કેસરી તથા સૌભાગ્યવતીને ઘરચોળુ ઓઢાડી સ્મશાનગૃહે લઈ જવાય છે. લોકજીવનમાં મૃત્યુ સમયે 'મરસિયા' ગાવામાં આવે છે. પુત્ર-પુત્રી, પતિ-પત્નીની યાદમાં વિવિધ મરસિયાં કરુણ રસને ઘેરો બનાવે છે. બન્ની લોકોમાં તો પશુધન પણ ખૂબ વહાલું હોય છે. માલધારીને પોતાનું નાનકડું વાછડું મૃત્યુ પામે તો પણ સ્વજન ગયા હોય તેવું દુઃખ થાય. તેથી જ તેનું હૈયું ચિતકારી ઊઠે છે :



*''જરે વેઆ મરી હી ઘરજા મોભી,*
*રેઆ ઢંઢ ચરી વેરડંજા વચ્છડા.''*

- આ ઉપરાંત વીરગતિ પામતા વીર સૈનિકો, રાજવીઓ માટે પણ મરસિયા ગાતા લોકો 'હાય-હાય' ઝીલીને પોતાનો શોક પ્રદર્શિત કરે છે.
- આ રીતે જન્મથી લઈ મૃત્યુ સુધીના રિવાજોમાં લોકજીવનને લગતી અનેક માન્યતાઓ જોડાયેલી હોય છે. લોકજીવન અને લોકસંસ્કૃતિનું પ્રતિબિંબ આવા પ્રસંગોમાં જોવા મળે છે.

**લોકજીવનનું પ્રતિબિંબ મેળા અને ઉત્સવો :**

લોકજીવનનું પ્રતિબિંબ મેળા અને ઉત્સવોમાં ખાસ જોવા મળે છે. બન્ની પ્રજા ઉત્સવપ્રિય છે. મેળામાં તો લોકો હેલ્લારે ચડે છે. સ્ત્રી-પુરુષો આબાલ-વૃદ્ધો બધાં જ મેળામાં સામેલ થાય છે. ધાર્મિક મેળાઓમાં જન્માષ્ટમીમાં ભરાતા મેળા, શીતળા સાતમનો મેળો, હાજીપીરનો મેળો, આશાપુરા માતાનો મેળો આદિ મેળામાં લોકજાતિઓ હોંશભેર ભાગ લે છે. લોકો પોતાની માનતા પૂરી કરે છે. ભજનો ગાય છે. હળે-મળે છે. યુવક-યુવતીઓ આવા મેળાઓમાં મનપસંદ જીવનસાથી મેળવવાની તક પામે છે. બાળકો મેળામાં નવાં નવાં કપડાં પહેરે છે અને સ્વાદિષ્ટ ખાણીપીણીનો આનંદ માણે છે. મેળામાં રંગબેરંગી કપડાં અને યુવાહૈયાની વાસંતી લહેરથી વાતાવરણ ઉત્સાહથી ભર્યું-ભર્યું લાગે છે. આવા લોકમેળામાં નવાં ઘરેણાં-કપડાં પહેરી આવતી યુવતીઓ મેળાને પંચરંગી બનાવે છે. જોકે કેટલાક લોકમેળાઓને આધુનિક સંસ્કૃતિની અસર લાગવાની ચાલુ થઈ ગઈ છે. છતાં જ્યાં ગ્રામ્ય સંસ્કૃતિની અસલ ઓળખ જળવાઈ રહી છે. ત્યાંના મેળા લોકજીવનની સંસ્કૃતિના મેળા બની રહે છે. શણગારેલા ઊંટો, દાંડિયા રમતા યુવકો, બજાણિયાના ખેલ, અંગ કસરતો જોવા લોકો ઊમટી પડે છે.

- આ ઉપરાંત હોળી-દિવાળી, જન્માષ્ટમીના તહેવારો લોકજીવનમાં મહત્ત્વના

ગણાય છે. હોળીના દિવસે છાણાં માંગતાં બાળકો ગાય છે :

*''છેણું ડે તેંકે ઘી અચે*
*કાઠી ડે તેંકે પુતર અચે*
*મા...છેણા કાઠી ડીજા...''*

પુત્રપ્રાપ્તિની ઝંખનામાં સ્ત્રીઓ કાઠી-લાકડીઓ હોળી પ્રગટાવવા આપે છે.

- જન્માષ્ટમીમાં મટકી ફોડવાનો, કૃષ્ણજન્મને વધાવતાં ગીતો ગાવાનો મહિમા છે. ગોકુળિયા લગ્ન પણ માલધારીઓ માટે વણજોયેલા મુહૂર્ત જેવા હોય છે. દિવાળીમાં લક્ષ્મીપૂજા થાય છે. શીતળા સાતમમાં માતાને પગે લગાડી 'પ્લાસ્ટિકની આંખ કે જેને અખો કાપો' કહે છે તે ધરાવવામાં આવે છે. આમ વિવિધ ઉત્સવોમાં બન્ની પ્રજા હિલોળે ચઢે છે.
- **લોકાચાર.** સંસ્કૃતિનું નિદર્શન કરનારું બીજું એક તત્ત્વ લોકાચાર છે. બન્ની લોકો બ્રાહ્મણ, ચારણ અને મીર લોકોને ખૂબ માન આપે છે. આ જાતિના લોકોને દાનદક્ષિણા આપી ખુશ રાખે છે. લોકવાર્તાઓમાં તો બ્રાહ્મણ, ચારણ અને મીરની માગણી સંતોષવા માથું ઉતારી આપ્યું હોવાની લોકકથાઓ પણ છે.
- બન્ની લોકોની વાંઢમાં પંચપ્રથા જોવા મળે છે. જ્ઞાતિના નિયમો પાળવા માટે સામાજિક દબાણ જ જ્ઞાતિમાં જોવા મળે છે. નિયમ ન પાડનારને આકરો દંડ ઉપરાંત જ્ઞાતિ બહાર કરવાની પણ જોગવાઈ હોય છે. સ્ત્રીઓને માન આપવાની તેમજ સ્ત્રીઓ માટે ચોક્કસ નિયમો પાળવાના લોકાચારો પણ જોવા મળે છે.
- લોકજીવનમાં કેટલીક વિધિઓ સર્વસામાન્યપણે જોવા મળે છે. આવી વિધિઓમાં ભૂમિપૂજા, વૃક્ષપૂજા, પ્રાણીપૂજા મુખ્યત્વે છે. આ ઉપરાંત માતાજીના 'જાતરા' તોડવામાં આવે છે. ભૂતપ્રેતની માન્યતા બન્નીની બધી જ જાતિઓમાં જોવા મળે છે. ભૂવા બોલાવવા, વળગાડ કાઢવો, બાળકની નજર ઉતારવી જેવા લોકાચારો જનસામાન્ય છે.
- લોકમાન્યતાઓ. બન્નીલોક માત્ર દેવી-દેવતાઓને જ નહીં, લોકશ્રદ્ધા મુજબ પીર, પાળિયાઓ, સતીઓની દેરી પ્રત્યે પણ ખૂબ ભક્તિભાવ ધરાવે છે. માનતાઓ માને છે.
- લોકજીવનમાં કેટલીક માન્યતાઓ વ્યાપક પ્રમાણમાં ફેલાયેલી હોય છે. વટ કે વેરને ખાતર પેઢી દર પેઢી ખૂંખાર ધીંગાણાઓ કરતા બન્નીયરો આ બાબતને પોતાની ટેક ગણે છે અને તે માટે ગૌરવ અનુભવે છે. સ્ત્રીઓ તરફ કુદૃષ્ટિ કરનારને સખત સજા કરવામાં આવે છે. ગામડાંની વહુ-દીકરીઓને માન



દેવાની તેમજ રક્ષા કરવાની વૃત્તિ સરેરાશ બન્નીયરોમાં જોવા મળે છે.

- કૃષિજીવનને લગતી કેટલીક માન્યતા તે લોકોમાં ખાસ જોવા મળે છે. જેમ કે અષાઢી બીજે પડતા વરસાદને તેઓ શુકન ગણે છે. ચાતક પક્ષીનું ચોમાસામાં દર્શન પણ શુભ શુકન માનવામાં આવે છે. સોનેરી પૂછવાળો સાપ, વૃક્ષ પર ચડતો સાપ, ઈંડાં લઈ ઘરમાં પ્રવેશતી કીડી શુભ શુકન માનવામાં આવે છે. તો ખુલ્લાં માથાંને અપશુકન માનવામાં આવે છે. સ્ત્રી અને પુરુષો, બન્ને માથું હમેશાં ઢાંકેલું રાખે છે.
- પિતૃના નડતર અંગે, ભૂતપ્રેત અંગે, સાપ-વીંછી કરડવાને અંગે બન્ની લોકોની ખાસ માન્યતા હોય છે. અને ઘણીવાર આ બાબતે અંધશ્રદ્ધા લાગે તેટલી હદે તેઓ વર્તે છે.
- બન્ની લોકોની વસવાટ વ્યવસ્થા તેમની સંસ્કૃતિનું સૌથી નોખું પડતું લક્ષણ છે. બન્ની લોકો જ્યાં પાણીવાળું સ્થળ હોય ત્યાં વસવાટ કરે છે. પાણીવાળા સ્થળને તેઓ વાંઢ અથવા ઝીલ કહે છે. હાલ બન્નીમાં આવા એકાવન જેટલા વાંઢો છે. આ વાંઢની અંદર બન્ની લોકો ભૂંગા બાંધે છે. આ ભૂંગા માલધારી સંસ્કૃતિની આગવી ઓળખ ઊભી કરે છે. અહીં ઉનાળા દરમિયાન ઊડતી રેતી તેમજ ડમરીથી બચવા પ્રમાણમાં નાના અને જમીનની સપાટીથી બે-ત્રણ ફૂટની ઊંચાઈએ ભૂંગા બનાવવામાં આવે છે. આ ભૂંગા બન્ની વિસ્તારમાં ઊગતા વિવિધ પ્રકારના ઘાસ તથા માટીમાંથી બનાવવામાં આવે છે. જે ટાઢ-તડકો અને વરસાદની સામે રક્ષણ આપે છે. આ ભૂંગા બહારથી તો સાદી માટીની ગોળ ઝૂંપડી જેવા દેખાય છે. પણ તેની અંદર જોઈએ તો બન્નીયરોની કળાના સુખદ દર્શન થાય છે. માટીની અંદર વિવિધ આકૃતિઓ ઉપસાવી વચ્ચે અરીસાઓના ટુકડા વડે ભૂંગાની આકર્ષક સજાવટ કરવામાં આવે છે. ખાંડ, ગોળ રાખવા માટેનો સંજીલો, અનાજ રાખવાના કઠેરા, કપડાં તથા ગોદડા રાખવાની મંજૂષ પર માટીનું નયનરમ્ય આકૃતિવાળું 'મડવર્ક' જોનારને મુગ્ધ કરી દે તેવું સુંદર હોય છે. બન્ની સ્ત્રીઓની આગવી કલાસૂઝ આવાસ ચિત્રો અને માટીકામનાં લીંપણોમાં જોઈ શકાય છે. વાસણ રાખવાની અભેરાઈ પર અલગ અલગ આકૃતિઓ ઉપસાવી તેના પર ગોઠવેલાં વાસણો કલાત્મક અનુભૂતિ કરાવે છે. ગૃહ સુશોભન એમના જીવનમાં એવું વણાઈ ગયું છે કે ચાકળા, ચંદરવાથી માંડી તવેથા સુધીની દરેક વસ્તુ કળામય હોય — તેવો તેમનો આગ્રહ રહે છે. તેમનાં રાચરચીલાંમાં પણ કળાકારીગરી જોવા મળે છે.
- બન્ની સ્ત્રીઓના કેટલાક ચોક્કસ વસ્ત્રાલંકારો હોય છે. છેક નાનપણથી જ

બન્ની કન્યાઓને ભરતગૂંથણની તાલીમ આપવામાં આવે છે. હિન્દુ-મુસ્લિમ કોમના તેમની જાતિગત લાક્ષણિકતા મુજબનાં વસ્ત્રો પહેરે છે. કુંવારી કન્યાના ઘાઘરા, લગ્ન કરેલ સ્ત્રીઓના સાળુ-ચણિયા, વૃદ્ધાનાં અમુક જાતનાં કપડાં હોય છે. રંગો પણ ઉંમર મુજબના હોય છે. વળી હિન્દુની અમુક કોમો બ્લ્યૂ રંગનાં કપડાં પહેરતી નથી. જ્યારે મુસલમાન સ્ત્રીઓ બ્લ્યૂ રંગનાં કપડાં ખાસ પહેરે છે. પુરુષો મોટેભાગે પરંપરાગત વસ્ત્રો અને માથાંબાંધણામાં દેખા દે છે. કન્યાને આણામાં ખૂબ જ ભરચક ભરતકામ કરેલા ચણિયા અને કાપડા આપવામાં આવે છે. આ માટે મુતવા, જત, સોઢા, રજપૂત, આહીર, મોચી લોકોનાં વિશિષ્ટ શૈલીવાળાં ભરતકામ પ્રખ્યાત છે. જે તે શૈલીમાં ગૂંથેલાં ભરતકામવાળાં વસ્ત્રોથી કન્યા દીપી ઊઠે છે.

- આ ઉપરાંત પોતાના સ્વજનોનાં જૂનાં કપડાંમાંથી સીવેલી 'ઘડકી' પણ કન્યાને આણામાં આપવામાં આવે છે. ઘડકીની રંગગૂંથણી, આકૃતિ અને તેમાં લીધેલા ટાંકામાં બન્ની લોકોની વિશેષ કળાપ્રીતિ પામી શકાય છે.
- બન્નીમાં રોગાન વર્ક, અજરખ પ્રિન્ટ, ખરકી ઉદ્યોગ, જરદોસ્તી વર્ક, ઊની નામદા ઉદ્યોગ, માટીનાં રમકડાં જેવા ગૃહઉદ્યોગ માત્ર ઉદ્યોગ જ ન રહેતાં તેમની આજીવિકા તેમજ તેમની કળાદૃષ્ટિના દ્યોતક બની રહે છે. લાકડા પરનું કોતરણી કામ, ચાંદીકામ અને ઘરેણાંમાં અદ્‌ભુત નકશીકામ કરવાની કળામાં પણ બન્નીયરો માહેર છે. બન્નીનું ભરતકામ તો દેશવિદેશમાં પ્રખ્યાત છે. બન્ની ભરત બન્ની સ્ત્રીઓનાં વસ્ત્રોમાં, તેમના ઘરને શણગારવામાં તથા પશુઓને શણગારવામાં આગવો કસબ દેખાડે છે. કાઠી, આયર, મોચી, રબારી, જત, મુતવા આદિ ભરતમાં રંગોની ગોઠવણી, સુઘડતા અને ઝીણવટથી લીધેલા ટાંકાને લીધે મશહૂર છે. તેમાં પણ જત સ્ત્રીઓ તથા રબારી સ્ત્રીઓના ભરતકામ તેમની લોકકળાની આગવી વિશેષતા છે.
- બન્ની સ્ત્રીઓના ભરતકામની માફક જ તેમના વસ્ત્રાલંકારો પણ આગવી ભાત પાડે છે. બન્ની પુરુષ રણમાં ભટકતું જીવન જીવવાનું હોવાથી ખૂલતાં કપડાં પહેરવાનું વધારે પસંદ કરે છે. પુરુષો ખમીસ, સલવાર, કેડિયું-ચોયણી પહેરે છે તથા માથે ફેંટા કે રૂમાલ બાંધે છે. પાણીની અછતને કારણે કપડાંના રંગ મેલખાઉ જોવા મળે છે. પુરુષોના જોડા ચાંચવાળા હોય છે. સ્ત્રીઓમાં માલધારી બહેનો ઈજાર, કંજરી, ગંજ, ઘાઘરો પહેરે છે. બન્નીમાં લાજપ્રથા હોવાથી માથે ઓઢણી ઓઢી ઘૂમટો કાઢે છે. કુંવારી કન્યાઓ પણ ઘાઘરી-પોલકું તથા ચૂંદડી પહેરે છે. પગમાં મજબૂત સપાટ ચંપલ પહેરે છે.



- બન્ની સ્ત્રીઓ સૂડલોભરી ઘરેણાં પહેરે છે. સોના કે ચાંદીનાં ઘરેણાં પગથી લઈ માથા સુધી પહેરતી બન્નીનાર નાજુક નમણી દીપી ઊઠે છે. નાકમાં સરી, ભુલ્લો; કાનમાં લટકણિયાં, ભોરીંડા, અકોટા, નાગલા, વેઢલા, પનડા જેવાં ઘરેણાં જોવા મળે છે. ગળામાં હાંસડી, હુલડો; હાથમાં કડલી, ઝાંઝર, તોડા; પગમાં સાંકળાં, બેડિયું, કડલી, કાંબી જેવાં ઘરેણાં પહેરે છે. માથામાં ટીકો અને કર્ણફૂલ પહેરેલી નિર્દોષ બન્નીબાળા જોવી તો લ્હાવો છે. લોકજીવનમાં ઘરેણાંને લગતાં અનેક ગીતો ગવાય છે.

*''હિ કરે રે મૈયારણ અચે લમેં ચોટલે વારી*<br>
*ઈન જો ચોટલો કારો નાગ, મૂંકે મોહિની લાગી રે...*<br>
*ઈન જો નક જેડી નથડી મૂંકે નકમેં ખપે રે*<br>
*મથે હીર જા ઝબકાર મૂંકે મોહિની લગી રે...''*

- લોકગીતમાં પત્ની પતિ પાસેથી ઘરેણાં માંગે છે. લોકગીતોમાં આવાં કડલાં, હાંસડી, કાંભી, બંગડી, વારલો, ઠોળિયા અને નથડીની માંગણી કે આવાં ઘરેણાં પહેરવાના મનોરથ ઠેર-ઠેર વ્યક્ત થયા છે :

*''આઉ ત પેરધીસ બંગડી રે*<br>
*આઉ ત પેરધીસ નથડી રે...''*

લોકજીવનમાં ઘરેણાંના ઘાટ, ઘરેણાં પહેરવાના ઓરતા અને ઘરેણાં દ્વારા શરીરનાં અંગોને સોહામણા દેખાડવાની પ્રથા ખૂબ જ વ્યાપક છે. ઘરેણાંની માફક જ છૂંદણાં પણ બન્ની સંસ્કૃતિમાં આગવું મહત્ત્વ ધરાવે છે.

- સ્ત્રીઓ તેમજ પુરુષો છૂંદણાં છૂંદાવે છે. પુરુષો હાથ પર ભગવાનનું નામ કે આકૃતિવાળાં છૂંદણાં છૂંદાવે છે. જ્યારે સ્ત્રીઓ હાથે-પગે અને મોં પર અવનવી આકૃતિવાળાં છૂંદણાં છૂંદાવે છે. છૂંદણાને આકર્ષણનું પ્રતીક માનવામાં આવે છે. વળી છૂંદણાવાળી સ્ત્રીને શુકનિયાળ માનવામાં આવે છે. તેથી જ કપાળ પર ત્રિકોણ છાતી પર મોર, હાથે-પગે ગાય, જોતર, દાણા, એલચી, ખજૂરી વીંછી, ધજા, ઝાડ જેવાં છૂંદણાં ભાવપ્રતીકનું કામ કરે છે. હૈયાના ભાવ છૂંદણા સાથે આજીવન જોડાઈ જાય છે. મેળામાં આવાં છૂંદણાં પાડવામાં આવે છે. સ્ત્રીઓના હાથ પર પતિનું નામ કે પછી પોતાનું નામ પણ લખવામાં આવે છે. સ્ત્રીઓ છૂંદણાં વિના પોતાનું સૌંદર્ય અપૂર્ણ માને છે. તેથી જ જાત-જાતનાં છૂંદણાં જે – તે સ્ત્રીની ઓળખ બની રહે છે.

**બન્નીનું લોકસાહિત્ય :**

બન્નીની લોકસંસ્કૃતિનાં મહત્ત્વનાં અંગોમાં લોકસંગીત, લોકનૃત્ય આદિ પણ છે. પ્રથમ તો લોકસાહિત્ય એટલે શું તે આપણે સમજી લઈએ. લોકસાહિત્ય વિશે આ ક્ષેત્રના અનેક વિદ્વાનોએ પોતાનાં મંતવ્યો પ્રગટ કર્યાં છે. તેમાંથી કનુભાઈ જાની અને બળવંત જાનીએ આપેલી વ્યાખ્યાને આધારે લોકસાહિત્યની સમજ મેળવીએ.

- ''તળપદી ભાષામાં, તળપદા સંસ્કાર મૂર્ત કરતી, અજ્ઞાત કર્તૃત્વવાળી, પેઢી દર પેઢી મુખ પરંપરાથી ઊતરી આવેલી, સર્જકની સભાન વ્યક્તિમત્તાનાં લક્ષણો વિનાની લોકસમાજની મુગ્ધ નિર્વ્યાજતા, નૈસર્ગિકતાવાળી, ગીત હોય તો ક્યારેક ટેક-ઠેક-નૃત્ય-રમતને સાથે લાવતી, સહેજે યાદ રહી જાય તેવા શબ્દપ્રયોગની રચના કે શબ્દલાઘવવાળી, ઉપદેશવૃત્તિના અભાવવાળી, જે તે સમાજના પ્રાણ ધબકારવાળી, નિર્દંભ, સરળ ને ભાવસુંદર, મોટે ભાગે સંઘોર્મિઓ વહેતી, મોટેભાગે નિરલંકૃત છતાં જો હોય તો લોકકલ્પનાને જ સૂઝે એવા અલંકારોથી ઓપતી, જે રચનામાં લોકસમૂહને ઘટાડવા-વધારવાની અનુકૂળતા કે છૂટ હોય છે ને એથી જેના પાઠાંતરો અનેક કે અગણ્ય હોય તેવી અથવા (અપવાદ રૂપે કહેવત મંત્રાદિ... જૂજ જથ્થાને બાદ કરતાં) જેનો એક નિશ્ચિત અફર પાઠ ન જ હોય તેવી શબ્દના કે ભાવ-વિચાર-લાગણીના પ્રભુત્વમાત્રથી ધ્યાન ખેંચે તેવી નહિ બલ્કે જેમાં ઉપરથી લદાતું કોઈ જ પ્રભુત્વ, કોઈ દેખાડો ન હોય – Complete absense of all Official, all influence exercised from above'' તેવી સૂક્ષ્મ અંગત સંવેદનો કે વિચાર-મંથન, આત્મનિરીક્ષણ, પરીક્ષણ, પૃથક્કરણ આ બધું હોય ન હોય અને તરત પરખાઈ જાય તેવી ઘેરી લાગણીઓ હોય તેવી, આંટીઘૂંટી વિનાની, અત્યંત સરળ રચનાવાળી, મૂળમાં લેખિત કે લિપિબદ્ધ નહિ પણ મુખપરંપરાગત કથ્ય કે ગેય વારસા રૂપે સાંપડેલી શબ્દવિદ્યા તે લોકવાઙ્મય.''[૧૨]

**– કનુભાઈ જાની**

૨. ''લોકસાહિત્ય એ નર્યું માત્ર સાહિત્ય નથી. પણ લોકમાન્યતાઓ, વલણો, વ્યવહારો, માનસ અને લોકસંસ્કૃતિને સમાવતું એક અંગ છે. એ સાહિત્યની માફક સ્વાયત્ત કે સાવ સ્વતંત્ર નથી. આનંદ, મનોરંજન તો આડપેદાશરૂપ, મૂળ આશય તો સાંસ્કૃતિક પરિવેશ, પર્યાવરણને, વિધિવિધાનને સાંકળવાનો આમ આ બધાંને સમાવતું સાહિત્ય તે લોકસાહિત્ય.''[૧૩]

**– ડૉ. બળવંત જાની**

**લોકસાહિત્યની લાક્ષણિકતાઓ :**



લોકસાહિત્યની સમજૂતી મેળવ્યા બાદ તેની લાક્ષણિકતાઓ જોઈએ :

૧. લોકસાહિત્ય પરંપરાનું વહન કરે છે. નવી પેઢીનું ઘડતર કરે છે. સંસ્કૃતિ અને સભ્યતાને જાળવવામાં લોકસાહિત્યનો ફાળો અદ્વિતીય છે. રામાયણ-મહાભારત જેવી આપણી પ્રાચીન કથાઓને ભણેલા કે અભણ દરેક લોકો જાણે છે કારણ કે લોકમુખે આ વાતો બાળકોને કહેવાતી હોય છે.

૨. ભવાઈ, નાટક, આખ્યાન ભજવાતા હોય છે. તો આ રીતે લોકોને સરળતાથી સમજાઈ જાય તેવી લોકોની જ ભાષામાં ધર્મના અને સમાજ જીવનના મહાન સત્યોની રજૂઆત થયેલી હોય છે. લોકસાહિત્ય સંસ્કૃતિ પ્રવાહને વેગ આપે છે.

૩. નૈતિકતાનાં મૂલ્યો, પરંપરાઓ, રીતરિવાજો, આદર્શ સંસ્કૃતિનાં લક્ષણોનું વહન કોઈ પણ સંસ્કૃતિના લોકસાહિત્યમાં ભરેલું પડ્યું હોય છે. શીલ, ટેક, પવિત્રતા, જીવનનો હકારાત્મક અભિગમ સૌની સાથે હળી-મળીને કરાતો આનંદ, સારા-નરસાનો વિવેક, શ્રદ્ધા અને શુભભાવનાનું વહન લોકસાહિત્યમાં થાય છે. જેને કારણે સંસ્કૃતિ કોઈ પણ હોય દૂરિત તત્ત્વોની નિંદા અને સમાજપોષક તત્ત્વોની જાળવણી હમેશાં થાય, તેવી ખેવના સાથે લોકસાહિત્ય જીવનને ઉમદા બનાવવામાં મદદરૂપ થાય છે. લોકસાહિત્ય આદર્શોનું સાહિત્ય છે. તે તેની સિદ્ધિ પણ છે અને મર્યાદા પણ. મર્યાદા એ રીતે કે તે ઉચ્ચ આદર્શો આપે છે. જ્યારે સામે લોકજીવન એટલું ઉચ્ચ આદર્શવાદથી ભરેલું હોતું નથી. છતાં લોકોને જીવનના ઉચ્ચ આદર્શ તરફ દોરી જવાનું કામ તો લોકસાહિત્ય કરે છે.

૪. ગેય રાગો, જીવનના લૌકિક રંગો અને ખુલ્લું માળખું હોવાથી લોકો પોતાના સુખ અને દુઃખ બન્ને લોકગીતો દ્વારા અનુભવી શકે છે. પોતાની પીડા અને આનંદ પણ વહેંચી શકે છે. સાસુ-વહુ, નણંદ-ભોજાઈ, પતિ-પત્નીના સંબંધોની ખાટી-મીઠી વાતો લોકગીતોમાં વ્યક્ત થાય છે. પ્રભાતિયાં, ભજનો, આખ્યાનોની સાથે પરંપરાનું વહન થાય છે. જૂના રાગો, ઢાળો, લય પણ એ દ્વારા જળવાઈ રહે છે.

૫. લોકકથા તો લોકસંસ્કૃતિનું વહન કરવામાં મોટો ફાળો આપે છે. કારણ કે કથા માત્ર ઘટના જ નથી. તેમાં જે તે સમયનો ઈતિહાસ, ભૂગોળ આદિથી પરિવેશ મળે છે. જે અભ્યાસ દ્વારા જે તે સમયના સમાજજીવનની દસ્તાવેજી માહિતી પૂરી પાડવામાં પણ મદદરૂપ થઈ પડે છે. વળી કથામાં જનસમાજને ઉપદેશ દેવાની ભાવના મુખ્ય હોતી નથી, મનોરંજનનો ભાવ મુખ્ય હોય છે. તેથી લોકોને અનાયાસે જ ઉપદેશ મળી રહે છે. અને છતાં તેનો ભાર લાગતો નથી. નીતિકથા, બોધકથા, પરીકથા, પ્રણયકથા દ્વારા લોકોની સંવેદનશીલતા

સાંત્વન પામે છે. સત્ય, પ્રેમ, બલિદાન જેવી ભાવના પણ કેળવાય છે. આ રીતે લોકકથા વ્યવહારજ્ઞાન આપે છે. વળી લોકકથા કથનકળા છે. લોકમુખે કહેવાતી કથામાં દશ્ય અને શ્રવણ ઉમેરાતાં લોકોની કલ્પનાશક્તિને પણ મોકળું મેદાન મળે છે. આપણા વેદકાલીન સમાજમાં પણ ગુરુશિષ્ય પરંપરાનાં ઉદાહરણો છે જ. તો વળી પંચતંત્રકથા, જાતકકથા પણ આ રીતે જ કથા દ્વારા જનસમાજને કેળવવાનું કાર્ય કરે છે તે સુખ્યાત છે. આ રીતે લોકકથા સંસ્કૃતિને પોષે છે.

**લોકસાહિત્ય સંદર્ભે બન્નીનું જીનજીવન :**

બન્નીના સંદર્ભે જોઈએ તો બન્નીના લોકજીવનને રીત-રિવાજો, રહેણી-કરણી, તેમના લોકાચારો વગેરે તમામ પાસાંઓને સમજવામાં તેમનું લોકસાહિત્ય ખૂબ જ ઉપયોગી પુરવાર થયેલ છે. પ્રજાજીવનનું સુરેખ અને જીવંત ચિત્રણ લોકસાહિત્ય દ્વારા મેળવી શકાય છે. તેમના સ્વાભાવિક જીવન અને વ્યવહારોનું પ્રતિબિંબ આપણા અભ્યાસમાં લીધેલ લોકકથા, લોકગીત આદિ દ્વારા સમજી શકાય છે.

બન્નીનું લોકસાહિત્ય ભાતીગળ રંગોથી ભરેલું છે. બન્નીનાં લોકગીતોમાં મુખ્યત્વે હૃદયની ઊર્મિઓનું વહન થયું છે. તેઓનો હર્ષ, શોક, ઘૃણા અને પ્રેમ, સંયોગ-વિયોગ, આશા-નિરાશા, માતાનો પુત્ર માટેનો પ્રેમ, પ્રેયસીના પ્રિયતમ પ્રત્યેનાં અરમાનો, કુંવારી કન્યાનાં સ્વપ્નો, પત્નીનાં વિવિધ ઘરેણાં, કપડાં માટેની હોંશ, સાસુ-નણંદનાં દુઃખડાં, પ્રાણી-પ્રકૃતિનો પ્રેમ, શૂરવીરોના ગાન, વતનપ્રેમ જેવા ભાવો વ્યક્ત થયા છે. તો બન્નીની લોકકથાઓમાં તેમના સમાજજીવનનાં વિવિધ પાસાંઓ પ્રગટ થયાં છે. ત્યાંના લોકજીવનમાં જોવા મળતી ટેક, વચન માટે પ્રાણ આપવાની રીતિ, પ્રેમ માટે જાન આપી દેતા શૂરવીરો અને સતીઓ, રાજાઓની દરિયાદિલી, અંદર-અંદરના ઝઘડાઓ, વેરવસૂલાતો, આદર્શ જીવન માટેની ખેવના રાખતાં સ્ત્રી અને પુરુષોનાં તેજીલાં ચિત્રણો જોવા મળે છે. તો કહેવતો તેમના આંતરજીવનની ચોટદાર અભિવ્યક્તિ રૂપે વ્યક્ત થઈ છે. તે વ્યવહારનીતિઓ સમાન છે. તેમજ ઉખાણાંઓ દ્વારા જનમનોરંજન તથા બુદ્ધિચાતુર્યના ચમકારાઓ જોવા મળે છે. આ રીતે માનવીના સંસ્કાર ઘડતર અને સમાજની સાંસ્કૃતિક પરંપરાઓના નિર્માણમાં લોકસાહિત્યનો સિંહફાળો છે.

સાંસ્કૃતિક પ્રવાહમાં કેટલુંક લુપ્ત થાય છે. કેટલુંક નવું ઉમેરાય છે. બન્નીની સંસ્કૃતિ પણ આજે પહેલાં જેવી યથાતથ રહી નથી. આધુનિકીકરણની અસરથી આ સંસ્કૃતિ પર પણ તેના પ્રભાવનું સંક્રમણ થયું છે. જોકે પરંપરા તો



બદલાતી રહેતી હોય છે. આ સંદર્ભે કનુભાઈ જાનીનું વિધાન નોંધવા જેવું છે : ''એક કાળે દેવ અને દાનવો હતા ત્યાં આજે મહાપુરુષો કે મહાત્માઓ છે. એક કાળે સર્થકારણમાં ખેડૂતો મુખ્ય હતા, ત્યાં આજે કામદારો છે, ડૉક્ટરો છે, શિક્ષકો છે, વકીલો અને વેપારીઓ વગેરે છે ને આ લોકની પરંપરા ઊભી થાય છે. હાર્ટલૅન્ડે બતાવ્યા પ્રમાણે પરંપરા તો સદા સર્જાતી રહે છે.'' દા.ત. ''એક સમયે આપણી નારી વાળની એક લટ પણ કપાઈ જાય તો અપશુકન માનતી ત્યાં આજે વિવિધ પ્રકારના લેડીઝ બ્યૂટીપાર્લરો છે. ચોટલી આપણે ત્યાંથી ગઈ પણ અમેરિકાના નવ-કૃષ્ણભક્તોએ સ્વીકારી એટલે પરંપરાનું આ રીતે Transplantation પણ થાય.''[૧૪]

આ રીતે લોકસંસ્કૃતિ સદા પરિવર્તન સર્જતી રહે છે. એક સમયે આદર્શ લાગતી સ્થિતિ સમય બદલાતાં એટલી સુસંગત લાગતી નથી. નવી પરંપરાઓ સર્જાતી જાય છે, જૂની સંસ્કૃતિ સંપૂર્ણ નાશ પામતી નથી પરંતુ તેમાં નવાં તત્ત્વો ઉમેરાતાં જાય છે. તેથી જ આપણી લોકસંસ્કૃતિના મૂળ વિશે ડૉ. હસુ યાજ્ઞિક નોંધે છે : ''જેને લોકસંસ્કૃતિ – ફોક કલ્ચર કહીએ છીએ તે અનેક Root Culture નાં સૂત્રોથી બનેલું કોઈ એક સૂત્ર છે. એ આજના સમાજમાં પણ છે. લોકસંસ્કૃતિ કહીએ એનાં મૂળ પણ એકથી વધારે છે. કોઈ એક જ પ્રદેશગત અને બોલીગત મૂળ સાથે જે પેટા મૂળ છે તેમાં જાતિ, જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય, પંથ વગેરે છે. આમ અનેક જ્ઞાતિઓ છે. આ બધાંને Root Culture છે ને એવા અનેક Root Culture થી Folk Culture ઘડાય છે.''[૧૫]

બન્નીની સાંસ્કૃતિક ધરોહર આપણે સંશોધન દરમિયાન જોઈ. પરંતુ વૈશ્વિકીકરણના પ્રભાવે બન્નીમાં પણ આધુનિકતા ધીમા પગલે પ્રવેશી છે. રણોત્સવ શરૂ થતાં અનેક વ્યાવસાયિક તકોનાં દ્વાર ખૂલ્યાં. પરંતુ તેની સાથે દૂષણો પણ પ્રવેશ્યાં. બન્નીની લોકસંસ્કૃતિના અભ્યાસી કલાધર મુતવા કહે છે તેમ પહેલાં બન્નીવાસીઓ ઘર ખુલ્લાં રાખીને ગમે ત્યાં આવન-જાવન કરી શકતા હતા. એ સમયે ચોરીનો કોઈ ભય નહોતો. પરંતુ હાલ રણોત્સવ શરૂ થયા બાદ પરિસ્થિતિ બદલાઈ છે. ગુજરાતની અને ગુજરાત બહારની પ્રજાનું પ્રવાસન અને વ્યવસાય અર્થે બન્નીમાં આગમન થતાં બન્નીની મૂળ સંસ્કૃતિમાં પરિવર્તનો આવવા લાગ્યાં. હવે મોબાઇલ ટી.વી., એ.સી. વેસ્ટર્ન કપડાં જેવાં ભૌતિક ઉપકરણોનો મોહ આ માલધારીઓને પણ લાગ્યો છે. જેણે બન્નીની મૂળ સંસ્કૃતિ જોખમાવી છે. મુંબઈ, કલકત્તા જેવાં મહાનગરોમાંથી આવતી કોલગર્લોએ અહીં સાંસ્કૃતિક પતન નોતર્યું છે તે પણ નોંધવું જોઈએ. આધુનિકીકરણના મોહમાં બન્ની સંસ્કૃતિનો મૂળ આત્મા

ખોવાઈ ન જાય એ જોવાની પણ જરૂરિયાત છે.

વૈશ્વિકીકરણના આ તબક્કામાં વિશ્વભરમાં સંસ્કૃતિઓ પર અનેક પ્રકારનાં આક્રમણો થઈ રહ્યાં છે. પ્રાદેશિક સંસ્કૃતિઓ અને ભાષા તેની ઓળખ ગુમાવી રહી છે. તેવા તબક્કામાં મારા આ સંશોધનકર્મ વડે બન્ની વિસ્તારની માલધારી સંસ્કૃતિની મહત્તા દર્શાવીને તેનું રક્ષણ અને સંવર્ધન કરવાની જરૂરિયાત પર ભાર મૂકવાનો આશય છે. કેમ કે સંસ્કૃતિનો હ્રાસ અને કોઈ પણ રાષ્ટ્રના હ્રાસ સમાન છે.

### પાદટીપ


૧. ગુજરાતની લોકસંસ્કૃતિ, ડૉ. હસુતાબેન સેદાણી, પ્રકા. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૧, પૃ. ૧

૨. ગુજરાતી સાહિત્યકોશ ખંડ - ૩, સંપા. ચંદ્રકાન્ત ટોપીવાળા, પ્રકા. : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧લી આવૃત્તિ, ૧૯૯૬, પૃ. ૫૦૬

૩. લોકસાહિત્યની વિરાસત, જોરાવરસિંહ જાદવ, પ્રકા. : પોતે, ૧લી આવૃત્તિ, ૨૦૦૯, પૃ.૪

૪. લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર, હસુ યાજ્ઞિક, પ્રકા. : પોતે, ૧લી આવૃત્તિ, ૨૦૦૨, પૃ. ૧૪-૧૬

૫. Google dictionary.com

૬. લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર, હસુ યાજ્ઞિક, પ્રકા. : પોતે, ૧લી આવૃત્તિ, ૨૦૦૨, પૃ. ૧૫

૭. આપણી લોકસંસ્કૃતિ, જયમલ્લ પરમાર, પ્રકા. : પ્રવીણ પ્રકાશન, રાજકોટ, નવસંસ્કરણ, ૨૦૦૨, પૃ. ૭૪

૮. ગુજરાતની લોકસંસ્કૃતિ, ડૉ. હસુતાબેન સેદાણી, પ્રકા. : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧લી આવૃત્તિ, ૨૦૦૧, પૃ. ૧

૯. ગુજરાતીલોકસાહિત્ય વિમર્શ, બળવંત જાની, પ્રકા. : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૧લી આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૪૧

૧૦. ગુજરાતની લોકસંસ્કૃતિ, ડૉ. હસુતાબેન સેદાણી, પ્રકા. : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧લી આવૃત્તિ, ૨૦૦૧, પૃ. ૦૩

૧૧. ગુજરાતની લોકસંસ્કૃતિ, ડૉ. હસુતાબેન સેદાણી, પ્રકા. : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧લી આવૃત્તિ, ૨૦૦૧, પૃ. ૮

૧૨. લોક વાઙ્મય, કનુભાઈ જાની, પ્રકા. : નહેરુચેર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૧લી આવૃત્તિ, ૧૯૯૨, પૃ. ૬

૧૩. ગુજરાતી લોકસાહિત્ય વિમર્શ, બળવંત જાની, પ્રકા. : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૧લી આવૃત્તિ, ૨૦૧૦, પૃ. ૩૮

૧૪. લોક વાઙ્મય, કનુભાઈ જાની, પ્રકા. : નહેરુચેર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૧લી આવૃત્તિ, ૧૯૯૨, પૃ. ૯૫

૧૫. લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર, હસુ યાજ્ઞિક, પ્રકા. : પોતે, ૧લી આવૃત્તિ, ૨૦૦૨, પૃ. ૩૧-૩૨


૮

# કચ્છી લોકસાહિત્ય અને ઈતિહાસના ઉદ્‌ગાતા : દુલેરાય કારાણી

**હરેશ ધોળકિયા**

માનવ ઈતિહાસમાં થોડાં થોડાં વર્ષો પછી એક એવો સમયનો પટ્ટો આવતો હોય છે જ્યારે અચાનક સમગ્ર વિશ્વમાં એક સર્જનાત્મકતાનો જુવાળ આવતો હોય છે. દરેક ક્ષેત્રમાં એક પછી એક અનેક પ્રતિભાશાળી વ્યક્તિઓ આવે છે અને તે ક્ષેત્રમાં નવું નવું સર્જનાત્મક કાર્ય કરે છે અને ક્ષેત્રનો તો વિકાસ કરે જ છે, સાથે તેની પ્રતિભાનું દર્શન પણ કરાવે છે. આ કોઈ એક દેશ કે વિસ્તારમાંથી જ નથી બનતું, સમાંતરે સમગ્ર વિશ્વમાં આવી ઘટનાઓ બને છે. અને પાછી તે એકાદ સદી સુધી ચાલ્યા કરે છે. પછી ફરી ધીમે ધીમે તે ઘટતી જાય છે અને ફરી વિશ્વ સરાસરી બની જાય છે.

ઈતિહાસનો અભ્યાસ કહે છે કે સરાસરી દર ત્રણસો વર્ષે આવી ઘટના બનતી દેખાય છે. છેલ્લી આવી ઘટના ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી શરૂ થઈ વીસમી સદીની અર્ધી સદી સુધી દેખાઈ છે (૧૮૫૦-૧૯૫૦). સમગ્ર વિશ્વમાં આ સમય દરમિયાન અનેક પ્રતિભાશાળી લોકો આવ્યા દેખાય છે અને ઉત્તમ કાર્યો કરતા દેખાયા છે. વિશ્વમાં જોઈએ તો બર્નાર્ડ શૉ, આઈન્સ્ટાઈન, લિંકન, ચાઉ એન લાઈ, માઓત્સે તુંગ, લેનીન, સ્ટેલીન, હિટલર, મુસોલીની, યહૂદી મેન્યુઈન

વગેરે દેખાય છે. તો ભારતમાં રાજા રામમોહનરાય, દયાનંદ, વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ, ટિળક, જગદીશચન્દ્ર બોઝ, ગાંધી, સુભાષ, નહેરુ, આંબેડકર વગેરે સેંકડો લોકો આવતા રહ્યા અને પોતપોતાના ક્ષેત્રમાં નેત્રદીપક કામ કરતા રહ્યા. સમાજનાં દરેક ક્ષેત્ર તેમનાં કાર્યોથી ઝળહળી ઊઠ્યાં.

આ સમય દરમિયાન કચ્છમાં પણ આવાં પ્રતિભાશાળી વ્યક્તિત્વો આવ્યાં અને વિવિધ ક્ષેત્રોમાં કામ કર્યું. તેમાં કે.ટી. શાહ, શ્યામજી કૃષ્ણવર્મા, કાન્તિપ્રસાદ અંતાણી, જયકૃષ્ણ ઈન્દ્રજી, ગુલાબશંકર ધોળકિયા, જે.જે. અંજારિયા, ભીમાણી, ડૉ. જયંત ખત્રી, સુકાની, રામસિંહ રાઠોડ જેવા અનેક લોકો આવતા રહ્યા અને કામ કરી પોતાની પ્રતિભા પ્રગટ કરતા રહ્યા.

આવા પ્રતિભાવાન લોકોમાં એક હતા દુલેરાય કારાણી. કચ્છના સાહિત્ય જગતમાં જે પ્રતિભાઓ થઈ, તેમાં એક આ કારાણી પણ સૂર્ય સમાન હતા. ખાસ કરીને કચ્છી સાહિત્યના ક્ષેત્રમાં તેમણે જે કાર્ય કરેલ છે તેને કારણે કચ્છી ભાષા મૃત બનતી જતી હતી તેને જીવતદાન મળી ગયું, એટલું જ નહીં, તે પ્રાણવાન પણ બની ગઈ. કારાણીનું આ જે મૂલ્યવાન કાર્ય છે તેનો હજી પૂરો અભ્યાસ નથી થયો, પણ જ્યારે પણ તે થશે ત્યારે ખ્યાલ આવશે કે તેમણે શું અનન્ય કાર્ય કર્યું હતું !

**વ્યક્તિત્વ :**

૧૮૯૬ની ૨૬ ફેબ્રુઆરીના મુન્દ્રામાં જન્મેલ કારાણીએ તારુણ્ય સુધીનો સમય ત્યાં જ પસાર કર્યો. પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ તેમણે મુન્દ્રાની જ દરબારી શાળાઓમાં લીધું. તે કદાચ આગળ ભણ્યા હોત, પણ ત્યારે મુન્દ્રામાં મૅટ્રિક પરીક્ષા આપવાની સુવિધા ન હોવાથી દસમામાં તેમનું ભણતર અટકી ગયું. મૅટ્રિક પણ ન થયા.

પણ અહીં જ કારાણીની પ્રતિભાનું દર્શન થાય છે. શાળામાં જ ભણાય, ત્યાં જ શિખાય કે આગળ વધાય એ ખ્યાલે કારાણીને બાંધી ન રાખ્યા. અભ્યાસ કરવો એ એક અંગત શોખ છે અને તે ગમે ત્યારે, ગમે ત્યાં અને કોઈ પણ સ્થિતિમાં કરી શકાય છે તે કારાણીએ સાબિત કર્યું. તેમણે શાળાકીય અભ્યાસ છોડ્યા પછી પણ અધ્યયન તો ચાલુ જ રાખ્યું અને સ્વમહેનતથી અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ અને સિંધી શીખ્યા. આ બધી જ ભાષાઓના સાહિત્યનું અધ્યયન જાતે જ કર્યું અને, થોડાં વર્ષો પછી, તેમાં સર્જન કર્યું અથવા તો તે સાહિત્યમાંથી ઉત્તમને ગુજરાતી અને કચ્છીમાં રજૂ કર્યું.

કારકિર્દીની દૃષ્ટિએ જોઈએ તો કારાણીની કારકિર્દીની શરૂઆત મુન્દ્રાની



દરબારી શાળામાં પ્રાથમિક શિક્ષક તરીકે થઈ. થોડો વખત તે ત્યાં રહ્યા. પછી તેના ભાઈ તેને વેપારમાં મદદ કરવા નાગપુર લઈ ગયા. પણ ત્યાં વેપાર પણ ન ચાલ્યો અને કારાણીને પણ તે કામ ન ફાવ્યું. તેથી થોડા સમય પછી ફરી કચ્છ આવી ગયા અને ગુંદીયાળી ગામની પ્રાથમિક શાળામાં જોડાઈ ગયા.

પણ અહીં તેમની અધ્યયન વૃત્તિનાં પરિણામ જોવા મળ્યાં. તેમની પ્રતિભાનો ખ્યાલ તત્કાલીન કચ્છના દીવાન આશરને આવી ગયો. તેણે મહારાવને વાત કરી. પરિણામે યુવરાજ મદનસિંહજીએ તેમને ત્યાંથી ઉપાડી સીધા કચ્છના કેળવણી ખાતાના ‘‘ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર’’ બનાવ્યા છે. છેક નિવૃત્ત થયા ત્યાં સુધી તે આ હોદ્દા પર રહ્યા.

આ હોદ્દાએ જ તેમની સંશોધનવૃત્તિને ઉત્તેજન આપ્યું. નિરીક્ષણ અર્થે તે સમગ્ર કચ્છમાં ફરતા અને શાળાઓનું નિરીક્ષણ કરતા. આ દરમિયાન તે દરેક ગામમાં જતા અને લોકોને મળતા. તેમના પાસેથી મૌખિક ઈતિહાસની વાતો, લોકકથાઓ, કહેવતો, પીરોલીઓ વગેરે સાંભળતા અને નોંધી લેતા. દાખલા તરીકે રાપર તાલુકાના ગેડી ગામમાં ગયા ત્યાં પાળિયાઓની હારમાળા જોઈ. તેનું સંશોધન કરી ‘વ્રજવાણીનો ઢોલ’ સુપ્રસિદ્ધ લોકકથા આપી. પછી ધીમે ધીમે તેમણે એક પછી એક પુસ્તકો પ્રગટ કરવા માંડ્યાં. નવલકથા, નાટક, કવિતા, લેખો, ઈતિહાસ, લોકસાહિત્ય-એમ સાહિત્યના લગભગ બધા જ પ્રકારોને તેમણે અજમાવ્યા હતા. સાથે કચ્છી, ગુજરાતી અને હિન્દી - ત્રણેમાં તે લખતા રહ્યા. સાથે સંપાદનો પણ કર્યાં. મહારાવ મદનસિંહજીની આત્મકથા પણ સંપાદિત કરી આપી. રસબ્રુક વિલિયમ્સનું ‘બ્લેક હિલ્સ’નું ગુજરાતીમાં સંપાદન પણ કરી આપ્યું. આમ, જીવનની છેલ્લી ક્ષણ સુધી તેમણે પોતાની કલમ ચલાવ્યે જ રાખી અને લગભગ સિત્તેર જેટલાં પુસ્તકો સમાજને અર્પણ કર્યાં.

૧૯૫૦માં તે નિવૃત્ત થયા. આમ તો તે ‘સસ્તું સાહિત્ય કાર્યાલય’માં કામ કરવા ઈચ્છતા હતા, પણ તેમના એક મિત્ર અને માર્ગદર્શક એવા જૈન મુનિ કલ્યાણચન્દ્રજીની સૂચનાથી તેમણે જ શરૂ કરેલ ‘‘શ્રી મહાવીર જૈન ચરિત્ર રત્નાશ્રમ’’માં વ્યવસ્થાપક અને ગૃહપતિની જગ્યા સ્વીકારી અને ત્યાં લગભગ ૨૫ વર્ષ રહ્યા. જીવનના અંતિમ તબક્કે તે ત્યાંથી છૂટા થઈ અને સંતાનો સાથે અમદાવાદ રહેવા ગયા. ત્યાં જ ૧૯૮૯ની ૨૬મી ફેબ્રુઆરીના - જન્મ દિવસે જ - સજાગ રીતે છેલ્લો શ્વાસ લીધો.

**ઐતિહાસિક સાહિત્ય :**

દુલેરાય કારાણીનાં અનેકવિધ સાહિત્યમાંથી સૌથી ધ્યાન ખેંચતું હોય તો

તે છે તેમનું સંશોધનાત્મક ઐતિહાસિક સાહિત્ય. તે તેમણે વિપુલ માત્રામાં સર્જ્યું છે. આ સાહિત્યમાં આ ગ્રંથોનો સમાવેશ કરી શકાય :

- કચ્છના કલાધરો : ૧-૨
- કચ્છના સંતો અને કવિઓ : ૧-૨
- કચ્છની રસધાર : ૧ થી ૪
- જામ ચનેસર
- જામ રાવળ
- જામ લક્ષરાજ
- જાડેજાવીર ખેંગાર
- જગડુ દાતાર
- જામ અબડો અડબંગ
- ઝારે જો યુદ્ધ.
- કચ્છના સંત કવિ મેકણદાદા.
- કચ્છનો ક્રોમવેલ જમાદાર ફતેહમામદ.
- ગાંધીબાવની.
- દયાનંદબાવની.
- કારા ડુંગર કચ્છજા.
- વતનનો વાર્તાલાપ.

આ પુસ્તકોમાંથી પ્રથમ બે પુસ્તકો કચ્છના સંતો કવિઓના ઈતિહાસ વિશેનાં છે. કચ્છની રસધાર મેઘાણી સ્ટાઈલથી લખેલ છે. ઈતિહાસ વાર્તા સ્વરૂપે. 'જામ ચનેસર', 'જામ રાવળ' અને 'જામ લક્ષરાજ' એ ઐતિહાસિક નવલકથાઓ છે. 'જાડેજાવીર ખેંગાર', 'જગડુ દાતાર', 'ઝારે જો યુદ્ધ' અને 'જામ અબડો અડભંગ' એ ઐતિહાસિક નાટકો છે. 'કચ્છના સંત કવિ મેકણદાતા' અને 'કચ્છનો ક્રોમવેલ જમાદાર ફતેહમામદ' એ જીવનચરિત્રો છે. 'કારા ડુંગર કચ્છજા' એ રશબ્રૂક વિલિયમ્સનાં પુસ્તકનો વસંતરાય પટણીએ કરેલ અનુવાદનું સંપાદન છે. તો 'વતનનો વાર્તાલાપ' એ મહારાવ મદનસિંહજીની આત્મકથાનું સંપાદન છે. પણ આ બધાં પુસ્તકો કચ્છના ઈતિહાસ સાથે સંકળાયેલાં છે.

આ પુસ્તકોનો વિસ્તૃત પરિચય મેળવીએ અને કારાણીની લેખનશૈલીની ચર્ચા કરીએ તે પહેલાં એક મુદ્દો સમજી લેવાની જરૂર છે. તે એ કે કારાણીનાં આ પુસ્તકો ઈતિહાસનું શુદ્ધ સંશોધન છે ? કારાણી ઈતિહાસજ્ઞ છે ?



તેનો જવાબ આવો હોઈ શકે કે કારાણીને મૂળે રસ કચ્છના લોકસાહિત્યમાં છે. તે મૂળે લોકસાહિત્યકાર છે. તેમણે કચ્છનો જે ઈતિહાસ રજૂ કર્યો છે તે લોક સાહિત્યકાર તરીકે રજૂ કર્યો છે. લોકસાહિત્ય એ ઈતિહાસ અને પુરાણનું મિશ્રણ કહી શકાય. તેમાં ઈતિહાસનાં બીજ હોઈ શકે, પણ શુદ્ધ ઈતિહાસ ન પણ હોય.

સંશોધકો ઈતિહાસને બે-ત્રણ રીતે રજૂ કરતા હોય છે. કેટલાક સંશોધન કરી ઈતિહાસને પણ શુદ્ધ રીતે જ રજૂ કરે છે. તેમાં કેવળ ઐતિહાસિક તથ્યો હોય છે. તો કેટલાક તેને રોચક રીતે રજૂ કરે છે. તેમાં લોકસાહિત્ય અને નવલકથા, નાટક, કવિતા કે વાર્તા સ્વરૂપ આવે છે. કારાણી બીજા પ્રકારના સંશોધક છે. તે ઈતિહાસને તથ્યાત્મક રીતે રજૂ કરવા કરતાં ભવ્ય રીતે રજૂ કરે છે. આમાં સાહિત્યકારનો મુખ્ય હેતુ પ્રાદેશિક ''અસ્મિતા'' રજૂ કરવાનો હોય છે. તેમાં, સંભવ છે, ક્યારે અસ્મિતાને નબળી બનાવતાં તથ્યો હોય તેને તે અવગણે છે અને બાકીની બાબતોને ભવ્ય રીતે રજૂ કરી વાચકના મનમાં તેની મહત્તા સમજાવવા પ્રયાસ કરે છે. એટલે, આવી ઐતિહાસિક રચનાઓ વાંચતાં ખૂબ ખ્યાલ રાખવાનો હોય છે કે તેમાં ઈતિહાસ સાથે મનોરંજક તત્ત્વ પણ ભળી જાય છે. સંશોધન વખતે તેને બાજુમાં રાખવાનું હોય છે.

કારાણી આવા ઈતિહાસકાર છે જેમણે ઈતિહાસ અને પુરાણનું મિશ્રણ કરી લખેલ છે. એટલે તેમાં રોચક તત્ત્વ આવે છે. એટલે તેમનાં પુસ્તકોનો અભ્યાસ કરતી વેળા આ બાબતને ધ્યાનમાં રાખી તેને જોવાનાં છે. પણ આ તેમની મર્યાદા તરીકે નથી જોવાની, પણ વિશિષ્ટતા તરીકે લેવાની છે. તે તેમની ''સ્ટાઈલ'' છે. ઈતિહાસ પ્રેમને તેમણે સાહિત્યિક રીતે રજૂ કર્યો છે, એટલું જ !

આ મુદો ખ્યાલમાં રાખીને કારાણીનાં પુસ્તકોને તપાસીએ.

**કચ્છનો કલાધર : ૧-૨.**

કારાણીના જે અનન્ય ગ્રંથ લેખાય છે તેમાં આ બે ગ્રંથોનો સમાવેશ થાય છે. ૧૯૩૪માં તેનું પ્રથમ પ્રકાશન થયું. આજ સુધી તેની પાંચ આવૃત્તિઓ થઈ ગઈ છે એમ મનાય છે. તે તેની લોકપ્રિયતા દર્શાવે છે.

આ ગ્રંથ રચવા પાછળનો હેતુ, કારાણી જણાવે છે તેમ, ''કચ્છના રાજવંશને પ્રગટ કરવાનો'' હતો. યદુવંશથી શરૂઆત કરી ૧૯૪૮ સુધીના અંતિમ રાજા મદનસિંહજી સુધીના શાસકોની કથાઓને તેમાં મૂકી છે. પણ રાવ ખેંગારજી પહેલા પહેલાના પૂર્વજોની વિગતો શુદ્ધ ઈતિહાસ નથી. તે તો લોકકથાઓ, દંતકથાઓ, જૂનાં લખાણો વગેરે પર આધારિત છે. તે પોતે જ લખે છે કે, ''કચ્છના રાજવંશનો તેમ જ પુરાતન કથાઓનો આ સંગ્રહ છે.'' પણ એ પોતે

જ કહે છે કે ''કચ્છભૂમિનો ખોળો ખૂંદીને ઉછેરનાર કચ્છના રાજવીઓ અને કચ્છની પ્રજાનાં ખમીરનો આ ઈતિહાસ છે....કચ્છીઓની અસ્મિતા અને ખુમારીનો આ ઈતિહાસ છે.'' એટલે, સાબિત થાય છે કે આ પુસ્તક એ ઈતિહાસ અને લોક સાહિત્યનું મિશ્રણ છે. અસ્મિતા પ્રગટ કરવા માટે જ રચાયેલ છે. કનૈયાલાલ મુનશીના પગલે તે ચાલ્યા છે. માત્ર નવલકથા બદલે ઈતિહાસનું સ્વરૂપ જ રાખ્યું છે.

આ પુસ્તકમાં આપેલ ઈતિહાસ, વિવેચક ડૉ. ગોવર્ધન શર્મા કહે છે તેમ, ''કચ્છના ભવ્ય ભૂતકાળનું ચિત્રણ છે. તેમાં દંતકથાઓ, અનુશ્રુતિઓ અને લોકવાયકાઓ જોડાયેલી છે, જે ભાટ-ચારણોની કથા-વાર્તાઓ, યતિઓની સંગૃહીત માહિતીઓ અને કચ્છી પ્રજાને કંઠે રહેલ કંઠસ્થ સાહિત્યનો સમન્વય થયો છે. ''એટલે તેમાં કેટલો ઈતિહાસ છે અને કેટલી અન્ય સામગ્રી છે તે તપાસનો મુદ્દો બને છે. તેમાંથી પ્રમાણિક ઈતિહાસ શોધવાની મથામણ કરવી રહે છે.

પુસ્તકમાં પ્રાચીન કચ્છનો પરિચય આપેલો છે. તેમાં અનેક પૌરાણિક સંદર્ભો લેખકે આપ્યા છે. પછી યદુવંશના શાસકોનું ક્રમાનુસાર વર્ણન કરેલ છે. તેમાં લાખો ફુલાણી, અબડો અડભંગ, મહારાવ દેશળજી, લખપતજી વગેરેનાં ચિત્રો રજૂ કર્યાં છે. સમાંતરે તે સમયની ભીંયા કકલ વગેરેની ગૌરવપૂર્ણ કથાઓ પણ આપેલ છે. આ દ્વારા લોકોનાં ખમીર અને આત્મ સમર્પણને રજૂ કરી આદર્શ જીવનની કલ્પના કરી છે. સાથે કેટલીક પ્રણય કથાઓ પણ રજૂ કરી છે. તેમાં આપણને ઈતિહાસ અને રોમાન્સનો સમન્વય દેખાય છે. તેમાં કારાણી ખીલતા દેખાય છે. તો સાથે વીજળીની કથા, ભયંકર દુકાળોની ઘટનાઓ, ઝારાનું ભીષણ યુધ્ધ જેવી કરુણ બાબતોનું પણ ચિત્રણ કરેલ છે. તે સાથે સમાજના કેટલાક પ્રભાવશાળી લોકોને પણ તેમણે યાદ કર્યા છે જેમાં જગડુશા, મેકણ, જયકૃષ્ણ ઈન્દ્રજી, હાજી મહમ્મદ રખિયા વગેરેનો સમાવેશ કરેલ છે.

આ સમગ્ર રજૂઆત એવી તો આકર્ષક છે કે વાચક તેમાં ખેંચાઈ જાય છે. તેમની શૈલી વિશે જાણીતા લેખક મૂળરાજ રૂપારેલ લખે છે, ''કચ્છી ભાષાની અસલિયત જાળવી તેમણે ઈતિહાસના અવશેષોને ઢંઢોળ્યા, પાળિયાઓને જગાડી તેમનાં શૌર્ય અને સ્વાર્પણની અનેક કથાઓ સાંભળી, લોકોમાં ભળી જઈ વેરવિખેર પડેલ લોકસાહિત્ય એકઠું કર્યું. અને આ રીતે આ ધૂળધોયા ભેખધારીએ કચ્છી ભાષાને રૂપરંગે મઢી છે.'' કારાણીએ દોહા વગેરે ભેળવી દરેક પ્રસંગને વધારે પ્રભાવશાળી બનાવવાનો ઉમદા પ્રયાસ કર્યો છે.

**કચ્છના સંતો અને કવિઓ : ૧-૨.**

કચ્છની ભૂમિ સંતો, પીરો, ભક્તોની ભૂમિ છે. તેમનું પ્રદાન અનન્ય છે.



આ બધા લોકો કાળના પ્રવાહમાં અદશ્ય થઈ જાય તે પહેલાં તેને સંગૃહીત કરી કારાણીએ ''કચ્છના સંતો અને કવિઓને પુસ્તકરૂપે સાચવી લીધા છે.

આ પુસ્તકમાં કારાણીએ જ્ઞાત અને અજ્ઞાત એવા અનેક સંતો અને કવિઓનાં જીવન મૂક્યાં છે. અનેક કવિઓનાં વેરવિખેર પડેલાં કાવ્યોને શોધી, સંપાદિત કરી મૂક્યાં છે. આ માટે તે ગામેગામમાં ફર્યા છે. સામગ્રી એકઠી કરી છે. તેમનાં અંગત જીવનની ઘટનાઓ સાથે તેમના જીવનમાં બનેલ અસાધારણ ઘટનાઓનું પણ આલેખન કરેલ છે. તેમના વિશેની લોકવાયકાઓને પણ સ્થાન આપેલ છે. તેમણે કરેલ ચમત્કારોને પણ સ્થાન આપેલ છે અને તે બાબત તેમની મહત્તા વધારે છે એમ ભારપૂર્વક કહેલ છે.

આ પુસ્તકના પહેલા ભાગમાં ૩૮ સંતો અને ૬૮ કવિઓનો પરિચય આપેલ છે. બીજા ભાગમાં ૨૪ સંતો અને ૪૦ કવિઓનો પરિચય આપેલ છે. આ પુસ્તક કારાણીને એક સંશોધક અને સંગ્રાહક તરીકેનું સન્માન આપે છે. સંભવ છે, તેમની પદ્ધતિ વૈજ્ઞાનિક ન લાગે, પણ તેમની અથાગ મહેનત અને શ્રમ તો પ્રસંશનીય જ છે. આ પુસ્તક સંતો અને કવિઓને જાણવાનો એક અમૂલ્ય ખજાનો છે એમ તો ચોક્કસ કહી શકાય. તેનું મૂલ્યાંકન કરતાં ડૉ. ગોવર્ધન શર્મા કહે છે, ''સંપાદકે આ ગ્રંથો દ્વારા કચ્છની અસ્મિતાને ઉજાગર કરી છે. આ ગ્રંથો અમૂલ્ય કાવ્યમોતીઓના હાર છે.''

**કચ્છની રસધાર : ૧-૪**

કારાણીએ પણ લેખક મેઘાણી જેમ એક પ્રયોગ કર્યો. મેઘાણીએ સૌરાષ્ટ્રની અસ્મિતાને પ્રગટ કરવા ઈતિહાસને વાર્તા સ્વરૂપે ''સૌરાષ્ટ્રની રસધાર નામે ભાગો લખ્યા. તેમાં તેમણે સૌરાષ્ટ્રના લોકોની શૂરવીરતા, ત્યાગ, કુટુંબવત્સલતા વગેરે જેવા અનેક ગુણોને ભવ્ય રીતે બતાવ્યા.

કારાણીએ આ જ શૈલીનો ઉપયોગ કરી ''કચ્છની રસધાર'' નામે ચાર ભાગ પ્રગટ કર્યા. તેમાં તેમણે પણ કચ્છના આવા પ્રસંગોને લીધા અને વ્યક્તિઓના અને સમાજના ઉમદા ગુણોને રજૂ કર્યા. ખૂબ જ રસપ્રદ રીતે અને નાટકીય શૈલીથી તેમણે આ પુસ્તકો લખ્યાં છે. તે પણ ખૂબ જ લોકપ્રિય થયાં છે અને તેની પણ આવૃત્તિઓ થઈ છે.

**ઐતિહાસિક નવલકથાઓ**

શ્રી કારાણીએ કચ્છના કેટલાક ઐતિહાસિક પ્રસંગોને પસંદ કરી ત્રણ નવલકથાઓ લખી છે. તે છે ''જામ ચનેસર (૧૯૬૬), ''જામ રાવળ (૧૯૭૯) અને ''જામ લક્ષરાજ (૧૯૭૯).

ગુજરાતીમાં પ્રગટ થયેલ પ્રથમ નવલકથા ''કરણઘેલો'' (૧૮૬૬) પછી બરાબર સો વર્ષે કારાણીની 'જામ ચનેસર' પ્રકાશિત થઈ છે. આ નવલકથા વાંચતી વખતે ધ્યાનમાં રાખવાનું છે કે અહીં પણ કારાણીનો હેતુ ઉત્તમ સાહિત્યિક રચના આપવાનો નથી, પણ ઈતિહાસ કથા કહેવાનો અને તે દ્વારા કચ્છની અસ્મિતા પ્રગટ કરવાનો છે. આ નવલકથા દ્વારા તેમણે ઈતિહાસ, દંતકથા, લોકવાયકાઓ વગેરેને મિશ્રિત કરી કચ્છનો ભવ્ય ભૂતકાળ જીવંત કરવા અને તે દ્વારા વાચકને મનોરંજન આપવાનો પ્રયત્ન કર્યો છે.

આ નવલ 'સમયધર્મ' માસિકમાં ક્રમશઃ રજૂ કરાઈ હતી. તેમાં જામ ચનેસર અને થર પ્રદેશની રાજકુમારી લીલાદેવીના પ્રણય પ્રસંગો અને દામ્પત્ય જીવન તથા તેમાં ઊભા થતા પ્રશ્નો રજૂ કર્યા છે. આ કથાની ગૂંથણી આકર્ષક છે. અંત પણ સુખદ છે.

૧૯૭૯માં પ્રકાશિત થયેલ બીજી નવલકથા 'જામ રાવળ' પણ એવી જ કથા છે. તેમાં જામ રાવળ અને તેના બે પુત્રો ખેંગારજી અને સાહેબજીના સંઘર્ષોની કથા છે. અનેક પ્રપંચો, વીરતા, સાહસ, છછર બુટ્ટાની રાજભક્તિ, ભીંયા કકલની કુરબાની વગેરે પ્રસંગોને ચિત્રાત્મક રીતે રજૂ કર્યા છે. આ પણ, આગળ કહ્યું તેમ, ઈતિહાસકથા છે.

૧૯૭૯માં જ પ્રકાશિત થયેલ 'જામ લક્ષરાજ' નવલકથા પણ દંતકથા આધારિત છે. અલબત, તેમાં ઈતિહાસનાં બીજ દેખાય છે. તેની કથા લાખા ફુલાણી અને જસમાના પ્રણય પ્રસંગો પર આધારિત છે. તેમાં લાખાના ભવ્ય વ્યક્તિત્વને સુરેખ રીતે રજૂ કર્યું છે. તેમાં રોમાંચક વળાંકો છે. જસમાનું મૃત્યુ લાવી અંતને કરુણ બનાવ્યો છે.

આ ત્રણે નવલકથાને તપાસ્યા પછી કહી શકાય કે આ ભલે કહેવાય ઐતિહાસિક નવલકથાઓ, પણ હકીકતે તેમાં ઈતિહાસ સાથે અનુશ્રુતિઓ, લોકવાયકાઓ અને દંતકથાઓનો સમન્વય કર્યો છે. ત્રણે કૃતિઓ એક જ ઢાંચામાં ઢાળી છે એમ એક વિવેચક કહે છે.

**ઐતિહાસિક નાટકો :**

કારાણીએ કુલ ચાર નાટકો લખ્યાં છે. 'જાડેજાવીર ખેંગાર' (૧૯૬૯), 'જગડુ દાતાર' (૧૯૭૧), 'જામ અબડો' (૧૯૭૨) અને 'ઝારે જો યુદ્ધ' (૧૯૭૨).

ફરીથી કહેવામાં વાંધો નથી કે આ નાટકો પણ શુદ્ધ ઈતિહાસનું કોઈ નિરૂપણ નથી. તેમાં પણ ઈતિહાસ, દંતકથાઓ અને લોકવાયકાઓનું જ મિશ્રણ છે. આમાં પણ મુખ્યત્વે તો કચ્છની અસ્મિતાને જ પ્રગટ કરવાનો હેતુ છે. એટલે



જ કચ્છના ગૌરવપૂર્ણ પ્રસંગોને તથા જાણીતાં પાત્રોને જ પસંદ કર્યાં છે.

'જાડેજાવીર ખેંગાર' દ્વિઅંકી નાટક છે. તે કચ્છીમાં છે. તેમાં પહેલા અંકમાં સાત અને બીજા અંકમાં બાર પ્રવેશ છે. આ નાટકમાં પણ ખેંગારના જાણીતા પ્રસંગો લીધા છે. તે જાન બચાવવા ભાગે છે ત્યાંથી કરી રાજ્ય પાછું મેળવે છે ત્યાં સુધીના પ્રસંગોને વણી લીધા છે. પાને પાને રાજભક્તિ, વીરતા, સાહસ બતાવી નાટકીય રીતે ઘટનાઓ વર્ણવી છે.

નાટકમાં જૂની રંગભૂમિની સ્ટાઈલ સ્વીકારી છે. એટલે કાવ્યમય સંવાદો, ગીતો અને દોહાઓથી તે ભરપૂર છે. અંકની શરૂઆતમાં વિવિધ દેવીઓની સ્તુતિઓ છે. અલબત્ત, કચ્છી ભાષામાં આપેલ સંવાદો ચોટદાર છે. અંતે તેમણે સ્વરચિત કાવ્ય ''સાવજ જો શિકાર'' આપ્યું છે. એક અભિપ્રાય એવો છે કે તેમાં આપેલ અનેક દૃશ્યો રંગભૂમિ પર ભજવવાં અશક્ય છે !

'જગડુ દાતાર' પણ દ્વિઅંકી છે. કચ્છમાં પડેલ ભયંકર દુકાળ દરમિયાન સેવા કરનાર જગડુશાની કથા છે. તેમાં પણ તેર અને બાર પ્રવેશ છે. નાટકમાં કુલ ૧૫ પાત્રો છે. આ નાટક દ્વારા લેખકનો હેતુ જગડુશાની દાનશીલતા અને પરદુઃખભંજકતાને જ બતાવવાનો છે. જ્યાં સુધી કચ્છની અસ્મિતાને બતાવવાનો હેતુ છે, તે બરાબર પૂરો થાય છે, પણ નાટક રંગભૂમિ પર ભજવવા બાબતે તે કેટલું યોગ્ય છે તે ચર્ચાને પાત્ર છે.

'ઝારે જો યુદ્ધ' પણ કચ્છીમાં લખાયેલ એક અંકી નાટક છે. તેમાં સોળ પ્રવેશ છે. અંતે એક સમૂહગાન છે. કચ્છમાં ખેલાયેલ યુદ્ધને નાટ્ય સ્વરૂપ આપી રજૂ કરેલ છે. તેમાં કચ્છીઓની શૂરવીરતાને અંજલિ આપી છે. રાવ ગોડજી અને પૂંજા શેઠ વચ્ચેના ઝઘડાની વાત છે. વિવેચકો કહે છે કે આ નાટકની રચના ખૂબ જ શિથિલ છે. ગીતો અને નૃત્યોની ભરમાર છે. (ગોવર્ધન શર્મા).

'જામ અબડો' પણ ઈતિહાસમિશ્રિત છે. તેમાં શૌર્ય, મર્દાનગી, શરણાર્થી ખાતર ફના થઈ જવાની ભાવના વગેરેને પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. તેમાં ત્રીસથી વધારે પાત્રો છે. કેટલાંક ઐતિહાસિક તો કેટલાંક કાલ્પનિક છે. નાટકમાં હિન્દી, ઉર્દૂ ભાષાનું મિશ્રણ છે. કેટલાંક પાત્રો દ્વારા હાસ્યરસ ઉત્પન્ન કરવાનો પ્રયાસ પણ કર્યો છે. આ નાટકમાં પણ ગીતો વગેરેને વણી લેવાયાં છે. એકાદ જગ્યાએ ચમત્કાર બતાવવાનો પ્રયાસ પણ કર્યો છે.

આ ચારે રચનાઓ પર નજર કરાય તો કહી શકાય કે તે સંવાદાત્મક કથાઓ છે. કારાણીએ 'દેશી નાટક સમાજ'ની રીતથી તે લખેલ છે. પણ તેમનો હેતુ સ્પષ્ટ હતો કે નાટકો દ્વારા કચ્છી અસ્મિતાનું સંવર્ધન કરવું. અને તેમાં તે

સફળ રહ્યા છે.

**જીવનચરિત્રો :**

કારાણીએ બે જીવનચરિત્ર પણ લખ્યાં છે.

એક છે ''કચ્છના સંત મેકરણ દાદા'. તે 'સસ્તું સાહિત્ય કાર્યાલય' દ્વારા ૧૯૬૦માં નાની પુસ્તિકા રૂપે પ્રકાશિત થયેલ. આમ તો તે 'કચ્છના સંતો અને કવિઓ'માંથી જ લગભગ લીધેલ છે. તેમાં તેમણે સંત મેકણના જીવનની બધી જ વિગતો આપેલ છે. તેમાં તેમણે સમાજસેવાનો ખાસ ઉલ્લેખ કરેલ છે. તેમનાં બે પ્રાણીઓ – કૂતરો અને ગધેડો – વિશે પણ વિસ્તૃત નોંધ લખેલ છે. તેમના એક પદમાં જ તેમનો પ્રેમ વ્યક્ત થાય છે :

*''લાલિયો મુંજો લખણવંતો, ને મોતીયો મું જો ભા !*
*ઘણા મુછારા ગોરે ફગાઈયાં, મેકણ ચેં લાલિયે જે પુચ્છ મથા !''*

આ પુસ્તિકામાં લેખકે મેકણની ધાર્મિક માન્યતાઓ અને તત્ત્વજ્ઞાનનો પણ આછેરો ખ્યાલ આપ્યો છે. તેમનાં કેટલાંક પદો પણ આપ્યાં છે. તેમની જીવંત સમાધિનો પ્રસંગ તો ભવ્ય રીતે રજૂ કર્યો છે.

આ ચરિત્ર ખૂબ જ લોકપ્રિય થયું હતું. તેની અનેક આવૃત્તિઓ થઈ છે.

બીજું ચરિત્ર લખ્યું છે ''કચ્છનો ક્રોમવેલ જમાદાર ફતેહમામદ.'' તે ૧૯૭૮માં પ્રકાશિત થયું. રતિયા જેવા નાના ગામમાં જન્મેલ એક ભરવાડનો છોકરો સ્વપરાક્રમે કેમ જમાદાર બને છે તેનું તેમણે પ્રભાવશાળી ચિત્રણ કર્યું છે. રાવ રાયધણજીના સમયમાં જે અરાજકતા વ્યાપી ગઈ, ત્યારે જ ફતેહમામદ આવ્યો અને તેના પ્રયાસોથી રાજ્યમાં ફરી શાંતિ અને વ્યવસ્થા સ્થપાઈ ગઈ. તેની રાજકીય સૂઝ, ન્યાય માટેનો આગ્રહ, કડકાઈ, વિવિધ નીતિઓ વગેરેનું આ ચરિત્રમાં સુરેખ રીતે આલેખન કર્યું છે.

આ બન્ને ચરિત્રો દ્વારા પણ, આખરે તો, કારાણીએ કચ્છનું ગૌરવ પ્રદર્શિત કરવા જ પ્રયત્ન કર્યો છે.

આ સિવાય બે ગૌણ ચરિત્રો પણ કારાણીએ લખેલ છે : 'ગાંધી બાવની' અને 'દયાનંદ બાવની'. કાવ્યના માધ્યમથી તેમણે આ બે મહાન લોકોનાં જીવન-ચરિત્રને વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે.

'ગાંધી બાવની'માં ગાંધીજીના ગુણો અને ઉદાત્ત ઝાંખી જોવા મળે છે. પદે પદે કવિની ગાંધીજી પ્રત્યેની આદરભાવના વ્યક્ત થતી જોવા મળે છે. આ બાવનીમાં કુલ ૮૦ પદો છે. સાથે અન્ય કાવ્યો પણ સમાવાયાં છે.



'ગાંધી બાવની'માં પણ સ્વામી દયાનંદ સરસ્વતીના જીવન તથા કર્મોની ઝાંખી આપી છે. તે સમયે ભારતમાં પ્રસરેલ પાખંડ, અજ્ઞાન વગેરે સામે દયાનંદે શું કામ કર્યાં તેની વાત કરી છે.

આ બન્ને દ્વારા કારાણીએ બે મહામાનવની યશગાથા ગાઈ છે.

**સંપાદનો :**

આ સાથે કારાણીએ બે સંપાદનો પણ કરેલ છે.

મહારાવ પાસે રહેલ રશબ્રૂક વિલિયમ્સ દ્વારા લિખિત અંગ્રેજી પુસ્તક - ''Black Hills of Kutch''નું ગુજરાતી શ્રી વસંતરાય પટણીએ કર્યું. તેને સંપાદિત કરવાનું કામ કારાણીએ સંભાળ્યું. પણ ગુજરાતીમાં જે પુસ્તક પ્રકાશિત થયું છે, તે વાંચીએ તો અંગ્રેજી વાંચવા જેવો જ રસ અને આનંદ મળે છે. કારાણીએ આ કામ ઉત્તમ રીતે કરેલ છે.

મહારાવ મદનસિંહજીએ પોતાનાં સંસ્મરણો ''વતનનો વાર્તાલાપ'' નામે લખ્યાં. આ કાર્યનું સંપાદન પણ તેમણે મિત્ર કારાણીને જ સોંપ્યું. મહારાવ જે બોલતા ગયા, તેને કારાણીના પુત્ર મોહનભાઈ શૉર્ટ હૅન્ડમાં નોંધતા ગયા. પછી તેનું સંપાદન કાર્ય કારાણીએ કર્યું. કારાણીની મહત્તા એ છે કે આ સંસ્મરણોને તેણે આત્મકથનાંક શૈલીમાં રજૂ કરેલ છે અને સજીવ બનાવવાનો ઉમદા પ્રયાસ કરે છે. ફોટોગ્રાફ આપી તેને કલાત્મક રૂપ પણ આપેલ છે. આ દ્વારા કચ્છનો કેટલોક વર્તમાન ઈતિહાસ પણ સચવાયો છે. પણ આ બધાનું શ્રેય તો કારાણીને જ જાય છે.

**અન્ય રચનાઓ :**

કારાણીની કેટલીક રચનાઓ એવી છે જેને ઈતિહાસ ન કહી શકાય, છતાં તે દ્વારા કચ્છનાં લોકજીવનની ઝાંખી થાય છે. આવાં પુસ્તકોમાં –

– કચ્છી કહેવતો.
– કચ્છી પીરોલી.
– કચ્છ કથામૃત.
– કચ્છી કિસ્સા બાવની...

વગેરે આવે છે. આ પુસ્તકો દ્વારા કચ્છના લોકસાહિત્યનાં વિવિધ રૂપો જોવા મળે છે.

**સમાપન :**

આ રીતે કારાણીના સમગ્ર ઈતિહાસસંબંધી સાહિત્ય પર નજર કરીએ તો

સ્પષ્ટ દેખાય છે કે કારાણી પોતાના હેતુમાં ખૂબ જ સ્પષ્ટ છે કે તેમને કચ્છનું ગૌરવ પ્રદર્શિત કરવું છે. તેની અસ્મિતા ઉજાગર કરવી છે. તેનું ખમીર બતાવવું છે. તે માટે તેમણે ઇતિહાસને માધ્યમ તરીકે સ્વીકાર્યો છે. પણ ઇતિહાસને રોચક રીતે રજૂ કરવા તેમણે લોકસાહિત્ય, દંતકથાઓ વગેરેનો પણ છૂટથી ઉપયોગ કર્યો છે. તેમને શુદ્ધ ઇતિહાસજ્ઞ થવામાં રસ નથી. તેમને તો પ્રજાનું ગૌરવ બતાવવું છે. એક જાતની રાષ્ટ્રભાવના પ્રગટાવવી છે. એટલે તે ઇતિહાસકાર કરતાં લોક ઇતિહાસકાર તરીકે વધારે દેખાય છે.

જે હોય તે, પણ કારાણીએ એક એવા સમયે આ કાર્ય કર્યું છે જ્યારે કચ્છની સંસ્કૃતિ મૃતપ્રાયઃ થવાની તૈયારીમાં હતી, નામશેષ થવાની તૈયારીમાં હતી. તે પળે જે દુલેરાય કારાણી આવ્યા અને તેમણે તેને ઉગારી લીધી. નામશેષ થતી કચ્છી ભાષાને પણ નવું જોમ આપ્યું.

કારાણીએ જે શ્રમ કર્યો છે, જે ધૂળધોયાનું અકલ્પ્ય કામ કર્યું છે, તેને પ્રગટ કરવા પોતાની જે પ્રતિભાનો અદ્‌ભુત ઉપયોગ કર્યો છે, તે જોતાં પ્રો. રશબ્રૂકે તેમને જે અંજલિ આપી છે તે યોગ્ય છે. રશબ્રુકે કહ્યું છે,

‘‘મેં કારાણીને હમેશાં કચ્છના ‘‘જેમ્સ ટોડ’’ ગણ્યા છે, કારણ કે જે રીતે આ મહાન સ્કોટિશ વિદ્વાને રાજસ્થાનના ઇતિહાસ અને પુરાણોનો અંગ્રેજીભાષી જગતને પરિચય કરાવવા પાછળ પોતાનું સમગ્ર જીવન વિતાવ્યું હતું, તે જ રીતે કારાણીએ કચ્છી સંસ્કૃતિ તથા પ્રણાલિકાની વિશિષ્ટતાને ભારતના વિશાળ સમુદાય સમક્ષ રજૂ કરવા પાછળ અને એ સંસ્કૃતિ તથા પ્રણાલિકાને ભારતીય જીવનરીતિ અને વારસા સાથે સંબંધ સ્થાપિત કરી આપવા પાછળ પોતાની વિદ્વત્તા અને કાવ્યશક્તિનો વિનિયોગ કર્યો છે. કારાણીએ આ કાર્ય બજાવ્યું તે અગાઉ બાકીનું ભારત કચ્છને એક અલગ દુનિયા માનતું હતું.’’

આવા સાંસ્કૃતિક અને ખુદ ઇતિહાસ પુરુષ એવા કારાણી વંદનને પાત્ર છે.

### સંદર્ભો

૧. કચ્છની અસ્મિતાનો ગાયક દુલેરાય કારાણી, ડૉ. ગોવર્ધન શર્મા અને ભાવના મહેતા.
૨. કચ્છ જા કલાધર, ગુણવંત ભટ્ટ.
૩. સ્વબળ - સ્વ. દુલેરાય કારાણી સ્મૃતિ – અંક, જુલાઈ-૮૯.
૪. કચ્છ શક્તિ : શ્રી દુલેરાય કારાણી વિશેષાંક, જુલાઈ ૯૬.

૯

# કચ્છના સંતકવિ : ડાડા મેકરણ


## રાજેન્દ્ર બાંભણિયા


કચ્છમાં મારા ગામ ચંદિયા, (તાલુકો : અંજાર) થી ૫૬ કિલોમીટરના અંતરે ધ્રંગ (તાલુકો : ભુજ) નામનું ગામ છે. આજે પણ આ ગામમાં આસો માસની શુક્લપક્ષની ચૌદસના દિવસે મેકરણદાદાની યાદમાં મેળો ભરાય છે. હિન્દુ-મુસ્લિમ સૌ ધર્મ, જાત-પાત, કોમનાં બંધનો ત્યાગી મેકરણદાદાની સમાધિને નમવા આવે છે. સંત ભેખધારી, સફેદ દાઢી, ખભા પર કાવડ, આજુબાજુ એક કૂતરો અને એક ગધેડો હોય એવા આ સંતને શાળાનાં અને જાહેર સ્થળોનાં ભીંતચિત્રોમાં કે ઘરમાં લટકતાં કેલેન્ડરોમાં નાનપણમાં અનેકવાર જોયેલા. અનેકવાર લોકમુખેથી આપણી અંદર સુષુપ્ત અવસ્થામાં પડેલી માણસાઈને હલબલાવી દે એવી તેમની માનવસેવાલક્ષી પ્રવૃત્તિઓની વાતો સાંભળેલી. તો એમના સાહિત્ય-ભજન સ્વરૂપમાં સચવાયેલી જ્ઞાનવાણીનો આસ્વાદ અનેકવાર ભજનમંડળીઓમાંથી પામ્યો છું. કચ્છના લોકો જ નહીં ગુજરાત અને ગુજરાત બહારના લોકો પણ જેમના પ્રત્યે સદ્ભાવના અને પૂજ્યભાવ ધરાવે છે, એવા આ સંત-કવિ છે. મેકરણદાદાના જીવન-કવન વિશે ઘણાં વિદ્વાનોએ લખ્યું છે જેવા કે દુલેરાય કારાણી, ડૉ. બળવંત જાની, હરસુર ગઢવી, કાલિદાસ મહારાજ, ડૉ. મોહનદાસ ધર્મદાસ કાપડી, હરેશ ધોળકિયા, ભીમસી કાકુ બારોટ, ડૉ. વિઠ્ઠલભાઈ ઠુંમર વગેરે... પણ સંતોની વાણીરૂપ પ્રસાદીનું જેટલું આચમન કરીએ એટલાં આપણાં ધન્યભાગ



એ ન્યાયે મેં પણ લોકો પાસેથી અને પુસ્તકોમાંથી એમના વિશે જાણવા મથામણ કરી. વ્યક્તિ તરીકે તેમના સદ્‌ગુણો મને સ્પર્શ્યા છે તો સાહિત્યની દૃષ્ટિએ તેમના શબ્દો સ્પર્શ્યા છે. અહીં તેમનાં આ ઉભય પાસાંઓને આપની સમક્ષ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ છે.

ડાડા મેકરણનો જન્મ ચોક્કસપણે કયા દિવસે થયો હતો એ બાબતે કેટલીક અસ્પષ્ટતાઓ જોવા મળે છે. તેમ છતાં ઉપર જેમને યાદ કર્યા એ વિદ્વાન અભ્યાસી-સંશોધકોના મંતવ્યોના આધારે મેકરણદાદાનો જીવનકાળ ઈ.સ. ૧૬૬૭ થી ઈ.સ. ૧૭૩૦ સુધીનો ગણાવી શકાય. તેમનો જન્મ કચ્છના નખત્રાણા તાલુકાના ખોંભડી ગામે ભટ્ટી વંશના ક્ષત્રિય રજપૂત હરધોળજીને ત્યાં થયો હતો. તેમનું બાળપણનું નામ 'મેકોજી' હતું. તેમના માતાનું નામ પબાંબાઈ હતું. તેમનાં માતા-પિતા ખૂબ સેવાભાવી હતાં. માતાના મઢ, નારાયણ સરોવર અને કોટેશ્વરના દર્શને જતાં યાત્રાળુઓને આ દંપતી આશ્રય આપતું અને તેમની સેવા-ચાકરી કરતું. આમ, પરિવારમાંથી જ મેકાજીને લોકસેવા અને લોકકલ્યાણના સંસ્કાર વારસા પેટે મળે છે. મેકરણદાદાને પતોજી નામનો એક નાનો ભાઈ પણ હતો. પતોજી મુસ્લિમધર્મના અનુરાગી હતા અને યુવાવયે ગૃહત્યાગ કરી, 'પીર પતંગશાહ' નામ ધારણ કરે છે.

મહર્ષિ વાલ્મીકિ, વેદ વ્યાસ, કાલિદાસ, તુલસીદાસ, નરસિંહ મહેતા, અખો વગેરે જેવા પ્રતિભાશાળી સર્જકો હોય કે પછી બાપા સીતારામ અને મેકરણદાદા જેવા સમાજસેવા કરતા સંત-મહાત્માઓ હોય તેમનું જીવન જાતભાતની લોકવાયકાઓથી ઘેરાયેલું હોય છે. વધુ સ્પષ્ટપણે કહુ તો મારા - તમારા જેવા રસિયાઓને આવા સંત-મહાત્માઓ વિશેની લોકવાયકાઓમાં જ વધારે રસ પડતો હોય છે અને આપણી સહુની રસેચ્છાએ જ આ લોકવાયકાઓને પ્રાણવાયુ પૂરો પાડ્યો છે. સામે પક્ષે લોકવાયકાઓએ જ લોકોમાં શ્રદ્ધા, ભક્તિ અને આશાનાં પાણી સિંચાયાં છે. મેકરણદાદાના જીવન સંદર્ભે પણ કેટલીક લોકવાયકાઓ મારાં મમ્મી અને ગામના વડીલ સ્ત્રીવર્ગ પાસેથી સાંભળી છે. (જો કે આ લોકવાયકાઓ છે એ તો હવે ખબર પડી છે. નાનપણમાં તો જે કંઈ સાંભળ્યું એને 'વાર્તા'માં ખપાવતો). આવી એક લોકવાયકા અનુસાર મેકરણદાદા લક્ષ્મણનો અવતાર છે. લંકા પર વિજય મેળવી ભગવાન શ્રીરામ અને લક્ષ્મણ હીંગળાજ માતા (હીંગળાજ માતાનું મંદિર એ હિન્દુ ધર્મની જાણીતી ૫૧ શક્તિપીઠમાંની એક શક્તિપીઠ છે. આ શક્તિપીઠ, દક્ષની પુત્રી અને શિવની પત્ની, સતીમાતાના બ્રહ્મરંધ્ર – મસ્તક પર રચાયેલી છે. આ શક્તિપીઠ હાલ પાકિસ્તાનના કરાંચીથી ઉત્તર-પશ્ચિમ દિશામાં ૧૨૦ કિલોમીટરના અંતરે હિંગોલનદીના કિનારે આવેલી છે.) ની યાત્રાએ નીકળ્યા

હતા ત્યારે અહીંથી સાધુવેશે પસાર થયેલા. લક્ષ્મણે પોતાનો સાધુવેશ આ ખોંભડી ગામમાં જમીનમાં દાટી દીધો હતો. હરધોળજી ભટ્ટી ઘરનો પાયો ખોદતાં જે વેશ નીકળે છે તે મૂળે લક્ષ્મણનો જ વેશ છે. તે વેશ જોતાં જ મેકાજીને પૂર્વ ભવનું સ્મરણ થાય છે અને તેમનામાં વૈરાગ્યભાવ જન્મે છે. તેઓ ગૃહત્યાગ કરે છે અને માતાના મઢ જઈ ત્યાંના એ સમયના અધિપતિ ગાંગારાજા કાપડી પાસેથી સંવત ૧૭૩૫ આસો વદ તેરસના શુભ દિવસે દીક્ષા ગ્રહણ કરે છે. આ સંદર્ભને લગતી બીજી એક લોકવાયકા પ્રમાણે એક ભવિષ્યવેત્તાએ મેકરણદાદાના બાળપણમાં જ એવી ભવિષ્યવાણી કરેલી કે ''આ બાળક મહાન સાધુ થશે તેમજ પ્રભુભજન અને જીવસેવાને બળે અમરપદ પામશે.''

આવી આવી લોકવાયકાઓને ગાળીને જોઈએ તો પણ મેકરણદાદાના જીવન વિશે કેટલીક ચોક્કસ માહિતી ઉપલબ્ધ થાય છે જેમ કે તેમના ગુરુનું નામ ગાંગારાજા કાપડી હતું. તેમનો દીક્ષાગ્રહણનો સમય પણ નિશ્ચિત રૂપે મળે છે. કહેવાય છે કે ત્યાર પછી મેકરણદાદા ગિરનાર તરફ આગળ વધે છે. ગિરનારમાં છએક મહિનાના તપ પછી તેમણે દીન-દુઃખિયાં લોકોની સેવા કરવાનો સંકલ્પ કર્યો. તેમની કેટલીક સાખીઓના આધારે કેટલાક લોકો એવું માને છે કે સ્વયં ભગવાન દત્તાત્રયે આવીને મેકરણ દાદાને દીક્ષા આપેલી અને જનસેવાનો માર્ગ દેખાડ્યો. તેમની સેવાભાવના એ તેમનું સંત તરીકેનું અન્ય એક જમા પાસું છે. તેમણે પોતાના જીવનકાળ દરમિયાન બાર બાર વર્ષના સમયગાળા પ્રમાણે ચાર અલગ અલગ સ્થળોએ અખાડાઓ સ્થાપ્યા છે. અખાડો અર્થાત્ સેવાધામ અથવા આશ્રમ. પ્રથમ અખાડો તેમણે સૌરાષ્ટ્રમાં ગિરનાર પાસેના સોરઠ વિસ્તારમાં સ્થાપ્યો હતો આજે પણ અહીંના લોકો તેમને 'મેકરણ કાવડિયા' તરીકે ઓળખે છે. ત્યાર પછીનાં બાર વર્ષ કચ્છના અગ્નિખૂણે આવેલ જંગી ગામે, ત્યાર બાદ કચ્છ-સિંધ વચ્ચે આવેલ લોડાઈ ગામે અને છેલ્લો અખાડો ભૂજ તાલુકાના ધ્રંગ નામના ગામે સ્થાપ્યો હતો. કચ્છના રણમાંથી પસાર થતાં અને ભૂલાં પડેલાં વેપારીઓ અને યાત્રાળુઓને અન્ન-પાણી પહોંચાડતા. દીન-દુઃખિયાં અને ભૂખિયાં-તરસ્યાંઓને ભાવભીનો આશ્રય આપતા. તેમાંય લાલારામ નામનો ગધેડો અને મોતીરામ નામનો કૂતરો તેમને ટેલવા તરીકે મળી ગયાં. આ સંતની વિચારધારા તો જુઓ, બે મૂંગાં પ્રાણીઓને પોતાના સાથીદાર બનાવે છે ! પાછા પોતે સમાધિ લે છે ત્યારે લાલારામ, મોતીરામને પણ સાથે જ સમાધિ લેવડાવે છે. આ પરથી જ જીવમાત્ર પ્રત્યેના તેમના સ્નેહભાવનો પરિચય મળે છે. સંવત ૧૭૮૬ આસો વદ ચૌદસ ને શનિવારના દિવસે દાદા મેકરણ અગિયાર ભક્તો અને લાલારામ, મોતીરામ સાથે ધ્રંગમાં જીવંત સમાધિ લે છે.



**મેકરણ દાદાનું સાહિત્યિક પ્રદાન :**

મેકરણ દાદા પાસેથી હિન્દી, ગુજરાતી અને મુખ્યતઃ કચ્છી ભાષામાં લખાયેલી સાખીઓ અને ભજનસ્વરૂપનું સાહિત્ય પ્રાપ્ત થાય છે. તેમના સાહિત્યિક પ્રદાનની ગુણવત્તાને ધ્યાનમાં રાખી કેટલાક લોકો તેમને 'કચ્છના કબીર' તરીકે ઓળખાવે છે. બંને સ્વરૂપોમાં ઉપલબ્ધ થતા સાહિત્યરાશિમાંથી તેમનો સર્વધર્મસમભાવ, જીવમાત્ર પ્રત્યેનો સ્નેહભાવ, ઈશ્વર પ્રત્યેનો ભક્તિભાવ, આડંબરયુક્ત ધાર્મિક ક્રિયાકાંડો અને સામાજિક માન્યતાઓ પ્રત્યેનો ઘૃણાભાવ વ્યક્ત થયેલો જોવા મળે છે. તેમની પાસેથી રામભક્તિ અને કૃષ્ણભક્તિનું સાહિત્ય સવિશેષ પ્રાપ્ત થાય છે. તેમના સાહિત્યમાં વર્તાતા આ વિશેષોને સોદાહરણ જોઈએ.

**સર્વધર્મસમભાવની વિચારધારાને વ્યક્ત કરતું સાહિત્ય :**

મેકરણદાદા હંમેશાં લોકોને જાત-પાત અને ધર્મના વાડાઓમાંથી બહાર નીકળી માણસ તરીકે જીવવાની સલાહ આપતા. તેમના મતે આ સમગ્ર જગત એક જ ઈશ્વરીતત્ત્વ સાથે જોડાયેલું છે. નાત-જાતના વાડાઓ તો માણસોએ ઊભા કર્યા છે. તેમની એખ સાખી જુઓ —

*''પીપર મેં પણ પાણ નાય બાવરમેં બ્યો;*
*નિયમેં ઊ નારાયણ પોય કંઢેમેં કયો ?''*

**ભાવાર્થ :** પીપળામાં પણ એ જ ઈશ્વર છે અને બાવળમાં પણ બીજો નથી. લીંમડામાં પણ એ જ નારાયણ છે તો કંડી એટલે કે ખીજડામાં વળી બીજો કયો હોય ?

આ એક જ સાખીમાં તેમણે બહુ સૂચક રીતે સ્પષ્ટ કરી આપ્યું છે કે દરેકે દરેક જીવમાં પ્રાણરૂપે રહેલું જે ઈશ્વરીતત્ત્વ છે તે એક જ છે. તો પછી હરીજન પ્રત્યે સેવાતી અસ્પૃશ્યતાની વૃત્તિ અને ધર્મના નામે લડી મરતાં હિન્દુ-મુસ્લિમોનો શું અર્થ ? પીપળાની સામે તેઓ લીંમડાને, બાવળને અને ખીજડાને મૂકે છે તેમાંથી તેમની ધાર્મિક સંદર્ભો અંગેની સૂઝની સાથોસાથ કવિપરક સજાગતાનાં દર્શન થાય છે. તો કચ્છી ભાષાનો મીઠાશભર્યો વિનિયોગ પણ અછતો નથી રહેતો. સંતવાણીમાં ભાવકને તન્મય કરી દે એવો જે લય હોય છે તે આ પંક્તિઓમાં બરાબર ઝિલાયો છે. આ જ સંદર્ભને અનુલક્ષતી બીજી એક સાખી જુઓ —

*''હિન્દુ જપે રામ રામ, મુસલમાન ચે અલા;*
*મુંજે નાથ મેકણ ચે, બય ઘર ભલાં.''*

**ભાવાર્થ :** હિન્દુ રામનામનો જાપ કરે છે તો મુસલમાન અલાનું નામ ઉચ્ચારે છે. પણ મેકરણદાદા બંનેને ભલા કહે છે.

તેમના મતે તો જેમના નામના રટણથી તમે ભલું કાર્ય કરવા પ્રેરાવ તે ઈશ્વર બરાબર જ છે. ઈશ્વર નામનો જાપ કરવો એ તો ઈશ્વરસાધનાનો, ઈશ્વરની સંનિકટ જવાનો એક માર્ગ છે. તમે ઈશ્વરના ગમે તે નામનો જાપ કરો આખરે તો ઈશ્વર તમારું કલ્યાણ જ ઇચ્છે છે. જગત પ્રત્યેના અને પરમતત્ત્વ પામવાના તેમના ઉદાર વલણનાં અહીં દર્શન થાય છે.

પ્રભુભક્તિનો મહિમા કરતું સાહિત્ય :

મેકરણદાદા ભક્ત-કવિ હતા એવું પ્રમાણિત કરી આપતી અનેક સાખીઓ અને ભજનો પ્રાપ્ત થાય છે. તેમનું રામભક્તિને ઉદ્‌ઘાટિત કરતું સાહિત્ય, પ્રભુભક્તિ ન કરનારને સાવધ કરવા રચાયેલું સાહિત્ય અને પ્રભુભક્તિથી થનાર લાભોને સૂચવતું સાહિત્ય આ બાબતને સ્પષ્ટ કરી આપે છે. મેકરણદાદા રામના પરમ ભક્ત હતા. તેઓ લોકોને પણ હમેશાં રામનામનો જાપ કરવાનો ઉપદેશ આપતા. એનો મતલબ એવો નથી કે તેઓ લોકોને બીજા કોઈ ઈશ્વરનો જાપ કરવા ઈન્કાર કરતા હતા. પરંતુ તેઓ જે લોકો બિલકુલ ઈશ્વરનામના જાપથી વિમુખ હતા તેમને ઈશ્વરના નામનો જાપ કરવા પ્રેરતા હતા.

રામનામના જાપનું મહિમાગાન કરતી પંક્તિઓ જુઓ –

*''ભગેં ભેરું રામ ને, થકેં ભેરું રામ;*
*ભગતે ભેરું રામ ને, મુગતે ભેરું રામ.''*

**ભાવાર્થ :** ભાંગેલાનો ભેરુ રામ છે, થાકેલાનો ભેરુ પણ રામ છે. ભક્તોનો ભેરુ રામ છે અને મુમુક્ષુઓનો ભેરુ પણ રામ છે.

જે માણસ જીવનમાં ભાંગી પડ્યો હોય, હતાશ, નિરાશ થઈ ગયો હોય; જીવનની ભાગ-દોડથી જે થાકી ગયો હોય તેના માટે તથા ભક્તો અને મોક્ષવાંચ્છુઓ માટે રામનામનો જાપ એ જીવનનૈયાને દુન્યવી સંઘર્ષથી પાર લઈ જવાનો આધાર છે.

*''માત ઓધારણ રામચંદ્ર, તાત ઓધારણ રામ;*
*કુલ ઓધારણ રામચંદ્ર, ક્ષત્રી ઓધારણ રામ.''*

**ભાવાર્થ :** માતા-પિતા, કુળ અને ક્ષત્રીઓના ઉદ્ધારક રામ છે.

મેકરણદાદા રામભક્ત હતા એનો બીજો સચોટ પુરાવો એ છે કે તેઓ પોતાની સાથે જે પ્રાણીઓ રાખતા કૂતરો અને ગધેડો તેમને ક્રમશઃ મોતીરામ અને લાલારામ તરીકે સંબોધતા. કોઈ પણ રીતે કોઈ પણ કાર્ય કરતી વેળા રામનામનો



જાપ થવો જોઈએ એ તેમનો જીવનસંદેશ હતો.

મેકરણદાદા ભક્તિ ન કરનાર જનવર્ગને સાવધ કરતી સાહિત્યરચનાઓ પણ આપે છે. તેઓ એમ જણાવે છે કે જેમણે ગયા ભવમાં હૃદયપૂર્વક પ્રભુભક્તિ નથી કરી તેઓ આ જન્મમાં કૂતરા, ગધેડા અને બળદ રૂપે અવતર્યા છે. જુઓ –

*''જે નર રામ ન ભુજિયા, સે સરજ્યાં કૂતા;*
*ભૂખ ભડવે જેં પેમેં, સેરીએ સેરીએ સૂતા.''*

**ભાવાર્થ :** જે લોકોએ આગલા ભવમાં રામભક્તિ નથી કરી, વિસ્તારીને કહીએ તો જેમણે ઈશ્વરભક્તિ નથી કરી, તેઓ આ ભવમાં કૂતરા બની, ભૂખ્યાં પેટે શેરીઓમાં સૂતા છે. એવી જ બીજી પંક્તિઓ જુઓ –

*''જે નર રામ ન ભુજિયા, સે સરજ્યાં ગધા;*
*મીઠે જ્યું છાંટું ખણીને, સેરીએ સેરીએ ભગા.''*

**ભાવાર્થ :** જે લોકોએ ગત જન્મમાં રામભક્તિ નથી કરી તેઓ આ જન્મમાં ગધેડા બની, મીઠાની ગુણો ઊંચકી ઊંચકી શેરીઓમાં ભાગતા ફરે છે.

મેકરણદાદા પાસેથી કેટલુંક સાહિત્ય એવું પણ મળે છે જેમાં ઈશ્વરભક્તિમાં તન-મન પરોવી દેનાર ભક્તને મળતાં કલ્યાણકારી સુફળોનું નિરૂપણ થયેલું છે. દુન્યવી તડકી-છાંયડીની પરવા કર્યા વિના ભક્ત પોતાના ઈશ્વરભક્તિના માર્ગે આગડ ડગ ભરે છે. તો પ્રભુ પણ તેના ભક્તની ભાળ લેવાનું કેમ વીસરે ? નરસિંહ મહેતાના સંદર્ભે 'કુંવરબાઈનું મામેરું', 'હૂંડી' વગેરે જેવા પ્રસંગો આ બાબતે નોંધપાત્ર છે. મેકરણદાદા પણ જરા જુદી રીતે છતાં આ વાતમાં સૂર પુરાવતા હોય તેમ હોય છે –

*''રાતોય-ડીં રામ સેં, રતો જે રહે,*
*ત દાતારી દરબાર મેં મંગે સેં લહે''*

**ભાવાર્થ :** જે માણસ રાત-દિવસ રામનામ જપવામાં મગ્ન છે તે મહાદાતા એવા ઈશ્વરના દરબારમાં જે માંગે તે મેળવે છે. જેને રામનામનો સંગાથ છે તેણે આ જગતમાં બીજા કશાથી ડરવાની જરૂર નથી. તે નિર્ભયતાથી માત્ર રામનામનો જાપ કરે તો પણ વૈકુંઠમાં સ્થાન પ્રાપ્ત કરે છે જુઓ –

*''હેકલો સો ભલો, જેંજો બેલી રામ,*
*મેકા વૈકુંઠ પામીએ, નિર્ભય જપીએ નામ.''*

**આડંબરયુક્ત ભક્તિ અને ધાર્મિક ક્રિયાકાંડો :**

ઘણા ભક્તો ભક્તિ કરવાનો ડોળ કરતા હોય છે. તેમને ભક્તિમાં નહીં

પણ એ નિમિત્તે ઉપલબ્ધ થતી સેવાઓ અને સાધનોમાં રસ હોય છે. ભક્તિનું આવું નાટક કરતા લોકો ખરા અર્થમાં ભક્ત ન કહી શકાય. અખો, નરસિંહ, નરહરિ, ભોજો ભગત વગેરે આપણા મધ્યકાલીન સંત-કવિઓએ આવા દંભી લોકોને વારંવાર ચાબખા ફટકાર્યા છે. મેકરણ દાદા પણ આવા દંભી લોકો સામે વ્યંગયુક્તવાણીનો પ્રયોગ કરે છે. જુઓ –

*''ઠાકર તે હુકાયો, મુલ્લાં ડિનીંતે બાંગ,*
*ઉન માલક જે ઘરજો છે નકીં તાંગ.''*

**ભાવાર્થ :** ઠાકર-મંદિરમાં આરતીઓ થાય છે, મસ્જિદમાં મુલ્લાં બાંગ પોકારે છે પણ એમના માલિક અર્થાત્ ભગવાન કે અલ્લાનો કોઈને કંઈ પત્તો નથી.

મંદિરો અને મસ્જિદોમાં રોજબરોજ ધાર્મિક વિધિઓમાં જડતા આવી ગઈ છે. રોજે-રોજ આવી ધાર્મિક ક્રિયાઓ કરવા છતાં તેઓ ઈશ્વરીય તત્ત્વને નથી પામી શકતા.

એવી જ રીતે લોકોની અંધશ્રદ્ધાનો લાભ લઈને પીર તરીકે પૂજાતા અને એના પીરને પૂજતા લોકો પ્રત્યે મેકરણદાદા વ્યથિત હૃદયે કહે છે –

*'' 'પીર' 'પીર' કુરો કર્યો, નાંય પીરેજી ખાણ;*
*પંચ ઇંદ્રિયું વસ કર્યો (તે) પીર થિંદા પાણ.''*

**ભાવાર્થ :** પીર પીર શું કરો છો ? પીરોની કંઈ ખાણ નથી હોતી. જે પાંચે ઇંદ્રિયોને વશ કરી શકે તે જ પીર બની શકે. તમે પાંચે ઇંદ્રિયોને વશ કરી લો તો તમે પણ પીર બની જાવ.

આજે જ્યારે બાબાઓના કે પીરોના રાફડા ફાટી નીકળ્યા છે ત્યારે આજથી ત્રણસો-સાડા ત્રણસો વર્ષ પહેલાં મેકરણદાદાએ વ્યક્ત કરેલો આ ભાવ આજે પણ કેવો પ્રસ્તુત છે તે જોઈ શકાય છે ! એટલે જ કહેવાય છે સંતોની વાણી અમરવાણી છે; સંતોની વાણી કાલાતીત છે. એમની વાણી અને એમના જ્ઞાનને સમયનો કોઈ બાધ નથી હોતો. એ લોકકંઠે અકાટ્યપણે સચવાઈ રહે છે.

**જ્ઞાનવાણીને ઝીલવા અસમર્થ જનવર્ગ પ્રત્યે વ્યથાભાવ :**

સંતો જીવનની બધી તડકી-છાંયડીઓમાંથી પસાર થાય છે. જીવનસંઘર્ષના નિચોડ રૂપે તેમને જીવનને ઉપકારક એવું અમૃતમય પીણું-જીવનદર્શન હાથ લાગે છે. સંતોને મહાન એટલે જ કહેવામાં આવ્યા છે કે તેઓ પોતાની યોગ-સાધના દ્વારા જે કંઈ સિદ્ધિ પ્રાપ્ત કરે છે તેનાં સુફળ એકલા ભોગવવાને બદલે માનવજીવનના



કલ્યાણમાં એ સિદ્ધિને લગાડી દે છે. પોતે જે કંઈ પ્રાપ્ત કરે છે તેનો લાભ સામાન્ય પ્રજાને પણ મળે એવા હેતુથી જ સાધુ-મહાત્માઓ ઉપદેશકાર્ય કરતા હોય છે. મેકરણદાદા પણ આવું ઉપદેશકનું કાર્ય કરવા ધારે છે પણ તેઓ વ્યથિત થાય છે કારણ કે તેમને આસપાસના લોકોમાં પોતાની જ્ઞાનવાણી ઝીલવાની ક્ષમતા નથી જણાતી. લોકો કુસંગતે ચડી ગયા છે, સામાજિક અને ધાર્મિક ગૂંચવાડાઓમાં ફસાયેલા છે એટલે તેઓ આવા સાધુ-મહાત્મા પ્રત્યે ધ્યાન આપવાનું મહત્ત્વનું નથી માનતા. જુઓ –

*''ગૂઢારથ જ્યુ ગાલિયું, વધી વડ થઈયું;*
*તાણે કે ન પૂછિયું, મું પણ ન ચઈયું.''*

**ભાવાર્થ :** અંતરની વાતો મારા હૃદયમાં વધીને વડ જેવડી થઈ ગઈ છે. કોઈ સારા સમજદાર માણસે એ વાતો પૂછવાની પરવા ન કરી એથી મેં પણ એ વાત કહેવાની પરવા ન કરી.

આવી જ્ઞાનની વાતો સાંભળવામાં કોઈને રસ નહોતો જે લોકો તેમની પાસે આવતા તેઓ તો માત્ર સ્વાર્થવૃત્તિથી દોરવાઈને આવતા'તા, તેઓ તો દાદાના આશીર્વાદથી પોતાની સુખ-સમૃદ્ધિ વધારવાની ખેવના સાથે આવતા'તા. જુઓ –

*''વડા ધણીજી વિનતિયું જાગી કોન કિયું;*
*વણ કમાણીએ મોજું માગે બીજું કો નથિયું !''*

**ભાવાર્થ :** મહાન માલિક ઈશ્વરને પામવાની માંગણી કોઈએ ન કરી. મહેનત કરી કમાણી કર્યા વિના જ બધાંને સુખ જોઈએ છે. એ લોકોને શરમ પણ નથી આવતી !

સંતો પણ પોતાના હૃદયની વાતને પારખનાર-સમજનારની રાહ જોતા હોય છે અને એ ના મળે ત્યાં લગી તેઓ પોતાની વાણી અંતરમાં જ રાખે છે. જુઓ મેકરણદાદા કહે છે –

*''મોતી મંગેઆ ન ડીજે, (ભલેં) કારો થીએ કટ;*
*જ્યાં લગ માલમી ન મિલે ત્યાં લગ તાળો ઘો હટ.''*

ભાવાર્થ : જ્યાં લગી આ જ્ઞાનરૂપી માણેકને પારખનાર ન મળે ત્યાં લગી હૃદયરૂપી હાટ ન ખોલવી પછી ભલે એ માણેક હૃદયમાં પડ્યું પડ્યું કટાઈ જાય. જ્ઞાન આપવું તો યોગ્ય પાત્રને જ આપવું, જેવા તેવાને ના આપી દેવું.

આ ઉપરાંત પણ મેકરણદાદા પાસેથી ગુરુભક્તિ અને ગુરુમહિમાનું; સામાજિક કુરિવાજો અને અસંસ્કારો પ્રત્યેના કટાક્ષનું; હિંગળાજ માતાની ભક્તિનું; સગુણ અને નિર્ગુણ ભક્તિના મહિમાનું અને પરમાર્થભાવને વ્યક્ત કરતું સાહિત્ય મળે છે. તેઓ કૃષ્ણભક્તિનો મહિમા કરતી સાખીઓ પણ આપે છે. આ સાખીઓમાં મેકરણદાદા પણ નરસિંહ મહેતા અને દયારામની જેમ ગોપીભાવ કે સખીભાવથી કૃષ્ણ પ્રત્યેનો પોતાનો સ્નેહ-ભક્તિભાવ વ્યક્ત કરે છે. આમ, મેકરણદાદા એ ગુજરાતી જ નહિ, ભારતીય સંતપરંપરાનું એક ગૌરવપૂર્ણ નામ છે. અનાયાસે સાહિત્યના ક્ષેત્રે તેમણે કરેલા ગુણવત્તાસભર પ્રદાનથી તેઓ સંત તરીકે ભક્તોના મન ઉપરાંત સાહિત્યના ઇતિહાસમાં પણ અમરપદ પામ્યા છે. તેમણે જાણ્યે અજાણ્યે કચ્છી ભાષાને સાહિત્યિક દૃષ્ટિએ વિકસાવવા જે જહેમત ઉઠાવી છે એનો ઋણ સ્વીકાર ભવિષ્યના કચ્છી ભાષા-સાહિત્યના ઇતિહાસકારે પણ કરવો જ રહ્યો.

## સંદર્ભસૂચિ


૧. પુરાતન જ્યોત; લે. ઝવેરચંદ મેઘાણી, પ્રકા. પ્રસાર, ભાવનગર, ત્રીજી આવૃત્તિ (પુનર્મુદ્રણ), ૧૯૯૪

૨. સિદ્ધયોગી દાદા મેકરણ, લે. હરસુર ના. ગઢવી, પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૫

૩. ભારતનાં મહાન ભક્ત-રત્નો, લે. ચંદ્રમૌલિ વિદ્યાલંકાર, પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૪.

૪. ગુજરાતી સંતસાહિત્યવિમર્શ, - 'કચ્છી સંત મેકરણ : સામાજિક સમરસતાના સાધક', લે. બળવંત જાની, પ્રકા. પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦

૫. સંત-કવિ મેકરણદાદા, લે. ડૉ. વિઠ્ઠલભાઈ ઠુંમર, પ્રકા. ડૉ. વિઠ્ઠલભાઈ આર. ઠુંમર, કેશોદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૬

૬. મારા મમ્મી અને ગામની અન્ય વડીલ સ્ત્રીઓ પાસેથી સાંભળેલી વાતોનો પણ આધાર લીધો છે.


નોંધ : શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી દ્વારા આયોજિત ''સંત સાહિત્ય અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતકવિઓ'' પરિસંવાદમા રજૂ કરેલ અભ્યાસલેખ.

## ૧૦

# લોકસાહિત્ય સંશોધક-સંપાદક
# શ્રી નરોત્તમ પલાણ સાથે સાક્ષાત્કાર

### ડૉ. રમેશ મહેતા / ડૉ. રવજી રોકડ

ગુજરાત-સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પુરાતત્ત્વ, પાળિયા, શિલ્પ-સ્થાપત્ય, મૂર્તિવિધાન તેમજ સંતસાહિત્ય, લોકસાહિત્ય, ચારણી-બારોટી સાહિત્ય વગેરે અનેક વિષયોના અધિકૃતજ્ઞાતા અને ઊંડા અભ્યાસી-સંશોધક તરીકે નરોત્તમ પલાણનું નામ જાણીતું છે. ગુજરાત-સૌરાષ્ટ્રનાં મૂળ અને પરંપરાઓના તેઓ અધિકૃત વિદ્વાન છે. તેમની જીવનશૈલી, સંશોધનશૈલી, સંશોધનની પદ્ધતિ અને બૃહદ્ અનુભવને કારણે ઘડાયેલી સંશોધન શિસ્તનો હિસાબ મેળવવા અમો (ડૉ. નિરંજન રાજ્યગુરુ, ડૉ. મનોજ રાવલ, ડૉ. રવજી રોકડ અને ડૉ. રમેશ મહેતા)એ તેમના ઘરે જઈને મુલાકાત લીધી. અનૌપચારિક ભૂમિકા સાથે શ્રી નરોત્તમ પલાણના કાર્યને પામી શકાય તેવા પ્રશ્નો તૈયાર કરીને, તેના પરિણામરૂપ જે સંવાદ રચાયો અને જે નવનીત હાથ લાધ્યું તે આપની સામે રજૂ કરીએ છીએ.

અહીં નરોત્તમ પલાણના જીવન અને કાર્યપ્રણાલીની સાથોસાથ તેમના આંતરજગત, ભાવજગત અને તેમની માનવજીવનવિષયક સમજનો પરિચય પણ મળી રહે છે. તેમની અભ્યાસનિષ્ઠા, જીવન પ્રત્યેનો આગવો દૃષ્ટિકોણ અને સંસ્કૃતિ-ચિંતન પણ સુપેરે પામી શકાય છે.

•



**પ્રશ્ન :** નમસ્કાર દાદા ! સંશોધકો સાથે સાક્ષાત્કાર શ્રેણીમાં અમો આજે આપની સાથે સંવાદ રચી રહ્યા છીએ. અમોને તેમજ આવતી કાલની પેઢીને આપની સંશોધન પદ્ધતિ તેમજ સંશોધન દૃષ્ટિ અને કાર્યનો પરિચય મળી રહે તે માટે અમોએ આપની સાથે આ મુલાકાત ગોઠવી છે. સાથે સાથે આપના જીવનની વિગતો પણ મેળવવી છે. તો શરૂઆત ત્યાંથી કરીએ કે, આપના કુટુંબ, માત-પિતા અને ઉછેર વિશે માંડીને વાત કરો.

**જવાબ :** મને મારાં માતા-પિતા કરતાં મારા દાદાજી વધુ યાદ છે. હું જન્મ્યો પછી મારા બાપુજી અને મારાં મોટા બાપાની વચ્ચે હું એક માત્ર દીકરો હતો. હું જ્યારે સમજતો થયો ત્યારે હું મારા દાદાના પડખામાં સૂતો હતો એમ મને સાંભરે છે. અને મારા દાદા ચુસ્ત હવેલીવાળા હતા.

**પ્રશ્ન :** તમારા દાદા વિશે થોડી વાત કરો, એમનું નામ શું હતું ?

**જવાબ :** જેરામભાઈ માધવજી. રાણા ખીરસરા. એમને બે દીકરા હતા. નરસિંહભાઈ અને મારા પિતા શ્રી કાકુભાઈ. મારા પિતાશ્રી મોટા વેપારી હતા. રંગૂન પણ ગયેલા, અને મારા દાદા એ જમાનમાં ઘોડાગાડી રાખતા. મને દાદાએ એવા લાડકોડથી ઉછેર્યો છે ત્યારે દાદા સિવાય. દુનિયાની કોઈ વસ્તુ મારી નજરમાં નહોતી, દાદા પુષ્ટિમાર્ગીય હવેલીવાળા હતા, પણ મને કૂતરો ગમે તો કૂતરાને ઘરમાં લાવવાની મને છૂટ. દાદા હાથે રાંધતા ને હું જમતો.

મારાં માતા-પિતા પોરબંદરમાં રહેતાં, હું જિંદગીનાં ત્રીસ વર્ષ રાણા ખીરસરામાં રહ્યો છું. રાણા ખીરસરામાં દાદા મૃત્યુ પામ્યા ને હું ત્યાર પછી પોરબંદર આવ્યો. – રીતસર સ્કૂલનું ભણતર સાત ગુજરાતી સુધી જ બન્યું. આઠમું, નવમું, દશમું-મૅટ્રિક હું ભણ્યો નથી. પણ ત્યારે એક નિયમ એવો હતો કે કોઈ પણ વ્યક્તિ ત્રેવીસ વર્ષની ઉંમર પછી તે જૂના એસ.એસ.સી. બૉર્ડમાં બેસી શકે. એટલે મને ત્રેવીસ વર્ષ પૂરાં થતાં અને ચોવીસમા વર્ષની શરૂઆતમાં જૂના એસ.એસ.સી. બૉર્ડમાં બેસાડ્યો. આ પહેલાં મારી કવિતા-વાર્તા, હવેલીમાં મેં કરેલા વ્યાખ્યાન વગેરે સામયિકોમાં છપાયાં છે.

પોરબંદરની હવેલીના મહારાજશ્રી રાકેશ લાલજી મહારાજ, જે હાર્મોનિયમવાદક તરીકે ભારતભરમાં પ્રખ્યાત હતા. અને એમના દીકરા રસિકરાયજી જે અત્યારે ઉપલેટા બિરાજે છે, એમની સાથે તપેલી લેવા હું ગામડે જતો. અને મારાશ્રી બોલે એની પહેલાં હું હવેલી વિશે વ્યાખ્યાન કરું, પછી અમારા મારાશ્રી વ્યાખ્યાન કરે. મારું બ્રહ્મસંબંધ ગોપીનાથજીનું હતું. રાકેશલાલજી મહારાજ મારા પિતાજીને ગુરુ. એને કારણે રાકેશ- લાલજી મહારાજ અમારા ઘરે ઊતરે, અમારે

ઘરે રહે. — હવેલીનો સત્સંગ એવો કે હું સાતમા ગુજરાતીમાં હતો ત્યારથી પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના મૅગેઝિનમાં મારા લેખો છપાતા. એનો એક પ્રસંગ તો એવો છે કે — પોરબંદરમાં આજના જે સેવા સ્થાપક કૃષ્ણશંકર શાસ્ત્રી મહારાજ છે, તે તે સમયે વૃદ્ધ હતા. એની સાથે મેં શાસ્ત્રાર્થ કરેલો. અને એ એટલા ખુશ થયેલા કે એમણે એ શાસ્ત્રાર્થ ચર્ચાનું આખું મૅગેઝિન છાપેલું.

**પ્રશ્ન :** તમે ખાદી પહેરવી ક્યારથી શરૂ કરી ?

**જવાબ :** મને દેશ આઝાદ થયો એ યાદ છે. મને ગાંધીજી મૃત્યુ પામ્યા એ યાદ છે. એનું ખૂન થયું ત્યારે અમે આખું ઘર રડ્યાં હતાં. એના પછી મેં ખાદી પહેરવી શરૂ કરી. ખાદી પહેરવાનો પ્રસંગ એ રીતે બન્યો કે અમારે અહીંયાં મથુરાદાસ ગ્રૂપના દેવજીરાય મોઢા કરાંચીથી પોરબંદરમાં આવ્યા. અને પોરબંદરમાં પહેલી-વહેલી નવયુગ વિદ્યાલય શરૂ કરી. દેવજીરામ મોઢા મને પહેલેથી ઓળખે, કારણકે મેં શિખરણી અને બીજા છંદોમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય વિશે રચનાઓ કરેલી. એ કહે કે મારો બેટો સાતમું ધોરણ પાસ નથી થયો ને વળી શિખરણી રચે ! આ રીતે મારી મૈત્રી દેવજીરામ મોઢા સાથે થયેલી. પછી પાછો હું રખડ્યો અને ઉમાશંકરભાઈ પાસે અમદાવાદ ગયો. અને ફરી પાછો અમદાવાદથી પોરબંદર આવ્યો અને ઇચ્છા વ્યક્ત કરી કે મારે મારા પિતાશ્રીના બિઝનેસમાં નથી જવું. મારે શિક્ષક થવું છે. એટલે દેવજીભાઈ મોઢા કહે કે ખરેખર ! મેં કહ્યું હા. તો દેવજીભાઈ કહે અત્યારે જ ક્લાસ ખાલી છે તું તારે પિરિયડ લઈ આવ. મને યાદ છે કે છઠ્ઠી જૂન ૧૯૬૫ના દિવસે મેં પ્રથમ પિરિયડ લીધો. અને એ જ દિવસથી મારો પગાર, રૂપિયા ત્રણસો ચાલુ કર્યો. એ જ વર્ષમાં પ્ર. ત્રિવેદી સાથે ઓળખાણ થઈ. પ્ર. ત્રિવેદી તો ગુજરાતના બહુ મોટા કેળવણીકાર હતા. ઈ.સ. ૧૯૬૯ ગાંધી શતાબ્દીની બીજી ઑક્ટોબરે પ્ર. ત્રિવેદી સાથે અમે પહેલો-વહેલો દરિયાકિનારાનો પગપાળા પ્રવાસ કર્યો. અને એ પ્રવાસના કારણે મણીભાઈ વોરા, મોહનપુરી ગોસ્વામી મારા જીવનમાં આવ્યા. મારો તો જાણે બગીચો ખૂલી ગયો. મણીભાઈ, મોહનપુરી અને રતિલાલ છાયા એ ત્રણેની મારા પર એવડી મોટી અસર છે કે ન પૂછો વાત. એમાંના રતિલાલ છાંયા અને મોહનપુરી તો મારા હૃદયના ટુકડા જેવા, એમ કહું કે મને એમના વિના ચાલે નહીં. (રડતાં-રડતાં) મોહનપુરીને યાદ કરું છું ! ઈ અત્યારે મને મૂકીને વયો ગયો ! અમો દરિયાના કિનારે-કનારે હજારેક કિલોમીટર પગપાળા સાથે ચાલ્યા. ખાવું નહીં, પીવું નહીં, ચૌદસો પંદરસો ફોટોગ્રાફી. દરેક પાળિયાની, ધર્મસ્થળની. મોહનપુરી પાસે આ બધાની નોંધ પણ ખરી. કયો સાધુ ક્યાં ગયો ? કયું ભજન કેમ ગવાય ? પોતે તંબૂરો લઈને બેસી જાય. હું સાવ શુદ્ધ હવેલીવાળો. આ મોહનપુરીના સંગે જે



બાવા ભેગો રખડ્યો છું. મારી જિંદગીના એ ઉત્તમ દિવસો હતા. એક સવારે મોહનપુરીનો ફોન આવ્યો કે, ભગવાનદાસ પટેલે પાટપૂજાનો સેમિનાર રાખ્યો છે, મારે એમાં જવાનું છે. તેના માટે જે લેખ લખ્યો છે એ હું તારી પાસે જરા વંચાવવા આવું છું. મેં કહ્યું ભલે. અને જો બાર-એક વાગ્યે આવી જવાય તો આપણે ભેળા ભોજન કરીશું. તો કહે તમે જમી લેજો, હું મોડો આવીશ. મોહનપુરીને મારી ખબર કે હું સાડાબાર એકની વચ્ચે જમી લઉં. ને હજી તો કોળિયો મારા હાથમાં હતો ત્યાં એક વાગ્યે ડાયાનો ફોન આવ્યો... કે મોહનપુરી હવે આ દુનિયામાં નથી !? (અત્યંત ભાવભરી સ્થિતિમાં, શબ્દ અટકી પડે છે. ગળે ડૂમો ભરાય છે. વાતાવરણ ગમગીન. આંખમાં આંસુનો અવિરત પ્રવાહ. પલાણ સાહેબની મોહનપુરી સાથેની આત્મીયતા કેવી હશે ! કે તેને યાદ કરતાં જ અસ્વસ્થ થઈ ગયા ! થોડી વાર પછી થોડા સ્વસ્થ થઈ આગળ કહે છે) ખાવું પડતું મૂકી ને હું ત્યાં ગયો. ચોવીસ કલાક એના શબ ઉપર બેઠો. ખુરશી ઉપર બેઠા બેઠા જ એણે સાડા અગિયારે દેહ છોડ્યો હતો. અને રાત્રે બે વાગ્યે અમે એને સમાધિ દીધી. મણિભાઈનો મને આઘાત નથી લાગ્યો કારણ કે અમને ખબર હતી કે મણિભાઈ જવાના છે. રતિભાઈનો આઘાત નથી લાગ્યો કારણ કે અમને એની પણ ખબર હતી કે રતિભાઈ જવાના છે. એ લોકોએ તો એમની તૈયારી કરી લીધી હતી. પરંતુ મોહનપુરી તો લેખની ફાઈલ તૈયાર કરી અહીંયા મારે ઘરે આવવા નીકળ્યા હતા. હું જ્યારે અહીંયાંથી તેને ઘેર પહોંચ્યો ત્યારે તો એના સાધુઓના રીતરિવાજ પ્રમાણે મોહનપુરીનું માથું બાંધીને ભીંતમાં ખીલો ખોડતા હતા. માથું ટેકવી રાખવા માટે. કારણ કે સાધુઓને બેઠા બેઠા સમાધિ આપવી પડે. આ દશ્ય જોતાં જ મારાથી રાડ પડાઈ ગઈ... ઓ મોહનપુરી ! પણ મોહનપુરી હતા જ ક્યાં ? (ફરી પલાણ સાહેબ અસ્વસ્થ બની ગયા. એ વાતાવરણમાંથી બહાર લાવવા અમે પ્રશ્ન પૂછ્યો...)

**પ્રશ્ન :** સાહેબ એની સાથેના કોઈ ફોટોગ્રાફ.

**જવાબ :** જોઈએ એટલા. આ આખો આલબમ છે મોહનપુરીનો. (અમો બધા પલાણ સાહેબ અને મોહનપુરીનો આલબમ જોઈએ છીએ. પલાણ સાહેબ પાણી પીને સ્વસ્થ થાય છે. પછી વાર્તાલાપ આગળ વધે છે.)

**પ્રશ્ન :** તમે કેટલાં ભાઈ-બહેન ?

**જવાબ :** અમે બે ભાઈઓ અને ચાર બહેનો. અમારા ઘરમાં એવું બનેલું કે, મારા નાના ભાઈનાં લગ્ન મારા પહેલાં થઈ ગયાં હતાં. મારે લગ્ન નહોતાં કરવાં. પછી મારા લગ્નમાં તો મારો નાનો ભાઈ એની પત્ની અને એનો બાળક

ત્રણેય આવેલાં. મારે લગ્ન કરવાનું કારણ 'સુન્દરમ્ અને માતાજી' છે. મારા ઉપર સૌથી મોટી કોઈની અસર થઈ હોય તો એ શ્રીઅરવિંદ અને માતાજીની(આ મારો કૉલેજ કાળનો ફોટો છે. આ તખ્તસિંહ પરમાર, આ છેલભાઈ વ્યાસ, આ હીરાબેન) તખ્તસિંહ પરમારના અમે બે જ વિદ્યાર્થી. (આ જાની સાહેબ, અત્યારે નિવૃત્ત છે. આ કીકાણી સાહેબ અને આ નરોડા કરીને પ્રિન્સિપાલ હતા.) તખ્તસિંહ પરમાર, પલાણ, છેલભાઈ વ્યાસ અને ઈલાબેન એ ત્રણ જણાએ ગુજરાતી રાખ્યું હતું. આ મારા એક મિત્ર રામદેવભાઈ છે. એનું અટાણે જૂનાગઢમાં બહુ મોટું નામ છે. એણે ઘોઘામાં સ્કૂલ કરેલી. એ મને કહે કે તારે અહીં સર્વિસ કરવાની છે. અને હું ઘોઘા મફત ભણાવવા જતો. પૈસાની તકલીફ થાતી પણ એણે પહેલું સાહસ કર્યું હતું એટલે મારે તેને સહકાર આપવો જોઈએ. આ સમય દરમિયાન મારું ફેમેલી ખીરસરાથી સ્થળાંતર કરીને અહીંયાં પોરબંદર આવ્યું.

**પ્રશ્ન :** તમો અમદાવાદ ક્યારે હતા ?

**જવાબ :** અમદાવદ ભાવનગરની પહેલા. ઈ.સ. ૧૯૬૩ થી ૧૯૬૪ સુધી અમદાવાદ. ઈ.સ. ૧૯૬૩માં બી.એ. પાસ કર્યું અને તુરત જ એ જ વર્ષના જૂનથી હું અમદાવાદ ગયો. અને મેં એલ.એલ.બી.માં એડમિશન લીધું. પણ ઉમાશંકરભાઈને ખબર પડી એટલે એણે કહ્યું કે ક્યાં એલ.એલ.બી.માં ગયો ? અને મેં બીજે જ મહિને એલ.એલ.બી. છોડી ઉમાશંકરભાઈની ટકોરથી ભાષા ભવનમાં એમ.એ. શરૂ કર્યું. પણ કર્મ સંજોગે ત્યાં એક જ વર્ષ રહેવા મળ્યું. (આલબમ બતાવતાં બતાવતાં) આ મારો ખાસ ફોટો જોઈ લો... હું હવેલીમાં હતો એ વખતનો આ ફોટો છે. કૉલેજના પહેલા વર્ષમાં પણ હું આ જ હાલતમાં ગયો છું. કૉલેજમાં તે સમયે બધાંને એમ કે હું માહારાજશ્રી છું. તેથી મારી બૅન્ચ ઉપર કોઈ બેસતા નહીં. આ એ વખતની મારી લાઇબ્રેરી અને પુસ્તકો. આ ઈ.સ. ૧૯૫૮ નો ફોટોગ્રાફ છે. આ એક નાટકમાં કામ કરેલું જેને 'ફર્સ્ટ પ્રાઈઝ' મળેલ. આ મેહુલ ઠાકર અને એના પિતા શિવશંકર ઠાકર. એ હિન્દીમાં પ્રોફેસર હતા. અમે 'જૂની આંખે નવું' એ નાટક કરેલું. આ આપણા પ્રોફેસર રામજીભાઈ વાગડિયા. આ અમારી ખીરસરાની નદીમાં નાહીએ છીએ.

**પ્રશ્ન :** આ વાગડિયા સાહેબ ખીરસરાના હતા ?

**જવાબ :** ના, વાગડિયા સાહેબ મૂળ તો સુપેડીના. પરંતુ સુપેડીમાં ભાનુભાઈ કરીને હવેલીના એક ગાયક હતા, એ ખીરસરા બહુ આવે. એટલે એમની સાથે મૈત્રી થઈ ગઈ. આ મહારાજશ્રીનો ફોટોગ્રાફ છે. જેને કારણે મેં શુદ્ધાદ્વૈત પાઠશાળા ચલાવેલી. મેં શુદ્ધાદ્વૈત વિશારદની પરીક્ષા પાસ કરેલી. આજે



પણ મહારાજશ્રી અને એમના પરિવારજનો મારા પ્રત્યે એટલો પ્રેમ રાખે છે કે, હું હવેલીમાં જતો નથી તો પણ મને ટ્રસ્ટી તરીકે ચાલુ રાખ્યો છે. એક માત્ર જૂની પેઢીના માણસ તરીકે.

**પ્રશ્ન :** સાહેબ રસીલાબેન સાથેનો પહેલો મેળાપ ક્યારે અને કઈ રીતે થયો ?

**જવાબ :** શ્રી અરવિંદ આશ્રમના ઉપક્રમે, સુન્દરમ્ જુદા જુદા શહેરમાં શ્રી અરવિંદ શિબિરનું આયોજન કરતા એમાં. ઈ.સ. ૧૯૬૩માં ભાવનગરમાં દાલીભાઈ કન્યા છાત્રાલયમાં શિબિર હતી. અને આ શિબિરમાં રસીલા સ્વયંસેવક તરીકે જોડાયેલી. એ ત્યારે ટી.વાય.બી.એ.માં હતી. અને હું ત્યારે અમદાવાદમાં એમ.એ. કરતો હતો. ઈ.સ. ૧૯૬૩માં હું ભાવનગર શિબિર એટેન્ડ કરવા ગયેલો. (સુન્દરમ્ સાથેની મારી ઓળખાણ આ પહેલાની હતી.) આ સમય દરમિયાન અકસ્માત એવું બન્યું કે રસીલા અને એની બહેનપણીઓનો જે રૂમ હતો એ રૂમમાં જ મારો અને પ્રજારાવભાઈના એક સાથીદારનો ઉતારો ગોઠવાયો. મને ખબર પડી કે આ રૂમ રસીલાનો છે. મેં કહ્યું અરે ! વાહ ! તમે શ્રી અરવિંદમાં રસ-રુચિ ધરાવો છો ? એણે પણ કહ્યું કે અરે ! તમે પણ શ્રી અરવિંદમાં રસ લો છો. કારણ કે અમારી લુવાણા જ્ઞાતિમાં શ્રી અરવિંદમાં રસ-રૂચિ ધરાવે એવા બહુ ઓછા હતા. બસ પહેલી ઓળખાણ આવી રીતે થઈ. પછી તો શિબિર દરમિયાન ધ્યાનમાં સાથે બેસતા. માધવજીનું ગીત-ગાન સાથે સાંભળતા. શિબિર પૂર્ણ થયો અને અમો છૂટા પડ્યા. ભાવનગરથી આવીને હું તો એ ભૂલી ગયેલો. આ કંઈ યાદ હતું નહીં.

**પ્રશ્ન :** ભાવનગરથી આવ્યા પછી સાહેબ તમો રસીલાબહેનને ભૂલી ગયા હતા, તો પછી ફરી કઈ રીતે મળ્યા ?

**જવાબ :** પછી ઈ.સ. ૧૯૬૪ જૂન-જુલાઈમાં મારા ઉપર એક કવર આવ્યું. મને થયું આ કવર કોનું ? તો રસીલાનો પત્ર હતો. તેમનો મારા પરનો આ પહેલો પત્ર. ફર્સ્ટ. એટલે મને એમ થયું કે અરે ! તારી ભલી થાય. પછી નક્કી કર્યું કે આપણે આની સાથે લગ્ન કરી લેવા. હું ત્યારે અમદાવાદ એમ.એ. કરતો હતો અને તે ભાવનગર દાણીભાઈ કન્યા છાત્રાલયમાં બી.એ.ના છેલ્લા વર્ષમાં હતી. એમ.એ.ની એક ટર્મ પૂરી થાય ને હું અમદાવાદથી પોરબંદર આવું તે પહેલા ભાવનગર જાઉં અને રસીલાને મળું. બાકીના મહિના અફેર ચાલે. પછી નક્કી કર્યું કે આપણે લગ્ન કરવા છે.

**પ્રશ્ન :** આ બાબતે કુટુંબીજનોનો વિરોધ હતો ?

**જવાબ :** ના. કારણ અમો બન્ને લોહાણા પ્રેમી હતા. બન્ને શિક્ષિત

હતા. તેના પિતાશ્રી-ગુજરાત કેમિકલ વર્ક મૅનેજર એટલે બહુ મોટી પોસ્ટ ઉપર હતા. મારા પિતાશ્રી પણ પ્રતિષ્ઠિત, ધનવાન અને આબરૂદાર હતા. એટલે કોઈને કંઈ વાંધો કે પ્રશ્ન હતો જ નહીં. પરંતુ કુટુંબીજનોએ એક શરત મૂકી કે, તમે બેય જણા જ્યાં સુધી ડિગ્રી મેળવી ના લો ત્યાં સુધી અમો તમોને પરણાવશું નહીં. એટલે અમારી સગાઈ દોઢેક વર્ષ ચાલેલી.

**પ્રશ્ન :** પહેલી નોકરી સાહેબ તમને મળેલી કે રસીલાબેનને ?

**જવાબ :** મને. હું અહીંયાં પોરબંદર આવ્યો ત્યારે, એ સમયે અમારા કાકા - બાપા વચ્ચે સ્હેજ અણબનાવ થયેલો. બીજા સમાજમાં બને છે તેમ. કુટુંબની ભાગીદારી જુદી પડી. દાદા હતા નહીં. અને દાદા જીવતા હતા ત્યારે જ પોરબંદરમાં બધાની વ્યવસ્થા કરી નાખી હતી. કારણ કે પોરબંદરમાં પોતાની પેઢી ચાલતી હતી. ઘીનો ધાણો ચાલતો હતો. એટલે મારા પિતાશ્રી અને મારી બા તો પોરબંદરમાં જ રહેતા હતા. હું દાદાની સાથે રહેતો હતો. દાદા ગયા એની પહેલા દાદા બધું જ સમું-સૂથરું કરી ગયા હતા. પછી અમારા માટે કોઈ પ્રશ્ન જ ન હતો. પણ ખીરસરામાં જે જમીન જાયદાદ હતી, ખેતીવાડી હતી અને મકાનો હતાં એના ઝઘડા ચાલતા હતા. એટલે એ ઝઘડામાં મારા બાપુજીએ એમ નક્કી કર્યું કે આપણે ખીરસરાની જાયદાદ છોડી દઈએ. અને બધું જ છોડી દઈ, માત્ર હવેલી રાખી. બાપુજી બહુ તીખા મિજાજના હતા. કોઈ કૂતરું તો ઠીક પણ કોઈ માણસ પણ ઘરમાં ગરે તે એમને ગમે નહીં. એનામાં ટીપીકલ જે મરજાદીપણું હોય છે એવું મરજાદીપણું. પછી અમો પોરબંદર આવતાં રહ્યાં. અને હું પણ એમ.એ.નો અભ્યાસ અધૂરો મૂકીને પોરબંદર આવ્યો. નાના ભાઈએ વાત કરી કે, આપણને ભાગમાં પાણાની ખાણો આવી છે. આદિત્યાણાની. શું કરીશું ? મેં એમને કહ્યું કે, તું સંભાળી લે, મારે બિઝનેસ કરવો નથી. તો કહે કે તું શું કરીશ ? એમને મેં કહ્યું કે હું વિચારીને જવાબ આપીશ. પછી હું દેવજીભાઈને મળવા ગયો. નવયુગ કાર્યાલયમાં. એ મારી ફાઈન મૉર્નિંગ હતી, કલ્પના વિનાની. મેં કહ્યું મારે શિક્ષક થવું છે. તો તેણે કહ્યું કે સાચે જ. જા અટાણે જ પિરિયડ લઈ આવ. ત્યાં દશમાં ધોરણમાં પહેલ-વહેલી મકરન્દ દવેની કવિતા છોકરાંઓને ભણાવી. ''મારી માછલીને પેલે પાર થવું.'' એ કવિતા ચાલતી.

આ રીતે પહેલી-વહેલી કવિતા ભણાવી. અને એ જ તારીખથી દેવજીભાઈએ મારો પગાર આકાર્યો. એ જ વર્ષમાં મારાં લગ્ન થયાં. અને અમે બન્ને શ્રી અરવિંદવાળા હતા. અને અરવિંદનું મોટું કેન્દ્ર શ્રી શાંતિલાલ જોષી ચલાવતા. જેણે 'સાવિત્રી'નો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. શાંતિલાલ ઝાંઝમેરના



હતા. શાંતિભાઈએ કહ્યું કે તમે બન્ને પતિ-પત્ની છો, અને અરવિંદવાળા છો તો તમો અહીં ક્વાર્ટરમાં રહેવા આવતા રહો. ત્યાં નાનજી શેઠ સાથે ઓળખાણ થઈ. નાનજી શેઠ મને જોઈને કહે કે, આ છોકરાને નોકરી નહીં દઉં. સાલો એ બહુ રૂપાળો છે, ને મારી બધી જ છોકરિયું કુંવારી છે. ક્યાંક કોઈ લફરા ઊભા થશે. આ છોકરો આકર્ષક છે. એટલે રસીલાને નોકરી અને ક્વાર્ટર આપ્યું. બાદમાં ઈ.સ. ૧૯૬૬ થી ઈ.સ. ૧૯૬૭ દરમિયાન અમો ગુરુકુળ રહેવા ચાલ્યાં ગયાં. દોઢ-બે વર્ષ અમો આર્ય કન્યા ગુરુકુળમાં રહ્યાં. પછી તો હું એમ.એ. થઈ ગયો. એટલે તુરત જ ત્યાંની મહિલા કૉલેજમાં મને નિમણૂક આપવામાં આવી. ત્યારે ઉમરવાડીયા સાહેબ પ્રિન્સિપાલ હતા. હું મૅટ્રિક થયો એની પહેલાથી એ મને લેખક તરીકે ઓળખતા. એ સમયે મારા ઘણા લેખો પ્રસિદ્ધ થઈ ગયેલા પણ એ મોટે ભાગે ધર્મ વિશેના, શ્રીમદ્ ભાગવત વિશેના, શુદ્ધાદ્વૈત અને પુષ્ટિમાર્ગ વિશેના હતા.

**પ્રશ્ન :** સાહેબ તમારો સૌથી પહેલો લેખ કયા વિષયનો અને ક્યારે પ્રગટ થયેલો.

**જવાબ :** મને લાગે છે ઈ.સ. ૧૯૫૮-૫૯માં અમરેલીથી એક 'સત્સંગ' નામનું પુષ્ટિમાર્ગીય માસિકપત્ર નીકળતું તે સમયે શ્રીમદ્ વલ્લભાચાર્યના જન્મ વિશે મેં 'શિખરિણી' છંદમાં સૉનેટ રચેલું, એ પ્રગટ થયેલું. પછી ઈ.સ. ૧૯૫૯માં હું જૂનાગઢ કૉલેજમાં હતો. (ઈ.સ. ૧૯૫૯ થી ઈ.સ. ૧૯૬૨ સુધી) અને તે સમય દરમિયાન કૉલેજના મૅગેઝિનમાં મારા લેખો છપાયેલા. તે પછી ખાદીને કારણે વિનોબાના સંપર્કમાં આવ્યો. ત્યાર બાદ અલ્યાબાડા-ડોલરરાય માંકડના સંપર્કમાં આવ્યો ત્યારે એ બધામાં લેખો છપાવવા શરૂ થઈ ગયા હતા. 'સંસ્કૃતિ'માં ઈ.સ. ૧૯૬૪-૬૫ થી મારા લેખો મળે છે.

**પ્રશ્ન :** તમોએ છંદ વિશેનું જ્ઞાન ક્યાંથી મેળવ્યું ?

**જવાબ :** છંદ શિખડાવવામાં અમારા હવેલીના એક મોટા વિદ્વાન પરમલાલ ગો. નેરૂચા કરીને હતા. તેઓ સારા લેખક પણ હતા. તેમણે કે.કા.શાસ્ત્રીની પણ પહેલાં અત્યંત ઉત્તમ કહી શકાય તેવો પુષ્ટિમાર્ગનો આખો ઈતિહાસ ગુજરાતીમાં આપ્યો છે. તેઓ પોરબંદરમાં 'વૈશ્વાનલ' નામનું છાપું ચલાવતા. એમણે મને કહેલું કે આ તું લખે છે તે છંદ કયો છે ? પછી છંદ વિશેનું એક નાનું પુસ્તક તેમણે મને આપેલું. આમ છંદમાં લખવાની શરૂઆત પરમલાલ ભાઈથી થયેલી.

**પ્રશ્ન :** સાહેબ, તમો અને છેલભાઈ વ્યાસ વગેરે કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે કંઈ લેખનપ્રવૃત્તિ ?

**જવાબ :** હા, વાંચન-લેખનની પ્રવૃત્તિ ખૂબ જ ચાલતી. હું કૉલેજના પહેલા વર્ષમાં ગયો ત્યાં સુધી મેં કવિતા, નવલકથા કે આધુનિક સાહિત્ય વાંચ્યા ન હતા, પણ એનું પુષ્કળ સાહિત્ય, પાંચસો સાતસો પુસ્તકો ભેગાં કરેલાં, જે આજે પણ મારી લાઈબ્રેરીમાં છે.

કૉલેજમાં ગુજરાતી વિષય રાખનારા અમો ત્રણ વિદ્યાર્થીઓ હતા. હું, છેલભાઈ વ્યાસ અને ઈલાબહેન. અમારા ગુરુ તખ્તસિંહ પરમાર હતા. ત્યારે પરમાર સાહેબને એમ લાગ્યું કે આ છોકરો તો લખે છે, વાંચે છે. પરમાર સાહેબ તે સમયે 'નવચેતન'માં પુસ્તક પરિચય લખતા. દર મહિને ઓછામાં ઓછાં પંદર-વીસ પુસ્તકોનું અવલોકન લખતા. હવે એક મહિનામાં પંદર-વીસ પુસ્તકો વાંચવાં, એટલે જે નવાં-નવાં પુસ્તકો આવે તે અમને વાંચવા આપે. અને તેમની આ પ્રકારની પરીક્ષામાં ઈલાબહેન અને છેલભાઈ કરતાં હું ખરો પાર ઊતરેલો. કારણ કે મેં ત્રણસો પાંસઠ દિવસનાં બસ્સો પુસ્તકો વાંચેલાં. - આમાનાં ઘણાં પુસ્તકોનાં મેં કરેલાં અવલોકનો પરમાર સાહેબે છપાવેલાં. આજ સમય દરમિયાન મેં ડાયરી લખવી પણ શરૂ કરી દીધેલી.

**પ્રશ્ન :** એક બાજુ તમારું ધાર્મિક સાહિત્યનું વાચન અને બીજી બાજુ પરમાર સાહેબના કારણે સર્જાતા સાહિત્યનું વાંચન અને એ બન્ને વિશે નોંધવું - લખવું પણ ખરું, સાહિત્યની યાત્રામાં તમારા આ પ્રકારના વાંચન વળાંક વિશે વાત કરો.

**જવાબ :** મને સાહિત્યિક વાચન તરફ વાળનાર તખ્તસિંહ પરમાર. તે જ મારા માર્ગદર્શક-ગુરુ. હું કૉલેજ કાળમાં પ્રવેશ્યો તેની પહેલાં મારા લેખો છપાતા પણ તે બધા મોટે ભાગે ધાર્મિક હતા. ત્યારે મને ભજનનો, કીર્તનનો, ભવાઈનો પરિચય છે. હું 'સૂંડો' પેટે બાંધીને ઢાઢીલીલામાં નાચ્યો હોઉં એવું મને યાદ છે. મારો આ ખેલ જોનાર વડીલો હજુ ખીરસરામાં જીવે છે. આ બધું ખીરસરામાં જ બન્યું. ખીરસરામાંથી જ હું કૉલેજમાં ગયેલો. અને ખીરસરાથી કૉલેજમાં ગયો ત્યારે તિલક કરીને જ જતો. ચોટલી પણ રાખેલી. પહેલા વર્ષની પહેલી ટર્મ પૂરી થઈ ત્યારે ઘરે આવીને કહ્યું કે, મને બધાં ચોટલિયો-ચોટલિયો કહે છે એટલે હું ચોટલી કાપી નાખીશ અને ચોટલી કાપી નાંખી, તિલક પણ ગયું અને કપડાં પણ નવાં આવ્યાં. ખાદી તો પાંચમા ધોરણથી જ પહેરતો. પાંચમા ધોરણમાં દેવજીભાઈ મોઢા અને મથુરાદાસ ગુપ્તાના સંપર્કથી ખાદી પહેરવી શરૂ કરેલી. પાંચમા ધોરણમાં હતો ત્યારથી હાથે રેટિયો કાંતીને ખાદી તૈયાર કરતા, બે વર્ષ તો હાથે કાંતેલું જ પહેરેલું. અમારા માટે એ સમય દેશ-દાઝથી ભરેલો હતો.



પ્રશ્ન : પછી સાહેબ ?

જવાબ : પછી જ્યારે હું કૉલેજમાં આવ્યો ત્યારે તખ્તસિંહ પરમારને કારણે નવું વાંચન શરૂ થયું. અને મેં આખેઆખા મુનશી વાંચ્યા. એ વખતના 'નવનીત સમર્પણ'ના અંકોમાં મુનશીની નવલકથા વાંચીને મેં મુનશીને પત્ર લખ્યો. મારા એ પત્રનો જવાબ મુનશીએ આપ્યો છે. પત્રમાં મુનશીએ લખ્યું છે કે અરે ! નરોત્તમ પલાણ તમને આવું ઇતિહાસનું ગાંડપણ ક્યાંથી સૂઝે છે ?

**પ્રશ્ન :** પુસ્તકો તમે ક્યાંથી મેળવતા ?

**જવાબ :** મને પુસ્તકો તખ્તસિંહ પરમાર પૂરા પાડતા. તખ્તસિંહ પરમાર અમારી નિયમિત ખબર રાખતા, એને એમ ખબર પડે કે પલાણને આપેલું પુસ્તક આજે પૂરું થઈ ગયું હોવું જોઈએ, એટલે એ રાત્રે રોડ ઉપરથી હાકલ કરે, ને કહે કે તારું પેલું પુસ્તક પૂરું થઈ ગયું હોય તો આ લે આ બીજું પુસ્તક. અને મને યાદ છે કે લલિત નિબંધો, નવલકથાઓ, વિવેચનો વગેરે સ્વરૂપ-પ્રકારનાં પુસ્તકો એ મને આપે. એ સમય દરમિયાન મેં બસ્સો જેટલાં અવલોકનો લખેલાં અને પરમાર સાહેબે એ બસ્સોએ બસ્સો ચેક કરેલાં. કદાચ આ ભગવાનનો હુકમ હશે. એ સમયે હું જે નિબંધો લખતો હતો એ પણ પરમાર સાહેબ તપાસી આપે. મારી જોડણી સુધારે અને કહે કે અલ્યા તું તો મારાથીયે વધ્યો.

એ વખતે મેં પ્રેમાનંદના 'દશમસ્કંધ' ઉપર ચર્ચા કરેલી. એને વાંચીને ઉમાશંકર જોશીએ કહેલું કે આ માણસ કોણ છે ? ત્યારે હું ઉમાશંકરના પરિચયમાં નહોતો. એટલે તખ્તસિંહ પરમારે કહેલું કે, એ મારો વિદ્યાર્થી છે. અત્યારે બી.એ. થવામાં છે. મેં પ્રેમાનંદવિષયક ચર્ચામાં કહેલું કે, 'પ્રેમાનંદને દશમસ્કંધ'ની શું ખબર પડે, એણે તો આજીવિકા માટે દશમસ્કંધ ગાયો છે. એણે થોડો ભક્તિ કે રસથી દશમસ્કંધ ગાયો છે. એને તો રોટીનો સવાલ છે. એટલે તો પ્રેમાનંદ જીવે છે ત્યારે શ્રી વિઠ્ઠલનાથજી, પુરુષોત્તમ મહારાજ, ગોકુલનાથજી, હરિલાલજી જેવા મહંત હયાત હોવા છતાં એમના ઉપર પ્રેમાનંદની કોઈ અસર દેખાતી નથી.

**પ્રશ્ન :** સાહેબ, તમે તખ્તસિંહ પરમાર સાહેબ પાસેથી મળેલાં પુસ્તકોની વાત કરી, પરંતુ એ પહેલાં તમોને પુસ્તકો ક્યાંથી પ્રાપ્ત થતાં ?

**જવાબ :** એ તો મારા ઘરમાં જ હતા. મારા દાદાએ ચારસો-પાંચસો પુસ્તકોનો સંગ્રહ કરેલો જે અત્યારે પણ ઉપલા માળે પડેલો છે. પરંતુ એ માત્ર હવેલીને લગતાં, વૈષ્ણવ પરંપરાને જ લગતાં પુસ્તકો હતાં. દાદા રામાયણ પણ વાંચતા. દાદા પાસેથી મેં શ્રીમદ્ ભાગવત પાંચ વખત સાંભળ્યાનું યાદ છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતાના મોટા ભાગના શ્લોકો તો મને તે સમયે કંઠાગ્ર હતા. એમાંય

અઢારમો અધ્યાય તો દાદા મને મોઢે બોલાવતા.

એ સમયે શ્રીમદ્ ભાગવત ઉપરનો મારો એક લેખ પ્રગટ થયેલો. શ્રીમદ્ ભાગવતમાં કૃષ્ણ એક જગ્યાએ કહે છે કે, ''પ્રકૃતિનો નાશ કરનારાના કુટુંબનો હું સર્વનાશ કરું છું' મને આ વાત સ્પર્શી ગયેલી. ભગવાન કહે છે, જે કોઈ પ્રકૃતિને બગાડે છે એના આખા વંશને હું ઉઝાડી નાખું છું. ભગવાન કૃષ્ણ માટે પ્રકૃતિ પહેલી, ગોવર્ધન પહેલો, યમુનાનાં નીર પહેલાં, પશુ-પંખી પહેલાં, મને થયું કે, વાહ પ્રભુજી ! ત્યારે મેં લેખ તૈયાર કર્યો કે, 'ક્ષણે ન વીસરતો ભજન એક સૌંદર્યનું.' એક ક્ષણ માટે પણ ચંદ્ર પ્રકાશતો હોય, સૂરજ આથમતો હોય, નદીનાં પાણી વહેતાં હોય, પક્ષીઓ ગીત ગાતાં હોય, વૃક્ષો નાચતાં હોય એમાં જ ભગવાન છે. આજે મારો જીવતો દેવ તો વૃક્ષો જ છે. મને વૃક્ષ વિના ન ચાલે. મા-બાપ વિના, પત્ની વિના, બાળકો વિના ચાલે, પણ વૃક્ષો વિના ન ચાલે. સવારમાં ઊઠીને વૃક્ષના દર્શન કરું ત્યારે જ હાશ થાય. મેં આર્યકન્યા ગુરુકુળમાં હજારેક ઝાડવાં વાવ્યાં છે. આજે મારા ખીરસરાના પાદરમાં મેં વાવેલી પીપળો ઊભી છે.

આ પ્રકૃતિ પ્રેમ મને શ્રીમદ્ ભાગવતે શિખવાડ્યો, શ્રીમદ્ ભાગવતમાંથી મને કોઈ ઉપદેશ હોય તો તે છે પ્રકૃતિનો, એટલે આજના કથાકારો સામે મારો વાંધો એ છે કે, તમે તમારી આજીવિકા માટે ભાગવતની કવિતાને મારી નાંખો છો. એને તમે ધાર્મિક ક્રિયા-કાંડમાં ફેરવી નાંખો છો એ બરાબર નથી. શ્રીમદ્ ભાગવતમાં જે પ્રકૃતિનો મહિમા છે એવો બીજે ક્યાંય નથી. શ્રીમદ્ ભાગવત એ ખરેખર પ્રકૃતિનું મહાકાવ્ય છે.

**પ્રશ્ન :** સાહેબ, એ પછી તમારી આ સાહિત્યિક યાત્રા કેવી રીતે આગળ વધે છે ?

**જવાબ :** પછી કૉલેજના એ વર્ષમાં હું નાપાસ થયેલો. એટલે કૉલેજ પૂરી કરવામાં મને પાંચ વર્ષ લાગેલાં. ત્યારે ડોલરરાય માંકડે શ્રીમદ્ભાગવતની કથા કરેલી અને 'ભાગવતલીલા' નામનું કાવ્ય બહાર આવેલું. આ સંદર્ભે મેં તેમને પત્ર લખેલો, જેના કારણે હું તેના સંપર્કમાં આવ્યો. અને તેઓશ્રીના કારણે હું વેદ-પુરાણ વાંચવા તરફ વળ્યો. અને એટલું જ નહીં, મારો ખ્યાલ એવો છે કે, ડોલરરાય માંકડ લિખિત 'ઋગ્વેદ ડેઇટ ઑફ ઋગ્વેદ' અને 'પુરાણની ક્રોનોલૉજી' જેવાં ગંભીર પુસ્તકોનું ગુજરાતીમાં વિવેચન કરનાર એક માત્ર હું છું. એમાં વેદનું મૂળ ક્યાં આવ્યું ? જન્માષ્ટમી કેમ ઊજવવી શરૂ થઈ ? ચૈત્ર વદ, ચૈત્ર સુદ, રામનવમી, શ્રાવણ વદ આઠમ, કૃષ્ણજયંતી આ બધી તારીખો કેમ છે ? એ બધુ



કેમ આવ્યું વગેરે... ઈ.સ. ૧૯૬૩-૬૪માં તો અંગ્રેજીના અનુવાદો પણ શરૂ કરેલા. હમણાં 'સંસ્કૃતિ'ના જૂના અંકો જોઉં છું ત્યારે ખ્યાલ આવે છે કે મારા કેટલા બધા અંગ્રેજી કવિતાના અનુવાદો છપાયેલા છે. પણ પછીથી એ બધું છૂટતું ગયું.

ડોલરરાય માંકડના સંપર્કથી જન્માષ્ટમી કેમ આવી ! હોળી કેમ આવી ? વગેરે જાણ્યું. એ સમયે જામનગરવાળા દુષ્યંત પંડ્યા અમારા શિક્ષક હતા. તેમને પણ અનુવાદનો શોખ હતો. તેમણે બે હજાર વર્ષ જૂના ગ્રીક પુસ્તક 'પેરિપ્લસ'નો ગુજરાતી અનુવાદ કરેલો. એ સમયે ડોલરરાય માંકડને સાઇઠ વર્ષ પૂરાં થતાં હતાં ત્યારે 'નયદત્ત' નામનું પુસ્તક કરેલું. તે સમયે પરમારસાહેબે મને એમ કહ્યું કે તું જૂનાગઢ આવતો રહે. ને હું અલ્યાબાડા છોડી જૂનાગઢ ગયો. અલ્યાબાડા દરમિયાન મારા જીવનમાં બે પ્રસંગો બન્યા. એક એ કે આપણે પહેલી વાર પ્રેમમાં પડ્યા અને બીજો એ કે ડોલરરાય માંકડના કારણે વેદ-ઉપનિષદ અને જૂની ગુજરાતીના સંશોધન કાર્યમાં જોડાયા.

જૂનાગઢ બહાઉદ્દીન કૉલેજમાં ગયો ત્યારે મારું સાહિત્યિક વાચન પૂરજોશમાં ચાલુ થઈ ગયું હતું. તમે કલ્પના કરી શકો છો કે, એક વર્ષમાં મેં બસ્સો પુસ્તકો વાંચ્યાં એ કેવી રીતે વાંચ્યાં હશે. એક મિનિટ પણ મેં વાંચન વગરની કાઢી નહીં હોય. અકસ્માતે મારી પાસે મેં લખેલી ઈ.સ. ૧૯૫૯-૬૦ની ડાયરીઓ પણ છે. જે મને પરમાર સાહેબે શિખવાડેલ. તેઓ કહેતા કે રોજ સાંજે બીજું કંઈ ન લખાય તો કંઈ નહીં. પણ રોજનીશી જેવી ડાયરીનું એક પાનું તો લખી જ નાંખવું, તેનાથી આપણા અક્ષર સુધરે, ભાષા સુધરે, આમ ડાયરીનું પહેલું પાનું ૧૯૬૦ જૂનથી લખાયું છે. એટલે કે ઈ.સ. ૧૯૬૦ થી છેક ચાલીશ વર્ષની ડાયરી છે.

**પ્રશ્ન :** સાહેબ તમારા જીવનમાં સામયિકોનો પ્રભાવ કેવો ?

**જવાબ :** પોરબંદરમાં આવ્યા પછી મેં 'ઊર્મિનવરચના'માં લખવાનું શરૂ કર્યું. કારણ કે પોરબંદરમાં આવ્યા પછી બીજે જ વર્ષે મારા પુરાતત્ત્વના પ્રવાસો શરૂ થઈ ગયા હતા. અને એમ કહું તો ચાલે કે એ સમયે સાહિત્યનું વાંચન લગભગ બંધ થઈ ગયું હતું, અને મારા ચિત્તમાં એ સમયે ઇતિહાસ, પુરાતત્ત્વ જ ઘૂમતું હતું. ત્યારે વેસ્ટન મ્યુઝિયમ દિલ્લીમાં એક મૂર્તિ ખોટા નામે ચડેલી જોઈ ત્યારે એ સંદર્ભે એક લેખ લખેલો જે ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં એ મૂર્તિના ફોટા સહિત છપાયેલો.

**પ્રશ્ન :** સાહેબ તમારું એ જે પુરાતત્ત્વ મંડળ (સંશોધન મંડળ) હતું, તેની વાત કરો.

**જવાબ :** પોરબંદરમાં અમારું પુરાતત્ત્વ મંડળ ચાલતું હતું. એમાં મારી

પહેલાંના મંત્રી હતા મધુસૂદન ઢાંકી સાહેબ. તે વર્ડ ફેમસ માણસ. ઇતિહાસ, પુરાતત્ત્વ, સાહિત્ય, સંગીત, ચિત્રકળા મધુભાઈ બધું જ જાણે. મધુભાઈનું નાનકડું જીવનચરિત્ર પણ મેં લખ્યું છે. અમે એને મધિયો કહેતા. અને એ શરીરે એવા હતા કે, છું... કરીએ ને ઊડી જાય. હું અને મોહનપુરી તો પ્રમાણમાં ખડતલ, ત્યારે દશ કિલોમીટર દરિયો તરીને પાછા આવી જઈએ એવા. મધુભાઈ તો કાંઠે પગ બોળે ત્યાં એમને શરદી થઈ જાય એવા. અમારે મધુભાઈ સાથે બહુ ઝાઝો સમય રહેવાનું નથી બન્યું. અમારો એમની સાથેનો સંપર્ક પ્રમાણમાં બહુ ઓછો રહ્યો છે. એમ કહોને ગુરુ પરંપરા પૂરતો. મણીભાઈને કારણે મારે હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રીના પરિચયમાં પણ આવવાનું બન્યું. કદાચ અત્યારે પણ શાસ્ત્રીના સૌથી વધારે ફોટોગ્રાફ મારી પાસે હશે. શાસ્ત્રીજી જૂનાગઢ સ્ટેટમાં પુરાતત્ત્વ વિભાગમાં સ્ક્રીપ્ટ રીડર હતા. તે અમને પ્રભાસ પાટણ મ્યુઝિયમની બધી જ મૂર્તિઓનો પરિચય કરાવતા.

કેવા ધૂળધોયા, નિષ્ઠાવાન માણસો હતા. દ્વારકામાં કલ્યાણરાય જોષી, પોરબંદરમાં મણીભાઈ વોરા, જૂનાગઢમાં શંભુપ્રસાદ દેસાઈ, પ્રભાસ પાટણમાં પ્ર. ત્રિવેદી. હું ઘણી વાર કહું છું કે સૌરાષ્ટ્રના આ માણસોએ જે કામ કર્યું છે એની તોલે આજે પણ ગુજરાતનો કોઈ ઇતિહાસવિદ્ ન આવી શકે. આજના ઇતિહાસવિદોનાં પુસ્તકોનો આધાર આ લોકોનાં સંશોધનો પર છે, ભલે એ કબૂલ ન કરે. પણ જો મને ટાઇમ મળે તો, પુરાવા સાથે કહી દઉં કે ભાઈ ! કે.કા.શાસ્ત્રી, ભાઈ ! હરિશંકર શાસ્ત્રી તમારા લેખ અહીંથી આવ્યા છે. તમે સૌરાષ્ટ્રે જોયું નથી. સૌરાષ્ટ્ર જોનારા તો કલ્યાણભાઈ જોષી, મણીભાઈ વોરા, શંભુ પ્રસાદ, હરિશંકર પ્ર. ત્રિવેદી વગેરે હતા. આ બધાએ એ સમયે અદ્‌ભૂત કામ કર્યું છે. પ્ર. ત્રિવેદીસાહેબ તો 'સરસ્વતી' નામનું મૅગેઝિન ચલાવતા. આ મૅગેઝિન જોવા જેવું છે. એના ટાઇટલ પેઇજ ઉપર ત્રિવેદીસાહેબે બનાવેલું ચિત્ર હોય. અંદર એની ચિત્રની સમજ આપી હોય કે, આ કવિ શેલી છે. આ શેક્સપિયર છે. આ ફલાણો છે. આમ એક અદ્‌ભુત વાતાવરણ ઊભું થયું હતું. જયમલ્લભાઈ પરમાર, હરકાન્ભાઈ શુક્લ, નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોલી જેવા ધૂળધોયા માણસો ઠેક ઠેકાણે ધૂણી ધખાવીને બેઠા હતા.

અકસ્માતે એવું બન્યું કે સૌરાષ્ટ્રના આ માણસો ભોળા હતા. માફ કરજો હું કોઈની અવહેલના નથી કરતો. પણ રાજકીય માણસોએ સૌરાષ્ટ્રની સંસ્કૃતિ-સૌરાષ્ટ્રના જમીરને ખતમ કરી નાખ્યું. એનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. કચ્છને સ્વતંત્ર રાખવાની જરૂર હતી. સૌરાષ્ટ્રને સ્વતંત્ર રાખવાની જરૂર હતી. આજે તમે વિચાર કરો કે, હજી હમણાં જ ચન્દ્રકાન્ત બક્ષીએ કહ્યું કે, ભારત કરતાં જે અડધા



ભાગના વિશ્વના દેશો છે એમાં પચાસ-પચાસ સ્થાનિક રાજ્યો છે. અને ભારત એના કરતાં બમણો દેશ છે છતાં તેમનાં ચોવીસ જ રાજ્યો છે. ખાસ કરીને દરેક પ્રાંતની વિશિષ્ટતા જળવાઈ રહે એટલા માટે ખરેખર ભારતમાં ઓછામાં ઓછાં પચાસ રાજ્યો તો હોવાં જ જોઈએ. પરંતુ અમદાવાદના માણસો એટલા પાકા કે એણે સૌરાષ્ટ્ર - કચ્છને અલગ રાજ્ય બનવા ન દીધાં પરિણામે મહેસાણા જિલ્લાનો જેટલો વિકાસ થયો એટલો પોરબંદરનો ન થયો.

કહેવાય નહીં પણ... સૌરાષ્ટ્રના ધુરંધર નેતા જીવરાજ મહેતા મુખ્યમંત્રી પદે આવ્યા ત્યારે તેમને ઉથલાવવામાં મોરારજી દેસાઈનો હાથ છે. કારણ કે સૌરાષ્ટ્રવાળા એને પસંદ નહોતા. કોઈને એમ લાગશે કે આ માણસ આવું બોલે છે પણ સૌરાષ્ટ્રવાળા એને પસંદ જ ન હતા. આ લોકો એના પ્રાંત વિશે જ વધારે વિચારતા. મને ઘણી વખત એમ લાગ્યું છે કે સરદાર પટેલ મુંબઈમાં અવસાન પામ્યા. આપણને સૌને ખ્યાલ હશે કે ત્યારે એ લોકોએ કહ્યું કે એને અહીંયાં અગ્નિદાહ ન અપાય. આમ મહારાષ્ટ્રવાળાઓએ વિરોધ કર્યો છે. ઈ.સ. ૧૯૫૦માં જ્યારે ભારત એક થઈ ગયું છે ત્યારે એવો ખ્યાલ પ્રવર્તાવે છે કે મહારાષ્ટ્રના વિદ્વાનો જ ઉત્તમ. મહારાષ્ટ્રનો નેતા જ મહાન. આમ કહેનારા એ લોકો હતા. આવો તે સમયે પ્રાંતવાદ હતો. આવી જ ઘટના-વાત ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચે પણ બની છે. એવી જ બીના ગુજરાન અને કચ્છ વિશે પણ બની છે. પરંતુ કચ્છ એવું મક્કમ રહ્યું કે તેણે પોતાનું નામ કચ્છ જ રાખ્યું. આપણે વેચાઈ ગયા. હાલાર, સૌરઠ વગેરે નામ મૃત્યુ પામ્યાં. સુરેન્દ્રનગર જિલ્લો, ભાવનગર જિલ્લો, જૂનાગઢ જિલ્લો એવું કરી નાંખ્યું. એક વખત સોરઠ, હાલાર, ગોહિલવાડ એમ કહેતા એ દરેક પ્રાંતની એક આગવી સંસ્કૃતિ ખડી થતી હતી. એને એમ જ રાખવાની જરૂર હતી. એ નામો ક્યાં તમારી વિરુદ્ધનાં હતાં.

આપણા આ પ્રાંતોની તો વાત જ અલગ હતી. સૌરાષ્ટ્રમાં કન્યા વિક્રય ક્યારે હતો ? સૌરાષ્ટ્રમાં હિન્દુ મુસલમાન ભેદ ક્યારે હતા ? અને કયો ડેરો એવો છે કે જેમાં હિન્દુ-મુસલમાન ભેગા ન હોય. કઈ જગ્યાએ આ બન્ને જુદા પડે છે ? સૌરાષ્ટ્રમાં તો એવાં ગામ છે કે જ્યાં અસ્પૃશ્યતા પણ નથી. જુઓ, 'જાનબાઈની દેરડી' જ્યાં બ્રાહ્મણ અને હરિજન એક લતામાં સાથે રહેતા હોય. આ સૌરાષ્ટ્ર હતું. નાગબાઈ એમ કહે કે, શાહજીપીર મારો સગો ભાઈ છે, પહેલા માનતા ત્યાં લઈ જાવ. તો શાહજીપીર કહે કે, નાગબાઈ મારી બહેન છે, પહેલા નાળિયેર ત્યાં ચઢાવો, પછી મને નાળિયેર-ધજા ચડાવો. ભળિયાદમાં રામમંદિર બાંધનાર હિન્દુ નહીં પણ મુસલમાન મિત્ર છે. આ હું બોલું છું તે જૂનની તેરમી તારીખે પણ આ મંદિરનો પૂજારી મુસલમાન છે. હવે ખૂબીની વાત એ છે કે ભળિયાદના બારોટ

અને બીજી કોમના માણસોએ આ મંદિર બનાવનાર આયશા બેગમની મૂર્તિ ઊભી કરી છે. કદાચ આખા ભારતમાં મુસલમાન સ્ત્રીની પ્રતિમા માત્ર અહીં આપણા ભળિયાદમાં છે. એની મુલાકાત લેવા જેવી છે. આપણાં આ કાલાવડ શીતળા માતાજીના મંદિરના પૂજારી મુસલમાન અને એના પીરને મલીદો રબારી કુટુંબના હાથે ચડે... આમ છે સોરઠ...!

**પ્રશ્ન :** સાહેબ, તમે જે રીતે મણિભાઈની સાથે પ્રવાસમાં જતા એમાં કઈ રીતે સંશોધન કાર્ય કરતા ?

**જવાબ :** અમારા પ્રવાસો ૧૯૬૬-૬૭ થી શરૂ થયા. મંદિરો, મૂર્તિઓ વિશે આપણે ઑથોરાઇઝ્ડ ગણાવા લાગ્યા. અમદાવાદ કે અન્ય કોઈ જગ્યાએ આ વિશે કોઈ પીએચ.ડી. કરતા હોય તો અહીં મને પૂછવા આવવું પડે કે સૂર્યમંદિર ક્યાં છે ? અમારી ટીમમાં કલ્યાણરાય જોષી હતા, મણિભાઈ હતા. મોહનપુરી હતા, હરિપ્રસાદ શાસ્ત્રી હતા, રસિકભાઈ હજી જીવે છે, ઉનામાં. એમણે અમને પોતાની જીપમાં ફેરવેલા. વિજય મહંત પણ અમારી સાથે હતા. એમણે કહ્યું કે તમે અને મોહનપુરી મારી જીપ લઈ જાવ, તમામ ખર્ચ મારા ખભે. તમે બન્ને ઘેડનો ઇતિહાસ લખો. પરંતુ અમે એમની જીપનો ઉપયોગ કરેલો નહીં કારણ કે મારા એક મિત્ર નાથાલાલને ઍમ્બેસેડર હતી. અમો મોટે ભાગે નાથાલાલની ઍમ્બેસેડરમાં જ ફરતા. નાથાલાલ લેખક નહોતા પણ અમણે તેમની ગાડી આપી હતી એટલે એના નામે અમે બે પુસ્તકો સંપાદન કરેલા.

**પ્રશ્ન :** તમે સંશોધન અર્થે જે જગ્યાએ જતા ત્યાં પહેલાં તમે શું કરતા ?

**જવાબ :** પહેલાં કોઈ ગામ કે પાળિયા વિશેની અમને લોકો દ્વારા પ્રાથમિક ભાળ થાય. 'ઊર્મિનવરચના' જેવા સામયિકમાં કોઈ સ્થળ કે પાળિયા વિશે ચર્ચા ચાલતી હોય. ક્યારેક કોઈ ભાટ કે ચારણ વાર્તા કરે અને કહે આ ફલાણો પાળિયો ફલાણી જગ્યાએ છે. અને અમે અમારા બાપના ખર્ચે તે ગામમાં પહોંચી જતા. ક્યારેક એ લોકોની વાત સાચી પડી છે તો ક્યારેક એ ગામમાં કંઈ પણ ન હોય, કોઈનો પાળિયો ન હોય એવું પણ બન્યું છે.

**પ્રશ્ન :** સાહેબ, સંશોધનાત્મક એવા આ પ્રવાસમાં તમારી જે ટીમ હતી, તેમાં કોઈ સાહિત્યના અભ્યાસી, તો વળી કોઈ શિલ્પ-સ્થાપત્યના અભ્યાસી, કોઈ સંસ્કૃતના જ્ઞાતા તો કોઈ લોકવાઙ્મયના અભ્યાસી, કોઈ ધર્મ-સાધનાના મરમી એમ વિવિધ ક્ષેત્રના વિદ્વાનો હતા, તો તમને જે સામગ્રી પ્રાપ્ત થતી એનું તમે શું કરતા ? એની ચર્વણા કેમ થતી.

**જવાબ :** અમારા જે મુખ્ય પ્રવાસો હતા તેમાં અમો મુખ્ય ચાર જણા



હતા. મણીભાઈ વોરા, મોહનપુરી, હું અને વશરામભાઈ, તે પછી પાછળથી અમારી સાથે બાબુભાઈ જોષી અને રાજેન્દ્રસિંહ રાયજાદા જોડાયા. રસિકભાઈ અને એક સત્યવ્રતભાઈ કરીને હતા તે તેમજ કે.પી. મહેતા પણ અમારી ટીમમાં પાછળથી જોડાયા હતા. તે સૌરાષ્ટ્ર ઇરિગેશનના અધિકારી હતા. એટલે એમની પાસે સૌરાષ્ટ્રની ભૂગોળની બધી બ્લૂપ્રિન્ટ હતી. એ સમયે કૃષ્ણકાંતભાઈએ નદીઓ ઉપર ઘણા ચેકડેમ બનાવેલા. અને કૃષ્ણકાન્તભાઈ કરીને જે અમારી સાથે હતા તેમના પિતાશ્રી પ્રભુદાસભાઈ પાસે પ્રેમાનંદની હસ્તપ્રતનો ભંડાર હતો. આપણા ઈશ્વરલાલ ર. દવેએ જે 'નરસિંહ મહેતાની આર્ષવાણી' પુસ્તક લખ્યું છે, તેની હસ્તપ્રત કૃષ્ણકાન્તભાઈ પાસેથી તેમને મળી છે. આ વાત એમણે તેની પ્રસ્તાવનામાં લખી છે.

**પ્રશ્ન :** તમારું સંશોધનક્ષેત્ર ઘણું વિશાળ, વિસ્તૃત છે. ખાસ કરીને મધ્યકાલીન સાહિત્ય, લોકસાહિત્ય, સંત સાહિત્ય વગેરે પણ ધર્મ સંપ્રદાયની દૃષ્ટિએ, પુરાતત્ત્વની દૃષ્ટિએ, ઇતિહાસની દૃષ્ટિએ 'નરસિંહ' વિશે તમારું શું કહેવું છે... વિસ્તારથી કહો.

**જવાબ :** પુરાતત્ત્વ વસ્તુ થોડી અલગ છે અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સંશોધન અલગ બાબત છે. અમે મધ્યકાલીન સાહિત્યનું સંશોધન કરી શક્યા એનું એક કારણ એ છે કે અમારું ધાર્મિક જ્ઞાન પાકા પાયે હતું. મોહનપુરી જેવા આ ક્ષેત્રના જાણતલ માણસ મારી સાથે હતા. તેઓ રામદેવપીર પરંપરા અને શૈવ-શાકતના જાણકાર અને પુષ્ટિમાર્ગી વૈષ્ણવ, મંદિરો, મૂર્તિઓ અને સૌરાષ્ટ્રમાં જે ધર્મ પ્રવાહો આવ્યા એના અમો સારા જ્ઞાતા હતા. એટલે મારે માટે નરસિંહને સમજવો કે મીરાંને સમજવી કે શ્રીમદ્ વલ્લભાચાર્ય વિશે બોલવું કે બીજા કોઈ વૈષ્ણવમાર્ગી ઉપર બોલવું એની ભૂમિકા તૈયાર હતી. અમે માત્ર આખ્યાનના માણસ ન હતા. અમે તો આખ્યાનમાં જે વ્યક્ત થયેલું કન્ટેન છે તેના માણસ હતા. સ્વરૂપો અમારે માટે ગૌણ છે. એનો જે જીવંત પ્રવાહ છે એ મારે મન મહત્ત્વનું છે. એટલે નરસિંહમાં શૈવ ભક્તિ કેમ છે ? આ મુદ્દો કદાચ પહેલ વહેલો મેં ઉઠાવ્યો હતો. અને એનો સરસ રીતે જવાબ આપવાની કોશિશ પણ કરેલી. નરસિંહના જીવનવિષયક મેં બહુ ઊંડાણથી કામ કર્યું છે. અને હજુ એક પુસ્તક થાય એટલું મેટર તો હજી છપાયા વિનાનું પડ્યું છે.

મંજુલાલ મજમુદાર અને કલ્યાણરાય જોષી એમ માનતા કે નરસિંહની પ્રતિમા મળે છે. સુદામાની પ્રતિમા મળે છે. પરંતુ એ મને શંકાસ્પદ જણાય છે. એમ કહેવાય છે કે મહારાષ્ટ્રમાં એક ચક્રધર કરીને સંત હતા એમણે આ પોરબંદર

એ જ સુદામાપુરી છે એવો પહેલવહેલો ઉલ્લેખ ૧૪મી સદીમાં કર્યો. ૧૪મી સદી પહેલાં પોરબંદર એ સુદામાપુરી નથી. બીજું પુરાતત્ત્વની દૃષ્ટિએ પોરબંદર સંબંધિત ૯મી સદીનો તામ્રપત્ર મળે છે. જ્યારે સુદામાપુરી એવો વાઙ્મય ઉલ્લેખ ૧૪મી સદીનો છે. એટલે સ્વાભાવિક પ્રશ્ન થાય કે આ બધું 'મીથ' સ્વરૂપે આપણે ત્યાં પાછળથી ગોઠવાયું છે.

મારા માટે વૈચારિક બાબત એ હતી કે, નરસિંહ વિશે કામ કરતા સંશોધકોને ચૈતન્ય, શ્રીમદ્ વલ્લભાચાર્ય, વિઠ્ઠલનાથજી વગેરેની અસર કેમ નથી દેખાતી. ચૈતન્યનો ઉલ્લેખ આવે છે પણ શ્રીમદ્ વલ્લભાચાર્યનો ઉલ્લેખ કેમ નથી? વલ્લભાચાર્ય અને ચૈતન્ય તો સમકાલીન છે. પણ એ રીતે કામ નથી થયું.

મીરાંબાઈ સૌરાષ્ટ્રમાં આવ્યાં છે. ગોરખમઢીમાં રહ્યાં છે. ગિરનાર ગયાં છે. માધવપુર ગયાં છે. 'રમ્ય નગર એક સુદામાપુરી ધામ' એમ કરીને એણે પોરબંદરનું વર્ણન કર્યું છે. અને પછી મીરાં દ્વારકા ગયાં છે. નિરંજન ભગતનું સંશોધન સાચું છે. એ પણ સાચું છે કે મીરાં જ્યારે દ્વારકામાં છે ત્યારે દ્વારકામાં તેના ઉપર હુમલા થયા છે. તેથી મીરાં પાછાં મેવાડ જઈ શકે તેમ નથી. એટલે એમનાં સગાંઓ મીરાંને દરિયાઈ રસ્તે દક્ષિણમાં લઈ ગયા છે. મોહનપુરીએ એમ પણ કહેલું કે દ્વારકામાં મીરાં ઉપર હુમલો થાય છે ત્યારે મીરાંબાઈ વહાણમાં બેસીને દક્ષિણમાં ગયાં છે, એટલું જ નહીં પણ દ્વારકાધીશની મૂર્તિ પણ સાથે લઈ ગયાં છે. અને તે આજે 'ગુરુવાયુરમાં' અહીંની પરંપરા પ્રમાણે પૂજાય છે.

'દ્વારકાના દેવળમાંથી મૂર્તિઓ ક્યાં ક્યાં ગઈ?' એ વિષયક મોહનપુરીનો લેખ છે. એટલે આ રીતે ઇતિહાસે ટર્ન લીધો છે. અને પછી તુરત જ વાતાવરણ શાંત થઈ ગયું છે. અને મીરાંનો કાકાનો દીકરો ભાઈ જયમલ રાઠોડ જબ્બર માણસ છે. એ ચિતોડ બચાવવા લડે છે અને ચિતોડમાં જ મૃત્યુ પામે છે. ત્યારે મીરાં પાછી બેટ દ્વારકામાં આવે છે. કારણ કે બેટ દ્વારકા એ સમયે સલામત છે અને મીરાંબાઈનો દેહ બેટમાં છૂટ્યો છે. દ્વારકાધીશનું મંદિર આજે જગત મંદિર કહેવામાં આવે છે પણ એ જગત મંદિરમાં મીરાંબાઈનો દેહ છૂટ્યો હોય એવું મને લાગતું નથી. એણે દેહ તો બેટ દ્વારકામાં જ છોડ્યો છે. મીરાંબાઈ પાછા દ્વારકામાં આવ્યા હોય એનું કારણ એ છે કે, ત્યારે દ્વારકા ઉપર રાઠોડનું જ રાજ ચાલે છે એટલે મીરાંનું એ પિયર છે. અહીંયાં એનાં કુટુંબીજનો છે. એટલે મીરાંને મેવાડ કરતાં અહીંયાં વધારે સલામતી લાગે છે. મીરાંબાઈ રૂપાળાં હતાં. અને નૃત્યાંગના પણ હતાં. બીજી બાજુ મુસલમાનો મરજી પડે ત્યાં એને ઉપાડી ન જાય, એનો મન પડે તેમ ઉપયોગ ન કરે એ પણ મીરાંએ જોવાનું હતું. પણ મીરાંબાઈ કમ ન હતાં. એ અહીં આવ્યાં છે ત્યારે એના રસાલા સાથે આવ્યાં છે. અને બેટદ્વારકામાં રહ્યાં છે. અંતકાળે બીજી વખત દ્વારકામાં આવ્યાં છે. કેટલાક વિદ્વાનો કહે છે કે મીરાંનો દેહ બેટ દ્વારકામાં નથી છૂટ્યો પણ હું એમ કહું છું કે, મીરાંનો દેહ બેટદ્વારકામાં ન છૂટ્યો હોય તો આ પરંપરા ઊભી ન થાય. આપણે અનુશ્રુતિને પણ યથાતથ તપાસવી જોઈએ. મીરાંબાઈ સંપ્રદાય મુક્ત વૈષ્ણવ છે પણ મીરાંબાઈની કાકાની દીકરી અજબ કુંવરબા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતાં. બસો બાવન ચોરાશી વૈષ્ણવોમાં અજબ કુંવરબાની વાર્તા મળે છે. જયમલ રાઠોડની પણ વાર્તા મળે છે. મીરાંબાઈ જે ઠાકોરજીની સેવા કરતાં હતાં એ પ્રતિમા ત્યાંથી ખંભાત ગઈ છે, પછી આ પ્રતિમા ખંભાતથી મહુવા આવી છે અને મહુવાથી નાથદ્વારા ગઈ છે. નાથદ્વારામાં આજે બાંકે બિહારીના મંદિરમાં મીરાંનું મંદિર છે, એમાં પૂજાતી પ્રતિમા એ અજાબ કુંવરબાનો મહેલ હતો એમાં છે.



**પ્રશ્ન :** સાહેબ ! સંત સાહિત્યમાં નરસિંહ અને મીરાંને બાદ કરતાં તમને શ્રેષ્ઠ સંત કવિ કોણ લાગે છે ? અને તેનું કારણ શું ?

**જવાબ :** નિરંજન બેઠા છે એટલે મારે ન બોલાય પણ મને એમ લાગે છે કે નરસિંહ અને મીરાં એ ભક્તો છે. સંત જુદી વસ્તુ છે. એમાં કોઈ શંકા નથી. દુનિયા આખી કહે છે કે સંત અને ભક્ત બન્ને મિશ્ર થઈ ગયું છે. સંત અને ભક્તમાં હું કોઈ ભેદ જોતો નથી. આપણે આમ માનીએ છીએ એ તો આદર્શ છે. વૈચારિક પરંપરા તો સ્પષ્ટ રીતે સાવ જુદી છે. તે પણ કોઈ શંકા વગરની વાત છે. તમે જુઓ બન્નેના (સંત અને ભક્ત) આચાર કેવા છે ? મીરાં અને નરસિંહની સવારથી સાંજ સુધીની દિનચર્યા જુઓ. અને દાસીજીવણ અને મૂળદાસ, ગંગાસતી, લોયણ એની દિનચર્યા જુઓ, ક્યાંય મેળ ન પડે. તમે આદર્શ ખાતર કહી શકો કે આ સગુણ અને આ નિર્ગુણ. પણ સગુણ અને નિર્ગુણના ભેદ તો છે જ ભાઈ ! એમાં કોઈથી ના ન પાડી શકાય. અને સંત-પરંપરા તો ટોટલી નિર્ગુણ પરંપરા છે. આ નિર્ગુણ પરંપરા એટલી ઉદાર છે કે એણે ભક્તોનું પણ સ્વાગત કર્યું છે. પણ એનો અર્થ એ નથી કે ભક્તોનું સ્વાગત કર્યું એટલે નિર્ગુણવાળાનો નિર્ગુણ મત ચાલ્યો જાય. આ વસ્તુ જો આમ હોત તો એમણે ટીલાં-ટપકાં ચાલુ કરી દીધા હોત. કર્મકાંડ ચાલુ કરી દીધા હોત.

સ્વામિનારાયણના સાધુઓને હું સંત નથી કહેતો. આપણે ઉદારતા ખાતર એમને સંતો તરીકે ઓળખાવીએ એ જુદી વાત છે. પણ ચોક્કસ અર્થમાં સ્વામિનારાયણના સાધુઓ સંત નથી. કારણ કે તેઓ કર્મકાંડી છે. સંતને કર્મકાંડ નથી. કયાં કયો સંત ટીલાં - ટપકાં કરે છે ? જ્યારે વૈષ્ણવ કે સ્વામિનારાયણમાં

તો ચોક્કસ કંઠી છે. આડું કે ઊભું ટીલું છે. જ્યારે ખરા સંતને તો કોઈ ટીલું નથી. એને તો ચોટલીય નથી ને દાઢી પણ નથી. સંત એ માણસનો પર્યાય એવો શબ્દ છે. અને જે દક્ષિણમાં આલવારો થયા, તો સાથે નાયનમારો પણ થયા છે. આ નાયનમારોનું નિર્ગુણ વાદી છે. આલવારો સગુણવાદી છે. એટલે નાયનમારોની જે પરંપરા ચાલી એના સગુણપણામાંથી સંતમત ઊતરી આવ્યો છે. આજે આપણે બધા સંતમત કહીએ છીએ એ તો સ્પષ્ટતઃ તદ્દન અલગ વાત છે. મને આ સંદર્ભે રાજેન્દ્રસિંહજી સાચા લાગે છે. તેઓ કહે છે તેમ કબીરસાહેબથી સંતમત આવેલો છે. જોકે ગોરખનાથમાં એના અંશો જોવા મળે છે. ખુદ ગોરખનાથ પોતે નાથપરંપરાથી ઉફરા ચાલ્યા છે. ગોરખનાથે નાથપરંપરા કરતાં પણ જુદી રીતે કામ કર્યું છે. અને ખૂબીની વાત તો તમે જુઓ કે, ભગવાન શ્રી કૃષ્ણ દુનિયા છોડીને સૌરાષ્ટ્રમાં આવીને દેહ છોડે છે. પછી આઠમી નવમી સદીમાં ગોરખનાથ આખી દુનિયા છોડીને સૌરાષ્ટ્રમાં આવીને દેહ છોડે. એના પછી પીપા ભગત એના પછી રૈદાસ. આ સૌરાષ્ટ્રની આધ્યાત્મિક ખૂબી છે.

આપણા હંસગીરીજી મહારાજે 'આધ્યાત્મિક ભૂગોળ' નામનું પુસ્તક લખ્યું છે. એમાં એમણે લખ્યું છે કે, સૌરાષ્ટ્ર એ શનિ પ્રધાન પ્રદેશ છે. અને જે શનિ પ્રધાન પ્રદેશ હોય એમાં આધ્યાત્મિકતા વધારે હોય. એટલે સૌરાષ્ટ્રમાં જેટલી આધ્યાત્મિકતા પોષાણી છે એટલી અન્યત્ર પોષાણી નથી. એટલે તમે જુઓ આપણાં પુરાણની સૌથી જૂની પરંપરા આપણા લોકસાહિત્યમાં મળે. કૃષ્ણની આઠ પટરાણીઓના નામની આઠ નદીઓ સૌરાષ્ટ્રમાં મળે. જેમ કે શેત્રુંજી (સત્યાજિતી-સત્યભામા), ભાદર (ભદ્રાવતી) વગેરે આઠે-આઠ પટરાણીઓ અહીંયાં જ છે. અને એ નદીની કથાઓ પણ પ્રાચીન છે. આપણે વધારે જૈન સાહિત્ય ઉપર જ ધ્યાન આપ્યું. જૈન સાહિત્ય ઉપર ધ્યાન આપવું જોઈએ એની ના નહીં, પણ જૈન સાહિત્ય સાથે ચારણી સાહિત્ય તેમજ અસ્પૃશ્ય રહેલું બૌદ્ધ સાહિત્ય પણ જોવું જોઈએ. સૌરાષ્ટ્રમાં બૌદ્ધ ગુફાઓ અને મૂર્તિઓ કેટલી મળે છે. તમે જુઓ રવજીના ગામની પાસે ખંભાલીડા. જૂનાગઢ આખું બૌદ્ધથી ધમધમે છે. અને તમે જુઓ વલ્લભીમાં જ્યાં બૌદ્ધ ધર્મ સભાઓ મળતી તેને 'સંઘદીલસંઘ' કહેવાતું પણ એના ઉપર અકસ્માતે બહુ ઓછું કામ થયું.

આખા ગુજરાતમાં જૈનને માનનાર કેટલા ? તો એક ટકો, જ્યારે રામદેવજીપીરને માનનાર કેટલા ? તો ૪૫ ટકા, પણ તમે સાહિત્યના કોઈ ઇતિહાસ ગ્રંથો કે કોશ જુઓ તો તેમાં રામદેવપીર વિશે કંઈ જ નથી. જ્યારે જૈન વિશે પાનાંનાં પાનાં ભરાયાં છે. આનો અર્થ એ કે આજે ઇતિહાસ લખાયો છે તે ઍથિક્સ વિના લખાયો છે. યુનિવર્સિટીના શિક્ષણવિદોએ આ હરામખોરી કરી છે.



અને એમણે નક્કી કર્યું કે આ ચાર જણા જ અમારા કવિઓ છે, આ ચાર જણા જ અમારા નવલકથાકાર, આ ચાર જણા જ અમારા મહાન લેખકો. હવે આ ઘરમાં કે ઑફિસમાં બેસીને ઇતિહાસ લખનારાઓને કોણ કહે કે, સૌરાષ્ટ્રના ગામડે-ગામડે ફરીને અભ્યાસ કરો તો ખબર પડે કે તમારા મહાન લેખકો કરતાં ગામડાંમાં જે બેઠા હતા એ હજાર ગણા મહાન હતા. પણ એની નોંધ કોઈએ ન લીધી. નરસિંહરાવ ઇતિહાસ લખે કે એના પછીના કોઈ માણસો ઇતિહાસ લખે એને ગામડાનો પરિચય ક્યાં હતો ? અને ગામડાંમાં તો સાહિત્ય જીવતું હતું.

મેં હમણાં વાત કરેલી કે દલપતરામના સમયમાં ગંગાસતી જીવે છે. કેમ ગંગાસતીની ચર્ચા અર્વાચીન કવિતા કે બીજા કોઈ ઠેકાણે ન કરી ? નહિતર દલપતરામની કવિતા કે નર્મદની કવિતા કરતાં ગંગાસતીની કવિતામાં કાવ્યત્વ ઓછું નથી. પણ એ ધ્યાન બારું જ રહી ગયું છે. જેમ ગંગાસતી ધ્યાન બહાર રહી ગયાં એમ સૌરાષ્ટ્રની અનેક પરંપરાઓ ધ્યાન બહાર રહી ગઈ છે. એટલે અમદાવાદમાં યુનિવર્સિટીનું શિક્ષણ લીધેલ માણસોએ ઇતિહાસ લખ્યો છે એ તો એક ટકાનો ઇતિહાસ લખાયો છે. બહુમાં બહુ તો પંદર ટકાનો ઇતિહાસ લખાયો છે. આ શિક્ષિત માણસોએ આપણી સંસ્કૃતિ ઉપર કરેલો અત્યાચાર છે.

સૌરાષ્ટ્રમાં ગામેગામ હસ્તપ્રતો પડી છે. ચારણી હસ્તપ્રતો, બૌદ્ધ પરંપરાની હસ્તપ્રતો, પૌરાણિક સાહિત્યની, ખાસ કરીને નદી કથાઓ, ડુંગર અને ટેકરાઓની કથાઓ તેમજ પૌરાણિક સાહિત્યના કેટલા વર્જન, માત્ર એક સ્કંધપુરાણ લો તો એમાં હજાર પાનાં તો સૌરાષ્ટ્ર વિશેનાં મળી આવે છે. આની નોંધ આપણા ઇતિહાસ લેખકોએ ક્યાંય લીધી નથી. નર્મદાનો આખો ઇતિહાસ, શેત્રુજીનો આખો ઇતિહાસ, ભાદરનો આખો ઇતિહાસ, એનું સાહિત્ય આ બધાને આપણે ક્યાં સ્થાન આપ્યું છે ? આ તો શિક્ષિત માણસોની નજરમાં જેટલું આવ્યું એટલી જ દુનિયાનો એણે ઇતિહાસ લખી નાંખ્યો. તેઓને ખબર નથી કે ગિરનારની પરંપરા કેવી છે ? ત્રણ હજાર વર્ષ જૂના ઓથેન્ટિક ઉલ્લેખો ગિરનારના મળે છે છતાં ગિરનાર વિશે ભૂગોળ કે ઇતિહાસમાં કોઈ વિશેષ ઉલ્લેખ ન હોય ! એનો અર્થ એ થયો કે આપણો શિક્ષિત સમાજ અંગ્રેજી કેળવણીના પ્રભાવમાં આવીને પોતાની તળ સંસ્કૃતિ-તળના સાહિત્ય સાથેનો સંપર્ક-સંબંધ ગુમાવી બેઠો છે. પરિણામે એની સીમિત દૃષ્ટિમાં જે આવ્યું એનો ઇતિહાસ, એની ભૂગોળ લખી નાંખી. આ ઇતિહાસકારોએ સૌરાષ્ટ્ર જોયું જ નહોતું, એટલે ગંગાસતી, દાસીજીવણ, વેલનાથ, રતનબાઈની કવિતાઓ ઇતિહાસમાં સ્થાન ન પામી. આ કવિઓની કવિતાઓમાં કાવ્યત્ત્વ, તત્ત્વજ્ઞાન, જીવનની સમજ બધું જ છે પરંતુ આ સર્જકોને સાહિત્યના ઇતિહાસમાં પણ સ્થાન ન મળ્યું.

**પ્રશ્ન :** સાહેબ, તમારા પ્રવાસ દરમિયાન જે મૂર્તિઓ તમે જોઈ, એની ઓળખ, એનું રચનાવિધાન અને એનો સમય તમે કેવી રીતે નક્કી કરતા ?

**જવાબ :** અમો બે રીતે કામ કરતા હતા. એક બાજુથી ફિલ્ડવર્ક ચાલતું હતું અને બીજી બાજુથી વાંચવાનું પણ ચાલતું હતું. મોટા ભાગના મૂર્તિશાસ્ત્રનાં જે પુસ્તકો એ સમયે ઉપલબ્ધ હતાં તે મેં વાંચી નાંખેલાં. તો ઇતિહાસ અને રાજકીય ઇતિહાસનાં પુસ્તકો મણીભાઈએ વાંચી નાંખ્યાં હતાં. અને ધર્મનાં પુસ્તકો મોહનપુરીએ વાંચી નાંખ્યાં હતાં. મોહનપુરી અંગ્રેજી કે મરાઠી જાણતા ન હોવા છતાં તેમની પાસે આ ભાષાનાં પુસ્તકો પણ હોય. અમારું સંશોધન આમ આ રીતે ચાલતું.

હવે મૂર્તિના કાલનિર્ણય માટેની મહત્ત્વની બાબત શું છે ? તે વિશે વાત કરું તો, જે તે મૂર્તિમાં કયું મટિરિયલ વપરાયું છે તેના ઉપરથી કાલનિર્ણય થાય. મૂર્તિ જોતાં ખ્યાલ આવે કે આ તો આરસ પથ્થરની મૂર્તિ છે તો ખબર પડી જાય કે આ મૂર્તિ નવમી સદીની નથી. કારણ કે આપણે ત્યાં આરસનો પથ્થર તો દશમી સદીથી ખોદાવો શરૂ થયો. આમ મટિરિયલ ઉપરથી ખબર પડી જાય. જૂનામાં જૂની મૂર્તિ મોર્યકાલની મળે છે. જે તેની સ્ટાઇલ, તેની પાટલી, એના ઉપરથી ખબર પડે કે આ મૂર્તિ આ સમયની છે. આમ મૂર્તિવિધાનમાં સૌથી પહેલું મટિરિયલ જોવાનું. પછી એ મૂર્તિ સ્ત્રીની છે કે પુરુષની, એ જોવાનું. પછી તેના આયુધો શું છે ? તે જોવાનું. સૂર્યની મૂર્તિ હોય તો પગમાં બૂટ પહેરેલા હોય. હિન્દુ દેવતાઓમાં બ્રહ્મા અને અગ્નિ દાઢીવાળા છે. જો મૂર્તિ દાઢીવાળી અને ત્રણ મસ્તકવાળી હોય તો ખ્યાલ આવી જાય કે આ બ્રહ્માની મૂર્તિ છે. એક મસ્તક અને દાઢી હોય તો અગ્નિ. આમ તેનાં એક એક લક્ષણ તારવતાં ખ્યાલ આવે કે આ મૂર્તિ આની છે અને આ મૂર્તિ આની છે.

ગણેશની મૂર્તિ એ રીતે બની છે કે ગણેશની સૂંઢનો આકાર ક્યારેક આમ ગોઠવાયો છે તો ક્યારેક આમ વિચિત્ર રીતે સૂંઢ ગોઠવાઈ ગઈ છે. એટલે સૌથી મોટું—કપરું કામ ગણેશની મૂર્તિને ઓળખવાનું છે. પછી આપણે ત્યાં એમ છે કે, વિષ્ણુના ચોવીસ અવતારો તો છે, પણ વિષ્ણુનાં ખુદનાં ચોવીસ સ્વરૂપો પણ છે. વિક્રમ એ એનું એ સ્વરૂપ છે. એટલે વિષ્ણુના ચોવીસ અવતારોની મૂર્તિઓ મળે છે, તેમ વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપોની પણ મૂર્તિઓ મળે છે. સ્કંધ છે તો હાથમાં કૂકડો હોય. એટલે કૂકડો હોય તો ખબર પડી જાય કે આ સ્કંધ છે. નીચે ઉદરડો હોય તો ખબર પડી જાય કે આ ગણેશ છે. તો જૈન મૂર્તિઓ એના લાંછનથી ઓળખાય. જૈન મૂર્તિઓ તો લગભગ એકસરખી જ છે. એમાં મલ્લીનાથ તો



મહિલા તીર્થંકર છે, છતાંય સ્તન નથી, તો એ કેવી રીતે ખબર પડે ? તો તે તેના લાંછન ઉપરથી ખબર પડે. કારણ કે એ મૂર્તિ તરુણાવસ્થાની છે એટલે સ્તન વગરની છે. હજુ સ્તન ફૂટ્યા નથી એ સમયની છે. જોકે ગિરનારમાં મલ્લીનાથની એક સ્તનવાળી મૂર્તિ પણ મળી આવી છે. અને હમણાં આપણા સૌના પ્રીતિપાત્ર એવા આચાર્યશ્રી જીનવિજયજી મહારાજે મલ્લીનાથ વિશે બહુ મોટું કામ કર્યું છે. અને દુઃખની વાત તો એ છે કે, આ મૂર્તિઓ પણ સીમ શેઢે રખડી છે. આજ સુધી આપણે આ મૂર્તિઓને નથી ફોટોગ્રાફીમાં ઉતારી નથી શક્યા કે નથી તેનો પૂરો અભ્યાસ કરી શક્યા. એટલે મૂર્તિઓનું મટિરિયલ, એનાં આયુધો, એનાં લાંછન, એનું વાહન અને એની સ્ટાઇલ બધું જ આપણા અભ્યાસનો વિષય બને. દા.ત. અપસરાની મૂર્તિ હોય તો તે બધી આપણને એક સરખી જ લાગે, પણ એના અલંકારો ઉપરથી આપણને ખબર પડે કે તે કયા સમયની છે. દા.ત. ગળાનું ઘરેણું હાર છે, તો તે ગુપ્ત સમયમાં મૂર્તિના ગળામાં ચપોચપ સ્વરૂપે હતો. પછી આઠમી સદીમાં હારનું ડેકોરેશન - પેંડલ જરા નીચે આવ્યું. એટલે સ્તનની વચોવચ જો હાર આવ્યો હોય તો સમજવું કે, એ આઠમી સદીની આજુબાજુની મૂર્તિ છે. દશમી સદી પછી આ ગળાનો હાર થોડો વધારે નીચે ઊતરે છે. એટલે પેંડલ છેક ડૂંટી પાસે આવ્યું. તેનો અર્થ એ કે આવી મૂર્તિ દશમી સદી પછીની મૂર્તિ છે. અને બીજું ગુપ્ત સમયમાં મૂર્તિઓ ઠીંગણી હતી, જે પ્રતિહાર યુગમાં આ મૂર્તિઓ લાંબી બને છે. ત્યાર બાદ આ મૂર્તિઓના રચનાવિધાનમાં 'એક્શન' આવે છે. દા.ત. આપણી મહુડીની માતૃકાની મૂર્તિ તપાસીએ તો તેમાં છોકરો માતાના કાનનું એરિંગ તાણે છે, અને મા આમ કરીને કાન બચાવે છે. એટલે આ ઍક્શન છે, અભિનય છે. આમ પથ્થરની આ મૂર્તિમાં અભિનય આવ્યો. આપણે ત્યાં લોહિયાએ આના વિશે મોટું કામ કર્યું છે. તેમજ બીજા એક પી. ગોપિનાથ કરીને હતા, જેમણે હિન્દુ આઈકોનોગ્રાફીના દળદાર ચાર ગ્રંથોમાં મૂર્તિઓનું આઈડેન્ટિફિકેશન કર્યું છે. આ ગ્રંથો આપણી પાસે પડ્યા છે. હમણાં આપણે ત્યાં ગુજરાતમાંથી જ મળી આવેલી ગુજરાતી શૈલીની મૂર્તિઓ વિશે ખંડેલવાલા, ઉમાકાન્ત શાહ અને નરોત્તમ પલાણ ત્રણેનો વિવાદ ચાલે છે. તેમાં મારી દલીલ એ છે કે, ઢાંકમાં ગુપ્તકાલીન મૂર્તિઓ છે પણ ઢાંકની મૂર્તિઓ સ્ટીલ છે અને છતાંય ગુપ્તકાલીન છે. જ્યારે ગુજરાતમાં અને રાજસ્થાનમાં મળતી ગુપ્તકાલીન મૂર્તિઓમાં સ્મિત દેખાય છે, હાવભાવ દેખાય છે. એણે પગ આમ ઊંચો કર્યો છે. જ્યારે ઢાંકમાં સ્ટીલ જ મૂર્તિઓ છે. આવી જ રીતે જૈનપરંપરાની મૂર્તિઓ જ્યાં છે ત્યાં સ્ટીલ છે. તમે જુઓ તીર્થંકરની મૂર્તિ બે જ પ્રકારની હોય છે. કાંતો એ ઊભા હોય છે અને કાંતો એ પદ્માસનમાં હોય છે. ત્રીજા પ્રકારની એની મૂર્તિ મળતી જ નથી. જ્યારે બૌદ્ધ પરંપરામાં મળે

છે. જેમ કે, ભૂમિસ્પર્શમુદ્રા કે ધર્મચક્ર પ્રવર્તન, એટલે કે હાથ વ્યાખ્યાન મુદ્રામાં રાખ્યા હોય એ પ્રકારની મૂર્તિ મળે છે. ઉપદેશ આપતી મુદ્રાવાળી મૂર્તિ મળે છે. ભગવાન બુદ્ધ દેહ છોડે છે તેની સૂતેલી મૂર્તિ મળે છે. બાજુમાં આનંદ ઊભો છે.

આપણી અર્વાચીન ગુજરાતીમાં એવી કવિતાઓ છે કે, જે ચિત્રો ઉપરથી કવિતા સર્જાણી હોય. પણ શિલ્પો ઉપરથી રચાયેલી કવિતાઓનો અભ્યાસ કરવા જેવો છે. મને લાગે છે કે ઉમાશંકરભાઈની ભગવાન બુદ્ધ દેહ છોડે છે અને આનંદ બાજુમાં ઊભો છે એ શિલ્પ ઉમાશંકરે જોયું અને એના ઉપરથી એમણે એની રચના કરી છે. આવાં શિલ્પો ઉપરથી રચાયેલાં કાવ્યોનું કોઈએ કલેક્શન કરવું જોઈએ અને સામે એ શિલ્પનો ફોટોગ્રાફ મૂકવો જોઈએ.

**પ્રશ્ન :** સાહેબ, આ જે શિલ્પ, સ્થાપત્ય, પુરાતત્ત્વ, માનવવિદ્યા, લોકસાહિત્ય, સંત સાહિત્ય આ બધું જ અને એની સાથે આધુનિક સાહિત્ય સાથેનો તમારો અભ્યાસ, તો એ તમારા આખા વ્યક્તિત્વની સાથે કઈ રીતે અનુસંધિત થાય અને એ તમને કઈ રીતે કામ લાગે ?

**જવાબ :** જો એક તો જાણે ભયંકર વાંચવાનો શોખ, કોઈ દિવસ એવો નથી ગયો કે મેં આઠ કલાકથી ઓછું વાંચ્યું હોય, દુનિયા ઊથલી પડે કે આભ પડે મારું વાંચન ચાલુ જ હોય. દશ હજારથી વધારે પુસ્તકો ઘરમાં પડ્યાં હશે. એ તો મેં વાંચ્યાં હોય પણ બીજાં અનેક પુસ્તકો અને મૅગેઝિનો મેં વાંચ્યાં છે. એટલે મારું મગજ એવું છે કે સતત કામમાં સક્રિય રહ્યું છે. એટલે હવેલીમાં ગયો તો હવેલીનું બધું ચાલતું હોય, મોહનપુરીના સંપર્કમાં આવ્યા તો તુરત જ મંદિર, મૂર્તિ, પાળિયા, પાટપૂજા વગેરે આવ્યું. સાથે તુલનાશક્તિ તો હતી જ એટલે એ રીતે વિચારાતું ગયું. સાથે ઈતિહાસનો બેઈઝ હતો એટલે થોડી ગૂંચ ઉકેલી શક્યા. હું મોહનપુરીને મદદ કરું તો મોહનપુરી મને મદદ કરતા. એવું જ મણિભાઈનું. એટલે અમારું વાંચન, વિચારવાનું, સંશોધન-સંપાદન કરવાનું કામ આ રીતે ચાલતું. મોહનપુરી, મણિભાઈ, રાજેન્દ્રસિંહજી, હું, હરિશંકરભાઈ, કલ્યાણરાયભાઈ બધા અરસપરસ, એકબીજાને મદદ કરે. પાળિયાની વાચના કલ્યાણભાઈએ શરૂ કરી. પાળિયા ઉપર જ્યાં લખાણ હોય તેના ઉપર કાગળ રાખીને, કાગળ ઉપર પેન્સિલ ઘસે એને રબીન કહેતા. અથવા મીણવાળો પથ્થર ઘસે. મોહનપુરીને પાળિયાની લિપિ આંગળીથી ઉકેલવાની ટેવ. પાળિયો હોય એની બાજુમાં હું ઊભો હોઉં, અને મોહનપુરી એ પાળિયા ઉપર આંગળી ફેરવતા જાય અને મને લખાવતા જાય, એ સમયે એની આંખો પણ બંધ હોય... એ બોલે 'ક' એટલે મારે 'ક' લખવાનો, પછી અડધી કલાક પછી બોલે 'કા' એટલે મારે



'ક' પાસે 'કાનોમાત્રા' કરવાની. એવી રીતે મોહનપુરી આંગળી વડે અક્ષરો ઉકેલતા. આમ બ્રેઈનલિપિ જેવું એનું કામ હતું. અને આવી રીતે છસો વાચના મોહનપુરીએ કરેલી. અમે એક પ્રવાસ, માત્ર પાળિયાના જે ફોટોગ્રાફ લીધા હોય એના આધારે, ''ગુજરાતી લિપિમાં લખાયેલો પાળિયો કયો ?' એ માટે કરેલો. અને તેની ફલશ્રુતિરૂપ જ્યાં ગુજરાતી લિપિ લખાય છે પણ બોલાતી નથી તે કચ્છમાં, હમીર તળાવને કાંઠે, જે દશનામ ગોસ્વામીની જગ્યા આવેલી છે ત્યાંથી અમને ગુજરાતી લિપિનો પ્રથમ પાળિયો પ્રાપ્ત થયો.

**પ્રશ્ન :** આપણે ત્યાં અત્યારે જે ગુજરાતમાં પાળિયાઓ મળે છે તેમાં મુખ્ય કઈ લિપિ છે ?

**જવાબ :** એમાં પણી માત્રા છે. એટલે એક માળની લિપિ છે. એક માળની લિપિ એટલે સમજોને, 'અંગ્રેજી લિપિ છે તે એક માળની લિપિ છે. આપણી ગુજરાતી લિપિ એ ત્રણ માળની લિપિ છે, સંસ્કૃત પણ ત્રણ માળની લિપિ છે. એટલે વચમાં અક્ષર છે. ઉપર માત્રા છે અને નીચે પણ હ્રસ્વ, દીર્ઘ 'ઉ' છે. એટલે પેલો માળ, બીજો માળ અને ત્રીજો માળ. જ્યારે અંગ્રેજી લિપિ વચમાં જ છે ત્યાં હ્રસ્વ કે દીર્ઘ 'ઉ' કે ઉપર એક કે બે માત્રા નથી. તો જે પાળિયા છે તે 'પણીમાત્રા'માં છે. દા.ત. 'આ' લખાવો છે તો 'અ' પછી (ા) પાઈણ થાય છે. પણ 'એ' લખવો છે તો પાઈણ (ા) પહેલા આવે છે પછી 'અ' આવે છે. કેમ કે, 'ાઅ' એટલે પાઈણ પહેલા આવી ગઈ તો તેને 'એ' વાંચવાનો છે. આમ પાળિયાની લિપિ એ અંગ્રેજી લિપિ જેવી હોય છે.

એક વખત અમને વેલડાનો પાળિયો શોધવા માટે, અમારા એક અમેરિકન મિત્રે અમને ફૉર્સ કરેલો, અને અમે રસના ઘોયા તે અમારી પાસે પૈસા નહોતા તો પણ અમે ત્રણ જણા મોરબી પહોંચ્યા. ત્યાં દરબારગઢમાં તપાસ કરતાં જૂના ભંગારમાંથી વેલડાનો પાળિયો શોધી કાઢ્યો. આવો જ વહાણનો પાળિયો દ્વારકા પાસે આરંભડામાં એક જ જગ્યાએ છે.

દલપતરામ વગેરેએ નાગબંધમાં કવિતાઓ લખી છે ને ! એવી રીતે નાગબંધમાં પાળિયાની લિપિ પણ છે. આપણા પોરબંદરની બાજુમાં દશ કિલોમીટર દૂર 'ભૂતકળા'નો ટીંબો કહેવાય છે, તેની ઉપર ત્રણ ચારણના પાળિયા છે. એ ત્રણેય ચારણ કવિઓના પાળિયા છે. એ ત્રણેય પાળિયા ઉપર 'નાગબંધ'માં રચના કરી છે. એમાં એના કુટુંબનું નામ, મૃત્યુ કેમ પામ્યો વગેરે... વિગતો નાગબંધમાં છે. આનો ફોટોગ્રાફ પણ 'ઊર્મિનવરચના'માં છપાયો છે. આમ ક્યારેક પાળિયામાં પણ કમાલ હોય છે.

પાળિયાનો આધાર એના મટિરિયલ ઉપર પણ છે. દરિયા- કિનારે ખાર વધારે લાગી જાય એટલે જો તે સારા પથ્થરમાં હોય તો ટક્યા હોય, નહીંતર ખવાઈ ગયા હોય. એટલે આકૃતિ પણ ન સૂઝે એમાં લિપિ તો ક્યાંથી સૂઝે. ગૌરીશંકરભાઈનું લિપિ ઉપરનું પુસ્તક 'ભારતીય લિપિ' મોહનપુરી પાસે હતું. ત્યાર પછી પ્રવિણભાઈ પરીખે બ્રાહ્મીથી નાગરી લિપિ સુધીનો લિપિ વિકાસ એમ કરીને મોટા ચાર્ટ આપ્યા છે. જેમ કે અશોકના શિલાલેખમાં 'ક' છે એનું સ્વરૂપ ગુપ્તયુગમાં બદલાય છે, પછી મધ્યયુગીન પંદરમી સદીની હસ્તપ્રતોમાં આજની આપણી ગુજરાતી લિપિનો જે ઊભો 'ક' છે એવો 'ક' બને છે. આમ હજારેક વર્ષનો વિકાસ 'ક'માં છે. આજે કેટલાક લોકો હસ્વ 'ઈ', દીર્ઘ 'ઈ' કાઢી નાંખવાની વાત કરે છે તો હસ્વ-દીર્ઘ 'ઈ' તૈયાર કરતાં કેટલાં વર્ષો ગયાં છે એ ખબર છે ? કારણ કે હ્રસ્વ-દીર્ઘ 'ઈ'ની અંદર સૌથી મોટામાં મોટી વસ્તુ એ બને છે કે, હસ્વ-દીર્ઘ 'ઈ' સ્વરોમાં આપણી આખી સાંસ્કૃતિક વિકાસની પરંપરા પડેલી છે. મોહનપુરીએ આ સંદર્ભે બહુ સરસ કામ કર્યું છે. મોહનપુરીએ ઘણી મહેનત કરીને પોતાની રીતે પ્રાચીન લિપિને ઉકેલવા માટેનો એક ચાર્ટ તૈયાર કરેલો, જેના આધારે તે ચારણી કે જૂની હસ્તપ્રતો ઉકેલી શકતા. અશોકનો શિલાલેખ બ્રાહ્મી લિપિમાં છે. એની એક વાચના અંગ્રેજે કરી છે, બીજી વાચના ભગવાનદાસ ઈન્દ્રજીએ કરી છે અને ત્રીજી વાચના ત્રણ ગુજરાતી ભણેલા મોહનપુરીએ કરી છે. અને એમાં એણે આગલા બે વિદ્વાનોની ભૂલ પણ બતાવી આપી છે. જેની નોંધ અંગ્રેજી સાહિત્યમાં પણ લેવાણી છે.

મોહનપુરીએ બારોટી લિપિ વિશે પણ કામ કરેલું છે. એણે દર્શાવ્યું કે સાતડો ઉથમો-સવળો કરવાથી બારોટી લિપિ ઊભી થઈ છે. એનું ડેમોન્સ્ટ્રેશન પણ એણે કરી બતાવેલું. મોહનપુરીને જરા કાંઈ નવું લાગે તો એના ફોટા લેવડાવે. એની પાસે આવા ફોટાઓના સંગ્રહ અને એના ઉપરથી એણે તૈયાર કરેલા ચાર્ટના સંગ્રહ પડ્યા છે. સાહેબ ! જે ચારણ હસ્તપ્રત રતુદાન રોહડિયા ઉકેલી નથી શક્યા એ હસ્તપ્રત મોહનપુરીએ ઉકેલી આપી છે. આખા ગુજરાતમાં મોહનપુરી પ્રાચીન લિપિના શ્રેષ્ઠ અભ્યાસી, કલ્યાણરાયભાઈ પણ આના નિષ્ણાત, અમે આના માટે રાજસ્થાન પણ ગયા છીએ. તમે જાણો છો કે, અમારે કલ્યાણરાયભાઈના પાળિયાવિષયક એક પુસ્તક સંદર્ભે કોર્ટે ચડવા સુધીની એક ઘટના બની ગયેલી. મને પૂરો વિશ્વાસ હતો કે, આ કામ કલ્યાણરાયભાઈનું જ છે. અને આજેય હું માનું છું કે એ કામ કલ્યાણરાયભાઈનું જ છે. ભલે બીજા લેખકોએ એ કામ પોતાના નામે ચડાવી લીધું. એમને તો એ પાળિયો ક્યાં છે એની પણ ખબર નથી. અને મને આજે પણ આંખ મીંચીને દ્વારકામાં ઊભો રાખી દ્યો તો પણ હું આંખ મીંચીને કહી



દઉં કે, આ ખૂણામાં આનો પાળિયો પડ્યો છે. આમાં કોઈ અહંકારની વાત નથી. પણ મારી એની સાથેની આત્મીયતાની વાત છે. અમે આવી રીતે પાળિયા જોયા છે. અને ખૂબીની વાત એ છે કે કલ્યાણરાયભાઈનું આ પુસ્તક તૈયાર થયું ત્યારે ભાયાણીસાહેબ મારી પાસે છે. ભાયાણીસાહેબના હાથ નીચે હું પીએચ.ડી. કરું છું. ભાયાણી સાહેબ અને ચંદ્રકલાબહેન મારે ઘેર અઠવાડિયું-દશ દિવસ રોકાણા છે. અને મને કહે આપણે દ્વારકા જવું છે, અને અમો બન્ને દ્વારકા ગયા છીએ. અને કલ્યાણરાયભાઈએ ભાયાણીસાહેબને પોતાના એ પુસ્તકની હસ્તપ્રત બતાવી છે. અને કહ્યું કે જુઓ સાહેબ મેં આ કામ કર્યું છે, મેં પાળિયાની લિપિ ઉકેલી છે. ત્યારે ભાયાણીસાહેબે કહ્યું કે વાહ ! વાહ ! કારણ કે ભાયાણીસાહેબ આના માણસ હતા. ભાયાણીસાહેબના મારા ઉપરના ઘણા પત્રો છે. જેમ ઉમાશંકરભાઈએ સૌથી વધારે પત્રો મને લખ્યા એમ ભાયાણી સાહેબના પણ સૌથી વધારે પત્રો મારા સંગ્રહમાં નીકળે. જોકે અમારે ગુરુ-શિષ્ય વચ્ચે થોડી કટોકટી પણ ચાલી છે પણ એમાં એક ઋજુતા-આર્દ્રતા હતી. ભાયાણીસાહેબ એમ કહેતા કે નહીં નહીં આ હસ્તપ્રત અહીંની નથી, ત્યાંની છે. એટલે હું એમ કહેતો કે, ના સાહેબ આ હસ્તપ્રત અહીંની છે ને દુર્ગાશંકરે આના ઉપર કામ પણ કર્યું છે. અમારો એક ઝઘડો તો ઉમાશંકરે 'સંસ્કૃતિ'માં છાપ્યો છે. અને ઉમાશંકરભાઈએ કહેલું કે, પલાણ યુ આર રાઈટ.

આમ, મોહનપુરી પાળિયાની લિપિ ઉકેલવામાં માહિર હતા, મૂર્તિ તપાસવાનું કામ મારું હતું અને રાજા-રજવાડાંનો ઇતિહાસ-સૌરાષ્ટ્રનો કયો રાજા ક્યારે થયો, કેની રાણી ક્યાં હતી, પરણીને ક્યાં ગઈ એ રાજકીય ઇતિહાસની માસ્ટરી મણિભાઈ પાસે હતી.

**પ્રશ્ન :** સાહેબ, તમારા સંશોધન ક્ષેત્રના આટલા ખેડાણ પછી આ બાબતે કોઈ એવું કોઈ કાર્ય ખરું કે જે તમારાથી ચુકાઈ ગયું હોય અને એનો તમને વસવસો હોય ?

**જવાબ :** મેં મનોજને વાત કરેલી કે, એવાં થોડાંક સ્થળો છે જ્યાં ધાર્મિક હસ્તપ્રતો આજે પણ પડી છે. એ હસ્તપ્રતોને જાણનાર સાધુ-સંતોની છેલ્લી પેઢી હજુ હયાત છે. એની મુલાકાત આપણે કરી લેવી જોઈએ. જે સમયે અમે સૌરાષ્ટ્રના પ્રવાસે નીકળ્યા હતા, એક હજાર કિમોમીટરનો દરિયાકિનારો પગપાળા ચાલ્યા હતા. એકધારા નવ દિવસ ચાલ્યા હોય, અને ભરપૂર થાક લાગ્યો હોય તે સ્વાભાવિક છે. ત્યારે કોઈ અમૂલ્ય વસ્તુ સામે આવી હોય પણ થાકને કારણે અમે એના ઉપર પૂરતું ધ્યાન ન આપી શક્યા હોય... આ મનુષ્ય સહજ છે. ક્યારેક

અમારું દરિયાકિનારે ભાતું ખૂટી ગયું હોય. ક્યારેક પૈસા ખૂટી ગયા હોય, પરિણામે એ જગ્યા તપાસવાનો, એના ફોટોગ્રાફ લેવાનો એના વિશે વધારે માહિતી એકઠી કરવાનો સમય નથી રહ્યો, પરિણામે ઘણી વસ્તુ ચુકાઈ ગઈ હોય. કચ્છના અખાતમાં અને ખંભાતના અખાતમાં જે બેટ છે એ દરેક બેટ ઉપર અમે ગયા છીએ. અને દરેક બેટનું અમે વર્ણન કર્યું છે. શિયાળ બેટમાં ચાર દિવસ રોકાઈને અમે શિયાળ બેટનું બરાબર સંશોધન કર્યું છે. એના માણસો, એના ભૂત-પ્રેત, ક્યા ઝાડવામાં કયો પ્રેત થાય છે, કઈ ચુડેલ થાય છે. એની વાત પણ અમે નોંધી છે.

હું, મોહનપુરી અને મણિભાઈ - અમો ત્રણે જણા એકબીજાના પૂરક હતા. ત્યારે અમારી પાસે મોટર નહોતી, બસની પણ પૂરી સગવડ નહોતી, ત્યારે કચ્છના તળાવના ફ્લેમિંગો જોવા અમે ગધેડી ઉપર બેઠા છીએ. અને ત્યારે અમારી સાથે કે.કા. શાસ્ત્રી પણ છે. એ તળાવમાં સ્નાન કરે છે તેના મેં ફોટોગ્રાફ લીધા છે.

**પ્રશ્ન :** સાહેબ ! આ જે બધું સંશોધનનું કામ છે, એના સંશોધન-સંમાર્જન માટે આપણી પાસે જે સંસ્થાઓ છે, સાહિત્ય પરિષદ, અકાદમી વગેરે... એની જે ભૂમિકા છે એના વિશે આપનું શું કહેવું છે ?

**જવાબ :** અત્યારે-હવે આ સંસ્થાઓ મદદરૂપ થાય છે. હવે તેનામાં પ્રદેશવાદ ઓછો થયો છે. જ્ઞાતિવાદ ઓછો થયો છે. હવે બીજા માણસોને એ વેલકમ કરે છે. નહિતર તો યુરોપિયન વિદ્વાનો જેમ ગુજરાતી વિદ્વાનોનો ઉલ્લેખ જ ન કરે એવું આ સંસ્થાઓનું હતું. પણ હવે વલણ બદલાયું છે. નહીંતર તો અમદાવાદવાળા અમને ગણે જ નહીં. અશોકના શિલાલેખ ઉકેલનાર મોહનપુરીને પણ અસ્પૃશ્ય ગણે. પરંતુ હવે- આજે દશ-પંદર વર્ષથી સહકાર આપે છે. એ લોકો આપણને પણ પૈસા ફાળવે છે. અને એ લોકો અમદાવાદથી થાકી પણ ગયા છે. બને તો તાલુકાવાર કામ કરો, તાલુકાનાં ગામડાં ફરો ત્યાંના માણસોની અનુશ્રુતિઓ જુઓ, નદીઓ, મૂર્તિઓ, મંદિરની કથાઓ જુઓ. આપણે ત્યાં મંદિર-નદી કથાઓ ઉપર બે-ત્રણ જણા પીએચ.ડી. થયા છે. પણ એ કામ સંતોષકારક નથી થયા. આ મિત્રોએ ચારણી સાહિત્યમાં રચાયેલા દુહાઓ મેળવી, એ દુહાઓને આધારે વાર્તા લખી નાંખી. પ્રમાણભૂત કામ કરવું હોય તો જે તે સ્થળની મુલાકાત લેવી જોઈએ. નદીકિનારે પગપાળા ચાલો તો એ નદીઓનો જુદો જ અનુભવ થશે. એ નદીના કાંઠે જુદા માણસો, જુદી જ કથાઓ, જુદા વહેમ, જુદી ધાર્મિક માન્યતાઓ મળવાની છે.

**પ્રશ્ન :** સાહિત્ય પરિષદ અને અકાદમી વગેરે સંસ્થાઓ આજે જે ગોષ્ઠીઓ કરે છે એમાંની કેટલીક જે ગોષ્ઠીઓ તો ઈટ, મીટ અને સ્વીટમાં પૂર્ણ થતી હોય



એવું લાગે છે, તો આપણી સાહિત્યિક સંસ્થાઓનાં આ પ્રકારનાં જે આયોજનો છે એના વિશે કંઈ કહેશો ?

**જવાબ :** મને એમ લાગે છે કે એમાં ઘણી બધી અપૂર્ણતા છે. પણ હવે થોડાં સારા કામ થવા માંડ્યાં છે, એ જ ઘણું છે. નહીંતર આ અમદાવાદ સિવાય બીજે ક્યાંય કાર્યક્રમો થતા નહીં. જ્યારે હવે નાના ગામ; ઘોઘાવદર, વઢવાણ કે દ્વારકા સુધી અકાદમી કે પરિષદ પહોંચે છે. હવે ત્યાં પણ સારા માણસો આવી ગયા છે. જે પ્રદેશવાદમાં માનતા નથી. જે સાહિત્યની વાડાબંધીમાં બંધાયેલા નથી. મુસલમાન દરગાહ હોય તો લહેરથી એનો ઇતિહાસ પણ લખે છે. પણ પહેલાં આમ થતું નહીં. ખાસ કરીને બહુ મોટા વિદ્વાનોએ કોઈ દિવસ રામદેવપીરની વાત લખી નથી. આજે લખાય છે. એનો અર્થ એ થયો કે રામદેવપીરની કથાઓ તો સૌરાષ્ટ્રમાં હતી જ. પરંતુ ત્યારના વિદ્વાનોએ રામદેવપીર ઉપર એક પ્રકરણ પણ ફાળવ્યું નથી. જે દુઃખદ બાબત ગણાય.

મેં હમણાં ધોરાજીમાં વાત કરેલી કે આવડા મોટા સાહિત્યના કોશ તમે જુઓ પણ ક્યાંય એક પણ ચારણીગ્રંથનો ઉલ્લેખ નથી. જ્યારે સામે જૈન ગ્રંથોનો ભરપૂર ઉલ્લેખ છે. પરિણામ એ આવે છે કે આપણે ત્યાં એક જાતનું તૈયાર મટિરિયલ ઉપર કામ વધારે થાય છે. એટલે જૈન મટિરિયલ તૈયાર કે હાથવગુ છે તો એનો ઉપયોગ કરો, એના ઉપર કામ કરો. આમ નવા કે પ્રકાશમાં ન આવેલા હોય એવા સાહિત્યની શોધખોળ ન કરવી અને તૈયાર હોય એનાથી ચલાવી લેવું એવી આપણી માનસિકતા થઈ ગઈ. જુઓ, હેમચંદ્રાચાર્યે જે અપભ્રંશ દુહાઓ નોંધ્યા એ દુહાઓ મૂળમાં જૂનાગઢના રાજકવિએ રચેલા 'ઢોલા મારૂ'ના દુહાઓ છે. પણ એમણે ક્યાંય એમ લખ્યું કે, આ જૂનાગઢના રાજકવિએ રચેલા દુહા છે ! એટલું જ નહીં અણહિલવાડ પાટણની સ્થાપના વનરાજ ચાવડાએ કરી એ નક્કી છે. એના શિલાલેખો પણ મળ્યા છે. હસ્તપ્રતો પણ મળી છે. પણ હેમચંદ્રાચાર્ય જેવા હેમચંદ્રાચાર્ય પણ સોલંકીથી શરૂઆત કરે છે. કારણ કે સોલંકી એનો આશ્રયદાતા છે. સોલંકી કર્ણદેવ, સિદ્ધરાજ, કુમારપાળ વગેરેના આશ્રયે તેઓ રહેલા છે. એટલે એમને સારું લાગ્યું એ જ વાત કરી છે અને એ જ વાત એમણે લખી છે.

**પશ્ન :** સાહેબ, આનો અર્થ એમ થાયને કે, કોઈ પણ સમયની ધર્મસત્તા અને રાજ્યસત્તા એ બન્ને સાહિત્યને પ્રભાવિત કરે છે ?

**જવાબ :** આ બધું ભેળવાઈ જાય છે ત્યારે હેરાનગતિ ઊભી થાય છે. આપણું ચારણી સાહિત્ય આ રીતે જ હેરાન થયું છે. ચારણી સાહિત્યમાં રાજપૂતો

મુસલમાનો સાથે હાર્યા છે ત્યારે પણ ચારણોએ રાજપૂત જીત્યો છે એવાં વર્ણનો કર્યાં છે. હવે તો આપણે બધા એટલા વિકસિત થઈ ગયા છીએ કે ધર્મને, સાહિત્યને અને જનજીવનને જુદાં પાડતા શીખ્યા છીએ. આ વલણ સારું છે. ખાસ કરીને એમ કહેવાય છે કે, ભારતની પ્રાચીનતા સ્વીકારવાનો પ્રારંભ અમેરિકન વિદ્વાનોએ કર્યો છે અને એ સંદર્ભે ભારતમાં કામ કરવાનો આરંભ યુરોપના વિદ્વાનોએ કર્યો છે. અંગ્રેજો આ સંદર્ભે બહુ સારા હતા. એ સમયે અંગ્રેજોએ જેટલું અને જેવું કામ કર્યું છે એટલું અને એવું કામ આપણાં દેશી રાજ્યો નથી કરી શક્યાં. આપણાં દેશી રાજ્યોના કાળમાં સાહિત્ય, સંગીત, નૃત્ય, ચિત્ર બધું જ હતું પણ એનું ડોક્યુમેન્ટેશન અંગ્રેજોએ કર્યું. અને પરિણામે એનાં અર્થઘટનો એણે એની રીતે કર્યા. જેમ કે, ભગવાન ઈસુખ્રિસ્ત અને ભગવાન શ્રીકૃષ્ણ સંદર્ભે અંગ્રેજોએ એવા અર્થઘટન કર્યા કે, ક્રાઇસ્ટ ઉપરથી કૃષ્ણ શબ્દ આવ્યો છે. અને તેની આખી પરંપરા એમ જ માને છે કે, પ્રથમ ક્રાઇસ્ટ છે, પછી કૃષ્ણ છે. પછી સમયાંતરે ડૉ. સાંકળિયાએ કહ્યું કે, ભાઈ ! ઈસુ કઈ સદીમાં થયા ? તો કહે ઈ.સ.ની પહેલી સદીમાં. તો ડૉ. સાંકળિયાએ કહ્યું કે, હું તમોને ભગવાન કૃષ્ણના નામનો ઈ.સ. પૂર્વે ત્રીજી સદીનો શિલાલેખ બતાવું તો ? અને આમ કહીને ડૉ. હસમુખ સાંકળિયાએ અફઘાનિસ્તાનમાંથી મળેલો ઈ.સ. પૂર્વે ત્રીજી સદીનો શિલાલેખ આખા જગત સામે મૂક્યો. ત્યારે સૌપ્રથમ અમેરિકન વિદ્વાનોએ સ્વીકાર્યું કે, ક્રાઇસ્ટ શબ્દ ક્રિશ્નમાંથી ઊતરી આવ્યો છે. પરિણામે આખી પરંપરા ઉથમી ગઈ.

આમ આજે જ્યાંથી અવશેષો-પુરાવાઓ મળતા જાય એમ ઇતિહાસ કરવટ બદલે. આજે ધોળાવીરાનું ખોદકામ ચાલે છે તો તેમાંથી હડપ્પા-મોહેં-જો-દડો પહેલાંની સંસ્કૃતિ મળી છે. અત્યાર સુધી આપણો ઇતિહાસ હડપ્પા—મોહેં-જો-દડોની સિંધુ સંસ્કૃતિ પાસે અટકી જતો હતો, ત્યારે ધોળાવીરા માંહેનું આજનું સંશોધન આપણને સિંધુ સંસ્કૃતિથી પણ આગળ લઈ જાય છે. ધોળાવીરામાં હડપ્પન, પોસ્ટ હડપ્પન અને પ્રિહડપ્પન એ ત્રણે વસ્તુના આધારભૂત પુરાવાઓ મળી આવ્યા છે. એટલે આજે ધોળાવીરા એ દુનિયાનું સૌથી અગત્યનું સ્થળ બની રહે છે. અને એને કારણે ધોળાવીરાનું કામ જેટલું બને તેટલું વહેલું કરવું જોઈએ.

**પ્રશ્ન :** સાહેબ, તમો જ્યારે સંશોધન કરતા હતા ત્યારે તમારા સમકાલીનો પણ સંશોધન કરતા હોય એ સ્વાભાવિક છે. તો આ સંદર્ભે તમારા સમકાલીનોનું કામ તમને કેવું લાગ્યું છે ? એ લોકોની પદ્ધતિ—મર્યાદા વિશે કંઈ કહેશો ?

**જવાબ :** સૌથી પહેલાં તો મને આનંદ એ થયો કે આજે જુદાં જુદાં ક્ષેત્રોમાં માણસો કામ કરતા થયા છે. ભગવાનદાસ જેવો માણસ થયો, જેણે



આદિવાસીમાં કામ કર્યું. નિરંજન જેવો માણસ થયો કે, જેણે ભજનમાં કામ કર્યું. આજે ભલે નિરંજનની ભૂલ થતી હોય પણ એણે જે મટિરિયલ ભેગુ કર્યું છે તેનાં કાલે નવાં અર્થઘટનો થશે. હું કંઈ હું જ થોડો છું. હું મણિભાઈ અને મોહનપુરીના ખભે ઊભો છું. મણિભાઈ અને મોહનપુરી એની પહેલાના હરજીવન પંડિતને ખભે ઊભા છે, તો હરજીવન પંડિત દેવકુમારના ખભે ઊભા છે અને દેવકુમાર જગજીવન કાલીદાસ પાઠકના ખભે ઊભા છે. આમ આ એક પરંપરા છે. કારણ કે આપણી આગળના વિદ્વાનો જ્યાં અટક્યા ત્યાંથી આપણે આગળનું કામ કરવાનું છે. અને એની કોઈ ભૂલ રહી ગઈ હોય તો આપણે તેને સુધારીને બતાવવાનું કે, ભાઈ ! આ તમે પોરબંદરનો ઇતિહાસ લખ્યો, પણ આ વાત તો ન લખી. તમે આ લેખકોનું નામ લખ્યું પણ રેવાશંકરનું નામ તો ભૂલી ગયા. રેવાશંકર મૂળ પળધરીના, પણ પોરબંદરમાં તે ‘સામવેદ’ના બહુ મોટા ગજાના ગાયક હતા. એ નિવૃત્ત થયા ત્યારે પોરબંદરે પાંચસો પાનાંનો ‘રેવાશંકર અભિનંદન’ ગ્રંથ બહાર પાડ્યો છે. એની એક પ્રત મારી પાસે પણ છે. પરંતુ મણિભાઈ પોતાના ‘પોરબંદરના ઇતિહાસ’ના પુસ્તકમાં ‘રેવાશંકર’નો ઉલ્લેખ કરવાનું ભૂલી ગયા છે. એવી જ રીતે ‘નટવરસિંહજી’ મોટા ગજાના ચિત્રકાર હતા, તેને પણ મણિભાઈ ભૂલી ગયા. આ તેની ભૂલ હતી. આપણે તે સુધારવી જોઈએ. આમ આ ઇતિહાસલેખન એ પરવાળાના ટાપુ જેવું છે. એક-એક માણસ, એક-એક પરવાળો મૂકતો જાય એમ ટાપુ ચણાતો જાય.

હું એમ કહું કે આ અમે કર્યું તો ઈ વાત ખોટી છે. આ બધું વંશ પરંપરાગત રીતે ચાલતું હોય છે. અને એમ ઇતિહાસ રચાતો હોય છે. ભૂલ તો થાય, મર્યાદા તો હોય. મારા પછીની પેઢી મારી ભૂલ કાઢશે. મારા વિધાનોની ચકાસણી કરશે. આજે અમદાવાદના મિત્રોએ અનેક રૂપિયા ખર્ચીને ગુજરાતી સાહિત્યના ઇતિહાસના નવ ભાગ લખ્યા છે. તો તેમાં અનેક ભૂલો-મર્યાદાઓ રહી ગઈ છે. સૌથી પહેલી મર્યાદા તો એ છે કે એણે ચારણી સાહિત્યનો ઉલ્લેખ જ નથી કર્યો. સાહેબ, જૈનો કરતાંય ચારણો રાજાઓની વધારે નજીક રહ્યા છે. રાજાના અંતઃપુરની જૈનોને શું ખબર હોય ! પ્રેમ કેવી રીતે થાય એ જૈન કેવી રીતે જાણે ? કાપા-કાપીની જૈનને શું ખબર પડે. ચારણ આ બધું જાણતો હતો અને એનાં વર્ણનો એણે કર્યાં છે. આપણાં વિદ્વાનોએ ચારણમાં અતિશયોક્તિ છે એમ કહીને એને હાંસિયામાં મૂકી દીધા. ચારણમાં અતિશયોક્તિ છે તો સામે જૈનમાં કયાં અતિશયોક્તિ ઓછી છે. જૈનગ્રંથોમાં એવા ઉલ્લેખો છે કે, કુમારપાળ કન્યાકુમારી સુધી પહોંચ્યા. હવે કન્યાકુમારીનું નામ પણ કુમારપાળે સાંભળ્યું ન હોય. એ સમયે અણહિલપુર પાટણ માટે તો ‘સુરત’ પણ બીજો દેશ થઈ જાય. જૈન ગ્રંથોમાં ક્યાંય

દ્વારિકા નથી. સોલંકી સત્તામાં ક્યાંય દ્વારકાનો ઉલ્લેખ નથી. મીનળદેવી ક્યારેય દ્વારકા આવ્યાં નથી. એટલે આ ભાગ-ખૂણો સોલંકી સત્તા નીચે આવ્યો જ નથી.

પ્રશ્ન : સાહેબ, પુરાતત્ત્વ, ઇતિહાસ, સંશોધન, પ્રવાસ એ બધાની સાથે સાથે તમારી એક સર્જનપ્રવૃત્તિ પણ ચાલી રહી છે. એટલે તમે કવિતાઓ પણ લખી છે. 'હુહુ' નામે નવલકથા લખી છે. તો તમે આ સંશોધનમાંથી સર્જન તરફ કઈ રીતે વળ્યા. અને એની પાછળનું કારણ શું ?

જવાબ : જોકે મને લખવાનો શોખ તો પહેલેથી જ હતો. હમણાં મેં વાત કરીને કે, શ્રીમદ્ વલ્લભાચાર્ય ઉપર મેં સૉનેટ લખ્યું છે. તો સર્જનવૃત્તિ તો મારામાં પહેલેથી હતી જ. હું આજે મારો સંગ્રહ ફંફોસવા બેસું તો એક પુસ્તક થાય એટલાં કાવ્યો તો નીકળે જ. અને એ પણ એલફેલ નહીં, પણ ઉમાશંકર જોશીએ 'સંસ્કૃતિ'માં છાપ્યાં હોય એવાં.

'હુહુ' નવલકથા લખવાનો પ્રયત્ન મેં જુદી રીતે કર્યો. આ નવલકથા લખવાનું કારણ થોડી સાંપ્રત પરિસ્થિતિ છે. આપણે ત્યાં ગોધરાકાંડ થયો એ સમયમાં મારે બે-ત્રણ દિવસ અમદાવાદ આકાશવાણીમાં જવાનું થયું. અને આકાશવાણીના મિત્રોને મેં એક પ્રશ્ન કર્યો કે આપણે ત્યાં સૌરાષ્ટ્રમાં ગોધરાકાંડ થાય ? તો તેઓ કહે કે હા થાય, કેમ નો થાય ? તો મેં કહ્યું કે બતાવો. ગોધરાકાંડના તણખા જેટલાં અમદાવાદમાં ઊડ્યા એટલા સૌરાષ્ટ્ર-કચ્છમાં ઊડ્યા હોય તો બતાવો. સૌરાષ્ટ્રના અઢાર હજાર એકમ છે, ક્યા એકમમાં ઝઘડો થયો ? અંતે તેઓએ કહ્યું કે તમારી વાત સાચી છે. સાહેબ, અહીંયાં તો બન્ને (હિન્દુ-મુસ્લિમ) એકબીજામાં વણાઈ ગયા હોય એવું છે. મેં તેઓને પદ્મનાભ, ભડિયાદ, કાલાવડ શીતળાના પ્રસંગો કહ્યા. એ લોકો ખુશ થઈ ગયા. મેં તેઓને આપણા રાજેન્દ્રસિંહ રાયજાદાની વાત કરી કે, અમારા રાજેન્દ્રસિંહ પોતાના ઘરમાં આ સમયે પણ મુસલમાન નૂરબીબીના નિવેદ કરે છે. અને વાંકાનેરમાં પીરઝાદા હિન્દુના નિવેદ કરે છે. આકાશવાણીના એ મિત્રોએ મને કહ્યું કે બસ આ બધું તમે અમને લખી આપો. એટલે મેં કહ્યું કે લખી-બખી તો નહીં દઉં તમે ટેપ કરી લ્યો. એટલે યજ્ઞેશ દવે અને આશાબેન શુક્લ ચાલુ પ્રવાસે (અમો ટ્રેન દ્વારા અમદાવાદથી કટક જતાં હતાં) હું બોલતો ગયો ને તેઓ ટેપ કરતા ગયા. ત્યારે મને પણ થયું કે ઓહો ! આના ઉપર તો ખરેખર કામ કરવા જેવું છે. એટલે અમોએ સાથે મળી એક નાટક લખ્યું 'આરતી અને આઝાન.' એમાં શત્રુંજય ડુંગર ઉપર આદિનાથની આરતી ઊતરે, જેના ચાર આંટા આદિનાથને ચડે અને પાંચમો આંટો અંગારશાપીરનો ઊતરે. મેં કહ્યું જૈનોમાં આ ક્યાંથી આવ્યું ભાઈ ! કે અંગારશાપીરની તમે આરતી



ઉતારો...? તો આ આપણી પરંપરા છે. અને આજે પણ આ પરંપરા જીવે છે. આપણે જાણીએ છીએ કે મુસલમાન કોઈ દિવસ સિંદૂરનો ચાંદલો ન કરે પણ જાવ કાલાવડમાં, ત્યાં મુસલમાન પણ સિંદૂરનો ચાંદલો કરે છે. સાહેબ, આ આપણી સૌરાષ્ટ્રની પરંપરા છે. એ તો અઝરૂદ્દીન મૂર્ખ છે કે કોઈ ચાંદલો કરવા આવે એટલે મોઢું ફેરવી લે છે, એને આપણી પરંપરાનો ખ્યાલ નથી. અને છાપાવાળા પણ આ અઝરૂદ્દીનવાળું છાપે પણ કાલાવડ શીતળામાતાના મંદિરના પૂજારી ફકીર મામદની વાત ન છાપે. ભળિયાદના હિન્દુ મંદિર મુસલમાન પૂજારીની વાત ન છાપે. પરિણામે સાચો ઇતિહાસ બહાર ન આવે અને બે ટકાનો ખોટો ઇતિહાસ છપાઈ જાય. અમારા એ 'આરતી અને આઝાન' નાટકને રાષ્ટ્રીય કક્ષાનું પ્રથમ ઇનામ પણ મળ્યું છે.

પછી યજ્ઞેશ અને આશાબહેને મને ભારપૂર્વક-હૃદયથી કહ્યું કે પલાણસાહેબ, તમારે અમારા માટે પણ આ પ્રસંગો ખરેખર લખવા જોઈએ. એટલે મેં એ દિવસથી તે પ્રસંગો લખવાની શરૂઆત કરી. સો-એક પાનાં લખાયાં અને મને થયું કે, આ મારો તુચ્છ ઇતિહાસ કોણ વાંચશે ? આ સમય દરમિયાન મારે જૂનાગઢના બે-ત્રણ પ્રવાસ થયા. અને જૂનાગઢના શેખ, બાબી અને નાગર કુટુંબની આખી કથા તો મારા મગજમાં હતી જ. શેખ મસ્જિદની ઇમારત ઉપર આજે પણ 'આનો ભદ્રાક્રતવો' એવો સંસ્કૃતમાં ઋગ્વેદનો શ્લોક ટાંક્યો છે. નવાબની નવ બેગમોમાં તેનાં બીજાં બેગમ અમીના બેગમ મયારામબાપુનાં વિદ્યાર્થીની, અને મયારામ બાપુ તો ચુસ્ત આર્ય સમાજી. અમીના બેગમ એની પાસે સંસ્કૃતના પાઠ ભણતાં. આ અમીના બેગમ સુભાષબોઝ સાથે ક્રાંતિકારી ચળવળમાં જોડાયાં હતાં. આ ઘટનાની નોંધ આપણા ઇતિહાસકારો એ ક્યાંય ટાંકી નથી.

ગાંધીજી પોરબંદરમાં જન્મ્યા, પણ પોરબંદરમાં ગાંધીવાદીઓ કરતાં સુભાષવાદીઓની સંખ્યા વધારે છે. અમારા ખારવા અને મેર બધાં સુભાષ ભેગા જ જતાં, એના પરિણામે જ આરઝી હકૂમત આવી. એમાં રતુભાઈ જેવો બુદ્ધિશાળી માણસ મળ્યો અને આરઝી હકૂમત ઊભી થઈ. બધાંએ હથિયાર હાથમાં લઈ લીધાં. ગાંધીજી જીવતા હતા. અને એણે કહ્યું કે આ શું કરવા બેઠા છો ? આ બ્રિટિશ જેવી સલ્તનતને આપણે હથિયાર વિના કાઢી નાંખી અને તમે આ નાનકડા સમૂહ સામે હથિયાર ઉપાડ્યાં ?

આપણા સામ્યવાદી નેતા વજુભાઈ શુક્લ અને અન્યોને મદદ કરનાર મેમણો હતા. વજુભાઈ તો કહેતા કે હિન્દુ ધર્મને દીવાસળી ચાંપો અને મુસલમાન ધર્મનેય દીવાસળી ચાંપો. આપણે ધર્મનું નામ જ ન જોઈએ. આ ઇતિહાસ આપણે

ન લખ્યો. આ બધી વાત મારા મનમાં પડી હતી. અને મને એમ થયું કે આ બધું મારે સરખી રીતે લખવું જોઈએ. ગોવર્ધનરામ તો નજર સામે હતા જ કે, જ્ઞાનગોળી એકલી પાઈશ તો નહીં પચે. વાર્તાનો ઉપયોગ કરો. અને વાર્તા પણ નજર સામે હતી. એટલે મેં એક 'ફાઈન મૉર્નિંગ'માં આ નવલકથા લખવી શરૂ કરી અને લગભગ સાતેક મહિનામાં સાડા ત્રણસો પાનાં લખાઈ ગયાં. પછી થોડા સુધારા-વધારા થયા, પણ એવી સરસ લખાણી કે જે વાંચે એ ખુશ થઈ જાય. કારણ કે એમાં મોટા ભાગનાં પ્રસંગો-પાત્રો ઐતિહાસિક છે.

આ નવલકથામાં બે પાત્રો મારી કલ્પનાનાં છે. રામ અને અલક. જોકે આ પાત્રોનાં મૂળિયાં પોરબંદર અને જૂનાગઢમાં છે. મારી બાજુમાં જ એક પ્રાણશંકરભાઈ કરીને રહેતા, અને જૂનાગઢ કૉલેજમાં ભણતા-ભણતા યુવા જાગૃતિની પ્રવૃત્તિ કરતા, તે ચુસ્ત ગાંધીવાદી હતા. એ હમણાં જ ગુજરી ગયા. પણ એમનો નાનો ભાઈ હજુ જીવે છે. જેના ઉપરથી મેં 'રામ'ના પાત્રનું સર્જન કર્યું. તો સાથે 'અલક'નાં મૂળિયાં જૂનાગઢમાં છે.

આઝાદી વખતે હિન્દુ-મુસલમાનના ભાગલા પડ્યા. પ્રજાને હિજરત કરવી પડી છે. અને આરઝી હકૂમત આવી પડી છે. બીજી બાજું નિર્વાસિતોનાં ટોળેટોળાં ઊતરી આવ્યાં છે. એ સમયે કુતિયાણાનાં ખેતરોમાં એંશી હજાર નિર્વાસિતો પડ્યા છે. અને એના મુખ્ય રેફ્યુઝી-કલેક્ટર તરીકે શંભુપ્રસાદ દેસાઈ પોતે છે. હવે આ એંશી હજાર ઊતર્યા એને ક્યાં નાંખવા ? એટલે જે મુસલમાન મિત્રો ગામ ખાલી કરીને ગયા હતા એમાં એને વસાવી દીધા અને એ સમયે કેટલાંક ગામોનાં નામ પણ ફેરવી નાખવાં પડ્યાં છે.

હવે જુઓ. નવલકથાની નાયિકા અલક અહીં લંગડી થઈ જાય છે. એનો પગ ભાંગી જાય છે. આ દ્વારા મારે એમ સૂચવવું છે કે આપણને આઝાદી મળી છે એ લંગડી મળી છે. હિન્દુસ્તાનમાંથી પાકિસ્તાન છૂટું પડ્યું એ આપણો એક પગ તૂટી ગયા બરાબર છે. અને છેલ્લે આ નાયક-નાયિકા બન્ને મળે છે ત્યારે મેં એવું વર્ણન મૂક્યું છે કે, હિન્દુ — મુસલમાનથી પર, ધર્મ-જાતિથી પર એવી પ્રજાને જન્મ આપવા બન્ને આસક્ત બની હનીમૂન ઊજવે છે. કારણકે હવે પછીની પ્રજા એવી હશે કે જે ધર્મ કે જ્ઞાતિમાં માનતી નહીં હોય, એણે દાઢી અને ચોટલી પણ કાઢી નાંખી હશે. આ શ્રી અરવિંદનો પ્રભાવ છે. શ્રી અરવિંદ કહે છે કે આવતા સમયમાં ધર્મ નહીં રહે. એણે તો ત્યાં સુધી કહ્યું છે કે, ઈ.સ. બે હજાર પૂરાં થશે અને ધર્મ ઉચાળા ભરવા માંડશે. અને મને પણ લાગે છે કે આવનારી નવી પેઢી આ બધું છોડી દેશે.



'હુહુ' નવલકથામાં એક ધોરાજીનું મુસલમાન પાત્ર પણ છે. જે એ સમયે ધોરાજીમાં ટાઈમ્સ સમાચારના તંત્રી હતા. અને જ્યારે તેમને ગોંડલ અને જામનગર સ્ટેટ હદપાર કરે છે ત્યારે દક્ષિણામૂર્તિ તેમને સૂરજકુંડ લઈ જાય છે. અને ત્યાં હિન્દુ મંદિરમાં તેને આશરો આપે છે. એ બધાંનું મેં ઐતિહાસિક આધારો સાથે આલેખન કર્યું છે. સાથે જરૂર જણાય ત્યાં ઝાટકણી પણ કાઢી છે. જેમ કે, હિન્દુ મંદિરમાં આટલા મુસલમાનોને આશરો મળ્યો પણ આટલી મસ્જિદમાં કોઈ હિન્દુને આશરો કેમ ના મળ્યો ? એટલે ત્યાં મુસલમાનોએ ભૂલ કરી છે. આ પ્રજા ધર્મ- ઝનૂની છે. કટ્ટરપંથી છે એમ મેં લખ્યું છે. અને એટલે તો આ નવલકથા છપાતી નથી.

મને એમ લાગે છે કે બન્ને ધર્મનો નાશ કરવો જોઈએ. એટલે તમે જુઓ કે મણિશંકરનું જે પાત્ર છે એ જુદી જુદી જગ્યાએ નાટક ભજવે છે. કોઈ ગામ તેને નાટક ભજવવા નિમંત્રણ આપે તો કહે છે કે, તમારા ગામમાંથી પાંચ મુસલમાનો દાઢી ઉતારીને મને આપે અને પાંચ હિન્દુઓ ચોટલી ઉતારીને મને દક્ષિણા આપે તો હું તમારા ગામમાં નાટક કરું. અને આ રીતે એણે ચાર જગ્યાએ નાટક ભજવ્યાં છે. મણિશંકર રતનજી ભટ્ટ પાલિતાણા ભક્તિદર્શક નાટક મંડળીના ડાયરેક્ટર હતા. એમ એ પાત્ર પણ સાચું જ છે. સાથે આપણા પરમાનંદ ત્રાપજકરનું પાત્ર પણ સાચું છે. પેલો મુસલમાન છોકરો જેને ત્યાં રોશની નામની હિન્દુ બાળકી જન્મે છે તે પણ સાચું પાત્ર છે. આ પાત્રોની સાથે જોડાયેલ ઘટનાઓ પણ સાચી છે. નવલકથાનું એક મુખ્ય પાત્ર બચુદાદા તો હજુ હાલ આ સમયે માંડણ કુંડલામાં જીવે છે. માંડણ કુંડલામાં આશ્રમ બાંધીને આ ડોસો પડ્યો છે. એને એક કિશોર હતો એની વાત પણ આમાં લીધી છે અને એના ગુરુ નિર્મલાદેવી. એ નિર્મલાદેવી ઉપરથી આજે માંડણકુંડલામાં 'નર્મદેશ્વરમહાદેવ મંદિર' ઊભું છે. તો આમ આ નવલકથા સાચાં પાત્રો આધારિત નવલકથા છે.

મનસુરશાહ અને માણેકનાથની કબર ભાયાવદરમાં છે. ભાયાવદરની નદીને આ કાંઠે મનસુરશાહ અને સામે કાંઠે માણેકનાથ છે. આ તો મારી આંખોએ જોયેલી વાત છે. એ જ રીતે માંગરોળમાં પણ એક બાજુ મનસુરશાહ છે અને બીજી બાજું માણેકનાથ છે. આ બન્ને જણાએ અરસ-પરસ વેશપલટો કરીને, એક હિન્દુને મૂર્ખ બનાવે છે અને બીજો મુસલમાનોને મૂર્ખ બનાવે છે. અને એ રીતે લોકોને ઉપદેશ આપે છે કે, આ તમે લોકો ક્યાં વેશપરિધાન ઉપર જાવ છો ? શું વેશ એ જ અલ્લા છે ? શું વેશ ને બ્રહ્મા એક છે ? આમ આ નવલકથામાં વાર્તા તત્ત્વ તો છે, પણ સાથે જીવનદર્શન પણ છે. આ કથામાં પુષ્પાબેન મહેતા પણ આવે છે અને ક્રિશ્ચિયન બાઈ રોઝમેરી પણ આવે છે તેમજ તેની બહેનપણી પાર્વતીબહેન પણ છે. જે મનુભાઈ પંચોળી 'દર્શક' ને પરણ્યાં હતાં.

**પ્રશ્ન :** છેલ્લે સાહેબ... નવી પેઢી માટે કોઈ સંદેશ આપવાનો હોય તો તમે શું આપો ?

**જવાબ :** મને તો એમ લાગે છે કે સ્વાધ્યાયની વાત ક્યાંય સમાતી નથી. જેટલું વાંચો એટલો આનંદ થાય. મોહનપુરી વેલનાથનું ભજન ગાતા હોય ત્યારે પૂરો આનંદ લીધો છે. લાભશંકર સુરદાસની કવિતા ગાતા હોય એમાં પણ પૂરો આનંદ લીધો છે. દરિયાનું મોજું આવે તો મજા છે. પત્ની ગાળ કાઢે તો પણ મજા છે. અને મારા માટે વૃક્ષ એ પૃથ્વી ઉપરનો સૌથી મોટામાં મોટો દેવ છે. કોઈ મંદિર, મૂર્તિ કે મસ્જિદની જરૂર નથી. વૃક્ષ પૂરતું છે. વૃક્ષ એ આ પૃથ્વીલોકની મહાન ચેતના છે. એટલે વૃક્ષનું ધ્યાન ધરો કે, એનાં મૂળિયાં આમ ફૂટે છે, એની ડાળીઓ આમ જાય છે, એમાં પાંદડાં આવાં ફૂટે છે, વૃક્ષ સાક્ષાત્ બ્રહ્મ છે. એનાથી મોટો સાક્ષાત્કાર મારા જીવનમાં અને આ શરીરમાં બીજો કોઈ નથી. બીજું, આપણે તો એક બૅન્ડના રેડિયો છીએ. કોઈનાં ત્રણ બૅન્ડ વાગતાં હોય, કોઈનાં ચાર બેન્ડ પણ વાગતા હોય, પરંતુ આ શરીરમાં તો મુખ્ય એક જ બૅન્ડ વાગે છે અને તે પુરાતત્ત્વનું.

નવી પેઢી માટે વાત કરું તો, નવી પેઢીએ સ્વાધ્યાય વધારવો જોઈએ. રખડપટ્ટી વધારવી જોઈએ. સંશોધનદૃષ્ટિ કેળવવી જોઈએ. ગામને પાદર વનસ્પતિ થાય તો વિચાર થવો જોઈએ કે, આનું પાંદડું કેમ લાલ છે ? અને આનું પાંદડું કેમ ગોળ છે ? આ માણસ કેમ આમ ચાલે છે ? પેલો માણસ કેમ તેમ ચાલે છે ? તમો જિજ્ઞાસા કરશો તો ઉત્તર આપોઆપ મળી જશે. માતાજી કહે છે કે, જે કોઈ બારણું ખખડાવે છે તેને મળે જ છે.

આ જગત અને આ જીવનથી કોઈ મહાન સત્ય નથી. અપ્રત્યક્ષ દુનિયા હોઈ જ ન શકે. ખરેખર તો આ જીવન જીવવા જેવું છે. ભરપૂર રીતે જીવવા જેવું છે. ગાંધીજી અને શ્રી અરવિંદનો પ્રસંગ છે કે, ગાંધીજીના આશ્રમમાં ચોરી થઈ તો ગાંધીજી ઉપવાસ ઉપર ઊતરી ગયા. અને શ્રી અરવિંદના આશ્રમમાં એક છોકરાએ બિસ્કિટ ચોર્યું, ને શ્રી અરવિંદ પછવાડેથી જોઈ ગયા, પેલો છોકરો ભાગ્યો, તો અરવિંદ એની પાછળ દોડ્યા અને પેલા પાસે જઈને બોલ્યા લાવ, અડધું મને લાવ. આ બન્ને સત્ય છે. મને અરવિંદનું સત્ય બરાબર લાગે છે. કોઈ છોકરાએ ભૂલ કરી, કોઈ સમાજે ભૂલ કરી, કોઈ મુસલમાને ભૂલ કરી, કોઈ હિન્દુએ ભૂલ કરી અરે ! માણસ છે ભાઈ ! ભૂલ થઈ જાય. ભૂલને એવી રીતે લ્યો કે એને આગળ ન લઈ જાય. હવાલો ન નાંખો. ગઈ કાલે હિન્દુ કે મુસલમાન આમ હતો, એવો હવાલો ન નાંખો. આ જે હિન્દુ કે મુસલમાન એમ ન પણ હોય. જગત પળે-પળ



પરિવર્તિત છે. આપણા કોશ હરક્ષણે પરિવર્તન પામી રહ્યા છે તો મનુષ્યના આધારે જ સંસ્કૃતિ અને ધર્મ છે એ પરિવર્તન કેમ ન પામે ?


આપણો રસ્તો આપણે જ નક્કી કરી લેવાનો છે. મુહમ્મદ-સાહેબ કહે એમ મારાથી જિંદગી ન જિવાય કે શંકરાચાર્ય કહે છે એમ મારાથી ન જિવાય. કયો માણસ શંકરાચાર્ય કહે છે એ રીતે જીવે છે ? કોણ મુહમ્મદસાહેબ કહે છે એમ જીવે છે ? આપણે આપણી રીતે અર્થઘટન કરવાના છે. અને એમ કરીએ તો જ મનુષ્યતા સાર્થક બને.

ગંગાસતી કહે છે ને કે, આખા દિવસના એકવીસ હજાર ને છસો શ્વાસ છે. એમાંથી કયો શ્વાસ છેલ્લો હોય કોને ખબર છે ! માટે જે શ્વાન મળ્યા છે એ શ્વાસે-શ્વાસને ભરપૂર માણી લો. એમાં જ્ઞાતિના, ધર્મના, રાષ્ટ્રીયતાના ભેદને લાવવાની ક્યાં જરૂર છે ? એટલે નવી પેઢીએ સખત સ્વાધ્યાય વધારવાની જરૂર છે. પ્રકૃતિથી વિમુખ ન બનો, પોતાની આજુ-બાજુની પ્રકૃતિને માણો. સતત માથું મૂકીને પ્રવાસ કરવા જેવા છે. જેટલાં માણસને મળશો, જેટલાં જનાવરને મળશો, જેટલાં વૃક્ષો, પશુ-પંખીઓને મળશો એટલાં તમે વિસ્તરશો.

૧૧

# અભ્યાસસજ્જ વિવેચક અને લોકસાહિત્ય મીમાંસક : જશવંત શેખડીવાળા

**ડૉ. રમણભાઈ પી. પટેલ**



બૃહદ્ ગુજરાતના વિદ્યાજગતમાં વિદ્યાવ્યાગી-અભ્યાસનિષ્ઠ અધ્યાપક; સાહિત્યાલોકના જાગૃત પહરી સમા પ્રખર વિવેચક અને લોકસાહિત્યના ઊંડા અભ્યાસીમર્મજ્ઞ તરીકે જાણીતા પ્રો. જશવંત શેખડીવાળાનું ૮૫ વર્ષની જૈફવયે તાજેતરમાં નિધન થયું છે. વિદ્યા અને સાહિત્યજગત માટે આ ઘટના દુઃખ છતાં શિક્ષણ-સાહિત્યક્ષેત્રે અર્પેલી નિસબતભરી દીર્ઘ સેવાઓથી તેઓ અક્ષર અને સ્મરણીય બની રહેશે.

પેટલાદ તાલુકાના નાનકડા ગામ શેખડીમાં જન્મ-ઉછેર-સંસ્કાર પામેલા શેખડીવાળાએ વતનમાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ મેળવી, વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષય સાથે બી.એ. (૧૮૫૪) અને એમ.એ. (૧૯૫૬)ની ડિગ્રી મેળવી, તેજસ્વી વિદ્યાકીય કારકિર્દી હાંસલ કરી.



આ સમયગાળા દરમિયાન સ્વ. ભાઈકાકા દ્વારા વલ્લભવિદ્યાનગરની સ્થાપના થતાં, તેની પ્રથમ કૉલેજ વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલય (સાયન્સ/આર્ટ્સ)ની સ્થાપના થઈ ચૂકી હતી. સ્વ. ભાઈકાકાએ ત્યારે ગુજરાત અને ગુજરાત બહારથી કેટલીક તેજસ્વી પ્રતિભા શોધી-ઓળખી આ સંસ્થાના શિક્ષણકાર્યમાં જોડેલી. તેમાં શેખડીવાળાની પણ પસંદગી થતાં તેઓ આ સંસ્થાના આર્ટ્સ વિભાગમાં ગુજરાતીના અધ્યાપક તરીકે ૧૯૫૬માં જોડાયા. પછી તો સરદાર પટેલ યુનિવર્સિટી સ્થપાતાં તેના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં લેક્ચરર તરીકે ૧૯૫૭માં જોડાયા. ત્યાર બાદ ક્રમશઃ રીડર, પ્રોફેસર, વિભાગીય વડા તરીકે રહી, કુલ ૩૩ વર્ષ સુધી સતત દીર્ઘ સેવાપ્રદાન કરી ૧૯૯૧માં વયોચિત નિવૃત્ત થઈ, વતન શેખડીમાં ૨૪ વર્ષ જેટલું શેષ ઉત્તરજીવન સાહિત્યના વાચન-લેખનમાં વીતાવ્યું.

વાચન-લેખનમાં સદા વ્યસ્ત અને મસ્ત રહેતા શેખડીવાળાની ગણના ગુજરાતની જૂની પેઢીના કેટલાક અભ્યાસનિષ્ઠ-વિદ્વાન અધ્યાપકોની હરોળમાં અગ્રસ્થાને થાય છે. સમય-શીલ-ચારિત્ર્ય-શિસ્તના ભારે આગ્રહી છતાં તેઓ સરલ, મિલનસાર, વિદ્યાર્થીવત્સલ, વિદ્યાપરાયણ, અને વિદ્યાર્થીઓની તેજસ્વી કારકિર્દી માટે હંમેશાં હિતચિંતા કરી તે માટે સક્રિય રહેતા નિષ્ઠાવાન અધ્યાપક તરીકે વિદ્યાર્થી આલમમાં લોકાદર પામી, પ્રીતિપાત્ર માન-સ્થાન પામ્યા. વિદ્યાર્થીઓને પૂરો સમય આપીને કેટલીક વાર તો વધારાનો સમય પણ આપીને) વિદ્યાર્થીઓને ન સમજાય ત્યાં સુધી ચર્ચા-વિચારણા કરે, તેમાં નર્યો પિતૃવાત્સલ્ય ભાવ અનુભવાય. તેઓ પોતે પીએચ.ડી. ન હોવા છતાં, તેમની વિદ્વત્તાને લક્ષમાં લઈ યુનિ.એ ખાસ કેસ તરીકે, તેમને પીએચ.ડી.ના ગાઈડ તરીકે માન્યતા આપતાં તેમના હાથ નીચે રજિસ્ટર્ડ થયેલ (તેમજ અન્યના હાથ નીચે રજિસ્ટર્ડ થયેલા) વિદ્યાર્થીઓ તેમનું સતત માર્ગદર્શન મેળવી, કેટલાય વિદ્યાર્થીઓ પીએચ.ડી.ની પદવી પામ્યા. અન્ય યુનિ.ના અપરિચિત વિદ્યાર્થીઓ પણ તેમનું માર્ગદર્શન મેળવતા. આજે તેમના કેટલાય વિદ્યાર્થીઓએ અધ્યાપક, આચાર્ય, સર્જક તેમજ વિવિધ ક્ષેત્રે ઉચ્ચ હોદ્દાના સ્થાને પહોંચી ગુરુને ગૌરવ અપાવ્યું છે. વિદ્યાર્થીઓની સાથેસાથ અધ્યાપકોની વિદ્યાકીય-સાહિત્યકીય પ્રવૃત્તિમાં રસરુચિ દાખવી, તેમને માર્ગદર્શન આપી, તેમને આગળ કરી પ્રોત્સાહિત કર્યા છે, પરિણામે તેમની રાહબરી હેઠળ ગુજરાતી વિભાગ શિક્ષણ, સાહિત્ય, સેમિનાર, વ્યાખ્યાનો, પ્રકાશનો વગેરે પ્રવૃત્તિઓથી સક્રિય અને સમૃદ્ધ બની રહેલ.

શિક્ષણકાર્યની સાથે તેમણે યુનિવર્સિટીનાં સેનેટ, સિન્ડિકેટ, એકેડેમિક

કાઉન્સિલ, બૉર્ડ ઑફ સ્ટડીઝ, ફેકલ્ટી વગેરે સત્તામંડળોમાં વિવિધ પદો પર દીર્ઘ સમય રહી વિદ્યાકીય-વહીવટીય દૃષ્ટિ-શક્તિનો ઉત્તમ પરિચય આપ્યો છે. ઉપરાંત યુનિ. જ્ઞાનગંગોત્રી શ્રેણી, સરદાર શતાબ્દીગ્રંથ જેવાં પ્રકાશનો તેમજ પેટલીકર ષષ્ઠિપૂર્તિ ભાઈકાકા તથા એચ.એન. પટેલ અભિનંદન ગ્રંથ જેવાં અન્ય પ્રકાશનોમાં પણ સહયોગી રહી, પોતાની સંપાદનદૃષ્ટિની પ્રતીતિ કરાવી છે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાતીનો અધ્યાપક સંઘ, મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, તેમજ વિવિધ યુનિવર્સિટીની સમિતિઓમાં સંકળાઈને સાહિત્ય પ્રવૃત્તિમાં સહયોગી રહ્યા છે.

શેખડીવાળા એક સફળ અધ્યાપક-શિક્ષણકાર છે, પરંતુ, વિશેષ તો તેઓ ગુજરાત-ગુજરાત બહારના સાહિત્યજગતમાં એક પ્રતિષ્ઠિત વિવેચક તરીકે પ્રતિષ્ઠા પામ્યા છે. અભ્યાસકાળથી ગુરુવર્ય સુરેશ જોશીના સાહિત્યકર્મનો પ્રબળ પ્રભાવ; રણજિત અનામી, હસિત બૂચ, આર.સી. શાહ, ચતુરભાઈ શં. પટેલ, મોહનભાઈ શં. પટેલ, જ.કા. પટેલ જેવા સાહિત્યકારોના સંપર્કો-સંસ્પર્શે તેમજ ગુજરાતી-ભારતીય-વિદેશીય સાહિત્યના વિશાળ વાચન-મનને તેમની સાહિત્યવિવેચનની દૃષ્ટિ સંમાર્જિત બની વિશેષરૂપે તીક્ષ્ણ-વેધક થવા પામી. પરિણામે, સાહિત્યકૃતિને માપવામાં તેમનાં માપદંડ હંમેશાં ઊંચાં રહ્યાં હોવાથી તે સમયે પ્રવર્તેલી સાહિત્યવાડાબંધી લક્ષી ગુણદર્શી-મૈત્રીવિવેચનની પરંપરાથી ઉફરાચાલી, ભલભલા જાણીતા સાહિત્યકારોની જાણીતી કૃતિઓમાં રહેલી ત્રુટિઓ-વિસંગતતાઓ-વિચિત્રતાઓને વાચકોસમક્ષ નિર્ભિક રીતે ખુલ્લી પાડી. અલબત્ત, તે માટે તર્કબદ્ધ રીતે આધારો અને ઉદાહરણો-પ્રમાણે પણ આપ્યો. આ સંદર્ભે તેમણે કેટલીક જાણીત નાટ્યકૃતિઓ-નવલકથાઓનાં પુનઃમૂલ્યાંકન ફેરવિચારણા કર્યાં, જે આજે સ્વીકાર્ય બની રહે છે. તેઓ કોઈ નવોદિત સર્જકની કૃતિમાં કશુંક ઉત્તમ જણાય તો તેને આવકારવાનું, પોસ્ટકાર્ડ લખીને પ્રોત્સાહિત કરવાનું પણ ભૂલતા નથી. ટૂંકમાં, પરિશીલન, સર્વગ્રાહિતા, સ્પષ્ટવક્તાપણું, નીડરતા, તુલનાત્મક અન્વેષણશક્તિ, તાર્કિકતા, તટસ્થતા વગેરે તેમના વિવેચનના મુખ્ય લક્ષણો છે.

ગુજરાતી સાહિત્યક્ષેત્રે જેટલા વિવેચનગ્રંથો, દશ જેટલાં સંપાદનો, પ્રતિષ્ઠિત સામયિકોમાં ૧૫૦ જેટલા વિવેચનલેખો, અનેક તજ્જ્ઞ વ્યાખ્યાનો-ચર્ચાપત્રો આપનાર શેખડીવાળાને તેમના ઉત્તમ વિવેચનલેખો માટે હરિઓમ આશ્રમ તરફથી બન્ને વખત એવોર્ડ અને સરદાર પટેલ મેમોરિય ટ્રસ્ટ કરમસદ તરફથી દીર્ઘ સાહિત્યસેવા-પ્રદાન માટે જાહેર નાગરિક સન્માન સાંપડેલ છે. 'બૃહદ



લોકસાહિત્યલોક, નામના જાણીતા ગ્રંથ અને 'લોકગુર્જરીના' સુંદર સંપાદનથી તેઓ લોકસાહિત્યના ઊંડા અભ્યાસી-મર્મજ્ઞ તરીકે વિશેષ પ્રકાશમાં આવ્યા. ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર (રાજકોટ)ના સ્થાપનાકાળથી મૃત્યુપર્યંત તેની લોકસાહિત્ય-પ્રવૃત્તિ સાથે સહયોગી રહ્યા, 'લોકગુર્જરી' અને 'ગુજરાત'ના અંકોમાં લોકસાહિત્ય વિશે મૂલ્યવાન લેખો વર્ષો સુધી લખતા રહ્યા, યુનિવર્સિટી-કૉલેજો દ્વારા યોજાતા લોકસાહિત્ય વિશેના પરિસંવાદોના માર્ગદર્શક અને વ્યાખ્યાતા તરીકે સહયોગી રહ્યા. ઈશ્વરલાલ દવે, પ્રભાશંકર તેરૈયા, જયમલ્લ પરમાર, પુષ્કર ચંદરવાકર, હસુ યાજ્ઞિક, બળવંત જાની, અંબાદાન રોહડિયા, નિરંજન રાજ્યગુરુ જેવા લોકસાહિત્યવિદ્ સાથે તથા લોકસાહિત્યના અનેક અભ્યાસીઓ સાથેની ચર્ચાગોષ્ઠિ થકી લોકસાહિત્યના મર્મજ્ઞ તરીકે તેમનો પરિચય થઈ રહે છે.

આમ, વલ્લભવિદ્યાનગરની નગરસંસ્કૃતિ અને શેખડીની ગ્રામસંસ્કૃતિ પરિવેશમાં તેઓ વાચન-લેખનના સાહિત્યપદારથ થકી પૂરેપૂર્યા મહોર્યા-વિકસ્યા. પોતાના નામ સાથે વતન શેખડીનું નામ જોડીને ગામની ઓળખ સાથે પોતાની આગવી ઓળખ ઊભી કરી. શેખડીથી અક્ષરનિવાસી થઈ વિશાળ ફલકે અક્ષરરૂપે વિસ્તર્યા.

૧૨

## લોકગીત આસ્વાદ અને અવબોધ શ્રેણી : લોકગીત-ગુંજન

મણકો - ૩

# કષ્ટપ્રદ કેર કાંટાની કમનીય કથા

ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

*હાં કે રાજ !*
*વાવડીનાં પાણી ભરવા ગ્યાં'તાં મને કેર કાંટો વાગ્યો.*
*હાં કે રાજ !*
*વડોદરાના વૈદડા તેડાવો, મારા કાંટડિયા કઢાવો,*
*મને પાટડિયા બંધાવો; મને કેર કાંટો વાગ્યો.*
*હાં કે રાજ !*
*ધોરાજીના ઢોલિયા મંગાવો, માંહી પાથરણાં પથરાવો,*
*આડા પડદલા બંધાવો; મને કેર કાંટો વાગ્યો.*
*હાં કે રાજ !*
*ઓશરિયેથી ખાંડણિયા રે કાઢો, મારા ધબકે ખંભા દુખે;*
*મને કેર કાંટો વાગ્યો.*
*હાં કે રાજ !*
*આંગણિયેથી ગાવલડીને કાઢો, એના વલોણાંને સોતી;*
*મને કેર કાંટો વાગ્યો.*



*હાં કે રાજ !*
*સસરાજીને ચોવટ કરવા મેલો, મને ઘૂંઘટડા કઢાવો;*
*મને કેર કાંટો વાગ્યો.*

*હાં કે રાજ !*
*નણંદડીને સાસરિયે વળાવો, એનાં છોરુડાંને સોતી,*
*મને કેર કાંટો વાગ્યો.*

*હાં કે રાજ !*
*ફળિયામાંથી પડોસણને કાઢો, એના રેંટિયાને સોતી,*
*મને કેર કાંટો વાગ્યો.*

('બૃહત ગુજરાતી કાવ્યસમૃદ્ધિ' પૃ. ૫૧)

કોઈપણ ભાષાનું લોકગીત એ ભાષા બોલતી પ્રજાની મજિયારી સંપત્તિ હોય છે. લોકગીતમાં મુખ્યત્વે સામાન્ય માણસના જીવનનું સંસારચિત્ર તાદૃશ્ય થાય છે. લોકગીતમાં વ્યક્ત થયેલું સંવેદન જેટલું વ્યાપક હોય, વિશાળ વર્ગને સ્પર્શતું હોય એટલું એ લોકપ્રિય બને. પ્રસ્તુત લોકગીત આપણે ત્યાં લોકપ્રિય થયું છે કેમ કે એમાં અભિવ્યક્ત થયેલી સંવેદના લોકભોગ્ય છે, લોકસંવેદ્ય છે.

'મને કેર કાંટો વાગ્યો' પંક્તિ પ્રસ્તુત લોકગીતની ધ્રુવપંક્તિ છે અર્થાત્ ગીતના કેન્દ્રસ્થ ભાવને વ્યક્ત કરતી પંક્તિ છે. ગીત કાવ્યનાયિકાની ઉક્તિ રૂપે સાંપડે છે. સંદર્ભ ઉપરથી સમજાય છે કે નાયિકા યુવતી છે અને પરણેલી છે. નાયિકાની સમગ્ર ઉક્તિ તેના પતિ, પ્રિયતમને ઉદ્દેશી કહેવાઈ છે. તેને તે 'રાજ !' એવું સંબોધન કરે છે. આ સંબોધનમાં નાયિકાનો પતિ પ્રત્યેનો પ્રેમ અને આદર બંને વ્યક્ત થાય છે. સ્ત્રી માટે એનો પતિ રાજાથી જરાયે કમ નથી. આમેય 'પતિરાજ' શબ્દપ્રયોગ પ્રચલિત છે. નાયિકાએ 'પતિરાજ' નથી કહ્યું, કેવળ 'રાજ' કહ્યું છે પરંતુ સંદર્ભ પરથી તે તેનો પતિ જ છે એ સ્પષ્ટ થઈ જાય છે.

સામાન્ય રીતે સંબોધનમાં 'હે રાજ !' કે 'હો રાજ !' આવે, પણ અહીં 'હાં કે રાજ !' આવે છે. આ સંબોધન નાયિકાની અવઢવને વ્યંજિત કરે છે. પત્ની પતિને આ ગીતમાં જે કંઈ કહે છે એ કહેવું કે ન કહેવું એની એને અપાર અવઢવ થતી હતી એ 'હાં કે રાજ' સંબોધન પરથી સૂચવાય છે. પ્રશ્ન થાય કે નાયિકા જે કહે છે એ કહેતાં તેને સંકોચ કે અવઢવ કેમ થાય છે ? સામાન્ય રીતે ભારતીય નારી લગ્ન પછી સાસરે આવી પોતાનું દૈનંદિન જીવન નવેસરથી જીવે છે. પિયરની એની દિનચર્યા અને શ્વશુરગૃહની દિનચર્યામાં કેટલોક તફાવત હોય છે. આ તફાવત

શરૂઆતમાં કઠતો હોય છે. લગ્ન પછી પોતાની જીવનચર્યામાં જે ફેરફાર થાય છે, કહો કે ફેરફાર કરવો પડે છે એ મોટાભાગની સ્ત્રીઓને પસંદ પડતો નથી પણ લગ્ન કર્યાં હોઈ એ સ્વીકાર્યા વિના છૂટકો પણ નથી.

પિયેરમાં પોતાને પડતી તકલીફની વાત સ્ત્રી સામાન્ય રીતે માતા આગળ કરતી હોય છે; ક્યારેક સમવયસ્ક ભાઈ-બહેનને પણ કરે; પરંતુ સાસરીમાં આવી ફરિયાદ કોને કરવી એ સ્ત્રી માટે મૂંઝવણભર્યું હોય છે. જેઠ-જેઠાણી, દિયર-દેરાણી કે નણંદ સમવયસ્ક હોય તો પણ નવવધૂ તેમની આગળ એકદમ પોતાનું હૈયું ખોલતી નથી, ખોલી શકતી નથી. પરણ્યા પછી સૌથી પહેલાં તો તેનો હૃદયસંવાદ પતિ સાથે થાય છે. તેથી તે પોતાના દિલની વાત તેની આગળ જ કરી શકે. આ ગીતની નાયિકા પણ એમ જ કરે છે.

પ્રશ્ન થાય કે નાયિકા પોતાના પતિને શું કહેવા માગે છે ? એવી તે શી વાત છે કે પતિને કહેતાં પણ તે સંકોચ - અવઢવ અનુભવે છે ? વાત તેના પોતાના દુઃખની છે, તકલીફની છે તેથી તેને અવઢવ થાય છે. આપણા પુરુષપ્રધાન સમાજમાં, પરિવારમાં પુરુષને કંઈ પણ તકલીફ થાય તો તે કોઈને પણ કહી શકે અને પરિવારના બધા સભ્યો તેની તે તકલીફ દૂર કરવા જે કંઈ કરવા જેવું હોય તે ઊલટભેર કરે. પરંતુ સ્ત્રીને અને ખાસ કરીને પરણીને થોડા સમય પહેલાં જ સાસરે આવેલી સ્ત્રીને નાનીમોટી કંઈ તકલીફ થાય તો સાસરિયાં દુર્લક્ષ કરતાં હોય છે. થોડીઘણી સહાનુભૂતિ તેને મળે તો પતિ પાસેથી મળતી હોય છે. તેથી જ આ ગીતની નાયિકા સંકોચપૂર્વક પોતાની વ્યથાની વાત પતિને પ્રેમપૂર્વક કહે છે.

નાયિકાની તકલીફ શું છે ? પ્રથમ પંક્તિમાં પતિને સંબોધન કરી બીજી પંક્તિમાં નાયિકા તરત તેને પોતાની તકલીફની વાત કરે છે. તે વાવડીનાં પાણી ભરવા ગઈ હતી ને ત્યાં તેને કેરનો કાંટો વાગે છે. આપણને થાય કે આ 'કેર કાંટો' એવી તે શી ચીજ છે કે તે વાગવાની ફરિયાદ નાયિકાએ પતિને કરવી પડે છે ? ગામડાથી પરિચિત લોકોને તો ખબર હશે જ કે કેરડી નામની એક વનસ્પતિ છે જેના કાંટા ખૂબ જ તીક્ષ્ણ હોય છે. એ કાંટો જો પગમાં કે શરીરમાં કોઈ પણ ભાગમાં ઘૂસી જાય તો તીવ્ર વેદના થાય છે. એમાંય જો એ બારીક કાંટો જલદી બહાર ન નીકળે તો પીડા વધવા લાગે. અણઘડ રીતે તેને જો બહાર કાઢવાનો પ્રયાસ કરવામાં આવે તો તે બહાર નીકળવાને બદલે શરીરમાં ઊંડો ઊતરે છે અને પીડાની તીવ્રતા વધી જાય છે.

વાવડીનાં પાણી ભરવા ગયેલી નાયિકાની હાલત પણ એવી જ છે. તેને વાગેલો કાંટો સરળતાથી બહાર નીકળ્યો નથી અને એને લીધે તેની વેદના વધી રહી છે. તેથી સૌથી પહેલાં તો તે પતિને કહે છે કે મારો કાંટો કાઢવા માટે



વડોદરાના વૈદ્યને બોલાવો. એ કુશળતાપૂર્વક કાંટો બહાર કાઢીને પાટો બાંધશે. નાયિકા વડોદરાના વૈદ્યને જ કેમ બોલાવવા કહે છે એવો જો કોઈને પ્રશ્ન થાય તો ગીતમાંથી એનો ઉત્તર નહીં મળે પણ કેર કાંટો કાઢવાની કલામાં વડોદરાના વૈદ્ય વધુ કુશળ હશે એવું અનુમાન કરી શકાય. તે કાંટો કાઢી જરૂરી પાટો પણ બાંધી આપશે.

કાંટો નીકળ્યા પછી અને પાટો બંધાયા પછી તરત નાયિકા ગૃહકાર્યમાં જોતરાઈ શકે તેમ નથી; કેમ કે પીડા અસહ્ય છે. તેથી તે પતિને ધોરાજીના ઢોલિયા (આરામદાયક ખાટલા) મંગાવવા અને એ આવી જાય પછી તેમાં પાથરણાં પથરાવવા અને બારણામાં તથા બારીમાં પડદા બંધાવવા જણાવે છે. ઢોલિયો મંગાવી તેમાં પોચાં પાથરણાં પથરાવવાની માંગણી તો સમજાય પણ આડા પડદા બંધાવવા નાયિકા કેમ કહે છે એવો જો કોઈને પ્રશ્ન થાય તો તેને ગ્રામજીવનનો ઝાઝો પરિચય નથી એમ જ કહેવું પડે. નવી પરણીને આવેલી સ્ત્રી સાસરીમાં ઢોલિયો ઢાળી આરામ કરે તો સાસરિયાં અને આડોશીપાડોશી પણ તે જોઈ ન શકે. તેમનાથી એ સહન ન થાય. નાયિકા આ બાબત બરાબર જાણે છે, સુપેરે સમજે છે તેથી તો પતિને આડા પડદા બંધાવા કહે છે. આડો પડદો વચમાં હોય તો આરામ કરતી નાયિકાને કોઈ જોઈ ન શકે અને તેથી તેમની અણગમો, અદેખાઈ પ્રદર્શિત કરતી નજરથી પણ બચી શકાય.

પરંતુ આટલું કરવાથી નાયિકા સંતુષ્ટ થાય એમ નથી. આટલું કરવાથી તેની સમસ્યા હળવી થશે કે ઉકેલાઈ જશે એવું નથી. તેની સમસ્યા બાહ્ય નજરે દેખાય છે એટલી જ કે એવી નથી. તેનું સ્વરૂપ સંકુલ છે. પિયરથી સાસરે આવ્યા પછી વધૂને જે તકલીફો થાય છે તેની યાદી ઘણી લાંબી છે. અલબત્ત આ નાનકડું ઊર્મિગીત (લોકગીત) હોવાથી નાયિકા તેમાં મુખ્ય મુખ્ય સમસ્યાઓનો જ સંકેત કરે છે. ગૌણ સમસ્યાઓ આનુષંગિક છે અને અવગણી શકાય એવી છે પરંતુ મુખ્ય સમસ્યાઓ ભયાવહ છે અને તાત્કાલિક ઉકેલ માગે એવી છે. 'કેર' શબ્દના અર્થ જોઈએ તો - 'મહાનાશ, જુલમ, ગજબ' - પણ થાય છે. 'કેરકાંટો'માં 'કેર'ને જો વિશેષણ ગણીએ તો આ અર્થો લઈ શકાય. ગીતમાં નાયિકા હવે પછી પતિ પાસે જે માગણીઓ મૂકે છે એ પરથી તો 'કેર કાંટો'ના આવા અર્થો પણ લેવા પડે.

આરંભમાં પોતાને કેર કાંટો વાગ્યો છે તે વૈદ્ય પાસે કઢાવો એમ પતિને કહ્યા પછી નાયિકા નજીક આવેલા પતિને બીજું કેટલુંક કઢાવવા કહે છે ત્યારે 'કેર કાંટો'નું સ્વરૂપ સવિશેષ સ્પષ્ટ થાય છે. શરૂઆત તે સાવ સ્થૂળ વસ્તુથી કરે છે. ઘરની ઓશરીમાં ખાંડણિયું છે. ગામડામાં જૂની પદ્ધતિનાં મકાનોમાં ઓશરીમાં

અનાજ ઇત્યાદિ ખાંડવાનું ખાંડણિયું રહેતું. નાયિકાના ઘરે પણ તે છે. પિયરમાં તે નહીં હોય એવું નથી પણ ત્યાં ખાંડવાની જવાબદારી તેને શિરે નહીં હોય. સાસરીમાં સંભવતઃ એ જવાબદારી તેને આપવામાં આવી છે અને એ તેને પસંદ નથી તેથી સૌથી પહેલાં તો તે પતિને કહે છે કે ઓશરિયેથી ખાંડણિયા રે કાઢો. અહીં 'ખાંડણિયાં' અને 'કાઢો'ની વચ્ચે આવી ચડેલો 'રે' અમસ્તો નથી આવ્યો, નાયિકાના આર્ત હૃદયની આહ એમાં ભળેલી છે. પંક્તિના ઉત્તરાર્ધમાં ખાંડણિયું કઢાવવાનું કારણ આપતાં તે કહે છે કે ખાંડતી વખતે થતા ધબકારાથી ધમધમ-થી મારા ખંભા દુઃખે છે. ખાંડવાનું, કૂટવાનું કામ કેવું કષ્ટપ્રદ છે એનો આછો અંદાજ આ પંક્તિ પરથી આવે છે.

સાસરીમાં સ્ત્રીને માથે બીજી જવાબદારી ઢોરોને સાચવવાની આવે છે. ઢોરને સાચવવામાં પોતે ઢોર જેવા બનવું પડતું હોય છે. એકાદ ગાય કે ભેંસને રાખવાની હોય તોયે ઘણો શ્રમ કરવો પડતો હોય છે. તેનાં મળમૂત્ર વગેરે સાફ કરવાં, તેને નવરાવવી-ધોવડાવવી વગેરે કાર્યો જો સ્ત્રીએ અગાઉ (પિયરમાં) ન કર્યાં હોય તો તેને તે ત્રાસરૂપ લાગવાની સંભાવના રહે. ગાય (કે ભેંસ) વિયાય પછી તેને દોહવાનું કામ ઉમેરાય. દૂધને જમાવી વલોણું કરવું એ પણ એવી જ મોટી જફાનું કામ છે અને જો એ કરવાની વૃત્તિ ન હોય તો વેઠરૂપ લાગે. નાયિકા માટે એ વેઠરૂપ જ છે તેથી તો તે પતિને કહે છે કે આપણા ઘરના આંગણામાંથી ગાયને એના વલોણા સહિત કાઢો. એમ કરવાથી 'ન રહે બાંસ, ન બજે બાંસુરી' એવી સ્થિતિનું નિર્માણ થશે જે નાયિકાને અભીષ્ટ છે.

સાસરે આવેલી સ્ત્રી માટે મોટે ભાગે સાસુ-સસરા અને નણંદ પણ માથાના દુઃખાવા રૂપ, ત્રાસરૂપ બનતાં હોય છે. સાસરામાં સ્થિર થયા પછી, પતિનો પ્રેમ પ્રાપ્ત કર્યા પછી સમજદાર સ્ત્રી પતિની મદદથી આ ત્રાસમાંથી પણ છુટકારો મેળવવા માગે છે. હમણાં સાસુથી છૂટવું શક્ય નથી પણ સસરા અને નણંદથી મુક્તિ મેળવવી શક્ય હોવાથી નાયિકા પતિને કહે છે કે સસરાજીને ચોવટ કરવા મોકલવા છે. 'ચોવટ' કરવી એટલે પંચાત કરવી. 'ચોવટ'નો એક અર્થ થાય છે ચકલું, બજાર, ખુલ્લી જગા. બીજો અર્થ છે પંથનો નિર્ણય - પંચનો ચુકાદો અને ત્રીજો અર્થ છે પંચાત - (લાંબી દોઢદાહી) ચોળાચોળ. સસરાજીને ચકલામાં ચોવટ કરવા મોકલવાનો મતલબ છે ઘરમાં બિનજરૂરી બકબક કરતા બંધ કરવા. તેઓ બહાર પંચાત કરે તો ઘરમાં શાંતિ રહે. વળી તે ઘરબહાર જાય તો વહુને ઘૂંઘટમાંથી પણ રાહત મળે; કેમ કે એ ઘરમાં હોય ત્યારે વહુએ ઘૂંઘટમાં રહેવું પડે છે. તેથી પોતાનો ઘૂંઘટ કાઢવો હોય તો સસરાને પણ ઘરમાંથી કાઢવો અનિવાર્ય બને.

સસરા ચોવટ કરવા જાય પછી સાસુજી તો ઘરકામમાં વ્યસ્ત રહે પણ



દોઢડાહી-ચાંપલી નણંદ ભાભીનું લોહી પીધા કરે. આ નણંદ તો પરણેલી છે અને એને બાળકો પણ છે જેને લઈ તે પિયર આવી છે અને ઘણો સમય થવા છતાં સાસરે જવાનું નામ નથી લેતી. તેથી નાયિકા પતિને સમજાવે છે કે નણંદને હવે તેનાં છોકરાં સાથે સાસરે વળાવો.

નણંદ સાસરે જાય પછી સાસુ શાંતિથી રહે અને વહુને પણ શાંતિથી જીવવા દે, પરંતુ પડોસણથી આ શાંતિ સહન ન થાય અને તે સાસુને સળીઓ કરે, જાતજાતની ચડવણી કરે તેથી નાયિકા પતિરાજને છેલ્લે કહે છે કે ફળિયામાંથી પડોસણને એના રેંટિયા સહિત કાઢો. પડોસણ નવરી પડે ત્યારે નાયિકાના ઘરે તેની સાસુ પાસે રેંટિયો કાંતતી કાંતતી (કે ભરતગૂંથણ કરતી) આવતી હશે અને કાનભંભેરણી કરતી હશે તેથી નાયિકા તેને પણ કાઢવાની માગણી મૂકે છે.

જોઈ શકાશે કે નાયિકાને વાગેલો 'કેર કાંટો' કેવળ કેરડી નામક વનસ્પતિનો સ્થૂળ-સૂક્ષ્મ કાંટો માત્ર નથી પણ બીજા અનેક અર્થમાં 'કેર કાંટો' છે અને એની પીડા-વેદના પેલા કાંટા કરતાં ક્યાંય અધિક છે. એવા કેર કાંટા તો કેટલીયે કોડામણી કન્યાઓના દામ્પત્યજીવનમાં કષ્ટ પેદા કરી એમનું જીવવું દોહ્યલું કરી મૂકતા હોય છે. તેથી એવા કાંટાને સત્વરે દૂર કરવા લગ્નજીવન-દામ્પત્યજીવનને ટકાવવા, સ્વસ્થ રાખવા જરૂરી હોય છે. એ દૂર કરવાનું પોતાના પતિને કહી શકે એવી હોશિયાર-હિંમતવાળી સ્ત્રીઓ થોડીક જ હોવાની. એવી કેટલીક કુશળ બહાદુર સ્ત્રીઓએ પોતાની અને પોતાના જેવી અનેક દુખિયારી સ્ત્રીઓની વેદનાને આ લોકગીતના માધ્યમ દ્વારા વાચા આપી છે અને અન્ય ઓછી હિંમતવાળી પણ પીડિત સ્ત્રીઓએ એને ઝીલી લઈ એના સૂરમાં પોતાનો સૂર પુરાવ્યો છે. આ લોકગીતની લોકપ્રિયતા એનો સજ્જડ પુરાવો છે.

લોકગીતની ભાષા બોલચાલની ભાષાની નિકટતમ હોય છે. 'વાવડી', 'વૈદડાં', 'પાટડિયા', 'પડદલા', 'ગાવલડી', 'નણંદડી', 'છોરુંડાં' જેવા લઘુતા/તુચ્છતાવાચક શબ્દો નાયિકાની મનઃસ્થિતિના સૂચક બને છે. 'વણોલાંને સોતી', 'છોરુંડાંને સોતી', 'રેંટિયાને સોતી' જેવા પ્રયોગોમાં પ્રયોજાયેલ 'સોતી' (સહિત) શબ્દની બળકટતા ધ્યાનાર્હ છે. આ શબ્દો પતિ આગળ ઉચ્ચારતી નાયિકાની દૃઢતા પણ દેખાય છે. 'તેડાવો', 'કઢાવો', 'બંધાવો', 'વળાવો', જેવાં અને 'કાઢો', 'મેલો' જેવાં ક્રિયાપદનાં આજ્ઞાર્થ રૂપો પણ નાયિકાના પતિ પરના વિશ્વાસ પ્રભુત્વનાં દ્યોતક જણાય છે. 'વડોદરાના વૈદડાં', 'ધોરાજીના ઢોલિયા'ના વર્ણાનુપ્રાસ સાહજિક લાગે છે. લોકબોલીમાં વપરાતા શબ્દો પણ કેવા અસરકારક અને ચોટદાર હોય છે એનો આહ્‌લાદક અહેસાસ આ આસ્વાદ્ય લોકગીત સુપેરે કરાવી રહે છે.

# મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર કાર્યવૃત્ત

ડૉ. અંબાદાન રોહડિયા

## ❑ ૧. પુષ્કર ચંદરવાકર વ્યાખ્યાનમાળા અને ગુરુવંદના

ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર તેમજ ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દી ભવનના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં તા. ૯-૭-૨૦૧૫ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે પુષ્કર ચંદરવાકર વ્યાખ્યાનમાળા અને ગુરુવંદના અંતર્ગત સંનિષ્ઠ પત્રકાર પ્રોફે. વિષ્ણુ પંડ્યાનું 'મેઘાણી : નવી નજરે' વિષય પર વ્યાખ્યાન યોજાયું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવશ્રી રમેશ પરમાર તેમજ ભાષા-ભવનના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વ્યાખ્યાનમાળા અંતર્ગત યોજાયેલા આ દ્વિવિધ કાર્યક્રમનો આરંભ આપણી ભારતીય પરંપરા પ્રમાણે દીપ પ્રગટાવીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ગુજરાતી ભવનના અધ્યાપક ડૉ. મનોજ જોષીએ રમેશ પારેખનું ગીત - (કાળ સાચવે પગલાં...) પ્રાર્થનાથી પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ મહેમાનો અને સૌ અધ્યાપકોને 'લોકગુર્જરી'ના અંક આપીને વિદ્યાર્થીઓ દ્વારા ગુરુવંદના કરવામાં આવી હતી. ડૉ. અંબાદાન રોહડિયાએ શાબ્દિક સ્વાગત કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ચાર વર્ષથી કાર્યરત મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ પરિસંવાદો, વ્યાખ્યાનો, પુસ્તક પ્રકાશન, દસ્તાવેજીકરણ, ગ્રંથાલય, વિદ્યાર્થીઓ માટેના નિઃશુલ્ક






વર્ગો અને મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર તરફથી અપાતા વિવિધ એવોર્ડની વાત કરી. જેમાં આ વર્ષ ૨૦૧૫નો મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ સુખ્યાત સંશોધક-લોકવિદ્યાવિદ્ જોરાવરસિંહ જાદવને અને વર્ષ ૨૦૧૫થી આરંભાયેલ લોકગાયક હેમુ ગઢવી એવોર્ડ સર્વ પ્રથમ જાણીતા લોકગાયિકા પદ્મશ્રી દિવાળીબેન ભીલને એનાયત થશે. પુષ્કર ચંદરવાકર વ્યાખ્યાનમાળાનું પ્રથમ વ્યાખ્યાન ભાવનગર યુનિવર્સિટી ખાતે ડૉ. હસુ યાજ્ઞિકે, બીજું વ્યાખ્યાન ગાંધીનગર ખાતે શ્રી દોલત ભટ્ટે આપેલ અને ત્રીજું વ્યાખ્યાન રાજકોટ ખાતે પ્રો. વિષ્ણુ પંડ્યાનું યોજાયું છે, તેમ જણાવ્યું હતું.

પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા ડૉ. નીતિન વડગામાએ મેઘાણી અને પ્રો. વિષ્ણુ પંડ્યા બંને પત્રકારત્વ સાથે સંકળાયેલા હોય, તેને યોગાનુયોગ તરીકે ઓળખાવી પત્રકારત્વક્ષેત્રે મેઘાણીના કાર્યની વાત કરી અને આજના દિવસને મણિકાંચનયોગ કહી ઓળખાવ્યો અને આવા કાર્યક્રમો પ્રત્યે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો. અંગ્રેજી ભવનના અધ્યક્ષ ડૉ. કમલ મહેતાએ કાર્યક્રમ માટે આનંદની લાગણી વ્યક્ત કરીને ગુરુપૂર્ણિમાને વ્યાસપૂર્ણિમા કહી મહાભારતની યાદ અપાવી. ડૉ. એમ.કે.મોલિયા

અને ડૉ. શૈલેષ મહેતાએ પણ ગુરુમહિમાની વાત કરી ગુરુ પરંપરા વિશે વિશેષ પ્રકાશ પાડ્યો હતો.

'ઝવેરચંદ મેઘાણી નવી નજરે' એ વિષય પર પ્રો. વિષ્ણુ પંડ્યાએ મેઘાણીના જીવનના મહત્ત્વના પ્રસંગોને તદ્દન નવી જ દૃષ્ટિથી મૂલવ્યા હતા. મેઘાણીના જીવન દરમિયાન બનેલી અવ-નવી ઘટનાઓને વિવિધ સંદર્ભે નવા જ અભિગમ સાથે રજૂ કરી હતી. એક સામાન્ય વણિક પરિવારમાંથી આવતા આ મોટા ગજાના સર્જકે પોતાની ઉત્તમ સાધનાથી સત્યાગ્રહોથી માંડીને સૌરાષ્ટ્ર અખબાર સાથે જોડાયેલા મેઘાણી અને અમૃતલાલ શેઠના કેટલાક પ્રસંગોની વાત કરી, તો સાથોસાથ મેઘાણીનાં ગીતોની ઝલક આપી હતી. જેમાં 'છેલ્લો કટોરો...', 'હજારો વર્ષોની અમારી વેદના...', 'કોઈનો લાડકવાયો...' વગેરે જેવાં ગીતોની રચના પાછળનાં કારણોની ખૂબ ઊંડાણપૂર્વક વિવિધ સંદર્ભો સાથે પ્રાસંગિક વાત કરી અને બહોળી માત્રામાં ઉપસ્થિત રહેલાં વિદ્યાર્થી સમક્ષ મેઘાણીની સર્જકપ્રતિભા અને સંશોધનકલાને મૂકી આપ્યાં. અંતમાં છાત્રોએ પૂછેલા પ્રશ્નોનું સમાધાન કરી આપ્યું. ડૉ. દીપક પટેલે આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### ❑ ૨. લોકગાયક 'હેમુ ગઢવી એવોર્ડ' અર્પણ સમારોહ :

ગુજરાત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૧માં ગુજરાતી સાહિત્યક્ષેત્રે સિમાચિહ્નરૂપ મહત્ત્વના નિર્ણયના ભાગરૂપે ગુજરાતી લોકસાહિત્યમાં સંશોધકો અને સંપાદકો જે આ ક્ષેત્રમાં દાયકાઓથી કાર્યરત છે તેઓને પ્રોત્સાહિત કરવા અને સન્માનીત







કરવા શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની સ્થાપના દ્વારા આ પ્રવૃત્તિને વેગ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ગુજરાત સરકાર દ્વારા શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રનું સંચાલન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને સોંપવામાં આવ્યું છે.

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩, અને ૨૦૧૪માં જાણીતા રામાયણી પૂ. મોરારિબાપુના વરદહસ્તે ગુજરાતી લોકસાહિત્યના પ્રથમ પંક્તિના સંશોધકો અને સંપાદકો સર્વશ્રી ભગવાનદાસ પટેલ, ડૉ. હસુભાઈ યાજ્ઞિક, ડૉ. કનુભાઈ જાની, ડૉ. શાંતિભાઈ આચાર્યને 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ' અર્પણ કરવામાં આવેલ છે. આ 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ'ની સાથે રૂા. એક લાખ પુરસ્કાર તરીકે આપવામાં આવે છે. ૨૦૧૫નો 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ' ગુજરાતી લોકસાહિત્યમાં જેમનું નામ મોખરે છે એવા શ્રી જોરાવરસિંહ જાદવને અર્પણ કરવાનો નિર્ણય શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્રના પ્રથમ પંક્તિના લોકગાયક અને આકાશવાણીના વિશ્વવિખ્યાત કલાકાર સ્વ. હેમુ ગઢવી કે જેઓ ૧૮-૮-૧૯૬૫ના રોજ અવસાન પામેલ હતા, તેઓની ૫૦મી પુણ્યતિથિ નિમિત્તે હેમુ ગઢવી સ્મૃતિ સંસ્થાપન દ્વારા રાજકોટ ખાતે ત્રિદીવસીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

ગુજરાત સરકાર દ્વારા સ્થપાયેલ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા લોકસાહિત્યના સંશોધકો-સંપાદકો જેટલું જ મહત્ત્વ લોકગાયકો/લોકવાર્તાકારોનું

છે, એ વાત સ્વીકારીને આ ક્ષેત્રના મહાનુભાવોને ૨૦૧૫ના વર્ષથી 'લોકગાયક હેમુ ગઢવી એવોર્ડ' આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ અંતર્ગત પ્રથમ લોકગાયક હેમુ ગઢવી એવોર્ડ સુપ્રસિદ્ધ લોકગાયિકા પદ્મશ્રી દિવાળીબેન ભીલને અર્પણ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. તે અનુસંધાને તા. ૧૮-૮-૧૫ના રોજ રાજકોટ ખાતે ગુજરાત રાજ્યના માન. ગવર્નરશ્રી ઓ.પી.કોહલી, જાણીતા રામાયણીશ્રી પૂ. મોરારિબાપુ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં પદ્મશ્રી દિવાળીબેનને અર્પણ કરવામાં આવ્યો હતો.

માન. રાજ્યપાલશ્રી, પૂ. મોરારિબાપુ, કુલપતિશ્રી અને રૂપાલાજીએ લોકગાયિકા પદ્મશ્રી દિવાળીબેન ભીલે લોકગીત ક્ષેત્રે કરેલ પ્રદાનની પ્રશંસા કરી હતી, કે ગુજરાતી લોકગીતો દેશ-વિદેશમાં સમધુર કંઠે પ્રસ્તુત કરીને આ કોકિલકંઠી લોકગાયિકાએ માટીના સૂરની મહત્તા પ્રગટાવી છે. ગીરની તળભૂમિમાંથી પ્રગટેલ આ સૂર વિશ્વના અનેક દેશોમાં પ્રસર્યા અને ગુજરાતને ગૌરવાન્વિત કર્યું છે. 'લોકગાયક હેમુ ગઢવી એવોર્ડ' સૌ પ્રથમ પદ્મશ્રી દિવાળીબેન ભીલને મળવાને કારણે તેમનું તો ગૌરવ વધ્યું જ છે, સાથોસાથ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અને આ એવોર્ડની ગરિમા પણ વધી છે. સુ.શ્રી દિવાળીબેનની સ્વરસાધનાની સર્વોચિત અને સમયોચિત વંદના અભિનંદનીય છે.

આ એવોર્ડ અર્પણ કરતી વખતે હેમુ ગઢવી સ્મૃતિ મહોત્સવના અધ્યક્ષશ્રી પરસોત્તમભાઈ રૂપાલા, જાણીતા લોકસાહિત્યકારશ્રી ભીખુદાન ગઢવી, મેયરશ્રી રક્ષાબેન બોળિયા, ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા અને સ્વ. હેમુ ગઢવી પરિવારના પરિવારજનો સર્વશ્રી બિહારીભાઈ ગઢવી, એડી. કલેક્ટરશ્રી રાજેન્દ્રભાઈ ગઢવી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં પૂર્વ કુલપતિશ્રી ડૉ. મહેન્દ્ર પાડલિયા, ડૉ. બળવંત જાની, સિન્ડિકેટ સભ્યશ્રીઓ સર્વશ્રી ડૉ. ગિરીશ ભીમાણી, ડૉ. ભાવિન કોઠારી, ડૉ. રમેશ વાઘાણી, કુલસચિવશ્રી ડૉ. ધીરેન પંડ્યા, નિયામકશ્રી ડૉ. અંબાદાન રોહડિયા અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવો તેમજ લોકપરંપરાના ચાહકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ❑ ૩. 'હેમુ ગઢવી : જૂજવે રૂપે અનંત ભાસે' - પરિસંવાદ

આપણી લોકસંસ્કૃતિની મૂળ સંવેદનાઓને હેમુભાઈએ હૃદયસ્પર્શી રીતે મૂકી છે : ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ



- સ્વનો નહી પણ સર્વનો વિચાર કરનાર હેમુ ગઢવી હતાં.
  — ડૉ. બળવંત જાની
- 'રાંકનું રતન'એ કર્મનિષ્ઠ પ્રસારણનું મહાન ઉદાહરણ છે. — ભરત યાજ્ઞિક
- ૩૫ વર્ષ જીવેલા માણસને આજે ૫૦ વર્ષેય યાદ કરીએ છીએ.
  — શાહબુદ્દીન રાઠોડ
- હેમુ ગઢવી નવી શૈલી ઊભી કરનારા સમર્થ સર્જક છે — વી.એસ. ગઢવી

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર — સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા 'જૂજવે રૂપે અનંત ભાસે' હેમુ ગઢવીના પ્રદાન વિશે એકદિવસીય પરિસંવાદમાં વક્તાઓએ આપી હેમુ ગઢવીના જીવન-કવન વિશેની ઝાંખી.

લોકસંગીતના સમર્થ ગાયક હેમુ ગઢવીની વિદાયને આજે પચાસ વર્ષ પૂર્ણ થયા છે, ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા આ મહાન લોકગાયક-લોકહૃદયસ્થ શ્રી હેમુ ગઢવીની ૫૦મી પુણ્યતિથિ નિમિત્તે એક દિવસીય પરિસંવાદનું આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આર્ટ ગેલેરી સભાખંડમાં તા. ૧૯-૮-૨૦૧૫ના દિવસે કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. પ્રતાપસિંહ ચૌહાણે અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું હતું કે, હેમુ ગઢવીએ આપણી લોકસંસ્કૃતિની મૂળ સંવેદનાઓને હૃદયસ્પર્શી રીતે મૂકી છે. આજની જનરેશન માટે આ પ્રકારના લોકગાયકોએ જે પરંપરા અને સામાજિક જાગૃતિનું કાર્ય કર્યું છે તે યાદ રાખવું જરૂરી છે. મેઘાણી કેન્દ્રના નિયામક ડૉ. અંબાદાન રોહડિયાએ મેઘાણી કેન્દ્રની પ્રવૃત્તિઓ તથા આ વર્ષથી શરૂ થયેલ 'લોકગાયક હેમુ ગઢવી એવૉર્ડ' જે પદ્મશ્રી દિવાળીબેન ભીલને પૂ. મોરારિબાપુના વરદ્ હસ્તે અર્પણ થયો તેની માહિતી આપી હતી અને આ પરિસંવાદની ભૂમિકા સ્પષ્ટ કરી, લોકગાયક હેમુ ગઢવીના પ્રદાન વિશે ચર્ચા કરી હતી. જાણીતા વિદ્વાન-વક્તા ડૉ. બળવંત જાનીએ હેમુ ગઢવીના રેડિયો સ્ક્રિપ્ટ લેખન અને તેના સાહિત્યિક પ્રદાનની ચર્ચા કરતા જણાવ્યું હતું કે, હેમુભાઈ પાસે સૂપડામાંથી કહોજણ કાઢવાની સૂઝ હતી. હેમુભાઈ સમૂહજન્ય-સમૂહભોગ્ય કલાને નાણી-જાણી શક્યાં હતાં. નરસિંહ મહેતા પછી પ્રભાતિયાં વિશિષ્ટ રીતે ગાનાર કોઈ ગાયક હોય તો તે હેમુ ગઢવી હતાં.

હેમુ ગઢવી સાથે આકાશવાણી-રાજકોટમાં કાર્ય કરનાર જાણીતા નાટ્યકર્મી-ઉદ્‌ઘોષક ભરત યાજ્ઞિકે હેમુ ગઢવીના 'રાંકનું રતન' રેડિયો નાટિકાની સર્જનપ્રક્રિયા તથા મેઘાણીની વાર્તા 'રતન ગિયું રોળ' કથાનકનો આધાર લઈને જે રેડિયો




નાટિકાનું સર્જન કર્યું હતું તેના અનુભવો હૃદયસ્પર્શી રીતે રજૂ કર્યા હતાં. જ્યારે જાણીતા કવિ પ્રા. ડૉ. વિનોદ જોશીએ હેમુ ગઢવીની સંગીતિકાઓ અને રેડિયો નાટક વિશેનો ભેદ સમજાવીને હેમુ ગઢવીના 'માંગડાવાળો' સંગીત નાટિકાના કેન્દ્રસ્થાનો ચીંધી બતાવ્યાં હતાં. જાણીતા હાસ્યકાર શાહબુદ્દીન રાઠોડે હેમુ ગઢવી સાથેના થાનગઢના સંસ્મરણો રજૂ કર્યાં હતાં. શાહબુદ્દીન રાઠોડે કહ્યું હતું કે, ૩૫ વર્ષ જીવેલા માણસને આજે ૫૦ વર્ષેય યાદ કરીએ છીએ એ સામાન્ય ઘટના નથી. નવરાત્રિમાં હેમુ ગઢવી થાનમાં કાર્યક્રમ આપવા આવતા અને ત્યારે હાસ્ય-વિનોદની વાતો પણ મર્મસ્પર્શી રીતે કરતાં હતાં. માહિતી વિભાગ-ગુજરાત રાજ્યના કમિશ્નરશ્રી વી.એસ. ગઢવીએ પરિસંવાદના અધ્યક્ષ તરીકે જણાવ્યું હતું કે, કેટલાંક માનવીઓ પ્રદેશ કે કોમમાં જ નહીં પણ સમગ્ર સમાજમાં સ્વીકૃત હોય છે. ૫૦-૫૦ વર્ષ સુધી હેમુ ગઢવીની પુણ્યતિથિ સમાજે ઉજવી છે, એ સામાન્ય ઘટના નહીં પણ વિરલ ઘટના. હેમુ ગઢવી નવી શૈલી ઊભી કરનારા સર્જક હતાં.

સમગ્ર પરિસંવાદની બેઠકનું સંચાલન પ્રા. રેખાબા જાડેજાએ કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે ડૉ. મનોજ જોશીએ ઝવેરચંદ મેઘાણીની 'અષાઢી સાંજના અંબર ગાજે' રચનાનું ગાન પ્રસ્તુત કર્યું હતું. હેમુ ગઢવીને અંજલીરૂપે સમર્પિત આ પરિસંવાદનો લાભ વિવિધ ભવનોનાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને અસંખ્ય હેમુ ગઢવી પ્રેમીઓએ લીધો હતો.



## ❑ ૪. 'લોકસંસ્કૃતિની સરવાણી - લોકડાયરા'નો કાર્યક્રમ યોજાયો

સૌરાષ્ટ્ર યુનિ.માં ફરજ બજાવતા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ શારીરિક અને માનસિક રીતે વધુ સુદ્દઢ બને અને કર્મચારીઓમાં 'વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના જાગૃત થાય માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે. પ્રતાપસિંહ ચૌહાણના માર્ગદર્શન હેઠળ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ તેમજ તેમના પરિવાર માટે તા. ૧૧-૯-૨૦૧૫, શુક્રવારના રોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ કેમ્પસ ખાતે આવેલ એન.એફ. ડી.ડી. હૉલ ખાતે ''લોકસંસ્કૃતિની સરવાણી - લોકડાયરા'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમના પ્રારંભે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે. પ્રતાપસિંહ ચૌહાણ દ્વારા શાલ અને 'લોકગુર્જરી' અંકથી શ્રી ભીખુદાનભાઈનું સન્માન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમના પ્રારંભે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણે અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર એ લોકસાહિત્યની જનેતા છે. ભારતના વડાપ્રધાનશ્રી તેમજ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની લોકસાહિત્ય પ્રત્યેની લાગણી અને આજની યુવા પેઢી લોકસાહિત્યથી પરિચીત થાય તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને લોકસાહિત્યના સંવર્ધન અને સંશોધન પ્રવૃત્તિ માટે ગુજરાત સરકાર દ્વારા શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રનું સંચાલન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને સોંપવામાં આવ્યું છે. શ્રી ચૌહાણે વધુમાં જણાવ્યું હતું કે આજના યુગમાં આપણી લોકસંસ્કૃતિનું મહત્ત્વ ઘટતું જોવા મળે છે. તેની જાળવણી માટે યુવાનો આપણી લોકસંસ્કૃતિથી પરિચીત થાય તેવા હેતુથી યુનિવર્સિટી દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં લોકસાહિત્યના વિશ્વ વિખ્યાત લોકવાર્તાકાર તેમજ લોકગાયકશ્રી ભીખુદાનભાઈ ગઢવીએ લોકસંસ્કૃતિની સરવાણી રજૂ કરેલ હતી અને શ્રોતાઓને લોકસાહિત્ય તેમજ હાસ્યથી તરબોળ કર્યા હતા. શ્રી ભીખુદાનભાઈએ જણાવ્યું હતું કે આજના યુવાનો આપણી લોકસંસ્કૃતિને જાણે અને તેનું જતન કરે તે માટે આવા કાર્યક્રમો થવા ખૂબ જ જરૂરી છે. કોઈ યુનિવર્સિટી દ્વારા કર્મચારીઓ તેમના પરિવાર અને વિદ્યાર્થીઓ માટે લોકસાહિત્યના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હોય તેવી આ પ્રથમ ઘટના છે અને આ કાર્યક્રમના આયોજન બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણનો આભાર માનેલ હતો.

કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના નિયામકશ્રી ડૉ. અંબાદાન રોહડિયાએ કરેલ હતું.

આ 'લોકસંસ્કૃતિની સરવાણી'ના કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સિન્ડિકેટના સદસ્યશ્રીઓ સર્વશ્રી ડૉ. ભાવિન કોઠારી, ડૉ. વિજય પટેલ, શ્રી નેહલ શુક્લ, ડૉ. રમેશ વાઘાણી, ડૉ. અમિત હપાણી, ડૉ. ધરમ કાંબલીયા, શ્રી હરદેવસિંહ જાડેજા, કુલસચિવશ્રી ડૉ. ધીરેન પંડ્યા, શ્રી હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી ડૉ. બળવંત જાની, કેન્દ્રના નિયામકશ્રી ડૉ. અંબાદાન રોહડિયા, વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, નોન-ટીચીંગ સ્ટાફ તેમજ બહોળા પ્રમાણમાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.








# આ અંકના લેખકો

**ડૉ. નિરંજન રાજ્યગુરુ,** આનંદ આશ્રમ, ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટ પીન : ૩૬૦૩૧૧

**જે. એમ. ચંદ્રવાડિયા,** 'ગાયત્રી કૃપા', યોગીનગર, ઈલોરા સોસાયટી, ધારી-૩૬૫૬૪૦, જિ. અમરેલી

**ડૉ. દીપક પટેલ,** રીડર, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**ડૉ. બળવંત જાની,** 'તીર્થ' ૨૬૪ - જનકપુરી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫

**શિવદાન ગઢવી,** ૩૭, શાકુન્તલ બંગલોઝ, સોલા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.

**ડૉ. અંબાદાન રોહડિયા,** 'રવેચીકૃપા', ૪, હરિનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫

**ડૉ. ભરત પંડ્યા,** આસિ. પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ફેકલ્ટી ઑફ આર્ટ્સ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.

**હરેશ ધોળકિયા,** પેરિસ બેકરી સામે, મિન્ટ રોડ, ભૂજ

**રાજેન્દ્ર બાંભણિયા,** શોધછાત્ર, ગુજરાતી વિભાગ, વિનયન વિદ્યાશાખા, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

**ડૉ. રવજી રોકડ,** 'સોહમ્', રમાવાડી, ખોડપરા મેઈન રોડ, જેતપુર-૩૬૦૩૭૦

**પ્રસાદ બ્રહ્મભટ્ટ,** ૧૦, શુકન વિલાઝ, બકેરી સિટી, ટાગોર માર્ગ, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧

**ડૉ. આર. પી. પટેલ,** નિયામકશ્રી, આણંદ આર્ટ્સ કૉલેજ, આણંદ



દરિયાપારના દેશોમાં કંઠસ્થપરંપરાના લોકસાહિત્ય પરત્વે પ્રજા સમુહને અપાર પ્રીતિ છે એવું સાંભળવા મળતું, પરંતુ પ્રથમ વખત પ્રત્યક્ષ અનુભવ થયો. પરદેશની પ્રજાને લોકસાહિત્ય વિશે સાંભળવાની-જાણવાની અપાર સ્પૃહા છે. અમેરિકા, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકાના દેશોમાં લોકસાહિત્યનાં કાર્યક્રમો-વાર્તાલાપોના કાર્યક્રમો વારંવાર યોજાતા હોય છે. જેટલાં અર્વાચીન ગુજરાતી કવિતા કે સાહિત્યના વાર્તાલાપો યોજાય એના કરતાં ચાર-પાંચ ગણાં વધુ કાર્યક્રમો લોકસાહિત્યના હોય છે. આ લોકસાહિત્યમાં પણ વધુ માત્રામાં ચારણી છંદો, ગીતો, દુહા-વાર્તાઓ પછી ભજનો અને રાસ, લોકગીતો.

અમેરિકાની ગુજરાતી લિટરરી એકેડેમી ઑફ નોર્થ અમેરિકાના વાર્ષિક અધિવેશનમાં ચારણી સાહિત્યની એક સળંગ બેઠક યોજાયેલી. સાડાત્રણસો જેટલા પ્રતિનિધિઓમાંથી છેલ્લા દિવસની છેલ્લી બેઠક હોવા છતાં કોઈ નીકળી ગયેલા નહીં. મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની સાથે આ એકેડેમી સાંસ્કૃતિક આદાન-પ્રદાન માટે M.O.U. કરવાની છે. આ એક મોટી લોકસાંસ્કૃતિક ઘટના છે, દરિયાપારના દેશોની લોકસાહિત્યપ્રીતિનું પ્રતીક આ ઘટના ગણાશે.

ડૉ. અંબાદાન રોહડિયા

લોકગુર્જરી • સળંગ અંક : બેતાલીસ


ISSN : 2320-8872


# લોકગુર્જરી

સળંગ અંક : બેતાલીસ

(ત્રૈમાસિક : પાંચમું વર્ષ, ત્રીજો અંક, ડિસેમ્બર-૨૦૧૬)

સંપાદક : ડૉ. બળવંત જાની






શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

લોકગુર્જરી

વર્ષ : ૨૦૧૨-૧૩

વર્ષ : ૨૦૧૩-૧૪

વર્ષ : ૨૦૧૪-૧૫

વર્ષ : ૨૦૧૫-૧૬

વર્ષ : ૨૦૧૬-૧૭



## શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રનાં પ્રકાશનો



પૃ. ૩૮૩, કિં. : રૂ. ૧૯૫ વર્ષ : ૨૦૧૩

પૃ. ૩૨૮, કિં. : રૂ. ૧૭૦ વર્ષ : ૨૦૧૩

પૃ. ૧૬૮, કિં. : રૂ. ૮૦ વર્ષ : ૨૦૧૪

પૃ. ૪૦૮, કિં. : રૂ. ૨૧૦ વર્ષ : ૨૦૧૪

પૃ. ૧૫૦, કિં. : રૂ. ૧૦૦ વર્ષ : ૨૦૧૫

કિંમત રૂા. ૪૫૦ વર્ષ : ૨૦૧૬

પૃ. ૨૨૮, કિંમત રૂા.૧૫૦ વર્ષ : ૨૦૧૬

પૃ. ૨૨૩, કિંમત રૂા. ૫૦૦ વર્ષ : ૨૦૧૬

## ગુજરાતી લિટરરી એકેડેમી ઑફ નોર્થ અમેરિકા'નું દસમું દ્વિ-વાર્ષિક અધિવેશન, ન્યૂજર્સી











# લોકગુર્જરી

**સળંગ અંક : બેતાલીસ**

**(ત્રૈમાસિક : પાંચમું વર્ષ, ત્રીજો અંક, ડિસેમ્બર-૨૦૧૬)**

: સંપાદક :

**ડૉ. બળવંત જાની**

**શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**
*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી*
*રાજકોટ-૫*

**'Lok Gurjari-42'**
Quartely Journal of  Oral Traditional folk Literature of Gujarat,
Edited by Dr. Balvant Jani, Published by 'Shri Jhaverchand Meghani Loksahitya Kendra' and Gujarat Sahitya Academy,
Gandhinagar-382 017

ISSN : 2320-8872

પ્રકાશન : પાંચમું વર્ષ. ત્રીજો અંક : ડિસેમ્બરર-૨૦૧૬

પ્રત : ૫૦૦

પૃષ્ઠ : ૧૦+૧૩૪=૧૪૪

મૂલ્ય : છૂટક કિંમત રૂ. ૧૦૦-૦૦
(વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦૦, પંચવાર્ષિક લવાજમ રૂ. ૧૦૦૦
વિદેશમાં રૂ. ૬૦૦)

આવરણ ચિત્ર : પ્રતાપસિંહ જાડેજા, રાજકોટ

પ્રકાશક :
**ડૉ. અંબાદાન રોહડિયા**
માનદ્ નિયામક,
શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

મુદ્રક :
**ક્રિષ્ના ગ્રાફિક્સ**
૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૦૭૯-૨૭૪૯૪૩૯૩
E-mail : krishnagraphics1980@yahoo.co.in

# સંપાદકીય

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગુજરાત રાજ્ય સરકાર સ્થાપિત અને ગુજરાત સાહિત્ય અકાદમી પ્રેરિત ‘શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર’ના સંચાલનમાં પાયાના અને પ્રાણભૂત વિષયો કંઠસ્થપરંપરાના ચારણી, સંત અને લોકસાહિત્ય છે. છેલ્લા થોડાં વર્ષોથી આ વિષયોને ગુજરાતની લગભગ બધી યુનિવર્સિટીઓમાં અભ્યાસક્રમ, સંશોધન અને મૂલ્યાંકન સંદર્ભે સ્થાન મળતું રહ્યું છે. અનેક અધ્યાપકો લોક, ચારણી અને સંતસાહિત્ય સંદર્ભે વિવેચનવિચારણા પ્રસ્તુત કરી વર્ણવી રહ્યા છે. દરિયાપારની અમેરિકાની ‘ગુજરાતી લિટરરી એકેડમી ઑફ નોર્થ અમેરિકા’એ એમના દ્વિવાર્ષિક અધિવેશનમાં **‘હાંસિયામાં રહી ગયેલું ચારણી સાહિત્ય’** વિષયે એક સળંગ બેઠકનું આયોજન કરેલું.

અમેરિકા નિવાસી અશોક ઝવેરચંદ મેઘાણી એ ગુજરાતીમાંથી અંગ્રેજીમાં સાહિત્યિક અનુવાદક તરીકે જાણીતા છે. ‘શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર’ માટે ઝવેરચંદ મેઘાણીના ‘રંગ છે બારોટ’ તથા ‘દાદાજીની વાતો’માંની



લોકકથાઓ તથા ઝવેરચંદ મેઘાણીનો ‘લોકકથામાં મોટિફ’ અંગેનો સુદીર્ઘ પ્રવેશકલેખના અંગ્રેજી અનુવાદ કરીને **‘ફૉકટેલ્સ ફ્રોમ ધ બાર્ડઝ માઉથ’** નામે ગ્રંથ પ્રકાશન માટે તૈયાર કરી આપેલ. આ ગ્રંથનું એકેડેમીના અધિવેશનમાં, જ્ઞાનપીઠ એવોર્ડથી વિભુષિત રઘુવીર ચૌધરીના વિદ્યાવંત હસ્તે લોકાર્પણ થયેલું. આ પ્રસંગે એકેડેમીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રતાપસિંહ ચૌહાણને ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ પાઠવેલ. કુલપતિશ્રી પ્રોફે. પ્રતાપસિંહ ચૌહાણે અધિવેશનમાં ઉપસ્થિત ૩૦૦થી વધુ પ્રતિનિધિઓ સમક્ષ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિશિષ્ટ સિદ્ધિઓ, ઉપરાંત રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું પ્રોત્સાહન અને મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની સમાજલક્ષી અને સાહિત્યલક્ષી કામગીરીનો તથા પ્રાપ્ત થયેલા વ્યાપક સહકારનો નિર્દેશ કરેલો. અનુવાદક અશોક મેઘાણીએ અને એકેડેમીના પ્રમુખ રામ ગઢવીએ પણ પ્રાસંગિક પ્રવચનમાં ‘શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર’ની કામગીરીથી ગુજરાતી લોકસાહિત્યક્ષેત્રે અને કંઠસ્થપરંપરાના સાહિત્યક્ષેત્રે મૂલ્યવાન કામગીરી થઈ રહી છે એનો ભાવિપેઢીને અને વર્તમાન અભ્યાસીઓને લાભ થશે એમ જણાવેલું.

* * *

‘હાંસિયામાં રહી ગયેલું ચારણીસાહિત્ય’ નામની બેઠકમાં એકેડેમીએ બે વક્તાઓને નિમંત્રેલા. ડૉ. અંબાદાન રોહડિયાએ **‘ચારણી દુહા : સામાજિક નિસબત અને ઈતિહાસ’** વિષયે પોતાનું અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કરેલું જેમાં ચારણી સાહિત્યમાં દુહાઓના માધ્યમથી સામાજિક સંદર્ભોની કેવી જાણકારી મળી રહે છે એનો નિર્દેશ કરેલો. દૃષ્ટાંતો સાથે સામાજિક સમરસતા, સંવાદિતા અને આપત્તિ સમયનો સમાજના સહયોગનો સંદર્ભ ચીંધી બતાવેલો. રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસને પ્રગટાવતા દસ્તાવેજી આધાર સમાન દુહાઓ નિર્દેશીને શ્રોતાઓને ચારણી સાહિત્યની મહત્ત્વની વિશિષ્ટતાઓ પણ જણાવેલી.

બીજો વિષય હતો **‘નરસિંહ મહેતા કાલીન ચારણી**

**ભક્તિસાહિત્ય'** એના વક્તા હતા ડૉ. બળવંત જાની. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં સમાવિષ્ટ નહીં પામેલા નરસિંહ મહેતાના સમકાલીન ચારણ ભક્તકવિઓ સર્વશ્રી આશાજી રોહડિયા, ઈસરદાસ બારહઠ, માંડણ વરસડા અને હરદાસ મિશણના ભક્તિમૂલક કવિત છંદો અને આખ્યાનસદૃશ દીર્ઘરચનાઓનો પરિચય કરાવીને એમાંના નરસિંહ જેવા જ સ્પર્શ્યા સ્પર્શના ભેદ, કૃષ્ણભક્તિ, રામભક્તિ અને શિવશક્તિ ભક્તિનો પરિચય કરાવતા દૃષ્ટાંતોથી વિષયસામગ્રી અને અભિવ્યક્તિના સ્વરૂપ સંદર્ભે નૂતનદૃષ્ટિકોણ દાખવ્યો છે તે મહત્ત્વની વિગતોને આપણાં ઇતિહાસમાં સમાવિષ્ટ કરવી જોઈએ એમ જણાવેલું.

ચારણીસાહિત્યના સત્વ અને તત્ત્વના પરિચાયક બે અભ્યાસપૂર્ણ વક્તવ્યો ૩૦૦ થી અધિક શ્રોતાઓએ પુરા ભાવથી સાંભળીને એક નવા વિષયની માહિતી મેળવી. અધિવેશનની વિશિષ્ટતા એ હતી કે બધી જ બેઠકોના વક્તવ્યોમાં શ્રોતાઓ પુરો સમય શ્રવણપાન માટે બેસતા. બન્ને વક્તવ્યો પછી મુંબઈથી પધારેલા ચેતન ગઢવી અને ગુજરાતના ભારતીબહેન વ્યાસે ચારણી નાદવૈભવનો પરિચય કરાવતા ચારણીગીતો, છંદો, બારમાસી વગેરે રજૂ કરીને શ્રોતાઓને રસલીન કરી મુકેલા. સાથે-સાથે લોકગીત અને સંતવાણી દ્વારા કંઠસ્થ પરંપરાના ગુજરાતી સાહિત્યની અભિવ્યક્તિની પ્રસ્તુતિની છટાઓથી પણ પરિચિય કરેલા.

* * *

મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર પ્રકાશિત ગ્રંથનું લોકાર્પણ અને મેઘાણી કેન્દ્રના કેન્દ્રીભૂત વિષયોના વ્યાખ્યાનો મછી બીજું મહત્ત્વનું ચરણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે. પ્રતાપસિંહ ચૌહાણ દ્વારા એકેડેમીના પ્રમુખશ્રી રામ ગઢવીનું યુનિવર્સિટીના સ્મૃતિચિહ્ન, ઈસરદાસ બારહઠ રચિત 'હરિરસ' અને 'દેવિયાણ' ગ્રંથો દ્વારા સન્માન કરીને ગુજરાતની ઊજળી પરંપરાને ભારત બહાર જીવંત રાખીને રાષ્ટ્રના પ્રભાવાત્મક ઘટકોને પ્રસ્તુત કરતા રહેવાનાં વલણને બીરદાવેલ.



સૌરાષ્ટ્ર-ગુજરાતની ચારણી સંસ્કૃતિને અધિવેશનમાં સમાવિષ્ટ કરીને લોકસાહિત્યના મેઘાણીની લોકકથાના અંગ્રેજી અનુવાદને લોકાર્પણ માટે એકેડેમીએ જે પ્રોત્સાહક પરિમાણ પ્રગટાવેલ તે મહત્ત્વની લોકસાંસ્કૃતિક સંઘટના ગણાશે. અમેરિકામાં ઉછેર પામી રહેલી નવી પેઢી સમક્ષ આ વાત પ્રચલિત થઈ. અનેક પ્રતિનિધિઓએ ગ્રંથ ખરીદીને વસાવવા માટે વલણ દાખવ્યું. અંગ્રેજી ભાષામાં વધુને વધુ ગુજરાતીના ઉત્તમ ગ્રંથો પ્રકાશિત થવા જોઈએ, એવી માંગ પણ ત્યાં સાંભળવા મળેલી. લોકસાહિત્ય અને સંતસાહિત્યની લોકગીત કે ભજનરચનામાંથી થોડાં ઘણાં પરિચિત થતા રહેવાના પ્રસંગો ગોઠવાતા રહેતા હોય છે; પરંતુ ચારણી સાહિત્ય અને એમાંની વિષયસામગ્રીની રિદ્ધિ-સિદ્ધિથી લગભગ અનભિજ્ઞ પ્રતિનિધિઓને એકેડેમીએ ચારણી સાહિત્ય પરત્વેની ખેવના દાખવી, એ નિમિત્તે નૂતન વિદ્યાશાખાથી સુપરિચિત થવાનું બન્યું.

એકેડેમીની આવી વ્યાપક પ્રકારની વિભાવનાની, વલણની કુલપતિશ્રીએ સરાહના પણ કરેલી. ગુજરાતના કૃષિજીવન, લોકજીવન અને વ્યાપક સમાજને પોતાના સાહિત્યના માધ્યમથી પ્રસ્તુત કરતા રહેલા લબ્ધપ્રતિષ્ઠ સારસ્વત રઘુવીર ચૌધરી જ્ઞાનપીઠ એવોર્ડથી વિભૂષિત થાય એનો હરખ એકેડેમી દ્વારા એમનું વિશિષ્ટ રીતે સ્મૃતિચિહ્ન, શાલ અર્પણ કરીને સન્માનીત કરે, એની પણ ભારે મોટી મહત્તા હોય. ઉપરાંત ગુજરાતીનું સુખ્યાત સાપ્તાહિક 'ગુજરાત ટાઈમ્સ' એના તંત્રી ડૉ. સુધીર પરીખ પણ, આ પ્રસંગે ઉપસ્થિત રહીને પોતાના તરફથી પણ ખાસ સન્માન કરે. પોતાના સાપ્તાહિકના પ્રથમ પૃષ્ઠે મુખપૃષ્ઠમાં એ સાહિત્યિક ઘટનાની છબિ આલેખે. 'ફ્રેન્ડઝ ઑફ ફિલાડેલ્ફિયા'માં દેવેન્દ્ર પીર એમના સાહિત્યિક સન્માનનો પ્રસંગ સુચારુ રીતે આયોજિત કરે. સાનફ્રાન્સિસ્કોમાં ત્યાંની સાહિત્યિક સંસ્થાઓના આયોજકો દ્વારા 'સન્ધિ' સામયિકના તંત્રી અને અનુઆધુનિક ગુજરાતી સારસ્વત બાબુ સુથારના સંયોજકપદે દૃષ્ટિપૂર્ણ એવા સાહિત્યિક કાર્યક્રમનું આયોજન કરે. અભ્યાસપૂર્ણ અને કલાત્મક મુદ્રણવાળી પુસ્તિકા

આ પ્રસંગે મુદ્રિત કરે. આ બધી બાબતો, ત્યાંની ગુજરાતી સાહિત્યપ્રીતિની પરિચાયક ગણાય. કુલપતિશ્રીએ એમના વક્તવ્યમાં આપણાં સમાજના ભાંડરડાઓની આવી સૂઝપૂર્વકની સાહિત્યપ્રીતિને વધાવીને ડૉ. સુધીર પરીખને ખાસ અભિનંદન આપેલા. પત્રકારત્વ સાહિત્યને કેવી રીતે સન્માને અને પ્રજાની રુચિને ઘડે એના ઉદાહરણ તરીકે એમણે વધાવેલા. વળી બે-ચાર પૃષ્ઠમાં વિસ્તૃત અહેવાલ ભરપુર તસ્વીરો સાથે પ્રગટ કરે એની પણ નોંધ લેતા કહેલું કે પ્રજાની રુચિને ઘડવામાં કેળવવામાં આવા હકારાત્મક સમાચારોનો બહુ મોટો ફાળો હોય છે.

દુર દેશાવરે, દરિયાપાર વસતા, ગુજરાતી સમાજને, વ્યાપક રૂપે ગુજરાતી સાહિત્યનો સર્વાંગીણ પરિચય કરાવવાનું એકેડેમીનું વલણ સરાહનીય છે. આ અધિવેશનમાં અધિવેશન સ્થળની ક્ષમતાથી પણ વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેવા ઉત્સુક હતા, પ્રતિનિધિ નોંધણી બંધ કરવી પડે એવી સ્થિતિ સર્જાય એ પણ બીજી સરાહનીય ઘટના ગણાય. એકેડેમીના અધિવેશનમાં પ્રિન્ટ મિડિયાના ગુજરાત ટાઈમ્સના ડૉ. સુધીર પરીખ અને એના સંપાદક હસમુખ બારોટ બેઠકોમાં ઉપસ્થિત રહે અને ધીરજથી સાંભળે. ઈલેક્ટ્રોનિક મિડિયાના ટી.વી. એશિયા, એચ.આર. શાહ પણ ઉપસ્થિત રહે. સાંભળે, બધાને મળે. સામ પિત્રોડા જેવા સન્માન્ય વ્યક્તિ પણ પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત હોય એ બધું એકેડેમીના સર્વને સમાવવાના વલણનું પરિચાયક હતું. યુનિવર્સિટીને નિમંત્રે, ચારણી સાહિત્યનાં પોંખણા થાય એ પોરસાવનારી ઘટના ગણાશે. શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર'ના વિષયને કાર્યક્રમમાં સમાવિષ્ટ કરવા બદલ અને કેન્દ્ર દ્વારા તૈયાર કરાવેલ મેઘાણીની લોકકથાના અંગ્રેજી ગ્રંથનું લોકાર્પણ આયોજિત કરવા બદલ નોર્થ અમેરિકાની ગુજરાતી લિટરરી એકેડેમીને અભિનંદન....

**બળવંત જાની**
balvantjani9@gmail.com



# 'લોકગુર્જરી' - ત્રૈમાસિક

* **'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર'** દ્વારા પ્રકાશિત ત્રૈમાસિકના એક વર્ષમાં કુલ ચાર અંકો જૂન, સપ્ટેમ્બર, ડિસેમ્બર અને માર્ચ માસમાં પ્રગટ થશે.
* **'લોકગુર્જરી'**નું વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦-૦૦ છે, પંચવાર્ષિક રૂ. ૧૦૦૦-૦૦ છે અને વિદેશ માટે વાર્ષિક રૂ. ૬૦૦-૦૦ છે.
  લવાજમ ચેક દ્વારા સ્વીકારવામાં નહીં આવે. લવાજમ રોકડેથી અથવા મ.ઓ. દ્વારા મોકલવું. ડ્રાફ્ટ **ગુજરાત સાહિત્ય અકાદમી**ના નામે જ મોકલવા વિનંતી.
* **છૂટક અંકો મેળવવા માટે** પણ ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૨૩૨૫૬૭૯૭-૯૮નો જ સંપર્ક કરવો.
* **'લોકગુર્જરી'**માં પ્રગટ થતાં લખાણોની પસંદગી બાબતે સંપાદકનો નિર્ણય આખરી ગણાશે. પ્રગટ થતાં લખાણોની રીતિ અને વિચાર સાથે કેન્દ્ર તેના સંપાદક, નિયામક, સલાહકાર સમિતિની સહમતિ અનિવાર્ય નથી. જવાબદારી જે તે લેખકની રહેશે.
* લોક, સંત અને ચારણી સાહિત્યના વિવેચનલેખો, રચનાઓ, લોકવિદ્યા વિશેના લેખો, મુલાકાતો ઇત્યાદિ પ્રકારની સામગ્રી ગુણવત્તાના ધોરણે સ્વીકારવામાં આવશે. **ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર માટેનાં પુસ્તકો અને વિનિમય માટે સામયિક પણ આવકાર્ય છે.**
* **લેખકોએ પ્રત્યેક કૃતિ કે લખાણ નીચે પોતાનું નામ-સરનામું તથા ફોન-નંબર અને ઈ-મેઈલ એડ્રેસ અવશ્ય જણાવવાં.**
* સ્વીકૃત કે અસ્વીકૃત કૃતિની જાણકારી મેળવવા અથવા કૃતિ પાછી મેળવવા પોતાનાં નામ-સરનામાવાળું પોસ્ટકાર્ડ કે પરબીડિયું જોડવું અનિવાર્ય છે. એ સિવાય પ્રત્યુત્તર આપી શકાશે નહીં.
* **સાહિત્યિક કૃતિઓ મોકલવાનું સરનામું :**
  **ડૉ. બળવંત જાની,** 'તીર્થ', ૨૬૪, જનકપુરી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫
* અંકો રવાના થયા પછી કોઈ અંક ગ્રાહકને ન મળે તો કેન્દ્રની જવાબદારી રહેતી નથી. ગ્રાહકનંબર સાથે પત્ર લખવાથી અંક ઉપલબ્ધ હશે તો કાર્યાલય દ્વારા મોકલવામાં આવશે.
* અંક તેમજ લવાજમ અંગેનો પત્રવ્યવહાર **ગુજરાત સાહિત્ય અકાદમી** અથવા **ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર,** સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે કરવો.
* **મનોજ ઓઝા**, મહામાત્ર, અને **શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**, ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૨૩૨૫૬૭૯૭-૯૮

# અનુક્રમણિકા

## ૧. વિવિધ ભાષાનું લોકસાહિત્ય : મૂલ્યાંકન


૧. લોરિક-ચંદાના પ્રેમકથાના બે લોકમહાકાવ્યો :
લોરિકી અને ચનૈની — ડૉ. હસુ યાજ્ઞિક — ૩
૨. ગુજરાતી-રાજસ્થાની લોકગીત-સંગમ — ડૉ. ઈન્દુ રામબાબુ — ૧૯


## ૨. વિવિધ વિસ્તારનું લોકસાહિત્ય : મૂલ્યાંકન


૩. કચ્છ પ્રદેશની કલા-સંસ્કૃતિનો સર્જનફાલ — જોરાવરસિંહ જાદવ — ૩૫
૪. ચરોત્તર વિસ્તારનું લોકસાહિત્ય : પ્રવાહદર્શન — ડૉ. બળવંત જાની — ૪૩


## ૩. ચારણી પરંપરાનું સાહિત્ય : મૂલ્યાંકન


૫. 'પાંડવ યશેન્દુ ચંદ્રિકા' : આસ્વાદ અને કથન — પુષ્પદાન ગઢવી — ૫૫
૬. પગ પગ ભમ્યા પહાડ :
ધરા છાંડ રાખ્યો ધરમ — વી. એસ. ગઢવી — ૬૮


## ૪. ગુજરાતી કંઠસ્થ પરંપરાનું સાહિત્ય : મૂલ્યાંકન


૭. રાજવી સંતભક્ત કવિ મોરારસાહેબની વાણી અને દર્શન
ડૉ. ભરત ઠાકોર — ૭૫
૮. ગ્રંથરૂપમાં તુલનાત્મક લોકકથાઅભ્યાસનું પ્રથમ કાર્ય
ડૉ. અરુણ જે. કક્કડ — ૮૩
૯. મૂલ્યનિષ્ઠ શિક્ષણમાં કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યની ભૂમિકા
ડૉ. અંબાદાન રોહડિયા — ૯૮
૧૦. લોકગીત કવિતા : ભાવ, ભાષા
અને અભિવ્યક્તિ — બાબુભાઈ પેથાણી — ૧૧૧

૧૧. લોકગીત આસ્વાદ અને અવબોધ શ્રેણી : લોકગીત-ગુંજન
મણકો-૭ : પ્રસન્ન પારિવારિક જીવનનું રમ્ય રહસ્ય
ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ — ૧૨૦
૧૨. મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર કાર્યવૃત્ત — ડૉ. અંબાદાન રોહડિયા — ૧૨૭



વિભાગ - ૧

# વિવિધ ભાષાનું લોકસાહિત્ય : મૂલ્યાંકન



૧

# લોરિક-ચન્દ્રાની પ્રેમકથાનાં બે લોકમહાકાવ્યો : લોરિકી અને ચનૈની

**હસુ યાજ્ઞિક**

વિશ્વની તેમજ ભારતની જે બહુખ્યાત હૃદયસ્પર્શી પ્રેમકથાઓ છે તેમાં પુરુરવા-ઉર્વશીની કથાથી માંડીને તે ઇટલીની રોમિયો-જુલિયેટ, ઇરાનની રાબિયા-બખ્તિયાર સમાવિષ્ટ છે. આ સાથે જ ભારતની સોહની-મહિવાલ, ઢોલા-મારુ, સદેવંત-સાવલિંગા વગેરે સાથે બેસે એવી કથા ઉત્તર પ્રદેશની લોરિક અને ચન્દ્રાની કથા છે. આ બધી જ કથાઓની બે વિશેષતા છે, પહેલી તો એ કે આ બધી જ કથાઓને એક સમયે અસ્તિત્વ ધરાવતા પ્રેમીઓના જીવનની વાસ્તવિક રૂપમાં બનેલી ઘટના માનવામાં આવે છે અને બીજી લાક્ષણિકતા એ છે કે આ બધી જ કથાઓ કરુણામય છે. અંતે મૃત્યુ જ પ્રેમીઓનો શાશ્વત મેળાપ કરાવે છે. હકીકત એ છે કે લોકપ્રિય બનેલી અને મર્મસ્પર્શી બનેલી બધી જ કથાઓ કરુણાંત જ હોય છે ! મૃત્યુ જ આ પ્રેમીઓનું શાશ્વત મિલન છે.

ગુજરાત-સૌરાષ્ટ્રની દુહાબદ્ધ જે અમર પ્રેમકથાઓ છે જેમાં ચૂડ-વિજોગણ, સોન-હલામણ, શેણી-વીજાણંદ, રાણો-કુંવર, લોડણ-ખીમરો, નાગ-નાગમદે, માંગડાવાળો-પદ્માવતી, ભોજો-વેળુ, આણલદે-દેવરો, સોરઠ-વીસૂ બધી જ કરુણાન્ત છે. આવી કથાઓમાંથી ઉત્તમ સૂફી કાવ્યો રચાયાં ! અને આવી જ



કથાઓમાંથી લોકમહાકાવ્યો પણ રચાયાં.

લોરિક અને ચન્દ્રાની પ્રેમકથાની વિશેષતા એ છે કે એના પર જ મૌલાના દાઉદ જેવા સૂફી કવિએ ચૌદમી સદીમાં **'ચંદાયન'** જેવી ઉત્તમ સૂફી રચના આપી અને તે પર્શિયન ભાષામાં પણ આવી અને આ જ કૃતિ પર ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળમાં આઠ જેટલાં લોકમહાકાવ્યોની પણ રચના થઈ અને વીસમી સદીના અંત સુધી આ કથાઓ, સુદીર્ઘ મહાકાવ્યના કંઠપ્રવાહની રચનાઓ રૂપે ગવાતી આવી છે.

સુખદ આશ્ચર્ય એ છે કે આવાં આઠેય મહાકાવ્યોનું ધ્વનિમુદ્રણ-સંપાદન મારા મુરબ્બી મિત્ર અને ઇટલીની યુનિવર્સિટીના હિન્દીના પ્રોફેસર ડૉ. શ્યામ મનોહર પાંડેય દ્વારા થયું છે, અને તેમણે અંગ્રેજીમાં ભોજપુરી **'લૌરિકી'** અને અવધી 'ચનૈની' નામનાં બે લોકમહાકાવ્યોનાં અભ્યાસ-ભૂમિકા, મૂળ પાઠ (Text) અને ગદ્યાંતર સાથેનાં ઉત્તમ-આદર્શ સંપાદનો આપ્યાં.

પહેલો પ્રશ્ન એ થાય છે કે આવી પ્રેમકથાઓમાં એવું તે શું છે કે તેમાંથી દિવસો સુધી ગવાતી રહે તેવી લાંબી, મહાકાવ્યોની રચના થાય છે અને આ કથાઓમાં એવું તે શું છે કે લોકો સદીઓથી આ કથાઓ ગાતા-સાંભળતા આવે છે ? સામાન્ય રીતે તો એવું બને છે કે જ્યારે કોઈ લોકકંઠની લાંબી એવી રચના પર કોઈ ઉત્તમ મેધાવી કવિ મહાકાવ્યની સાહિત્યકૃતિ રચે છે તે સાથે જ આવી કથાની લોકરચનાઓનો અંત આવે છે. અહીં એવું ન બન્યું. જોકે વિશ્વમાં બધે આવું જ બન્યું છે. હોમર કે દાન્તે જેવા કવિઓએ લોકકંઠે ગવાતી મહાકથા પર લિખિત રૂપના પ્રશિષ્ટ મહાકાવ્યની રચના કરી તે પછી યુરોપના કંઠપ્રવાહમાં તો આવી રચનાઓ ગવાતી અટકી ગઈ. ભારતમાં આવું ન થયું. વેદ વ્યાસે પાંડવ-કૌરવોની કથા પર મહાભારત રચ્યું, એ પહેલાં પણ વાલ્મીકિએ કંઠપ્રવાહમાં ગવાતી રામકથા પર અનુષ્ટુપમાં રામાયણની રચના કરી તે પછી પણ અનેક ગ્રામીણ અને આદિવાસી ક્ષેત્રોમાં તો કંઠપ્રવાહમાં રામકથા, કૃષ્ણકથા, પાંડવકથા ગવાતી રહી છે. અને આવી કંઠપ્રવાહની કથાઓની કથાઓ તો લિખિત કૃતિના કથાનક કરતાં એકદમ જુદી હોય છે ! એટલે કે લોકોમાં જ ગવાતી કથાઓનાં કૃતિરૂપ બંધાયાં તે પછી પણ કંઠપ્રવાહમાં લોકો તો ગાતાં જ રહ્યાં. આનું કારણ શું ? ભારતમાં જ આવું કેમ બન્યું ?

આના ઉત્તરમાં પશ્ચિમના વિદ્વાનો એવું ધારીને બેઠા કે આનું કારણ સાક્ષરતાનું ઓછું પ્રમાણ છે. લોકોમાં વાંચી-લખી શકનાર ઓછાં હતાં તેથી

કંઠપ્રવાહ જ મુખ્ય આધાર રહ્યો. હકીકતે આ સાચું નથી. કેમ કે જ્યાં સાક્ષરતાનું પ્રમાણ ઊંચું છે ત્યાં પણ કંઈ ભણેલાં-ગણેલાં દીર્ઘ મહાકાવ્યો વાંચતાં નથી. વળી, ભારતમાં તો રામાયણ-મહાભારત વાંચવાનો પ્રશ્ન જ નથી. વાંચી ન શકે એવો વર્ગ પણ લિખિત એવી રચના સાંભળી શકે છે, એની પારાયણ થાય છે, વ્યાસ દ્વારા વંચાય છે, ધાર્મિક હેતુએ અને નિમિત્તે પારાયણ થાય છે અને સંભળાય છે.

આથી સ્પષ્ટ થાય છે કે સાક્ષરતાના અલ્પ પ્રમાણથી કંઠપ્રવાહમાં વાર્તાઓ ટકી એવું નથી. વળી ઢોલા મારુ કે બીજી અનેક કથાઓમાં જે છે તે લોકપરંપરાના દુહાઓ છે, કોઈ એક કવિની કૃતિની રચના નથી.

આથી સ્પષ્ટ થાય છે કે કોઈ બીજું એવું કારણ છે, મૂળભૂત અને તાત્ત્વિક કારણ છે જેના કારણે લોકોમાં આવી કથા ગવાય છે. એ કારણ એ છે કે લોકોને મન તો પોતાના જ જાતિગત વીરની કથા છે. એવા વીરની કથા છે જેણે જાતિની સ્ત્રીની અસ્મિતા, આત્મગૌરવ અને શીલ માટે આત્મબલિદાન આપ્યું છે. જાતિના ગૌરવને જાળવ્યું છે અને આવા વીરો કંઈ પુરાણા કાળના નથી. પૌરાણિક નથી. પોતાના નજીકના સમયના પૂર્વજો છે. પ્રતાપી પૂર્વજો છે અને એના અમે વંશજો છીએ. આજે અમે જે કંઈ છીએ તે આ લોકોના કારણે છીએ. એમણે જાતનાં બલિદાન આપીને અમારાં જાતિગત મૂલ્યોની રક્ષા કરી છે.

અમારા ગર્વને, અમારા ગૌરવને, અમારી અસ્મિતાને એમણે જાળવ્યાં છે. આ ભાવના કારણે જ આવી કૃતિઓ આજ સુધી ગવાતી રહી.

આ વાત લોરિક અને ચન્દ્રાની પ્રેમકથાથી પૂરેપૂરી સાબિત થાય છે. ઉત્તર ભારતનો જે અહીર સમાજ છે એ જ્યાં જ્યાં ગયો - બિહાર, બંગાળ, મહારાષ્ટ્ર, સિંધ ત્યાં ત્યાં બધે જ લોરિકની કથા ગઈ છે. મુંબઈમાં દૂધનો અને બીજો વ્યવસાય આ અહીરોએ સંભાળ્યો. સિંધ કરાંચીમાં પણ એ ગયા. ઉત્તર પ્રદેશમાંથી પૂર્વ તરફ તેઓ બિહાર, બંગાળ, ઓરિસામાં ગયા ત્યાં બધે જ આ કથા ગઈ.

લોરિક એવો વીર છે જેણે એની જાતિની નારીના ગૌરવની, એના શીલની, પસંદ કરે તેની સાથે લગ્ન કરવાના અધિકારની રક્ષા કરી. એ કામી-વિષયી એવા શાસકોએ પોતાને મનગમતી કન્યાના લગ્નની મનાઈ ફરમાવી. એવો કડક કાયદો કર્યો કે દાયણ જે રૂપાળી કન્યાનો જન્મ કરાવે, રાજાને યોગ્ય લાગે તેના કાંડે-ડોકે કાયમી દોરો બાંધે ! જે કન્યાના કાંડે-ગળે આ દોરો બંધાય તે કન્યાને તેનાં મા-બાપ પરણાવી ન શકે. કન્યા પોતે ઇચ્છે તેને પરણી ન શકે. જો



કોઈ ભંગ કરે તો રાજા દેહાંતદંડ કરે !

— આવા અન્યાય-જુલમનો વીરતાથી વિરોધ કર્યો. શાસનનો સામનો કર્યો અહીર યુવાન લોરિકે ! અને એથી જ એની વીર ગાથા ગવાતી રહી.

નિહાલદે સુલતાન, લૌરિકી, બગડાવત અને પાબૂજી પટકથા - આ ચાર ઉત્તર ભારત સમેતના પશ્ચિમ ભારતનાં લોકમહાકાવ્યો છે. ડૉ. કન્હેલાલ સહલ, ડૉ. શ્યામ મનોહર પાંડેય અને ડૉ. જે. ડી. સ્મિથ જેવા વિદ્વાનોએ વીસમી સદીમાં તે તે મહાકથાઓના ગાયકોનો સંપર્ક કરીને તેમનાં કંઠે ગવાતાં સુદીર્ઘ એવાં લોકમહાકાવ્યોનું સંપાદન કર્યું છે. આનો અર્થ એ થયો કે જેમ આપણા વેદપાઠીઓએ ઋક્, યજુસ્, સામ અને અથર્વ નામના ચાર મુખ્ય વેદોની સંહિતાના પાઠ કંઠસ્થ કરીને આજ દિવસ સુધી તેના સુદીર્ઘ પાઠને સ્મૃતિમાં જાળવી રાખ્યા છે. તેમ આપણા લખવા-વાચવાનું પૂરું જાણતા પણ ન હોય એવા લોકમહાકાવ્યના ગાયકોએ પણ સુદીર્ઘ એવી કથાઓના ગેય પાઠ સ્મૃતિમાં જાળવી રાખ્યા અને તેનું ગાન કરીને તેમણે આ પરંપરાને, ઉત્તમ મહાકથાઓના પાઠ Text-ને જાળવી રાખ્યા છે. આથી જેમ વેદપાઠી બ્રાહ્મણો આપણું ઉત્તમ એવું વિદ્યાધન છે, તેમ આવા લોકમહાકાવ્યના ગાયકો પણ આપણું ઉત્તમ વિદ્યાધાન છે. આપણા ચારેય વેદના પંડિતો તથા શાસ્ત્રીઓનું તો આપણે કેન્દ્ર તથા રાજ્ય સરકારો દ્વારા યત્કિંચિત્ સન્માન કરીને આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ પરંતુ દુઃખદ અને વિચારવા-લાયક વાત એ છે કે આ લોકમહાકાવ્યોના ગાયકોનાં કોઈ સન્માન થતાં નથી એટલું જ નહીં, પરંતુ આવાં લોકમહાકાવ્યોના પાઠના સંપાદકોના નામ-ઠામ જાણીએ છીએ, જ્યારે એના ગાયકોનાં તો નામ સુધ્ધાં જાણતા નથી !

કંઠપ્રવાહના વેદસંહિતાના પૂરેપૂરા પાઠને આપણે મુદ્રિત કરી તેનાં સંપાદન કરી શક્યા તેનો પૂરો યશ પણ જહોનસન અને મેક્સમૂલર જેવા વિદ્વાનોને જ આપી શકાય. તે જ રીતે આ લોકમહાકાવ્યોને પણ મુદ્રિત રૂપમાં જાળવી રાખવાનો યશ પણ પશ્ચિમના વિદ્વાનોને જ આપી શકાય. એમણે જ આપણું આ દિશામાં ધ્યાન ખેંચ્યું, એનું મહત્ત્વ સમજાવ્યું અને ફોકલોર સ્ટડીનાં મૂળ બંધાયાં, આથી જ બ્રિટિશ અધિકારીઓ ઉપરાંત આધુનિકતાના અગ્રજ એવા પારસી વિદ્વાનો અને અન્ય ભારતીય અભ્યાસીઓએ આ કામ આગળ વધાર્યું. આમાં લોકમહાકાવ્ય 'નિહાલદે સુલતાન' પ્રારંભનું મહત્ત્વનું પગલું છે જેમાં ડૉ. કન્હૈયાલાલ સહલે સામાન્ય લારી ખેંચીને જીવનનો ગુજારો કરનાર કથક પાસેથી નિહાલદે-સુલતાનની બાવન જેટલી 'સાક' એટલે કે - પરાક્રમગાથાનો ગદ્યસાર 'નહાલદે-સુલતાન'માં

આપ્યો. એ પછી, લક્ષ્મીકુંવરી ચૂંડાવત અને ડૉ. જે.ડી. સ્મિથ જેવા વિદેશી વિદ્વાને પાબૂજીના પટની મહાકથાનું અંગ્રેજીમાં સંપાદન કર્યું અને વિદેશની યુનિવર્સિટીના પ્રાધ્યાપક પરંતુ મૂળ ભારતીય એવા ડૉ. શ્યામ મનોહર પાંડેય દ્વારા લોરિકીના આઠ પાઠ ધ્વનિમુદ્રિત થયા અને તે માંહેના ભોજપુરી અને અવધીના પાઠ અંગ્રેજીમાં સંપાદિત થયા.

આ આંતરરાષ્ટ્રીય કક્ષાનાં કાર્ય ઉપરાંત પણ આ ગાળામાં હિંદી અને ગુજરાતી ભાષામાં મહાકથાઓનાં સંપાદન થયાં એમાં ડૉ. લક્ષ્મીકુમારી ચૂંડાવત જેમનું થોડા મહિના પહેલાં જ અવસાન થયું તેમણે કરેલા 'બગડાવત કથા'ના સંપાદનનો તથા ગુજરાતીમાં ડૉ. ભગવાનદાસ પટેલે કરેલા ભીલોના 'રામાયણ' અને 'મહાભારત' ઉપરાંત 'ગુજરાંનો અરેલો' અને 'રાઠોર વાર્તા'નો સમાવેશ થાય છે. અહીં, ડૉ. શ્યામ મનોહર પાંડેયે કરેલા 'લૌરીકી' લોકમહાકાવ્યની વિગત જાણીએ.

ડૉ. શ્યામ મનોહર પાંડેય દ્વારા ઈ. ૧૯૬૫માં શિવનાથ ચૌધરીનો સંપર્ક કરવામાં આવ્યો અને તે પશુપાલક હતો. અને પછી તેની ૬૫ વર્ષની વય સુધી તે ગાડામાં અનાજની બોરીઓ બિહારમાંથી ઉત્તરપ્રદેશમાં પહોંચાડવાનું સામાન્ય મજૂરીનું કામ કરતો. એની પાસે થોડી ખેડવાયોગ્ય જમીન પણ હતી. તેણે ૧૧-૧૨ વર્ષની વયે 'લોરિકી' મહાકાવ્યગાન શીખવાની શરૂઆત કરી અને તે કલા હસ્તગત કરી. આ ગાયકે રેલવેમાં માત્ર એક જ વાર મુસાફરી કરેલી. ઈ.સ. ૧૯૬૫માં એને જ્યારે રેકોર્ડિંગ માટે બલિયા ગામથી આગ્રા બોલાવવામાં આવ્યો ત્યારે એને રેલવેમાં પ્રવાસ કરવા જાણકારને મોકલવો પડેલો.

આ કથાગાયક દ્વારા ભોજપુરીમાં 'લૌરિકી'ની કથા છે તેની સંક્ષેપમાં રજૂઆત આ પ્રમાણે છે.

ગઉરાગઢ નામના ગામમાં ટિકઈત નામે એક અહિર અને તેની પત્ની ખોઈલની રહેતાં હતાં. ટિકઈત પશુપાલક હતો, બળવાન હતો. ખોઈલની સુશીલ હતી. પરંતુ એમને સંતાન ન હતું. ગઉરાગઢનો રાજા સહદેવ હતો. એ સમયે એક વિશિષ્ટ ઘટના બની. એક બ્રાહ્મણ કન્યાને ગર્ભ રહ્યો અને પુત્ર જન્મ્યો. આથી એણે નવજાત પુત્રને લાકડાની પેટીમાં મૂકી નદીમાં વહાવી દીધો. આ પેટી ટિકઈતે જોઈ અને તેમાં રહેલા બાળકને પોતાના પુત્ર તરીકે ઉછેર્યો અને તેનું નામ મલસાંવર રાખ્યું. ખોઈલનીએ પુત્ર માટે શિવની આરાધના કરી હતી અને શિવ એના પર પ્રસન્ન થયા અને વરદાન માગવા જણાવ્યું. ખોઈલનીએ પુત્ર માગ્યો. પરંતુ તેના



નસીબમાં સંતાન ન હતું. આથી શિવજીએ બ્રહ્માને જણાવ્યું કે વિધિના લેખ તો ન બદલાય પરંતુ વરદાન માંગ્યું છે તેથી પુત્ર તો આપવો જ જોઈએ. આથી બ્રહ્માએ પોતાના દાસ એવા લોરિકને ખોઈલનીના પેટે અવતાર લેવાની આજ્ઞા કરી. લોરિકને સ્વર્ગલોક તજીને પૃથ્વી પર અવતાર લેવો ન હતો આથી એણે માગણી કરી કે સ્વર્ગની ચન્દ્રા, મંજરી અને જમુની નામની ત્રણ અપ્સરાઓ પણ પૃથ્વી પર અવતાર લે અને તે તેની પત્નીઓ બને. બ્રહ્માએ આ માગણી કબૂલ કરી અને લોરિકનો જન્મ ગઉરામાં ખોઈલનીના પેટે થયો, ચન્દ્રાનો જન્મ ત્યાંના રાજા સહદેવની પુત્રી ચનૈની તરીકે થયો અને મંજરીનો જન્મ અગોરીમાં અહિર કુટુંબમાં થયો. સ્વર્ગની અપ્સરા હોવાથી એ જન્મતાં જ અત્યંત સ્વરૂપવાન હતી તેની વાત અગોરીના વિષયલંપટ રાજાએ જાણીને દાયણને કહ્યું, 'આ છોકરીના કાંડે એવો દોરો બાંધ કે તે કપાય નહીં કે નીકળે પણ નહીં અને મોટી થાય ત્યારે એ ઓળખી કઢાય !' ત્રીજી અપ્સરા જમુની હલ્દી ગામમાં કલાલકન્યા તરીકે જન્મી. આમ જેના ભાગ્યમાં વિધિએ સંતાન લખ્યાં ન હતાં તે ખોઈલનીને વરદાન મળવાને કારણે સ્વર્ગલોકના લોરિક, ચન્દ્રા, મંજરી અને જમુનીના પૃથ્વી લોકમાં અવતાર થયા.

ટિકઈત અને ખોઈલનીનું જીવન હવે ભર્યુંભાદર્યું બની ગયું. દત્તક પુત્ર મલસાંવર અને નાનો લોરિક. પાંચે ગઉરામાં આનંદથી રહેવા લાગ્યા. કાળક્રમે મલસાંવર અને લોરિક મોટા થયા. માતાપિતાની ઈચ્છા યુવાન બનેલા પુત્રોનાં લગ્ન કરાવવાની હતી. મોટો મલસાંવર હતો. તેથી એનાં લગ્ન માટે યોગ્ય કન્યાની શોધ ચાલી. પરંતુ મલસાંવર પોતે ભક્ત અને સાધુપ્રકૃતિનો હતો. એને લગ્ન કરવાં ન હતાં. પરંતુ માતાપિતાની ઈચ્છા સામે એનું ન ચાલ્યું અને તેનાં લગ્ન સુહવલ ગામની સતિયા સાથે નક્કી થયાં.

સતિયા યુગ મલસાંવરની જેમ આધ્યાત્મિક વૃત્તિની અને ભક્તિને વરેલી હોવાથી લગ્ન કરવા માગણી ન હતી. તેથી પોતાનાં લગ્ન રોકવા માટે સતિયાએ પોતાના સતની શક્તિનો પ્રયોગ કર્યો અને લગ્નમાં વિધિ રૂપે અનિવાર્ય એવા પીઠીના પાત્રને ગુમ કરી દીધું. સર્પવિદ્યાથી જાનૈયાને દેશ દોવડાવ્યા. પરંતુ અંતે દેવીની આજ્ઞાને કારણે તેણે લગ્નનું બંધન સ્વીકારવું પડ્યું.

ભક્તિને વરેલાં સાંવર અને સતિયા લગ્ન કર્યાં પછી ગઉરા પાસેના બોહા નામના નાનકડા ગામમાં વસવા લાગ્યા અને ગાય ચરાવી ભક્તિમય જીવન પસાર કરવા લાગ્યા. મલસાંવર અને સતિયા બન્ને આ લોકમહાકાવ્યના વિશિષ્ટ

આધ્યાત્મિક વૃત્તિવલણ ધરાવતા અને વિશિષ્ટ એવી શક્તિ ધરાવતા હોવા છતાં માથે જે કંઈ વિપત્તિ પડે તેને સ્વીકારી લેતાં પાત્રો છે. મલસાંવરમાં અદ્ભૂત શરીરબળ છે, શક્તિ છે, અસ્રશસ્ર ચલાવવાની શક્તિ છે પરંતુ તે તેનો કોઈ ઉપયોગ પોતાના બચાવ માટે શત્રુનો સામનો કરવામાં વાપરતો નથી. એ જ રીતે સતિયામાં પણ માંત્રિક અને જાદુઈ લાગે એવી અસાધારણશક્તિ છે પરંતુ લગ્નને અટકાવવા માટે સતિયાએ પોતાની અસાધારણ ચમત્કાર શક્તિનો ઉપયોગ કર્યો તે એ ક્યારેય આ શક્તિનો ઉપયોગ કર્યો નથી. મલસાંવર અને સતિયા બન્ને નાનાભાઈ લોરિકને ઉત્કટ રીતે ચાહે છે.

આ પછી સ્વર્ગની અપ્સરા જે અગોરીમાં અહિરની કન્યા તરીકે જન્મેલી અને જે અત્યંત સુંદર હોવાને કારણે અગોરીનો રાજા મોલાગત તેને પોતાની પત્ની કે રખાત બનાવતા માગતો હતો. તેણે મંજરીનાં લગ્ન સામે મનાઈ ફરમાવી મોલાગત પોતે તો હવે વૃદ્ધ થઈ ગયો હતો, શરીરે કરચલી પડી હતી પરંતુ તે હજુ મંજરીના મોહથી મુક્ત થયો ન હતો. આથી મંજરીનાં માતા-પિતા મંજરી યુવાન બનવા છતાં તેનાં લગ્ન કરી શકતાં ન હતાં. ક્રૂર રાજાના ભયના કારણે કોઈ પણ અહિર મંજરી સાથે લગ્ન કરવા તૈયાર ન હતા. આથી મંજરીના મામા કોઈ શક્તિશાળી અને હિંમતવાન અહીર યુવાન સાથે મંજરીનાં લગ્ન કરવા માટે વીરની શોધમાં નીકળ્યા અને અંતે ગઉરામાં આવ્યા. એમને જાણ થઈ કે ગઉરાના અહીર ટિકઈત અને ખોઇલનીનો પુત્ર લોરિક વીર છે. અને કોઈ પણ અન્યાયનો સામનો કરવા સમર્થ છે. આથી મંજરીનું માગું નાખ્યું અને લોરિકને મંજરીનો પત્ર પણ મળ્યો. લોરિકે માગું સ્વીકાર્યું.

લોરિકે અગોરીના રાજા મોલાગત સાથેના વેરનો ભય તજીને પણ મંજરીનું માગું સ્વીકાર્યું અને લગ્નનું નક્કી થતાં લોરિક તેની જાનમાં પોતાના ગુરુ અને ખાસ મિત્ર એવા મલ્લવિદ્યાના ગુરુ અજયી ધોબી અને બાંઠા ચમાર નામના વીર યોદ્ધા એવા મિત્રને લઈ ગયો. આ લગ્ન તો યુદ્ધનું જ આહ્‌વાન હતું. લોરિકની જાન વાજતેગાજતે અગોરીમાં આવી. લગ્નનાં વાજાં સાંભળી રાજા મોલાગત ઉશ્કેરાયો. પોતાની આજ્ઞા છતાં કોઈ મંજરી સાથે લગ્ન કરે એ રાજા માટે અસહ્ય હતું. એણે જાનની સામે વીર યોદ્ધાઓ સાથે સૈન્યને મોકલ્યું. પરંતુ વીર લોરિક અને તેના અજયી ધોભી અને બાંઠા ચમાર જેવા વીર યોદ્ધાઓએ બધાને પરાજિત કર્યા અને લોરિક સાથે મંજરીનાં લગ્ન થયાં અને બંને ગઉરામાં આવ્યાં.

મંજરી પછીની બીજી સ્વર્ગની અપ્સરા ચન્દ્રા ગઉરાના જ રાજા સહદેવની



પુત્રી ચંદા-ચનવા-ચનૈની તરીકે જન્મી હતી. ગઉરાનો લોરિક વીર યોદ્ધો હતો અને અહીરોનો તે નેતા હતો. સહદેવની ઇચ્છા પોતાની પુત્રી ચનૈનીનાં લગ્ન લોરિક સાથે કરવાની હતી અને લોરિક તથા ચનવા બંને એક જ ગામમાં સાથે જ ઊછરેલાં અને એકબીજાંને ચાહતાં હતાં. આથી અગોરીથી જ્યારે મંજરીનું માગું લોરિક માટે આવેલું ત્યારે રાજા સહદેવે આ સગાઈ ન થાય એ માટે પ્રયત્ન કરેલા પરંતુ તે નિષ્ફળ ગયાં અને લોરિક મંજરીને પરણી લાવ્યો. આથી સહદેવ ધૂંધવાયો અને લોરિક તથા તેનાં કુટુંબનો વેરી બની ગયો. લોરિક તો મંજરીને પરણી લાવ્યો એથી હવે નાછૂટકે રાજા સહદેવને ચનૈનીનાં લગ્ન પીપરીના મલ્લ શિવહરિ સાથે કરવાં પડ્યાં. શિવહરિ વીર યોદ્ધા હતો. એનો સામનો કરે તેવો કોઈ ન હતો. ભીલો, ચમારો અને કોળીઓ પણ તેના પક્ષે હતા. એ પ્રખ્યાત મલ્લ હતો તેમ ધનુર્વેદી હતો. પરંતુ એ નપુંસક હતો. એનું કારણ એવું કહેવાતું કે શિવહરિએ શિવને પ્રસન્ન કરીને લાંબામાં લાંબું સશક્તિ લિંગ માંગ્યું. શિવે વરદાન આપ્યું અને અભિમાની બનેલા શિવહરિયાએ શિવના વરદાનથી મેળવેલું પોતાનું લિંગ મંદિરના શિવલિંગ પર પછાડી તે ભાંગી નાખ્યું આથી શિવજીએ શાપ દીધો, 'તું નપુંસક થઈશ !' આથી બળવાન યોદ્ધો એવો શિવહરિ નપુંસક થયો. લગ્ન પણ 'ગૌના' એટલે કે આણું કરીને આવેલી ચનૈની પાસે શિવહરિ માથે ચાદર ઓઢીને સૂઈ ગયો અને ચનૈનીને જાણ થઈ કે તેનો પતિ નપુંસક છે તેથી તે સાસરેથી ભાગી અને ગઉરા આવવા નીકળી. આવતાં રાત પડી ગઈ અને સીમમાં ચનૈનીને બાંઠા મળ્યો અને એની દાનત બગડી. પરંતુ ચતુર અને હિંમતબાજ ચનૈની બાંઠાના હાથમાંથી છટકી અને લોરિકે બાંઠાને સજા પણ કરી. ચનૈની હવે ગઉરા રહેવા લાગી અને તેને વિવિધ પ્રસંગે લોરિકને મળવાનું થતું. બંને પ્રેમમાં હતાં, લગ્ન પણ થવાનાં હતાં પરંતુ લોરિક મંજરીને પરણી લાવ્યો. ચનૈની અને લોરિક ગુપ્ત રીતે મળતાં રહ્યાં અને ચનૈની સગર્ભા બની. આની જાણ મંજરીને થતાં મંજરી અને ચનૈની વચ્ચે ગઉરાની બજારમાં ખુલ્લેઆમ ઝઘડો થયો અને મારામારી થઈ. આથી ચનૈનીએ લોરિકને ગઉરા છોડીને ભાગી જવાનું દબાણ કર્યું. આ સમયે મંજરી પણ સગર્ભા હતી. કુટુંબ તથા સગર્ભા પત્નીને ત્યજીને ગામનો ત્યાગ કરવા લોરિક તૈયાર તો ન હતો, પરંતુ ચનૈનીના આગ્રહ પાસે એનું ન ચાલ્યું અને લોરિક અને ચનૈની ભાગી છૂટ્યાં.

આથી મંજરી પર આભ તૂટી પડ્યું. સહદેવ અને શિવહરિ બંને સાથે લોરિકને વેર બંધાયું. સહદેવ પુત્રીને લોરિક સાથે પરણાવી ન શક્યો અને જેની સાથે પુત્રીનાં લગ્ન કર્યાં એ શિવહરિ નપુંસક નીકળ્યો અને આ પુત્રીને જ લઈ

લોરિક ભાગી છૂટ્યો. એથી સહદેવ લોરિક તથા તેના સમગ્ર કુટુંબનો નાશ કરવા તત્પર બન્યો.

લોરિક અને ચનૈની ગઉરાથી ભાગી હલ્દી જવા નીકળ્યાં. વચ્ચે બોહામાં મોટાભાઈ માલસાંવરે એને બોહામાં જ રહી જવા જણાવ્યું પરંતુ ચનૈની ન માની. બંને આગળ ગયાં કે ચનવાનો પતિ મલ્લ શિવહરિ પોતાની સેના લઈ પાછળ ગયો પરંતુ વીર લોરિકે તેને પરાજિત કર્યો ત્યારે શિવહરિએ કહ્યું, 'તારે ને મારે તો કોઈ વેર નથી. ચનવા જ અનિષ્ટનું મૂળ છે મને તે છોડી ગઈ. હું એને છોડી દઉં છું. તું એને પૂર્વ બંગાળમાં લઈ જા.'

લોરિક અને ચનૈની પૂર્વ બંગાળમાં આવેલા હલ્દી તરફ ભાગ્યાં ત્યારે દિવસોના લાંબા પ્રવાસ પછી વચ્ચે ગાઢ જંગલ આવ્યું. ચનૈનીને તરસ લાગી. તપાસ કરતાં એક સરોવર આવ્યું. એ તળાવ રાજા સારંગાનું હતું અને તેમાં નાહવા-ધોવાની કે પીવાનું પાણી લેવાની મનાઈ હતી. આથી તળાવના ચોકીદારોએ પાણી પીવા મનાઈ કરી. પાણી પી બંને આગળ ગયાં. આમ છતાં આની જાણ રાજા સારંગાને થઈ. એણે વીર યોદ્ધાઓ સાથે સેના મોકલી. લોરિકે બધાને મારી હઠાવ્યા. રસ્તામાં પ્રવાસીઓને ધૂતી લેતા જુગારીઓ આવ્યા અને એમણે પત્તાં અને કોડીનો જુગાર રમવા લોરિકને લલચાવ્યો. લોરિક જુગાર રમવા બેઠો અને બધું હારી જતાં છેવટે ચનૈનીને દાવ પર મૂકી. ચનૈની ચતુર હતી. એ જુગારીઓનું છળ જાણી ગયેલી અને બોલી, 'આ દાવના દાણા હવે હું નાખીશ.' અને તે દાવ પર દાવ જીતતી ગઈ અને બધું પાછું મેળવી તેઓ આગળ વધ્યાં. જેઠનો આકરો તાપ હતો. હલ્દી હવે નજીક હતું. બંને થાક્યાં. ચનૈની વડના ઝાડ નીચે સૂતી અને ઊંઘી ગઈ. લોરિક ફળફૂલ લેવા ગયો. એક નાગણ ભોંણમાંથી બહાર નીકળી અને તેણે ચનૈનીને દંશ દીધો ! ચનૈની મૃત્યુ પામી. લોરિક પાછો ફર્યો અને જોયું તો ચનૈનીનું શરીર લીલુંછમ હતું, અકડાઈને તે લાકડા જેવું થઈ ગયું હતું. મોઢા પર લીલાંલીલાં ફીણ જામી ગયાં હતાં. ચનૈની મૃત્યુ પામી છે તે જાણી લોરિક હૈયાફાટ રડી પડ્યો અને તેના શબનો અગ્નિસંસ્કાર કરવા સૂકાં લાકડાં ભેગાં કરી ચિતા રચવા લાગ્યો અને હૈયાફાટ રુદન કરવા લાગ્યો. એ સમયે જ અંતરિક્ષમાંથી શિવ-પાર્વતી પસાર થયાં. કરુણામયી માતા પાર્વતી લોરિકનું દુઃખ જોઈ ન શક્યાં. એમણે ચનૈનીને સજીવન કરી.

લોરિક અને ચનૈની અંતે હલ્દી પહોંચ્યાં. સ્વર્ગની ત્રીજી અપ્સરા જમુની અહીં કલાલણ તરીકે જન્મી હતી. લોરિક અને જમુની પરસ્પરને જોતાં જ પ્રેમમાં



પડ્યાં. લોરિકને હવે હલ્દીમાં સ્થાયી થવું હતું. હલ્દીના રાજા મહુવરીએ લોરિકને જમુનીની ભલામણથી નોકરી તો આપી પણ એક યોદ્ધાને એણે ગોવાળનું કામ સોંપ્યું. લોરિકનો છૂટકો ન હતો. એ ગાયોને ચરાવવા લઈ ગયો અને આખું ધણ એણે લીલા મોલથી ભરેલા ખેતરમાં ચરવા છોડી મૂક્યું. આથી ખેડૂતોએ રાજાને ફરિયાદ કરી, 'રાજના નવા ગોવાળ લોરિકે ઊભાં લીલાં મોલ ચરાવી દીધાં છે !' રાજા મહુવરી અત્યંત ગુસ્સે થયો. એને પકડી લાવવા સૈનિકો મોકલ્યા તો લોરિકે બધાને મારી હઠાવ્યા. રાજા મહુવરીને લાગ્યું કે આ યોદ્ધાને વશ કરવો મુશ્કેલ છે તેથી તેને મલ્લના અખાડામાં નોકરીએ રાખ્યો. પરંતુ અહીં પણ લોરિક મલ્લ-કુસ્તીમાં બધાંને પછાડી, પરાજિત કરી, ઘાયલ કરવા લાગ્યો. આથી મલ્લોનો મુખ્ય નાયક એવો ગુરુ લોરિક સાથે યુદ્ધમાં ઊતર્યો અને લોરિકે મહુવરીના આ સમર્થ મલ્લ ગુરુનું માથું ખડ્ગથી વાઢી નાખ્યું. આથી બધા જ હવે તેનાથી ગભરાવા લાગ્યા. રાજા મહુવરીને પણ લાગ્યું કે આ વીરને બળથી તો કોઈ પહોંચી શકે તેમ નથી તેથી કળથી જ એનો નાશ થાય એવું કરવું !

આથી રાજા મહુવરીએ વિચાર્યું કે નેઉરાપુર જેવા ખંડિયા પરંતુ જોરાવર અને માથાભારે એવા રાજા હરેવા સામે અથડાવી દેવો.

નેઉરાપુરનો રાજા હરેવા અત્યંત બળવાન અને માથાભારે હતો. હલ્દીનો રાજા મહુવરી પોતે પણ તેલી હતો અને ક્રૂર હતો. એ રીતે નેઉરાપુરનો રાજા હરેવા પણ અત્યંત ક્રૂર હતો. એ શિકારી કૂતરીઓ પાળતો અને તેનાં ટોળાંને છોડી મૂકતો. આથી ભલભલા અસ્ત્રશસ્ત્ર ચલાવનારા પણ એની સામે લાચાર બની જતા. એ ક્ષત્રિયોનો વિરોધી હતો અને એણે સાત હજાર બસો ક્ષત્રિયોને કેદ કર્યા હતા. આ સાત હજાર ક્ષત્રિયોની પત્ની પોતાના પતિઓને મુક્ત કરાવવા અનેક પ્રયત્ન કરી ચૂકી હતી, વ્રત-બાધા રાખતી હતી. વળી, નેઉરાપુર હલ્દીનું ખંડિયા હતું તેથી એને કર આપવાનો હતો. પરંતુ બાર બાર વર્ષથી હરેવાએ કર ચૂકવ્યો ન હતો. આથી હલ્દીના રાજા મહુવરીએ લોરિકને કહ્યું : 'તમે વીર છો, અજેય યોદ્ધા છો, એથી તમને સોંપવા જેવું એક જ કામ છે. તમે નેઉરાપુર જઈ માથાભારે હરેવાને વશ કરો અને બાર વર્ષનો કર ઉઘરાવો તથા એણે કેદ કરેલા સાત હજાર બસો ક્ષત્રિયોને મુક્ત કરાવો ! આ બદલ તમને રાજભાગ, ગામગરાસ બધું મળશે.'

આ વીરતાપૂર્વક કાર્યના આહ્‌વાન માટે લોરિક તૈયાર થયો અને એ બોલ્યો, 'હું જરૂર હરેવાને વશ કરીશ. પરંતુ મને માત્ર સેનાથી ન ચાલે ! મને

જાતવાન ઘોડો આપો.'

રાજા મહુવરી ખુશ થયો. એ બોલ્યો, 'તમને અત્યંત જાતવાન અને શક્તિશાળી એવો ઘોડો મંગરો આપું છું !' - મહુવરીની આ દુષ્ટ ચાલબાજી હતી. કેમ કે મંગરો ભયંકર ઘોડો હતો... એવો ભયંકર કે જે સવાર થવા જાય એને પછાડે અને લાત મારીને મારી નાંખે.

હકીકતે તો શિકારી કૂતરીઓનું દળ રાખતા રાજા હરેવાની જાતવાન ઘોડીનો જ આ મંગરો વછેરો હતો. પરંતુ એ એવો ભયંકર અને અપશુકનિયાળ હતો કે રાજા હરેવાએ એને નદીમાં જ વહાવી દીધેલો જેને હલ્દીના રાજાના માણસો પકડી લાવેલા. પરંતુ આ મંગરાએ જ્યારે અનેકના ઘાત કર્યા ત્યારે રાજાએ એને અંધારા તબેલામાં પૂરેલો !

માણસમાત્રને જોતાં ઝાડ થઈ માણસને પછાડી તેની ખોપડી તોડી મારી નાખનારો ઘોડો મંગરો અંધારા તબેલામાં પુરાયેલો હોવાથી ધૂંધવાયેલો હતો ! પરંતુ લોરિક જેવો તબેલામાં પ્રવેશ્યો અને તોફાની હિંસક ઘોડાને છોડ્યો કે મંગરો ઉષ્માથી હણહણ્યો, થનગન થનગન નાચી ઊઠ્યો. એ લોરિકની જ રાહમાં હતો. સ્વર્ગમાંથી લોરિકને જેમ મંજરી, ચન્દ્રા અને જમુની એ ત્રણ પૃથ્વી પરના અવતારમાં સહાયક બનવા વરદાન રૂપે મળેલી તેમ આ મંગરો ઘોડો પણ સ્વર્ગલોકનો હતો અને બ્રહ્માએ તે ઘોડો લોરિકને વરદાન રૂપે આપેલો. આથી લોરિક અને મંગરો એકબીજાને ઓળખી ગયા. તોફાની હિંસક ઘોડા પર બેસી લોરિક નગરના રાજમાર્ગ પર આવ્યો ત્યારે લોકો આશ્ચર્યચકિત થઈ ગયાં ! આ વીરે તો ભયંકર તોફાની અને હિંસક ઘોડાને વશ કર્યો ! મહુવરીને પણ આશ્ચર્ય થયું.

લોરિક મંગરા પર બેસી નાનકડી સેના લઈ હલ્દીમાંથી નેઉરાપુર જવા નીકળ્યો. બધાં નદીકાંઠે પહોંચ્યાં ત્યાં સાત હજાર બસો ક્ષત્રિયોની પત્ની તપ કરતી હતી. લોરિકે એમને વચન આપ્યું : 'હું જરૂર તમારા પતિને હરેવાની કેદમાંથી છોડાવીશ.' સેના સાથે તે હરેવાના રાજ્યમાં પહોંચ્યો. હરેવાએ શિકારી કૂતરીઓનું ટોળું સામે છોડ્યું. કૂતરીઓએ મગરાને ઘેર્યો. પરંતુ લોરિક સાથે માતા દુર્ગા પોતે જ રક્ષક તરીકે હતાં. ચમત્કારી ખડ્ગથી લોરિકે કૂતરીઓના દળને કાપી નાખ્યું. આગળ જતાં લોરિકને એક યુવાન મળ્યો. એ મૂળ ગઉરા ગામનો હતો. એણે લોરિકને કહ્યું, 'હરેવા યુદ્ધમાં પોતાની પાસે એક મોટી જાળ નાખે છે અને તે એવી રીતે યુદ્ધ કરવા આવનાર પર ફેંકે છે કે તેમાં યોદ્ધો અને એનો ઘોડો બન્ને સપડાય છે. જેમ જેમ છૂટવા મથે તેમ આ જાળી વધારે ચુસ્ત થતી જાય છે.' આમ કહી



તે યુવાને જણાવ્યું કે 'છૂટવાની બીજી મથામણ ન કરતાં એ જાળની મુખ્ય ગાંઠ શોધવી અને તેનો છેડો ખેંચતાં આખી જાળ ઉકેલાઈ જશે.' આ યુક્તિ કરી લોરિક મુક્ત થયો, હરેવાને પરાજિત કર્યો, સાત હજાર બસો ક્ષત્રિયોને કેદમાંથી છોડાવ્યા અને હરેવાનો ભાણેજ જે મહાયોદ્ધો હતો તે લડવા આવ્યો તેનો પણ વધ કર્યો અને પોતે નેઉરાપુરનો રાજા બન્યો. તેલીરાજા મહુવરી પણ દગાબાજ હતો તેથી તેનો પણ વધ કરીને લોરિક હલ્દીનો રાજા બની ચનૈની અને મંજરી સાથે રહેવા લાગ્યો. કેટલોક સમય પસાર થયા પછી એક વણઝારાએ લોરિકને સમાચાર આપ્યા, 'તમે ગઉરાનો ત્યાગ કરી ગયા તે પછી ગઉરાના રાજા સહદેવ અને શિવહરિયાએ મળીને તમારાં ઘર-કુટુંબને તબાહ કર્યાં છે. તમારા મોટાભાઈ મલસાંવરને પણ મારી નાખ્યા છે અને તેમનાં ગઢ તથા પશુધન બધું લૂંટાઈ ગયું છે. તમારી માતા, પત્ની, ભાભીને તો મજૂરી કરી માંડ ખાવા મળે છે !'

આ સાંભળી લોરિક ચનૈની તથા એણે નેઉરામાં મુક્ત કરાવેલા તે સાત હજાર બસો ક્ષત્રિયોનું સૈન્ય લઈને ગઉરા આવ્યો. લોરિક ગઉરા જાય, મંજરીને મળે તેવું ચનૈની ઇચ્છતી ન હતી. એણે કહ્યું, 'એ કંઈ હવે તમારી પત્ની નથી. એણે તો બીજો સંસાર પણ માંડ્યો છે !' આથી સાચી વાતની ખાતરી કરવા માટે લોરિકે રાજા સંજેલા એવું નામ ધારણ કર્યું અને તે પહેલાં બોહામાં પ્રવેશ્યો અને જોયું તો આખું ગામ ઉજ્જડ, મલસાંવરના ગઢમાં બધું પડી ગયેલું અને ખંડિયેરમાં ઘાસ ઊગેલું. વાડામાં એક પણ ગાય ન હતી. મલસાંવરે બંધાવેલા તળાવે ચાર-પાંચ માછીમારો બેઠા હતા. એમના દ્વારા લોરિકને જાણ થઈ કે સહદેવ અને શિવહરિએ ભીલ, કોળી, ચમારનો સાથ લઈને ગઉરા અને બોહા લૂંટી ઉજ્જડ કરેલા અને ગૌધન હરી ગયેલા. ચનૈની અને જમુની બન્ને લોરિક મંજરીને મળે તે ઇચ્છતી ન હતી અને મંજરીએ તો બીજાં વર-ઘર કર્યાંનું જણાવતી હતી. સારી વાતની ખાતરી કરવા માટે લોરિકે ગઉરામાં જાહેરાત કરાવી, 'રાજા સંજેલા તળાવકાંઠે પડાવ નાખીને રહ્યાં છે અને દહીંના મોંમાગ્યાં મૂલ આપવાનાં છે ! આથી ગઉરાની અહીરણીઓ ગોરસ લઈ વેચવા આવી. મંજરી પણ આવી. એના ગોરસનું મોટું મૂલ્ય ઘડામાં સોનાની મહોરોથી આપ્યું. મંજરીને જોતાં નાવિકની દાનત બગડી. એ મંજરીને હાથ કરવા ગયો. મંજરીએ સત્‌ના પ્રભાવે નદીનું વહેણ સૂકવી નાંખ્યું. નાવિક પગે પડ્યો, સતીની માફી માંગી ત્યારે ફરી નદીનો પ્રવાહ વહેવા લાગ્યો. ઘડામાં મહોર જોતાં ખોઈલનીને મંજરી પર શંકા જાગી. છૂપા વેશે રાજા સંજેલા બનેલો લોરિક ગઉરા આવ્યો અને રાતે પોતાની હવેલીમાં પ્રવેશ્યો અને જોયું તો મંજરી બે લબરમૂછિયા યુવાન સાથે ઊંઘતી હતી. લોરિકને

થયું : ચનૈની અને જમુનીની વાત સાચી છે ! પરંતુ હકીકત તો એ હતી કે લોરિકે ગઉરાનો ત્યાગ કર્યો તે પછી સગર્ભા મંજરીએ પણ પુત્રને જન્મ આપેલો અને તેનું નામ ભોમિક પાડેલું. મલસાંવરની પત્ની સતિયાએ પણ પુત્રને જન્મ આપેલો. સતિયા તો મલસાંવર-સતિયાના પુત્રને ઉછેરતી હતી અને તે બન્ને મંજરી સાથે સૂતેલાં !

રાજા સંજેલાના નામે પોતાની ઓળખ છુપાવી અને મંજરીને ગોરસના બદલામાં મળેલી સોનામહોર જોતાં સાસુ ખોઈલા-નીને પણ મંજરી પર શંકા જન્મી. આથી મંજરી પતિ અને સાસુ બન્નેની શંકાનો ભોગ બની. પરંતુ એના સતીત્વનો પરચો પ્રગટ થયો. દહીં વેચવા ગયેલી મંજરી પર હોડીવાળાની દાનત બગડી ત્યારે મંજરીએ સતીત્વના પ્રભાવે નદીના વહેણને સુકાવી દીધું. નાવિકે માફી માગી અને મંજરીએ ફરી નદીપ્રવાહ વહેતો કર્યો. પતિ અને સાસુની શંકા દૂર થઈ અને અંતે લોરિક ઘરે આવ્યો ત્યારે મંજરીએ પતિને મોટાભાઈના મોતનો બદલો લઈ પછી જ મળવાનું જણાવ્યું ને લોરિકે દેવહરિયા પર ચડાઈ કરી અને પરાજિત કર્યો, પોતાનું પશુધન મેળવ્યું, ભાગ્યો અને એણે છળથી નદીકાંઠે જ લોરિકને બાણ મારી ઘાયલ કર્યો. લોરિકના મોટાભાઈ મલસાંવરના પુત્ર દેવાઈકે દેવહરિયાને પછાડ્યો, લોરિકે શત્રુનું માથું વાઢ્યું ને વેરનો બદલો લીધો. સાથળમાં વાગેલા બાણના કારણે લોરિક હવે કોઈ યુદ્ધ કરી શકે તેમ ન હતો. માતાની રક્ષા થતાં પોતે શત્રુના હાથે ઘવાયો અને લડવાની બધી શક્તિ ગુમાવી ત્યારે લોરિકને લાગ્યું કે નેઉરની લડાઈમાં એણે સ્ત્રીઓના પણ ઘાત કરેલા તેનાં પાપના કારણે આવું પરિણામ ભોગવવું પડ્યું છે. યુદ્ધ કરવા કે રાજ્ય કરવા તે હવે યોગ્ય રહ્યો ન હતો. પત્નીનો પણ સગર્ભાવસ્થામાં ત્યાગ કર્યો એનું પણ પાપ એના માટે અસહ્ય બન્યું. આ પાપનું પ્રાયશ્ચિત્ત કરવા લોરિક અંતે વારાણસી ગયો અને બળતી ચિતામાં કૂદી પડ્યો. એના બલિદાન પછી એનો પુત્ર ભોરિક ગઉરાનો રાજા બન્યો.

વીરગાથાના વીરના જીવનનો કરુણ અંત સૂચક અને અર્થદ્યોતક હોય છે. ઉત્તમ અને આદર્શ એવો વીર એના જીવનમાં અને યુદ્ધમાં દેવ અને દૈવની કૃપાએ વિજયી બને છે, પરંતુ એ જ્યારે ભાન ભૂલે છે અને પાપકર્મ આચરે છે ત્યારે એના જીવનનો કરુણ અંત આવે છે પરંતુ મૂલ્ય માટેના બલિદાનથી એની યશગાથા રચી લોકો એને અમર બનાવે છે. આ જ મહાકાવ્યનું તારણ છે.

વિશ્વમાં જેટલી મહાકાવ્યના વીરોની કથાઓ છે તેમાં મોટાભાગે બધી જ



કથાઓમાં આવા વીર નાયકના જીવનનો અંત કરુણ હોય છે. અને એના જીવનના અંતની કરુણતાનું કારણ એના જીવનની કોઈ એવી ભૂલ હોય છે, પાપ હોય છે કે તેનું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. મહાભારતમાં પણ જોઈ શકાય છે કે અંતિમ જીત પછી પણ પાંડવોને મનની શાંતિ મળતી નથી અને પ્રાયશ્ચિત્ત રૂપે સદેહે સ્વર્ગારોહણ કરવા હેમાળે જાય છે ત્યારે હાડ ગળી જાય છે. સદેહે સ્વર્ગ મળતું નથી. યુધિષ્ઠિર એકલા સફળ થાય છે પરંતુ તેમનું પણ ‘નરો વા કુંજરો’નું અર્ધસત્ય નડ્યું, અષ્ટાંગુલ ઊર્ધ્વ યુધિષ્ઠિરને પણ આઠ આંગળ નીચે આવવું પડે છે. પરંતુ આવા પ્રત્યેક વીરનું જીવનકાર્ય કોઈ મૂલ્યને વરેલું હોય છે અને મૂલ્યને કારણે જ આવા વીર આત્મબલિદાન આપે છે. પરંતુ એમના જીવનની આવી કેટલીક નાની કે સૂક્ષ્મ કે મહત્ત્વની પાપરૂપ ભૂલ જ એમનાં પતન અને જીવનના અંતની કરુણતાનું કારણ બને છે. આ તત્ત્વ જ આવા વીરોની ગાથાને અમર બનાવે છે અને આવી ગાથાઓ જ લોકમહાકાવ્યના રૂપમાં ગવાય છે. આજે પણ માત્ર ઉત્તર પ્રદેશ જ નહીં પરંતુ બિહાર, બંગાળ કે અન્યત્ર જ્યાં પણ અહીરોનો વસવાટ છે ત્યાં લોરિકની આ ગાથા લગ્નના અને બીજા ઉત્સવોમાં ગવાય છે. ‘ચનૈની’ નામે ગવાતી આ મહાકથામાં નાયકને એનો મેદવ્ય અશ્વ સદેહે સ્વર્ગમાં લઈ જાય છે અને સ્વર્ગમાં એના મોટાભાઈ મલસાંવરનું માત્ર ધડ કે તેનું માથું શિવહરિએ કાપી નાખ્યું હતું. અને તે માછલી ગળી ગયેલી. લોરિક એ માથું મેળવી ધડ પર મૂકે છે અને મલસાંવર તથા લોરિક બન્ને સદેહે સ્વર્ગ પામે છે.

અહીં જે લોરિક-ચન્દ્રાની પ્રેમકથા આધારિત કથાનક આપ્યું છે તે ભોજપુરી ‘લૌરિકી’ અને અવધી ‘ચનૈની’ બન્ને લોકમહાકાવ્યની કથામાં મહદંશે સમાન છે. અવધી ભાષાના લોકમહાકાવ્ય ‘ચનૈની’ની કથામાં મહત્ત્વનો ભેદ એટલો જ છે કે લોરિક નાનો ભાઈ હોવા છતાં ચનૈનીગાયક રામ અવતાર યાદવ ‘વિરહિયા’ લોરિક-ચન્દ્રાનાં લગ્ન પહેલાં આલેખે છે અને તે પછી જ તે મલસાંવર-સતિયાનાં લગ્નની પાંખડી ગાય છે. ડૉ. શ્યામ મનોહર પાંડેય આ મહાકથાગાયકને આવાં પરિવર્તનનું કારણ પૂછે છે ત્યારે રામ અવતાર યાદવ જણાવે છે કે મહાકાવ્ય લોરિક-ચન્દ્રાનું છે તેથી જ તેનાં લગ્ન જ મુખ્ય છે અને તે પહેલાં આવે ! જોકે આ કારણ સાહજિક નથી, તથા આવા પરિવર્તનના કારણે કથાનકમાં વિસંવાદ - અસંગતિ થયાં છે. જે વ્યાઘ્રાનો લોરિકે પહેલાં વધ કર્યો છે તે જ વ્યાઘ્રાને, માંત્રિક ડાકણ ડોશીને, બીજી વાર મરાતી દેખાડવી પડે છે અને અનેક પ્રસંગોનું પુનઃકથન-વર્ણન કરવું પડે છે.

લોકમહાકાવ્ય - ગાયકનો, રામ અવતાર યાદવ ‘વિરહિયા’નો આટલો દોષ બાદ કરતાં લોકમહાકાવ્યના ગાયક તરીકેની પ્રતિભા અદ્‌ભુત છે, તે સ્વીકારવું જોઈએ. પ્રમાણમાં લગભગ નિરક્ષણ અને નિર્ધન એવા વિરહગાનમાં પ્રખ્યાત થઈ ‘વિરહિયા’નું બિરુદ કે ઉપનામ પામનાર રામ અવતાર દૃષ્ટિમંત કથકગાયક તથા શીઘ્રકવિ છે. પ્રેક્ષકોને ઠપકો આપતાં, આછાપાછા કે ઊંચાનીચા થતાં અટકાવવા તે શીઘ્ર પદ્ય રચે છે અને અત્યંત પ્રભાવક, ઉદ્‌બોધક શૈલીમાં રોમૅન્ટિક છે, સામાજિક-ધાર્મિક રૂઢિ-પરંપરાથી મુક્ત. ઉપવાસ-એકટાણાને ધર્મ માનતો નથી, અહીર હોવા છતાં ગડરિયા કોમના ગુરુના કારણે માંસાહારની છૂટ પણ લઈ લે છે. એના જમાનામાં અત્યંત લોકપ્રિય બનેલો અને બંગાળ, મહારાષ્ટ્ર, સિંધમાં પણ ચનૈનીગાન કરનારો આ સમર્થ લોકમહાકાવ્ય-ગાયક છે.

આ સંદર્ભે વિષયાન્તર કરીને પણ મારે લોકવિદ્યાક્ષેત્રના નવયુવાન અભ્યાસીઓને સૂચવવાનું કે કોઈકે લોકમહાકાવ્યનાં ગાન અને ગાયક પર જ સ્વતંત્ર અભ્યાસ કરવા જેવો છે. કંઠપરંપરાના સામર્થ્ય અને પ્રવર્તનનાં ઘણાં રહસ્ય હાથ લાગશે. ખાસ તો ‘નિહાલદે-સુલતાન’ના સંપાદક ડૉ. કન્હૈયાલાલ સહલ, રાજકુમારી લક્ષ્મીકુંવરી ચૂંડાવત, ડૉ. શ્યામ મનોહર પાંડેય, ડૉ. જે.ડી. સ્મિથ અને આપણા ડૉ. ભગવાનદાસ પટેલે તેમનાં લોકમહાકાવ્યોનાં સંપાદનોમાં લોકમહાકાવ્યનાં ગાયકોની જે અલ્પ પણ મહત્ત્વની વિગત આપી છે તેનું આકલન કરતાં સ્પષ્ટ થશે : ૧. આવી પરંપરા અંગત રસરુચિ, શોખ, ધગશ કે અંતરની જ કોઈ ભૂખ અને એની તૃપ્તિમાંથી જ આગળ વધી છે. ૨. માત્ર આર્થિક પ્રાપ્તિ-ઉપાર્જન-આજીવિકા-કુળધર્મ-ધર્મવિધિ-સંલગ્નતા જ લોકમહાકાવ્ય-કથનગાનને ટકાવતાં પરિબળો નથી. ૩. આવો કથકગાયક ખુદ સર્જક કે પદ્યરચનાકાર તરીકેની પ્રતિભા ધરાવતો હોય છે. ૪. માત્ર કુળપરંપરાએ જ નહીં, જાતિજ્ઞાતિથી પર રહીને જ આવાં કથનગાન જાણનારો અન્ય સમાનધર્મા એવા ‘રસના ધોયા’ યુવાનને જુએ છે ત્યારે તે કોઈ પણ જાતનાં લાભ-લાલચ-મોહ-દિલચોરી વગર જ પોતાની પાસે જે સિદ્ધ ‘વિદ્યા’ (વિદ્યા = જ્ઞાન + એને પ્રયોજવાની, એપ્લાય કરવાની શક્તિ) છે તે શિષ્યને આપે છે. ૫. દરેક મહાકથાગાયક-વાહક કપડાં પ્રમાણે કાપડ વેતરવાની શક્તિ ધરાવે છે, પોતાની સર્જકતા પણ કામે લગાડે છે, પરંતુ મૂળ જે ચાલ્યું આવે છે, પરંપરાગત છે, એમાં કોઈ પણ પરિવર્તન કરે, ઉમેરણ-સંવર્ધન કરે તે ગુરુને માન્ય નથી. ૬. લોકમહાકાવ્યગાયકની પોતાની કથાનાં પાત્રો અને પ્રસંગની કોઈ નિશ્ચિત સ્પષ્ટરેખા એવી વિભાવના હોય છે અને કથકગાયક પોતે કશુંક નવું કે જુદું કહે છે ત્યારે એ માટેનાં એનાં ચોક્કસ કારણો



હોય છે, અર્થદર્શનો હોય છે. જ્યાં જુદું છે ત્યાં બધે જ યદચ્છયા જ હોય, ‘જવા દે’વાળી વાત હોય, એવું ધારી લેવું બરાબર નથી.

આટલાં હાથવગાં તારણો તો મેં અહીં મારા વિવિધ લોકમહાકાવ્યનાં વાચન-અભ્યાસની છાપ રૂપે જ આપ્યાં છે. કોઈ સ્વતંત્ર અભ્યાસ કરે તો એમાં ઘણું જ નવું, હજુ સુધી અજ્ઞાત-અસ્પષ્ટ રહેલું પણ મળવાનો પૂરો સંભવ અને અવકાશ છે. આ સાથે કથ્ય ગેયનાં લિપ્યન્તર અને સંપાદિત-મુદ્રણના પણ અનેક નજરે ન ચડેલા, ક્યારેય ચર્ચાયા જ નથી એવા પ્રશ્નો પણ આવા અભ્યાસથી દૃષ્ટિમાં આવશે. કોઈ જ દીર્ઘપાઠ, વિધિસંલગ્ન સ્તુતિસ્તોત્ર સિવાયનો Fixed અને Memorized હોતો નથી. બધાં જ પાઠ Remembered છે, કોઈ એક જ કૃતિના, કોઈ એક જ અંગ-અંશના, કોઈ એક જ કથાગાયકે આપેલા સમયાનુસારી બે પાઠમાં પણ ઘણું નહીં તો કેટલુંક બદલાતું હોય છે. ડૉ. શ્યામ મનોહર પાંડેયના ભોજપુરી ‘લૌરિકી’ના સંપાદનની અભ્યાસ-ભૂમિકામાં તેનાં દૃષ્ટાન્ત મળશે.

અંતે એટલું જ ઉમેરવાનું કે મારા તાજેતરમાં જ પ્રગટ થયેલા ‘અવધી લોકમહાકાવ્ય ચનૈની : કૃતિનિષ્ઠ અભ્યાસ’માં આ લોકમહાકાવ્યનું સંપૂર્ણ કથાનક તથા તેના કુલ ૮૫ કથાઘટકોની વિગત મળે છે અને ડૉ. પિનાકિની પંડ્યા દ્વારા મારા અભ્યાસ-પૃથક્કરણની ૩૫ કથાઓના હજારેક જેટલા કથાઘટકોનો સંચય સ્ટીથ થોમ્પ્સનકૃત ‘મોટિફ-ઇન્ડેક્સ’ના ક્રમાંકો સાથે એમનાં પ્રકાશ્ય પુસ્તકમાંથી મળશે. કથા, કથનગાન, એની પરંપરા, સંસ્થાગત રૂપ, પ્રાદેશિક સમ્પ્રસારણ અને રૂપાન્તર, કથાવાહક, જાતિગત અનુબંધ, ઐતિહાસિક અનુબંધ, કથાગાનનું સંસ્થાગત રૂપ, શ્રોતાની સહભાગિતા, પાઠના મુખ્ય બે પ્રકાર, મહાકાવ્ય કુળના પ્રકાર, વર્ગીકરણ આ બધાં જ પાર્શ્વોની સવિગત ચર્ચા કૃતિનિષ્ઠ અભ્યાસમાં છે. લોકમહાકાવ્ય પરના અભ્યાસની એક નિશ્ચિત કેડી કંડારવાનો આ એક પ્રયાસ છે અને તે દિશાએ આગળ વધવાની પ્રમાણભૂત સામગ્રી હવે ગુજરાતમાં તેમજ ગુજરાતીમાં ઉપલબ્ધ છે.

લોકમહાકાવ્યના અભ્યાસની દૃષ્ટિએ લોરિક-ચન્દ્રાની પ્રેમકથા પર આધારિત ભોજપુરી, અવધી વગેરે વિવિધ પરંપરાઓ અત્યંત મહત્ત્વની અને મુખ્ય સામગ્રી છે. આ લખનારની જાણકારી પ્રમાણે આ કક્ષાનું સર્વાંગસંપૂર્ણ લોકમહાકાવ્ય ભારતમાં જ ઉપલબ્ધ છે.

૨

# ગુજરાતી-રાજસ્થાની લોકગીત-સંગમ

ઈન્દુ રામબાબુ

આપણે ત્યાં શુભ પ્રસંગે મંગળગીતો, ઉત્સવોમાં રાસ-ગરબા, નામકરણ, ખોળો ભરવો, જનોઈ, ચાંદલા, લગ્ન, વડીલો યાત્રાએ જાય ત્યારે, પરત પધારે ત્યારે તેમજ કથા-પુરાણ વંચાય તે દરેકે દરેક પ્રસંગનાં માતૃકંઠે નીતરતાં—નિરંતર અને નિઃશુલ્ક પાછાં - ગીતો પેઢી દર પેઢી લોકજીભે રમતાં-ભમતાં રહે છે. હા, અને મૃત્યુ-શોક-ગીતો (મરશિયા અને રાજિયા-છાજિયા)ય ખરાં... 'આવું જ રાજસ્થાનમાં પણ છે. થોડાં નમૂના લઈએ. માતૃકંઠે તો ''ભારત-જોડો'' અભિયાન જાણે કે અવિરત ચાલુ રખાયું છે કે શું ? દા.ત. આપણે વિગતવાર આ ગુજરાતી-રાજસ્થાની લોકગીતો વિશે વિસ્તૃત ચર્ચા કરીએ.

### મેંદી

બેઠાઘાટનું આપણું બહુમાન્ય ઝાડવું. પાન વાટીને હાથે-પગે મૂકવાથી કેસરિયો મજાનો રંગ ઊઘડે, અને સુગંધ પણ પ્રસરે... શુભ પ્રસંગોપાત્ત વાર તહેવારે બહેનો કલામય રીતે ફૂલવેલ, મોર વગેરે આકારે મેંદી માંડે. મેંદી ઠંડક પણ પહોંચાડે છે. રાજસ્થાનમાં તો વિવા-વાજનમાં રાયવરનેય મેંદી મુકાય છે. શુભ ગણાય છે. ગુજરાતનું વ્હાલું અને બહુ પ્રચલિત ગીત જેમાં છે દેર-ભોજાઈની નિર્દોષ નિકટતા, પતિ-પત્નીની વિરહ-વ્યથા, તેમજ માતા-પુત્ર, ભાઈ-બહેન



અને ભાઈ વચ્ચેના સંબંધો. સંબંધે વ્યંગભર્યા ઉદ્ગારો... આ બધું મળે છે, એક મેંદીના છોડના માધ્યમથી ! દા.ત.

### ૧. મેંદી તે વાવી માળવે

એનો રંગ ગયો ગુજરાત રે, મેંદી રંગ લાગ્યો

નાનો દેરીડો લાડક્યો રે ઈ તો લાવ્યો મેંદીનો છોડ રે...મેંદી...
વાટી ઘૂંટીને ભર્યો વાટકો, ભાભી રંગો તમારા હાથ રે...મેંદી...
હાથ રંગીને દેરી શું રે કરું ? એનો જોનારો પરદેશ રે...મેંદી...
ઊડતાં પંખીડાં વીરા વિનવું તમી જાજો દરિયા પાર રે...મેંદી...
શોક્યનાં સાયબાને જઈ એટલું કે'જો તારી બેની પરણે ઘરે આવ રે...મેંદી...

સાયબો : ''બેની પરણે તો ભલે પરણે એની ઝાઝા દિ' રોકજો જાન રે...મેંદી...

પત્ની : શોક્યના સાયબાને જઈ એટલું કે'જો તારો વીરો પરણે ઘરે આવ રે...મેંદી...''

સાયબો : વીરો પરણે તો ભલે પરણે એની જાડેરી જોડજો જાન રે...મેંદી

પત્ની : શોક્યના સાયબાને જઈ એટલું કે'જો તારી માડી મરે ઘરે આવ રે...મેંદી...

સાયબો : માડી મરે તો ભલે મરે, એને બાળજો બોરડી હેઠ રે...મેંદી...

પત્ની : શોક્યના સાયબાને એટલું કે'જો તારી ગોરીની ઊઠી આંખ રે...મેંદી...

ત્યાંતો : ''હાલો ભાઈબંધો હાલો સાથીડ્યો, હવે હલકે બાંધો હથિયારે રે...મેંદી''...

સૌજન્ય : રંજનબહેન, હંસાબહેન સોની (કોટા)

**રાજસ્થાની - મેંદીના ગીત :**

### ૨. મેંદી બોવણ ધણ ગઈ

મેંદી બોવણ ધણ ગઈ, સુગની રાચો હુંજા સોવન હલિયો હાથ, મેંદી રાચણી
મેંદી નિનાવણન ધણ ગઈ, કોઈ સોવન ખૂરપી હાથ ....... ''  ''
મેંદી તો કાટણ ધણ ગઈ, કોઈ સોવન દાંતલી હાથ......... ''  ''
મેંદી તો લાવણ ધણ ગઈ, કોઈ લ્યાઈ ભારી બાંદ ......... ''  ''
આપ (સાયબા!) ઉતારો ચાંનણ ચોકમેં કોઈ ચૌક ખવાયા.... ''  ''

મહેંદી વાટણ ધણ ગઈ, કોઈ લોઢી-સલ્લા હાથ ............. ” ”
રતન કટારો મહેંદી ઘાલી, કોઈ છૂટણ લાગી લાલ............ ” ”
દેવરકી માંડી ચિટલી આંગલી, કોઈ ભાવજ દોનોં હાથ........ ” ”
દેવરજી મોસા બોલિયા ‘ભાવજ ! કુણ નિરખેલ હૉત’ ?.. ” ”
ભાભી : જાય ભંવરા તૂં ભંવરસું કહ ‘‘થારી માય મરી ઘર આય’ ” ”
પતિ : માય મરી, તો બુરો હુઈ રે કુરનાં કરજ્યો લોકાચાર... ” ”
પત્નિ : જાય કુરજાં ભંવરસાસે કહ ‘‘થાંકી ધીય પરણે ઘર માંય.. ” ”
પતિ : ધીય પરણે તો ભલી હુઈ યે કુરજ્યો મંગલાચરણ..... ” ”
પત્ની : જા રી કુરજાં ભંવરસાને કહ, થાંકી નાર મરે ઘર આય..” ”
ત્યાંનો પતિ : ‘‘આ લ્યો રાજાજી થાંકી ચાકરી, મ્હારો ઘર ઊજડ્યો અબ જાય, મેંદી રાચણી
આવી જુએ ત્યાં તો : દેવર ઝૂલે પાલણે, કોઈ સાસ રસોયાં માંય..... ” ”
બહન જો બરતન માંજતી કોઈ સુસરા ખેતાં જાય. ” ”
અને રંગમહલમેં ખેલતી કોઈ ધણ, સખિયાં સંગ સાર...” ”
પતિનાં વેણ : તૂ ચિરત્યાલી કામણી, થે કોઈ છલકર લિયા બુલાય.... ” ”

શબ્દો : **બોવણ** - વાવવાને. **ધણ** - પત્ની. **સુગની** - શુકનવંતી, સોવન - શોભે. **હલિયો** = હળ. **રાચણી** = રચે તેવી, સરસ રંગ ઊઘડે તેવી. **નિનાવણ** = નિંદવા કાજે (નિંદવું = વગર જોતું ઊગ્યું હોય તે બધું દૂર કરવું તે) **ખૂરપી** = ખરપિયો, **કાટ, ધણ ગઈ** = મેંદી કાપવા પત્ની ગઈ. **દાંતણી** = દાતરડી, **બાવણ** = લાવવાને. **લયાઈ** = લાંવી. **ભારીબાંદ** = ભારો બાંધીને, **ચાંનણ ચોકમેં** = ચંદનચોકમાં, **વાટણ** = વાટવાને. લોઢી-સલ્લા = શિલબટ્ટા - એક લંબચોરસ પથ્થર ‘ટાંકેલો’ હોય તેના ખર ગોળ પથ્થરથી મેંદી વટાય તે. **ઘાલી** = ભરી, લીધી. **છૂટણ લાગી** = રંગ લાગવા પડ્યો (લાલ લાલ), **મોસાં** = મને, **ભાવજ** = ભોજાઈ, ભાભી. **કુણ નિરખેલ હોત** = કોણ નિરખશે. **જાય ભંવરા તૂં ભવરસું કહ** = ભાઈ ભમરા ! જા અને જઈને વાલમાને કે’જે. **થારી માય મરી ઘર આય** = તારી માડી મરી ગઈ, માટે ઘરે આવ્ય. **બુરો હુઈ** = ખોટું થયું. **કરજ્યો લોકાચાર** = લોક-રિવાજ બધાં કરી વળજો... **જા રી કુરજાં** = જા રે કુંજડા. **થાંકી ધીય પરણે ઘરમાંય** = તારી દીકરી ઘરઆંગણે પરણે છે. **ભલી હુઈ** = સારું કર્યું - થયું, **એ કરજ્યો કુરજાં મંગલાચરણ** = એને કુળનાં મંગલાચરણ (રીતિરિવાજ) મુજબ વરાવજો. **કહ થાંકી નાર મરે ઘર આય** = કહેજે કે તારી ઘરનારી મરે, માટે ઘરે આવ. **થાંકી ચાકરી** = આમની નોકરી. **મ્હારો ઘર ઊજડ્યો અબ જાય** = મારું ઘર ઉજ્જડ થાય છે. **પાલણે** = પારણામાં. **રસોયાં માંય** = રાંધણિયામાં. **બરતન** = વાસણ. **સુસરા ખેતાં જાય** = સાસરાજી ખેતર જઈ રહ્યા છે. **ચિરત્યાલી** = Scheaming. **કામણિ** = કામિની, **છલકર** = છેતરીને. **લિયા બુલાય** = બોલાવી લીધો. **બલ ઘણો** = બળ ઘણું. **દોડ્યા આમ** = દોટમ્ દોટ આવે.

***સૌજન્ય** - કૌશલ્યા દેવી મિત્તલ (નાગોર, કોટા)*



**રાજસ્થાની પાઠભેદ :**

પત્ની : આઠ (ચ્યાર) ટકા દ્યું ગાંઠકા જો કોઈ ઇન્દરગઢ જાય, સોદાગર મેંદી રાચણી
જાય લસકરીબેન યું કઁહ, થોરે ઘર બનડીરો બ્યાહ... ” ”
પતિ : વ્યાહ મંડ્યો થે ભલી હુઈ, દિજ્યો થે દોવડ-તેવડ ધન ” ”
પત્ની : જાય મનભરિયેન યું કહે ‘થારે કુંવર હયો ઘર આય’ ” ”
પતિ : કુંવર હુઓ તો ભલી હુઈ, કરજ્યોં થે હરખ ઉચ્છાવ... ” ”
પત્ની : જાય લસકરિયેન યું કહે, ‘થારી માંય મૂઈ ઘર આય.’ ” ”
પતિ : માંય થુઈ યા બુરી હુઈ, કરજ્યાં થે લોકાચાર........ ” ”
વળાં : કોટ તળે કી કાઢજ્યો, ઝાલર રે ઝિણકાર.......... ” ”
પત્ની : જાય લસકરિયેન યું કહે, થારી નાર મૂઈ ઘર આય.... ” ”
પતિ : નાર મુઈ યા બુરી હુઈ, ટાબર બરાજી વાઠ........... ” ”
તેથી : ‘‘આ લ્યો રાણાજી થારી ચાકરી, આ લ્યો રાજાજી થારો દેસ ” ”
પતિ રસ્તે પ્રશ્ન પૂછે છે : છાણાં તે ચુગતાં છોકરી, ઘરકો એ કુસલ બતાવ ” ”
ઉ : ‘‘માંય વિલૌવે વિલૌવણું, બહન રસોઈકે માંય........ ” ”
‘‘કુંવર ઝૂલે ઓ તો પાલણે, નાર સેજાંકે તો માંય.... ” ”
તે પર પતિ : ‘‘ઓ છિનગારી મારી ગોરડી, છળ કર લિયો બુલાય. ” ”
તો પત્ની : ‘‘ચ્યાર ટકારી થારી નોકરી (ચાકરી) લાખ મ્હોંરાંકી મારી રાત ”
માટે : ‘‘નેડાકી કરલ્યો સાજન ચાકરી, સાંજ પડ્યાં ઘર આવ.... ” ”

**જુઓ ગુજરાતીમાં ગીત :**

તમને વા’લી તમારી નોકરી રે
(દરબારી ચાકરી રે)
પણ : અમને વા’લો તમારો જીવ !
ગુલાબી નઈં રે જાવા દઉં ચાકરી રે

શબ્દો : **ચ્યાર** = ચાર, **ટકા** = રૂપિયા, **દ્યું** = દઉં, **જાય** = જઈને, **લસકરીયેન** = સૈનિકને **યું કઁહ** = આમ કહેજે, **થારે ઘર** = તારે ઘરે **બનડીરો વ્યાહ** = દીકરાના વિવાહ (લગ્ન) **મંડ્યો** = માંડ્યો, રચ્યો, **એ ભલી હુઈ** = તેં સારું કર્યું, **દિજ્યો** = થે **દેવડ-તેવડ દાન** = એતે બજીણો ત્રણગણો કરિયાવર કરજો **થારે કુંવર હયો ઘર આય** = તારે ત્યાં પુત્રજન્ય થયો છે, માટે ઘરે આવ **કરજ્યોં થે હરખ ઉચ્છાવ** = તમે સૌ હર્ષભેર ઉત્સવ કરજો **થારી માય મૂઈ** = તારી માં મરી ગઈ;

**યા** = આ તો, **કરજ્યાં થે લોકાચાર** = રિવાજ મુજબ બધું કરી લેજો, **કોટ તળે કો કાઢજ્યો** = ગઢ નીચેથી લઈ જજો, વાજા ગાજા સાથે ! **થારી નાર મૂઈ** = તારી ઘરનારી મરી ગઈ, **ટાબર** = બાળકો, છોરુડાં **થારો દેસ** = તમારો દેશ, **ચુગતી** = વિણતી, **કુસલ બતાવ** = હેમખેમ-કુશળ કહે... **માય વિલૌવે વિલોવણું** = માડી વલોણું બલોવે છે, **બહન રસોઈકે માંય** = બેન રસોઈમાં **કુંવર ઝૂલે ઓ તો પાલણે** = પુત્ર પારણે ઝૂલી રહ્યો છે, **નાર સેજાં કે તો માંય** = ઘરનારી તો સેજ પલંગે પોઢી રહ્યાં છે. **છિનગારી** = છેતરપિંડી કરનારી, ચાલબાજ નારી, **ગોરડી** = પત્ની **ચ્યાર ટકારી થારી ચાકરી** = ચાર ટકાની તારી ચાકરી, **લાખ મ્હોંરાં કી મારી રાત...** = મારી એકુકી રાત તો લાખ લાખ મ્હોરોની છે. **નેડાકી** = નજીકનો **કરલ્યો** = કરો ને **સાંજ પડ્યાં** = સાંજ પડ્યે, **ઘર આવ** = ઘરે પહોંચી જવાય ને.

**સૌજન્ય :** *કૌશલ્યા દેવી મિત્તલ (નાગોર, કોટા).*

આપણા સમાજમાં વિવાતા દીકરા કે દીકરીની માતા પોતાને પિયર સંદેશો મોકલે કે 'મામેરાં વેળા આવી પહોંચી. તો શુભલગ્ન પ્રસંગે યથાશક્તિ મામેરા' સાથે આવવા વિનંતી. અને ભાઈને ખાસ તો કહેવાનું કે ભલેને તું એક નાળિયેરનો ડોડો જ લઈને આવજે, હું તો તારી સંતોષી બેની છું. મારે ઘરે કશીય ખામી નથી... પણ તું નહિ આવે તો મને બહુ અખરશે, માટે જરૂર આવજો...

## ૪. વીરા હું તો કાંઈયે રે નથી માગતી

ઢાળ : એક ઈંટ પડે ને ગઢ નીપજે

મારે અવસરીયે આવી ઊભા ર્‌યો ને... વીરા વેલા આવજો...
મારે હાથ પરમાણે રે વાડલી, મારે ઉપર પોંચી, પંજાની જોડ... વીરા.
બહેનીને ડોક પરમણે રે ડોકિયું, ઉપર તોરણિયાં ફૂલહાર... વીરા...
બહેનીનને પગ પરમાણે તોડા, સાંકળાં, ઉપર લંગર ઝાંઝરની જોડ્ય...વીરા...
બહેનને સાચાં સાળુ ને નવરંગ ચૂંદડી ઉપર ઘરચોળાં કેરી જોડ્ય... વીરા...
વીરા આવું આવું કશું નથી માગતી, હું તો તારી સંતોષણી બહેની...વીરા...

શબ્દો : વાડલા = વાઘમોરાં, પંજા - પગપાનાં, તોડા = પગમાં પેરવાનાં કડલાં, લંગર - ભારે ઝાંઝર ઘૂઘરીથી લચબચ એવું !
સૌજન્ય : કંકુબહેન ભગવાનદાસ પટેલ (ચમારડી), કમળાબહેન ગોપાણી (ચોગઠ)

*

બા : વરની કે કન્યાની માતા પોતાના વીરને મામેરું લઈને આવવા કહાવે છે : કે : હે ભાઈ ! તારે કીમતી મામેરું કરવું પડશે તેવી દિલચોરી ન રાખજે.



મારે ઘેર અઢળક સાયબી છે. તું તારે માત્ર એક લીલું નાળિયેર લઈને આવજે ! હું તો સંતોષી બહેન છું !

## ૫. વીરા ! નીલુડું નાળિયેર લઈ આવ

હું રે સંતોખણ બેનડી
ભાયા ! ભલો તે ભેંસોનો લલકાર, હું રે સંતોખણ બેનડી.
ભાયા ! ભલો છે સાંઢ્યાંનો લલકાર, હું રે સંતોષણ બેનડી
ભાયા ! ભલેરી જોટડિયું હંકાર, હું રે સંતોષણ બેનડી.

શબ્દો : સંતોખણ - સંતોષી, ભાયા - ભાઈ, ભઈલા !
સૌજન્ય : ચૂંદડી = (ઝ. મેઘાણી, કૌશલ્યા મિત્તલ (નાગોર, કોટા)

*

બા : જાનમાં જાનરડીઓ કહે છે કે લાડી ! તું કાંઈ આપણે ઘરે 'બારખલી', 'દાસી' કે 'ડાબા પગની મોજડી' નહિ હોં ! તું તો આપણાં કુટુંબીરૂપી હર્યાભર્યા બાગની રૂડી કોયલડી, પાછી કુળ વંશવર્ધિનીય ખરી...'ચાલો ઘરે'... ભાવના સુંદર ને ? વળી શબ્દ વાપર્યા; લાડડી તારે ઘરે હિંડોળા બાંધ્યા' વાહ !! હેતનાં હિંડોળા !!

## ૬. લાડડી તારે ઘરે હિંડોળા બાંધિયા

(ઢાળ : એક ઈંટ પડે ને ગઢ)

લાડડી લાડે કોડે વેગે વે'લી આવ... લીલુડા વનની કોયલડી.
આપણે

ત્યાં તો : લાડડી, આંબા પાકે ને રે રસ ઢળે
ન્યાં કાંઈ જાંબુ જમરૂખનાં નઈ પાર... લીલુડા...
લાડડી, ચંપા રે ચમેલીનાં જોડલાં.
ન્યાં કાંઈ મોગરલા વખણાય... લીલુડી...
લાડડી, આપણે ત્યાં જૂઈ જાવંત્રી જોડલાં,
ન્યાં કાંઈ કેવડિયો શોરંબાય... લીલુડા...

વિનંતી કે : લાડડી મેલી દ્યો ને બેનીબાની આંગળી,
તમીં મેલી દ્યોને વીરા કેરાં વ્હાલ... લીલુડા...

નોંધ : જેઠ-જેઠાણીનાં જોડલાં ચંપા ચમેલી સમાં, વિવેકબુદ્ધિ ધરાવતા વડીલો તો મોગરડા સમી સુગંધ પ્રસરાવતા, જૂઈ જાવંતરી સમી ખુશનુમા સમજુ નણદો, કેવડલો તે નણદોઈ ભાઈ !' Simily કેવી ગાઈ છે ?'

શબ્દો : શોરંબાય - સુગંધ પ્રસરાવે, સોરિંબ - સુગંધ
સૌજન્ય : મણિબા ભટ્ટ (હેડમિસ્ટ્રેસ, ભડિયાદ કન્યાશાળા), જીવીબહેન સોની (શિક્ષિકા, ભડિયાદ)
વિ.વા. ગીત ૪૩૦

બા : હવે આ દીકરી 'હરિયા વનની કોયલડી' લીલુડા વનમાં કિલોલતી હિલોળતી કોયલ સમી ગવાઈ છે, ને સાસરે જશે (મારવાડી ગીત)

## ૭. હરિયા વનની કોયલડી

વનડી ! થારે સાસરેજી ડોલર બાંધિયો,
વનડી ! હીંડારે ઉમાટે વેલી આવ !
રે મારી હરિયા વનરી કોયલડી !

લાડી ! આંબો પાકા ને કેરી રસ ઢળે;
લાડી ! જામફળરો વડો રે સવાદ
રે મારી હરિયા વનરી કોયલડી !

લાડી ! મેલો માતારી ચટુ આંગળી;
લાડી ! છોડો બાવાજીવાળો હેત.
લાડી ! રાખો સાસુજીવાળો હેત કોયલડી રે
લાડી ! રાખો સસરાજીવાળો હેત
રે મારી હરિયા વનરી કોયલડી !

... પછી : અન્ય સગાંઓનાં નામો લઈ ગવાય છે.

સૌજન્ય : કેસરબાઈ+ભૂલીબાઈ વિજય + અગરલાલ (કોટા કેથૂન, રાજસ્થાન)
શબ્દો : હીંડા રે - હાલોને, ઉમાટે - ઉમંગભેર, હરિયા - લીલુડા, જામફળરો - જામફળનો, ચટુ - ટચલી, માતારી - માતાની, વનરી - વનની, ડોલર - હીંચકો, વડો સવાદ - બહુ જ સ્વાદિષ્ટ.

*



બા : પતિ-પત્નીનાં પ્રેમભર્યા સંવાદ આવાય કોને પડે !

## ૮. એક રંગભર રસિયે પૂછિયું

ઢાળ : રામ ને સીતા વાદ વાદેરો

પ્ર : રાણી રાજવણ રે, તેનું વા'લું કુણ ? (૨)
રાતી રે રંગત ચૂડી લ્યો (રાતો રંગત ચૂડલો, લ્યો)

ઉ : સાસરે વા'લો મુંને સાસરો રે
મૈયરીએ મુંને વા'લો બાપ... રાતી રે રંગ... એક રંગભર...

પ્ર : રાણી રાજવણ રે તુંને વા'લું કોણ ? (૨) રાતી રે...

ઉ. : સાસરે વા'લાં મુંને સાસુજી રે
મૈયરીએ મુંને વા'લી માત... રાતી રે...

પૂછો તો : સાસરે વાલા મુંને દેરજી રે
મૈયરીએ મુંને વાલો વીર... રાતી રે...
સાસરે વાલી મુંને દેરાણી રે (જેઠાણી રે)
મૈયરીયે વા'લી ભોજાઈ
સાસરે વા'લી મુંને નણદલબા રે
મૈયરીએ મુંને વા'લી બેન

નોંધ : પ્રેમે રસબસતું, સંપેજંપે જિવાતું કૌટુંબિક જીવન કેવું તો આબાદ રીતે જનમનમાં વણાઈ ગયું છે ? 'વાહ ભઈ' કહેવાય જાય ને ?

શબ્દો : રસિયો = રસિકપતિ, રાણી રાજવણ = રાજરાણી સમી પત્ની, તુંને = તને, મુંને = મને.
સૌજન્ય : ફૈબા મણિબા ભાદાણી (નિંગાળા) પાલીબેન અમરામામા (હરિજન) હરિબા (ભડિયાદ)

*

બા : આ ગીતને મળતું એવું એક રાજસ્થાની ગીત જોઈએ જરા. યૌવનસભર વરવહુ જોડું વાતે વળગે. પતિ પૂછે છે કે તને કોણ વ્હાલું ?

પત્ની : મૈયરે વાલા રે પિતા અને ઈથી વધુ વાલી માતા'... લગ્ન બાદ પત્ની (નારી) પોતાના પિયરિયાંને વ્હાલા ગણે તે તો પુરુષપ્રધાન સમાજમાં પુરુષને અખરે ! એટલે પતિ ધમકાવે કે આવું બોલીશ, તો હું ફરીથી પરણીશ. ત્યારે પત્નીનો ગર્વીલો ઉત્તર કે 'એક નહિ, બબ્બે પરણજે ને,

તારી ડરાવી ડરી જઈને હું કાંઈ મારા માવતરને થોડાં વિસારી મૂકું ?
પછી પતિ પૂછે છે કે, 'તને સાસરિયામાં કોણ વ્હાલું ?'

પત્ની : 'સાસુ અને સસરા'... સૂણતાંકને લ્યો પતિદેવ તો રાજી રાજી થઈ ઊઠે છે !

## ૯. કોણ કોણ પ્યારા ?

આંબા જી પાકાં વનડી ! નીંબુ જી પાકાં,
લાગી લડાલડ લૂંબો માલવણી !
નીંબુ બોરંગ પાકાં.

વનડો તો પૂછે વનડી ! હેતાંરી બાતાં,
લાડડો તો પૂછે લાડકી ! હેતાંરી બાતાં,
થારે પિયરીએ કુણ કુણ પ્યારા માલવણી !
નીંબુ બોરંગ પાકાં.

મારે પિયરિયે મારો બાવોજી પ્યારા;
જણસું સવાઈ મારી માતા માલવણી !
નીંબુ બોરંગ પાકાં.

જૂઠ હે વનડી થેં તો જૂઠ જી બોલે !
ફેરે પરણી હું દોહે ચારે માલવણી !
નીંબુ બોરંગ પાકાં.

એક પરણીતાં મારુજી ! દો દો પરણીજો,
થારી ડરાઈ નહિ ડરું માલવણી !
નીંબુ બોરંગ પાકાં.

વનડો પૂછે વનડીને ! હેતાંરી બાતાં,
થારે સાસરીએ કુણ કુણ પ્યારાં માલવણી !
નીંબુ બોરંગ પાકાં.

મારે સાસરિયે મારો સસરોજી પ્યારા,
જણસું સવાઈ મારી સાસુ માલવણી !
નીંબુ બોરંગ પાકાં.



સારી રે વનડી ! થેં તો સાચો જી બોલે,
થારે ઘડાવું નવસર હાર માલવણી !
નીંબુ બોરંગ પાકાં.

**શબ્દો :** કુણ : કોણ. બોરંગ = બહુરંગી, ભાતીગળ. લડાલડ લૂંબો = લચકા લોળ્ય લુંબે ઝુમ્બે. વનડી = લાડડી, લાડી. હેતાંરી બાતાં = પ્રેમાલાપ, માલવણી = માલવા દેશની નારી. બાવોજી = બાપુજી, પિતા. જણસું = જેનાથી, જૂઠ = જૂઠું. થેં = તમે. ફેરે = ફરીને, બીથેં વાર, પરણીતાં = પરણતાં હો તો. દોંદો પરણીજો - બેબ્બે પરણજો. થારી = તારી. ડરાઈ = ડરાવી. થારે = તને.
**સૌજન્ય :** કૌશલ્યા દેવી મિત્તલ (કોટા, રાજસ્થાન)

*

બા : સ્વપ્નશીલ નવી-નવેલી પુત્રવધૂની કુટુંબકલ્પના કેવી ? કાંઈક આવી જ તો !

## ૧૦. આજ રે સપનામાં મેં તો ડોલતા ડુંગર દીઠા જો.

ઢાળ : આસો માસે શરદ પૂનમની

ખળખળતી નદીયું રે સાહેલી ! મારા સપનામાં
આજ રે સપનામાં મેં તો ઘમ્મર વલોણું દીઠું જો
દહીં દૂધનાં વાટકા રે સાહેલી ! મારા સપનામાં

પાઠભેદ : માખણનાં વાટકડાં સાહેલી ! મારા સપનામાં...

દહીં દૂધની વાઢિયું રે સાહેલી ! મારા સપનામાં...
આજ રે સપનામાં મેં તો લવિંગ-લાકડી દીઠી જો
ઢીંગલી ને પોતિયાં રે સાહેલી ! મારા સપનામાં...
આજ રે સપનામાં મેં તો ચાંદ-ચાંદરડું દીઠું જો
વગડાનું વાંદરડું રે સૈ મોરા સપનામાં.
આજ રે સપનામાં મેં તો ગોખલામાં ગોરબાઈ દીઠાં જો
દેરા માંયલા દેવ સાહેલી ! મારા સપનામાં...

આજ રે સપનામાં મેં તો જટાળો જોગી દીઠો જો
સોનાની થાળી રે સાહેલી ! મારા સપનામાં...
આજ રે સપનામાં મેં તો પારસ પીપળો દીઠો જો
તુલસીનો કે'રો કે સાહેલી ! મારા સપનામાં...

આજ રે સપનામાં મેં તો ગુલાબી ગોટો દીઠો જો
ફૂલડાંની ફોરમ્યું રે સાહેલી ! મોરા સપનામાં
પાઠભેદ : અંતરની શીશીયું રે સાહેલી મારા રુદિયામાં
આજ રે સપનામાં મેં તો ગહેકંતો મોરલો દીઠો જો
ઢળકંતી ઝેલી રે સાહેલી ! મારા સપનામાં...
આજ રે સપનામાં મેં તો બાળો કાનો (બાળુડો કાનડ) દીઠો જો
આજ રે સપનામાં મેં તો નવરંગ ઘાટડી દીઠી જો
ટાચકડી ચૂસણિયા સાહેલી ! મારા સપનામાં...
હવે પ્રશ્ન : નણદીના વીર ! આનાં અરથલિયાં ઉકેલો જો
આ : સપનાનો હારલો રે વા'લા મારી સાંભરણ્યમાં.
ઉત્તર : ડોલતા ડુંગર ગોરી તમારા સસરા જો
ખળખળતી નદીએ રે સાસુજી તારાં નીતા'તાં

ઘમ્મર વલોણું ઈ તો તમારા જેઠ જો,
દહીંદૂધને વાટકે રે જેઠાણી તારાં જમતાં'તાં...
લવિંગ લાકડી ઈ તો તમારો દેર જો,
ઢીંગલીને પોતિયે રે દેરાણી તારાં રમતાં'તાં
ચાંદાની ચાંદની ઈ તો તમારી નણદી જો,
વગડાનું વાંદરડું ગોરી તારો નણદોઈ ભાઈ...
જટાળો જોગી ઈ તો તમારો નણદોઈ જો,
સોનાની થાળીએ રે નણદલ.. તારાં જમતાં'તાં
પારસ પીપળો ઈ તો તમારો ગૉર જો,
તુલસીનો કેરો રે ગોરાણીમાં પૂજતાં'તાં...
અંતરની શ્યોરિંબ રે ગોરી તારા રુદિયામાં...

અને : નવરંગ ઘાટડી ઈ તો તું મુજ ઘરનાર્ય જો,
ટાચકડે, ચૂસણિયે ટાબર સૌ રમતાં'તાં
ગુલાબ ગોટો ઈ તો તમરો પરણ્યો જો,
ફૂલડાંની ફોરમ્યું રે તારી-ચૂંદડીમાં
પત્ની : ઘણું ઘણું જીવો મારા નણદલબાના વીરા જો
ભલેરો અરથ રે વાલો મારે ઉકેલિયો...



**શબ્દો :** ફોરમ્યું - સુગંધ, ફોરમ (બ.વ.). ટાચકડા - ટાચકા ફૂટે તેવું રમકડું. ચૂસણિયા - બાળકને પેઢાં ખરાં કરવા માટે લાકડાનું લીસું બોરદાર રમકડું. અરથલિયાં - અરથો. સાંભરણ્ય - સ્મૃતિ. સૈ - સૈયર, સખી.

**સૌજન્ય :** માસીબા રૈબા (સાધ્વી સ્વામિનારાયણ મંદિર, ભડિયાદ), માસીબા ગંગાબા ગાબાણી (સ્વામીનારાયણ મંદિર, ગઢડા).

## ૧૧. મારવાડી

પત્ની : સૂનોજી ભંવર મ્હાન્ સુખનો સો આયો જી રાજ
સુપનારો અરથ બતાઓ જી રાજ...

પતિ : કવો રે ગોરી ! થાંને કે વિદ્ આયો જી રાજ ?
સુપનારો અરથ બતાવાં જી રાજ.

પત્ની : હંસ સરવર ઢોલા ગાજાં દેખ્યાં જી રાજ
માનસડાં દોયે દોયે જલસભર જીરાજ
બાગાં માંલ્યાં ચંપલ્યા મ્હેં ફુલત દેખ્યા જી રાજ
પોલી માલીપેં હંસતી મ્હેં હીસત દેખ્યા જી રાજ
હરિ હરિ દૂબ ઘોડી ચરે જી રાજ.
આંગનિયારો ચૉક મ્હેં પુરત દેખ્યો જી રાજ
ઉપર કુમ્કુમ કળશ ધર્યો જી રાજ
મહાલાંમાં લો દિવલો મ્હેં જગતો સો દેખ્યો જી રાજ
દિવલાકો જોત સવાઈ જી રાજ.

પતિ : હંસ સરવર ગોરી પીર તુમ્હારો જી રાજ
ફૂલ વીણાં તારી ભાજવાં રાજ
પોલીમાં લ્યા હંસતો દેવર જેઠ તુમ્હારા જી રાજ
હરિ હરિ દૂબ સવાસણી જી રાજ
આંગણિયારો ચોક વ કંવર તુમ્હાર જી રાજ
કુંભકલસ યારી કુલબહુ જી રાજ
મહાલાં માંલ્યો દિવલો વ કંથ તુમ્હારો જી રાજ
દિવલારી જોત સાહેબાણી જી રાજ.

પત્ની : ધન્ ધન્ જી દશરથજીરા છાવા જી રાજ
સપનારો અરથ ભલો દિયો જી રાજ

પતિ : ધન ધન એ સાજનિયારાં જાઈ જી રાજ
વંશ બઢાયો મારો બાપકો જી રાજ
રૂપાકી રૂડી સુહાગાંકી પુરી જી રાજ
પૂત જન મારો ઘર ભર જી રાજ.

**શબ્દો :** હરિદૂબ = લીલી ધરો (ઘાસ). પીર = પિયર. ખોલીમાંલ્યાં = ખોળમાંહેનાં. હંસતો = હાશ. આંગનિયારો ચોક = આંગણાનો ચોક. વ = તે, કંવર તુમ્હાર = તમારો કુંવર (પુત્ર). થારી = તમારી. મહલાંમાં લ્યો દિવલો = મહેલનો દિવડો = વ = તે. દિવલારી જોત = દીવાની જ્યોત. સાહેબાણી = પત્ની. સુપનારો = સ્વપ્નાનો. સાજનિયારાં જાઈ = સાસરાની દીકરી, વેવાઈની દીકરી. પૂત જન = પુત્રો જન્મીને. મારો ઘર ભર = મારું ઘર હર્યુંભર્યું કરો.

સૌજન્ય : કૌશલ્યા દેવી મિત્તલ (નાગોર)
સંગીતા કરીશ્મા મિત્તલ (કોટા)







વિભાગ - ૨

# વિવિધ વિસ્તારનું લોકસાહિત્ય : મૂલ્યાંકન





૩

# કચ્છ પ્રદેશની કલા-સંસ્કૃતિનો સર્જનફાલ

જોરાવરસિંહ જાદવ

કચ્છ એટલે રણ અને મહેરામણ વચ્ચે વસતા માનવીઓનો એક વિશિષ્ટ મુલક. કચ્છ સાથે પાંચ 'ક' જોડાયેલા છે : કર્મ, કૌવત, કલા, કૌશલ્ય અને કારીગરીકસબ. કલા, સંસ્કાર અને સંસ્કૃતિની દૃષ્ટિએ ગુજરાતનો જો કોઈ સમૃદ્ધ પ્રદેશ હોય તો તે કચ્છ અને સૌરાષ્ટ્ર છે. કચ્છી કલા અને સંસ્કૃતિએ પૃથ્વીના પટ પર વસેલા વિશ્વભરના કલાપ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું છે. કચ્છ પ્રદેશ ભૌગોલિક રીતે ગુજરાત-સૌરાષ્ટ્રથી વિખૂટો પડી ગયેલો હોવાથી કચ્છી પ્રજાના લોકસંસ્કાર અને સંસ્કૃતિએ આગવી ભાત ઉપસાવી છે. અહીંની લોકસંસ્કૃતિમાં જીવતા માનવીનો મિજાજ કંઈક અનોખા પ્રકારનો જ જોવા મળે છે. આ વાતની પ્રતીતિ કરાવતો એક દુહો :

*તળ ઊંડાં જળ છીછરાં, કામન લંબે કેશ;*
*નર પટાધર નીપજે, કોડીલો કચ્છ દેશ.*

ગુજરાતના ઉત્તર પશ્ચિમ ભાગે આવેલા 'કચ્છ' અંગે ઘણી કિંવદંતીઓ અને કથાઓ કહેવાતી આવી છે. એમ કહેવાય છે કે આ પ્રદેશ કાંઠા પાસેનો ભીનો અને પોચો હોવાથી એનું નામ કચ્છ પડ્યું છે. પ્રાચીનકાળમાં કચ્છ પ્રદેશ આભિરદેશના નામે ઓળખાતો. મહાભારતકાળ પૂર્વે અહીં આભિર નામે આર્ય



પશુપાલકો આવીને વસ્યા હતા. કચ્છ નામ ઈ.સ.ની બીજી શતાબ્દીથી મળે છે. જેનો અર્થ ભેજવાળી ભૂમિ એવો થાય છે જેની નોંધ પાણિનિના ગ્રંથમાંથી મળે છે. શ્રી અમૃત પંડ્યા નોંધે છે કે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ મોગલ જમાના સુધી એકબીજાથી અલગ હતા. સિંધુનો એક ફાંટો નળસરોવરમાં થઈને ખંભાતના અખાતમાં વહેતો હતો. આમ કચ્છ અને સૌરાષ્ટ્ર જૂના કાળે બે ટાપુઓ હતા. એના અવશેષ રૂપે માત્ર નળસરોવર જ આજે રહેવા પામ્યું છે.

પ્રાચીન સૌરાષ્ટ્ર જેમ ઝાલાવાડ, ગોહિલવાડ, ઓખામંડળ, હાલાર મચ્છુકાંઠો અને કાઠિયાવાડ પંથકમાં વહેંચાયેલો હતો એમ ૪૫૬૧૨ ચો.કિમી.નો વિસ્તાર ધરાવતો કચ્છ પ્રદેશ પાવર, મિયાણી, બન્ની, પચ્છમ, ખડીર, વાગડ, અંજાર-ચોવીસી, ભુવડ-ચોવીસી, હાલાચોવીસી, કાંઠી, મોડાસા, અબડાસા, કંડ, ગરડો, માહ ઈત્યાદિ સોળ ઉપરાંત પરગણાં-પંથકોમાં પ્રસરેલો હતો. આ પરગણાંઓની રચના ત્યાંની ભૌગોલિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિને આધારે થઈ હોવાનું માની શકાય. પ્રત્યેક પરગણું લોકસાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભો ધરાવે છે. ગુજરાત રાજ્યની અને કચ્છ જિલ્લાની રચના થતાં આ પંથકો અને પરગણાંના આટાપાટા સાવ ભૂંસાઈ ગયા છે, પણ લોકસાહિત્યનાં જૂનાં દુહા અને કહેવતો આજેય એની વિશેષતાઓ સાચવીને બેઠાં છે. જેમ કે-

*શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત;*
*વર્ષામાં વાગડ ભલો, કચ્છડો બારેમાસ.*

*

*ખાસા માલ ખડીરની, બાજર, બાકર બોર;*
*કુડ ધુડ કંથકોટની, ઠાકર ચાકર ચોર.*

અર્થાત્ : કચ્છના ખડીર પરગણાનો બાજરો, બકરાં અને બોર તથા કંથકોટનાં કૂડ, કપટ, ઠાકર, ચાકર ને ચોર મલક આખામાં વખણાય છે.

*દાઢીએ ઝાઝા કાતરા, કાપો ઝાઝા કેશ;*
*ચૂંથ્યાં પીંખ્યાં લૂગડાં, કૂડો વાગડ દેશ.*

પારાવાર તકલીફો અને વિટંબણાઓની વચમાં જીવનારા વાગડ પ્રદેશના ચીરી ગામ માટે પણ એક કહેવત જાણીતી છે :

*ચીરી ગામ ને ચકાસર પાણી;*
*દીકરી દેજો એવું જાણી.*

કચ્છની જગજૂની ધરતી પર અનેક જાતિઓનો વસવાટ જોવા મળે છે. જેમાં માલધારી, ખેતી કરનારા, દરિયાવટ પર નભતી, કારીગર, વ્યાપારી વગેરે અનેક જાતિઓનો સમાવેશ થાય છે. મોટાભાગની જાતિઓ બહારથી આવીને અહીં સ્થાયી થઈ છે. પ્રા. જિતેન્દ્ર અંતાણી નોંધે છે કે કચ્છમાં આવનાર અનેક જનસમૂહોમાં આર્યો, યાદવ, શક, મૈત્રેય, ગુર્જર, આભીર, હુણો અને પછી કાઠી, આહિર, રબારી, જત જેવી પશુપાલક જાતિઓ, સમા, સોઢા, સિંધી, વાઘેલા, જાડેજા, વાણિયા, બ્રાહ્મણો, ભાટિયા, ચારણ, કણબી, મેઘવાળ, લોહાણા જેવી અનેક નાનીમોટી જ્ઞાતિઓ, આરબ, મોગલ, પઠાણ, તુર્ક, સૈયદ, સુમરા અને સીદી એવી તો કંઈ-કેટલીય જ્ઞાતિઓ કચ્છમાં આવી. કચ્છ અનેક આગંતુક જ્ઞાતિઓનું સંગમસ્થાન બની રહ્યું. આ બધી પ્રજાએ મળીને કચ્છની સંસ્કૃતિનું ઘડતર કર્યું છે. કચ્છની અસ્મિતા ઊભી કરી છે.

કચ્છની લોકસંસ્કૃતિના અભ્યાસીઓને આ બધાં પરગણાં - પંથકો, લોકજાતિઓ, તેમના ઘર-ખોરડાં, ઓરડા, ભૂંગા, એનું લીંપણકામ, રાચરચીલું, એમનાં નામો, અટકો, વેશભૂષા, ઘરેણાં, સૌંદર્યપ્રસાધનો, ખાનપાન, રીતરિવાજો, માન્યતાઓ, મેળા, ઉત્સવો એમનું લોકસંગીત, લોકવાદ્યો, લોકકલાઓ, ચિત્રો, ભીંતચિત્રો, દેવીદેવતાઓ, લોકનૃત્યો અને લોકસાહિત્યનો અભ્યાસ રસપ્રદ બની રહે તેવો છે.

ભૂસ્તરશાસ્ત્રીઓ માને છે કે કાચબા જેવો આકાર ધરાવતા કચ્છ જિલ્લાનું ભૂસ્તર બનવાની શરૂઆત આશરે ૧૮ કરોડ વર્ષ પૂર્વે થઈ હતી. આટલાં વર્ષોનો ઈતિહાસ કચ્છની ધરતી પોતાની અંદર સંઘરીને બેઠી છે. પુરાતત્ત્વવિદ ડૉ. હસમુખ સાંકળિયાને પાષાણયુગના માનવીનાં ઓજાર ભૂખી નદીના વિસ્તારમાંથી મળ્યાં છે. એના આધારે કહી શકાય કે આ સમયથી માણસે અહીં વસવાટ કર્યો હશે. ખડીર પંથકમાં આવેલું ધોળાવીરા સિંધુકાલીન મહાનગર અને પુરાતત્ત્વનો અજોડ નમૂનો છે. અહીંથી મળેલ પાંચ હજાર વર્ષ પૂર્વેનાં માનવપગલાં અને છાતી પર કાંસાનો અરીસો રાખી ચિરનિદ્રામાં પોઢેલી સ્ત્રીનું હાડપિંજર જોતાં રૂંવાડાં ખડાં થઈ જાય છે. ધોળાવીરા ઉપરાંત પાબુમઠ, દેશલપુર, ગુંતલી, શિકારપુર તથા કાળા ડુંગરની ખીણમાં આવેલા કુરન પાસે સિંધુખીણની વસાહતો અને માંડવી તાલુકાના નાની રાયણ ગામથી પાંચ હજાર વર્ષ પુરાણા માનવવસવાટના પુરાવાઓ પ્રાપ્ત થયા છે. આ કચ્છની સંસ્કૃતિ છે. કચ્છની વિરાસત છે.

પ્રાચીનકાળથી કચ્છે દરિયાઈ વેપાર અને વહાણવટા માટે પ્રસિદ્ધિ મેળવેલ



છે. જૂના કાળે અહીં કોટિયા, બગલા, ગાંજા જેવાં નાનાંમોટાં વહાણો બાંધવાની કળા કારીગરોએ હસ્તગત કરી હતી. ૪૦૦ વર્ષ પહેલાં ગુજરાતમાં સુરત, સૌરાષ્ટ્રમાં વેરાવળ અને કચ્છ બંદર પર ચોર્યાસી બંદરના વાવટા ચડતા. કર્નલ ક્યુઈટ નામના ઈતિહાસકારે કચ્છનાં વહાણો, તેની મજબૂત બાંધણી, કળામય કારીગરી અને સુંદર દેખાવની નોંધ લઈ જગમશહૂર વહાણવટાનાં મુક્તકંઠે વખાણ કર્યાં છે. ટોલેમી નામના ગ્રીક ઈતિહાસકારે તો કચ્છના વહાણવટાની કીર્તિકથાઓ લખી છે. ચીની મુસાફર હ્યુએનસંગે કચ્છનો પ્રવાસ કરી પોતાની પ્રવાસપોથીમાં કચ્છી વહાણવટાનું અને સાગરખેડુઓનું વર્ણન કર્યું છે. દરિયાકાંઠાના વહાણવટીઓ, નાવિકો, ખારવાઓની પણ એક આગવી સંસ્કૃતિ છે.

અહીં મારે વાત કરવી છે કચ્છી કર્મશીલ કારીગરોના આશ્ચર્યમુગ્ધ કરતા પરંપરિત હસ્તકલા-હુન્નરના કલા-કસબની. આવા હસ્તકલા-કૌશલ્ય અને હુન્નરો ગુજરાતના દરેક જિલ્લામાં વધતે ઓછે-અંશે જોવા મળે છે પણ ભાતીગળ સંસ્કૃતિ ધરાવતો કચ્છ જિલ્લો આ બધામાં શિરમોરરૂપ છે. રણ, ખડકાળ ટેકરીઓ, ડુંગરા ને સૂકાં મેદાનોથી ઘેરાયેલો કચ્છડો આમ જોઈએ તો શુષ્ક જણાય; પણ અહીંના કલા-કસબીઓએ વિવિધ હુન્નરો વિકસાવી ભાતીગળ રંગોથી એને ભરી દીધો છે. અહીં વસતા કલાપ્રેમી માનવીઓની તાસીર કંઈક જુદી જ જોવા મળે છે.

કચ્છની ખંતીલી, નમણી નારીઓના હાથે સર્જન પામતું ભરતકામ આજે વિશ્વવિખ્યાત બન્યું છે. ભિરંડીયારા, લુડીયા, હોડકો, ગોરેવાલી, ડુમાડો, આડીયાંગ, પ્રાગસર, રાપર, દેવડી, નખત્રાણા, સુમરાસર, ધોળાવીરા વગેરે જગ્યાએ વિવિધ કોમો દ્વારા થતું ભરતકામ — મુતવાભરત, સુફ ભરત, આહિર ભરત, મોચી ભરત, રબારી અને જત ભરત તથા કણબી ભરત તરીકે વધુ પ્રચલિત બન્યું છે. કચ્છી ભરતકામની વાત કરીએ ત્યારે કચ્છની આ કળા પર ઓળઘોળ થઈ ગયેલાં બહેન જુડી ફ્રેટરને યાદ કરવાં પડે. તેમણે બે દાયકા સુધી કચ્છમાં રહી રબારી ભરતના નમૂના એકઠા કરી એનો અભ્યાસ કર્યો અને 'થ્રેડ્સ ઑફ આઈડેન્ટિટી' નામે પુસ્તક પ્રકાશિત કર્યું ત્યારે રબારી બહેનોના કલાત્મક ભરતકામની જગતને સૌપ્રથમ જાણ થઈ. એમણે ખરીદીને એકત્ર કરેલા ભરતકામના ઉત્તમ નમૂના અમેરિકાના પાટનગર વૉશિંગ્ટનના ટેક્સટાઇલ મ્યૂઝિયમમાં લઈ જઈ એક આખો વિભાગ ઊભો કરાવ્યો. આજે પણ તેઓ કચ્છમાં આવીને કચ્છી બનીને રહી ગયા છે.

અજરખ, બાટીક અને બાંધણી એ કચ્છની વિશિષ્ટ અને આગવી હસ્તકલા

છે. કચ્છી ઉખાણું આ કળાને પ્રત્યક્ષ કરે છે :

*ભુજજી ભાજરમેં હરકત હકડી ડઠી;*
*નોંસે ડને નપૂટો (ને) મોંસે ડને મઠી.*

અર્થાત્ : ભુજની બજારમાં હરકત એક જોઈ. નખથી દીધો ટૂંપો અને મોઢેથી ભરી ચૂમી. દોરા વડે બાંધણીનાં બંધન બાંધનારી બાઈનું કેવું તાદૃશ વર્ણન આ ઉખાણું આપે છે ! મુંદ્રા, ભૂજ, અંજાર, ધમડકા ભડલી, તેરા, નલિયા, વાયોર, વીંઝાણ, બારા અને ધૂફીમાં તૈયાર થતી વિવિધ રંગો અને ભાતીગાળ ભાતોવાળી બાંધણીઓ દેશવિદેશમાં કચ્છી વસ્ત્રકલાનો ડંકો વગાડી રહી છે.

ભરતકામ ઉપરાંત કચ્છમાં ઊની શાલ, ધાબળાનું વણાટકામ, અજરખ પ્રિન્ટ, ધડકીની કળા, પેચવર્ક, રોગાનકામ, મશરૂ, ઈલાયચો, જરદોશીકામ, ચામડા પરનું આરીભરત, ચાંદી પરનું નકશીકામ, લાકડા પરનું કાષ્ઠકંડારણ, બાટીકપ્રિન્ટ, સંઘાડાકામ, ભૂંગામાં થતી લીપણનકશી, ખરકી-ઘંટડીઓ, ઊની નામદા અને માટીકામની હસ્તકલા અને હુન્નરકલા વિકાસ પામી છે. આ કામ કરનારા કલાકારો રાષ્ટ્રીય એવૉર્ડ્સ લઈ આવ્યા છે અને દેશપરદેશમાં પણ જઈ આવ્યા છે.

આપણે ત્યાં કુંભારીકામનો વ્યવસાય સાતેક હજાર વર્ષ જેટલો જૂનો હોવાનું પુરાતત્ત્વવિદો કહે છે. ચાકડો, કુંભાર અને વાસણોએ મળીને સંસ્કૃતિના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ કુંભારીકામના છત્રીસ કાંઠા ગણાય છે. છત્રીસ કાંઠા ઘડતા આવડે ઈ કુંભારીકામનો સાચો કારીગર ગણાય. આ રહ્યા એ કાંઠા : ૧ કોડિયું, ૨. રામૈયું, ૩. પડઘલો, ૪. ચકલો, ૫. ઢાંકણી, ૬. લોટી, ૭. આવળિયું, ૮. ગુજરડો, ૯. ગડુડુ, ૧૦. ઘડુલોટી, ૧૧. મોરિયો, ૧૨. માટલી, ૧૩. માટલું, ૧૪. ગોળો, ૧૫. માણ, ૧૬. માણિયો, ૧૭. બતક, ૧૮. ધૂણિયો, ૧૯. જાકરો, ૨૦. દખણાની કુંડી, ૨૧. કુંડુ-કુંડી, ૨૨. ઘીની વાઢી, ૨૩. કુલડી-ભંભો, ૨૫. છાશ કરવાની મોટી ગોળી, ૨૫. કડહલી, ૨૬. તાવડી, ૨૭. કથરોટ, ૨૮. તાવો, ૨૯. કદો-પાટિયાં, ૩૫. નળિયાં, ૩૬. ગાગરબેડિયું વગેરે. વાસણો ઘડનારા કુંભારો પરથી ગુજરાતી સાહિત્યમાં ઘણી કહેવતો અસ્તિત્વમાં આવી છે. જેમ કે, કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં; બૈરું કંઈ કુંભારના ઘરનું માટલું છે થોડું કે મનફાવે ત્યારે બદલી નંખાય !; કુંભારનો નિભાડો નીવડે વખાણ.



ચાર સાડાચાર હજાર વર્ષ પૂર્વે હડપ્પા મોંહે-જો-દડોમાં જે ઉત્તમ પ્રકારનું કુંભારીકામ થતું એ પરંપરા આજે માત્ર કચ્છી કુંભારોએ જ જાળવી છે. એ કાળે માટીનાં વાસણો પર જે ચિત્રપ્રતીકો આલેખાતાં તે આજેય કચ્છનાં માટીનાં વાસણો પર જોવા મળે છે. દોઢેક દાયકા પૂર્વે સાન ફ્રાન્સિસ્કોની સુપ્રસિદ્ધ સંસ્થા 'એસોસિએશન ઑફ ક્લે ઍન્ડ ગ્લાસ આર્ટિસ્ટ'ના બે સભ્યો શ્રી બાર્બરા અને શ્રી જેન કુંભારી કલાનો અભ્યાસ કરવા કચ્છમાં આવેલા ત્યારે અહીંના કુંભારીકામના કલાપૂર્ણ વાસણોના નમૂના જોઈને ખૂબ જ પ્રભાવિત થયેલા. તેઓ અમેરિકા ગયા પછી કચ્છમાં આવેલા ધરતીકંપે — કચ્છી પ્રજા અને કુંભારીકામના કારીગરોની તબાહીના સમાચારોએ કચ્છી કુંભારો માટે કંઈક કરી છૂટવાની ઝંખના જગાડી. એમણે અમેરિકાની નૅશનલ ગૅલેરી ઑફ મૉડર્ન આર્ટમાં પૉટર્સ ઑફ પેરિલ (પ્રજાપતિઓ જોખમમાં) નામે પ્રદર્શન યોજ્યું. તેમાં સૌપ્રથમ વાર ભારત અને અમેરિકાના પ્રજાપતિઓની કલાકૃતિઓ રજૂ કરવામાં આવી. ત્યાં કચ્છી કુંભારીકામનાં વાસણો ખૂબ વખણાયાં. કચ્છી કુંભારોને આર્થિક ઉપાર્જન પણ પ્રાપ્ત થયું.

લોકસંસ્કૃતિનું મહત્ત્વનું અંગ લોકસંગીત, લોકવાદ્યો અને લોકનૃત્યો છે. કચ્છનું લોકજીવન લોકસંગીત અને લોકવાદ્યોથી ભર્યું ભર્યું છે. સુરંદો એ કચ્છનું પરંપરિત વાદ્ય છે. સુરંદાના છેલ્લા કલાકાર સીદીકભાઈ જત અમારા ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના કલાકાર હતા. તેઓ ઈંગ્લેન્ડ, રશિયા અને જર્મનીમાં સુરંદાવાદન પ્રસ્તુત કરી આવ્યા હતા. નોબત શરણાઈવાદક વિશ્વવિખ્યાત નગારચી સુલેમાનભાઈ જુમા 'ઇન્ડિયા ફેસ્ટિવલ'માં ફ્રાંસના એફિલ ટાવર પર બેસીને નોબતવાદન કરી આવ્યા હતા. કચ્છમાં આજે મુસા ગુલામ જત, ઈસ્માઈલ જત, નુરમામદ સોઢા, જાકબ જત, સાલેમામદ સોઢા, અલાના સુમરા જેવા જોડિયા પાવાના કલાકારો છે, આ ઉપરાંત મોરચંગ, સુંદરી, મોરલી, કાની અને નોબત શરણાઈના કલાકારો કચ્છની વિરાસત બની રહ્યા છે.

કચ્છની દૃશ્યકલાઓની વાત કરીએ ત્યારે કચ્છના કમાંગરો અને કમાંગરી ચિત્રશૈલીના ચિતારાઓને પણ યાદ કરવા જોઈએ. મોગલ સમયમાં સેના માટે તીરકામઠાં અને ગેંડાના ચામડામાંથી ઢાલ બનાવનારા કારીગરો કમાંગર તરીકે ઓળખાતા. યુદ્ધો ઓછાં થતાં આ કમાંગરોના કેટલાક પરિવારોએ ૧૮મી સદીમાં કચ્છમાં આવીને વસવાટ કર્યો. અહીં તેઓએ મોગલ અને કચ્છી ચિત્રશૈલી ઉપરથી નવી શૈલી વિકસાવી જે કમાંગરી શૈલી તરીકે ઓળખાય છે. ૧૮મી સદીના

ઉત્તરાર્ધમાં કચ્છના મહારાવ લખપતજીએ તેને ઉત્તેજન આપ્યું. રાજની માલિકીની અનેક ઈમારતો પર કમાંગરી શૈલીનાં ચિત્રો દોરાવ્યાં. મજાની વાત એ છે કે આ ચિતારાઓ મુસ્લિમ હોવા છતાં તેમણે હિંદુ ધર્મશાસ્ત્રો આધારિત રામાયણ-મહાભારતનાં કલાપૂર્ણ ચિત્રો આલેખ્યાં છે.

ઈ.સ. ૧૮૧૭માં અંજારમાં સમાહર્તા તરીકે આવેલ જવાંમર્દ અંગ્રેજ કૅપ્ટન જેમ્સ મેકમર્ડોએ અંજારમાં કચ્છી સ્થાપત્યપરંપરાને અનુરૂપ એકમાળિયો બંગલો બંધાવ્યો. બંગલાના દીવાનખંડની ભીંતો ઉપર રામાયણ-મહાભારતનાં કમાંગરી શૈલીનાં મનોહર ચિત્રો દોરાવ્યાં. મેકમર્ડોને કચ્છની તળપદ કલા પ્રત્યે અનહદ પ્રેમ હતો. એ માનતો કે તળપદ લોકોની વચ્ચે રહેવું હોય ને એમનો પ્રેમ સંપાદન કરવો હોય તો એમના જેવું ઘર બનાવીને રહેવું જોઈએ. ઉનાળાના તાપમાં પ્રવાસ કરતાં એમને કૉલેરા થયો ને નાની ઉંમરે મૃત્યુ પામ્યા. તેમણે કરેલા વીલ મુજબ એમના મૃતદેહને કચ્છની ધરતી પર જ દફનાવવામાં આવ્યો. વરણુ ગામમાં આવેલી એમની કબર અંજારના બંગલાનાં ભીંતચિત્રોની અને કચ્છી કલાઓ તરફના એમના પ્રેમની યાદ આપે છે.

આવી જ બીજી વાત કરવી છે વિશ્વકર્માના વંશજ ગણાતા કચ્છના કલાધર સુથારોની. ભૂજમાં આવેલા આયના મહેલ પર મીટ માંડતાં જ આપણી સંસ્કારિતાનો, આપણી કલાકસબની ગરવી કવિતાનો ભવ્ય ભૂતકાળ નજર સમક્ષ ખડો થાય છે. આયના મહેલનું બાંધકામ મહારાવશ્રી લખપતજી (ઈ.સ. ૧૭૫૨-૧૭૬૧)ના સમયમાં થયું. રામસંગ માલમે મહેલને શણગાર્યો. કચ્છની અસલિયતના સીમાચિહ્નરૂપ આયના મહેલની દોઢી સહિત ઝરૂખાબંધ મહેલાતોનું કામ કચ્છકલાના પરંપરાગતના કલાકાર કસબી દહીંસરિયા સુથારો પૈકીના ગઈધર દેવશીએ કર્યું હતું. એમનું સ્મારક ભૂજમાં છે અને એમના વંશજો આજે હયાત છે.

આયના મહેલની ઈમારતમાંથી જનાનખાનામાં જવા માટે હાથીદાંતની કમનીય કારીગરીવાળાં કમાડ સને ૧૭૦૮માં મહારાવશ્રી ગોડજી પહેલાના અમલમાં કચ્છના સુથાર માધે ઘડ્યાં હતાં. એનો ફોટો રામસિંહજીભાઈએ 'કચ્છના સંસ્કૃતિદર્શન' ગ્રંથમાં પ્રગટ કર્યો હતો. આ ફોટો લંડનના વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમના વડા જે.સી. ઈરવિનના જોવામાં આવ્યો. એમણે કચ્છના મહારાવશ્રી પાસે એની માગણી મૂકી. કલાપ્રેમી મહારાવશ્રી મદનસિંહજી બાવાએ માત્ર ફોટો મોકલીને એટલું જ જણાવ્યું કે 'આ અગાઉ લૉર્ડ કર્ઝને આ કમાડ મેળવવા માંગણી મૂકી હતી. આયના મહેલ કચ્છનું ઘરેણું હોઈ આ કમાડ અમે અહીં જ વિરાસત



રૂપે જાળવીશું.'

કચ્છી સુથારીકામની બીજી એક અજાયબી આજે આયના મહેલ સંગ્રહસ્થાનમાં જોવા મળે છે. એ છે સને ૧૮૩૯માં ભૂજના સુથાર લખમશીએ તૈયાર કરેલ અજાયબ ઘડિયાળ. આજેય ચાલુ હાલતનું આ ઘડિયાળ દર મિનિટે મીઠી ટકોર કરે છે. સાલ, માસ, પક્ષ, તિથિ, વાર, ચોઘડિયા, કલાક, મિનિટ અને સેકન્ડની સાથે સૂર્યોદય તથા ચંદ્રની કળા પણ દર્શાવે છે. આમ વિશ્વકર્માના વંશજ કચ્છી સુથારોએ જૂના કાળે જગતભરમાં પોતાની કલાનો ડંકો વગાડ્યો હતો. એવા નર ગયા વહી, વાતો એમની રહી.

૪

# ચરોત્તર વિસ્તારનું લોકસાહિત્ય : પ્રવાહદર્શન

બળવંત જાની

ગુજરાતના ઉત્તર, દક્ષિણ, મધ્ય, સૌરાષ્ટ્ર અને કચ્છ એમ વિવિધ વિસ્તારના ભૂ-ભાગનું લોકસાહિત્ય માત્ર ભાષાકીય રૂપોથી જ નહીં પરંતુ વિષયસામગ્રી સંદર્ભે પણ આગવી મુદ્રા ઉપસાવે છે. પ્રજાની—લોકની તાસીર - પ્રકૃતિની તસવીર એમાં નિહિત હોય છે. ભૂપૃષ્ઠ અને પ્રાકૃતિક પરિવેશનો પ્રભાવ વર્ણનકલામાં પ્રયોજાતો હોય છે. સૌરાષ્ટ્રમાં જેમ સોરઠ, પાંચાળ, ગોહિલવાડ, હાલાર, ઓખામંડળ વૈવિધ્યપૂર્ણ મુદ્રા પ્રગટાવતા પેટા વિસ્તાર છે. એ રીતે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતમાં પણ આગવા પ્રાકૃતિક-ભૂપૃષ્ઠ ધરાવતા વિસ્તારો છે. મધ્ય ગુજરાતમાં એ રીતે ચરોત્તર વિસ્તાર પણ કેટલીક રીતે આગવો અને અનોખો છે. અહીં મેં ચરોત્તર વિસ્તારના ગુજરાતી લોકસાહિત્યવિષયક કાર્યના પ્રવાહને પ્રસ્તુત કરવા ધાર્યો છે. વિવિધ સ્વરૂપક્ષેત્રે કોણે-કોણે કેવા પ્રકારનું કાર્ય કર્યું, એ કાર્યની વિશિષ્ટતા પણ અહીં વણી લેવાનો પ્રયત્ન કર્યો છે.

**ભૂમિકા :**

ગુજરાતનો વિશિષ્ટ ભૂ-ભાગ મધ્યગુજરાત છે અને મધ્ય ગુજરાતનો વિશિષ્ટ ભૂ-ભાગ ચરોત્તર છે. મહી અને વાત્રક નદીની વચ્ચેની ઊર્વરા ભૂમિ. વાસદથી મહેમદાવાદ અને પેટલાદની આજુબાજુનાં સો-એક ગામડાંમાં ખરેખર



પાણીની છત હોવાથી કૃષિ, ફળાદિ વૃક્ષોથી અત્યંત ચારુ પ્રદેશ. ચરોતર આ વિસ્તારની ઓળખ કરાવતો કંઠસ્થ પરંપરામાં એક દુહો પ્રચલિત છે :

*'ચરોત્તરમાં ચાર દીશ, તરુ, તમાક ને તૂર*
*નર-નારી દોઉ ભલા, નીતરે નવલાં નૂર.'*

લૌકિક કથાનકોની પદ્યવાર્તાઓ રચનાર શામળ અહીંનો મોટો વાર્તાકાર. મધ્યકાળમાં સાહિત્યમાં લૌકિક કથાનકોનું પુર વહેવડાવનારો, લૌકિકકથા-આલેખક અને કથક શામળ. એમના આશ્રયદાતા પણ ચરોત્તરના - સિંહૂજના રખીદાસ પટેલ. વાર્તાકારોને પોતાના પ્રદેશમાં નોતરનારો - જાળવનારો અને માણનારો પ્રદેશ ચરોત્તર. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યપરંપરાને એક મોટી ધારાથી ભીંજવવાનું અહીંથી થયું. એનો માહિતીદાતા ગુમાન બારોટ પણ અહીંનો આમ લૌકિક પરંપરાનું ગુજરાતનું પિયર છે આ પ્રદેશ ચરોત્તર.

અહીંની પ્રાકૃતિક લીલોતરી, સમૃદ્ધિ લોકજીવનને પણ લીલુંછમ્મ રાખનારું નીવડ્યું જણાય છે. હોકાની હડુડાટી બોલાવતા, હાકલા-પડકારા ભણતા શ્રોતા રસિકોએ લોકગીતના શ્રવણમાં પણ અપાર રુચિ ધરાવતા હશે અને વાતચીતમાં લોકોક્તિઓ, કહેવતો અને રૂઢિપ્રયોગો અપાર માત્રામાં પ્રયોજતા હશે. જશવંત શેખડીવાળાએ એક વાર કહેલું કે 'ચરોત્તરના પાણાનેય પલાળી દ્યે એવી છે અમારી ઓજસ્વી ભાષા. કટાક્ષ અને માર્મિક નિરીક્ષણો પણ બોલચાલની છટામાં સહજ રીતે ગોઠવાઈ જતાં હોય. લોકગીતો-લગ્નગીતો, ઉખાણાં, કહેવતો અને લોકકથાની ભાષામાંથી પસાર થતાં એનો અનુભવ થયા વગર રહેતો નથી. કથન અને ગાનમાં વિવૃત્ત ઉચ્ચારો ધ્વનિપૂર્ણ ભાવજગત રચે છે. લંબાતો - ઘેરો અવાજ ઘણો ઓજસ્વી અને આર્દ્ર અનુભવાય છે.'

***(૧) લોકકથા-પરંપરા :***

ચરોત્તર પ્રદેશની લોકવાર્તાઓનું ભાવવિશ્વ રસપૂર્ણ, રહસ્યપૂર્ણ, આશ્ચર્યને જન્માવનારું અને બૌદ્ધિક ક્ષમતાને પામનારું જણાયું છે : અહીંથી કથાઓનું કામણ ગુજરાતી લોકકથા-પરંપરામાં આગવો અવાજ પ્રગટાવનારું છે. એના મહત્ત્વના પડાવ અવલોકીએ :

(૧) ગ્રીયર્સનના **'લિંગ્વિસ્ટિક સર્વે ઑફ ઇન્ડિયા'** (૧૯૦૯)ના નવમા ભાગમાં બીજા ખંડમાં ચરોત્તરી બોલીની લૌકિક કથા પ્રાપ્ત થાય છે. ગુજરાતી લોકકથાના સંપાદનનાં પ્રભાત ઊઘડે છે, અંગ્રેજી ભાષાના માધ્યમથી. બહુ

ઓછા પ્રાદેશિક વિસ્તારની તત્કાલીન પ્રચલિત કથાઓ કંઠસ્થ-ગ્રંથસ્થ થઈ છે જ્યારે વાણીનો જ મહિમા હતો. લિપિબદ્ધ કરવાનું બહુ વલણ નહોતું વચનનો મહિમા હતો, ‘જીભ આપી’ - વચન આપ્યું એમ કહેવાતું. હવે લિખિતનો મહિમા વ્યાપી ગયો છે. વાણીમાં - વચનમાં શ્રદ્ધા નથી રહી. લોકો લેખિત કરાર કરે છે. લિખિત લખાણ માગે છે. એ ઉચ્ચરિત શબ્દ - ઉચ્ચારાયેલો - સંભળાયેલો શબ્દ શબ્દ ચિત્તમાં સિચાવા પર્યન્ત, સનાતન સ્વરૂપે સ્થિર રહેતો હશે. વાણી બદલાય પણ ભાવઅ ખંડ રહે — અક્ષુણ્ણ રહે. હરેન્દ્ર ભટ્ટ ચરોત્તર પ્રદેશ વિશેષકેન્દ્રી વાર્તાઓ ખોળીને એને એકસાથે ગ્રંથસ્થ કરનારા પહેલા સંપાદક છે. એમને ચરોત્તરના વિદ્વાન અભ્યાસી વિવેચક જશવંત શેખડીવાળાનું માર્ગદર્શન સુલભ હતું. કનુભાઈ જાની અને ડૉ. શાંતિભાઈ આચાર્યનું સાન્નિધ્ય હતું. એમણે આપણાં આરંભકાલીન વાર્તાધિનના અંગ્રેજ અને પારસી સંપાદકો દ્વારા સંપાદિત કથાઓ સુલભ બનાવી આપી. **‘ઓરિએન્ટલ મેઅર્સ’**માં જેમ્સ ફાર્બસ દ્વારા કથાયેલી વિગત પણ તેમણે સુલભ બનાવી છે. ખંભાતના નવાબને અનીદ્રાનો રોગ હોઈને એમને નિયમિત અવનવી વાર્તા કથતા એક કથક કર્મચારીનો ઉલ્લેખ કરીને એમની પાસેથી પ્રાપ્ત વાર્તા ફાર્બસના કથનથી આપણને સુપરિચિત કર્યા છે.

(૩) આ સમયગાળા દરમ્યાન પારસી અભ્યાસીઓની સાહિત્યિક પ્રવૃત્તિ પણ આરંભાયેલી. પેસ્તનજી કાવસજીએ કહેવતકથાઓનું સંપાદન પ્રકાશિત કરેલું **‘કહેવત મૂલ ઈયાને ચાલુ વપરાતી કહેવતોની ઉતપંતી અને એની તવારીખનો મુખતેશર સારાઊશ’** ૧૮૯૫માં પણ ગુજરાતના વિવિધ વિસ્તારમાં પ્રચલિત કહેવતો અને એની સાથે સંકળાયેલાં કથાનકો પ્રાપ્ય છે. હરેન્દ્ર ભટ્ટ જેવા સંશોધકે **‘ચરોત્તરની લોકકથાઓ’**માં સંગ્રહિત કરી છે. મૂળ ચરોત્તરના - ઉમરેઠના વતની હરગોવિંદદાસ કાંટાવાળાએ વતનપ્રીતિથી પ્રેરાઈને એની પ્રકાશનસંપદામાં ટચૂકડી પ્રથમ સો વાતો, બીજી, ત્રીજી એમ કુલ પાંચ સંપાદનો પ્રકાશિત કરાયેલા નોંધાયેલ છે.

(૪) લોકસાહિત્યમાળાના મણકા ૧ થી ૧૪માં ગુજરાતના વિવિધ વિસ્તારના લોકસાહિત્યનો ખજાનો છે. ડૉ. હસુ યાજ્ઞિકે એ બધી સામગ્રીને વર્ગીકૃત કરીને પુનઃ સંપાદિત કરી છે. એમાંથી લોકગીતસૂચિ કિરીટ શુક્લે કરી છે. એમાં વિવિધ વિસ્તારોની નોંધ પણ કરી છે. એ કારણે ચરોત્તરની લોકકંઠની સામગ્રીની ભાળ મળે છે. એમના વર્ગીકૃત સાહિત્યના સંપાદકોનાં નામો



પણ પ્રાપ્ત થાય છે.

(૫) પુરુષોત્તમ સોલંકી અને જોરાવરસિંહ જાદવે મધ્ય ગુજરાતના ઘણાં વિસ્તારોમાંથી પ્રાપ્ય લોકકથાઓ સંગૃહીત-સંપાદિત કરેલ છે. ગુજરાતીના ભૂતપૂર્વ અધ્યાપક સ્વ. કૃષ્ણદેવ આર્યના પિતાશ્રી બળદેવ આર્ય દ્વારા **‘પ્રજાબંધુ’**માં **‘શારદા’**માં સમારખા અને કાસોટમાં પ્રચલિત લોકકથાઓને - લોકગીતોને પ્રકાશિત કરતા. કોઈએ ‘પ્રજાબંધુ’, ‘શારદા’ અને **‘સ્ત્રીજીવન’**માંની સામગ્રી ખોળીને અભ્યાસ આરંભવો જોઈએ.

(૬) મહત્ત્વનું કામ આ ક્ષેત્રે અહીંના હરેન્દ્ર ભટ્ટે કર્યું છે. **‘લોકગુર્જરી કથાવૈભવ’**ના ત્રણ ભાગ ગુજરાતી લોકકથાનું અશેષ કહી શકાય એવું પ્રતિનિધિત્વ કરતું સંપાદન પ્રકાશિત છે એની બહુ ઓછા અભ્યાસીઓએ નોંધ લીધી છે. **‘ચરોત્તરની લોકકથાઓ’ ભાગ ૧-૨, ‘શૌર્યકથાઓ’, ‘લોકસાહિત્ય’** એમ વિવિધ પુસ્તિકાઓનાં પ્રકાશનમાં પ્રા. કૃષ્ણદેવ આર્યને સહાયભૂત થયેલા. ચરોત્તરનું ચારણી સાહિત્ય પણ એમણે પ્રકાશિત કરવાનું સાહિત્યિક સાહસ કરેલું. રતુદાન રોહડિયા, તીર્થંકર રોહડિયા **‘ચરોત્તરોના પાટીદારો’, વહીવંચા બારોટની વહી’**, ‘ફૂલવરસડા’ ‘મહીસાગર બાવની’, મેઘાણીની લોકકથા સદશ કથાઓ **‘માણસાઈના દીવા’** પણ ઉલ્લેખનીય સંચયો છે.

### *(૨) લોકગીત-પરંપરા :*

લોકગીતનાં સંપાદનો પણ ઘણાં વૈવિધ્યપૂર્ણ છે. લગ્નગીતો, લોકગીતોનાં સંપાદનો સવિશેષ છે એમાં ભજનો, હાલરડા, મરશિયા, દુહા, ગરબા, સાવળ, અરજના દૃષ્ટાંતરૂપ કેટલાંક ઉલ્લેખનીય સ્વરૂપો પણ સંપાદનોમાં દૃષ્ટિગોચર થાય છે.

(૧) ચરોત્તર વિસ્તારનાં લોકગીતનાં મહત્ત્વનાં સાત-આઠ સંપાદનો આ વિસ્તારની વિવિધ પ્રકારની લોકગીતોના પરિચાયક છે. નિરંજન સરકારના મહીસાગર વિસ્તારના બારૈયા સમાજનાં ગીતો ઘણા ઓછા અભ્યાસીઓના ધ્યાનમાં આવેલાં છે. એમનું આ મહત્ત્વનું સંપાદન છે. કંઠસ્થ પરંપરામાં સચવાયેલાં લોકગીતો એકત્ર કરીને અર્થ સાથે, પ્રાદેશિક, સામાજિક, જાતિગત વિશિષ્ટ રીતરિવાજોના પરિચયમાંથી સંપાદકની અભ્યાસી દૃષ્ટિ અને પરંપરાને જાળવીને પ્રસ્તુત કરવાના અભિગમનો એમાંથી પરિચય મળી રહે છે.

(૨) એ જ રીતે પરેશ મકવાણાએ ચરોત્તરની **રોહિત જ્ઞાતિમાં પ્રચલિત લગ્નગીતો**

પુરુષોત્તમ સોલંકીના, **નળકાંઠાના વિસ્તારના હરિજન સમાજમાં ગીતો** આ બન્ને બહુ જ મહત્ત્વનાં કાર્ય છે. પછાત જ્ઞાતિનાં ગીતોમાંથી ઉદ્ઘાટિત થતી ભારતીય પરંપરા, સંસ્કૃતિ અને જીવનમૂલ્યોની જાળવણીને કારણે આ સામગ્રી પણ આપણા અભ્યાસ માટેની શ્રદ્ધેય સામગ્રી છે.

(૩) ગૌરીશંકર જોઈતારામ ભટ્ટ દ્વારા લગ્નમાં ગવાતાં ગીતોનો સંચય થયો એ પરંપરા ચરોત્તરમાં અવિરતપણે ચાખુ રહી જણાય છે. પ્રશાંત પટેલ એનું ઊજળું દૃષ્ટાંત છે. એમના દ્વારા બે સંચયો પ્રકાશિત થયા છે. પરંપરિત ઢાળની જાળવણીનું ધ્વનિમુદ્રણ પણ એમણે સુલભ બનાવ્યું છે. લોકગીતો-લગ્નગીતોની સંપાદનની સૈદ્ધાન્તિક સૂઝ-સમજ, તળપદી અને પરંપરિત સામગ્રી મેળવવાનું વલણ અને એનું સાંસ્કૃતિક-લૌકિક અર્થઘટન એમાંથી પ્રગટતું હોઈને એમના બંને સંચયો ગુજરાતી લોકગીત-સંપાદનના ઇતિહાસમાં મહત્ત્વનો પડાવ ગણાશે.

(૪) ગુજરાતી લોકસાહિત્યમાળાના મણકા ક્રમાંક ૧, ૧૧ અને ૧૪માં ચરોત્તરના પરંપરિત પ્રચલિત લોકગીતો પણ સંપાદિત છે. એના સંપાદકો સર્વશ્રી જગજીવનદાસ દયાળજી મોદી, નટુભાઈ બરાનપુરિયા, પુરુષોત્તમ સોલંકી, નિરંજન સરકારનું કાર્ય લોકગીત-સંપાદન સંદર્ભે ઉલ્લેખનીય છે. શ્રદ્ધેય સામગ્રી, એમાંના અર્થસંદર્ભો અને લોકસાંસ્કૃતિક વિશિષ્ટતાઓ પણ નિર્દેશાઈ હોઈને આ સામગ્રી ઘણી મહત્તા ધારણ કરે છે.

(૫) ધર્મેન્દ્ર માસ્તર વર્ષો સુધી આ વિસ્તારમાં અધ્યાપનસેવારત રહ્યા. એમણે વિપુલ માત્રામાં ચરોત્તરમાં પ્રચલિત લોકગીતો એકત્ર કરીને કરેલું અભ્યાસપૂર્ણ સંપાદન **'ચરોત્તરનાં લોકગીતો'** (૧૯૮૬) ઘણું મહત્ત્વનું છે. એમનાં સંશોધન-સંપાદનકાર્યની બહુ નોંધ લેવાઈ નથી પણ પરંપરિત જ્ઞાતિઓ, વિસ્તારો અને વિધિવિધાનોનું વૈવિધ્ય એમાં જળવાયેલું છે. એમનો પોતાનો આસ્વાદમૂલક અભિગમ પણ એમાં પ્રયોજાતો હોઈને આ સંપાદન પણ ગુજરાતી લોકગીત સંપાદન પરંપરામાં મહત્ત્વના સ્થાન-માનનું અધિકારી છે.

### *(૩) લોકસાહિત્યની લઘુરૂપ પરંપરા :*

ગુજરાતના અન્ય વિસ્તારને મુકાબલે ચરોત્તર વિસ્તારના લોકસાહિત્યનાં લઘુરૂપો કહેવતો, રૂઢિપ્રયોગો, કથન-વલિ અને સાખી આદિનાં પ્રકાશનો વિશેષ માત્રામાં પ્રાપ્ય છે. લોકકંઠ - લોકજીભે પરંપરામાં જળવાયેલું આ કંઠસ્થ સાહિત્ય



આસ્વાદ્ય છે.

(૧) કાવસજી રબારીસંપાદિત કહેવતસંચય **'કહેવત મૂલ ઈયાને ચાલુ વપરાતી કહેવતોની ઉતપંતી અને તવારીખનો મુખતેશર સારાંશ'** (ઈ.સ. ૧૮૬૫)માં ઘણી કહેવતો ચરોત્તર વિસ્તારની પણ સચવાયેલી છે. હરેન્દ્ર ભટ્ટ આ વિસ્તારના અને વિષયના જ્ઞાતા હોઈને એમનું આ વિધાન સ્વીકાર્ય ગણવું જોઈએ. પણ આ પરંપરામાં મગનલાલ વખતચંદ શેઠસંપાદિત **'કથનાવલિ'** (૧૯૫૧) સાતસો જેટલી કહેવતોનો સંચય છે. ઘણી મહત્ત્વની જૂની કહેવતો એમાં જળવાઈ છે. ૧૯૮૩માં **'વીરડો'** સામયિકના ૧૧-૧૨ ક્રમના અંકોમાં એનું પુનઃમુદ્રણ થયેલું.

(૨) ડૉ. આર.પી. પટેલનું **'કહેવતદર્શન'** ઘણું મહત્ત્વનું સંપાદન છે. એમણે ચરોત્તર પ્રદેશ વિશે, ચરોત્તરની કહેવતો વિશે એમાં વિગતે અભ્યાસ પ્રસ્તુત કરેલ છે. આ ઉપરાંત ચરોત્તરના રૂઢિપ્રયોગો, કહેવતોવિષયક રણજિત પટેલ 'અનામી', કૃષ્ણદેવ આર્ય, હરેન્દ્ર ભટ્ટ અને જશવંત શેખડીવાળાએ પણ અભ્યાસલેખ નિમિત્તે ચરોત્તરનાં આ લઘુરૂપોનો પરિચય કરાવ્યો હોઈને એના પ્રદાનનો મહિમા પણ કરવો ઘટે.

(૩) ચરોત્તર વિસ્તારની કહેવતો, ગામને લગતી માન્યતાઓ, એમાં પ્રચલિત દુહા-સાખી-સોરઠા, જોડકણાં, ઉક્તિઓ અને ભડલી કથનાવલીનાં બધાં મળીને બે હજાર જેટલાં લઘુ રૂપોનો વિસ્તૃત અને કોશ કહી શકાય એવો અભ્યાસપૂર્ણ ગ્રંથ આપનારા ચતુર પટેલ ગુજરાતી લોકસાહિત્યક્ષેત્રે આ ગ્રંથને કારણે મહત્ત્વના સ્થાન-માનના અધિકારી છે. એમના કાર્યની પણ ઝાઝી નોંધ નથી લેવાઈ. પણ નરી કહેવત-રૂઢિપ્રયોગ-ઉક્તિઓ પરત્વેની પ્રીતિથી સામગ્રીનું એકત્રીકરણ કરીને એનું પ્રકાશન એમની લોકસાહિત્યપ્રીતિનું પરિચાયક છે. વિલ્સન પરમાર જેવા નવી પેઢીના અભ્યાસીનું પણ **'ચરોત્તરના રૂઢિપ્રયોગો'** પ્રકાશન ભવિષ્યમાં મહત્ત્વ ધારણ કરશે.

### *(૪) લોકસાહિત્ય સ્વાધ્યાય પરંપરા :*

(૧) ચરોત્તરમાં રહીને ચરોત્તરના લોકસાહિત્ય વિશે પોતાનું પ્રદાન કરનારાઓમાં મહત્ત્વનું નામ જશવંત શેખડીવાળાનું છે. ચરોત્તરના લોકસાહિત્ય વિશે પ્રમાણમાં ઓછું પણ ગુજરાતના લોકસાહિત્ય વિશે વ્યાપક રીતે સ્વરૂપલક્ષી તેમજ સાહિત્યલક્ષી તત્ત્વવિચારણા કરીને સ્વાધ્યાયલેખો દ્વારા, **'લોકસાહિત્ય**

**આલોક'** (૨૦૦૭) ગ્રંથના માધ્યમથી સુખ્યાત છે. તેમને લોકસાહિત્યનાં વિવિધ સ્વરૂપો સંદર્ભે સૈદ્ધાન્તિક પીઠિકા પણ રચી છે. કચ્છના લોકસાહિત્ય વિશે, દુહા વિશે, મહત્ત્વના લોકસાહિત્યવિદ તજ્જ્ઞો વિશે, કથનશૈલી સંદર્ભે એમ વિવિધ દૃષ્ટિકોણથી ગુજરાતી લોકસાહિત્ય વિશે કરેલી તત્ત્વવિચારણા મહત્ત્વની છે. એમના જ માર્ગદર્શનમાં એમની સાથે સતત વિમર્શ કરીને લોકસાહિત્ય વિષયે ક્રિયાશીલ બનીને પાંચ-છ ગ્રંથો દ્વારા ગુજરાતી લોકસાહિત્ય તથા ચરોત્તરનાં વિવિધ લોકસાહિત્યિક પાસાંઓ વિશે પોતાના કામથી સુખ્યાત ડૉ. રમણભાઈ પી. પટેલનું કાર્ય પણ ધ્યાનાર્હ છે.

(૨) ડૉ. નરેશ વેદે પણ લોકસાહિત્યનાં સૈદ્ધાન્તિક પાસાંઓ વિશે મહત્ત્વના લેખો આપ્યા. તેમનું પુસ્તક **'લોકવિદ્યા'** પણ એમના પશ્ચિમના કાર્યના ઊંડા અભ્યાસને કારણે તથા ગુજરાત સંદર્ભે પ્રાયોજિત વિચારણાને કારણે ઘણું મહત્ત્વ ધરાવે છે. એ પરંપરામાં ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટે પણ થોડા લેખો દ્વારા ચરોત્તરી લોકપરંપરા સંદર્ભે પોતાનો સ્વાધ્યાય પ્રસ્તુત કર્યો છે. એવું જ ધ્યાનાર્હ કાર્ય કૃષ્ણદેવ આર્યનું પણ ગણી શકાય.

(૩) હરેન્દ્ર ભટ્ટ આણંદથી વિદ્યાપીઠમાં ગયા, ત્યાં કનુભાઈ જાની અને શાંતિભાઈ આચાર્ય પાસેથી લોકવિદ્યાની-લોકસાહિત્યથી દીક્ષિત થયા. અને પછી લોકસાહિત્ય ક્ષેત્રે જ ક્રિયાશીલ રહ્યા. **'વીરડો'** નામના સામયિકથી ગુજરાતમાં શાસ્ત્રીય પદ્ધતિથી કેવાં કાર્યો કરવાનાં રહે અને કેવાં-કેવાં કાર્ય થઈ શકે એનાં ઉત્તમ દૃષ્ટાંતો એ સામયિકે પૂરાં પાડ્યાં. એનું સૂચીકરણ કરીને અગ્રંથસ્થ રહેતી એમાંની મહત્ત્વની સામગ્રીનું પ્રકાશન થવું જોઈએ. એમણે ઘણું મહત્ત્વનું અંગ્રેજીમાં પ્રાપ્ત સાહિત્ય પણ પરિચય દ્વારા ગુજરાતને સુલભ બનાવ્યું. ગ્રીમબંધુઓ, ઇન્ડિયન ઍન્ટિક્વેરી, ચાર્લ્સ હેન્રીટોની, વિવિધ કલા વિશેના અંતરંગ પરિચયો, મહત્ત્વના ગ્રંથોના પરિચય કે પુનઃપ્રકાશનો અને નવા અભ્યાસીઓની પેઢી ઊભી કરી. આ બધાં કારણે ચરોત્તરનું 'વીરડો' દ્વારા ગુજરાતના લોકસાહિત્યક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન છે. એમના ગ્રંથો ચરોત્તરની લોકકથા' (૧૯૮૯), 'ચરોત્તરનું લોકસાહિત્ય' (૧૯૮૯), 'ગૂર્જર કથાવૈભવ' એમાંની મુદ્રિત મહત્ત્વની સામગ્રીને કારણે અગત્યના ગણાશે.

(૪) ચરોત્તરના લોકસાહિત્યક્ષેત્રના અભ્યાસી નવોદિતોમાં ડૉ. પિનાકિની પંડ્યા



અને ડૉ. પરમ પાઠક ઘણાં આશાસ્પદ નામો છે. 'મોટિફ' જેવી પરિભાષાની સમજ, એની તારવણી અને ભારતીય કે ગુજરાતી લોકકથાસંદર્ભનો તેમનો ઊંડો અભ્યાસ છે. આઈરીશ મોટિફ ક્યાં-ક્યાં આપણાં લોકકથાધનસંદર્ભે સમાનતા ધરાવે છે તેનું તુલનાત્મક અધ્યયન, ડૉ. હસુ યાજ્ઞિકના મોટિફ વિશ્લેષણનું અધ્યયન તથા પશ્ચિમમાં થયેલાં કાર્યોનો, સંશોધકોનો વિશદ અભ્યાસ તેમણે કરેલો હોઈને તેમની પાસેથી ઘણી અપેક્ષા છે. ડૉ. પરમ પાઠકે લોકકથાને વિષય બનાવીને એનો ઇતિહાસ, લોકસાહિત્ય ક્ષેત્રે થયેલા કાર્યની તપાસ, લોકસાહિત્યક્ષેત્રે થયેલાં સંશોધનના ઇતિહાસલેખન વિશેનું કાર્ય કર્યું હોઈને તેઓ પણ ભવિષ્યના મહત્ત્વના અભ્યાસી સંશોધક તરીકેનું સ્થાન પ્રાપ્ત કરશે એવી ઊંડી શ્રદ્ધા છે. ચરોત્તરના ભાવિ અભ્યાસીઓ તરીકે મુદ્રા ધારણ કરી શકે એવી ક્ષમતા જેમના કામમાં કળાઈ છે એવામાં પ્રશાંત પટેલ પણ ઘણા આશાસ્પદ છે. ચરોત્તર વિસ્તાર સંદર્ભે સંશોધન કરીને થોડું કાર્ય કરનારાઓમાંના પરેશ મકવાણા, ગુમાનદેવ ગરાસિયા, ઇલા પટેલ અને વિલ્સન પરમારને પણ દર્શાવી શકાય.

* * *

ચરોત્તર વિસ્તારમાં રહીને લોકસાહિત્યક્ષેત્રે ક્રિયાશીલ અને સાથે-સાથે ચરોત્તર સંદર્ભે થોડુંઘણું પણ મહત્ત્વનું કાર્ય થયું છે તેમાંથી પસાર થતાં આ પ્રદેશની મહત્તાનો પરિચય પ્રાપ્ત થાય છે. ચરોત્તરના ચારણી અને સંતસાહિત્ય વિશે ઘણું કામ થઈ શકે તેમ છે. એ પ્રદેશ સંશોધકોની રાહ જુએ છે. રતુદાન રોહડિયા, બળવંત જાની, અંબાદાન રોહડિયા, તીર્થંકર રોહડિયા, રમણિક મારુ, નરોત્તમ પલાણ અને નિરંજન રાજ્યગુરુ આદિનું કાર્ય આ પેઢીના અભ્યાસીઓએ અવલોકવું જોઈએ.

ચરોત્તરના મહત્ત્વના ચારણકવિઓ ગોદડ મહેડુ, લાંગીદાસ મહેડુ, ફૂલ વરસડા, કાનદાસ મહેડુ ઇત્યાદિ કવિઓ અને બોચાસણવાસી પરંપરાના સંતો, મોગરીના અનુપમ મિશનના પૂજ્ય જસભાઈ સાહેબ, નિરાંત, નડિયાદના પૂજ્યશ્રી મોટા ઉપરાંત ડાકોર, વડતાલ, ગળતેશ્વર, ફાગવેલ, સારસા, બોરસદ અને અન્ય વિસ્તારમાં પથરાયેલી-ફેલાયેલી સંતોની તો આખી શ્રેણીની સૂચી પણ તૈયાર કરીને શરૂઆત થવી જોઈએ. મને શ્રદ્ધા છે કે આ વિષયનો ખાલીપો-અવકાશ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ દ્વારા પુરાશે.

ચરોત્તર વિસ્તારના લોકસાહિત્યના સંશોધન-સંપાદનની એક સમૃદ્ધ

પરંપરાનો પરિચય પ્રાપ્ત થાય છે. ચતુર પટેલ, હરેન્દ્ર ભટ્ટ જેવા કર્મઠ સંશોધકો; જશવંત શેખડીવાળા, નરેશ વેદ અને આર.પી. પટેલ જેવા ઊંડા અભ્યાસીઓ; પિનાકિની પંડ્યા, પરમ પાઠક જેવા ઇતિહાસકેન્દ્રી અને પરિભાષાકેન્દ્રી અભિગમથી મૂલવતા વિવેચકોને કારણે તથા પુરોગામી અંગ્રેજ-પારસી વિદ્વાનોના પ્રારંભિક કાર્યથી આ પ્રદેશનું ઘણું મહત્ત્વનું લોકસાહિત્ય પ્રકાશિત થયું અને અવલોકાયું પણ ખરું. કંઠસ્થ પરંપરાના મધ્યકાલીન ચારણી સાહિત્ય અને સંતપરંપરા વિશે પ્રમાણમાં ઓછું સંશોધન થયું છે. જેટલું થયું છે એનો પણ મહિમા ઘણો છે. ગુજરાતના લોકસાહિત્યના ઇતિહાસમાં ચરોત્તર વિસ્તારનું લોકસાહિત્ય, તથા ચરોત્તર વિસ્તારના વિદ્વાનોના સંપાદનકાર્યના પ્રવાહદર્શનને અવલોકતાં એમાં રહેલી અભ્યાસનિષ્ઠા, વિદ્વત્તા અને વિશ્લેષણપરકતા ધ્યાનાર્હ બની રહે છે. અભ્યાસીઓનું જૂથ, અભ્યાસીઓનું વૃંદ નવી પેઢીને દિશા ચીંધાડતું હોઈને પણ એમની ઘણી મહત્તા છે.

## સંદર્ભસામગ્રી


૧. ચરોત્તર સર્વસંગ્રહ, સંપા. પુરુષોત્તમદાસ શાહ, ચંદ્રકાન્ત શાહ
૨. ચરોત્તરનાં લોકગીતો, ડૉ. ધર્મેન્દ્ર માસ્તર
૩. ગુજરાતી લોકસાહિત્યમાળા, મણકા ૧ થી ૧૪, ગુ.લો.સ. દ્વારા પ્રકાશિત
૪. સાહિત્યાલોક, જશવંત શેખડીવાળા
૫. લોકસાહિત્યનાં સ્વરૂપો, જશવંત શેખડીવાળા
૬. નયા પડકાર, રજત વિશેષાંકમાં ''ચરોત્તરની લોકવાણી અને તેના પરખંદા'', પરમ પાઠકનો લેખ.
૭. 'વીરડો'ની ફાઈલ, હરેન્દ્ર ભટ્ટ
૮. ચરોત્તરની લોકકથા, ભાગ-૧, હરેન્દ્ર ભટ્ટ
૯. લોકવિદ્યા, નરેશ વેદ
૧૦. કહેવતદર્શન, ડૉ. આર.પી. પટેલ
૧૧. લોકસાહિત્યચર્ચા, ડૉ. આર. પી. પટેલ
૧૨. આઈરીશ લોકકથાઓમાં મોટિફ, પિનાકિની પંડ્યા
૧૩. તપાસ અને તારતમ્ય, પરમ પાઠક








વિભાગ - ૩

# ચારણી પરંપરાનું સાહિત્ય : મૂલ્યાંકન





૫

# પાંડવ યશેન્દુ ચંદ્રિકા : આસ્વાદ કથન

**પુષ્પદાન ગઢવી**

(ગયા અંકનું ચાલુ)

આ અર્જુનનાં વીસ નામ ક્ષત્રિયોએ અવશ્ય જપવા જોઈએ. તેની સાથે બીજા લોકોએ પણ જપવા જોઈએ. આ નામ જપવાથી કવિશ્રી સ્વરૂપદાસ કહે છે કે ત્રણ વર્ગ (ધર્મ, અર્થ અને કામ)ની તરત જ પ્રાપ્તિ થાય છે.

ત્યારબાદ છંદ ૧૧મા સોળ કલાઓનું વર્ણન કવિત્તમાં નીચે જણાવ્યા પ્રમાણે આપવામાં આવેલ છે.

**ષોડશ કલા**

**કવિત્ત**

*કીર્તિ લજ્જા શાંતિ બુદ્ધિ પ્રજ્ઞા ધૃતિ આસ્તિકતા,*
*શમતા રુ દમતા તૈં તમતા બિનાસી હૈ ।*
*સુધરાઈ ગિરા ક્ષમા વીરતા ઉદારતાઈ,*
*વિદ્યા ઉપકારતાઈ વિશ્વ મેં વિકાસી હૈ ।*
*વ્યાસ મુખ પ્રાચી દિશિ સજ્જન કુમુદવૃંદ,*
*શ્રૂપદાસ બુદ્ધિ સો ચકોરની હુલાસી હૈ ।*
*ભીમાનુજ નકુલાગ્રજ તા જશ ઉદૈ ભૌ ઈન્દુ,*
*ષોડસ કલા કી તાકી ચંદ્રિકા પ્રકાસી હૈ ॥ ૧૧ ॥*



(૧) યશ (૨) મર્યાદા (૩) શાંતિ (૪) બુદ્ધિ (૫) વિવેકશકિત (૬) ધીરજ (૭) આસ્થાવાળું (૮) ક્ષમતા (મનોનિગ્રહ) (૯) દમતા (ઇન્દ્રિય રોકવું) તેના દ્વારા અજ્ઞાનતાનો જે નાશ કરે છે (૧૦) વાણી (૧૧) ક્ષમા (૧૨) વીરતા (૧૩) ઉદારતા (૧૪) વિદ્યા (૧૫) પર-ઉપકાર (૧૬) જેમના આ બધા ગુણ વિશ્વમાં વિસ્તરેલા છે, ઉદયસ્થાનરૂપ આદિ કવિ વેદવ્યાસના મુખરૂપી પૂર્વ દિશા છે, સજ્જનરૂપી કમળ-સમૂહ છે અને કવિ સ્વરૂપદાસની બુદ્ધિરૂપી ચકોરપક્ષી પ્રસન્ન છે, કારણ કે ભીમસેનથી નાના અને નકુલથી મોટા એવા અર્જુનના ઊગતા યશરૂપી ચન્દ્રમાની ઉપર વર્ણિત કલાઓની ચાંદની પ્રકાશિત થઈ રહી છે.

કવિશ્રી મહાભારતના ૧૮ પર્વોનું વર્ણન સંક્ષિપ્તમાં કરવા ચાહે છે તે માટે તેઓશ્રી છંદ ૧૨ માં અર્જુનના સારથિ (શ્રીકૃષ્ણ)ની સહાયતાર્થે વિનંતી કરતાં જણાવે છે કે –

**મંગલાચરણ - કિમર્થ**

**કવિત્ત**

*આદિ સભા અરન્ય વિરાટ ઔ ઉદ્યોગ પર્વ,*
*ભીષ્મ અરુ દ્રોણ કર્ણ શલ્ય પર્વ કહિયે ।*
*સુષૌપ્તિક ત્રિયા શાંતિ અનુશિલ્યા અશ્વમેધ,*
*વ્યાસાશ્રમ મૂશલ વિચાર કરિ ગહિયે ।*
*મહાપર્વ લેકૈ સ્વર્ગ આરોહણ આદિ દૈકે,*
*અનુક્રમ હી તૈં પર્વ અષ્ટાદશ લહિયે ।*
*તિનકો સંક્ષેપ ચહૈ વરન્યો સ્વરૂપદાસ,*
*કિરીટી કે સારથિ સહાય નૈક રહિયેં ॥ ૧૨ ॥*

(૧) આદિ પર્વ (ઉત્સવ) (૨) સભા પર્વ (૩) અરણ્ય પર્વ (૪) વિરાટ પર્વ (૫) ઉદ્યોગ પર્વ (૬) ભીષ્મ પર્વ (૭) દ્રોણ પર્વ (૮) કર્ણ પર્વ (૯) શલ્ય પર્વ (૧૦) સુષૌપ્તિક પર્વ (૧૧) સ્ત્રી પર્વ (૧૨) શાંતિ પર્વ (૧૩) અનુશાસન પર્વ (૧૪) અશ્વમેધ પર્વ (૧૫) વ્યાસાશ્રમ પર્વ (૧૬) મૂશલધાર પર્વ (૧૭) મહાપ્રસ્થાન પર્વ (૧૮) સ્વર્ગારોહણ પર્વ, અનુક્રમે આ અઢાર ઉત્સવનું હું ટૂંકમાં વર્ણન કરવા માંગુ છું તેના માટે હે અર્જુનના સારથી (શ્રીકૃષ્ણ) ! તમે કૃપા કરી મારી સહાયતા કરજો.

(આ કવિત્તયામાં પરિકરાલંકાર છે. -**સં.**)

શ્રીહરિએ મનુષ્યોને દેહ આપી જે અવયવો (અંગો) આપ્યા છે તેના

સદ્ઉપયોગ થાય તે હેતુથી કવિશ્રીએ એક સવૈયા છંદ-૧૩ માં જણાવ્યું છે કે;

**સવૈયા**

*પાઁવ છતૈ કરી ગૌન હરી દિશ ફેર યે પાંવ ચલૈ ન ચલૈ ।*
*જીભ છતૈ ગુનિયે હરિ કો જસ ફેર યે જીભ હલૈ ન હલૈ ।*
*નૈન છતૈ લખિ રૂપ વિરાય કો ફેર યે નૈન ખિલૈ ન ખિલૈ ।*
*શ્રોન છતૈ હરિ કીરત કૌ સુનિ ફેર યે શ્રોન મિલૈ ન મિલૈ ॥ ૧૩ ॥*

શ્રીહરિએ મનુષ્યના શરીરમાં જે અવયવ આપ્યા છે તેનો સદ્ઉપયોગ કરવાના આશયથી કવિ કહે છે કે પગ ચાલતાં-ફરતાં છે ત્યાં સુધી ભગવાનની તરફ ચાલો (એટલે તેમનાં સ્થાનોની યાત્રા કરો), પછી આ પગ સાથ આપે કે ન આપે. જીભ ચાલે છે ત્યાં સુધી શ્રીહરિનાં ગુણ યા તેમનું નામ સ્મરણ કરો કેમ કે પછી જીભ સાથ દે કે ના દે. આંખોમાં રોશની છે ત્યાં સુધી શ્રીહરિના વિરાટ સ્વરૂપનાં દર્શન કરી લો નહીં તો શું ખબર કે આંખોમાં રોશની રહે કે ના રહે. જ્યાં સુધી કાન બરાબર છે ત્યાં સુધી ઈશ્વરનાં યશગાન સાંભળી લો નહિ તો શું ખબર કે પછી (આગલા જન્મમાં) કાન મળે અથવા ના મળે.

કવિશ્રી આ ગ્રંથના પ્રયોજન માટે દોહા છંદ-૧૪ માં જણાવે છે કે —

**કિં પ્રયોજનં**

**દોહા**

*લાભ જીવિકા સુજશ કો, પુનિ પરમારથ સાંચ ।*
*વિઘ્નશાંતિ પરલોક કી, સિદ્ધિ પ્રયોજન પાંચ ॥ ૧૪ ॥*

ગ્રંથપ્રણેતા ગ્રંથરચનાનાં પાંચ પ્રયોજન બતાવે છે. - (૧) જીવનનિર્વાહ (૨) સુયશ-પ્રાપ્તિ (૩) સત્ય-પરમાર્થ (૪) વિઘ્ન-શાંતિ અને (૫) સ્વર્ગસિદ્ધિ આ પાંચ પ્રયોજન લાભદાયક છે.

**વાર્તા** - *(વચનિકા) મેરે પાંચ હૂ હૈ, મેરી જીવિકા,*
*હરિ હરિદાસન કા કીર્તન, ગ્રંથ કિયે જસ ભી હૈ ।*
*પઢેંગે જિનકો બુદ્ધિ સુકર્મ-પ્રાપ્તિ, પરમાર્થ,*
*ગ્રંથ વિષે વિઘ્ન-શાંતિ સિદ્ધિ હૈ હી ।*

કવિ સ્વરૂપદાસ કહે છે કે મારા લાભરૂપી પાંચ પ્રયોજનો છે : (૧) હરિનું અને હરિના દાસોનું કીર્તન જ મારી જીવિકા છે. (૨) ગ્રંથની રચનાથી જશ પણ મળે છે. (૩) મારા ગ્રંથને જે વાંચશે તેને સારી બુદ્ધિ તથા સારાં કર્મોની પ્રાપ્તિ થશે



આ મોક્ષ છે. (૪) ગ્રંથરચનામાં વિઘ્નશાંતિ અને (૫) સ્વર્ગ સિદ્ધિ તો છે જ.

*શ્રીહરિ કો હરિદાસન કો મિશ્રિત યશ, સાક લૌન, સરકંજ,*
*નિશા-ચન્દ્ર ન્યાયેન ॥*

શાકભાજીમાં મીઠું-મસાલા, તળાવમાં કમળ અને રાત્રિમાં ચન્દ્રના ઉદયની ભ્રાંતિ આ ગ્રંથમાં હરિનું અને હરિ દાસના સારા યશનું મિશ્રણ ન્યાયોચિત છે.

મહાભારતના ૧૮ પર્વોનું સૂચિપત્ર અને દરેક પર્વોના શ્લોકોની સંખ્યા સ્વામીશ્રીએ તેમના ગ્રંથના પ્રથમ મંગલાચરણ અને અષ્ટાદશી પર્વસૂચિમાં જણાવેલ છે. જે સૂચિ માત્ર વાંચતાં જ સમગ્ર મહાભારતનો સુજ્ઞ વાચકને ખ્યાલ આવી જાય. તે અષ્ટાદશ પર્વ સૂચિ : (૧) આદિ પર્વ (૨) સભા પર્વ (૩) અરણ્ય પર્વ (વન પર્વ) (૪) વિરાટ પર્વ (૫) ઉદ્યોગ પર્વ (૬) ભીષ્મ પર્વ (૭) દ્રોણ પર્વ (૮) કર્ણ પર્વ (૯) શલ્ય પર્વ (૧૦) સુષૌપ્તિક પર્વ (૧૧) સ્ત્રી પર્વ (૧૨) શાંતિ પર્વ (૧૩) અનુશાસન પર્વ (૧૪) અશ્વમેધ પર્વ (૧૫) વ્યાસાશ્રમ પર્વ (૧૬) મુશલ પર્વ (૧૭) મહાપ્રસ્થાન પર્વ (૧૮) સ્વર્ગારોહણ પર્વનું વર્ણન કરવામાં આવેલ છે. જે દરેક પર્વોની સૂચિના કવિતો નીચે જણાવ્યા પ્રમાણે છે.

## અષ્ટાદાસ પર્વ - સૂચિપત્ર

### (૧) આદિપર્વ-સૂચિ

**કવિત્ત**

*જન્મેજય સર્પ સત્ર યયાતિ ભરત જન્મ,*
*અંશા અવતર્ન શત્ર શિક્ષા અનુમાનિયે ।*
*લાક્ષાગૃહ બદ્ધ ત્યોં હિડંબ ઔ બકાસુર કો,*
*દ્રૌપદી સ્વયંવર ઔ રાધા વેધ જાનિયે ।*
*રાજ્ય અર્થ લાભ વનોવાસ વર્ષ દ્વાદશ કો,*
*અર્જુન કો સુભદ્રાદિ ત્રિયા લાભ માનિયે ।*
*ખાંડુ દાહ કમ્બુ અખૈતૂન ધનુ સભા લાભ,*
*આદિપર્વ સૂચીપત્ર નિકે કૈ પિછાનિયે ॥ ૧૫ ॥*

જન્મેજય રાજાનો સર્પયજ્ઞ, રાજા યયાતિ એટલે ભરતનો જન્મ, દાનવ અને દેવ અંશો દ્વારા કૌરવો અને પાંડવોની ઉત્પત્તિ. તેનાં શત્ર વિદ્યાનું શિક્ષણ, લાક્ષાગૃહ વર્ણન, હિડિંબાસુર અને બકાસુરનો વધ, દ્રૌપદી સ્વયંવર, મચ્છવેધ,

અર્દ્ધ રાજ્યપ્રાપ્તિ, પાંડવોને બાર વર્ષનો વનવાસ, અર્જુનને સુભદ્રાપ્રાપ્તિ, ખાંડવ-વનનું દહન, દેવદત્તયા શંખ, અક્ષય તુણીર, ગાંડીવ ધનુષ અને મહાદાનવરચિત સભાનો લાભ. આદિ પર્વની આ અનુક્રમણિકા છે (વિષયસૂચિ) તેને સારી રીતે સમજો.

**અધ્યાય - શ્લોક-સંખ્યા**

**દોહા**

*મુની અયન દ્રગ વામ ગતિ, અંક લિખહુ અધ્યાય ।*
*વેદ વસૂ ગ્રહ ફિર વસૂ, શ્લોક-અનુષ્ટુપ ન્યાય ॥ ૧૬ ॥*

મુનિની સંખ્યા સાત છે, અયનની સંખ્યા બે છે, નેત્રની સંખ્યા બે છે, આ અંકને અવળી બાજુથી ગણવાથી આદિ પર્વના અધ્યાય (૨૨૭) બસો સત્યાવીસ થાય છે. આવી જ રીતે વેદની સંખ્યા ચાર, વસુની સંખ્યા આઠ છે, ગ્રહની સંખ્યા નવ અને પુનઃ વસુની સંખ્યા આઠ છે. આ બધાંને ઉપરોક્ત પ્રમાણે ગણતરી કરવાથી આઠ હજાર નવસોં ચોર્યાસી (૮૯૮૪) શ્લોક હોય છે, જે આદિપર્વમાં છે.

## (૨) સભા - પર્વ-સૂચિ

**કવિત્ત**

*નારદ ને દેવન કી સભા બહુધા સી કહી,*
*પાંડુ કો સંદેશ પુનિ રાજસૂય કરિબો ।*
*ચારૌં દિગવિજૈં ચારૌં ભ્રાતન તૈં માગધ કો,*
*ભીમ તૈં વિનાશ શિશુપાલ હૂ કો મરિબો ।*
*સભા બીચ વ્હૈબો અપમાન ત્યોં સુયોધન કો,*
*મત્સરતા લિયે પિતુ-માતુલ તૈં લરિબો ।*
*રચ્યો દ્યૂત ખેંચ્યો ચીર સ્વસૂર ને દીનો વર,*
*ફેર દ્યૂત તેરા અબ્દ બન મેં વિચરિબો ॥ ૧૭ ॥*

પાંડવોની પાસે આવીને નારદજીએ દેવસભાનું વિવિધતાભર્યું વર્ણન કર્યું : પાંડુરાજાનો સંદેશ અને રાજસૂય યજ્ઞ કરવો, ચારે ભાઈઓનો ચારે દિશામાં વિજય, ભીમસેન દ્વારા મગધ પ્રદેશના રાજા જરાસંધ અને શ્રીકૃષ્ણનું શિશુપાળને મારવું. દુર્યોધનનું પાંડવની સભામાં અપમાન અને અભિમાનની સાથે પિતા અને મામાની સાથે ઝઘડો કરવો, યુધિષ્ઠિરની સાથે જુગાર રમવું, દ્રૌપદીનાં ચીર લૂંટવા, દ્રૌપદીનું ધૃતરાષ્ટ્ર પાસે વરદાન માંગવું, ધર્મરાજનું ફરી જુગાર રમવામાં જોડાઈ જવું, અને તેર વર્ષનો વનવાસ ભોગવવો, આ તમામ વર્ણન આ પર્વમાં છે.



**અધ્યાય - શ્લોક-સંખ્યા**

**દોહા**

*વસૂ મુનિ અધ્યાય હૈ, સભા પર્વ મેં જાન ।*
*ચંદ્ર મહી સર અયન લખિ, શ્લોક પ્રમાનહિ માન ॥ ૧૮ ॥*

વસુની સંખ્યા આઠ અને મુનિની સંખ્યા સાત થઈ તેને ઊંધી કરવાથી આગળના અઠ્ઠોતેર અધ્યાય થાય છે.

ચંદ્ર ૧, પૃથ્વી ૧, શર (કામદેવનાં બાણ) ૫, અયન (ઉતરાયણ અને દક્ષિણાયન) ૨, આવી રીતે સંખ્યા થાય છે (૧૧૫૨) અને ઉપરોકત વર્ણવેલી રીતની જેમ ઊંધી કરવાથી (૨૫૧૧) એટલે બે હજાર પાંચસો અગિયાર કુલ શ્લોક આ પર્વમાં છે.

## (૩) વન-પર્વ-સૂચિ

**કવિત્ત**

*ભાસ્કર તૈં અખૈં પાત્ર પ્રાપત પ્રથમ ભયો,*
*કૃષ્ણ કો મિલાપ ઈતિહાસ નૃપ નલ કો ।*
*જિષ્ણુ તપ અસ્ત્રલાભ કપટ નિષાદ જુદ્ધ,*
*નાક ગૌન રંભા શ્રાપ નાશ દૈત્ય - દલ કો ।*
*ઘોષ યાત્રા બંધુ મોક્ષ દ્રૌપદી-હરન તા મેં,*
*જન્મ ભ્રષ્ટ વ્હૈબો દુષ્ટ જૈદ્રથ વિકલ કો ।*
*રામ કથા તીર્થાટિન કર્ન-જન્મ અરની તૈં,*
*ચાર બંધુ મૃત્યુ યક્ષ જોગ પાન જલ કો ॥ ૧૯ ॥*

સૂર્ય દ્વારા અપાયેલ પ્રથમ અક્ષય-પાત્રની પ્રાપ્તિ અને શ્રીકૃષ્ણથી મેળાપ થવો. નળરાજાનો ઇતિહાસ, અર્જુનનું તપ, અત્રની પ્રાપ્તિ, છળથી નિષાદ ગણની સાથે યુદ્ધ કરવું. સ્વર્ગપ્રાપ્તિ, ઉર્વશી અપ્સરા દ્વારા શ્રાપ મળવો, સમુદ્રની સામે કિનારે વસવાટ કરતા દૈત્ય-દળનો નાશ કરવો, દુર્યોધનની ઘોષયાત્રા (ગાય અને વાછરડા જે સ્થાને છે ત્યાં જવું) તેને ગંધર્વથી છોડાવવો. દ્રૌપદીહરણમાં દુષ્ટ જયદ્રથનું વ્યાકુળતાને લીધે જન્મભ્રષ્ટ થવું, શ્રી રામકથાના પ્રસંગ, તીર્થાટન, કર્ણના જન્મની કથા, બ્રાહ્મણ દ્વારા યજ્ઞ માટે અરણી (યજ્ઞમાં જ્વાળા ઉત્પન્ન કરવા માટે ખાસ પ્રકારની લાકડી) લેવા જતાં પાણી પીતાં પહેલાં ચારેય ભાઈઓનું મૃત્યુ થવું, ત્યારબાદ યુધિષ્ઠિર દ્વારા યક્ષના પુછાયેલા પ્રશ્નોના સાચા જવાબો આપી ચારે ભાઈઓને જીવતા કરવા વગેરે પ્રસંગો આ પર્વમાં છે.

### અધ્યાય-શ્લોક-સંખ્યા

**દોહા**

*રત્ન ઊર્મિ દગ વન પરવ, કહે વ્યાસ અધ્યાય ।*
*વેદ રાગ રિતુ વિધુ મહીં, સંખ્યા શ્લોક જતાય ॥ ૨૦ ॥*

રત્નોની સંખ્યા નવ, ઊર્મિઓની સંખ્યા છ અને દગ બે આ સંખ્યાને પહેલાંની જેમ ઊંધી કરવાથી (૨૬૯) બસો ઓગણ્યાસિત્તેર અધ્યાય, વ્યાસમુનિએ આ વન પર્વમાં કહ્યા છે. વેદની સંખ્યા ચાર, રાગની સંખ્યા છ, ઋતુની સંખ્યા છ, વિધુની એક અને પૃથ્વીની સંખ્યા એક, આ બધા અંકથી મેળવેલ સંખ્યાને ઊંધી કરવાથી (૧૧૬૬૪) અગિયાર હજાર છસો ચોસઠ શ્લોક આ પર્વમાં છે.

## (૪) વિરાટ-પર્વ-સૂચિ

**કવિત્ત**

*કંકભટ વલ્લવજૂ વૃહન્નટા ગ્રંથિકાર,*
*તંત્રીપાલ સૈરન્ધ્રી વ્હૈ આકૃતિ છિપાયબો ।*
*દ્વિજ કે મહોત્સવ મેં હતન જિમૂત મલ્લ,*
*દ્રૌપદી કે કાજ વંશ કીચક ખપાયબો ।*
*દક્ષિણ ગો ગ્રહણ અર્ધ-મુંડન સુશર્મા કો,*
*દૂજૈ ગો ગ્રહણ કુરૂ સૈન્ય મુર છાયબો ।*
*પાસે કો પ્રહાર ભૂપ મચ્છ તૈં યુધિષ્ઠિર કૌં,*
*ઉત્ત્યાર તૈં સૌભદ્રેય બ્યાહ કૌ રચાયબો ॥ ૨૧ ॥*

કંકભટ વલ્લવ, વૃહન્નટા, ગ્રંથિકાર, તંત્રીપાલ અને સૈરંધ્રી બની પાંચે પાંડવો અને દ્રૌપદીનું છૂપા વેશમાં રહેવું, બ્રાહ્મણને ત્યાં મહોત્સવમાં જિમૂતમલ્લને મારવું, દ્રૌપદીની રક્ષા માટે કીચકના આખા વંશનો સંહાર કરવો. દક્ષિણ દિશાએથી ગાયોને ઘેરવું, સુશર્માનું અડધું મુંડન, બીજા દિવસે ફરી પાછું ગાયોને ઘેરવું, કૌરવની સેનાનું મૂર્છિત થવું, મચ્છરાજ દ્વારા યુધિષ્ઠિર ઉપર હુમલો કરાવવો અને કુમારી ઉત્તરાનાં અભિમન્યુ સાથે લગ્ન કરાવવાં વગેરે પ્રસંગ આ પર્વમાં વર્ણવેલા છે.

### અધ્યાય-શ્લોક-સંખ્યા

દોહા

*વાર રાગ વૈરાટ મેં, કહે અધ્યાય બખાન ।*
*વ્યોમામ્બર શર કર સહિત, શ્લોક સમૂહ પિછાન ॥ ૨૨ ॥*



વારોની સંખ્યા સાત, રાગોની સંખ્યા છ : આ અંકોથી મેળવેલ સંખ્યાને ઊંધી કરવાથી (૬૭) સડસઠ અધ્યાય વિરાટ પર્વમાં વર્ણવેલા છે. વ્યોમની સંખ્યા શૂન્ય, આકાશની સંખ્યા શૂન્ય, શરની સંખ્યા પાંચ અને હાથોની સંખ્યા બે અને આ અંકોથી મેળવેલ સંખ્યાને ઊંધી કરવાથી (૨૫૦૦) બે હજાર પાંચસો, એ આ પર્વના કુલ શ્લોકની સંખ્યા છે જેનું વાચન રસપ્રદ છે.

## (૫) ઉદ્યોગ-પર્વ-સૂચિ

**કવિત્ત**

*આદિ મંત્ર નાગપુર ગૌન ભૌ પુરોહિત કો,*
*દૂજે ગૌન સંજય કો નીતિ હૈ વિદુર કી ।*
*તીજે ભો શ્રીકૃષ્ણ—ગૌન મુનિ ઇતિહાસ કથા,*
*ધારન વિરાટ રૂપ દેખી સભા ઘર કી ।*
*દશ હૂ દિશા કે ભૂપ આગમ નિમંત્રણ તૈં,*
*સાત ગ્યારા ક્ષોહણી મિલી હૈ ઘર ઘર કી ।*
*આગમ ઉલૂક દોનોં સૈંના ગૌન કુરુક્ષેત્ર,*
*રથી સંખ્યા અંબા-કથા નારી ભયો નર કી ॥ ૨૩ ॥*

પહેલી વાર શાંતિની દરખાસ્ત લઈને પુરોહિતનું હસ્તિનાપુર આવવું, તેના પછી સંજયનું પાંડવ પાસે જવું, વિદૂરનીતિનું વર્ણન, ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણનું હસ્તિનાપુરમાં જવું, (ભગવાન પરશુરામ, કણ્વ, નારદ, વ્યાસ વગેરે) મુનિઓના વૃત્તાંતોનું વર્ણન કરવાવાળા ઇતિહાસનું વર્ણન, શ્રીકૃષ્ણનું વિરાટરૂપ ધારણ કરવાથી દુર્યોધનની સભાના લોકોનું ત્રસ્ત થવું, આમંત્રણ મળવાથી દશે દિશાઓમાંથી રાજાઓનું આવવું, સાત અને અગિયાર અક્ષૌહિણી સેનાનું મળવું, ઉલૂક (શકુનિ પુત્ર)નું દૂત બનીને પાંડવોની છાવણીમાં જવું, રથિઓની ગણતરી, સ્ત્રીનો દેહ છોડીને પુરુષ બનેલી અંબાની કથા આ બધા વૃત્તાંતો ઉદ્યોગ પર્વમાં વર્ણવેલા છે.

### અધ્યાય-શ્લોક-સંખ્યા

દોહા

*રાગ સિદ્ધિ અરુ ચંદ્રમા, પર્વ અધ્યાય ઉદ્યોગ ।*
*વસૂ રત્ન ઊર્મિ રિતૂ, શ્લોકન કો સહજોગ ॥ ૨૪ ॥*

રાગની સંખ્યા છ, સિદ્ધિઓની સંખ્યા આઠ, ચંદ્રમાનો સંખ્યાવાચક અર્થ એક, આ બધા અંકોને ઉલટાવવાથી બને (૧૮૬) એક સો છયાસી, એટલા

અધ્યાય ઉદ્યોગ પર્વમાં છે. અને વસુ (૮), રત્ન (૯), ઊર્મિ (૬), ઋતુ (૬) આ આંકડાને ઉલટાવવાથી બને (૬૬૯૮) એટલે કે ઉદ્યોગ પર્વમાં કુલ છ હજાર છ સો અઠ્ઠાણું શ્લોક છે.

## (૬) ભીષ્મ-પર્વ-સૂચિ

**કવિત્ત**

*ખંડ નિરમાન ઉતપાત કો પ્રમાન હાનિ,*
*ભીષ્મ-અભિસેચન પ્રણેતા સૈન્ય સારી કો ।*
*અર્જુન-વિષાદ ગીતા અષ્ટાદશાધ્યાય જાનિ,*
*તીન વરદાન ધર્મપુત્ર ધર્મચારી કૌ ।*
*ઈરવાન ઉત્યામ ઔ શંખ દ્વૈ વિરાટપુત્ર,*
*સતરા સુયોધન કે બંધુ અપકારી કો ।*
*ભયો પરલોક બાણસજ્જા ગંગાપુત્ર પોઢે,*
*બાણ-ગંગા દીનો જસ અખૈ તૂણધારી કૌં ॥ ૨૫ ॥*

ખંડોનું નિર્માણ, ઉત્પાત અને તેના દ્વારા થનારી હાનિ ભીષ્મ પિતામહનો સેનાભિષેક, આખી સેનાને જોઈને અર્જુનને પીડા થવી, શ્રીકૃષ્ણ દ્વારા વર્ણવેલી અઢાર અધ્યાયની ગીતા, ધર્માચાર પર અડગ રહેનાર ધર્મ-પુત્ર (યુધિષ્ઠિર) ને ત્રણ વરદાનોની પ્રાપ્તિ, અર્જુનના પુત્ર ઈરાવાન, વિરાટ નરેશના બે પુત્રો ઉત્યામ કુમાર તથા શંખ અને કૃતઘ્ન, દુર્યોધનના સત્તર ભાઈઓનું પરલોકગમન, ભીષ્મ પિતામહનું બાણશૈય્યા પર સૂવું, અક્ષય તુણીરધારી અર્જુન દ્વારા બાણગંગાના પ્રાકટ્યથી પ્રસન્ન થઈને ભીષ્મપિતામહે કરેલી અર્જુનની પ્રશંસા વગેરે જેવી ઘટનાઓનો સમાવેશ ભીષ્મ પર્વમાં વિદ્યમાન છે.

### અધ્યાય-શ્લોક-સંખ્યા

દોહો

*વાર ઈન્દુ ગનપતિ રદન, ભીષ્મ પર્વ અધ્યાય ।*
*વેદ સિદ્ધિ વસુ વાન લૌ, શ્લોક હિ દિયે જતાય ॥ ૨૬ ॥*

સંખ્યાવાચક સંજ્ઞાઓની અંતર્ગત વાર એટલે કે સાત, ઈન્દુ એક અને ગણપતિનો દાંત એક, એમ બનતી સંખ્યાને ઉલટાવવાથી (૧૧૭) એક સો સત્તર અધ્યાય ભીષ્મ પર્વમાં છે. એવી જ રીતે વેદ એટલે કે ચાર, સિદ્ધિ આઠ, વસુ આઠ, બાણ પાંચથી બનતી સંખ્યાને ઉલટાવવાથી બને (૫૮૮૪) પાંચ હજાર આઠસો ચોર્યાસી શ્લોક છે એ જાણવું.



## (૭) દ્રોણ-પર્વ-સૂચિ

**કવિત્ત**

*દ્રૌન કી પ્રતિજ્ઞા જુદ્ધ સંસપ્તક અર્જુન કો,*
*ચક્રવ્યૂહ વેધ વધ સુભદ્રા કે નંદ કો ।*
*નર કી પ્રતિજ્ઞા જુદ્ધ બિના રથ વધ ભયો,*
*ભૂરિશ્રવા જૈદ્રથ ઔ બિંદ અનુબિંદ કો ।*
*રાત્રિ યુદ્ધ વાસવી અમોઘ શક્તિ હી તૈં ભયો,*
*પાત હેડંબેય ગન શત્રુ નિહકંદ કો ।*
*પૈંતાલીસ ભ્રાતા દુર્યોધન કે દ્રૌણ પાત,*
*દ્રૌણી અસ્વ નારાયન પ્રેયોં અશ્વ પુંજ ફંદ કો ॥ ૨૭ ॥*

દ્રૌણાચાર્યની પ્રતિજ્ઞા, સંસપ્તકોનું અર્જુન સાથે યુદ્ધ, અભિમન્યુ દ્વારા ચક્રવ્યૂહનું ભેદન, અભિમન્યુ વધ, અર્જુનની પ્રતિજ્ઞા, રથ વગર યુદ્ધ કરવું, ભૂરિશ્રવા જયદ્રથ, વિંદ અને અનુવિંદનો વધ, રાતનું યુદ્ધ, ઇન્દ્ર દ્વારા આપેલ અમોઘશક્તિ દ્વારા શત્રુઓના સમૂહનું નિકંદન કરનાર ઘટોત્કચનો નાશ, દુર્યોધનના પિસ્તાલીસ ભાઈઓનું મૃત્યુ, દ્રોણાચાર્યનું મૃત્યુ, ફન્દોના સમૂહવાળા નારાયણાસ્ત્રનો અશ્વત્થામા દ્વારા પ્રયોગ વગેરે ઉપર્યુક્ત સમગ્ર વૃત્તાંતનું દ્રોણ પર્વમાં વર્ણન છે.

### અધ્યાય-શ્લોક-સંખ્યા

દોહા

*વ્યોમ, દ્વીપ, અરુ ચંદ્રમા, દ્રોણ પર્વ અધ્યાય ।*
*ગ્રહ અંબર નિધિ સિદ્ધિજુત, ગિનતી શ્લોક ગિનાય ॥ ૨૮ ॥*

વ્યોમનો અંક - શૂન્ય, દીપનો સાત, ચંદ્રનો એક આ આંકડાથી બનતી સંખ્યાને ઉલટાવવાથી બને (૧૭૦) એક સો સિત્તેર અધ્યાય દ્રોણ પર્વમાં છે. એવી જ રીતે ગ્રહ ૯, આકાશ ૦, નિધિ ૯, સિદ્ધિ ૮ આ આંકડાથી બનતી સંખ્યાને ઉલટાવવાથી (૮૯૦૯) બની એટલે કે આ પર્વમાં શ્લોકોની સંખ્યા આઠ હજાર નવસો નવ છે.

## (૮) કર્ણ-પર્વ-સૂચિ

**કવિત્ત**

*કર્ણ અભિષેચન ઔ દ્વંદ્વ યુદ્ધ એક દ્યૌષ,*
*રાત્રિ સમૈ મંત્ર સલ્ય સારથિ વિચાર્યો હૈ ।*

*દૂજૈ દિન સારથિ મહારથી વિવાદ તામેં,*
*મરુદેશ સેનાની કો માજનો બિગાર્યો હૈ ।*
*ઐંચ્યોં ચીર તેઈ ભુજ ઐંચિ દોઉ સૈન્ય બીચ,*
*પીયો શ્રોન ભીમસેન દુઃશાસન માર્યો હૈ ।*
*યુધિષ્ઠિર અર્જુન કી સ્વ તૈં મૃત્યુ ટારી કૃષ્ણ,*
*પુત્ર વૃષસેન જુત કર્ણ મારિ ડાર્યો હૈ ॥ ૨૯ ॥*

કર્ણનું સેનાપતિ બનવું, એક દિવસનું દ્વંદ્વ યુદ્ધ, રાતે શલ્યને સારથિ બનાવવાનો વિચાર, બીજા દિવસે શલ્ય અને કર્ણ વચ્ચે થયેલ વિવાદ જેમાં શલ્ય દ્વારા કર્ણનું અપમાન, દુઃશાસને પોતાના જે હાથો વડે દ્રૌપદીનું ચીરહરણ કર્યું હતું તે જ હાથોને ભીમ દ્વારા તોડવા, તેમજ બંને સેના વચ્ચે ભીમ દ્વારા દુઃશાસનનું રક્તપાન કરવું, યુધિષ્ઠિર અને અર્જુન વચ્ચે થયેલા વિવાદને કારણે થનારા મૃત્યુને શ્રીકૃષ્ણ દ્વારા ટાળવું, વૃષસેન સહિત કર્ણનું મરાવું, કર્ણ પર્વમાં આવું વર્ણન કરવામાં આવ્યું છે.

**અધ્યાય-શ્લોક-સંખ્યા**

દોહા

*રત્ન રિતૂ અધ્યાય હૈ, કર્ણ પર્વમેં શોધ ।*
*વેદ રાગ નિધિ વક્ત્ર વિધિ, ગિન્યો શ્લોક કો બોધ ॥ ૩૦ ॥*

રત્ન એટલે કે નવ, ઋતુની સંખ્યા છઃ છે. આ આંકડાને ઉલટાવવાથી બનતી સંખ્યાથી બને (૬૯) ઓગણસિત્તેર અધ્યાય કર્ણ પર્વમાં છે, અને વેદ અર્થાત્ ચાર, રાગની સંખ્યા છ, નિધિ નવ તથા બ્રહ્માનાં મુખ ચાર આ અંકોથી બનતી સંખ્યાને ઉલટાવવાથી બને (૪૯૬૪) અર્થાત્ ચાર હજાર નવસો ચોંસઠ શ્લોક છે.

## (૯) શલ્ય-પર્વ-સૂચિ

**કવિત્ત**

*શલ્ય સ્નાન સુશર્મા ઉલૂક સકુની કો વધ,*
*ધર્મપુત્ર હી તૈ નાશ સલ્ય અર્ધ દિન મેં ।*
*સુયોધન નીરસય્યા દૂતન તૈં શોધ પાઈ,*
*ધર્મ કટુવાદ તૈં જગાયો એક છિન મેં ।*
*કૃષ્ણાગ્રજ તીર્થયાત્રા કુરુક્ષેત્ર સરસ્વતી,*
*દોનોં કી પ્રશંસા પાંચૌ શ્રૌન કુંડ તિન મેં ।*



*દ્રૌપદી કોં સભા બીચ દિખાઈ જો વામ જંઘા,*
*તાતૈં સોઈ તોરિ ભીમ મારિ લિયો રન મેં ॥ ૩૧ ॥*

રાજા શલ્યના સેનાપતિના રૂપમાં અભિષેક, ઉલૂક, શકુનિ અને સુશર્માનો વધ, ધર્મના પુત્ર દ્વારા અડધા દિવસમાં જ શલ્યનો નાશ, દુર્યોધનનું જળમાં જઈને છૂપાવું, દૂતો દ્વારા એને શોધી કાઢ્યા બાદ યુધિષ્ઠિર દ્વારા કડવાં વચન કહીને જાગ્રત કરવો, કૃષ્ણાગ્રજ બલદેવ દ્વારા તીર્થયાત્રાનું વર્ણન, કુરુક્ષેત્ર તથા સરસ્વતીની પ્રશંસા અને તેમાં આવેલા રક્તના પાંચ કૂંડોની કથા, ભરી સભામાં દુર્યોધને જમણી જાંઘ દ્રૌપદીને બતાવી હતી તેને તોડીને ભીમ દ્વારા તેનો વધ વગેરે વૃત્તાન્ત શલ્ય પર્વમાં વર્ણવવામાં આવ્યું છે.

**અધ્યાય-શ્લોક-સંખ્યા**

દોહા

*રત્ન બાણ અધ્યાય હૈ, શલ્ય ગદા યુત પર્વ ।*
*વ્યોમ નૈન કર અગ્નિ ગનિ, શ્લોક ભયે મિલિ પર્વ ॥ ૩૨ ॥*

સંખ્યાના આધારે રત્ન અર્થાત્ નવ, બાણ પાંચ આ આંકડાથી બનતી સંખ્યાને ઉલટાવીને બને (૫૯) ઓગણ સાઠ અધ્યાય છે. આ પર્વમાં આ પ્રકારે વ્યોમનો અર્થ શૂન્ય, નેત્ર અર્થાત્ બે, હાથ પણ બે અને અગ્નિ ત્રણ, આ આંકડાથી બનેલી સંખ્યાને ઉલટાવી દેવાથી બનેલા (૩૨૨૦) ત્રણ હજાર બસો વીસ શ્લોક શલ્ય પર્વમાં છે.

## (૧૦) સુષૌપ્તિક-પર્વ-સૂચિ

**કવિત્ત**

*દ્રોણી અભિષેચન ઉલુક ઉપદેશ નિશા,*
*ખડ્ગ હી તૈ દ્રૌપદી કે ભ્રાતા પુત્ર મારે હૈ ।*
*અઢારો હજાર શત્ર અત્ર હી તૈ નાશ કીનો,*
*પાંચો બંધુ સેના બાહ્ય કેશવ ઉગારે હૈ ।*
*દ્રૌપદી-વિલાપ સુનિ પ્રાત નર કીનો નેમ,*
*શત્રુ કો રુ આપકો દ્વૈ બ્રહ્મ અસ્ત્ર ટારે હૈ ।*
*બાંધિ લાયે શિખા છેદિ વિપ્ર જાનિ છાંડિ દિયો,*
*ઉત્ત્યારા કો ગર્ભ રાખ્યો કૃષ્ણ કાજ સારે હૈ ॥ ૩૩ ॥*

અશ્વત્થામાનું સેનાપતિ બનવું, રાત્રિના ઉલુક દ્વારા અપાયેલા ઉપદેશોના માધ્યમથી દ્રૌપદીના ભાઈ અને પુત્રોનો તલવાર દ્વારા વધ, ફરી પોતાનાં અસ્ત્ર-

શસ્ત્ર દ્વારા બાકી બચેલા અઢાર હજાર યોદ્ધાઓનો નાશ કરવા, શ્રીકૃષ્ણ દ્વારા પાંચ ભાઈઓનો બચાવ, દ્રૌપદીનો વિલાપ સાંભળી અર્જુને લીધેલી પ્રતિજ્ઞા, અશ્વત્થામા અને અર્જુનને પોતાના બ્રહ્માસ્ત્રોથી લડતા ટાળવા, ફરી અશ્વત્થામાને બાંધી લાવવો, એનું માથું ન કાપતાં માત્ર શિખા કાપવી અને બ્રાહ્મણ જાણી એને છોડી દેવો, ઉત્તરાના ગર્ભની રક્ષા કરવી વગેરે શ્રીકૃષ્ણ દ્વારા પાંડવોનાં કાર્યો કરવાં આ બધી ઘટનાઓનું વર્ણન સુષૌપ્તિક પર્વમાં વર્ણવેલ છે.

**અધ્યાય-શ્લોક-સંખ્યા**

દોહા

*સર્વ પુરાણ અધ્યાય હૈ, પર્વ સુષૌપ્તિક માનિ ।*
*વ્યોમ વાર વસુ શ્લોક હૈ, વહૈ અનુક્રમ જાનિ ॥ ૩૪ ॥*

બધાં પુરાણોનો સંખ્યાવાચક અર્થ થયો અઢાર, અર્થાત્ સુષૌપ્તિક પર્વમાં અઢાર અધ્યાય છે. આ મુજબ વ્યોમ અર્થાત્ શૂન્ય વાર સાત, વસુ આઠ આ આંકડાથી બનતી સંખ્યાને ઉલટાવવાથી (૮૭૦) થાય. આમ, આઠસો સિત્તેર શ્લોક છે.

**(વધુ આવતા અંકે)**



૬

# પગ પગ ભમ્યા પહાડ : ધરા છાંડ રાખ્યો ધરમ

**વી. એસ. ગઢવી**

રાજસ્થાનના સુપ્રસિદ્ધ ક્રાંતિકારી કવિ કેસરીસિંહજી બારહઠ (૧૮૭૨-૧૯૪૧) મા જગદંબાને પ્રાર્થના કરતાં લખે છે :

*સંતાન સચ્ચે અભય હો*
*તેરે હી તારન તરની હમ*
*સામર્થ્ય દે મા કર સકેં*
*યહ સિદ્ધ ચારન બરન હમ*
*બહોત સોયે ગાઢ નિદ્રા*
*ચાહતે જાગરન હમ*
*સ્વાતંત્ર્યકી તુ મહાસાગર*
*તેરે હી હૈ નિરઝરન હમ.*

વીરતા અને સામર્થ્યના આજીવન ઉપાસક ક્રાંતિકારી કવિ કેશરીસિંહજી (રાજસ્થાન) જગતજનની પાસે સ્વતંત્રતા – સ્વાધીનતાની માગણી કરે છે. સ્વાધિનતાનું સ્વપ્ન લઈને જીવી જનાર વ્યક્તિને સત્ય તથા અભયના માર્ગે ડગ ભરવા પડે છે તેની કવિને પ્રતીતિ છે. આ માર્ગે જવાનાં જોખમોથી કવિ પૂર્ણતઃ વાકેફ છે. છતાં પણ મનમાં આવું મોટા ગજાનું વીર સ્વપ્ન છે. જેની સામે

સંઘર્ષમાં ઊતરવાનું છે તે દુનિયાની તે સમયની સૌથી શક્તિશાળી બ્રિટિશ સત્તા છે. સ્વાધીનતા મેળવવાની લડત આવા શક્તિશાળી શાસન સામે કરવાની છે. આ માટે સર્વસ્વનું બલિદાન આપવાની આ ક્રાંતદ્રષ્ટા કવિની સંપૂર્ણ તૈયારી છે. પોતાના લઘુબંધુ તથા પ્રિય યુવાન પુત્રને સંઘર્ષની આ પાવક યજ્ઞની વેદીમાં બલિદાન તરીકે હોમી દેવાના સમયે પણ કવિ વિચલિત થયા નથી. રંજ અનુભવતા નથી. ઈશની પ્રેરણાથી કર્તવ્ય નિભાવીને પરમ પિતાના શરણે જવાની આ જાજવલ્યમાન અભિલાષા છે.

*સામ્રાજ્ય શક્તિ શત્રુ વહી*
*સર્વસ્થ થા સો ગઢ ગયા,*
*પ્રિય વીર પુત્ર પ્રતાપ સા વેદી*
*બલિ પર ચઢ ગયા !*
*ભ્રાત જોરાવર હુવા પ્યારા*
*નિછાવર પથ વહી,*
*પતિત-પાવન દીનબંધો !*
*શરણ ઈક તેરી ગહી.*

સ્વાતંત્ર્યસંગ્રામની વેદી પર અનેક વીરોનાં ઉજ્જવળ બલિદાનો દેવામાં આવ્યાં તેમાં રાજસ્થાનના આ ચારણ કવિ કેશરીસિંહજીનું ચરિત્ર અગ્રસ્થાને ઝળહળે છે. આ વીર કુટુંબની ગાથા સિવાય રાજસ્થાનના સ્વાતંત્ર્યસંગ્રામનો પૂર્ણ ઈતિહાસ આલેખી શકાય તેમ નથી. કેશરીસિંહજી ઉચ્ચ કોટીના વિદ્વાન, શિક્ષણશાસ્ત્રી તેમજ સમાજસુધારક હતા. તેમની બહુમુખી પ્રતિભા હતી. દેશના અગ્રણી ક્રાંતિકારીઓ જેવા કે શામજી કૃષ્ણવર્મા, રાસબિહારી બોઝ, લાલા હરદયાલ વગેરે સાથે તેમનો જીવંત સંપર્ક હતો. કવિરાજના પિતા કૃષ્ણસિંહ બારહઠ્ઠ મહર્ષિ દયાનંદના પટ્ટશિષ્ય છે. સ્વાધીનતા અને બલિદાનના કઠિન સંસ્કાર પિતા તરફથી કેસરીસિંહજીને મળેલા છે. કેશરીસિંહજીની શિક્ષા પર વિશેષ ધ્યાન પિતા તથા તેમના મામાએ આપેલું છે. ઠાકુર કેસરીસિંહજી સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત, પાલી, બંગાળી, હિન્દી, મરાઠી તથા ગુજરાતી ભાષાઓનું અધ્યયન કરે છે. શાસન તથા વારસામાં મળેલા સંસ્કારોના વિશાળ અનુભવથી સમજણ અને જ્ઞાનનાં અનેક શિખરો તેમણે સર કરેલાં છે. મેવાડ રાજ્યની રાજકીય સેવામાં ઠાકુર સાહેબે હંમેશાં ન્યાય તથા રાજ્યના ઊજળા ઈતિહાસનું ગૌરવ જળવાઈ રહે તેવા પ્રયાસો કરેલા છે. પંડિત શામજી કૃષ્ણવર્મા જેવા



વિચક્ષણ ક્રાંતિકારીની સેવાઓ મેવાડને મળે તે વિચારને વાસ્તવિકતામાં બદલવા પાછળ ઠાકુરસાહેબની દીર્ઘદૃષ્ટિ હતી. પરંતુ આ બધી હરકતોથી તેઓ અંગ્રેજ અધિકારીઓની આંખમાં કણાની જેમ હંમેશાં ખટકતા રહેતા હતા.

૧૯૦૩ના દિલ્હી દરબારમાં તમામ મહત્ત્વના રાજવીઓને હાજરી આપવા માટેનું નિમંત્રણ આપવામાં આવ્યું. નિમંત્રણનો કોઈ રાજવી અસ્વીકાર કરે તો શાસનની કરડી નજર તે રાજ્ય તરફ રહે તે વણલખી વાત સૌ કોઈ સમજતા હતા. અંગ્રજો તરફની રાજવીઓની નિષ્ઠાનું તેમજ સ્વામીભક્તિનું આ પ્રદર્શન હતું. આ સમારંભમાં હાજરી ભરનાર રાજવીએ પોતાના ઊજળા ઈતિહાસ તથા સ્વાભિમાનને અળગાં મૂકવાનાં હતાં. આ સમારંભમાં કોઈ મહત્ત્વના રાજવી ઉપસ્થિત ન રહે તો લૉર્ડ કર્ઝનની ઈચ્છિત મુરાદ પૂરી ન થાય. તત્કાલીન મેવાડના મહારાણા ફતેસિંહ આ દરબારમાં હાજરી આપવા માટે ઉત્સુક ન હતા. ઉદેપુર તથા મેવાડની કીર્તિ દેશમાં સૂર્ય સમાન તેજસ્વી ગણાતી હતી. આ સંજોગોમાં ઉદેપુર મહારાણાને આવી સલામી કરવાનું કામ તેમના ઊજળા ઈતિહાસને ધ્યાનમાં લેતાં ઠીક ન લાગ્યું તે સ્વાભાવિક પણ હતું. સત્તા સામે તમામ તકલીફો સહન કરીને પણ સંઘર્ષ કરનાર તેમના પૂર્વજ મહારાણા પ્રતાપનું પુણ્ય મરી પરવાર્યું ન હતું. પરંતુ કાળ બદલાયો હતો. એક અથવા બીજી યુક્તિ-પ્રયુક્તિથી લૉર્ડ કર્ઝને મહારાણા ફતેસિંહને દરબારમાં હાજરી આપવા માટે સમજાવી લીધા હતા. મહારાણા આ સમારંભમાં હાજરી આપવાના છે તેવા સમાચારથી અનેક સ્વાભિમાની લોકોનાં દિલ દુભાયાં હતાં. પરંતુ આ સ્થિતિનું હવે નિવારણ કેમ કરવું? મહારાજાની દરબારમાં ઉપસ્થિત રહેવાની વાત તો વાયુવેગે પ્રસરી ગયેલી હતી. મહારાણાની સવારી દિલ્હી તરફ રવાના થાય તે દરમિયાન કેટલાક સ્વાભિમાની દેશભક્તોના આગ્રહ તથા વિનંતીથી ઠાકુર કેશરીસિંહજી નામના વિચારક તથા નિર્ભય રાજ્યકવિએ સમગ્ર મેવાડની પ્રજાના મનમાં પડેલી વાત મહારાણા સુધી પહોંચાડવા પ્રયાસ કર્યો. મહારાણાના દિલ્હી જવાના અને દરબારમાં હાજરી આપવાના નિર્ણયને માન્યતા આ સ્વાભિમાની કવિ કદી આપી શકે તેમ ન હતા. મહારાજને રોકવાના છેલ્લા પ્રયાસ તરીકે આ ક્રાંતિકારી કવિએ કેટલાક સોરઠાઓ (દુહાનો એક પ્રકાર) લખ્યા અને તેમાં પોતાની ઊછળતી લાગણીઓની ભરપૂર અભિવ્યક્તિ કરી આ પ્રકારનું લખાણ કરીને બ્રિટિશ સત્તાધીશોને નારાજ કરવાનું પરિણામ કવિ જાણતા હતાં. તે માટે સર્વસ્વ હોમવાની તેમની સંપૂર્ણ તૈયારી હતી. સ્વાધીનતાનું સ્વપ્ન સેવનારે તેની આકરી કિંમત ચૂકવવી પડે છે. તેનાથી કેશરીસિંહજી સારી રીતે

વાકેફ હતા. એક સ્વાભિમાની પ્રજાના તથા ઊજળો ઈતિહાસ ધરાવતા રાજવીને તેમ કરતા રોકવામાં કવિને પોતાનો યુગધર્મ દેખાયો હતો. કવિ મેવાડના રાજવીને સંબોધીને શબ્દોનાં તાતા તીર છોડે છે :

*પગ પગ ભમ્યા પહાડ*
*ધરા છાંડ રાખ્યો ધરમ*
*(ઈસૂ) મહારાણા અરુ મેવાડ*
*હિરદે બસિયા હિન્દ રે.*

કવિ મહારાણાને સંબોધીને કહે છે કે સચ્ચાઈ તથા નિજ ધર્મ સાચવવા માટે તારા પૂર્વજોએ અનેક આફતોને હસતા મુખે આવકારી છે. અરવલ્લીની ટેકરીઓમાં તેઓ કષ્ટ સહન કરીને ભટક્યા છે. પરંતુ સ્વમાન અને સ્વાધીનતા જાળવી રાખ્યાં છે અને આવા પરાક્રમને કારણે જ સમગ્ર હિન્દુસ્તાનને મહારાણા તથા મેવાડ પ્રિય છે.

*દેખેલા હિન્દવાણ નિજ*
*સૂરજ દિસ નેહ સૂં*
*પણ તારાં પરમાણ*
*નિરખ નિસાસા ન્હાકશી.*

આ સમારંભમાં હાજર રહેનાર મેવાડના મહારાણાને બ્રિટિશ સરકાર Star of Indiaનો ખિતાબ આપવાની હતી તેવી વાતો તે સમયે જાણીતી થયેલી હતી. આ વાતને પકડીને કવિ એક ચોટદાર કટાક્ષ કરે છે કે મેવાડ અને સમગ્ર હિન્દુસ્તાન આપને સૂર્ય સમાન માને છે. કારણ કે આપ સૂર્યવંશી છો. પરંતુ આજે આપ સામે ચાલીને આપનું ઉજ્જવળ સૂર્યપણું છોડીને તારા (star)નો ખિતાબ સ્વીકારવા ઉત્સુક થયા છો તે જોઇને પૂરો સમાજ ઊંડા નિસાસા ભરે છે !

*માન મોદ સીસોદ*
*રાજનીતિ બલ રાખણો*
*ગવરમેન્ટરી ગોદ,*
*ફલ મીઠા દીઠાં ફતા !*

કવિ સિસોદીયા કુળના મહારાણાને કહે છે કે આપણું સ્વાભિમાન તો આપણી તાકાત થકી જ જળવાય છે. સત્તાધીશ સરકારના ખોળામાં બેસીને મીઠાં ફળ ચાખવાની ઘેલછા સામે કવિએ મહારાણાને ખબરદાર કર્યા છે. ''ચેતાવણી રા ચૂંગટ્યાં'' (ચેતવણીના ચૂંટીયા) શીર્ષક હેઠળ મારવાડીમાં લખાયેલા



આ સોરઠા મહારાણાને દિલ્હી પહોંચી જાય તે પહેલાં ખાસ પ્રયાસો કરીને પહોંચાડવામાં આવે છે. મહારાણા કવિના અર્થસભર શબ્દો ધ્યાનપૂર્વક વાંચે છે. શબ્દોના ઘાવ ઊંડા અને અસરકારક હોય છે. મહારાણાની સ્વમાનની લાગણી કવિના શબ્દે પુનઃ જાગ્રત થાય છે. દિલ્હી જઈને તેઓ લૉર્ડ કર્ઝન આયોજિત દરબારમાં હાજરી આપતા નથી. મેવાડની ખાલી ખુરશી લૉર્ડ કર્ઝનને ખૂંચે છે. પરંતુ સમગ્ર લોકસમૂહમાં સ્વાભિમાનના ગૌરવની એક લહેર પ્રસરી જાય છે. કવિત્વશક્તિના ચમત્કાર સમાન આ ઘટના વાંચતાં આજે પણ વીરતાના ભાવ અનુભવી શકાય છે. રાજસ્થાન સાહિત્ય અકાદમીએ કવિ કેશરીસિંહજીના ઉજ્જવળ જીવનને ગ્રંથસ્થ કરેલું છે. તેમાં આ ઘટનાનો ગૌરવપૂર્ણ ઉલ્લેખ કરવામાં આવેલો છે. આ ઘટનાથી નારાજ થઈને બદલો લેવા માટે બ્રિટિશ સરકાર યેનકેન પ્રકારેણ કવિને કાયદાની ચુંગાલમાં ફસાવી ગુનેગાર ઠેરવવા કાર્યવાહી કરે છે. ૩૧ માર્ચ ૧૯૧૪ના દિવસે બ્રિટિશ સરકાર અનેક પ્રકારના આરોપ મૂકીને રાજનૈતિક ષડ્યંત્ર માટે કવિની ધરપકડ કરે છે. કવિની વારસામાં મળેલી સંપૂર્ણ જાગીર જપ્ત કરવામાં આવે છે. સુખી તથા સમૃદ્ધ કુટુંબના સભ્યો એકાએક ઉપર આભ અને નીચે ધરતી એવી કફોડી હાલતમાં આવી જાય છે. પ્રસિદ્ધ ક્રાંતિકારી રાસબિહારી બોઝ લખે છે કે કેશરીસિંહે પોતાનું કહી શકાય તેવું સર્વસ્વ મુક્તિ સંગ્રામની વેદી પર અર્પણ કર્યું છે. ૦૬ ઑક્ટોબર-૧૯૧૪ના દિવસે ઠાકુરસાહેબને આજીવન કેદની સજા ફરમાવવામાં આવી. સરકાર તરફથી દલીલ તો ખૂબ ભારપૂર્વક એવી કરવામાં આવી હતી કે કવિરાજાને મૃત્યુદંડની સજા કરવામાં આવે. પરંતુ તત્કાલીન સુવિખ્યાત બૅરિસ્ટર નવાબ હામિદ અલીખાને ઠાકુરસાહેબની નિર્દોષતા સાબિત કરવા માટે જુસ્સાપૂર્વકની તથા તર્કબદ્ધ દલીલો રજૂ કરી. આ રજૂઆતને અવગણીને મૃત્યુદંડનો નિર્ણય કરવો તે અદાલત માટે મુશ્કેલ હતું. કેસની સુનાવણીના અંતે ભરી અદાલતમાં ભાવુક બની બૅરિસ્ટર ખાનસાહેબે પોતાના અસીલનું ઉજ્જવળ જીવન પ્રકાશિત કરવા અદાલતની અનુમતિથી 'નઝમ' સંભળાવી.

વો મુલ્ઝિમ કેસરી
જાનો દિલ સે હૈ દેશકા હામી
વો મુલ્ઝિમ શાયરે — યકતા
સબાંયે જિસકો કહતી હૈ
બદનમેં હડ્ડિયાં જિતની હૈ
સબ તકલીફે સહતી હૈ.



વિભાગ - ૪

# ગુજરાતી કંઠસ્થ પરંપરાનું સાહિત્ય : મૂલ્યાંકન





૭

# રાજવી સંતભક્ત કવિ મોરારસાહેબની વાણી અને દર્શન

ડૉ. ભરત ઠાકોર

ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં સંતોનું પ્રદાન વિશિષ્ટ રહ્યું છે. સંતનું કાર્ય સ્થૂળથી સૂક્ષ્મ અને પ્રત્યક્ષ-પરોક્ષ રીતે સમાજના તમામ વર્ગને સાથે લઈને ચાલવાનું હોય છે. ગુજરાતી સંત કવિતાની ઉપાસનાની દૃષ્ટિએ નિર્ગુણ-નિરાકાર બ્રહ્મની ઉપાસનામાં જ્ઞાનમાર્ગી સંતકવિઓની વાણી આવે છે. સગુણ-સાકાર બ્રહ્મની ઉપાસના અને સગુણ-નિર્ગુણની સમન્વય ઉપાસના આવે છે.

મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારામાં જોયેલ-અનુભવેલ ઝળહળ જ્યોત અને સમાધિસ્થિતિમાં સાંભળેલ અનહદ નાદના અલૌકિક અનુભવને લૌકિતક વાણી દ્વારા અભિવ્યક્તિ અર્પતા રવિભાણ સંપ્રદાયના સંતોનું પ્રદાન ગુજરાતી ભક્તિ-પરંપરામાં નોંધપાત્ર છે.

ભક્તિ-આંદોલન સાથે સંકળાયેલા વિવિધ સંપ્રદાયોમાં લોકસંપ્રદાયો અને એની સાથેના લોકસંતોનું યોગદાન વિશિષ્ટ કોટિનું રહ્યું છે. રવિ-ભાણ સંપ્રદાયમાં ભાણસાહેબ, ખીમસાહેબ, રવિસાહેબ, મોરારસાહેબ જેવા સંતકવિઓની વાણીમાં સગુણ-નિર્ગુણ ઉપાસનાનો પારસસ્પર્શ જોવા મળે છે. સંત એવી ક્ષણોમાં સાકાર બ્રહ્મના ગુણગાન ગાવા લાગે છે. સગુણ ઉપાસકો નિર્ગુણમાં પહોંચી જાય છે. આવી અભેદ અવસ્થા આવે છે. કબીર કહે છે કે —



*'નિર્ગુણ મેરા બાપ, સગુણ મહતારી,*
*કિસકો નિંદુ, કિસકો પૂજું, દોનોં પલડાં ભારી.'*

રવિભાણ સંપ્રદાયના કવિ રવિસાહેબના અગિયાર જેટલા મુખ્ય શિષ્યોની પરંપરામાં ઘણા સંતભજનિક કવિઓ થયા છે. જેમાં મોરારસાહેબ, ગંગારામજી અને લાલસ્વામી મુખ્ય છે. અહીં આજે એવા વિરલ સંતકવિની વાત કરવી છે કે જેમની પાસે સત્તા-સંપત્તિ હોવા છતાં લોકોદ્ધારનો માર્ગ લીધો છે — તેવા સંત ભક્તકવિ મોરારસાહેબની.

ઉત્તર ગુજરાતના આનર્તપ્રદેશના બનાસકાંઠા જિલ્લાના થરાદના રાજવી કુટુંબમાં ઈ.સ. ૧૭૫૮માં જન્મેલા મોરારસાહેબ. તેઓ મૂળ રાજવંશી પુરુષ હતા. તેમનું પૂર્વાશ્રમનું નામ માનસિંહજી હતું. તેઓ થરાદ સ્ટેટના રાજકુમાર હતા. ક્ષત્રિયકુળના ઠાકોર વાઘેલા રાજપૂત હતા. એમના પિતાનું નામ ખાનજી વાઘેલા હતું અને એમની માતાનું નામ લખમાજીબા હતું. એમના પિતાને બે રાણીઓ હતી. પિતાના અવસાન પછી એમનો ઓરમાન ભાઈ ગાદી પર આવ્યો. એમના ઓરમાન ભાઈની કપટકળાથી ભયભીત બનીને એમનાં માતુશ્રીએ એક દિવસ પોતાના વતન થરાદમાંથી સદાને માટે વિદાય લીધી. જરૂરી વસ્તુઓ સાથે લઈ, ઊંટ પર સવાર થઈ, પોતાનાં બે સંતાન - કુંવર અને કુંવરીને સાથે લઈને થરાદથી નીકળ્યાં. થોડા દિવસમાં હાલાર પ્રદેશના લતીપુર ગામે આવી પહોંચ્યાં અને ત્યાં જ રહેવા લાગ્યાં. કુંવરીની યોગ્ય ઉંમર થતાં લગ્ન પણ ત્યાં જ કરી દીધાં. પરંતુ મોરારસાહેબનું મન તો સંસારમાંથી ક્યારનુંયે ઊઠી ગયું હતું. એ સમયમાં રવિસાહેબનાં ભજનો કચ્છ-કાઠિયાવાડ અને ગુજરાતમાં ખૂબ ગવાતાં હતાં. મોરારસાહેબના ભાવનાશીલ હૃદય પર પ્રેમ અને દર્દનાં આ ભજનોએ ઊંડી અસર કરી. રવિસાહેબનાં દર્શન માટે એમનું મન તલપી રહ્યું હતું. એટલામાં એક વખત અચાનક રવિસાહેબ ત્યાં આવી ચડતાં મોરારસાહેબના આનંદનો પાર રહ્યો નહિ. દોડીને રવિસાહેબના ચરણોમાં નમી પડ્યા અને પોતાને દીક્ષા આપવા વિનંતી કરવા લાગ્યા. રવિસાહેબે આ નવયુવાનમાં રહેલ સંત હૃદયનાં દર્શન કરી લીધાં. એમણે જાણ્યું કે આ યુવક એમની સંત-પરંપરાને શોભાવે એવો થશે.

રવિસાહેબની ભક્તિનો પારસસ્પર્શ લાગ્યો થરાના યુવાન રાજા માનસિંહજીને! સંસારમાંથી મન ઊઠી ગયું હતું. વિધવા માતાએ આક્રંદ કર્યું પણ જેને 'સત' નામની લે લાગી ગઈ હોય તે સંસારમાં કેમ પડે ?

*"રવિગુરુ જ્ઞાન પ્રકાશતે, ત્રિગુણ તિમિરકો નાશ,*
*આતમ અનુભવકે ઉદય, ભયો સ્વરૂપ સમાસ,*
*ગુરુ દેવનકો દેવ હો, સમરથ સરજનહાર,*
*ભાખે વેદ પુરાન અસ, ગાવે ગુન મોરાર."*

(પૃ. ૩૬૬, સેવા ધરમનાં અમરધામ)

આવા વૈરાગી પુત્રની આતમઝંખના સામે હારીને છેવટે રાજમાતા પુત્રને લઈને શેરખી આવ્યાં. ઈ.સ. ૧૭૭૯ માં રવિસાહેબ પાસે માનસિંહજીને દીક્ષા આપી. મોરારસાહેબે દીક્ષાગ્રહણ કરી ત્યારે તેમની ઉંમર ૨૧ વર્ષની હતી. તેઓ રાજ વૈભવની સુખ-સાહેબી ભૂલી જઈને ત્યાગી-વૈરાગીનું કઠોર જીવન જીવવા લાગ્યા. રાજકુટુંબમાં સુખ-સાહેબીમાં ઊછરેલો એક ઊગતો રાજકુમાર યોગી બની જાય એ વાત એમનાં વિધવા માતુશ્રી માટે અતિ દુઃખકર નીવડી. પરંતુ મોરારસાહેબના અંતર પર ચડી ગયેલો વૈરાગ્યનો રંગ હવે કોઈ રીતે ઊતરે તેમ ન હતો. પોતાના અંતર પર લાગેલી ચોટનું વર્ણન એક ભજનમાં કરે છે —

*'મારી લેહ તો ભજનમાં લાગી રે;*
*મૈયા ! મેરો મનવો ભયો વૈરાગી રે !*
*સંસાર વહેવાર હું સરવે વીસરિયો,*
*બેઠે સંસારિયો ત્યાગી રે ! મૈયા...*
*કામ ને કાજ મને કડવાં લાગે,*
*મનડાની મમતા ભાગી રે ! મૈયા...*
*મંત્ર સજીવન શ્રવણે સુણિયો,*
*મોરલી મધુરી વાગી રે ! મૈયા....*
*રજ 'મોરાર'ને રવિ ગુરુ મળિયા,*
*મુક્તિ ચરણમાં માગી રે ! મૈયા....*

મોરારસાહેબના અંતરમાં વૈરાગ્યની કેવી પ્રબળ ભાવના જાગી ઊઠી હતી તે એમના આ ભજન પરથી સહજ સમજી શકાય છે.

રવિસાહેબ પાસેથી દીક્ષા મેળવ્યા પછી ગુરુના આદેશથી તેઓ જામનગર આવી ગયા, પરંતુ પોતાના ગુરુના વિરહથી એ પ્રતિદિન રડવા લાગ્યા. આ સમયગાળામાં એમણે 'સદ્‌ગુરુ વિયોગ' ગ્રંથની રચના કરી હતી. ગુરુના વિયોગથી એ બીમાર પડી ગયા અને કહેવા લાગ્યા કે,



*'મને ઔષધ ન આપો,*
*મને મારા સદ્‌ગુરુ પાસે લઈ જાઓ'.*

એમને રવિસાહેબ પાસે લઈ જવામાં આવ્યા. ગુરુદેવની અમૃતવાણી એમણે એકાદ માસ સાંભળી અને પછી હાલાર જામનગર જિલ્લાના ખંભાલીડા આવીને રહ્યા. મોરારસાહેબ ગાયો ચરાવતા, સંતોની સેવામાં રત રહેતા અને નિજનામનું સ્મરણ કરતા. મોરારસાહેબની ભક્તિની સુવાસ સૌરાષ્ટ્રભરમાં પ્રસરી ચૂકી. ત્યાં એમણે એક મંદિર બંધાવ્યું, અને ત્યાં રહીને સમાજના દીન, દુઃખી, રોગીઓની સારવાર, ગાયોનો ઉછેર, સંતોની સેવા દ્વારા એ સાધનામાર્ગમાં આગળ વધ્યા. આ બધું જોઈને જામનગરનરેશ રણમલસિંહજીએ સંતસભાનું **આયોજન** કર્યું. જેમાં મોરારસાહેબની વાણીથી એ ખૂબ પ્રભાવિત થયા અને તેમના અનન્ય ચાહક પણ બન્યા હતા.

મોરારસાહેબે વિક્રમ સં.૧૯૦૪માં ખંભાલીડા ગામે જીવતાં સમાધિ લેવાની પૂર્વતૈયારી કરી ત્યારે જામનગરના રાજા રણમલસિંહજીએ તેમને કહ્યું કે 'જો તમે જીવન્ત સમાધિ લઈ લેશો તો હું આત્મહત્યા કરી લઈશ. ત્યારે સમાધિસ્થળ પર અંદર શ્રીફળ મૂકીને સમાધિ પૂરી દેવામાં આવી અને મોરારસાહેબ માની ગયા, પરંતુ વિ.સં. ૧૯૦૫ના ચૈત્ર શુક્લ બીજના દિવસે સમાધિ ખોલાવીને અચાનક સમાધિ લઈ લીધી.

*'ભીષ્મ પિતાએ મહિના છ મૃત્યુને પાછા ઠેલ્યા,*
*એવા મોરારસાહેબે મહિના બાર મૃત્યુને પાછા ઠેલ્યા.'*

રાજકોટના ગવર્નર જનરલને આ સમાચાર એજન્ટે આપ્યા. તેમણે જામનગરના રાજા પર મુકદ્દમો ચલાવ્યો. એક વર્ષ પછી અદાલતે ચુકાદો આપ્યો કે સમાધિ ફરી ખોલાવવી. લોકોએ આ વાત સાંભળી આઘાત અનુભવ્યો. અંગ્રેજ અધિકારીએ રાજાને સમાધિ ખોલવાનો આદેશ આપ્યો. પરંતુ તેમણે ઈન્કાર કર્યો; ત્યારે અંગ્રેજ અધિકારી પોતે સેના લઈ પહોંચી ગયો. સમાધિ પાસે જઈને જોયું તો મોરારસાહેબ સ્વયં સમાધિ પર બેઠા હતા. જનરલ આ દશ્ય જોઈને આદરપૂર્વક વંદન કરી ચાલવા લાગ્યો. તેનો અહં આ ઘટના પછી ઓગળી ગયો હતો. આ સ્થાન આજે પણ 'મોરારસાહેબના ખંભાળીયા' તરીકે પ્રસિદ્ધ છે.

રવિભાણ સંપ્રદાયમાં ગુરુ-શિષ્યપરંપરાનું વિશિષ્ટ સ્થાન રહ્યું છે. રવિભાણ સંપ્રદાયે પાંચ 'સકાર' ઉપાસનાપદ્ધતિને ઘણું મહત્ત્વ આપ્યું છે. તેમાં સત્ય, સેવા, સદાચાર, સત્સંગ અને સંત-સમાગમનો સમાવેશ થાય છે. આ ઉપાસનાને અનુલક્ષીને વ્યવહાર કરવામાં આવે છે.

મોરારસાહેબના કવિહૃદયનો પરિચય આપતી એક ઘટના છે કે એક રાતે ચકવાથી વિખૂટી પડેલી ચકવીને પોતાના પ્રિયતમને પોકારતી સાંભળી. મોરાર-સાહેબના હૃદયના તાર ડોલાયમાન બની જાય છે અને એમના અંતરમાંથી દર્દભરી વાણીનો પ્રવાહ વહેવા લાગે છે —

*'ચકવી ! રેન પડે મત રોવે,*
*અપને પિયા સુપ્રીત લગાઈ, ચરન-કમલ ચિત્ત પ્રોવે'*

મોરારસાહેબની વાણીમાં પ્રેમ, દર્દ અને કરુણાનો જાણે દરિયો છલકાતો હોય એવું દેખાય છે. એમની વાણી સીધી હૃદય પર અસર કરી જાય એવી દર્દભરી અને વેધક છે. એમની કેટલી રચનાઓની પંક્તિઓમાં એમની વાણીની વેધકતા જોઈ શકાશે. જુઓ :

*'કહોને ઓધવજી અમે કેમ કરીએ જી રે,*
*મનડા હેરાણાં તારી મોરલીએ;*

x x x

*આવો જૂઠો આવ્યો જમાનો, ટઠણ કલજુગ વારો રે,*
*તેમાં કેમ રે દીધો કિરતાર, અવતાર અમારો રે ?*

x x x

*લાવો કાગળિયો ને દોત, લખીયે હરિને રે,*
*એવો શિયો રે અમારો દોષ ? ન આવ્યા ફરીને રે.*

x x x

*કહેજો સંદેશો ઓધા ! શ્યામને અમને તમારો આધાર રે,*
*નિરખ્યા વિના મારા નાથજી, સૂનો લાગે છે સંસાર રે.*

x x x

*આંબો અમર છે રે સાધુ ! કોક ભોમને ભાવે રે,*
*ધરા તપાસી ધરતી ખેડાવો, કાળના ગુડા કઢાવો.*
*સત ધરમનું બીજ લઈને, વિરાત કરી વવરાવો.*

x x x

*લખિયા નહિ રે મટે, જવ-તલ વધે ના ઘટે,*
*મેરે સાધુ ! જી રે, લખિયા નહિ રે મટે.*

x x x



*કહોને ઓધાજી હરિ ક્યારે મળશે ?*
*જી રે જાદવ જોઈને મારાં નેણલાં ઠરશે રે..*

x x x

*દાસ મોરારના સ્વામી કરુણા કરજો,*
*વિઠ્ઠલવર અમને વરજો રે...કહોને..*

ઉપર્યુક્ત પંક્તિઓમાં જુદા-જુદા રૂપકાત્મક શબ્દો દ્વારા સંતવાણીના મર્મને પામી શકાય છે. આ ઉપરાંત પણ તેમણે અનેક પદ રચ્યાં છે. મોરારસાહેબની કેટલીક રચનાઓમાં દાસીજીવણ જેવી જ વિરહવેદના પ્રગટ થાય છે. તેની સાથોસાથ મોરારસાહેબની પ્રેમલક્ષણાભક્તિ, આત્મબોધ, વૈરાગ્ય-ઉપદેશ, કૃષ્ણ, રામ અને શિવનો મહિમા આદિ વિવિધ વિષયો પરનાં માર્મિક અને ઊર્મિરસિત પદો આ ભક્તકવિનું મહત્ત્વનું સર્જન છે. એવા જ એક પદ-ભજનનું દૃષ્ટાંત જોઈએ —

*'આંબો અમર છે રે સંતો !*
*કોક ભોમને ભાવે રે. — આંબો.*
*ધરતી તપાસી ધરા ખોદાવો,*
*કામનાં કૂંડાં કાઢો*
*નિજનામનાં બીજ મગાવી,*
*વિગતેથી વવરાવો રે. — આંબો'*

x x x

*'અકળ ધરાથી ઘડો મંગાવી,*
*હેતની હેલ્ય ભરાવો;*
*નૂરત સૂરત દોનું પાણિયારી,*
*પ્રેમ કરીને પિવરાવો. — આંબો'*

'આંબો' એટલે ભક્તિનો આંબો. ભક્તિ આદિકાળથી અમૃતસ્વરૂપા છે. ભગવાન શિવ, બ્રહ્માજી, શેષજી, નારદજી સુધી ભક્તિનાં મૂળ ફેલાયેલાં છે અને આજે પણ આ ભાગીરથી વહેતી રહી છે, અર્થાત્ ભક્તિ અમર છે, અવિનાશી છે. સંત કવિ મોરારસાહેબે આ આંબાની વાત કરી છે. આંબો વાવવો હોય તો યોગ્ય ભૂમિ જોઈએ. ભૂમિ પર ઝાંખરાં કે કાંટાળા છોડ ન હોવા જોઈએ, એવી જ રીતે ચિત્તના બધા જ વિકારોને નાશ કરીને ચિત્તને શુદ્ધ, પવિત્ર કર્યા પછી જ હૃદયમાં ભક્તિના આંબાનું આરોપણ થઈ શકે છે. ભક્તિમાં પ્રથમ તો દેહશુદ્ધિ, ચિત્તશુદ્ધિ કરવી આવશ્યક છે. કેવળ નામસ્મરણથી જ ભક્તિ થઈ શકતી નથી. માટીના ઘડામાં પાણી ભરી

લાવી આંબાને પિવડાવવું પડે છે; આ દેહ પણ માટીનો બનેલો છે. દેહરૂપી ઘડામાં પ્રેમની ભાગીરથી ભરી આંબાને – ભક્તિને સીંચવી પડે છે. આ છે મોરારસાહેબની પ્રેમલક્ષણાભક્તિ. મોરારસાહેબ નૂરત–સૂરતરૂપી બે પનિહારીઓ પાસે જળસિંચન કરાવવાનું કહે છે. સાધના દ્વારા શૂન્યતાના પ્રદેશમાં પહોચવાની આ વાત છે. આ ભજનમાં મોરારસાહેબે પ્રેમલક્ષણાભક્તિનાં ચિહ્નો કયાં કયાં છે તેનો નિર્દેશ કર્યો છે.

મોરારસાહેબની રચનાઓમાં જ્ઞાનમાર્ગી તત્ત્વચર્ચા અને ગુરુમહિમાની સાથોસાથ વિશેષતઃ પ્રેમલક્ષણાભક્તિનાં ભજનો મળે છે. ખાસ કરીને પરંપરિત ‘પરજ’ના ઢંગમાં રચાયેલાં વિરહપદો ‘લાવો લાવો કાગળિયો ને દોત લખીએ હરિને રે, એવા શિયો રે અમારો દોષ, પાછો ફેરો ન આવ્યા ફરીને રે, ‘મારું ચિતડું ચોરાયેલ રે કોડીલા વર કાનજી સે.., કહોને ઓધવજી અમે કેમ કરીએ જી રે મનડાં હેરાણાં મારા મોરલીએ..., ઓધા અરજ હમારી રે મોહન મુખસે કેનાં...’ જેવી રચનાઓમાં મોરારસાહેબની પ્રભુવિરહની આરત વ્યક્ત થઈ છે. ભજન, પદ, આરતી, ગરબી, બારમાસી ઉપરાંત ચિંતામણિ, ગુરુમહિમા અને જ્ઞાનવૈરાગ્યની સાખીઓ, કુંડળિયા, છંદ જેવી દીર્ઘ પદ્યકૃતિઓનું સર્જન પણ મોરારસાહેબે કર્યું છે.

મોરારસાહેબની વાણી પરથી તેમનાં અદ્વૈત દર્શન અને ચિંતનનો ખ્યાલ આવે છે. તેમને મતે એક અદ્વિતીય પરમાત્મા સિવાય બીજું બધું અસત છે, ક્ષણભંગુર છે, આત્મસિદ્ધિ કે પરમપદની પ્રાપ્તિ માટે વૈરાગ્ય, ગુરુભક્તિ અને આત્મજ્ઞાન ત્રણેયની જરૂર છે. અનાત્મ વસ્તુઓ પરના રાગદ્વેષ તેમજ મોહને ત્યજી દઈ, ગુરુભક્તિ દ્વારા આત્મજ્ઞાન થતાં નિજરૂપનો અનુભવ થાય છે. તેમની ભજનવાણીમાં ગણપતિની આરાધના અને આરતી, ગુરુમહિમાની સાખીઓ, ઉપદેશાત્મક જીવમુખી વાણી, પ્રભુપ્રાર્થનાભાવ, પ્રસંગાત્મક વાણી, ભજન ભક્તિ, પ્રેમલક્ષણા ભક્તિ, રૂપકવાણી અને યોગમરમી વાણીમાં ભજનનો આંતરવૈભવ જે આપને વિસ્મયનો ભાવ કરાવે છે તેમાં તેના રાગ, તાલ, ઢાળ અને ઢંગની ઉપકારકતા છે. તેમાં આવતા શબ્દોના પ્રાસ, અનુપ્રાસ, રવાનુકારીતા, નાદ, લયમાંથી ભક્તકવિની સાર્થકતાની સિદ્ધિ પ્રગટ થાય છે.

આ ઉપરાંત તેમનાં પદ-ભજનમાં વિવિધ અલંકારો ને પ્રચલિત દૃષ્ટાંતોનો વિનિયોગ કરતાં તથા જુદા-જુદા રાગને પ્રયોજતાં આ સુગેય પદોનું સોરઠી-ગુજરાતી, હિન્દી અને અરબી-ફારસી શબ્દોવાળું ભાષાપોત પણ નોંધપાત્ર છે. તેની સાથોસાથ અદ્વૈત દર્શન દ્વારા તેમનું દાર્શનિક ચિંતન પ્રકટતું જણાય છે. પદો ઉપરાંત આ સંતભક્ત કવિની જ્ઞાનબોધ ને ભક્તિપ્રેમની અન્ય રચનાઓ પણ મળે છે.



એક રાજવી કવિ-સંત બને અને તત્ત્વદર્શનની અભિવ્યક્તિ ઢળે અને પૂરી સફળતા પ્રાપ્ત કરીને રવિભાણ સંતવાણીમાં ઉમેરણ કરે એ ગુજરાતી સંતસાહિત્યની મહત્ત્વની નોંધપાત્ર ઘટના છે.

## સંદર્ભ

૧. આગમ વાણી, ડૉ. નાથાલાલ ગોહિલ, પ્રથમ આવૃત્તિ ૧૯૯૪
૨. ગુજરાતી સંતસાહિત્યવિમર્શ, બળવંત જાની, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦
૩. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ : ૨, ખંડ ૨, ઉમાશંકર જોશી અને અન્ય, પ્રથમ આવૃત્તિ ૧૯૭૬
૪. ગુજરાતી સાહિત્યકોશ ખંડ : ૧ - મધ્યકાળ,જયંત કોઠારી તથા અન્ય, પ્રથમ આવૃત્તિ ૧૯૮૯,
૫. ગુજરાતી વિશ્વકોશ ખંડ – ધીરુભાઈ ઠાકર, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
૬. મરમી શબ્દનો મેળો, ડૉ. નિરંજન રાજ્યગુરુ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૧
૭. મોરારસાહેબ : વાણી અને દર્શન, ડૉ. નાથાલાલ ગોહિલ, પ્રથમ આવૃત્તિ ૨૦૦૭
૮. સેવા ધરમનાં અમરધામ - જયમલ્લ પરમાર, રાજુલ દવે, પ્રથમ આવૃત્તિ ૧૯૯૧
૯. સંત સુધા - ૧, જોરાવરસિંહ જાદવ, પ્રથમ આવૃત્તિ ૧૯૮૯
૧૦. ભારતના મહાન ભક્તરત્નો ભાગ-૧-૨, ચંદ્રમૌલિ વિદ્યાલંકાર, પ્રથમ આવૃત્તિ ૨૦૦૪

૮

# ગ્રંથરૂપમાં તુલનાત્મક કથાઅભ્યાસનું પહેલું કાર્ય

ડૉ. અરુણ જે. કક્કડ

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્યકેન્દ્રની 'મેઘાણી લોકસાહિત્ય ગ્રંથમાળા'ના બીજા પુષ્પ તરીકે ડૉ. હસુભાઈ યાજ્ઞિકે તૈયાર કરેલો ''ધર્મ અને વિધિસંલગ્ન ગુજરાતની અને રાજસ્થાનની કથાઓ : એક તુલનાત્મક અભ્યાસ'' ગ્રંથ તાજેતરમાં પ્રકાશિત થયેલ છે. સંશોધન ફેલોશિપ યોજના હેઠળ થયેલા પશ્ચિમ ભારતીય કથાઓનાં અધ્યયન વિશેના વિદ્યાતપનું આ ફળ છે. આ પુસ્તકમાં ડૉ. હસુભાઈ યાજ્ઞિકે ગુજરાત અને રાજસ્થાનની ધર્મ તથા વિધિવિધાનો સાથે સંલગ્ન એવી રામકથા, કૃષ્ણકથા, પાંડવકથા, મહાભારતકથા, નાથપંથસંલગ્ન ભરથરી-ગોપીચંદકથા, પાટપૂજાસંલગ્ન જેસલ-તોરલ, રૂપાંદે-માલદે તથા રામદેવકથા, લોકદેવસંલગ્ન બગડાવત અને પાબુજીકથા તથા વાગડવીર ગલાલેંગ કથા વિશે સર્વપાર્શ્વી એવું તુલનાત્મક અધ્યયન કર્યું છે. આટલી બધી વૈવિધ્યપૂર્ણ કથાઓ પરત્વેનો તુલનાત્મક અધ્યયનનો આ પ્રથમ ગ્રંથ છે તેવું ડૉ. અંબાદાન રોહડિયા નોંધે છે. અહીં લોકકથા-સમ્પ્રસારણ અને પ્રવર્તન વચ્ચેનો ભેદ તથા 'ભારત' અને 'કિંવાળ' જેવાં નવાં જ લોકપ્રવર્તિત સાહિત્યસ્વરૂપોનો પરિચય ઉપરાંત આ બન્ને પ્રદેશોની આદિવાસી અને ગ્રામીણસ્રોતની કંઠપરંપરાના પારસ્પરિક અનુબંધ વિશે સવિગત, તટસ્થ અભ્યાસ તેમણે પ્રસ્તુત કર્યો છે. (પૃ. ૬). આ રીતે, પશ્ચિમ ભારતીય ભાષા અને સાહિત્યને સ્પર્શતો અધ્યયનગ્રંથ આપણને



પ્રાપ્ત થયો છે.

કુલ બાર પ્રકરણોમાં આ ગ્રંથ વહેંચાયેલો છે. ભૂમિકારૂપ પહેલા પ્રકરણ 'કથાવિષય અને ક્ષેત્ર'માં કથાવિષય, ભૌગોલિક ક્ષેત્ર, ગુજરાત અને રાજસ્થાનનો ઇતિહાસ, કથારૂપાન્તરણનાં કારણો, કથાસમ્પ્રસારણ અને કથાવાહકો વિશે છણાવટ છે. પછીનાં પ્રકરણો અનુક્રમે રામકથા, કૃષ્ણકથા, પાંડવકથા - મહાભારત કથા, ભરથરી-ગોપીચંદકથા, જેસલ-તોરલ અને રૂપાંદે-માલદેકથા, બગડાવતકથા, પાબુજીકથા, ગોગાચૌહાણ, રામદેવજી, ગલાલેંગ કથાઓ વિશે છે. ઉપસંહારરૂપ બારમા પ્રકરણમાં રૂપાન્તરણ-સમ્પ્રસારણ, ઇતિહાસનો પરિપ્રેક્ષ્ય અને સાંસ્કૃતિક મૂલ્યની ચર્ચા કરવામાં આવી છે. અંતે શબ્દસૂચિ આપવામાં આવી છે.

*   *   *

ગુજરાત અને રાજસ્થાનમાં જે કથાઓ ધર્મ સાથે તથા કેટલીક ધર્મગત વિધિવિધાન સાથે સંકળાયેલી છે તે કથાઓનો તુલનાત્મક અભ્યાસ અહીં થયો છે. અને અંતે આ બન્ને પ્રદેશની શેષ કથાઓમાં પણ કેવું-કેટલું સામ્ય, આદાન-પ્રદાન છે તે દર્શાવ્યું છે. અહીં બન્ને પ્રદેશોની આ કથાઓનાં જે મુદ્રિતરૂપનાં સંપાદનો છે, તેનો મુખ્ય આધાર લઈને શક્ય એટલા સંક્ષેપમાં તે તે કથાઓ, મહાકથાઓનાં કથાનકોનો સાર આપ્યો છે. કોઈ એક સ્રોતની કથાનું જ્યારે પણ સમ્પ્રસારણ થાય છે ત્યારે એમના પ્રદેશ, એમાં વસવાટ કરતી જાતિ કે જાતિઓ, એમની બોલી-ભાષા, જીવન-જગતને જોવા-જાણવાની એમની આગવી દૃષ્ટિ, લોકમાન્યતાઓ અને શ્રદ્ધાઓ વગેરે અનેક બાબતોની, તે સાથે જ, બદલાતા જતા સમયની અસર પડે છે. આ પ્રદેશમાં અન્ય સ્રોતમાંથી પણ આ જ કથા આવી હોય તો તેની અસર પડે છે. વિધિવિધાનની ભૂમિકા બદલાય તો એની અસર પણ પડે છે. એ રીતે, આ માત્ર કથાનકના ભેદ દર્શાવતો અભ્યાસ નથી.

ગુજરાત અને રાજસ્થાનનાં ભૌગોલિક ક્ષેત્ર વિશે વાત કરતાં ડૉ. હસુભાઈ યાજ્ઞિકે નોંધ્યું છે કે : ''પશ્ચિમ ભારતનું ભાષાકુળ અને ભૂગોળ બન્ને રીતે આ ક્ષેત્રો પારસ્પરિક અનુબંધ ધરાવે છે.'' (પૃ. ૩). ભાષા-બોલી અને જાતિની દૃષ્ટિએ જોઈએ તો ગુજરાત પ્રદેશમાં ગુજરાતી ભાષા મુખ્ય છે. જેની સોરઠી, ચરોતરી, પટ્ટણી આદિ મુખ્ય છ બોલીઓ છે. આ ઉપરાંત કચ્છી, ભીલી અને ચારણી પણ આ ક્ષેત્રની બોલાતી માતૃભાષાઓ છે. કચ્છીના પણ હાલારી, બાબાણી, જતી, જાડેજા, વાગડી જેવા પેટા પ્રકારો છે અને ભીલીના પણ એટલા જ પેટા પ્રકારો જોઈ શકાય છે. આદિવાસી ભાષાઓમાં ભીલી અને એના પેટા પ્રકારો

જેનો કુળગત સંબંધ મુખ્યત્વે શૌરસેની પ્રાકૃત ભાષાના અપભ્રંશ સાથે છે, એ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં ડાંગની કુંકણા ભાષા-બોલીને મહારાષ્ટ્રી પ્રાકૃત સાથે પણ સંબંધ છે. અહીં જે કથાઓ છે તેમાં રામકથા, કૃષ્ણકથા અને મહાભારત એ ત્રણ તો ભારતની જ મુખ્ય મહાકથાઓ છે, પરંતુ તે સિવાયની ગોપીચંદ-ભરથરીકથા, જેસલ-તોરલ અને રૂપાંદે-માલદેકથા, બગડાવતકથા અને પાબુજી કથા માંહેની કથાઓમાં જેસલ-તોરલને કચ્છ સાથે, રૂપાંદે-માલદેને મારવાડ સાથે, બગડાવત અને પાબુજીકથાને પણ રાજસ્થાન સાથે સીધો સંબંધ છે. અને પંદરમી સદી પછીની જે મોટાભાગની આ કથાઓ છે, તે ભાષાની દૃષ્ટિએ મારુ-ગુર્જર છે.

* * *

નૂતન જીવમય યુગના અંતભાગમાં દક્ષિણના ગોંડવનખંડનો મોટો ભાગ નીચે બેસી જતાં હાલના ભારતના દક્ષિણ ભાગથી આફ્રિકાખંડ જુદો પડ્યો અને વચ્ચે અરબીસમુદ્ર અસ્તિત્વમાં આવ્યો. પ્રાગૈતિહાસિક કાળથી જ માનવ-વસવાટ થયેલો, સંસ્કૃતિનો વિકાસ થયો અને પૌરાણિક સાહિત્યના સંદર્ભે આ પ્રદેશના ઉલ્લેખો છે. તેમાં હાલના ગુજરાત અને રાજસ્થાન બન્ને વિશે માહિતી છે. આ બન્ને પ્રદેશોમાં સમાન એવી જે પૌરાણિક અને દંતકથામૂલક કથાઓ છે, તેમાં પાત્રો અને ઘટનાઓનો સંબંધ વિશેષતઃ આઠમી-નવમી સદી પછીના સમય સાથે છે. તેમાં પણ મોટાભાગની કથાઓનો સંબંધ સોલંકીકાળ એટલે કે ઈ. ૯૪૨ થી ૧૩૦૪ સાથે અને તે પછીના મુસ્લિમ શાસનના સમયગાળા સાથે છે. આ મધ્યકાલીન સમયગાળાની જ સામાજિક, આર્થિક, રાજકીય પરિસ્થિતિ આ બધી જ કથાઓની, નાથોત્તર કથાઓની, સંઘર્ષનું નિર્માણ કરતી ઘટનાઓ બની છે.

સોલંકીકાળમાં જ ગુજરાતનો રાજા સિદ્ધરાજ જયસિંહ માળવાના પરમાર રાજાને પરાજિત કરી અવંતીનાથ બને છે. આજના રાજસ્થાનનાં ભિન્નમાળ, જોધપુર, સાંભર, વાંસવાડા અને ઉજ્જૈન સુધી ગુજરાતનું શાસન વિસ્તરે છે. આથી આ સમયની જ મારુ-ગુર્જર ભાષાક્ષેત્રનાં ક્ષત્રિયોનો અનુબંધ રાજસ્થાન સાથે જોડાય છે તે સાથે જ પશુપાલકો, જેમાં રબારી મુખ્ય છે તથા ચારણોનો સીધો સંબંધ બંધાય છે. કેટલાંય ભીલસમુદાયને કોઈ વિશિષ્ટ પરિસ્થિતિને કારણે પોતાના પ્રદેશમાંથી અંબાજીની ટેકરીઓમાં સુરક્ષિત બનવા કાયમ માટે વસી જવું પડ્યું. ગુજરાત અને રાજસ્થાનની હાલની કુદરતી સીમા પરના અરવલ્લીક્ષેત્રમાં ભીલોનો વસવાટ બન્ને ક્ષેત્રોમાં છે. ભાષા-બોલી જ નહીં પરંતુ એની શબ્દરૂપ સંપદા ઉપરાંત પણ રોટી-બેટી વ્યવહારના સીધા સંબંધો હાલના ગરાસિયા તથા ડુંગરી



ભીલોને રાજસ્થાન સાથે રહ્યા છે. ગુજરાતની ઉત્તરસીમા પર ધાનેરાના પશ્ચિમના ભૂમિના છેડાથી આરંભીને દાહોદની ઉપરની ભૂમિની સીમા સુધીનો સમગ્ર ભાગ રાજસ્થાન સાથે જોડાયેલ છે. આમ, ગુજરાત સાથે રાજસ્થાન ભાષાકુળથી તો જોડાયેલું છે જ, તે ઉપરાંત ભૌગોલિક સીમાની દૃષ્ટિએ પણ રાજસ્થાન નિકટતમ મોટામાં મોટું પડોશી રાજ્ય છે. હાલના રાજસ્થાનને વિશેષ ભૂમિગત, ભાષાકુલગત, જાતિગત, મધ્યકાલીન રાજપૂત શાસન અને મુસ્લિમ આક્રમણો અને શાસનની દૃષ્ટિએ વિશેષ સંબંધ ગુજરાત સાથે જ છે.

* * *

પ્રદેશની ભૂગોળ જ મોટેભાગે એનો ઇતિહાસ સર્જે છે. ભારતમાં અન્ય પ્રજાજાતિઓનાં વિદેશમાંથી આગમન-આક્રમણ થતાં તેમાં મોટેભાગે ઉત્તરના ખૈબરઘાટ-બોલનઘાટથી સિંધ-પંજાબ-રાજસ્થાન-ગુજરાતના ભૂમિમાર્ગનો, એ પછી સિંધ અને રણના પ્રદેશોમાંથી અરબસ્તાન-ઈરાનથી રાજસ્થાનના ભૂમિમાર્ગનો અને કેટલેક અંશે ભારતના પશ્ચિમકાંઠાના જળમાર્ગનો ઉપયોગ થયો છે. કચ્છના રણવિસ્તાર તથા રાજસ્થાન બન્નેને અરબસ્તાની ધાડાંઓનું વારંવાર ભોગ બનવું પડ્યું. અને એમાં પણ રાજસ્થાને તો ઉત્તર દિશાના ભૂમિમાર્ગેથી અફઘાનિસ્તાન - બલૂચી-મુગલ વગેરેનાં ધાડાંઓનો પણ સામનો કરવો પડ્યો. અસ્તિત્વ ટકાવવા સતત ઝઝૂમતા જ રહેવું પડ્યું. રાજસ્થાનનાં ક્ષાત્ર-વીરત્વનું મૂળ આ ભૌગોલિક પરિસ્થિતિમાં છે. આવી મધ્યકાલીન રાજકીય પરિસ્થિતિને કારણે નાનાંમોટાં યુદ્ધો થતાં રહ્યાં અને એમાં જે જે વીરોએ મૂલ્યને ખાતર, ટેકને ખાતર, ગૌરક્ષા અને વચનપાલન ખાતર બલિદાન આપ્યાં તેમની વીરગાથાઓ રચાઈ, બારોટાદિની પરંપરામાં શૌર્યગાથાઓ રચાઈ, આવા કુળગત સૂરધન કે ગ્રામ વા જાતિના વીરોનો લોકદેવના રૂપમાં સ્વીકાર થયો અને બારોટ, ચારણ, જોગી, ભરથરી વગેરેની ગાથાઓએ ભીલ સાધુઓ અને ભોપાઓએ વીરગાથાને વિકસાવી અને એમાંથી જ લોકમહાકાવ્યકુળની રચનાઓ થઈ. મોટાભાગની કથાઓ આ રીતે ઉદ્ભવી છે.

ગુજરાતમાં જે વીરગાથાઓ પ્રચલિત રહી, તે રાજસ્થાની વીરોની જ છે. વીરોના પાળિયા સ્થપાય, વારતિથિએ એનાં પૂજન થાય, સિંદૂર ચડે, સ્તોત્ર-રૂપ રચનાનાં ગાન થાય, આરંભે કુળના અને ગોત્રના સૂરધન બને, એની બાધા-આખડી લેવાતાં એ ગ્રામદેવના રૂપમાં પૂજાય અને કાળક્રમે એનું લોકદેવમાં વિસ્તરણ થાય, અનેક જાતિ-જ્ઞાતિ એમને પૂજે. ગુજરાતના વાગડના વીર ગલાલેંગ સિવાય

કોઈ વીરનું લોકદેવમાં રૂપાંતરણ થયું નથી.

* * *

અરવલ્લની ધાર પૃથ્વીપટ પર પ્રાચીનતમ છે. પથ્થરયુગથી જ માનવ-વસવાટ હતો અને પથ્થરનાં શસ્ત્રોના નમૂનાઓ પણ મળ્યા છે. હાલનો સૂકી રેતીના રણનો વિસ્તાર પાંચેક હજાર વર્ષ પહેલાં તો સરસ્વતી નદીના કારણે લીલોછમ હતો. મોંહે-જો-દરોથી આરંભીને તે કચ્છના ધોળાવીરા અને સૌરાષ્ટ્ર-ઝાલાવાડ-રંગપુર-લોથલ સુધી સિંધુ સંસ્કૃતિનું વિકસિત ક્ષેત્ર હતું. પુરાણમાં ઉલ્લેખિત બ્રહ્માવર્ત તે આ પ્રદેશ મનાય છે. ઈ.સ. પૂર્વેની ચોથી અને પછીની સદીઓમાં માલવો અને શિવીની સત્તાઓ હતી અને સિંધ-પંજાબ પાર કરેલો એલેક્ઝાંડર અહીં પરાજિત થઈ પાછો હઠી ગયેલો. મહાભારતમાં ઉલ્લેખિત મત્સ્યમાં હાલના જયપુરના વિસ્તારનો સમાવેશ થતો હતો. અને વૈરાટ એની રાજધાની હતી. આ પછી રાજસ્થાન પર બૌદ્ધ પ્રભાવ રહ્યો. હાલના ભરતપુર, ધોલપુર, કરૌલી વગેરે જે મથુરાના રાજા સૂરસેનના રાજ્યના સંલગ્ન વિસ્તાર મનાય છે અને રાજસ્થાની-ગુજરાતી ભાષાની કુલમાતા શૌરસેની કહેવાય છે. ઈ.સ. પૂર્વેની ત્રીજી સદીમાં કુશાન સત્તાધીશ બન્યા અને રાજસ્થાન માળવાનો ભાગ મનાયું. ગુપ્તકાળ પછી હૂણનાં આક્રમણ, સત્તા, સ્થાયીકરણ થયાં. યશોવર્માએ હૂણને ખાળેલા. મેવાડ ગુર્જરોના શાસનમાં આવ્યું. ગુર્જરોને કારણે ગુજરાત નામાભિધાન થયું. વિદેશ જાતિઓનાં આગમન-આક્રમણ-સંઘર્ષ-સ્થાયીકરણ અને સંમિશ્રણથી જ રાજસ્થાન અને ગુજરાતી લોકસંસ્કૃતિ ભાતીગળ બની. આઠમી સદીમાં ગૂર્જર-પ્રતિહાર સત્તાધીશ બન્યા. તેમનો પ્રભાવ દશમી સદી સુધી રહ્યો. આ તબક્કાથી જ આરબોનાં આક્રમણોનો આરંભ થયો. સિંધના કેટલાક ભાગ પર તેમણે સત્તા મેળવી, ઇસ્લામનો પ્રભાવ વધતો ગયો. આ ગાળામાં ગુજરાત સમેતનાં રાજસ્થાનના ભૂમિભાગ પર સોલંકીઓનું પ્રભુત્વ હતું.

તુર્કનાં આક્રમણો થતાં રહ્યાં. બારમી સદી સુધી તો રાજપૂતોએ તુર્કોને મારી હઠાવ્યા. પણ પછીથી રાજપૂત વંશોમાં આંતરવિખવાદો અને યુદ્ધો થયાં. ઈ. ૧૧૯૩માં પૃથ્વીરાજ ચૌહાણ શાહબુદ્દીન ઘોરી સામે પરાજિત થયા. રાજસ્થાનના જે સ્થાનિક વિસ્તારો પર ભીલ, મીણા, ગૂર્જર અને મેર જેવી જાતિઓની સત્તા હતી તે રાજપૂત રાજવંશોએ હાથ કરી લીધી. સત્તા ગુમાવવાને કારણે કેટલીક જાતિઓએ વનપર્વતાદિમાં વસવાટ કર્યો પણ ક્ષાત્રવૃત્તિનાં લક્ષણોનો ભાષા-બોલી-સાહિત્ય-કંઠપરંપરા વગેરે સાથેનો અનુબંધ રહ્યો. ભીલો વગેરે પાસેથી રાજસત્તા



મેળવ્યા પછી રાજપૂતોના વંશો પણ ક્ષીણ થયા અને છત્રીસ વંશમાંથી માત્ર આઠ-નવ વંશો જ સ્વતંત્ર રહ્યા. આ સ્થિતિ સ્વાતંત્ર્યપ્રાપ્તિ સુધી રહી. રાજપૂતોને પઠાણ, અફઘાન, મોંગલ, મોગલ વગેરે સાથે સતત સંઘર્ષમાં ઊતરવું પડ્યું. ઈ. ૧૫૨૭ થી રાજપૂતોને મોગલો સાથે સંઘર્ષમાં રહેવું પડ્યું. ત્રણ સદી સુધી સતત સંઘર્ષમાં રહેવાનું થયું. ઈ. ૧૭૫૧માં મરાઠાઓ સાથે સંઘર્ષમાં રહેવાનું થયું. આમાંથી જ વીરગાથાઓ જન્મી. રાજસ્થાનમાં જુદા જુદા સમયે જુદા જુદા ભાગમાંથી રાજપૂતો આવ્યા અને સત્તાધીશ બન્યા. મેવાડમાં સિસોદિયા, બીકાનેરમાં રાઠોડ, જેસલમેરમાં ભાટી, જયપુરમાં કછવાહા, બુન્દેલખંડમાં હાડા ચૌહાણ વગેરે સત્તાધીશ બન્યા.

એક ભૌગોલિક-ભાષિક ક્ષેત્રમાંથી જ્યારે કોઈ કથા બીજા જ એવા નજીકના કે દૂરના પ્રદેશમાં કહેવાતી થાય છે ત્યારે એને કથાનું સમ્પ્રસારણ કહેવામાં આવે છે. આવા સમ્પ્રસારણનાં કેટલાંક ખાસ સંજોગ, પરિસ્થિતિ અને વાહકો હોય છે. ડૉ. હસુભાઈ યાજ્ઞિકના આ પુસ્તકમાં આ દષ્ટિએ રાજસ્થાનની મોટાભાગની કથાઓ ગુજરાત પ્રદેશમાં ગુજરાતી ભાષામાં કેવી રીતે સમ્પ્રસારિત થઈ તથા કેટલીક જેસલ-તોરલ જેવી અપવાદરૂપ ગુજરાત-સૌરાષ્ટ્રની કથા પણ રાજસ્થાનમાં કેવી રીતે, કયા માધ્યમે અને હેતુએ કહેવાતી થઈ તે તપાસવામાં આવ્યું છે.

* * *

ગુજરાત અને રાજસ્થાન બન્ને પ્રદેશના મુખ્ય વાહકો-વ્યક્તિઓ કે વર્ગો કથાના અને ગીતના મધુકરો તરીકે ભીલો, ચારણો, રબારીઓ વગેરે છે. ભીલી કંઠપરંપરા જ બન્નેને સાંકળતી મધ્ય કડી છે. એમના માધ્યમે ગુજરાતની પરંપરા રાજસ્થાનમાં અને રાજસ્થાનની પરંપરા ગુજરાતમાં પહોંચી છે. ચારણ અને રબારી જેવા મુખ્ય પશુપાલકોનો સતત આવરો-જાવરો આ પ્રદેશમાં થતો રહ્યો છે. કોઈ રાજવી બંજર જમીનને સોંપીને એને કેળવી ખેતી કરવાની છૂટ આપતા. ક્યારેક રાજા પશુપાલક સમૂહને, જ્યાં હિંસક પશુઓને કારણે માનવ-વસવાટ અને કૃષિ ન હોય પણ, ઘાસચારો અને પાણી ઉપલબ્ધ હોય તેવી જમીનમાં સમર્થ માલધારી સમૂહને એ વિસ્તારના વપરાશની છૂટ આપતા. આવા ચારણ પશુપાલકના આવા કામચલાઉ કે કાયમી વસવાટો દ્વારા બે ભિન્ન ભૌગોલિક ભાષિક ક્ષેત્રના કંઠપ્રવાહની સામગ્રીનું આદાનપ્રદાન થતું. રબારીઓમાં પશુપાલન જ મુખ્ય રહ્યું છે. હિમાલયથી આરંભી તે છેક સૌરાષ્ટ્રના અંતિમ છેડા સુધી - સિંધ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન વગેરે પ્રદેશોમાં આ મુખ્ય પશુપાલક જાતિ વસી છે. ગુજરાતમાં

પાટણવાડિયા, સૌરાષ્ટ્રમાં સોરઠિયા અને ભોપા એમ ત્રણ મુખ્ય રબારીઓની પેટા શાખાઓ છે. રાજસ્થાનની અનેક કંઠસંપદા, લોક-દેવદેવી-ઉપાસના ગુજરાતમાં સમ્પ્રસારિત થઈ છે. ગુજરાતનાં રબારીઓમાં ગોગાબાપજીની ઉપાસના, એનાં સ્તોત્રગાન, એ જ રીતે પાબુજી પંથ અને રામદેવપંથ સંલગ્ન અનેક બાબતો ગુજરાતમાં સમ્પ્રસારિત થઈ છે. છૂટક મજૂરી કે ખેતી કરતા મારવાડી જૂથો, લુહારિયા, મદારી વગેરે અનેકનાં મૂળ રાજસ્થાનમાં છે. એમના ઉપાસ્ય પણ રાજસ્થાનના છે. પાબૂજીના ભોપાઓ છેક સૌરાષ્ટ્રમાં પણ પડવાચન માટે આવતા અને એની કથાના કેટલાક અંશોનાં પ્રસ્તુતીકરણ પણ થયાં છે. ભવાયા, તરગાળા, તૂરી, બહુરૂપી જેવાં લોકકલાકારોનાં વૃંદો પણ રાજસ્થાનમાં જતાં અને પ્રસ્તુતિ કરતાં. આથી જ ભવાઈના વેશમાં કેટલીક રાજસ્થાની કથા ગુજરાતના કંઠપ્રવાહમાં આવી. તેમ સિદ્ધરાજ, રાણક, જસમા ઓડણ, જગદેવ પરમાર વગેરે કથાઓ પણ ગુજરાતમાંથી સંક્રમિત થઈ રાજસ્થાનમાં પ્રચલિત બની. ગુજરાતનાં રાજકુટુંબોનો રાજસ્થાન સાથેનો લગ્નસંબંધ છે. ઝાલાવાડના ઝાલાવંશના રાજકુટુંબનો આવો સંબંધ જોધપુર સાથે છે. દાયજામાં જતી વડારણો દ્વારા પણ બન્ને પ્રદેશની કંઠપરંપરાનું આદાનપ્રદાન થયું છે. મીર, લંઘા જેવા અનેક લોક-કલાકારોને લગ્નગીત માટે નિમંત્રવામાં આવતા. લોકગીતના પાયાના માળખામાં, ગાનઢાળમાં જે સમાનતા છે તેના સમ્પ્રસારણમાં આ કલાકારોને અપાતાં નિમંત્રણ અને તેનાં સમ્પ્રસારણો છે. જૈન યતિઓના પગપાળા પ્રવાસ અને વાર્તાલાપ-વ્યાખ્યાનોને કારણે ગુજરાત અને રાજસ્થાનનાં બધાં જ ક્ષેત્રોની રામકથા તથા પાંડવકથા પર જૈન સ્રોતનો પ્રભાવ રહ્યો. સંબંધિત પ્રદેશની સ્થાનીય લોકકથાઓને પણ જૈન યતિઓ પોતાની લિખિત રૂપની કૃતિની કથામાં પ્રયોજતા. લગભગ પ્રત્યેક પંથના સાધુસંતો, ભોપા-ભોપી વગેરે ગુજરાત-રાજસ્થાનમાં આવતા-જતા રહ્યા. એમના દ્વારા પણ કથાનાં આદાન-પ્રદાન-સમ્પ્રસારણ થયાં. વેપારાર્થે વિવિધ પ્રદેશોમાં ગયેલા, સ્થાયી વસતા થયેલા પરિવારો પણ વિશેષ પ્રભાવક સમ્પ્રસારણ છે. સમ્પ્રસારણમાં વિશેષ પ્રભાવક રામદેવપંથી ઉપાસના છે. ગુજરાતનાં અનેક ગામોમાં રામદેવજીનાં સ્થાનકો છે. કેટલાંક ગામને રણુજા એવું નામ પણ અપાયું છે.

* * *

રામકથા, કૃષ્ણકથા અને પાંડવકથા એ ત્રણ ભારતીય સંસ્કૃતિની મુખ્ય સંપદા છે. આ ત્રણે મહાકથાઓ મુખ્યત્વે વાણીના માધ્યમે લોકપ્રવાહમાં કંઠના માધ્યમે અને પ્રશિષ્ટ પ્રવાહના સાહિત્યમાં લિખિત રૂપમાં પ્રજાકીય સંપદામાં ઊતરી આવી



છે. ત્રણે મહાકથાઓનાં કથાનકોનું જે મુખ્ય માળખું છે, એના આદિ-મધ્ય-અંતના ત્રણ મુખ્ય તબક્કાઓ અને કેન્દ્રસ્થ સંઘર્ષ બધી જ લોકસાહિત્ય-પરંપરાઓમાં સમાન રૂપે છે. આ ત્રણે કથામાં જે કંઈ બન્યું, જે કારણે બન્યું એનું માળખું કંઠપરંપરામાં પણ લિખિત પ્રશિષ્ટ કૃતિના કથાનક-માળખાને અનુસરે છે. કંઠપ્રવાહમાં જે કંઈ બન્યું, બની ગયેલું તેનું માળખું તો નિશ્ચિત રૂપનું હતું તે સ્વીકારાયું, પરંતુ તે ઘટના કે ઘટનાઓ કેવી રીતે બની તે બદલાયું અને કેટલીક નવી અને જુદી જ એવી કથાસામગ્રી, નવાં પાત્રો અને ઘટનાઓ ઉમેરાયાં. ઘટનાનાં કારણો અને પાત્રોની ઉત્પત્તિના ઘટકો બદલાયાં. આમ છતાં ભારતની બધી જ રામકથા, કૃષ્ણકથા અને પાંડવકથાની કંઠપરંપરામાં લિખિત રૂપથી ભિન્ન એવી કેટલીય બાબતો સમાવિષ્ટ થઈ. આ સંદર્ભે અહીં ડૉ. હસુભાઈ યાજ્ઞિકનો ઉપક્રમ ગુજરાત અને રાજસ્થાનની રામકથા, કૃષ્ણકથા અને પાંડવકથામાં કેટલું સામ્ય-વૈષમ્ય છે, તે જોવાનો છે. તેઓએ અહીં ગુજરાતી, ભીલી અને કુંકણાની કંઠપરંપરાની રામકથાઓ સાથે જ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની લિખિત સ્રોતની રામકથા, ચારણી સ્રોતની રામકથા અને કચ્છી સ્રોતની રામકથાને પણ ધ્યાનમાં લીધી છે. ગુજરાતી લોકરચનામાં જેવો-જેટલો પ્રભાવ અને સ્વરૂપ કૃષ્ણકથાનાં અંગોનાં છે, તેવો-તેટલો જ પ્રભાવ રાજસ્થાન પર રહ્યો છે. કૃષ્ણચરિતની અન્ય કથાઓનો સવિશેષ સંબંધ પાંડવકથા સાથે રહ્યો છે. રાજસ્થાની લોકમહાભારત 'કિંવાળ'માં લોકકંઠપરંપરાની મહાભારતકથા સંપાદિત કરવામાં આવી છે. આ કિંવાળ રામદેવપંથી કામડિયા દ્વારા અને સિદ્ધો દ્વારા જાગરણમાં (રાતિજગોમાં) સંગીત-નૃત્ય સાથે રજૂ કરાતા રહે છે. પ્રત્યેક કિંવાળમાં અંતે કર્તાના નામની છાપ હોય છે. છતાં પણ તેમાં આવતી કથાનો સીધો જ સંબંધ લોકોમાં કહેવાતી કથા સાથે છે.

ભારત અને મહાભારત એ બે લોકયુક્ત સાહિત્યસંજ્ઞાઓ છે. અને તેનો અર્થ 'વંશગત વેર અને યુદ્ધની કથા' એવો છે. ભીલી ક્ષેત્રમાં 'અરેલો' જેના મૂળમાં વૈદિક 'ઈળ' એટલે યુદ્ધપરાક્રમ છે, જોગી પરંપરામાં તથા ચારણી પરંપરામાં 'સાક' જેના મૂળમાં પણ વૈદિક સંજ્ઞા 'સાકમ્' એટલે કે પરાક્રમ, યુદ્ધપ્રસંગે પ્રગટતી વીરતા પ્રયોજાયાં છે. 'કિંવાળ'નો સામાન્ય અર્થ પ્રકરણ, સ્કંધ, કાંડ, પર્વ જેવો છે. પરંતુ કિંવાળ પોતાની જ રીતે સ્વતંત્ર એવી શાખા છે. કિંવાળનું નિજત્વ ઉપાખ્યાન સાથે છે. એનું પ્રસ્તુતીકરણ ખાસ ધાર્મિક હેતુએ, ખાસ એક પ્રસ્તુતકર્તા દ્વારા લોકોની સમક્ષ થાય છે. 'પંડૂ કી બાત' નામે જાણીતી રચના મિરાસી જાતિના લોકો સારંગી પર ગાય છે. આ કથા સાત 'કડાં'માં છે. 'કડવક' અપભ્રંશમાંથી 'કડવું' એવું કડીના એકમને જેમ નામ મળ્યું એમ ભોપારબારી તથા ખાસ

ગૂર્જરસુતારમાં જે 'સરજુ' ગવાય છે તેમાં પણ આ 'કડાં' પર્યાય પ્રયોજાય છે. જેનો અર્થ એક અધ્યાય, એક ખંડ એવો થાય છે. સિદ્ધાચાર્ય જસનાથજીના નામે જ્યારે રાત્રિજાગરણ થાય છે ત્યારે તેમાં સિધ ગાયકો જોડાય છે.

આ પંથમાં વિશેષ સંખ્યામાં જાટ જાતિના લોકો છે. સિધનું ગાન પણ સૌરાષ્ટ્રના રબારીનાં સરજુગાનની જેમ હો-હો ધ્વનિઓથી ભરેલું હોવાથી શબ્દો સમજવાનું મુશ્કેલ બને છે. ડૉ. હસુભાઈ યાજ્ઞિકને ''લોકમહાભારતની કિંવાળની કથા અને ગુજરાતના ખેડબ્રહ્માના ડુંગરી આદિવાસીઓની કથા એક મૂળસ્રોતની જણાય છે.'' (પૃ. ૯૬). 'ભારત' વિશિષ્ટ ધર્મસંલગ્ન કથા પ્રસ્તુતીકરણનો પ્રકાર છે. 'ભારત'ની રજૂઆત નવરાતમાં જ ભોપાઓ ઢાંક અને થાલીવાદ્ય સાથે દેવીના મંદિરમાં કરે છે. માતાની પૂજા કરે છે. દાણા આપીને આપત્તિનું નિવારણ કરે છે તથા ભવિષ્યવાણી પણ ઉચ્ચારે છે. કથાની ચરમસીમાએ ધૂણીને દેવના રૂપમાં આશિષ આપે છે. 'ભારત'નો સંબંધ મેવાડક્ષેત્ર પૂરતો જ છે.

* * *

નાથકથાની મુખ્ય ભરથરી અને ગોપીચંદની કથાઓ પાંચમા પ્રકરણમાં આપી છે. નાથનો સંબંધ ભારતીય નવી આર્યાભાષાઓ હજુ જન્મ થવાનો છે, એ ગાળાની સાથે છે, અને નાથવાણીમાં અપભ્રંશોત્તર ભાષાનાં જ પૂર્વલક્ષણો હોવાને હોવાને કારણે મધ્યકાલીન રાજસ્થાનીના સાહિત્યનો આરંભ જ નાથવાણીથી કરવામાં આવે છે. વિવિધ નાથમાંથી ગુજરાત-રાજસ્થાનનો વિશેષ સંબંધ ગોરખનાથ સાથે જ રહ્યો છે અને તેની શિષ્યપરંપરામાં જ ભરથરી સાતમા નાથ તરીકે સમાવિષ્ટ છે. ગોપીચંદનો સમાવેશ નવ નાથમાં થતો નથી પરંતુ ગોપીચંદ નાથપરંપરાના સિદ્ધ તો છે જ. ગુજરાત અને રાજસ્થાન બન્નેની પરંપરામાં ગોપીચંદ ભરથરીની બહેન મૈનાવતીના પુત્ર છે, એટલે કે ભરથરી મામા છે અને ગોપીચંદ ભાણેજ છે. નાથસંપ્રદાયનો ઉદ્ભવ ઈ. ૯૦૦માં થયેલો ધારવામાં આવ્યો છે. ગોરખનાથનો સમય ૧૧મી સદી પહેલાં કહી શકાય. મત્સ્યેન્દ્રનાથ રાજપાલ દેવના ઈ. ૮૦૯ થી ૮૪૯ના રાજકાલ દરમિયાન થયેલા તે દૃષ્ટિમાં લઈને મત્સ્યેન્દ્રનાથ નવમી સદીના આરંભે અને તેમના શિષ્ય ગોરખનાથ તે સદીના મધ્યભાગમાં થયાનું માની શકાય. રાજસ્થાન ગુજરાતની પરંપરામાં ભરથરીકથા અને ગોપીચંદની કથાના મુખ્ય માળખા સમાન જ છે. તૂરી અને આદિવાસી બે ગુજરાતની પરંપરા એવી છે, જેનો પ્રત્યક્ષ રૂપનો જ અનુબંધ રાજસ્થાન સાથે છે. ભરથરી કથામાં મોટું ક્ષેપકરૂપનું ઉમેરણ પિંગલાની બેવફાઈ કહી શકાય. ડૉ. હસુભાઈ યાજ્ઞિક નોંધે છે કે : ''મારી દૃઢ



પ્રતીતિ કથાભ્યાસના આધારે એવી છે કે નાથજોગી ભરથરી ૪૦૦-૫૦૦ વર્ષ પછીના અને ભર્તૃહરિથી ભિન્ન જ છે.'' ભરથરીના વૈરાગ્યના મૂળ કારણમાં, મોટા ભાગની કથામાં, પિંગળાનું મૃત્યુ છે. ભરથરી-ગોપીચંદ કથાના ગાન-પ્રસ્તુતીકરણને કોઈ વિધિગત સંબંધ નથી, જોગીઓ અને ભરથરીઓ આજીવિકાર્થે તંતુવાદ્ય પર તેનું ગાન કરે છે. ડુંગરી ભીલોમાં ગોપીચંદ ભરથરીની ભજનવાર્તાનો સંબંધ મરણોત્તર વિધિ સાથે છે. હખાઢોળ પ્રસંગે તંબૂર પર ગાવામાં આવે છે. શંખોદ્ધાર (શંખઢોળ)ની વિધિનાં મૂળ નાથપંથમાં જ છે.

* * *

નાથકથાની જેમ નિજારીપંથ અને તેની પાટઉપાસના પણ સમયની દૃષ્ટિએ પ્રાચીન છે. જેસલ-તોરલ અને રૂપાંદે-માલદેની કથાઓ સતીઓ, ઐતિહાસિક વ્યક્તિઓ કહી શકાય. બન્નેનાં ભજનો તથા કથાઓનો સંબંધ અત્યારે પણ પાટપૂજા સાથે સંકળાયેલો છે. ડૉ. નિરંજન રાજ્યગુરુના મતે જેસલ-તોરલ અને રૂપાંદે-માલદે રામદેવપીરના પુરોગામી, સમકાલીન છે. મહાપંથ અને તેની પાટપૂજાની પરંપરા જૂની છે, અને તેનો સ્વીકાર પોતાના સાધનાપંથમાં કરી રામદેવજી પુનર્જીવિત કરે છે. રામદેવજી મૂળ નાથપંથ-દીક્ષિત છે. અહીં પાટપૂજા-સંલગ્ન બે સતીઓ છે તેમાં તોરલનો સંબંધ કચ્છ-સૌરાષ્ટ્ર સાથે છે જ્યારે રૂપાંદેનો સંબંધ રાજસ્થાન સાથે છે. ગુજરાતના ભીલો આ બન્ને ક્ષેત્રોને જોડતી સમાન કડી છે તેમાં બન્નેની ભજન-વારતાના પાઠ સંપાદિત-મુદ્રિત રૂપમાં છે.

* * *

ઐતિહાસિક વીરોમાં રાજસ્થાનની બગડાવત, પાબુજી અને વાગડ ગુજરાતની ગલાલેંગના સમયનો અંદાજ શક્ય નથી. વાઘજી-બાઘના પુત્રો તે બગડાવત. વાઘજી સંભવતઃ ક્ષત્રિય છે, પરંતુ એણે ૨૪ અન્ય જાતિની કન્યાઓ સાથે લગ્ન કર્યાં તેથી ૨૪ વંશજો બગડાવત = બગડા-રા-આઉત, સંમિશ્રિત જાતિના પુત્રો એવો અર્થ સંભવે છે, જેને ભીલી પરંપરામાં 'ગુજરાં' ગુર્જરો તરીકે ઓળખાવાયા છે, ગુજરાતીમાં ડૉ. શાન્તિભાઈ આચાર્ય દ્વારા 'ગુજરાંનો અરેલો : એક તુલનાત્મક અધ્યયન' ગ્રંથ પ્રગટ થયો છે. જેની તુલના બગડાવત કથા સાથે થઈ છે. ગૂર્જર એક સમર્થ જાતિ છે. કેટલોક કાળ એમણે પશ્ચિમ રાજસ્થાન - ગુજરાતમાં શાસન કર્યું છે. કથાઓના અભ્યાસથી એટલું તારવી શકાય છે કે ગૂર્જર - ગુજ્જરનો સમાવેશ પણ ક્ષત્રિયમાં થયો. સત્તા ક્ષીણ થતાં જાતિ વેરવિખેર થઈ અને પછીના ગાળામાં આ જાતિની કન્યાઓએ તે સમયે ઉચ્ચ મનાતા પશ્ચિમ ભારતના ૩૬ મુખ્ય ક્ષાત્રવંશો

માંહેના કોઈ ક્ષત્રિય સાથે લગ્ન કર્યાં એમને 'ગુજરાં' તરીકે ઓળખવામાં આવ્યો. તેઓ કુશળ યોદ્ધા હતા તે હવે મુખ્યત્વે પશુપાલક બન્યા. આ ગૂજરોએ આદિવાસી તરીકેના વિશેષ અધિકાર માટેનું આંદોલન પણ કરેલું.

બગડાવતોના સમયની દૃષ્ટિએ પાબૂજી-સમકાલીન પણ તે હોઈ શકે. આવા ઐતિહાસિક મનાયેલા વીરમાંથી લોકદેવ તરીકે પણ પ્રતિષ્ઠિત થયેલા પાબૂજી રાઠોડ છે. ચાંદા ભીલના કારણે પાબૂજી ભીલોમાં પણ મુખ્ય લોકદેવ મનાયા. એના ભોપા પણ આદિવાસી જ હોય છે. પાબૂજીનો પટ ભીલ ઉપરાંત વણજારા અને રાજસ્થાનના ચારણોમાં પણ મંડાય છે. રાજસ્થાનમાં જે બગડાવત કથા છે, તે જ ખેડબ્રહ્મામાં 'ગુજરાંનો અરેલો' રૂપે છે. અને રાજસ્થાનમાં જે કથા પાબૂજીના પટની છે તે જ ખેડબ્રહ્માના આદિવાસીઓમાં 'રાઠોર વારતા' રૂપે છે. ડૉ. હસુભાઈ યાજ્ઞિકના મતે ''અહીં જાતિગત સમાનતા, શ્રદ્ધા અને ધાર્મિક વિધિગત અનુબંધ છે.'' વીરનું લોકદેવમાં રૂપાન્તરણ થતાં જ તેમાં પુરાકથાના ચમત્કારો ઉમેરાય છે. દેવ-દેવીના અવતાર અને તેનાં કાર્યો નિરૂપાય છે, તેનું ધર્મવિધિસંલગ્ન કથા તરીકે રૂપ બંધાય છે. આવા વીરમાંથી લોકદેવો દેવનારાયણ, પાબૂજી, ગોગા ચૌહાણ, વાળીનાથ વગેરે થયા. આવા પુરુષના 'પરચા'નો પ્રચાર થાય છે. કોઈ એક વંશના વીરની વંશજો સૂરાપૂરા તરીકે પૂજા કરતા હોય અને બીજાને, ખાસ તો સમાજમાં જેમની નામના હોય તેવા રાજવી જેવાને પણ કોઈ અણધાર્યો ચમત્કારનો લાભ મળે છે, ત્યારે જ આવી વ્યક્તિની દેવ તરીકેની લોકોમાં પણ શ્રદ્ધા જાગે છે. પાબૂજીને ચૌદમી સદીના આરંભના ગાળાના માની શકાય. ડૉ. હસુભાઈ યાજ્ઞિક નોંધે છે કે : ''મોટા ભાગે તો ગુજરાત-રાજસ્થાનમાં ગૌરક્ષા માટે પ્રાણ આપનારા વીર જ લોકદેવ તરીકે પૂજાયા છે. એમના પાળિયામાંથી થાનક સ્થપાય તેમાં પરચા જ મુખ્ય છે. એ જ રીતે સર્પદંશમુક્તિ પણ આવા લોકદેવમાં એક વિશેષ એવી ચમત્કારશક્તિ છે, જે ભાથુજીમાં જોવા મળે છે.'' (પૃ. ૨૪૯). સૂરધન અને સતી કુટુંબના ગોખલે બેસે. પાળિયા કે ખાંભી બંધાય. પરચાનો વિસ્તાર વધે તો વીરનું લોકદેવમાં રૂપાંતરણ થાય. આ લોકદેવને દેવનો જ અવતાર મનાય. ભીલી પરંપરામાં તથા બીજી જાતિઓમાં પણ આ કથા વેરનાં વળામણાં રૂપે પ્રયોજાતી હોવાની સંભાવના લેખક જુએ છે.

* * *

રામદેવજી, ગોગાજી અને વાળીનાથ આ ત્રણે રાજસ્થાની પંથનાં અનેક સ્થાનકો આપણા ગુજરાતમાં છે. ગુજરાતના માલધારીઓમાં મુખ્ય રબારી અને



ભરવાડ એ બે જાતિઓ છે. એમાં રબારીઓની મુખ્ય ત્રણ પેટાજાતિઓ ગુજરાત-સૌરાષ્ટ્રમાં છે. (૧) પાટણવાડિયા (૨) સોરઠિયા અને (૩) ભોપા. પાટણવાડિયાનો વસવાટ ઉત્તર ગુજરાતમાં, સોરઠિયાનો પોરબંદરાદિમાં અને ભોપા રબારીઓનો દ્વારકા પંથકમાં છે. ચારણ અને રબારી બન્નેનો સંબંધ રાજસ્થાન સાથે છે. પરંતુ પાટણવાડિયા રબારીઓના સામાજિક એકમને વિશેષ સંબંધ રાજસ્થાન સાથે છે તેથી ગોગાજી અને વાળીનાથ એ બન્નેમાં માનનારા રબારીઓમાં મુખ્યતઃ તો પાટણવાડિયાનો જ સમાવેશ થાય છે. 'રેગ્ડી'માં દેવ કે દેવીના કોઈ પરચાની જ ઘટના હોય છે. સરજુ, આરણ્યું, ડાક પરના છંદો જેવો જ આ મુખ્યત્વે પાટણવાડિયા રબારીઓમાં ગવાતો પ્રકાર છે. ગોગા ચૌહાણ જેવા સર્પરૂપ દેવ છે. જેના થાનકમાં સર્પ જ હોય છે. માલધારી કોમને સર્પદંશ જેવી આપત્તિનો ભય રહે છે. સૌરાષ્ટ્રમાં ભોપા તથા સોરઠિયા બન્ને રબારીઓ તોતળા માતા, મમ્માઇના ઉપાસકો છે. તેઓ માને છે કે માતાની થાનકની પીંછી ફરે અને સરજુ ગવાય તે સાથે જ ભયંકર વિષ પણ ઊતરી જાય છે. ચર્યાપદના જ કુળના સરજુગાનનો અને દેવી મમ્માઈના મુખ્ય પૂજક અને પ્રવર્તક સોલંકીયુગના જ વૈશ્ય સુતાર જાલણ છે. માનસરોવર જઈને ચર્યાગાનને તથા મમ્માઈ માતાની ઉપાસનાને ગુજરાતમાં લાવનાર જાલણ જ્ઞાતિએ વૈશ્ય સુતાર છે, પરંતુ માતાના મુખ્ય જે પાંચ મઢ છે તેના અનુયાયીઓમાં તો વૈશ્ય-સુતાર ઉપરાંત ભોપા અને સોરઠિયા રબારીઓ પણ છે. શંખ, મોરપિંછ વગેરે સ્થાપીને લોજમાં માતાનો પહેલો મઢ સ્થપાયો. કળશ, પૂંજ, નવરાત, સર્પદંશના ઉપચાર રૂપે સરજુગાનની પરંપરા ચાલી.

રામદેવજી પીરને માનનારો-આરાધનારો અનુયાયીઓનો વર્ગ ગુજરાત તથા રાજસ્થાનમાં મોટામાં મોટો છે. રામદેવજીને અવતારી નકળંક દેવ તરીકે મનાય છે. મહાધર્મની પાટપૂજા પ્રાચીન મૂળ ધરાવે છે. ખુદ રામદેવજી પોતે નાથપંથના દીક્ષિત હતા. મહામાર્ગની સાધના અને પાટપૂજાને સ્વીકારતા હતા અને કળિયુગનાં અંત માટેના નકળંકના અવતારની લોકશ્રદ્ધા એમણે જગાડેલી, પરંતુ છેલ્લી કેટલીક સદીથી પાટપૂજાનું પણ કેન્દ્ર રામદેવજી મનાયા. અને રામદેવજીને ખુદને જ નકળંકનો અવતાર માન્યા. પાટપૂજાના મુખ્ય આરાધના રૂપમાં રામદેવજીનો સ્વીકાર થયો તેના કારણમાં હરજી ભાટીનો જ અઢી સદી પછી જ વિશેષ વ્યાપક બનેલો પ્રભાવ જણાય છે. દેવનારાયણ, પાબુજી અને ગોગા ચૌહાણ ત્રણે લોકદેવો છે. ત્રણે યુદ્ધવીર છે. જ્યારે રામદેવજી સાદ્યંત ધર્મવીર છે. જીવતા જ સમાધિ લીધેલી છે. અનુગામી પરંપરામાં ધર્મવીર કે લોકદૃષ્ટિએ સંત મોટા ભાગે જીવતા સમાધિ લે છે. રામદેવજીનો સમય ઈ. ૧૩૫૦ પછી મનાય છે. આ ગાળામાં જ

નાથપંથ અને મહાપંથની સાધના અને દર્શનની ધારાઓનો સમન્વય થયો અને તેના કેન્દ્રમાં ઉગમસી ભાટી રહ્યા છે. મહમ્મદ તુઘલકના અવસાન પછી દિલ્હીની ગાદીએ બેઠેલા ફીરોજશાહ તુઘલકે ચૌદમી સદીના ઉત્તરાર્ધના ચારેક દશકાઓમાં ધર્માન્ધતાથી કાળો કેર વરતાવ્યો. હિન્દુ મંદિરો તોડ્યાં, ધર્માન્તરણો કર્યાં એ સાથે જ પોતે કટ્ટર સુન્ની હોવાથી શિયા મુસલમાનોની પણ હત્યા કરી. વિઘાતક પરિણામને અટકાવવા ગુરુગોવિંદસિંહ, નાનક, કબીર વગેરે એ કાર્ય કર્યું. જેમાં ઇસ્લામના જ અનુયાયી એવા પીરોનું પણ પૂરક-ઉપકારક યોગદાન રહ્યું. આ ગાળામાં શિયા મુસ્લિમો પર અત્યાચાર થયા તે સ્થિતિના ઉકેલ માટે મૂર્તિપૂજાના વિરોધ અને ઇસ્લામના પ્રચાર માટે શિયા મુસ્લિમસંતો ભારતમાં આવ્યા. ઈરાનથી શિયાપંથના શમ્સુદ્દીન પ્રચારાર્થે આવ્યા. કાશ્મીર અને ગુજરાતમાં રહ્યા. હિન્દુ ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો. નિર્ગુણને મુખ્ય રૂપે ભજતી જ્યોતની જ ઉપાસના કરતી પાટઉપાસના જ કેન્દ્રમાં લાવી ધર્માન્તરિત શિયાનો ભારતીય અનુબંધ દૃઢ બનાવ્યો. સતધર્મનો પ્રચાર કર્યો. આથી જ ધર્માન્તરિત ખોજા વગેરેમાં પાટપૂજાનાં મૂળ દૃઢ બની ટક્યાં. રામદેવપીરના દાદા રણસી તુંવર પોતે પીરપરંપરા સાથે સંકળાયેલા હતા. પાટપૂજાના કેન્દ્રમાં રામદેવજી આવતાં જ લીલો નેજો ધર્મનું પ્રતીક બન્યો. રામદેવજી ધર્મવીર છે, યુદ્ધવીર નથી. આથી એમના જીવનકાર્ય પર 'ગાથા'નું સર્જન થયું નથી.

* * *

સત્તરમી-અઢારમી સદીના વાગડવીર ગલાલેંગની કથા પણ ગુજરાત-રાજસ્થાનની સમાન સંપદારૂપ છે. ગલાલસિંહ આ ઐતિહાસિક કથાનો નાયક છે. જે પૂરબિયો ચૌહાણ છે. ગલાલસિંહનો સમય ઈ. ૧૬૭૪-૧૬૯૫ જણાય છે. કથાનાયક વાગડનો છે. વાગડ ઉત્તર ગુજરાતના સીમાડા પર આવેલો મેવાડ તથા માળવાને સ્પર્શતો પ્રદેશ છે. ભાષાકીય અને સાંસ્કૃતિક દૃષ્ટિએ વાગડનો અનુબંધ ગુજરાત સાથે જ છે, પરંતુ ભાષાકીય ધોરણે રાજ્યવિભાજન થયું તેમાં આ વાગડ પ્રદેશનો સમાવેશ રાજસ્થાનમાં થાય છે. આ વીર બલિદાન પછી બહુ જ ટૂંકાગાળામાં ઠાકરડા ગામના જોગી અમરાએ 'ગલાલેંગ'ની રચના કરી અને તે રાજસ્થાન અને ગુજરાત બન્નેમાં જોગીઓ દ્વારા કેન્દ્રો પર ગવાતી રહી અને લોકપ્રિય બની. પન્નાલાલ પટેલે તેના પર 'ગુલાલસિંહ' નામની નવલકથા લખી છે. ડૉ. હસુભાઈ યાજ્ઞિક આ કૃતિને લોકમહાકાવ્યકુળની ઐતિહાસિક ગાથા ગણાય કે કેમ ? એ સંદર્ભે નોંધે છે કે : ''આવી રચનાનો સમાવેશ સાહિત્ય અને લોકસાહિત્ય એ



બન્નેના સીમાડાની વચ્ચેના સંધિ પ્રદેશમાં થાય અને એમાં મોટાભાગની રચનાઓ BARDIC (બારોટી કે ચારણી) છે. વિશ્વના મોટા ભાગના બધા જ FOLK-EPIC આ પ્રકારના છે.'' (પૃ. ૨૮૧). ઊભા પાકનું ભેલાણ કરતાં વકરેલા સૂવરથી વસ્તીને ભયમુક્ત કરી એ બદલ ગલાલેંગને શાબાસી આપી. અહીં કેન્દ્રમાં પુરબિયા ચૌહાણ અને પરમાર વચ્ચેનું વેર છે. એનું મૂળ ધાડ કે લૂંટમાં છે. જરજાગીર હાથ કરવા, જમાવવા, ટકાવી રાખવા, ગુમાવેલા રાજ્ય કે જાગીર પાછી મેળવવા માટે લૂંટ કે ધાડ સામાન્ય હતાં. ચાવડા વંશની સત્તા સુધી એ જોવા મળે છે. અને ચાવડા રાજા નથી પરંતુ લૂંટારા છે એવા અપયશને ધોવા, તે વંશના રાજવીએ અગ્નિસ્નાન કરેલું તે કથા પણ જાણીતી છે.

* * *

ગુજરાત અને રાજસ્થાન પ્રદેશની લોકકથાઓના તુલનાત્મક અભ્યાસમાં સહાયક બનતી કેટલીક મુખ્ય કથાઓની વિગત અહીં આપી છે; સંદર્ભો આપ્યા છે. આ દૃષ્ટિએ સદેવંત-સાવલિંગા કે મારુ-ઢોલા જેવી અનેક કથાઓ જે તત્ત્વતઃ મુખ્યત્વે મનોરંજક છે. શેણી-વિજાણંદ, નાગજી-નાગમતી, રાણક-ખેંગાર, મેનાગુર્જરી એમ અનેક કથાઓ બન્ને પ્રદેશોમાં મળે છે. ગુજરાત અને રાજસ્થાનમાં પ્રચલિત પૌરાણિક કથાઓ તથા વિધિવિધાન સાથે સંલગ્ન લોકદેવાદિની કથાઓનાં ઉપલબ્ધ બન્યાં તેટલાં ગ્રામીણ અને આદિવાસી બન્ને ક્ષેત્રોનાં કથાનકો અહીં ડૉ. હસુભાઈ યાજ્ઞિકે આપ્યા છે. શ્રદ્ધાસ્થાન, પરચા, જીવતા સમાધિ, મૃત્યુ પછી પણ જીવનની અમરતા, જાતસમર્પણ પછીનું પ્રાગટ્ય, સમાધિ પછી દર્શન આપવા, સદેહે સ્વર્ગ-ગમન જેવી લોકશ્રદ્ધા જ એક વીરનું લોકદેવમાં રૂપાંતરણ કરે છે. 'હજરા-હજૂર' હોવાની માન્યતા અને લોકશ્રદ્ધા ખાસ તો દેવીભક્ત અને ભૂવાસંસ્થાનો મુખ્ય આધાર છે. લોકોમાં એવી દૃઢ માન્યતા હોય છે કે અમુક ભક્ત કે ઉપાસકને જ દેવી હાજરા-હજૂર છે. દૈવીશક્તિ એને જ સદેહે દર્શન આપે છે, એની સાથે વાતચીત કરે છે, એની જ વિનંતીને સાંભળે છે, કષ્ટનિવારણ કરે છે. ભીલ સાધુ કે ભોપા પોતાના પંડમાં આરાધ્યનો પ્રવેશ અનુભવે છે. અને એ ધૂણીને લોકદેવનું માધ્યમ બને છે. મનોશારીરિક અનુભૂતિ કે પ્રતીતિની જ આ એક પ્રકારની મનોદશા છે. જેમાં બધે જ સ્વાર્થ અને છળ હોતાં નથી. વિધિસંલગ્ન કથાઓનાં સમ્પ્રસારણ અને સાતત્યમાં ભૂવા, ઓઝા, ભોપા, સાધુ, કામડિયા, સાધ જેવી વ્યક્તિઓનો ધર્મવિધિસંલગ્ન એવી સંસ્થાના રૂપમાં જ વિકાસ થયો. આનાં પરિણામે જ સાકા, ગાથા, લોકગાથા, પવાડા, કિંવાળ, ભારત વગેરેનો

વિકાસ થયો.

ભૌગોલિક, ધર્મશ્રદ્ધાગત અને ભાષાકુળગત સંબંધ ધરાવતા ગુજરાત અને રાજસ્થાનની ધર્મસંલગ્ન કથાઓના તુલનાત્મક અભ્યાસને અંતે બે મુખ્ય બાબતો ડૉ. હસુભાઈ યાજ્ઞિક બતાવી આપે છે : પ્રદેશ-ભાષા-જાતિ-સમય જેવા ભેદથી જેમ એક જ સ્રોતની કથામાં વિવિધ રૂપાન્તર થાય છે, તેમ ધર્મનાં પંથ અને સાધનાપદ્ધતિના ભેદના કારણે પણ કથામાં રૂપાંતર થાય છે. ગુજરાત અને રાજસ્થાનમાં બીજમાર્ગી પાટઉપાસના, નાથપંથ, કબીરપંથ અને રામદેવપંથ મુખ્ય છે.

પૌરાણિક આખ્યાનકુળની, નાથસંલગ્ન અને ઐતિહાસિક ગાથામૂલક - એમ ત્રણ પ્રકારની ગુજરાતી-રાજસ્થાની કથાઓનાં આ તુલનાત્મક અભ્યાસનાં સાંસ્કૃતિક મૂલ્ય સંદર્ભે પણ ડૉ. હસુભાઈ યાજ્ઞિકે નોંધ કરી છે. જાતિના ગૌરવની રક્ષા અને ગૌરક્ષા, વચનપાલન આદિ માટે જાતબલિદાનની તત્પરતા, ચમત્કારને કારણે કથા પ્રસરે છે. પણ આવાં સમ્પ્રસારણમાં કેટલાંક કારણો, નિમિત્તો અને વ્યક્તિઓ હોય છે. મધ્યકાળમાં કથાઓનું સમ્પ્રસારણ કયા કયા વાહકો દ્વારા થયું, કયા કયા નિમિત્તો અને હેતુએ થયું, એમાં કોઈ વાર્તાનો પ્રભાવ તત્કાલીન જ રહ્યો તો કોઈ તે પ્રદેશ/જાતિમાં સંસ્કૃતિનું મૂળ બની ટકી રહી ! આ સમગ્ર પ્રક્રિયા અહીં તુલનાત્મક કથા-અભ્યાસમાં સિદ્ધ કરવાનો પ્રયત્ન થયો છે. જાતિગત પરિસ્થિતિ, શ્રદ્ધા, મૂલ્ય, સંસ્કૃતિની અનેક બાબતો વગેરે પણ આ કથાશ્રયી તુલનાત્મક અભ્યાસમાં સમાયેલી છે.

છેલ્લાં પચાસેક વર્ષથી મધ્યકાલીન ગુજરાતી કથાઓ, વિશ્વની તથા વિશેષતઃ ભારતનાં વિવિધ રાજ્યોની લોકકથાઓ વગેરેનો અભ્યાસ સતત ચાલુ રાખનાર ડૉ. હસુભાઈ યાજ્ઞિકને ગુજરાત અને રાજસ્થાનની લોકકથાઓનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરવાની ઈચ્છા હતી તેથી પરિયોજના રજૂ કરી અને સવા બે મહિનાના સમયગાળામાં અભ્યાસ મહાનિબંધ રૂપે આ ગ્રંથ પ્રગટ થયો. તુલનાત્મક કથાઅભ્યાસ માટે જરૂરી કથાસાર અને અંતે તારણો આપ્યાં છે. ગુજરાતી ભાષામાં ગ્રંથરૂપમાં તુલનાત્મક કથા-અભ્યાસનું આ પહેલું કાર્ય છે.

(‘ગુજરાતની અને રાજસ્થાનની કથાઓ’ – ડૉ. હસુ યાજ્ઞિક, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૩, પ્રકાશન : શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્યકેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી : રાજકોટ, મૂલ્ય રૂ. ૧૭૦, પૃ.સં. ૩૨૮)



૯

# મૂલ્યનિષ્ઠ શિક્ષણમાં કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યની ભૂમિકા

ડૉ. અંબાદાન રોહડિયા

ભારતીય સાહિત્યમાં શિક્ષણ અને સંસ્કારનો સુભગ સમન્વય થયો છે. પ્રાચીનકાળથી જ ઋષિમુનિઓને ત્યાં આશ્રમશિક્ષણની વ્યવસ્થા કરવામાં આવતી હતી. રાજા-મહારાજાઓ અને શ્રીમંતોના સંતાનો પણ આશ્રમમાં રહીને વિદ્યાભ્યાસ કરતા હતા. આ પરંપરાનું વિશેષ મહત્ત્વ એ છે કે એ સમયે શિક્ષણમાં માનવમૂલ્યોની વાતને પ્રાધાન્ય અપાતું. ખરા અર્થમાં તો આ શાળાઓમાં માનવને જન્મજાત મળેલી પ્રકૃતિનું ઉર્ધ્વીકરણ કરી સંસ્કૃતિનું સિંચન કરવામાં આવતું હતું. સદ્ગુણ સંપન્ન, ચારિત્ર્યશુદ્ધ વ્યક્તિત્વના નિર્માણ માટે માનવતાનો મહિમા સમજાવવામાં આવતો હતો. અરણ્યવાસી ઋષિમુનિઓએ માનવને સભાન પ્રયત્નો રૂપે શિક્ષણના માધ્યમથી સંસ્કૃતિમૂલક આચાર-વિચાર તરફ વાળેલો, તેની જીવનદૃષ્ટિમાં આવેલા આ પરિવર્તનને ભારતીય સમાજમાં સવિશેષ સ્વીકૃતિ મળેલી, એટલું જ નહીં. તે ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ બની ગયેલ. આથી અહીં શિક્ષણ અને સંસ્કૃતિને અવિભાજ્ય ગણેલ છે.

અંગ્રેજીમાં સંસ્કૃતિ માટેનો શબ્દ છે ‘કલ્ચર’. તેનો મૂળ અર્થ થાય છે ‘ગ્રોથ-વિકાસ’. મેથ્યુ આર્નોલ્ડ ‘કલ્ચર’ને ‘સ્વીટનેશ ઍન્ડ લાઈટ’ અર્થાત્ ‘મધુરતા

અને પ્રકાશ' કહે છે. 'ભગવદ્ગોમંડલ'માં સંસ્કૃતિના વિવિધ અર્થો આપેલા છે, તેમાં એક અર્થ છે : 'અમુક વિશિષ્ટ સંસ્કારોનો સમુદાય એટલે સંસ્કૃતિ'. કાકાસાહેબ કાલેલકર યથાર્થ કહે છે કે, 'માણસ જાતનો આપણે ઉદ્ધાર ચાહતા હોઈએ તો ધર્મનું તેજ, માનવતાની સંસ્કારિતા, ચારિત્ર્યનિષ્ઠાની વીરતા અને મહેનત મજૂરીની નિષ્પાપતા એ બધી વસ્તુઓનો આપણે સમન્વય સાધવો જોઈએ. પ્રેમ અને તેજસ્વિતા, ત્યાગ અને ઉદ્યોગિતા એ સૌથી મોટી વસ્તુઓ છે.'

વસ્તુતઃ તો માનવતા માટે નૈતિકમૂલ્યો અને ઉમદા વિચારો જરૂરી છે. વિવિધ ક્ષેત્રમાં પ્રગતિ આવશ્યક છે, પણ તેમાં માનવતાનો મહિમા જરૂરી છે. રવીન્દ્રનાથ ટાગોર કહે છે કે, 'સબાર ઉપર માનુષ'. સર્વથી ઉપર તો મનુષ્ય જ છે. સંસ્કૃતિના મુખ્ય બે પ્રકાર છે, ભદ્ર-શિષ્ટ સંસ્કૃતિ અને સંત સંસ્કૃતિ. આ ઉભય કિનારા વચ્ચે વહે છે લોકસંસ્કૃતિ. લોકસંસ્કૃતિમાં ગ્રામ્યજનોનાં વિશ્વાસ, નિષ્ઠાઓ, આચરણ અને રીતરિવાજનો સમાવેશ થાય છે. લોકસંસ્કૃતિ સાથે લોકધર્મ, લોકવિશ્વાસ, લોકમાનસ, લોકમર્મ, લોકશ્રદ્ધા અને લોકજીવન અભિન્ન રીતે સંકળાયેલ છે. લોકસાહિત્યની રચનામાં આ બધા તત્ત્વો એક યા બીજા રૂપે સંકળાયેલા હોય છે.

ભારતમાં લોકશાહીની શરૂઆત થયા પછી શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન થયું છે, બીજી તરફથી આજે વિશ્વમાં ભૌતિક વિકાસ ખૂબ જ થયો છે. વૈજ્ઞાનિક સાધનોએ વૈશ્વિક આદાન-પ્રદાન વધાર્યું છે. આથી આજે રાષ્ટ્રીય નહીં પણ આંતરરાષ્ટ્રીય કલ્ચરનો પ્રભાવ વધ્યો છે, આથી વિશ્વની પ્રજા એકમેકના સંપર્કમાં આવી છે અને તેનો પ્રભાવ અનેકવિધ બાબતો પર દૃષ્ટિગોચર થાય છે. અલબત્ત, એનાં લાભાલાભ અવશ્ય છે, પરન્તુ દરેક સમાજ પોતાની મૂળ પરંપરાથી વિમુખ થઈ રહ્યો છે. આજે બહુ રાષ્ટ્રીય સંસ્કૃતિ સામે અનેક પડકારો છે. કેમકે, વિશ્વ આજે સતત અણુયુદ્ધ અને ગ્લોબલવોર્મિંગના ભય વચ્ચે જીવે છે. એક તરફથી વિશ્વની મહાસત્તાઓ પોતાનું આધિપત્ય સ્થાપવા અને વૈપારાર્થે પરમાણુશસ્ત્રો વિકસાવે છે. આજે વિશ્વનો માત્ર એક વખત નહીં, પણ હજાર વખત વિનાશ થાય એટલાં શસ્ત્રો ઉપલબ્ધ છે. ન્યૂક્લીયર બોમ્બ જેવાં વિનાશકારી શસ્ત્રો જ્યારે કોઈ હિંસક સરમુખત્યાર તાનાશાહના કે આતંકવાદીના હાથમાં આવે તો તેનું શું પરિણામ આવે ? કેમકે, યંત્ર તો આખરે યંત્ર જ છે. એનાં વિનાશકારી પરિણામો વિશ્વની પ્રજાએ જોયા છે, એટલું જ નહીં આજે પણ તેમની યાતના ઓછી નથી થઈ, જાપાન પર ફેંકાયેલા બોમ્બની અસર નવજાત બાળકોએ પણ ભોગવવી પડે



છે. તો જૈહાદીઓની અમાનવીયતાને વિશ્વની પ્રજાએ વગર કારણે સહેવી પડે છે. કાળજા કંપાવતી એ ભયાનક દશ્યાવલી માનવની રાક્ષસીવૃત્તિની પરિચાયક છે.

બીજી તરફથી વિશ્વમાં આજે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ અને સુનામી જેવી ઘટનાઓ ગ્લોબલ વોર્મિંગની ચેતવણી આપતી રહે છે, એ ભયાનક પરિસ્થિતિના મૂળમાં પણ કુદરત નહીં માનવની જ લોભવૃત્તિ અને સ્વાર્થીવૃત્તિ જ છે. તેને જો મૂલ્યનિષ્ઠ શિક્ષણ દ્વારા નાથવામાં નહીં આવે તો પશુપંખીની હત્યા, ભૃણહત્યા અને માનવસંહાર ક્યાં જઈને અટકશે તેની આજે કલ્પના પણ થઈ શકતી નથી. મૂલ્યનિષ્ઠ શિક્ષણ દ્વારા આપણે ધાર્મિક અને સાંપ્રદાયિક, નાત-જાતના કે અમીર-ગરીબના ભેદભાવને ભૂલાવીને માનવતાસભર જીવન જીવવાની જરૂર છે, એ સંદર્ભે કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યની ભૂમિકા વિશે થોડી વાત કરવાનો ઉપક્રમ છે.

ભારતીય સંસ્કૃતિમાં રામાયણ, મહાભારત, વિવિધ પુરાણો અને વેદ-ઉપનિષદ્ આદિ ગ્રંથોનો વિશેષ મહિમા છે. પ્રાચીન ઋષિમુનિઓએ કરેલ ચિંતન અહીં અર્કરૂપે શબ્દાંકિત થયું છે. એ ગ્રંથોમાં કહેવાયેલી વાતો સુત્રાત્મક રીતે દુહા, લોકગીતો, ભજનો, લોકકહેવતો અને લોકકથારૂપે આમ જનતા સુધી પહોંચાડવાનું કામ લોકમર્મીઓએ કર્યું છે. તેમાં કહેવાયેલી વાત આબાલ-વૃદ્ધ, સાક્ષર-નિરક્ષર અને નાત-જાતના ભેદવગર સૌને ગળે ઉતરે છે. કેમકે, લોકસમાજનું ફલક અતિવ્યાપક છે. તેમણે જે ગુણોનો મહિમા વ્યક્ત કર્યો છે, તેમાંથી કેટલાંકની ટૂંકમાં વાત કરીએ.

**(૧) આતિથ્ય-અતિથિ દેવોભવ :**

ભારતીય સમાજમાં માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ અને અતિથિ દેવોભવ એમ કહેવાયું છે. માતા-પિતાનો મહિમા થાય એ તો સમજી શકાય એવી વાત છે. કેમકે, બાળકના ઉછેરમાં માતા-પિતાએ સવિશેષ ભોગ આપ્યો હોય છે, તો તેમની ઉત્તરાવસ્થામાં બાળકની પણ ફરજ છે કે, તે માતા-પિતાની સેવા કરે, પરન્તુ અતિથિ માટે આટલો આદર એ તો ખરેખર આવકાર્ય અને અનુકરણીય છે, કેમકે, તેની સાથે તો આપણો કોઈ લોહીનો કે અંગત સંબંધ નથી, અલબત્ત, અતિથિ ધર્મ માટે ભક્તકવિ દુલા કાગ કહે છે કે :

*એ જી તારાં આંગણિયા પૂછીને કોઈ આવે રે;*
*આવકારો મીઠો... આપજે.*

*માનવીની પાસે કોઈ માનવી ન આવે...રે (૨)*
*એ જી તારા દિવસોની પાસે રે દુ:ખિયા આવે... રે.*

માણસને કોઈની પાસે હાથ લંબાવવાનું ગમતું હોતું નથી, પરિસ્થિતિવશ એ આંગણે આવે છે. એ સમયે એને ઉમળકાથી આવકાર આપવો એ આપણી લોકપરંપરા છે. સંપત્તિ કેટલી છે, એ મહત્ત્વનું નથી પણ સદ્‌ભાવ હોવો જરૂરી છે અને એ ન હોય તો મેડી પણ મસાણ-સ્મશાન જ ગણાયને ?

*મે'માનુને માન, દલ ભરીને દીધા નઈ;*
*ઈ, મેડી ન'ઈ મસાણ, સાચું સોરઠિયો ભણે...*

વિશ્વની સઘળી સંપત્તિ મળે પણ તેની સાર્થકતા શું ? જેમ ભોજન સુપથ્ય હોવું જોઈએ, અન્યથા અજીરણ (અપચો) થઈ જાય, તેમ ત્યાગીને ભોગવવામાં જ સુખ છે. ભગવાન કૃષ્ણે ગીતાજીમાં કહ્યું છે કે, 'તેન ત્યક્તેન ભૂંજીતા' વસ્તુતઃ તો સંસારીને ત્યાં તૈયાર થતાં ભોજનની શુદ્ધિ જ અતિથિ છે. ઘરબારી વ્યક્તિને ત્યાં મહેમાન આવે એતો સદ્‌ભાગ્ય ગણાયું છે. ઉજળા દિવસની એંધાણી જ અતિથિ ગણાતો, મને યાદ છે કે, મારા દાદા ભોજન કરવા બેસે એ પહેલો ચોરે કોઈ મહેમાન હોય તો તેમને બોલાવવા માટે અમને મોકલતા. આપણી આતિથ્ય ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે શેઠ સગાળશા, ચંગાવતી અને ચૈલયો.

**(૨) આશરાધર્મ-માનવતાનો મહિમા :**

લોકકથા અને લોકગીતોમાં કે સંતવાણીમાં આંગણે આવેલ જીવમાત્રને આશ્રય આપવાનો મહિમા ગવાયો છે. વર્ષોથી લોકહૃદયમાં સ્થાન આપેલ શિબિરાજાનું ભજન માત્ર ગુજરાતમાં જ નહીં દેશ-વિદેશમાં સુખ્યાત છે. સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની કસોટી કરવામાં આવી અને રાણી તારામતી અને પુત્ર રોહિત સાથે તેમણે મહાસંઘર્ષ કરી પોતાની પરંપરાનું જતન કરેલું. એ રીતે જ એક બાજથી હોલાને બચાવવા માટે શિબિરાજા પોતાનું હાડ હોમે છે, ત્રાજવામાં બેઠેલ હોલાની સામે ભારોભાર માંસ આપવા સર્વસ્વની આહૂતિ આપતા શિબિરાજાની વાત આબાલ-વૃદ્ધને કાળજે કોતરાયેલી છે, અમે કિશોરાવસ્થામાં નારાયણ સ્વામીના કંઠે સાંભળેલ ભજન આજે પણ યાદ આવે છે, જે આશરાધર્મનો મહિમા સુપેરે પ્રગટ કરે છે.

ઝાલાવાડમાં આવેલ મૂળી તો માંડવરાય અને ભગવાન સ્વામિનારાયણને કારણે વિશ્વ વિખ્યાત છે, પણ એ તો પરમારોની રાજધાની. મૂળીના પાધરમાં એક



તેતરને બચાવવા માટે રાજમાતા જોમબાઈની આજ્ઞાથી એકસો વીસ લોકોએ બલિદાન આપેલા. એના પાળિયા આજે પણ મૂળીના પાધરમાં પૂજાય છે. શરણાગત વત્સલતાનો આ અમર ઇતિહાસ લોકકથાઓમાં અને લોકમર્મીઓના કંઠે મળે છે. તો અહીંના આસાજી પરમારે કચ્છની જત કન્યાને બચાવવા માટે મુસ્લિમ સૈન્ય સામે કરેલી લડાઈ, છેવટે જત અને પરમારના લોહીને ભળતું રોકવા ઈસાએ કરેલ પ્રયાસ અને એ વખતે આસાજીના મુખમાં મુકાયેલ દુહો માનવતાનો જ મહિમા દર્શાવે છે, જુઓ :

*ઈસા સુણ આસો કહે, મરતા પાળ મ બાંધ,*
*રાંધ્યો ફરી મ રાંધ, જત પરમાર એક જો.*

આજે પણ જત અને પરમારો એક પંગતમાં ભાઈ-ભાઈ બનીને જમી શકે કે એક સ્ટેજ પર નિર્વ્યાજ સ્નેહથી મળી શકે એ દૃશ્ય મેં મૂળી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ગંભીરસિંહજી પરમારના ગ્રંથલોકાર્પણ પ્રસંગે પ્રત્યક્ષ જોયેલું છે.

ભગવાન કૃષ્ણને ગોકુળમાં આશ્રય આપનારા નંદરાજાનો નેશ કવિઓને તો મેરુ સમોવડ લાગ્યો છે, એને બિરદાવનારા કવિઓની યાદી ઘણી મોટી છે, એટલું જ નહીં એમની કથા વિશ્વવિખ્યાત છે, પણ કવિશ્રી દાદુદાન ગઢવી- કવિ 'દાદ' બે દુહામાં તેનો મહિમા વ્યક્ત કરતાં કહે છે કે :

*આહીર કુળ અવની પર, હમીર નો હોત હયાત;*
*(તો) દેવકીજીનો દીકરો, કંસને હાથે કપાત... ૧*

*ગોકુળ કેરે ગોંદરે, નો હોત નંદનો નેશ;*
*(તો) જાદવ કેરું જગતમાં, ફૂટત નહીં ફરજંદ... ૨*

આહીરોની આ ઉજ્જ્વળ પરંપરાનું અનુસંધાન છે, આડિદર-બોડિદર ગામના દેવાયત બોદર. રા, નવઘણને આશ્રય આપનારા, પુત્રનું બલિદાન આપવા છતાં આંખમાં આંસુનું ટીપું ન પાડનારા સોનબાઈ ભેડા, જાહલના લગ્નપ્રસંગે નાતને તેડાવી નવઘણને ગાદીએ બેસાડયા પછી ઉગાના હૃદયવિદારક મરસિયા ગાનારા એ પરિવારની દૃઢતા અને વેદના કેવી છે, જુઓ :

*ઊગા તું તો ઊગ્યો, (અરેરે !) અમારે તો ઊગ્યે ય આથમ્યો;*
*કઈ દૃશ્ય જોવું તારી વાટ, (અરેરે) આવે ક્યાંથી હવે ઉગલો... ૧*

*તૂં જાતાં મૂળ તૂટીયાં, (અરેરે) મારી વંશ વેલીના;*
*કઈ દૃશ્ય જોવું તારી વાટ, (અરેરે) આવે ક્યાંથી હવે ઉગલો... ૨*

રા, નવઘણને જૂનાગઢથી આડિદર સુધી પહોંચાડનાર વાલબાઈ વડારણ, ભીમો રખેહર અને સોનબાઈ ભેડા - દેવાયત બોદર આહીરની સ્મૃતિ માત્ર મંદિરમાં નહીં સોરઠની ખમીરવંતી પ્રજાના હૃદયમાં કોતરાયેલી છે, એને ક્યારેય કાળનો કાટ નહીં લાગે કે માનવતાના દુશ્મનો તેને ખંડિત નહીં કરી શકે, એ તો સદાય પરોપકારાર્થે પ્રાણ આપવાની પ્રેરણા આપે છે અને આપતી રહેશે.

પોરબંદરના કાંધલજી મેરને જૂનાગઢના નવાબના સૈન્યથી બચાવવા માટે વંથલીના નાઘોરીઓ લડેલા. એ દિવસે વંથલીમાં સમૂહલગ્ન હતા, પાધરમાંથી નીકળેલ અતિથિને રોક્યા અને આશરાધર્મ ખાતર લગ્નમંડપમાં લોહીની હોળી ખેલાણી, પણ ઈમાન જાળવવા ખાતર વીરમૃત્યુનાં મંગળ ગવાયેલા. એ સંબંધો આજે પણ જળવાયેલ છે, ઓડદર ગામે શ્રી સામતભાઈ ઓડેદરા દ્વારા યોજાયેલ સંમેલનમાં મેર અને નાઘોરીઓને એ લોહીભાઈના સંબંધે એક સ્ટેજ પર બેઠેલા મેં પ્રત્યક્ષ જોયા છે.

આશ્રયદાતાના અકલ્પ્ય સંઘર્ષની આવી લોકકથાઓ આજે પણ સૌરાષ્ટ્રને ગામડે ગામડે મંડાતી રહે છે, ડાયરામાં કહેવાતી આ કથાઓ લોકસમાજમાં મૂલ્યનિષ્ઠ જીવનનો મહિમા વ્યક્ત કરે છે.

**(૩) ચારિત્ર્યશીલતા :**

લોકોએ સદાય ચારિત્ર્યને પ્રાધાન્ય આપ્યું છે. હીનવૃત્તિ ધરાવનારા ચારિત્ર્યભ્રષ્ટ લોકોનાં પડછાયાથી પણ બેન-દીકરીઓ દૂર રહે છે, જ્યારે લક્ષ્મણ જતીના અંશાવતારી સમા અણિશુદ્ધ ચારિત્ર્ય ધરાવનારા જોગીદાસ ખુમાણ, મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી, બહારવટિયા ચાંપરાજ વાળા, સ્વામી વિવેકાનંદ સદ્‌ગુરુશ્રી, બ્રહ્માનંદ સ્વામી અને ભીમોરાના ઓઢા ખાચરની સ્મૃતિ લોકહૃદયમાં અકબંધ છે.

ભારતીય લોકસંસ્કૃતિમાં કહેવાયું છે કે, સંપત્તિ તો હાથનો મેલ છે, તે આવે કે જાય એનો હરખ શોક ન હોય. કેમકે, મહિમા તો સદ્‌ચરિત્રનો છે, જે સંપત્તિથી ખરીદી ન શકાય. દુષ્કાળ પડે તો આ વૈજ્ઞાનિક યુગમાં અનાજ તો વિદેશથી આયાત કરી શકાય, અરે ! ધરતીકંપ કે જળહોનારત જેવી આપદા વખતે વિશ્વની સહાય પણ મળે, પરન્તુ સંસ્કારનો દુષ્કાળ પડે તો તેની આયાત ન થાય. માનવતા જો મરી પરવારે તો તેને સજીવન ન કરી શકાય. વસ્તુતઃ તો સદ્‌ગુણ હોય ત્યાં સંપત્તિ વહેલી મોડી પણ આવે, પણ સંપત્તિ હોય ત્યાં સંસ્કાર ન પણ આવે. સોનાની લંકામાં સંપત્તિની ખોટ નહોતી, ખોટ તો સંસ્કારની હતી.



આથી તો રાવણ, કુંભકર્ણ અને મેઘનાદ જેવા મહાબલી પણ રણમાં રોળાયા. અરે ! લંકાની અવદશાની વાત કવિશ્રી ‘દાદ’ સીતાજીના મુખે આ રીતે વ્યક્ત કરી છે, હનુમાનજી સાથે પ્રભુ રામને સંદેશા મોકલતા સીતાજી કહે છે કે :

*છે સ્ફટિક મણિના મહેલ, પણ વસનાર સૌ વિકરાળ છે;*
*સુવર્ણ તણા થાળમાં અહીં, રોજ પશુ રુધિર પિરસાઈ છે...*

તો ધૃતરાષ્ટ્રની રાજસભામાં પિતામહ ભીષ્મ, ગુરુદ્રૌણ અને પાંડવોની ઉપસ્થિતિમાં રજસ્વલા દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરવા મથનાર એ ચંડાળ ચોકડીને કુરુક્ષેત્રના મેદાનમાં બચાવનાર કોઈ ન હતું. તેની અવદશા સદાય લોકમુખે કહેવાતી રહે છે, પરન્તુ એ પૌરાણિક કથાનકોની સામે સોરઠની પાવનધરામાં હજી ગઈ કાલે જ થયા હોય તેવા ઐતિહાસિક પાત્રોની ચારિત્ર્યશીલતા લોકમુખે જળવાઈ છે.

દુષ્કાળમાં પોતાના પરિવાર સાથે સિંધમાં ગયેલા આહીરાણી જાહલ પર મોહિત થયેલ હમીર સુમરા સામે ઝઝૂમનારા દેવાયત બોદલના એ દીકરીની ખૂમારી, વટ અને શીલની વાતો જગપ્રસિદ્ધ છે. રા, નવઘણે આપેલ વચનને યાદ કરાવતાં તેણે કહ્યું કે, મારાભાઈના બલિદાનની અને મારા પિતાના ત્યાગની પણ તને સ્મૃતિ ન હોય તો પણ તું સોરઠનો રાજા છો અને હું સોરઠની પ્રજા છું, એ સંબંધે મારી લાજ રાખવા આવજે, આમ છતાં અવધી - સમયમર્યાદામાં ન આવી શકે, તો મારા નશ્વરદેહ પર ભાઈ તરીકે તું ચૂંદડી ઓઢાડી દેજે. હું મારા પ્રાણ અર્પીને પણ લાજ રાખીશ. એની ચારિત્ર્યશીલતા આજે પણ લોકહૈયે કોતરાયેલી છે કે :

*મેરુ તડોવડ તાત મારો, જેનું પેટ છે સાયરના પને;*
*જગ વચ્ચે કરી વંશ જાતો, આશરા ધરમ જાળવ્યો એણે.*

એ કચ્છ અને સિંધ પ્રદેશને યાદ કરીએ તો કચ્છ કેરાકોટનો શીલવંત યુવરાજ ઓઢો જામ યાદ આવે. અનન્ય વીરતા, યૌવન અને ચારિત્ર્યશીલતાના ત્રિવેણી સંગમ સમાન ઓઢા પર ઓળઘોળ થયેલી મોહાંધ ભોજાઈની દૃષ્ટિમાં કામભાવ દેખાતા તો શીલવંત ઓઢાએ તેને સમજાવવા લાખ કોશિષ કરી. તમે મારા માતા સમાન છો, છતાં ન માન્યા, છંછેડાયેલ નાગણની જેમ વેરવૃત્તિથી બદલો લેવાની વાત કરી, તો પણ ઓઢો એક જ વાત રટતો રહ્યો કે :

*હિ પલંગ હોથી જો, હોથી મૂજો ભા;*
*એંજી તું ઘરવાળી, સૌ મુંજી મા...*

ભાભીએ સ્ત્રી ચરિત્ર દાખવીને ઓઢાને દેશવટો અપાવ્યો, પણ ઓઢાએ એક હરફ ન ઉચ્ચાર્યો. જાણે અર્જુન અને ઉર્વશીની કથા ફરી તાજી થઈ. ઉર્વશી જેવી અપ્સરાના અફાટ, અવર્ણનીય અને મોહાસક્ત સૌંદર્યની અવહેલના કરી અભિશાપને હસતા મુખે સ્વીકારનારા અર્જુનની હરોળમાં સગૌરવ સ્થાન પામે તેવો ચારિત્ર્યશીલ ઓઢો લોકહૃદયમાં સદાય અવિચળ રહ્યો છે.

અકબર જેવા શહેનશાહ સામે સદાય ઝઝૂમતા રહેનારા મહારાણા પ્રતાપની પ્રતિજ્ઞા હતી કે, 'હોતી મુગલાની ક્ષત્રિય પુત્રીકો, કો જો લગ મીટાઉ ના, હોઉ ન શાંત, જોં લગ દિલ્લી ગઢ ઉજારું ના'... એથી તો રાજમહેલ છોડી અરવલ્લી પહાડમાં આથડનારાએ મહારાણા પ્રતાપની ચારિત્ર્યનિષ્ઠાનો મહિમા ગવાતો રહ્યો છે. તેમણે કે શિવાજીએ ક્યારેય દુશ્મનોની બહેન-દીકરીને અપમાનીત કરવાનો વિચાર કર્યો નથી.

ભાવનગર મહારાજા સામે બહારવટે નીકળેલ જોગીદાસ ખૂમાણે તો મહારાણી નાનીબાની રક્ષા કરી, તેમને ભાવનગરના સીમાડા સુધી સલામત પહોંચાડેલા. સુતાર કન્યાએ મોહાસક્ત બની ઘોડાની વાઘ પકડી, ત્યારે કહે, 'તું તો મારે મન કમરીબાઈ'. પિતૃતુલ્ય ભાવથી તેની વાત ટાળી દીધી. એકાદ વખત આંખમાં વિકારનો ભાવ આવ્યો હોય તો તેને મરચાનું ભરણ ભરીને નીતારી દીધેલ. ચોરે ડાયરામાં બેસે તો બજારથી વિમુખ થઈ બેસે. અરે ! સમાધાન પછી ભાવનગર મહારાજાએ યોજેલ નૃત્ય સમારંભને સવિવેક બંધ કરાવે અને નૃત્યાંગનાને પણ બહેન-દીકરી કહીને આદર આપે. આવા શીલવંત બહારવટિયાને જતી કહીને કવિઓએ બિરદાવ્યો છે કે;

*'પરનારી પેખી નહીં, મીટે માણા રા;*
*શીંગી રખ ચળિયા, જુવણ જોગીદાસીયા... ૧*

ભીમોરાના ઓઢા ખાચરની ચારિત્ર્યનિષ્ઠા એવી કે આજે ભીમોરામાં તેમની ડેરી પૂજાય છે અને લોકશ્રદ્ધામાં વિશ્વાસ ધરાવનારા લોકો સ્ત્રીને પ્રસુતી વેળાએ બાળક આડું હોય તો તેની નાડી ધોઈને પીવડાવે છે અને બાળકનો જન્મ થાય છે, આથી પાલરવભા પાલિયાએ દુહામાં તેમની પ્રશંસા કરી કે;

*તરિયા અન્ન નિંદર તજણ, ખટ ભલ બે જુગ;*
*ભમરો વિંઘણ ભૂપ, ઓળખ્યો તને ઓઢિયા. ૧*

*હે નાડી હમીર રા, વેદક હોડ વદાં;*
*પીધે પાવર રા, આડા ભાંગે ઓઢિયા. ૨*



આવી જ વાત બહારવટિયા ચાંપરાજ વાળાના સંદર્ભમાં પ્રચલિત છે. પોતે જેલમાં છે અને અંગ્રેજ જેલરના પત્નીને પ્રસુતીવેળા તકલીફ થયાના સમાચાર જાણી, પોતે મદદરૂપ બને છે, નાડી ધોયને પાણી તો આપ્યું, પણ ખુલ્લી તલવારે સૂર્યનારાયણની પૂજામાં બેસી ગયા, 'પ્રભુ, મારી લાજ રાખજો અન્યથા પ્રાણ ત્યાગીશ, મારી બહેનની તકલીફ મટાડજો.' બાળકના જન્મ પછી જ તેણે અન્નજળ લીધેલા. વસ્તુતઃ આવી લોકકથાઓ આમ જનતાને ચારિત્ર્યશુદ્ધિની પ્રેરણા આપે છે.

**(૪) પરોપકારાર્થે-ગૌરક્ષાર્થે-ધર્માર્થે-પ્રાણ આપવા :**

ગુજરાતની ગૌરવવંતી પ્રજાએ સ્વ માટે નહીં સર્વ માટે પ્રાણ અર્પવામાં જીવનની સાર્થકતા માની છે. આથી એવા લોકોને સમાજે સદાય યાદ રાખ્યા છે. ભગવાન સોમનાથના મંદિર પર અનેક આક્રમણો થયા છે, તેમાં હજારો લોકોએ પ્રાણ આપ્યાં છે, પણ હમીરજી ગોહિલની અનન્ય વીરતાને કારણે મંદિર પરિસરમાં તેની દેરી છે અને તેનું વિશાળ સ્ટેચ્યૂ પણ મંદિરના પ્રવેશદ્વાર સામે મૂકાયેલ છે. લોકહૃદયમાં સ્થાન પામેલા હમીરજીની કથા આજે પણ ડાયરામાં મંડાતી રહે છે;

*વેલો આવ્ય વીર, સખાતે સોમૈયાની;*
*હિલોળવા હમીર, ભાલા અણીએ ભીમાઉત... ૧*

*કરમાં કરમાળ કરે, ઈ જૂવે જગદીશ;*
*(એમ) સોમૈયાને શીશ, આલ્યું અરઠીલા ધણી.. ૨*

અંગ્રેજ દુશ્મનો વચ્ચે ઘેરાઈ જવા છતાં હથિયાર છોડવાને બદલે લડનારા જોધા માણેક અને મૂળુ માણેક જેવા બહારવટિયા; આંબરડીના પાધરમાં મુસ્લિમ સૈન્ય સામે માત્ર અગિયાર મિત્રો સાથે લડનારા ચારણવીર વિહળભા રાબા પ્રાણાંતે પણ અણનમ રહ્યા; તો મુસ્લિમ સૈન્ય સામે જેનુ કબંધ લડ્યું અને મૃત્યુ પછી જેણે ચારણકવિને ઘોડાનું દાન આપેલું એ જેતપુરના આંપરાજ વાળાને કવિઓએ આ રીતે યાદ રાખ્યા છે :

*'કમળ વિણ ભારથ કિંધો, દેહ વિણ દીધાં દાન;*
*વાળાં એ વિધાન, ચાંપા વિણ કિને ચડાવીએ.'*

એક હરિજન કન્યાની રક્ષાર્થે જઈને તેને છોડાવીને પોતાની બેલાડે ઘોડી પર બેસાડનારા ભાવનગરના યુવરાજ વખતસિંહ; યુદ્ધભૂમિમાં ઘાયલ થઈને પડેલ આલેક કરપડો પિતાની આજ્ઞાથી ઝોળીને બદલે ભેટ બાંધી ચાલતો ઘેર આવે એટલું નહીં જાણે યમદૂત સાથે વાદવદીને જીવને રોકી રાખે અને બીજા દિવસે

ડાયરા સાથે ચાલીને સ્મશાને જાય અને ચિતા પર બેસીને સૌની અંતિમ વિદાય લઈને દેહ છોડે; દ્વારિકામાં વાઘેરાણીઓ રણછોડરાયના મંદિર પર સમુદ્રમાંથી ફેંકાતા તોપગોળાથી મંદિરને બચાવવા ભીના ગોદડાઓ લઈને દુશ્મનોનો સામનો કરી અનન્યવીરત્વથી મંદિરનું રક્ષણ કરે, આ બધી વિગતો અવિશ્વસનીય અને અકલ્પ્ય હોવા છતાં અદ્‌ભુત અને અવિસ્મરણીય છે, ખરા અર્થમાં તો અડગ્ ધૈર્ય અને અનન્ય આત્મબળની પ્રતીતિ કરાવનારી આ ઘટનાઓ સેંકડો વર્ષથી લોકપરંપરામાં સચવાઈને સૌને પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે. સરહદે ઝઝૂમનારા સૈનિકોના આત્મબળની યાદ આપનારી આ વાતોમાં કંઈક તો તથ્ય હશે ભલે એની માત્રા ઓછી વધુ હોય.

**(૫) વેર અને વટમાં પણ વિવેક અને માનવતા :**

સૌરાષ્ટ્રની રસધાર, સોરઠી બહારવટિયા અને નટ પટાધર નીપજે જેવા લોકવાર્તાસંગ્રહો અને લોકમુખે સચવાયેલી લોકકથાઓમાંથી લોકસંસ્કૃતિનું સુપેરે દર્શન થાય છે. લોકસમાજમાં લડાઈ કે વેર સમોવડિયા સામે લેવાની વાત છે. લોકો વાતવાતમાં કહે છે કે 'ચકલીનો માળો ન ચૂંથાઈ' અને 'ઘેંસના હાંડલા ન ફોડાય.' સમોવડિયા સામે જ લડવાની મજા છે. અરે ! યુદ્ધભૂમિમાં પારોઠના પગલા ભરનાર, કે શરણે આવેલા દુશ્મનને પણ ન મારવાની વાત ભારતીય સંસ્કૃતિની ઓળખ છે. અલબત્ત, એ યુદ્ધનીતિ નથી. યુદ્ધમાં તો શામ, દામ, દંડ અને ભેદથી કોઈપણ રીતે દુશ્મનને ખતમ કરવાની વાત હોય છે, પણ આપણે ત્યાં તો રામાયણ, મહાભારત અને પુરાણકાળથી જ ક્ષમાને વીરનું ભૂષણ ગણેલ છે, તેનું પ્રતિબિંબ ઐતિહાસિક ઘટનાઓમાં પણ મળે છે, આપણાં પરાજ્યો પાછળ પણ આ બાબત જવાબદાર હોવાનું ઈતિહાસકારો માને છે. આમ છતાં, લોકો તો જય-પરાજયને નહીં પણ ખાનદાનીને જ પ્રાધાન્ય આપે છે, લોકપરંપરામાં જળવાયેલ આવા પ્રસંગોમાંથી બે-ચાર પ્રસંગોનો પરિચય મેળવીએ.

ભાવનગરના મહારાજા વજેસિંહ અને જોગીદાસ ખુમાણ વચ્ચે વેર છે, પરન્તુ મહારાજા જોગીદાસના પરિવારને માનપૂર્વક જાળવે. તેઓ જોગીદાસ ખુમાણના દીકરીબાનો લગ્નપ્રસંગ ઉજવે અને ગામ પણ આપે, જોગીદાસના પિતાનું અવસાન થતાં કારજ કરે અને જાતે સરાવવા બેસે, બન્નેનાં બાળકો લડે તો પોતાના કુંવરને ઠપકો આપે, જોગીદાસ પણ કુંવર દાદાભાના અકાળ મૃત્યુના સમાચાર સાંભળી ખરખરે જાય, જોગીદાસને પકડવાને બદલે સાથે બેસી જમે, જોગીદાસ હેમાળે હાડ ગાળવા જાય ત્યારે પાછા તેડાવે, સમાધાન વખતે બન્ને



સૌજન્ય દાખવે, મહારાજા સામેથી કુંડલા આપે તો જોગીદાસ ના પાડે અને આગ્રહપૂર્વક કુંડલા નહીં કોઈપણ પાંચ ગામ જ આપવા કહે. આ બધી વિગતો દુશ્મનાવટમાં પણ ખાનદાની અને માનવતાનો મહિમા વ્યક્ત કરે છે.

દેવળિયાના મંદોદરખાનનો એકનો એક પુત્ર ચારણના હાથે મરાણા પછી મંદોદરખાન સાચીવાત જાણીને ચારણને માફ કરે એટલું નહીં પોતાની ઘોડી આપીને દૂર મોકલી તેનો જીવ બચાવે છે. તો કલોજી લુણસરિયા લોકકથામાં ધંધુકાના બે મુસલમાન ભાઈઓ દાદો અને મીરો સામેથી લડવા આવે. દાદો ઘાયલ થાય અને સૈન્ય નીકળી જતાં તે દાદાને ઘેર લાવી ચાકરી કરી સાજો કરે. કૃતઘ્ન દાદો કલાજીની ગેરહાજરીમાં ગામ લૂંટવા આવે અને રાણીવાસ લૂંટવાની વાત થતાં મીરો ભાઈ સામે લડે અને કલાજીના પરિવારની સ્ત્રીઓને બચાવે. કલાજીની વીરતા અને વચનપ્રીતિ અંગે દુહો મળે છે કે :

*બેઠો બે વીસાં તણી, જડધર વાટું જોય,*
*પણ કલિયો વેંધુ કોય, પાંત્રીસે પોગાડ્યું... ૧*

ચિત્તોડના રાજકવિ બનેલ કવિ પીઠાશ પિતાજીના મૃત્યુનું વેર લેવા માટે યુવાન થયા પછી જઈ પિતાની હત્યા કરનારા ફૂવાને મારે, ફઈ ભાગવાનું વેળુ આપે, જાણ થતાં હમીર-નાગાજણ રાવળદેવનો વેશ લઈ આવે, એક દિવસ રાત્રે ચૂડી લેવા નીકળે, રાત્રે બન્ને ભાઈ સાથે જાય, ખબર પડી કે વેરી છે, પાછા આવવાનું વચન આપીને જાય, ચારણ્યને ખબર પડે, ને પવન વેગી સાંઢોથી પણ આગળ વધે તેવા અશ્વો લઈને પાછળ આવે છે અને કામ પતાવી નીકળી જવા કહે છે. આથી બન્ને ભાઈઓનું હૃદય પરિવર્તન પામે છે અને તલવાર તેના ચરણે ધરે છે, એ ઘટનાના બે દુહાઓ જુઓ :

*ચૂડી ચિત્તોડા, મૂલવતાં મોંઘી પડી;*
*હવે નાખીશ નિત્રોડા, પહેલા ભવની પીઠવા... ૧*

*પથારી પનંગ તણી, છીનકું ચડ્યે જાય;*
*(એને) જાય તો ઘડીયું જાય, પહોર ન જાય પીઠવા...૨*

ચોટીલાના રામા ખાચર અને ભોકા વાળા વચ્ચે નાની વાતમાં વેર બંધાણું છે. ભોકા વાળાના હાથે રામા ખાચરના ભત્રીજાની હત્યા થઈ છે. ફરી લડવા માટે નિમંત્રણ આપ્યું છે અને દુશ્મનો ભેગા મળ્યા છે, બીજી તરફ રામા ખાચરના દીકરીના લગ્ન લેવાયા છે ને બલોયા ઉતરાવવા માટે હળવદ ગયા છે. રાજવીએ

તેને રોક્યા છે, હીનવૃત્તિથી રોક્યા છે, સમાચાર મળતાં બન્ને સૈન્ય સાથે મળી દીકરીને બચાવે છે, એ પૂર્વે સોનીએ મરણિયો પ્રયાસ કરી નાગા બાવાઓની જમાતને રક્ષણ સોંપ્યું છે. સાધુઓએ દીકરીની લાજ બચાવી છે, છેવટે કોઈએ કહ્યું કે હવે હળવદનો રાણીવાસ સૂનો છે. ત્યારે રામા ખાચર અને ભોકો વાળો કહે, 'એ સૌ અમારી માતા અને બહેનો ગણાય, હળવદના રાણીવાસમાં લાખોની સંપત્તિ હોય તો પણ અમારે અગ્રાજ છે.' દીકરીને બચાવી બન્ને મિત્રો પાછા આવ્યા, કહે 'લગ્ન પૂર્ણ કરીને પછી સુખેથી આવજો અમે રાહ જોઈશું.' દીકરીબા કહે, 'કાકા તમે મને શા માટે બચાવી ?' હૃદય પરિવર્તન થયું. મિત્રો હરખથી ભેટ્યા અને વેરને વળાવી દીધું.

આપણી સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરતી આવી અનેક લોકકથાઓ, લોકગીતો, રાસડાઓ, દુહા-છંદ લોકડાયરામાં રજૂ થતા રહે છે, એનો ઉદ્દેશ માત્ર મનોરંજન નથી, એની રજૂઆત લોકસંસ્કારનું સિંચન કરે છે. તેમાં લોકસંસ્કૃતિને પ્રગટાવતાં એકાધિક ગુણો હોય છે. તે ક્યારેક તેજમલના રાસડારૂપે કે કાઠિયાણીની કટારની લોકકથા નિમિત્તે સ્ત્રીની વીરતા અને ચારિત્ર્યશીલતાની વાત કરે છે. ક્યારેક સુદામડાના કાનિયા ઝાંપડા અને જેતપુરના જોગડા ઢોલીના વીરત્વને સમાજ સમક્ષ પ્રગટ કરીને અઢારે આલમની અસ્મિતાને પ્રગટાવે છે. તો સમાધાનાર્થે બોલાવીને દગો કરનાર ખૂટલને તો બગસરામાં મૃત્યુ માટેય અયોગ્ય ગણી ધીક્કારે છે, એટલું નહીં ઘાયલ થયેલ પિતાને એ ઘરનું પાણી પણ ન પાતાં કહે છે કે, 'પ્રાચીનાં પીપળે પાણી પીવડાવીશ, પણ અહીંનું જળ આપણને ન ખપે.'

વસ્તુતઃ તો પાનબાઈ અને ગંગાસતીના ભજનોમાં કહેવાયું છે કે,

*''વચન વિવેકી જે નરનારી પાનબાઈ, બ્રહ્માદિક લાગે તેને પાય જીઃ*
*મેરુ રે ડગે જેના મનડાં ન ડગે, ભલેને ભાંગી પડે બ્રહ્માંડ જી.*

આ પંક્તિઓ લોકોના હૈયેને હોઠે રમતી રમે છે. અધરાત-મધરાત ગવાતાં આ ભજનો સૌને પ્રેરતા રહે છે. કેટલીક વાત સાદગીથી સરળતાથી કહે છે કે :

*'દેવા તો પડે છે અંતે સહુને નડે છે;*
*કરેલ કરમનાં બદલાં, દેવા તો પડે છે.'*

લોકજીવનમાં સૌથી હીન તો ખૂટલને જ ગણેલ છે. ખૂટલાયને મહાપાતક ગણેલ છે તો 'દો રંગા' વ્યક્તિનો સંગ ક્યારેય ન કરવાની સોનેરી શિખામણ



અપાયેલ છે. કેમકે, એ તો વારંવાર પોતાની સ્વાર્થવૃત્તિ પ્રગટ કરે છે. ઘડીક ગુરુ અને ઘડીક ચેલો બની જતો વ્યક્તિ તો બગભક્ત છે, લોકો કહે છે એનાથી તો પેલો કાગડો સારો છે, જેનો અંતર-બાહ્ય એક રંગ છે. વસ્તુતઃ તો અન્યોક્તિ દ્વારા કહેવાતી આવી વાતો સરળબાનીમાં, લોકભોગ્ય, પ્રત્યક્ષ અને સુપરિચિત ઉદાહરણ દ્વારા રજૂ કરવામાં આવે છે. આથી તેની અસર આબાલ-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ અને અઢારે આલમના હૃદયમાં ઉતરી જાય છે. સંતવાણી નિમિત્તે ગવાતાં ભજનો હોય, ડાયરામાં કે ચોરે મંડાતી લોકકથાઓ હોય, કે ગ્રામ્ય સમાજની સ્ત્રીઓનાં વિવિધ વ્રતો નિમિત્તે કહેવાતી વ્રતકથા હોય, કે રાત્રે ગ્રામ્યનારીઓ દ્વારા વિવિધ તહેવારો નિમિત્તે ગવાતાં રાસ, ગરબા અને માંડવડીઓ હોય કે પછી વિવિધ પ્રસંગોની ઉજવણી નિમિત્તે ગવાતાં વિધિગીતોમાં હાલરડાં, વ્રતગીતો, લગ્નગીતો કે મૃત્યુગીતો - મરસિયાં, છાજિયા, રાજિયા વગેરેનું ગાન થતું હોય આ બધી પ્રવૃત્તિઓ પાછળ એક સામાજિક હેતુ હોય છે. ખરા અર્થમાં તેમાંથી લોકજીવન અને લોકદષ્ટિનું પ્રતિબિંબ પ્રગટતું હોય છે. આથી તો તેનો સમાવેશ લોકવિદ્યાની એક શાખા તરીકે કર્યો છે અને એ લોકવિદ્યાનો અભ્યાસ આગળ વધીને લોકવિદ્યાવિજ્ઞાન સુધી પહોંચ્યો છે. આથી તો લોકવિદ્યાની વ્યાખ્યા આપતાં કહેવાયું છે કે, 'લોકવિદ્યા એ પરંપરાનું વિજ્ઞાન છે.'

આમ, કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યનો વિવેકપૂર્ણ અભ્યાસ થાય અને તેમાં નિહિત રહેલ વૈચારિક દૃષ્ટિનો અભ્યાસ થાય તો આપણને આ મૂલ્યનિષ્ઠ શિક્ષણમાં કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યની આ વિધેયાત્મક ભૂમિકાનો અવશ્ય પરિચય થશે, જે મનોરંજન સાથે સંસ્કારસિંચન પણ કરે છે.

૧૦

# લોકગીત કવિતા : ભાવ અને ભાષા

## બાબુભાઈ પેથાણી

ભાઈ-બહેનનાં ગીતો તો લોક-સાહિત્યમાં અનેરી ભાત પાડે છે.

લોકબાનીમાં જેમ ભાઈ-બહેનના હેતને બતાવે છે તેમ વાદવિવાદનાં ગીતો પણ આપ્યાં છે. પિયુ પલંગે પોઢેલ છે ને પોતાની સ્ત્રી વીંઝણો ઢોળે છે. ને એમાંથી અચાનક સ્ત્રીના હાથમાંથી વીંઝણો વછૂટી ગયો હશે, સાથે જ પુરુષના મુખમાંથી ગાળ વછૂટી હશે ને ? ને પછી સ્ત્રી રિસાઈને પિયરને પંથે પડી હશે.

*સાગ સીસમનો ઢોલિયો રે રસિયા !*
*અમરા ડમરાના વાણ અલબેલીના રસિયા !*
*ઢોલિયે તે પોઢશે કિયો ભાઈ રસિયા !*
*કઈ વહુ ઢોળે વા અલબેલીના રસિયા !*
*હાથ વછૂટચો વીંઝણો રે રસિયા !*
*મુખડે વછૂટી ગાળ અલબેલીના રસિયા !*

વહુ રિસાઈને ચાલી ત્યારે દેર, દેરાણી, નણંદ, સાસુ-સસરો, બધાં મનાવવા જાય છે પણ એ અલબેલી પાછી વળતી નથી, ત્યારે ?

*હાથમાં તે લીધી લાલ લાકડી રે રસિયા !*
*પરોણે પાછી વાળી રે અલબેલીના રસિયા !*



મુખડું ઠાંસોઠાંસ ભરાઈ જાય એવી ઉપમા 'અલબેલીના રસિયા' શબ્દોની સાથે ગીતનો ઢાળ ને તાલ પણ ઝમકવાળા છે. આ ગીત ગવાતું હોય ત્યારે સાંભળનાર ખરેખર રંગમાં આવી જાય છે, ડોલી ઊઠે છે.

આ હતો સોરઠી સજણાનો વઢય વેડનો પ્રણયપ્રસંગ, દામ્પત્યજીવનનો મીઠો મુશ્કુરાટ, ને ઊંડા અસીમ હેતના છલોછલ ભરેલા ઘડા, છતાં ઉપરથી પરોણે પાછી વાળીની ઝમક.

પરણીને વરઘોડિયા ચાલ્યા આવતા હશે. પણ પ્રણયભરી રાત્રિની રસભરી મસ્તી માણવાની બાકી હશે. પેટ ભરીને મીઠી ગોઠડી થઈ નહોતી, ત્યાં જ પિયુને પરદેશ જવાનું થયું હશે, પછી એ સ્ત્રી પીઠી ભરેલા હાથે ખોળો પાથરી સૂર્યદેવને વિનવતી હશે -

*સખી રે સૂરજને વિનવે રે,*
*ઘડીએ મોડેરો ઊગ્ય વા'લા,*
*ઘડિયા બે ઘડિયા શું રે કરો રે ?*
*વાલમને જાવું પરદેશ વા'લા.*

ને પછી નવરંગી ઓઢણીના પાલવડામાં પોતાનું ગોરું ગોરું મુખ છુપાવી આંસુ ભર્યાં નયનો ઢાળી ધડકતા હૃદયે સોરઠિયાણી પોતાના વહાલા પતિને પરદેશ વળાવવા ગઈ હશે. કેવી કટોકટીની ઘડી-પળ ? કઈ નવોઢાનું દિલ ત્યારે હાથમાં રહે ? સારસબેલડીનો આ વલવલાટ ને તલસાટ...! વિયોગી નારીની તડપન, અંતરને હલબલાવી મેલે એવું સૂનું સૂનું રુદન –

*વાલમને વળાવવા હું ગઈ 'તી રે,*
*ઊભી 'તી વડલા હેઠ મારા વા'લા.*

ગામ-પાદરના જટાજૂટ વડલા હેઠે જ સોરઠિયાણીએ વાલમના ઘોડાની વ્યાધ (લગામ) પકડી હશે, ઓશિયાળી બની ભમરિયાળા નેણ ઢાળી એ અંગનાએ પૂછ્યું હશે પોતાના વહાલા નાથને, ''ક્યારે પાછા આવશો ?''

પાછા ફરવાની તો એને ખબર નહોતી. શો જવાબ આપવો ? હૈયે આવ્યું તે કહી નાખ્યું.

*ગણજો ગોરી પીપરિયાનાં પાન,*
*એટલા રે દા'ડે આવશું રે લોલ.*

આટલા શબ્દો તો એ સારસના જોડ્ય જેવા દેવાંગી પુરુષના મુખમાંથી માંડ માંડ નીકળ્યા હશે.

*સ્ત્રીએ એની કલ્પના કેવી કરી હશે ?*
*હાર તૂટ્યો ને મોતી વેરાઈ ગયાં,*
*રોઈ રોઈ ભીંજાણી જાદર કાંચળી રે વા'લા.*

એક દોરામાં પરોવાએલો બન્ને રૂપી હાર તૂટી ગયો ને બે નવરંગા મોતી છૂટાં પડી વેરાઈ ગયાં. નોખં નોખાં... ને પછી સ્ત્રીની આંખમાંથી મેઘમલ્હાર જેવાં આંસુડાં દડક દડક... દડી પડ્યાં. છૂપા રુદને રોતી રહદળતી નવોઢા સોરઠિયાણી વાલમને વળાવી પાછી વાળી હશે ત્યારે વિયોગની એ ઘડી કેવી હશે ?

લોકગીતોની એક એક કંડિકાઓ જાણે હૃદયસોંસરવી આરપાર નીકળી જાય છે. પ્રીતની આગ બુઝાતી નથી. ક્યારેય ભુલાતી નથી. – એમાંય જો હૃદયમાંથી વિસારું તો તો –

જો વિસારું વ્હાલા, ઘડી એક મુંજા ઘટમાં,

(તો તો) ખાપણમાંય ખત્તા, મુજે મરણ સરજાયું નહિ મળે.

એ જ સ્ત્રી પાછી ફરિયાદ પણ કરે છે. –

*દાદે મોરે આરસુડામાં દીધા જો,*
*આરસુડા સાથે ઘરવાસ બાંધ્યો જમવારો કેમ જાશે જો,*
*ઊઠ રે આરસુડા તારે ઉતારા વેળા થાય છે.*
*જાગું સુંદર જાગું છું ને પડ્યો પડ્યો ઉતારા માગું છું.*

આ ગીત બે ઢાળમાં ગવાય છે. પહેલી કડી હીંચમાં ગવાય છે. જ્યારે બીજી કડી ચલતીમાં એટલે કે, ત્રણ તાલીનો ને હીંચનો રાસડો છે.

જેમ સ્ત્રીની ફરિયાદ છે, એવી પાછી પુરુષોની પણ લોકગીતોમાં ફરિયાદ છે, – કેવી સ્ત્રી મળી છે ? ગંધારી, સીફુસડ, નઘરોળ, ખોટો શોરબકોર, છોકરાઓને માટે ધીબી નાખતી, માથાના જંટિયા લબડાવવી શરમાવે એવી બેડોળ.

*બપોરે ઊઠતી બીક્તી રે કરે શોરા બકોર,*
*છોકરાઓને ધબેરીને હાં રે છોકરા પાડે છે રાડ્ય,*
*નારી મળી છે મને ફરહડી.*



*વરસે વાંસીદાં વાળતી રે, લીંપે ગૂંપે છે કોણ ?*
*આંગણે ઉકરડા જામિયા, માથે ઊગ્યા છે ડાભ,*
*ચૂલા તો એના ઊખડી ગયા, પાણિયારે શેવાળ,*
*ગોળામાં કાદવ જામ્યા, હાં રે એને કળશીએ કાટ,*
*નારી મળી છે મન ફ હડી.*

આમ દાંપત્યજીવનની સવળીઅવળી બાજુએ પણ લોકગીતોની એક હારમાળા રચાયેલી પડી છે, સ્ત્રી મળી છે પણ કેવી ? બપોરે ઊઠી, છોકરાઓને ધબેડે; વરસ દિ' એ તો ફળીમાંથી વાસીદું વાળે, ઘરમાં લીંપણ કરવું તો (ઓળિયો કરવો) કારીએ રહ્યું ને સંજવારીનો બધો કચરો ચૂલા પાસે ભેગો કરે, પાણિયારે શેવાળ જામ્યો છે. ને ગાળામાં કાદવના પોપડા જામી જાય એવી એ ગંધારી સ્ત્રી હતી. એક લોકકવિએ આવી સ્ત્રીને છંદમાં અમર કરી છે.

*જલભરીને જાતી પહોળી, થાતી મહકો ખાની મધમાતી,*
*બહુ બેર બઢાતી જંગ મચાતી, રાડી લાતી વરાવાતી,*
*નહિ કો'દી નહાતી, ખૂબ ગંધાતી નહિ લજાતી નાલાયક*
*એવી બેઢંગી કુબડીઅંગી માર મ દેજે હે જગનાયક,*
*રોટી જ ઘડતી લોટ મસળતી સડડડ કરતી નાક લૂછતી*
*ઊઠે કકડતી બહાર નીકળતી જ્યાં ત્યાં ઢળતી નાલાયક.*

આવા ભાવનાં ગીતોની સાથે આપણાં લોકગીતોમાં સાતસાત રાગનાં ગીતો પણ મળે છે. ક્રમ પછી ક્રમમાં ગવાતાં આવે, હિલચલતીમાં નોખે નોખા રાગ બદલાતા જાય, ને કૂંડાળે સ્ત્રીઓ ઘૂમતી જાય. વચ્ચે ઢોલ બ્રિબાંગ બ્રિબાંગ...) મહેકતો જાય, તાલીઓના તાલ સાથે મેળ બેસતો આવે.

કાઠિયાવાડના બરડા પ્રાંતની મેરાણી બહેનોના તેમજ સોરઠની આહેરાણીઓના રાસડા નોખીજ ભાત્ય પાડે છે. એમના કંઠમાં અજબ કામણ છે, લહેકા અને ગીત ગાવાની લઢણ પણ મનને રુચી જાય એવી રીતે સંઘરાયેલી છે.

યુરોપી 'બેલાડ' એ આપણા રાસડાની જ પાશ્ચાત્ય પ્રતિકૃતિ છે. એનસાઇક્લોપીડિયા બ્રિટાનિકામાં એનું નીચે મુજબ વર્ણન આપે છે.

''અસલ ફ્રેન્ચ ક્રિયાપદ બેલ્લેર કુ ડાન્સ પરથી જ એ બેલેડ શબ્દ રચાયો છે. ગોળ કૂંડાળે નૃત્ય કરતી મંડળીની ગતિના તાલ સાથે એકતાલ બનીને ગવાતું લોકગીત એટલે બેલે. લોકોએ રચેલું લોકોના મોઢે જ રચેલું, અને લોકોની જ મુખ-

પરંપરાએ ચાલ્યું આવતું એ ગીત એની શૈલી, રસ અને ઘટનાઓ પરત્વે તો આખા યુરોપના તમામ મુલકોમાં સર્વસામાન્ય જ હોય છે. આ લોકગીતોની, સુંદરતાની, એની સચોટતાની, અને નિત્ય - નવપલ્લવિતાની તો, અંગ્રેજી સાહિત્યની નરી કૃત્રિમતાના યુગના વિવેચકોએ પણ તારીફ કરી છે. સર ફિલિપ સીડનીએ પણ એકરાર કર્યો છે કે, ''જ્યારે એક સુરદાસને મોંએથી મેં... ગીત ગવાતું સાંભળ્યું ત્યારે તો એ ગીતે, કોઈ રણશિંગાના યુદ્ધનાદની માફક જ મારું રુધિર તપાવી દીધું હતું.''

સર ફિલિપ સીડનીએ તો પોતાના પુસ્તકમાં ''ધી ડિફેન્સ ઑફ પોએટ્રી''માં આ બાબતે વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે.

હવે આવીએ ફરી લોકગીતો તરફ. આ એક સ્ત્રીના દુઃખનું બીજું લોકગીત છે.

*રોટલા જેવડી ઘંટુડીને દળવા ઝીણેરા લોટ, (૨)*
*આંગણેતી બાવો આવ્યો આપ્યો ચપટીક લોટ (૨)*
*સાસુ મંગાવે ત્રાજવાં, નણંદી તોળે છે લોટ, (૨)*
*ચપટીક લોટ ઓછો થયો, નણંદી બોલે છે બોલ, (૨)*

લોકસાહિત્યમાં નણંદને સોનાની થાળીમાં જમનારી, લાડકવાયી, પિયરિયામાં રાજ્ય કરાવનારી, કટકના ઘોડા જેવી, કુટુંબમાં એનું સ્થાન વહુ પાછળ નીમેલા જાસૂસનું છે.

તોલથી બાજરો આપવામાં આવતો હશે. ને એના લોટનો પાછો તોલ થતો હશે. એમાં ચપટીક લોટ પાછો ઓછો ભર્યો એથી નણંદ ન બોલવાનાં વેણ બોલી હશે.

લોકસાહિત્યમાં કેવળ પ્રેમ, શૌર્ય ને વેદનાની જ અભિવ્યક્તિ નથી થઈ, જેટલા એ સ્વરો ગુંજ્યા છે એ જ શોક્ય પ્રત્યેના તીવ્ર, વેધક, વાણીમાં ગવાયા છે :

*શોક્યનાં આણાં આવિયાં રે વાણિયા,*
*શોક્યનાં માથા દુઃખિયાં રે વાણિયા,*
*શ્યા શ્યા ઓસડ પાસ કે તંબુ તાણિયા,*
*આગ ધતુરો એરીયો રે વાણિયા,*
*ઘરડી ઘુટી પાસ કે તંબુ તાણિયા,*



*શોક્ય મરી ગઈ સીડીયે રે વાણિયા,*
*ઢેઢ ઢસરડી જાય કે તંબુ તાણિયા,*
*પાણીના રાંધીશ ચોખલા રે વાણિયા,*
*ખાઈને રોવા જઈશ કે તંબુ તાણિયા.*

શોક્યનાં આણાં આવ્યાં ત્યારે જ એનું માથું દુઃખવા લાગ્યું ને દવામાં એ સલુણીએ શોક્યનું કાસળ કાઢવા આગ ધતૂરા નામનો ઝેરી પદાર્થ પાઈ દીધો. શોક્ય મૃત્યુ પામી. પછી પાલી એકના હાલા રાંધી, ખાઈ-પીને રોવા ગઈ. જબરી ભડનું

– .......... પાછી આજ સ્ત્રી રમૂજમાં ચડી જતાં કેવાં વિનોદ-ગીતો લલકારે છે. ઠેકડી ને હાસ્યની છોળો ઉડાડતાં ગીતો પણ લોકસાહિત્યમાં થોકબંધ સાંપડે છે.

*ચાંદા વાંસે ચાંદરડું ડાળખી નમી નમી જાય.*
*લીયો રાધા બે'ન ગોરસડા ભગુ માખણિયા ખાયા*
*ખાતો હોય તો ખાવા દેજો તેમ તેમ મોટેરો થાય.*
*એની માને ધાવતો હતો તેદી દૂધ દીવાનને જાય*
*– ને એને પછી ત્રીજે ઢેફે રોવડાવ્યો....*

*રામપરાની ટોપલડી કાંઈ ભગુ માથે શોભે રે,*
*કાનજીભાઈના પાદરડામાં છાણાં વીણવા ગ્યાતાં 'રે*
*કેમ રે બાલુડા શ્યામ તમને કે'ને માર્યા રે*
*અમથી મોટા તમથી મોટા, કાનજીભાઈએ માર્યા રે*
*એક ઢેફો બીજે ઢેફો ત્રીજે ઢેફે રોયો, જી.*

કાનજીભાઈના પાદરડા ખેતરમાં ભાઈ છાણાં વીણવા ગયા હશે. ને પછી એક, બે ને ત્રીજે ઢેફે તે નાકમાં લીંટ સોતા ભેંકડો મેલીને રોઈ પડ્યો હશે.

– ને નમાલા ધણીએ ગોદડા ચોર્યા હશે, ત્યારે પેલી સ્ત્રીએ લાકડી લીધી હશે. ધૂંવાંપૂંવાં થતાં એ વખતે એ પુરુષે આડા હાથ દેતા ગાયું હશે !

*મારીશમા મારા ઘરડાની નાર હવે નઈ ચોરું ગોદડાં*
*ચારીશ રે તારા દાદાના ઢોર હવે નહિ ચોરું ગોદડાં*
*ફેરવીશ રે તારી માતાની છાશ હવે નહિ ચોરું ગોદડાં.*

– ને પછી એ સ્ત્રીએ કહ્યું હશે;

*એક ભાલાળી સોય મંગાવો રે*
*ભગુનું નાક વિંધાવો રે.*
*નાક પરમાણે મોતી સોયે રે,*
*નાક નગટું ને મોતી મોટું....*

આવો જ ત્રિવેણીસંગમ લગ્ન ગીતોનો છે. પ્રેમ શૃંગાર વિવાહા વેદના. 'મિલનનો રણકો' એ લગ્નગીતોમાં ઊઠે છે. જન્મ, લગ્ન, મરણ પર્યટણનાં ગીતો આપણને મળે છે. એમાંય લોકકવિએ કેવી ઉત્તુંગ કલ્પના દોડાવી છે તેનો નમૂનો જોઈએ :

*આભની ચોરી ચીતરી, ધરતીના કીધા બાજોઠ,*
*નવલખ તારા જોઈ રહ્યા, પરણે સીતા ને શ્રીરામ.*

કાઠિયાવાડી બાનીમાં ચૂંદડીનું મૂલ્યાંકન પણ કાંઈ જેવું તેવું નથી અંકાણું. ચૂંદડીઓની ભાત્ય પણ ઊડીને આંખે વળગે એવી ભડકલા છાપ હતી, અને એની છાપણી ? યુરોપ, અમેરિકા, જયપુર કે બહારનાં પટોળાંને પણ ટપી જાય એવી ચૂંદડી જેતપુર ધોરાજીમાં બનતી, અને એનું મૂલ્યાંકન લગ્નગીતોમાં ગવાણું

*મારી જેતપુર ધોરાજીની ચૂંદડી,*
*મારી ચૂંદડીનો રંગ રાતો હો લાડલી,*
*ઓઢો ને વાયલ આછી ચૂંદડી.*

આવી રીતે ચૂંદડીને બાજુએ મૂકીએ તો મોર, પોપટ, હાથી, બળદ, તેજણ ઘોડી, પાડો, તેમ કાળુડી કોઈનાં પણ ગુણગાન ગવાયાં છે. તેની એકેક લીટી આપું છું.

*કોયલ બેઠી આંબલિયાની ડાળ,*
*મોરલિયો બેઠો રે ગઢને કાંગરે માણા રાજ.*

* * *

*નાકરા ગામને ગોંદરે બે નાળિયેરી,*
*ઘરઢૂડો બળદ વેચાય બે નાળિયેરી.*

* * *

*પાડે સોનાના સીંગ પાડો રાવણો રે,*
*પાડે કોણ બેસી જાય પાડો રાવણો રે.*

* * *



— ને ઢોલનાં રૂપ કાંઈ ઊડીને આંખે વળગે તેવાં નથી. પણ એની ઢળકતી ચાલ ઉપર સોરઠી સજણાં ઓળઘોળ થયાં છે,

*કાઠિયાણી કેડ્ય પાતળી, હલકે માથે હેલ્ય,*
*બરડા હુધી બજારમાં, ઢળકતી હાલે ઢેલ્ય.*

* * *

સોરઠી બાનીમાં નરી માર્દવતા જન્મી છે અને એ બાની ગાનાર 'માઢુડા' પણ સોરઠમાં જ પાક્યા છે.

લગ્નગીતો ને શૃંગારના ગીતોથી આગળ ચાલીએ તો આવે છે શૂરવીરતાને બિરદાવતાં ને હુલાવતાં, ફુલાવતાં, ઉમળકાનો આવિર્ભાવ રજૂ કરતાં ગીતો, દુહા, છંદ, ને મરશિયા,

*કર્યાં સાહસ શિરને સાટે,*
*નાની વયમાં વેરને વાટે*
*એવા તે ઝૂમખાં જોયાં જવાનિયા,*
*જીવનના મોહ હવે છોડ્યા જવાનિયા,*

* * *

*સરકારી સંજો પથરાણો, ઘેરાયો રાજસ્થળી ગામ,*
*પેલો પડકારો આપે કર્યા, છેલભાઈ સાહેબને સલામ.*

— ને સિંહનો શિકાર કર્યો એનાં પણ ગીતોનો થોક જ સાંપડે છે.

*દાદા તમારા પૂછે રે ભાવસંગ*
*કેમ કરી સાવજાને માર્યો ભાવસંગ ?*
*ભાવસંગ ભમ્મર ભાલાવાળો,*
*ગેંડાની ધારે ને ફળશી તલવારે,*
*હબલે તમંચે દીપ માર્યો રે ભાવસંગ,*
*ભાવસંગ ભમ્મર ભાલાવાળો,*

હથિયારોને પણ કેવી કેવી ઉપમા આપવામાં આવી છે ? ગેંડાની ધાર, ફળશી તલવાર, હબલો તમંચો, મુખ ઠાંસોઠાંસ ભરાઈ જાય એવાં રૂપકડાં નામો આપવામાં આવ્યાં છે ને ?

આ ટીપણી ગીત છે.

— ને પછી ધ્રિબાંગ...ધ્રિબાંગ... બુંગીઓ ગહેકે, નોબત ગગડી ઊઠે,

ને શરણાઈના રણસિંધુડા રાગ શૂરના શૂરાતનને હલાવી મેલે ત્યારે એ જ સલૂણી સેજલડીના રંગ માણનારી, કોમળ અંગોવાળી, મૃગનયની સોરઠિયાણી પણ સમશેર ઉઠાવી જાણે છે. ઘાવ ઝીલી શકે છે, ઘાવ મારી પણ જાણે છે. નામર્દોને પાણી પણ ચડાવી શકે છે ને ભીરુ મર્દને ફિટકારી પણ જાણે છે.

*જે મુખે અમલ ન ચાખિયો, તુરીન ખેંચ્યાં તંગ,*
*ફટ અલૂણાં સાયબા, આપું તો કીં અંગ !*

જે મુખે અમલિયા ચાખિયા નથી, ઘોડાના તંગ ખેંચ્યા નથી, એવા અલૂણા, એટલે મીઠા વગરના પુરુષને હું મારાં અંગો માણવા કેમ આપી શકું ?

—ને શરણાઈના સિંધુડા રાગ સાંભળતા તો જોગમાયા જેવી સ્ત્રી પુરુષને કહે છે :

*મરવો હે કણવાર, બેર બેર મરવો નહિ,*
*વાલમ દલ વિચાર, સમરે શરણાયું સંભળાય.*

વ્હાલા, મોત તો એક જ વાર આવે છે, વારે વારે મળતું નથી, માટે હે નાથ, ઝટ કરો ! યુદ્ધે સિધાવો ને મોતને મીઠું કરો !

— ને યુદ્ધમાં જતા અચકાતા પુરુષનું દિલ પારખતાં એ કોમલાંગિની કહે છે :

*કંથા રમણે જાય કે, મત ઢૂંઢો કોઈ સાથ,*
*તારા બેલી ત્રણ જણા, હૈયું કટારી ને હાથ.*
*કંથા રણમેં જાય કે ભાગી કુળ મલાજ,*
*ઝોળી આવે ત્રબકતી, ઈ મર્દા કેરી મજા.*

હે નાથ, રણમાં જતાં કોઈનો સાથ લ્યો નહિ. તમારા બેલી તો ત્રણ જણાં છે : હૈયું, કટારી ને હાથ... પછી પીછેહઠ કરી કદી પોતાના કુળને લજાવશો નહિ. મર્દની ઝોળી રક્તટપકતી - રેબઝેબ થતી આવે એમાં જ એની શોભા છે ને મર્દાનગી છે.

ઘેરી કરુણતા પાથરી જતા છતાં વીરતાના જાજરમાન પ્રતીક સમા સોરઠની ધરતીનાં વીરત્વભર્યા ને શૂરાતનનાં કસુંબલ કેફ પીધેલા. ધરતીના ધાવણ જેવા તરધાયા ઢોલને ગહેકાટે ગહેકી ઊઠે ને સિંધુડા રાગમાં જોમ-જુસ્સો ને મર્દાનગીની ખરી મઝા પમાડે તવો થોકબંધ દુહા, છંદ, મરશિયા, રાસડા, ભજનો, ને લોક-ગીતોની આખી વણઝાર સૌરાષ્ટ્રની કંકુ વરણી ધીંગી ધરા ઉપર પથરાઈને પડી છે.



૧૧

# લોકગીત આસ્વાદ અને અવબોધ શ્રેણી : લોકગીત-ગુંજન

**મણકો-૭**

## પ્રસન્ન પારિવારિક જીવનનું રમ્ય રહસ્ય

**ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**

*રાધા પીરસે રોટલો*
*ને કહાન અથાણું ખાય*
*અથાણાં ભાવે છે.*
*સીતા પીરસે રોટલો*
*ને રામ અથાણું ખાય*
*અથાણાં ભાવે છે.*
*દ્રૌપદી પીરસે રોટલો*
*ને પાંચે અથાણાં ખાય*
*અથાણાં ભાવે છે.*
*ભાભી પીરસે રોટલો*
*ને ભાઈ અથાણાં ખાય*
*અથાણાં ભાવે છે.*

*બે'ની પીરસે રોટલો*
*ને બનેવી અથાણાં ખાય*
*અથાણાં ભાવે છે.*
*સાસુ પીરસે રોટલો*
*ને સસરા અથાણું ખાય*
*અથાણાં ભાવે છે.*
*દેરાણી પીરસે રોટલો*
*ને દિયર અથાણું ખાય*
*અથાણાં ભાવે છે.*
*નણદી પીરસે રોટલો*
*ને નણદોઈ અથાણું ખાય*
*અથાણાં ભાવે છે.*
*પરણેતર પીરસે રોટલો*
*ને પરણ્યો અથાણું ખાય*
*અથાણાં ભાવે છે.*

('કાવ્યઝાંખી', જયા મહેતા, પૃ. ૧૬૮)

લોકગીતમાં લોકજીવન વિધવિધ રીતે પ્રતિબિંબિત થતું જોવા મળે છે. લોકજીવનની લાગણીઓ, ઊર્મિઓ અને ભાવો જ નહીં, લોકજીવનની જીવનરીતિ, રસમોરિવાજો, ખાનપાન પણ કોઈ ને કોઈ રૂપે લોકગીતમાં પ્રતિબિંબિત થયેલાં જણાય છે. પ્રસ્તુત લોકગીતમાં લોકજીવનનું ખાનપાન વિશિષ્ટ અભિવ્યક્તિ પામ્યું છે. અહીં જ્યારે આપણે લોકજીવન કહીએ છીએ ત્યારે બહુમતી ધરાવતું સામાન્ય લોકજીવન સમજવાનું છે. ઉચ્ચસ્તરીય લોકજીવન મોટેભાગે લોકગીતોમાં ભાગ્યે જ ઝિલાયું છે. સામાન્ય લોકજીવનનું જ પ્રતિબિંબ લોકગીતમાં સુપેરે ઝિલાયું છે.

આહાર, નિદ્રા, ભય, મૈથુન — પશુઓ અને મનુષ્યોમાં સામાન્ય છે. આદિ માનવ સંભવતઃ પશુની જેમ જ શિકાર કરીને માંસાહાર દ્વારા આહારની જરૂરિયાતોને સંતોષવાની રીતરસમો પણ બદલાતી ગઈ. રોટી, કપડાં અને મકાન - માણસની આ મૂળભૂત જરૂરિયાતો દેશકાળ, સભ્યતા, સંસ્કૃતિ પ્રમાણે પરિવર્તિત થતી રહી. ભિન્ન ભિન્ન પ્રજાઓનાં ભિન્ન-ભિન્ન સમયનાં સાહિત્યમાં — લોકસાહિત્યમાં તેનું પ્રતિબિંબ ઝિલાતું ગયું.



પ્રસ્તુત લોકગીત ગુજરાતી છે તેથી તેમાં તત્કાલીન ગુજરાતી લોકજીવન પ્રતિબિંબિત થયું છે. લોકગીતની ભાષા પરથી તે જૂના સમયનું જણાતું નથી. અલબત્ત અર્વાચીન યુગનું પણ તે નથી. આપણા મધ્યકાલીન યુગના ઉત્તરાર્ધની આ રચના લાગે છે. એ સમયગાળાનું ગુજરાતનું સામાન્ય લોકજીવન તેમાં પ્રતિબિંબિત થયું છે.

સામાન્ય લોકજીવનમાં આહાર મહત્ત્વનો ભાગ ભજવે છે. સામાન્ય માણસ જીવનયાપન અર્થે જે કંઈ શ્રમ-પુરુષાર્થ કરતો હોય છે તે મુખ્યત્વે પોતાનું અને પરિવારનું પેટ ભરવા કરતો હોય છે. એટલે તો 'પેટ કરાવે વેઠ' જેવી કહેવત પણ પ્રચલિત થઈ છે. મનુષ્ય પરિસ્થિતિ પ્રતિકૂળ હોય તો થોડો સમય મકાન વગર રહી શકે. દુનિયામાં ઘણા માણસો એવા હોય છે જેમને પોતાનું મકાન નથી હોતું. વસ્ત્ર વિના પણ માણસ જીવી તો શકે. આદિવાસી સમાજમાં અનેક પુરુષો, બાળકો નિર્વસ્ત્ર દશામાં કે લંગોટી જેવા નામમાત્રના વસ્ત્રથી જીવતાં હોય છે. પરંતુ માણસ અમીર હોય કે ગરીબ, તેને પેટ ભરવા અન્ન-આહારની આવશ્યકતા તો રહે જ છે. અર્થાત્ આહાર મનુષ્યજીવનનું અનિવાર્ય અને અતિ મહત્ત્વનું ઘટક છે. તેથી કોઈ પણ દેશકાળના સાહિત્યમાં - લોકસાહિત્યમાં તેનું પ્રતિબિંબ પડ્યા વિના ન જ રહે.

પ્રસ્તુત લોકગીતમાં પણ તત્કાલીન ગુજરાતી લોકજીવનના આહાર અને તેની સાથે સંકળાયેલા સામાજિક સંબંધોની સુરમ્ય છબિ ઝિલાઈ છે. આ લોકગીતની ધ્રુવપંક્તિ છે 'અથાણાં ભાવે છે'. આ જ પંક્તિને શીર્ષકમાં પણ સ્થાન સાંપડ્યું છે. અર્થાત્ આ પંક્તિ ગીતની મહત્ત્વપૂર્ણ પંક્તિ છે. પંક્તિ સરળ છે. આ સરળતા તો લોકગીતની વિશેષતા છે. આ પંક્તિમાં કોઈ કર્તાનો ઉલ્લેખ નથી. સાદું-સીધું વિધાન છે. કવિતામાં બધું કહેવાય પણ નહીં. ભાવક પાસે પણ કંઈક સજ્જતાની અપેક્ષા રહે છે. ગીતમાં ૯ કડીઓ છે. પ્રત્યેક કડીમાં કોને કોને અથાણાં ભાવે છે એનો ઉલ્લેખ છે, પરંતુ એ પરથી આ ૯ વ્યક્તિઓને જ અથાણાં ભાવે છે અને અન્ય લોકોને નથી ભાવતાં એવું નથી. જેમનો ઉલ્લેખ થયો છે એ તો પ્રતિનિધિ વ્યક્તિઓ છે. એમના ઉલ્લેખ પરથી સમાજમાં (લગભગ) સહુને અથાણાં ભાવે છે, પ્રિય છે એવું સહજપણે સૂચવાય છે.

અહીં એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે સમાજના લોકોને ભોજનમાં ભાત ભાતની ચીજો ભાવતી હોય છે, પ્રિય હોય છે. એ કશાનો આ ગીતમાં ઉલ્લેખ નથી અને માત્ર અથાણાંનો જ કેમ ઉલ્લેખ છે ? આ પ્રશ્ન વિચારણીય છે. જે

સમયના ગુજરાતી સમાજની વાત આ ગીતમાં ગૂંથવામાં આવી છે એ સમાજના વિશાળ વર્ગને ભાત ભાતનાં અથાણાં પ્રિય હશે એમાં શક નહીં. ગુજરાતી સમાજના ઉચ્ચ વર્ગ અને મધ્ય વર્ગમાં આજે પણ અથાણાં મહદંશે પ્રિય છે. સમાજના નિમ્નસ્તરના અધિકાંશ લોકો રોટલા સાથે મરચું, ચટણી કે ડુંગળી ખાતા હશે પણ ત્રણે સ્તરના મધ્યવર્ગ અને ઉચ્ચવર્ગના લોકોના આહારમાં રોટલા, ભાખરી કે રોટલી સાથે શાક, દાળ, ભાતની સાથે અથાણું પણ જોવા મળે છે. આ ગીતમાં રોટલા અને અથાણાંનો ઉલ્લેખ છે અને અન્ય વાનગીઓના ઉલ્લેખ નથી એ પરથી એવું સમજવાનું નથી કે લોકો રોટલો અને અથાણું જ ખાતા હશે.

આપણા રોજબરોજના ભોજનમાં બીજાં અનેક વ્યંજનો હોય પણ રોટલો (એમાં રોટલી કે ભાખરી, પૂરીનો સમાવેશ સમજી લેવાનો) અને અથાણું ન હોય તો એ ભાણું ખાનારને ભાવશે કે કેમ એવો પ્રશ્ન થાય. બીજી બાજુ અન્ય અનેક વ્યંજનોની અનુપસ્થિતિમાં પણ રોટલો અને અથાણું જ હોય તોપણ ગુજરાતી લોકો પ્રેમથી તે અવશ્ય આરોગવાનાં. એનો અર્થ એ જ કરવો પડે કે ગુજરાતી ભોજનમાં અનિવાર્ય વ્યંજનો છે રોટલો અને અથાણું ! આ લોકગીતના લોકકવિ (કે કવયિત્રી ?)એ આ વાત પકડી લીધી છે અને અનાયાસે, સહજપણે ગાયું છે :

*રાધા પીરસે રોટલો*
*ને કહાન અથાણું ખાય*
*અથાણાં ભાવે છે.*

અહીં એ પ્રશ્ન ઊઠવો શક્ય છે કે લોકકવિ પોતાના ભોજનની વાત કરવાને બદલે રાધા અને કૃષ્ણના ભોજનની વાત કેમ કરે છે ? આખું ગીત સાંભળ્યા પછી સહૃદય ભાવકને સમજાઈ જાય છે કે લોક-કવયિત્રી વાત તો પોતાની કરવા ઇચ્છે છે પણ સ્ત્રીઓ માટે આપણા સમાજમાં લજ્જાને ભૂષણ માનવામાં આવ્યું છે, દૂષણ નહીં. તેથી કોઈ નવોઢા નારી દુનિયા આગળ પોતાની અને પોતાના પતિની વાત સીધે સીધી ન કરી શકે. સ્ત્રી-પુરુષના પ્રેમજીવનની વાત કરવા માટે આપણા (માત્ર ગુજરાતી જ નહીં, ભારતીય) સમાજમાં રાધાકૃષ્ણથી ચડિયાતાં બીજાં પાત્રો ઉપલબ્ધ નથી. રાધાકૃષ્ણ પૌરાણિક પાત્રો હોય કે ઐતિહાસિક કે પછી કાલ્પનિક, આપણા સમાજ માટે તેમનાથી નિકટ કોઈ વાસ્તવિક પાત્રો પણ નથી. હજારો વર્ષના સમગ્ર ભારતીય શિષ્ટ અને લોકસાહિત્યમાં કૃષ્ણ-રાધા છવાઈ ગયેલાં જણાશે. તેથી આ ગુજરાતી લોકગીતનો આરંભ તેમના ઉલ્લેખથી થાય એમાં આશ્ચર્ય પામવા જેવું નથી.



રાધા-કૃષ્ણના જેવું જ બીજું જે યુગલ ભારતીય જનજીવનમાં ઓતપ્રોત થઈ ગયું છે એ સીતા-રામનું છે. રાધા-કૃષ્ણની જેમ જ સીતા-રામ પણ શતાબ્દીઓથી સમગ્ર ભારતીય જીવનના અંશ બની ગયા છે તેથી બીજી કડીમાં તેમનો ઉલ્લેખ પણ સ્વાભાવિક રીતે જ થાય છે.

રાધા-કૃષ્ણ અને સીતારામનું આલેખન પહેલી વાર મહાભારત અને રામાયણમાં થયેલું છે. રામાયણ-મહાભારત માત્ર મહાકાવ્યો જ નથી, ઇતિહાસ-પુરાણ નથી પણ ભારતીય સમાજજીવનના અવિનાભાવી અંશ બની ગયા છે. કોઈ પણ સમયના, કોઈ પણ પ્રાંતના શિષ્ટ કે લોકસાહિત્યમાં રામાયણ-મહાભારતના ઘટકો દૃષ્ટિગોચર થવાના જ. રામાયણનાં મુખ્ય પાત્રો સીતા-રામ છે પણ મહાભારતમાં કેવળ કૃષ્ણ-રાધા જ નથી, પાંડવો અને દ્રૌપદી પણ એમાં મહત્ત્વપૂર્ણ પાત્રો છે. તેથી ત્રીજી કડીમાં લોકકવિ દ્રૌપદી અને તેના પાંચ પતિ-પાંડવોનો ઉલ્લેખ કરે છે.

નવ કડીના આ ગીતની આરંભિક ત્રણ કડીઓમાં રાધા-કૃષ્ણ, સીતા-રામ અને દ્રૌપદી - પાંચ પાંડવોનો ઉલ્લેખ એ બાબત વ્યંજિત કરે છે કે કોઈ પણ દેશકાળના ભારતીય સમાજની વાત થતી હોય... આ પાત્રો અનિવાર્યપણે એમાં ઉલ્લેખવાનાં જ. ગીતની પછીની છ કડીઓમાં તત્કાલીન સમાજજીવનની વાત જે અંદાજમાં કરવામાં આવી છે એ જ અંદાજમાં, એ જ રીતિએ ઉપર્યુક્ત પૌરાણિક પાત્રોની વાત પણ કરવામાં આવી છે. એ પરથી એ સમજાય છે કે આ પાત્રો આપણા લોકકવિ માટે પૌરાણિક આભા ધરાવતાં માનવેતર પાત્રો નથી પણ પોતાનાં જેવાં જ માનવીય પાત્રો છે. મધ્યકાળના પ્રેમાનંદ વગેરે કવિઓએ પૌરાણિક પાત્રોને પોતાના કાળના ગુજરાતી પાત્રો બનાવી નિરૂપ્યાં છે તે જ રીતે આ લોકકવિ પણ આ પાત્રોને સમકાલીન રંગે રંગી નિરૂપે છે.

માણસમાત્રને પોતાની અને પોતાની આસપાસની સૃષ્ટિની વાતમાં વિશેષ રસ હોય છે. લોકકવયિત્રી પણ આ લોકગીતમાં રાધાકૃષ્ણ, સીતા-રામ કે દ્રૌપદી-પાંડવોના જીવનની વાત કરવા નથી ઇચ્છતી પણ પોતાના સમાજની અને અંતે તો પોતાની વાત કરવા ઇચ્છે છે. તેથી ગીતની આરંભિક ત્રણ કડીઓમાં ઉપર્યુક્ત પૌરાણિક પાત્રોની વાત કર્યા પછી ચોથી કડીથી પોતાના પરિવારની વાત કરવી શરૂ કરે છે. કાવ્યની કથક, નાયિકા કે કવયિત્રી પરણેલી છે એ ગીત સાંભળતાં સ્પષ્ટ થાય છે. સ્ત્રી પરણેલી હોય કે કુંવારી, તેનો પહેલો પ્રેમ, અનુરાગ પિયર, પિતૃગૃહ પ્રતિ રહેવાનો. તેથી તે વાતની શરૂઆત ઉપર્યુક્ત સમુચિત ભૂમિકા પછી

પોતાના પિયરના ઉલ્લેખથી કરે છે. સૌથી પહેલાં તે ભાઈ-ભાભીનો ઉલ્લેખ કરે છે અને પછીની કડીમાં બહેન-બનેવીને સ્મરે છે. એ પરથી એવું અનુમાન કરી શકાય કે તેનાં ભાઈ-બહેન તેનાથી મોટાં હશે અને (માતાપિતાની અનુપસ્થિતિમાં) માતા-પિતાને સ્થાને હશે. ગુજરાતી લોકજીવનમાં સ્ત્રી માટે તેનાં મોટાં ભાઈ-ભાભી અને બહેન-બનેવી બધી રીતે આદરણીય અને પૂજ્ય મનાય છે તેથી તે તેમને પહેલાં સ્મરે છે એમાં ઔચિત્ય છે.

નાયિકા પોતાની વાતની શરૂઆત તે જ્યાં પરણીને આવી છે એ સાસરાના સંદર્ભમાં જ કરી શકે તેથી પહેલાં પોતાનાં સાસુ-સસરાનો ઉલ્લેખ કરે છે અને પછી દિયર-દેરાણીનો એ પરથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રીનો પતિ બે ભાઈઓમાં મોટો છે. જો તે નાનો હોત તો નાયિકા દિયર-દેરાણીની નહીં પણ જેઠ-જેઠાણીની વાત કરત. સ્ત્રી સાસરે આવે ત્યારે તેના નવજીવનમાં સાસુ-સસરા, દિયર-દેરાણી સાથે નણદી પણ મહત્ત્વનું પાત્ર બને છે. ભાભી-નણંદનો સંબંધ આપણા સમાજ-જીવનમાં ખટ-મીઠો રહ્યો છે પણ તેનું મહત્ત્વ જરાયે ઓછું નથી, તેથી નણદી પરણીને તેના સાસરે જાય છે પછી પણ તેના પિયરમાં તેનું મહત્ત્વ ઓછું થતું નથી એ આ ગીતમાં થતા તેના ઉલ્લેખ પરથી સમજાય છે.

લોકગીતની પ્રથમ ત્રણ કડીઓમાં પૌરાણિક પાત્રો ઉલ્લેખાયાં છે. ચોથી અને પાંચમી કડીમાં નાયિકાના પિયર પક્ષનાં ભાઈ-ભાભી અને બહેન-બનેવી ઉલ્લેખાયાં છે અને એ પછીની ત્રણ કડીઓમાં તેના સાસરાનાં મુખ્ય છ પાત્રો સાસુ-સસરા, દેરાણી-દિયર અને નણદી-નણદોઈ ઉલ્લેખાયાં છે. આ સોળ પાત્રોના ઉલ્લેખ પરથી આપણે એમ સમજવાનું કે નાયિકા એ પાત્રોનો લગ્ન-જીવનની વાત કરવા માગે છે ? હકીકત કંઈક જુદી જ છે. તે પોતાના જીવનની વાત કરવા ઉત્સુક છે. પોતે પરણી સાસરે આવી ત્યારથી સાસરામાં પોતાનું લગ્નજીવન સુપેરે ચાલી રહ્યું છે. પોતે પોતાના પરિવારમાં ભોજન બનાવી પ્રેમપૂર્વક પોતાના પતિને પીરસે છે અને એ પણ આનંદપૂર્વક આરોગે છે એ વાત તેને કહેવી છે પણ પેલી સ્ત્રી-સહજ લજ્જા તેને રોકી રહી છે તેથી તે રાધા, સીતા, દ્રૌપદી, ભાભી, બે'ની, સાસુ, દેરાણી અને નણદીને નિમિત્ત બનાવી તેમની વાત કરી અંતે સહજ સંકોચ સાથે પોતાનો સીધો ઉલ્લેખ કર્યા વિના મોઘમ રીતે 'પરણેતર પીરસે રોટલો ને પરણ્યો અથાણું ખાય, અથાણાં ભાવે છે' એમ અંતિમ કડીમાં કહી પોતાની વાત પૂરી કરે છે.

કોઈને પ્રશ્ન થાય કે નાયિકા પોતાની વાત, પોતાના લગ્નજીવનની



મધુરતાની વાત જ જો કહેવા ઇચ્છતી હતી તો છેક રાધા-કૃષ્ણથી માંડી નણદી-નણદોઈ સુધીનો ઘટાટોપ શા સારુ કર્યો ? તો એનો ઉત્તર એવો છે કે પ્રત્યેક કવિ કે લેખક પોતાની સાહિત્યકૃતિમાં આખરે તો પોતાની જ વાત કરતા હોય છે પણ ટી.એસ. એલિયટ જેને objective corelative – વસ્તુગત સહસંબંધક કહે છે તે શોધી તેના માધ્યમથી પોતાની વાત વધારે અસરકારક, પ્રભાવક રીતે કરે છે. આ લોકગીતની લોક-કવયિત્રીને પણ સહજ સૂઝથી એ સમજાય છે અને તેથી જ પોતાની અંગત ઊર્મિને બિનઅંગત રૂપ આપી કલાત્મકતાથી રજૂ કરે છે.

કોઈ ભાવકને કદાચ પ્રશ્ન થાય કે લોક-કવયિત્રી આ લોકગીત દ્વારા કહેવા શું માગે છે ? પ્રત્યેક દેશકાળના સમાજજીવનમાં સામાન્ય રીતે સ્ત્રી પીરસતી હોય છે અને એનો પતિ-પ્રિયતમ ખાતો હોય છે. આમાં નવું શું છે ? વિશેષ શું છે ? દુનિયાભરના પ્રત્યેક યુગનાં સ્ત્રી-પુરુષના લગ્નજીવનનો, કુટુંબજીવનનો વિચાર કરીએ તો સમજાશે કે બધાં સ્ત્રી-પુરુષોનાં લગ્નજીવન પ્રસન્નમધુર નથી હોતાં. પ્રત્યેક દેશકાળમાં ઘણી મોટી સંખ્યામાં સ્ત્રી-પુરુષોનાં લગ્નજીવન સુસંવાદી, સામંજસ્યપૂર્ણ નથી હોતાં. એનાં અનેક કારણો હશે, પણ એક મહત્ત્વનું કારણ સ્ત્રી દ્વારા તૈયાર થતો આહાર પણ છે. એ આહાર જો પતિને ભાવે નહીં તો લગ્નજીવન નિષ્ફળ જવાની સંભાવના વધી જાય છે. સ્ત્રીને લગ્ન પ્રસંગે તેના શુભેચ્છકો દ્વારા જે સલાહ આપવામાં આવે છે, શીખ આપવામાં આવે છે તેમાં એક અગત્યની શીખ એ પણ હોય છે કે પુરુષના હૃદય સુધી પહોંચવાનો સીધો અને સરળ રસ્તો છે એનું જઠર. જઠરાગ્નિ શાંત થયા પછી પુરુષ સ્વાભાવિક રીતે જ શાંત થાય છે, સ્નેહાળ થાય છે. જેનો જઠરાગ્નિ સુપેરે શાંત થતો નથી તે પુરુષ ઉદ્વિગ્ન થાય છે, અશાંત થાય છે અને ક્રોધિત પણ થાય છે. જયંત ખત્રીની 'ખરા બપોરે' વાર્તાનો નાયક તેનો જઠરાગ્નિ સુપેરે શાંત ન થવાથી જ જંગલી જનાવર જેવો થઈ હત્યા કરી બેસે છે. આપણે ત્યાં એવી કહેવત પણ પ્રચલિત છે કે 'દાળ બગડી એનો દિવસ બગડ્યો' અને 'અથાણું બગડ્યું એનું વરસ બગડ્યું.' આ કહેવતને આગળ વધારી એમ પણ કહી શકાય કે જે સ્ત્રીનું અથાણું બગડ્યું એનું દાંપત્યજીવન પણ બગડી શકે. પરંતુ સ્ત્રી જો સમજદાર હોય તો તેણે અથાણું કરતી વખતે પૂરું ધ્યાન રાખવું જોઈએ. સ્વાદિષ્ટ અથાણાં તૈયાર કરી પ્રતિદિન પતિને, પરિવારને પ્રેમપૂર્વક પીરસનારી પત્ની પોતાનું જ નહિ, પરિવારનું જીવન-પ્રસન્ન મધુર કરી શકે. આવું કરવામાં સફળ થયેલી સ્ત્રી પોતાની પ્રસન્નતાને આ લોકગીતના માધ્યમથી સમગ્ર સમાજ સુધી પ્રસરાવવા પ્રયાસ કરે છે. તેનો પ્રયાસ સફળ થયો છે. આ લોકગીત પ્રસન્ન પારિવારિક જીવનનું રમ્ય રહસ્ય અનાવૃત્ત કરે છે.

૧૨

# મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર કાર્યવૃત્ત

ડૉ. અંબાદાન રોહડિયા

## (૧) બારોટ અને બારોટી સાહિત્ય વિષે કાર્યશાળા :

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા તા.૨૪/૦૯/૨૦૧૬ના રોજ બારોટ અને બારોટી સાહિત્ય વિષે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે. પ્રતાપસિંહ ચૌહાણે અધ્યક્ષીય વક્તવ્યમાં બારોટ સમાજના સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રદાનની સરાહના કરી હતી અને આજે પણ સમાજોત્થાન માટે બારોટોને આગળ આવવા અને શિક્ષણ ક્ષેત્રે પ્રવૃત થવાની પ્રેરણા આપી હતી.

મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના નિયામક ડો.અંબાદાન રોહડિયાએ સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારમાંથી આવેલ ૮૫ બારોટ અગ્રણીઓનું શાબ્દીક સ્વાગત કરીને બારોટોના પ્રદાનનું ઐતિહાસિક અને દસ્તાવેજીમૂલ્ય સમજાવ્યું હતું. સંયોજકશ્રી લખધીરભાઈ બારોટ, રાજકોટ બારોટ સમાજના પ્રમુખ મહેશભાઈ રેણુકા, પોરબંદર બારોટ સમાજના પ્રમુખ રમેશભાઈ બારોટ, શ્રી નટુદાન બારોટ, ડો.અભેસિંહ બારોટ, ડો.ગિરધરભાઈ બારોટ અને અન્ય મહાનુભાવોએ પ્રસંગોચિત વક્તવ્યો આપ્યા હતા.





કાર્યશાળામાં આવેલ બારોટ સમાજના સૌ અગ્રણીઓ પાસે કઈ જ્ઞાતિ અને વિસ્તારના ચોપડાઓ સચવાયેલ છે તેમજ કયા બારોટોના ચોપડા વાંચવા અને લખવા માટે ક્યા પ્રકારની તાલીમ મેળવવી પડે એ વિશે વિવિધ વિદ્વાનોએ માર્ગદર્શન આપીને નવી પેઢીને આ ક્ષેત્રે આગળ આવવાની પ્રેરણા આપી હતી.

સંયોજકશ્રી લખધીરભાઈ બારોટે આ પ્રવૃત્તિમાં સહયોગ આપવા માટે સૌને આગ્રહભરી વિનંતી કરી હતી અને સમાપનમાં મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને બારોટ સમાજનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

### (૨) પાટણ યુનિવર્સિટીમાં યોજાયેલ પરિસંવાદ :

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ એમ.ફીલ. ગુજરાતી, સંસ્કૃત અને ભારતીય વિદ્યા અનુસ્નાતક ભવન તેમજ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટના સંયુક્ત ઉપક્રમે 'ઉત્તર ગુજરાતના લોકસાહિત્યનું સંશોધન, સંપાદન અને અધ્યયન' વિષય પર તા. ૬ અને ૭ ઓકટોબર - ૨૦૧૬ એમ બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો. તા. ૬/૧૦/૨૦૧૬ ના રોજ સાંજે ૪ કલાકે પરિસંવાદનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો. જેના અધ્યક્ષ સ્થાને ઉ.ગુ.યુનિવર્સિટીના કા.કુલપતિ ડૉ.દિપુબા દેવડા ઉપસ્થિત રહ્યા. તેમણે રાષ્ટ્રીય પરિસંવાદની ઉપયોગિતાનું મહત્ત્વ સમજાવ્યું. સમારંભનું ઉદ્ઘાટન ઉત્તર ગુજરાતના વહીવંચા પરંપરાના લોકકથાઓના કથક શ્રી રજનીભાઈ બારોટ અને લોકગીત ગાયક કલાકારો દ્વારા કરવામાં આવ્યું. આ સમારંભમાં ઉત્તર ગુજરાતની લોકકથા 'મૂળદેવ રાઠોડ'ની માંડણી રજનીભાઈ બારોટે કરી અને 'પાટણ આઈડોલ'ના કલાકારોએ વિવિધ લોકગીતો અને ઉત્તર ગુજરાતના દુહાઓની રમઝટ બોલાવી હતી. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ એમ.ફીલ ગુજરાતી વિભાગના કો - ઓર્ડીનેટર ડૉ. અમૃત પટેલે કરી અને સાંજે સાત કલાકે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

'ઉત્તર ગુજરાતના લોકસાહિત્યનું સંશોધન, સંપાદન અને અધ્યયન' વિષય પર તા.૦૭/૧૦/૨૦૧૬ ને સવારે ૧૦:૩૦ વાગે શરૂ થયેલ પ્રથમ સત્રમાં





અધ્યક્ષ ભગવાનદાસ પટેલ હતા - પૂર્વ ઉપકુલપતિ - ડૉ. આર.એન.પંચોલી, લોકકથાકાર શ્રી રજનીકાંત બારોટ , ડૉ. પરમ પાઠક તથા સેમીનાર ના કન્વીનર ડૉ. અમૃતભાઈ પટેલ હાજર રહ્યા. ભગવાનદાસે અધ્યક્ષીય પ્રવચન આપ્યું - પરિસંવાદની રૂપરેખા અને મહેમાનનો પરિચય ડૉ. અમૃત પટેલે આપ્યો. ડૉ. પરમ પાઠકે સત્રના બીજરૂપ વકતા ડૉ. હસુભાઈ યાજ્ઞિકના વકતવ્યનું વાંચન કર્યુ.

ડૉ. પરમ પાઠકે - ઉત્તર ગુજરાતના લોકાખ્યાન વિશે બીજરૂપ વકતવ્ય આપ્યુ. જેમાં તેઓએ ઉત્તર ગુજરાતમાં પાંગરેલા લોકજીવનનો ભૂગોળ અને ઈતિહાસ -નો પરિચય કરાવ્યો તેમજ બંન્નેના અભ્યાસની વિશેષતાઓ અલગ રીતે તારવીને રજૂ કરી. તેમજ આ પ્રકારના સંશોધનનું ડીજીટિલાઈઝેશન કરવા ઉપર ભાર મુકયો હતો. ડૉ. ભગવાનદાસ પટેલે આદિવાસી લોકકથામાં આદિવાસી લોકભાષાઓનો ખાસ પરિચય કરાવ્યો હતો અને માહિતીદાતા પાસેથી માહિતી મેળવવામાં પડતી મુશ્કેલીઓ વિશે માહિતગાર કર્યા હતા. તેમજ આદિવાસી સમાજના રીતરિવાજોનો પણ ખ્યાલ સંશોધન વખતે રાખવો પડે તેવુ સદષ્ટાંત સમજાવ્યુ.

ભોજન વિરામ બાદ પરિસંવાદની દ્વિતીય બેઠક યોજાઈ જેમાં ડૉ. દર્શનાબેન ઓઝાએ 'ઉત્તર ગુજરાતનું લોકનાટય' વિષય પર ભવાઈને કેન્દ્રસ્થાને રાખીને તેના દિગ્દર્શકો, સંગીતકારો, નટો, રંગલો વગેરેના પાત્રોનું, વેશનું તેમની ભાષાનું તેમજ તેમના ધર્મ વગેરેનો પરિચય આપીને વર્તમાન પરિસ્થિતિમાં આ લોકનાટય



કઈ સમસ્યાથી પીડાય છે. તેના ઉપર ખાસ પ્રકાશ પાડ્યો હતો. ડૉ. પુંડલિક પવારે 'ઉત્તર ગુજરાતની લઘુલોકકથા(ઓઠા)ઓનું સંશોધન - સંપાદન અને સ્વરૂપ' વિષય પર વકતવ્ય રજૂ કર્યુ. જેમાં ડૉ. અમૃત પટેલના સંશોધન કાર્યને કેન્દ્રમાં રાખ્યુ હતુ.

સમારંભની ત્રીજી બેઠકમાં ડૉ. અમૃત પટેલે 'ઉત્તર ગુજરાતના લોકસાહિત્યનાં સ્વરૂપોની ઉત્પત્તિ વિશે વકતવ્ય આપ્યું હતું'. આજ બેઠકમાં ડૉ. રાજેશ મકવાણાએ 'ઉત્તર ગુજરાતના વંચિતોનું લોકસાહિત્ય સંશોધન અને સંપાદન' વિષય પર વકતવ્ય આપ્યું.

સમારંભની ચોથી સમાંતર બેઠકમાં સંશોધન પેપરોની રજૂઆત થઈ, જેમાં ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય અંગે ૬૫ સંશોધનપત્રો રજૂ થયા.

સમારંભના અંતિમ ચરણમાં સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. દેવસિંહ રાઠવાએ આભાર વિધિ કરી.

## (૩) ગુજરાતી લિટરરી એકેડેમી ઑફ નોર્થ અમેરિકા :

ગુજરાતી લિટરરી એકેડેમી ઑફ નોર્થ અમેરિકાનું દસમું દ્વિ-વાર્ષિક અધિવેશન ન્યૂજર્સી ખાતે તા. ૧૪-૧૫-૧૬ ઑક્ટોબર, ૨૦૧૬ના દિવસોમાં યોજાયું હતું. ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી ભાષાના જતનાર્થે યોજાતા આ









અધિવેશનમાં આ વર્ષે જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનારા ડૉ. રઘુવીર ચૌધરીનું વિશિષ્ટ સન્માન અને વિવિધ વિદ્વાનોના વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું.

મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા ઝવેરચંદ મેઘાણી સંપાદિત 'રંગ છે બારોટ !' અને 'દાદાજીની વાતો'નો અંગ્રેજીમાં અનુવાદ મેઘાણીજીના પુત્ર શ્રી અશોક મેઘાણી પાસે તૈયાર કરાવેલ, જેનું પ્રકાશન સુખ્યાત પ્રકાશન ડી.કે. પ્રિન્ટ વર્લ્ડ, દિલ્લી સાથે કર્યું છે. આ ગ્રંથનું લોકાર્પણ ગુજરાતી લિટરરી એકેડેમી ઑફ નોર્થ અમેરિકાના સૌજન્યપૂર્ણ સહયોગથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર પ્રતાપસિંહ ચૌહાણ, અકાદમીના પ્રમુખશ્રી રામભાઈ ગઢવી, ડૉ. રઘુવીર ચૌધરી, શ્રી અશોક મેઘાણી, ડૉ. બળવંત જાની અને ડૉ. અંબાદાન રોહડિયા દ્વારા આ અધિવેશનમાં કરવામાં આવ્યું હતું.





આ પ્રસંગે પ્રોફેસર પ્રતાપસિંહ ચૌહાણે મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની અનેકવિધ પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો અને અનુવાદક અશોક મેઘાણી તેમજ અકાદમીના પ્રમુખ રામ ગઢવીનો આભાર માન્યો હતો. અશોક મેઘાણીએ આ પ્રસંગે પોતાનો આનંદ વ્યક્ત કરતાં ગુજરાતની લોકપરંપરાને અંગ્રેજીના માધ્યમથી વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરવામાં નિમિત્ત બનાવનાર મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યની સરાહના કરી હતી.

ગુજરાતી ભાષાના જતનાર્થે અમેરિકા સ્થિત ગુજરાતી લિટરરી એકેડેમી ઑફ નોર્થ અમેરિકાના બે હજારથી વધુ સભ્યો છે. તેમાંથી ત્રણસોથી વધુ સભ્યોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ અધિવેશન અનેકવિધ દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ હતું. આ વર્ષે તેમાં એક બેઠકમાં ચારણી સાહિત્ય વિશે વક્તવ્ય આપવા માટે ડૉ. બળવંત જાની અને ડૉ. અંબાદાન રોહડિયાને તેમજ ચારણી સાહિત્ય-લોકસાહિત્યના પ્રસ્તુતિકરણ માટે સુખ્યાત લોકગાયક ભારતીબેન વ્યાસ અને ચેતન ગઢવીને નિમંત્રણ પાઠવવામાં આપ્યું હતું.

આ અધિવેશનમાં ગ્રંથ લોકાર્પણ માટે અકાદમીના પ્રમુખ અને પદાધિકારીઓએ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રને કશા ખર્ચ વગર તક આપી હતી, તો કુલપતિશ્રીએ પણ સ્વખર્ચે ઉપસ્થિત રહીને એક આદર્શ ઊભો કર્યો, એટલું જ નહીં ગુજરાતી ભાષાના જતનાર્થે ભગીરથ પ્રયાસ કરનાર શ્રી રામભાઈ ગઢવીનું મોમેન્ટો અને ચારણી સાહિત્યના વિશિષ્ટ ગ્રંથો 'હરિરસ' અને 'દેવિયાણ' દ્વારા અભિવાદન કર્યું હતું.



# આ અંકના લેખકો

**હસુ યાજ્ઞિક,** ૧, પદ્માવતી બંગ્લોઝ, ભાવિન સ્કૂલ સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯. ફોન : ૦૭૯-૨૬૮૫૩૬૨૪

**ડૉ. ઈન્દુ રામબાબુ,**

**જોરાવરસિંહ જાદવ,** ૨, પ્રોફેસર્સ કોલોની, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૦૭૯-૨૭૯૧૧૯૯૦

**બળવંત જાની,** 'તીર્થ' ૨૬૪ - જનકપુરી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫

**પુષ્પદાન ગઢવી,** ૧૦, હિંમતનગર રેવન્યુ કૉલોની, ભુજ-કચ્છ.

મો. ૯૯૨૫૪ ૩૪૬૭૭

**વી. એસ. ગઢવી,** પ્લોટ નં. ૧૧૫/૨, સેક્ટર-૨-એ, ગાંધીનગર

**ડૉ. ભરત ઠાકોર,** ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત-૩૯૫૦૦૭

**ડૉ. અરુણ જે. કક્કડ,** એસોસીએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણી કૉલેજ, સત્તાધાર રોડ, મુ. વિસાવદર, જિ. જૂનાગઢ.

**ડૉ. અંબાદાન રોહડિયા,** 'રવેચીકૃપા', ૪, હરિનગર, યુનિવર્સિટી રોડ,

રાજકોટ-૩૬૦ ૦૦૫

**બાબુભાઈ પેથાણી,** ----

**ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ,** ૧૦, શુકન વિલાઝ, બકેરી સિટી, ટાગોર માર્ગ, વેજલપુર,

અમદાવાદ-૩૮૦૦૫૧

# લોકગુર્જરી

## સળંગ અંક : બત્રીસ

**(ત્રૈમાસિક : તૃતીય વર્ષ, પ્રથમ અંક, જૂન-૨૦૧૪)**

: સંપાદક :

**ડૉ. બળવંત જાની**

**શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**
*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી*
*રાજકોટ-૫*

**'Lok Gurjari-32'**
Quartely Journal of Oral Traditional folk Literature of Gujarat,
Edited by Dr. Balvant Jani, Published by 'Shri Jhaverchand Meghani Loksahitya Kendra' and Gujarat Sahitya Academy,
Gandhinagar-382017

ISSN : 2320-8872

પ્રકાશન : તૃતીય વર્ષ. પ્રથમ અંક : જૂન, ૨૦૧૪

પ્રત : ૫૦૦

પૃષ્ઠ : ૮+૧૯૨=૨૦૦

મૂલ્ય : છૂટક કિંમત રૂ. ૧૦૦-૦૦
(વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦૦, પંચવાર્ષિક લવાજમ રૂ. ૧૦૦૦
વિદેશમાં રૂ. ૬૦૦)

આવરણ ચિત્ર : (૧) **ભક્તકવિ સાંયાજી ઝૂલા** (૨) **ભક્તકવિ નરહરદાસ બારહટ્ટ**
ચિત્રકાર : **પ્રભાતસિંહ બારહટ્ટ**

પ્રકાશક :
**ડૉ. અંબાદાન રોહડિયા**
માનદ નિયામક,
શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

મુદ્રક :
**ક્રિષ્ના ગ્રાફિક્સ**
૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૦૭૯-૨૭૪૯૪૩૯૩

## સંપાદકીય....

# ચારણી સાહિત્યના તપ અને તેજ

ચારણી સાહિત્યનું આગવાપણું એની અભિવ્યક્તિની તરાહમાં છે. પરંપરિત, પ્રચલિત છંદોને બદલે નાદ-લય અને છટાથી પ્રસ્તુત થઈ શકે એવી કાવ્યબાની. ડિંગળી-ભાષા અને એને અનુકૂળ નૂતન છંદવિશ્વ, એનું બંધારણ અને એને ભાવાનુરૂપ ભાવવિશ્વ. ચારણી છંદો, ચારણી સાહિત્યાભિવ્યક્તિની છટા એનું આગવું રૂપ છે. ચારણી સાહિત્ય તત્ત્વતઃ રજૂઆત માટેનું, પ્રસ્તુતિકરણ માટેનું સાહિત્ય છે. લગભગ હજારેક વર્ષની પરંપરાના તો આધારો મળે છે. પ્રાચીન હસ્તપ્રતો, કર્તાઓની, કૃતિઓના સંદર્ભો પણ ઐતિહાસિક તથ્ય અને દસ્તાવેજી આધારો સાથે મળે છે.

એ ખરું કે ચારણીસાહિત્ય રાજ્યાશ્રિત હતું. પણ સાથે-સાથે તે તથ્યાશ્રિત હતું. આધાર વગરના નિરાધાર કાલ્પનિક ઉડ્ડયનોમાં ચારણ કવિને રાચવું નથી ફાવતું. એ તો તડ ને ફડ, સીધુ સટ્ટાક ચોખ્ખે ચોખ્ખું સંભળાવી દે. ભલે ગરાસ છોડવો પડે, ગામ છોડવું પડે. આ એની આડોડાઈ ન કહેવાય એમાં એની સત્યપ્રીતિ અને સચ્ચાઈ માટેની પ્રતિબદ્ધતા હતી. એના વટ, વ્યવહાર અને અટંકીપણાની અનેક કથાઓને દંતકથા કહીને આપણે લગભગ આઘી રાખી છે.

સ્વાધ્યાય, સંશોધન અને અભ્યાસમાં ચારણી સાહિત્યને રાજસ્થાનમાં જેટલો પટ પ્રાપ્ત થયો છે એનાથી અર્ધો પણ ગુજરાતમાં નથી પ્રાપ્ત થયો. અન્યથા ગુજરાતનું ચારણી સાહિત્ય રાજસ્થાનથી જરા પણ ઓછું કે ઉતરતું નથી. રાજસ્થાનમાં ચારણી સાહિત્યના અત્યંત સમૃદ્ધ એવા ત્રણ ચાર સામયિકો છે. ઓમકારસિંહ લાખાવતથી માંડીને ડૉ. શેખાવત જેવા દશ-પંદર વિદ્વાનો ક્રિયાશીલ છે. પ્રકાશનો, હસ્તપ્રતોના સૂચિપત્રો અને સરકારી અનુસહાય તથા યુનિવર્સિટીના



આશ્રયે સારું કામ થાય છે. ડૉ. ચંદ્રપ્રકાશ દેવલે 'વંશભાસ્કર' ના દશ ગ્રંથો સંપાદિત કર્યા. અને સાહિત્ય અકાદેમી, દિલ્હીએ આઠ હજાર પૃષ્ઠના એ દળદાર ગ્રંથને પ્રકાશિત કર્યો.

આપણે ત્યાં 'ઇસરદાસ ગ્રંથાવલિ'ની યોજના ધૂળ ખાય છે. કોઈ ચારણ કવિના સંપૂર્ણ સાહિત્ય પ્રકાશનની યોજનાને બહુ ટેકો સાંપડતો નથી. મહેશદાન મિશણ, લક્ષ્મણ ગઢવી, જિતુદાન ગઢવી, યશવંત લાંબા, જેવા પાંચ-છ વિદ્વાનોના સ્વાધ્યાય પ્રકાશનની રાહ જોતા પડ્યા છે. પુષ્કરભાઈ, રતુદાન રોહડિયા, ઈશ્વરલાલ ર. દવે, ડૉ. તેરૈયાએ મેઘાણીના 'ચારણો અને ચારણી સાહિત્ય' પછી ઘણાં મહત્ત્વના પ્રકાશનો કરીને મધ્યકાલીન ગુજરાતીના ટોડલા કે ટીંબાને નૂતન દૃષ્ટાંતોથી શણગાર્યા છે. નરોત્તમ પલાણ જેવા લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન પોકારી-પોકારીને ગુજરાતી સાહિત્યના વિદ્વાનો સમક્ષ ચર્ચાઓ, વ્યાખ્યાનમાં અને લેખમાં પણ આલેખતા રહે છે કે ચારણ કવિઓના પ્રદાનના આલેખન વગર ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ અધૂરો ગણાય. પણ ગંભીર વાતને કાને ન ધરવાની આદતને કારણે આજ સુધી ચારણી સાહિત્ય પરંપરાને સ્વીકારવાનું વલણ દાખવનારા બહુ જડ્યા નથી.

મારા ઉપરાંત નિરંજન રાજ્યગુરુ, અંબાદાન રોહડિયા, રમણિકલાલ છ. મારુ વગેરે ચારણી સાહિત્ય ક્ષેત્રે યતકિંચિત્ ક્રિયાશીલ છીએ. આમાં અંબાદાન રોહડિયા શત પ્રતિશત ચારણી પરંપરાને જ અભ્યાસનો વિષય બનાવીને ક્રિયાશીલ છે.

ચારણી હસ્તપ્રતલેખન પરંપરાનું સ્વરૂપ મેં પ્રાચીન હસ્તપ્રતોને આધારે ચર્ચ્યું. અને હસ્તપ્રતવિદ્યામાં એને સન્માન-માન પ્રાપ્ત થાય એ માટે પ્રયત્નો કર્યા પણ ધારી સફળતા પ્રાપ્ત થતી નથી.

શ્રદ્ધેય મોરારિબાપુની પ્રેરણા અને પ્રોત્સાહનથી કવિ કાગની જન્મતિથિએ રાજસ્થાન અને ગુજરાતના ચારણી વિદ્વાનોના પોંખણાં પ્રત્યેક વર્ષે થાય છે. ચારણી પરંપરા વિશે વાર્તાલાપ પણ યોજાય છે. ક્યારેક 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર' દ્વારા પરિસંવાદ યોજાય તેમાં ચારણ જ્ઞાતિએ પણ એમની પરંપરાના જતન, સંરક્ષણ અને પ્રસારણ માટે ક્રિયાશીલ થવું પડશે. જાગૃતિ કેળવીને ઉજ્જ્વળ વારસાને, તેજસ્વી પરંપરાને જીવંત રાખવા તેમણે પણ પ્રતિબદ્ધ થવું પડશે

ભારતીય સાહિત્યનું પ્રાચીન સ્વરૂપ દુહો છે. દુહાને સૌથી વધુ કોઈએ જાળવ્યો હોય, વિકસાવ્યો હોય અને વિવિધ પ્રકારોથી સમૃદ્ધ કર્યો હોય તો માત્ર

ને માત્ર ચારણોએ. ચારણી દુહા ભારતીય સાહિત્ય પરંપરાનું મહત્ત્વનું પ્રકરણ છે.

હમણાંથી શિવદાન ગઢવી, વસંતભાઈ ગઢવી, સતીશ વ્યાસ, દીપક પટેલ અને યોગેશ બોક્ષા જેવા નૂતન અભ્યાસીઓ અને તજ્જ્ઞો વિશેષ ક્રિયાશીલ થયા છે. ગુજરાત સરકારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને 'રાઓ લખપત વ્રજભાષા કાવ્યશાળા'ના નૂતન અવતાર સમાન 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર' જેવી સ્વાયત્ત સંસ્થાની ભેટ ધરી છે. એના ઉપક્રમે આજ સુધીના ચારણી સાહિત્યના પ્રકાશનોની, ચર્ચાઓની, સામયિકોની, લેખોની અને કલામરમીઓની એક વ્યાપક સ્વરૂપની સૂચિની અપેક્ષા રહે છે. કોઈક નવા અભ્યાસીઓએ આવા પ્રકલ્પો કેન્દ્રના માધ્યમથી માગીને એ કરવા જેવું મોટું કામ છે.

ચારણી સાહિત્ય માત્ર ગુજરાત, રાજસ્થાન પૂરતું સિમિત નથી. એની સમગ્ર ભારતીય ભાષામાં ભાળ મળે છે. યુરોપના બાર્ડને પણ અભ્યાસમાં ભેળવવા પડશે. યુરોપનો બાર્ડ છે એ કોર્ટ પોએટ હતો અને કુળ પરંપરાથી એનું નિયત રાજકૂળ સાથે વારસાગત - વંશ પરંપરાગત જોડાણ રહેતું. આપણે ત્યાં બારોટનું જે રીતે નિશ્ચિત જ્ઞાતિ યજમાન કુળ હોય છે. આપણો ચારણ તો બાર્ડ કરતા જુદો પડે છે. એ પોતાની કાવ્યકૃતિ કલાત્મક રીતે પ્રસ્તુત કરીને રાજ્યાશ્રય મેળવતો. એ રાજ્યાશ્રય જતો પણ રહે અને બીજો નવો રાજ્યાશ્રય પણ મેળવે. પોતાની પ્રતિભાથી મેળવેલું રાજકવિનું પદ ભારતીય ચારણની ઓળખ છે, જ્યારે વારસાગત રીતે પદ જળવાઈ રહેતું હોય એ યુરોપિયન બાર્ડની ઓળખ છે. જિપ્સિઓના રૂટ પણ ચારણ પરંપરા સાથે સામ્ય ધરાવે છે. સતત પરિવ્રાજક, વ્યાપક પરિભ્રમણ પછી પણ પોતાની ઓળખને જાળવી રાખનારી ચારણ પરંપરાનો પ્રસ્તુત અંક તૈયાર થઈ શક્યો એ ઓછા આનંદની વાત નથી.

દસ-બાર વિદ્વાનોના અહીં સંગ્રહિત લેખો તો પાશેરામાં પહેલી પૂણી સમાન છે. ચારણી સાહિત્યનું જ ત્રૈમાસિક કે વાર્ષિક તૈયાર થઈ શકે એવી મોટી ગુંજાઈશ આ પરંપરા ધરાવે છે. ગુજરાતના અભ્યાસીઓના તપ ઓછા નહીં પડે તો ચારણી સાહિત્યનું તેજ પ્રત્યેક વર્ષે એક વાર્ષિક અંક સ્વરૂપે પ્રસ્તુત કરતા રહેવાની સિસૃક્ષા છે.

આવશ્યકતા છે ખુમારી અને ખમીરવંતા અભ્યાસીઓની પ્રતિબદ્ધત્તાની. મેઘાણીએ કહેલું આજે પણ પ્રસ્તુત જણાય છે 'થોડાંક તો નીકળી પડો.'

૧૪-૫-૨૦૧૪

**બળવંત જાની**

balvantjani9@gmail.com



# 'લોકગુર્જરી' - ત્રૈમાસિક

* **'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર'** દ્વારા પ્રકાશિત ત્રૈમાસિકના એક વર્ષમાં કુલ ચાર અંકો જૂન, સપ્ટેમ્બર, ડિસેમ્બર અને માર્ચ માસમાં પ્રગટ થશે.
* **'લોકગુર્જરી'**નું વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦-૦૦ છે, પંચવાર્ષિક રૂ. ૧૦૦૦-૦૦ છે અને વિદેશ માટે રૂ. ૬૦૦-૦૦ છે.
  લવાજમ ચેક દ્વારા સ્વીકારવામાં નહીં આવે. લવાજમ રોકડેથી અથવા મ.ઓ. દ્વારા મોકલવું, ડ્રાફ્ટ **ગુજરાત સાહિત્ય અકાદમી**ના નામે જ મોકલવા વિનંતી.
* **છૂટક અંકો મેળવવા માટે** પણ ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૨૩૨૫૬૭૯૭-૯૮નો જ સંપર્ક કરવો.
* **'લોકગુર્જરી'**માં પ્રગટ થતાં લખાણોની પસંદગી બાબતે સંપાદકનો નિર્ણય આખરી ગણાશે. પ્રગટ થતાં લખાણોની રીતિ અને વિચાર સાથે કેન્દ્ર તેના સંપાદક, નિયામક, સલાહકાર સમિતિની સહમતિ અનિવાર્ય નથી. જવાબદારી જે તે લેખકની રહેશે.
* લોક, સંત અને ચારણી સાહિત્યના વિવેચન લેખો, રચનાઓ, લોકવિદ્યા વિશેના લેખો, મુલાકાતો ઇત્યાદિ પ્રકારની સામગ્રી ગુણવત્તાના ધોરણે સ્વીકારવામાં આવશે. **ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર માટેના પુસ્તકો અને વિનિમય માટે સામયિક પણ આવકાર્ય છે.**
* **લેખકોએ પ્રત્યેક કૃતિ કે લખાણ નીચે પોતાનું નામ-સરનામું તથા ફોન નંબર અને ઇ-મેઈલ એડ્રેસ અવશ્ય જણાવવાં.**
* સ્વીકૃત કે અસ્વીકૃત કૃતિની જાણકારી મેળવવા અથવા કૃતિ પાછી મેળવવા પોતાનાં નામ સરનામાવાળું પોસ્ટકાર્ડ કે પરબીડિયું જોડવું અનિવાર્ય છે. એ સિવાય પ્રત્યુત્તર આપી શકાશે નહીં.
* **સાહિત્યિક કૃતિઓ મોકલવાનું સરનામું :**
  **ડૉ. બળવંત જાની,** 'તીર્થ', ૨૬૪, જનકપુરી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫
* અંકો રવાના થયા પછી કોઈ અંક ગ્રાહકને ન મળે તો કેન્દ્રની જવાબદારી રહેતી નથી. ગ્રાહકનંબર સાથે પત્ર લખવાથી અંક ઉપલબ્ધ હશે તો કાર્યાલય દ્વારા મોકલવામાં આવશે.
* અંક તેમ જ લવાજમ અંગેનો પત્ર વ્યવહાર **ગુજરાત સાહિત્ય અકાદમી** અથવા **ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર** ખાતે કરવો.
* **ચેતન શુક્લ**, મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭.
  ફોન : (૦૭૯) ૨૩૨૫૬૭૯૭-૯૮

# અનુક્રમણિકા

## : ગુજરાતી સાહિત્ય : સમકાલીન સમીક્ષા :

[illegible]

## : ગુજરાતી સાહિત્ય : કવિ અને કૃતિ :

[illegible]

# ચારણી સાહિત્ય : સર્વગ્રાહી સમીક્ષા

૧

# ચારણી સાહિત્ય : આગવી, અનોખી ભારતીય સાહિત્ય પરંપરા

**ડૉ. બળવંત જાની**

### આપઓળખ અને ઉદ્દેશ :

ચારણી સાહિત્ય મધ્યકાળથી ગુજરાત-રાજસ્થાનમાં રચાવું શરૂ થયેલું. પહેલાં તો માત્ર જાતિગત સીમિત હતું. એમાં બારોટને ભેળવાયા. એના પ્રસ્તુતીકરણમાં ચારણ ઉપરાંત અન્ય રજૂઆતકળાના સંવાહક તરીકે સંકળાયેલા તૂરી, લંઘા, રાવળ, મીર, ઢાઢી, ભરથરી તથા અન્ય જ્ઞાતિના વ્યક્તિત્વનો પણ સમાવેશ થયો. એની શૈલી વિષયસામગ્રી અને અભિવ્યક્તિની તરાહ મધ્યકાલીન ગુજરાતીથી અનોખી છે. મેઘાણીએ યુરોપમાં પ્રચલિત બાર્ડના કોર્ટલિટરેચરને આની સાથે સાંકળીને 'બાર્ડિક લિટરેચર' એવી સંજ્ઞા ચારણી સાહિત્ય સંદર્ભે પ્રયોજેલી. હકીકતે તો યુરોપના બાર્ડ અને આપણા બારોટ વચ્ચે ઘણું સામ્ય છે. બાર્ડ અને બારોટ રાજ્યાશ્રિત હોય છે. એ કુળપરંપરામાં વારસાગત રીતે જોડાઈ રહે છે. બારોટનો દીકરો પણ રાજ્યાશ્રિત જ રહે. એ રીતે તેઓ કુળબારોટ છે. જ્યારે ચારણનો રાજ્યાશ્રય પ્રસ્તુત કરેલી રચનાથી, રાજ્યસભામાં રાજા સમક્ષ રજૂ કરેલી કવિતાથી રાજાનો પ્રેમ સંપાદન કરીને પ્રાપ્ત કરેલો હોય છે. આમ, પ્રેમથી પ્રાપ્ત થયેલું અંગત, વ્યક્તિગત પ્રકારનું આશ્રયપણું છે. એ વંશપરંપરાગત



જળવાઈ રહેતું નથી. વળી રાજ્યાશ્રયનો, પ્રતિકૂળ પરિસ્થિતિ ઉપસ્થિત થતાં અંત પણ આવે છે. ચારણી સાહિત્ય-બાર્ડિક લિટરેચર વચ્ચેનો આ એક સૂક્ષ્મ ભેદ ધ્યાનમાં લેવાનો રહે. બારોટી સાહિત્ય રાજ્યાશ્રિતપણું અને કચેરીમાં પ્રસ્તુતીકરણ એમ ઉભય રીતે અર્થાત્ પૂર્ણ રીતે જ્યારે ચારણી સાહિત્ય જુદી રીતે અર્થાત્ આંશિક રીતે બાર્ડિક લિટરેચર છે.

ચારણી સાહિત્યની અભિવ્યક્તિની ભાષા ડિંગળીવ્રજ જણાઈ છે. એના છંદો અને વર્ણકો પણ આગવા અનોખા છે. એમાં પ્રેમ, ભક્તિના કથાનકમાં પણ શૌર્ય અને વીરત્વનું ઘટક સંકળાઈ જતું હોય છે. એનો પ્રધાનસૂર મૂલ્યનિષ્ઠા, ધરતીપ્રીતિ હોય છે. બહુધા એનો સર્જનહેતુ અને વિનિયોગ પણ આવી સાત્ત્વિકતાથી સભર હોય છે. સંસ્કાર અને સંસ્કૃતિનિષ્ઠાનું સન્માન સાહિત્યના માધ્યમથી કરવાનું વલણ ચારણી સાહિત્યમાં હોવાને કારણે એ મૂલ્યપરક વિષયસામગ્રીને ઉદ્‌ઘાટિત કરતા સાહિત્યની ઓળખ પામ્યું.

ચારણી સાહિત્યનો રચયિતા પ્રસ્તુતકર્તા પણ હતો. એમાં સર્જન અને પ્રસ્તુતીકરણ-ઉભયની અભિજ્ઞતા અનિવાર્ય લેખાઈ છે.એટલું જ નહિ, એના રાગ, ઢાળ, તાલ અને બંદીશ-સ્વરરચના પણ પોતાની જાણકારીથી પૂરી માર્મિકતા સાથે કરવામાં આવતી. આથી એ સાહિત્યધારાના રચયિતાને 'વાઙ્ગેયકાર' તરીકે ઓળખાવતા. પ્રાચીન વાઙ્‌યેયકારો પાસે આ અભિજ્ઞાન હતું એનું પ્રાત્યક્ષિત પણ થતું રહેતું. સર્જક કે પ્રસ્તુતકર્તાને વાઙ્ગેયકાર તરીકેની ચારણી સાહિત્યની પરંપરામાં ઓળખ પ્રાપ્ત થયેલી છે. એ રીતે એનો સ્વાયત્ત ઓળખ અને સ્વતંત્રધારા તરીકેનું નામકરણ ચારણી સાહિત્ય પરંપરાનું થયું.

ચારણી કાવ્યબાનીમાં વ્રજભાષાનું બાહુલ્ય રહ્યું. એમાં સમયે સમયે રાજસ્થાની-મારુ ગુર્જર, ગુજરાતી, કચ્છી, સોરઠી જેવી બોલીઓ ભળી અને સમરસ થઈ, ચારણી સાહિત્યની આગવી-અનોખી કાવ્યભાષા પ્રચલિત બની. નાદ અને લયને ઉપસાવતી પદાવલિ, પોતીકી આગવી છંદયોજના - અલંકારયોજના અને વીરરસની નિષ્પત્તિ કરાવતી વિષયસામગ્રી ચારણી સાહિત્યની નિજી ઓળખ બની રહી.

### નામકરણ અને નિજીરૂપ

રાજસ્થાની-ચારણી સાહિત્ય માટે 'ડિંગળી સાહિત્ય' સંજ્ઞા પ્રયોજાઈ છે. ડિંગળી ચારણો દ્વારા પ્રયોજાતી સાહિત્યભાષા અવશ્ય છે. પિંગળના છંદોથી જુદા પ્રકારના છંદ, નાદતત્ત્વ અને રવાનુકારી શબ્દોના વિનિયોગથી ચારણોએ નિપજાવ્યા

અને કાવ્યભાષામાં પ્રયોજ્યા એથી પણ સહજ રીતે 'ડિંગળ સાહિત્ય' એવી સંજ્ઞા સાંપડી હોય. આ અંગે રાજસ્થાની અને ગુજરાતી વિદ્વાનોએ પોતપોતાના પ્રતને અભ્યાસ-ચિંતનને આધારે પ્રગટ કર્યા છે. ચારણી સાહિત્યની ચર્ચાને બદલે ડિંગળી સાહિત્યની પરિભાષા-સંજ્ઞાની જ વિશેષ રૂપે ચર્ચા થઈ.

હકીકતે રાજસ્થાન-ગુજરાતના સમગ્ર સાહિત્યને ડિંગળી સાહિત્ય સંજ્ઞાથી ઓળખાવી શકાય તેમ નથી. ગુજરાતી ભાષામાં રચાયેલા ચારણી સાહિત્યનો આગવો વળોટ છે અને તેથી એક વળાંક અહીં દૃષ્ટિગોચર થાય છે. રતુદાન રોહડિયાએ આ માટે સોરઠિયા ચારણોની રચનાઓને ડિંગળીથી આગવી ચારણી સાહિત્યની રચના તરીકે મૂલવી છે. અને વ્યાખ્યા બાંધતાં સમુચિત રીતે લખ્યું છે કે, 'ચારણી સાહિત્યને પોતાનાં આગવાં છંદશાસ્ત્ર, અલંકારના નિયમો અને કાવ્યરીતિ છે. એ કોઈ એક કોમનું નહીં પણ એક શૈલીવિશેષનું સાહિત્ય છે.

હેમચંદ્રાચાર્યના અપભ્રંશ વ્યાકરણમાં ચારણી વળોટના-ઢંગના દુહાઓનાં દૃષ્ટાંતો ઉપલબ્ધ છે. અર્થાત્ સોલંકીકાળથી ચારણો સૌરાષ્ટ્રમાં સ્થિર થયેલા જણાય છે. સોરઠને-સૌરાષ્ટ્રને ચારણોના પિયર તરીકે મેઘાણીએ નિર્દેશ કર્યો છે. એટલે ચારણો રાજસ્થાનમાંથી સૌરાષ્ટ્રમાં આવ્યા એવી માન્યતા નિરાધાર છે. અહીંથી ચારણો રાજસ્થાન તરફ વળ્યા હોવાની સંભાવના છે. ઉત્તર-હિમાલય રસ્તે એના પ્રવેશ અંગે પણ એક મત પ્રવર્તે છે.

ચારણી સાહિત્યની સર્જકશ્રેણીમાં ચારણ જ્ઞાતિના સર્જકો વિશેષ પ્રમાણમાં છે. એથી ચારણો વિશે થોડી જાણકારી મેળવવી અનિવાર્ય છે.

ચારણોની કુલ ૨૩ મુખ્ય શાખાઓ છે. એની પેટાશાખાઓ પણ હોય એ સ્વાભાવિક છે. દા.ત., વરસડાએ ચુવા શાખાની એક પેટાશાખા છે. આ ચુવા શાખાની કુલ ૩૨ પેટાશાખા છે.

*'વડે કુળ ચુવાં વડાઈ, શૌખ, એતરી કુળ તેહા સમાઈ*
*ઝૂલા, વરસડા, કાઝા, ઝાંઝણિયા, રાજા ગોડ, નાથા રાંગણિયા'*

ચારણી સાહિત્યની અભિવ્યક્તિનું માધ્યમ પ્રારંભે દુહો, પછી કવિત, પછી ગાહા છંદ જેને ડિંગળીમાં શાવક, અડલ્લ, કે ગાહા ચોસર અને વિવિધ છંદો માટે ગીત સ્વરૂપે સંબોધન છે. કવિતનો છપ્પય તરીકે પણ ઉલ્લેખ મળે છે. આચાર્ય કવિશ્રી હમીરજી રત્નુએ પોતાના ગ્રંથ 'હમીર પિંગળ'માં કવિતનું, છપ્પયનું બંધારણ દર્શાવેલ છે. વિવિધ છંદો વિપુલ સંખ્યામાં ચારણી કાવ્ય-શાસ્ત્રીઓએ શોધ્યા અને પ્રયોજ્યા છે પણ દુહો-સાદ્યંત પ્રયોજાતો રહ્યો જણાય છે.



ચારણની વિવિધ શાખા અને પેટાશાખાઓને પ્રદેશભેદે વર્ગીકૃત કરીએ તો મારુ ચારણો, પરજિયા ચારણો અને સોરઠિયા ચારણો એમ ત્રણ ભેદ છે. આ ઉપરાંત તુંબેલ, નેસઈને અગરવછા જેવા નાના નાના જૂથમાં ઓખાનિવાસી ચારણો માટે પ્રયોજાતી સંજ્ઞાઓ પણ પ્રચલિત છે. માલધારી વ્યવસાયમાં રત રહીને વનવાસી હોવાને કારણે કેટલાક ચારણોના નેસ ગીર, બરડા, આલેચ અને કચ્છ વિસ્તારમાં હોવાને કારણે એમને આદિવાસી કક્ષામાં મૂકવામાં આવ્યા છે. એ રીતે એમનું કંઠસ્થપરંપરાનું સાહિત્ય ચારણી સાહિત્ય તો ખરું જ પણ સાથે-સાથે વનવાસી પરંપરાના આગવા સાહિત્યપ્રકાર તરીકે પણ ઓળખાવું જોઈએ.

### ઉદ્‌ભવ અને પ્રેરક-પોષક પરિબળો

ચારણી સાહિત્યના ઉદ્‌ભવ પાછળ પ્રેરકબળ તરીકે રાજકીય સ્થિતિ કારણભૂત છે. રાજદરબારમાં કાવ્યપ્રસ્તુતિ માટે આવનાર ચારણોમાં કવિનો ભારે સમાદર-સત્કાર થતો.એને રાજ્યાશ્રય મળતો, લાખપશાવ-કરોડ પશાવ, વિવિધ પ્રકારની ભેટ સોગાદો પ્રાપ્ત થતી.

ચારણકવિઓ રાજાઓ સાથે યુદ્ધભૂમિમાં પણ જતા. યશોગાન, કીર્તિગાથાનું સર્જન પ્રત્યક્ષ પ્રમાણ સાથે કરતા. રાજવીકુટુંબની વંશાવલિ, યશગાથાને બિરદાવતા ચરિત્ર-ગુણસંકીર્તનના ગ્રંથો 'વખતબલંદ' જેવા પણ રચાતા. રાજદરબારમાં પૌરાણિક કથાકાવ્યો-આખ્યાન રચનાઓનું સર્જન કરીને નારીવર્ગમાં શીલ, સદાચાર, સતીત્વ અને પતિવ્રતાના મહિમાગાન-મૂલ્યનિષ્ઠાને આલેખતી રચનાઓ રચાતી, પ્રસ્તુત થતી. કચેરીમાં, રાણીવાસ પૂરતું જ માત્ર સાહિત્યનું પ્રસ્તુતીકરણ સીમિત ન રહેતું. રાજકુમારોને યુવાન રાજવીઓને વંશજોના પરાક્રમોની, બહાદુરી-વીરતાની રચનાઓ સંભળાવીને એમના જેવા વીર પરાક્રમી રાજવી બનવા માટે પ્રેરતી રચનાઓ સર્જતા. લોકસમુદાય કે જનસમાજમાં લૌકિક કથામૂલક રસપ્રદ કથાઓ, વાર્તાઓ, પ્રણયકથાઓને પ્રસ્તુત કરતા. આમ શ્રોતાસમુદાયને અનુલક્ષીને વિવિધ પ્રકારનું સાહિત્ય રચાતું. રચનાને શ્રોતાની કક્ષાનુસાર, સમયાનુસાર દીર્ઘ કે લઘુ પ્રકારે બહેલાવીને કે ટૂંકાવીને રજૂ કરવાનું કૌશલ્ય પ્રાપ્ત કરતા. આ માટે એક દુહો પ્રચલિત છે :

*'વાતડિયું વગતાળિયું જણ જણ જુજવિયું;*
*જેડા જેડા માનવી, એડી એડી વાતડિયું.*

ચારણી સાહિત્યના સર્જન માટે પ્રસ્તુતિની કૌશલ્યપ્રાપ્તિ માટે પાઠશાળાઓ-કાવ્યશાળાઓનું અસ્તિત્વ હતું. કઈ પાઠશાળામાંથી કાવ્યશિક્ષણ લીધું છે એની

વિગતને આધારે કવિને અનોખા-આગવા માન-સન્માન પ્રાપ્ત થતા. ભૂજની ‘રાઓ લખપત વ્રજભાષા કાવ્યશાળા’ આનું ઊજળું દૃષ્ટાંત છે. અહીં કાવ્યસર્જન, કાવ્યપ્રસ્તુતીકરણના પાઠ ભણાવતા. વર્ણકો, પ્રાસકોશ, છંદશાસ્ત્ર અને અલંકારશાસ્ત્રના નિયત થયેલા ગ્રંથો કંઠસ્થ કરાવતા. એની પરીક્ષાઓ પણ લેવાતી. યથાસમયે સ્પર્ધાઓ પણ યોજાતી. ગ્રંથોની રચનાઓ આવી પાઠશાળાઓ માટે ખાસ પ્રકારે થતી. આવી પાઠાશાળાઓ રાજ્યશ્રય મેળવીને ક્રિયાશીલ રહેતી.

રાજ્યાશ્રય-લોકાશ્રય અહીંથી દીક્ષિત થયેલા કવિઓને મળી રહેતો. આ કવિઓની રચનાઓ વિવિધ સ્વરૂપ સંદર્ભે પણ આગવી છે. બારમાસી રચનામાં માત્ર પ્રેમવિશ્વનું જ નહીં એમાં મિત્રમૃત્યુનો વિયોગ, મિત્રપુત્રનો વિયોગ, રાધાકૃષ્ણ ઉપરાંત વીરચરિત્રોની બારમાસી પણ મળે છે. વ્યક્તિના દૈનંદિનીય જીવનનો પરિચય કરાવતી બારમાસી પણ મળે છે.

**આગવી છંદયોજના અને અલંકાર યોજના :**

આ સાહિત્યધારામાં બિરાખરી, કુંડળિયા, ઝૂલણા, ઝમાળ, ગજગત અને નિશાણી જેવા છંદમાં જ રચનાઓ રચીને ‘કુંડળિયા જસરાજ હરધોળાણીરા’, ‘લીંબડીની ઝમાળ’ જેવા શીર્ષકથી સુદીર્ઘ સ્વરૂપની રચનાઓ રચાતી જોવા મળે છે.

કવિત અને ગાહાચોસર જેવી અનેક રચનાઓ પણ વિપુલમાત્રામાં પ્રચલિત છે. એ જ રીતે મોતીદામ, સપાંખરું, ઉધોર, ત્રોટક, ચર્ચરી, ગજગતિ, રેણંકી, ભૂજંગી, ઝૂલણા, ખડગ પ્રબંધ, નાગપ્રબંધ, દોમળિયા જેવા વિવિધ પ્રકારના શતાધિક છંદોમાં દીર્ઘ કથામૂલક રચનાઓ આખ્યાન કે પુરાણ સંજ્ઞાથી રચાયાનાં વિપુલ દૃષ્ટાંતો છે. ‘બાંકીદાસરી ખ્યાત’, ‘વિપ્રવોળાવળ’, ‘વંશભાસ્કર’, ‘રુકિમણીહરણ’, ‘પાંડવયશેન્દુ ચંદ્રિકા’, ‘જાલંધરપુરાણ’ જેવી અનેક કથામૂલક રચનાઓ, પદ્યવાર્તાઓ દુહાબંધની અને કથાકાવ્ય પ્રકારની, તિથિકાવ્યો પ્રકારની રચનાઓ પણ વિપુલમાત્રામાં મળે છે.

વચનિકા, સપ્રાસગદ્યની કથાઓ પણ મળે છે. છંદશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રોના ગ્રંથો પણ વિપુલમાત્રામાં રચાયા છે. ‘છાયાભાગવત’, ‘વીરવિનોદ’, ‘ઓખાહરણ’ તો અત્યંત લોકપ્રિય સાહિત્યકૃતિઓ છે. છંદશાસ્ત્રના વિવિધ ગ્રંથો એમાંના આગવા છંદોની સમજ ઉપરાંત અલંકારોનું સૂઝપૂર્વકનું નિરૂપણ એ ચારણી સાહિત્યની આગવી વિશિષ્ટતા છે. ખાસ કરીને વર્ણસગાઈ અલંકાર તો પંક્તિએ પંક્તિએ દૃષ્ટિગોચર થાય છે. ચારણી અલંકારશાસ્ત્રમાં વયણસગાઈ વિશે વિસ્તૃત ચર્ચા થયેલી છે, એના વિવિધ પ્રકારો પણ પાડ્યા છે.



ચારણી સાહિત્ય વીરરસપ્રધાન છે પણ તેમ છતાં ભક્તિરસની પણ ભારોભાર ઉપાસના ચારણી સાહિત્યમાં દૃષ્ટિગોચર થાય છે. ઈસરદાન, આશાજી રોહડિયા અને કરશનદાસ બાલિયા, સાંયાજી ઝૂલા, હરદાસ મીસણ, ગોદડ મહેડુ, લાંગીદાસ મહેડુ કે માવલ વરસડા તરત જ સ્મરણે ચઢે. એમનું ભક્તિકેન્દ્રી સાહિત્ય કૃષ્ણ, શિવ, વિષ્ણુ અને શક્તિ સંદર્ભે છે. નામજાપ, માળા-મંત્ર અને નિત્ય શક્તિ-શિવની આરાધના ચારણકવિઓને બ્રાહ્મણની સમીપ સન્માન અપાવે છે. બ્રહ્માનંદ, દેવાનંદ જેવા ભક્તકવિઓ તો સ્વામિનારાયણ સંપ્રદાયનું આભરણ છે.

મેઘાણીનું ‘ચારણો અને ચારણી સાહિત્ય’ ઈ.સ.—માં પ્રકાશિત થયું. પાંચેક વર્ષ પૂર્વેની સંચિત કરેલી સામગ્રી, કૃતિઓની યાદી એમાં મુકાઈ છે. એ પછી જયમલ્લ પરમાર, પિંગળશી પાયક, લક્ષ્મણ ગઢવી, રતુદાન રોહડિયા, ડૉ. ઈશ્વરલાલ ર. દવે, ખેતસિંહ મીસણ આદિએ અને મેં રતુદાન રોહડિયા સાથે ચારણી સાહિત્યની હસ્તપ્રતોમાં તૈયાર કરેલા સૂચિપત્ર ‘ચારણી સાહિત્ય પ્રદીપ, ભાગ૧-૨ અને અંબાદાન રોહડિયાના સંશોધન-સંપાદન કાર્યને આધારે મેઘાણી પછી અર્ધી વધારાની નૂતન સામગ્રી પ્રાપ્ત થઈ છે.

ચારણ એટલે યાચક નહીં, માગણ નહીં, પોતાની કલા પ્રસ્તુત કરીને, કૌશલ્ય-કસબને કારણે દ્રવ્ય પ્રાપ્ત કરવાની વૃત્તિવાળી વ્યક્તિમત્તા એટલે ચારણ અને એમના દ્વારા રચાયેલું સાહિત્ય તે ચારણી સાહિત્ય. મૂલ્યના જતન માટે, સત્યની ઉપાસના માટે પોતાનો પ્રાણ આપી દેતાં ન ખચકાતો કવિ તે ચારણ અને એમના દ્વારા રચાયેલું સાહિત્ય તે ચારણી સાહિત્ય. ત્રાગાઓ કરીને સામા પક્ષને સત્યમય વ્યવહાર કરવા વાળી શકે, જાન દઈ શકે તે ચારણ અને તેનું નિરૂપણ પ્રગટાવતું સાહિત્ય તે ચારણી સાહિત્ય. ચારિત્ર્યવાન, શીલવાન, સત્યવક્તા, નીડર અને રાજ્યાશ્રિત છતાં તથ્યાશ્રિત કવિતાનો કથક તે ચારણ અને તેનું સાહિત્ય તે ચારણી સાહિત્ય. મૈત્રીને નિભાવતાં ન ખચકાતો, સ્વામીને વિપત્તિમાં સહાયભૂત થવાની ભાવનાવૃત્તિ જેના વ્યવહાર અને વર્તનમાંથી દ્રવે છે તે ચારણી સાહિત્ય. જેવું બોલે કે ઉચ્ચારે તેવું જ આચરે અને જેવું વિચારે તેવું જ આચરણ-કથન કરે. આમ, જેના આચાર, ઉચ્ચાર અને વિચારમાં જબરી સંવાદિતા દૃષ્ટિગોચર થાય છે તે ચારણ અને એનું સાહિત્ય તે ચારણી સાહિત્ય. માતૃશક્તિનો અપાર મહિમા કરનારો, બહેન-દીકરી કે વહુઆરુનું ભારે સન્માન કરનારો માઈ પરંપરાના પૂજક અને પ્રસ્થાપક તે ચારણ અને એનું સાહિત્ય તે ચારણી સાહિત્ય.

ભાષાશુદ્ધિ જાળવે, ઉચ્ચારણમાંથી ઓજસ પ્રગટાવે અને નાદ-લયમાં સ્મૃતિકોશને ખુલ્લો મૂકીને બુલંદનાદે પડકાર કરીને લલકારે અને શૌર્ય-વીરરસ નિષ્પન્ન કરાવે તે ચારણ અને તેનું સાહિત્ય તે ચારણી સાહિત્ય. સાહિત્યની ઉપાસના, શક્તિની આરાધના અને સત્યનિષ્ઠા, સરળ, સાદગીપૂર્ણ જીવન દ્વારા પોતાની વ્યક્તિમત્તાનો પ્રભાવ પાથરે તે ચારણ અને તેનું સાહિત્ય તે ચારણી સાહિત્ય. આ પ્રકારની ચારણ પરંપરા ચારણેત્તર સર્જક પણ પ્રગટાવે અને પ્રસ્તુત કરે તે બારોટ, લંઘા, તૂરી, મીર, ભરથરી અને રાવળજ્ઞાતિનું સાહિત્ય પણ ચારણી સાહિત્યની ઓળખ એમાંના ઓજસ્વીપણાને, મૂલ્યનિષ્ઠા અને અભિવ્યક્તિની તરાહને કારણે પ્રાપ્ત કરે છે.

આવા આઠ-દસ ગુણો અને મૂલ્યો જેના વ્યક્તિત્વ અને સાહિત્યમાંથી પ્રગટે તે ચારણ અને આવાં મૂલ્યોને ઉદ્‌ઘાટિત કરતું સાહિત્ય તે ચારણી સાહિત્ય.

* * *

ચારણીકથા કે કવિતા, વાતચીત-વાર્તાલાપ કે કથનની ઓળખ, એમાં સમુચિત રીતે યોગ્ય સ્થાને દુહો કે સોરઠો પ્રયોજાય તે છે. ચારણી સાહિત્ય બહુધા દુહાશ્રિત છે. આ દુહા અને સોરઠાના બંધારણનો પરિચય મેળવીએ.

**દુહો - સોરઠો**

દુહો એકમાત્રિક છંદ છે. હજારીપ્રસાદ દ્વિવેદીએ અપ્રભંશનું વાહન પણ દુહો દર્શાવેલ છે. અપભ્રંશને આ કારણથી દુહાવિઆ-દુહાવિદ્યા ઓળખ પ્રાપ્ત થયેલી. રાહુલ સાંકૃતયાયનજીના મતાનુસાર સરહપાદ પાસેથી પ્રાપ્ત દુહાને આપણે હસ્તપ્રતને આધારે મળતા સૌથી જૂના દુહા ગણીએ તો આઠમી શતાબ્દીથી દુહાનું પ્રચલન પ્રારંભાયું માનવાનું રહે.

ભારતીય સાહિત્યની આગવી ઓળખ દુહો છે. ચારણ કવિ રામચંદ મોડે એમના 'હરિ પિંગળ' નામના છંદશાસ્ત્રના ગ્રંથમાં દુહાના એકવીશ ભેદ દર્શાવ્યા છે. આમાંથી વ્યવહારમાં સવિશેષ પ્રચલિત તો મોટો દુહો, તુંવેરી, દુહો, ખોડો દુહો તથા દુહો અને સોરઠો એમ પાંચ પ્રકાર છે. એના બંધારણમાં આંશિક ફેરફાર દૃષ્ટિગોચર થાય છે.

**દુહો :** કુલ ચાર ચરણ હોય છે. એના પહેલા અને ત્રીજા ચરણમાં ૧૩-૧૩ માત્રા હોય છે. બીજા અને ચોથા ચરણનો પ્રાસ મળતો હોય છે અને એમાં ૧૧-૧૧ માત્રા હોય છે.



**સોરઠો :** દુહાનો આ વિશિષ્ટ પ્રકાર છે. સોરઠમાં વધુ પ્રમાણમાં પ્રચલિત હોવાને કારણે એને સોરઠો સંજ્ઞા પ્રાપ્ત થઈ હોવાનું અનુમાન છે. એના પહેલા અને ત્રીજા ચરણમાં ૧૧-૧૧ માત્રા હોય છે. બીજા અને ચોથા ચરણમાં ૧૩-૧૩ માત્રાઓ હોય છે. પહેલા અને ત્રીજા ચરણનો પ્રાસ મળતો હોય છે. ઘણાં એવાં પણ દૃષ્ટાંતો જોવા મળે છે કે જે સોરઠાના કોઈ પણ ચરણનો પ્રાસ ન મળતો હોય.

ગુજરાતી પીંગળમાં દુહાનું બંધારણ જે રીતે દર્શાવાયું છે તે અવલોકીએ.

માત્રા ૨૪, ચરણ-૨, દ્વિદલ, યતિ ૧૩ માત્રાએ

તાલ - ૧, ૫ અને ૯મી માત્રાએ - બન્ને દલોમાં

સ્વરૂપ - દાદા દાદા દાલદા, દાદા દાદા ગાલ

પૂર્વાંશના ચરણને (૧૩ માત્રાવાળા યતિખંડને) ઉત્તરાંશ બનાવાય અને ઉત્તરાંશના ચરણને (૧૧ માત્રાવાળા યતિખંડને) પૂર્વાંશ બનાવાય તો જે નવું રૂપ ઊપસે છે તેનું નામ સોરઠો છે. આ ફેરફારમાં પ્રાસ તો જાળવવાના જ રહે છે.

દુહામાં બે જ ચરણ હકીકતે ગણવાના હોય. એટલે ૧૩ માત્રાવાળા ભાગને વિષમ અને ૧૧ માત્રાવાળા ભાગને સમ તરીકે ઓળખવામાં આવે છે. પ્રાકૃત, અપભ્રંશ કે અન્ય ભાષાના પિંગળમાં લગભગ આ ચર્ચા થઈ ન હતી. એનું પ્રથમ શ્રેય કવિશ્રી દલપતરામને ફાળે છે. માત્રામેળ છંદમાં તાલનો પરિચય પ્રસ્તુત કરીને માત્રામેળ છંદના સ્વરૂપને તેમણે વિશદ કર્યું. પિંગળકાર કવિશ્રી દલપતરામ દુહામાં જ ગણને (U – U) કેટલાક સંદર્ભે નિષદ્ધ માને છે. જ ગણને કારણે તાલ તૂટતો હોય છે.

ચારણી પિંગલના જ્ઞાતા કવિ મંછે 'રઘુનાથ-રૂપક-ગીતાંરો' ગ્રંથમાં ચરણને કર્ણપ્રિય અને રમણીય બનાવવા માટે દુહામાં એક વિશેષ લક્ષણ ઉમેર્યું છે. કવિ મંછ કહે છે કે યતિખંડની અંદર આવતા વર્ણોમાં અનુપ્રાસ આવશ્યક છે. આવી પ્રયુક્તિથી વર્ણસગાઈ-વયણસગાઈ સર્જાય છે.

જો કે અપભ્રંશમાં આ લક્ષણ દૃષ્ટિગોચર થતું નથી. ચારણી-ડિંગળી અને કંઠસ્થપરંપરાના લોકસાહિત્યમાં આ લક્ષણ વિશેષમાત્રામાં દૃષ્ટિગોચર થાય છે. જો કે દલપતરામે કવિ મંછની વિભાવનાનો-વિચારણાનો સ્વીકાર કર્યો જણાતો નથી. દુહો અને સોરઠો બન્ને વિશેષ પ્રયોજાયા છે. એના વિસ્તૃતીકરણમાંથી-લંબાવવાથી દુહાના અવનવા પ્રકારો અસ્તિત્વમાં આવ્યા છે. એમાં કુંડળિયો મહત્ત્વનો છે. એને મળતા આવતા છપ્પય, છક્કડિયા, ભાખડી, રામવળા અને ચંદ્રાવળા છે.

ડૉ. રમણિકલાલ મારુએ એમના 'ચારણ ભાષાનું પિંગળશાસ્ત્ર' (૨૦૧૧) ગ્રંથમાં દુહા સિવાયના આ બધા પ્રકારનો વિગતે પરિચય કરાવ્યો છે.

આ સિવાય દુહામાં જ્યારે કોઈ નિયમો ન જાળવ્યા હોય એવા પણ દુહામાં અભિવ્યક્તિ કરવામાં આવી હોય એવા દુહા માટે દુમેળિયા અર્થાત્ મેળ-માપ વગરના દુહા, આમ સ્વરૂપમાં છૂટ લઈને દુહા સદૃશ પણ કેટલાક પ્રકારો અસ્તિત્વમાં-પ્રસારમાં છે તેમાં રાફડિયા, ગોફણિયાં, દુમેળિયા, દોઢિયા, કચ્છી સાખી-બેત મુખ્ય છે. જો કે દુમેળિયા, રાફડિયા અને ગોફણિયામાં કોઈ એકસરખું માપ દૃષ્ટિગોચર નથી થતું પણ દોઢિયા, કચ્છી સાખી બેતમાં એકસરખું માપ હોય છે. દુહા અને સોરઠાનાં થોડાં દૃષ્ટાંતો અવલોકીએ :

**દુહો**

નર નારી બન્ને ભલા, કદી ન આંગણકાળ
આવેલાનો આદર કરે, પડ જેવો પાંચાળ
(લોકપરંપરા પ્રાપ્ત)

**આશાજીકથિત ચારણી દુહો :**

ચોખ્ખા જેના ચિત્ત, એના વરણ કાંઉ વખોડિએ;
પ્રહલાદેય પવિત્ર, (મર) દાનવ હુ તો દાદવા
માયા ને મમતા તણાં, જેને હૃદયે ન લાગ્યા રોગ
ઈ સંત સમરવા જોગ, દન ઉગ્યે દાદવા

**પાલરવભાકથિત દુહો :**

હરખ નથી તોય હાલવું, હરમત નથી તોય હા;
નો કહેવાય ના, તારા સંદેશાને શામળા.
(ચારણી પરંપરા)

**દુહો :**

દુહો ચિક્ષ્ક્ષ્ક્ષ ચકિત કરે, દુહો ચિત્તરો ચેન;
દુહો દરદ કંપાવહિ, દુહો દારન ધેન.
(કચ્છી પરંપરા)

**સોરઠો :**



બચલાં વીંછણ ખાય, વીંછણ ડંખ ન આપતી
માનો મર જીવ જાય, ઊની આંચ દીએ નહીં.
('કલાપી')

**સોરઠો :**

અબઘડીએ તું આવ, આજકાલ કરમાં હવે
મન ખેતર સોસાય, તું વિણ મેઘલ વાજસૂર
('કલાપી)

**સોરઠો :**

રાત પ્રહરની ચાર, કેવળ આડી તાહરે
જુગજુગની લંઘાર, હું ને પિય બિચ બાંધવા
('સુંદરમ્')

**દુહો :**

પોઢી હતી પલંગમાં, વસમા દિ વૈશાખ
વાયરો રૂઠે ગ્યો વાલમા, મારે મોઢે બેઠી માખ
ઉડાડુ તો ઊંઘ ઊડે, ને ઓઢું તો અકળાઉં
ધાડ પડે ધોળે દિયે, હું લાખેણી લુંટાઉં
(એક રજપૂત ટેકના મધ્યકાલીન કિસ્સાના દુહા)
(રા. વિ. પાઠક)

**દુહા :**

'પલાશ પુષ્પિત શોભતો, જાણે દવની ઝાળ,
વનવન લ્હાય લગાડતો, ફાગણ ભરતાફાળ'
('વસંતમંજરી') (ઉમાશંકર)

**સોરઠા :**

'વીંછી ચડ્યો હોય તો, એનો થાય ઉતાર
આ તો વણઝારુંનો ભાર, એને કેમ ઉતારું કાંધથી'
'લાખા સરખી વારતા' (રમેશ પારેખ)

દુહો :

'મારગ કેરા ચીંથરા, સળવળ દોડ્યા જાય
વિમલી તારે દેશ તાકો જાઈને ઉખળે'

'પ્રેયસીનું Vision અનુભવ્યાંનો સાર' (વિનોદ જોશી)

દુહો :

'હૈયા સોંસરવી તને, વાગી ઝીણી ફાંસ
ચીંધ્યા દૂધમલ શ્વાસ, કોણે તારા વિનિયા',

'વિનિયા સાંભળ આટલું' (મનોહર ત્રિવેદી)

૨

# ચારણી સંસ્કૃતિ અને ભારતીય જીવનમૂલ્યો

**ડૉ. અંબાદાન રોહડિયા**

સત્ય, શક્તિ અને સરસ્વતીની ઉપાસના ચારણોનો જીવનમંત્ર રહ્યો છે. ચારણોએ જીવન અને કવન વચ્ચે અભેદતા આચરી બતાવી છે, તેથી લોકોએ તેને આદર-માન આપ્યા, તેને દેવીપુત્ર-સરસ્વતીપુત્ર કહીને પૂજ્યભાવ દર્શાવ્યો, કેમકે, તેની કહેણી અને કરણીમાં એકવાક્યતા હતી. શૂરવીરતા વિશે વાત કરનારા ચારણો સવાયા શૂરવીર હતા. સત્ય અને નીતિમત્તાની વાત કરનાર ચારણોએ ભલભલા રાજા-મહારાજાઓને સરાજાહેર કડવું સત્ય સંભળાવ્યું હતું, એ વખતે કોઈની સેહશરમ કે મૃત્યુનો ભય તેને ડરાવી કે ડગમગાવી શક્યો નથી. અરે ! અન્યાય, અનાચાર કે જોહૂકમી સામે પ્રાણની આહુતિ આપવામાં તેણે પારોઠના પગલાં ભર્યા નથી. આથી તો સમરાંગણમાં ક્ષત્રિયોને તેણે વીરમૃત્યુનો મહિમા સમજાવ્યો હતો, પરાજય નિશ્ચિત હોવા છતાં કાયરની જેમ શરણાગતિ સ્વીકારવાને બદલે સામી છાતીએ લડવાની-કેસરિયા કરવાની વાત તેમણે લોકોને સમજાવી હતી, એટલું જ નહીં એ પળે તે ક્ષત્રિયોની સાથે ખંભેખંભા મિલાવીને લડ્યા છે, એ વાતની સાહેદી ઇતિહાસમાં મળે છે.

ચારણ આઈઓને સમાજે લોકદેવી તરીકે પૂજેલ છે, તેનું મૂળ કારણ છે તેમની લોકસમાજ પ્રત્યેની માનવીય નિસ્બત. કેમકે, ચારણ આઈઓએ રાયથી રંક

સુધીના લોકોને માનવતાનો મહિમા સમજાવ્યો છે. પરોપકારી વ્યક્તિત્વને કારણે તેમણે દીનદુઃખીયા અને નિર્બળને ન્યાય અને આશ્રય અપાવ્યો છે, એ માટે સંઘર્ષનો સામનો કરતાં તેઓ અચકાયા નથી. સ્વાશ્રયી અને સાદગીપૂર્ણ જીવનશૈલીને કારણે તેઓ ક્યારેય કોઈના આશ્રિત કે ઓશિયાળા બન્યા નથી. આથી જ ભક્તકવિ દુલા કાગ ચારણના કર્મ વિશે કહે છે કે :

*ઈશ્વરથી ડરતા, પર દુઃખ હરતા, માતૃભૂમિ માટે મરતા;*
*સાચું કરતાં મુખ ઉચ્ચરતાં, મન મહિપથી ન જરા ડરતા,*
*ત્રંબાળ ગગડતાં, સન્મુખ મરતાં, મન કાયર એનું ન હતું;*
*સત ઉચ્ચરવાનું, તપ કરવાનું, એ ચારણનું કર્મ હતું....*[૧]

ચારણોની યશોજ્જ્વલ કુળ પરંપરાને યથાર્થ રીતે સમજવાને બદલે કેટલાક લોકો પોતાની સંકૂચિતદૃષ્ટિ અને કુંઠિત મનોવૃત્તિને કારણે ચારણોની અવહેલના કરે છે કે તેમની રચનાઓને સમુચિત રીતે યોગ્ય સન્દર્ભે તપાસવાને બદલે તેને સામંતશાહી સાહિત્ય કે રાજ્યાશ્રિત સાહિત્ય કહીને તેની ઉપેક્ષા કરે છે, ખરેખર તો સાચી માહિતીના અભાવે આમ થતું હોય તો તેમના માટે કેટલાંક સાહિત્યિક ઉદાહરણો કે પ્રમાણભૂત આધારો પ્રસ્તૂત કરી શકાય, પરન્તુ કોઈ સાચી વાત કે પ્રમાણભૂત વિગતો પ્રત્યે સહેતુક ધ્યાન ન આપે તો પછી ઉપાય શો ? કેમકે, મિથ્યા વિતંડાવાદ તો નિરર્થક જ છે, પરન્તુ ચારણોને તો કુળપરંપરાથી એવા સંસ્કાર મળ્યા છે કે, જગતજનની જગદંબા તેને યોગ્ય સમજણ આપે એવી પ્રાર્થના કરી વિરોધીનું પણ કલ્યાણ વાંચ્છવું, આવા શુભ અને કલ્યાણકારી અભિગમથી ચારણી સંસ્કૃતિ અને ભારતીય જીવનમૂલ્યો વિષયક કેટલીક વિગતો અહીં પ્રસ્તુત કરી છે, તેને મેં મુખ્યત્વે ત્રણ ખંડમાં વિભાજિત કરી છે. પ્રથમખંડમાં ચારણોની કુળપરંપરાગત આઈ પરંપરા વિશે, દ્વિતીયખંડમાં સત્ય અને સાંસ્કૃતિક જીવનમૂલ્યોના ઉપાસક ચારણો વિશે અને તૃતીય ખંડમાં ભગવતી શારદાના ઉપાસક ભક્તકવિઓ વિશે સંક્ષિપ્તમાં વાત કરીને, માત્ર અંગુલિનિર્દેશ કર્યો છે, જેથી ચારણત્વના ઉપાસક ચારણોનો અછડતો પણ યથાર્થ પરિચય મળી રહે અને કેટલાક લોકોની ભ્રામક માન્યતાઓ ઓછી થાય.

॥ ૧ ॥

ભારતીય ઋષિ પરંપરાને અનુસરનારા ચારણો અરણ્યવાસી છે, તેઓનો નિવાસ હિમાલય, કૈલાસ અને ગંધમાદન પર્વતમાં હોવાની માહિતી મળે છે. યજુર્વેદ, રામાયણ, મહાભારત, શિવપુરાણ, ગણેશપુરાણ, પદ્મપુરાણ અને શ્રીમદ્



ભાગવત આદિ પૌરાણિક ગ્રંથોમાં ચારણોનો ઉલ્લેખ મળે છે, તો જૈનશાસ્ત્રો, ઐતિહાસિક ગ્રંથો અને લોકપરંપરા-કંઠસ્થ પરંપરામાં ચારણો વિશે કહેવાયેલી ઘણી વાતો મળે છે, જેમાંથી તેમનું ઉજ્જ્વળ ચરિત્ર ઉપસે છે અને ચારણો શક્તિપૂજક હોવાની માહિતી મળે છે. જગતજનની ભગવતી સતીએ ચારણોને વચન આપેલું કે, તમે સ્મરણ કરશો તો હું રક્ષાર્થે આવીશ અને ચારણકુળમાં અવતાર લઈશ. આ વાતની પૂર્ણ પ્રતીતિ થાય એ રીતે આજપર્યંત ચારણકુળમાં આઈ પરંપરા જળવાયેલ છે. ભક્તકવિ દુલા કાગે તો આ સંદર્ભે એક કાવ્યમાં કહ્યું છે કે :

*'ભાન બેભાનમાં માત ! તુજને રટ્યા,*
*વિસારી બાપનું નામ દીધું;*
*ચારણો જન્મથી પક્ષપાતી બની,*
*શરણ જનની તણું એક લીધું.'*[૨]

ચારણકુળમાં અનેક આઈઓએ અંશાવતારી તરીકે માનવદેહ ધર્યો છે અથવા એમ કહો કે, એમણે પોતાની ઉત્તમ કરણી અને ઉજ્જ્વળ આચરણ દ્વારા માનવદેહને દેવત્વ અપાવ્યું છે. મૂળ તો પૂજા ગુણની થાય છે, એમનાં પરોપકારી અને માનવતાવાદી આદર્શોને કારણે સમાજે તેમનાં પ્રત્યે પૂજ્યભાવ દાખવીને તેમની પૂજા-અર્ચના-વંદના કરી છે, આ સન્દર્ભે અહીં આઈશ્રી આવડ, આઈશ્રી ખોડિયાર, આઈશ્રી વરૂડી, આઈશ્રી કરણીજી, આઈશ્રી રાજલ, આઈશ્રી ચાંપબાઈ, આઈશ્રી મોગલ, આઈશ્રી નાગબાઈ, આઈશ્રી બુટ, બલ્લળ અને બેચરાજી, આઈશ્રી જેતબાઈ, આઈશ્રી જીવણી અને આઈશ્રી કામબાઈ ઇત્યાદિ વિશે વાત કરી શકાય, પરન્તુ વિષય વ્યાપને કારણે અહીં બે-ત્રણ ઉદાહરણો જ ટૂંકમાં આપીશ.

ચારણ આઈઓ વિશે વાત કરતાં જયમલ્લ પરમારે નોંધ્યું છે કે, 'ધર્મરક્ષા કાજે સૌથી વધુ ઝૂઝયા છે, ચારણ આઈઓ. મહાન ગણાતા રાજ્યો સામે, બળવાન ગણાતાં સત્તાધીશો સામે અને અન્યાયના પ્રત્યેક પ્રસંગે પણ, આ ચારણ્ય સંતોનો ઇતિહાસ ઘણો મહાન છે. એમની ભક્તિ સદાય અપાર્થિવ રહેતી આવેલી. એમાંથી ચમત્કારોના પડળો દૂર કરીને કોઈકે ચારણ આઈઓની આત્મસાધનાનો મહાન ઇતિહાસ આપવો ઘટે.'[૩]

મધ્યકાળે અનેક વિદેશીઓ અને વિધર્મીઓએ વાયવ્ય સરહદેથી અને જળમાર્ગે આક્રમણો કર્યાં છે, તેની સામે એક હજાર વર્ષ સુધી અભેદ દીવાલ ખડી કરીને ભારતીય સંસ્કૃતિ અને ક્ષાત્રત્વના જતનાર્થે રાષ્ટ્રની સાંસ્કૃતિક એકતા ટકાવવા ચારણ આઈઓએ ભરપૂર પ્રયાસો કર્યાં છે. આઠમી-નવમી સદીમાં સિંધમાં

સુમરાઓનો અત્યાચાર વધી ગયો, ત્યારે આઈ આવડે સમાજને સંગઠિત કરીને સુમરાઓને પરાસ્ત કર્યા. આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ એક દુહામાં મળે છે :

*'નરપતિની કફરી નજરથી, કોપી તું મહાકાળી;*
*સુમરા હાથથી સિંધના રાજને, ખોવરાવ્યા ખપરાળી'*[૪]... ૧

આઈ આવડ માતાજીમાં બાલ્યાવસ્થાથી જ દૃઢશ્રદ્ધા અને ભક્તિનો સુભગ સમન્વય જોવા મળતો. તેમાં પણ ઊગતા સૂરજને થંભાવી દીધાની મોટિફ જન્ય લોકમાન્યતા એટલી દૃઢ થઈ ગઈ છે કે, આજે પણ ચારણો આઈનું સ્મરણ કરતાં કહે છે કે :

*'આવડ તારી આણ, લાજાળું લોપે નહીં,*
*ભરે ન ડગલું ભાણ, કરમી કશ્યપરાઉત.'*[૫]... ૨

આઈશ્રી આવડના અનેક મંદિરો પશ્ચિમ રાજસ્થાનમાં છે, ત્યાં તે તેમડારાય, ડુંગરેચી, ચાલકનેચી અને તનોટરાય તરીકે પૂજાય છે. ભગવતી પ્રત્યેની અતુટ અખંડ શ્રદ્ધાનું પ્રત્યક્ષ પ્રમાણ તો જેસલમેરથી ૧૨૦ કિ.મી. દૂર આવેલું તનોટરાયનું મંદિર છે. ભારત-પાકિસ્તાનની લડાઈ વખતે રણવિસ્તારમાં ઘેરાઈ ગયેલ ભારતીય સૈનિકોએ છેવટે ભગવતીના મંદિરમાં શરણ લીધું. પાકિસ્તાનીઓએ તોપગોળાની વર્ષા કરી, પણ મંદિરની કાંકરી પણ ન ખરી, બધા બોમ્બ નિષ્ફળ ગયા અને સૈનિકો બચી ગયા, એ પછીથી આ મંદિરની સેવા-પૂજા અને અન્નક્ષેત્રની જવાબદારી સૈનિકો સંભાળે છે, એટલું જ નહીં આ ઘટનાની ગવાહી રૂપ ફૂટ્યા વગરના તોપગોળા આજે પણ ત્યાં પડેલા જોવા મળે છે.

આઈશ્રી આવડના નાના બહેન આઈશ્રી ખોડિયારે અત્યાચારી રાજવીને પરાસ્ત કરીને એ ધરા પર ગોહિલોને શાસન સોંપ્યું હોવાથી તેઓ આઈ ખોડિયારની પૂજા કરે છે. રા, નવઘણ પર ભગવતીની કૃપા થવાથી તેમના વંશજો પણ આઈને પૂજે છે. તો સિંધમાં જાહલના રક્ષણાર્થે જતા રા, નવઘણને મદદ કરનારા આઈશ્રી વરુડી અને આઈશ્રી પીઠડને ચારણો અને ચારણેતર લોકો ભાવથી સ્મરે છે.

આઈશ્રી વરુડી અને તેમના પુત્ર બારુજી દેથાએ મહારાણા હમીરને પાંચસો ઘોડા, આવશ્યક ધન અને લડાયક યુવાનોની મદદ કરેલી. એ પછી જ્યારે ચિત્તોડ પાછું મળ્યું ત્યારે મહારાણાએ આઈશ્રીનું મંદિર બંધાવ્યું અને બારુજી દેથાને રાજકવિ પદ સોંપ્યું. આ અંગેના અનેક પ્રમાણો ઇતિહાસમાં મળે છે. નરુજી દેથાએ ઓરંગઝેબના સૈન્ય સામે લડીને બડીપોળ પર પ્રાણ આપેલા.



અરઠીલા-લાઠીના રાજકુંવર હમીરસિંહ ભીમસિંહજી ગોહિલ સોમનાથની સખાતે ગયા ત્યારે ગીરમાં રહેતા આઈ લાખબાઈએ વેગડા ભીલની પાલકપુત્રી હીમા જેઠવા સાથે લગ્ન કરાવેલાં, ભીલોએ હાથઘરણાંમાં પોતાના માથાઓ લખાવ્યા. આઈ લાખબાઈ સોમનાથ સાથે ગયા અને હમીરસિંહજીની વીરતા અને ક્ષાત્રત્વને પ્રત્યક્ષ નિહાળી તેને મરશિયા રૂપે કાવ્યાંકિત કરેલ છે.

*વહેલો આવે વીર, સખાતે સોમૈયાની;*
*હિલોળવા હમીર, ભાલાઅણીએ ભીમાઉત...* ૧

*કરમાં સર કરમાળ કરે, ઈ જુએ જગદીશ;*
*એમ સોમૈયાને શીશ, આલ્યું અરઠીલા ધણી*[૬]... ૨

રાજસ્થાન અને ગુજરાતે મુસ્લિમ આક્રમણોનો પેઢી દર પેઢી પ્રતિકાર કર્યો, એથી તો ભારતના અન્ય પ્રાંતોને સંઘર્ષ ઓછો કરવો પડ્યો છે. જોધપુર અને બીકાનેર રાજ્યની સ્થાપના જ આઈશ્રી કરણીજીએ કરાવી છે. તેમણે રાજપૂતોને આપસી વિગ્રહ ત્યજીને સંગઠિત થવા પ્રેરેલા. આજે પણ દેશણોકમાં આઈશ્રી કરણીજીનું ભવ્ય મંદિર છે. પશ્ચિમ રાજસ્થાનમાં આઈની દીર્ઘદૃષ્ટિને કારણે ભારતીય સંસ્કૃતિનું રક્ષણ થયેલું, એવી શ્રદ્ધાને કારણે અઢારે આલમ આઈની પૂજા કરે છે. એક છંદમાં કવિએ કહ્યું છે કે :

*'જોધપુર ઉદેપુર બીકાણો જાહરાં, થાહરે વશીએ ભૂપ વ્રાજે;*
*કેતરાં કરાં વખાણ કિન્યાણી, આઈ કીરત વધત ઘણી આજે.'*[૭]

પૃથ્વીરાજ રાઠોડના પત્નીની લાજ બચાવનારા આઈ રાજલે અકબરને નવરોજ છોડાવેલો. નરુજી ચારણે તો 'જગદંબા રા પવાડા'માં આ પ્રસંગને કાવ્યમાં વણી લીધો છે કે :

*'નવરોજ કો છોડ કસમ, મજહબ કી ખાઈ હૈ;*
*રાજલ ધર મૃગપતિ કો રૂપ, ભૂપ કી લાજ બચાઈ હૈ.'*[૮]

વસ્તુતઃ તો અહીં ચમત્કાર નહીં નિર્ભિકતાની જ વાત છે, એ વાતનું જ પ્રતિબિંબ કામાંધ બાકર શેખને સંહારતી આઈ જીવણી-સિંહમોય (સરધાર)માં જોવા મળે છે. આ આઈ પરંપરાનું જ ઉજ્જ્વળ અનુસંધાન આઈશ્રી સોનલ માતાજી (મઢડા)માં પ્રગટતું જોવા મળે છે, જે ભૂતકાળની ભવ્ય પરંપરાનું સાંપ્રતમાં પ્રત્યક્ષ પ્રમાણ છે.

॥ ૨ ॥

ચારણો ભગવતી શારદાના અનન્ય ઉપાસક રહ્યા છે, વળી તેઓએ પ્રાણાંતે પણ સત્ય, સંસ્કૃતિ અને ભારતીય જીવનમૂલ્યોનું જતન કર્યું છે, કહો કે, ચારણ સંસ્કૃતિની યથાર્થ ઓળખ જ છે તેમની સત્યપ્રીતિ. ભલભલા રાજા મહારાજાઓ, સત્તાધીશો અને નિકટના સ્વજનોને તેણે સાચી વાત કહી છે. એ વખતે રાજકવિ પદ, રાજ્યો દ્વારા મળેલ ગામ-ગરાસ કે સંપત્તિ ઝૂંટવી લેવાનો ભય કે પ્રાણદંડની તેણે પરવા કરી નથી. અરે ! સત્ય માટે સર્વસ્વ ખોવાની ખૂમારી, મૃત્યુની મહોબ્બત અને વચનપ્રીતિ તેને વહાલા લાગ્યાં છે, એટલું જ નહીં આ સત્‌ના માર્ગે સદાય તેને સ્વજનોનો સાથ મળ્યો છે, ત્રાગાળું વરણ તરીકે સુખ્યાત આ સમાજે યુદ્ધભૂમિમાં અવસર આવ્યે અવશ્ય ખાંડાના ખેલ ખેલ્યા છે, એ વખતે તેને જીવવાનો મોહ થયો નથી, પરન્તુ સ્વરક્ષા કાજે એણે ત્રાગાનો-અહિંસાનો માર્ગ અપનાવ્યો છે, પરના પ્રાણ હરવાના બદલે મૃત્યુને મંગળગણીને સ્વહસ્તે હસતાં હસતાં સ્વનું બલિદાન આપવું એ કાર્ય કમળપૂજા, જેટલું પાવન અને કપરામાં કપરું છે, મિત્રો યાદ રહે કે આ કાયરતાપૂર્ણ આત્મહત્યા નથી, આ તો નીતિની વેદી પર ચડાવેલી આહુતિ છે અને એનું વિશેષ મૂલ્ય છે. ચારણોએ કરેલાં ત્રાગાં કે ધરણાઓ વિશે એક મહાનિબંધ લખી શકાય તેટલી વિગતો મળે છે, પરન્તુ બે-ત્રણ ઉદાહરણો જ જોવા હોય તો તેમાં સૌ પ્રથમ ‘આઉવાનું ધરણું’ યાદ કરવું જ જોઈએ.

મધ્યકાળે ચારણોને મળેલ ગામ-ગરાસનો તેઓ સ્વતંત્ર ભોગવટો કરતા, તેઓ સ્વતંત્ર શાસક ગણાતા, ત્યાં રાજા-મહારાજાઓ કોઈ જાતની ખલેલ ન પહોંચાડતા. આથી તો ક્ષત્રિયોને આપત્તિકાળે તેઓ આશ્રય આપતા હોવાની માહિતી મળે છે. તેમની આ સ્વતંત્રતા-સ્વાયતત્તાનું ક્ષત્રિયો સમુચિત પાલન કરતા આવ્યા છે, આમ છતાં ક્યારેક સંઘર્ષ થયો તો ચારણોએ તો પ્રાણાંતે પોતાનું પ્રણ જાળવ્યું છે, આ વાતની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ જોધપુરના રાજા ઉદેયસિંહ સામેનો છે. ચારણનો બળદ પૂછ્યા વગર તમે ન લઈ જઈ શકો, આ વાત વધતાં વધતાં એટલી વધી ગઈ કે, સ્વતંત્રતાના હિમાયતી ચારણોએ સામુહિક ધરણાનો નિર્ણય કર્યો, રાજાએ બળજબરી કરી, તો તેમનાં જ સ્વજન ગોપાળસિંહ ચાંચાવતે આઉવામાં ધરણું કરવાની વ્યવસ્થા ગોઠવી આપી તેનું રક્ષણ કર્યું. વિશ્વના સૌથી મોટા ધરણામાં અનેક ચારણોએ પ્રાણ અર્પ્યા, એ વાતની સાહેદી રૂપે ત્યાં ઓમકારસિંહજી લખાવતે ભવ્ય સ્મારક બનાવ્યું છે અને ચૈત્રમાસની પૂર્ણિમાના દિવસે આજે પણ ત્યાં ચારણો અને ચારણેતરો ઐકત્ર થઈને ચારણત્વ કાજે અપાયેલ



બલિદાનનું સ્મરણ કરીને સાંસ્કૃતિક અસ્મિતા માટે સર્વસ્વ અર્પણ કરવાની પ્રેરણા મેળવે છે.

સૌરાષ્ટ્રમાં ચોટીલામાં દેવાયત ખાચરના માણસોએ ચારણોની ભેંસોને ગઢમાં પૂરી દીધી. સંઘર્ષ વધ્યો, છેવટે ભેંસોને મારીને દાટી દીધી, ચારણો ગામમાં ધરણે બેઠા છે, એ સમાચાર જાણીને ગામતરે નીકળેલ વટેમાર્ગુ કરણાભાઈ ગોલે ધરણાની જવાબદારી લીધી, એટલું જ નહીં છેવટે વાત વધી પડતાં પોતે તેલીયો ડગલો પહેરી, તેમાં આગ પ્રગટાવી, હાથમાં માળા લઈને ગામની પ્રદક્ષિણા કરી અને ગામની આથમણી જગ્યામાં બેસી દેહ છોડ્યો, ત્યાં આજે પણ એમની નાની દેરી છે. તેમજ આ ઘટનામાં નિમિત્ત બનનારા રાજવીના દરબારગઢમાં આંકડા ઉગ્યા છે.

રાજસત્તા અને રાજવૈભવને કારણે મોહાંધ બનેલા જામનગરના રાજપરિવારે પોરબંદરથી લગ્નપ્રસંગે તેડાવેલ ભાણેજ રામદેવજી જેઠવાની હત્યા કરાવી નાખી, ત્યારે જામીન બનીને કુંવરને તેડી લાવેલ કાવિદાસજી લાંગાએ પોતાના પરિવારના સત્તર લોકો સાથે ત્રાગાં કરીને પોતાનું વચન અને કર્તવ્ય નીભાવ્યું હતું. આ કાવિદાસજીના પરિવારમાંથી બહારગામ હોવાને કારણે બચી ગયેલ યુવાનને પોરબંદર રાજ્યે ભાણવડ પાસેનું શીવા ગામ આપેલું. આજે પણ ત્યાં તેમના વંશજો રહે છે.

જામજોધપુર પાસે એક હરણને બચાવવા માટે ચારણની બાવીસ દીકરીઓએ ત્રાગાં કરેલા, આજે એ જગ્યાએ ભવ્યમંદિર ઊભું છે. આમ, અન્યાય, અત્યાચાર અને હિંસા સામે સ્વબળે ઝઝૂમનારા ચારણો વિશે લોકોને ખૂબ આદર હતો. પરોપકારાર્થે પ્રાણ આપનાર ચારણો જો લોહી છાંટે તો વંશવેલો ન રહે એવી વાતો સમાજમાં દૃઢ બનેલી. આથી તો સત્તાધીશો પણ અન્યાય કરવાથી ડરતા હતા. અંગ્રેજોએ પણ નોંધ્યું છે કે, ચારણોને જામીન રાખવાથી કોલકરાર પળાવવામાં અનુકૂળતા રહે છે. આ વાત ચારણોની મૂલ્યનિષ્ઠા અને દૃઢવચન પ્રીતિની પરિચાયક જણાય છે.

॥ ૩ ॥

ચારણોને સમાજે દેવીપુત્ર-સરસ્વતીનું બિરુદ આપ્યું છે. ભગવતી શારદાએ ચારણોની જીભ પર આસન જમાવ્યું છે, ચારણે રાજસભામાં કે લોકસભામાં કંઠ, કહેણી, કવિતા અને કરણીના સુભગ સમન્વયથી લોકોના દિલ ડોલાવ્યા છે, તેમની વૃત્તિઓને હલકી વાતો દ્વારા બહેકાવવાને બદલે તેણે સાંસ્કૃતિક જીવનમૂલ્યોનું જતન કર્યું છે. સતીની ચારિત્ર્યશીલતાને, વીરોની વીરતાને, દાનવીરોની દાતારીને

સંતોની સાધનાને અને જીવમાત્રની કુળ પરંપરાને ચારણોએ સરાજાહેર સરાહી છે. એ વખતે એને પશુ-પ્રાણીના ભેદ નડ્યા નથી. કવિરાજ નાથુસિંહ મહિયારિયામાં કહે છે કે :

*'જો કરસી ઉણરી હોસી, આસી વિણ નૂતીહ;*
*એ ન કિણ રા બાપરી, ભક્તિ અરુ રાજપૂતી.'*

ખરા અર્થમાં ચારણો એ 'ગા વાળે તે અરજણ' એ ન્યાયે જીવનમૂલ્યોના જતનાર્થે ઝૂઝનારાનો મહિમા ગાયો છે અને કાયરો, લોભીયાઓ, ચારિત્ર્યહીન સત્તાધીશો અને ભોગવિલાસીઓને પોતાની વાણી રૂપી કોરડાઓ વિંઝ્યા છે. એ વખતે તેને રાજસત્તા કે સંપત્તિ ડરાવી શકી નથી, એ વાત પણ એટલી જ સાચી જણાય છે. આથી એમ કહી શકાય કે માત્ર કવિત્વકલાને કારણે જ ચારણોને માન-મરતબો, લાખપશાવ કે કરોડપશાવ મળતા હતા, તેમ નથી, વસ્તુતઃ તો ચારણત્વની તેની ઉપાસનાને ક્ષત્રિયોએ અને આમ જનતાએ બિરદાવી છે અને એના ગુણોને ધ્યાનમાં લઈને તેને આ પૂજા-અર્ચના રૂપે નિવેદ ધર્યા છે. 'ચારણ લ્યે લાખ, આપે સવા લાખ' એમ તે સવાયો દાનવીર હતો, તેણે રાજ્યોના દાન પણ સગૌરવ પાછા આપ્યા છે. એટલું જ નહીં દાન ન સ્વીકારવાને કારણે કેદ થવું પડ્યું કે કમળપૂજા ચડાવી તેવા ઉદાહરણ પણ મળે છે ! અરે ! અણનમ રહેવા માટે પેઢીદરપેઢી સંઘર્ષ કરનારા સિસોદિયાઓ-મહારાણાઓએ ચારણોને દેવતુલ્ય આદર આપ્યો છે, એટલું નહીં જોધપુરના રાજકવિ કરણીદાનજી કવિયાની કાવ્યરચનાને તો ધૂપ દઈને-પૂજા કરીને મંદિરમાં પધરાવેલી. આટલા આદરનું કારણ સ્પષ્ટ જ છે કે ચારણોએ પણ મેવાડના રાજવંશીઓની માફક સંસ્કૃતિ માટે સંઘર્ષ કર્યો છે, મહારાણાઓની વીરતાને સૌથી વધુ સરાહી છે ચારણોએ, એટલું જ નહીં કોઈક કપરી ક્ષણે રાણાઓનું મન વિચલીત થયું હોય તો તેને કુળ પરંપરાની યાદ અપાવીને પુનઃ ઝઝૂમવાની પ્રેરણા ચારણોએ આપી છે, આથી એક દુહામાં કહેવાયું છે કે :

*'ચારણ ચિત્તોડાહ, હે દોય સૂરજ હિન્દવાં;*
*સાહાં સુખ સોડાહ, દોયાં નહ સુવણદિયા'*[૧૦]

મહારાણા પ્રતાપે શહેનશાહ અકબરનું આધિપત્ય ન સ્વીકાર્યું. આથી તેમણે જીવનપર્યંત સંઘર્ષ કરવો પડ્યો, સામાપક્ષે જયપુરના રાજવીઓએ પોતાની કુંવરીને અકબર સાથે પરણાવીને સુખ-શાંતિનો માર્ગ સ્વીકાર્યો. તેઓ જ અકબરના સેનાપતિ બનીને મહારાણાને મનાવવા આવ્યા. રાણા પ્રતાપે તેમની વાત ન



સ્વીકારતાં, 'હવે તમારા પેટની દવા લઈને આવીશ કહીને વિ.સં. ૧૬૩૨માં સૈન્ય-અકબરનું સૈન્ય-લઈ આવ્યા. રાણા પ્રતાપને મેદાન છોડવું પડ્યું, એ વખતે ગર્વોક્તિ કરનારા માનસિંહજી કછવાહાને તેમના જ ચારણકવિએ કડવું સત્ય સંભળાવ્યું કે :

*'માના આંજસ કર મતી, અકબર બળ આયા;*
*જોધે જંગમે આપરા બળ, પવંગ પાણી પાયાંહ.'*[૧૧]

જાગાજીની આ વાત માનસિંહજીને હૈયે ખટકી, તેમણે કહ્યું, તમે મારા કવિ થઈ રાણા પ્રતાપનો મહિમા કરો છો, તમારે જયપુર છોડવું પડશે. જાગાજી બારહટ્ટ કહે, હું તો ચારણ છું, સાચી વાત કહીશ અને રહી વાત જયપુરની તો માત્ર હું જ નહીં પણ ચારણ સમાજ જયપુર છોડી દેશે, પણ અમારો ચારણધર્મ નહીં છોડું.

રાષ્ટ્રવાદી ચારણકવિ દુરસાજી આઢા તો શિરોહીના રાજકવિ હતા, પરન્તુ તેમણે મહારાણા પ્રતાપને બિરદાવતા 'બિરુદ છહુતેરી'ની રચના કરી હતી. શહેનશાહ અકબર સામે અણનમ રહેનારા મહારાણા વિશે તેમણે કહેલી વાત કેટલી હૃદયસ્પર્શી છે, જુઓ :

*'અકબર સમંદ અથાહ, તિંહડૂબા હિંદુ તુરક;*
*મેવાહો તીણ માંહ, પોયણ ફૂલ પ્રતાપસી.... ૧*
*અકબર ગરબ મ આંણ, હિંદુ સહ ચાકર હુવા,*
*દીઠો કોઈ દીવાણ, કરતો લટકા કટહડે...*[૧૨] *૨*

એક વખત દિલ્હીમાં સમાચાર વહેતા થયા કે, મહારાણા પ્રતાપ સમાધાનાર્થે દિલ્હી આવે છે. દુરસાજી આઢા અને પૃથ્વીરાજ રાઠોડે કહ્યું, અસંભવ, આ વાત ખોટી છે. તમે કહો તો અમે ખાત્રી કરાવીએ. તે સમયે લખાયેલ દુહા અને કાવ્યો લઈને એક ચારણ રૂબરૂ ગયો. મહારાણાએ પોતાનો નિર્ણય બદલ્યો :-

*આયા દળ સબળ સામહો આવે, રંગિયે ખગ ખત્રવાટ રતો;*
*ઓ નરનાહ નમવા નહ આવે, પતસાહણ દરગાહ પતો... ૧*

પૃથ્વીરાજે કહેલ આ દુહાઓ ઉદેપુરના રાજમહેલમાં શીલાલેખમાં કોતરાવેલ છે. તો મહારાણાના અકાળ અવસાનના સમાચાર મળતાં અકબરની જે મનોસ્થિતિ થઈ તેને કાવ્યાંક્તિ કરતાં દુરસાજી આઢા કહે છે કે :

*'અસ લેગો અણદાગ, પાધ લેગો અણનામી;*
*ગૌ આડા ગવડાય, જિકો બહતો ધુર વામી;*

*નવરોજે ન ગયો, ન ગૌ આતસાં નવલ્લી;*
*ન ગૌ ઝરોખા હેઠ, જેઠ દુનિયાણ દહલ્લી;*
*ગહલોત રાણ જીતી ગયો, દસણ મૂંદ રસણાં ડસી;*
*નીસાસ મૂક ભરિયા નયણ, તો મૃત શાહ પ્રતાપસી.*

મહારાણા પ્રતાપના વંશ જ રાણા રાજસિંહે ઓરંગઝેબ સાથે સમાધાન કરવાનો નિર્ણય કર્યો ત્યારે ભારતીય જીવનમૂલ્યોનો ચાહક બહોળો સમાજ ચિંતાતુર બનેલો, પણ રાજવીને કોણ કહી શકે. એ વખતે ચારણકવિ કુંભાજીએ પોતાની કવિત્વકલા દ્વારા રાણાને ચેતવ્યા અને પાછા વાળ્યા, એક કવિતમાં તેમણે કહ્યું કે :

*'અજે સુર ઝળહળે, અજે પ્રાજળે હુતાશન;*
*અજે ગંગ ખળહળે, અજે સાબત ઈન્દ્રાસણ,*
*અજે ધરણી બ્રહ્માંડ, અજે ફળફૂલ ધરતી,*
*અજે નાથ ગોરખ, અજે માત સકિત,*
*અજુ હિલોહલ ધ્રૂ અટલ, બેદ ધરમ બારાસણી,*
*પતસાહ હૂત ચિત્તોડપત, રાણ મિલે કિમ રાજસી.'*[૧૪]

અંગ્રેજોએ આવીને અજગરની જેમ ધીમે ધીમે સત્તાના સૂત્રો મેળવી લીધા, એ વખતે ઈ.સ. ૧૮૫૭થી બાવન વર્ષ પહેલા ઈ.સ. ૧૮૦૫ આસપાસ જોધપુરના રાજકવિ બાંકિદાસજી આશિયાએ ભારતની પ્રજાને ચેતવતાં કહ્યું હતું કે :

*આયો મુલક પરે અંગ્રેજ, આંતસ ખેંચી લીધા ઉરા;*
*ધણિયા મરે ન દીધી ધરતી, ધણિયા ઊભા ગઈ ધરા.*[૧૫]

અંગ્રેજોની સત્તાએ નાગચૂડની જેમ આખા દેશ પર સત્તા જમાવી દીધી, એ પછી ભારતના વાઈસરૉય લોર્ડકર્ઝને ઈ.સ. ૧૯૦૩માં દિલ્હીમાં એડવર્ડ સાતમાનાં રાજ્યારોહણ પ્રસંગે ભવ્ય સમારોહનું આયોજન કર્યું, એ સમયે ઉદેપુરના મહારાણા ફતેસિંહને પણ શામ, દામ, દંડ અને કૂટનીતિથી હાજર રાખવાનો પ્રયાસ થયો. મહારાણાએ વિવશ બની હાજર રહેવાનું સ્વીકાર્યું. રાજસ્થાનની સ્વતંત્રતા પ્રેમી પ્રજાને કાળજે ખટકર્યું, તેનાં પ્રતિઘોષ રૂપે ચારણકવિ કેસરીસિંહે મહારાણાને 'ચેતવણી રા ચુગટીયા' રૂપે ૧૩ સોરઠા લખીને તેમની કુળ પરંપરાનું સ્મરણ કરાવ્યું. રાણાનો અંતરાત્મા જાગી ગયો, તેઓ દિલ્હીથી પાછા ફર્યા. તેમાંથી એક સોરઠો જુઓ :

*પગ પગ ભમ્યા પહાડ, ધરા છાંડ રાખ્યો ધરમ;*
*(ઈશું) મહારાણા મેવાડ, હિરદે બસિયા હિંદ રે.*[૧૬]



ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અનેકવીરોએ બલિદાન આપ્યાં છે. તેમાં ચારણકવિ કેસરીસિંહજી બારહઠ, તેમના નાનાભાઈ જોરાવરસિંહજી જેમણે લૉર્ડની સવારી પર બોમ્બ ફેંક્લો, માત્ર વીસ વર્ષની વયે શહાદત વ્હોરનારા કુંવર પ્રતાપસિંહ અને તેમના બનેવી ઈશ્વરસિંહ, આશિયાનું પ્રદાન સ્મરણીય છે, બારહઠ પરિવારે કરેલ સંઘર્ષને કારણે કોટામાં કેસરીસિંહજીનું સ્મારક બનેલ છે. તો આઝાદી પછી વડાપ્રધાન અને રાષ્ટ્રપતિની ઈચ્છાથી જયપુર અને ઉદેપુરના રાજવીઓનું સમાધાન કરાવી મિલન ગોઠવાયું, ત્યારે રાજકવિએ કહ્યું કે, ખરેખર તો મધ્યકાળે સમાધાન જરૂરી હતું, તો ભારતવર્ષનો ઈતિહાસ જુદો હોત. કવિની સત્યપ્રીતિ જુઓ :

*'યે માન યે ફતો મીલતે, ન હાની ન લાભ;*
*વો માન વો પતો મીલત, તો મીટ જાત મુગલાન.'*

ચારણોની સાંસ્કૃતિક પરંપરા સદા સર્વદા ભારતીય જીવનમૂલ્યોના જતનની રહી છે, અસ્મિતા માટે પ્રાણ અર્પવાનો મહિમા ગાનારા ચારણોએ અવસર આવ્યે હસતા મુખે મૃત્યુને વધાવ્યું છે. પંચાળમાં આંબરડી ગામે રહેતા વિહળ રાબાએ દસ ભાઈઓ અને એક મિત્ર સાથે અણનમ રહેવાનો સંકલ્પ કરેલો, ફરતી ફરતી વાત અમદાવાદના મુસ્લિમ સૂબા સુધી પહોંચી, દિલ્હી પતિનો સૂબો સસૈન્ય આંબરડી પહોંચ્યો. કાં તો તમે નમો, અથવા લડવા માટે મેદાનમાં આવો, એવો હઠાગ્રહ દાખવ્યો, વિહણ રાબાએ અણનમ રહી લડવાનો નિર્ણય કર્યો, એક ભાઈ બહારગામ હોવાથી અગિયાર જણ હસતા હસતા ધારાતીર્થ પામ્યા, બચી ગયેલ ભાઈ આવ્યો, ચિતાગ્નિમાં ઝંપલાવીને મોતને માર્ગે સાથ નીભાવ્યો.

આણંદ જિલ્લાના સામરખા ગામના કવિરાજ કાનદાસ મહેડુએ ઈ.સ. ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ માટે ક્ષત્રિયોને પ્રેર્યા હતા, પંચમહાલના આદિવાસીઓને સંગઠિત કરી લડવા માટે ભૂમિકા ઊભી કરેલી, રાજસ્થાનથી નાનું સૈન્ય પણ મંગાવેલું. અંગ્રેજોને ખબર પડી, ગોધરાની જેલમાં કેદ કર્યા અને ૧૫-૭-૧૮૫૭ના દિવસે કૅપ્ટન બર્કલએ તેમનું પાલા ગામ જપ્ત કરીને સળગાવ્યું હતું. કવિને મૃત્યુદંડની સજા જાહેર કરી, દરિયાપીરની સ્તુતિને કારણે ત્રણ વખત બેડીઓ તૂટી ગઈ, તોપની સામે બાંધ્યા. ભગવતીની પ્રાર્થનાથી તોપનું મોઢું ફરી ગયું. છેવટે અગિયાર માસ કેદ રાખીને છોડ્યા. લુણાવાડાના ઠાકોર દલેલસિંહ કહે, તમારું પાલા ગામ પાછું આપું, લુણાવાડા આવો.' કવિ કહે, 'અંગ્રેજોના મળતિયા-ક્ષત્રિય પર મારો ઠબકાનો પણ અધિકાર નથી, પાલા ગામ પાછું ન લીધું. તેમના જ સમકાલીન અજિતસિંહ ગેલવા ગોકુળપુરા ગામના વતની હતા.

નિઃશસ્ત્રીકરણના કાયદાનો વિરોધ કરવા માટે પંચમહાલના ક્ષત્રિયોની આગેવાની લઈને ખુલ્લી તલવારે કચેરીમાં પહોંચી ગયેલા. તો જોધા માણેક અને મૂળુ માણેક સાથે બહારવટે નીકળનાર નાગજી ચારણે માછરડાના ડુંગરમાં ઘેરાઈ ગયા પછી પણ શરણાગતિ સ્વીકારવાને બદલે સામી છાતીએ લડવાની સલાહ આપતાં ગીત લલકાર્યું...

*'ના છંડિયા હથિયાર મૂળભા બંકડા, ના છંડિયા હથિયાર,*
*મરણું હકડી વાર, મૂળુભા બંકડા, મરણું હકડી વાર.'*

રાજસ્થાનમાં જોધપુરના રાજકવિ બાંકિદાસ આશિયાએ પ્રગટાવેલી જ્યોતને પ્રજ્વલિત રાખવાનું કામ કવિરાજ સૂર્યમલ્લજી મિસણે કરેલું. તેમણે 'વીરસતસઈ'ની રચના દ્વારા ક્રાંતિકારીઓને બિરદાવ્યા, પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ નિષ્ફળ રહ્યો, મોટા રાજવીઓએ ખુલ્લો સાથ ન આપ્યો, તેમની આવી કાયરતા કવિને ખટકી, તેમણે 'વીરસતસઈ' અધૂરી છોડી દીધી. તો શંકરદાન સામોર તો લોકકવિ તરીકે સતત સમાજને પ્રેરતા રહ્યા. એ સમયના મોટા રજવાડાઓએ શરણાગતિ સ્વીકારી લીધી, પણ ભરતપુરના યુવાનો મોત સામે ઝઝૂમ્યા, કવિએ સરાજાહેર ભરતપુરની સરાહના કરી અને માતૃભૂમિનો દ્રોહ કરી અંગ્રેજોનો સાથ આપનાર રાજા-મહારાજાઓને ઉપાલંભયુક્ત કાવ્યો દ્વારા ખુલ્લા પાડ્યા.

આઝાદી પૂર્વે સ્વાતંત્ર્યની લડતને - સસૈન્ય લડતને અનેક કવિઓએ વધાવેલી. અરે ! કેસરિયા કરવાથી જ દેશમુક્તિનું દ્વાર ખુલશે એમ કહીને રેંટિયાને પણ કેસરિયા તાર વણવાની સલાહ આપેલી. 'ગાંધી શતક' રચીને નાથુસિંહજી મહિયારિયાએ પોતાનો કવિધર્મ-ચારણધર્મ નીભાવેલો. તો ભક્તકવિ દુલા કાગે તો ગાંધીજીના વિચારોને ગામડે ગામડે 'કાગવાણી'ના કાવ્યો દ્વારા પહોંચાડેલ, એ વખતે તેમને સત્તાધીશો કે અંગ્રેજોનો ડર કે શેહશરમ આડા આવ્યા નથી. કેમકે, તેમણે તો પોતાની ચારણી સંસ્કૃતિનું જ જતન કર્યું હતું. અરે ! ભગતસિંહને ફાંસી મળી ત્યારે 'ફૂલછાબ'માં બેઠા હોવા છતાં મેઘાણીજીએ કાવ્ય લખ્યું... 'રોપાણાં સતલજને કાંઠે, ત્રણ રુખડાં' તેમના આ ચારણકર્મને જયમલ્લ પરમારે વધાવ્યું અને મેઘાણીજીને 'નૂતનયુગના ચારણ' કહ્યા. તો કાકાસાહેબ કાલેલકર અને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ પણ મેઘાણીજીને 'ચારણ'ના બિરુદથી નવાજે છે, એ વાત પ્રતીતિ કરાવે છે કે, ચારણનું કર્મ શું હતું અને સમાજમાં તેનું કેટલું મહત્ત્વ અને મહિમા હતો.

ભગવતી શારદાની અનન્ય કૃપા મેળવનારા ચારણ સમાજમાં કાવ્યસર્જન તો કુળપરંપરાથી સહજ રીતે થતું આવ્યું છે. મેઘાણીજી 'ચારણો અને ચારણી



સાહિત્ય' ગ્રંથમાં લખે છે કે, સાહિત્ય સર્જન એ ચારણોનો વ્યવહાર કે વ્યવસાય નથી પણ એનો સંસ્કાર છે, એ પેઢીનપેઢી લોહીમાં સંચરે છે.' આથી ચારણસમાજમાં દીર્ઘકાળથી સાહિત્યસર્જન થતું આવ્યું છે. તેમાં પણ શતાધિક કવિઓ એવા થયા છે કે તેમની સર્જક પ્રતિભાને કારણે તેમણે સાહિત્ય ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કર્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમી, રાજસ્થાન સાહિત્ય અકાદમી તેમજ સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા અનેક ગ્રંથોનુ પ્રકાશન થયું છે. વિવિધ સંશોધકોએ આ વિષય પર મહાનિબંધો તૈયાર કર્યા છે અને લોકગાયકોએ આ ધારાની રચનાઓને ડાયરાઓ, આકાશવાણી કેન્દ્રો અને દૂરદર્શનના માધ્યમથી સમાજમાં વહેતી રાખી છે, તેની સાહિત્યિક ગુણવત્તાએ તેને કાળનો કાટ લાગવા નથી દીધો. તો આ ધારામાં સર્જન કરીને ભક્તિના માર્ગે આગળ વધનારા ભક્તકવિઓનું પ્રદાન પણ વિશિષ્ટ અને વિલક્ષણ છે. તેમની ભક્તિમૂલક રચનાઓ ભારતીય જીવનમૂલ્યો અને ભારતીય વૈદિક પરંપરા અનુપ્રાણિત છે, મૂળ તો તેમણે વેદ, ઉપનિષદ, અઢારે પુરાણો, રામાયણ, મહાભારત અને શ્રીમદ્ ભાગવત આદિ ગ્રંથોમાંથી કથાનક-વિષય સામગ્રી લઈને તેને રાજદ્વારે અને લોકદ્વારે સુપેરે રજૂ કરી છે. તેમનું આ કાર્ય ખૂબ જ મહત્ત્વનું છે. આથી સંતશ્રી મોરારિબાપુ કહે છે કે, ચારણોએ લોક અને શ્લોકને જોડવાનું ઉત્તમ કાર્ય કર્યું છે. આમ, સાહિત્યસાધના દ્વારા સમાજોત્થાનનું કાર્ય કરી ભારતીય જીવનમૂલ્યોનું જેમણે જતન કર્યું છે તેવા કવિઓની રચના કાલજયી બની ગઈ છે, તેમાં મુખ્યત્વે ઈસરા-પરમેસરા તરીકે સુખ્યાત ભક્તકવિ ઈસરદાસજી રોહડિયા, ભક્તકવિ સાંયાજી ઝૂલા, અવતાર ચરિત્ર દ્વારા ચોવીસ અવતારનો મહિમા ગાનાર નરહરદાસજી બારહઠ અને શિવભક્ત હરદાસજી મુખ્ય છે, એક દુહામાં કહ્યું છે કે :

*સાંયો ઝૂલો સિદ્ધ હર, હર મિસણ હરદાસ;*
*ચારણ કુળ તારણ ભયા, ઈસર અરુ નરહરદાસ.*

ભક્તકવિ ઈસરદાસજી રોહડિયાએ 'હરિરસ', 'દેવિયાણ', ગુણનિંદા સ્તુતિ અને અન્યગ્રંથોની રચના કરી છે. તેમાં પણ 'હરિરસ' ગ્રંથ તો તેમણે સ્વમુખે શ્રીહરિ-દ્વારિકાધીશને સંભળાવીને મંદિરમાં હાથોહાથ અર્પણ કરેલ. સાંગાજી ગોડ અને કરણ સરવૈયાને તેમણે પ્રભુ પ્રાર્થનાથી સજીવન કર્યાની પણ લોકમાન્યતા છે. તેમની જન્મભૂમિ ભાદ્રેશ અને કર્મભૂમિ સંચાણામાં તેમની મૂર્તિપ્રતિષ્ઠા કરી ભવ્ય મંદિર બંધાવેલ છે, તો અમરેલીમાં કરણને જે સ્થળે જીવતદાન અપાવેલ, ત્યાં આજે ગુજરાત સરકારે તેમની મૂર્તિપ્રતિષ્ઠા કરી એ કાવ્ય આરસમાં કોતરાવેલ છે.

પરમ વૈષ્ણવ ભક્તકવિ સાંયાજી ઝૂલાએ 'નાગદમણ', 'રુકિમણીહરણ' અને 'અંગદવિષ્ટિ'ની રચના કરી છે. તેઓ ઈડરના રાજકવિ હતા, પરન્તુ રોજ સંધ્યા આરતી વખતે દ્વારિકામાં ઉપસ્થિત રહેતા તેવી લોકશ્રદ્ધા છે. પ્રભુએ 'નાગદમણ' સાંભળી તેમને ભેટ આપી, છતાં તેમણે સ્વીકારેલ નહીં. છેવટે ક્ષત્રિયધર્મ દાખવી તેમણે સાંઢણી ભરીને સોનામહોરો મોકલી. સાંયાજીએ તેમાંથી સોનાના થાળ બનાવીને શ્રીનાથજી મંદિર અને ચારે પુરીમાં આપ્યાની વિગત લોકમુખે મળે છે. ભજન સમ્રાટ નારાયણસ્વામીએ એક કાવ્યમાં આ પ્રસંગ વર્ણવ્યો છે કે :

*'નારાયણ નિવાજ્યા જ્યારે સાંયા ઝૂલા પર, સાંઢણી ભરીને આપી સોના મહોર;*
*એ થાળ બનાવી પ્રભુ ચરણે ધરનારાં, મઢડાવાળી માતને વંદન અમારા.'*

જોધપુરનું રાજકવિ પદ ત્યજીને નરહરદાસજી બારહઠ્ઠે પુષ્કરધામ જઈ 'અવતાર ચરિત્ર'ની રચના કરેલી. તેમની રચનાને કાશી વિશ્વનાથના મંદિરમાં પધરાવેલી તેમજ તેની એ વખતે એક લાખને ખર્ચે હસ્તપ્રતો તૈયાર કરાવેલી, તેમાં રામાવતાર અને કૃષ્ણાવતારનું ઉત્તમ નિરૂપણ થયું છે, આજે પણ આ રચના ડાયરાઓમાં ભક્તોનાં દિલ ડોલાવે છે અને પંડિતોને કવિની સર્જકપ્રતિભાની પ્રતીતિ કરાવે છે.

ચારણી આખ્યાન પરંપરાના જનક હરદાસજી મિસણે 'ભૃંગીપુરાણ', 'જાલંધર પુરાણ' અને 'સભાપર્વ'ની રચના કરી છે. શિવભક્ત હરદાસજીની આ ભક્તિમૂલક રચનાઓ તેમની સર્જનકલાની પરિચાયક છે. આ ઉપરાંત ભક્તરાજ કોલવાજીને કારણે તો દ્વારિકાનું મંદિર પશ્ચિમાભિમુખ થઈ ગયાની લોકમાન્યતા છે :

*'દસમે તારે દ્વાર, કરી હઠ બેઠો કોલવો;*
*બળિયા ફેરીને બાર, સન્મુખ કીધા શામળા.'*

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભક્તકવિ સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી થયા, જે પૂર્વાશ્રમમાં ખાણ ગામના લાડુદાનજી આશિયા હતા. શ્રીહરિ-સહજાનંદ પ્રભુના અંતરંગ સખા અને શિષ્ય બ્રહ્માનંદજીની માઁ બનવાનું પણ પ્રભુએ લાડુબાને વચન આપેલું અને છેલ્લે સુધી નીભાવેલું. શ્રી બ્રહ્માનંદ સ્વામીના ત્રણેક હજાર પદો અને અન્ય ગ્રંથો મળે છે. તો તેમનાં શિષ્ય સદ્‌ગુરુ શ્રી દેવાનંદ સ્વામી અને સંતશ્રી પૂર્ણાનંદ સ્વામીનું પ્રદાન પણ સ્મરણીય છે.

આમ, ચારણ આઈ પરંપરા, ચારણ સંસ્કૃતિ અને ભારતીય જીવનમૂલ્યોના



ઉપાસક ચારણકવિઓ અને માનવતાનો મહિમા ગાનાર ચારણભક્તકવિઓ વિશે અહીં માત્ર અંગુલિનિર્દેશ કર્યો છે. અહીં અનેક આઈઓ, ચારણકવિઓ, લોકપરંપરાના વાહક લોકગાયકો અને ચારણભક્તકવિઓ વિશે વાત થઈ શકે, એ માટે પાંચ-દસ મહાનિબંધો પણ ઓછા પડે એથી એ સૌની ક્ષમા યાચના સાથે આ લેખ અહીં પૂર્ણ કરું છું, કેમકે, મારે તો ચારણી સંસ્કૃતિ અને ભારતીય જીવનમૂલ્યોની એકતા-અભિન્નતા પ્રત્યે માત્ર અંગુલિનિર્દેશ કરવો હતો, જેથી નવી પેઢી પોતાની કુળપરંપરા પ્રત્યે ગૌરવાન્વિત થાય અને પૂર્વજોના પગલે ચાલવાની પ્રેરણા મેળવે.

## સંદર્ભ નોંધ


૧. કવિ દુલા કાગ, 'કાગવાણી', ભાગ-૨, પૃ. ૧૦૪
૨. એજન, ભાગ-૭, પૃ. ૮૬
૩. જયમલ્લ પરમાર : 'ઊર્મિનવરચના'નો લોકસાહિત્યમાં નારી વિશેષાંક, પૃ. ૫૯૨
૪. પિંગળશી પાયક : 'માતૃદર્શન', પ્રથમ ખંડ, પૃ. ૯૫
૫. એજન
૬. ડૉ. અંબાદાન રોહડિયા : 'અવગાહન', પૃ. ૬૭
૭. ડૉ. ભંવરસિંહ સામોર : 'રાજસ્થાની શક્તિકાવ્ય', પૃ. ૨૦
૮. સંદર્ભનોંધ ૪ પ્રમાણે
૯. પુરુષોત્તમ છાગાણી : નાથુસિંહ મહિયારિયા, પૃ. ૩૧
૧૦. ડૉ. શક્તિદાન કવિયા : ડિંગળ કે ઐતિહાસિક પ્રબંધકાવ્ય, પૃ. ૨૮
૧૧. ડૉ. અંબાદાન રોહડિયા : 'ચારણી સાહિત્યવિમર્શ', પૃ. ૮
૧૨. મોતીલાલ મેનારિયા : 'ડિંગળ મેં વીરરસ', પૃ. ૬૯-૬૦
૧૩. એજન, પૃ. ૫૭
૧૪. ડૉ. સોભાગ્યસિંહ શેખાવત : 'રાજસ્થાની વીરગીત', ભાગ-૧, પૃ. ૧૪
૧૫. ડૉ. સોભાગ્યસિંહ શેખાવત : 'કવિરાજ બાંકીદાસ', પૃ. ૭૯
૧૬. ફતેહસિંહ માનવ : 'કેસરીસિંહ બારહઠ', પૃ. ૯૨
૧૭. સંદર્ભનોંધ ૧૭ પ્રમાણે, પૃ. ૧૦
૧૮. ડૉ. અંબાદાન રોહડિયા : 'ચારણી સાહિત્ય : સર્જન અને ભાવન', પૃ. ૯૮
૧૯. ભજનસમ્રાટ નારાયણ સ્વામીએ ગાયેલી રચનાની કેસેટ
૨૦. ડૉ. બળવંત જાની, ડૉ. અંબાદાન રોહડિયા : 'સ્વર્ગ ભૂલાવું શામળા', પૃ.૧૫

૩

# ગુજરાતી ચારણી કવિતામાં સૌંદર્ય

**પ્રવીણ ગઢવી**

ચારણી કવિતા એટલે કેવળ ચારણી-ગઢવી જાતિના કવિઓએ લખેલી કવિતા એવો સંકુચિત અર્થ થતો નથી. ચારણી કવિતા એક શૈલી છે, જેનર (ge'nre) છે, ચારણી કવિતા બહુધા ડિંગળ ભાષામાં લખાઈ છે, તેમ છતાં વ્રજ હિંદી અને ગુજરાતીમાં પણ લખાઈ છે. ચારણો સિવાયના બ્રાહ્મણથી માંડી બારોટ, રાવળ દેવ, મીર, મોતી સર, ઢાઢી, હરિજન એમ અનેક જાતિના કવિઓએ ચારણી કવિતાનું સર્જન કર્યું છે. ચારણી કવિતામાં વીરરસ સિંહાસને બિરાજે છે પણ તેમાં શૃંગાર અને શાંત (ભક્તિ) રસ પણ ઝમ્યા છે.

ડિંગળ ભાષા રાજસ્થાની ભાષાની મારવાડી બોલીનું સાહિત્યિક સ્વરૂપ હોવાનું સુપ્રસિદ્ધ વિદ્વાન મોતીલાલ મનોરિયાનું મંતવ્ય છે. ડિંગળી ભાષાનું પોતાનું વ્યાકરણ છે અને છંદશાસ્ત્ર છે. દુહા, કવિત અને ગીત એના પ્રકારો છે. ડિંગળ ગીત ગાવા માટે નહિ પણ આધુનિક કવિતાની જેમ પાઠ (Recitation) માટે છે. નીસાંણી, ઝૂલણા, વેલ, ઝમાલ, જેવા અન્ય ઘણા છંદોનો પ્રયોગ ચારણી કવિતામાં થયો છે. 'ગીત'માં જ ૮૪ છંદોનો પ્રયોગ છે !

ડિંગળમાં ગદ્ય પણ છે. ખ્યાત, વાત, વિગત, પીઢી, વંશાવલી એવા એના પ્રકારો છે, તો પદ્યમાં મહાકાવ્યો પણ છે. એમાં રાસો, પ્રકાસ, વિલાસ,



રૂપક, વચનિકા એવા પ્રકારો મળે છે. વૈણ સગાઈ એનો લોકપ્રિય અલંકાર છે, જે એક પ્રકારનો શબ્દાનુપ્રાસ છે પણ જુદી રીતે. તેથી તેનો ઉલ્લેખ સંસ્કૃત-હિંદી અલંકારોમાં મળતો નથી. ડિંગળનો વિશિષ્ટ અલંકાર છે.

ચારણી સાહિત્યના મર્મજ્ઞ શ્રી રતુદાન રોહડિયાએ તેમના પુસ્તક 'ગુજરાતના ચારણી સાહિત્યનો ઇતિહાસ'માં ૫૦ જેટલા ચારણ કવિઓ નોંધ્યા છે. પહેલા કવિ સતનાથ ભાટે ઈ.સ. ૧૦૪૪માં 'નાગાજણ જેઠુઆના કવિત'ની રચના કરી ઢાંકના નાગાજણ જેઠવાની વીરતા અને શિરદાનની પ્રશંસા કરી છે.

માવલ વરસડાએ લાખા ફૂલાણીને અમર કર્યો છે;

*'ભવ જીમણ અથ ભોગવણ,*
*ગુણ જાણણ ગહગીર,*
*ભૂજા ધન માઉલ ભણે*
*લેહરિરવ લખધિર.'*

અર્થાત્ - જિંદગીને જીતી લેનારો, ધન ભોગવનારો, કાવ્ય (ગુણ)ને જાણનાર અને સાગર સમા ગંભીર લાખા ફૂલાણીની ભુજાઓને ધન્ય છે.

જો કવિ કાલિદાસ ન થયા હોત તો રાજા ભોજ ભુલાઈ ગયો હોત, કેમ કે કાળ તો ચંદ્રગુપ્ત મૌર્ય, ચંદ્રગુપ્ત ગુપ્ત અને સમુદ્રગુપ્ત ગુપ્ત જેવા ચક્રવર્તી રાજાઓને ભુલાવી દે છે. કવિનો શબ્દ જ તેમને અમર બનાવે છે.

'ફૂલના પુત્ર લાખા, તારો યશ આકાશે જઈ પહોંચ્યો અને સંસાર પર તે યશ સૂર્યની જેમ પ્રકાશે છે.'

કવિની યશ અને સૂર્યની સહોપમા વીરલ અને વિશિષ્ઠ છે.

'યુગો જશે પણ લાખો ફૂલાણી નહિ જાય કેમ કે તે કવિઓનાં ઘર પર ધનરૂપે વરસ્યો હતો !'

માવલ વરસડા સ્પષ્ટ વક્તા પણ હતા. લાખાને પણ તેમણે સંભળાવેલું :

'લાખો, રાણી અને રાજપુત્રી ત્રણેય ખાંડ ખાય છે ! (ભૂલે છે) આ કાયામાંથી શ્વાસ બહાર ગયા પછી પાછો આવશે કે કેમ, તેનો વિશ્વાસ નથી !'

જીવન ક્ષણભંગુર હોવાનું કવિએ લાખાને સમજાવેલું. એવી જ રીતે.

'લાખો દૂરનું જૂએ છે. રાણી ખત્તા ખાય છે. આ ભૂમિ તો આંખના

પલકારામાં પરાયા હાથમાં જઈ શકે છે !'

મૂળરાજે ઈ.સ. ૯૭૮માં હરાવ્યો અને લાખાનો વધ કર્યો. કવિ માવલ વરસડા ત્યારે હતા પછી મૂળરાજની કચેરીમાં બાલવણ ભાટ નામે કવિને હરાવેલા, તેવી દંતકથા છે. એ જમાનામાં કવિઓની સ્પર્ધા થતી, અત્યારે ઍવૉર્ડની સ્પર્ધા થાય છે !

આણંદ-કરમાણંદ ચારણકવિઓમાં શિરમોડ છે. બંને પિતા-પુત્ર હતા. તેમણે પણ કંકાળણ ભાટ નામે કવયિત્રીને સિદ્ધરાજની કચેરીમાં હરાવેલી. સિદ્ધરાજે તેમને મમાણા ગામ આપેલું.

*'આણંદ કરે કરમાણંદા, ગુણ કર્યો કાં જાય,*
*સાવઝ પડ્યો અજાડીએ, કાઢે તેને ખાય !'*

— સિંહને બચાવો તો તે હુમલો તમારી પર જ કરે ! જોકે ઈસપની કથામાં તેથી ઊલટી કલ્પના છે.

*'કરમાણંદ આણંદ કહઈ, એ નર નમીયા કાંઈ,*
*જિણ વાટે જોબન ગયું, ફિરિ જિહાલે તાંઈ.'*

— કાકા, વાંકા વળી કેમ ચાલો છો ? કાકા કહે જતી રહેલી જુવાની શોધું છું !

આ દુહાનું અનુસંધાન આધુનિકયુગના આપણા કવિ દલપતરામ સાથે થાય છે. દલપતરામે ડોસાની ડોસી બનાવી છે, એટલો ફરક !

'ગ્રહણ ક્યારે ન થાય ?' કંકાળણનો પ્રશ્ન.

— આંગણમાં સુંદરી સૂતી હતી, આકાશમાં પૂર્ણ ચંદ્ર હતો. રાહુની નજર સુંદરી પર પડી. આ ચંદ્ર કે પેલો ? એવી વિમાસણમાં ગ્રહણની વેળા વહી ગઈ !

*'પર્વત શિખરે માછલી કેવી રીતે ચઢી ?'*

'દ્રોણાચલ પર્વત મૂળમાંથી ઉડાવી હનુમાન સાગરતીરે આવ્યા અને પ્રલંભ ગર્જના કરી તેથી સાગરનાં મોજાં ઊછળ્યાં અને માછલીઓ દ્રોણાચલ પર્વત પર જઈ પડી !'

*'બિંબાહરિ તણુ રમણવણુ*
*કિઠ ઠિઉ સિરિ આણંદ*



*નિરૂપમ રસુ પિએં પિઅવિજણુ,*
*સેસ હો દિણ્ણી મુદ્દ'*

— હે આણંદ, ફળ જેવા હોઠ પર દંતક્ષત કેવો શોભે છે ? જાણે પિયુએ નિરૂપમ રસ પીને બાકીના રસ પર (બીજો કોઈ ન પી જાય માટે) રાજમહોર (Seal)ન મારી હોય ?

કાલિદાસથી જરાય ઊતરતો છે કવિ આણંદ ?

રા'નવઘણને કાયર ને સિદ્ધરાજને વીર કહેનારા કવિ કુંચાળા મીસણના ગાલ ફાડવાની પ્રતિજ્ઞા નવઘણે લીધેલી, તેથી તેના પુત્ર રા'ખેંગારે કવિના ગાલ ફાટી જાય તેટલી સોનામહોરો તેમના મોંમાં ભરેલી.

કવિઓને ક્યારેક સોનામહોરો ભારે પણ પડે ! ઢોલા-મારુની દુહા-કથા રાજસ્થાનના કવિ કલ્લોલે રચી હોવાનું કહેવાય છે પરંતુ સ્વ. રતુદાન રોહડિયાના મતે ગુજરાતના લૂણપાળ મહેડુએ રચ્યા છે :

'ઢોલો ભીનેવાન, મારુ ચંપાવરણી, જાણે કસોટીના પથ્થરે સુવર્ણ રેખા!'

x x x

કંઈક સૂરા, કંઈક પંડિત, કંઈક ગરવા નરોને જેણે નારીના પ્રણય દોર વડે પામરની માફક નચાવ્યા છે, એવા કામદેવનો જય હો ! (લુણપાડ મહેડુ કે કલ્લોલમાં કાલિદાસ પેઠો કે શું ?)

x x x

લાલ હોઠ, ઉત્તુંગ સ્તન, વિશાળ નેણ,

આ રૂપવાન નારીના યૌવનરૂપી હાથીએ જાણે દારૂ પીધો હોય અને છકી ગયો હોય એવું લાગે છે !

— બોલો, કાલિદાસ એકલો જ મહાકવિ ગણાય ?

x x x

'હે ઢોલા,જો ફાગણ માસ ને વસંતઋતુમાં ન આવ્યો તો હોળીની ઝાળમાં હું કૂદી પડીશ !'

x x x

આંસુઓ વડે આંખનું કાજળ ધોવાય, તે પડે સ્તનો પર. હિબકાં ભરતી

છાતીના કારણે સ્તન પરથી ઊછળી કપાળે લાગે, તેથી ચાંદલો ભૂંસાઈ જાય છે !'

આને કાર્યકારણની વિરલ શૃંગારોક્તિ કહેવાય.

રામ-રતન નામે કવિબંધુઓને ધુમલીના જેઠવા રાણા મેહે બાળપણથી ઉછેરી રાજકવિનું પદ આપેલું.

*'જેઠી ! જન્મથી માળો મૂકેલ નહિ,*
*ચાંચે ચણ્ય લૈ ભમી વરતશું ભાણના.'*

હે ભાણના પુત્ર, મેહ જેઠવા ! અમે જનમથી અત્યાર સુધી તારા માળામાં હતા, હવે આ વિશાળ જગે ચણ ચણતા રઝળીશું.

રામ-રતનમાંથી કવિ રતન રિસાઈને સિદ્ધરાજ જયસિંહનો આશ્રય લે છે.

*'દીવો લઈને દીકરા, જનેતા કાંવ જોય,*
*હુવો નઈતર હોય, સિદ્ધરાજ જેસંગ સારિખા.'*

કવિ દાદુભાઈ મીસણના મતે આ દુહો આણંદ કરમાણંદનો છે.

*'જેઠી ! જનમતણા માળા મુકાય નંઈ,*
*ચાંચે ચણી લેવા, ભોમ ઘણેરી ભાણુઆ....'*

— પેટ ભરી રખડી ખાવા તો આખી દુનિયા છે પણ જનમભૂમિનો માળો એમ તજ્યો તજાતો નથી. અહીં કવિનો વતનપ્રેમ પ્રગટ થાય છે.

— 'કોઈ છાશનો છાંટો આપે તેવા નથી પણ ભાણ જેઠવા, તેં અમને દૂધ-ઘીથી પોષ્યા. તારી ઉદારતા અમર રહેશે.'

મેહ-ઉજળીના દુહા લોકદુહા ગણાય છે. પણ અમરા કાજા ચારણની એ પુત્રી હતી ને ધુમલીના રાજકુમાર મેહ જેઠવાના પ્રેમમાં પડેલી, ઈ.સ. ૧૧૮૯ની આસપાસ એ જીવેલી. તેણે રચેલા દુહા લોકમુખે ચઢી ગયા ને બરડાના ડુંગરમાં ગુંજતા રહ્યા.

*'બાપૈયા બીજે, પાલરવણ પીવે નહિ,*
*સમદર ભરિયા, જળ ન બોટે જેઠવા.'*

— આ બાપૈયા જેવી જ મારી ટેક છે. સમંદર ભર્યા હોય તોય તે વર્ષાનું જ જળ પીએ છે.

'સારસ અને ચકવાંની જોડી સાંભળી છે. આખી દુનિયા હું ફરી વળી, હારી ગઈ પણ ત્રીજી જોડી ન મળી તે ન જ મળી.'



*'ડુંગર ડબેઉ નાહ, ઓભન ઊખાણું થિઉં,*
*ભેડ ભો મુકાહ, સમંદ્રન ન ફાટુ સુરઉત !*

— ડુંગર ડોલ્યા નહિ, નિંદા સમસ્યારૂપ થઈ. સુરા ચારણના પુત્ર વિજાણંદ, ભેડા શાખાનો રેશમિયો આહિર જતાં (મૃત્યુ પામતાં) સાગર કેમ ફાટી ન પડ્યો ?

સ્વ. રતુદાન શેણી-વિજાણંદની પ્રખ્યાત પ્રેમકથાના નાયક-નાયિકાને પ્રેમી કવિ-કવયિત્રી માને છે. શેણીએ સુંદર દુહા રચ્યા છે :

*'ખેતર પાક્યું કણસલે, મન બેઠું માળે,*
*વળ વેલો વિજાણંદ, મને રોઝડાં રંજાવે.'*

— યુવાની જેવું ખેતર પાકે કણસલે લચી પડ્યું છે, ત્યારે વિજાણંદ, મારું મન માળે બેસી ટોયાપણું કરે છે, તું વહેલો પાછો વળ. અન્ય ચારણો રોઝડાંની જેમ મને રંજાડે છે.

રોઝડાંની ઉપમા તાજગીપૂર્ણ છે. એ કાળે પણ આજની જેમ રોઝડાં (નીલગાય) ખેડૂતોને રંજાડતાં હતાં.

લૂણપાળ મહેડૂ નામે બે કવિ થયા. બીજા કવિ ઈ.સ. ૧૩૩૬ આસપાસ દસાડાની થવા ઠકરાતના રાજ્યાશ્રયી હતા.

— 'શિબી રાજાએ માંસ, દધિચી ઋષિએ હાડ, તો વળી કર્ણે પોતાના દાંત દાનમાં આપ્યા પરંતુ ભીમ ઝાલાએ તો કાયાનું જ દાન દઈ દીધું.'

કવિ માલા નરેલાએ ચાંપા વાળા માટે ૨૧ દુહાઓ કહેલ. જેતપુરનો વીર ચાંપરાજવાળો અમદાવાદના બાદશાહ સામે લડતાં કામ આવેલો.

કવિએ વ્યાજસ્તુતિ અલંકારમાં સરસ વાત કરી છે.

'— લડાઈના ઢોલ ઢબુક્યા એવા જ કાયરો તો હરણાંની માફક કૂદતા નાઠા, એક તું એભલવાળાના પુત્ર, સ્હેજે ચસ્ક્યો નહિ. તારી આળસને ધન્ય છે !

કાયરની જેમ ચાંપરાજ વાળો ભાગ્યો નહિ, તેને કવિ 'આળસ' ગણે છે ! આવી કલ્પના ભાગ્યે જ સંસ્કૃતમાં જોવા મળે.

*'જો માગી ઈ મસાણી અવલે એભલરાઉત,*
*સઠો સાજે પાણિ, ઢુલતીઓ ઢીલે કરે.'*

— ચાંપરાજવાળા એટલો તો ઉદાર કે સ્મશાને જઈ માગો તોય ઘોડો આપી દે !

કવિ રવિયા મોડ (રાણેસર)ને ચાંપરાજવાળાએ ઘોડો મર્યા પછી ય આપ્યાની દંતકથા છે. રળિયા ગઢવી માલા નરેલાના સમકાલીન હતા.

કવિ લુપા રોહડિયા ઈ.સ. ૧૪૧૨ની આસપાસ થયા. સુલતાન મહંમદ બેગડા સામે બહારવટુ ખેલનાર જેસા સરવૈયાના તેઓ સમકાલીન હતા. જેસો સરવૈયો રા'માંડલિકનો ભાયાત હતો.

કવિએ સોરઠની કલ્પના એક કુંવારી કન્યા તરીકે કરી છે :

*'મુરખટ મંડળ સરઠ રે મેહેપાહર,*
*બાંહિ વિળગા વરત્રી બે અ,*
*મુહંમદશાહ કરિ માણેવા*
*જાવા દિએ ન જેસંગદેઅ...'*

– સોરઠરૂપી કન્યાને મહંમદ બેગડો અને મહેપાળ દેવનો પૌત્ર જેસંગ વળગ્યા છે. જેસો કન્યાને મહંમદ બેગડાના હાથમાં જવા દેતો નથી.

– બેગડો મોટો વર છે. તો સરવૈયો પણ સમર્થ છે. સુલતાન કન્યાનો હાથ પકડવા પ્રયાસ કરે છે. પરંતુ 'હિંદુ અ તીરત વછોડી હાથ' હિન્દુઓનો શોભારૂપ જેસોજી એ હાથને ઝટકાવી નાંખે છે.

– બન્ને વરો બળવાન છે. સોરઠીરૂપી કન્યા એક જ છે. એટલે ઘમાસાણ યુદ્ધ થયેલું જ રહે છે. જેસો એની વાગ્દત્તા સોરઠ કન્યાને મહંમદના હાથમાં કેમ જવા દે ?

ગુજરાતમાં પડોશી રાજ્યમાંથી આવીને ઘણા સર્જકો વસ્યા અને ગુજરાતી થઈ રહ્યા. મીરાં, કાકા કાલેલકર, ફાધર વાલેસ, મરિયા શ્રેસ ચારણી સાહિત્યમાં પણ રાજસ્થાનના બે કવિ - કાકો-ભત્રીજો આશાજી રોહડિયા અને ઈસરદાસ ગુજરાતી થઈને રહ્યા. પરંતુ મીરાં જેટલી પ્રસિદ્ધિ તેમને મળી નથી. આસાજીએ 'વાધા કોટડિયા રા દુહા' લખ્યા છે :

*'વાધા આવ વળેહ, ધરકોટડે સૂં ધણી,*
*જાસી ફૂલ ઝડેહ, વાસ ન જાસી વાઘજી.'*

કોટડાના ધણી વાઘજી, તું પૃથ્વી પર પાછો આવ, કેમ કે ફૂલ ખરી જાય તો પણ તેની સુવાસ જતી નથી એમ તારું સ્મરણ વીસરાતું નથી.

'રાવળ જામ રા મરશિયા' આમ તો ઋતુ કાવ્ય છે. દંતકથા એવી છે કે



રાવળ જામને આસાજીના મરશિયા સાંભળવાનું મન થયું એટલે ઢોંગ કરી મૃત્યુ પામ્યા. કવિના મરશિયા સાંભળી બેઠા થયા અને લાખપસાવ ધર્યો. 'હવે તું મારે મન મડું છે. મડા પાસેથી દાન ન લેવાય' એમ કરી કવિ ભાદ્રેશ જતા રહેલા.

*તો સળેળે બારહ મેઘ સાવણ*
*અંબ ધરા ઊછળે....*

– શ્રાવણમાં બારે મેઘ ખાંગા થયા છે. પૃથ્વી પર જળધારાઓ પડી પડી ઊછળે છે. બાપૈયા, દેડકા ને મોર કલશોર કરે છે. ચારે તરફ જળપ્રવાહો વહી રહ્યા છે. વીજળીની ઝબકારા થાય છે. આવી ઋતુમાં કવિઓને 'સાંમ તેણ રત સાંભરે.' રાવળ જામ સાંભરશે.

રવીન્દ્રનાથના 'નવવર્ષા' કાવ્યના રૂપાંતર મેઘાણીના 'મન મોર બની થનગાટ કરે' સાથે ઊભું રહે તેવું આ કાવ્ય છે.

મહાકવિ ઈસરદાસ ચારણી સાહિત્યના મૂર્ધન્ય કવિ છે. તેમનો જન્મ ઈ.સ. ૧૪૫૮માં રાજસ્થાનના હાલના બાડમેર જિલ્લાના ભાદ્રેશ ગામે થયો હતો. શરૂઆતમાં રાજ્યાશ્રયી હતા, પછી ઈશ્વરાશ્રયી થયેલા. 'હરિરસ' તેમની અમર અને લોકપ્રિય કૃતિ છે.

*'જળ સુર નવૈ જિમ, મોહવિ નવૈ પ્રલ્ભ,*
*ગુણિયલ ગહડ જુહાર નવૈ*
*લાખ જિયાગી રાવ લખણ.'*

– જેમ નૂતન પાણીદાર સૂર્યના ઉદયથી પૃથ્વી પર નવો દિવસ ઊગે છે, એમ નવા નવા કવિઓને દાન દેનારા જામ લાખા, તારી દાતારીના ગુણો દિનપ્રતિદિન વધતા જ જાય છે.

– કાશ્યપપુત્ર અને ઉચ્ચૈશ્રવા અશ્વના પતિ, અયોનિજ કૈલાસપતિ શિવ, દશરથપુત્ર રામ અને કચ્છના રાજા હરધોળજીનો પુત્ર જામલાખો એ ચારેય સરખા છે.

– ઈસરદાસ વેદપુરાણના ઊંડા અભ્યાસી હતા, તે તેમની 'નિંદાસ્તુતિ' જેવી અનેક કૃતિઓમાં પ્રગટ થાય છે. 'પુરાણ અને કુરાણ'ના પણ તેઓ જાણકાર હતા.

જામ લાખાના શૌર્યને બિરદાવતાં કાવ્યો પણ ઈસરદાસે રચ્યાં છે :

'કુનડ ગામે જામ લાખાએ જ્યારે સંગ્રામ કર્યો એ વેળાએ સમુદ્ર લોહીના

કારણે લાલ થઈ ગયો તેથી સંગમ વેળા ગંગા એ સમુદ્રને ઓળખી શકી નહિ !'

— કેટલી સૂક્ષ્મ કલ્પના કવિએ કરી છે !

'જાણે આ પરાયો સમુદ્ર સમજી ગંગા અટકી ગઈ તેથી દરિયો વિપરીત અવસ્થામાં આવી ગયો.'

'સાગર ગંગાને કહે છે લાખાજામના શસ્ત્રોની ધારના કારણે લાખો રક્તપ્રવાહો વહ્યા તેથી હું રક્તરંગી થયો છું. મારાથી ડર નહિ.'

ન જાણે કેમ, ઈસરદાસ ગંગા અને સાગરનો સંગમ અહીં કલ્પ્યો છે પરંતુ કચ્છની પાડોશી સિંધુ નદી વીસરાઈ છે.

'હે પરમેશ્વર, તું જ હિંસક પશુરૂપ અને ભક્ષ બનેલ પ્રાણીરૂપ થઈને પોતાને જ પોતાનું શરીર ખવરાવે છે. આ રીતે તું પોતે જ અનંત દુઃખમાં પડેલો છે.

મહાકવિ ઈસરદાસે 'નિંદાસ્તુતિ'માં ઈશ્વરને પણ પડકાર ફેંક્યો છે. એમાં એમનું વિજ્ઞાનવાદી વલણ પ્રગટ થાય છે.

'હે સ્વામી, જ્યારે મારાં કઠિન સ્તનો આપને ભોંકાતાં તોય ચીસ પાડતા એવા તળે હાથીના દંતશૂળો અને ભાલાની અણીઓ કેવી રીતે સહી શક્યા ?'

આમ તો ફક્ત નગારાં વગાડવા બાબતે (કેવળ બહાનું) ધ્રોળ અને હળવદના ઠાકોરો વચ્ચે લડાઈ થયેલી, તે વિષય પર કવિ ઈસરદાસે 'હાલાં ઝાલાંરા કુંઠળિયા' વીર રસની રચના કરી છે.

કાલિદાસે મેઘદૂત ને યક્ષિણી પાસે જતો કલ્પ્યો છે તો મહાકવિ ઈસરદાસે મેઘને દૂત બનાવી સ્વર્ગવાસી રાવળ જામને મોકલ્યો છે.

'હે શ્યામવર્ણા મેઘ ! રાવળ જામ પાસે જઈને કહેજે કે તારા વિયોગને કારણે વિલાપ કરતો મારો આત્મા આ કાયા રામ થશે ત્યારે જ શાંત થશે.'

હરદાસ મિસણ ઈ.સ. ૧૫૬૩ આસપાસ થયા. ઈડરના રાજા પાસે ગયા તો કહે, ૧ કોરી તમારી કવિતાની અને ૧૦૦૦ કોરી તમે મારા સાસરેથી આવ્યા છો, તેની.' કવિએ ૧ કોરી પણ ન લીધી ને પાછા વળી ગયા. 'લાખપસાવ આપશો ત્યારે જ આવીશ.'

'આ ભીંતો, મહેલો, એક દિવસ પડીને પાધર થશે પણ કવિનાં શબ્દચિત્ર કદી પડશે નહિ, ઈડરના રાવ, કલ્યાણમલ, તું જ કહે, મહેલો મોટા કે કાવ્ય ?'



'સભાપર્વ' રચનામાં કવિએ 'મહાભારત'નું હાર્દ પકડ્યું છે. જો દ્રૌપદીએ મહેણું માર્યું ન હોત ને ભીમ હસ્યો ન હોત, દુર્યોધન પર તો યુદ્ધ થયું જ ન હોત.

*'ટહુ ટહ ભીમ વળે તાહ*
*ઉપનું વંસ વરોધ અથાહ'*

— ને ત્યાં ખડખડાટ કરતો ભીમ હસી પડ્યો (દુર્યોધનને પાણીમાં પડતો જોઈ) તેથી આ વિરોધ - આ યુદ્ધ થયાં. દુર્યોધન કોપાયમાન થયો.

'સીતાહરણ' અગાઉ 'તુલસીહરણ' થયેલું. રાવણે તો સીતાને અશોક વાટિકામાં ફક્ત નજર કેદ રાખેલાં, જ્યારે અસુરરાજ જાલંધરની પત્ની તુલસીને તો હરીને વિષ્ણુ ઠાઠમાઠથી પરણ્યા અને આજેય આપણે 'તુલસીવિવાહ' કરીએ છીએ ! કવિ હરદાસે 'જાલંધરપુરાણ'ની રચના કરી છે.

*રૂપારેલ હુઓ રાજેસર,*
*સ્રોવન મેહ હુઓ સુત-સાગર.*

- સાગરપુત્ર જાલંધર તુલસીવિવાહ વેળા રૂપાના મહાપૂર જેવો, મેઘ જેવો દેખાતો હતો.

જેમ 'રામરાજ્ય' કહેવાય છે, તે પૂર્વે 'જાલંધરરાજ્ય' અને બલિરાજાનું 'બલિરાજ્ય' કહેવાતાં. સિંધનો રાજા હતો જાલંધર.

- 'એના રાજ્યમાં એકાંતરે ઉત્સવો થયા કરે છે. ધરતી ખેડ્યા કે વાવ્યા વિના ધાન ઊપજે છે. ઝરણાં અને નદીઓમાં દૂધ-મધ વહે છે. જાલંધરના રાજ્યમાં કોઈનો કોઈથી વિયોગ થતો નથી. છ એ છ ઋતુમાં વનો હરિયાળાં રહે છે. ઘરે ઘરે મંગળ પ્રવર્તે છે.

મોહિનીરૂપનું કવિએ શૃંગારમય વર્ણન કર્યું છે :

'કર્ણોમાં પ્રકાશિત સુવર્ણ કુંડળોવાળી કાળી વેણીથી શોભતી, સિંદૂર વડે સેંથો પૂરેલી નીલવસ્ત્ર ધારિણી એવી - જ્યારે તે ઠપકતી ચાલે ચાલી ત્યારે એના નૂપુરોનો ધ્વનિ ચોદિશ ગુંજ્યો.'

જાલંધરના પિતા સમુદ્રનું મંથન (લૂંટ) કરી દેવો સંપત્તિ હરી ગયેલા. જાલંધર કહે છે :

'મારા પિતા પાસેથી લૂંટેલી બધી સંપત્તિ ઈન્દ્ર પાસેથી પાછી મેળવી હું એને દાનમાં આપી દઈશ.'

કર્ણથીય મોટો દાનવીર હતો જાલંધર. ગુનો એનો એટલો કે તે અસુર હતો.

કવિ સાંયાજી ઝૂલાનો જન્મ ઈ.સ. ૧૫૭૫માં લીલછા જિ. સાબરકાંઠામાં થયેલો. નરસિંહ મહેતાના 'નાગદમન' સાથે ઊભું રહે તેવું સુંદર 'નાગદમણ' તેમણે રચ્યું છે.

*'જદુનાથ કાળીસમી બાથ જોડે,*
*ઘણી ભોમ ચાલી ચડી વાત ઘોડે.'*

– ભુજંગી છંદમાં કવિએ હાહાકારને તાદશ્ય કર્યો છે.

કેવા છે કૃષ્ણ ? 'અધુરે અમૃત ન જાય અધાઈ.' હોડોમાં અમૃત સમાતું નથી.

કૃષ્ણે કાલિયનાગને નાથ્યો. કેવો ? 'જાણે વાઘે પકડી બકરી – પડી બોકડી આજ હી વાઘ પાને.' એકદમ તળપદી ઉપમા.

*'મચે પૂઠ મારા ઝરે શ્રોણ સારા*
*ફણાંરા ધણાંરા કરે ફૂત્કારા.'*

– લુહારની ધમણમાંથી અંગારા ઊડે તેવી રીતે તેની ફેણમાં અંગારા ઊડે છે !

– ધરતી ધ્રૂજે છે એટલું જ નહિં, જે થંભ પર પૃથ્વી ઊભી છે તેય તેના ફૂત્કારોથી ધ્રૂજી રહ્યો છે.

કૃષ્ણનું નૃત્ય જુઓ : જાણે ઉમાશંકરના 'નિશીથનું નૃત્ય'

*'તિસ્ત તંત તાતી બજી તાલ તાળી,*
*મંડ્યો પાંવ આરંભિયો વન્નમાલી'*

– યુનિવર્સિટીઓના અભ્યાસકાળમાં 'વસંતવિલાસ' અને 'કાન્હડે પ્રબંધ' હોય પણ સાંયાજીનું 'નાગદમણ' કે ઈસરદાસના 'ઝાલાં ઝાલાં રા કુંડળિયા' કેમ નહિ ? એવો પ્રશ્ન થાય છે.

સાંયાજી ઝૂલાના પુત્ર પરમાણંદ ઝૂલા પણ કવિ હતા. ઈડરના રાજા કલ્યાણમલની રાણી માનવંતીનાં રૂસણાં પર કવિએ સરસ દુહા રચ્યા છે.

'હે ભમરા, કેસૂડાનાં ફૂલ તો એક દિવસ માટે અપાર ગર્વ કરી સુકાઈ જશે, તું એમાં ન રાચીશ.'



'સખી, તારા મુખને અત્યાર સુધી ચંદ્ર સમાન માનતી હતી પણ હવે ખબર પડી કે એ મુખમાંથી તો અમૃત પણ ઝરે છે.'

દેવીદાસ બાટી (ઈ.સ. ૧૬૪૩ આસપાસ) ભરૂચ જિલ્લાના વડ ગામમાં થયા. 'કવિત શત્રસલ હાડાનાં'માં સરસ કલ્પના છે :

બ્રહ્માએ બે રાજ્યો માટે બે રાજવી ઉત્પન્ન કર્યા. એક ઈન્દ્ર અને બીજો છત્રસાલ ચૌહાણ - હાડો. પરંતુ તે વજનદાર નીવડતાં તેને પૃથ્વીનું રાજ્ય આપ્યું ને ઈન્દ્રને સ્વર્ગનું રાજ્ય આપ્યું ! (કેમ કે કવિઓ તો પૃથ્વી પર જ છે !)

કવિ જીવણ રોહડિયાના 'ગજમોખ'માં સરસ ઉપમા છે :

*'ખીર સકોડાનીર તડિ, વન લોકે પવણાણિ,*
*જાણિક હાથી હીંડળૈ, બાધા ખંભુ ઠાણિ.'*

– દૂધ જેવા જવ તટે પવનથી વનો ઝૂલે છે જાણે ખીલે બાંધેલા હાથી !

'જામ રાયસિંહની ગજગત'માં કવિએ વીરરસ સાથે શૃંગારનું અદ્‌ભુત સંયોજન કર્યું છે :

'ગંગા રૂપી શત્રુ સૈન્ય કુમારીને સંગ્રામમાં ભોગવી. બાણો વડે પ્રેમરસમાં સૂકવી, શસ્ત્રાઘાતે રીઝવી, કામક્રીડા કરી કામોત્સવમાં રુધિર રંગે રંગી શાસ્ત્રો વડે સુવાડી. રણભૂમિરૂપી અજાયબ મહેલમાં શત્રુનાં શબો રૂપી પલંગ પર હે રસિક જામ, તેં શત્રુ સૈન્ય રૂપી યૌવનાને ભરપેટ ભોગવીને તારી વીરશ્રીનો નવીન યશ પ્રસરાવ્યો !'

– કાલિદાસને સ્વપ્નેય કલ્પના ન આવે, એવું કવિકર્મ કવિએ વીરરસમાં શૃંગારરસનું સંમિશ્રણ કરીને કર્યું છે.

કવિ ગોદડ મહેડુ ઈ.સ. ૧૬૭૮ આસપાસ થઈ ગયા. તેમણે ભાગવતનું ડિંગળીમાં રૂપાંતર કર્યું છે. તેમની સરસ ઉપમા :

'કંઈક મોટા કવિજનો રૂપી મગરમચ્છો વિશાળ કાવ્યસાગરમાં મ્હાલે છે તેમાં હું તો નાચીઝ દેડકા જેવો છું !'

કાલિદાસ, ભવભૂતિ અને શેક્સપિયરે પણ આ જ વાત કરી છે- તેમની નમ્રતા દર્શાવવા.

'જ્યારે કૃષ્ણે જમુનાજળમાં કૂદકો માર્યો તો કાળીનાગને થયું, જાણે આકાશ તૂટી પડ્યું !'

'કાળી નાગે આકાશ આંબતી જ્વાળાઓ ફેંકવા માંડી તેને કારણે હિમાલયનાં શિખર ઓગળી ગયાં !

બાણાસુરનું અતુલ બળ :

'હાથીઓને તેણે ભગાડ્યા, પછી પ્હાડોને ભુજાના ભરડામાં લઈ ચૂર્ણ ચૂર્ણ કરી દીધા !'

કવિએ મોગલ બાદશાહ જહાંગીરની સેના સામે નાનકડા સૂઈ ગામના રજવાડાએ કરેલી લડાઈનું આંખે દેખ્યું વર્ણન કર્યું છે.

'મનંકર માંસ મને પે મદ'

– પોતાનું સૈન્ય હારતું જોઈ જહાંગીરે માંસાહાર અને શરાબપાન છોડ્યાં !

કવિ હમીરજી રત્નું કચ્છની 'લખપતજી પાઠશાળા'ના આદિ આચાર્ય હતા. તેમની પ્રેરણાથી જ કચ્છના રાજવીએ કવિતાની શાળા શરૂ કરી હતી. ઈ.સ. ૧૭૧૧ આસપાસ તેઓ થઈ ગયા. 'બ્રહ્માંડપુરાણ (વર્ણન)' કાવ્યમાં કવિએ કળિયુગની આગાહી કરી છે.

'રાજા પ્રજાના ગજા ઉપરાંત કર લેશે. બન્ને એકએકને અળખામણા બનશે. વાનપ્રસ્થ નગરવાસી બનશે. સંન્યાસીઓ ધનસંગ્રહ કરશે.'

'સ્ત્રીઓ અતિઆહારી અને પતિ માટે કેવળ ભોગવિલાસ માટે હશે.'

'વેપારીઓ છેતરપિંડી કરી વેપાર કરશે. ચારેય વર્ણો અધોગતિ પામશે. અભક્ષ આહાર કરશે.'

– આજે આ બધું સાચું પડતું નજરે ચઢે છે !

કવિ કરસનભાટ 'ગ્રસંગપોરાણ'માં હિરણ્યકશ્યપના સુરાજ્યનાં વખાણ કરે છે :

*'સીંહ અજા એકણ સંગે,*
*નરમળ પીએ નીર.'*

– સિંહ અને બકરી એક આરે પાણી પી શકતાં. દલપતરામનું 'કોઈ ન પકડે બકરીનો કાન' સાંભરે. 'જુટા જાણે મલ દુકલે જલુસે' 'જાણે બે મલ્લ ખેલ પ્રદર્શન કરી રહ્યા છે !'

કવિ મકનદાસ ઝૂલા સાંયાજીના પૌત્ર થાય. 'રાસલીલા'માં તેમણે ઉત્પ્રેક્ષાસહ ગૂઢોક્તિ રચી છે :



'વૃંદાવનમાં રાસ રમતી ગોપીઓના રૂપમાં મને જાણે નાગરાજના મુખમાં ચંદ્ર, મ્રગ પંખી અને ફળ મૂક્યાં હોય તેવું લાગે છે.'

કવિ અમરસંગ બારોટે 'રાઓ લખપતજી ના મરશિયા' રચેલા. તેમાં તેમણે લખપતજીની સરસ તુલના આપી છે :

'જાણે પર દુ:ખભંજન રાજા વિક્રમ ગયો, જાણે સિંધનું રાજ્ય કવિને દાનમાં દેનારો જામ ઉનડ ગયો, જાણે કવયિત્રી કંકાળણ ભાટણને દાનમાં માથું આલનારો જગદેવ પરમાર ગયો. જાણે રાજા ભોજ ને યુધિષ્ઠિર ગયા.'

'હે સુકવિઓ, હવે કોની આગળ કવિતા માંડશો ?'

'જો લખપતજી પાછા મળતા હોય તો કેદાર, હિંગળાજ જગન્નાથની વિકટ યાત્રા કરું, ગોમતી, સમુદ્રમાં સ્નાન કરું, જ્વાળામુખીમાં હોમાઉં, ભૈરવ જપ ખાઉં, કાશીયે જઈ કરવત મુકાવું.'

'રાઉ માંણણ નવે રસે – નવ રસનો રસિયો રંગરાગી દાની એવો એ રાજવી હતો !

કવિ કરસનદાસ બાલિયા (ઈ.સ. ૧૭૫૮) એ કવિ ઈસરદાસની જેમ 'નિંદાસ્તુતિ' રચી છે :

*'ગણ તૂઝ તણા જી કો નત ગાવે,*
*પ્રભુનાથ દુખ તકો કેમ પાવે ?'*

– તને નિત્ય ભજનારા દુ:ખી અને અભકતો ને ઘી-કેળાં, એવું કેમ ?

કવિ જેઠાભાઈ ઉધાસ જેઠવા વંશનું ગૌરવ ગાતાં કહે છે : 'તું રુકેણ સાહર તરે...' તું તલવારના બળથી સમુદ્ર તરી જાય એવો અને નગરોનો ભાંગીને ભુક્કો કરે તેવો છે.'

કવિએ પોરબંદરનું સરસ વર્ણન કર્યું છે :

*'ગાત્ર કાઢે ગ્રેહાણ લીઆં, રહે સૂરજ થંભે'*

– પોરબંદરના મહેલોમાં વસનારી સુંદરીઓ એટલી તો રૂપવાન કે ગોખમાંથી મુખ કાઢે તો તેમને જોવા ખુદ સૂર્ય થંભી જાય !'

પ્રેમજી ઠક્કરથી હારેલા મેરુને જામ જસાજીએ ફરી લડવા મોકલ્યો. તો કવિને મશ્કરી સૂઝે છે.

'આ તો જાણે ગાંડી દીકરીને ચીમટા ભરીને પરાણે સાસરે ધકેલીએ એમ

મેરુને જામે લડવા ધકેલ્યો !'

– કોઈની શેહ-શરમ રાખે તે ચારણકવિ નહિ !'

'શિવવિવાહ'માં કવિએ જીવનની ઉત્પત્તિ પહેલાંના વિશ્વનું વર્ણન કર્યું છે :

'ત્યારે સૂર્ય, ચંદ્ર કે બ્રહ્મા, પાંચ તત્ત્વ એવું કાંઈ નહોતું. કેવળ તમોગુણમય અંધકાર જ હતો. પરમેશ્વર પોતાના આવા અખંડ નિવાસમાં વ્યાપેલા હતા.'

કવિ આધુનિક વિજ્ઞાનની ધારણાઓથી કેટલા નજીક છે ?

કવિ મોરારદાસ બારહઠ (ઈ.સ. ૧૭૮૩) આસપાસ થયા. ચારણ કવિઓમાં 'રુક્મિણીહરણ' ખૂબ પ્રિય છે. પૃથ્વીરાજ રાઠોડ, સાંયાજી ઝૂલા, કુંભા ઝૂલાની જેમ કવિએ 'વ્રજવિવાહ' રચ્યું છે.

રુક્મિણીના પિતા રાજ ભીમકનો ઠાઠ :

*'સીંધાસન છત્ર ચામર સભા,*
*પૂહુ ભીમક મીઢિ ન અંદ્ર પ્રભા'*

– રાજા ભીમકનું સિંહાસન, છત્ર, ચામર અને સભાનો ઠાઠ જોતાં ઇંદ્રની પ્રભા પણ કંઈ કામ ન આવે.'

કૃષ્ણને જમાઈ તરીકે સ્વીકારતાં સૌનાં મા-બાપને થાય એવી લાગણી :

'એનાં મા યશોદા વ્રજમાં, પિતા નંદ બે ચાર ગાયો રાખી મથુરામાં દૂધ-દહીં વેચે છે. એ રાજા નહિ, ગોવાળ છે.

અને કૃષ્ણ કેવો છે ? વાછરડાં ચાર્યાં છે, ગોપીઓનાં વસ્ત્રહરણ કર્યાં છે. પરનારીથી પ્રીત કરી છે. ગલીએ ગલીએ નાચ્યા છે અને પરનારીઓના ગળે હાથ નાંખ્યો છે.

*રુક્મિણી કેવી સૌંદર્યવાન ?*

*'મહેલાં મઝિ માંડત ખેલ મળે*
*ઘુસ થઈ સખી અંધિયાર ઘણે*
*તમ નાસત ભાસત રુજા તણે.'*

– મ્હેલોમાં એ સખી સાથે સંતાકૂકડીની રમત રમે છે ત્યારે અંધારામાં સંતાયેલી સખીને એના વદનના પ્રકાશથી શોધી કાઢે છે !



કવિ લાંગીદાસ મહેડુ (ઈ.સ. ૧૭૭૩)એ ૩૫૦ છંદોની બૃહદ્કાય રચના 'ગણ અગ્યારસ મહાતમ' આપી છે. તાડજંગ નામે દૈત્યની ચંપાવતી નગરીની શોભા જુઓ :

*'રહી સુરથંભ જેસી હુર રંભ*
*કંનકસી ચંમકીયા સીસ કંભ'*

– ત્યાં અપ્સરા સમાન રૂપવાન નારીઓ સોના ઈંઢોણીએ જળ ભરે છે, તેઓ જાણે વિમાનની અનેક ધ્વજાઓ જેવી લાગે છે.

તાડજંગની તપસ્યા કેવી કઠિન ?

– એના આસન નીચે વાંસ ફૂટ્યા એ એની સાથળોને વીંધી બહાર નીકળ્યા. જટા, દાઢી અને મૂછનાં જાળાંમાં સુગરીએ માળા બાંધ્યા ! પછી આંકડા-ધતૂરાનાં ફૂલોથી રીઝનારા શિવ કેમ ન રીઝે ?

દેવ-દાનવ વચ્ચે યુદ્ધ થયું.

*'રુદ્રાળા રોસાળા વકરાળા*
*ભજિ આગ ઝાળા ભડતાં ભોપાળાં'*

– રુદ્ર જેવા રોષયુક્ત દેવો અને દાનવો આગની જ્વાળા જેવા દેખાતા હતા.

*'દડિડિ રગત ચડિ ગજદંત'*

– ગજરાજોનાં દંતશૂળોમાંથી રક્તધારાઓ વહેવા લાગી.

મરુરદાનવથી હારેલા નારાયણ બદ્રિકાશ્રમની કોઈ ગુફામાં સંતાયા. કવિ એ પ્રદેશનું વર્ણન કરે છે.

તાડનાં વૃક્ષોએ જાણે માથે છત્રી ઓઢી છે. છત્રી વણકર સ્ત્રીઓની ત્રકણ-ફાળકા જેવી લાગે છે. વનમાં સોપારીનાં ઝાડ જાણે સોનાનાં હોય તેવાં લાગતાં હતાં. ધ્રામણ, ધાવડ, સાગનાં ઝાડ પણ ત્યાં હતાં. ખારેક અને ખજૂરીઓ જાણે નવોઢાની જેમ ઘૂંઘટ તાણીને ઊભી હતી. ખાખરાનાં સૂકાં પાન વનના કવચની જેમ ખખડતાં હતાં. જાળનાં ઝાડ જાણે પરશુરામે જેની ભુજાઓ કાપેલી એવા સહસ્રાર્જુન જેવાં લાગતાં હતાં. વનમાં વડવાગોળો લટકતી હતી : વાનરો દોડાદોડ કરતા હતા.'

શ્રીહરિની અગિયાર ઇંદ્રિયોમાંથી પ્રગટેલી અગિયારશનું રૂપ :

'સ્વચ્છ આકાશમાં નક્ષત્ર સમાન તેજસ્વી કદલી પત્ર જેવી કોમળ પીઠ, નાગરાજ જેવી વેણી હતી. લલાટે કેસર ને ટીલડી શોભતાં હતાં. એના કારણે એનું લલાટ સોળ કળાના ચંદ્ર અને આઠ કળાના સૂર્ય જેવું લખાતું હતું. એની ચોળાફળી જેવી આંગળીઓ પર સોનાની વીંટીઓ હતી. અવળા તળાવ જેવા ઉરોજો કઠિન હતા. એ સુંદરીએ નેણ રૂપી ધનુષ્ય ખેંચી કટાક્ષ બાણ નાંખ્યાં. દૈત્ય મરુર મોહિત થઈ ગયો.'

કવિ ખેતા મોડ (રાણેસર જિ. અમદાવાદ) ઈ.સ. ૧૭૩૦ આસપાસ થયા. 'સાગરમંથણ' રચનામાં ભગવાનના દૂતોનું વર્ણન :

*'રાતી રામ કે ધોડ મખ કરાળ*
*કરાળ વરાળં વડા વકરાળં.'*

લાલ નેત્રોવાળા વિકરાળ અશ્વ મુખા, મહાકરાળનાય કરાળ, પર્વતના શિખરથી ઊંચા કટાર જેવા દાંતોવાળા કાળઝાળ દૂતો એકઠા થયા.

'સાગરમંથન'માંથી મોહિની નીકળી :

'તેનાં નૂપુર રણઝણાટ કરતાં હતાં. પ્રીતવર્ણ વસ્ત્ર હતાં. એ મોહિની જાણે બીજી ચંદ્રલેખા. સુવર્ણના સ્તંભ જેવી એનાં નિર્મળ નેત્ર ધનુષ જેવાં વક્ર હતાં.

કવિ ફૂલ વરસડા (ઈ.સ. ૧૭૭૨) ખેડા જિલ્લાના પુનાદ ગામે થયા.

*'ધુસિ દસ દિસ કરે રોજ ધાડાં*
*ઊગિ આથમિ સાંઝ, ખેતિ અખાડાં.'*

– હમીર ખસિયો રોજ રોજ દશે દિશામાં ધાડ પાડે છે, જાણે સવારથી સાંજ સંગ્રામની ખેતી કરે છે !' કવિનું આ ઉપમા નાવીન્ય છે.

*'કિહિવા સમિ નામનાં હેક કોળી.'*

– હમીર ખસિયો કહેવા ખાતર કોળી છે, બાકી તો સૂબાઓના હૈયાની હોળી છે.

કવિએ હોળી અને કોળીનો સરસ પ્રાસ બેસાડ્યો છે.

*'લય, ડુંગરો ઉપરિ આગ લાગે.'*
નરમેધ યજ્ઞનું ફળ અશ્વમેધ છે !

– કોળીઓ યુદ્ધે ચઢ્યા, જાણે પ્હાડો પર આગ લાગી !



*'નરમેદ જગન અસમેદ નેત્ર'.*

કવિએ યુદ્ધ વર્ણન કરતાં તીક્ષ્ણ વ્યંગોક્તિ કરી છે કે –

'ગઢમાં પેસી જઈને લડનારા તો પરદાનશીં બેગમો જેવા છે. મરદો તો ખુલ્લા મેદાનમાં લડે.'

કવિ રિણા મોતીસર (ઈ.સ. ૧૭૫૧ આસપાસ) થયા. ફતેસિંહરાવ ગાયકવાડ સામે લીંબડીના હરભમજી ઝાલાએ કરેલી લડાઈનું વર્ણન કરતાં કવિ કહે છે :

'લડ્યા વગર જ ખંડણી ભરું તો મેરુ પર્વત ડોલે. પૃથ્વી ચલાયમાન થાય, ગંગાનો પ્રવાસ ઊલટો વહે. પૃથ્વી પર સૂર્ય ન ઊગે, આભ તૂટે. ફતેસિંહ, તું એક લાખની ફોજનો ગર્વ કરે છે પણ તારી એક કરોડની ફોજ હોય તોય લીંબડી તારાથી નહિ દબાય.'

કવિ કાનદાસ મહેડુ (ઈ.સ. ૧૭૪૩-૧૮૬૮)નું વતન ખેડા જિલ્લાનું સામરખા ગામ. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામમાં કવિએ ઝુકાવેલું. ખંડેરાવ ગાયકવાડના રાજકવિ હતા.

'શોભાસાગર' દેવગઢ-બારિયાના ચૌહાણો વિષે ગ્રંથ કવિએ રચ્યો છે. પાવાગઢનો 'પતાઈ રાજા આમ તો બદનામ છે. મા કાળકાનો હાથ ગરબા ગાતાં ઝાલેલો, તે કારણે મહમદબેગડાના હાથે પરાજય પામ્યો એવી કિવદંતી છે. પરંતુ કવિ તેને 'પરતાપ પટાળો' કહી બિરદાવે છે.

'આવા મહાવીર કુળ ભલવીરને તમે પૃથ્વી પરે ક્યાંય જોયો ?'

'સુદામા ચરિત્ર'માં કવિ સાંદીપનિ આશ્રમમાં 'અઢારે સ ધોરા વ્રજ જૂથ આવૈ.' અઢારે વર્ણનાં બાળકો ભણે છે તેવી કલ્પના કરી છે. શું શૂદ્રો હશે ?

**મેઘવર્ણન :**

'ઘોર શબ્દે મેઘગર્જનાઓ થઈ. પૃથ્વી પર ચોમેર ઉજ્જ્વળ જળ વરસવા લાગ્યું. વીજની તેજ છટાઓ પ્રસરવા માંડી. ઓગણપચાસ પવનો છૂટ્યા.' – આ કયા પવનો ?

**દ્વારિકાનો વૈભવ :**

મેઘઘટા જેવો કિલ્લો, જોડાજોડ ઝરૂખા અને છજાં. ગ્રાહકોની ભીડ. પન્ના માણેક, રેશમ અને સોનાની પાટોનો ઠાઠ બજારમાં જામ્યો હતો.

ત્યાં મહેલોમાં હાથીદાંતના સ્તંભો પર સુવર્ણમણિઓ, લાલ હીરા અને

મોતીઓ જડ્યાં હતાં. ઝરૂખાના મુખે વિલાયતી કાપડના પડદાઓ શોભતા હતા. 'ઝરીખા મખા વલાતી વરાજૈ.' કવિએ અહીં કાલવ્યતિક્રમદોષ કર્યો છે. પરંતુ કવિની સ્વતંત્રતા અસીમ છે.

સુદામા કેવા હતા ?

*'મળૈ જીરણ વસત્ર અંગ મૈલે,*
*હથાં તુંબરી લાકરી દીધ હૈલૈ.'*

– જીરણ વસ્ત્ર ને હાથમાં તુંબડી-લાકડી પગમાં મોજડી નથી. ઘરમાં ઘી નથી. સવારે ઊઠે ત્યારે ફાકવા લોટ પણ નથી.

પ્રેમાનંદ જેવું જ કવિનું વર્ણન છે.

કવિ સવદાસ મુંઝડા બ્રહ્માનંદ સ્વામીના સમકાલીન (ઈ.સ. ૧૭૭૧-૧૮૩૧) 'ગણ ચંદ્રહાસ'ની રચના તેમને નામે બોલે છે.

*'હું મુરખ આખરે હળિઓ,*
*વડે ગરથ કેવા વળ કળિઓ.'*

– હું મૂર્ખ, અક્ષર સાથે હળી ગયો ને આખ્યાન કહેવા વ્યાકુળ થયો.

કવિની નમ્રતા જોવા જેવી છે. રાજા ચંદ્રહાસનું સૈન્ય પ્રયાણ :

'હાકલો થાતાં મહાસૈન્ય ચાલ્યું, જાણે સમુદ્રનાં જળે મર્યાદા તજી. હાથીઓ પર અંકુશના પ્રહારો થતાં તેઓ વાદળની છટા જેમ ચાલ્યા !)

કવિએ સરસ કલ્પનો પ્રયોજ્યાં છે.

આ તો ગુજરાતી ચારણીકાવ્યનું કેવળ આચમન થયું. ચારણ કવિઓએ ફૂટકર ગીતો, દુહાઓ ઉપરાંત સંસ્કૃતકવિઓ કાલિદાસ, અશ્વઘોષ, ભારવિ, માઘની જેમ રામાયણ, મહાભારત, પુરાણોના આધારે બૃહદ્ કથાકાવ્યો રચ્યાં છે. આ કથાકાવ્યોમાં વેરાયેલા કાવ્યસૌંદર્ય પર પણ દૃષ્ટિપાત કરવો રહ્યો. ચારણકવિતા કેવળ વીરરસની નહિ પણ શૃંગાર અને શાંતભક્તિરસની કવિતા છે. ઘણાખરા કવિઓએ રાજાઓને નહિ, પરંતુ ભગવાનને ભજ્યા છે. ચારણ કવિઓએ દલિત-પીડિતોની વ્યથાય ગાઈ છે :

*બારથી ઠેઠવાડું ગામમાં લાવ,*
*કોટાંથી કોડીઉં છોડાવ,*
*હાથમાંથી હાડકું મુકાય,*



*પૂંઠાથી સાવરું છોડાઅ,*
*કરું રાજા ઉત્તમની ચાલ.*

ચારણ કવિઓએ પટેલોની અને મુસલમાનોની વીરતા પણ બિરદાવી છે. ચરોતરના વાળોવડ ગામના પ્રાગા પટેલ ૧૮૫૭ના બળવામાં અંગ્રેજ સામે લડેલા. તેનું સ્મારક ચારણ કવિએ સાચવ્યું છે, તો કવિ માંડણ મહેડુએ નારીની આબરૂ બચાવવા બદલ જત મુસલમાનને ય બિરદાવ્યો અને એને અર્જુનથી ય વિશેષ વીર બનાવ્યો છે કેમ કે અર્જુનને તો કાબાઓએ લૂંટ્યો હતો.

કવિ કરસનદાસ મહેડુએ અંગ્રેજો સામે વાણીની તલવાર તાણી હતી, એટલું જ નહિ, સાચુકલી તલવારથી લડ્યા હતા.

**ઋણ સ્વીકાર :**
આ લેખનાં બધાં જ અવતરણ સ્વ. રતુદાન રોહડિયા કૃત ગ્રંથ 'ગુજરાતના ચારણી સાહિત્યનો ઇતિહાસ'માંથી લીધાં છે.

## સંદર્ભ ગ્રંથો

૧. ચારણો અને ચારણી સાહિત્ય, ઝવેરચંદ મેઘાણી
૨. સોરઠી ગીતકથાઓ, એજન.
૩. राजस्थानी भाषा और साहित्य, डॉ. मोतीलाल मनोरिया
૪. ચારણ કવિ ચરિત્ર, ખેતસિંહ ના. ગઢવી
૫. સાજણ સાંભરિયા, રતુદાન રોહડિયા
૬. ચારણી સાહિત્ય પૂજા અને પરીક્ષા, ડૉ. અંબાદાન રોહડિયા
૭. મધ્યકાલીન કાવ્ય વિનોદ, પ્રવીણ ગઢવી
૮. Love Songs & Seasons, Praveen Gadhavi

૪

# ચારણી હસ્તપ્રતો 'ભારતીય સનાતન ધર્મ સંસ્કૃતિનો મધુ કોશ'

**ડૉ. નિરંજન રાજ્યગુરુ**

લોકવાઙ્મયને જીવતું રાખવામાં સૌથી વિશેષ મહત્ત્વનો ફાળો આપનારી સમૃદ્ધ પરંપરાના વાહક : ચારણો છે. એમના દ્વારા રચાયેલી રચનાઓ અને એને જાળવતી હસ્તપ્રતો ભારતીય સાહિત્યનું મૂલ્ય-ધન છે.

લોકસંસ્કૃતિ અને લોકજીવન સાથે સંબંધ ધરાવતી લોકવિદ્યાઓ વિશે વાત કરવાની હોય; લોકવાઙ્મયના એક અંગ તરીકે લોકસાહિત્યના ઉદ્ભવ, પ્રચાર અને પ્રસારની વાત કરવી હોય કે ભારતીય સનાતન ધર્મસંસ્કૃતિને લિખિતરૂપમાં જાળવનારી પરંપરાઓની વાત કરવી હોય ત્યારે અમુક જાતિવિશેષને યાદ કર્યા વિના ચાલે જ નહીં, અને એ જાતિવિશેષોમાં ચારણજાતિ અતિ અગત્યનું અને આગવું સ્થાન અને માન ધરાવતી જાતિ છે. લોકસાહિત્યના ગદ્ય, પદ્ય કે અપદ્યાગદ્યમાં રચાયેલા વાઙ્મય પ્રકારોમાં કથા, વાર્તા, દંતકથા, ટુચકા, ઓઠાં, ગીતો, દૂહા, છકડિયા, ભજનો, આખ્યાન અને અગણિત પ્રકારો હોય કે વ્રજભાષા કે ડિંગળી શૈલીમાં રચાયેલા ચારણી સાહિત્યના છંદ ગીત કવિત-દૂહા-સોરઠા જેવા વીર, શૃંગાર, કરુણ કે ભક્તિરસના મુક્તકથી માંડીને પ્રબંધપવાડા કે આખ્યાન જેવાં દીર્ઘકાવ્યો હોય એનું સર્જન અને રજૂઆત કરનારી ખાસ લોકજાતિ તરીકે



ચારણ કવિઓ તથા કલાકારોને ક્યારેય ન ભૂલી શકાય.

સાહિત્ય અને સંસ્કૃતિને જાળવનારી પરંપરાઓમાં ચારણ એક એવી જાતિ છે જેણે એક તરફથી શુદ્ધ શાસ્ત્રીય અભિજાત સાહિત્ય (કલાસિકલ લિટરેચર)સાથે સંબંધ જાળવ્યો છે તો બીજી તરફથી લોકજીવન સાથેનો પ્રત્યક્ષ સંપર્ક અને સંબંધને કારણે લોકસાહિત્યને તથા લોકપ્રિય-લોકભોગ્ય સાહિત્યને પણ જીવતું રાખ્યું છે. વેદો, ઉપનિષદો, પુરાણો, અન્ય ધર્મગ્રંથો, વિવિધ ધર્મ, પંથ, સંપ્રદાયો અને તેની શાખાઓ, જ્ઞાતિ-જાતિ વિષયક ઈતિહાસો, દંતકથાઓ, અધ્યાત્મ સાધના પરંપરાઓ, ષોડશ સંસ્કારો, ઈતિહાસ, વિવિધ કલાઓ, સાહિત્ય, સંગીત અને વિવિધ કલાઓ તથા જીવનના અનેકવિધ વિષયો પરના સેંકડો ગ્રંથો વાંચીને એમાંથી મધુસંચય વૃત્તિથી જે કંઈ સંગ્રહ કરવા યોગ્ય લાગ્યું એવી સામગ્રીનું સંકલન તેઓ પોતાની હસ્તપ્રતોમાં કરતા રહ્યા, જેના પરિણામ સ્વરૂપ ભારતીય સનાતન સંસ્કૃતિનાં મૂળભૂત પ્રાણવાન તત્ત્વો અને હિન્દુધર્મની તમામ દિશાઓ વિશે ચારણો દ્વારા લખાયેલી હસ્તપ્રતોમાંથી વિપુલ સામગ્રીનું એકત્રીકરણ થતું રહ્યું છે.

અત્યંત પ્રાચીનકાળથી માંડીને આજ સુધીમાં આપણી ભારતીય સંસ્કૃતિ ઉપર અનેક પ્રકારની જુદી જુદી સંસ્કૃતિઓનાં આક્રમણો થતાં રહ્યાં છે. છતાં એનું મૂળભૂત નિજી સ્વરૂપ જળવાયું છે, એની પાછળ કારણભૂત છે આપણા વેદ-ઉપનિષદ-બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, બ્રહ્મસૂત્ર, શ્રીમદ્ ભગવદ્ગીતા કે મહાભારત-રામાયણ જેવાં મહાકાવ્યો અને ધર્માચાર્યો, યોગીઓ, સિદ્ધ-સાધકો, સંતો-ભક્તો, અને મરમી કવિઓની વાણી. આજના આધુનિક યુગમાં અનેક પ્રકારની વિદેશી સંસ્કૃતિઓનાં આક્રમણો વચ્ચે પણ ગામડાનો ભારતીય જનસમુદાય પોતાના મૂળ લોકધર્મી સંસ્કારોને જીવતા રાખી શક્યો છે તેની પાછળ આપણા રહસ્યવાદી-મરમી સંત-ભક્ત કવિઓની પરંપરાઓ અને આપણું ધાર્મિક સાહિત્ય તથા ડિંગળી-ચારણી સાહિત્ય કારણભૂત છે એમ જરૂર કહી શકાય. આત્મશુદ્ધિને કેન્દ્રમાં રાખી આત્માનુભવ, આત્મસાક્ષાત્કાર અને આત્મદર્શનને માનવ જીવનનો પરમ પુરષાર્થ માનનારી આ સંતપરંપરાઓ ભલે ધર્મ, પંથ, સંપ્રદાય, સાધના કે સિદ્ધાંતોમાં વિચારભેદ દર્શાવતી હોય એમ લાગે પણ એમનું સંસ્કૃતિબીજ એક જ છે અને તે છે ભારતીય સંસ્કૃતિનું.

**એકોહમ્ બહુસ્યામ ભારતીય સંસ્કૃતિ**

ભારતીય સંસ્કૃતિ ત્રણ કાંડોમાં વિભાજિત છે. કર્મકાંડ, ઉપાસના કાંડ

અને જ્ઞાનકાંડ. જીવમાત્રનું કલ્યાણ અને લૌકિક કે પારલૌકિક ઉન્નતિ દ્વારા પરમસુખ કે મોક્ષગતિ પ્રાપ્ત કરવા માટે, ધર્મશાસ્ત્રો દ્વારા પ્રતિપાદિત સમ્યક્ અલંકૃત ચેષ્ટાઓ દ્વારા સર્વ સામર્થ્યમય પૂર્ણ સંસ્કૃતિનું નિર્માણ થયું. હજારો વર્ષ જૂની આપણી ભારતીય સંસ્કૃતિનું અધ્યયન કરવા માટે અનેક ભારતીય અને પરદેશી વિદ્વાનોએ પ્રયત્નો કર્યા છે. એમાં કોઈ ધર્મસંપ્રદાયોના ફાંટાઓ વિશે વાત કરતા હોય, કોઈ ભારતના જુદાજુદા પ્રાંતોમાં ફેલાયેલી ભાષાઓ અને બોલીઓ તથા એના સાહિત્યની વાત કરતા હોય, કોઈ જાતિ કે જ્ઞાતિગત ઇતિહાસ મુજબ સંસ્કૃતિને મૂલવતા હોય, કોઈ રાજનૈતિક પાસાને આવરીને સંસ્કૃતિ વિશે વિચાર કરતા હોય, કોઈ લોકજીવનનાં રીત-રિવાજ, વેષ-ભૂષા, ગીત-સંગીત, નૃત્ય, નાટ્ય, ચિત્ર, શિલ્પ-સ્થાપત્ય, શાબ્દી કે અશાબ્દી વિદ્યાઓ કે કલાઓ વિશે વાત કરતા હોય. આ બધી બાબતો સંસ્કૃતિના અધ્યયન માટે અત્યંત આવશ્યક હોવા છતાં ભારતીય સંસ્કૃતિનો પૂર્ણ પરિચય કરાવવા માટે તો અસમર્થ જ રહે છે. ઉપર જણાવ્યાં તે તમામ પાસાંઓને એકત્ર કરીને ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવવા ધારીએ છતાં કંઈક એવું તત્ત્વ બાકી રહી જાય છે, જે સંસ્કૃતિનો પૂર્ણ પ્રમાણભૂત પરિચય આપી શકે.

સમગ્ર વિશ્વમાં ભારતનું સ્થાન નાભિકેન્દ્રનું છે. માનવપિંડની ઉત્પત્તિનું કેન્દ્ર નાભિસ્થાન છે. અને એ કેન્દ્રમાંથી જેમ પિંડનો વિકાસ થાય છે, તેમ ભારતમાંથી ચારે દિશાઓ અને ચારે ખૂણાઓ તરફ એટલે કે ચોગરદમ ભારતીય સંસ્કૃતિનો પ્રચાર અને પ્રસાર સેંકડો વર્ષોથી થતો રહ્યો છે. એશિયાખંડમાં ઈરાન અને અફઘાનિસ્તાન ભારતની પશ્ચિમ દિશામાં આવે, ઉત્તર દિશામાં તિબેટ ચીન આવે, પૂર્વમાં બ્રહ્મદેશ, સિંગાપુર, સિયામ, ઈન્ડોચીન અને ઈન્ડોનેશિયા આવે તો દક્ષિણમાં સામે શ્રીલંકા, એ તમામ દેશો સાથે ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ સંકળાયેલો છે. ભારતીય સંસ્કૃતિએ આ તમામ દેશોને પોતાનો ધર્મ, સાધના અને વિચારધારાનો વારસો આપ્યો છે. ભારતમાંથી બૌદ્ધ ધર્મ અને અનેક કલાઓ સમગ્ર એશિયા ખંડમાં પ્રસાર અને પ્રચાર પામી છે. આ બધા દેશો સાથે ભારતનો જળ અને સ્થળ માર્ગ ધાર્મિક અને વ્યાપારિક થતો રહ્યો છે. સૌરાષ્ટ્રમાં હડપ્પા અને મોહે જો દડોની પ્રાચીન સંસ્કૃતિના અવશેષો મળ્યા છે. આ અવશેષોને આધારે ભારતીય સંસ્કૃતિ અને ચોતરફ વસેલી જુદી જુદી સંસ્કૃતિઓ સાથેનું અનુસંધાન આપણા સંશોધકો જોડી આપે છે. જ્યાં જ્યાં ભારતીય લોકો ગયા છે. ત્યાં ત્યાં ભારતીય સંસ્કૃતિને પહોંચાડી છે. અનેક સંસ્કૃતિઓ એકબીજાની તદ્દન નજીક હોવા છતાં અતિ પ્રાચીન યુગથી આજ સુધી ભારતીય સંસ્કૃતિએ પોતાના મૂળ સ્વરૂપને જાળવી રાખ્યું છે.



જ્ઞાન, ભક્તિ, યોગ, અને કર્મ (સેવા) એ ચાર તત્ત્વો ભારતીય સંસ્કૃતિના મૂળભૂત પાયા છે જેનો સંબંધ ધર્મ કે અધ્યાત્મ સાથે છે. ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ કે લાક્ષણિકતાઓ જોઈએ તો- (૧) મનુષ્યને માનવવિકાસના ઉચ્ચતમ શિખરે પહોંચાડીને જીવનમુક્તિની અવસ્થામાં પ્રતિષ્ઠિત કરાવવો. (૨) ગુરુ માહાત્મ્ય, ગુરુપૂજા, ગુરુભક્તિ. (૩) સમગ્ર બ્રહ્માંડનું સર્જન, પાલન-પોષણ અને સંહાર કરનારા પરમતત્ત્વ સાથે અનુસંધાન. (૪) કોઈ પણ વર્ણ કે જાતિના ભેદભાવ વિના પરમતત્ત્વની પ્રાપ્તિનો અધિકાર તમામ જીવને એવી ભાવના. (૫) માનવીને પોતપોતાના અધિકાર કે શક્તિ મુજબ મંત્રયોગ, તંત્રયોગ, હઠયોગ, સહજયોગ, કર્મયોગ, લયયોગ, પ્રાણયોગ, આત્મયોગ, શબ્દ સુરતિયોગ, નાદાનુસંધાન કે રાજયોગ મુજબ ભક્તિ-અધ્યાત્મના ક્ષેત્રમાં પરમતત્ત્વની પ્રાપ્તિ સુધી પહોંચાડવા મદદગાર થવું એ ભારતીય સંતસંસ્કૃતિનો મુખ્ય હેતુ છે. અને એટલા માટે તો ધર્મ કે અધ્યાત્મસાધનાના અનેક માર્ગોનો વિકાસ થયો છે. (૬) પરંપરિત વેદધર્મ પ્રણિત માન્યતાઓ સાથે અનુસંધાન અને વિશ્વાસ. પાંચ તત્ત્વ, ત્રણ ગુણ, પચીસ પ્રકૃતિ-પંચીકરણ, શિવ સ્વરોદય, અષ્ટાંગ યોગ, ષટ્ચક્રભેદન, પ્રાણાયામ. (૭) જન્મ-પુનર્જન્મની માન્યતા. (૮) સગુણ-નિર્ગુણ ઉપાસના. (૯) નિયંતા (ઈશ્વર) અને નિયતિ. (૧૦) કર્મને જીવનનું આવશ્યક લક્ષણ મનાયું છે. જે કર્મ સ્વાર્થ સહિત હોય અને જેમાં જ્ઞાનનો ભાવ ન હોય તો કર્મ માનવીનું કલ્યાણ કરતું નથી. (૧૧) ત્યાગ અને આત્મનિયંત્રણ. (૧૨) પિંડમાં બ્રહ્માંડનું દર્શન-સોહમ્ સાધના. (૧૩) રહસ્યવાદ - નામ વચનની સાધના. (૧૪) અહિંસા દરેક જીવ પ્રત્યે સમાનતા અને પ્રેમનો ભાવ-અહિંસાનો સિદ્ધાંત. (૧૫) બ્રહ્મચર્ય અને ક્ષમાતત્ત્વ.

ભારતીય દર્શનો મુજબ સંસ્કૃતિનાં પાંચ મુખ્ય અંગ છે : ધર્મ, દર્શન, ઈતિહાસ, વર્ણ, અને રીતરિવાજ. કોઈપણ દેશ કે જાતિનો આત્મા સંસ્કૃતિ જ છે. જેનાથી કોઈપણ દેશ કે જાતિના સંસ્કારોનો બોધ થાય છે. અંગ્રેજીના કલ્ચર શબ્દ સાથે સામ્ય ધરાવતો આ શબ્દ આપણા ભારતીય હિન્દુ સમાજમાં સંસ્કાર તરીકે પણ ઓળખાય છે. ભારતીય સંસ્કૃતિ વેદમૂલક સંસ્કૃતિ છે. આપણા ઋષિ-મુનિઓ દ્વારા, શાસ્ત્રકારો અને સ્મૃતિકારો દ્વારા ધર્મ સત્ય, અહિંસા, અપરિગ્રહ અસ્તેય, ત્યાગ, તપ, દાન, બ્રહ્મચર્ય, કર્મ, જીવ, ઈશ્વર, બ્રહ્મ, માયા, અને પરમ તત્ત્વના સાક્ષાત્કાર વિશે જે ગાઢ ચિંતન થયું તેના પરિણામ સ્વરૂપ ભારતીય સંસ્કૃતિનો ઉદ્ભવ અને વિકાસ થતો રહ્યો છે.

કાળનું અવિરત ચક્ર સદૈવ ફરતું રહે છે. જેમાં અનેક માનવ સંસ્કૃતિઓનો ઉદ્ભવ, વિકાસ અને વિનાશ થતો રહે છે. પ્રાચીનકાળથી માંડીને આજ સુધીમાં જગતમાં અનેક સંસ્કૃતિઓ અવિર્ભાવ પામી છે. જેમાં મિસરની સંસ્કૃતિ, સુમેરિયન સંસ્કૃતિ, બેબીલોન સંસ્કૃતિ, એસિરિયન સંસ્કૃતિ, ચીનની સંસ્કૃતિ, ઈરાનની સંસ્કૃતિ, ગ્રીસની સંસ્કૃતિ, રોમન સંસ્કૃતિ અને ભારતીય આર્ય સંસ્કૃતિને નોંધપાત્ર કે અતિ મહત્ત્વની સંસ્કૃતિઓ તરીકે ઓળખાવી શકાય.

ભારતીય ચિંતનધારાના પ્રવાહ મુજબ - હજારો વર્ષથી ભારતમાં થયેલી વેદ ધર્મની સનાતન ધર્મની સ્થાપના, અને એ વૈદિક ચિંતનધારામાંથી સમયે સમયે જે નવા અંકુરો ફૂટ્યા તે બૌદ્ધ, જૈન, શૈવ, શાક્ત, વૈષ્ણવ વગેરે સંપ્રદાયોમાં વિકસિત થતા રહ્યા. આચાર્ય ક્ષિતિમોહન સેન તેમના 'બાંગ્લાની સાધના' પુસ્તકમાં જણાવે છે તેમ ભારતવર્ષના તમામ અધ્યાત્મમાર્ગી સંતો-ભક્તોએ ઉપાસના કરી છે. સત્‌ની - સત્યની... સત્ય એ જ એમની જીવન સાધના. કબીર સાહેબ ગાતા હોય, 'સાંચ બરાબર તપ નહીં, જૂઠ બરાબર પાપ, જાકે હિરદે સાંચ હૈ, તા કે હિરદે આપ.' તો ભક્ત સાધક દાદુ કહે છે. 'સૂધા મારગ સાચકા, સાચા હોઈ સો જાઈ, ઝૂઠા કોઈ ના ચલે, દાદુ દિયા દિખાઈ.' તમામ ધર્મ, પંથ, સંપ્રદાય અને એની વિવિધ સાધના ધારાઓમાંથી સંત કબીર સાહેબે સમન્વયની સાધનાનું સર્જન કર્યું. શૈવ, શાક્ત, વૈષ્ણવી પ્રેમસાધના, ઈસ્લામ કે સૂફી, જ્ઞાનમાર્ગી, યોગમાર્ગી, ભક્તિમાર્ગી, જૈન, બૌદ્ધ, તંત્ર એમ તમામ પ્રકારની ભક્તિ / સાધના કે સંત સાધનાની સરવાણીઓ આપણને કબીર સાહેબ પછીના વિધ વિધ ભારતીય ભાષાઓના સંત / ભક્ત કવિઓની વાણીમાં જોવા મળે છે, કારણ કે આપણી સંસ્કૃતિ સમન્વયની સંસ્કૃતિ છે.

ભવિષ્યની પેઢીઓ સુધી આપણે શુદ્ધ અને સાત્ત્વિક જ્ઞાનવારસો જળવાઈ રહે એ માટે પ્રાચીન ભારતમાં નાલંદા, તક્ષશીલા, વલભી અને વિક્રમશીલા જેવી વિદ્યાપીઠોના સરસ્વતી ભંડારો જગપ્રસિદ્ધ હતા. શિક્ષણ શબ્દ શીખ્ શીખવું પરથી ઊતરી આવ્યો છે. પ્રાચીન સમયમાં તો વેદોના ઉચ્ચાર માટે શક્તિશાળી બનાવે તે જ સાચું શિક્ષણ-તે જ સાચી શિક્ષા એમ મનાતું. અને એટલે શિખાધારી એ જ બની શકે જે શિક્ષિત હોય. વેદને સમજવા માટે છંદ, કાવ્ય, જ્યોતિષ, નિરુક્ત, વ્યાકરણ અને શિક્ષા એ છ શાસ્ત્રોનો અભ્યાસ અનિવાર્ય ગણાતો. આપણે ત્યાં શિક્ષાગ્રંથોની કેવડી સુદીર્ઘ પરંપરા ચાલી આવી છે ? પ્રાચીન ઋષિકુલો-ગુરુકુલો-મઠો આશ્રમોમાં તદ્દન નિઃશુલ્ક મૌખિક શિક્ષણ કે કેળવણી અપાતાં. જેમાં



છાત્ર-વિદ્યાર્થીનો બહુમુખી વિકાસ થતો. વેદ, ઉપનિષદ્, પુરાણો, નીતિશાસ્ત્ર, ખગોળ, તર્ક, રાજવ્યવસ્થા, બ્રહ્મવિદ્યા, જ્યોતિષ, વ્યાકરણ, છંદ, કાવ્ય, આયુર્વેદ, કૃષિ, ગોપાલન, વાણિજ્ય, અસ્ત્રશસ્ત્ર, લોકવિદ્યાઓ.... એમ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થો વિશેની સર્વાંગ સંપૂર્ણ જાણકારી આપીને, એક સુસંસ્કૃત સમાજના ઘડતરમાં તે છાત્રનું યોગદાન કેવું અને કેટલું હશે તેની અગમચેતી દાખવીને જે તે છાત્ર જીવતરના અંતિમ શ્વાસ લગી સાચો વિદ્યાર્થી બની રહે એવી કેળવણી અપાતી. અને એ માટે ગ્રંથો-પુસ્તકો લખાતાં. એટલે તો પુસ્તકને આપણા ઋષિ મુનિઓ કલ્પવૃક્ષ તરીકે ઓળખાવતા હતા. કલ્પવૃક્ષ એટલે એવું વૃક્ષ જેની છાયામાં ઊભા રહીને જે કંઈ કલ્પના કરીએ તે સાકાર થઈ જાય. પુસ્તક એટલે એકાન્તનો મિત્ર, મસ્તકનો ખોરાક, મનનો જમણવાર, ચિત્તનો પ્રવાસ, શબ્દોનો શ્વાસ, માર્ગદર્શક, અજ્ઞાન અંધારામાં અજવાળું પાથરનારો દીપક, દીવાદાંડી, જીવનની સમસ્યાનું સમાધાન, નીતિ અને મૂલ્યોનું મહાગાન, દેવસ્થાનક કે જંગમ તીર્થ, એક પેઢીની વિદ્યાને બીજી પેઢી સુધી લઈ જનાર સેતુબંધ.

અને એટલે જ ભારતીય સંસ્કૃતિના કલ્પવૃક્ષ સમી ભારતના અને વિશ્વના હસ્તપ્રત ભંડારોમાં સચવાયેલી હસ્તપ્રતોમાં સંકલિત થયેલી સામગ્રી ભવિષ્યની પેઢીઓ માટે અમૂલ્ય એવો વારસો સાચવીને બેઠી છે. જેમાં ચાર વેદ, વેદનાં અંગો-વેદાંગ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, પુરાણો, ષડ્દર્શનો, મહાકાવ્યો અને લોકપરંપરાનાં ધાર્મિક અંગો વિશે ઠેરઠેરથી-ધર્મગ્રંથો, સંદર્ભગ્રંથો, અભ્યાસગ્રંથોમાંથી સામગ્રીનું એકત્રીકરણ કરવામાં આવ્યું છે, શૈવ, વૈષ્ણવ, શાક્ત, મહાપંથ, નાથ, દશનામ, પ્રણામી, જૈન, બૌદ્ધ, સ્વામિનારાયણ જેવા તમામ ધર્મ-પંથ-સંપ્રદાયો અને લોકધર્મી સંત પરંપરાઓ ઉપરાંત બ્રાહ્મણ, ક્ષત્રિય, ચારણ, બારોટ જેવા જાતિ-જ્ઞાતિવિશેષોની વિવિધ શાખા પરંપરાઓ, એની ધર્મ અનુષ્ઠાન સંબંધી માન્યતાઓ, વિધ વિધ દેવી-દેવતાઓ, એકથી શરૂ કરીને જુદી જુદી સંખ્યાઓ-અંકો સાથે જોડાયેલી સંજ્ઞાઓનો પરિચય. એમ અનેકવિધ દૃષ્ટિકોણથી, અનેકવિધ પાસાંઓ પરિચય આ હસ્તપ્રતોમાંથી પ્રાપ્ત થાય છે.

આપણે ત્યાંના અને છેક વિદેશી ગ્રંથાલયોમાંના હસ્તપ્રતભંડારોમાં સચવાયેલી તમામ હસ્તપ્રતોમાં જળવાયેલી સામગ્રીની સંપૂર્ણ પ્રમાણભૂત-સર્વાંગ સૂચિઓ પણ પ્રાપ્ય નથી. અનેક હસ્તપ્રત ભંડારોની પ્રકાશિત સૂચિઓ મારી પાસે છે, જેમાં 'ગૂટકો', 'પદસંગ્રહ', 'વિવિધ કવિઓનાં પદો-કીર્તનો' જેવાં શીર્ષકોથી હસ્તપ્રતનોંધણી થઈ છે. એમાંયે જે હસ્તપ્રતોમાં કશો જ સમયનિર્દેશ પ્રાપ્ત નથી

થતો એવી તો સેંકડો હસ્તપ્રતોમાં છૂટક-ગૌણ કવિઓ-સંતો-ભક્તો અને ચારણ-બારોટ જ્ઞાતિના કવિઓ દ્વારા હજારોની સંખ્યામાં રચાયેલી પદ્યરચનાઓ નોંધણી અને સૂચિ માટે કોઈક અભ્યાસુની રાહ જોઈ રહી છે, જેની નોંધ આજસુધી આપણી સંશોધન સંસ્થાઓ કે વિશ્વખ્યાત સંશોધકો દ્વારા પણ નથી લેવાઈ એ ગુજરાતી ભાષા-સાહિત્ય સાથે સંકળાયેલા સૌ વિદ્વાનો અને સંશોધકો માટે શરમજનક હકીકત છે.

આપણા પ્રાચીન કંઠસ્થ પરંપરાના ગુજરાતી સાહિત્યમાં સુભાષિતો, લોકોક્તિ, ઉખાણાં, પ્રહેલિકા, સમસ્યા અને ગૂઢાર્થ ઉક્તિઓની એક સુવિશાળ પરંપરા નજરે ચડે છે. લોકજીવનમાં વાતવાતમાં વાતડાહ્યા ચતુર માણસો નવરાશના સમયે આવો વાઙ્મય ભંડાર પીરસતા રહે. લોકકંઠે આવું સાહિત્ય સૈકાઓ સુધી સચવાતું - જળવાતું તરતું રહે અને એમાંથી જરૂરત પડ્યે પ્રશિષ્ટ સાહિત્યના જૈન-જૈનેતર સર્જક-કવિ-આખ્યાનકારો અને ડિંગળી સાહિત્ય સર્જનારા ચારણ-બારોટ કવિઓ પોતાની રચનાઓમાં આવી ઉક્તિઓને વણી લે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં કોપીરાઈટ કે પોતાના આગવા મૌલિક સર્જન જેવા સંકુચિત ખયાલો જ નહોતા. જ્યાંથી કંઈ પણ સારું લાગે તેના પોતાના સાહિત્યમાં સમાવેશ કરીને પોતાની રચનાઓ લોકોના આત્મકલ્યાણ અને લોકમનોરંજન માટે પ્રયોજવાની પરિપાટી આપણને વ્યાપક રીતે ફેલાયેલી જોવા મળે. સંસ્કૃત સાહિત્ય, પ્રાકૃત કે અપભ્રંશ સાહિત્ય, અન્ય ભારતીય ભાષાઓના સાહિત્ય કે કંઠસ્થ પરંપરાના લોકસાહિત્યમાંથી આવી ઉક્તિઓ લઈને એનું પોતાની ભાષામાં રૂપાંતર કરીને-ગુજરાતીકરણ કરીને પોતાના ગદ્ય-પદ્ય સર્જનને વધુ સઘન બનાવવાનો યત્ન આપણા દરેક મધ્યકાલીન સર્જકે કર્યો છે.

ગુજરાતના હસ્તપ્રતભંડારોમાં 'સુભાષિતરત્નભાંડાગાર' જેવી સંકલન પામેલી અનેક હસ્તપ્રતો પણ મળી આવે છે. જેમાં ઉપર જણાવ્યું તેવી સામગ્રી ગુજરાતી ભાષામાં રૂપાંતર કરીને સંકલિત કરવામાં આવી હોય. અલબત્ જૂની ગુજરાતી એટલે મધ્યકાળમાં સંપૂર્ણ ભારતમાં વ્યાપ્ત એવી સધુક્કડી ભાષા. જેમાં કચ્છી, સિંધી, મરાઠી, મારવાડી કે રાજસ્થાની ડિંગળનું સંમિશ્રણ થયેલું જોવા મળે, જે ખાસ કરીને ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં વ્યાપક રીતે ફેલાયેલી જોવા મળે છે. એ સમયના સર્જકોની એ રાષ્ટ્રીય ભાષા હતી. જેથી સમગ્ર ભારત વર્ષના સંત-ભક્ત-કવિ સર્જકો પોતપોતાની સ્થાનીય-પ્રાંતીય ભાષા-બોલી સાથે અનુસંધાન જાળવીને આ સધુક્કડી ભાષામાં સર્જન કરતા હતા. અને એ રીતે



વિવિધ ભારતીય પ્રાંતોના સંત-ભક્ત સાહિત્યની પારિભાષિક શબ્દાવલી, સાધનાત્મક પરિભાષા, સંગીતના ઢાળ, રાગ, તાલ, ઢંગમાં એકાત્મકતા જોવા મળે છે. ભારતભરના હસ્તપ્રત ભંડારોમાં ખાસ કરીને ચારણ-બારોટ જ્ઞાતિના સર્જકો-સંપાદકો-લહિયાઓ દ્વારા લખાયેલી હસ્તપ્રતોમાં આપણને વિવિધ વિષયની સામગ્રી જોવા મળે, જેમાં વિવિધ રાજવંશોના ઈતિહાસ, વંશાવળી, વાત, વિગત, તવારીખ, રાસો, પવાડા(સંગ્રામ કથાઓ), વિનોદ, વિલાસ, સાગર, શિણગાર, કવિત, કુંડળિયા, છંદ, ઝમાળ, ઝૂલણા, વીસી, બાવીશી, પચ્ચીશી, બહુંતેરી, સલોકા જેવા પ્રકારોમાં ઐતિહાસિક સામગ્રી સચવાયેલી છે તો પુરાણ, મહાભારત અને રામાયણાદિનાં આખ્યાનો, દેવીસ્તવનો, અંબા, આઈ વરુડી, કરણીજી, ચાલકનેચી, ચાંપબાઈ, ચોસઠ જોગણી, જગદંબા, જવલબાઈ, જ્વાળામુખી, જાનબાઈ જેતબાઈ, તોરણવાળી(મહેસાણા), દેવલબાઈ, પદ્માવતી, પીઠડ, બહુચરાજી, મહાલક્ષ્મી, મેલડી, રાજબાઈ, સરસ્વતી, હિંગળાજ વગેરે શક્તિનાં સ્વરૂપો વિશેની ગદ્ય-પદ્ય રચનાઓ, રામ, કૃષ્ણ, ખેતરપાળ, ગણેશ, પ્રભુ, પારસનાથ, પીર, રાધાકૃષ્ણ, રામ, સૂર્ય, શનિ, શંખેશ્વર પાર્શ્વનાથ, શિવ, હનુમાન વગેરે દેવતાઓનાં સ્વરૂપો વિશેની રચનાઓ ઉપરાંત અશ્વશાસ્ત્ર, આગમ, આરોગ્ય (ગામઠી ઔષધો), આર્થિક, કર્મકાંડ, કામશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, ગામો અને શહેરો વસવા વિષે, ગુરુ ભક્તિ, ગૂઢ ભાષા, ગૂઢાર્થ, ચરિત્ર, છંદશાસ્ત્ર, જ્યોતિષ, જાદુ, તીડ, ત્રાગાંનાં કથાગીતો, ત્રાગાંના કરારખતો, તિથિ, ધર્મદંભ, દાણલીલા, દુર્ગુણ, દુષ્કાળ, નદીસ્તવન, નાયિકાભેદ, નિંદા-ઉપાલંભ, પશુઓનું યુદ્ધ, પક્ષીઓનું યુદ્ધ, પ્રથય, પ્રારબ્ધ, ભીખનિંદા, ભેંસ, ભૌગોલિક, બારમાસા, મરશિયા, મસ્તકદાન, મંત્રો-તંત્રો, માનવનાં વેચાણખતો, મૈત્રી, રાજનીતિ, ઋતુવર્ણન, લોકકથાઓ, લોકવ્યવહાર (નીતિ), વર્ષાવિજ્ઞાન, વ્રતકથા, વૃક્ષો, વ્યસન, વ્યાકરણ, વિવાહ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ, સતી, સંગીત, સંત સ્તવન, સ્થાપત્ય, સાંપ્રદાયિક, સુભાષિત, સૌંદર્ય(નારીનું), શબ્દકોશ, શસ્ત્રો, શિકાર, શુકન, શૃંગારરસ, હવામાન નોંધ, હાથીનું વર્ણન અને દાન, હાસ્યરસ... એમ જીવનનાં અનેકવિધ વિષયો ઉપરનું સાહિત્ય આ હસ્તપ્રતોમાં સંઘરાયું છે. એટલે 'ભારતીય સનાતન ધર્મ સંસ્કૃતિના મધુસંચય કોશ' તરીકે એનું સ્થાન અને માન કાયમ જળવાવાનું છે.

૫

## ચારણી સાહિત્ય સંશોધનની સમસ્યાઓ

**ડૉ. ભરત પંડ્યા**

ચારણી સાહિત્યમાં કંઠસ્થ પરંપરા, લોકપરંપરા અને શિષ્ટપરંપરાનો ત્રિવેણી સંગમ છે. ઝવેરચંદ મેઘાણીએ 'ચારણો અને ચારણીસાહિત્ય'માં નોંધ્યું છે : 'કવિતા એનો વ્યવસાય નહિ પણ એનો સંસ્કાર હતો. સ્વભાવ હતો, કવિતા એના મસ્તકમાંથી નહિ પણ રક્તમાંથી ઊછળતી, બાપના શોણિતમાંથી બેટાની નસોમાં સિંચાતી, પેઢાનપેઢી શોણિતમાં સંચરતી'[1] તો મોરારિબાપુ કહે છે કે : 'ચારણીસાહિત્યમાં લોક અને શ્લોકનો સમન્વય છે.' ચારણ સર્જકો નૈતિકતાના આગ્રહી અને મૂલ્યનિષ્ઠ હતા. આવા સર્જકોના સાહિત્યમાં ડૉ. અંબાદાન રોહડિયા કહે છે તેમ : 'જીવન કેવું છે, તેનું નહીં પણ જીવન કેવું હોવું જોઈએ તેની વાત કરવામાં આવી છે.'[2] હું જ્યારે લોકવિદ્યા, લોકસાહિત્ય અને ચારણી સાહિત્યનો યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો અને ત્યારબાદ સંશોધન અર્થે જેમ-જેમ ઊંડાણથી અભ્યાસ કરતો ગયો ત્યારે ખ્યાલ આવ્યો કે આ ક્ષેત્રે કાર્ય કરનાર અભ્યાસીએ ખૂબ જ સભાનતા અને સાવચેતી રાખવી પડે છે. કેમ કે આ પરંપરામાં તો પૌરાણિક કથાઓ, ઐતિહાસિક પ્રસંગો, લોકસાંસ્કૃતિક રીત-રિવાજો, ભૌગોલિક પરિવેશ, સામુદ્રિક શાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, શુકન-અપશુકન અને લોકજીવન સાથે સંકળાયેલી અનેક મહત્તમ બાબતોને સ્થાન મળ્યું છે. આથી આ પ્રકારના સાહિત્યનું સંશોધન કરવાનું હોય તો ડૉ. સત્યેન્દ્રએ 'લોકસાહિત્ય વિજ્ઞાન' પુસ્તકમાં લોકસાહિત્યના

શુધ્ધ શાસ્ત્રીય સંશોધન માટે આઠ વ્યક્તિઓની ટીમની વાત કરી છે. જેમાં ફોટોગ્રાફર, ચિત્રકાર કે મૂર્તિકાર, ઇતિહાસ, પુરાતત્ત્વવિદ્ - જે પ્રાચીન લિપિનો જાણકાર, ભાષાશાસ્ત્રી, લોકસંગીત - લોકસાહિત્યનો જ્ઞાતા, વૈજ્ઞાનિક - જે ટેપરેકોર્ડર - ફિલ્મ કૅમેરા કે વીડિયો કૅમેરા ચલાવવાની ક્ષમતા ધરાવતો હોય, લેખક કે પત્રકાર અને પુરાણ પંડિતનો સમાવેશ થાય છે. આ વાત ચારણી સાહિત્યના સંશોધન માટે એટલી જ લાગુ પડે છે. હવે જો આવી ટીમ દ્વારા આ પ્રકારનું કાર્ય ન થાય તો તે કેટલું અધરું બની જાય. આપણે ત્યાં ભાગ્યે જ ટીમવર્કથી કાર્ય થાય છે.

ચારણી સાહિત્ય કંઠસ્થ પરંપરામાં જળવાયેલું છે આથી મહદ્અંશે તે અગ્રંથસ્થ છે તેમજ આજે આ ધારાના વાહકો ઓછા થતા જાય છે કેમ કે સામાજિક પરિવેશ બદલાયો છે. લોકોએ તેને રાજા-મહારાજાઓની પ્રશસ્તિઓનું અને સામંતિ સાહિત્ય તરીકે પણ ક્યારેક જોયું છે અને સાંપ્રત સમયમાં પેઢી દર પેઢી સાહિત્યની ઉપાસના કરનાર ચારણો પણ પોતાની કુળપરંપરા ત્યજીને અન્ય વ્યવસાયમાં જોડાઈ રહ્યા છે આથી નવો વર્ગ આગળ આવતો નથી અને ઝવેરચંદ મેઘાણી જેવી નિષ્ઠાથી આ સામગ્રીને એકત્ર કરવા માટે ચારણેત્તર સંશોધકો ભાગ્યે જ આગળ આવે છે, એટલે કંઠસ્થ છે તે લુપ્ત થઈ રહ્યું છે. મારે આપની સમક્ષ 'ચારણી સાહિત્યમાં સંશોધનની સમસ્યા' વિશે વાત કરવાની છે એટલે મારા આ સંશોધન પેપરમાં ચારણી સાહિત્યમાં સંશોધન કરવા માગતા સંશોધકોની સામે કેવી-કેવી સમસ્યાઓ આવી શકે તેની વાત કેટલાક મુદ્દાઓ લઈને કરવાનો ઉપક્રમ છે.

**૧. હસ્તપ્રત વાચનની તાલીમનો અભાવ :**

ચારણી સાહિત્ય હસ્તપ્રત આધારિત છે, તેમાં સચવાયેલું છે. આથી હસ્તપ્રત વાચનની તાલીમ મેળવી હોય એવા જ સંશોધકો તેનો અભ્યાસ કરી શકે. એક તાલીમબદ્ધ સંશોધકની અપેક્ષા રહે છે. યાયાવર જીવન જીવતા ચારણો સંજોગોને કારણે હસ્તપ્રતોની સુરક્ષા માટે યોગ્ય કાળજી લઈ શકતા નથી અને જૈનોની જેમ શાસ્ત્રીય પદ્ધતિથી હસ્તપ્રતો સાચવી શક્યા નથી એટલે હસ્તપ્રતોમાં રહેલી સામગ્રી ધીમે-ધીમે લુપ્ત થતી રહે છે. કેમકે કાગળના આયુષ્યની પણ મર્યાદા હોય છે એટલે યોગ્ય જતન ન થવાથી ઊધઈ-ઉંદરોનો ખોરાક બની જાય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે ચારણી-સાહિત્ય હસ્તપ્રત ભંડાર છે તેમાં અગિયાર હજાર જેટલી હસ્તપ્રતો એકત્ર કરવામાં આવી છે અને તેનું ડિજિટીલાઇઝેશનનું કામ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય સંશોધન કેન્દ્ર દ્વારા



કરવામાં આવ્યું છે. તેનાં બે સૂચિપત્રો પણ પ્રકાશિત થયાં છે પરંતુ આ તો માત્ર દસ ટકા કામ છે. બાકીનું તો આ અવસ્થામાં પડ્યું છે. એટલે હસ્તપ્રતવાચનની સઘન તાલીમ લઈને સંશોધકો આ દિશામાં કામ કરે તો ઘણું બધું બહાર આવી શકે તેમ છે. જો તાલીમ લીધા વગર કામ કરવા જશે તો શાસ્ત્રીય કામ નહીં થાય.

**૨. પૌરાણિક જ્ઞાનનો અભાવ :**

ચારણી સાહિત્યના સંશોધક પાસે પૌરાણિક પરંપરાનું જ્ઞાન હોવું જરૂરી છે કેમ કે અઢાર પુરાણો, તેનાં ઉપપુરાણો, રામાયણ, મહાભારત અને વેદ-ઉપનિષદમાં કહેવાયેલી કથાઓનો વિનિયોગ ચારણી સાહિત્યમાં થયેલો હોય છે. પરંતુ મોટેભાગે આજની પેઢીએ આ આનુવંશિક જ્ઞાન ગુમાવ્યું છે અથવા તો તેનો અભ્યાસ નથી જેથી આવી રચનાઓનો સંદર્ભ છે તે તેને યોગ્ય રીતે સમજી શકતો નથી. દા.ત. કવિ કાગે લખ્યું છે :

*'જેની માત ખારવણ અઢાર પુરાણ એણે આલેખ્યા'*

પરાશરમુનિ અને મત્સ્યગંધાના કોમાર્ય અવસ્થાના સંબંધનું સંતાન તે મહર્ષિ વેદવ્યાસ. આમાં વાત એ છે કે ખરો દાવો કર્મનો છે, કુળનો દાવો કયાં રહ્યો ? આ અર્થ સમજવા માટે પૌરાણિક સંદર્ભની જાણકારી જરૂરી છે. તો કોઈક રચનામાં પૌરાણિકની સાથે ઐતિહાસિક સંદર્ભ પણ સંકળાયેલો હોય છે. ઉદા.

*'રઘુવંશ બિન કોન કરે એસો દાન પ્રદાન,*
*રામ લંક અરુ માન દિયે, કાબુલ જીત પ્રદાન.'*

જયપુરના માનસિંહ અકબરના સેનાપતિ હતા તેણે કાબુલ જીતીને અકબરને આપી દીધું પણ અહીં ઉપમા પ્રયોજી કે રામે વિભીષણને લંકા દાનમાં આપી દીધી. આ રઘુવંશની કુળપરંપરા છે. કે વિજય મેળવીને દાન કરી દેવું. — આ રીતે પ્રસ્તુત રચનામાં પૌરાણિક અને ઐતિહાસિક બન્ને સંદર્ભ સંકળાયેલા છે. આ પ્રકારના સંદર્ભો આ સાહિત્યમાં હોવાને કારણે સંશોધક પાસે પૌરાણિક જ્ઞાનની અપેક્ષા રહે છે નહીં તો તેને આમાં નિહિત વિવિધ સંદર્ભો પકડવામાં મુશ્કેલી થશે. અને ભળતા જ સંદર્ભો પકડીને જુદું અર્થઘટન આપશે.

**૩. ઐતિહાસિક-ઇતિહાસ વિશે જ્ઞાનનો અભાવ :**

ચારણી સાહિત્યમાં પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસનું દસ્તાવેજીકરણ થયું છે જેને ઇતિહાસની જાણકારી ન હોય તેવા સંશોધકો આ સાહિત્યમાં સમાવિષ્ટ ઐતિહાસિક સંદર્ભોનું - સમુચિત રીતે અર્થઘટન કરી શકતા નથી. ચારણી સાહિત્યમાં

અનેક રાજવંશો અને રાજ્યોની ઊથલ-પાથલ, ચડતી-પડતી ને નવસર્જનના સંદર્ભો છે. એક-બે ઉદાહરણ જોઈએ :

*'વહેલો આવે વીર સખાતે સોમૈયાની*
*હિલોળવા હમીર ભાલા અણીએ ભીમાઉત.'*

*'કર્મા કરમાળ કરે એ જુએ જગદીશ*
*એમ સોમૈયાને શીશ આલ્યું અરઠીલા ધણી.'*

બાર જ્યોતિર્લિંગમાંના એક ભગવાન સોમનાથ પર ઈ.સ. ૧૩૯૮માં ઝફરખાને આક્રમણ કર્યું ત્યારે ગોહિલવંશી ભીમસિંહજીના પુત્ર અરઠીલાના યુવરાજ હમીરજી સોમનાથની સખાતે ગયેલા તેમણે ત્યાં કમળપૂજા ચડાવી અને તેમનું ધડ લડ્યું હોવાની વિગતો ચારણ આઈ લાખબાઈએ પ્રત્યક્ષ નિહાળી દુહાબદ્ધ કરી પરંતુ જો ગોહિલ રાજવીઓનો ઇતિહાસ ન જાણતા હોય કે સોમનાથ પર થયેલાં આક્રમણોથી સંશોધક અજાણ હોય તો તેમના માટે આ દુહા એકમાત્ર સામાન્ય રચના બની રહે. બીજું ઉદાહરણ જોઈએ તો ભારતના વાઇસરૉય લૉર્ડ કર્ઝને ઈ.સ. ૧૯૦૩માં દિલ્હીમાં એડવર્ડ સાતમાના રાજ્યારોહણ પ્રસંગે ભવ્ય સમારોહનું આયોજન કર્યું. આ પ્રસંગમાં ઉદેપુરના મહારાણા ફતેસિંહ હાજરી આપે એ માટે તેના પર ખૂબ દબાણ કરવામાં આવ્યું. મહારાણાએ વિવશ બનીને ઉપસ્થિત રહેવાનું સ્વીકાર્યું. રાજસ્થાનની પ્રજાને આ વાતની જાણ થઈ. પ્રજાને રાજાનું આ પગલું ગમ્યું નહીં. પ્રજાના અણગમાના પ્રતિઘોષરૂપે ચારણ કવિ કેસરીસિંહે મહારાણાને 'ચેતવણી રા ચુગટીયા' રૂપે તેર સોરઠા લખીને તેમની કુળપરંપરા અને પ્રજામતનું ધ્યાન રાખવા સમજાવ્યા. ચારણકવિના આ શબ્દોએ — મહારાણાને અંદરથી જાગ્રત કર્યા અને તેઓ દિલ્હી દરબારમાં હાજર રહેવાને બદલે ઉદેપુર પાછા આવ્યા. તેના થોડા સોરઠા જુઓ :

*'પગ પગ ભમ્યા પહાડ ધરા છોડ રાખ્યો ધરમ;*
*(ઈશું) મહારાણા'મેવાડ, હિરદે બસિયા હિંદરે....'* ૧

*'ધણ ઘાલ્યા ધમસાણ, રાણ સદા રહિયા નિડર;*
*(અબ) પેંખતાં ફુરમાણ, હલચલ કિમ ફતમલ તુવૈ.'* ૨

*'મન મોદ સીસોદ, રાજનીત બળ રાખણૌ;*
*ગવંરમેંટ રી ગોદ, ફળ મીઠા દીઠા ફતા.'* ૩

ચારણી સાહિત્યમાં વ્યાપકપણે ઐતિહાસિક સંદર્ભો છે એટલે એની



જાણકારી વિના સંશોધક આ ક્ષેત્રમાં પ્રવેશ કરશે તો મૂળ અર્થને નહીં પામી શકે.

**૪. લોકબોલી અને લોકપરંપરાની જાણકારીનો અભાવ :**

ચારણી સાહિત્યના વાહકો માત્ર રાજ્યાશ્રિત જ નહોતા સ્વાવલંબી હતા અને લોકજીવન સાથે અભિન્ન રીતે સંકળાયેલા હતા એટલે તેમની રચનાઓમાં એક યા બીજા પ્રકારે લોકજીવનનું પ્રતિબિંબ પડ્યું છે. જો એ બધી લોકસાંસ્કૃતિક વિગતોને ન જાણીએ તો તેના અર્થઘટનમાં ખૂબ જ મુશ્કેલીઓ ઊભી થાય છે જેમ કે એક દુહો જોઈએ :

*'તું વણકર અમે વણાર, નાતેય નેડો નહીં,*
*તારા ગણને રોવું ગજમાર, તારી જાત ન જોવું જોગડા.'*

ખાંભા પાસે મિતિયાળી ગામની વણારશાખાની એક આહિરાણીએ પોતાના ધર્મના ભાઈ જોગડા ઢોલીના મૃત્યુ પ્રસંગે તેની વીરતા અને ઉદારતાની સરાહના કરતાં કહેલો આ દુહો સમજવા માટે વિવિધ જ્ઞાતિઓની પરંપરાનો પરિચય જરૂરી છે. તો જત મુસલમાન અને પરમાર રજપૂતો વચ્ચે સ્વજન જેવો સંબંધ છે તે સંબંધ કેમ સ્થપાયો તેની વાત કરતો દુહો છે જુઓ :

*'ઈસા, સુણ આસો કહે, મરતા પાળ્ય મ બાંધ્ય;*
*જત પરમારાં એક જો, રાંધ્યો ફરી મ રાંધ્ય.'*

જત મુસલમાનની છોકરીને ઘરમાં બેસાડવા માટે સિંધનો મુસલમાન બાદશાહ સુમરો પ્રયત્ન કરે છે. છોકરી અને તેનો પરિવાર માનતા નથી. સિંધ છોડીને ભાગે છે પાછળ સુમરો બાદશાહ પોતાના સાથીઓને લઈને આવે છે. જત મુસલમાનો ભાગતા-ભાગતા મૂળીના પાધરમાં આવે છે ત્યાં પરમાર રજપૂતો તેને આશ્રય આપે છે. ત્યાં સુમરો આવે છે. સુમરા સાથે યુદ્ધ થાય છે. આ લડાઈમાં ઘણાં ઘાયલ થાય છે એમાં એક જત મુસલમાન અને પરમાર રજપૂત વચ્ચેનો સંવાદ ઉપરના દુહામાં છે. લોહીથી નીંગળતી હાલતમાં જત મુસલમાન અને પરમાર રજપૂત પડ્યો છે. જત મુસલમાન થોડો ઉપર છે એટલે તેના શરીરમાંથી લોહી વહીને નીચે તરફ જાય છે. મુસલમાન નીચે જોવે છે તો પરમાર રજપૂત ઘાયલ અવસ્થામાં નીચે પડ્યો છે. તેને થયું કે મારું લોહી આ રજપૂતના લોહી સાથે ભળશે તો તેને અવગતિ થશે એટલે લોહી નીચે ન વહે તે માટે જત મુસલમાન આડી પાળ બાંધે છે. નીચે પડેલો પરમાર આ જુએ છે અને ઉપરનો દુહો છે તેમ બોલે છે. ઈસા આપણે તો હવે એક થઈ ગયા. એક નિર્દોષ અબળાને માટે લડતા લડતા મરવાના છીએ એટલે હવે આપણે નોખા કેવા ? એકવાર રંધાઈ ગયું હવે

ફરીવાર રાંધ્ય તોય ઈ છે ને ન રાંધ્ય તોય ઈ છે. આ આડશ હવે ન રાખ્ય આપણી વચ્ચે. આ દિવસથી જત મુસલમાન અને પરમાર રજપૂતો વચ્ચે આત્મીય સંબંધ છે. આ આપણી લોકસંસ્કૃતિ છે. તો જસદણ તાલુકાના એક નિરક્ષર ચારણ પાલરવ પાલિયાએ ભીમોરાના ઓઢાખાચરની ચારિત્ર્યશીલતા અને અડગવૃત્તિને બિરદાવવા કહેલો દુહો જો એ પરંપરાની જાણકારી ન હોય તો સરળ હોવા છતાં કઠિન બની જાય છે. જુઓ :

*'ખેળાને બેસાડે ખલક મહેપત ખોળામાંય;*
*ખંડપત ખુશી થાય, અણસારેથી ઓઢિયાં.'*

લોકનાટ્ય ભવાઈમાં સ્ત્રીઓ તો હોય જ નહીં. સ્ત્રીનો વેશ પણ પુરુષ જ ભજવતો હોય. સ્ત્રીનો વેશ ભજવતા પાત્રને જોઈ જેની વૃત્તિઓ ચલિત થાય છે અને પૈસા આપીને તેને ખોળામાં બેસાડવા જેવી ચેષ્ટા કરે છે તેનો નિર્દેશ ઉપરના દુહામાં છે ત્યારે બીજી તરફ લક્ષ્મણજતિ જેવી અડગવૃત્તિ ધરાવનાર ભીમોરાના ઓઢાખાચરની ચારિત્ર્યશીલતાનો મહિમા કર્યો છે. ચારણી સાહિત્યમાં આ પ્રકારના સંદર્ભો વ્યાપક પ્રમાણમાં છે. એટલે સંશોધક લોકપરંપરાનો જ્ઞાતા હોવો જોઈએ જો તે લોકબોલી અને લોકપરંપરાની જાણકારી ધરાવતો નહીં હોય તો મુશ્કેલી થશે.

**૫. ચારણી સાહિત્યની ભાષાની જાણકારીનો અભાવ :**

ચારણી સાહિત્યની ભાષાને સમજવી કઠિન છે તેમાં પ્રાચીન અને મધ્યકાલીન સમયની કૃતિઓ સ્થાન પામી છે. 'બાર ગાવે બોલી બદલાય' તેમ તેમાં ગુજરાતી, રાજસ્થાની, કચ્છી, સિંધી, વ્રજ એ બધી ભાષાઓ અને પ્રદેશોમાં બોલાતી વિવિધ પેટાબોલીઓનો સમાવેશ થયો છે. એટલે કોઈ ભાષાવિદ્ ઊંડાણપૂર્વક અભ્યાસ કરે તો જ તેનાં સાચાં અર્થઘટનો સુધી પહોંચી શકે અન્યથા એ રચનાનું અર્થઘટન કરવાનું કઠિન બની જાય છે : દા.ત.

*'વાયે ફરુકે મૂંછડી, રસણ ઝબૂકે દંત,*
*જોવો પટોળાંવાળીઓ, આ લોબાડિયાળીનો કંથ.'*

અહીં પ્રયોજાયેલ 'લોબડી' શબ્દના અર્થઘટનમાં સમર્થ કવિ અને ભાષાવૈજ્ઞાનિક નરસિંહરાવ દિવેટિયાને પ્રશ્નો થયાનું ઝવેરચંદ મેઘાણીએ 'ચારણો અને ચારણી સાહિત્ય'માં નોંધ્યું છે. નરસિંહરાવે સંસ્કૃત પરંપરા પ્રમાણે 'લોબડી'નો અર્થ 'લોમપટી' કરીને સમજવા-સમજાવવાનો પ્રયત્ન કરેલો. ખરી રીતે જોઈએ તો તેમાં સોરઠના માલધારી સમાજની સ્ત્રીઓ ઊનમાંથી બનાવેલ જે ઓઢણું ઓઢે



છે તેની વાત છે તેમજ પ્રસ્તુત દુહામાં સ્પષ્ટ રીતે કોઈ રાજ્યની વાત નથી પણ 'પટોળા' એટલે 'પાટણ' અને 'લોબડી' એટલે 'સોરઠ'. પાટણ અને સોરઠની પ્રજાના ખમીરની વાત છે. રાણકદેવી, રાખેંગાર અને સિદ્ધરાજ જયસિંહ સોલંકીના સંદર્ભો આ દુહામાં પડેલા છે. બીજો એક દુહો જોઈએ :

*'રે સાબર શિંગાળ, (એક દી) અમેય શિંગાળાં હતાં;*
*મરતાં રા'ખેંગાર, ભવના ભીલાં થઈ રહ્યાં.'*

હવે આ લોકબોલીમાં પ્રયોજાતો 'ભીલાં' શબ્દ ન સમજાય તો અર્થઘટન મુશ્કેલ બની જાય છે. જે બળદ કે ભેંસનાં શીંગડાંઓ ધરતી તરફ નીચે નમેલાં હોય તેના માટે 'ભીલાં' શબ્દ પ્રયોજાય છે. આ અર્થ સમજાય તો જ બાકીની વાત સમજી શકાય. 'ભીલાં' શબ્દમાં વિધવા સ્ત્રીની લાચારીનો ભાવ વ્યક્ત થયો છે. સ્ત્રી માટે તો પતિની હયાતી-ઉપસ્થિતિમાં જ રાજ-રાણીનો વૈભવ રહેલો છે.

**૬. ચારણી છંદશાસ્ત્રના જ્ઞાનનો અભાવ :**

ચારણી પરંપરામાં એકસોવીસ જેટલાં ડીંગળગીતો અને તેના પેટાપ્રકારો વિશે છંદશાસ્ત્રના ગ્રંથો લખાયા છે. તેમાં 'રઘુનાથરૂપક ગીતા રો', 'હમીર પીંગળ', 'નાગપીંગળ', 'રાવ ખેંગાર રી બિયાખરી' અને 'લઘુ અવતાર ચરિત્ર'નો સમાવેશ થાય છે. ચારણી પરંપરાના છંદશાસ્ત્રને દ્વયાશ્રયી પદ્ધતિથી સમજાવવામાં આવ્યું છે. આમા ચર્ચરી, રેણકી, ત્રિભંગી, સપાખરુ, મોતિદામ, ખડગ પ્રબંધ, નાગપ્રબંધ, ચક્રપ્રબંધ, ધ્વજપ્રબંધ જેવા છંદોનો વિનિયોગ થયેલો છે. આ પ્રકારના છંદોની રચના ઉપરાંત તેનું પ્રસ્તુતીકરણ - ગાન કઈ રીતે થઈ શકે તેની તાલીમ પણ ચારણોને ત્યાં કુળ પરંપરાથી આપવામાં આવતી. લગ્ન કે મરણ પ્રસંગ હોય તે સમયે થતા ડાયરાઓમાં વડીલો નવી પેઢીના યુવાનોને આવી છંદોબદ્ધ રચનાઓની પ્રસ્તુતિની તાલીમ આપતા હતા. વર્તમાન સમયમાં સંશોધકો પાસે આ પ્રકારનું પૂરતું જ્ઞાન નથી કેમ કે પરંપરિત સંસ્કૃતવૃત્તોથી આ છંદો જુદા છે. આમાં ચારેય ચરણોમાં (કંઠસ્થ રાખવાના હોવાને કારણે) વર્ણસગાઈ, અત્યાનુપ્રાસ અને પ્રાસાનુપ્રાસનો વિનિયોગ થયેલો છે. આથી સંશોધકને ચારણી છંદશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે. જો તે ન હોય તો સમજવામાં સમસ્યા સર્જાઈ શકે.

**૭. ચારણી પરંપરાની કાવ્યશૈલીની અપરિચિતતા :**

ચારણોએ પોતાની કંઠસ્થ પરંપરાની રચનાઓમાં ઘણી બધી ઐતિહાસિક અને લોકસાંસ્કૃતિક વિગતોને સંચિત કરી હોય છે. સમાન નામધારી રાજા-

મહારાજાઓ કે લોકનાયકોને એકમેકથી અલગ પાડીને તેમની સ્પષ્ટ ઓળખ માટે તેમાં વ્યક્તિનું નામ, તેના પિતા, દાદા, તેની શાખા, તેનું મોસાળ, મોસાળની શાખાનો પણ ઉલ્લેખ કરવામાં આવતો હતો જેથી ચાર ચરણનો દુહો કે બે કડીની રચનામાં ઈતિહાસની ખૂટતી કડીનો નિર્દેશ આપણે અભ્યાસ કરીએ તો મળી શકે. આ પરંપરામાં પિતાની ઓળખ માટે 'ઉત' શબ્દ : 'ભીમાઉત' - ભીમસિંહનો પુત્ર. પૌત્ર માટે 'હરા' શબ્દ છે. તો વિવિધ શાખાઓ માટે સાંકેતિક ભાષાની જેમ રાઠોડો માટે 'કમધ્વજ', ઝાલાઓ માટે 'મકવાણ', ગોહિલો માટે 'ગેહલોત' સંજ્ઞા પ્રયોજાય છે. તેમજ કાવ્યમાં પૂર્ણ નામને બદલે ટૂંકું નામ પ્રયોજાય છે. જેમ કે પૃથ્વીરાજને બદલે 'પીથલ', મહારાણા પ્રતાપને બદલે 'પાતલ' શબ્દ છે. સિસોદિયાની કુળપરંપરાને ધ્યાનમાં રાખીને તેમને ગાદિપતિને બદલે 'દિવાણ' શબ્દ પ્રયોજે છે કેમ કે તેઓ ગાદીપતિ તો એકલિંગજીને માને છે દા.ત.

*'અકબર ગરબ મ આણ, હિન્દુ સ હાજર હુઆ,*
*દિઠો કોઈ દિવાણ કરતો લટકા કટહડે.'*

અહીં 'દિવાણ' શબ્દ સિસોદિયા સંદર્ભે પ્રયોજાયેલ છે. બીજો દુહો જોઈએ :

*'ખુશી હુતા પીથલ, કમંધ પટકો મૂછા પાણ,*
*પછટણ હે જે તે પતો, કલમા શિર કેબાણ.'*

અહીં 'પીથલ' શબ્દ પૃથ્વીરાજ માટે, 'કમંધ' શબ્દ રાઠોડ માટે, 'પછટણ' શબ્દ મહારાણા પ્રતાપ માટે અને 'કલમા' શબ્દ મોગલ માટે પ્રયોજાયો છે. આ પ્રકારના સંદર્ભો આ સાહિત્યમાં નિહિત હોવાને કારણે સંશોધકે ચારણી પરંપરાની કાવ્યશૈલીનો પૂર્ણપણે અભ્યાસ કરવો જોઈએ. જો યોગ્ય જાણકારી ન હોય તો સમસ્યા ઉદ્ભવી શકે.

**૮. ચારણી સાહિત્ય માટેના સામયિકનો અભાવ :**

કોઈપણ પ્રકારના સાહિત્ય માટે પ્રચાર-પ્રસાર-ગતિવિધિ, સંશોધન-અભ્યાસ, ચર્ચા-પ્રતિચર્ચા માટે સામયિક જરૂરી છે. ચારણી સાહિત્યને વરેલાં સામયિકો પૂર્વે હતાં જેમાં 'ચારણ', 'ચારણબંધુ', 'દેવીપુત્ર', 'સરસ્વતીપુત્ર'નું નામ લઈ શકાય તો ચારણી સાહિત્યની સામગ્રીને પોતાના સામયિકના અમુક ભાગમાં પ્રગટ કરતાં સામયિક 'શારદા' અને 'ઊર્મિનવરચના' હતાં. આ બધાં સામયિકો કોઈ એક કાયમી સંસ્થાના અભાવે બંધ પડ્યાં. હાલમાં 'લોકગુર્જરી' નામનું સામયિક છે જે ત્રૈમાસિક છે. પણ તે લોકસાહિત્ય-કંઠસ્થપરંપરાના એક



ભાગરૂપે ચારણી સાહિત્યની સામગ્રીને પ્રગટ કરે છે. તેથી મર્યાદિત સામગ્રી આવી શકે. એવા કોઈ કાયમી સામયિકની આવશ્યકતા છે જે સંપૂર્ણ રીતે ચારણી સાહિત્યને વરેલું હોય. હાલમાં આવું કોઈ સામયિક નથી તે તેની સમસ્યા છે.

ચારણી સાહિત્યમાંથી પસાર થાવ એટલે સમજાય કે એમાં ચૌદેય લોકનો સમાવેશ છે. એમાં પશુ, પંખી, સરીસૃપ સૃષ્ટિનો પણ ઉલ્લેખ એક યા બીજી રીતે આવી જતો હોય છે તેમાં ઘોડાઓની વાત આવે તો તેની છવ્વીસ જાત અને તેનાં લક્ષણો, સિંહની વાત આવે તો સિંહના સ્વભાવની-પ્રકૃતિની ઓળખ, મોરની વાત આવે તો પ્રકૃતિ સાથેનું તેનું તાદાત્મ્ય પ્રગટતું હોય છે. તેમજ ૧૪ વિદ્યા અને ૬૪ કલા ઉપરાંત આપણી સાંસ્કૃતિક ધરોહર તેમાં એક કે બીજી રીતે સંકળાયેલી છે. પુરાણો, શાસ્ત્રો, વેદ અને ઉપનિષદ જેવા ભારતીય સંસ્કૃતિના આધારગ્રંથો તેમાં સાંકેતિક રીતે ઉપમા કે અનુસંધાનરૂપે પ્રગટ્યા છે. ડૉ. બળવંત જાની કહે છે તેમ : 'ઈશ્વરને અનુલક્ષીને, રાજવીને અનુલક્ષીને તથા બ્રિટિશ સત્તાને અનુલક્ષીને ચારણે ઉચ્ચારેલાં વચનો-કવિતા-સાહિત્ય ભારતીય સાહિત્ય પરંપરાનું એક મહત્ત્વનું પ્રકરણ છે'.[૪] ચારણી સાહિત્યની ધારા એક સ્વાયત્ત વિદ્યાપરંપરા હતી. માત્ર બે-પાંચ વર્ષના અભ્યાસથી જ કે કોઈ પદવી મેળવીને સમજવી કે સમજાવવી તેમ ન હતું. પરંતુ કુળ પરંપરાથી આનુવંશિક રીતે તેને જાળવવી જિહ્વાગ્રે સાચવવી અને રાજદરબાર હોય, લોકદરબાર હોય કે સમરાંગણ હોય ત્યાં તેનું ગાન કરી સૌને પ્રેરણા પૂરી પાડવામાં આવતી. વળી તેના વાહકો સત્ય, સરસ્વતી અને સંસ્કૃતિના ઉપાસકો હતા. તેમણે આ પરંપરા જતનાર્થે ખૂબ સંઘર્ષ કર્યો છે અને પ્રાણાંતે પણ પરંપરાનું જતન કર્યું છે. ડૉ. બળવંત જાની આ સંદર્ભે નોંધે છે : 'ચારણી સાહિત્ય રાજકુળ આશ્રિત છે. છતાં તથ્ય-સત્યથી સંપન્ન છે. એનો આ કારણે મોભો, મહિમા અને મહત્તા અનન્ય કોટિના છે. એનું આગવાપણું એમાંથી પ્રગટે છે. પોતાના ભવિષ્યની દરકાર કર્યા વગર સમાજની દરકાર કરનાર એની ખેવનાને ખભે ઊંચકીને ફરનાર ચારણ સર્જક આવા કારણે ફરંદો છે, ફકીર છે અને ફિરસ્તો પણ છે.[૫] આ પ્રકારના સાહિત્યને આપણે યથાર્થ રીતે ન સમજીએ, તેને આપણા સીમિતજ્ઞાનથી એકપક્ષીય બનીને અર્થઘટન કરીએ તો તેને અન્યાય કરી બેસવા જેવું છે. આથી આ બધી બાબતોનો ઊંડાણપૂર્વક અભ્યાસ થાય, તેને સમુચિત રીતે સમજવા માટે ભારતીય સંસ્કૃતિની સાંસ્કૃતિક વિરાસતને સમજીએ તો આ સમસ્યાઓ દૂર થઈ શકે અને જેને આપણે શાસ્ત્રીય કહીએ છીએ તે પ્રકારનું કાર્ય થઈ શકે. અને જો આ ધારાનું શાસ્ત્રીય રીતે સંશોધન થાય, અન્ય વિદ્યાશાખા

સાથે તેનો અભ્યાસ થાય અને નવ્ય ઇતિહાસવાદની દૃષ્ટિએ વિચારીએ તો ભારતીય ઇતિહાસની ખૂટતી કડીઓને આપણે યોગ્ય અને યથાર્થ રીતે જોડી શકીશું.

**સંદર્ભ**

૧. ઝવેરચંદ મેઘાણી, લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય, પ્રસાર, આતાભાઈ એવન્યૂ, ભાવનગર (ઈ.સ. ૧૯૯૭), પૃ. ૨૨૧
૨. ડૉ. અંબાદાન રોહડિયા, અસ્મિતા અને અનુસંધાન, પ્રકાશક પોતે (૨૦૦૧), પૃ. ૭
૩. ઝવેરચંદ મેઘાણી, લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય, પ્રસાર, આતાભાઈ એવન્યૂ, ભાવનગર (ઈ.સ. ૧૯૯૭), પૃ. ૨૩૪
૪. ડૉ. બળવંત જાની, ગુજરાતી ચારણી સાહિત્ય વિમર્શ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ (૨૦૧૦), પૃ. ૨૯
૫. એજન, પૃ. ૩૦

'ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટર, એમ.એસ. યુનિ. દ્વારા 'ભારતીય ભાષાઓ અને સાહિત્યમાં સંશોધન અને સમસ્યાઓ' વિષયે આયોજિત રાષ્ટ્રીય પરિસંવાદમાં રજૂ કરેલ સંશોધન પેપર.

૯

# ચારણી સાહિત્યમાં નારી

**પ્રા. હિના ગંગર, નરેન્દ્ર અદેપાલ**

ભારતીય સંસ્કૃતિનો સાચો પરિચય કેળવવો હોય તો ભારતીય જનસમાજના લોકજીવનને એની રહેણીકરણીને જાણવી પડે. સર્વ ધર્મ સમભાવ અને વસુધૈવ કુટુમ્બકમ્ જેવી ઉદારતા અને સહિષ્ણુતા ધરાવતા આપણા દેશમાં યુગોથી વસતા વિવિધ જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાયોને પોતપોતાની વિશિષ્ટ અને આગવી પરંપરા છે. જેમાં આપણી અસ્મિતાનાં દર્શન થાય છે. સાહિત્ય જગતમાં ચારણ કવિઓની પણ એક દીર્ઘ અને ઉજ્જવળ પરંપરા રહી છે. ચારણોની સાહિત્યિક અને સાંસ્કૃતિક પરંપરાનું અનુસંધાન એટલે ચારણી સાહિત્ય. આ ચારણી સાહિત્યમાં ભક્તિ, વીરત્વની ભાવના અને શૃંગાર જેવા ભાવોનું આલેખન થયું છે. ચારણી સાહિત્યમાં ઇતિહાસ, સમાજશાસ્ત્ર, પુરાણ, નૃવંશશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, ભારતીય સાંસ્કૃતિક જીવનમૂલ્યો અને લોકજીવનની વાતો આગવી છટાથી કહેવામાં આવી છે. આ કવિઓનું કવન એ આપણી ભાષાનું કિંમતી સાહિત્ય ધન છે.

**ચારણો અને ચારણી સાહિત્યની તાસીર**

ચારણકવિઓએ એમની કાવ્યરચનાઓ દ્વારા કાવ્યરચનાઓની જુસ્સાદાર કહેણી-કથની દ્વારા લડવૈયાઓમાં ઉત્સાહ અને ખુમારી જગાવી છે, શૂરવીરોને લડવા માટે પ્રેરિત કર્યા છે. તો વળી નબળા મનના માનવીમાં શક્તિ અને વીરતાના

પ્રાણ પૂરી એમને ક્રિયાશીલ બનાવ્યાના અનેક દાખલા મોજૂદ છે. જરૂરિયાત ઊભી થતાં કલમ અને કવિતને બાજુ પર મૂકી શસ્ત્રો ધારણ કરી ધિંગાણું ખેલવામાં પણ ચારણ અચકાયો નથી. એમની કથની અને કરણીમાં કોઈ તફાવત જણાતો નથી. સાહિત્યની ઉપાસના એ ચારણનો વ્યવસાય કે વ્યવહાર નહિ પણ સંસ્કાર છે. આમ ચારણોએ આદિકાળથી લોકશિક્ષણની જવાબદારી નિભાવી છે. સમાજમાં નીતિમત્તા અને સત્યનું મૂલ્ય જળવાઈ રહે એવી ખેવના સાથે વર્ષોથી તેઓ ઝઝૂમતા રહ્યા છે. ન્યાય, સમર્પણ, સત્ય, વચનપાલન જેવા ગુણોના સ્થાપન માટે તેમજ સમાજને બૂરાઈઓથી બચાવવા માટે સમયોચિત નાડ પારખીને સમાજને મૂલ્યબોધ આપવાની આવડત ચારણોને ગળથૂથીમાં પ્રાપ્ત થઈ છે. માટે રાજદરબાર હોય કે સમાજ, ચારણોને ગુરુપદ અને પ્રતિષ્ઠાની સહજ પ્રાપ્તિ થઈ છે.

ચારણ કવિઓની વાણીની મહત્તા અને પરિચય આ દુહામાં જોવા મળે છે :

*ચારણ ચોથો વેદ, વણ પઢ્યો વાતું કરે;*
*ભાખે અગમ રા ભેદ, જીભે જોગણીયું વસે.*

ઋષિમુનિઓની માફક નિત્ય શારદાની ઉપાસના કરનાર ચારણોનો જગતને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાન-પ્રકાશની દુનિયામાં લઈ આવવા માટે વિશેષ યોગદાન રહ્યું છે.

## ચારણી સાહિત્યમાં નારી

આદિકાળથી શબ્દ અને સરસ્વતીના ઉપાસક ચારણોએ નારીશક્તિની ભવ્ય અસ્મિતા નિહાળી છે. ચારણ જ્ઞાતિમાં અનેક સંતો અને જગદમ્બાએ જન્મ લીધો છે. નારીની પ્રેરણાનાં પીયૂષ પીધાં છે. આ વિશિષ્ટ માતૃશક્તિના કારણે ચારણ પરાપૂર્વથી શક્તિના ઉપાસક રહ્યા છે. તેમના સર્જનમાં નિરૂપિત નારીનું આલેખન તપાસવાનો અહીં ઉપક્રમ છે.

ભારતીય શિષ્ટ સાહિત્યમાં નારી આલેખન તપાસતાં નારીનાં વિધવિધ રૂપ દર્શાવવામાં આવ્યાં છે. હિંદુ ધર્મશાસ્ત્રોમાં નારીને દેવી સ્વરૂપા ગણવામાં આવી છે તો વળી ક્યાંક એને રાંક હીન અને નરકની ખાણ પણ કહેવામાં આવી. ચારણી સાહિત્યમાં નારી માત્ર અબળા કે આશ્રિત નથી પણ ચારણોની તહેજીબ અનુસાર એની અનુમોદના કરવામાં આવી છે. ચારણી સાહિત્યમાં નારીની ભાવસૃષ્ટિ અનોખી રીતે ઊપસતી જણાય છે.



ચારણી સાહિત્યની આગવી વિશેષતા એ છે કે તે સભા સમક્ષ જુસ્સાદાર હલકભર્યા કંઠે રજૂ થવા માટે રચાયું હોય છે. સમરાંગણની યુદ્ધછાવણી હોય કે નગરજનોથી ઓપતો રાજદરબાર હોય, અવળકંધા શૂરવીરો વિરાસન વાળી બેઠા હોય, ડાયરો જામ્યો હોય, ચારણ કવિએ વાર્તા કે વૃત્તાંતની જમાવટ કરી હોય, વહેતા પાણીના પ્રવાહમાં સ્ત્રીના રૂપના વર્ણનની વેળા આવે ત્યારે ચારણ કવિ નારીના રૂપનું વર્ણન આ મુજબ કરે :

*'આસમાન સે ઊતરી, સરોવર સે હંસ, શરદ રો કમળ, વસંત કા માંજર, મેહ કો મમલો, બાવના ચંદન, સોળમો સોનોરાય, કેળ કો ગરભ, રાજહંસ કો બચ્ચો, પરભાત કો સૂરજ, પૂનમ રો ચંદ્ર, સરગ કી ઝાંખી, સ્નેહરી લેહર, ગુણ રો પ્રવાહ, રૂપ રો વિધાન, ગુણ રી ચતુરાઈ, જોવણ રો પ્રાણ, મુગલ રો મેમચો, ચાવલ કો ચોથો બાટો ખાય, કૂંક રી મારી આકાશે જાય, ઉત્તર રો વાયુ વાય તો દક્ષિણ રી લળે, પુરવરો વાયુ વાય તો પશ્ચિમ રી લળે, ચાર ખૂણ રો વાય તો ટુક ટુક હોઈ પડે, હામ કામ લોચના, વાળ વાળ મોતી સમાર્યા, થકા અચંભમ પેખણો, સજાણ રો સાલ પાતળા હાથ, નાનાસા પગ, દાંત જાણે અનાર કી ફૂલ, થમ જાણે અમ્બફળ, એહર જાણે પ્રવાલ, હંસરી ગતિ ચાલે, સિંહ લંકી અંગ...'*

જડમાં ચેતન પ્રગટાવવાની ક્ષમતા લઈને આવતું આ નારી રૂપનું વર્ણન જ્યારે ચારણના કંઠે વહેતું થાય ત્યારે સભા પર જાદુઈ અસર વર્તાય. નારીના રૂપમાં એના અપ્રતિમ સૌન્દર્યનાં અનેક વર્ણનો ચારણી સાહિત્યમાં જોવા મળે છે. જેમાં સભા ઔચિત્ય સાથે ગરિમાપૂર્ણ વર્ણનો કેટલાય દશ્યો તાદશ કરી જાય છે. ઉપરોક્ત વર્ણનમાં એક વાત ખાસ નોંધવી ઘટે કે અહીં દાંતની વાત આવે છે ત્યારે ગુજરાતી આખ્યાનોમાં આવતા દાડમકળી સા દંત કહેવાને બદલે ચારણ કવિ 'દાંત જાણે અનાર કી ફૂલ' એમ કહે છે. કેમ કે જૂના જમાનામાં રજપૂતાણીઓ દાંતને લાલ રંગે કાથાથી રંગતી. એ સંદર્ભને સાર્થક કરવા દાડમ કળીને બદલે રતાશને વધુ ઘેરી બનાવવા દાંતને દાડમ ફૂલની પાંદડીની ઉપમા આપે છે. ચારણી સાહિત્યમાં શૃંગારનું નિરૂપણ પ્રચુર માત્રામાં થયેલું છે પણ નારી સૌન્દર્યની વાત આવે ત્યારે ચારણી સાહિત્યમાં સંયમ અને વિવેકનું પાલન થાય છે. મૂળે ચારણો શક્તિપૂજક રહ્યા, માટે એમની નજર સામે જોગમાયાની ઉપાસના કરનાર ચારણ દેવીઓ હતી. નારી પ્રત્યેના ઉચ્ચ સન્માન આદરને કારણે ચારણ કવિઓની કૃતિઓમાં સ્ત્રીઓના બાહ્ય દૈહિક સૌન્દર્ય નિરૂપણને બદલે આંતરિક સૌન્દર્યના નિરૂપણને તેઓ અગ્રતા આપે છે. આમ છતાં ચારણી સાહિત્યમાં સંભોગ અને વિપ્રલંભ બંને

પ્રકારના શૃંગારનાં આલેખન મળે છે તેમ છતાં એક વાત અહીં ખાસ નોંધવી રહી કે ચારણી સાહિત્યમાં શૃંગારનું સમાપન મોટાભાગે શાંતરસ ભક્તિરસમાં છે. ચારણી સાહિત્યમાં અતિશૃંગાર નિષેધના વણલખ્યા નિયમને તેઓ પાળતા આવ્યા છે. ચારણી આખ્યાન સાહિત્યના અગ્રગણ્ય કવિ હરદાસ મિસણ કૃત 'જાલંધરપુરણ'માં મોહિની વર્ણન આ પ્રમાણે કરેલ છે :

*કુંડળા ઊજળા કાન, વણે વેણી સમ વન;*
*સિંદુર માંગ સમારિ, નીલમ્બર પેર નારિ*

(એ નારી કર્ણોમાં ઝળહળ સુવર્ણ કુંડળોવાળી, કાળી વેણીથી શોભતી, સિંદૂર વડે સેંથો પૂરેલી અને નીલાં વસ્રો ધારણ કરેલ હતી.)

*'પુનઃ ઠવંતી પગે ઠમક, ઘૂઘરા વગે ધમક,*
*નેપરાંર છંદ છમક, વજિયા હદ વિહદ...'*

(જ્યારે એ ઠમકાતી ચાલે ચાલી છે ત્યારે એના પગે ઘૂઘરીઓ રણઝણી ઊઠે છે, નૂપુરોનો કાવ્યમય ધ્વનિ દશેય દિશાઓમાં અપારપણે ગુંજી ઊઠે છે.)

*ગેલતી ગયંદ ગતિ, સોહાતી મહાશક્તિ;*
*મોહતી મુખ મયન, નિરખે મ્રિગ નયણ.*

મોહિનીના શૃંગારિક વર્ણનની પરાકાષ્ઠા સાધીને વર્ણનના અંતમાં 'મહાશક્તિ' શબ્દ પ્રયોજીને સમગ્ર વર્ણન ને જગદંબાના પરિપ્રેક્ષ્યમાં મૂકી કવિ અહીં નવું પરિમાણ ઊભું કરે છે. ગજગતિથી ચાલતા, ગમ્મત કરતાં એ મહાસતી શોભાને પામ્યા છે એ પરમેશ્વરીએ કામભાવ વડે મુખને વક્ર કરીને મૃગ જેવાં નેત્રો વડે આસપાસ જોયું. અહીં નારી શૃંગારના વર્ણનમાં મહાશક્તિનું નામ આવવાથી આખો ભાવાર્થ બદલી જાય છે.

'સદેવંત સાવળીંગા'ની એક દીર્ઘ પદ્યવાર્તા છે જેમાં નારી સૌન્દર્યની વાત આ મુજબ આવે છે :

*'સુંદરી સજે સંગોરોરામા, રમણ સચીલે આરસો,*
*કારણ કવન ઈઆણું, દીપક ધુણંત શીશો.'*

(રાત્રે પ્રિયતમ સાથે મિલન માટે ઉત્સુક દર્પણ સામે ઊભેલી રૂપવાન સ્રી શૃંગાર સજી રહી છે ત્યારે આ જડ એવો દીવો શા માટે શિર ડોલાવી રહ્યો છે. આમ પોતાનું માથું ડોલાવીને તે કયો ભાવ પ્રગટાવવા મથે છે...?)



*'જે દીપક પીરા ઊરું, ચરણે શરણે પક્ક,*
*કર હીણો ધૂણે કમળ, દુય પહોઅર દક્ક'*

(આ દીવાના હૃદયમાં વેદના પ્રવેશી ગઈ છે, દીવાની નજર સામે ચાર રત્નો બે નારીપ્રતિબિંબ બે આરસપ્રતિમાનાં પ્રતિબિંબ છે. પણ પોતે હાથ વગરનો છે એટલે નિરાશામાં એ મસ્તક ડોલાવ્યા કરે છે.)

ચારણ કવિઓ નારીના શૃંગાર અને સૌન્દર્યનું નિરૂપણ કરતાં કરતાં પણ એની ઊર્ધ્વગતિને ઇંગિત કરે છે. સ્થૂળ વર્ણનો દ્વારા માત્ર શૃંગારગાનમાં રાચવાને બદલે કલ્યાણકારી સતીત્વને પ્રેરતું કલાત્મક સુંદર વર્ણન કરે છે. જે આસ્વાદ્ય છે. આરંભે સૌન્દર્ય વર્ણન દ્વારા ભાવકોને રસતરબોળ કરીને આખરે તો એમાં શક્તિનાં દર્શન કરાવવાની અદ્‌ભુત કળાસૂઝ એ ચારણી સાહિત્યની આગવી વિશેષતા છે. હરદાસ મીસણકૃત 'ભૃંગી પુરાણ', 'જાલંધર પુરાણ' તેમજ માવલ વરસડાકૃત 'વિપ્ર વોળાવળ' રામચંદ્ર મોડેકૃત 'રાસલીલાની ઝમાળ', 'લાંગીદાસ મહેડુકૃત 'ઓખાહરણ', કવિ ખેતા મોડેકૃત 'સાગરમંથણ', ગોદડ મેહુડુકૃત 'છાયા ભાગવત' વગેરે કૃતિઓમાં નારીનાં નાયિકાનાં વિધ વિધ રૂપ જોવા મળે છે. જીવન અને જગતને સતત પ્રવૃત્ત રાખનાર તત્ત્વ તરીકે પ્રેમની સર્વોપરિતા વિશ્વ સાહિત્યની જેમ ચારણી સાહિત્યમાં પણ જળવાઈ રહેવા પામી છે. અહીં પ્રેમના આલેખન નિમિત્તે મિલનનો આનંદ અને વિરહની વેદના બેઉના આલેખનમાં નારીનું આલેખન ધ્યાનાર્હ રહ્યું છે.

**શક્તિ સ્વરૂપા અને વીરાંગના તરીકે નારી**

ભારતીય સંસ્કૃતિની સાથે નારીશક્તિનું જતન કરવામાં ચારણો હમેશાં અગ્રેસર રહ્યા છે. ચારણોને શક્તિ ઉપાસના તરફ વાળનારાં અનેક પરિબળો-માંથી સૌથી બળવત્તર પરિબળ કોઈ હોય તો તે છે ચારણ આઈઓ. સત્ય અને સ્વમાન માટે સર્વસ્વની આહુતિ આપવાનો વણલખ્યો નિયમ તેમણે જીવનમાં ઉતાર્યો. વિધર્મીઓ કે વિદેશીઓનાં આક્રમણો કે પાશવી પાપલીલા સામે લાચાર બનીને તેનું શરણું સ્વીકારવાને બદલે અડગ ધૈર્ય અને આત્મબળથી તેમની સામે લડીને પ્રાણાંતે પણ શીલ અને સંસ્કૃતિનું જતન કરનારી ચારણ બાળાઓના આદર્શો ચારણ કવિઓની દૃષ્ટિ સમક્ષ હતા. આ વિશિષ્ટ નારીશક્તિને કારણે જ ચારણોને દેવીપુત્ર કહેવામાં આવે છે. ચારણો ક્ષત્રિયોની સાથે નિકટનો સંબંધ ધરાવતા હોવાથી તેઓ ક્ષત્રિયોનાં સુખ-દુઃખના સાથી અને સાક્ષી રહ્યા છે. રણવાસથી રાણીવાસ સુધી પહોંચ ધરાવતા ચારણો ક્ષત્રિયાણીઓના માનસ અને હૃદયનું

નિકટતાથી અવલોકન કરવાની તક પામી શક્યા. તેમની સાથે પ્રત્યક્ષ પનારો હોવાથી વીર-વીરાંગનાઓના હૃદયની વાત આત્મસાત થઈને તેમની વાણીમાં સહજ અને સરળતાથી આવી શકી. એથી જ ચારણ કવિઓએ વીર-વીરાંગનાઓના હૃદયભાવોને અભિવ્યક્ત કરી વીરરસ નિષ્પન્ન કરવામાં સામર્થ્ય દાખવ્યું છે. ઈસરદાસ રોહડિયા, બાંકીદાસ આશિયા, સૂર્યમલ્લજી મિસણ, નાથુસિંહ મહિયારિયા, ઉપરાંત અનેક ચારણ કવિઓએ શક્તિ સ્વરૂપા નારીના હૃદયંગમ અને કલાત્મક ચરિત્ર નિરૂપણ કરીને કવિતામાં ડગલે ને પગલે વીરરસની લ્હાણી કરી છે.

સંસ્કૃત અને ઈતર ભાષાના સાહિત્યમાં મુખ્યત્વે ચરિત્રનાયકોને જ પ્રાધાન્ય મળતું એવા મધ્યકાલીન યુગમાં પણ ચારણ કવિઓએ ચરિત્રનાયકોની સાથે તેટલા જ ઉત્સાહ, જોમ અને ભાવથી વીરાંગનાઓના હૃદયભાવોને રજૂ કરી એમની વીરતાને વાચા આપી છે. જેને તપાસતાં,

*‘સહણી સબ રી હું સખી, દો ઊર ઉલટી દાહ;*
*દૂધ લજાણે પુત્ર સમ, બલય લજાણ નાહ.’*

(હે સખી ! બીજી બધીય વાતો હું સહન કરી શકું છું. પરંતુ મારો પુત્ર જો મારું દૂધ લજવે અને મારો પતિ સમરાંગણ ત્યજી પીઠ બતાવે તો એ મારા હૃદયને અગ્નિની જેમ પીડે.)

પોતાના પુત્ર અને પતિ પાસેથી કેવા વર્તનની અપેક્ષા વીરાંગના રાખે છે તે પ્રસ્તુત દુહા દ્વારા જાણવા મળે છે. તો વળી સમરાંગણમાં લડતાં લડતાં ખપી ગયેલા પતિ માટે સતી થવું એ એને મન સદ્ભાગ્યની ક્ષણ ગણાતી. એ જ વાત એક કચ્છી દુહામાં આ રીતે કહેવાઈ છે :

*ભલો થ્યો થે સૂરો, ભરાણું જારે મધે,*
*સત રઈવ્યો લજ્જ, સતી થીન્ધીસ સો વેસા.*

(સારું થયું કે મારો પતિ ઝારાના યુદ્ધમાં શૂરવીર થઈ ખપી ગયો, આથી મારી આબરૂ સચવાઈ. હવે હું સતી થઈ મારા પતિ સાથે સહગમન કરીશ.)

હેમચંદ્રાચાર્યજી કૃત સિદ્ધહેમ ગ્રંથમાં ઉદાહરણ અર્થે મૂકેલ એક દુહામાં પણ આવો જ ભાવ પ્રગટ થાય છે :

*ભલા હુવા જુ મારિયા, બહિણી મારા કંતુ,*
*લજ્જેજન્તુ વાયસિઅણ, જો ભાગ્ગા ઘેર આવન્તું.*



(હે સખી ! મારો પતિ રણમાં ખપી ગયો તે સારું થયું, જો એ ભાગીને ઘેર આવ્યો હોત તો હું સખીઓમાં લાજી મરત.)

હરદાસજી મિસણ કૃત ‘સભાપર્વ’ આખ્યાનમાં પૌરાણિક કથાનકમાં કેટલાક ફેરફારો સાથે દ્રૌપદીનાં મુખે નીચેની પંક્તિ મૂકી છે જેમાં ચારણી સાહિત્યના મિજાજનો પરિચય મળે છે :

*‘તુહાંરિ ખુળે મેલ તાલ, ચડસિ ભીમ ગદા ચાંડાલ,*
*દુજોઅણ દેઅર ખબરદાર, ગમિ તિમ બોલ મ બોલ ગમાર...’*

મહાભારતના સભાપર્વની કથાને આધારે માત્ર ૧૬૮ કડી(છંદ)માં લખાયેલ સભાપર્વની રચના પાછળ કવિનો ઉદ્દેશ તો દ્રૌપદીની લાજ રહ્યાનો પ્રસંગ વર્ણવીને એ નિમિત્તે કૃષ્ણ મહિમાનું ગાન કરવાનો છે. અલબત્ત અહીં દ્રૌપદીને ક્ષત્રિયાણીની માફક સિંહ ગર્જના કરતી દર્શાવવામાં આવી છે.

રાષ્ટ્ર માટે વિધર્મીઓના આક્રમણ સામે શાસકોને પ્રતિકાર કરવા માટે પ્રેરનાર ચારણ આઈયોની પણ નોંધ લેવી રહી. મુસ્લિમ આક્રમણકારોના કારણે અનેક મંદિરો ખંડિત થયાં. અનેક નિર્દોષોના પ્રાણ હોમાયા, ધર્માંતરણના પીડાદાયક કાળખંડમાંથી પસાર થવાથી કણસતા સમાજને ઉગારવા માટે નારીશક્તિએ અદકેરી ભૂમિકા નિભાવ્યાના દાખલા પણ આ સાહિત્યમાં અંકિત થયેલા છે. જેમ કે આઈ વરુડીએ મહારાણા હમીરને વીરતાથી લડીને વિધર્મીઓનો સામનો કરવાની પ્રેરણા આપેલી. ચિત્રોડના રાજકવિ બારુજી દેથાના એક ગીતમાં આ વાતનો ઉલ્લેખ નીચે મુજબ જોવા મળે છે :

*એલા ચિતોડી સહે ઘર આસી, હું થારા દોખિયાં હરું;*
*જણણી ઈસો કહું ન જાયો, કહળે દેવી ધીજ કરું.*

(વરુડીજી કહે છે કે, હે રાણા ! હું તારા વેરીઓને વિદારીશ. ચિત્તોડ સાથે બધી પૃથ્વી તારે ઘેર આવશે. બીજી કોઈ માતાજીએ તારા જેવો વીર જણ્યો જ નથી. આ વાતની હું પ્રતિજ્ઞા કરું છું.)

આઈશ્રી કરણીજી ધર્મ પ્રેમી રાજપૂતોને સંગઠિત કરીને રાજસ્થાનમાં જોધપુર અને બિકાનેર રાજ્યની સ્થાપના કરાવેલી આજે પણ ત્યાં આઈ શ્રી કરણીદેવીની પૂજા થાય છે. આ ઘટનાની નોંધ એક દુહામાં આ મુજબ મળે છે :

*જોધપુર ઉદેપર બીકણો જાહરાં, થાહરે વશીએ ભૂપ વાજે;*
*કેતરાં કરાં વખાણ કીન્યાણી, આઈ કીરત વધત ધણી આજે.*

શક્તિ સ્વરૂપા જગદમ્બાની ઉપાસના માટેનાં સ્તવન પણ ચારણી સાહિત્યમાં જોવા મળે છે. જેમાં ભારતીય પરંપરા, અસ્મિતાનાં દર્શન થાય છે.

ચારણી સાહિત્યના સર્જકો બહુશ્રુત છે. તેથી આ સાહિત્ય વૈવિધ્ય સભર છે. ચરણોને કાવ્યના રસ અને અલંકાર આત્મસાત કરવાની કળા ગળથૂથીમાં પ્રાપ્ત થઈ છે. લાઘવ અને સિદ્ધહસ્ત છે તેથી જ તેમની શૈલી અને સ્વરૂપ આગવા ને મિજાજ સ્વતંત્ર છે. ચારણી સાહિત્ય સ્વરૂપોમાં મુખ્યત્વે પદ્ય ગદ્ય અને મિશ્ર સ્વરૂપો જોવા મળે છે. જેમાં પદ-લાલિત્ય, પ્રસાનુપ્રાસ. ગતિશીલતા, ભાવતન્મયતા અને ચિત્રાત્મકતા જેવા ગુણો હોવાથી રસાનંદમાં તે મેદાન મારી જાય છે. એટલે જ ભારતના રાષ્ટ્રપતિ ફખરુદીન અલી એહમદે ચારણી સાહિત્યને ભારતીય સાહિત્યના એક ઉજ્જવળ અધ્યાય તરીકે ઓળખાવ્યું છે. ગુજરાતી સાક્ષર શ્રી કનૈયાલાલ મુનશીએ આ સાહિત્યને હિંદમાં સર્વોત્તમ, ઘણા ઊંચા પ્રકારનું અને અસલના લડાઈના જમાનામાં ચારણી સાહિત્યએ ઘણો ભાગ ભજવ્યો હોવાનું સ્વીકાર્યું છે. શ્રી રવીન્દ્રનાથ ટાગોર ચારણી સાહિત્ય બાબતે નોંધે છે કેઃ ભારતવર્ષ ચારણી કાવ્યોના સુસંપાદિત સંસ્કરણની પ્રતીક્ષા કરી રહ્યું છે.

ચારણી સાહિત્ય પરંપરાનું સાહિત્ય હોવાથી આ સાહિત્યમાં ભારતીય ભાષાઓનો મધુસંચય જોઈ શકાય છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, મારવાડી, માળવી, મરાઠી, ડિંગળ, વ્રજ, ઉર્દૂ, ગુજરાતી, હિન્દી જેવી અનેક ભાષા અને લોકબોલીઓનું મિશ્રણ છે. ચારણી સાહિત્યના શબ્દો અન્ય કોઈ કૃતિઓમાં મળવા મુશ્કેલ છે. અને વળી એનો શબ્દાડંબર, નાદવૈભવ, ગતિશીલતા, તાલ પ્રવાહની લયબદ્ધતા, ઝડઝમક તો ભાવક હૃદયને ડોલાવી રહ્યા છે. ચારણ કવિની શબ્દ પસંદગી એટલી અનન્ય હોય છે કે વસ્તુ ભાવ કે રસના નિરૂપણમાં સર્જક જે દર્શાવવા માંગતો હોય શ્રોતાના મનમાં તે બાબતનું તાદશ ચિત્રણ થતું હોય છે. ચારણ કવિઓને તેમની કૃતિઓમાં વીરરસને પ્રમુખ રસ તરીકે નિરૂપ્યો છે. તેમ છતાં ભક્તિ, શૃંગાર, કરુણ, વાત્સલ્ય આદિ તમામ રસની વ્યંજના ચારણી સાહિત્યમાં જોવા મળે છે. તેથી જ ચારણી સાહિત્ય વિશે એ કહેવું યોગ્ય ગણાશે કે એ સૌન્દર્યલક્ષી, ભાવનાલક્ષી, અર્થલક્ષી, આત્મલક્ષી, જીવનલક્ષી, આનંદવર્ધક મર્મવેધી સાહિત્ય છે. આમ ચારણી સાહિત્યએ આપણી સંસ્કાર પરંપરામાં એક યશસ્વી પ્રકરણ આલેખ્યું છે. જે સમગ્ર ભારતવર્ષ માટે ગૌરવ ગણાય. ચારણી સાહિત્યના વિકાસ માટે વ્રજભાષા પાઠશાળા ભુજ, લોકસાહિત્ય વિદ્યાલય જૂનાગઢ જેવી જાણીતી વિદ્યાપીઠોએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તો વળી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો



ગુજરાતી વિભાગ ચારણી સાહિત્યની હસ્તપ્રતોનો અદ્‌ભુત ખજાનો ધરાવે છે. જેમાં ચારણી સાહિત્યના અભ્યાસીઓ ઉમેરો કરતા રહે છે.

**સંદર્ભસૂચિ**

૧. અવગાહન — ડૉ. અંબાદાન રોહડિયા
૨. ગુજરાતના ચારણી સાહિત્યનો ઇતિહાસ — ડૉ. રતુદાન રોહડિયા
૩. ઊર્મિનવરચના નારી વિશેષાંક — શ્રી જયમલ્લ પરમાર
૪. રાજસ્થાની શક્તિકાવ્ય — ડૉ. ભંવરસિંહ સામોર
૫. શબ્દોપાસના — ડૉ. અંબાદાન રોહડિયા
૬. ચારણો અને ચારણી સાહિત્ય — ઝવેરચંદ મેઘાણી
૭. વંશભાસ્કર — સૂર્યમલ્લ મિસણ
૮. આપણું કાલજયી સાહિત્ય — શ્રી રતુદાન રોહડિયા
૯. આપણી લોકસંસ્કૃતિ — શ્રી જયમલ્લ પરમાર

७

# डिंगल काव्यधारा में प्रगतिशील चेतना

**डॉ. गजादान चारण 'शक्तिसुत'**

जहाँ तक प्रगतिशील चेतना का प्रश्न है जिस तरह अंधेरे की कोख में उजाला जन्म लेता है उसी तरह परंपरा की कोख से ही प्रगतिशीलता का जन्म होता है । प्रतिरोध एवं प्रतिकार के स्वर से प्रगतिशीलता का गहरा नाता है । समय की जड़ता को तोड़कर उसमें चेतना का शंखनाद करने वाले स्वर को प्रगतिशील स्वर कहा जाता है । परंपरा जब जड़ एवं रूढ रीति-रिवाजों की जकड़न में फँसती नजर आती है तो प्रगतिशील चेतना उसे ललकारने को विवश हो जाती है । इस दृष्टि से देखें तो डिंगल काव्यधारा में वह चेतना सदैव विद्यमान रही है जो समय की अनीति पर बिना किसी भेदभाव एवं पक्षपात के करारी चोट करने की रचनात्मक जवाबदेही का अहसास करती है । इस काव्यधारा ने यथार्थ के उबड़खावड़ रास्तों पर साहसी कदम बढ़ाते हुए विषम परिस्थितियों से सीना तानकर टक्कर लेने की क्रांतिकारी पहल की है । इस धारा ने अपने समय के रूढीवादी समाज की विसंगतियों एवं हठधर्मी राजा की अनीतियों पर अंगुली उठाने में कभी संकोच नहीं किया । समय की रूढ घेराबंदियों को तोड़ते हुए अपने ही निर्णयों को पुनर्मूल्यांकित कर उनमें उचित बदलाव करने का आह्वान करने वाली यह काव्यधारा सामाजिक और सांस्कृतिक संक्रमण के समय जनता को शोषणमुक्त करने की युगान्तकारी पहल करने वाली रही है । समाज की जीवंत समस्याओं में शायद ही कोई शेष रही हो



जिस पर इन डिंगल कवियों की लोकहितकारी दृष्टि नहीं गई हो और इन्होंने अपना तार्किक दृष्टिकोण प्रस्तुत न किया हो । परिवर्तित परिवेश के अनुरूप इसने अपना रंग-ढंग, कथ्य-शिल्प, भंगिमा और मुहावरा बदलते हुए नयेपन को अपनाया है ।

इतिहास इस बात का साक्षी है कि जब जब राष्ट्र या समाज पर संकट के बादल मंडराए हैं तब तब इन डिंगल कवियों ने अपनी लेखनी की धार को तीक्ष्ण करके संबंधित के जमीर को जगाने में कोई कोर कसर नहीं रखी । भले ही अंग्रेजी सत्ता के इरादों एवं भावी परिणामों की उद्घोषणा करती बांकीदास आसिया की 'आयो अंगरेज मुलक रै ऊपर, आहंस लीधी खेंच उरां' हो या कि शंकरदान सामौर की 'मिळ मुसळमान, रजपूत ओ मरेठा, जाट सिख पंथ छड जबर जुड़सी' की आह्वानकारक आवाज हो । भले ही सितोरहिंद के लिए उतावले उदयपुर महाराणा फतेहसिंह को उनके हिंदुआ-सूरज के वंशविरुद की याद दिलाती क्रांतिकारी केसरीसिंह बारठ की चेतावनी हो, या कि ''मानां मन अंजसो मती, अकबर बळ आयाह'' की ओजस्वी हुंकार जिसने आमेरपति मानसिंह के दंभ को चूर-चूर कर दिया, सब एक से बढ़कर एक उदाहरण है । पितृहंता मारवाड़ नरेश बखतसिंह के गुरूर को तार-तार करती दलपत बारठ की 'पिता मार पचीसी' हो या कि अपने भविष्य की चिंता नहीं करते हुए कविया करणीदान की वह वरदायी वाणी हो जो 'कूरम मार्‍यो डीकरो, (अर) कमधज मार्‍यो बाप' कहकर मारवाड़ और ढूंढाड़ की राजसत्ता को सबसे कड़वी बात कहते हुए अपना फर्ज निभाने में संकोच नहीं करती। (डॉ. गजादान चारण : बीकानेर राज्य एवं कविराजा विभूतिदान का घराना)

हिंदी आलोचना जगत में सदैव एक बात उठती रही है कि राजस्थान में किसी प्रकार का सांस्कृतिक पुनरुत्थान जैसा कार्य नहीं हुआ । यह बात इसलिए उठी क्योंकि उन्होंने राजस्थान को एक हिंदीभाषी प्रदेश मानकर उसी दृष्टि से इसका मूल्यांकन करने की कोशिश की है । यदि उन्हें राजस्थान के सांस्कृतिक पुनरुत्थान के वाकई दर्शन करने हैं तो फिर उन्हें डिंगल काव्य धारा से आधुनिक राजस्थानी की कलकल निनादित काव्यसरिता में अवगाहन करना होगा । राजस्थान की अपनी सांस्कृतिक विरासत है, जो कि बड़े रूप में भारतीय संस्कृति का ही हिस्सा है, जिसे समझने के लिए यहाँ की भाषा, साहित्य एवं लोकमानस को जानना जरूरी है । यहाँ की मौखिक एवं वाचिक परंपरा में विद्यमान काव्य का अनुशीलन किया जाए तो पता लगता है कि परिमाण एवं प्रभाव दोनों दृष्टियों से यहाँ का साहित्य अनुपम है ।

चूंकि डिंगलकाव्यधारा की राष्ट्रीय चेतना एवं स्वाधीनता संग्राम में इस काव्यधारा के योगदान पर हिंदी एवं राजस्थानी पत्र-पत्रिकाओं एवं पुस्तकों में बहुत कुछ प्रकाशित है अतः पुनरावृत्ति से बचते हुए इस आलेख में आज तक अज्ञात या अल्पज्ञात कतिपय नवीन तथ्यों एवं उदाहरणों के माध्यम से डिंगल काव्यधारा की प्रगतिशील चेतना को स्पष्ट करने का प्रयास किया गया है । डिंगल काव्यधारा में चित्रित पीड़ित एवं शोषित व्यक्ति के दर्द की दास्तान, अकाल की विभीषिका, नारी की पीड़ा, रिश्तों की पवित्रता, मानवीय जीवनमूल्यों का समर्थन, ऊँच-नीच की भावना का प्रतिकार, आमजन की ताकत का बखान, महलों पर भारी पड़ते झौंपड़ी के स्वाभिमान की प्रशंसा, नरेशों की विलासिता एवं नौकरशाहों की निरंकुशता की भर्त्सना, सामंतो एवं श्रीमंतों के अन्याय, अधर्म एवं आचारहीनता की खुली निंदा, वर्तमान नेताओं की दलबदलू प्रवृत्ति पर व्यंग्य बाण, पोंगापंथी धार्मिक आडंबर का विरोध इत्यादि कितने ही विषय हैं, जिनमें इस काव्यधारा की प्रगतिशील चेतना सतत रूप से प्रवाहित रही है । सार संक्षेप में कतिपय उदाहरण एवं तथ्य आपके सामने रखता हूँ -

डिंगल काव्यधारा के कवियों के योगदान पर बोलते वक्त मुझे गोपालदास नीरज की चार पंक्तियां सटीक लकती है-

*जमाने ने जब भी अंधेरों से दोस्ती की है,*
*जलाके अपना घर, हमने रोशनी की है,*
*सबूत है मेरे घर में लगे, धुएं के ये धब्बे*
*कि उजालों ने अभी अभी यहाँ खुदकुशी की है ।*

इतिहास में ऐसे असंख्य उदाहरण है जब राजाओं एवं सामंतो के अन्याय और अनीति के खिलाफ चारण कवियों ने प्रबल प्रतिरोध के स्वर आलापते हुए धरने दिए, आमरण अनशन पर रहे और अपने हाथों कटारियां खाकर अपनी ईहलीला को खत्म किया और जिंदा रहते अन्याय नहीं सहने के अपने प्रण को अमर किया। न केवल पुरुषों वरन चारण नारियों ने भी अन्याय के खिलाफ आवाज उठाते हुए जंवर किये यानी अपनी जीवनलीला समाप्त की । लोक में प्रसिद्ध उक्ति है कि 'जमहर मेहळियां जळी, समहर में सूराह' । ये चारण नारियां अपने पति या परिवार पर हुए अत्याचार के खिलाफ अहिंसात्मक आवाज उठाते हुए कई कई दिनों तक आमरण अनशन पर रहीं और अंत में संसार से विदा ले गई । इन्हें समाज में लोकदेवियों का सम्मान मिला । आज भी ये लोकदेवियां श्रद्धा से पूजी जाती हैं।



चंदूबाई माड़वा- जैसलमेर, सरूबाई बारठाणी, डाबर-बाड़मेर, हरियाबाई, हरणी तथा सीलाबाई, झिणकली के जंवर लोकप्रसिद्ध हैं । डिंगल के अनेक छंद एवं गीत इन लोकदेवियों के बलिदान की गाथा गाते हुए लोक को अन्याय के प्रबल प्रतिकार की सीख देते हैं ।

सामंतो के अन्याय के खिलाफ अपना प्रतिरोध दिखाने के लिए चारणों ने अपने 'सासण' तक वापस किए हैं, ऐसे ऐतिहासिक प्रमाण हैं । इन धरनों, जंवरों, तेलियों एवं त्यागों से संबंधित डिंगल काव्य प्रचुर मात्रा में है, जिनमें तत्कालीन राजसत्ता एवं समय-परिवेश आदि का उल्लेख है । गुड़ा के राजा भाखरसिंह ने झिणकली के चारणों का अपमान किया, इसके प्रतिकार में चारणों द्वारा कटारी खाने की घटना का साक्षी ये दोहा आज भी प्रचलित हैं-

मारण ग्यो थो माड़, चारण वऴतां चूंथिया ।
अे वातां औनाड़, भली न कीधी भाखरा ॥

इसी तरह नगर के सामंतो की अनीति का विरोध करते हुए धनदान लालस ने कटारी खाई । धनदान के पिता रामचंद्रदान लालस ने अपने दो सासण भेडाणा और आवळिया राजा को वापस कर अपने ईमान को जिदा रखा । इनकी साख भरते अनेक दोहे एवं गीत प्रसिद्ध हैं-

*धनियां धाराळीह, पैर गळे विच पोढियो ।*
*कर कांबळ काळीह, राळी सिर रावत तणै ॥*
*लौटाया सासण दोय लाळस, नगर तणै अन्याय ।*
*भेडाणा, आवळिया भेळी, जको कलंक न जाय ॥*

जब समाज के अग्रणी एवं रक्षक कहे जाने वाले क्षत्रियों ने अपना कर्म बदल कर परमार्थ एवं परोपकारी मार्ग त्याग दिया तथा जनता को लूटना शुरू कर दिया तो इन कवियों ने प्रशंसा वाले स्वर को एकदम पलट कर प्रबल स्वर में उन्हें धिक्कारा है । कवि हिंगलाजदान कविया, सेवापुरा की ये पंक्तियां स्वतः स्पष्ट है-

*वणता जो वाहरू, करण धाड़ा कोपीजै ।*
*खाय बाड़ नैं खेत, राड़ कुण हूं रोपीजै ।*
*पैल उदक पत्रियां, बिड़द छत्रियां डोबोया ।*
*कानां सुण कांपता, जकै आंख्यां अब जोया ।*
*धिरकार इसा छत्रधारियां, बुरीगार ऊजड़ बुआ ।*

डिंगल काव्यधारा का सबसे बड़ा स्वर्णिम पहलू तो यही है कि इस धारा के कवियों ने साधारण लोगों के असाधारण एवं साहसिक कार्यों की सराहने की तथा अपने आपमें बड़े बने लोगों ने जब अपना फर्ज भुलाया तो चेतावनी के चाबुक से उनकी खाल खिंचाई करने का कार्य किया। रावण पर राम की विजय हो अन्याय पर न्याय की, सत्ता पर जनता की तथा महलों पर झोंपड़ी की विजय का प्रतीक मानते हुए कोट किलों में अपने आपको सुरक्षित समझने वाले मदांध शासकों को चुनौती देती डिंगल कवि बुधजी आसिया (जो बाळकनाथ नाम से लिखते थे) की निर्भीक वाणी दृष्टव्य है–

*लंका रींछ बांदरां लूटी, निजरां रांवण नरखी ।*
*का'ला मिनख किला पर केई, चढै कैफ री चरखी ।*
*बाळक नाथ कहै छै बाबा, किलां गरब मत कीजो ।*
*जीती लंका हूंत झौंपड़ी, दिस्ट जिकण पर दीजो ॥*

सामंतों के अन्याय, अधर्म और आचारहीनता की खुलकर निंदा करने वाले इस कवि ने तत्कालीन कुलीन वर्ग में व्याप्त व्यभिचार पर तीक्ष्ण प्रहार करते हुए यहाँ तक कहा कि पूर्वजन्म में हिमालय पर शरीर त्याग करने वाले सभी हिंजड़े इस समय मरुधरा के उच्च कुलों में अवतीर्ण हो गए, तत्कालीन समय में उच्चवर्ग के खिलाफ इतनी तीखी टिप्पणी करने की हिम्मत इस डिंगल कविता ने ही की है, अन्यत्र दुर्लभ है–

*नीची तांण बुरै मुख नीलज, संगतां नीची नीच सभाव ।*
*नीचां नांम घावला नीलज, अवतरिया ऊंचै कुळ आय ॥*
*गथराड़ा हेमाळै गळिया, छोड़े अन पाणी कर चाय ।*
*मुरधर मांय ठिकाणै मोटै, अवतरिया ए वे सब आय ॥*

राजशाही का वह समय जब प्रेम केवल सामंतो एवं श्रीमंतों की बपौती समझा जाता था। नारी को भोग की वस्तु मानते हुए उसकी भावनाओं को आहत एवं नजरअंदाज किया जाता था। ऐसे दौर में डिंगल काव्यधारा के युगचेता कवि आसाणंद बारठ ने नारी के निश्छल प्रेम की कोमल भावना का सम्मान करते हुए बाघा और भारमली की जोड़ी का समर्थन करके राजसत्ता की नाराजगी मोल ली। इतिहास साक्षी है कि राव मालदेव को जब अपनी रूपलावण्यवती दासी भारमली पर मुग्ध हुआ देखा तो उसकी रानी भटियानी ऊमादे रूढ कर पीहर चली गई। महारानी को मनाने के लिए मालदेव ने कई प्रयास किए। उसने भारमली को रानी भटियानी एवं उसके बीच अवरोध मानते हुए किसी और के यहाँ भेजने की सोची मगर मालदेव जैसे शक्तिशाली राजा की दासी को रखने की हिम्मत किसी ने नहीं की। ऐसे में मालदेव ने आसाणंद बारठ से कहकर भारमली को बाघा कोटड़िया को सौंप दिया। बाघा एक सामान्य सामंत था और आसाणंद बारठ का अजीज मित्र था। आसाणंद के कहने से बाघा ने भारमली को स्वीकार कर लिया। लेकिन ऊमादे भटियानी मालदेव के यहाँ आने को राजी नहीं हुई। मालदेव के लिए 'दुविधा में दोऊं गए, माया मिली न राम' वाली कहावत चरितार्थ हो गई। रानी मनी नहीं और भारमली को खुद भेज दिया। मालदेव ने कवि आसाणंद से कहा कि ''रानी तो नहीं आई सौ नहीं आई, मेरी भारमली तो वापस लाओ।'' राव की आज्ञा मानकर आसाणंद बारठ बाघा कोटड़िया के पास गया लेकिन वहाँ जाकर जब बाघा एवं भारमली के परस्पर प्रेम को देखा तो कवि के संवेदनशील मन ने उन्हें अलग करने की बजाय सदा-सदा के लिए साथ रहने का आशीर्वाद देते हुए कहा–



*जंह तरवर तंह मोरिया, जंह सरवर तंह हंस ।*
*जंह बाधो तंह भारमली, जंह दारू तंह मंस ॥*

यह बात कहना आज तो सहज लग सकता है परंतु 'नारी उपेक्षा' के उस युग में नारी और वह भी एक दासी की सामान्य सामंत के प्रति चाहत का पक्ष करके राजसत्ता की नाराजगी मोल लेना तत्कालीन समय में प्रगतिशीलता की अमिट पहचान कहा जा सकता है। भारमली द्वारा मालदेव की बजाय बाघा कोटड़िया जैसे सामान्य सामंत के साथ को प्राथमिकता देने वाली इस घटना से एक दूसरा तथ्य भी उभर कर सामने आता है कि नारी उसी के साथ रहना पसंद करती है, जो उसके प्यार का सम्मान करता है, वासना के कीड़े कितने ही बड़े क्यों ना हो, वह उनको पसंद नहीं करती।

डिंगल कवियों ने इस बात का सदा ध्यान रखा है कि राजा हो या गांव का सामंत, जिसे समाज के अग्रणी या श्रेष्ठ होने के नाते जनता से अतिरिक्त सम्मान मिलता है, तो फिर उस श्रेष्ठ व्यक्ति का आचरण भी श्रेष्ठ ही होना चाहिए। जहाँ भी मर्यादा के खिलाफ आचरण हुआ, वहीं इन कवियों ने उसे खरी और खारी सुनाने में कोई कसर नहीं रखी। ऐसे हजारों उदाहरण होंगे। बीकानेर राज्य में गाँव बेजासर के सामंत ईसरसिंह ने अपनी माँ तथा भाभी का अपमान किया। उसने अपने बड़े भाई मालसिंह की पत्नी, जो कि किसी घटना में अंधी हो गई, उसे निर्जन जंगल में ले जाकर बेसहारा छोड़ दिया। इस घटना को सुनकर कवि गोविंददान

आसावत- नाथूसर को बड़ी वेदना हुई और कवि ने ईसरसिंह की भर्त्सना करते हुए लिखा-

***भ्रात माल री अंध भारज्या, काढी घर सूं कोढी ।***
***ईसरियै बी अभ्यागत नैं, निंदरोही में छोडी ॥***
***घर की घरणी, मालै परणी, पूनूसर की प्यारी ।***
***रोट्यां काज तजी रोही में, बड़ा अधरमी भारी ॥***
***जाम पूत माता पिछताई, बूड गई सा बाजी ।***
***महत कवी घर टेरा चाटै, ईसरिया री माजी ॥***

डिंगल काव्यधारा के कवियों ने मानवीय दृष्टि को अपनाते हुए समाज में व्याप्त छुआछूत एवं ऊँच-नीच की भावना का तार्किक प्रतिकार किया । धर्म की आड़ में अधर्म एवं नीति की आड़ में अनीति करने वाले तथाकथित बड़े समझे जाने वाले इन नीति नियंताओं पर इन कवियों ने करारे प्रहार किए । 'ऊँचनीच का भेदभाव मनुष्यकृत है, जो कि ईश्वर को बिल्कुल पसंद नहीं है ।'' ऐसा खुलासा करती कवि बुधजी आसिया के 'भगतमाळ' की ये पंक्तियां, जिनमें कवि ने तथाकथित रूप से छोटी समझी जाने वाली जातियों यथा बागरी, मीणा, मेघवाल, ढोली, भील, कसाई इत्यादि जातियों में पैदा हुए भक्तों के बिना किसी भेदभाव के भव तरने की बात कही हैं-

*वळै फेर वागरी, तुरत लाधियो तारै ।*
*मैणो घट मतार, मेघ रेवो ऊधारै ।*
*नामौ ढोली तार, भील कर गोहो भाई ।*
*सजन सरीसो सोध, कियो भव पार कसाई ।*
*भजन रै जोर तरिया भगत, ऊँच नीच नंह आंतरो ।*
*रांम रो भजन करलै रिदै, पलक बुधा मत पांतरो ॥*

अपनी 'दारू दूषण' कृति में डॉ. शक्तिदान कविया ने तो छोटे और मोटे के इस अव्यावहारिक विभेद पर व्यंग्य करते हुए लिखा है कि इस धरती में हमने जिन्हें छोटा माना उन्होंने तो बाबा रामदेव की आध्यात्मिक बाणियों से लोगों को जीवन का मर्म समझाया वहीं बड़े माने जाने वाले लोगों ने तो मद्यपान किया है और बेचारे निर्दोष बकरों की कुर्बानियां दी है-

*छित पर छोटोड़ांह, बाबै री की बाणियां ।*
*मद पी मोटोड़ांह, की बकरा कुरबानियां ॥*



आज चारों तरफ फैशन का दौर है । सब लोग देखादेखी बड़ों की होड़ करके अपनी हालत बिगाड़ने में लगे हैं । यह स्थिति कमोबेश हर काल में रही है । सब जानते हैं कि व्यक्ति को अपनी हैसियत के अनुसार काम करने चाहिए। अपने बराबर वालों से ही मैत्री, वैवाहित संबंध एवं लेन-देन करना सुखकर रहता है लेकिन ऐसा करते नहीं हैं । डिंगल कवि छता आसिया ने बड़े लोगों की दोस्ती से छोटे लोगों के लिए होने वाले परेशानियों का युक्तियुक्त ब्योरा देते हुए उन्हें बड़ों से दूर रहने की सलाह दी-

*के व्याहां तंग हुवै कै करजौ, केतां औसर तंग करै ।*
*फैसन तंग हुवै केई फोकट, हाथां घर री आथ हरै ॥*
*गिरवै मेल खेतड़ा गहणा, लहणा करै न लाजै ।*
*वहणां मग ऊंधै वौरां सूं, बोफा ऊभा बाजै ॥*

यह मनोवैज्ञानिक सत्य है कि किसी भी रूढी का सहजता से प्रतिकार सक्षम लोग ही कर सकते हैं, गरीब या कमजोर लोगों को तो आर-पार की लड़ाई ही लड़नी पड़ती है । कवि छता आसिया ने इस तथ्य को समझते हुए समाज के संपन्न लोगों से अरदास की कि वे कम खर्च करने की पहल करें ताकि उनकी देखादेखी कर्ज में डूब रहे गरीब लोग बच सकें —

*इण सूं वड़ा लोग सुण अरजी, कमती खरच करीजे ।*
*देखा देख गरीब न डूबै, कैणो म्हारो कीजे ॥*

डिंगल कवि चंडीदान सांदू हीलोड़ी की मान्यता है कि आत्मसम्मान चाहते हो तो संबंध और मैत्री अपने बराबर वालों से ही रखें । वे तथाकथित बड़े आदमी किसी काम के नहीं, जो खुश होकर तो बेगार में रगड़ें और नाराज होने पर नुकसान कर दें । कवि की यह तार्किक अभिव्यक्ति आज भी कितनी प्रासंगिक है-

*आयां घर करै एक पग ऊभा, खातर खलल पड्या व्है खीज ।*
*संकौ करां नटां न सरम सूं, चित्त चढ़ै वा ले लै चीज ॥*
*कठै हि मिळै (तौ) पिछांणै कोनीं, सदन गयां नह बूझै सार ।*
*करां सलांम दखै करडापण, कांम पड्यां कछु करै न कार ॥*
*राजी हुवां कांम में रगड़ै, नाराजियां करै नुकसाण ।*
*छोटकियां मोटोड़ां छोड़ौ, मिळौ सारीखां चाहौ मांण ।*
*आं सूं मेळ कियां दुख उपजै, रंच न लाभै सुख रौ रेस ।*
*मुणै 'चंड' मोटा मिनखां सूं, अळगां सूं करणा आदेस ॥*

महात्मा गाँधी की अहिंसा वाली आंधी में झौपड़ियों ने जब अपना मस्तक ऊँचा किया तो कई गढ़-किले कांपने लगे। जाति, धर्म की दीवारें उलांध कर सभी लोक गांधी के काफिले में आ मिले और राजवियों ने सिंहासन छोड़कर जाट और हरिजनों के साथ गांधी की जाजम पर बैठना स्वीकार किया। इन भावों को 'गुणसबदी' में व्यक्त करती कवि भंवरदान बारठ, झिणकली की पंक्तियां देखें-

*मोहन मंत्र फूंकियो मोहन, वाजिया संख विसेक।*
*पंडित मुल्ला पादरी पूरा, हंमचै हूवा हेक॥ गाँधीड़ो कामणगारो रे...*
*झौंपड़ियां मदसार झमंती, कांपिया किल्ला कोट।*
*तूटण लागी भुरजां तीखी, वाजिया गोळा बोट॥ गाँधीड़ो कामणगारो रे...*
*साह निबाब भूपाळ राजेसर, छाक सिंहासण छोड़।*
*बाबाजी रै पाखती बैठा, जाट हरीजन जोड़।*
*गाँधीड़ो कामणगारो रे, मोभीड़ो हिंद माता रो रे॥*

आजादी की अलख जगाती आमजन की आँधी के सामने सारे कोट किलों के ढहने की उत्साही आवाज देती जनकवि रेंवतदान चारण मथानिया की ये पंक्तियां उल्लेखनीय है-

*अंधार घोर आंधी प्रचंड, (आ) धुंआधोर धंव धंव करती।*
*आवै है उस में आग लियां, गढ, कोटां, बंगलां नैं ढहती॥*

इसी कड़ी में देश को तंद्रा छोड़कर सजग होने एवं नवीन सपने संजोते हुए आगे बढ़ने का आह्वान करती मनुज देपावत की ये पंक्तियां कितनी उत्साहवर्धक हैं-

*उठ खोल उणींदी आंखड़ल्यां, नैणां री मीठी नींद छोड़।*
*रे रात नहीं अब दिन उगियो, सपनां रो झूठो मोह छोड़।*
*थारी आंख्यां में राच रैया, जंजाळ सुहाणी रातां रा।*
*थूं कोट बणावै उण जुग रा, जूनोड़ी बोदी बातां रा।*
*पण बीत गयो सो गयो बीत, अब उणरी झूठी आस त्याग रे।*
*छाती पर पैणां पड्या नाग रे, धोरां वाळा देस जाग रे।*

निष्कर्षत: राजस्थान की डिंगल काव्यधारा प्रगतिशीलता की सशक्त एवं प्रबल संवाहिता है। यह सही है कि इस काव्यधारा का मूल स्वर वीररसात्मक रहा है बावजूद इसके इस काव्यधारा ने परिवेश के अनुकूल स्वरभंगिमा बदलते हुए



कभी अकाल की विभीषिका से आहत होकर दर्द की अतल गहराइयों को छूने वाले स्वर आलापे हैं तो कभी आम आदमी के संघर्ष एवं जूझ को देखकर उसकी जीवटता एवं स्वाभिमान की मुक्त कंठ से प्रशंसा करते हुए आगे बढ़ी है। मातृभूमि की रक्षार्थ मरने मारने को तैयार वीरों की प्रशस्ति की है तो कर्त्तव्य से विमुख होकर भागने वाले कायरों की भर्त्सना करने में भी इस काव्यधारा का कोई सानी नहीं है। प्रसंगवश रुप-सौंदर्य के भव्य चित्र उकेरने के साथ दायित्वबोध के आस्थावान स्वरों को साधने में भी यह कभी पीछे नहीं रही है। इसके साहित्य को संकलित कर सिलसिलेवार अनुशीलन की दरकार है। वस्तुत: डिंगल काव्यधारा के प्रति भ्रांत धारणाओं का निवारण इसके विषद अध्ययन से ही संभव है। विषद अध्ययन के अभाव में इस विशिष्ट काव्यधारा को कुछ संकीर्ण खांचों में कैद करना अपने आपको धोखा देने जैसा है। इसे राजदरबारी प्रशस्तिपरक, इतिवृत्तात्मक, एकरस, जनसामान्य से विलग इत्यादि कहने वाले आलोचक यदि इसके विविध विषयी एवं विविध आयामी काव्य का सिलसिलेवार अध्ययन करेंगे तो उन्हें स्वयं अपना मत बदलना होगा। यह सत्य है कि यह काव्य समझने में थोड़ा कठिन अवश्य है लेकिन राजस्थान की सांस्कृतिक धरोहर एवं सांस्कृतिक पुनरुत्थान को समझने के लिए इसे समझना बहुत जरूरी है।



# ચારણી સાહિત્ય : કર્તા અને કૃતિ

ત્રિપુરાસ પડઙ તહ રપ્યા' સા ઙવ્રિઆપ્યા ત્રિઙ્કા તહ સા ભજ તડ઼તકાપી પ્રમહ્રિ ઙૈવપા ઉઅઙા તાડ઼તક્રિઙ સઙ્કાઙ્યા પગા પુમપા આભજ્ઞા ઉજ્રા તઁવ્રુઆપા ઉઅઙા કાઅવ્યા તઁકપ્યા અ મતાટ્રિપ મ રપ્યા' પુમપ્યા વઙાદાઙ્યા પુમઅ પ્રક્ષા ક્ર પુ કાઅવ્યા – ગ્રુપવહ્યાપા સઁઙ્યા ઉઙ્ગાતાં રપા' સા કાઅઙવ્રિઆપ્યા પ્રક્ષા માસ જાસ્પ્રેગપ સપ્યાપ્રુ સમગ સમાઅપુ ગવા લાગ્યા પાડ઼ પુ સમતઙાવપા ગાકહ ઙવ્રિઆપ્યા વ્યાકપાપા કાઅજ્યા અતાડ઼ સગ્રુઆપા સઆવમા આવ્યા ત્યાપાપી સ્વપ્વ ગીમાવપા રપ્ત પુવ્યા પપ્વ છવ્રિપ ઙકવામા આટ્રિપાપી તહ સર્માજ ત્યાગદાપ સાપ્પ ગતીં' ટ્રિપ્ઙપા ટુગ્યા સ્પવા આટ્રિપાપી પ્રમહ્રિ ગતીં ક્રુ કાર્ઙેપા સામ સર્માદમા સ્પઙ ઊઙ્કાપી પગા અર્ગપ્રુપી સા મરાસઙ્ગામમા ઙવ્રિઆ – આટ્રિપાઙાઙ્યા તામિલ કજ્ઞા મ રપા' સ્પ સમતઙાવમા પ્રમહ્રિ ઙકપાકા ઙાપ્રુઙ્યાઆપ્યા ગપ્રુવ્રિતઆગ્યા સઆવ્રિપ ગતા રપા' મીસ્પ્રેપા પુપાગ્યા સ્વગ વ્રિગાકતાકા પુમઅ સ્વગ તમપ્રુગ્યા લપ્રિદાપપ્યા ઉઅઅવલ ગાગાઆપી રપી' વ્રિગપા ગહ લ્યાપ્યા ગાત્યાછઆ ગઙ઼ ઙકુલા આક્યાલપપ્યા તવ્રિગપાગ્યા પુમઅ આતપાકા ઙાપ્રુવ્યાકપી તહ માડ઼ી ત્યાગદાપ માર્પર્ભમ્રુપ મીસ્પ્રે સતાવવાપા ઙાતુમા સ્પઙ પઁપપ સગાપી દઙપ્રુ ગતીં રપી' ઙાપ્રુપા ડ઼ઙઙભતાં કકપુ સવ્રુઙ્વપી લપ્રિદાપ સપાગર્યાઆપ્યા મરપ્વપ્યા ઙાવ્યા રપ્યા પગા સમગ વ્રિગપુ સટ્રિસઙ સપ્રુઙાકપ્યા ભાકપપા સ્વાત્યાપપાસઙ્ગામમા સટ્રિસાપા ગાત્યાગ્યાલા માગ્યા ગાલપાકા

— વગ્રપ ગઙવ્યા

## ઉઅઙા તક્રિવાકપ્યા ગ્યાકવ ગાગા

૧

ઙકપ્યા ¡ પ્રુરાગ્યા ગાકપ રઅ'
અગ અગ ભવાપ્યા સ્પ.લ્યાટુ
ગરપ્રુષ ગાકપ લકપ રઅ'
સામજ્ઞં ટુ મા ઙક ગાટુ
પુડ઼ર્યા પાકપ પકપ્યા રઅ
સ.પાપ સગ્ગ્યા સભગ ર્યા

લપપ્યા રપ્યા'
મવપી પગ્યા' પ્યાગ્રુપા સમક ગાજ્ઙ્યા લલવાપ્યા પગા ગાવાપ્યા પુમપ્યા લડ઼લક સત્રિઙાક તહ પુમા ર્યાપ્યા ટુવાપી ઉદારકહ હઙીક ડ઼સગ્યાપ્રુર વ્રિવાત ડ઼્યા ટ્રિઙ્કામા અવા ડ઼ સાસઙ્ય અગામા ત્રિપાસ તિગ્રપ મ્યાઙલ્યાપા દાલલ્યા છ તહ ત્યાપાપા અઆટ્રુપ વ્રિગાક સીમ્લા તહ ઙગ્યા મ રપ્યા' સીવ્રિઆપ ઙાપ્રુઙાગ્યા કાસલ્રિરાગ્યા લ્યાસ્ય લગ્નીં છ વ્રુગ્યા ઉતક સન્નહ્રિ ઙગાં' સા તક્રિવાડ઼ સ્વતમપ્યા ઙાકગ્યા માગાં ર્યાઙવાપ્યા ઙાડ઼ગ ત્યાપાપા લગીંલગીં' પ્રુગ તીગ્ર ઙૈવક સપાતપ્રુર પગા અઆટ્રુપ તહ સ્વાપ્સઆસઙ્ગામપ્યા ઙૈડ઼લપા લપ્રિદાપપ્યા ડ઼વ્યા ઉઅઅવલ ગાગા ¡ હઙીક સાર્લ્યા ત્યાપાપ્યા અપ ઉતકાપ સાપ્રે માડ઼પ્યા ત્રિપ્રુરાસ સત્રિઙ ઉઅઙ્યા ગત્યા છ પુર્વી સપ્રુતાટ્રિપ ઙગ્નીં રપી' સ્પઙ પુમગ્યા ડ઼સગ્યાપ્રુરછપા તક્રિવાકપા સવ્રુગાર્યા લપ્રિદાપપુ ઙાકગ્યા કાઅક્ગાપપ્યા સ્વાપ્સ સીસપ્રુષ સામત્રિઙ તમતીગામા સ્પઙ વટ્રિક્ર સ્વાતડ઼ લગર્લ્યા વ્રુગ વાજ્યા રપ્યા અમા ટુઙપા તકાવપાક માપા માટ્રિઙ્ઙૈવકપ્યા ઙૈસ ગત્યા રપ્યા' વગ્યા તરલા ટ્રિપ્ઙપા સપાતપ્રુરપ્યા છ' ઙૈવક સપાતપ્યા અપ્ય ૧૯૮૩મા સઙ્કાઙ્યા પગા તરાઙ અવ્યા સમાપ છ' પુવા અ ઉઅઙા લપ્રિદાપપ્યા ગાગા હઙીક સાર્લપા સીતીગ ઙૈવક મીસ્પ્રે માડ઼ સાત્લા સાઙકા લપ્રિદાપ સ્પ કાઅક્ગાપપ્યા મીસ્પ્રે ગલવલપા સીવહ્રિતીક હઙીક સાર્લપા લપ્પ સીતીગ્યા – ડ઼સગ્યાપ્રુરછ પગા અ્યાકાવકપ્રુરછસ્પ માભ્યામપ્યા દતાપ્ઙ સકકવપ્યાપા સ્વાભ્રિમાપ પગા વ્રિગ્મહાપા ઉમરા વ્રિગાકગ્યા સઆવ્રિપ રપા' સ્પ્રુરાસ્રિઙ કગપા ,વ્રુગભાકઙક,પ્યા વ્યાઙ્ગ લગ્યા છ' હઙીક ઙૈક્ગાપ્રુરછ મરપ્રુ ઙૈક્ગાપ્રુરછસ્પ ,,કાઅતીપાપા ઙા ત્રિપુરાસ,, ઉતકાપ સઁતુમલછ પ્રુસહાપ્યા સપ્રુષ ત્યાપાપ્યા વ્રિષ્પાપા ઙાકગ્યા વ્રિગ્રિક સાદકમાપ તકાવપા જાસ્પ્રેવ્રિગ્યુત રપા' હઙીક રપ્યા' પુમપા વ્રિપાગ્યા હઙીક ઙૈક્ગાપ્રુરછ ત્રિપુરાસપા-મમુર' વ્રુગલઙ પગા સમાઅમા પાકઙ સમાપ રપા' હઙીક સાર્લપ્યા અપ્ય કકમ્યા પવ્રુગ્લક' ૧૯૭૬ પા ક્યાઅ ગત્યા
હઙીક ડ઼સગ્યાપ્રુરછ લાકરઙ ઙાપ્રુવ્યાક્યાપા પાકામઙ્લપા સ્પઙ પુઅક્વ્યા
ઙકપા સર્ડ઼અ તહ સ્યાર્યા ડ઼ ઉપકપ્યા મ રપ્યા'
ઙકવામા મરપ્વપ્યા રપ્યા સ્પ પુગ્યા પુપા કજ્ઞહ માડ઼ પુમપ્યા ઙટ્રુલષપા કાઅવ્યા

ઉપરની સુપ્રસિદ્ધ પ્રાર્થનામાં આઈ કરણીજી પાસે માગ્યું હતું તેવું જ ઊજળું જીવન જગદંબાએ તેમને જાણે કે વરદાનમાં આપ્યું હતું. સામર્થ્ય પણ કેવું ! સુપ્રસિદ્ધ વિદ્વાન પંડિત માખનલાલ ચતુર્વેદીએ ઠાકુર સાહેબના દેહાવસાન પછી તેમને શ્રદ્ધાંજલિ સ્વરૂપે લખ્યું કે 'વે ભારત કી સમર્થ સંતાન થે' ''રાજસ્થાન કેસરી'' તરીકે તેમનો અનેક જગાએ ઉલ્લેખ થયો છે.

ઠાકુર કેસરીસિંહજીએ કેટલીક એવી બાબતોમાં પણ યોગદાન આપ્યું છે કે તે જોઈને તેમની ઊંચી બુદ્ધિ - પ્રતિભા તેમજ વિવિધ વિષયોમાં વિદ્વત્તા જોઈને આજે પણ તેમના તરફ અહોભાવની લાગણી થાય. ૧૯૦૫-૧૯૦૬ ના સમયગાળામાં તેમના કોટા રાજ્યના સેવાકાળ દરમિયાન આપણા પ્રાચીન વેદોના પ્રકાશનનો તેમણે સંકલ્પ કર્યો. ચારે વેદનું હિન્દી ભાષામાં શુદ્ધ રીતે અવતરણ થાય અને તે રીતે આ દેશની અમૂલ્ય સંપત્તિ સમાન જ્ઞાન તથા ઊજળા સંસ્કારોનો ખજાનો જનસમૂહ સુધી પહોંચાડવાનો તેમનો આ પ્રયાસ હતો. ઠાકુર સાહેબ માનતા કે વેદોના જ્ઞાનથી આપણા દેશની સાંસ્કૃતિક તેમજ સામાજિક એકતા સિદ્ધ થઈ શકશે. અંગ્રેજી શાસન તથા કેળવણીના પ્રભાવ હેઠળ પોતાની જ અસ્મિતા તરફ સભાન નહિ રહેવાને કારણે માનસિક રીતે પણ આપણે ગુલામીના માનસ તરફ ઢળ્યા હોઈએ તે સ્થિતિનું તેમને સ્પષ્ટ દર્શન થયું હતું. આથી વેદોના અમર સ્તુતિગાન દ્વારા દેશના લોકોના આત્મ સન્માનને ઢંઢોળવાની તેમની આ ખૂબ જ ગણતરીપૂર્વકની યોજના હતી. તેઓ પોતે પણ ઘણી ભાષાઓના જાણકાર હતા તથા નવા નવા વિચારો કરીને તેના વાસ્તવિક પ્રયોગ માટેનો વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા હતા.

બ્રિટિશ સરકારની આંખમાં કેસરીસિંહજીનું સમગ્ર કુટુંબ આંખના કણાની જેમ ખૂંચતું હતું. ૧૯૧૪માં શાહપુરાથી તેમની ધરપકડ કરવામાં આવી. તેમને મુકદ્દમો સમગ્ર રાજપુતાનામાં એક ચર્ચાનો વિષય બન્યો. સામાન્ય લોકોની અમાપ સહાનુભૂતિ આ ઋષિતુલ્ય ક્રાંતિવીર માટે હતી. તેમની વિદ્વત્તા, સાદગી તથા સમર્પણથી તેઓ લોકહૃદય પર શાસન કરનારા નેતા હતા. અંગ્રેજોએ ખ્યાતનામ વકીલ રોકવાની પેરવી કરી. કેસરીસિંહજી સામેના કેસને વિશેષ મજબૂત કરવા પ્રયાસ કર્યો. ઠાકુર સાહેબના પક્ષે તે સમયના સુવિખ્યાત બૅરિસ્ટર નવાબ હામિદઅલી ખાન ઊભા રહ્યા. બ્રિટિશ સરકારે મૃત્યુદંડની માંગણી પૂરી ઉગ્ર દલીલો સાથે અદાલતમાં કરી. હામિદઅલી ખાનસાહેબે આ વીરનું અણિશુદ્ધ સમર્પિત જીવન અદાલતમાં ભાવના અને લાગણીના આવેશથી તેમજ તર્કબદ્ધ હકીકતો સાથે રજૂ



કર્યું. ઑક્ટોબર-૧૯૧૪માં ટ્રાયલ જજે કેસરીસિંહજીને આજીવન કેદની સજા કરી. ઠાકુર સાહેબના વકીલ બૅરિસ્ટર હામિદઅલી ખાનસાહેબે પોતાના અસીલ તરફના અન્યાયી વલણ સામે આક્રોશ વ્યક્ત કરીને કેસરીસિંહજી જેવા મનીષીને બિરદાવતી નજમ ભરી અદાલતમાં ગાઈ સંભળાવી ખાનસાહેબે સમગ્ર રાજપુતાના પ્રદેશના અસંખ્ય દેશભક્ત લોકોની લાગણી આમ અનોખી રીતે પ્રગટ કરી.

જેલમાં ઠાકુરસાહેબે યાતનાપૂર્ણ સ્થિતિમાં ગાળેલાં વર્ષોનો ઇતિહાસ એક સ્વતંત્ર પુસ્તક લખી શકાય તેવો છે. ભલભલા માનવીની હિંમત તૂટી જાય, શ્રદ્ધા ડગી જાય તેવો એ આકરો સમય હતો. પરંતુ વીર સાવરકર જેવા ક્રાંતિકારીઓમાં જેમ દેશની મુક્તિ માટેનો અગ્નિ ગમે તેવા કપરા કાળમાં નિરંતર પ્રજ્વલિત રહ્યો હતો તેવી જ સ્થિતિ ઠાકુર સાહેબની હતી. આ મહામાનવને કાળી કોટડીમાં નાખ્યા બાદ તેમના કુટુંબની તમામ મિલકત જપ્ત થયાની જાણકારી મળી હોવા છતાં તેમના જુસ્સામાં કોઈ ફેર પડતો નથી. કુટુંબીજનોને પણ આ બાબતો હસતા મુખે સહન કરવાની સલાહ આપે છે. આઝાદી માટેનો પુરુષાર્થ ધીમો કે નબળો ન પડે તેની તદેકારી રાખવા પણ સૌ સાથીઓને સૂચવે છે. સમય સારો આવશે જ, માતૃભૂમિ આઝાદ થશે જ તેવો ખમીરવંતો વિશ્વાસ તેમના જેલકાળના જીવનમાં પણ ટકાવી રાખ્યો છે અને તક મળી ત્યારે વ્યક્ત પણ કર્યો છે. જેલમાં પણ તેમણે ઘણાં વર્ષો સુધી અનાજ છોડીને વિતાવેલાં હતાં. કુટુંબની માલિકીની હવેલી જપ્ત થઈ જતાં સમગ્ર કુટુંબના સભ્યો રસ્તા પર આવી ગયા હોવા છતાં કોઈ નબળો વિચાર તેમણે ક્યારે પણ કર્યો ન હતો. પરાધીન ભારતમાતાના પુત્રો પાસે કાળ બલિદાન માંગે છે તે વાત તેમણે હંમેશાં ઘૂંટી છે અને સૌ પાસે ઘૂંટાવી છે. સ્વરચિત એક દોહામાં તેમણે આ લાગણી પ્રગટ કરી છે.

*દિન દુણા નિશ ચૌગુણા સહયા કષ્ટ અનેક,*
*સહી ન ગઈ પળ સિંહથી પરાધીનતા એક.*

ઠાકુર સાહેબના લઘુબંધુ ક્રાંતિવીર ઠાકુર જોરાવરસિંહજી પણ બલિદાનની ગૌરવગાથા સમાન જીવન જીવી ગયા. હિન્દુસ્તાનના વાઇસરૉય લૉર્ડ હાર્ડિંગની શાહી સવારી ઉપર ચાંદની ચોક દિલ્હીમાં બૉમ્બ ફેંકવાના જાણીતા કેસમાં બ્રિટિશ પોલીસ તેમની સતત શોધમાં હતી. પરંતુ આ નરકેસરી કદી પકડાયા નહિ અને લગભગ ત્રણ દાયકા સુધી સતત પરિભ્રમણ કરીને બ્રિટિશ પોલીસની આંખમાં ધૂળ નાખતા રહ્યા. આ સિવાય પણ તેમની સામે કેટલાક કેસ રજિસ્ટર કરવામાં આવેલા. ઑક્ટોબર-૧૯૩૯માં તેઓએ આખરી શ્વાસ લીધો ત્યાં સુધી મુક્ત રહ્યા

અને અંતિમ શ્વાસો લેતી વખતે માતૃભૂમિને તથા આઈ કરણીને પોતાની જાતનું સંપૂર્ણ આત્મગૌરવથી સમર્પણ કર્યું. વીરતા તથા બલિદાનની આ એક અમર ગાથા છે. બનારસ ષડ્યંત્રના કેસમાં અંગ્રેજ સત્તાએ કેસરીસિંહજીના સુપુત્ર કુંવર પ્રતાપની ધરપકડ કરી. પ્રતાપસિંહ પાસે તેમના સતત તથા જીવંત સંપર્કને કારણે દેશના અનેક ક્રાંતિકારીઓની પ્રવૃત્તિ બાબત મહત્ત્વની જાણકારી હતી. અનેક શારીરિક યાતનાઓ સહન કરીને પણ કુંવર પ્રતાપે ક્રાંતિકારીઓની ગતિવિધિની કોઈ માહિતી બ્રિટિશ પોલીસને ન આપી. બરેલી જેલની કાલકોટડી solitary cell માં અનેક યાતનાઓ સહન કરતાં કરતાં આ યુવાને મે-૧૯૧૮માં મહાપ્રયાણ કર્યું. એક ક્રાંતિકારી રાવ ગોપાલસિંહે પ્રતાપને અંજલી આપતાં ભાવવિભોર થઈને કહ્યું કે 'વિધાતાએ એકસો વીર ક્ષત્રિયના સામર્થ્યને એકઠું કરીને એક પ્રતાપનું નિર્માણ કર્યું હતું.'

૧૯૦૩ માં લૉર્ડ કર્ઝનની મહત્ત્વાકાંક્ષા તેમજ સત્તા પ્રભાવનું નિદર્શન કરવા માટે દિલ્હી દરબારનું આયોજન થયું. આ આયોજનમાં ઉદેપુર મહારાણા ફતેસિંહજી હાજર ન રહે તેમાં જ મારવાડ-મેવાડની શોભા છે તેમ ઘણા દેશભક્તો માનતા હતા. મહારાણાને દિલ્હી દરબારમાં હાજરી આપતા રોકવા માટે કેસરીસિંહજીએ લખેલા દોહા સાહિત્યમાં તેના સત્ત્વને કારણે અમર થયેલા છે. ઠાકુર કેસરીસિંહજી તથા તેમના પરિવારને આવી અનેક ઘટનાઓ માટે જ્યારે યાદ કરીએ ત્યારે આપણા આવા આભથી ઊંચા પૂર્વજો માટે ગૌરવ અને આદરની લાગણી થાય છે. કેટલાયે નામી-અનામી એવા ક્રાંતિવીરોનાં બલિદાન થકી સ્વરાજ્ય પ્રાપ્ત થયું છે. આ વીરોને સુખચેનનું જીવન જીવવા માટે પૂરતાં સાધનો હતાં, તેમની ક્ષમતા પણ હતી. પરંતુ આ બધી સુખ-સવલતોને અડગ નિર્ધાર સાથે છોડીને તેમણે આઝાદી પ્રાપ્ત કરવાના જંગમાં ઝુકાવ્યું હતું. ગાંધીજીના સુવિખ્યાત અનુયાયીઓની જેમ ક્રાંતિનો માર્ગ પકડીને ચાલેલા આ વીરોએ પણ આઝાદીની મશાલ સતત પ્રજ્વલિત રાખી હતી. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નજીકમાં જ છે તેવા સમયે આવા નરબંકાઓની પાવન સ્મૃતિ સ્વભાવિક રીતે જ વિશેષ થાય છે.

૮

# કરમાણંદ આણંદકૃત દુહા : દંતકથા અને દસ્તાવેજ

– ડૉ. ઊર્મિલા શુક્લ

*કરમાણંદ અને આણંદ નામના પિતા-પુત્ર મધ્યકાલીન ચારણી સાહિત્યના મહત્ત્વના સારસ્વત તરીકેના સ્થાન અને માનના અધિકારી જણાયા છે. એમના સ્થાન વિશે વિવિધ સ્થાને છૂટીછવાઈ રીતે ચરિત્રાત્મક વિગતો, સાહિત્યિક દૃષ્ટાંતો અને કૃતિલક્ષી સંદર્ભો પ્રાપ્ય છે. એમાં ક્યાંક પુનરુક્તિ છે, ક્યાંક વિરોધાભાષી વિગતો છે. એમની કંકાળણ ભાટ નામની કવયિત્રી સાથેની કાવ્યસ્પર્ધામાં જીત મેળવ્યાની વિગત પ્રખ્યાત છે. એમના એ કવિતો, દુહાઓ અને એમના વિશે પ્રચલિત દંતકથાઓ, દસ્તાવેજી આધારો અને દુહા-કવિત વિશે વિગતો સ્વાધ્યાય કરીને મારો અભ્યાસ આલેખ રજૂ કરવાનો હેતુ અહીં જાળવ્યો છે.*

: ૧ :

ગુજરાતની રાજધાની પાટણમાં સિદ્ધરાજ જયસિંહના શાસનકાળ દરમિયાન માળવાથી કંકાળણ ભાટ નામની ખૂબ જ બુદ્ધિશાળી, ગર્વિલી અને કવિત્વશક્તિથી સભર વ્યક્તિત્વથી સહુ કોઈને આંજી દેનારી કવયિત્રીનું કહેણ આવે છે કે થોડા દિવસોમાં હું આપના રાજદરબારમાં આવવાની છું. મારી સાથે કાવ્યવિવાદ અને કાવ્યસ્પર્ધા માટે તમારા કવિગણને સાબદા રાખજો. આ સમાચારથી પાટણના રાજકવિ ખિન્ન થઈ ગયા. એમની પુત્રી તેજલબા

રાજકવિપદધારી પિતાની પરેશાની સમજી ગઈ. તેજલબા પોતે પણ કવયિત્રી-કાવ્યશાસ્ત્રજ્ઞ હતાં. એમના શ્વશુર આણંદ અને પતિ કરમાણંદની કાવ્યતત્ત્વજ્ઞતાથી પણ પરિચિત હતા. એટલે પિતાશ્રીને કહ્યું કે તમારા ભાણેજને અને એના પિતાને બન્નેને નિમંત્રણ પાઠવો, સ્પર્ધામાં-વડછડમાં એને કંકાળણ ભાટ આંબી-પહોંચી નહીં શકે.'

તેજલબા પોતે પણ કવયિત્રી હતાં. સુખસાહ્યબીમાં ઊછરેલાં અને શ્વશુરવાસી થયેલાં. શ્વશુર ગામ બોગનીઆઈ - રાજસ્થાનમાં કિશોરાવસ્થામાં. પિતૃગૃહેથી મેળવેલી કાવ્યદીક્ષા અને શિક્ષા લગ્ન પછી પતિગૃહે પણ કાવ્ય-સંવિવાદપૂર્ણ વાતાવરણમાં વિશેષ દઢ થઈ હશે. અન્યથા આવો અર્થસભર કવિત-છપ્પો રચવાનું એમનાથી શક્ય ન બને.

*'ખીપા હંદા ખોલડા, છાજ મરઠ છાઈ જે,*
*માંય જુવા મોકળા, ખડ ઊંચો ખાઈ જે,*
*સાઠી કો સિંચણો, તકે પણ નીર ખારો,*
*હળ ઓઠો હાંકરો, દુધ પીણો અજયા રો.*
*જીવતાં મનુષ્ય ભૂતાં જેસાં, પશુ પશુ સા પાગરણ,*
*તીણ દેશ 'તેજલ' તવે, રખે દિયે રાધા રમણ.'*

(જે પ્રદેશમાં ખીંપ નામના વૃક્ષનાં લાકડાંમાંથી ઘર બનાવવામાં આવે છે. મરઠનાં ડાળાં-પાંદડાંથી એનું છજું બનાવવામાં આવે છે. જ્યાં આંગણમાં જૂવા સવિશેષ પરેશાન કરતા કરડતા હોય છે. વાહન તરીકે જ્યાં ઊંટનો ઉપયોગ કરવામાં આવે છે, જ્યાં સાઠ હાથનું સિંચણ રાખવામાં આવે છે. ઊંડા કૂવામાંનાં જળ પણ જ્યાં ખારાં છે. જ્યાં ઊંટ દ્વારા ખેતી કરવામાં આવે છે અને બકરીનું દૂધ પીવામાં આવે છે. જીવતાં મનુષ્ય જ્યાં ભૂત જેવાં દેખાય છે અને જ્યાં પ્રાણીઓની માફક ભૂમિ ઉપર પથારી પાથરી સૂવું પડે છે. તેજલ કહે છે હે રાધારમણ ! તેવા પ્રદેશમાં કોઈને સાસરું ન આપશો.)

તેજલબાનું કવિત વાંચતાં પ્રેમાળ પતિ-કવિશ્રી કરમાણંદ, અર્ધાંગિની તેજલબાની આંતરવ્યથાને કળી ગયા. પરિસ્થિતિને જીરવીને જીવતી, તેજલબા પરત્વે એમને વિશેષ માન ઊપજ્યું અને કહ્યું કે 'આ ઉનાળામાં તો અવસ્થિતિ વિકટ છે, એમાંથી થોડા દિવસ છુટાય અને પિયરમાં સહુને મળાય એ હેતુથી પાટણ-પિયરગૃહે થોડો સમય જઈ આવો'. તેજલબા પિયરગૃહે - પાટણ - પધાર્યાં છે. કંકાળણ ભાટનું માળવાથી આગમન થવાનું જાણીને ચિંતાતુર બનેલા પિતાને



પુત્રી તેજલબા સાંત્વના આપે છે. અને પોતાના શ્વશુર આણંદ-પતિને કરમાણંદને પાટણ કાવ્યચર્ચાર્થે પધારવા કહેણ મોકલાવે છે.

રાજસ્થાની ભાષા-સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન હીરાલાલ માહેશ્વરીએ એમના ગ્રંથ '**બારહઠ ઈસરદાસ**'માં એક દુહો ઉદાહરણાર્થે કર્યો છે, એમાં આણંદ-કરમાણંદનો પણ નામોલ્લેખ છે. એને આધારે એવું અનુમાની શકાય કે આણંદ-કરમાણંદની કવિત્વ શક્તિ એ સમયગાળામાં ઘણી પ્રચલિત હશે.

*'ઈસર, અલુ કરમાણંદ આણંદ,- સુરદાસ પુનિસંતા,*
*માંડણ, જીવો, કેશવ, માધવ, નરહરદાસ અનંતા.'*[૨]

કરમાણંદ-આણંદની દુહા કવિતા ખૂબ જ જાણીતી હશે. એનો પરિચય કરાવતો બીજો પણ એક દુહો આશાજી રોહડિયા વિશેના ડૉ. અંબાદાન રોહડિયાના સંશોધનલેખમાંથી પ્રાપ્ત થાય છે.

*'કવિતે અલુ, દુહે કરમાણંદ, પાત ઈસર વિદ્યાચો પુર*
*મેહો છંદે, ઝૂલણે માલો, સુરપદે ગીત હરસુર'*[૩]

કવિત રચવામાં અલુજી કવિયા, દુહામાં કરમાણંદ, સર્વવિદ્યાઓમાં ઈસરદાસ મહાપુર સમાન છે. છંદરચનામાં મેહોજી, ઝૂલણા રચવામાં માલોજી આશિયા, પદો રચવામાં સુરાજી રોહડિયા અને ગીત રચવામાં હરસુર પ્રખ્યાત છે.

રાજસ્થાનમાં અને પછીથી ગુજરાતમાં સુખ્યાત બનેલા કરમાણંદ-આણંદ હકીકતે પિતા-પુત્ર છે. 'આણંદ કહે કરમાણંદા' એવી નામછાપ ધરાવતી પિતાએ પુત્રને ઉદ્દેશીને રચેલી રચનાઓ ખૂબ જ પ્રખ્યાત છે. કંઠસ્થ પરંપરાની જીવંત પરંપરામાં પ્રચલિત રચનાઓના મૂળરૂપ પ્રાચીન હસ્તપ્રતોમાં પણ ઉપલબ્ધ હોવાને કારણે એમના કર્તૃત્વ અંગે શંકાને સહેજ પણ સ્થાન નથી. કેટલાકે એમને પ્રજ્ઞાચક્ષુ તરીકે ઓળખાવ્યા છે, કેટલાકે એમને મામા-ભાણેજ કે કાકા-ભત્રીજા તરીકે ઓળખાવ્યા છે. પણ એ અંગેના કોઈ આધાર પ્રાપ્ય નથી. એમના પિતા-પુત્રના સંબંધના દસ્તાવેજી આધારરૂપ વિગતો રતુદાન રોહડિયાએ '**ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ**' નામના ગ્રંથમાં આલેખેલ છે. તે મુજબ

'સોલંકી યુગના ચારણ કવિઓમાં શિરમોર રૂપ કહેવાય તેવા તો આણંદ અને કરમાણંદ મિશણ છે. તેઓમાં આણંદ પિતા અને કરમાણંદ પુત્ર હતા. મૂળ તો તેઓ થરપારકરના બોગનીઆઈ ગામના હતા. અને પછી સિદ્ધરાજ જયસિંહ તરફથી મમ્માણા ગામ એમણે દાનમાં મેળવેલું. હાલ ત્યાં કરમાણંદના વંશજો

મોજૂદ છે. અને તેઓ કરમાણંદ મિશણની ૨૨મી પેઢીએ થાય છે. આ હકીકતને જૂનાં કાવ્યોનો પણ ટેકો પ્રાપ્ત છે. મમ્માણા ગામના આઠ પેઢી પહેલાંના પૂર્વજ વીરદાન મિશણે મમ્માણા ગામ પર રાજ્યની ભીંસ આવતાં ત્રાગું કરેલું તે વેળાનું એક કાવ્ય ઉપલબ્ધ છે :

*રાજડ માન શ્રી કૃષ્ણ રિસાણા,*
*લેવા કજ શાસણ લોભાણા,*
*એમ ભાખે વીરદાસ આપાણા;*
*તો મૂં ઊભાં કંમ જાય મમ્માણા... ૧*

*જગ જાણે સિદ્ધરાજ દહિયા જેહ,*
*આણંદ કરમાણંદ લહિયા એહ;*
*બાપ દીકરો ઘણું ખાટ્યા બેઅ,*
*તો ત્રાગાળો વીરદાસ ન દિયે તેહ... ૨*

(રાજા કૃષ્ણાજી કોપાયમાન થયા, અને તેમના દિલમાં ચારણોને મળેલું દાન (શાસણ) પડાવી લેવાનો લોભ જાગ્યો. ત્યારે વીરદાસ મિશણ કહે છે : મારાં ઊભાં (જીવતાં) મમ્માણા ગામ મારા હાથમાંથી કેમ જાય ? કેમ જાવા દઉં ? જગત જાણે છે કે પાટણ-પતિ સિદ્ધરાજ જયસિંહ દેવે એ દાન આપેલું છે. અને આણંદજી અને તેમના પુત્ર કરમાણંદજીની બેલડીએ તે મેળવ્યું છે. તેને ત્રાગું કરવાવાળો એવો વીરદાસ મિશણ એમ ને એમ (ત્રાગાં કર્યા વગર) તો એ નહિ જ જવા દઉં).[૪]

: ૨ :

કરમાણંદ-આણંદ પિતા-પુત્રએ એક થઈને જેમને મહાત કરી એ વિદુષી કવયિત્રી કંકાળણ ભાટ વિશે પણ વિવિધ પ્રકારની દંતકથાઓ પ્રચલિત છે. એક મત મુજબ તે અતિદુર્બળ, કુરૂપ અને એક આંખે કાણી હતી. પરંતુ તેના કોઈ આધાર પ્રાપ્ત નથી. તથા કંકાળણ નામના અર્થપ્રમાણે હાડપિંજર એટલે દૂબળી. આવું એક અનુમાન કરાયું હશે. પરંતુ કંકાળણનો નીચેનો હોઠ કપાયેલો હોવાના કેટલાક આધાર સ્પર્ધા નિમિત્તે પ્રગટ થયા છે. તેનું ઉદાહરણ અવલોકીશું પરંતુ એ પૂર્વે કંકાળણ ભાટ ભારે સમર્થ કવયિત્રી હતી. જગદેવ પરમારનું માથું તેણે દાનમાં પ્રાપ્ત કર્યું હતું. તે ભારે રૂપવતી અને દૈવીગુણો પણ ધરાવતી હોવાનાં દૃષ્ટાંતો ઉપલબ્ધ છે.



બીજું દૃષ્ટાંત કંકાળણ ભાટ સંદર્ભે પ્રાપ્ત છે - એમાં એની સાથે આણંદ કરમાણંદે કાવ્યચર્ચા કરેલી એવા નિર્દેશ નિહિત છે. એ કંકાળણ ભાટને જગદેવ પરમારે શિશ દાનમાં આપ્યાની વાત પ્રચલિત છે. કવિ વેતાળ ભાટનાં કાવ્યોમાંથી પણ એ વાત મળે છે :

*'બચન કાજ જગદેવ શિર કંકાલન દિયો'*

જબદલ વિહારીનાં કવિતોમાં :

*'જગદેવ નહ મરે, દીધ મરહુ શિર કપી.'*

કોલુ શંખાવતના ગીતમાંથી :

*'કમળ જગદેવ રા જેમ કોલુ રમક*
*કોરડા પ્રથીસર અમર કીધા.'*

'જગદેવ પરમાર'ની પદ્યબંધ વાત કે જે વીસનગરના શ્રી, સોમાભાઈ બારોટને ચોપડે નોંધાયેલી છે. તેમાં પણ જગદેવ પરમારે કંકાળણને માથું દાનમાં આપ્યાની કથા છે, સાથે કંકાળણ ભાટણ દૈવીઅંશ ધરાવતી હતી એવું પણ નિરૂપણ છે. જગદેવ પરમારના માથાનું દાન લેવાની પાત્રતા અને દૈવી અંશના આરોપણનું વાસ્તવિક તાત્પર્ય એ છે કે કંકાળણ ભાટ સમર્થ કવયિત્રી હતી.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી પ્રકાશિત થયેલી **'સુબોધક વાતો'** પુસ્તિકામાં દંતકથાને આધારે આલેખાયેલી કંકાળણ અને કરમાણંદની વાતમાં કંકાળણને અતિ કુરૂપ અને એક આંખે કાણી હોવાનું વાંચ્યાનું પણ સ્મરણ છે.

જ્યારે **'જગદેવ પરમારની વાત'**માં કંકાળણ ભાટનું જુદું ચિત્ર અવલોકવા મળે છે.' જગદેવ પરમારની વાત' કંકાળણની વંશાવળી આ રીતે આપે છે.

*'પ્રથમ ભાટ ભીમ, સંભ, પ્રભટ રાવ ભણી જે;*
*અટરાવે મેઘરાવ, મેઘ કંકાળણ જોઈ.'*

અર્થાત્, પ્રથમ ભીમભાટ થયા, ભીમના શંભ ભાટ થયા, શંભના પ્રભટ ઉર્ફે અટરાવ થયા, અટરાવના મેઘરાવ થયા. એ મેઘરાવની પુત્રી કંકાળણ છે.

કંકાળણના રૂપનું વર્ણન પણ એમાં પ્રાપ્ત થાય છે. તે અવલોકીએ :

*'કંકાળણ રૂપ અસો કરિઓ.*
*ધરો રૂપ સકોમળ તે ધરિઓ,*

*સુન સોળ સુનાં શણગાર સજો,*
*ભર જોબન રૂપ અનૂપ ભજો.'*

*'ભન માંગ સિંદૂર જે મગ ભરો,*
*કેસરી કટલંક અનોપ કરો,*
*મ્રઘનેન મરાલ કીરન મોર,*
*તબાબ અનારો રામજી રમો,*
*ચંદ્રવદની ચંત સચંત ચલે.*
*દફલા સકોમલ હૈ સૂં હલે.'*

*'કામની ઘણ કામણ રૂપ કરી,*
*ફેણ મઆ વેણ નાગફણી.'*

*'તવ રૂપ રંભાતણો, તડોવડ કરે તાત.'*

કંકાળણ ભાટ મહાન વિદ્વાન હતી એવું નિરૂપણ પણ એ રચનામાં પ્રાપ્ત છે.

*'ચઉદ વદા ગુણવદ, વદે વદા કુણ વેદ;*
*વડાળા વજીઓ નમાડે નર નેઠ*
*ગણે ગણ ગૂંજીઆ.'*[૩]

અર્થાત્, એ રૂપવતી કંકાળણ ચૌદવિદ્યાને જાણનારી છે. એની સામે કોણ વિદ્યાની હોડ-વાદ કરી શકે તેમ છે ? તે સુંદરી નારી ખરેખર મોટા સભાજીત પંડિત નરોને નમાવનારી છે. એનાં કાવ્યો સભાઓમાં ગાજે છે.

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના મતાનુસાર સિદ્ધરાજ જયસિંહનો સમય ઈ.સ. ૧૦૯૪ થી ૧૧૭૮ (વિ.સં. ૧૧૫૦ થી ૧૨૩૬) મનાય છે. ફાર્બસના મતાનુસાર ઈ.સ. ૧૦૯૪ થી ૧૧૪૩ છે. કરમાણંદ-આણંદ મિસણને પાબુજી રાઠોડના પિતાશ્રી ધાંધલજી રાઠોડે પંચપદરા તાલુકામાં આવેલું નાનકડું ઈકડાણી નામનું ગામ ભેટસ્વરૂપે આપેલું. રાજસ્થાની ચારણકવિશ્રી મોડજી આશિયાએ **'પાબુ પ્રકાશ'** નામની રચનામાં આણંદજી મિસણને પાબુજીના પિતાને ધાંધલજીના સમકાલીન ગણીને નિરૂપ્યા છે. એ રીતે કરમાણંદને ધાંધલજીના સુપુત્ર પાબુજીના સમકાલીન ગણી શકાય.

કરમાણંદ ભારે લાડકવાયા હશે. પિતા પુત્ર વચ્ચે મૈત્રીભર્યા સંવાદ કાવ્યોની આપ-લે થયેલી છે અને સતત સાથે સહવાસમાં જ છે એટલે બન્ને વચ્ચે કદાચ ઉંમરનો બહુ તફાવત નહીં હોય. વીસ બાવીસ વર્ષનો ગણીએ તોય પિતા



ઠરેલ, જ્ઞાનવૃદ્ધની સંગાથે કિશોર વયે પહોંચતા કરમાણંદે પણ કાવ્યરચનાનો આરંભ કર્યો હશે. કંકાળણ ભાટવાળી ઘટના તેજલબા સાથેના લગ્ન પછીની તરતની જ ગણાય. એ સમયે કરમાણંદની વય પચીસેકની અનુમાનીએ અને પિસ્તાલીસેક વર્ષની વય પિતાશ્રીની અનુમાનીએ તો પછીનું શેષ આયુષ્ય એમણે ગુજરાતમાં ગાળ્યું ગણાય.

મૂળ વતન રાજસ્થાનનું જેસલમેર જિલ્લાનું બોગનીઆઈ ગામ. બક્ષિસમાં મળેલું ઈકડાણી ગામ. એની જાગીર છોડી નહીં હોય. (કદાચ આણંદજી મિસણ રાજસ્થાનમાં પણ રહ્યા હોવાનું અનુમાની શકાય). ભાઈઓમાં સંતાનોને કે ભત્રીજાઓને જાગીર આપી હશે. કારણ કે ચારણના કચ્છના મોરઝર-નિવાસી વહીવંચા બારોટ ભીમજી ભારમલના ચોપડામાં મિસણ ચારણોની વંશાવળીમાં રાજસ્થાન સાથેનો અનુબંધ જળવાયેલો નિરૂપાયેલો હોવાને કારણે મૂળ વતન અને ગુજરાતમાં પ્રાપ્ત માન-સન્માન જમીન જાગીરો પણ ઉપયોગ ચાલુ રાખ્યાનું જણાય છે.

પિતા-પુત્રએ કાવ્યચર્ચા-સ્પર્ધામાં કવયિત્રી કંકાળણ ભાટને પરાજિત કરી એમાં કવિપ્રતિભા ઉપરાંત ચારણી કુનેહ પણ કારણભૂત જણાય છે. એમની રચનાઓમાં નીતિબોધ, ડહાપણ, કોઠાસૂઝ અને સામાજિક જ્ઞાન પણ પ્રયોજાયેલું હોવાને કારણે સમાજના બહુ મોટા વર્ગમાં એમની રચનાઓ સ્વીકૃતિ પામી અને આઠ-નવ સૈકા સુધી કંઠસ્થપરંપરામાં જીવંતરૂપે પણ જળવાઈ. અલબત્ત એમાં સમયભેદે ભાષાના પ્રચલિત રૂપો ભળતા ગયા. મને આણંદ કરમાણંદની નામછાપવાળી બીજી થોડી રચનાઓ પણ અવલોકવા મળી, પરંતુ મને એનું કર્તૃત્વ સંદિગ્ધ જણાયું હોઈને હું સ્પષ્ટપણે એનું કર્તૃત્વ આણંદ-કરમાણંદનું માનતી નથી.

વિદુષી, કવયિત્રીની સામે સ્પર્ધામાં ઉતારવા માટે કવિપુત્રી તેજલબાની પ્રતીતિને સ્વીકારીને રાજકવિ પિતાશ્રીએ રાજવી સિદ્ધરાજ જયસિંહને જણાવી દીધું કે 'આપ નિશ્ચિંત રહેજો. રાજસ્થાન બોગનીઆઈથી અમારા વેવાઈ આણંદજી અને જમાઈ કરમાણંદને કંકાળણ ભાટ સાથે કાવ્યવાદ માટે નિમંત્ર્યા છે.

: ૩ :

માળવાથી કંકાવણ ભાટ આવી પહોંચી. સ્ત્રીસહજ લજ્જા અને ગૌરવથી તેમણે રાજકચેરીમાં પડદા પાછળ બેસીને કાવ્યસર્જન પરીક્ષણ આરંભવાનું કહેલું. તે પ્રમાણે વ્યવસ્થા થઈ ગઈ. રાજકચેરીમાં કાવ્યરસના ભાવકો વિશેષ રૂપે ઉપસ્થિત

થયા. કંકાળણે કહ્યું કે 'હું જે અંતિમચરણ રૂપે કાવ્યાંશ કહું તેનો તમારે તર્કપૂત, સત્યપૂત કાવ્યબંધ રચી આપવાનો. કરમાણંદ અને આણંદે કંકાળણની એ શરત સ્વીકારી.

કંકાળણ ભાટ કવયિત્રીએ પણ એક પછી એક અગિયાર કાવ્યાંશો કહ્યા અને એના છંદોબદ્ધ રીતે કંકાળણના પ્રશ્નને વિષયસંદર્ભે ભારતીય પુરાકથાના તાર્કિક આધારો આપીને એક પછી એક કવિત બનાવીને શીઘ્રકવિતા પ્રસ્તુત કરીને કંકાળણ ભાટને પરાજિત કરેલી. આ અગિયાર કવિતના પાઠ રતુદાન રોહડિયા દ્વારા લેખસ્વરૂપે 'ઊર્મિ નવરચના'ના ઑગસ્ટ ૧૯૭૮ના અંકમાં મળે છે. શ્રી શિવદાન ગઢવીના અભ્યાસગ્રંથ **'કવિરાજ કહે'** ગ્રંથના એક લેખમાં કંઠસ્થ પરંપરામાં પ્રચલિત પાઠ ઉદાહરણાર્થે થયેલો મળે છે. મને જ્યાં શિવદાન ગઢવીનો કંઠસ્થ પરંપરામાં પ્રચલિત પાઠ શુદ્ધપાઠ તરીકે પ્રસ્તુત કરવો ઉચિત જણાયો ત્યાં મેં પાઠ બદલ્યો છે. અહીં એ ઘાટા અક્ષરે મૂકેલ છે. અર્વાચીન ગુજરાતીમાં અનુવાદ, મેં મારા અભ્યાસ અને અર્થઘટન સંદર્ભે કર્યો છે.

કંકાળણ ભાટના દસ ટૂંકા અર્ધા વાક્યના પ્રશ્નોના ઉત્તર રૂપે કરમાણંદે કહેલા દસ કવિત આસ્વાદીએ. છેલ્લે પ્રશ્નો સ્વરૂપે કંકાળણ ભાટને પૂછેલું અગિયારમું કવિત પણ અહીં સંપાદિત કરીને રાખેલ છે.

### ❑ આણંદ-કરમાણંદકૃત અગિયાર કવિત

કંકાળણે પડદા પાછળથી પૂછ્યું કે કવિ મને કહો માછલાં પહાડનાં શિખરો ઉપર ક્યારે ચઢ્યાં ? કરમાણંદે ઉત્તરરૂપે શીઘ્ર કવિત રચીને સભા સમક્ષ રજૂ કર્યું.

'અવધ ચંદ્ર શ્રી રામ, આપ વનવાસ પોહોતે;
હરી સીતા દસકંધ, ગિઓ સંગ્રામ અંતતે;
ભડ અનેક લખમણ ભડે, બાંણ લખમણ શીર પાડે;
અનડ મૂળ ઉપાડે, આગવે ધ્રુણધરગિર ઉપાડે;
**અણિવે** ધ્રુણધર ગરજિઓ,
લહર નિર ઉપર પડી;
**કરમાણંદ** કહે કંકાલણિ,
તહિંએ મચ્છ ગરવર ચડી. ૧

— અયોધ્યાના ચંદ્ર સમાન શ્રીરામ વનવાસ હતા, ત્યારે રાવણે સીતાનું હરણ કરેલું, એનો અંત યુદ્ધથી આવ્યો. એ યુદ્ધમાં વીર એવા લક્ષ્મણ અનેકની



સાથે લડ્યા. તેમાં બાણ લાગતાં લક્ષ્મણ પૃથ્વી પર પડ્યા. ત્યારે હનુમાને મૂળ સહિત દ્રોણાચળ પર્વત ઉપાડ્યો. પર્વત ઊંચકીને ભારે ગર્જના કરી એટલે સમુદ્રમાં પ્રચંડ લહેરો ઊછળી અને પહાડનાં શિખરો પર પડી. કવિ કરમાણંદ કહે છે કે એ સમયે પાણીની લહેરો સાથે માછલાં પહાડનાં શિખરો પર ચડ્યાં.

બીજા પ્રશ્નરૂપે કંકાળણે પૂછ્યું કે 'મોતીનો રંગ લાલ કેમ થયો ?' પ્રત્યુત્તર રૂપેનું કવિત જુઓ :

જધ હુવો જાદવા, દળે સ્રવ દારામતી;
છપનક્રોડ કળ છાત્ર, જુવે લખમણ સહ જતી
અળાંભાર ઉતાર, ખપે પરભાસ ખંધાર;
વિઓ ક્રસન વૈકંઠ, સહજારવ સંધાર;
સો અસુ નખત્ર સાતન મળે,
વહે સ્રગ જાદવ વુઆ;
જેસંગ રાણ સાંભળો ત દન મોતી લાલ હુઆ... ૨

— દ્વારકામાં જ્યારે છપ્પન કરોડ યાદવો વચ્ચે યાદવાસ્થળી થઈ, જેને (સ્વર્ગમાંથી) લક્ષ્મણ સહિત બધા યતિઓએ નિહાળી. પૃથ્વીનો ભાર ઉતારીને એ બધા પ્રભાસના સંહારમાં મરણને શરણ થયા ત્યારે કૃષ્ણ એ મહાસંહારમાં વૈકુંઠલોકની ગતિને પામ્યા. એ સમયે નવલું એવું સ્વાતિ નક્ષત્ર હતું. વિપુલ રક્ત સમુદ્રમાં વહેવાને કારણે હે રાજા જયસિંહ, કવયિત્રી કંકાળણે પૂછેલા પ્રશ્નનો ઉત્તર સાંભળો, તે દિવસે મોતીઓ લાલ રંગનાં થયાં.

કંકાળણે ત્રીજો પ્રશ્ન પૂછતાં જણાવ્યું કે 'માછલાંઓએ ગીધને ક્યારે ગળ્યાં ?'

કળો રચ્યો કોરવાં, પાંચ પાંડેવ સૂં મતો;
અસંખ રગત ઉછળે, રોયણ થરિવ તળ રતો;
પોહવ તેણ પંખણી, ગૂડ ધડ ગળવા લગી;
અસંખ રગત ઊછળે, અંગ ભીની ઊમંગી;
મહા કરે શુર રણ ખેતમાં,
મીન ખગ સાંમી મળી;
અઢાર ખોહણ દળ આવરે,
ત દન મચ્છ ગ્રીધણ ગળી... ૩

— પાંચ પાંડવો સામે કૌરવોએ મહાયુદ્ધ કર્યું તેમાં ખૂબ જ લોહી વહ્યું.

જે પૃથ્વીને લાલચોળ કરતું વહેવા લાગ્યું. તે વેળા ગ્રીધણી માંસ ગળવા જતાં એ લોહીની નદીમાં તણાવા લાગી, મહા શૂરવીરો કપાયા અને લોહીની નદીનો જ્યારે સાગર સાથે સંગમ થયો ત્યારે, સમુદ્રનાં માછલાંઓ એ લોહીની નદીમાં સામે પ્રવાહે તર્યાં અને સામેથી તણાઈ આવતી ગીધણો-ગીધોને મળ્યાં. આ રીતે અઢાર અક્ષોહિણી સેના કપાઈ ગઈ તે સમયે માછલાંઓએ ગીધને ગળ્યાં.

કંકાળણે ચોથો પ્રશ્ન પૂછતાં કહ્યું કે મને જણાવો કે 'ચકવા-ચકવીનો રાત્રિએ મેળાપ કેમ થયો ?'

હરી સીતા દહકંધ બાણ લખમણ કું લગ્ગા
હણુંસહત વંદરા, અપઅપા મીઅ ભગ્ગા;
ગઆભીચ પરબત જોય જઈ જડી પછાણી
અનડ મૂળ ઉપાડ લીઓ કઢઉ દાર અણી;
લંક ઊજાળું તવભ્યું
સવ જીવ જેવા સળસળે
**આણંદ** કહે જેસંગ રાઉ
તેણ રેયણ ચકુવે મળે. ૪

જ્યારે રાવણે કરેલા સીતાહરણને કારણે યુદ્ધ થયું અને લક્ષ્મણને મેઘનાદનું બાણ લાગ્યું ત્યારે ઔષધ લેવા માટે હનુમાન સહિત વાનરો (દશેય દિશાઓમાં) દોડ્યા. અનેક શૂરવીરો પર્વત પર ગયા. જડીબૂટી ઓળખીને આખો પર્વત મૂળ સાથે ઉપાડી લાવ્યા. એ સમયે રાવણની માયાને કારણે લંકામાં તેજ પથરાયું. ત્યારે જીવમાત્ર તે પ્રકાશ જોવા માટે સળવળ્યા. કવિ આણંદ કહે છે કે હે રાજા જયસિંહ દેવ કંકાળણે કરેલા પ્રશ્નનો ઉત્તર સાંભળો એ રાત્રીએ ચકવા-ચકવીઓનો મિલાપ થયો.

કંકાળણે પાંચમો પ્રશ્ન પૂછતાં કહ્યું કે 'પાર્વતીના નૂપુર સાથે ચંદ્રનું મિલન ક્યારે થયું ?'

પારવતીને ઈશ. કંકુ લગા કસ કારણ;
જટા મગટ મે ગંગ, આછી અરધંગ વેહારણ;
કલહ કરવ નારદે, કોપ ઊમિઆ કીજે,
ભરડા ભગતે ભરથાર, તો એ કુણ વેણ પતિજે;
શિવ શક્ત રૂઠી ફરે,
ઈસ મનાવા ટળવળે



શિવ શકત ચરણધરે,
તાં ઈસ ચંદ નેપુર મળે. ૫

પાર્વતીજી અને શિવજી વચ્ચે કોઈ કારણથી પ્રણય કલહ થયો. 'શિવે, તમારી શોક્ય ગંગાને જટામાં સ્થાન આપીને તમારા કરતાં શ્રેષ્ઠ સ્થાન આપ્યું છે.' એવી નારદે કરેલી ખટપટથી પાર્વતી કોપાયમાન થઈ કહે છે : 'હે નાથ, હે ભારાડી બાવા, હવે તમારી કઈ વાતનો વિશ્વાસ કરવો ?' આમ શિવથી પાર્વતી રૂઠ્યાં ફરે છે. અને તેમને મનાવવા રૂદ્ર આકુળ-વ્યાકુળ થઈને પાર્વતીને ચરણે પોતાનું મસ્તક મૂકે છે. એ સમયે શિવને લલાટે રહેલા ચંદ્રનું અને પાર્વતીને પગે ધારણ કરેલાં નૂપુરનું મિલન થયું.

કંકળણે છઠ્ઠો પ્રશ્ન કરતાં કહ્યું કે 'શંકરના મસ્તકે રહેલા ચંદ્રની ઉપર કીડીઓ ક્યારે ચડી ?'

ક્રસન ઉદધ મથે, રતન કીધાં ચઉદે ચર;
તે રતન ત્રિલોક, વાંટી દીધાં મોહવસ;
હરનાં ઇ હર ઊં કિઓ, ઝિહર પી અંતરજામી
ધૂંધલેશ અતિ ઘૂંટિઉં, સોઅ પીધું સવિ સામી;
ધડહડે અંબર બોહ ધ્રુજિઓ,
ઈસ સિસ અળિ સો અડી;
કહે **કરમાણંદ** સુહા કંકાળણ,
તે દિ ચંદ વદન કીડી ચડી. ૬

વિષ્ણુએ સમુદ્રમંથન કરીને ચૌદ રત્નો રસપૂર્વક મેળવ્યાં. પણ તે મોહવશ દેવતાઓને વહેંચી દીધાં. અને છેલ્લે રૂદ્રને ભગવાને કહ્યું કે 'હે અંતર્યામી, તમે આ વહેંચતાં બાકી રહેલું વિષ પી જાઓ.' ત્યારે મહાદેવે ઘૂંટીને એ હળાહળ ઝેર પીધું. અને એ દારૂણ વિષના પ્રભાવે તેઓ કંપાયમાન થઈને તેઓ ધરતી પર ઢળી પડ્યા. એ દિવસે, કરમાણંદ કહે છે કે હે કંકાળણ શિવને મસ્તકે રહેલ ચંદ્ર પર પૃથ્વી પરની કીડીઓ ચડી ગઈ.

સાતમો પ્રશ્ન પૂછતાં કહ્યું કે 'વામન ભગવાનની લાકડી આકાશને ક્યારે અડી ?' કરમાણંદે ઉત્તર રૂપે કવિત કહ્યું.

વામણ સરૂપ વ્રસન, પ્રથમ જગ માંય પધારે;
ઊઅંકાર મન આખ, વેદ ચારે ઉચારે,
બળ રાજા બોલિઓ, દંન માગે સો દિજે,
ત્રે કદમ ધર મેં તાં આસન કિજે;

ભગવાન ક્રમ ત્રે વે ભર,
આધુ ક્રમ અઠુ ખડુ,
ચપને વમળ વધિઓ કમળ
તેહીએ ડંગ અંબર અડી. ૭

— વિષ્ણુ ભગવાને વામન રૂપ ધરીને પૃથ્વી ઉપર આવ્યા ત્યાં ઓમકાર સાથે વેદવાણી ઉચ્ચારી. ત્યારે બળિરાજાએ કહ્યું : 'હે વામન, તમે માગો તે દાન આપું.' ત્યારે વામને કહ્યું, 'રાજન, તું મને સાડા ત્રણ ડગલાં પૃથ્વી આપ કે જ્યાં હું મારું આસન સ્થાપું.' આમ ભગવાને ત્રણ ડગલાંમાં ત્રિલોકને માપી અર્ધું પગલું બળીરાજાની છાતી ઉપર મૂકી તેને પાતાળમાં ચાંપતી વેળા વિરાટ રૂપ ધારણ કર્યું ત્યારે હાથમાં રહેલી એમની લાકડી પણ વધી. અને એ દિવસે લાકડી આકાશને અડી.

આઠમો પ્રશ્ન પૂછતાં કંકાળણે કહ્યું કે મને સમજાવો 'રાત્રિએ ચંદ્રગ્રહણ કેમ ન થયું ?' એના ઉત્તર રૂપે આણંદે શીઘ્ર કવિત રચીને ઉત્તર આપ્યો.

માંડણ પિયુસો મન કરે ગૃહ આંગણ સોતી;
અડીઅડ જંમ આકાશ, માંગ જમ દીપે મોતી;
સોળકળ સંપુર ચંદ્ર, ભાલ પર સોહે
ખણ અધરિ ખણ અધરિ, રાહ ભુલા મખ જુવે
ટળ ગયું સંજોગ વેલાહ ટળી,
હેક ત્રીપે ન થયું હરણ;
**આણંદ** કહે જેસંગ રાઉ અવ
તેહીઅ રેણ ન થયું ઘરણ. ૮

— પતિને ચિત્તમાં ધારણ કરીને એક સુંદરી ઘર આંગણે સૂતી હતી. આકાશગંગા માથાનો સેંથો અને તેમાંની મોતીની શેર શોભતી હતી. શોભાયમાન ભાલવાળી એ નારી સોળકળાના ચંદ્ર જેવી ચંદ્રવદની લાગતી. એ સમયે ગ્રહણ અર્થે આવેલો રાહુ ચંદ્રને અને ચંદ્રવદનીને જોઈને શંકામાં-દ્વિધામાં પડ્યો કે આમાં સાચો ચંદ્ર કયો ? આ કારણે ચંદ્રગ્રહણનો સમય અને સંયોગો પૂર્ણ થઈ જતાં એક નારીને કારણે હે મહારાજ જયસિંહદેવ તે રાત્રિએ ચંદ્રગ્રહણ ન થયું. એમ કવિ આણંદજી કહે છે.

નવમો પ્રશ્ન કરતાં પૂછ્યું કે મને કહો કે 'કૃષ્ણ અને વાછરડા એક થાળીમાં ક્યારે જમ્યા ?'



કંસ સર જુધ કાજ, ભારથ મથુરાપર કનું,
મલ અખાડે માંડ, ભયું ચેહું લો વજનું,
તાંમ જસોદા માત, પુત્ર લે કાંન વધાએ
દૂધ વણ ધોવણ અખિર, સંપત લે આએ;
ઊજળી નાર હંસા ગમણ, આરતી સર ઉતરે;
મધગરવ લુ વછ ચડું હેક થાળી ભોજન કરે. ૯

— કૃષ્ણે મથુરામાં કંસને મરવા માટે અખાડામાં મલ્લયુદ્ધ કર્યું, ત્યારે તેઓ ત્રણે લોકમાં વજન(મહત્ત્વ)વાળા થયા. એ સમયે માતા યશોદા પુત્રને વધાવવા આવ્યાં. સાથે દૂધ વગરના રાંધેલા ભાત લઈ આવ્યાં. એ ભાતનો થાળ નીચે મૂકીને એ ઊજળી હંસ ગતિથી ચાલનારી માતાએ કૃષ્ણની ઊભાં ઊભાં આરતી ઉતારવા માંડી. એ સમયે કૃષ્ણ પણ ભાતના કોળિયા ભરી રહ્યા હતા, એક વાછડું પણ એ વખતે આવીને થાળીમાંથી ખાવા માંડ્યું. આમ તે દિવસે કૃષ્ણ અને વાછડું એક થાળીએ જમ્યાં.

દશમો પ્રશ્ન પૂછતાં કંકાળણે કહ્યું કે મને કહો કે 'હરણ એક પગે ક્યારે નાચ્યું ?'

માન પિયુ સે માન, તજી ઘર આંગણ સોતી;
અડચંદ જ્યું આકાશ, ચંદ જ્યું ચંદકી જ્યોતિ
ચંદ ઉધર ચંદ ઇંધર, વડી વિમાસણ હોઈ;
ગ્રસન યોગચંદ્રન ભયો, રાહુ ભૂલ્યો મુખ જોઈ;
હલ્યો સંજોગ ગ્રસન તણો,
રેન તૂટત છૂટત હરણ;
કહે **કરમાણંદ** સુણ કંકાલણ,
તે દિ એક પગ નાચ્યો હરણ. ૧૦

— એક રૂપાંગના પતિથી રિસાઈને લઈને ઘરઆંગણે ખુલ્લામાં સૂતી હતી. એ વખતે ગ્રહણયોગ હોવાથી રાહુ ચંદ્રને ગ્રહણ કરવા આવ્યો. ચંદ્ર સમાન એ સુંદરીનું મુખ જોઈને રાહુને દ્વિધા થઈ કે આ બેમાં સાચો ચંદ્ર કયો ? એમ એ ક્ષણ આ બાજુ, ક્ષણ બીજી બાજુ જોતો રહ્યો. આ રીતે સુંદરીના મુખને કારણે રાહુ ભૂલથાપ ખાઈ જતાં ગ્રહણના સંયોગો વીતી ગયા, અને ગ્રહણ ન થઈ શક્યું. તેથી ચંદ્રના રથની લગામ તૂટી જતાં રથે જોડાયેલું હરણ મુક્ત થઈ ગયું. કરમાણંદજી

કહે છે હે કંકાળણ સાંભળ, એ દિવસે સ્વતંત્ર થઈ જવાના હર્ષમાં હરણ એક પગે નાચી ઊઠ્યું.

દશે-દશ પ્રશ્નના ઉત્તરો મેં કવિતા રૂપે તમારી શરત પ્રમાણે આપી દીધા. પણ હવે એક પ્રશ્ન પૂછું છું એના જવાબનું કવિત બનાવીને તમે આપો એવું કહીને કરમાણંદે કવિત રજૂ કર્યું :

પવન કે' દિ' પ્રકાશ, હર અગની કે'દિ' કીધી;
મે કે' દિ' મંડાણ, આભ હર કે'દિ' આદરિયા
નાથ્યો કે' દિ' નાગ, લંક હર કે' દિ' લીધી;
કરમાણંદ કહે સુણ કંકાળણ એતાં વાનાં હુઆ કે'દિ'. ૧૧

— આ પૃથ્વી પર પવન ક્યારે પ્રગટ્યો ? પ્રભુએ આગ ક્યારે સર્જી ? સૃષ્ટિ પર મેઘનાં મંડાણ ક્યારે થયાં ? આકાશ ક્યારે સર્જાયું ? રામે લંકા ક્યારે જીતી ? કૃષ્ણે કાળિનાગને ક્યારે નાથ્યો ? કવિ કરમાણંદ કહે છે, હે કવિયણ કંકાળણ, સાંભળ, આ બધાં વાનાં ક્યારે થયાં ?

અગિયારમું છેલ્લું કવિત કરમાણદે કંકાવણ ભાટને પ્રશ્નપૃચ્છા સંદર્ભે રચ્યું છે. પણ એનો જવાબ કંકાળણ ભાટ આપી ન શકી. જે દશ પ્રશ્નો પણ ટૂંકા અર્ધી અર્ધી પંક્તિના જ પૂછેલા. એમાં પ્રયોજેલ વર્ણ અને ઉચ્ચારણ ઉપરથી કરમાણંદ અને આણંદને સમજાઈ ગયેલું અને ખ્યાલ આવી ગયેલો કે પડદામાં છુપાઈને પોતાની દેહદૃષ્ટિથી અજાણ રહીએ એ કારણે પડદો આડો રાખ્યો છે. એના ઉચ્ચારણથી ખ્યાલ આવી ગયેલો કે એનો હોઠ કપાયેલો છે, ખંડિત છે એટલે ઓષ્ઠયવર્ણ અને દંત્યવર્ણ વાળો પાઠ એમના માટે અશક્ય છે. આથી કહ્યું કે કવયિત્રી કંકાળણજી ! ભલે તમે પ્રશ્નનો ઉત્તર ન આપી શક્યાં પણ જો તમે હું જે રચનાનો પાઠ સંભળાવું તેનું યથાતથ સ્મૃતિને આધારે એક-બે, ત્રણ કે ચાર કડી કે આખી રચનાનો પુનઃ પાઠ કરીને સંભળાવો એમ કહીને એમની સમક્ષ રચના રજૂ કરી.

'દપંદપંશ્રી મહાજળંદપં,
ધીધી કટ કટ રટ જળરો,
પપ થનગન પપ થનગંન
દીનદ્દું દીનદ્દું જેસંગ ભડંતે ભજીયા,
ભ્રેભ્રીંખ ગળાં ભ્રેભ્રીંખ દળાં,
ભ્રેભ્રીંખ દળાં ભ્રેભીંખ દળાં.'



કપાયેલ હોઠને કારણે કંકાળણ આ કાવ્ય બોલી શકે નહિ. તેણે હાર સ્વીકારેલી. આણંદ-પરમાણંદનો વિજય એ ચારણી સાહિત્ય પરંપરાનો વિજય છે. ચારણોની કવિપ્રતિભા અને કોઠાસૂઝના કૌશલ્યનો વિજય છે. કંકાળણ ભાટને પરાજિત કરી પણ એ નિમિત્તે ગર્વ, અહં અને દંભને પરાજિત કર્યાનું બળવાન દૃષ્ટાંત આ પ્રસંગ છે. ઓષ્ઠ્યવર્ણવાળા શબ્દોનું ચયન, એનું કાવ્ય સર્જવું અને એ ટૂંકા કાવ્યનો પાઠ કરવાની સૂઝ પણ ધ્યાનાર્હ છે.

: ૪ :

## ❑ આણંદ કરમાણંદકૃત પિસ્તાલીસ દુહા

ડૉ. હરિવલ્લભ ભાયાણીએ આણંદ-કરમાણંદના દુહાના પ્રાચીન પાઠ હસ્તપ્રતને આધારે રજૂ કરેલા. **'ઊર્મિનવરચના' ઈ.સ. ૧૯૭૫ના સપ્ટેમ્બર** અંકથી એમણે આરંભેલી લેખ શૃંખલામાં પ્રાચીન અપભ્રંશ પાઠના સાંપ્રત પ્રચલિત પાઠ પણ જયમલ્લ પરમારે સાથે-સાથે પ્રકાશિત કરેલા. એ ઉપરાંતના એમને પ્રાપ્ત પરંપરામાં પ્રચલિત દુહાઓ રજૂ કરેલા. ઊર્મિ નવરચનાના અંકોમાં પછીથી મુળુભા પાલિયા જામનગર દ્વારા પણ વિશેષ નવા દુહા મળેલા. એ બધા ઉપરાંત મેં કહાનજી ધર્મસિંહના **'કાઠિયાવાડી સાહિત્ય'**, અંબાદાન રોહડિયાના **'ચારણ સર્જક પરિચય'** અને શિવદાન ગઢવીના **'કવિરાજ કહે'** ગ્રંથોમાંથી પ્રાપ્ત દુહાઓ પણ અભ્યાસ માટે ખપમાં લીધા. એમાંથી ટપકતા સામાજિક અને દાર્શનિક સંદર્ભોના લૌકિક નિરીક્ષણ દુહામાં કેવા શાશ્વત સ્વરૂપે જળવાયા છે એની વિગતો પણ ધ્યાનમાં આવી. ક્રમશઃ એ દુહાઓ આસ્વાદીએ :

કરમાણંદ ! આણંદ કહઈ, નર નમિયા સો કાંઈ !
જિણિ વટ્ટિઈ જુવ્વણ ગયઉં, પાય નિહાલઈ તાહિં. ૧ (પૂર્વરૂપ)
આણંદ કહે કરમાણંદા, વાંકા કેમ વળ્યાં ?
ઉનાળે હળ હાકલ્યાં, ને ભાદરવામાં ભર્યાં. ૧ (અર્વાચીન રૂપ)
કરમાણંદ કહઈ, ઝટકિ ન દીજે ગાલિ;
થોડે થોડે છોડી ઈ, જિમ જલ છંડે પાલિ. ૨ (પૂર્વરૂપ)
આણંદ કહે કરમાણંદા ઝાટકી ન દીજે ગાળ;
થોડે થોડે છાંડીએ, જેમ પાણી છાંડે પાળ. ૨ (અર્વાચીન રૂપ)
કરમાણંદ કુમાણસાં, ગુણ કીધો નહુ જાઈ;
સિંહ પડ્યો અજાડીઈં જસ કડ્ઢે તસ ખાઈ. ૩ (પૂર્વરૂપ)

આણંદ કહે કરમાણંદા, ગુણ કર્યો કાં જાય ?
સાવઝ પડ્યો અજાડીએ, કાઢે તેને ખાય. ૩ (અર્વાચીન રૂપ)
કરમાણંદ ! આણંદ કહઈ, નર નમિયા સો કાંઈ,
જિણિ વટ્ટિઈં જુવ્વણ ગયઉં, પાય નિહાલઈં તાહિં. ૪ (પૂર્વરૂપ)
કરમાણંદ આણંદ કહઈ, એ નર નમીઆ કાંઈ;
જિણ વાટેં જોબન ગયું, ફિરિ નિહાલે તાંઈ. ૪ (અર્વાચીન રૂપ)
કરમાણંદ આણંદ કહઈ, વિનઈ કરંતિ મ લજ્જિ;
સિરિ ચઢાવી આણીઈ, ઈંધણ બાલણ-કજ્જિ. ૫
કરમાણંદ આણંદ કહઈ, કેસા કાંઈ રુઅંતિ;
લદ્ધઉ વાસ પયોહરાં, બંધણ ભઈ બીહંતિ. ૬
કરમાણંદ ! કુમાણુસહ, વિણઉ કરતું મ લજ્જિ,
સિરિહિં ચડાવિય આણીઈં, ઈંધણ બાલણ-કજ્જિ. ૭
માંડણ પિયુસો મન, કરે ગૃહ આગણ સોતી,
અડીઅડ જેમ આકાશ, માંગ જંમ દીપે મોતી; ૮
સોળ કળ સંપુર ચંદ્ર, ભાલ પણ સોહે,
ખણ અધરિ ખણ અધર, રાહ ભૂલો મખ જુવે, ૯
કરમાણંદ કુમાણસાં, ગુણ કીધો નહુ જાઈ;
સિંહ પડ્યો અજાડીઇં, જસ કડ્ઢે તસ ખાઈ. ૧૦
કરમાણંદ કુમાણસાં મેં, ગુણ બહોત કીઆઈ;
તાતઈ લોહિ પણંગ જિમ, આવટિ ગત્ત-ગયાઈ. ૧૧
કરમાણંદ કારણ-પખેં, જગિ વલ્લહો ન કોઈ;
વાછોસો થણ પરિહરેં, જણિ થણિ ખીર ન હોઈ. ૧૨
કરમાણંદ આણંદ કહઈ, સગપણું ભલું હિ સંપ;
રાઈ પડી દોઈ પથ્થરાં, વચિ જડ ઘાલઈ લંપ. ૧૩
કરમાણંદ આણંદ કહઈ, અસ્ત્રી સમી ન આથિ;
રસોઈ નિપાયે રતન જણે, સકિં કઈ આવઈ સાથિ. ૧૪
કરમાણંદ આણંદ કહઈ, રસ-ભરિ ગૂઝ કહાંઈ;
માલી કેરાં ફૂલ જિમ, ઘરિ ઘરિ મહિ મહિ આંઈ. ૧૫
કરમાણંદ કુનારિયાં, કોહો કીજઇં દાઉં;
તાસ તણઈ ઘર-આંગણઈ, પલ ન દીજઇં પાઉ. ૧૬



આણંદ કહે કરમાણંદા, ભેદુ કયું ભૂલંત ?
દી ઊઠે, દિશા ફરે, અવળા ખોપ કરંત. ૧૭
અતિ ડાહ્યો અળખામણો, અતિ ઘેલે ઉચાટ;
આણંદ કહે કરમાણંદા, ભલો ગડગડ ઘાટ. ૧૮
આણંદ કહે કરમાણંદા, રેગાં કેમ રીઝંત ?
પહેલે આવે પાટુએ, પછી ગડદે પેટ ભરંત. ૧૯
આણંદ કહે કરમાણંદા, વાંકા કેમ વળ્યાં ?
ઉનાળે હળ હાંકલ્યાં, ને ભાદરવામાં ભર્યાં. ૨૦
આણંદ કહે કરમાણંદા, મૂંગે મોઢે રહેવું;
કાં તો કહેવું સાચેસાચું, કાં નામ લઈને કહેવું. ૨૧
આણંદ કહે કરમાણંદા, કજિયામાં નવ જાવું;
ખીચડી ખાવી ગાંઠની, ને જ્યાં ત્યાં રઝળાવું. ૨૨
આણંદ કહે કરમાણંદા, ગામડે જઈને રહેવું;
બાપો બાપો સૌ કરે, દઈને બમણું લેવું. ૨૩
આણંદ કહે કરમાણંદા, બાઈયુંથી છેટા રહીએ;
કાં તો કહેશે વંઠી ગ્યો, કાં નમાલા ઠરીએ. ૨૪
આણંદ કહે કરમાણંદા, મોટામાં જાવું થોડું;
નહિ તો મૂડી ખોઈ ગાંઠની, મોત વિના મરવું. ૨૫
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર;
કામ કરાવે ઠૂસ કઢાવે, કાં તો કહેશે ઓડું. ૨૬
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર;
એક ગામ ઉજડ કરે, ને એક વસાવે શે'ર. ૨૭
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર;
એક બોલે તે મીઠું લાગે, એક કડવું ઝેર. ૨૮
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર;
એક લાખેય ન મળે, એક ટકાના તેર. ૨૯
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર;
એક લીલા લેર કરાવે, એક મરાવે ઠેર. ૩૦
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર;
એક લઈને પાછા આપે, એક કરાવે ઝેર. ૩૧

આણદ કહે કરમાણંદા, શેરને માથે સવાશેર;
રાવણ લાવ્યો સીતાને, તો રામે માર્યો ઠેર. ૩૨
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર;
એક બેસે ગાદીએ, ને એક વગાડે ભેર. ૩૩
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર;
એક કરે ઉપરાણું, ને એક વધારે વેર. ૩૪
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર;
એક આપે કન્યાદાન, એક વાળે ઝમેર. ૩૫
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર;
એક આપે સદાવ્રત, એક માગે ઘેર ઘેર. ૩૬
આણંદ કહે કરમાણંદા, ચીજે ચીજે ફેર;
એક લાખે શેર મળે, ને એક ટકાની ત્રણ શેર. ૩૭
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે મળ્યો;
એક વગાડે શંખલો, એક વગાડે ગત્યો. ૩૮
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ટાળા;
એક એક સારુ મરી પડે, એક ભરાવે ઉચાળા. ૩૯
આણંદ કહે કરમાણંદા, ધનથી બડો હે સંપ;
સંપ ફિટ્યો પથ્થર વિશે, તરૂવર ઘાલી લંપ. ૪૦
આણંદ કહે કરમાણંદા, એવડો ડોળ કીં રાખે !
અંતરમાં નહિ ઉમળકો, મોઢે મીઠાં ભાખે. ૪૧
આણંદ કહે કરમાણંદા, કેની જાને જાયેં ?
કરમમાં હોય લૂખું, તો ચોપડ ક્યાંથી ખાયેં ? ૪૨
આણંદ કહે કરમાણંદા, કાંટો વડો કે કરીર ?
આશ વળૂંધી સુંદરી, સોંપી દિયો શરીર. ૪૩
આણંદ કહે કરમાણંદા જોઈને પગલું ભરવું;
નહિ તો મૂડી ખોઈ ગાંઠની, મોત વિના મરવું. ૪૪
આણંદ કહે કરમાણંદા, આવો ડોળ કેમ રાખે ?
અંતરમાં નૈ ઉમળકો, ને મોઢે મીઠું ભાખે. ૪૫

પિસ્તાલીસ દુહામાં ઘણા દુહાઓમાં પ્રાચીનભાષારૂપો યથાતથ જળવાયેલાં છે. કેટલાક આંશિક પાઠભેદવાળા દુહા છે. કેટલાક દુહાઓનાં અર્વાચીન પ્રચલિત



રૂપ પણ પ્રાપ્ત હોઈને એને અહીં એક સાથે સંપાદિત કર્યાં છે. આ બધા દુહાઓએ સમાજબોધીના સંવાહક સ્વરૂપના જણાયા છે. ડહાપણ, કોઠાસૂઝ અને સમાજને કેળવવા માટે સૂત્રાત્મક અને સુભાષિત કંડિકા જેવી આ દુહા રચનાઓ ખરેખર એટલી સરળ, રસવતી અને બોધાત્મક છે. એમાં તો ભાવબોધ-સૌંદર્યબોધ સદ્યોગામી છે. એકાએક તૂર્ત જ સમજાઈ જાય છે. દશ પ્રશ્નો તો ટૂંકા અને ચમત્કૃતિ ભાવવાળા છે. પણ એના પૌરાણિક પ્રસંગોને કાવ્યાત્મક રીતે વણી લઈને શીઘ્રકવિતા રૂપે સર્જનકૌશલ્ય પ્રતિભા સરાહનીય છે. એમના સાહિત્યમાં સંગૃહીત ભાવબોધ શાશ્વત અને સનાતન મૂલ્ય આજે પણ આપણને પ્રસ્તુત લાગે છે. કવિ હોવું શીઘ્રકવિ હોવું અને સાથે-સાથે સમાજપ્રબોધી શક્ય બનાવનો અને સૌંદર્યબોધનો - રસાનુભવનો અનુભવ કરાવવો એ ચારણી સાહિત્યની ઊડીને આંખે વળગે, હૃદયને સ્પર્શે એવી લાક્ષણિકતા આ બંને કવિ યુગલમાં જળવાયેલી છે. તેઓ આ કારણે માત્ર ચારણી સાહિત્યના જ નહીં પણ ભાષાસાહિત્યના ધ્રુવતારક છે.

: ૫ :

આણંદ-કરમાણંદ પાસે માત્ર કોઠાસૂઝ નહીં પુરાણ, મહાભારત, રામાયણ અને ભારતીય જીવનમૂલ્યોનો ઊંડો અભ્યાસ અને એ સન્દર્ભે પોતાનું મૌલિક અર્થઘટન પણ હોવાની પ્રતીતિ પ્રત્યુત્તર રૂપ કવિતો અને કવયિત્રી કંકાળણ ભાટે પૂછેલા ટૂંકા પ્રશ્નના તર્કપૂર્ણ પ્રત્યુત્તર આપતા કવિતો એકાએક રચી ન શકાય. છંદજ્ઞાન, પ્રાસ-અનુપ્રાસ યોજવાનું કૌશલ્ય, એ માટેનું અપાર શબ્દધન. સમુચિત અને અર્થપૂર્ણ પ્રાસ યોજનામાંથી એનો પરિચય મળી રહે છે. શબ્દભંડોળથી સમૃદ્ધ કવિયુગ્મ 'ફેર' શબ્દના પચીસેક પ્રાસ આપતા દુહા રચી શક્યા. એક દુહો તો મને ખૂબ જ સ્પર્શી ગયો.

'આણંદ કહે કરમાણંદા, શેરને માથે સવાશેર
રાવણ લાવ્યો સીતાને, તો રાવણે માર્યો ઠેર.

તળપદો ગુજરાતી શબ્દ 'ઠેર' છે ઠાર માર્યો - ઠેરનાઠેર જેવા સમીવર્ય શબ્દો તૂર્ત જ સ્મરણે ચઢે - આ દુહા અને કવિતા નિમિત્તે તળપદા, જૂના લોક બોલીના શબ્દો સચવાયા છે. આનો શબ્દાર્થકોશ કરવાની યોજના ઘડું છું.

ચંદ્ર, ગ્રહો, શિવ, રામ, કૃષ્ણ, વિષ્ણુ જેવા દેવાધિદેવના જીવન સાથે જોડાયેલી પ્રસંગ ઘટનાઓને પુછાયેલા પ્રશ્નના સંદર્ભ સાથે જોડીને રચાયેલા કવિતા ચારણી સાહિત્યકારની સદ્યસર્જન પ્રતિભા અને સદ્યોગામિતાના પરિચાયક છે.

કવિતામય, કવિન્યાય અને કવિદર્શન પણ આ રચનાઓમાંથી મળી રહે છે. લોકમાન્યતાઓ, લોકવિધિવિધાનો અને લોકભાષાને કારણે એકછેડેથી એનો અનુબંધ લોકસાહિત્ય સાથે છે તો ચારણી-ડીંગળી ભાષાબંધ, છંદોબંધ અને અલંકાર વિનિયોગથી એનો બીજો છેડો ચારણી પરંપરા સાથે અનુસંધાન ધરાવતુ હોઈને એ આજ સુધી લોકજીભે અને ચારણ હૈયે જળવાઈ રહ્યા. એમાં દસ્તાવેજી આધારરૂપ તથ્યો છે તો સાથે-સાથે લોકપરંપરામાં જીવંત દંતકથાઓ પ્રસંગો પણ જળવાયા છે. એ કારણે આણંદ કરમાણંદ ચારણકવિ પરંપરા, લોકપરંપરા અને મૌખિક પરંપરાના ઇતિહાસને જાળવતું મૂલ્યવાન આભરણ છે.

**પાદટીપ**

૧. 'ચારણ સર્જક પરિચય', ડૉ. અંબાદાન રોહડિયા (ઈ.સ. ૧૯૯૦), પૃ. ૧૦
૨. 'બારહઠ ઈસરદાસ', ડૉ. હિરાલાલ માહેશ્વરી (ઈ.સ. ૧૯૮૫), પૃ. ૧૪
૩. 'ચારણ સર્જક પરિચય, ડૉ. અંબાદાન રોહડિયા (ઈ.સ. ૧૯૯૦), પૃ. ૧૭
૪. 'ગુજરાતના ચારણીસાહિત્યનો ઇતિહાસ', રતુદાન રોહડિયા, (ઈ.સ. ૧૯૮૫), પૃ. ૬૬
૫. 'આણંદકરમાણંદના ૧૧ કાવ્યો', રતુદાન રોહડિયા, ઊર્મિનવરચના (ઓગષ્ટ-૧૯૭૮), પૃ. ૧૭૮
૬. 'કાઠિયાવાડી સાહિત્ય', કહાનજી ધર્મસિંહ (ઈ.સ. ૧૮૯૨), પૃ. ૮૫
૭. 'કવિરાજ કહે', 'શિવદાન ગઢવી' (ઈ.સ. ૨૦૦૩), પૃ. ૧૧
૮. 'દુહોદશમો વેદ', જયમલ્લ પરમાર (ઈ.સ. ૨૦૦૫), પૃ. ૧૧૭

# ૧૦

## પુષ્કર ચંદરવાકરનું શાસ્ત્રીય દૃષ્ટિબિંદુ : 'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા'

– ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા

પુષ્કર ચંદરવાકરે ચારણી સાહિત્યની સંપાદન કરેલી બીજી કૃતિ આસાજી રોહડિયા કૃત 'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા' છે. આ રચના પણ 'અંગદવિષ્ટિ'ની જેમ સ્વરૂપ સ્વરૂપની દૃષ્ટિએ 'કથા કાવ્ય' (Ballad) છે. આગવા છંદશાસ્ત્ર અને નાદવૈભવને કારણે આ રચના વિશિષ્ટ પ્રકારની ઓળખ ઊભી કરે છે. મધ્યકાળે રચાયેલી આ કૃતિ સામાન્ય ભાવક માટે સમજવી અને પામવી કઠિન છે, કેમ કે ડિંગળ-પિંગળ શૈલીમાં રચાયેલ આ કૃતિ સામાન્ય ભાવક ન સમજી શકે તે સ્વાભાવિક છે. 'અંગદવિષ્ટિ'ની જેમ આ કૃતિનું સંપાદન પણ શ્રી ડોલરરાય માંકડની પ્રેરણાથી થયું. સંપાદકીયના પ્રારંભમાં જ ચંદરવાકર નોંધે છે :

''ચારણી સાહિત્યના સંરક્ષણ, સંપાદન અને પ્રકાશન માટેની એક યોજના પૂ.સદગત શ્રી ડોલરભાઈ માંકડના ચિત્તમાં હતી. તેના એક કાર્ય તરીકે 'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા'નું સંપાદન કરવા સૂચવ્યું, સોંપ્યું અને તે કાર્ય સ્વીકારી લીધું.''

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના હસ્તપ્રત ભંડારમાં તા. ૨૨-૦૨-૧૯૭૧ સુધી 'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા'ની એક જ હસ્તપ્રત હતી, જે સુરેન્દ્રનગરમાંથી

શ્રી દેવીદાનભાઈ ઝીબા પાસેથી પ્રાપ્ત થયેલી, પરંતુ શ્રી રતુદાન રોહડિયા તા. ૨૨-૦૨-૧૯૭૧ ના રોજ હસ્તપ્રતોની નોંધ કરતા હતા ત્યારે લોંઠિયા ગામના શ્રી જોરૂભા મહેડુ અને શ્રી દાદુભા મહેડુએ જે હસ્તપ્રતો આપેલી તેમાંના એક ચોપડામાંથી પાના નં. ૫૩ ઉપર થોડા શાબ્દિક ફેરફારોવાળી બીજી હસ્તપ્રત 'દુહા જસરાજ હરઘોળાણી રા' નામની મળી. આ બન્ને હસ્તપ્રતોમાંથી સુરેન્દ્રનગરમાંથી મળેલી હસ્તપ્રતને ''અ'' સંજ્ઞા અને લોંઠિયામાંથી મળેલી હસ્તપ્રતને ''આ'' સંજ્ઞા આપી. આ બન્ને હસ્તપ્રતોને આધારે ચંદરવાકરે સંપાદન કાર્ય કર્યું છે. આ સંપાદનને બે વિભાગમાં વહેંચી શકાય. સંપાદકે પ્રથમ વિભાગમાં આશાનંદ બારહઠ્ઠ એટલે આસાજી રોહડિયાના જીવન અને સર્જનનો પરિચય કરાવ્યો છે જ્યારે બીજા વિભાગમાં 'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા'ની અધિકૃત વાચના, તેનું ગુજરાતી પાઠાંતર, શબ્દાર્થ અને ભાવાર્થ મૂક્યા છે. આસાજી રોહડિયાકૃત 'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા' અને ઈસરદાસ રોહડિયાકૃત 'હાલાં ઝાલાં રા કુંડળિયા'ની વિષયસામગ્રી એક જ છે, અને આ બન્ને રચનાઓમાં ઘણું બધું સામ્ય છે. અભ્યાસીઓ આ બન્ને કૃતિઓની તુલના કરી શકે એ માટે ચંદરવાકરે અંતે પરિશિષ્ટ-૧માં 'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા'ના કુંડળિયા સાથે 'હાલાં ઝાલાં રા કુંડળિયા'ના કયા - કયા કુંડળિયાઓનું સામ્ય છે તે દર્શાવતો કોઠો મૂક્યો છે અને પરિશિષ્ટ-૧અ માં 'હાલા ઝાલા રા કુંડળિયા' ના કેટલાક કુંડળિયા મૂક્યા છે જેનું 'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા' સાથે મળતાપણું છે. જ્યારે પરિશિષ્ટ-૨માં જસાજી જાડેજાએ ભીમ જેઠવાને માર્યો તેનું ગીત મૂક્યું છે. અને સાવ છેલ્લે 'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા'નો શબ્દકોશ મૂક્યો છે ને એમ આ સંપાદનને ખરા અર્થમાં શાસ્ત્રીય બનાવ્યું છે. પણ 'અંગદવિષ્ટિ'ની જેમ જ આ સંપાદન પણ રતુદાન રોહડિયાની મદદથી શક્ય બન્યું. મારો અંગત મત એવો છે કે અહીં પણ રતુદાન રોહડિયાનું નામ સહસંપાદક તરીકે રાખ્યું હોત તો વધુ સારું હતું.

પ્રથમ વિભાગમાં ચંદરવાકરે પ્રારંભમાં ગુજરાત-સૌરાષ્ટ્રની ભૂમિ પર ઈસરદાસથી માંડીને શંકરદાન દેથા સુધીના અનેક ચારણ કવિઓએ સરસ્વતીની ઉપાસના કરી છે તેનો પરિચય કરાવ્યો છે. અને પછી આસાજી રોહડિયાના જીવન અને સર્જનનો વિગતે પરિચય અનેક સંદર્ભો સાથે કરાવ્યો છે. 'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા'ની હસ્તપ્રતના પ્રારંભમાં

॥ અથ કુંડળિયા જસરાજ હરઘોળાંણી રા રોહડીઔ આસો કહે ॥

એવું લખ્યું છે તેથી સાબિત થાય છે કે આ રચના આસાજી રોહડિયાની છે. તેઓ



આશાનંદ, આશાજી બારહઠ્ઠ, આસૌ બારહઠ્ઠ, આસૌ રોહડીઓ એવા જુદા જુદા નામોથી ઓળખાતા, પણ શંકરદાન દેથા નોંધે છે તેમ આ બધાં નામો આસાજી રોહડિયા માટે જ પ્રયોજાયાં છે. આસાજીનું મૂળવતન રાજસ્થાનનું ભાદ્રેસ ગામ હતું પણ આ કુટુંબ પાછળથી રોહડી ગામમાં સ્થિર થયેલું પછીથી રોહડિયા કહેવાયા. જ્યારે કેટલાક ચારણ વિદ્વાનો રાવળદેવ વાઘા મામૈયા અને પુંજા મામૈયાના ચોપડામાં ઉલ્લેખાયેલા આ કુળનાં રોહડેદ્ર નામના એક વડવાના નામ ઉપરથી રોહડિયા કહેવાયા એવું સ્વીકારે છે. આ કુળમાં ગીધાજી રોહડિયાને ત્યાં સંવતઃ ૧૫૬૩માં આસાજીનો જન્મ થયેલો. આસાજી સુપ્રસિદ્ધ ભક્તકવિ ઈસરદાસજીના સગા કાકા હતા. ઈસરદાસે નાની ઉંમરે જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી હતી, ત્યારબાદ કાકા આસાજીએ જ ઈસરદાસના લાલનપાલન અને શિક્ષણની જવાબદારી સ્વીકારી તેને કાવ્યશિક્ષણ પણ આપેલું. ખેતસિંહ મિસણના નોંધવા પ્રમાણે ઈસરદાસને ડિંગળી બોલીના મહાકવિ બનાવવામાં અને તેના આધ્યાત્મિક - સાહિત્યિક વિકાસમાં આસાજીનો જ મુખ્ય હાથ હતો.

સંપાદકે અહીં આસાજી અને ઈસરદાસ વચ્ચેના સગપણને સ્પષ્ટ કરવા માટે ઈસરદાસજીની પ્રાપ્ય વંશાવળીઓ અને અન્ય કેટલાક સંદર્ભો પણ મૂક્યા છે. એક વંશાવળી બગસરાના રાજકવિ શ્રી કેસરદાનજી પાસેથી મેળવેલી, બીજી વંશાવળી શ્રી કિશોરસિંહજી સંપાદિત 'હરિરસ'માંથી મળી, ત્રીજી વંશાવળી ઈસરદાસ પર પ્રબંધ લખતા પ્રા. વ્રજલાલ સાવલિયા પાસેથી મળેલી. ચોથી વંશાવળી મોરબીના રાવળદેવ વાઘા મામૈયા અને પુંજા મામૈયાના ચોપડા ઉપરથી શ્રી રતુદાન રોહડિયાએ તૈયાર કરેલી તે મૂકી છે. આ વંશાવળીઓની નામાવલિઓમાં કેટલીક ભિન્નતાઓ જોવા મળે છે, પણ કદાચ નામોનું સંસ્કૃતિકરણ થયું હોય અને તેથી આવી ભિન્નતાઓ જોવા મળતી હોય એવું સંપાદકે નોંધ્યું છે. આ ઉપરાંત ડૉ. મેનારિયાએ આપેલી નામાવલિ અને ભક્તકવિ માંડણજીનો એક દુહો પણ મૂકીને સંપાદકે આસાજી અને ઈસરદાસજીનું સગપણ સ્પષ્ટ કર્યું છે.

અહીં સંપાદકે આસાજીની અન્ય રચનાઓ 'ઉમાદે ભટિયાણી રા કવિત', 'વાઘજીના દુહા', 'દાદવાના દુહા', 'ગુણ નિરંજન પ્રાણ' અને 'રાઉ ચંદ્રસેણ રા રૂપક' વગેરેનો પરિચય પણ કરાવ્યો છે. 'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા'માં આલેખાયેલો પ્રસંગ એવો છે કે ધ્રોળના ઠાકોર જસાજી જાડેજા અને તેના ભાણેજ અને હળવદના રાજવી રાયસિંહ ઝાલા બન્ને ધ્રોળમાં ચોપાટ રમતા હતા ત્યારે દિલ્હીથી દ્વારકા જવા નીકળેલા મકન ભારથીએ ધ્રોળના પાદરમાં જમાતના ડંકાથી

ધણધણાટી બોલાવવા માંડેલી અને ક્રોધમાં આવી જસાજીએ હુકમ કર્યો કે આ ડંકા કોણ વગાડે છે ? ત્યારે રાયસિંહ બોલ્યા કે ''મામા, શું તમે તમારી હદમાં કોઈને નગારું કે ડંકા વગાડવા ન દયો ?'' ત્યારે જસાજીએ જવાબ આપ્યો કે ''બિલકુલ નહિ'', રાયસિંહ બોલ્યા કે ''કદાચ કોઈ વગાડે તો ?'', જસાજી કહે છે કે ''તો તેનાં નગારા ફોડી નાખું'' આ સાંભળી રાયસિંહ કહે છે ''તો મામા હવે જોઈ લેજો તમારા ભાણેજની તાકાત, થોડા જ વખતમાં તમારો આ ભાણેજ ધ્રોળની હદમાં નગારાની ધણધણાટી બોલાવશે.'' આખરે યુદ્ધ થાય છે ને તેમાં જસાજી વીરગતિ પામે છે. જો કે આ ઐતિહાસિક પ્રસંગ વિશે પણ અનેક મતમતાંતરો છે એની ચર્ચા પણ અહીં અનેક ઐતિહાસિક સંદર્ભો સાથે સંપાદકે કરી છે.

'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા'ના સર્જન વિશેની જે કિંવદંતી મળે છે એ પ્રમાણે જસાજીએ એવી ઇચ્છા પ્રગટ કરેલી કે આ યુદ્ધ આસાજી નજરે નિહાળે અને વીરરસથી નીતરતું કાવ્ય લખે, પણ આસાજીએ સામે કહાવ્યું કે તમે પહેલાં વીરતા બતાવો પછી હું કાવ્ય લખીશ તેથી યુદ્ધમાં જતાં પહેલાં જસાજીએ તેની રાણીને કહેલું કે હું યુદ્ધમાં કામ આવી જાઉં તો મારા મનની વાત કવિરાજ આસાજી જ્યાં હોય ત્યાં જઈ તમે પોતે પહોંચાડજો કે કવિત રચે. રાણીએ વચન આપ્યું. યુદ્ધમાં જતાં પહેલાં જસાજી જાડેજા આસાજી માટે સંદેશો આપતા ગયેલા કે...

*આસાજી સૂં જાય, સંદેશો કહિયો ઈતો;*
*રણ લડિયો જસરાય, વીરત એની વાંચજો.*

યુદ્ધમાં જસાજી વીરગતિ પામ્યા, પછી તેમનાં રાણી આસાજી પાસે ભાદ્રેસ જાય છે. એક દિવસ આસાજીની રસોઈ કરતી બ્રાહ્મણ બાઈ ન આવી ત્યારે ગુપ્તવેશમાં રહેલ જસાજીના રાણી રસોઈ બનાવે છે, આસાજી ઓળખી જાય છે કે તમે બ્રાહ્મણ નહિ, પણ રજપૂતાણી છો. ત્યારે જસાજીના રાણી પોતાની ઓળખ આપી પોતાના પતિનો સંદેશો આપે છે. ત્યારબાદ આસાજીએ આ કુંડળિયા રચ્યા. પછી જસાજીનાં રાણી ધ્રોળ આવે છે ને સતી થાય છે.

'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા' નો પદબંધ જોઈએ તો હિન્દીમાં કુંડળિયાનો એક પ્રકાર જાણીતો છે, પણ ડિંગળભાષામાં કુંડળિયાના ચાર પ્રકાર પ્રચલિત છે જેમાં ઝડઉલટ, રાજવટ, શુદ્ધ અને દોહાબદ્ધ. આસાજીએ આ રચનામાં ઝડઉલટ પ્રકારના કુંડળિયા પ્રયોજ્યા છે. કુંડળિયાના પદબંધની સમજૂતી આપવા માટે સંપાદક રા.વિ.પાઠકે 'બૃહત્ પિંગલ'માં કુંડળિયાનું જે માપ આપ્યું છે તેનો સંદર્ભ આપ્યો છે. અને દલપતરામે આના વિશે કરેલી ચર્ચાનો સંદર્ભ પણ મૂક્યો છે.



'કુંડળિયા જસરાજ હરઘોળીણી રા'ના કર્તૃત્વ વિશે જે મતમતાંતરો છે તેની ચર્ચા પણ સંપાદકે વિગતે મૂકી છે. આસાજીએ રચેલ કુંડળિયાની હસ્તપ્રતમાં 'આસો રોહડિયો'ના નામનો ઉલ્લેખ પ્રારંભમાં સ્પષ્ટપણે કરવામાં આવ્યો છે તેથી આ રચના તેમણે કરી હોવાનું માની શકાય, વજમાલ મહેડુ, કિશોરસિંહ બાર્હસ્પત્ય અને ડોલરરાય માંકડ પણ આ કુંડળિયાની રચના આસાજીએ જ કરી છે એવું માને છે કે જ્યારે ડૉ. મેનારિયા, માવદાનજી રત્નુ, બદરીપ્રસાદ સાકરિયા અને ખેતસીભાઈ મિસણનાં સ્પષ્ટ મંતવ્યો છે કે આ કુંડળિયા ઈસરદાસજીએ રચ્યા છે. આ બન્ને પક્ષનાં મંતવ્યોની વિગતે ચર્ચા અહીં સસંદર્ભ મૂકી છે જોકે કર્તુત્વ વિશેનો પોતાનો કોઈ મત સંપાદક આપતા નથી, તેઓ ડોલરરાય માંકડનો આ મત :

*''આ રાયસિંહને ધ્રોળના જસાજી સાથે લડાઈ થઈ*
*હતી તે યુદ્ધ વિશે ઈસરદાનના કાકા આશાનંદે*
*કુંડળિયા લખ્યા છે, અને તે કુંડળિયા છે ચોવીસ*
*'કુંડળિયા જસરાજ હરઘોળીવી રા' ''*

એનો સંદર્ભ આપી આ કુંડળિયાની રચના આસાજીએ કરી છે એવું સ્વીકારે છે.

પુષ્કર ચંદરવાકર પાસેથી ચારણી સાહિત્યનાં કુલ ત્રણ સંપાદનો મળે છે. આ સંપાદનકાર્ય શ્રી ડોલરરાય માંકડની પ્રેરણા અને સૂચનાથી થયું એ પૂર્વે કે એ પછી એમની પાસેથી ચારણી સાહિત્યની કોઈ કૃતિનું સંપાદન મળ્યું નથી. તેમણે સંપાદિત કરેલ ચારણી સાહિત્યની કૃતિઓમાંથી 'અંગદવિષ્ટિ' અને 'કુંડળિયા જસરાજ હરઘોળાણી રા'નું સંપાદન શ્રી રતુદાન રોહડિયાની મદદથી શક્ય બન્યું. તેથી આ કૃતિના સંપાદનમાં સંપાદક તરીકે રતુદાન રોહડિયાનું નામ પણ સહસંપાદક તરીકે રાખ્યું હોત તો વિશેષ આનંદ થાત.

૧૧

# લાઘવકલાયુક્ત ભક્તિરચના : ''સત્સ્મરણ''

**પ્રો. સનત ત્રિવેદી**

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, તથા રાજસ્થાની ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ અકાદમીના સંયુક્ત ઉપક્રમે આ બે દિવસની સંગોષ્ઠિમાં લોકસાહિત્ય, સંતસાહિત્ય પરંપરાની ગુજરાત અને રાજસ્થાનના સંદર્ભમાં વાતો થશે. હું લાંગીદાસ મહેડુની 'સત્-સ્મરણ' કૃતિ વિશે વાત કરું તે પહેલાં ભૂમિકારૂપે એ નોંધ લેવી જોઈએ કે ગુજરાત અને રાજસ્થાન આજ અલગ છે પણ સાહિત્ય અને સંસ્કૃતિની બાબતમાં આજે પણ બંનેમાં સામ્ય છે. આ સામ્ય ભારતના અન્ય કોઈ બે પડોશી રાજ્યો કરતાં કદાચ વધુ હશે. આ સામ્યને દીર્ઘ સમય સુધી મજબૂત રાખનાર અનેક કડીઓમાંથી એક કડી ચારણો છે. ચારણી બોલી તેના પ્રાદેશિક ભેદો સાથે ગુજરાતી અને રાજસ્થાની સાથે સંબંધ ધરાવે છે. તેમજ બંને વિસ્તારોમાં રાજપૂત સમયે ક્ષત્રિય રાજાઓએ તેમના રાજદરબારોમાં આદર સહ ચારણોને સ્થાન આપ્યું હતું.

મારે જે કૃતિની વાત કરવાની છે તે એક રાજવી અને એક ચારણ કવિના આદર સંબંધનું સુફળ છે. હળવદના રાજજસાજીએ ચારણ કવિ લાંગીદાસ મહેડુ પાસે એવા ગ્રંથની માગણી કરી જેનો માળા કરતા પાઠ કરી શકાય. આથી કવિએ ૧૦૮ દુહાનો આ ગ્રંથ રચ્યો હોવાની દંતકથા છે.

વિ.સં. ૧૭૭૦ થી વિ.સં. ૧૮૨૮ સુધીના કવનકાળમાં લાંગીદાસે પાંચ ગ્રંથો રચ્યા છે. (૧) ગણ અગિયારસ મહાત્મ (૨) ઓખાહરણ (૩) સતસ્મરણ (૪) રાજસગણ (૫) રાજ બાબીરો. આ ઉપરાંત તેમની પાસેથી થોડાં લઘુકાવ્યો પણ મળ્યાં છે.

આ ગ્રંથો પૈકી 'સત્સ્મરણ'નું સંપાદન ૧૯૯૦ માં થયું. શ્રી રતુદાનજી રોહડિયા તથા ડૉ. અંબાદાન રોહડિયાના આ સંપાદનમાં લાંગીદાસ મહેડુની માહિતી આપી છે. ઉપરાંત ગ્રંથના ૧૦૮ દુહાઓનો આર્વાચીન ગુજરાતીમાં અનુવાદ આપેલ છે. જેમાંથી ચારણી ભક્તિકવિતાના ભાવ અને અભિવ્યક્તિનો પરિચય થાય છે.

ચારણ કવિઓ મહદઅંશે શક્તિના ઉપાસક છે. પ્રાચીન મધ્યકાલીન પરંપરાની જેમ જ કોઈ પણ કવિ કાવ્યનો પ્રારંભ પોતાના આરાધ્યને વંદન કરીને કરે છે. કાવ્ય એ સરસ્વતીની ઉપાસનાથી જ સિદ્ધ થાય છે. લાંગીદાસ મહેડું 'સતસ્મરણ'નો પ્રારંભ સરસ્વતીને બુદ્ધિ આપવાની પ્રાર્થનાથી કરે છે.

હેવી મે બધિ દીજિઆ સધિ રધિ દિઅણી સમથ
હું ગાવો હરનામ રુ સત સમરણ ગ્રંથ....૧

(રિદ્ધિ અને સિદ્ધિ દેવવાળા સમર્થ એવાં માતેશ્વરી ! તમે મને સુબુદ્ધિ આપો, જેથી હું પરમેશ્વરના નામસ્મરણનો આ સતસ્મરણ નામે ગ્રંથ રચું.)

દંતકથા મુજબ તો હળવદના રાજ જસાજીએ લાંગીદાસ મહેડુ પાસેથી એવા ગ્રંથની માગણી કરી હતી જેનો માળાની જેમ પાઠ કરી શકાય. પણ કોઈ પણ ચારણ કવિ કાવ્યરચનાની સાથે પોતાની ધર્મભાવનાને વણે છે. 'સતસ્મરણ'ના ૧૦૮ દુહામાં અનેક દુહાઓમાં કવિ જાત સંબોધન કરે છે. લાંગા, લાંગડા, લાંગીદાસ એવાં સંબોધનો ઘણા દુહાઓમાં છે પણ દુહા ૩૬ થી ૪૯ સુધી દરેક દુહામાં આ સંબોધન છે. ત્યારે એમ લાગે છે કે કવિ ભક્તિરસમાં ભાવવિભોર થયા હશે. આ સંબોધનમાં રહેલો આત્મબોધ ભાવક પામી શકે છે.

લાંગીદાસે આ ગ્રંથની રચના પરમ એવા 'સત'ના સ્મરણ માટે કરી હોઈ એ સ્મરણનો મહિમા અનેક દુહામાં વણી લીધો છે. સરસ્વતી વંદના પછી તુરત જ સ્મરણના હેતુ સાથે સાથે જ ગ્રંથ રચનાનો હેતુ પણ કવિ નિર્દેશે છે.

લાંગા ! સાખી અલખકી, જે આખી જે કે,
ધ્રમ પ્રંગટિ જમ ડર માટિ, અધરમ મટિ અનેક....૨

(ઓ લાંગીદાસ ! જે કોઈ પરમેશ્વરનો એકાદ દુહો પણ કહેશે. તેમના હૃદયમાં ધર્મભાવના પ્રગટશે, એમને યમનો ડર નહિ રહે અને એમનાં અનેક પાપોનો નાશ થશે.)

પૂરા ગ્રંથમાં ઈશ્વરવંદના શા માટે કરવી જોઈએ તે આવતું રહે છે. જુદા જુદા સ્વરૂપોના વંદનમાં પણ આ ભાવ સતત ઘૂંટાય છે.

લાંગા ! નામ સંચાર લે, રામ રામ કહે રામ,
નામ તણા પરણામ થિ, ન હોઈ દુજા નામ ....૩૨

(હે લાંગીદાસ, તું આ સંસારમાં હરિનામ રટતાં રામરામ એમ રટ્યાં કર.જે નામ નામસ્મરણના પ્રભાવથી તારું આ જન્મના નામ સિવાય બીજું નામ (બીજો જન્મ) ન હોય.

લાંગીદાસે ડીંગળી સાહિત્યના અભ્યાસી બ્રાહ્મણ લાલ ભટ્ટ પાસેથી કાવ્યશાસ્ત્ર ઉપરાંત પુરાણકથાઓનો પણ અભ્યાસ કર્યો હોવાનું જણાય છે. એમ રોહડિયા જણાવે છે. (સતસ્મરણ, પૃ.૫) આ કારણથી લાંગીદાસ આ ગ્રંથમાં સગુણ તેમજ નિર્ગુણ બંનેની આરાધના છે. કવિ પ્રારંભે જ એ બાબતે સ્પષ્ટ છે. તેથી કહે છે –

નર સર ઉચ્ચ રૂપ નત્, રવ રજ તન જજ રૂપ,
આપિ આપિ અરૂપ હે, સાંહી રસે સરુપ.....૩

(જે દેવો, માનવો, નાગો અને સૂર્યકિરણમાં દેખાતી સૂક્ષ્મ રજ રૂપ જૂજવાં રૂપોવાળાં છે. એ પરમેશ્વર નિર્ગણ છે. તોયે મારા માલિકે સગુણા રૂપને સરજેલ છે.)

આટલી સ્પષ્ટતા પછી કવિ ઈશ્વરનાં અનેક રૂપનું સ્મરણ કરે છે. આ ગ્રંથમાં કવિની લાઘવશક્તિનો સુપેરે પરિચય થાય છે. માળા કરતાં કરતાં પાઠ કરવાનો હેતુ ગ્રંથરચનાના પાયામાં છે. તેથી ૧૦૮ દુહાની સીમા કવિ પાસે પ્રારંભે જ છે. તેથી ઈશ્વર સંત અંગેની સર્વ પાસે સમજ અને ભાવના ખૂબ જ સંક્ષિપ્તમાં સમાવવામાં લાઘવશક્તિનો સુંદર વિનિયોગ થયો છે. લાંગીદાસ પરમ વૈષ્ણવ હતા (સતસ્મરણ, પૃ.૮) તેથી કદાચ સ્મરણનો પ્રારંભ પણ વિષ્ણુથી કરે છે.

''જળ સેજે સુતા જડે, શેખ સાઈ સર સર શેખ,
નાભિ કમલ નિપાઈઆ, આપિ આપ અલેખ'' ....૪



(જળ પર શેષનાગની શય્યા પર જ્યારે ભગવાન શેષશાયી સૂતા હતા ત્યારે એ કોઈના લક્ષમાં ન આવતાં પરમેશ્વરે સ્વંયભૂ રીતે પોતાની નાભિમાંથી (સૃષ્ટિના આધારરૂપ) કમળ ઉત્પન્ન કર્યું.)

ત્યાર પછી અન્ય સ્વરૂપના સ્મરણ સાથે ગ્રંથ આગળ વધે છે. વેદવાણી અક્ષરબદ્ધ કરનારા હયગ્રીવ, વિરાટસ્વરૂપ, વરાહ અવતાર, જ્ઞાનગ્રંથ રચયિતા નારદ, કપિલદેવ, દત્તાત્રેય, ઋષભદેવ, રાજા પૃથુ, મત્સ્યાવતાર, કૂર્માવતાર, ભગવાન પરશુરામ, ભગવાન વેદવ્યાસ, રામાવતાર, કૃષ્ણાવતાર, ભગવાન બુદ્ધ, ધન્વંતરી, ભગવાન નકલંક, નરસિંહ અવતાર અને વામન અવતાર આદિનાં સ્મરણ કરી વંદન કરે છે.

કવિની એવી શ્રદ્ધા છે કે આ જગતમાં જે કંઈ સ્થાવર, જંગમ, સૂક્ષ્મ, સ્થૂળ, ઊંચા અને નીચા વર્ણો, જે કંઈ છે તે સર્વ પરમેશ્વર જ છે. તેથી કવિ આ સર્વરૂપને વંદે છે અને કહે છે.

''હેક થકી અવતાર હરિ, થવિઆ કરિ ચુવીસ
અનંત અનંત લીલા અનંત, જિઓ જિઓ જગદીશ''....૨૮

(આ રીતે મેં એકથી લઈને ચોવીસ અવતારો કથ્યા, એવા એ અંતરહિત હોવાને કારણે અનંત નામધારી છે. અને જેમની લીલાઓ અનંત છે એવા જગતના પરમેશ્વરના જય હો.)

કવિ ફક્ત નામસ્મરણ કરીને અટકતા નથી પણ તેમના લાભથી પણ કવિ વાકેફ છે. તેથી જ કહે છે.

''હે લાંગા જણ ગાઆ અલખ, સો પાઆ પરવાર,
પોત્રા પુત્ર પવિત્ર ત્રિ, માઆ અનંત ભંડાર''....૪૧

(હે લાંગીદાસ, જેમણે પરમેશ્વરના ગુણ ગાયા છે. તેઓ પારાવાર લાભ પામી ગયા છે એવા ભક્ત માનવોને ત્યાં તો પુત્રો પૌત્રોનો પરિવાર, પતિવ્રતા નારી અને અખૂટ ધન હશે.)

જેણે ઈશ્વર ભજ્યા છે તેને માટે પલંગ, અશ્વો, પાલખી, રથ, હાથી જેવા ધન-વૈભવો સામાન્ય છે. અને તેમના માટે તો અશ્વમેધ જેવા યજ્ઞો પણ કરવા સહેલા છે. એટલું કહીને ફક્ત ભૌતિક વૈભવ જ નહી પરંતુ સૂક્ષ્મ અને અંતિમ એવો લાભ પણ જણાવે છે. તે જાણી દરેક ઈશ્વરપ્રાપ્તિની ઇચ્છા રાખનારને જાણે કે લાલચ થાય...!

''કરણીગત ભગતકી એતી વગત કહાઈ,
જગત સરાએ જિવતાં, મગતિ મુઆં હી થાઈ'' ..... ૫૦

(હે પરમેશ્વર ! તમે આ જગતમાં તમારા ભક્તોની આ બે વાતોમાં પ્રસિદ્ધિ કરી કે, તમારા ભક્તજનો જીવનમાં સંસારના પ્રશંસાપાત્ર બને છે, તો મૃત્યુ પછી પણ તેમનો મોક્ષ થાય છે. આમ તેમના આ લોક પરલોક બંને સુધરી જાય છે.)

એટલું જ નહિ પણ કવિ કહે છે.

''સાદ કરતા નામ સણ, પસુએ કરંત પિયાર,
લાંગા ! નામ લઅંતડા, કયું ન મળે કિરતાર ?'' ....૩૪

આમ સાદ કરવાથી પોતાનું નામ સાંભળી પાલતુ પશુ પણ પ્રેમ કરે છે તો કવિને એ વિશ્વાસ છે. હરિનામ લેવાથી પરમેશ્વર મળશે જ... આ રીતે હરિનામ સ્મરણમહિમા કરી સ્પષ્ટવક્તા ચારણકવિ જાણે કે મહેણું મારે છે.

''લાંગીદાસ ! અલખ કું મખ જંપિ તુ રખ્ખ,
કાચી માટી જીભકી, નહીં તું કાપી નખ્ખ'' ....૩૯

જો નામરટણ ન થાય તો એવી કાચી માટીની જીભ કાપી નાખવા કહે છે. કવિ માને છે કે હરિસ્મરણ ન કરનારા માનવો દેડકાં જેવા છે. એવા માનવોને જીભ ભારરૂપ છે.

ચારણ કવિઓની એક લાક્ષણિકતા એ છે કે તેઓ વર્ણ-અવર્ણ કે ઊંચ નીચના ભેદને માનતા નથી અહીં લાંગીદાસ પણ કહે છે કે ચોરાસી લાખ ફેરામાં પ્રાણીઓમાં ઉપરથી ભિન્નતા છે. માનવોમાં પણ વર્ણ-અવર્ણના ભેદો છે પણ શબરીનું ઉદાહરણ આપી કવિ કહે છે કે ફક્ત કરણી (ભક્તિ-અભક્તિ)નું જ મૂલ્ય છે. (૫૨-૫૩)

સંતસ્મરણમાં રહેલ વેદો-ઉપનિષદો-સંસ્કૃત સૂત્રોનો અર્ક તેનું ખૂબ જ મજબૂત પાસું છે. સંસ્કૃત ભાષાથી અજાણ એવી પ્રજા માટે મધ્યકાલીન અખો, નરસિંહ આદિ કવિઓની જેમ લાંગીદાસે આમાંનું જ્ઞાન સતસ્મરણના દુહાઓમાં વણી લીધું છે. સતસ્મરણનું આ જ્ઞાન એ કારણથી પણ વિશેષ મહત્ત્વનું બને છે કે આ બધું કવિએ ૧૦૮ની સંખ્યા મર્યાદામાં રહીને કરવાનું હોઈ તેમાં લાઘવ છે.

અદ્ભુતરસની વાત કરતાં કવિ કહે છે કે ધરતી જળમાં ગળી જતી નથી. તેમ આકાશ કોઈ સ્તંભના ટેકા વગર જ ટકી રહ્યું છે. કૃષ્ણ સ્વરૂપે માનવાકૃતિ



હોવા છતાં નિર્ગુણ એવા પરમેશ્વરની ભક્તિ માટેના ભક્તપણાનાં ચિહ્નરૂપે દ્વારકાની છાપ, તુલસીપત્ર, તિલક, પૂજાના મોરપીંછ અને મુખમાં પ્રભુનામનો ઉચ્ચાર એ સર્વથી શરમાવું નહીં એવી બાહ્ય બાબતોથી માંડીને ઊંડી આધ્યાત્મિકવાળા દુહાઓ અહીં એક સાથે આવ્યા છે.

કવિ કહે છે સદ્ગુરુનો સંગ કદી મૂકવો નહીં. કેમ કે તેના થકી જ પરમેશ્વરની પ્રાપ્તિ થાય છે. તેથી કવિ કહે છે.

''લાંગા સતગર સંગથિ, ગાંનિ પ્રગટિ આઈ,
વીસવસા ભ્રમ ઉળખી, જીવ દાસા મટિ જાઈ''....૬૮

(હે લાંગીદાસ સદ્ગુરુના સત્સંગથી હૃદયમાં જ્ઞાન આવીને પ્રગટે છે. આત્મા નિશ્ચયપૂર્વક પરમાત્માને ઓળખે છે. જેથી જીવનનું દાસપણું નાશ પામે છે.)

આ ગુરુમહિમા સાતે વેદ કથિત પરમેશ્વરની માયાનું આછેરું રૂપ પણ સંક્ષિપ્તમાં કવિ જણાવે છે. તો સાથે સાથે જુઓ કે ભાગવતગીતા કથિત ''नैनं छिदन्ति शस्त्राणी....''નો ભાવ

''અવણાસી હો ઈસવર, ઈસ હું જીવ,
જીવ ફરી ઉલટું જોએ, આપ આપ સદીવ''....૭૪

(પરમેશ્વર જ અવિનાશી છે. આત્મા સો પરમાત્મા છે. આત્મા પાછો ફરીને (માયામાંથી મુક્ત થઈને) જશે તો તને સમજાશે કે પોતે અવિનાશી છે.)

''થિ અસી અવણાસથી, આસી થિ અવણાસ,
વણ અસી વણ અસથિ, તું આપિ અવણાસ''....૭૪

(હે જીવ ! તું અવિનાશી પરમાત્મામાંથી પ્રગટ્યો છે. તારું આગમન પરમાત્માથી થયું છે. આવાગમન અને હાડ (કાયા) વગરનો જ તું પોતે જ અવિનાશી પરમાત્મા છે.)

આ ઉપરાંત 'पुनेरपि जननम् पुनरपि मरणम्'નું જ્ઞાન પણ વણી લે છે.

''લખ ચુરાસી લાંગડા, ઉપજત ખપત અનેક,
ઉપરી વરણ વરણ હિ, ભીતર એકાએક''....૫૬

(હે લાંગડા ! ચોરાસી લાખ યોનિઓમાં જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરે છે. ઉપરથી તો પ્રાણીમાત્રમાં ભિન્નતા છે. તેમ માનવોમાં વર્ણ અવર્ણના ભેદો છે.

બાકી આત્માની રીતે તો સૌ સમાન જ છે.)

''કાશી વિશ્વનાથ કું, જે ગાસી કરિ ગમ,
લખ ચુરાસી લાંગડા, નાસી કહિ નગમ''...૫૬

(જે કોઈ સમજપૂર્વક (હરિહરમાં અભેદકતા સમજીને) કાશી વિશ્વનાથના ગુણ-સ્તવનો ગાશે તેમને માટે ચોરાસી લાખ યોનિના ફેરા મટી જશે તેમ વેદો કહે છે.)

આ મુજબ કવિ સીધો વેદોનો સંદર્ભ પણ સ્પષ્ટ રીતે ટાંકે છે.

આ સંસારમાં સુખ દુઃખ,સંપત્તિ-વિપત્તિ દેવા તેમજ હરવાવાળા એક પરમેશ્વર જ છે. છતાં પણ.....

''માથે તાણે માનવી, ઉઆં હલાવ દખ'' ....૪૮

(માનવી 'મેં લીધું-મેં દીધું માનીને યશનો ટોપલો પોતાના માથે મૂકે છે. આ રીતે ત્યાં જ તે દુઃખને જ દોડાવે છે.)

असदो मा सद्गमय.... અસત્યમાંથી સત્ય, મહામૃત્યુમાંથી અમૃતસમીપે લઈ જવાની વાત પણ કવિ યાદ કરે છે. તો ''....નારાયણ રા નામથી ઊપજી પ્રેમ પ્રકાશ''...(૪૯) કહી અંધકારમાંથી પરમ તેજ તરફની વાત પણ વણે છે.

''મોહ, માન, મમતા મતા, માઈ હંસા મેટ,
ગાંન ધાંન પર લાંગડા, એહા કરે અમેટ''....૭૩

(હે લાંગીદાસ ! મોહ, અભિમાન, મમતા અને મદ એ આત્માનો નાશ કરવાવાળા છે. માટે તું જ્ઞાન અને ધ્યાનને ધાર એ આત્માને અમૃતત્વ આપનારાં છે.)

કવિએ નવધા ભક્તિનું પણ માહાત્મ્ય દર્શાવ્યું છે. તેમ જ ઈશ્વર સર્વવ્યાપી છે. સર્વ જીવસૃષ્ટિમાં ઈશ્વર છે. એ ભાવ ઘૂંટતાં કવિ ઘાસ, મેદાનો, કૂંપળો, કીટકો અને પતંગિયા, સર્વમાં ઈશ્વર છે તેમ કહે છે. શાસ્ત્રોના જ્ઞાનની સમજરૂપે જ શરણાગત ભાવ સાથે કહે છે.

'કેસવ લાંગીદાસ કિહિ, મત ભૂલાવે મોએ
હું તુમાં માઈ રહું, મો મિ જઈર તો એ'...૯૦

(હે કેશવ ! મને તમારી માયામાં ભુલાવતો નહિ, હું પોતે તારામાં સમાઈને રહ્યો છું. અને તું મારામાં પ્રગટપણે છે.)



આમ, આ ગ્રંથ તત્કાલીન અભણ પ્રજા માટે પણ શાસ્ત્રોના જ્ઞાનને સહજ કરી આપે છે. અંતે એમ જ કહેવું જોઈએ કે કવિ કહે છે કે અભક્ત કરતા રામરટણ કરતા પોપટ અને ચિત્રાંકિત કરેલા વાસનારહિત માનવ સારાં. અદ્ભુત એવો માનવ અવતાર મળ્યો છે તો.... ફલશ્રૃતિરૂપે લાંગીદાસ કહે છે

''સત સમરવા સાંઈકી, જે ગાવી કર ગમ,
સે નર જાવિ સરગ મિ, પામે કઈ નઈરથ સઈરથ કથન''...૧૦૮

(જે સમજપૂર્વક હરિભક્તનો આ ગ્રંથ ગાશે પાઠ કરશે, એ સ્વર્ગલોકને પામશે અને આ લોકમાં અનેક પ્રશંસાનાં કથનોનો અધિકારી બનશે.)

## સંદર્ભ

(૧) ''સત્સ્મરણ'' શ્રી રતુદાન રોહડિયા તથા ડૉ. અંબાદાન રોહડિયા.
(૨) ગુજરાતનાં ચારણી સાહિત્યનો ઈતિહાસ-શ્રી રતુદાન રોહડિયા.
(૩) ''લોકગુર્જરી-૨૩''ના ચારણી સાહિત્યવિષયક લેખો
(૪) લાંગીદાસ મહેડુ : વ્યક્તિત્વ અને વાઙ્મય ''વિચાર ભારતી'' ગીતાબેન ગઢવી.
(૫) ચારણી સાહિત્ય વિમર્શ : ડૉ. બળવંત જાની
(૬) કરશનદાસ બાલિયાની કૃષ્ણ ભક્ત કવિતા : ડૉ. બળવંત જાની
(૭) ચારણી બારમાસી કવિતા : ડૉ. બળવંત જાની

# ૧૨

## બહુમુખી પ્રતિભાવંત : માવદાનજી રત્નુ

**— ડૉ. સુનીલ જાદવ**

*એક પલ મેં જલ હુતે. થલ હોત બોત*
*એક પલ મેં થલ હુતે જલ ભારી હૈ*
*એક પલમેં છત્રધારી વો ભિખારી હૈ*
*એક પલ હું મેં ભિખારી છત્રધારી હૈ*
*એક પલ હું મેં નાશ કોટિ-બ્રહ્માંડ હોત*
*એક પલ હું મેં ફીર રચી માયા વિસ્તારી હૈ*
*એક પલ માહી જાહી ચાહ્ય સો કરંત ક્રિડા*
*'માવ' જગત તાત. હરિ વંદના હમારી હૈ*

એક પળમાં જેના ધારવાથી જલનું થલ અને થલનું જલ થઈ જાય, છત્રધારી ભિખારી અને ભિખારી છત્રધારી થાય તથા એક જ ક્ષણમાં આ બ્રહ્માંડનું સર્જન કે વિસર્જન કરી શકે એવા શક્તિના સ્વામી પરમતત્ત્વ પરમાત્માની આવા શબ્દો દ્વારા વિશિષ્ટ વંદના કરનાર કવિ-લેખક-સંશોધક-ઈતિહાસકાર એમ બહુમુખી પ્રતિભાના સ્વામી રાજકવિ માવદાનજીભાઈ રત્નુનું નામ ચારણી સાહિત્યકારોમાં પ્રથમ પંક્તિમાં મૂકવું પડે એવું સક્ષમ છે.

મૂળ કાલાવડ (શીતલા)ના વતની એવા રાજકવિ માવદાનજીભાઈનો



જન્મ વિક્રમ સંવત ૧૯૪૮ના ભાદરવા સુદ બીજને મંગળવારે તા. ૨૮-૮-૧૮૯૨ના રોજ જામનગર સ્ટેટના રાજકવિ શ્રી ભીમજીભાઈ બનાભાઈ રત્નુને ત્યાં કાલાવાડમાં થયો હતો. કાલાવડમાં જ સાત ગુજરાતી સુધી અભ્યાસ કરી માવદાનજીભાઈએ પિંગળશાસ્ત્ર અને છંદ-બંધારણનો અભ્યાસ શરૂ કર્યો. ચારણકુળની રત્નુ શાખામાં જન્મેલા આ કવિને કવિતાનો વારસો પિતા દ્વારા જાણે કે ગળથૂથીમાં જ પ્રાપ્ત થયો.

કારકિર્દીની શરૂઆતમાં તેમણે રાજવડ ગામનો વહીવટ સંભાળ્યો. વિ.સં. ૧૯૭૫માં નવાનગર સ્ટેટનાં ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં ફોરેસ્ટ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવી. નોકરી દરમિયાન તેઓ ગામડામાં જતાં અને ફરજ પૂરી કરી ગામ લોકોને કવિતા સંભળાવતા. કવિ તરીકે પ્રસ્થાપિત થતાં તેમને અનેક જગ્યાએથી આમંત્રણ મળવા લાગ્યાં. ભાવનગર સાતમી સાહિત્ય પરિષદમાં આ યુવાન કવિએ બ્રહ્માનંદનો એક નટવર નૃત્યનો છંદ ઉપાડ્યો તો વાતાવરણ ધણધણી ઊઠ્યું અને સાક્ષરો પણ હેરત પામ્યા.

ત્યારબાદ મુંબઈ આઠમી પરિષદ, વડોદરા શરદોત્સવ, સુરત કલા પ્રદર્શન, મુંબઈ લોકસાહિત્યનો જલસો, નડિયાદ નવમી સાહિત્ય પરિષદ, અમદાવાદ સાહિત્ય સભા, કરાંચી ગુજરાતી સાહિત્ય કળા મહોત્સવ વગેરે ઉપરાંત પાલનપુર કચ્છ-ભૂજ, માંડવી, ઉપલેટા, વરતેજ, રાજકોટ, લાઠી વગેરે સ્થળોએ સાહિત્યિક કાર્યક્રમોમાં હાજરી આપી જામનગર સ્ટેટના આ રાજકવિએ સાહિત્ય જગતને પોતાની સર્જકપ્રતિભાનો પરિચય આપ્યો. માવદાનજીભાઈને સાંભળવા સાહિત્ય રસિકોની મેદની ઊભરાતી.

માવદાનજીભાઈને ઈનામ-પુરસ્કાર-સન્માનપત્રો પણ ખૂબ મળ્યાં હતાં. સર પરસોત્તમદાસ તરફથી તથા કરાંચીમાં રાજા કલબ તરફથી અને અન્ય જગ્યાએથી બે-એમ કુલ ચાર સુવર્ણચંદ્રકો અને બીજા અનેક ચાંદીના ચંદ્રકો, સુવર્ણમુદ્રાઓ અને અનેક સન્માનપત્રો તેમને મળ્યાં હતાં. આ સંદર્ભમાં કવિ પોતે એક દુહામાં કહે છે :

*'સુવર્ણ મુદ્રા એકસત, સુવર્ણ ચંદ્રક ચાર ।*
*કવિ માવ સનમાનતે, કૃપા ગુરુ કિરતાર ।।'*

તા. ૧૯-૧-૧૯૬૯ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ જે પાંચ ચારણ કવિઓનું બહુમાન કર્યું એમાં દુલા ભાયા કાગ, શંકરદાન દેથા, મેરૂભા ગઢવી, પિંગળશી મેઘાણંદની સાથે માવદાનજીભાઈ રત્નુનું પણ સન્માન કુલપતિ ડોલરરાય

માંકડના હાથે કરાયું હતું. ડોલરરાય માંકડનું નામ એક અભ્યાસુ વિવેચક તરીકે ગુજરાતી સાહિત્યમાં ખૂબ માનથી લેવાય છે. ડોલરરાય ઘણીખરી બાબતોમાં ખરાઈ કરવા માવદાનજીભાઈને પૂછતા. આજે પણ તેમણે લખેલા પત્રો માવદાનજીભાઈના પૌત્ર બાબુભાઈ રત્નુ પાસે સચવાયેલા પડ્યા છે. આ બાબતથી માવદાનજીભાઈની વિદ્વત્તા અને વિશાળ જ્ઞાનભંડારનો ખ્યાલ આવે છે. ગોકુળદાસ રાયચૂરા અને કવિ ન્હાનાલાલ તેમની સાહિત્ય પ્રવૃત્તિથી ખૂબ જ પ્રભાવિત હતા, ન્હાનાલાલે તો કવિને કહેલું, 'તમે તમારા ગુણધર્મે પૂજાવ છો અને પૂજાશો. માવદાનજીભાઈની સાહિત્યપ્રવૃત્તિને રાજા અને પ્રજા એમ બન્ને તરફથી સમાદર મળ્યો. તેથી લુણાવાડા, જામનગર, ધ્રોલ, લોધીકા વગેરે રાજ્યો તરફથી તેમને વર્ષાસનો પણ મળતાં.

સ્વામિનારાયણ સંપ્રદાયના ચુસ્ત અનુયાયી એવા શ્રી માવદાનજીભાઈ ઉપર બ્રહ્માનંદ સ્વામીની ખૂબ અસર હતી. એ ભક્તિભાવથી જ તેમણે 'બ્રહ્મસંહિતા'નું સર્જન કર્યું. 'બ્રહ્મસંહિતા' માં બ્રહ્માનંદ સ્વામીના જીવન અને કવનની સંશોધનાત્મક વિગતોનો સમાવેશ થયો છે. આ ગ્રંથ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ખૂબ આદર પામ્યો. આ ઉપરાંત 'કવિ કીર્તનાવલી', 'નારાયણ કવચ હનુમાન સ્રોત', 'જૂનાગઢના જોગી', 'ખાનબહાદુર અરદેશર કોટવાલ', 'ભજનાવલી' અને 'જામનગર જિલ્લાના નવ યોગેશ્વર' જેવાં ધાર્મિક સાહિત્યનાં પુસ્તકો પણ માવદાનજીભાઈ પાસેથી મળ્યાં છે. તેઓએ રાજવીઓની પ્રશસ્તિ કરતાં કાવ્યો પણ લખ્યાં છે, જેમાં 'જામશ્રી રણજિતસિંહ ક્રિકેટ', 'વિજય વિલાસ', 'જામશ્રી દિગ્વિજય કાવ્ય સરોજ', 'મહારાણાશ્રી વીરભદ્રસિંહ વિજય વિલાસ', 'ચંદ્રકિરણાવલી', 'શ્રી મૂળરાજ બત્રીસી', 'શ્રી અમરેશ કીર્તિકુંજ' વગેરેનો સમાવેશ થાય છે.

પરંતુ તેમને જે ગ્રંથથી વિશેષ ખ્યાતિ મળી તે જામજાડેજાઓનો ઇતિહાસ 'શ્રી યદુવંશ પ્રકાશ અને જામનગરનો ઇતિહાસ' આ ગ્રંથ તેમના પિતાશ્રી ભીમજીભાઈએ ઈ.સ. ૧૮૯૯માં આરંભેલો. પરંતુ ઈ.સ. ૧૯૦૧માં તેમનું અવસાન થતાં માવદાનજીભાઈએ તેને નવેસરથી શરૂ કરી પ્રકાશિત-અપ્રકાશિત હસ્તપ્રતો વગેરે ઉપલબ્ધ સામગ્રીના આધારે તત્કાલીન મહારાજા જામ રણજિતસિંહજીનાં પ્રેરણા - પ્રોત્સાહનથી 'યદુવંશ પ્રકાશ'ની રચના કરી.

વિ.સં. ૧૯૯૧ (વામનજયંતી)ના પ્રગટ થયેલ આ ગ્રંથ ત્રણ ખંડમાં વિસ્તરેલો છે. પ્રથમ ખંડના ૩૯૨, દ્વિતીય ખંડના ૨૪૧ અને તૃતીયખંડના ૧૪૭



પાનાં મળીને કુલ ૭૭૦ પાનાં તથા પ્રસ્તાવના સહિતનાં આગળનાં પંદર પાનાં એમ કુલ ૭૮૫ પાનાંનો આ દળદાર ગ્રંથ વિષયવસ્તુ અને સામગ્રીની દૃષ્ટિએ પણ એવો જ મૂલ્યવાન છે. પ્રથમ ખંડની સોળ કળા (પ્રકરણ), દ્વિતીય ખંડની સોળ કળા અને તૃતીય ખંડનાં પાંચ પ્રકરણ એમ સાડત્રીસ પેટા પ્રકરણોમાં વિવિધ વિષયસામગ્રી સાધાર મૂકવામાં આવી છે. જેમાં પૃથ્વી ઉદ્ભવનાં વર્ષો-ચાર યુગની એક ચોકડી એવી ૨૭ ચોકડી પછી વર્તમાન ૨૮મી ચોકડીના સતયુગથી આ ગ્રંથ શરૂ થાય છે. ૫૮ ચક્રવર્તી રાજાઓનાં નામ, પછી ત્રેતાયુગના ૬૦ ચક્રવર્તી રાજાઓનાં નામ (જેમાં ભગવાન રામ પાંચમા ક્રમે છે), સૂર્યવંશી રાજવીઓના ૬૦મા ક્રમે રાજા સુરથ પછી શરૂ થયેલું ચંદ્રવંશી રાજ, જેમાં પ્રથમ રાજા ચંદ્ર, છપ્પનમાં શ્રીકૃષ્ણ પછીથી ૧૮૭ મા જામ દિગ્વિજયસિંહજી સુધીના રાજાઓનો ઇતિહાસ ૨૪ યદુવંશી રાજ્યોની વંશાવળી સહિત ક્રમબદ્ધ આલેખાયો છે. આ ગ્રંથના આધારે દરેક જાડેજા પાસે તેની વંશાવળી હોય તો પોતે ચંદ્ર તથા શ્રીકૃષ્ણની કેટલી પેઢીએ વારસદાર છે તે જાણી શકે છે.

આ ગ્રંથમાં ભગવાન રામ અને શ્રીકૃષ્ણ, ઉપરાંત જામ નરપત, જામ લાખો ફુલાણી, અબડો અણભંગ, જામશ્રી રાવળજી, કચ્છના સંત માતંગદેવ, મહાન ભવિષ્યવેત્તા મામૈદેવ, ચારણ કવિ ઈસરદાસજી, વૈદ્યરાજ ઝંડુ ભટ્ટ, ત્રિકાળદર્શક પંજુ ભટ્ટ, આઈ નાગબાઈ, આઈ હરસિદ્ધિ, ભુચરમોરીનો ઇતિહાસ, કાલાવડ અને જામનગરનો ઇતિહાસ, ધ્રોલ, ખીરસરા, રાજકોટ, લોધીકા, ગોંડળ, કોટડા સાંગાણી, મેંગણી, ખરેડી, મોરબી, માળીયા, રાજપરા વગેરેના રાજવીઓની વિગતો; ધુમલી, બરડો, કિલેશ્વર, ભાણવડ, માછરડા, ગનીપીર, દાણીધાર, પ્રગટેશ્વર, બાલાચડી, આમરણ-બાલંભા જેવાં સ્થળોની વિગતો ઇતિહાસ સ્વરૂપે આલેખાઈ છે. સાથે સાથે જામનગર આણદાબાવા આશ્રમ, પ્રણામી સંપ્રદાયનું ખીજડા મંદિર, વૈષ્ણવોની હવેલી, જૈનોનાં દેરાસર, વ્હોરાના ધર્મગુરુની ગાદી મુલ્લા મેડી વગેરે ધાર્મિક સ્થાનકોની વિગતો પણ આપવામાં આવી છે. સાથે સાથે વાઘેરોની અંગ્રેજો સામેની લડાઈ અને શૌર્યગાથા પણ આ ગ્રંથમાં વર્ણવાઈ છે.

આમ ઇતિહાસની દૃષ્ટિએ ખૂબ જ મૂલ્યવાન અને અતિ ઉપયોગી એવો આ ગ્રંથ વર્ષોની માવદાનજીભાઈની મહેનત કહો કે કઠોર પરિશ્રમનું સુફળ છે. ઇતિહાસના કોઈ પણ અભ્યાસુઓને તથા જિજ્ઞાસુઓને ઉપયોગી થાય તેવું આ ગ્રંથકાર્ય ઐતિહાસિક ગ્રંથોમાં અમર બન્યું છે.

આ ગ્રંથ છેલ્લાં ઘણાં વર્ષોથી અપ્રાપ્ય હોઈ ઈ.સ.૨૦૦૮માં

માવદાનજીભાઈના દીકરા નવિનદાનજીએ તેની ઝેરોક્ષ કરી કેટલીક પ્રતો તૈયાર કરી લોકોને નજીવી કિંમતે ઉપલબ્ધ કરી આપ્યો છે, જે આનંદની વાત છે.

હરતી ફરતી યુનિવર્સિટી જેવા જ્ઞાનભંડાર માવદાનજીભાઈ પાસે અનેક વિદ્વાનો આવતા અને તેમનું માર્ગદર્શન લેતા. ડોલરરાય માંકડ ઉપરાંત પુષ્કર ચંદરવાકર, ડૉ. ઈશ્વર દવે ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ, ઈતિહાસ વિભાગ, બરોડાની મ.સ. યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટી, ગુજરાત યુનિવર્સિટી અને રાજસ્થાની યુનિવર્સિટીના વિદ્વાન અધ્યાપકો અને સંશોધકો - ઈતિહાસવિદ્દો પણ માવદાનજીભાઈ પાસેથી આધારભૂત - પ્રમાણભૂત માહિતી મેળવતા રહેતા.

માવદાનજીભાઈના વારસદારો પાસેથી મળેલ ગુપ્ત માહિતી મુજબ કવિ માવદાનજીભાઈ રત્નુ જામ રણજિતના અતિ વિશ્વાસુ હતા. જામ રણજિત મહાન દેશભક્ત હતા. અંદરખાને તેઓ અંગ્રેજોના વિરોધી હતા અને સુભાષચંદ્ર બોઝ તરફી ક્રાંતિકારી જૂથના ગુપ્ત ટેકેદાર હતા. મુંબઈની કોઈ હોટલમાં એ બન્નેના મિલનના ફોટા કોઈ અંગ્રેજ એજન્ટે લીધેલા. જેથી અંગ્રેજ સરકાર જામ રણજિતને પદભ્રષ્ટ કરવા માગતી હતી, જેની ખબર પડતા જ સ્વમાની રાજવીએ જાતે મોરફીનના ઈન્જેકશનથી પોતાના જીવનનો અંત આણ્યો. જામ રણજિત સુભાષચંદ્રને મળ્યા ત્યારે તેમના ખાસ વિશ્વાસુ કવિ માવદાનજી તેમની સાથે હતા. આમ માવદાનજીભાઈ એવા કવિ છે. જે સુભાષચંદ્ર બોઝને મળ્યા છે અને રજપૂત રાજાઓની શૌર્યકથાઓ ગાઈ સંભળાવી છે. આ વાતનો ઉલ્લેખ જાણીતા ઈતિહાસવિદ્ નરોત્તમ પલાણે તેમના એક લેખમાં કરેલો. માવદાનજીભાઈએ પોતે આ વાત શ્રી પલાણને કહેલી.

માવદાનજીભાઈ પાસે વિશ્વની સૌથી નાની શિક્ષાપત્રી તેમજ ભગવાન સ્વામિનારાયણ (સહજાનંદ સ્વામી) એ એમના મુખેથી ચાવેલ દાતણ તથા અન્ય પ્રસાદીની વસ્તુઓ પણ હતી, જે હાલ તેમના પુત્ર-પૌત્ર (જે હાલ કાલાવડમાં છે.) પાસે સલામત છે. સ્વામિનારાયણ, સંપ્રદાયમાં તેમની સેવાઓની ખૂબ જ માન-સન્માન સાથે નોંધ લેવાઈ છે. અને એટલે જ કવિ માવદાનજીના વિ.સં. ૨૦૪૦ મહા વદ બીજ તા. ૧૮-૨-૧૯૮૪ ને શનિવારના રોજ થયેલ અવસાન સમયે ખુદ પ્રમુખ સ્વામી મહારાજે કહ્યું હતું કે, 'માવદાનજીભાઈએ સાહિત્ય દ્વારા સત્સંગની સેવા કરી છે તે અદ્વિતીય છે અને ચિરસ્મરણીય રહેશે.'

માવદાનજીભાઈના પુત્ર બાબુભાઈ પાસે હાલ જર્મનીની ગ્લાસગો કંપનીની



બનાવટનો એક જૂનો તમંચો છે. આ તમંચો માવદાનજીભાઈએ જામસાહેબ પાસેથી ભેટ સ્વરૂપે ઈનામમાં માગી લીધેલો. બાબુભાઈ અને તેમના પુત્ર નરેશ રત્નુના કહેવા મુજબ એ તમંચો વાઘેર વીર દેવા માણેકનો છે. ૧૮૫૭ની છેલ્લી લડાઈ કાલાવડ (શીતલા) પાસેના માછરડા ગામે આવેલ ટોબરા ડુંગરની ધાર પર વાઘેરો અને અંગ્રેજો વચ્ચે થયેલી જેમાં દેવા માણેકે આ વિશિષ્ટ તમંચાથી હેબર્ટ અને લાટુચ નામના બે અંગ્રેજ અધિકારીઓને મોતનો ઘાટ ઉતારી દીધા હતા.

આ અને આવી બીજી અનેક બાબતો પરથી માવદાનજીભાઈનો જામસાહેબ સાથેનો અંગત નાતો અને તેમનો ઈતિહાસપ્રેમ દેખાઈ આવે છે.

તેમના અવસાન સમયે કાલાવડમાં યોજાયેલી શોકસભામાં કિરીટ ઉધાસ નામના એક શિક્ષકે તેમના નામને કાલાવડના કોઈ રોડ સાથે જોડવાનું સૂચન કરેલું. જે પચ્ચીસ વર્ષ પછી સ્વીકારાયું અને થોડાં વર્ષો પહેલાં જ કાલાવડમાં સરદાર પટેલ ચોકથી મુખ્ય બજાર તરફના રોડને 'રાજકવિ' માવદાનજી રત્નુ માર્ગ' નામ આપવામાં આવ્યું છે.

આવા રાજકવિ. સાહિત્યકાર, ઈતિહાસકાર, સંશોધક અને છંદ બંધારણના અભ્યાસુ માવદાનજીભાઈ રત્નુ તેમના જ્ઞાનના પ્રતીકસમા ગ્રંથ 'યદુવંશ પ્રકાશ'ના અસ્તિત્વ થકી અક્ષરદેહે કાયમી અમર રહેશે.

૧૩

## અણબોટી લોકકલ્પનાનું કાળજયી સર્જન : 'ટેરવાં'

**— ભરત કવિ**

ગુજરાતભરમાં, દેશમાં અને દુનિયામાં પણ જ્યાં જ્યાં લોકસાહિત્યના નાના કે મોટા યોજાતા 'ડાયરા'નો કાર્યક્રમ હોય ત્યાં પૂજ્ય કાગબાપુ, રાષ્ટ્રીય શાયર મેઘાણી અને કવિશ્રી 'દાદ'ની ચિરસ્મરણીય, અમર રચનાઓને લોકગાયકોએ તેમના મધુરા કંઠે ન ગાઈ હોય એવો એક પણ અપવાદ આજ સુધી નોંધાયો હોય એવી મારી જ નહિ બલ્કે કોઈનીય સ્મૃતિમાં નહિ જ હોય....

મેઘાણીજીએ કહ્યું છે કે, 'ચારણે વાણીને સાચવી છે, ઇતિહાસને રચ્યો છે, ઊર્મિઓના બહુવિધ પ્રદેશોને લાડ લડાવ્યા છે, પ્રકૃતિને, પ્રભુને, સ્વધર્મને, જાતિ ઉત્થાનને અને જન્મભૂમિને પોતાની અનોખી છટા વડે આરાધેલ છે. શતકોના સૂર્ય ઊગીને આથમી ગયા ત્યાં સુધી ચારણ સંસ્કૃતિની મશાલ ધરીને ઊભો રહ્યો છે.'

રાષ્ટ્રીય શાયર મેઘાણીની ચારણો વિશેની આ વ્યાખ્યાને કવિશ્રી 'દાદ'એ અક્ષરશઃ પોતાના જીવન અને કવનમાં સુપેરે આત્મસાત્-સાર્થક કરી છે તેમ કહેવામાં તલભારેય અતિશયોક્તિ નથી.

પ્રાતઃસ્મરણીય પૂજ્ય મોરારિબાપુય કહે છે કે 'સમાજને સાદ પાડીને અનેક રીતે પ્રેરણા આપનાર કવિ 'દાદ'ને સમાજે 'દાદ' આપવી જ જોઈએ.



સમાજનું એ ઋણ અને કર્તવ્ય છે. પ્રભાવે અને સ્વભાવે મુલાયમ એવા આપણા મલકના આ કવિની કવિતા સમાજને પ્રભાવિત નહીં પણ પ્રકાશિત કરે એવી મહેચ્છા સાથે મારી પ્રસન્નતા, પ્રભુ પ્રાર્થના અને આશિષ છે.'

પૂ. કાગબાપુના પેગડામાં પગ મૂકવાની નરવી શક્તિ ધરાવતા કવિ 'દાદ' લોક હૈયાના અગોચર ખૂણે રમતા ઋજુ ભાવોને પોતાના કાવ્યમાં મુગ્ધ ઝરણા જેવી મધુરી, રમતિયાળ શૈલીમાં આલેખે છે. કવિ 'દાદ' આલા દરજ્જાનો લોકમાન્ય અને લોકભોગ્ય ચારણ કવિ છે. તેમની કવિતામાં આઈ વરૂડીના વીરડાની અવિરત સરવાણી વહે છે... સુરતાની શબ્દવેદીમાં સળવળતી ફકીરી.... પ્રકૃતિના ચરણે ધરેલું નૈવેદ્ય.... અને હૈયાની નિપજ એટલે કવિ 'દાદ'ની કવિતાની ક્યારી... તેમની રચનાઓમાં શબ્દનો પ્રચાર નહીં પણ અંતરનો ઉપચાર છે. 'દાદ'નાં કાવ્યોમાં ધૂળ ધોયા અને ધૂળ ખાયા સમાજનો આસ્વાદ પામેલો વાદ અને નાદ અનુભવી શકાય છે....

કવિશ્રી હરીન્દ્ર દવે કવિ 'દાદ'ની કવિતાનાં વધામણાં-પોંખણાં કરતાં કહે છે કે 'ટેરવાં' એટલે શબ્દની કેડી પર લય અને લાગણીની ભાતીગળ વેલ્ય એ વેલ્યનો અવાજ દિલમાં પડઘા તો પાડે જ છે સાથે ગેબના મલકમાં પણ પડઘો સરજે છે. ભીતર કોળી ઊઠે એવી રચનાઓ લોકગાયકોના કંઠે મહોરી છે. ક્યારેક સ્વામી આનંદ જેવા મરમીને કવિ 'દાદ'ની કવિતામાં મધ્યકાલીન સંતની લઢણ દેખાય, તો કોઈ ગાયકને એમાં લોકજીવનનો ધબકાર સંભળાય અને સાંઈ મકરંદ જેવા ગૂઢ, આધ્યાત્મિક અનુભૂતિના વેધુ-જાણતલને એમાં જીવતરના પ્રસંગે પરોવાતું પ્રસંગને ઉજાળતું 'આતમ મોતી' વીંધાતું દેખાય... કવિ દુલા કાગ પછી ચારણી પરંપરાને વધારનારા અને ઉજાળનારા કવિ તરીકે 'દાદ' દેખાય છે.

પોતાના કાવ્યસંગ્રહ 'ટેરવાં'-૧ વિશે, કવિ 'દાદ'ની કેફિયત ટાંકવાનું પણ આ તકે મન થાય છે. 'ચિત્તની આ વાતોની સરવાણીઓ હૈયાના પ્હાડ તોડીને નીકળી ગઈ છે. સરવાણીઓનાં એ પરાધીન નોંધારા પાણી જેમ વાળ્યાં તેમ વળી ગયાં. એનો કોઈ નિશ્ચિત માર્ગ ન રહ્યો. ખાડા, ટેકરા, નદી, નાળાં, બાગ-બગીચા બધે ફર્યો ક્યાંક આડા બંધ આવ્યા અને ઠોવાતાંય રહ્યાં, છતાં એ બાંધ્યા નથી રહ્યાં. સરી સરીને બધામાંથી નીકળતાં આવ્યાં. એણે ચાલવાનું ચાલુ રાખ્યું. ખબર નથી ક્યાં જવાનું થશે !' તો હાલો હવે 'દાદ'ની વાણીના પાણીનું મધરું મધરું પાન કરીને આપણી તરસ્સુંને ય છિપાવીએ...

ચારણો હંમેશાં જન્મથી જ પક્ષપાતી રહ્યા છે અને તેથી જ તેમણે કાયમ

માતાજીને જ પૂજી છે, ભજી છે, આરાધી અને ઉપાસી છે. કવિ 'દાદ' પણ 'ટેરવાં'- ૧માં પોતાની પ્રથમ કૃતિમાં આઈશ્રી આવડને ચરજરૂપે આરાધતાં લખે છે કે :

*આવડ તું ઉપટે આવે રે, બાઈ તુંને બાળ બોલાવે*
*ચડી કાંતો નીંદના ઝોલે, બોલાવી બોલ ના બોલે.*
*રેના દિન ઘટમાં રે'જે, લોબડિયાળી સાર તું લેજે,*
*દાદલ કે' સાદ તું દેજે રે, બાળ તુંને બાઈ બોલાવે.*

સંસાર સાગરમાં નાવ જ્યારે મધદરિયે તોફાનમાં અટવાયું હોય, દરિયાનાં ડુંગરા જેવડાં લોઢ મોઢાં ફાડીને માનવીનો કોળિયો કરી જવા માંગતો હોય, દશેય દિશાયુંથી જીવલેણ વાવાઝોડું ત્રમઝટ બોલાવતું હોય, ક્યાંય બચવા માટે આરોવારો ન હોય, કિનારો ય ક્યાંય ન કળાતો હોય ત્યારે આઈ ખોડિયારને રુદિયાથી પોકારીને માં ખોડલને ખબર્યું લેવા અરજુ કરતા હોય કે :-

*માડી આજ છેટો રે ચાંદો ને છેટો સૂર ઓલવાતા આતમ દીવડા રે....*
*હવે સતની જ્યોતું પ્રગટાવ્ય, ઝાંખા રે દીસે દીવડા રે....*
*માડી આજ જડે નઈ ત્રાટો કે જડે નઈ ત્રાગ, હાવલાં મારી મારી હાંફિયા રે...*
*જેવાં હતાં રે આગુનાં તારાં હેત, ગાગડિયાવાળી ક્યાં ગિયાં રે....!*

કવિ 'દાદ'ની અતિ પ્રસિદ્ધ, અવિસ્મરણીય, અદ્‌ભુત કવિતા એટલે 'કાળજાં કેરો કટકો' માત્ર ગુજરાત, ભારતમાં જ નહિ બલ્કે વિશ્વભરમાં પણ જ્યાં અને જ્યારે પણ આ કવિતા કોઈપણ લોકગાયક ગાય ત્યારે દસવીસ વરસ પહેલાંય જેણે દીકરીને સાસરિયે વળાવી હોય તેવા મા-બાપ કે જેને ત્યાં દીકરી હોય તેવાં મા-બાપ વલોવાતા કાળજે દીકરીને વળાવતા હોય એમ હંમેશાં રહ રહ રોતાં સહુએ ભાળ્યાં છે :

*કાળજાં કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગ્યો,*
*મમતા રૂવે જેમ વેળુમાં વીરડો ફૂટી ગ્યો....*
*બાંધતી ન'ઈ અંબોડલો, ભલે હોય ઈ છુટી ગ્યો,*
*રાહુ થઈ ઘૂંઘટડો મારા ચાંદને ગળી ગ્યો....*

સૂરજની પાછળ પ્રીતમાં ઘેલી થઈને રાત તેની પાછળ દોડે છે ત્યારે એની શું વલે થાય છે તેનો વલોપાત અને વેદનાને વાચા આપતાં 'રાત પડી ગઈ' કાવ્ય રચનામાં રહેલી ભારોભાર કરુણા આપણા રુદિયાને હચમચાવી નાંખે છે :-



*પ્રીતની ઘેલી હાય બિચારી, સૂરજ પાછળ રાત પડી ગઈ,*
*ઉદયાચળને ઓરડેથી એ, દુઃખની મારી દોડતી આવે,*
*ભટકતી આથમતી ભીંતે, સિંદૂર સર્યાને સાંજ પડી ગઈ....*
*નંદવાણી સૌભાગ્યની ચૂડી, બીજની ઝીણી ભાત પડી ગઈ.*

- વરસાદ વિશેની કવિ 'દાદ'ની એક અનોખી, અદ્‌ભુત કલ્પનાશક્તિ પર ઓવારી જવાનું, ઓળઘોળ થઈ જવાનું મન થાય છે :

*ભીતર અગ્નિ ભડકે બળે, જુઓ દામિની ડોકાં કરે,*
*પંડ્યનાં દુઃખડાં પ્રજળે છે પણ અવરનાં તો ઠરે,*
*મેહુલિયો મોંઘાં રુદન કરે.*

પ્રભાતનાં પહેલાં કિરણ ધરતી પર પડતાં હોય એવે ટાણે પોતાની ગોરાંદે બેડલું લઈને પાણીડાં ભરવા નીસરે ત્યારે કેવું દશ્ય લાગે ?

*એ ભાણ ઝળક્યો રે... ગોરી તારા પાણીના બેડલે.*
*ગોરી તારાં બેડલે પૂનમ કેરી રાત છે એ ચાંદ ચમક્યો રે*
*ગોરી તારાં પાણીના બેડલે.*
*ગોરી તારા બેડલે ધરતીના હેત છે એ આભ ઝુમ્યો રે...*
*ગોરી તારા પાણી'ના બેડલે.*

ગામડાંની નમણી ગોરાંદે જ્યારે પોતાના ગોરા ગોરા રૂપાળા હાથે ભીંત્યુને ગાર કરે છે, ત્યારે એ ગોરલની આંગળીઓના મખમલી સ્પર્શનો અનુપમ આનંદ અને ગોરીના નિખરતા સૌંદર્યની અનુભૂતિની વાત કરતાં કવિ 'દાદ' 'ભીંત્યું ભાગ્યશાળી'માં વર્ણવે છે :-

*ભીંત્યું કેવી તમે ભાગ્યશાળી, ગાર્યું કરે ગોરા હાથવાળી,*
*ગોપી ચીતરી કાનુડો ચીતર્યો, ચીતર્યા ગોપ ને ગોવાળી.*
*ચુડીયુંવાળા હાથે છંદાણી તું, સુખણી થઈ ગઈ સુંવાળી*
*પદમણી તારી દેયું પંપાળે હેમ સરીખા હાથવાળી.*

કવિ 'દાદ'ના કાવ્યસંગ્રહના નામાભિધાનવાળી અજોડ, અદ્‌ભુત અને કાળજયી અમર રચના એટલે 'ટેરવાં'. 'ટેરવાં'ના કામણ ક્યાં ક્યાં અને કેવાં કેવાં ભાતીગળ અને રળિયાત છે તે માટે ચાલો સાંભળીએ, માણીએ, આસ્વાદીએ 'ટેરવાં'ને....

*ધીરાં ધીરાં રે વગાડ કાળજામાં વાગે છે ટેરવા.*
*હસતાં ભીંત્યુંએ ઓલ્યાં ચાકળે ચંદરવે, માંડ્યું છાંડ્યુંમાં મલકાય,*
*ટોડલે ટહુકે છે ટેરવાં.*
*જીવન જંજાળ ઘડીક મમતાને ખોળલે, બાળક બનીને ઊંઘી જાય,*
*માથડાં પંપાળે છે ટેરવાં.*
*ડૂકી ગયા હોય ભલે નદીયુંના વેન 'દાદ',*
*અંતરના નીર ઊભરાય વીરડાં ગાળે છે ટેરવા.*
*ક્રમ જાતાં ક્રમ પલટતાં ત્રિયાં પડંતા તાવ,*
*ઈ ત્રણ ટાણાં મરણ રા, એમાં કોણ રંક, કોણ રાવ ?*

— આ દુહાને જેણે પોતાનાં જીવતરમાં જીવ્યો, જીરવ્યો અને અનુભવ્યો હોય… તેવો 'મરદ' જણ કાં ધર્મ માટે, કાં દેશ માટે, મરી ફીટે, ગોધન માટે કે અબળાની આબરૂ માટે મરી ફીટે…. અને એની શહાદતનાં વધામણાં-પોંખણાં માટે જ્યારે ખાંભી અને પાળિયો બને…. તેવી અભરખા સેવીને 'ભગવાન' બનીને પૂજાવા કરતાં 'પાળિયો' બનીને સિંદૂરે ચોપડાવવાને જેની મનસા છે અને જેના ભીતરે કસુંબલ રંગે રંગાવાનો કોડ છે અને વિજોગણનાં આંસુડે નાવાનો જેનો મનોરથ છે, તેવાં પાળિયા થઈને પૂજાવાની એક એક નવી નક્કોર, કુંવારી કલ્પના આલેખતી કવિ 'દાદ'ની અમર રચના એટલે 'ઠાકોરજી નથી થાવું'….

*ટોચોમાં ટાંકણું લઈ, ભાઈ ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું*
*ધડ ધીંગાણે જેના માથા મસાણે એવા પાળિયા થઈને પૂજાવું….*
*મુડદાં બોલે એવા સિંધુડા રાગમાં શૂરો પૂરો સરજાવું.*
*મોહ ઉપજાવે એવી મુરતિયુંના મારે, ચિતારા નથી ચીતરાવું,*
*રંગ કસુંબીના ઘૂંટ્યા રદામાં એને 'દાદ' ઝાઝું શું રંગાવું….*

કવિ 'દાદ'ના 'ટેરવાં' ભાગ-૧માંથી કઈ કવિતા ટાંકવી અને કઈ રહેવા દેવી ? એની મસમોટી અવઢવ છે… છતાંય આ તો માત્ર 'રસનાં ચટકાં' લેખે થોડી રચનાઓનો મારી અલ્પમતિ મુજબ આસ્વાદ કરાવવાનો નાનકડો પ્રયાસ કર્યો છે. 'ટેરવાં' ભાગ-૧માં કુલ ૪૮ કાવ્યો છે દરેકમાં કવિ 'દાદ'ની ગજબની કલ્પનાશક્તિ, સંવેદનશીલતા, ઊર્મિશીલતા, ઋજુતા, મધુરતા, સરળતા, લોકભોગ્યતા અને ભાતીગળ ભાત છલોછલ ભરી છે. તેમણે પોતાની કવિતાઓમાં શેશુદ્ધ ચારણપણું અને ચારણી શૈલીને ઉજાગર કરી છે. લેખની મર્યાદાને ધ્યાનમાં લેતાં તમામ કૃતિઓનો રસાસ્વાદ કરી શકાયો નથી… તેમ છતાંયે જે રચનાઓ



લોકહૈયે ઝિલાઈ છે, અને જેને વારંવાર વાંચવી, સાંભળવી અને મમળાવવી ગમે તેવી રચનાઓ પ્રત્યે નિર્દેશ કરવો જ જોઈએ. જેમાં ખાસ કરીને અમે નાહક ખાખરિયુંમાં ખીલ્યાં કેસૂડાનાં ફૂલડાં, સોણલું મારું આંગળીના ટેરવે આવ્યું, સોણલું મારું ધીમા ટકોરે આવ્યું, હિરણ હલકાળી જોબનવાળી નદી રૂપાળી નખરાળી, શૂરા જોજે જાય ના પાણી, શ્યામ રંગ લાવ્ય બીજો કાંઈ લાગશે નંઈ, લાખ ભાત્યું મર છાપો, ગાજે સમંદરના પાણી, ઘટોઘટ એમ મેઘાણી, કાળજ કેરે કણસલે બેસીને ચાંચું ભરે, વાતડિયું વૈયાના ઘેરા વળે, સમયનાં ઝેર જીરવનારાં એવા નીલકંઠાને ન્યાળ્યાં, એને સોડ્યે કદી સુવરાવ્યો નહી, બીજા બાળોતિયે બદલાવ્યો નહીં, ધ્રપીને તે કદી ધવરાવ્યો નહીં, ઊંડા રે કૂવા જળ છીંછરાં વાલીડાં, ઘોર રે અંધારાં ગ્યાં ઘેરાઈજી, કાળની ઘંટીયું ફરતી રે, લખમણ ઘડીક તો ઊભ ર્યો મારા વીર ઘોડલાંની વાઘું ઝાલો રે…. ધીરા ધીરા હાલો રે વાટુંના વટાવડા, એજી તારાં કોઈ નહીં દુઃખ ટાળે જીવડાં ! હાલ્યો જા હેમાળે, ટપાલનો થેલો અને જગદંબા ખોડિયારની સ્તુતિઃ ગુણ કરું હું ગાગડિયાની વિશેષ ઉલ્લેખનીય છે.

૧૪

## ચાલો... વિરડા ઉલેચી નાંખીએ

**– જિતુદાન ગઢવી**

ભલું થાજો.. બોટાદ-રાણપુરના વાણિયા ઝવેરચંદ કાલીદાસ મેઘાણીનું... કે, ભિખારીને માંગી ખાવાનાં ગીતો (બેગર્સ સોંગ)ને, ભણતરિયાઓના ભેજામાં ''અભ્યાસ''નામે ઉગાડી દીધાં.... ગરીબીયે ગોઝારી કરેલી જિંદગી (જે શાહુકાર અને શિક્ષિતોની આંખમાં અને અંતરમાં બિચારી ગણાઈને અબોલ હતી...તે) ને ગૌરવ બક્ષ્યું. બહારવટુ, આતંકવાદની ઓળખાણ મટી, આત્મગૌરવનું ગાન બન્યું. હક્ક અને હયાતી માટે હેસિયત બની. ભવાઈના ભૂંગળ એ રંગમંચનાં હથિયાર બન્યાં અને વ્યાસપીઠે વાસ પામ્યા.

ડૉ. બળવંત જાની ! મારું જો હરિ આગળ હાલતું હોત તો.... મેઘાણીજીને આટલા વ્હેલાં અલખ-જાતરાયે પરિયાણ ન કરવા દેત. કારણ કે મેઘાણીજી તો લોકસાહિત્ય માટે અજવાળિયું (શુકલપક્ષ) હતા. જીવતરની કાળી રાતમાં, અક્ષર-અજવાળાયે ચૌટાને અજવાળ્યા છે... ભાંગતી રાતુંને ભજનની ભાંગ પાઈ ઘેઘૂર બનાવી છે... નળિયા વગરના ઉઘાડા ચોરાને મેઘાણીજીયે શબદના છાપરે છજ્યા છે... હવે ઈ ''અજવાળિયું'' ગયા બાદ એક લાંબું અંધારિયું ભણતરિયાઓ એ અને ડાયરાવાળાએ ઉછેર્યું છે, સિલીબૅસના નામે... સંશોધનના કામે... કૉલમબાજોના નામે.



આપણે કશુંય જણ્યા વગર, કોઈ બીજા વાંઝિયાના ખોળામાં શું ભરવું ?... છતાંય ''ભણેલાંઓ'' આવા ભવાયા રમાડી શકે, જે લોકસાહિત્ય (સંગીત) ભણતરની કોઈ ભીંત વચાળે હતું જ નહિ... ઈ લોકોના જીવતરના એક હિસ્સા રૂપ ગણાતું ગાવણું-નામણું, શિક્ષિતની સંસ્થા (બનતાં સુધી ગુજ.સા.પરિષદ)એ ''લોકસાહિત્ય'' નામે વાડાબંધીના વરવા ખીલે ટીંગાડી દીધું. લોકોનો કોઈ જનમત લીધા વગર.... કોઈ આરા ઘાટ વગર.. કોઈ – પ્રિય વાંચકો ! આજ 'લોકશાહી' માટેની સધ્ધર ગણાતી વ્યાખ્યા ૧. ફોર ધી પીપલ ૨. બાય ધી પીપલ, ૩. ઑફ ધી પીપલના ઉદ્‌ગાતા અમેરિકન પ્રમુખ અબ્રાહમન લિંકન પણ લોકશાહીની સર્વોચ્ચ ઓળખ ભૂલી ગયા હોય... એવું મને લાગ્યા કરે છે... મને થયા કરે છે, કે ... લોકો માટેની, લોકો વડે, લોકોની લોકશાહી ''વિથ ધી પીપલ'' કેમ નહિ ? બસ ! આમ જ ભણેલાંઓ... સત્તા ભૂખ્યાંઓ.... ધર્માચાર્યો લોકોને સાથે રાખતાં ઓછપ અને નાનપ અનુભવે છે.

મિત્રો ! ગામઠી જીવતર પાસે સુખે સુવડાવી દેનારો શ્રમ હતો. કંટાળો આઘો કરવા ભજન હતું. ઓચ્છવ જોગ નાચણું હતું. મનને ઉઘાડું કરવા ગાવણું હતું... મલાજો મૂકીને દીકરી (સાસરવેલ વેઠેલી પિયરવાટે આવેલી દીકરી) પોતાની જનનીને કહી દેતી કે,

*માડી મને ભોજનિયાં પરહાવો...*
*નૈં તો જીવણ મારો હાલ્યા જાશે રે...લોલ.*

આ દીકરીની જનેતાયે પણ ઘણી ઘંટીમાં જીવતરના દાણાનો લોટ કરેલો હોય.. ઈ જનની જવાબ વાળતી... એક અનુભવ સિદ્ધ અક્ષરો ઉચ્ચારતી...કે,

*દીકરી તમે દલગરિયા નો થાજો...*
*જીવણ તારો ઝાંપે ઊભો રે...લોલ.*

લોકગીત એટલે આવા મીઠા કલહનું, સમૂહે સરજાવેલું ''આલબમ''...

જાની સાહેબ ! લોકસાહિત્ય જેવા સંબોધનમાં સૂગ ભાળનારા ભણતરિયાઓ પાસે, કોષ્ટકિયા અભિપ્રાયો હતા. અનુભવ વગરના અને આડેધડ શબદ હતાં...પણ સૂર ન હતા. ભણતરનું ઊંડું તળ હતું, પણ ગણતરના જળ વગરનું... નિરખવા નેણ હતાં પણ પરખવા માટેના પગ ન હતા...

જો ઉપરોક્ત વિધાનો પક્ષપાતી હોય તો... એક જમાનામાં વસનજી માધવજી વ્યાખ્યાનમાળાના એક વ્યાખ્યાતા તરીકે, મેઘાણીજીને સાંભળવા હૉલ

(થિયેટર)નો ''પનો'' ટૂંકો પડ્યાની સરેઆમ વાતુ છે... અને ઈ જ વ્યાખ્યાનમાળાના ગુજરાતી વ્યાખ્યાતા – જે બંને પોતાના ક્ષેત્રમાં ''ઘોઘો'' ગણાય છે. એમને સાંભળવા ફક્ત ૧૨ શ્રોતાઓ ''નવરટ'' થયેલા. છતાં પણ બે પૈકી ૧૨ શ્રોતાના વક્તા છાતી ફુલાવે... કે મારા પ્હેલાંના વક્તાને તો ફક્ત ચાર જ સાંભળવા આવેલા (દોણીવાળાંનો તૂટો પડ્યો ગણાય... !..??...!?!...)

આવા અંધારિયાને ઉલેચવા લોકગુર્જરી બળવંત બનીને વીરડા ઉલેચે છે... ત્યારે, લોકગીતમાં ગાંડી થયેલી નદિયુંના ચારેય કાંઠે છલી વળેલા જળની વાતને વહેવડાવું...

બળવંતભાઈ ! અમારાથી મરી નથી જવાતું અને મેઘાણીજી વધુ જીવ્યા નહીં, નહિતર આ ભાદરના કાંઠે ઊભરાયેલા ચારે ય કાંઠા ઉપર લોબાનનો ધૂપ કરી પાઘડીના છેડાનો આંટો ગળે નાંખી, અલખ આરાધતાં અખ્ખર-પાળિયાને અંજલિ આપત.

ઇ પછી કાંઈક ટાઠક જયમલ્લ પરમારના જોણ (વર્તન)માં ભાળેલી... પણ, એમને ય લાંબા ગામતરાં કરી લીધાં...

ચારણ સાહિત્યના ચોરે મહેશદાન મિસણની હાજરી, સળગતા અગ્નિને ભારવા માટે અડાયા ઓરવા પૂરતી હતી. તેથી ગમે ત્યારે આગ સંઘરૂકવા આનંદ થતો... પણ ''ચોરો'' હવે ચારણવિદ્યા વગરનો થઈ ગયો છે.

ત્યારે લોક ગુર્જરીના ગૌરવ માટે કલમને કસે...તો, વીંખાતાં જતાં ગામડાં, ભૂંસાતાં જતાં ગાવણાં, રોળાતી જતી રખાવટને ''નોળવેલ્ય'' મળી રહેશે...

આ જાણીતા લોકગીતની અજાણી વાત, લોકગીતની આંટીઘૂંટીનો ઉકેલ બની રહેશે...

લોકગીત : ચારેય તે કાંઠા રે... માત–

સાવ ખોટેખોટું... કોઈ મ્હોં માથા વગરનું...કોઈ ઢંગધડા વગરનું, તો ય તમારાં લોકગીત લાખેણાં ?... કરનારાયે કકળાટ કર્યો.

પ્હેલી વાત નોંધી લે...કે, લોકગીત મારા નહિ...કે તારા પણ નહિ...લોકગીત આપણાં. મેં માસ્તરગીરીની જુનવટ જાળવી. અને પછી પૂછ્યું કે, શું ખોટેખોટું છે ?

એ...આ તમારું લોકગીત. અને લોકગીત ઝીણા સાદે ગાયું.



॥ લોકગીત ॥

*ભાદર નદિયું આવેલી ભરપૂર જો...*
*ચારેય તે કાંઠા રે...*
*માતા મોરી છલી વળ્યાં.*

અને પોતાની સમજણે લોકગીત ઉપર લીંપણ કર્યું... કે. આ જેતપુર, જે ભાદરના નામે જ ઓળખાઈ છે. ઈ ભાદર...

અને મેં અડધેથી વાત વાઢતાં માહિતી આપી.. કે, કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)ની સૌથી વધુ લંબાઈ ધરાવતી, અને અત્યારે સૌથી મોટામાં મોટો ડેમ બંધાયેલો છે, ઈ ભાદર.

હં..અં... ઈ ભાદરે ચોમાસામાં ભરપૂર, કાંઠા બહારા કોગળાં કાઢી નાંખે એવા ઘોડાપૂર આવ્યાં, ઈ બરોબર પણ...નદીના ચાર કાંઠા છલી વળ્યા, ઈ કેવું ?..!!...??? નદીને ચાર કાંઠા હોય ! આમ તો લોકગીત ઈ ગાઈ નાંખવાની વાત નથી.. અને લોકગીતો ગાનારા તો ''સ્ટ્રીટ સિંગર'' જેવા ઊજળા નામે, ભિખારીનાં ગીતો (બેગર્સ સોંગ્ઝ) તરીકે જ મૂલવાયાં છે.

હા ! ઈ ગીતો રાવણહથ્થાના વાદન ઉપર, ખમાઈચા ઉપર (સારંગી જેવા સાજ ઉપર), વાટકો કે પવાલા દાણા સાટુ ગવાતાં ગીતો, ગામડાની શેરીમાં કૂતરાને કાર્યશીલ રાખતાં....એવો અભિપ્રાય આપનારોં ''ચોખલિયો'' સમાજ, એની રીતે, જે હોય તે... ગામઠી ગીતને મૂલવતો.

આંખનાં ઊંડાણ માપવા ''અંતર'' જોઈયે, કોઈ યંતર (યંત્ર) નકામાં.. ભૂખ જે દી' સ્વાદ સમજશે, તે દી' રસ તેનો ''કસ'' ગુમાવી દેશે. પાટા બાંધનારા જે દી' પીડા સમજશે, તે દી' રોગને વાચા ફૂટશે.

ઈ બધુંય ઠીક ! પણ...આમાં ભાદરના ચાર કાંઠા ભળાતા નથી ! તમારી સમજણથી નદીને, બીજા બે કાંઠા નો ઊગે ! આપણી વાત છે...કે - કરનારે પોતાનો કક્કો ઘૂંટ્યો ત્યારે -

વળી વાતને વળાંક આપીને બોલ્યો... કે, આ ગીતો તો રમી નાંખવાના છે. નાચી નાખવાના છે. આ ''નાચણું'' થાકતું નથી. કારણ કે કૂંડાળે ઘૂમનારાઓમાં, કેટલાંય કાળજાંઓ ઠરીને ઠામ થતાં હોય છે. કેટલાંય હૈયાંઓ હળવાં થતાં હોય છે.. ભાઈબંધ ! આવું કાંઈક... ક્યાંક... લોકગીતોના વ્યાસે... અમારા મેઘાણીજીએ લખ્યું છે...બાકી તો ઠીક. લોકસાહિત્ય ઉપર લખવું... ઈ તો સાંજે

ફરતા આવીને, બાવળીયેથી દાતણ વાઢતા આવવાનો રોગ થઈ ગ્યા જેવું છે.

હવે.. ચાર કાંઠા આવે છે..કે, પછી...

જો... સાંભળ... આ ગીતની મૂળ લીટીયું (માંડણી) સમજવા, એક વાત સાંભળવી પડશે.. છે નવરાઈ ? અને જો નવરાઈ ન હોય તો, ભાદરના ચાર કાંઠામાંથી બે (જે તારા છે ઈ) લેતો જા...અને બે મારા સાટુ છોડતો જા.

તો... થાવા ઘો. વાદ વદનારાયે વિવેક જાળવ્યો.

ગામડું ગામ.. ખેડૂત થોડાં પણ ? ઉભડીયા (ખેતમજૂર) ઝાઝા. વળી વસવાયાં પણ બ્હોળાં. સુતાર, ઘાંચી, લુહાર, દરજી, ચમાર, ભંગી અને હજામ તો ખરા જ. ઊપજ ઓછી અને ઉત્પાત ઝાઝાં. ગામના પાદરમાં નદી, ચોમાસા પૂરતી. પાદરમાં કૂવો, તળ ઊંડાં અને જળ છીંછરાં. આવા ગામમાં એક ભામણ (બ્રાહ્મણ)નું ઘર. ઉંમર ચૂક્યે કુંવારામાંથી વાંઢામાં ગણાયેલો દીકરો અને જુગજૂની છતાંય હાલતી-ચાલતી ડોશી-એમ બે ઓશરી-ઓરડાની સાહ્યબીના બે ભાગીદાર.

લોટ માંગ્યા સિવાય, આ ભામણના દીકરાને શાસ્તર કે કરમકાંડ કાંઈ ફાવે નહિ. હા ! મા-દીકરાને છીંકણી સૂંઘવા જોઈયે. પણ એકને લીંબડીની છીંકણી.. તો બીજાને શિહોરીનાં બંધાણ. માંગ્યો લોટ, પેટ પૂરતો થઈ પડે. વળી અગિયારસ, આઠમને અમાસના સીધા (દાનમાં દેવાતી રસોડાની પૂરી સામગ્રી સોંતુ સંકલ્પેલું દ્રવ્ય.. ઘી, ગોળ, લોટ, મરચું, તેલ વગેરે) થી ભોજન સ્વાદિલાં થાતાં. બસ ! આમ ગાડું હાલ્યે રાખતું.

એમાં ચોમાસું આવ્યું. જાતરાળુ, સંઘ, જમાતના આવરા-જાવરા વધ્યા. દાનના દરેડા થોડાંક જાડા થયા. પણ આ પાતળા કુટુંબને ઝાઝો ફાયદો ન થાય. ત્યારે -

માં ! આજ સામા ગામે, આ સૂકીના નદીના પટને ઓળંગી લાંબી ખેપ મારતો આવું. ભંડકિયામાંથી નવી ટોપી પ્હેરતાં દીકરો બોલ્યો.

હા..ગામ કરતાં પરગામ સારું. ૧૦૦ જાણીતા કરતાં ૧ અજાણ્યો સારો. તાંબડી ભેળો ખડિયો (જૂના જમાનામાં યાચકો ખભેથી બંને બાજુ લટકતી થેલી જેવું રાખતા તે) પણ લેતો જાજે. ...માતાજીયે લોભને પ્રગટાવ્યો.

હવે વાતને કરવું છે.. ઈ પ્રમાણો, દીકરો સામા ગામ ગયો. ત્યાં, કોઈ સારા ઘરના રૂડા અવસરે ઘરધણીયે ગામને ધુમાડાબંધ જમાડવાનો અવસર ઊજવ્યો, અને...



વાટકાને બદલે તાંસળીયે ભાણાં ભરાયાં. છૂટા હાથે ભોજન પિરસાણાં... વ્હેંચાણાં... દીકરાયે પણ ખડિયામાં લાડવા ઠાંસી-ઠાંસીને સમાવ્યા. તાંબડીમાં ભજિયાં ભર્યાં. અને દીકરાએ ભૂખ્યા પેટે અને ભરેલા ખડિયે, માતાજીને ધરાવવા દોટ દીધી... આ બાજુ – ડોશીને પણ તેડાં આવ્યાં. ગામના પાદરે, જોગીડાંની જમાતે, ગામના ભામણોની ચોર્યાસી (નાત)ને જમાડવાનો સંકલ્પ કર્યો. ત્યારે... સમ ખાવા પૂરતી ડોશી જ ચોર્યાશી લેખાણી... જોગીડાંની ઉદારતાયે, માલપૂવાનો સુંડલો અને દૂધપાકનું બોઘરણું, ડોશીમાંને હેતે પરખાવ્યાં...

બસ ! ડોશી દોડીને ફળિયે ગઈ. ફળિયે ભટકાઈને પાછી પડતાં. સામાગામની રસ્તે ચડવા નદીયે ગઈ. પણ ત્યાં તો

*ભાદર નદિયું આવેલી ભરપૂર જો.*
*ગાંડાપૂર.. હાથીને ભાંગી નાંખે એવા ગાંડાતુર... ત્યારે*

દોડીને આવેલો દીકરો, ભાદર... ગાંડીતુર ભાદરના સામાં કાંઠે, રાતા આંસુડે રોતો હતો.. અને આ કાંઠે ડોસીમા, તેના દીકરાને માલપૂવા જમાડવાના અભરખા તથા દૂધપાક પિવરાવવાના ઓરતાને, અશક્તિના ખાંપણ ઓઢાડીને હિબકાં ભરતાં હતાં.

ત્યારે મહાકાળે, આ દીકરાની બે આંખના કાંઠા તથા ડોશીના બે આંખના કાંઠા... ચારેય કાંઠાને ભાળી નિઃસાસો નાંખ્યો હશે અને દિશા ગાજી ઊઠી હશે..કે,

*ચારે ય તે કાંઠે રે...*
*માતા મોરી છલી વળ્યાં...*

## ૧૫

# ચારણી સાહિત્યનું અનુશીલન અને આકલન : 'ગુજરાતી ચારણી સાહિત્ય વિમર્શ'

ડૉ. દીપક પી. પટેલ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધક તરીકે જાણીતા ડૉ. બળવંત જાનીએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સાથે ચારણી સાહિત્ય, જૈન સાહિત્ય, આદિવાસી સાહિત્ય, બારોટી સાહિત્ય, સંતસાહિત્ય, લોકસાહિત્ય અને ધર્માન્તરિત પ્રજાના સાહિત્ય વિશે પણ મહત્ત્વનું કાર્ય કર્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં ચારણી સાહિત્યની અગિયાર હજાર જેટલી હસ્તપ્રતોનો ભંડાળ સચવાયો છે. યુનિવર્સિટીના સ્થાપનાકાળના પ્રથમ કુલગુરુ ડોલરરાય માંકડની દીર્ઘદૃષ્ટિને કારણે રતુદાનભાઈ રોહડિયા જેવા સન્નિષ્ઠ સંશોધક મળ્યા. રતુદાન રોહડિયાએ આ બધી હસ્તપ્રતો એકત્ર કરી, જીવનભર પુરુષાર્થ કરીને ગુજરાત અને રાજસ્થાનના ચારણોનો સંપર્ક સાધી તેનું એકત્રીકરણ કર્યું. યથાક્રમે એ હસ્તપ્રતોની સૂચિનો ગ્રંથ ચારણીસાહિત્યપ્રદીપ, ભાગ ૧-૨ પ્રકાશિત કર્યા. યુવાન અધ્યાપક ડૉ. બળવંત જાની ચારણી સાહિત્યની આ બધી સન્દર્ભસામગ્રી અને ઘટનાના સાક્ષી અને સહભાગી બનતા રહ્યા. એ કારણે ચારણી સાહિત્ય આપણા સાહિત્યનો એક વિશિષ્ટ હિસ્સો છે એવો ખ્યાલ એમના ચિત્તમાં જન્મ્યો હશે.



યથાક્રમે રતુદાનભાઈ રોહડિયા, ઈશ્વરભાઈ દવે સાથે મળીને ડૉ. બળવંત જાની એમાં કાર્યરત થયા. પછીથી રતુદાન રોહડિયા અને બળવંત જાની બન્ને એકબીજાના પૂરક બનીને કાર્ય કર્યું. આમ ચારણી સાહિત્યની ઘણીબધી કૃતિઓનું આ બન્ને સારસ્વતોએ આપણને સંપાદન કરી આપી સુલભ બનાવી. સમયે બળવંત જાનીની સંશોધક-વિવેચક તરીકેની દૃષ્ટિ એમાં સતત કાર્ય કરતી રહી ને તેમણે આપણને ઈ.સ. ૨૦૧૦માં 'ગુજરાતી ચારણી સાહિત્ય વિમર્શ' જેવો ચારણી સાહિત્યના વિવેચનનો ગ્રંથ આપ્યો.

ચારણી સાહિત્યના આ વિવેચનગ્રંથમાં ડૉ. બળવંત જાનીએ અગિયાર જેટલા લેખોને સંચિત કર્યા છે. ગ્રંથના પ્રથમ ખંડમાં ત્રણ લેખો મૂક્યા છે. જેમાં ચારણી સાહિત્યની વિશેષતાનું દર્શન કરાવે છે. ચારણોનું સાહિત્ય એ માત્ર પ્રશસ્તિનું સાહિત્યમાત્ર નથી પરંતુ એમાંથી પ્રગટ થતી સાચી મૂલ્યનિષ્ઠા અને સાંસ્કૃતિક મૂલ્યોના વાહક ચારણો કેવા ખમીરાતવાળા હતા તેનો નિર્દેશ થયો છે. સાથે સાથે ચારણી સાહિત્યને સામાજિક સમરસતાના સાહિત્ય તરીકે પ્રસ્તુત કર્યું છે તો આ સાહિત્યના ઘડતરમાં એક વિશાળ યુનિવર્સિટી જેવું કાર્ય કરનારી સંસ્થાનો પરિચય આપ્યો છે. બીજા ખંડના ચાર લેખોમાં મુખ્યત્વે ચારણી કવિઓ અને તેમના જીવન, કવનની વિગતો તથા વિશેષ સન્દર્ભોને રજૂ કર્યા છે. ત્રીજા ખંડમાં ચારણી સાહિત્યની અભિવ્યક્તિને વિભિન્ન રીતે મૂલવી છે. ચારણી સાહિત્ય એ પ્રસ્તુતિનું સાહિત્ય છે. તેમાં પ્રસ્તુતિ કેવી છે તેની ચારેય લેખમાં જુદા જુદા અભિગમથી ચર્ચા કરી છે.

ગ્રંથનો પ્રથમ લેખ 'ચારણી સાહિત્ય : રાજ્યાશ્રિત છતાં તથ્યાશ્રિત' જેવા વિષયને રજૂ કરે છે. પ્રસ્તુત લેખમાં પ્રારંભિક ભૂમિકા બાંધતાં ચારણ રાજકવિઓની કવિતા વિશેનો નિર્દેશ કર્યો છે. ચારણકવિઓ રાજ્યાશ્રિત હતા છતાં એ માત્ર પુરસ્કાર કે પ્રશસ્તિ માટે સાહિત્ય રચતા ન હતા. એમાં અલ્પાંશે પ્રશસ્તિ હોય પરંતુ એમાં તથ્ય અને સત્યનો બહુમોટો સંબંધ રહેલો હતો. આ બાબતને વિવેચક - સંશોધક બળવંત જાનીએ આ લેખમાં સ્થાપિત કરી છે.

ચારણકવિઓની કવિતા બહુધા ધર્મનિષ્ઠ રહી છે. અહીં ધાર્મિકતાના સન્દર્ભે આ કવિઓની સત્યનિષ્ઠા એકાધિક દૃષ્ટાંતોથી રજૂ કરી છે. ઈશ્વરને પણ ઉપાલંભ આપતાં ખચાકાટ ન અનુભવનારા ચારણ કવિઓમાં મહાત્મા ઈસરદાસની 'નિંદાસ્તુતિ' રચનાનું દૃષ્ટાંત રજૂ કર્યું છે. એ જ રીતે અન્ય ભક્તકવિઓમાં

હરદાસજી મિસણ, ઈડરના રાજકવિ સાંયાજી ઝૂલા, રાજસ્થાનના રામનાથ કવિયા, પાંચાળના કવિ પાલરવભા પાલિયા વગેરે કવિઓની કવિતાનાં દૃષ્ટાંતો અહીં આપીને સત્યને પ્રગટ કરવામાં ઈશ્વરને પણ પડકારે તેવી કવિતા આ કવિઓએ રચી છે.

એ પછી ચારણી સાહિત્યમાં ઐતિહાસિક દૃષ્ટાંતોવાળી વિગતો રજૂ કરીને ચારણોની ખૂમારી કેવી હતી તે દર્શાવ્યું છે. અકબરને મચક ન આપનારા મહારાણા પ્રતાપના વંશજો એ બ્રિટિશ સરકારની મહત્તા સ્થાપિત કરવા ઠાકુર ફતેહસિંહજીએ કર્ઝનની સવારીમાં દિલ્હી જવાની સંમતિ આપી ત્યારે રાજકવિ શ્રી કેસરીસિંહજી ચારણને ખબર પડી ને તેમણે આ રાજવીને 'ચેતવણી રા ચુગટ્યા' નામે ૧૩-દુહા લખી ખાસ દૂત મારફતે દિલ્હી મોકલાવ્યા. ફતેહસિંહજી લૉર્ડ કર્ઝનની સવારીમાં સામેલ થયા નહીં. આમ રાજકવિઓએ માર્ગભૂલેલા રાજવીને ભાન કરાવવામાં કોઈ જાતનો સંકોચ અનુભવ્યા નથી. આવું જ બીજું દૃષ્ટાંત જોધપુરના રાજવી અજિતસિંહને તેમના રાજકવિ ભભૂતદાનજીએ આપેલી શીખ છે. એમણે પુત્રી ઈન્દુકુંવરબાની પાલખી દિલ્હી મોકલી દિલ્હીના શાહ ફીરુકસિયર સાથેનું એમનું સમાધાન રાજકવિને યોગ્ય લાગ્યું નહીં. ત્રીજું દૃષ્ટાંત કર્નલ ટોડે લખેલ 'રાજસ્થાન' ગ્રંથમાંથી લીધું છે. ચારણ રાજકવિ કરણીદાન કવિયાયે જયપુરના મહારાજા જયસિંહ અને જોધપુરના રાજવી અભયસિંહને તેમનાં કુકરતૂતોની સરાજાહેર યાદ અપાવી. મોરબીના રાજવી ઠાકોર સાહેબનો માનીતા કવિ વિસો મિશણ કે સ્વાતંત્ર્ય સેનાની કાનદાસ મહેડુએ અંગ્રેજી શાસનમાં થતા પ્રજા અન્યાયોની સામે સત્યની મિશાલ પ્રગટાવી. વૈભવ કે પ્રલોભનોથી દૂર રહી સાચાને સાચું સંભળાવી દેનારા આ ચારણકવિઓ સાચા અર્થમાં સત્યોપાસક છે. એમની વાણીમાં તથ્યસભરતા પણ એટલી જ છે.

લેખના ત્રીજા ખંડમાં રાજ્ય શાસનમાં બ્રિટિશરોને તાબે થનારા રાજવીઓ અને પ્રજા પર અન્યાયમૂલક કાયદા દાખલ કરનાર અંગ્રેજી શાસનને પણ ચારણ કવિઓએ છડેચોક પોકાર કરી જાકારો આપ્યો છે. જેમ કે લીંબડીના રાજકવિ શંકરદાન દેથાએ બ્રિટિશ સત્તાને ભાંડવામાં કાંઈ બાકી રાખ્યું નથી. દોલતસિંહજીને સંબોધીને રાજવી પર ગુસ્સો કરનારા રાજકવિ તપેલા સૂર્ય સમાન જણાય છે. આવું જ બીજું દૃષ્ટાંત જોધપુરના રાજકવિ બાંકીદાસજી આશિયાનું છે. અહીં ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામનો નિર્દેશ થયો છે. રાજકવિની બાની જુઓ —



*આયો મૂલક પરે અંગ્રેજ, આંતસ ખેંચી લીધા ઉર;*
*ધણીયાં મરે ન દીધી ધરાં, ધણીયાં ઊભા ગઈ ધરાં.'* (પૃ. ૨૫)

આવા રાજવીઓને પોતાની પત્નીને પરપુરુષના હાથમાં સોંપનારા પુરુષ તરીકે કરી છે.

ત્રીજા દૃષ્ટાંતમાં ૧૮૫૭માં નિઃશસ્ત્રીકરણના કાયદા અંગે અજિતસિંહ ગેલવાએ પ્રથમ વિરોધ કર્યાની વિગતો આપી છે. ચોથું દૃષ્ટાંત અંગ્રેજી શાસનના વિરોધ અંગેનું છે. અંગ્રેજોના આદેશથી જામનગર રાજ્યમાં કંટ્રોલની પ્રથા શરૂ કરવામાં આવી. આથી તેની સામે રાજકવિએ વિરોધ કર્યો. આપણા રાજાઓની કૂટનીતિ પ્રજાનું શોષણ કેટલી હદ સુધીનું હતું તે દર્શાવ્યું છે. આ પ્રસંગ સન્દર્ભ જેવું અન્ય દૃષ્ટાંત રાજકવિ શંકરદાનજી દેથાયે પોરબંદરના મહારાણા નટવરસિંહને દુહા સંભળાવ્યા. શંકરદાનજીએ લીંબડીના ફતેહસિંહજીને સંબોધીને પણ દુહા લખ્યા છે. રાજનાં સાલિયાણાં સ્વીકાર્યાં તેની ટીકા, તો નાથુસિંહજી મહિયારિયાએ ગાંધીજીના ચરખાને પણ કેસરિયો તાર વણવાની વાત કરી વીરત્વથી આઝાદી મળશે એવી આશા જન્માવી છે. ઈડરના રાવ પ્રતાપસિંહે મૂંછ મૂંડાવી, હળવદના રાજવીએ મૂછો મૂંડાવી અંગ્રેજોની જીવનશૈલી અપનાવી, ભાવનગરના મહારાજા વજેસિંહને રાજકવિ પિંગળશીભાઈ નરેલાયે કે મહારાણા પ્રતાપને ઉદ્દેશીને શિરોહીના રાજકવિ દુરસાજી આઢાએ દુહાઓ રચ્યા છે. મહારાણા પ્રતાપને અકબર સામે હિંદુત્વના રક્ષક તરીકે પુરસ્કાર્યા છે. એમાં કવિની નિર્ભિકતા, સત્યપ્રીતિ, હિન્દુત્વનું ગૌરવ કરવાની ચારણકવિઓની સત્યનિષ્ઠા, મૂલ્યરક્ષા કે સંસ્કૃતિના જતન અર્થે કે પ્રજાનું મુખ બાનીને પોતાના રાજવીને એમણે નિર્ભય બની શિખામણ આપી છે.

ચારણી સાહિત્ય રાજકુળ આશ્રિત છે છતાં તથ્ય-સત્યથી સંપન્ન જણાય છે. આથી આવા સાહિત્યનો મહિમા આજે પણ એટલો જ પ્રસ્તુત બની રહે છે. પોતાના જીવન કે ભવિષ્યની દરકાર કર્યા વગર ચારણ કવિઓ સ્પષ્ટ રીતે ઈશ્વર, ઈતિહાસ કે શાસન વ્યવસ્થાની કે રાજવીની કુનીતિઓ કે કુટિલતાને ખુલ્લી પાડવામાં પાછીપાની કરી નથી. આથી નોંધ્યું છે કે —

'પોતાના ભવિષ્યની દરકાર કર્યા વગર સમાજની દરકાર કરનાર એની ખેવનાને ખભે ઊંચકીને ફરનાર ચારણ સર્જક આવા કારણે ફરંદો છે, ફકીર છે, એ ફિરસ્તો પણ છે.' (પૃ. ૩૦) આ એનું સાચું ખમીર છે.

ખૂબ જ વિગતે લખાયેલો અનેક દૃષ્ટાંતોથી સંપન્ન આ લેખ ખરેખર

સંશોધક-વિવેચકની વિશાળ સૂઝ અને એમના વ્યાપક દર્શનનો મહિમા કરે છે. એટલું જ નહીં અહીં રજૂ થયેલી વિગતો ઇતિહાસનું દસ્તાવેજીકરણ પણ બની રહે છે. સાંસ્કૃતિક મૂલ્યોની માવજત કરનારા ચારણ કવિઓ નિ:શંકપણે પરમાર્થી-પરગજુ હોવાનો દાવો કરે છે. ચારણી કવિતા રાજ્યાશ્રિત હોવા છતાં તથ્યાશ્રિત છે તે વિવેચકનું દૃષ્ટિબિંદુ સાચા અર્થમાં રજૂ થયું છે.

'ચારણી સાહિત્યમાં સમરસતા' લેખમાં ચારણ કવિઓએ સામાજિક અને સાંસ્કૃતિક સંવાદિતા સાધવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સમાજમાં વર્ગવિગ્રહ કે અન્ય પ્રકારનાં દૂષણો ન પ્રવર્તે તેની કાળજી રાખી છે. સમગ્રસૃષ્ટિ અને રાષ્ટ્રની તમામ સૃષ્ટિ માટે સમભાવ, સદ્ભાવ દાખવવા પ્રયત્ન કર્યો છે. આ એમનું ભગીરથ કાર્ય કેવું વિલક્ષણ છે તે અહીં રજૂ થયું છે. ચારણકુળમાં જન્મ્યા છે તેવા લોકસંતો બ્રહ્માનંદ, દેવાનંદ વગેરેએ સ્વામીનારાયણ સંપ્રદાયમાં રહીને પણ સમભાવની વાત કરી છે. આ જ રીતે રાજકવિઓ ભલે રાજાની પ્રશસ્તિ કરે પણ સંતકવિઓ તો હંમેશાં સમરસતામાં જ માને છે. માનવસમાજ માટે ત્યાગભાવના દાખવે છે. અહિંસા, સમાનતા, બંધુતા જેવા ભાવોને પ્રગટાવે છે. કવિ ઈસરદાસ મહાત્માની કવિતાનું દૃષ્ટાંત અહીં રજૂ બૃહદ સમાજને સ્પર્શે છે. આશાજી રોહડિયા, કાનદાસ મહેડું જેવા કવિઓની કવિતામાં આવતાં દૃષ્ટાંતો રજૂ કર્યાં છે. ચારણી સાહિત્યમાં આ બધા કવિઓ, સંતકવિઓએ સમાજની સમરસતા ચાહી છે તેને અહીં રજૂ કરી છે.

આ લેખમાં ડૉ. બળવંત જાનીએ ચારણી સાહિત્યએ માત્ર પ્રશસ્તિનું કે વીરતાનું સાહિત્યમાત્ર નથી એવું દર્શાવ્યું છે. એમાં સમગ્ર માનવજાતના કલ્યાણની વાંછા પ્રગટે છે. માનવમાત્ર સાથે સમરસતા જો કેળવાય તો એક સંવાદિ, તંદુરસ્ત સમાજની રચના થઈ શકે. આવું ચિંતન કરનારા આ કવિઓની દૃષ્ટિમાં આખરે તો માનવસમુદાયનું સુખ જ હૃદયસ્થાને બિરાજેલું જણાય છે.

ત્રીજા લેખમાં 'ચારણી સાહિત્યને પ્રેરક-પોષક સંસ્થા : ''રાઓ લખપત વ્રજભાષા કાવ્યશાળા' જેવી એક સંસ્થાની વ્યાપકતાનો પરિચય આપ્યો છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની ઘણીબધી કૃતિઓના વિશદ અભ્યાસમાં છંદ, અલંકાર અને શબ્દવિનિયોગનો સૂઝપૂર્વકનો ઉપયોગ સર્જકો કરતા રહ્યા છે એની પાછળનું જે કારણ છે તે એમનું કાવ્યશાસ્ત્ર અંગેનું જ્ઞાન. લેખના આરંભે આપણી મધ્યકાલીન શિક્ષણ વ્યવસ્થા કેવા પ્રકારની હતી તેની ઐતિહાસિક રૂપરેખા રજૂ



કરી છે. એમાં અનેક રાજવીઓએ આ પ્રકારની કાવ્યશાળા, પાઠશાળા કે લેખશાળા, કાવ્યશિક્ષણ માટે કે પછી લહિયાઓ તૈયાર કરવા માટે જે સંસ્થાઓ ઊભી કરી છે તેનો નિર્દેશ અહીં થયો છે. મમ્મટના કાવ્યહેતુઓને નિર્દેશતાં કાવ્યશિક્ષણનું મહત્ત્વ અહીં રજૂ કર્યું છે. યશોવિજયજી જેવા કાશી સુધી પાઠશાળામાં અભ્યાસ કરીને આવ્યાનાં દૃષ્ટાંતોની વિગત આપી છે. આવી શિક્ષણની પાઠશાળાનું એક ઉજ્જ્વળ દૃષ્ટાંત એટલે કચ્છ-ભૂજની 'મહારાવશ્રી લખપતજી વ્રજભાષા કાવ્યશાળા'. ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં સ્થાપેલી આ કાવ્યશાળામાં કાવ્યશિક્ષણ લેનારા કેટલાક મહત્ત્વના કવિઓનાં નામો આપીને છેક સુધી આ પરંપરા અને આ સંસ્થાનું નામ જે રીતે જુદાં જુદાં નામોથી લેવાતું ગયું તેની વિગતો રજૂ કરી છે. કાવ્યશાળાનું સ્વરૂપ વિગતે રજૂ કર્યું છે. એમાં મુખ્યત્વે ગુરુકુળ શૈલીનું તેનું સ્વરૂપ અને ગુજરાત અને ગુજરાત બહારના વિદ્યાર્થીઓની શિક્ષણજિજ્ઞાસાનું એ કેન્દ્ર બન્યું હતું. અહીં કાવ્યશાળાનો અભ્યાસક્રમ અને તેની અન્ય પ્રવૃત્તિઓની નોંધ કરી છે જેવી કે સંગીત, રાજનીતિ, યુદ્ધનીતિ જેવી વ્યાપક બાબતો સાથે સંકળાયેલ હતો. ઉપરાંત અહીં વ્યાકરણ, ભાષા, એ સમયના રાજદરબારી વાતાવરણને અનુકૂળ વ્યવસ્થાપનનું શિક્ષણ વગેરે વિગતો રજૂ કરી છે. અહીં કાવ્યશાળાની મૂલ્યાંકન પદ્ધતિ, કાવ્યશાળાના શિક્ષકો, કાવ્યશાળામાં દીક્ષિત વિદ્યાર્થીઓ અને એમના ગ્રંથોની વિગતો તાત્ત્વિક રીતે રજૂ કરવામાં આવી છે.

પ્રસ્તુત લેખમાં સંશોધક વિવેચકે ચારણી સાહિત્ય અને અન્ય સાહિત્યક્ષેત્રે કાર્ય કરનારા એ સમયના વિદ્વાનોને કચ્છની રા'ઓ લખપત વ્રજ પાઠશાળાનો લાભ કેટલો વ્યવસ્થિત રીતે મળ્યો છે તેની ચર્ચા અહીં કરી છે. મહાવિદ્યાલય જેવી ઈ.સ. ૧૭૪૯માં આરંભાયેલી અને ૧૯૪૮ સુધી કાર્યાન્વિત રહેલી આ સંસ્થા શિક્ષણનું કેવું મહત્ત્વનું જ્યોતિર્ધામ હતું તેની વ્યવસ્થા, તેનો અભ્યાસક્રમ, તેની શિક્ષણપ્રણાલી, તેમાંથી શિક્ષિત, દીક્ષિત થયેલા કવિઓ, તેમને મળેલાં બહુમાનો જેવી ઘણીબધી આધારભૂત સામગ્રી આ લેખમાં દસ્તાવેજી રૂપમાં પ્રાપ્ત થાય છે. આથી કહી શકાય કે આ લેખમાં ડૉ. બળવંત જાનીએ ખૂબ જ કાળજીથી તેની ઐતિહાસિક વિગતોને એક મૂલ્યવાન સંસ્થાના વિશિષ્ટ હેતુઓને નિર્દેશીને એક રાજ્ય, એક સમાજ, એક રાષ્ટ્ર અને એક સંસ્કૃતિ નિર્માણમાં આ સંસ્થાનું કે તેમાંથી શિક્ષા પામેલ કવિઓએ જે કાર્ય કર્યું છે તે આજની શૈક્ષણિક સંસ્થાઓને તેમાંથી ઘણુંબધું શીખવા મળે તેમ છે.

ગ્રંથના બીજા ખંડમાં ચોથો લેખ ''માવલ વરસડા અને અનોખું ચારણી 'સુદામાચરિત્ર'' અંગેનો છે. આ લેખ ડૉ. બળવંત જાનીની એક સંશોધક-સંપાદક તરીકેની પ્રતિબદ્ધતા અને નિષ્ઠાનું દર્શન કરાવે છે. ભક્તકવિ માવલ વરસડાનો પરિચય આપતાં પૂર્વે તેમણે અહીં ચારણ જાતિની ૨૩ મુખ્ય શાખાઓ અને એ પૈકીની માવલ વરસડાની ચુવાશાખા એ પેટા શાખા છે તેમ દર્શાવીને ચારણોની વંશાવળીના આધારે શ્રદ્ધેય વિગતો નોંધીને માવલ વરસડાના જન્મ, બાલ્યકાળ અને વિદ્યાભ્યાસની વિગતો આપી છે. કવિને મળેલા રાજ્યાશ્રય અને પ્રાપ્ત થયેલાં સન્માનો સાથેસાથે લગ્ન અને સંતાનો તેમજ એમની કુળ વંશાવળીની વિગતો તથા ચુવાશાખાના મૂળ શાખપુરુષ ભીમોથી લઈને માવલ વરસડા અને છેક સૂર્યકાન્ત સુધીની વિગતો આપવામાં આવી છે. કવિના અવસાન અંગે કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી તેની નોંધ લેવામાં આવી છે. તે પછી માવલ વરસડાનો કવનકાળ જુદી જુદી દલિલોના આધારે પ્રમાણવા માટે ખૂબ મહેનત લઈ અને આધારો રજૂ કર્યા છે. વિવિધ કૃતિઓ અને ખાસ કરીને એમણે રચેલા ગ્રંથોને આધારે એમના સમય નિર્ણયનો નિર્દેશ કર્યો છે. તેમની 'રામાયણ', 'નરસંગપુરાણ', 'સિંહના શિકારનો પવાડો' વગેરે રચનાઓનો ટૂંકો નિર્દેશ સમય નિર્ધારણ માટે ખપમાં લીધો છે. 'સુદામાચરિત્ર'ની પાયાની મૂળ પ્રતનો પરિચય અને સંપાદન પદ્ધતિ રજૂ કરવામાં આવી છે. કૃતિની વિષયસામગ્રીનો વિગતે પરિચય આપી એમાં રહેલા વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી છે. ચારણ કવિ હોવાને નાતે એમની વ્યક્તિગત પ્રતિભા (મૌલિકતા) અને મનોવલણો, લોકમાનસનો નિર્દેશ અહીં થયો છે. કવિની પાત્રનિરૂપણ કલાની વિવિધપાત્રો સંદર્ભે સાધાર નોંધ લઈને કથનકળાનું સ્વરૂપ, એમાં રહેલું નાદતત્ત્વ, એનો નાદ વૈભવ ઉપરાંત શબ્દોનું અને વર્ણોનું દ્વિત્વ એમાં વપરાયેલ વર્ણપ્રાસ, પદબંધ તેમજ વર્ણવસ્તુને અનુકૂળ રીતે વર્ણયોજનાનાં ભરપૂર દૃષ્ટાંતો રજૂ કર્યાં છે. એમાં રજૂ થયેલા વિવિધ ચારણી છંદોનો નિર્દેશ કર્યો છે. તો કવિની પ્રતિભાને પ્રગટાવતી અલંકાર નિરૂપણ યોજનાની પણ ચર્ચા કરી છે. એ જ રીતે રસનિરૂપણ કલાનો પરિચય આપ્યો છે.

પ્રસ્તુત લેખ ડૉ. બળવંત જાનીની સંશોધક તરીકેની સજ્જતાને બરાબર પ્રગટ કરે છે. વર્ષો પહેલાં એમણે ચારણી સાહિત્યની માવલ વરસડા કૃત 'વિપ્ર વોળાવળ'નું સંપાદન કર્યું હતું તે વખતે ખૂબ જ કાળજીથી ઘણી વિગતો જેવી કે કૃતિપાઠની, સંશોધન શિસ્તને બરાબર ચુસ્ત રીતે વળગી રહીને જે કામ કર્યું હતું તેમાંથી નવા દૃષ્ટિકોણે એક સર્જક વિશેષના જીવન અને એમની કૃતિ સંપાદનની



પ્રક્રિયા કેવી રીતે કરી શકાય તે દર્શાવ્યું છે. ભવિષ્યના સંશોધકોને ઉપયોગી બને તેવો આ લેખ દીર્ઘ છે છતાં નોંધપાત્ર બની રહે છે.

ગુજરાતી ચારણી સાહિત્યની પદમૂલક કૃતિઓને તપાસતો 'કરસનદાસ બાલિયા : વ્યક્તિત્વ, વાઙ્મય અને કૃષ્ણભક્તિ કવિતા' લેખ વિષય વિશેષનું પ્રતિનિધિત્વ કરે છે. ચારણી સાહિત્યમાં મુખ્યત્વે પ્રશસ્તિકાવ્યો કે વીરતા પ્રધાન રચનાઓ સૌથી વધુ લોકપ્રિય અને પ્રચાર પામી છે. પરંતુ ચારણી કવિઓ ભક્તિપ્રધાન રહેલા જણાય છે. આવા કવિઓમાં કવિ ઈસરદાસજી, આશાજી રોહડિયા, લાંગીદાસ, હરદાસ જેવા કવિઓની ભક્તિપ્રધાન કવિતા મુખ્યત્વે પ્રચાર પામી છે. પરંતુ કરસનદાસ બાલિયા જેવા ભક્તકવિની કવિતામાં પણ ભક્તિપ્રધાનતા જોવા મળે છે. કવિની રચનાઓમાં કૃષ્ણભક્તિ, પ્રેમલક્ષણા ભક્તિનો સન્દર્ભ અહીં પ્રગટે છે. લેખના આરંભમાં ચારણકવિ કરસનદાસ બાલિયાનું વ્યક્તિત્વ, એમની કૌટુંબિક વિગતો, કવનકાળ, વિદ્યાભ્યાસ, ભક્તિસંસ્કારો, આત્મચરિત્રાત્મક પદો અને દંતકથાઓની સાધાર નોંધ લઈને કવિશ્રીની ધર્મયાત્રાઓ અને પ્રવાસોનો નિર્દેશ તેમજ શ્રદ્ધાભક્તિ, પરિવ્રાજકવૃત્તિ વગેરે બાબતો કવિના જીવન સંસ્કારબળોને પોષક બન્યા છે. અહીં કરસનદાસ બાલિયાના કુળની વંશાવળીની વિગતો નોંધતા વહીવંચા રાવળની લેખન પરંપરા અને બાલિયા કુળની વહીનો પરિચય વિગતે આપ્યો છે. કવિના વાઙ્મયને રજૂ કરતાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાંથી પ્રાપ્ત થયેલી એમની અપ્રગટ (જેનું સંપાદન થયેલ નથી તેવી) રચનાઓમાં 'સુખપુરાણ', 'ગણ ગોપનાથ રો', કૃતિમાં ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં આવેલ ગોપનાથ મહાદેવના તીર્થસ્થાનનો મહિમા પ્રગટ કરતી આ કૃતિ ભગવાન શિવની ઉત્પત્તિ કથાથી શરૂ કરી અને નરસિંહને રાસલીલાનું દર્શન થાય છે ત્યાં સુધીનું વર્ણન એમાં કર્યું છે. ગોપનાથની જગ્યામાં શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયો વચ્ચે પ્રવર્તતો સદ્ભાવ તથા કવિની સમન્વયવાદી દૃષ્ટિ સાંપ્રદાયિક વિશેષતાને નિર્દેશે છે. 'પ્રેમપુરાણ' રચનામાં જ્ઞાન, ભક્તિ અને હરિનો મહિમા પ્રગટ થયો છે. 'ચંડીપુરાણ'માં દેવીભક્ત એવા કરસનદાસ બાલિયા પ્રગટ થયા છે. 'બીલપુરાણ'માં ભગવાન બીલેશ્વર મહાદેવનો મહિમા રજૂ કર્યો છે. 'મનવિલાસ' કૃતિમાં ભાગવતોક્ત કૃષ્ણ ચરિત્રનો આ ગ્રંથ પરીક્ષિતજી શુકદેવના સંવાદ રૂપે રજૂ થયેલ છે. 'નિંદાસ્તુતિ'માં કરસનદાસ બાલિયાએ નિંદાના રૂપમાં પરમેશ્વરની સ્તુતિ કરીને પોતાનું જ આત્મવૃત્તાંત જાણે કે રજૂ કર્યું છે. એમાં ભગવાને વિવિધ ભક્તોને કરેલી સહાય ઉપરાંત કવિની ઉપાલંભ ભક્તિ અહીં

મુખ્યત્વે જોવા મળે છે. 'છંદ ગંગાજી રો' કૃતિમાં પતિતપાવની ગંગાજીનો મહિમા અને પૌરાણિક સંદર્ભ રજૂ થયો છે. અહીં વિવેચકે આટલી વિગતો દર્શાવીને મૂળ વિષય પર આવતાં કરસનદાસ બાલિયાનાં કૃષ્ણભક્તિનાં પદોની વિગતો આપીને કૃષ્ણભક્તિનાં પદોમાં કવિએ રજૂ કરેલાં રસસ્થાનોનાં અનેક દૃષ્ટાંતો સાધાર રજૂ કર્યાં છે. જેમાં શૃંગાર, વિયોગ, સંયોગ, કરુણ, શાંત જેવા વિવિધ રસો ઉપરાંત એમાં પ્રયોજાયેલી વયણસગાઈ, વર્ણાનુપ્રાસનાં દૃષ્ટાંતો તથા વક્રોક્તિ અને લોકોક્તિની વિગતોનાં ઉદાહરણો આપી કવિની ભાષા સમૃદ્ધિ અને કવિત્વનો મહિમા પ્રગટાવ્યો છે.

આ લેખમાં ડૉ. બળવંત જાનીએ કરસનદાસ બાલિયાના જીવનની વિગતો શ્રદ્ધેય રીતે આપીને તેમના વાઙ્મયનો ટૂંકો છતાં પૂર્ણ ને સદૃષ્ટાંત પરિચય આપ્યો છે. વિષયના સંદર્ભે આ લેખની તપાસ કરો તો કવિના જીવન, કવન અને કૃષ્ણભક્તિની કવિતા ત્રણેયને યથાયોગ્ય ન્યાય આપ્યો છે. ચારણી સાહિત્યની કૃતિઓમાંથી પ્રગટ થતું ચારણકવિનું દૃષ્ટિબિંદુ તથા કૃષ્ણભક્તિનાં પદોની સાધાર ચર્ચા અહીં રજૂ કરતાં ભાષાવૈભવની વાતને પણ વણી લીધી છે. પ્રમાણમાં ખાસ્સો દીર્ઘલેખ વિષયના સાતત્યને પૂર્ણરૂપમાં ખીલવે છે.

છઠ્ઠો લેખ 'મર્મપૂર્ણ દુહાગીર પાલરવભા પાલિયા અને એમનું સાહિત્ય' અંગેનો છે. દુહો પ્રાચીનકાળથી જાણીતો છે. લાઘવમાં ચોટપૂર્ણ ને અર્થવત કહેવાની કલા માટે આ સાહિત્યસ્વરૂપ ખૂબ જ લોકપ્રચલિત બન્યું છે. ચારણ કવિઓને પણ દુહાએ આકર્ષ્યા છે. ચારણી સાહિત્યમાં ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ચાર સમર્થ સર્જકો માટે લાઘવથી રચાયેલ એક દુહાથી લેખની શરૂઆત કરી છે.

*'પબેડે દોહે પાલરવ, ગાયન પિંગળ-ગીત,*
*તર્કછંદ દુલા તણા, કવિ શંકર કવિત'.* (પૃ. ૧૫૧)

શ્રી શંકરદાન દેથા કવિત માટે જાણીતા છે. દુલાકાગ તર્કપૂર્ણ છંદ માટે જાણીતા છે. પિંગળશીભાઈ ગીત-ગાયનને કારણે અને પાલરવભા પબેડા-દુહાને માટે જાણીતા છે. લેખના આરંભમાં આવી સ્પષ્ટતા કરીને દુહાની વ્યાપકતા અને ભારતીય સંસ્કૃતિમાં તેનું સ્થાન રજૂ કરવામાં આવ્યું છે. દુહાનાં સ્થાન અને માનની વિગતો આલેખતાં વિવેચકને પોતાના દાદાશ્રી કથાકાર બનાવવા ઇચ્છતા હતા. એ કથાકારનો પ્રેમ કલાકાર બનીને દુહા પ્રત્યે તેમને આકર્ષતો રહ્યો છે. તેની વિગતો આપતાં 'લોકકંઠે લોકજીભે અમર બેસણાં તો દુહાનાં જ છે...' (પૃ. ૧૫૩) સમાજની સ્વીકૃતિને બહુમૂલ્ય પામેલ દુહો એક માધ્યમ લેખે લોકસંસ્કૃતિમાં, લોકજીવનમાં સતત જીવતો રહ્યો છે.



લેખની આટલી પ્રસ્તાવના બાંધીને પ્રથમ ખંડમાં પાલરવભા પાલિયાના પૂર્વજો અને વતન માતા-પિતા અને મોસાળ, ભાઈ-બહેનો અને લગ્ન સંતાનોની વિગત આપીને તેમણે કવિની વંશાવળી નોંધી છે. પાલરવભા પાલિયાનો સમય વિમર્શ આલેખતાં ઝવેરચંદ મેઘાણી, શ્રી પિંગળશીભાઈ પાયક, મેકરણભાઈ લીલા, જયમલ્લ પરમાર, દેવાયતભાઈ ચાવડા, બહાદુરભાઈ વિરાભાઈ ખવડ, પોપટલાલ જીવરામભાઈ જાની, રામભાઈ કમાભાઈ બાવડા, દેવસૂરભાઈ પાલિયા, બધુ બહેન લાંબા જેવા માહિતીદાતાઓ પાસેથી વિગતોનું એકત્રીકરણ કરીને એમના સમય અને જીવનકાળની ઐતિહાસિક વિગતો રજૂ કરી છે.

પાલરવભા પાલિયાના જીવનકાળને નિર્ણિત કરતાં ઐતિહાસિક સંદર્ભો ઐભલવીસી, વીરા વીસી, ઓઢા ખાચર, માત્રા ખવડ, વેજળકાના ખાચર, એકલિયાની વીસી આ બધા સમકાલીનો એ પાલરવભા પાલિયાને જે રીતે પ્રત્યક્ષ જોયા હશે તે બધી વિગતોને ઐતિહાસિક દૃષ્ટિએ મૂકીને પાલરવભા પાલિયાનો જન્મ વિદ્વાન સંશોધક-વિવેચકે ઈ.સ. ૧૮૬૦ અને મૃત્યુ ૧૯૪૦ની આસપાસ થયું હશે એમ નોંધ્યું છે. તેમના ભાતીગળ વ્યક્તિત્વનો નિર્દેશ કરીને તેમના વાઙ્મયની વિવિધ છટાઓને અહીં સાધાર રજૂ કરી છે. સત્યનિષ્ઠ અને સ્પષ્ટ વક્તાની વાણી પ્રગટાવતી કવિતા, સ્વમાની અને અયાચકપણાનો પરિચય આપતી કવિતા તથા વિવિધ સન્દર્ભોથી સમ્પન્ન દુહાઓની અર્થવત્તાને પ્રગટાવતી કવિતાના ભરપૂર અને વિગતપૂર્ણ દૃષ્ટાંતો આપ્યાં છે. પ્રમાણમાં દીર્ઘસૂત્રી એવા આ લેખમાં ચારણ કવિ પાલરવભા પાલિયાના જીવનની અનેક વિગતો, એમના વાઙ્મયમાંથી તથા દુહાઓમાંથી પ્રગટ થતું નાવીન્ય અને ઐતિહાસિક વિગતોનું દસ્તાવેજીકરણ આપણને પ્રાપ્ત થાય છે. સંશોધક-વિવેચકે ઉપાડેલી મહેનત ભવિષ્યના સંશોધકો માટે ખૂબ જ ઉપયોગી થાય તેવી છે. સંશોધન કરનારે મૂળ સુધી પહોંચવા માટે કેટકેટલી બાબતોને ધ્યાનમાં રાખવી પડે, તેમ લોકસંપર્કથી મેળવેલ વિગતો બહુલતામૂલક હોય તેને તર્કબદ્ધ રીતે વિષય સાથે જોડવાની કુનેહ પ્રસ્તુત લેખમાં દૃષ્ટિગોચર થાય છે.

ભારતવર્ષમાં નારીરત્નો - કવયિત્રીઓની પરંપરા વેદની ઋચાઓના ગાનથી શરૂ કરી આજદિન સુધી વહી આવે છે. આવી નારી શક્તિનો મહિમા

ભારતીય સંસ્કૃતિમાં થતો આવ્યો છે. 'ચારણ કવયિત્રી પૂનમતિઆઈ : નારી શક્તિનું તેજસ્વી અનુસંધાન' લેખના આરંભે ચારણી સમાજમાં જોવા મળતી આઈ પરંપરાનો આછો નિર્દેશ લેખના આરંભે કરીને ચારણો માતૃશક્તિ-દેવીશક્તિના ઉપાસક રહ્યા છે તેની નોંધ લીધી છે. મૂળ બરડાના પણ પશુપાલન અર્થે ગીરના જાંબુર નેસમાં આવીને સ્થિર થયેલાં આઈ પૂનમતિ અને તેમનો પતિ આલસુર. આનંદથી, પ્રભુભજન, અતિથિસત્કાર ને પશુ પ્રત્યે પ્રેમ રાખનારા આ પતિ-પત્નીના જીવનમાં એક ઘટના બની. શીતળાથી આલસુરની ભેંસુનું ખાડું અટવાયું ને મરણ પામ્યું. પત્નીની વિનંતથી પતિ સોંડરા આહીરને ત્યાં લગ્નમાં જવા ને દુહા ગાવા સહમત થયા પરંતુ પછી તે આઈ પૂનાદે સાથે ગયાં. આઈનાં મુખેથી આવી ઉત્તમ રચના સાંભળીને ડાયરો રાજી થયો ને ૧૦ જ ભેંસ પર હાથ મૂક્યો ને ૧૧ ભેંસ આપી. બન્ને ધણ લઈ નેસ આવ્યાં.

અહીં લેખમાં પ્રગટ થતી પૂનમતિ આઈની દૃષ્ટિ વિશિષ્ટતા વિગતસભર લેખમાં કવયિત્રીની સર્ગશક્તિનો પરિચય મળી રહે છે. આ રીતે ચારણ આઈ પરંપરાના સાહિત્યનો નૂતન પ્રદેશ ખોલી આપ્યો છે. અહીં રચનાઓમાં સોંડરાજીના નામના ઉલ્લેખ વાળી રચનાઓ પ્રાપ્ત થાય છે.

ગ્રંથના ત્રીજા ખંડમાં ફરીથી સ્વરૂપલક્ષી સિદ્ધાંત અવલોકન અને આકલન તરફ વિવેચક વળે છે. 'ચારણીવાર્તાઓ અને એની અભિવ્યક્તિનું સ્વરૂપ' લેખમાં ચારણીવાર્તાઓ અન્ય મધ્યકાલીન કે લોકવાર્તાથી જુદી તરી આવતી હોય તેનું કારણ એ છે કે તેનું કથાતત્ત્વ અને ચારણીવાર્તાકારોનું અનોખું દૃષ્ટિબિંદુ છે. આ બાબતની ભેદમૂલકતા સમજાવીને ચારણી આખ્યાનો અને કથાગીતો પરત્વે પણ આવી વિગતોની તપાસ કરવા તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. શ્રી રતુદાન રોહડિયાનું 'સાજણ સાંભરિયા' સંપાદનના પ્રકાશને તેનામાં રહેલી એક પાયાની વિશિષ્ટ વૈચારિક ભૂમિકા કેવી સબળ છે તેની રજૂઆત કરી છે. આ પ્રકારની ચારણી વાર્તાઓને પ્રદેશગત ક્યાં મૂકવી કારણ કે તેમાં સાંસ્કારિક આદાન-પ્રદાનની વિગતો જોતાં તે પારસ્પરિક રીતે સંકળાયેલી જણાઈ છે. ચારણી વાર્તાઓ આખ્યાનની જેમ સમૂહ સમક્ષ કહેવાતી પ્રસ્તુતિ પામતી તેથી તેમાં પ્રયોજાયેલ શબ્દ, દુહા, છંદ વગેરેને કારણે કથક એક વિશિષ્ટ ભાવસબળ વાતાવરણ નિર્માણ કરી શકે છે.

આવી કથાઓમાં શૌર્ય, પરાક્રમની ગાથા કે પ્રેમભક્તિનો મહિમા રહેલો જણાયો છે. એમાંની કેટલીક વાર્તાઓના કથાનકની વાત, પાત્ર મનોજગત,



કથનાત્મક તત્ત્વ વગેરે બાબતોની ચર્ચા કરી છે. આવી વાર્તાઓની સદષ્ટાંત નોંધ લેતાં 'વીરમદેપન્ના', 'કુતુબુદ્દીન સાહીબા', 'મોજદીન અને મહેતાબ', 'માનવતીનું રૂસણું', 'ઢોલા અને મારુઈ' આ બધી વાર્તાઓની કથાગૂંથણીની વિશિષ્ટતાઓ દર્શાવી તેમાં વર્ણન કે ભાવપ્રણવતાનો નિર્દેશ કર્યો છે. સાથે સાથે તેમાં રહેલી વિશેષ શક્યતાનો સંકેત કરતાં આ વાર્તાઓનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે તેમ છે તે ચીંધી બતાવ્યું છે.

આ લેખમાં સંશોધક-વિવેચકે ચારણીવાર્તાની સ્વરૂપગત વિશિષ્ટતાઓ રજૂ કરવા રતુદાન રોહડિયાના સંપાદનનો આધાર તરીકે ઉપયોગ કર્યો છે. કથનકળાની વિશિષ્ટતા તથા નાદવૈભવ કે વર્ણનની છટા હોય કે રસવૈવિધ્યની બાબતે વાર્તાઓની મુલવણી કરીને મધ્યકાલીન કે લોકવાર્તાથી ચારણીવાર્તા કેવી રીતે અલગ પડે છે તે દર્શાવી, આ વાર્તાઓનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય તો સંશોધનના એક નવા પ્રદેશ તરફ આગળ વધી શકાય એવો આશાવાદ રજૂ કર્યો છે.

'મધ્યકાલીન ચારણી કથાસાહિત્ય' લેખના આરંભમાં મધ્યકાલીન ભારતીય કથાસાહિત્યમાં કથાસ્રોતની બે મુખ્યધારાઓની ચર્ચા કરીને જુદી જુદી કથાઓમાંથી વિવિધ કથાનિર્માણની પ્રક્રિયાનો નિર્દેશ કર્યો છે. કથાઘટકની પરંપરાનો ખ્યાલ આપતાં ડૉ. હસુ યાજ્ઞિકનો 'મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય' અને ડૉ. હરિવલ્લભ ભાયાણીનો 'લોકકથાનાં મૂળ અને કુળ' બન્ને ગ્રંથોની નોંધ લીધી છે.

લેખના બીજા ખંડમાં મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય અને લોકસાહિત્યના કથામૂલક સાહિત્યની વિગતો આપીને આ કથાઓનું પ્રસ્તુતિકરણ લોકમાધ્યમને કેન્દ્રમાં રાખીને થતું રહ્યું છે. જ્યારે જૈન-બ્રાહ્મણ કથાઓ પણ એ જ ઢાંચામાં ઢળેલી હતી. પરંતુ કંઠસ્થપરંપરાની ધારા આ પ્રમાણે ઢળી નથી કારણ કે એનું લિખિત સ્વરૂપ ઉપલબ્ધ છે. બીજી તરફ ચારણો, રાવળો, બારોટો, મીરના કથા સાહિત્યનો નિર્દેશ કરી એમાં રહેલી (૧) વાર્તાઓ (૨) પવાડાઓ (૩) આખ્યાનોનો નિર્દેશ ટૂંકમાં અહીં કર્યો છે. લેખના ત્રીજા ખંડમાં ચારણી કથાસાહિત્યની વિશિષ્ટતાઓની ચર્ચા કરી છે. વર્ણનની પ્રચુરતા, વ્યક્તિપ્રશસ્તિ કે આડકથાઓ રૂપે દંતકથાઓ વગેરેને મૂળ કથામાં વણી લેવામાં આવે છે.

ચારણી કથાસાહિત્ય બહુધા દુહાબદ્ધ છે. આવી અનેક ઝીણી-ઝીણી વિગતોની નોંધ કરીને સંશોધક-વિવેચકે ચારણીકથાસાહિત્યની વિશેષતાઓને તારવી

છે. અન્ય કથાસાહિત્યના સાપેક્ષમાં ચારણીકથાસાહિત્યની ચર્ચા કરીને ચારણી કથાસાહિત્યનું સ્વરૂપ વધુ સ્પષ્ટ કર્યું છે.

ચારણી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં વીસી કવિતાનો નિર્દેશ થયેલો છે. અહીં 'કાઠીની વીરતા અને દાતારીના ઉદ્‌ગાતા : પાલરવભા કૃત 'વીસી કવિતા' અંગેના લેખમાં આરંભે પાંચાળના કાઠીઓ વિશે પ્રકાશ પાડતી પાલરવભા પાલિયાની વીસ દુહાવાળી રચના 'એભલ પટગીરની વીસી'ની વિગતો આપી છે. પ્રદેશગત, કવિની લાક્ષણિકતા, સંબંધગત વિવિધ મુદ્દાઓની ચર્ચા કરીને વિવિધ પરિસ્થિતિને નજર મધ્યે રાખીને પાલરવભા પાલિયાએ આ દુહાઓ રચ્યા છે. આવી વીસ દુહાની બીજી રચના 'વીરાભાઈ ખવડની વીસી' આ કૃતિમાં પણ અંગ્રેજી શાસન વ્યવસ્થાની તત્કાલીન ઐતિહાસિક વિગતોને દુહાબદ્ધ કરવામાં આવી છે.

આમ કવિની વીસી સ્વરૂપની આ દુહાબદ્ધ રચનાઓ કાઠીજ્ઞાતિના ઇતિહાસ સાથે કે ઐતિહાસિક વિગતોને રજૂ કરે છે. ઉપરાંત અન્ય કાઠી દરબારો વિશેના પણ દુહાઓ કવિએ કર્યા છે તેની વિગતો નોંધવામાં આવી છે. આમ આ વીસી રચનાઓ જે તે વ્યક્તિનો પરિચય અને સમકાલીન પરિસ્થિતિનો ઇતિહાસ અને દસ્તાવેજી માહિતી આપે છે.

સ્વરૂપલક્ષી સિદ્ધાંતની સ્પષ્ટતા કરતા ગ્રંથના ત્રીજા ખંડનો છેલ્લો લેખ 'કાગ રચિત દુહા : સનાતન સત્યની હૃદયસ્પર્શી અભિવ્યક્તિ' શીર્ષકથી લખાયો છે. અહીં કવિ કાગના દુહાનું સ્વરૂપ અને ભાવવિશ્વ ઉભયનો અભ્યાસ હાથ ધર્યો છે. લેખના આરંભે કવિ કાગબાપુ અને મેઘાણી સાથેનાં સંભારણાંને યાદ કર્યાં છે. કવિ કાગ દુહાના સર્જક છે તેવી નોંધ લઈને આ દુહાઓમાં રહેલાં શાશ્વત મૂલ્યો, સનાતન સત્યનું આલેખન એ આ દુહાની મૂડી છે. કવિના દુહાઓમાં ભાવ, ભાષા અને અભિવ્યક્તિનો ત્રિવેણી સંગમ થયેલો જોવા મળે છે.

'રામાયણ'નું ચિંતન અને કવિનો ગાંધીમૂલ્યો પરત્વેનો પ્રેમ અને માનવપ્રેમી હૈયું દુહામાં વિશેષ રીતે પ્રગટ થયું છે. કવિના દુહાઓની મૂલ્યવત્તા અહીં સાધાર નોંધી છે. ઉપરાંત કુળવાન વ્યક્તિમત્તાનો મહિમા એમના દુહામાં કેવી રીતે પ્રગટ્યો છે તેનાં દૃષ્ટાંત રજૂ કર્યાં છે. ચૌર્યવૃત્તિનો ત્યાગ, નિયતિનું પ્રાબલ્ય, ગુણજ્ઞતાનો મહિમા જેવા વિષયોને રજૂ કરતા પ્રસંગોમાં રહેલી ઘટનાઓ સાથેનો અનુબંધ તપાસ્યો છે. એમના દુહાઓ પીંગળની દૃષ્ટિએ પણ ચુસ્ત રહ્યા છે. કવિની કલ્પનાશક્તિ, મૌલિક નિરૂપણ એમાંથી પ્રગટતું પોતીકું જીવનદર્શન દુહાઓને



અનેરું રૂપ બક્ષે છે.

આમ, આ લેખમાં કવિ કાગના દુહાની સ્વરૂપગત લાક્ષણિકતાઓ તથા કવિની સર્ગશક્તિ બન્ને બાબતોને અહીં તપાસવામાં આવી છે. આ નિમિત્તે દુહાના સ્વરૂપમાં વ્યક્તિમત્તાનો મહિમા પણ રજૂ કર્યો છે.

સમગ્ર રીતે 'ગુજરાતી ચારણી સાહિત્ય વિમર્શ' ગ્રંથમાંથી પસાર થતાં જણાય છે કે —

(૧) ચારણી સાહિત્યમાં રહેલી ઐતિહાસિક વિગતોનું દસ્તાવેજી મૂલ્ય કેટલું ને કેવું છે તેની સમૃદ્ધિ બતાવી છે. અહીં ગ્રંથસ્થ લેખોમાં મોટાભાગના લેખોમાં આ બાબત રજૂ થઈ છે.

(૨) ચારણી સાહિત્ય મોટેભાગે રાજ્યાશ્રિત કવિઓએ રચ્યું છે. આથી રાજવી પરિવારની વિગતો તથા રાજઘરાનાની રીતિના જાણકાર ચારણોની એક વિશિષ્ટ વ્યક્તિમત્તા પ્રગટ થઈ છે.

(૩) ચારણ કવિઓ સત્ય, શૂરવીર ને વચનપાલક, ટેકીલા તથા સાંસ્કૃતિક મૂલ્યોનું જતન કરનારા છે તેથી તેમણે પોતાના આશ્રયદાતાને પણ પોતાના નિજી સંસ્કારોથી પડકાર્યા છે. સત્ય અને સ્પષ્ટ વક્તા બની નીતિમત્તાનાં ધોરણોની રાજવીઓને યાદ અપાવી છે.

(૪) બીજા ખંડના મોટાભાગના લેખોમાં ચારણી કવિ અને કૃતિલક્ષી લેખોમાં સંશોધક બળવંત જાનીની નિષ્ઠા અને વિષયને બરાબર રજૂ કરવાની એમની ક્ષમતાનો અનુભવ થાય છે.

(૫) આ ગ્રંથનો વિશિષ્ટ લેખ તે 'રા'ઓ લખપત વ્રજ પાઠશાળા' જેવી કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરાવનારી એક એ સમયની સંસ્થાનો વિગતે આપેલો પરિચય છે.

(૬) ચારણી કૃતિઓનો પાઠનિર્ણય કરવામાં સંશોધકે જે કાળજી લેવી પડી છે તેમાં સંશોધકનો પૂરો પરિશ્રમ જણાય છે. ભાવી સંશોધકોને પ્રેરણા આપે તેવો છે.

(૭) ચારણી સર્જક કે કૃતિની વિગતો મેળવવા એકથી વધુ માહિતી દાતાઓ પાસેથી સામગ્રીનું એકત્રીકરણ કરીને તેમાં રહેલા તથ્યને તર્કબદ્ધ રીતે કવિ

જીવન કે સમય કે કૃતિસન્દર્ભે યથા રીતે ગોઠવવામાં સંશોધકની જે કસોટી થાય છે તેનું સહજ દર્શન અહીં કેટલાક લેખોમાં જણાય છે.

(૮) ડૉ. બળવંત જાની માત્ર ચારણી સાહિત્યના સંશોધક નથી પરંતુ તેમનામાં રહેલો વિવેચક-અભ્યાસુવૃત્તિનો જીવ અનેક લેખોમાં ચોક્કસ દૃષ્ટિકોણથી અભ્યાસને રજૂ કરે છે. એ વિષયગત હોય કે સ્વરૂપગત બન્ને બાબતના લેખો અહીં મળે છે. જેમ કે કરશનદાસ બાલિયાની કૃષ્ણભક્તિની કવિતા હોય કે પાલરવભાની વીસી રચનાઓ હોય કે કવિ કાગના દુહાઓ આ બાબતની પુષ્ટિ કરે છે.

(૯) આ ગ્રંથમાં ચારણી સાહિત્યની સામગ્રીના મૂલ્યવાન વિશેષો-વિશેષતાને પ્રગટાવી છે.

(૧૦) પ્રચલિત ભક્ત ચારણ કવિઓ ઉપરાંત પણ કેટલાક ભક્ત ચારણ કવિઓ વિશે કે જેમના વિશે આજદિન સુધી કોઈ કાર્ય થયું નથી તેમની કવિતાને ધ્યાનમાં લીધી છે જે ડૉ. બળવંત જાનીની અભ્યાસમૂલક દૃષ્ટિનો પરિચય કરાવે છે.

(૧૧) દરેક લેખને ક્રમિક રીતે વિભાગો પાડીને સામગ્રીને રજૂ કરવાની શિસ્તને કારણે વિષય સ્પષ્ટ બનતો રહ્યો છે.

(૧૨) સાચા સંશોધકની રીતિને પ્રગટાવતા પૂર્ણ પ્રતિબદ્ધ એવા ડૉ. બળવંત જાની અહીં વિવિધ લેખોમાં વિષયના મૂળ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. જરૂરી સામગ્રીના સંદર્ભો સમાન્તરે ટાંકીને સન્દર્ભો પણ રજૂ કરતા રહે છે.

(૧૩) ચારણી સાહિત્ય માત્ર પ્રશસ્તિગાનનું સાહિત્ય નથી પરંતુ તેમાં સાંસ્કૃતિક અનેક બાબતોનો સમાવેશ થયેલો છે એ વાતને સંશોધક સતત પ્રગટાવતા રહ્યા છે.

(૧૪) ચારણી સાહિત્યની કૃતિઓને મધ્યકાલીન સાહિત્ય, લોકસાહિત્ય કે જૈનસાહિત્યના સાપેક્ષમાં બહુલતાથી એનું દર્શન કરવામાં આવ્યું છે. આથી ચારણી સાહિત્યની પોતાની એક વિશિષ્ટ ભાત છે જે આ લેખોમાં અલગ રીતે ઊપસી આવે છે.

(૧૫) મેઘાણીએ 'ચારણો અને ચારણીસાહિત્ય' જેવો ગ્રંથ આપીને તેમાં ચારણી સાહિત્યને લોકસાહિત્યથી ભિન્ન જોવાની જે દૃષ્ટિ કેળવી છે તે કેડીનું સામર્થ્ય આ ગ્રંથમાં પ્રગટે છે.



(૧૬) ડૉ. બળવંત જાની મધ્યકાલીન સાહિત્યના સંશોધનના સમાંતરે ચારણી સાહિત્યમાં સતત રસ લેતા રહ્યા સાથે રતુદાન રોહડિયા અને અન્ય વિદ્વાનો સાથે એમનો સતત સંપર્ક રહ્યો એ કારણે આ ધારાના સાહિત્યનું પરામર્શન સતત થતું રહ્યું. આથી આ ગ્રંથના વિવિધ લેખોમાં એમની ઘડાયેલી દૃષ્ટિ પ્રગટ થઈ છે.

આમ, 'ગુજરાતી ચારણી સાહિત્ય વિમર્શ' ગ્રંથ ડૉ. બળવંત જાનીનું ચારણી સાહિત્યનું ઊંડું અવગાહન રજૂ કરે છે. ચારણી સાહિત્ય સાથે હંમેશાં આત્મીયતાનો ભાવ અનુભવી તેમાં રહેલા સત્ત્વ-તત્ત્વને ઓળખવાની સંશોધક-વિવેચકની સાચી મથામણ આ ગ્રંથમાં નિઃસંદેહ રીતે પ્રગટતી રહી છે. એમણે કરેલું ચારણી સાહિત્યનું અનુશીલન અને આકલન આપણા અભ્યાસીઓને ઉપયોગી બની રહેશે.

૧૬

# ચારણ સાહિત્યરત્નો – એક વિહંગાવલોકન

## (૧૨ ચારણી કવિઓનો સંક્ષિપ્ત પરિચય)

**– વિશ્રામ એમ. ગઢવી**

### શ્રી બ્રહ્માનંદ સ્વામી

સંસારી નામ લાડુદાન ગઢવી, જન્મ : રાજસ્થાનમાં ખાણ ગામે તા. ૮-૨-૧૭૭૨, વસંતપંચમીના રોજ. માતા : લાલબા દેવી, પિતા શિહોર રાજકવિ શંભુદાનજી. સ્વામિનારાયણ સંપ્રદાયના સંન્યાસી ભક્તકવિ તરીકે બ્રહ્માનંદ સ્વામી નામ ધારણ કરેલું. કચ્છમાં ધમકડા ગામે લાધાજી રાજપૂત પાસે રહીને ભટ્ટાચાર્યજી પાસે સંસ્કૃત-સંગીતનો અભ્યાસ કરેલો. ખ્યાતનામ વ્રજભાષા પાઠશાળામાં રાજકવિ અભયદાન અને બીજા વિદ્વાનો પાસેથી કવિતા કલા, નૃત્ય અને સંગીતનો અભ્યાસ કરેલો. સં. ૧૮૫૬ (ઈ.સ. ૧૭૯૦ થી ૧૮૦૦) સુધી દશ વર્ષ પાઠશાળામાં ભણ્યા. ૬૪ કલાઓમાંથી ૨૪ કલાઓમાં પારંગત બન્યા. કાશી જઈ સંગીતાચાર્યની પદવી મેળવી. શ્રી સહજાનંદ સ્વામી સાથે ગઢપુરમાં મુલાકાત થતાં જીવનમાં મહત્ત્વનો વળાંક આવ્યો. રોજ જમ્યા પહેલાં એક પદની રચના કરી સહજાનંદ સ્વામીને અર્પણ કરવાનો નિયમ, પાંચ હજાર જેટલાં પદો અને ૧૮ ગ્રંથો રચ્યાં. સં. ૧૮૮૮ એટલે કે ઈ.સ. ૧૮૩૨માં બ્રહ્મલીન થયા.



પદ : ''અચજા મું ઘર કહાન ડે વલા, અચજા મું ઘર કહાન,
અચજા મું ઘર શ્યામ
ભોજન જિજી જાતજા ડે જિમાઈયાં જીવન
કહાન સલુણા તુજા કરિયાં જિજા આઉં જતન.

અન્ય પદની એક રચના...

''મોરલડી રે, મોરલડી રે, મોરલડી રે, મોરલડી રે, મોરલડી,
સુણતાં સુધ ભુલી વઈ રે, મુંજે ચિતડે ઘેન ચીડી રે,
કામણગારી કહાનડજી મોરલડી રે, જાધણ જમના જે તીર તેડેં....''

### જાગેલ આતમો : પૂંજો શાખરો

કચ્છના માંડવી તાલુકાના કાંઠાળપટ્ટના મુખ્યત્વે ચારણોની વસતિ ધરાવતા કાઠડા ગામે ઓગણીસમા સૈકાના આરંભે જન્મ. જન્મજાત ચારણી શૌર્ય વારસામાં મળેલું. હોનહાર વ્યક્તિત્વ એક જીવન પ્રસંગ ઉપરથી હૃદય પરિવર્તન. વાડીએ ખાટલાના પાયામાં પોતાની પાળેલી વ્હાલી ઘેટીને ખાટલાના પાયામાં બાંધીને સૂઈ જાય છે. પત્ની બકરીની સલામતી અંગે ચિંતા કરતાં પોતે જનાવરના પેટમાંથી પાછી મેળવવાનો હૂંકાર કરે છે. રાતે વરુ (ભગાડ) જનાવર ઘેટી શિકાર કરે છે. ક્રોધથી લાલચોળ થયેલ પૂંજો બંદૂક ખભે લઈ નીકળી પડે છે ને માદા વરુ (ભગાડી) દરમાં આરામથી સૂતી હતી ત્યાં આવી પોતાનો ગુનેગાર મળી ગયો તેમ સમજી બંદૂકનો ભડાકો કરે છે તે સાથે જ ગર્ભવતી માદા વરુના પેટમાંથી કકડાટ કરતાં પાંચ-છ બચ્ચાં બહાર નીકળી તરફડતાં મોતને ભેટે છે. આ કરુણ દૃશ્ય પૂંજા શાખરાના હૃદય પરિવર્તનનું નિમિત્ત બને છે. બંદૂકના ટુકડા કરી પોતાની પત્ની સમક્ષ પાપનો એકરાર કરતાં સંસારત્યાગ કરી હરિ ભજન કરતાં કાવ્ય સંસ્કાર જાગી ઊઠતાં કવિતાની સરવાણી ફૂટે છે :

''માનસરજા હંસલા, આયા વતન તેં વરીં, પંખીડે કે પ્રીતજી સે
ખબર પૈં ખરી, હાણેં ઢંઢે મથે ઢરી, સે પખ ન નમાઈયેં પૂંજો સે.

''હિત સરાજી સુમરા એ અજબ ગાલ આય,
પ્રો વ્યામીં પૂંજો ચેં સે ઉમર ડીં ઉગો.

જૂણે અણરધો ખાય, તેંજો નાંય માગ મલીરમેં''
નાય માગ મલીરમેં, સે ચો જીનીજો ચિત્ત

કોક પિરૂડ પૂંજો ચે, બ્યા અખીયેં અંધા ભિત્ત,
એ હિત નંકા હુત, સે આખર ભોણે ઓલબા.

ખાવંધ જે ઘરતે વાઘત વધાઈ, કાધર કારાઈ
સે પાણઈ કંધો પૂંજો ચેં....

નિંધર ન કજે નાખુઆ, તોજી બેડી થઈ પુરાણી
તરીયેમેં તું ઘણા, ને પાસેમેં પાણી,
સુમો મ સુખાણી સે, નિંધરું ન કજે નખુઆ....

પૂંજો ચેં પ્રથમી મથે, જેસીં રભજો રાજ
જલ મથે જહાજ, તેસીં સીબ ન છડીયેં સુમરા....

## કચ્છી અખો – કવિ હરદાસ

ચારણ કવિઓની પરંપરાના કચ્છના માંડવી તાલુકાના કાઠડા ગામે મુત્સદ્દી અને વીરપુરુષ વારૂ બારોટના વંશમાં ઈ.સ. ૧૮૫૦ની આસપાસના સમયગાળામાં ચારણોની 'સેડાયત' શાખામાં રામ સેડાના ઘરે કવિ 'હરદાસ વારૂઆણી'નો જન્મ થયો હતો. મુંબઈ-ગોદીમાં મુકાદમનું કામ સંભાળતાં ચારણોની અધોગતિ, કુરિવાજ, દારૂ વગેરે વ્યસન અને નૈતિક અધઃપતન આ સુધારાવાદી કવિથી સહન ન થયું. જ્ઞાતિબંધુઓની અવદશાથી હૃદયમાં ઉલ્કાપાત મચ્યો ને વેદના-વ્યથા કવિત્વના રૂપમાં વહેવા લાગી. આ શાબ્દિક ચાબખાઓ કવિ હરદાસને 'કચ્છી અખો'નું બિરુદ અપાવે છે.

શબ્દવેધી બાણ છોડતાં કવિ લખે છે –

'સુબુદ્ધિ સોએંમે હિકડી, બ્યા કુબુદ્ધિ વશ થ્યા,
સમજાયા ન સમજેં, ઈનીકે અખર ઊંધા પ્યાં,
ઈ વોવટમેં વ્યા સે મું હિતે ડિઠા હરદાસ ચેં...'

આઈ સ્વરૂપા કહેવાતી ચારણ માતાજીઓ માંગવા નીકળી પડે છે જોતાં કવિ ને ભારે વ્યથા થઈ ને લખ્યું :

''પેલો પાપ પિનણમેં, જે મેં વડો આય વિટાર,
ગિનધે ઘરજે નીચજો, ઈ આર તેડો ઉકાર,
ઈ વ્યા આચાર, મું હિતે ડિઠા હરદાસ ચેં''



કવિ હરદાસના આ ચાબખા બદલ સમાજે ''નાતબાર' કરવાનું ફરમાન કર્યું ત્યારે કવિ લખે છે,

''કઈ થીયે કિરતારજી... સે જોડઈ હૂંધી જીંય,
ધીરજ રખજ ધિલમેં, હંડઈ ન હૂંધી કીંય,
સભે સરખા ડીં, સે કેંસે ન હલ્યા હરદાસ ચેં''

સમાજથી અપમાનિત થયેલ કવિને અધ્યાત્મ તરફ લગાવ થતાં કવિ સૂચક રીતે પોતાની વાત ખૂબીપૂર્વક મૂકે છે :

''સિંજ થોડો ને પંધ ઘણો, આડસ મ કજ અજ,
હિંત રાખી હીયેંમેં, પૂંજે તીં કજં,
તડેં રોંધી પાંજી લજ, પાં કલી ગરજો હરદાસ ચેં...

''જાંકે માયા જીવજી કીનીક ભેરી કઈ,
મથે તેં બધી મોટડી ભેરી કેં ન ખઈ
જડે હકલ થઈ તડેં છડે હલ્યા હરદાસ ચેં...

''સિજ ઉલથોને સાંજી થઈ, પખીએં ખોડ્યાં પખ,
કિનીક મેડ્યાં માણેક મોતી, કિતીક મેડ્યા કખ.''

કવિ દાન પુણ્યનો મહિમા ગાતાં તળપદી જબાનમાં બળકટ રીતે આ લખે છે :

''કાયા કસે કમાયાં, સે ઝેર ચોવાણું જે,
ખાધા કીંક ખારાયાં, ઉગઈ સર્યો એ,
સાથ હલધો સે જુકો હથે ડનાં હરદાસ ચેં.''

સંતોનો મહિમા કવિએ આ રીતે કર્યો છે.

''સંત ભેટ્યા ને સુખ મિલ્યા, વરી અવિધા રોગ વ્યો,
મટઈ ભ્રાંતિ મનજી, સે શાંતિ સુખ થ્યો,
તેંજા કિતરા ગુણ ગાઈયું, મુંજી હિકડી રસના હરદાસ ચેં.''

વારંવાર સમજાવવા છતાં સમજવા તૈયાર નથી ત્યારે કવિ હૃદય પ્રતીકાત્મક રીતે બળાપો વ્યક્ત કરે છે :

''હથ્થે કચ્ચા, પગે કચ્ચા, કચ્ચા કચ્ચેંજી જાત,
રંધ્યા સજી રાત, પણ સેક ન આયો સજણ કોં.''

**ચારણ પુનશી**

ચારણ કવિ પુનશીનો જન્મ કચ્છના મુંદરા તાલુકાના ઝરપરા ગામે સેડાયત શાખામાં માતા ખીમશ્રી અને પિતા ભીમશી સેડાનાં ઘરે વિ.સં. ૧૯૨૨ની આસપાસ થયો હતો.

ચારણ પુનશીનું બચપણનું નામ નાથો ભગત હતું. તેમના હૈયામાં અખંડ ભક્તિધારા નિરંતર વહ્યા કરતી હતી. આજે પણ ભજન કલાકારો પાસેથી ચારણ પુનશીની ભક્તિ રચના આપને સાંભળવા મળે છે :

''રામીયા મુંજી અવસ્થા થઈ, તેં મેં કમાણી કીં ન કઈ,
કમાયે વારાતાં લખોં કમાણાં, મુંનોં ખરચીએ ન થઈ....

આજે તેમની ૪૫ જેટલી રચનાઓ મળી છે.

''ધન ધન જશોદા માઈ, આંજી પૂરવે પૂરી કમાઈ,
સઘડી સૃષ્ટિ જા માત-પિતા, તેંજી તું માતા કહેવાઈ.''

તો ઈશ્વર ભજનનો લ્હાવો લઈ લેવા કવિ કહે છે :

''કર ત્રિભુવનજી તવાર, બઈ અપરવાણી મ ઉચ્ચાર,
મનખા ડેહમેં વડો લાભ આય, મલે સતગુરુ સમય સાર.''

જીવનની ક્ષણભંગુરતા વિશે ચારણ પુનશીનું હૃદય પોકાર કરે છે :

''મન ધુન ધણી કે ધાર, બ્યા છડે ડે આરપંપાર,
હિ કાયા તોજી હડૈં ન હલધી, અંતે સોંય વરેજી જમાર.

વિ.સં. ૧૯૯૪ ચૈતર વદ અમાસના દિવસે ભક્તાત્મા ચારણ પુનશીએ મહાપ્રયાણ કર્યું.

**જ્ઞાનમાર્ગી સંતકવિ વજાભગત :**

જ્ઞાન ઉપાસક ચારણ સંત-મહાત્મા વજાભગતનો જન્મ માંડવી તાલુકાના કાઠડા ગામે ઈ.સ. ૧૯૭૨ વૈશાખ સુદ-૨ના થયો હતો. સમાજને અંધશ્રદ્ધા-બલિપ્રથા-કુરિવાજોથી મુક્ત કરાવવા જીવનભર મથામણ કરી ખેતીવાડીનું કામકાજ કરતાં આ અલગારી ચારણે દર્શન-શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો. સંસ્કૃત ભાષાનો એટલે અભ્યાસ કે તેઓ વાતચીત સંસ્કૃતમાં કરી શકતા. શ્રીમદ્ ભગવદ્ગીતાનો સમશ્લોકી કચ્છી અનુવાદ તેમણે કર્યો હતો. થાર્યાભગતની રચનાઓ તેમણે



'પરમાત્મા પદાવલિ'ના નામે સંપાદિત કરી છે. તા. ૨૭-૧-૧૯૮૯ના તેઓ રામશરણ પામ્યાં.

**રાજકવિ શંભુદાનજી ગઢવી**

ચારણી સાહિત્યના પ્રકાંડ પંડિત, મહારાવશ્રી લખપતજી વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્ય રાજકવિ શંભુદાનજી રત્નુનો જન્મ સં. ૧૯૬૬, પોષ વદ-૫ રવિવાર, તા. ૧૬-૧-૧૯૧૦ના ભુજ તાલુકાના રાયધણપર ગામે થયો હતો. પિતા ઈશ્વરદાનજી ને માતુશ્રી કલાબાઈ.

તે વખતની કાવ્યશાળાના શિક્ષક રાજકવિ હમીરજી પચાણજી ખડિયા પાસે કાવ્યશાસ્ત્રનો બંધારણીય પૂર્ણ અભ્યાસ 'સભાપ્રકાશ' સુધી કર્યો. કાવ્યરચનાની પરીક્ષા આપી સં. ૧૯૮૨માં કવિ રાજકવિ પદે સ્થાપ્યા. રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને આઝાદીકાળે ભારતીય રાષ્ટ્રધ્વજનું કાવ્યચિત્ર 'રાષ્ટ્રધ્વજવંદના' બનાવી એ કાવ્ય હતું :

''જયતિ જયતિ જય હિન્દ જય, જય, જય પ્રભા પ્રતચ્છ ।
ભાગ્ય ભાનુ અવિચલ ભવતું, સદા હમારે સ્વચ્છ ॥

**સવૈયા**

સરસે ધ્વજ આત શુભં દરસે, દરસે દસહોં દિસ અંબર સે
બરસે જયનાદ નિર્જંતરસે, તરસે દિખલાત દિનકરસે,
કરસે દુઃખ દુર દયા ધરસે, ધરસે છિતિ છત્ર વિજે વરસે
વરસે વિસવાસ વિસંભર સે, ભરસે ગત પંચ સુધા સરસે...

કચ્છ રાજ્યના ઈતિહાસની અપ્રગટ વાતો અને તેમના જીવનકવન વિશેનો ગ્રંથ 'કચ્છ દર્શન' સને ૧૯૭૮માં પ્રગટ થયો હતો. પૂ. મોરારીબાપુની પ્રેરણાથી સન ૨૦૦૬નો કવિશ્રી દુલાકાગ લોક સાહિત્ય ઍવૉર્ડ તમને મરણોત્તર અર્પણ કરવામાં આવેલ. કચ્છના માજી સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી સુપુત્ર છે. ૨૯ ડિસે. ૧૯૮૪ના રોજ તેમનું નિધન થયું.

**ભક્તકવિ થાર્યા ભગત :**

ભારતભરમાં ચારણોના સૌથી મોટા અને સાંસ્કૃતિક વારસા માટે પંકાયેલા ઝરપટા ગામે સં. ૧૯૬૨માં થાર્યા ભગતનો જન્મ થયો હતો. નાનપણથી જ ભજન-કીર્તન-સત્સંગ-રામાયણ પ્રત્યે અભિરુચિ કેળવી. વજાભગત, પાલુભગત

અને થાર્યાભગતની સંત ત્રિપુટીએ તત્કાલીન ચારણ અને ચારણેત્તર સમાજમાં પોતાની આગવી અસર છોડેલી. અધ્યાત્મના આરાધક આ જ્ઞાની ભક્તની કાવ્યધારા વ્રજભાષામાં વહેવા લાગી. 'પરમાત્મા પદાવલી' ગ્રંથમાં કુલ ૧૨૪ જેટલી ભજન રચનાઓ તેમણે આપી છે. શાસ્ત્રીય રાગ પ્રમાણેની ઉત્કટ રચનાઓ તેમના સર્જનની નોંધપાત્ર વિશેષતા છે. સં. ૨૦૨૬ માગસર સુદ પૂનમના દિવસે તેમણે મહાપ્રયાણ કર્યું.

### વીર કવિ વારૂ બારોટ

કચ્છના માંડવી તાલુકાના કાઠડા ગામે ઈ.સ. ૧૭૨૭ની આસપાસ વારૂ બારોટનો જન્મ. રાજદરબાર સાથેનો પરિચય. પિતા ગોવિંદજી પાસેથી વારસામાં મળેલ કચ્છના રાજાશાહીના ઇતિહાસમાં ભલભલા ચમરબંધીને સત્ય સંભળાવવાની તાકાત વીર કવિ વારૂ બારોટના જીવનચરિત્રમાંથી આપણને મળે છે. કાઠડા ગામને જાગીરદારોની જાહુકમી અને ત્રાસથી પોતાની મુત્સદ્દીગીરી અને વીરતાથી બચાવ્યું. કચ્છના રાજદરબારમાં આ અંગે ફરિયાદ કરતાં કવિ કહે છે :

''અસીં ડીઉં ખીર ખનૂં ને ઉઠાણી મંગે માં,
કવલી કુતે ઘેરઈ તેં જો રખવાલો થી રા'...

જામનગરના માથાફરેલ કારભારી મેરૂખવાસને મોઢામોઢ 'ગોલો' કહેવાનું સાહસ વારૂ બારોટ જ કરી શકે. વળી ચારણો પ્રત્યેનો દુર્વ્યવહારનું પરિણામ સારું નહિ આવે તેની ચેતવણી આપતાં વારૂ બારોટ કહે છે :

''ખણી ખણ ખવાસ, સે જિમીન વધાર્યે જશેજી,
પણ આવડ ઝૂંપડે આશ સે મોં મ ધરી જ કડેં મેરૂઆ.

મુંદરા તાલુકાના રતાડિયા ગામે રાજખટપટનો ભોગ બની વારૂ બારોટ શહીદ થયા. તેમનો પરિવાર 'વારૂઆણી' તરીકે ઓળખાયો.

### ભક્ત કવિશ્રી દેવીદાનજી દેથા

સાધુ પ્રકૃતિના કવિ દેવીદાનજી દેથાનો જન્મ વિ.સં. ૧૯૧૫ રામનવમીના મુંદરા તાલુકાના બાબિયા ગામે થયો હતો. ભક્તિ અને ધર્મના સંસ્કાર માતા ગંગાબાઈ તરફથી વારસામાં મળ્યા, તેમના પિતાશ્રી કાંયાજી વાઘાણીએ સં. ૧૮૮૪ માં સ્વપઠનાર્થે બાવની તૈયારી કરેલી. આ બાવનીમાંથી મોટાભાગની રચનાઓ વ્રજભાષા પાઠશાળામાં અભ્યાસક્રમ સ્વરૂપે હતી. પિતાશ્રી પાસેથી



પ્રાથમિક કાવ્યશિક્ષા બાદ વ્રજભાષા પાઠશાળાના આચાર્ય પ્રાણજીવન ત્રિપાઠી પાસેથી કાવ્યદીક્ષા લીધી. કવિ દેવીદાન દેથાથી માંડી સંત દેવાસાહેબ સુધીની એમની જીવનયાત્રા પ્રભાવશાળી રહી છે. બહોળા ચાહક અને શિષ્યવૃંદ ધરાવતા દેવીદાનજીના ખાસ શિષ્ય જાડેજા પ્રતાપજી જુણજીએ દેવીદાનજી રચિત કાવ્ય દેવા વિલાસ ભાગ ૧-૨માં સંગૃહીત કરીને શિષ્યધર્મ નિભાવ્યો. વ્રજભાષામાં તેમણે રચ્યાં છે એક ઉદાહરણ –

''હજારી માલતી ફુલી કનેરી કેતકી ખનમેં
ખીકસી હૈ કુંદકી કલિયાં સુગંધી સોં સુહાતી હૈ,
જીંગોરે મોરશુક મેના કદંબકી મંજુ ડારી પૈ,
ઉચ્ચારે કોકીલા બાની ઉદાસીકો હટાતી હૈ...

વળી,

''બજાવે શ્યામ દેવાં કો બિહારીલાલ બંસીકો,
સયાની ગોપીકા ન્યારી, રસીલી તાન ગાતી હૈ''

તેમની મહિમાવંતી કવિતામાં ભાવનું ઊંડાણ ભારોભાર ભરેલું છે. તેમના કાવ્યની નૈસર્ગિક છટા કવિતાને મોહક અને સજીવ બનાવે છે, જેમ કે...

''મતીજો બિકાની દામ, કામસેં જુડાણી પ્રિત :
રાખત ગુમાની મોહ, જુઠી જીંદગાની કો
ન દિયો દાન પાની તે ન કિયો સંગ જ્ઞાની હું કો
બુરી બાત તાની, નેહ કીયો જાય બાની કો
બુદ્ધમેં બુરાઈ ઠાની, ભલી શીખ માની નહી
આયોના વિચાર કછું લાભ અરૂ હાની કો
દેવા દાની કો, ન ગાયો મૃદુ બાની હુંતે
જાત હૈ જવાની જૈસે પુર જાત પાની કો.

કવિની છંદશાસ્ત્રમાં નિપુણતા, ઈશ્વર તરફનો અમાપ પ્રેમ, ભક્તિમય જીવન અને કાવ્યસાધનાથી એમણે સમાજમાં પોતાની આગવી છાપ છોડી હતી. ફક્ત ૪૧ વર્ષની વયે વિ.સં. ૧૯૫૫ કાર્તિક સુદ ૧૩ ના રોજ આ કવિએ ફાની દુનિયા છોડી...

**પાત્રો ચારણ :**

ચારણ કવિઓમાં પોતાને અલગ ચીલો ચાતરીને જુદું જ સ્થાન બનાવનાર કવિ પાત્રો ચારણ ખુદ એક 'રહસ્યપાત્ર' બની રહે છે. ઓગણીસમી સદીના પ્રારંભે થઈ ગયેલ પાત્રો ચારણ મેળ-માથા વગરની હાસ્યાસ્પદ - કટાક્ષમય રચનાઓ માટે પ્રખ્યાત છે. કહે છે કે પાત્રાને ઢંગધડા વગરની રચનાઓનો અભિશાપ હતો. કિંવદંતી મુજબ જો મેળસર - સાર્થિક રચના થઈ, જાય તો પાત્રાનું મોત જ આવ્યું સમજો. આજે પણ ઢંગધડા વગરની વાત માટે કચ્છીમાં 'પાત્રે વારા ડુઆ' રૂઢિપ્રયોગ વપરાય છે. જોઈએ કેટલીક રચનાઓ...

''ઉપર વઠેજી નાય આવઈ, ઢેફેં ને ઢડીએ,
પાવઈયે જા છોરા પ્યા, સે સાંઠો સાંઠો કરી ખણી વ્યા !

''સજણ હલાઈ સુખડી, સે ગડો ભરે છાય,
કુંભારે જા ગડોડા, મુડ – ચોખા ચરી વ્યા !

અહીં માથામેળ વગરની રચના લાગે પણ પાત્રો કુંભારના રૂપક દ્વારા કંઈક જરૂર કહેવા માંગે છે. દોહાની વિચિત્રતા જોઈએ,

બુથ મથે બકરી ને ખેત મથે ઈનાં
નીચું નમી ન્યારીયાં, ત ડીયારી આડા ત્રે ડી....

એવાં જ એક ગુઢારથ (ગૂઢાર્થ)ની વાત કવિ પાત્રો શાપથી બચવા ખૂબથી કલાત્મકતાથી રજૂ કરે છે :

''મિની વરે ઉંઘેડી કુર કુર મીંઠો ખાય,
પુછખણી ન્યારીયાં ત જખ તા છેણાં ચુઢીયે.....!

ને છેલ્લે દુહો સાર્થક થતાં તેનું મોત નીપજવાની લોકોક્તિ છે.

''છ પર મિંજા છાય આવઈ, ડુંગર મિંજા ડર્યા
પી પીને કિતરો પીંધો ? પાત્રો થ્યો પર્યા.

**સૂફી શાયર : મંગો ચારણ**

કચ્છી ભાષાના સૂફી શાયર મંગા ચારણનો જન્મ કચ્છના અબડાસા તાલુકાના મોટી સિંઘોડી ગામે ભાચડિયા (વારિયા) શાખામાં ગઢવી હરઘોર વીરાના ઘરે સન - ૧૯૪૦ માં માતમ નાગશ્રીબાઈના કૂખે થયો હતો. કૃષ્ણભક્ત મીયાંસાહેબ



(આરીખાણા)ને મંગો શાયર પોતાના ગુરુ માનતો. તેણે શાળેય શિક્ષણ મેળવ્યું નહોતું, છતાં તેની વાણીમાં ભારોભાર તત્ત્વજ્ઞાન, આત્મજ્ઞાન ભરેલું છે. મંગો શાયર ડાયરાઓમાં કાફીઓની શીઘ્ર રચના કરી પેશ કરતો. મંગા શાયરની હિંગલાજ યાત્રા વખતની રચના...

''સ્વામી મુંજા સુદ્ધ સંન્યાસી, હલ્યા વિઝે હિંગલાજ કે,
ગુરૂદેવ ગંગાએ નાઈતાનાગા, વ્રત રેતા ઉપસાવી.
ભેખ જોગીએકે ધિલ અંધરમેં, પુરવજા પ્યાસી.... સામી મુંજા

બુખારી પીરના કરકદર્શન કરતાં કવિ શીઘ્ર કવિતા કરતાં લખે છે :

ડિસી હાલ કંધો ભાલ, નાલે ન્યાલ ભુખારી !
મુનરેમે મુરસિધ, ભલો છા ભુખારી !''

મંગા શાયર જેવા ચારણ કવિઓ કચ્છી કોમી એકતાના મસિહા હતા, મિયાં કે મહાદેવ બંને તેમને મન સરખા હતા,

''માલિક ! કુધરત તેરી તવાર કર લેતી,
ધન ! ધન ! માઈ ! સૃષ્ટિ રચાઈ ! સંકર સત્યા પારવતી !
અંજનીકો જાયો હનુમાન આયો ! લંકા લગાયો જોધો જતી !

વળી મંગો શાયર લખે છે

''રખો ધિલ ધામ, છડ્યો શેતાન, મલકજા નાં મગ્યો, હિન્દુ-મુસલમાન
'ઈસ્ક અવાંજી લગી હવા, ધરધ મુજેજી ડે તુ ધવા
જીયાં કી યાર ! આઉ તો સવા, ગોલીસા ગડ ગુજારજે
મંગો ચારણ ચે માલક્કે, તલબ રખી તવારજે

અન્ય રચનામાં કુદરત/ઈશ્વરની સર્વાપરિતા અંગે મંગો શાયર લખે છે.

''મૌલા જીં કંધો તોકલ તીં થીંધો, નાંય ડોસ કેંજો લિખ્યોતીં લોડીંધો !
પતંત્રી દોરંગી, ચડ્યા જુવાણ જંગી, નાંય કોય કેંજો સંગી,
માલમ નાંય મંચી !

**કવિરાજ મેઘરાજજી હમીરજી વીઠુ**

'પુર્ણયશેન્દુ પ્રકાશ' કાવ્યગ્રંથના રચયિતા કવિ મેઘરાજ હમીરજી વીઠુનો જન્મ સં. ૧૯૩૮ યાને ઈ.સ. ૧૮૮૨માં માંડવી - ભુજ વચ્ચે આવેલ ધુણઈ ગામે

રોહડિયાની પેટાશાખા વીઠુમાં હમીરજી નાગાજણના ઘરે થયો હતો. નાનપણથી જ કાવ્યસાહિત્ય સંસ્કાર જાગી ઊઠ્યા ત્રેવીસ વર્ષની વયે મહાત્મા ઈશરદાસજીના અદ્ભુત ભક્તિરસ ગ્રંથ 'હરિરસ'નું પ્રકાશન ૧૯૦૫માં મુંબઈમાં કરાવ્યું હતું. રસિક સંપ્રદાયના સંત દેવા સાહેબ સ્થાપિત હમલા દ્વારાના ગાદીપતિ પ્રશિસ્ત કાવ્યો કર્યા. ગુરુનાં યશસ્વી કાર્યોનાં ગુણગાન કરતાં 'શ્રી પૂર્ણયશેન્દુ પ્રકાશ' ગ્રંથ રચના કરી (પ્રકાશન સં. ૧૯૬૬). આ ઉપરાંત ધનેશ ધર્મ બાવની, પુરણરામ છનમ ચરિત્ર મોહન મહોત્સવ, સતી પ્રશંસા, સિદ્ધ ચરિત્ર યાને આયસસુયશ પ્રકાશ અને ગ્રંથસ્થ ન થઈ શક્યું હોય તેવું સર્જન નર્મદાષ્ટક, ખેંગાર બાવની, પુરણરામ બાવની ગુરુ મહિમા છે.

### સંદર્ભ

૧. 'ચારણ ચોથો વેદ'

# १७

# बड़ी काया में बड़ा कवि : बांकीदास

डॉ. चन्द्रप्रकाश देवल

कठोपनिषद् में यम, नचिकेता की मृत्यु संबंधी प्रश्नाकुलता को धैर्यपूर्वक मिटाने के संदर्भ में कहते हैं :

*'नेषा तर्केण मतिरापनेया प्रोक्ता अन्येनैव सुज्ञानाय श्रेष्ठ ॥'*

(अर्थात् सर्वोच्च विवेक या स्वरूप की सच्ची अनुभूति तर्क अथवा वाद-विवाद द्वारा प्राप्त नहीं की जा सकती । इसे केवल सच्चे मार्गदर्शक की वाणी द्वारा ही प्राप्त किया जा सकता है) जो ज्ञानी हो, अनुभवी हो, जो अग्रचेता हो और जो अपने अनुरूप शिष्य (मित्र भी अथवा कोई जिज्ञासु) का प्रबोधन करता हो । यहाँ 'प्रबोधन' शब्द बहुत महत्त्वपूर्ण है – जिसके अर्थ हैं – जगाना, भ्रम का निवारण कर कर्त्तव्य का बोध कराना, तसल्ली, चेतावनी, सांत्वना देना (यथार्थ ज्ञान देना, विकसित करना) । इन सारे अर्थों में प्रबोधन का प्रयोग होता है । यही प्रबोधन कभी उद्बोधन के नाम से भी जाना जाता है तो कभी विरदाने के अर्थमें प्रयोग होता है (यहाँ विरदाने के अर्थ को भी स्पष्ट कर दूँ । इसका अर्थ है पात्र अथवा चरित्र नायक के अपने कुल के 'विरद' का प्रयोग कर प्रबोधना । चारण साहित्य अथवा डिंगल साहित्य को एक वर्ग ने हमेशा 'विरदावलियों से भरा साहित्य' कहा है और वे इस जुमले की इतनी अधिक आवृत्ति कर चुके हैं कि पूरे डिंगल साहित्य

को इस विरद के मादलिये (ताबीज) में निगड़ित होना पड़ा है । चाहे वह उस काल विशेष के अतिआवश्यक जीवन मूल्यों की संरचना कर उन्हें स्थापित करने में निःशेष होता रहा हो । यह वही साहित्य है जिसने 'भूमि को माँ का' दर्जा दिया और उसकी रक्षार्थ वीरता, दृढ़ता, बलिदान, त्याग, साहस, अभीरुता, आत्मसमर्पण और वदान्यता जैसे गुणों का तत्कालीन सामाजिक मूल्यों में कायान्तरण किया । क्या यही भूमि अन्य अर्थों में देश नहीं है ? राष्ट्र नहीं प्रतीत होती ? यदि उसकी रक्षार्थ प्रबोधन के कार्य को अपना गुणधर्म बनाया तो इसमें गलत क्या था ?

यह वह संक्रमण काल था जिसमें शासक वर्ग के लिए युद्ध एक अनिवार्य और अपरिहार्य चीज थी । युद्ध तब कोई कला अथवा मनोरंजन नहीं अपितु अपने अस्तित्व की रक्षा का माध्यम था । बाहर की आक्रमणकारी शक्तियों का बढ़ता उत्पात उनके राजा की गरिमा को ही नहीं उस राज्य की भौगोलिक-राजनैतिक सीमा के अस्तित्व को भी मिटाने पर आमादा था । इसके अतिरिक्त आंतरिक वैमनस्य और गृह-कलह की परिस्थितियों में पूरा सामाजिक परिवेश भी युद्धजन्य था । शारीरिक ताकत और युद्ध-कौशल जीने की अनिवार्य शर्त बन गये थे । यही वे परिस्थितियाँ और उनके द्वारा वर्णित वातावरण था, जब राजदरबार के संस्कृतज्ञ कवि पंडितों की मुलायम शास्त्रोक्त पृष्ठभूमि में ठेट देशज शब्दों के उपकरणों को लेकर एक अनघड़ खुरदरी काव्य परंपरा का प्रवेश हुआ, जिसे हम डिंगल के नाम से जानते हैं । भाषा-शास्त्री जॉर्ज ग्रियर्सन ने भले इसको (डिंगल को) पिंगल के अनुकरण पर बना हुआ शब्द माना हो । चाहे एल.पी. टैसीटोरी ने पिंगल की तुलना में डिंगल को गँवारू भाषा माना हो । चाहे किसी विद्वान ने इसे शिव के डमरू की ध्वनि से उत्पन्न माना हो । किसी ने इसकी व्युत्पत्ति 'डंगल' शब्द से की हो अथवा किसी ने इसे 'दिव्य गल' कहा हो । यहाँ मात्र इतना निवेदन कर दूँ कि पिंगल का अर्थ यदि छंदशास्त्र है तो डिंगल का अधिकांश साहित्य डिंगल के नये छंदों में ही रचा गया है । डिंगल का यह मौलिक छंद-शास्त्र उसके लिए महान गौरव का विषय ही नहीं बना बल्कि यह काव्य शैली शनैः शनैः विकसित हो एक पूर्ण भाषा में ढल गई ।

इस विशिष्ट काव्य-शैली की परंपरा को इस भू-भाग (वर्तमान में राजस्थान, मालवा, गुजरात प्रांत का क्षेत्र) में स्थापित करनेवाला, सर्वोच्च सत्ता के प्रतीक राजा को वीरता के आदर्श स्वरूप में प्रस्तुत करने वाला, उसके मनोबल को टूटने से बचाने वाला, उसे अभीरुता का पाठ पढ़ाने वाला, अपनी वाणी के चाबुक-स्पर्श



से कायरता को हांकने वाला, साहस और असमर्पण का मंत्र फूँकने वाला, उज्ज्वल कीर्ति का संचारण करने वाला 'चारण' था । जिसके लिए स्वामीभक्ति और देशभक्ति एक सैनिक की तरह जीवन की सर्वोपरि सार्थकता का गौरव थी । उस संक्रमण काल में कुशल नायक के लिए मर मिटने को जिंदगी का सबसे बड़ा सौभाग्य गिनने वाला और बताने वाला 'डिंगलिया' या चारण था । चारण को 'डिंगलिया' शब्द से अभिहित करने के पीछे मेरा विनम्र साहस यह है कि यद्यपि मैं जानता हूँ कि चारणों ने पिंगल साहित्य भी प्रचुर मात्रा में लिखा है पर उसकी पहचान डिंगल से ही बनी है । इसे यों समझ लीजिये कि पिंगल यदि चारण के कपड़े हैं तो उसकी त्वचा डिंगल है । फिर आप स्वयं निर्णय कीजिये कि स्वरूप का निर्माण त्वचा से होता है कि पहनावे से । डिंगल की भव्यता और जरूरत के लिए एक डिंगल गीत की पंक्तियाँ उद्धृत करना चाहूँगा —

*किसूं व्याकरण अवर भाखा अनै पराक्रत*
*संसक्रित तणै क्यूं फिरै सागै ।*
*लाख रा ठाकरां तणा माथा लुळै*
*आखरां तणा गजबोह आगै ॥*

(क्या तो व्याकरण है और क्या भाखा (ब्रज भाषा) तथा प्राकृत ही । संस्कृत के साथ भी क्यों फिरते हो ? लाखों की जागीर के ठाकुरों के मस्तक तो डिंगल गीतों के चमत्कार के सामने ही झुकते हैं)

*जोगमाया तणी भगति किधां जुड़ै*
*प्रथी सिर मुडै नह विकट पैंडा ।*
*सगत रा पूत जांणै कोईक वचनसिध*
*उगत री जुगत रा घाट अँडा ॥*

(यह तो योगमाया की भक्ति करने से वे ही व्यक्ति सीख सकते हैं जो पृथ्वी पर इसके विकट मार्ग को देखकर मुड़ न जाएँ । इसकी युक्तिपूर्ण उक्तियों के विषम प्रकारों को तो कोई-कोई वचनसिद्ध शक्तिपुंज (चारण) ही जानते हैं ।)

वीरता और स्वामीभक्ति को जनसाधारण को चेतना का अंश बनाने वाला चारण था । यहाँ मुझे विनम्रता पर साहस के साथ जेम्स कर्नल टॉड की उस प्रसिद्ध सूक्ति को उलटने दीजिए - 'कि घोड़ों की हींस, तलवार की चपलता और डिंगल की गूंज ने पूरे राजपूताने के इतिहास की रचना की है ।' (जाहिर है कि घोड़े पर पीठ और तलवार की मूठ पर राजपूत था तो डिंगल की गूंज के पीछे चारण था ।')

टॉडने राजपूती शौर्य और चारण की चतुरता को राजपूताने के इतिहास का निर्माणकर्ता माना है ।

यही कारण है कि सीकर के रावराजा देवीसिंह ने डिंगल कवियों की तारीफ में यह डिंगल गीत कहा है -

*सुपहां राव राण अवर जग सारै*
*कूरम देवौ बात कहै ।*
*प्रथमी नांम सुजसा मोटापण*
*रूपगजोड़ां हूंत रहै ॥*

[राजा, राव, राणा आदि उपाधिधारी तथा दूसरे सारे संसार को कछवाहा देवीसिंह यह बात कहता है कि पृथ्वी पर नाम, सुयश और बड़ाई (रूपग जोड़ने वाले) चारणों के ही कारण रहते हैं ।]

*ज्यां दीधो धन अहळ न जावै*
*पांगी दाखै समंद परै ।*
*चारण तणों रहै जो चाकर*
*सो ठाकर संसार सिरै ॥*

[चारणों को दान में दिया धन व्यर्थ नहीं जाता क्योंकि वे सच्ची कीर्ति का बयान कर उसे समुद्र पार तक पहुँचा देते हैं । जो ठाकुर चारण कवि का चाकर रहता है, वही संसार में श्रेष्ठ है ।]

चारण कवियों ने ही राजपूत शासकों को उपयुक्त मानकर उनके युद्धों (जैसे कैसे भी थे, जिन-किन के साथ थे) को गौरवान्वित किया । अपने काव्य में इन कवियों ने जीवन को नहीं मृत्यु को अलंकृत करने का संसार से उल्टा काम किया। युद्ध में सुख और आनन्द की अनुभूति करवाई । जीवन के लिए मरना सिखाया - 'मरदां मरणों हक्क है बरस पचीसां मांय' या फिर 'सापुरसां रा जीवणा थोड़ा ई भल्लाह' कह कर 'इळा न देणी आपणी' के महामंत्र का पाठ सिखाया । 'जो आदर्श वीर है वही आदर्श मनुष्य है' ऐसा प्रचलित करने का कठिन कार्य संपादित किया । मेरे यह कहने के पीछे आधार है क्योंकि एक - आध डिंगल कवि ने ऐसा किया होता तो मैं इसे अपवाद से अधिक कुछ नहीं मानता पर जब इसकी पूरी परंपरा पर दृष्टि डालता हूँ अर्थात् पूरे डिंगल साहित्य पर एक विहंगम दृष्टि डालता हूँ तो आश्चर्यजनक ढंग से यह पाता हूँ कि इस पूरे साहित्य का अधिकांश भाग



वीरता के मूल्य को स्थापित करने में खर्च हुआ है । अपने काव्य वर्णन में नानाविध प्रकार की कल्पनाएँ कर युद्ध को हिंसक अथवा हेय कर्म नहीं बनने दिया । यही कल्पनाएँ आगे चलकर उनके काव्य की परंपरागत रूढ़ियाँ बन गई, जिन्हें काव्यार्थ की भाषा मं 'कवि-समय' कहा जाता है ।

सेनाओं का समुद्र उमड़ पड़ना, मतवाले हाथियों का उन्मत्त होना, तलवारों के प्रहारों से हाथियों की सूंडे गिरना, अथवा घोड़ों की टापों की ध्वनि से आकाश का गूँज उठना, झंडों की मालाओं का फहरना, तलवारें टकराने पर चिनगारियाँ छूटना, काले नागों की भाँति योद्धाओं का फुफकारना, भाले की नोक के आघात से शत्रु शरीर का छलनी-छलनी होना, देह से रक्त के फव्वारे फूटना, फेंफड़ों की धज्जियाँ उड़ना, खून सनी आंतड़ियों का लटक जाना, लहू की नदियों का बहना, बादलों की गड़गड़ाहट के समान तोपों का गरजना, कुँवारी सेना-वधू के साथ युद्ध केलि करना, सिंधु राग से समुद्र में लहरें उठना, समरांगण की गर्द से सूर्य का ढक जाना और उसका प्रकाश चाँदनी की तरह मद्धम पड़ जाना, सूरज का ढक जाना, युद्ध के वेग से कच्छप की पीठ का चरमराना, वराह की दाढ़ का बड़क जाना, शेषनाग के फनों को डोलना, अचला पृथ्वी का विचलित हो जाना, नारद मुनि का अट्टहास करना, रुद्रदेव का अट्टहास करना, रक्त से सनी लाल जिह्वाओं वाली योगिनियों का ताली देकर उत्पात मचाना, युद्ध के बाजों पर कालिका का नृत्य करना, अप्सराओं के विमानों का आना और वीर योद्धा का वरण करना, पलचरों का तृप्त होना, क्रोध में आँखों से चिनगारियाँ निकलना, जमदूतों का अखाड़े में उतरना, रुद्र देव के गले की मुंडमाल का बनाना, युद्ध का दृश्य देखने को सूर्य के रथ का रुकना, वीरों के साथ शिव का तांडव करना, कबंधों का युद्ध करना आदि । वहीं एक योद्धा के लिए प्रयुक्त होने वाले उपमानों पर भी नजर डालें - कंवारी धड़ा रौ लाडौ, सती रौ नारेळ, गेहली रौ कळस, आदि ।

ये कवि समय मात्र डिंगल साहित्य की पूँजी है । इन्हें डिंगल कवियों ने ही जन्म दिया और पाला-पोसा और उन्हीं ने बार-बार अपने काव्य में प्रयुक्त कर इन्हें प्रचलित किया, चमकाया है । एतदर्थ ये कवि समय डिंगल साहित्य की धरोहर हैं । ये अपनी काव्य-भाषा से अन्योन्याश्रित संबंध रखते हैं । इनसे डिंगल की पहचान है तो डिंगल में ये सजीव हैं । ये अतिशयोक्ति अलंकार के रूप में गिने जा सकते हैं पर अनुभूतिजन्य सत्य को हृदयंगम कराने के लिए अतिशयोक्ति कविता का अपना चारित्रिक गुण और सशक्त माध्यम है । फिर मृत्यु को इस प्रकार

महिमामंडित किए बिना कौन उसे आगे आकर अपनाए ? मौत को इस प्रकार गौरवान्वित किए बिना, दुलराए बिना कौन उसे गले लगाए ? यही कारण था डिंगल परंपरा के कवि के पास बरसाने को फूल थे पर केवल वीरता के साथ मरे योद्धा के शव पर ही । वह मृतात्मा के लिए आकाश से देवताओं से बाजे बजवा सकता था । अप्सराओं का वरण करवा सकता था । यहाँ एक बात और स्पष्ट कर दूँ कि इस परंपरा का कवि मात्र प्रबोधक या उपदेशक ही नहीं था स्वयं अपने द्वारा प्रतिपादित सिद्धान्तों के लिए स्वयं भी जीवन न्योछावर करने में नहीं हिचकता था। यदि 'परउपदेश कुशल बहुतेरे' वाली बात होती तो यह परंपरा कभी की ढह गई होती, सदियों तक नहीं चलती । इतिहास में इसके कई उदाहरण भरे पड़े हैं – 'सांदू रामा, माहव किनिया, महकरण मेहड़ू, दलपत आसिया, जसा और केसा सोदा, नरू बारहठ, माधवदास दधवाड़िया आदि ऐसे कई नाम हैं जिन्होनें युद्ध में अथवा अपने द्वारा स्थापित मूल्यों की रक्षा में अपनी जान दी है । यदि मैं ऐसे व्यक्तियों का विवरण सहित लेखा-जोखा करूँ तो संभवतः एक पूरा ग्रंथ बन जाए । (यद्यपि यह मेरे आरंभिक ध्येयों में से एक है, यदि संयोग बना तो यह पुस्तक भी सामने आएगी) । इस विषयक दो गीतों के दो अंशों का उद्धरण देने का लोभ संवरण नहीं कर पा रहा हूँ –

*चारण जाणै मांय चारणां*
*अबै समै बिच नथ अनथ ।*
*धरमा तणौ न बैठो धरणै*
*रामौ बैठौ रंभ रथ ॥*

(रामा सांदू के युद्ध में काम आने का गीत)

[चारण समाज में सारे चारण (इस बात को) जानते हैं कि इस समय में अजेयों पर जय प्राप्त करनेवाला धरमा का पुत्र रामा धरने में नहीं बैठा (आऊवा के प्रसिद्ध धरने का संकेत है जहाँ वि.सं. १६४३ में २१८ चारणों ने कटारी पहन कर जोधपुर के राजा के आदेश के विरुद्ध जान दी थी) अपितु (वीरगति प्राप्त कर) रंभा के रथ पर बैठा ।]

*बाहतौ साहतौ भड़ां वाकारतौ*
*अढंगा बोलतौ वयण अडवौ ।*
*कुंवर रै आगळै कांम आयौ कुंवर*
*गांम नायौ कथा करण गढवौ ॥१॥*



*सांम रे कांम गुजरात जीवण सुतन*
*विढण धड़ कुंवारी तणौ बनियौ ।*
*रंभ वर हरी रै साथ बैठौ रथां*
*कथा नायौ धरै कहण किनियौ ॥२॥*

[वह अड़ीला चारण-कुमार (माहळ किनिया) जोशीले वचन बोलता हुआ, योद्धाओं को ललकारता हुआ, भुजा से तलवार संभालता हुआ और प्रहार करता हुआ, क्षत्रिय-कुमार के आगे होकर काम आया (लड़ कर वीरगति को प्राप्त हुआ) पर कथा कहने के लिए घर नहीं आया (रणविमुख नहीं हुआ) ॥१॥

कुंवारी (अविजित) सेना का दूल्हा (वरण करने वाला) जीवण का पुत्र (वह) किनिया (माहळ) अपने स्वामी के लिए युद्ध करने को गुजरात गया और अप्सरा का वरण कर हरि के साथ रथ में बैठा पर युद्ध कथा कहने के लिए घर नहीं आया ।]

डिंगल काव्य का अपने समय से सम्बन्ध अविभाज्य है । यही इस काव्य की विशिष्टता भी है और एक अर्थ में कमजोरी भी । इसलिए इन्हें समझने के लिए तत्कालीन समय की समझ आवश्यक है । उस समय की सामाजिक, सांस्कृतिक दशा को ठीक से जाने बिना इसकी शैली, रूप-तत्त्व, ध्वनि-विन्यास और नाद-सौन्दर्य को समझना कठिन है । इस काव्य की अपनी ऐतिहासिक मर्यादा है । मर्यादा के उसी घेरे में इसका पूरा अर्थ निरूपित होता है अन्यथा नहीं, पर इतना निःसंकोच कहा जा सकता है कि इन कविताओं की काव्य-संवेदना की उस समय आवश्यकता थी और वे 'डिक्सन' में उत्कृष्ट थीं । अपनी बुनावट में छंद, अनुप्रास, अलंकार, वयण-सगाई, चौकडिया अनुप्रास मोहरामेळ की संगति बिठाती हुई आवश्यक वातावरण की उपज के निमित्त अपने शब्द-चयन में सतर्क ये कविताएँ वांछित प्रभाव उत्पन्न करने वाली थीं । युद्ध के परिदृश्य को आँखों के आगे उपस्थित कर देने की क्षमता रखनेवाली, चाक्षुषता के गुण वाली इन कविताओं का अलग ही सौंदर्यशास्त्र है ।

एक बात और निवेदन कर दूँ कि इन कविताओं के पाठ की पद्धति भी इनके अर्थान्वेषण में सहायक रही है । यह इन कविताओं का विशिष्ट गुण रहा है । उच्चारित होने वाले शब्दों को लिखा जा सकता है और लिखित शब्दों को उच्चारित भी किया जा सकता है; पर पढ़ा और सुना जाने वाला शब्द एक होते हुए भी वह दोनों स्थितियों में यथार्थ को अपने हिसाब से व्यक्त करता है, अन्यथा

लिपिबद्धता से पूर्व के साहित्य और उसके बाद के साहित्य में कोई फर्क ही नहीं होता । मेरा आशय यह है कि इन कविताओं में प्रयुक्त शब्दों की तात्त्विक विशेषता 'बोलना' और 'सुनना' है । जिसे पाठ करना कहा जाता है । पाठ की यही पद्धति मौखिक साहित्य परंपरा (Oral Tradition) को इस अर्थ में विशिष्ट बनाती है । (पाठकगण मेरी इस बात की ताईद करेंगे यदि वे इस ग्रंथावली को पढ़ने के बाद किसी छंदपाठी, डिंगल कवि के मुँह से इन्हीं कविताओं को सुनें ।)

डिंगल साहित्य यों तो कई प्रकार के छंदों में निबद्ध है, पर डिंगल की लोकप्रियता जिन दो छंदों के सहारे उजागर हुई 'वे दो छंद हैं- एक दोहा और दूसरा डिंगल गीत' । इनमें से पहला छंद दोहा तो प्राकृत, ब्रज, हिन्दी, उर्दू और गुजराती जैसी अन्य भाषाओं का भी प्रिय छंद रहा है । डिंगल ने यद्यपि इसे वांछित ऊँचाई प्रदान की । यह एक ऐसा छंद रहा जिसे कमोबेश सभी डिंगल कवियों ने अपनाया। अपने स्वरूप में छोटा, तेरह-ग्यारह, तेरह-ग्यारह मात्राओं वाली दो पंक्तियाँ और चार चरणों से बना जिसके दूसरे और चौथे चरण में तुक मिलती है । यों डिंगल के कवियों ने इस छोटे से छंद के भी कई भेद कर डाले सोरठा, बड़ा दूहा, तुंबेरी दूहा आदि । गुजरात के विद्वान जयमल्ल परमार ने दोहे के संबंध में लिखा है - 'प्राणी की आत्मा को जब शब्द सुनने की इच्छा लगी, तब कान उत्पन हुए । वस्तु को देखने की इच्छा हुई तो आँख बनी । गंध का अहसास करने की इच्छा से नाक बना । इसी तरह संस्कारों में प्रयुक्त होने वाली भाषा में जब कविता के कला रूप में अवतरने की इच्छा जगी तो दोहे का जन्म हुआ ।'

अच्छे स्वरूप से क्या व्यक्ति में अच्छे गुण होने आवश्यक हैं । कुरूप होते हुए भी मूल्य गुणों से होता है । एक दोहे में इससे अधिक विवरण की हम क्या अपेक्षा कर सकते हैं ?

*हूँ जाऊं थूं आवज्यै, बहू मंत करज्यै देर ।*
*खूंटी पे कूंची पड़ी, कोठा में नारेळ ॥* (नाथूसिंह महियारिया)

एक दोहे में वीर-संस्कृति के रिवाज, सास का वर्चस्व (घर-प्रबंधन में), वीरता का घनत्व (चार पात्र हैं पिता, पुत्र, सास और बहू - चारों का मरना तय) और राजस्थान के गाँवों का रहन-सहन जहाँ चाबी खूँटी पर टंगी हो और दुर्लभ वस्तु नारियल कोठे में रखा है । कवि कितनी-कितनी बातें साध कर दोहे का निर्माण करता है, आश्चर्य होता है ऐसे दोहे देखकर ।

डिंगल में दोहे के बाद लोकप्रियता के स्तर पर गीत छंद आता है । जैसा



कि कहा जाता है कि शायद ही कोई चारण कवि हो जिसने दोहा अथवा गीत न कहा हो । इसी से अनुमान हो जाता है कि यह छंद कितना लोकप्रिय रहा । अकेले इस छंद का पूरा छंदशास्त्र (रघुनाथ रूपक गीतां रो) मंछ कवि अथवा मंसाराम सेवग का लिखा प्रकाशित है । डिंगल की इस विधा में लिखने वालों की भी दोहा लिखने वालों की तरह गिनती ही नहीं है पर डिंगल में उल्लेखनीय गीतकारों में हुकमीचंद खिड़िया, महादान मेहडू, ओपा आढा, नवलदान लालस, दुरसा आढा, प्रथीराज राठौड़, दलजी मेहडू, गोरधन बोगसा, सुरायच टापरिया, करणीदान कविया, किशना आढा, केशवदास गाडण, सूर्यमल मीसण, धर्मवर्द्धन उपाध्याय, हूंपा सांदू, जमणा सौदा आदि कई नाम हैं । पर गीत छंद को कलात्मक ऊँचाइयाँ प्रदान करनेवाले कवियों में हुकमी चंद खिड़िया, दुरसा आढा, महादान मेहडू, ओपा आढा, सूर्यमल मीसण और बांकीदास आसिया मुख्य है । अब मुझे इनमें से भी छाँटने पड़ें तो बांकीदास आसिया, हुकमी चंद, सूर्यमल मीसण और ओपा आढा को तरजीह दूँगा।

डिंगल गीतों के इस समृद्ध भंडार पर जब नजर डालता हूँ तो एक बात चमत्कारिक ढंग से निकल कर सामने आती है । इसे यदि मेरी अतिशयोक्ति नहीं समझी जाए तो पूरे साहस के साथ जोरदार शब्दों में एक बात कहना चाहूँगा कि यदि बांकीदास आसिया अपनी पूरी रचनात्मक यात्रा के दौरान (अर्थात् ५२ वर्ष की आयु में से शुरू के २० वर्ष निकाल दूँ तो ३२ वर्ष की उनकी रचना यात्रा ठहरती है) केवल 'आयौ अंगरेज मुलक रै ऊपर' वाला गीत ही लिख पाते और कुछ न लिखते तब भी साहित्य के इतिहास में उनका नाम दर्ज होने के लिए पर्याप्त था। जो उन्होंने वर्ष १८०५ में लिखा अर्थात् अपनी ३४ वर्ष की अवस्था में लिखा । कल्पना कीजिए उस समय की और उसमें कवि की मेधा से अधिक उस आत्मिक साहस की जिसमें यह गीत रचा गया । जोधपुर के महाराजा का आश्रित कवि भरतपुर के जाट शासक को नायक बनाकर अपनी रचना करे, क्या यह आज भी हमारी सोच में अभरोसे की किरकिर नहीं जगाता ? फिर इसका विषय तो उस समय लिखने वाले और सुनने वाले दोनों का कलेजा थर्राने को काफी था । प्रो. दयाकृष्ण विजय के शब्दों में- 'भारतीय इतिहास में चारण साहित्य का योगदान अतुलनीय है । यह कहें कि मातृभूमि की रक्षार्थ ही इस अनोखे साहित्य की रचना हुई तो कोई अतिशयोक्ति नहीं होगी । १९वीं शताब्दी के प्रारंभ में अंग्रेजी शिकंजा राजस्थान में कसता जा रहा था तथा यहाँ के शासकों को भी मराठों, पिंडारियों की गतिविधियों एवं आंतरिक अशांति से छुटकारा केवल मात्र अंग्रेजों की अधीनता से ही प्राप्त होना एकमात्र विकल्प के रूप में दृष्टिगोचर हो रहा था, तब उनकी इस मनोवृत्ति का विरोध

साहित्य में सर्वप्रथम चारण साहित्य में किया गया । उस समय के चारण काव्य में स्वातंत्र्य चेतना, साम्प्रदायिक सद्भाव और अंग्रेजी साम्राज्यवाद का विरोध प्रबल रूप से प्रकट हो रहा था ।' राजस्थान में इस अभिव्यक्ति को सामान्यतः तीन श्रेणियों में बाँटा जा सकता है –

१. १९वीं शताब्दी के आरंभ में राजस्थान सहित अन्य शासकों द्वारा अंग्रेजी दासता स्वीकार करने के विरुद्ध चेतावनी । अंग्रेजी साम्राज्य के खतरों के प्रति सावधान करना तथा अंग्रेजों का प्रतिरोध करने वाले व्यक्तियों अथवा शक्तियों का गुणगान कर हौंसला बढ़ाना ।
२. १८५७ के स्वातंत्र्य-संग्राम में संघर्षरतों का बखान करना तथा विद्रोहियों का साथ न देने वाले शासकों को चेतावनी देना ।
३. सन् १८५७ से १९४७ तक के स्वतंत्रता आंदोलन के विभिन्न रूपों, देशभक्तों तथा जनचेतना को ओजस्वी स्वर देना ।

कहने की आवश्यकता नहीं कि डिंगल साहित्य में अंग्रेज-विरोध का सूत्रपात करनेवाला पहला कवि बांकीदास आसिया था । असल में नव-चेतना को वैचारिक आधार देने वाला वह पहला कवि था । अब जरा उसके गीत को देखें-

आयो अंगरेज मुलक रै ऊपर, आहंस लीधा खेंच उरा ।
धणियां मरे न दीधी धरती, धणियां ऊभां गई धरा ॥
फौजी देख न कीधी फौजां, दोयण किया न खळा डळा ।
खवां खांच चूड़ै खावंद रै, उणहीज चूड़ै गई यळा ॥

[अंग्रेज नाम का शैतान हमारे देश पर चढ़ आया है । देश के जिस्म की सारी चेतना को उसने अपने खूनी अधरों से सोख लिया है । इसके पहले धरती के स्वामियों ने मर कर भी धरती को दुश्मन के हवाले नहीं किया था और आज यह स्थिति आ गई है कि धरती के स्वामी जीवित हैं और धरती उनके हाथ से चली गई । दुश्मन की फौजों को सामने देखकर भी उन्होंने अपनी फौजें तैयार नहीं की । दुश्मन बड़े मजे से उनका विनाश करते रहे और वे दुश्मन का नाश न कर सके । अक्षत चुड़ले का सुहाग धारण किये पति की मौजूदगी में ही पृथ्वी सुहाग के समस्त प्रतिमानों सहित दूसरे के घर चली गई ।]

*छत्रपतियां लागी नह छांणत, गढपतियां धर परी गुमी ।*
*बळ नह कियौ बापड़ा बोतां, जोतां-जोतां गई जमीं ॥*



*दुय चत्रमास बादियो दिखणी, भोम गई सो लिखत भवेस ।*
*पूगौ नहीं चाकरी पकड़ी, दीधौ नहीं मरेठै देस ॥*

[धरती के छिन जाने से न तो छत्रपतियों ने लज्जा का अनुभव किया और न गुढ़पतियों ने ही उसे अपनी अपकीर्ति समझा । प्राणों की कुशलता में ही उन्होंने सब कुछ भर पाया । बेचारे अभ्यागतों ने अवरोध तक प्रकट नहीं किया । उनके देखते-देखते जमीन उनके हाथ से चली गई । गीत को पढ़ते समय कठिन शब्दों का अर्थ शब्दकोषों से देखते समय पाया कि 'बोता' का शाब्दिक अर्थ मुँह पर पट्टी बाँधने वाला अहिंसक साधु होता है । इससे अब इस पंक्ति का अर्थ होगा – बेचारे मूक अहिंसकों ने कोई विरोध नहीं जताया और उसके देखते-देखते जमीन उनके हाथ से चली गई । दक्षिण वाले ने आठ महीनों तक डटकर मुकाबला किया यदि इस पर भी वह अपना देश न बचा सका तो यह उसकी किस्मत की बात थी । मजबूर होकर उसने दूसरी जगह चाकरी मंजूर कर ली, पर अपने जिन्दा हाथ से धरती अंग्रेजों के हवाले नहीं की ।]

*बजियौ भलौ भरतपुर वाळौ, गाजै गजर धजर नभ गोम ।*
*पहिलां सिर साहिब रौ पड़ियौ, भड़ ऊभां नह दीधी भोम ॥*
*महि जातां चींचातां महिळां, अै दुय मरण तणा अवसांण ।*
*राखौ रे किंहिक रजपूती, मरदां हिंदू की मुसळमांण ॥*
*पुर जोधांण उदैपुर जैपुर, पह थांरा खूटा परियांण ।*
*आंकै गई आवसी आंकै, बांके आसल किया बखांण ॥*

भरतपुर वालों ने भी खूब सामना किया । तोपों का जवाब तोपों से देने वालों की कीर्ति आज दिन भी नभ में सर्वत्र गर्जन-तर्जन का रूप धारण किये हुए है । सबसे पहले फिरंगी साहब का सिर कटकर जमीन पर गिरा और उन जाट वीरों के पांव जब तक जमीन पर टिके रहे – जमीन पर शत्रु का अधिकार नहीं होने दिया । इस तरह मरने के अवसर मनुष्य की जिंदगी में केवल दो ही बार आते हैं । एक तो उस वक्त जिन्दा रहना व्यर्थ है जब देश की धरती को कोई विदेशी हथिया रहा हो, दूसरे उस वक्त मरना जरूरी हो जाता है जब किसी अबला की करुण पुकार सुनाई देती हो । देश और जननी की रक्षा करना किसी जाति विशेष की बपौती नहीं । आज देश पर भयंकर आपदा छाई हुई है । अरे ! तुम मनुष्य हो ! कोई तो मर्दानगी दिखाओ । देश की रक्षा के लिए क्या हिन्दू और क्या मुसलमान ? ओ जयपुर, उदयपुर, जोधपुर के अधिपतियों ! तुमने तो अपने सम्पूर्ण

वंश-गौरव ही को मिट्टी में मिला दिया । अपने आराम की खातिर पूरे देश को दु:ख में धकेल दिया । धिक्कार है तुम्हें ! भाग्य से गई है तुम्हारी धरती, भाग्य से ही फिर प्राप्त हो सकेगी अन्यथा नहीं । यह सच्चाई बांकीदास आसिया ने तुम्हारे सम्मुख प्रकट कर दी ।

इनके अतिरिक्त भी बांकीदास की ऐसी रचनाएँ हो सकती हैं, जो अभी तक प्रकाशित नहीं हुई अथवा प्रकाश में ही नहीं आई । कविराज बांकीदास का पोथीखाना संप्रति नट नागर शोध संस्थान, सीतामऊ में है । शोधार्थियों को सीतामऊ जाकर उस खजाने को भी टटोलना चाहिए । राजस्थानी शोध संस्थान, चौपासनी, चारण संस्थान, अजमेर सहित, प्राच्य विद्या प्रतिष्ठान, राजस्थान आर्काइव्ज बीकानेर सहित अन्य ऐसे संस्थानों से भी शोध कर बांकीदास की रचनाएँ खोज निकाली जा सकती हैं । इनके अतिरिक्त व्यक्तिगत संग्रहों को भी हमें टटोलना चाहिए । कुल मिलाकर मेरे कहने का आशय है कि कोई संस्थान अथवा कोई व्यक्ति यह बीड़ा उठाये कि बांकीदास की सारी रचनाओं को एक साथ समग्र के रूप में (कई खंडों में हो सकता है वह) प्रकाशित करे । यह उचित समय है ऐसी पहल करने का अन्यथा हम ऐसे अग्रचेता और सभी अर्थों में बड़े कवि बांकीदास द्वारा रचित उत्तम सामग्री से वंचित रह जाएंगे । एक बार और पितृ-ऋण से उऋण होने हेतु किए गए प्रो. मौलि के इस प्रयास को विरुदाता हूँ । ईश्वर उन्हें लम्बी आयु और उत्तम स्वास्थ्य प्रदान करे ताकि वे इस क्षेत्र में और काम कर सकें ।

अन्त में मैं यह तो नहीं जानता कि भूमिका को कितना बोलना चाहिए पर यह बात अवश्य ग्रंथावली के रचयिता बांकीदास ने सुझाई है कि भूमिकाकार को कितना बोलना चाहिए अथवा कि मुझ अकिंचन को कितना बोलता चाहिए-

*'बस राखो जीभ कहै इम बांको ।'*
*अथवा*
*'भाया कम बोलणो भलो ।'*

यह पद लेने के बाद मुझे तुरन्त अपनी जीभ (लेखनी) को वश में करना चाहिए और चुप हो जाना चाहिए । चुप हुआ यह दोहा रचकर-

*बपू बडा मझ बडकवी, बडभागी वरियांम ।*
*आंसल बांकीदास अस, जग राखण जस नांम ।*

# १८

## શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર : પ્રવૃત્તિ પારાવાર !

**– નટુભાઈ પરમાર**

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની સ્થાપના ૧૨ મી માર્ચ, ૨૦૧૨ માં થઈ તે પછી આજે સવા બે વર્ષનો અત્યંત ટૂંકો સમય જ થયો છે, ત્યાં આ સંસ્થાએ મેઘાણી સાહેબે જેના સંશોધન માટે આખુંય આયખું ખર્ચી નાંખ્યું, તેમના જીવનઆદર્શોને મૂર્તિમંત કરવા જે જે કાર્યો કર્યાં છે - અને એનાં જે પરિણામો મળ્યાં છે, તેના પર એક દૃષ્ટિપાત કરીએ તો પહેલી નજરે આપણને એમ લાગ્યા વિના ન રહે કે, નક્કી આ સંસ્થા યાને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર એકાદ-બે વર્ષોથી નહિ પરંતુ દાયકાઓથી કાર્યરત રહી હશે, તો જ આવાં ઉત્તમ પરિણામો મળે !

બે-સવા બે વર્ષના ઓછા સમયગાળામાં શ્રી ઝવરેચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા લોકસાહિત્યના સંવર્ધન અને વિકાસમાં સાચે જ અભૂતપૂર્વ કામ થયું છે તેનો યશ સંસ્થાસર્જન પાછળ રહેલ હેતુઓ - આદર્શોને હકીકતમાં પલટાવવા એના સૂત્રધારોએ થાક્યા વિના કરેલા અહર્નિશ પરિશ્રમને ફાળે જાય છે. આ સંસ્થાને એની કામગીરી દીપાવે એવા જે આયોજનકર્તાઓ પણ મળ્યા છે, તેમનું પણ તેમાં ઓછું યોગદાન નથી.

અગાઉ આવા જ એક નિમિત્તે મેં લખ્યું હતું તેને જ દોહરાવું તો આપણા

રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીજીએ આપણી લોકકલા-લોકસાહિત્યને સતત ધબકતી રાખવા જે ભેખ લીધો હતો, અને તો પણ એમની વિદાય પછી એમનાં આદરેલાં પણ અધૂરાં રહી ગયેલાં કાર્યોને આગળ ધપાવવાનું યજ્ઞકાર્ય શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રે ભલીભાંતિ હાથ પર લીધું છે, એનો હર કોઈ લોકસાહિત્ય રસિકને આનંદ છે.

તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજે આપણા વડાપ્રધાન એવા નરેન્દ્રભાઈ મોદીની આગવી કલા-સૂઝ, સાહિત્યસમજ અને પરખને કારણે, ૧૨-૦૩-૨૦૧૨ના રોજ ગુજરાત સરકાર દ્વારા, ગુજરાત સાહિત્ય અકાદમી અંતર્ગત શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની સ્થાપના થઈ હતી અને સંતવર્ય શ્રી મોરારિબાપુની પાવન નિશ્રામાં એનો સુંદર કાર્યક્રમ પણ રાજકોટ ખાતે સંપન્ન થયો હતો.

મિત્રોમાં વાતચીત દરમિયાન હું હંમેશાં એમ કહેતો હોઉં છું કે, સૌરાષ્ટ્ર એકલામાં જેટલાં ધાર્મિક સ્થાનો અને લોકકલા-સંસ્કૃતિ-સાહિત્યની વિરાસતને સાચવીને બેઠેલાં સ્થાનો-સ્મારકો હશે, એનાથી ત્રીજા ભાગનાં પણ સૌરાષ્ટ્ર સિવાયના બાકીના ગુજરાત પ્રદેશમાં નહિ હોય ! લાગલગાટ ૧૪ વર્ષ સુધી સૌરાષ્ટ્રમાં સરકારી સેવાઓ આપવાને કારણે સૌરાષ્ટ્ર પ્રત્યેના મમત્વને કારણે આમ કહેવામાં મેં અતિશયોક્તિ કરી હોય, એમ મને નથી લાગતું. એટલે આવા જ ભાતીગળ પ્રદેશ સૌરાષ્ટ્ર-લોકસાહિત્ય, કલા, સંસ્કૃતિના સાચા રખોપિયા જ્યાં આ કપરા અને આધુનિક કાળે પણ હજી વિદ્યમાન છે, તેના હમદમ સમા રાજકોટમાં શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રનું થાણું હોવું, એ પણ તદ્દન યોગ્ય છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટના કુલપતિશ્રી ડૉ. એમ.કે.પાડલિયાના અધ્યક્ષપદે અને લોકસાહિત્યના પ્રખર અભ્યાસુ (જેમણે લોકસાહિત્ય વિશે ઘણુ કાર્ય કર્યું છે અને જેમના પ્રદાન વિશે વિદ્વાનોએ પણ એમના ગ્રંથમાં ઘણું લખ્યું છે) એવા ડૉ. અંબાદાન રોહડિયાના નિયામકપદે આ કેન્દ્ર શરૂ થયેલ છે. જેની કાર્યવાહક સમિતિમાં ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદી ઉપરાંત, યુનિવર્સિટીના કુલસચિવશ્રી, હિસાબી અધિકારીશ્રીનો સમાવેશ છે. તેમની સાથે નિયુક્ત સભ્યો તરીકે લોકસાહિત્યના જાણતલ અને મર્મજ્ઞ એવા દરબારશ્રી પૂંજા વાળા, ડૉ. બળવંત જાની, શ્રી વી.એસ.ગઢવી, શ્રી ભીખુદાન ગઢવીએ પણ સેવાઓ આપી છે. શ્રી વી.એસ.ગઢવી કમિશનર તરીકે નિયુક્ત થતાં તેમની જગ્યાએ. ડૉ. હસુ યાજ્ઞિક નિયુક્ત થયા છે.

સવા બે વર્ષના ગાળામાં ઢગલાબંધ કાર્યક્રમો, પરિસંવાદો, વિશિષ્ટ



આયોજનો, પુરસ્કાર સમારોહો અને તે પણ રાજ્ય અને રાજ્યની બહાર યોજીને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રનો વાવટો સૌને નજરે ચઢે તે રીતે ફરકાવ્યો છે. તે બદલ-તેની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ આ કેન્દ્ર આપણા અભિનંદનનું હક્કદાર ઠરે છે.

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા આયોજિત શ્રેણીબદ્ધ કાર્યક્રમો પર એક વિહંગાવલોકન કરીએ તો, લોકસાહિત્ય, સંતસાહિત્ય અને ચારણી સાહિત્ય ક્ષેત્રે ઉત્તમ સંશોધન કરનાર વિદ્વાન લેખકોને પ્રત્યેકને રૂા. ૧ લાખના પુરસ્કારથી નવાજવામાં આવે છે. આજ દિન સુધીમાં ૧. ડૉ. ભગવાનદાસ પટેલ (૨૦૧૧) ૨. ડૉ. હસુ યાજ્ઞિક (૨૦૧૨) અને ડૉ. કનુભાઈ જાની (૨૦૧૩) આ ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કરી ચૂક્યા છે તેમજ વર્ષ ૨૦૧૪ માટે ડૉ. શાંતિભાઈ આચાર્ય પસંદગી પામ્યા છે.

આ કેન્દ્ર દ્વારા સંશોધન પ્રોજેક્ટ માટે પ્રત્યેકને રૂા. ૫૦,૦૦૦ ની મર્યાદામાં સંશોધન પ્રોજેક્ટ અનુદાન પણ આપવામાં આવે છે. પ્રથમ વર્ષ પાંચ પ્રોજેક્ટ ફાળવવામાં આવ્યા હતા તેમાંથી અત્યાર સુધી બે પ્રોજેક્ટનું કાર્ય પૂર્ણ થયું છે. જેમાં ૧. ડૉ. હસુ યાજ્ઞિક (રૂા. ૫૦,૦૦૦), ૨. ડૉ. ભરત પંડ્યા (રૂા. ૪૫,૦૦૦) છે, અને ૩. ડૉ. રવજી રોકડ (રૂા.૩૦,૦૦૦) નું કાર્ય ચાલી રહ્યું છે જ્યારે બે પ્રોજેક્ટ સંજોગોવશાત્ રદ થયેલ છે.

આ ઉપરાંત ૧. ડૉ. દીપક પટેલ (રૂા. ૪૫,૦૦૦), ૨. ડૉ. કમલ મહેતા, ડૉ. રવિસિંહ ઝાલાને સંયુક્તપણે (રૂા. ૫૦,૦૦૦) ૩. ડૉ. જસુપુરી ગૌસ્વામી (રૂા.૩૦,૦૦૦) ૪. ડૉ. હેમાક્ષી રાવ – ડૉ. ભરત ખેર સંયુક્તપણે (રૂા. ૫૦,૦૦૦) અને ૫. ડૉ. કિરીટ શુક્લ (રૂા.૩૦,૦૦૦) નો પણ સમાવેશ છે.

આ કેન્દ્ર દ્વારા લોકકલા-સાહિત્ય-સંસ્કૃતિને પ્રેરક પુસ્તક પ્રકાશન માટે પણ લેખક પ્રત્યેકને રૂા. ૧૦,૦૦૦ ની આર્થિક સહાય આપવાની યોજના છે. તેની વિગતો જોઈએ તો ૧. ડૉ. ઇન્દુબેન પટેલ (સાંસ્કૃતિક વડલાની સક્ષમ વડવાયું) ૨. ડૉ. એન.યુ.ગોહિલ (સંતવાણીઃકંઠસ્થથી ગ્રંથસ્થ) ૩. ડૉ. મહેરાચંદ્ર પંડ્યા (લોકવિદ્યાનાં મોતી) ૪. શ્રી પૂંજલ રબારી (ધન્ય ધરા ધન્ય લોક) ૫. ડૉ. ભીમજી ખાચરિયા (રુક્મિણીહરણઃએક સાંસ્કૃતિક અભ્યાસ) ૬. ડૉ. પ્રભુદાસ પટેલ (ડુંગરી ગરાસિયાઓ : લોકજીવન અને લોકવાઙ્મય) ૭. શ્રી જયેશ જીતુદાન ટાપરિયા (સાંયાજી કૃત નાગદમણ) ૮. શ્રી પ્રવીણ ગઢવી (બારમાસી કાવ્યો) ૯. ડૉ. જે.વી.જીવરાજાની (લોકગીતની પરિભાષા) ૧૦. ડૉ. પ્રેમજી પટેલ (દિવાસાનું

પરબ અને તેનાં ગીતો ૧૧. શ્રી દોલત ભટ્ટ (લોકવાણી : સંશોધન) ૧૨. ડૉ. રાજેશ મકવાણા (ઉત્તર ગુજરાતનું સંત-પથ સાહિત્ય : વ્યાપ અને વૈવિધ્ય) (૧૩) ડૉ. અમૃત પટેલ (લોકસાહિત્યનું તત્ત્વ અને તંત્ર) ૧૪. શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ (ગુજરાતના ફટાણા) અને ૧૫. શ્રી શિવદાન ગઢવી (શબ્દો ગગને ગાજ્યા) નો સમાવેશ છે. તેમાંથી આઠ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં છે.

આ પ્રોત્સાહક યોજના ઉપરાંત વિદ્વાન લેખકો પાસેથી લોકસાહિત્ય, સંતસાહિત્ય અને ચારણી સાહિત્ય વિષયક મહત્ત્વના ગ્રંથો કેવળ કેન્દ્ર દ્વારા પ્રકાશિત કરવાના ભાગરૂપે ૧. ડૉ. નિરંજન રાજ્યગુરુ દ્વારા 'સ્વાતિનાં સરવડાં' (૨) શ્રી રાઘવજી માધડ દ્વારા 'લોકવાર્તા લ્હાણ' અને (૩) ડૉ. હસુ યાજ્ઞિક દ્વારા 'ધર્મ અને વિધિસંલગ્ન ગુજરાતની અને રાજસ્થાનની કથાઓ : એક તુલનાત્મક અભ્યાસ' એવા દળદાર ગ્રંથો પ્રકાશિત થઈ ચૂક્યા છે.

લોકસાહિત્ય-સંસ્કૃતિ, ચારણ સાહિત્ય અને સંત સાહિત્ય પરનાં પ્રકાશનો ઉપરાંત વિવિધ સંરચનાઓ સાથે આ જ વિષયો પર સમર્પિત પરિસંવાદો યોજી - તેમાં મેધાવી વિદ્વાનોને નોતરી જે ચર્ચાઓ થઈ છે અને તેમાંથી જે નવનીત નીપજી આવ્યું છે, તેણે તો આપણા આ અમર વારસાનું જતન કરવામાં સિંહફાળો આપ્યો છે.

આ પરિસંવાદ પર એક ઊડતી નજર નાખીએ તો ૨૦૧૨ થી ૨૦૧૪ સુધીમાં આ કેન્દ્ર દ્વારા મહેસાણા, ભાવનગર, ભુજ, અમદાવાદ, ડીસા, સૂરત, વલ્લભવિદ્યાનગર, વલસાડ, રાજકોટ, વડોદરા, અંબાજી, ધારી, બોટાદ, જૂનાગઢ જેવાં રાજ્યનાં વિવિધ સ્થળો ઉપરાંત મુંબઈ-ઉદેયપુર જેવાં રાજ્ય બહારનાં સ્થળોએ આ પરિસંવાદો સફળતાપૂર્વક પ્રયોજાયા છે. જેમાં પણ લોકસાહિત્ય, ચારણી સાહિત્ય, સંત સાહિત્ય અને લોકસંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ વિષયો પર બૃહદ ચર્ચા થઈ શકી છે. જે આપણા આ વિરલ વારસાને ભવિષ્યની પેઢીઓ સુધી સુરક્ષિત રાખવામાં આ કેન્દ્ર નિમિત્ત બની રહ્યું છે.

આ પરિસંવાદમાં 'ગુજરાતી અને રાજસ્થાની સાહિત્યમાં સ્વાતંત્ર્ય સંગ્રામ', 'લોકસાહિત્ય', 'લોકસંસ્કૃતિ અને સમૂહ માધ્યમો', 'લોકસાહિત્ય અને સંતસંસ્કૃતિ', 'કચ્છનું સંત સાહિત્ય', 'ગુજરાતી લોકગીતો : પર્યાવરણ કેન્દ્રી નારી સંવેદના', 'સંત સાહિત્ય અને સ્વામીનારાયણ સંપ્રદાયના સંતકવિઓ', 'ભારતીય લોકનાટ્ય : પરિસંવાદ અને પ્રસ્તુતિ', 'લોકસંસ્કૃતિ, કંઠસ્થ પરંપરાનું સાહિત્ય અને ઐતિહાસિક તથ્યો', 'લોકકથાની કથનશૈલી', 'લોકવાઙ્મયનાં



સ્વરૂપો', 'ભારતીય લોકસંત સંસ્કૃતિ', 'લોકગીતો અને જીવનમૂલ્યો', 'લોકસાહિત્યના સંશોધનની નૂતન દિશાઓ' અને 'લોકસાહિત્ય ક્ષેત્રે સૌરાષ્ટ્રના સંશોધકો - સંપાદકોનું પ્રદાન' જેવા વિષયોની પસંદગી કરવી એ જ આ કેન્દ્રના સૂત્રધારોની સાચી સમજ અને પ્રીતિની દ્યોતક બીના છે.

'સંશોધક સાથે સંવાદ - મારી સંશોધન યાત્રા' હેઠળ આ કેન્દ્ર દ્વારા સર્વશ્રી જોરાવરસિંહ જાદવ, શ્રી દાદુભાઈ ગઢવી - કવિ'દાદ', ડૉ. હસુ યાજ્ઞિક, પ્રો. કનુભાઈ જાની અને ડૉ. ફાસ્વા માલિંઝો સાથેની દીર્ઘ મુલાકાતોનો સમાવેશ છે.

લોકસાહિત્ય અને ચારણી સાહિત્યમાં કંઠસ્થ પરંપરાનો બહુ મોટો મહિમા છે ત્યારે, કંઠસ્થ પરંપરામાં સચવાયેલ લોક, સંત અને ચારણી સાહિત્યની વિરાસત જે આ અત્યાધુનિક વીજાણુ યુગમાં જો કાળજી રાખીને - પ્રયત્નપૂર્વક ન જાળવવામાં આવે તો લુપ્ત થઈ શકે છે, એને લક્ષ્યમાં રાખીને આ કેન્દ્ર દ્વારા વરિષ્ઠ-જ્ઞાનવૃદ્ધ સંશોધકોના સુમેળથી આ સામગ્રીનું રેકૉર્ડિંગ કરવાનો પણ એક ભગીરથ પ્રયાસ થઈ રહ્યો છે. જેમાં સૌપ્રથમ શ્રી લાભુભાઈ ભાંસળિયા અને શ્રી પી.પી. બોક્ષાનું રેકૉર્ડિંગ સુરેન્દ્રનગર ખાતે કરવામાં આવ્યું હતું. તે પછીના ઉપક્રમમાં ડૉ. શક્તિદાન કવિયા, શ્રી લાખાભાઈ ગઢવી, શ્રી દરબાર પૂંજાવાળા, શ્રી ભીખુદાન ગઢવી, શ્રી હેમંત ચૌહાણ, શ્રી શાહબુદ્દીન રાઠોડ, ડૉ. ઈન્દુબેન પટેલ, ઈન્દુબેન ગઢવી, શ્રી તખતદાન રોહડિયા, શ્રી દોલત ભટ્ટ, શ્રી પૂંજલભાઈ રબારી, શ્રી રામભાઈ ગઢવી અને કવિરાજ નવિનદાન ગઢવીની કંઠસ્થ પરંપરાની સામગ્રીનું પણ રેકૉર્ડિંગ કરી દેવામાં આવ્યું છે.

આ કેન્દ્ર દ્વારા આટલા બધા નિષ્ઠાભર્યા પ્રયાસો - આયોજનોની સાથે સાથે દુર્લભ સંદર્ભસામગ્રીનું ગ્રંથાલય, ગુજરાતી વિશ્વકોશ સાથે વ્યાખ્યાનમાળાનું આયોજન દશ્ય-શ્રાવ્ય સામગ્રીનું ગ્રંથાલય, દુર્લભ હસ્તપ્રતોનું સ્કૅનિંગ જેવાં કાર્યો થયાં છે. તેમજ આગામી પ્રકલ્પો-યોજનાઓ અંતર્ગત ત્રિવિધ કોશ નિર્માણનું કાર્ય, તાલીમ વર્ગોનું આયોજન, ચારણી પરંપરાના છંદોના રેકૉર્ડિંગનું આયોજન અને લોકગાયકો -વાર્તાકારોને ઍવૉર્ડનું આયોજન (આગામી વર્ષથી) વગેરે પ્રવૃત્તિઓ પણ સમાંતરે કરવાનું ભાવિ આયોજન પણ ચાલી રહ્યું છે. એ જ દર્શાવે છે કે, શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રનું કાર્ય કેટલી સાચી રીતે, કેટલી આંતરસૂઝ - દીર્ઘદૃષ્ટિ અને વિગતપૂર્વક એના સૂત્રધારોએ હાથ ધરેલું છે.

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના આવિષ્કાર પછીના તુરતના મહિનાઓમાં આવેલી આ રાષ્ટ્રીય શાયરની ૧૧૯મી જન્મજયંતી નિમિત્તે કેન્દ્ર

દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ ખાતે મેઘાણી વંદના કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હતો. અને એક અર્થમાં લોકસાહિત્યના એ જાણતલ અને રખોપિયાના આશીર્વાદ પણ પ્રાપ્ત કરવામાં આવ્યા હતા.

અહીં, આ કેન્દ્રના મુખપત્ર અને મેઘાણીજીની ૧૧૬મી જન્મજયંતી ઉજવણી નિમિત્તે - એ જ દિવસે જેની શુભ શરૂઆત થઈ હતી, એ 'લોકગુર્જરી' સામયિકના ઉલ્લેખ વિના આ લખાણ - આ અહેવાલ પૂર્ણ થયો છે, એમ હું પોતે જ નહિ કહી શકું.

આ લખું છું ત્યારે મારા હાથમાં 'લોકગુર્જરી'નો એકત્રીસમો અંક છે. ત્રૈમાસિક 'લોકગુર્જરી'ના પણ આ અંક સાથે પૂરાં બે વર્ષ પસાર થઈ ચૂક્યાં છે. મૂર્ધન્ય સાહિત્યકાર એવા ડૉ. બળવંત જાની (પૂ. મોરારિબાપુ જેમને બળુભાઈ નામે પ્રેમથી પોકારે છે !)ના સંપાદકપદે આ કેન્દ્ર દ્વારા પ્રકાશિત 'લોકગુર્જરી'માં લોકસાહિત્ય સંતસાહિત્ય અને લોકસંસ્કૃતિ વિષયક જે દળદાર લેખો અને મન-હૃદયને તૃપ્ત કરતાં અને આ માટેની આપણી દૃષ્ટિને ખોલતાં લખાણો, વિદ્વાન લેખકો - અભ્યાસુ અધ્યાપકો અને સંશોધકો દ્વારા રજૂ થાય છે. તેના વિશે તો કદાચ આટલો જ દીર્ઘ એક બીજો લેખ થઈ શકે ! એટલે હાલ તો અહીં જ અટકું.

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રને અને એની પારાવાર પ્રવૃત્તિને આપણા હાર્દિક અભિનંદન



## શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર



શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર તરફથી નીચેની યોજનાઓ માટે હસ્તપ્રતો, સંશોધન પ્રોજેક્ટની દરખાસ્ત અને આવેદનપત્રો મંગાવવામાં આવે છે.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્ય સરકાર અંતર્ગત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની સ્થાપના ગતવર્ષે કરવામાં આવી છે. આ કેન્દ્ર દ્વારા લોકસાહિત્ય, ચારણીસાહિત્ય, સંતસાહિત્યના સંશોધન, સંપાદન, વિવેચન, ક્ષેત્રકાર્ય અને દસ્તાવેજીકરણ વિષયક વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તો આ ક્ષેત્રે કાર્ય કરવા ઈચ્છનાર લોકપરંપરાના સંશોધકો-વિદ્વાનોએ પોતાની દરખાસ્ત મોકલી આપવી.

૧. આ ત્રિવિધધારા વિષયક સંશોધન પ્રોજેક્ટ રૂ. ૫૦,૦૦૦ની મર્યાદા.
૨. આ ત્રિવિધધારાના સંશોધન, સંપાદન, વિવેચન અને ક્ષેત્રકાર્ય વિષય ગ્રંથોના પ્રકાશનાર્થે રૂ. ૧૦,૦૦૦ની આર્થિક સહાય.
૩. આ ત્રિવિધધારા વિષયક પરિસંવાદો, તાલિમ શિબિરો, વર્કશૉપ અને લોકસાંસ્કૃતિક ડાયરાઓનું આયોજન.
૪. આ ત્રિવિધધારા વિષયક મહત્ત્વના ગ્રંથોના અનુવાદ માટે આર્થિક સહાય.
૫. લોકપરંપરા-મૌખિક પરંપરાની સામગ્રીનું ઓડિયો-વિડિયો દ્વારા દસ્તાવેજીકરણ કરવા માટે આર્થિક સહાય.
૬. 'લોકગુર્જરી' ત્રૈમાસિક-સામયિક માટે લેખો મોકલવા અંગે.

ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રવર્તમાન નિયમાનુસાર કુલ ખર્ચના ૭૫ ટકા કે યોજના સામે દર્શાવેલ રકમમાંથી ઓછી હશે તે રકમ ચૂકવાશે. દરખાસ્ત મોકલવાનું સરનામું નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

**અંબાદાન રોહડિયા**
નિયામક, શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
ગુજરાતી ભવન, બિલ્ડીંગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦૦૦૫

# આ અંકના લેખકો

**ડૉ. બળવંત જાની,** 'તીર્થ' ૨૬૪-જનકપુરી સોસાયટી, આકાશવાણી ક્વાર્ટર પાછળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

**ડૉ. અંબાદાન રોહડિયા,** 'રવેચીકૃપા', ૪, હરિનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૮૦ ૦૦૫

**પ્રવીણ ગઢવી,** 'આસવલોક' ૪૬૬/૨, સેક્ટર-૧, ગાયત્રી મંદિર પાછળ, ગાંધીનગર

**ડૉ. નિરંજન રાજ્યગુરુ,** આનંદ આશ્રમ, ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટ-૩૬૦૩૧૧

**ડૉ. ભરત પંડ્યા,** ગુજરાતી વિભાગ, ફેકલ્ટી ઑફ આર્ટ્સ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા

**પ્રા. હિના ગંગર,** આચાર્ય, સ્વામિનારાયણ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, યુનિવર્સિટી સામે, મુન્દ્રા રોડ, ભૂજ

**डॉ. गजादान चारण 'शक्तिसुत', રાજસ્થાન**

**વસંત ગઢવી,** પ્લોટ નં. ૧૧૫/૨, સેક્ટર-૨ એ, ન્યૂ ઈન્ફોસીટી સામે, ગાંધીનગર

**ડૉ. ઊર્મિલા શુક્લ,** અધ્યાપક, ગુજરાતી વિભાગ, કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

**ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા,** અધ્યાપક, ગુજરાતી વિભાગ, યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી

**પ્રો. સનત ત્રિવેદી,** અધ્યાપક, ગુજરાતી વિભાગ, જસાણી આર્ટ્સ કૉલેજ, રામકૃષ્ણ આશ્રમ પાછળ, રાજકોટ

**ડૉ. સુનીલ જાદવ,** અધ્યાપક, ગુજરાતી વિભાગ, આર્ટ્સ-કોમર્સ કૉલેજ, કાલાવડ, જી. જામનગર

**ભરત કવિ,** 'આસ્થા', પ્લોટ નં. ૬૬૧, આદર્શનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર-૩૮૨૦૨૪

**જિતુદાન ગઢવી,** સી-૨૦, માધવ એવન્યુ, નરોડા-નિકોલ રોડ, મેલડી માતાજી મંદિર, નવા નરોડા, અમદાવાદ-૩૮૨૩૫૦


**દિપક પી. પટેલ,** ગુજરાતી વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

**વિશ્રામ એમ. ગઢવી,** મોટા લાયજા, તા. માંડવી-કચ્છ.

**डॉ. चन्द्रप्रकाश देवल,** બી-૭૪, બલદેવનગર માકડવાલી રોડ, અજમેર, રાજસ્થાન

**નટુભાઈ પરમાર,** ૧૬૮/૨, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪





શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા સંશોધન પ્રકલ્પો, વિદ્વાનોના સન્માનો, લોકકલાના મરમી માલમીઓ સાથેની વાતડિયું, પરિસંવાદો, સંશોધકોને પ્રકાશન માટે અનુસહાય, પ્રકાશનો અને આ લોકગુર્જરી ત્રૈમાસિકનું સંપાદન એમ સાતેક જેટલી પ્રવૃત્તિઓનો ધબકાર સમગ્ર, ગુજરાત-રાજસ્થાનના અભ્યાસીઓ અનુભવ્યો છે. આપણે રાજસ્થાન સામે પ્રગાઢ સંપર્ક કેળવીને એમની સાથે કેટલીક પ્રવૃત્તિઓ માટે કોલાબરેશન કર્યું છે. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સાથે આ પ્રકારના કોલાબરેશન માટેની દિશા પણ ખૂલી રહી છે. જગભાગીદારી પણ પ્રાપ્ત થઈ એ આવા કાર્યને જનસમુદાયના સાંપડેલા સહકાર-સહયોગનું સુંદર પરિણામ છે. આપણી સાથે અકાદમી, પરિષદ, વિશ્વકોશ, વિવિધ યુનિવર્સિટીઓ અને વિદ્યાસંસ્થાઓ સંકળાઈ રહી છે એ બધું આપણને પ્રાપ્ત થયેલી પ્રબળ પ્રીતિ-સ્વીકૃતિનાં બળવાન દૃષ્ટાંતો છે. આમાં આપવો પડતો સમય એના સુંદર ફળ નવા-નવા અભ્યાસીઓ, સમાજના જુદા-જુદા વર્ગોના લોકો સાથેના સંવાદરૂપે પ્રાપ્ત થઈ રહ્યા છે. એક વર્ષ દરમ્યાન તેત્તાલીશ જેટલા અભ્યાસલેખો દ્વારા છસો જેટલાં પૃષ્ઠમાં સંત, લોક અને ચારણી વિદ્યાશાખા વિશે મળેલા લેખો એક રીતે આપણાં સાંપ્રત અભ્યાસનું સુંદર ચિત્ર ઉપસાવે છે. વર્ષને અંતે સહયોગી થનાર સહુ પરત્વે આભારનો ભાવ પ્રગટ કરું છું.

તા. ૧-૫-૨૦૧૩

ડૉ. અંબાદાન રોહડિયા

લોકગુર્જરી

અંક : સત્તાવીસ

સંપાદક : ડૉ. બળવંત જાની


ISSN : 2320-8872

# લોકગુર્જરી

અંક : સત્તાવીસ

(ત્રૈમાસિક : પ્રથમ વર્ષ, ચતુર્થ અંક)

સંપાદક
ડૉ. બળવંત જાની



શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ-૫

# લોકગુર્જરી

**સળંગ અંક : સત્તાવીસ**

**(ત્રૈમાસિક : પ્રથમ વર્ષ, ચતુર્થ અંક)**

: સંપાદક :

**ડૉ. બળવંત જાની**

**શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**

*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી*

*રાજકોટ-૫*

**'Lok Gurjari-27'**
Quartely Journal of Oral Traditional folk Literature of Gujarat,
Edited by Dr. Balvant Jani
Published by 'Shri Zaverchand Meghani Loksahitya Kendra' and
Gujarat Sahitya Academy, Gandhinagar-382017

**ISSN : 2320-8872**

આવૃત્તિ : ૨૦૧૩

પ્રત : ૫૦૦

પૃષ્ઠ : ૧૦+૧૬૬=૧૭૬

મૂલ્ય : છૂટક કિંમત રૂ. ૧૦૦-૦૦
(વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦૦-૦૦
વિદેશમાં રૂ. ૬૦૦-૦૦)

આવરણ ચિત્ર : **પ્રતાપસિંહ બારહઠ** - રાજકોટ
૧. પ્રથમ પૃષ્ઠ : ભક્તકવિશ્રી લાંગીદાસ મહેડુ.
૨. ચતુર્થ પૃષ્ઠ : ભક્તકવિશ્રી હરદાસ મિસણ.

પ્રકાશક :
**ડૉ. અંબાદાન રોહડિયા**
માનદ્ નિયામક,
શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

મુદ્રક :
**ક્રિષ્ના ગ્રાફિક્સ**
૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૦૭૯-૨૭૪૯૪૩૯૩

# પુષ્પાંજલિ.....

'લોકગુર્જરી'ના સળંગ અંક છવ્વીસ અને ત્રૈમાસિકના ત્રીજા અંકને ભારે પ્રતિસાદ સાંપડ્યો. જાણીતા વિદ્વાન અને પ્રથિતયશ કવિશ્રી સિતાંશુ યશશ્ચંદ્રએ હસ્તપ્રતવિદ્યા : સ્વરૂપ સંદર્ભમાંથી પ્રગટતા સૈદ્ધાન્તિક પાસાઓથી પ્રસન્ન થઈને પોતાનો રાજીપો પ્રગટાવતો લાંબો ફોન કર્યો. ડૉ. હસુ યાજ્ઞિક, શ્રી પ્રવીણદાન બોક્ષા સાહેબ, પુષ્પદાન ગઢવી, મનોજ રાવલ, વસંત ગઢવી વગેરેએ પણ ચારણી સંસ્કૃતિ અને સાહિત્ય અંતર્ગત પ્રકાશિત લેખો બદલ ખૂબજ પ્રસન્નતાનો ભાવ ફોન દ્વારા પ્રગટ કર્યો છે. 'લોકગુર્જરી' વાર્ષિક માટે બહુ શ્રમનો અનુભવ થતો ન હતો, ત્રૈમાસિક માટે સમગ્ર વર્ષ દરમિયાન સતત કાર્યશીલ રહેવાનું બન્યું. અંકને ચોક્કસ પ્રકારનો આકાર મળે એવા વિભાગો અને એને લગતા લેખોને સંપાદિત કરીને મુકવાના આયોજન માટે અંકના પ્રકાશનમાં થોડો-થોડો વિલંબ પ્રત્યેક અંકે થતો રહ્યો. સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિના બે અંકોમાં અને ચારણીસંસ્કૃતિના બે અંકોના મુખપૃષ્ઠ માટે પોતાની કલાના ઉત્તમ નમૂનાઓ પ્રકાશનાર્થે આવ્યા એ બદલ સર્વશ્રી પ્રતાપસિંહ જાડેજા અને પ્રભાતસિંહ બારહઠ પરત્વે પણ આભારનો ભાવ પ્રગટ કરું છું. પ્રત્યેક અંકના ચોથા પૃષ્ઠ આપવા બદલ નિયામકશ્રી ડૉ. અંબાદાન રોહડિયા પરત્વે તથા ચીવટપૂર્વકના કલાત્મક મુદ્રણ માટે ક્રિષ્ના ગ્રાફિકસના હરજીભાઈ પટેલ તથા તેમના સુપુત્ર કિરીટભાઈ પરત્વે આભારનો ભાવ પ્રગટ કરું છું. બધા અભ્યાસ લેખોમાં મને સંપાદન માટે સહમતિ આપી એ બદલ સર્વે અભ્યાસી લેખકોનો આભાર. મારા સંપાદન કાર્યને, ત્રૈમાસિકના પ્રારંભના વર્ષારંભે પ્રથમ અંકનું મે **ગંધાક્ષત** એવું શીર્ષક સંપાદકીય માટે પ્રયોજેલું. ચોથા અંકમાં વર્ષાન્તે **પુષ્પાંજલિ** સ્વરૂપે ઋણ સ્વીકાર રૂપે સંપાદકીયને શીર્ષક મળ્યું છે.



જોત-જોતાંમાં ખૂબ જ ઝડપથી આપણાં 'લોકગુર્જરી' ત્રૈમાસિકનું એક વર્ષ પૂર્ણ થઈ ગયું. ચાર અંકોમાં ચાલીસથી વધુ લેખો. એમાં ચારેક તો સાવ નવી કલમોનો પ્રથમ પ્રવેશ. સૌથી વધુ તો સાવ નવા વિષયો વિશે ડૉ. હસુ યાજ્ઞિકે ત્રણ સુદીર્ઘ લેખો આપ્યા. પ્રથમ અંકમાં ગુજરાતના 'ઘોસ્ટલોર વિશે' તેંત્રીસ પૃષ્ઠ ત્રીજા અંકમાં લોકવિદ્યા અને જાતિગત મનોવિજ્ઞાન' વિશેના સડસઠ પૃષ્ઠ અને આ ચોથા અંકમાં 'લૌકિકકથાની નાયિકાઓ : વર્ગીકરણ અને વિવેચન'ના અઠ્ઠાવન પૃષ્ઠ એમ કુલ દોઢસોથી વધુ પૃષ્ઠ સંખ્યામાં ત્રણ મહત્ત્વના, સાવ નવા જ વિષયો ઉપર ખૂબ જ વિગતપૂર્ણ એવા નૂતન સિદ્ધાન્તથી ગુજરાતી લોકસાહિત્યનું મૂલ્યાંકન કરતા અભ્યાસનિષ્ઠાના ઉત્તમ ઉદાહરણ રૂપ લેખો ગુજરાતની લોકવિદ્યા વિષયની ઊંડી નિસ્બતના પરિચાયક છે. આટલી નિષ્ઠા, ઊંડી સૂઝ અને નૂતન સામગ્રીને નિરૂપવાનું વલણ સાતત્યપૂર્વક તેમણે જાળવ્યું. સતત સ્વાધ્યાયરત રહ્યા હશે. કયારેય મોડા ન પડ્યા. મૈસૂર પરિસંવાદમાં ગયા અને બીમારી આવી એથી, બીજા અંકમાં એમની ગેરહાજરી કેમ ! એમ પૃચ્છા કરતા મનોજ રાવલ, નિરંજનભાઈ આદિના ત્રણ ચાર ફોન પણ આવેલા. આગામી વર્ષ માટે પણ સતત અભ્યાસલેખો - સંશોધન લેખો આપવા માટે અમે ટહેલ નાખી છે. ડૉ. અંબાદાન રોહડિયાએ શુભ સમાચાર આપ્યા છે કે પાબૂજી પરંપરા વિશેનો સંશોધનમૂલક સ્વાધ્યાય લેખ પ્રાપ્ત થવામાં છે.

લોકસાહિત્ય નામના પ્રથમ વિભાગમાં અહીં **ડૉ. હસુભાઈ યાજ્ઞિકે** આ અંકમાં આપણી લૌકિકકથામૂલક રચના પરંપરામાંના નાયિકાના ચરિત્રને આધારે પાંચેક પ્રકારના વર્ગીકરણ કરીને દર્શક લૌકિકકથાઓને સંદર્ભે કરેલું નાયિકાના ચરિત્રના વિશિષ્ટ પાસાનું નિરૂપણ કથાને કેવું સાંસ્કૃતિક પરિમાણ અર્પે છે તેનું વિગતપ્રચુર વિશ્લેષણ કલ્ચરલ સ્ટડીઝના ઉત્તમ દષ્ટાંત તરીકે ઉપસી રહે છે. લોકગુર્જરીના માધ્યમે ડૉ. હસુભાઈએ પોતાના અભ્યાસના નિષ્કર્ષરૂપ સ્વાધ્યાય પ્રસ્તુત કરવા માટે ખપમાં લીધું તે માટે લોકવિદ્યાના અભ્યાસીઓને નૂતન કેડીએ એ અભિગમોથી સ્વાધ્યાય કરવા માટે ઉત્તમ મોડેલ પુરા પાડ્યા. હસુભાઈ યાજ્ઞિક પરત્વે ઋણભાવ પ્રગટ કરું છું. ડૉ. હસુભાઈ યાજ્ઞિકના લેખ પછી લોકસાહિત્યના વિભાગમાં કોટા-રાજસ્થાનના વિદુષી તબીબવિદ્યાના વ્યવસાયી **ડૉ. ઈન્દુબહેન પટેલ**નો 'લોકગીતોમાં રામનું નિરૂપણ' શીર્ષકવાળો બીજો લેખ પણ ખૂબ જ અગત્યનો છે. રામ સંદર્ભે સીતા અને અન્ય ચરિત્રોને અનુસંગે લોકમાનસની નીપજરૂપ ગીતો મૂળ ઢાળની પંક્તિઓ નિર્દેશીને લેખમાં લોકસંદર્ભોના આલેખનો પણ એમાં આલેખ્યા હોઈને લેખ ઘણી મહત્તા ધારણ કરે છે. આમાંના મોટાભાગના

લોકગીતો પોતાના સ્મૃતિકોશમાંથી તથા ભાલકાંઠાની પ્રૌઢ વડીલ સ્નેહી સ્ત્રીઓના કંઠેથી મેળવેલા છે. ઘણાં ગીતો 'ચૂંદડી' અને 'રઢિયાળી રાત'માં સંપાદિત થયા નથી. એવા નવા-વિશેષ દૃષ્ટાંતો પણ આ નિમિત્તે અહીંથી પ્રાપ્ત થાય છે. એથી અભ્યાસીઓને વિશેષ સામગ્રી ઉપલબ્ધ થશે.

આ વિભાગના બન્ને લેખોની વિશિષ્ટ સામગ્રી, આલેખનની રીતિ અને વિશદ્ રીતે વિગતોને પ્રસ્તુત કરવાનું વલણ આપણાં લોકસાહિત્ય વિશેના સંશોધન-સ્વાધ્યાયમૂલક સામગ્રીમાં ઉમેરણરૂપ બની રહે છે.

**બીજો વિભાગ** ચારણી સાહિત્ય વિશેનો છે. અહીં હરદાસ મિસણ : મૂળકથાનકમાં પોતીકી પ્રતિભા' લેખમાં ચારણી સાહિત્યના સંશોધનને જ પોતાના અભ્યાસનું ક્ષેત્ર બનાવીને બે દાયકાથી ક્રિયાશીલ રહેતા **ડૉ. અંબાદાન રોહડિયા**એ ચારણી સાહિત્યમાં હરદાસ મિસણનામના આખ્યાન કવિએ મૂળ કથાનકને પોતાના આગવા દૃષ્ટિકોણથી કાંટ-છાંટ, ઉમેરણ અને આગવી અર્થવતાથી કેવું અનોખું પરિમાણ બક્ષી શક્યા છે એની સદૃષ્ટાંત વિગતો મૂકી છે. આવા કારણથી ચારણી સર્જકની સર્જકપ્રતિભા શક્તિનો પરિચય મળી રહે છે. **ડૉ. ઊર્મિલા શુક્લે** 'લાંગીદાસ મહેડુ : ભક્તિરસનું વીરરસમાં રૂપાંતરણ' નામના અભ્યાસલેખમાં ચારણ કવિ લાંગીદાસ પણ કેવી રીતે મૂળ કથાનકમાં વિશિષ્ટ રીતે નૂતન રસનો વિનિયોગ કરીને કથાનકને જુદી રીતે પલટાવે છે. આપણે પ્રેમાનંદની રસસંક્રમણ કળાશક્તિથી પરિચિત છીએ. પરંતુ ચારણી સર્જકો પણ આવી રીતે આગવી રીતે રસસંક્રમણકળા શક્તિ કૌશલ્ય દાખવે છે. એનો આખ્યાનકૃતિ સાથે વિગતથી પરિચય કરાવ્યો હોઈને ઘણી નવી વિગતો પ્રાપ્ત થાય છે, ભક્તિમાંથી વીરરસ. વીરરસ એ ચારણી સાહિત્યની વિશિષ્ટ ઓળખ છે, આગવું પાસું છે. એટલે અન્ય રસની કૃતિના કથાનકને તર્કપૂત રીતે એનો સર્જક વીરરસમાં રૂપાંતરિત કરીને આખ્યાન રચનાનું નિર્માણ કરે એ સ્વાભાવિક રીતે જ અભ્યાસનો વિષય બને, એનું વિદ્યાકાર્યમાં સ્વાગત જ હોય. લાંગીદાસ તો અત્યંત પ્રતિભાસંપન્ન કવિ છે એના 'ઓખાહરણ'ની રચનાને મેઘાણીએ શૃંગારને બદલે મૂલ્યનિષ્ઠા અને શાંતરસનિષ્પન્ન કરાવતી કૃતિ તરીકે મહિમા કર્યો છે. રતુદાન રોહડિયા અને ડૉ. ઈશ્વરલાલ ર. દવેએ એનું 'અભ્યાસપૂર્ણ સંપાદન પણ પ્રકાશિત કર્યું છે. અહીં લાંગીદાસ મહેડુની ઓખાહરણને બદલે **'એકાદશી મહાત્મ્ય'** જેવી ભક્તિરસની કૃતિને અભ્યાસ માટે ખપમાં લીધી એટલે સર્જકની સર્જનાત્મક પ્રતિભા શક્તિનો વિશેષ પરિચય થયો. ચારણી ચિત્રકાર પ્રભાતસિંહ બારહઠની પાસેથી આ બન્ને સર્જકોના ચિત્રો પ્રાપ્ત



થયા, જેને અહીં મુખપૃષ્ઠમાં ખપમાં લીધા છે. આ નિમિત્તે મધ્યકાલીન ગુજરાતી પરંપરાના સર્જકોની ચિત્રવિથિમાં ચારણી સર્જકોની પંગત આ નિમિત્તે સ્થાપવાનું અને એનાથી અભ્યાસીઓને પરિચિત કરાવવાનું પણ શક્ય બન્યું છે.

મધ્યકાલીન ગુજરાતી આખ્યાન પરંપરાને સંદર્ભે ચારણી આખ્યાન પ્રવાહ કેવી આગવી, અનોખી ઓળખ ઊભી કરે છે, એના દૃષ્ટાંતો આ બન્ને લેખો છે. ત્રીજો લેખ અહીં ચારણી રચનાઓમાંથી પ્રગટતા વ્યંગ તત્ત્વને ચીંધી બતાવતો નિવૃત્ત સનદી અધિકારી **શ્રી પ્રવીણ ગઢવી**નો છે. 'ચારણી સાહિત્યમાં વ્યંગનું નિરૂપણ'માંથી વિવિધ રૂપે વ્યંગને ખપમાં લેતા ચારણ કવિઓની શક્તિ, દૃષ્ટિનો પરિચય મળી રહે છે. કંઠસ્થ પરંપરાનો એક મહત્ત્વનો સ્તોત્ર ચારણી સાહિત્ય છે. આ મારા પણ હવે આસ્વાદ અને અભ્યાસનો વિષય બની રહી હોવાને કારણે સાહિત્યિક દૃષ્ટિએ અને રસાનુભવના ઉત્તમ દૃષ્ટાંત તરીકે એને ઉવેખી શકાય તેમ નથી એનો પરિચય આવા સ્વાધ્યાયલેખો દ્વારા મળી રહે છે. 'લોકગુર્જરી' એ માટે બહુ મોટુ માધ્યમ બન્યું છે.

**ત્રીજો વિભાગ** લોક-પુરાતત્ત્વ સંસ્કૃતિ વિશેનો છે. એમાં પ્રથમ લેખ ઈતિહાસ વિષયના વિદ્વાન અભ્યાસી સંશોધક **ડૉ. પ્રદ્યુમ્ન ખાચર**નો છે. જૂનાગઢની મહિલા કૉલેજના ઈતિહાસના અધ્યાપક તરીકે સેવારત રહીને-રહીને યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા થતા હોય એવા, ઘણાં અભ્યાસનિષ્ઠ સંશોધન ગ્રંથો તેમની પાસેથી પ્રાપ્ત થયા છે. અહીં તેઓ 'જૂનાગઢ : લોકસાંસ્કૃતિક, ઐતિહાસિક અને પુરાતત્ત્વીય ઘટકો' નામના અભ્યાસલેખમાં જૂનાગઢ જેવા નગરના પ્રાચીન અને મધ્યકાલીન સંદર્ભો માટે પુરાતાત્ત્વિક, ઐતિહાસિક અને લોકસાંસ્કૃતિક દૃષ્ટાંત રૂપની વિગતો પ્રસ્તુત કરીને એ દ્વારા આ નગર કેટલું મહત્ત્વનું છે અને વૈશ્વિક હેરિટેજરૂપ મહત્તા પ્રાપ્ત કરી શકે એવું પુરાતાત્ત્વિક સામર્થ્ય ધરાવે છે, એ ચીંધી બતાવ્યું છે. ન્યૂ હિસ્ટોરિસિટિ અને નવ્ય ઈતિહાસવાદ તો દંતકથાઓ, લોકકથાઓ અને લોકસાંસ્કૃતિક દૃષ્ટાંતોને પણ એના અભ્યાસમાં સમાવિષ્ટ કરે છે. એ નવ્ય દૃષ્ટિએ આપણાં ઘુમલી જેવા લુપ્ત નગરોનો અભ્યાસ પરત્વે પણ આ બધા નવા અભ્યાસીઓ વળશે તો ગુજરાતના ઈતિહાસનું આંતરવિદ્યાકીય અધ્યયનના ઉત્તમ નમુનાઓ પ્રાપ્ત થશે. આપણે ત્યાં શંભુપ્રસાદ દેસાઈ અને નરોત્તમ પલાણ પછી પ્રદ્યુમ્નભાઈ પાસે આવા ઘણાં સંદર્ભો હાથવગા હોવાની પ્રતીતિ અહીં મુદ્રિત લેખમાંથી મળી રહે છે. ઈતિહાસના અધ્યાપકનું લોકસાંસ્કૃતિક દૃષ્ટિબિંદુથી અને એમાં ઈતિહાસને તથા પુરાતત્ત્વને ભેળવીને આંતરવિદ્યાકીય અભિગમ સંદર્ભે એક ધ્યાનાર્હ બની રહે એ

પ્રકારના લેખ બદલ ડૉ. પ્રદ્યુમ્ન ખાચરને પણ ધન્યવાદ.

બીજો લેખ જૂનાગઢ ગીરનાર સાથે પ્રગાઢ રીતે સંકળાયેલા લોકભજનિક પ્રાણલાલ વ્યાસની ભજન ગાયકી અને લોકગાયકીની વિશિષ્ટતાનો પરિચય કરાવતો **ડૉ. બળવંત જાની** દ્વારા 'ગિરનારી પરંપરાના પ્રાણવાન ગાયક : પ્રાણલાલ વ્યાસ' શીર્ષકથી મળે છે. આ પૂર્વે મનુભાઈ ગઢવી, રતુદાન રોહડિયા આદિના આવા ચરિત્રાત્મક લેખો એમની પાસેથી પ્રાપ્ત થયેલા છે. એ પરંપરામાં જાતઅનુભવ, પોતાના દૃષ્ટિબિંદુનો વિનિયોગ અને એમના વિશિષ્ટ પ્રદાન એમ ત્રણ-ચાર પાસા સંદર્ભે ઘણી બધી દસ્તાવેજી સામગ્રી આ નિમિત્તે પ્રાપ્ત થતી હોઇ એ લેખનું પણ ઘણું મહત્ત્વ છે.

**લોકસાહિત્ય, ચારણી સાહિત્ય** અને **લોક-પુરાતત્ત્વ સંસ્કૃતિ** એમ ત્રણ વિભાગના મળીને કુલ સાત લેખોમાંથી ઘણી બધી નવી, મહત્ત્વની અને અભ્યાસીઓને-સંશોધકોને ખપમાં લાગે એવી સામગ્રી એમાં નિહિત છે. લોકસાહિત્ય વિશેનું આવું એક પણ સંશોધનાત્મક સ્વાધ્યાયને પ્રસ્તુત કરતું સામયિક નથી. હવે એને રેફરીઓને-તજ્જ્ઞોની પાસે તપાસાવીને રેફરીરિફર્ડ જર્નલ કક્ષાએ લઇ જવાની પણ અપેક્ષા છે. આપણી લોકવિદ્યા પરંપરામાં ઉમેરણરૂપ ગણી શકાય એવી સામગ્રી 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર'ના લોકવિદ્યાના ત્રૈમાસિક 'લોકગુર્જરી'ના માધ્યમથી મુકી શકાઈ. અનેક વિદ્વાનોએ સહયોગ આપ્યો, ચિત્રકારોએ અભ્યાસમૂલક દૃષ્ટિનો પરિચય કરાવતા મુખપૃષ્ઠ તૈયાર કરી આપ્યા. 'લોકગુર્જરી' નિમિત્તે આવું અવનવું વાંચનાર પ્રથમ વાચક બન્યાનું, એમને સંપાદિત કરવાનું અને એના વિશે પ્રતિભાવ આલેખવાનું આખા વર્ષ સુધી સતત અવિરતપણે ચાલતું રહ્યું એની પ્રસન્નતાના ભાવ સાથે ગુજરાત રાજ્યના સ્થાપના દિવસે ગુજરાતનું લોકસાહિત્ય-સંતસાહિત્ય અને ચારણી સાહિત્ય સંદર્ભે આ વિશિષ્ટ પ્રદાન.

તા. ૧-૫-૨૦૧૩ **બળવંત જાની**
ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ balwantraijani@yahoo.com

## 'લોકગુર્જરી' - ત્રૈમાસિક

* **'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર'** દ્વારા પ્રકાશિત ત્રૈમાસિકના એક વર્ષમાં કુલ ચાર અંકો જૂન, સપ્ટેમ્બર, ડિસેમ્બર અને માર્ચ માસમાં પ્રગટ થશે.
* **'લોકગુર્જરી'**નું વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦-૦૦ છે, વિદેશ માટે રૂ. ૬૦૦-૦૦ છે. લવાજમ ચેક દ્વારા સ્વીકારવામાં નહીં આવે. લવાજમ રોકડેથી અથવા મ.ઓ. દ્વારા મોલકવું, ડ્રાફ્ટ **ગુજરાત સાહિત્ય અકાદમી**ના નામે જ મોકલવા વિનંતી.
* **છૂટક અંકો મેળવવા માટે** પણ ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૨૩૨૫૬૭૯૭-૯૮નો જ સંપર્ક કરવો.
* **'લોકગુર્જરી'**માં પ્રગટ થતાં લખાણોની પસંદગી બાબતે સંપાદકનો નિર્ણય આખરી ગણાશે. પ્રગટ થતાં લખાણોની રીતિ અને વિચાર સાથે કેન્દ્ર તેના સંપાદક, નિયામક, સલાહકાર સમિતિની સહમતિ અનિવાર્ય નથી. જવાબદારી જે તે લેખકની રહેશે.
* લોક, સંત એ ચારણી સાહિત્યના વિવેચન, મુલાકાતો ઇત્યાદિ પ્રકારની સામગ્રી ગુણવત્તાના ધોરણે સ્વીકારવામાં આવશે. ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર માટેના પુસ્તકો પણ આવકાર્ય છે.
* **લેખકોએ પ્રત્યેક કૃતિ કે લખાણ નીચે પોતાનું નામ-સરનામું તથા ફોન નંબર અવશ્ય જણાવવાં.**
* સ્વીકૃત કે અસ્વીકૃત કૃતિની જાણકારી મેળવવા અથવા કૃતિ પાછી મેળવવા પોતાનાં નામ સરનામાવાળું પોસ્ટકાર્ડ કે પરબીડિયું જોડવું અનિવાર્ય છે. એ સિવાય પ્રત્યુત્તર આપી શકાશે નહીં.
* **સાહિત્યિક કૃતિઓ મોકલવાનું સરનામું :**
  **ડૉ. બળવંત જાની,** 'તીર્થ', ૨૬૪, જનકપુરી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫
* અંકો રવાના થયા પછી કોઈ અંક ગ્રાહકને ન મળે તો કેન્દ્રની જવાબદારી રહેતી નથી. ગ્રાહકનંબર સાથે પત્ર લખવાથી અંક ઉપલબ્ધ હશે તો અકાદમીના કાર્યાલય દ્વારા મોકલવામાં આવશે.
* અંક તેમ જ લવાજમ અંગેનો સઘળો વ્યવહાર **ગુજરાત સાહિત્ય અકાદમી ખાતે જ કરવો.**
* **હર્ષદ ત્રિવેદી**, મહામાત્ર, અને સાથે **શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**, ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૩૨૩૫૬૭૯૭-૯૮

# અનુક્રમણિકા


*વિભાગ ૧ : લોકસાહિત્ય*

૧. લૌકિકકથાનકની નાયિકાઓ : વર્ગીકરણ અને વિશ્લેષણ
ડૉ. હસુ યાજ્ઞિક ૩

૨. લોકગીતોમાં રામનું નિરૂપણ ડૉ. ઈન્દુબહેન પટેલ ૬૧

*વિભાગ ૨ : ચારણી સાહિત્ય*

૩. હરદાસ મિસણ : મૂળ કથાનકમાં પોતીકી પ્રતિભા
ડૉ. અંબાદાન રોહડિયા ૮૯

૪. લાંગીદાસ મહેડુ – ભક્તિરસનું વીરરસમાં રૂપાંતરણ
ડૉ. ઊર્મિલા શુક્લ ૧૦૦

૫. ચારણી સાહિત્યમાં વ્યંગનું નિરૂપણ પ્રવીણ ગઢવી ૧૦૯


*વિભાગ ૩ : લોક-પુરાતત્ત્વ સંસ્કૃતિ*

૬. જૂનાગઢ : લોકસાંસ્કૃતિક, ઐતિહાસિક અને
પુરાતત્ત્વીય ઘટકો ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર ૧૧૭

૭. ગિરનારી પરંપરાના પ્રાણવાન ગાયક : પ્રાણલાલ વ્યાસ
ડૉ. બળવંત જાની ૧૪૫

❑ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર – કાર્યવૃત્ત ડૉ. અંબાદાન રોહડિયા ૧૫૧

❑ વાર્ષિક સૂચિ ડૉ. કિરીટ શુક્લ ૧૫૮

વિભાગ : ૧

# લોકસાહિત્ય





૧

# લૌકિકકથાનકની નાયિકાઓ : વર્ગીકરણ અને વિશ્લેષણ

**હસુ યાજ્ઞિક**

કેટલીક ગુજરાતી લૌકિકકથાઓને પસંદ કરીને એનું નાયિકા કેન્દ્રી વર્ગીકરણ કરીને એ વર્ગીકૃત લૌકિકકથાઓની નાયિકા સંદર્ભનો અભ્યાસ અહીં કેન્દ્રમાં છે. લૌકિકકથાના લોકતાત્ત્વિક અધ્યયનમાં એક નવી જ દૃષ્ટિએ, જેની કેડી હજુ પડી જ નથી, એ દિશામાં પ્રયાસ કરવાનો અહીં ઉપક્રમ છે. સામાન્ય રીતે કથાની કોઈ પણ કૃતિ પર અભ્યાસ-વિવેચન કરવાનાં થાય છે ત્યારે તેમાં 'થીમ' સ્ફૂરિત એવું કથાવસ્તુ, એનું સંકલન, એ વસ્તુને મૂર્ત કરતાં પાત્રો અને પાત્રોને આવિષ્કૃત કરતાં આલેખન, એ માટેની ઘટનાઓ, વાત-વિષયને આગળ વધારતાં કથન-વર્ણન-સંવાદ જેવાં ઉપકરણો અને એ બધાને અંતે નિષ્પન્ન થતાં કૃતિના રસ, જીવનદર્શન વગેરેને દૃષ્ટિમાં રાખવામાં આવે છે.

આવી અભ્યાસ-પરિપાટી સાહિત્યિક છે, જે લોકકથા માટે સમગ્રરૂપમાં ઉપયોગી નથી. 'લોકકથા' - લોકવિદ્યા Folklore અંતર્ગત એક મુખ્ય પ્રકાર લોકસાહિત્ય Folk-literature નો એક પ્રકાર છે. આ Lore છે. એથી સાહિત્યિક ધોરણનાં અભ્યાસ-મૂલ્યાંકનમાં પ્રયોજાતાં ઉપકરણો લોકસાહિત્યના કોઈ પણ પ્રકાર માટે સીધેસીધાં ઉપયોગી ન બને, એ માન્ય એવો સિદ્ધાંત છે. Loreના કોઈ પણ પ્રકાર, એનાં જાતિ-સ્વરૂપ- Genre and Form ની કૃતિ કે કૃતિઓને સાહિત્યિક મૂલ્યાંકન ધોરણે મૂલવી ન શકાય, લોકતાત્ત્વિક અભ્યાસના ધોરણે જ મૂલવી



શકાય. Literary Study અને Folkloric Study એટલે કે સાહિત્યિક અભ્યાસ અને લોકતાત્ત્વિક અભ્યાસ તત્ત્વતઃ પરસ્પરથી ભિન્ન અને પોતપોતાનાં પ્રકૃતિ અને કાર્ય-હેતુમાં સ્વતંત્ર છે. બન્નેને પોતપોતાનાં પ્રકૃતિ અને કાર્ય-હેતુમાં સ્વતંત્ર છે. બન્નેને પોતપોતાનાં આગવાં એવાં લક્ષણો છે, કાર્યો Functions છે, હેતુઓ છે. આ દૃષ્ટિએ લોકકથાનો અભ્યાસ સાહિત્યિક ધોરણેને પદ્ધતિએ ન જ થઈ શકે, એ હકીકત છે. આમ કરી ન શકીએ, અભ્યાસનું પાર્થક્ય દૃષ્ટિમાં ન રાખીએ તો કેવળ સાહિત્યિક ધોરણનાં મૂલ્યાંકનથી લોકકથાને અન્યાય થાય અને આપણો અભ્યાસ લોકકથાના હાર્દને સાચા રૂપમાં પામી ન શકે.

સૈદ્ધાંતિક દૃષ્ટિએ આવું અભ્યાસ-પાર્થક્ય જરૂરી અને ઉપયોગી છે જ. પરંતુ આ મુખ્ય સિદ્ધાંત સ્વીકારવા છતાં કથામાત્રને જોવા-જાણવા-તપાસવાની જે સાહિત્યિક મૂલ્યાંકનની પદ્ધતિ છે તે લોકકથાના અભ્યાસમાં સંપૂર્ણ વર્જ્ય છે, ઉપયોગી જ નથી, એવું માનીને ચાલી ન શકાય. સાહિત્યિક મૂલ્યાંકનના પ્રાણરૂપ જે મુખ્ય 'કલા' વિભાવના છે અને તે કલાને સ્પષ્ટ કરતાં પૌર્વાત્ય અને પાશ્ચાત્ય મીમાંસાનાં જે સિદ્ધાંતો - પદ્ધતિઓ છે તે Loreની કલાઓ Arts achieved in traditional lore - સમજવામાં મીમાંસાના, સૌન્દર્યશાસ્ત્રના, Poetics જે મૂળભૂત સિદ્ધાંતો છે તે સાહિત્યિક કૃતિ જેટલાં જ લોકવિદ્યા અંતર્ગત કલાઓને પણ લાગુ પડે છે. એનું કારણ એ છે કે કોઈ પણ 'કલા' એ લોરરૂપે સિદ્ધ થયેલી હોય કે પછી એના પ્રશિષ્ટને શાસ્ત્રીય રૂપના પ્રવાહમાં રહેલા કોઈ પણ પ્રકાર અને તેની કૃતિમાં સિદ્ધ થઈ હોય — ત્યારે આ બન્નેનું 'કલા' તરીકેનું તાત્ત્વિક સ્વરૂપ કંઈ ભિન્ન નથી, એક જ મૂળનું અને એક જ રૂપનું છે. કલાની મૂળભૂત વિભાવના, એનો અર્થ **કોઈ પણ એક સંવેદનનું કોઈ એક કૃતિમાં બંધાયેલું આસ્વાદ્ય-સ્વરૂપ** એવો જ છે. જ્યારે પણ કોઈ એક સંવેદન સ્વર, શબ્દ, કોઈ દશ્ય એવા પદાર્થ (જે નૃત્ય, નાટક, શિલ્પ, સ્થાપત્યાદિ કલાઓમાં છે)ના માધ્યમે કૃતિરૂપે બંધાય, એટલે કે તે સંવેદ્યરૂપ લે જેના માધ્યમે એ મૂળ સંવેદન બીજા પણ પ્રતીત કરી શકે ત્યારે એ કલા બને છે. 'લોર'માં પણ લોકસાહિત્યમાં શબ્દના માધ્યમે, લોકસંગીતમાં સૂરના માધ્યમે, લોકનૃત્યનાટકમાં શરીરના માધ્યમે, લોકચિત્રમાં રંગ-રેખાના ભૌતિક માધ્યમે, લોકશિલ્પ-સ્થાપત્યાદિમાં કાષ્ઠાદિ માધ્યમો કોઈ એક સંવેદનનું બીજા પણ સંવેદી શકે એવું સંવેદ્યરૂપ બંધાય છે ને એ ભાવ-રસાદિની નિષ્પત્તિ કરે છે.

આમ, 'કલા'ના રૂપમાં, કલાનો જે મૂળભૂત ખ્યાલ છે, એની વિભાવના છે તે 'લોક' અને જેને 'શિષ્ટ' કહીએ છીએ તે બન્નેમાં સમાન છે. આથી સાહિત્ય

મીમાંસામાં કલાની વિભાવનાના જે સિદ્ધાંતો છે તે લોકકલાઓને પણ કંઈ બહિષ્કૃત કરીને ચાલતાં નથી. ૧૯મી સદી પછી જ આ સાહિત્ય અને આ લોકસાહિત્ય - એવો ભેદ સ્પષ્ટ થયો. એ હજુ જ્યારે સ્પષ્ટ નહોતો થયો ત્યારે પણ મીમાંસકોએ, શાસ્ત્રકારોએ લોકપ્રવર્તિત પ્રકારોને પણ દૃષ્ટિમાં રાખ્યા છે. મતંગ મુનીએ દેશીઓ પર શાસ્ત્ર રચ્યું, ભરત અને અન્ય નૃત્ય-નાટક-સંગીતના શાસ્ત્રીઓએ 'નાટ્યશાસ્ત્ર' વગેરેનાં ગ્રન્થો રચ્યા કે ભામક, દંડી, આનંદવર્ધન, ભોજ, મમ્મટ, હેમચંદ્રાચાર્ય જેવા સાહિત્ય મીમાંસકોએ કાવ્યશાસ્ત્રો (એટલે કે સાહિત્ય-પદાર્થના સૂત્રબદ્ધ મીમાંસાના ગ્રન્થ) રચ્યાં ત્યારે એ સહુએ પણ જે કલાપદાર્થને આપણે લોકવિદ્યાકીય Folk loric tradition માં સમાવીએ છીએ તે પણ દૃષ્ટિમાં રાખ્યાં હતાં. ભરતનું નાટ્યશાસ્ત્ર વાંચતા પરિશીલન કરતાં સ્પષ્ટ થશે કે એમણે માત્ર લિખિત પ્રવાહના તથા શિષ્ટ લેખાતા પ્રકારોને જ દૃષ્ટિમાં નહોતા રાખ્યાં. એમના સમયમાં જે લોકપ્રવર્તિત પ્રકારો હતા, એને પણ દૃષ્ટિમાં રાખ્યા હતા અને એમાંથી જ Lore અંતર્ગત કલાઓ અને લિખિત કે પ્રશિષ્ટ ગણાતી કલાઓને સ્પર્શતાં સિદ્ધાંતો, એનાં સૂત્રો, એનાં પ્રકારો, વિદર્ભી-ગૌડી જેવા પ્રાદેશિક પરંપરાસૂચક શૈલીનાં નામો વગેરે આપ્યાં. ભોજનું 'શૃંગાર પ્રકાશ' હોય કે પછી અનુગામી એવું હેમચંદ્રાચાર્યનું 'કાવ્યાનુશાસનમ્' હોય, એમાં કાવ્યના પ્રકારોમાં, કથાના પ્રકારો-વર્ગોમાં લોકપરંપરા દૃષ્ટિમાં રાખીને સિદ્ધાંતો બાંધ્યા, સૂત્રો આપ્યાં. ભોજમાં કે હેમચન્દ્રાચાર્યમાં 'પ્રબંધ' જાતિપ્રકારના શ્રવ્ય, દશ્ય, ગેય, અભિનેય જેવા વર્ગીકરણને તથા 'કથા'ના જે પેટા પ્રકારો આપ્યા છે તે જોતાં જ સ્પષ્ટ થશે કે એમણે લોકપ્રવાહને પણ દૃષ્ટિમાં રાખ્યો છે. મહાકાવ્યની ચર્ચા કરતાં તો એ ગ્રન્થોમાં 'કેટલીક ગ્રામ્ય ભાષાઓમાં' મહાકાવ્ય હોવાનો ઉલ્લેખ પણ કર્યો છે. વીસમી સદી પછી જ કંઠ પ્રવાહમાં જે મહાકાવ્યો - લોકમહાકાવ્યો હતાં તે આપણી દૃષ્ટિએ ચડ્યાં. આપણા પૌર્વાત્યમીમાંસકો એ પરંપરાથી પણ પરિચિત હતા. આજ આપણે જેના માટે 'લોકસાહિત્ય' કે 'લોકપરંપરા' એવો પ્રયોગ કરીએ છીએ, એ માટે આપણા પૌર્વાત્ય મીમાંસકોએ ગ્રામ્યભાષા - એટલે કે 'જે જણસ લોકબોલીમાં છે' એ રીતે ઉલ્લેખ કર્યો છે.

આ દૃષ્ટિમાં રાખતાં સ્પષ્ટ થશે જ કે સાહિત્યિક મીમાંસાના કલા-સાહિત્યવિષયક સિદ્ધાંતો, સૂત્રો લોકસાહિત્યને સમજવામાં સહાયક બને છે. પરંતુ, અહીં જરૂરી એટલું જ છે કે Lore જે લોકસામાન્યની પરંપરા છે એને બધાં જ સાહિત્યિક મૂલ્યાંકને ન તપાસાય. જ્યાં જરૂરી, ઉપયોગી, માર્ગદર્શક હોય ત્યાં જ એનો ઉપયોગ થાય.

આ દૃષ્ટિએ અહીં લોકકથાની કેટલીક નાયિકાઓને વિષયકૃત વર્ગીકરણમાં



તપાસીને જોવાનો પ્રયત્ન કર્યો. લોકકથાનો અભ્યાસ મનોવિજ્ઞાન અને સામાજિક પરિસ્થિતિ અને તેનાં સ્થિત્યંતરના અભ્યાસની દૃષ્ટિએ મહત્ત્વનો છે. આથી, જો ૧. લોકકથાના નાયકો અને ૨. લોકકથાની નાયિકાઓ - એવા મુખ્ય ધોરણે, તે તે પાત્રનાં મુખ્ય લક્ષણો અને તેના વર્ગો પાડીને લોકકથાઓને તપાસીએ તો આપણો આવો અભ્યાસ સમાજ અને મનોવિજ્ઞાન બન્ને દૃષ્ટિએ કેટલાક તારણો સુધી પહોંચી શકે.

અહીં આ દૃષ્ટિએ નાયિકાના આધારે નીચે પ્રમાણેના વર્ગો પાડ્યા છે :

૧. વંશઘાતમાં નિમિત્ત બનતી નાયિકાની કથાઓ.
૨. પુરુષદ્વેષી નાયિકાની કથાઓ
૩. વાઘ અને ભૂતને પણ ભય પમાડતી નાયિકાઓની કથાઓ
૪. પતિમારક યોગ : જીવન અને સાથ-સહચારનું સાતત્ય ઝંખતી નાયિકાઓની કથાઓ
૫. શીલવતી નાયિકાઓની કથાઓ

આ સંદર્ભે લોકકથાની નાયિકાને કેન્દ્રમાં રાખીને તપાસીએ ત્યારે તેમાં મધ્યકાળમાં અસાઈત, શિવદાસથી આરંભીને તે શામળ સુધીના પદ્યવાર્તાકારોએ એમના સમયની પરંપરાગત લોકકથાઓને પદ્યવાર્તાના લિખિતરૂપની દસ્તાવેજીકૃત પરંપરાગત કથાઓને પણ સમાવવી પડે. આ ઉપરાંત જેને આપણે 'પ્રબંધ' એવી સંજ્ઞાથી ઓળખતા આવ્યા છીએ એવી દંતકથામૂલક વીરગાથાઓને પણ સાથે જ દૃષ્ટિમાં લેવી પડે. એનું કારણ એ કે વાસ્તવિકરૂપનાં ઐતિહાસિક પાત્રો અને સંલગ્ન ઘટનાઓ પણ જ્યારે કથાને બાંધે છે ત્યારે તેનો કૃતિકાર કથનપ્રવાહમાં સિદ્ધ થયેલા કેટલાક મુખ્ય ઘટકો, પાત્રની વિભાવના વગેરેના પરંપરાગત તત્ત્વો લક્ષણોનો પણ પોતાની ઉત્પાદ્ય વસ્તુની સર્જકકૃતિમાં ઉપયોગ કરે છે. આટલી ભૂમિકા સાથે કેટલીક કથાઓ તપાસી છે.

**વીરગાથા, પ્રેમ શૌર્યની આર્યપરંપરા :**

પોતાનાં વતન, જાતિ-જ્ઞાતિ, કુળ કે અન્ય કોઈ આશ્રિત કે ત્રાહિત વ્યક્તિનું સંકટ સમયે જાતનું બલિદાન પણ આપીને રક્ષણ કરવું એને આર્યજીવનનું ઉચ્ચ મૂલ્ય માનવામાં આવ્યું છે. આથી જ તો યુરોપમાં જઈને સ્થાયી વસવાટ કરેલી આર્ય જાતિઓમાં તથા ઈરાન, ભારત વગેરેમાં વસી ગયેલી ભારતીય આર્ય જાતિઓમાં પૂર્વજ પૂજા છે અને બલિદાન આપનારા વીરોનાં જીવનને, એનાં પ્રેમ અને શૌર્યને, બિરદાવતી વીરગાથાઓ રચાવમાં આવે છે. આવા વીરો જ અંતે

લોકદેવો કે બહુ મોટો વર્ગ જેમને અવતારી તરીકે પૂજતો હોય એવા રામ, કૃષ્ણ વગેરેનાં રૂપમાં પૂજાય છે અને તેના પર મહાકાવ્યની પણ રચના થાય છે. આપણું મહાભારત પણ આરંભકાળે તો આવું વીરકાવ્ય જ હતું, પરંતુ કાળક્રમે એમાં કથાઓ ઉમેરાતી ગઈ, દેવકથા-પુરાણકથા (મીથ) તરીકેનું એનું રૂપ બંધાતું ગયું અને એમાંથી મહાભારત જેવું એપિક ઓફ ગ્રોથ્થ જન્મ્યું. રામાયણ અને ભાગવતકૃષ્ણકથા પણ આ રીતે સર્જાયાં છે.

આવા વીરોના ત્રણ પ્રકાર છે. એમાં પહેલો પ્રકાર એવો છે જેના વીરોની કથાનું પુરાકથામાં રૂપાન્તર થયું અને તેને સમગ્ર જાતિ અવતારી પુરુષ, દેવ તરીકે પૂજવા લાગી. બીજો પ્રકાર એવો છે જેમાં લોકદેવનો સમાવેશ થાય છે. આમાં બે પ્રકાર છે. પહેલા પ્રકારમાં એવા લોકો છે જેમણે યુદ્ધો કર્યાં નથી, શસ્ત્રનો આધાર ખાસ લીધો નથી, યુદ્ધમાં બલિદાનથી કંઈ વીરગતિ પામ્યા નથી, પરંતુ એમના જીવનના આદર્શ અને સાધના જ એવાં ઉચ્ચ અને અનુસારવા જેવાં હોય ને એમનાં જીવનમાં કેટલીક એવી ઘટના બને જે ચમત્કારી લાગે. આવી વ્યક્તિ પણ કાળક્રમે દેવરૂપે પૂજાતી હોય છે. રામદેવપીર આ પ્રકારના લોકદેવ છે. એમણે ઉચ્ચ-નીચના ભેદભાવ છોડાવ્યા, નારી હીન કે તુચ્છ કે નિમ્ન નથી પરંતુ સાધક અને મુક્તિદાતા છે એ સમજાવ્યું અને મુક્તિદાતા છે એ સમજાવ્યું અને પાટ ઉપાસના પ્રતિષ્ઠિત કરી. રાજસ્થાન, કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર-મધ્ય-દક્ષિણ ગુજરાતની અનેક જાતિઓ તેમ જ સીમાન્ત પ્રદેશની આદિવાસી જાતિઓએ ભગવાન રામના અવતાર તરીકે પૂજ્યા અને ઘોર કલિયુગના કષ્ટોમાંથી ઉગારવા માટે કલ્કી તરીકેનો અવતાર લેશે એવી શ્રદ્ધા જન્મી. આજે અનેક જાતિજ્ઞાતિઓ રામદેવજીને પોતાના ઈષ્ટદેવ માને છે અને તેમનાં બોધ-ઉપદેશ, ચમત્કાર, આગમની રચનાઓ ગવાય છે. આ પ્રકાર વીરગાથાનો નથી, ધર્મગાથાનો છે. એમાં યુદ્ધ અને વીરતા નથી. બીજા લોકદેવોમાં પાબૂજી, વત્સરાજ સોલંકી એટલે કે વાછરા દાદા, ઘોઘા ચૌહાણ એટલે કે ઘોઘા-બાપજી, ગોગા, ફાગવેલ ગામના ભાથીજી વગેરે સાથે બલિદાન અને વીરતાની ગાથા સંકળાયેલી છે અને તે ગવાય છે. આ પ્રકારના દેવોની ઉપાસના કરવાથી સર્પદંશ, હડકવા વગેરેનાં ઘાતક દર્દમાંથી બચી શકાય છે, તેવી લોકશ્રદ્ધાએ એમનાં પૂજન થાય છે. સીદડા ડામોર પણ આદિવાસીઓના આવા જ લોકદેવ છે. એ રીતે દેવનારાયણ પણ ખેડબ્રહ્મા વિસ્તારના લોકદેવ છે.

વીરગાથાના નાયકોની ત્રીજો પ્રકાર એવો છે કે જેમાં કોઈ જ્ઞાતિજાતિનો વીર કોઈ ઉજ્જ્વળ વીરતાનું કાર્ય કરી ગયો હોય અને તેની ગાથા ગવાતી હોય,



પરંતુ સંબંધિત જાતિ-જ્ઞાતિમાં એનું લોકદેવ તરીકેનું રૂપ બંધાયું ન હોય. આમ છતાં આ વીરનું જીવન જ એવું આદર્શ, બોધક કે વીરતાપૂર્વક હોય કે લોકો તેનાં જીવનકાર્યને કોઈ ગાથા રચીને ગાય અને વીરતાની પૂજાનું જે આર્ય-મૂલ્ય છે તે સુપ્રતિષ્ઠિત અને કાયમી થાય. આમાં શૂરાપૂરા હોય, સતીઓ હોય પરંતુ પોતાના કુટુંબ, જાતિ-જ્ઞાતિ કે બહુ બહુ તો એમનાં ગામ કે પ્રદેશની બહાર બહુ જાણીતા ન હોય અને લોકદેવ તરીકેનું એમનું સ્વરૂપ વિશેષ બંધાયેલું ન હોય.

આવા વીરો, તેમનાં જીવનમાં બનેલી ઘટનાઓ અને તેના પર થયેલી વીરગાથાઓ વિશે જણાવવાનો હવેનો આ લખનારનો ઉપક્રમ છે. એમાં એવી વીરની કથા, એના પર થયેલી રચનાઓમાં જોઈશું એ સાથે એક પ્રજા તરીકેનો આપણો ગુજરાતીઓની વીરતાના વૈભવનો ઈતિહાસ પણ જાણીશું. આવા વીરધર્મ વિશે છેક નવમી-દશમી સદીમાં શું કહેવાયું છે તેનો પરિચય હેમચંદ્રાચાર્યે આપેલા દુહાઓ દ્વારા મેળવીએ. એક દુહો કહે છે :

*પુત્તેં જાયેં કવણ ગુણ ? (પુત્રના જન્મથી તે કયો ગુણ ?)*
*(કયો એવો લાભ ? )*
*અવગણુ કવણ મુએણ ? (એના મરવાથી તે કયો અવગુણ ?*
*ગેરલાભ શાનો ? ક્યારે ? )*
*જઈ બપ્પી કી ભૂંહડી, ચંપી જઈ અવરેણ....*

જો બાપની ભૂમિ અરિઓ-દુશ્મનો ચાંપી જતા હોય ! એટલે કે લવરમૂછિયો બેટો બેઠો હોય ને દુશ્મનો એના બાપની ભૂમિ પડાવી લેતા હોય તો એવા પુત્રના જન્મથી વળી કયો લાભ ને એના મૃત્યુથી તે વળી કયો ગેરલાભ. દુશ્મનો જો બાપીકી ભૂમિ ચાંપી જતા હોય તો પછી પુત્રના જન્મથી પણ શો હર્ષ ને મૃત્યુ પર શો શોક...?

યુદ્ધમાં ગયેલા પતિનું મૃત્યું થયું છે, એનું ઘવાયેલું શબ લાવવામાં આવે છે ત્યારે એની પત્ની બોલી ઊઠે છે :

*ભલ્લા હુવા જો મારિયા,*
*બહિણી મોરા કંતુ...!*

ભલું થયું કે બહેન કે મારા કંથનું વીર મૃત્યુ થયું. કેમકે, એ જો પીઠ પર ઘા ખાઈને, કાયરની જેમ ભાગી છૂટી ઘરે આવ્યા હોત તો હું સખીઓની વચ્ચે જ લાજી મરત...!

આવી વીરતાના આદર્શને વરેલી, આપણા નજીકના અને દૂરના ભૂતકાળમાં બનેલી અનેક ઘટનાઓ છે.

મોટા મોટા રાજ રજવાડાના કુટુંબમાં બનેલી કે ઇતિહાસના ચોપડામાં નોંધાતી હોય એવી મોટી ઘટના હોત તો આવા વીરના મૃત્યુ પછી જ કાં તો એ કુટુંબના બારોટ આવા વીરની વીરગાથા રચે છે અથવા તો આવા વીરના અવસાન પછીના સો-દોઢસો વર્ષના ગાળા પછી પણ કોઈ કવિ, વીરપૂજાના આદર્શને વરીને પોતાના મનની મોજથી પ્રબંધ કે પવાડાના રૂપમાં વીરગાથા રચે છે અને તે ગવાતી થાય છે. ક્યારેક તો આ વીરને ચાહતી તેની પ્રેયસી કે પછી તે વીરનો કોઈ મિત્ર, કુટુંબીજન કે અન્ય કોઈ બારોટને, જોગીને આવા વીરનો રાસડો રચવા કહે છે ને વીરગાથા રચાય છે અને તે લોકોમાં ગવાતી થાય છે અથવા જોગી, ભરથરી જેવા લોકકલાકારો દ્વારા તેનાં ગાન થાય છે.

આવા ત્રણેક વીરો, તેમની પરાક્રમ ગાથા વિશે જાણીશું. આરંભ જ કરીશું પ્રમાણમાં નજીકના એવા કાળના એક અઢારમી સદીના વીર ગલાલેંગથી અને તેની વીરગાથાથી. ગત સદીની આ અંતિમ વીરગાથા - ફૉક એપિકની પરંપરા આધુનિક કાળે પણ કેવી સાતત્યપૂર્ણ રહી તથા મૃત્યુઆસન્ન પિતૃવંશઘાતકને પણ કથાનાયિકા પોતાના પતિ તરીકે કેમ સ્વીકારે છે, તેની સ્પષ્ટતા માટે આ વીરગાથાનો સાર જોઈએ.

**'ગલાલેંગ'ની ફૂલકુંવર :**

ગલાલસિંહ અર્થાત્ ગલાલેંગ પુરબિયો ચૌહાણ હતો, જે રોજીરોટી માટે, વીરતાની કદર થાય એ માટે રાજસ્થાન આવ્યો. એણે પોતાની વીરતાથી ઉદયપુરની જાગીર મેળવી. એવું કહેવાય છે કે ગલાલેંગના પિતા કલ્યાણગઢનો કિલ્લો જીત્યા અને મૃત્યુ પામ્યા ત્યારે ગૃહક્લેશને કારણે માતા પિયોલી, ભાઈ તથા કાકાના દીકરા સાથે રાજસ્થાનમાં વસવું પડ્યું. ગલાલેંગ પોતાના લીલાધર ઘોડા પર બેસી ઉદયપુરના રાણા જયસિંહના દરબારમાં ગયેલો અને રાણાએ એને સેવામાં રાખી ખેરાડ ગામમાં મેડી બાંધી રહેવા અને સ્થાયી થવા જણાવ્યું. આમ આરંભમાં ગલાલેંગ કુટુંબ સાથે ખેરાડમાં સ્થિર થયો.

આ પછી એણે વીરતાથી ખૂંખાર બનેલા સૂવરનો મતિયોળના નાકે શિકાર કરી વીરપોરમાં ઉજાણી ગોઠવી અને રાણાને પણ એમાં બોલાવ્યા. રાણા પોતાના લાવલશ્કર સાથે મિજબાની માણવા આવ્યા અને ઊભા પાકનું ભેલાણ કરતા વકરેલા સૂવરથી વસ્તીને ભયમુક્ત કરી એ બદલ ગલાલેંગને શાબાસી આપી.



આ વિસ્તારમાં પાણીની ભયંકર અછત હતી. આથી રાણા જયસિંહને લાગ્યું કે બંધ ઊભો કરી ચોમાસામાં વહી જતું પાણી રોકી લેવામાં આવે તો પાણીની સમસ્યા હલ થાય. ગલાલસિંહે રાણાજીને જણાવ્યું કે આડશ બાંધીને વહી જતાં પાણીને રોકવાના તો પહેલાં પણ પ્રયત્ન થયાં છે પરંતુ આ કામ રાજ્યે વેઠિયાને પકડીને કરાવેલું છે તેથી બંધ મજબૂત રીતે ચણાતો નથી. રાજ પોતાનો ખજાનો ખુલ્લો મૂકે અને આવાં કામ માટે માટી લાવનાર અને ભરનાર ઓડને લાવે, સલાટ પાસે પથ્થરના બેલાં ઘડાવે અને કડિયાં દ્વારા એનું પીસેલા ચૂનાથી ચણતર થાય તો જ પાળ મજબૂત બને, ટકે અને પાણીને રોકી શકાય.

ઉદયપુરના રાણા જયસિંહને ગલાલેંગની વાત સાચી લાગી. એમણે રાજની તેજુરીમાંથી જરૂરી ખર્ચે કરવાની તૈયારી બતાવી અને આ કામ કરવાની જવાબદારી ગલાલેંગને સોંપી.

ગલાલસિંહે માળવાના ઢેંગલ-હરેડી ગામથી કાળુ ઓડ અને જશમા ઓડણને બોલાવ્યાં ને ખાઈ ખોદી, પાણીના આડની ભીંત ચણી, ઢેબરનું તળાવ ખોદાવા લાગ્યું. વાંસવાડાના તલવાડા ગામના નાથુ સલાટને બોલાવ્યો. લોહારિયાની ખાણોમાંથી લોખંડ મગાવી ખીલા બનાવ્યા ને સીસું પૂરી આડની ભીંત ચણાવવાનું શરૂ કર્યું. પરંતુ પાણી ન આવ્યું ને આડ પૂરી ન થઈ.

રાતે ગોમતી નદી ઝામરી નદી ગલાલને સપનામાં આવી કહેવા લાગી; 'તળાવ બત્રીશ લક્ષણાનો ભોગ માગે છે. તોજ તળ તોડી પાણીની આવક થશે ને આડની ભીંત ટકશે.' આથી પાયામાં પોષવા માટેનો નરબલિ ચઢાવવા માટે હેંહાર-પિપળિયા ગામના બત્રીશ લક્ષણા યુવાનને લાવી, તાંબાપત્રમાં એનું નામ લખી આડની દીવાલના પાયામાં એને જીવતો ચણી દેવામાં આવ્યો.

કામ અર્ધે પહોંચ્યું ને ઓડ અને સલાટે પોતાની રોજીના ભાવ બમણા કરી દીધા. કામ તો રોકાય નહીં તેથી મોં માંગ્યા દામ ચૂકવ્યા પણ દેખરેખ માટેના તંબૂ ફાટ્યા ને રાજ માથે વધારાનો ખરચ આવી પડ્યો ! આથી પ્રામાણિકતાથી રાજના પૈસાનો વહીવટ કરનાર ગલાલે ઓડના અને સલાટના મુખીઓને બોલાવ્યા ને કહ્યું; 'રાજના તંબુ ફાટી ગયા છે, તેનું ખરચ આવી પડ્યું છે તેથી તમારે તમારી મજૂરીમાંથી એક રૂપિયો મને આપવો પડશે !'

સલાટ અને ઓડ ઉદયપુર મહારાણા પાસે ગયા અને ફરિયાદ કરી; 'ગલાલસિંહ અમારી પાસેથી અમારી મજૂરીમાંથી એક-એક રૂપિયો લાંચમાં પડાવી

લે છે.'

આ સાંભળતા મહારાણા ગુસ્સે થયા અને એમણે ફરમાન કરી ગલાલસિંહને આપેલી જાગીર જપ્ત કરી ને કહેવડાવ્યું; 'મારા રાજ્યનું અન્નજળ મૂકી તરત હવેલી છોડો ને ઉચાળા ભરો !'

ગલાલસિંહને આઘાત લાગ્યો. અંતે જોશીની આગાહી સાચી પડી ! હવેલી બંધાવીને કુટુંબ સાથે રહ્યાને હજુ તો બાર મહિના પણ પૂરા થયા ન હતા ! પોતે સાચો હતો, પ્રામાણિક હતો, છતાં અન્યાય થતો હતો, સજા પડતી હતી. એ સ્વમાની હતો એથી સાચી વાત કહીને ન્યાય માગવા ન ગયો. મહારાણા એના સ્વામી હતા. એમની આજ્ઞા સ્વીકારી મેવાડનું પાણી હરામ કરી વૃદ્ધ માતા પિયોલી, જીવન-મરણના સાથી કાકાનો દીકરો ભાઈ વખતસિંહ અને ઘોડા લીલાધરને લઈ એ ચાલી નીકળ્યો. રસ્તામાં એને અનેક લોકોએ રોક્યો, આશ્રય ને જમીન આપવાની તૈયારી બતાવી પરંતુ ટેકીલો ગલાલસિંહ ન રોકાયો અને ભૂખ-તરસ વેઠ્યા પણ મેવાડનાં અન્નપાણી ન લીધાં.

ફરતો ફરતો ગલાલસિંહ અંતે કુટુંબની સાથે ડુંગરપુર આવ્યો. અહીંના રાવળ રામસિંહ તેના બનેવી હતા. એણે કુટુંબ સાથે ડુંગરપુરના ગેબસાગર તળાવની પાળે મુકામ કર્યો. એની ધારણા હતી કે ડુંગરપુરના રાવળ રામસિંહે સાળાના કુટુંબ પર આવી પડેલી અણધારી અન્યાયી આફત વિશે જાણ્યું જ હશે અને તેના આગમન વિશે જાણતાં જ આવી પહોંચશે. પરંતુ રાજકુટુંબમાંથી કોઈ ન આવ્યું એટલે ગલાલસિંહે પાણી-ઘાટે પહેરો ગોઠવી દીધો અને કોઈને પાણી ભરવા ન દીધું. આની રાજા રામસિંહને ફરિયાદ થઈ. રાજ તળાવપાળે દોડી આવ્યા અને ગલાલસિંહને જોતાં ભેટી પડ્યા અને માન સાથે મહેલમાં તેડી ગયા. ગલાલસિંહે મેવાડનું પાણી હરામ કર્યું હતું તેથી ડુંગરપુરના રાજા રામસિંહે ગલાલસિંહને જાગીર આપી અને ગલિયાકોટની ચોકીની જવાબદારી સોંપી.

ગલાલસિંહને ફરી જાગીર મળી. સ્થાયી વસવાટ મળ્યો. એ કુટુંબ સાથે પચલાસા રહેવા લાગ્યો અને નવાં મેડી-માળિયા ચણાવવા માટે જગ્યા પસંદ કરી. પરંતુ એ જગ્યાએ જીવા પટેલના ઘરની બારી પડતી હતી એથી એણે ગલાલસિંહને એ જગ્યાએ મહેલ ન ચણવા વિનંતી કરી.

પરંતુ ગલાલસિંહે જીવા પટેલની વાત ન સ્વીકારી અને હવેલી ચણાવવાનું શરૂ કર્યું. આથી જીવો પટેલ નારાજ થયો અને ગામમાંથી ઉચાળા ભરી કુંવા ગામમાં આવ્યો. કુંવા ગામની પટલાઈનો પટો રાજાએ લાલજી પંડ્યોરને આપ્યો



હતો પરંતુ જીવા પટેલ પચલાસા છોડીને આવ્યા તેથી કુંવાના રાજાએ પડ્યોર પાસેથી પટલાઈનો પટો લઈ લીધો અને જીવા પટેલને આપ્યો. આથી હવે લાલજી પંડ્યોરે કુંવા ગામમાંથી ઉચાળા ભર્યા અને તે કડાણા આવ્યો.

કડાણાના રાજા કાળુસિંહ પરમાર અને એના પુત્ર અનુપસિંહ બંને ધનના લાલચુ હતા. આનો લાભ ઉઠાવી લાલજી પંડ્યોરે એ બંનેને લાલચ આપી પોતાના મનનું વેર વાળવાની યોજના વિચારીને કહ્યું : 'મોકો જોઈને જો તમે કુંવામાં ધાડ પાડો તો સોના-રૂપા ને ઝર-ઝવેરાતના ઢગલા મળે એમ છે. ગામમાં કેમ પેસવું, ક્યાંથી ને ક્યારે પેસવું અને ક્યાં ક્યાં ધાડ પાડવી એ બધું હું તમને ગોઠવી આપીશ.'

લાલચુ પરમાર રાજા કુંવાને લૂંટવા તૈયાર થઈ ગયો. જીવો પટેલ જાણતો હતો કે બધા તાલુકદારો, ભાયાતો, જાગીરદારો દશેરાના દિવસે રાજસવારીમાં હાજરી ભરવા ડુંગરપુર જાય છે અને ત્યારે બધા ગઢ ને ગામ રેઢાં હોય છે. આવો મોકો શોધીને કડાણાના પરમારો કુંવા ગામ પહોંચ્યા. ગલાલસિંહની ગેરહાજરીમાં કુંવાના રક્ષણની જવાબદારી ખેમજી ખાંટ અને મનિયા ડામોરને સોંપેલી. એમને લાગ્યું કે પરમારો મહેમાન બનીને આવ્યા છે એથી હુક્કાપાણી ને કસુંબા લઈને પરમારના તંબુમાં ગયા. પરમારોએ બંનેને મારી નાખ્યા અને કુંવાને ભાંગ્યું. લૂંટ કરી, આગ ચાંપી.

આ સમાચાર ડુંગરપુર પહોંચ્યા. ગલાલસિંહ ગુસ્સે થયો ને વેર વાળવા કડાણાં ભાંગવા તૈયાર થયો. ડુંગરપુરના રાવળ રામસિંહની આજ્ઞા લઈ પચલાસા આવ્યો ને યુદ્ધ માટે નીકળવાનો હતો કે ઝાલી અને મેણતણી નામની બે કુંવરીઓનાં માગાં આવ્યાં. બંનેના સૈંદર્યની વાત ગલાલસિંહે સાંભળેલી ને યુદ્ધનું કારણ આપીને માગું ન નકારાય. આથી તેણે માગાંના શ્રીફળ સ્વીકાર્યાં. માતા પિયોલી નારાજ થઈ. આ સમય યુદ્ધનો હતો, લગ્નનો નહીં !

છતાં ગુલાલસિંહ ન માન્યો ને માગાં અને લગ્ન સ્વીકાર્યાં ને તે પાછો ડુંગરપુર ગયો અને કડાણા ભાંગવાની મુદત માગી. રામસિંહે કહ્યું : 'આઠ દહાડાની મુદત તો આપું છું પરંતુ લગ્ન પતાવીને હાજર નહીં થાવ ને કડાણા નહીં ભાંગો તો જમીન-જાગીર જપ્ત થશે અને અહીંથી પણ ઉચાળા ભરવા પડશે.'

ગલાલસિંહે તે શરત સ્વીકારી અને પચલાસાથી જાન જોડી તે મહીસાગરના કાંઠે આવ્યો ત્યારે ઓચિંતા માવઠાને કારણે પૂર આવેલું હતું !

ગલાલસિંહની જાન મહીસાગરને કાંઠે પહોંચી તો નદીમાં પૂર એણે મહીમાતાને અરજ કરી : 'મા, જગ્યા આપ. લગ્નની વેળા વહી જશે ને મારે કોલ પ્રમાણે કંડાણા ભાંગવું છે !' એ સાથે નદીનાં પૂર ઓસરવા લાગ્યાં અને જાન નદીના પટમાં થઈને સામે કાંઠે પહોંચી ગઈ.

સાંજ થતાં જાન ચાદરવા નામના ગામમાં પહોંચી. બીજે દિવસે લગ્ન કરતાં અપશુકન થયાં. લગ્ન થઈ જતાં ગલાલ યુદ્ધમાં જવા તત્પર બન્યો. ગોર મહારાજે કહ્યું કે મીંઢળ છોડવાનો સારો યોગ નથી તેથી પોતાના વતન પચલાસા પહોંચ્યાં પછી મીંઢળ છોડવાનું નક્કી કરી જાન રવાના થઈ અને રાતે પચલાસા પહોંચી. જાને ગલાલસિંહના કાકા સબળસિંહની ડેલીએ નિવાસ કર્યો.

આ બાજુ મહારાવળ સૈન્યલઈને યુદ્ધ કરવા માટે કડાણા જવા નીકળી ગયા. રસ્તામાં એ સૈન્યે નાગરિયા તળાવે મુકામ કર્યો. હજુ રાવળજીનો જ સાળો ગલાલસિંહ યુદ્ધમાં સામેલ થવા ન આવ્યો એથી બીજા ભાયાતોએ રાવળજીના કાન ભંભેર્યા ! 'એકાદ ગામના નાના ઠાકોર એવા અમે સહુ યુદ્ધ માટે આવી પહોંચ્યાં છીએ પરન્તુ તમે જેને પચાસ હજારનો પટ્ટો લખી આપ્યો છે એ ગલાલસિંહ હજુ આવ્યો નથી ને લગ્નને માંડવે રોકાઈ ગયો !'

આથી મહારાવળને કાળ ચડ્યો અને એમણે ગલાલસિંહને કહેવડાવ્યું : 'તમારો પટ્ટો ખાલેજ કરી તમને દેશવટો આપવામાં આવે છે.'

પ્રભુ મહેતાના હાથે આવો સંદેશો મળતાં જ ગલાલસિંહની માતા પિયોલી અત્યંત લજ્જિત અને ધૂંવાફૂંવા થઈ. મહારાવળનો કાસદ આવ્યાનું સાંભળી ગલાલસિંહ જાગી ગયો અને ફરમાન વાંચી બોલ્યો : 'ભલે મહારાણાએ પટ્ટો છીનવી લીધો ને મને દેશવટો આપ્યો, પરંતુ, હું તો મારું કર્તવ્ય બજાવીશ અને કડાણા લડવા જઈશ.'

પરંતુ વરરાજાનું મીંઢળ હજુ છૂટ્યું ન હતું તેથી તાબડતોબ ગોરને બોલાવવામાં આવ્યો. પિયોલીએ ગોરને ખાનગીમાં ધમકાવ્યો ને કહ્યું; 'ગલાલને કહેજે દસ દિવસ સુધી તો મીંઢળ છોડવાનું મુહૂર્ત જ નથી.' આથી ગોર ગભરાયો ને પિયોલીની આજ્ઞાને વશ થયો.

ગોરની વાત સાંભળી ગલાલસિંહ બોલ્યો : 'અત્યારે મુહૂર્ત ન હોય તો કંઈ વાંધો નહીં. યુદ્ધમાં જ મીંઢળ આપોઆપ છૂટી જશે. ને લડતાં લડતાં મરીશ ને રાણીઓ તળાવની પાળે ચૂડલા ફોડશે તે જ હવે તો વરપડા લેખાશે !'



મીંઢળ પણ છોડ્યા વગર, સુહાગરાત માણ્યા વગર બે બે નવવધૂઓને છોડી ગલાલસિંહ કડાણાના યુદ્ધમાં ગયો. એ પોતાના સાથીઓને લઈ તાલોળા આવ્યો. લુહાર પાસે ઘોડા લીલાધરને નવી નાળ જડાવી. તમાસા થઈ પાદરડીના પાદર પહોંચ્યો. મીંઢળ બાંધ્યા યુદ્ધવીરને જોતાં પાદરડીના માવા પટેલની પત્નીનું દિલ ભરાઈ આવ્યું. વરને વધાવ્યો પણ નથી ને યુદ્ધે ? આથી એણે વરની બહેન બની ગલાલસિંહને વધાવ્યો. ધર્મની બહેનને મળી, ભેટી ગલાલસિંહ એની રોકાઈ જવાની વાતને અવગણી આગળ નીકળી ગયો. માવા પટેલની દીકરી નહાવા મહીસાગર ગયેલી તેણે આ વાત સાંભળીને ગલાલસિંહને યુદ્ધે જતો અટકાવવા કહ્યું; 'હું તમારી ધર્મની બહેનની દીકરી અને તમારી ભાણેજ મારા સોગંદ આપીને કહું છું કે મામા ! આજ પૂનમ છે તે મામીને મળીને જ જાવ ! કોઈ રજપૂત પૂનમની રાતને ટાળતો નથી.'

આથી ગલાલસિંહ નવવધૂઓને મળવા માટે પાછો ફર્યો. પરંતુ મધરાત થઈ ગઈ હતી તેથી ઝાલી રાણી તો ઊંઘી ગયેલી હતી પરંતુ રાણી મેણતણી તો પિયુના વિયોગમાં ઝૂરતી જાગતી હતી. ઘોડાના ડાબલાં પારખી એણે ઝાલી રાણીને જગાડતાં કહ્યું; 'સાજણ આવ્યા હે સખી ! આપણાં મનના મણિગાર પૂનમની રાતનો વાયદો સંભારીને પાછા ફર્યા છે.' આથી ઝાલી રાણી પણ જાગી અને સોળે શણગાર સજવા લાગી. મહેલમાં દીવા જળહળવા લાગ્યા. આના ઘોંઘાટથી રાજમાતા પિયાલી જાગી ગઈ. એ ક્ષત્રિયાણીને લાગ્યું કે પુત્ર મોહમાં ક્ષત્રિવટ ભૂલ્યો છે ને રણભૂમિ તજીને પૂનમની રાત માણવા આવ્યો છે !

પિયોલીએ રણવાસના બધા દીવા હોલવી નાખ્યા અને બન્ને નવવધૂઓને પટારામાં પૂરીને કાયર બનીને રાત માણવા પાછા ફરેલા પુત્રને કહેવા લાગી : 'તારા બાપના બીજને તે લજાવ્યા છે ! તું જો હવે પારોઠના પગલાં ભરે તો ગૌમાતાનું રક્ત પીવે !'

આ સાંભળતાં જ ગલાલસિંહે ઘોડાને યુદ્ધભૂમિ તરફ વાળ્યો. ભાણેજના સોગંદનું પાલન થઈ ચૂક્યું હતું. પરંતુ આ વિલંબ થવાને કારણે મહારાણી એનો પડાવ છોડી આગળ નીકળી ચૂકી હતી. ગલાલસિંહ એના ઘોડા લીલાધર પર બેસીને પોતાના કાકાના દીકરા વફાદાર એવા વખતસિંહની સાથે કૂચ કરીને જતી મહારાવળની સેનાનાં પગલાં દબાવતો પાછળ પહોંચ્યો. નગારા પર ડંકા વગાડતો સગવાડા ગામના આંબલી-ચોકમાં આવી પહોંચ્યો. ઘોડા લીલાધરને કુંડાળે નાખ્યો. નગરશેઠના મહેલના ગોખમાં બેસીને મગ વીણતી દયાલ શેઠાણીએ મીંઢળબદ્ધા

યોદ્ધાને જોયો અને મગ વીણવાનું કોરે મૂકી ગલાલસિંહની આડે ઊભી રહી અને બોલી; 'મારી માના જણ્યા ભાઈ જેવો હે ગલાલસિંહ ! તું આજની ઘડી યુદ્ધે ચડવાનું માંડી વાળ મારા વીરા ! તને સગવાડામાં જોઈએ તે અપાવું, યુદ્ધે ચડવાનું તું માંડી વાળ !' પણ એ ન રોકાયો ને અપશુકન થયા છતાં આગળ વધ્યો અને ઓબરીડેંચા પહોંચી પનિહારીને મહારાવળજીની સેના વિશે પૂછતાં જાણ્યું કે તે તે આગળ રવાના થઈ ચૂકી છે. એ સેના પીઠ ધંબોળા પહોંચી ગઈ હતી. ગલાલસિંહ ત્યાં પહોંચ્યો ત્યારે સેના કોટ-કરેંટ પહોંચી ગયેલી. ગલાલસિંહ મારતે ઘોડે ત્યાં પહોંચ્યો અને કારગસિયા તળાવે રાવળજીની સેનાનો નેજો ફરકતો જોઈ નગારે ઘાવ દીધો ને પોતાના બનેવી મહારાવળજીને મળવા ગયો : 'કોલ પાળીને યુદ્ધમાં સામેલ થવા આવી પહોંચ્યો છું !'

મહારાવળજી હજુ ગુસ્સે હતા તે પીઠ ફેરવી ગયા ને મહરમાં બોલ્યા : 'મેં તો જાણ્યું કે સાળાજી પરણીને ઘરજમાઈ થઈ ગયા છે.'

ગલાલસિંહ અપમાન ગળી ગયો ને બોલ્યો; 'હું તો મહારાજ લીલે માંડવે જ મીંઢળબંધો હાજર થઈ ગયો છું.' પરંતુ મહારાવળે નજર ન કરી. ગલાલસિંહ બોલ્યો : 'આજ મોડો પડ્યો છું પણ કડાણાને ભાંગવામાં મોડો નહીં પડું !'

અને પોતાના તંબુમાં ચાલ્યો ગયો.

બીજા ઠાકોરોને લાગ્યું કે ગલાલસિંહ વીર છે અને એ જશ ખાટી જશે. આથી એને ગેરમાર્ગે દોરવા માટે જ મધરાત પૂરી થવાની હતી કે મહારાવળની સેના યુદ્ધ માટે પ્રયાણ કરતી હોય એવું સૂચવતા નગારે ઘાવ દીધા. એ સાંભળતા જ ગલાલ અને વખતસિંહ જાગી ગયા અને કડાણા ભાંગવાની પહેલ કરવા માટે પોતાના સૈનિકોને લઈ આગળ નીકળી ગયા.

કડાણાનું એકલા હાથે યુદ્ધ લડવા માટે ગલાલસિંહ અને તેનો પિતરાઈ ભાઈ વખતસિંહ પરોઢ થતાં પહેલાં નીકળ્યા ત્યારે તો કડાણા ભાંગવા નીકળેલી મહારાવળની સેના એની છાવણીમાં ઊંઘતી હતી. ગલાલસિંહ અને વખતસિંહ મહીસાગર પાર કરીને કડાણાની હદમાં પહોંચ્યા ત્યારે હજુ સવાર નહોતું પડ્યું ને પનિહારીઓ પાણી ભરતી હતી. એમની વાત પરથી ખબર પડી કે કડાણા ભાંગવા માટે પૂરબિયા ચૌહાણોનું દળકટક આવવાનું છે, યુદ્ધ થવાનું છે, તેથી અંધારામાં જ પાણી ભરવા આવી હતી. સાત પનિહારીઓ જો પાછી જાય તો ખબર પહોંચી જાય કે ચૌહાણોની સેના આવી પહોંચી છે તેથી ગલાલસિંહે બધી બાતમી મેળવી સાતેય પનિહારીને મહીસાગરમાં ડૂબાડી દીધી. કડાણાની હદમાં જ ધનવાન એવા



લાલનો મઠ હતો અને અમગર અને ધમગર નામના બે શિષ્યો મઠનો કારભાર ચલાવતા હતા. અસૂરા યોદ્ધાઓનું રાવણું જોતાં જ બંને બાવાઓ સાવધ થઈ ગયા પરંતુ ગલાલસિંહે કહ્યું; 'ઓબરિયા પરમાર સૂંથમાં પરણવા જઈ રહ્યા છીએ.' પરમારને પરણવા આવનારને મહેમાન જાણી બાવાઓએ મઠના દરવાજા ખોલ્યા ને બધાને આવકાર્યા. ગલાલસિંહ બાવાઓ ઉપર તૂટી પડ્યો અને ગળે કટારી મૂકી છૂપાવેલા ધનની વાત કઢાવી. મઠનું અઢળક ધન લૂંટી લીધું અને સાત સાંઢ ભરાવી તે ધનને વાગડમાં મોકલી દીધું. મઠનો ચોકીદાર ભૈરો મઠની દીવાલ કૂદીને ભાગવા ગયો એને ગલાલે ગોળીએ દીધો.

પરંતુ આ ધમાલ થતાં જ કડાણામાં જાણ થઈ ગઈ અને દરવાજા દેવાઈ ગયા. ગલાલે લૂંટેલું ધન મોકલાવતાં કહેવડાવ્યું; 'માતા પિયોલીને મજરો કરીને કહેજો કે એનો બેટો કડાણે ચડ્યો છે. ઝાલી અને મેણતણી રાણીઓને જીવ્યામુવાના જુવાર કહેજો.

ગલાલ ધનની પોઠ વળાવી કડાણાના ઝાંપે આવ્યો. કડાણાના પરમાર રાજા કાળુસિંહ અને અનૂપસિંહે સામનો કર્યો. તીર, તલવાર ચાલ્યાં, ભાલાં ભોંકાયા ને તોડાદાર બંદૂકોના ભડાકા થયા. ધમસાણ ધીંગાણું મચ્યું. ગામ ભાંગવા ચડેલાની સંખ્યા થોડી પણ બધા મરણિયા, કંડાણા અંતે ભાંગ્યું પરંતુ ગલાલસિંહનો નગારચી ગોદિયો મરાયો, સાથી વખતસિંહ ઘવાયો-એના શરીરે ૩૨ ઘાવ ને એકવીસ ગોળીઓ લાગેલાં હતાં. એણે મરતાં કહ્યું : 'મોટાભાઈ, કડાણા પૂરેપૂરું ભાંગો ને ફતેહ કરીને પાછા ફરો.'

આંસુ સાથે ગલાલ બોલ્યો; 'મારા કાકાના કુંવર, તું તારો જીવ સુખેથી ગતે કર, હું શત્રુઓનો ઘાત કરીને વેર વાળીશ.'

પરમાર કાળુસિંહ અને એનો પુત્ર પોતાના મહેલમાં દાખલ થઈ ગયા અને મજબૂત દરવાજા દેવાઈ ગયા. કડાણાના કિલ્લા જેવા મહેલમાં દાખલ થવું મુશ્કેલ હતું ને પરમાર બાપ-દીકરો ભોંયરામાં છુપાઈ ગયા હતા.

ગલાલસિંહે મહેલના ગઢની પ્રદક્ષિણા કરી એમાં પ્રવેશવા માટેના માર્ગની શોધ કરી, પરંતુ ક્યાંય બારી ન હતી. સમજદાર ને વફાદાર ઘોડો લીલાધર એના સ્વામીની મૂંઝવણ સમજી ગયો ને દોડીને જાણે પાંખ આવી હોય તેમ ઊડતો ગઢની રાંગ ઠેકી ગયો ને મહેલની અગાશીમાં પડ્યો. પરંતુ ત્યાં મગ-મોતી પાથરેલાં. ઘોડો લપસ્યો અને આગલાં બંને પગ ભાંગી ગયા. ગલાલસિંહે નીચે ઊતરી, ગળે વળગી વહાલ કર્યું ને કહ્યું; 'કયા ભવના મારાં પાપ કે હું રણમાં સાથી વગરનો

એકલો પડ્યો !'

ઘવાયેલો ઘોડો તરફડતો હતો. એને પીડાથી મુક્ત કરવા ગલાલસિંહે પોતાના વફાદારને વીર ઘોડા લીલાધરની ડોક પર તલવાર ચલાવી મહેલમાં આગળ વધી ગયો.

રૌદ્ર રૂપ ધરાવતા શત્રુને પોતાના મહેલમાં પ્રવેશેલો જોતાં જ કાળુસિંહ અને અનૂપસિંહ ભયભીત બની છુપાયા ને ઓઠું લેવા લાગ્યા. એકલવીરે બધાંને હરાવ્યા ને મીંઢળબંધો આવી પહોંચ્યો એને જોતાં જ પરમારની કુંવરી એનાં રૂપ અને વીરતા પર વારી ગઈ ને સામે દોડી આવીને બોલી; 'ગલાલસિંહ ! વરના વેશે પીઠી ચોળી, મીંઢળ બાંધી તું લડવા નહીં, જાણે મને ફૂલકુંવરીને પરણવા આવ્યો છે. હું તારા પર વારી ગઈ છું.'

એટલામાં કાળુસિંહની પત્ની પણ આવી ચડી ને ભયભીત પત્નીને કહેવા લાગી; 'શૂરવીર હોય તે આમ જીવ પર આવીને લડે ને કાયર હોય તે કમાડની ઓથે છુપાય !'

પત્નીના વેણે કાળુસિંહને રીસ ચડી ને એણે છૂપાઈને જ અસાવધ યોદ્ધા પર ગોળી છોડી અને એને વીંધી નાખ્યો. ગલાલસિંહ નીચે પડ્યો.

ફુલકુંવરી એની પાસે ધસી આવી અને મરતા ગલાલસિંહની તલવાર પકડી ચાર ફેરા ફરતી બોલી; 'આજથી તું જ મારો પતિ છે.'

મરવા પડેલો વીર બોલ્યો; 'હવે તો પલકમાં મારો જીવ જશે. તું તારું ખોળિયું શા માટે અભડાવે છે ?'

ફુલકુંવર બોલી : 'જીવે કે મરે પણ હવે તો તું મારો ભરથાર' એણે મરણાસન્ન ગલાલસિંહનું માથું પોતાના ખોળામાં લીધું.ગલાલસિંહની આંખ મિંચાઈ ગઈ ને માથું ઢળી ગયું. કાળુસિંહ અને અનૂપસિંહે માન્યું કે ગલાલસિંહ મરી ગયો છે. એ નજીક આવ્યા એ સાથે મરણાસન્ન ઘવાયેલો વીર ગલાલસિંહ બેઠો થઈ ગયો અને તલવાર લઈને તે બન્ને પર તૂટી પડ્યો ને બન્નેના માથાં ઉતારી લીધાં. એ ફરી નીચે પટકાયો ને ફુલકુંવર સામે હસી કાયમ માટે ઊંઘી ગયો.

ગલાલસિંહની સાથે ફુલકુંવર સતી થઈ અને એણે પાછળ આવી પહોંચેલા મહારાવળજીને કહ્યું; 'ડુંગરપુર જતાં પહેલાં મારા પતિની વિરતાની ગાથા ઠાકરડા ગામના જોગી અમરિયા પાસે રચાવો.'



ગામેળિયા તળાવની પાળે ઝાલી રાણી અને મેહતણી રાણી પણ સતી થઈ. રાવળ રામસિંહે ઠાકરડા ગામના જોગી અમરિયાને તેડાવ્યો. તાલ મંજિર અને કેન્દ્રીવધિ સાથે અમેરિયો જોગી આવી પહોંચ્યો અને સાડા ત્રણ દિવસમાં એણે ગલાલસિંહનું કવિત રચ્યું. કડાણાના કિલ્લામાં સતી ફુલકુંવરનો ઓટલો છે, ગામેળિયાની પાળે બે સતીઓના ઓટલા છે, પસલાઆની પાટીમાં ગલાલસિંહનો પાળિયો છે. એની સેવા કરે, બાધા-આખડી રાખે તેનો 'તરિયો' એટલે કે બે દિવસનાં અંતરે આવતો તાવ મટી જાય છે.

આ વીરગાથાની વિશેષતા એ છે કે અહીં મીંઢળબંધો વીર બલિદાન આપે છે અને તાજી જ પરણેલી એની બે નવોઢા જ નહીં, પરંતુ શત્રુ એવા વીર પર વારી જઈને મરણાસન્નને વરીને ફુલકુંવર સતી થાય છે.

વાગડમાં જોગીઓ દ્વારા આ વીરગાથા ગવાય છે. ભાથીજી, ગોગા ચૌહાણ, વાછરાદાદા વગેરે લોકદેવ સાથે જેમ સર્પદંશ અને હડકવા જેવી ઘાતમાંથી મુક્તિ મળે છે એવી લોકશ્રદ્ધા છે તેમ આ ગાથા 'તરિયા તાવ'ની ફલશ્રુતિ આપે છે. વાગડના લોકોમાં આ વીર અને તેની ગાથા લોકપ્રિય અને પ્રચલિત છે, પરંતુ ગલાલસિંહનું રૂપાન્તર લોકદેવ તરીકે અન્ય જેટલું વિકસેલું ને વિસ્તાર પામતું જણાતું નથી.

આમ કેમ ? એનો વિચાર કરતાં ભાથીજી, વત્સરાજ સોલંકી, પાબૂજી, દેવનારાયણ જેવા વીરગાથાના નાયકો અને ગલાલસિંહનાં યુદ્ધનાં કારણ અને વ્યક્તિત્વનો કેટલોક મહત્ત્વનો ભેદ જોવા મળે છે. ભાથીજી, વાછરાદાદા, પાબૂજી એ બધા જ મીંઢળબંધા વીરોએ ગૌમાતાને બચાવવા પોતાનાં બલિદાન આપ્યાં. ખેડબ્રહ્માના આદિવાસી લોકદેવ દેવનારાયણે રાણાઓએ કરેલા પોતાના પિતૃવંશનું વેર દિવ્ય મનાતી સાલોર ગાયની સહાય લઈને વાળ્યું ! આ તત્ત્વ અહીં નથી. અહીં અંગત વેર છે. ધાડની વાત ન ફૂટે એ માટે સાત પનિહારીઓને ડૂબાડીને મારી નાખવી, બાવાના મઠને લૂંટવો : આવું કદાચ લોકરુચિને પણ માન્ય ન હોય ! આવાં ઉમેરણો સંભવતઃ રચનારા અમર જોગીની કલ્પનાના પણ સંભવે છે. જોગીઓ વીરગાથા-રાસડા ગાતા હોય છે તેથી ભાવ, ભાષા, ઢાળની જેમ કેટલાક કથાઘટકો પણ એમાં પરંપરાથી ઉમેરાતાં હોય છે.

વાસ્તવિક ઘટના અને ઇતિહાસની દૃષ્ટિએ વિચારીએ તો અહીં કેન્દ્રમાં પુરબિયા ચૌહાણ અને પરમાર વચ્ચેનું વેર છે. એનું મૂળ ધાડ કે લૂંટમાં છે. જરજાગીર હાથ કરવા, જમાવવા, ટકાવી રાખવા, ગુમાવેલાં રાજ્ય કે જાગીર

પાછી મેળવવા માટે લૂંટ ને ધાડ સામાન્ય હતાં. ચાવડાવંશની સત્તા સુધી એ જોવા મળે છે અને ચાવડા રાજા નથી પરંતુ લૂંટારા છે એવા અપયશને ધોવા તે વંશના રાજવીએ અગ્નિસ્નાન કરેલું તે કથા પણ જાણીતી છે. એવરી થીંગ ઇઝ ફેર ઈન લવ એન્ડ વૉર-પ્રેમ ને યુદ્ધની બાજીમાં બધું યોગ્ય જ મનાય. એ પણ મધ્યયુગની સામાન્ય ઘટના છે.

સ્વાતંત્ર્ય માટે, ધર્મ માટે જ વીરો લડ્યા ને તેમની અમરગાથાઓ રચાઈ અને આવી ગાથાઓમાં વીરને શત્રુની જ પુત્રી પ્રેમ કરે પ્રેમી પાછળ સતી થાય એવું લોકગાથાઓમાં આલેખાય છે. પિતૃઘાતક એવા શત્રુની પણ વીરતાથી વારી જતી અને સતી થતી તેમ જ ક્યારેક તો પિતૃવંશ માટે જ ઘાતક બનતી એવી નાયિકાઓ જોવા મળે છે. **'કાન્હડદે પ્રબંધ'**માં અલ્લાઉદ્દીનની પુત્રી વીરમદેને પ્રેમ કરતી હતી અને અનુમૃત્યુને વરી એવી કલ્પિત કથા છે.

**અલ્લાઉદ્દીનની પુત્રી પીરોજા અને વીરમદેવ :**

અલ્લાઉદ્દીન ખલજીના આક્રમણ સમયે વિધર્મીઓ સામે લડીને બલિદાન આપનારા 'મારુ-ગુર્જર' એટલે કે મારવાડ રાજસ્થાન ગુજરાત ક્ષેત્રના બે વીરોમાં જાલોરના ચૌહાણ રાજા કાન્હડદેવ અને રણથંભોરના ચૌહાણ વંશના રાજા હમ્મીરદેવ વિશેષ પ્રખ્યાત છે. કાન્હડદેવે જાતનું બલિદાન આપીને સોમનાથનું મંદિર તોડી, ધન લૂંટી અને ગુલામ પકડીને લાવતા લશ્કરનો સામનો કરી જાતનાં બલિદાન તો આપ્યાં પરંતુ યવનસેનાને પરાસ્ત કરી મૂર્તિ, ધન અને બાનમાં પકડાયેલા હિન્દુઓને બચાવ્યા. બીજા વીરા હમ્મીરદેવે પણ અલ્લાઉદ્દીન ખલજીની સેનાનો વીરતાથી સામનો કરી જાતનાં બલિદાન આપ્યાં, પરંતુ અહીં વિશેષતા એ છે કે આ ટેકીલા ચૌહાણ રાજાએ તો ખુદ અલ્લાઉદ્દીનના શિરચ્છેદના હુકમને કારણે નાશી છૂટેલા મુસ્લિમ મીર સરદારોને આશ્રયધર્મ આપીને વીરગતિ પ્રાપ્ત કરી. અહીં સ્પષ્ટ થશે કે ભારતીય રાજપૂત વીરોનાં બલિદાન કોઈ મૂલ્યની રક્ષા માટે જ છે, ધર્મનાં જ, વાડાબંધી માટે નથી. એક હિન્દુ રાજા સર્વસ્વના ભોગે આશ્રયધર્મનું પાલન કરવા જાતિ, જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વગર વીરતાથી લડે છે અને વીરગતિ પ્રાપ્ત કરે છે.

કાન્હડદેવ અને હમ્મીરદેવની સાથે સંકળાયેલી ઐતિહાસિક ઘટનાઓ આરંભમાં ખૂબ જ સંક્ષેપમાં જોઈએ અને તેપછી તે વીરો પર જે વીરગાથા રચાઈ એની થોડી વિગત જાણીએ...

ગુજરાતના રજપૂતોના શાસનકાળના વાઘેલાવંશના છેલ્લા રાજા કર્ણ



વાઘેલાને ઈ.સ. ૧૩૩૨-૩૩માં અલ્લાઉદ્દીન ખલજીએ પરાજિત કર્યો અને ગુજરાતમાં સુલતાનની સત્તાનો આરંભ થયો : એ ઐતિહાસિક ઘટના છે અને આ સમયે સોમનાથનો ભંગ થયો, લૂંટ થઈ અને પાછી ફરતી યવનસેના સાથે જાલોરની ચૌહાણ વંશના રાજા કાન્હડદેએ વીરતાથી સામનો કરી વીરગતિને વહાલી કરી, એ પણ ઐતિહાસિક ઘટના છે, જે વિશે કોઈ જ શંકા કે વિવાદ નથી. પરંતુ મુસ્લિમોએ અલ્લાઉદ્દીન ખલજીના સમયમાં એક જ વખત ઈ. ૧૩૩૨માં ચડાઈ કરી અને બીજી વખત ચડાઈ કરી ત્યારે કર્ણનો પરાજય થયો, યવનોને આક્રમણ કરવા માટે પ્રેરવાનું પાપ માધવ નામના અમાત્યે કરેલું કે પછી ગુજરાતનાંધન અને સત્તાની લાલસામાં દિલ્હીના ખલજીવંશનો અલ્લાઉદ્દીન ચડી આવેલો તે વિશે ઇતિહાસવિદો એકમત નથી. મોટાભાગના ગ્રન્થો જે આ ઘટનાઓ બન્યા પછીના દોઢસો વર્ષ પછી લખાયા છે. તેમાં માધવ નામનો અમાત્ય યવનોને ગુજરાત પર આક્રમણ કરવા પ્રેરક બનેલો તેવી હકીકત છે કાન્હડદે પર પ્રબંધ લખનાર ગુજરાતના કવિ પદ્મનાભ પણ માધવને કારણભૂત માને છે.

'કાન્હડદે-પ્રબંધ'માં પદ્મનાભ જણાવે છે કે 'ઘેલા કર્ણદેવે બ્રાહ્મણ માધવને દુભવ્યો, એના નાનાભાઈ કેશવને હણ્યોને એની પત્નીને ઘેર રાખી, તેથી રિસાયેલા માધવે પ્રતિજ્ઞા કરી 'મુસલમાનોને અહીં લાવીશ ત્યારે જ અન્ન ખાઈશ.' કેટલાક મધ્યકાલીન ગ્રન્થોમાં કર્ણ વાઘેલાએ માધવના નાનાભાઈની પત્નીનું જ નહીં, પરંતુ માધવની પોતાની પત્નીનું અથવા તો એની પુત્રીનું બદહેતુએ અપહરણ કર્યાનું દર્શાવવામાં આવ્યું છે. આમ, કર્ણ વાઘેલા અને એના અમાત્ય માધવ વચ્ચે કોઈ અણબનાવ થતાં માધવ યવનોનાં ગુજરાત પરનાં આક્રમણોમાં નિમિત્ત બનેલો તેવું જણાય છે. અને કર્ણની રાજસત્તા હાથ કરીને અલ્લાઉદ્દીન ખલજીનો નાનોભાઈ અને એનો મુખ્ય સરદાર ઉલુઘખાન વિશાળ સેનાના બળે પાટણ પર જીત મેળવીને સોમનાથ પાટણ ગયો, મંદિર ભાંગ્યું લૂંટફાટ કરી માણસોને બાન પકડી પાછો ફર્યો ત્યારે એને જાલોરમાંથી પસાર થવાનું હતું, પરંતુ વીર રાજપૂત ચૌહાણ રાજા કાન્હડદેએ યવનોની સેનાને પોતાની ભૂમિમાંથી જવા ન દીધી અને ઉલુઘખાનનો સામનો કરી સોમનાથના મંદિરોની લૂંટેલી સંપત્તિ, મૂર્તિ, પાછાં મેળવી બાનમાં પકડાયેલા હિન્દુઓને છોડાવ્યા.

પોતાની સેનાના આવા પરાજયના સમાચાર સાંભળીને અલ્લાઉદ્દીન ખલજીએ નાહર માલિક નામના પોતાના સરદારને જાલોરગઢ જીતવા મોકલ્યો. દિલ્હીથી સેના લઈને નાહર માલિક નીકળ્યો અને મારવાડમાં પ્રવેશી સમિયાણા

ગઢના રાજા એને કાન્હડદેના ભત્રીજા સાંતલદેવે યવનસેનાનો વીરતાથી સામનો કર્યો અને નાહર માલિકને મોતને ઘાટ ઉતાર્યો.

આના સમાચાર દિલ્હી પહોંચતા અલ્લાઉદ્દીન ખલજી અત્યંત ગુસ્સે થયો અને પાટણના સૂબાને તથા બીજા ખંડિયા રાજાઓને અને સરદારોને પોતપોતાના સૈનિકો સાથે બોલાવ્યા અને વિશાળ સેનાએ સમિયાણા ઉપર ચઢાઈ કરી.

સાંતલદેવ વીર હતો અને એનો ગઢ અજેય હતો એથી એણે સાત-સાત વર્ષ સુધી બરાબર ટક્કર લીધી અને સમિયાણાનો ગઢ ટકાવ્યો. આથી યવનોએ ગઢના તળાવમાં ગૌમાંસ-રક્ત નાખ્યાં જેથી કોઈ હિન્દુ તેનું પાણી ન પીવે અને મજબૂર બની ગઢમાંથી બહાર આવે...!

યવનોની આ દુષ્ટ ચાલને કારણે વસ્તીને તરસીમરતી અટકાવવા માટે રજપૂતોએ કેસરિયા કરી મોત વહાલું કર્યું. સ્ત્રીઓએ જૌહર કર્યા. અંતે સમિયાણાનું પતન થયું અને યવન-સેના જાલોર ગઈ અને ગઢને ઘેર્યો પરંતુ વીર કાન્હડદેવે મચક ન આપી સામનો કર્યો એથી યવનસેના પીછેહઠ કરી દિલ્હી પાછી ફરી. અલ્લાઉદીને ફરી પૂરતી તૈયારી સાથે મોટી સેના તૈયાર કરીને જાલોર પર આક્રમણ કર્યું. પરંતુ કાન્હડદેવે મચક ન આપી.

આઠ-આઠ વર્ષ સુધી જાલોર ગઢને ઘેરી રાખવામાં આવ્યો ને અંતે વીકા સેજપાલ નામના એક દેશદ્રોહી, ધન લોભી રાજપૂતે ગઢમાં પ્રવેશવાનાં ભોંયરાનો ગુપ્ત માર્ગ બતાવી દીધો અને રાતોરાત યવનસેનાએ નગરમાં પ્રવેશ કર્યો. રાજપૂતોએ કેસરિયા અને તેમની પત્નીઓએ જૌહર કર્યા....

આ ઘટના પર જાલોરના ચૌહાણ વંશના રાજા અક્ષયરાજના રાજકવિ વીસનગરા નાગર પદ્મનાભે આ ઘટના બન્યાના '૧૪૫' વર્ષ પછી ઈ. ૧૪૫૬માં 'કાન્હડદે-પ્રબંધ'ની રચના કરી. એ કુલ-૪ ખંડમાં દુહા, ચોપાઈ અને ભટાઉલી તરીકે વીરની પ્રશસ્તિ કરતા પવાડુ છંદમાં કુલ-૧૦૦૦ કડીમાં રચી છે. એમાં કવિકથાકારે કર્ણદેવ અને મંત્રી માધવની સંઘર્ષની, યવન સેનાનાં આગમન, સોમનાથ ધ્વંસ, સાંતલસિંહના બલિદાનની કથા આપી છે.

એ પછી સુલતાને ફરી જાલોર પર ચઢાઈ કરી. આઠ વર્ષ રાજપૂતોએ જાલોર ગઢ જાળવી રાખ્યો. પરંતુ ઇ. ૧૩૧૨માં વીકા સેજપાલે ગઢમાં પ્રવેશવાનો ગુપ્ત ભોંયરાને માર્ગ બતાવતાં સૈન્ય ગઢમાં પ્રવેશ્યું અને કાન્હડદે તથા તેના પુત્ર વીરમદે વીરગતિ પામ્યા.



અહીં આ ઐતિહાસિક પ્રબંધમાં બીજી એક કથા તરીકેની વિશેષ ઘટના, રોચક ઘટના પદ્મનાભ આપે છે. એ પ્રમાણે જાલોરનું યુદ્ધ થયું ત્યારે અલ્લાઉદ્દીનની પુત્રી પિરોજા પણ સાથે હતી અને તે પોતાના પિતાના જ શત્રુ એવા વીરમદેવના શૌર્ય પર વારી ગઈ અને પ્રેમનો પ્રસ્તાવ મૂક્યો પરંતુ વીરમદેવે ન સ્વીકાર્યું. વીરમદેવનું મૃત્યુ થયું ત્યારે એનું માથું થાળમાં મૂકી પિરાજો સામે રાખવામાં આવ્યું તો એ માથું પણ જાતે ફરી ગયું ને માથું પણ જાતે ફરી ગયું ને મૃત્યુ પછી પણ પિરોજાનો પ્રેમ નકાર્યો. પરંતુ પિરોજા એના પ્રેમમાં, એકપક્ષી પ્રેમમાં એટલી રત હતી કે એણે દિલ્હી મગાવેલા પ્રેમીના માથાને વિધિપૂર્વક અગ્નિદાહ અપાવ્યો અને અનુમૃત્યુને વરવા માટે એણે યમુનામાં જળસમાધિ લીધી.

કથાના આવા આલેખનમાં વાસ્તવિક ઘટનાનું ઐતિહાસિક તથ્ય કેટલું હશે, એનો નિર્ણય કરવાનાં સાધનો નથી. પરંતુ વીરગતિ પામેલાના શૌર્યથી શત્રુને વિજેતા રાજાની ખુદની પુત્રી પણ વારી જાય અને સતી થાય, એ એક પ્રકારની વારતાની જ કથાત્મક પ્રશંસા અને અંજલિ છે. શત્રુની જ પુત્રીના સતીત્વનો કથાઘટક જ અહીં પ્રવર્તે છે. અને વીરગાથામાં આ ઘટક એટલો તો પરંપરાગત, પ્રચલિત અને કથાના ચમત્કારને કારણે રોચક બનેલો છે કે તે 'કાન્હડદે-પ્રબંધ' પછી રચયેલા ચૌહાણ-વંશના જ રાજવંશી કે સત્તાધીશ ભાયાત એવા ગલાલસિંહની કથામાં પણ જોવા મળે છે. જે આગળ પ્રારંભે જ જોઈ ગયા. આ ઘટક જ એવો એટલો રોચક, પરંપરાગત, લોકપ્રિય છે કે, 'કાન્હડદેપ્રબંધ'ની જ અસરે ગલાલેંગની વીરગાથાના સર્જક અમરા જોગીએ કલ્પેલો પણ હોઈ શકે છે ! પાળિયા હોય કે સતીનીં દેરાં, એની પાછળ ખરે જ કોઈ ઐતિહાસિક ઘટના હશે કે પછી કોરી કલ્પના, એનો નિર્ણય કરવાનું શક્ય નથી. ભોગાવા કાંઠાની રાણકની દેરી કે પંચમહાલની જશમાની દેરી અથવા તો સાવલિંગનું દેહરું...વગેરે આ પ્રકારમાં આવે છે. એમાં ઐતિહાસિક ઘટનાનું તથ્ય હો કે ન હોય, વીરતાના આદર્શની પ્રજાના મનહૃદયના ધબકાર જેવી અંજલિ તો છે જ....!

આમ, મોટાભાગની નાયિકાના ચરિત્રની લાક્ષણિકતા અને ચમત્કૃતિ ઐતિહાસિક મનાતી ઘટના સાથે જ સંકળાતી આવી છે અને એમાંજ પિતૃવંશઘાતમાં નિમિત્ત બનતી નાયિકા તથા મરણાસન્ન પ્રેમીને વરતી અને સતી થતી નાયિકાની કલ્પનાનો અંશ છે.

આ જ અંશ મહાભારત જેવી પૌરાણિક કાળની કથાઓમાં તથા ઐતિહાસિક પ્રબંધ કે વીરગાથામાં જ ઊતરી આવ્યો છે. ઐતિહાસિક ઘટના સાથે

સંકળાયેલા કલ્પનાના આવા અંશ તપાસ્યા પછી હવે ઉત્પાદ્ય એટલે કે શુદ્ધ કલ્પિત એવી કથાઓમાં પુરુષવ્યેષી નાયિકાઓનો ઘટક કેવી પરંપરા ધરાવે છે તે મધ્યકાલીન ગુજરાતીમાં પદ્યવાર્તારૂપે જેનું લિખિત કૃતિરૂપ બંધાયું છે તેવી હંસાવતી અને કામાવતીની કથાઓ કેટલીક વીગત સાથે જોઈએ.

**પુરુષદ્વેષી નાયિકા : હંસાઉલી**

પ્રકૃતિના પોતાનાં જ અનેક આશ્ચર્યો છે ! ને એ માનવની પ્રકૃતિમાં પણ જોવા મળે છે. પ્રકૃતિનો અફર નિયમ એવો છે કે નર અને નારી વચ્ચે જન્મજાત ઉત્કટ અને અફર એવું આકર્ષણ હોય છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવથી માંડીને મનુષ્ય સુધી અને મનુષ્યથી પણ કદાવર એવાં પ્રાણીઓમાં તથા વનસ્પતિમાં પણ નર અને માદા વચ્ચે પારસ્પરિક આકર્ષણ હોય છે. એનાથી કોઈ પર હોતું નથી. પરંતુ દરેક નિયમને એક અપવાદ હોય છે. એમ અહીં પણ છે. કેટલાક પુરુષો એવા પણ હોય જેમને સ્ત્રી પ્રત્યે આકર્ષણ તો ન જ હોય એટલું જ નહીં પરંતુ એના બદલે પ્રગટ કે અપ્રગટ ધૃણા, તિરસ્કાર પણ હોય. એનાં પુરુષપણામાં કશું જ ખૂટતું ન હોય, પણ આવો નકારાત્મક ભાવ હોય. એવું ક્વચિત સ્ત્રીમાં પણ જોવા મળે ! એવી સ્ત્રી જેને પુરુષ પ્રત્યે આકર્ષણ તો ન જ હોય, ઊલટું ભયંકર ઇતરાજી હોય, ખુન્નસ હોય. આધુનિક મનોવિજ્ઞાને આવો અસાધારણ વર્તન પાછળના માનસ અને ગ્રન્થિઓની ચર્ચા કરી છે. ક્યારેક આવો દ્વેષ કે અભાવ જન્મજાત ન હોય પરંતુ કોઈ એવી ઘટના બને ને મનોગ્રન્થિ બંધાય કે જાતિદ્વેષ જન્મે. આવી અસાધારણ મનોગ્રન્થિ અને એનાં કારણોનું જ્ઞાન પ્રાચીન-મધ્યકાલીન સમયના બૌદ્ધિકોને પણ હતું. એમની નજર સામે જ એવું કેટલુંક બનતું જોયેલું. કોઈ સ્ત્રી એવી પણ હોય જે માત્ર ફ્રિજિડ ન હોય, પરંતુ નરમાત્રનો દ્વેષ કરતી હોય.

આમાંથી પુરુષદ્વેષી નાયિકાની કથાઓ અસ્તિત્વમાં આવી અને આવી નાયિકાની પુરુષ પ્રત્યેના દ્વેષ અને ઘાતક દૃષ્ટિઅભિગમની મનોગ્રન્થિ કેવી રીતે જન્મી, એનાં કારણો પણ આપ્યાં.

આપણાં ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં આવી પુરુષદ્વેષી નાયિકાની કથા તે 'હંસાઉલી', એની કથાને પદ્યમાં બાંધી છે ભવાઈના પિતા મનાતા અસાઈત ઠાકરે. 'હંસાઉલી' એટલે હંસાવલી. અને અસાઈતે પણ પોતાની આ વાર્તા પોતાની જ સર્જનની શક્તિથી, કલ્પનાથી નથી આપી. અસાઈતના પહેલાં પણ સંસ્કૃત અને પ્રાકૃતમાં આવી કથાઓ હતી.

'ભવાઈ'નું નાટ્યસ્વરૂપ એના આદિસ્રોતમાં, અસાઈત જેવા કલાનું



નાયકપદ ધરાવતા ઉચ્ચ કલાકારે સમકાલીન સામાજિક ઘટના-આધારિત વેષ ભજવવાનું એટલા માટે શરૂ કરેલું કે જ્ઞાતિમાંથી પુરોહિત તરીકે પણ બહાર થયેલા આ ખુમારીવાળા કલાકારને હવે કલાના માધ્યમે જ પોતાની આજીવિકા મેળવવાની હતી. ધર્માર્થ અને દેવીભક્તિની રચના પરની ધાર્મિક કથાઓની રજૂઆત તો કેવળ નવરાત કે એવા કોઈ ધાર્મિક પર્વોત્સવોમાં જ રજૂ થાય અને સંગીતના કાર્યક્રમો પણ કોઈ નિમિત્તે જ થાય. આથી આવી કલાપ્રસ્તુતિને જ્યારે આજીવિકાની વ્યાવસાયિક પ્રવૃત્તિ તરીકે અપનાવવાની થાય ત્યારે તો વર્ષભર એ ચાલતી રહેવી જરૂરી બને. આથી જ અસાઈતે ધાર્મિક કથાઓને બદલે એવી સામાજિક ઘટનાઓને લોકનાટ્યના વેશમાં પ્રયોજી જે લોકોને બારેમાસ ધર્મ કે એવા બીજા હેતુ વગર પણ સાંભળવી ગમે. આથી જ આ પ્રકારમાં હવે મધ્યકાળમાં સામાજિક પરિમાણનો સીધો પ્રવેશ થયો.

પરંતુ ભવાઈ તો રાત્રે જ ભજવવાનું અનુકૂળ આવે. લોકોને પણ પોતપોતાનાં રોજનાં કામ પૂરાં થાય તે પછી જ આવા મનોરંજન માટેનો સમય મળે. આથી જ, ભવાઈના આરંભમાં જ રસપ્રદ લોકકથાઓ કહેવાનું પ્રચારમાં આવ્યું, જે આજ સુધીની પરંપરામાં ચાલુ છે. ભવાયા, તરગાળા વગેરે ભવાઈના આરંભમાં આજે પણ હાસ્ય-રમૂજ, પ્રેમશૌર્ય વગેરેની મનોરંજક લોકકથા કહે છે. આમાં ક્વચિત રામાયણ-મહાભારત વિશેની લોકકથાઓ પણ કહેવાય છે.

અસાઈત તો પોતે ઉત્તમ ગાયક, વાદક, શાસ્ત્રજ્ઞ પંડિત અને સર્જક પણ હતો. આથી એણે જાતે જ કેટલીક રસપ્રદ એવી લોકકથાઓ પદ્યમાં બાંધી. અસાઈતે આવી કેટલી કલાઓને દુહા-ચોપાઈના બંધમાં આપી છે, તેનો કોઈ નિર્ણય કરવાનું શક્ય નથી, કારણ કે આવી કૃતિઓ કાળના પ્રવાહમાં લુપ્ત થાય. પરંતુ 'હંસાઉલી'ની કથા આવા લુપ્તીકરણમાંથી બચી ગઈ અને હસ્તપ્રતના રૂપમાં જળવાઈ.

હંસાઉલીની કથા આ પ્રમાણે છે.

પઈઠણપુર નગરનો રાજા નર વાહન ઊંઘતો હતો ને એને મધુર સ્વપ્ન આવ્યું કે એનાં લગ્ન કોઈ અત્યંત સુંદર એવી રાજકુંવરી સાથે થઈ રહ્યાં છે. આ સ્વપ્નમાં જ રાજા એટલો મુગ્ધ બનીને ખોવાઈ ગયો કે રાજદરબાર ભરાયો છતાં રાજા ન જાગ્યો અને બધા રાજાની રાહ જોવા લાગ્યા. આથી પ્રધાન મનકેસર રાજાના શયનાગારમાં ગયો અને મીઠી નિંદમાં મધુરું સ્વપ્ન જોતા રાજાને જગાડ્યા. આથી સ્વપ્નભંગથી ગુસ્સે થયેલા રાજાએ ખડ્ગ ખેંચ્યું ને પ્રધાનને કહ્યું; 'મારો

હથેવાળો જ થતો હતો અને તેં મને મારા સ્વપ્નમાંથી જગાડ્યો. મારી સ્વપ્નસુંદરી મેં કાયમ માટે ગુમાવી. તારા આ અક્ષમ્ય અપરાધ બદલ હું તારો શિરચ્છેદ કરીશ'. પ્રધાન ચતુર હતો. એણે રાજાને પૂછ્યુ :'શું મારો વધ કરવાથી તમને તમારી સ્વપ્નસુંદરી મળશે ?'' એ તો હવે ક્યારેય નહીં મળે !' રાજા બોલ્યો. 'આપ મને જો છ મહિનાની મુદત આપી જીવતો રાખો તો હું ગમે તેમ કરીને સાતમા-પાતાળમાંથી પણ તમારી સ્વપ્નસુંદરીને શોધી કાઢીશ અને એની સાથે તમારાં લગ્ન કરાવી આપીશ.' — આ સાંભળીને રાજા વિચારમાં પડ્યો. એનો ગુસ્સો ઊતર્યો અને સમજાયું કે પ્રધાન જો એની ચતુરાઈથી છ મહિનામાં સ્વપ્નમાં જોયેલી સુંદરીને મેળવી આપે તો એનો શિરચ્છેદ કરવાનું જરૂરી નથી. આથી રાજાએ પ્રધાનને છ માસની મુદત આપી.

પ્રધાન મનકેસરે ચિત્રકારને બોલાવ્યો અને તેની પાસે રાજાએ સ્વપ્નમાં જે સુંદરીને જોઈ હતી તેનું વર્ણન કર્યું. ચિત્રકાર એટલો તો કુશળ હતો કે એણે રાજાએ કરેલા વર્ણનના આધારે જ સ્વપ્નસુંદરીનું આબેહૂબ ચિત્ર દોર્યું. એ જોઈ રાજા બોલી ઊઠ્યો : 'આ જ સુંદરી સાથે મારાં લગ્ન થયાં હતાં.'

પ્રધાને સ્વપ્નસુંદરીનું ચિત્ર નગરના સત્તુકારમાં મુકાવ્યું. 'સત્તુકાર' એટલે સાથવો, સેકેલા અનાજનો લોટ. એમાં પાણી અને ઘી નાખતાંની સાથે જ કુલર જેવો લાડવો તૈયાર થાય. શીરા કે રબડીની જેમ પણ માત્ર પાણી, ઘી કે દૂધની સાથે પણ આ સાથવો ખાઈ શકાય. જે કોઈ પ્રવાસી નગરમાં આવે તેને રાજ્ય તરફથી જ રહેવાની, સૂવા-બેસવાની, નહાવા-ધોવાની વ્યવસ્થા કરવામાં આવે અને પાણી-પાલી સાથવો આપવામાં આવે. આવા નિઃશુલ્ક ધર્મશાળા-ભોજનાલયને 'સત્તુકાર' નામે ઓળખવામાં આવતું હતું.

પઈઠણપુર પાટણ તો મોટું નગર અને રોજેરોજ અનેક યાત્રિકો એના સત્તુકારમાં આવે. સ્વપ્નસુંદરીનું ચિત્ર જુએ. મુગ્ધ થઈ વખાણ કરે. આમ પાટણપુરના સત્તુકારની સુંદરી પ્રખ્યાત થઈ અને કેટલાક તો આ સ્વપ્નસુંદરીનું ચિત્ર જોવા જ પાટણ આવતા. આવા જે યાત્રિકો આવે અને ચિત્રને જોઈને જે કંઈ બોલે તે પ્રધાન મૂકેલા ચાડિયા કાન દઈને સાંભળે અને કોઈ જાણવા જેવી વાત હોય તો પ્રધાનને જણાવે. આમાં એક દિવસ એક દૂરદૂરના પ્રદેશનો પ્રવાસી આવી ચડ્યો અને બોલ્યોઃ 'અરે, આ તો અમારા કણયાપુર પાટણના રાજા કનકભ્રમની રાજકુંવરી હંસાઉલી (હંસાવલી) છે.'

આથી ચાડિયાઓએ આ વાત પ્રધાન મકેસરને કહી. પ્રધાને એ પ્રવાસીને



બોલાવ્યો અને બધી વાત પૂછીને કણયાપુર પાટણ જવાની વિગત જાણી લીધી, પછી રાજા તથા પ્રધાન ગુપ્તવેશે કણયાપુર જવા નીકળ્યા. ખૂબ કષ્ટ વેઠીને રાજા અને પ્રધાન અંતે કણયાપુર પાટણ પહોંચ્યા અને એક માલણના ઘેર રાતવાસો કર્યો. બે રાજવંશના પ્રવાસીઓ માનીને માલણે બંનેને માનપાન સાથે આવકાર્યો અને નિવાસ-ભોજનની વ્યવસ્થા કરી આપી. પ્રધાને પુષ્કળ ધન આપી માલણને ખુશ કરી. માલણને જ રાજમહેલમાં સીધો રોજનો આવરો-જાવરો ને આખા રણવાસનો પરિચય હોય છે. મોકો જોઈને પ્રધાને માલણને કહ્યુંઃ 'રાજા કનકભ્રમની રાજકુંવરી હંસાઉલી માટે અમારા રાજાનું માગું નાખવા આવ્યા છીએ.' આ સાંભળતાં જ માલણ ચમકી અને બોલીઃ 'એ તો કોઈ પણ રીતે શક્ય જ નથી અને મોતના મોઢામાં હાથ નાખવા જેવું છે. હંસાઉલીની સાથેનાં લગ્નનું તો સ્વપ્ને પણ વિચારશો નહીં !'

'અરે એ જ મારા રાજાના સ્વપ્નમાં આવી હતી.' પ્રધાને કહ્યું. 'બને જ નહીં.' માલણ બોલી; 'ને સ્વપ્નમાં આવી હોય તો પણ એની સાથે લગ્નનું ન વિચારાય ! એમ કરવું, એ તો મોતને બોલાવવું ને દોડીને મોતના મોઢામાં જવા બરાબર છે !'

'એવું કેમ ?' પ્રધાને પૂછ્યું.

'હંસાઉલી તો ભયંકર પુરુષઘાતી છે.' માલણ બોલી; 'એણે તો કોઈ પુરુષને જોયો નથી કે તલવારની ઝાટકે. દીધો નથી. અમારી રાજકુંવરી હંસાઉલી અને એની ત્રણસે સાઠ સખીઓ દર આઠમ, ચૌદસ અને પુનમે ખુલ્લી તલવાર લઈને નીકળે છે અને જે કોઈ પુરુષ સામા મળે છે તેનો વધ કરે છે !'

પ્રધાન વિચારમાં પડ્યો.

આનો ઉકેલ કેમ કાઢવો ?

પ્રધાન મનકેસર ચતુર હતો. એણે વિચાર્યું કે રાજકુમારી હંસાઉલી અને તેની ત્રણસો સાઠ સખીઓ જો પુરુષનો ઘાત કરતી હોય તો એનું કોઈ કારણ પણ હોવું જોઈએ. જો એ કારણ જાણવા મળે તો એનો ભેદ ઉકેલીને પછી વારણ શોધી શકાય અને રાજા નરવાહનનાં લગ્ન સ્વપ્નમાં જોયેલી હંસાઉલી સાથે કરી શકાય.

આથી પ્રધાન મનકેસર રાજકુંવરી તેની સખીઓ સાથે દેવીના મંદિરે જવાની હતી એની આગલી સાંજે જ મંદિરે પહોંચ્યો અને રાત થતાં મંદિરમાં દાખલ થઈ ગયો અને ગર્ભાગારનાં બારણાં અંદરથી વાસી દીધાં.

સવાર થયું રાજકુંવરી એની સખીઓ સાથે ખુલ્લા અડગ લઈને મંદિરે આવી. આખું નગર ને એના માર્ગો ત્યારે જનશૂન્ય હતાં. રાજકુંવરી પુરુષને જોતાં જ ઘાત કરતી હોવાથી પુરુષ તો શું કોઈ સ્ત્રી પણ નગરના માર્ગ પર નહોતી આવતી. મંદિરનાં બારણાં બંધ હોવાથી હંસાઉલીને આશ્ચર્ય થયું. દાસીએ બારણાને ધક્કો માર્યો. બારણું તો અંદરથી બંધ હતું ! દાસી બોલી : 'કોણ છે અંદર ?'

'હું માતાજી !' પ્રધાન બોલ્યો. આ સાંભળતાં હંસાઉલી બોલી, 'માતાજી ! હું તો કાયમ ભાવભક્તિથી તમારી સેવાપૂજા કરું છું. ને તમે આજે કેમ મંદિરનાં બારણાં અંદરથી બંધ કર્યાં ?'

'તું પુરુષોનો વધ કરનારી પાપણી છે, એથી મારે તો હવે તારું મોઢું પણ નથી જોવું !' પ્રધાન માતાજી બોલતાં હોય એમ બોલ્યો. આ સાંભળી હંસાઉલી બોલી, 'હું પુરુમાત્રનો વધ શા માટે કરું છું એ તો તમે જાણો છો માતાજી ! પુરુષમાત્ર સ્વાર્થી અને સ્ત્રી કુટુંબને બળતાં છોડી જનાર જ હોય છે ! આપ તો જાણો છો માતાજી કે ગયા ભવમાં હું અને મારી સખીઓ બધી જ પોપટીઓ હતી. અમે બધાં વનમાં રહેતાં હતાં. એમાં વનમાં ભયંકર આગ લાગી અને બધાં પોપટ આગ ઓલવવા માટે પાણી લેવાનું કહીને છટકી ગયા અને અમે બધી જ પોપટીઓ અમારાં બચ્ચાંઓ સાથે આગમાં બળી મરી ! એ જ વખતે અમે ભગવાનને વિનંતી કરી હતી કે અમને આવતો ભવ એવો આપજો કે અમે બધી જ પુરુષમાત્રનો જોતાં જ વધ કરીએ ! ને ભગવાને અમારી અરજ સાંભળી મને રાજકુંવરી તરીકે અને બીજી પોપટીઓને મારી સખીઓ તરીકેનો જન્મ મળ્યો છે. અમે બધી જ પુરુષમાત્રને જોતાં જ વધ કરીએ છીએ !'

ચતુર પ્રધાને હંસાઉલી અને તેની સખીઓના પુરુષ દ્વેષનું કારણ જાણી લીધું અને તેનું વારણ વિચારતાં ચિતારો બન્યો. એમાં દાવાનળનાં ચિત્રોમાં બતાવ્યું કે પોપટ પાણી લાવતા મોડો પડેલો અને પોપટી પાછળ બળી મર્યો આ ચિત્ર જોતાં હંસાઉલી મૂર્ચ્છા પામી એને ભાનમાં લાવી ચિતારા બનેલા પ્રધાને કહ્યું, 'તારી વાત સાચી છે હંસાઉલી ! પણ તું જે જાણે છે તે અધૂરું છે અને પુરુષવધનું પાપ વધારતી જાય છે. સાચી વાત તો એ છે કે વનમાં જ્યારે આગ લાગી ત્યારે તમારા પતિ પાણી લેવા જ ગયા હતા પરંતુ નજીકમાં પાણી ન હતું એથી એમને ખૂબ દૂર જવું પડ્યું ને પાણી લાવતાં વાર લાગી. એ બધા જ્યારે પાછા ફર્યા ત્યારે તમે બધા ધીરજ ગુમાવીને અગ્નિમાં કૂદી બળી મરી હતી ! આથી તમારા પોપટપતિઓ પણ આગમાં બળી મર્યાં.'



આ સાંભળી હંસાઉલી અને તેની સખીઓની પુરુષદ્વેષની ગ્રન્થિ છૂટી ગઈ. અને હંસાઉલીના મનમાં નરવાહનને વરવાની અદમ્ય ઝંખના જાગી. પ્રધાન મનકેસર પોતાના મૂળ રૂપમાં હંસાઉલીનું માગું લઈ રાજા કનકભ્રમના દરબારમાં ગયો. રાજાએ હંસાઉલીને પૂછી એની ઈચ્છા જાણી માગું સ્વીકાર્યું અને નરવાહન સાથે હંસાઉલીનાં લગ્ન થયાં. આ રીતે ચતુર પ્રધાને રાજાને સ્વપ્નમાં જોયેલી સુંદરીનો મેળાપ કરાવી આપ્યો.

## પૂર્વાભવાનુભવે પુરુષદ્વેષ : અન્ય કથાઓ

પૂર્વ ભવમાં પશુ કે પક્ષીના રૂપમાં પત્ની તથા સંતાનોને અસહાય સ્થિતિમાં ત્યજી દે અને પત્નીને બચ્ચાં સાથે મૃત્યુને સ્વીકારવું પડે, આવી સ્થિતિમાં પત્ની બીજા મનુષ્યયોનિના જન્મમાં પુરુષદ્વેષ લઈને જન્મે, પરંતુ પતિ કંઈ બેવફા અને સ્વાર્થી બનીને કુટુંબને મૃત્યુના મુખમાં મૂકીને નાસી છૂટ્યો ન હતો પરંતુ પરિસ્થિવશ એને મોડું થયેલું અને તે પણ કુટુંબની પાછળ મૃત્યુને વર્યો હતો એની પુરુષદ્વેષી તરીકે જન્મેલી નાયિકાને જાણ થાય અને પૂર્વભવના પશુ-પક્ષી યોનિના દંપતીનું અનુગામી ભવમાં પુનઃમિલન થાય. આવી ભારતમાં પ્રાચીન લોકકથાઓ છે. કથાનું આ જ મૂળભૂત અને સ્વાભાવિક તથા પ્રતીતિકર કથાનક છે.

આ મૂળ કથાનકને ચાતુર્યકથાનું નવું રૂપ આપવા માટે પૂર્વ ભવનો જે નાયક ખરેખર પતિ નથી પરંતુ આવી પુરુષદ્વેષની ગ્રન્થિને જાણીને તે પોતે અથવા તો એનો પ્રધાન ચતુરાઈ કરીને નાયક જ પૂર્વ ભવનો વફાદાર પ્રેમી છે એવું ચતુરાઈથી છેતરપિંડી કરીને નાયિકાનો પ્રેમ મેળવે અને લગ્ન કરે એવું નિરૂપણ કરતી પણ કથાઓ છે. આ બીજા પ્રકારમાં કથાની જે મૂળ ભાવના છે તે લુપ્ત થાય છે અને માત્ર ચતુરાઈ જ કેન્દ્રમાં રહે છે.

અસાઇતે હંસાઉલીને જે કથા આપી તે આ બીજા પ્રકારની છે. એમાં પ્રધાનનું જ વાત જાણવાનું અને ઉપાય યોજવાનું ચાતુર્ય છે. નરવાહન જ એનો પૂર્વભવનો પ્રેમી છે એવું વાર્તામાં સ્પષ્ટ થતું નથી, શંકાસ્પદ અને અધૂરું રહે છે. આથી જ અસાઈત પછીના શામળથી પણ બસો વર્ષ જૂના વાર્તાકાર શિવદાસે હંસાવતીની વાર્તા ચાર ખંડમાં આપી અને તેમાં તેણે કથામાં આરંભમાં જ પૂર્વના ભવોની કથા આપી. આને જ અનુસરીને મતિસાર નામના જૈન સ્રોતના વાર્તાકારે પણ આ પૂર્વભવની કથા આપી અને તેમાં સ્પષ્ટતા પણ કરી કે અસાઈતે આપેલી હંસાઉલીની કથા આધૂરી છે, તેથી તે તો માત્ર પૂર્વ ભવોની જ કથા આપે છે,

બાકીની કથા તો અસાઈતે જે પ્રમાણે વર્ણવેલી છે, તે પ્રમાણે જ છે.

આમ, પુરુષદ્વેષી નાયિકાની કથાના મુખ્ય બે ફાંટા છે. એકમાં નાયક પોતે પૂર્વ ભાવનો પ્રેમી છે, બીજામાં પૂર્વમાં ભવનો પ્રેમી નથી અથવા તો શંકાસ્પદ છે. આ બન્ને પ્રકારની કથાઓ અસાઈતના પહેલાં પણ લખાયેલી છે અને તેમાં જૂનામાં જૂની વાર્તા 'કથાસરિત્સાગર'માં છે. ટોની અને પેન્ઝરે કરેલા અંગ્રેજી અનુવાદની ગ્રન્થ શ્રેણીમાં વોલ્યુમઃ ૩, પૃષ્ઠ ૮૨-૮૩ પર એ કથા છે. એમાં ગોમુખ આ વાર્તા નરવાહનને કહે છે. ટોની અને પેન્ઝરની વૉલ્યૂમ ૩, પૃષ્ઠ ૨૬૦માં પણ નરવાહનને સ્વપ્નમાં કર્પૂરમંજરી સાથે લગ્ન થયાં. એણે પ્રધાન ગોમુખને વાત કરી. ગોમુખ યંત્રવિદ રાજધરને મળ્યો અને આકાશયાન દ્વારા કર્પૂરપુર પહોંચ્યો અને વૃદ્ધાને મળી જાણ્યું કે કર્પૂરિકા ગયા ભવમાં હંસીના રૂપમાં હતી અને સમુદ્રમાં ભરતી આવતાં માળો અને બચ્ચાં ગુમાવ્યાં. હંસે કહ્યું ; 'માળો તો બીજો શોધીશું ને બીજાં બચ્ચાં પણ થશે. પછી આટલો શોક શાનો ?' પતિના પ્રત્યે, સમગ્ર પુરુષ જાતિ પ્રત્યે દ્વેષ જન્મ્યો અને એણે બીજા ભવમાં રાજકુમારી તરીકે જન્મે અને જાતિસ્મૃતિ રહે એવી ઈશ્વરને અંતિમ પ્રાર્થના કરીને મૃત્યુ વહાલું કર્યું.

આ વાત જાણીને પ્રધાન ગોમુખ 'હાય હંસિની ! હાય હંસિની' એવું લવતો રાજકુમારીના મહેલ પાસેથી પસાર થયો. આથી કર્પૂરિકાએ દાસીને મોકલી ગોમુખને બોલાવ્યો. ગોમુખે કહ્યું કે મહાવ્રતી નામના પૂર્વ જન્મના જાણકારે અમારા પૂર્વ ભવની વાત કરી છે. હું અને મારા રાજા પૂર્વ ભવમાં હંસ હતા. મારા મિત્રની પત્નીએ આપઘાત કર્યો એની પાછળ મારા મિત્રે અને મેં પણ આપઘાત કર્યો. મહાવ્રતીએ કહ્યું કે હંસી રાજકુમારી તરીકે જન્મી છે. તેથી એને હું શોધું છું. આ સાંભળી કર્પૂરિકાએ નરવાહન સાથે લગ્ન કર્યાં.

અહીં સ્પષ્ટ થાય છે કે ભવાઈના પિતા અસાઇતે દુહા અને ચોપાઈમાં જે હંસાઉલીની કથા આપી છે તેના મૂળમાં કથાસરિત્સાગરની જ આ કથા છે. નાયકનું નામ પણ એણે નરવાહન રાખ્યું, માત્ર પ્રધાનનું નામ એણે મનકેસર રાખ્યું અને સત્તુકારમાં ચિત્ર મૂકીને હંસાઉલીની ભાળ કાઢી.

આમ, પૂર્વભવમાં નાયિકા હંસી, પોપટી કે કરણી હોય અને પુરુષદ્વેષ હંસી, પોપટી કે કરણી હોય અને પુરુષદ્વેષી બનીને જન્મે અને ઘટસ્ફોટ કરતાં ગ્રન્થિથી મુક્ત બને એવી અનેક કથાઓ ભારતમાં મધ્યકાળમાં લખાયેલી છે. મતિસારે અસાઈતની કથાના પૂર્વ ભવની કથા આપી એ પહેલાં ઉદયભાનુ નામના



જૈન સ્રોતના વાર્તાકારે પણ આ કથાને વિક્રમના પુત્રની સાથે જોડી છે. આ કથા આવી છે.

ઉજેણી નગરીના રાજા વિક્રમને ચંપકસેનની કુંવરી લીલાવતી સાથે પોતાનાં લગ્ન થાય છે, એવું સ્વપ્ન આવ્યું. પ્રધાને જગાડતા સ્વપ્નભંગ રાજાએ ગુસ્સો કર્યો. પ્રધાને છ માસની મહેતલ માગીને સદાવ્રત શરૂ કર્યું ને ચિત્ર દ્વારા સ્વપ્ન સુંદરીની ભાળ મેળવી. અહીં સુધીની વાત અસાઈત પ્રમાણે જ આલેખી હવે બીજી ઘટના ઉમેરાય છે. રાજા અને પ્રધાન ચંપાનગરી જવા ઉપડ્યા. રસ્તામાં રાત પડતાં રાજ ાઊંઘવા લાગ્યો, પ્રધાન જાગતો પડ્યો રહ્યો. રાતે વિદ્યાધર યુગલ આવ્યું. એણે ઊંઘતા વિક્રમના પગે જડીબૂટી બાંધી. વિક્રમ સ્ત્રી બની ગયો ! એટલામાં વિદ્યાધરોની સ્ત્રીઓ આવી. એમને લાગ્યું કે પોતાના પતિ જો આવી સુંદર સ્ત્રી જોશે તો પોતાનાં ઘર ભાંગશે. આથી એમણે સ્ત્રીમાં રૂપાન્તર પામેલા વિક્રમના પગમાં એવી જડીબૂટી બાંધી કે તે ફરી પુરુષ બની ગયો. આમ, પ્રધાનના હાથમાં હવે એવી બે જડીબુટીઓ આવી કે તેના વડે પુરુષને સ્ત્રીમાં અને ફરી એને પુરુષમાં પરાવર્તિત કરી શકાય.

પછીની કથા ઉદયભાનુ અસાઈતની હંસાઉલી જેમ આપે છે. રાજા અને પ્રધાન માલણના ઘેર જાય છે અને રાજકુમારી પુરુષદ્વેષી છે અને મંદિરે જતાં પુરુષ માત્રના વધ કરે છે તે જાણ્યું. પ્રધાન જડીબુટીના આધારે સ્ત્રી બની રાજકુમારીના સંપર્કમાં આવ્યો અને જાણ્યું કે પૂર્વ ભવમાં રાજકુમારી હરણી હતી અને દવ લાગતાં પોતે ને બચ્ચાં બળી મર્યાં ને હરણ જીવ બચાવી ભાગી છૂટ્યો હતો. આ પુરુષદ્વેષ દૂર કરવા વિક્રમ નટમંડળી સાથે ચંપાપુર આવ્યો ને હરણીના ભવનું નાટક ભજવ્યું ને એ દ્વારા રાજકુંવરીનો પુરુષદ્વેષ દૂર કર્યો.

આમ, એક જ મૂળ કથાનકના જ થડમાંથી આવી અનેક લોકકથાઓની અનેક ડાળો જન્મે છે અને અનેક લોકકથાઓ અસ્તિત્વમાં આવે છે. જન્મજન્માન્તરની આ કથા એટલી તો પછી લોકપ્રિય બની છે કે સદેવંત-સાવલિંગા અને ભરથરી-પિંગલાની સાથે પણ સાત-આઠ ભવના સંબંધની વાત ઉમેરાઈ છે. 'પહેલા પહેલા જુગમાં રાણી તું હતી પોપટી અને અમે રો પોપટ રાજા રામના'એ ભરથરી-પિંગલા વચ્ચેના સંવાદની કથા તો જાણીતી છે.

**કામાવતી :**

પુરુષદ્વેષી કથાનું એક તદ્દન નવું અને આધુનિક વાર્તારસિયાઓને પણ ગમે તેવું રૂપ શિવદાસે 'કામાવતી'ની કથામાં આપ્યું છે. શિવદાસે આ કથા

હંસાવતી અને કામાવતીના નામે આપી છે. એની બન્ને કથાઓ રસપ્રદ છે. કામાવતીની કથામાં વિશેષતા એ છે કે અહીં છલ કરીને પુરુષદ્વેષી નાયિકા સાથે લગ્ન કરનાર અને એ પછી પૂર્વ ભવના સાચા પ્રેમીને પામનારની કથા કહેવામાં આવી છે. એ રસપ્રદ કથા આ પ્રમાણે છે :

દંતનગરના રાજા ચંદ્રસેન અને રાણી કંપાવતીને શોભાવતી નામની સુંદર પુત્રી હતી. રાજા મહિનાઓ સુધીના પ્રવાસ અને શિકાર માટે રવાના થયો. આ તકનો લાભ લઈ શોભાવતી પોતાની સખીઓ સાથે નગરયાત્રા કરી રાજસભામાં પહોંચી. આ જ સમયે એક વાંઢો વૃધ્ધ બ્રાહ્મણ રાજાને પોતાનો યોગ્ય કન્યા આપવાની માગણી કરવા આવ્યો. શોભાવતીને જોતાં વૃદ્ધ બ્રાહ્મણ મુગ્ધ બની ભાન ભૂલ્યો અને યુવાન શોભાવતી સાથે લગ્ન કરવાની રઢ લીધી. શોભાવતીએ આકારાવેણ કહીને બ્રાહ્મણને કાઢી મૂક્યો. બ્રાહ્મણ સીધો કાશીએ ગયો અને કરવતખાઈ કમળપૂજા કરતાં શિવને વિનંતિ કરી : 'આવતા ભવે મને શોભાવતી પત્નીના રૂપમાં મળે એવો અવતાર આપો.'

આ ઘટના શોભાવતીએ જાણી એને બ્રાહ્મણના ઘાતથી અને એણે માગેલા વરદાનથી આઘાત પામી ભૈરવ જાપ ખાધો અને ઈશ્વરને વિનંતી કરી : 'કાશીએ કરવત મૂકાવેલા બ્રાહ્મણની હું સગી બહેન તરીકે આવતા ભવે મને અવતાર આપો.'

બન્નેની આવી માગણીથી શિવ મુંઝાયા ત્યારે ઉમાએ આનો ઉકેલ કાઢતા જણાવ્યું : 'બન્નેને પક્ષિયોનિમાં એક માતાના પેટે જન્મ અપાવો જેથી આરંભમાં સગાંભાઈ બહેન થશે પરંતુ યુવાન થતાં તેઓ પતિ-પત્ની તરીકે જોડાશે અને બન્નેની અંતિમ ઈચ્છા પૂરી થશે.'

બીજા ભવમાં ઈશ્વરે કામવનમાં આ બન્નેને સૂડા તરીકેના ભવમાં જન્મ આપ્યો. આમ વિપ્ર પોપટ શુકસેનના પુત્ર ગગનપતિ તરીકે અને રાજકુંવરી શોભાવતી તેની પુત્રી અશનિ તરીકે જન્મ્યાં. બન્ને સહોદર ભાઈબહેન બન્યાં. યુવાન થતાં પતિપત્ની બન્યાં. વનમાં આગ લાગી. પોપટીએ માન્યું કે પાણી લાવવાના બહાને સ્વાર્થી પોપટ ભાગી છૂટ્યો છે. બચ્ચાં સાથે પોપટીએ વનની આગમાં ઝંપાપાત ખાધો અને ઈશ્વરને વિનંતી કરી કે 'મને એવો જન્મ આપો કે પુરુષમાત્રનો હું વધ કરીને સ્વાર્થી પુરુષો પર બદલો લઉં.' થોડી વારે શુકપાણી લઈને આવ્યો અને પત્ની તથા બચ્ચાંને બળી મરેલાં જોતાં જે અગ્નિમાં પડી પોતાનું બલિદાન આપ્યુંને ઈશ્વરને વિનંતી કરી : 'આવતા ભવે હું અશનિ પોપટીને



મારી પત્નીના રૂપમાં પામું એવો અવતાર આપો.'

ત્રીજા ભવે શુક રત્નપુરના શ્રેષ્ઠિના પુત્ર કરણ તરીકે જન્મ્યો એની કુનેહથી રાજકુંવરી રત્નાવતી સાથે એનાં લગ્ન થયાં અને વહાણ લઈ વિદેશના વેપારે ઊપડી ગયો.

બીજી બાજુ પોપટીનો જન્મ કનકસેનની પુત્રી કામાવતી તરીકે થયો. એ પુરુષદ્વેષી બની અને નરમાત્રનો ઘાત કરવા લાગી. ચંદનાવતીના રાજા ચિત્રાંગદે એક ભાટ પાસેથી કનકાવતીનાં સૌન્દર્યની વાત સાંભળી પોતાના પ્રધાન બુદ્ધિસાગરને લગ્નનું માગું અને ખાંડુ લઈને મોકલ્યો. કામાવતીના પુરુષદ્વેષનું કારણ જાણી પ્રધાને ચાતુર્યથી કામાવતીનો પુરુષદ્વેષ દૂર કર્યો. ખાંડા સાથે કામાવતી ચિત્રાંગદને પરણી કનકાવતી આવી. પરંતુ બીજી રાણીઓએ ચાલાકી કરીને રાજાને નવી રાણીને મહેલે જવા ન દીધો. મહિનાઓ પછી રાજાને પોતાની નવી રાણી યાદ આવી, માફી માગતો એ કામાવતી પાસે પહોંચ્યો પરંતુ 'તું હવે મારે મન તો કાયમ મારા ભાઈ કે બાપ જેવો છે' એમ કહી તરછોડ્યો. આથી રાજાએ કામાવતીનું ચૌટે વેંચાણ કર્યું.

પૂર્વભવનો સાચો પતિ કરણ વેપારમાં ખૂબ કમાઈ આ નગરમાં આવ્યો અને ચૌટે વેંચાતી રાણીને જોવા ગયો. બન્નેની દૃષ્ટિ મળતાં પૂર્વભવની સ્મૃતિ થઈ. કરણે બધાં જ વહાણ વેંચી કામાવતીને ખરીદી-નિર્ધનઅવસ્થામાં કરણ અને કામાવતી એક નગરમાં આવ્યા અને કામાવતીએ છેલ્લી બચેલી મુદ્રિકા વેંચી શ્વેત રેશમી પટ અને રંગીન ભરતના સૂત્રો ખરીદી એક રેશમી પટમાં પોતાના પૂર્વાર્ધના જીવનની ઘટનાનું આલેખન કર્યું. આ પટ મોંમાગ્યા મૂલેપ્રધાને ખરીદ્યો.

પ્રધાન પાસેનો પટ જોઈ રાજાને એની ભરનારી પર મોહ જાગ્યો. આથી રાજાએ પટ વેંચનારને શોધવા મોકલ્યો. પરંતુ પટ વેંચનાર ન મળ્યો. કરણ અને કામાવતી તો પટના વેંચાણાં પૈસા મળતાં જ નગરમાં સ્થિર થયાં, રંગરાગમાં મસ્ત બન્યાં. પરંતુ ચતુર કામાવતીએ બીજો પણ પટ ભર્યો અને તેમાં પોતાના જીવનની ઉત્તરાર્ધની ઘટનાઓનું આલેખન કર્યું. ધાને નગરના ચોકમાં પોતાના માણસોને પટ વેંચવા આવનારની ખબર પડે તે માટે બેસાડી રાખવામાં આવ્યાં હતાં.

કરણ કામાવતીએ ભરેલો બીજો રેશમી પટ વેંચવા નગર આવ્યો.

અદ્‌ભુત લાવણ્યવતી સુંદરીએ બીજો રેશમપટ ભર્યો છે અને તેનો પતિ એ પટને વેચવા માટે ચૌટામાં આવ્યો છે, એની જાણ થતાં જ પ્રદાન કરણને મળ્યો

અને કહ્યું : 'રાજાને જ તમારો પટ ખરીદવો છે અને તમારું સન્માન કરવું છે એથી દરબારમાં આવો !'

કરણ ખુશ થયો અને પ્રધાન સાથે રાજદરબારમાં ગયો. પ્રધાન રાજમહેલમાં ગયો. પ્રધાન રાજમહેલમાં ગયો અને રાજાને બીજો પટ બતાવ્યો. એ જોતા જ રાજાને ખાતરી થઈ કે આની ભરનારી કામાવતી છે અને એણે પોતાની જીવનગાથા જ રેશમના પટમાં આલેખી છે.

કામાવતીને હાથ કરવા કરણને રાજાએ દરબારમાં રોકી રાખ્યો અને બે દાસીઓને કામાવતી પાસે પાલખી લઈને મોકલી. દાસીએ કહ્યું : 'નગરનો રાજા તમારા પતિથી પ્રભાવિત અને ખુશ થયો છે. એને પ્રધાન બનાવી તમને નવો મહેલ પણ આપ્યો છે, તો પાલખીમાં પધારો.'

કામાવતી ચતુર હતી. એ જવા તૈયાર ન થઈ. આથી રાજા અને પ્રધાને છળથી કરણ પાસેથી મુદ્રિકા મેળવી તે મોકલી જણાવ્યું : 'કરણ કુંવર રાજકાજમાં એવા વ્યસ્ત છે કે આવી શકે, તેમ નથી તેથી તમને લાવવા અમને મોકલી છે અને આ મુદ્રિકા આપી છે.'

આથી કામાવતી મહેલમાં આવી. અને પછી જ ભાન થયું કે પોતે સપડાઈ છે. રાજાએ કહ્યું : 'તું રાજીખુશીથી મારી સાથે લગ્ન કરે એથી તારા પતિને જીવતો જવા દઈએ છીએ. જો તું વિરોધ કરશે તો તારા પતિનો વધ કરવામાં આવશે.'

ચતુર કામાવતી પરિસ્થિતિ પામી ગઈ અને વચલો રસ્તો કાઢતી બોલી, 'મારાથી તરત તો મારા પતિને કેમ ભુલાય ? ને મારું વ્રત ચાલે છે. એ છ માસમાં પૂરું થવા દો તો હું લગ્ન કરી તમારી રાણી બનીશ.'

રાજાએ એની વાત સ્વીકારી નદી કાંઠાના એક દંડિયા મહેલમાં રાખી. આ બાજુ કરણને દરબારમાંથી કાઢી મૂક્યો. એ પોતાના નિવાસસ્થાને આવ્યો અને કામુક રાજાએ કામાવતીનું અપહરણ કર્યું છે તે જાણ્યું. અનેક પ્રયત્નો છતાં કોઈ જ માર્ગ ન રહેતા કરણ અર્ધ પાગલ બની નગરમાં રખડવા લાગ્યો અને પોતાના ઘર, ધન, સંપત્તિ લૂંટાવા લાગ્યો.

બાવો બનેલો ને પ્રમત્ત બની પ્રલાપ કરતો કરણ એક વખત નદી કાંઠે પહોંચ્યો. એકદંડિયા મહેલના ઝરુખામાંથી કામાવતી એને જોઈને ઓળખી ગઈ અને દાસી પાસે તુંબડું મગાવી એ તુંબડામાં પત્ર લખીને કરણને પોતે કેદ છે તેની



જાણ કરી અને મધરાતે આવવા જણાવ્યું. નદીમાં તણાતું તુંબડું કરણે જોયું. હાથ કર્યું, ખોલીને પત્ર વાંચ્યો અને મધરાત થતાં ઘોડો લઈને એક દંડિયા મહેલ પાસે આવી ઝરુખે દોરડું બાંધીને કામાવતી નીચે ઉતરે તેની રાહ જોવા લાગ્યો. દાસીઓ જાગતી હોવાથી કામાવતીને ઝરુખામાંથી ઉતરવામાં વિલંબ થયો. કામાવતીના આવવાની રાહ જોતો કરણ થાક્યો, ઝોકે ચડ્યોને ઊંઘી ગયો. આથી એક ચોર એનો ઘોડો છોડાવી સવાર થયો.

આજ વખતે કામાવતી દાસીઓ ઊંઘી જતાં ઝરુખેથી નીચે ઉતરી અને ઘોડાને રોકી, સવાર થયેલા ચોરને જ કરણ માની ભાગી છૂટી.

કરણની ઊંઘ ઉડી અને ઘોડો તથા કામાવતીને ન જોતાં એને વૈરાગ્ય જન્મ્યો અને કાશીએ કરવત મુકાવવા નીકળ્યો. નગરના રાજાએ જાણ્યું કે કામાવતી હાથથી ચટકી ગઈ છે તેથી એ પણ બાવો બનીને કાશીએ કરવત મુકાવવા ગયો. આ બાજુ સવાર થતાં કામાવતીને પોતાની ભૂલ સમજાઈ અને કુનેહથી કામ કાઢવાનું વિચારી ચોરની સાથે લગ્ન કરવાની પોતાની ઈચ્છા જણાવી ચોરને એના મા-બાપને તેડવા મોકલ્યો ને છટકી ગઈ. ચોર પાછો આવ્યો ને જોયું કે કામાવતી ને ઘોડો બેય ગુમાવ્યા છે ! એય બાવો બની કાશીએ જવા ઉપડ્યો ! ચોરથી છૂટેલી કામાવતીને વનમાં હંસ અને વત્સ નામના બે રાજકુમાર મળ્યા અને તે બંને મોહ પામી ઝઘડવા લાગ્યા. ચતુર કામાવતીએ બે વિરુદ્ધ દિશાઓમાં બે બાણ છોડીને કહ્યું : 'જે કુમાર પહેલાં મારું ફેંકેલું બાણ લાવશે તેની સાથે લગ્ન કરીશ.'

બંને રાજકુમારો તીર લેવા ગયા ત્યારે કામાવતી ઘોડા પર નાસી છૂટી હતી. આથી એ બેય પણ બાવા બનીને કાશીએ જવા રવાના થયા. આમ કરણ, રાજા, ચોર અને બે રાજકુમારો એમ પાંચેય બાવા બનીને કાશીનગરે પહોંચ્યાં.

આ બાજુ બે કુમારોથી બચેલી કામાવતી એક નગરમાં પુરુષવેશ ધરીને આવી. નગરનો રાજા વૃદ્ધ હતો અને પ્રધાન રાજકારભાર ચલાવતો હતો. કામાવતીએ પ્રધાનને પોતાની ઓળખાણ કામસેન નગરીના રાજકુંવર તરીકે આવી અને પોતાના મોટાભાઈ એ રાજના ભાગમાં અન્યાય કરવાથી નગરનો ત્યાગ કર્યો છે એમ જણાવ્યું. આ સાંભળી પ્રધાને પોતાની પુત્રીને પુરુષવેશી કામાવતી સાથે પરણાવી. આની જાણ થતાં વૃદ્ધ રાજાને પણ પોતાની રાજકુંવરી કામાવતીએ બંને નવી રાણીઓને કહ્યું : 'ખાસ વરતનું મારે પણ તપ ચાલે છે. એથી આપણે પતિ-પત્ની તરીકે હમણાં નહીં રહી શકીએ.' બંને રાણીઓએ એની વાત સ્વીકારી.

પુરુષવેશી કામાવતીએ ચિત્રકારને બોલાવી કહ્યું : 'હું પુરુષને બદલે સ્ત્રી

હોઉં તો કેવું લાગું, એ મારે જોવું છે.' આથી ચિત્રકારે ચિત્ર દોર્યું. જેમાં કામાવતીનું જ મૂળરૂપ આલેખાયું હતું. આ ચિત્રને ચૌટામાં મૂકવામાં આવ્યું. કરણ, રાજા, ચોર, હંસ અને વત્સ પાંચે બાવા બનેલા તે કાશી પહોંચ્યો અને કામાવતીનું ચિત્ર જોઈને પોતાની હોવાનો દાવો કરવા લાગ્યા. સેવકો દ્વારા આ વાત જાણી કામાવતીએ એ પાંચેયને દરબારમાં બોલાવ્યા અને દરેકને એકાંતમાં મળી. રાજાએ એણે કહ્યું : 'પ્રજા તો પુત્રી કહેવાય ! એની પાછળ મોહ, વૈરાગ્ય ન હોય.' રાજાની સદ્‌ભાવના જાગી. ચોરને ધમકાવ્યો સમજાવ્યો ને ધન આપી ખુશ કરી રવાના કર્યો. હંસ અને વત્સને શિખામણ આપી. અંતે કરણને એણે પોતાના પુરુષવેશ, લગ્ન અને રાજ્યાધિકારની વાત કરી અને છેવટે બંને રાણીઓને એણે કહ્યું : 'હું ખરેખર પુરુષના વેશમાં સ્ત્રી છું ને ઈશ્વરના ગૂઢ સંકેતે આપણને એકબીજાને મળ્યા છીએ. મારો પતિ તમારો પણ પતિ છે. આપણે ચારેય આ વાત સ્વીકારી સુખ શાંતિથી રહીએ.'

બંને રાણીઓએ કામાવતીની વાત સ્વીકારી. ત્રણ પત્નીઓ અને રાજ્ય મળ્યા છતાં કરણ દુઃખી રહેતો હતો. એને એનાં મા-બાપ, વિધવા ભાભી અને પત્ની યાદ આવતા હતા. આ વાત જાણીને કામાવતીએ સૈનિક દૂતોને કરણના ગામમાં મોકલ્યા તો એમણે જણાવ્યું કે યવનોના હુમલાથી ગામનો નાશ થયો આગથી તે વસ્તી વેરવિખેર થઈ ગઈ છે.

કરણના માતા-પિતાને ખોળી કાઢવા માટે કામાવતીએ તળાવ ખોદાવવાનું શરૂ કર્યું. એણે વિચાર્યું કે ગામ ભાંગતા જ વસ્તીના માણસો રોજી રોટી શોધતા હશે તે તળાવ ખોદાય છે એ સાંભળી પેટિયાં રળવા, મજૂરી કરવા જરૂર આવશે. કામાવતીની આ ધારણા સાચી પડી. કરણનાં મા-બાપ, ભાભી, અને પત્ની પણ મજૂરી કરવા આવ્યા અને દરબારમાં કરણને રાજાને રૂપમાં જોતાં જ રડી પડ્યા ને બોલ્યા : 'મારો દીકરો પણ તમારા જેવો જ લાગતો હતો. પરંતુ વેપાર કરવા ગયો તે ગયો, પાછો જ ન આવ્યો !'

કરણે પોતાની ઓળખાણ આપી. કામાવતીએ સાસુ, સસરા અને જેઠાણીને પ્રણામ કર્યાં અને રત્નાવલીને પણ આદરથી વંદન કર્યાં. આમ કરણ અને કામાવતી ભર્યા ભાદર્યા કુટુંબ સાથે સુખ-સંતોષથી રહેવા લાગ્યા.

— અહીં જોઈ શકાશે કે શિવદાસે પુરુષદ્વેષી નાયિકાની કથાના, જેમાં નાયક ખરેખર પૂર્વભવનો પ્રેમી છે એવી અને ખરેખર પ્રેમી નથી એવાં બે જે બે રૂપાંતરો છે ને બંનેનો ઉપયોગ કરીને એક સંઘેડા ઉતાર પ્રેમકથા આલેખી છે.



પ્રેમકથા તરીકે આ કથા અત્યંત નોંધપાત્ર છે કેમ કે અહીં ત્રણ ભવને અંતે માત્ર મોહનું રૂપાંતરણ સૂક્ષ્મ પ્રેમમાં થયું છે. બ્રાહ્મણ રાજકુંવરીના મોહમાં પડ્યો અને કાશીએ કરવત મુકાવી તેમાં મોહ છે. અને શોભાવતીએ ભૈરવ જપ ખાધો તેના કારણમાં બ્રાહ્મણ પતિ ન બને એવી ઈચ્છા છે. આમ પ્રેમ નથી જ. પરંતુ પછીના ભવમાં, પોપટની યોનિમાં જયારે પોપટ પણ અપમૃત્યુ વહાલું કરે છે તે ઘટના જ હવે નાયિકાના મનહૃદયમાં પ્રેમાંકુર પ્રગટાવે છે અને કરણના ભવમાં જ મોહમુગ્ધ એવો બ્રાહ્મણ હવે પ્રેમનું સૂક્ષ્મ તત્ત્વ પામી શક્યો છે અને સંપૂર્ણ દરિદ્રાવસ્થા સ્વીકારીને પણ પૂર્વભવની પત્નીને પામે છે.

આ રીતે આપણી લોકકથાઓમાં વંશનો સર્વનાશ વહોરતી નાયિકાઓ અને પુરુષનો દ્વેષ કરતી નાયિકાઓ એમ બે પ્રકારની વિવિધ કથાઓ જાણી. આ બંને ભારતીય લોકકથાના વિશિષ્ટ એવા પ્રવાહો છે.

**કેટલીક રણચંડી, વાઘમારી ને ભૂતને ભગાડનારી નાયિકાઓ :**

આપણાં ગુજરાતી લોકકથાના સાહિત્યની વંશના વિનાશમાં કારણરૂપ બનનારી અને પુરુષ દ્વેષી બની પુરુષમાત્રનો વધ કરનારી, એમ બે પ્રકારની કથા-નાયિકાઓ જોઈ. આમાં ત્રીજો અને ચોથો પ્રકાર છે તે વિરાંગના અને રણચંડી તરીકે ઓળખાતી નાયિકાઓનો તથા જેનાથી વાઘ જેવું હિંસક પ્રાણી પણ ભય પામે કે ભૂતપ્રેત પણ ભડકીને ભાગે એવી માથા ફરેલી નાયિકાઓની કથાઓ ! પ્રકાર છે ખૂની કે ઘાતક સ્ત્રીઓનો, જે પોતાના જ કોઈ સ્વાર્થ-વાસના ખાતર પતિ કે પ્રેમીની ઠંડા કલેજે હત્યા કરે છે. આવી સ્ત્રીઓ વિશેષ પ્રમાણમાં કથાઓમાં નથી પરંતુ કોર્ટમાં ચાલેલા મુકદ્દમા પરના કેટલાક પોલીસ-અફસરો અને ધારાશાસ્ત્રીઓએ લખેલા ટુકેઈસ પરનાં પુસ્તકોમાં છે.

આ વિશિષ્ટ મનોદશા અને પરિસ્થિતિ ગત વિષમતાનું આલેખન કરતાં પહેલાં કેટલાક ખાસ કિસ્સાઓ, દાયકાના કેટલાક અપવાદો વિશે પણ આરંભમાં જોઈએ

સ્ત્રી-સ્વભાવે અહિંસક હૃદયમનથી વિશેષ કોમળ હોય છે. એ કોઈનો ઘાત કરે ખરી ? હા, ક્યારેક પોતાનું જ શીલ રક્ષવાનો પ્રશ્ન હોય કે પોતાના જ સંતાનોને બચાવવાનો પ્રશ્ન હોય, ત્યારે મૃદુ અને અબળા મનાતી સ્ત્રી પણ ઝનૂને ચડે છે, રણચંડી બને છે અને અન્યાય કરનાર પાપીનો વધ સુધ્ધાં કરે છે. આવી સ્થિતિમાં કોઈનો જીવ લેવા સુધીના આત્મ સંરક્ષક પગલાં લેવાનું અનિવાર્ય હોય, આત્મરક્ષાનો પ્રશ્ન હોય એ સ્થિતિમાં એક વ્યક્તિ બીજાનું મૃત્યુ નિપજાવે તો એનું

એ કૃત્ય સ્વીકૃત કાયદાની દૃષ્ટિએ પણ ખૂનના ગુનાને પાત્ર નથી ગણાતું, પરંતુ સજોગાધીન અનિવાર્ય એવા મનુષ્યવધનું - હોમિસાઈડ નોટ એમાઉન્ટીંગ ટુ મર્ડર-નું ગણાય છે, અને તેને ખૂનના અપવાદનો લાભ પણ મળે છે. કોઈ કામુક બળાત્કારીથી પોતાનું શીયળ રક્ષવા માટે જ્યારે અસહાય એવી સ્ત્રી પાસે પોતાના ઉગાર માટે સામેની વ્યક્તિનો વધ કરવાની એક માત્ર વિકલ્પ હોય, તાત્કાલિક અને ઊંડો-સડન એન્ડ પ્રોફાઉઝ આઘાત ઉશ્કેરાટમાં પરિણમતો હોય ત્યારે એવી સડન એન્ડ ગ્રેઈવ પ્રોવોકેશનની મેન્સ-રી Mens Ria - માનસિક અવસ્થા ખૂનના ગુનાના અપવાદમાં આવે છે.

એ જ રીતે કોઈ હિંસક પ્રાણીથી પોતાની અને અન્યની રક્ષા કરવાની હોય, ધાડપાડુ લૂંટારા - બળાત્કારીનો સામનો કરવાનો હોય, પોતાની જાતિને, પ્રદેશને, ગ્રામને, શાસિત સત્તાની જાગીરને બચાવવાનાં હોય, એક આતતાયીના આતંકથી અન્યને બચાવવાના હોય ત્યારે એવા નાના એવા છમકલા કે ધિંગાણાના પ્રસંગમાં કે સ્વદેશહિત અને રક્ષા માટેના યુદ્ધમાં જ્યારે પણ કોઈ સ્ત્રીએ રણચંડી બનીને સામનો કર્યો છે, ત્યારે તેને બિરદાવવામાં આવી છે, એની યશોગાથા રચાઈને ગવાતી થઈ છે, એનાં સ્થાનકો પૂજાતાં થયાં છે અને તેને દેવીરૂપે પૂજવામાં આવી છે. આપણી વિવિધ ભાષાઓમાં આવી જે ગાથાઓ હતી, એનું જ સંસ્કૃત ભાષામાં માર્કંડેય ઋષિએ દેવીપુરાણમાં પ્રશિષ્ટ રૂપ પાંધ્યું ને એની જ રચનાઓ આજે દેવી ભક્તિના સ્તોત્રના રૂપમાં નિત્યપાઠ રૂપે ગવાય છે. અને નવચંડી જેવા દેવીયજ્ઞમાં તેના વિધિ સાથેનો પાઠ કરવામાં આવે છે. રાત્રિસૂક્ત અને સ્ત્રીસૂક્તમાં દેવીની, દેવીરૂપ બનેલી નારીની જે સર્વવ્યાપ્ત શક્તિ છે, એનામાં જે ઊર્જાનું મૂળ તત્ત્વ છે, એનું જ નિરૂપણ થયું છે. અને શક્રાદય એટલે કે શક્ર કહેતાં ઇન્દ્ર અને આદિ કહેતાં અન્ય દેવોએ મધુકૈટભના વધ પછી દેવીની જે કીર્તિગાથા ગાઈ એનું સ્વરૂપ છે. અસુર એક અનિષ્ટ, ઘાતક, વિનાશક એવી વિમાર્ગી બનેલી શક્તિનું પ્રતીક છે અને ચંડી એ આસુરી શક્તિનો વિનાશ કરતી સ્ત્રીશક્તિનું પ્રતીક છે.

આ રીતે રણચંડી બનીને નારીને વધ કર્યા છે, એવી ઘટનાઓ બની છે, એના આધારે કથાઓનાં વિવિધ રૂપ બંધાયાં છે. પરંતુ ત્યાં આવો 'ઘાત' એક અનિવાર્ય અને ઇષ્ટ તથ્ય છે. પરંતુ એને બાદ કરો તો સામાન્ય સંજોગોમાં નારી ઋજુ, કોમળ, સંવેદનશીલ, અત્યંત ને આત્યાંતિક રૂપમાં પણ અહિંસક છે. આથી ઘાતક કે ખૂનીના રૂપમાં પુરુષને મુકાબલે નારીની સંખ્યા વાસ્તવિક જગતમાં પણ



ખૂબ ઓછી છે. હા, ક્યારેક સ્ત્રીઓમાં પણ કેટલીક હાર્ડકોર ક્રિમિનલ કહી શકાય એવી અપવાદરૂપ વ્યક્તિ હોય છે ખરી અને ક્યારેક ચારિત્ર્યની શિથિલતા, અનિયંત્રિત વાસના અને દેહભૂખ, સંપત્તિની ભૂખ, મનની જે કોઈ વિકૃતિ સ્ત્રીઓને ઘાતક બનાવે છે. ગુજરાતી કથાસાહિત્યમાં આવી સ્ત્રીઓની કથા શામળે 'સૂડા-બહોંતેરી'માં આપી છે. એમાં શિથિલ ચારિત્ર્યની સ્ત્રી પોતાની આડે આવતા પતિ, સસરા કે સંતાનનું સુદ્ધાં ખૂન કરે છે. આ કથાઓ શામળની પહેલાં પણ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓમાં લખાયેલી છે. બીજા પ્રકારનું કથાસાહિત્ય એવું છે જેમાં સમાજમાં બનેલી સાચી ઘટનાઓનું નિરૂપણ થયું છે અને એક સ્ત્રી પણ કોઈનું ઠંડે કલેજે ખૂન કેવી રીતે કરે છે, તેના પર સામાજિક, મનોવૈજ્ઞાનિક અને ન્યાયવિષયક વિવરણ આપવામાં આવે છે. એમ.સી.ચાગલા અને કે.એલ.ગૌબા જેવા આપણા પ્રખર ધારાશાસ્ત્રીઓએ પણ ભારતની વિવિધ કોર્ટમાં ચર્ચાયેલા ટ્રુ-કેઈસ પૂરી વિગતો અને ચુકાદાઓ સાથે આપેલા છે. આમાં એક પુસ્તક મર્ડરરેસ ઑફ ઇન્ડિયા પરનું છે. એમાં જે ખૂની સ્ત્રીઓ પર કોર્ટમાં ખટલા ચાલેલા અને દેશભરમાં જેની ચર્ચાઓ થયેલી તેવા કેઈસની સંપૂર્ણ વિગત છે.

આમ, અપવાદરૂપ આવી બધી ઘટનાઓને બાદ કરીએ તો પુરુષને મુકાબલે સ્ત્રી-માનસ સંપૂર્ણ સંવેદનશીલ, વાત્સલ્યસભર, ધર્મભીરુ, સહનશીલ અને અહિંસક છે.

આવું હોવા છતાં કેટલીક પ્રાચીન અને મધ્યકાલીન કથાઓએ પુરુષનો ઘાત કરતી હોય એવી નાયિકાની કથાઓ પણ લખી છે. આનું શું કારણ ? તો એક મુખ્ય કારણ એ છે કે કથાનો પાયો જ અસાધારણ ઘટનાના ચમત્કારને આલેખવાનો છે. કથામાં જે કોઈ પાત્ર હોય, ઘટના હોય કે પદાર્થ હોય તેમાં કશુંક અસાધારણપણાનું તત્ત્વ ઉમેરાય તો જ એ કથા જિજ્ઞાસા જગાડે અને સાંભળવા-વાંચવામાં રસ પડે છે. સમથીંગ સ્ટ્રાઇકિંગ, કશુંક અસાધારણ હોવું એ વાર્તા માટે જરૂરી છે. વાર્તાનાં પાત્ર, ઘટના અને પદાર્થ સુધ્ધાં માટે જરૂરી છે. રાજાને બે રાણી હોય એમાં એક માનીતી ને બીજી અણમાનીતી હોય ત્યારે જ વાર્તા જામે ! મા હોય તો વાર્તાનું પાત્ર ન થાય, પરંતુ અપર મા હોય તો જ ઘટના બને. કશુંક અણધાર્યું બને. સામાન્ય રીતે ચાખડી કે શેચરંજી ન ઊડે, પણ વાર્તામાં તે ઊડે. ઘોડો પણ આકાશમાં ઊડે ને પશુપક્ષી માણસની ભાષામાં વાત કરે ને પાછાં ભવિષ્ય પણ જાણે !

આ બધી જ પ્રવૃત્તિ મનના તરંગની છે. મેઈક બિલીવની છે. માનો કે

આમ છે, એમ કથાકાર કહે ને પછી સાંભળનાર એને સાચું જ છે, ખરેખર આમ બન્યું જ છે, એવું ધારી લે, પછી જ વાર્તા જામે ! પરંતુ આવું બાલકથામાં ચાલે ! પરીકથામાં ચાલે. પરંતુ બીજી વાર્તાઓમાં આવું બધું જ અવાસ્તવિક કે અસ્વાભાવિક હોય તે સ્વીકાર ન પામે ! આથી જ્યારે કોઈ નાયિકાને પુરુષમાત્રનો ઘાત કરનારી નિરૂપવાની થાય ત્યારે પ્રાચીન અને મધ્યકાલીન વાર્તાકારને પણ એનાં કારણ તો આપવા જ પડે છે. આથી, આવી વાર્તાઓમાં નાયિકાને ઘાતક દર્શાવવામાં આવી તેનાં કેટલાક વાર્તાત્મક કરવા પડે છે. અને ખાસ તો વાર્તાકાર આવા કોઈ પણ પાત્રના વિચક્ષણ, વિચિત્ર વર્તનને આલેખે છે ત્યારે પણ આવું કલ્પવાના અને આલેખવાના કોઈ કારણો તો હોય જ છે. એવી એક કથા **વાઘમારીની** છે, એની કથા સંક્ષેપમાં આ પ્રકારની છે.

દેઉલાખ્યો નામના ગામમાં રાજસિંહ નામે ભલભલાને હંફાવે એવો રાજપૂત હતો. પરંતુ એની પત્ની ભારે ઝઘડાળુ અને માથાભારે ! એક દિવસ આ ઝઘડાળુ સ્ત્રીને પતિ સાથે ખૂબ ઝઘડો થયો અને અંતે પોતાનાં બે બાળકોને લઈ પોતાના પિયર જવા નીકળી. રસ્તામાં રાત પડી. થાક્યાં, તરસ્યાં, ભૂખ્યાં છોકરાં રડવા લાગ્યાં ને એ જ સમયે વિકરાળ હિંસક વાઘ સામે આવ્યો ને તરાપ મારવા જતો હતો કે ચતુર અને હિંમતબાજ કલહપ્રિયા બોલીઃ 'છાનો મર રોયા, કયારનો કજિયો લઈને બેઠો છે, આખો વાઘ ખાઉં, સેકીને ખાઉં ! પણ વાઘ, ક્યાંથી કાઢવો ? લે, હવે તો આ વાઘ સામેથી જ આવ્યો છે તે મારીને શેકી દઈશ. બેય અરધો-અરધો ખાજો ! ને રસ્તામાં બીજો મળશે ત્યારે એને મારી-શેકી ખવડાવીશ !'

— આ સાંભળતાં વાઘ ગભરાયો ને ભાગ્યો ! આ વાઘને રસ્તામાં શિયાળ મળ્યું ને વાઘના ભય અને ભાગવાનું કારણ જાણી બોલ્યો : 'અરે એક બાઈ માણસ તને થોડી મારી શકે ?આ તો માત્ર દામદાટી ! ચાલ મારી સાથે.' વાઘની હિંમત બંધાઈ. એ શિયાળ સાથે ફરી સામે ગયો !

શિયાળને વાઘની સાથે પાછો ફરેલો જોતાં બાઈ પામી ગઈ કે શિયાળે પોલ ખોલી નાખી છે. હવે વાઘ ફાડી ખાશે !

— પણ તરત એને ઉપાય સૂઝ્યો.

વાઘને લઈને શિયાળને આવતું જોઈ કલકપ્રિયા બોલી : 'વાહ મારા વીરા શિયાળભાઈ વાહ ! તેં તારો બોલ પાળ્યો ને વાઘ છટકી ગયેલો તેને તું તારા વચન પ્રમાણે ફોસલાવીને પાછો લાવ્યો ખરો !'

આ સાંભળી વાઘ ભાગ્યો એને લાગ્યું કે શિયાળે છેતર્યો છે. કલકપ્રિયાને



જોતાં, ડંફાસ મારતું શિયાળ પણ ગભરાયું ને ભાગતા વાઘના ગળે વળગ્યું. પરંતુ વાઘ તો ઝાડ-ઝાંખરાં ને પથ્થર પર થઈને એવો દોડ્યો જાય કે શિયાળ લોહીલુહાણ થઈ ગયું. થોડે દૂર સલામત અંતરે પહોંચ્યા પછી વાઘ અટક્યો અને ગળે વળગેલા શિયાળને ફાડી ખાવા તત્પર બન્યો.

ચતુર શિયાળ ખડખડ હસ્યું.

વાઘને આશ્ચર્ય થયું. પૂછ્યુંઃ 'કેમ હસે છે ? મોતની બીક નથી લાગતી ?'

શિયાળ બોલ્યું : 'કોના મોતની ? મારા કે તારા ? મારું આખું શરીર ઉઝરડે લોહીઝાણ થયું છે ને રસ્તે લોહીનાં ટીપાં પડ્યાં છે. એ જોઈને જ કલકપ્રિયા હમણાં અહીં આવી પહોંચશે ને તને મારી, શેકી એના છોકરાઓને ખવડાવી દેશે !'

આ સાંભળતાં જ વાઘ ભય પામી ભાગ્યો અને ચતુર શિયાળ વાઘ મારીને ભય બતાવીને જીવ બચાવી ભાગી છૂટ્યું.

આ કથા સંસ્કૃત ભાષામાં 'શુક-સપ્તતી'માં ૪૨, ૪૩, ૪૪મા પાને આપી છે, કથા કાલ્પનિક છે. પરંતુ એ દ્વારા કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે કેટલીક સ્ત્રીઓ એટલી કજિયાખોર અને ઝઘડાળુ હોય છે કે વાઘ જેવું હિંસક પ્રાણી પણ એનાથી ડરીને ભાગી છૂટે. આ કથાના અનુસંધાને ભૂતને પણ ભગાડનારી કલકપ્રિયાની કથા આપવામાં આવી છે તે આ પ્રમાણે છે :

એક વિદ્વાન દરિદ્ર બ્રાહ્મણની પત્ની **કરગરા** અત્યંત કજિયાખોર હતી. આથી આ બ્રાહ્મણ પત્નીના ત્રાસે ઘર છોડીને ભાગ્યો અને રાત પડતાં વનમાં એક ઝાડ નીચે સૂવા ગયો તો એમાં રહેલા ભૂતે આવકારતાં કહ્યું 'આવો આવો, હું તમારો દોસ્ત છું. તમારા ઘરના પીપળમાં મારો કાયમી વાસ હતો પરંતુ તમે પરણ્યા, કજિયાળી લાવ્યા એ પછી તો મારા પર ભરે થઈ ! તમારી પત્ની ગુસે થઈ એવી લાતો પીપળાને મારતી કે અંતે હું વાજ આવી ગયો, ભાગ્યો અને આ વનની આંબલીમાં વસવા લાગ્યો ! તમે ને હું બન્ને સમદુઃખિયા છીએ. કર્કશાને કારણે જ આપણાં ઘર છોડીને ભાગ્યાં છીએ ! પણ હવે તમારે કે મારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. હું એવું કરીશ કે તમને અને મને બંનેને કાયમી આશરો મળી જાય !'

સવાર થતાં ભૂત ને બ્રાહ્મણ વનમાંથી નગરમાં આવ્યા. બ્રાહ્મણ જ એકલો ભૂતને જોઈ શકતો હતો, એ બોલે તે સાંભળી શકતો હતો. બંને નગરમાં પહોંચ્યા અને રાજકુમારી તથા નગરશેઠની પુત્રી બે સખીઓ સાથે રમતી હતી તે

જોઈને ભૂતે બ્રાહ્મણને કહ્યું: 'હવે તારા ને મારા બેયના નિવાસ અને નિભાવનો રસ્તો મળી ગયો છે. હું પહેલાં આ રાજકુમારીને વળગીશ. એને ખૂબ કષ્ટ આપીશ. હાડમાંથી લોહી ચૂસી લઈશ. કોઈ વૈદ્ય-હકીમ કે ભૂવા-માંત્રિક મને કાઢી નહીં શકે ને અંતે લાચાર બનેલો રાજા રાજકુમારીને વળગાડ-મુક્ત કરનારને કુંવરી ને રાજપાટ આપવાનો ઢંઢેરો પીટાવશે. એ જ વખતે તું રાજદરબારમાં જજે. સાચા-ખોટા જેવા આવડે તેવા મંત્રો બોલીને વળગાડ દૂર કરજે. હું રાજકુમારીને છોડી દઈશ. ને તને રાજ ને કન્યા બધું મળી જશે.'

બ્રાહ્મણ ખુશ થયો ને આભાર માન્યો.

ભૂતે બીજી વાત કહી : 'હવે બીજી વાત પણ બરાબર ધ્યાન દઈને સાંભળ ને હું કહું તેમ કરજે' મને તો આ નગરશેઠની પુત્રી પસંદ પડી ગઈ છે. રાજકુમારીનું શરીર છોડીને હું પછી નગરશેઠની પુત્રીને વળગીશ. એ પણ તને વિનંતી કરશે, ખૂબ ધનની લાલચ આપશે. પણ તું ભૂલેચૂકે પણ એનું ભૂત કાઢવા ન આવતો ! જો આવશે તો હું તને પણ ભરખી જઈશ.'

બ્રાહ્મણ કહે : 'હું તો ડોકાઈશ પણ નહીં !'

ભૂતની યોજના બરાબર પાર પડી ને બ્રાહ્મણને રાજગાદી ને રાજકન્યા બંને મળ્યાં. ભૂત વળગ્યું નગરશેઠની કન્યાને. પહેલાં તો નગરશેઠે બીજા વૈદ્યહકીમ-ભૂવા-તંત્ર મંત્રના જાણકારોનો આધાર લીધો પણ વળગાડ દૂર ન થયો. નગરશેઠની પુત્રી ગળવા લાગી. હાડપિંજર જેવી બની. નગરશેઠે બ્રાહ્મણને વિનંતી કરી, પણ એ ન માન્યો. દિવસે-દિવસે નગરશેઠની પુત્રીની સ્થિતિ ગંભીર થવા લાગી. બ્રાહ્મણને પરણેલી રાજકુંવરી તો એની સખી હતી. આથી એણે રૂઢ લીધીઃ 'મારો વળગાડ દૂર કર્યો તેમ મારી સખીનો ખીનો દૂર કરો !'

બ્રાહ્મણ ન માન્યો. મોતના મુખમાં હાથ થોડો નાખે ? પણ પછી તો નગરશેઠે, પ્રધાન, રાજા ને પ્રજા બધા જ બ્રાહ્મણની પાછળ પડી ગયા ! પરિસ્થિતિ એવી થઈ કે બ્રાહ્મણ ના પાડી ન શકે ને ભૂત કાઢવા જતાં ભૂતનો ભોગ બને ! ન જાય તો અંતે મળ્યું તે બધું જ ગુમાવવું પડે. કરવું શું ?

બ્રાહ્મણને આ શ્રૃંગાપત્તિમાંથી મુક્ત થવાનો માર્ગ મળી ગયો. એ ભૂત કાઢવાના બહાને નગરશેઠના ઘેર આવ્યો. એને જોતાં જ ભૂત લાલચોળ થયું ને બોલ્યું-બ્રાહ્મણ જ એને જોઈ, સાંભળી શકે એ રીતેઃ 'મરવાનો થયો તે આવ્યો ? હવે તો તને જ ભરખી જઈશ !'

બ્રાહ્મણ જાણે વળગાડવાળી નગરશેઠની પુત્રીના કાનમાં મંત્ર ફૂંકતો હોય



તેમ ધીરેથી બોલ્યો : 'અરે ભૂતભાઈ ! હું કંઈ તમને કાઢવા ને જાતે મરવા થોડો આવું ? આ તો હું તમને એક સમાચાર કહેવા માટે જ ભૂત કાઢવાના બહાને આવ્યો છું.'

'શું સમાચાર ?' ભૂતે પૂછ્યું.

'મને ને તમને શોધતી મારી કર્કશા પત્ની પણ આ નગરમાં આપણી પાછળ પાછળ આવી પહોંચી છે !'

'હેં ! કહેતાં જ ભયભીત થયેલું ભૂત નગરશેઠની પુત્રીનો દેહ છોડીને ભાંગી ગયું !

ભારતીય આ ભૂતકથાને બ્રિટિશ મૂળના પણ ભારતીય લેખક એવા **રસ્કીન બોન્ડે** પણ 'એ ફેઈસ ઈન ધ ડાર્ક એન્ડ અધર હૌટિંગ્સ'માં ૨૭મી વાર્તા **'ધ ફેમિલી ઘોસ્ટ'**માં આપી છે. રસ્કીનની લેન્ડલોર્ડ બીબીજી એને આ કથા કહે છે. સંસ્કૃત શુક-સપ્તિતિમાં જે કથા છે તે હિમાલય ક્ષેત્રમાં પણ લોકકંઠના પ્રવાહમાં તરતી હશે.

આમ કથાની નાયિકાના જે ચારેક પ્રકારો આગળ ચર્ચ્યા હતા તેમાં એક વિશિષ્ટ પ્રકાર પતિમારકનો યોગ ધરાવતી કથાનાયિકાઓનો છે. એમાં કથા એવી છે કે કેટલીક સ્ત્રીઓને જે-જે પરણે તેમનાં મૃત્યુ થાય ! પરંતુ સ્ત્રીની પ્રકૃતિ જ એવી કે આવું બનવા છતાં તે સ્ત્રી ફરી લગ્ન કરે ને બીજો મોટો ચમત્કાર એ કે આ વાત જાણવા છતાં પણ કેટલાક વિરલાઓ તો આવી સ્ત્રી સાથે જ લગ્ન કરવા તૈયાર થઈ જાય છે. આ થીમ પર કથાસરિત્સાગરમાં પણ કથા છે. કથાનો સાર એવો છે કે એક સ્ત્રી જ્યારે પણ, જેની પણ સાથે લગ્ન કરે તેનું મૃત્યુ થાય છે. અને એ કથાનો ચમત્કારપૂર્ણ અંત એ છે કે આવા લગ્નેચ્છુને કહે છેઃ 'મોતના મોંમાં હાથે કરીને હાથ શું કામ નાખે છે ? તું જાણે છે- આ સ્ત્રી સાથે લગ્ન કરનાર છ પુરુષોનાં મૃત્યુ થયાં છે તે ?'

'હા.' લગ્નેચ્છુ બોલ્યો; 'મારે તો આ સાતમી બૈરી થશે. મને પરણનાર છ તો મરી ચૂકી છે !' — ને બંનેએ દીર્ઘ દામ્પત્ય ભોગવ્યું.

કથાસરિત્સાગરનું આ કથાનક જોક રૂપે પણ પ્રચલિત બન્યું છે, કંઠ-પ્રવાહમાં આની પણ વાર્તા રસ્કીન બોન્ડે એના સંચયમાં ૧૭મી વાર્તા **'સુસાન્સ સેવન હસબન્ડ્સ'**ના નામે આપી છે.

આપણી લિખિત અને કંઠપ્રવાહની, એમ બંને સ્રોતની કથાઓના નાયકો,

નાયિકાઓને તેમની સાથે સંકળાયેલી મનોવૈજ્ઞાનિક સ્થિતિ, મનોદશા, પ્રકૃતિ વગેરેની દૃષ્ટિએ વર્ગ પાડીને તપાસીએ તો મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર વગેરેના અનેક તથ્યો દૃષ્ટિમાં આવે અને કોઈ પણ કથામાં મનોરંજન અને કલ્પના ઉપરાંત પણ ઘણું હોય છે, તે ધ્યાનમાં આવે.

**કામણ—ટૂમણ કરતી નાયિકાઓ :**

પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યમાં જે લોકકથાઓનાં પ્રશિષ્ટ અને લેખિતરૂપ બંધાયાં છે તેમાં તથા કંઠપ્રવાહની પણ અનેક લોકકથાઓમાં કેટલાંક નાયિકારૂપ કે મુખ્ય એવાં સ્ત્રીપાત્રોની સાથે કામણ ટૂમણ - મંત્ર - તંત્રાદિની મેલીવિદ્યા સાંકળી લેવામાં આવી છે. લોકકથાઓમાં માંત્રિકો, તાંત્રિકો, જાદુગરોના રૂપમાં પુરુષ પાત્રો પણ હોય છે, પરંતુ આ તત્ત્વ વિશેષ રૂપમાં સ્ત્રી પાત્રો સાથે સંકળાયેલું છે.

આનું કારણ શું હશે ? આ પ્રશ્ન વિચારવા જેવો છે. શા માટે મંત્રતંત્રની મેલીવિદ્યાની શક્તિમાં લોકકથાઓએ વિશેષ સબળ સ્ત્રીને માની છે ? સામાન્ય રીતે શારીરિક બળ વગેરેમાં પ્રાકૃતિક રૂપે પુરુષ પોતાને સબળ જ માને છે. સ્ત્રી આ દૃષ્ટિએ અબળા છે, પરંતુ કથાના જ વિશ્વનો વિચાર કરતાં જણાશે કે લોકમાનસ આ શક્તિમાં સ્ત્રીને પુરુષથી ચડિયાતી દર્શાવે છે. તનની શક્તિમાં, બળમાં ભલે પુરુષ સબળ હોય સ્ત્રીના મુકાબલે પરંતુ મનની શક્તિમાં, નિશ્ચયમાં સ્ત્રી જ વિશેષ સબળ છે.

આનું મૂળ કારણ સંભવતઃ આદિમ કાળમાં છે. માણસ થોડોક પણ જોતો-સમજતો-વિચારતો થયો હશે એ કાળે જ એને પુરુષમાં નથી એવી વિશેષ શક્તિનું ભાન થયું છે. આ શક્તિ તે પોતાના જ દેહમાંથી પોતાના જેવી જ જીવતીજાગતી એવી વ્યક્તિને જન્માવવાની શક્તિ. માદા ગર્ભાધાન કરી શકે છે. પોતાના જેવા જ સજીવને એ સંતાનરૂપે જન્મ આપી શકે છે. માદાના પોતાના જ શરીરમાં આ શક્તિ છે, જે પુરુષમાં નથીઃ આવા જ કોઈ મૂળ વિચાર-અનુભવ-તારણમાંથી આદિમ કાળથી જ પુરુષને સ્ત્રીમાં કોઈ વિશેષ શક્તિ હોવાનું ભાન થયું. એવી શક્તિ, એવું સામર્થ્ય જે પોતાનામાં નથી. માદા જેમ પોતે પોતાના જ અંગમાંથી નવું પેદા કરી શકતો નથી, એનો અહેસાસ જ આદિમ કહી શકાય. એમાંથી જ કાલક્રમે પુરુષની સ્ત્રી વિશેની આ ધારણા કથાઓમાં ઊતરી આવી અને મંત્રતંત્રાદિમાં એને વિશેષ સમર્થ અને સિદ્ધ બતાવવામાં આવી.

ઈ.એમ.વિન્ચેસ્ટર જેવા જીવવિજ્ઞાન અને અનુવંશશાસ્ત્રના વૈજ્ઞાનિકે હેરીડીટી એન્ડ યોર લાઈફ' જેવા સહુને સમજાય અને રસ પડે એવી રમતિયાળ



શૈલીમાં સ્ત્રી-પુરુષના જૈવિક ભેદને શારીરિક અને માનસિક સામ્ય અને નજીવા એવા ભેદને સ્પષ્ટ કર્યો છે અને 'હુ ઇઝ ધ વીકર સેક્સ, મેન ઓર વુમન ?'ની સવિગત ચર્ચા કરી છે અને જે ભેદ છે તે ૨૪માંથી ૧નો જ છે તથા યૌનિક ભેદ પણ તત્ત્વવઃ બહિર અને આંતર રૂપમાં સમાન જ હોવાનું ચર્ચ્યું છે અને મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્રાદિમાં પણ ગર્ભાધાન, સંતાનજન્મ, ઉછેર, એનાં જ સુખ-દુઃખ અને કેન્દ્રમાં રાખવાની સ્ત્રીની સહજવૃત્તિની ચર્ચા કરી છે.

આ વાત લોકકથાઓમાં સ્ત્રીપાત્રોની વિભાવનામાં અપાર વૈવિધ્ય લાવે છે. કથાઓમાં પુરાકથાઓ, ધર્મની પુરાણ-અંતર્ગત ઈતિહાસમૂલક કથાઓ તથા મનોરંજક લોકકથાઓના વિવિધ પ્રકારોમાં આ પ્રકારનાં અનેક સ્ત્રી પાત્રો છે. આવી કેટલીક કથાઓ અને સ્ત્રી પાત્રો વિશે જાણીએ.

મંત્રતંત્રનું વિશેષ તત્ત્વ વિશ્વના પણ લોકસાહિત્યમાં આદિવાસી કથાઓમાં જોવા મળે છે. આફ્રિકન વૂડુ જેવા બ્લેકમેજીકમાં, સર્પપૂજામાં પણ પૂજારીનું નહીં, પૂજારણનું જ મુખ્ય સ્થાન છે. ગુજરાતી લોકસાહિત્ય સંદર્ભે આરંભમાં ભીલોની પૌરાણિક કથાઓનાં ખાસ તો મહાભારતની કથાનાં કુંતા, ગાંધારી અને દ્રૌપદી સાથેની એવી કેટલીક ઘટનાઓ તપાસીએ.

બધી જ આદિવાસી જાતિઓએ એમની પુરાકથાઓ અને લોકકથાઓમાં માંત્રિક મેલીવિદ્યા-સાધનામાં સ્ત્રીને જ વિશેષ શક્તિશાળી માની છે અને એમાંથી જ કાળક્રમે ડાકણની માન્યતા જન્મી અને આવી સાધના કરનારી સ્ત્રી જીવતાં માણસનું કાળજું કાઢીને ખાય, રુધિરપાન કરે, અડદનાં પૂતળાં બનાવે, એમાં શૂળ ભરાવી કોઈ વ્યક્તિ પણ વશીકરણ કરી શકે, રોગનો ભોગ બનાવી નાશ કરી શકે, વૃક્ષને આકાશમાં ઉડાડી ઈચ્છે ત્યાં જઈ શકેઃ આવું મનાતું અને કથાનું રૂપ બાંધતું ગયું. રામાયણ અને મહાભારત જેવી કથાઓનું આદિવાસી વિસ્તારોમાં સમ્પ્રસારણ થયું ત્યારે ખાસ તો મહાભારત જેવી મહાકથાના દ્રૌપદી જેવાં મહાવર્ચસ્વી સ્ત્રી પાત્રોની સાથે પણ ડાકણની મુખ્ય દેવીની વિભાવનાનું ઊમેરણ થયું અને દ્રૌપદીકલ્ટમાં મેલી અને ગુપ્ત સાધનાનો નવો પ્રકાર શરૂ થયો. પ્રશિષ્ટ મનાતી મુખ્ય ધારાની ધર્મઅંતર્ગત પુરાકથાઓ પણ જ્યારે આર્યધર્મના પ્રચાર-પ્રસાર-સ્વીકાર સાથે આદિવાસી જાતિઓમાં કહેવાતી થઈ ત્યારે તેમનાં અનેક પરંપરાગત માન્ય દેવદેવીઓનાં નામ બદલાયાં, જુદા જ પ્રકારનું ભારતીય આર્ય ધર્મના ગણેશ, પાર્વતી વગેરેની કેટલીક વિભાવના બદલાઈ અને પૂર્વ પ્રચલિત દેવની કથાઓ આ દેવી-દેવતાઓ સાથે જોડાઈ. આમ થતાં જ મૂળ મહાભારતનાં

કુંતા-દ્રૌપદી જેવાં પાત્રો ધરમૂળ બદલાયાં અને સામાન્ય પ્રવાહના મહાભારતથી એકદમ જુદી જ એવી કથાઓ જોડાતી ગઈ.

ભારતના અનેક આદિવાસી જાતિઓના રામાયણ, મહાભારત-પાંડવકથાના કથાનક એકદમ જુદાં છે સ્ત્રીપાત્રોની વિભાવનામાં ધરમૂળ ફેરફારો છે. ગુજરાતની ભીલી ભારથની જ દષ્ટાંત દાખલ વાત કરીએ તો અહીં ગાંધારી અને કુંતા 'સાવશક્તિ'ના જ અવતારો છે. સપ્તર્ષિ તપ કરવા બેઠા ત્યારે સાવશક્તિએ સમડીનું રૂપ લીધું અને તે તપ કરતા ઋષિના ત્રિશૂળ પર બેઠી. એનો હેતુ તો તપ કરતા ઋષિનું જ ભક્ષણ કરવાનો હતો પરંતુ તે ત્રિશૂળમાં વિંધાઈ મૃત્યુ પામી. ત્રિશૂળમાં એનું શબ સુકાઈ હાડપિંજર બની ચોટી રહ્યું. ઋષિ તપ પૂરું થતાં સમાધીમાંથી જાગ્યા અને વિંધાયેલા પક્ષીના હાડપિંજર પર અંજલિ છાંટી અને સાવસક્તિના અવશેષોમાંથી સુકાયેલું માંસ હતું તેમાંથી કુંતા અને હાડકામાંથી ગાંધારીનો જન્મ થયા. બંને કન્યાઓને ઋષિએ ઉછેરીને મોટી કરી. કુંતા સૂર્યને વંદવા જળમાં પ્રવેશી. એનાં વસ્ત્રો ઉપર ચડાવેલાં તેથી સૂર્ય લોભાયો અને કિરણો પ્રવેશતાં કુંતા સગર્ભા બની અને સૂર્યકિરણ (કરણ)નો જન્મ થયો. કુંવારી માતાએ પુત્રને ઉકરડે મૂક્યો.

કુંતા અને ગાંધારી વયમાં આવતાં ઋષિએ કુંતાનાં લગ્ન પાંડુ સાથે, ગાંધારીનાં લગ્ન ધૃતરાષ્ટ્ર જોડે કર્યાં. કુંતાને ઋષિને પાંચ પુત્રોનું અને ગાંધારીને છાણનાં કીડાં જેવા અઠ્યોતેર પુત્રોનું વરદાન આપ્યું.

કુંતાની સાથે તથા દ્રૌપદીની સાથે જ ડાકણવિદ્યાની કથા ભીલી ભારતમાં છે.

### દ્રૌપદી-કલ્ટમાં એ ડાકણની દેવી છે

રામાયણ અને મહાભારતની કથાઓનું તથા કૃષ્ણ કથાઓનું તથા કૃષ્ણકથાનું છેક પ્રાચીનકાળથી જ સમ્પ્રસારણ થયું અને વાલ્મિકી, વ્યાસ, તુલસીદાસ વગેરે દ્વારા તેના પરનાં મહાકાવ્યોની રચનાઓ થઈ તે પહેલાં અને પછી પણ ભારતના આદિવાસી અને ગ્રામીણ સ્ત્રોતની કંઠ પરંપરાઓમાં પણ આ મહાકથાઓની મૌખિક પરંપરાઓ ચાલી. એમાં લિખિત રૂપનાં રામકથા, કૃષ્ણકથા અને પાંડવ કથાનાં કથાનકો અને ગીતોમાં કેટલાક મૂળભૂત અને લિખિત પરંપરાએ સ્વીકારેલાં કે સ્વીકારી શકાય એવા કથાનાં રૂપાંતરો હતાં. એમાં પણ આદિવાસી સ્ત્રોતમાં તો આવા પરિવર્તનો વિશેષ જોવા મળે છે. એનું કારણ આદિવાસી અને ગ્રામીણ પરંપરાઓની ધર્મ વિષયક માન્યતાઓમાં કેટલોક મહત્ત્વનો ભેદ છે.



આદિમ અવસ્થાની પ્રત્યેક જાતિએ ભૂતપ્રેત, ડાકણ, મેલીવિદ્યા અને સાધનામાં પોતાની ધર્મશ્રદ્ધાનાં મૂળ બાંધેલા હતાં. આથી મહાભારતના મહાયુદ્ધની કથાઓની વિવિધ ઘટનાઓ અને તેના વિવિધ પાત્રો વિશે કથાનકો કહેવાતા ગયાં તેમાં આદિવાસીઓની મૂળ શ્રદ્ધા અને તેની પુરાણકથાઓનું જ આરોપણ થયું. આદિવાસીઓની દૃઢ માન્યતા સ્ત્રીમાં રહેલી ખાસ શક્તિ અને તે માટેની મેલી સાધનામાં હતી. આથી પ્રાચીન કાળથી જ ડાકણની, ક્રૂર દેવ-દેવીઓની પુરાકથાઓ એમાં કહેવાતી આવતી હતી એ જ પાત્ર વિભાવના અને કથાનકો હવે રામકથા, કૃષ્ણકથા અને પાંડવકથામાં સંકળાવા લાગ્યાં. એમનાં પ્રચલિત દેવ-દેવીઓનાં, ડાકણોનાં હવે નામ બદલાયાં. શંકર, વિષ્ણુ, પાર્વતી, ગણેશ વગેરેનું ઇંગ્કવીલાઇઝેશન એમનાં મૂળ દેવ-દેવીઓ સાથે થયું, એટલે કે, હવે આ સમુદાય એમનાં પ્રાચીન દેવ-દેવીઓને હવે આર્યોની જ દેવ-દેવીનાં નામે ઓળખાવતો થયો. બીજી તરફથી મધ્યકાલીન સમયની અસ્થિરતાના અને રાજકીય યુદ્ધ અને અરાજકતાના સમયમાં અનેક કૃષક અને ક્ષત્રિયના સમુદાયો પણ વેર કે સત્તાપલટા, યુદ્ધમાં થયેલા પરાજય વગેરેને કારણે આદિવાસીઓનાવન અને પહાડોના વિસ્તારોમાં વસવાટ કરવા લાગ્યો અને ભીલોમાં ભળી ગયો.

આના કારણે જ હવે આદિવાસીઓમાં ભીલ ઉપરાંત અનેક પેટા આદિવાસી જાતિઓ અસ્તિત્વમાં આવી. આવો સમુદાય પોતાની સાથે પોતાનાં ખાનપાન, વસ્ત્રાભૂષણ, કૃષિપશુપાલન માટેની કેટલીક કુનેહ, પોતાની આદિવાસીઓની બોલીથી અલગ પડતી ભાષા, જુદા જ પ્રકારનાં કથા-ગીતો-વિધિવિધાનો લાવ્યો હતો. એનું પણ હવે ભીલોમાં, મૂળ આદિવાસીઓમાં સંક્રમણ થયું અને ભારતીય આર્ય ધર્મના દેવ-દેવી, એમનાં નામ, એમની સાથે સંકળાયેલી કથાઓ પણ આ આગંતુક જુથો પાસેથી આદિવાસીઓએ સ્વીકારી અને એમનાં દેવ-દેવીઓ હવે જુદા નામે ઓળખાયાં. પરંતુ એમની સાથે આદીવાસી મૂળની કેટલીક જૂની કથાઓ સંકળાઈ અને આના પરિણામે આદિવાસી રામકથા, આદિવાસી કૃષ્ણકથા, મહાભારત કથા અને પાત્રનામ અને ઘટનાઓમાં જુદી પડી.

આમાં, રામકથામાં તો રાવણ વગેરેની ઉત્પત્તિની કથા વગેરે જુદા પડ્યાં. પરંતુ મહાભારતની કથામાં, જે ભયંકર વંશયુદ્ધ અને નાશ થયો તેના મૂળમાં જમીન અને જોરૂ બે જ મુખ્ય બનેલાં અને તેને અનિષ્ટ માનેલાં. પરંતુ સ્ત્રી પાત્રો જ અત્યંત પ્રભાવક અને વર્ચસ્વી હતી. આ પ્રભાવનું મૂળ કારણ આદિવાસીઓએ તેમની ડાકણ તરીકેની શક્તિમાં માન્યું. આથી જ આદિવાસી સ્ત્રોતની

મહાભારતકથામાં કુંતા તથા દ્રૌપદી — આ બંને પાત્રોનો સંબંધ મેલી વિદ્યાની શક્તિ ધરાવતી દેવીઓ, ડાકણની દેવી માનવામાં આવી.

કુંતાને મુકાબલે દ્રૌપદી વિશેષ સમર્થ, પ્રભાવક અને યુદ્ધના મૂળ કારણરૂપ છે. આથી કુંતાના પાત્રની સાથે ડાકણવિદ્યા સંકળાઈ નહીં, પરંતુ દ્રૌપદીને તો ભારતની અનેક આદિવાસી જાતિઓએ ડાકણની દેવી માની છે. આમાંથી દ્રૌપદીકલ્ટનો, મેલીવિદ્યાની સાધનાનો એક વ્યાપક એવો વર્ગ અસ્તિત્વમાં આવ્યો અને દ્રૌપદીને જ મેલીવિદ્યાની સમર્થ દેવી માનીને એને પ્રસન્ન કરવાના અનેક પ્રકારનાં ચિત્રિ-વિધિવિધાનો અસ્તિત્વમાં આવ્યા. લોકવિદ્યાના, ખાસ તો ગુપ્ત લોકવિદ્યા, સિક્રેટ કલ્ટ લોરના અભ્યાસની દૃષ્ટિએ દ્રૌપદી કલ્ટ વિશેષ અભ્યાસમૂલ્ય ધરાવે છે અને તેના પર સ્વતંત્ર અભ્યાસ પણ થયાં છે. પરંતુ અહીં મુખ્ય હેતુ લોક પરંપરિતા કથાઓની નાયિકાઓ પૈકીની એક એવી માંત્રિક શક્તિ દૃષ્ટિ ધરાવતી નાયિકાઓ પૈકીની એક નવી માંત્રિક શક્તિ દૃષ્ટિ ધરાવતી નાયિકાઓ વિશે જાણવાનો ઉપક્રમ છે. તેથી અહીં કુંતા અને દ્રૌપદીનાં પાત્રો પર જ ચર્ચા કરી છે. સમગ્ર આદિવાસી સ્રોતમાં તો ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમની અનેક આદિવાસીઓની મહાભારતકથામાં તો આવાં પાત્રો વિશે પણ અનેક રૂપાંતરણ ધરાવતી કથાઓ છે. પરંતુ અહીં ભીલી સ્રોતના મહાભારતને આધારે જ આ બે પાત્રોની કેટલીક વિગત જાણીએ.

ભીલી ભારથમાં આગળ જોઈ ગયાં તેમ 'સાવરાક્તિ' છે. એક જ મેલી દેવીના હાડ અને માંસમાંથી જ કુંતા અને ગાંધારીની ઉત્પત્તિ થાય છે. દ્રૌપદી તો સાક્ષાત્ સંસિદ્ધ એવી ડાકણની દેવી છે. કુંતા અને દ્રૌપદી બંને ડાકણની દેવીઓ છે અને તેમને પાંડવોના નાશ માટે મોકલી છે. ભીલી ભારત પ્રમાણે પાંચ પાંડવો 'ધ્રોફાં' એટલે કે, દ્રૌપદીને લઈ હસ્તિનાપુર આવે છે અને પાંચે ભાઈઓને તે મળી હોવાથી પાંચેની પત્ની બને છે. અને દરેક ભાઈ પોતાના વારા પ્રમાણે રાતે દ્રૌપદી સાથે શયન કરવાનું સ્વીકારે છે.

દ્રૌપદી પાંચે પાંડવોને પોતાની માયામાં છેતરવા માંગે છે. પરંતુ 'જેઠોદર' એટલે કે યુધિષ્ઠિર માયામાં ફસાતા નથી. આથી દ્રૌપદી કળામાયા કરીને દોઢ વર્ષની બાળકી બની. યુધિષ્ઠરે એને ખોળામાં લીધી દ્રૌપદી ફરી યુવાન બની ગઈ ત્યારે યુધિષ્ઠિર દોઢ વર્ષનું બાળક બની ગયો. યુધિષ્ઠિરને ખાતરી થઈ ગઈ કે દ્રૌપદી ડાકણ છે અને રાતે તેને આ ડાકણ મારી નાખી ખાઈ જશે. યુધિષ્ઠિર આખી રાત ઊંઘી ન શક્યા. એક રાતે ભીમે જોયું તો મોટાભાઈ યુધિષ્ઠિરે દ્રૌપદીના ચરણમાં



નમી, વિંઝણો વીંઝી, હોમ કરી આરતી કરી. ભીમને ઓ જોતાં આઘાત-આશ્ચર્ય થયું. એ ક્રોધથી લાલ બની ગયોને રિસાઈ ગયો. બધાં જમી ગયાં છતાં ભીમ ન આવતા દ્રૌપદી રિસાયેલા ભીમને બોલાવી લાવી અને આગ્રહ કરી જમવા બેસાડ્યો. દ્રૌપદીનો એવો માયાવી પ્રભાવ પડ્યો કે ખૂબ ખાતો-પીતો ભીમ થોડું ખાતા પીતા જ ધરાઈ ગયો. આવા પ્રભાવનું કારણ શું છે એવું ભીમે પૂછતાં દ્રૌપદીએ એ રાતે વડ પર છુપાઈને બેસી જવા કહ્યું. રાત પડતાં જ ભીમ વડ પર ચડી ગયો અને છુપાઈ રહ્યો. મધરાત થતાં પવનદેવે વડ નીચેની જગ્યાને વાળીચોળી સાફ કરી. થોડીવાર થઈ કે ઇન્દ્રપુરીમાંથી ઇન્દ્ર આવ્યો અને નીચેની જમીન લીંપીને ચોક તૈયાર કર્યો.

આ દૈવી મધરાતી દરબારમાં વૈકુંઠથી ભગવાન આવી રૂપાના સિંહાસને બેઠા. નવલાખ દેવીઓ આવી. આવો ચમત્કાર જોતાં ભીમ ભયથી ધ્રૂજ્યો. થોડીવાર થઈ કે પાડા પર સવાર થઈ માતા કુંતા આવ્યા અને સોનાના સિંહાસન પર બેઠાં. એટલામાં જ વાઘ પર બેસી દ્રૌપદી આવી એના એ હાથમાં દીવો અને બીજા હાથમાં ખાંડુ હતું.

દ્રૌપદીને જોતાં જ ભગવાન સિંહાસન પરથી ઊભા થયા. અને દ્રૌપદીનું સ્વાગત કરી સોનાના સિંહાસન પર બેસાડી બધો દરબાર પૂરો ભરાયો ત્યારે ભગવાને દ્રૌપદીને પૂછ્યું : 'પાંડવોને તમારા મોહમાં નાખીને બરાબર ફસાવ્યા છે ને, જેથી એમનો નાશ થાય ?'

દ્રૌપદી બોલી : 'ચાર મારી માયામાં ફસાયા છે પરંતુ હજુ યુધિષ્ઠિર મારી માયામાં ફસાયા નથી.'

— માતા જ પોતાના પુત્રોનો અને પત્ની જ પોતાના પતિઓનો નાશ કરવા માગે છે, એ જાણી ભીમ કંપી ઉઠ્યો.

રાતના દિવ્ય દરબારનું ભયંકર રૂપ જોઈને, ઈશ્વરે જ કુંતા અને દ્રૌપદીને માતા અને પત્નીનાં રૂપમાં મોકલેલી બે ડાકણની દેવીઓ જ છે, એવું જાણીને ભીમને દુઃખ અને આશ્ચર્ય થયાં. આથી એ વહેલી સવારે જ કુંતામાતા પાસે પહોંચી ગયો અને કહ્યુંઃ 'રાતનો દરબાર હું જોઈ બધું જાણી ગયો છું. અમારે રાજ્ય નથી જોઈતું. અમારે દ્રૌપદીની માયાથી બચી વિનાશથી બચવું છે.'

કુંતાએ ભીમને રસ્તો બતાવ્યો. એણ રુદન સાથે દ્રૌપદી પાસે વેદના ઠાલવી અને પાંડવોનો વિનાશ ન થાય તે માટે વિનંતી કરી. દ્રૌપદીએ વિનાશમાંથી બચવાનો માર્ગ દર્શાવ્યો ભીમે સ્પષ્ટ કહ્યુંઃ 'તું ડાકણ છે. અમારી માતા પણ ડાકણ

છે. ડાકણમાતા ! તમે અમને જીવતાં છોડો !' દ્રૌપદીએ વિનાશનું કારણ અભિમાન છે એ દર્શાવ્યું. ભીમ કુંતાને પણ કહે છેઃ 'તમે અમારાં માતા છો. તમે અમને પેદાં કર્યાં. તમે જ અમને જન્મ આપ્યો, મોટા કર્યાં ને હવે તમે પોતે જ અમને ખાશો ?'

— ત્યારે કુંતા કહે છેઃ તમે મરશો તો તમારા જ પાપે ને તમારા અભિમાનને કારણે ! જો ભક્તિના માર્ગે ચાલશો તો તમે વિનાશમાંથી બચી જશો.'

આ પછી મૂળકથાની વાત તો લાંબી છે. ભીમ ભક્તિ માતાને પાતાળમાંથી બોલાવી લાવે છે. આ બધી જ કથાની આનુષંગિક વિગતો અહીં આવશ્યક નથી. પરંતુ મુખ્ય મહત્ત્વની બાબત એ છે કે ડાકણ વિશેના જે આદિમ ખયાલો હતા એનું અહીં કુંતા અને દ્રૌપદી પર આરોપણ થયું છે. આવી કથાઓ અને એની પાછળની શ્રદ્ધાઓને કારણે જ મહાભારતની દ્રૌપદીને ડાકણની દેવી માનવામાં આવી અને તેને સાધવાના વિધિવિધાન અને મંત્રો દ્રોપદી-કલ્ટમાં થતાં રહ્યાં. પાંડુનો મોક્ષ થતો નથી અને મૃત્યુ પછી તે નર્કમાં પડે છે અને અંતે શ્રીકૃષ્ણની દયાથી, અનુગ્રહથી પાંડુ નર્કમાંથી છૂટે છે, અવતાર પામે છે પરંતુ શ્વાનયોનિમાં ! આ યોનિ જ મોક્ષ પહેલાંની ગતિ મનાય છે. કૂતરું, ભવ પાર ઊતર્યું ! એટલે કે ભવાટવિમાં મહાકથાઓમાં એવું દર્શાવવામાં આવે છે કે જ્યારે કોઈ એક રાજવંશમાં મદદથી છકેલા, દ્યૂતથી ભ્રષ્ટ અને રૂપથી આંધળા બનેલા રાજવીઓ ભાન ભૂલે છે, પાપાચાર કરે છે ત્યારે ઈશ્વર જ કોઈ એવી સ્ત્રીનું નિર્માણ કરે છે જે આવા અનિષ્ટ તત્ત્વોનો યુદ્ધ દ્વારા નાશ કરાવે. ભીલોના ભારથની કથામાં પણ આ વાત છે જ, ઈશ્વરે કુંતા અને દ્રૌપદી બન્નેને પાંડવોનો એમના જ પાપથી નાશ થાય એવી માયા રચવા મોકલવામાં આવ્યાં છે. પરંતુ કુંતાના બોધથી પાંડવો ભક્તિને સાધન બનાવે છે, સત્યનું પાલન કરે છે તેથી વિનાશમાંથી બચી જાય છે.

અન્ય મહાકાવ્યોમાં પણ સ્ત્રીપાત્રોમાં એ બન્નેનું આરોપણ થયેલું જોવા મળે છે. ભીલોના અરેલાની કથામાં પણ ઝેળુ/વેળુ પણ માંત્રિક નાયિકા છે. ભૂખ દેવીનો અવતાર છે. ગુર્જરોનો નાશ થાય એ માટે જ ઈશ્વરે જ આ સ્ત્રીને, એક દૈવી તત્ત્વને, માનવસ્ત્રી તરીકેનો અવતાર આપ્યો છે. પાંડવો તો અંતે પ્રબોધને જાગે છે, 'સત' જાળવે છે અને અંતે બચે છે. પરંતુ દ્યૂત અને મદ્યપાનથી છકી ગયેલા ગૂર્જરો 'સત' જાળવી શકતા નથી, અન્યની પરણેતરનું અપહરણ કરે છે અને તેનો નાશ થાય છે.

નાયિકામાં રહેલી અમાનુષી માંત્રિક શક્તિના એક દૃષ્ટાંત તરીકે જ આ કથાના કેટલાક અંશો જોઈએ. વાઘજીના મેહો અને ભોજો નામના પુત્રો હતા. ઝેળુ



નામની કન્યા અને ભોજો પ્રેમમાં હતાં પરંતુ ઝેળુના પિતાએ એનાં લગ્ન માલધારી ગૂર્જર ભોજા સાથે ન કરવા ગામધણી રાણા સાથે કર્યાં. ભોજાએ રાણાની પરણેતર બનેલી ઝેળુને પોતાનાં ઘરમાં બેસાડી અને વાઘજીના પુત્રોને રાણાઓ સાથે વેર બંધાતાં બન્ને વચ્ચે વિનાશક ધિંગાણું થયું અને રાણાને હાથે વાઘજીના બધા પુત્રો-વાઘજી રા, આઉત બગડાવતને મારી નાખ્યા. વાઘજીના જ પછીથી જન્મેલા પુત્રે યુવાન થતાં ગાયોના ધણથી રાણાઓનાં રાજ્ય અને વંશને ખેદાન-મેદાન કરી વેર લીધું.

ભીલીભારથનો સંદર્ભ લઈએ તો તેમાં જન્મોજન્મના ફેરામાં કૂતરા તરીકે જન્મે તે પછી જ અવતારની પરંપરાનો અંત આવે છે. આમ, કૂતરાનો અવતાર 'પેનલ્ટી મેઈટ સ્ટેજ'નો છે, ઉપાન્ત્ય. પરંતુ પાંડવો કે કોઈ પુરુષ આ જોઈ જાણી શકતા નથી. માત્ર અર્જુનની પત્ની અને ભગવાન શ્રીકૃષ્ણની બહેન સુભદ્રા જ જાણી શકે છે કે કાળિયું કૂતરું તેના મૃત સસરા પાંડુ છે. અને તે આ વાત દ્રોપદીને કરે છે. દ્રૌપદી શ્વાનરૂપ શ્વસૂરના થાળમાં રાજભોગ ધરાવે છે. આ જોઈ ભીમ ગુસ્સે થાય છે. ત્યારે દ્રૌપદી પાંડુની દુર્ગતિ થઈ છે, કૂતરા રૂપે જન્મ થયો છે તે જણાવે છે અને યોગ્ય ગુરુ દ્વારા યોગ્ય યજ્ઞ-ધર્મવિધિ કરવાનું જણાવે છે. અહીં પણ જોઈ શકાશે કે કુંતા અને દ્રૌપદીની જેમ સુભદ્રામાં પણ પુરુષમાં ન હોય એવી શક્તિ છે.

વંશવેર, યુદ્ધ અને નાશમાં મુખ્ય કારણ સ્ત્રી જ હોય છે, કોઈ એક અત્યંત સુંદર સ્ત્રી પ્રત્યેના મોહ-આસક્તિ જ મહાવૈર અને વંશયુદ્ધનાં બીજ વાવે છે, આ માન્યતા વિશ્વભરમાં છે. પરંતુ આદિવાસીઓની મૂળ ઘટના આટલી છે અને આ ઘટના બન્યા પછી, આ વિશેની દંતકથાઓ વહેતી થઈ, કાળક્રમે વાઘજીના જ નાના પુત્ર અથવા તો મેહા કે ભોજાના પુત્ર દેવાનારાયણને લોકદેવ માનવામાં આવ્યું અને દંતકથાએ સૂતકથા બારોટીસ્રોતની કથામાં પુરાકથાનું રૂપ લીધું અને આ લોકદેવના પૂજનઅર્ચનાદિના વિધિવિધાન સાથે ગવાતી રચનાઓનું લોકમહાકાવ્યના રૂપમાં છેલ્લું રૂપ બંધાયું અને તે પછી આવી રચના વિધિવિધાનની સાથે સંકળાતાં કૃતિનો પાઠ અફર અને નિશ્ચિત બન્યો. રાજસ્થાનમાં આ કથા બગડાવતકથા તરીકે અને ગુજરાતના ખેડબ્રહ્મા વિસ્તારના આદિવાસીઓમાં આ કથા 'ગુજરાંનો અરેલો' તરીકે લોકદેવની આદિવાસીકથા તરીકે વિધિવિધાન સાથે ગવાતી થઈ. આ લખનારે આ કથાના ૧૦૩ જેટલા મુખ્ય કથાઘટકોની તારવણી કરી તેની ચર્ચા કરી છે.

ગ્રેટર ટ્રેડિશનની રામકથા, કૃષ્ણકથા-પાંડવકથા હોય કે પછી લીટલ ટ્રેડીશનની બગડાવતકથા કે પાબૂજીકથા હોયઃ આ બંનેમાં કેન્દ્રસ્થ મૂળ ઘટના તો નાની હોય છે, દંતકથારૂપે તે વિસ્તરે છે અને ત્રીજી ભૂમિકાએ સૂતપરંપરામાં Bardic tradionમાં એનું આખરી છેલ્લું રૂપ બંધાય છે. એમાં હવે કથાજન્ય ચમત્કાર, નવું જ અર્થદર્શન, જુદી જ પાત્રવિભાવના ઉમેરાય છે. રામકથા, કૃષ્ણકથા વગેરેમાં પણ એમ જ થયું છે. સૂતપરંપરા જ કથાને કોઈ નવો ને જુદો જ અર્થ આપે છે. એમ કરવામાં મુખ્ય હેતુ બનેલી ભયંકરવિદારક ઘટનાના યુગો સુધી વિસ્તરેલા પ્રભાવને દર્શાવી, આવી અનિષ્ટ આપત્તિકર ઘટના કેમ બની, કયા-કારણે બની છે તેનો બોધ આપવાનો હોય છે. એજ કથાપ્રાપ્ત બોધ, ઉપદેશ, કે જીવનદર્શન હોય છે.

આ તત્ત્વ જ્યારે ઉમેરાય છે ત્યારે મેધાવિ પ્રતિભાશાળી એવો કથાનો છેલ્લો editor, જે પરંપરાને વ્યાસ નામથી કે સૂતપરંપરાના નામથી જાણીએ છીએ તેમાં યુદ્ધના વિનાશક પરિણામનાં કોઈ એક કે અનેક કારણોનાં મૂળમાં જવાનો મુખ્ય ઉપક્રમ હોય છે. મોટાભાગની આવી વંશનાશ વહોરતા યુદ્ધમાં સંઘર્ષના મૂળમાં જમીન અને સ્ત્રી માટેનો જ ઝઘડો હોય છે અને દારૂ તથા જુગાર જ તે વંશના મહારથીઓને ભાન ભુલાવે છે. સ્ત્રીનું સૌન્દર્ય, એનો પ્રભાવ અને એની પ્રાપ્તિ માટેની ઝંખના, પ્રયત્નોમાંથી ઊઠતા સંઘર્ષો જ યુદ્ધ કરાવે છે, જે વંશનાશમાં પરિણમે છે.

સૂતપરંપરાનું એક મુખ્ય દર્શન બૃહદ્ તથા લઘુ અને બંને પરંપરાઓને એ છે કે જ્યારે કોઈ પણ ઉન્નતિ પામતો વંશ નાશ પામે છે ત્યારે એની પાછળ કુદરત કે ઈશ્વરની જ કોઈ ખાસ યોજના હોય છે. ઈશ્વર કોઈ એવી અદ્‌ભુત આકર્ષણ ધરાવતી સુંદરતમ સ્ત્રીને સર્જે છે જે સત્તા, દ્યૂત, વાસના, મદ્યપાનમાં માર્ગ ભૂલ્યા હોય તેનો નાશ થાય છે. આથી જ કુંતા અને દ્રૌપદીને ઈશ્વરે માતા અને પત્નીના રૂપમાં નાશ કરવા મોકલેલાં, એવું નિરૂપણ છે અને ભૂખની દેવીને જ ઈશ્વરે ઝેબુના રૂપમાં પૃથ્વી પર મોકલી અને મદાંધ એવા ગૂર્જરો અને રાણાઓનો વિનાશ કરાવ્યો.

## શીલવતી-સતી નાયિકાઓ અને દેવીઓ :

લોકકથાની નાયિકાઓમાં એક મહત્ત્વનો અને છેલ્લો પ્રકાર શીલવતી-સતીઓ અને દંતકથારૂપ વિરાંગનાઓ અને લોકદેવીઓનો છે. આમાં શીલવતી અને સુશીલ, સંયમી, સાંસ્કારી, એકનિષ્ઠ એવાં નારી પાત્રો લોકકથાના પહેલા



પ્રકાર કલ્પિત કથાઓમાં સમાવેશ પામે છે. અને બીજો જે પ્રકાર છે તેનો ખ્યાત કે બનેલી મનાતી ઘટના કે ઘટનાઓ જેમની સાથે સંકળાયેલી છે તેવી દંતકથાની નાયિક સાથે છે. ભારતીય-કથા મીમાંસા અને તેના વર્ગીકરણમાં ઉત્પાદ્ય એટલે કે જેનું કથાનક કલ્પેલું છે તેનો 'કથા'માં સમાવેશ થાય છે. અને જે પાત્ર ઈતિહાસનું હોય અને તેની સાથે દંતકથામૂલક ઘટનાઓ સંકળાયેલી હોય અને દંતકથાના રૂપમાં જે ખ્યાર હોય એવી ખ્યાતવૃત્તની દંતકથાનો સમાવેશ આખ્યાયિકોમાં થાય છે.

વિશ્વક્ષેત્રે થતા લોકસાહિત્યના અભ્યાસમાં લોકકથાઓને (ફેયરી-ટેઇલ), પરિકથા દંતકથા (લીજન્ડ) અને પુરાકથા (મીથ) એવા ત્રણ પ્રકારોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. આથી કલ્પેલું કથાનક હોય કે કોઈ બની ગયેલી ઘટના અને તેની સાથે સંકળાયેલા પાત્રની કથા હોય અથવા તો લોકો ધાર્મિક શ્રદ્ધાથી જેને સ્વીકારતા હોય એવી દેવકથા-પુરાકથા એટલે કે મીથ હોય એ ત્રણેનો સમાવેશ લોકકથા (ફોક્ટેઈલ)માં થાય છે.

નાયિકાઓને દૃષ્ટિમાં રાખીને વિચારતાં કલ્પનાજન્ય જે લોકકથાઓ છે તેમાં શીલવતી, સુશીલ, પ્રેમને અને પતિને એકનિષ્ઠ અને સ્ત્રીત્વનું વીરતાથી કે દક્ષતાથી રક્ષણ કરતી નાયિકાઓ છે તેમાં શીલવતી, કામાવતી, હંસાઉલી એમ અનેકનો સમાવેશ થાય છે. આવી કથાઓમાં નાયિકાને ક્યારેક નાયકની અલગ પડવાની સ્થિતિમાં મૂકાવું પડે છે. પ્રેમી કે પતિ તેનું રક્ષણ કરવા ઉપસ્થિત હોતો નથી. આવી અવસ્થામાં અન્ય કામુક પુરુષના વિઘ્નનો સ્ત્રીને પોતાને જ, પોતાની રીતે જ, સામનો કરવાનો હોય છે. એ ક્યારેક કોઈ યુક્તિથી, દૃષ્ટાંત આપીને કદી એ પોતાનું સ્ત્રીપણું છુપાવવા પુરુષને વેશ ધારણ કરીને પોતાનું સ્ત્રીત્વ અને શીલ જાળવે છે. પુરુષવેશી નાયિકાના લોકકથામાં અનેક દૃષ્ટાંતો મળે છે. શામળે જે લોકકથાઓને દુહા-ચોપાઈમાં લખીને કૃતિના રૂપમાં બાંધી છે તેમાં આવી અનેક નાયિકાઓ જોવા મળશે. દૃષ્ટાંત તરીકે 'મદન-મોહના' નામની પદ્યવાર્તામાં મોહના. એ મદનથી, પોતાના પ્રેમીથી જુદી પડી ગઈ છે, એકલાં જ પ્રવાસ અને સાહસ કરવાનાં છે ત્યારે પુરુષનો વેશ ધારણ કરે છે, પોતાને અન્ય પુરુષોની કુદૃષ્ટિથી આપત્તિમાંથી બચાવે છે એટલું જ નહીં, પરંતુ વીરપુરુષ નાયકની જેમ જ પોતાનાં શૌર્ય-કૌશલ્ય-ચાતુર્યથી રાજગાદી પ્રાપ્ત કરે છે અને પુરુષના વેશમાં જ અન્ય સ્ત્રીઓ સાથે લગ્ન પણ કરે છે અને જ્યારે પતિનું મિલન થાય છે ત્યારે પુરુષવેશને કારણે પ્રાપ્ત થયેલી પરણેતરને પોતાના પતિને પત્નીના રૂપમાં સોંપે છે અને સપત્ની-શોક્યના રૂપમાં ઉદારતા અને આનંદ સાથે તેનો સ્વીકાર પણ કરે છે.

શામળની અનેક નાયિકાઓ કે શિવદાસે જે કથા લખી તે કામાવતી જેવી અનેક નાયિકાઓમાં આવું જોવા મળે છે. આમાં બીજો જે પ્રકાર છે તે ચાતુર્યથી પોતાનાં શીલનું રક્ષણ કરતી નાયિકાઓનો છે. આની વિશેષ નોંધપાત્ર પ્રતિનિધિ શીલવતી છે. એની કથા અનેકના હાથ અને કથાઓમાં આલેખવામાં આવી છે. શીલવતીમાં જે ચાતુર્યની યુક્તિ છે તે તો કોઈ પૂર્વપ્રચલિત એવી લોકકથાની જ છે. અને આમાં મુખ્ય ચાતુર્ય તો શીલરક્ષવા માટેના અને કામી પુરુષને પાઠ ભણાવવાનું જ છે. આથી શીલકથામાં એ વિશેષ પ્રયોજાયો અને તે જૈનસ્રોતમાં તે ઉદયકુશલ અને નેમિવિજયના શીલવતી રાસમાં તથા જયવંતસૂરિની 'શૃંગારમંજરી' નામની કૃતિમાં આવ્યો. આ જ ચાતુર્ય કુશીલવતી નાયિકાની કથામાં સ્ત્રીચરિત્રના નાયિકાની કથામાં સ્ત્રીચરિત્રના રૂપમાં આવ્યો અને તે શામળના ચાંપલી માલણની કથામાં છે. શીલરક્ષાનું સ્ત્રીનું ચાતુર્ય તો વિશ્વમાં બહોળા પ્રમાણમાં સમ્પ્રસારિત થયું છે અને એરેબિયન નાઇટ્સમાં તે સુથારની બહેનની કથામાં છે.

શીલરક્ષા માટેનું ચાતુર્ય સ્પષ્ટ થાય એ માટે જયવંતસૂરિની 'શૃંગાર-મંજરી'માં જે કથા છે તે જોઈએ. પ્રધાન બનેલા અજિતસેનના ગળામાં ક્યારેય ન કરમાય તેવાં પુષ્પોની માલા જોતાં રાજાને આશ્ચર્ય થયું. રાજાએ કારણ પૂછ્યું તો અજિતસેને સગર્વ જણાવ્યું; 'આ માળા મને યુદ્ધમાં જતી વખતે મારી પત્નીએ મને પહેરાવી છે. એના સતિત્વને કારણે આ માળાનાં પુષ્પો કાયમ તાજાં રહે છે અને કરમાતાં નથી.'

સતિત્વના પ્રભાવની આ વાત કેટલાક દરબારીઓને ખૂંચી. એમણે ખાનગીમાં રાજાને કહ્યું; 'અજિતસેનના ભ્રમ અને ગર્વને ભાંગવા જોઈએ. એની પત્નીને સતીત્વની કસોટી કરવી જોઈએ.'

રાજા તૈયાર થયા. એમનો એક યુવાન, સ્વરૂપવાન મંત્રી શીલવતીના શીલનું પારખું કરવા નગરમાં પાછો ગયો અને શીલવતીને ચલિત કરવા પ્રયત્ન કર્યો. શીલવતીએ-કથામાં એનું નાયિકા તરીકેનું નામ જુદું છે — આ પ્રધાનનો સદ્ભાવ જગાડવા પ્રયત્ન કર્યો. પરંતુ એ ન જ સમજ્યો ત્યારે શીલવતીએ આ કામુકને પાઠ ભણાવવાની યોજના કરી પ્રધાનને એક રાતે એકાંતમાં બોલાવ્યો. આતિથ્ય કર્યું અને વાણ વગરના ખાટલા પર પાથરેલા ગાદલા પર બેસાડ્યો. ખાટલા નીચે ઊંડો કૂવો હતો. ગાદલા પર બેસતાં જ પ્રધાન ઊંડા કૂવામાં પડ્યો. શીલવતી એને જરૂર પૂરતાં જ ખોરાક-પાણી દોરડે બાંધી કૂવામાં ઊતારતી હતી, જેથી કૂવામાં કેદ થયેલો પ્રધાન જીવતો રહે !

ઘણો સમય પસાર થવા છતાં પ્રધાન પાછો ન ફરતાં રાજાએ બીજાને



મોકલ્યો. એ પણ કૂવામાં કેદ થયો. એ પછી ત્રીજાને મોકલ્યો તો એની પણ એ જ દશા !

અજિતના ગળાની માળા ન કરમાઈ ! સતીત્વના પ્રભાવે પુષ્પો તાજાં અને મહેકતાં જ રહ્યા. યુદ્ધ પૂરું થતાં રાજા અને અજિતસેન નગરમાં પાછાં ફર્યા અને શીલવતીએ રાજાને ભોજન માટે નિમંત્રણ આપી કૂવામાં કેદ થયેલા ત્રણ-ચાર કામુકોને કહ્યું: 'હું કહું એમ કરો તો તમને કૂવામાંથી બહાર કાઢું !' ચારે અધમૂવા ના કેમ પાડે ? એમણે વચન આપ્યાં. શીલવતીએ એમને ચૂને રંગ્યા ને ભૂત જેવા બનાવ્યા.

અનેક વાનગીઓથી પ્રસન્ન થયેલા રાજાએ શીલવતીને પૂછ્યું : 'તમે આટ-આટલી વાનગીઓ આટલી ઝડપે કેવી રીતે તૈયાર કરાવી શક્યાં ?'

શીલવતી બોલી; 'મહારાજ ! મેં રસવતી યક્ષોને સાધ્યા છે. એ જે કહું એ બધું જ ક્ષણભરમાં તૈયાર કરી આપે છે.'

રાજાને એ રસવતી યક્ષો જોવાની ઇચ્છા થઈ અને કહ્યું : 'મને એમને બતાવશો ?' શીલવતી સહાસ્ય બોલી; 'જરૂર મહારાજ! તમને બતાવીશ અને તમને તમારી સેવા માટે પણ આપીશ !'

— આમ કહી ચાર ભૂતને રજૂ કર્યાં.

શીલવતી-રાસની વિવિધ કૃતિઓમાં રાજા વગેરેની ભૂમિકા કથા જુદી જુદી છે, પરંતુ બધે જ આ શીલરક્ષાનું ચાતુર્ય છે. એરેબિયન નાઇટ્સમાં પણ આ કથા આ રીતે છેઃ

કોઈ એક નિર્દોષ જેલમાં નાખ્યો. એની યુવાન, સુંદર બહેન તેને છોડવવા થાણે ગઈ. થાણેદાર કહે : 'એક રાતનો વાયદો કરે તો તારા ભાઈને કેદમાંથી મુક્ત કરું !'

બાઈ બોલી-વિચાર કરી કહીશ. એ ગઈ ફોજદાર પાસે ફરિયાદ કરવા. એ કહેઃ 'મારા તાબેદારને સજા કરું અને તારા ભાઈને છોડાવું પણ તારે એક રાત....

બાઈ પહોંચી કાજી પાસે તો ત્યાં પણ એ જ શરત.

બધાની ફરિયાદ લઈ વજીર પાસે ગઈ તો એ પણ કામુક. અંતે પહોંચી બાદશાહ પાસે ! ત્યાં પણ એ જ કામુક એવું પુરુષ માનસ.

યુવાન સ્ત્રીએ આ બધાંને પાઠ ભણાવવાની યોજના કરી ઊભી પેટીમાં પૂરવા વિચાર્યું. પહોંચી સુથાર પાસે ! એ પણ બીજાં જેવો રાતવાસો માણવાની ઇચ્છાવાળો ! સ્ત્રીએ એને પણ ગણતરીમાં લઈ સાત ખાનાવાળી કબાટ જેવી ઊભી

ઊંચી લાકડાની પેટી બનાવી અને બધાંને એક-અર્ધા પ્રહરના ગાળે નિમંત્ર્યા એક રાતે !

કામલોલૂપ થાણેદાર આવ્યો, આદરથી બેસાડ્યો, જમાડ્યો ત્યાં ફોજદારે બારણું ખખડાવ્યું ને પોતાનો ઉપરી આવે છે એ જાણી ભયથી ધ્રૂજવા લાગ્યો, છૂપાવવા વિનંતી કરવા લાગ્યો. યુવાન રૂપાળી સ્ત્રીએ એને પેટીના એક ખાનામાં પૂરી બારણું વાસ્યું. ફોજદાર આવ્યો, બેઠો, સ્વાગત પામ્યો, થોડીવાર થઈ કે બારણું ખખડ્યું ! પોતાનો ઉપલા અધિકારી આવ્યા છે જાણી છક્કા છૂટી ગયા. એ પણ સ્વેચ્છાએ પેડીએ પુરાયો ! આમ કાઝી, નજીર, બાદશાહ બધાં જ પેટીમાં કેદ ! સ્ત્રીનો પતિ આવ્યાનું સાંભળતા બાદશાહ પણ સ્વેચ્છાએ પેટીમાં પુરાયેલો !

એમાં એક ઉપલા ખાનાવાળાથી ન રહેવાતાં પેશાબ થઈ ગયો ને નીચે રેલો આવ્યો તે બોલી જવાનુંઃ 'કોણ છે કમબખ્ત !' ત્યારે બોલ્યો; 'હજુર હું ! તમે પણ પુરાયા છો ?' આ સાંભળી કાજી બોલ્યા; 'હુંય પુરાયો છું' પ્રધાન કહે; 'તો તો બધા સપડાયા આપણે બાદશાહ સિવાયના !' એ સાથે બાદશાહ બોલ્યો; 'હું કંઈ બાકી નથી રહ્યો !'

ઉપરના અધિકારીનું આગમન થતાં નીચેનો અધિકારી સ્વેચ્છાએ લાચાર બને, છુપાય અને અંતે બધાંની પોલ ખુલે એવી કથા જપાનમાં પણ છે અને તેના પર ખડખડાટ હસાવતી કોમેડીની ફિલ્મ પણ ઊતરી છે !

શામળે સૂડાબહોંતેરીમાં શીલકથાનું ચાતુર્ય ચાંપલી જેવી સ્ત્રીના ચરિત્રરૂપે આલેખ્યું છે. એમાં અમુક અધિકારીઓને ચાંપલી ફસાવે છે અને અંતે પરાકાષ્ઠાએ એનો પતિ આવે છે.

આમ, કલ્પિત એવી લોકકથાઓની નાયિકામાં ધૈર્ય, ચાતુર્ય-કૂનેહ અને શસ્ત્રાદિના સામર્થ્યનું આરોપણ વાર્તાકારોએ કર્યું છે.

### મોરબીની વાણિયણ ને અન્ય કથાઓ

દંતકથાની નાયિકાઓમાં દમનની દઢતા, નિશ્ચયશક્તિ, પોતાના પતિપુત્ર પરિવારને ઉત્તમ ગણવાની ભાવના અને શીલ રક્ષાર્થે બલિદાન આપવાની તત્પરતા જોવા મળે છે. એમાં જ ભારતીય સ્ત્રીનો આદર્શ છે. આ વર્ગની જે કથાઓ છે તેની પાછળ લોકમાનસની દષ્ટિએ તો કોઈ બનેલી વાસ્તવિક ઘટના જ છે. અમુક ઐતિહાસિક ગાળામાં અમુક સમયે બની ગયેલી ઘટનાઓની દંતકથા તરીકે જ આવી કથાઓ, ગીત, રાસડા કે ટચુકડાના રૂપે સાંભળવા મળે છે. રાણક અને



જશમા ઓડણની કથા જાણીતી છે. બંને કથાઓને કેટલાક હેતુઓથી જ સિદ્ધરાજ સાથે સાંકળવામાં આવી છે. હકીકતે આ બંને કથાઓને કેટલાક હેતુઓથી જ સિદ્ધરાજ સાથે સાંકળવામાં આવી છે. જે ભિન્ન કુળ સાથે જોડાયેલી છે. સોરઠ-વીસૂની પ્રેમકથાને જ સિદ્ધરાજ સાથે જોડવામાં આવી હોવાનો સંભવ છે. વિસામણ એના મામાનો આશ્રિત હતો અને સોરઠના પ્રેમમાં હતો. મામા રાજવી હતા અને એ ભાણેજની પ્રેયસી કે પત્ની બનેલી સોરઠને ઉઠાવી ગયા અને મામા-ભાણેજ વચ્ચે વેર બંધાયું એવી કથા છે. આ કથાની નાયિકાનું નામ સોરઠ છે, તેથી કાળક્રમે કોઈ હેતુએ એને સોરઠના રાજા ખેંગારની પત્ની તરીકે દર્શાવવામાં આવી અને જૂનાગઢ-પાટણ વચ્ચે સંઘર્ષ થતા જ રહેલા સિદ્ધરાજ અને રા'ખેંગારની કથામાં એનું ઉમેરણ થયું અને જૂનાગઢના રાજા રા'ખંગારનો વધ કરી સિદ્ધરાજ રાણકને ઉઠાવી ગયો પરંતુ એકનિષ્ઠ રાણી ભોગાવામાં સતી થઈ. એની દેરી પણ બનાવવામાં આવી છે. મામા-ભાણેજનો સંદર્ભ આ કથામાં રા'ખેંગાર અને તેના ભાણેજ દેશળ-વિશળ સાથે જોડવામાં આવ્યો છે. આમ ઐતિહાસિક ઘટના રૂપે આ કથા વિશેષે સંશોધન ચર્ચા માંગે છે, પરંતુ લોકકથાના જ એક પ્રકાર દંતકથા Legendની નાયિકાના રૂપમાં રાણક નોંધપાત્ર અને ઉલ્લેખનીય છે.

જશમા ઓડણની કથા પણ સિદ્ધરાજના ઐતિહાસિક સંદર્ભે પાછળથી જોડાયેલી હોવાનો જ સંભવ વધારે છે, પરંતુ એક દંતકથા તરીકે આ એક બહુ પ્રચલિત અને સમ્પ્રારિત છે. રાજા તળાવ ખોદાવવાના કે ઘોડાં પાવાનાં નિમિત્તે કોઈ સુંદર સ્ત્રીને જુએ અને એ પરણેલી હોય તો પણ રાજા પ્રલોભનો આપીને પોતાની રાણી બનાવવા પ્રયત્ન કરે અને ભારતીય નારી આવાં પ્રલોભનો નકારે એટલું જ નહીં. પરંતુ રાજાનો હિંમતપૂર્વક સામનો કરે, જડબાતોડ જવાબ આપે એવી દંતકથાઓ તો અપાર છે. બાદશાહ અને મેનાગૂર્જરી, ચંદરાવેણી, મોરબીના જીવાજી ઠાકોર અને વાણિયણ વિશેની અનેક કથાઓ મળે છે. આમાં ઘટના તરીકે કથાનો કોઈ વિશેષ ચમત્કાર હોતો નથી એથી દંતકથા ગદ્યમાં કહેવાતી કથાને બદલે કથાગીત કે રાસડાના રૂપમાં ગવાતી હોય છે. પશ્ચિમ ભારતના અનેક પ્રદેશોમાં આવાં અનેક કથાગીતો છે અને તેનું પાયાનું ગીત-માળખું બધે જ સરખું છે. રાજા આવી સ્ત્રીને પોતાની રાણી બનાવવાની લાલચ આપે, મહેલ-અલંકાર-પશુધન-સાધનસામગ્રીનાં પ્રલોભનો આપે તેની સામે અડગ એવી નાયિકાઓ પોતાની પાસે જે છે તે કેટલું બહુમૂલ્ય છે, અને રાજા જેની લાલચ આપે છે તે પોતાને મન કેટલું તુચ્છ છે તે દર્શાવે છે. અહીં નાયિકાના આ પ્રકારના વર્ગમાં

કથાકાર એવા પુરુષના માનસનું જ રૂપ નથી, એની અપેક્ષા જ નથી, પરંતુ દેશજ ગ્રામીણ મનાતી સ્રીના જ એકનિષ્ઠા અને દઢતા છે. અનેક લોકકથાઓ અને લોકગીતો છે, તેમાં આવી જ નાયિકાઓ જોવા મળશે. કથાના નળ દમયંતીનો ત્યાગ કરી ચાલ્યા જાય, કોઈ દમયંતી નળનો ત્યાગ કરતી જોવા નહીં જ મળે !

વાસ્તવિક જીવનની કોઈ કાળે બનેલી અને કહેવાતી આવતી ટુચકારૂપ દંતકથાઓમાં મરણિયો સામનો કરીને ઝઝૂમતી નારીઓની શક્તિ, એનું રણચંડીનું રૂપ પ્રગટ થાય છે. સામાન્ય રીતે નબળી ગણાતી નારી રણચંડીરૂપે સો નરને પણ ભારે પડે છે એની મૂળ શક્તિમાં પણ સતીત્વ અને શીલરક્ષાનો જ દઢ સંસ્કાર છે. આવી નારીઓની કથાઓ ક્યારેક ટુચકારૂપે જ કહેવાતી રહે છે. મેઘાણીની સૌરાષ્ટ્રની રસધારના પહેલા જ ભાગમાં આવો કિસ્સો રાજપૂતાણીનો છે. ડંફાસ મારતો પગી લુંટારાઓનો સામનો કરી શકતો નથી તેથી લાચાર બનેલી આણે જતી નવોઢા પોતાનાં આભૂષણો લુંટારાને આપવા તૈયાર છે, પરંતુ પગનો તોડો કાઢવાને બહાને લૂંટારો જ્યારે એબ પર હાથ લંબાવવા જાય છે કે ક્ષત્રિયાણીમાં વિશેષ ઊર્જા પ્રગટે છે, રણચંડી બનવાની ! એની પાસે બીજું તો કોઈ શસ્ત્ર નથી. હાથવગુ છે. ગાડામાં ખોસેલું બાવળનું આડું ! ક્ષત્રિયાણી આડુ કાઢે છે અને એબ પર હાથ નાખવા જનારનું માથું શ્રીફળની જેમ વધેરી નાખે છે અને એના બીજા સાથીદારો પર રણચંડી બનીને તૂટી પડે છે. લુંટારુઓ ભાગે છે. ક્ષત્રિયાણીનો આવેશ શમતો નથી અને 'ચમક'માં માનસિક ક્રોધથી ઊર્જાના અદમ્ય આવેગથી અંતે મૃત્યુ પામે છે. આ રણચંડીની વાત જ પછી કંઠ પ્રવાહમાં ચાલે છે, પરંતુ લોકશ્રદ્ધા એવી દઢ નથી બનતી કે આવી સ્રીનું સ્થાનક થાય, એની બાધા-આખડી બંધાય, લોકશ્રદ્ધાનું વિસ્તરણ થાય. જો ઘટનાનો પ્રભાવ વિશેષ ઉત્કંટ અને વ્યાપક હોય તો એમાંથી જ કાળક્રમે લોકદેવીનું કલ્પન દઢ થાય, એની કથાનો ધાર્મિક રૂપમાં જાતિગત સ્વીકાર થાય, એ કથાનાં કલ્પનો પુરાકથામાં રૂપાન્તરિત થાય અને એમાંથી લોકદેવીના રૂપમાં એનું વિસ્તરણ થાય, દૈવી તત્ત્વનું આરોપણ થાય.

ભારતભરમાં લોકદેવીઓની આવી હજારો જ નહીં, સંભવતઃ લાખોની સંખ્યામાં લોકદેવીઓનાં પૂજન-અર્ચન છે. એનાં અનેક પ્રકારનાં સ્ત્રોત છંદ, અષ્ટક, રાસ-ગરબાઓ છે, અનેક પ્રકારનાં વિવિવિધાનો અસ્તિત્વમાં છે, બાધા-કર-થાનક વગેરે ગામમાંથી તાલુકામાં, તાલુકામાંથી જિલ્લા અને નગરોમાં વિસ્તરે છે. દેવીઓનાં આવાં હજારો-લાખો રૂપો જ અંતે તો પાર્વતીના જ અંગોનું વિસ્તરણ છે, એવું સતી વિશેની પુરાકથાએ સ્વીકારાયું, નવદુર્ગાનું કલ્પન બંધાયું, ચારણસ્રોતમાં



લોબડાયું માતા પૂજાવા લાગી, એના સરજૂ, ચરજૂ ગવાતાં થયાં, એનું પ્રશિષ્ટ રૂપ માર્કંડેય ઋષિએ સાવર્ણિક પર્વમાં, દેવીપુરાણમાં બાંધ્યું અને રાત્રિસૂતક, શક્રાદય વગેરે સ્તોત્રોમાં એનું સૂક્ષ્મરૂપ બંધાયું.

આમ વીરાંગનાઓની જ કેટલીક ઘટનાઓ આ બધાનાં મૂળમાં છે. કોઈ કુટુંબમાં કોઈ સ્રી નિશ્ચયપૂર્વક સમાજ કે રાજ્યની ઉપરવટ જઈને પણ પતિ પાછળ સતી થાય ત્યારે તે પણ પહેલાં પોતાનાં જ કુટુંબમાં, પછી ગોત્રમાં - ગામમાં પૂજાતી જાય છે. એનાં સ્થાનક થાય છે અને તેના ગરબાઓ રચાય છે, ગવાય છે. મારા કથાગીતોનાં સંચયમાં આવી સતીઓની વિગતો આપી છે અને તેમનાં ગરબાઓ પણ છે.

આમ કથા અને એનાં કથાનક, એનાં નાયક કે નાયિકા આ રીતે વિસ્તરતાં જાય છે. આમાં ચારણસ્રોતમાં અનેક દેવીઓ અને તેમની સાથે સંકળાયેલી ઘટનાઓ છે. હિંગળાજ, ખોડિયાર, વરુવડી, ચંડી અને ચામુંડા તોતળાઃ વગેરે અનેક દેવીઓની વ્યુત્પત્તિની કથાઓ તપાસતાં જણાશે કે સ્રીમાત્રને નબળી માને છે, એમાં પણ હાથપગની બીજાં અંગોની ખોડ ધરાવતી તો પોતાની જ પ્રવૃત્તિ માટે ક્યારેક લાચાર પણ હોય છે, પરંતુ આવી જ સ્રીશક્તિ જ્યારે જાગે છે ત્યારે સિંહને પણ કાન પકડીને પોતાના ગાડે જોતરાવા પકડી લાવે છે. જાગ્રત થતી આ શક્તિનો સ્રોત જ અપંગ ને અબળા મનાતી નારીઓને દેવીસ્થાને પહોંચાડે છે.

આમ, લોકનાયિકાઓના વર્ગમાં સર્વોત્તમ શ્રૃંગ આ વર્ગની કથાઓનાં નાયિકાઓમાં વાસ્તવ અને કલ્પનમાં છે.

અહીં લોકકથાની નાયિકાઓના મુખ્ય સંઘર્ષ અને વ્યક્તિત્વનાં વ્યાવર્તક નોંધપાત્ર લક્ષણો તપાસ્યા પછી અંતે આટલા પ્રશ્નો ખાસ વિચારવા જેવા છે :

* * *

૧. અહીં જે સંઘર્ષ અને સ્રીમાનસ કે એની પ્રકૃતિને આધારે કેટલાક વર્ગો પાડ્યા અને ચર્ચા કરી તેને અને નાયિકા-ભેદની જે ચર્ચા-વિચારણા થઈ છે તેમની વચ્ચે કોઈ સંબંધ ખરો ? નાયિકાના જે ભેદ પાડ્યા છે તે આ પ્રકારના વર્ગીકરણમાં આગળના અભ્યાસમાં ઉપયોગી ખરા ?

— આ સંદર્ભે અહીં તો માત્ર એટલું જ નોંધવું, ધ્યાન પર લાવવું ઉપયુક્ત લાગે છે કે આપણી નાયિકાભેદનું જે વર્ગીકરણ છે તેના કેન્દ્રમાં સ્ત્રી અને પુરુષના પારસ્પરિક રાગાનુબંધને જ ધોરણરૂપે રાખવામાં આવ્યો છે અને તે પણ પતિ કે

પ્રિયતમ પ્રત્યેની સ્ત્રીની રાગમૂલક અભિવ્યક્તિ અને અસર છે, તેનું જ મુખ્યત્વે શ્રૃંગારશ્રયી વર્ણન જોવા મળે છે. અભિસારિકા, પ્રેષિભામર્તૃકા, ખંડિતા વગેરેમાં જોવા મળે છે. એમાં શંખિણી, હસ્તિની જેવા જે પ્રકારો છે તેમાં ક્યાંક સ્ત્રીઓની મનોશારીરિક યૌન સંબંધની પરિસ્થિતિ લક્ષમાં લેવામાં આવી છે જે મનોવિજ્ઞાનની દૃષ્ટિએ ઉપયોગી છે.

૨. બીજો પ્રશ્ન વિચારવા જેવો એ છે આ પ્રકારે જ વર્ગીકરણ કરીને, વાર્તાના જૂથને તપાસવાથી લોકતાત્વિક અધ્યયનમાં શું કોઈ લાભ મળે ખરો ? નવું આયામ સિદ્ધ થાય ? storytype અને storycycle જેવી પદ્ધતિ જે રીતે લોકકથાના અભ્યાસમાં, એના વર્ગીકરણમાં, એક નિશ્ચિત કથાનકનો બંધાતો ઢાંચો અને કાળક્રમે એમાંથી જ જન્મતી સ્થળ-કાળ-જાતિ અનુસારી નવી લાગે તેવી કથાઓ સર્જી શકાવાની ક્ષમતા વગેરે છે, તેમાં આ પ્રકારના વર્ગીકૃત અભ્યાસ કોઈ વિશેષ અભ્યાસોપયોગિતા લાવી શકે ?

બીજી રીતે કહીએ તો સર્વસામાન્ય પુરુષના જ માનસ અને દૃષ્ટિબિંદુનો આધાર લઈને જ ચાલતી આ નાયિકાની પાત્ર-વિભાવના મનોવૈજ્ઞાનિક અને સામાજિક દૃષ્ટિએ પર્યાપ્ત કે પૂર્ણ ગણાય ? કે પછી એવાં પુરુષની જ દૃષ્ટિએ સ્ત્રીને જોવામાં, મૂલવવામાં આવી હોવાથી, મનોવૈજ્ઞાનિક અને સામાજિક દૃષ્ટિએ આવો અભ્યાસ અધૂરો કે એકાંગી ગણાય ?

આ મુદ્દો મહત્ત્વનો છે.

૩. મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રની દૃષ્ટિએ આ પ્રકારનો અભ્યાસ કેટલો સહાયક ગણાય ? એની મહત્તા, ઉપયોગિતા કે ન્યૂનતા કેટલી ?

આ મુદ્દો તે તે વિદ્યાશાખાના જ અભ્યાસીઓ દ્વારા વિચારાવો જોઈએ. ‘કામકથા’ વિષે આ લખનારે જે સામાજિક-મનોવૈજ્ઞાનિક કેટલાંક તારણો આપ્યાં છે, તે પણ આ રીતે મનોવૈજ્ઞાનિકો અને સમાજશાસ્ત્રીઓના ધ્યાન પર લાવી તેમનાં અભિપ્રાય, સૂચન, તારણ, માર્ગદર્શન મેળવવા જોઈએ.

૪. જે રીતે અહીં નાયિકાઓને કેન્દ્રમાં રાખીને કેટલીક કથાઓની ચર્ચા કરી એ રીતે, આ માર્ગે લોકકથાના નાયકોને, એમની માનસપ્રકૃતિ દૃષ્ટિમાં રાખીને અભ્યાસ આગળ વધારવો જોઈએ. નાયકોના આવા કેટલાક વર્ગ અને વાર્તાજુથ પડે ? સાહસિક વીરો, પરદુઃખભંજક, ધૂર્ત-નટખટ, નિર્દોશ રમૂજનો આનંદ લેનારા, બધાં જ નીતિધર્મ આદર્શને નેવે મૂકી સ્વાર્થ સાધનારા વગેરે જૂથમાં



કથાઓ વિચારી શકાય. આ લખનારે ‘બોલે બાંધનારા’ના નાયકો અને તેની કથાઓ વિશે લખ્યું છે. નરવાહનદત્ત, વસુદેવ, સાંબ અને પ્રદ્યુમ્ન, પરદુઃકભંજક વિક્રમ વગેરે સાથે સંકળાયેલી કથાઓ પણ વર્ગીકૃત કરી તપાસી શકાય.

લોકકથાના નાયકની કથાઓમાં આપણી નાટ્યમીમાંસામાં ધીરોદાત્તઆદિ નાયકોની જે વિભાવના છે, તે ઉપયોગી ખરી ?

— આમ, આ પ્રકારના જ નવા અને વિશેષ અભિગમ આપણા લોકસાહિત્યના, લોકકથાના અભ્યાસમાં નવા આયામ અને નવી દિશા દર્શાવનારા બનવાનો સંભવ જણાય છે.

૨

# લોકગીતોમાં રામનું નિરૂપણ

**ડૉ. ઈન્દુબહેન પટેલ**

લોકજીભે ભમતી અને લોકહ્રદે રમતી રામકથા તે તો છે ભાવનાસભર, સંપે જંપે જીવાતા સંયુક્ત કુટુંબ-સૌથી નાનામાં નાનું પ્રજાસત્તાક એકમના તાણાંવાણાનો વણાંટ અને રૂડો વળોટ.

સંસ્કૃતમાં રચાયેલ વાલ્મીકિ રામાયણનો ''ચરિત્રનાયક રામ''. તે રાજવી છે, શૂરવીર છે, સુખદુઃખ ભોગવનાર છે. આમ, મહાકાવ્યનાં નાયકનાં તમામ ગુણો તેનામાં છે, કેમકે તે મહાકાવ્યનો નાયક છે.... ઈશ્વરીય ગુણો આરોપિત જરૂર થયાં છે. તુલસીકૃત રામાયણ તે સમયની લોકબોલીમાં લખાયું, તેથી તે લોકભોગ્ય બન્યું. તુલસીજીએ તો મહાનાયક રામના ઈશ્વરીય ગુણોને લોક સમક્ષ વ્હેતાં કર્યાં. અને લ્યો ''તુલસી કે રામ સાક્ષાત્ ઈશ્વર બન ગયેં''.

લોકમાનસમાં રામ એ કોઈ રાજવી નથી, મહાનાયકેય નથી; કે નથી તે ઈશ્વર. લોકોને મન રામ અને તેની પત્ની સીતા આદર્શનાં પૂંજ સમા, દાખલો લેવા જોગ, સમાજનાં Role model નાગરિકો છે. લોક જાણે તો છે જ, કે રામ તે રાજા દશરથનો પાટવીકુંવર તથા સીતા તેની પત્ની છે અને તે જનકરાજાની રાજકુંવરી છે. પરંતુ ખરેખર લોકને મન તો કોમેકોમનો દરેકેદરેક દીકરો કે જમાઈ તે રામ'' અને એ જ રીતે કોમે કોમની દરેકેદરેક દીકરી કે પૂત્રવધૂ તે ''સીતા''. એટલે કે દરેક રામના પિતા તે ''દશરથ'' અને દરેક સીતાનાં પિતા તે ''જનક''. ટાણે



અવસરોએ જ્યારે પણ મોકો મળે ત્યારે માતૃકંઠેથી પીરસાતાં રહેતાં ગીતોમાં ''ઈશ્વરીય રામ-સીતા''નું બહુ સુંદર રીતે, સહજતાથી ''માનવીકરણ'' કરી લીધું છે. તર્ક વળી એવું કે રાજા તો સત્તાધારો, તે ધાર્યું કરી શકે. ઈશ્વર સર્વશક્તિમાન તે શું શું ન કરી શકે ? પણ આપણે તો દરેકેદરેક દિકરા-જમાઈ તે ''રામ'' અને દરેક વહુ-દીકરી તે ''સીતા'' લોક ખુમારી કે માતૃ ખુમારી ?... આવી ખડતલ વિચારધારા માતાઓ ગાનના માધ્યમથી પેઢી દરપેઢી, નાત-જાત, રાય-રંક બાળ-બૂઢા, સ્ત્રી-પુરુષ કે સાક્ષર-નિરક્ષર એવા કોઈ પણ ભેદભાવ વગર નિરંતર નિઃશુલ્ક પીરસ્યા કરે છે — આજે પણ'' અહીં મૂળ ઢાળની પંક્તિ ચીંધીને લોકગીતોમાં રામ અને રામ સાથે સંકળાયેલી પાત્રસૃષ્ટિ કેવું રૂપ પામીને નિરૂપાઈ છે. એનું આલેખન કર્યું છે.

માતૃકંઠે લોકનાં રામ, સીતા, દશરથ, જનક આ બધાંય પાત્રો કાંઈક આવાં :

ઢાળ : દૂધે ને ભરી, રે તલાવડી (સાંજીનો)

(૧) સોના કોદાળી રૂપા પાવડો ને વળી હીરલા કોદાળી રે હાથ્ય
રામજી ખોદે તલાવડી'ને બધુ લખમણ બાંધે પાળ્ય,
સોના ઈંઢોણી રૂપા બેડલું ને સીતા પાણીડાં નિઃહર્યાં
જનખરાય ધર્ય બેટડી'ને રામ તણી રે ઘરનાર્ય...

વ.ઘો. ગીત ૧૦૮, પાનુ ૧૧૧ (ઓડ પ્રજા)

ઢાળ : ઊંચી (૨) વંડિયું

(૨) રામે લીધી રેંકડી, લખમણે લીધું પૈ (પૈડું) જો
સીતા ઓઢે ચૂંદડી સૌ હાલ્યાં વન મંઈજો...
(છૂટક મજૂરી કરતા મજૂર-વર્ગ)

(૩) ડાબેરા ડુંગર હેઠ્ય, હરણી'ને હરણાં હવે ખેડે રે
રામચંદર ધરતી દાતાર, છોડ્યાં હરણાં, જોડ્યાં ડોળિયારે
ખેડી ખેડી સઘળી રે સીમ',ને વાવી મજીઠડી રે (કંસુંબલી રે)
કસુંબીનો કસુંબલો રંગ, રંગોને રામનાં મોળિયાં રે
રંગો રંગો સીતા તણાં ચીર, સીતાને સોહે ચૂંદડી રે (ખેડૂતત પ્રજા)

આમ દયાળુ, દાતારો, શ્રમજીવી અને સ્વાભિમાન્નાંા પ્રજાનાં બોજારોપણને ?

વા.ઘો. ગીત ૯, પાનું ૧૩

(૪) ખેતર ખેડે રામ સોનાને હળિયે (કાંસાને કળિયે)
રૂપલા વાવણિયે લખમણવીર,
રામજી વાવે મજીઠડી, ઈ રંગ ચડે સીતાને ચીર
રામની રંગેલી ચૂંદડી, ઈ રૂડી શોભે સીતાને શિર. (ખેતીપ્રધાન પ્રજા)

(૫) ખેતર ખેડીને રામ આવ્યા ઘરે
કે : 'માતા પગધોણું દેજોએ'' વ. ઘો. બે વેણ, પાનું ૧૧

(૬) ગાયું ચારીને રામ આવ્યા ઘરે (ગોવાળ પ્રજા)
કે : ''માડી પગધોણાં દિજોજો.'' વ. ઘો. બે વેણ, પાનું ૧૨

(૭) લેખા લખીને રામ આવ્યાં ઘરે
માતા ! પગધોણો ઘોને રે. (વણિક પ્રજા)

(૮) કથા કરીને રામ આવ્યા ઘરે (પંડિત પ્રજા)
કે : ''માતાજી ! પગ ધોણાંઘો.'' (પંડિત પ્રજા)

(૯) રામ લખમણ બેઈ બાંધવા રાખૈયારામ
બે ભાઈ ચડિયા શિકાર્ય રે રામ''આરામ (ક્ષત્રિયપ્રજા)

વ. ઘો બેવેણ પાનું ૧૨

(૧૦) રમી ભમીને રામ આવ્યા ઘરે,
ઘોડીને પાવડી દૂધડાં ધરે... (સમસ્ત બાળગોપાળ)

અને હવે આવે છે ઉપસંહાર સમું - Seal મારી દેતું - દરેક લગ્ન પ્રસંગે અચૂક ગવાતું ગીત :

(૧૧) સીતાને તોરણય રામ પધાર્યા...

લેજે પનોતી પહેલું પોંખણું...

વ.ઘો. ગીત ૪૩, પાનું ૪૬ : આજે પણ રાયવર જ્યારે કન્યાને માંડવે ''તોરણ છબવા'' આવે ત્યારે મહિલાવૃન્દ આ ગીત ગાય ત્યારે જ કન્યાનાં માતા કે ભાભી (કાકી) તેને ''જમાઈ'' તરીકે સૌની હાજરીમાં સ્વીકૃતિ પ્રદાન કરીને પોંખી લે... તે પહેલાં નહીં.' એટલે કે ''સીતા સમી'' સુલક્ષણી મારી દીકરી અને ''રામ સમા'' ગુણોનો પૂંજ અમારો જમાઈ ! આ Suggestive therapy તે કેવી Psychological treatment, કેવી બેજોડ કે એવા ન પણ હો તો એવા બનવાનું છે કેમકે અમે તો તમને એવા ગણીને જ પોંખ્યાં છે ! સુસંસ્કારી પ્રજા ઘડતર માટેનું કેવું ખડતલ Wishful thinking ? ''હા'' ! અને કેવા આ ''સમાન'' - વાદ ?



ન જોયો, ન જાણ્યો હોય તેવોને ? પરંતુ માતૃકંઠે તે માણી શકાય છે; આજે પણ... ભવિષ્યમાં જે થાય તે ખરું...

જનતા જનાર્દનમાં વિનોદ-ગીતો (ફટાણાંનો) નો તો પાર નહીં દેશજ સમાજમાં તો રામાયણ-કથાના સભ્યોય ફટાણાંના ઝાપટે ચડે ! દા.ત., લક્ષ્મણને મુખે :

(૧૩) જનકપુરીની રાતડી, હાંકો ડલિયો
ખેડૂ ખેડે ખેતર, ઊગે દીકરી, હાંકોડલિયો...

વિ.વા. ગીત ૪૦૮, પાનું ૩૧૮

એક વાત મને અવાક્ કરી ગઈ. તે છે ફટાણા સમું એક જોડકણું જે (''સીતાની સખીઓ'') કન્યા પક્ષે બોલાય... દા.ત.,

(૧૪) વાર્તા રે વાર્તા (૨) દશરથ ડોબાં ચારતાં
કેંગા અઢાવડતાં, ભરથ ભડકાવતાં
શતરૂઘ્ણ ઘોડાવતાં, ને લખમણ પાછાં વાળતાં.... વાર્તા રે વાર્તા...
પછી વિતાતી કન્યાનાં સાસરીયા ને નામે !

શબ્દો : ભેંસોને : ભેસોને ખીલેથી છોડીને ઘરબહાર કાઢવી તે.

તો વળી રામના પિતા દશરથ એકાદ જળાશયની ચોકીય કરે ! ત્યારે એકાદ સાવજ જળને ખલેલ પહોંચાડે છે, એવું લાગવાથી પોતે શબ્દવેધી બાણ મારે છે, પરિણામે શ્રવણ વીંધાઈ જાય છે !

(૧૫) શ્રવણ તો : કાવડ વળગાડી આંબા ડાળખી રે
શરવણ પાણી ભરવા જાય
કાશી લોટા જળમાં બોળીયાં રે
જળ ખખળયાં અથાગ...
સામે કાંઠે : રાજા દશરથ એમ જાણીયું રે સાવજ આવ્યો નજીક
સાવજ વરાંહે બાણ મારિયાં રે, વાગ્યાં શરવણ લલાટય...
અર્‌ર્ કરીને હેઠો પડ્યો રે ''મારે આધળાં મા-બાપ''.
ઈઃ આંધળાં માવતર આંબે એકલાં રે એને કોણ પાણી પાય ?

વ.ઘો. ગીત ૬, પાનું ૮ શબ્દો : વરાંહે = માની લઈને

દેશ તો આપણો ખેતીપ્રધાન પ્રજા પશુપાલક તેથી જનમાનસમાં ''રામ'' અને ''સીતા''નાં પ્રથમ પરિચય ''ખેતરને શેઢે'' કે પછી જળાશયે અથવા તો

ખાળિયા-તળાવડાં ખોદાતાં હોય સ્થળે સ્થળે ! દા.ત.,

ઢાળ : જનકપુરીના બાગમાં...

(૧૬) મારા ખેતરને શેઢડે...ક..પ..લ..ડો...રે
ફાલી છે લચકા લોળ્યરે...રામકમલડી રે
વાળે રામચંદરજી ડાળખી... ''
વીણે સીતાવેલી ફૂલડા..... ''
વીણી ચૂંટીને ઢગ કર્યો...... ''
ગૂંથ્યે ગૂંથ્યે રે માલણ્ય ગજરો.... ''
ગજરો રામચંદરને છોગલ્યે..... ''
ગજરો દેખીને સીતા રવ્ય ચડ્યાં... ''
પરણું તો દશરથરાયનાં મોભીને....રામકમલડી રે
પરણું (તો) કોશલ્યાબાના જનમ્યાને... ''
નક્કર બેઠી તખ ધરૂં ............. ''

શબ્દો : રાયકમલડી = રાજકમળ જેવી રાજકુંવરી (રાજકમલડી) (લચકાલોલ્ય = in abandance. (i.e. beauty inabudance !!)

વ.ઘો. ગીત ૧૬, પાનું ૧૧.

(૧૭) કોરે ગાગરિયે કુવારકા રામૈયારામ
પાણી ભરે એક બાળ-કુવાર્ય રે ''
પાળે ચડીને રામે પૂછિયું..... ''
કે : ''પારણી છોકે બાળ કુંવાર્ય રે ?'' ''

પાયાનું ઘડતર કેવું પાકું ? કે પરણ્યાં હો, તો વાતની માંડવાળ કરી લેવાની નહીંતર આપણી ઉમેદવારી પાકી ! ઉત્તર છે ગીતમાં કે :

''રાજા જનરખરાય બેટડી રામૈયારામ
''સીતાવેલી અમ્મારેલ નામ રે '' ''
''નથી પરણી કે નથી પ્રહટી '' ''
''હજી છું હું બાળકુવાર્ય રે...'' '' વ. ઘો. ગીત ૧૦,પાનુ ૧૪

જ્યારે સામાન્ય નાગરિકનીયે વિવાતી કન્યા લગ્નવિધિ બાદ સજોડે વિદાય થાય, ત્યારે લોકકંઠે સમૂહમાં શબ્દ ઊઠે :



(૧૮) ઘોડવેલ્યે બેસી કુંવરી સીતાબા હાલ્યા
દાદા રે જનરખરાય વળામણે
પછી તરત જ વિદાર થતી દીકરીને નામે
ઘોડવેલ્યે બેસી બેની ગીતાબા હાલ્યાં
દાદા રે માધવજીભાઈ વળામણે... વ. ઘો. ગીત ૫૪, પાનુ ૫૬

ઘર સંસાર ચાલુ થતાં જ પતિ-પત્નીનું સહજ સહયોગી જીવન રામ-સીતાના ઓઠાં હેઠે આમ ગવાયું.

(૧૯) રામે રે ખીલા ખોડીયાં ને સીતાએ બાંધી ગમાણે રે ગાય
રામે રે દૂધ દોઈયાંને સીતાએ રે મેળ્યાં દહીં
રામે રે મહી મથિયાં ને સીતાએ રે તાવ્યાં ઘી વ. દો. ગીત ૭૬, પાનું ૭૭.
એ જ વાતનું પુનરાવર્તન જોઈએ.

(૨૦) જાંગી હાંકે રે રામ પાતળા, સીતાવહુ ભાત લઈ જાય રે
ગોળ રાંધેરે પંડોગોબરો, ભેલાં બાંધે ભગવાનરે...

શબ્દો : મથિયા = વલોવ્યાં, જાંગી : ચિચોડો (શેરડી પીલવાનો), ભેલાં = ગોળની ભેલીઓ.

જેમ સામાન્ય સંસારમાં સાસુ, વહુ, પુત્ર, પુત્રવધૂ, જેઠ, દેર વગેરેનાં ----દેખા દે, ઠીક કાંઈક એવું જ બધું રામકથા-પાત્રોમાંય લોક જુએ અને ગાય'. દા.ત., સામાન્ય સાસુ માફક રામ-સીતા કૌશલ્યાના (સીતાનાં સાસુ) પુત્રવધૂ સીતાવિરુદ્ધ પુત્રરામની કાન-ભંભેરણી કરેછે, કે સીતા મારું સાંભળતી નથી અને પરિણામે રામ(પુત્ર) સીતા (પત્ની)નો ત્યાગ કરે છે; વનવાસ દઈ દે છે... જેમ સમાજમાં આવી વાતોથી છંછેડાઈને પતિ પોતાની પત્નીને પિયર વળાવી દે તેમ !!!

(૨૧) કૌશલ્યાબા : ''રામ તારા ઘરમાં નાર્ય કુનાર્ય
''એણે મારાં વચન લોપીયા...
''રામ પર ભાતોને, પૉર્ય, સીતાકને દાતણ માગીયા...
''માગ્યાં માગ્યાં મેં વાર બેચાર, સીતાવલે શબદ ન સૂણિયાં

રામ : ''મારા નાનેરા લખમણભાઈ વીર !
''ગંગાને કાંઠે ઘર ચણો
''તમારી ભોજાઈને ન્યાં મેલી આવો
''માતા તણાં વચન લોપીયા.

**લોકનારી પત્ની સીતા** : ''સ્વામી ! રચો રે અમારેલો વાંક ?

''રચે વાંકે વન વેઠીઈ ?
પતિ રામ : ''રાણી ! તમીં મારા હૈડાના હાર
''માતાજીનાં વચન લોપીયા...
લોકનારી સીતા : ''સ્વામી ! હાર હોય તો હૈડે રે બધાય
''વાવારૂ હોય ઘર વસે.''

નારીમુખે કેવું શાશ્વત સત્ય ઉચ્ચારાયું ? સમાજમાં આજે પણ કોઈ એકોણી, આખો સાસુ; વહુને રંજાડે, કનડે ત્યારે એકાદ ઠાવકીવ્યક્તિ તેને સમજાવે; વાત ગળે ઉતરાવે કે : ''એ કાનાની (રામાની)મા લગરાક ભગવાનનો ભો રાખ્ય બાઈ...બૈરું બદલવાનો મનસૂબો રાખતી હો, તો વિચારી જો કે બદલાબદલીને તે તું કેટલાંક બૈરાં બદલાવીશ મારી બાઈ ? દીકરાનું ઘર બાંધવા દેવું છે કે નહીં ?' દીકરાનાં ઘર-સંસાર તો વવારૂથી જ વસે, સમજી જા'' કેવું Counselling અને તેય નિઃશુલ્ક result oriented પાછું.' it works and works well, આજે પણ.'

આપણા રામાયણગ્રંથમાં જે હોય તે, પરંતુ લોકજગતમાં માતૃકંઠે તે સીતા બહુનો વનવાસ સાસુને વાંકે, બીજીવારનો વનવાસ, તે પણ તેને જ કારણે અને છેવટે સીતા જીવતા સામાધિ લઈ લે છે તે ય સાસુમાને કારણે જ એમ કંઠસ્થ ગીતોમાં ગવાયું છે :

ઢાળ : આ કેની રે નગરી આ કેનાં રાજ રે

(૨૨) ત્રેતા તે જુગમાં રામનાં વિવાને
સતી રે સીતાને જઈ ગરભ રે રય્યાં
તંઈ રામ પૂછે બાઈ ! સીતાને વાતજો
પણ : પછવાડે ઊભા રે કાંઈ રામનાં માતા
કેંછે : ''લજ્જા તો રાખો ને લગરાક જો
''સાસુ સાંભળતાં વવારૂ રે બોલે
ઇ કેનીયે નઈ રાખે લાજું રે બાઈ.'
માટે : ''જાવ રે લખમણ આને વન્ય રે વળાવો
''આ વડેરી-બહુ સીતાને વન્ય રે મેલી આવો !''

પ્ર. ધો. ગીત ૧૦૦, પાનું ૧૦૮

(સમાજમાંય વવારૂને કાંઈક આમ જ પિયર ધકેલી દેવામાં આવે છે ને ? શબ્દો : જંઈ : જ્યારે, તંઈ = ત્યારે, ગરભ = ગર્ભ



સીતા જીવતા જ સમાત્ય લઈ લે છે — ધરતીમાં સમાઈ જાય છે તેનું કારણ માતૃકંઠે જોઈએ હવે.

ઢાળ : ઊંચી (૨) વંડિયુંને

(૨૩) બીજી વારનો વનવાસ પૂરો રે થય્યો
રાણી સીતા વળે હવે જોજો રે ઘર ભણી
આખ્ખી રે નગરીનું લોક સામૈયે આવે
સરખી સાહેલ્યું ને હરખ નોં માયે
સૌ ભેળાં સાસુ કૌશલ્યા બા યે આવે હાર્યે
ત્રણેયને : ભાળયાં ભેળાં બાઈ ઈતો મેણાં રે મારે
કે : ''આ એક પૂતર ઈ તો મારા રામનો (લવ)
આ બીજો ઈવડોઈ તો સંધાય રે ગામનો (કુશ)

કેવો પ્રહાર ? આપણને વજ્રપાત લાગે, તો સીતાને શું નહિ થયું હોય ?

આમ : સૂણતાંક સીતાને કાળ ઝળાંઝળાં વ્યાપે
ધરતી માતા કને ઘડી ધાયું રે નાખે
કે : ધરતી માતા મોરાં ? સૂણો મુજ વાત
''મગન ઘો તો સખયે (સુખપૂર્વક) પંઈ સમાઈ જાવું
''અગન જો ઘો તો ભડભડ ભડકો રે થાવું''
દીકરીને દુઃખે : ધરતી માતા તો બાયું ! ફાટો રે પડાયાં
ભોંની જાયી જઈ બાઈ ! ભોંમાં સમાઈ.

પ્રા. ધો. ગીત ૧૦૫, પાનું ૧૬૨

સમાજમાં આજે પણ ચારિત્ર્યહનનથી પરેશાન નારી કૂવો પૂરે કે અગ્નિસ્નાન કે જળસમાધિ કરી લે છે, કાંઈક એ જ રીતેને ?

શબ્દો : થય્યો = થ્યો, હાર્યે = સાથે, સંધાય = બધાંય, ધાયું (ધા) = ત્રાસથી ગ્રસ્ત વ્યક્તિની વેદનાભરી વિનંતી.

સામાન્ય નારી જેમ સીતાનારી પણ સુંદર વસ્ત્રાભૂષણોની કામના કરે... વનવાસ દરમિયાન એક દિ'

(૨૪) રાજા રાવણનો મ્રઘલ્યો વનફળ ચરી ચરી જાય
ચરતાં સીતાજીએ દિઠીયોં કે ''કંથ કાંચલડી સિવાડ્ય''

પતિરામ : ''સાવ રે સોનાની સીતા કાંચળી, ચામડાના શી રઢ્ય ?

પ્ર. ધો. ગીત ૭૨, પાનું ૧૧૪, ૧૧૬

એટલે કે ''સીતા ! સમય આવવા દ્યો, તમને તો સાવ સોનાની કાંચળી સોવાડું'' પરંતુ સીતા તો નારી તે છંછેડાઈ જાય છે,વેણ કાઢે છે.

(૨૫) ''નથી રે કાકા મારે કરમમાં રે નથી મારે માંનો જાયો વીરો
નથી રે મામા કે મોસાળિયાં રે, મારે ન મળે કહ્યાગર કંથ,
પૂરે મનોરથ, સિવાડે મુજને કાંચળી.''

પ્ર. ધો.ગીત ૭૪, પાનું ૧૧૬

ઢાળ : નારદઋષિ સભામાં આવ્યા...

(૨૬) અજોધાનાં રાજ જોઈજોઈ સીતા વરાવ્યાં
કરમે વેઠું આ વનવાસરે પુરુષ તો અમ તમ સમ પામ્યાં
ખીનખાપ લપેટા સ્વામી ! નજરે નવ દિઠ્યાં
વનનાં વલ્કલે મન મનાવ્યાં (ફાગણિયાં વિંટી) (અંગડાં ઢાંક્યાં)...
ત્રણ ત્રણ સાસુની ગાળ્યું ઘણી ઘણી ખાધી
સૂણી સૂણી કાન તો ગ્યાં છે પાકી''... પુરુષ અમ તો...

પ્ર.ધો. ગાન ૭૫, પાનું ૧૧૭

શબ્દો : કટમ = કુટુમ્બ, ખાનખાપ = Brockade લપેટા = સાહીન, ગ્યાં = ગયાં.

લોકમાનસમાંની રામકથા તે પોથીપાંનડાંની નથી, ગ્રંથિય પણ નથી, તેમજ નથી તે દર્શનની, પણ. તે તો છે લોકહૈયે હિલોળતી કિલોલતી પ્રસંગે પ્રસંગને બંધબેસતી, નિરંતર નિઃશુલ્ક વહેતી રહેતી સંસ્કારસરિતા કેમ જાણે કે applied રામાયણ હોય ! દા.ત., મુગ્ધાની મૂંઝવણના મનમંથનો માતાઓ ''સીતા'' 'દીકરીનાં ઓઠાહેઠે આમ ગાઈ બતાવે, જે રામાયણ કથા પુસ્તકમાં કદાચ ન પણ મળે ! ધનુષ્ય યજ્ઞ ટાણે.

(૨૭) સીતા તો સખીયુંને છાનાં છાનાં પૂંછે રે
મારા પિતાનાં પ્રણતો સપ્ન અતિભારી રે...
સખી ! રખે હું રઈશ કુંવારી રે... રાયે મંડપ રચિયો રે

પ્રા. ધો.ગીત ૫૪, પાનુ ૯૩

એટલે કે સામાન્ય કુટુમ્બોમાં જે રીતે વડીલો ઉમરે આંબતી દીકરી માટે



યોગ્ય પાત્રની શોધમાં હોય ત્યારે કોઈ મુરતિયો દેખાવડો હોય,પણ ભણેલગણેલ કે ઠરેલ ઓછો હોય; અથવા તો પગભર ન હોય... પગભર હોય તો કુટુંબ કબીલો પરિવાર મોટો હોય... આમ બધુંય બંધબેસતું મળે ત્યાં સમય સરકતો જાય ત્યારે દરેક કન્યાના મનમાં ચિન્તાના આવા ઓઘ ઊઠતા જ હોય છે તે સહજ સંવેદના ઉપરનાં ગીતમાં વ્યક્ત થઈ છે.

શબ્દો : ઓઠા = દાખલા, રઈશ = રહીશ, ભારી = ભારે; આકરુ, ઓઘ ભરતી, પૂર

પુત્ર રામને વનવાસે વળાવતી વેળાએ માતા જે પત્ની પણ છે તેના વ્યથા દેશજ ગીતમાં આમ વ્યક્ત થઈ :

ઢાળ : મેંતો થાળ ભર્યો રે

(૨૮) નથ્ય જાવા દેતોતો પ્રણ તૂટે પતિતણાં રે
એમ : સમજી હૈયું મેલ્યું શલ્યા હેઠ્ય
કોઈ તો રોકો વન્ય જાતાં મારા રામને રે
વચન દઉ કે : ''હું તો ગાદી દેવરાવીશ મારા ભરથને રે
ને : ''નઈ નઈ કરવા દઉં રામને હું રાજ... કોઈતો...

પ્ર.ધો. ગીત ૬૬, પાનુ ૧૦૬

શબ્દો : નથ્ય = નથી, શલ્યા = શિલા

મેં applide રામાયણકથા'' એવો શબ્દ પ્રયોગ કર્યો છે. તે એટલા માટે કે લોક છે તે અસલ કથાનકનું વળું બદલીને ગાય છે. અને તેય બદલે 'પાછું એ રીતે, કે ''દેશે ચ કોલેચ'' એમ બંધબેસતું આવે, તર્ક-વિતર્કને સ્થાન જ ન રહે, અને છતાંય સંદેશમાં દોરાવાય બાંધછોડ ન સાંખી લે દેશજ ગીત; એ નક્કી... દા.ત.

ઢાળ : કપટી રાવણ સાધુવેએ વનભમેઝ

(૨૯) ઓતરાખંડમાં અજોધા વખાણમાં જી રે
ન્યાં કાંઈ દશરથ ભોગવે રાજ, દશરથ પેટ્ય વાંઝિયા જી રે
એકદિ' : રાજા દશરથનો અંગૂઠો પાકીયો જી રે
અંગૂઠો પાક્યો ને પીડા બહુ થાય.... દશરથ...
ત્યારે : રાણી કેંગાએ અંગૂઠો મુખમાં લીધો જી રે
અંગૂઠો ફૂટ્યો છે અધમધ્ય રાત્ય... દશરથ પીડા પરહર્યાં જી રે

અંગૂઠો ફૂટ્યો ને પીડામોળી, પડી જી રે
પીડા મોળી પડીને રાય તો જંપી ગિયા જી રે
પછી ઊઠીને : માગો માગો માનેતી રાણી આલશું જી રે
આપણે રઘુકુળ રજવાડે ઈ રીત્ય...દશરથ પીડા પરહર્યા જી રે
ત્યાંરે રાણીનાં વેણ છે માતૃકંઠે :
''માગું માગું પૂતર માગું પારણાંજી રે
''પડખે માગું, વાવરૂની જોડ્ય...
''દશરથ પીડા પરહર્યા જી રે...

**બા :** રાજા, રજવાડાની વાતમાં રાણી પોતાનાં પેટનાં પુત્રને રાજગાદી, શોક્યનાં દીકરાને ૧૪ વરસ વનવાસ તેય સાધુ વેશે ખાસ એવું માગે છે. પરંતુ માતૃકંઠે રાણી (પત્ની) તો પોતાનો વંશ અને વંશ વૃદ્ધિ માટે પુત્રવધૂઓની માગણી કરે છે; ''માગતાય આવડવું જોઈએ'' તેવી શીખ માતાઓ અમને ગાનનાં માધ્યમથી આમ કહે છે. વળી રથની ધરી તૂટે, રાણી આંગળી ભરાવે, રથ ચાલતો રહે, રાજા લડતા રહે, જંગ જીતી જાય, પછી આફરીન રાજા પોતાનાં રાણીને કાંઈ પણ માગવા કહે છે — અને તે રાણી રામને ૧૪ વરસનો વનવાસ, સાધુ વેશે ખાસ અને સગા પુત્ર માટે ગાદી માગે છે. દેશજ માતા એટલા માટે વળું (frame) બદલી નાખે કે ધરીની જગ્યાએ આંગળી દરેક દરેક-કુટુંબીમાં બન્યા કરતી હોય. દા.ત., ગૂમડું થાય, કાંટો વાગે, પાકે, કે વીંછી કરડે તો પીડા થાય, ઉપાય થયે રાહત થઈ જાય, ત્યારે રાહત દેનારને માનવ મન ભેટસોગાદ દેવા ઇચ્છા કરે... આ છે આપણું રોજબરોજનું જીવનને ? તેથી માતાઓએ કંઠસ્થ પરંપરામાં ''રાજા દશરથનો અંગૂઠો પાક્યો.'' એમ કહીને કથાનક ગાયું.

'કૌટુમ્બિક ઘટના તો બધે ઘટેને''. તેથી...કેવું આવડ્યું ?

એક વાત વારંવાર ધ્યાન ખેંચે તેવી દેખા દે છે. તે એ કે લોકમાનસનાં ''રામ'' ઈ તો કોદાળી પાવડો લઈને તળાવ કે ખાળિયા ખોદે. તેનો નાનો ભાઈ ''લખમણ'' વળી માટી વડે તળાવની પાળ બાંધે (જળસંચય માટે !) રામની પત્ની ''સીતા'' સામાન્ય નારી માફક માથે બેડું લઈને ત્યાં જળાશયે પાણી ભરવા જાય. તો વળી ક્યાંક બેઈ ભાઈઓ (રામ-લક્ષ્મણ) ગાયું ચરાવવા જાય અને રામની સયરી ઘરનારી સીતા, તે બન્ને ભાઈઓ માટે ''ભાત'' લઈને ચારણમાં જાય ! ક્યાંક વળી આ બન્ને ભાઈઓ શિકારે ય ચડે... આમ, વ્યવસાયે વ્યવસાયે આપણાં રામાયણકથાનાં પાત્રો સમાઈ ગયેલાં નજરે પડ્યાં કરે છે. ''લોકમાનસમાંનો



રામ'' તે ''ગુણોનો પૂંજ'' છે. લોક તો કોમેકોમનાં દરેક દીકરામાં ''રામ'' દરેક જમાઈમાં ''રામ'' જુએ છે... તો કોમેકોમની દરેક દીકરી ''સીતા''. દરેક પુત્રવધૂમાં ''સીતા''નાં દર્શન કર્યા કરે છે. કેવું જબરું thinking ? પાયામાંથી જ સદ્‌ગુણોનું આ રીતે સતત સિંચનને, અને આમ જીવનનાં જીણાં મોટા રોજબરોજનાં પ્રસંગોમાં ''રામ દર્શન'' તથા ''રામાયણ-પાત્રોનું દર્શન'' કરાવ્યા કરવું, તે રામાયણનું સાચુંકલું દર્શન નથી શું ? લોકમાનસમાં એક ''સમગ્ર દૃષ્ટિ'' દેખા દે છે. આ દૃષ્ટિ એક ઊજાસથી યુક્ત છે. અને તે છે કુટુમ્બભાવના, પ્રેમભાવના, અન્યોઅન્યને સમજવાની, કદર કરવાની અને નિભાવવાની ભાવના... આવી આવી સુંદર ભાવનાઓની છે આ રોશની તો ! દેશ જ ગીતોમાં, લોકમાનસમાં જે કાંઈ દેખા દે છે, તે છે તો રામકથાનો પરિપાક અને તેનો પ્રભાવ, જે જીણો વટાઈ-ઘૂંટાઈને મન-મસ્તક પર છવાઈ જાય છે; હૈયે વસી જાય છે. જેમ ગ્રંથોમાં આપણને ''મર્યાદા-પુરુષોત્તમ'' રામનાં દર્શન થાય છે, તેમ લોકમાનસમાં રામ તે ''અનેકરૂપા રામ'' તરીકેનાં દર્શન છે. પરંતુ આ બન્નેય ''રામ'' માટે જીવન એક કઠોર વ્રત છે. પોતાનાં માન્યાં તેનું પણ જીવનયજ્ઞમાં બલિદાન, એ તો જાણે કે ''રામ''ના જીવનશૈલી ! પિતૃભક્તિ, માતૃભક્તિ, ગુરુભક્તિ, પતિપત્નીપ્રેમ, એક પત્નીવ્રત, બંધુ પ્રેમ, દેશપ્રેમ, પ્રજાવત્સલતા, કુળસ્વાભિમાન આ દરેકદરેક વાતમાં ''બન્ને ય રામ'' દાખલારૂપે. ''રામ''ની ન્યાયવૃત્તિ તો પત્ની, બંધુ કોઈને ય ન બક્ષે... લોકજીભે ઝરતાં થોડાં ગીતઅંશો આ સંદર્ભે નજરવગાં કરીએ જરા...

(૩૦) કેંગા કરોધમાંલ્યાં બોલીયાં રે
કે : રામ લખમણ વન્ય જાય...
''ભરથ મારો ગાદી ભોગવે રે,
''રામ ચૌદ વરસ વનવાસ,
''સાધુ વેષે... ખાસ''.... કેંગા કવળું બોલીયા...

પ્રા. ધો. ગીત ૬૧, પાનુ ૧૦૧

**ત્યાંતો રામ તત્‌ક્ષણ :**

ઢાળ : મેં તો થાળભર્યો રે...

(૩૧) રામે માતાનાં ઓછાં વચન સુણિયાં રે
પાછાં પિતાનાં પાળવા બોલ,
બાળપણમાં રે રામ લખમણ વન્ય ગિયાં રે...

પ્રા. ધો. ગીત ૬૨, પાનું ૧૦૨

પછી તો

ઢાળ : વીરા ! બેલા આવજો

(૩૨) રામ લેખમણ બેઈ ભાઈ વન્ય સિધારતાં
સાથે સીતાજી સાબદા થાય, કે'છે રઘુરાય
કેઃ ''પધારો પિયર ભણી''...
કેમકે : ''વનમાં જાજા વરૂ'ને વળી વા-નર
''ત્યાં કાંઈ ન મળે પાશવો નો પાર,
''ભાળયે મારે ઠાર... પધારો પિયર ભણી....

પ્ર. ધો. ગીત ૬૩, પાનુ ૧૦૩

તે ટાણે પત્ની સીતાનો પતિ રામને લોકજીભે જવાબ આમ ગવાયો...

(૩૩) ''જીરે સાવ રે સોનાની પીર કેરી પાલખડ ?
''જીરે ઈ પાલખડીને પિયુજી ! પાછી વાળું રે
''તવ સંગે વનમાં હાલું રે, નઈં મૈયર જઈને માલુ રે
''નઈં વળીઈં પિયુ અમી પિયર ભણી...
વળી : ''જીરે કઠણાઈ ભરીયલ પંથ કપાવે કંથજી,
''જીરે ઈ મારગડે હાલું હું તવ સંગ, મુજ ઊર ભરીયો ઈ ઊમંગ,
''પિયુજી ! નઈં વળીઈં અમીં પિયર ભણો...

પ્ર.ધો. ગીત ૬૪, પાનુ ૧૦૪

શબ્દો : પિયર, મૈયર = મહિયર, પિયર, મા'લુ = મહાલું.

તો આવી છે લોકમાનસમાં પતિ (રામ) અને પત્ની (સીતા)ની વ્યાખ્યા !!

ધનુષ્યયજ્ઞ સમયે

(૩૪) ગરૂ વિશ્વામંતર આજ્ઞાયું દિયે
કે : ''કરો રામ તમીં જનકનાં આ કામ,
''ધનુષ્ય શું નોં તૂટે ?''
તરતજ : શિષ નમાવો, વેણ માથે ચડાવો
હળુ હળુ હાલ્યાં શરી રામ... ધનુષ્ય શું નોં તૂટે ?
જઈને : હળવે હાથે રે રામે ધનુષ્ય ઉપાડ્યાં



લ્યો : ત્યાં તો ધનુષ્ય તૂટ્યા તત્કાલ, ધનુષ્ય જોજો તૂટ્યાં.
રાજા જનરખને હરખ નોં માય ધનુષ્ય જોજો તૂટ્યાં.
સીતા રોપે રે રામને વનમાળ.. ધનુષ્ય જોજો તૂટ્યાં.
ત્રણે લોકે ગૂંજ્યો જે કાર.. ધનુષ્ય જોજો તૂટ્યાં.

પ્રા.ધો.ગીત ૫૩, પાનુ ૫૮

શબ્દો : વિશ્વામંતર = વિશ્વામિત્ર, વેણ = ગુરુ આજ્ઞાનાં શબ્દો ગુરૂ - ગુરુજી, શરી રામ = શ્રીરામ

''રામ'' પાત્ર એવું કે તે બંધુ, પ્રજા, નગર, વડીલોની કાળજી, નાગરિક તરીકેની ફરજ આ બધી બાબતે સતત સભાન, ઉપરાંત સ્વકુળાભિમાન વગેરેમાં ક્યાંય ઊણાં ન ઊતરે... દા.ત.

ઢાળ : પુરુષ અમ તો તમસમ પાળ્યાં

(૩૫) રામ લખમણ સીતાસંગે વન્યરે સિધારે
જ્યાં : નગરીનું લોક વળાવે જાયરે, શરી રામે ગાદ ભરતજીને સોંપી
સરયૂને તીરે શરી રામ અરજું કરે રે
કે : ''નગરીનાં લોક તમી પાછેરાં વળજો
ને : આપણી અવધની રખવાળી કરજો... શરી રામે '' '' ''
''અમારા માવતરને હરમત્ય દિજો
વળી : ''ભાઈ રે ભરથ આવ્યે એટલુંક કે'જો
કે આપણાં માવતરનાં કહ્યામાં રે'જો શરી રામે
''ચૌદવરસ રે વીરામારા પળમાં વઈ જાશે
પણ : ''કાળ જાશે ને કરણી રે'શે...
અને : ''આપણા કુળમાં રે બંધુ ! એવી રૂડી રીતિ
કે : ''પ્રાણ જાય પણ વચન નોં જાય રે...

પ્ર.ધો.ગીત ૬૭, પાનુ ૧૦૭

શબ્દો : શરીરામ = શ્રીરામ, ભ્રથજી = ભરતજી, અરજું = વિનંતિઓ, હરમત્ય = હિંમત, કરણી = કરેલ કાર્ય.

રામ-વનવાસ અને પરિણામે દશરથ સ્વર્ગવાસ થતાં જ ગુરુનો ભરત-શત્રુઘ્ન ભાઈઓને આદેશ, કે સત્વરે અયોધ્યા પહોંચો. સાંભળતાં જ બન્ને ઘરે આવી જાય છે. વસ્તુસ્થિતિ તરત પામી જાય છે. મોટાભાઈને તેડવા યથાયોગ્ય-સદાળી-તૈયારી સાથે વનનો મારગ પકડે છે. ભરત પોતાનું દુઃખ આમ વ્યક્ત કરે છે.

ઢાળ : ગામમાં સાસરુંને ગામમાં પિયરીયું રે લોલ

(૩૬) ભૂલી રે ભૂલી માત તો બંધુ ! માગતાં રે લોલ
માગવો જોતો'તો મુજ વનવાસ જો
જીભલડી તે દિ' વેરી થઈ પડી રે લોલ
લાયક નાયક તો બંધુ આપ છો રે લોલ
આવી વિરાજો રાજ-સિંઘાસણયજો
રઘુકુળ તિલ્લક વળોને ઘરભણી રે લોલ
વળી : અવધનાં ધણી વળોને ઘર ભણી રે લોલ...
નઈ વળો તો મેણલાં નઈ ખમાય જો
ગામ ને મોઢે ગળણાં નઈ બંધાય જો
લોક કે'શે કે વીરો ઓરમાયો રે લોલ...
''અમીં તો ઠેર્યા વીરા ઓરમાયા રે લોલ
તો : ''ધન્ય સહોદર લક્ષ્મણજતિ વીર જો
''એને ''નિરંતર નિરંજનની'' છાંયડી રે લોલ

**માતા કેંગાને ઉદ્દેશીને :**

''ધિક્ ધિક્ માનેતો સણી આપને રે લોલ
''ધિક્ ધર્યો મેં તવ કુંખે અવતાર જો
''આ કુળનું કલંક બંધુ ! હું બન્યો રે લોલ
આમ : ''એળે ગ્યો મારો આખોયે અવતાર જો
''રઘુકુળ તિલ્લક વળોને ઘરભણી રે લોલ
તળીતો : ''અવધનાં ધણી વળોને ઘર ભણી રે લોલ...

પ્ર.ધો.ગીત ૬૭, પાનું ૧૦૬

તે સમયે લોકમાનસમાં વસતો બધુ પ્રેમી, માતૃપ્રેમી, પ્રજાવત્સલ ''રામ''નો ઉત્તર આવો છે.

(૩૮) રામ કહે કે ભરથ સાંભળો રે લોલ
સખદઃખ્ખ તો કરમ કેરી બેલડી રે લોલ
નથી માતા કેંગાનો કાંઈ વાંકજો
જાવ રે ભરથ અવધ સાચવો રે લોલ



રાજા (નાયક) વન્યાની પ્રજા રાંક જો
ઝટ જઈ ભરથ, અવધ સાચવો રે લોલ
કરશોમાં તમીં ઘડીનોય વિલંબજો
કેમકે : ગાદી સોંપી રામે ભાઈ ભરતને રે લોલ

વ. ધો. ગીત ૮૭, પાનું ૮૯

શબ્દો : વન્યાની = વિનાની, ભરથ = ભરત.

હવે ''પતિ'' રામનું પોતાની 'પત્ની'' સીતા પ્રતિ-રામનું-રૂખ જોઈએ- રામને (પતિને) મન્ય તો સીતા (પત્ની) તે છે :

(૩૯) તમીં મારી આંખનાં તાર છો
તમીં તો મારી અંજન-શલાખા છો'' એવું...!!

જ્યારે વનવાસ બાદ રામ-સીતા ઘરે આવે છે, ત્યારે સાસુ કૌશલ્યાબા હઠે ચડે છે, સીતાવહુને દબાણ કરે છે, કે ''રાવણ લખી દેખાડ્ય'' સીતાએ ઘણું ઘણું સમજાવ્યું કે બાઈજી ! મેં રાવણ સામું જોયુંય નથી, હું કઈ રીતે રાવણ ચિતરૂં-પણ લોકમાં કથા છે, કે સાસુએ જ આલેખ કર્યો, દેરીડાએ રંગ ઘૂટી ઘૂંટીને ભાભી સીતાને પકડાવ્યા અને પુત્રવધૂ સીતાએ તે રંગો આલેખમાં ભર્યા તે ભીંત ચિત્ર રામને નજરે પડતાં જ સીતાને પૂછે છે

(૪૦) કે : ''સીતા સતી મારી સાધ્વી રે ! મારો વેરી શીદ લખીયો ?''
સાસુજીએ રંગ રેડીયાં રે, ઘૂંટી ઘૂંટી મુંને દીધા.
લખમણ, દેરીડે ચિતર ચિતર્યા રે, મેં તો રંગજ ભરીયા.''

પ્ર.ધો.ગીત ૧૦૨, પાનું ૧૫૩

શબ્દો : આલેખ = free hand draning

સીતા પ્રથમવાર સગર્ભા છે. તે અવસ્થામાં તેને વનવાસ દઈ દેર લક્ષ્મણ રામનો ભાઈ સીતાને વનમાં ઉતારી મૂકીને ખાલી રથ હાંકીને ઘરે આવે છે; (જેમ સમાજમાં આજે પણ ''કુંભારની દાઝ ગધેડા પર'' કે કુંભારને વાંકે ગધેડાને માર પડે'' એમ વહુને તેનાં દેર ભાઈઓ પિયરમાં ઉતારીને પાછા ઘરે આવે છે ને ? તેમ જ તો !) ત્યારે પતિ રામને મુખેથી વેણ સરી પડે છે. કે—

(૪૧) લખમણ ! લખમણ બાંધવા રે સીતા શી રીતીં મેલ્યાં ?
ઉ : જળ વન્યા તડફડે માછલડી રે સીતા તડફડતાં મેલ્યાં
માવતર વન્યાં રઝળે બાળુડાં રે, સીતા રઝળતાં મેલ્યાં

ચકવા વન્યા ઝૂરે ચકવી રે, સીતા ઝૂરંતા મેલ્યાં
ગાય વન્યાં બાંબરે વાછરડાં રે, સીતાં બાંબરતાં મેલ્યા... વગેરે.

પતિ રામ તો વારંવાર એકનો એક પ્રશ્ન ''મોપાટ'' (મુખપાઠ) માફક ઘૂંટયે જાય છે કે ભઈલો કાંઈક શાના વળે તેવી વિગત કરે... પરંતુ લક્ષ્મણે તો હકીકતી બયાનીમાં જરાય બાંધછોડ નથી કરતો... કેમ જાણે લક્ષ્મણ કહેવા માગતો હોય, કે ''દાખલારૂપ રાજા બનવા માટે થઈને કાંઈ માનવી થોડું મટી જવાય અને હજીયે છે કોઈ આદેશ ''રાજાધિરાજ રામ'' ? તો કરો હુકમ આ નાચિજ નાગરિકને.''

પતિ ''રામ'' પત્ની ''સીતા''નાં વિરહમાં આમ ગવાયો.

(૪૨) ઢાળ : આંબલીયો રે સખી શિખો

આંબલીયો રે સખી ! શિખોને નિરમળો રે
એને થડ્યે બેઠાં શરીરામ, ''સીતા સીતા'' ઝંખી રિયાં રે
કે : કોઈ અમને લંકગઢ દેખાડો, સીતાજીને હેરવા રે

પ્ર.ધો. ગીત ૯૦, પાનુ ૧૩૬

શબ્દો : હેરવા = ગોતી પાડવા

લોકમાનસમાં બંધુ પ્રેમ, પત્નીપ્રેમ કેવાં કેવાં કંડારાયા છે તે પર જરા નજર નાખી લઈએ.

સીતાને એકલા ભાળી, છળ બળથી રાવણ ઉપાડી ગયાના ખબર પડતાંકને -

ઢાળ : હું તો જોઈ રઈ સીતા તમારા રૂપને

(૪૩) રામ તો રોવે રોવેને રૂદન કરે, (રળવળે)
રામ રોવે ને લખમણ બંધુ વિનવે
કે : ''તમીં રોતાં છાનાં રયો ને રઘુરાય
''ભોજાઈને રાવણ હેરી લઈ ગયો....

સમાજમાં નાનો ભાઈ પોતાના મોટાભાઈનું દુઃખ સહન ન કરી શકે... તે તેની રીતે ઉપાય સૂચવે છે કેમકે રામ ''સીતે સીતે'' કરીને વલવલે છે.

લક્ષ્મણ : ''તમને સીતા સખી નારી ફરી વરાવશું
એવું ય સીતા એવું રૂડું ધરાવશું નામ
સીતાને રાવણ હેરી લઈ ગ્યો.



રામ : કે : ઘેલા લખમણવીર ! આવાં ઘેલાં શ્યા બોલો ?
જળ જળ રે કમળ નવ નિપજે
વન્ય વન્ય રે ચંદન નઈં ઝાડવાં
દરિયે દરિયે રે નિપજે નઈં મોતીડાં
એમ કાંઈ ધર્ય ધર્ય સીતા નઈ નાર્ય...
કપટી રે વેરી એને હેરી લઈ ગ્યો...
વળી : તમને સોંપી'તી મેં સીતાની સંભાળય,
રાવણ શેણે હેરી લઈ ગ્યો ?
બંધુ ! કાઢોને તમીં સીતા તણી ભાળ્ય વેરી હેરી લઈ ગયો...
નોંધારી નારી વેરી હેરી લઈ ગ્યો....

જાણેકે રામનું કહેવું છે કે એકલી નોંધારી નારીને માથે સિતમ થયોછે. આપણે ક્ષત્રિયો નારીરક્ષકો, આવી રીતે અપહૃત નારીની રક્ષા કરવી તે આપણી સૌપ્રથમ ફરજ છે ભાઈ....

પ્ર.ધો.ગીત ૯૧,પાનુ ૧૩૭

જનમાનસમાં રામનાં પત્ની સીતા આમ કંડારાયેલાંછે. સગર્ભા સીતાને અઘોરવનમાં એકલાં ઉતારી મૂકીને લક્ષ્મણદેર રથ હાંકવા જાય છે, ત્યાં તો સીતાને મુખેથી વેણ સરી પડે છે :

(૪૪) ઢાળ : હરિને ભજતાં હજી

એજી લખમણ ! ઘડીરે ઊભા રહો મારા વીરા !
વાઘું ઘોડલિયાની તમી જાલો રે
કરવી રાઘવ રૂદિયા કેરી વીરા મારે વાત...
થંભાવો રથડો ઠાલોરે
એજી લખમણ ! અમારા રખોપાં કરશે રામ
રામનાં તે કુણ કરશે રે ?
રામનાં જાનકી વન્યાનાં દિ'ને રાત્ય,
વિજણલાં કોણ વાંશે રે ?.... એજી લખમણ !...
એજી લખમણ ! ભાંગલ રૂદાનો મારો રામ...
એની સહાયે સદાનમીં રે'જોરે
રામના વિજોગી દલડાને મારા વીર !
સીતા સાંભરવા નોં દેશો રે...

અને જો મારા રામને આ સીતા સાંભરી જશેને તો સુસંસ્કારી પ્રજા સંપે જંપે જીવાતું સુરાજ્ય, ન્યાયી શાસન (રામરાજ) સ્થાપવાનાં આપણાં સૌ સહિયારા સમણાં ધરાશાયી થઈ જશે ભાઈ ! ...લ્યો ત્યારે કરો રથ હાલતો મારા વીરા... આશ્ચર્ય તો એ કે આવો ભયંકર અન્યાય (સગર્ભાવસ્થામાં વનવાસ) છતાંય પત્ની સીતાને પોતાના પતિ રામની ચિન્તા સતાવે છે! સુરાજ્ય સ્થાપનાની ફિકર સતાવે છે !

વનમાં સીતા તો સાવ આધાર વિનાનાં, એકલા અટૂલા અને અસહીસલામત પણ એટલાં જ... પોતે એક ઝાડને હેઠે બેઠાં છે. ત્યાં એને સર્વ રીતે સક્ષમ પરપુરુષ વારંવાર પ્રલોભનોનો અંબાર ખડકી દે છે. તે ટાણે ખડતલ માનસવાળી પત્ની સીતાનાં વેણ લોકકંઠે આમ સાંભળવા મળે છે :

(૪૫) ઢાળદૂધે ભરી તલાવડી (સાંજીને)

રાવણ : ''કહો તો મરદયાનેણી ચુંદડી મગાવી દઉં
''સાચા સાળુનો નઈં રે પાર,
''ખીનખાપ લપેટાનાં તાકા ખડકાવું
''એક ઘડીકરામ વિસાર્ય
''રે માનો પરદયાનેણી નાર્ય !''
સીતા : ''ચુંદડીમાં તો તારી આગ્યું ચંપાવું
''ભડકે બાળું બાળું ચીર
''ખીનખાપ લપેટા તારે ખાપણ્ય વપરાશે
''મારે ભવભવ રામ ભરથાર
''રે મારે હૈડેથી નો છૂટે રામ
''તુંરે મારે મન્ય લખમણ જતિ
''મુંથી રામ નઈં વિસરાય
''રે હું તો નઈં નઈં વિસારૂં રે રામ...

પ્ર.ધો. ગીત ૮૭, પાનું ૧૩૬

જીણી નજરે જોતાં લોકદૃષ્ટિમાં રામ, લક્ષ્મણ, સીતા, ભરત, દશરથ, જનક, કૈકયી, કૌશલ્યા આ બધાંય પાત્રો જે છે, તે તો છે આપણાં જ પરિવાર કે પાડોશમાં વસતી વ્યક્તિઓ. તેમાં માનવીય ગુણો છે, અવગુણોય છે તે 'અવતાર', 'મહાનાયક' કે 'ઈશ્વર' આ બધું જ 'માનવરામ' રૂપમાં રૂપાન્તરીય થઈ જાય છે. તેજ ક્ષણે તત્કાલ ! એમાં કોઈ દુવિધા કે કનફ્યુઝનની સ્થિતિ નથી જ. અને આ



છે આપણી દેશજગીત રચના તેમજ તેના ગાયક-વાહકોની વિશેષતા. દા.ત.,

(૪૬) ઢાળ : મેં તો થાળ ભર્યો રે રાગ મોતીડે રે

વાંકા બાંધે રે રામચંદર રંગત મોળિયા રે
વીરા મારા ચાંદા સૂરજ કેરા તેજ
સીતા વરે રે રામચંદર (કુવરીયા) તમારા રૂપને રે
તરતજ ભાઈને : વાંકાં બાંધે રે વસંતભાઈ રંગત મોળિયા રે
વીરા મારા ચાંદા સૂરજ કેરા તેજ
ભાનુવહુ વરે રે લાડકડા (કુવરિયા) તારા રૂપને રે...

વ.ધો. ગીત ૩૯, પાનુ ૪૩, શબ્દો : મોળિયા = સાફા

લોકમાનસમાં બીજી ખાસ વાત એ જોવા મળે, કે અહીં તો બધાંય પાત્રો કુટુમ્બનાં સામાન્ય સભ્યો છે. આ સૌ સામાન્ય સંબંધોને સામાન્ય રીતે જીવે છે — આદર્શ અને યથાર્થ વચ્ચે — પ્રેમ પણ કરે છે, કજિયાય કરે છે. અહંકાર કરે છે અને વિનમ્રતા ય દાખવે છે. આ રામકથા છે તે તો ઊગી નીકળી છે રોજબરોજનાં લોકજીવનમાંથી. તેથી તેમાં એક જ પ્રસંગ અનેક રીતે ભજવાય છે. આ સ્વાભાવિક છે. બલ્કે સારું છે. આ રીતે રામકથા પ્રત્યેની આપણી દૃષ્ટિની સંકડાશને મોકળાશ સાંપડે છે. જુદી રીતે જોવાની શક્તિ મળે છે.

હવે જોઈએ લોકકંઠે ગવાતું લંકાદહન

ઢાળ : નાગણીયુંના નાથ નાથ્યા.

(૪૭) લંકા બાળી ભડકલ્યે, ન્યાંની સેના મારી થડકલ્યે
મૂછાળાં મરદાના માર્યા, માળિયાને મંદર બાળયા,
રાવણરાયના મહેલ બાળયા
ઊંચા ઊંચા મેડા બાળયા, ડેલાંને દરવાજા બાળયાં
બવળી બજારૂં બાળી, ચોરા ને ચૌટા બાળયા
ઘોડાની ઘોડાર્યું બાળી, એંશરીયું પટહાર્યું બાળી
પણ : એક રાખી અશોકવાડી રે, જાજો જેકાર તમારો હનમંતા બળવંતા
હનમંતા બળવંતા જે જે હનમંતા બળવંતા.

લોકનારીને કંઠે સંગ્રહીત રામકથા ગીતોમાં નારી ''જેકારો''તો માત્ર હનુમાન જતિનો જ બોલાવે છે. નહિ રામ પતિનો કે નહિ લક્ષ્મણ જતિનોય નારી પામી ગઈ કે નોધારી નારીનો વ્હારે એકલ પંડ્યે — સાવ નિઃશસ્ત્ર પાછાં એક

હનુમાન બળિયા જ ચડે છે. બધીય બાતમાં મેળવીને લાવે છે. એ બધી વિગતો મેળવ્યા બાદ ''રામે તે સેન હંકારિયા રે'' થયું... તે પૂર્વે તો નહિ ને ? કેવું ગાયું ? ખેર ! એક વાત એ પણ છે કે આ નાનકડા ગીતડાની --- તુલસીની કવિતા ''બસન બટોરી તેલ''ની સરખામણીમાં મૂક્યે આ ''ભડકલ્યે'' વાળું ગીત સૌંદર્ય વધુ વર્તાવે છે કે શું ?

હવે રામ કથા આગળ આમ ચાલવે છે જનમાનસ :

(૪૮) ઢાળ : ઓતરાખંડમાં અજોધા વખાણમાં જી રે

સૂણતાંકને રામે સેન હંકારીયાં જી રે
આવી ઊતરીયાં સમંદર તીર, સીતાજીની સુધિ મળી જીરે
લંકા માથે તે જબ્બર જુદધ માંડીયાં જીરે
રોળયો રોળયો કાંઈ રાવણરાય... સીતાજીની...
ટાળી રાવણને સીતા વાળી લાવીયાં જી રે
સદાળે વરત્યો રે...જે...જે કારો... સીતાજીની...

પ્ર.ધો. ગીત ૯૩, પાનુ ૧૪૧

ઉપરાંત વેણ એમ પણ છે કે :

(૪૯) ઢાળ : નાગણાયુંનાં નાથનાથ્યો

દસ માથળો રાવણ માર્યો, વીશ ભૂજાળો રાખહ માર્યો
ભલ ભલાને દઈને તાળી, રાવણરાયનાં કુળ ટાળી
સીતા લાવ્યા વાળી રે...
ઊતારો આરતી શ્રી રામજી ઘર્ય આવ્યા
હરખને હુલામણે શામળિયો ઘર્ય આવ્યા
જીણે ઝીણે મોતલીયેને ચોખલીયે વધાવ્યાં રે
ઊતારો આરતી સીતા-રામજી ઘર્ય આવ્યા...

આમ, સકુશળ રંગેચંગે, સીતા સહિત સૌનું અયોધ્યામાં આગમન... ઉલ્લાસનો પાર ન મળે. સૌ સાથે રાવણના ભાઈ વિભીષણ આવ્યા છે. આ વાત લોકનારી ગીત દ્વારા ઉજાગર કરે છે તે ધ્યાન દોર્યા વિના ન રહે તેવી છે. દા.ત.

(૫૦) અંકાશેથું એક વેમાન ઊતરીયું, ભેળાં ઊતરાયા બભિષણ ભગત
જોવા મળિયું જગત, બભિષણ આવીયાં.

પ્ર.ધો. ગીત ૯૯, પાનુ ૧૪૭



દેશજ ગીતો અને તે પણ સીતા તથા રામને લગતાં દેશજ ગીતોનાં સંપર્કમાં જ ન આવ્યાં હોય, એમને આવાં ગીતો પ્રથમ વાર મળે તો શું થાય ? મનમાં એક પ્રશ્ન છેડાઈ જાય કે ''અરે ! આવું થોડું હતું ?'' કેમકે આપણે તો ''તુલસી'' કે વધુમાં વધુ ''વાલ્મીકિ'' કે તેનાં પર આધારિત રામકાવ્યો જેવાં કે 'ગિરધરકૃત રામાયણ' 'રાધેશ્યામ રામાયણ' ગુપ્તાજીનું 'સાકેત' કે પછી 'આધ્યાત્મ રામાયણ' આવું બધું વાંચ્યું હોય ! પરંતુ સીતા તથા રામને લગતાં દેશજગીતોને માટે એક વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે આ ગીતોમાંની કથા તે પુસ્તકીય નથી, ગ્રંથીય નથી, કે નથી દર્શનની પણ... આ તો છે ''લોક''માં ઊગેલી, લોકમાનસમાં વસતી, હિલોળતી કિલોલતી લોકજીભે ભમતી રૂડી કથા — આ કથા તો રોજબરોજનાં જીવનમાં ડગલે ને પગલે દેખા દેતી રહે છે. જાણે કે --- અને એટલે જ તો ઘણાં બધાં ફેરફારોને સ્થાન મળ્યું છે. દા.ત. રામ અને સીતાના પ્રથમ પરિચય ત્રણ ગીતો (વરઘોડિયાં' પાનુ ૧૪-૧૬) તેમાં બે ગીતોમાં લગ્ન જનકરાય કરાવી દે છે, જ્યારે એકમાં પોતે જાતે જ કરી લે છે ! લોકમાનસમાં રામકથા કાંઈક જુદા જ કારણ લઈને ચાલે છે, તેથી જુદી લાગે ખરી, પરંતુ જે કારણો તેનાં ખૂબમાં છે, તો છે (૧) ગૃહસ્થ જીવનની મર્યાદા અને (૨) તેમાં રચાયેલ પ્રેમ અને તેની માવજત (૩) ગ્રંથોમાં આપણને મર્યાદાપુરુષોત્તમ રૂપીરામનાં દર્શન થાય છે, તો (૪) જનમાનસમાં આપણને અનેકરૂપી રામનાં દર્શન થાય છે.

નોંધ : પ્ર.ધો. = પ્રભાતિયાં અનો ધોળ, વ. ઘો. = વરઘોડિયાં, વિ.વા. = વિવા-વાજન

રામ લખમણ બેઈ બાંધવા રામૈયારામ
બેઈ ભાઈ ચડીયા શિકાર્ય રે રામૈયારામ
અઘોરવનમાં જઈ ચડીયા રામૈયારામ, વનવગડે રામજી તરસ્યા થાય રે '' ''
રામ કહે સૂણો લખમણભાઈ '' '', તરસલડીએ જીવડલો મુજ જાય રે '' ''
''ખમા ખમા હો બાંધવાં'' '' '' , કહેતાંક ઝટ દઈ ચડીયા લખમણ ઝાડ્ય રે ''
ઝાડવે ચડી જળ જોઈ વળીયા '', નીર ક્યાંય નજરે નવ કળાય રે '' ''
પણ : આઘેરેક તબકે તળાવડી '' , જાણે ભરીયલ ભીમ-તળાવ રે '' ''
તળાવની દશ્યે જાય બેય ભાઈ '', નિરખ્યાં નીર'ને હરખ્યાં બેઈ ભાઈ રે ''
જળ પીઓ ને તમીં રામજીઆંઈ '', પ્રિત્યે બોલે લખમણ એવાં બોલ રે ''
ખોબલ્યે જળ રામ પીવા જાય '' , શબદ જોજો કેવા બાઈ ન્યાં થાય રે ? ''
કે : ''જળ પીશોમાં તમીં રામજી આંય '', સૂણતાંક રામજી જોઈ વળ્યાં ચારે કોર્ય રે ''
પ્ર. : ''કુણ કે' છે જાંને આવા વેણ ? '', ''શીદને નથી પીવા દેતા નીર રે ?''

ઉ : ''નથી દેવ કે નથી જળદેવતા'', જળમાછલડી જળની હું રહેનાર રે ''
પછી : જળમાછલડી બોલી વળી '' કે ''પાપી નોં પીએ નીર આંય રે...
આવું સૂણતાંક લખમણ રાતાંપીળાં '' કે ''રામે કરીયાં એવાં તે શ્યા પાપ રે ?'' ''
ઉ : ''બેજીવસોતાં સીતા તજ્યાં'' ને ઊતારી મેલ્યાં અઘોર વનમોઝાર્ય રે ''
જ્યાં : 'એકલડી નોંધારી નાર્ય... એણે વરહ વિતાડ્યા વનમાં બાયું બાર રે...
સીતાનું તો આમળું જળી ગયું'' એનાં દઃખ ઊખેળ્યે ના'વે કેદ્યે પાર રે..
માટે : જળે પીશે જો રામજી આંય '' તો સોખાઈ જાશે સરવર નીર તમામ રે
પરિણામે : જળચર વનચર જળ વન્યા '' તફડી તરસ્યે મરશે આ વનમાંય રે...
ત્યારે : છોભ્મા પડી ગ્યાં રામજી '' ને મેલી હાલ્યાં તળાવ તત્કાલ રે '' ''
રામ : ''હાલોને લખમણ ! બાંજલ્ય વન્ય'' આ જળચર વનચર નથ્થી મારે મારવાં
હકીકતે તો : તરસે તફડે રામજી ય '' ન ''જળ જળ''
ઝંખે નનકો લખમણ ભાઈ રે '' ''
તો પણ : હળુ હળુ હાલ્યાં જાય બેઈ ભાઈ '' સામો મળિયો બાબુડો એક બાળ રે '' ''
ઈતો : જળ ઘોંણિયો લઈ નિઃહરીયો '' ન કરે ન કરૂં રાજકુંવરનું રૂપ રે '' ''
મુખ પૂનમનાં ચાંદરામુ '' તાણીને બાંધેલ બાળી-કેષે રે... '' ''
ટક ટક ટક રામ તાકીરિયાં '' સામો ઊભો હસતો રમતો બાળ રે '' ''
જોતા એનાં ભૂલ્યાં બેઈ ભાઈ તરસલડીને થાકરે '' ''
રામ : કુણ કુળનો તું કુંવરીયો ?'' લેજે તારા માતપિતાનાં નામ રે '' ''
બાળકે તો : જળઘોંણિયો ધર્યો રામની મોર્ય '' કે ''લ્યો મુસાફર પીઓને આ નીર રે
નક્કર જાશે તરસે તવ જીવ રે ''
મુસાફર : જળ જો તારે પાવું જ હોય '' 'લેજે તારા માતપિતાનાં નામ રે '' ''
રામૈયારામ
બાળક : બાપનું તો નામ નવ જાણું હું
માતા-અખ્ખારેલાં સીતા રે..
સૂણતાંક રામજી થંભી ગ્યાં '' જાણે જાગ્યો એને રૂંવે રૂંવે જીવ રે '' ''
મુસાફર : હાલો કુવર જ્યાં માતાજી '' હૈયે એને હરખ નોં માય રે '' ''
પછીતો : મોર્ય મોર્ય કુવર ડગભરે '' વાંહ્યે હાલે રાખલખમણ બેઈ ભાઈ રે ''



આઘે આઘે જંગલમાં જતાં જોયું કે :
સુખડ બાજોઠ ઢાળેલાં રામૈયારાય, ઈ પર બેઠાં માતા સીતા નાંય રે '' ''
નાગની તે ફેંણ શો ચોટલો '' '' છૂટે કેશે કરતાં સીતા સ્નાન રે '' ''
પગરવનેકારણે : ઝબકીને સીતા ઊભા થયાં '' ''
સંકોર્યાં છે ચીરને ઢાંક્યાં શિર રે '' ''
વાંહ્યે ઊભા રામજી તાકોરિયાં '' '' તાકીરિયાં રામજી તિરછાં તાણી નેણ રે '' ''
''ભાભી મોરા શું આ જ તમીં ?'' પ્રીત્યે બોલે લખમણ એવા વેણ રે '' ''
રામ વદે સૂણો સીતાતમીં '' '' કે ''એકવાર જોવું મારે મુખ રે '' ''
ત્યારે : વાંહો વાળીને સીતા ઊભા રિયાં '' ''
ઈતો : નથી બોલતાં કે નથી ચાલ'તા '' ''
એને હૈયે ભરાયલ હોય હળાહળ્ય હાય રે '' ''
દઃખ વેઠ્યાં એણે અપરંપાર '' એનાં કળાપાનો કોઈ નમળે કળનાર રે '' ''
એનાં હાય ભર્યે હૈયે શી રીત્ય ટાઢક થાય રે ? રામૈયારામ

**એક વસમી ક્ષણ :**

રામ વદ્યા ''ઓ જાનકી '' ! રામૈયારામ, સીતાથી ઈસૂણ્યું હવ નવ જાય રે '' ''
સીતા ધરતી માતા કને ધા નાખે છે :
કે : ધરતી માત ! મુજ માવલડી રામૈયા રામ
અગન ઘોતો ભડભડ ભડકો થાવું રે '' ''
મગન ઘો તો સપ્ખ્યે સમાઈ જાવું રે '' ''

**દીકરીને દઃખે :**

ધરતી માતા ફાટી પડ્યાં રામૈયારામ
ભોંની જાયી ભોંમાં જઈ સમાઈ રે રામૈયારામ
સમાત્ય લેતાં સીતા વદ્યા રામૈયારામ ,, હવે નોં જોવું મુખ રે રામૈયા રામ
સીતાએ તો : જીવતા સમાત્ય લઈ લીધી રામૈયારામ
ભોંઠા પડીયા જાજા રાજારામ રે '' ''
પણ : ધોડતાંક જાલે રામ મોવાળા '' '' કાળા કેશ થઈ ગ્યાં લીલા ડાલ રે ,,
ત્યાંતો : ''જીવતા સીતા હવે નઈં મળે રામૈયારામ
''ભલે ખોદતા રે'જો રામ તમીં આ ભોમ રે '' ''

ઈતો ઠીક પણ : ‘‘સીતાના તો મોવાળાય નઈં મળે રામૈયારામ
‘‘ભલે સિંચતા રે’જો ડાભડાનાં છોડ રે ’’ ’’
અને રામ તો : ખેતર ખેડ્યાં કરે રામજી રામૈયારામ
ને : નિત્ નિત્ પાતા પ્રિત્યે દાભને નીર રે ’’ ’’

(શબ્દો : તબકે = ચળકાટ કરે, રાતાંપીળાં = ક્રોધાયમાન, આયખુ = આયુષ્ય, જળી ગાયું = બળીને રાખ થઈ ગયું, કેહા = કદિયે, કોઈપણ દિવસે, વન્યા = વિના, છોભા = ક્ષોભીલા, પેલી = મૂકીને, ઘોંણિયો = ગાગર, નક્કર = નહિતર, પોર્ય = આગળ, વાહ્યે = પાછળ, આદો આદો = દૂર સુદૂર, કળાપો = કલેષ સભર દુઃખનું કળતર, વાંહો વાળીને : પીઠ દેખાડીને = ખણતાં = ખોદતાં, કળનાર = પારખનાર, જાણનાર. અગન = અગ્નિ, મગન = જગ્યા, સખ્યે = સુખેથી, અળ્યારેલાં = અમારા, સમાત્ય = સમાધિ, ભોંઠા = શરમીંદા, મોવાળા = વાળ.)

આમ પચાસથી પણ વધુ લોકગીતો કે મેં મારા અહીં સંક્ષેપાક્ષરે નિર્દેશેલા પુસ્તકમાં સંપાદિત કર્યા છે તેને આધારે રામના ચરિત્રની અન્ય પાત્રસૃષ્ટિની છબીનો પરિચય પ્રસ્તુત કરાવી શકાયો એ અભ્યાસીઓને અવશ્ય ઉપયોગી થશે.





## વિભાગ : ૨

# ચારણીસાહિત્ય







૩

# હરદાસ મિસણ : મૂળ કથાનકમાં પોતીકી પ્રતિભા

ડૉ. અંબાદાન રોહડિયા

ગુજરાતી-ચારણી સાહિત્યના એક મહત્ત્વના સર્જક હરદાસ મિસણની કૃતિઓમાં પોતાની પ્રતિભાબળે તેઓ કેવું આલેખન કરી મહત્તા ધારણ કરીને, છે એ વિગત દર્શાવવાનો ઉપક્રમ અહીં સેવ્યો છે. આપણે જાણીએ છીએ કે ભારતીય કથાસાહિત્યમાં વૈદિક, જૈન, બૌદ્ધ અને લોકકથામૂલક એમ ચાર પ્રકારની કથાધારાઓ છે. ચારણી કથા-સાહિત્ય પર આ ચારે પ્રકારની ધારાના કથાસાહિત્યમાંથી વૈદિક ધારાના કથામૂલક સાહિત્યનો ઘેરો પ્રભાવ રહ્યો છે. વૈદિક સાહિત્યમાં વેદ, ઉપનિષદ ઉપરાંત રામાયણ, મહાભારત જેવાં મહાકાવ્યો અને પૌરાણિક કથાઓ ઉપરાંત બૃહતકથાકુળના ગ્રંથો મૂળ સ્રોત મનાયા છે.

ચારણી કથામૂલક સાહિત્ય પણ વૈદિક ધારાથી પ્રભાવિત જણાયું છે. આ ઉપરાંત ઇતિહાસના પ્રસંગો- અને લોકરંજક કથાનકો પણ ચારણી સર્જકોએ એમનાં કથામૂલક સાહિત્યમાં યથાસ્થાને પ્રયોજ્યાં છે. વિષય વૈવિધ્યની દૃષ્ટિએ ચારણી કથાસાહિત્ય અનોખું સ્થાન ધરાવે છે. કથનકળાના સ્વરૂપની દૃષ્ટિએ પણ આ ધારાનું સાહિત્ય ભારતીય કથાસાહિત્યમાં એક બળૂકા ઉદાહરણ તરીકેનું સ્થાન પામે એ કોટિનું છે. ચારણી વાર્તાઓ, ચારણી આખ્યાનો અને ચારણી કથાગીતોનો વિગતે અભ્યાસ કરીએ તો જ ચારણી કથાસાહિત્યની ખરી રિદ્ધિનો પરિચય થાય.

ચારણી કથાસાહિત્ય સમૂહ સમક્ષ રજૂ કરવા માટેનું સાહિત્ય છે. એનું



પઠન વિશિષ્ટ પ્રકારની પ્રાપ્ત કરેલી કેળવણી અને આવડતથી જ કરી શકાય. આ માટે ચારણી સાહિત્યની રજૂઆતનું શિક્ષણ આપતી અનેક પાઠશાળાઓ પણ અસ્તિત્વ ધરાવતી હતી, જ્યાં આ ધારાના સાહિત્યને પ્રસ્તુત કરવાના તમામ તરીકાઓ રીત-રસમો, પદ્ધતિઓ શિખવવામાં આવતાં, અને બહુધા એ બધું કંઠસ્થ કરાવવામાં આવતું. આ એક પ્રાચીન પરંપરાથી પરિચિત થયા સિવાય ચારણી-સાહિત્યનું ન્યાયી રીતે મૂલ્યાંકન કર્યું ન ગણાય. કચ્છ-સૌરાષ્ટ્રમાં આ પ્રકારની પાઠશાળાઓ દ્વારા અનેક કવિઓ કાવ્યસર્જન અને કાવ્યરજૂઆતમાં નિપુણતા મેળવીને પ્રખ્યાત થયાનાં ઉદાહરણો મળે છે.

ચારણી-સાહિત્યની લિખિત પ્રત એક અર્થમાં સંપૂર્ણ ન કહી શકાય. એની રજૂઆત સમયના આરોહ-અવરોહ, નાદવૈભવ, લહેકા, મુખ અને હાથના હાવભાવ દ્વારા વાતાવરણ નિર્માણ અને ભાવપૂર્ણ અભિવ્યક્તિ દ્વારા અર્થ નિષ્પતિ ભાવક ચિત્તમાં રોપાતી હોય છે. એટલે ચારણી કથાસાહિત્ય એ સાહિત્ય (Literature) ઉપરાંત કળા સ્વરૂપ (Art Form) પણ છે. જેમ રેડિયો નાટકની સ્ક્રીપ્ટ વાંચવાથી એનો ખરો મર્મ ચિત્તમાં ન રોપાય; પરન્તુ જ્યારે એ રેડિયો પરથી પ્રસારિત થતું હોય ત્યારે પાત્રોના સંવાદોનું આરોહ-અવરોહ સહિતનું પઠન, સંગીત તત્ત્વ, વિવિધ ધ્વનીઓ વગેરેને કારણે મૂળ ભાવપૂર્ણ અર્થ શ્રોતાના મનમાં રોપાય છે, એવું જ કંઈક ચારણી કથાસાહિત્યનું છે.

ચારણી કથાસાહિત્યના સર્જનાત્મક સંદર્ભે કેટલાક ચોક્કસ પ્રકારનાં ધારાધોરણો, નીતિનિયમો વગેરે પાઠશાળામાં શિખવવામાં આવતા એવું જ પ્રસ્તુતિકરણના સંદર્ભે પણ હતું. આ પરંપરાનું પરિણામ વિપુલ એવું ચારણી સાહિત્ય-કથાસાહિત્ય છે. ચારણ સર્જકોએ આ સાહિત્યને બહુધા કુળ પરંપરાના ભાગરૂપે અપનાવ્યું છે, પરિણામે એમાં સમર્પણભાવ વિશેષ દૃષ્ટિગોચર થાય છે. ફલતઃ અત્યંત પ્રભાવશીલ, રસપ્રદ તથા ભાવોત્તેજક એવું રૂપ આ ધારાના સાહિત્યને સાંપડ્યું છે.

કોઈ ને કોઈ રાજવી સાથે આ સાહિત્યના સર્જકો નિકટના સંબંધે સંકળાયેલા હતા. અને એવા રાજવીઓ દ્વારા ચારણ સર્જકોનું અને એમનાં સાહિત્યનું સન્માન થયું છે, એમને લાખો રૂપિયાના દાન આપ્યા છે, પરિણામે એમના ગુણસંકીર્તન આ ધારાના સાહિત્યમાં વિશેષ રૂપે ભળેલાં છે. પરન્તુ અત્રે એક બાબત એ નોંધવી રહી કે ચારણો રાજદરબારોમાં રહેવા છતાં પણ રાજા-મહારાજાઓના મોહતાઝ ન હતા. જ્યારે જ્યારે એવો કોઈ પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે ત્યારે

સત્યના ઉપાસક ચારણ સર્જકોએ રાજા-મહારાજાઓની ખફગી વહોરી લઈને પણ કટુ સત્યવચનો સંભળાવવામાં કોઈની દરકાર રાખી નથી. આથી જ સત્યના ઉપાસક ચારણો રાજદરબારમાં અનન્ય સન્માનના અધિકારી બની રહ્યા હતા. ચારણી-સાહિત્યની આ ધારાના મોટા ગજાના સર્જકોએ વિવેક જાળવી પ્રસંગોપાત જ ગુણસંકીર્તનરૂપ સાહિત્ય સર્જ્યું છે, બહુધા ગુણ-કીર્તનરૂપ ગાનને અતિક્રમીને સર્જનાત્મક ઉન્મેષ દાખવતાં સાહિત્યનું સર્જન કર્યું છે, એ સાહિત્ય એટલે આ કથામૂલક સાહિત્ય. ભક્તકવિ ઈસરદાસ રોહડિયાના ભાણેજ હરદાસ મિસણ આવા મુઠ્ઠી ઊંચેરા અને મોટા ગજાના સર્જક છે. એમણે કથામૂલક કાવ્યસર્જન કર્યું છે, જેમાં 'જાલંધરપુરાણ', 'ભૃંગીપુરાણ' અને 'સભાપર્વ' જેવી દીર્ઘકથામૂલક કૃતિઓ મળે છે, તેને આધારે હરદાસજીની સર્જકપ્રતિભાનો પરિચય કરાવવાનો અહીં ઉપક્રમ છે.

ચારણી કથાસાહિત્ય એના કર્તાની સર્જકદૃષ્ટિનું સુફળ ગણી શકાય, તેમની સર્જક પ્રતિભાનો પ્રથમ પરિચય એમણે કરેલ વિષય પસંદગીમાંથી અને પોતીકી પ્રતિભાનો પરિચય કરાવતા ઉમેરણો અને કાંટ-છાંટમાંથી મળી રહે છે, આથી પ્રારંભે કવિએ કરેલ વિષય પસંદગી અંગે વિગતે ચર્ચા કરીએ.

**૧. હૃદયસ્પર્શી વિષય પસંદગીમાંથી પ્રગટતી પ્રતિમા :**

હરદાસજી મિસણે ચારણી-સાહિત્યની ઉપાસના-આરાધના કરતાં વિષય-વસ્તુ તરીકે પૌરાણિક કથાનકોનો આધારરૂપે કાચી સામગ્રી લેખે ઉપયોગ કર્યો છે. વૈદિક સાહિત્યના પૌરાણિક કથાનકોમાંથી તેમણે પસંદ કરેલ વિવિધ કથાનકો અને પોતાના કવનમાં એનો કરેલો સમુચિત વિનિયોગ જ એમની સર્જક પ્રતિભાની ગવાહી બની રહે છે. આ બાબત એમની ઉચ્ચ સાહિત્ય સર્જનકલાની દ્યોતક પણ છે.

હરદાસજી મિસણે પોતાની નિરાળી સર્જકદૃષ્ટિથી, પોતે નિહાળેલ માનવજીવન અને સાંસારિક જીવનના - તાણાવાણાને વણી લઈને પોતાના સાહિત્યમાં એનું આગવું પોત ઉપસાવ્યું છે. અતલ માનવભાવોના ઊંડા અભ્યાસી, સાંસારિક બાબતોના મર્મજ્ઞ અને પરમ શિવ ઉપાસક હરદાસજી એક એવા નિષ્કર્ષ પર આવ્યા છે કે, સંસારના સર્વકષ્ટો, તાપ, વેદના, વ્યથા, પીડા ઈત્યાદિ સર્વમાંથી મુક્તિ પામવા માટે એકમાત્ર આશ્રયસ્થાન-આધાર પરમાત્મા શિવ જ છે. એથી એમણે સસમયી માનવીય પ્રશ્નોને કેન્દ્રમાં રાખ્યા છે, એટલું જ નહિ પણ આદિકાળથી માનવીઓની જે સનાતન-શાશ્વત સમસ્યા છે, સળગતા પ્રશ્નો છે, એમનાં અંતરમાં



રહેલાં ઈર્ષા, વૈરાગ્નિ, પ્રતિશોધની ભાવના વગેરેને હરદાસજીએ નિકટથી પ્રત્યક્ષ રૂપમાં જોયા-જાણ્યાં છે, અને એનું નિરાકરણ તેઓએ પોતાની આગવી દૃષ્ટિએ શિવોપાસનામાં જોયું છે. પરિણામે કથાનિરૂપણ કરતા કરતા તેઓ શિવસ્તુતિ વિશેષ વર્ણવે છે. અરે ! આ દીર્ઘકથાઓનું સમાપન પણ તેમણે શિવશરણે જ કર્યું છે.

હરદાસ મિસણે 'શિવ પુરાણ'માંથી મેળવેલ કથાનકના આધારે પોતાની દીર્ઘ કૃતિ 'જાલંધર પુરાણ'નું નિરૂપણ કર્યું છે. આ કૃતિનાં પાત્રોને આપણે ક્ષણવાર વિસરી જઈએ, તો જે કથાનક શેષ બાકી રહે છે, તે તો આપણા વર્તમાન સમયનું છે. એટલું જ પૌરાણિક પણ છે. અને એ જ કથાનક ભવિષ્યની સમસ્યા સ્વરૂપે પણ હશે જ. આમ આ સમસ્યા તો ભૂત, વર્તમાન અને ભાવિની છે, અર્થાત્ સનાતન સમસ્યા છે. વૈભવ પ્રાપ્ત કરીને ઈન્દ્ર અશાંતિથી પીડાઈ છે. પોતે સમોવડિયો યોદ્ધો મેળવવા તપ કરી વરદાન મેળવે છે. જાલંધરથી પરાજય પામ્યા પછી અન્ય દેવોની મદદ યાચે છે. વિષ્ણુ પણ પરાજય પામે છે અને શિવના શરણે જાય છે. શિવ પાસે જાલંધર પાર્વતીની માંગણી કરે છે. પરિણામ સ્વરૂપે શિવ જાલંધરનો સંહાર કરે છે. આ પૌરાણિક કથાનકના મૂળમાં તો માનવમનની અસૂયાવૃત્તિ, પરસ્પર દ્વેષભાવ અને માનવ અભિમાન જ કેન્દ્રસ્થાને રહેલાં દેખાય છે. તો બીજી બાજુથી પ્રથમ કૃપાદૃષ્ટિ પામી તેનો જ વિરોધ કરવાની દુષ્ટવૃત્તિનાં પણ દર્શન થાય છે. એ રીતે અહીં હરદાસ મિસણે માનવ સ્વભાવનું નિરૂપણ કર્યું છે. ખરેખર તો આ પૌરાણિક પાત્રો પુરાકલ્પ (Myth) બની રહે છે. પરન્તુ તેમની જે સમસ્યા છે એ તો શાશ્વત-સનાતન છે. અને એ કવિના હૃદયને સ્પર્શી ગયેલ છે. કવિએ પોતાની આગવી દૃષ્ટિએ એનો ઉકેલ શિવભક્તિ-શિવશરણમાં જોયો છે. આ વિચારોનું નિરૂપણ ઉપર્યુક્ત કૃતિમાં કવિએ કર્યું છે.

હરદાસ મિસણે 'શ્રીમદ્ ભાગવત' અને 'શિવ પુરાણ'માંથી કથાનક મેળવી 'ભૃંગી પુરાણ'નું સર્જન કર્યું છે. આ કથાનકમાં પણ દક્ષ, શિવ અને સતી ઉમાના પાત્રો દ્વારા જે સમસ્યાનું નિરૂપણ થયું છે, તે માત્ર પૌરાણિક કથાનક ન રહેતાં માનવમાત્રના જીવનમાં દૃષ્ટિગોચર થતી શાશ્વત સમસ્યા છે. ત્યાં પણ કથાના મૂળમાં માનવીય અહમ્‌વૃત્તિ રહેલી છે. અને આ અહ્‌મના કારણે જ અનેક સંગ્રામો થયાં છે, થતાં રહે છે અને થતાં રહેશે. આ સંગ્રામોના કારણે અનેકોનાં દાંપત્યજીવન ખંડિત થયાં છે, થતાં રહે છે. આ સનાતન સમસ્યામાંથી મુક્તિ મેળવવા માટેનો કોઈ ઉકેલ ખરો ? કે માનવીએ જાતે જ સર્જેલી આ આફતમાં અનેક જિંદગીઓ તારાજ થતી રહે અને માનવી માત્ર મૂક પ્રેક્ષક બની લાચારીથી

જોયાં કરે ? અહીં પણ કવિએ આ પ્રશ્નને પોતાની આગવી સર્જકદૃષ્ટિથી જોયો છે અને સમાજ સમક્ષ મૂકી આપ્યો છે. સૌને આ અંગે જાણે કે ચેતવ્યા છે. અહીં પણ વિષય માત્ર કોઈ એક યુગની સમસ્યાનો નથી પણ યુગયુગાદિથી જે પ્રશ્ન સર્જાયેલ છે, અને માનવજાતિ હશે ત્યાં સુધી જેનો કોઈ અંતિમ ઉકેલ નહિ હોય તેવી સળગતી સમસ્યાના નિરૂપણનો જ છે, તે ધ્યાનાર્હ છે, આસ્વાદ્ય છે.

હરદાસ મિસણે મહાભારતમાંથી કથાનક મેળવીને 'સભાપર્વ' લખ્યું છે. 'મહાભારત' જેવી સુદીર્ઘ કૃતિમાંથી કેટલાક પ્રસંગો પસંદ કરીને કવિએ માત્ર ૧૬૮ કડીની આ કૃતિમાં તેનું લાઘવયુક્ત નિરૂપણ કર્યું છે. અહીં પણ કવિએ કથાનકના મૂળમાં માનવીમાં રહેલ હાસ્યવૃત્તિ અને અસૂયા પ્રેરિત વેરવૃત્તિ જ કેન્દ્રસ્થાને નિરૂપેલ છે. કેટલીક પરિસ્થિતિઓ - સમસ્યાઓ માનવી જાતે જ ઊભી કરે છે અને એ પરિસ્થિતિ-સમસ્યાઓ ભવિષ્યમાં એને માટે કષ્ટદાયક વટવૃક્ષની માફક પાંગરી રહે છે. અને એ વખતે એનો સામનો કરવાનું કે એમાંથી હેમખેમ પાર ઊતરવાનું એને માટે ખૂબ મુશ્કેલ બની રહે છે. આવા વટવૃક્ષની છાયા અનેક માનવ જિંદગીઓને તારાજ કરી દે છે. કેટલીક નિર્દોષ વ્યક્તિઓ પણ એનો ભોગ બને છે. સૃષ્ટિના નિયમાનુસાર તો અહીં બધાં જ સજાને પાત્ર ઠરે છે. કુદરતની આ નિષ્ઠુરતા-દયાહીનતા અને એની સામે માનવીની લાચારી અને દયાજનક સ્થિતિ સર્વત્ર જોવા મળે છે. વિધાતાના હાથે માનવમાત્રને નિર્જીવ પ્યાદાં બની રહેવું પડે છે. આ અસહ્ય-અયોગ્ય હોવા છતાં વિચિત્રતા એ છે કે માનવીનો આમાંથી ઊગરવાનો કોઈ વિકલ્પ નથી. કવિએ આગવા દૃષ્ટિકોણથી આ શાશ્વત સમસ્યાનું નિરૂપણ કરી તેના પ્રત્યે અંગુલિનિર્દેશ કરેલ છે.

આમ હરદાસ મિસણે પસંદ કરેલ ત્રણે કથાનકોમાં કેન્દ્રસ્થાને માનવ-સમસ્યાઓ છે. અને આ સમસ્યાઓ કોઈ સ્થળ-કાળ પૂરતી મર્યાદિત નથી, એ તો દરેક સ્થળ-કાળમાં બનતી શાશ્વત અને સનાતન સમસ્યાઓ છે. આવી સનાતન-શાશ્વત સમસ્યાઓને વિષય તરીકે પસંદ કરી એનું પોતાના નિરાળા સર્જક દૃષ્ટિકોણથી નિરૂપણ કર્યું છે. આ સમસ્યાનું નિરૂપણ કરી એના ઉકેલ માટે પ્રચ્છન્ન રૂપે ભક્તિનો સંકેત-નિર્દેશ કરી કવિએ 'સ્યુગરકોટેડ કવીનાઈન'ની ટેકનિક અપનાવી છે. એમાં એમની સર્જનકલાની આગવી વિશેષતા દેખાય છે. વિષય પસંદગી અને તેના નિરૂપણ કૌશલમાં કવિએ અડધું મેદાન સર કરી લીધું છે. આજે પણ હરદાસજીની આ કૃતિઓ આપણને વાંચવી ગમે છે. અને એ આપણા હૃદયને રંજી પણ શકે છે.



## ૨. કાંટ છાંટમાંથી પ્રગટતી પોતીકી પ્રતિભા અને ઉમેરણ :

ઉચિત વિષય પસંદગીમાં હરદાસ મિસણે પોતાના સર્જનચાતુર્યની પ્રતીતિ કરાવી છે, પરંતુ એટલું જ પર્યાપ્ત નથી. વિષય પસંદગી કર્યા પછી, પોતે જે વિષય પસંદ કર્યો છે તેના મૂળ કથાનક (Source) પરથી અન્ય કોઈ પુરોગામી એ કૃતિ રચી છે કે કેમ અને એવી કોઈ કૃતિ રચાઈ હોય તો એમાં એના સર્જકની શી શી વિશિષ્ટતાઓ પ્રતીત થાય છે તે પણ જોઈ-તપાસી જવી જોઈએ. આ પછી એ પોતાની કૃતિનો વિચાર કરે છે. અને એ વખતે મૂળ કથાનક, પુરોગામીઓની એ વિષયવસ્તુ પર રચાયેલ કૃતિઓને ધ્યાનમાં રાખી એ પોતાની કૃતિ રચનામાં પોતાના સર્જક દૃષ્ટિકોણ અનુસાર કેટલાક પ્રસંગોત્યજી દે છે, કેટલાક પ્રસંગો ગાંઠના ઉમેરે છે, કેટલાક પ્રસંગોમાં નજીવા સુધારા વધારા કરે છે. કેટલાંક પાત્રોની રેખાઓમાં પોતાના કથવિતવ્યને અનુરૂપ ફેરફારો કરે છે, વર્ણનોમાં પણ એ જ રીતે યથેચ્છ ફેરફારો કરી કૃતિમાં પોતાની આગવી સર્જક પ્રતિભાને સમુચિત રીતે પ્રગટાવી સર્જકકલાનો હિસાબ આપે છે. હરદાસ મિસણની આ કૃતિઓમાં એમણે કરેલાં પરિવર્તનો કાંટ-છાંટ (Selection - Rejection) કેવાં છે અને એ કૃતિની સમગ્ર રચનામાં કેવાંક દીપી ઊઠ્યાં છે તેની ઉદાહરણ સહિત ચર્ચા કરીએ.

'શિવ પુરાણ'માંથી પોતાની કૃતિ 'જાલંધર પુરાણ'નું કથાવસ્તુ લઈને હરદાસ મિસણે કુશળતાપૂર્વક ભક્તિસભર વીરાખ્યાનની રચના કરી છે. કુશળતાપૂર્વક તેમણે કથાનાયક જાલંધર અને ભગવાન શિવના પાત્રોને ઉપસાવી આપ્યાં છે. અને ભક્તિમય-વીરાખ્યાન રચવાના પોતાના ઉદ્દેશ્યને બર લાવ્યા છે. મૂળકથામાંથી પોતાને ઉપયોગી વિગતોનો કવિએ સ્વીકાર કર્યો છે. અને કેટલીક વિગતો પોતાને જે બિનજરૂરી લાગી છે એને એમણે ત્યજી દીધી છે. તેમજ પોતાના ઉદ્દેશ્યને વિશેષ પુષ્ટિ આપે, કથાને પ્રવાહી બનાવે અને શ્રોતાઓને વિશેષ આકર્ષે તેવી ઉપયોગી વિગતોને પોતાની લાગે એ રીતે ઉમેરી લીધી છે. અને એમાં કવિની આગવી સર્જકતાની પ્રતીતિ થાય છે.

'શિવ પુરાણ'માંથી મેળવેલ 'જાલંધર પુરાણ'ના કથાનકમાંથી પોતાના કથાનકને બિનજરૂરી લાગી છે એવી કેટલીક અનાવશ્યક વિગતો કવિએ ત્યજી દીધી છે, જેમકે :

(૧) મૂળ કથાનકમાં જાલંધરના જન્મ અંગે ઈન્દ્ર-બૃહસ્પતિ અને શિવની મુલાકાતનો પ્રસંગ છે. જે કવિએ ત્યજી દીધો છે.

હરદાસજીના 'જાલંધર પુરાણ'માં ઈન્દ્ર શિવ પાસેથી વરદાન સ્વરૂપે

પોતાનો સમોવડિયો યોદ્ધો માગે છે, એવું વર્ણન છે. આમ અહીં સમગ્ર પરિસ્થિતિના નિર્માણની જવાબદારી ઉચિત રીતે જ કવિએ ઇન્દ્ર પર છોડી છે, જે ખરેખર આસ્વાદ્ય છે.

(૨) 'શિવ પુરાણ'માંની મૂળ 'જાલંધર કથા'માં 'સમુદ્રમંથન' અને 'બલિદાનવ'નું કથા-નિરૂપણ નથી.

જ્યારે હરદાસ મિસણે આ બન્ને આડકથાઓનું પોતાની કૃતિમાં ઉમેરણ કર્યું છે. અને એ દ્વારા એમણે કથાનકને વિગતસભર અને વધુ આસ્વાદ્ય બનાવ્યું છે.

(૩) 'શિવ પુરાણ'ની મૂળકથામાં વિષ્ણુ દ્વારા વૃંદાના થતાં શીલભંગની કથાનું નિરૂપણ છે. આ કથામાં પાર્વતી દ્વારા વિષ્ણુને વૃંદાને શીલભંગ કરવાનું કહેવામાં આવે છે.

હરદાસે મૂળની આ કથા ત્યજી દઈને, વિષ્ણુએ જ વૃંદાને શીલભંગ કરવા માટે માયા રચી એવું નિરૂપણ કર્યું છે. અને એ રીતે પાર્વતીને આ હીન-પ્રવૃત્તિમાંથી ઉચિત રીતે જ મુક્ત રાખ્યાં છે અને એમનું ગૌરવ સાચવ્યું છે.

ઉપર જોયું તેમ હરદાસ મિસણે મૂળકથામાં કાંટ-છાંટ (Selection - Rejection) સુધારા-વધારા કરી, પોતાની આગવી સર્જકદૃષ્ટિથી એનું નિરૂપણ કરી કથાને નવા રૂપે રજૂ કરી છે. જે એમની વિશિષ્ટતા છે.

'શ્રીમદ્ ભાગવત' અને 'શિવ પુરાણ'માંથી મૂળકથાનક મેળવીને હરદાસ મિસણે 'ભૃંગી પુરાણ'નું સર્જન કર્યું છે. અહીં પણ કવિએ કથાનકમાંથી બિનજરૂરી એવી કેટલીક વિગતોને ત્યજીને કથામાં વેગ અને પ્રવાહિતા લાવ્યાં છે. કેટલાક પ્રસંગોનું મૌલિક આલેખન કરી એમાં સ-રસતાની પ્રતીતિ કરાવી છે. એ રીતે આગવા દૃષ્ટિકોણથી જ કવિએ કૃતિની રચના કર્યાનું જોવા મળે છે. દા.ત. :

(૧) ભાગવતાનુસાર મૂળ કથાનકમાં પ્રજાપતિઓએ યોજેલ યજ્ઞમાં દક્ષ શિવ દ્વારા માન પામતા નથી. અને એ પછી ત્યાં ભૃગુ-નંદીના શાપ-પ્રતિશાપની વિસ્તૃત કથાનું આલેખન છે. હરદાસજીએ આ પ્રસંગ ત્યજી દીધો છે.

હરદાસે દક્ષનું આગમન કૈલાસમાં વર્ણવી ઉપર્યુક્ત વિસ્તૃત કથાનકની વિગતો ત્યજી દઈ કથાપ્રવાહને લાઘવયુક્ત વેગવંત અને લક્ષ્યગામી બનાવ્યો છે.

(૨) 'શ્રીમદ્ ભાગવત'માં બ્રહ્માજી અને દેવો શિવશરણે જાય છે, એ પ્રસંગે કૈલાસનું સુદીર્ઘ વર્ણન થયેલું છે.

આ સુદીર્ઘ કૈલાસ વર્ણન હરદાસે ત્યજી દીધું છે. કદાચ એમની દૃષ્ટિએ



એ વર્ણન કથાપ્રવાહને મંથર બનાવનાર હશે.

(૩) 'શિવ પુરાણ'માં મૂળમાં કામદહનની કથા અત્યંત વિસ્તૃત રીતે વર્ણવાઈ છે.

હરદાસ મિસણે કામદહનની આ કથાને અત્યંત સંક્ષેપમાં રજૂ કરી બિનજરૂરી વર્ણનો-ઇત્યાદિને ત્યજી દીધાં છે. અને પોતાની લક્ષ્યગામી દૃષ્ટિની પ્રતીતિ કરાવી છે.

આ રીતે હરદાસ મિસણે મૂળ કથાનકમાંથી, પોતાના ઉદ્દેશ્યમાં બિલકુલ જરૂરી વિગતોનો સ્વીકાર કર્યો છે. પણ બિનજરૂરી કેટલીક વિગતોને એમણે ત્યજી દીધી છે. અને એમાં એમની સર્જક પ્રતિભાની પ્રતીતિ થાય છે.

હરદાસ મિસણે 'મહાભારત'માંથી કથાનક મેળવી 'સભાપર્વ'નું સર્જન કર્યું. 'સભાપર્વ'માં પણ એમણે મૂળ વિગત સભર કથાનકમાંથી પોતાને અભિપ્રેત અને ખપ લાગે તેવી સામગ્રીને જ સ્વીકારી છે.

(૧) 'મહાભારત'ના 'સભાપર્વ'માંથી આરંભના તેત્રીસ અધ્યાયનો એમણે પોતાની કૃતિમાં ત્યાગ કર્યો છે. જેમાં ખાંડવદહન પ્રસંગ, રાજસૂર્યયજ્ઞ કરવાની નારદે આપેલી સલાહ, જરાસંઘ પર્વ વગેરે પ્રસંગો મુખ્ય છે.

અહીં પણ કવિનું બિનજરૂરી વિગતોને ત્યજી દેવાનું વલણ જોવા મળે છે.

(૨) મૂળમાં દુર્યોધન દ્યૂત રમવા માટે ધૃતરાષ્ટ્રની સલાહ મેળવે, વિદુર પાંડવોને આમંત્રણ આપવા જાય, હસ્તિનાપુરમાં કપટસભાનું આયોજન થાય, પાંડવોનું આગમન થાય વગેરે વર્ણનો છે.

આ બધી વિસ્તૃત વિગતોમાં ન ઉતરવાનું મુનાસિફ માનીને એમણે પોતાની કૃતિમાં એને સામેલ ન કરી કૃતિના કથાપ્રવાહને લક્ષ્યગામી બનાવ્યો છે. અને એમાં લાઘવ તથા ચુસ્તતા લાવ્યાં છે.

(૩) 'મહાભારત'ના 'સભાપર્વ'માં દ્યૂત રમવા માટે હોડમાં મુકાતી સામગ્રીનું વર્ણન છે. યુધિષ્ઠિરના મુખે મહર્ષિ વેદ વ્યાસે પાંડવો અને દ્રૌપદીનું વર્ણન કરાવ્યું છે. વિદુર વારંવાર દ્યૂત બંધ કરવાની સલાહ આપે છે - વગેરે પ્રસંગોનું નિરૂપણ છે.

હરદાસ મિસણે આ બધી વિગતો ટાળી છે. અને એ પૈકીની પોતાને જરૂરી જણાઈ તેવી વિગતો લીધી છે. ઉપરાંત દ્યૂત સભામાં યુધિષ્ઠિર દ્વારા હોડમાં મુકાયેલ દ્રૌપદીનું જે અનૌચિત્યતાપૂર્ણ વર્ણન કરવામાં આવેલ છે તે પણ કવિને

પોતાની કૃતિ માટે જરૂરી લાગ્યું નથી. આ દ્વારા હરદાસે ચારણ સર્જકો દ્વારા નારીગૌરવની સ્થપાયેલી ઉજ્જ્વલ પરંપરાને પુષ્ટિ આપી છે.

ઉપરની સર્વ વિગતો તપાસતાં-જોતાં સમજાય છે કે હરદાસ મિસણ પોતાની મૌલિક સર્જક પ્રતિભાથી કૃતિનું નવનિર્માણ કરવાની દૃષ્ટિ ધરાવે છે. અને એ રીતે જ એમણે ત્રણે કૃતિઓની રચના કરી છે. એમ કરવા જતાં બિનજરૂરી વસ્તુઓ-વિગતો એમણે ત્યજી દીધી છે. તો પોતાના દૃષ્ટિકોણને પુષ્ટિ અર્પે તેવી કેટલીક મૌલિક વિગતોને ઉમેરી પણ છે. આ બાબત એમની ઉચ્ચ સાહિત્યિક દૃષ્ટિની દ્યોતક બની રહે છે.

**૩. આગવા અર્થઘટન - દૃષ્ટિબિંદુના વિનિયોગ દ્વારા પ્રગટતી પ્રતિભા :**

હરદાસ મિસણે આ ત્રણે દીર્ઘકૃતિઓનું નિર્માણ કર્યું છે, ત્યારે સ્વાભાવિક રીતે જ તેઓનું દૃષ્ટિબિંદુ મૂળકથાના સર્જકોથી ભિન્ન હશે. અને એ વાતની પ્રતીતિ પણ પ્રસ્તુત ત્રણે કૃતિઓની મૂળકથા સાથે તુલના કરતાં થાય છે. દરેક વ્યક્તિને પોતાની આગવી વિચારદૃષ્ટિ (લોજિક) હોય છે. સર્જક તો આર્ષદૃષ્ટા હોય છે. એનો પોતાનો મૌલિક દૃષ્ટિકોણ હોય છે. તદ્‌નુસાર તે મૂળકથાના સર્જકથી ભિન્ન અભિગમ દ્વારા પોતાની કૃતિને એક વિશિષ્ટ પરિમાણ આપે છે. એમાં એની વિશિષ્ટતા છતી થાય છે. ઉપરાંત સર્જક પોતાના જમાનાનું સંતાન હોય છે. સમકાલીન પરિસ્થિતિ-પર્યાવરણ વગેરેની સર્જક પર અસર થતી હોય છે. જેથી તે અમુક દૃષ્ટિકોણથી વિચારે છે. દરેક સર્જકની કૃતિમાંના કેટલાક પ્રસંગોમાં સમકાલીનતાના રંગો અનાયાસ આવી જાય છે. અહીં આપણે હરદાસ મિસણની કૃતિમાં જોવા મળતા આવાં કેટલાક ભિન્ન દૃષ્ટિબિંદુઓ જોઈએ :

‘જાલંધર પુરાણ’ કૃતિમાં એમણે આદિ-અંતમાં સ્વમુખે અને એ સિવાય કૃતિમાં ચારેક વખત પાત્રમુખે શિવસ્તુતિ રજૂ કરી છે, જે તેમની શિવભક્તિનો નિર્દેશ આપે છે.

‘જાલંધર પુરાણ’નો જાલંધર સમરાંગણમાં પણ શિવસ્તુતિ કરે છે. શિવ સમક્ષ પાર્વતીને જગતજનની, આદ્યશક્તિ તરીકે સ્વીકારે છે. અહીં કવિ ‘જાલંધર’ના પાત્રમાં વીરોચિત પરિવર્તન કરી પાર્વતી પ્રત્યે કુદૃષ્ટિના આરોપમાંથી જાલંધરને મુક્ત કરે છે. જે કવિની મૌલિકતા છે. જે વીરક્ષત્રિય હોય તે આવા અનુચિત કાર્યમાં સંલગ્ન કે સામેલ હોય જ નહિ એવું એમનું આગવું ચિંતન અહીં રજૂ થયું છે. કૃતિને આથી એક વિશિષ્ટ પરિમાણ પણ મળ્યું છે.



‘ભૃંગી પુરાણ’માં હરદાસ મિસણે વીરભદ્ર (શિવનો ગણ)ની ઉત્પત્તિ પછી વીરભદ્રે કરેલ શિવસ્તુતિનો પ્રસંગ વર્ણવેલ છે, જે મૌલિક છે. આ વીરયોદ્ધો શિવસ્તવન કરી, શિવને પ્રસન્ન કરી, વરદાન મેળવે છે. અને શિવ તેને બથ્થ ભરી મળે છે, યુદ્ધમાં જવાનો આદેશ આપે છે. અહીં પણ કવિનું આગવું દૃષ્ટિબિંદુ છે. પ્રથમ તો શિવ કૃપા મેળવવી. બીજું રાજા પોતાના વીરયોદ્ધાને (સેનાપતિને) પોતાના પુત્ર સમાન હેતથી ગળે બથ્થ ભરી મળે છે. એવી સમકાલીન પ્રણાલિકા અનુસાર શિવજી વીરભદ્રને ભેટે છે. આ પ્રસંગ દ્વારા કૃતિમાં સમકાલીનતા લાવવાના એમના પ્રયાસનો ખ્યાલ આવે છે.

હરદાસ મિસણે ‘શિવ-ભીલડી’ પ્રસંગનું આલેખન કર્યું છે. આ પ્રસંગને પુરાણનો કોઈ વિશેષ આધાર નથી, તેમજ હરદાસજીના સમકાલીન અને પુરોગામી સર્જકો દ્વારા ‘શિવ-ભિલડી’ના પ્રસંગ નિરૂપણમાં જે વિગત છે, તેનાથી કવિ ભિન્ન દૃષ્ટિકોણ ધરાવે છે. આ પ્રસંગનું નિરૂપણ કરનારા અન્ય સર્જકોએ પાર્વતીને શિવની પરીક્ષા માટે ભીલડી બનતા વર્ણવ્યાં છે. અને એ સર્વ દ્વારા ભીલડી (પાર્વતી)ના મુખે શિવને કહેવાયું છે કે તમારા ઘેર બે પત્નીઓ (પાર્વતી અને ગંગા) છે. હરદાસે આમાં મૌલિક પરિવર્તન કર્યું છે. હરદાસજીના વર્ણન અનુસાર કામદહન પછી શિવ સમાધિસ્થ થયા. ત્રિપુરાસુરના ત્રાસથી દેવોને બચાવવાનો પ્રથમ પ્રયાસ (કામદેવે બાણ છોડવું) નિષ્ફળ ગયો. ત્યારે શિવની સમાધિ છોડાવવા માટે સ્વયં પાર્વતી ભીલડી બની છળ કરે છે. હરદાસ એ પ્રસંગ માટેના કારણમાં પરિવર્તન લાવીને પોતાની આગવી દૃષ્ટિની પ્રતીતિ કરાવે છે. એમાંથી જ આખરે શિવ-પાર્વતીનાં લગ્ન વર્ણવાયાં છે, જે અન્ય સર્જકોમાં સ્વાભાવિક રીતે જ ન આવે. અહીં પણ કવિને તેમની સર્જક પ્રતિભાને પ્રગટાવવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે, અને તેનો તેમણે પૂરેપૂરો ઉપયોગ કર્યો છે.

‘સભાપર્વ’માં હરદાસ મિસણે કેટલાક પ્રસંગોએ પોતાના દૃષ્ટિકોણથી મૂળકથાના પ્રસંગ નિરૂપણમાં પરિવર્તન કર્યું છે. જે કૃતિને આસ્વાદ્ય બનાવે છે.

યજ્ઞની પૂર્ણાહુતિમાં યુધિષ્ઠિર-દ્રૌપદી કૃષ્ણપૂજન કરે ત્યારે શિશુપાળે અપશબ્દો કહેવા અને પરિણામ સ્વરૂપ કૃષ્ણે તેનો સંહાર કરવો. આ મૂળ પ્રસંગમાં નજીવો ફેરફાર કરીને કવિએ શિશુપાળ અર્જુનને ગાળ આપે અને ભક્તવત્સલ કૃષ્ણ રોષે ભરાઈ એનો સંહાર કરે એ પ્રકારનું નિરૂપણ કર્યું છે. હરદાસની મૌલિકતા ભગવાનની ભક્તવત્સલતાની પ્રતીતિ કરાવે છે.

દ્રૌપદીનો આર્તનાદ સાંભળી દ્વારિકામાં પોઢેલા કૃષ્ણ ત્વરિત સહાયાર્થે પ્રયાણ કરે, પત્ની રુક્મિણીને પ્રત્યુત્તર આપવા પણ ન રહે, એ વર્ણનમાં પણ કૃષ્ણની ભક્તવત્સલતાનાં જ દર્શન થાય છે. અને એ પણ હરદાસની મૌલિકતાનું પરિણામ છે.

અહીં ‘સભાપર્વ’, ‘જાલંધરપુરાણ’, ‘ભૃંગીપુરાણ’ જેવી મહત્ત્વની કથામૂલક કૃતિઓમાં ચારણકવિશ્રી હરદાસ મિસણની પોતીકી પ્રતિભાના પરિચાયક પ્રકારના મૂળકથાનકમાં કાંટ-છાંટ, ઉમેરણ કે આગવા અર્થઘટનમાંથી પસાર થતાં સર્જકતાનો સ્પર્શ અનુભવાય છે. આ બધા ઘટકો કે પ્રસંગો હરદાસ મિસણના મૌલિક દૃષ્ટિબિંદુનાં કે પોતીકી પ્રતિભાનાં જ દ્યોતક છે. જે એમની ત્રણે કૃતિઓને આગવું પરિમાણ અર્પે છે અને આગવી સાહિત્યધારાની મુદ્રા અંકિત કરે છે, જે આપણે ત્યાં કથાસાહિત્યમાં અભ્યાસનો વિષય બન્યા કરશે.

૪

# લાંગીદાસ મહેડુ : ભક્તિરસનું વીરરસમાં રૂપાંતરણ

ડૉ. ઊર્મિલા શુક્લ

ચારણી સાહિત્ય વીરતા, શૌર્ય અને જીવનમૂલ્યોની જાળવણી માટે પ્રાણ ત્યાગવા સુધીની તત્પરતા પ્રગટાવતા ચરિત્રોના નિરૂપણને કારણે ભારતીય સાહિત્યના ઇતિહાસમાં આગવું, અનોખું અને અજોડ સ્થાન પ્રાપ્ત કરી શક્યું છે. ભારતીય સાહિત્ય પરંપરામાં જૈનસાહિત્ય વૈરાગ્ય સંદર્ભે અને બૌદ્ધ સાહિત્ય સંસારની અસારતાના નિરૂપણ સંદર્ભે વિશિષ્ટ મુદ્દા પ્રગટાવે છે. એ રીતે ચારણી સાહિત્ય પણ વીરરસના નિરૂપણ સંદર્ભે મહત્ત્વનું છે. જૈન કે બૌદ્ધમાં તો એવી ક્ષમતાવાળું કથાનક ન હોય ત્યાં વૈરાગ્યનું કે અસારતાનું નિરૂપણ ચોટાડેલું, કૃતક અને અતાર્કિક જણાય છે. અને એ બાબત એના કર્તાની અને એ રીતે કૃતિની કે પરંપરાની મર્યાદા પ્રગટાવનારું બની રહેતું હોય છે; જ્યારે ચારણી સાહિત્યમાં વીરરસનું નિરૂપણ કૃતક, ઉપરથી ચોટાડેલું, ચીપકાવેલું કે અતાર્કિક નથી જણાતું. એના કર્તાની સર્જનાત્મક કૌશલ્યની પ્રાપ્તિ કરાવતું હોઈને પરંપરામાં એની મહત્તા-મૂલ્યવત્તા પ્રમાણાઈ છે.

(૧)

કૃતિનું કથાનક ભક્તિરસથી ભર્યું ભર્યું હોય, વ્રત ઉપાસનાની વિધિને આલેખતું હોય એમાં કલાત્મક રીતે અને સૌંદર્યાનુભવનો ભાવકને અનુભવ થાય એ રીતે તર્કથી અસરકારક રીતે વીરરસનું નિરૂપણ કરવું એમાં કર્તાની કસોટી હોય

છે. મેં અત્રે લાંગીદાસ મહેડુની 'ઓખાહરણ' રચનાને બદલે **'એકાદશી મહાત્મ્ય'** રચના અભ્યાસ માટે પસંદ કરી છે. ઓખાહરણ તો યુદ્ધ, શૌર્ય અને પરાક્રમભાવને પ્રગટાવતી કથાકૃતિ હોવાને કારણે એમાં વીરરસની નિષ્પત્તિ કરાવવી પ્રમાણમાં સરળ બની રહે. પણ 'એકાદશી મહાત્મ્ય' તો નર્યું, ભક્તિભાવથી સભર કથાનક, ચારણકવિ પણ સ્વભાવે ભક્ત, કર્મે પણ ભક્ત. પરંતુ ચારણસર્જક કવિકર્મનું અપાર કૌશલ્ય ધરાવતા હોવાને કારણે સમગ્ર રચના ભક્તિરસ ઉપરાંત પ્રધાનપણે વીરરસમાં પણ રૂપાંતરણ પામી જણાઈ છે. એ રીતે લાંગીદાસ મહેડુ ભક્તિરસને વીરરસમાં પલટાવીને એનું અસરકારક નિરૂપણ કરાવતા ચારણ કવિ છે. રસનિરૂપણ સંદર્ભે પ્રેમાનંદ માટે નવલરામની ઉક્તિ ખૂબ પ્રચલિત છે, 'એ ધારે ત્યારે હસાવે, ધારે ત્યારે રડાવે અને ધારે ત્યારે શાંતરસના સમુદ્રમાં ડૂબકી ખવરાવે.' પ્રેમાનંદ માટે રસનિષ્પત્તિએ એના કવિકર્મની પ્રતીતિ કરાવનારું પરિબળ હતી. પણ લાંગીદાસ તો અશક્ય અને અસંભવનક એવા કથારૂપને વીરરસની નિષ્પત્તિ દ્વારા રસાનુભવ કરાવતા હોઈને એની મહત્તાનું ગૌરવ થવું જોઈએ. કોઈપણ સર્જક પોતાની જીવનદર્શન-જીવન સત્યની અને શ્રદ્ધાની વિગતને કથાનિર્માણ નિમિત્તે કથાનકમાં અસરકારક રીતે પ્રયોજતો હોય છે. એ કારણ કૃતિમાં રસપરિવર્તન-સંક્રમણ-પ્રવેશતું હોય છે. ચારણી સાહિત્યની વીર રસાનુભવની આગવી કલાશક્તિનો પરિચય પ્રાપ્ત થઈ રહે એ આશયથી મેં અત્રે લાંગીદાસ મહેડુની ભક્તિભાવરસની કૃતિ **'એકાદશી મહાત્મ્ય'** કઈ રીતે વીરરસનો તર્કબદ્ધ રીતે રસાનુભવ કરાવે છે એનો પરિચય કરાવવા ધાર્યો છે.

મોટાભાગના ચારણીસાહિત્યની આખ્યાનો રચનાઓ એમાંના વીરરસના નિરૂપણને કારણે, શિષ્ટ તથા શીલ-અશ્લીલ ભાવવિશ્વને કારણે અને નારીશક્તિ-માતૃશક્તિના મહિમાના નિરૂપણને કારણે મને મધ્યકાલીન ગુજરાતી આખ્યાનોથી નોખી તરી આવતી, આગવી કથનકળા ઉપસાવતા અને અવનવી વિષયસામગ્રી પ્રગટાવતી જણાઈ છે. એમાં રસને પલટાવવાનું વલણ મહત્ત્વનું છે.

એ દૃષ્ટિએ પ્રથિતયશ કવિ લાંગીદાસ મહેડુની 'એકાદશી માહાત્મ્ય'નો ઊંડાણથી અભ્યાસ કરતા કવિની ઊંચાઈનો સાક્ષાત્કાર થયો. લાંગીદાસ એક ભક્ત અને સંત હૃદયી કવિ છે. એટલે તો એકાદશી વ્રતનું કથાનક એમને કથા રચના માટે સૂઝે છે. એ સમર્થ ચારણી આખ્યાનકવિ છે એટલે ભક્તિરસભર કથાનકમાંથી એના દ્વારા નિર્માણ પામે છે, ભક્તિકવિતાને બદલે વીરરસપૂર્ણ આખ્યાન કવિતા. 'ઓખાહરણ' જેવું ધીંગું કથાનક ન હોય તો પણ કેવી રસપ્રદ આખ્યાનકવિતા વર્ણનકલા અને કથાનિર્માણકલાને અનુષંગે સર્જી શકાય એનું ઉત્તમ ઉદાહરણ



'એકાદશી મહાત્મ્ય' છે. કથાનિર્માણ અને કથનકળાની પોતીકી દૃષ્ટિને કારણે લાંગીદાસે 'ઓખાહરણ' કરતાં પણ દીર્ઘરૂપની કથા કાંતી અને આલેખી તે પણ એમની આગવી કથા-કથન કુશળતાનું દૃષ્ટાંત છે.

(૨)

ભક્તિરસની ભાવકથા વીરરસની શૌર્ય-પરાક્રમશીલતાનો રસાનુભવ કરાવતી કથાનું રૂપ પ્રાપ્ત કરે એ મને સવિશેષ મહત્ત્વની બાબત આ રચના સંદર્ભે દેખાઈ છે.

લાંગીદાસ મહેડુ મૂળે તો ભક્ત છે. પ્રકૃતિએ ઈશ્વરાભિમુખ છે અને એટલે તો તેઓ એકાદશી વ્રતકથાને વિષયસામગ્રી તરીકે પસંદ કરે એટલે સ્વાભાવિક છે કે મૂળ 'વ્રતરાજ'માંની ૨૪ કે અધિકમાસની બે મળીને ૨૬ એકાદશીઓની સહજ પ્રાપ્ત કથાનું પુનઃકથન કરીને કથા કહેવાનું સરળ બની રહે. પરંતુ લાંગીદાસ માત્ર ભક્ત નથી એ કવિ પણ છે એની પ્રતીતિ અહીં થાય છે. ૨૪ એકાદશીઓના કથા પ્રસંગો કહેવાને બદલે એના માત્ર નામો આલેખીને કથામાં સરી પડવાનું ટાળીને એકાદશી વ્રત ઉત્પત્તિ, મહિમા અને મહત્તાને જ માત્ર કેન્દ્રમાં રાખીને 'એકાદશી માહાત્મ્ય'નું તેઓ સર્જન કરે છે. આવા માહાત્મ્ય કે મહત્તા દર્શાવતા પ્રસંગો ઉપર આખ્યાન કવિતાનું નિર્માણ કરવું કપરું છે. એટલે લગભગ મધ્યકાલીન ગુજરાતી પરંપરામાં એકાદશીના મહાત્મ્યને આલેખતી ખૂબ ઓછી રચનાઓ મળે છે. કવિશ્રી કહાન, ગોવિંદ અને શિવદાસની એમ માત્ર ત્રણ-ચાર રચનાઓ જ ઇતિહાસમાં નોંધાયેલી છે. અહીં મારો આશય લાંગીદાસ મહેડુ કૃત 'એકાદશી માહાત્મ્ય'ની કથાસૃષ્ટિ, એમાંથી ઉપસતી વર્ણનશક્તિ અને રસનિરૂપણ કલાશક્તિનો પરિચય કરાવીને કથામાંથી પ્રગટતો કથાકાર કવિનો વીરરસથી સભર સૂરનો પરિચય કરાવવાનો છે. કથાનકમાંથી ઉપસતો એ સૂર ભક્તિનો ખરો પણ વીરરસપૂર્ણ ભક્તિનો છે.

લાંગીદાસ પ્રામાણિક, સત્યવક્તા ચારણકવિ છે એટલે તેઓ કથાને પ્રારંભે જ જણાવે છે કે 'મત્સ્યપુરાણ' અંતર્ગત મૂળ એકાદશી કથાચક્રથી પોતે પરિચિત નથી, પરંતુ એમના ગુરુ સમાન લાલ ભટ્ટે આ કથાનક અહીં સંભળાવેલું એમાંથી એને આધારે મેં ડિંગળમાં 'એકાદશી મહાત્મ્ય' ગ્રંથની રચના કરી છે. કથારંભે જ ગણેશ, સરસ્વતીવંદના પછી તૂર્ત આવા પ્રામાણિક એકરાર સાથે કથા કહેનારા કવિ લાંગીદાસ ગુરુ લાલ ભટ્ટની પણ વંદના કરે છે. મોટેભાગે આવી વિગતો કૃતિને અંતે નિર્દેશવાની પરંપરા છે, પરંતુ લાંગીદાસ એક સત્યવક્તા,સત્યનિષ્ઠ

ચારણ કવિ હોવાને કારણે અહીં આરંભે એકરાર અને ગુરુવંદના દ્વારા તેઓ એમના પ્રામાણિક, સત્યવક્તા ચારણ વ્યક્તિત્વનો પરિચય કરાવી જાય છે. આરંભે કથવાનું વલણ ધ્યાનાર્હ બની રહે છે.

એકાદશીનું વ્રત *'માઘીમાસા સિંહ માસ સરોમણિ'* બાર મહિનામાં શિરોમણિ એવા માઘ-મહા માસથી પ્રારંભવાનું લાંગીદાસે આરંભે આલેખેલ છે. પછી એમણે બાર મહિનાની ચોવીશ એકાદશીઓના નામો નિર્દેશ્યા છે. વ્રતને દિવસે ઉપવાસ કરવાનો અને સ્નાનનો મહિમા પણ દર્શાવ્યો છે. પૂજા-પાઠ, કિર્તન, નૈવેદ્યને પણ વ્રતની ઉપાસનાના એક ભાગ તરીકે આલેખીને આ દિવસે વાદ-વિવાદ, વિષય-વિકાર, વેર-ક્રોધ અને ચોપાટ જેવી રમતોનો ત્યાગ કરવાનું પણ આલેખ્યું છે. દાન-પુણ્યનો વિશેષ મહિમા નિર્દેશ્યો છે. આમ, પ્રારંભમાં વ્રતનું વિધિ-વિધાન નિર્દેશવાના તેમના વલણથી 'એકાદશી માહાત્મ્ય' કૃતિને એક આખ્યાનકથાકૃતિનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. કર્તાના મુખે આ પ્રકારનું મહિમા કથન પછી અર્જુન, કૃષ્ણને એકાદશીની ઉત્પત્તિ કથા સંભળાવવા કહે છે. એના પ્રત્યુત્તર રૂપે કહેલી કથા હું કહું છું એવું આલેખન કરીને પછી લાંગીદાસે એકાદશી ઉત્પત્તિ કથા કથી છે.

(૩)

*તાડજંગ નામનો એક દાનવ સત્યયુગમાં થઈ ગયો. તે ચંપાવતી નગરીમાં રાજ્ય કરતો. તેને મ્રુર નામે એક પુત્ર હતો. મ્રુરે ભગવાન શિવજીની આરાધના-તપસ્યા કરીને ભગવાન શિવને પ્રસન્ન કર્યા. શિવે વરદાન માગવા કહ્યું. મ્રુરે માંગ્યું કે, 'હું આકાશ અને પૃથ્વીમાં ઉથલ પાથલ મચાવવા શક્તિમાન બનું. ઈન્દ્રે જેને સ્થાપ્યા હોય તેને ઉથાપી શકું અને મારા સ્થાપેલાને કોઈ ઉથાપી ન શકે. મારું મૃત્યુ પુરુષને હાથે ન થાય.*

શિવનું વરદાન મેળવીને વનમાંથી મ્રુર પોતાના પિતાની ચંદ્રાવતી નગરીમાં આવ્યો. પિતાએ પ્રસન્ન થઈને પુત્રને રાજગાદી સંભાળવા કહ્યું. મ્રુરે રાજગાદી સંભાળી અને પોતાનું સૈન્ય લઈ દેવલોક પર ચઢાઈ કરી. દેવોને પરાજીત કરી પોતે દેવલોક ઉપર પોતાની સત્તા સ્થાપી. દેવતાઓએ દુઃખી થઈ ઈન્દ્રને ફરિયાદ કરી. ઈન્દ્ર પોતાનું સૈન્ય લઈને મ્રુરની સામે યુદ્ધે ચઢ્યા. મ્રુરે પણ પોતાનું બળ પ્રયોજીને પોતાના સૈન્યથી ઈન્દ્રના સૈન્યનો મુકાબલો કર્યો. મ્રુરે ઈન્દ્રને પણ પરાજિત કરીને એનું ઈન્દ્રાસન જીતી લીધું. ઈન્દ્ર અને દેવતાઓ ભગવાન શિવ પાસે આવ્યા. ભગવાન શિવની ખૂબ જ લંબાણથી સ્તુતિ કરી. લાંગીદાસે દેવતા મુખે શિવનું સ્તવન સુદીર્ઘ પટ પર આલેખ્યું છે. એમાંથી લાંગીદાસની ભક્તકવિની



મુદ્રા પ્રગટ થાય છે. શિવજી સ્તવન સાંભળીને દેવતાઓને, આ બધું તમારા કર્મનું ફળ છે એમ કહીને નિરાશ કરે છે. સંપત્તિના સ્વામી લક્ષ્મીપતિ વિષ્ણુ છે તેમને શરણે જવાનું કહે છે.

લાંગીદાસે બીજું દીર્ઘ સ્તવન વિષ્ણુ-શ્રીહરિનું-દેવતાઓના મુખે આલેખ્યું છે. સ્તવન સાંભળી પ્રસન્ન થયેલા વિષ્ણુ પોતે મ્રુર દાનવ સામે યુદ્ધ આદરે છે. દેવો-દાનવોનું મહા ભયાનક યુદ્ધ એક હજાર વર્ષ સુધી ચાલે છે. કોઈ મચક આપતા નથી. અંતે વિષ્ણુ પરાજય પામે છે અને નાસી છુટીને બદ્રીકાશ્રમની એક ગુફામાં વિશ્રામ કરે છે. નિદ્રાધીન થાય છે. વિષ્ણુને શોધતો-શોધતો મ્રુર દાનવ ગુફામાં પહોંચે છે અને ભગવાન વિષ્ણુનો વધ કરવા પ્રવૃત્ત થાય છે, એ પૂર્વે ભગવાન વિષ્ણુ પોતાના શરીરના મેલમાંથી એક સુંદર કન્યા-શક્તિનું સર્જન કરે છે. આ શક્તિ રૂપી કન્યા મ્રુર દાનવ સામે દેવો-વિષ્ણુનું રક્ષણ કરવા યુદ્ધ આદરે છે. પુરુષના હાથે ન પરાજિત થવાનું વરદાન મેળવનાર મ્રુર દાનવ-શક્તિ-કન્યાના હાથે પરાજય પામે છે અને કન્યા સુંદરી એનો વધ કરે છે. દેવતાઓ, ઈન્દ્ર અને વિષ્ણુએ સુંદરી-શક્તિની વીરતાને બિરદાવીને એમના વખાણ કર્યા. લાંગીદાસે એનું આલેખન કરતાં લખ્યું છે કે —

'કિઉ અદ્ભુત પરાક્રમ કોએ,
હોઅંત ન ભૂત ભવેસ ન હોએ.'

હે નારી શક્તિ ! તમે અદ્ભુત પરાક્રમ કર્યું છે. આવું પરાક્રમ ભૂતકાળમાં કોઈએ કર્યું નથી અને ભવિષ્યમાં કોઈ કરશે નહિ. વિષ્ણુએ દેવતાઓને કે યુદ્ધમાં સંગ્રામરત આ નારીશક્તિએ તે દિવસે અન્ન લીધું નહીં અને સહજ રીતે ઉપવાસ થયો. એ દિવસ એકાદશીનો હતો. આ ઉપવાસના પ્રભાવે દાનવો ભય પામ્યા. શત્રુઓને પરાજિત કરવાની ક્ષમતા એકાદશીના ઉપવાસમાં છે. આવું ધર્માશ્રયસભર આલેખન છે.

પ્રસન્ન થઈને ભગવાન વિષ્ણુએ નારી-શક્તિ એકાદશીને વરદાન માગવા કહ્યું. એકાદશીએ કહ્યું, મારું વ્રત સર્વે વ્રતોમાં પવિત્ર બને. મોક્ષની પ્રાપ્તિ કરાવનારું બને. ધર્મ, અર્થ અને કામની પ્રાપ્તિ પણ થાય.' વિષ્ણુએ તથાસ્તુ કહ્યું અને અંતે પોતે હરિમહિમા ગાઈને 'એકાદશી માહાત્મ્ય' કથાકૃતિને પૂર્ણ કરે છે. ૩૫૦ કડીની - છંદની આ સુદીર્ઘ રચના વિક્રમ સંવત ૧૭૭૯ અર્થાત્ ઈ.સ. ૧૭૨૩ માં રચી એવો સમય નિર્દેશ પણ મૂળ હસ્તપ્રતમાંથી પ્રાપ્ત થાય છે.

(૪)

એકાદશી ઉત્પત્તિનું પુરાણકથિત વિગત માટે ગુજરાતી પ્રેસ દ્વારા પ્રકાશિત (પ્ર.આ. ૧૮૯૪, બી.આ. ઈ.સ. ૧૯૪૭)ની શાસ્ત્રી વેણીરામ બહેચર દ્વારા અનુદિત 'વ્રતરાજ ખંડ-૧,૨' ખપમાં લઈને એમાંથી પૃષ્ઠાંક ૨૨૦ થી ૨૨૪માંની સામગ્રીમાંથી પસાર થઈ. એના અભ્યાસ પરથી ખ્યાલ આવે છે કે મૂળમાં તો પુરાણ કથિત એકાદશી માહાત્મ્ય લાલ ભટ્ટ પાસેથી વિગતે શ્રવણ કર્યું હશે. લાલ ભટ્ટે તો સ્વાભાવિક છે પોતે પંડિત હોય એટલે મૂળ પુરાણને અનુસરીને જ વિશદ્ રીતે કથાનક કહ્યું હોય પરંતુ કથાનિર્માણકલાનું, કથનકળાનું કૌશલ્ય ધરાવતા લાંગીદાસે કાંટ-છાંટ કરીને પોતાની રીતે કથાનું સર્જન કરે છે એટલે 'એકાદશી માહાત્મ્ય' લાંગીદાસની રચના બની રહે છે. લાંગીદાસે કરેલા મૌલિક ફેરફારો, મૌલિક ઉમેરણ 'વ્રતરાજ' સંદર્ભે સમજીએ.

૧. 'વ્રતરાજ'ની મૂળકથામાં નાડીજંઘ દૈત્ય, ચંદ્રાવતી નગરી અને પુત્ર મુરાસૂર છે. લાંગીદાસે તાડજંગ દાનવ, ચંપાવતી નગરી અને મરુર દાનવપુત્ર એમ નગરના તથા ચરિત્રના નામ બદલ્યા છે.

૨. મૂળમાં તો એ ઈન્દ્ર સહિતના દેવતાઓને પરાજિત કરે છે જ્યારે અહીં કથાના ક્રમિક વિકાસના હેતુથી લાંગીદાસે ઉમેરણરૂપ વિગતો મૂર દૈત્ય સાથે સાંકળી છે તે મુજબ શિવને પ્રસન્ન કરવા તપસ્યા કરીને કોઈ પુરુષ મારી ન શકે એવું વરદાન મેળવવાની વિગત આલેખી છે. કથાનકના મૂળમાં કથાંતે નારીશક્તિથી મરુર દૈત્ય હણાયાની વિગતને તર્કપૂર્ણ બનાવવા પુરુષ દ્વારા ન હણાવાનું શિવનું વરદાન જળવાઈ રહે અને ચારણ સાથે, સંકળાયેલ માતૃશક્તિનો મહિમા પણ નિરૂપાય, અને તાર્કિક પરિણામ મળી રહે એવું આયોજન તપસ્યા, વરદાન અને યુદ્ધ દ્વારા સુરેખ રીતે પ્રયોજાયું છે.

૩. મૂળ કથાનકમાં તો ત્રણ જ યુદ્ધ છે. એક ઈન્દ્ર સમેત દેવતાઓ સાથેનું અને બીજું વિષ્ણુ સાથેનું અને ત્રીજું એકાદશી સાથેનું. જ્યારે અહીં સમગ્ર કથાનક યુદ્ધમય જ બની રહે એ રીતે પહેલાં દેવતાઓ સાથેનું, પછી ઈન્દ્ર સાથેનું, ત્રીજું વિષ્ણુ સાથેનું અને ચોથું એકાદશી સાથેનું. આ કારણે કથા સળંગ રીતે અને પ્રવાહી રૂપે વીરરસની નિષ્પતિ કરાવતી યુદ્ધકથા બની રહે છે.

૪. મૂળ કથાનકમાં વ્રતકેન્દ્રી ભાવવિશ્વ હોઈને યુદ્ધવર્ણન અલ્પ છે, માત્ર નિર્દેશ જ છે. જ્યારે લાંગીદાસે કથાને વ્રતકેન્દ્રીને બદલે યુદ્ધ કેન્દ્રી બનાવી છે અને



તત્કાલિન હથિયારો, સૈન્યની વિગતો, વિવિધ જ્ઞાતિનિર્દેશો, અશ્વની વિગતોના પોતીકા ઉમેરણથી કથાને સમકાલીન પટ-પરિસર પ્રાપ્ત થાય છે. પૌરાણિક હથિયારોને સ્થાને મધ્યકાલીન શસ્ત્રાગારનું આલેખન કરીને કથાને પ્રત્યક્ષ રીતે વીરરસમય બનાવી દીધી છે.

૫. ચંદ્રાવતી નામોલ્લેખ માત્ર મૂળ કથાનકમાં છે જ્યારે લાંગીદાસે એનું સમકાલીન નગરરચના મુજબ ખૂબ જ વિગતે અઢારેક કડી સુધી વર્ણન કરીને ચંપાવતી નગરી આપણી સામે ખડી કરી છે. તપસ્યા માટેના વનનું વર્ણન પણ એટલું જ વિગત પ્રચૂર છે. ગુફાનું વર્ણન પણ અસરકારક રીતે થયેલું છે. આવા ઉમેરણથી કથા કલાત્મક પરિમાણ ધારણ કરીને વિશેષ રસપ્રદ બની છે અને વિકસી છે.

૬. યુદ્ધ વર્ણનમાં પણ નાદતત્ત્વનું નિરૂપણ કરતી પદાવલિ મૂળમાં નથી. જ્યારે અહીં સંસ્કૃત તત્સમ્‌ને બદલે ચારણી-ડિંગળ કાવ્યબાનીથી યુદ્ધભૂમિનું તાદશ ચિત્ર પ્રત્યક્ષ થાય છે. એનું ઉદાહરણ અવલોકીએ.

*'હડેડે બરંગા, હોએ વીર હંક,*
*તડેડે રણતૂર, ગૂહી ગહકં,*
*ગડેડે તઠિ, નગાર જંબૂર ગોલા,*
*ઘડેરો પડિ, આતસાં ધમશૈલા.'*

તે સ્થાને બરંગ તોપ હડેડતી હતી. અસ્ખલિતપણે ત્યાં સામે વીરહાકની ગર્જના સંભળાતી. રણભેદી નગારાં, વાજિંત્રોના અવાજો સંભળાતા. અગ્નિ ઉડાડતા શસ્ત્રોથી યુદ્ધભૂમિમાં આગની વર્ષા યુદ્ધભૂમિને રોળી રહી હતી. આવી નાદ જન્માવતી પદાવલિઓ, વર્ણનાત્મક રીતિ અને સમકાલીન રંગપૂરણી લાંગીદાસનું મૌલિક ઉમેરણ છે.

૭. મૂળમાં માત્ર એક શ્લોકમાં સ્તુતિ છે, જ્યારે અહીં શિવસ્તુતિ અને વિષ્ણુસ્તુતિ સ્વતંત્ર સ્તોત્ર કથા અહીં દૃષ્ટિગોચર થાય છે. ચારણી ભક્તિકવિતાને અહીં સમુચિત રીતે સ્થાન પ્રાપ્ત થયું છે. લાંગીદાસનું આ મૌલિક ઉમેરણ કૃતિને ચારણીકથાની મુદ્રા અર્પે છે.

૮. મૂળમાં એકાદશી કથામાં વિષ્ણુ નિદ્રામાં છે અને એની કાયાના તેજમાંથી કન્યા પ્રગટી અને મૂરાસૂર સામે લડાઈ કરીને વિજેતા થઈ આવું નિરૂપણ છે. જ્યારે અહીં વિષ્ણુ જ પોતાના શરીર ઉપરના મેલમાંથી એકાદશી

નારીનું નિર્માણ કરે છે. મુરુર સાથે યુદ્ધ કરે છે. એનું મસ્તક છેદે છે. વિષ્ણુદષ્ટા છે. વિષ્ણુના મેલમાંથી અગિયાર કલાઓ ધરાવતી હોવાથી અગિયારસ-એકાદશી નામાભિધાન વિષ્ણુએ કર્યું છે.

૯. મૂળ કથાનકમાં મૂર દાનવ અને એકાદશીના યુદ્ધનું, કન્યાના વિજયનું આલેખન છે જ્યારે અહીં તો દૈત્ય મુરુર મુગ્ધતાથી કન્યાના રૂપને અવલોકી રહ્યો છે. દૈત્યોનું સૈન્ય આવી ચઢે છે. ભયાનક યુદ્ધ મંડાય છે. દૈત્યો સમેત મૂરાસૂર હણાય છે. દેવો આવે છે. એકાદશીના પરાક્રમથી અભિભૂત થઈને સ્તુતિ કરે છે. વિષ્ણુ પણ પ્રશંસા કરે છે. વરદાન વગર માંગ્યે આપે છે અને પાછું માગવા પણ કહે છે. આવા તર્કપૂત પ્રકારના મૌલિક ઉમેરણો અહીં સમુચિત સ્થાને વિશેષ માત્રામાં કથાકૃતિમાં અવલોકવા મળે છે.

(૫)

ચાર-પાંચ મૌલિક ફેરફારો, ચારેક ઉમેરણોને કારણે સર્જનાત્મકતાનો પરિચય કરાવતી ‘એકાદશી માહાત્મ્ય’ની કથા નિર્માણ પામી જણાય છે. લાંગીદાસનો ઉપક્રમ શાંતરસનો ભક્તિગીત, ભક્તિમહિમા ગાવાનો નથી પણ વીરરસથી રસબસતી કથાકૃતિ સર્જવાનો જણાય છે. મૂળ ભાવનું અન્ય ભાવમાં રૂપાંતર કરીને કથાને જુદા જ રસની કથાકૃતિ તરીકે રચવાનું સર્જનકર્મ લાંગીદાસ મહેડુને મોટાગજાના આખ્યાન કવિ, કથાકવિપદે સ્થાપે છે.

મૂળ એકાદશી માહાત્મ્ય નીરસ અને વિધિ-વિધાનમાં સીમિત છે જ્યારે લાંગીદાસકૃત ‘એકાદશી માહાત્મ્ય’ એક તરીકે વીરરસનો અનુભવ કરાવતી રચના તરીકે આસ્વાદ્ય બની રહે છે. ચારણી આખ્યાનો આવા કારણે મધ્યકાલીન અને ચારણેતર કવિની રચનાઓથી અલગ તરી આવે છે. એને ચારણી પરંપરામાં જ આ દષ્ટિબિંદુથી અવલોકવાના રહે એવી યોજના ચારણ કવિ કૃતિની રચનામાં કરતો હોય છે. આવા કારણથી ચારણી સાહિત્ય એક આગવી અને અનોખી પરંપરા બની રહે છે. એમાંથી સંભળાય છે ભક્તિરસથી આર્દ્ર એવો વીરરસનો સૂર. શૌર્યભાવની પાર્શ્વભૂમાં ભક્તિ ભાવવિશ્વ નિહિત છે, પ્રધાનસૂર વીરરસ સભર છે.

મૂળ કથામાંથી ભક્તિભાવનું - શાંતરસનું નિરૂપણ હતું એ જ કથાનકમાં શૌર્યભાવનું અને વીરરસનું નિરૂપણ આગંતુક ન બની રહે હેત્વારોપણ ન બની રહે એની તકેદારી રાખીને મૂળકથાના ભાવને નષ્ટ કર્યા વગર તર્કપૂર્ણ રીતે ભાવાંતર



કરવાનું ચારણી કવિ કૌશલ્ય આપણાં અધ્યયનનો વિષય બની રહે છે અને એ કારણે લાંગીદાસ કૃત ‘એકાદશી માહાત્મ્ય’ને ભક્તિભાવરસની નહીં પણ શૌર્યભાવની વીરરસપૂર્ણ આખ્યાન કવિતા તરીકે ઓળખવાનું બને છે. આ કારણે ‘એકાદશી મહાત્મ્ય’ માત્ર ભક્તિભાવની રચના નથી બની રહેતી પરંતુ વીરરસનો રસાનુભવ કરાવતી શૌર્ય-વીરતાનું તર્કપૂત રીતે આલેખન કરતી રચના બની રહે છે.

લાંગીદાસ મહેડુ એક ધર્મમૂલક રચનાને ચારણી સાહિત્ય સર્જન પરંપરાના કૌશલ્યથી છંદ-અલંકાર અને ભાવવિશ્વ સંદર્ભે ચારણી સત્વ અને તત્ત્વથી આખ્યાન રચનાને વીરરસનો ભાવાનુભવ કરાવતી રચના સ્વરૂપે આલેખે છે. ભક્તિના શાંતરસમાંથી શૌર્ય-વીરતાના વીરરસનું રૂપાંતરણ હકીકતે તો કવિકર્મની હૃદયસ્પર્શી અને અર્થસભર પ્રસાદી છે. ચારણી સર્જકતાનો એ પ્રત્યક્ષ રૂપનો પરિપાક છે.

## ૫

# ચારણી સાહિત્યમાં વ્યંગનું નિરૂપણ*

**પ્રવીણ ગઢવી**

કુદરતે ન જાણે કેં, માત્ર માણસને જ હાસ્ય અને અશ્રુ આપ્યાં છે. સુખ અને દુઃખની અભિવ્યક્તિ માટે જ હાસ્ય - અશ્રુ છે. ભગવાને મનુષ્યને પહેલાં અશ્રુ આપ્યાં હશે, પછી દયા આવતાં હાસ્ય આપ્યું હશે !

ચારણની જીભ પાતળી એમ કહેવાય છે. ચારણની જીભ તલવાર જેવી હતી. રાજપૂત પાસે તલવારનું હથિયાર હતું તો ચારણ પાસે જીભ હતી. રાજપૂત તલવારથી માથાં ઉતારી લેતા તો ચારણ જીભથી ભલભલાનાં માથાં ઉતારી લેતા !

ચારણો રાજ્યાશ્રયી હતા, રાજકવિ હતા એટલે ફક્ત રાજવીઓનાં પ્રશંસક હતા તેવી ભૂલભરેલી માનીતા સમાજમાં પ્રવર્તે છે. અલબત્ત, ચારણોએ પ્રશસ્તિ કાવ્યો લખ્યાં છે, પણ માત્ર પ્રશસ્તિ કાવ્યો નહિ, ઠપકાનાં કાવ્યો પણ લખ્યાં છે.

સામંતશાહી યુગમાં Freedom of Preasનું અસ્તિત્વ જ નહોતું. લોકોનો અવાજ રાજા સુધી પહોંચાડનાર રખવાળો નહોતાં. ચારણો આ ફરજ નિભાવતા. દબાયેલી, પીડાયેલી શોષિત વાચાહીન જનતાનો અવાજ ચારણો રાજા સુધી પહોંચાડતા. કેમ કે ચારણોને સાચ્ચેસાચું રોકડું પરખાવી દેવાની ટેવ હતી અને

* રાજકોટ સૌરાષ્ટ્ર યુનિ.માં સાહિત્ય અકાદમી દિલ્હી અને ભારતીય સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે યોજેલ પરિસંવાદમાં આપેલ વક્તવ્ય.



આજેય છે. ભરી સભામાં અવળી વાત ચાલે તો બોલ્યા વગર રહે તે ચારણ નહિ. ચારણનો સ્વભાવ જ ભડભડવાનો. ખોટી વાત, અન્યાયની વાત ચારણ સાંભળે જ નહીં.

ઝવેરચંદ મેઘાણીએ ચારણી કવિતાના તેર વિષય તારવ્યા છે. તેમાંનો એક ઉપાલંભ છે. અને બીજો કાયરોની ઠેકડી છે. ચારણોનો કટાક્ષ કટારી જેવો ધારદાર રહેતો. જોધપુરનો રાજવી હોય કે જયપુરનો, ચારણો રોકડું પરખાવી દેતા, કદાપિ ડરતા નહીં. તેવા રાજવીનું રાજ્ય છોડી દેતા. જમીન-જાગીર એનો ત્યાગ કરતા, લાખ પસાવી પાછો વાળતા. હાથી-ઘોડા આપી દેતા અને અડવાણા પગે રાજ્યમાંથી નીકળી જતા. ઘણીવાર આત્માનું બલિદાન પણ આપવું પડતું.

ગીગા રાવળ રાવળદેવ કોમના કવિ હતા. જસદણના કાઠી દરબાર શેલા ખાચરના રાજકવિ હતા, આશ્રિત હતા. ભાવનગર રાજ્ય સામે જોગીદાસ ખુમાણ કાઠી ખેતરની જાગીરના હક્ક માટે બહારવટે ચડેલાં. ભાવનગર મહારાજાની ઈનામી લાલચે મદદે જવા શેલો ખાચર જોગીદાસ ખુમાણ સામે લડવા નીકળ્યા ત્યારે કવિ ગીગા રાવળને તેમનું પરાક્રમ દેખાડવા સાથે લઈ ગયા. પરંતુ બન્યું એવું કે જોગીદાસ ખુમાણનાં દસ ઘોડાં સામે શેલા ખાચરનાં એકસો વીસ ઘોડાં ટકી ન શક્યાં અને રણમેદાનમાંથી જીવ બચાવી ભાગવું પડ્યું. તોય જસદણ જઈ કવિ ગીગા રાવળને પ્રશસ્તિ કરવા ફરજ પાડી. કવિએ ઘણી ના પાડી પણ શેલો ખાચર માન્યો નહીં. શેલા ખાચર, રહેવા દો. સાચું નહીં સાંભળી શકો. તોય શેલાએ આગ્રહ કર્યો ત્યારે કવિએ ભરીસભામાં સંભળાવ્યું :

ચાલણ હારો કટું ચલાવેલો
ખેલ જઈને બીજે ખેલો
ઝાટકીઓ દસ ઘોડે ઝીલો
છો વીસુંથી ભાગ્યો શેલો !

x x x

ખાચર ખોટ દુસરી આયો
ઝાળે ખુમો ભાણ જગાયો
કુડું શેલા નામ કમાયો
ગરમાં જઈને લાજ ગમાઓ !

— આ સાંભળી શેલો ખાચર ગુસ્સે ભરાયો અને કવિને જસદણ છોડી જવા હુકમ

કર્યો. કવિ 'થૂ તારા જસદણમાં' કરી જમીન પર થૂંકીને હાલતા થયા ! સલામ કવિ ગીગા રાવળને !

ખુદ ભાવનગરના રાજ્યાશ્રયી કવિએ બંડખોર જોગીદાસ ખુમાણની પ્રશંસામાં કવિત કરેલું :

'પડ ચડિયો જે દિ જોગઢો પીઢો
આફડિયા ખળો અરડીંગ.
જરદ કસી મરદે સંગ જડિયાં,
સમદડિયા ચડિયા તરસીંગ'

અવધ ઉપર જ્યારે કંપની સરકારનાં લશ્કર ચડી આવ્યાં અને છેક લખનૌ પહોચ્યાં તોય કોઈ જાગ્યા નહિ અને અમીર ઉમરાવ શતરંજ રમતા રહ્યા. પ્રેમચંદે તેની પર વ્યંગ વાર્તા લખેલી જેનું સત્યજિત રાયે ફિલ્મીકરણ કરેલું. તેવી જ ઘટના સૌરાષ્ટ્રમાં બનેલી વઢવાણના રાજાની બકરી હળવદના રાજાએ ચોરી ! એમાં બેઉ વચ્ચે વરસો સુધી યુદ્ધ ચાલ્યાં. હળવદે તો પૈસા આપી મરાઢી લશ્કર બોલાવ્યું. તેનું Mock-heroic લશ્કરી કાવ્ય 'ઝમાળ' છંદમાં રચાયું.

રાજા કપોલે અવતરી,
પીથલરી ધર માંય;
વીરાં પેલો રણ વખે,
જોડાણ ભોગ જકાય.

— હળવદે નરેશે બાબારાવ પેશ્વાના ભાડૂતી સૈન્યથી વઢવાણ રગદોળ્યું, પણ પોતેય આજીવન પેશ્વાનો આશ્રિત થઈ રહ્યો.

કવિ બકરીનું સરસ વર્ણન આપે છે :

થોકે થોક માંસ ચરબ્બી ચાવીમાં
ધોળી રૂપા ખાય જે ઉપર ઢોળીમાં.

- ભરપૂર માંસ-ચરબી ભરેલ અને ધોળી ચામડી વાળી હળવદ નરેશની બકરીને વઢવાણ નરેશ ધરાર વધેરીને ખાઈ ગયા !

અછૂત જોગડો શહીદ થયો તો કવિએ એને ય વધાવ્યો - નાત-જાતના ભેદ સિવાય.

આગે છેલ્લી ઉઠતો, પેલી ઉઠ્યો પાંત;
ભૂપાંમાં પડી ભ્રાંત, જમણ અભડાવું જોગડા !



અભા સોરઠિયો- જસા ખસિયનો કામદાર-ભાવનગર મહારાજાએ એને માર્યો અને ભરબજારમાં ઘોડે બાંધી ઢસડ્યો. ત્યાંના ચારણ કવિથી ન રહેવાયું અને મોઢામોઢ સંભળાવ્યું :

માર્યાને મૂવા તણો, ધોખો કાંઉ ધરે ?
મેતાને મોર્ય કરે, હાલ્યો સોરઠિયો અભો !

— આ વીર અભાએ ભાવનગરના દીવાન હિરજી મહેતાને પૂરો કર્યો હતો.

કાનિયા ઝાંપડાની શહીદીને પણ કવિએ બિરદાવી છે.

સૂંડલાનો જાલતલ ગિયો સામો,
ઢોલનો વગાડતવ ગિયો ઘોડે.

પાલનપુરના સાંઈ દીન દરવેશ પાલનપુરના નવાબના આશ્રિત હતા. નવાબે ઓરમાનભાઈનું ખૂન કર્યું. કવિએ ચોપડાવ્યું :

પાલણપુર કાં શેરખાં, છોડ ચલ્યા દિન માંહિ;
તુચ્છ જીવન કે કારણે, લિયા ભલાપણ નાંહિ.

વડોદરાના ગાયકાવડ ફતેહસિંહ માટે :

ફતેહસિંહ મહારાજ, દેખ ઉઠ ચહે ભાઈ !

અંગ્રેજો સામે -

ટોપી બેઠી તખત પર, કિયા મુલક સબ જેર;
ભેળસેળ સરદારકી, છિન લિયા સમશેર.
હો ગમે અજા સમાન, આપની ઈજ્જત મોઈ;
કહે દીન દરવેશ ગઢપત હો ગયે ગોપી.

તો કવિ કરણીદાનનો કિસ્સો જાણીતો છે. જોધપુર-જયપુરના મહારાજાઓએ એમને એમની પ્રશસ્તિમાં દૂહો મોકલવા કહ્યું.

કવિએ દૂહો ફટકાર્યો :

કૂરમ મારો દીકરો, કમધર્યો મારો બાપ !

— બન્ને રાજાઓએ પિતા અને પુત્રને માર્યા હતા !

રાજસ્થાનના ક્રાંતિકારી કવિ કેસરીસિંહ બારહઠ્ઠે. લૉર્ડ કર્ઝનના દિલ્હી

દરબારમાં હાજરી આપવા જતા ઉદેપુરના મહારાજા ફતેસિંહને ટ્રેનમાંથી અધવચ્ચે ઉતરી જવા ફરજ પાડી હતી. 'ચેતવણીના ચૂંગટ્યા'ના તેર દુહા તેમણે મહારાજાને મોકલ્યા હતા.

'ગવરમીંટરી ગોદ
ફળ મીઠાં દીઠાં ફતા !'

નાગા બાવાનાં નગારાં વાગ્યાં તેમાં હળવદ-ધ્રોળ ઠાકોરો સગા મામા-ભાણેજ હોવા છતાં યુદ્ધે ચઢ્યા. 'શતરંજ કે ખિલાડી'ની જેમ ચોપાટ રમતાં લડી પડેલા. કવિ ઇસરદાસે તે યુદ્ધનું વર્ણન કરતું કાવ્ય 'હાલાં ઝાલાં રા કુંડલિયા' લખ્યું.

સ્વાતંત્ર્ય સેનાની કવિ કાનદાસ મહેડૂએ રાજપૂતોને ચોખ્ખું સંભળાવ્યું હતું. 'તમે પૃથ્વી રૂપી પત્નીની સાડીને ઘાઘરો (સૈન્ય) અંગ્રેજોને આપી દઈને પર હાથે ચૂંથાવી છે. તમે મને ચાડિયો કહેશો પણ જુઓ રાજવીઓ પૃથ્વીરૂપી વહુ ઉઘાડી પડી છે !

'થારી વેળા ધરા ચૂંથાડી,
સેન ઘાઘરો કાઢી સાડી;
આવી કહું તો લાગે સાડી,
જુઓ સસરા વઉં ઉઘાડી'.

તેઓ કહેતા, 'એવા રાણી ક્યોં જાયા રજપૂતો'. આવા કાયર પુત્રોને કેમ જન્મ આપ્યો હે રાજપૂતાણી ?

કવિ કાગ આ પરંપરાના છેલ્લા કવિ જોકે શંકરદાન દેથા લીંબડીના રાજકવિ હોવા છતાં રાજાઓના ફેડરેશનને સ્પષ્ટ સંભળાવી દીધેલું કે તમારા દિવસો હવે પૂરા થયા છે. કવિ કાગે પણ રાજવીઓને ઉપાલંભ આપેલો :

સુણિયાં ગીત દરિયાપાર જઈ,
સુણિયાં નહીં દીન તણાં દુઃખડાં;
ખૂબ પાર શિકાર પૂછ્યા, ન પૂછી
કથની દુખિયારાં પ્રજાજનની.

કાગે ગાંધીની દલિતો પ્રત્યેની લાગણીને પણ બિરદાવી :

લાગી એને હરિજન બંધુડાની લાય
મોહન મારો એને દુઃખે દુબળો હોજી.

x x x



હઈડે હસીને વિખાઉ વાળતો રેજી
મૂવા પછી ઢરડે છે આપણાં ઢોર.

x x x

જૂના કાયદા જપ્ત થઈને
નવા કાયદા થાશે.
ધરણી કેરા સાચા ધણીની
ગોતણ પેલી થાશે.

x x x

મારી વાતડિયું જો બા'રી નીકળશે
તો તો આખું બ્રહ્માંડ ભરખી જાશે.

x x x

અન્નના બાપને રોટલા ન મળે
આખો ભવ ઓશિયાળા

કવિ કાગે શ્રીરામ પર પણ કટાક્ષ બાણ છોડ્યું :

શ્રમ વિના સોનું લેવા
દોડ્યા શ્રી રઘુવીર !

તો આવા હતા સ્પષ્ટ વક્તા ચારણ કવિઓ !

આમ મધ્યકાલીનથી માંડીને અર્વાચીન સુધીના વિશાળ પટ પર ચારણી કાવ્યકૃતિઓમાંથી પ્રગટતા વ્યંગનો અભ્યાસ કરવાથી ખ્યાલ આવે છે કે ચારણો એમની આગવી મહરની ઊંડી સૂઝને કારણે અનોખી રીતે વ્યંગનું નિરૂપણ કરી શક્યા જણાય છે.

વિભાગ : ૩

# લોક-પુરાતત્ત્વ સંસ્કૃતિ







૬

# જૂનાગઢ : લોકસાંસ્કૃતિક, ઐતિહાસિક અને પુરાતત્ત્વીય ઘટકો

ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર

વિશ્વમાં સતત - નિરંતર રૂપનો આશરે ૨૫૦૦ જેટલા વર્ષનો સિલસિલાબંધ અકબંધ ઇતિહાસને જાળવતા નગરોના દૃષ્ટાંતો બહુ થોડાં છે. વિશ્વના મોટાભાગના શહેરો તો માત્ર એકાદ હજાર વર્ષમાં જ જન્મેલા અને વિકસેલા છે. એ રીતે વિચારતા જૂનાગઢ નગર વિશ્વના જૂના નગરમાં પોતાનું નામ કોતરાવી શકે તેમ છે. વળી જૂનાગઢ શહેરને કુદરતે મોકળા મને બે હાથે સૌંદર્યની લહાણી કરી છે, તેથી જૂનાગઢનો સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વૈભવ પણ સોળે કળાએ ખીલેલો છે. જૂનાગઢ એટલે ભારતનું એક પ્રાચીનતમ નગર અને લોકસંસ્કૃતિ તથા ઐતિહાસિક અને પુરાતત્વના ખજાનાનો ભંડાર

જૂનાગઢ રાજ્યે વિશ્વને બે વસ્તુની જબરદસ્ત અને અણમોલ ભેટ આપી છે તે છે.

(૧) ગિરનો સિંહ (૨) કેસરી કેરી.

જૂનાગઢ શહેરની કંઈક એવી અનેરી વિશેષતાઓ કે લાક્ષણિકતાઓ છે કે જેને હિસાબે તે દુનિયાના ઇતિહાસમાં ચર્ચાયું છે અને પ્રવાસીઓમાં પંકાયું છે.

(૧) છેલ્લા ૨૫૦૦ વર્ષના સિલસિલાબંધ ઇતિહાસની ઉપલબ્ધિ.



(૨) વિશ્વના વિખ્યાત એવો મહાન અશોકનો શિલાલેખ જૂનાગઢમાં છે, જે ગુજરાતનો સૌથી જૂનામાં જૂનો શૈલલેખ છે

(૩) જગ વિખ્યાત ગરવો ગિરનારએ તો જૂનાગઢનો મુકુટમણિ છે.

(૪) સમગ્ર ભારતનું જૂનામાં જૂનું સુદર્શન તળાવ જૂનાગઢમાં હતું.

(૫) ગુજરાતનો સૌથી જૂનો ગણાતો કિલ્લો ઉપરકોટ જૂનાગઢની આન, બાન અને શાનનો ઇતિહાસ છે.

(૬) કાળા પથ્થરમાં ઈ.સ. ની પહેલી બીજી સદીમાં કોતરાયેલી જૂનાગઢમાં જ છ સ્થળે ગુફાઓ આવેલી છે.

(૭) જૂનાગઢ શહેરે ત્રણ ત્રણ રાજવંશની સત્તા દરમિયાન ગુજરાતની રાજધાનીના શહેરનો દરજ્જો ભોગવ્યો છે.

(૮) જૂનાગઢ ઉપર આજ સુધીના સમયમાં જુદા જુદા ૧૧ યુગ મુજબના સત્તાધીશો આવતા રહ્યા છે.

(૯) જૂનાગઢમાં સમયે સમયે જુદા જુદા ધર્મો બૌદ્ધ ધર્મ, જૈન, ધર્મ ખૂબ જ વિકસ્યા હતા.

(૧૦) ભારતનો મોટા ભાગના ધર્મોના (બૌદ્ધ, જૈન, શૈવ, શાક્ત, ઇસ્લામ) તીર્થસ્થાનો અને સહિષ્ણુતા વાળુ શહેર.

(૧૧) પ્રાચીનકાળથી આજ સુધીમાં જૂનાગઢના જુદા જુદા બદલાયેલા ૧૮ નામો.

(૧૨) જૂનાગઢમાં ૧૦૦ ફૂટ લાંબો અને ૬૦ ફૂટ પહોળો એક પણ ટેકા વગરનો બહાઉદ્દીન કૉલેજનો મધ્યસ્થ ખંડ ત્યારના અને આજના સ્થપતિઓને વિચારતા કરી મૂકે છે, તે હોલ અભણ જેઠા ભગા મિસ્ત્રીએ બાંધ્યો છે.

(૧૩) રાજાશાહીના કાળમાં ભારતભરમાં વખણાતી અને સગવડતા વાળી તથા બેનમૂન જેલ જૂનાગઢમાં છે.

(૧૪) જૂનાગઢે ઇતિહાસ અને ડોક્ટરી ક્ષેત્રના વિશ્વ વિખ્યાત બે માણસો જૂનાગઢે આપ્યા એક ડો. ભગવાનલાલ ઇન્દ્રજી અને પ્લાસ્ટીક સર્જરીના શોધક ડો. ત્રિભોવનદાસ શાહ.

(૧૫) જૂનાગઢ રાજ્યનો તોશાખાનાનો ખજાનો સૌરાષ્ટ્રમાં વિખ્યાત અને કિંમતી ગણાતો. જૂનાગઢના રંગમહેલમાં એ જમાનામાં વરાળથી ચાલતી લિફ્ટની

સુવિધા હતી.

(૧૬) જૂનાગઢ રાજયના છેલ્લા મુસ્લિમ શાસકો અતિ સહિષ્ણુ અને ઉદાર, દાનવીર અને હિંદુ ધર્મનું માન જાળવનારા હતા.

(૧૭) કદાચ ભારતનું, નહીંતર ગુજરાતનું તો ખરું જ સૌથી જૂનું અને પ્રથમ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જૂનાગઢમાં છે.

(૧૮) જૂનાગઢના ઇતિહાસની વિશેષતાને હિસાબે જૂનાગઢની મુલાકાત અનેક વિદેશીઓ જેવા કે હ્યુએનસાંગ, કર્નલ ટોડ, ડો. બર્જેસ, કઝીન્સ, કર્નલ જે.ડબલ્યુ વોટસન, એની બેસન્ટ વગેરેએ લીધી હતી અને નોંધો કરી છે.

(૧૯) કાઠિયાવાડનું સૌથી પ્રથમ સામયિક 'સૌરાષ્ટ્ર દર્પણ' ઈ.સ. ૧૮૬૩માં જૂનાગઢમાંથી શરૂ થયુ હતું.

(૨૦) સૌરાષ્ટ્રમાં દેશી રજવાડામાં માત્ર પાંચ રજવાડાને પોતાની ખાનગી પોસ્ટ હતી તેમાં જૂનાગઢ, નવાનગર, મોરબી, વઢવાણ, જસદણ હતા. તેમાં સૌથી પ્રથમ પોસ્ટ જૂનાગઢે ઈ.સ. ૧૮૬૫થી શરૂ કરેલ.

(૨૧) ગુજરાતમાં બહુ ઓછા સ્થળોએ સરસ્વતીમાતાના મંદિર છે, એમાંનું એક મંદિર જૂનાગઢમાં છે.

(૨૨) ભારતની પ્રથમ ગણી શકાય તેવી ગિરનાર લોટરી જૂનાગઢમાં બહાર પડી હતી અને તે આવકમાંથી ગિરનારના પગથિયા બાંધવામાં આવ્યા હતા.

(૨૩) ગુજરાતમાં માત્ર બે જ સ્થળે એક ભૂજ અને બીજો જૂનાગઢમાં આઈના મહેલ છે. જે આખો હોલ બેલિજિયમના અરીસાઓથી જડિત છે.

(૨૪) ભૂજમાં જેમ મહારાવ લખપતજી વ્રજ પાઠશાળા છે, તેમ જૂનાગઢમાં એક મુસ્લિમ શાસકે સ્થાપેલ સંસ્કૃત પાઠશાળા છે. આવી પાઠશાળા સૌરાષ્ટ્રમાં બીજે બહુ નથી.

(૨૫) કાઠિયાવાડનું આ એક માત્ર એવુ શહેર છે કે જેમાં એક સાથે શિલાલેખ, વાવો, તળાવો, કૂવા, અનાજના કોઠાર, ગુફાઓ, કુંડો, મસ્જિદો, મંદિરો, મહેલો, કિલ્લો, સ્તુપ વગેરે આવેલ છે.

(૨૬) આજે હૈયાત એવો ભારતનો ધોળાવીરા પછીનો સૌથી જૂનામાં જૂનો રંગમંચ કે રંગભવન કે પ્રમોદભવન એ ઉપરકોટીની ગુફામાં આવેલ છે.

આવી બધી લોકસંસ્કૃતિ, પુરાતત્ત્વીય અને ઐતિહાસિક લાક્ષણિકતાઓ



અને વિશેષતાઓ અને એમાંય વળી આઝાદીના ઉષાકાળે જૂનાગઢના નવાબ મહોબતખાનેની એ જૂનાગઢ રાજયનું જોડાણ પાકિસ્તાન સાથે કરીને જૂનાગઢનું નામ ત્યારે વિશ્વફલક ઉપર એક જુદા જ ઇતિહાસ તરીકે ચર્ચાતુ કરી દીધું.

જૂનાગઢ ઉપર મૌર્ય, ક્ષત્રપ, ગુપ્ત, મૈત્રક, ચુડાસમા, ગુજરાતના સુલતાનો, દિલ્હીના મુઘલો, બાબીઓએ સત્તા ચલાવી હતી હોવાના સ્પષ્ટ પ્રમાણો મળે છે. જૂનાગઢના જુદા જુદા સમયે નીચે મુજબના અનેક નામો પડેલા જોવા મળે છે.

(૧) કરણકુબ્જ (૨) મણિપુર (૩) ચંદ્રકેતુપુર (૪) રૈવત (૫) પૌરાતનપુર (૬) દુર્ગ (૭) જીર્ણદુર્ગ (૮) જીરણગઢ (૯) ગિરિનગર (૧૦) નગર (૧૧) પૂર્વનગર (૧૨) જીર્ણપ્રકાર (૧૩) યવનગઢ (૧૪) મુસ્તુફાબાદ (૧૫) ઉગ્રસેનગઢ (૧૬) ખેંગાર ગઢ (૧૭) જૂણ્ણદુગ્ગ (૧૮) જીરણગઢ (૧૯) જૂનાગઢ.

આ થયો જૂનાગઢનો પ્રારંભિક પરિચય પણ આ તો વાત થઈ ભૂતકાળની પણ આજની તારીખે જૂનાગઢ શહેરનું મહત્ત્વ શા માટે લોકોમાં રહેલુ છે તે સમજવા માટે જૂનાગઢના પ્રાચીન, અર્વાચીન સ્મારકો અને વર્તમાનને જોઈશું ત્યારે આપણા મનમાં જૂનાગઢ શહેર ગુજરાતના અન્ય શહેરો કરતા નિરાળુ અને જોવા અને સમજવાલાયક લાગે છે, જો આપણી સરકાર જૂનાગઢ ઉપર વધુ ધ્યાન આપે તો હજુ જૂનાગઢ ને વધુને વધુ પ્રકાશમાં લાવી શકાય તેવી આ શહેરના ઇતિહાસ અને લોકસંસ્કૃતિમાં તાકાત છે, પણ જૂનાગઢની નબળી નેતાગીરી અને સરકારની ઇતિહાસ પ્રત્યેની ઘોર અવગણનાથી આ શહેરને જબરો અન્યાય થયો છે અને જૂનાગઢના ઇતિહાસને આપણે વિશ્વફલક પર યોગ્ય રીતે મૂકી શક્યા નથી. નહીંતર વિશ્વના પ્રવાસીઓને આપણે વધુ આકર્ષી શક્યા હોત અને તેમને ઈંટવા વિહાર, બોરિયા સ્તૂપ, મકબરા વધુ સારી રીતે બતાવી શક્યા હોત. અરે જૂનાગઢને વર્લ્ડ હેરિટેઝમાં મૂકી શકાય તેટલું આપણી પાસે જૂનાગઢમાં છે પણ એ બની શક્યુ નથી.

જૂનાગઢ શહેરની નગર રચના પણ અનેરી છે, જૂનાગઢ શહેરને ફરતો પાકો બાંધેલો કિલ્લો છે અને એ કિલ્લામાં નવ દરવાજાઓ રાખવામાં આવ્યા હતા અને એ દરવાજા રોજ રાત્રે બંધ કરી દેવામાં આવતા અને વહેલી સવારે ખોલવામાં આવતા હતા. છેલ્લે તા. ૧/૭/૪૮થી દરવાજા ખોલ બંધ કરવાની પ્રથા રદ કરવામાં આવી હતી. જૂનાગઢ શહેરનો પર્વતીય વિસ્તાર હોવાથી પાણીમાં ક્ષાર ખૂબ જ હોવાથી જ કદાચ જૂનાગઢના જૂના સમયના લોકોએ પોતાના ઘરમાં જ વરસાદના પાણીને સંગ્રહી રાખવાની વ્યવસ્થા ઊભી કરી હતી, એ પણ જૂનાગઢની

એક નવીનતા દેખાય છે. જૂનાગઢ શહેરની વચોવચ ઈ.સ. ૧૬૮૦/૮૧માં સરદારખાન નામના સુબાએ બાંધેલ સરદાર તળાવ છે.

**જૂનાગઢ : મુસ્લીમ શાસકોની સહિષ્ણુતાદર્શક વિગતો :**

જૂનાગઢમાં ૧૯૦ વર્ષ સુધી નવાબોએ શાસન ચલાવ્યું એ શાસકોએ સહિષ્ણુતાથી રાજ્ય ચલાવવાની કોશિષ કરી હતી. રાજ્યએ પોતાના રાજચિન્હ્માં ઉગતો સૂર્ય. ગિરનાર અને સિંહને મૂક્યો છે. આ ઉપરાંત પોતાના રાજમહેલમાં હાથી, સિંહ, મોર એવા જીવીત પશુ પક્ષીઓને કંડારવામાં આવ્યા છે. એટલેથી જ સહિષ્ણુતા અટકી નથી પણ નવાબ રસુલખાનજીએ તો પોતાનું અડધા કદનું બાવલું પણ બનાવ્યું છે. ઇસ્લામી શરિયત મુજબ મુસ્લિમો પોતાના જીવન વ્યવહારમાં કોઈ જીવિત વ્યક્તિના આકાર કંડારતા કે કોતરતા નથી. ત્યારે આ નવાબોએ ઉપરોક્ત વસ્તુઓ કરી પોતે કટ્ટર મુસ્લિમ ન હોવાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

જૂનાગઢ રાજ્યમાં જ્યારે કોઈ શૈક્ષણિક સંસ્થા ખોલવાની હોય ત્યારે ઉદ્‌ઘાટનનું તાળું અને ચાવીમાં સરસ્વતી દેવી કંડારવામાં આવતા હતા. આજે પણ જૂનાગઢ મ્યુઝિયમમાં નવાબની જીવતી જાગતી સહિષ્ણુતાનો પુરાવો આપતું ચાંદીનું એક તાળુ રાખવામાં આવ્યુ છે કે જે તાળા ઉપર ગણેશ, શંકર અને પાર્વતીજી કંડારેલ છે.

જૂનાગઢના નવાબો દરેક હિંદુ મંદિરોનું માનપાન જાળવતા અને તેને આર્થિક બાબતના પેટિયા બાંધી આપેલ અને વાર, તહેવારે, પ્રસંગે રાજા તરફથી સહાય મળતી જતી. જૂનાગઢ શહેરના હિંદુ મંદિરોને દરરોજ રૂા.પની સહાય નવાબી રાજ્ય તરફથી મળતી હતી. નવાબ ખુદ મહંતો, સાધુઓ, સુધારકોને માનપાન આપતા હતા. જેમ કે સહજાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, જેઠમલ્લ સ્વામી, મહંત સુદરનાથજી ગોરખમઢી, મહંત રૂપગીરીજી કોયલી વગેરે વગેરેના અનેક પ્રસંગો આપણને જાણવા મળે છે.

## ❑ પુરાતત્ત્વીય વિગતો :

**બોરિયા સ્તૂપ :**

જૂનાગઢમાં બૌદ્ધકાળની યાદી કરાવતા લાખામેડી, બોરિયા સ્તૂપ, ઇંટવા વિહાર અને ગુફાઓ આવેલ છે.જૂનાગઢના જ એવા ડૉ. ભગવાનલાલ ઈન્દ્રજીને બોરદેવી ખાતે બૌદ્ધ અવશેષો હોવાની સૌપ્રથમ ભાળ મળી હતી.[૬] અને તેમના પછી ઈ.સ. ૧૮૮૮માં જેમસ કેમ્પબેલે ત્યાં ઉત્ખન્ન કરતાં ૪૫ ફૂટની ઊંચાઈ તથા



૧૮૪ ફૂટનો વ્યાસ ધરાવતો એક સ્તુપ મળી આવ્યો હતો, સાથે સાથે આ સ્તૂપમાંથી માટીનો એક દાબડો મળી આવ્યો હતો જેની અંદર એક તાંબાનો દાબડો વીંટળાયેલો હતો અને તાંબાના દાબડામાં રૂપાનો એક દાબડો હતો અને તેની અંદર સોનાનો નાજુક દાબડો હતો એમાંના દાબડામાં કોઈક વસ્તુ રાખેલી હતી, જ્યારે સોનાના દાબડામાં પાંચ નાના ઝવેરાતો અને માનવ હાડકાનો ટુકડો મળ્યો હતો. એમાંની ઝવેરાતમાં એક માણેક, બીજુ નીલમણિ, ત્રીજુ સફેદ નીલમણિ હતું. અહીંથી મળેલ વસ્તુઓને સક્કરબાગમાં આવેલ જૂનાગઢ મ્યુઝિયમમાં રાખવામાં આવેલ છે. આ સ્તુપ બોરદેવી નજીકથી મળેલ હોવાથી તેને બોરિયા સ્તૂપ નામ અપાયું છે. આ સ્તૂપની પશ્ચિમ બાજુમાં વિશાળ બૌદ્ધવિહારના પાયા મળી આવ્યા અને એક મોટો સ્તૂપ પણ જેને બડી લાખા મેડી કહે છે. જોકે આજે આ ઉત્ખનનનું કોઈ નામોનિશાન રહ્યું નથી.

**ઈંટવા વિહાર :**

હિંદ સરકારના પુરાતત્વખાતાના વડા ડૉ. એન.પી.ચક્રવતીએ મે ૧૯૪૯માં જૂનાગઢની મુલાકાત લીધી હતી અને ઇંટવાની ટેકરીવાળી જગ્યા તપાસી અને જણાવેલ કે આ સ્થળે ઈ.સ. પૂર્વેનું કોઈ બાંધકામ હોવાની સંભાવના છે.[૭] પછી તા.૨૯/૧૦/૧૯૪૯ના રોજ સૌરાષ્ટ્ર સરકારના પુરાતત્વ ખાતાએ જૂનાગઢના ગિરજાશંકર વલ્લભજી આચાર્ય આગળ ૪૭૫ X ૧૫૦ ફુટના વિસ્તારમાં ઉત્ખનન શરૂ કરાવ્યું અને માત્ર દોઢ કલાકના ઉત્ખનન બાદ પાયાઓ અને અવશેષો દેખાવા માંડ્યા. અહીંથી ૨૦ X ૩૦ ફૂટની ફરસ ઉપરાંત ૧૦ X ૧૦ ફૂટના સાત અને ૨૬ X ૧૦ ફૂટના એક એવા ૮ ઓરડાઓ મળી આવ્યા હતા. અહીંની ૧૮ X ૧૨ X ૩ ના માપની લાલ રંગની ઈંટો મળી હતી જે કોઈક ઈંટમાં હરણ, સિંહ અને નાના બાળકની છાપ તથા માટીનો સિક્કો મળી આવ્યો હતો, કે જેના ઉપર ચૈત્યની આકૃતિ અને 'મહારાજા રૂદ્રસેન વિહારે ભિક્ષુ સંઘસ્ય' એવું લખાણ મળે છે, આ ઉપરાંત અહીંથી રૂપાના બે સિક્કા, તાંબાના બહુ નાના સિક્કા, કુંજા, નાળચા, સોનું પારખવાના પત્થરો, પત્થરના વજનિયા, ચટણી વાટવાનો પત્થર વગેરે મળ્યું હતું. આ ઉત્ખનન વાળી જગ્યા પણ સમયસર સરકારી ગ્રાન્ટ ન આવતા ચોમાસામાં ધૂળમાં મળી ગઈ અને પછી સરકારમાંથી પૈસા આવતા તે પાછા મોકલી માત્ર નિશાસો જ નાંખવો પડ્યો.

**બૌદ્ધ ગુફાઓ :**

જૂનાગઢમાં જુદા જુદા ચાર સ્થળે ઈ.સ. ૧ લી ૨ જી સદીમાં કોતરાયેલી

મનાતી અનેક ગુફાઓ જોવા મળે છે. ૧. ઉપરકોટ અંદરની ગુફાઓ ૨. ખાપરા કોડિયાની ગુફાઓ ૩. બાવાપ્યારેની ગુફાઓ ૪. પંચેશ્વરની ગુફાઓ ૫.માઈ ગઢેચીની ગુફા ૬. માત્રી મંદિરની ગુફા. આ ગુફાઓમાં એક કાળે 'બુદ્ધમ શરણમ ગચ્છામિ'ના નાદો ગુંજી રહ્યા હતા. આવી ગુફાઓ સાધુઓના 'સત્યમ શિવમ સુંદરમ્'ની સાધના માટે કોતરવામાં આવી હોવાની વધુ સંભાવના છે.

જેમાં ઉપરકોટ અંદરની ગુફાઓ સૌથી વધુ સારી રીતે જળવાયેલી અને અલંકૃત ગુફાઓ છે. જે ગુફાઓ બે માળની છે અને ગુફાના સ્તંભો વૃતાકાર છે અને તેની દૃષ્ટિ ઉપર સર્પાકાર છે, વક્રરેખાનું અલંકરણ કંડારેલ છે. જો કે આ ગુફાઓના સમય અને ઉપયોગ વિશે વિદ્વાનોમાં મતેક્ય નથી. કોઈ કહે છે આ ગુફાઓ ભિક્ષુઓના વિહાર સ્થાનરૂપ છે તો કોઈકના મતે આમાંની બે માળની ગુફાઓ રંગભવન કે પ્રમોદભવન ગણાવે છે. આ ગુફાઓ કેન્દ્ર સરકારના પુરાતત્વ ખાતા હસ્તક છે અને ખૂબ સારા પ્રમાણમાં જળવાયેલી છે.

જૂનાગઢની બીજી ગુફાઓ ઈ.સ.૧૮૨૨માં કર્નલ ટોડ જૂનાગઢ આવ્યો ત્યારે ખેંગાર મહેલના નામે ઓળખાતી હતી, પછી આ ગુફાઓ કાઠિયાવાડના ખાપરા અને કોડિયા નામના ચોર લુંટારા કે ધૂર્તના નામે તે તેમાં સંતાતા હોવાને કારણે ઓળખાવા માંડી, આ ગુફાઓ ૨૫૦ ફૂટ X ૮૦ ફૂટમાં પથરાયેલી છે, જેમાં સૌથી મોટી ગુફા ૬૦ X ૬૦ ફૂટની વિશાળ છે. આ ગુફાઓ અલંકરણહીન છે પણ એકકાળે આ ગુફાઓના સ્તંભોની સપાટી ઉપર શંખલિપિમાં અનેક ઉત્કીર્ણ અક્ષરો માલુમ પડતા હતા પણ આજે તો તે બધા અક્ષરો ભૂંસાયા છે. આ અક્ષરોને કર્નલ ટોડે બરાબર નોંધ્યા હતા.[૯]

ત્રીજી ગુફા જૂનાગઢના સંત બાવાપ્યારેની ગુફાના નામે ઓળખાય છે, જેને બીજી ત્રીજી સદીમાં બનેલી માનવામાં આવે છે. જે ઉપરકોટની બાજુમાં આવેલ છે. આ ગુફાના પ્રવેશદ્વાર ઉપર જે જે ધર્મના ઉત્કીર્ણ પ્રતિકો ઉપરથી તેને ઓળખવાના વિદ્વાનોએ પ્રયત્નો કર્યા છે. આ ગુફામાંથી રૂદ્રસિંહ પહેલાનો એક ખંડિત શિલાલેખ મળ્યો હતો, જે શિલાલેખ કેવલીપદ જૈન દર્શનની તાંત્રિક શબ્દાવલિનો દ્યોતક હતો, જોકે તે લેખ છુટો મળેલ હોવાથી ગુફા સાથે સાંકળવો એ યોગ્ય નથી. ગુફાના સ્તંભો ઉપર વિતાન તરફ સિંહ, વ્યાલયુક્ત નાગદંભ આવેલ છે, ઓસરીના બંને છેડે દીવાલ ઉપર એકેક સપક્ષ સિંહ અને વ્યાલ કોતરેલ છે.

જૂનાગઢની ચારેય ગુફાઓ બૌદ્ધોની હોવાની વધુ સંભાવના છે કારણકે જૂનાગઢમાં ઈ.સ. ૬૪૦-૪૫માં હ્યુસેનસાંગ આવેલ તેણે નોંધ્યું છે કે અહીં ૫૦



જેટલા સંઘારામ છે અને તેમાં ૩૦૦૦ ભિક્ષુઓ રહે છે.

**ઉપરકોટનો કિલ્લો :**

ઉપરકોટનો કિલ્લો એટલે કાઠિયાવાડની અડીખમતાનું પ્રતિક. ઉપરકોટ એટલે જૂનાગઢના પ્રાચીન રહસ્યોની ખાણ. ઉપરકોટને ભારતનો વિશાળ અને પ્રાચીનતમ દુર્ગ ગણવો પડે તેમ છે એટલી તેની પ્રાચીનતા આપણા ધર્મગ્રંથોમાં આંકવામાં આવી છે. આ કિલ્લાનું ક્ષેત્રફળ ૨૭,૨૪,૯૭ ચોરસવારનું છે. ઉપરકોટનો કિલ્લો મૂળમાં યાદવ રાજા ઉગ્રસેને કાલયવનના ભયથી સુરક્ષિત રહેવા બાંધ્યો હતો. બીજા ઉલ્લેખ મુજબ જૂનાગઢના રૈવત રાજાએ પોતાની દીકરી રેવતીને શ્રીકૃષ્ણના ભાઈ બલરામ સાથે પરણાવી રેવતીને આ કિલ્લો કન્યાદાનમાં આપેલો. ત્રીજા મતે ચંદ્રગુપ્ત મૌર્યએ સોરઠ પ્રદેશ જીતી લઈ આ કિલ્લો બાંધ્યો હતો. ચોથા મતે અને 'દયાશય'ના ઉલ્લેખ મુજબ ઉપરકોટ રાહ ગ્રહરિપુએ ૧૦મી સદીમાં બંધાવ્યો હતો, જે કિલ્લામાં ૮૪ શિરોગ્રહ, ૪ દરવાજા, ૨ વાવ, ૧ કૂવો, ૧ મસ્જિદ, ૧ ગુફા છે. આ ઉપરાંત અહીં રાણકદેવીનો મહેલ (જુમ્મા મસ્જિદ) નીલમ અને કડાનાળ તોપ, અનાજના કોઠાર, તળાવ, ઘક્કા બારી વગેરે આવેલ છે. ઉપરકોટનો છેલ્લે રાહ માંડલિક ત્રીજાએ ઈ.સ. ૧૪૫૦માં અને નવાબ રસલખાનજીએ ઈ.સ.૧૮૯૩-૯૪ માં જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

ઉપરકોટ ઉપર કુલ પાંચ મોટા અને અગિયાર નાના ઘેરાઓ થયા હતા, તેમ છતાં અડીખમ રહેલો છે. ઉપરકોટે અનેક ચડતી પડતી અને ધમસાણો જોયા છે.

ઉપરકોટ ઉપર આજ સુધીમાં મૌર્ય, ક્ષત્રપ, ગુપ્ત, મૈત્રક, ચુડાસમા, સોલંકી, સુલતાનો, મુઘલો, બાબી અને સ્વતંત્ર ભારતની ધજાઓ લહેરાણી છે.

**અશોક શિલાલેખ :**

મહાન સમ્રાટ અશોક ઈ.સ. પૂર્વે ૨૭૩ થી ૨૩૭ના સમયમાં થયો તેણે સમગ્ર ભારતમાં અનેક સ્થળોએ શિલાલેખો કોતરાવ્યા હતા. એક કાળે જૂનાગઢ પણ મૌર્ય સામ્રાજ્યનો ભાગ હતું ત્યારે અશોકે પોતાના રાજ્યારોહણના બારમા વર્ષે ઈ.સ. પૂર્વે ૨૫૬માં જૂનાગઢમાં ગિરનારના રસ્તે રાજ્ય આજ્ઞાઓ આ લેખમાં કોતરાવી હતી, આ લેખ ૭૫ ફીટ પરિઘનો છે તેમ લગભગ ૧૦૦ ફૂટના વિસ્તારમાં ૧૪ આજ્ઞાઓ કોતરવામાં આવી છે. કે હિંસાથી દૂર રહેવુ, ઔષધિને લાયક વનસ્પતિ વાવવી, બ્રાહ્મણો શ્રમણોને સરખાવ ગણવા, મા બાપ ગુરુને માન આપવું, સર્વે ધર્મ અનુસરનારાઓએ સંપથી રહેવું વગેરે. આ શૈલલેખના બીજા

અને ત્રીજા ભાગમાં ઈ.સ.૧૫૦નો મહા ક્ષત્રપ રૂદ્રદામાનો અને ઈ.સ.૪૫૫નો ગુપ્ત રાજવી સ્કંદગુપ્તનો અહીંના સુદર્શન તળાવ તૂટ્યાનો અને તેને રિપેર કરાવ્યાનો ઉલ્લેખ કરતો છે. આ લેખને સૌપ્રથમ કર્નલ ટોડે ઈ.સ.૧૮૨૨માં જોયો અને જાહેર કર્યો અને પછી ઈ.સ.૧૮૩૮માં જેમ્સ પ્રિન્સેપે તેની પ્રથમ વાચના કરી હતી અને પછી ડૉ. ભગવાનલાલ ઈન્દ્રજીએ શુદ્ધ વાચના કરી હતી, અશોકનો લેખ બ્રાહ્મણી લિપિ અને પ્રાકૃત ભાષામાં કોતરાયેલો છે. આ લેખ ઉપર નવાબ રસુલખાનજીએ મકાન બાંધ્યું અને નવાબ મહાબતખાનજી ત્રીજાએ તેની પ્રતિકૃતિ પાજનાકા પાસે કોતરાવી જો કે મૂળ લેખ નાશ પામે તો નકલ તો રહે. આ લેખનું રબિંગ લેવા મિ.ડી.આર.ભાંડારકર ઈ.સ.૧૯૦૯માં જૂનાગઢ આવ્યા હતા.[૧૦]

**બારાશહીદ :**

બારાશહીદની જગ્યા જૂનાગઢમાં તાલુકા પોલીસ સ્ટેશનની પાછળ નાજુબીબીના મકબરાની પાસે ધારાગઢ દરવાજા બહાર આવેલ છે. અહીં એક સાથે બાર કબરો લાઈન બંધ છે અને જેના ઉપર મકાન બાંધવામાં આવેલ છે. બારાશહીદનો ઇતિહાસ પ્રાપ્ત થાય છે કે ઈ.સ.૧૩૬૯માં પાટણના સૂબા ઝફરખાને ચઢાઈ કરી એ સમયે જૂાગઢના રા, જયસિંહે તેનો સામનો કર્યો ત્યારે ઝફરખાનની સેના વેરવિખેર બની એ સમયે તેણે રા ને વિષ્ટી માટે બોલાવી અને દગો કરવાનું વિચારેલું ત્યારે રા,ના સ્થળ સૈનિકોએ સુબાના ૧૨ સરદારોને કાપી નાંખ્યા જે શહીદ થયા એટલે ઈસ્લામી રિવાજ મુજબ તે પીર ગણાયા અને બારાશહીદ કહેવાયા. મુસ્લિમોના કહેવા મુજબ એ ૧૨ શહીદોની સાથે નગારચી અને મશાલચી તથા ખજાનચી પણ મરાયા હતા અને તેની કબરો પણ આ સ્થળે બહાર બનાવવામાં આવી છે. 'તારીખે સોરઠ વ હાલાર' ના કથન મુજબ આ બાર સરદારો ઝફરખાન રાહને કોઈ દગો ન કરે તે માટે જામીન થયેલ અને સુબાએ દગો કરતા વચન પાલન ખાતર મરાયા હતા.[૧૧]

**મકબરાઓ :**

જૂનાગઢ ઉપર મુસ્લિમોએ છેક પંદરમી સદીથી માંડીને ઈ.સ.૧૯૪૭ સુધી સતા ચલાવી હોવાથી જૂનાગઢમાં કેટલાક સ્થળે અનેક મકબરાઓ બંધાયા છે. જૂનાગઢના પ્રથમ નવાબ બહાદુરખાનજી ઉર્ફે શેરખાનજીથી માંડીને પાંચમા નવાબ હામદકાન બીજા સુધીના મકબરાઓ ચિતાખાના ચોકમાં આવેલ છે, આ મકબરામાં ગુજરાતી અને ઉર્દુમાં આરસ જડિત શિલાલેખો પણ છે અને બેગમ કેસરબાઈનો અર્ધ ચણેલ રોજો પણ અહીં છે, આ મકબરાઓ ઉપર મોટા ઝાડ ઊગી નીકળ્યા



છે અને એ અહેવાલ ટી.વી. સમાચાર અને અખબારોમાં આવવા છતાં આપણું તંત્ર તેને કાપવાની તસ્દી લેતું નથી તેથી આવવા ૨૫ વર્ષમાં આમાંના અમુક મકબરાઓ ધરાશય થઈ ગયા હશે ?

નવાબ મહાબતખાનજી બીજાએ પોતાના નામે મહાબત મકબરો બાંધવાનું શરૂ કર્યું અને તે પૂર્ણ થાય તે પહેલા તે મૃત્યુ પામતા તેમને અધુરા મકબરામાં જ દફન કરવામાં આવ્યા. આ મકબરો જેઠા ભગા નામના મિસ્ત્રીએ બાંધ્યો હતો જેના બાંધકામ પાછળ રૂા. ૩,૯૭,૬૪૭-૧૧-૦૦ આના પાઈનો ખર્ચ થયો હતો. મકબરામાં નવાબ મહાબતખાન બીજા, નવાબ બહાદુરખાન ત્રીજા અને નવાબ રસુલખાનજીને દફનાવાયા છે. નવાબીકાળમાં આ મકબરા કાયમ ખુલ્લા રહેતા અને દરરોજ સિરની વહેંચાતી અને સોના ચાંદી અને ઝુમ્મરોથી શોભી રહ્યા હતા. આ મકબરાની બાજુમાં વજીર બહાઉદ્દીનભાઈએ પોતાના ખર્ચે રૂ.૮૪.૫૫૯-૭ના ખર્ચે બંધાવ્યો હતો અને તેઓ ઈ.સ.૧૯૧૪માં મૃત્યુ પામતા તેમને તેમાં દફનાવ્યા. આ ઉપરાંત તાલુકા પોલીસ સ્ટેશન પાસે બેગમ નાજુબીબીનો કલાત્મક મકબરો આવેલ છે અને તેની કલાત્મક જાળીઓ આપણને સીદી સૈયદની જાળીઓની યાદ અપાવે તેવી બેનમૂન છે.

**રાજમહેલો :**

જૂનાગઢમાં ચુડાસમા રાજવીઓના રાજમહેલમાં માત્ર ઉપરકરોટને ગણાવી શકાય આ સિવાય કશુ નથી, પણ નવાબના અનેક રાજમહેલો જૂનાગઢમાં ઉભા છે જેમાં રંગમહેલ અને સીટી રાજમહેલ એ સૌથી જૂના છે. એક મુસ્લિમ નવાબના રાજમહેલનું નામ શ્રીજી મહારાજે (સહજાનંદ સ્વામી) આપ્યું હતું તે છે નામ છે રંગ મહેલ. આ ઉપરાંત જૂનાગઢમાં મહાબત મંજિલ, (મનોરંજન) દિલારામ મંજિલ (દિલારામ) હિંમત મંજિલ (હેંમત નિવાસ) ગુલામ મોહમ્મદ મંજિલ (ગિરી વિહાર) અમન મંજિલ (શાંતિ નિવાસ) ઓમેલ વિલાસ (ઉમા વિલાસ) સઈદા સુલતાના મહેલ (શશીકુંજ) ઉમરાવ મંજિલ (સોરઠ નિવાસ) તાજ મંજિલ (ગ્રિષ્મ નિવાસ) રસુલે ગુલઝાર (રસિક નિવાસ) મહાબત ગુલઝાર (મંગલ નિવાસ) ઈનાયત મંજિલ (ઈન્દ્ર ભુવન) સુલતાન મંજિલ (સ્નેહ કુંજ) મહાબત વિલા (મનહર કુટીર) રસુલ બંગલો (પંકજ નિવાસ) વગેરે બંગલાઓ હતા[૧૪] અને તે આપણને ઈ.સ.૧૯૪૨માં ચિક્કાર ભરેલા મળ્યા હતા. અરે રંગમહેલમાં તો એ જમાનામાં વરાળથી ચાલતી લીફ્ટની સુવિધા હતી.

**જેલ :**

જૂનાગઢના નવાબ મહોબતખાનજી બીજાને આધુનિક જૂનાગઢના ઘડવૈયા કહેવામાં આવે છે તેમને પ્રવાસનો ખૂબ જ શોખ હતો અને તેમણે ભારતભરનો પ્રવાસ કર્યો હતો અને જે ગમ્યું તે બધુ જૂનાગઢમાં લઈ આવવા ઉત્સુક હતા. તેમના સમયમાં આ જેલનો પ્લાન સાલેહ હિંદી અને યુવરાજ બહાદુરખાનજી જોહરાથી લઈ આવ્યા હતા, બીજા ઉલ્લેખ મુજબ જેલનો પ્લાન દીવાન હરિદાસ વિહારીદાસે કર્યો હતો. આ જેલના બાંધકામ પાછળ ૪૫૩૦૭૭ કોરી અને બીજીવાર ૮૯૨૫૫ કોરીનો ખર્ચ થયો હતો. આ જેલ ખૂબ જ સ્વચ્છ અને સુઘળ સૂર્યપ્રકાશ વાળી હતી જેના યુરોપિયન અધિકારીઓએ પણ વખાણ કર્યા હતા. આ જેલ નમૂનારૂપ સંસ્થા છે અને તે વદારે તો હવાખાવાના સ્થળ જેવી છે નહીં કે કારાવાસ જેવી. ૧૫ જેલમાં કેદીને ફાંસીએ લટકાવવાની વ્યવસ્થા હતી અને ઈ.સ. ૧૯૦૦ પહેલા એક વ્યક્તિને આ જેલમાં ફાંસીની સજા કરવામાં આવી હતી. જેલમાં વચ્ચે ઉંચો રક્ષિત મિનારો બાંધવામાં આવ્યો છે ઉપરાંત કોઈ બળવા કે ટંટા વખતે લશ્કરને અંદર મોકલી શકાય તેવો ભૂગર્ભ માર્ગ હતો. નવાબીકાળમાં આ જેલમાં હિંદુ મુસલમાનના રસોડા જુદા જુદા હતા. ખાધા ખોરીકના નિયમો ઉદાર હતા અને કેદીઓને ચોક્કસ માપ મુજબ ખોરાક આપવામાં આવતો હતો. જેલની ડોક્ટરી વ્યવસ્થા પણ વખાણવા લાયક હતી. મુસ્લિમ કેદીઓને કુરાને શરીફની નકલો જેલમાં અપાતી હતી. નવાબના રાજમહેલમાં સારા પ્રસંગો ઉજવાય ત્યારે કેદીઓને મીઠો ખોરાક અપાતો અને કેટલીક વખત નવાજેશોમાં કેદીઓને મુક્ત પણ કરવામાં આવતા હતા.

**દરબાર હૉલ :**

જૂનાગઢ રાજ્યએ ઈ.સ.૧૮૯૭માં જ આજના ખાદી ગ્રામઉદ્યોગ ભવન વાળી જગ્યાએ સંગ્રહાલયનો પાયો નાંખ્યો હતો અને તા.૫-૧૨-૧૯૦૧ના રોજ તેનું ઉદ્‌ઘાટન કરી રસુલખાન મ્યુઝિયમના નામે ખૂલ્લું મૂકેલ, પછી તેને સક્કરબાગના ગ્રીષ્મ આવાસમાં લઈ જવામાં આવેલ. જ્યારે ભારત સરકારે જૂનાગઢનો કબજો લીધો અને તેમના હાથમાં નવાબના રાજમહેલ આવ્યા ત્યારે નવાબ ખરેખર જે જગ્યાએ કચેરી ભરતા હતા તે જગ્યાએ દરબાર હોલ મ્યુઝિયમ બનાવ્યું અને તા.૨૧-૧-૧૯૭૭ના રોજ શિક્ષણ મંત્રી નવલભાઈ શાહના હસ્તે ખૂલ્લું મૂકાયું. આ મ્યુઝિયમને આજ જનતા તો મૂળ નામે કચેરીના નામે જ ઓળખે છે. એમાં પિકચર વિભાગ, હોદ્દા પાલખી વિભાગ, ટેક્ષટાઈલ વિભાગ, હથિયાર વિભાગ આવેલ છે.



**બહાઉદ્દીન કૉલેજ :**

સૌરાષ્ટ્રની બીજી મહત્ત્વની કૉલેજ નવાબ રસુલખાનજીના સમયમાં પોતાના વજીર બહાઉદ્દીનભાઈના નામે ખૂબ જ ધ્યાન આપીને ઊભી કરવામાં આવી આ કૉલેજના બાંધકામ પાછળ રૂા.૨,૦૩,૫૪૪ નો ખર્ચ કરવામાં આવ્યો હતો અને તેનું ઉદ્‌ઘાટન વાઈસરૉય લૉર્ડ કર્ઝનના હાથે તા.૩-૧૧-૧૯૦૦ના રોજ કરવામાં આવ્યું. આ કૉલેજમાં નવાબીકાળમાં મુસ્લિમોને મફત શિક્ષણ મળતુ હતું અને કૉલેજમાં વિખ્યાત પ્રોફેસરો અને પ્રિન્સિપાલો આવ્યા હતા. કૉલેજનો એકપણ ટેકા વગરનો મધ્યસ્થ ખંડ તો સૌરાષ્ટ્રના સ્થાપત્યના ઈતિહાસની અજાયબી સમાન છે. આ કૉલેજે અનેક સાહિત્યકારો અને ઈતિહાસકારો અને મહાનુભાવો આપ્યા છે. દા.ત. ઝવેરચંદ મેઘાણી, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી વગેરે.

**નાટ્યશાળા :**

જૂનાગઢમાં શું નથી એમ કહી તો ચાલે પણ જૂનાગઢમાં હવે તેને વાપરનારા અને સાંચવનારા નથી. જૂનાગઢના છેલ્લા નવાબ મહાબતખાનજીને નાટકોનો જબરો શોખ હતો અને તેમના રાજ્યકાળના દરેક શુભપ્રસંગોએ તેમણે જૂનાગઢના લોકોને નાટકો બતાવ્યા હતા અને નાટક મંડળીના માલિક મણિશંકર ભટ્ટને નાટક મંડળી આગમાં ખાખ થઈ જતા જૂનાગઢ બોલાવી લીધા અને રહેવા સારુ મકાન અને પગાર બાંધી આપ્યો હતો. નવાબ ખુદને પણ નાટક ભજવવાનો ખૂબ શોખ હતો અને તેઓ મોટેભાગે સ્ત્રી-પાત્ર ભજવતા અને રાધા બનતા હતા પણ આ નાટક કોઈ ખાનગી લોકો જઈ શકતા નહોતા માત્ર પોતાના પુરતુ ભજવતા હતા. આથી તેમણે પોતાના રાજમહેલમાં પોતાની અંગત ખાનગી એક અદ્‌ભુત નાટ્યશાળા બાંધી હતી. આજે આપણી સરકારે પાંચેક વર્ષ પહેલા લાખો રૂપિયાના ખર્ચે આ નાટ્યશાળાનો જીર્ણોદ્ધાર કરેલ છે પણ આજ સુધી તેના તાળા કોઈએ ખોલ્યા નથી કે કોઈ નાટક તેમાં ભજવ્યા નથી, આ છે આપણી અને તંત્રીની ઉદાસીનતા.

**લંગરખાના :**

લંગરખાનાએ જૂનાગઢ રાજ્યની ઉદારતા અને દયાળુતાનો એક નમૂનો છે. આ લંગરખાનું રાજ્યના ખર્ચે ચાલતુ હતુ અને તેમાં હિંદુ મુસ્લિમ બંનેને પોતાની રુચિ મુજબ ખોરાક અપાતો હતો. અને દરરોજ આ લંગરમાં ૩૦૦-૪૦૦ મણ અનાજ વપરાતું અને જૂનાગઢમાં ક્યારેય કોઈ વ્યક્તિ ભૂખી સુતી નહોતી. આ લંગરખાનાની ખ્યાતી ભારતભરમાં પ્રસરી હતી અને તેથી ટાઈમ્સ ઑફ ઈન્ડિયા,

ધ ડેઈલી સ્વરાજ ઑફ ધ દિલ્હી, ધ ડેઇલી ઑફ મુંબઈ, ડેઇલી રોજગાર વગેરે છાપામાં તેનો વિસ્તૃત અને તસવીરો સહિતનો અહેવાલ છપાયો હતો. જૂનાગઢ રાજ્યમાં ઈ.સ.૧૯૨૯માં આવા ૧૮ અન્નક્ષેત્રો ચાલતા હતા. ૧૭ તેમાં ૮ ખાનગી હતા અને ૯ રાજ્ય ચલાતું હતું. નવાબની આ લંગર પ્રવૃત્તિથી ખુશ થઈને ખોજા જ્ઞાતિએ નવાબને બિરદાવતુ તા.૧૨-૨-૧૯૩૯ના રોજ એક માનપત્ર આપ્યું હતું. આ નવાબ તરફથી મહાશિવરાત્રીના મેળા વખતે અને ભવનાથ અને બોરદેવી ખાતે રાજ્ય તરફથી મફત ભોજનનું રસોડું ચાલતું હતું.

**પેડોક :**

જૂનાગઢ રાજ્યનો ઘણી બાબતમાં બેનમૂન ફાળો રહેલ છે તેમાં એક પશુપાલન અને અશ્વ ઉછેરને પણ ગણાવી શકાય તેમ છે. જૂનાગઢમાં નવાબીકાળમાં પેડોકની સ્થાપના કરવામાં આવી હતી, જે પેડોકમાં કેશવલાલ દેશાઈ પશુ ચિકિત્સક અને પેડોક સુપ્રિન્ટિન્ડેન્ટ હતા કે જેઓ બૉમ્બે યુનિવર્સિટીની વેટરનરી કૉલેજના પ્રથમ બેચના સ્નાતક હતા. તેઓ અશ્વ ઉછેરમાં ભારતભરમાં નામાંકિત વિદ્વાન હતા અને લશ્કરમાં ઘોડા પુરા પાડતી વખતે તેમની સલાહ લેવામાં આવતી હતી. આ પેડોકમાંથી જૂનાગઢ નવાબે તિહારની લડાઈ વખતે ઘોડાની જરૂરિયાત ઊભી થતા લડાઈના સ્થળે ખાસ ત્રણ પ્લેન દ્વારા ઘોડા મોકલી આપ્યા હતા. આ પેડોકના અનેક અશ્વોને અશ્વ શોમાં ઈનામો પ્રાપ્ત થયા હતા. આ પેડોકે બે આરબ ઘોડાનું લોહી અને એક અંગ્રેજી ઘોડાનું લોહી મિશ્રણ કર્યું હતું આથી અન્ય ઘોડા કરતા જૂનાગઢ પેડોકના ઘોડા બે ઈંચ વધારે ઊંચા હતા. આ પેડોકની અંદર અશ્વ ઉછેર, તાલીમ અને અશ્વ સર્વધન અને પશુઓની મફત સારવાર કરવામાં આવતી હતી. આજે પણ આ પેડોક ચાલુ છે અને તેને ગુજરાત સરકાર સંભાળી રહી છે.

**સરસ્વતી :**

શરૂઆતના કાળમાં સરસ્વતીની પૂજા નદી સ્વરૂપે થતી હતી. દેવી ભાગવતના ઉલ્લેખ મુજબ સરસ્વતીનું પ્રથમ પૂજન શ્રીકૃષ્ણ ભગવાને કર્યું હતું તેને જ્ઞાન, શક્તિની અધિષ્ઠાત્રી દેવી તરીકે પૂજવામાં આવે છે. પરંતુ સરસ્વતીના સ્વતંત્ર મંદિરો ગુજરાત કે સૌરાષ્ટ્રમાં બહુ ઓછા જોવા મળે છે જેમાં સિદ્ધપુર અને જૂનાગઢનો સમાવેશ થાય છે. જૂનાગઢમાં ભૂતનાથ મહાદેવની સામે સરસ્વતી મંદિર આવેલ છે. તે મંદિર દીવાન અમરજી કુંવરજી નાણાવટીના પુત્ર દીવાન રણછોડજીએ ઈ.સ.૧૮૨૧માં બંધાવ્યું હતું.



**ગિરનારના મંદિરો :**

ગરવા ગિરનાર ઉપર અનેક મંદિરો આવેલા છે. જેમાં અંબાજી મંદિર મોટું અને નમૂનેદાર બાંધણીનું તથા મૂળમાં ગુપ્તકાળમાં બંધાયેલ છે. અંબાજી મંદિરની અંદર આરસમાં યંત્ર સ્થાપિત કરવામાં આવેલ છે. અંબાજી મંદિરના વર્ણન કર્નલ ટોડ, જેમ્સ બર્જેસ તથા પ્રદ્યુમ્ન ખાચરે કરેલ છે.

ગિરનારની સૌથી ઊંચી ટૂક ગોરખનાથની (૩૬૬૬ ફૂટ) છે. આ ટૂકે ગોરખનાથજીની પગલા અને મૂર્તિ બિરાજમાન છે. કમંડલકુંડ નામની જગ્યા સાથે ગુરુ દતાત્રેય ભગવાન કાયમી સ્વરૂપે વસે છે અને ધુણો પ્રજવલિત રહે છે. આ સ્થળે છેલ્લા ૨૦૦ વર્ષથી તો એકધારુ મફત અન્નક્ષેત્ર ચાલી રહ્યુ છે. ગિરનારની પાંચમી ટૂકે ગુરુ દતાત્રયેના પગલા છે અને એક ઐતિહાસિક ઘંટ આવેલ છે જે શ્રદ્ધાળુઓ ભાવ અને શ્રદ્ધાથી ખાસ વગાડે છે. ગિરનારની છેલ્લી ટૂક કાલિકા ટૂક છે પણ ત્યાં જવાના પગથિયા નથી, તેથી બહુ ઓછા લોકો ત્યાં જાય છે, કાલિકા ટૂકે મહાકાળીની સ્વયંભૂ મૂર્તિ અને મહાકાળીનું ખપ્પર છે.[૧૯]

ગિરનારમાં આ ઉપરાંત પથ્થરચટીની જગ્યા, સેવાદાસજીની જગ્યા, હનુમાનધારા, ભરતવન, શેષાવનની જગ્યાઓ આવેલ છે. ગિરનાર ઉપરના જૈન મંદિરો તો વિશ્વ વિખ્યાત થયેલા છે તેની કલાકારીગરી અને કોતરણી માટે ગિરનાર જૈન મંદિરો એટલે આરસમાં કંડારેલું જાણે કે શિલ્પ કાવ્ય, જૈન મંદિરોમાં નેમિનાથ મંદિર, અમીઝરા પાર્શ્વનાથ, મેલકવસીની ટૂક, સગરામ સોનીની ટૂક, કુમારપાળની ટૂક, વસ્તુપાલની ટૂક, સંપ્રતિ રાજાની ટૂક, માનસંગ ભોજરાજાની ટૂક, રાજુલ ગુફા વગેરે વગેરે છે.

**દાતાર :**

જૂનાગઢમાં જમિયલશાહ પીર દાતારના બે મુખ્ય સ્થાનકો છે. ૧. ઉપલા દાતાર ૨. નીચલા દાતાર. દાતારના સમય અને નામ વિશે મતમતાંતરો છે. દાતારનું મૂળ નામ સૈયદ મહમદ અબ્દુલ હાદી બકોલબાઝ સૈયદ અબ્દુલ વહાબ હતું, તેમનો જન્મ ઈ.સ.૧૨૨૦માં ઈરાનના તુંસ શહેરમાં થયો હતો. તેઓ માત્ર ૨૦ વર્ષની વયે જૂનાગઢ આવ્યા અને શરૂઆતમાં તે માઈ ગઢેચીની ગુફામાં રહ્યા હતા અને પછી દાતારના પહાડ ઉપર કદમ મુબારક નામના સ્થળે ૧૨ વર્ષ ઊભા રહી તપ કર્યું એ પછી હાલ દાતારની જે જગ્યા છે એ ગુફામાં રહ્યા અને એ જ ગુફામાં ઈ.સ.૧૨૮૪માં દેવ થયા કે અલોપ થયા.[૨૦] દાતારના ડુંગર ઉપર નવનાથનો

ધુણો, કમાલશાહ પીર, કોયલે વજીર, કદમ મુબારક, હાથી પથ્થર, સક્કરમાઈ, દાતારનો ચશ્મો, નગારિયો પથ્થર, ચિંથરિયા પીર વગેરે જગ્યા આવેલ છે.

**નરસિંહ મહેતાનો ચોરો :**

નરસિંહ મહેતાની મૂળ અટક પંડ્યા હતી પણ તેમના પૂર્વજો મહેતાપણું કરતા હોવાથી તેમતની અટક મહેતા તરીકે વધુ પ્રસિદ્ધ થઈ હતી. નરસિંહ મહેતા તળાજામાં જન્મ્યા અને જૂનાગઢમાં રહ્યા તેમનો સમય ૧૫મી સદીનો નિર્ણિત કરવામાં આવ્યો. જેમને ભારતભરના સૌ પ્રથમ અસ્પૃશ્યતા નિવારણ કરનાર મધ્યકાળના ભક્ત કવિ ગણવા પડે. નરસિંહ મહેતાના ચોરાનું સ્થળ ઈ.સ.૧૭૭૯ પછી પ્રકાશમાં આવ્યું છે, હાલ ત્યાં રાસચોરો અને મંદિર છે. રાસચોરાના ઓટા ઉપર બેસીને કોઈ કાંઈપણ વિચારે તો તેને અવશ્ય રસ્તો જડી રહે છે તેવી એક માન્યતા છે.

❋❋❋

જૂનાગઢ શહેરના ઈતિહાસ, લોકસંસ્કૃતિ અને પુરાતત્ત્વીય પ્રાચીનતાને ફરીવાર જગાડવા માટે અને પ્રસરાવવા માટે આપણા શાસકો અને ડાહ્યા સમજુ માણસો અને શિક્ષકો અને વિદ્યાર્થીઓએ જાગવાની જરૂર છે નહીંતર જૂનાગઢની મહત્તા આવનાર સમયમાં ઈતિહાસને પાને જ રહે તો નવાઈ પામવા જેવું નથી. જૂનાગઢના એકપણ વિશ્વ વિખ્યાત માણસોની યાદી રૂપ રોડ કે બગીચો, શેરી, પરબને આપણે તેમના નામ સાથે જોડી શક્યા નથી પણ મિટાવી જરૂર શક્યા છીએ પહેલા પોસ્ટ ઓફિસવાળા રોડને ભગવાનલાલ ઈન્દ્રજી રોડ કહેતા હવે તો તે નામ પણ ભૂંસાયુ અને ભૂલાયુ છે. તણખો : બહાઉદ્દીનભાઈના મકબરાની આરસની જાળીઓ દર વર્ષે એક એક તુટે છે અને અખબારો અને ટી.વી.માં આ સમાચારો આવે છે પણ કશા પગલા લેવાતા નથી, અરે કોઈ જોયા વિના માનશે નહીં પણ અબુદ્ધ લોકો આ મકબરાની અંદર જઈને હથોડા મારીને કબરો તોડી આવ્યા છે, હવે તો હદ થઈ ગણાયને જૂનાગઢની બેદરકારીની.

## જૂનાગઢ રાજ્યનું પુરાતત્ત્વ ક્ષેત્રે પ્રદાન

પ્રાચીન શહેરની રાજધાની જૂનાગઢ અને ઐતિહાસિક અને પુરાતત્ત્વીય મહત્ત્વ ધરાવતુ શહેર છેલ્લા ત્રણ હજાર વર્ષથી રહ્યુ છે. કાઠિયાવાડના ઘણા બધા રજવાડાઓએ અંગ્રેજોની સલાહ અને દબાણથી પોતાના રાજ્યમાં ઈતિહાસ અને પુરાતત્ત્વનો વારસો જાળવવા માટે કોઈ સંસ્થાઓ ઊભી કરી તેને જાળવવાનું



સ્તુત્ય પગલું ભર્યું હતું. આવી જ રીતે કાઠિયાવાડના સૌથી મોટા જૂનાગઢ રાજ્યએ પણ નવાબ મહાબતખાનજી ત્રીજાના કાળમાં ઈ.સ. ૧૯૧૫માં રાજ્યના મુખ્ય ઈજનેર ઈ.બ્રુક્સ ફોક્સના પ્રયત્નથી આર્કિયોલોજીકલ સોસાયટીની સ્થાપના કરી હતી.

જૂનાગઢ રાજ્યમાં ઈતિહાસ અને પુરાતત્ત્વના ક્ષેત્રમાં વધુ ને વધુ ઊંડા રસની શરૂઆત નવાબ મહાબતખાનજી બીજાના સમયથી થઈ હતી એમના પછીના નવાબના સમયમાં ઈ.સ. ૧૮૮૮માં કેમ્પબેલે બોરિયા સ્તૂપનું ઉત્ખન્ન કર્યુ અને બડી લાખામેડી વગેરે જગ્યાઓ હાથ લાગી હતી અને જૂનાગઢમાં બૌદ્ધ ધર્મ પ્રચલિત હોવાના પાકા પુરાવાઓ મળ્યા હતા.

જૂનાગઢ રાજ્યએ ઈ.સ. ૧૮૯૦ પછીથી જે જે પુરાતત્ત્વને ક્ષેત્રે કામગીરી કરી હતી તેને આપણે નીચેના મુદ્દાઓ દ્વારા સમજીશું અને જે કામગીરીનો સરવાળો કરતા જૂનાગઢ રાજ્યે ઈતિહાસ અને પુરાતત્ત્વને બચાવવા અને સમાજમાં ફેલાવવા માટે કેવી જાગૃતિ રાખી હતી તેનો ખ્યાલ અવશ્ય મેળવી શકાય તેમ છે.

**સુદર્શન તળાવનો સાઈટ બતાવતો નકશો :**

આખા ભારતનું સૌથી જૂનું ઈતિહાસમાં ઉલ્લેખિત તળાવ જૂનાગઢમાં હતું પણ તેના સ્થાન વિશે અનેક મંતવ્યો હતા ત્યારે આ નકશો પ્રાચીન તળાવની સાઈટ બતાવવા તા. ૧૭-૫-૧૮૯૬ના રોજ ગોવિંદ સદલીગ અને નાથાલાલ લીલાવરે બનાવ્યો હતો[૨૧] અને પછી તા. ૧૪-૧૨-૧૯૦૦ના રોજ મહાદેવ આત્મારામ ડ્રાફટમેને બીજી નકલ કરી હતી. તે પછી રાજ્યના સર્વેયર સુદર્શન ગણેશે તા. ૧૮-૧૨-૧૯૦૦ના રોજ ફરી નકલ કરી આજ સુધીના ઈતિહાસ લેખનમાં આ નકશો ઉપયોગમાં લેવાયો નથી, તેની આ વિગતો આજે અહીં પ્રથમવાર પ્રગટ થઈ રહી છે.

**મ્યુઝિયમની સ્થાપના :**

જૂનાગઢ રાજ્યે ઈ.સ. ૧૯૦૧માં પોતાનુ અલગ મ્યુઝિયમ ઊભું કરી રાજ્યના લોકોમાં ઈતિહાસ અને પુરાતત્ત્વનો રસ ઉભો કર્યો હતો અને લોક માનસનું ઘડતર કરવામાં મહત્ત્વનો મ્યુઝિયમે ભાગ ભજવ્યો હતો અને રાજ્યે મ્યુઝિયમને અનેરૂ અને નમૂનેદાર બનાવવા માટે પ્રયત્નો કર્યા હતા. આથી રાજ્યે તા. ૨૩/૭/૧૯૧૨ના રોજ જે.એચ.માર્શલ ડિરેકટર જનરલ ઓફ આર્કિયોલોજી ઈન ઈન્ડિયાએ સીમલાથી જૂનાગઢ પત્ર લખી કલકત્તા મ્યુઝિયમ માટે એન્ટીક નમૂનો મંગાવ્યો હતો[૨૨] એ બાબત પણ એમ સિદ્ધ કરે છે કે જૂનાગઢનું મ્યુઝિયમ કેવુ સમૃદ્ધ અને

નમૂનેદાર હશે તેથી અહીંથી તે નમૂનો મંગાવ્યો છે.

મ્યુઝિયમે પ્લાસ્ટર ઓફ પેરિસનું મથુરા લાયન કેપિટલ કાસ્ટ છેક વિલાયતથી (ઇંગલેંડ) મંગાવ્યું હતું તેને કલકત્તાથી જૂનાગઢ સુધીના રેલવે નૂરના રૂા. ૨૨ અને સ્ટેશનથી ઓફિસે લાવવાના રૂા. ૦-૮-૦ ગાડી ભાડાના થયા જેની કિંમત રૂા. ૬૫-૧૩-૪ હતી, તેને શરૂઆતમાં મ્યુઝિયમમાં ડેડસ્ટોક રજિસ્ટર નં.૧૧૪થી નોંધેલ[૨૩] અને હાલમાં જૂનાગઢ મ્યુઝિયમમાં (સકકરબાગ મ્યુઝિયમ) પ્રદર્શિત છે.

**અશોક શિલાલેખ ઉપર મકાનનું બાંધકામ :**

જૂનાગઢમાં સમગ્ર ભારતમાં ગર્વ લઈ શકાય તેવો અશોક શિલાલેખ આવેલ છે. તેની સૌપ્રથમ જાણ ઈ.સ. ૧૮૨૨માં કર્નલ ટોડે આપણને કરી હતી અને એ પછી ઈ.સ. ૧૮૩૮માં જેમ્સ પ્રિન્સેપે તેને ઉકેલ્યો હતો અને તેની શુદ્ધ વાચના જૂનાગઢના ભગવાનલાલ ઇન્દ્રજીએ કરી હતી. પછીથી બ્રિટિશ અધિકારીઓએ તેની અગત્યતા સમજીને નવાબને જાળવણી કરવા તેની ઉપર એક મકાન બાંધવાનું કહેતા કર્નલ સીલીના હાથે જ અશોક શિલાલેખના મકાનનું ખાતમુહૂર્ત કરાવ્યુ અને ઈ.સ. ૧૯૦૦માં કુલ રૂા. ૮૬૬૨-૧૫-૯ના ખર્ચે[૨૪] રાજ્યે બાંધ્યું, આ કાર્ય એ પણ આપણા પ્રાચીન ઐતિહાસિક વારસાને અને મહાન અશોકના ઇતિહાસ અને સદભાવનાને જાળવી લેતું ગણાવી શકાય. આ મકાનનો સરસ મજાનો ડિઝાઇનવાળો બ્લુપ્રિન્ટવાળો પ્લાન બનાવેલો આજે પણ માલૂમ પડે છે. આ મકાન બંધાયા બાદ તેને દર વર્ષે વ્હાઈટ વોશ કરવો પડતો હતો કારણકે આ મકાનમાં યાત્રાળુઓ કોલસાથી અંદર પોતાના નામો લખી જતા હતા અને તે પછીથી રાજ્યે ત્યાં કાયમી ચોકીદાર રાખવાનું કાર્ય હતું.

**'આર્કિયોલોજીકલ સોસાયટી'ની સ્થાપના ઈ.સ. ૧૯૧૫ :**

જૂનાગઢ રાજ્યના પુરાતત્ત્વના રક્ષણ અને વિકાસ, લોકસમજ, લોકજાગૃતિ તથા સંશોધન અર્થે ઈ.સ. ૧૯૧૫માં આ સંસ્થાની સ્થાપના કરી હતી અને ઉદાર એવા નવાબે આ સંસ્થાને નીચે મુજબના વર્ષોમાં મોટી રકમની આ મુજબ ફાળવણી કરી હતી કે જેથી કરીને સંસ્થા આર્થિક બાબતને લીધે ભાંગી ન પડે.

| | |
|---|---|
| ઈ.સ. ૧૯૧૫/૧૬ | ૩૦૦૦ |
| ઈ.સ. ૧૯૧૬/૧૭ | ૩૦૦૦[૨૫] |
| ઈ.સ. ૧૯૧૭/૧૮ | ૩૦૦૦ |
| ઈ.સ. ૧૯૩૫/૩૬ | ૧૦૦૦ |
| ઈ.સ. ૧૯૩૭/૩૮ | ૧૦૦૦ |



| | |
|---|---|
| ઈ.સ. ૧૯૩૮/૩૯ | ૧૦૦૦ |
| ઈ.સ. ૧૯૩૯/૪૦ | ૧૦૦૦[૨૬] |
| ઈ.સ. ૧૯૪૦/૪૧ | ૧૦૦૦ |

આ સંસ્થાના વડા તરીકે મોટાભાગે બહાઉદ્દીન કૉલેજના પ્રિન્સિપાલોને જ નીમવામાં આવ્યા હતા, આ સોસાયટીએ એક ગ્રંથાલય પણ સંશોધકો માટે ઊભુ કર્યુ હતુ અને સોસાયટીમાં નિયમિત રીતે 'ધ ઇન્ડિયન એન્ટીકવૅરીનું જર્નલ ઓફ ઓરિએન્ટલ રિસર્ચ' મેગેઝિન રૂા. ૨૦ ભરીને મગાવવામાં આવતુ હતુ.[૨૭] આ સોસાયટીમાં બહાઉદ્દીન કૉલેજના પ્રિ. સૈયદ નવાબઅલીએ પ્રમુખ તરીકે સારી એવી કામગીરી કરી હતી. આ સોસાયટીની વાર્ષિક મીટિંગ મળતી હતી અને સોસાયટીની દરવર્ષની કામગીરીનો અહેવાલ બહાર પડતો હતો. આમાના થોડાક વર્ષોના અહેવાલ તપાસતા જણાય છે કે આ સંસ્થાએ ઇતિહાસ અને પુરાતત્ત્વના ક્ષેત્રમાં સારી એવી કામગીરી કરી હતી અને રાજ્યના પુરાતત્ત્વીય સ્મારકો જાળવ્યા હતા. આ સોસાયટીના ગ્રંથાલય માટે રૂા. ૧૦૦૦ના પુસ્તકો ખરીદવાની મંજૂરી અપાઈ હતી[૨૮] અને ગુજરાત રિસર્ચ સોસાયટી બોમ્બે પાસેથી જૂનાગઢે પોતાના પનોતા પુત્ર અને ઇતિહાસકાર એવા ભગવાનલાલ ઇન્દ્રજીના સંશોધનના વૉલ્યૂમ મંગાવ્યા હતા.

**ધ એન્શીયન્ટ મોન્યુમેન્ટ પ્રિઝર્વેશન એક્ટ ઓફ જૂનાગઢ સ્ટેટ ઈ.સ. ૧૯૩૩ :**

જૂનાગઢ રાજ્યમાં શાસકો અને બ્રિટિશરોની જાગૃતિને હિસાબે ધીરેધીરે ઇતિહાસ અને પુરાતત્ત્વના ક્ષેત્રમાં પ્રગતિના મંડાણ થયા હતા, આથી ઈ.સ. ૧૯૧૫માં જૂનાગઢમાં 'આર્કિયોલોજીકલ સોસાયટી'ની સ્થાપના થઈ હતી અને ત્યારબાદ રાજ્યની તે બાબતની વધુ સભાનતા કેળવવાની જરૂર લાગતા રાજ્યે આ કાયદો બહાર પાડીને પ્રાચીન ઐતિહાસિક વારસાને જાળવવા માટેનું કાયદાકિય રક્ષણ પૂરું પાડવા આ ધારો તા. ૬/૧૨/૧૯૩૨ના રોજ પસાર કર્યો હતો અને તેને તા. ૧/૩/૧૯૩૩થી અમલમાં મૂક્યો અને તેનો ભંગ કરનારનો રૂા. ૧૦૦૦નો દંડ કરવામાં આવ્યો હતો.

**પુસ્તક પ્રકાશન માટે સહાય :**

ઇતિહાસ, પુરાતત્ત્વ અને સંસ્કૃતિને લગતા પુસ્તકો પ્રસિદ્ધ કરનારને કે રાજ્ય અમુક વખતે ઉદાર હાથે મદદ કરતા હોવાના ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે. દા.ત. 'મિરાતે મુસ્તફાબાદ' અને 'મહાબત આલબમ'ના લેખક જી.એ.શેખ તથા બર્જેસને મદદ મળી હતી.

**સંશોધકોને અનુસહાય :**

રાજ્યનો આખરે ઉમદા હેતુ એ હતો કે લોકોમાં ઇતિહાસ અને પુરાતત્ત્વમાં રસરૂચિ કેળવાય તે માટે જે જે કોઈ ઇતિહાસકારો કે લેખકો સંશોધનનું કાર્ય કરી રહ્યા હોય તે પછી જૂનાગઢ રાજ્યના નહીં પણ ગુજરાતના કોઈપણ રાજ્યના હોય તેમને રાજ્યે જોઈતી મદદ આપી હતી. નવાબ મહાબતખાનજી બીજાએ ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજીએ રૂા. ૨૦૦ના માસિક પગારથી[૨૯] રોકી ભારતના ઇતિહાસ અને વારસાને જાળવતા અવશેષો અને શિલાલેખો અને સંસ્કૃતિની જાળવણી માટે રાખ્યા હતા અને તેઓએ આ બાબતે અનેરા પ્રવાસો કરી શોધખોળ કરી તેના અહેવાલ રાજ્યને દર ત્રણ મહિને જૂનાગઢ મોકલ્યા હતા અને તે અહેવાલ ‘સૌરાષ્ટ્ર દર્પણ’માં[૩૦] અને પછી ‘પુરાતત્ત્વ’ નામના માસિકમાં છપાયો હતો, જેથી લોકોને એ ઇતિહાસ અને સંસ્કૃતિનો ખ્યાલ આવ્યો હતો.

ગુજરાત કૉલેજના ઇતિહાસના પ્રો. એમ.એસ.કોમિસેરિયટ કે જેમણે ‘હિસ્ટ્રી ઓફ ગુજરાત’નામના અંગ્રેજી ભાષામાં ત્રણ વોલ્યુમ લખ્યા હતા તેમણે ઈ.સ. ૧૯૩૪માં જૂનાગઢ રાજ્યને દીવ શહેર અને કિલ્લા અને જૂનાગઢની તસવીરો માટે લખ્યુ હતુ, ત્યારે તરતજ જૂનાગઢ રાજ્યે તેની ઉપલબ્ધી કરાવવામાં મદદ કરી હતી અને દીવના ગવર્નરને લખી તસવીરો મેળવી અપાવી હતી.[૩૧] આ ઉપરાંત કોમિસેરિયટને ઉનામાં આવેલા તળાવના સંવત ૧૫૮૨ના સંસ્કૃત લેખ અને મલેક અયાઝની કબર ઉપરના પર્શિયન લેખની જરૂરિયાત હોવાથી તે બન્ને લેખો તરત જ મોકલી આપવાની વ્યવસ્થા કરી આપી હતી.

પાલીતાણા રાજ્યમાં ‘હિસ્ટ્રી એન્ડ રિસર્ચ ડિપાર્ટમેન્ટ પાલીતાણા’ હતું અને સરદાર કિશોરસીંગ બરૂત રાજ્યના ઇતિહાસકાર હતા તેમણે જૂનાગઢ રાજ્ય પાસેથી જૂનાગઢના ઇતિહાસની વિગતો મંગાવી હતી તે વિગતો તરત તેમને પૂરી પાડવામાં આવી હતી.[૩૨]

ડૉ. ડી. આર. ભાંડારકર તા. ૧૫/૪/૧૯૦૯ના રોજ અશોક શિલાલેખનું રબિંગ લેવા જૂનાગઢ આવ્યા ત્યારે તરત જ શૈલલેખવાળું મકાન સાફસૂફ કરાવી રાખી અને ત્યાં માણસ રાખી અને રાજ્યના મહેમાન તરીકે તેમને રાખી રબિંગ લેવરાવી આપ્યુ હતું.

આર્કિયોલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયાના મિ. જોશી જૂનાગઢ અશોક શિલાલેખનું રબીંગ લેવા માટે નવેમ્બર ૧૯૩૬માં આવ્યા હતા, ત્યારે રાજ્યે તેમને મહેમાન તરીકે રાખી બધી જ વ્યવસ્થા કરી આપી હતી. મિ. ભંડારી કરીને એક વ્યક્તિ



જૂનાગઢના ઇતિહાસ સંશોધન માટે આવતા તેને ડાક બંગલામાં સ્ટેટ ગેસ્ટ તરીકે ઉતારો આપવામાં આવ્યો હતો અને રેલવે સ્ટેશને તેમને તેડવા માટે ઘોડાગાડી મોકલવામાં આવી હતી, આવુ માન જૂનાગઢ રાજ્ય સંશોધકોને આપતું હતું.

ઇન્ડિયન હિસ્ટોરિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ મુંબઈના સભ્યો જૂનાગઢના પુરાતત્ત્વીય અવશેષો માટે જૂનાગઢ નવેમ્બર ઈ.સ. ૧૯૩૫માં આવ્યા હતા અને તેઓ તે કામગીરી કરીને પરત ગયા પછી તેમણે મિ. સિકવેરા ઉપર આભાર પત્ર લખ્યો હતો કે રાજ્યનો સાથ અને સહકાર સારો રહ્યો, આ બાબત જ બતાવે છે કે રાજ્યને ઇતિહાસ અને વારસાને જાળવવામાં રસ હતો.

**રક્ષિત સ્મારકોનો નિભાવણી ખર્ચ :**

જૂનાગઢ રાજ્યે રાજ્યમાં કેટલાક સ્થળોને રક્ષિત સ્મારકો તરીકે જાહેર કરી રાજ્યના ગેઝેટમાં તેની યાદી બહાર પાડી હતી. એટલું જ કરીને રાજ્યે સંતોષ માન્યો નહતો પણ રક્ષિત સ્મારકોની જાળવણી માટે ખર્ચ કરવામાં આવતો જરૂર જણાય તે જગ્યાએ ચોકીદારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

દર વર્ષે આર્કિયોલોજીકલ સોસાયટી અને રાજ્ય દર વર્ષે રક્ષિત સ્મારકોની પાછળ થતા ખર્ચના આંકડાઓ જાહેર કરતુ હતુ, જેમાંથી આ વિગત જાણી શકાય છે તે તપાસતા એમ કહી શકાય કે રાજ્યએ સમય પ્રમાણે ખૂબ જ સારા પ્રમાણમાં રક્ષિત સ્મારકોને જાળવવાનો ઉમદા પ્રયત્ન કર્યો હતો.

સોમનાથના જૂના મંદિરની કંપાઉન્ડ વોલની દીવાલ રાજ્યએ ઈ.સ. ૧૮૯૮માં રૂા. ૧૨૫૧-૧૧-૩ના ખર્ચે બંધાવી આપી હતી.[૩૩]

પ્રભાસપાટણની બાજુમાં આવેલ ઈ.સ ની પહેલી બીજી સદીની મંડોરની ગુફાઓ રાજ્યએ ઈ.સ. ૧૯૨૩માં દીવાન વીરાવાળા મૂળુવાળાની તાકીદથી રૂ. ૪૯૬ના ખર્ચે સમરાવી હતી.

ઈ.સ. ૧૯૩૬માં રાજ્યએ પ્રભાસપાટણનું જૂનું સોમનાથનું મંદિર રૂ. ૧૪૪, અશોક શિલાલેખ રૂ. ૩૯૨, ખાપરા કોડિયાની ગુફાઓ રૂ. ૭૩ અને મોટી ધણેજનું જૂનું શિવમંદિર રૂ. ૬૦૦ એ કુલ મળીને રૂ. ૧૨૦૯ના ખર્ચે રક્ષિત સ્મારકોને જાળવવા પાછળ ખર્ચ કર્યો હતો.

ઈ.સ. ૧૯૩૯માં પ્રભાસપાટણના જૂના સોમનાથ મંદિર રૂ. ૧૪૪, અશોક શિલાલેખ રૂ. ૧૫૧, માઈ ગઢેચીની જગ્યા જૂનાગઢ રૂ. ૫૩૦ એમ કુલ ૮૨૫નો ખર્ચ કરી રિપેરીંગ કરવામાં આવ્યુ હતું. ઈ.સ. ૧૯૩૭ થી ૩૮માં માઈગઢેચીની

જગ્યાની જાળવણી માટે રૂ. ૨૨૬૫નો ખર્ચ કરવામાં આવ્યો હતો.

રાજ્ય લગભગ દરવર્ષે અશોક શિલાલેખ અને જૂનું સોમનાથ મંદિર પ્રભાસપાટણ અને માઈ ગઢેચીની જગ્યાની જાળવણીની પાછળ રૂા. બે થી અઢી હજારનો ખર્ચ કરતુ માલૂમ પડે છે. વળી આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયાના સુપ્રિન્ટેન્ડેન્ટ દર વર્ષે રાજ્યને પૂછીને અહેવાલ મંગાવતા કે દર વર્ષે રાજ્ય રક્ષિત સ્મારકોની જાળવણી માટે કેટલો ખર્ચ કરવામાં આવે છે તેવા અહેવાલોની છૂટક યાદી ઈ.સ. ૧૯૧૦થી ૧૯૪૦ સુધીની જોવા મળે છે કદાચ વચ્ચે રાજ્યએ પ્રાચીન સ્મારકોની જાળવણી પાછળ કોઈ ખર્ચ કર્યો હોવાનું માલુમ પડતુ નથી. આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાએ જૂના સોમનાથ મંદિરની જાળવણી માટે રાજ્યએ શું શું કર્યુ તેની માહિતી માંગતા તેને તે માહિતી રાજ્યએ એ માહિતી મોકલી હતી.

**તસવીરો દ્વારા ઇતિહાસ :**

ઇતિહાસ અને પુરાતત્ત્વમાં લોકોને અને વિદ્યાર્થીઓ અને સંશોધકોને રસ લેતા કરવાનો સૌથી ઉત્તમ ઉપાય તસવીરો બતાવીને જાગતા કરવાનો છે. આથી દરેક લેખકો અને સંશોધકો પોતાના સંશોધનમાં અને પુસ્તકમાં અવશ્ય તસવીરો મૂકતા હોય છે, પરંતુ તે તસવીરો મેળવવાનું કાર્ય અઘરૂ અને ખર્ચાળ બનતુ હોય છે. પણ જૂનાગઢ રાજ્ય તો આવી કોઈપણ તસવીર કોઈ માંગે ત્યારે તરત જ મોકલી આપતુ જણાય છે. જે પછી કોઈ ખાનગી વ્યક્તિ હોય કે ખાતુ હોય, પુરાતત્ત્વખાતાએ ઉપરકોટની પુરાતની તોપની તસવીરો અને ઇતિહાસ મંગાવેલ ત્યારે રાજ્યએ તરત જ એ તોપનો વિસ્તૃત ઇતિહાસ વ્યાસ, વજન, માપ વગેરે સહીત અને તસવીરો મોકલી આપી હતી. આજ રીતે ડૉ.ડી.આર ભાંડારકરને રાજ્યે તા. ૨૪/૮/૧૯૧૨ના તોપનો ઇતિહાસ અને તસવીરો મોકલી આપી હતી.

મિ. એફ. નેલ્સન નામનો પ્રખ્યાત તસવીરકાર હતો તેની પાસે રાજ્યે જૂનાગઢ શહેરના પ્રાચીન ઐતિહાસિક સ્થળોના ૧૨ મોટા અને ૬ નાના ૧૨x૧૦ના અઢાર આલબમ[૩૪] એપ્રિલ ૧૯૦૧માં રૂા. ૧૦૨૪ના ખર્ચે તૈયાર કરાવ્યા હતા, જે તસવીરો આજે ૧૦૦ વર્ષ પછી જૂનાગઢ કેવુ હતુ તેની આજે પણ સાક્ષી પુરી રહી છે અને બ્રિટીશ લાઇબ્રેરીમાં આજે પણ જળવાયેલી છે.

મિ. કઝીન્સ સોમનાથનું મંદિર જોવા આવેલા અને તેનું અવલોકન કરી તેણે ઉપરની પત્રિકાઓ અને તસવીરો તથા તલમાન બનાવેલ અને તેને પ્રસિદ્ધ કરેલ



ત્યારે રાજ્યે તેને મદદ કરી હતી.

રાજકુમાર કૉલેજના પ્રિન્સિપાલ સી.મેઈને ને ઇતિહાસ અને પુરાતત્ત્વમાં ઊંડો રસ હતો અને તે સંશોધન કરી રહ્યા હતા ત્યારે તેમની જરૂરિયાત મુજબ જૂનાગઢ રાજ્યે ૪x૩ની ઉપરકોટ, બૌદ્ધગુફાઓ ૨, અશોક શિલાલેખ, દામોદરકુંડ, ાસોમનાથ મંદિર, બે તસવીરો ઇસ્માઈલ નામના તસવીરકાર પાસે લેવડાવી મોકલાવી હતી.[૩૫]

રક્ષિત સ્મારકોની તકતીઓ : રાજ્યના કાયદા મુજબ કેટલાક પ્રાચીન ઐતિહાસિક સ્થળોને રાજ્યે રક્ષિત સ્મારક તરીકે જાહેર કર્યા હતા અને તેની લોકોને જાણ થાય અને લોકો તેને કોઈ નુકશાન ન કરે અને જો કરે તો તે ગુના બનતુ હોવનુ કાર્ય હોવાનો લોકોને ખ્યાલ આવે તેવા હેતુથી રાજ્યમાં આવેલા દરેક જૂના રક્ષિત સ્મારકોને સ્થળે ૫x૨॥ ફુટમાં સિમેન્ટના પાટિયામાં અંદરથી કોતરેલા અક્ષરો વાળી ૧૭ તકતીઓ રૂા. ૩૯૮ના ખર્ચે[૩૬] ઈ.સ. ૧૯૪૦ આસપાસમાં લગાડવાનું કાર્ય કરવામાં આવ્યુ હતું.

**લોકજાગૃતિ માટે પત્રિકાઓ :**

ઇતિહાસ અને પુરાતત્ત્વની જાળવણીની સમજ વિકસાવવા માટે રાજ્યએ ઈ.સ. ૧૯૩૮માં પોતાના વિસ્તારમાં રહેલા છુટા છવાયા શિલ્પો, મૂર્તિઓને જાળવવા, સાંચવવા અને તેની માહિતી મેળવવા મોકલાવવા માટે રાજ્ય આખામાં સરક્યુલરો મોકલાવ્યા હતા અને ૪૦૦ ગુજરાતી પત્રિકાઓ અને ૧૭૫ અંગ્રેજી પુત્રિકાઓ આમ જનતામાં વહેતી મૂકી હતી, જે પત્રિકાએ ઇતિહાસ અને પુરાતત્વને જાળવવાની લોકસમજ વિકસાવવામાં મદદરૂપ નીવડી હતી. હજુરખાતાએ લોકને એવી સૂચના આપી હતી કે શહેરની અંદરના મુખ્ય રસ્તા ઉપર આવેલ જૂની ઇમારતોમાં રાજ્યની મંજૂરી વિના ફેરફાર ન કરવો અને સર્કલ ચોકમાં તો એક સરખી બાંધણી રાખવાનો અને રંગ કરાવવાનો નિયમ હતો, આજે તો સર્કલ ચોક આડેધડ ફેરફારો વરવો દેખાય છે, તે આપણી હેરીટેઝ પ્રત્યેની બેદરકારી સૂચવે છે.

**પોલિટીકલ એજન્સી અને પુરાતત્ત્વખાતા વચ્ચેનો રાજ્યનો વ્યવહાર :**

જૂનાગઢ રાજ્યની સાથે રાજકોટની પોલીટીકલ એજન્સી અને પૂના સ્થિત પુરાતત્ત્વખાતાએ જે પત્ર વ્યવહારો કર્યા હતા, તે આપણને આજે દફતરોમાં સદભાગ્યે પ્રાપ્ત થાય છે, જેમાંથી પણ જૂનાગઢ રાજ્યની ઇતિહાસ અને પુરાતત્ત્વ તરફની દૃષ્ટિ અને વ્યવહાર તથા કામગીરી વિશે જાણી શકાય છે.

ગવર્મેન્ટ ઓફ બોમ્બે એ આર્કિયોલોજીકલ પ્રોગ્રેસ રિપોર્ટમાં જૂનાગઢમાં પુરાતત્ત્વીય પ્રવૃતિનો અહેવાલ વિસ્તૃત અહેવાલ છપાયો હતો અને તેને અવલોકતા માલુમ પડે છે કે જૂનાગઢ રાજ્ય આ બાબતમાં સંતોષકારક કામ કરી રહ્યુ હતું.

તા. ૧૪/૧૧/૧૯૧૧ના રોજ ડૉ. ડી. આર. ભાંડારકર આસીસ્ટંટ સુપ્રિન્ટેન્ડેન્ટ આર્કિયોલોજીકલ સર્વે વેસ્ટર્ન સર્કલ પૂના એ પોલીટિકલ એજન્ટ સોરઠ પ્રાંત જેતલસરને પત્ર લખેલ કે રાજ્યમાં જૂના મકાનોની જાળવણી કેવી રીતે અને ક્યારે ક્યાં કેટલા ખર્ચે કરી હતી તે લખી જણાવવા કહ્યુ ત્યારે રાજ્યએ એ બાબતમાં જે જે પગલાઓ ભર્યા અને કામગીરીનો અહેવાલ તા. ૧૭/૭/૧૯૧૧ના રોજ જે.આર.કાર્લેસ મેજરે અને રાજ્યના ચીફ એન્જિનિયરે વિગતવાર મોકલ્યો હતો.[૩૭]

તા. ૧૬/૭/૧૯૧૨ના રોજ જે.એચ.માર્શલ ડિરેકટર જનરલ ઓફ આર્કિયોલોજીકલ ઈન ઈન્ડિયાએ જૂનાગઢ ના એડમીનીસ્ટ્રેટરને પત્ર લખી જૂનાગઢ રાજ્યની પુરાતત્વીય માહિતી મોકલવા બદલ આભાર માનેલ હતો જે બાબત જૂનાગઢ રાજ્યની પુરાતત્ત્વીય ક્ષેત્રની કામગીરી સંતોષકારક હોવાનું પ્રતિપાદિત કરે છે.

રાજકોટના વોટસન મ્યુઝિયમના ક્યુરેટરએ તા. ૨૯/૭/૧૯૧૩ના રોજ જૂનાગઢ રાજ્યના એડમીનીસ્ટ્રેટરને તા. ૨૯/૭/૧૯૧૩ના રોજ પત્ર લખી જણાવેલ કે અમે આપના રાજ્યમાં આવેલા સાણા વાંકિયાના ડુંગરમાં આવેલ ગુફાઓ જોવા માટે ગયેલા ત્યારે માલૂમ પડેલ છે[૩૮] કે એ ગુફાઓનો ખોટો ઉપયોગ થઈ રહેલ છે, ગુફાઓમાં પશુઓ બેસે છે તો તેને જાળવવાની જરૂર છે આટલું લખતા તરત જ રાજ્યના ચીફ એન્જિનિયર બ્રુક ફોક્સે ગુફાની મરામત માટે પગલા લીધા હતા એ પણ બતાવે છે કે રાજ્ય પાસે રક્ષિત સ્મારકો કે પુરાતત્ત્વીય અવશેષોની જાળવણી કે ખરાબી બાબતે રજૂઆત થાય ત્યારે રાજ્ય પરત પગલા લેતુ હતું.

ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ પૂના દ્વારા મહાભારતની હસ્તપ્રતો ભેગી કરવાનું અભિયાન શરૂ કરાયુ હતુ, તે બાબતની શોધખોળ કરવા તેમણે પોલિટીકલ એજન્ટ રાજકોટને જાણ કરતા જૂનાગઢ રાજ્યે તરત તે બાબતની રાજ્યમાં શોધખોળ કરાવી હતી અને કેશોદમાંથી મગનલાલ રણછોડ પાસેથી હસ્તલિખિત મહાભારતના ત્રણ પર્વો આદિપર્વ, વનપર્વ, દ્રોણપર્વ શોધાવી એ માહિતી પૂના તરત જ મોકલી આપી હતી.[૩૯]

તા. ૧૧/૧૧/૧૯૩૬ના રોજ પંડિત માધોસ્વરૂપવત્સે પત્ર લખેલ કે રાજ્યમાં રહેલા છુટક શિલ્પો અને શિલાલેખોની હાલત કેવી છે તેને જાળવવા રાજ્ય શું કરે



છે ત્યારે રાજ્યના પુરાતત્ત્વના ક્ષેત્રે સંતોષકારક અને સારી પ્રગતિ થયેલી જોવા મળી હતી.

વંથલીના વહીવટદારને લખવામાં આવ્યુ હતુ કે તમારા મહાલમાં જે જે પુરાતની મકાનો ગુફા વગેરે છે તેને જે તે સ્થિતિમાં જાળવી રાખવા માટે દુરસ્ત કરવા માટે કેટલું ખર્ચ થશે તેનો રિપોર્ટ મોકલશો એમ રેવન્યુ કમિશ્નરે લખ્યું હતું, જે બાબત બતાવે છે કે રાજ્ય પુરાતની મકાનો અને સ્મારકો જાળવવા સારી રીતે પ્રયત્ન કરીને જાળવણીનું કાર્ય કરતું હતું.

**રાજ્ય દ્વારા કરાવેલી પુરાતત્ત્વીય શોધખોળો :**

જૂનાગઢ રાજ્ય સમગ્ર રાજ્યના ગામ અને મહાલોમાં જાહેરાત કરી રાજ્યમાં રહેલા પુરાતત્ત્વીય અને ઐતિહાસિક સ્થળો અને પુરાવશેષોને ભેગા કરવા માટેનો પ્રયત્ન કરેલ જણાય છે.

રાજ્યની જાહેરાત મુજબ ઝુંઝાદપોર, ચોરવાડ, સુખપુરમાંથી અનુક્રમે ૪/ ૧૦/૧ એમ કુલ ૧૫ મૂર્તિઓ મળી આવી હતી. આ ઉપરાંત સેમરવાવ ૨, ગુંદરણ, ૧, ભાલછેલ ૪, ધાવા ૧, પીખોર ૧, વડાલા ૧૦, રાતીધાર ૩ વગેરે એમ કુલ ૨૫ મૂર્તિઓ નવી મળી આવી હતી.[૪૦] આમોદરા, સામેતર, રોહીશા, અને અંજારમાંથી પણ પ્રાચીન મૂર્તિઓ મળી આવી હતી.

જૂનાગઢ રાજ્યના નોકર એવા લેખક, ઈતિહાસવિદ, કરીમ મહમદ માસ્તરે[૪૧] કેટલાક પ્રાચીન અને અગોચર અને અજ્ઞાત સ્થળો અને શિલ્પો શોધ્યા હતા તે નીચે મુજબ છે.

| | |
|---|---|
| ગૌરીબાઈ કુંડ - તાલાળા | ભંવરીબાઈ નિંભાડા - તાલાળા |
| હિરણ્યકશીપુ અને પ્રહલાદ તાલાળા | મૂળ પ્રાચીનમાંથી મૂર્તિ |
| ભીમદેવળ | પાંચ દેરી (પાંડવ) |

**ઉપસંહાર :** જૂનાગઢ રાજ્યમાં ઐતિહાસિક અને પુરાતત્ત્વીય ક્ષેત્રે ઈ.સ. ૧૮૬૦ પછી વધુ રસ જાગતો ગયો જણાય છે, જોકે એ પહેલા પણ જૂનાગઢ રાજ્ય ઈતિહાસ, પુરાતત્ત્વ અને સંસ્કૃતિની જાળવણીમાં ઠીકઠીક રસ દાખવીને એવા કાર્યોમાં ઉપયોગી બની રહ્યુ હતું. પરંતુ તે પછી ભારતમાં આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયાનું ખાતું સ્થપાતા અને તેના જુદાજુદા વડાઓએ સમગ્ર ભારતના દેશી રજવાડાઓને પુરાતત્ત્વ અને ઈતિહાસના ક્ષેત્રે જાગૃત કરી રસ લેતા કરવાનું કામ કર્યુ અને એ કાર્ય કરવાનો યશ જે.એચ.માર્શલ, મિ. કઝીન્સ, ડૉ. ડી. આર.

ભાડાંરકર, પંડિત માધોસ્વરૂપ વત્સ, પી. બાસુ વગેરે ને ફાળે જાય છે.

જૂનાગઢ રાજ્ય શરૂઆતમાં આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયાની સૂચનાઓ અને મંગાવેલ માહિતીને જાગૃતતાથી લેતું અને રાજ્યમાં અમલ કરતું હતું, પછી તો એ જાગૃતિ અને રસને લીધે જૂનાગઢ રાજ્યે જ ઈ.સ. ૧૯૧૫માં ઘર આંગણે આર્કિયોલોજિકલ સોસાયટીની સ્થાપના કરી હતી અને તેને એ સમયમાં મોટી રકમની અમુક વર્ષોમાં સહાય આપી હતી અને આ સોસાયટીએ આવેલા પ્રાચીન ઐતિહાસિક સ્મારકો અને વસ્તુઓ અને વેરણછેરણ વારસાને જાળવવા માટે બેનમૂન કાર્ય કર્યુ હતું. આ સોસાયટીના પ્રમુખ તરીકે બહાઉદ્દીન કૉલેજના પ્રિન્સિપાલના કાર્ય કરી રહ્યા હતા.

આ ઉપરાંત રાજ્ય દર વર્ષે પોતે રક્ષિત જાહેર કરેલા સ્મારકો પાછળ કરાતો વાર્ષિક ખર્ચ જાહેર કરતુ અને લોકોમાં ઇતિહાસ અને પુરાતત્ત્વ અને સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ વધે તે માટે પત્રિકાઓ પ્રસિદ્ધ કરતું હતું. ઈ.સ. ૧૯૩૩માં એન્શીયન્ટ મોન્યુમેન્ટ પ્રિઝર્વેશન એક્ટ પસાર કયો હતો, દરેક રક્ષિત સ્મારકો એ રક્ષિત હોવાના સિમેન્ટના કાયમી સ્વરૂપે જળવાય રહે તેવા બોર્ડ લગાવ્યા હતા તે આજ સુધી લાગેલા જોવા મળે છે. આ સોસાયટીની સ્થાપના પછી રાજ્યમાં પુરાતત્ત્વીય અને ઐતિહાસિક સ્મારકોની જાળવણી માટે ઘણી જ જાગૃતિ વધી હતી અને દરવર્ષે નવાનવા સ્થળો અને વસ્તુઓ શોધીને રાજ્યના ગેઝેટમાં તેની જાહેરાત આપી ને જો લકોમાંથી તેના વિશે એક મહિનામાં કોઈ વાંધો ન ઉઠાવવામાં આવે તો તેને રક્ષિત સ્મારક તરીકે જાહેર કરવામાં આવતા હતા.

જુનાગઢની પ્રાચીન તસવીરની ખરી રીતે તત્કાલીન શાસકો દ્વારા થયેલી તેથી તેનું પુરાતત્ત્વીય, લોકસંસ્કૃતિ અને ઐતિહાસિક સ્વરૂપ આજ સુધી અકબંધ રહ્યું. હવે ભાવિ પેઢી માટે આ બધુ અકબંધ રહે એ જોવાની - જાળવવાની બહુ મોટી જવાબદારી નિભાવવામાં આપણે ઉણા ન ઉતરીએ એવી પ્રાર્થના સાથે.

### પાદનોંધ

૧. ખાચર પ્રદ્યુમ્ન ભ. અને વાળા ડી.પી., 'તસવીરોમાં જૂનાગઢ', રાજકોટ, પ્ર.આ.ઈ.સ.૨૦૧૧ પૃ.૨૩૫
૨. ઠાકર રમેશ, '૧૫૦ વર્ષની ભારતની ટપાલ ટિકિટો અને તેનો ઇતિહાસ', રાજકોટ, પ્ર.આ.ઈ.સ.૨૦૦૭, પૃ.૧૨૬.
૩. પરીખ રસીકલાલ (સંપાદક), ગુ.રા.સાં.ઈ.,ભાગ-૨', અમદાવાદ, પ્ર.આ.ઈ.સ.૧૯૭૨, પૃ.૩૫૩.



૪. દેસાઈ શંભુપ્રસાદ, 'જૂનાગઢ અને ગિરનાર' રાજકોટ, પ્ર.આ. ઈ.સ. ૧૯૯૦. પૃ.૩૪.
૫. દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ, જૂન ૧૯૪૮, પૃ.૪૦૪
૬. શ્રી વલ્લભજી હરિદત આચાર્યની નોંધપોથીને આધારે.
૭. નાણાવટી જે.એમ., 'અત્ર તત્ર પુરાતત્વ', અમદાવાદ, પ્ર.આ.ઈ.સ. ૨૦૦૩. પૃ.૫૪.
૮. ટોડ જેમ્ '(હિંદી પુસ્તક) 'પશ્ચિમી ભારત કી યાત્રા' જોધપુર, ઈ.સ.૧૯૬૫, પૃ.૩૮૦.
૯. ખાચર પ્રદ્યુમ્ન ભ., 'પ્રાચીન ભારતના વિદેશીયાત્રી', જૂનાગઢ, પ્ર.આ.ઈ.સ.૨૦૦૨, પૃ.૪૫.
૧૦. ફાઈલ નં.૮ આર્કિયોલોજી સર્વે ઑફ ઇન્ડિયાનો મે.સુપ્રિ. સાથે ચાલેલ લખાણ પઢાણની ફાઈલ, ઈ.સ.૧૯૦૮-૯, ગુ.રા.અભિલેખાગાર, જૂનાગઢ.
૧૧. ખાચર પ્રદ્યુમ્ન ભ. અને વાળા ડી.પી., 'તસવીરોમાં જૂનાગઢ' રાજકોટ પ્ર.આ.ઈસ.૨૦૧૧ પૃ.૯૯
૧૨. સંદેશ તા.૨૪-૭-૨૦૦૧ અને તા.૨૫-૭-૨૦૧૧ ફુલછાબ
૧૩. મકબરાની બહાર આવેલ શિલાલેખને આધારે.
૧૪. ખાચર પ્રદ્યુમ્ન ભ., 'સોરઠ સરકાર નવાબ મહાબતખાનજી' જૂનાગઢ, પ્ર.આ., ઈ.સ.૨૦૧૨, પૃ.૯૬.
૧૫. એડવર્ડ એસ.એમ. (અંગ્રેજી પુસ્તક), 'ધ રૂલીંગ પ્રિન્સેસ ઓફ જૂનાગઢ' બોમ્બે, ઈ.સ.૧૯૦૭, પૃ.૩૧.
૧૬. ખાચર પ્રદ્યુમ્ન ભ., 'સોરઠની વિદ્યાપીઠ બહાઉદ્દીન કૉલેજ', જૂનાગઢ, પ્ર.આ.,ઈ.સ.૨૦૦૨, પૃ.૨૫
૧૭. ઈ.સ.૧૯૨૯-૩૦ની સાલનો 'જૂનાગઢ રાજ્યનો એમ.ડી.એમ.રિપોર્ટ' પૃ.૧૪૨.
૧૮. દવે કનૈયાલાલ, 'ગુજરાતનું મૂર્તિવિધાન' અમદાવાદ, પુન મુદ્રણ, ઈ.સ.૧૯૯૩, પૃ.૩૪૨.
૧૯. ખાચર પ્રદ્યુમ્ન ભ., 'ગિરનારનો ઇતિહાસ', જૂનાગઢ, પ્ર.આ.ઈ.સ,૨૦૦૯ પૃ.૩૦-૪૨-૪૬-૨૩૧
૨૦. ખાચર પ્રદ્યુમ્ન ભ. અને વાળા ડી.પી.' તસવીરોમાં જૂનાગઢ' રાજકોટ પ્ર.આ.ઈ.સ.૨૦૧૧ પૃ.૨૦૭.
૨૧. સુદર્શન તળાવના એ અસલ નકશાની નોંધને આધારે

૨૨. ફાઈલ નં. ૭, પ્રાચીન, દુરસ્ત કરાવ્યા હોય તેનું એજન્સીમાંથી પત્રક માંગ્યા બાબત, ઈ.સ. ૧૯૧૧, ગુ.રા. અભિલેખાસાર, જૂનાગઢ.
૨૩. ફાઈલ નં. ૨૨, ધ કેપીટલ કાસ્ટ મથુરા લાયન, ઈ.સ. ૧૯૨૬, ગુ. રા. અભિલેખાગાર, જૂનાગઢ.
૨૪. ખાચર પ્રદ્યુમ્ન અને ધીરુભાઈ વાળા 'તસવીરોમાં જૂનાગઢ', રાજકોટ, પ્ર. આ. ઈ.સ. ૨૦૧૧ પૃ. ૧૪૭.
૨૫. જૂનાગઢ સ્ટેટનો એ.ડી.એમ. રિપોર્ટ ઈ.સ. ૧૯૧૫/૧૬. પૃ. ૭.
૨૬. જૂનાગઢ સ્ટેટનો એ.ડી.એમ. રિપોર્ટ ઈ.સ. ૧૯૩૯/૪૦. પૃ. ૬.
૨૭. ફાઈલ નં. ૪, પ્રાચીન મકાનો દુરસ્ત કરાવ્યા બાબતના કાગળો, ઈ.સ. ૧૯૨૮, ગુ.રા.અભિલેખાગાર, જૂનાગઢ
૨૮. ફાઈલ નં. ૧૨, આર્કિયોલોજીકલ સોસાયટીના ઉપયોગમાં લેવા પુસ્તક ખરીદવા બાબત, ઈ.સ. ૧૯૨૩, ગુ.રા.અભિલેખાગાર, જૂનાગઢ.
૨૯. ખાચર પ્રદ્યુમ્ન ભ. 'ઇતિહાસ એટલે ?' સણોસરા, પ્ર. આ. ૨૦૦૩, પૃ. ૧૨૩.
૩૦. સૌરાષ્ટ્ર દર્પણ સપ્ટેમ્બર ઈ.સ. ૧૮૭૨ પૃ. ૧૭૧.
૩૧. ફાઈલ નં. ૧૧, પ્રો. કોમિસેરિયટ અમદાવાદ વાળાને આર્કિયોલોજીની કેટલીક હકીકત પુરી પાડવા બાબત, ઈ.સ. ૧૯૩૪, ગુ. રા. અભિલેખાગાર, જૂનાગઢ.
૩૨. ફાઈલ નં. ૪, પ્રાચીન મકાનો દુરસ્ત કરાવ્યા બાબતના કાગળો, ઈ.સ. ૧૯૨૮, ગુ.રા.અભિલેખાગાર, જૂનાગઢ
૩૩. ફાઈલ નં. ૧૬, આ રાજ્યમાં આવેલ જૂના સ્થળોની મરામતી વગેરેના કાગળોની ફાઈલ, ઈ.સ. ૧૯૦૬, ગુ.રા.અભિલેખાગાર, જૂનાગઢ
૩૪. ફાઈલ નં. ૪૫, અહીંના જૂના તથા પ્રસિદ્ધ મકાનો વગેરેના ફોટોગ્રાફ મિ. નેલ્સન પાસે પડાવતા તેને લગતા કાગળો, ઈ.સ. ૧૯૦૧, ગુ.રા.અભિલેખાગાર, જૂનાગઢ
૩૫. ફાઈલ નં. ૧૧, રાજકુમાર કૉલેજના મિ. પ્રિન્સપાલસાહેબે અમુક જગ્યાના સ્નેપ શોર્ટ મંગાવ્યા બાબતની ફાઈલ, ગુ.રા.અભિલેખાગાર, જૂનાગઢ
૩૬. ફાઈલ નં. ૪, પ્રાચીન મકાનો દુરસ્ત કરાવ્યા બાબતના કાગળો, ઈ.સ. ૧૯૨૮, ગુ.રા.અભિલેખાગાર, જૂનાગઢ
૩૭. ફાઈલ નં. ૭, પ્રાચીન, દુરસ્ત કરાવ્યા હોય તેનું એજન્સીમાંથી પત્રક માંગ્યા બાબત, ઈ.સ. ૧૯૧૧, ગુ.રા. અભિલેખાસાર, જૂનાગઢ.
૩૮. ફાઈલ નં. ૧૬, બાબરિયાવાડ તાબે વાંકિયાની હદમાં આવેલ સાણાહીલ



બાબતના કાગળો ઈ.સ. ૧૯૧૩, ગુ.રા. અભિલેખાસાર, જૂનાગઢ.
૩૯. ફાઈલ નં. ૨૧ હાથના લખેલા મહાભારતના ભાગ કોઈ પાસે હોય તો તપાસ કરી મોકલવા બાબત, ઈ.સ. ૧૯૨૫, ગુ.રા. અભિલેખાગાર, જૂનાગઢ.
૪૦. ફાઈલ નં. ૪૩, જૂનાગઢ સ્ટેટની હદમાંથી ખંડિત થયેલી જૂની મૂર્તિઓ મળી આવતા તેને લગતા કાગળો, ગુ.રા. અભિલેખાગાર, જૂનાગઢ.
૪૧. ફાઈલ નં. ૨૬, વેરાવળના મુન્સફ કરીમ મહમદ માસ્તરે આ સ્ટેટની અમુક હિસ્ટોરીકલ જગ્યાઓ નજરે જોઈ તે સંબંધમાં કરેલી નોટ... બાબતના કાગળો, ઈ.સ. ૧૯૨૯, ગુ.રા. અભિલેખાગાર, જૂનાગઢ.

૭

# ગિરનારી પરંપરાના પ્રાણવાન ગાયક : પ્રાણલાલ વ્યાસ

ડૉ. બળવંત જાની

કેન્યા-નૈવાશામાં શ્રદ્ધેય મોરારિબાપુની રામકથા શ્રવણપાન માટે આયોજકના નિમંત્રણથી કેટલાક સાહિત્યકારો અને લોકકલાકારો પણ જોડાયેલા. એ સમયગાળા દરમ્યાન સાહિત્યનો વ્યાપક સંદર્ભ લોક, સંત, ચારણી-સાહિત્યના પ્રસ્તુત-કર્તાઓને કારણે સહજ સ્વરૂપે ખૂલેલો. સાંજના સમયે નૂકુરુ-લેઈકની લગોલગ છવાયેલી લીલોતરીમાં અનૌપચારિક રીતની સાહિત્યિક ગોષ્ઠિઓ, વાર્તાલાપ કે ગાન સ્વરૂપે યોજાતી. ઈ.સ. ૨૦૦૪ની ૯-૯-૨૦૦૪ની મારી વાસરિમાં મેં નોંધ્યું છે, 'મોટા ગજાના ભજનિક પ્રાણલાલ વ્યાસ સાથે બપોર પછીના રોંઢા ટાણે નિરાંતે વાતુ થઈ. તેમને 'સંતસાહિત્ય : તત્ત્વ અને તંત્ર' પુસ્તક ભેટ સ્વરૂપે આપ્યું'. વાસરિમાં તો થોડા મુદ્દા જ ટાંક્યા છે, પણ તેમણે એ સમયે વર્ણવેલ ચમત્કાર જેવા પ્રસંગને મારી સાક્ષીરૂપની સામેલગિરિ તરીકે મેં સ્વીકારેલ છે. તેમણે મને કહેલું :

*'બળુભાઈ ! બાપુ સાથે ઠેઠ અહીં સુધી આવ્યો, પણ કાંઈ ગવાતુ નો'તું, ગળુ ખુલતું ન હતું, એનો અપાર વસવસો મનોમન અનુભવીને અંદરથી ખૂબ-ખૂબ સોરાતો. હૈયુ વલોવાતુ. અંતર વલોપાત કરતું. કોઈને કહી ન શકાય એવી પીડા. કર્મને-ભાગ્યને જ ભાંડીને સમસમીને બેસી રહેતો, ને બધુ સાંભળ્યા કરતો. સુનમુન બેઠો બેઠો બધુ અવલોક્યા કરતો. બાપુ પણ આ બધું અવલોકતા હશે, ગઈ રાત્રે સંતવાણી રજૂ થતી. નિરંજન પંડ્યા દાસ સવાની ભજનવાણી રજૂ કરતાં*



*ને મારી આંખમાંથી શ્રાવણ-ભાદરવો જાણે વરસતા. બાપુની સામે જોયું. બાપુની નજર પણ મારી સામે જ મંડાયેલી હતી. ભજનની ચોસર પુરી થઈ. બાપુએ મને આંખથી આજ્ઞા કરી. અને હાથથી સ્ટેજ ચીંધ્યું. કંઈ કેટલાય વરસથી જાહેરમાં નહીં ગાયેલું પણ કોણ જાણે ક્યાંથી હરમત ચઢી આવી, કે સ્ટેજ પર સ્થાન લઈને હારમોનિયમ લીધું. સૂર મેળવવા લાગ્યો અને શ્રોતાવૃંદનો તાળીઓનો ગડગડાટ. તમારા બધાયના હોંકારા-પડકારા ને બાપુની અપલક નયને કૃપાદૃષ્ટિ. પહેલીવાર આરાધ ઉપાડ્યો. મૂળની જ હલક-ઢંગ અને ઢાળ. મારા જીવનમાં સંતોની અપાર સ્નેહની હેલી મારા ઉપર વરસી છે. પરદેશની ધરતીનો આ અનુભવ. હવે થાય છે કે મારી યાત્રા પુરી થશે. મને હવે જરાય ખાલીપો-ઓછપ નથી લાગતી.'*

આટલું બોલતા-બોલતા તો હાંફી ગયેલા. એમની સંતૃપ્તિની ક્ષણનો હું સાક્ષી હતો એનો આનંદ છે. ત્યાં એકાદ અઠવાડિયું ઘણાં સાથે મોકળે મને વગતાળિયું વાતડિયું કરવાનું થયેલું. દરબારશ્રી પૂંજા વાળા, અરવિંદભાઈ - ઉપેન્દ્રભાઈ ત્રિવેદી, શાહબુદ્દીનભાઈ અને બીજા સાહિત્યિક મિત્રો સાથેનો સત્સંગ પણ સ્મરણમાં રહેશે.

ગિરનારી લોકસંતો અને ભજનવાણી વિશે હમણાં ક્રિયાશીલ છું. ઘણી બધી કેસેટ્સ મેળવી છે. વધુ રચનાઓ તો નિરંજન રાજ્યગુરુની આનંદ આશ્રમની વેબસાઈટમાંથી મેળવી છે. પ્રાણલાલ વ્યાસે ગિરનારને આજીવન ગળે વળગાડીને રાખેલો જણાય છે. ગિરનારી ભજનવાણીને એમણે કંઠ દ્વારા ભરપુર વહાવી. એમની સાથેનો પંદર-વીશ વરસનો સંબંધ અને સંપર્ક. કંઈ કેટલીય વખત એમને ખૂબ-ખૂબ સાંભળ્યા છે. પ્રાણલાલ વ્યાસ વિશેના મારા સંસ્મરણો આલેખવા બેઠો છું ને મને સૌ પ્રથમ નૈવાશાની આ ઘટના સ્મરણે ચઢી. કવિ કાગ ઍવોર્ડની ચયનસમિતિમાં સંયોજક હોવાને કારણે ઈ.સ. ૨૦૦૭નો કવિ કાગ ઍવોર્ડ એમને અર્પણ કરવાના સમયે એમના વિશે વિગતે કહેવાનું થયેલું. જૂનાગઢ ભવનાથ તળેટીમાં ૨૦૦૬માં ત્યાંના સમાજસેવી અને કલાપ્રેમી નારસિંહભાઈ પઢિયારે જૂનાગઢના કલેક્ટરશ્રીની સહભાગિતામાં શ્રદ્ધેય મોરારિબાપુની અધ્યક્ષતામાં પ્રાણલાલ વ્યાસને સન્માનવાનું સુંદર ટાણું રચેલું. ત્યારે પણ થોડું જાહેરમાં 'પ્રાણલાલ વ્યાસની પ્રાણવાન ગાયકી' એમ મથાળું બાંધીને પૂજ્ય બાપુના શબદધનને સહારે કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થયેલો. યથાવકાશે થયેલો સ્વાધ્યાય એમના શબદ - ધનની રિદ્ધિ અને સંપ્રાપ્ત સિદ્ધિ સ્વરૂપે લખવા ઉદ્યુક્ત થયો છું ત્યારે એ બધુ વંટોળના વાયરા રૂપે મનને ઘેરી વળે છે. આવા કલાને, શુદ્ધ-પરિશુદ્ધ સ્વરૂપે પ્રસ્તુત કરનારા સંતવાણી

અને લોકવાણીના કલાધર પ્રાણલાલ વ્યાસ ગુજરાતી લોકવાઙ્મયનું બહુ મૂલ્યવાન આભરણ છે.

સદાય શુદ્ધ સોનાના, સોળવલ્લા સોનાના આભૂષણ ધારણ કરનાર પ્રાણલાલ વ્યાસના ગળેથી સોનાની શુદ્ધિ જેવો સોળવલ્લો અવાજ સદાય વહ્યો. એની સરવાણી આજેય ગુંજે છે લોકહૃદયમાં. એમના માન-સન્માન ખૂબ થયા છે. લોક સમુદાયે-સમાજે એમને આજ સુધી વિસાર્યા નથી. એમની કેસેટ્સ, એમની લોકઢાળ પ્રસ્તુતિ, એમના પ્રચલિત થયેલા ઢાળ અનુગામી કલાધરોએ જાળવ્યા છે એમના ગળામાં. એ રીતે એમના પ્રસ્તુતિકરણને કાળનો કાટ ચઢ્યો નથી.

* * *

૧૯-૫-૧૯૪૧ના દિવસે એમનો જન્મ. પિતાનું નામ પ્રેમશંકર વ્યાસ. માંગરોળ-વડાળ અને પછી જૂનાગઢનો નિવાસ. પંદરેક વર્ષની વયથી તબલાવાદન આરંભેલું. પછી રામસાગરના રણકારે ભજનગાન અને લોકગીતોનું ગાન આરંભેલું. 'શેઠ સગાળશા' ફિલ્મમાં ગાયેલ **'ભાગુ તો મારી ભોમકા લાજે'** ગીત ત્યારે ખૂબ જ લોકપ્રિય થયેલું. ફિલ્મક્ષેત્રે, લોકસંગીતક્ષેત્રે અને કવ્વાલીક્ષેત્રે ત્યારે ભારે મોટી નામના મેળવી. પણ પ્રાણલાલભાઈનો ભીતરનો રંગ ભગવો. મૂળ ભાવજગતનો આવાસ-નિવાસ ભવનાથ-જૂનાગઢ-સંત અને સંતસ્થાનમાં. એમના આયખામાં નાદુરસ્ત તબિયત વચ્ચે પણ શિવરાત્રીનો મેળો ક્યારેય ચૂક્યા નથી. ૬૬ વર્ષના આયુષ્યમાં એમને શિવરાત્રીના એકાવન જેટલા મેળામાં સહભાગી થવાનું સદ્‌ભાગ્ય સાંપડેલું.

દેશમાં ખૂણે-ખૂણેથી એમને નિમંત્રણો મળે. વિદેશમાં પણ એમની વાણીની મોહિની વિદેશ નિવાસી ગુજરાતીઓને એવી લાગેલી કે સતત નિમંત્રણો ઠેર-ઠેરથી મળતા રહ્યા. સૂર, તાલની ઊંડી સૂઝ-સમજ. વાદનનો જાત અનુભવ. એમાં ભળ્યો ગાયનનો ભાવ. સંતવાણીમાં એમના કંઠેથી આરાધ ઢંગના ભજનો સાંભળતા ભાવક સમુદાય ભાવપૂર્ણ સમાધિમાં રસલીન બની રહે. કવિ દાદની રચનાઓએ બે દાયકા સુધી એમના કંઠે રૂડી રીતે રાજ કર્યું. એ જ રીતે એમના કંઠેથી નીતરતી કવ્વાલીમાંથી સૂફીભાવ, હૃદયની ભીનાશમાંથી ટપકતું માશુક ભાવવિશ્વ ભારે કામણગારું બની રહેતું. ભજન, લોકગીત કે કવ્વાલી ક્યાંય સસ્તુ મનોરંજન નહીં, પણ ભાવની ઊંડાઈ અને પ્રસ્તુતિની ઊંચાઈને કારણે એ રચનાઓ ભાવકને ગહન, ગંભીર અને રસપૂર્ણ અવસ્થિતિમાં મુકી આપતી મેં અનુભવી છે. **'નટવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં'** લોકગીત પ્રાણલાલ વ્યાસ આરંભે ત્યાં



તો શ્રોતાવૃંદ પણ એમાં સામેલ થઈને હિલોળા લેતું હેલે ચઢીને સાથે-સાથે ગાવા લાગે. અપાર લોકપ્રિયતાને એમણે ક્યારેય વટાવી નથી. એમને સદાય સાજીંદામાં સંગત આપતા **હાજી રમકડુ** મુસ્લિમ પણ હિંદુ ધર્મની ભાવનાશીલ વૃત્તિના ભારે પરખંદા. પ્રાણલાલ વ્યાસને સંગત આપતા આ મુસ્લિમ વાદકે સદ્‌ભાવ-સમભાવ અને હિન્દુ-મુસ્લિમ એકતાનું એકધારુ ઉદાહરણ પૂરું પાડ્યા કર્યું.

હેમુ ગઢવીની ગાયકી પછી સૌથી વધુ પ્રભાવક ગાયકી ભારતીબહેન કુંચાલાને પ્રાણલાલ વ્યાસમાં કળાણી છે. દીવાળીબહેને એમના ઉપર આશિષ વેર્યો છે સદાય. જાણીતા લોકગાયક પ્રફુલ્લ દવે કહેતા કે સૌથી વધુ હેતથી-વહાલથી કોઈ કલાકારને સમકાલીન ગાયકોએ તુકારાથી સંબોધ્યા હોય તો એ માત્રને માત્ર પ્રાણલાલ વ્યાસ. આવી પ્રતીતિથી અને પ્રફુલ્લ દવે બોલ્યા છે કે 'વધુમાં વધુ હેતનો તુંકારો, હોંકારો અને હલકારો કોઈને મળ્યો હોય તો માત્રને માત્ર પ્રાણલાલ વ્યાસને'. સી. અર્જુન અને નાનજીભાઈ મિસ્ત્રીએ એમના ગાનને મૂળ ઢાળના પડઘારૂપ ગણાવેલું. અવિનાશ વ્યાસ અને ગૌરાંગ વ્યાસે પણ એમને અપાર ચાહ્યા. પુરુષોત્તમ ઉપાધ્યાય અને દિલીપ ધોળકિયાનો પણ પારાવાર પ્રેમ સંપાદન કરેલો. ભારતીબહેન કુંચાલા અને મીનાબહેન પટેલ સાથેના એમના ગીતો ખૂબ લોકપ્રિય થયેલા. ગુજરાતી ગીતોની સહુપ્રથમ રેકર્ડ કોઈની તૈયાર થઈ હોય તો એ પ્રાણલાલ વ્યાસની. પ્રાણલાલ વ્યાસે પ્રસિદ્ધિ છકી જઈને ક્યાંય-ક્યારેય આછકલાઈ કે અભિમાન પ્રગટાવ્યું જાણ્યું નથી. પત્રકારત્વ જગતે ક્યારેય એમની ટીકા કરી નથી. એવું શીલભદ્ર કલાધર તરીકેનું વ્યક્તિત્વ પ્રાણલાલભાઈનું. એમની કેટલીક કેસેટ તો પાંચ લાખની સંખ્યામાં વેચાયેલી. આવું લોકસ્વીકૃતિનું જબરુ દૃષ્ટાંત પણ પ્રાણલાલ વ્યાસને ફાળે નોંધાયેલું છે. હેમુ ગઢવી પાસેથી દીક્ષિત થયેલા અને નારાયણસ્વામીના સંગમાં વધુ વિકાસ પામેલા. એટલે મોરારિબાપુ એમને 'પ્રાણવાન વ્યાસ' તરીકે સંબોધતા. એમની શ્રીમંતાઈ અને હૃદયની અમીરાત ભારે ઊંચી કોટિની. જાહેર પ્રસ્તુતિના પ્રસંગે પ્રાપ્ત થયેલ દ્રવ્યમાંથી ભારે હોંશથી સાજીંદાઓના ખીસ્સામાં નાખતા પણ મેં એમને અનેક વખત જોયા છે.

જ્યારે ગળામાંથી લોકરસની સરવાણી વહેતી હોય, **હાજી રમકડું** ઢોલક પર થાપ મારીને વાતાવરણને સંગીતમય બનાવતા હોય, એમના હારમોનિયમના સૂરમાં ભળતો મંજીરાનો ધ્વનિ ભાવકના પ્રાણતત્ત્વને જાગૃત કરીને એમની કંઠપ્રવાહની ભાગિરથીમાં ભાવક વૃંદને પૂરા ભાવથી ઝબોળે, આર્દ્ર બનાવે. પોતાની બંધ આંખમાંથી વહેતી ગંગા-યમુના રૂપી અશ્રુધારા આખા વાતાવરણને

ભાવસભર, લયથી લથબથ બનાવી દે.

એમણે ક્યારેય લોકોને ડોલાવવા, મજા કરાવવા માટે ભેળ-સેળ કરીને ગાયું નથી. નર્યા ખરા મૂળ ઢાળના આ માલમીએ એ નિમિત્તે સંત-લોકસંસ્કૃતિનું જતન કરીને લોકવાણીને અસલ રૂપમાં જાળવી. એટલે સંગીતની પરિભાષામાં જેને 'ચીજ' કહેવામાં આવે છે એવી ચીજની રખેવાળી કરતા રહ્યા સદૈવ પ્રાણલાલભાઈ. એમનો પહેરવેશ પણ એકરંગો, એક સરખો. ક્યારેય વેશ કાઢ્યા નથી એમણે. લાંબો ડાર્ક ડિઝાઈનનો ઝભ્ભો. દરવેશ જેવા દીસે. ભારે રૂડા લાગે લાંબે હાથે હારમોનિયમ વગાડતા શ્રોતાસમુદાય સમક્ષ ભાવથી હાથ હલાવે, ત્યારે અને ક્યારેક પરમતત્ત્વને બોલાવતા હોય તેવું પણ લાગે. એમની ભાવસભર મુદ્રા આંગિક, વાચિક અને સાત્ત્વિક, આજે કેસેટ સાંભળતા-સાંભળતા આંખ મીંચું ત્યાં નજરે તરવરવા લાગે.

* * *

એમનું નિધન થતાં જૂનાગઢથી સન્મિત્ર હેમંત નાણાવટીએ, ભાંગતા સૂરે-અને ભારે ઢીલા અવાજે ફોનમાં કહેલું, 'બળુભાઈ એક માઠા સમાચાર કહેવા છે.' સાંભળ્યા પછી દિગ્મૂઢ બની ગયેલો. પહેલી ઑગસ્ટ ૨૦૧૩ના રોજ એમના કૈલાસધામગમનને બે વર્ષ પૂરા થશે. પણ તેઓ અનુપસ્થિત છે એમ મનાતું જ નથી. એમની બે હાથની મળીને છ-એક આંગળીઓમાં જાત-ભાતના રંગબેરંગી નંગથી સુશોભિત સુવર્ણ મુદ્રિકાઓ શોભતી હોય. ગળામાં રંગ-બેરંગી પાંચ-છ રજત-સુવર્ણમાળાઓ લટકતી હોય. ઝૂલ્ફા-વાંકડિયા વાળથી શોભતું મસ્તક, વિશાળ કપાળ, લીંબુની ફાડ જેવી આંખો. અને હાસ્ય-નરી પ્રસન્નતાનો અનુભવ કરાવતું સમગ્ર ચૈતન્ય. આયુષ્યની છેલ્લી ઘડી સુધી પોંખાતા રહ્યા. સંતવાણી, લોકવાણી, ગુજરાતી ફિલ્મજગત સંદર્ભે બધુ મળીને એમને પચીસેક જેટલા માનસન્માનો પ્રાપ્ત થયેલા. જયમલ્લ પરમાર કહેતા કે *'બળવંતભાઈ ! આકાશવાણી ઉપર મુગટલાલ જોશી કે પ્રાણલાલભાઈનું રેકોર્ડિંગ હોય ત્યારે અનુકૂળતાએ અચૂક જાઉં અને ત્યાં ઉપેન્દ્ર ત્રિવેદી, વસુબહેન અને અમે બધા વાતુએ વળગીએ. પ્રાણલાલભાઈને ક્યારેય ઉતાવળા થતાં જોયા નથી. ગાવામાંય ભારે નિરાંતથી જ ગાય. નરવા અને ગરવા પણ એવા જ.'*

ગુજરાતી ફિલ્મોમાં તેમણે અવિનાશ વ્યાસની કલ્પનાને સાકાર કરતા લોકઢાળના ગીતો રજૂ કરીને પાંચ જેટલા એવોર્ડ મેળવેલા. પાંચ એવોર્ડથી વધુ ન આપી શકવાના નિયમને કારણે વધુ એવોર્ડથી એમને વંચિત રાખવા પડ્યા. હું



ગુજરાતી ફિલ્મ એવોર્ડ સમિતિમાં અધ્યક્ષ હતો ત્યારે સાથી સદસ્યશ્રી અરવિંદ ત્રિવેદી કહેતા, *'ગુજરાતી ફિલ્મમાં પ્રાણલાલે જે ગુજરાતીતાની ગરવાઈ, ગરિમા અને ગૌરવ જાળવ્યા છે એવા અને એટલા બહુ ઓછાએ જાળવ્યા છે.'*

નૈવાશામાં એક કવિની પાસે એમની ડાયરી ન હતી એટલે તેઓ પોતાની કાવ્યરચના રજૂ ન કરી શક્યા એ જોઈને મારી સમિપ બેઠેલા, તે સહજ રીતે બોલી પડેલા, *'બળુભાઈ ! પોતાની રચેલી વાણી મોઢે ન હોય, એ મને સમજાતું નથી.'* મેં પૂછેલું પ્રાણભાઈ તમને કેટલું મોઢે હશે, તો કહે કે, *'ઘણું હશે, ખબર નથી, પણ એક વખત કચ્છમાં નારાયણસરોવરે કથામાં હતો. રોજ રાત્રે મારે માથે ત્રણ-ચાર કલાક ગાવાનું આવેલું. રોજ-રોજ પાંચ દિવસ સુધી નવું-નવું રજૂ કરેલું એટલે વીશ-બાવીશ કલાક ગવાય એટલી રચનાઓ મોઢે હશે.'* પછી મોરારિબાપુ સામે હાથ ફેલાવીને કહે, 'સંતની કૃપા બળુભાઈ !! અન્યથા આપણે તે વળી શું ?' કહીને આંખો મીંચી ગયેલા. તેમની સાથે ગાળેલો સમય સદાય સ્મરણમાં રહેશે. ભારે સભરતાનો અનુભવ કર્યો છે તેમના સાનિધ્યથી. અનેક વખત તેમની સન્મુખ, તેમના વિશે બોલતા પણ નરી સભરતા મેં અનુભવી છે. આજે એમના વિશે થોડું લખાતાય સભરતાનો ભાવ અનુભવું છું. આપણાં ખાલીપાને સભર કરનારા, સંતવાણી અને લોકસંગીતની સરવાણીથી લથબથ કરી દેનારા, સરસ્વતીના કૃપાપાત્ર કલાધર પ્રાણલાલ વ્યાસ ગુજરાતનું ભારતીય લોકજગતને પ્રદાન હતા. ગુજરાતનું ભારતને પ્રદાનસ્વરૂપ હતા સ્મૃતિશેષ પૂણ્યાત્મા, પ્રાણલાલ વ્યાસ.

## મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર – કાર્યવૃત્ત

ડૉ. અંબાદાન રોહડિયા

મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા વિવિધ સંસ્થાઓના સહયોગથી સાહિત્યિક પરિસંવાદોનું આયોજન કરવામાં આવે છે. આ પૂર્વે યોજાયેલ સત્તર કાર્યક્રમોનો અહેવાલ પ્રગટ કરેલ છે, એ પછીની વિગતો નીચે દર્શાવેલ છે.

**અઢારમો કાર્યક્રમ :** 'જયમલ્લ પરમાર જન્મ શતાબ્દી' - પરિસંવાદ





શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અને ''અક્ષરા'' – વડોદરાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૩-૨-૨૦૧૩ના રોજ જયમલ્લ પરમાર જન્મ શતાબ્દી પરિસંવાદ કાર્યક્રમ વડોદરા ખાતે યોજાઇ ગયો. ઉદ્‌ઘાટન બેઠકમાં શ્રી સૂર્યકાન્ત ગઢવીએ લોકગીત રજૂ કર્યું, જ્યારે સ્વાગત ભૂમિકા શ્રી સુધા પંડ્યાએ કરી. અતિથિ વિશેષમાં શ્રી રાઘવજી રૈયાણી હતા. મુખ્ય વક્તવ્ય શ્રી અંબાદાન રોહડિયાએ આપ્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી અરૂણા બક્ષીએ કર્યું હતું.

પ્રથમ બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી દલપત પઢિયારે ''જયમલ્લ પરમારનું સંતસાહિત્ય'' વિશે અને શ્રી બિપિન આશરે ''જયમલ્લ પરમારનું કથાસાહિત્ય'' વિશે વક્તવ્ય આપ્યું. બીજી બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી માર્કન્ડ ભટ્ટે ''જયમલ્લ પરમાર મારી નજરે'' વિશે વક્તવ્ય આપ્યું, જ્યારે વક્તાઓમાં શ્રી રાજુલ દવેએ ''ખગોળક્ષેત્રે જયમલ્લ પરમારનું પ્રદાન'' વિશે, શ્રી પરમ પાઠકે ''જયમલ્લ પરમારનું સંશોધન કાર્ય'' વિશે, શ્રી સૂર્યકાન્ત ગઢવીએ ''જયમલ્લ પરમાર સંપાદિત લોકગીતો'' વિશે વક્તવ્યો આપ્યા હતા અને આભાર દર્શન શ્રી કાંતિલાલ માલસતરે કર્યું.

**ઓગણીસમો કાર્યક્રમ :** ''શ્રી દુલેરાય કારાણીનું લોક-સાહિત્યક્ષેત્રે પ્રદાન'' પરિસંવાદ

ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અને ભૂજના શિવશક્તિ સ્ટડી સર્કલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ''શ્રી દુલેરાય કારાણીનું લોક-સાહિત્યક્ષેત્રે પ્રદાન વિશે પરિસંવાદ'' તા. ૨૪-૨-૧૩ના રોજ યોજાઇ ગયો. આ પરિસંવાદની પ્રથમ બેઠકમાં અધ્યક્ષ સ્થાને માન. શ્રી વસંતભાઈ ગઢવી રહ્યા, જ્યારે વક્તા સ્થાનેથી ડૉ. કાંતિભાઈ ગોરે ''શ્રી કારાણીના કાવ્યોમાં માનવ સંવેદના'' વિશે, શ્રી હરેશભાઈ ધોળકિયાએ ''શ્રી કારાણી અને કચ્છનો ઇતિહાસ'' વિશે, શ્રી નારાયણ જોશીએ (કારાયલ) ''શ્રી કારાણીજીનું બાલસાહિત્ય'' વિશે વક્તવ્યો આપ્યાં હતાં.



બીજી બેઠકમાં અધ્યક્ષ સ્થાને કુલપતિશ્રી ડૉ. તુષારભાઈ હાથી રહ્યા, જ્યારે સત્રનું સંચાલન શ્રી બાબુલાલ ગોરે કર્યું હતું. વક્તા સ્થાનેથી પ્રો. કમલ


મહેતાએ ''શ્રી દુલેરાય કારાણી-ઉમદા વ્યક્તિત્વ'' વિશે, શ્રી રવિ પેથાણીએ (તિમિર) ''શ્રી કારાણીનું લોકસાહિત્યક્ષેત્રે પ્રદાન'' વિશે અને શ્રી વિશ્રામ ગઢવીએ ''શ્રી કારાણીજીના કાવ્યોમાં પર્યાવરણ'' વિશે વક્તવ્યો આપ્યા હતાં. સમાપનસત્રમાં 'સાહિત્યની નૂતન દિશા નિર્દેશ' વિશે ડૉ. અંબાદાન રોહડિયાએ વક્તવ્ય આપ્યું.

**વીસમો કાર્યક્રમ :** ''ઉત્તર ગુજરાતનું આદિવાસી લોકસાહિત્ય'' પરિસંવાદ

મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અને ગુર્જરી ટ્રાઈબલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૭-૮ માર્ચ, ૨૦૧૩ના રોજ, ''ઉત્તર ગુજરાતનું આદિવાસી લોકસાહિત્ય'' વિશે એક પરિસંવાદ અંબાજી ખાતે યોજાઈ ગયો. આ પરિસંવાદમાં અધ્યક્ષ સ્થાનેથી ડૉ. હસુ યાજ્ઞિકે બીજ વક્તવ્ય આપ્યું હતું. ઉદ્‌ઘાટન વક્તવ્ય ડૉ. બળવંત જાનીએ, ભૂમિકા ડૉ. અંબાદાન રોહડિયાએ, પ્રાસંગીક વક્તવ્ય શ્રી શિવશંકર જોશીએ, આવકાર શ્રી વીરચંદ પંચાલે અને સંચાલન ડૉ. દીપક રાવલે કર્યું હતું. પ્રારંભે આદિવાસી કલાવૃંદે મંગલગાન કર્યું અને સ્કૂલની છાત્રાઓએ લોકનૃત્ય પ્રસ્તુત કર્યું હતું.

પ્રથમ બેઠકમાં ડૉ. નિલા શાહે ''ભીલ લોકમહાકાવ્ય : રાઠોડ વાર્તા'', શ્રી વીરચંદ પંચાલે ''ફૂલરાની લાડી અને સોખલા ગરાસિયાનાં લગ્નગીતો'' અને ડૉ. ભગવાનદાસ પટેલે ''ભીલી રામાયણ અને જૈન રામાયણ'' વિશે તુલનાત્મક અભિગમથી વક્તવ્યો રજૂ કર્યાં હતાં. દ્વિતીય સંગોષ્ઠિમાં ડૉ. મનોજ રાવલે ''નાથપંથના સંદર્ભમાં ગોપીચંદ ભરથરીની વારતા'' અને ડૉ. નિરંજન રાજ્યગુરુએ ''ભીલી ભજનવારતા : લાલુ અરીદા'' વિશે વક્તવ્યો આપ્યાં તેમજ રાત્રે લોકગાયકોએ સંતવાણીનું ગાન કર્યું હતું.

બીજા દિવસે પ્રથમ બેઠકમાં ડૉ. પરમ પાઠકે ''ભીલી લોકસાહિત્યના સંપાદન અને અધ્યયનમાં સ્વરૂપગત અને સિદ્ધાંતગત ચર્ચા'' વિશે, શ્રી કનુભાઈ આચાર્યએ ''મહામાર્ગના સંદર્ભમાં રૂપાંરોણીની વારતા તથા સતિયો ખાતુ અને





હાલો-હુરો'' વિશે, ડૉ. મૃદુલા પારિકે ''ભીલી ભજનવારતા : સદન રાઝા'' વિશે તથા ડૉ. હસુ યાજ્ઞિકે ''ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો ઇતિહાસ'' વિશે વક્તવ્ય આપ્યા. સમાપન સત્રમાં ડૉ. બળવંત જાનીએ ''આદિવાસી લોકસાહિત્યના સંશોધન-સંપાદન'' અંગે વક્તવ્ય આપ્યું હતું.

## ❑ કલામર્મિઓ : કંઠ, કહેણી અને કલાયાત્રા

લોકસાહિત્ય, સંતસાહિત્ય, ચારણી સાહિત્ય અને કંઠસ્થ પરંપરાના મૂર્ધન્ય કલામર્મિઓની કલાયાત્રા અને કહેણી સંદર્ભે મુલાકાત લઈને, તેનું વિડિયો રેકોર્ડિંગ કરીને, એ સામગ્રીને ભાવિ પેઢી માટે સુરક્ષિત કરવા માટે દસ્તાવેજીકરણનું આયોજન કર્યું છે, જેમાં પ્રારંભે નીચે દર્શાવેલ વરિષ્ઠ વિદ્વાનોની મુલાકાતો લેવામાં આવી છે.

૧. તા. ૧૭-૨-૨૦૧૩ – લોકસાહિત્ય અને ચારણી સાહિત્યના સમર્થ વાર્તાકાર શ્રી લાભુભાઈ ભાંસળિયાની સુરેન્દ્રનગર ખાતે મુલાકાત લેતા પૂર્વ કલેક્ટર શ્રી પ્રવીણદાન પી. બોક્ષા સાહેબ અને ઉપસ્થિત ચારણી સાહિત્યના મર્મજ્ઞો.



૨. તા. ૧૭-૨-૨૦૧૩ – ચારણી સાહિત્ય, લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિના મર્મજ્ઞ-મૂર્ધન્ય વિદ્વાન શ્રી પ્રવીણદાન પી. બોક્ષા સાહેબની સુરેન્દ્રનગર ખાતે મુલાકાત લેતા ડૉ. બળવંત જાની અને ઉપસ્થિત ચારણીસાહિત્ય મર્મજ્ઞો.



૩. તા. ૧૪-૩-૨૦૧૩ – ડિંગલ સાહિત્યના સમર્થ કવિ અને સંશોધક તેમજ રાજસ્થાની ભાષા-સાહિત્ય ભવન, જોધપુર યુનિવર્સિટી, જોધપુર (રાજસ્થાન)ના પૂર્વ પ્રાધ્યાપક અને અધ્યક્ષ ડૉ. શક્તિદાન કવિયાની શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે મુલાકાત લેતા ડૉ. અંબાદાન રોહડિયા.



૪. તા. ૧૭-૩-૨૦૧૩ – લોકગાયક અને ચારણી પરંપરાના સમર્થ વિદ્વાન શ્રી લાખાભાઈ ગઢવીની જાંબુડા ખાતે મુલાકાત લેતા ડૉ. બળવંત જાની અને ડૉ. અંબાદાન રોહડિયા. લાખાભાઈએ પોતાની કલાયાત્રાના અનેક પ્રસંગોનું સ્મરણ કરીને આ ધારાનું મહત્ત્વ દર્શાવ્યું હતું.



૫. તા. ૨૧-૩-૨૦૧૩ – લોકપરંપરાના સમર્થ વાર્તાકાર અને કંઠસ્થ પરંપરાના ઊંડા અભ્યાસી માનનીય શ્રી દરબાર પુંજાવાળા સાહેબની મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે મુલાકાત લેતા ડૉ. અંબાદાન રોહડિયા અને ડૉ. બળવંત જાની.

૬. તા. ૨૪-૩-૨૦૧૩ – લોકપરંપરા અને ચારણી પરંપરાના સમર્થ વિદ્વાન અને સુપ્રસિદ્ધ વાર્તાકાર શ્રી ભીખુદાનભાઈ ગઢવીની જૂનાગઢ ખાતે મુલાકાત લેતા ડૉ. નિરંજન રાજ્યગુરુ અને ડૉ. અંબાદાન રોહડિયા.



૭. તા. ૨૯-૩-૨૦૧૩ – પંચાળની પાવન ધરાની પ્રાચીન સંતવાણીને પોતાના સૂરિલા કંઠે દેશ-વિદેશમાં વહેવડાવનાર સમર્થ ભજન ગાયક શ્રી હેમંત ચૌહાણની રાજકોટ ખાતે મુલાકાત લેતા ડૉ. સુનિલ જાદવ.




૮. તા. ૩-૪-૨૦૧૩ – લોકસંસ્કૃતિ અને સંત પરંપરાની ભાતિગળ વાતોને હાસ્યના માધ્યમથી દેશ-વિદેશમાં પ્રસરાવનાર હાસ્ય સમ્રાટ શ્રી શાહબુદ્દીન રાઠોડની થાનગઢ ખાતે મુલાકાત લેતા શ્રી રામકુભાઈ ખાચર.



૯. તા. ૨૬-૫-૨૦૧૩ – ગુજરાતી લોકસંગીત અને લોકગીતોનાજ્ઞાતા ડૉ. શ્રી ઈન્દુબેન પટેલ, કોટા (રાજસ્થાન) અને ચારણી ચરજો અને છંદોના ગાયકશ્રી ઈન્દુબેન ગઢવીની મુલાકાત ડૉ. ઊર્મિલા શુક્લએ રાજકોટ ખાતે લીધી.

# વાર્ષિકસૂચિ

**સંકલન : ડૉ. કિરીટ શુક્લ**

(અંગ્રેજી આંકડા અંક નંબર અને ગુજરાતી આંકડા પૃષ્ઠ નંબર સૂચવે છે.)



**લેખક સૂચિ :**

આશર બિપિન. ઉત્તર ગુજરાતીની ભાષા : બોલીવિજ્ઞાન અને લોકવિદ્યાવિજ્ઞાન 25-૫૦; ચારણી કથામૂલક દીર્ઘકૃતિઓમાં હાસ્ય-કટાક્ષ, 24-૮૧.
કક્કડ અરુણ. ખેતીવાડીની દેવી : કનસરીની કથા, 25-૧૨૧
કવિ ભીખુ. મદારી સમાજમાં પ્રચલિત લગ્નગીતો, 26-૧૪૩
ખાચર પ્રદ્યુમ્ન. જૂનાગઢ : લોકસાંસ્કૃતિક, ઐતિહાસિક અને પુરાતત્ત્વીય ઘટકો, 27-
ગઢવી જિતુદાન. ચારણી સમાજદર્શન : 'આદ નરો ઈસરો', 26-૪૮
ગઢવી પ્રવીણ. ચારણી સાહિત્યમાં વ્યંગનું નિરૂપણ, 27-
ગઢવી વસંત. કવિશ્રી દુલા કાગ : કંઠ, કહેણી અને કવિતાના દિગ્ગજ, 24-૧૦૭; ચારણી લોકસાહિત્યના ધૂળધોયા : શ્રી જયમલ્લ પરમાર, 25-૧૩૯
ગોસ્વામી વસંતપુરી. દશનામી સાધુ સમાજમાં શક્તિપાટ વિધિ અને વિધાન, 25-૧૬
ગોહિલ નાથાલાલ. લોકસાહિત્ય : સંશોધન અને સજ્જતા, 25-૩૫
ચંદ્રવાડિયા જે. એમ. લોકમેળા : આપણી ભાતીગળ સંસ્કૃતિ, 25-૮૨
જાની નૂતન. ભાવંડીબાઈ : વીરશૈવ સંપ્રદાયની સંતકવયિત્રી, 24-૭૩

જાની બળવંત. ગિરનારી પરંપરાના પ્રાણવાન ગાયક : પ્રાણલાલ વ્યાસ, 27- ; ચારણી હસ્તપ્રતવિદ્યા : સ્વરૂપવિમર્શ, 26-૩; રતુદાન રોહડિયા : વત્સલ વ્યક્તિમત્તા અને સંશોધનપરક ગુણવત્તા, 24-૧૧૨; 'વખત બલંદ' : કથાસૃષ્ટિ, ચરિત્રસૃષ્ટિ અને કથનકળાનું સ્વરૂપ, 25-૧૪૩

દવે રાજુલ. લોકસાહિત્યના સંગ્રાહક મનુભાઈ જોધાણી, 26-૧૪૦

પટેલ ઇન્દુબહેન. લોકગીતોમાં રામનું નિરૂપણ, 27-૬૧

પટેલ પ્રેમજી. લોકકથા : સંપાદન - સંશોધન અને તેના પ્રશ્નો, 25-૭૬

પટેલ બાબુ. વાહ, પટેલ વાહ!, 25-૮૯

પટેલ ભગવાનદાસ. આદિવાસી લોકસાહિત્યનું સંશોધન અને સંપાદન, 25-૧૧૪

પવાર સુરેશ. ડાંગના આદિવાસી લોકનૃત્યો અને લોકવાદ્યો : સાંસ્કૃતિક સંદર્ભ, 25-૧૦૫

પંડ્યા ભરત. ક્ષેત્રકાર્ય વાસરિ, 24-૫૪

મકવાણા રાજેશ. ઉત્તર ગુજરાતનું વનવાસી સાહિત્ય : પદ્યમૂલકસંપાદનો, 25-૯૭

યાજ્ઞિક હસુ. ગુજરાતનું ઘોસ્ટલોર, 25-૩; લોકવિદ્યા અને જાતિગત મનોવિજ્ઞાન, 26-૬૭; લૌકિક કથાનકની નાયિકાઓ : વર્ગીકરણ અને વિશ્લેષણ, 27-૩

રાજ્યગુરુ નિરંજન. અવળવાણી : મર્મ અને મહત્તા, 24-૬૩; જેસલ તોરલ રામદેવપીરના અનુયાયી?, 26-૧૪૯; સંત સાહિત્ય પરંપરામાં 'ઉમાવ' રચનાઓ, 25-૮

રાવલ મનોજ. અપ્સરા : લૌકિક, અલૌકિક અને લોકોત્તર, 24-૩૬; ગુજરાતની લોકસંસ્કૃતિ : પરંપરા અને પ્રશ્નો, 26-૧૩૫

રોહડિયા અંબાદાન. ચારણી સાહિત્યનાં દુહાઓમાં હાસ્ય-વ્યંગ, 24-૯૬; ચારણી સાહિત્ય : મુદ્રા અને મહત્તા, 26-૩૦; મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર કાર્યવૃત્ત, 24-૧૩૮; 25-૧૭૩; 26-૧૫૯; 27- ; હરદાસ મિસણ : મૂળ કથાનકમાં પોતીકી પ્રતિભા, 27-૮૯

રોહડિયા તીર્થંકર. ગોદડ મહેડુકૃત 'છાંયા ભાગવત' : આસ્વાદ અને અવબોધ, 25-૧૬૪

વેદ નરેશ. સંતમત : સંવિદ્ અને સંકલ્પના, 25-૧

વ્યાસ હસમુખ. લોકસાહિત્યમાં ઇતિહાસનિરૂપણ, 24-૪૦.

શુક્લ ઊર્મિલા. ચારણી સાહિત્યના સંશોધક-સંપાદક સાથે સંવાદ, 24-૧૨૨; લાંગીદાસ મહેડું-ભક્તિરસનું વીરરસમાં રૂપાંતરણ, 27- ; હાલરડાં લોકગીતો : વ્હાલપનો વિસ્તાર, 25-૫૯.

સુથાર બાબુ. ચારણી કથાકાવ્યનું નમુનેદાર સંશોધન, 26-૫૯



**લેખ સૂચિ :**

અપ્સરા : લૌકિક, અલૌકિક અને લોકોત્તર, 24-૩૬

અવળવાણી : મર્મ અને મહત્તા, 24-૬૩

આદિવાસી લોકસાહિત્યનું સંશોધન અને સંપાદન, 25-૧૧૪

ઉત્તર ગુજરાતનું વનવાસી સાહિત્ય : પદ્યમૂલક સંપાદનો, 25-૯૭

ઉત્તર ગુજરાતીની ભાષા : બોલીવિજ્ઞાન અને લોકવિદ્યા વિજ્ઞાન, 25-૫૦

કવિશ્રી દુલાકાગ : કંઠ, કહેણી અને કવિતાના દિગ્ગજ, 24-૧૦૭

ખેતીવાડીની દેવી : કનસરીની કથા, 25-૧૨૧

ક્ષેત્રકાર્ય વાસરિ, 24-૫૪

ગિરનારી પરંપરાના પ્રાણવાન ગાયક : પ્રાણલાલ વ્યાસ, 27-૧૪૫

ગુજરાતનું ઘોસ્ટલોર, 25-૩

ગુજરાતની લોકસંસ્કૃતિ : પરંપરા અને પ્રશ્નો, 26-૧૩૫

ગોદડ મહેડુકૃત 'છાયાભાગવત' : આસ્વાદ અને અવબોધ, 25-૧૬૪

ચારણી કથાકાવ્યનું નમુનેદાર સંશોધન, 26-૫૯

ચારણી કથામૂલક દીર્ઘકૃતિઓમાં હાસ્ય-કટાક્ષ, 24-૮૧

ચારણી-લોકસાહિત્યના ધૂળધોયા : શ્રી જયમલ્લ પરમાર, 25-૧૩૯

ચારણી સમાજદર્શન : 'આદ નરો ઇસરો', 26-૪૮

ચારણી સાહિત્યના સંશોધક-સંપાદક-સાથે સંવાદ, 24-૧૨૨

ચારણી સાહિત્યનાં દુહાઓમાં હાસ્ય-વ્યંગ, 24-૯૬

ચારણી સાહિત્ય : મુદ્રા અને મહત્તા, 26-૩૦

ચારણી સાહિત્યમાં વ્યંગનું નિરૂપણ, 27-૧૦૯

ચારણી હસ્તપ્રતવિદ્યા : સ્વરૂપવિમર્શ, 26-૩

જૂનાગઢ : લોકસાંસ્કૃતિક, ઐતિહાસિક અને પુરાતત્ત્વીય ઘટકો, 27-

જેસલ-તોરલ રામદેવપીરના અનુયાયી ?, 26-૧૪૯

ડાંગના આદિવાસી લોકનૃત્યો અને લોકવાદ્યો : સાંસ્કૃતિક સંદર્ભ, 25-૧૦૫

દશનામી સાધુ સમાજમાં શક્તિપાટવિધિ અને વિધાન, 25-૧૬

ભાવંડીબાઇ : વીરશૈવ સંપ્રદાયની સંતકવયિત્રી, 24-૭૩

મદારી સમાજમાં પ્રચલિત લગ્નગીતો, 26-૧૪૩

મેઘાણી લોકસાહિત્યકેન્દ્ર-કાર્યવૃત્ત, 24-૧૩૮; 25-૧૭૩; 26-૧૫૯; 27- ; 24-૧૧૨

લાંગીદાસ મહેડુ - ભક્તિરસનું વીરરસમાં રૂપાંતરણ, 27-૧૦૦

લોકગીતોમાં રામનું નિરૂપણ, 27-૬૧
લોકમેળા : આપણી ભાતીગળ સંસ્કૃતિ, 25-૮૨
લોકકથા : સંપાદન-સંશોધન અને તેના પ્રશ્નો, 25-૭૬
લોકવિદ્યા અને જાતિગત મનોવિજ્ઞાન, 26-૬૭
લોકસાહિત્યના સંગ્રાહક-મનુભાઈ જોધાણી, 26-૧૪૦
લોકસાહિત્યમાં ઇતિહાસનિરૂપણ, 24-૪૦
લોકસાહિત્ય : સંશોધન અને સજ્જતા, 25-૩૫
લૌકિકકથાનકની નાયિકાઓ : વર્ગીકરણ અને વિશ્લેષણ, 27-૩
'વખત બલંદ' : કથાસૃષ્ટિ, ચરિત્ર સૃષ્ટિ અને કથનકળાનું સ્વરૂપ, 25-૧૪૩
વાહ, પટેલ વાહ !, 25-૮૯
સંતમત : સંવિદ્ અને સંકલ્પના, 25-૧
સંતસાહિત્ય પરંપરામાં 'ઉમાવ'રચનાઓ, 25-૮
હરદાસ મિસણ : મૂળ કથાનકમાં પોતીકી પ્રતિભા, 27-૮૯
હાલરડાં લોકગીતો : વ્હાલપનો વિસ્તાર, 25-૫૯

**વિષય સૂચિ :**

### *ચારણી સાહિત્ય*

કવિશ્રી દુલાકાગ : કંઠ, કહેણી અને કવિતાના દિગ્ગજ, 24-૧૦૭
ગોદડ મહેડુ કૃત 'છાયાભાગવત્' : આસ્વાદ અને અવબોધ, 25-૧૬૪
ચારણી કથાકાવ્યનું નમુનેદાર સંશોધન : 'વખતબલંદ' 26-૫૯
ચારણી કથામૂલક દીર્ઘકૃતિઓમાં હાસ્ય-કટાક્ષ, 24-૮૧
ચારણી સમાજ દર્શન : 'આદનરો ઈસરો', 26-૪૮
ચારણી સાહિત્યના સંશોધક-સંપાદક સાથે સંવાદ, 24-૧૨૨
ચારણી સાહિત્યનાં દુહાઓમાં હાસ્ય-વ્યંગ, 24-૯૬
ચારણી સાહિત્ય : મુદ્રા અને મહત્તા, 26-૩૦
ચારણી સાહિત્યમાં વ્યંગનું નિરૂપણ, 27-૧૦૯
ચારણી હસ્તપ્રતવિદ્યા : સ્વરૂપ અને વિમર્શ, 26-૩
રતુદાન રોહડિયા : વત્સલ વ્યક્તિમત્તા અને સંશોધનપરક ગુણવત્તા, 24-૧૧૨
લાંગીદાસ મહેડું - ભક્તિરસનું વીરરસમાં રૂપાંતરણ, 27-૧૦૦
'વખત બલંદ' : કથાસૃષ્ટિ, ચરિત્રસૃષ્ટિ અને કથનકલાનું સ્વરૂપ, 25-૧૪૩
હરદાસ મિસણ : મૂળકથાનકમાં પોતીકી પ્રતિભા, 27-૮૯



### *લોકસાહિત્ય*

ઉત્તર ગુજરાતની ભાષા : બોલીવિજ્ઞાન અને લોકવિદ્યા વિજ્ઞાન, 25-૫૦
ક્ષેત્રકાર્ય વાસરિ, 24-૫૪
ગુજરાતનું ઘોસ્ટલોર, 25-૩
ચારણી-લોકસાહિત્યના ધૂળધોયા : શ્રી જયમલ્લ પરમાર, 25-૧૩૯
મદારી સમાજમાં પ્રચલિત લગ્નગીતો, 26-૧૪૩
લોકકથા : સંપાદન - સંશોધન અને તેના પ્રશ્નો, 25-૭૬
લોકગીતોમાં રામનું નિરૂપણ, 27-૬૧
લોકવિદ્યા અને જાતિગત મનોવિજ્ઞાન, 26-૬૭
લોકસાહિત્યના સંગ્રાહક મનુભાઈ જોધાણી, 26-૧૪૦
લોકસાહિત્ય : સંશોધન અને સજ્જતા, 25-૩૫
લૌકિકકથાનકની નાયિકાઓ : વર્ગીકરણ અને વિશ્લેષણ, 27-૩
વાહ, પટેલ વાહ! (લોકવાર્તા), 25-૮૯
હાલરડાં લોકગીતો : વ્હાલપનો વિસ્તાર, 25-૫૯

### *લોકસંસ્કૃતિ*

અપ્સરા : લૌકિક, અલૌકિક અને લોકોત્તર, 24-૩૬
ગિરનારી પરંપરાના પ્રાણવાન ગાયક : પ્રાણલાલ વ્યાસ, 27-૧૪૫
ગુજરાતી લોકસંસ્કૃતિ : પરંપરા અને પ્રશ્નો, 26-૧૩૫
જૂનાગઢ : લોકસાંસ્કૃતિક, ઐતિહાસિક અને પુરાતત્ત્વીય ઘટકો, 27-૧૧૭
દશનામી સાધુ સમાજમાં શક્તિ પાટ વિધિ અને વિધાન, 25-૮૨
લોકસાહિત્યમાં ઇતિહાસનિરૂપણ, 24-૪૦

### *વનવાસી સાહિત્ય*

આદિવાસી લોકસાહિત્યનું સંશોધન અને સંપાદન, 25-૧૧૪
ઉત્તર ગુજરાતનું વનવાસી સાહિત્ય : પદ્યમૂલક સંપાદનો, 25-૯૭
ખેતીવાડીની દેવી : કનસરીની કથા, 25-૧૨૧
ડાંગના આદિવાસી લોકનૃત્યો અને લોકવાદ્યો : સાંસ્કૃતિક સંદર્ભ, 25-૧૦૫

### *સંત સાહિત્ય*

અવળવાણી : મર્મ અને મહત્તા, 24-૬૩
જેસલ તોરલ રામદેવપીરના અનુયાયી?, 26-૧૪૯

ભાવંડીબાઈ : વીરશૈવ સંપ્રદાયની સંતકવયિત્રી, 24-૭૩
સંતમત : સંવિદ્ અને સંકલ્પના, 25-૧
સંતસાહિત્ય પરંપરામાં 'ઉમાવ' રચનાઓ, 25-૮

**કાર્યક્રમ સૂચિ :**

**શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે આયોજિત થયેલ કાર્યક્રમોની યાદી**

૧. તા. ૨-૩-૨૦૧૨ના રોજ સંશોધક સાથે સંવાદ (ફાંસ્વાં માલિઝો) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે
૨. તા. ૧૨-૩-૨૦૧૨ના રોજ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રનું ઉદ્‌ઘાટન અને ઍવોર્ડ અર્પણ સમારોહ કાર્યક્રમ હેમુ ગઢવી, રાજકોટ ખાતે
૩. તા. ૧૩-૭-૨૦૧૨ના રોજ સંશોધક સાથે સંવાદ (પ્રા. કનુભાઈ જાની) ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે
૪. તા. ૨૩-૭-૨૦૧૨ના રોજ ઉત્તર ગુજરાતની લોકકથાઓ : વિવિધ સન્દર્ભે કાર્યક્રમ ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણાના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ
૫. તા. ૨૬-૭-૨૦૧૨ના રોજ સાહિત્ય અકાદેમી, દિલ્હી; મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર અને ગુજરાતી ભવન, ભાવનગર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે શ્રી જયમલ્લ પરમાર શતાબ્દી સંગોષ્ઠિ' કાર્યક્રમ ભાવનગર ખાતે.
૬. તા. ૪-૮-૨૦૧૨ના રોજ ગુજરાતી અનુસ્નાતક ભવન, કચ્છ યુનિવર્સિટી, ભુજના સંયુક્ત ઉપક્રમે ચારણી સાહિત્ય : સિદ્ધાંત સ્વરૂપ વિચારણા વિષયક પરિસંવાદ ભુજ ખાતે.
૭. તા. ૨૮-૮-૨૦૧૨ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે લોકસાહિત્ય ભવન-મંગલ પ્રવેશ, લોકગુર્જરીનું લોકાર્પણ અને મેઘાણી વંદના એમ ત્રિવિધ કાર્યક્રમનું કેન્દ્ર દ્વારા આયોજન
૮. તા. ૩-૯-૨૦૧૨ના રોજ એસ.એન.ડી.ટી. મહિલા વિદ્યાપીઠ, મુંબઈના સંયુક્ત ઉપક્રમે 'લોકસાહિત્ય અને પર્યાવરણ' વિષયક રાષ્ટ્રીય પરિસંવાદ
૯. તા. ૮-૯-૨૦૧૨ના રોજ ભો.જે.અધ્યયન-સંશોધન વિદ્યાભવનના સંયુક્ત ઉપક્રમે સ્વાતંત્ર્ય ચળવળ અને સમાજોત્થાનમાં ગુજરાતનાં સંતો અને કવિઓનું પ્રદાન વિષયક પરિસંવાદ
૧૦. તા. ૧૭-૯-૨૦૧૨ના રોજ ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ડીસા (જિ. બનાસકાંઠા)ના સંયુક્ત ઉપક્રમે ઉત્તર ગુજરાતનાં લોકગીતો વિવિધ સંદર્ભે વિશે પરિસંવાદ



૧૧. તા. ૨૨-૯-૨૦૧૨ના રોજ શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરતના સંયુક્ત ઉપક્રમે 'કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યના સંશોધક : મેઘાણી' વિશે પરિસંવાદ.
૧૨. તા. ૫-૬ ઑક્ટો. ૨૦૧૨ સુધી રાજસ્થાની ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ અકાદમી, બીકાનેર (રાજસ્થાન)ના સંયુક્ત ઉપક્રમે 'ગુજરાત અને રાજસ્થાનનું લોકસાહિત્ય અને સંતસાહિત્ય' વિશે બે દિવસીય સંગોષ્ઠિ.
૧૩. તા. ૧૧-૧૦-૨૦૧૨ના રોજ સાહિત્ય વર્તુળ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે 'મારી સંશોધનયાત્રા' (હસુ યાજ્ઞિક) વ્યાખ્યાન કાર્યક્રમ.
૧૪. તા. ૨૦-૧૦-૨૦૧૨ના રોજ ડૉ. સુભાષ મહિલા કૉલેજ ઑફ એજ્યુકેશન, જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે ચારણી સાહિત્યના લબ્ધ પ્રતિષ્ઠિત, કવિશ્રી દાદુદાન પ્રતાપદાન ગઢવી 'દાદ' સાથે સંવાદ કાર્યક્રમ
૧૫. તા. ૨ અને ૩-૨-૨૦૧૨ના રોજ અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ખાતે 'લોકકથા : સંશોધન-સંપાદન' દ્વિદિવસીય પરિસંવાદ.
૧૬. તા. ૪-૨-૨૦૧૨ના રોજ શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કૉલેજ, વલસાડના સંયુક્ત ઉપક્રમે સંશોધક-સંપાદક મેઘાણી : કૃતિલક્ષી અભ્યાસ' પરનો પરિસંવાદ.
૧૭. તા. ૧૪-૨-૨૦૧૩ના રોજ ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ઉપક્રમે 'લોકસાહિત્ય ક્ષેત્રે પુષ્કર ચંદરવાકરનું પ્રદાન' વિશે પરિસંવાદ.
૧૮. તા. ૨૩-૨-૨૦૧૩ના રોજ અક્ષરા, વડોદરાના સંયુક્ત ઉપક્રમે 'જયમલ્લ પરમાર જન્મશતાબ્દી પરિસંવાદ'
૧૯. તા. ૨૪-૨-૨૦૧૩ના રોજ શિવશક્તિ સ્ટડી સર્કલ ટ્રસ્ટ, ભૂજના સંયુક્ત ઉપક્રમે શ્રી દુલેરાય કારાણીનું લોક-સાહિત્ય ક્ષેત્રે પ્રદાન વિષયક પરિસંવાદ
૨૦. તા. ૭-૮-૨૦૧૩ના રોજ ગૂર્જરી ટ્રાયબલ ફાઉન્ડેશન, અંબાજીના સંયુક્ત ઉપક્રમે 'ઉત્તર ગુજરાતનું આદિવાસી લોકસાહિત્ય' વિષયક પરિસંવાદ

**કલામર્મિઓ : કંઠ કહેણી અને કલાયાત્રા વિષયક દસ્તાવેજીકરણ અને વિડિયો રેકોર્ડીંગ :**

લોક, સંત અને ચારણી સાહિત્યના કંઠસ્થ પરંપરાના મૂર્ધન્ય કલામર્મિઓની કલાયાત્રા અને ગાયકી-કહેણી સંદર્ભે મુલાકાત લઈને તેનું વિડિયો રેકોર્ડીંગ કરીને તે સામગ્રીને ભાવિ પેઢી માટે સુરક્ષિત કરવા દસ્તાવેજીકરણ કરવાનું આયોજન કરેલ છે. જેમાં પ્રારંભે નીચે દર્શાવેલ વરિષ્ઠ વિદ્વાનોની મુલાકાત લેવામાં આવેલ છે.

૧. તા. ૧૭-૨-૨૦૧૩, સુરેન્દ્રનગર ખાતે ચારણી શૈલીના વાર્તાકાર લાભુભાઈ ભાંસળિયા મુલાકાત લેનાર : પ્રવીણદાન પી. બોક્ષા

૨. તા. ૧૭-૨-૨૦૧૩, સુરેન્દ્રનગર ખાતે ચારણી સાહિત્યના મર્મજ્ઞ શ્રી પ્રવીણદાન પી. બોક્ષા, મુલાકાત લેનાર. ડૉ. બળવંત જાની

૩. ૧૪-૩-૨૦૧૩, રાજકોટ ખાતે ડિંગળ સાહિત્યના સમર્થ કવિ-સંશોધક ડૉ. શક્તિદાન કવિયા મુલાકાત લેનાર : ડૉ. અંબાદાન રોહડિયા

૪. ૧૭-૩-૨૦૧૩ જાંબુડા જિ. જામનગર ખાતે લોકગાયક અને ચારણી પરંપરાના સમર્થ વિદ્વાન શ્રી લાખાભાઈ ગઢવી મુલાકાત લેનાર : ડૉ. બળવંત જાની.

૫. તા. ૨૧-૩-૨૦૧૩ રાજકોટ ખાતે લોકપરંપરાના સમર્થવાર્તાકાર દરબાર શ્રી પુંજાવાળા. મુલાકાત : ડૉ. અંબાદાન રોહડિયા

૬. તા. ૨૪-૩-૨૦૧૩, જૂનાગઢ ખાતે લોકપરંપરા અને ચારણી શૈલીના સમર્થ વિદ્વાન શ્રી ભીખુદાનભાઈ ગઢવી, મુલાકાત : ડૉ. નિરંજન રાજ્યગુરુ

૭. તા. ૨૯-૩-૨૦૧૩, રાજકોટ ખાતે સંતવાણીના સમર્થ ભજન ગાયક શ્રી હેમંતભાઈ ચૌહાણ, મુલાકાત લેનાર : ડૉ. સુનિલ જાદવ

૮. તા. ૩-૪-૨૦૧૩, થાનગઢ ખાતે હાસ્ય સમ્રાટ શ્રી શાહબુદ્દીન રાઠોડ, મુલાકાત લેનાર : રામકુભાઈ ખાચર

૯. તા. ૨૬-૪-૨૦૧૩, ડૉ. ઈન્દુબહેન પટેલ, કોટા(રાજસ્થાન) ગોહિલવાડના લોકપરંપરાના સમર્થ સંશોધક અને ચારણી પરંપરાની ચરજોના ગાયક શ્રી ઈન્દુબહેન ગઢવી, મુલાકાત : ડૉ. ઊર્મિલાબહેન શુક્લ



# આ અંકના લેખકો

**ડૉ. હસુ યાજ્ઞિક,** ૧, પદ્માવતી બંગલોઝ, ભાવિન સ્કૂલ - મહાલક્ષ્મીધામ સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯

**ડૉ. ઈન્દુબેન પટેલ,** Kota Maternity Hospital, C.A.D. Choraha, 639, Dadawadi

**ડૉ. અંબાદાન રોહડિયા,** 'રવેચીકૃપા', ૪, હરિનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫. મો. ૯૪૨૬૫ ૩૦૦૦૫

**ડૉ. ઊર્મિલાબેન શુક્લ,** 'તીર્થ', ૨૬૪, જનકપુરી, આકાશવાણી સ્ટાફ ક્વાર્ટસની પાછળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫

**શ્રી પ્રવીણ ગઢવી,** 'આશવ લોક', ૪૬૬/૨, સેક્ટર-૧, ગાયત્રી મંદિર પાછળ, ગાંધીનગર-૩૮૨૦૦૧

**ડૉ. બળવંત જાની,** પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫. મો. ૯૪૨૮૨ ૦૭૦૦૦

**ડૉ. પ્રદ્યુમ્ન ભ. ખાચર,** 'શિવશક્તિ', વાલાણીનગર, પ્લોટ નં. ૧૪, ઝાંઝરડા રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧

**ડૉ. કિરીટ એચ. શુક્લ,** બ્લોક નં. ૫/૫૬, એચ.આઈ.જી., સરદાર પટેલ કૉલોની, સેક્ટર-૧૪,ગાંધીનગર-૩૮૨૦૧૬

વિક્રમ સંવતના ૨૦૭૦ના નૂતન વર્ષારંભે ‘શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર’ તરફથી શુભકામનાઓના પ્રતીકરૂપ આ અંક છે. અભ્યાસીઓમાં અને વ્યાપક સમાજમાં એનો સમાદર થતો જાય છે. લોકવિદ્યાશાખાને સમર્પિત વિદ્વાન સંપાદકને અભ્યાસીઓ પાસેથી દૃષ્ટિપૂત એવી નૂતન સામગ્રી મળતી રહે છે એને કારણે અંક લોકવિદ્યાજ્ઞાન સંદર્ભે ઘણો સમૃદ્ધ બનતો રહ્યો છે. આ નૂતન સ્વરૂપના સામયિકના પાંચ વર્ષના ગ્રાહકો થયા છે એની નામાવલિ આવતા અંકથી મુદ્રિત કરવાના છીએ. લોકસંસ્કૃતિરસિકોને અને વિદ્યાસંસ્થાઓને પંચવાર્ષિક ગ્રાહક યોજનામાં સામેલ થવા નૂતનવર્ષારંભે સંકલ્પબદ્ધ થવા વિનંતી. આ વિષયના લોક, સંત અને ચારણી સાહિત્ય સંદર્ભે કે લોકવિદ્યા સંદર્ભે અભ્યાસલેખો મોકલવાનું પણ સૌને નોતરું પાઠવું છું. આશા છે કે આપના તરફથી પ્રતિઘોષ રૂપે પ્રકાશનાર્થે સામગ્રી મળશે. કેન્દ્રની અન્ય પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે દરખાસ્તની પણ રાહ છે.

**ડૉ. અંબાદાન રોહડિયા**
માનદ્ નિયામક



લોકગુર્જરી સળંગ અંક : ઓગણત્રીસ (ત્રૈમાસિક : દ્વિતીય વર્ષ, દ્વિતીય અંક)

ISSN : 2320-8872

# લોકગુર્જરી

**સળંગ અંક : ઓગણત્રીસ**

॥ પરામર્શી સામયિક ॥

**(ત્રૈમાસિક : દ્વિતીય વર્ષ, દ્વિતીય અંક)**

સંપાદક
**ડૉ. બળવંત જાની**



**શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

# લોકગુર્જરી

## સળંગ અંક : ઓગણત્રીસ

॥ પરામર્શી સામયિક ॥

**(ત્રૈમાસિક : દ્વિતીય વર્ષ, દ્વિતીય અંક)**

: સંપાદક :

**ડૉ. બળવંત જાની**

***શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર***

*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫*

**'Lok Gurjari-29'**
Quartely Reffered Journal of Oral Traditional folk Literature of Gujarat, Edited by Dr. Balvant Jani, Published by 'Shri Zaverchand Meghani Loksahitya Kendra' and Gujarat Sahitya Academy, Gandhinagar-382017

ISSN : 2320-8872

પ્રત : ૫૦૦

પૃષ્ઠ : ૧૦+૧૧૦=૧૨૦

મૂલ્ય : છૂટક કિંમત રૂ. ૧૦૦-૦૦

**(વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦૦-૦૦, પંચવાર્ષિક રૂ. ૧૦૦૦-૦૦, વિદેશમાં રૂ. ૬૦૦-૦૦)**

આવરણ ચિત્ર : **વનવાસી લોકવાદ્ય 'માદળ' વિક્રમ ચૌધરી**

પ્રકાશક :
**ડૉ. અંબાદાન રોહડિયા**
માનદ્ નિયામક,
શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦૦૦૫
ફોન : ૯૪૨૬૫ ૩૦૦૦૫

મુદ્રક :
**ક્રિષ્ના ગ્રાફિક્સ**
૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૦૭૯-૨૭૪૯૪૩૯૩

## સંપાદકીય.....

'લોકગુર્જરી' ત્રૈમાસિકનો આ સળંગ ઓગણત્રીશમો અંક બે-ત્રણ રીતે મહત્ત્વનો બન્યો છે. લાભશંકર પુરોહિત જેવા સન્માન્ય વિદ્વાન દ્વારા નિયમિત રીતે પ્રત્યેક અંકે કંઈક શબદ પ્રસાદી પ્રાપ્ત થવાની છે. નરેશ વેદ પણ પ્રત્યેક અંકે સંતસાહિત્ય સંદર્ભે કશુંક પીરસતા રહે છે. મારી અને હસુભાઈ યાજ્ઞિકની ઉપસ્થિતિ પ્રત્યેક અંકે રહી છે. આપણે ત્યાં વનવાસી સાહિત્યની રચનાઓ વિશે ચર્ચા-આલોચના થતી રહી છે પણ એના વિશિષ્ટ વાદ્યોથી લગભગ અપરિચિત રહ્યા છીએ. લોકવાદ્યો વિશે જયમલ્લ પરમાર, જોરાવરસિંહ જાદવ અને હસુ યાજ્ઞિક આદિના લેખો છે. કચ્છી લોકવાદ્યોની પણ જાણકારી સુલભ છે. વનવાસી સાહિત્યના ક્ષેત્રકાર્યને આધારે પોતાનો સ્વાધ્યાય પ્રસ્તુત કરીને જાણીતા થયેલા તરુણ અભ્યાસી ડૉ. વિક્રમ ચૌધરીની પાસે ટહેલ નાખીને કહ્યું કે પ્રત્યેક અંકે એક-એક વનવાસી લોકવાદ્યનો વિગતે પરિચય કરાવતા લેખો આપો. તેમણે લેખ આપ્યો. અમારી ઈચ્છા હતી કે વાદ્ય સાથે સંકળાયેલ ગીતો, એના પ્રસ્તુતીકરણના દૃશ્યો અને વાદ્યનો ફોટાગ્રાફ પણ પ્રાપ્ત થાય તો વધુ સમુચિત રીતે વિગતને પ્રસ્તુત કરી ગણાય. ડૉ. વિક્રમભાઈએ સતત ફોન, ઈ-મેઈલથી સંપર્ક રાખીને બધુ સુલભ કરી આપ્યું અને બીજા વાદ્યનો પણ લેખ મોકલી આપ્યો છે. આમ પ્રત્યેક અંકે વનવાસી સાહિત્યના પ્રસ્તુતીકરણમાં માધ્યમરૂપ વનવાસી લોકવાદ્ય વિશે સામગ્રી પ્રગટ થતી રહેશે. આપણે ત્યાં બીરબલની ચતુરાઈકથાઓ, અન્ય રાજ્યની તેનાલીરામની બુદ્ધિકસોટીની કથાઓ પ્રચલિત છે. પાંચાળમાં વિશેષ પ્રચલિત ચારણની ચતુરાઈકથાઓ છે. આવી કથાઓમાં આપણું ડહાપણ, આપણી કોઠાસૂઝ અને સહુકોઈને ન્યાય મળી રહે, વિવિધ પ્રકારની સમસ્યાઓ અને એનું સમાધાન કેન્દ્રમાં હોય છે. આવી લૌકિકકથાસંદર્ભની કંઠસ્થપરંપરામાં જળવાઈ રહેલી ચારણની ચતુરાઈ કથાઓ પણ પ્રત્યેક અંકે પ્રસ્તુત થશે. આમ હવે ધીરે-ધીરે 'લોકગુર્જરી'ને મહત્ત્વની સામગ્રી નિયમિત રૂપે મળે એવું માળખુ ગોઠવાતું જાય છે. ડૉ. રવજી રોકડ અને રમેશ મહેતાએ કંઠસ્થપરંપરાના મરમીઓની મુલાકાતો લીધેલી એ સુદીર્ઘ સ્વરૂપની કેફિયત જેવી મુલાકાતો પણ આગામી અંકથી શરૂ થશે. કોઈ પણ સંપાદકને સામયિક માટે સામગ્રી મળે એનો પરમ આનંદ થતો હોય છે. 'લોકગુર્જરી'ને પ્રકાશનાર્થે ઘણી સામગ્રી મળતી રહે છે. પસંદગીમાં થોડો સમય જાય, ચકાસણી-પરામર્શનકાર્ય પણ ક્યારેક લંબાય એ કારણે ગ્રંથમુદ્રણમાં સમય જળવાઈ શકાતો નથી પણ શ્રદ્ધા છે કે ધીરે-ધીરે એનું સમયપત્રક પણ સાનુકૂળ સ્વરૂપે આકાર ધારણ કરશે. સંપાદકીયના પ્રારંભે આ પ્રસન્નક્ષણોને વહેંચવું મને જરૂરી જણાયું. લોકગુર્જરીનો ભારે સત્કાર થઈ રહ્યો છે. રૂપિયા એક હજારમાં પાંચ વરસ માટેના નોંધાયેલા ગ્રાહકોની યાદી પણ આગામી અંકથી પ્રસિદ્ધ કરવાનું ધાર્યું છે.

* * *

પ્રસ્તુત અંકમાં અગિયાર રચનાઓ છે, અને ત્રણ વિભાગ છે. પ્રથમ વિભાગનું શીર્ષક **'સંત અને સંતવાણી'** છે. એમાં પ્રથમ લેખ **ડૉ. નરેશ વેદ**નો છે. **'સંતવાણીનાં રૂપકો'** લેખમાં એમણે આપણી પરંપરાની બે ભજનરચનાઓની સંપૂર્ણ વાચના અને એનું રૂપકાશ્રિત અર્થઘટન એમાંના નિહિત મર્મ સાથે સમજાવ્યું છે. પ્રથમ રચના ધીરાની છે અને બીજી રચના કબીરની છે. અવળવાણી લાગે, ગૂઢાર્થને ગાતી આ રચનાઓ કેવી માર્મિક છે અને માનવજીવનનું લક્ષ્ય શું હોય, એના સંકેતો એમાં નિર્દેશાયેલા છે. એ બધુ નરેશ વેદે અહીં તાર્કિક રીતે વિશ્લેષણ કરીને ચીંધી બતાવ્યું છે : **ડૉ. બાબુ પટેલ** ઉત્તર ગુજરાતને કેન્દ્રમાં રાખીને કથાઓ, ગીતો અને ત્યાં પ્રચલિત સંતો વિશે સ્વાધ્યાયરત છે. તેમણે ત્યાંના **સદારામની સંતવાણી** સંદર્ભે વિગતે લેખ તૈયાર કર્યો છે. ભજન પરંપરા આજે પણ જીવંત છે. સંતચરિત્ર પણ પરંપરાને અનુસરીને ઘડાયું હોય તેવું આ લેખ પરથી સમજાય છે. **ડૉ. અંબાદાન રોહડિયા**એ ચારણી સંત **'હરદાસ મિસણની પોતીકી કથનકળા'** નામના અભ્યાસલેખમાં ચારણી કથામૂલક આખ્યાનકૃતિઓની આગવી કથનકળાનો પરિચય કરાવ્યો છે. આગવા વર્ણનો, અનોખો છંદવિનિયોગ અને કાવ્યબાનીને

કારણે લય-નાદનું પ્રભાવી-છટાદાર વર્તુળ રચાતું હોઈને મધ્યકાલીન ગુજરાતી આખ્યાન પરંપરાની સમાન્તરે ગુજરાતમાં પ્રચલિત આગવા અવાજની ઓળખ કરાવી છે.

બીજો વિભાગ **'લોકસાહિત્યના આરાધકો'**માં **ડૉ. હસુ યાજ્ઞિકે** ચારણી અને સંતસાહિત્ય ક્ષેત્રના જયમલ્લ પરમારના પ્રદાનનો પરિચય કરાવ્યો છે. જયમલ્લભાઈ એટલે બહુધા લોકસાહિત્ય ક્ષેત્રના અભ્યાસી એવી છાપ દૃઢ થઈ છે પણ એમનું ચારણી સાહિત્ય અને સંતસાહિત્ય ક્ષેત્રે પણ ઘણું મહત્ત્વનું કાર્ય પ્રકાશિત છે. હસુભાઈએ એ બન્ને પાસાઓમાં જયમલ્લભાઈના અર્પણને આપણી સમક્ષ ખોલી બતાવ્યું છે. **હર્ષદાબહેન શાહે** કવિશ્રી ઉમાશંકર જોશીના લોકસાહિત્ય સંદર્ભના સંપાદન - સંશોધનનો પરિચય કરાવતો સ્વાધ્યાયલેખ આપ્યો છે. એમાં પણ ઉમાશંકરના લગભગ ચૂકી જવાયેલા કાર્યને સાગરકાંઠાના લોકસાહિત્યને સંપાદિત કરવાનું અને એના વિશે ગુજરાતના કંઠસ્થ પરંપરાના સાહિત્યસંદર્ભે નવા અવાજથી સુપરિચિત થવાય એ પ્રયત્નની તપાસ અહીં થયેલી છે. **ડૉ. બળવંત જાની**એ ડૉ. હસુ યાજ્ઞિકના લોકવિદ્યાકીય પ્રદાનને વિગતે તપાસીને એમના દ્વારા થયેલા વૈવિધ્યપૂર્ણ અને શાસ્ત્રીયકાર્યો કઈ રીતે મધ્યકાલીન ગુજરાતી લૌકિક પરંપરા સાથે અનુસંધાન ધરાવે છે એ પણ તારવી બતાવ્યું છે. રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કાર્યનો અભ્યાસ એમની પાસે એ કક્ષાના સંશોધનો કરાવે છે. હસુભાઈનું કાર્ય સીમાસ્તંભરૂપનું ગણાય એ પ્રકારનું છે. એની આધાર વિગતો પણ સ્વાધ્યાયલેખોમાં સ્થાન પામી છે.

ત્રીજો વિભાગ **'લોકસાહિત્ય, લોકવિદ્યાવિમર્શ અને કથા'** સંદર્ભે છે. **લાભશંકર પુરોહિતે** આપણાં એક ખૂબ જ પ્રસિદ્ધ લગ્નગીતમાં આવતા એક શબ્દ 'હેમર હાથીડો'ને કેન્દ્રમાં રાખીને સમગ્ર લોકગીતની અને લોકપરંપરાની વિશદ ચર્ચા કરી છે. આ નિમિત્તે સમગ્ર લોકગીતનો આસ્વાદ કરાવે છે. પણ અહીં સાથે-સાથે એક નૂતન પાઠ પણ ઉપલબ્ધ થાય છે. ગુજરાતની તળપદી સંસ્કૃતિ, તળપદા રીત-રિવાજો અને તળપદી છટાનું સમુચિત સાંસ્કૃતિક આલેખન અહીં ભળ્યું હોઈને આસ્વાદલેખ સંસ્કૃતિકેન્દ્રી સ્વાધ્યાયલેખની કક્ષાએ પહોંચે છે. આવા કલ્ચરલ સ્ટડીઝ આખરે આપણી મૂલ્યવત્તા બનતા હોય છે. પુરોહિત સાહેબના બીજા લેખની રાહ છે. એમની આરંભાતી લેખમાળાના ઓવારણા લઈએ. લોકસાહિત્યમાં પ્રકૃતિના તત્ત્વોને-સત્ત્વોને જાળવવાનો અને એની મહત્તાનો નિર્દેશ આડકતરી રીતે આવી જતો હોય છે. આજના સમયમાં સભ્યસમાજમાં વિકસેલી પર્યાવરણીય



દૃષ્ટિનું લોકસાહિત્યમાં થયેલું નિરૂપણ લોકના વ્યાપક અને વિશાળ દૃષ્ટિકોણનું પરિચાયક છે. લોકસાહિત્યના અભ્યાસી અને જાળવણીના કાર્યથી જાણીતા થયેલા **રાજુલ દવે** એ આ વિશે લેખ લખીને હમણાં-હમણાંથી આપણે ત્યાં ભળેલા 'ઈકો ક્રિટિસિઝમ' કે એન્વાયરમેન્ટલ આસ્પેક્ટ વિષયે મહત્ત્વની વિગત એમની પાસેથી પ્રાપ્ત થાય છે. **ડૉ. નયના અંટાળા** લોકવિદ્યાના વાદકોના અભ્યાસી છે. એમણે આપણે ત્યાં પ્રકાશિત ઘણી-બધી સામગ્રીને આધારે આપણાં લોકવાદ્યોની ઉત્પત્તિની વિગતોનો પરિચય કરાવીને પછી એનું વર્ગીકરણ પણ પ્રસ્તુત કર્યું છે. ડૉ. વિક્રમ ચૌધરીનું કાર્ય રેવાબહેન તડવી, શંકરભાઈ તડવી, શાંતિભાઈ આચાર્ય અને ભગવાનદાસ પટેલ પછીના સંશોધકોમાં ઘણું મહત્ત્વનું જણાય છે. રેવાબહેન અને શંકરભાઈની માફક તેઓ પણ જન્મજાત આદિવાસી હોઈને એની સંસ્કૃતિના લગભગ બધા સત્યો એમણે આત્મસાત કરેલા છે. અહીં આદિવાસી લોકવાદ્ય માદળ વિશે વિશદ્ વિગતો છે અને સાથે-સાથે એની સાથે જોડાયેલા કથાગીતો પણ સંપાદિત કર્યા છે. આ રીતે સામગ્રીને પ્રસ્તુત કરવાની એની રીત પણ ઘણી શાસ્ત્રીય જણાય છે. આ વાદ્યનું અનુસંધાન પ્રાચીન ભારતીયવાદ્ય પરંપરા સાથે કેટલું તીવ્ર રીતે છે તેની વિગત પણ પ્રાપ્ત થાય છે. આપણે પાછળથી મૂળ માદળના આકાર અને બનાવવાની પદ્ધતિમાં ફેરફાર કરીને ઢોલ, ઢોલક આદિ વાદ્યો પ્રચલિત કર્યા જણાય છે. ઢોલનું પણ પૂર્વરૂપ માદળ જણાય છે. હસ્તપ્રતમાં નિર્દેશાયેલા નામોલ્લેખ અને માદળની સાથે સંકળાયેલ કંઠસ્થપરંપરામાં પ્રચલિત સામગ્રીની પ્રાચીનતા વિશે પૃચ્છા કરી તો વિક્રમે એને ખાસ્સું જૂનવાણી જણાવેલું. આવી રીતે બધી સામગ્રીનું એકત્રીકરણ અને પ્રકાશન થાય તો તુલનાત્મક અધ્યયનનો સંગીતવિદ્યાક્ષેત્રે પણ અવકાશ ઉભો થાય. 'લોકગુર્જરી' આમાં નિમિત્ત બને છે એનો આનંદ છે. આવા પ્રાચીન પરંપરિત વાદ્યોની વિગતોના વિશેષ લેખો પણ પ્રકાશિત થવામાં છે. વિક્રમ ચૌધરી દ્વારા પ્રાપ્ત આવી શ્રદ્ધેય સામગ્રીથી અધ્યયન-સંશોધનની એક નૂતન દિશા ખૂલે છે એની પ્રસન્નતા છે.

ગામડા-ગામમાં કાંય કોર્ટ કચેરી ન હોય, નાના-નાના ભાયાતોના - ગિરાસદારોના રજવાડાંમાં કાંઈ અદાલત ન હોય. ત્યાં તો સર્વમાન્ય બુદ્ધિશાળી અને ડહાપણ-શાણપણ ધરાવતા વાતડાહ્યાના સમાધાનસૂચક ન્યાયને માન્ય ગણવામાં આવતો. બીરબલના, તેનાલીરામના અને નાગર, નગરશ્રેષ્ઠના કે પંડિતગૃહસ્થના દૃષ્ટાંતોની બુદ્ધિ-ચાતુર્ય અને ડહાપણથી તોળેલા ન્યાયની ઘણી કથાઓ પ્રચલિત છે. એમના યોગક્ષેમનું આજિવિકાનું સાધન પણ આમાંથી મળતો પુરસ્કાર જ હોય. અહીં પાંચાળમાં પ્રચલિત ગગાભાની-ચારણની ચતુરાઈ કથાઓ પ્રચલિત

છે. શતાધિક વર્ષથી મુખપાઠ પરંપરામાં તરતી રહેલી આવી કથાઓ આપણી સમાજસેવાકાર્ય પરંપરાનું ઊજળું દૃષ્ટાંત છે. મૂળે તો સોશ્યલવર્કના અભ્યાસમાં રત અને લોકસાહિત્ય કે કંઠસ્થપરંપરાના સાહિત્યમાંથી ઉઘડતું સમાજવિદ્યામૂલક જ્ઞાન જેવા વિષયે કાર્ય કરવા માટે એકત્ર કરેલી પ્રા. પુલકેશી જાનીની આ સામગ્રી લૌકિક કથાસાહિત્ય માટે પણ એક નવો પ્રદેશ ખોલનારી છે. લૌકિકકથા પરંપરામાં આવી કથાઓના આ પૂર્વે જોરાવરસિંહ જાદવે દૃષ્ટાંતો સુલભ કરાવેલા. ગિજુભાઈની અને બીજી બાળલોકકથાઓમાં પણ આના દૃષ્ટાંતો પ્રાપ્ય છે. અહીં ગગાભા ગઢવીએ તોળેલા ન્યાયની અને એમાંથી ઉપસતી આપણી ન્યાયતોલન પરંપરાનું સમાજચિત્ર ખડું થાય છે. **'ચારણ કરોને ન્યાય'** કંઠસ્થપરંપરાની કથા આનું દૃષ્ટાંત છે. પચાસ-સાંઠ વર્ષે પૂર્વેના બોલચાલના લહેકા-બોલીના શબ્દો, સમાજવ્યવસ્થા-સંસ્કાર-સંસ્કૃતિ પણ એમાં નિહિત છે. બ્રાહ્મણ પછી ચારણની મહત્તા સમાજમાં સર્વસ્વીકૃત હતી, એના દ્વારા અન્યાયની સામે લડત પણ આચરાતી. એમણે તોળેલા ન્યાય સામે કોઈ હરફ નહોતું ઉચ્ચારતું. પાંચાળમાં પારેવાળા, ભોંયરા, કડુકા, જસદણ, ખડકાણા, આણંદપર, ચોટીલા જેવા ઠાંગા તરીકે ઓળખાતી પટ્ટીમાં પરજીયા ચારણોની એક શાખાનું અસ્તિત્વ આજે પણ છે. એના નામ પાછળ દાન ન લાગે પણ ભા વિશેષણ પ્રયોજાતું જોવા મળે છે. બહુધા બળદ અને અશ્વના વેપારમાં અને વ્યાજ વટાવનાં કાર્યમાં કે આ રીતે નગરશેઠ કે ભાયાત કાઠી દરબારો સાથે એમનો ઘરોબો અને પ્રજા-સમાજસમૂહમાં પણ દેવીપુત્ર તરીકેના માનસન્માન. ચારણ ગગાભાની હવે પછીની ચતુરાઈ-ડહાપણને પ્રગટાવતી કથાઓ પણ આસ્વાદ્ય બની રહેશે.

* * *

**'લોકગુર્જરી - ૨૯'**ની સામગ્રીમાં સંતો અને સંતવાણી વિશેના લેખો દ્વારા નૂતન સામગ્રી પ્રાપ્ત થાય છે. લોકસાહિત્યમાં આરાધકોએ ખેડેલા સાહિત્ય-સંપાદન પ્રદેશની જાણકારી પ્રાપ્ત થાય છે. અને લોકસાહિત્ય, લોકવિદ્યા વિષયક આસ્વાદ અને અવબોધની પણ વિશેષ સામગ્રી ઉપલબ્ધ બને છે. આવી બધી શક્યતાઓ હવે લોકગુર્જરીના ત્રૈમાસિક-સામયિક સ્વરૂપને કારણે પરિણામદાયી બની છે. એની પ્રસન્નતા સાથે આ અંક નૂતનવર્ષની શુભેચ્છા પણ પાઠવે છે.

શારદાપૂજન દિવસ-દિવાળી — **બળવંત જાની**

તા. ૩-૧૧-૨૦૧૩



# 'લોકગુર્જરી' - ત્રૈમાસિક

- **'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર'** દ્વારા પ્રકાશિત ત્રૈમાસિકના એક વર્ષમાં કુલ ચાર અંકો જૂન, સપ્ટેમ્બર, ડિસેમ્બર અને માર્ચ માસમાં પ્રગટ થશે.
- **'લોકગુર્જરી'**નું વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦-૦૦ છે, પંચવાર્ષિક રૂ. ૧૦૦૦-૦૦ છે અને વિદેશ માટે રૂ. ૬૦૦-૦૦ છે.
  લવાજમ ચેક દ્વારા સ્વીકારવામાં નહીં આવે. લવાજમ રોકડેથી અથવા મ.ઓ. દ્વારા મોલકવું, ડ્રાફ્ટ **ગુજરાત સાહિત્ય અકાદમી**ના નામે જ મોકલવા વિનંતી.
- **છૂટક અંકો મેળવવા માટે** પણ ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૨૩૨૫૬૭૯૭-૯૮નો જ સંપર્ક કરવો.
- **'લોકગુર્જરી'**માં પ્રગટ થતાં લખાણોની પસંદગી બાબતે સંપાદકનો નિર્ણય આખરી ગણાશે. પ્રગટ થતાં લખાણોની રીતિ અને વિચાર સાથે કેન્દ્ર તેના સંપાદક, નિયામક, સલાહકાર સમિતિની સહમતિ અનિવાર્ય નથી. જવાબદારી જે તે લેખકની રહેશે.
- લોક, સંત અને ચારણી સાહિત્યના વિવેચન લેખો, રચનાઓ, લોકવિદ્યા વિશેના લેખો, મુલાકાતો ઇત્યાદિ પ્રકારની સામગ્રી ગુણવત્તાના ધોરણે સ્વીકારવામાં આવશે. **ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર માટેના પુસ્તકો અને વિનિમય માટે સામયિક પણ આવકાર્ય છે.**
- **લેખકોએ પ્રત્યેક કૃતિ કે લખાણ નીચે પોતાનું નામ-સરનામું તથા ફોન નંબર અને ઈ-મેઈલ એડ્રેસ અવશ્ય જણાવવાં.**
- સ્વીકૃત કે અસ્વીકૃત કૃતિની જાણકારી મેળવવા અથવા કૃતિ પાછી મેળવવા પોતાનાં નામ સરનામાવાળું પોસ્ટકાર્ડ કે પરબીડિયું જોડવું અનિવાર્ય છે. એ સિવાય પ્રત્યુત્તર આપી શકાશે નહીં.
- **સાહિત્યિક કૃતિઓ મોકલવાનું સરનામું :**
  **ડૉ. બળવંત જાની,** 'તીર્થ', ૨૬૪, જનકપુરી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫
- અંકો રવાના થયા પછી કોઈ અંક ગ્રાહકને ન મળે તો કેન્દ્રની જવાબદારી રહેતી નથી. ગ્રાહકનંબર સાથે પત્ર લખવાથી અંક ઉપલબ્ધ હશે તો કાર્યાલય દ્વારા મોકલવામાં આવશે.
- અંક તેમ જ લવાજમ અંગેનો પત્ર વ્યવહાર **ગુજરાત સાહિત્ય અકાદમી** અથવા **ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર** ખાતે કરવો.
- **હર્ષદ ત્રિવેદી**, મહામાત્ર, અને **શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**, ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨ ૦૧૭. ફોન : (૦૭૯) ૩૨૩૫૬૭૯૭-૯૮

# અનુક્રમણિકા


*વિભાગ - ૧ : સંત અને સંતવાણી*

| | | |
|---|---|---|
| ૧. સંતવાણીનાં રૂપકો | ડૉ. નરેશ વેદ | ૩ |
| ૨. સંતસાહિત્યમાં સંત સદારામનું પ્રદાન | ડૉ. બાબુ પટેલ | ૯ |
| ૩. હરદાસ મિસણ : પોતીકી કથનકળા | ડૉ. અંબાદાન રોહડિયા | ૨૫ |


*વિભાગ - ૨ : લોકસાહિત્યના આરાધકો*

| | | |
|---|---|---|
| ૪. ચારણી અને સંતસાહિત્ય ક્ષેત્રે જયમલ પરમારનું આગવું પ્રદાન | ડૉ. હસુ યાજ્ઞિક | ૪૧ |
| ૫. લોકસાહિત્યના સંપાદનક્ષેત્રે ઉમાશંકર જોશીનું આગવું પ્રદાન | પ્રા. હર્ષદાબહેન શાહ | ૪૬ |
| ૬. લોકવિદ્યાકીય ક્ષેત્રે ડૉ. હસુ યાજ્ઞિકનું આગવુ પ્રદાન | ડૉ. બળવંત જાની | ૫૬ |

*વિભાગ - ૩ : લોકસાહિત્ય, લોકવાદ્યવિમર્શ અને કથા*


| | | |
|---|---|---|
| ૭. 'હેમર હાથીડો' : વ્યંજનાબલિષ્ઠ લોકકલ્પન | લાભશંકર પુરોહિત | ૭૩ |
| ૮. લોકસાહિત્યમાં પર્યાવરણ જાળવણીનું કથન | રાજુલ દવે | ૮૧ |
| ૯. લોકવાદ્યો : ઉત્પત્તિ અને વર્ગીકરણ | ડૉ. નયના અંટાળા | ૮૭ |
| ૧૦. લોકવાદ્ય માદળ અને કથાગીત | ડૉ. વિક્રમ ચૌધરી | ૯૧ |
| ૧૧. ચારણ કરોને ન્યાય | પ્રા. પુલકેશી જાની | ૧૦૦ |
| ❑ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર – કાર્યવૃત્ત | ડૉ. અંબાદાન રોહડિયા | ૧૦૩ |



વિભાગ - ૧

# સંત અને સંતવાણી



# ૧

## સંતવાણીનાં રૂપકો

**ડૉ. નરેશ વેદ**

ભજનોમાં સંતોની વાણી રૂપકાત્મક, પ્રતીકાત્મક તેમ જ અધ્યાત્મ કે યોગ વિદ્યામૂલક હોવાને કારણે ગૂઢ લાગે છે. એમાં કેટલીક વખત અવળવાણી જેવું પણ લાગે. ત્યારે આવાં ભજનોના આસ્વાદ અને અવબોધમાં મુશ્કેલી જણાય છે. આવાં કેટલાંક ભજનોનો પરિચય કરીએ.

દાસ ધીરાનું આવું એક ભજન છે : 'ગુરુજી મારા વખને વારો રે.' એનો પાઠ આ મુજબ છે :

*સંશયરૂપી સર્પનું રે, ગુરુજી મારા વખને વારો રે,*
*એવો બિગાડ નાખો કાઢી રે, સોનીડો જેમ સોનું ગાળે.*
*હાથીએ જન્મી બકરી રે, બકરીએ જન્મ્યો ઊંટ,*
*ઊંટની ડોક આસમાનમાં રે, પહોંચી ચારે ખૂંટ;*
*એવા ખૂંટને બાંધો ઠૂંઠે રે, છૂટ્યો ઊંટ ઊંધું મારે. સંશયરૂપી સર્પનું રે...*

*ઊંટ-બકરીનો સંયોગ થયો બચલાં આવ્યાં એકવીસને સાત,*
*જ્ઞાની હોય તો ગોતી લેજો મૂરખ ન જાણે વાત;*
*એવે બચલે ખેતર ભેળ્યાં રે, રબારી વિના બચલાં કોણ વાળે ? સંશયરૂપી સર્પનું રે...*

*ઊંટ-બકરીનો વિષવાદ થયો, ઊંટ સે બડી બકરી,*
*રાજા રાવણનું જોર ન ચાલે, ભણેલા નર ગયા ભૂલી;*
*બકરી ગઈ છે વકરી રે, બળી મૂઆ બકરીની લાળે. સંશયરૂપી સર્પનું રે...*



*ઊંટ-બકરી કોઈના નાથ્યામાં નહિ રે, ચરે મેવાડના માલ,*
*દિન ઊગેને આથમે તોયે ઘરની ન લે સંભાળ;*
*એવા લીલુડા વેલા ચરવા રે, વળગે કાંટાળી વાડે. સંશયરૂપી સર્પનું રે...*

*બકરી ઊંટના ચારનારને ન હોય હાથ-પગ-માથું કે શીશ;*
*જ્ઞાની હો તો ગોતી લેજો ચઢે મૂરખને રીસ;*
*દાસ ધીરો કહે છે રે, એમાં નથી કાચું... સંશયરૂપી સર્પનું રે...*

મલ, વિક્ષેપ અને આવરણને કારણે ખરું સત્ય સમજાય નહીં, જેટલા પંથ અને શાસ્ત્રો એટલા મત, એ બધા મતમાંથી કયો સાચો કયો ખોટો એવા સંશયમાં ગોથાં ખાતું મન દુવિધામાં રહેતું હોય ત્યારે દિવ્યપથનો કોઈ અભીપ્સુ સદ્‌ગુરુ પાસે જઈને જાણે વિનંતી કરતો હોય એ રીતે આ ભજનની શરૂઆત થાય છે.

મારા મનમાં ઊભા થતા સંશયોરૂપી સાપનું ઝેર કેમેય ઊતરતું નથી માટે હે સદ્‌ગુરુ ! મારામાં રહેલા મલ, વિક્ષેપ અને આવરણ જેવા મારા મનના બગાડને, જે રીતે સોની સોનાની અશુદ્ધિઓ ગાળીને એને શુદ્ધ કરે છે તેમ, શુદ્ધ કરો.

અભીપ્સુની આવી આર્જવવાણી સાંભળી સદ્‌ગુરુ એની સમસ્યાનું નિદાન કરતા હોય અને એ ખરાબી, એ બગાડ, એ વિષને દૂર કરવા ઉપચાર સૂચવતા હોય એમ જણાવે છે કે ભાઈ ! આત્મા હાથીરૂપ છે. આ આત્મા માયામાં ખરડાયો એટલે બકરી (માયા)નો જન્મ થયો. આ માયાએ ઊંટ (મન)ને જન્મ આપ્યો. ઊંટની ડોક તો લાંબી અને ઊંચી એટલે આ મનના મનસૂબાઓની તર્કવિતર્કરૂપ ડોક જ્યાં ત્યાં ઘૂમતી રહે છે; મતલબ કે એ અસ્થિર છે. આને ઠૂંઠે (નામસ્મરણમાં) બાંધીએ તો જ એ સ્થિર થાય, અન્યથા એ ઊંટ (મન) ઘણું ઊંધું મારે. ઊર્ધ્વગતિને બદલે અધોગતિ તરફ આપણને દોરી જાય. માટે બકરી (માયા)માં લપટાયેલા હાથી (આત્મા)ને શુદ્ધ કરવા સૌ પ્રથમ તો ઊંટ (મન)ને ખૂંઠે (નામસ્મરણમાં) બાંધો.

ઊંટ (મન) અને બકરી (માયા)નો સંયોગ થતાં એને જન્મ્યાં અઠ્યાવીસ બચ્ચાં. એ અઠ્ઠાવીસ એટલે ચોવીસ પ્રકૃતિ (પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, રસ, રૂપ, ગંધ, સ્વાદ, સ્પર્શ, આંખ, કાન, નાક, જીભ, ત્વચા, હાથ, પગ, માથું, પાયુ, ઉપસ્થ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) તથા ત્રણ ગુણો (સત્ત્વ, રજસ અને તમસ) એમ એને સત્તાવીશ ફરજંદો ઉપરાંત એક મહત્‌તત્ત્વ જે સૌથી મહત્ત્વનું છે, તે ઉત્પન્ન થયાં. આ બધાં બચલાંઓએ ખેતર (જીવતર) ભેળી નાખ્યાં. રબારી (સદ્‌ગુરુ) વિના આ બચલાંને આમ કરતાં કોણ વાળી કે ખાળી

શકે ? આ ઊંટ-બકરીનો આખો ખેલ મૂરખ ક્યાંથી સમજે ? તમે જો આ ખેલને સમજી શક્યા હો તો એને નાથવા રબારી (સદ્ગુરુ)ને શોધી લેજો; જે આ ગુણપ્રકૃતિ (બચલાં)ના ઉધમાતો (ખેલ)ને સમાવી દે.

વળી, આ ઊંટ (મન) અને આ (બકરી) વચ્ચે કોણ સર્વોપરી, એ વાતનો વિખવાદ થયા કરે છે. આ હુંસાતુંસીમાં બકરી (માયા)નો દાવો એવો રહે છે કે એ ઊંટ (મન)થી મોટી છે. અને વાત પણ સાચી છે. જ્યાં સુધી મન અસ્થિર હોય છે ત્યાં સુધી મન ઉપર માયાનું સામ્રાજ્ય ફેલાયેલું રહે છે. આ બકરી (માયા)નું જોર એટલું બધું હોય છે કે એની પાસે રાજા રાવણ (અહંકાર)નું જોર પણ ચાલી શકતું નથી અને ભણેલા (શાસ્ત્રજ્ઞો) પણ એની લીલાનો પાર પામી શકતા નથી. એની પાસે કોઈનું કશું ચાલતું નથી એટલી બધી આ બકરી (માયા) વકરી ગયેલી હોય છે. બકરી (માયા)ની આ લાલઝાળમાં સૌ સંસારીઓ બળી મરે છે. આ સંસારમાં ઊંટ (મન) અને બકરી (માયા) મનુષ્યના કાબૂમાં રહેતાં નથી. એ તો મનભાવન માલનો આરોગી રહ્યાં છે. એમાં એટલાં બધાં રસબસ રહે છે કે આયુષ્ય પસાર થતું જાય છતાં પોતાનાં અસલ ઘર (શાંતિ)ની સંભાળ પણ લેતાં નથી. એને ખરેખર તો અમૃતાનંદનાં અસલ ફળ આરોગવાના હોય છે એને બદલે એ તો લીલુડા વેલા (વિષયોરૂપી વિકારી વેલા) ચરવા કાંટાળી વાડ (અજ્ઞાન)ને વળગી રહે છે. આ ઊંટ (મન) અને બકરી (માયા)ને ચારનાર રબારી (સદ્ગુરુ)ને કામ, ક્રોધ, મોહ કે મદરૂપી હાથ, પગ, ધડ કે માથું ન હોય. આવી વાત કરીએ તો જે લોકો અજ્ઞાની અને અનાડી છે તેને તો આવું કહેનાર પર રીસ કે ચીડ ચડે, પણ જો તમે સમજુ જ્ઞાની હો તો આવા સદ્ગુરુને શોધી લેજો. આવા ગુરુ જ આ સંસારની તાવણીઓ અને સતાવણીઓમાંથી ઉગારી આપણને સચ્ચિદાનંદનો અનુભવ કરાવે એમ કહેવામાં કાંઈ ખોટું નથી એમ દાસ ધીરો કહે છે.

આવું જ એક બીજું પદ છે સંત કબીરનું. તેનું શીર્ષક છે : 'ગુરુને મંગાઈ ભિક્ષા'. અભીપ્સુ થઈને સાચું જ્ઞાન પ્રાપ્ત કરવા શિષ્ય ગુરુ પાસે જતો હશે. ત્યારે ગુરુ એની શિષ્ય તરીકેની પાત્રતા ચકાસતા હશે. શિષ્ય તરીકે આવેલો અભીપ્સુ સ્વીકારવા યોગ્ય છે કે નહિ એની ખાતરી કરવા ગુરુ એક યા બીજા પ્રકારની કસોટી કરતા હશે, આવી કસોટીનું નિદર્શન કરતું આ પદ છે.

શિષ્યની આ ક્ષેત્ર વિશેની સમજદારી કેટલી છે એ જાણવા ગુરુ એની પાસે ખાસ પ્રકારની ભિક્ષા લઈ આવવાની માંગ કરે છે. ભિક્ષામાં જે મગાવ્યું છે તે નિર્દેશ કરેલા પાત્ર (સાધન)માં લાવવાનું અને એ જે ભિક્ષા લાવે તે કેટલીક



શરતોને આધીન રહીને લાવવાની રહેશે એવી વિશિષ્ટ માંગ કરે છે. ગુરુએ દર્શાવેલી શરતો એવી છે કે જો શિષ્ય અબુધ અને અજ્ઞાની હોય તો ગુરુની વાત સમજી જ ન શકે અને એમની શરતાધીન આજ્ઞાનું પાલન જ ન કરી શકે. આપણે એ રચના જ જોઈએ.

*ગુરુને મંગાઈ ભિક્ષા ઝોલી ભરકે લાના.*

*પહેલી ભિક્ષા લકડી લાના, ઝાડ જંગલ કે પાસ ન જાના*
*લીલી સૂકી છોડ કે ચેલા, ગઠરી બાંધ કે લાના... ગુરુને મંગાઈ*

*દુસરી ભિક્ષા જલ લે આના, કૂવા વાવ કે પાસ ન જાના*
*નદી નાલા છોડ કે ચેલા, તુંબા ભરકે લાના... ગુરુને મંગાઈ*

*તિસરી ભિક્ષા આટા લાના, ગામ નગર કે પાસ ન જાના*
*કુટા પીસા છોડકર ચેલા, ઝોલી ભરકે લાના... ગુરુને મંગાઈ*

*ચૌથી ભિક્ષા ભાજી લાના, જીવ અંકુર કે પાસ ન જાના*
*મુવા જીવ છોડ કે ચેલા, ટોકરી ભર કે લાના... ગુરુને મંગાઈ*

*પાંચવી ભિક્ષા અગ્નિ લાના, લોહ ચકમક કે પાસ ન જાના*
*તાતા શિરા છોડકર ચેલા, સિગરી ભર કે લાના... ગુરુને મંગાઈ*

*છઠ્ઠી ભિક્ષા દર્શન લાના, મઠ મંદિર કે પાસ ન જાના*
*સાધુ ફકીર છોડકર ચેલા, નયના ભર કે લાના... ગુરુને મંગાઈ*

*કહહિ કબીર સુનો ભાઈ સાધો, યહ પદ હૈ નિર્બાના*
*જો યહ પદ કા અર્થ લગાવે, સોઈ સંત સુજાણા... ગુરુને મંગાઈ*

ગુરુ શિષ્યને ઝોળી ભરીને ભિક્ષા લાવવાનું કહે છે. પહેલી ભિક્ષા લાકડાંની માગે છે, એ પણ નહિ લીલું કે નહિ સૂકું એવું લાકડું લાવવાનું અને એ પણ એનો ભારો (ગઠરી) બાંધીને લાવવાનું. પણ આ લાકડાં લાવવા માટે જંગલમાં જવાનો નિષેધ કરે છે.

બીજી ભિક્ષારૂપે જળ લઈ આવવાનું કહે છે, એ જળ લેવા માટે વાવ-કૂવા પાસે જવાનું નહીં, નદીનાળામાંથી પણ જળ લાવવાનું નહીં. છતાં એ તૂંબડું ભરીને લાવવું એવી સૂચના કરે છે.

ત્રીજી ભિક્ષા લોટની માગે છે. એ લોટ પાછો કૂટેલો કે પીસેલો નહિ

લાવવો, વળી, ગામ કે નગરમાં જઈને એ લાવવો નહીં. છતાં ઝોળી ભરીને લાવવો એવી સૂચના કરે છે.

ચોથી ભિક્ષામાં ભાજી લાવવાનું કહે છે, એવી ભાજી ન તો સજીવ, ન તો નિર્જીવ કે તાજા ફૂટેલા અંકુર પાસેથી પણ લાવવાની નહીં. છતાં પાછી ટોકરી (ટોપલી) ભરીને લાવવી એવી સૂચના કરે છે.

પાંચમી ભિક્ષા અગ્નિની માગે છે; શરત સાથે. શરત એવી છે કે અગ્નિ માટે એણે લોઢા કે ચકમકનો ઉપયોગ કરવો નહિ, ગરમાગરમ ભઠ્ઠીમાંથી પણ અગ્નિ લાવવો નહિ. છતાં એ સગડી ભરીને લાવવો એવી સૂચના કરે છે.

છઠ્ઠી ભિક્ષા દર્શનની માગે છે, શરત મૂકીને. દર્શન માટે મઠ-મંદિરની પાસે કે સાધુ-ફકીરને છોડીને લાવવું અને વળી આવું દર્શન નેત્રોમાં ભરીને લાવવું એવી સૂચના કરે છે.

કબીર કહે છે આવું આ પદ નિર્વાણનું છે. જે કોઈ આ પદનો સાચો અર્થ પકડી શકે તેને સુજાણ સંત સમજવા.

કબીર કહે છે આવું આ પદ નિર્વાણનું છે. જે કોઈ આ પદનો સાચો અર્થ પકડી શકે તેને સુજાણ સંત સમજવા.

વાત સાચી છે. આ કાંઈ લોટ, પાણી ને લાકડાની ભિક્ષાની વાત નથી. વાત ભલે એ પદાર્થો વડે કરી હોય, પણ એ વસ્તુઓ નહીં, એના વડે જેમનું ધ્વનન થાય છે એ પદાર્થો સમજવાના છે. અભીપ્સુ માટે આ ભિક્ષા લાવવાની સાદીસીધી ટહેલ નથી પણ શિષ્યની સમજબુદ્ધિની કસોટી છે. આવા વિલક્ષણ ગુરુ પાસે આવો કોઈ વિચક્ષણ શિષ્ય ભિક્ષા લાવે તો એમાં શું શું લાવે, કેવી રીતે લાવે ? જરા એને સમજવા-પામવાની મથામણ કરીએ.

શિષ્ય જો સંપ્રજ્ઞ હોય તો પહેલી ભિક્ષામાં એ કામ, ક્રોધના લાકડાંની ગાંઠડી જ્ઞાનની રસ્સી (દોરડા)માં બાંધીને લાવે. જલની બીજી ભિક્ષા જ્યાં ગતગંગા મળી હોય, ભજનની ઝૂક વાગતી હોય ત્યાં જઈને ભજનામૃતની વર્ષાધારાને પ્રેમના કપડાથી ગાળીને તૂંબડી ભરીને લાવે. લોટની ત્રીજી ભિક્ષા માટે એ સાર-અસાર બાબતરૂપી ધાનને રામનામની ચક્કીમાં દળીને ઝોળી ભરીને લાવે. ભાજીની ચોથી ભિક્ષા માટે એ ચિત્તવૃત્તિની ધારાને ઊલટાવીને યોગવૈરાગ્યરૂપી ભાજી ટોપરી (ટોકરી) ભરીને લાવે. અગ્નિની પાંચમી ભિક્ષા માટે એ ગુરુગમની ચકમક વડે બ્રહ્માગ્નિ પ્રગટાવી મનની સગડીમાં ભરીને લાવે. દર્શનની છઠ્ઠી ભિક્ષા માટે એ



ન તો મઠમંદિરમાં જાય, ન તો સાધુ-ફકીર કને જાય. એ સહજ સમાધિરૂપ ધ્યાન લગાવી, આંખોમાં શુદ્ધ હૃદયનું અંજન લગાવીને નયણાં ભરીને દર્શન લાવે. શિષ્ય જો ગાજ્યો જાય એવો ન હોય તો એ બરાબર સમજે કે આ ઝોળી, આ તૂંબડું, આ દોરડું, આ ટોકરી એટલે શું. એ બરાબર જાણે છે કે મનની ઝોળી, તનનું તૂંબડું, જ્ઞાનનું દોરડું, અને યોગવૈરાગ્યની ટોકરી ભરીને ગુરુ પાસે જવાનું હોય છે. કબીરજી તો સ્પષ્ટ કહે છે કે આ નિર્વાણની સાધના છે, એ અર્થ સમજી શકનારો કેવળ શિષ્ય ન હોઈ શકે એને સાચી વાત પામી ગયેલ ચતુર સુજાણ સંત જ સમજવો.

આપણે વાપરીએ છીએ એ આપણી જ ભાષામાં, આપણે યોજીએ છીએ શબ્દો યોજીને, કેટલી સૂક્ષ્મ અને ગહન વાતો આ લોકસંતોએ કરી છે એનો અભ્યાસ જ્યારે આ રીતે કરીએ છીએ ત્યારે ખ્યાલમાં આવે છે કે શા માટે આ ભજનોને ‘રતન સવાયા લાખ’ કહે છે.

# ૨

# ઉત્તર ગુજરાતના સંતસાહિત્યમાં સંત સદારામનું પ્રદાન

**ડૉ. બાબુ પટેલ**

ગુજરાતની ખમીરવંતી ભૂમિ સંતો-મંહતો, વીરો-વીરાંગનાઓ અને શહીદોની ભૂમિ છે. અહીં પાદરે-પાદરે પાળિયા અને ખેતરે-ખેતરે ખાંભિયું છે. હજારો લોકોની આસ્થા ફર-ફર થતી ધજા અને ઝળાંહળાં થતા દેરામાં ઝળહળે છે. અહીં જેટલા ધીંગાણા ઢાલ-તલવારથી ખેલાયા છે, એટલા જ કાગળ અને કલમથીયે ખેલાયા છે. ગુજરાતની સાહિત્યપ્રેમી પ્રજાની તરસ છીપાવવા સમયાંતરે વિવિધ સાહિત્યકારો દ્વારા વિધ-વિધ સાહિત્ય સ્વરૂપો પણ ખેડાયાં છે, પાંગર્યાં છે અને લીલા મોલની જેમ લચી પડ્યા છે. નવા-નવા સ્વરૂપોને ગુજરાતી પ્રજાએ લીલા તોરણે વધાવ્યાં છે. પણ પરંપરાનો સહેજે છેહ થવા દીધો નથી.

કંઠોપકંઠ અને કર્ણોપકર્ણ ચાલ્યા આવતા લોકસાહિત્યને અહીંની શાણી અને સમજુ પ્રજાએ વિવિધ તરેહોથી સાચવ્યું છે, સંઘર્યું છે. ઘરના ઓટલામંડળો કે શેરીથી માંડીને મોટા-મોટા મેળા કે મેળાવાડા સુધીના લોકવાઙ્મયને પોતાની ઊજળી કૂખમાં પાળ્યું છે, પોષ્યું છે અને સંવર્ધ્યુ છે. એમાંનું જ એક છે સંત સાહિત્ય !

સમગ્ર ભારતભરમાં વિવિધ સંપ્રદાયના સંતો-મહંતો દ્વારા સમાજ સુધારણા અને આધ્યાત્મિક વલણ સાથે છેવાડાના વ્યક્તિ સુધી પહોંચવા લોકબોલીમાં કે શિષ્ટ ભાષામાં જ માતબર સાહિત્ય સર્જન થયું છે. વિવિધ ભક્તિગીતો, પ્રભાતિયાં, ભજન, દૃષ્ટાંતકથાઓ, વેદો-ઉપનિષદો અને પુરાણકથાઓ કે પછી રામાયણ-મહાભારતના માધ્યમથી ગદ્ય-પદ્ય બન્નેમાં સંતો-મહંતો દ્વારા વિપુલ સાહિત્ય લખાયું છે. એમાંય ખાસ કરીને ગુજરાતના સાધુ-સંતો દ્વારા ભજનમંડળીઓમાં



ગવાતાં ભજનો-ધૂનોમાં પ્રભુભક્તિ, સુધારો, નૈતિકતાની સાથે-સાથે જીવનસંદેશ પ્રબળતાથી પ્રગટે છે અને આવું સાદું પણ હાડ સોંસરવું નીકળી જતું. સંગીતના મધુરરવમાં ગવાતું ભજન ઉત્તર ગુજરાત પંથકમાં વધારે લોકપ્રિય બન્યું છે. લગભગ ગામડે ગામડે અને શેરીએ શેરીએ સંતો મહંતોના સેવકોના માધ્યમથી ભજનમંડળીઓ ચાલે છે, જે સાહિત્યનો બહોળો ફેલાવો અને વિસ્તાર કરે છે.

**સંતસાહિત્યમાં સંત સદારામનું સ્થાન :**

ગુજરાતની પ્રજા ભોળી, શાણી, સમજદાર, વેપારી માનસ અને ઈષ્ટદેવમાં આસ્થા ધરાવનારી છે. નિત્ય-નિયમિત દીવો, પૂજા, અર્ચના જાણે એના જીવનનો હિસ્સો બની ગયા છે. કોઈ ઘર એવું નહીં મળે કે જ્યાં ઈષ્ટદેવ કે સંતગુરુની નિયમિત પૂજાવિધિ કે પાઠ ન થતો હોય ! પોતાના રસ-રુચિ અને શ્રદ્ધા મુજબ વિવિધ સંપ્રદાયોમાં વહેચાયેલ પ્રજા એના પંથ કે સંપ્રદાયોની પરંપરા મુજબ આરાધના અને ભક્તિ કરે છે.

અહીંની પ્રજા સંતો અને મહંતોને ખાસ કરીને ભગવાનતુલ્ય ગણે છે અને સંતોના મુખેથી નીકળતો પ્રત્યેક શબ્દ એમના માટે અતિ મૂલ્યવાન છે. ગુજરાતના વિવિધ પંથ-સંપ્રદાયના સંતો-મહંતોએ ગદ્ય-પદ્ય બન્ને ક્ષેત્રે ગુરુવાણી(સંતસાહિત્ય) વહેતી મૂકી છે. જેમાંથી મુખ્ય એક જ સૂર નીકળે છે, ભક્તિ ! પછી ભલે એના વાડા અલગ હોય, પંથ કે સંપ્રદાય અલગ હોય, પૂજા કે અર્ચના-વિધિ અલગ હોય અંતે બધુ જ નદીઓની માફક વિરાટ સાગરને મળે છે.

ગુજરાતના નામાંકિત સૂફી, સંતો-મહંતો, ગાદીપતિઓ, મઠાધીશો કે ફકીરોની હરોળમાં છાતી ઠોકીને મૂકી શકાય એવા ઉત્તર ગુજરાતના એક સંતનું ઊજળું નામ છે, સંત સદારામ ! સગુણ ભક્તિની સાથે, દંભનો અંચળો ઓઢ્યા વિના, વાડાબંધીથી પર રહી, માળા-મણકા કે દોરા-ધાગાના પ્રખર વિરોધને પોતાની દેશી ભજનોમાં વણી લઈ લોકજાગૃતિની અહલેક જગાવી છે. નરસિંહના પ્રભાતિયાની જેમ કાંકરેજ પંથકમાં ઘરે-ઘરે ગવાતા સંત સદારામનાં દેશી ભજનોએ સંતસાહિત્ય પરંપરામાં નવો પ્રાણ પૂર્યો છે.

**સંત સદારામનું જીવનદર્શન :**

પર્ણાશાને તટે આવેલું ટોટાણા ગામ આજે પાવન તીર્થસ્થાન બન્યું છે. તેની પાર્શ્વભૂમાં એક વિરલ સંતની તપશ્ચર્યા રહેલી છે. આ વિરલ સંત એટલે પૂ. સદારામબાપુ. શાસ્ત્રોમાં સંતની રજૂ થયેલ સંકલ્પના પૂજ્ય બાપુના જીવનમાં

ચરિતાર્થ થઈ છે. તદ્દન સાદગી અને સ્વભાવની અનુપમ સરળતા. શ્વાસેશ્વાસમાં નારાયણનું નામ. સો-સો વર્ષે પણ નારાયણ-કીર્તનની તેમની લગની ગુજરાતના જુદા જુદા પ્રદેશોમાં, ઝૂંપડી-ઝૂંપડી સુધી તેમને પહોંચાડવામાં બળ પૂરું પાડી રહી છે. સંત જલારામની પ્રતિકૃતિ સમા આ સંત બહુ મોટા જનસમુદાય સાથે ભજન-સત્સંગના તાણાવાણાથી જોડાયેલા છે.

સંત સદારામનો જન્મ બનાસકાઠાંના ટોટાણા ખાતે ઠાકોર જ્ઞાતિમાં થયો હતો. પિતાજીનું નામ મોહનજી અને માતાનું નામ લખુબાઈ. સદારામજીને જન્મ પછી માત્ર છ મહિના બાદ પિતાની છત્રછાયા ગુમાવવાનો સમય આવ્યો. ગુણિયલ અને સંસ્કારી માતુશ્રી પાસે બાળ સદારામનું ઘડતર થવા લાગ્યું.

થોડા સમય બાદ સદારામજીના મામા તેમે સિદ્ધપુર લઈ ગયા. સિદ્ધપુર ખાતે ટોટાણાના કેટલાક પરિવાર કામધંધા અર્થે ગયેલ. નાની ઉંમરમાં બાળકોને કામ કરવાની મર્યાદા હોવા છતાંય સદારામને કામ કર્યા વિના છૂટકો નહોતો. આમ, થોડા મહિના સિદ્ધપુર રહ્યા પછી તેમને મામા અમદાવાદ પાસેના બાવળા મુકામે લઈ ગયા. બાવળા ખાતે એકાદ વરસ રહ્યા પછી ત્યાં પણ બહું અનુકૂળ ન આવતા વડોદરામાં ગયા. ત્યા સદારામના ભાઈ-બહેન રહેતા હતાં. તે વખતે ગાયકવાડાંનો જમાનો હતો. અંગ્રજોની સતા ચાલતી હતી. વડોદરામાં પાટણ તાલુકાનાં ૩૦-૪૦ કુટુંબો રહેતાં હતા.

સદારામજીની સાતેક વર્ષની ઉંમરે તેમનાં માતુશ્રીએ વડોદરા ખાતેના બરોડા કેમ્પમાં ભણવા બેસાડ્યા. બીજા ધોરણ સુધી અભ્યાસ કર્યો. આર્થિક પરિસ્થિતિને પહોંચી વળવા પોતાની માતા સાથે મજૂરી કરવાની ફરજ પડતા નાછૂટકે બીજા ધોરણ પછી અભ્યાસ છોડી દેવો પડ્યો. તે વખતે સોંઘવારી હોવાથી ચીજવસ્તુ વાજબી ભાવે મળી રહેતી. તેથી ઓછી આવકમાં પણ કરકસરભર્યું જીવન પસાર કર્યું.

આ સમયમાં ખાસ કરીને સિક્કાનું ચલણ વધારે હતું. સદારામજીને મનમાં પોતાના પરિવારને કંઈ રીતે વધુ ઉપયોગી બનું તેવું સતત રહ્યા કરતું. ક્યારેક તો નિરાશાનાં વાદળો ચડી આવે, પરંતુ નિરાશ થાય તો સદારામજી શાના ? બહુ જ વિચાર કરીને રોજના એક આનાના પગારથી એક હોટલમાં નોકરી સ્વીકારી. હોટલનો માલિક ચા અને નાસ્તો આપતો પરંતુ જમવા માટે ઘેર જવું પડતું. હોટલમાં બે-ત્રણ વર્ષ વફાદારીપૂર્વક નોકરી કરી. ત્યારબાદ પોતે પોતાની જાતે કંઈક મેળવી શકે તે હેતુથી રૂા. ૩૦/-નું એક કેબીન ખરીદી પાનનો ગલ્લો કર્યો.



તેમાં પણ નસીબે યારી ન આપતાં તે પણ બંધ કરવાની ફરજ પડી. ભગવાનની કૃપાથી એક મિલમાં રોજના પાંચ આનાના પગારની નોકરી મળી. મનમાં હળવાશ થઈ. માતા પ્રસન્ન થયાં. નિષ્ઠાપૂર્વક કામ કરીને મીલમાં સૌના પ્રિય બન્યા.

પરંતુ હજારો લોકોના જીવનને પ્રકાશિત કરવાને માટે જેનું અવતરણ થયું હોય તે એક મીલમાં કામ કરતો રહે તે પરમેશ્વરને કેમ મંજૂર હોય ? થોડા જ સમયાં તત્કાલીન રાજકીય-સામાજિક પરિસ્થિતિમાં વળાંક આવ્યો. તે વખતે ભારત અને પાકિસ્તાનના વિભાજનના પ્રશ્ને દેશની મોટાભાગેની મીલો બંધ કરવામાં આવી. સદારામજીને ફરી મુશ્કેલી આવી. તેમની ઉંમર વીસેક વર્ષની. તેમણે મનોમન માતૃભૂમિ તરફ પાછા વળવાનો સંકલ્પ કર્યો. વડોદરાથી વતનમાં આવ્યા પહેલાં સદારામજીએ પાટ મંડાવી સાહેબપંથમાં પ્રવેશ્યા અને ભજન-સત્સંગ અને મંડળીમાં જઈ પ્રભુ ભજનનું રટણ શરૂ કર્યું. નાના બીજમાંથી એક વિશાળ વટવૃક્ષ સમા આ સંત અનેકોના જીવનમાં છાંયડીરૂપ બન્યા છે.

વડોદરા ખાતે તે સમયમાં જેમની ખૂબ જ લોકપ્રિયતા હતી તેવા બે મોટા આશ્રમ ધરાવતા સંત મસ્તરામનું સદારામજીને સાન્નિધ્ય પ્રાપ્ત થયું હતું. તે વખતનાં મહારાણી શાંતાદેવી પણ સંત મસ્તરામનાં શિષ્યા હતાં. આવા સંતના સમાગમથી સદારામજીમાં ભક્તિના વિચારોનો સંચાર થયો. મસ્તરામ પછી સંતશ્રી ગિરધારીબાપુએ ગાદી સંભાળી. પૂ. ગિરધારીબાપુના હૃદયના આશીર્વાદ મેળવી સદારામબાપુ પોતાના વતન ટોટાણા ખાતે આવ્યા. ટોટાણાની ધરતી હરખાણી. આ ધરતીના લાડકવાયાનાં દર્શન સૌને માટે આનંદનો અવસર બની રહ્યા.

અહીં આવ્યા બાદ તેમણે સિદ્ધપુર તાલુકાના ટીંબાચુડી ખાતે પૂ.કાળીદાસ મહારાજ પાસેથી ભક્તિ અને અધ્યાત્મ અંગેનું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને જીવનોપયોગી માર્ગદર્શન મેળવ્યું.

હવે સદારામબાપુના જીવનનો કર્મયજ્ઞ આરંભાયો. ઘેર-ઘેર જઈ, વ્યક્તિ-વ્યક્તિને મળીને, તેને પ્રભુકીર્તનમાં વાળી તેનું જીવન ધન્ય બને તે માટે પ્રયત્નો કરવા લાગ્યા. જેની આંખોમાં નિર્વ્યાજ પ્રેમ છલકતો હોય, હૃદયમાં ભક્તિનો મહાસાગર હિલ્લોળા લેતો હોય અને હોઠે હરિ નામનું સંકીર્તન હોય તેના પ્રત્યે માનવમાત્રનું આકર્ષણ હોય તે સહજ છે. આજુબાજુના ગામોમાં તે ખરા જ, પરંતુ દૂરદૂરના પ્રદેશ સુધી સંત સદારામને ભજન સત્સંગના આમંત્રણ (વાયક) આવવા લાગ્યાં. આમ, એક બહુ મોટા જનસમાજ સાથે આત્મીય નાતાથી તેઓ બંધાઈ ગયા.

સદારામની વીસેક વર્ષની ઉંમરના અરસામાં જ તેમની માતાનું અવસાન થયું. તે પછી થોડા સમયમાં જ મોટાભાઈ આ જગત છોડી ચાલ્યા ગયા. સદારામ માટે આ આઘાતજનક ઘટનાઓ હતી, છતાં ભક્તિના વિચારથી મન મક્કમ કર્યું.

'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' સૂત્રને જીવી બતાવતાં તેઓએ ક્યારેય કોઈની પાસે હાથ લાંબો કર્યો નથી. ક્યારેય ટહેલ નાખી નથી અને ફાળા કે ઉઘરાણાં કર્યા નથી અને તેમ છતાંય અહીં ઘણા વર્ષોથી અન્નક્ષેત્ર અને સેવાકાર્યો અવિરત ચાલ્યા કરે છે. આની પાછળ સદારામની ભગવાન પરની અતૂટ શ્રદ્ધાનાં જ દર્શન થાય છે.

પૂ.બાપુની આ જન્મભૂમિ-કર્મભૂમિ પર અનેક સંતો-મહાનુભાવોનાં પાવન પગલાં થયાં છે. આશ્રમની મુલાકાતે પૂ. ભાનુવિજયજી મહારાજસાહેબ (સાગોડિયા આશ્રમ), પૂ. ચંદુમા (ગઢશીશા, કચ્છ), પૂ. રમાબહેન હરિયાણી (સૌરાષ્ટ્ર), પ.પૂ. પુરુષોત્તમદાસબાપુ (વરલી-કચ્છ), વંદનાબેન ગૌસ્વામી (ખેડબ્રહ્મા), મહંતશ્રી જાનકીદાસબાપુ (કમીજલા), પૂ. હુકમનાથજી મહારાજ (દેવદરબાર) થળીવાળા હરિપુરીબાપા ઉપરાંત નામી-અનામી અનેક સંતો પધાર્યા છે.

પૂ.સદારામ બાપુનાં સત્કાર્યો અને સત્સંગનો પ્રભાવ જનસમાજ પર પડતાં સૌ કોઈને તેમના પ્રત્યે અત્યંત આદર અને માનની લાગણી પેદા થઈ. ગામની બધી જ જ્ઞાતિના સદ્‌ગૃહસ્થોનો સહયોગ સાંપડતો રહ્યો અને કાર્ય વેગવાન બન્યું.

પૂ.બાપુના પ્રેમનો વિસ્તાર ધર્મના સીમાડાઓ ઓળંગી જાય છે. સંત સદારામના હૃદયમાંથી વહેલી સદ્‌ભાવનાની ફોરમ એવી તો પ્રસરી કે આશ્રમ દ્વારા નિર્મિત એક વિશાળ ભોજનખંડ બનાવવા માટેની જમીન ટોટાણાના મુસ્લિમ સમાજના સ્વ.અબ્બાસભાઈ સલીમભાઈ પરિવાર તરફથી મળી છે. સ્વ. અકબરભાઈનો પરિવાર હાલ કોલકાતા રહે છે. અરે ! એટલું જ નહીં, યાત્રિકો માટે બે રૂમ બનાવવા માટે ઢાંકા(બંગાળા) નિવાસી અકબરભાઈ અબ્બાસભાઈ તરફથી દાનની જાહેરાત થઈ છે. કોમી એકતાનાં દર્શન તો આમાં થાય જ, સાથે સાથે પૂ.બાપુના હૃદયમાં માનવમાત્રને માટેના અસીમ પ્રેમનાં દર્શન પણ થાય છે.

શતાયુએ પહોંચેલ પૂ.બાપુ જ્યારે ભજનનો રણકાર કરે છે ત્યારે એક યુવાનને શરમાવે છે. આ સંતની ખુમારી જ કંઈક અલગ છે. માત્ર બીજા ધોરણનો અભ્યાસ કરનાર સદારામની સ્તુતિ, પ્રાર્થના એ સૌ કોઈ માટે પથદર્શક બની રહ્યાં છે. તેમણે રચેલાં પદોની એવી તો જાદુઈ અસર થઈ કે સેંકડો લોકોએ સ્વેચ્છાએ દારુ, બીડી, ગાંજો અને ગુટખાને તિલાંજલી આપી છે.



સૃષ્ટિ ઉપરના માનવમાત્રને પથદર્શક બને તે હેતુથી જીવને ઉદ્દેશીને તેઓશ્રીએ ઘણાં ભજનો લખ્યાં છે. સાથે સાથે પ્રકૃતિનાં તત્ત્વો, વૃક્ષ-વનસ્પતિનું મહત્ત્વ સમજાવતાં ગીતો પણ રચ્યાં છે.

*'આજે દૂધીમાં દીવો બળે રે,*
*કારેલામાં કૃષ્ણને જોયા મારા વ્હાલા,*
*સરગવામાં શિવજીને, રવૈયામાં રામજી,*
*પપૈયામાં પાંડુરંગ જોયા મારા વ્હાલા.....'*

નાત-જાત કે ધર્મના વાડાથી પર રહીને માનવમાત્રને ઐક્યનો સંદેશ આપતાં પૂ.બાપુ લખે છે....

*'હે રામ તમે અમે જુદાં કેમ થઈએ,*
*હે રામ તમે રહીમ અમે રામ છઈએ,*
*અમે કૃષ્ણ-કરીમ એક થઈને રહીએ....હે રામ....*
*હે રામ ગફૂર ગોવિંદ તમે એક જાણો,*
*અમે નબી નારાયણ એક થઈને રહીએ...હે રામ...'*

માથે પાઘડી, બાંધી દડીનું શરીર, હાથમાં ગેડિયો અને મુખમાં જય નારાયણનું સતત સ્મરણ કરતા સદારામ બાપુ બાળકથી માંડીને વૃદ્ધને, ગરીબ હોય કે તવંગર, મજૂર હોય કે માલિક, સૌ કોઈને એક સરખા ભાવથી આવકારે છે. એક મોટા બંગલામાં જ ભજન સત્સંગ કરવાનો આગ્રહ ન રાખતાં સામાન્ય ઝૂંપડીમાં જઈને પણ પ્રભુભજન કરવાનું પસંદ કરે છે. તેઓ વર્ષનો મોટાભાગનો સમય ટોટાણાની બહાર જ વિવિધ ગામો-શહેરોમાં પ્રભુકીર્તનમાં વ્યસ્ત હોય છે, છતાંય તેમના ચહેરા પર ક્યારેય થાક, કંટાળો કે નિરાશા દેખાતાં નથી.

સદારામ બાપુના જીવન કવનનું એક વૈશિષ્ટ્ય એ પણ છે કે તેમણે ક્યારેય ગુસ્સો કર્યો નથી કે કોઈની સાથે પૂર્વગ્રહ રાખ્યો નથી. હા, તેમનાં ચેતના જગાવતાં ગીતો કોઈને ઠેસ જરૂર પહોંચાડતાં હશે, પરંતુ સાચી વાતો નિર્ભયતાપૂર્વક સમાજને કહે તે જ સાચો સંત કહેવાય ને....

પૂ.બાપુ પ્રત્યે સ્નેહ ધરાવતા અનેક સેવકો અને સદ્‌ગૃહસ્થો તરફથી અન્નક્ષેત્રમાં એટલું બધું સીધું-સામાન અને અનાજ આવે છે કે જેથી ભંડાર ભરપૂર રહે છે. આ બધું ક્યાંથી આવે છે ? કોણ મોકલે છે ? તે પણ ખબર હોતી નથી. ટોટાણા ખાતે રામજી મંદિર, માતાજીનું મંદિર, શિવાલય, દ્વારકાધીશ, જલારામ મંદિર પણ આ

આશ્રમમાં નિર્માણ થયેલ છે. બહારથી દર્શને આવનાર યાત્રિકને ચા-પાણી અને ભોજન પ્રસાદ લીધા વિના જવા દેતા નથી. પૂ. બાપુના સેવકો શ્રી દાસભાઈ, પાતુજીભગત, વેલાભગત, બળવંતભાઈ, રણસીભાઈ, મોતીજી, દશરથભાઈ, ભરતભાઈ, હરગોવનભાઈ, સોહનભાઈ વગેરે અત્યંત ભાવથી સેવા કરી રહ્યા છે.

પૂ.બાપુના જીવન-કવન તથા ભજનોને રજૂ કરતી 'સંતોને ગમતી સદા અમૃતવાણી' પુસ્તિકાની છ-છ આવૃત્તિઓ બહાર પડી તે જ પૂ. બાપુની લોકચાહના દર્શાવે છે.

**સંત સદારામનું સાહિત્ય**

સંત સદારામ બાપુએ લગભગ પદ્યમાંજ સાહિત્યનું સર્જન કર્યું છે. અને એમાંય ખાસ કરીને દેશી ઢાળમાં ગવાતાં ભજનો લોકપ્રિય બન્યાં છે. સાવ સીધી સાદી વાત બાપુ લોકોને ભજનના કર્ણપ્રિય સંગીતમય સૂરથી હૈયા સોંસરવી ઉતારી દે છે.

હજારો લોકોના જીવન બદલી નાખનાર સંત સદારામના ભજનોમાં એક પ્રકારની ચમત્કૃતિ છે. બાપુનો કંઠ પણ ઊંચા ગજાના ગાયક (ભજનીક) જેટલો જ મંજુલ, રણકદાર અને કર્ણપ્રિય છે. પોતાના સ્વરચિત ભજનો પોતાના જ કંઠે ગવાતાં હોય ત્યારે કેટલાક લોકો એક મગ્ન અને તલ્લીન થઈ જાય છે.

ભજનના માધ્યમથી અંધશ્રદ્ધા, વહેમો, કુરિવાજો અને વ્યસનો છોડાવનાર સંત સદારામ ખરેખર કળિયુગના મસીહા લાગે. પોતાની ભજન મંડળીમાં નિયમિત ગવાતું અને કેટલાય વ્યસનીઓને ચાલુ ભજને ચોધાર આસુંએ રડાવનાર જીવનસુધારાનું આ ભજન જુઓ –

: ૧ :

*'હે જીવ દારૂ પીનારા દારૂ પીશો નહીં*
*તમે ડાયા થઈને ગાંડા બનશો નહીં....હે જીવ*

*હે જીવ આંતરડું સડશે, ને ફેફસાં બગડી જાશે*
*પછી ઘણા પસ્તાશો, જીવ ચાલ્યો જશે....હે જીવ*

*હે જીવ ભાંગ-તમાકુ કોઈ પીશો નહીં*
*તમે ખબર રાખો દુઃખડા વોરશો નહીં....હે જીવ*
*હે જીવ શરીર સુકાશે, ગળું બગડી જાશે*
*તારું ગાવું બજાવું બધું બંધ થાશે....હે જીવ*



*હે જીવ ભાંગ-તમાકું કોઈ પીશો નહીં*
*તમે અફીણ સામે નજર કરશો નહીં....હે જીવ*

*હે જીવ પશુ-પક્ષીને કોઈ મારશો નહીં*
*તમે માંસ મદિરા કોઈ કરશો નહીં....હે જીવ*

*હે જીવ ખાધું પીધું બધું ભૂલી જાજો*
*સદારામના પ્રભુને તમે ભજી લે જો....હે જીવ*

તેમજ છીંકણી, બીડી, તમાકું, ચા, ગાજો, અફીણ, ચરસ જેવા વ્યસનો, નિર્દોષ પશુ-પંખીઓનો બલિ અને માંસાહાર, કુકર્મ, અંધશ્રદ્ધા, વ્યભિચાર જેવાં કેટલાંય દૂષણોને પણ ભજનના તાતણે સદારામે સાવ સીધી સાદી લોકગમ્ય વાણીમાં વણી લીધાં છે. જુઓ –

: ૨ :

*ડોસી છીંકણી તાણવી હવે છોડી દેજે રે*
*તારું નાક રે ગંધાય*
*છીંકણી તાણે રે અવગુણ ઉપજે રે*
*ઝટ છીંક આવી જાય*
*ડોસી દાબડી વાખેલી તારી રાખજે રે*
*જોજે ઉઘડી ન જાય*
*બાંધી મુઠી સવા લાખની રે*
*ઉઘડે બાજી બગડી જાય .... ડોસી*
*ડોસી દાબડી ખોવાણી તારી જાણજે રે*
*હવે ગોતી કેમ જાય*
*આટલા દાડારે તને સૂઝ્યું નહીં રે*
*હવે ફાંફાં મારે શું થાય ... ડોસી*
*ડોસી દાબડી વખાણી ત્રણ લોકમાં રે*
*વાતો ચૌદ લોકમાં થાય*
*વેદો ને પુરાણો તારાં ગીત ગાય રે*
*દેવો ગુણ તારા ગાય...ડોસી*
*ડોસી ડાબડી રે કાયા મોંઘા મૂલની રે*
*એ તો લાખેણી કહેવાય*

વખાણ કરીએ તો થાય નહીં રે
હરિના ગુણલા ગવાય … ડોસી
ડોસી વિમાને ચડીને તારું આવીયું રે
જો જે ગબડી જ જાય
સુરતા રાખીને તારે બેસવું રે
સીધી વૈકુંઠમાં જાય … ડોસી
ડોસી આડા અવળું રે જોજે તાકતી
જોજે ઝોકું ના ખાય
આવું રે ટાણું રે ફરી નહીં મળે
પછી ભેળું ના થાય
વાસના છીંકણી તાણવી છોડી દે જે રે
ડોસી આખડી ઘડીએ રે હવે જાગજે રે
જોજે ઊંઘી ના જાય
દાસને સદાનું કેવું માનજે રે
નહીં તો ધૂળ ધાણી થાય … ડોસી

: ૩ :

ભાઈઓ શિકાર કરવા રે હવે છોડી દે જો
કોઈનો જીવ ન હણાય…
જીવ આપણે બીજાનો એવો જાણવો રે
બધા એક જીવ કહેવાય … ભાઈઓ
ભાઈ કબૂતર મારવાં તમે છોડી દેજો
પ્રભુનાં પારેવડાં કહેવાય … ભાઈઓ
તેતરા મારવા રે હવે છોડી દેજો
તેતર તરવાનો ઉપાય … ભાઈઓ
ભાઈ હોલારે મારવા તમે છોડી દેજો રે
હોલો હરિરૂપ કહેવાય … ભાઈઓ
મોરને મારવા રે હવે છોડી દેજો રે
પ્રભુનું મોહની રૂપ કહેવાય … ભાઈઓ
ભાઈ હરણ મારવા રે હવે છોડી દેજો
હરણું હરિ રૂપ કહેવાય … ભાઈઓ



સસલા મારવા રે હવે છોડી દેજો રે
સસલું સીતારામ કહેવાય … ભાઈઓ
ભાઈ બકરા મારવા રે હવે છોડી દેજો રે
કાળો કાનુડો કહેવાય … ભાઈઓ
માછલાં મારવા હવે છોડી દેજો રે
પ્રભુનું મચ્છા રૂપ કહેવાય … ભાઈઓ
ભાઈઓ સુવર મારવા હવે છોડી દેજો રે
પ્રભુનું વરાહ રૂપ કહેવાય … ભાઈઓ
વાઘને મારવા હવે છોડી દેજો
પ્રભુનુ નરસિંહ રૂપ કહેવાય … ભાઈઓ
ભાઈઓ કુકરમો કરવાં હવે છોડી દે જોરે
એ બધાં પાપો કહેવાય … ભાઈઓ
ભોગવ્યા વિના નથી છુટકો રે
બદલે બદલા લેવાય … ભાઈઓ
ભાઈઓ આજને દાડે પાપો છોડી દેજો રે
સદ્‌ગુરુ કરે તારી સહાય
કરેલા ગુના રે તારા માફ થાશે રે
ગુણ સદારામ ગાય … ભાઈઓ

: ૪ :

ભાઈઓ ચાના પીનારા ચાને છોડી દેજો રે
ચાયે જ વાળી દીધો દાટ
જોર જુલમ ચાયે આદર્યો
જઈ ને બેઠો હાટ હાટ … ભાઈઓ
મારું તન, મન, ધન ચાયે હરી લીધું રે
હું તો થઈ ગયો બરબાદ
છોડવા મથું મથું પણ છુટતો નથી રે
કોને કરું રે ફરીયાદ … ભાઈઓ
આજે કળજુગનાં મહાકાળી આવીયાં રે
ભુવન ભગન જાગી જાય

*ચા નો પ્યાલો આવે દોડતો રે*
*પૂજા પેલી એની થાય ... ભાઈઓ*
*આજે ચાનું ભજન બધે થઈ રહ્યું રે*
*પ્રભુ રહી ગયા દૂર*
*ગાંજા, તમાકુ એ ઘર ઘાલીયું રે*
*બીડીઓ લાવો ને હજુર રે... ભાઈઓ*
*આ ચા-ચા બધે થઈ રહ્યો રે*
*રાજા રંકને ફકીર*
*બાવા, બાબુને છોડ્યા નહીં રે*
*ફોલી ખાધાં રે શરીર ... ભાઈઓ*
*બાઈને ચા વિના ઘડી ન ચાલતું રે*
*ભાઈ તો પીએ વારંવાર*

કે પછી પશ્ચિમના અનુકરણે જે દાટ વાળ્યો છે અને એના કારણે માનવ-માનવ વચ્ચેનું અંતર વધી રહ્યું છે. આધુનિકતા અને ફૅશનની પાછળ ઘેલો બનેલો માનવી પોતાના અંતરાત્માને જાણે ભૂલી ગયો છે. માણસ જ નહીં, જાણે દુનિયા બદલાઈ રહી છે. ત્યારે બાપુ ગાય છે.

: ૫ :

*હે રામ અવળે પાટે દુનિયા ચડી ગઈ*
*એણે પાટો બદલ્યો કે ગાડી ખાડામાં ગઈ...હે રામ*

*હે રામ મોજ શોખવાળી દુનિયા બની ગઈ*
*એતો ખાવા પીવામાં ભાન ભૂલી ગઈ ...હે રામ*

*હે રામ રંગીબેરંગી દુનિયા બની ગઈ*
*એ તો વ્યસન ફૅશનમાં ફસાઈ ગઈ ...હે રામ*

*હે રામ પૈસા માટે દુનિયા મરતી જાઈ*
*એ તો ભાન ભૂલી ચોરાસીમાં પડતી જાઈ ...હે રામ*

*હે રામ બે ફાટ દુનિયા હવે બની ગઈ*
*એ તો કોઈ કોઈનું હવે કરે નહીં ...હે રામ*
*હે રામ પાટે પાટો એણે બદલી દીધો*
*એને જાવું પૂરવે અને પાટો પશ્ચિમનો લીધો ...હે રામ*



*હે રામ ગ્રંથો પંથોનું કીધું માને નહીં*
*ઘણા સંતો સમજાવે પણ સમજે નહીં ...હે રામ*

*હે રામ બ્રહ્મા જેવા કેવામાં થાકી થયા*
*સદારામના પ્રભુને બધા ભૂલી ગયા ...હે રામ*

એક કબીરપંથી ભક્તે બાપુને પૂછ્યુ ''બાપુ ભગવાન ક્યાં છે ?'' મંદિર, મસ્જિદ, દેવળ, દેરાસર બધું જ ખાલી પથ્થરોનું ઘર છે. ત્યારે તેની દલીલના જવાબમાં બાપુને જે ભજન સ્ફુર્યું તે આ હેતુ-

: ૬ :

*આજે દૂધીમાં દીવો બળે છે રે*
*કારેલામાં કૃષ્ણને જોયા મારા વાલા...આજે*

*પાપડીમાં પ્રીતમને, વાલોળમાં વાલો*
*બટાકામાં બટુકને જોયા મારા વાલા ...આજે*

*તુરીયામાં ત્રિકમને, ગલકામાં ઘનશ્યામ*
*ચોળીમાં ચિત્તચોર જોયા મારા વાલા ...આજે*

*શકરીયામાં શામળોને, ગાજરમાં ગોવિંદ*
*ભાજીમાં ભુધરને જોયા મારા વાલા ...આજે*

*કોબીજમાં કાનજીને, કાંદામાં કાળીયો*
*વટાણામાં વાલમને જોયા મારા વાલા ...આજે*

*રીંગણામાં રમતો અને ભીંડામાં ભમતો*
*ગવારમાં ઘૂમતો જોયા મારા વાલા ...આજે*

*મરચાંમાં મોહનને, લસણમાં લાલો*
*આદુમાં અલબેલો જોયા મારા વાલા ...આજે*

*સરગવામાં શામજીને, રવૈયામાં રામજીને*
*પપૈયામાં પાંડુરંગ જોયા મારા વાલા ...આજે*

આમ, પાંડુરંગની ''છોડમાં રણછોડ અને વૃક્ષમાં વાસુદેવ''ની ઉક્તિને બાપુ દેશી ભજનના ઢાળમાં ઢાળી સાર્થક કરી છે.

તદ્‌ઉપરાંત, સંત સદારામે પોતાના દેશી ભજનોમાં પાખંડી ભક્તિ અને

ઠગારા ગુરુઓને ખુલ્લા પાડ્યા છે. સાચી જિંદગીનો રાહ ચીંધ્યો છે. માનવ અવતારનો મહિમા વધાર્યો છે. અને સાથે સાથે પશુ, પંખી, પહાડ, પ્રકૃતિના ગુણલા ગાયા છે. વેર, વિરોધ ઉપર અખા જેવા ચાબખા માર્યા છે. અને વાડા-સંપ્રદાયોમાં વહેંચાયેલી દંભી ભક્તિને ખુલ્લી પાડી છે. વાસ્તવમાં તેમના ભજનોમાં પ્રભુમિલનનો તલસાટ ઊડીને આંખે વળગે છે. એવા કેટલાંય ભજનો જુઓ ને-

: ૭ :

હે જીવ ભાવ વિના ભક્તિ કરશો નહીં
તમે વર વિના જાન કોઈ જોડશો નહીં

હે જીવ કેવું છે કાંય અને કરવું છે કાંય
તમે ઘઉં ભેળા અડદને ભેળવશો નહીં...હે જીવ

હે જીવ આડે આડું કોઈને બોલશો નહીં
તમે સમજ્યા વિના ગોળા ફેંકશો નહીં...હે જીવ

હે જીવ જોઈ જોઈ પગલાં તમે ભરતા રેજો
તમે કાંટા વાળી વાડે-બાથ ભરશો નહીં...હે જીવ

હે જીવનું પ્રભુને ભાવે એવું કરતા રેજો
તારા જીવનું કલ્યાણ તમે કરતા રેજો...હે જીવ

હે જીવ સંતોનું કેવું કેમ કરતા નથી
સદારામના પ્રભુને કેમ ભજતા નથી...હે જીવ

: ૮ :

હે રામ તારે ને મારે હવે એક થાવું
મારે જીવપણું છોડી, હવે શિવ થાવું....હે રામ

હે જીવ અજ્ઞાન-અંધારું, હવે દૂર થાવું
મારે અંધારું છોડીને, અજવાળે જાવું....હે રામ

હે રામ જ્યાં જ્યાં જુઓ તો બધે રામ બોલે
મારે ભજન કરીને તારા જેવું થાવું....હે રામ

હે રામ તારું ને મારું, છે જુ નું નાતું
તમે ગીતાજી જુઓ તો, મળે એજ વાતું ....હે રામ





હે રામ છૂટકો નથી, તારે મળવું પડશે
મારે તમારા વિના તો હવે ક્યાં જાવું ? ....હે રામ

હે રામ દાસ સદાને હવે શું કરવું ?
મારે ભક્તિ કરીને, અમરાપુર જાવું ....હે રામ

: ૯ :

હે જીવ ભક્તોમાં ઠઈડ પઈડ વધી ગયા
એ તો તારી મારી કરવામાં રખડી ગયા....હે જીવ

હે જીવ કાવા-દાવા કેમ છોડતા નથી ?
હળી-મળીને ભજન કેમ કરતા નથી....હે જીવ

હે જીવ વાદ વિવાદમાં કોઈ પડતા નહીં
તારી મારી કરી શબ્દોથી કોઈ લડતા નહીં ....હે જીવ

હે જીવ ટાઢો ઉનો કેમ વાતો નથી ?
મારા પ્રભુજીની બીક કેમ રાખતો નથી ....હે જીવ

હે જીવ પ્રભુ પાછળ કેમ પડતો નથી ?
તારાં પ્રપંચ પાખંડ કેમ છોડતો નથી ....હે જીવ

હે જીવ અવળી-ઉધઈયો કેમ મેલતો નથી
સદારામના પ્રભુને કેમ ભજતો નથી ? ....હે જીવ

: ૧૦ :

હે જીવ આજનું કાલે તમે કરશો નહીં
હવે પ્રભુ ભજી લો, પાછા પડશો નહીં....હે જીવ

હે જીવ આરે અવસરીય, હવે ચેતી જાજો
તમે જૂઠને છોડીને સાચું પકડી લેજો....હે જીવ

હે જીવ સારું કરવાનું કેમ ગમતું નથી ?
તને સંતો સમજાવે, કેમ સૂઝતું નથી....હે જીવ

હે જીવ ભગતો થઈને ભૂલો કરતા નહીં
આપણો મનખો બગડે, દુઃખડાં વોરત નહીં....હે જીવ

હે જીવ દાવા છોડીને, ભજન કરતા રેજો
તમે પ્રભુ ભજીને જીવન જીવતા રે જો ....હે જીવ

*હે જીવ નીતિ રાખી કમાણી કરતા રે જો*
*સદારામના પ્રભુને તમે ભજતા રે જો ....હે જીવ*

**: ૧૦ :**

*હે જીવ કાવા દાવા બધા છોડી દેજો*
*સાચો ભાવ લાવી, પ્રભુને ભેટી લેજો....હે જીવ*

*હે જીવ પંથા-પંથીમાં કોઈ પડશો નહીં*
*કોઈથી ઝગડા કરી, માથા ફોડશો નહીં....હે જીવ*

*હે જીવ પક્ષા-પક્ષીમાં કોઈ પડશો નહીં*
*પોતાનો મત પકડી, કોઈથી લડશો નહીં....હે જીવ*

*હે જીવ સચરાચરમાં જુઓ બધે રામ રમતા*
*તમે આંખ ઉઘાડી જુઓ બધે રામ બોલતા....હે જીવ*

*હે જીવ કોઈનાથી હરીફાઈ કરશો નહીં*
*તમારી હોશિયારી કોઈને બતાવશો નહીં....હે જીવ*

*હે જીવ આવું પ્રભુને કંઈ ગમતું નથી*
*સદારામના પ્રભુને ચેન પડતું નથી ....હે જીવ*

**: ૧૧ :**

*હે જીવ આઘા પાછી કોઈની કરશો નહીં*
*તમે પાડોશી પ્રભુની સાથે લડશો નહીં....હે જીવ*
*હે જીવ પાડોશી ભાઈઓની સાથે મળતા રેજો*
*હળીમળીને બધાની સાથે ભળતા રેજો....હે જીવ*
*હે જીવ પાડોશી બાળકોની સાથે મીઠું બોલજો*
*એને તારાં માનીને-તારું હૈયું ખોલજો....હે જીવ*
*હે જીવ ઝેરી નજરથી કોઈને જોશો નહીં*
*તારી કરેલી કમાણી, એમાં ખોતો નહીં....હે જીવ*
*હે જીવ અવળાં તે કર્મો હવે કરતો નહીં*
*આવા દેવ જેવા મનખાને બગાડશો નહીં....હે જીવ*
*હે જીવ ધંધાદારી ભક્તિ કરશો નહીં*
*તમે પ્રભુના નામે, ધૂતિ ખાશો નહીં...૧...હે જીવ*



*હે જીવ પેટના પ્રપંચ કેમ મૂકતા નથી*
*તમે મારું કલ્યાણ કેમ ઈચ્છતા નથી...૨...હે જીવ*
*હે જીવ આવું તે ક્યાં સુધી કરતા રહેશો*
*તમે કુડ કપટ ક્યારે છોડતા રહેશો...૩...હે જીવ*
*હે જીવ પૂર્વનાં કર્મો તમે યાદ કરો*
*તમે કોણ હતા ને અવે શું થઈ ફરો...૪...હે જીવ*

*હે જીવ પ્રભુ કૃપાથી તને મનખો મળ્યો*
*માટે પ્રભુ ભજીલે કેમ, પાછો પડ્યો...૫...હે જીવ*

*હે જીવ પ્રભુથી કેમ તમે ડરતા નથી*
*સદારામનું કેવું કેમ કરતા નથી....? ૬...હે જીવ*

આમ, ઉત્તર ગુજરાતના આ ઓલિયા સંતે દેશી ભજનો દ્વારા સંત પરંપરામાં પોતાનું ઊજળું સ્થાન જાળવી રાખ્યું છે. અને ભજન સાહિત્યના માધ્યમથી સાહિત્યની સેવા કરી શક્યા છે.

ભજનમાં સાંપ્રત સમયને અને સમાજને સંદર્ભમાં રાખીને નિર્વ્યસની, અહિંસક અને સેવાભક્તિ દાખવવાનો ઉપદેશ વણી લીધો જણાય છે. સદાચારી જીવન જીવવું એ પણ ભક્તિનો પ્રકાર છે આવી વ્યાપક ધર્મભાવનાને પ્રસરાવનારા સંતની વાણીમાં જે લય છે, ઢાળ છે અને પરંપરાને જાળવે છે એ પણ મોટી સેવા છે. તેમણે રચેલાં ભજનો આપણી સંતવાણીમાં નોખી ભાત આવી રીતે પાડતા જણાયા છે. યોગ-સાધનાને બદલે નિર્વ્યસની બનીને પ્રભુનામ સ્મરણ કરવું એમાં ભક્તિનો સમાવેશ માનતા સંત સદારામ સાંપ્રત સમયમાં પ્રાચીન સંતપરંપરાનું જીવંત ઉદાહરણ જણાય છે. એમના કેટલાય ભજનો ધ્વનિમુદ્રિત થઈને લોકગાયકોના કંઠે ઓડિયો-વીડિયો કેસેટના માધ્યમથી બજારમાં પણ ઉપલબ્ધ છે.

સંત પરંપરા અને સંતસાહિત્યને ગરિમા બક્ષનાર સંત સદારામને વંદન.

3

# હરદાસ મિસણ : પોતીકી કથનકળા

- ડૉ. અંબાદાન રોહડિયા

**કથનકળાનું સ્વરૂપ :**

હરદાસ મિસણે 'જાલંધર પુરાણ', 'ભૃંગી પુરાણ' અને 'સભાપર્વ' કૃતિઓમાં મૂળ પૌરાણિક કથાઓની કથન પદ્ધતિ અપનાવી નથી. મૂલાનુસાર તો આ ત્રણે કથાનક અન્યને કહેવાયેલાં છે. જેમકે 'શિવપુરાણ'માં 'જાલંધર'ની કથા સુત પુરાણી દ્વારા મહામુનિ વ્યાસને અને સનત્કુમારના સંવાદે સનત્કુમારના મુખે કહેવાયેલી છે. 'શ્રીમદ્ ભાગવત'માંની 'ભૃંગી પુરાણ'ની કથા મૈત્રયઋષિ અને વિદુરના સંવાદ સ્વરૂપે છે. એ કથા મૈત્રય વિદુરને કહે છે. 'મહાભારત'ના 'સભાપર્વ'ની કથા સંવાદ સ્વરૂપે છે. વૈશંપાયનને મહર્ષિ વ્યાસે સંભળાવેલ આ કથા તેઓ અન્યને કહી સંભળાવે છે.

આમ, ઉપરોક્ત ત્રણે કથાઓના મૂળમાં જે કથનપદ્ધતિ છે તેનો હરદાસે ત્યાગ કર્યો છે. એમણે અહીં કથાકાર તરીકે કોઈનો પ્રવેશ કરાવ્યો નથી. અતઃ ત્રણે કથા હરદાસ મિસણે સ્વમુખે જ રજૂ કરી છે. જેથી સમુચિત રીતે જ સમગ્ર કથામાં તેમનો પ્રવેશ હક્ક અબાધિત રહ્યો છે. પ્રસંગાનુસાર કવિ વચ્ચે આવી કથાના પ્રવાહને શિથિલ થતો અટકાવે છે. હરદાસજીની કથનકળાના સ્વરૂપનો વિગતે અભ્યાસ કરીએ.

હરદાસ મિસણે ત્રણે કથામાં કથન, વર્ણન અને સંવાદનું ત્રિવિધ સ્તરે આયોજન કર્યું છે. જેના કારણે કથાપ્રવાહ લક્ષ્યગામી, ચિત્રાત્મક અને સદ્યોગામી બન્યો છે.



હરદાસ મિત્રણે 'જાલંધર પુરાણ'ના આદિ-અંતમાં શિવસ્તવન મૂકેલ છે, ત્યાં પણ તેઓ જ શિવ સ્તુતિ કરે છે. અતઃ તેઓ દ્વારા જ કથન થયું છે.

કથન :

'જાલંધર પુરાણ'માં હરદાસ મિસણ અનેક પ્રસંગોએ વચ્ચે આવી કથન કરે છે. અને તે દ્વારા કથાપ્રવાહને સુરેખ બનાવે છે. ઇંદ્રના રાજવૈભવ અંગે કવિ કહે છે –

*''ઇંદ્ર તણી ઠકુરાઈ ઈખો, સાહેબ કીધો આપ સારીખૌ.''* - ૭૨

જાલંધર શિવભક્ત હતો. શિવ કૃપાર્થે તે અરણ્યમાં જઈ તપસ્યા આદરે છે. શિવ તેને પ્રસન્ન થાય છે, ત્યારે કવિ કહે છે :

*''કવિ હરદાસ કહે જોડે કર, સુપ્રસન્ન હુવા તામ શિવશંકર.''* — ૧૬૩

સમરાંગણમાં ભગવાન શિવના હાથે જાલંધર વીરમૃત્યુને વર્યો ત્યારે કવિ કહે છે :

*''સવે જાલંધર ઘાત સરીર, હૂઆ મઝિ માંણક મોતી હીર.''*

'ભૃંગી પુરાણ'માં પણ હરદાસ મિસણે આ કથનપદ્ધતિનો પ્રયોગ કર્યો છે. કેટલાક પ્રસંગોએ તેઓ કૃતિમાં હસ્તક્ષેપ કરી કથાપ્રવાહને સતત વેગવંત રાખવામાં સફળ થયા છે. શિવ-સતીના પ્રણયમધુર કલહ અંગે કવિ કહે છે :

*''કવળાસપતિ સૂંય જોડ દોનું કર, રાજત સાજ સતી રિસણું''* - ૧૨

સતીના આત્મવિલોપન પછી શિવ સમાધિસ્થ થયા છે, અને તેની સમાધિ છોડાવવા માટે પાર્વતીનો પ્રવેશ કવિ કરાવે છે, ત્યારે -

*''નમો અચસ્ત નમો અકળીસ,*
*મિહ પડ જણ મોહ્યો મહેસ.''* - ૨૧૧

ભીલડીથી મોહિત થયેલા શિવ નૃત્ય કરે છે, અને ભીલડીમાં શિવે દશ ભુજાઓવાળી ભવાનીની છાયા જોઈ, ત્યારે :

*''જડાધાર ગ્યાન તણી ચખ જોઈ,*
*હસે મખ પેખ ભીલણ ન હોય.''* - ૩૨૭

આ કથન પદ્ધતિ એમણે 'સભાપર્વ'માં પણ યોજી છે જે દ્વારા કથાપ્રવાહને વેગવંતો અને લક્ષ્યગામી બનાવ્યો છે.

મંગળાચરણ કર્યા બાદ કવિ કથાનો તંતુ સાધતાં કહે છે :

*''આગે એકવાર વદે જગ એમ, જાજઠિલ જયાગ કિયો બળ જેમ;*
*રાથાં સહિરૂપ જાજઠિલ રાઉ, કિયો દિગ્વિજય કથન્ન કહાઉ.''* - ૬

યજ્ઞની પૂર્ણાહુતિ સમયે કૃષ્ણપૂજન થાય છે ત્યારે શિશુપાળ અપશબ્દો ઉચ્ચારે છે. આ વખતે કવિ કહે છે :

*''ગણત્રિઅ સૌ લગ સાંખિય ગાળ, પણા પેહલો હરખ્યો શિશુપાળ.''* -૩૦

'સભાપર્વની પૂર્ણાહુતિમાં કવિ કૃષ્ણના ગુણાનુવાદ કરતાં કહે છે :

*''ભલુ નજિ પડિ ભગવાંન, કિયા નહ આંખ આડા કાન;*
*કિઆ નહ કાંના આડા ક્રગ, જસોદાનંદન વંદન જગ.''* - ૧૬૪

ઉપર્યુક્ત ઉદાહરણોનો અભ્યાસ કરતાં સમજાય છે કે કવિએ ત્રણે કૃતિઓમાં સમુચિત રીતે આવશ્યકતાનુસાર કથન પ્રયોજીને પોતાની સર્જકકલાની પ્રતીતિ કરાવીને કથાને સુરેખ બનાવી છે.

**વર્ણનકલા :**

હરદાસ મિસણ એક સમર્થ સર્જક છે. તેમનું શબ્દભંડોળ પણ વિપુલ છે, વર્ણનકલા અનન્ય છે. જેનો ખ્યાલ આપણને તેમની જ આ ત્રણે કૃતિઓનો આસ્વાદ કરતાં આવ્યો જ છે. તેમની વર્ણનકલાની નિપુણતાને કારણે જ પ્રસંગોમાં ચિત્રાત્મકતા આવી છે, જે કૃતિને આગવું પરિમાણ અર્પે છે. 'જાલંધર પુરાણ'માં કવિએ નખશિખ વર્ણનો આપ્યાં છે. જુઓ વૃંદાના સૌંદર્યનું વર્ણન :

*''મુખે પુનમ ચંદ શરદ મુખી, ચેખ પેખિ હરખીઅ મિગ્ર ચખી.''*
- ૧૮૬

તો વડવાસુરને છળવા માટે વિષ્ણુએ મોહિની સ્વરૂપે ધારણ કરેલ સૌંદર્ય વર્ણનમાં :

*''ઓપૈ નાસિકા અનુપ, રાત રા રતન રૂપ;*
*દાડમેણ બીઅ દંત, વણે જોતિ જોતિ વંત.''* - ૩૨૭

*''ગેલતી ગંયદ ગતિ, સોહતી મહા શક્તિ;*
*મોડતી મુખ મયેણ, નિરખે મિગ્ર નયણ.''* - ૩૩૧

જાલંધર અને દેવોના યુદ્ધ વર્ણનના નિરૂપણમાં પણ કવિએ આગવી ઝલક પ્રગટ કરી છે :



*''ઘડે ઘડ બૈહડ બિજડધાર, વિહંડડ હડડ હડ વિહાર;*
*ફડ ફડ ફિફડ કાળજ ફટ, ગિરવડ થટ સુભટ ગરટ.''* - ૬૪૮

આ વર્ણનો દ્વારા કવિની વર્ણનકલાનો આછો પરિચય મળી રહે છે.

'ભૃંગી પુરાણ'માં પણ હરદાસ મિસણે યથાપ્રસંગ વર્ણનો દ્વારા કૃતિને સૌંદર્ય આપ્યું છે.

શિવની અનિચ્છા છતાં વગર આમંત્રણે સતી દક્ષ-યજ્ઞમાં ગયાં, અને ત્યાં શિવનું અપમાન થતું જોયું. તેમજ એમનું પણ કોઈએ સ્વાગત ન કર્યું. આ વખતની સતીની મનોસ્થિતિ વર્ણવતાં કવિ સતીના મુખે આ સ્વગતોક્તિ મૂકે છે :

''સહી પૂછશે વાત ત્રિલોક સામી, પ્રવતા કતો પિહરાં માન પામી;
જકે કાહ જબ્બાબ દઈશ જાઈ, મહા મન ધોખો હુવો મહમાઈ.'' - ૫૨

સતીના આત્મવિલોપન પછી સમાધિસ્થ શિવની સમાધિ છોડાવવા માટે પાર્વતીએ ભીલડીનું રૂપ ધર્યું. ભીલડીનું સૌંદર્ય કવિ આ રીતે વર્ણવે છે :

*''સુહાગ ભરી નજ્જ અંગ સહજ,*
*રજે મખ જાણ કિ પુનમ રજ્જ;*
*સંગેધર પ્રાણ વખાણ સરેખ,*
*ઉર ગ્રજરાજ તણિય અવરેખ.''* - ૨૩૭

*''સળંક્રિય લંક સલુણિય સાવ,*
*વણે વરખા રત અત વણાવ;*
*ચલે પદ હંસ તણી ગત ચાલ,*
*ક્રમાલણ ભોળવ સે પ્રમકાલ.''* - ૨૩૮

આ પ્રમાણે 'સભાપર્વ'માં હરદાસ મિસણે પોતાની વર્ણનકલાનો સુપેરે પરિચય કરાવ્યો છે. વર્ણનો દ્વારા કૃતિને સ-રસ, આસ્વાદ્ય અને ચિત્તસંતર્પક બનાવી છે.

મયદાનવની માયાથી ભ્રમિત થયેલા દુર્યોધનના વર્ણનમાં :

*''નિરખ્ખત આંગણ આછાય નીર, ધરે પગ પાછાય તામ અધીર;*
*વળે તેથ ભીત ભુરજ્જ વિશાળ, કટક્યો ઉત પત્થર બીચ કપાળ.''*
- ૧૪

દુર્યોધનના કહેવાથી યુધિષ્ઠિર દ્યૂત રમવા તૈયાર થયા, અને દ્રૌપદીને

હોડમાં મૂકી હારી ગયા, દુઃશાસન દ્રૌપદીને પકડીને ચાલ્યો તે વર્ણન :

*''પંચાળિય પેટ વિરટ્ટ પડેઅ, ચંદ્રાણણિ પ્રાણ વિવાણ ચડેય;*
*ભઈ ભયભીત ભયૌ ચિત્ત ભ્રમ્મ, કિસી દશ આ કુણ પાપ કરમ્મ.''*
- ૬૦

દ્રૌપદીની સહાયે આવેલ કૃષ્ણનું વર્ણન :

*''પીતાંબર ધારી ચકર પાંણિ, આઉ અતિ કોએ અસિ અવસાંણિ;*
*સોહે અટપટી પાઘ સરંગ, સોહે કરે શંખ ગદા ચક્ર સારંગ.''* - ૧૩૨

વગેરે હરદાસ મિસણની વર્ણનકલાના સારા નમૂના છે. અત્યંત સૂઝપૂર્વક કવિએ લાઘવયુક્ત, સુંદર, નખશિખ અને યથોચિત વર્ણનો મૂક્યાં છે. જે એમની સર્જકકલાનાં દ્યોતક બની રહે છે.

**સંવાદ :**

હરદાસ મિસણની ત્રણે દીર્ઘ કૃતિઓમાં સંવાદો છે. પાત્રોના પરસ્પરના સંવાદો દ્વારા પાત્ર, પરિસ્થિતિ અને પ્રસંગ પર પ્રકાશ પાડે છે. અને કથાને વેગ મળે છે. ઉદાહરણ રૂપે કેટલાક સંવાદો જોઈએ :

'જાલંધર પુરાણ'માં જ્યારે જાલંધરને સમુદ્રમંથનની વિગત જાણવા મળે છે ત્યારે જાલંધરની વીરોચિત વાક્‌ધારા :

*''દીધા દાઉ નસાંસ હૈ, પીધા પાંન હરામ;*
*સાગર સિંધ ન જાઈઔ, જિત જાલંધર નામ.''* - ૪૧૪

*''વૈર ન પૂછૈ વૈરિયાં, ગચ્છે આપ ઈવાંણ;*
*માત મ જાઐ પુત્ર વૈ, હીંદૂ મુસલમાંણ.''* - ૪૧૫

ઈંદ્ર અને બળીદાનવ સમરાંગણમાં યુદ્ધ કરે છે ત્યારે બળીદાનવની વીર વાણી :

*''જપે બલિ દાંણવ જોધ જુઆંણ, ઈસા નહ કીજૈ ધાઉ અયાંણ;*
*ઈસા નહ કીજૈ કીજૈ એમ, જોઈ ઈંદ્ર ધાઉ કરાં અબ જેમ.''*

શિવ અને જાલંધર સમરાંગણમાં યુદ્ધ લડે છે, ત્યારે જાલંધર શિવને કહે છે :

*''સૂરાં નરક ન સાંભળે, વેદ પુરાણ વિચાર;*
*મારગ ઉભૌ મુગતિ કૈ, મૈ મુર લોક મંઝાર.''*



અહીં પાત્રાનુરૂપ સંવાદો પ્રયોજવામાં કવિની આગવી દૃષ્ટિનાં દર્શન થાય છે. 'ભૃંગી પુરાણ'માં હરદાસ મિસણે સંવાદો દ્વારા પાત્રોની રેખાઓ સ્પષ્ટ કરી આપી છે. જે કારણે પાત્રાલેખનમાં પણ કવિ સફળ રહ્યા છે. શિવ-સતીનો સંવાદ જુઓ :

*''વદે ચંદના ઓળંભા ચંદવેણી,*
*નારી તાહરે ગંગ સારંગ નેણી.''* - ૨૪

દક્ષયજ્ઞમાં શિવનું અપમાન થતું જોઈ ક્રોધિત સતી દક્ષને કહે છે :

*''અરે દખ મુરખ પાપી અભાગી;*
*તુને એવડી કાંઈ કમત લાગી.''* - ૪૬

આત્મવિલોપન કરવા તૈયાર થયેલ સતીને તેની માતા સમજાવે છે, ત્યારે-

*''જડાધાર કો પાર બ્રહ્મા ન જાણે;*
*બ્રહંમેત અનંત તનેતં વખાણે.''* - ૬૨

ઉપર્યુક્ત સંવાદો દ્વારા કવિએ પાત્રોને સ્પષ્ટરેખ, સજીવ બનાવ્યાં છે.

'સભાપર્વ'માં પણ એમણે પ્રસંગો અને પાત્રોને અનુરૂપ સંવાદો પ્રયોજવાની પોતાની શક્તિનો પરિચય આપ્યો છે.

સભામાં દ્રૌપદીને દુર્યોધન પોતાના ખોળામાં બેસવા કહે છે, ત્યારે દ્રૌપદીનો પ્રત્યુત્તર :

*''તુહારેય ખોળેય મેલેય તાળ, ચડસ્સેય ભીમ ગદાય, ચંડાળ;*
*દુજોયણ દેવર! ખબ્બરદાર, ગમે તિમ બોલ મ બોલ, ગેમાર !''* - ૭૫

દ્રૌપદીના વસ્ત્રાહરણ પ્રસંગે વલોપાત કરતી દ્રૌપદીને દુઃશાસન કહે છે :

*''દુશાસણ જપ્પેય તેણ ઉદામ,'' સંભાર સુનામ જિકે ઘનશ્યામ;*
*ઉઆરેય તૂજ ઈસો કુણ આજ,? રામા ! વ્રજ છોડિ ગિયો વ્રજરાજ.''*
-૮૪

અહીં ત્રણે કૃતિમાં હરદાસ મિસણે યથોચિત સંવાદ નિરૂપણ દ્વારા પાત્રાલેખનમાં સિદ્ધહસ્ત સર્જક તરીકેનો પોતાનો પરિચય કરાવ્યો છે.

હરદાસ મિસણે આ ત્રણે દીર્ઘ કૃતિઓમાં સમુચિત છંદ, અલંકાર, નાદવૈભવ અને રસ નિરૂપણ દ્વારા પોતાની સર્જક પ્રતિભાની પ્રતીતિ કરાવી છે,

અહીં કવિએ ભાષા પાસેથી આ ત્રિવિધ સ્તરે કાર્ય લીધું છે. જાણે શબ્દો કવિને વશવર્તીને ચાલે છે. ભાષા પરના કવિના પ્રભુત્વને કારણે ત્રણે કૃતિ આસ્વાદ્ય બની છે.

**છંદ :**

હરદાસજી મિસણ પિંગળશાસ્ત્રના ઊંડા અભ્યાસી હશે તેમ આ ત્રણે કૃતિનો અભ્યાસ કરતાં જણાય છે.

'જાલંધર પુરાણ' જેવી દીર્ઘ કૃતિમાં કવિએ ૧૪ જેટલા છંદોનો પ્રયોગ કરી ૧૨૨૦ કડીમાં કૃતિની રચના કરી છે. અહીં કવિનું છંદપ્રભુત્વ તો પ્રગટ થાય જ છે. ઉપરાંત પ્રસંગાનુસાર છંદ પસંદગી કરવાની એમની આવડત-સૂઝની પણ પ્રતીતિ થાય છે. છંદ બંધારણને સાદ્યંત ચુસ્તપણે જાળવીને એમણે પિંગળશાસ્ત્રના પોતાના અભ્યાસ અને છંદ પરના પ્રભુત્વનો પરિચય કરાવ્યો છે. એમણે ગાહા, બિયાખરી, દુહા, ત્રોટક, દોમલિયા, આરજા, રંગીક, મોતીદામ, હર્ણૂફાલ, રાજહંસ, ગાહાચોસર, ઝુલણા, ઝપતાલ અને કવિત ઇત્યાદિ છંદો પ્રયોજ્યા છે.

'ભૃંગી પુરાણ'માં ૩૬૦ કડીમાં કવિએ બિયાખરી, રૂપમુકુંદ, મોતીદામ, અર્ધ ભુજંગી, ભૂજંગ પ્રયાત, દોમલિયા વગેરે છંદોનો પ્રયોગ કર્યો છે. વર્ણન, કથન અને સંવાદો માટે ઉચિત છંદ પ્રયોગ દ્વારા કૃતિને કલાત્મક પરિમાણ આપવામાં કવિ સફળ રહ્યા છે.

'સભાપર્વ'માં કવિઓ મોતીદામ, બિયાખરી અને કવિત છંદ પ્રયોજેલ છે. ૧૬૮ છંદની આ કૃતિની વિશિષ્ટતા એ છે કે કવિએ કુલ ૧૬૩ કડી મોતીદામ છંદની પ્રયોજી છે. આદિ-અંતના મંગલાચરણ અને કળશ (બિયાખરી અને કવિત)ના છંદને બાદ કરતાં આખી કૃતિ 'મોતીદામ' છંદમાં જ રચાયેલી છે. કવિએ અહીં એક જ છંદ પાસેથી વર્ણનાત્મક, કથનાત્મક અને સંવાદાત્મક કાર્ય લીધું છે. અને તે પણ ભાવપોષકરૂપે, જે કવિની આગવી વિશિષ્ટતા છે, જે તેમની ભાષા પરના પ્રભુત્વની ગવાહી છે.

હરદાસજી મિસણની આ ત્રણે કૃતિમાં પ્રસંગ, સંવાદ અને વર્ણનને અનુરૂપ એમની છંદ પસંદગીનાં દર્શન થાય છે. અને એમાં પણ પિંગળશાસ્ત્રના છંદ બંધારણને તેઓ સાદ્યંત જાળવીને ચાલ્યા છે. જે તેમની સર્જકશક્તિનો સુપેરે પરિચય આપે છે.



**અલંકાર :**

ચારણી સાહિત્યમાં સાયાસ અલંકાર પ્રયોજનની પરંપરા નથી. ચારણ કવિઓની કૃતિઓમાં અનાયાસે જ અલંકાર પ્રયોજાતા હોય છે. પરન્તુ મધ્યકાલીન ચારણી સાહિત્યમાં 'વયણસગાઈ' અલંકારની ઉજ્જ્વલ પરંપરા હતી. આ અલંકાર દ્વારા કૃતિમાં ગેયતા આવે છે. અને તત્કાલીન સાહિત્ય મહદ્અંશે મૌખિક-કંઠસ્થ પરંપરાનું હોઈ આવા અલંકારો મુખપાઠ માટે પણ અનુકૂળ બની રહે છે. ચારણ કવિઓ પોતાની કૃતિમાં છંદનું યોગ્ય બંધારણ જાળવીને કૃતિમાં 'વયણસગાઈ' જાળવી, સાથોસાથ નાદવૈભવ અને રસનિરૂપણ પણ સુયોગ્ય રીતે કરતા જોવા મળે છે. તેમાં જ સારા સારા સર્જકોની કવિત્વશક્તિની કસોટી થતી હોય છે. હરદાસ મિસણે ઉપર્યુક્ત ત્રિવિધ સ્તરે યોગ્યતા જાળવીને પોતાની કવિપ્રતિભાનો સુપરિચય આપ્યો છે.

'જાલંધર પુરાણ'માં કવિએ 'વયણસગાઈ', વર્ણાનુપ્રાસ, ઉલ્લેખ, લાટાનુપ્રાસ, યમક, ઉપમા, અતિશયોક્તિ, દૃષ્ટાંત, રૂપક અને સ્વભાવોક્તિ અલંકારનો અત્યંત કલાત્મક રીતે પ્રયોગ કર્યો છે. કવિએ પૂર્ણચાતુર્યથી પ્રસંગાનુસાર વર્ણનને જીવંત બનાવવા માટે અલંકારો પ્રયોજ્યા છે. અને આ અલંકાર-પ્રયોગ કથાપ્રવાહમાં વિક્ષેપકર, બિનજરૂરી કે આડખીલીરૂપ બનતો નથી. ઊલટાનું એને કારણે કૃતિમાં આગવું સૌંદર્ય પ્રગટે છે, જે ધ્યાનાર્હ બની રહે છે.

'ભૃંગી પુરાણ'માં હરદાસ મિસણે વયણસગાઈ, વર્ણાનુપ્રાસ, યમક, ઉલ્લેખાલંકાર, સ્વાભાવોક્તિ, વ્યાજસ્તુતિ, ઇત્યાદિ અલંકારો પ્રયોજ્યા છે. કવિએ કૃતિમાં પૂર્ણ સૂઝપૂર્વક પ્રસંગો અને વર્ણનોને કલાત્મક રીતે નિરૂપવા માટે વિવિધ અલંકારોનો પ્રયોગ કર્યો છે. જેના કારણે જ કૃતિમાં ચિત્રાત્મકતા આવી છે. જે કૃતિને આગવું સૌંદર્ય અર્પે છે.

'સભાપર્વ'માં કવિએ વયણસગાઈ, ઉલ્લેખ, સ્વાભાવોક્તિ, વર્ણાનુપ્રાસ, લાટાનુપ્રાસ, યમક, ઉત્પ્રેક્ષા, રૂપક, ઉપમા અને વ્યાજસ્તુતિનો પ્રયોગ કર્યો છે, વર્ણનોને તાદશ્યતા અર્પનારા આ અલંકારો કૃતિમાં અનાયાસ જ નિરૂપાયા છે. જે કૃતિમાં ક્યાંય બોજ બનીને કથાપ્રવાહ કે કૃતિના સૌંદર્યને હાનિકારક બનતા નથી. જે હરદાસની વિશિષ્ટતા છે.

ઉપર્યુક્ત રીતે હરદાસ મિસણે ત્રણે કૃતિમાં સુયોગ્ય પ્રસંગે, વર્ણનોમાં ઉચિત અલંકાર પ્રયોગો કર્યા છે.

**નાદવૈભવ :**

ચારણી સાહિત્ય મુખ્યત્વે ગેય છે. અને ચારણો પોતાની મેઘસદૃશ્ય બુલંદવાણી કંઠ લલકારથી તેને શ્રોતાઓ સમક્ષ રજૂ કરતા ત્યારે છંદોના ઉચિત નિરૂપણમાંથી આગવું નાદ-વિશ્વ ઊભું થતું, કૃતિમાંનો આવો નાદવૈભવ કૃતિના આસ્વાદમાં ઉપકારક બની રહેતો. ભાવકો સમક્ષ આ આગવું નાદસૌંદર્ય પ્રગટ કરી કવિ વર્ણનો માટેનું વાતાવરણ ઊભું કરતા. પછી તે સમરાંગણનું વર્ણન હો કે નારી સૌંદર્યનું, નાદવૈભવને કારણે વર્ણનો જીવંત હૃદય અને મનોગમ્ય બનતાં. ચારણી સાહિત્યની લિખિતકૃતિ કાગળ પર નિસ્તેજ જણાય છે. પણ રજૂઆતમાં એ ધારદાર બની રહે છે. 'જે પોષતું તે મારતું' એ ચારણી સાહિત્યની બાબતમાં સાચું ઠરે છે. ચારણકવિના પહાડી કંઠ લલકારથી સરસ અને આસ્વાદ્ય બની રહેતી કૃતિ આથી જ કાગળ પર નિષ્પ્રાણ લાગે છે.

હરદાસ મિસણે 'જાલંધર પુરાણ', 'ભૃંગી પુરાણ' અને 'સભાપર્વ' આ ત્રણે દીર્ઘકૃતિઓમાં વર્ણનોને યોગ્ય નાદવૈભવ પ્રગટ કરેલ છે.

'જાલંધર પુરાણ'માં મોહિની વર્ણન પ્રસંગે :

*''ઠવંતી પાઉ ઠમંક, ઘૂઘરા વજે ધર્મક;*
*નૂપરાં રા છંદ નદ, વાજિઆ હદ વિહદ.''* - ૩૩૦

'જાલંધર પુરાણ'માં યુદ્ધવર્ણનમાં :

*''ચડે સુર નગારે વજ ચોટ, દડે ગઢ કોટ દડા જમ દોટ;*
*રૂડે રિણ તુર તણા પૌહરાજ, ગુડૈ તિણ ગાજ ગિગનંય ગાજ.''* - ૫૦૩

*''રચે સરણાઈ સિંધુરાગ, ખવે ખગ લગા નગા ખાગ;*
*ધૂરૈ ધણં વાજિંત્ર વાજૈ ઘૌર, જમી અસમાન પ્રમંકા જોર.''* - ૫૦૬

'ભૃંગી પુરાણ'માં પણ નાદવૈભવ વિપુલ માત્રામાં દૃષ્ટિગોચર થાય છે. વીરભદ્રના સૈન્ય પ્રસ્થાનનું વર્ણન :

*''ઝળં વંમળ મંગળ જુગઝાળં,*
*કળંવકકળ અકળં કોપ કાળં;*
*બળ સબળ વીર વીરાધ બોલે,*
*દરો દિગ્ગપાળ ધસે વોમ ડોલે.''* - ૯૧

*''ખગ્ગં ખત્રવટં પ્રસટ્ટ પ્રપટ્ટ,*
*ઘણા ઘાઘરટ ધૂમે ઘાય ઘટ્ટં;*



*સુભટ ગરટ્ટ પુહટ્ટ સુહટ્ટ,*
*બુસટ પુહટ્ટ હણે ઘાટ ઘટ્ટ.''* - ૧૦૮

'સભાપર્વ'માં પણ હરદાસ મિસણની પ્રલંબ વાણીમાં નાદવૈભવયુક્ત વર્ણનો છે.

*''હરિ સકટાસુર-ભંજણહાર, પ્રલંબ પ્રહારણ ઢીંક પ્રહાર !''* - ૧૦૬

*''કલા નિજનાથ, કૃપા નિજ કાન! ભલા ભગવાન! ભલા ભગવાન !;*
*ભલા ભગવાન! અભીરાંગભીર ! ગિનાણંદ ગોવિંદ, જ્ઞાન-ગહીર.''*
- ૧૦૮

*''પંચાલી દીધ દેદાર પ્રથમં, મર પર ધીરક ધીર મરંમ.''* - ૧૩૩

ઉપર્યુક્ત ઉદાહરણો દ્વારા સમજાય છે કે હરદાસ મિસણે પોતાની ત્રણે દીર્ઘ કૃતિઓમાં નાદવૈભવ નિષ્પન્ન કરી વર્ણનોને તાદૃશ્ય બનાવ્યાં છે. ઉપરાંત કૃતિના મુખપાઠમાં આગવી ચમત્કૃતિ પ્રગટ કરી છે.

**રસ :**

હરદાસ મિસણે 'જાલંધર પુરાણ', 'ભૃંગી પુરાણ' અને 'સભાપર્વ'માં નવે રસોનો પ્રવાહ અસ્ખલિતપણે વહાવ્યો છે. આ રસવૈવિધ્યના કારણે કથામાં ચમત્કૃતિ આવી છે. ભાવકને કૃતિના કથાપ્રવાહ સાથે જકડી રાખવામાં આ રસવૈવિધ્યનું અનેરું મહત્ત્વ છે. હરદાસજીએ છંદ, અલંકાર, નાદવૈભવ અને એ સર્વ સાથે રસવૈવિધ્યનો સમુચિત વિનિયોગ કર્યાનું જોવા મળે છે.

'જાલંધર પુરાણ' ભક્તિભાવયુક્ત વીરાખ્યાન હોવાથી તેમાં કેન્દ્રસ્થાને વીરરસ છે. તો સાથોસાથ શાંતરસ-ભક્તિની પાવક ભાગિરથીનો પ્રવાહ પણ અસ્ખલિતપણે વહેતો દૃષ્ટિગોચર થાય જ છે. હરદાસે આ બે મુખ્ય રસ ઉપરાંત પ્રસંગાનુસાર અદ્‌ભુત, ભયાનક, હાસ્ય, રૌદ્ર બીભત્સ, કરુણ ઈત્યાદિ રસોની રસરેલ વહાવી છે. ઉપરાંત વૃંદા, મોહિની વગેરેના સૌંદર્ય વર્ણનોમાં શૃંગારરસ પણ નિષ્પન્ન કર્યો છે. પરન્તુ ચારણી સાહિત્યની ઉજ્જ્વલ પરંપરાનુસાર અહીં મર્યાદાશીલ શૃંગાર નિરૂપાયો છે, એ પણ નોંધવું જોઈએ.

'ભૃંગી પુરાણ'માં પણ હરદાસ મિસણે રસવૈવિધ્ય પ્રગટાવ્યું છે. ત્યાં પણ કેન્દ્રસ્થાને શાંતરસ જ છે. તો વીરભદ્રની સંહારલીલા પ્રસંગે વીર, ભયાનક, અદ્‌ભુત, રૌદ્ર, બીભત્સ વગેરે રસોનો પ્રવાહ દૃષ્ટિગોચર થાય છે. શિવ-સતીના રસિક રુસણાના નિરૂપણમાં હાસ્યયુક્ત શૃંગારરસ નિષ્પન્ન થાય છે. 'શિવ-

ભીલડી' પ્રસંગે પણ શૃંગારરસ મનભાવન રીતે પ્રયોજાયો છે. અલબત્ત, અહીં પણ શૃંગારરસ મર્યાદાની લક્ષ્મણરેખા ઓળંગતો નથી, તે બાબત ધ્યાનાર્હ છે.

'સભાપર્વ' જેવી લઘુકૃતિમાં પણ કવિએ નવે રસોનો વિનિયોગ કરી રસ-વૈવિધ્ય દાખવ્યું છે અને પોતાનો સિદ્ધહસ્ત સર્જક તરીકે પરિચય કરાવ્યો છે. કૃતિમાં કરુણરસ અને શાંતરસ પ્રમુખસ્થાને છે. તો પ્રસંગોપાત વીર, અદ્‌ભુત, રૌદ્ર, બીભત્સ અને હાસ્યરસની આવનજાવન રહે છે. ક્ષણિક આવતા આ રસો પણ પોતાની ચિરંજીવ છબી ઉપસાવી જાય છે, જે આસ્વાદ્ય છે.

આ રીતે હરદાસ મિસણે ત્રણે દીર્ઘકૃતિઓમાં રસવૈવિધ્ય દ્વારા કથાપ્રવાહને હૃદયસ્પર્શી અને આસ્વાદ્ય બનાવ્યો છે. રસવૈવિધ્ય દ્વારા સર્જક ભાવકોના હૃદયતંતુને-મર્મસ્થાનોને સ્પર્શી શ્રોતાઓને ભાવવિભોર કરવામાં સફળ રહ્યા છે. જે એમની આગવી સિદ્ધિ છે, અને તે ઉલ્લેખનીય છે. હરદાસ મિસણે કથન, વર્ણન, સંવાદ, છંદ, અલંકાર, અને રસ નિરૂપણ દ્વારા પોતાની સર્જકપ્રતિભાને સુપેરે પ્રગટાવી છે, જે વિશેષ ધ્યાનાર્હ છે.

**અવનવા કથનકેન્દ્રોનું આયોજન :**

હરદાસ મિસણની સર્જક દૃષ્ટિએ કથાપ્રવાહને પ્રવાહી અને આસ્વાદ્ય બનાવવા માટે અનેકવિધ પ્રયોગો કર્યા છે. ત્રણે દીર્ઘ કૃતિઓમાં તેઓએ કથનપદ્ધતિમાં પ્રસંગાનુસાર પરિવર્તનો કર્યાં છે. જેથી ભાવકગણ માટે કંટાળાજનક પરિસ્થિતિનું નિવારણ થયું છે. અને કથનવૈવિધ્ય દ્વારા કવિ શ્રોતાઓ-ભાવકોને જકડી રાખવામાં સફળતા મેળવી છે, જે એમની ઉલ્લેખનીય સિદ્ધિ છે જુઓ :

'જાલંધર પુરાણ'માં હરદાસ મિસણે કથન પદ્ધતિમાં વારંવાર પ્રસંગાનુસાર પરિવર્તનો કર્યાં છે. આદિ-અંતમાં શિવસ્તુતિનું ગાન હરદાસ મિસણ સ્વમુખે કરે છે. તો કથામાં વચ્ચે વચ્ચે ઇંદ્રના મુખે, જાલંધરના મુખે, બ્રહ્માજી અને દેવોના મુખે, સાગરના મુખે અને ફરી જાલંધરના મુખે એમ વિવિધ રીતે શિવસ્તુતિ મૂકી છે. કવિની શિવભક્તિનો અહીં સુપરિચય તો થાય જ છે. પરન્તુ વિવિધ પાત્રોના મુખે કરાવેલ શિવસ્તુતિ દ્વારા વૈવિધ્ય લાવી એને આસ્વાદ્ય બનાવી છે. કૃતિ એથી અનેકવિધ-મોનોટોનસ-બની નથી.

'જાલંધર પુરાણ'માં કથારંભ કવિના કથન દ્વારા થાય છે. પણ એ કથન કેન્દ્રો બદલાતાં રહે છે. સમુદ્રમંથન અને બલિદાનવની કથાઓ કવિએ શુક્રાચાર્યના મુખે કહેવડાવી છે, તો કવિએ કથનપદ્ધતિ દ્વારા, ક્યારેક વર્ણનાત્મક પદ્ધતિ દ્વારા, 



તો ક્યારેક સંવાદાત્મક નિરૂપણ દ્વારા કથાપ્રવાહને સતત વેગવંત, લક્ષ્યગામી બનાવ્યો છે. પ્રસંગાનુસાર વિવિધ પાત્રોના સંવાદો, વર્ણનોમાં કવિએ સમકાલીન માનવીય સંદર્ભોનું નિરૂપણ કર્યું છે. યુદ્ધવર્ણનોમાં પણ કવિએ વર્ણન, નાદતત્ત્વ અને પાત્રોના મુખે સંવાદ મૂકી સમારાંગણનું ચિત્રાત્મક નિરૂપણ કર્યું છે અને એ દ્વારા ભાવકોને વીરરસમય કરી દીધા છે.

'ભૃંગી પુરાણ'માં હરદાસ મિસણે શિવમહિમાનું ગાન કર્યું છે, ત્યાં પણ કવિએ વીરભદ્ર અને બ્રહ્માના મુખે શિવસ્તવન કરાવ્યું છે. જે દ્વારા અહીં પણ તેમની શિવભક્તિની જ પ્રતીતિ કરાવે છે. તો શિવ-સતીના રસિક રુસણાના પ્રસંગે કવિએ સતીના મુખે શિવ માટે ઉપાલંભ વાણી પ્રયોજી છે. વસ્તુતઃ આ ઉપાલંભ-વ્યંગવાણી દ્વારા પણ કવિએ શિવમહિમાનું જ નિરૂપણ કર્યું છે. જેમાં સર્જકની કવિત્વશક્તિ અને ચાતુર્ય સુપેરે પ્રગટ્યા છે, જે આસ્વાદ્ય છે. તો સતીના આત્મવિલોપન બાદ શિવનું સમાધિસ્થ થવું, અને કામદહન કરવું, તેમજ શિવનું ભીલડી (પાર્વતી) પ્રત્યે આસક્ત થવું એ સર્વ પ્રસંગોના વર્ણનમાં કવિએ વિવિધ કથન પદ્ધતિનો પ્રયોગ કરી કથાને સુરેખ, તરલ અને હૃદયસ્પર્શી બનાવી છે. અલબત્ત, શિવસ્તુતિનું વિશેષ નિરૂપણ કવિની વિશિષ્ટતા અને મર્યાદા ઉભય બની જાય છે.

'સભાપર્વ'માં હરદાસ મિસણે દ્રૌપદી વસ્ત્રાહરણનો પ્રસંગ વર્ણવ્યો છે. અહીં પણ તેમનું ભક્તહૃદય ભક્તિના નિરૂપણની તક ઝડપે છે. અને દ્રૌપદીના મુખે કૃષ્ણ સ્તવન વર્ણવ્યું છે. તેમજ કથાની પૂર્ણાહુતિમાં કૃષ્ણના ભક્તવત્સલપણાને હરદાસજીએ સ્વમુખે વર્ણવ્યું છે. આમ, અહીં પણ પ્રભુના ગુણાનુવાદની પરંપરા જળવાયેલ છે. તો વિવિધ પ્રસંગોએ કવિએ કથનપદ્ધતિ, વર્ણનપદ્ધતિ, અને સંવાદાત્મક પદ્ધતિનો સમુચિત વિનિયોગ કરી કથાને બહેલાવી છે. તેમજ વિવિધ પાત્રોના મુખે જ સંવાદો દ્વારા અતિસંક્ષેપમાં પાત્રનિરૂપણ કરી કથાને સુરેખ બનાવી છે. જેથી કૃતિ આસ્વાદ્ય બની છે.

હરદાસ મિસણની આ ત્રણે દીર્ઘકૃતિનો વિગતે અભ્યાસ કર્યા બાદ એક એવા નિષ્કર્ષ પર આવી શકાય છે કે હરદાસ મિસણ ભક્તકવિ છે. અને એમના ઈષ્ટદેવ છે ભગવાન શિવ. કથાનકનો માધ્યમ તરીકે ઉપયોગ કરી હરદાસે જ્યાં જ્યાં તક મળી ત્યાં શિવસ્તવન-શિવસ્તુતિ નિરૂપી છે. કેટલાક પ્રસંગોએ મૂળકથાને ત્યજીને પણ કવિએ મૌલિક રીતે શિવસ્તુતિનું ગાન કર્યું છે. માનવીય સનાતન સમસ્યાઓના નિરૂપણમાં પણ કવિએ શિવ મહિમાને સંમિલિત કરી ભક્તિભાવનાનો

અસ્ખલિત પ્રવાહ વહાવ્યો છે. 'સભાપર્વ'માં હરદાસે કૃષ્ણસ્તવન કરીને પોતાની વિશાળ હૃદયી ભક્તિભાવનાનો પરિચય કરાવ્યો છે. ધર્મના સંકુચિત વાડામાં કેદ થવાના બદલે સર્વધર્મ, સર્વદેવો સમાન હોવાનું દૃષ્ટિબિંદુ પ્રગટ કર્યું છે. જે તેઓ અભેદતાના ઉપાસક હોવાથી ગવાહી સમાન છે.

ઉપર્યુક્ત ચર્ચામાંથી ફલિત થાય છે કે હરદાસ મિસણ એક ભક્ત ઉપરાંત કવિ તરીકેની પ્રતિભા ધરાવે છે. એમનું કવિ વ્યક્તિત્વ અહીંથી ઊપસે છે. તેઓ માત્ર ભક્ત જ છે તેવું નથી. અલબત્ત, ભક્તિભાવના તરફ તેમનો વિશેષભાવ છે તે અત્રે નોંધવું જોઈએ. તેઓની કવિત્વશક્તિ અને સર્જકપ્રતિભાનો આ ત્રણે દીર્ઘકૃતિઓના આધારે આપણે વિગતે પરિચય મેળવ્યો. સમગ્રલક્ષી અભ્યાસ બાદ આપણે હરદાસ મિસણને પ્રતિભા સંપન્ન સર્જક-ભક્તકવિ કહીએ તેમાં એમનું ખરું મૂલ્યાંકન છે.





વિભાગ - ૨

# લોકસાહિત્યના આરાધકો



૪

# ચારણી અને સંતસાહિત્યક્ષેત્રે શ્રી જયમલ્લ પરમારનું પ્રદાન

**ડૉ. હસુ યાજ્ઞિક**

શ્રીજયમલ્લ પરમારનું મુખ્યક્ષેત્ર લોકવિદ્યાવિશેષતઃ લોકસાહિત્યનાં સંપાદન - સંશોધનનું છે. પરંતુ જ્યારે એમનાં ચારણી-સાહિત્ય અને સંતવાણી-સંતસાહિત્યનાં પ્રદાનો વિશે વાત કરીએ ત્યારે ખાસ લક્ષમાં લેવાની બાબત એ છે કે ચારણી અને સંત બન્ને સાહિત્ય મહદંશે વ્યક્તિકૃત સાહિત્ય છે, લોકસાહિત્ય નથી. આમ છતાં લોકોમાં, એમની કંઠ-પરંપરામાં જ સાહિત્યનું સાતત્યપૂર્ણ સમ્પ્રસારણ થતું રહ્યું છે, કતૃત્વના નામની છાપ હોય એવી પણ સંતવાણી, ભજન-પદ સમેત અસંખ્ય રચનાઓ છે, જેનું નિઃશંક કર્તૃત્વ તે તે ઉલ્લેખિત સંતભક્ત એવી વ્યક્તિત્વનું જ હોય, એવી સ્થિતિ નથી. કબીર મીરાં કે નરસિંહનાં નામે કેટલીયે રચનાઓ તે કવિઓના સમકાલીન કે અનુગામી એવા પદ્યકારોની હોવાનું ધ્યાન પર આવ્યું જ છે. ‘કહે નરસૈંયો મા ન પીશો સવારમાં’ જેવી રચનાઓ પણ અમને નરસિંહ મહેતાનાં પદ-ભજનોમાંથી જ, એનું સૂચીકરણ કરતાં દક્ષિણ ગુજરાતમાં મળી આવી. એ જ રીતે, ગોરખનાથની વાણી કે કબીરવાણીમાં ગુજરાતમાં ગુજરાતી તથા ભીલી ભાષાઓમાં પણ એવી કેટલીય રચનાઓ છે, જેને તે તે કર્તાઓની નહીં એની પરંપરાની જ કહી શકાય. નરસિંહના હૂંડી, કાર, મામેરું વગેરે સ્પષ્ટતઃ પરંપરાની જ રચનાઓ છે. આ જ રીતે મામૈયાદેવ, સહદેવ વગેરેની નામછાપ ધરાવતી આગમવાણીની રચનાઓ પણ પરંપરાની છે. પાટપૂજાસંલગ્ન રામેદવવાણી, તોરલવાણી વગેરે પણ આ દષ્ટિએ વિચાર માગે છે.

અહીં ખાસ સ્પષ્ટતા કરવા જેવી એ છે કે એવી પરંપરાના પદ્યકારનો હેતુ કંઈ પોતાની નબળી રચનાને સબળા નામે ચડાવી વહેતી કરવાનો નથી. એનો હેતુ

તો મૂળસંતના ભાવને, વિચારને, તત્ત્વને વ્યક્ત કરવાનો અને વહેતો કરવાનો હોય છે. આવી પરંપરાગત રચના કરનારો પોતે તો એમ જ માને છે — આ જે કંઈ બોલે છે, એ પોતે જ બોલતો નથી, પોતાનામાં રહેલો કબીર, નરસૈયો, મામૈયાદેવ, ગોરખ બોલે છે. આ બાબત સમજવા માટે સંતચરિતકથા અને તેનું શાસ્ત્ર-કિજીયોગ્રાફી એન્ડ કિજીયોલોજી બરાબર ધ્યાનમાં લેવાવાં જોઈએ. સંત વ્યક્તિ, એની વાણી, એને થયેલા સાક્ષાત્કાર, એની સિદ્ધિ, આ બધાંની એક સમગ્ર અસર પ્રજાના બૃહદમાનસ પર પડે છે. એ એક વિશિષ્ટ એવા એકમની એક બાહ્ય વાસ્તવિકતાથી પર એવી શ્રદ્ધાને બાંધે છે અને એને મન પછી કોઈ સંતે મૃતને સજીવન કર્યો કે ઈશ્વર જ માનવરૂપ લઈ ભક્તનાં જીવનવ્યવહારનાં કાર્યો કરી આવ્યા કે ભાવિના ભેદને પણ ઉકેલવાની, ભવિષ્યમાં શું શું, કેવું કેવું બનવાનું છે તેની આગમવાણી ઉચ્ચારવાની વિશિષ્ટ શક્તિ પેદા કરી. વેદાંતીઓ સંસારને મિથ્યા અને જે કંઈ જોઈએ, અનુભવીએ છીએ તે 'માયા' છે, 'સ્વપ્નવત્' છે એમ માને છે, કહે છે, પરંતુ આપણે મન તો જેમાં જીવીએ છીએ, જે જોઈએ છીએ, તે વાસ્તવ છે. એ નથી માત્ર સ્વપ્ન કે નથી માયા ! આવું જ સંતની વાણીને, એમનાં ચમત્કારને વાસ્તવિક માનનારનું છે. એ એમનો સ્વીકૃત વાસ્તવ છે. કોઈ અતિજ્ઞાન કે અતિશક્તિ એમને મન અવાસ્તવ નથી. ચંદ્ર કંઈ મુખ ન હોઈ શકે કે મુખ કંઈ ચંદ્ર ન હોઈ શકે, કે ચંદ્રને શરમ જેવા મનોભાવ પણ ન હોય છતાં 'દમયંતીનું મુખ જોઈ ચંદ્ર પણ શરમાય !' અલંકારરૂપે ગ્રાહ્ય છે. કાવ્યનું એ વિશ્વ છે. કલામીમાંસા આ સ્વીકારે છે. સંતવાણીને સમજવી કે પરંપરાની રચનાઓની સર્જનપ્રક્રિયા કેવી છે તેને સમજવી હોય એમણે કિજીયોગ્રાફી અને કિજીયોલોજી સમજવી પડે !

— આ આપણા આજના પ્રશ્નો છે. સમસ્યા છે. એના નિરાકરણનું કોઈ સૂચન મેઘાણીમાં છે, જયમલ્લ પરમારની વિચારણામાંથી મળી શકે ? આ પણ હવે દૃષ્ટિમાં રાખવું જરૂરી છે. આપણા પૂર્વસૂરિઓ પણ આવી જ સમસ્યાનો સામનો કરી ચૂક્યા છે. મેઘાણીમાં જોઈ શકીએ છીએ કે સંતજીવન આલેખતાં 'પરચા-કથા' એ તેમને વિચારતા કરેલા.

'સંતવાણી' વિશે સામ્પ્રત સમસ્યાનો પ્રશ્ન વિભાવનાનો છે. મેઘાણી અને જયમલ્લ પરમાર બન્ને એ બાબત બહુ જ સ્પષ્ટ છે. પ્રશ્નો ક્યારેક હેતુપૂર્વક ઉઠાવાય, સ્પષ્ટ હોય છતાં ગુંચવાય ! નરસિંહ-મીરાંની પદભજનની રચનાઓનો સમાવેશ સંતવાણીમાં થાય ? મેઘાણીની 'સોરઠી સંતવાણી' (૧૯૪૭)ની ભૂમિકામાં વ્યક્તિ



સંતનો પણ વર્ગ છે- બિનભજનિક. અને બીજી ભજનિક. જયમલ્લભાઈ આ ચીલો ચાતરતા નથી. આ વાણી કેટલી તો ઔપચારિક શિક્ષણ કે એની લાયકાતથી તથા પન્થધારાથી વિમુક્ત છે, એ તત્ત્વ વિશેષ ધ્યાનમાં લાવ્યા. લિખિત પ્રવાહના કે પ્રશિષ્ટ ધારાના સંતભક્ત કવિની રચનાનો સંતવાણીમાં સમાવેશ ન થાય, એવું એમને અભિપ્રેત હોવાનું જણાતું નથી. એની ચર્ચા એમના માટે પ્રસ્તુત જ ન હતી.

આપણી આજની વિભાવનાની પૂરી સ્પષ્ટતા થાય એ માટે ધ્યાનમાં લેવું જોઈએ કે 'સંત' Saint/St. શબ્દ અને મૂળ વિભાવ જ ભારત-યુરોપિયન-ઈન્ડો યુરોપિયન આર્યકાળ જેટલો પ્રાચીન છે. જનસામાન્યથી શીલમાં, સંયમમાં, શ્રદ્ધાભક્તિમાં અષ્ટાંગુલ ઊર્ધ્વ તે સંત. યુરોપમાં પણ એના બે પ્રકાર છે, એક એવા સંતો જેમની સાથે ચમત્કારપરચા-વિશેષ શક્તિદૃષ્ટિ સંકળાયેલા છે, પોતે લખ્યું નથી. મેઘાણીના પર્યાયમાં બિનભજનિક બીજા એવા પણ સંત જેમણે લખ્યું છે. આજે યુરોપ-અમેરિકાદિ વિદેશોમાં પણ ન્યૂ ઈન્ડો આર્યન લેન્ગ્વેજીઝ ઍન્ડ લિટરેચર પર જે વિશ્વકક્ષાની પરિષદો યોજાય છે. તેમાં પણ એક મુખ્ય વિષય સેન્ટ-લિટરેચરનો છે. એમાં નરસિંહ, મીરાં, તુલસીદાસ, કબીર, તુકારામ અને અન્ય અનેકની રચનાઓનો અભ્યાસ થાય છે, એના પર શોધપત્રો લખાય છે, એનું પુસ્તકના રૂપમાં પ્રકાશન થાય છે. એમાં Devosional Literature – ભક્તિ સાહિત્યનો પણ સમાવિષ્ટ છે. પરંપરાગત એવાં લોકગીતનો જ આધાર લઈને તુલસીદાસે 'નન્કાનાચુ' જેવી રચનાને ભક્તિનું રૂપ કેવું આપ્યું એના પરનો પણ પાળેલનો શોધપત્ર છે. આ મુદ્દાની અત્રે આટલી ચર્ચા આરંભે કરું છું તેનો ખાસ હેતુ છે. લોકને મન, પરંપરાથી જે સ્પષ્ટ છે એને આદરથી સમજપૂર્વક સ્વીકારીએ, ગુંચવવામાં ન જઈએ. સંતવાણી સંદર્ભે મેઘાણી અને જયમલ્લ પરમાર બન્નેના વિષયક્ષેત્રમાં લોકોની કંઠપરંપરા હતી, મધ્યકાલીન લિખિત પરંપરાની નહીં. આથી જ એમની ચર્ચામાં મુખ્યત્વે આત્મસૂઝ-સાધનાથી લખ્યું ને લોકોમાં ઝીલાયું એવી રચનાઓ રહી.

ચારણી સાહિત્યક્ષેત્રે પણ આજે હજુ પણ કેટલાક પ્રશ્નો છે. ચારણી-બારોટી-લોક એની ભેળસેળ પણ અનુગામીઓ દ્વારા થઈ છે. મેઘાણીમાં પણ બારોટી સ્રોત એક ભિન્ન ને સમર્થ સ્રોતના રૂપમાં એમના ધ્યાનમાં છે. બારોટોના ચોપડા આપણે નથી ઉકેલ્યા, ઘણું અંકે કરવાનું રહી ગયું એના પર પણ ધ્યાન ખેંચ્યું છે. એમના સહગામી અને અનુગામી એવા જયમલ્લભાઈએ તો સૌરાષ્ટ્રની રસધારની કૃતિઓનો

પણ લોકકથાની દૃષ્ટિએ પ્રશ્ન ઉઠાવ્યો, ચર્ચ્યો અને સ્પષ્ટતા કરી. મૂલ્યાતિરેક કે ખોટા મૂલ્યનાં વળગણ ક્યાં છે તે આંગળી મૂકીને બતાવ્યું. લોકસાહિત્ય પ્રત્યે વિશાળવર્ગના માનપ્રેમનો ઉછાળ આવ્યો અને વ્યાપારીકરણે ડાયરાપ્રવૃત્તિનો જે અતિરેક થયો એ પ્રત્યે માત્ર ફરિયાદ જ નહીં પરંતુ હોંશ મેઘાણી અને જયમલ્લભાઈ બન્નેને હતી. જયમલ્લભાઈએ તો આ પ્રવૃત્તિનાં અનિષ્ટ વિશે પૂરી વીગતે લખ્યું છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના માધ્યમથી ડૉ. હરિવલ્લભ ભાયાણીના માર્ગદર્શનમાં હું લોકસાહિત્યમાળાના મણકાનું પુનઃ સંપાદન કરતો હતો, ત્યારે ડૉ. બળવંત જાનીને જયમલ્લ પરમારના ઊર્મિ-ઉપરચનામાં છપાયેલા લેખોને સંપાદિત કરીને પ્રકાશન કરવાનું કાર્ય સોંપેલું. એ સમયે ડૉ. ભાયાણીએ માર્ગદર્શન આપતાં-આપતાં ચર્ચા કરેલી કે ચારણી, બારોટ અને સંતસાહિત્યને પણ કંઠસ્થ પરંપરાનો ભાગ ગણવો જોઈએ. ડૉ. જાનીએ જયમલ્લ પરમારના લેખોના ડેમીસાઈઝના એક હજારથી વધુ પૃષ્ઠના બૃહદ સંપાદન ‘લોકસાહિત્ય : તત્ત્વદર્શન અને મૂલ્યાંકન’માં દુહા, ભજનો અને ચારણી સાહિત્યને ચર્ચતા લેખો’ પણ લોકસાહિત્યની સાથે વણી લીધેલા. એ પછીથી મેં ‘લોકગુર્જરી’ વાર્ષિકનું સંપાદન કાર્ય ડૉ. બળવંત જાનીને સોંપેલુ અને એમાં લોક ઉપરાંત ચારણી અને સંતધારાને સામેલ કરવાનું વલણ સ્વીકારેલું.

— આમ, સંતવાણી અને ચારણી સાહિત્ય આ બન્ને સાહિત્ય અને લોકસાહિત્યના સંધિપ્રદેશના, પારસ્પરિક અનુબંધ ધરાવતા પ્રકારો છે. અને આ બન્ને પૂરી માંડીને ચર્ચા મેઘાણીથી મંડાઈ અને જયમલ્લ પરમાર દ્વારા સહગામી અને અનુગામી રૂપે આગળ વધી.

આથી પાયો, ભીંત, પછીત, ધાબાં સાથેની જે પૂરી ઈમારત રચાઈ અને તેમાં દ્વાર સાથે ગવાક્ષ મુકાયાં તેમાં ગુજરાતની આ બે સમર્થ પ્રતિભાઓનાં કાર્યની સાંકળ છે. આથી, આવી મુલવણી સમયે લક્ષમાં લેવાનો થતો ઐતિહાસિક તથ્યનો આલેખ દૃષ્ટિમાં લઈએ :

૧. મેઘાણીનો કાર્યપ્રવૃત્તિનો સમયગાળો ઈ. ૧૯૨૩ થી ૧૯૪૭
૨. જયમલ્લભાઈનો ઈ.૧૯૪૫ થી ૧૯૯૧
૩. ઈ.૧૯૫૦ થી ઈ. ૧૯૫૬ - ૬/૭ વર્ષ બન્ને સાથે
૪. મેઘાણી રંગ છે બારોટ ઈ. ૧૯૪૫ ઋતુગીતો : ૧૯૨૯
સોરઠી ગીતકથા ઈ.૧૯૩૧ સોરઠી સંતવાણી ૧૯૪૭



સોરઠીસંતો ૧૯૨૮ સોરઠિયા દુહા ૧૯૪૭
ચારણો અને ચારણી સાહિત્ય ૧૯૪૩
પુરાતન જ્યોત ૧૯૨૮
૫. જયમલ્લ પરમાર :
લોકવાર્તાની રસલ્હાણ, ભાગ : ૧,૨ ૧૯૯૨
જીવેઘોડાં ૧૯૮૩
આપણી લોકસંસ્કૃતિ ૧૯૫૭
ઊર્મિ-નવરચના : ૧૯૬૭ થી ૧૯૦૧ : ૨૪ વર્ષ
વિષયાનુસારીલેખોના બે સંપાદનો પ્રારંભે ૧. ડૉ. બલવંત જાની, અને પછીથી એને આધારે ૨. શ્રી રાજુલ દવે

— આ માત્રો કાચો, કામચલાઉ આલેખ છે. આની વીગતે વાત બે વિદ્વાન વક્તાઓ ડૉ. નિરંજન અને ડૉ. અંબાદાન કરશે. અહીં એક દૃશ્ય ઊગે છે. ક્યારેક સમુદ્રમાં બહુ મોટી ભરતી આવે છે અને મોઝાં ખૂબ ઊંચાઈએ પહોંચે છે. પછી ઓટ પણ એવી જ હોય. ગુજરાતમાં ત્રીજા, ચોથા અને પાંચમા દાયકાઓમાં આવી જ ભરતી આવી, મોઝાં લઘુતમ ઊંચાઈએ પહોંચ્યાં. પરંતુ મેઘાણી-પ્રભાવ અને કૃતક અનુકરણ એવાં વ્યાપક બન્યાં કે નવું ઓછું આવ્યું, જે આવ્યું એ સેળભળિયું — પરંતુ ઓટના આ કાળમાં જયમલ્લભાઈએ ઘણું તારવ્યું, ખોટું આયાત થતું અટકાવ્યું અને પૂર્વસંચિતનું અનુસંધાન કરી પોતાની રીતે પરિશુદ્ધ કર્યું.

૬

# લોકવિદ્યાકીય ક્ષેત્રે ડૉ. હસુ યાજ્ઞિકનું આગવું પ્રદાન

- ડૉ. બળવંત જાની

ડૉ. હસુ યાજ્ઞિકનું મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ ઘણુ પ્રદાન છે, પણે એનાથી અનુપ્રાણિત એવા ડૉ. હસુ યાજ્ઞિકના લોકવિદ્યા અને કથાસાહિત્યકેન્દ્રી સ્વાધ્યાયની મહત્તા ચીંધી બતાવવાનો ઉપક્રમ અહીં યોજ્યો છે. મને ડૉ. હસુ યાજ્ઞિકના લોકવિદ્યાકીય ગ્રંથોના ઘનિષ્ઠ વાચન (ક્લોઝ રિડિંગ)ને અંતે સ્પષ્ટપણે જણાયું છે કે ગુજરાતી લોકવિદ્યાવિજ્ઞાન ક્ષેત્રે લોકવિદ્યાની મૂળ વિભાવના, તેના પ્રકાર-વર્ગીકરણ અને અભ્યાસ પદ્ધતિ જેવા ક્ષેત્રે હસુભાઈનું ખરા અર્થમાં નવપ્રસ્થાન છે.

લોકસાહિત્યનો, વિશેષતઃ લોકકથાઓના વર્ગીકરણ, પૃથક્કરણ વગેરેના અભ્યાસનો આરંભ એમણે છેક ઈ.સ. ૧૯૬૪થી કર્યો જણાય છે. **'મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ'** પરના મહાનિબંધ માટે તેઓ ડૉ. હરિવલ્લભ ભાયાણી જેવા આંતરરાષ્ટ્રીય કક્ષાના વિદ્વાનના પ્રત્યક્ષ અને ઘનિષ્ઠ માર્ગદર્શનમાં સંશોધનરત હતા. આ ગાળામાં તેમણે સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતી ભાષામાં લિખિત રૂપ પામેલી સેંકડો લોકકથાઓ વાંચી જણાય છે અને આર્ને તથા સ્ટીથ થોમસન જેવા લોકકથાના આંતરરાષ્ટ્રીય કક્ષાના વિદ્વાનોના 'ફોક ટેઈલ', 'સ્ટોરી ટાઈપ્સ' અને 'સ્ટોરી મોટિફ ઈન્ડેક્સ' જેવાં પુસ્તકોમાંથી પસાર થયા અને એમના મહાનિબંધમાં આ અભ્યાસક્ષેત્રની લગભગ બધી જ કથાઓનાં કથાનકોનું પૃથક્કરણ કરીને તેના મોટિફ તારવ્યા અને તેની ચર્ચા કરી. આ સાથે જ પ્રેમકથા નિમિત્તે કામકથાનકો પણ જુદાં તારવ્યાં. આવી બધી જ કથાઓ કઈ માનસિકતા અને સામાજિક ભૂમિકામાંથી જન્મી છે, કથામાં વાસ્તવનું રૂપાન્તર કેવી રીતે અને શા માટે થયું, ભાષા કે બોલી બદલાય સાથે જ સમયાનુસાર સામાજિક પરિવર્તન પણ આવે તેની



અગાઉ કહેવાતી અને લખાઈ ચૂકેલી કથાઓ જ્યારે નવું રૂપ ધારણ કરે ત્યારે કેવી - કેટલી અસર પડે. અમુક પ્રકારની દુઃખદ અને માનસિક ત્રાસ આપે એવી ચેલૈયાની કથા જેવી વાર્તાઓમાં લોકોને શા માટે રસ પડ્યો, લોહીની, વંશની શુદ્ધિના ધોરણને કારણે સંસ્કૃત બનેલી પ્રજાઓએ સ્ત્રી પાસે જ જાતીય પવિત્રતાની વિશેષ અપેક્ષા રાખી : આ બધાં જ પાસાંઓને નજર સમક્ષ અને કેન્દ્રમાં રાખીને હસુભાઈએ વિગતે અભ્યાસ કર્યો છે. તેમની અગાઉ પ્રાચીન-મધ્યકાલીન કથાઓને આવા દૃષ્ટિબિંદુથી ગંભીરતાપૂર્વક તપાસીને તેનો અભ્યાસ કરવામાં આવ્યો ન હોઈ અને કથાઘટક શું છે, કથાનકના પૃથક્કરણની અને કથા-કથા વચ્ચેના સામ્ય-વૈષમ્યમૂલક અભ્યાસમાં એ કેવી રીતે સહાયક બને છે : આની કોઈ સ્પષ્ટતા પણ આ અગાઉ આપણે ત્યાં થઈ જ ન હતી. એથી ડૉ. ભાયાણીએ આ સંશોધન અને અભ્યાસને નવી અને સાચી દિશાના અભ્યાસ તરીકે એ સમયે મૂલવેલો.

આમ, હસુભાઈના લોકવિદ્યાકીય અભ્યાસનાં મૂળ એમના સંશોધન સમય દરમ્યાનના પ્રાચીન-મધ્યકાલીન ભારતીય કથાસાહિત્યના અભ્યાસમાં જોઈ શકાય છે.

બીજા તબકકે તેઓ ઈ.સ. ૧૯૮૨માં ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર બન્યા. આ સમય દરમિયાન ડૉ. ભાયાણીનાં સૂચન અને માર્ગદર્શનમાં તેમણે લોકસાહિત્યમાળાના મણકા ૧ થી ૧૪ની પાંચેક હજાર જેટલી રચનાઓનું વિષયાનુસારી વર્ગીકરણ કરીને તેને આધારે જ ગુજરાત પ્રદેશના લોકસાહિત્યનાં મૂળભૂત લક્ષણો તારવ્યાં. એમનો આ અભ્યાસ ખરી અને ક્ષેત્રકાર્ય આધારિત નક્કર સામગ્રી પર જ આધારિત હતો તેથી હકીકતે જેને શુદ્ધ શાસ્ત્રીય અને વસ્તુનિષ્ઠિ-ઓબ્જેકટિવ કહી શકાય તેવો અભ્યાસ એમના દ્વારા શક્ય બન્યો. વળી, ડૉ. ભાયાણીના કારણે અકાદમીએ લોકોની કંઠસ્થપરંપરાની સામગ્રીનો અભ્યાસ આરંભ્યો અને સંતવાણી, ભજન, આગમવાણી, ગુપ્ત પાટઉપાસના વગેરેની પરંપરાના ઘણાં તથ્યો મારા દ્વારા અને નિરંજન રાજ્યગુરુ તથા નાથાલાલ ગોહિલ દ્વારા આ સમયગાળા દરમ્યાન પ્રગટ થયાં અને તેમાં મારા, ડૉ. નાથાલાલ ગોહિલ, ડૉ. નિરંજન રાજયગુરુ જેવાનાં કાર્યોનો અકાદમીના માધ્યમથી પ્રત્યક્ષ પરિચય બધાને થયો. આદિવાસી કંઠપરંપરા પર કામ કરતા ડૉ. શાંતિભાઈ આચાર્ય, શંકરભાઈ અને રેવાબેન તડવી દંપતી, પછીથી ડૉ. ભગવાનદાસ પટેલનાં કાર્યો સાથે સાંકળવાનું અને એમની કૃતિઓમાંથી પણ એમને પસાર થવાનું બન્યું.

અકાદમીમાંથી નિવૃત્તિ પછી ઈ.સ. ૧૯૯૬ થી ઈ.સ. ૨૦૦૫ સુધીના ત્રીજા તબક્કામાં તેમણે શ્રી 'ઝવેરચંદ મેઘાણી લોકવિદ્યા સંશોધન ભવન'ના ઉપક્રમે

સતત એક દાયકા સુધીના સમયગાળામાં તેર જેટલાં પ્રોજેક્ટમાં સહભાગી બન્યાં. ઉપરાંત વિવિધ યુનિવર્સિટીમાં લોકવિદ્યા પર વ્યાખ્યાનો આપ્યાં તે નિમિત્તે અને 'વિશ્વકોશ' નિમિત્તે લોકવિદ્યા સંદર્ભે લખવાનું બન્યું. આ ગાળા દરમ્યાન પશ્ચિમમાં ફોક્લોરિસ્ટિક સુધી વિસ્તરેલી ચર્ચાનાં મૂળ પુસ્તકો, ઈન્ટરનેટ વગેરેને આધારે ફિનીશકુળ, રશિયનકુળ, અમેરિકનકુળની લોકવિદ્યાકીય પ્રવૃત્તિથી અભિજ્ઞિત થઈને **'ગુજરાતની લોકવિદ્યા'** નેશનલ બુક ટ્રસ્ટ માટે, **'લોકવિદ્યાવિજ્ઞાન'**, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ માટે લખ્યું : એમના આ ગ્રંથોમાં નિરૂપાયેલ અભ્યાસ, મૂળભૂત સામગ્રી, શાસ્ત્ર અને પદ્ધતિ એ ત્રણે પર આધારિત છે. આ કારણે અગાઉ કહેવાતું/મનાતું ક્યાંક ભૂલ ભરેલું, ક્યાંક અધૂરું, ક્યાંક માની લીધેલું કે ધારેલું હતું; ત્યાં પોતાના અભ્યાસને આધારે આંગળી મૂકીને તેઓ સ્પષ્ટપણે અને સાધાર નિર્દેશી શક્યા. આથી એમના આ ક્ષેત્રના અર્પણને લોકવિદ્યાના મૂર્ધન્ય વિદ્વાનોએ પણ મહત્ત્વનું ગણ્યું. એમના આ બધા કાર્યમાંથી પસાર થતા મને જણાયું કે એમના પૂર્વે થયેલા અભ્યાસોમાં લગભગ તમામની નજર 'સાહિત્ય' પર જ હતી. 'લોર' પર ન હતી. 'જુઓ અહીં પણ કેવું ઉચ્ચ સાહિત્યિક તત્ત્વ છે' એવો અહોભાવ હતો. હસુભાઈની સામે તેઓ જેમાંથી પસાર થયા હતા એ ૫,૦૦૦ જેટલી લોકરચનાઓ હતી એના જ આધારે એમણે વસ્તુનિષ્ઠ ધોરણે બધે સાહિત્ય જ છે, ઉચ્ચ મૂલ્ય અને આદર્શ જ છે : આવા કોઈ ગૃહીતનો આધાર ન લીધો. આથી લોકરચનાઓનું વાસ્તવિક રૂપ પકડીને તેના ખરા અર્થમાં યથાર્થ મલ્યાંકન હસુભાઈએ કર્યું જણાય છે.

એમના પૂર્વે આપણે ત્યાં લોકસાહિત્યને જુદું પાડવા ચારણી, બારોટી, સંત એવા ખોખાં જ પાડેલાં અને લોકસાહિત્ય એટલે જાણે કોઈ નવો જ ઉદ્‌ભવસ્રોત હોય એવું ધારી લેવામાં આવતું. પ્રથમ વખત એમના અભ્યાસે જ સિદ્ધ કર્યું કે લોકસાહિત્ય કંઈ 'લોક'ના અલગ એકમની જ નીપજ નથી. લિખિત, શિષ્ટ અને અન્ય પરંપરામાં પણ જે કાંઈ લોકતત્ત્વને પુરસ્કૃત કરે એવું હોય છે તેને લોકો સ્વીકારે છે, તરતું રાખે છે ને તેનું લોકસાહિત્ય તરીકેનું રૂપ બંધાય છે. કેટલાક અપવાદો બાદ કરતા લોક પોતે તો ક્યારેય કશું પોતાની રીતે, પોતીકું સર્જતો નથી. એમાં તો બીજા સ્રોતનું આયાત થઈ લોકરચનાનું પોતીકું રૂપ બાંધે છે. ચારણી, બારોટી, સંત, મધ્યકાલીન અને લોકઃ અભ્યાસની સગવડ માટેના વર્ગો છે. એકમાં હોય એથી બીજામાંથી આપોઆપ રદ ન થાય. એના આદાન-પ્રદાનને, લોકસાહિત્યમાં શું ક્યાંથી, કેવી રીતે આવે છે તે અંગેની ત્રણ મુખ્ય સિદ્ધાન્ત ધારાને સમજવી જોઈએ.



અગાઉના કાર્યમાં વિદ્વાનોએ આ અંગેની કોઈ સ્પષ્ટતા કરી ન હતી.

લોકસાહિત્યના આપણા વિભાગમા મોટાભાગની સંપદા છે તે ગ્રામીણ કંઠપરંપરાને આધારે અસ્તિત્વમાં આવી છે. આદિવાસી સાહિત્યની ઓળખ આનાથી જુદી પડે છે તેથી આદિવાસી લોકસાહિત્યનો વિચાર ગુજરાતી લોકસાહિત્યના કૌંસની બહાર કાઢીને કરવો-થાવો જોઈએ. આ સિદ્ધાન્ત એમણે ૫,૦૦૦ ગુજરાતી લોકરચનાઓના અને ગુજરાતના આદિવાસી સાહિત્યના ઊંડા અભ્યાસને આધારે તારવ્યો અને પાંચેક તબક્કે તેનાં કારણો ચર્ચ્યા અને આદિવાસી સાહિત્યને જુદી રીતે સ્વતંત્ર એકમ તરીકે તેમના દ્વારા સ્વીકારવામાં આવ્યું.

આદિવાસી લોકકથાનક ધરાવતી કૃતિઓનું પૃથક્કરણ કરી તેના ઘટકો તારવીને એનો અભ્યાસ કરવાની પદ્ધતિનો આરંભ હતો. પ્રેમકથાઓ પછી ડૉ. શાંતિભાઈ આચાર્ય સંપાદિત કથાકૃતિ અને ડૉ. ભગવાનદાસ પટેલ સંપાદિત બધી જ કથાઓના ૫૦૦ જેટલા કથા-ઘટકોની એમણે આ પદ્ધતિએ વિગતે અને વિશદ્ ચર્ચા કરી.

ગુજરાતીમાં પ્રકાશિત ગુજરાતના આદિવાસી સાહિત્યને સમગ્રરૂપમાં તપાસ્યું અને તેનાં મૂળ લક્ષણો, અભ્યાસ-પદ્ધતિનાં મૂળ બંધાયાં અને તેની ગુજરાતી લોકસાહિત્ય કરતાં ગુજરાતી વિવેચન પરંપરામાં આગળ મુદ્દા છે તેની અને એના સ્વાયત્ત રૂપની આલોચના કરી. લોકસાહિત્ય-લોકવિદ્યા એક લુપ્ત અંગ છે, ભૂતકાળમાં થયું ને સંચિત થયું તે પૂરતું છે; આમ મનાતું. આ પ્રોસેસ કંઈ મૃત નથી આજે પણ કલ્ચરલ પ્રોસેસ પ્રક્રિયા તરીકે ચાલુ છે તે દર્શાવ્યું. તેની મહત્તા કલ્ચરલ સ્ટડીઝ અભિગમથી કામ કરતા અભ્યાસીઓને પણ મહત્ત્વની જણાઈ છે.

'લોક' એટલે તળપદો ગ્રામીણ સમાજ - આવો ખ્યાલ પ્રવર્તતો હતો. લોક એટલે જેમની પરંપરાઓ, માન્યતાઓ, જીવન-જગતને જોવા-જાણવાનો અભિગમ સમાન છે એવો એકમ; એ શહેરી અને શિક્ષિત પણ હોઈ શકે. આ પ્રથમ વખત સદૃષ્ટાંત તેમણે સ્પષ્ટ કર્યું.

લોકમહાકાવ્ય શું છે, એ કેવી રીતે અસ્તિત્વમાં આવે, એની પરંપરા ચાલે, તે વિગતે દર્શાવ્યું. અગાઉ આ દિશામાં લખાયું-વિચારાયું ન હતું પણ હસુભાઈ સામે શાંતિભાઈ આચાર્ય, શંકરભાઈ અને રેવાબહેન તડવી, ભગવાનદાસ પટેલ અને ડાહ્યાભાઈ વાઢૂ દ્વારા એકત્રિત આદિવાસી લોકમહાકાવ્યો રચના સ્વરૂપે સુલભ હતાં અને એનું પ્રસ્તુતીકરણ, પણ જાતે નિહાળ્યું હતું એટલે તેમણે આદિવાસી લોકમહાકાવ્યના સ્વરૂપને સૌપ્રથમ વખત આલેખ્યું. લોકસંગીત શું છે, એનાં

મૂળભૂત ઘટક અંગો, લક્ષણો, લોકવાદ્યો વગેરે વિશે ઓછું લખાયેલું તે પર વિશેષ પ્રકાશ પાડ્યો અને લોકસ્વરૂપના સંગીતની પણ શાસ્ત્રીય ચર્ચા કરી.

સર્જક અને સાહિત્યકારના સમગ્રદર્શી મૂલ્યાંકનો થાય છે, તેમ લોકવિદ્યાવિદનાં કાર્યોનાં વ્યક્તિનિષ્ઠ અભ્યાસથી સંશોધિત સમગ્રલક્ષી અભ્યાસ બહુ દૃષ્ટિગોચર થતાં ન હતાં. આ દિશામાં ૧. શાંતિભાઈ આચાર્ય, ૨. ડૉ. ભગવાનદાસ પટેલ અને ૩. શ્રી જોરાવરસિંહ જાદવનાં કાર્યોનો તેમણે સમગ્રલક્ષી અને સમગ્રદર્શી અભ્યાસ પ્રસ્તુત કર્યો. આ દિશામાં જ હવે પૂર્વસૂરિઓનાં કાર્યોના વ્યક્તિનિષ્ઠ સમગ્રદર્શી, સમગ્રલક્ષી અભ્યાસની પરિપાટીનો નવી દિશાનો આરંભ થશે. એમણે લોકસાહિત્યના અભ્યાસીઓને મૂલવવાનું એક માળખું ઘડી આપ્યું.

'એનિમલ્સ ઓવ્ન લોર' અને 'ઓકલ્ટ લોર કે સિક્રેટ લોર'નો એક નવો જ પ્રકાર એમણે ગુજરાતીમાં ખોળી બતાવ્યો. એમની સિદ્ધાન્તની ચર્ચા પણ કરી. આપણે ત્યાં આ દૃષ્ટિએ, આ પ્રકારની કોઈએ તેમના પૂર્વે ચર્ચા કરી નથી.

અનેક અભ્યાસલેખોમાં એમણે કોઈ જ થિયરી, નવો જ અભ્યાસ અને એની પદ્ધતિ, દૃષ્ટિગોચર થાય છે. જે ભવિષ્યના કોઈ ખાસ અભ્યાસીએ તારવવાના થશે. વ્યક્તિકૃત રચના લોકતત્ત્વને કારણે લોકપ્રવાહમાં આવે, તરતી થાય અને તેનું લોકસાહિત્ય તરીકેનં જે રૂપ બંધાય તે 'ફોલ્ક લિટરેચર ઈન ઇટ્સ મેકિંગ પ્રોસેસ'ની વાત ડૉ. હસુ યાજ્ઞિકે લોકમહાકાવ્ય તથા અન્ય સંશોધન-મૂલ્યાંકનલેખ સંદર્ભે પહેલી જ વખત આવી પ્રક્રિયાની વાત દૃષ્ટાંત સાથે કરી છે, અને તેનો કોઈ જાતિજ્ઞાતિના બનેલા સામાજિક એકમના ઇતિહાસ પરિસ્થિતિ સાથે કેવો સંબંધ રહેલો છે તે સદૃષ્ટાંત સમજાવ્યું. દા.ત., ખેડબ્રહ્માના ડુંગરી ભીલો મૂળ તો ગૂર્જરોનું જ વનવાસી બનેલું જૂથ છે, સામાજિક એકમ છે, તે વિગતે સદૃષ્ટાંત ચર્ચ્યું.

## પ્રાચીન-મધ્યકાલીન કથાઓનાં પુનઃકથન અને લોકતાત્ત્વિક અભ્યાસ

મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ પરના પીએચ.ડી. નિમિત્તના અભ્યાસને કારણે સંસ્કૃત, પ્રાકૃત અને જૂની ગુજરાતીની ઉપલબ્ધ બધી જ કથાઓ વાંચી, તે સંદર્ભે વિદ્યાગુરુ ડૉ. ભાયાણી સાથે અનેક પાસાંઓને લગતી ચર્ચા કરી ત્યારે ભાયાણીએ હસુભાઈને સૂચવેલું કે, 'તમે જે જેટલી કથાઓ એના મૂળ રૂપમાં વાંચી એ હવે ભવિષ્યમાં કોઈ વાંચવાનું નથી, વાંચવા ઇચ્છશે એને તમને મળેલાં પુસ્તકો મેળવવામાં પણ મુશ્કેલી પડશે. આથી મારું સૂચન છે કે મેં જેમ 'કમળના તંતુઓ'માં મરષ્યની જાતકકથાઓ આપી તેમ તમે પણ કરો તો એ નિમિત્તે પણ આપણું પ્રાચીન કથાધન બચે અને પ્રવાહમાં તરતું રહે. તમે નવલકથા, વાર્તા, ટૂંકી વાર્તાઓના સર્જક છો અને તમારી કૉલમ પણ છાપામાં નિયમિત રીતે ચાલે છે, તો શોધપત્રો ઉપરાંત આ દિશામાં કામ કરો.'



એમનું સૂચન હસુભાઈએ સ્વીકાર્યું અને મૂળ કથાનકને વફાદાર રહીને વિવિધ કોલમોના માધ્યમથી ભારતીય લૌકિક કથાનકોને રસળતી શૈલીમાં પુનઃ કથન (રિ-ટોલ્ડ) પદ્ધતિએ આલેખ્યાં. આ પ્રકારના ભારતીય લૌકિક કથાઓના ગ્રંથોમાંથી પ્રસાર થયા. તેમણે જણાવ્યા પ્રમાણે :

૧. **કામકથા ભાગ-૧, ૨** હકીકતે 'રંગતરંગે' ઈ.સ. ૧૯૭૪થી માર્ચ ઈ.સ. ૧૯૮૫ સુધી જેનું પુસ્તકના રૂપમાં રન્નાદે પ્રકાશનમાંથી ઈ.સ. ૧૯૮૭માં કામકથા, ભાગ ૧ અને ૨ના રૂપમાં પ્રકાશન થયું. એની અભ્યાસ-ભૂમિકા ખૂબ જ વિગતે મધ્યકાલીન ગુજરાતી કથા-સાહિત્ય પરંપરા રૂપે આપી, જેને પ્રો. જયંત કોઠારીએ ભારતીય કથાસાહિત્યના અભ્યાસની કલગી તરીકે બિરદાવી. તે પણ આ લખનારે તે સમયે એની વિગતે સમીક્ષા કરેલી.

આ બે ભાગમાં ૧ થી ૭ સંસ્કૃત કથાનકો, સંસ્કૃત શુક્સપ્તીની ૭૨ કથાઓ, ૧ થી ૧૦ પ્રાકૃત કથાઓ અને ૧ થી ૧૧ જૂની ગુજરાતીનાં કથાનકો કામકથા ભાગ ૧ માં આપ્યાં. આ ગ્રન્થનું પુનઃમુદ્રણ, બીજી આવૃત્તિ ઈ.સ. ૨૦૧૦માં થઈ.

કામકથા-૨ માં શામળની 'સૂડા બહોંતેરી' આપી. એનું પુનઃ મુદ્રણ, બીજી આવૃત્તિ ઈ.સ. ૨૦૧૦માં રન્નાદેએ તાજેતરમાં પ્રકાશિત થઈ છે.

૨. 'ચાંદની' વાર્તા માસિકમાં 'પ્રાચીન કથાધન' નામના સ્તંભમાં ૧૫/૧૧/૮૧ થી ૨૫/૫/૮૩ સુધી સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યની રસપ્રદ કથાઓ રિ-ટોલ્ડ પદ્ધતિએ પ્રકાશિત થતી રહી. અન્યત્ર પણ વિવિધ નિમિત્તે પ્રાચીન-કથાઓ આપી તેમાંથી વિશ્વની પ્રથમ પ્રેમકથા યમ-યમી તથા પુરુરવા-ઉર્વશી, સહસ્રાણિક-મૃગાવતી, ઉદયન-વાસવદત્તા, તરંગવતી વગેરે કૃતિના સંચય રૂપે કુમકુમ પ્રકાશન, અમદાવાદથી 'અનુરાગ-કથાઓ' ઈ.સ. ૧૯૮૮માં પ્રગટ થયું, અહીં હસુભાઈએ કથાસામ્ય, ઘટકાદિને પણ યથાવકાશ સમાવ્યા છે. હર્ષદેવ માધવે આ અંગે લખ્યું છે કે, 'આ કથાઓ સંસ્કૃતની છે, પ્રાકૃતની છે પણ પ્રવાહી ચોટદાર અને સંવાદાત્મક સાહજિક શૈલીને લીધે અને ક્રમશઃ રજૂઆતને લીધી ગુજરાતી વાચકોને પોતાના કરી લેશે એમાં શંકા નથી. લેખકની તુલનાત્મક શક્તિ અને કથાના તાણાવાણા ગૂંથવાની શક્તિ અરસપરસ મિશ્ર થઈ ગયાં છે. એ રીતે વાચકોને જ નહીં. અભ્યાસીઓને પણ આ ઉપકારક પુસ્તક છે.

'ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ' જેવી સંસ્થાએ ગુજરાતીમાં સંસ્કૃતની સહઅભ્યાસ સામગ્રી માટે આ રીતે સાહિત્યનો ઇતિહાસ તૈયાર કરાવવો જોઈએ, જેથી ઇતિહાસ સાહિત્યમાં માત્ર ઉતારા કરાવવાની વસ્તુ ન થાય... લેખક પાસે મેં રૂબરૂ માગણી કરી છે કે આ અનુરાગ કથાઓમાં હજુ એક 'કાદમ્બરી' બાકી છે — 'કાદમ્બરી' (= લેખક વિવેચકને) સાંભળવી છે — આવી જ રીતે રસળતી કલમમાં. ક્યારે ? એ માટે અનુરાગ કથા ખંડ-૨ ની રાહ જોવી પડશે ને ?'

૩. ડૉ. ભાયાણીના સૂચન પ્રમાણે રિ-ટોલ્ડ પદ્ધતિએ રૂપ જેટલી સંસ્કૃત-પ્રાકૃત કથાઓનાં **'પ્રાચીન કથાધન-પ્રાકૃત'** (ઈ.સ. ૧૯૮૮)માં કોકકાસ, ભરતરોહક, અભયકુમાર, મારુદત્ત, અગડદત્ત, ધમ્મિલ, અનંગ સુંદરી, શંખ અને કલાવતી વગેરે કુલ ૧૨ પ્રાકૃત કથાઓ આપી. અહીં દરેક વાર્તાના આરંભમાં પ્રાકૃતમાં તે કથા કયાં છે, તેની નોંધ આપી. 'ચાંદની'માં પ્રાચીન કથાઓ વિશેનું લખવાનું બંધ થયા પછી 'કથામંજૂષા' નામના કોલમમાં 'સંદેશ'ની બુધવારની પૂર્તિમાં સંસ્કૃત, પ્રાકૃત ગુજરાતી, અંગ્રેજી, ફારસી વગેરે પ્રાચીન-મધ્યકાલીન કથાઓ રિ-ટોલ્ડ પદ્ધતિએ આપી. આના અનુસંધાને જ 'ફારસી કથાધન', 'શ્રેષ્ઠ ફારસીકથાઓ' (ઈ.સ. ૧૯૯૩) ગૂર્જરમાંથી પ્રગટ થયું. અહી ફારસી કથાઓમાં ફિરદૌસીને આધારે બકતાશ અને રાબિયા, રુસ્તમ-સોહરાબ, સિયાવશ, હુફ્ત પૈકર, નુહમંઝર, સિકંદર, સત્યનારાયણની કથા જેવી જ મુશ્કીલગુલા અને કઠિયારાની કથા, રૂપાવતીમાં વિક્રમ અને વિધાતાની શોધમાં જે કથા છે તેની ઇરાની કથા, બખ્તિયાર, હાતીમતી વગેરે કુલ ૧૨ કથાઓ આપી ઇન્ડો ઈરાનિય કુળનો વાર્તાનો સંબંધકથાના દૃષ્ટાંતસાથે, મૂળ કથાનક સાથે આપ્યો.

ગૂર્જરવિશ્વસાહિત્યની શ્રેણીનાં એમનાં સંપાદનમાં વિશ્વની ઉત્તમ નવલિકાઓ, ટૂંકીવાર્તાઓ પ્રગટ કરી તેની અભ્યાસ ભૂમિકાઓમાં વિશ્વસાહિત્યના ૨૦ ભાષાસાહિત્ય ક્ષેત્રો પસંદ કરી 'વિશ્વસાહિત્ય' એટલે શું, તે નિશ્ચિત કર્યું. યહુદી સાહિત્યને કારણે કેવળ ભાષા અને પ્રદેશના આધારે વિશ્વસાહિત્ય એટલે શું નક્કી ન કરી શકાય. (કેમ કે યહૂદી સાહિત્યમાં પ્રદેશ-ભાષા જુદાં જુદા છે- યીદીશ, ફ્રેન્ચ, અંગ્રેજી, જર્મની વગેરે) એ નવો તાત્ત્વિક મુદ્દો ચર્ચ્યો અને દરેક દેશની આધુનિક ટૂંકી વાર્તા નવલકથાનો અનુબંધ પ્રાચીન-મધ્યકાલીન કથાઓ સાથે છે તે દર્શાવીને તે તે સાહિત્યની પરંપરાગત કથાઓની, લોકકથાઓની પણ ચર્ચા કરી જે એમના 'વિશ્વસાહિત્યમાં વાર્તા-ટૂંકી વાર્તા' (ઈ.સ. ૨૦૦૩) એ



વિવેચન પુસ્તકમાં છે. એને પ્રો. દિગીશ મહેતાએ ચતુઃપરિમાણી તરીકે ઓળખ આપી. બીજા દેશની કથાઓની કૃતિઓ પસંદ કરીને તેનાં ભાષાન્તર પ્રો. ડૉ. રવીન્દ્ર ઠાકોર, શ્રી અશોક હર્ષ, પ્રો. ડૉ. પ્રવીણ દરજીને સોંપેલાં પરંતુ ફારસી-ઈરાની સાહિત્યની કૃતિઓ, મૂળ કૃતિઓ અરેબિકામાં હોવાથી હસુભાઈએ પોતે સંપાદિત કરી શ્રી અબ્દુલ શેખની સવેતન માનદ સેવા લઈને તેનું રિ-ટોલ્ડ પદ્ધતિએ, પરંતુ ફિરદૌશીના મૂળને અનુસરીને, કથા-આલેખન કર્યું.

વાર્તા, ટૂંકી વાર્તા વિશેના એમનો અભ્યાસ 'વિશ્વસાહિત્યમાં વાર્તા ટૂંકી વાર્તા'માં પુસ્તક છે અને નવલકથા પરની એમની અભ્યાસ ભૂમિકા 'કલાથી કથા સુધી' (ઈ.સ.) નામના એમના વિવેચન સંગ્રહમાં છે.

૪. બાલ-કિશોરને વાર્તારસિયાને દૃષ્ટિએ રાખીને મુખ્ય પ્રાચીન-મધ્યકાલીન કથાઓનાં કથાનકો રસવાહી રૂપે આપવાનો જે ઉપક્રમ હતો તેને અનુસરીને ગૂર્જરમાંથી પ્રાચીન કથા-મંજરીમાં. ૧. કૃષ્ણચરિત. ૨. ઉદનય-વાસવદત્તા ૩. સાંબ-પ્રદ્યુમન ૪. ઘટોત્કચ અને ૫. ચારુદત્તની કથાઓ ઈ.સ. ૧૯૯૯માં પ્રગટ કરી જેનાં ૨૦૦૧, ૨૦૦૩ એમ સતત પુનઃમુદ્રણ થયાં.

આ માંહેની કૃષ્ણચરિત સંલગ્ન કથાઓ, ઉદયન-વાસવદત્તા વગેરે પ્રાચીન કથાઓ ગુજરાતમાં તથા ભારતમાં અન્યત્ર અનેક વખત, અનેક દ્વારા આલેખવામાં આવી છે તેમાં સર્વત્ર સંસ્કૃતમાં મળતી જ પ્રચલિત કથાઓ છે. જૈનસ્તોત્રમાં પ્રાકૃતમાં આ જ કથાઓ ક્યાંક કેટલેક અંશે ભિન્ન છે અને વાર્તાના પાઠાન્તરની તથા રસની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની છે. આમ છતાં, આ સ્રોતનું આમપ્રવાહમાં જાણતું નહોતું તે હસુભાઈની આ શ્રેણીથી બહાર આવ્યું અને પ્રાકૃતમાં મળતી આ કથાનાં રૂપાન્તરો સહુને લક્ષમાં આવી શક્યાં. એમણે 'ઉપદેશ-પદ' સમગ્રરૂપમાં વાંચીને તથા જૈનસ્રોતના વિવિધ કથાકોષ (દૃષ્ટાંત તરીકે હરિષેણનો, ગૌતમકુલક વગેરે) વાંચીને આ કથાઓ હસુભાઈ પુનઃકથનરૂપે આલેખે છે.

સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતીનાં કથાનકો આપ્યાં તે પછી છેલ્લે 'મુંબઈ-સમાચાર'ની રવિવાર-પૂર્તિમાં પણ તા. ૧૧-૫-૨૦૦૩ થી તા. ૨૬-૨-૨૦૦૬ સુધી 'કથામંજૂષા' નામે સુદીર્ઘ સ્તંભ નિમિત્તે પણ ભારતીય કથાસૃષ્ટિને આલેખી. અહીં બાલ-કિશોર જ નહીં, સામાન્ય વાર્તારસિયો વાચક અને કથા-સાહિત્યના અભ્યાસી બંનેને દૃષ્ટિમાં રાખીને મૂળ કથાઓ આપી. તેથી તે તે કથાઓ ક્યા story-type સાથે સાથે સંકળાયેલી છે, એમાં વિશ્વમાં અન્યત્ર પણ જે કથાઓ છે તેની કથા કેવી છે, પાલિ ભાષાના પ્રાકૃતગ્રન્થમાં પણ ગામણીચંડ જેવી જે કથાઓ

છે તેના મૂળમાં નસીબ દુખિયાની કે પનોતીનો ભોગ બનેલાની જ લોકકથા છે તે પાલિની જાતકકથા ઉપરાંત જૈન સ્રોતના પ્રાકૃત ગ્રન્થમાં આ કથા કેવી છે અને તે જ કથા જોરાવરસિંહ જાદવ ભાલપંથકના કંઠપ્રવાહમાંથી આપે છે તેની સાથે કેવી રીતે મૂળ-કુળથી સંબંધ ધરાવે છે તે પણ કથામાં ચર્ચ્યું અને તેને આધારે પુરૂરવા-ઉર્વશી, યમ-યમી ઉપરાંત ગામણીચંડ, ચિત્રકાર દુહિતા, શીલવતી, તરંગવતી, હંસાઉલી, કર્પૂરમંજરી (જેનો સંબંધ મેઘાણીએ આપેલી મનસાગરની કથા સાથે છે અને ઘાતની કથા વિશ્વના ૮ દેશોમાં છે અને મૂળ કથા સરિત્સાગરમાં છે) ચાતુર્યકથા, ચિપિટનાસ અને વચનસાર, ઘટકર્પર, નદંબત્રીશી, રૂપાવતી, માધવાનલ કામકંદલા, ભાડાનો વર (જેનું એક રૂપાન્તર રેવાબહેન તડવીએ આપેલી ચંદ્રાશાની આદિવાસી કથામાં પણ છે), પોપાબાઈ, જામ ચનેસર અને શંખ-કલાવતી જેવી ૨૦ કથાઓ આપી છે. ભારતના અનેક પ્રદેશોમાં લિખિત અને કંઠ પરંપરામાં એનાં રૂપાન્તરો લોકપ્રિય અને બહુપ્રચલિત હોવાથી આ કથાઓનો સમાવેશ શ્રેષ્ઠ ભારતીય લોકકથાઓમાં થાય છે.

આ તથા તે ઉપરાંતની કેટલીક કથાઓ લઈને ૧૦૧ કથાનકો **'શ્રેષ્ઠ ભારતીય કથાનકો'** પાર્શ્વ પ્રકાશન દ્વારા ૨૦૧૦માં પ્રકાશિત થાય છે. અહીં હેતુ ભારતીય લોકકથાનાં Most Sriking element ધરાવતાં કથાનકોનો સંક્ષેપમાં કથાકોશ ઉપલબ્ધ કરાવી આપવાનો છે.

૫. આદિવાસી સ્રોતની ડૉ. શાંતિભાઈ આચાર્ય ઉપરાંત ડૉ. ભગવાનદાસ પટેલ સંપાદિત રાઠોર વાર્તા, અરેલો, ભીલોનું ભારત, ગોપીચંદ ભરથરી, જગદેવ પરમાર નવઘણ વગેરે કથાઓનાં કથાનકોનું પૃથક્કરણ કરીને હજારેક મોટિફ તારવી ચર્ચા કરી છે. એમાં કથાનક સાર છે પરંતુ છેક આજ તા. ૧૩-૧-૨૦૧૧ સુધી ચાલુ છે 'જનસત્તા'ની કોલમમાં કેટલીક તંત્રનીકથા, નાથકથા, લોકદેવકથા, નાગકથા, શિવકથા, લાક્ષણિક આદિવાસી કથાઓ પણ રિ-ટોલ્ડ પદ્ધતિથી આપી અને સાથે-સાથે એમણે લોકવિદ્યાકીય દષ્ટિબિંદુએ ચર્ચા પણ કરી છે.

**સૈદ્ધાંતિક વિવેચન**

ગુજરાતી લોકસાહિત્યની જ મૂળ કૃતિઓને લક્ષમાં રાખીને લોકસાહિત્યનાં વિવિધ પ્રકારો, પ્રવાહો, જાતિઓ અને સ્વરૂપની અનેક કૃતિઓને આધારે જ સૈદ્ધાન્તિક વિવેચન કરવાની એક નિશ્ચિત અને અનોખી પદ્ધતિ એમણે પાંચેક હજાર લોકરચનાઓનાં વિષયાનુસારી રામકથા, કૃષ્ણકથા, પાંડવકથા, કથાગીત, જીવનચક્ર અને ઋતુચક્ર સાથે સંકળાયેલાં ગીતોનાં સંપાદનની ભૂમિકામાં બાંધી



**'ગુજરાતી લોકસાહિત્ય'** (૧૯૯૬)માં લખ્યું એમાંથી જ 'ગુજરાતી લોકવિદ્યા' (૨૦૦૦), **'લોકવિદ્યા વિજ્ઞાન'** (૨૦૦૧), અને **'લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર'** (૨૦૦૨) એ ત્રણ સંચયો વિશે ડૉ. શાન્તિભાઈ આચાર્ય લખે છે; 'આ ત્રણેને અમે સંયુક્ત રૂપે 'લોકવિદ્યાત્રયી' નામે ઓળખાવીશું. આ લોકસાહિત્યત્રયીનાં પ્રકાશનોએ ગુજરાતની લોકવિદ્યાના ક્ષેત્રને સમૃદ્ધ બનાવીને લેખકને આ વિષયના ભારતના તજ્જ્ઞોની હરોળમાં બેસાડી આપ્યા છે તેમ કહેવામાં અત્યુક્તિ નથી' એ યથાર્થ છે. પરંતુ આ પછી પણ વિશ્વકોશ દ્વારા **'લોકવિદ્યાપરિચય'** (૨૦૦૫), **'લોકમહાકાવ્ય અને બીજા લેખો'** (૨૦૦૮), **'ગ્રામીણ અને આદિવાસી કંઠપરંપરા'** (૨૦૦૫), **'આદિવાસી લોકસાહિત્યનો ઇતિહાસ'** (૨૦૧૧) અને **'લોકસાહિત્ય વિજ્ઞાન'** (૨૦૧૨) એ ચાર સૈદ્ધાંતિક વિવેચનનાં અને આદિવાસી લોકસાહિત્યના ઇતિહાસ એમાં ઉમેરતાં હવે લોકવિદ્યા અષ્ટક હસુ યાજ્ઞિક પાસેથી મળે છે. આદિવાસી કંઠપરંપરાના સાહિત્યની તટસ્થ અને પૂર્ણ એવી વિભાવના તથા એનો ઇતિહાસ પણ ગુજરાત ઉપરાંત ભારતીયક્ષેત્રે પ્રથમ પગલું છે. ભારતમાં અન્યત્ર આવકાર્ય થયાનું આ લખનારના ધ્યાનમાં નથી. સતત વાંચતા, વિચારતા આ સન્નિષ્ઠ અભ્યાસીની આ યાજ્ઞિકના જ્ઞાન-વિદ્યાના યજ્ઞની પ્રક્રિયા ચાલે જ છે, કેમકે, આ લખાય છે ત્યારે જ લોકકથાના તુલનાત્મક અધ્યયનનો મહાનિબંધ એમણે પૂર્ણ કરીને ગુજરાત અને રાજસ્થાનની ધર્મ અને વિધિસંલગ્ન રામકથા, કૃષ્ણકથા, પાંડવકથા, નાથકથા, બગડાવતકથા, પાબૂજીકથા, જેસલ-તોરલ અને રૂપાંદે-માલદે કથાના તુલનાત્મક ગ્રન્થ ઉપલબ્ધ બન્યો છે. અહીં પહેલી જ વખત પુસ્તકના રૂપમાં લોકપ્રચલિત કથા પરનો નવો જ દિશાનો અભ્યાસ મળે છે. એમણે તુલનાત્મક અભ્યાસના અનેક નવાં પાર્શ્વો વિગત સાથે ઉઘાડ્યા છે એટલું જ નહીં લોકકથાના 'સમ્પ્રસારણ' અને 'પ્રવર્તન' વચ્ચે જે સૂક્ષ્મ તાત્ત્વિક ભેદ છે, તે પણ પ્રથમ વખત ચર્ચ્યો છે અને એક જ કથાનું જ્યારે ભિન્ન એવા ભૌગોલિક ક્ષેત્રમાં પરંતુ સમાન જાતિમાં પ્રવર્તન થાય તથા એક કથાનું ભિન્ન પ્રદેશની ભિન્ન જાતિ કે જાતિઓમાં સમ્પ્રસારણ થાય ત્યારે મૂળ કથામાં કેવાં-કેટલાં પરિવર્તનો થાય, ક્યાં કારણોથી થાય, તેની સદષ્ટાંત ચર્ચા કરી છે. આમ, ડૉ. ભાયાણીએ કહેલું તે નવી દિશાનો ઉઘાડ હજુ પણ સાતત્યપૂર્ણ રીતે થયો.

▣

## ડૉ. હસુ યાજ્ઞિકના સાહિત્યની વર્ગીકૃત સૂચિ

### ॥૧॥ પ્રાચીન ભારતીય સાહિત્ય અને વિશ્વસાહિત્ય

**૧:૧ ભારતીય કથા : પુનઃકથન અને સ્વાધ્યાય.**

૧. કામકથા ભાગ-૧,૨ (૧૯૮૭)
૨. કામકથા ભાગ-૨ બીજી આ. -૨૦૧૧,
કામકથા - ૨ નું સૂડા બહોંતરી - ૨૦૧૧
૩. પ્રાચીન પ્રાકૃત કથાધન (૧૯૮૮)
૪. અનુરાગકથાઓ (૧૯૯૨)
૫. ફારસી કથાધન (૧૯૯૩)
૬. સંસ્કૃત કથાધન (૧૯૯૮)
૭. પ્રાકૃત કથાધન (૨૦૦૯)
૮. ભારતીય લોકકથાઓ (૨૦૦૯)
૯. ૧૦૧ લોકકથાઓ (૨૦૧૧)
૧૦. શ્રેષ્ઠ ભારતીય કથાઓ

**૧:૨ કિશોરલક્ષી ભારતીય ચરિત્રકથાઓ : પુનઃકથન.**

૧૧. અભયકુમાર (૧૯૯૪)
૧૨. કૃષ્ણચરિત્ર (૧૯૯૯) ચાર આવૃત્તિઓ ૨૦૦૪ સુધી
૧૩. સાંબ પ્રદ્યુમન (૧૯૯૯) ''
૧૪. ઉદયન વાસવદતા (૧૯૯૯) ''
૧૫. ઘટોત્કચ (૧૯૯૯) ''
૧૬. ચારુદત (૧૯૯૯) ''

**૧:૩. વિશ્વસાહિત્ય : મર્મ અને મીમાંસા.**

૧૭. કલાથી કથા સુધી (૨૦૦૪)
૧૮. વિશ્વસાહિત્યમાં વાર્તા-ટૂંકીવાર્તા (૨૦૦૫)

### ॥૨॥ અધ્યાત્મવિદ્યા

**૨:૧ અધ્યાત્મવિદ્યા - અર્થઘટન અને લોકતાત્ત્વિક પરિચય**

૧. તિબેટની તંત્રસાધના (૨૦૦૦)
૨. પ્રાચીન ધર્મો, ગુપ્ત સાધના (૨૦૦૪)
૩. હિન્દુધર્મના આધારસ્તંભો (૨૦૦૬)
૪. સમીક્ષિત શિવપુરાણ (૨૦૦૯)



### ॥૩॥ મધ્યકાલીન સાહિત્ય સંશોધન - સંપાદના

**૩:૧ મધ્યકાલીન ગુજરાતી : સંશોધન સંપાદન**

૧. શામળકૃત 'નંદબત્રીશી' (૨૦૦૭)
૨. શામળકૃત 'રૂપાવતી' (૨૦૦૭)
૩. માધવકૃત 'રૂપસુંદર કથા' (૨૦૦૭)
૪. પ્રેમાનંદકૃત 'અભિમન્યુ-આખ્યાન (૨૦૧૦)
૫. 'શૃંગારમંજરી' કૃતિનિષ્ઠ અભ્યાસ (૨૦૧૦)

### ॥૪॥ લોકસાહિત્ય અને વનવાસી સાહિત્ય

**૪:૧ સિદ્ધાંતલક્ષી અને પ્રવાહલક્ષી**

૧. મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ (૧૯૭૩) (સંક્ષિપ્ત)
(પૂર્ણરૂપમાં ઈ.૨૦૧૧)
૨. શામળ (૧૯૭૮) (બી.આ. ૨૦૦૫)
૩. ગુજરાતી લોકસાહિત્ય (૧૯૯૬)
૪. ગુજરાતની લોકવિદ્યા (૨૦૦૦) અંગ્રેજીમાં-૨૦૦૪,
હિન્દીમાં - ૨૦૦૫.
૫. લોકવિદ્યાવિજ્ઞાન (૨૦૦૧)
૬. લોકસાહિત્યઃવિભાવના અને પ્રકાર (૨૦૦૨)
૭. ગ્રામીણ અને આદિવાસી કંઠપરંપરા (૨૦૦૫)
૮. લોકવિદ્યા પરિચય (૨૦૦૫)
૯. પદ્યવાર્તા : સ્વરૂપ, વિકાસ (૨૦૦૭)
૧૦. લોકમહાકાવ્ય અને બીજા લેખો (૨૦૦૮)
૧૧. ભીલ સાહિત્યઃ અધ્યયન (૨૦૧૦)
૧૨. જોરાવરસિંહ જાદવ અધ્યયન ગ્રંથ. (૨૦૧૦)
૧૩. આદિવાસી લોકસાહિત્યનો ઈતિહાસ (૨૦૧૧)
૧૪. લોકસાહિત્યવિજ્ઞાન (૨૦૧૨)

**૪:૨ લોકસાહિત્યમાળા મણકા ૧ થી ૧૪ અંતર્ગત લોકસાહિત્ય સંપાદન શૃંખલા.**

૧૪. લોકગીતોમાં કૃષ્ણચરિત. (૧૯૯૨)
૧૫. લોકગીતોમાં રામકથા-પાંડવકથા (૧૯૯૨)
૧૬. લોકગીતોમાં કથાગીતો (૧૯૯૪)

૧૭. ગુજરાતી લોકકથાઓ (૧૯૯૫)
૧૮. ઋતુચક્ર સંલગ્ન લોકરચનાઓ (૧૯૯૫)
૧૯. જીવનચક્ર સંલગ્ન લોકરચનાઓ (૧૯૯૬)
૨૦. ગુજરાતી આદિવાસી લોકસાહિત્ય (૨૦૧૧)

**૪:૩ અધિકૃત લોકપ્રિય સંપાદનો.**

૨૧. સૌરભ રાસગરબા (૧૯૯૮)
૨૨. સૌરભ લગ્નગીત (૧૯૯૮)
૨૩. સૌરભ નવરાત ગરબા (૧૯૯૮)
૨૪. સૌરભ પદ ભજનાવલિ (૧૯૯૮)
૨૫. સૌરભ વ્રતકથા (૧૯૯૮)
૨૬. જોરાવરસિંહ જાદવની લોકકથાઓ (૨૦૦૪)

**૪:૪ સ્વારંકિત સંપાદનો.**

૨૭. હરિવેણ વાય રે હો વનમાં (૧૯૮૮)
૨૮. ઝરમર વરસે મેહ ઝબૂકે વીજ (૧૯૮૯)
૨૯. ગોકુળમાં ટહૂક્યા મોર (૧૯૮૯)

**૪.૫ સાહિત્ય-લોકસાહિત્ય ઈતિહાસ.**

૩૦. આદિવાસી લોકસાહિત્યનો ઈતિહાસ (૨૦૧૧)
૩૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યઃ પ્રવાહ અને સ્વરૂપો (૨૦૧૧)
૩૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ (૨૦૧૨)

**૪.૬ લોકસાહિત્ય વિવેચન (હિન્દીમાં)**

૩૩. ગુજરાતી લોકસાહિત્ય : રામકથા સે કામકથા તક (૨૦૧૦)

**।।૫।। સંગીતવિદ્યા આસ્વાદ અને પરિચય.**

**૫:૧ રાગ અને વાદનશિક્ષણ**

૧. વાયોલિન વાદન (૧૯૯૨) (બી.આ. ૨૦૦૬)
૨. હાર્મોનિયમ વાદન (૧૯૯૨) (બી.આ. ૨૦૦૬)
૩. રાગદર્શન (૧૯૯૪)
૪. બંસરી વાદન (૧૯૯૮)
૫. સંગીતશાસ્ત્ર (૨૦૦૪)



૬. કેશિયો - ઓર્ગન વાદન (૨૦૦૫)
૭. અભિનવ ગિટાર વાદન (૨૦૦૫)
૮. તાલવાદ્ય (૨૦૦૫)
૯. ગુજરાતનું સંગીત (૨૦૦૯)
૧૦. સંગીત વિશે - (સંશોધન-વિવેચન-૨૦૧૦)
૧૧. ગુજરાતના સંગીતકારરત્નો (૨૦૧૨)

**।।૬।। સર્જનાત્મક ગદ્ય**

**૬:૧ નવલકથાઓ**

૧. દગ્ધા (૧૯૬૯)
૨. રાતઅધૂરી (૧૯૭૦) બીજી આ. ૧૯૭૦
૩. ધરા ઊંચી (૧૯૭૭)
૪. હાઈવે પર એક રાત (૧૯૮૧ બીજી. આ ૧૯૯૬
૫. મુટુ રદ્બારી (૧૯૮૨)
૬. બીજી સવારનો સૂરજ (૧૯૮૨) બીજી આ. ૧૯૯૭
૭. ફેરોન (૧૯૮૪)
૮. સોળ પછી (૧૯૮૫)
૯. પતંગિયાની પાંખ (૧૯૮૬)
૧૦. નીરા કૌસાની (૧૯૮૭)
૧૧. ખારોપાટ (૧૯૮૮)
૧૨. ધૂંધળી ક્ષિતિજને પાર (૧૯૯૧)
૧૩. અરધી ઈમારત (૧૯૯૧)
૧૪. અંગાર સ્વપ્ન (૧૯૯૩)
૧૫. ચક્રધર (૧૯૯૪)
૧૬. ઝાકળના રંગ (૧૯૯૫)
૧૭. અગ્નિકુંડ (૧૯૯૬)
૧૮. ખજૂરો (૧૯૯૮)
૧૯. યુગસન્ધિ (૧૯૯૯)

**૬.૨ અનૂદિત નવલકથા**

૨૦. હાઈડી (૧૯૯૦)

**૬.૩ ટૂંકી વાર્તા**

૨૧. મનડાની માયા (૧૯૮૫)
૨૨. એક જુબાનીમાંથી (૧૯૮૫)

**૬.૪ અનુવાદિત ટૂંકીવાર્તા**

૨૩. ફણીશ્વરનાથ 'રેણુ'ની શ્રેષ્ઠ ટૂંકી વાર્તા (૨૦૦૨)

**૬.૫ 'સત્યઘટના આધારિત' લલિતનિબંધો–વાર્તાત્મક વ્યક્તિ ચિત્રો,**

૨૪. દિવાલ પાછળની દુનિયા (૧૯૯૪) (બી.આ. ૧૯૯૬)
૨૫. પછીતના પથરો (૧૯૮૬) (બી.આ. ૨૦૧૦)
૨૬. જેલરની ડાયરી (૧૯૯૪)

**૫**

# લોકસાહિત્યના સંપાદનક્ષેત્રે ઉમાશંકર જોશીનું આગવું પ્રદાન

**હર્ષદા જે. શાહ**

મીડા નામની સ્ત્રીની એક ગ્રીક મીથ છે એ જેને સ્પર્શે તે સોનું થઈ જાય એમ ઉમાશંકર જોષીએ જે જે ક્ષેત્રને સાહિત્ય સ્વરૂપને સ્પર્શ કર્યો તે દરેક ક્ષેત્રે તેમણે સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ગુજરાતી સાહિત્યનું તે ઉન્નત શિખર રહ્યા છે.

ઉમાશંકર એટલે વ્યક્તિમટીને થયેલ 'વિશ્વમાનવી' એ ખરું, પણ એમની જીવનયાત્રાનું થાણું હતું એક નાનકડું ગામડું, ગ્રામસંસ્કાર, ગ્રામબોલી, ગ્રામ હૈયું, એના લહેકા, લહેજા, સરળતા - નિર્દંભતા, નિખાલસતા, મુગ્ધતા આ બધા સંસ્કારના ભાગરૂપે જ તેઓ લોકસાહિત્યમાળા મણકો-૧ આપે છે.[૧] જેમાં 'સુરત કાંઠાની અબાવાણી' એ જે દરિયાકાંઠાની લોકસાહિત્યવાણી છે એને સંગ્રહિત કરવાનું કામ શ્રી ઉમાશંકર જોષીએ કર્યું છે. ઉમાશંકર સતત ગતિશીલ કવિ રહ્યા છે. સતત વિકાસશીલ રહ્યા છે.

શ્રી ઉમાશંકર જોષીએ પોતાની અબાવાણીની પ્રસ્તાવનામાં લોકસાહિત્ય સંજ્ઞાની ખૂબ જ સરળ વ્યાખ્યા આપતાં કહ્યું છે કે

''લોકસાહિત્ય એટલે લોકજીભે રમતું, લોકકંઠે જીવતું સાહિત્ય'' લોકસાહિત્ય પ્રજાની ચેતનાને ઝંકોરીને તેનો તાગ મેળવવાનું કામ કરે છે. યુંગ જેને 'સામૂહિક અચેતના' (કલેકટીવ અનકોન્શ્યસ) કહે છે. તે લોકસાહિત્યમાં પ્રગટ થતી હોય છે.[૨]

લોકસાહિત્ય એવો પર્યાય અને એ પાછળની વિભાવના આધુનિક છે. અઢારમી સદીના અંતભાગે તેનો આરંભ થયો. આ પૂર્વેની સાહિત્યમીમાંસામાં આ પ્રકારનો પર્યાય કે તેને લગતી બીજી કોઈ વાત કે વિભાવના મળતાં નથી. રેનેસાં

પછી જ બૌદ્ધિકોનું ધ્યાન આમવર્ગના માણસ અને એના જીવન તરફ દોરાયું. એ પછી જે રંગદર્શી વલણ એને રાષ્ટ્રવાદ પ્રવેશ્યાં એણે જ સાહિત્યના દૃષ્ટિકોણને બદલાવ્યું અને નગર સંસ્કૃતિથી મુક્ત અને જુદો, નિરક્ષર અને નિમ્ન મનાતો જે ગામડાંનો સમાજ હતો, તેમની કંઠ - પરંપરામાં રહેલાં કથાનો અને ગીતો તરફ ધ્યાન ખેંચાયું આ વર્ગના રીતભાત, રીતરિવાજ, જીવનપ્રત્યેનો સાહજિક અને નિર્દંભ એવો અભિગમ વગેરે તરફ ધ્યાન ખેંચાયું. અને આ લોકોની પરંપરામાં પડેલું ગ્રામ્ય અને નગણ્ય લાગતું હતું તે તરફ બૌદ્ધિવર્ગની અભિમુખતા પ્રગટવા લાગી.[૩]

ગુજરાતમાં લોકવાઙ્મયના સંશોધન સંપાદન માટેની પ્રવૃત્તિક્ષેત્રે ઝવેરચંદમેઘાણીના વિશિષ્ટ પ્રદાનને ધ્યાનમાં લેતાં આ પ્રવૃત્તિનાં ત્રણ સ્થિત્યંતરો દર્શાવી શકાય.

(૧) પ્રાક — મેઘાણીકાલ (૧૮૧૨-૧૩ થી ૧૯૨૨)

(૨) મેઘાણીકાળ (૧૯૨૨ થી ૧૯૪૭)

(૩) ઉત્તર મેઘાણીકાળ (૧૯૪૭ થી આજ સુધી)

પ્રાક મેઘાણીકાળમાં અંગ્રેજો, પારસીઓ અને નાગરોને આ પ્રવૃત્તિના મોવડીઓ કહી શકાય.

લોકવાઙ્મયના સંશોધન સંપાદન માટેની પ્રવૃત્તિનો આરંભ અઢારમી સદીના પૂર્વાર્ધમાં યુરોપમાં થઈ ચૂક્યો હતો. ઈ.સ. ૧૮૧૨-૧૩ માં લંડનથી જેમ્સ ફોર્બ્સ નામના એક પ્રવાસી-કવિ-ચિત્રકાર પ્રાચ્યાવિદ્યાપ્રેમીનાં સંસ્મરણોના ચારસચિત્રગ્રંથો 'ઓરિએન્ટલ મેમઅર્સ' પ્રકાશિત થાય છે.

ગુજરાતભરમાં રાજા - રજવાડાંઓમાં ઘૂમીને દલપતરામ વાત-દુહા-કવિતાઓ નોંધી રહ્યા હતા, એ અરસામાં મગનલાલ વખતચંદ શાહ (શેઠ) (ઈ.સ. ૧૮૩૦-૧૮૬૮) સત્તરસો જેટલી ગુજરાતી કહેવતોનું સંપાદન કરે છે. આમ, ગુજરાતમાં ૧૯મી સદીના ત્રીજા દાયકામાં લોકસાહિત્યનું સંશોધન સંપાદન શરૂ થાય છે. ઈ.સ. ૧૯૫૧માં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ના ઉપક્રમે 'કથનાવળી' નામે એનું પ્રકાશન થાય છે. શ્રી કનુભાઈ જાની ગુજરાતીમાં લોકવાઙ્મયમાં સંપાદનના પહેલા આરંભબિંદુ તરીકે 'કથનાવળી' ને ગણાવે છે.

ઈ.સ. ૧૮૪૬ ના નવેમ્બરમાં એલેકઝાન્ડર કિન્લાકે ફોર્બ્સ આસિસ્ટન્ટ જજ તરીકે અમદાવાદ આવે છે. દલપતરામની મદદથી 'ભાટચારણાદિની લુપ્ત થતી



તિરસ્કાર પામતી વિદ્યાનું સંશોધન આરંભાય છે. અને ઈ.સ. ૧૮૫૬માં લંડનથી એલેકઝાન્ડર ફૉર્બ્સ 'રાસમાળા'ના બે ભાગ અંગ્રેજીમાં પ્રકાશિત કરે છે. એને મેઘાણી 'કંઠસ્થ ગુર્જર સાહિત્યનો પહેલો સુવર્ણસ્પર્શ' તરીકે ઓળખાવે છે.

ઈ.સ. ૧૮૭૨ના જાન્યુઆરી માસથી જેમ્સબર્ગેસ નામના વિખ્યાત શિલ્પશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રીના તંત્રીપદ હેઠળ મુંબઈથી 'ઇન્ડિયન એન્ટીકવેરી' નામનું માસિક શરૂ થાય છે. ગુજરાતના લોકવાઙ્મયની આરંભકાલી સામગ્રીનું પ્રકાશન કરવામાં એ પરત્વે દુનિયાભરના પ્રાચ્યવિદ્યાપ્રેમીઓનું ધ્યાન દોરવામાં આ સામયિક પ્રમુખબળ બની રહ્યું હતું.[૪]

આ સિવાય શોરાબજી હોરમસજી ચીકનના ઈ.સ. ૧૮૫૮, ૧૮૬૨ અને ૧૮૯૪ના ગરબાના સંચયો, કવિ નર્મદે કરેલો ઈ.સ. ૧૮૭૦ નો નાગરજ્ઞાતિનાં લગ્નગીતોનો સંગ્રહ, ફરામજી બહેરામજી માસ્ટર કે જીવરામ અજરામર ગોર 'જીવન'નું લોકકથા સંપાદન ક્ષેત્રે કામ કે પછી જમશેદજી પીતીતનું કહેવતો ક્ષેત્રે તો ખીમજીવસનજીભટ્ટ તેમજ કહાનજી ધર્મેસિંહનું દુહા-સોરઠા-કવિતાના સંશોધન સંપાદનમાં પ્રદાન ઈ.સ. ૧૯૨૨ માં રણજીતરામ વાવાભાઈ મહેતાએ કરેલો ૧૩૪ લોકગીતોનો સંચય ઈ.સ. ૧૯૧૫નો પાઠક નાથજી મહેશ્વરનો ભીલોનાં ગીતોનો સંચય વગેરે મુખ્ય છે.

શ્રી ઝવેરચંદ કાલિદાસ મેઘાણીના આગમન સાથે જ ગુજરાત પ્રદેશનું લોકસાહિત્ય ઘરેઘર વંચાતું થયું, લોકપ્રિય બન્યું. એમણે ભાટ-ચારણ ઉપરાંત અન્ય વાર્તારસિકો અને વિવિધ કોમની રાસ-ગરબા અને લોકગીત કંઠસ્થ હોય તેવી બહેનોને મળીને લોકકથા અને લોકગીતોના વિવિધ સંચયો આપ્યા અને વિશેષ મૂલ્યવાન અર્પણ લોકસાહિત્યનાં અર્થદર્શન અને વિવેચનક્ષેત્રે મેઘાણીનું બહુમૂલ્ય છે. આ ક્ષેત્રના જ મર્મજ્ઞ અભ્યાસીને હાથે જ ગુજરાતનાં સાહિત્યનાં અર્થદર્શન - વિવેચન થયાં. પાંચ જ દાયકાના અત્યંત ટૂંકા એવા આયુષ્યના અઢી દાયકામાં લોકસાહિત્યનું આવું - આટલું કાર્યકર્યાનો કોઈ દાખલો ભારતમાં અન્યત્ર નહીં મળે. કોઈ પણ સંસ્થાકીય સહાય વગર એક જ વ્યક્તિએ આવું સંસ્થાકીય કાર્ય કર્યાનો દાખલો વિશ્વમાં પણ શોધવો પડે !

મેઘાણી પછી મોટાભાગનાં સંપાદનોમાં વિશેષ અર્પણ ગુજરાત રાજ્યની લોકસાહિત્ય સમિતિએ સંસ્થાકીય ધોરણે કર્યું છે. ઈ.સ. ૧૯૫૬ થી આ સમિતિની સ્થાપના થઈ અને ઈ.સ. ૧૯૮૨માં ગુજરાત રાજ્યની ગુ.સા.અકાદમીની રચના થઈ ત્યાં સુધી તેની પ્રવૃતિ ચાલી તેમાં લોકસાહિત્યમાળાના મણકા ૧ થી ૧૪

સુધીની ગ્રંથ શ્રેણીમાં પાંચેક હજાર જેટલી કંઠ-પરંપરાની રચનાઓનું સંપાદન - પ્રકાશન થયું. ૧૯૫૭ થી ૧૯૮૨ ના ૩૫ વર્ષના ગાળામાં ગુજરાતના લોકસાહિત્યના લિખિત દસ્તાવેજીકરણનું મહત્ત્વપૂર્ણ કામ થયું. તેમાં ડૉ. મંજુલાલ મજમુદાર, ઉમાશંકર જોષી, પુષ્કર ચંદરવાકર, માધુભાઈ પટેલ, લાલચંદભાઈ ધુળાભાઈ ભીલ, પિંગળશીભાઈ ગઢવી, મનુભાઈ મેઘાણી, દુલેરાય કારાણી, રામસિંહજી રાઠોડ, જોરાવરસિંહ જાદવ, ખોડિદાસ પરમાર, શંકરભાઈ તડવી, રેવાબેન તડવી, દોલત ભટ્ટ વગેરેએ જુદા જુદા ક્ષેત્રના અઢીસો કરતાં પણ વિશેષ એવા અભ્યાસીઓએ કંઠ પરંપરાની કૃતિઓને લિપિબદ્ધ કરી. આ સિવાય ડૉ. ગણેશ દેવી જેવા અંગ્રેજી ના અધ્યાપકે ગુજરાતના આદિવાસી સાહિત્યના સંશોધન - સંપાદનની રાષ્ટ્રીય સ્તરની સંસ્થા સ્થાપીને આ કાર્યને આગળ ધપાવ્યું છે. તો ડૉ. ભગવાનદાસ પટેલે ખેડબ્રહ્માની આદિવાસી કંઠપરંપરા ક્ષેત્રે અભૂતપૂર્વ અને અદભુત કામ કર્યું છે. તેમ સંતવાણી અને ભજનક્ષેત્રે ડૉ. નિરંજન રાજ્યગુરુ, ડૉ. બળવંત જાની અને ડૉ. નાથાલાલ ગોહિલ જેવા આ પરંપરાનાં પૂરા જાણકાર એવા અભ્યાસીઓએ ઉત્તમ અભ્યાસો આપ્યા છે.[૫]

આ ત્રીજા તબક્કામાં લોકસાહિત્યક્ષેત્રે ઉમાશંકરનું કામ ખૂબ જ મહત્ત્વનું છે. તેમણે સૈદ્ધાંતિક ભૂમિકાએ અને વ્યવહારની ભૂમિકાએ એક ટીમ ઊભી કરી અને દરિયાકાંઠાની જે 'અબાવાણી' છે. તેના સંગ્રાહક તરીકેનું ખબૂ જ નોંધનીય, પ્રશંસનીય કામ તેમણે કર્યું છે.

આ હોબેલા કે અબાવાણી માટે શ્રી ઉમાશંકરે ક્યારે સમય ફાળવ્યો ? કેટલો સમય આપ્યો ? ક્યારે આ રચનાઓ સાંભળી ? ક્યાં સાંભળી ? કોને કોને મુખે ? ક્યારે - કેમ ઉતારી ? એ ઇતિહાસ તો કોઈ જાણતલ આપે ત્યારે ? ઈ.સ. ૧૯૫૬માં 'લોકસાહિત્ય'ના સંગ્રહ અને પ્રકાશન માટે મુંબઈ સરકારે તે વખતના ત્રણ પ્રાદેશિક વિભાગો ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક માટે ત્રણ અલગ અલગ લોકસાહિત્ય સમિતિઓની જાહેરાત તે વખતના મુંબઈ રાજ્યે કરી ત્યારે તેના અધ્યક્ષસ્થાને ઉમાશંકર હતા. સાથે પ્રો. પુષ્કર ચંદરવાકર ડૉ. સુધા દેસાઈ, ડૉ. મંજુલાલ ર મજમુદાર, શ્રી લાલચંદ ધુળાભાઈ નીનામા, શ્રી મધુભાઈ પટેલ બીજા છ સંગ્રાહકો હતા જેમના સફળ પ્રયત્નોથી વરસને અંતે ઈ.સ. ૧૯૫૭માં ગુજરાતી લોકસાહિત્યમાળાનો પ્રથમ મણકો પ્રસિદ્ધ થયો હતો.

આ લોકગીતોમાં સુરતનો સાગરકાંઠો, રાજપીપળા, પંચમહાલના ભીલોનાં લોકગીતો, મેવાસ, ચરોતર, નળકાંઠાના પઢારોનાં લોકગીતો ઉત્તર ગુજરાતનાં



સૌરાષ્ટ્રના કચ્છી લોકગીત તથા મહારાષ્ટ્ર એ વિભાગનાં લોકગીતોમાંથી કેટલુંક આ પુસ્તકમાં રજૂ કર્યું છે. ગુજરાતને કેટલો મોટો દરિયાકિનારો છે, તેની પ્રતીતિ કરાવે છે. સુરતકાંઠાની 'અબાવાણી' અને સૌરાષ્ટ્રની 'ભામણી' ગુજરાતી લોકસાહિત્યને કોઈ અનોખા રંગે દીપાવે છે. એની લાક્ષણિકતાઓ તરફ આપણું ધ્યાન આકર્ષિત કરે છે. સાથેસાથે લોકસાહિત્યનું જે વૈવિધ્ય છે તેનો પણ અહીં પરિચય પ્રાપ્ત થાય છે. અહીં મધ્યકાલીન સ્વરૂપોની કૃતિઓ પહોર, વાર, તિથિ, મહિના, ભડલીવાક્યો કક્કા, ઉખાણાં છે. બે ઐતિહાસિક રાસડા છે. 'જસમાનો રાસડો' સમગ્રરૂપે અહીં પહેલીવાર ગ્રંથસ્થ થાય છે. ઈ.સ. ૧૮૭૪નો 'ઉટાંટિયાનો રાસડો' ઈ.સ. ૧૯૧૮ના ઇન્ફલ્યુએન્ઝાના ઉપદ્રવનો પણ ખ્યાલ આપે છે. સાથે નમૂનારૂપ લોકકથા અને વ્રતકથા પણ મળે છે. તેમજ 'જસમા ઓડણ'ને નામે ભવાઈવેશ પ્રાપ્ત થાય છે. સંપાદકને બદલે શ્રી ઉમાશંકરે સંગ્રાહક શબ્દ આપ્યો છે. એમ કુલ બાર સંગ્રાહકોની નાની મોટી થઈને કુલ ૯૧૦ કૃતિઓ પ્રાપ્ત થાય છે.

જેમાં શ્રી ઉમાશંકર જોષી સુરત વિભાગનાં લોકગીતો માત્ર સંગ્રહતા જ નથી પણ પ્રારંભે મુકાયેલી અબાવાણી - ૧ની ઉમાશંકર સંપાદિત લોકસાહિત્યની સામગ્રી અને એમાનું પ્રાસંગિક લખાણ લોકસાહિત્યના કોઈ પણ ચાહકને જોયા વિના ન ચાલે એટલાં મહત્ત્વનાં છે.

પ્રસ્તાવનામાં શરૂઆતમાં તેઓ લોકસાહિત્યની વિભાવના બાંધી આપે છે. એનું મહત્ત્વ સિદ્ધ કરી આપે છે. સાથે પુરાણ સમયથી લઈને આજ સુધી લોકસાહિત્યના અભ્યાસ સંપાદનના વિકાસ તબક્કાઓ અને આપણે ત્યાંની સ્થિતિનો ચિતાર આપે છે.[૬]

અબાવાણી એટલે આબ (પાણીની) વાણી દરિયાની છાતી પર ઝૂલનાર ખલાસી અથવા ખારવાનાં ગીતો અબાવાણીને નામે ઓળખાય છે. એને હોબેલાં કે હોબેલી કહે છે. ''અબાવાણી એટલે શુદ્ધ શ્રમગીત હેલકરીનું હૈસોગીત હૈસો એટલે વજન ઊંચકતાં નીકળતો સ્વાભાવિક ઉદ્‌ગાર એ ઉદ્‌ગાર સમૂહને જોમ પ્રેરે છે. અને એ જોમને લયબદ્ધ કરી સતત ટકાવી રાખવા અબાવાણી ગવાય છે. સુરત જિલ્લાનાં સાગરકાંઠાનાં વહાણના ખારવાને જેમ શ્વાસોચ્છવાસ તેમ આ અબાવાણી નાનું કાર્ય પણ અબાવાણી ગાયા સિવાય તેઓ કરશે નહિ. દરિયાનાં પાણીનું માપ કાઢતી વખતે એ જે દોરડું અંદર મૂકશે તે પણ અબાવાણી સાથે જ કહે છે કે ''લાટડાળો ગાય ટોએ બાવન ડાળે પૂળીની ઠાય ને એને માઠુંની ને પૂછળું ની'' (રાતદહાડો ગાય તોયે બાવન દહાડે પૂરી ન થાય ને એને માથું નહિ ને પૂંછડું

નહિ, અર્થાત નહિ એને શરૂઆત કે નહિ અંત.[૭]

શ્રી મધુભાઈએ 'ગુજરાતનાં લોકગીતો'માં આ વિશે એક વિસ્તૃત નોંધ આપી છે. ત્યાં એને હોબેલા કહ્યાં છે કહે છે. 'એ તો કદાવર અને સ્નાયુબદ્ધ હેલકરીનું હૈસોગીત. સમૂહને જોમ પ્રેરે એ કવનાર કવિયો કહેવાય તે લલકારે ને સમૂહ કામ કરતું કરતું ઝીલે મૂળ એક ઉદ્‌ગાર હોય 'હેલોમ હે', 'હેઈસો', 'રે હેલાંય', 'હેલ્લે ઝુમાલ સે', 'ઝાલાના ઝાલે' વગેરે. આ ટેક સૌ સમૂહમાં લે જ્યારે કવિઓ આગળના શબ્દો ઉમેરતો જાય એકલો આમાં કામનો શ્રમ તો વીસરાઈ જાય, ઊલટું બળ મળે. નાનકડી જોમ પંક્તિ પાનો ચઢાવે. સૌરાષ્ટ્રમાં આને કહે છે 'ભામણીઓ' આવી ૯ ભામણીઓ પુષ્કરભાઈએ ૧૬ મધુભાઈએ અને ૨૧ ઉમાશંકરે આપી છે.[૮]

સંગ્રહનો આરંભ જ આબ+વાણી પાણીદાર વાણીથી થાય છે. એની ખરી મજા તો અને એનો સાચો પરિચય તો એને ગવાતી સાંભળવા મળે ત્યારે જ થાય. આ બાપદાદાથી મળેલી ગીત સમૃદ્ધિ દીકરો દરિયો ખેડતો થાય ત્યાંથી કંઠગત કરતો આવે.

અહીં અબાવાણી દરિયામાં લંગર ખેંચતાં, દોરડાં ઊભાં ખેંચતાં, શઢ ધોતાં, માલ ઉઠાવતાં, સમાચારની આપ-લે કરતાં, કાઠી મારતાં, 'ડોર છોડતાં, બૂમલાં છૂટા પાડતાં, ખૂંટા મારતાં, હલેસાં મારતાં, મળદ નાંખતાં, શઢ વીટતાં, અંગરેજી થાણાં, ખાલી તુંબડી, નાનીઓ - મોટીઓ, નિશાળિયાની અબાવાણી, પારનેરા સાંચાનું કામ, ગામોની અબાવાણી સાથે એક સુંદર પ્રભાતિયું પણ પ્રાપ્ત થાય છે. આમ, દરેક અબાવાણીનાં સ્વરૂપગત મથાળાં પણ મળી રહે છે.

લેખક અહીં વાંસી - બોરસી ગામ કહીને સ્થળનામ આપે છે. આ સિવાય બીજો કોઈ માહિતી મળતી નથી.

શાસ્ત્રોમાં 'ઓમ્' ઉદ્‌ગાર આવે છે એમ અહીં પ્રારંભનો ઉદ્‌ગાર છે હલોમ હૈ ।

*સાંભળતાં જ સૌ તૈયાર થઈ જાય ત્યાં અવાજ આવે*
*હે રે લાગ જુવાન !*

સૌ એકસાથે ગાય 'હેઈસો !' અને લંગર ખેંચે પછી તો ગીત ગવાતું જાય અને લંગર ખેંચાતું જાય. માટીડા બોઘા છે. વગેરે અનેક વાતો લંગર ખેંચતાં ખેંચતાં અબાવાણીમાં ગૂંથાતી આવે છે.



દોરડાં ઊભાં ખેંચતાં 'હેઈસો' જેટલા ઉદ્‌ગારથી ચાલે તેમ નથી તો ખેંચવાની ગતિને અનુકૂળ, શ્રમને અનુકૂળ 'ઝુમાલ સે', 'ઝાલ્લા ઝુમાલ સે' એવો સમૂહે ગાવાનો ઉદ્‌ગાર છે.

જુદાં જુદાં બંદરો ને બંદરો પરનાં માતાનાં થાનક દૂર દરિયામાંથી સુરત બંદરના દેખાતા મિનારા તાપીના ભર્યાં પાણી એ દોરડા ખેંચવાની બીજી એક અબાવાણીમાં ગવાયાં છે.

*''પ્રભુ પરથમ પોતે રાજા ઝાલાના ઝાલે*
*પરભુ તેરા નામ લીના ઝાલાના ઝાલે*
*આપ્યાં ઓદારીમાં આંજા ઝાલાના ઝાલે......''*

આંજા એટલે હાંજા, શઢ ચઢાવવા, ઉતારવા માટે ખેંચવાનાં દોરડાં 'હાંજા ગગડી ગયાં' એ શબ્દપ્રયોગ આપણી ભાષામાં છે તે દરિયાનો છે. આમ, ઉમાશંકરે હાંજા' ને આંજા'નો ગોત્ર સંબંધ બાંધીને સાગર જીવનના ચિહ્નો આજ સુધી આપણી ભાષામાં અજાણપણે સચવાયાંની પ્રતીતિ કરાવી આપી છે. ક્યારેક આ અબાવાણીમાં જોડકણાં કરતાં કરતાં કવિઓ મજાનાં જીવનચિત્રો પણ મૂકી આપે છે.

*''હેલ્લે રણિયા ? પાંચ પચ્ચીની હારોહાર*
*હેલ્લે વીરા, તાં લાખે માછીડા જાળ ઝાલ્લા ઝુમાલસે*

*જાળ નાખીને ભરી તૂણી*
*ઘેર આવ્યા તો બૈરી હૂણી ....ઝાલ્લા*

*ઊઠ અલી તું બેઠી થા*
*એમાંનું એક ઝીંગું તું હેકી ખા ....ઝાલ્લા*

*જેમ ઝીગું રાતું થાય*
*તેમ બાઈનો સોજો જાય ....ઝાલ્લા*

*ઊઠ અરે તું ઊભી થા*
*તરવાડામાં વેચવા જા ....ઝાલ્લા*

*તરવાડાતો મારા ભાઈ*
*પેટ ભરીને તાડી પાય ....ઝાલ્લા*

*તરવાડાને તાડી વહાલી*
*તુંબડી દેખાડી ખાલી ....ઝાલ્લા*

કૌટુંબિક, સામાજિક કથાઓ કે પ્રસંગો પણ અબાવાણીમાં ગૂંથાઈ ગયાં છે. અંગ્રેજી થાણાં નંખાયાં તેની પણ અબાવાણી મળે છે.

*''પેઠા મુંબઈમાં હેઈસો*
*બેઠા મુંબઈમાં હેઈસો*
*અંગરેજી થાણાં હેઈસો*
*અંગરેજી ગાડી એ ભાઈ હેઈસો......*

તો સહજ સરળ ભક્તિની લાડભરી અબાવાણી પણ મળે છે.

*વીરા, દીઠા રે ડાકોરમાં*
*ગોમતીના ઘાટમાં*
*પરભુ તે મલ્યા વાટમાં*
*હરિ તો એવ રસિયા*
*આવીને ડાકોર માં વસિયા*

એ જ રીતે હનુમાન અને શિવ પણ અહીં આવે છે.

સાગરનાં શ્રમગીતોમાં કટાવના ટુકડાઓનો ઉપયોગ થયો છે. પણ શઢ ધોતી વખતનાં જે ગીતો છે તે ગેય કાવ્યોનાં છે. જેમાંથી ખલાસીઓની રસિકતા ડોકાય છે. બીજી એક વિશિષ્ટતા આ અબાવાણીની એ છે કે કેટલીક વખત ભરતી વખતે બંદરે પહોંચ્યાં હોય અને ઝડપથી માલ ખાલી કરીને પાછા વળી જવું પડે તેમ હોય ત્યારે સમાચારોની આપ-લે પણ આ અબાવાણીમાં જ થતી હોય છે.

*'હે વાણા માલી હેઈસો*
*કાં થી તે આઈવો ? હેઈસો*
*કાં ને જાવાનો ? હેઈસો*
*પેલો કહે કે ઘરેથી આવેલો તો પૂછે....*
*પોઈરાં હું કરે ? હેઈસો*
*બધાં હારાં સે હેઈસો...*

ઉતાવળ કરવાની હોય તો પણ સૂચના અબાવાણીમાં જ કામ કરતાં કરતાં અપાય. સમય તો બગડવા જ ન દે ભંડારી (વહાણમાં રસોડું સંભાળનાર) ને સૂચના પણ કામ કરતાં કરતાં જ આપવાની.

*''ભંડારી ભાઈ હેઈસો*
*ચા મૂકવા જા તો હેઈસો''*



આ શ્રમ કરતાં કરતાં શ્રમને આનંદમાં ફેરવી નાંખવાની કળા તે આ અબાવાણી. જેમાં જીવનને લગતા પ્રસંગો ઉપરાંત બંદરો, શહેરની વિશિષ્ટતા સાથે સુંદર નથની પહેરેલી પાનિહારીનું પણ ચિત્રણ આવતું હોય 'જલ્લા જલાલ હું' એવો અરબી ઉદ્ગાર પણ આવતો હોય. આરબ ખલાસીઓ સાગર શ્રમનાં ગીતોમાં દરેક પંક્તિને અંતે 'જલ્લા જલાલ હું' બોલતા હોય તેને મળતું અપભ્રંશ 'ઝાલ્લા ઝમાલ સે' થયું હોય એ પણ સંભવિત છે. આમ, આ અબાવાણીને ઈસ્લામનો ઘેરો પાસ લાગેલો છે તે કેટલાંક શબ્દોથી સ્પષ્ટ થાય છે. નિશાળિયાની અબાવાણીમાં ઊઠમજી - બેસમજી જેવા નવતર શબ્દપ્રયોગ મળે છે. તો માતજી - મહેતાજીને પૂજ્ય ગણવાની કાંઈક અનુપ્રાસપ્રીતિ આકર્ષક છે. આ અબાવાણીમાંની ૨૪ મી અબાવાણી 'નાનીઓ-મોટીઓ' આસ્વાદવા લાયક જીવનચરિત્ર મળે છે જે ખૂબ જ આકર્ષક છે.

જેમનું મુખ્ય ક્ષેત્ર શિષ્ટ સાહિત્ય જ હોય છતાં જેમણે લોકવાઙ્મયની શક્તિ બરાબર પારખીને, એનો યથાશક્તિ, યથાવકાશ આસ્વાદ લીધો - લેવડાવ્યો હોય એવા મૂર્ધન્ય કક્ષાના સાહિત્યકારોમાં શ્રી ઉમાશંકર જોષીને યાદ કરવા જ પડે.[૯]

ગુજરાતીમાં લોકવાઙ્મયના સંશોધન - સંપાદનનો વ્યવસ્થિત ઈતિહાસ હજુ આપણી પાસે નથી. અત્યાર સુધી ત્રણેક પ્રયત્નો થયા છે. 'લોકસાહિત્યનું સમાલોચન'માં શ્રી ઝવેરચંદ મેઘાણીએ, 'લોકવાઙ્મય'માં શ્રી કનુભાઈ જાનીએ કે 'લોકવિદ્યા'માં શ્રી હસુ યાજ્ઞિકે પ્રયત્ન કર્યો છે ખરો પરંતુ ઉમાશંકર જોષીનું આ લોકસાહિત્યકાર તરીકેનું જે પાસું છે તેની નોંધ લેવાઈ નથી. મેઘાણી પછીના મહત્ત્વના સંશોધકોનાં નામ ગણાવીએ તો તેમાં શ્રી ઉમાશંકર જોષીને ગણવા જ પડે.

હવે જ્યારે ઈ.સ. ૨૦૧૧માં ઉમાશંકર જોષી જન્મ શતાબ્દીવર્ષ આવી રહ્યું છે ત્યારે શ્રી ઉમાશંકર જોષીનું આ પાસું ઉપેક્ષિત ન રહી જાય માટે આપ સંશોધકો, અભ્યાસીઓનું હું ધ્યાન દોરવા માંગું છું. ઉવેખાયેલા સાગરકિનારે હજુ કામ થવું જોઈએ. હજી વિશેષ અબાવાણી અને 'જસમા' જેવા રાસડા મળી શકે, તથા મધ્યકાલીન પ્રાચીન સાહિત્યમાં રૂપાંતરે પડેલ લોકકથાઓ અભ્યાસી શકાય.

## પાદટીપ

૧. ઉમાશંકર અને લોકસાહિત્ય : કનુભાઈ જાની પૃ. ૯૨
૨. ગુજરાતી લોકસાહિત્યમાળા મણકો પહેલો - પ્રસ્તાવના - પૃ.૨ ઉમાશંકરજોષી
૩. 'લોકવિદ્યાનું સંપાદન - સંશોધન' - હસુયાજ્ઞિક પૃ.૧૧૯, ૧૨૦

૪. મેઘાણીપૂર્વેની ગુજરાતી લોકકથા સંપાદન પ્રવૃત્તિ - તપાસ અને તારતમ્ય - ડૉ. પરમપાઠક પૃ. ૩૨
૫. લોકવિદ્યાનું સંશોધન - સંપાદન - હસુ યાજ્ઞિક પૃ. ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮, ૧૩૧
૬. 'ઉમાશંકર અને લોકસાહિત્ય' - કનુભાઈ જાની પૃ. ૯૨, ૯૫
૭. અબાવાણી - ૨ પ્રસ્તાવના - મધુભાઈ પટેલ પૃ. ૩૯
૮. ઉમાશંકર અને લોકસાહિત્ય - કનુભાઈ જાની પૃ. ૯૭
૯. એજન પૃ.૯૨

**સંદર્ભગ્રંથ**

૧. 'ઉમાશંકર અને લોકસાહિત્ય' : લેખ - શ્રી કનુભાઈ જાની
ઉમાશંકર જોશી : સર્જક પ્રતિભા, સંપાદક : મફત ઓઝા, પ્રથમ આવૃત્તિ - ૧૯૮૯
૨. 'તપાસ અને તારતમ્ય' - ડૉ. પરમ પાઠક, ગુ.સા.અકાદમી ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ - ૨૦૦૬
૩. ગુજરાતી લોકસાહિત્યમાળા મણકો-એક, ગુજરાત લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૧૯૫૭
૪. ગુજરાતની લોકવિદ્યા - શ્રી હસુ યાજ્ઞિક, નેશનલ બુક ટ્રસ્ટ નવી દિલ્હી, આવૃત્તિ-૨૦૦૦
૫. લોકગુર્જરીના અંકો : સંપાદક - ડૉ. બળવંત જાની.

## વિભાગ - ૩

# લોકસાહિત્ય, લોકવાદ્યવિમર્શ અને કથા



૭

# ‘હેમર હાથીડો’ : વ્યંજનાબલિષ્ઠ લોકકલ્પન

**લાભશંકર પુરોહિત**

- નવવધૂ માટે સૌભાગ્યશણગાર ખરીદવા માટે તત્પર વરને અનુલક્ષીને ગવાતું એક લગ્નગીત છે.

‘ઝીણાં ઝીણાં રે **મોતીડાં હેમરહાથીડો,**
**એનાં** સોનેરી **પલાણ.**
**હાથીડે** બેસે છે મારી નાની વહુનો સાયબો
ઊતર્યા કસુંબીને હાટ.
વોરો વોરો રે વાલીડા નવરંગ ચુંદડી,
ચૂંદડી મારે મોંઘીવહુને કાજ.’

- ‘ચૂંદડી’ ભા.૧-૨ (સંકલિત) પૃ. ૧૩૦
સં. ઝવેરચંદ મેઘાણી / પુનર્મુદ્રણ / ૨૦૦૫

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત **‘લોકસાહિત્ય’** (પ્રથમ/૧૯૮૧)માં સંપાદકોએ, પણ, આ ગીતના ઉપલા પાઠને સાચવીને, સમાવ્યું છે. ગીત તળે ટૂંકા ટિપ્પણમાં આવી નોંધ મુકી છે : ‘‘રજવાડાના ઠાઠમાઠથી **હેમર હાથીડા** પર **સોનેરી પલાણ** માંડી વરરાજા વહુ માટે ચુંદડી વહોરવા જાય છે.’’

લોકપરંપરામાં મુખપરિપાટીએ સંચરતી રહેતી શબ્દસરજત, સ્થળભેદે, થોડાઘણા પાઠફેરે, ચલણમાં હોવાની અને આવો પાઠફેર, લોકપદાર્થની તરલ

* ‘ગુજરાતી સાહિત્ય પરિષદ, જૂનાગઢ (ડિસે.-૨૦૧૧)માં ‘સોરઠની શબ્દસરજત’ બેઠકના અધ્યક્ષપદેથી બોલાયું.

(floating) પ્રકૃતિનો સહજ વ્યાપાર હોય છે. સોરઠ પરગણામાં આ ગીત, થોડાક પાઠભેદે, આ રીતે પ્રચલિત છે :

*ઝીણાં ઝીણાં રે **મોતીનો હેમરહાથીડો***
***ઉપર** સોનેરી પલાણ*
***અસવાર** થાશે રે મારે નાની વહુનો સાયબો,*
*ઊતર્યા કસુંબીને હાટ......*

----

આ ગીતની પ્રથમપંક્તિમાં નિર્દિષ્ટ **'હેમરહાથીડો'** એટલે કોણ ? 'હેમર' એ 'હાથીડા'નું વિશેષણ ગણવું ? 'હાથીડા' ઉપર પલાણ હોય ? આપણે ત્યાં તો પરાપૂર્વથી વિવાહ્ય વરરાજાની સવારી ઘોડા ઉપર નીકળતી હોવાનો ચાલ છે; લગ્નપ્રસંગે **હાથી** ઉપર બેસીને વરરાજો નીકળતો નથી હોતો. વિવાહપ્રસંગે વરની સવારી ઘોડા પર નીકળવાની જૂની રસમને કારણે સ્તો **'વરઘોડો'** શબ્દ પ્રચલિત છે; એટલું જ નહીં, કોઈ પણ અન્ય નિમિત્તે નીકળતી શોભાયાત્રાને પણ સામાન્ય જનસમુદાય 'વરઘોડો' તરીકે ઉલ્લેખે છે. એટલો બધો અર્થવિસ્તાર એ શબ્દનો થઈ ગયો છે ! હાથી ઉપર બિરાજમાન રાજામહારાજાની સવારી રાજ્યારોહણ ઉપરાંત અન્ય ઉત્સવપ્રસંગે નીકળતી. (દશેરાના તહેવારો દરમ્યાન, કર્ણાટકના મ્હૈસુરમાં, રાજવંશના સાંપ્રત ઉત્તરાધિકારીની હાથી પરની શોભાયાત્રાની રસમ હજી યે જળવાઈ રહી છે.) સોલંકીકાળમાં, હેમચંદ્રાચાર્યના અપ્રતિમ વ્યાકરણગ્રંથ 'સિદ્ધહેમ'નું સારસ્વતસમ્માન, હાથીની અંબાડી પર ગ્રંથ પધરાવીને, નીકળેલી ગૌરવયાત્રા દ્વારા થયાની ઘટના તો ઇતિહાસમાં નોંધાયેલી છે. બે'ક સૈકા પહેલાં, થી કેશવલાલ શાસ્ત્રી, વર્ષો સુધી કાશીમાં ઉજ્જ્વળ અભ્યાસ કરીને, **'મહામહોપાધ્યાય'** પદથી વિભૂષિત થઈને, પુનઃ જામનગરમાં આવ્યા ત્યારે તત્કાલીન મહારાજાએ શણગારેલા હાથી પર બેસાડીને નગરયાત્રા દ્વારા એમનું બહુમાન કર્યું હતું. ટૂંકમાં, સમ્માન, ગૌરવપ્રદાન કે રાજઘરાનાને લગતા કેટલાક પ્રસંગોમાં, હાથી પરની સવારીનો ચાલ તો જોવા મળે, પરંતુ લગ્નપ્રસંગે વિવાહ્ય વ્યક્તિનું ફૂલેકું તો ઘોડા પર નીકળતું હોવાનો જ ચાલ, આપણે ત્યાં પ્રચારમાં રહ્યા કર્યો છે. એટલે સ્તો ફૂલેકાનાં ઘોડા/ઘોડીની ચાલ તથા શણગારને વર્ણવતાં લગ્નગીતો પણ ચલણમાં છે. વળી, મધ્યકાળનાં આખ્યાનો કે જૈન રાસાકાવ્યોમાં પણ વિવાહપ્રસંગોનાં નિરૂપણમાં અલંકૃત ઘોડીને લગતાં વર્ણનો જોવા મળે છે. આખીયે પરંપરાની આવી તાસીરના મેળમાં રહીને વિચારીએ તો અહીં **'હેમરહાથીડો'**માં



મુખ્ય સંકેત **'હય'** (ઘોડો)નો સ્વીકારવો પડે; **'હાથી'**નો નહીં.

---------

'હેમરહાથીડો' - શબ્દયુગ્મમાંના **'હેમર'**નું મૂળ, સંસ્કૃત **'हयवर'**માં રહ્યું છે. हयवर (સં.) માંથી हय्व्वर > હેમર > ધ્વનિપરિવર્તનના આવા વ્યાપારક્રમે, પ્રાકૃત, અપભ્રંશ દ્વારા જૂની ગુજરાતીમાં આ શબ્દરૂપ ઊતરી આવ્યું. हय+वर એટલે ઉત્તમ કે જાતવંત ઘોડો - મૂળમાં રહેલો આ અર્થસંકેત પણ પરિવર્તિત શબ્દરૂપ 'હેમર'માં સચવાઈ રહ્યો. મધ્યકાળની કાવ્યરચનાઓમાં, આ મતલબને જાળવતો, **'હેમર'** પ્રયોગ **'અંગદવિષ્ટિ'** (કીકુ વસહી), **'કામાવતી'** (શિવદાસકૃત)માં મળે જ છે. (૧) જો કે, **'સાર્થ જોડણીકોશ'**માં 'હેમર' એટલે 'એક જાતનો ઉત્તમ ઘોડો કે હાથી' - એમ બન્ને અર્થો નોંધ્યા છે; પરંતુ મૂળ સંસ્કૃત શબ્દ हयवर માં તો **હાથી**નો અર્થસંકેત જ, મુદ્દલ નથી ! એટલે, કોશકારની નોંધને દલીલ ખાતર સ્વીકારીએ તોપણ, પર્યાયભેદે દ્વિરુક્તિ થવા પામે. આ કારણે, અહીં, **'હેમર'** - ઉત્તમ ઘોડો - એવું અર્થગ્રહણ જ સયુક્તિક લાગે છે.

આ સમર્પક વિગતોના પ્રકાશમાં, પ્રસ્તુત ગીતની ઉપાડપંક્તિમાંના **'હેમરહાથીડો'** શબ્દયુગ્મમાંથી ઉદ્દિષ્ટ પદ તરીકે હેમર (અશ્વ)ની મુખ્યતા સ્વીકારવાની રહે. તો પછી, **'હાથીડો'**ની સાભિપ્રાયતા શી ? અહીં એની ઉપસ્થિતિ નથી નકરી સ્વાર્થિક કે નથી સ્વતંત્ર અર્થસત્તા ધરાવતા સમાસાત્મક પદ તરીકે; વળી, પૂર્વપદ 'હેમર' સાથે એનો વિશેષણ સંબંધ પણ નથી ઊપસતો. આવા સંજોગોમાં, આ સાયુજ્યપ્રયોગમાંના **'હેમર'** અને **'હાથીડો'** વચ્ચેના કશાક ગૂઢ અને વિલક્ષણ સાદશ્ય દ્વારા સંકેતાતી લક્ષણા/વ્યંજના લગી પહોંચીએ તો અંતર્ગત રૂપકગ્રથિત કલ્પનનું સ્વારસ્ય સાંપડે. આ ગીતમાં નિર્દિષ્ટ વિવાહપ્રસંગના ચોક્કસ (pavlicular) સંદર્ભમાં - એટલે કે ફૂલેકું/તોરણે જતા વરરાજાની સવારીના - અશ્વનું, હાથી સાથેનું, સાદશ્ય કઈ સપાટી પર સંભવે ? અહી રૂપ, રંગ, દેહાકૃતિના ધોરણે, બન્ને વચ્ચેનાં સાદશ્યનો તો પ્રશ્ન જ નથી ઊઠતો. પરંતુ, ઉપર્યુક્ત સંદર્ભમાં, અશ્વની ચલનસપાટી (walking movement)નું, હાથીની સ્વાભાવિક ચાલ - મંથર અને મંદ ગતિની મલપતી ચાલ-સાથે જે સાદશ્ય પ્રતીત થાય છે એ બાબત અહીં કલ્પનઘટનમાં નિહિત છે. સીધી ભાષામાં વાત કહીએ તો વિવાહપ્રસંગે વરરાજાની સવારીનો અશ્વ, હાથીની જેમ, ધીરગંભીર ને અલસમંથર ગજગતિએ ચાલે છે; અને ગજગતિની આ સાદશ્યધર્મિતા, **'હેમર'** પર **'હાથીડો'**ના આરોપ થકી અહીં વ્યંજના બલિષ્ઠ રૂપકમૂલ લોકકલ્પન સરજવામાં નિર્ણાયક નીવડે છે.

લોકપરંપરાના પદ્યપદાર્થ તરીકે, લગ્નગીતની પ્રભાવકતાના પાયામાં હોય છે. એની ઉપાડપંક્તિમાં અંકાતું ચમત્કૃતિભર્યું એકાદ કલ્પન અને ભાવવ્યંજક લયછટા રેલાવતી એની ગાનતરેહ-ઢાળ. અન્ય લોકગીતોની જેમ ભાવની સઘનતા કે પથરાટ માટે તો અહીં અવકાશ હોતો જ નથી; કેમકે આ ગીતો વિવાહપ્રસંગનાં જુદાં જુદાં વિધાન-ઉપચારો (ritual)ને સ્પર્શતાં હોય છે. એટલે ઉપાડપંક્તિ પછીના અનુસારક અંતરામાં તો, સંબોધ્ય કે સગપણભેદે, વર્ણકસમુચ્ચયનાં રૂઢ આવર્તનો જ હોવાનાં. ગીતના ઉપાડમાં જ બલિષ્ઠ અને એકાધિક પરિમાણોમાં પ્રસરતું લોકકલ્પન (folk-image), અર્થસંભવની નિગૂઢ વ્યંજના પ્રત્યે આપણને ઉદ્યુક્ત કરે; જ્યારે શ્રુતિમંજુલ લયવિવર્તોમાં વિહરતી ગાનસપાટી, કલ્પનગર્ભ ભાવધ્વનિને છેક લગી ગુંજતો રાખે.

*

લોકરચનામાં વરતાતો આછોપાતળો રસસ્પર્શ (aesthetic touch) પ્રાથમિક સ્ફુરણ પરત્વે, ભલે, વૈયક્તિક કે એકાકી કલ્પદ્રવ હોય; પણ એની ચમત્કૃતિસાધક શબ્દઘટના તો લોકસમાજની સહિયારી અસંપ્રજ્ઞાત સૌન્દર્યચેતનાની સહજ અને લોકમાન્ય આવિષ્કૃતિ હોવાની. આ આખો યે શબ્દપ્રપંચ, એના પ્રભાવની પ્રથમ પળથી જ, કાવ્યશાસ્ત્રની સ્થાપિત કારિકાઓનો તો મુદ્દલ ઓશિંગણ હોતો જ નથી; પરંતુ આજુબાજુના વ્યવહારજગત અને સમગ્ર પરિસરના અનેકરંગી પ્રકૃતિવિલાસોના વ્યાપક અને સૂક્ષ્મ અવેક્ષણની નિરંતરના અને નિકટતાને કારણ એ સાંપડેલી અતિપરિચિતતામાંથી સહજપણે રસીભૂત થઈને, લીલયા, લોકનાં હૈયાં અને હોઠ પર, એ ઘૂંટાઈ રહેતો હોય છે. સંકલ્પ, સભાનતા ને આયાસથી વ્યતિરિક્ત આ સાંઘિક વ્યાપારની સ્થાપના અને સ્થિરતાના પાયામાં આ વ્યાપનશીલતા રહી છે. એટલે એમાંના કોઈ રસકીય (aesthetic) અંશ કે અંશોને, પરંપરિત ને પ્રચલિત કાવ્યશાસ્ત્રીય ખ્યાલો કે અભિપ્રાયોનાં સમર્થન વા સ્વીકૃતિ સાંપડતાં જણાય તો એવી બાબતને, તત્ત્વતઃ, લોકપદાર્થની નિરપેક્ષ સહજોપલબ્ધિ માનીને ચાલવું રહે. આટલી વાત ગૃહીત સમજીને, ચોટદાર કલ્પન અને સ્વર/તાલની સંપૃક્તિમાંથી ઊઠના લયતરંગોમાં ઘૂમરાતી ધૂસર વ્યંજના : લગ્નગીતની આ બન્ને ખાસિયત અહીં કેવી રીતે ઊપસતી વરતાય છે એની ચર્ચા કરીએ.

ઉપમા કે ઉત્પ્રેક્ષાની, અભિધાપરાયણ અલંકારપ્રયુક્તિને બદલે રૂપકગ્રથનને કારણે, ઉપમેય (હેમર) પર ઉપમાન (હાથીડો)ના આરોપણ થકી સરજાતા કલ્પનમાં અર્થનિગૂહનની સંકુલતા ઊભી થવા પામે છે. આ સંકુલતાના મૂળમાં રહ્યાં છે



દૃશ્યતાશ્રયી કલ્પન (visual image)નાં એકાધિક પરિપાણો. ઉપાડપંક્તિમાંના 'હેમર'ને ઉપલક્ષતાં આ લોકકલ્પનમાં બે અલગ અલગ વ્યંજક શબ્દબિંબ દ્વારા, અશ્વની ગતિ (movement) અને દેહાકૃતિની શોભનીયતા - સ્થિતિ : એમ બે પરિમાણોના સંકેતો વ્યંજિત થાય છે. 'હેમર' ઉદ્દિષ્ટ લોકકલ્પનની, આ બન્ને આંતરિકતાને પૂરેપૂરી ઉકેલવાનું સરળ બને એ માટે, ગીતની આખી ઉપાડપંક્તિને ફરીથી તાજી કરી લઈએ.

*'ઝીણાં ઝીણાં રે મોતીનો હેમરહાથીડો, ઉપર સોનેરી પલાણ'*

- આ ઉપાડપંક્તિનો અન્વય કરીએ તો અભિકથન આમ થશે : 'હેમરહાથીડો..... ઝીણાં ઝીણાં રે મોતીનો (છે.) (એના) ઉપર સોનેરી પલાણ (છે.)' જોઈ શકાશે કે અહીં ઉદ્દેશ્ય તો હેમરહાથીડો છે; જ્યારે 'ઝીણાં ઝીણાં રે મોતીનો' તથા 'ઉપર સોનેરી પલાણ' - આ બન્ને કથનઘટકો વિધેયસ્થાને છે. આ ત્રણેય ઘટકો પૈકી, 'ઉપર સોનેરી પલાણ' તો સીધું સાધું અભિધાકથન જ છે; પરંતુ 'હેમરહાથીડો' રૂપકયોગમાં ઈષ્ટાર્થપદ હેમર (અશ્વ) છે એનું મજબૂત પ્રમાણ 'પલાણ' થકી મળી રહે છે. યાદ રહે કે પલાણ તો અશ્વ પર હોય; હાથી પર તો અંબાડી હોય. 'સોનેરી' વિશેષણ; કલ્પનના સ્થિતિપરિમાણના દ્યોતનમાં કઈ રીતે વિધાયકતા દાખવે છે એની વાત આગળ કરશું.

હેમર (અશ્વ)ને ઉપલક્ષીને રચાતાં દૃશ્યતાશ્રયી લોકકલ્પનનું પ્રથમ પરિમાણ, ગતિની વિલક્ષણ ચલનસપાટીને વ્યંજિત કરતું 'હેમરહાથીડો'નું દૃશ્યવિધાન છે. ફૂલેકામાં અશ્વની ચાલ, હાથીની મંદ અને મલપતી ગતિની ચાલ સાથે સાદૃશ્ય ધરાવે છે એવાં ઉઘાડાં કથનને બદલે 'હેમરહાથીડો' રૂપકયોગ સરજીને, અલસમંથર ધીરગંભીર ચાલની વ્યંજનાને તાકી ! અહીં સંકેત માત્ર ચલનસપાટીની મંથરગતિ પૂરતો જ નથી; પણ ગજગતિના પ્રભાવ, ગૌરવ, ગંભીરતા અને ઠસ્સો - આ સૌ વિશેષતાઓનો ધ્વનિ પણ રૂપકયોગમાં નિહિત છે. વિલંબિત અને લયબદ્ધ પગલાં પાડતી, ગજગતિની આવી શોભનપરક (aesthetic) લાક્ષણિકતાને કારણે, આપણે ત્યાં નાયિકાભેદની વર્ગણીમાં, પ્રલમ્નગંભીરપદા નાયિકાને 'ગજગામિની'ની ઓળખ મળી છે. કાલિદાસની 'श्रोणीमाशदलसजमना' શકુન્તલા, જયદેવના 'ગીતગોવિંદ'માં 'न कुरु नितम्बिनीगयनविलम्बनम्' થી વર્ણિત રાધા, મધ્યકાળના પ્રેમાનંદ, દયારામની કવિતામાંનાં નારીસૌન્દર્યનિરૂપણમાં, 'ગજગામિની'નો વિસ્તાર થતો રહ્યો છે ! એનું સાતત્ય ગણો કે અનુસંધાન, લોકપરંપરાની 'હેમરહાથણી' - હાથણી જેવી મલપતી ને મંદ ચાલમાં મળી રહેવાનાં.

છેક વેદકાળથી માંડીને મધ્યકાળના સમાપનપર્યન્ત આપણી જીવન વ્યવસ્થામાં 'અશ્વ'નું સ્થાન અને માન-વ્યાપ્ત રહ્યું છે. યુદ્ધ, ક્રીડા, પ્રવાસ, ભારવહન, ગૌરવશોભા - એવા નિમિત્તભેદે, ઘોડાની ચલનસપાટીઓ બદલાતી વરતાશે. ચલન (walking)ની નોખનોખી ખાસિયતને ધોરણે, આપણે ત્યાં લોકપરંપરામાં ઘોડાની ચાલ કે ગતિમુદ્રાની કેટલી બધી ઓળખ પ્રચલિત છે ? સવારનું સંતુલન અને સ્થિરતાના જાળવી રાખતી અતિદ્રુત કે ઝડપી રેવાલ; પાછલા પગને ઉલાળતી રહેતી ખદ, મનસ્વીપણે પૂરપાટ વેગ ધરાવતી 'બાજદૂકા' ધીમી ગતિએ પણ યાદચ્છિક ડગલાં ભરતી 'વારકુ' લાંબા કૂદકાની હરણની માફક ઠેકતી જતી 'હરણફાળ' ઉપરાંત, 'નટાવો', 'પંખ', 'પટી', 'પારેવાંચાલ' : ચલનમુદ્રાની એક વા અન્ય વિલક્ષણતાને ધ્યાનમાં રાખીને આવી ચાલ વિવિધતા લોકરૂઢ થઈ છે. આ બધાથી અળગી પડી આવતી ગજગતિની 'હેમરહાથણી' ચાલ, શુભ અને શોભનીય મંગલપ્રસંગો વેળાની સવારીમાં હોય છે. 'હેમરહાથીડો' રૂપકયોગનું કલ્પન, વિવાહાદિ પ્રસંગે, અશ્વની ચલનસપાટીની વ્યંજના દ્વારા, ગતિપરિમાણને, આ રીતે, લક્ષિત કરે છે.

હવે લોકકલ્પનના સ્થિતિપરિમાણને ઉપલક્ષનાં વ્યંજક શબ્દબિંબને ઉકેલવા ભણી વળીએ. 'ઝીણાં ઝીણાં રે મોતીનો' કથકઘટકનો સંબંધ 'હેમરહાથીડો' સાથે એ તો એમાંના વિશેષણ/વિશેષ્ય સંબંધથી જ વરતાઈ આવે. 'ઝીણાંઝીણાં રે મોતીનો હેમરહાથીડો' - કથનઘટકને અભિધાસ્તરે તો પામી શકાય એમ નથી. આકાંક્ષા ને સન્નિધિ તો સચવાય; પણ યોગ્યતાના અભાવે કારણે અહીં મુખ્યાર્થ બાધ નડે; એટલે 'ઝીણાં ઝીણાં રે મોતીનો' અને 'હેમરહાથીડો' વચ્ચેનો લક્ષ્યાર્થ યોગ શોધવો રહે.

વિવાહપ્રસંગે ફૂલેકું કે તોરણ જતા વરરાજાના અવસરો આપણે ત્યાં રાતના સમયે રહેતા. સવારી માટેના અશ્વને ઝૂલ, મોરડો, સિરિખ, મથરાવટી, ઝાલર- આવાં શોભનશણગારથી સજવામાં આવે પીઠ, કેશવાળી, મોં-વગેરેને આવરી લેતાં લોકભરતથી ખીચોખીચ આ વસ્ત્ર શણગારવામાં રેશમી ભરતની આકૃતિઓ ઉપરાંત કાચનાં નાનાં આભલાં પણ ટાંકેલાં હોય. રાત્રે વરઘોડાની બન્ને બાજુએ સમાંતરે તથા આગળ/પાછળ પેટ્રોમેક્સ (કિસનલાઇટ) બત્તી અથવા સળગતી મશાલ લઈને, વરઘોડાને પ્રકાશ મળે. એ હેતુથી, મજૂરો ચાલતા હોય. અશ્વની ગતિને કારણે હલચલ થતાં પીઠ પરના કે ડોક પરના એના શણગારવસ્ત્રો પણ આંદોલિત થાય. પેટ્રોમેક્સ કે મશાલના પ્રકાશના શેરડા, કેન્દ્રમાં ચાલતા ઘોડા/ઘોડી પર પડે એટલે શણગારમાંના અસંખ્ય આભલાં પરથી ચારે બાજુ એનાં પરાવર્તનો થાય. એ સ્થિતિમાં ઘોડાની દેહાકૃતિ નાનાં નાનાં રંગબેરંગી ને ઝળહળાટ કરતાં મોતીની હોય એવું દૃશ્ય લાગે. પલાણનો સોનેરી ઝળહળાટ આભલાના ચમકભર્યા ચળકાટ અને રૂપેરી પ્રકાશપરાવર્તનને કારણે, અશ્વની સકલ ઉપસ્થિતિને અત્યંત શોભનીય અને રૂપાયિત કરી મૂકે. 'અશ્વ' અને 'વસ્ત્રશણગાર'નો આશ્રય-આશ્રયી યોગ, લક્ષણા દ્વારા વ્યંજનાનો ચમત્કાર સર્જી આપે.



હેમરની આગળપાછળનાં શબ્દબિંબો, એની શોભનસ્થિતિ અને મંથરગતિનાં દ્વિવિધ પરિમાણોને વ્યંજિત કરી આપે છે એ લોકકલ્પનનાં સહજ સામર્થ્યનો પ્રતાપ છે. પરિણામે આપણને મૂર્તતા અને સાક્ષાત્કારકતાની ચમત્કૃતિનો અનુભવ લાધે છે.

લગ્નગીતની રસકીય (aesthetic) અપીલનું બીજું મહત્ત્વનું કારણ છે લયવિવર્તોથી ઘૂંટાતી એની ગાનસપાટી. યાદ રહે કે લગ્નગીત - કહો કે લોકગીતની આખીયે પરંપરામાં, ગેયતા, આગંતુક પદાર્થ નથી; પણ રચનાના શબ્દપિંડમાં ચૈતન્ય સીંચતું પ્રાણતત્ત્વ છે. કૃતિના લિખિત/મુદ્રિત પાઠ(text)માં લોગીત શબ્દપ્રપંચ જરૂર હોય; પણ જ્યાં સુધી એ કંઠાભરણ ન બને ત્યાંસુધી રચનામાંનો અબોલ શબ્દાકાર મીંઢો ને મૂંગો જ રહે ! લગ્નગીતની ગાનપરકતા ઊતરડીને નકરા શબ્દદેહને પઠન કે વાચનના સ્તર પરથી આપણે કદી ન તો પામી શકીએ, કે ન પારખી શકીએ. ગાનાત્મક કંઠિલ પ્રસ્તુતિમાં જ, એનું આંતરબાહ્ય ભાવવિશ્વ વિલસે છે ને વિસ્તરે છે. ગેયતા જ એના અવતરણ અને અસ્તિત્વનો મુલાધાર છે.

ગાનસપાટીના અંગીકરણ પરત્વે, લોકગીતમાત્ર, પરંપરાપ્રાપ્ત દેશીઓને, એટલે કે નોખનોખી દેશીઓના બંધારણને, અહીંતહીં આઘુંપાછું કરીને, વિચરે છે. સ્વરવિલાસના આટાપાટાની શાસ્ત્રીયતા એને સદે નહીં, એ તો હાડોહાડ લોકમાન્ય સ્વર/તાલની સમુદાયપરક નાદઘટના હોવાની. એટલે જ, શાસ્ત્રીય ગાયકીની ઝીણી ઝીણી બારીકીઓને નહીં એટલું 'તાલ' ના દ્રુત કે વિલંબિત લયના નાદઘટકોને આધીન એ રહે છે.

પ્રસ્તુત ગીતની ગાનસપાટી સંદર્ભે રસપ્રદ બાબત એ છે કે, હાથીની ગજગતિમાં વરતાતી ચાલના લાક્ષણિક માત્રા એકમોને સાચવતો તાલ આ પંક્તિમાં ઊપસી રહે છે. હાથીની મદભરી ને મલપતી ઝૂલણગતિના તાલનું ડોલન એમાં ઊતરતું સંભળાશે. દીપચંદીના વિલંબિત લયને સાચવતી આ ગીતપંક્તિને સાંભળો :

*ઝીણાં ઝીણા રે/મોતીનો/હેમરહાથીડો,*
*ઉ…પ..ર/ સોનેરી પલાણ/*

- સાંભળ્યું ? ગાનસપાટી પર, ગજગતિની ચાલના ઠેકાણે અનુવર્તતી ગેયતા પોતે જ, 'હેમરહાથીડા'ના અંતર્ગત ભાવને કેવળ અમૂર્ત નાદસંકુલ દ્વારા કેટલા બધા પ્રભાવથી વ્યંજિત કરે છે ?

**પાદટીપ**

૧. જુઓ : 'મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ' સં. જયંત કોઠારી (પ્રથમ/૧૯૯૫) પ્રકા. શ્રી હેમચંદ્રાચાર્ય સ્મૃતિ નિધિ, અમદાવાદ પૃ.૫૬૨

૨. 'સાર્થ જોડણીકોશ' પ્રકા. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પૃ.૯૦૦ (પાંચમી આવૃત્તિ/૧૯૬૭)

૮

# લોકસાહિત્યમાં પર્યાવરણ જાળવણીનું કથન

**રાજુલ દવે**

જમતી વખતે ભોજનમાં મીઠું ઓછું હોય ત્યારે ભોજન બેસ્વાદ લાગે છે. તેથી 'લવણ બિન ખાના કય ઔર કનૈયા બિન ગાના ક્યા ?' એવી કહેવત પ્રચલિત બની છે. ખાદ્યચીજોમાં મીઠાના ગમે તેટલા ગુણ હોય, પણ સૌરાષ્ટ્રના કાંઠાળ વિસ્તારમાં આ મીઠાએ ખેડૂત તથા લોકજીવનને છેલ્લા ત્રણ દાયકાથી હેરાન-પરેશાન કરી મૂક્યું છે. ખેતરના કે ગામના કૂવાઓના પાણીમાં એકાએક ખારાશનું પ્રમાણ વધતું જાય ત્યારે આવું પાણી નથી ખેતીના કામમાં આવતું કે નથી પીવા માટે ઉપયોગી થતું. નજર સામે પાણી છલકાતું હોય છતાં તેને વાપરી ન શકાય તેનાથી વધારે બીજી મોટી કરુણતા શું હોય ?

માધવપુરથી જાફરાબાદ સુધીનો કાંઠાળ પ્રદેશ લીલી નાઘેરના વિશેષણથી ઓળખાય છે. સૌરાષ્ટ્રમાં અન્ય સ્થળોએ ઉનાળામાં નદીઓ સુકાઈ જાય ત્યારે લીલી નાઘેરમાં પાણીની અછત જણાતી ન હતી. તેનું લોકગીત છે.

*'ઝીણા મોર બોલે લીલી નાઘેરમાં,*
*લીલી નાઘેરમાં હરિ વનરાઈમાં,*
*હો ! ઝીણા મોર બોલે લીલી નાઘેરમાં.*

લીલી નાઘેરનો દુહો પણ કહેવાય.

*આંબા વન ને આંબલી, મીઠા જરૂર મલાર;*
*હરિયાળીભરી ભોમકા, રઢિયાળો ગિરનાર.'*

સૌરાષ્ટ્રના કાશ્મીર ગણાતા ચોરવાડ અને મહુવામાં નાળિયેરીનાં ઝુંડ, કેળાંથી

લચકતા બાગો, કેસર અને જમાદાર કેરી, ચીકુ, તથા અન્ય ફળફળાદિના બગીચાઓ, નાગરવેલના માંડવાઓ નજરે પડતા હતા. ફળદ્રુપ ખેતીથી ખેડૂતો સમૃદ્ધ હતા. આજે પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું છે. ભૂગર્ભના મીઠા પાણીનો ઉપયોગ હદ કરતાં વધી જતાં આવું પાણી બહાર ખેંચાઈ ગયું, તેથી ભૂગર્ભમાં ખાલીપો સર્જાયો અને દરિયાનું ખારું પાણી કાંઠાની અંદર આવી ગયું.

પર્યાવરણ જાળવણીમાં ધ્યાન ન આપવાને કારણે આ અને આવા બીજા પ્રશ્નો આજે દેશમાં વિકટ બનતા જાય છે. આપણા પર્યાવરણનો પ્રત્યેક અંશ ખંડિત થયેલો છે. જળ, જમીન, વન, વાયુ એ પર્યાવરણનાં આધારભૂત તત્ત્વો છે. જે સમાજે હજારો વર્ષ સુધી મનુષ્યની ભૌતિક આવશ્યકતાઓ અને પ્રકૃતિની ક્ષમતા વચ્ચે એક સમતોલ અને સ્વસ્થ સંબંધ જાળવી રાખેલો, તે સમાજ અચાનક કેવી રીતે પર્યાવરણમિત્ર મટીને દ્રોહી બની ગયો ? ગાંધીજીએ 'હિંદ સ્વરાજ' પુસ્તકમાં એક સદી પહેલાં લખેલું : ''આપણા પૂર્વજોએ પ્રગતિ ઉપર અંકુશ મૂકેલો, કેમ કે તેઓ જાણતા હતા કે અમુક હદથી આગળ વધવાની છૂટના પરિણામે સમાજમાં હિંસા અને લૂંટ વધશે.'' પર્યાવરણના વિનાશની કથા હકીકતે તો આ 'પ્રગતિ'ની કથા ગણાવાય છે.

ત્યારે પરાપૂર્વથી ચાલ્યા આવતા લોકસમાજે લોકસાહિત્ય, ભજનો, દુહા, લોકગીતો, કહેવતો લોકવાર્તાઓ, લગ્નગીતોના માધ્યમથી પર્યાવરણની જાળવણીનો સંદેશ આપ્યો છે. ભારતનું લોકજીવન વેદકાળથી પ્રકૃતિ વચ્ચે પાંગર્યું છે. એનો જીવન-આધાર પણ પ્રકૃતિ જ રહેતી. કૃષિ અને ગોપાલન આધારિત આપણી સંસ્કૃતિ પાંચ હજાર વર્ષથી ટકી છે. તેની સામે પશ્ચિમની બજાર આધારિત સંસ્કૃતિ બસો વર્ષમાં હાંફી ગઈ છે.

ફાગણ મહિનામાં હોળીનો તહેવાર આવે તેને કેસૂડાંના ફૂલોના કુદરતી રંગથી લોકો રંગોત્સવ ઊજવે. આજે તો આપણે કુદરતી રંગોથી દૂર ચાલ્યા ગયા છીએ. એ કેસૂડાંને દુહામાં લાડ લડાવાયા છે.

*'ભર ફાગણ બણકે ભમર, ઓપત ભાર અઢાર;*
*સોળસેં વચ્ચે સામળો, રંગ ખેલે કરતાર.'*

દેવપોઢી એકાદશીથી ચાતુર્માસ આરંભાય. વરસાદ અને સાથે તહેવારોની પણ હેલી મંડાય. આપણા મોટા ભાગના તહેવારો અષાઢથી કારતક સુધીની વર્ષા અને શરદઋતુમાં આવે છે. વરસાદના તો અનેક લોકગીતં પણ એક બહેની પોતાના ભાઈના ખેતરમાં વરસવા વરસાદને વિનવણી કરે છે. તેમાં સ્નેહભાવ



ઉપરાંત વરસાદ સમાનધારે બધે વરસે તેવી આકાંક્ષા પણ છે.

*'વરસજે વરસજે હો મેહુલા દાદાજીને દેશ,*
*જથેરે માડીરો જાયો હળ ખેડે;*
*ભીને ભીને હો બાંધવ, મારા પાઘડીઆરો પેચ,*
*ભાભજરો ભીને રે ચૂડો વળી ચૂંદડી.'*

ચાતુર્માસમાં વ્રત-વરતુલાનો સુમેળ રચાઈ જાય. ગાયનું વ્રત થાય, બોળચોથને દિવસે.

*'ગાય ગાય તું મોરી માય,*
*નિતનિત ડુંગરે ચરવા જાય.'*

ગાય અને વાછડા ઉપરાંત બળદનાં, પક્ષીનાં, ઝાડ અને પાંદડાંનાં પણ પૂજન થાય.

*'બોરડી રે બોરડી, મારા વીરની ગા ગોરડી,*
*હું પૂજું આકડો, મારા વીરનો ઢાંઢો વાંકડો.'*

ઢાંઢો વાંકડો, એટલે બળદ જોરવાળો. કોણે આપણા લોકસમાજને પર્યાવરણ જાળવણીના, ગોસંવર્ધનના, વૃક્ષઉછેરના પ્રેરણાપીયૂષ પાયા હતાં ? ભારતીય સંસ્કૃતિનો આ વારસો ! આપણે એ સંસ્કૃતિથી દૂર ગયા અને વિપત્તિઓ વહોરી બેઠા.

કચ્છનો રંગીલો રાજા લાખા ફૂલાણી એના મિત્રો સાથે ફરવા નીકળેલો. રસ્તામાં વન આવ્યું. લાખા ફૂલાણી એના દોસ્તોને કહે : ''ભાયું, ભારી રૂડું લાગશે આ વન, ઓઢાડી દ્યો તમારી પીળી પાંભરિયું એક એક ઝાડવાંને !''

*'આવળ, બાવળ, બોરડી, ખાખર, ખીજડીઆં;*
*લાખે વન ઓઢાડીઆં, પીરી પાંભરીઆં.'*

ઉપરના દુહામાં લખેલા પાંચ ઝાડ અને બીજા પાંચ આંબો, આંબલો, પીપળો, વડ અને લીંબડો.

પીપળો, વડ અને આંબાનું સ્થાન પરિવારના વડીલ જેવું રહેતું. વેદકાળથી માંડી આજ સુધી, શુભ પ્રસંગોએ પીપળાના પાનનો ઉપયોગ થાય. જેઠ સુદ પૂનમ, વટસાવિત્રી પૂનમે મહિલાઓ વડની પૂજા કરી તેની પ્રદક્ષિણા કરે. ભગવાન તથાગતને પીપળાના વૃક્ષ નીચે બેસીને જ્ઞાન લાધ્યું અને તેઓ 'બુદ્ધ' બન્યા.

શ્રાદ્ધનું પાણી પણ પીપળાને રેડાય.

*'પીપળાને પાન કહેવી, કુંવારીને કાન કહેવી,*
*તુલસીને ક્યારે કહેવી, સૂરજની સાખે કહેવી.'*

વાત ક્યાં કહેવી તેનો આદર્શ આ દુહામાં વણાયો છે. વડલો વિશાળ, એટલે વડીલને પણ પરિવારમાં વડલાની ઉપમા અપાતી. વડનાં રૂપ કેવાં ?

*'વડ વડવાયે ઝક્કિયા, અળસર ટકિયા આણ;*
*મેલીને જટા મોકળી, જોગંધર ઊભો જાણ.'*

એ વડની ડાળે હંસલા ને મોરને કિલ્લોલતા લોકગીતમાં કલ્પન થયું છે :

*'ઊંચો વડલો ઘોર ગંભીર જો,*
*થડે થોડો ને ડાળે અતિ ઘણો રે લોલ,*

*ડાળે ડાળે હંસલા ને મોર જો,*
*પાંદડીએ પાંદડીએ દીવા બળે રે લોલ.'*

*આંબાનાં તો અનેક લોકગીતો અને લગ્નગીતો :*
*દાદાને આંગણ આંબલો, આંબલો ઘોર ગંભીર જો,*
*એક તો પાન મેં તોડિયું, દાદા ગાળ ન દેજો જો,*
*અમે રે લીલુડા વનની ચરાકલડી, ઊડી જાશું પરદેશ જો.*

આવું મધુરું લોકજીવન અને એવાજ પ્રમત્ત તેના ભાવ. પ્રકૃતિને સાથે લઈને ચાલવાનો જીવનસંસ્કાર. એના દામ્પત્ય જીવનમાં પણ પર્યાવરણ ઝીલાયું છે.

*'વનની ચોરી છીતરી, ધરતીના કીધા બાજોઠ,*
*આભનો નાખ્યો માંડવો, વીજળીની કીધી વરમાળ,*
*નવ લાખ તારા જોઈ રહ્યા, પરણે પરણે સીતા ને શ્રીરામ.'*

ફૂલનું વ્રત તે ફૂલકાજલી (શ્રાવણ સુદ ત્રીજ) એમાં ફૂલ સૂંઘીને પાણી પિવાય. ફૂલ પણે કેટલાં ! ચંપો, મરવો, મોગરો, ગુલાબ, કેવડો, જૂઈ, કમળ વગેરે. કન્યાને ફૂલનાં સ્વપ્ના આવે છે. :

*'આજ રે સપનામાં મેં તો ગુલાબગોટો દીઠો જો,*
*ફૂલડીઆંની ફોરૂં સાહેલી મારા સપનામાં.'*

ફક્ત વનસ્પતિસૃષ્ટિ નહીં, પ્રાણીસૃષ્ટિના સંસ્કાર પણ પ્રલંબ ઢાળે ગવાતા હાલરડા થકી બાળકમાં સિંચાય.



*'હાલ્ય વાલ્ય રે હેલ, વગડે વસતી રે ઢેલ,*
*ઢેલનાં પગલાં છે રાતાં, ભાઈના કાકા-મામા છે માતા.'*

સમય સમય પર ઢોંગી માણસો પાકતા આવ્યા છે. પણ એને ઉપમા મળે બગલાની -

*'મન મેલા, તન ઉજળા, બગલા સુંદર રૂપ;*
*તેથી તો કાગા ભલા, તન મન એક જ રૂપ.'*

ઢેલનાં રૂપ અને રંગ આકર્ષક તો નથી જ. પણ કુદરતે એને ઢળકતી ચાલ આપી છે. આ ચાલ ઉપર સોરઠિયાણીનું મન મોહ્યું છે.

*'કાઠીઆણી કડ્ય પાતળી, હલકે માથે હેલ;*
*બરડા હુંદી બજારમાં, ઢળકતી હાલે ઢેલ.'*

ઢેલને વખાણી તો મોરને કેમ નહીં ! મોરના અનેક દુહા, લગ્નગીતો અને લોકગીતો મળે છે. અવ્યક્તપણે જનસમાજ માનવેતર જીવસૃષ્ટિ પ્રત્યે સજાગ બનતો જાય છે.

*'મોર તારી સોનાની ચાંચ, મોર તારી રૂપાની ચાંચ;*
*સોનાની ચાંચ રે, મોરલો મોતી ચણવા જાય.'*

લોકગીતોમાં કાગડાને વધાઈનો સંદેશવાહક કલ્પવામાં આવ્યો છે. ખાસ કરીને નારીહૃદયના વ્યાકુળ અને સુખદ ભાવો કાગડાને ઉદ્દેશીને કહેવાયા છે. પ્રિયતમની વધાઈ લેવા વિરહિણી કાગડાને ઉડાડવા હાથ ઉગામે છે. એ જ વખતે પ્રિયતમ આવ્યાની વધાઈ મળતાં લોહી ધસી આવે છે. હાથ પર લોહી ધસી આવતાં પહેરેલી ચૂડીના કટકા થઈ જાય છે. અર્ધી ચૂડી નારીના ઉગામેલા હાથમાં રહી જાય છે ને અર્ધી ચૂડી કાગડાના કંઠે પરોવાઈ જાય છે.

*'કાગ ઉડાવણ ધણ ખડી, આયો પિવ ભડક્ક;*
*આધી ચૂડી કાગ ગલ, આધી ગઈ તડક્ક.'*

આખો વૈશાખ મહિનો નારી માથામાં તેલ ન નાખે. પતિને પથારી પણ કરી ન આપે. સાદડી પાથરીને ભોંય ઉપર સૂએ. ટંડે પાણીએ નહાય. પ્રભાતે નદીકાંઠે કોયલ બોલાવવા જાય. આંબાની ઘટા સામે જોઈને બોલે :

*'બોલો કોયલ બોલો, તમને આવે ઝોલો,*
*ઝોલે ઝોલે જાળી, કોયલની મા કાળી*

*કાળા કાળા કમખા કે રાતા અમારા ચૂડા,*
*કોયલ વેદ ભણે કે ઘીના દીવા બળે.'*

એક ખેડૂતકન્યા પાક ઉપર આવતા પંખીને ઉડાડી રહી છે. કન્યા હોલાને ઉડાડે છે એટલે જરા આઘો જઈને ઘૂઘવે છે. બનવાકાળ છે તે કન્યા આ હોલાના ઘૂઘવાટા ઉપર વારી ગઈ અને તેમાંથી સર્જાયું લોકગીત—

*'બાવળની ડાળ બેઠો, સટરપટર બોલે,*
*હોલડાની બોલી મને બહુ પિયારી લાગે,*
*ડોક ડોલાવે ને પટ પટ બોલે,*
*હોલડાની બોલી મને બહુ પિયારી લાગે.'*

પ્રકૃતિવિજ્ઞાન એ આજના સમાજનું અનિવાર્ય અંગ છે. ભૂતકાળ કરતાં વર્તમાનમાં પ્રકૃતિનું વિજ્ઞાન અનેકગણું અપાય છે એ છતાં માનવી નઠોર અને કઠોર કેમ બની જતો હશે ? પ્રાકૃતિનું-પર્યાવરણ નિકંદન કાઢવાની હોડ કેમ મંડાતી હશે ? એનું એક કારણ એ પણ છે કે આજના શિક્ષણમાં પ્રત્યેક વસ્તુ પ્રત્યેનો લાગણીનો જીવંત સંસ્કાર મળવો જોઈએ તે મળતો નથી. વિજ્ઞાનનાં રહસ્યો ચોક્કસ પામવા જોઈએ. સાથે સાથે માનવીના હૃદયનો વિકાસ થવો ઘટે. લોકસાહિત્યે પર્યાવરણ અને પ્રકૃતિની જાળવણીનો સંદેશ સજાગ રહીને આપ્યો છે.

૯

# લોકવાદ્યો : ઉત્પત્તિ અને વર્ગીકરણ

ડૉ. નયના અંટાળા

વાદ્યોની ઉત્પતિ વિશે જ્યારે ચર્ચા કરવામાં આવે ત્યારે સૌપ્રથમ લય પર ધ્યાન કેન્દ્રિત કરવું પડે. લય એ પ્રકૃતિનું મૂળ સ્વરૂપ છે. સમગ્ર જગત તેનાથી આકર્ષિત અને પ્રભાવિત છે. સંગીતનો પ્રારંભ જ લયથી થયો છે.

કોઈ પણ કારણસર માનવી જ્યારે ખૂબ આનંદમાં આવી જાય ત્યારે અનાયાસ જ તેના હાથ, પગ અને આંગળીઓની ચપટી વાજિંત્રનું સ્વરૂપ લઈ લે છે, અને એમાંથી લય ઉત્પન્ન થાય છે. લયબધ્ધ નૃત્ય કરવા માંડે છે. જો આ ક્રિયામાં માનવીને વધુ આનંદ આવે તો એ કાર્ય ફરીવાર કરે છે. એનું આંતરમન એમાં ડૂબવા લાગે છે. આ સ્થિતિમાં માણસ નિજાનંદી બની ડોલવા લાગે છે.

આદિ જાતિના લોકોનું ધ્યાન સૌપ્રથમ લય પર કેન્દ્રિત થયું. આમ તો આ એક સપ્રાકૃતિક ઘટના છે. સમસ્ત જગતમાં સંગીતના વિકાસનો પ્રારંભ લયથી જ થયો. આદિમાનવને જ્યારથી આ લયની સમજ પ્રાપ્ત થઈ હશે ત્યારે તેણે ઉછળતા-કૂદતા અને દોડતા જાનવરોની નકલ કરીને તેને નૃત્યનું સ્વરૂપ આપ્યું. સમયાંતરે આ નૃત્યને વ્યવસ્થિત બનાવવા માટે ચોક્કસ લય અને ગતિની જરૂર ઊભી થઈ. તેના લીધે વાદ્યનો જન્મ થયો.

આમ, પ્રાચીનકાળથી મનુષ્ય કોઈ ને કોઈ સ્વરૂપમાં વાદ્યનો ઉપયોગ કરતો આવ્યો છે. સમયની સાથે સાથે વાદ્યોના આકાર, પ્રકાર અને પ્રયોગમાં બદલાવ આવવા લાગ્યો.

વાદ્યોની ઉત્પતિ કેવી રીતે થઈ ? ત્યાં કયું વાદ્ય સૌપ્રથમ બન્યું તેની કોઈ ચોક્કસ માહિતી હજુ સુધી મળી શકતી નથી. વાદ્યોના સંબંધમાં વૈજ્ઞાનિક અને

ઐતિહાસિક રૂપથી કોઈ ગ્રંથ ઉપલબ્ધ નથી. પરંતુ ખોદકામ કરતાં કરતાં મળેલા સિંધુ સંસ્કૃતિના ઉત્કૃષ્ટ નમૂના હડપ્પા અને મોહેંજોદડોમાંથી વિવિધ પ્રકારનાં વાદ્યો મળી આવ્યાં છે. તેના આધારે કહી શકાય કે આશરે ૫૦૦૦ વર્ષ પૂર્વે પ્રચલિત સંગીત વાદ્યોનો પરિચય મળે છે. એક માન્યતા એવી પણ છે કે ભગવાન શ્રીકૃષ્ણ વાદ્યોને પૃથ્વી પર લાવ્યા હતા.

**વાદ્યોનો ઈતિહાસ**

પ્રાચીન કાળમાં માનવી સવિશેષ પ્રકૃતિની નજીક રહ્યો છે. તેથી પ્રકૃતિમાં સમાયેલા વિવિધ અવાજોને સાંભળી નિજાનંદી બન્યો. જેમાં પક્ષીઓના જુદાં જુદાં અવાજો, વાદળોનો ગડગડાટ, પાણીના ધોધનો અવાજ, વરસાદ પડતા થતા અવાજો, પવનના સુસવાટાં, પાંદડાનો ખખડાટ, વગેરેમાંથી પ્રેરણા લઈને વાદ્યોની ઉત્પતિ થઈ હશે એમ માની શકાય.

ભારતના પ્રાચીન ગ્રંથોમાં વાદ્યોની ઉત્પતિ વિષયક કથાઓ અને માન્યતાઓ જોવા મળે છે. તેના આધારે માની શકાય કે સંગીતવાદ્યોનો ક્રમિક વિકાસ એ માનવ જાતિનો પ્રયાસ છે. 'હાથવગું હથિયાર' મુજબ આદિમાનવ જ્યારે આનંદિત થતો ત્યારે જોરદાર તાલી વગાડી પોતાની ખુશી વ્યક્ત કરતો હશે. તેથી માની શકાય એવી બાબત છે કે તેનું પ્રાચીનતમ વાદ્ય 'તાલી' હતું. કદાચ એ પણ શક્ય બને કે આદિમાનવ શરીરનાં જુદા જુદા ભાગ પર હાથ પછાડી અવાજ (લય) ઉત્પન્ન કરતો હશે. આવા અવાજો પરથી ઘન વાદ્યોનો ઉદ્ભવ થયો હશે.

તત્ વાદ્યો વિશે એવું માનવામાં આવે છે કે આદિમાનવ ધનુષ્યનો ઉપયોગ કરતો હશે ત્યારે ધનુષ્યની દોરી પર કંપનથી જે અવાજ ઉત્પન્ન થતો, તે જોઈને તારના કંપનવાળું વાદ્ય બનાવ્યું હશે અને એ રીતે તંતુવાદ્યનો ઉદ્ભવ થયો હોય.

સુષિર વાદ્યો પણ એ જ રીતે ઉદ્ભવ્યાં હશે. જ્યારે જંગલમાં જોરદાર પવન વાય ત્યારે વાંસનાં જંગલમાં સીટી જેવો અવાજ સંભળાય. આ સાંભળી આદિમાનવે વાંસનાં એક ટુકડામાં ફૂંક મારી સીટી વાગે તેવો અવાજ ઉત્પન્ન કર્યો હશે. અથવા કોઈ વખત કીડાએ કાણાં પાડેલા વાંસના ટુકડામાંથી ફૂંક મારી હવા પસાર કરતા વિવિધ સૂર-લય નીકળ્યા હશે.

માનવજાત હંમેશાં જિજ્ઞાસુ રહી છે. જેથી તેનું મગજ હંમેશાં કંઈક ને



કંઈક નવું શોધવા મથે છે. અને કદાચ આ પ્રકૃતિને લીધે વાદ્યોની ઉત્પત્તિ અને વિકાસ સતત ચાલુ રહ્યા હશે.

**વાદ્યોનું વર્ગીકરણ**

ભરતમુનિએ વાદ્યોને ચાર પ્રકારમાં વહેંચ્યા છે. અને તે વર્ગીકરણ નિર્વિવાદપણે સ્વીકારવામાં આવ્યું

જેમાં- તત્ વાદ્યો
સુષિરવાદ્યો
અવનદ્ધવાદ્યો
ઘનવાદ્યો

સામાન્ય વાદકો તેને ત્રણ પ્રકારમાં વહેંચે છે. ઘા, વા અને ઘસરકો.

'ઘા' માં ઘનવાદ્યો અને અવનદ્ધ વાદ્યોનો સમાવેશ કરવામાં આવે છે. 'વા'માં સુષિરવાદ્યો અને 'ઘસરકો' માં તંતુવાદ્યોનો સમાવેશ થાય છે.

**તત્ વાદ્યો**

આ પ્રકારનાં વાદ્યોમાં એવા વાદ્યો આવી શકે જેમાં તારના આંદોલનો કે કંપન વડે સ્વરોની ઉત્પત્તિ કરવામાં આવે છે.

– આંગળીથી તાર છેડીને વગાડવામાં આવતાં વાદ્યો ''તાનપુરા'', ''તંબુરા'' .
– કોણથી આઘાત કરીને વગાડવામાં આવતાં વાદ્યો.
  રુદ્રવીણા, સિતાર, સરોદ્
– ગજથી વગાડવામાં આવતાં સંતુર, સારંગી, વાયોલિન

**સુષિરવાદ્યો –** આ વાદ્યો હવાના દબાણથી કે ફૂંક મારીને વગાડી શકાય. જેમાં વોવું, બંસી, મુરલી, શરણાઈ, નાગસ્વરમ્.

**ઘનવાદ્યો –** આ વાદ્યો ધાતુ અથવા લાકડાં જેવા સખત પદાર્થના બનેલાં હોય છે. અને તેના પર આઘાત કરીને અથવા પરસ્પર અથડાવીને અવાજ ઉત્પન્ન કરવામાં આવે છે. ઝાંઝ, મંજીરા, કરતાલ વગેરે જ્યારે કેટલાક દાંડીથી વગાડાય છે. ઘંટા, જયઘંટા તેમજ હાથ અને પગ હલાવીને બજાવી શકાય; જુનજુના, ઘુંઘરું વગેરે.

**અવનદ્ધ વાદ્યો**

આ વાદ્યો અંદરથી પોલાં હોય અને જેના મુખ પર ચામડું મઢેલું હોય તથા તેના ચર્માચ્છાદિત મુખ પર હાથ વડે કે અન્ય વસ્તુ વડે આઘાત કરીને તેમાંથી ધ્વનિ ઉત્પન્ન કરવામાં આવે છે.

– બંને હાથની આંગળીઓ દ્વારા વાગતાં વાદ્ય જેવાં કે ખંજરી, હુડક્, શંકું
– દાંડીથી વાગતું વાદ્ય - નગારાં
– એક બાજુ હાથથી, બીજી બાજુ દાંડીથી વગાડાતાં વાદ્ય ઢોલ, પટ્ટુ.



૧૦

# લોકવાદ્ય માદળ અને કથાગીત

**ડૉ. વિક્રમ જી. ચૌધરી**

પશ્ચિમ ભારતનું રાજય ગુજરાતની દક્ષિણે આવેલ પ્રાંતને દક્ષિણ ગુજરાતના નામથી ઓળખવામાં આવે છે. આ પ્રદેશની આદિવાસી જાતિઓ પૈકીની એક કુંકણાજાતિ દક્ષિણ ગુજરાતમાં ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દાદરા નગર હવેલી અને ગુજરાતની સીમા સાથે જોડેલ રાજય મહારાષ્ટ્રમાં ડુંગર પ્રદેશમાં વસે છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં કુંકણાઓની કુલ ૯,૦૧,૬૯૧ની વસતી છે.

આદિવાસી સંસ્કૃતિ અને સભ્યતાનની સાથે સમૃધ્ધ સાંસ્કૃતિક વારસો ધરાવતા કુંકણાઓ માદળ, ઢાક, પાવરી, કાહળે, ઘાંઘળી, ઢોલકી, પાવો, ટાપરા, સાંબળે વગેરે વાદ્યો પરંપરાથી જીવનના પ્રસંગોને આનંદ અને સંગીતમય બનાવવા ઉપયોગમાં લે છે. કુંકણાઓનું માદળ ભારતના સૌથી જૂનાં વાદ્યો પૈકીનું એક છે. ઓરિસ્સા, બંગાળ, બિહાર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ વગેરે રાજ્યોના લોકો માદળ વગાડે છે. પરંતુ પ્રદેશ પ્રમાણે માદળનો આકાર લંબગોળ છતાં થોડો જુદો જોવા મળે છે. સાથે તેની વગાડવાની રીત અને માન્યતાઓ જુદી જુદી છે. અહીં દક્ષિણ ગુજરાત અને ઉત્તર પશ્ચિમ મહારાષ્ટ્રમાં વસતા કુંકણાઓનું પવિત્ર વાજિંત્ર માદળની વાત કરવી છે.

**માદળ : ઉત્પત્તિનું ગીત....**

*'ચંગી સુથાર, ચંગી સુથાર....*
*વાકસ, કિકરાં ઘેઉન નીંગેલા ડોંગાર વર....*

*વન જોહીલા રે, ચંદનલા માન....*
*હાથ જોડલા વ, પાયા પડાલ....*
*હાથ જોડેલા વ, ભંડારા લાવલે....*
*ઘાવ મારલા વ, ઘાવ મારલે....*
*ઘરની પડાળ વ, ઘરની પડાળ....*
*સરસતી ઉચલાલે, સરસતી ઉચલાલે....*

ચંગી સુથાર માદળ માટે લાકડાનો ટુકડો લેવા ડુંગર પર ગયો. વનને જુહરા કરી, ચંદનની વૃક્ષને હળદરનો ચાંદલો કરી, હાથ જોડી ને પગે લાગી, લાકડું કાપી ઘરે લાવ્યો. અહીં 'સરસતી' એટલે માદળ.

*સુથાર ઘરી લેવુન થેવેલ....(૨)*
*તઠુન સારસતી ઉચલાલે....(૨)*
*ચંબાર ઘરી લેવુન થેવલે....(૨)*
*ચંબારી મડાલેવ, ચંબારી મડાલે....(૨)*
*તઠુન સારસતી ઉચલાલે....(૨)*
*માદળી ઘેરી લેવુન થેવલે....(૨)*
*સુકદે માદળી વ, સુકદેવ માદળી....(૨)*
*રંભા પાતર વ, રંભા પાતર....(૨)*
*ધનીદેવ નટવા વ, ધનીદેવ નટવા....(૨)*
*કાળે સોહંગી વ, કાળે સોહંગી....(૨)*
*સાયદેવ ગાનાર વ, સાયદેવ ગાનાર....*
*નીંગલા દરબાર વ, નીંગલા દરબાર....*
*માંડલા કારભાર વ, માંડલા કારભાર....*

ચંગી સુથારે લાકડાને પોલું ઘડ્યું, ત્યાંથી ચામડું ચઢાવવા માટે મૂક્યું. ચામડું ચઢાવીને સુકદેવ માદળી ઘેર લાવ્યો. પછી સુકદેવની પત્ની રંભા પાતર, કાળે સોહંગીઓ અને સાયદેવ ગીત ગાનારાઓનો દરબાર ભરાય ને માદળનો ખેલ રચાય. ગેય રૂપમાં કહેવાતી માદળની સર્જનની આ કથા-પરંપરા સદીઓથી ચાલી આવી છે. એને કથનાત્મક રીતે જોઈએ.

ભારતીય સંગીત શાસ્ત્રોમાં વાજિંત્રોને તત્, અવનદ્ધ, ઘન અને સુષિર એમ ચાર વર્ગમાં વહેંચવામાં આવ્યા છે. તત્ એટલે તંબુરો, ઘાંઘળી, ટીંગરી વગેરે



તંતુ જોડીને બનાવેલ તંતુનો વાદ્યો. અવનદ્ધ એટલે માદળ, તુર, ઢોલ, ઠાક, ઢોલકી, નગારું વગેરે ચામડું મઢીને બનાવેલાં વાદ્યો. ઘન વાદ્ય એટલે થાળી, કીરચો, ત્રાસા વગેરે ઘન પદાર્થમાંથી તૈયાર કરેલાં વાદ્યો. અને સુષિર એટલે ફૂંકીને વગાડાતા ડોવળું, પાવો, પાવરી, ટારપું, વાંસળી, કાહળે, મહુવર પાવો, દેવ ડોવળી વગેરે આદિવાસી વાદ્યો.

આદિવાસીઓનાં આ વાદ્યો પ્રકૃતિના તત્ત્વો ભેગા કરીને બનાવવામાં આવે છે. જેમાં માટી, ઝાડનું થડ, જુદાં જુદાં વૃક્ષ અને તાડનાં પાન, વાંસ, નાના નાના છોડની શાખાઓ, જુદા જુદા પશુ-પક્ષીનું ચામડું, દૂધી, મધ, રાખ, શણની દોરી, જુદા જુદા પક્ષીઓનાં પીંછા, ગુંદર વગેરે કુદરતી તત્ત્વો જે તે વાદ્યની બનાવટ પ્રમાણે ઉપયોગ કરી જુદા જુદા પ્રકારનાં વાદ્યો બનાવવામાં આવે છે. આ વાદ્યો જે તે વગાડનાર કલાકાર જ બનાવે અને સમયે ન વાગે તો જે તે વાદ્યને તરત સુધરીને વગાડવની કળા હસ્તગત હોય છે.

માદળ અવનદ્ધ વાદ્ય છે. લંબગોળ લાકડાને પોલું કરી તેના પર ચામડું ચઢાવી તૈયાર થતા માદળની સરેરાસ લંબાઈ છત્રીસથી લઈને ચાલીસ ઈંચની હોય છે. દસ ઈંચ જેટલો વ્યાસ ધરાવતો લાકડાનો ટુકડો સેવન, બીયું, કળમ અથવા સાગના લાકડમાંથી લઈ બનાવવામાં આવે છે. માદળ બનાવવાની પ્રક્રિયા શ્રમ માંગે લે છે. આ ચાર પૈકી કોઈ એક ઝાડના આશરે ત્રણ સાડા ત્રણ ફૂટનો લંબગોળ તીરાડ ન હોય એવા ટુંકડાની પસંદગી કરવામાં આવે છે. લાકડાના ટુકડાને માદળ બનાવનાર પોલું બનાવી ઘસીને તૈયાર કરે છે. લંબગોળ ભાગની બંને બાજુ ઢોરનું ચામડું ચઢાવવામાં આવે કુંકણા માતૃભાષામાં તેને 'ધોદ' કહે છે. માદળ ઉપર ચામડાને ચઢાવવા માટે દોરની જરૂર પડે છે. આ દોરીઓ પણ ચામડામાંથી જ બનાવીને તૈયાર કરવામાં આવે છે. આ દોરીઓ વડે માદળના બંને બાજુના ચામડાનાં પડ (પાના)માં ગોળ ધાર પર કાણાં પાડીને તેમાં ભેરવી દેવામાં આવે છે. ત્યાર બાદ ખેંચીને મધ્ય ભાગમાં સખતાઈપૂર્વક બાંધી તંગ કરવામાં આવે છે.

માદળના અવાજને સુમધુર બનાવવા માટે ચામડાની બહારની પરખ ઉપર મેણ લગાડવામાં આવે છે. (ઝાડની બખોલમાં નાની માખીવાળું મધના પૂળામાંથી નીકળતો એક પદાર્થ મેણ. કુંકણાઓ એને કોંતેના મધના મેણ તરીકે ઓળખે છે.) મધના પૂળામાં એક ભાગમાં મધ હોય ને થોડો આ મેણ બને તેવો કુદરતી થોડો જાડો ભાગ હોય તેમાંથી મેણ બને છે. સાથે પૂળામાંથી મધને કાઢી-નીચોવીને પૂળાને પાણીમાં ધોઈ તેમાંથી કચરો, લાકડાના ટુકડા, માટી વગેરે કાઢી

ચોખ્ખું કરવામાં આવે. તેમાં જૂનાં ચીંથરાં બાળીને તૈયાર થતો મેષ બંને ભેગા કરી જે પદાર્થ બને તેને મેણ કહેવામાં આવે છે.

ક્યારેક આ પ્રકારનું મધ કે મેણ ન મળે ત્યારે કોદરી (રાંધેલા ભાત)માં બળેલા વસ્ત્રનો રાખનું મિશ્રણ કરી લગાડવામાં આવે છે. પરંતુ આ પ્રકારનું મેણ લાંબો સમય પડ પર ન રહેતા ઉખડી જાય છે. ભાતમાંથી તૈયાર થયેલ મેણનો ઉપયોગ જે તે સમયે એક જ વખત થાય છે. દક્ષિણ ગુજરાતમાં 'તુર' નામનું એક ચર્મવાદ્ય કુંકણા સિવાયના આદિવાસીઓ વગાડે છે. આ તુરના વાદ્ય પર કોદરી અને પુળિયાની રાખનું મિશ્રણ કરી લગાડવામાં આવે છે તેને ભેંણ કહે છે. કદાચ મધના મેણના સ્થાને આ પ્રકારનું મિશ્રણ લગાવવાનું આવ્યુ હશે એવી શક્યતાઓ રહેલી છે. આ ભેંણ પણ થોડા સમયમાં ઉખડી જાય છે. તુર પર ભેંણ જ લગાડવામાં આવે છે. માદળ પરનો મધમાંથી બનેલ મેણ લાંબા સમય સુધી ફરી ફરી કામ આપે છે.

માદળને એક તરફ સાધારણ નાનું અને બીજી તરફ મોટું પાના (ચામડાનું પડ) હોય છે. મોટા પાનાને નર અને નાના પાનાને નારી એવા નામથી ઓળખવામાં આવે છે. નર પાના તરફ કોતી મધના મેણ એક ગોળી અને નારી તરફ સાત ગોળી બનાવી લગાડવામાં આવે છે. પાના ઉપર વધુ મેણ એટલે કે પાંચ સાત ગોળી બનાવી લગાવવામાં આવે તેનો અવાજ ઘેરો બને છે. જે (ઠુમાય) ના નામથી ઓળખાય છે. અને બીજા પાના પર એક મોટો ગોળો છતાં પ્રમાણમાં ઓછો મેણ લગાડવામાં આવે તેને (ચનાના પાન) કહેવામાં આવે છે. જુદા જુદા પ્રદેશ પ્રમાણે મેણ પાંચ કે સાત ગોળીના સ્થાને એક તરફ વધારે અને એક તરફ ઓછો મેણ લગાડવાની પરંપરા છે. માદળની ફરતે સુંદર રંગીન કપડું લંબગોળ વીંટીને સજાવવામાં આવે છે. માદળ બાંધવાની અને બનાવવાની દરેક પ્રકારની કળા માદળ વગાડનારને હસ્તગત હોય, દરેક સામગ્રી માદળ બનાવનાર કલાકાર પોતે અથવા પોતાના સાથીઓ સાથે મળીને બનાવે છે.

માદળ તૈયાર થયા પછી પ્રથમ ઘરે એની પૂજા કરવામાં આવે છે. જમીને ચોખ્ખી કરી છાણથી લીપેલી જગ્યા પર મૂકી દીવો-અગરબત્તી સળગાવી, ચોખાની પૂંજ મૂકી, માદળ અને ધણીની ધણીયાણી હળદરનો ચાંદલો કરે છે. પછી માદળનો ધણી માદળની પૂજા કરે છે. માદળ એટલે ભવાની દેવીની પૂજા : દ્વારકા ભવાની, ખાબા ભવાની, તુળજા ભવાની, ઈબા ભવાની, કાકા ભવાની એવા નામ અને મંત્રો બોલી નૈવેધ ધરવામાં આવે. પૂજા પછી માદળ વાદ્ય માત્ર નહીં દેવ બની



જાય છે. જે તે પરિવાર કે કુટુંબમાં માદળ ભવાની દેવીનું સ્થાન લે ને પૂજનીય બને છે. આ પરંપરાનું મૂલ્ય આદિવાસીઓને મન બહુ મહત્ત્વનું છે. ને પછી માદળ લગ્ન, પૂજા, હોળી, સોહંગ જેવા પ્રસંગોએ વગાડવા માટે તૈયાર થાય છે. માદળ વગાડનાર માથે ફાળિયું, ટોપી હોય, રંગીન ઘાઘરો અને પગમાં ઘૂંઘરા બાંધવામાં આવે છે. કમર પર તેના સફેદ ધોતીનો ગોળ સાફો વીંટવામાં આવે, જેના પર માદળ બાંધવામાં આવે છે.

માદળની વર્ષમાં એક વખત હોળી-ધુળેટીના દિવસોમાં ખાસ કરીને ફાગણ મહિનામાં પૂજા કરવામાં આવે છે. વગાડનાર એના દર્શન કરીને વગાડે છે. (દર્શન એટલે માદળ પર પૈસા ચોટાડવા- પૂજા) માદળને કંકુની જગ્યાએ હળદરનો ચાંદલો કરવામાં આવે છે. પૂજાના આ પ્રસંગને ડાંગમાં ચરિત્રનો દિવસ તરીકે ઓળખવામાં આવે છે. પૂજા કર્યા પછી જ માદળને વગાડવાની પરંપરા ગંભીર રીતે જાળવવામાં આવે છે. પૂજા, માન્યતા અને સજાવટ પ્રદેશ પ્રમાણે થોડી જુદી જુદી હોય છે.

આદિવાસીઓની જીવન કુદરતના ઋતુ ચક્ર પ્રમાણે ચાલે છે. તેમાં વાદ્યો વગાડવાનો પણ ચોક્કસ સમય હોય છે. નવરાત્રીના દિવસો પછી દિવાળીના દિવસથી માદળને વગાડવાનું શરૂ થાય છે. નવરાત્રીથી અને ત્યાર પછી તો આ સમાજની આનંદની ખરી મૌસમ શરૂ થાય છે. ચાંદલો, લગ્ન, દેવનું કામ એટલે કે પૂજા, નિરાંતની પળોમાં મનોરંજન માટે-સોહંગ ભજવવા, આનંદ ઉલ્લાસના પ્રસંગોમાં શ્રદ્ધાથી વગાડવામાં આવે છે. માદળને કમરમાં બાંધી સામે લટકતું રહે તે રીતે જુદા જુદા ચાળા પ્રમાણે તાલ લય સાથે હાથની થાપ બંને તરફના પડ પર મારીને વગાડવામાં આવે છે. ચોમાસાની શરૂઆત થાય એટલે માદળ વગાડવાનું બંધ થઈ જાય ને માદળનો ધણી તેને સાચવીને મૂકી દે છે.

માદળ વગાડવાની શરૂઆતમાં દેવી-દેવતાની અને ગુરુની સ્તુતિ કરવામાં આવે છે. સૂર્ય, ચંદ્ર, ધરતી, દિશાઓ, જુદા જુદા ગઢ (દેવના સ્થાનકો જે ગઢ-ડુંગર ઉપર હોય તેના નામ), ગામના દેવો, નદી, ડુંગર, ઝાડ, પાન, પશુ, પક્ષી, કરોડો દેવોની સાથે પ્રકૃતિનાં તત્ત્વો તરફ અહોભાવ અને દર્શકોનું નમન માદળના દર્બીંગના ચાળામાં અને ગવાતા ગીતમાં કરવામાં આવે છે.

*હે...ગુરુવ... ઉના...મારગ સુના (૨)*
*હે...ગુરુવ... રંગે મારગ સંગે (૨)*
*હે...ગુરુવ...વહળા મારગ સોળા (૨)*

*હે...ગુરુવ...પારા મારગ સારા (૨)*
*હે...નગારા વર ગાડીલે ઢીમ ઢીમ વાજે (૨)*
*વરલે ડોંગરે પરાવે પુરુષે વ પુરુષે (૨)*
*સુંબુરલે ડોંગરે પરાવે અસ્તુરે વ પરાવે અસ્તુરે (૨)*
*ભોવ રે પંનગા વર નીજલે સુંદરાવ જપલે સુંદરે (૨)*

*સાંગરે સપન સપન ગોષ્ઠે*
*સાંગરે સીવન સીવન ગોષ્ઠે (૨)*
*બાપાના દીલવા ઉદળ વાસે*
*માયના દીલવા સીવળ વાસે (૨)*
*ગુરુના દીલવા ગીનન વાસે (૨)*

*નમુ સારસતે વ નમુ સારસતે (૨)*
*નમુ હનવતે વ નમુ હનવતે (૨)*
*નમુ ધર તારે વ નમુ ધર તારે (૨)*
*નમુ કંસરે વ નમુ કંસરે (૨)*
*નમુ ગાંવ તરે વ નમું ગાંવ તરે (૨)*
*નમુ ગાંવ દેવ વ નમુ ગાંવ દેવ (૨)*
*નમુ રામ દેવ વ નમુ રામ દેવ (૨)*
*નમુ મહાદેવ વ નમુ મહાદેવ (૨)*

પ્રાર્થનામાં ગુરુ (ભગવાન) ને પધારવા આમંત્રણ અને દરેક દેવોને નમન કરવામાં આવે છે. એકી સાથે પાંચ સાત વ્યક્તિઓ કમરે માદળ બાંધી વગાડે અને ગોળાકાર નૃત્ય કરે ત્યારે સૂર, સંગીત, લય, તાલથી જે તે સમયનું વાતાવરણ અવર્ણનીય હોય છે.

મદાળનો ઉપયોગ સોહંગ-(એક પ્રકારનું નાટક)માં વિશેષ કરવામાં આવે છે. સોહંગમાં રામાગોમા, હટેળ પોસા, શિકાર, લુખેના એવા મુખ્ય ચાર પ્રકારના વેશ ભજવવામાં આવે છે. તેની સાથે બામુન, પોલીસ, જંગલ ખાતાનો માણસ, રાજ વગેરેના વેશ ભજવાય છે. જે સમય, પ્રદેશ અને દર્શકોને ધ્યાનમાં રાખી અભિવ્યક્તિ, ભાષા શૈલી, લય, સંવાદો, રમૂજ નિપજાવવાની તરકીબો વગેરેમાં થોડો ફેર જોવા મળે છે. પ્રો. ધીરુભાઈ પટેલ માદળ સંદર્ભે નોંધે છે. 'સાક્ષાત'



સરસ્વતી' તરીકે ઓળખાતા આ વાદ્યો દ્વારા થતા ખેલને સમજવા માટે એવી દૃષ્ટિ કેળવવી પડે.'

કોઈ પણ વાદ્ય તેના સૂરો થકી જ સંગીતનું માધ્યમ બનતું હોય છે. જે તે વાદ્યમાંથી લયાત્મક રીતે ઊંચા નીચા સૂરો રેલાતા હોય છે. આદિવાસી કલાકારો તેમના પોતાના વાદ્યોમાંથી વિવિધ સૂરો નિષ્પન્ન કરવાની કળા ધરાવે છે. આ સૂરો જુદા જુદા (ચાળા)ના સ્વરૂપમાં રેલાતા હોય છે. કલાકાર ચાળાથી જ તેની પોતાની વાત સૂરોમાં ઢાળીને કહેતો હોય છે. માદળમાં બેડે કુબળે (દેવોની સ્તુતિ, નાચવા વાળાને આમંત્રણ અને તૈયારીનો ચાળો), કાતરાના ચાળા, ચાલ વરલા ચાળા, દર્બીંગના ચાળા (તકરાર વગર નાચવું), ઠીસરેના ચાળા, બીસબીસકાર (બેઠક-બીડી બનાવીને પીવું હોય ત્યારે આરામનો ચાળો) વગેરે જુદા જુદા વગાડવામાં આવે છે. માદળના ચાળામાં ભાવકોને નાચવા, તકરાર વગર નાચવા, આરામ કરવા, તૈયાર થવા વગેરે સંદેશાઓ ચાળામાં જ વગાડીને કહેવામાં આવે છે. જે સાંભળનાર અને જોનાર સમજતા હોય. આ વાજિંત્રની ભાષા લોકો સારી રીતે સમજે અને તેનો આનંદ લે છે. એક સાથે ઘણા માદળ લાગે ત્યારે એનો સાંભળવાનો અને જોવાનો આનંદ અવર્ણનીય બની જાય છે. એમાં માદળ વગાડવા વાળા, જુદા જુદા નાચવાવાળા અને ગાવાવાળા હોય છે. ઢબુ માદળી (માદળ વગાડનાર), સારજા ગાનારી (ગીત ગાનારા), રંબા પાતર (નાચનાર), નટવા કોગ્બલે (જોકકર) વગેરે નામથી ઓળખવામાં આવે છે. જેઓ માદળના સૂરને કર્ણપ્રિય તો બનાવે જ સાથે સાત-આઠ માદળીઓ એકસાથે ફેરફુદરડી ફરે ત્યારે દૃશ્ય નયનપ્રિય બની જાય છે.

માદળની સાથે જુદા જુદા ગીતો ગાવામાં આવે છે. દરેક ગીતમાં એક કથા વણાયેલી હોય છે. તે પૈકીનું એક દારકાનું ગીતમાં દારકા બાંધવાની કથા કહેવાય છે. દારકા બાંધવાની હતી ત્યારે નારદ દેવ, બરમ દેવ, ખંડીરાવ દેવ, બહરામ દેવ, કાળી દેવ, માળી દેવ, સાટી દેવ, ભગવાન દેવ, કોટી દેવોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમાં એક દેવને ભૂલી ગયા કે પછી આમંત્રણ આપવાનું ઉચિત ન લાગ્યુ. દારકા બાંધવાનું કામ શરૂ કર્યુ. પહેલા દારકા સોનાની, ત્યાર બાદ ચાંદીની, તાંબાની, રૂપિયાની બાંધી પરંતુ દારકા બંધાતી નથી ને ધસી પડે છે. અંતે ઈંટથી બાંધવાનો પ્રયત્ન કર્યો પણ દારકા બંધાતી નથી.

## દારકાનું ગીત

*યેસ્ક પાહુને.... (૨)*
*દારકા જાઉદે વ.... (૨)*
*અઠુને વ દારકા કોડેક દૂર..વ.... (૨)*
*દારકા જાત વ મયના મુડલે.. વ.... (૨)*
*દારકા બાંદલે વ કાસયાના દારકા બાંદલે વ કાસયાના... (૨)*
*હો...દારકા બાંદલે વ સોનીયાના...દારકા બાંદલે વ સોનીયાના.... (૨)*
*દારકા બાંદલે હારોહાર, દારકા બાંદલે બરોબર.... (૨)*
*હે...તરી વ દારકા થાંભત નાહીં (૨)*
*દારકા બાંદલે વ કાસયાના દારકા બાંદલે વ કાસયાના (૨)*
*હો...દારકા બાંદલે વ ચાંદીયાના (૨)*
*દારકા બાંદલે હારોહાર, દારકા બાંદલે બરોબર (૨)*
*તરી વ દારકા થાંભત નાહીં (૨)*
*દારકા બાંદલે વ કાસયાના દારકા બાંદલે વ કાસયાના (૨)*
*હો...દારકા બાંદલે વ તાંબિયાના (૨)*
*દારકા બાંદલે હારોહાર, દારકા બાંદલે બરોબર (૨)*
*તરી વ દારકા થાંભત નાહીં (૨)*
*દારકા બાંદલે વ કાસયાના દારકા બાંદલે વ કાસયાના (૨)*
*હો...દારકા બાંદલે વ રૂપિયાના (૨)*
*દારકા બાંદલે હારોહાર, દારકા બાંદલે બરોબર (૨)*
*તરી વ દારકા થાંભત નાહીં (૨)*
*દારકા બાંદલે વ કાસયાના દારકા બાંદલે વ કાસયાના (૨)*
*હો...દારકા બાંદલે વ કથલાના (૨)*
*દારકા બાંદલે હારોહાર, દારકા બાંદલે બરોબર (૨)*
*તરી વ દારકા થાંભત નાહીં (૨)*
*દારકા બાંદલે વ કાસયાના દારકા બાંદલે વ કાસયાના (૨)*
*હો...દારકા બાંદલે વ ઈટીયાના (૨)*
*દારકા બાંદલે હારોહાર, દારકા બાંદલે બરોબર (૨)*
*તીં વ દારકા થાંભત નાહીં (૨)*



અનેક પ્રયત્નો છતાં દારકા બંધાતી નથી. કારણ એ હતું કે કનસરાદેવી-ને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. તેથી કનસરા રાતે દારકાને તોડી નાખતી. દેવોએ દારકાના રખેવાળી માટે બે માણસોને કામ સોંપ્યું. છતાં કનસરા દારકાને તોડી-ભાંગીને ચાલી જતી. પછી કારવેજુગાના નીંગીતભવાલાના કુનબી અને સાંયે કુનબીને દારકા સાચવવાની જવાબદારી આપવામાં આવી. સાંયેકુનબી અને કુનબીને દારકા સાચવવાની જવાબદારી આપવામાં આવી. સાંયેકુનબી અને કુનબા ભાજી (કુરડુની ભાજી), સફેદ કરચલા (ધવળલા કેકડા) અગ્નિમાં કરચલાના એક એક નાંગડા સેકીને ખાવા લાગ્યા. મોડી રાત્રે કનસરા આવી, ને જુએ છે તો ત્યાં અગ્નિ સળગતો હતો. જઈને જોયુ તો સાયાંકુનબી અને કુનબી હતા. કનસરાએ નજીક જોઈને પૂછ્યું તો જાણવા મળ્યું કે તેઓ દારકા સાચવવા માટે આવ્યા છે. કનસરાએ કહ્યું કે આવ્યા જ છો તો બેસો, ને પોતે પણ બેસી. સાયાંકુનબીએ અગ્નિ વધારે સળગાવ્યો. ઠંડીના દિવસો હતા. તાપણા પાસે વાતો કરતાં કરતાં કનસરા ઊંઘી ગઈ. કનસરા જાગી ત્યારે સવાર થઈ ગઈ. જાગીને જોયું તો દારકા તોડવાની રહી ગઈ. સવાર થઈ ગઈ એટલે કનસરા ત્યાંથી ચાલી ગઈ. દેવોએ આવીને જોયું તો દારકા જેવી બાંધેલી તેવી જ હતી.

સાયેંકુનબી અને કુનબીએ દારકાને તુટતી બચાવી ને દારકા બની. દારકાના ઉદ્ઘાટન સમયે પણ કનસરાને આમંત્રણ આપવામાં ન આવ્યું. ત્યારે પણ કનસરાએ દેવોને પરેશાન કર્યા હતા. આમ, કનસરા બધા દેવો કરતા મોટી દેવી છે એવું આદિવાસીઓ માને છે. કનસરા કે કનસરી થકી જ જીવીએ છીએ. આ ઝાડ, પાન, અનાજ બધું જ તેમણે બનાવ્યું છે. આ પ્રકારની લોકકલા-વાદ્યકલા અને મૌખિક સાહિત્યનો ભવ્ય સંસ્કૃતિક વારસો લોકસ્મૃતિ અને લોકજીવનમાં માણવા મળે છે. આમ, લોકજીવન અને લોકકલા પ્રકૃતિની વધુ નજીક છે એમ કહેવા કરતાં પ્રકૃતિનું જ એક અંગ એમ કહી શકાય.

૧૧

# ચારણ કરોને ન્યાય

**પુલકેશી જાની**

*[દાદાજી પાસે જ્યારે-જ્યારે ગામડે ગયો હોઉં ત્યારે-ત્યારે તેઓ મને ચતુરાઈ-કથાઓ કહે. એ ચતુર ચારણ નાયકનું નામ ગગાભા પાલિયા. હું જાઉં એટલે કહું કે મને ગગાભાએ પોતાની ચતુરાઈથી, બુદ્ધિથી બીજાનાં કેવા ગાભા કાઢી નાખ્યા એની વાત કહો. એટલે તેઓ કહેવાનું શરુ કરે. આપણે ત્યાં બુદ્ધિશાળી બિરબલનું ચરિત્ર છે એવું મને ગગાભાનું લાગ્યું છે. એ ભાયાત રાજવીના દરબારગઢમાં હોય, વગરશેઠની દુકાને હોય કે રાવટીએ. તેઓ પોતાની સમક્ષ આવી પડેલ સમસ્યાનું સમાધાન કરાવી આપે અને પછી કહે કે લ્યો હવે ગગાભાને ખુશ કરો. આમ પુરસ્કૃત થતાં રહે. એ ચતુરાઈ કથાઓ હું એ સમયે મેં સાંભળ્યું હોય એવી રીતે મારી નોટબુકમાં લખી લેતો. મને થયું કે હવે આજે પણ એ જૂની કથાઓમાંના સમસ્યાના સમાધાન આપણને પ્રસ્તુત થઈ પડે તેવા કથાનકવાળા છે. દાદાજીએ એમના ચારણ દોસ્ત પાસેથી સાંભળેલી, એમ કહતા. આશરે સિત્તેરેક વરસ જૂની કથન વિગતો મેં સાંભળી હતી અને લખી રાખી હતી કોઈકને કહેવા. ભાવકવર્ગ સમક્ષ મેં દાદાજીએ કથેલી ચારણની ચતુરાઈકથાને મારી રીતે આલેખી અને આજે પણ એને પ્રસ્તુત કરવી મને ઉચિત લાગતા પ્રકાશનાર્થે પાઠવી છે.*

**– પુ.જા.]**

એક ગામ હતું. એમાં ગગાભા પાલિયા કરીને એક ચારણ રહે. ચારણને કંઈ કામધંધો નહીં એટલે નગરશેઠની દુકાને, ઓટલે બેઠા-બેઠા બધા સાથે વાતો કર્યા કરે.

એમાં એક દિવસ એક કણબી પટેલ હાંફતા-હાંફતા નગરશેઠ પાસે આવીને ફરિયાદ કરતા કહે, 'શેઠજી ! બીજલાએ ભારે કરી. મારું કિમતી મોતી નથી આપતો.'



નગરશેઠ નરશીબાપુ કહે, 'શું થયું.' પટેલ કહે, 'વાત એમ છે કે ગઈસાલ મેં કેશુ સોની પાસેથી એક લાખ રૂપિયા સાચવવા, એના કરતાં બે મોતી ખરીદ્યાં તા. એક લાલ ને બીજુ ગુલાબી. લાલ છે એ પચીસ હજારનું હતું અને ગુલાબી છે પંચોતેર હજારનું હતું. એને એક ડાબલીમાં રાખીને, સાચવીને ઘરમાં રાખવાને બદલે વખારમાં ડાબલામાં-પેટીમાં સંતાડીને રાખ્યા'તા. આજે બપોરે વખારમાં આગ લાગી, થોડી નિરણ હતી એ સળગી ગઈ, એમાં પેલી પેટી પણ સળગી ગઈ. બધા આજુ-બાજુના ભેગા થઈ ગયા.' મને ખૂબ રોતો જોઈને બીજલાએ કહ્યું, 'પટેલ કાં રોઓ છો ! થોડીક નીરણ બળી ગઈ. કંઈ માલ ઢોર તો નોતા, પછી શું રોઓ છો ? મેં કહ્યું, 'બીજલા ! આ વખારમાં પેટીમાં પોર ખરીદેલા મોતીની ડાબલી છે, લાખના મોતી હતા. લાલ પચીસ હજારનું અને ગુલાબી પંચોતેર હજારનું. હવે મારે તો ભારે થઈ.' બીજલ કહે 'ઉપાધી કરોમાં. હું હમણાં હબકારે કાઢી આપું. પણ એક મોતી મારું. પટેલ કહે ભલે. બીજલ કહે 'ના, આપણે લખાણ કરીએ. હું જાનના જોખમે મોતી લઈ આવું ને પછી તમે કિંમતી મોતી મને નો આપો તો !' પટેલ કહે ભલે કર લખાણ. કાગળમાં બીજલે લખ્યું **'મને ગમે તે મોતી હું પટેલને આપીશ.'** પટેલને તો મોતીની ગરજ હતી. બીજલને ઉતાવળ હતી. માથે ફાળિયું બાંધી પગમાં કોથળો પેરી બીજલ કૂદ્યો વખારમાં. વખારમાંથી પેટીમાં હતી એ ડાબલી કાઢીને વીજળી વેગે આવ્યો બારો. ડાબલી ખોલી. ને એમાંથી પંચોતેર હજારવાળું ગુલાબી મોતી પોતાના પેરણના ગુંજામાં નાખી દીધું. મે કીધું 'અલ્યા, આવો અન્યાય નો કરાય. પચીસ હજારવાળું લાલ મોતી રાખ. પણ બીજલે તો ચાલતી પકડી. કાગળ અને ગુલાબી મોતી મને પકડાવીને ઈતો વેતો પડી ગયો.'

શેઠે પટેલને દુકાનમાં બેસાડ્યા, પાણી પાયું. બીજલને બોલાવવા માટે વાણોતરને મોકલ્યો.

થોડીવારમાં તો વાણોતર બીજલને લઈને પાછો આવી પુગ્યો.

શેઠે બીજલને અને પટેલને સામસામા બેસાડ્યા. શેઠે બીજલને સમજાવ્યો. પટેલને પણ કહ્યું કે તમારે મોતીની કિંમત કઈ દેવાની શું જરૂર હતી. તમે ભારે ભોળા. મોતી આવી ગયા પછી લાલ મોતી પકડાવી દીધું હોત તો ! અથવા તો બેયની કિંમત અવળ-સવળ કરી નાખવી તી ને ! પટેલ તો બીચારા માથુ ખજવાળતા-ખજવાળતા બેઠા રહ્યા. બીજલ કહે, પટેલ લખાણવાળો કાગળ લાવો. શેઠે કાગળ વાંચ્યો. કાગળમાં તો લખ્યું હતું કે બીજલની ઈચ્છા પ્રમાણે ગમે એ મોતી આપે....

શેઠે ઓટલે બેઠા-બેઠા બધો તાલ જોયા કરતા ગગાભાને બોલાવ્યા. ગઢવી !

શું ત્યાં બેઠા છો, આઓ અંદર આવો અને આ પટેલની પીડાનું નિવારણ કરો.

ગગાભા દુકાનમાં આવ્યા. બીજલને ને શેઠને કહે કે લાવો કાગળ. શેઠે કાગળ આપ્યો. ગગાભાએ વાંચ્યો. પછી થોડીવારે પટેલને કહે કે પટેલ મોતી લાવો.

પટેલે પોતાની પાસેનું લાલ મોતી આપ્યું. બીજલને કહે, બીજલ લાવ તારું મોતી. બીજલે પણ ગુંજામાંથી ગુલાબી મોતી કાઢીને ગગાભાને આપ્યું. ગગાભાએ બેય મોતી વાણિયાના થડા ઉપર મૂક્યા.

ગગાભા કહે !! માળા મોતી ભારે તેજવાળા હો. અને પટેલ તમેય ખરા ભેજાવાળા, આ રૂપિયા હાચવવા કરતાં મોતી હાંચવવું હેલું. હવે જુઓ. આ બેય મોતી રાખ્યા છે અહીં. બીજલ તું જો. અને કહે તને કયું મોતી ગમે છે ! કહે જોઈ. બીજલે તુરત જ ગુલાબી મોતી પકડીને બતાવીને કહે 'ગગાભા આ ગુલાબી મોતી મને ગમે છે.' બીજલને ફરીને ગગાભાએ પૂછ્યું. બીજલ બરાબર વિચારીને કે, તને કયું મોતી ગમે છે ?

વળી પાછો બીજલે વળતો જવાબ આપ્યો. 'આ ગુલાબી જ. મોતી મને ગમે છે.'

ગગાભાએ પછી વળી પાછો કાગળ માગ્યો. અને વાંચતા પહેલા બીજલ પાસેથી ગુલાબી મોતી પોતે હાથમાં રાખ્યું. પછી શેઠને અને પટેલને કહે સાંભળો. કાગળમાં બીજલે લખાણ કરાવ્યું છે કે **'મને ગમે ઈ મોતી હું પટેલને આપું.'** એટલે બીજલને ગમતું ગુલાબી મોતી પટેલનું બરાબર !!

હવે આપણે તો ત્રણેય જણાએ સાંભળ્યું કે બીજલને ગુલાબી મોતી ગમે છે. એટલે આ બીજલને ગમતું ગુલાબી મોતી પટેલનું અને આ લાલ મોતી બીજલનું. આલે, બીજલ આ લાલ મોતી રાખ પાસે. અને છાનો માનો મજૂરી કર ને પેટ ભર. અને પટેલ તમારે બહુ ધ્યાન રાખવું. જ્યાં-ત્યાં નો બોલવાનું બોલી ન નાખવું.

લ્યો ચારણે કર્યો ન્યાય. હવે ચારણને ખુશી કરો. પટેલ પણ રાજી થયા. ચાંદીના રોકડા રૂપિયા દસ ગગાભાને આપ્યા. શેઠે બીજલને કહ્યું કે લે હવે ઘડીક બેસ. આપણે બધાય પટેલનાં ચા-પાણી કરીએ. વાણોતર, પટેલને ઘેર જઈને કીટલી ભરીને ચા લઈ આવ્યો. બધાએ ચાના ઘુંટડા ભર્યા. અને ચારણની ચતુરાઈનાં વખાણ સહુએ કર્યાં. શેઠને પણ કેવું પડ્યું વાહ ગગાભા વાહ. ધન્ય છે તમારી અક્કલ-બુદ્ધિ ને ચતુરાઈને કાગળના લખાણનો મરમ તમે ભારે સાચી રીતે ઉકેલ્યો.'

બધા ચારણની ચતુરાઈના, ચારણે કરેલા ન્યાયનાં વખાણ કરતા-કરતા વિખરાયા.

# મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર – કાર્યવૃત્ત

**ડૉ. અંબાદાન રોહડિયા**

- **ડૉ. હસુ યાજ્ઞિકને મેઘાણી ઍવૉર્ડ અર્પણ તથા લોક સાહિત્યના ત્રણ ગ્રંથોના લોકાર્પણનો સમારંભ**

'મેઘાણી કેન્દ્રની પ્રવૃતિથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય અને મેઘાણીપ્રેમીઓ પ્રસન્ન રહેશે'.

**– શ્રી રમણલાલ વોરા, મંત્રીશ્રી, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ.**

'મેઘાણી પ્રતિભા-પ્રતીમા આપણાં લોક અને આપણાં વેદનો પ્રતિઘોષ-પડઘો છે.'

**– મોરારી બાપુ**

'મેઘાણી કેન્દ્ર માટે મોરારિબાપુ પધારે, સરકાર તરફથી સતત સહયોગ મળે એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું સદ્ભાગ્ય છે.'

**– ડૉ. એમ.કે.પાડલિયા, કુલપતિશ્રી, યુનિવર્સિટી**

'મેઘાણી આપણા મોભી છે, આપણું ગૌરવ અને ગરિમા છે. એ આપણા પંથકના પ્રવાસીનું સન્માન એ આપણી અસ્મિતાનું પ્રતીક છે.'

**– પરસોતમ રૂપાલા, સાંસદશ્રી, રાજ્યસભા.**

તા. ૨-૮-૨૦૧૩ને મંગળવારે બપોરના ત્રણ કલાકે આકાશમાંથી મૂશળધાર વરસાદ વરસતો હતો અને કેમેસ્ટ્રી ભવનના એન.એફ.ડી.ડી. હોલમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે વિશ્વખ્યાત સંતશ્રી મોરારિબાપુ એમની વાણીથી સહૃદયીઓને અનરાધારે ભીંજવતા હતા.

યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. મહેન્દ્ર પાડલિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા મેઘાણી ઍવૉર્ડ અર્પણ અને ત્રણ ગ્રંથોના લોકાર્પણના કાર્યક્રમમાં પ્રારંભમાં સ્વાગત વક્તવ્ય શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના માનદ્ નિયામકશ્રી ડૉ. અંબાદાન રોહડિયાએ કેન્દ્રની એક વર્ષની પ્રવૃત્તિઓનો ટૂંકમાં અહેવાલ આપીને કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી હતી. ત્યારબાદ સિન્ડિકેટના સદસ્યશ્રીઓએ માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરા અને માનનીય સાંસદ શ્રી પરસોતમ રૂપાલાનું પુસ્તક અને પુષ્પથી અભિવાદન કરેલું. ત્યારબાદ માનનીય કુલપતિશ્રી ડૉ. મહેન્દ્ર પાડલીયાએ શાલ અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરીને આ બન્ને મુખ્ય મહેમાનોનું સન્માન કરેલ. આદરણીય મોરારિબાપુને શાલ અર્પણ કરીને સન્માનેલા અને પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આપણને આપણી મેઘાણીના લોકસાહિત્યને મૂલવવાની પ્રવૃત્તિમાં મોરારિબાપુનો આશીર્વાદ મળતા રહે છે. સરકારશ્રીના મંત્રીશ્રી માનનીય રમણલાલ વોરા દ્વારા પણ આપણી પ્રવૃત્તિને સાથ મળતો રહ્યો છે અને આ કેન્દ્રના ઉદ્‌ભવથી માંડીને સુચારુ રીતે પ્રવૃત્તિઓ ચાલે એ માટે સતત માર્ગદર્શન આપતા આદરણીય સાંસદ અમારા પરમ સ્નેહી શ્રી પરસોતમ રૂપાલાનું માર્ગદર્શન સતત મળતું રહે છે એનો અમને ભારે આનંદ છે. યુનિવર્સિટીને આંગણે આટલા બધા મહાનુભાવો, લોકકલાકારો અને વિવિધ વર્તમાનપત્રના તથા મીડિયા ચેનલના મહાનુભાવો ઉપસ્થિત રહે એનાથી યુનિવર્સિટી ખૂબ જ હર્ષ અનુભવે છે. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્રશ્રી હર્ષદ ત્રિવેદીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલું અને ત્યારબાદ ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના અધ્યક્ષ ડૉ. બળવંત જાનીએ ઍવૉર્ડ અર્પણ





કરવાનો હતો એ વિદ્વાન ડૉ. હસુ યાજ્ઞિકનો વિગતે પરિચય કરાવેલો તથા લોકાર્પિત થનારા ગ્રંથોનો પરિચય પણ પ્રસ્તુત કરેલો.

પૂજ્ય મોરારિબાપુએ રૂા. ૧ લાખની ધનરાશી અને પ્રશસ્તિ ચિહ્નથી લોકવિદ્યાના પ્રકાંડ પંડિત ડૉ. હસુ યાજ્ઞિકને સન્માનિત કરેલા. ડૉ. હસુ યાજ્ઞિકે એમના પ્રતિભાવમાં જણાવ્યું કે આ મારું સન્માન નથી, પણ લોકવિદ્યાનું સન્માન છે. યુનિવર્સિટીએ જે ગરિમાપૂર્ણ રીતે આયોજન કર્યું, કુલપતિશ્રીએ જે સદ્‌ભાવ દાખવ્યો અને પરમ વંદનીય મોરારિબાપુના શુભ હસ્તે આ ઍવૉર્ડ અર્પણ કરવાનું આયોજન કર્યું એનો મને ખૂબ જ આનંદ છે અને ગૌરવ પણ અનુભવું છું.

માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાએ એમના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મેઘાણી કેન્દ્રના માધ્યમથી ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં જે રીતે સંશોધનપૂર્ણ સંસ્કારપૂર્ણ કાર્યક્રમો યોજી રહેલ છે. અને પ્રકાશન પ્રવૃત્તિ કરી રહેલ છે તેથી ભારે ચાહના પ્રાપ્ત કરેલ છે. શ્યામજી, કૃષ્ણવર્માની માફક મેઘાણીના જન્મસ્થાન ચોટીલાને પણ લોકતીર્થ બનાવવાની વિચારણા માટે હકારાત્મક રીતે વિચારીશું. વધુ ને વધુ લોકાભિમુખ બનીને મેઘાણીને લોકો સુધી, વિદ્વાનો સુધી તથા યુનિવર્સિટીના માધ્યમથી વિદ્યાર્થીઓ પણ આપણી લોકસંસ્કૃતિ વિશે અભિમુખ થાય એ આપણી સરકારની નેમ છે. તેમના વક્તવ્ય બાદ માનનીય સાંસદ શ્રી પરસોતમભાઈ રૂપાલાએ પોતાની પ્રભાવાત્મક શૈલીમાં વક્તવ્ય આપતાં જણાવ્યું કે મેઘાણીનો કાર્યક્રમ હોય, મોરારિબાપુ હોય, આવો માનવમહેરામણ હોય, અને મેઘરાજા મન મૂકીને વરસતો હોય એ જ આપણી પ્રવૃત્તિની શુભ દિશા છે અને મંગલકારી પરિણામ છે. આપણી સંસ્કૃતિ તો ગૌગ્રાસ અને શ્વાન ભાગ કાઢીને પછી ભોજન લેવાની સંસ્કૃતિ છે. આપણે આપવામાં માનીએ છીએ. આપણે સન્માનવામાં માનીએ છીએ અને આ આપણાંપણું એ આપણો લોક રિવાજ છે. આવા લોકરિવાજોથી નવી પેઢી ઘડાય અને લોકસંસ્કૃતિનું જતન થાય તે જ મેઘાણીને સાચી અંજલી છે. પૂ. મોરારિબાપુ પ્રથમ ઍવૉર્ડ આપવા પધાર્યા હતા છતાં આ બીજો ઍવૉર્ડ આપવા માટે પણ કુલપતિશ્રી મોરારિબાપુને આમંત્રણ આપે એ પણ મોજ પડી જાય એવી ઘટના છે. હું તો બાપુને વિનંતી કરું છું કે પ્રત્યેક વખતે મેઘાણી ઍવૉર્ડ તો આપના લોકહસ્તે જ અપાય. ડૉ. હસુભાઈ યાજ્ઞિકને પણ લાખ લાખ અભિનંદન.

ડૉ. નિરંજન રાજ્યગુરુકૃત 'સ્વાતિનાં સરવડા', ડૉ. હસુ યાજ્ઞિક કૃત 'ધર્મ અને વિધિ સંલગ્ન ગુજરાતી રાજસ્થાની કથાઓ : તુલનાત્મક અધ્યયન' અને

ડૉ. બળવંત જાની સંપાદિત 'લોકગુર્જરી - ૨૮'નું આદરણીય મોરારિબાપુ, માન મંત્રીશ્રી રમણલાલ વોરા અને માન. સાંસદશ્રી પરસોતમભાઈ રૂપાલા તથા કુલપતિશ્રી ડૉ. મહેન્દ્ર પાડલિયા દ્વારા લોકાર્પણ સંપન્ન થયેલું.

પોતાના આશીર્વચનપૂર્ણ ઉદ્‌બોધનમાં મોરારિબાપુએ પોતાનું વક્તવ્ય આપતાં જણાવ્યું કે લોક અને વેદ બન્ને હકીકતે તો વહેતી સરિતાના બે કાંઠા છે. રામચરિત માનસમાં પણ તુલસીદાસે લોકને અને વેદને જુદા પાડ્યા નથી. વેદ વાક્ય એ લોકશબ્દ છે અને લોકવાણીમાં વેદની ઋચાઓ નિહિત છે. વેદનું એક વાક્ય છે કે - 'દમે દમે સપ્તરત્ના દધાન' એ મુજબ આપણી વેદસંસ્કૃતિ કહે છે કે મનુષ્ય પાસે સાત રત્નો હોવા જોઈએ. (૧) દરેક ઘરમાં ફળિયું હોય (૨) ભરપેટ ભોજન (૩) પરિવારને પૂરતો પોશાક (૪) આરોગ્ય (૫) શિક્ષણ અને તાલીમ (૬) સાચું અને સારું મનોરંજન તથા (૭) સાધન સામગ્રી. આમ, લોકસમૃદ્ધિ માટે આવા આપણાં સંસ્કાર વારસાના પ્રતીક સમાન ઘટકો વેદ વાક્યની માફક રજૂ થયેલા છે. આ ઋષિઓએ વેદના માધ્યમથી લોકસંસ્કૃતિને જ ઉદ્‌ઘાટીત કરી છે.

મેઘાણી ઍવૉર્ડ આવી સરસ રીતે અપાતો હોય તથા એના માટે ભાવથી, આદરથી, મને નિમંત્રવામાં આવે, એમાં હું મેઘાણીને માન આપવાની પ્રવૃતિ ભાળું છું એટલે આ પ્રવૃત્તિમાં ઉપસ્થિત થવું ગમે છે એટલે મારો અગ્રતાક્રમ રાખીને આવી પ્રવૃતિમાં જોડાઈને, લોકસમાજ ઘડતરના યુનિવર્સિટીના કાર્યમાં સહયોગી બનવાનું પહેલું પસંદ કરું છું. કાર્યક્રમના આવા આયોજન બદલ કાર્યકર્તાઓને ધન્યવાદ. મારી પ્રસન્નતા અને મારી પ્રાર્થના.

કાર્યક્રમનું સંચાલન સિન્ડિકેટ સભ્ય અને શિક્ષણ સંસ્થાઓના જાણીતા સંચાલક શ્રી નેહલ ચિમનભાઈ શુકલે કરેલું, આભારદર્શન રજીસ્ટ્રારશ્રી આર.જી.પરમારે કરેલું એન.એફ.ડી.ડી. કેમેસ્ટ્રી ભવનના સુવિધાસમ્પન્ન વાતાનૂકુલિત સભાગૃહમાં મેઘાણી કેન્દ્ર દ્વારા આયોજિત આ સમારોહમાં લોકસાહિત્યના મહામૂલા આભરણસમા લોકગાયકો-લોકમરમીઓ સર્વશ્રી ભીખુદાનભાઈ ગઢવી, કવિશ્રી તખતદાન રોહડિયા ''દાન અલગારી'', પ્રસિધ્ધ હાસ્યસમ્રાટશ્રી શાહબુદીનભાઈ રાઠોડ, વિશ્વવિખ્યાત ભજન ગાયકશ્રી હેમંતભાઈ ચૌહાણ, સુપ્રસિધ્ધ ગાયક અને લોકલાડીલા ગાયકશ્રી બિહારીદાન હેમુભાઈ ગઢવી, હાસ્ય કલાકાર શ્રી ધીરુભાઈ સરવૈયા, હાસ્ય કલાકાર ડૉ. જગદીશભાઈ ત્રિવેદી, લોકગાયકશ્રી કમલેશભાઈ ગઢવી, ચારણી સાહિત્યના પ્રખર વક્તાશ્રી યશવંતભાઈ



લાંબા તેમજ અન્ય લોકમર્મીઓ, ભાવકો તેમજ સંતશ્રી મોરારિબાપુના ચાહકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વિવિધ સંસ્થાઓમાંથી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરીયા અને શ્રી પ્રવીણભાઈ માકડિયા, શ્રી પ્રવીણભાઈ મણીઆર, વિકાસ કૉર્પોરેશનના શ્રી મેઘાણીજીના ભાણેજ શ્રી દિનેશભાઈ પારેખ, અતુલ ઓટોના માલિકશ્રી જયંતીભાઈ ચાંદ્રા, દૂરદર્શનમાંથી શ્રી શૈલેષ ટેવાણી, માહિતીખાતામાંથી શ્રી રાજુભાઈ જાની, ફૂલછાબના તંત્રીશ્રી કૌશિકભાઈ મહેતા અને જનરલ મૅનેજરશ્રી નીતિનભાઈ ઝીબા, આકાશવાણીના ઉદઘોષક શ્રી ભરતભાઈ યાજ્ઞિક અને રેણુબેન યાજ્ઞિક ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રીઓ સર્વશ્રી ડૉ. ગિરીશભાઈ ભીમાણી, ડૉ. ભાવિનભાઈ કોઠારી, ડૉ. વિજયભાઈ ભટાસણા, ડૉ. મેહુલભાઈ રૂપાણી, ડૉ. નિલાંબરીબેન દવે, ડૉ. ચંદ્રકાંતભાઈ હિરાણી, શ્રી નેહલભાઈ શુકલ, વિનયન વિદ્યાશાખાના ડીન ડૉ. જે.કે.ડોડીયા, તબીબી વિદ્યાશાખાના ડીન ડૉ. કમલભાઈ ડોડીયા અને કાયદા વિદ્યાશાખાના ડીન ડૉ. મયુરસિંહ જાડેજા, તેમજ વિવિધ ભવનના અધ્યક્ષશ્રીઓ અને અધ્યાપક મિત્રો, વિવિધ કૉલેજોના અધ્યાપકશ્રીઓ, યુનિવર્સિટીના વહીવટી અધિકારીશ્રીઓ તેમજ યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિવિધ ભવનોના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહીને કાર્યક્રમને ગરિમાપૂર્ણ બનાવ્યો હતો.

### ❑ 'લોકસંસ્કૃતિ અને સંતસંસ્કૃતિ' વિશે વિદ્વતગોષ્ઠિ

શ્રી ઝવેરચંદ મેઘાણી સાહિત્ય કેન્દ્ર અને અખિલ ભારતીય સાહિત્ય



[illegible]



[illegible]



[illegible]

# આ અંકના લેખકો

| | |
|---|---|
| **ડૉ. નરેશ વેદ** | 'કદમ્બ' ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર |
| **ડૉ. બાબુ પટેલ** | C/o. પિન્કલ જનરલ સ્ટોર, હાઈસ્કૂલ શોપિંગ સેન્ટર, હાઈ-વે રોડ, મુ.પો. થરા, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા, પિન - ૩૮૫૫૫૫ |
| **ડૉ. અંબાદાન રોહડિયા** | 'રવેચીકૃપા', ૪, હરિનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫. મો. ૯૪૨૬૫ ૩૦૦૦૫ |
| **ડૉ. હસુ યાજ્ઞિક** | ૧, પદ્માવતી બંગલોઝ, ભાવિન સ્કૂલ - મહાલક્ષ્મીધામ સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯ |
| **હર્ષદાબહેન શાહ** | આર્ટ્સ કૉલેજ, મુનપુર, તા. વીરપુર, પંચમહાલ |
| **ડૉ. બળવંત જાની** | 'તીર્થ', ૨૬૪, જનકપુરી, આકાશવાણી સ્ટાફ ક્વાર્ટસની પાછળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫. મો. ૯૪૨૮૨ ૦૭૦૦૦ |
| **લાભશંકર પુરોહિત** | 'ઈશાવાસ્યમ્', ૮/૨, પટેલ કોલોની, જામનગર-૩૬૧૦૦૮ ફોન : (M) ૯૮૨૫૭ ૫૦૦૪૭ |
| **રાજુલ દવે** | 'વરદભૂમિ', ૧૧-બી, કૈલાસનગર, બેંક ઓફ બરોડાવાળી શેરી, કોટેચા ચોક, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧ |
| **ડૉ. નયના અંટાળા** | આચાર્યાશ્રી, શ્રી પટેલ મહિલા કૉલેજ, ધોરાજી, જિ.રાજકોટ |
| **વિક્રમ ચૌધરી** | 'ગુજરાતી વિભાગ' પી.આર.બી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલી, જિ. સૂરત |
| **પુલકેશી જાની** | મુરલીધર બી.એડ્. કૉલેજ, કનકનગર, રાજકોટ |